CC0. In Public Domain. Digitization by eGangotri

2-2

3-7/22

श्रीमद्भागवत

(गुजराती)

2

आम्नाय-ग्रन्थालय,
वाराणसी-5

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ.પૂ. શ્રદ્ધેય બાપુજી અને પ.પૂ. શ્રદ્ધેયા સતીમાં ની
પ્રસાદી રૂપે પ્રાપ્ત.

डा. महादेवसिंह सं. आर्य
लीलासदन, आनंदबाग,
अहमदाबाद - ३८०००६
३/१२/८८

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0: In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

महर्षि वेदव्यास प्रणीत

श्रीमद्भागवत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

भाग बीजो

સ્કંધ ૮ થી ૧૨ સુધી

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशकः भिक्षु–अखंडानंद

અમદાવાદ અને કાલબાદેવી મુંબઈ

આવૃત્તિ ૧૦મી, સવંત ૧૯૯૬, સને ૧૯૪૦

भा. ३८

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-[illegible]
[illegible]
[illegible]

સસ્તુ સાહિત્ય મુદ્રણાલય–અમદાવાદમાં ભિક્ષુ–અખંડાનંદના
પ્રબંધથી છપાઇને પ્રસિદ્ધ થયું. સંવત ૧૯૯૬. સને ૧૯૪૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

3-2/22
आम्नाय-ग्रन्थालय,
भारतनिधि, करौंदी
वाराणसी-5

महर्षि वेदव्यासप्रणीत

श्रीमद् भागवत

अष्टम स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवत–अष्टम स्कंध*

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

અધ્યાય ૧ લો×

સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ અને તામસ–એ ચાર મનુઓ

॥ राजोवाच ॥

स्वायंभुवस्येह गुरो वंशोऽयं विस्तराच्छुतः । यत्र विश्वसृजां सर्गो मनूनन्यान्वदस्व नः ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે ગુરુ! અહીં સ્વાયંભુવ મનુનો આ વંશ તો મેં આપની પાસેથી વિસ્તારપૂર્વક સાંભળ્યો, કે જે વંશમાં મનુની કન્યાઓ વિષે મરીચિ વગેરે પ્રજાપતિઓની પુત્ર–પૌત્રાદિ સૃષ્ટિ વર્ણવવામાં આવી છે. હવે બીજા મનુઓના વંશો તમે અમને કહો.[૧] હે બ્રહ્મન્! સર્વથી મહાન શ્રીહરિના જન્મો તથા કર્મો જે જે ચરિત્રોમાં વિદ્વાનો ગાય છે, તે તે ચરિત્રો અમને સાંભળનારાઓને આપ કહો.[૨] હે બ્રહ્મન્! જગતનું પાલન કરનારા ભગવાને ભૂતકાળના મન્વંતરોમાં જે કઈ કર્યું હોય, ભવિષ્યકાળના મન્વંતરોમાં જે કંઈ કરશે અને વર્તમાન મન્વંતરમાં જે કંઈ કરી રહ્યા છે, તે અમને કહો."[૩]

શ્રીશુકદેવજી બોલ્યા:–"આ કલ્પમાં સ્વાયંભુવ વગેરે છ મનુઓ થઈ ગયા છે;

---

* આ આઠમા સ્કંધમાં મનુઓનું, તેમના પુત્રોનું, ઋષિઓનું, દેવોનું, ઇન્દ્રોનું અને શ્રીહરિની મૂર્તિઓનું વર્ણન કરવામાં આવશે; દરેક મન્વંતરમાં મનુઓ, તેમના પુત્રો, ઋષિઓ, દેવો, ઇન્દ્રો તથા શ્રીહરિના અવતારો સદ્ધર્મોને પ્રવર્તાવે છે, પળાવે છે અને પોતે પાળે છે. માટે મન્વંતરનું 'સદ્ધર્મ' એ પ્રમાણે લક્ષણ કહેવામાં આવ્યું છે, જે આચરવાથી મનુષ્ય નરકમાં જતો નથી. —શ્રીધર

× આ અધ્યાયમાં સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ તથા તામસ નામના ચાર મનુઓનું વર્ણન આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓમાં પહેલા સ્વાયંભુવ મનુની કથા મેં તમને કહી, કે જેમાં દેવો વગેરેની ઉત્પત્તિ વર્ણવેલી છે.[4] તે સ્વાયંભુવ મનુની આકૂતિ અને દેવહૂતિ નામની બે પુત્રીઓમાં ધર્મ તથા જ્ઞાનનો ઉપદેશ આપવા માટે ભગવાન, યજ્ઞ નામે તથા કપિલદેવ નામે પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા.[5] તેમાં ભગવાન કપિલદેવનું ચરિત્ર તો મેં તમને પ્રથમ કહ્યું છે. હવે હે કુરુવંશી રાજા! ભગવાન યજ્ઞમૂર્તિએ જે કર્મો કર્યાં છે, તે હું તમને કહું છું.[6] શતરૂપાના સમર્થ પતિ સ્વાયંભુવ મનુ, જ્યારે કામભોગથી વિરક્ત થયા, ત્યારે રાજ્યનો ત્યાગ કરીને તપશ્ચર્યા કરવા માટે વનમાં ગયા હતા.[7] હે ભરતવંશી રાજા! તેમણે સુનંદા નદીના તટે સો વર્ષપર્યંત એક પગે પૃથ્વી પર ઊભા રહી ઘોર તપશ્ચર્યા કરતાં કરતાં આ પ્રમાણે કહ્યું હતું.[8]

મનુ બોલ્યા:—'જે ચિદાત્માને લીધે આ જગત ચેતન થાય છે અને (તે સ્વયમેવ ચિત્સ્વરૂપ છે તેથી) આ જગત તેમને ચેતન કરી શકતું નથી; વળી જ્યારે આ જગત શયન કરે છે, ત્યારે જે પોતે જાગ્રત રહે છે—સાક્ષીસ્વરૂપે રહે છે અને આશ્ચર્ય છે કે, આ મનુષ્યો તેમને જાણી શકતા નથી; પણ તે તો સર્વને જાણે છે.[9] *તે ઈશ્વર વડે આ જગત વ્યાપ્ત છે અને લોકમાં જે કોઇ પ્રાણી છે, તે પણ એ ઈશ્વર વડેજ વ્યાપ્ત છે, માટે તે ઈશ્વર જે કંઇ આપે તેજ તું ભોગવ; અથવા તે ઈશ્વરને સર્વ કંઇ અર્પણ કર્યા પછીજ તું ભોગવ, પણ પારકા ધનની લાલચ ન કર; અથવા જે કંઇ ધન છે તે કોનું છે? (કોઈનું નથી; પરમેશ્વરનુંજ છે.) માટે ધનની આકાંક્ષા કેમ કરી શકાય?[10] જે ભગવાન સર્વને જુએ છે, પણ જેમને કોઇ જોઇ શકતું નથી અને જેમનું જ્ઞાન કદી નાશ પામતું નથી, તે સર્વના અંતર્યામી છતાં કોઇ પણ જાતના સંગથી રહિત એવા ભગવાનનું ભજન કરો. જે પરમેશ્વરનો આદિ, અંત કે મધ્ય નથી—મધ્યઅવસ્થા+ નથી; કોઇ પોતાનો કે પારકો નથી÷ અને જે અંદર કે બહાર નથી,* તેમજ જે પરમાત્માથી આ જગતના આદિ, અંત, મધ્ય, પોતાનાં, પારકાં, અંદર તથા બહાર, એ સર્વ થયા કરે છે અને આ જગત જેમનું સ્વરૂપ છે, તે પરમાત્મા સત્યસ્વરૂપ અને પરિપૂર્ણ બ્રહ્મ છે. વળી તે પરમાત્મા સર્વના ઈશ્વર, અજન્મા, સત્યસ્વરૂપ, સ્વયંપ્રકાશ અને નિર્વિકાર છે; તેમજ આ જગતરૂપી શરીરવાળા અને અનેક નામવાળા છે; તોપણ પોતાની માયાશક્તિથી આ જગતના જન્મ, રક્ષણ તથા નાશ કરે છે અને નિત્યસિદ્ધ એવી જ્ઞાનવિદ્યાથી તે માયાશક્તિનો ત્યાગ કરી પોતે ક્રિયારહિતજ રહે છે.[11-13] (એ રીતે પરમાત્મા કર્મ કરીને પાછો તેનો ત્યાગ કરે છે અને નિષ્ક્રિય રહે છે, તે કારણથીજ) ઋષિઓ પણ મોક્ષ સંપાદન કરવા માટે પહેલાં કર્મો કરે છે; કારણ કે કર્મ કરનારો મનુષ્યજ ઘણું કરીને નિષ્કર્મભાવને પ્રાપ્ત કરે છે.[14] ભગવાન પોતે સર્વના ઈશ્વર છે—પૂર્ણ છે, તોપણ (રામ–કૃષ્ણાદિ અવતારોમાં) કર્મો કરે છે; છતાં તે કર્મોમાં આસક્ત થતા નથી—'આ હું કરું છું; આનું ફળ હું ભોગવીશ.' વગેરે અહંભાવોથી મુક્ત રહે છે; કારણ કે તે ભગવાન પરમાનંદરૂપ આત્મલાભથીજ પૂર્ણકામ છે; માટે જે મનુષ્યો તે ભગવાનને અનુસરે છે, તેઓ પણ (એ ભગવાનની પેઠેજ) કર્મોમાં આસક્ત થતા નથી.[15] જે ભગવાન મનુષ્યાવતારરૂપી પોતાના માર્ગમાં સારી રીતે રહેલા છે અને તેથીજ કર્મો કરે છે,

---

* આ ૧૦મો શ્લોક ઈશાવાસ્ય ઉપનિષદના મંત્રનોજ સહેજ ફેરફાર છેઃ—

ईशावास्यमिदं सर्वं यत् किं च जगत्यां जगत्।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यचिद् धनम् ॥
(ईश. उ. १)

+ કેમકે મધ્ય અવસ્થા આદિ તથા અંતની અપેક્ષા રાખે છે—એટલે જેને આદિ તથા અંત હોય, તેનેજ મધ્ય અવસ્થા હોઇ શકે. —**वालप्रबोधिनी**

÷ કારણ કે તે પરમાત્મા સર્વના આત્મા છે.—**भा.क.**

* કેમકે તે પરમેશ્વર સર્વત્ર પરિપૂર્ણ છે.—**वा०प्र०**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છતાં પણ અહંભાવ કરતા નથી અને કર્મોનાં ફળની અપેક્ષા પણ રાખતા નથી; તેમજ તેમને બીજા કોઇએ પ્રેરણા પણ કરવી પડતી નથી. કારણ કે તે ભગવાન સ્વયમેવ જ્ઞાની છે, પરિપૂર્ણ છે અને પ્રભુ છે; તોપણ એ ભગવાન પોતાના આચરણથી મનુષ્યોને શિક્ષણ આપી રહ્યા છે અને સમગ્ર ધર્મોને પ્રવર્તાવી રહ્યા છે; તે ભગવાનને હું શરણે જાઉં છું.[૧૬]

શ્રીશુકદેવજી બોલ્યા:—"એ પ્રમાણે સમાધિ અવસ્થામાં રહ્યા છતાં પણ મંત્રરહસ્યનો ઉચ્ચાર કરી રહેલા તે સ્વાયંભુવ મનુને જોઇને (એટલે સૂઇને ઊઠેલાની પેઠે વિવશ જોઇને) અસુરો તથા રાક્ષસો ભૂખને લીધે તેમને ખાઈ જવા માટે દોડી ગયા.[૧૭] તે વેળા એ અસુરોને એવા નિશ્ચયવાળા જોઈ સર્વવ્યાપી શ્રીહરિ યજ્ઞભગવાને પોતાના પુત્ર યામ નામના દેવોથી વીંટાઇને તે અસુરો તથા રાક્ષસોનો વધ કરીને સ્વર્ગનું રાજ્ય કર્યું હતું—યજ્ઞ ભગવાન પોતેજ ઇન્દ્ર થયા હતા.†[૧૮] હવે બીજા સ્વારોચિષ નામના મનુ અગ્નિના પુત્ર હતા અને દ્યુમત્, સુષેણ તથા રોચિષ્મત્ વગેરે તે મનુના પુત્રો હતા.[૧૯] તે મન્વંતરમાં રોચન નામે ઇન્દ્ર હતો; તુષિત વગેરે દેવો હતા; ઊર્જસ્તંભ વગેરે સાત બ્રહ્મવાદી ઋષિઓ હતા અને વેદશિરસ્ નામના ઋષિની તુષિતા નામની પત્નીમાં 'વિભુ' નામે શ્રીહરિ અવતર્યા હતા.[૨૦૨૧] એ વિભુ ભગવાન બાલ્યાવસ્થાથીજ બ્રહ્મચારી હતા, જેથી અઠ્યાસી હજાર વ્રતધારી મુનિઓ પાસેથી તેમણે વ્રતશિક્ષણ લીધું હતું.[૨૨] તે પછી હે રાજા! ત્રીજા મન્વંતરમાં પ્રિયવ્રતનો પુત્ર ઉત્તમ નામે મનુ થયો હતો અને તેના પવન, સૃંજય તથા યજ્ઞહોત્ર વગેરે પુત્રો હતા; પ્રમદ વગેરે સાત વસિષ્ઠના પુત્રો ઋષિઓ હતા; સત્ય, વેદશ્રુત અને ભદ્ર નામના દેવો હતા; સત્યજિત નામે ઇન્દ્ર હતો અને ધર્મની સૂનૃતા નામની સ્ત્રીમાં સત્યવ્રત નામે દેવોની સાથે પુરુષોત્તમ ભગવાન સત્યસેન નામે અવતર્યા હતા.[૨૩-૨૫] તે સત્યસેન ભગવાને સત્યજિત્ ઇન્દ્રના મિત્ર બની અસત્ય વ્રતવાળા, દુરાચારી, દુષ્ટ અને પ્રાણીઓનો દ્રોહ કરનારા યક્ષો, રાક્ષસો તથા બીજાં ભૂતડાંઓનો વધ કર્યો હતો.[૨૬] ત્યાર પછી ચોથા મન્વંતરમાં ઉત્તમનો ભાઈ તામસ નામનો મનુ થયો હતો; પૃથુ, ખ્યાતિ, નર તથા કેતુ વગેરે દશ તેના પુત્રો હતા; સત્યક, હરિ તથા વીર નામના દેવો થયા હતા; ત્રિશિખ નામે ઇન્દ્ર થયો હતો અને તે તામસ મન્વંતરમાં જ્યોતિર્ધામ વગેરે સાત ઋષિઓ થયા હતા.[૨૭૨૮] હે રાજા! વિધૃતના પુત્ર 'વૈધૃતિ' નામના બીજા પણ દેવો તે મન્વંતરમાં થયા હતા, જેઓએ કાળે કરીને નાશ પામી ગયેલા વેદોને પોતાના તેજથી ધારણ કરી રાખ્યા હતા.[૨૯] વળી એ મન્વંતરમાં પણ હરિમેધસૂની હરિણી નામની સ્ત્રીમાં 'હરિ' નામે ભગવાન અવતર્યા હતા; જેમણે ગજેન્દ્રને ઝૂડની પાસેથી છોડાવ્યો હતો."[૩૦]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે વ્યાસના પુત્ર શુકદેવજી! એ હરિ ભગવાને ઝૂડે ગળેલા ગજેન્દ્રને જે છોડાવ્યો હતો, તે કથા અમે તમારી પાસેથી સાંભળવા ઇચ્છીએ છીએ.[૩૧] જે જે કથામાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનનાં ગુણગાન હોય છે, તે તે કથા અતિશય પવિત્ર, ધન આપનારી, કલ્યાણ-

† એકંદર મન્વંતર પાંચ હોય છે. આ શ્લોક સુધીમાં પહેલા મન્વંતરની વાત કહી છે. દરેક મન્વંતરમાં છ વસ્તુ હોય છે, એ વાત સૂત પૌરાણિકે આગળ બારમા સ્કંધમાં કહી છે:—

मन्वंतरं मनुर्देवा मनुपुत्राः सुरेश्वरः ।
ऋषयोंऽशावतारश्च हरेः षड्विधमुच्यते ॥

મનુ, મનુના પુત્રો, દેવો, ઇન્દ્ર, ઋષિઓ અને શ્રીહરિનો અંશાવતાર—આ છ વસ્તુઓ એક મન્વંતરમાં હોય છે. તેમાં પ્રથમ મન્વંતરમાં સ્વાયંભુવ મનુ હતા, પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના મનુના બે પુત્રો હતા; યામ વગેરે દેવો હતા; મરીચિ વગેરે ઋષિઓ હતા; યજ્ઞ ભગવાન શ્રીહરિના અવતાર અને ઇન્દ્ર હતા. હવે બીજા મન્વંતરમાં મનુ વગેરે છ વસ્તુઓ બતાવે છે.—બાoપ્રo

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના સ્થાનરૂપ અને શુભ હોય છે."૩૨

સૂત પૌરાણિક બોલ્યાઃ–હે બ્રાહ્મણો! અનશન લઇને બેઠેલા પરીક્ષિત રાજાએ એ પ્રમાણે પ્રશ્ન કર્યો, એટલે વ્યાસના પુત્ર શુકદેવજીએ સભાની વચ્ચે મુનિઓના સાંભળતાં રાજાની પ્રશંસા કરી હર્ષપૂર્વક તે કથા કહેવા માંડી.૩૩

परीक्षितैवं स तु बादरायणिः प्रायोपविष्टेन कथासु चोदितः । उवाच विप्राः प्रतिनंद्य पार्थिवं मुदा मुनीनां सदसि स्म शृण्वताम् ॥ ३३ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो*

જળવિહાર કરતાં ગજેન્દ્રનું સૂંઢથી પકડાવું

॥ श्रीशुक उवाच ॥

आसीद् गिरिवरो राजंस्त्रिकूट इति विश्रुतः । क्षीरोदेनावृतः श्रीमान् योजनायुतमुच्छ्रितः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! ક્ષીરસમુદ્રથી વીંટાયલો અને દશ હજાર યોજન ઊંચો ત્રિકૂટ નામે એક મોટો પર્વત પ્રસિદ્ધ છે.૧ તેનો વિસ્તાર પણ ચારે તરફથી તેટલાજ પ્રમાણનો હોઈ તે રૂપાનાં, લોઢાનાં તથા સોનાનાં ત્રણ શિખરો વડે સમુદ્રને, દિશાઓને તથા આકાશને પ્રકાશિત કરી રહ્યો છે.૨ તે સિવાય બીજાં પણ રત્નો અને ધાતુઓ વડે રંગબેરંગી જણાતાં શિખરોથી, જાતજાતનાં વૃક્ષો અને લતાઓનાં ઝુંડોથી તથા ઝરણાંઓનાં જળના ખળખળાટથી તે સર્વ દિશાઓને શોભાયમાન કરી રહ્યો છે.૩ તે પર્વતના મૂળ છેડાઓને ચારે તરફથી દૂધના તરંગો ધોઇ રહ્યા છે અને હરિયાળા રંગના મરકતમણિઓથી તે પર્વત, ભૂમિને શ્યામવર્ણી કરી રહ્યો છે.૪ ક્રીડા કરતા સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, કિન્નરો તથા અપ્સરાઓ એ પર્વતનાં શિખરોનું સેવન કરી રહ્યાં છે.૫ ત્યાં કિન્નરો વગેરેના સંગીતના શબ્દોથી ગુફાઓ ગાજી રહે છે, જેથી બડાઇખોર સિંહો 'આ વળી બીજો કયો સિંહ ગર્જના કરે છે,' એવી શંકાથી અદેખાઇને લીધે સામી ગર્જનાઓ કર્યા કરે છે;૬ અનેક જંગલી પશુઓનાં ટોળાંઓ વડે ભરચક રહેતી ખીણોથી એ પર્વત સુંદર લાગે છે અને ત્યાં જાતજાતનાં વૃક્ષો, સરોવરો તથા ઉદ્યાનોમાં મધુર કંઠવાળાં પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં છે.૭ વળી ત્યાં સ્વચ્છ જળવાળી નદીઓ તથા સરોવરો આવેલાં છે, જે મણિ જેવી ચળકતી રેતીવાળા કિનારાઓથી યુક્ત છે અને તેનાં જળ તથા વાયુ દેવોની સ્ત્રીઓનાં સ્નાન સુગંધથી સુવાસિત રહે છે.૮ એ પર્વતની એક ખીણમાં મહાત્મા ભગવાન વરુણદેવનું 'ઋતુમત્' નામે એક ઉદ્યાન આવેલું છે; જે દેવાંગનાઓનું એક ક્રીડાસ્થાન છે.૯ તે ઉદ્યાન ચોતરફ દેવતાઇ ફૂલઝાડો અને ફળઝાડોથી નિત્ય સુશોભિત રહે છે અને મંદાર તથા પારિજાત નામનાં કલ્પવૃક્ષો, પાટલા, આસોપાલવ, ચંપા, આંબા, રાયણ, ફણસ, આમ્ર, અંભેડાઓ, સોપારી, નારિયેળી, ખજૂરી, બિજોરાં, મહુડા, સાગ, તાડ, તમાલ, અસન વૃક્ષ, અર્જુન (ધોળો સાજડ), અરીઠા, ઊંબરા, પીપર, વડ, ખાખરા, ચંદન, લીમડા, પીળો કંચનાર, ગૂંગળનાં ઝાડ, દેવદાર, દ્રાક્ષના વેલા, શેરડી, કેળ, જાંબુડી, બોરડી, બહેડાં, હરડે, આંબળાં, બીલી, કોઠ, લીંબુ તથા ભિલામા વગેરે ઝાડોથી એ ઉદ્યાન ગીચ છે. વળી તે ઉદ્યાનમાં સુંદર કિનારાવાળું અને સુશોભિત સોનેરી કમળોવાળું એક સરોવર આવેલું છે.૧૦–૧૪ એ સરોવર પોયણાં, કાળાં કમળ, ધોળાં કમળ અને સો પાંખડીવાળાં કમળોની શોભાથી દીપી રહ્યું છે; તેમજ મદોન્મ-

* આ અધ્યાયમાં હાથણીઓ સાથે ક્રીડા કરતા ગજેન્દ્રને દૈવયોગે ઝૂડે પકડ્યો, એટલે તેને શ્રીહરિનું સ્મરણ થયું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્ત ભમરાઓના ગુંજારવથી અને મનોહર શબ્દ કરતાં પક્ષીઓથી ગાજી રહ્યું છે.[૧૫] હંસ અને બતક પક્ષીઓથી તે વ્યાપ્ત રહે છે અને ચક્રવાક, સારસ પક્ષીઓ, જલકૂકડાં, કોયલ તથા બપૈયાઓનાં ટોળાંઓના શબ્દોથી ગાજી ઊઠયું છે.[૧૬] એ સરોવરનું જળ માછલાં અને કાચબાઓના સંચારથી હાલતાં કમળોના પરાગ વડે યુક્ત છે અને કદંબ, નેતર, નલ જાતનું ઘાસ, આસોપાલ્લવ અને વંજુલનાં (નેતરનાં) ઝાડોથી તે સરોવર વીંટળાયલું છે.[૧૭] તેમજ મોગરા, કાંટાસરિયા, આસોપાલ્લવ, સરસડા, કડાયા, ઇંગોરિયાં, કુબ્જક (શેવતી), સોનેરી જૂઈ, નાગચંપા, પુન્નાગ, જાઈ, મોગરા, કમળો તથા માધવીનાં જાળાં વગેરે કાંઠા ઉપર ઊગેલાં અને નિત્ય ઋતુવાળાં ફૂલઝાડોથી તથા બીજાં વૃક્ષોથી તે સરોવર અત્યંત શોભી રહ્યું છે.[૧૮।૧૯] એક સમયે તે પર્વતના વનમાં રહેતો એક મહાન હાથી હાથણીઓ સાથે ફરતો ફરતો કાંટાવાળાં વૃક્ષોને તથા પોલા વાંસ અને નક્કર વાંસવાળી વિશાળ ઝાડીને ભાંગતો પેલા સરોવર સમીપ જઇ પહોંચ્યો. એ હાથીની ગંધ આવતાંજ સિંહો, મોટા હાથીઓ, ગેંડાઓ, વાઘ વગેરે શિકારી પશુઓ, મોટા સર્પો, ધોળા મૃગો, કાળા મૃગો, અષ્ટાપદો ને ચમરી મૃગો ભયને લીધે નાસી જવા લાગ્યાં. માત્ર વરુઓ, ભૂંડો, પાડાઓ, રીંછો, શેઢાઇઓ, વાંદરાં, કૂતરાં, માંકડાં, હરણિયાં અને સસલાં વગેરે ક્ષુદ્ર પ્રાણીઓજ એ હાથીની કૃપાથી કોઈ બીજા વનમાં નિર્ભય થઇને ફર્યા કરતાં હતાં.[૨૦-૨૨] એ મદઝરતો હાથી તે વેળા તાપથી તપી ગયો હતો; હાથીઓ તથા હાથણીઓથી વીંટાયલો હતો; હાથીનાં બચ્ચાંઓ તેની પાછળ ચાલતાં હતાં; પોતાના ગૌરવથી ચારે તરફ પર્વતને એ કંપાવતો હતો અને મદપાન કરનારા ભમરાઓ તે હાથીને સેવી રહ્યા હતા.[૨૩] વળી તે હાથી કમળના પરાગથી વ્યાપ્ત તે સરોવરના વાયુને નજીકમાં સૂંઘતો હતો; તેનાં નેત્રો મદથી વિહ્વળ હતાં અને તૃષાથી પીડાતાં પોતાનાં ટોળાંથી તે વીંટાયો હતો; જેથી ઉતાવળો પેલા સરોવર સમીપ તે ગયો.[૨૪] તેણે એ સરોવરમાં ઊતરીને (જળથી પોતાને સ્નાન કરાવતાં કરાવતાં) શ્રમરહિત થઇ સોનેરી કમળો અને કાળાં કમળોના પરાગથી સુવાસિત તથા નિર્મળ એવું અમૃત જેવું જળ પોતાની સૂંઢમાં ભરીને ખૂબ પીધું.[૨૫] તે દયાળુ હાથીએ પોતાની સૂંઢ વડે ઉછાળેલા જળકણોથી ગૃહસ્થની પેઠે હાથણીઓને તથા બચ્ચાંઓને નવડાવ્યાં ને પાણી પાયું; કારણ કે ભગવાનની માયાથી તે હાથી પોતાના કુટુંબમાં (ગૃહસ્થની પેઠે) આસક્ત બન્યો હતો, પણ તે દુષ્ટ મદવાળા હાથીએ પોતાની ઉપર આવતા કષ્ટને જોયું ન હતું.[૨૬] હે રાજા! તે સમયે દૈવથી પ્રેરાયલા કોઇ મહાબળવાન ઝૂડે ક્રોધથી તે હાથીનો પગ પકડ્યો, એટલે એ રીતે દૈવેચ્છાથી દુઃખમાં આવી પડેલો તે અતિશય બળવાન હાથી પણ પોતાના બળ પ્રમાણે (છૂટવાનો) પ્રયત્ન કરવા લાગ્યો.[૨૭] એ પ્રમાણે અતિ બળવાન ઝૂડે પોતાના બળથી ખેંચાતા તે દુઃખી પોતાના યૂથપતિ—હાથીને (જોઈને) દીનબુદ્ધિ થયેલી હાથણીઓ કેવળ રડવા લાગી અને તેની પાછળ ચાલનારા બીજા હાથીઓ પણ તેને એ દુઃખમાંથી મુક્ત કરવાને સમર્થ થઇ શક્યા નહિ, પેલો હાથી અને ઝૂડ એ પ્રમાણે પરસ્પર લડી રહ્યા હતા; બહાર તથા અંદર એકબીજાને ખેંચી રહ્યા હતા અને બન્ને સમાન બળવાળા હતા, તેથી હે રાજા! એમ કરતાં કરતાં તેઓનાં એક હજાર વર્ષો વીતી ગયાં; તે જોઇ દેવો પણ આશ્ચર્ય માનવા લાગ્યા.[૨૮।૨૯] પછી તો એ રીતે જળમાં ખેંચાતાં અને દુઃખી થતાં લાંબે કાળે તે હાથીની ઉત્સાહશક્તિનો, શરીરશક્તિનો તથા ઇન્દ્રિયશક્તિનો મહાન વિનાશ થઈ ગયો અને પેલા ઝૂડની શક્તિઓમાં તો ઊલટો વધારો થયો.[૩૦] એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રમાણે તે ગજેન્દ્ર દૈવેચ્છાથી પરાધીન બની જઇને પોતે દેહ ધારણ કરનારો હોઇને આહાર વગેરે કંઈ નહિ મળતું હોવાથી પ્રાણસંકટમાં આવી પડ્યો અને પોતાને છોડાવવા જ્યારે અસમર્થ થયો, ત્યારે લાંબા કાળ સુધી તેણે વિચાર કર્યો, જેથી તેને આવી બુદ્ધિ સૂઝી–'આ મારા સંબંધી હાથીઓ મને દુઃખીને છોડાવવાને જો સમર્થ નથી, તો પછી આ હાથણીઓ તો મને ક્યાંથી છોડાવી શકવાની છે? માટે વિધાતાની ફાંસીરૂપ આ ઝૂડથી પકડાયલો હું બ્રહ્માદિના પણ આશ્રયરૂપ તે પરમેશ્વરનેજ શરણે જાઉં. જે કોઈ ઈશ્વર પ્રચંડ વેગવાળા અને સામે દોડી આવતા કાળરૂપ સર્પથી અત્યંત ભય પામેલા શરણાગત મનુષ્યનું સર્વ તરફથી રક્ષણ કરે છે અને જેમના ભયથી મૃત્યુ પણ નાસી જાય છે, તે પરમેશ્વરને અમે શરણે જઇએ છીએ.'"૩૧–૩૩

यः कश्चनेशो बलिनोऽन्तकोरगात्प्रचंडवेगाद-भिधावतो भृशम् । भीतं प्रपन्नं परिपाति यद्भया-न्मृत्युः प्रधावत्यरणं तमीमहि ॥ ३३ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो*

ભગવાને કરેલો ગજેન્દ્ર અને ઝૂડનો ઉદ્ધાર

॥ श्रीशुक उवाच ॥

एवं व्यवसितो बुद्ध्या समाधाय मनो हृदि ।
जजाप परमं जाप्यं प्राग्जन्मन्यनुशिक्षितम् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" તે હાથીએ બુદ્ધિથી એવો નિશ્ચય કર્યો ને પછી મનને હૃદયમાં સ્થિર કરી પોતે પૂર્વજન્મમાં જે ઉત્તમ સ્તોત્ર શીખ્યો હતો, તે સ્તોત્રનો જાપ કરવા લાગ્યો.[1]

ગજેન્દ્ર બોલ્યોઃ–'જે ભગવાન સર્વ શરીરોમાં કારણ તરીકે રહેલા છે; જે સર્વના આદિકારણ છે; પરમ ઈશ્વર છે અને જેમનાથી આ જગત ચૈતન્યમય છે, તે ભગવાનને અમે કેવળ નમસ્કાર કરીએ છીએ.[2] જેમને વિષે આ જગત રહેલું છે; જેનાથી આ જગત ઉત્પન્ન થાય છે, જે જગતને રચે છે, જે પોતે આ જગતસ્વરૂપ છે અને જે કાર્ય તથા કારણથી પર છે, તે સ્વતઃસિદ્ધ ભગવાનને હું શરણે જાઉં છું.[3] જે સર્વના સાક્ષી અને અલુપ્ત દૃષ્ટિવાળા હોઇને પોતાને વિષે પોતાની માયાએ ઉત્પન્ન કરેલા, કોઇ વેળા જણાતા અને કોઇ વેળા અદૃશ્ય થતા આ (કાર્યકારણાત્મક) જગતને પોતે દેખે છે, તે સ્વયંપ્રકાશ અને પ્રકાશક એવી ચક્ષુ આદિ ઇન્દ્રિયોના પણ પ્રકાશક પરમાત્મા મારી રક્ષા કરો.[4] સમગ્ર લોકો, તેઓના પાલકો અને તેઓનાં સર્વ કારણો કાળના નિમિત્તથી જ્યારે વિનાશ પામ્યાં હતાં, ત્યારે ગહન અને ગંભીર એવો અંધકારજ સર્વત્ર હતો; તે અંધકારની પણ પેલી પાર જે વ્યાપક દેવ સર્વ તરફ પ્રકાશે છે, તે ભગવાન મારી રક્ષા કરો.[5] જેમ જુદી જુદી આકૃતિઓથી ખેલી રહેલા નટના (મૂળ) સ્વરૂપને મનુષ્યો જાણી શકતા નથી, તેમ જેમના પરમસ્વરૂપને દેવો કે ઋષિઓ પણ જાણી શકતા નથી; તો પછી કયો પ્રાણી તે પરમપદને પામવાને કે વર્ણવવાને યોગ્ય છે? એવા તે દુર્ગમ ચરિત્રવાળા પરમેશ્વર મારી રક્ષા કરો.[6] જેમના અતિ મંગળ પદનાં દર્શન કરવા ઇચ્છતા મુનિઓ અને શ્રેષ્ઠ સાધુ પુરુષો સર્વ સંગનો ત્યાગ કરી, સર્વના મિત્ર થઈ, પ્રાણીમાત્રમાં આત્મદૃષ્ટિ કરીને વનમાં અસ્ખલિત બ્રહ્મચર્યાદિ વ્રતો આચર્યા કરે છે, તે ભગવાન મારું શરણ થાઓ.[7] જેમને જન્મ કે કર્મ, નામ કે રૂપ અથવા ગુણ કે દોષ–એ કંઇ પણ નથી; છતાં પણ સમયાનુસાર લોકોની ઉત્પત્તિ તથા નાશને માટે જે ભગવાન પોતાની માયાથી તે જન્મ,

* આ અધ્યાયમાં ગજેન્દ્રથી સ્તુતિ કરાયલા શ્રીહરિએ આવીને તેનો ઝૂડથી તથા દેવલના શાપથી ઉદ્ધાર કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્મ, નામ, રૂપ, ગુણ અને દોષને ધારણ કરે છે, તે ભગવાનને મારા નમસ્કાર હો.[૮] તે અનંત શક્તિવાળા પરમેશ્વર પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું અને રૂપરહિત છતાં અનેક સ્વરૂપો ધારણ કરનારા તથા આશ્ચર્યકારક કર્મ કરનારા તે પ્રભુને મારા નમસ્કાર હો.[૯] જે પરમાત્મા બીજા પ્રકાશના અવિષય છે, કારણ કે તે સર્વના સાક્ષી–પ્રકાશક છે; જીવોના નિયંતા છે અને તેથીજ વાણી, મન અને ચિત્તથી પણ ‡અત્યંત દૂર છે; તે પરમાત્માને મારા નમસ્કાર હો.[૧૦] જે ભગવાનને કેવળ શુદ્ધ સંન્યાસ વડે વિદ્વાન પુરુષ પામી શકે છે; મોક્ષના જે સ્વામી છે અને મોક્ષાનંદની જે અનુભવમૂર્તિ છે, તે ભગવાનને મારા નમસ્કાર હો.[૧૧] શાંત, ઘોર, મૂઢ–સર્વત્ર વિદ્યમાન હોવા છતાં અપ્રકટ, સત્ત્વાદિ ગુણોના ધર્મોને (માયાથી) અનુસરનારા, કોઇ જાતના ભેદથી રહિત, સર્વત્ર સમાનભાવે રહેલા અને કેવળ જ્ઞાનસ્વરૂપ આપને મારા નમસ્કાર હો.[૧૨] જીવસ્વરૂપ, સર્વના અધ્યક્ષ–નિર્વિકાર, સર્વના સાક્ષી, પૂર્વકાળથીજ અસ્તિત્વ ધરાવનાર, ક્ષેત્રજ્ઞ–જીવોના મૂળરૂપ અને સર્વના મૂળભૂત પ્રકૃતિના પણ ઉત્પત્તિકારણ એવા આપને મારા નમસ્કાર હો.[૧૩] સર્વ ઇન્દ્રિયો અને તેઓના વિષયોના જે દ્રષ્ટા છે; જે સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓને જણાવનારા છે; કેવળ મિથ્યાસ્વરૂપ એવા અહંકારાદિ પ્રપંચે (પ્રતિબિંબ જેમ બિંબને જણાવે છે, તેમ) જેમને જણાવેલા છે અને સર્વ વિષયોમાં જે સત્યરૂપે ભાસે છે, તે આપને મારા નમસ્કાર હો.[૧૪] સર્વના કારણસ્વરૂપ, તેમાં પણ અદ્ભુત કારણસ્વરૂપ અને પોતે પોતાના કોઈ પણ કારણથી રહિત એવા આપને મારા વારંવાર નમસ્કાર હો. જે આપ પંચરાત્રાદિ સર્વ શાસ્ત્રો તથા વેદોના એક મહાન સમુદ્રરૂપ, મોક્ષસ્વરૂપ અને ઉત્તમ પુરુષોના આશ્રયરૂપ છો, તે આપને મારા નમસ્કાર હો.[૧૫] જે આપ સત્ત્વાદિ ગુણોરૂપી અરણિકાષ્ઠમાં ગુપ્ત રહેલા જ્ઞાનાગ્નિરૂપ છો; ગુણોના કાર્યરૂપ આ જગતમાં જે આપનું મન બાહ્યવૃત્તિવાળું છે અને આત્મતત્ત્વની ભાવનાથી જેઓએ શાસ્ત્રીય વિધિ–નિષેધોનો ત્યાગ કરી દીધો હોય છે, તેવા જ્ઞાની પુરુષોમાં જે આપ સ્વયમેવ પ્રકાશો છો, તે આપને હું નમસ્કાર કરું છું.[૧૬] મારા જેવા શરણે આવેલા પશુના અવિદ્યારૂપી પાશને છોડી નાખનારા, સદાકાળ મુક્ત, અત્યંત દયાળુ અને કોઈના પર દયા કરવામાં આળસરહિત એવા આપને મારા નમસ્કાર હો. જે આપ અંતર્યામીરૂપ એવા પોતાના અંશથી સર્વ પ્રાણીઓનાં મન વિષે પ્રખ્યાત પ્રત્યગ્દૃષ્ટિરૂપ છો; સર્વ પ્રાણીઓને નિયમમાં રાખવાને સમર્થ છો અને સર્વના મનમાં રહ્યા છો, છતાં નથી જણાતા, તે આપને મારા નમસ્કાર હો.[૧૭] શરીર, પુત્ર, સંબંધીવર્ગ, ઘર, ધન તથા બીજા મનુષ્યોમાં આસક્ત રહેનારાઓને આપ દુર્લભ છો; કારણ કે આપ ગુણોના સંગથી રહિત છો અને તેથીજ દેહાદિમાં આસક્તિ નહિ રાખનારા–મુક્તાત્મા પુરુષો આપનું ચિંતન કર્યા કરે છે, તે જ્ઞાનસ્વરૂપ અને અચિંત્ય એવા અનંત ગુણોથી પૂર્ણ આપ ઈશ્વરને મારા નમસ્કાર હો. ધર્મ, કામ, અર્થ તથા મોક્ષની ઇચ્છાવાળા પુરુષો જેમનું ભજન કરતા ઇષ્ટ ગતિને પામે છે, એટલુંજ નહિ પણ તે ભજન કરનારા પુરુષો જે કામનાઓને ઇચ્છતા નથી, તે કામનાઓને તથા સુદૃઢ દેહને પણ જે ભગવાન આપે છે, તે અતિશય દયાળુ ભગવાન મારો (આ ઝૂડના બંધનથી) મોક્ષ કરો.[૧૮।૧૯] જેઓ આપને શરણે આવેલા એકાંતિક ભક્તો હોય છે, તેઓ આપનાં અતિ અદ્ભુત અને પરમ મંગળ ચરિત્રને ગાતા આનંદસમુદ્રમાં મગ્ન રહે છે અને તેથીજ (આપના

---

‡ વેદ પણ કહે છે:–

'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।'
(तैत्ति. उ. २–९)

વાણી અને મન જે પરમેશ્વરને પામ્યા વિનાજ પાછાં ફરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિના) બીજા કોઇ પદાર્થની તેઓ ઇચ્છા કરતા નથી.[20] જે પરમેશ્વર અવિનાશી બ્રહ્મ છે, સર્વથી પર છે, પર એવા બ્રહ્માદિ દેવોના પણ નિયંતા છે, અવ્યક્ત છે, આધ્યાત્મિક ભક્તિયોગથી જાણવાને યોગ્ય છે; સૂક્ષ્મ—પરમાણુની પેઠે ઇન્દ્રિયોના અવિષય છે; અત્યંત દૂર છે; અનંત છે અને સર્વના આદ્ય છે, તે પરિપૂર્ણ પરમેશ્વરની હું સ્તુતિ કરું છું.[21] બ્રહ્માદિ દેવો, સર્વ વેદો અને સ્થાવર-જંગમ સર્વ લોકો નામ તથા રૂપના ભેદથી જેમના અતિ અલ્પ અંશ વડે રચાયા છે, તે ભગવાન જય પામો.[22] અગ્નિમાંથી જેમ વારંવાર તણખાઓ નીકળે છે અને સૂર્યમાંથી વારંવાર કિરણો નીકળે છે ને પાછાં તે સૂર્યમાંજ લીન થઇ જાય છે, તેમ સ્વયંપ્રકાશ જે પરમાત્માથી ગુણોના પ્રવાહરૂપ બુદ્ધિ, મન, ઇન્દ્રિયો તથા શરીરોની સૃષ્ટિઓ વારંવાર ઉત્પન્ન થાય છે અને પાછી તેમાંજ લય પામી જાય છે;[23] જે ભગવાન દેવ, અસુર, મનુષ્ય કે તિર્યંચ નથી; સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી કે કોઇ પ્રાણી નથી; તેમજ જે ગુણ નથી, કર્મ નથી, સ્થૂલ કાર્ય નથી કે સૂક્ષ્મ કારણ નથી; કારણ કે જે સર્વ વસ્તુનો નિષેધ કરતાં બાકી રહે છે અને માયાથી સમગ્ર સ્વરૂપ છે, તે ભગવાન જય પામો—મને આ ઝૂડથી મુક્ત કરવા પ્રકટ થાઓ.[24] હું (આ ઝૂડથી મુક્ત થઇ) જીવવા ઇચ્છતો નથી; કારણ કે અંદર અને બહાર કેવળ અજ્ઞાનથીજ ભરેલી આ હાથીની જાતિથી મારે શું પ્રયોજન છે ? હું તો આત્મપ્રકાશના આવરણરૂપ અજ્ઞાનથીજ મુક્ત થવા ઇચ્છું છું, કે જે મુક્તિનો કાળે કરીને કદી વિનાશ+ નથી.[25] આવા પ્રકારે મુક્ત થવા ઇચ્છતો હું જગતના સ્રષ્ટા, જગતસ્વરૂપ, જગતથી ભિન્ન, જગત એજ જેમનું ધન તથા ઉપકરણ છે અને જગતના જે આત્મા છે, તે પરમપદરૂપ અજન્મા બ્રહ્મને પ્રણામ કરું છું.[26] જેઓએ યોગથી કર્મોને બાળી નાખ્યાં હોય છે, તેવા યોગીઓ યોગથી શુદ્ધ થયેલા પોતાના હૃદયમાં જેમનો સાક્ષાત્કાર કરે છે, તે યોગેશ્વરને હું નમસ્કાર કરું છું.[27] સત્ત્વ, રજસ્ અને તમઃ સ્વરૂપી જેમની ત્રણ શક્તિઓનો રાગ-દ્વેષાદિ વેગ અસહ્ય છે; સમગ્ર ઇન્દ્રિયોને શબ્દાદિ વિષયોરૂપે જે જણાય છે; શરણે આવેલાનું જે રક્ષણ કરે છે; જેમની શક્તિ અપાર છે, તેમજ દુષ્ટ ઇન્દ્રિયોવાળા મનુષ્યોને જેમનો માર્ગ પ્રાપ્ત થઇ શકતો નથી, તે આપને મારા વારંવાર નમસ્કાર હો.[28] જેમની માયાશક્તિથી થનારી અહંબુદ્ધિને લીધે ઢંકાયલા પોતાના આત્મારૂપ જે ભગવાનને લોકો જાણી શકતા નથી અને જેમનું માહાત્મ્ય દુર્લંઘ્ય છે, તે ભગવાનને હું શરણે ગયો છું.[29]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે કોઇ પણ મૂર્તિભેદ વિનાજ પરમ તત્ત્વની જેણે સ્તુતિ કરી હતી, એવા તે ગજેન્દ્રની પાસે જુદી જુદી મૂર્તિઓમાં અભિમાનવાળા બ્રહ્માદિ દેવો જ્યારે ન આવ્યા, ત્યારે પોતે સમગ્ર સ્વરૂપ હોવાથી સર્વ દેવમય મૂર્તિ શ્રીહરિ ત્યાં પ્રકટ થયા.[30] જગતના નિવાસરૂપ શ્રીહરિ તે ગજેન્દ્રને એ પ્રમાણે દુઃખી જાણી, તેણે કરેલી સ્તુતિ સાંભળીને, વેદમય ગરુડ ઉપર બેસી, હાથમાં ચક્ર લઇ, સ્તુતિ કરતા દેવોની સાથે જ્યાં પેલો ગજેન્દ્ર હતો, ત્યાં સત્વર આવી પહોંચ્યા.[31] એટલે તે ગજેન્દ્ર, જે સરોવરની અંદર મહાબળવાન ઝૂડથી પકડાઇને દુઃખી હતો, તેણે ચક્રધારી શ્રીહરિને આકાશમાં ગરુડ પર જોઈ સૂંઢમાં કમળ લઇને તથા તે સૂંઢ

+ અથવા દેહના બંધ તો દેહનો નાશ થતાં નાશ પામેજ છે; તો પછી એ બંધથી મુક્ત થવા માટે પ્રાર્થના કરવાની હોય નહિ; પણ જે અજ્ઞાન આત્મપ્રકાશને આવરણરૂપ છે અને કાળે કરીને જેનો વિનાશ થતો નથી, તે અજ્ઞાનથીજ મુક્ત થવા માટે હું પ્રાર્થના કરું છું; કારણ કે એ અજ્ઞાનથી તો કેવળ જ્ઞાનદ્વારાજ મુક્ત થઇ શકાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊંચી કરીને મહાકષ્ટથી આવી વાણી કહીઃ 'હે નારાયણ! હે સર્વના ગુરુ! હે ભગવન્! આપને હું નમસ્કાર કરું છું.'[૩૨] અજન્મા શ્રીહરિ તે ગજેન્દ્રને દુઃખી થયેલો જોઇ દયાને લીધે એકદમ ગરુડ ઉપરથી નીચે ઊતરી પડ્યા અને પેલા ઝૂડ સાથે ગજેન્દ્રને સરોવરમાંથી તેમણે બહાર ખેંચી કાઢયો અને પછી સુદર્શનચક્રથી ઝૂડનું મુખ ચીરી નાખી દેવોના દેખતાં ગજેન્દ્રને તેનાથી છૂટા કર્યો."[૩૩]

तं वीक्ष्य पीडितमजः सहसाऽवतीर्य सग्राहमाशु सरसः कृपयोज्जहार । ग्राहाद्विपाटितमुखादरिणा गजेंद्रं संपश्यतां हरिरमूमुचदुस्त्रियाणाम् ॥३३

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो*

ઝૂડ ગંધર્વ થયો ને ગજેન્દ્રને ભગવાને પાર્ષદ બનાવ્યો

॥ श्रीशुक उवाच ॥

तदा देवर्षिगंधर्वा ब्रह्मशानपुरोगमाः ।
मुमुचुः कुसुमासारं शंसंतः कर्म तद्धरेः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"તે સમયે બ્રહ્મા અને શંકર વગેરે દેવો, ઋષિઓ તથા ગંધર્વો, શ્રીહરિના તે કર્મની પ્રશંસા કરતા પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા;[૧] દેવોનાં દુંદુભિ–નગારાં વાગવા લાગ્યાં; ગંધર્વો નૃત્ય કરવા લાગ્યા અને ગાવા લાગ્યા; તેમજ ઋષિઓ, ચારણો ને સિદ્ધો પુરુષોત્તમ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૨] પેલો જે ઝૂડ હતો, તે ગંધર્વોમાં શ્રેષ્ઠ હૂહૂ નામનો ગંધર્વ હતો, પણ દેવલ ઋષિના શાપથી ઝૂડ થયો હતો; તે તુરતજ એ શાપથી મુક્ત થઈ પરમ આશ્ચર્યકારક રૂપ ધારણ કરનારો ગંધર્વ÷ થઇ ગયો.[૩] તેણે ઉત્તમ કીર્તિવાળા અવિનાશી પરમેશ્વરને મસ્તકથી પ્રણામ કરી યશના આશ્રયરૂપ અને જેમના ગુણો તથા કથા કીર્તન કરવા યોગ્ય છે, એવા ભગવાનની સ્તુતિ કરી.[૪] પછી ભગવાને જેના પર કૃપા કરી હતી અને તેથી સમગ્ર પાપમાંથી જે મુક્ત થયો હતો, એવો તે ગંધર્વ ભગવાનને પ્રદક્ષિણા અને પ્રણામ કરીને લોકોના દેખતાં પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો;[૫] તેમજ ભગવાનના સ્પર્શને લીધે અજ્ઞાનરૂપ બંધનથી મુક્ત થયેલો ગજેન્દ્ર પીળાં પીતાંબર અને ચતુર્ભુજ સ્વરૂપોવાળો થઈ ભગવાનના સ્વરૂપને પામ્યો. એ ગજેન્દ્ર પૂર્વે +પાંડ્યદેશનો ઉત્તમ દ્રાવિડી રાજા હતો; તે ઇન્દ્રદ્યુમ્ન એવા નામથી પ્રખ્યાત હતો અને વિષ્ણુ ભગવાનનાં વ્રતો કરવામાં તત્પર રહેતો હતો.[૬-૭] તે રાજા એક સમયે ભગવાનનું આરાધન કરતી વેળા સર્વના નિયંતા અને સર્વત્ર સ્વરૂપથી કે ગુણથી અસ્ખલિત સ્વરૂપવાળા શ્રીહરિની સારી રીતે પૂજા કરતો હતો. તે વખતે તેણે સ્નાન કરી, પોતાના મનને વશ કરી મૌનવ્રત ધારણ કર્યું હતું અને મસ્તકે જટાઓ ધારણ કરી તપમાંજ નિષ્ઠા રાખી હતી. એ રાજાનો આશ્રમ કુલાચલ–મલયાદ્રિ પર્વતમાં આવેલો હતો.[૮] એ સમયે શિષ્યગણોથી વીંટાયલા મહાયશસ્વી મુનિ અગસ્ત્ય દૈવેચ્છાએ તે ઇન્દ્રદ્યુમ્ન-

* આ અધ્યાયમાં ઝૂડ ગંધર્વપણાને પામ્યો અને ગજેન્દ્રને પોતાનો પાર્ષદ બનાવી ભગવાન પોતાના સ્થાનમાં લઈ ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

÷ આ સંબંધે આવી ઐતિહાસિક કથા છેઃ—હૂહૂ ગંધર્વ એક સમયે સ્ત્રીઓ સાથે સરોવરમાં ક્રીડા કરતો હતો, તેવામાં દેવલ ઋષિએ સ્નાન કરવા માટે તે સરોવરમાં પ્રવેશ કર્યો; એટલે હૂહૂ ગંધર્વે તેમના પગ પકડીને તેમને ખેંચવા માંડ્યા, જેથી દેવલ ઋષિએ કોપાયમાન થઇ શાપ આપ્યો કે, 'તું ઝૂડ થઇ જા.' પછી હૂહૂ ગંધર્વે તેમની ક્ષમા માગી પ્રાર્થના કરી. એટલે ઋષિએ કહ્યું કે, 'આ પ્રમાણેજ તું ગજેન્દ્રને પકડજે; એટલે ગજેન્દ્રનો ઉદ્ધાર કરતાં શ્રીહરિ તારો પણ ઉદ્ધાર કરશે.' —શ્રીધર

\+ આ પાંડ્યદેશ તે દ્રાવિડ દેશમાં પ્રસિદ્ધ છે.—भा.क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

-ના આશ્રમે આવી ચડ્યા. રાજાએ તે મુનિનો પૂજાદિથી સત્કાર કર્યો નહિ અને એમ ને એમ એકાંતમાં મૌન બેસી રહ્યો, તે જોઇને અગસ્ત્ય ઋષિ કોપી ઊઠ્યા[૯] અને આ પ્રમાણે શાપ આપતાં બોલ્યા કે, 'આ રાજા દુષ્ટ, દુરાત્મા અને અશિક્ષિત બુદ્ધિવાળો છે, જેથી તેણે આજ બ્રાહ્મણનું અપમાન કર્યું છે; માટે હાથીના જેવી સ્થૂલ બુદ્ધિવાળો આ રાજા હાથીજ બની જાઓ.'[૧૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભગવાન અગસ્ત્ય એ પ્રમાણે શાપ આપીને પોતાના શિષ્યો સાથે ત્યાંથી ચાલ્યા ગયા અને રાજર્ષિ ઇન્દ્રદ્યુમ્ને પણ 'પોતાના પ્રારબ્ધયોગે તે દુઃખ આવી પડ્યું' એમ માની લીધું.[૧૧] પછી તે રાજા સ્વસ્વરૂપના સ્મરણનો નાશ કરનારી હાથીની યોનિને પ્રાપ્ત થયો; પણ શ્રીહરિની પૂજાના પ્રભાવથી હાથીપણામાં પણ તેને પૂર્વજન્મનું સ્મરણ (પાછળથી) થયું હતું.[૧૨] એ પ્રમાણે તે ગજેન્દ્રને (ઝૂડથી) છોડાવીને પદ્મનાભ શ્રીભગવાન ગરુડ ઉપર બિરાજીને પોતાના પાર્ષદની ગતિને પામેલા તે ગજેન્દ્રની સાથે આશ્ચર્યકારક એવા પોતાના ધામમાં પધાર્યા. તે સમયે ગંધર્વો, સિદ્ધો તથા દેવો તેમનાં કર્મોનું ગાન કરતા હતા.[૧૩] હે મહારાજ! ગજેન્દ્રને મુક્ત કરવારૂપ આ શ્રીકૃષ્ણનું ચરિત્ર મેં તમને કહ્યું. હે કુરુશ્રેષ્ઠ! આ ચરિત્ર, સાંભળનારાઓને સ્વર્ગ તથા યશ આપનારું છે અને કલિયુગના મેલનો તથા દુઃસ્વપ્નનો નાશ કરનારું છે.[૧૪] માટે કલ્યાણ ઇચ્છનારા બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો પ્રાતઃકાળમાં ઊઠી પવિત્ર થઇને દુષ્ટ સ્વપ્નાદિની શાંતિને માટે આ ગજેન્દ્રમોક્ષ–ચરિત્રનો બરાબર રીતે પાઠ કરે છે.[૧૫] હે કુરુશ્રેષ્ઠ રાજા! સર્વ પ્રાણીમય શ્રીહરિ પ્રભુએ તે વેળા પ્રસન્ન થઈ સર્વ પ્રાણીઓના સાંભળતાં ગજેન્દ્રને આ પ્રમાણે કહ્યું હતું.[૧૬]

શ્રીભગવાન બોલ્યાઃ—'જે મનુષ્યો હું, તું, આ સરોવર, આ પર્વત, આ ગુફા, આ વન, આ નેતર, પોલા વાંસ તેમજ નક્કર વાંસોની ઝાડીઓ, દેવતાઇ વૃક્ષો, આ શિખરો, બ્રહ્માનાં, મારાં તથા શંકરનાં સ્થાનો, મારું પ્રિય સ્થાન ક્ષીરસમુદ્ર, દેદીપ્યમાન શ્વેતદ્વીપ, શ્રીવત્સ, કૌસ્તુભમણિ મારી વનમાળા, કૌમોદકી ગદા, સુદર્શનચક્ર, પાંચજન્ય શંખ, પક્ષિરાજ ગરુડ, મારા સૂક્ષ્મ અંશરૂપ શેષનાગ, મારો આશ્રય કરનાર લક્ષ્મીદેવી, બ્રહ્મા, નારદ ઋષિ, શંકર, પ્રહ્લાદ, મત્સ્ય–કૂર્મ–વરાહ વગેરે અવતારોથી મેં અનંત પુણ્યવાળાં જે કર્મો કર્યાં છે તે કર્મો, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, ૐકાર, સત્ય, માયા, ગાયો, બ્રાહ્મણો, ભક્તિરૂપ ધર્મ, સોમ તથા કશ્યપની પત્ની–દક્ષની પુત્રીઓ, ગંગા, સરસ્વતી, નંદા નદી, યમુના નદી, ઐરાવત હાથી, ધ્રુવ, સાત બ્રહ્મર્ષિઓ તથા પવિત્ર કીર્તિવાળા મનુષ્યો— આ સર્વનું સવારમાં ઊઠીને અરુણોદયના સમયે જિતેન્દ્રિય તથા એકાગ્રચિત્ત થઇને સ્મરણ કરે છે, તેઓ સમગ્ર પાપથી મુક્ત થાય છે. કારણ કે આ બધાં મારાંજ સ્વરૂપો છે.[૧૭–૨૪] હે ગજેન્દ્ર! પ્રભાતમાં જાગીને જેઓ તેં કરેલી આ સ્તુતિથી મારી સ્તુતિ કરશે, તેઓને હું પ્રાણત્યાગ સમયે નિર્મળ બુદ્ધિ આપીશ.'[૨૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ઇન્દ્રિયોના નિયંતા ભગવાન, એ પ્રમાણે ગજેન્દ્રને કહીને પોતાનો શંખ વગાડતા દેવસમૂહને હર્ષ ઉપજાવતા ગરુડ ઉપર બિરાજ્યા હતા. (અને પોતાના ધામમાં પધાર્યા હતા.)"[૨૬]

इत्यादिश्य हृषीकेशः प्रध्माय जलजोत्तमम् ।
हर्षयन् विबुधानीकमारुरोह खगाधिपम् ॥२६ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ५ मो*

પાંચમો અને છઠ્ઠો મન્વંતર

॥ श्रीशुक उवाच ॥

राजन्नुदितमेतत्ते हरेः कर्माघनाशनम् ।
गजेंद्रमोक्षणं पुण्यं रैवतं त्वन्तरं शृणु ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! પાપનો નાશ કરનારું શ્રીહરિનું એ ગજેન્દ્રમોક્ષરૂપી પવિત્ર ચરિત્ર મેં તમને કહ્યું. હવે તમે રૈવત મન્વંતરની કથા સાંભળો.[1] પાંચમો રૈવત નામનો જે મનુ થઇ ગયો છે, તે ચોથા તામસ મનુનો ભાઈ હતો. અર્જુન, બલિ તથા વિંધ્ય વગેરે તેના પુત્રો હતા.[2] હે રાજન્! એ મન્વંતરમાં વિભુ નામે ઇન્દ્ર હતો; ભૂતરય વગેરે દેવો હતા અને હિરણ્યરોમા, વેદશિરા તથા ઉર્ધ્વબાહુ વગેરે બ્રાહ્મણો હતા.[3] શુભ્રની વિકુંઠા નામની સ્ત્રી હતી; તે બન્ને સ્ત્રીપુરુષ થકી ભગવાન વૈકુંઠ પોતે વૈકુંઠ નામના ઉત્તમ દેવોની સાથે પોતાના અંશથી અવતર્યા હતા.[4] એ વૈકુંઠ ભગવાને પોતાનું પ્રિય ઇચ્છતી લક્ષ્મીદેવીની પ્રાર્થનાથી લોકોમાં નમસ્કાર કરાયલો વૈકુંઠલોક નિર્માણ કર્યો છે; એ વૈકુંઠ ભગવાનનું †ચરિત્ર તથા મોટી સમૃદ્ધિવાળા ગુણો મેં તમને કહ્યા છે; બાકી તો જે મનુષ્ય વિષ્ણુના ગુણોને વર્ણવે છે, તે પૃથ્વીના રજકણોને ગણી શકે છે.[5-6] તે પછી છઠ્ઠો ચાક્ષુષ નામે મનુ થયો હતો; તે ચક્ષુષનો પુત્ર હતો અને પૂરુ, પૂરુષ, સુદ્યુમ્ન વગેરે એ ચાક્ષુષ મનુના પુત્રો હતા.[7] હે રાજન્! તે મનુના સમયમાં મંત્રદ્રુમ નામે ઇન્દ્ર હતો; આપ્ય આદિ દેવગણો હતા તથા હવિષ્મદ્ અને વીરક આદિ મુનિઓ હતા.[8] એ સમયે પણ જગતના પતિ ભગવાન વૈરાજની સંભૂતિ નામની સ્ત્રીમાં પોતાના અંશથી 'અજિત' નામે અવતર્યા હતા.[9] એ અજિત ભગવાને સમુદ્ર મથીને દેવોને અમૃત કાઢી આપ્યું હતું અને (સમુદ્રમંથનસમયે) જળમાં ભમતા મંદરાચલ પર્વતને પોતે કાચબાના સ્વરૂપથી ધારણ કરી રાખ્યો હતો."[10]

પરીક્ષિત રાજાએ પૂછ્યુંઃ—"હે બ્રહ્મન્! ભગવાને જે કારણથી ક્ષીરસમુદ્રને મથ્યો હતો, જને માટે અથવા જે કારણથી કાચબાનું સ્વરૂપ ધારણ કરી મંદરાચલ પર્વતને ધારણ કર્યો હતો; તેમજ દેવોએ જે રીતે અમૃત પ્રાપ્ત કર્યું હતું તથા બીજું પણ જે કંઇ થયું હતું, તે સર્વ ભગવાનનું પરમ અદ્ભુત કર્મ તમે મને કહો.[11-12] ભક્તોના પતિ ભગવાનનો મહિમા આપ કહી રહ્યા છો, તે છતાં પણ ઘણા કાળના સાંસારિક તાપોથી તપી ગયેલું મારું મન અત્યંત તૃપ્ત થતું નથી."[13]

સૂત પૌરાણિક બોલ્યાઃ—હે શૌનકાદિ બ્રાહ્મણો! વ્યાસના પુત્ર ભગવાન શુકદેવજીને પરીક્ષિત રાજાએ એ પ્રમાણે પૂછ્યું, એટલે તેમણે રાજાને અભિનંદન આપી, ભગવાનનું પરાક્રમ કહેવા માંડ્યું.[14]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"જે સમયે યુદ્ધમાં અસુરોએ દેવોને તીક્ષ્ણ શસ્ત્રોથી મારવા માંડ્યા હતા, ત્યારે અનેક દેવો પ્રાણરહિત થઇને ઢળી પડ્યા હતા; તેઓ પાછા ઊભાજ થયા ન હતા.[15] હે રાજન્! દુર્વાસાઈ ઋષિના શાપથી ઇન્દ્ર સહિ-

* હવે અહીંથી આઠ અધ્યાયોમાં અમૃતનું આખ્યાન કહેવામાં આવશે; જેમાં શ્રીહરિએ પોતાના ભક્તોનો પક્ષપાત કરી મોહિનીસ્વરૂપ ધર્યાનું વર્ણન છે; તેમાં આ પાંચમા અધ્યાયમાં પાંચમા તથા છઠ્ઠા મનુનું વર્ણન આવશે અને બ્રાહ્મણના શાપથી લક્ષ્મીરહિત થયેલા દેવોએ શ્રીહરિની સ્તુતિ કરી, તે કહેવાશે.—શ્રીધર

† સનકાદિના શાપથી દૈત્યપણાને પામેલા પોતાના પાર્ષદોની સાથે વરાહાદિરૂપે યુદ્ધ કરવારૂપ ચરિત્ર. શ્રી૦

ઈ દુર્વાસા ઋષિના શાપની કથા આ પ્રમાણે છેઃ—એક સમયે દુર્વાસા મુનિએ માર્ગમાં જતા ઇન્દ્રને જોઇને તેને પોતાના કંઠમાં પહેરેલી માળા (પ્રસાદી તરીકે) આપી; ત્યારે ઇન્દ્રે લક્ષ્મીના મદથી તેનો અનાદર કરી એ માળા ઐરાવત હાથીના ગંડસ્થળમાં નાખી દીધી. ઐરાવત હાથી તો મદોન્મત્ત હતો, તેથી તેણે એ માળા ફેંકી દઇને પોતાના બન્ને પગ વડે તેના ચૂરેચૂરા કરી નાખ્યા. તે જોઈ કોપેલા દુર્વાસાએ ઇન્દ્રને શાપ આપ્યો કે, 'ત્રણે લોક સાથે તું લક્ષ્મીરહિત થા.' —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત ત્રણે લોક જ્યારે લક્ષ્મીરહિત થઇ પડ્યા હતા, ત્યારે યજ્ઞ-યાગાદિ સર્વ ક્રિયાઓ નાશ પામી ગઇ હતી.[૧૬] એ બધું જોઇને ઇન્દ્ર, વરુણ વગેરે દેવગણો વિચાર ચલાવવા લાગ્યા; પણ તેનો કંઇ નિશ્ચય કરી શક્યા નહિ.[૧૭] પછી તેઓ સર્વે મેરુ પર્વતના શિખર ઉપર આવેલી બ્રહ્મદેવની સભામાં ગયા અને ત્યાં બ્રહ્મદેવને પ્રણામ કરીને સર્વ જણાવ્યું.[૧૮] સમર્થ ભગવાન બ્રહ્માએ ઇન્દ્ર, વાયુ વગેરે દેવોને નિ:સત્ત્વ તથા નિસ્તેજ જોઇને અને લોકોને લગભગ અમંગળરૂપ જોઇને તથા અસુરોને તેજ, બળ વગેરેથી યુક્ત જોઇને એકાગ્ર મનથી પરમેશ્વરનું સ્મરણ કરી પ્રફુલ્લ મુખે દેવોને કહ્યું કે, ૧૯।૨૦ 'હું, શંકર, તમે, અસુરો વગેરે, મનુષ્યો, તિર્યંચો, વૃક્ષો તથા પરસેવાથી ઉત્પન્ન થનારાં પ્રાણીઓ સુધ્ધાં તે પરમાત્માના એક અંશના પણ અંશ છીએ અને તે ભગવાનેજ આપણને ઉત્પન્ન કર્યા છે; માટે આપણે સર્વે તે અવિનાશી દેવને શરણે જઇએ.[૨૧] જો કે એ ભગવાનને કોઇ વધ કરવા યોગ્ય નથી, કોઇ રક્ષણ કરવા યોગ્ય નથી, કોઇ ઉપેક્ષા કરવાને યોગ્ય નથી; તેમજ તેમને કોઇ પક્ષ આદર કરવા યોગ્ય પણ નથી; છતાં પણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા માટે તે ભગવાન સમયે સમયે રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણને ધારણ કરે છે.[૨૨] વળી પ્રાણીઓનાં કલ્યાણને માટે સત્ત્વગુણ ધારણ કરનાર તે ભગવાનનો આ મર્યાદાનું પાલન કરવાનો સમય છે; માટે જગતના ગુરુ તે ભગવાનને આપણે શરણે જઇએ, જેથી દેવો જેમને પ્રિય છે, એવા ભગવાન તેમના પોતાનાજ એવા આપણું કલ્યાણ કરશે.'[૨૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે શત્રુદમન રાજા! દેવોને એ પ્રમાણે કહીને બ્રહ્મા, દેવોની સાથે અજિત ભગવાનના સાક્ષાત્ સ્થાનમાં ગયા, કે જે સ્થાન લોકાલોક પર્વતથી આગળ જ્યાં અંધકાર આવેલો છે, ત્યાંથી પણ આગળ છે.[૨૪] ત્યાં જઇને હે રાજા! બ્રહ્માએ ઇન્દ્રિયોને એકાગ્ર કરી અને પછી જેમનું સ્વરૂપ પૂર્વે કદી જોયું નથી, પણ માત્ર સાંભળ્યું છે, એવા ભગવાનની દિવ્ય વાણીથી તે સ્તુતિ કરવા લાગ્યા.[૨૫]

બ્રહ્મા સ્તુતિ કરે છેઃ–'સર્વ વિકારથી રહિત, સત્યસ્વરૂપ, અંતરહિત, સર્વના આદ્ય, સર્વની હૃદયરૂપ ગુફામાં રહેનારા, કોઈ પણ ઉપાધિથી રહિત, કદી તર્કમાં પણ આવી શકે નહિ તેવા, મન કરતાં પણ અતિશય વેગવાળા અને વાણીથી વર્ણવવાને અશક્ય એવા સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ દેવને અમે નમસ્કાર કરીએ છીએ.[૨૬] જે ભગવાન પ્રાણ, મન, બુદ્ધિ તથા શરીરના જ્ઞાતા છે; વિષયો તથા ઇન્દ્રિયો–એ બન્નેરૂપે ભાસે છે; છતાં (સ્વપ્નના દ્રષ્ટાની પેઠે) અજ્ઞાનથી જ રહિત છે; શરીરથી ભિન્ન છે અને તેથીજ આકાશની પેઠે વ્યાપક છે; કારણકે જે ભગવાન વિષે જીવની પક્ષપાતી અવિદ્યા તથા વિદ્યા–એ બન્ને નથી; તે ત્રણે યુગમાં પ્રકટ થતા ભગવાનને અમે શરણે જઇએ છીએ.[૨૭] જે ભગવાનને વેદો જીવના ચક્રરૂપ દેહાદિની ધરીરૂપે કહે છે, તે સત્યસ્વરૂપ પરમાત્માને હું શરણે જાઉં છું. આ દેહાદિરૂપ ચક્ર માયાથી પ્રેરણા પામે છે, મનના પ્રાધાન્યવાળું છે; દશ ઇન્દ્રિયો અને પાંચ પ્રાણ એ પંદર આરારૂપ હોઈ ઝડપથી ચાલી રહ્યું છે; સત્ત્વાદિ ત્રણ ગુણો એ ચક્રની નાભિ છે–આરાઓ જેમાં ગોઠવાય છે તે મધ્યપ્રદેશ છે; વીજળી જેવું તે ચંચળ છે અને આઠ÷ પ્રકૃતિઓરૂપી તે ચક્રની નેમિ છે;[૨૮] જે પરમાત્મા જીવની સમીપે તેના નિયંતા તરીકે રહે છે; કેવળ એક જ્ઞાનસ્વરૂપ છે; પ્રકૃતિથી પર, અદશ્ય, નિર્વિકાર અને દેશ તથા કાળથી અમાપ એવા પરબ્રહ્મ છે, તે પરમાત્માને ધીર–યોગી પુરુષો યોગરૂપી પ્રાપ્તિના સાધનદ્વારા ઉપાસે છે.[૨૯] જે પરમેશ્વરની માયા વડે

÷ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ તથા અહંકાર એ આઠ પ્રકૃતિઓ છે. –બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રાણી મોહ પામે છે અને જે માયાને લીધે પોતાના આત્મસ્વરૂપને જાણી શકતા નથી, એવા તે પરમેશ્વરની માયાને કોઈ પણ તરી શકતું નથી. સર્વ જીવોને તથા પોતાની શક્તિરૂપ માયાને જેમણે જીતી લીધેલાં છે અને સર્વ પ્રાણીઓમાં જે સમાનપણે રહ્યા છે, તે પરમેશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ.[૩૦] અમે—દેવો અને ઋષિઓ કે જેઓ ભગવાનના પ્રિય શરીરરૂપ સત્ત્વગુણથીજ સૃજાયા છીએ અને બહાર તથા અંદર પ્રકટ છતાં જેમની સૂક્ષ્મગતિ—નિરૂપાધિ સ્વરૂપને જાણી શકતા નથી; તો પછી રજોગુણ અને તમોગુણનુંજ જેમાં પ્રાધાન્ય હોય, એવા અસુરો વગેરે તો એ ભગવાનના સ્વરૂપને ક્યાંથી જાણી શકે?[૩૧] જે પૃથ્વી ભગવાને પોતેજ રચી છે અને જે પૃથ્વી પર (જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ—એમ) ચાર પ્રકારની ભૂતસૃષ્ટિ રહેલી છે—એવી આ પૃથ્વીજ જેમના બે ચરણ છે, તે સર્વદા સ્વતંત્ર, અસ્ખલિત સ્વરૂપવાળા અને મહાન ઐશ્વર્યવાળા મહાપુરુષ અમારા પર પ્રસન્ન થાઓ.[૩૨] જે જળથી ત્રણ લોક અને સમગ્ર લોકપાલો ઉત્પન્ન થાય છે, જીવે છે અને વૃદ્ધિ પામે છે, તે ઉત્કૃષ્ટ શક્તિવાળું જળ જેમનું વીર્ય છે, તે મહાન ઐશ્વર્યવાળા અને અખંડ સ્વરૂપવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ.[૩૩] જે ચંદ્રમા દેવોના અન્નરૂપ છે અને તેથીજ બળ તથા આયુષરૂપ પણ છે; તેમજ વૃક્ષોનો જે અધિપતિ અને પ્રજાઓને વૃદ્ધિ પમાડનાર છે, તે ચંદ્રમા જે ભગવાનનું મન છે એમ વેદો કહે છે; તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ. જેનાથી ધન ઉત્પન્ન થયું છે, ક્રિયાકાંડથી પ્રતિપાદન કરાતા કર્મના નિમિત્તેજ જેનો જન્મ છે, જે પ્રાણીઓના ઉદરમાં પકવવાને યોગ્ય અન્નાદિ ધાતુઓને પકવે છે અને સમુદ્રમાં પણ વડવાનલસ્વરૂપે જળને જે પકવે છે, તે અગ્નિ જેમનું મુખ છે, એવા મહાન ઐશ્વર્યવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ.[૩૪।૩૫] અર્ચિરાદિ માર્ગનો જે દેવ છે; વેદમય છે; બ્રહ્મની ઉપાસના કરવાનું સ્થાન છે; મોક્ષનું દ્વાર કહેવાય છે; પુણ્યલોકરૂપ હોવાથી અમૃતરૂપ ને કાળરૂપ હોવાથી મૃત્યુરૂપ છે, તે આ સૂર્ય જેમનાં ચક્ષુ છે, એવા મહાન ઐશ્વર્યવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ. જે વાયુ સ્થાવરજંગમ પ્રાણીઓના પ્રાણરૂપ, માનસિક શક્તિરૂપ, શરીરની શક્તિરૂપ તથા ઇન્દ્રિયોની શક્તિરૂપ છે અને જેમ ચક્રવર્તી રાજાને તેના અનુયાયીઓ અનુસરે, તેમ જે પ્રાણને અમે અનુસરી રહ્યા છીએ, તે પ્રાણવાયુ જે ભગવાનના પ્રાણથી ઉત્પન્ન થયો છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.[૩૬।૩૭] જે મહાપુરુષના કાનમાંથી દિશાઓ ઉત્પન્ન થઇ છે, હૃદયમાંથી દેહનાં છિદ્રો ઉત્પન્ન થયાં છે અને નાભિમાંથી પ્રાણ, ઇન્દ્રિયો, મન તથા શરીરના આશ્રયરૂપ આકાશ ઉત્પન્ન થયું છે, તે મહાન ઐશ્વર્યવાળા પરમેશ્વર અમારા પર પ્રસન્ન થાઓ. જેમના બળમાંથી મહેન્દ્ર ઉત્પન્ન થયો છે; કૃપાથી દેવો ઉત્પન્ન થયા છે; ક્રોધથી શંકર ઉત્પન્ન થયા છે; બુદ્ધિથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે; જેમના દેહનાં છિદ્રોમાંથી વેદો તથા ઋષિઓ ઉત્પન્ન થયા છે અને લિંગમાંથી પ્રજાપતિ ઉત્પન્ન થયા છે, તે મહાન ઐશ્વર્યવાળા પરમાત્મા અમારા પર પ્રસન્ન થાઓ. જેમની છાતીમાંથી લક્ષ્મી ઉત્પન્ન થયાં છે; છાયામાંથી પિતૃઓ ઉત્પન્ન થયા છે; સ્તનમાંથી ધર્મ ઉત્પન્ન થયો છે; વાંસામાંથી અધર્મ ઉત્પન્ન થયો છે; મસ્તકમાંથી સ્વર્ગ ઉત્પન્ન થયું છે અને વિહારમાંથી અપ્સરાઓ ઉત્પન્ન થઇ છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.[૩૮-૪૦] જેમના મુખથી બ્રાહ્મણો તથા રહસ્યરૂપ વેદો ઉત્પન્ન થયેલ છે; ક્ષત્રિયો તથા બળ જેમની બે ભુજાઓમાંથી ઉત્પન્ન થયેલ છે; વૈશ્યો અને તેઓની વૃત્તિ વેપાર જેમની બે સાથળોમાંથી ઉત્પન્ન થયેલ છે અને શૂદ્રો તથા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમની વૃત્તિ સેવા જેમના ચરણમાંથી ઉત્પન્ન થયેલ છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.[૪૧] જેમના નીચલા હોઠથી લોભ ઉત્પન્ન થયો છે; ઉપલા હોઠથી પ્રીતિ ઉત્પન્ન થઇ છે; નાસિકાથી કાંતિ ઉત્પન્ન થઇ છે; સ્પર્શથી અજ્ઞાનીઓને હિતકારી જણાતો કામ ઉત્પન્ન થયો છે; બે ભ્રૂકુટીમાંથી યમદેવ ઉત્પન્ન થયા છે અને જેમની પાંપણોમાંથી કાળ ઉત્પન્ન થયો છે તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.[૪૨] વિદ્વાનો કહે છે કે, પાંચ મહાભૂતો, કાળ, કર્મ, ગુણો તથા ભૌતિક પ્રપંચ—આ બધું જેમની યોગમાયાથી રચાયેલ છે અને જે જાણવું કઠિન છે; કારણ કે વિદ્વાનો તેને તર્કવિતર્કથી ગુપ્ત કરી નાખે છે, તે મહાન ઐશ્વર્યવાળા ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.[૪૩] જેમને વિષે સત્ત્વાદિ ગુણોની શક્તિ શાંત થઇ જાય છે; જેમનું સ્વરૂપ પરમાનંદરૂપી સ્વરાજ્યથી પરિપૂર્ણ છે અને જે માયાથી રચાયેલા ગુણોમાં વૃત્તિઓથી આસક્ત થતા નથી, તે વાયુ જેવી લીલાવાળા પરમાત્માને અમારા નમસ્કાર હો.[૪૪] અમે આપને શરણે આવ્યા છીએ અને આપના મંદહાસ્યયુક્ત મુખકમળનાં દર્શન કરવા ઇચ્છીએ છીએ; માટે અમારી ઇન્દ્રિયોથી અમે જોઇ શકીએ તેમ અમને પોતાનું દર્શન આપો.[૪૫] હે વ્યાપક દેવ! આપ ભગવાન, સમયે સમયે પોતાની ઇચ્છાથી ધારણ કરેલાં સ્વરૂપો વડે પોતાની મેળે અમારાથી ન થઇ શકે તેવાં કર્મ કરો છો.[૪૬] વિષયોથી પીડાતા (સકામ) પ્રાણીઓનાં કર્મો ઘણા ક્લેશવાળાં, અલ્પ સારવાળાં અથવા નિષ્ફળજ હોય છે; ત્યારે આપને અર્પણ કરેલું (નિષ્કામ) કર્મ તેવું હોતું નથી.[૪૭] મનુષ્યનું કોઇ કર્મ અલ્પ હોય કે આભાસમાત્ર હોય; તોપણ જો તે ઈશ્વરને અર્પણ કરી દીધેલું હોય, તો કદી નિષ્ફળ થતું નથી; કેમકે તે ઈશ્વર મનુષ્યના આત્મા છે, પ્રિય છે અને હિતકારી છે.[૪૮] જેમ વૃક્ષના મૂળમાં કરેલું જળનું સિંચન તેના થડને તથા ડાળીઓને પણ પોષણકર્તા થાય છે, તેમ પરમાત્માનું આરાધન સર્વ પ્રાણીઓને તથા પોતાને પણ પોષણકર્તા થાય છે. જેમનાં પોતાનાં કર્મો તથા સ્વભાવની ચેષ્ટાઓ દુર્વિતર્ક્ય છે, જે પોતે નિર્ગુણ છે અને ગુણોના નિયંતા છે, છતાં હમણાં (સૃષ્ટિનું પાલન કરવા માટે) સત્ત્વગુણમાં સ્થિતિ કરી રહ્યા છે, તે આપ અનંતને અમે નમસ્કાર કરીએ છીએ.'[૪૯-૫૦]

नमस्तुभ्यमनंताय दुर्वितर्क्यात्मकर्मणे ।
निर्गुणाय गुणेशाय सत्वस्थाय च सांप्रतम् ॥५०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

अध्याय ६ ठ्ठो÷

અમૃત માટે દેવો તથા અસુરોનો મહાન ઉદ્યમ

॥ श्रीशुक उवाच ॥

एवं स्तुतः सुरगणैर्भगवान् हरिरीश्वरः ।
तेषामाविरभूद्राजन् सहस्रार्कोदयद्युतिः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજન્! દેવગણોએ એ રીતે સ્તુતિ કરી, એટલે સર્વના ઈશ્વર અને હજાર સૂર્યના ઉદય વખતની કાંતિ જેવી કાંતિવાળા ભગવાન શ્રીહરિ તેઓની આગળ પ્રકટ થયા.[૧] તે વેળા ભગવાનના એ તેજથીજ સર્વ દેવોનાં નેત્રો એવાં તો અંજાઈ ગયાં, કે જેથી કરીને તેઓ આકાશ, દિશાઓ, પૃથ્વી તથા પોતાને પણ જોઇ શક્યા નહિ; તો પછી ભગવાનને તો ક્યાંથી જોઈ શકે?[૨] કેવળ ભગવાન બ્રહ્માએ તથા શંકરે તે પરમાત્માના શરીરનાં દર્શન કર્યાં, કે જે શરીર સ્વચ્છ, મરકતમણિ જેવું શ્યામ, કમ-

÷ આ અધ્યાયમાં વિષ્ણુ ભગવાન પ્રકટ થયા, એટલે ફરી દેવોએ તેમની સ્તુતિ કરી અને તેમની સલાહથી અસુરોની સાથે અમૃત માટે મહાન ઉદ્યમ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ળના મધ્યભાગ જેવાં લાલ નેત્રોવાળું, તપાવેલા સુવર્ણ સમાન પ્રકાશતા પીતાંબરથી શોભી રહેલું, સર્વાંગે પ્રસન્ન અને સુંદર એવા મનોહર મુખવાળું, સુંદર ભ્રૂકુટિવાળું, ઉત્તમ મણિઓથી જડેલા મુકુટ તથા બે બાજુબંધો વડે શોભતું, કાનનાં આભૂષણોથી શોભી રહેલા બે ગાલ વડે મુખકમળની શોભાથી યુક્ત; કંદોરો, કડાં, હાર અને ઝાંઝરોથી શોભાયમાન, કૌસ્તુભમણિના અલંકારની શોભાને તથા વનમાળાની શોભાને ધારણ કરતું અને સુદર્શન આદિ મૂર્તિમાન પોતાનાં અસ્ત્રોથી સેવાઇ રહ્યું હતું. ભગવાનનું એ સ્વરૂપ જોઇને બ્રહ્મા તથા શંકરે સર્વ દેવગણોની સાથે સર્વાંગે પૃથ્વી પર પડી પ્રણામ કર્યા ને પછી એ પરમપુરુષની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.

બ્રહ્મદેવ સ્તુતિ કરે છેઃ–'જેમનો (અમારી પેઠે) જન્મ, સ્થિતિ કે નાશ કદી થયોજ નથી; (માત્ર આવિર્ભાવજ થયેલ છે;) સર્વ ગુણોથી જે રહિત છે; મોક્ષસુખના તો એક સમુદ્ર છે; સૂક્ષ્મ કરતાં પણ અતિ સૂક્ષ્મ છે અને જેમનું સ્વરૂપ અમાપ છે; તે મહાન પ્રભાવવાળા આપને અમારા વારંવાર નમસ્કાર હો.[૩-૮] હે પુરુષશ્રેષ્ઠ! આપનું આ સ્વરૂપ કે જે કલ્યાણની ઇચ્છાવાળા પુરુષોને વૈદિક તથા તાંત્રિક ઉપાયોથી સર્વદા પૂજ્ય છે, તે આ સ્વરૂપમાં હે વિધાતા! હું મારી સાથે ત્રણે લોકને જોઈ રહ્યો છું, કારણ કે આપની આ મૂર્તિમાં સમગ્ર જગત રહ્યાં છે.+[૯] આ જગત સર્વ પ્રકારે સ્વતંત્ર એવા આપને વિષે પ્રથમ હતું, મધ્યમાં છે અને અંતમાં પણ હશેજ. કેમકે માટી જેમ ઘડાનો આદિ, મધ્ય તથા અંત છે, તેમ આપ પણ આ જગતના આદિ, મધ્ય તથા અંત છો અને સર્વથી પર એવી માયાથી પણ પર છો.[૧૦] આપે પોતાને સ્વાધીન એવી પોતાની માયાથી આ જગત સૃજીને તેમાં પ્રવેશ કર્યો છે અને તેથીજ વિવેકી વિદ્વાન યોગીપુરુષો, ગુણોના પરિણામમાં પણ આપને મનથી નિર્ગુણજ જુએ છે.[૧૧] જેમ મનુષ્યો ઉપાયો વડે કાષ્ઠમાંથી અગ્નિ મેળવે છે; ગાયોમાંથી ઘી મેળવે છે; પૃથ્વીમાંથી (ખેડવા વગેરેથી) અન્ન સંપાદન કરે છે અને (ખોદવાથી) જળ મેળવે છે તથા ઉદ્યમ કરીને આજીવિકા મેળવે છે; તેમ વિદ્વાનો પણ બુદ્ધિથી દેહાદિ ગુણોમાં આપને પ્રાપ્ત કરે છે અને વર્ણવે છે.[૧૨] હે નાથ! હે પદ્મનાભ! ઘણા અત્યંત કાળથી પ્રાપ્ત કરવાને ઇચ્છિત અર્થરૂપ એવા આપને આજે પ્રત્યક્ષ પ્રકટ થયેલા જોઇ અમે સર્વે જેમ ગંગાના જળને પ્રાપ્ત કરીને દાવાનળથી પીડાયલા હાથીઓ શાંતિ પામે છે, તેમ શાંતિ પામ્યા છીએ.[૧૩] હે અંતરાત્મન્! બહાર અને અંદર સર્વના સાક્ષી એવા આપને બીજાઓએ શું જણાવવાનું હોય? (આપ તો સર્વ કંઇ જાણોજ છો.) માટે સમગ્ર લોકનું પાલન કરનારા અમે–લોકપાલો જે પ્રયોજનથી આપના ચરણના મૂળમાં આવ્યા છીએ, તેને આપ પૂર્ણ કરો. હે ઈશ્વર! હું, શંકર, દેવો વગેરે તથા દક્ષ આદિ પ્રજાપતિઓ, કે જેઓ અગ્નિથી જુદા જણાતા તેના તણખાઓની પેઠે આપથી જુદા જણાઇએ છીએ; તે અમે અમારું કલ્યાણ શું જાણી શકીએ છીએ? નથીજ જાણતા. માટે આપજ બ્રાહ્મણો તથા દેવોના સુખનો ઉપાય કરો—અમારું કલ્યાણ થાય તેવો ઉપાય બતાવો.'[૧૪,૧૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે બ્રહ્મા વગેરેએ સ્તુતિ કરી, એટલે ભગવાને તેજ પ્રમાણે તેઓનાં હૃદયને (એટલે 'અમને કંઇ સલાહ આપો.' એવા વિચારને) જાણી લઇ બે હાથ જોડીને ઊભેલા અને સર્વ ઇન્દ્રિયોને જેમણે વશ કરી હતી, એવા તે દેવોને મેઘ સમાન ગંભીર વાણીથી કહ્યું.[૧૬] દેવોના ઈશ્વર તે ભગવાન એકલાજ દેવોનું કાર્ય કરવા માટે સમર્થ હતા; તોપણ સમુદ્રમંથન વગેરે કરીને વિહાર કરવાની તેમને

\+ માટે આપનું આ સ્વરૂપ કોઇ રીતે માપી શકાય એવું નથી; એ ભાવ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇચ્છા હતી, તેથી દેવોને તેમણે આ પ્રમાણે કહ્યું: શ્રીભગવાન બોલ્યાઃ-'અહો ! હે બ્રહ્મા ! હે શંકર ! અને હે દેવો ! તમે બધા સાવધાન થઇને મારું કહેવું સાંભળો. હે દેવો ! તે પ્રમાણે કરવાથી તમારું કલ્યાણ થશે.[૧૭|૧૮] તમે અહીંથી જાઓ અને પ્રથમ તો દૈત્યો તથા દાનવો સાથે સંધિ કરો, કારણ કે હમણાં તે દૈત્ય-દાનવો ઉપર કાળની કૃપા છે-સમયની અનુકૂળતા છે; માટે જ્યાંસુધી તમારો પોતાથી અભ્યુદય થાય, ત્યાંસુધી તમે તેઓની સાથે સંધિ કરો.[૧૯] હે દેવો ! જ્યારે કોઇ મોટું કાર્ય કરી લેવાનો પ્રસંગ હોય, ત્યારે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઇએ. પછી કાર્યસિદ્ધિ થઇ જાય એટલે એક+ સર્પે જેવું ઉંદર સાથે વર્તન કર્યું હતું, તેવું વર્તન કરવું.[૨૦] તમે (એ દૈત્યો સાથે મળી જઈ) અમૃત ઉત્પન્ન કરવાનો સત્વર પ્રયત્ન કરો, કે જે અમૃતનું પાન કરવાથી મૃત્યુગ્રસ્ત પ્રાણી અમર થાય છે. હે દેવો ! સર્વ વેલાઓ, ઘાસ, લતાઓ તથા ઔષધિઓને સમુદ્રમાં÷ નાખી, મંદરાચલ પર્વતને રવૈયો કરી, વાસુકિ નાગને નેતરું કરી, આળસનો ત્યાગ કરી મારી સહાયથી સમુદ્રમંથન કરો. તમારા એ કાર્યમાં દૈત્યોને તો કેવળ પરિશ્રમજ પડશે; ફળ તો તમનેજ મળશે.[૨૧-૨૩] હે દેવો ! તે અસુરો જે કંઈ ઇચ્છા કરે તેમાં તમે અનુમતિ આપજો. કારણ કે હરકોઇ કાર્ય જેવાં શાંતિ કે સલાહથી થાય છે, તેવાં ઉતાવળથી કે વિરોધ કરવાથી થતાં નથી.[૨૪] એ સમુદ્રમાંથી કાલકૂટ નામનું એક ઝેર ઉત્પન્ન થશે, પણ તેથી તમે ડરશો મા અને કોઇ પણ વસ્તુ માટે લોભ, ક્રોધ કે લાલચ કદી કરશો નહિ.'[૨૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-" હે રાજન્ ! દેવોને એ પ્રમાણે કહીને ભગવાન પુરુષોત્તમ તેઓના દેખતાં અંતર્ધાન થઇ ગયા; કેમકે તે ભગવાન તો પોતાની ઇચ્છાનુસાર ગતિ કરનારા છે અને સર્વના ઈશ્વર છે.[૨૬] પછી પિતામહ-બ્રહ્મા અને શંકર તે ભગવાનને નમસ્કાર કરીને પોતપોતાના ધામમાં ગયા અને દેવતાઓ બલિરાજાની પાસે ગયા.[૨૭] પોતાના શત્રુ દેવતાઓ જો કે યુદ્ધ માટે તૈયાર ન હતા; તોપણ તેઓને જોઇને યુદ્ધ કરવા તૈયાર થઇ ગયેલા પોતાના સેનાપતિઓને જોઈ કીર્તિપાત્ર બલિરાજાએ તેઓને અટકાવ્યા; કારણ કે તે સંધિ તથા યુદ્ધકાળને જાણનારો હતો.[૨૮] પછી અસુર સેનાપતિઓ જેનું રક્ષણ કરતા હતા, ઉત્તમ રાજ્યલક્ષ્મી જેને સેવતી હતી અને જેણે સમગ્ર લોકોને જીતી લીધા હતા, એવા ત્યાં બેઠેલા બલિરાજા પાસે દેવતાઓ ગયા.[૨૯] મહાબુદ્ધિમાન ઇન્દ્રે સુંદર વાણીથી બલિરાજાને શાંત પાડીને પુરુષોત્તમ ભગવાન પાસેથી પોતે શીખ્યો હતો, તે સર્વ સમુદ્રમંથન સંબંધી વૃત્તાંત તેને કહ્યું.[૩૦] એટલે તે વૃત્તાંત દૈત્ય-બલિરાજાને તથા બીજા જે અસુરરાજાઓ શંબર, અરિષ્ટનેમિ વગેરે ત્યાં હતા તેઓને, તેમજ બીજા પણ ત્રિપુરવાસી દાનવોને પસંદ પડ્યું.[૩૧] હે શત્રુતાપન રાજા ! તે પછી પરસ્પર ઠરાવ કરીને જેઓએ મિત્રતા કરી હતી, એવા તે દેવો તથા દૈત્યોએ અમૃતને માટે મહાન ઉદ્યમ કરવા માંડ્યો.[૩૨] તેઓ શક્તિવાળા હતા; તેઓના બાહુઓ પરિઘ (ભૂંગળ) સમાન લાંબા હતા અને તેઓ પોતે પણ દુર્મદ હતા; તેથી તેઓ બળથી મંદરાચલ પર્વતને ઉપાડી લઈ ગર્જના કરતા સમુદ્ર તરફ તેને લઈ જવા લાગ્યા;[૩૩] પણ ઇન્દ્ર તથા બલિરાજા વગેરે તે દેવો અને દૈત્યો, ઘણે દૂર સુધી તે પર્વતનો ભાર ઉપાડવાથી થાકી જઇને આગળ ઉપાડી જવાને અસમર્થ થયા અને થાકથી વિવશ થઇને માર્ગ-

+ એક સર્પ પેટીમાં પૂરાઈ ગયો ત્યારે તેમાંથી નીકળવા માટે તેણે ઉંદરને ખૂબ ખૂબ કાલાવાલા કરીને પોતાના પક્ષમાં લીધો અને ઉંદરે કરી આપેલા કાણામાંથી પોતે બહાર નીકળ્યો. પછી તે સર્પ જેમ તેજ ઉંદરને ખાઇ ગયો, તેમ શત્રુ જોડે સમય આવતાં વર્તવું જોઇએ. આ એક નીતિ છે. —શ્રીધર

÷ દૂધમાં આમ વેલાઓ, ઘાસ-વનસ્પતિ વગેરે નાખીને ખૂબ મંથન કરતાં જે કંઈ ઉકાળા જેવું તૈયાર થાય છે, તેજ અમૃત છે. —ચક્રવર્તી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માંજ તે પર્વતને પડતો મૂક્યો. એ વેળા તે મંદરાચલ પર્વતે નીચે પડતાં પડતાં અનેક દેવો તથા દૈત્યોને મોટા ભારથી ચગદી નાખ્યા.[૩૪।૩૫] એ રીતે જેઓના બાહુઓ, સાથળો તથા ડોકો ભાંગી ગયાં હતાં, એવા તે દેવદૈત્યોનાં મન પણ ઉત્સાહરહિત થઇ ગયાં; તે જાણીને ભગવાન ગરુડધ્વજ ત્યાં પ્રકટ થયા અને પર્વતના પડવાથી ચગદાઇ ગયેલા દેવો તથા દાનવોને પોતાની કૃપાદૃષ્ટિથી જોઇને જીવાડ્યા અને પ્રથમના જેવાજ શિથિલતારહિત તથા ઘા વિનાના કર્યા.[૩૬।૩૭] પછી એક હાથે લીલામાત્રમાં પર્વતને ગરુડ ઉપર ચડાવી દઇ પોતે ગરુડ ઉપર બિરાજીને દેવો તથા અસુરગણોની સાથે ક્ષીરસમુદ્ર ઉપર ગયા.[૩૮] ત્યાં પોતાની ખાંધ ઉપરથી પર્વતને ઉતારીને પક્ષીરાજ ગરુડે જળની પાસે મૂક્યો અને પોતે શ્રીહરિની રજા મળવાથી ત્યાંથી ચાલ્યો ગયો.+"[૩૯]

अवरोप्य गिरिं स्कंधात् सुपर्णः पततां वरः ।
ययौ जलांत उत्सृज्य हरिणा स विसर्जितः ॥३९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

अध्याय ७ मो*

સમુદ્રમંથનથી નીકળેલા ઝેરનું શંકરે પાન કર્યું

॥ श्रीशुक उवाच ॥

ते नागराजमामंत्र्य फलभागेन वासुकिम् ।
परिवीय गिरौ तस्मिन्नेत्रमब्धिं मुदान्विताः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે કુરુવંશી રાજા ! તે પછી એ દેવો અને દૈત્યો નાગરાજ વાસુકિને અમૃતના ભાગ આપવાનું ઠરાવીને તેને નેતરા તરીકે મંદરાચળ પર્વત પર વીંટીને અમૃત માટે હર્ષમાં આવી જઈ સાવધાન થઇને સમુદ્રને મથવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ પ્રથમ તે સર્પના મુખને (ખેંચવા માટે) ગ્રહણ કર્યું, એટલે દેવોએ પણ મુખજ પકડ્યું. દૈત્યોના આગેવાનોએ ભગવાનના એ વર્તનને ઠીક ગણ્યું નહિ; તેઓ બોલી ઊઠ્યા કે, 'અમે સર્પના અમંગળ અંગરૂપ પૂછડાને પકડીશું નહિ; કેમકે અમે વેદાધ્યયન તથા શાસ્ત્રજ્ઞાનથી સંપન્ન છીએ અને જન્મ તથા કર્મોથી પ્રખ્યાત છીએ.' એમ કહીને દૈત્યો મૌન ઊભા રહ્યા. તે જોઇને પુરુષોત્તમ ભગવાને મંદ હાસ્ય કરી સર્પનું મુખ છોડી દઈ દેવોની સાથે તેનું પૂછડું પકડ્યું; એ રીતે પોતપોતાના સ્થાનનો વિભાગ કરી તે દેવો તથા દૈત્યો પરમ પ્રયત્નપૂર્વક અમૃતને માટે સમુદ્રને મથવા લાગ્યા. હે પાંડુપુત્ર ! એ પ્રમાણે સમુદ્રને મથવા માંડ્યો, ત્યારે તે બળવાન દેવ—દૈત્યોએ પકડી રાખ્યા છતાં પણ મંદરાચલ પર્વત નિરાધાર હોવાથી અને ભારે હોવાથી જળમાં પેસી ગયો. એ રીતે મહાબળવાન દૈવે તેમના પુરુષાર્થનો નાશ કર્યો, ત્યારે એ દેવો અને દૈત્યો મનમાં અત્યંત ખેદ પામ્યા તથા તેઓનાં મુખની કાંતિ પણ ઝાંખી થઇ ગઈ.[૧-૭] તે સમયે વિઘ્નનાયક—દૈવે કરેલું તે વિઘ્ન જોઇને અનંત પરાક્રમવાળા અને સત્ય પ્રતિજ્ઞાવાળા ઈશ્વરે મહાઅદ્ભુત કાચબાનું શરીર ધારણ કરી જળમાં પ્રવેશ કર્યો અને મંદરાચલ પર્વતને (પોતાની પીઠ ઉપર) લઇ પાછો ઊંચે આણ્યો.[૮] એ રીતે કુલાચલ પર્વતને પાછો ઉપર આવેલો જોઇ ફરી દેવો અને અસુરો સમુદ્રને મથવા લાગ્યા અને તે વખતે બીજો મોટો એક બેટ હોય તેમ તે કાચબાનું સ્વરૂપ ધારણ કરનારા ભગવાને મંદરાચલ પર્વતને એક લાખ યોજન વિસ્તારવાળી પોતાની પીઠ ઉપર ધારણ કરી

+ ગરુડને ભગવાને ત્યાંથી ચાલ્યા જવાની રજા આપી, તેમાં કારણ એ હતું કે, સમુદ્રમંથનના કાર્યમાં વાસુકિ નાગનો નેતરાં તરીકે ઉપયોગ કરવો હતો અને ગરુડ ત્યાં હોય, તો તેના ભયથી વાસુકિ નાગ ત્યાં આવે નહિ. —શ્રીધર

* આ અધ્યાયમાં સમુદ્રમંથનથી ઉત્પન્ન થયેલા ઝેરના ભયથી સમગ્ર લોકોએ સ્તુતિ કરી, એટલે શંકરે કૃપાથી વિષનું પાન કર્યું, એ કથા કહેવામાં આવશે.—શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાખ્યો.[૯] હે રાજા ! મોટા મોટા દેવો અને અસુરો પોતાના બાહુના પરાક્રમથી તે પર્વતને ધ્રુજાવી દઇ કચ્છપ ભગવાનની પીઠ ઉપર ફેરવી રહ્યા હતા; તોપણ અમાપ બળવાળા તે આદિકચ્છપ ભગવાન તો પોતાની પીઠ પર ફરતા તે પર્વતને ધારણ કરી તેના ફરવાને શરીર ઉપર ખણવારૂપેજ માનતા હતા;[૧૦] તેમજ તે વિષ્ણુ ભગવાને તે દેવો તથા અસુરોના બળમાં પ્રેરણા કરવા માટે અસુરોમાં આસુરીસ્વરૂપે પ્રવેશ કર્યો, દેવોમાં દેવતાઈ સ્વરૂપે પ્રવેશ કર્યો અને નાગેન્દ્ર વાસુકિમાં* નિદ્રાસ્વરૂપે પ્રવેશ કર્યો.[૧૧] વળી હજારો હાથવાળા તે ભગવાન બીજો મોટો પર્વત હોય તેવા થઇને મંદરાચલ પર્વતના ઉપરના ભાગને પોતાના એક હાથથી દબાવીને ઊભા રહ્યા હતા. તે વખતે બ્રહ્મા, શંકર તથા ઇન્દ્રાદિ દેવો આકાશમાં રહીને તે ભગવાનની સ્તુતિ કરતા કરતા તેમના પર પુષ્પોની વૃષ્ટિ કરતા હતા.[૧૨] એ પ્રમાણે ઉપર, નીચે, દેવોમાં, દૈત્યોમાં, પર્વતમાં તથા નેતરાંમાં પરમેશ્વરના પ્રવેશથી ઘણા જોરમાં આવી ગયેલા તે દેવો અને દૈત્યો, બળથી અને મદથી છકી જઈને સમુદ્રને મથવા લાગ્યા; જેથી સમુદ્રમાં પર્વતના ફરવાને લીધે જળચર પ્રાણીઓ ખળભળી ઊઠ્યાં.[૧૩] તે વેળા વાસુકિ નાગના હજારો નેત્રોમાંથી, મુખમાંથી તથા શ્વાસમાંથી નીકળતા અગ્નિ અને ધુમાડાને લીધે પૌલોમ, કાલેય, બલિ તથા ઇલ્વલ વગેરે અસુરોની કાંતિ નાશ પામી ગઈ અને તેથી દાવાનળ વડે બળી ગયેલા દેવદારનાં વૃક્ષો જેવા તેઓ થઇ ગયા.[૧૪] તેમજ દેવો પણ વાસુકિના શ્વાસની ઝાળથી ઝાંખા પડી ગયા અને તેઓનાં વસ્ત્રો, પુષ્પોની માળાઓ, ઉત્તમ પ્રકારના જામાઓ તથા મુખો પણ ધુમાડિયાં થઇ ગયાં; ત્યારે ભગવાનને વશ રહેનારા મેઘોએ તેઓ ઉપર વૃષ્ટિ કરી અને સમુદ્રના તરંગો સાથે અથડાયલા શીતળ વાયુઓ વાવા લાગ્યા.[૧૫] એ પ્રમાણે દેવો તથા અસુરોના યૂથપતિઓ સમુદ્રને મથી રહ્યા હતા; તોપણ જ્યારે અમૃત ન નીકળ્યું, ત્યારે અજિત—ભગવાન પોતે સમુદ્રને મથવા લાગ્યા.[૧૬] તે વેળા મેઘ જેવા શ્યામ, પીળાં વસ્ત્ર ધારણ કરનારા, કાનમાં ઝબકતી વીજળી જેવાં કુંડળો ધારણ કરતા, મસ્તક પર શોભાયમાન છૂટા કેશવાળા, વનમાળા ધારણ કરતા, લાલ નેત્રોવાળા અને જગતને અભય આપનારા, વિજયશીલ બાહુઓથી સર્પને પકડીને મંદરાચલરૂપી રવૈયા વડે સમુદ્રને મથી રહેલા તે પર્વતધારી ભગવાન સામો બીજો પર્વત હોય તેવા શોભતા હતા.[૧૭] એ પ્રમાણે સમુદ્ર મથાઈ રહ્યો હતો અને માછલાં, મગરમચ્છો, સર્પો તથા કાચબા વગેરે જીવજીવો તેમાં ગભરાઈ ગયાં હતાં; તેમજ તિમિ નામનાં માછલાં, જળચર હાથીઓ, ઝૂડો તથા તિમિ નામનાં માછલાંઓને ગળી જનારાં જળચર પ્રાણીઓ પણ તે સમુદ્રમાં વ્યાકુળ બની ગયાં હતાં; ત્યારે એ સમુદ્રમાંથી પ્રથમજ હલાહલ નામનું મહાઉગ્ર ઝેર ઉત્પન્ન થયું.[૧૮] હે રાજા ! તે ઝેરનો વેગ ઉગ્ર હતો; તે અસહ્ય અનુપમ ઝેર સર્વ દિશાઓમાં, ઉપર અને નીચે ફેલાઇને ઊછળવા લાગ્યું, જેથી પ્રજાઓ ભયભીત થઇને લોકપાલો સાથે નાસવા લાગી અને કોઇના તરફથી રક્ષણ નહિ મળતાં સદાશિવને શરણે ગઇ.[૧૯] દેવોમાં શ્રેષ્ઠ એવા તે સદાશિવ ત્રણે લોકના કલ્યાણ માટે પાર્વતીજીની સાથે કૈલાસ પર્વત ઉપર બિરાજ્યા હતા અને મુનિઓને માન્ય એવું તપ તે મુનિઓનાજ મોક્ષ માટે કરી રહ્યા હતા; તેમનાં દર્શન કરીને સર્વ પ્રજાપતિઓએ તેમને પ્રણામ કર્યા. (અને આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.)[૨૦]

પ્રજાપતિઓ બોલ્યાઃ—‡'હે દેવોના દેવ ! હે મ-

* વાસુકિ નાગમાં નિદ્રાસ્વરૂપે પ્રવેશ કર્યો, તે એટલા માટે કે, વાસુકિને બન્ને બાજુથી દેવો તથા અસુરો ખેંચતા હતા, જેથી તેને પીડાનો અનુભવ ન થાય. —બાલપ્રબોધિની

‡ પ્રજાપતિઓની આ સ્તુતિ ઉપર એક શ્લોક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાદેવ! હે પ્રાણીઓના આત્મા! હે પ્રાણીઓના રક્ષક! અમે આપને શરણે આવ્યા છીએ; માટે ત્રણે લોકને બાળી નાખતા આ ઝેરથી આપ અમારી રક્ષા કરો. આપ એકજ સર્વ જગતના બંધ તથા મોક્ષના ઈશ્વર છો અને તેથીજ કુશળ—વિદ્વાનો શરણે આવેલાંઓનાં દુઃખને હરનાર આપ ગુરુનું પૂજન કરે છે.[૨૧।૨૨] હે વ્યાપક પ્રભો! પોતાની ત્રિગુણાત્મક શક્તિથી આપ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરો છો અને સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા આપજ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ—એવાં નામોને ધારણ કરો છો.[૨૩] આપ પરમ ગુહ્ય બ્રહ્મ છો; દેવ, તિર્યંચ તથા મનુષ્યો વગેરેને ઉત્પન્ન કરો છો અને કેવળ આત્મારૂપજ છો, છતાં પોતાની અનેક શક્તિઓથી જગતરૂપે ભાસો છો; માટે આપ ઈશ્વર છો.[૨૪] આપ વેદના ઉત્પત્તિ-સ્થાન છો (માટેજ સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા છો); જગતના આદિ—મહત્તત્ત્વ છો; આત્મા એટલે અહંકારરૂપ છો, કે જે અહંકારના ગુણો પ્રાણ, ઇન્દ્રિયો તથા શરીરના કારણરૂપ છો અને કાળ, સંકલ્પ, સત્ય, મધુર ભાષણ તથા ધર્મ પણ આપજ છો. વિદ્વાનો કહે છે કે, ત્રિગુણાત્મક માયાને પણ આપનોજ આશ્રય છે; અથવા (अ,उ,म्) એ ત્રણ અક્ષરોરૂપ ૐકાર પણ આપને વિષેજ રહેલ છે.[૨૫] હે લોકોના ઉત્પાદક! સર્વ દેવતાઓરૂપ અગ્નિ આપનું મુખ છે; પૃથ્વી આપના ચરણકમળ છે; કાળ તે આપની ગતિ છે; દિશાઓ સમગ્ર દેવસ્વરૂપ એવા આપના કાન છે; વરુણદેવ આપની જીભ છે; આકાશ આપની નાભિ છે; વાયુ આપનો શ્વાસ છે, સૂર્ય આપનાં નેત્ર છે; જળ આપનું વીર્ય છે; અહંકાર આપનો આત્મા છે; ચંદ્ર આપનું મન છે અને હે ભગવન્! સ્વર્ગ આપનું મસ્તક છે.[૨૬।૨૭] તેમજ હે વેદમૂર્તિ દેવ! સમુદ્રો આપનું ઉદર છે; પર્વતો આપનાં હાડકાં છે; સર્વ ઔષધિઓ આપનાં રૂંવાંડાં છે; સાક્ષાત્ વેદો આપની સાત ધાતુઓ છે અને સર્વ ધર્મ આપનું હૃદય છે.[૨૮] હે ઈશ્વર! પાંચ÷ ઉપનિષદો આપનાં મુખ છે, કે જે ઉપનિષદોના મંત્રોનો પદચ્છેદ કરતાં આડત્રીસ મંત્રો થાય છે અને હે દેવ! 'શિવ' નામે સ્વયંજ્યોતિ પરમાર્થતત્ત્વ તે આપની શાંત અવસ્થા છે. હે દેવ! અધર્મના તરંગો (દંભ, લોભ વગેરે) આપની છાયા છે અને જેનાથી આ સૃષ્ટિની વિવિધ ઉત્પત્તિ થાય છે, તે સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ તે આપનાં ત્રણ નેત્રો છે; તેમજ ગાયત્રી આદિ છંદોવાળો ઘણોજ પુરાણ વેદ તે શાસ્ત્રકર્તા અને સાંખ્યસ્વરૂપ એવા આપનું દર્શન છે.[૨૯।૩૦] હે શંકર! આપનું પરમજ્યોતિરૂપ સ્વરૂપ કે જેમાં રજોગુણ, તમોગુણ કે સત્ત્વગુણ નથી અને જે સમસ્ત ભેદરહિત બ્રહ્મરૂપ છે, તે સમગ્ર લોકપાલો, બ્રહ્મા, વિષ્ણુ તથા દેવેન્દ્રથી પણ જાણી શકાય તેવું નથી.[૩૧] કામદેવ, દક્ષનો યજ્ઞ, મૃત્યુ તથા ઝેર—વગેરે અનેક દ્રોહ કરનારાંઓનો સંહાર કરનાર આપનું તે તે કર્મ સ્તુતિ માટે (યોગ્ય) થઈ શકતું નથી. (કારણ કે તે તે કર્મ તો અતિ અલ્પ છે.) આપ પ્રલયકાળે પોતાના નેત્રના અગ્નિના એક તણખાની શિખાથી ભસ્મીભૂત થયેલા પોતે રચેલા આ જગતને જાણતા પણ નથી; (તો આપ આ સમયે આ ઝેરનું ભક્ષણ કરો, તેમાં આપની

ઉતારી ટીકાકાર શ્રીધર સૂચવે છેઃ—

निर्गुणं सगुणं चैव शिवं हरिपराक्रमैः ।
स्तुवन्तस्तु प्रजेशाना नामन्यंताऽन्तरं तयोः ॥

નિર્ગુણ તથા સગુણ શિવની શ્રીહરિનાં પરાક્રમોથી સ્તુતિ કરતા પ્રજાપતિઓ, શિવ—વિષ્ણુમાં ભેદ માનતા નથી.' આવું અનેક સ્થળે જોયા છતાં શિવ—વિષ્ણુમાં ભેદ માનનારાઓ કેવળ આગ્રહીજ ગણાય ને?—सा.क.

÷ પાંચ ઉપનિષદો તે આઃ—

'**तत्पुरुषाय विद्महे०**' પૂર્વમુખ પ્રતિપાદક મંત્ર, '**अघोरेभ्योऽथ घोरेभ्यः०**' આ દક્ષિણમુખ પ્રતિપાદક મંત્ર; '**सद्योजातं प्रपद्यामि०**' આ પશ્ચિમમુખ પ્રતિપાદક; '**वामदेवाय नमः०**' આ ઉત્તરમુખ પ્રતિપાદક મંત્ર અને '**ईशानः सर्वविद्यानाम्०**' આ ઊર્ધ્વમુખ પ્રતિપાદક મંત્ર. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્તુતિ કરવા જેવું શું છે?)[32] જેમના બન્ને ચરણોને મોટા આત્મારામ પુરુષો પણ હૃદયમાં ચિંતવ્યા કરે છે અને જે આપ તપશ્ચર્યાથી અત્યંત સંતપ્ત રહો છો, તે આપને જે મૂર્ખ પુરુષો પાર્વતી સાથે વિચરનાર–અત્યંત કામી કહે છે અને શ્મશાનમાં વિચરતા આપને ઉગ્ર તથા હિંસક કહે છે, તેઓ અવશ્ય આપની લીલાને જાણતાજ નથી અને તેથીજ નિર્લજ્જ થઇને (આપના વિષે જેમ તેમ) બક્યા કરે છે.+[33] આપ§ કાર્ય તથા કારણથી પર રહેલી જે માયા, તેનાથી પણ પર અને સર્વત્ર વ્યાપક છો, તેથીજ આપનું સ્વરૂપ જાણવા માટે બ્રહ્માદિ મોટા પુરુષો પણ અનાયાસે સમર્થ થઈ શકતા નથી; તો પછી સ્તુતિ કરવા માટે તો ક્યાંથીજ સમર્થ થાય? ત્યારે અમે તો બ્રહ્માદિની સૃષ્ટિના પણ સૃષ્ટિરૂપ–અતિ અર્વાચીન છીએ; તેથી આપના સ્વરૂપને કેમજ જાણી કે સ્તવી શકીએ? માત્ર અમારી શક્તિ પ્રમાણેજ આપની સ્તુતિ કરીએ છીએ.[34] હે મહેશ્વર! અમે આપના આ સગુણસ્વરૂપનેજ જોઈ શકીએ છીએ; પણ આપના તે અદૃશ્ય–નિર્ગુણ સ્વરૂપને જોઇ શકતા નથી; આપનાં કર્મો જો કે અપ્રકટ છે; તોપણ આપનું (સગુણસ્વરૂપમાં) જે પ્રકટપણું છે, તે તો કેવળ લોકને સુખ આપવા માટેજ છે.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે પ્રજાઓનું તે દુઃખ જોઇને તેઓ ઉપરની કૃપાને લીધે અત્યંત દુઃખી થઇને સર્વ પ્રાણીઓના મિત્ર શંકરદેવ પોતાની પ્રિયા સતી દેવીને આ પ્રમાણે કહેવા લાગ્યા.[35।36]

+ અર્થાત્ જેમના ચરણયુગલને આત્મારામ પુરુષો સેવ્યા કરે છે, તે કામી કેમ હોઇ શકે? અને જે તપથી શાંત થયેલા હોય છે, તે ઉગ્ર કેમ હોઇ શકે? આવો વિચાર કર્યા વિનાજ અજ્ઞાનીઓ જેમ આવે તેમ બક્યા કરે છે. —શ્રીધર

§ આપની નિંદા કરનારાઓની વાત તો બાજુ પર રહી; પણ બ્રહ્માદિ મહાન દેવો પણ આપના તત્ત્વને જાણતા નથી, તે કહે છે. —શ્રીધર

શિવ બોલ્યાઃ–'અહો હે ભવાનિ! અત્યંત દુઃખની વાત છે કે, ક્ષીરસમુદ્રના મંથનથી ઉત્પન્ન થયેલા ઝેરને લીધે પ્રજાઓ પર આ દુઃખ આવી પડ્યું છે, તેને તમે જુઓ! આ પ્રજાઓ પોતાના પ્રાણનું રક્ષણ કરવા ઇચ્છે છે, માટે તેઓને મારે અભયપ્રદાન કરવું જોઇએ. કારણ કે દીન જનોનું રક્ષણ કરવું તેજ સમર્થ પુરુષનું કાર્ય છે. પ્રાણીઓ પરમાત્માની માયાથી મોહિત થઇને પરસ્પર વૈર બાંધી રહ્યાં છે; ત્યારે સત્પુરુષો તો પોતાના પ્રાણોથી પણ પ્રાણીઓની રક્ષા કરે છે. હે કલ્યાણિ દેવિ! કૃપા કરનાર પુરુષ ઉપર સર્વના આત્મા શ્રીહરિ પ્રસન્ન થાય છે અને તે ભગવાન પ્રસન્ન થાય એટલે સ્થાવર–જંગમ સહિત હું પણ પ્રસન્ન થાઉં છું; માટે આ ઝેરનું હું ભક્ષણ કરીશ અને તે દ્વારા મારાથી આ સર્વ પ્રજાઓનું કલ્યાણ થાઓ.'[37–40]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે દેવી ભવાનીને કહીને જગતનું કલ્યાણ કરનારા ભગવાને ઝેર ભક્ષણ કરવાનો આરંભ કર્યો અને તેમના પ્રભાવને જાણનારાં દેવી પાર્વતીએ પણ તેમ કરવા અનુમતિ આપી.[41] પછી સર્વત્ર વ્યાપી રહેલા તે હલાહલ ઝેરને પોતાની હથેળીમાં લઇને પ્રાણીઓનું કલ્યાણ કરનાર મહાદેવજી તે પી ગયા.[42] આવા સમર્થ તે મહાદેવજીને પણ એ ઝેરે પોતાનું પરાક્રમ તો દર્શાવ્યુંજ છે. મહાદેવજીના કંઠમાં તેણે કાળો ડાઘ કરી મૂક્યો છે. જે તેમને સત્પુરુષોના ભૂષણરૂપે થઈ પડ્યો છે.[43] ઘણું કરીને સાધુ પુરુષો લોકોનાં દુઃખથી દુઃખી થાય છે અને વસ્તુતઃ તેજ સમગ્રના આત્મા પરમેશ્વરનું ઉત્તમ આરાધન છે.[44] દેવોના પણ દેવ અને ભક્તજનોના મનોરથો પૂર્ણ કરનારા શંકર ભગવાનનું તે કર્મ જોઇને સર્વ પ્રજાઓ, પાર્વતી, બ્રહ્મા તથા વિષ્ણુ તેમની પ્રશંસા કરવા લાગ્યા.[45] શંકર ભગવાન વિષપાન કરતા હતા, તે વેળા તેમના હાથમાંથી જે કંઇ ઝેર નીચે પડી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયું હતું, તેને વીંછી, સર્પ, ઝેરી ઔષધિઓ તથા બીજાં ઝેરી પ્રાણીઓએ લઇ લીધું હતું."૪૬

प्रस्कन्नं पिबतः पाणेर्यत्किंचिज्जगृहुः स्म तत् ।
वृश्चिकाहिविषौषध्यो दंदशूकाश्च येऽपरे ॥४६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मों÷

મોહિની સ્વરૂપનું પ્રકટ થવું

॥ श्रीशुक उवाच ॥

पीते गरे वृषांकेण प्रीतास्तेऽमरदानवाः ।
ममन्थुस्तरसा सिंधुं हविर्धानी ततोऽभवत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"મહાદેવજી ઝેર પી ગયા, એટલે પ્રસન્ન થયેલા તે દેવો અને દાનવો વેગથી સમુદ્રમંથન કરવા લાગ્યા, એટલે તેમાંથી કામધેનુ ગાય નીકળી.૧ હે રાજા! અગ્નિહોત્રના એ સાધનરૂપ ગાયને, બ્રહ્મવાદી ઋષિઓએ બ્રહ્મલોકના માર્ગમાં લઈ જનાર યજ્ઞના હવિષ માટે લઇ લીધી.૨ તે પછી ચંદ્ર જેવો ઉજ્જ્વળ ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો તે સમુદ્રમંથનથી નીકળ્યો. તેની બલિરાજાએ ઇચ્છા કરી; પણ ભગવાનની શિખવણીથી ઇન્દ્રે ઇચ્છા ન કરી.૩ પછી ઐરાવત નામનો ઉત્તમ હાથી તેમાંથી નીકળ્યો, જે હાથી ચંદ્ર જેવો ધોળો હતો અને શિખરો જેવા ચાર દાંતો વડે ભગવાન શંકરના કૈલાસ પર્વતની શોભાને હરી લેતો હતો. (તે હાથીને ઇન્દ્રે લીધો.) તે પછી એ મહાસમુદ્રમાંથી કૌસ્તુભ નામનું માણેક રત્ન નીકળ્યું; તેની શ્રીહરિએ છાતી ઉપર આભૂષણ કરવા માટે ઇચ્છા કરી.૪-૫ તે પછી દેવલોકના અલંકારરૂપ પારિજાત નામનું કલ્પવૃક્ષ નીકળ્યું. તે કલ્પવૃક્ષ તમે જેમ પૃથ્વી પર યાચકોના મનોરથોને પૂર્ણ કરો છો, તેમ સર્વના મનોરથોને પૂર્ણ કરે છે.૬ તે પછી ગળામાં સોનાની કંઠીઓ ધારણ કરી રહેલી અને સુંદર વસ્ત્રોવાળી અપ્સરાઓ નીકળી; જેઓ સુંદર ગતિથી અને વિલાસપૂર્વક જોવા વડે દેવોને આનંદ ઉપજાવતી હતી.૭ તે પછી ભગવાનપરાયણ રહેનારાં સાક્ષાત્ સંપત્તિસ્વરૂપ એવાં લક્ષ્મીદેવી પ્રકટ થયાં; જે પોતાની કાંતિથી વીજળીની પેઠે દિશાઓને ઝળકાવી રહ્યાં હતાં.૮ એ લક્ષ્મીદેવીની તો સર્વ દેવો, અસુરો તથા મનુષ્યો ઇચ્છા કરવા લાગ્યા. કારણ કે તેમના રૂપ, ઔદાર્ય, વય, વર્ણ તથા મહિમાને લીધે સર્વનાં મન તેમના તરફ ખેંચાયાં હતાં.૯ ઇન્દ્રે એ લક્ષ્મીજીને મહાઅદ્‌ભુત આસન આણી આપ્યું અને મૂર્તિમાન બનેલી ઉત્તમ નદીઓએ સુવર્ણના કળશોથી પવિત્ર જળ લાવી આપ્યું. પૃથ્વીએ અભિષેકને યોગ્ય સમગ્ર ઔષધિઓ આણી આપી; ત્યારે ગાયોએ પાંચ પવિત્ર વસ્તુઓ હાજર કરી. પછી વસંતઋતુએ ચૈત્ર તથા વૈશાખ મહિનાનાં પુષ્પો વગેરે લાવી આપ્યાં; એટલે ઋષિઓએ વિધિ પ્રમાણે લક્ષ્મીજીનો અભિષેક કર્યો. તે સમયે ગંધર્વો માંગલિક ગાયનો ગાવા લાગ્યા, તેમજ નટીઓ નૃત્ય કરવા લાગી તથા ગાવા લાગી. મેઘો ઉચ્ચ સ્વરવાળા મૃદંગ, ઢોલ, ઢોલક, નગારાં, શિંગડીઓ, શંખો, વાંસળીઓ તથા વીણાઓને વગાડવા લાગ્યા.૧૦-૧૩ તે પછી દિશાઓના હાથીઓ, પૂર્ણ કળશો લઇને બ્રાહ્મણોએ ઉચ્ચારેલા વેદમંત્રોથી હાથમાં કમળ ધારણ કરનારાં લક્ષ્મીદેવીનો અભિષેક કરવા લાગ્યા.૧૪ સમુદ્રે પીળાં બે રેશમી વસ્ત્રો લાવી આપ્યાં; વરુણદેવે મકરંદના રસથી મદોન્મત્ત ભમરાઓવાળી વૈજયંતી નામની માળા આણી આપી; પ્રજાપતિ વિશ્વકર્માએ જાતજાતનાં આભૂષણો લાવી આપ્યાં; સરસ્વતી દેવીએ હાર આપ્યો; બ્રહ્મદેવે કમળ આપ્યું અને નાગોએ બે કુંડળો આપ્યાં. પછી

÷ આ અધ્યાયમાં, સમુદ્રમંથન ચાલતું હતું અને લક્ષ્મીદેવી વિષ્ણુને વર્યાં, ત્યારે અસુરોએ ધન્વંતરિ પાસેથી અમૃત હરી લીધું, જેથી ભગવાને મોહિનીસ્વરૂપ પ્રકટ કર્યું, એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માંગલિક અલંકારો જેમણે ધારણ કર્યા હતા, એવાં તે લક્ષ્મીદેવી હાથમાં ભમરાઓના ગુંજારવવાળી કમળની માળા લઈને લજ્જાયુક્ત હાસ્ય સહિત સુંદર ગાલવાળા તથા કુંડળોવાળા અતિ દેદીપ્યમાન મુખને ધારણ કરતાં આગળ ચાલ્યાં. તેમનું પેટ અત્યંત પાતળું હતું; બન્ને સ્તન એકસરખાં હતાં; તે સ્તનની મધ્યમાં જરા પણ જગ્યા ન હતી; તેના પર ચંદન તથા કેસરનું વિલેપન હતું અને ઝાંઝરના સુંદર ઝણકાર સાથે તે ચાલતાં હતાં, જેથી ચાલી જતી સુવર્ણની એક લતા હોય તેવાં તે શોભતાં હતાં.૧૫-૧૮ તે દેવી કદી ફેરફાર ન પામે તેવા નિત્યસ્થાયી ગુણોથી યુક્ત એવું અવિચળ સ્થાન ગંધર્વો, યક્ષો, અસુરો, સિદ્ધો, ચારણો તથા દેવોમાં (પોતાને માટે) શોધતાં હતાં; પણ તેમને એવું (દોષ વિનાનું) કોઇ સ્થળ મળ્યુંજ નહિ. કેમકે '(દુર્વાસા વગેરેમાં) જ્યાં તપ છે ત્યાં ક્રોધનો જય નથી; જેમનામાં (બૃહસ્પતિ, શુક્રાચાર્ય વગેરેમાં) જ્ઞાન છે, તો તે જ્ઞાન સંગરહિત નથી, પરંતુ જગત સાથે સંબંધ ધરાવનારું છે; કોઇ (બ્રહ્મા વગેરે) મહાન પુરુષ છે, તો તેમણે કામદેવને જીત્યો નથી અને જેઓને (ઇન્દ્ર વગેરેને) બીજાનો આશ્રય લેવો પડે છે, તે શું ઈશ્વર કહેવાય? નજ કહેવાય.૧૯-૨૦ વળી કોઇ સ્થળે (પરશુરામ વગેરેમાં) ધર્મ છે, ત્યારે પ્રાણીઓ પ્રત્યેનો મિત્રભાવ નથી; કોઇમાં (શિબિ રાજા વગેરેમાં) દાન જોવામાં આવે છે, તો તે દાન મોક્ષનું કારણ નથી; કોઈનામાં (કાર્તવીર્ય વગેરેમાં) પરાક્રમ છે, પણ તે પરાક્રમ કાળના વેગથી મુક્ત નથી અને બીજાઓ (સનકાદિક મુનિઓ) ગુણસંગથી રહિત છે. (એટલે તેઓ તો સમાધિનિષ્ઠ હોવાથી લક્ષ્મીદેવીને પોતાના પતિ તરીકે યોગ્ય ન લાગ્યા.)૨૧ તે ઉપરાંત કોઇમાં (માર્કંડેય વગેરેમાં) લાંબું આયુષ છે ત્યારે તેઓનો સ્વભાવ મંગળ નથી; (કેમકે તેઓનો સ્વભાવ ઇન્દ્રિયદમનજ કરવાનો હોવાથી સ્ત્રીને માટે મંગળ ગણાયજ નહિ.) કોઇનામાં (હિરણ્યકશિપુ વગેરેમાં) તેવો મંગળ સ્વભાવ છે, ત્યારે તેઓના આયુષની સ્થિરતા જણાતી નથી; કોઇનામાં (શંકર વગેરેમાં) મંગળ સ્વભાવ અને આયુષની સ્થિરતા—એ બન્ને છે, ત્યારે તે પોતેજ અમંગળ છે; (કેમકે શ્મશાનમાં પડી રહેવું વગેરે તેમની ચેષ્ટાઓ સ્ત્રીની દૃષ્ટિએ તો અમંગલજ છે;) અને જે (શ્રીવિષ્ણુ ભગવાન) સર્વ પ્રકારે મંગળરૂપ છે—નિર્દોષ છે, તે મને ઇચ્છતા નથી. (કેમકે તે સદા આત્મારામ છે.)'૨૨ આવો વિચાર કરી લક્ષ્મીજી પ્રકૃતિના ગુણોથી રહિત અને આત્મારામ હોવાથી પોતાની ઇચ્છા નહિ કરતા એવા પણ મુકુંદ ભગવાનનેજ વર્યાં; કેમકે તે ભગવાન અવ્યભિચારી (એવા ધર્મજ્ઞાનાદિ) ઉત્તમ ગુણોથી સર્વોત્કૃષ્ટ છે, કેવળ પોતાનાજ એક આશ્રયથી સર્વોત્તમ છે અને અણિમાદિ સર્વ સિદ્ધિઓ સ્વયમેવ તેમને વરી છે.×૨૩ લક્ષ્મીજી મદોન્મત્ત ભમરાઓનાં ટોળાંઓના ગુંજારવથી ગુંજી રહેલી સુંદર નવાં કમળોની માળાને શ્રીભગવાનના કંઠમાં પહેરાવીને (તેમના અનુગ્રહની પ્રતીક્ષા કરતાં) તેમની સમીપ ઊભાં રહ્યાં અને તે ભગવાનના વક્ષઃસ્થળરૂપી પોતાના સ્થાનને લજ્જાયુક્ત હાસ્યથી વિકસિત નેત્રે જોઇ રહ્યાં.૨૪ એટલે ત્રણે જગતના પિતા શ્રીભગવાને વિશિષ્ટ વૈભવવાળાં અને ત્રણે જગતનાં માતા એવાં લક્ષ્મીદેવીને પોતાના વક્ષઃસ્થળમાં અવિચળ વાસ આપ્યો; જ્યાં રહી લક્ષ્મીદેવી પોતાના દયાયુક્ત દૃષ્ટિપાતથી પોતાની પ્રજારૂપ ત્રણે લો-

× કહેવાનો ભાવ એ છે કે, જો કે આ ભગવાન પોતે આત્મારામ છે, તેથી બીજા કોઇની અપેક્ષા રાખતા નથી; તોપણ પોતાનો આશ્રય કરનારી અણિમાદિ સિદ્ધિઓની જેમ ઉપેક્ષા પણ કરતા નથી, તેમજ મારી પણ ઉપેક્ષા નહિ કરે અને હું પણ તેટલાથીજ તેમની સેવા કરીને કૃતાર્થ થઇશ; તો પછી મારે બીજા પ્રાકૃત જીવોની શી જરૂર છે? આવો વિચાર કરીને લક્ષ્મીજી ભગવાનને વર્યાં. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોને તથા ત્રૈલોક્યના સ્વામીઓને સમૃદ્ધિવાળા કરવા લાગ્યાં.[૨૫] તે સમયે સ્ત્રીઓ સાથે નૃત્ય કરતા અને ગાયનો ગાતા દેવોના અનુચરોનો તથા શંખો, વાજાં, મૃદંગો તથા બીજાં વાદિત્રોનો મહાન શબ્દ થઇ રહ્યો.[૨૬] બ્રહ્મા, શંકર અને અંગિરાદિ સર્વ પ્રજાપતિઓ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને ભગવાનનું પ્રતિપાદન કરનારા યથાર્થ મંત્રો વડે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.[૨૭] લક્ષ્મીજીએ શીલ આદિ ગુણોવાળા એવા પ્રજાપતિઓ સહિત દેવો તેમજ પ્રજાઓને (પોતાની કૃપાદષ્ટિથી) જોયા, એટલે તેઓ પરમ શાંતિ પામ્યા.[૨૮] હે રાજન્! જ્યારે દૈત્યો તથા દાનવોની લક્ષ્મીજીએ ઉપેક્ષા કરી, ત્યારે તેઓ સત્ત્વહીન, લાલચુ, ઉદ્યોગરહિત અને નિર્લજ્જ થઇ પડ્યા. તે પછી સમુદ્રમાંથી કમળ સમાન નેત્રોવાળી કન્યા વારુણી (મદિરા) દેવી ઉત્પન્ન થઈ; એટલે શ્રીહરિની સંમતિથી અસુરોએ તેણીને સ્વીકારી.[૨૯-૩૦] હે મહારાજ! તે પછી અમૃતની ઇચ્છાવાળા દેવો તથા દૈત્યો સમુદ્રને મથવા લાગ્યા, એટલે તેમાંથી પરમ અદ્ભુત પુરુષ ઉત્પન્ન થયો.[૩૧] તે પુરુષના બાહુઓ લાંબા અને પુષ્ટ હતા; ડોક શંખના જેવી હતી; નેત્રો લાલ હતાં; તેનો રંગ શ્યામ હતો; વયમાં તે યુવાન હતો; પુષ્પની માળા તેણે ધારણ કરી હતી; સર્વ અલંકારોથી તે સુશોભિત હતો; તેનાં વસ્ત્રો પીળાં હતાં; તેની છાતી વિશાળ હતી; તેણે દેદીપ્યમાન મણિનાં કુંડળો ધારણ કર્યાં હતાં, તેના કેશના છેડા ચળકતા અને વાંકડિયા હતા; સ્વરૂપે તે સુંદર હતો; સિંહ સમાન પરાક્રમી હતો; અમૃતથી ભરેલા કળશને તેણે ધારણ કર્યો હતો; કડાંઓથી તે શોભતો હતો; સાક્ષાત્ વિષ્ણુ ભગવાનના અંશના અંશમાંથી તે ઉત્પન્ન થયો હતો;[૩૨-૩૪] તે પુરુષ 'ધન્વંતરિ' નામથી પ્રખ્યાત હતો; આયુર્વેદશાસ્ત્રનો દ્રષ્ટા હતો અને યજ્ઞભાગનો ભોક્તા હતો. તેને તથા અમૃતથી પૂર્ણ ભરેલા કળશને જોઇને સર્વ અસુરો કામધેનુ વગેરે સર્વ વસ્તુઓ લઈ લેવાની ઇચ્છાથી કળશને ઝડપથી લઇ ગયા. એ રીતે અમૃતના પાત્ર તે કળશને દૈત્યો લઇ જવા લાગ્યા, ત્યારે મનમાં ખેદ પામેલા દેવો શ્રીહરિને શરણે ગયા; એટલે ભક્તોના મનોરથોને પૂર્ણ કરનાર ભગવાને દેવોની દીનતા જોઇને કહ્યું કે, 'તમે ખેદ કરો મા. હું મારી મોહિની માયાથી દૈત્યોમાં અંદર અંદર ક્લેશ ઊભો કરી તમારું કાર્ય સાધી આપીશ.'[૩૫-૩૭] હે રાજા! તૃષ્ણાથી યુક્ત મનવાળા તે દૈત્યોમાં એ અમૃતને માટે અંદર અંદર ક્લેશ ઊભો થયો; તેથી 'હું પહેલો, હું પહેલો; તું નહિ, તું નહિ.' એમ તેઓ લડવા લાગ્યા.[૩૮] હે રાજન્! જે બળવાન દૈત્યો અમૃતનો કળશ લઈ ગયા હતા, તેઓને ઉદ્દેશીને બીજા દુર્બળ દૈત્યો અદેખાઇ લાવીને વારંવાર આ પ્રમાણે કહેવા લાગ્યાઃ 'દેવો પણ પોતાના ભાગને માટે યોગ્ય છે; કેમકે તેઓએ પણ આપણા આ કાર્યમાં સમાન પરિશ્રમ કર્યો છે; માટે જેમ સત્રયાગમાં સર્વને સરખું ફળ મળે છે, તેમ આ કાર્યમાં પણ સર્વને સમાન ફળ મળવું જોઇએ; આ સનાતનધર્મ છે.'[૩૯-૪૦] એ સમયે સર્વ ઉપાયો જાણનારા વિષ્ણુ ભગવાને વર્ણન કરવાને અશક્ય એવું પરમ અદ્ભુત સ્ત્રીસ્વરૂપ ધારણ કર્યું.[૪૧] તે સ્વરૂપ જોવા જેવું હતું; કાળા કમળ સમાન શ્યામ હતું; સર્વ અંગોમાં સુંદર હતું, એકસરખા કાનમાં અલંકારને ધારણ કરી રહ્યું હતું, સુંદર ગાલ અને ઉન્નત નાસિકાયુક્ત મુખવાળું હતું; નવયૌવનથી ખીલેલાં સ્તનના ભારથી તેનું ઉદર કૃશ હતું; મુખની સુગંધમાં આસક્ત થતા ભમરાઓના ગુંજારવથી તેનાં નેત્રો ઉદ્વિગ્ન હતાં; વિકસ્વર મલ્લિકાપુષ્પની માળા તેણે પોતાના કેશપાશમાં ધારણ કરી હતી; ડોકમાં સુશોભિત કંઠાભૂષણ તેણે પહેર્યાં હતાં; તેની સુંદર ભુજાઓમાં બે બાજુબંધ શોભી રહ્યા હતા; સ્વચ્છ વસ્ત્રોથી ઢંકાયેલા નિતંબરૂપ બેટ પર શોભી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેલા કંદોરાથી તે અત્યંત શોભતું હતું અને સુંદર પગલાં માંડતા બે ચરણોમાં તેણે ઝાંઝર ધારણ કર્યાં હતાં.૪૨-૪૫ વળી તે સ્ત્રીસ્વરૂપ લજ્જાયુક્ત મંદ હાસ્ય સાથે ઊછળી રહેલી ભ્રૂકુટીના વિલાસો સહિત દૃષ્ટિપાત કરીને દૈત્યોના આગેવાનોના મનમાં વારંવાર કામદેવને પ્રકટ કરતું હતું."૪૬

सव्रीडस्मितविक्षिप्तभ्रूविलासावलोकनैः ।
दैत्ययूथपचेतस्सु काममुद्दीपयन्मुहुः ॥ ४६ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

अध्याय ९ मो+

મોહિનીસ્વરૂપે દૈત્યોને ઠગીને દેવોને અમૃત પાયું

॥ શ્રીશુક ઉવાચ ॥

तेऽन्योन्यतोऽसुराः पात्रं हरंतस्त्यक्तसौहृदाः ।
क्षिपंतो दस्युधर्माण आयांतीं ददृशुः स्त्रियम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ-" તે અસુરો પરસ્પર સ્નેહ છોડીને, માંહોમાંહે તિરસ્કાર કરતા લૂંટારાઓની પેઠે અમૃતના પાત્રને ઝૂંટવવા લાગ્યા; તેવામાં ત્યાં આવતી એક સ્ત્રીને તેઓએ જોઈ.૧ 'અહો! કેવું રૂપ! અહો! કેવું તેજ! અહો! આનું તરુણ વય કેવું મોહક છે!' આમ બોલતા તે કામાતુર દૈત્યો એ સ્ત્રી સામે દોડી જઇને તેને પૂછવા લાગ્યાઃ૨ 'ઓ કમળની પાંખડીઓ જેવાં નેત્રોવાળી સ્ત્રિ! તું કોણ છે? ક્યાંથી આવે છે? શું કરવા ઇચ્છે છે? હે સુંદર સાથળોવાળી! તું અમને કહે કે તું કોની કન્યા છે? તું અમારાં મનને મથી નાખતી હોય તેમ લાગે છે.૩ અમે જાણીએજ છીએ કે, દેવો, દૈત્યો, સિદ્ધો, ગંધર્વો, ચારણો કે લોકપાલોએ તારો કદી સ્પર્શ પણ કર્યો નથી, એ અમે નથી જાણતા એમ નથી-અર્થાત્ હજી સુધી તેઓએ તને કદી ભોગવીજ નથી; તો પછી મનુષ્યોએ તો તને ક્યાંથીજ ભોગવી હોય?૪ હે સુંદર ભ્રૂકુટીવાળી! દયાળુ વિધાતાએ પ્રાણીઓની સર્વ ઇન્દ્રિયો તથા મનને પ્રસન્ન કરવા માટે શું તને અહીં મોકલી છે, કે તું તારી મેળે અહીં આવી છે? (અમે માનીએ છીએ કે, તને વિધાતાએજ મોકલી છે.)૫ હે માનવાળી સ્ત્રિ! અમે પરસ્પર સંબંધીઓ છીએ, છતાં આ એક વસ્તુ માટે પરસ્પર સ્પર્ધા કરતા વેર બાંધી રહ્યા છીએ, તો હે સુંદર મધ્યભાગવાળી! તું અમારું કલ્યાણ કર-અમારા ક્લેશને દૂર કરી અમને સુખી કર.૬ અમે કશ્યપના પુત્રો અને ભાઇઓ છીએ; અમે બધાએ સમુદ્રમંથનમાં સરખોજ પુરુષાર્થ કર્યો છે; તો તું અમારામાં ક્લેશ ન થાય એ રીતે ન્યાય પ્રમાણે આ વસ્તુ વહેંચી આપ.'૭ એ રીતે દૈત્યોએ માયાથી સ્ત્રીનું શરીર ધારણ કરનાર શ્રીહરિને પ્રાર્થના કરી, એટલે તેમણે હસીને સુંદર કટાક્ષોથી જોતાં જોતાં આ પ્રમાણે કહ્યું.૮

શ્રીભગવાન બોલ્યાઃ-'હે કશ્યપના પુત્રો! હું વેશ્યા સ્ત્રી છું; તમે મારામાં વિશ્વાસ કેમ કરો છો? પંડિત પુરુષ સ્ત્રીઓનો કદી વિશ્વાસ કરતો નથી.૯ હે દૈત્યો! કૂતરાંઓ અને વ્યભિચારિણી સ્ત્રીઓ હમેશાં નવું નવું શોધ્યા કરે છે; માટે તેઓની મિત્રતાને વિદ્વાનો અનિત્ય કહે છે.'૧૦

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"એ પ્રમાણે તે મોહિનીનાં છળવચનોથી મનમાં વિશ્વાસ પામેલા તે અસુરો અભિપ્રાયથી ગંભીર રીતે હસવા લાગ્યા અને અમૃતનું પાત્ર તેઓએ તેણીને આપી દીધું.૧૧ પછી અમૃતનો કળશ લઇને શ્રીહરિ મંદ હાસ્યથી શોભતી વાણી વડે બોલ્યાઃ 'હું કોઈ પણ બાબતમાં સારું કે નરસું જે કંઈ કરું, તેને તમે જો સ્વીકારો તો આ અમૃત હું તમને વહેંચી આપું.'૧૨ તેનું એ વચન સાંભળી (તે વચનના) પ્રમાણને નહિ જાણના-

* આ અધ્યાયમાં મોહિત થયેલા દૈત્યોએ અમૃતનું પાત્ર આપી દીધું, એટલે તેઓને ઠગીને ભગવાને દેવોને અમૃત આપ્યું, તે કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨ા અસુરોના આગેવાનોએ તેના એ વચનને 'બહુ સારું' એમ કહીને કબૂલ કર્યું.૧૩ તે પછી દેવો અને અસુરોએ સ્નાન તથા ઉપવાસ કરી, અગ્નિમાં હુતદ્રવ્યનો હોમ કરી, ગાયો, બ્રાહ્મણો તથા બીજાં પ્રાણીઓને યથાયોગ્ય દાન આપી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યાં અને પ્રીતિપૂર્વક નવીન વસ્ત્રો ધારણ કરી અલંકારો પહેરીને તેઓ સર્વે પૂર્વાભિમુખે દર્ભાસનો ઉપર બેઠા. એ રીતે પુષ્પની માળા તથા દીવાઓથી શણગારેલી અને ધૂપથી મઘમઘતી શાળામાં દેવો તથા અસુરો પૂર્વાભિમુખે બેસી ગયા, ત્યારે હે રાજા! કરભસમાન+ સાથળોવાળી, સુંદર રેશમી વસ્ત્રથી ઢંકાયલા વિશાળ નિતંબથી ધીમી ધીમી ચાલતી, મંદવિહ્વળ નેત્રવાળી, સોનાનાં ઝાંઝરના ઝણકારથી રમઝમ કરતી અને હાથીના ગંડસ્થળ સમાન સ્તનવાળી તે મોહિની હાથમાં અમૃતનો કળશ લઈ તે શાળામાં આવી પહોંચી.૧૪-૧૭ તે મોહિની લક્ષ્મી જેવી દેખાતી હતી; તેણે સોનાનાં કુંડળો ધારણ કર્યાં હતાં તેથી તેણીનાં કાન, નાક, ગાલ તથા મુખ સુંદર લાગતાં હતાં; તેનાં સ્તન ઉપરનો છેડો ખસી જતો હતો અને ઉત્તમ હાસ્યયુક્ત દૃષ્ટિથી તે જોતી હતી; આવી તે પરમદેવતા મોહિનીને જોઇને દેવો તથા અસુરો અત્યંત મોહિત થઇ ગયા.૧૮ પછી અસુરોને અમૃત આપવું તે સર્પોને દૂધ આપવાની પેઠે અઘટિત છે, એમ માનીને ભગવાને, જાતિથી ક્રૂર એવા તે અસુરોને અમૃત ન વહેંચી આપ્યું૧૯ અને જગતપતિ ભગવાને દેવો તથા દૈત્યો, એ બન્નેની જુદી જુદી પંક્તિ કરીને તેઓને પોતપોતાની પંક્તિઓમાં બેસાડ્યા૨૦ ને બહુ માન તથા પ્રિય વાક્ય વગેરે વડે દૈત્યોને ઠગીને ભગવાને હાથમાં અમૃતનો કળશ લઈ દેવતાઓ દૂર બેઠા હતા; તોપણ તેઓને વૃદ્ધાવસ્થા તથા મૃત્યુને હરનારું એવું અમૃત પાવા માંડ્યું.૨૧ હે રાજા! અસુરો, પોતે આપેલા વચનને પાળતા ચૂપજ રહ્યા અને તેઓએ મોહિની સાથે સ્નેહ કર્યો હતો; તેમજ સ્ત્રી સાથે વિવાદ કરવો તે નિંદ્ય છે, એ હેતુથી પણ તે મૌનજ રહ્યા.૨૨ વળી તેઓએ એ સ્ત્રીમાં સ્નેહજ કર્યો હતો અને તે સ્નેહ કદાચ નાશ પામી જાય, એવો તેઓને ભય લાગતો હતો તેથી; અને 'આ લોકો ક્ષુદ્ર છે, માટે ભલે તેઓ થોડું પી લે; તમે તો ધીર છો, માટે ક્ષણવાર રાહ જુઓ.' આવાં આવાં મોહિનીનાં માનવાળાં વચનોથી બંધાઇ જઇને તેઓ કંઈ પણ અપ્રિય વચન બોલી શક્યા નહિ. એ સમયે દેવના વેષમાં છુપાયેલો રાહુ દેવોની સભામાં (સૂર્ય તથા ચંદ્રની વચ્ચે) પેસી જઇ અમૃત પીતો હતો, તે જોઈ સૂર્ય તથા ચંદ્રે ભગવાનને સૂચના કરી;૨૩-૨૪ એટલે તુરતજ શ્રીહરિએ અમૃત પીતા તે રાહુના મસ્તકને તીક્ષ્ણ ધારવાળા સુદર્શનચક્રથી કાપી નાખ્યું, જેથી અમૃતનો સ્પર્શ નહિ પામેલું તેનું ધડ ધરણી પર ઢળી પડ્યું;૨૫ પણ તેનું મસ્તક તો (અમૃતના સ્પર્શથી) અમર થઇ ગયું; તેથી ભગવાને તે મસ્તકને એક ગ્રહ કર્યો, કે જે એ રાહુગ્રહ કોઇ પર્વના દિવસે વૈરબુદ્ધિથી સૂર્ય—ચંદ્ર સામે દોડે છે.૨૬ એ પ્રમાણે દેવતાઓએ લગભગ અમૃત પી લીધું, એટલે લોકોનું કલ્યાણ કરનારા ભગવાન શ્રીહરિએ અસુરોના દેખતાં પોતાનું સ્વરૂપ ગ્રહણ કર્યું.૨૭ એ* રીતે

+ સંસ્કૃત કવિઓ સુંદર સ્ત્રીની સાથળને 'કરભ' ની ઉપમા આપે છે. આ 'કરભ' શબ્દ સંસ્કૃત છે. તેનો સાથળની સાથે ઉપમામાં 'કાંડાથી માંડીને ટચલી આંગળી સુધીનો બાહ્યપ્રદેશ' આવો અર્થ થાય છે; અને તેજ અર્થ સાથળની સાથે ઉપમામાં ઘટી શકે છે. કેમકે હાથના તે બાહ્યપ્રદેશની આકૃતિ સાથળ જેવી આબેહુબ છે; સિવાય 'કરભ' શબ્દનો અર્થ 'હાથીનું બચ્ચું, ઊંટનું બચ્ચું' એવો પણ થાય છે, પરંતુ સાથળની ઉપમામાં તે અસંબદ્ધ જણાય છે.—भा. क.

* શ્રીહરિના ભક્તોનાજ ઉદ્યમ સફળ થાય છે, પણ અભક્તોના ઉદ્યમ કદી સફળ થતા નથી; એ આ આખ્યાનનું તાત્પર્ય આ શ્લોકમાં કહે છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવ તથા અસુરગણોનું (એ સમુદ્રમંથનરૂપી કાર્યમાં) દેશ, કાળ, કારણો, પદાર્થો તથા બુદ્ધિ—એ બધું એકસરખું જ હતું, છતાં પણ તેઓને ફળ મેળવવામાં ભેદ પડ્યો. જેમકે તેઓમાં દેવગણોએ શ્રીભગવાનના ચરણકમળની રજનો આશ્રય કરવાથી અમૃતરૂપી ફળ અનાયાસે પ્રાપ્ત કર્યું; ત્યારે દૈત્યોએ તે ફળ ન મેળવ્યું.[૨૮] મનુષ્યો પોતાના શરીરને તથા પુત્રાદિને માટે પ્રાણ, ધન, કર્મ, મન તથા વચનથી જે કંઇ કરે છે, તે ભેદબુદ્ધિને લીધે વ્યર્થ થાય છે; પણ તેનાં તેજ સાધનોથી અભેદ બુદ્ધિપૂર્વક (ઈશ્વરાર્પણ કરીને) જો કંઇ કરે છે, તો તે મહાન ફળદાયી થાય છે. જેમ (વૃક્ષની શાખાઓને જળ સિંચવાથી તે વ્યર્થજ થાય છે; પણ) વૃક્ષના મૂળને જો જળ સિંચવામાં આવે, તો તે આખા વૃક્ષને પહોંચે છે. (તેમ સર્વના મૂળ ઈશ્વરને ઉદ્દેશી જે કંઇ કરવામાં આવે તે અવશ્ય સફળ થાય છે.")[૨૯]

यद्युज्यतेऽसुवसुकर्ममनोवचोभिर्देहात्मजादिषु नृभिस्तदसत्पृथक्त्वात् । तैरेव सद्भवति यत्क्रियतेऽपृथक्त्वात्सर्वस्य तद्भवति मूलनिषेचनं यत् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो*

દેવ-દાનવ યુદ્ધમાં દેવો ગભરાયા ત્યારે ભગવાન પ્રકટ થયા

॥ श्रीशुक उवाच ॥

इति दानववदैतेया नाविंदन्नमृतं नृप ।
युक्ताः कर्मणि यत्ताश्च वासुदेवपराङ्मुखाः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા—"એ રીતે હે રાજા! દાનવો તથા દૈત્યો શ્રીભગવાનથી વિમુખ હતા; તેથી તેઓ અમૃતમંથનના કાર્યમાં જોડાયા હતા; તોપણ અમૃતને મેળવી શક્યા નહિ.[૧] હે રાજન્! પોતાના ભક્ત દેવોને અમૃતનું પાન કરાવી તેઓનું કાર્ય સાધી આપીને ભગવાન સર્વ પ્રાણીઓના દેખતાં ગરુડ પર બેસીને પોતાના ધામમાં પધાર્યા. પછી દિતિના પુત્રો શત્રુઓની તે પરમ સમૃદ્ધિ જોઇને સહન કરી શક્યા નહિ અને હથિયારો ઉગામીને દેવો સામે ધસી ગયા. તે પછી અમૃતપાન કરવાથી વૃદ્ધિ પામેલા અને ભગવાનના ચરણનો આશ્રય કરનારા સર્વ દેવગણો શસ્ત્રો લઇને દૈત્યો સામે યુદ્ધ કરવા લાગ્યા.[૨-૪] હે રાજન્! તે સમયે સમુદ્રના કિનારા પર 'દેવાસુર' નામે તુમુલયુદ્ધ થયું, કે જે મહાભયંકર અને રોમાંચજનક હતું. એ યુદ્ધમાં તે શત્રુઓ ક્રોધવ્યાપ્ત મનવાળા થઇ તલવારો તથા બાણો વગેરે અનેક હથિયારો લઇને સામસામા આવી જઇને એકબીજાને મારવા લાગ્યા.[૫-૬] એ વેળા શંખ, વાજાં, મૃદંગો, ભેરીઓ તથા ડમરુઓનો અને ગર્જના કરતા હાથીઓ, ઘોડા, રથ તથા પાળાઓનો મહાન શબ્દ થઈ રહ્યો હતો.[૭] એ યુદ્ધમાં રથીઓ રથીઓ સાથે, પાળાઓ પાળાઓ સાથે, ઘોડાઓ ઘોડાઓ સાથે તથા હાથીઓ હાથીઓ સાથે લડતા હતા.[૮] કેટલાક યોદ્ધાઓ ઊંટો પર, કેટલાક હાથીઓ પર, કેટલાક ગધેડાંઓ પર, ત્યારે બીજા કેટલાક ધોળા મૃગો, રીંછો, વાઘો તથા સિંહો પર બેસીને લડતા હતા. હે રાજન્! વળી બીજા કેટલાક યોદ્ધાઓ ગીધડાં, કંકપક્ષી, બગલાં, બાજપક્ષી, ભાસપક્ષી, તિમિંગલ નામનાં જળચર, અષ્ટાપદો, પાડાઓ, ગેંડાઓ, ગાયો, બળદો, રોઝ, જનાવરો, અરુણ નામનાં જંગલી પશુઓ, શિયાળો, ઉંદરો, કાચંડાઓ, સસલાંઓ, મનુષ્યો, બોકડાઓ, કાળાં મૃગો અને હંસો, ભૂંડો તથા બીજાં જળચર, સ્થળચર, ખેચર, ભયંકર શરીરોવાળાં પ્રાણીઓ પર બેસીને બન્ને સૈન્યોમાં આગળ આગળ દાખલ થયા. હે રાજન્!

* આ અધ્યાયમાં અદેખાઇથી દૈત્યોએ દેવોની સાથે યુદ્ધ કર્યું ત્યારે દૈત્યોની માયાથી ખેદ પામેલા દેવોની વચ્ચે શ્રીહરિ પ્રકટ થયા; વળી ભક્ત દેવોને અમૃત મળ્યું ત્યારે અભક્ત દૈત્યોને કંઇ પણ ન મળ્યું; એટલુંજ નહિ પણ તે દૈત્યોએ ભગવાનના ભક્ત દેવોની અદેખાઇ કરી; તેથી તેઓના પ્રાણની પણ હાનિ થઇ; એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રંગબેરંગી ધજાઓનાં વસ્ત્રોથી, ધોળાં નિર્મળ છત્રોથી, મહાકીમતી હીરાદાંડીવાળા વીંઝણાઓથી, મોરપીંછનાં ચામરોથી, વાયુમાં ફરકતાં ઉત્તરીય વસ્ત્રોથી, પાઘડીઓથી, ઝળકતાં કવચોથી, અલંકારોથી અને સૂર્યકિરણો વડે અત્યંત ચળકતાં ઉજ્જવળ શસ્ત્રોથી તે દેવોતથા દાનવ યોદ્ધાઓની બન્ને સેનાઓ, હે વીર પાંડુપુત્ર! જળચર જીવોની પંક્તિઓવડે જેમ બે સમુદ્ર શોભે, તેમ શોભતી હતી.[૯-૧૫] એ યુદ્ધમાં હે રાજા! વિરોચનનો પુત્ર બલિરાજા અસુરોનો સેનાપતિ હતો. તે મયદાનવે બનાવી આપેલા વૈહાયસ નામના શ્રેષ્ઠ વિમાનમાં બેઠો હતો, કે જે વિમાન ઇચ્છાનુસાર ગતિ કરનારું, સર્વ લડાયક સામગ્રીથી ભરપૂર, સર્વ આશ્ચર્યમય, કોઇના પણ તર્કમાં ન આવે તેવું અને અવર્ણનીય હતું. તે થોડી વાર દેખાતું હતું, ત્યારે થોડી વારમાં દેખાતું પણ ન હતું. આવા વિમાનમાં બેસી સર્વ સેનાપતિઓથી તે વીંટાયલો હતો; તેની બન્ને બાજુ ચામરો ઢોળાતાં હતાં અને તેના મસ્તક પર ઉત્તમ છત્ર ધરવામાં આવ્યું હતું. તે વેળા ઉદયાચલના શિખર પર રહેલા ચંદ્રની પેઠે તે શોભતો હતો.[૧૬-૧૮] એ બલિરાજાની ચારે તરફ પોતપોતાનાં વાહનો પર બેસીને અસુરટોળાંઓના નાયક અસુરો ગોઠવાઇ ગયા હતા અને જેઓને અમૃતનો ભાગ મળ્યો ન હતો, પણ કેવળ પરિશ્રમમાંજ ભાગ મળ્યો હતો તેવા અનેક દેવોને જીતનારા નમુચિ, શંબર, બાણાસુર, વિપ્રચિત્તિ, અયોમુખ, દ્વિમૂર્ધા, કાલનાભ, પ્રહેતિ, હેતિ, ઇલ્વલ, શકુનિ, ભૂતસંતાપ, વજ્રદંષ્ટ્ર, વિરોચન, હયગ્રીવ, શંકુશિરા, કપિલ, મેઘદુદુંભિ, તારકાસુર, ચક્રદફ્, શુંભ, નિશુંભ, જંભ, ઉત્કલ, અરિષ્ટ, અરિષ્ટનેમિ, મય, ત્રિપુરાસુર અને બીજા પણ પૌલોમ, કાલેય તથા નિવાતકવચ વગેરે સર્વ દૈત્યો રણને મોખરે આવીને ઊભા હતા.[૧૯-૨૩] તેઓ સિંહ જેવી ગર્જનાઓ કરતા હતા અને મોટા શબ્દોવાળા શંખો વગાડતા હતા. એ પ્રમાણે શત્રુઓને ગર્વમાં આવી ગયેલા જોઇ સ્વયમેવ દેવરાજ ઇન્દ્ર અત્યંત કોપી ઊઠ્યો. તે ઐરાવત નામના દિગ્ગજ ઉપર બેઠો હતો, જેથી ઝરણાંઓને ઝરી રહેલા ઉદયાચલ પર્વત ઉપર જેમ સૂર્ય શોભે તેમ શોભતો હતો.[૨૪।૨૫] તે ઇન્દ્રની ચારે બાજુ અનેક જાતનાં વાહનો, ધજાઓ તથા હથિયારો ધારણ કરનારા લોકપાલ, વાયુ, અગ્નિ તથા વરુણ વગેરે દેવો, પોતપોતાના ગણો સાથે ગોઠવાયા હતા.[૨૬] તેઓ સામસામા ધસી જઇને પરસ્પર મર્મવચનોથી તિરસ્કાર કરવા લાગ્યા અને એકબીજાને નામો વડે બોલાવી યુદ્ધમાં પ્રવેશ કરી દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા.[૨૭] હે રાજન્! બલિરાજા ઇન્દ્ર સાથે, કાર્તિકસ્વામી તારકાસુર સાથે, વરુણદેવ હેતિ સાથે, મિત્રદેવ પ્રહેતિ સાથે, યમદેવ કાલનાભ સાથે, વિશ્વકર્મા મયદાનવ સાથે, શંબરાસુર ત્વષ્ટાદેવ સાથે, વિરોચન સવિતાની સાથે, નમુચિ અપરાજિત સાથે, અશ્વિનીકુમારો વૃષપર્વાની સાથે, સૂર્યદેવ બાણાસુર જેમાં મોટા હતો તે બલિરાજાના સો પુત્રો સાથે, ચંદ્ર રાહુની સાથે, વાયુ પુલોમા સાથે, મહાબળવાન દેવી ભદ્રકાલી નિશુંભ તથા શુંભ સાથે, વૃષાકપિ જંભની સાથે, અગ્નિ મહિષાસુર સાથે, ઇલ્વલ તથા વાતાપિ બ્રહ્માના પુત્ર વસિષ્ઠ આદિ ઋષિઓ સાથે, દુર્મર્ષ કામદેવની સાથે, ઉત્કલ માતૃકાઓની સાથે, બૃહસ્પતિ શુક્રાચાર્ય સાથે, શનૈશ્વર નરકાસુર સાથે, મરુદ્ગણો નિવાતકવચો સાથે, વસુ નામના દેવો કાલેયો સાથે, વિશ્વેદેવાઓ પૌલોમો સાથે તથા રુદ્રો ક્રોધવશ નામના અસુરો સાથે યુદ્ધ કરવા લાગ્યા. એ પ્રમાણે મોટા મોટા અસુરો તથા દેવો ત્યાં એકઠા થઇને દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા અને સામસામા આવી જઇને વિજય મેળવવાની ઇચ્છાથી તીક્ષ્ણ બાણો, તલવારો તથા તોમરો વડે બળથી પ્રહારો કરવા લાગ્યા.[૨૮-૩૫] તેઓ ભુશુંડીઓ, ચક્રો, ગદાઓ, બેધારી તલવારો, પટ્ટિશો, શક્તિઓ, ઉંબાડિયાં, ફેંકવાનાં શસ્ત્રો,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફરશીઓ, ત્રીસ આંગળ ઉપરની તલવારો, ભાલાઓ, ભૂંગળો, મુદ્ગળો તથા ભિંદિપાલ નામનાં શસ્ત્રો વડે એકબીજાનાં મસ્તકો કાપવા લાગ્યા.[૩૬] વળી હાથીઓ, ઘોડાઓ, રથો, પાળાઓ અને ઘોડેસવારો સહિત બીજા ઘોડાઓ તે યુદ્ધમાં અનેક પ્રકારે કપાઈ ગયા, કે જેઓના બાહુઓ, સાથળો, ડોકાં અને પગ છિન્નભિન્ન થઇ ગયા હતા અને ધજાઓ, ધનુષો, બખ્તરો તથા આભૂષણો પણ તૂટી ગયાં હતાં.[૩૭] એ દેવો તથા દાનવોના પગના પ્રહારોથી અને રથોનાં પૈડાંઓથી રણભૂમિના પણ ભુક્કા ઊડી જતા હતા; જેથી એટલી બધી ઉગ્ર ધૂળ ઊછળતી હતી કે, જે ધૂળે તે સમયે દિશાઓને, આકાશને તથા સૂર્યને પણ ઢાંકી દીધો હતો; પરંતુ લોહીના છંટકાવથી તે રણભૂમિ પાછી તરબોળ થઇ જતી હતી, તેથી એ ધૂળ ઊડતી બંધ પડતી હતી. એ રણભૂમિ મુકુટ તથા કુંડળો વિનાનાં થઇ પડેલાં, ક્રોધાવેશવાળી દૃષ્ટિવાળાં અને પીસેલા હોઠવાળાં મસ્તકોથી તથા અલંકારો અને હથિયારો સહિત મોટી ભુજાઓથી તેમજ હાથીની સૂંઢના જેવી સાથળોથી અત્યંત છવાઈ જઇને શોભતી હતી.[૩૮] ત્યાં પડી રહેલાં પોતાનાં મસ્તકોનાં નેત્રોથી યુદ્ધમાં આસપાસ ઘૂમી રહેલા યોદ્ધાઓને જોઇને ધડો, ઊગામેલાં હથિયારોવાળા બાહુઓથી યુક્ત થઇને ઊઠવા લાગ્યાં.[૩૯-૪૦] એવા તે યુદ્ધમાં બલિરાજાએ ઇન્દ્રને દશ બાણ, ઐરાવત હાથીને ત્રણ બાણ, ચાર ઘોડાઓને ચાર બાણ તથા માવતને એક બાણ માર્યું;[૪૧] પણ ઝડપદાર પરાક્રમવાળા ઇન્દ્રે સામેથી તેટલાંજ તીક્ષ્ણ ભાલાંઓ મારીને પોતાની સામે ધસી આવતાં તે બાણોને હસતો હોય તેમ વચ્ચેથીજ કાપી નાખ્યાં.[૪૨] ઇન્દ્રનું તે ઉત્તમ કર્મ જોઇને બલિરાજા સહન કરી શક્યો નહિ; તેણે મોટા ઊબાડિયા જેવી બળબળતી શક્તિ હાથમાં લીધી; પણ ઇન્દ્રે બલિના હાથમાંજ તે શક્તિને કાપી નાખી.[૪૩] પછી બલિએ ત્રિશૂલ, ભાલો, તોમર તથા બેધારી તલવાર વગેરે જે જે શસ્ત્ર લીધું, તે તે સર્વને સમર્થ ઇન્દ્રે કાપી નાખ્યું.[૪૪] પછી હે રાજા! બલિએ અદૃશ્ય થઈ જઇને આસુરી માયાને ઉત્પન્ન કરી; એટલે દેવોનાં સૈન્ય પર એક પર્વત પ્રકટ થયો.[૪૫] એ પર્વત ઉપરથી દાવાનળથી બળી રહેલાં વૃક્ષો પડવા લાગ્યાં અને શત્રુઓના સૈન્યનો ચૂરો કરી નાખતી ટાંકણાં જેવાં શિખરોવાળી શિલાઓ પડવા લાગી. તેમજ મોટા મોટા સર્પો, બીજાં ઝેરી પ્રાણીઓ, વીંછીઓ, સિંહો, વાઘો તથા કચરી નાખતા મોટા મોટા હાથીઓ ધસી આવ્યા.[૪૬-૪૭] વળી સેંકડો રાક્ષસીઓ કે જેઓ હાથમાં ત્રિશૂળ ધારણ કરતી હતી, નગ્ન હતી અને 'કાપો, ચીરી નાખો.' એમ બોલતી હતી, તેઓ તથા રાક્ષસોનાં ટોળાંઓ પણ ચડી આવવા લાગ્યાં.[૪૮] ત્યાર પછી ગંભીર અને તીક્ષ્ણ શબ્દો કરતા મોટા મેઘો આકાશમાં પ્રકટ થયા ને વાયુઓથી સામસામા અથડાઇને ગર્જના કરતા અંગારાઓની વૃષ્ટિ કરવા લાગ્યા.[૪૯] વળી તે બલિ દૈત્યે અતિ મહાન અગ્નિ ઉત્પન્ન કર્યો, કે જે વાયુની સહાય લઇને પ્રલયકાળના અગ્નિ જેવો અતિ ઉગ્ર થઈ પડ્યો હતો ને દેવોની સેનાને બાળી નાખતો હતો.[૫૦] તે પછી મર્યાદાને ઓળંગી જતો સમુદ્ર ચારે તરફથી દેખાવા લાગ્યો; જે સમુદ્ર પ્રચંડ વાયુથી ઊછળતા તરંગો અને ઘૂમરીઓને લીધે ભયંકર લાગતો હતો.[૫૧] એ પ્રમાણે મહામાયાવી અને અલક્ષ્ય ગતિથી ભયંકર એવા દૈત્યોએ માયાઓ સ્રજવા માંડી, ત્યારે દેવોના સૈનિકો ગભરાવા લાગ્યા.[૫૨] હે રાજા! ઇન્દ્રાદિ દેવો પણ જ્યારે તે માયાઓનો સામનો કરવાનું જાણી શક્યા નહિ, ત્યારે તેઓએ જગતનું કલ્યાણ કરનારા ભગવાનનું ધ્યાન કર્યું; એટલે ભગવાન ત્યાં પ્રકટ થયા.[૫૩] તે સમયે ભગવાને પોતાના ચરણપલ્લવને ગરુડના ખભા ઉપર સ્થાપ્યા હતા; પીળું પીતાંબર પહેર્યું હતું; તેમનાં નેત્રો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નવાં કમળ જેવાં હતાં; આઠ ભુજાઓમાં આઠ આયુધો તેમણે ધારણ કર્યાં હતાં અને દેદીપ્યમાન લક્ષ્મીજી, કૌસ્તુભમણિ, મહાકીમતી મુકુટ તથા કુંડળો ધારણ કર્યાં હતાં. આવા તે ભગવાન ત્યાં દેખાયા અને તેમણે રણભૂમિમાં પ્રવેશ કર્યો કે તુરતજ એ સર્વથી મહાન દેવના મહિમા વડે જેમ જાગ્રત અવસ્થા થતાં સ્વપ્ન દૂર થાય છે, તેમ અસુરોનાં કૂટકર્મની માયાઓ નાશ પામી ગઇ; કેમકે શ્રીહરિનું સ્મરણજ સર્વ આપત્તિઓમાંથી મુક્ત કરનાર છે. (તો પછી તેમનો ખુદ પ્રવેશ સર્વ આપત્તિઓમાંથી મુક્ત કરે એમાં શું કહેવાનું હોય?)૫૪-૫૫ શ્રીગરુડવાહન ભગવાનને એ પ્રમાણે યુદ્ધક્ષેત્રમાં જોઇને સિંહ પર બેઠેલા કાલનેમિ અસુરે ત્રિશૂળને ધ્રુજાવીને ભગવાન સામે ફેંક્યું; એટલે હે રાજા! ગરુડના મસ્તક પર પડતા તે ત્રિશૂળને લીલામાત્રમાં ત્રૈલોક્યપતિ ભગવાને ઝીલી લઇને તેજ ત્રિશૂળથી કાલનેમિને તેના વાહન સાથે મારી નાખ્યો. પછી માલી ને સુમાલી નામના મહાબળવાન બે અસુરો ભગવાન સામે ધસી આવ્યા; પણ ભગવાને સુદર્શનચક્રથી તેઓનાં મસ્તકો છેદી નાખ્યાં, એટલે તેઓ ધરણી પર ઢળી પડ્યાં. તેવામાં માલ્યવાન નામના અસુરે ગરુડને તીક્ષ્ણ ગદા મારી અને ગર્જના કરવા માંડી; ત્યારે ભગવાને સુદર્શનચક્રથી તેનું મસ્તક પણ ઉડાવી દીધું."૫૬-૫૭

माली सुमाल्यतिबलौ युधि पेततुर्य-
च्चक्रेण कृत्तशिरसावथ माल्यवांस्तम्।
आहत्य तिग्मगदयाऽहनदंडजेंद्रं
तावच्छिरोऽच्छिनदरेर्नदतोऽरिणाऽऽद्यः ॥५७

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो*

નારદજીએ દેવોને અટકાવ્યા અને શુક્રાચાર્યે દૈત્યોને સજીવન કર્યા

॥ श्रीशुक उवाच ॥

अथोसुराः प्रत्युपलब्धचेतसः परस्य पुंसः परयानुकंपया। जघ्नुर्भृशं शक्रसमीरणादयस्तांस्तान् रणे यैरभिसंहताः पुरा ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી પરપુરુષ પરમેશ્વરની પરમકૃપાને લીધે દેવો ભાનમાં આવ્યા અને ઇન્દ્ર, વાયુ વગેરે તે દેવો જેઓએ પોતાને પહેલાં માર્યા હતા, તે તે અસુરોને યુદ્ધમાં અત્યંત મારવા લાગ્યા.[૧] ભગવાન ઇન્દ્ર, બલિ ઉપર ક્રોધાયમાન થઈ ગયો અને તેણે જ્યારે વજ્ર ઉગામ્યું, ત્યારે પ્રજાઓ હાહાકાર કરવા લાગી.[૨] હાથમાં વજ્ર લઇને ઇન્દ્રે રણમાં ઘૂમતા અને સારી રીતે સજ્જ થઇને આગળ ઊભેલા શૂરા બલિને તિરસ્કારીને કહ્યું કે, 'અલ્યા મૂઢ! જેમ કોઇ નજર બાંધીને અજ્ઞાનીઓને જીતી લઇને તેઓનાં ધન હરી લે છે, તેમ તું પણ, એ નટની પેઠે માયાઓ રચીને અમને માયાના અધિપતિઓને જીતવા ઇચ્છે છે. (ખરું કે?) જેઓ (તારા જેવા) માયાઓ વડે ઊંચે ચડવા ઇચ્છે છે અને સ્વર્ગને ઓળંગી જવાને ઇચ્છે છે; (અર્થાત્ મોક્ષને ઇચ્છે છે) તે અજ્ઞાની લૂંટારાઓને હું પ્રથમના રસાતલરૂપ સ્થાનથી પણ નીચે ધકેલી દઉં છું.[૩-૫] ઓ મંદબુદ્ધિ! તું દુષ્ટ માયાઓ ધારણ કરે છે, પરંતુ આજે સો ધારવાળા આ વજ્રથી હું તારું મસ્તક કાપી નાખીશ; તારે તારા જ્ઞાતિલાઓની સાથે જે પરાક્રમ કરવું હોય તે કરી લે.[૬]

બલિ બોલ્યોઃ–'જેઓનાં કર્મો કાળથી પ્રેર-

* આ અધ્યાયમાં દેવો, દૈત્યોનો સંહાર કરવા લાગ્યા, ત્યારે નારદજીએ તેઓને અટકાવ્યા અને શુક્રાચાર્યે મરેલા દૈત્યોને સજીવન કર્યા, એ કથા કહેવાશે.–શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ણા પામેલાં હોય છે અને જેઓ યુદ્ધમાં ઊતરેલા હોય છે, તેઓ સર્વને કીર્તિ, જય, પરાજય તથા મૃત્યુ અનુક્રમે પ્રાપ્ત થાયજ છે.૭ કાળની આ યંત્રણાને વિદ્વાન મનુષ્યો જોઈ શકે છે, જેથી તેઓ કોઇના સંબંધે હર્ષ પામતા નથી કે કોઇનો શોક કરતા નથી; પણ તે વિષયમાં તમે અજાણ્યા છો. તમે એ જય-પરાજય વગેરેમાં આત્માને સાધન માનો છો અને તેથીજ સારી પેઠે શોક કરવાને યોગ્ય છો; અમે તમારી મર્મભેદક વાણીને કદી સ્વીકારતા નથી.' ૮-૯

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"ઇન્દ્રનો એ પ્રમાણે તિરસ્કાર કરીને વીરોનું મર્દન કરનાર તે વીર બલિએ તિરસ્કારનાં વચનોથી હણાયલા ઇન્દ્ર પર કાન સુધી ખેંચેલાં નારાચ બાણોથી ફરી પ્રહાર કર્યો.૧૦ એ પ્રમાણે સત્યવાદી શત્રુએ દેવ ઇન્દ્રનો પરાભવ કર્યો, એટલે અંકુશ મારેલા હાથીની પેઠે તે શત્રુના તિરસ્કારને સહન કરી શક્યો નહિ.૧૧ શત્રુઓનું મર્દન કરનારા તે ઇન્દ્રે બલિરાજાને અમોઘ વજ્રનો પ્રહાર કર્યો; એટલે કપાયલી પાંખોવાળા પર્વતની પેઠે તે પોતાના વિમાન સાથે પૃથ્વી પર પછડાઈ પડ્યો.૧૨ એ પ્રમાણે પોતાના મિત્ર બલિને પડેલો જોઇ બલિનો મિત્ર જંભાસુર હણાયલા મિત્રની પણ મિત્રતા જાળવવાને ઇન્દ્ર સામે ધસી ગયો.૧૩ તે મહાબળવાન જંભાસુર સિંહ પર બેસીને ઇન્દ્રની સમીપ જઇ પહોંચ્યો અને વેગથી ગદા ઉગામીને તેણે ઇન્દ્રના કંઠના મૂળમાં ઠોકી દીધી અને હાથીને પણ ગદાનો પ્રહાર કર્યો.૧૪ ઇન્દ્રનો તે હાથી ગદાના મારથી અત્યંત વિહ્વળ થઇ ગયો અને જમીન પર ગોઠણભેર થઇ જઇને અત્યંત બેભાન થઇ ગયો.૧૫ પછી માતલિ સારથિએ એક હજાર ઘોડાઓ જોડેલો રથ ઇન્દ્ર આગળ હાજર કર્યો; એટલે ઇન્દ્ર રાજા હાથીને છોડીને રથ ઉપર બેઠો.૧૬ દાનવશ્રેષ્ઠ જંભાસુરે, માતલિ સારથિના તે કર્મની પ્રશંસા કરી અને પછી યુદ્ધમાં હસતાં હસતાં તેણે બળબળતું ત્રિશૂળ તે માતલિને પણ માર્યું.૧૭ માતલિએ ધૈર્ય ધારણ કરી તે અતિ દુઃસહ પીડા સહન કરી; ત્યારે ઇન્દ્રે અત્યંત ક્રોધાયમાન થઇ વજ્ર વડે જંભાસુરના મસ્તકને કાપી નાખ્યું.૧૮ નારદઋષિ પાસેથી જંભાસુરને મરણ પામેલો સાંભળી તેના જ્ઞાતિલાઓ-નમુચિ, બલ અને પાક નામના અસુરો ઉતાવળા ત્યાં આવી પહોંચ્યા.૧૯ તેઓ કઠોર વચનો વડે ઇન્દ્રનાં મર્મસ્થાનોને વીંધી નાખવા લાગ્યા અને મેઘો જેમ પર્વત ઉપર જળધારાઓની વૃષ્ટિ કરે, તેમ તેના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.૨૦ તેમાંનો બલ નામનો દૈત્ય ઝડપદાર હાથવાળો હતો. તેણે એક હજાર બાણો મારીને ઇન્દ્રના એક હજાર ઘોડાઓને એકીસાથે વીંધી નાખ્યા.૨૧ પાક દૈત્યે એકીવખતે બસો બાણો સાંધીને તથા છોડીને માતલિ સારથિને તથા જુદા જુદા અવયવો સહિત રથને વીંધી નાખ્યા, તે એનું કર્મ યુદ્ધમાં આશ્ચર્યકારક થઇ પડ્યું હતું.૨૨ નમુચિએ પણ સુવર્ણમય અગ્રભાગવાળાં પંદર મોટાં બાણો ઇન્દ્રને મારીને જળથી ભરેલા મેઘની પેઠે યુદ્ધમાં ગર્જના કરી.૨૩ તે અસુરોએ, મેઘો જેમ વર્ષાકાળના સૂર્યને ઢાંકી દે, તેમ ઇન્દ્રને તેના રથ તથા સારથિ સાથે બાણોના ઢગથી ઢાંકી દીધો.૨૪ (એ રીતે ઇન્દ્ર બાણોના ઢગથી દેખાતો બંધ થયો,) ત્યારે તેને નહિ દેખતા દેવગણો પોતાના અનુયાયીઓ સાથે નાયકથી રહિત થઇ પડ્યા અને તેથી શત્રુસૈન્યે તેઓને જીતી લીધા; એટલે જેમ સમુદ્રમાં વહાણો ભાંગી પડતાં, વેપારીઓ અતિશય વિહ્વળ થઇ જાય, તેમ વિહ્વળ થઇને તેઓ બૂમો પાડવા લાગ્યા.૨૫ તેવામાં ઇન્દ્ર પોતાના ઘોડા, રથ, ધજા તથા સારથિ સાથે તે બાણોરૂપી બંધાયલા પિંજરામાંથી બહાર નીકળ્યો અને રાત્રિના અંતે પોતાના તેજથી જેમ સૂર્ય શોભે તેમ પોતાના તેજથી દિશાઓ, આકા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ તથા પૃથ્વીને પ્રકાશિત કરતો શોભવા લાગ્યો. પછી વજ્રધારી ઇન્દ્રદેવે રણમાં પોતાની સેનાને શત્રુઓથી પીડાતી જોઇને શત્રુનો વિનાશ કરવા માટે ક્રોધથી વજ્ર ઉઠાવ્યું અને હે રાજન્! આઠ ધારવાળા તેજ વજ્ર વડે સર્વને ભય ઉપજાવતા ઇન્દ્રે, બલ તથા પાક નામના બન્ને દૈત્યોનાં મસ્તકોને તેઓના સંબંધીઓના દેખતાં ઉડાવી દીધાં.[૨૬-૨૮] હે રાજા! એ પ્રમાણે તે બન્ને દૈત્યોનો વધ થયેલો જોઈ નમુચિ શોક, અદેખાઈ તથા ક્રોધથી વ્યાપ્ત થઈ ગયો; તેણે ઇન્દ્રનો નાશ કરી નાખવાની ઇચ્છાથી મહાન ઉદ્યમ કરવા માંડ્યો અને પથ્થરના સારમય તથા લટકતી ઘંટડીઓવાળું સુવર્ણભૂષિત ત્રિશૂળ હાથમાં લઈ 'હવે તું મૂઓ પડ્યો છે.' એમ ક્રોધથી ગર્જના કરતો તે ધસી ગયો. તેણે સિંહની પેઠે ગર્જના કરીને ઇન્દ્ર ઉપર તે ત્રિશૂળ ફેંક્યું,[૨૯-૩૦] પણ હે રાજા! આકાશમાર્ગે ચાલ્યા આવતા તે અત્યંત વેગવાળા ત્રિશૂળના, ઇન્દ્રે બાણો મારીને હજારો ટુકડા કરી નાખ્યા અને પછી તો ક્રોધાયમાન થઈ જઇને ઇન્દ્રે નમુચિનું મસ્તક કાપી નાખવા માટે તેની ડોક પર વજ્રનો પ્રહાર કર્યો.[૩૧] ઇન્દ્રે પોતાનામાં જેટલું બળ હતું તેટલા બળથી જે વજ્રનો પ્રહાર કર્યો હતો અને જે વજ્રે મહાવીર્યવાન વૃત્રાસુરને પણ ચીરી નાખ્યો હતો, તે બળવાન વજ્ર પણ એ અસુરની ચામડીને ચીરી શક્યું નહિ અને ઊલટું નમુચિની ડોકની ચામડીથી તિરસ્કાર પામ્યું, એ અત્યંત આશ્ચર્ય થયું હતું.[૩૨] એ રીતે વજ્ર સ્ખલિત થયું ત્યારે ઇન્દ્ર શત્રુથી ડરવા લાગ્યો. તેણે મનમાં ખેદ કરવા માંડ્યો કે, "લોકોને મોહ ઉપજાવે તેવું આ દૈવયોગે શું થયું? પૂર્વે પ્રજાઓના વિનાશ માટે પોતાની પાંખોથી ઊડીને પૃથ્વી પર પડતા અને ભારથી અંદર ઘૂસી જતા પર્વતોની પાંખોને પણ જે મારા વજ્રે કાપી નાખી હતી અને જે વજ્રે ત્વષ્ટાના સારમય તપરૂપ એવા વૃત્રાસુરને તથા સર્વ અસ્ત્રોથી જેઓની ચામડી અક્ષત હતી, તેવા બીજા બળવાન અસુરોને પણ ચીરી નાખ્યા છે, તે આ વજ્રને મેં આ ક્ષુદ્ર અસુર ઉપર છોડ્યું હતું, તોપણ આજે બ્રાહ્મણ—દધીચિ ઋષિના સામર્થ્યરૂપ છતાં તે નિષ્ફળ નીવડ્યું છે; માટે આ પ્રયોજન વિનાની લાકડી જેવા વજ્રને હવે હું નહિ સ્વીકારું.' એ પ્રમાણે ઇન્દ્ર ખેદ કરતો હતો, ત્યારે તેને આકાશવાણીએ કહ્યું કે, 'આ દાનવને સૂકા કે લીલા પદાર્થથી મારી શકાશે નહિ; કેમકે 'લીલા કે સૂકા પદાર્થોથી તારું મૃત્યુ નહિ થાય.' એવું મેં તેને વરદાન આપેલું છે; માટે હે ઇન્દ્ર! તારા આ શત્રુનો વધ કરવાને તારે કોઇ બીજો ઉપાય વિચારવો.'[૩૩-૩૮] એ પ્રમાણે તે દેવતાઈ વાણી સાંભળીને ઇન્દ્રે ખૂબ એકાગ્રચિત્તે વિચાર કર્યો. તેવામાં નહિ લીલું કે નહિ સૂકું સમુદ્રનું ફીણ શત્રુનો વધ કરવાના ઉપાય તરીકે તેના જોવામાં આવ્યું; એટલે નહિ સૂકા ને નહિ લીલા તે ફીણથી ઇન્દ્રે નમુચિનું મસ્તક કાપી નાખ્યું, ત્યારે મુનિગણો તેની સ્તુતિ કરવા લાગ્યા અને તેના પર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. વિશ્વાવસુ તથા પરાવસુ નામના મુખ્ય ગંધર્વો તેનાં ગુણગાન ગાવા લાગ્યા; દેવોનાં દુંદુભિ—નગારાં વાગવા લાગ્યાં અને નાચનારીઓ હર્ષપૂર્વક નાચવા લાગી.[૩૯-૪૧] બીજી તરફ વાયુ, અગ્નિ તથા વરુણ વગેરે બીજા દેવો પણ, કેસરી સિંહો જેમ મૃગોને મારે, તે રીતે અસ્ત્રોના સમૂહથી શત્રુઓનો સંહાર કરી રહ્યા હતા.[૪૨] એ રીતે હે રાજા! દાનવોનો સંહાર થતો જોઇને બ્રહ્માએ, દેવર્ષિ નારદને દેવો પાસે મોકલ્યા; એટલે તેમણે દેવોને આ પ્રમાણે કહી અટકાવ્યા.[૪૩]

નારદજી બોલ્યા:—'તમોએ નારાયણ ભગવાનની ભુજાઓનો આશ્રય કરી અમૃત મેળવ્યું છે અને તમે સંપત્તિથી સમૃદ્ધ પણ થયા છો; માટે તમે સર્વે લડાઇ બંધ કરો.'[૪૪]

શ્રીશુકદેવજી બોલ્યા:—"નારદ ઋષિનાં એ વચનને માન આપી દેવોએ ક્રોધના આવેશને વશ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્યો અને પછી પોતાનાં ગુણગાન ગાતા અનુચરો સાથે સર્વે સ્વર્ગમાં ગયા. બીજી તરફ જેઓ રણમાં બચી ગયા હતા, તે અસુરો પણ નારદજીની સંમતિથી મરણ પામેલા બલિરાજાને લઇને અસ્તાચલ પર્વત સમીપ ગયા.[૪૫।૪૬] અને જેઓના અવયવો નાશ પામ્યા ન હતા તથા જેઓનાં ડોકાં હયાત હતાં તે સઘળા અસુરોને શુક્રાચાર્યે પોતાની સંજીવિની નામની વિદ્યાથી સજીવન કર્યા.[૪૭] બલિરાજા પણ શુક્રાચાર્યના સ્પર્શ થતાંજ પુનઃ ઇન્દ્રિયસ્મૃતિને પ્રાપ્ત થયો અને પોતે પરાજય પામ્યો હતો; તોપણ લોકતત્ત્વને જાણતો હોવાથી તેણે (મનમાં) ખેદ ન કર્યો."[૪૮]

बलिश्चोशनसा स्पृष्टः प्रत्यापन्नेंद्रियस्मृतिः ।
पराजितोऽपि नाखिद्यल्लोकतत्त्वविचक्षणः ॥४८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

મોહિનીસ્વરૂપથી શંકર મોહ પામ્યા

॥ श्रीबादरायणिरुवाच ॥

वृषध्वजो निशम्येदं योषिद्रूपेण दानवान् ।
मोहयित्वासुरगणान् हरिः सोममपाययत् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" શ્રી હરિએ, સ્ત્રીસ્વરૂપથી દાનવોને મોહ પમાડી દેવગણોને અમૃત પાયું; એ હકીકત સાંભળીને મહાદેવજી પોતાના પોઠિયા પર બેસીને દેવી પાર્વતી સાથે સર્વ ભૂતગણોથી વીંટાઇને શ્રીભગવાન બિરાજે છે ત્યાં તેમનું એ સ્ત્રીસ્વરૂપ જોવા માટે ગયા.[૧।૨] ભગવાને પાર્વતીજી સાથે શંકરનો આદરપૂર્વક સત્કાર કર્યો; એટલે શંકરે પણ સામેથી સત્કાર કરીને યોગ્ય આસને બેસી હસતાં હસતાં શ્રીહરિને આ પ્રમાણે કહ્યું.[૩]

શ્રીમહાદેવજી બોલ્યાઃ–' હે દેવોના દેવ! હે જગદ્વ્યાપિન્! હે જગતના ઈશ્વર! હે જગતમય! આપ સર્વ પદાર્થોના કારણ, ઈશ્વર અને આત્મા છો.[૪] જેનાથી આ જગતના આદિ, મધ્ય તથા અંત થાય છે; જે અવિનાશીના આદિ, મધ્ય કે અંત નથી; જે આ દશ્યસ્વરૂપ છે; 'હું' એવા અહંકારનું જે સ્થાન છે, જે ભોગ્ય અને ભોક્તા પણ છે, તે સત્ય અને જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ આપજ છો.[૫] માટેજ કેવળ (મોક્ષરૂપ) કલ્યાણનીજ ઇચ્છાવાળા અને સર્વ કામનાઓનો ત્યાગ કરનારા મુનિઓ આ લોક તથા પરલોકના સંગનો ત્યાગ કરી આપનાજ ચરણકમળની સારી રીતે ઉપાસના કરે છે.[૬] આપ કેવળ સુખસ્વરૂપ, ત્રણ ગુણોથી રહિત, શોકરહિત, માત્ર આનંદસ્વરૂપ, નિર્વિકાર, જેનાથી બીજું કંઈ પણ નથી અને જે સર્વથી ભિન્ન છે, તે પરિપૂર્ણ બ્રહ્મ છો; છતાં પણ આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, તથા લયના કારણ છો, જીવોના ઈશ્વર છો અને તેઓને તે તે ફળના આપનારા છો; તોપણ તે જીવોની આપને કંઇ પણ અપેક્ષા નથી. (જેમ રાજાને તેના સેવકોની અપેક્ષા હોય છે તેમ.) પરંતુ જીવોનેજ આપની અપેક્ષા છે. (માટે આપનું ઐશ્વર્ય કેવળ ભક્તોનાજ અનુગ્રહ માટે છે; આપને પોતાને માટે નથી.) જેમ કુંડળ વગેરે આકૃતિરૂપ (દ્વૈતભાવવાળું) સોનું તથા આકૃતિ વગરનું કેવળ (અદ્વૈતભાવવાળું) સોનું તે એકજ (સોનુંજ) છે, તેમ કાર્ય–કારણરૂપ દ્વૈત અને પરમકારણરૂપ અદ્વૈત તે (બધું) કેવળ આપ એકજ છો; વસ્તુતઃ આપને વિષે કોઇ પ્રકારનો ભેદજ નથી, છતાં લોકોએ અજ્ઞાનથી આપને વિષે ભેદ કલ્પેલો છે; કેમકે આપ તો કેવળ નિરુપાધિસ્વરૂપજ છો, તોપણ આપમાં ભેદ જોવામાં આવે છે, તે કેવળ ગુણોને લીધેજ છે; (સ્વતઃ આપ વિષે ભેદ નથી.)[૭।૮] ×અને તે-

* આ અધ્યાયમાં મોહિનીસ્વરૂપના વિલાસો જોવા માટે ઉત્સુક થયેલા શંકરને શ્રીહરિએ મોહિત કર્યા તે પછી તેમનું સાંત્વન કર્યું, એ કથા કહેવાશે. –શ્રીધર

× તેથીજ અનેક વિદ્વાનો આપનું અનેક પ્રકારે વર્ણન કરે છે; પણ વસ્તુતઃ આપને કોઇ જાણી શકતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થીજ કેટલાક વિદ્વાનો (વેદાંતીઓ) આપને બ્રહ્મ માને છે; કેટલાક વિદ્વાનો (મીમાંસકો) આપનેજ ધર્મ માને છે, કેટલાક વિદ્વાનો (સાંખ્યશાસ્ત્રીઓ) આપનેજ પ્રકૃતિ તથા પુરુષથી પર રહેલા પરમેશ્વર માને છે; બીજા કેટલાક વિદ્વાનો (પંચરાત્રશાસ્ત્રીઓ) §નવ શક્તિઓથી યુક્ત પરમેશ્વર માને છે અને બીજા કેટલાક (પાતંજલયોગીઓ) આપને સ્વતંત્ર તથા અવિનાશી એવા મહાપુરુષ માને છે.[૯] હે ઈશ્વર! હું, બ્રહ્મા તથા મરીચિ વગેરે ઋષિઓ કે જેઓ સત્ત્વગુણથીજ સરજાયા છીએ, છતાં આપે રચેલા આ જગતને વાસ્તવિક રીતે જાણતા નથી, તો પછી આપને તો ક્યાંથીજ જાણી શકીએ! અને (અમે નથી જાણી શકતા તો) જેઓની ઉત્પત્તિ રજોગુણ તથા તમોગુણમાંથી હોય છે તેવા અને આપની માયાથી મોહિત મનવાળા દૈત્યો અને મનુષ્યો વગેરે તો આ જગતને તથા આપને વસ્તુતઃ નજ જાણે એમાં શું કહેવાનું હોય?[૧૦] આપ તે જ્ઞાનસ્વરૂપ અને સર્વના આત્મા છો; તેથી વાયુની પેઠે સ્થાવર-જંગમ સઘળા જગતમાં અને આકાશમાં વ્યાપી રહેલા છો અને તેથી આપે પોતેજ રચેલા આ જગતનાં જન્મ, સ્થિતિ, નાશ, પ્રાણીમાત્રની ચેષ્ટા, સંસારમાં થતા બંધ અને મોક્ષ એ સર્વને આપ તો જાણોજ છો.[૧૧] આપ જે ગુણો સાથે ક્રીડા કરો છો, તે આપના સર્વ અવતારો મેં જોયા છે; પણ આપે હમણાં જે સ્ત્રીનું શરીર ધારણ કર્યું હતું, (તે મેં જોયું નથી, માટે) તેને હું જોવા ઇચ્છું છું.[૧૨] આપે એ સ્ત્રીના સ્વરૂપથી દૈત્યોને મોહિત કર્યા હતા અને દેવોને અમૃત પાયું હતું; તે આપના સ્ત્રીસ્વરૂપને જોવાની ઇચ્છાથી અમે અહીં આવ્યા છીએ; કારણ કે તે જોવાની અમને ઉત્કટ ઇચ્છા છે.[૧૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"એ પ્રમાણે શંકરે, ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરી એટલે ગંભીરભાવે ખૂબ હસીને ભગવાને તેમને કહ્યું.[૧૪]

શ્રી ભગવાન બોલ્યાઃ-'જ્યારે અમૃતનો કળશ (દૈત્યોના હાથમાં) ગયો, ત્યારે દેવોના કાર્ય તરફ દૃષ્ટિ કરીને મેં દૈત્યોને મોહ ઉપજાવવા માટે સ્ત્રી-વેષ ધારણ કર્યો હતો.*[૧૫] હે દેવોમાં શ્રેષ્ઠ મહાદેવજી! તમે મારા એ સ્વરૂપને જોવા ઇચ્છો છો, માટે કામી પુરુષોને બહુ માન્ય થઇ પડેલું અને કામદેવનો જેથી ઉદય થાય છે, તેવું એ સ્વરૂપ હું તમને બતાવું છું.[૧૬] એમ કહેતાંજ ભગવાન ત્યાં અંતર્ધાન થઇ ગયા અને મહાદેવજી પાર્વતીની સાથે ચારે તરફ નજર ફેરવતા ત્યાં બેસી રહ્યા. તેવામાં જાતજાતનાં પુષ્પો તથા લાલ નવાં પાંદડાંઓથી લચી રહેલાં વૃક્ષોવાળા એક બગીચામાં શંકરે એક સુંદર સ્ત્રીને જોઈ; તે સ્ત્રી દડાની રમતથી રમતી હતી અને રેશમી વસ્ત્રથી ઢાંકેલા તેણીના નિતંબ ઉપર (સોનાનો) કંદોરો શોભી રહ્યો હતો.[૧૭।૧૮] (દડાની રમતમાં) દડો ઊંચે જતો હતો અને નીચે પડતો હતો, તેથી તે સ્ત્રી પણ નીચે નમતી હતી અને ઊંચે કૂદતી હતી; તેને લીધે ઊંચે-નીચે લચકાતાં તેણીનાં સ્તન ઉપર જે ઉત્તમ હારનો મોટો ભાર હતો, તેથી પગલે પગલે કેડમાંથી ભાંગી પડતી હોય તેમ તે જણાતી હતી અને ચાલતાં કૂણાં પાંદડાં જેવા કોમળ પગને આમતેમ મૂકતી હતી.[૧૯] દિશાઓમાં આમતેમ ઊછળતા દડાની ચંચળતાથી તેણીનાં વિશાળ નેત્રો પણ આમતેમ ફરતી કીકીઓવાળાં બહુ ચંચળ થઇ રહ્યાં હતાં. પોતાના કાનમાં ઝળહળતાં કુંડળો તેણીએ ધારણ કરેલાં

નથી. એ આશય અહીંથી બે શ્લોકમાં કહે છે. -શ્રી.

§ વિમલા, ઉત્કર્ષણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્વી, સત્યા, ઈશાના અને અનુગ્રહા, એ નવ શક્તિઓથી યુક્ત ઈશ્વર છે; એમ પંચરાત્રશાસ્ત્રગામીઓ કહે છે.-શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે ઉન્મત્ત દૈત્યોને ઠગીને અમૃત તો અવશ્ય દેવોનેજ આપવું હતું અને એવી વિષમતા બીજા કોઇ પણ રૂપથી કરવી મને યોગ્ય જણાઇ નહિ, તેથી ઠગવું અને મોહ ઉપજાવવો વગેરે જેતો સાર છે, એવું સ્ત્રીનું સ્વરૂપ મેં લીધું હતું.-શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોવાથી તેણીના બન્ને ગાલ ઘણાજ શોભતા હતા અને કાળા કેશથી તેણીનું મુખ પણ સુશોભિત જણાતું હતું.[૨૦] ઢીલાં પડી જતાં પહેરેલાં વસ્ત્રને તથા વીખરાઈ પડેલા કેશપાશને પોતાના સુંદર ડાબા હાથે તેણી બાંધ્યે જતી હતી અને બીજા હાથે દડાને મારતી પોતાના વિલાસોથી જગતને મોહિત કરતી હતી.[૨૧] આવી તે સ્ત્રીને જોઇને દેવ શંકરે પોતાના આત્માને, પોતાની સમીપ ઊભેલાં પાર્વતીને તથા પોતાના ગણોને પણ જાણ્યા નહિ; કેમકે દડાની રમતમાં જરા લજ્જાને લીધે અસ્પષ્ટ મંદ હાસ્ય કરીને તે સ્ત્રીએ જે કટાક્ષો ફેંક્યા હતા, તેથી મહાદેવજી ઠગાઈ ગયા હતા અને તેમનું મન એ સ્ત્રીના દર્શનથી અને તેણીએ સામેથી ફેંકેલા દષ્ટિપાતથી વિહ્વળ બની ગયું હતું.[૨૨] એવામાં પેલો દડો એ સ્ત્રીના હાથમાંથી ઘણો દૂર જઈ પડ્યો; તેથી એ સ્ત્રી એની પાછળ જ્યારે દોડી, ત્યારે વાયુએ મહાદેવજીના દેખતાં તેણીના સૂક્ષ્મ વસ્ત્રને કંદોરાની સાથે હરી લીધું.[૨૩] આમ જ્યારે તે વસ્ત્રરહિત દેખાઈ ત્યારે તો તે સુંદર કટાક્ષવાળી સુંદરીને જોઇને મહાદેવજીનું મન તેણીમાં આસક્ત થઈ ગયું. કેમકે તે વેળા એ સ્ત્રી જોવાલાયક જણાતી હતી; મનને આનંદ ઉપજાવતી હતી અને શંકરમાં પોતાનો આસક્તિભાવ જણાવતી હતી.[૨૪] તે સ્ત્રીએ શંકરદેવના જ્ઞાનને હરી લીધું અને તેણીએ ઉત્પન્ન કરેલા કામથી મહાદેવજી તો વિહ્વળજ થઈ ગયા, જેથી લજ્જાનો ત્યાગ કરી દઇને પાર્વતીના દેખતાં તેણીના પગલે પગલે તે જવા લાગ્યા.[૨૫] પેલી સ્ત્રી તો વસ્ત્રરહિત હતી; તેથી શંકરને આવતા જોઈ તે ઘણીજ શરમાઈ ગઇ અને વૃક્ષોમાં છુપાતી છુપાતી ને (મહાદેવને ઉદ્દેશી) હસતી હસતી ક્યાંય ઊભીજ ન રહી;[૨૬] એટલે ભગવાન શંકર, જેમ કોઈ હાથી હાથણી પાછળ પડે, તેમ એ સ્ત્રીની પાછળ પડ્યા. કેમકે તેમની ઇન્દ્રિયો તે વેળા હરાઈ ગઈ હતી અને તે કામદેવને વશ થઈ પડ્યા હતા.[૨૭] મહાદેવજી ઘણા વેગથી તેણીની પાછળ દોડી ગયા અને તે સ્ત્રી ઇચ્છતી ન હતી; તોપણ તેણીને પકડી પાડી અને તેણીના કેશપાશ પકડી (ખેંચીને) બન્ને ભુજાઓથી તેણીને ભેટી પડ્યા. એ પ્રમાણે ભગવાન શંકરે તે મોહિનીને પોતાની બાથમાં લીધી, ત્યારે જેમ હાથીએ પકડેલી હાથણી (છૂટવા માટે) આમતેમ તરફડિયાં મારે, તેમ તે તરફડિયાં મારતી હતી અને તેણીના કેશ પણ વીખરાઈ ગયા હતા. હે રાજા! (માંડમાંડ) મહાદેવજીના બાહુઓની વચ્ચેથી પોતાને છોડાવી મોટા નિતંબોવાળી તે દેવસર્જિત માયા ત્યાંથી નાઠી.[૨૮–૩૦] એટલે શંકર પણ પોતાના શત્રુ કામદેવથી જીતાઇ ગયા હોય તેમ એ અદ્ભુત કર્મ કરનાર વિષ્ણુના માર્ગે દોડી જવા લાગ્યા.[૩૧] જેમ કોઇ ગર્ભધારણને યોગ્ય થયેલી ગાયની પાછળ એક મહોન્મત્ત સાંઢ દોડે અને તે વેળા તેનું વીર્ય સ્ખલિત થતું જાય, તેમ એ મોહિની પાછળ દોડી જતા તે અમોઘ વીર્યવાળા શંકરનું વીર્ય પણ તે વેળા સ્ખલિત થઇ રહ્યું હતું.[૩૨] હે રાજા! મહાત્મા શંકરનું વીર્ય તે વખતે જ્યાં જ્યાં પડ્યું હતું, ત્યાં ત્યાં રૂપાનાં તથા સોનાનાં ક્ષેત્રો થયાં હતાં. નદીઓ, તળાવો, પર્વતો, વનો તથા ઉપવનોમાં અને જ્યાં જ્યાં ઋષિઓ બિરાજતા હતા, ત્યાં ત્યાં પણ મહાદેવજી તે મોહિની પાછળ દોડી ગયા હતા.+[૩૩,૩૪] હે રાજાઓમાં શ્રેષ્ઠ! વીર્ય ઝરી ગયા પછી તે શંકરે પોતાના આત્માને દેવની માયાથી મોહિત થયેલો તથા જડ થયેલો જોયો અને પછી તે મોહથી પોતે નિવૃત્ત થયા.[૩૫] તેમણે જગતના આત્મા ને પો-

+ આ શ્લોકથી એ સૂચવ્યું છે કે, ભગવાને મોહિનીસ્વરૂપમાં શંકરને કેવો મોહ થયો છે, તે ઋષિઓનાં સ્થાનોમાં જઇ ઋષિઓને શિખામણ આપવા માટે દર્શાવ્યું હતું અને ઇન્દ્રિયોને જીતવા ઇચ્છનારાઓએ સ્ત્રીના દર્શન વગેરેનો પણ ત્યાગ કરવો જોઇએ, એમ જણાવ્યું હતું. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તાના પણ આત્મા ભગવાનનું માહાત્મ્ય જાણ્યું અને જેમનું પરાક્રમ જાણવાને અશક્ય છે એવા તે ભગવાનના સંબંધમાં તે આશ્ચર્ય ન માન્યું. પછી તે શંકરને વ્યાકુળતારહિત તથા લજ્જારહિત જોઇને અત્યંત પ્રસન્ન થયેલા મધુસૂદન–ભગવાન પોતાનું પુરુષશરીર પ્રકટ કરીને (આ પ્રમાણે) કહેવા લાગ્યા.[૩૬,૩૭]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે મહાદેવ! તમે મારી સ્ત્રીરૂપ માયાથી પહેલાં યથેષ્ટ મોહિત થયા હતા; તોપણ પાછા પોતાની મેળેજ સ્વસ્વરૂપમાં સ્થિતિ પામ્યા તે બહુ સારું થયું.[૩૮] મારી માયા, કે જે તે તે ભાવોને સૃજી રહી છે અને અજ્ઞાનીઓથી મહાદુઃખે તરી શકાય તેવી છે, તેને તમારા વિના બીજો કયો પુરુષ (તેમાં આસક્ત થઇ) તરી શકે તેમ છે?[૩૯] હું સૃષ્ટિ આદિનું નિમિત્ત અને કાળરૂપ છું; તે મારી સાથે રજોગુણ આદિ વિભાગપૂર્વક રહેનારી છતાં પણ ગુણમય એવી મારી આ માયા હવે પછી (આ રીતે પણ) તમારો પરાભવ કરશે નહિ.'[૪૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! એ પ્રમાણે શ્રીવત્સના ચિહ્નવાળા ભગવાને સત્કાર કર્યો; એટલે શંકર, પોતાના ગણો સાથે તેમને પ્રદક્ષિણા કરી આજ્ઞા લઇને પોતાને સ્થાને ગયા. હે ભરતવંશી રાજા! તે પછી ભગવાન શંકરે પોતાની સ્તુતિ કરતા ઋષિઓની મધ્યે ભગવાનના અંશરૂપ તે માયાનું પાર્વતી પ્રત્યે પ્રેમથી આવું વર્ણન કર્યું હતુંઃ[૪૧,૪૨] 'હે પાર્વતિ! તમે એ સર્વોત્કૃષ્ટ અજન્મા દેવ પરપુરુષની માયાને જોઇ હતી ને? જે માયાથી ભગવાનના અંશોમાં સૌથી શ્રેષ્ઠ હું, સ્વતંત્ર છતાં મોહિત થયો હતો, તો પછી જેઓ સ્વતંત્ર નથી તેઓ મોહિત થાય એમાં શું કહેવાનું હોય?[૪૩] હું પહેલાં એક હજાર વર્ષના અંતે યોગથી જ્યારે ઉપરામ પામ્યો હતો, ત્યારે તમે મારી સમીપ આવીને જે સંબંધે પૂછ્યું હતું; તેજ એ સાક્ષાત્ પુરાણ પુરુષ હતા, કે જેમાં કાળ કે વેદ પણ પ્રવેશ કરી શકતા નથી–અર્થાત્ સર્વસંહારક કાળ પણ જ્યાં કંઇ કરી શકતો નથી અને સર્વ પદાર્થોનું નિરુપણ કરનાર વેદ પણ જેમના સ્વરુપનું નિરુપણ કરી શકતો નથી.'[૪૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે તાત! એ પ્રમાણે સમુદ્રમંથનના સમયે જેમણે પોતાની પીઠ પર મહાપર્વત મંદરાચલને ધારણ કર્યો હતો, તે શાર્ઙ્ગ ધનુષ ધારણ કરનારા ભગવાનનું પરાક્રમ મેં તમને કહ્યું.[૪૫] જે મનુષ્ય આ ચરિત્રનું વારંવાર કીર્તન કરે છે તથા શ્રવણ કરે છે તેના ઉદ્યમનો કોઈ સ્થળે કદી નાશ થતો નથી; કારણ કે ભગવાનના ગુણોનું વર્ણન તે સંસારના સમસ્ત પરિશ્રમોનો વિનાશ કરનારું છે.[૪૬] જે ભગવાને માયાથી સ્ત્રીવેષ ધારણ કરી રાક્ષસોને મોહ ઉપજાવ્યો હતો અને દુષ્ટ પુરુષોને દુર્લભ તથા ભક્તિથી પ્રાપ્ત કરવા યોગ્ય એવા પોતાના ચરણનો આશ્રય કરનારા ઉત્તમ દેવોને સમુદ્રમંથનથી ઉત્પન્ન થયેલું અમૃત પાયું હતું, તે શરણાગતોની કામના પૂરનાર ભગવાનને હું પ્રણામ કરું છું."[૪૭]

असदविषयमंघ्रिं भावगम्यं प्रपन्ना-
नमृतममरवर्यानाशयत्सिंधुमथ्यम् ।
कपटयुवतिवेषो मोहयन्यः सुरारीं-
स्तमहमुपसृतानां कामपूरं नतोऽस्मि ॥४७॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १३ मो×

સાતમા મન્વંતરથી આરંભીને સર્વ મન્વંતરોનું વર્ણન

॥ શ્રીશુક ઉવાચ ॥

मनुर्विवस्वतः पुत्रः श्राद्धदेव इति श्रुतः ।
सप्तमो वर्तमानो यस्तदपत्यानि मे शृणु ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા–" સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ નામનો મનુ જે હાલમાં છે, તેનાં સંતાનો તમે મારી પાસેથી સાંભળો.[૧] હે શત્રુતાપન રાજા! ઇક્ષ્વાકુ, નભગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, નાભાગ, સાતમો દિષ્ટ, કરૂષ, પૃષધ્ર અને દશમો વસુમાન–આ દશ વૈવસ્વત મનુ (શ્રાદ્ધદેવ)ના પુત્રો છે.[૨-૩] હે રાજન્! આ મનુના સમયમાં આદિત્યો, વસુઓ, રુદ્રો, વિશ્વેદેવાઓ, મરુદ્ગણો, બે અશ્વિનીકુમારો તથા ઋભુઓ દેવતાઓ છે અને એનો ઇન્દ્ર પુરંદર નામે છે.[૪] તેમજ કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ, આ સાત ઋષિઓ છે.[૫] આ મનુના સમયમાં પણ કશ્યપ અને અદિતિથી ભગવાનનો જન્મ થયો હતો. એ વિષ્ણુ ભગવાન અદિતિના પુત્રોમાં સૌથી નાના હતા અને તેમણે વામનસ્વરૂપ ધારણ કર્યું હતું.[૬] આ રીતે (થઇ ગયેલા) સાત મન્વંતરો મેં તમને ટૂંકમાં કહ્યા; હવે વિષ્ણુની શક્તિથી યુક્ત એવા ભવિષ્યના મન્વંતરો હું તમને કહું છું.[૭] હે રાજેન્દ્ર! વિવસ્વત (સૂર્ય)ને વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા તથા છાયા નામની બે સ્ત્રીઓ છે; જે પ્રથમ મેં તમને કહી છે.[૮] કેટલાક વળી કહે છે કે, તેને વડવા નામે ત્રીજી સ્ત્રી પણ હતી. તેઓમાં સંજ્ઞા નામની જે સ્ત્રી છે તેના યમ, યમી÷ તથા શ્રાદ્ધદેવ નામનાં ત્રણ સંતાનો થયાં. હવે છાયાનાં સંતાનો તમે સાંભળો.[૯] સાવર્ણિ, તપતી નામની કન્યા કે જે સંવરણની સ્ત્રી થઇ હતી અને ત્રીજો શનૈશ્વર–આટલાં છાયાનાં સંતાનો થયાં. સૂર્યની જે વડવા નામે ત્રીજી સ્ત્રી હતી, તેના બે અશ્વિનીકુમાર પુત્ર થયા.[૧૦] હે રાજા! જ્યારે આઠમો મન્વંતર આવશે ત્યારે સાવર્ણિ મનુ થશે અને નિર્મોક તથા વિરજસ્ક વગેરે સાવર્ણિના પુત્રો થશે.[૧૧] તે સમયે સુતપસ્, વિરજ તથા અમૃતપ્રભ નામે દેવો થશે અને વિરોચનનો પુત્ર બલિ તેઓનો ઇન્દ્ર થશે.[૧૨] જે બલિરાજાએ (સાતમા મન્વંતરમાં) ત્રણ પગલાંની યાચના કરતા વિષ્ણુને આ પૃથ્વી આપી દીધી હતી તે, (આઠમા મન્વંતરમાં વિષ્ણુ ભગવાનની કૃપાથી) પ્રાપ્ત થયેલા ઇન્દ્રપદનો ત્યાગ કરી મોક્ષ પામશે.[૧૩] વળી જે બલિરાજાને ભગવાને પ્રથમ બાંધ્યો હતો, પણ પાછા પ્રસન્ન થઇ સ્વર્ગ કરતાં પણ અધિક એવા સુતલમાં સ્થાપ્યો છે, જ્યાં હમણાં તે ઇન્દ્રની પેઠે રહે છે.[૧૪] હે રાજન્! એ સાવર્ણિ મન્વંતરમાં ગાલવ, દીપ્તિમાન, પરશુરામ, અશ્વત્થામા, કૃપાચાર્ય, ઋષ્યશૃંગ તથા અમારા પિતા ભગવાન વ્યાસ–આ સાત ઋષિઓ થશે; જેઓ હાલમાં પોતપોતાના આશ્રમોમાં પોતાના યોગપ્રભાવથી રહે છે.[૧૫-૧૬] વળી તે વેળા દેવગુહ્ય નામના પુરુષથી સરસ્વતી નામની સ્ત્રીમાં 'સાર્વભૌમ' નામે ભગવાન અવતાર લેશે અને સાતમા મન્વંતરના ઇન્દ્ર પાસેથી તેનું સ્થાન પડાવી લઈ બલિરાજાને અર્પણ કરશે.[૧૭] હે રાજા! તે પછી નવમો દક્ષસાવર્ણિ નામે મનુ, વરુણનો પુત્ર થશે અને ભૂતકેતુ તથા દીપ્તકેતુ વગેરે તેના પુત્રો થશે. તેના સમયમાં પાર અને મરીચિગર્ભ વગેરે દેવો થશે; અદ્ભુત નામે ઇન્દ્ર અને દ્યુતિમાન વગેરે ઋષિઓ થશે. વળી તે વખતે આયુષ્માનથી અંબુધારા નામની સ્ત્રીમાં 'ઋષભ' નામે ભગવાનનો અંશ અવતરશે; જેમણે આપેલા ત્રૈલોક્યને 'અદ્ભુત' નામે ઇન્દ્ર ભોગવશે.[૧૮-૨૦] પછી

× આ અધ્યાયમાં સાતમાથી આરંભી સર્વ છ પ્રકારના મન્વંતરોનું જુદું જુદું વર્ણન કરાશે.—શ્રીધર

÷ યમી એટલે યમુના. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપશ્લોકનો પુત્ર દશમો બ્રહ્મસાવર્ણિ નામે મહાન મનુ થશે; તેના પુત્રો ભૂરિષેણ વગેરે થશે; હવિષ્માન્, સુકૃતિ, સત્ય, જય, તથા મૂર્તિ વગેરે તે કાળના ઋષિઓ થશે; સુવાસન, વિરુદ્ધ વગેરે દેવો તથા 'શંભુ' નામે ઇન્દ્ર થશે.[૨૧-૨૨] વળી તે વખતે પણ વિશ્વસૃજને ઘેર વિષૂચી નામની સ્ત્રીમાં ભગવાન પોતાના અંશથી અવતરશે અને તે વખતના 'શંભુ' નામના ઇન્દ્રની સાથે મિત્રતા કરશે.[૨૩] તે પછી આત્મવેત્તા ધર્મસાવર્ણિ નામનો અગિયારમો મનુ થશે અને સત્ય, ધર્મ વગેરે તેના દશ પુત્રો થશે.[૨૪] તે સમયે વિહંગમ, કામગમ, તથા નિર્વાણરુચિ નામના દેવો, વૈધૃત નામનો તેઓનો ઇન્દ્ર અને અરુણ વગેરે ઋષિઓ થશે.[૨૫] તે મન્વંતરમાં આર્યકથી વૈધૃતા સ્ત્રીમાં શ્રીહરિના અંશરૂપ 'ધર્મસેતુ' નામે પુત્ર ઉત્પન્ન થશે અને ત્રણે લોકનું રક્ષણ કરશે.[૨૬] હે રાજન્! તે પછી બારમો રુદ્રસાવર્ણિ નામે મનુ થશે. દેવવાન, ઉપદેવ તથા દેવશ્રેષ્ઠ નામના તેના પુત્રો થશે; હરિત વગેરે દેવો થશે; ઋતધામા નામે ઇન્દ્ર અને તપોમૂર્તિ, તપસ્વી તથા આગ્નીધ્રક વગેરે ઋષિઓ થશે.[૨૭-૨૮] તેમજ સત્યસહસ્ તથા સૂનૃતાનો પુત્ર 'સ્વધામ' નામનો શ્રીહરિનો અંશ તે મન્વંતરનું પાલન કરશે.[૨૯] પછી દેવસાવર્ણિ નામે તેરમો આત્મજ્ઞાની મનુ થશે; ચિત્રસેન તથા વિચિત્ર વગેરે તેના પુત્રો થશે; સુકર્મા તથા સુત્રામા નામના દેવો થશે; દિવસ્પતિ નામનો તેઓનો ઇન્દ્ર થશે; નિર્મોક તથા તત્ત્વદર્શી વગેરે તે વખતે ઋષિઓ થશે અને દેવહોત્રની બૃહતી નામની સ્ત્રીમાં 'યોગેશ્વર' નામે શ્રીહરિનો અંશ ઉત્પન્ન થશે; જે તે વખતના 'દિવસ્પતિ' ઇન્દ્રને ત્રૈલોક્યનું રાજ્ય અર્પણ કરશે.[૩૦-૩૨] પછી ચૌદમો મનુ ઇન્દ્રસાવર્ણિ થશે; તેના ઉરુબુદ્ધિ તથા ગંભીરબુદ્ધિ વગેરે પુત્રો થશે; પવિત્ર તથા ચાક્ષુષ નામના દેવો અને શુચિ નામે ઇન્દ્ર થશે; અગ્નિ, બાહુ, શુચિ, શુદ્ધ તથા માગધ વગેરે ઋષિઓ થશે અને સત્રાયણની વિતાના નામની સ્ત્રીમાં 'બૃહદ્ભાનુ' નામના પુત્ર તરીકે શ્રીહરિ અવતાર લેશે. હે મહારાજ! તે ભગવાન વેદના કર્મમાર્ગનો વિસ્તાર કરશે. હે રાજન્! ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળમાં થનારા આ ચૌદ મન્વંતરો મેં તમને કહ્યા. આ ચૌદ મન્વંતરનો સમય એક હજાર યુગ સુધીનો હોય છે, જેનું બીજું નામ 'કલ્પ' કાળ કહેવાય છે.[૩૩-૩૬] (*હે રાજેન્દ્ર! આ ચૌદ મનુઓની કથાનું જે મનુષ્ય શ્રવણકીર્તન કરે છે, તેના ઉપર વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે.)"

चतुर्दशमनूनां च कथां यः कीर्तयेन्नरः ।
शृणुयाद् वापि राजेन्द्र तस्य विष्णुःप्रसीदति ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો+

મનુ વગેરેનાં જુદાં જુદાં કર્મો

॥ राजोवाच ॥

मन्वंतरेषु भगवन् यथा मन्वादयस्त्विमे ।
यस्मिन् कर्मणि ये येन नियुक्तास्तद्वदस्व मे ॥१

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે ભગવન્! આ (તમે કહેલા) મનુ વગેરે પોતપોતાના સમયમાં જે જે કર્મમાં જેનાથી પ્રેરણા પામીને જે પ્રમાણે જોડાયલા રહે છે, તે આપ મને કહો."[૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે રાજા! મનુઓ, મનુઓના પુત્રો, મુનિઓ, ઇન્દ્રો તથા દેવગણો–એ સર્વે (તે તે કાળમાં) યજ્ઞ આદિ અવતાર ધારણ કરનારા પમેશ્વરનીજ આજ્ઞામાં રહે છે.[૨] હે રાજન્! મેં તમને જે જે યજ્ઞ આદિ પરમેશ્વરના અવતારો કહ્યા તેઓની પ્રેરણા પામીને મનુ વ-

* આ શ્લોકમાં ક્ષેપક છે. —भा. क.
\+ આ અધ્યાયમાં ભગવાનને વશ રહેનારા સર્વ મનુ વગેરેનાં જુદાં જુદાં કર્મો વર્ણવવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગેરે જગતનો નિર્વાહ કરે છે.[3] ચાર યુગોના અંતે જ્યારે વેદના સમૂહો કાળે કરીને વિનાશ પામે છે, ત્યારે સપ્તર્ષિઓ, તે વેદસમૂહોનો તપોબળથી સાક્ષાત્કાર કરે છે, કે જે વેદોમાંથી સનાતન ધર્મ પુનઃ ચાલુ થાય છે.[4] તે પછી શ્રીહરિથી આજ્ઞા કરાયલા મનુઓ, બરાબર સાવધાન થઇને તે ચાર ચરણોવાળા ધર્મને પોતપોતાના કાળમાં પૃથ્વી પર સાક્ષાત્ ચાલુ કરે છે;[5] એટલે પ્રજાઓનું પાલન કરનારા મનુના પુત્ર વગેરે તે તે મનુનો સમય પૂરો થાય ત્યાંસુધી પુત્રપૌત્રાદિ ક્રમથી તે ધર્મનું પાલન કરે છે અને યજ્ઞના ભાગને ભોગવનારા દેવો તથા જે કોઇ તે તે મનુ વગેરેને અનુસરનારા હોય છે તેઓ પણ એ મનુ વગેરેની સાથે ધર્મનું પાલન કરે છે.[6] ઇન્દ્ર, ભગવાને અર્પણ કરેલી ત્રણ લોકની ઉત્તમ લક્ષ્મીને ભોગવતો ત્રણે લોકનું રક્ષણ કરે છે અને ઇચ્છાનુસાર લોકમાં જળવૃષ્ટિ કરે છે.[7] શ્રીહરિ (સનકાદિક) સિદ્ધોનું તથા (યાજ્ઞવલ્ક્યાદિ) ઋષિઓનું સ્વરૂપ ધારણ કરી યુગે યુગે જ્ઞાનનો ઉપદેશ કરે છે અને (દત્તાત્રેય આદિ) યોગેશ્વરોનું સ્વરૂપ ધારણ કરીને કર્મયોગનો ઉપદેશ કરે છે;[8] તેમજ (મરીચિ વગેરે) પ્રજાપતિઓનું સ્વરૂપ ધારણ કરીને પ્રજાસૃષ્ટિને રચે છે; રાજાનું સ્વરૂપ ધારણ કરીને ચોર—લૂંટારાઓનો નાશ કરે છે અને કાળસ્વરૂપે સર્વના વિનાશ માટે થાય છે. આ રીતે ભગવાન એકજ જુદા જુદા ગુણો ધારણ કરે છે.[9] એ ભગવાનને મનુષ્યો નામરૂપાત્મક માયાથી મોહિત થઇને અનેક શાસ્ત્રોથી વર્ણવે છે, તોપણ તેમનું નિશ્ચયાત્મક જ્ઞાન થઇ શકતું નથી.[10] આ તો મેં તમારી આગળ કલ્પવિકલ્પ એટલે મહાકલ્પના પેટા કલ્પનું પ્રમાણ કહ્યું છે; જેમાં પૂર્વના વિદ્વાનો ચૌદ મન્વંતરોને કહે છે—ચૌદ મન્વંતરો આ અવાંતર કલ્પમાંજ થઈ જાય છે, એમ કહે છે."[11]

અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૫ મો*

બલિરાજાએ વિશ્વજિત્ યજ્ઞ કરી સ્વર્ગને જીતી લીધું

॥ राजोवाच ॥

बलेः पदत्रयं भूमेः कस्माद्धरिरयाचत ।
भूत्वेश्वरः कृपणवल्लब्धार्थोऽपि बबंध तम् ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"પોતે ઈશ્વર હોઇને પણ દીનની પેઠે શ્રીહરિએ બલિરાજા પાસે પૃથ્વીનાં ત્રણ પગલાં શા માટે માગ્યાં હતાં? અને બલિરાજા પાસેથી ત્રણે લોકને પ્રાપ્ત કર્યા છતાં પણ તેમણે તેને શા માટે બાંધ્યો હતો?[1] ભગવાન યજ્ઞોના ઈશ્વર અને પૂર્ણ છતાં તેમણે નિરપરાધી બલિરાજાને બાંધ્યો, એ અમને મોટું આશ્ચર્ય લાગે છે; માટે એ જાણવાને અમે ઇચ્છીએ છીએ."[2]

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજન્! બલિરાજા સર્વ રાજ્યલક્ષ્મી હારી ગયો અને ઇન્દ્રે તેને પ્રાણરહિત કર્યો ત્યારે ભૃગુવંશી બ્રાહ્મણોએ તેને જીવતો કર્યો હતો; તેથી ઉદાર મનવાળો તે બલિરાજા, ભૃગુવંશી બ્રાહ્મણોનો શિષ્ય બની તેમને સર્વ પદાર્થો અર્પણ કરી દઇ સર્વ પ્રકારે તેમની સેવા કરવા લાગ્યો.[3] એટલે તેના પર પ્રસન્ન થયેલા મહાપ્રતાપી ભૃગુવંશી બ્રાહ્મણોએ, સ્વર્ગને જીતવા ઇચ્છતા તે બલિરાજાનો વિધિપૂર્વક મહાભિષેકથી અભિષેક કર્યો અને તેની પાસે વિશ્વજિત્ નામનો યજ્ઞ કરાવ્યો.[4] તે યજ્ઞમાં હવિષ્યદ્રવ્યોથી અગ્નિનું પૂજન કરવામાં આવ્યું; એટલે તે અગ્નિમાંથી સોનાના પાટાઓથી જડેલો એક રથ, ઇન્દ્રના ઘોડાના જેવા રંગવાળા ઘોડાઓ, સિંહના ચિહ્નથી શોભતી એક ધજા, સુવર્ણથી જડેલું દિવ્ય ધનુષ, અખૂટ બાણોથી ભરેલા એવા

* આ અધ્યાયમાં શુક્રાચાર્યે બલિરાજા પાસે વિશ્વજીત યજ્ઞ કરાવ્યો; જેથી તેણે સ્વર્ગને જીત્યું અને ભયથી દેવો છુપાઇ ગયા, એ કથા કહેવામાં આવશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બે ભાથા અને દિવ્ય કવચ–આટલી વસ્તુઓ પ્રકટ થઈ; વળી બલિરાજાના દાદા પ્રહ્લાદે, કદી પણ કરમાય નહિ તેવાં પુષ્પોવાળી એક માળા બલિરાજાને આપી અને શુક્રાચાર્યે શંખ આપ્યો.[૫,૬] એ પ્રમાણે બ્રાહ્મણોએ બલિરાજાને સર્વ યુદ્ધસામગ્રી મેળવી આપી અને તેઓએજ તેની પાસે સ્વસ્તિવાચન કરાવ્યું; એટલે બલિરાજાએ, બ્રાહ્મણોને પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા અને પ્રહ્લાદની આજ્ઞા માગી તેમને નમસ્કાર કર્યા.[૭] પછી મહારથી બલિરાજા, ભૃગુઓએ અર્પણ કરેલા દિવ્ય રથમાં બેસીને યજ્ઞકુંડમાં ઝળહળતા અગ્નિ જેવો શોભવા લાગ્યો. તે વેળા તેણે સુંદર માળા ધારણ કરી હતી; બખ્તર ધારણ કરીને ધનુષ, તલવાર તથા ભાથાઓ પણ ધારણ કર્યા હતા; સુવર્ણના બાજુબંધો પહેરેલા હોવાથી તેના બાહુઓ શોભતા હતા અને તેના કાનમાં મકરાકાર કુંડળો ઝળકી રહ્યાં હતાં;[૮,૯] તેની આસપાસ પોતાની સમાન ઐશ્વર્ય, બળ તથા લક્ષ્મીવાળા અને દૃષ્ટિથી જાણે આકાશને પી જતા હોય તેમજ દિશાઓને બાળી દેતા હોય તેવા પોતાના માંડલિકો તથા અસુરસેનાપતિઓ વીંટળાઈ વળ્યા હતા. તે સમર્થ બલિરાજા, અસુરોની મોટી સેનાને લઇને આકાશ તથા પૃથ્વીને જાણે કંપાવતો હોય તેમ અત્યંત સમૃદ્ધિવાળી ઇન્દ્રની નગરી તરફ નીકળી પડ્યો.[૧૦,૧૧] ઇન્દ્રની નગરી શોભાયમાન એવાં નંદનવન વગેરે બાગ–બગીચાઓ તથા વાડીઓથી સુંદર લાગે છે, કે જેઓમાં પક્ષીઓનાં યુગલો કલ્લોલ કરી રહ્યાં છે; મદોન્મત્ત ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે; દેવતાઈ વૃક્ષો નવાં કૂંપળિયાં, ફળ તથા ફૂલના ભારથી ઝૂકી રહેલી ડાળીઓથી લચી રહ્યાં છે; જેમાં હંસો, સારસો, ચક્રવાકો તથા બતકોનાં ટોળાંઓથી વ્યાપ્ત સરોવરો આવેલાં છે અને જેમાં દેવો સાથે મદમાતી સ્ત્રીઓ ક્રીડા કરી રહી છે.[૧૨,૧૩] વળી એ નગરી, દેવી આકાશગંગા વડે ખાઈરૂપે વીંટાયલી છે; તેની ચારે બાજુ સુવર્ણનો અગ્નિવર્ણો ઊંચો કિલ્લો, અટારીઓ સાથે ઊભો છે; તેના દરવાજા સ્ફટિકમણિના છે અને દરવાજાનાં બારણાં સોનાના પાટાઓ વડે જડેલાં છે. તે નગરીમાં જુદા જુદા રાજમાર્ગો આવેલા છે; સભાસ્થાનો, ચૌટાંઓ તથા શેરીઓથી તે વ્યાપ્ત છે; દશ કરોડ વિમાનોથી તે યુક્ત છે; એ નગરીના ચોક મણિઓથીજ બાંધેલા છે અને તે ચોકોમાં હીરા તથા પરવાળાંઓથી ઓટલીઓ બાંધી છે. આવી તે નગરીને વિશ્વકર્માએ બનાવી છે. વળી એ નગરીમાં નિત્ય તરુણ વયની, સુકુમાર, ઉજ્જ્વળ વસ્ત્રોવાળી અને રૂપવતી ×શ્યામા સ્ત્રીઓ કાંતિને લીધે અગ્નિ જેવી શોભે છે.[૧૪-૧૭] જ્યાં દેવાંગનાઓના કેશપાશમાંથી ખરી પડેલી તાજી સુગંધદાર પુષ્પમાળાઓના સુગંધને લીધે રસ્તાઓમાં પવન વાયા કરે છે;[૧૮] જ્યાં સુવર્ણનાં જાળિયાંઓમાંથી નીકળતા અગરના સફેદ અને સુગંધી ધુમાડાથી ઢંકાયલા એવા રાજમાર્ગમાં દેવાંગનાઓ આવ–જા કરે છે;[૧૯] વળી તે નગરી મોતીના ચંદરવાઓ, મણિજડિત સોનેરી ધજાઓ અને જાતજાતની પતાકાઓવાળાં છજાંઓથી ચોતરફ ઢંકાયલી છે; મોર પક્ષીઓ, કબૂતરો તેમજ ભમરાઓના શબ્દોથી ગાજી રહી છે અને વિમાનચારી સ્ત્રીઓનાં મનોહર ગીતોથી મંગળમય છે.[૨૦] તેમજ નરઘાં, શંખ, ઢોલ તથા નગારાંઓના શબ્દો સાથે અને તાલ, વીણા, સુરજ, ઋષ્ટિ તથા વાંસળી વગેરે વાદિત્રો સાથે થઈ રહેલાં નૃત્યોથી તેમજ ગંધર્વાદિએ વાજાંઓ સાથે ગાયેલાં ગાયનોથી તે મનને

× શ્યામા એટલે સોળ વર્ષની સ્ત્રીઓ: આવી સ્ત્રીઓનું વર્ણન ચક્રવર્તીની વ્યાખ્યામાં આ પ્રમાણે છે–

शीतकाले भवन्त्युष्णा उष्णकाले तु शीतलाः ।
स्तनौ सुकठिनौ यासां ताः श्यामाः परीकीर्तिताः ॥

જેઓ ઠંડીના સમયમાં ગરમ હોય છે, ગરમીના સમયમાં ઠંડી હોય છે અને જેઓનાં સ્તન ઘણાંજ કઠણ હોય છે તેવી સ્ત્રીઓ ‘શ્યામા’ કહેવાય છે.—મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આનંદ આપી રહી છે અને પોતાની કાંતિથી કાંતિની અધિષ્ઠાત્રી દેવીને પણ જીતી રહી છે. એ ઇન્દ્રની નગરીમાં પ્રાણીઓનો દ્રોહ કરનારા, માની, કામી, લોભી, ખળ તથા શઠ અધર્મીઓ જઈ શકતા નથી; પણ તે સિવાયના ધર્મી લોકોજ જઈ શકે છે.૨૧,૨૨ અસુર સેનાપતિ બલિરાજાએ ઇન્દ્રની તે નગરીને બહારથી ચોતરફ સેના વડે ઘેરી લીધી અને ઇન્દ્રની સ્ત્રીઓને ભય ઉપજાવતાં આચાર્યે આપેલો શંખ તેણે વગાડ્યો.૨૩ ઇન્દ્રે, બલિરાજાના તે મહાન ઉદ્યમને જાણી લીધો અને સર્વ દેવગણો સાથે બૃહસ્પતિ પાસે જઇને તેમને આ પ્રમાણે કહ્યું: 'હે ભગવન્! અમારા પૂર્વવૈરી બલિરાજાનો મહાન ઉદ્યમ છે. હું માનું છું કે, આ સમયે તે અસહ્ય છે, તો (આપ કહો કે,) તે કયા તેજથી આવો બળવાન બન્યો છે?૨૪,૨૫ આ બલિરાજાને કોઈ પણ પુરુષ કોઇ પણ સ્થળેથી હાંકી કાઢવાને સમર્થ નથી; કેમકે સળગી ઊઠેલા પ્રલયકાળના અગ્નિની પેઠે (હમણાં) તે પોતાના મુખથી આ જગતને જાણે પી જતો હોય અને દશે દિશાઓને ચાટી જતો હોય, તેમજ દષ્ટિઓથી દિશાઓને બાળી નાખતો હોય તેવો જણાય છે.૨૬ મારો આ શત્રુ આવો દુઃસહ થઇ પડ્યો છે, તેનું કારણ શું છે? તે આપ કહો. તેને આવું ઇન્દ્રિયસામર્થ્ય, અંતઃકરણનું સામર્થ્ય, દેહસામર્થ્ય તથા પ્રભાવ ક્યાંથી પ્રાપ્ત થયાં, કે જેને લીધે તેણે આવો મહાન ઉદ્યમ આરંભ્યો છે?'૨૭

ગુરુ બૃહસ્પતિ બોલ્યા:–'હે ઇન્દ્ર! આ શત્રુની ઉન્નતિનું કારણ હું જાણું છું. બ્રહ્મવેત્તા ભૃગુવંશી બ્રાહ્મણોએ પોતાના આ શિષ્યમાં તેજની વૃદ્ધિ કરી છે.૨૮ આ વેળા ઈશ્વર શ્રીહરિ વિના તમારા જેવો બીજો કોઈ અથવા તમે પોતે પણ જેમ કાળની સામે મનુષ્યો ઊભા રહેવાને સમર્થ નથી, તેમ આની આગળ ઊભા રહેવાને સમર્થ નથી. માટે હમણાં તમે બધા આ સ્વર્ગરૂપી સ્થાનનો ત્યાગ કરી દઇને ક્યાંક ચાલ્યા જાઓ અને જેનાથી શત્રુની પડતી થશે તે કાળની રાહ જુઓ.૨૯,૩૦ આ બલિને હમણાં બ્રાહ્મણોના બળને લીધે ઉત્તરોત્તર અધિક ફળ મળ્યા કરે છે અને તેનું પરાક્રમ પણ હમણાં મોટું છે; પરંતુ ભૃગુવંશી બ્રાહ્મણોનુંજ અપમાન કરીને કુળપરિવાર સાથે તે વિનાશ પામશે.'૩૧ એ પ્રમાણે કાર્યવસ્તુને બરાબર જાણનારા પોતાના ગુરુની સાથે દેવોએ તે વખતના કાર્યની મંત્રણા કરી અને પછી ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા તેઓ સ્વર્ગનો ત્યાગ કરી જ્યાંત્યાં ચાલ્યા ગયા.૩૨ એ રીતે દેવો ક્યાંક છુપાઈ ગયા, એટલે વિરોચનના પુત્ર બલિરાજાએ દેવોની રાજધાનીમાં રહી ત્રણે જગતને વશ કર્યાં.૩૩ પછી શિષ્ય ઉપર પ્રેમ રાખનારા ભૃગુવંશી બ્રાહ્મણોએ જગતનો જય કરનાર અને પોતાને અનુસરનાર તે શિષ્ય બલિરાજા પાસે સો અશ્વમેધ યજ્ઞો કરાવ્યા.૩૪ તે પછી એ યજ્ઞોના પ્રભાવથી ત્રણે ભુવનમાં ફેલાયલી પોતાની કીર્તિને દિશાઓમાં ફેલાવતો બલિરાજા ચંદ્રમાની માફક શોભવા લાગ્યો.૩૫ બ્રાહ્મણોએ અપાવેલી અતિ સમૃદ્ધ રાજ્યલક્ષ્મીને મોટા મનનો તે રાજા ભોગવવા લાગ્યો અને પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો."૩૬

बुभुजे च श्रियं स्वृद्धां द्विजदेवोपलंभिताम् ।
कृतकृत्यमिवात्मानं मन्यमानो महामनाः ॥ ३६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १६ मो×

કશ્યપ ઋષિએ અદિતિને પયોવ્રતનો ઉપદેશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

एवं पुत्रेषु नष्टेषु देवमाताऽदितिस्तदा ।
हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"પોતાના પુત્ર દેવો એ પ્રમાણે નાસી ગયા અને સ્વર્ગને દૈત્યોએ પડાવી લીધું, ત્યારે દેવમાતા અદિતિ અનાથની પેઠે સંતાપ કરવા લાગી.[૧] એક સમયે કશ્યપ ઋષિ ઘણે લાંબે વખતે સમાધિમાંથી ઊઠીને ઉત્સવ તથા આનંદથી રહિત એવા અદિતિના આશ્રમમાં ગયા.[૨] હે કુરુવંશી રાજન્! ત્યાં યથાયોગ્ય રીતે તેમનો સત્કાર કરાયો, એટલે એક આસન પર બિરાજીને કશ્યપ ઋષિએ ઊતરી ગયેલા મુખવાળી પોતાની પત્ની અદિતિને આ પ્રમાણે પૂછ્યું:[૩] 'હે કલ્યાણિ! હમણાં આ જગતમાં બ્રાહ્મણોનું કંઇ અમંગળ તો થયું નથી? અથવા ધર્મનું તથા મૃત્યુને વશ રહેનારા લોકોનું કંઇ અમંગળ તો થયું નથી ને?[૪] અથવા હે ગૃહસ્થ સ્ત્રિ! હમણાં આપણા ઘરમાં ધર્મ, અર્થ કે કામનું તો કંઇ અમંગળ થયું નથી? કે જે ઘરમાં યોગાભ્યાસ નહિ કરનારાઓને પણ યોગનું ફળ મળી શકે છે.[૫] અથવા કુટુંબમાં આસક્ત થયેલી તેં પોતાને ઘેર આવેલા અતિથિઓની સામે ઊભી થઇને શું સત્કાર કર્યો નથી? અને તેથી અતિથિઓ આપણે ઘેર આવીને પૂજાયા વિના શું કદી પાછા ગયા છે?[૬] જે ઘરમાં અતિથિઓનો પાણીથી પણ સત્કાર કરાતો નથી અને તે અતિથિઓ એમ ને એમ પૂજાયા વિનાજ જે ત્યાંથી પાછા ફરે, તો તે ઘર (ઘર નથી, પણ) મોટાં મોટાં શિયાળોને રહેવાની બખોલોજ છે.[૭] હે કલ્યાણી સતિ! હું જ્યારે પરદેશ હતો, ત્યારે તેં ઉદ્વિગ્ન બુદ્ધિવાળી થઇને કદી સમય પ્રમાણે અગ્નિઓમાં હવિષદ્રવ્યોનો હોમ શું કર્યો નથી?[૮] જેની પૂજાથી ગૃહસ્થ સર્વ કામનાઓને પૂરનારા દિવ્ય લોકમાં જાય છે, તે બ્રાહ્મણ અને અગ્નિ, સર્વદેવમય શ્રીવિષ્ણુનું મુખ છે.[૯] હે મનસ્વિનિ! તારા સર્વ પુત્રો કુશળ તો છે ને! હું તારાં આ ચિહ્નો ઉપરથી જાણી શકું છું કે, તારું મન અસ્વસ્થ છે.'[૧૦]

અદિતિ બોલીઃ—'હે બ્રહ્મન્! બ્રાહ્મણોનું, ગાયોનું, ધર્મનું તથા આ સર્વ મનુષ્યોનું કુશળ છે. હે ગૃહસ્થ! આ ઘર ધર્મનું, અર્થનું તથા કામનું પરમક્ષેત્ર છે.[૧૧] હે બ્રહ્મન્! આપ ભગવાનનું ધ્યાન કરવાથી અગ્નિઓ, અતિથિઓ, પોષ્ય સેવકો વગેરે અથવા તો કંઈ લેવાની ઇચ્છા કરતા ભિક્ષુઓ—એ સર્વમાં કોઈ જાતની હીનતા થવા પામી નથી.[૧૨] હે ભગવન્! જેને આપ પ્રજાપતિ આવી રીતે ધર્મનો ઉપદેશ આપો છો તે મારી, કઇ માનસિક કામના પૂર્ણ થાય તેમ નથી?[૧૩] હે મરીચિના પુત્ર! સત્ત્વગુણી, રજોગુણી તથા તમોગુણી આ સર્વ પ્રજાઓ, આપનાજ મન તથા શરીરથી ઉત્પન્ન થયેલી છે અને તેથીજ આપ અસુરાદિ સર્વના ઉપર સમાન ભાવ રાખો છો; તોપણ હે પ્રભો! મહેશ્વર પોતે પણ પોતાના ભક્તનેજ ભજે છે;[૧૪] માટે હે સ્વામિન્! હું આપનું ભજન કર્યા કરું છું; તો આપ મારા કલ્યાણનો વિચાર કરો. હે ઉત્તમ વ્રતધારી પ્રભો! અમારા શત્રુઓએ અમારી લક્ષ્મી તથા સ્થાનોને હરી લીધાં છે; માટે આપ અમારી રક્ષા કરો.[૧૫] મને શત્રુઓએ હાંકી કાઢી છે, હું દુઃખસમુદ્રમાં ડૂબી ગઈ છું ને મહાબળવાન શત્રુઓએ મારી લક્ષ્મી, યશ તથા સ્થાનને હરી લીધાં છે.[૧૬] હે મહાકલ્યાણ કરનાર સત્પુરુષ! તે સર્વ વસ્તુઓને મારા પુત્રો ફરી જે રીતે પ્રાપ્ત

× આ અધ્યાયમાં પુત્રોના નાસી જવાથી શોક કરતી અદિતિ વડે પ્રાર્થના કરાયલા કશ્યપ ઋષિએ તેણીને પયોવ્રતનો ઉપદેશ કર્યો, એ કથા કહેવાશે.—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરે, તે રીતે બુદ્ધિથી આપ અમારું કલ્યાણ કરો.'

શ્રીશુકદેવજી બોલ્યા:–" એ પ્રમાણે અદિતિએ પ્રાર્થના કરી, એટલે પ્રજાપતિ કશ્યપ જાણે હસતા હોય તેમ બોલ્યા કે, 'અહો ! વિષ્ણુનું માયાબળ કેવું છે? આ જગત સ્નેહને લીધેજ બંધાયલું છે.[૧૭।૧૮] પાંચ મહાભૂતોમાંથી બનેલું જડશરીર ક્યાં અને પ્રકૃતિથી પર ચેતન આત્મા ક્યાં? કોણ કોના પતિ કે પુત્ર વગેરે છે? આ સર્વમાં મોહજ (મમતાનું) કારણ છે.[૧૯] તું પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેનારા, જગતના ગુરુ અને દુષ્ટજનોને શિક્ષા કરનારા અંતર્યામી વાસુદેવ ભગવાનની ઉપાસના કર. તે શ્રીહરિ તારી સર્વ કામનાઓ પૂર્ણ કરશે.[૨૦] કેમકે દીનજનો ઉપર તે દયાળુ છે અને મારું નિશ્ચય માનવું છે કે, ભગવાનની ભક્તિ (જેવી) સફળ થાય છે; (તેવી) બીજા કોઈની પણ ભક્તિ સફળ થતી નથી.' [૨૧]

અદિતિ બોલી:–'હે બ્રહ્મન્! કયા વિધિથી હું જગત્પતિ ભગવાનની ઉપાસના કરું, કે જેથી તે સત્ય સંકલ્પવાળા ભગવાન મારા મનોરથોને પૂર્ણ કરે?[૨૨] હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! ભગવાનની આરાધનાનો વિધિ આપ મને કહો; જેથી પુત્રો સાથે દુઃખી થતી મારા પર તે દેવ સત્વર પ્રસન્ન થાય.' [૨૩]

કશ્યપ બોલ્યા:–'પ્રજાને ઇચ્છતા મેં આ વસ્તુ ભગવાન બ્રહ્મદેવને પૂછી હતી; ત્યારે તેમણે ભગવાનને પ્રસન્ન કરનારું જે વ્રત મને કહ્યું હતું, તે હું તમને કહું છું.[૨૪] ફાગણ મહિનાના શુક્લપક્ષમાં (પડવેથી આરંભીને) બાર દિવસ સુધી કેવળ દૂધનોજ આહાર લઇને પરમ ભક્તિથી વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું.[૨૫] તેમાં પ્રથમ અમાવાસ્યાને દિવસે મળી શકે, તો ભૂંડે ખોતરી કાઢેલી માટીથી શરીરે વિલેપન કરી નદીના પ્રવાહમાં સ્નાન કરવું. તે વખતે (માટીનું વિલેપન કરતી વેળા) આ મંત્ર બોલવો:[૨૬] 'હે પૃથ્વીદેવિ! પ્રાણીમાત્રનાં સ્થાનને ઇચ્છતા આદિવરાહ ભગવાને રસાતલમાંથી આપનો ઉદ્ધાર કર્યો છે; હું આપને નમસ્કાર કરું છું; આપ મારાં પાપોનો નાશ કરો.' પછી પોતાના નિત્ય–નૈમિત્તિક નિયમો કરી સાવધાનપણે મૂર્તિમાં, પૃથ્વીમાં, સૂર્યમાં, જળમાં, અગ્નિમાં તથા ગુરુમાં પણ ભગવાનનું પૂજન કરવું. (તેમાં પ્રથમ આવાહન કરતી વેળા આ નવ મંત્રો ભણવા.) 'સર્વ પ્રાણીઓમાં રહેલા, સર્વના સાક્ષી, સર્વના અંતર્યામી અને સર્વથી મોટા વાસુદેવ ભગવાનને હું નમસ્કાર કરું છું; જે પરમાત્મા ઇન્દ્રિયાદિથી જાણી શકાય નહિ તેવા સૂક્ષ્મ, ચોવીસ તત્ત્વોને જાણનારા અને સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક છે, તે પ્રધાન પુરુષ–કપિલદેવસ્વરૂપને મારા નમસ્કાર હો.[૨૭–૩૦] જેમને ÷બે મસ્તકો, ત્રણ પગ, ચાર શિંગડાં અને સાત હાથ છે તથા જે યજ્ઞસ્વરૂપ અને ફળના વિસ્તારક છે, તે વેદવિદ્યામાં દર્શાવાયલા સ્વરૂપવાળા પરમેશ્વરને મારા નમસ્કાર હો.+[૩૧] જે દેવ શિવ–પરમાનંદ સ્વરૂપ છે; રુદ્ર–

÷ પરમેશ્વરનાં બે મસ્તકો તે પ્રાયણીય તથા ઉદયનીય સમજવાં; ત્રણ પગ તે ત્રણ સવનો (પ્રાતઃસવન, મધ્યાહ્નસવન અને સાયંસવન આ ત્રણ સવનો); ચાર શિંગડાં તે ચાર વેદો સમજવા અને સાત હાથ તે સાત છંદો સમજવા —बालप्रबोधिनी

+ ૩૧ મા શ્લોકની નીચે શ્રીધરી ટીકામાં શ્રીધર સ્વામીએ નીચે દર્શાવેલ મંત્ર લખેલો છે એ ઉપરથી એ મંત્ર સાયણાચાર્યના ભાષ્યને આધારે અનુવાદ કરીને અહીં આપેલ છેઃ–

"चत्वारि शृंगा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य। त्रिधा बद्धो वृषभो रोरवीति महादेवो मर्त्यां आविवेश ॥" (ऋ. सं. ४–५८–३) [આજ મંત્ર વાજસનેયી સંહિતા (૧૭–૯૧)માં તથા નારાયણોપનિષદના ૧૨મા અનુવાકમાં પણ આવેલો છે.] પરમેશ્વર પ્રણવ (ॐ) વડે પ્રતિપાદ્ય હોવાથી પ્રણવની જે અ, ઉ, મ અને અર્ધમાત્રા, આ ચાર માત્રાઓ છે; તેજ પરમેશ્વરનાં ચાર શિંગડાં છે તથા વિશ્વ (જાગ્રત્ અવસ્થાનો અભિમાની આત્મા); તૈજસ (સ્વપ્ન અવસ્થાનો અભિમાની આત્મા), પ્રાજ્ઞ (સુષુપ્તિ અવસ્થાનો અભિમાની આત્મા), એ અધ્યાત્મ ત્રણ પાદ (પગ) છે તથા વિરાટ (સમષ્ટિ સ્થૂલસૃષ્ટિસહ ચેતન), હિરણ્યગર્ભ (સમષ્ટિ સૂક્ષ્મસૃષ્ટિસહ ચેતન), અવ્યાકૃત (માયા અથવા સમષ્ટિકારણ સૃષ્ટિસહ ચેતન) એ આધિદૈવિક ત્રણ પાદ કહેવાય છે. આ ત્રણ અંશ–

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રલયકર્તા સ્વરૂપે ભયંકર છે; ત્રણ ગુણોરૂપી શક્તિને ધારણ કરે છે; સર્વ વિદ્યાઓના અધિપતિ અને સર્વ પ્રાણીઓના પતિ છે–તે શંકરસ્વરૂપ પરમેશ્વરને મારા નમસ્કાર હો.[32] જે હિરણ્યગર્ભ છે–જેમના સ્વરૂપમાં બ્રહ્માંડ રહેલું છે, જે પ્રાણસ્વરૂપ–સૂત્રાત્મા છે; જગતના આત્મા છે; યોગનું ઐશ્વર્ય એ જેમનું સ્વરૂપ છે અને યોગના જે કારણભૂત છે, તે બ્રહ્મદેવરૂપ પરમાત્માને મારા નમસ્કાર હો. આદિદેવ અને સાક્ષીસ્વરૂપ આપ નારાયણ ઋષિને તથા નરસ્વરૂપને મારા નમસ્કાર હો.[33,34] જેમનું સ્વરૂપ મરકતમણિ જેવું શ્યામ છે; જેમણે લક્ષ્મીજીને પ્રાપ્ત કર્યાં છે અને જે પીળાં પીતાંબર ધારણ કરે છે, તે આપ કેશવ ભગવાનને મારા નમસ્કાર હો. હે વર આપનારાઓમાં શ્રેષ્ઠ ભગવન્! આપ મનુષ્યોને સર્વ વરદાનો આપનારા છો, તેથી હે સર્વોત્કૃષ્ટ દેવ! ધીર પુરુષો કલ્યાણને માટે આપના ચરણરજની ઉપાસના કરે છે. જેમના ચરણકમળની સુગંધની સ્પૃહા કરતા હોય તેમ સર્વ દેવો અને લક્ષ્મી જેમને અનુસરે છે, તે ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.[35–37] એ મંત્રોથી આવાહન કરી સત્કારાયેલા હૃષીકેશ ભગવાનનું શ્રદ્ધા વડે પાદ્ય તથા આચમન વગેરેથી પૂજન કરવું; ચંદન તથા પુષ્પો વગેરેથી પૂજન કરીને પ્રભુને દૂધથી સ્નાન કરાવવું અને પછી વસ્ત્ર, જનોઇ, અલંકારો, પાદ્ય, આચમન, ચંદન તથા ધૂપ વગેરેથી *દ્વાદશાક્ષર મંત્રના ઉચ્ચારપૂર્વક પૂજા કરવી.[38,39] જો ધન-વૈભવ હોય, તો દૂધમાં ઉકાળેલો ભાત (દૂધપાક) અને ગોળ શ્રીભગવાનને નૈવેદ્ય તરીકે અર્પણ કરવો અને પછી દ્વાદશાક્ષર મંત્રથીજ હોમ કરવો.[40] જે નૈવેદ્ય ભગવાનને ધરેલું હોય, તે ભગવાનના ભક્તને આપવું અથવા પોતે જમવું; પછી આચમન આપી પૂજન કરી તાંબૂલ અર્પણ કરવું. તે પછી દ્વાદશાક્ષર મંત્રનોજ એકસો ને આઠ વાર જપ કરવો; સ્તુતિઓથી પ્રભુની સ્તુતિ કરવી અને હર્ષપૂર્વક પ્રદક્ષિણા કરી ભૂમિ પર દંડવત્ પ્રણામ કરવા.[41,42] પછી ભગવાનના નિર્માલ્યને પોતાના મસ્તકે ચડાવીને ભગવાનને તેમના સ્થાને પધરાવવા અને ઓછામાં ઓછા બે બ્રાહ્મણોને યોગ્ય રીતે દૂધપાકથી જમાડવા.[43] સારી રીતે સત્કાર પામેલા તે બ્રાહ્મણો જમવાની જ્યારે આજ્ઞા આપે, ત્યારે પોતાના સંબંધીઓની સાથે બાકી રહેલા અન્નનું ભોજન કરવું અને તે રાત્રે બ્રહ્મચારી રહેવું. પછી બીજે દિવસે સવારમાં સ્નાન કરી પવિત્ર થઈને પૂર્વોક્ત વિધિ પ્રમાણે સાવધાનતાપૂર્વક ભગવાનને દૂધથી સ્નાન કરાવીને પૂજા કરવી. આમ જ્યાંસુધી વ્રત પૂરું થાય ત્યાંસુધી પૂજન કરવું.[44,45] એ પ્રમાણે વિષ્ણુભગવાનની પૂજામાં આદરભાવ રાખી કેવળ દૂધનોજ આહાર લઇ આ પયોવ્રત કરવું અને પૂર્વે કહ્યા પ્રમાણે અગ્નિમાં હોમ કરવો તથા બ્રાહ્મણોને પણ જમાડવા.[46] એમ બાર દિવસ સુધી કેવળ દૂધ ઉપર રહીને દરરોજ શ્રીહરિનું આરાધન કરવું, પૂજન કરવું, હોમ કરવો તથા બ્રાહ્મણોને તૃપ્ત કરવા.[47] સુદ પડવાના દિવસથી આરંભી સુદ તેરસ સુધી બ્રહ્મચર્ય પાળવું; ભૂમિ ઉપર (કંઇ પણ પાથર્યા વિના) શયન કરવું અને ત્રણ વખત સ્નાન કરવું.[48] એટલા સમય સુધી તો ખાસ કરીને મિથ્યા ભાષણનો ત્યાગ કરવો, નાનામોટા ભોગો ભોગવવા નહિ; કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ અને કેવળ ભગવત્પરાયણજ રહેવું.[49]

વિભાગદ્વારા બ્રહ્મત્વની પ્રાપ્તિ થાય છે; માટે પાદની ઉપમા આપી છે. ચેતન અને અચેતન વર્ગ, એ બે મસ્તક છે; તથા ભૂ: ભુવ: આદિ સાત લોક પરબ્રહ્મના હાથ સમાન છે. તેમજ આ પ્રણવરૂપ વૃષભ અકાર, ઉકાર અને મકારમાં વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞરૂપે તથા વિરાટ, હિરણ્યગર્ભ અને અવ્યાકૃતરૂપે સંબદ્ધ થઇને બ્રહ્મતત્વનું પ્રતિપાદન કરે છે. તેજ પ્રતિપાદ્ય દેવ મનુષ્યશરીરોમાં પ્રવિષ્ટ થયેલો છે. —भा. क.

* દ્વાદશાક્ષર મંત્ર–' ॐ नमो भगवते वासुदेवाय ।' —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી તેરશને દિવસે શાસ્ત્રોક્ત વિધિને જાણનારા બ્રાહ્મણોદ્વારા શાસ્ત્રવિધિપૂર્વક વિષ્ણુભગવાનને પંચામૃતથી સ્નાન કરાવવું[૫૦] અને ધનની શઠતાનો ત્યાગ કરી મહાપૂજા કરવી તથા વિષ્ણુભગવાનને ઉદ્દેશી દૂધમાં ચરુ તૈયાર કરવો.[૫૧] એ રીતે દૂધમાં તૈયાર કરેલા તે ચરુથી પુરુષ—શ્રીવિષ્ણુનું અત્યંત સાવધાન થઇને યજન કરવું અને પછી ભગવાનને પ્રસન્ન કરનારું તે અતિ ગુણવાન નૈવેદ્ય અર્પણ કરવું. તે પછી જ્ઞાનસંપન્ન આચાર્યને તથા બીજા બ્રાહ્મણોને વસ્ત્રો, અલંકારો તથા ગાયોનાં દાન કરી સંતુષ્ટ કરવા. આ રીતે શ્રીહરિનું આરાધન થાય છે, એમ તું જાણ. હે પવિત્ર હાસ્યવાળી અદિતિ! ગુણવાન એવા ઉત્તમ અન્નથી તે બ્રાહ્મણોને જમાડવા જોઇએ તથા બીજા પણ બ્રાહ્મણો જેઓ ત્યાં આવેલા હોય તેઓને શક્તિ પ્રમાણે જમાડવા.[૫૨-૫૪] ગુરુને તથા બીજા બ્રાહ્મણોને યથાયોગ્ય દક્ષિણા આપવી અને ત્યાં આવેલા ચાંડાલપર્યંતના સર્વ લોકોને અન્નાદિ આપી પ્રસન્ન કરવા. એ રીતે ગરીબ, આંધળાં તથા રંક વગેરે સર્વ કોઈ જમી રહે તે પછી 'આવી રીતે સર્વને તૃપ્ત કરવાં તેજ વિષ્ણુને પ્રસન્ન કરનાર છે.' એમ જાણનારાએ પોતાના બંધુઓની સાથે પોતે પણ ભોજન કરવું.[૫૫,૫૬] (એ વ્રત ચાલતું હોય તે સમયમાં) દરરોજ નૃત્ય, ગીત, વાદિત્ર, સ્તુતિઓ, સ્વસ્તિવાચનો તથા કથાઓ વડે ભગવાનની પૂજા કરાવ્યા કરવી.[૫૭] આ 'પયોવ્રત' નામનું વ્રત ભગવાનના પરમ આરાધનરૂપ છે અને બ્રહ્મદેવે પોતે મને આ વ્રત કહ્યું છે.[૫૮] હે મહાભાગ્યશાળી અદિતિ! તું જિતેન્દ્રિય થઇને આ વ્રતને સારી રીતે આચરીને શુદ્ધ ભાવવાળા અંતઃકરણથી અવિનાશી ભગવાનનું ભજન કર. હે કલ્યાણિ! આ વ્રત સર્વયજ્ઞ નામે એક યજ્ઞ છે; સર્વવ્રતરૂપ છે; તપનો એક સારરૂપ છે અને ઈશ્વરને પ્રસન્ન કરનારું એક દાન છે.[૫૯-૬૧] જેને લીધે ઇન્દ્રિયોથી પર એવા પરમેશ્વર પ્રસન્ન થાય છે, તેજ સાક્ષાત્ નિયમો છે, તેજ ઉત્તમ યમ છે અને તપ, દાન, વ્રત તથા યજ્ઞ પણ તેજ છે. માટે હે મંગળસ્વરૂપ અદિતિ! તું બરાબર સંયમશીલ થઈ શ્રદ્ધાથી આ વ્રત કરવા માંડ, કે જેથી ભગવાન પ્રસન્ન થઇ તારા મનોરથોને સત્વર પૂર્ણ કરશે."[૬૨]

तस्मादेतद् व्रतं भद्रे प्रयता श्रद्धया चर ।
भगवान् परितुष्टस्ते वरानाशु विधास्यति ॥ ६२

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

अध्याय १७ मो*

વામન અવતાર

॥ श्रीशुक उवाच ॥

इत्युक्ता साऽदिती राजन् स्वभर्त्रा कश्यपेन वै ।
अन्वतिष्ठद्व्रतमिदं द्वादशाहमतंद्रिता ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"પોતાના પતિ કશ્યપે એ પ્રમાણે ઉપદેશ કર્યો, એટલે અદિતિએ બાર દિવસ સુધી બરાબર સાવધાન રહીને વ્રત કર્યું હતું.[૧] એ સમયે તેણે બુદ્ધિને સારથિ બનાવી, મનથી ઇન્દ્રિયરૂપી ઘોડાઓને વશ કર્યા અને એક બુદ્ધિ વડે મહાપુરુષ ઈશ્વરનુંજ ચિંતન કર્યું.[૨] એકાગ્ર બુદ્ધિથી સર્વના આત્મા વાસુદેવ ભગવાન વિષે મનને સ્થાપી દઇને તેણે એ રીતે પયોવ્રત કર્યું;[૩] એટલે હે તાત! ભગવાન આદિપુરુષ તેની આગળ પ્રકટ થયા; તેમણે પીળાં પીતાંબર ધારણ કર્યાં હતાં; તેમને ચાર ભુજાઓ હતી અને શંખ, ચક્ર તથા ગદાથી તે યુક્ત હતા.[૪] ભગવાનનાં દર્શન કરીને અદિતિએ એકદમ આદરપૂર્વક ઊભી થઇને પ્રીતિથી વિહ્વળ બની જઈ, પૃથ્વી પર દંડવત્ પડીને તેમને પ્રણામ કર્યા.[૫] તે પછી ઊઠીને બે હાથ જોડી ઊભી રહીને તેણે ભગવાનની સ્તુતિ કરવાનો ઉત્સાહ કર્યો; પણ

* આ અધ્યાયમાં અદિતિએ પયોવ્રત કર્યું, એટલે શ્રીહરિ તેમની કામના પૂર્ણ કરવા માટે પ્રથમ તેમના પુત્ર તરીકે થયા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેણીનાં નેત્રો આનંદનાં અશ્રુઓથી ઊભરાઈ જતાં હતાં અને ભગવાનના દર્શનરૂપી મહાન ઉત્સવને લીધે તેણીનું શરીર કંપતું હતું ને રોમાંચિત બની ગયું હતું; જેથી (તે કંઈ પણ બોલી શકી નહિ; પરંતુ) મૌનજ થઇ રહી.[૬] પછી હે કુરુવંશી રાજા! યજ્ઞના અને જગતના પતિ શ્રીલક્ષ્મીપતિને દૃષ્ટિથી જાણે પી જતી હોય તેમ જોતી તે અદિતિદેવીએ પ્રીતિથી ગદ્‌ગદ વાણી વડે ધીમે ધીમે શ્રીહરિની સ્તુતિ કરવા માંડી.[૭]

અદિતિ બોલી:—'હે યજ્ઞેશ્વર! હે યજ્ઞપુરુષ! હે અચ્યુત! હે તીર્થરૂપ ચરણવાળા! હે તીર્થરૂપ કીર્તિવાળા! હે શ્રવણ કરતાંજ મંગળ કરનાર નામવાળા! હે શરણે આવેલા લોકોનાં પાપનો નાશ કરવા માટે અવતાર લેનારા! હે ઈશ્વર! હે ભગવન્! આપ દીન જનોના નાથ છો; આપ અમારું કલ્યાણ કરો.[૮] આપ જગત્સ્વરૂપ છો અને જગતના ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર માટે ઇચ્છાનુસાર માયાના ગુણોને આપે ધારણ કર્યા છે; છતાં આપ સ્વસ્થ છો—એમ ને એમ સ્વસ્વરૂપમાંજ સ્થિતિ કરો છો; કારણ કે આપે નિત્ય ઓજસ્વી એવા પૂર્ણ બોધથી પોતાને વિષે માયારૂપી અંધકારને નિત્ય દૂર કર્યો છે—તે સર્વ મહાન આપ શ્રીહરિને મારા નમસ્કાર હો.[૯] હે અનંત! આપના પ્રસન્ન થવાથી મનુષ્યોને (બ્રહ્માના જેવડું) લાંબું આયુષ, ઇચ્છિત શરીર, અતુલ્ય લક્ષ્મી, પૃથ્વીલોક, સ્વર્ગલોક, નીચેના લોક, અણિમા વગેરે સમગ્ર યોગના ગુણો, ધર્મ, અર્થ, કામ અને કેવળ—પરમાત્મવિષયક જ્ઞાન જો પ્રાપ્ત થાય છે, તો શત્રુઓનો વિજય વગેરે મનોરથો પૂર્ણ થાય એમાં શું કહેવાનું હોય?'[૧૦]

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે ભરતવંશી રાજા! અદિતિએ એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે કમળ જેવાં નેત્રોવાળા ભગવાન કે જે સર્વ પ્રાણીઓના આત્મા છે, તેમણે આ પ્રમાણે કહ્યું.[૧૧]

શ્રીભગવાન બોલ્યા:—'હે દેવોની માતા! જેઓની રાજ્યલક્ષ્મીને શત્રુઓએ હરી લીધી છે અને જેઓને પોતાના સ્થાનથી ભ્રષ્ટ કર્યા છે, તે પોતાના પુત્રોના સંબંધમાં તમે લાંબા કાળથી જે ઇચ્છા કરી છે તે મારા જાણવામાં છે.[૧૨] તમે દુષ્ટ મદવાળા મોટા મોટા અસુરોને યુદ્ધમાં જીતીને જયલક્ષ્મીને પ્રાપ્ત થયેલા પોતાના પુત્રોની સાથે એક સ્થળે રહેવા ઇચ્છો છો[૧૩] અને ઇન્દ્ર જેઓમાં મોટા છે, એવા પોતાના પુત્રોએ યુદ્ધમાં હણી નાખેલા શત્રુઓની સ્ત્રીઓને (પોતાના મરી ગયેલા પતિઓની) સમીપ આવીને રુદન કરતી તથા દુઃખી થયેલી જોવા ઇચ્છો છો;[૧૪] તેમજ યશલક્ષ્મી પાછી લાવીને અત્યંત સમૃદ્ધિવાળા થયેલા પોતાના પુત્રોને સ્વર્ગમાં રહી ક્રીડા કરતા જોવા ઇચ્છો છો;[૧૫] પણ હમણાં તે અસુરોના સેનાપતિઓ લગભગ જીતી શકાય તેવા નથી, એમ હું માનું છું. કારણ કે જેઓને કાળ અનુકૂળ છે, તેવા બ્રાહ્મણો તેઓની રક્ષા કરી રહ્યા છે, માટે તેઓના પર પરાક્રમ કરવું તે સુખદાયી નથી;[૧૬] તોપણ હે દેવિ! તમે વ્રત કરીને મને પ્રસન્ન કર્યો છે; તેથી તે સંબંધે મારે કોઇ ઉપાય ચિંતવવો જોઇએ; કેમકે મારું પૂજન શ્રદ્ધાને યોગ્ય ફળ આપવામાં કારણભૂત થાય છે; તેથી તે પૂજન નિષ્ફળ થવાને યોગ્ય નથી.[૧૭] તમે પોતાના પુત્રો (દેવો)ની રક્ષા કરવાને માટે યથાયોગ્ય રીતે પયોવ્રત કરીને મારું પૂજન કર્યું છે અને મારી સ્તુતિ કરી છે; માટે હું કશ્યપ ઋષિના તપમાં સ્થિતિ કરીને મારા અંશથી તમારા પુત્ર તરીકે અવતરીશ અને તમારા પુત્રોની રક્ષા કરીશ.[૧૮] હે મંગળમય દેવિ! તમે 'આવા સ્વરૂપે હું તમારા પતિમાં રહ્યો છું.' એવી ભાવના કરી તમારા નિર્દોષ પતિ કશ્યપ ઋષિની સેવા કરો. હે દેવિ! આ વાત કોઇ તમને પૂછે; તોપણ તે બીજાને તમારે કોઈ રીતે કહેવી નહિ. કેમકે દેવોની સર્વ ગુહ્ય વાત અત્યંત ગુપ્ત રાખવામાં આવે, તોજ તે બરાબર રીતે સિદ્ધ થાય છે.'[૧૯,૨૦]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(+અદિતિ બોલી:–'હે દેવ! તમને–પરમ આદ્યપુરુષને (ગર્ભમાં) ધારણ કરવાને હું સમર્થ થઇ શકીશ નહિ. કેમકે હે અવિનાશી દેવ! આપના એક એક રૂંવાડાંના છિદ્રમાં કરોડો બ્રહ્માંડો સમાયેલાં છે.[1] હે દેવોના પણ ઈશ્વર! મોટાં મોટાં પાપોથી મુક્ત હોય, છતાં પણ મનુષ્ય જેના માત્ર નામસ્મરણથી મુક્તિ પામે છે, તે આપને હું કેવી રીતે ધારણ કરી શકીશ?'[2]

શ્રીભગવાન બોલ્યા:–'હે મહાભાગ્યશાળી અદિતિ! તમે સત્ય કહ્યું છે; એમાં કંઇજ સંશય નથી; પણ હે બાળા! જે સ્ત્રીઓ પતિવ્રતા હોય છે, પતિ એજ જેનો પ્રાણ હોય છે, પતિભક્તિમાં જે તત્પર રહેતી હોય છે અને મત્સરનો જે ત્યાગ કરનારી હોય છે, તે સ્ત્રીઓ મને નિત્ય ધારણ કરી શકે છે.'[3])

શ્રીશુકદેવજી બોલ્યા:–"એટલું કહીને ભગવાન ત્યાંજ અંતર્ધાન થઇ ગયા અને અદિતિ પોતાને વિષે પ્રભુ શ્રીહરિનો દુર્લભ જન્મ પ્રાપ્ત કરીને પોતાને કૃતકૃત્ય થયેલી માનતી પરમ ભક્તિથી પતિની સેવા કરવા લાગી. કશ્યપ ઋષિ પણ સત્ય દૃષ્ટિવાળા હતા; તેથી તેમણે પોતાને વિષે પ્રવેશેલા શ્રીહરિના અંશને સમાધિયોગથી જાણી લીધો અને પછી હે રાજન્! વાયુ જેમ કાષ્ઠમાં (ઘર્ષણ કરીને) અગ્નિને સ્થાપે છે, તેમ તેમણે મનને એકાગ્ર કરીને તપને લીધે ઘણા કાળથી એકઠા કરી રાખેલા પોતાના વીર્યને અદિતિમાં સ્થાપિત કર્યું. પછી અદિતિના ગર્ભમાં રહેલા સનાતન ભગવાનને જાણીને બ્રહ્મા ગુહ્ય નામોથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[21-24]

બ્રહ્મા બોલ્યા:–'હે ભગવન્! આપનો જય થાઓ. હે અનેક પ્રકારે સ્તુતિ કરાયલા દેવ! હે અનેક લીલાઓવાળા! આપને નમસ્કાર હો. આપ બ્રાહ્મણોના હિતચિંતક દેવ છો અને ત્રણે ગુણોના નિયંતા છો; આપને વારંવાર નમસ્કાર હો.[25] પૃશ્નિના પુત્ર, વેદોને ધારણ કરનારા, સર્વના વિધાતા, નાભિમાં ત્રણે લોકને ધારણ કરનારા, ત્રણે લોકની ઉપર રહેલા અને સર્વ જીવોમાં અંતર્યામી તરીકે રહેલા આપ વિષ્ણુ ભગવાનને મારા નમસ્કાર હો.[26] હે ઈશ્વર! આપ જગતના આદિ, મધ્ય તેમજ અંતરૂપ હોઇ વેદો આપને અનંત શક્તિવાળા પુરુષ કહે છે. જેમ નદીનો ગંભીર પ્રવાહ પોતાની અંદર પડેલા ઘાસ વગેરેને ખેંચી જાય છે, તેમ કાળસ્વરૂપ એવા આપ આ જગતને ખેંચી રહ્યા છો–પ્રવૃત્તિમાન કરી રહ્યા છો.[27] હે દેવ! સ્થાવર–જંગમ સર્વ પ્રજાઓ તથા પ્રજાપતિઓને આપજ ઉત્પન્ન કરો છો અને જળમાં ડૂબતા પ્રાણીને જેમ નૌકા મુખ્ય આશ્રયરૂપ થઇ પડે છે, તેમ સ્વર્ગથી ભ્રષ્ટ થયેલા દેવોને આપજ પરમ આશ્રયરૂપ છો.'[28]

त्वं वै प्रजानां स्थिरजंगमानां प्रजापतीनामसि संभविष्णुः। दिवौकसां देव दिवश्च्युतानां परायणं नौरिव मज्जतोऽप्सु ॥२८॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

अध्याय १८ मो*

વામન ભગવાન બલિરાજાના યજ્ઞમાં પધાર્યા

॥ श्रीशुक उवाच ॥

इत्थं विरिंचस्तुतकर्मवीर्यः प्रादुर्बभूवामृतभूरदित्याम्। चतुर्भुजः शंखगदाब्जचक्रः पिशंगवासा नलिनायतेक्षणः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ પ્રમાણે બ્રહ્માએ જેમનાં કર્મોની તેમજ પરાક્રમોની સ્તુતિ કરી

+ અહીંથી કૌંસમાં આપેલા ત્રણ શ્લોકો ક્ષેપક છે. —भा. क.

* આ અધ્યાયમાં સર્વ લોકોએ જેમનો સત્કાર કર્યો છે, એવા ભગવાન વામનસ્વરૂપે યજ્ઞમાં ગયા–અને ત્યાં બલિએ તેમનો સત્કાર કરી 'વર માગો,' એમ કહ્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

હતી, તે જન્મ અને મૃત્યુરહિત ભગવાન અદિતિમાં પ્રકટ થયા. તે વેળા શ્રીહરિએ ચાર ભુજાઓ ધારણ કરી હતી; શંખ, ચક્ર, ગદા અને કમળ ધારણ કર્યાં હતાં; પીળું પીતાંબર પહેર્યું હતું; તેમનાં નેત્રો કમળ સમાન વિશાળ હતાં; વર્ણે શ્યામ હોઇને નિર્મળ હતા; મુખકમળ મકરાકાર કુંડળોની કાંતિથી ઝળકતી શોભાવાળું હતું; છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન હતું; કડાં, બાજુબંધ, શોભાયમાન મુકુટ, કંદોરો તથા સુંદર ઝાંઝરો પહેર્યાં હતાં; ભમરાઓના સમૂહથી ગુંજી રહેલી પોતાની વનમાળાથી તે શોભતા હતા; કંઠમાં કૌસ્તુભમણિ ધારણ કર્યો હતો અને પોતાની કાંતિથી કશ્યપ પ્રજાપતિના ઘરમાં અંધકારનો નાશ કરી રહ્યા હતા.[૧-૩] એ રીતે ભગવાન જ્યારે પ્રકટ થયા, ત્યારે દિશાઓ સ્વચ્છ થઇ; જળાશયો નિર્મળ થયાં; પ્રજાઓ હર્ષ પામી; ઋતુઓ પોતપોતાના ગુણોને ધારણ કરવા લાગી અને સ્વર્ગ, આકાશ, પૃથ્વી, દેવો, ગાયો, બ્રાહ્મણો તથા પર્વતો અત્યંત હર્ષ પામ્યા. ભાદ્રપદ માસની સુદ બારશના દિવસે ચંદ્ર શ્રવણનક્ષત્રમાં હતો અને અભિજિત્ મુહૂર્ત હતું, ત્યારે (અદિતિથી) ભગવાન જન્મ્યા હતા; તે વેળા સર્વ નક્ષત્રો તથા તારાઓ વગેરે ભગવાનના જન્મને અનુકૂળ હતાં.[૪-૫] હે રાજા! ભાદરવા શુદ બારશની તિથિએ સૂર્ય મધ્યાહ્નસમયે હતો, ત્યારે ભગવાનનો જન્મ થયો હતો; એ બારશતિથિને વિદ્વાનો 'વિજયાદ્વાદશી' કહે છે.[૬] તે વેળા શંખો, નગારાં, નરઘાં, ઢોલ તથા ઢોલક વાગી રહ્યાં હતાં અને જાતજાતનાં વાદિત્રો તથા તૂરીઓનો મહાન શબ્દ થઈ રહ્યો હતો.[૭] અપ્સરાઓ પ્રસન્ન થઇને નૃત્ય કરતી હતી; ઉત્તમ ગંધર્વો ગાન કરતા હતા અને મુનિઓ, દેવો, મનુઓ, પિતરો તથા અગ્નિઓ સ્તુતિ કરતા હતા.[૮] વળી સિદ્ધો, વિદ્યાધરો, કિંપુરુષો, કિન્નરો, ચારણો, યક્ષો, રાક્ષસો, ગરુડો, ઉત્તમ સર્પો તથા દેવોના અનુચરો ગાન કરતા હતા; ખૂબ પ્રશંસા કરતા હતા; નૃત્ય કરતા હતા અને અદિતિના આશ્રમ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતા હતા.[૯-૧૦] અદિતિ, પોતાના ગર્ભથી ઉત્પન્ન થયેલા તે પરમપુરુષનાં દર્શન કરીને આનંદ સહિત આશ્ચર્ય પામી અને જમણે યોગમાયા વડે શરીર ગ્રહણ કર્યું હતું, એવા ભગવાનને જોઇને વિસ્મય પામેલા કશ્યપે 'જય' એ પ્રમાણે કહી જયઘોષ કર્યો.[૧૧] તે પછી અવ્યક્ત જ્ઞાનસ્વરૂપ શ્રીહરિએ કાંતિ, અલંકારો તથા આયુધોથી સ્પષ્ટ એવું જ શરીર ધારણ કર્યું હતું, તેજ શરીરથી એ અદ્ભુત ચેષ્ટાવાળા ભગવાન કશ્યપ અને અદિતિના દેખતાં કોઇએક નટની પેઠે વામન બટુકના સ્વરૂપે થઇ ગયા;[૧૨] એટલે તે બટુક વામનને જોઇને મહર્ષિઓ આનંદ પામ્યા; તેઓએ કશ્યપ પ્રજાપતિને આગળ કરી તેના જાતકર્મ વગેરે સંસ્કારો કર્યા.[૧૩] પછી જ્યારે તે જગત્પતિનો ઉપનયનસંસ્કાર થયો, ત્યારે હે મહારાજ! સૂર્યદેવે ગાયત્રીનો ઉપદેશ કર્યો; બૃહસ્પતિએ બ્રહ્મસૂત્ર (જનોઇ) આપ્યું; કશ્યપઋષિએ મુંજ ઘાસનો કંદોરો આપ્યો; પૃથ્વીએ કાળું મૃગચર્મ આપ્યું; ઔષધિઓના પતિ ચંદ્રમાએ દંડ આપ્યો; માતા અદિતિએ કૌપિન (લંગોટી) આપ્યું; સ્વર્ગે છત્ર આપ્યું; બ્રહ્માએ કમંડલુ આપ્યું; સપ્તર્ષિઓએ દર્ભ આપ્યા; સરસ્વતીએ તે અવિનાશીને જપમાળા અર્પણ કરી; યક્ષરાજ કુબેરે તે જનોઇ દીધેલા વામનને ભિક્ષાપાત્ર આપ્યું અને સાક્ષાત્ ભગવતી સતી અંબિકાદેવીએ તેમને ભિક્ષા આપી. એ પ્રમાણે સર્વથી સન્માન પામેલા તે સર્વશ્રેષ્ઠ બટુક, બ્રહ્મર્ષિઓના સમૂહથી સેવાયલી સભાને પોતાના બ્રહ્મતેજથી અત્યંત શોભાવવા લાગ્યા.[૧૪-૧૮] પછી તે બ્રાહ્મણ વામનજીએ, ત્યાં સ્થાપેલા પ્રજ્વલિત અગ્નિને પરિસમૂહન તથા પરિસ્તરણ કરવાપૂર્વક પૂજીને તેમાં સમિધોનો હોમ કર્યો.[૧૯] તે પછી બળવાન બલિરાજા ભૃગુવંશી બ્રાહ્મણોએ કરાવેલા અશ્વમેધ યજ્ઞો કરે છે એમ સાંભળીને, સમગ્ર બળવડે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપૂર્ણ એવા તે વામન ભગવાન, પગલે પગલે પોતાના ભારથી પૃથ્વીને નમાવતા ત્યાં જઇ પહોંચ્યા.૨૦ બલિરાજાના ભૃગુવંશી ઋત્વિજો, નર્મદાના ઉત્તર કિનારે આવેલા ભૃગુકચ્છ નામના ક્ષેત્રમાં બલિરાજા પાસે અશ્વમેધ મહાયજ્ઞ કરાવતા હતા; તેઓએ ઉદય પામેલા સૂર્ય જેવા તે જસ્વી વામનજીને ત્યાં આગળ જોયા. તે વખતે યજમાન બલિરાજા, ઋત્વિજો અને સભાસદો, વામનજીના તેજથી નિસ્તેજ થઇ ગયા અને તેઓ વિચાર કરવા લાગ્યા કે, યજ્ઞનાં દર્શન કરવાની ઇચ્છાથી શું આ સૂર્ય આવે છે? અગ્નિ આવે છે કે સનત્કુમાર આવે છે?' ૨૧।૨૨ એ પ્રમાણે ભૃગુવંશના બ્રાહ્મણો શિષ્યો સાથે અનેક પ્રકારના તર્કો કરી રહ્યા હતા; તેવામાં તે વામન ભગવાન દંડ, છત્ર અને જળભરેલા કમંડલને ધારણ કરતા અશ્વમેધના મંડપમાં દાખલ થયા.૨૩ તેમણે મુંજ ઘાસનો કંદોરો પહેર્યો હતો; મૃગચર્મરૂપી ખેસને જનોઇની પેઠે શરીર પર નાખ્યો હતો અને મસ્તકે જટા ધારણ કરી હતી; એવા તે માયાથી બટુક બનેલા શ્રીહરિને બ્રાહ્મણ વામનસ્વરૂપે યજ્ઞમંડપમાં દાખલ થયેલા જોઇ ભૃગુવંશી બ્રાહ્મણો, તેમના તેજથી ઝાંખા પડી ગયા; તેઓએ પોતાના શિષ્યો અને અગ્નિઓ સાથે ઊભા થઈ પાદ્ય, અર્ધ્ય વગેરે આપીને તેમનું સન્માન કર્યું.૨૪।૨૫ યજમાન બલિરાજાએ પણ દર્શન કરવા યોગ્ય, સુંદર તથા રૂપને યોગ્ય અવયવોવાળા તે વામન ભગવાનને જોઈ તેમને આસન આપ્યું૨૬ અને 'ભલે પધાર્યા' એમ અભિનંદન આપી તે બલિરાજાએ આત્મારામ પુરુષોના મનને આનંદ આપનારા ભગવાનના બન્ને ચરણો ધોઇને તેમની પૂજા કરી.૨૭ પછી ધર્મવેત્તા બલિરાજાએ મનુષ્યોનાં પાપનો નાશ કરનારા અને અત્યંત મંગળરૂપ ભગવાનના ચરણ ધોયેલા જળને પોતાના મસ્તક પર ચડાવ્યું; જે જળને દેવના દેવ ચન્દ્રમૌલિ શંકર પણ પરમ ભક્તિથી મસ્તક પર ધારણ કરે છે."૨૮

પછી બલિરાજાએ કહ્યું:–'હે બ્રહ્મન્! આપ ભલે પધાર્યા; અમે આપનું કયું કાર્ય કરીએ? હે આર્ય! આપને હું સાક્ષાત્ શરીર ધારણ કરનાર બ્રહ્મર્ષિઓનું તપજ માનું છું.૨૯ આજે અમારા પિતૃઓ તૃપ્ત થયા છે; અમારું કુળ આજે પવિત્ર થયું છે અને આજેજ આ યજ્ઞ સારી રીતે (સફળ) થયો છે. કેમકે આજે આપ અમારે ઘેર પધાર્યા છો.૩૦ ઓ બ્રાહ્મણપુત્ર! આજે આપની પધરામણીથી મારા અગ્નિઓમાં વિધિ પ્રમાણે ઉત્તમ હોમ થઈ ચૂક્યો છે; આજે આપના ચરણ ધોયેલા જળથી અમારાં પાપ નાશ પામ્યાં છે અને આપના નાજુક ચરણોથી આ ભૂમિ પવિત્ર થઇ છે.૩૧ ઓ બટુક બ્રાહ્મણપુત્ર! તમારી જ ઇચ્છા હોય, તે તમે મારી પાસેથી માગી લો. તમે કંઈ પણ માગવા ઇચ્છો છો, એમ હું તર્ક કરું છું. હે મહાપૂજ્ય બ્રાહ્મણ! ગાય, સોનું, યથેષ્ટ ભોગસાધનોવાળું ઉત્તમ ઘર, અન્ન, પાન, કન્યા, સમૃદ્ધિવાળાં ગામડાં, ઘોડા, હાથીઓ કે રથો જે કંઇ તમારે જોઇએ તે તમે માગી લો.'૩૨

गां काञ्चनं गुणवद्धाम मृष्टं तथाऽन्नपेयमुत वा विप्र कन्याम् । ग्रामान् समृद्धांस्तुरगान् गजान्वा रथांस्तथार्हत्तम संप्रतीच्छ ॥ ३२ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १९ मो*

વામનજીએ× ત્રણ પગલાં ભૂમિ માગી અને શુક્રાચાર્યની ના

॥ श्रीशुक उवाच ॥

इति वैरोचनेर्वाक्यं धर्मयुक्तंससूनृतम् ।
निशम्य भगवान् प्रीतः प्रतिनंद्येदमब्रवीत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"બલિરાજાનું તે સત્ય અને ધર્મયુક્ત વાક્ય સાંભળીને ભગવાન પ્રસન્ન થયા. તેમણે તેને અભિનંદન આપીને આ પ્રમાણે કહ્યું.[1]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે રાજા! જેને પારલૌકિક ધર્મના વિષયમાં ભૃગુવંશી બ્રાહ્મણો તથા અત્યંત શાંત કુલવૃદ્ધ પ્રહ્લાદજી માન્ય છે, એવા તમારું આ વચન સત્ય હોઇને કુળને યોગ્ય, ધર્મયુક્ત અને યશ આપનારું છે.[2] તમારા કુળમાં એવો કોઈ પણ નિઃસત્ત્વ કે કૃપણ પુરુષ થયો નથી, કે જેણે યાચક બ્રાહ્મણને 'હું નહિ આપું' એમ કહ્યું હોય અથવા આપવાનું કબૂલ કરીને પછી ન આપ્યું હોય!![3] વળી તમારા કુળમાં જેઓનું મન ઉદાર ન હોય કે ઉત્સાહરહિત હોય તેવા રાજાઓ થયાજ નથી કે જેઓએ તીર્થક્ષેત્રમાં કે યુદ્ધમાં કોઇએ માગણી કરી હોય, ત્યારે દાન આપવાની કે યુદ્ધ કરવાની ના પાડી હોય! તેમજ યશથી નિર્મળ એવા તમારા કુળમાં, ચંદ્રમા જેમ આકાશમાં શોભે છે, તેમ પ્રહ્લાદજી શોભી રહ્યા છે.[4] વળી જે કુળમાં ઉત્પન્ન થયેલો હિરણ્યાક્ષ દિગ્વિજય વખતે હાથમાં ગદા લઇને એકલો આ ભૂમિ પર (પોતાની સામે યુદ્ધ કરનારની શોધમાં) ઘૂમ્યા કરતો હતો, પણ પોતાની સામે યુદ્ધ કરે તેવો યોદ્ધો તેને મળ્યોજ ન હતો.[5] અંતે પૃથ્વીના ઉદ્ધારસમયે સામે આવેલા હિરણ્યાક્ષને વિષ્ણુએ મહાકષ્ટે જીત્યો હતો; તોપણ તેના મહાન પરાક્રમનું સ્મરણ કરી વિષ્ણુએ પોતાને વિજયી તરીકે માનેલ ન હતા.[6] પછી તેનો ભાઈ હિરણ્યકશિપુ પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ સાંભળી ક્રોધાયમાન થઇ ગયો અને પોતાના ભાઇનો વધ કરનારને મારી નાખવા માટે તે વિષ્ણુના સ્થાનમાં ગયો.[7] ત્યાં માયાવીઓમાં શ્રેષ્ઠ અને સમયને જાણનારા વિષ્ણુએ હાથમાં ત્રિશૂળ લઇ કાળની પેઠે ધસી આવતા હિરણ્યકશિપુને જોઇને મનમાં વિચાર કર્યો કે,[8] 'હું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં પ્રાણીઓની પાછળ જેમ મૃત્યુ આવે છે, તેમ આ આવવાનોજ, માટે બાહ્યદૃષ્ટિવાળા આ અસુરના હૃદયમાંજ હું પેસી જાઉં.÷'[9] આવો નિશ્ચય કરી હે અસુરેન્દ્ર! સામે દોડી આવતા

---

* આ અધ્યાયમાં શ્રીહરિએ ત્રણ પગલાં ભૂમિ માગી અને બલિરાજાએ તે આપવા કબૂલ્યું, એટલે શુક્રાચાર્યે બલિરાજાને અટકાવ્યો, એ કથા કહેવાશે.–શ્રીધર

× આ આધ્યાત્મિક કથા ઉત્તરધ્રુવ પ્રદેશને લક્ષ્યમાં રાખીને લખેલી છે. વિષ્ણુભગવાનનાં ત્રણ પગલાંનો ઉલ્લેખ ઋગ્વેદમાં અનેક જગ્યાએ કરેલો છે. તેમાંથી બે પગલાં મનુષ્યોને દેખાય છે, પરંતુ ત્રીજું પગલું મનુષ્યોની દૃષ્ટિથી પર છે. વિષ્ણુ એ સૂર્યદેવતા છે. વિષ્ણુનાં ત્રણ પગલાં એટલે સૂર્યની વાર્ષિક ગતિના ત્રણ વિભાગ. વર્ષના બે ભાગ સૂર્ય ક્ષિતિજ પર હોવાથી મનુષ્યોને દેખાય છે, પરંતુ જ્યારે ત્રીજા ભાગમાં ક્ષિતિજની નીચે સૂર્ય જાય છે, ત્યારે દીર્ઘ કાળ સુધી સર્વત્ર અંધકાર રહે છે. ત્યારે સૂર્યની ગતિનો ત્રીજો ભાગ (વિષ્ણુ ભગવાનનું ત્રીજું પગલું) અદૃશ્ય રહે છે.

ઉત્તરધ્રુવમાં વર્ષમાં એકજ વખત સૂર્યનો ઉદય અને અસ્ત થાય છે, જેથી ૩૬૫ દિવસમાં ૧૯૪ દિવસ સુધી સૂર્ય આકાશમાં દેખાય છે. બાકી રહેલા ૧૭૧ દિવસની રાત્રિ થાય છે. આ રાત્રિ પણ બિલકુલ અંધકારમય હોતી નથી. સૂર્યોદય (દિવસના આરંભ)થી પહેલાં ૪૭ દિવસ અરુણપ્રકાશ રહે છે અને રાત્રિના આરંભ પહેલાં ૪૮ દિવસની સંખ્યા હોય છે. આવી રીતે ૯૫ દિવસ પ્રકાશવાળા રહે છે, જેથી પૂર્ણ અંધકારવાળા માત્ર ૭૬ દિવસ રહે છે. આવી રીતે વર્ષરૂપે પરિભ્રમણને વામન ભગવાનનાં ત્રણ પગલાં કહેલ છે. જેવી રીતે ૪ થા સ્કંધમાં પુરંજન રાજાની કથા બિલકુલ આધ્યાત્મિકજ કહી છે, તેવીજ રીતે વામનભગવાનની કથા અને બીજી કેટલીક કથાઓ આધ્યાત્મિકજ કહી છે. —મા. ક.

÷ જેથી પોતાના હૃદયમાં રહેલા મને તે જાણી શકશે નહિ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે અસુરના શ્વાસવાયુમાં પોતાના શરીરને અદૃશ્ય કરી દઈ તેની નાસિકામાર્ગે થઇ કંપિત ચિત્તે વિષ્ણુએ તેના શરીરમાં પ્રવેશ કર્યો હતો.[૧૦] તે વેળા હિરણ્યકશિપુએ વિષ્ણુના સ્થાનને શૂન્ય થઇ પડેલું જોયું અને વિષ્ણુને ક્યાંય નહિ જોતાં કોપાયમાન થઇને ગર્જના કરી મૂકી. તે વીરે પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ, પાતાલો તેમજ સમુદ્રોમાં વિષ્ણુની શોધ કરી; પણ તેમને ક્યાંય જોયા નહિ.[૧૧] જ્યારે ક્યાંય પણ વિષ્ણુ જોવામાં ન આવ્યા, ત્યારે તે આ પ્રમાણે બોલ્યો: 'મેં આખા જગતમાં શોધ કરી, પણ મારા ભાઇના નાશ કરનારને મેં જોયો નહિ; તેથી જે સ્થળે ગયેલો પુરુષ કદી પાછો ફરતો નથી, ત્યાંજ તે ગયેલો હોવો જોઇએ. (અર્થાત્ મરી ગયો હશે.)'[૧૨]* પ્રાણીઓને વૈરનો સંબંધ મરણપર્યંતજ હોય છે. કારણ કે ક્રોધ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે; પણ દેહ પર ગૂઢ અભિમાનવાળા શૂરાઓને અહંભાવથી તે વૃદ્ધિ પામે છે. (માટે અજ્ઞાનની નિવૃત્તિ પહેલાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો ક્રોધ તજી દેવો, એ પણ મૂર્ખાઈજ છે.)[૧૩] તમારા પિતા વિરોચન કે જે પ્રહ્લાદના પુત્ર હતા, તેમણે પણ બ્રાહ્મણો પર પ્રેમાળ હોઇને બ્રાહ્મણોનો વેષ લઈ આવેલા દેવોને 'આ બ્રાહ્મણો નથી, પણ દેવો છે,' એમ તે પોતે જાણતા હોવા છતાં તેઓની માગણીથી પોતાનું આયુષ આપી દીધું હતું.[૧૪] તમે પણ ગૃહસ્થી બ્રાહ્મણોએ, પોતાના શૂરવીર પૂર્વજોએ તથા બીજા મોટી કીર્તિવાળા પુરુષોએ આચરેલા ધર્મોને બરાબર પાળો છો;[૧૫] માટે હે દૈત્યેન્દ્ર! વર આપનારાઓમાં શ્રેષ્ઠ એવા તમારી પાસેથી હું થોડી ભૂમિ માગું છું; તે એટલીજ કે, મારા પગથી મપાયલાં ત્રણજ

* એમ માનીને હિરણ્યકશિપુએ વિષ્ણુની શોધ કરવી છોડી દીધી હતી; તોપણ તેણે તેના પ્રત્યેના વૈરને મરણપર્યંત છોડ્યું ન હતું; એ વાત હવે પછીના શ્લોકમાં કહે છે. —બાલપ્રબોધિની

પગલાં.[૧૬] હે રાજન્! તમે જગતના ઈશ્વર છો અને મહાન દાતા છો; તોપણ તમારી પાસેથી હું બીજું કંઇ માગતો નથી. કેમકે પોતાને ઉપયોગ પૂરતીજ વસ્તુને ગ્રહણ કરનારો વિદ્વાન પાપમાં પડતો નથી.[૧૭]

બલિરાજાએ કહ્યું:–'અહો ! આશ્ચર્ય ! આ બ્રાહ્મણબાળક! તમારી વાણી તો વૃદ્ધ પુરુષોને પણ માન્ય થઇ પડે તેવી છે; તોપણ તમે બાળક છો, તેથી તમારી બુદ્ધિ અજ્ઞાનીઓના જેવી છે અને તેથીજ તમે પોતાના સ્વાર્થને બરાબર સમજી શકતા નથી.[૧૮] હું લોકોનો એક ઈશ્વર છું અને (મારી પાસે કોઇ બ્રાહ્મણ માગણી કરે, તો) એક દ્વીપને પણ આપી દેનારો છું; છતાં મને વચનોથી પ્રસન્ન કરીને માત્ર ત્રણજ પગલાં ભૂમિ જે માગે છે, તે ખરેખર બુદ્ધિહીન છે.[૧૯] કોઇ પણ પુરુષ મારી પાસે (માગવા) આવીને ફરી માગવા માટે યોગ્ય રહેતો નથી; માટે હે બટુક! તમારી આજીવિકા ચાલે તેટલી ભૂમિ તમે મારી પાસેથી ખુશીથી લો.'[૨૦]

શ્રીભગવાન બોલ્યા:–'હે રાજા! ત્રૈલોક્યમાં જેટલા અતિ પ્રિય વિષયો છે, તે બધાય (આવી મળે છતાં) પણ અજિતેન્દ્રિય મનુષ્યને તૃપ્ત કરી શકતા નથી.[૨૧] જે મનુષ્ય ત્રણ પગલાં પૃથ્વીથી અસંતુષ્ટ રહે છે, તેને નવ ખંડો સહિત આખો દ્વીપ આપી દેવાથી પણ તૃપ્ત કરી શકાય નહિ; કેમકે તેને (એક દ્વીપ આપવાથી ફરી) સાતે દ્વીપો માગવાની ઇચ્છા થાય છે.[૨૨] અમે સાંભળ્યું છે કે, પૃથુ, ગય વગેરે રાજાઓ સાતે દ્વીપોના અધિપતિ હતા, છતાં પણ તેઓની અર્થ તથા કામની તૃષ્ણા દૂર થઈ ન હતી.[૨૩] જે મનુષ્ય દૈવેચ્છાએ પ્રાપ્ત થયેલી વસ્તુથી સંતુષ્ટ રહે છે, તે સુખી છે; પણ અજિતેંદ્રિય અસંતોષી મનુષ્યને ત્રણે લોક મળી જાય તોપણ તે સુખી રહી શકતો નથી.[૨૪] પુરુષને આ અર્થ તથા કામનો અસંતોષ તેજ સંસારનું કારણ થઇ પડે છે; ત્યારે દૈવે-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇચ્છાએ મળી આવેલી વસ્તુથી સંતોષ રાખવો તે મોક્ષદાતા થઇ પડે છે.[૨૫] જે બ્રાહ્મણ દૈવેચ્છાએ મળી આવેલી વસ્તુથી સંતુષ્ટ રહે છે, તેનું તેજ વધે છે; પણ અસંતોષથી તો જળથી જેમ અગ્નિ શાંત થઇ જાય છે, તેમ બ્રહ્મતેજ શાંત થઇ જાય છે;[૨૬] માટે વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ એવા તમારી પાસેથી હું માત્ર ત્રણ પગલાંજ પૃથ્વી માગું છું, કેમકે હું એટલેથી કૃતાર્થ થઇશ અને જેટલું પ્રયોજન હોય, તેટલુંજ ધન રાખવું તે સુખદાયી છે. (અધિક ધનથી તો ઊલટું દુઃખજ થાય છે.)[૨૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"વામનભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે બલિરાજાએ 'બહુ સારું, તમારી ઇચ્છામાં આવે તેટલું લો.' એમ કહીને વામન ભગવાનને પૃથ્વીનું દાન કરવા માટે જળપાત્ર હાથમાં લીધું.[૨૮] તે વેળા વિદ્વાનોમાં શ્રેષ્ઠ શુક્રાચાર્ય, વિષ્ણુ ભગવાનની કર્તવ્યેચ્છાને જાણી ગયા; એટલે તેમણે વિષ્ણુને પૃથ્વીદાન દેવા તૈયાર થયેલા પોતાના શિષ્ય બલિરાજાને આ પ્રમાણે કહ્યું.

શુક્રાચાર્ય બોલ્યાઃ–'ઓ બલિરાજા! આ અવિનાશી ભગવાન સાક્ષાત્ વિષ્ણુ છે; દેવોનું કાર્ય સાધવા માટે કશ્યપથી અદિતિમાં તેઓ જન્મ્યા છે.[૨૯।૩૦] તેં આ અનર્થ નહિ જાણીને આને પૃથ્વીનું દાન કરવાની જે પ્રતિજ્ઞા કરી છે, તે ઠીક કર્યું નથી, એમ હું માનું છું. આ તો દૈત્યોને મહાન અન્યાય થવાનો પ્રસંગ આવ્યો છે.[૩૧] આ શ્રીહરિ માયા વડે બટુક બન્યા છે; તે તારું સ્થાન, ઐશ્વર્ય, લક્ષ્મી, તેજ અને પ્રખ્યાત યશ છીનવી લઇને ઇન્દ્રને આપી દેશે.[૩૨] આ ભગવાન જગત્ જેવડું શરીર કરીને ત્રણ પગલાંમાં તો ત્રણે લોકને દાબી દેશે; માટે ઓ મૂઢ! આવી રીતે વિષ્ણુને સર્વસ્વ આપી દઇ તું તારી આજીવિકા કેવી રીતે ચલાવીશ?[૩૩] આ ભગવાન એક પગલે પૃથ્વીને માપી લેશે; બીજે પગલે સ્વર્ગને માપી લેશે અને મોટા શરીર વડે આકાશને માપી લેશે. પછી ત્રીજા પગલાની શી ગતિ થશે? (ત્રીજું પગલું ક્યાં માંડશે?)[૩૪] હું માનું છું કે, તું તારું પ્રતિજ્ઞા કરેલું આપી શકીશ નહિ; એટલે તારી સ્થિતિ નરકમાંજ થશે; કેમકે પ્રતિજ્ઞા કરેલી વસ્તુ આપવાને તું સમર્થજ નથી.[૩૫] વળી જે દાનથી પોતાની આજીવિકાનો વિનાશ થઇ જાય, તે દાનને વિદ્વાનો વખાણતા નથી; કેમકે આજીવિકાવાળો મનુષ્યજ લોકમાં દાન, યજ્ઞ, તપ તથા કર્મને કરી શકે છે.[૩૬] જે મનુષ્ય ધર્મ, અર્થ, યશ, કામ તથા સ્વજન એ પાંચ માટે પોતાના ધનનો વિભાગ કરે છે, તે મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં આનંદ કરે છે.[૩૭] હે અસુરશ્રેષ્ઠ! આ (સત્ય–અસત્યની વ્યવસ્થા) સંબંધે ઋગ્વેદીઓએ જે કહ્યું છે, તે તું સાંભળ. કોઇને કંઇ આપવાનું કબૂલ કરીને બરાબર તેજ પ્રમાણે આપવું તે સત્ય કહેવાય છે અને કોઇને કંઇ આપવાનું કબૂલીને પછી તે પ્રમાણે ન આપવું તે અસત્ય કહેવાય છે.[૩૮] આ શરીરરૂપી એક વૃક્ષ છે; તેનાં પુષ્પ અને ફળ તે સત્ય છે, એમ વેદો કહે છે. પણ આ દેહરૂપી વૃક્ષ જો જીવતુંજ ન રહે તો તેનાં પુષ્પ કે ફળરૂપ તે સત્ય નીપજી શકતું નથી. વળી અસત્ય આ દેહનું મૂળ છે. (માટે સંકટસમયે કંઇક અસત્યનો આશ્રય કરીને પણ દેહની રક્ષા કરવી જોઇએ.)÷[૩૯] જેમ કોઈ વૃક્ષનાં મૂળ ઊખડી જાય, તો તે સુકાઇ જાય છે અને જલદી પડી જાય છે, તેમ આ દેહરૂપી વૃક્ષનું મૂળ જે અસત્ય છે, તે પણ છેક નાશ પામી જાય, તો તત્કાળ દેહ સુકાઇ જાય છે–નાશ પામે છે, એમાં સંશય નથી.[૪૦] +કોઇ યાચક જે કંઈ માગવા આવે, ત્યારે તેને 'હા' એવો જે અક્ષર કહેવો, તે ધનને દૂર લઈ

÷ સંકટસમયે અસત્યથી પણ દેહરક્ષા કરવી જોઇએ, એમ 'दुरेत त्वेतेन' એવા વેદવચનનો આધાર લઇને શુક્રાચાર્ય બલિરાજાને સમજાવે છે. —મા. ક.

+ સર્વથા સત્ય બોલવાથી શરીરનો નિર્વાહ થઇ શકતો નથી, એ વાતને સ્પષ્ટ કરવા માટે સત્યના દોષ અને અસત્યના ગુણનું કથન શુક્રાચાર્ય એ શ્લોકમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જનાર અને અપૂર્ણ છે—એટલે ધનવાન દાતાને ખરેખર ખાલી કરે છે; કેમકે યાચકને જે તે વસ્તુ માટે હા પાડી દેવાથી પુરુષ ખાલી થઇ જાય છે; એટલુંજ નહિ પરંતુ હરકોઈ માગણને હરકોઇ વસ્તુ આપવાની હા પાડનારો મનુષ્ય પોતાને માટે ભોગ ભોગવવા સમર્થ થઇ શકતો નથી;[41] માટે જ્યારે કોઇ માગવા આવે, ત્યારે તેને 'ના' એમ જે અસત્ય વચન કહેવું તે પૂર્ણ છે–ધનથી મનુષ્યને ભરપૂર રાખે છે; (કેમકે તેથી ધનનો વ્યય થતો નથી.) અને બીજાના ધનને પોતાની સંમુખ આકર્ષી આણે છે;‡ પણ ×જે મનુષ્ય હરકોઇ બાબતમાં 'ના' એમ કહીને અસત્ય બોલે છે, તેની તો અપકીર્તિજ થાય છે અને તેવો મનુષ્ય જીવતાં મૂઆ જેવો છે. (ક્યારે ક્યારે અસત્ય બોલવાની છૂટ આપી શકાય, એ શુક્રાચાર્ય નીતિશાસ્ત્રના આધારે સમજાવે છે—અર્થાત્ સંકટસમયેજ અસત્યનો આશ્રય કરવો તે ઠીક છે; પણ હરકોઈ પ્રસંગે અસત્ય બોલવું નહિ.)[42] સ્ત્રીઓને ઉત્સાહનાં વચનથી વશ કરવા માટે, મશ્કરીમાં, વિવાહપ્રસંગમાં, વરની સ્તુતિ માટે, આજીવિકા માટે, (સત્ય કહેવાથી ધર્મશાસ્ત્રે કહેલા આપણા હિતમાં બાધા આવતી હોય ત્યારેજ; પરંતુ અન્યાયપૂર્વક બીજાઓને ઠગવા માટે નહિ.) પ્રાણસંકટના પ્રસંગે, ગાયો માટે, બ્રાહ્મણોને માટે તથા (સત્ય બોલવાથી) કોઇની હિંસા થતી હોય ત્યારે અસત્ય બોલવું તે નિંદ્ય ગણાતું નથી.'*[43]

स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसंकटे ।
गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

अध्याय २० मो+

બલિએ વામનજીને પૃથ્વીનું દાન કર્યું

॥ श्रीशुक उवाच ॥

बलिरेवं गृहपतिः कुलाचार्येण भाषितः ।
तूष्णीं भूत्वा क्षणं राजन्नुवाचावहितो गुरुम् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! કુલના આચાર્ય શુક્રાચાર્યે એ રીતે કહ્યું, એટલે ગૃહસ્થ બલિરાજા એક ક્ષણવાર તો ચૂપજ થઇ રહ્યો. પછી સાવધાન થઇને તેણે ગુરુને આ પ્રમાણે કહ્યું.[1]

બલિરાજા બોલ્યોઃ—'આપ ભગવાને સત્ય કહ્યું છે. ગૃહસ્થોનો એ ધર્મ હોવો જોઇએ કે જે અર્થ, કામ, યશ તથા આજીવિકાને કોઈ રીતે બાધકર્તા ન થાય;[2] પણ હું પ્રહ્લાદનો પૌત્ર થઈને તેમજ 'આપીશ' એવી પ્રતિજ્ઞા કરીને કોઈ ધૂર્ત મનુષ્યની માફક ધનના લોભથી બ્રાહ્મણને શી રીતે ના પાડી

‡ જે મનુષ્ય 'મારી પાસે કંઇ પણ નથી, હું દુઃખી થાઉં છું.' આમ હમેશાં કહ્યા કરે છે, તે મનુષ્ય એ અસત્યને લીધે બીજાઓનાં ધનને પોતાની તરફ ખેંચી આણે છે. આ વાત જગજાહેર છે. —श्रीधर

× કદાચ કોઇ એમજ સમજી લે કે, અસત્યજ સર્વદા સેવવા યોગ્ય છે, તો તે માટે વેદ પણ કહે છેઃ—(પોતાની આજીવિકાનો કે પોતાનો વિનાશપ્રસંગ આવી જાય, ત્યારે) '**अथैतत् पूर्णमस्यात्मं यन्नेति स यत् सर्वं नेति ब्रूयात् पापिकास्य कीर्तिर्जायेत सैनं तत्रैव हन्यात् ।**' 'ના' એમ જૂઠું કહેવું તે પૂર્ણ છે–ધનથી ભરપૂર રાખે છે અને પારકા ધનને પણ ખેંચી લાવે છે; પણ હરકોઈ બાબતમાં ના કહેનારા મનુષ્યની અપકીર્તિ થાય છે અને તે અપકીર્તિ તેનો નાશ કરે છે. —श्रीधर

* યાજ્ઞવલ્ક્ય પણ કહે છેઃ—'**वर्णिनां हि वधो यत्र तत्र साक्ष्येऽनृतं वदेत् ।**' (या० स्मृ० २-८३) જ્યાં કોઇ પણ વર્ણના ધર્માત્મા મનુષ્યનો અન્યાયપૂર્વક વધ થતો હોય, ત્યાં સાક્ષીપણામાં જૂઠું બોલવું. વળી વેદ પણ કહે છેઃ—'**तस्मात् काल एव दद्यात् काले न दद्यात् तत् सत्यानृते मिथुनीकरोति ।**' (ऐत. आ. २-३-६-१४) માટે સમયેજ આપવું અને સમયે ન પણ આપવું; આમ સત્ય તથા અસત્ય બન્નેની જોડણી કરવી પડે છે. —श्रीधर

+ આ અધ્યાયમાં અસત્યથી ભય પામેલા બલિરાજાએ શ્રીહરિનું કપટ જાણીને પણ તેમને દાન આપ્યું; એટલે આશ્ચર્ય થાય તેમ વિષ્ણુભગવાન એકાએક વધી ગયા, એ કથા કહેવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



વામન અને બલિરાજા

[પૃષ્ઠ ૬૪૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શકું ?[૩] પૃથ્વી પણ કહે છે કે, 'અસત્યથી બીજો કોઇ અધર્મ નથી. અસત્ય બોલનારા મનુષ્ય સિવાય બીજું સર્વ કંઈ સહન કરવાને હું સમર્થ છું; એમ માનું છું.[૪] બ્રાહ્મણને ઠગવાથી જેવો હું ડરું છું, તેવો નરકથી, દારિદ્રયથી, દુઃખના સમુદ્રથી, સ્થાનભ્રષ્ટ થવાથી કે મૃત્યુથી પણ ડરતો નથી.[૫] આ જગતમાં જે કંઇ ધનાદિ છે, તે સર્વ મરણ પામેલા મનુષ્યનો અવશ્ય ત્યાગ કરશેજ. (તો પછી જીવતાંજ પોતે શા માટે દાન ન દેવું?) વળી જેનું દાન કરવાથી બ્રાહ્મણ સંતોષ ન પામે, તેનું દાન કરવામાં પણ શું પ્રયોજન છે?[૬] દધીચિ અને શિબિ વગેરે સત્પુરુષો, દુસ્ત્યજ એવા પોતાના પ્રાણો આપી દઇને પણ પ્રાણીઓનું કલ્યાણ કરે છે, તો પછી પૃથ્વી વગેરે વસ્તુઓ આપી દેવામાં વળી વિચાર શો?[૭] હે બ્રહ્મન્! યુદ્ધમાં કદી પીછેહઠ નહિ કરનારા મોટા દૈત્યરાજાઓએ આ પૃથ્વીને ભોગવી છે, તેઓના ભોગ–વૈભવોનો કાળે ભલે નાશ કર્યો હોય, પણ તેઓએ પૃથ્વી પર જે યશ સંપાદન કર્યો છે, તેનો કાળે નાશ કર્યો નથી. (માટે કીર્તિજ સંપાદન કરવી જોઇએ, બીજા કશાની જરૂર નથી.)[૮] હે બ્રહ્મર્ષિ! યુદ્ધમાં કદી પાછી પાની નહિ કરીને શરીરનો ત્યાગ કરનારા પુરુષો જગતમાં સુલભ છે; પરંતુ કોઈ સુપાત્ર આવે, ત્યારે શ્રદ્ધાથી તેને પોતાનું ધન આપી દેનારા પુરુષો દુર્લભ છે. (અર્થાત્ ધનનું દાન કરવું અતિ દુષ્કર હોઈ મારે તે કરી બતાવવું છે.)[૯] દયાળુ ઉદાર મનના પુરુષને હરકોઇ યાચકની કામના પૂરું કરતાં દરિદ્રતા પ્રાપ્ત થાય, તો તે પણ ઉત્તમજ છે, તો પછી આપ જેવા વેદવેત્તા પુરુષોને અર્થે કંઈ આપી દેતાં દરિદ્રતા આવી મળે, તો તે કેમ ઉત્તમ ન ગણાય? માટે હું તો આ બટુકને તેનું ઇચ્છેલું આપીશજ.[૧૦] હે મુનિ! વેદોક્ત કર્મો કરવામાં કુશળ એવા આપ પણ જેનું યજ્ઞયાગાદિથી પૂજન કરો છો, તેજ વરદાતા આ વિષ્ણુ હો કે કોઇ બીજો હો; પણ હું તેણે ઇચ્છેલી પૃથ્વી તેને આપીશ.[૧૧] જો કે આ વિષ્ણુ મને નિરપરાધીને અધર્મથી બાંધશે; તોપણ બ્રાહ્મણશરીરને ધારણ કરનારા આ મારા ભયભીત શત્રુનો હું વધ કરીશ નહિ.[૧૨] અથવા આ વિષ્ણુ ઉત્તમ કીર્તિવાળા છે, તેથી પોતાના યશનો ત્યાગ કરવા ઇચ્છશે નહિ, (અર્થાત્ મને બાંધીને પણ પોતાની કીર્તિ જાળવવાને માટે મને અવશ્ય કંઇક ઐશ્વર્ય આપશેજ; છતાં જો હું આને પૃથ્વી આપવાની ના પાડું) તો યુદ્ધમાં મારો વધ કરીને પણ પૃથ્વી લઇ લે× અથવા (તે મારો વધ નહિ કરી શકે, તો) મારે હાથે મૃત્યુ પામીને પૃથ્વી પર શયન કરે. (તો એ રીતે પણ પ્રતિજ્ઞા કરેલું નહિ આપવાથી અથવા બ્રાહ્મણનો વધ કરવાથી મારે નરકમાં પડવું પડે અને લોકમાં મારી મોટી અપકીર્તિ થાય. માટે મારે પ્રતિજ્ઞા કરેલું તો પાળ્યેજ છૂટકો છે.)[૧૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે શ્રદ્ધાહીન થઇને પોતાની આજ્ઞા નહિ માનનારા અને સત્ય પ્રતિજ્ઞાવાળા તે મનસ્વી શિષ્ય–બલિરાજાને શુક્રાચાર્યે દૈવથી પ્રેરાઇને આવો શાપ આપ્યો:[૧૪] 'તું અજ્ઞાની છે, છતાં પોતાને મહાપંડિત માને છે અને અમારી ઉપેક્ષાને લીધે અભિમાની બની જઇને અમારીજ આજ્ઞાને માનતો નથી; તે માટે અલ્પ સમયમાં રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઇશ.' એ પ્રમાણે પોતાના ગુરુએ શાપ આપ્યો, તે છતાં એ મહાન રાજા સત્યથી ચલિત થયો નહિ; તેણે તો વામનજીની પૂજા કરી જળદાનપૂર્વક પૃથ્વીનું દાન કરી દીધું. તે સમયે બલિરાજાની પત્ની વિંધ્યાવલિ મોતીના અલંકારો ધારણ કરી પગ ધોવા માટે જળથી ભરેલો સોનાનો કળશ લઇ ત્યાં આવી,[૧૫-૧૭] તે વખતે યજમાન બલિરાજાએ તે વામનજીના શોભાયમાન ચરણયુગલ ધોઇને જગતને પવિત્ર કરનારું તે જળ પોતાના મસ્તકે ચડાવ્યું હતું.[૧૮] એ વેળા આકાશમાં ઊભેલા દેવગણો, ગંધર્વો, ત્રિ-

× તો એ રીતે થતાં ધર્મહાનિ, પ્રાણહાનિ તથા યશની પણ હાનિ થવાનો સંભવ છે.–બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

ઘાધરો, સિદ્ધો તથા ચારણોએ બલિરાજાના તે કર્મની તથા તેમની સરળતાની સ્તુતિ કરી હતી અને હર્ષમાં આવી જઇને તેઓએ અસુરોના તે રાજા ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી હતી.[૧૯] તેમજ હજારો નગારાંઓ વારંવાર વાગી રહ્યાં હતાં અને ગંધર્વો, કિંપુરુષો તથા કિન્નરો ગાઇ રહ્યા હતા કે, 'આ ઉદાર બલિરાજાએ પોતાના શત્રુને જાણતા છતાં તેને ત્રણે જગત આપી દીધાં, તે મહાદુષ્કર કર્મ કર્યું છે.'[૨૦] પછી તો અનંત એવા શ્રીહરિનું તે ત્રિગુણાત્મક વામનસ્વરૂપ અદ્ભુત રીતે વધવા લાગ્યું ને જોતજોતામાં પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ, પાતાલો, સમુદ્રો, પશુપક્ષીઓ, મનુષ્યો, દેવો તથા ઋષિઓ એ સ્વરૂપમાંજ સમાઇ ગયાં.[૨૧] ઋત્વિજો, આચાર્યો તથા સભાસદો સાથે બલિરાજાએ, મહાન ઐશ્વર્યવાળા તે ભગવાનના ત્રિગુણાત્મક સ્વરૂપમાં ત્રિગુણાત્મક આ જગતને પંચભૂત, ઇન્દ્રિયો, વિષયો, અંતઃકરણ તથા જીવો સહિત જોયું[૨૨] અને તે ઇન્દ્રસેન–બલિરાજાએ એ વિશ્વમૂર્તિ પુરુષના પગનાં તળિયાંમાં રસાતલ, પગમાં પૃથ્વી, પિંડીઓમાં પર્વતો, ઢીંચણમાં પક્ષીઓ તથા બન્ને સાથળોમાં પવનના ગણને જોયા. તેમજ એ પ્રભુના વસ્ત્રમાં સંધ્યાને, ગુહ્યભાગમાં પ્રજાપતિઓને, જાંઘના ભાગમાં પોતા સાથે સર્વ દૈત્યોને, નાભિમાં આકાશને, ઉદરમાં સાતે સમુદ્રોને તથા તે ઉરુક્રમ ભગવાનની છાતીમાં નક્ષત્રોની પંક્તિને જોઇ.[૨૩] હે રાજા! મુરારિ ભગવાનના હૃદયમાં ધર્મને, બે સ્તનમાં ઋત તથા સત્યને, મનમાં ચંદ્રને, છાતીમાં કમળની માળા હાથમાં ધારણ કરતી લક્ષ્મીદેવીને, કંઠમાં સામવેદનાં ગાનો તથા રેફવાળા સમગ્ર અક્ષરોને, ભુજાઓમાં ઇન્દ્રાદિ દેવોને, કાનમાં દિશાઓને, મસ્તકમાં સ્વર્ગલોકને, કેશોમાં મેઘોને, નાસિકામાં વાયુને, બન્ને નેત્રોમાં સૂર્યને, મુખમાં અગ્નિને, વાણીમાં છંદોને, જીભમાં વરુણદેવને, બન્ને ભ્રૂકુટીમાં વિધિ તથા નિષેધને, પાંપણોમાં દિવસ તથા રાત્રિને અને તે પરમપુરુષના લલાટમાં ક્રોધ તથા નીચલા હોઠમાં લોભને તેણે જોયો.[૨૪-૨૭] તેમજ હે રાજા! એ વીર બલિરાજાએ ભગવાનના સ્પર્શમાં કામને, વીર્યમાં જળને, પીઠમાં અધર્મને, પગલાંઓમાં યજ્ઞને, છાયામાં મૃત્યુને, હસવામાં માયાને, રૂંવાડાંઓમાં ઔષધિઓની જાતિઓને, નાડીઓમાં નદીઓને, નખોમાં શિલાઓને, બુદ્ધિમાં બ્રહ્માને, ઇન્દ્રિયોમાં દેવગણોને, તેમજ ઋષિઓને અને બીજા શરીરના અવયવોમાં સ્થાવર–જંગમ સર્વ પ્રાણીઓને જોયાં.[૨૮-૨૯] હે રાજા! સર્વના આત્મા ભગવાનને વિષે આ સર્વ જગત જોઇને અસુરો મોહ પામ્યા; એટલામાં તો અસહ્ય તેજવાળું સુદર્શનચક્ર, મેઘના જેવો શબ્દ કરતું શાર્ઙ્ગ ધનુષ, મેઘ જેવો ગંભીર શબ્દ કરતો શંખ, કૌમોદકી નામની વેગવાળી વિષ્ણુગદા, સેંકડો ફૂદડીઓવાળી 'વિદ્યાધર' નામની તલવાર, અક્ષય બાણોથી ભરેલા એવા બે ભાથા અને સર્વ લોકપાલો સહિત સુનંદ વગેરે મુખ્ય મુખ્ય પાર્ષદો દેદીપ્યમાન મુકુટ, બાજુબંધ, મકરાકાર કુંડળો, શ્રીવત્સનું ચિહ્ન, કૌસ્તુભમણિ, ઉત્તમ કંદોરો તથા વસ્ત્રો સાથે ત્યાં હાજર થયા. હે રાજન્! તે વેળા ભગવાન ઉરુક્રમ, ભમરાઓથી ગુંજી રહેલી વનમાળા ધારણ કરીને શોભતા હતા. તેમણે એક પગલાથી બલિરાજાની પૃથ્વીને દાબી દીધી; શરીરથી આકાશને દાબી દીધું અને ભુજાઓથી દિશાઓને દાબી દઈ બીજે પગલે સ્વર્ગને પણ દાબી દીધું અને પછી તો ત્રીજા પગલાને માટે બલિરાજાનું કંઇ પણ રહ્યું નહિ. કેમકે ભગવાનનો ચરણ છેક ઉપર ઉપર મહર્લોક, જનલોક તથા તપલોકથી પણ આગળ ગયો હતો.[૩૦-૩૪]

पदं द्वितीयं क्रमतस्त्रिविष्टपं न वै तृतीयाय तदीयमण्वपि। उरुक्रमस्यांघ्रिरुपर्युपर्यथो महर्जनाम्यां तपसः परं गतः ॥३४॥

અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૨૦ મો સમાપ્ત.

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २१ मो×

ત્રણ પગલાં પૂરાં ન થવાથી ભગવાને બલિરાજાને બાંધ્યો

॥ શ્રીશુક ઉવાચ ॥

सत्यं समीक्ष्याब्जभवो नखेंदुभि- ।
र्हतस्वधामद्युतिरावृतोऽभ्यगात् ॥
मरीचिमिश्रा ऋषयो बृहद्व्रताः ।
सनंदनाद्या नरदेव योगिनः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"હે રાજા! ભગવાનના ચરણને છેક સત્યલોક સુધી આવેલો જોઈ તે ચરણના નખરૂપી ચંદ્ર વડે જેમના લોકની કાંતિ ઝાંખી પડી ગઇ હતી અને પોતે પણ તે નખરૂપી ચંદ્ર વડે વીંટાઈ ગયા હતા, એવા બ્રહ્મા તથા મરીચિ વગેરે ઋષિઓ, મોટા વ્રતધારી સનંદન વગેરે યોગીઓ, વેદો, ઉપવેદો, નિયમો, યમો, તર્કો, ઇતિહાસો, વેદનાં છ અંગો, પુરાણો, સંહિતાઓ અને બીજા પણ યોગરૂપી પવનથી પ્રજ્વલિત થયેલા જ્ઞાનરૂપી અગ્નિ વડે કર્મરૂપી મેલને બાળી નાખનારા મહાત્માઓએ ચરણના સ્મરણપ્રભાવથી કર્મ વડે અપ્રાપ્ય એવા બ્રહ્મદેવના ધામમાં જઇને ભગવાનના એ ચરણને વંદન કર્યું. તે પછી પવિત્ર કીર્તિવાળા અને વિષ્ણુભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ, છેક સત્યલોક પર્યંત ઊંચે ગયેલા વિષ્ણુભગવાનના તે ચરણની અર્ધ્યજળ આપીને પૂજા કરી તથા ભક્તિથી સ્તુતિ કરી.[૨-૩] હે રાજા! બ્રહ્માના કમંડળનું જળ, જેણે ભગવાનના ચરણને ધોયો હતો, તે (જળ), પોતાને પ્રાપ્ત થયેલી પવિત્રતાથી સ્વર્ગગંગારૂપે થયું, કે જે ગંગા આકાશમાં વહેતી (નીચે ઊતરી) ભગવાનની નિર્મળ કીર્તિની પેઠે ત્રણે લોકને પવિત્ર કરે છે.[૪] પછી જેમણે પોતાની વિભૂતિ સમેટી લીધી હતી, (પોતાનું વામનરૂપ સ્વીકાર્યું હતું) એવા તે વામન ભગવાનરૂપ પોતાના નાથને બ્રહ્માદિ લોકપાલોએ, પોતપોતાના અનુચરોની સાથે રહી બલિદાનો અર્પણ કર્યાં;[૫] તેમજ સ્નાનાદિનાં જળ, અર્ઘ્યજળ, પુષ્પોની માળાઓ, દિવ્ય ચંદનનાં વિલેપના, સુગંધી ધૂપ, દીવા, શાળની ધાણી, અક્ષત, ફળ ને જવારાથી તેઓએ ભગવાનના ચરણની પૂજા કરી.[૬] પછી ભગવાનનાં પરાક્રમ ને મહિમાથી યુક્ત સ્તોત્રોથી, જય શબ્દોથી, નૃત્યથી, ગીતથી, વાદિત્રથી અને શંખ તથા દુંદુભિના ધ્વનિઓથી ભગવાનની જયઘોષણા કરી. ઉપરાંત મન જેવા વેગવાળા રીંછોના રાજા જાંબવાને ભેરીના શબ્દોથી સર્વ દિશાઓમાં ભગવાનના વિજયમહોત્સવની ઘોષણા કરી.[૭-૮] બીજી તરફ યજ્ઞદીક્ષા લઇને બેઠેલા પોતાના સ્વામી બલિરાજા પાસેથી ત્રણ પગલાંને બહાને આખી પૃથ્વીને પડાવી લીધેલી જોઈ અસુરો અત્યંત ક્રોધાવેશમાં આવી જઇ બોલી ઊઠ્યા:[૯] "આ વામન બ્રાહ્મણ નથી, પણ માયાવીઓમાં શ્રેષ્ઠ ગણાતો વિષ્ણુ છે; તે બ્રાહ્મણવેષમાં ગુપ્ત રહી દેવોનું કાર્ય સાધવા ઇચ્છે છે.[૧૦] આ આપણા શત્રુએ બટુકનું રૂપ લઈ ત્રણ પગલાં પૃથ્વી માગીને 'યજ્ઞમાં કોઇને શિક્ષા ન કરવી' આવી પ્રતિજ્ઞાવાળા આપણા સ્વામીનું સર્વસ્વ પડાવી લીધું છે.[૧૧] આપણા રાજા (બલિ) નિત્ય સત્યવ્રતધારી, બ્રાહ્મણભક્ત તથા દયાળુ હોઇને હમણાં તો યજ્ઞદીક્ષા લઇને બેઠા છે; તેથી ખાસ કરીને તે અસત્ય ભાષણ કરી શકે તેમ નથી; માટે આપણેજ આનો વધ કરી નાખીએ તે ધર્મ છે અને તેમ કરવાથી આપણે આપણા રાજાની સેવા પણ કરી ગણાશે." આમ કહીને બલિરાજાના અનુચર અસુરોએ હાથમાં શસ્ત્રો લીધાં અને હે રાજન્! તેઓ સર્વે ક્રોધાયમાન થઇ ત્રિશૂલો તથા પટ્ટિશો હાથમાં લઇને બલિરાજાની ઇચ્છા

× આ અધ્યાયમાં ત્રણ પગલાં પૂરાં નહિ થવાને બહાને વિષ્ણુભગવાને બલિરાજાનો ઉત્કર્ષ જગતમાં પ્રસિદ્ધ કરવા માટે તેને બાંધ્યો; એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ન હતી, છતાં વામનભગવાનને મારી નાખવા માટે ધસી ગયા. હે રાજા! દૈત્યસેનાપતિઓને એ પ્રમાણે ધસી આવતા જોઇ વિષ્ણુભગવાનના અનુચરો હસી પડ્યા અને તેમણે આયુધો ઉગામીને દૈત્યોને અટકાવી દીધા.[૧૨-૧૫] નંદ, સુનંદ, જય, વિજય, પ્રબલ, બલ, કુમુદ, કુમુદાક્ષ, વિશ્વક્સેન, ગરુડ, જયંત, શ્રુતદેવ, પુષ્પદંત અને સાત્વત–એ બધા વિષ્ણુ ભગવાનના અનુચરો દશ દશ હજાર હાથીઓ સમાન બળવાળા હતા, જેથી તેઓએ અસુરોની સેનાનો નાશ કરી નાખવા માંડ્યો.[૧૬-૧૭] તે વેળા વિષ્ણુ ભગવાનના અનુચરોથી નાશ પામતા પોતાના સેવકોને જોઇ બલિરાજાએ શુક્રાચાર્યના શાપનું સ્મરણ કરી આવેશમાં આવી ગયેલા અસુરોને અટકાવ્યા.[૧૮] (અને કહ્યું:) 'હે વિપ્રચિત્તિ! હે રાહુ! હે નેમિ! તમે મારું વચન સાંભળો. તમે લડો મા; પાછા ફરો. આ સમય આપણને અનુકૂળ નથી.[૧૯] હે દૈત્યો! જે કાળ સર્વ પ્રાણીઓને સુખ તથા દુઃખ આપવાને સમર્થ છે, તે કાળને પુરુષાર્થથી ઓળંગવા પુરુષ સમર્થ નથી. જે કાળ પહેલાં આપણને સુખ આપતો હતો અને દેવોને દુઃખ આપતો હતો, તેજ કાળ ભગવાન, આજે આપણાથી ઊલટી રીતે વર્તે છે.[૨૦-૨૧] મનુષ્ય બળથી, સલાહકારોથી, બુદ્ધિથી, કિલ્લાઓથી, મંત્રોથી, ઔષધાદિથી કે સામાદિ ઉપાયોથી કાળને ઓળંગી શકતો નથી.[૨૨] તમે દૈવયોગે સમૃદ્ધિવાળા હતા, ત્યારે વિષ્ણુના આ અનુચરોને અનેક વાર જીતી લીધા છે; પણ તેઓજ આજે આપણો સમય પલટાતાં યુદ્ધમાં આપણને જીતીને ગર્જનાઓ કરી રહ્યા છે.[૨૩] આપણા ઉપર દૈવ જ્યારે પ્રસન્ન થશે, ત્યારે ફરી આપણે તેઓને જીતીશું; માટે આપણને અનુકૂળ હોય તેવા સમયની તમે રાહ જુઓ.'[૨૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! પોતાના રાજાનું એ કહેવું સાંભળીને દૈત્યો અને દાનવોના સેનાપતિઓ વિષ્ણુના પાર્ષદોનો માર ખાઈને રસાતલમાં પેસી ગયા. પછી ગરુડે પોતાના સ્વામી વિરાટ ભગવાનની કર્તવ્યેચ્છા જાણી જઇને યજ્ઞમાં સોમરસ કાઢવાને દિવસે બલિરાજાને વરુણપાશોથી બાંધી લીધો.[૨૫-૨૬] એ રીતે મહાસમર્થ અસુરપતિને કેદ પકડ્યો, ત્યારે આકાશમાં, પૃથ્વી ઉપર અને સર્વ દિશાઓમાં મોટો હાહાકાર થઇ રહ્યો.[૨૭] પછી હે રાજા! વરુણના પાશોથી બંધાયલો અને રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થયેલો છતાં જેની બુદ્ધિ સ્થિર હતી અને યશ ઉદાર હતો એવા તે બલિરાજાને વામન ભગવાને કહ્યું કે,[૨૮] 'હે અસુર! તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપી છે; તેમાંથી બે પગલે મેં તારી સમગ્ર પૃથ્વી દબાવી દીધી છે; તો હવે મારે ત્રીજું પગલું ક્યાં ભરવું, તે સ્થાન તું મને કરી આપ.[૨૯] આ સૂર્ય જ્યાંસુધી તપે છે, ચંદ્ર નક્ષત્રોની સાથે જ્યાંસુધી પ્રકાશે છે અને મેઘ જ્યાંસુધી વર્ષે છે ત્યાંસુધીની તારી (માલિકીની) પૃથ્વી ગણાય છે; પણ મેં તારા દેખતાં એક પગલે આખોય પૃથ્વીલોક દબાવી દીધો છે; શરીરથી સર્વ દિશાઓને તથા આકાશને દબાવી દીધાં છે અને બીજે પગલે સ્વર્ગલોકને દબાવી દીધો છે. આ રીતે સર્વાત્મા મેં, માત્ર બે પગલાંમાંજ તારું સર્વસ્વ લઇ લીધું છે.[૩૦-૩૧] (હવે ત્રીજું પગલું મૂકવા માટે તારી પાસે પૃથ્વી નથી, જેથી) પોતે પ્રતિજ્ઞા કરેલી ત્રણ પગલાં (પૂરી) પૃથ્વી તું આપતો નથી; (એક પગલું પૃથ્વી હું તારી પાસે માગું છું, તે તું મને આપતો નથી;) માટે તારો નરકમાં વાસ થાય તે ઇષ્ટ છે. વળી તારા ગુરુએ પણ (નરકવાસ માટે) તને અનુમોદન આપ્યું છે, તેથી તું નરકમાં પ્રવેશ કર. જે મનુષ્ય પ્રતિજ્ઞા કરેલું નહિ આપી યાચના કરનારને ઠગે છે, તે મનુષ્યના મનોરથ વૃથા થાય છે; સ્વર્ગ તો તેનાથી દૂરજ રહે છે અને તે નરકમાંજ પડે છે.[૩૨-૩૩] તેં પોતાને ધનવાન માનીને 'હું તમને ત્રણ પગલાં પૃથ્વી આપીશ.' એવી પ્રતિજ્ઞા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરી મને ઠગ્યો છે; માટે તે અસત્યના ફળરૂપ નરકને કેટલાંક વર્ષો સુધી તું ભોગવ.'[૩૪]

विप्रलब्धो ददामीति त्वयाहं चाढ्यमानिना ।
तद्व्यलीकफलं भुंक्ष्व निरयं कतिचित्समाः ॥३४

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

अध्याय २२ मो*

ભગવાને બલિરાજાને સુતલમાં રાખ્યો અને પોતે તેના દ્વારપાલ થયા

॥ श्रीशुक उवाच ॥

एवं विप्रकृतो राजन् बलिर्भगवतासुरः ।
भिद्यमानोप्यभिन्नात्मा प्रत्याहाविक्लवं वचः ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! ભગવાને અસુર બલિરાજાનું એ પ્રમાણે અપમાન કર્યું ને સત્ત્વગુણથી તેને ભ્રષ્ટ કરવા માંડ્યો, છતાં તે ભ્રષ્ટ નહિ થઇને આવું ઉદાર વચન કહેવા લાગ્યો.[૧]

બલિરાજા બોલ્યોઃ—'હે ઉત્તમ કીર્તિવાળા દેવશ્રેષ્ઠ! મેં કહેલા વચનને આપ અસત્ય માનો છો, પણ હું તે વચનને સત્યજ કરું છું; મારું વચન કદી ઠગારું થવું જોઇએ નહિ. આપ પોતાના ત્રીજા પગલાને મારા મસ્તક પર મૂકી દો.÷[૨] હું મારી અપકીર્તિથી જેવો ડરું છું, તેવો મારા સ્થાનથી ભ્રષ્ટ થઇ નરકમાં પડું તેથી ડરતો નથી; આપના આ પાશબંધનથી ડરતો નથી; મારા ઉપર દુસ્તર દુઃખ આવી પડે, તેથી પણ ડરતો નથી; ધનના સંકટથી કે કેદ પકડાવાથી પણ ડરતો નથી.[૩]+ હું માનું છું કે, સર્વપૂજ્ય મહાપુરુષે કરેલી શિક્ષા પુરુષોને અત્યંત પ્રશંસાપાત્ર થઇ પડે છે; જે શિક્ષા માતા, પિતા, ભાઈ કે મિત્રો પણ ફરમાવી શકતા નથી.[૪]§ ખરેખર, આપ અમો અસુરોના પરોક્ષમાં રહેનારા (શત્રુને બહાને) એક ગુરુજ છો, કે જે આપ અનેક મદો વડે આંધળા બનેલા અમને ઐશ્વર્યથી ભ્રષ્ટ કરવારૂપે જ્ઞાનદૃષ્ટિજ આપો છો.[૫] આપને વિષે રૂઢ કરેલા વેરબંધનથી અનેક અસુરો એવી સિદ્ધિને પામી ગયા છે, કે જે સિદ્ધિ એકાંત યોગીઓનેજ પ્રાપ્ત થઇ શકે છે! (અર્થાત્ આપની અમારા પ્રત્યેની શત્રુતા તે કેવળ અમારા પર ભક્તોની પેઠે અનુગ્રહ કરવા માટેજ હોય છે.)[૬] આવાં અનેક પરાક્રમો કરનારા આપે મને કેદ પકડ્યો છે અને વરુણના પાશોથી બાંધ્યો છે; તેથી હું શરમાતો નથી, તેમ દુઃખી પણ થતો નથી.[૭] મારા દાદા પ્રહ્લાદજી કે જે આપના ભક્તોને માન્ય છે અને જેમણે જગતમાં સાધુવાદ પ્રકટ કર્યો છે, છતાં આપના શત્રુ પોતાના પિતા—હિરણ્યકશિપુએ તેમને અનેક જાતનાં દુઃખો આપ્યાં હતાં; (તોપણ તેમણે દેહાદિની અસારતા સમજી સર્વ

* આ અધ્યાયમાં ભગવાને પ્રસન્ન થઇને બલિરાજાને વરદાનો આપી સુતલમાં મોકલી દીધો અને પોતે આપેલું અપૂર્ણ માનીને ભગવાન તેના દ્વારપાળ થઇ રહ્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

÷ કહેવાનો ભાવ એ છે કે, આપ માનતા હશો કે, એ પગલાંમાં સમગ્ર જગતને માપી લેનારા મને તારું મસ્તક પૂરું નહિ પડે; પણ આપે એમ નહિ માનવું જોઇએ. કેમકે મારી સંપત્તિમાં આપનાં બે પગલાં સમાયાં તો આ મસ્તક એનાથી અધિકજ હોવું જોઇએ. કારણ કે ધન કરતાં તેનો માલિક ધનવાન અધિકજ હોય છે. —શ્રીધર

+ કદાચ ભગવાન કહે કે, "आपदर्थे धनं रक्षेद्दारान् रक्षेद्धनैरपि । आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि ॥" આપત્તિ માટે ધનની રક્ષા કરવી; ધન જતું કરીને પણ સ્ત્રીની રક્ષા કરવી અને ધન તથા સ્ત્રીને પણ જતી કરીને પોતાની રક્ષા કરવી.' ઇત્યાદિ નીતિ અનુસાર પોતાના ઉપરનો ભય દૂર કરવા માટે મનુષ્યે સર્વસ્વનો ત્યાગ કરવો જોઇએ; તો તું કોના ભયથી આટલો બધો ડરી જઇને પોતાનો આત્મા અર્પણ કરી દેવા તૈયાર થયો છે? આના ઉત્તરમાં ત્રીજો શ્લોક કહ્યો છે. —શ્રીધર

§ કદાચ ભગવાન કહે કે, મેં તને આવી રીતે કેદ પકડ્યો છે તેથી તારી અપકીર્તિ થઇજ છે ને? તો કહે કે ના, આપ તો મારા હિતૈષી છો. આપે મને જે શિક્ષા કરી છે તેથી તો હું પ્રશંસાપાત્ર થયો છું.—શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

૧-લક્ષ્મીનો નિધ ... CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રીતે નિર્ભય એવા આપના ચરણકમળનોજ આશ્રય કર્યો હતો. આવા આપના ભક્ત પ્રહ્લાદનો હું પૌત્ર છું, તેથીજ આપે મારા પર આ અનુગ્રહ કર્યો છે; બાકી હું તો અનુગ્રહપાત્ર નથીજ.)૮ 'આ શરીર જ અંતે જીવનો ત્યાગ કરી દે છે, તેનું શું પ્રયોજન છે? તેમજ ધનને લઈ લેનારા પોતાનાં સ્વજનોરૂપી લૂંટારાઓનું પણ શું પ્રયોજન છે? અને સંસારના કારણભૂત સ્ત્રી, ઘર કે આયુષનું પણ મનુષ્યને આ લોકમાં શું પ્રયોજન છે? આ બધાંથી તો કેવળ આયુષનો વ્યર્થ વિનાશજ થાય છે.' આવો મનમાં નિશ્ચય કરીને અગાધ જ્ઞાનવાળા મારા શ્રેષ્ઠ દાદા પ્રહ્લાદજીએ મનુષ્યોથી ડરી જઇને પોતાના કુળનો નાશ કરનારા છતાં સર્વ તરફથી નિર્ભય અને અવિનાશી એવા આપના ચરણકમળનો આશ્રય કર્યો છે.૯।૧૦ તેથીજ દૈવે મને પણ જેને લીધે મનુષ્ય અભિમાની બુદ્ધિવાળો થઇને પોતાના જીવતરને કાળ સમીપ રહેનારું ને નાશવંત સમજી શકતો નથી, તેવી રાજ્યલક્ષ્મીથી બળાત્કારે ભ્રષ્ટ કર્યો છે અને પોતાના શત્રુ એવા પણ આપની પાસે આણી મૂક્યો છે.'૧૧

શ્રીશુકદેવજી બોલ્યા:-"હે કુરુશ્રેષ્ઠ! બલિરાજા એ પ્રમાણે કહી રહ્યો હતો, તેવામાં ભગવાનને પ્રિય એવા પ્રહ્લાદજી ઉદય પામેલા ચંદ્રની પેઠે ત્યાં આવી પહોંચ્યા.૧૨ તે પ્રહ્લાદજી કાંતિથી પ્રકાશી રહ્યા હતા; તેમનાં નેત્રો કમળ જેવાં વિશાળ હતાં; શરીરે ઉન્નત હતા; તેમણે પીળાં વસ્ત્રો પહેર્યાં હતાં; તેમની કાંતિ આંજણના જેવી શ્યામ હતી; બાહુ લાંબા હતા અને સર્વાંગે તે સુંદર હતા. આવા પોતાના દાદા પ્રહ્લાદજીનાં બલિરાજાએ ત્યાં દર્શન કર્યાં.૧૩ તે વેળા વરુણપાશોથી પોતે બંધાયલો હતો, તેથી બલિરાજાએ પૂર્વની પેઠે તેમની પૂજા કરી નહિ; પણ શરમથી મસ્તક નીચું કરીને અશ્રુભર્યાં નેત્રે માત્ર તેમને નમસ્કાર કર્યા. મોટા મનના પ્રહ્લાદજીએ સુનંદ, નંદ વગેરે અનુચરોથી સેવાઇ રહેલા વામનભગવાનને ત્યાં બેઠેલા જોઇ પૃથ્વી પર પડીને મસ્તક નમાવી તેમને પ્રણામ કર્યા અને (બલિરાજા ઉપર ભગવાને અનુગ્રહ કર્યો તે જોઇને) તેમને હર્ષનાં રોમાંચ થયાં અને નેત્રોમાંથી સરતાં હર્ષાશ્રુઓને લીધે તે વિહ્વળ થઇ ગયા.૧૪।૧૫

પછી પ્રહ્લાદજી બોલ્યા:-'હે ભગવન્! આપેજ આ બલિને ઓજસ્વી ઇન્દ્રપદ આપ્યું હતું અને પાછું આપેજ તે ઇન્દ્રપદને આજે હરી લીધું છે, તે સારું કર્યું છે, હું માનું છું કે, મનને મોહ ઉપજાવનારી લક્ષ્મીથી આપે આને ભ્રષ્ટ કર્યો છે, તે આના પર મહાન અનુગ્રહજ કર્યો છે.૧૬ જે લક્ષ્મી વડે વિદ્વાન સંયમી પણ મોહ પામે છે તે લક્ષ્મી જ્યાં સુધી (પાસે) હોય છે, ત્યાંસુધી કયો પુરુષ આત્મતત્ત્વને જુએ છે? અર્થાત્ લક્ષ્મી પાસે હોય ત્યાંસુધી કોઇ પણ મનુષ્ય આત્મસ્વરૂપ જોવાને તત્પર થતો નથી; માટે (મારા આ પૌત્રને લક્ષ્મીથી ભ્રષ્ટ કરી મહાન અનુગ્રહ કરનારા) જગતના ઈશ્વર અને સમગ્ર લોકના સાક્ષી આપ નારાયણને અમારા નમસ્કાર હો.૧૭

શ્રીશુકદેવજી બોલ્યા:-"હે રાજન્! તે પછી બે હાથ જોડીને ઊભેલા તે પ્રહ્લાદજીના સાંભળતાં ભગવાન બ્રહ્મા, વામનભગવાનને કંઈ કહેવાને તૈયાર થયા, તેટલામાં હે રાજા! બલિરાજાની સાધ્વી સ્ત્રી વિંધ્યાવલિ કે જે પોતાના પતિને બંધાયલા જોઈ ભયથી વિહ્વળ બની ગઇ હતી તે, વામનભગવાનને પ્રણામ કરી નીચું મુખ રાખીને બોલી ઊઠી.૧૮।૧૯

વિંધ્યાવલિ બોલી:-'હે ઈશ! આપે પોતાને ક્રીડા કરવા માટે આ ત્રણ જગતની રચના કરી છે; તેમાં જે બીજાઓ પોતાનું સ્વામિત્વ માને છે, તેઓ ખરેખર દુષ્ટ બુદ્ધિવાળા છે. (આ જગતને આપેજ પોતાને ક્રીડા કરવા માટે બનાવ્યું છે, તેને જેઓ, 'આ અમારું છે' એમ માને છે, તેઓ ખરેખર દુર્બુદ્ધિ છે.) આપ આવી રીતે ત્રણે જગ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

તેના કર્તા છો, પ્રભુ છો, પાલક અને સંહારક છો; તેને વળી બીજાઓ શું આપવાના છે? (મારા પતિ વગેરેમાં) 'અમે સ્વતંત્ર છીએ' આમ માત્ર કહેવાનોજ અધિકાર પણ આપેજ આપ્યો છે, (છતાં તેઓ કહે છે કે, અમે ભગવાનને ત્રણ પગલાં આપ્યાં!) માટે ખરેખર તેઓ નિર્લજ્જ છે.'[૨૦*]

બ્રહ્મદેવ બોલ્યા:–'હે પ્રાણીઓનું રક્ષણ કરનારા! હે પ્રાણીઓના ઈશ્વર! હે દેવોના દેવ! હે જગન્મય! આપે આ બલિરાજાનું સર્વસ્વ હરી લીધું છે; તો હવે આને (વરુણપાશથી) મુક્ત કરો. આવી શિક્ષાને માટે આ યોગ્ય નથી.[૨૧] આ બલિએ આપને સમગ્ર પૃથ્વી આપી દીધી છે અને જે લોક કર્મથી મેળવેલા હતા, તે પણ આપને અર્પણ કરી દીધા છે; એટલુંજ નહિ પણ આણે ઉદાર બુદ્ધિ વડે પોતાનું સર્વસ્વ તથા આત્મા આપને નિવેદન કરી દીધો છે.[૨૨] સરળ બુદ્ધિવાળો મનુષ્ય જેમના ચરણમાં કેવળ જળ અર્પણ કરીને દૂર્વાના અંકુરોથી પણ ઉત્તમ પૂજા કરી સર્વશ્રેષ્ઠ ગતિને જો સંપાદન કરે છે, તો ઉદાર મનથી ત્રણે લોક આપને અર્પણ કરી દેનારો આ બલિરાજા પીડા કેમ પામે?'[૨૩]

શ્રીભગવાન બોલ્યા:–'હે બ્રહ્મા! હું જેના પર અનુગ્રહ કરું છું, તેની પાસેથી ધન હરી લઉં છું. કેમકે ધનને લીધે મદમાં આવી ગયેલો પુરુષ અભિમાની બની જઇને લોકનું તથા મારું પણ અપમાન કરે છે.[૨૪] જીવાત્મા પોતાનાં કર્મોને લીધે અસ્વતંત્ર થઇને અનેક જાતની યોનિઓમાં જન્મ લેતો લેતો જ્યારે કોઇ વખતે પુરુષની ગતિને પામે છે, ત્યારે જન્મ, કર્મ, વય, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય તથા ધન વગેરેથી જો એને મદ ન થાય, તો સમજવું કે, તેમાં મારો અનુગ્રહજ કારણ છે.[૨૫।૨૬] ઉત્તમ જન્મ, કર્મ વગેરે ચોતરફથી અભિમાન તથા અકડાઈનાં કારણો છે અને સર્વ કલ્યાણનાં વિરોધીઓજ છે; માટે મારાપરાયણ રહેનારો મારો ભક્ત પુરુષ તો તેઓમાં કદી મોહિત થતો નથી. (માટે મારા ભક્તપુરુષને તો તેની ઇચ્છા પ્રમાણે સંપત્તિઓ હું અર્પણ કરું છું; પણ અભક્ત પુરુષ તે સંપત્તિઓથી મોહિત થઇ જાય છે; માટે તેવા પાસેથી તે સંપત્તિઓ હરી લઇ તે રૂપે તેના પર હું અનુગ્રહ કરું છું.)[૨૭] આ બલિરાજા દાનવો તથા દૈત્યોનો અગ્રણી છે; પોતાની કીર્તિમાં વૃદ્ધિ કરનારો છે અને મારી અજિત માયાને પણ આણે જીતી લીધી છે; તેથી આવો દુઃખી થયા છતાં તે મૂંઝાતો નથી.[૨૮] આ રાજાના ધનનો નાશ થયો છે; પોતાના સ્થાનથી તે ભ્રષ્ટ થયો છે; પોતાના શત્રુઓએ તેનું અપમાન કર્યું છે અને બાંધ્યો છે; જ્ઞાતિઓએ તેનો ત્યાગ કર્યો છે; દુઃખોને તે પ્રાપ્ત થયો છે અને ગુરુએ તેનો તિરસ્કાર કર્યો છે તથા શાપ દીધો છે, છતાં તેણે સત્યનો ત્યાગ કર્યો નથી અને મેં છળથી તેને ધર્મ કહ્યો છે, તોપણ આ ઉત્તમ વ્રતવાળા સત્યવચની રાજાએ ધર્મનો ત્યાગ કર્યો નથી.[૨૯।૩૦] માટે આ બલિરાજા દેવોને પણ દુર્લભ એવા મારા સ્થાનને પામી ચૂક્યો છે; ઉપરાંત સાવર્ણિ મનુના સમયમાં તે ઇન્દ્ર થશે અને તે વેળા હું તેનું પાલન કરીશ.[૩૧] માટે સાવર્ણિ મન્વંતરનો સમય આવે ત્યાંસુધી વિશ્વકર્માએ બનાવેલા સુતલમાં આ ભલે રહે, જ્યાં નિવાસ કરનારાઓને મારી કૃપાદૃષ્ટિથી મનની પીડાઓ કે શરીરની પીડાઓ, થાક, આળસ, પરાભવ કે ઉપદ્રવો થતા નથી.[૩૨] હે મહારાજ બલિ! તારું કલ્યાણ થાઓ. તું હવે તારા જ્ઞાતિપરિવાર સાથે દેવોને પણ ઇચ્છવાયોગ્ય એવા સુતલમાં જા.[૩૩] ત્યાં લોકપાલો પણ તારો પરાભવ કરી

* આ શ્લોકનો ભાવ એ છે કે, મારો આ પતિ એમ માને છે કે, મેં ત્રણે લોક ભગવાનને આપી દીધા છે અને હવે ત્રીજું પગલું આપવા માટે મારો દેહ અર્પણ કરી દઇને હું મારું વચન સત્ય કરી બતાવું, આમ માનીને પોતાના દેહ વિષે પોતાની માલિકી પ્રકટ કરનાર આ મારો સ્વામી દુર્બુદ્ધિ છે અને નિર્લજ્જ છે. કારણ કે આપજ સર્વના સ્વામી છો; માટે આ મંદબુદ્ધિને કેવળ કૃપાથી મુક્ત કરીને તેની રક્ષા કરો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શકશે નહિ; તો પછી બીજાઓની તો વાતજ શી ? જે દૈત્યો તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેઓનો મારું આ ચક્ર નાશ કરી નાખશે.[૩૪] હે વીર ! હું તારા પરિવાર અને સરસામાન સાથે તારી સર્વ તરફથી રક્ષા કરીશ અને તે સ્થળે તું મને નિત્ય પોતાની સમીપ રહેલો જોઇશ.[૩૫] વળી ત્યાં દાનવો તથા દૈત્યોના સંગથી તને જે આસુરી ભાવ પ્રાપ્ત થશે, તે પણ મારો પ્રભાવ જોઇને તત્કાળ નાશ પામશે.[૩૬]

तत्र दानवदैत्यानां संगात्ते भाव आसुरः ।
दृष्ट्वा मदनुभावं वै सद्यः कुंठो विनंक्ष्यति ॥३६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

अध्याय २३ मो*

બલિરાજાનું પ્રહ્લાદ સાથે સુતલમાં જવું ને ઇન્દ્રને સ્વર્ગની પ્રાપ્તિ

॥ श्रीशुक उवाच ॥

इत्युक्तवंतं पुरुषं पुरातनं महानुभावोऽखिलसाधुसंमतः । बद्धांजलिर्बाष्पकलाकुलेक्षणो भक्त्युद्गलो गद्‌गदया गिराऽब्रवीत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પુરાણપુરુષ ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે સમગ્ર સત્પુરુષોમાં માન્ય મહાપ્રતાપી બલિરાજા, ભક્તિથી આતુર થઇ બે હાથ જોડીને હર્ષાશ્રુથી ઊભરાઇ જતાં નેત્રે ગદ્‌ગદ વાણી વડે ભગવાનને કહેવા લાગ્યો.[૧]

બલિરાજા બોલ્યો–'અહો ! આપને પ્રણામ કર્યાનો મહિમા કેવો છે ! જે પ્રણામ માટે માત્ર આરંભજ કર્યો હોય છે, તેટલામાં તો પોતાને શરણે આવેલા ભક્તજનોનાં કાર્ય સાધવા માટે તે સદા સાવધાનજ રહે છે; કેમકે આપનો જે અનુગ્રહ લોકપાલક દેવોએ પણ પૂર્વે કદી પ્રાપ્ત કર્યો નથી, તે અનુગ્રહ (આજ આપને પ્રણામ કરવાના પ્રભાવે) નીચ અસુરને પણ અર્પણ કરી દીધો છે.'÷

શ્રીશુકદેવજી બોલ્યાઃ–એમ કહી શ્રીહરિ, શંકર તથા બ્રહ્માને પ્રણામ કરીને બંધનથી મુક્ત થયેલો બલિરાજા અસુરોની સાથે પ્રસન્ન થઇ સુતલમાં દાખલ થયો.[૨-૩] વામન ભગવાને એ પ્રમાણે ઇન્દ્રને સ્વર્ગ પાછું લાવી આપી અદિતિની કામના પૂર્ણ કરી હતી અને પોતે સમગ્ર જગત ઉપર રાજ્ય કર્યું હતું.[૪] પોતાના પૌત્ર અને વંશધર બલિરાજાને એ રીતે ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થયો અને બંધનથી તે મુક્ત થયો તે જોઇને ભક્તિમાં પરાયણ રહેનારા પ્રહ્લાદજીએ (તે વેળા) આ પ્રમાણે કહ્યું હતું.[૫]

પ્રહ્લાદ બોલ્યાઃ–'હે ભગવન્ ! જેમના ચરણને જગદ્વંદ્ય મહાપુરુષો પણ વંદન કરે છે તે આપ પણ અમારા અસુરોના કોટવાળ થયા; તે આ અનુગ્રહ હજી સુધી બ્રહ્માએ, લક્ષ્મીએ કે શંકરે પણ મેળવ્યો નથી; તો પછી બીજાઓએ તો ક્યાંથીજ મેળવ્યો હોય ?[૬] હે શરણ આપનાર દેવ ! જે આપના ચરણકમળના રસનું સેવન કરવાથી બ્રહ્માદિ દેવો વિભૂતિઓને સંપાદન કરે છે–સૃષ્ટિ વગેરેનાં સામર્થ્ય આદિ ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે, તે આપની કૃપાદૃષ્ટિના માર્ગમાં અમે કયા કારણથી આવી ગયા ? કારણ કે અમે તો દુરાચારી છીએ અને અમારી જાતિ પણ ઉગ્ર છે. (છતાં અમે આપની કૃપાદૃષ્ટિના પાત્ર થયા, તેમાં આપના અનુગ્રહ વિના બીજું કંઈ પણ કારણ

* આ અધ્યાયમાં બલિરાજા પોતાના દાદા પ્રહ્લાદની સાથે સુતલમાં ગયો એટલે ઇન્દ્ર, ઉપેન્દ્ર ભગવાન સાથે સ્વર્ગમાં જઇ પૂર્વની પેઠે આનંદ કરવા લાગ્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

÷ કહેવાનો ભાવ એ છે કે, આપ પરમેશ્વરને હું રંક ત્રૈલોક્ય આપી દઉં, એ વાત તો બાજુ પર રહી; પરંતુ મેં આપને બરાબર પ્રણામ પણ કર્યા નથી; માત્ર પ્રણામ કરવાની તૈયારીજ કરેલી છતાં એ પ્રણામ કરવાના માત્ર ઉદ્યમેજ કરોડો કર્મથી તથા દાન વગેરેથી પણ જે પ્રાપ્ત ન થઇ શકે, તે આપનો અનુગ્રહ મને મેળવી આપ્યો છે. અહો ! આશ્ચર્ય ! આપના પ્રણામનો પ્રભાવ અદ્‌ભુત છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમે જોઇ શકતા નથી.)[૭] અહો! આશ્ચર્ય છે કે, આપનું ચેષ્ટિત અદ્‌ભુત છે; આપે અચિંત્ય યોગમાયાની લીલાથી ભુવનોને સર્જ્યાં છે; આપ સર્વજ્ઞ છો; સર્વના આત્મા છો અને સમદૃષ્ટિવાળા છો; છતાં (ભક્તજનોનાં યોગક્ષેમ કરવા માટે) આપનો સ્વભાવ વિષમ છે. કેમકે કલ્પવૃક્ષના જેવો સ્વભાવ હોવા છતાં આપને ભક્તજનો પ્રિય છે.'+[૮]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે પુત્ર પ્રહ્લાદ! તારું કલ્યાણ થાઓ. તું અહીંથી સુતલ નામના પાતાળમાં જા અને ત્યાં પોતાના પૌત્ર સાથે આનંદ કરતો જ્ઞાતિઓને સુખ આપ.[૯] ત્યાં નિત્ય ગદા ધારણ કરીને રહેલા મારાં તું દર્શન કરીશ અને મારાં એ દર્શનથી થયેલા મોટા આનંદને લીધે તારાં કર્મબંધનો નાશ પામશે.'[૧૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! નિર્મળ બુદ્ધિવાળા પ્રહ્લાદજીએ ભગવાનની એ આજ્ઞાને બલિરાજાની સાથે 'બહુ સારું' એમ કહી મસ્તક પર ચડાવી અને પછી બે હાથ જોડીને આદિપુરુષ–ભગવાનને પ્રદક્ષિણા કરીને તે અસુર સેનાપતિ–પ્રહ્લાદજી, પ્રણામપૂર્વક ભગવાનની અનુજ્ઞા લઇને સુતલ નામના પાતાલમાં દાખલ થયા. પછી હે રાજા! નારાયણ શ્રીહરિએ બ્રહ્મવાદી ઋત્વિજોની સભા વચ્ચે સમીપ બેઠેલા શુક્રાચાર્યને કહ્યું કે,[૧૧-૧૩] 'હે બ્રહ્મન્! તમારો શિષ્ય–બલિરાજા યજ્ઞકર્મ કરી રહ્યો હતો; તેના એ કર્મમાં કંઇ ન્યૂનતા આવી હોય, તેને તમે પૂર્ણ કરો. (તમે એમ ન માનશો કે, યજમાન વિના હવે તે કેમ પૂર્ણ થઈ શકે? કારણ કે) યજ્ઞયાગાદિ કર્મોમાં જે કંઈ બ્રાહ્મણોની દૃષ્ટિએ પડે તે તે સર્વ પરિપૂર્ણ થઈ શકે છે.'[૧૪]

+ અથવા આપને ભક્તજનો પ્રિય છે, તોપણ આપના સ્વભાવમાં વિષમતા નથી. કેમકે આપનો સ્વભાવ કલ્પવૃક્ષ જેવો હોઇને આપને ભક્તજનો પ્રિય છે. કલ્પવૃક્ષ પણ પોતાને આશ્રયે આવેલાઓનાજ મનોરથો પૂરા કરે છે, છતાં તે વિષમ થતો નથી–તેનામાં વિષમતા છેજ નહિ. —શ્રીધર

શુક્રાચાર્ય બોલ્યાઃ–'આપ કર્મના ઈશ્વર છો; યજ્ઞેશ્વર છો અને યજ્ઞપુરુષ છો; તેની તો બલિરાજાએ સર્વભાવથી પૂજા કરી છે; તો પછી તેના કર્મમાં ન્યૂનતા કેમ હોઇ શકે? (આપના પૂજનપ્રભાવથીજ બલિરાજાનું યજ્ઞકર્મ સર્વાંશે પૂર્ણ થઇ ચૂક્યું છે.) માત્ર આપનું નામકીર્તનજ મંત્રથી, તંત્રથી, દેશથી, કાળથી, પાત્રથી અને દક્ષિણા વગેરે વસ્તુથી જે કંઇ અપૂર્ણ રહ્યું હોય, તે તે સર્વને પરિપૂર્ણ કરે છે.[૧૫-૧૬] તોપણ હે વ્યાપક દેવ! આપ કહો છો માટે આપની આજ્ઞાને હું માન્ય કરીશ; કેમકે આપની આજ્ઞાનું પાલન કરવું તેજ પુરુષોનું પરમ કલ્યાણ છે.'[૧૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ભગવાન શુક્રાચાર્યે શ્રીહરિની આજ્ઞાને, એ પ્રમાણે માન્ય કરી બલિરાજાના યજ્ઞમાં જે કંઈ અપૂર્ણતા હતી, તેને બ્રહ્મર્ષિઓ સાથે પોતે પૂર્ણ કરી.[૧૮] હે રાજન્! એ પ્રમાણે બલિરાજા પાસેથી પૃથ્વીને માગી લઇ શ્રીહરિ વામન ભગવાને, શત્રુઓએ પડાવી લીધેલું સ્વર્ગ પોતાના ભાઇ ઇન્દ્રને આપી દીધું હતું.[૧૯] પછી દક્ષ, ભૃગુ તથા અંગિરા વગેરેને, સનત્કુમારને, શંકરને તથા દેવર્ષિઓ, પિતૃઓ તેમજ રાજાઓને સાથે રાખી પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ કશ્યપ તથા અદિતિને પ્રસન્ન કરવા માટે તેમજ પ્રાણીમાત્રના કલ્યાણને માટે વામનભગવાનને સર્વ લોકોના તથા લોકપાલોના પતિ કર્યા.[૨૦-૨૧] હે રાજા! વેદોનું, સર્વ દેવોનું, ધર્મનું, યશનું, લક્ષ્મીનું, સર્વ મંગળોનું, વ્રતોનું, સ્વર્ગનું તથા મોક્ષનું પણ પાલન કરવામાં સમર્થ એવા વામનભગવાનને બ્રહ્માએ સર્વના કલ્યાણ માટે જ્યારે પતિ બનાવ્યા, ત્યારે સર્વ પ્રાણીઓ અત્યંત આનંદ પામ્યાં હતાં.[૨૨] તે પછી ઇન્દ્ર બ્રહ્માના અનુમોદનથી વસ્ત્રાલંકાર વગેરેથી વામનભગવાનનો સત્કાર કરી વિમાનદ્વારા તેમને લોકપાલોની સાથે સ્વર્ગમાં લઇ ગયો હતો.[૨૩-૨૪] ઇન્દ્રે, એ પ્રમાણે ઉપેન્દ્ર–વામ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ન ભગવાનના બાહુથી રક્ષણ મેળવીને ત્રિભુવનને પ્રાપ્ત કર્યું, જેથી ઉત્તમ લક્ષ્મીથી યુક્ત થઇ, નિર્ભય થઇને તે ખુશ ખુશ થઈ ગયો હતો.[૨૫] પછી હે રાજા ! બ્રહ્મા, શંકર, સનત્કુમાર, ભૃગુ વગેરે મુનિઓ, પિતૃઓ, સર્વ પ્રાણીઓ, સિદ્ધો અને વિમાનચારી દેવો વિષ્ણુભગવાનના પરમ અદ્‌ભુત તે મહાકર્મનું ગાન કરતા પોતપોતાને સ્થાને ગયા હતા અને તેઓએ અદિતિની પણ પ્રશંસા કરી હતી. હે કુલનંદન રાજા ! સાંભળનારાઓનાં પાપોને દૂર કરનારું ભગવાનનું આ સર્વ ચરિત્ર મેં તમને કહ્યું છે. બાકી તો અનેક જાતનાં પરાક્રમો કરનારા વિષ્ણુ ભગવાનના મહિમાનો પાર જે મનુષ્ય કહે છે, તે પૃથ્વીની રજકણોને માપી શકે છે. (અર્થાત્ પૃથ્વીના પરમાણુઓની ગણના જેમ અશક્ય છે, તેમ વિષ્ણુભગવાનના ગુણોની ગણના પણ અશક્ય છે.) મંત્રદ્રષ્ટા વસિષ્ઠ ઋષિ કહે છે કે, આ જગતમાં જન્મ પામી રહેલો અથવા જન્મેલો મનુષ્ય શું પરમેશ્વરના મહિમાના પારને પામે છે ? નહિજ.[૨૬-૨૯] જે મનુષ્ય અદ્‌ભુત કર્મો કરનારા અને દેવોના પણ દેવ શ્રીહરિના આ અવતારચરિત્રનું શ્રવણ કરે છે, તે પરમગતિને પામે છે. વિદ્વાનો માને છે કે, જ્યાં જ્યાં હરકોઇ દેવ, પિતૃ કે મનુષ્ય સંબંધી કર્મ કરાતું હોય, ત્યાં ત્યાં આ અવતારચરિત્ર વર્ણવવામાં આવે છે, તો મનુષ્યોનું તે તે કર્મ યથાવત્ પૂર્ણ થયેલું ગણાય છે."[૩૦,૩૧]

क्रियमाणे कर्मणीदं दैवे पित्र्येऽथ मानुषे ।
यत्र यत्रानुकीर्त्येत तत्तेषां सुकृतं विदुः ॥३१॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત

अध्याय २४ मो*

મત્સ્યાવતાર-મહાસમુદ્રમાં સત્યવ્રતનું રક્ષણ

॥ राजोवाच ॥

भगवन् श्रोतुमिच्छामि हरेरद्भुतकर्मणः ।
अवतारकथामाद्यां मायामत्स्यविडंबनम् ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:-"હે ભગવન્ ! અદ્‌ભુત કર્મ કરનારા શ્રીહરિની આદિકાળની મત્સ્યાવતારની કથા સાંભળવાની મને ઇચ્છા છે, જે કથામાં ભગવાને માયાથી માછલાનું સ્વરૂપ લીધેલું વર્ણવાય છે.[૧] માછલાનું સ્વરૂપ તો જગતમાં નિંદ્ય ગણાય છે, તમોગુણી સ્વભાવનું અને દુઃસહ હોય છે; છતાં ઈશ્વરે પોતે કર્મથી બંધાયલા હોય, તેમ જેને માટે એ માછલાનું સ્વરૂપ લીધું હતું, તે સઘળું હે ભગવન્ ! બરાબર રીતે કહેવાને આપ યોગ્ય છો. કેમકે ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું ચરિત્ર સર્વ લોકને સુખ આપનારું હોય છે."[૨,૩]

સૂત પૌરાણિક બોલ્યા:-પરીક્ષિત રાજાએ એ પ્રમાણે પૂછ્યું, એટલે ભગવાન શુકદેવજીએ મત્સ્યસ્વરૂપે કરવામાં આવેલું શ્રીવિષ્ણુભગવાનનું ચરિત્ર તેને કહેવા માંડ્યું.[૪]

શ્રીશુકદેવજી બોલ્યા:-"ગાયો, બ્રાહ્મણો, દેવો, સત્પુરુષો, વેદો, ધર્મ તથા અર્થ-એ સર્વેની રક્ષા કરવાની ઇચ્છા રાખીને પરમેશ્વર જાતજાતનાં શરીરો ધારણ કરે છે.[૫] જેમ વાયુ ઉચ્ચ કે નીચ સર્વ પ્રાણીઓમાં ફરે છે, છતાં તેને ઉચ્ચ-નીચપણું પ્રાપ્ત થતું નથી, તેમ પરમેશ્વર પણ બુદ્ધિના ગુણોને લીધે ઉચ્ચ-નીચ ગણાતાં સર્વ પ્રાણીઓમાં નિયંતારૂપે વિચરે છે, છતાં પોતે નિર્ગુણ હોવાથી ઉચ્ચનીચપણાને પામતા નથી.+[૬] ગયા

* આ અધ્યાયમાં પ્રસંગાનુસાર ભગવાનના મત્સ્યાવતારની લીલા કહેવાશે; જેમાં મહાસમુદ્રની અંદર સત્યવ્રતની રક્ષાનું વર્ણન છે. —શ્રીધર

+ તો પછી શુદ્ધ સત્ત્વગુણમય એવા મત્સ્યાદિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કલ્પના અંતે બ્રહ્માના નિદ્રાકાળ નિમિત્તે જ્યારે નૈમિત્તિક પ્રલય થયો હતો, ત્યારે હે રાજા! પૃથ્વી વગેરે લોકો સમુદ્રમાં ડૂબી ગયા હતા.[૭] તે વખતે શયન કરવાને ઇચ્છતા બ્રહ્મદેવને નિદ્રા આવી ગઇ, એટલે હયગ્રીવ નામના એક બળવાન અસુરે બ્રહ્માના મુખમાંથી નીકળેલા વેદોને સમીપમાં હરી લીધા.[૮] દાનવરાજા હયગ્રીવનું તે કાર્ય ભગવાન શ્રીહરિએ જાણી લીધું અને (એ વેદોને પાછા લાવવા માટે) માછલાનું સ્વરૂપ ધારણ કર્યું. (તેમજ તે દૈત્યનો વધ કરી વેદો પાછા લાવી તેઓ સમુદ્રમાં વિહાર કરવા લાગ્યા.)[૯] તે વેળા સત્યવ્રત નામે કોઇ એક મહાન રાજર્ષિ નારાયણપરાયણ થઇને કેવળ જળનોજ આહાર કરી તપશ્ચર્યા કરી રહ્યા હતા.[૧૦] એ સત્યવ્રત, આ મહાકલ્પમાં સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવના નામે પ્રખ્યાત છે અને શ્રીહરિએ તેને મનુ બનાવ્યો છે.[૧૧] એક સમયે તે સત્યવ્રત રાજા, કૃતમાલા નદીની અંદર જલતર્પણ કરતો હતો, તેવામાં તેના ખોબાના પાણીની અંદર એક માછલી આવી ગઇ.[૧૨] એટલે હે ભારત! તે દ્રવિડ દેશના રાજાએ, ખોબામાં આવી ગયેલી તે માછલીને પાછી નદીના પાણીમાં નાખી દીધી. તે વખતે મહાદયાળુ તે રાજાને ઘણી દયા ઊપજે તે પ્રમાણે એ માછલી કહેવા લાગી: 'હે દીનવત્સલ રાજા! જ્ઞાતિઓનો નાશ કરનારા જળજીવોથી ભયભીત બની ગયેલી મને રાંકડીને નદીના આ જળમાં તું કેમ નાખી દે છે?' રાજા સત્યવ્રત જાણતો ન હતો કે, પોતાના ઉપરની પ્રીતિથી અનુગ્રહ કરવા માટે ભગવાનેજ આ મત્સ્યસ્વરૂપ ધારણ કર્યું છે! તેથી તેણે માછલીની રક્ષા કરવા માટે મનમાં વિચાર કર્યો અને તે દયાળુ રાજા, માછલીનાં તે ઘણાં દીન વાક્યો સાંભળીને તેને કમંડલુના જળમાં મૂકી પોતાના આશ્રમમાં લાવ્યો. તે માછલી માત્ર એકજ રાત્રિમાં તે કમંડલુમાં એટલી બધી વધી ગઇ, કે જેથી તેની અંદર રહેવા માટે તેને જગ્યા પણ મળી નહિ, એટલે તેણે રાજાને આ પ્રમાણે કહ્યું:[૧૩–૧૭] 'હું આ કમંડલુમાં કષ્ટથી રહેવા ઇચ્છતી નથી. માટે જે સ્થળે સુખેથી રહી શકું એવું વિશાળ સ્થાન તું તૈયાર કર.' એટલે રાજાએ તે કમંડલુમાંથી લઇને એ માછલીને એક મોટા વાસણના જળમાં નાખી; તો ત્યાં પણ બે ઘડી જેટલા સમયમાં તે ત્રણ હાથ વધી ગઇ[૧૮,૧૯] અને બોલી ઊઠી કે, 'હે રાજન્! આ પાત્ર પણ મને સુખે રહેવા માટે પૂરતું નથી; માટે તું મને કોઇ વિશાળ સ્થાન આપ; કારણ કે હું તારે શરણે આવી છું.' એટલે ત્યાંથી પણ લઇને રાજાએ તેણીને એક સરોવરમાં નાખી. હે રાજા! એ સરોવરમાં પણ આખા સરોવરને ઢાંકી દઇને મોટા એક માછલાના સ્વરૂપમાં તે વધી ગઇ. પછી તેણે કહ્યું કે, 'હે રાજન્! આ જળ પણ મને જળચર પ્રાણીને કલ્યાણકારક નથી. તું મારી રક્ષા કરવા માટે કદી ખૂટે નહિ તેવા કોઇ ધરામાં મને મૂકી દે.'[૨૦–૨૨] તે માછલાએ એ પ્રમાણે કહ્યું, એટલે રાજાએ તેને તે તે અખૂટ જલાશયોમાં મૂકવા માંડ્યું; પણ ત્યાં ત્યાં તે તે જલાશય જેવડું તે થવા લાગ્યું, એટલે છેવટે તેને સમુદ્રમાં નાખ્યું.[૨૩] એ રીતે તે માછલાને રાજાએ સમુદ્રમાં નાખવા માંડ્યું, ત્યારે પણ તે આ પ્રમાણે કહેવા લાગ્યું: 'હે વીર! અહીં તો બીજાં મોટાં બળવાન પ્રાણીઓ મને ખાઇ જશે; માટે તું મને અહીં નાખવાને યોગ્ય નથી.'[૨૪] એ પ્રમાણે સુંદર વાણી બોલતા તે માછલાએ સત્યવ્રત રાજાને મોહિત કરી નાખ્યો, એટલે તેણે કહ્યું કે, 'આ રીતે માછલાના રૂપમાં અમને મોહ પમાડતા તમે કોણ છો?[૨૫] આવી શક્તિવાળું કોઇ જળચર પ્રાણી અમે કદી જોયું કે સાંભળ્યું પણ નથી, કે જે એકજ દિવસમાં સો યોજનના સરોવરમાં વ્યાપી ગયું હોય![૨૬] માટે તમે સાક્ષાત્ ભગવાન શ્રીહરિ નારાયણજ છો; જે આપ

આકારોથી ભગવાનમાં ઉચ્ચ–નીચપણું આવી જાય, એવી શંકાજ ક્યાં સંભવે છે? —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિર્વિકાર છતાં પ્રાણીઓ પર અનુગ્રહ કરવા માટે જલચરોનું સ્વરૂપ ધારણ કરો છો.[27] હે પુરુષશ્રેષ્ઠ ! આપને મારા નમસ્કાર હો. હે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના ઈશ્વર ! હે વિભો ! આપ શરણાગત ભક્ત એવા અમારા સત્ય આત્મારૂપ અને આશ્રયરૂપ છો.[28] જો કે આપના સર્વ અવતારો પ્રાણીઓનાં કલ્યાણને માટે હોય છે; તોપણ આપે જે કારણને માટે આ સ્વરૂપ ધારણ કર્યું છે, તે હું જાણવા ઇચ્છું છું.[29] હે કમળ સમાન નેત્રવાળા દેવ ! આપ સર્વ પ્રાણીઓના પરમ મિત્ર અને પ્રિય આત્મા છો; આપના ચરણનું શરણ બીજા ભેદદષ્ટિવાળાઓની પેઠે કદી નિષ્ફળ થતું નથી. કારણ કે આપે અમને ભક્તોને આવા અદ્‌ભુત સ્વરૂપનું દર્શન કરાવ્યું છે.[30]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે કહેતા પોતાના પ્રિય ભક્ત રાજા સત્યવ્રતને યુગના અંતકાળે મત્સ્યશરીર ધારણ કરનારા, પ્રલયકાળના જળમાં વિહાર કરવાની ઇચ્છાવાળા અને ભક્તજનો જેમને પ્રિય છે, એવા જગતપતિ ભગવાને તેનું પ્રિય કરવાની ઇચ્છાથી આ પ્રમાણે કહ્યું.[31]

શ્રીભગવાન બોલ્યાઃ–' હે શત્રુદમન રાજા ! આજથી સાતમે દિવસે આ ભૂર, ભુવઃ વગેરે ત્રૈલોક્ય પ્રલયકાળના સમુદ્રમાં ડૂબી જશે અને ત્રણે લોક એ રીતે પ્રલયકાળના જળમાં ગરક થઇ જશે, ત્યારે મેં મોકલેલી કોઇ મોટી નૌકા તારી પાસે આવશે.[32-33] તે વખતે સર્વ ઔષધિઓ તથા નાનાંમોટાં બીજોને લઇને સપ્તર્ષિઓ તથા બીજાં સર્વ પ્રાણીઓની સાથે તું એ મોટી નૌકામાં ચડી બેસજે અને પ્રકાશરહિત એવા તે એકાકાર સમુદ્રમાં પેલા ઋષિઓના તેજથી ગભરાયા વિના તું વિચર્યા કરજે, પછી મહાબળવાન વાયુને લીધે તે નૌકા ખૂબ કંપવા માંડશે, ત્યારે હું તારી સમીપ આવીશ; એટલે વાસુકિ નાગદ્વારા તે નૌકાને મારે શિંગડે બાંધી દેજે.[34-36] હે રાજા ! હું તને તથા ઋષિઓની સાથે તે નૌકાને જ્યાંસુધી બ્રહ્માની રાત્રિ રહેશે, ત્યાંસુધી સમુદ્રમાં ખેંચતો ફર્યા કરીશ.[37] મારો મહિમા જે પરબ્રહ્મ નામથી કહેવાય છે, તેને તું મારી કૃપાથી અને તેં મને કરેલા પ્રશ્નોથી પોતાના હૃદયમાં પ્રકટ થયેલો જાણીશ.'[38] સત્યવ્રત રાજાને એ પ્રમાણે કહીને શ્રીહરિ અંતર્ધાન થઇ ગયા; તે પછી એ રાજર્ષિ, ભગવાને જે સમય કહ્યો હતો, તે સમયની રાહ જોવા લાગ્યો[39] અને પૂર્વદિશા તરફ અગ્રભાગવાળા દર્ભોને (પૃથ્વી પર) પાથરીને પોતે તેના પર ઉત્તરાભિમુખે બેસી મત્સ્યરૂપધારી શ્રીહરિના ચરણનું ચિંતન કરતો બેઠો.[40] તેવામાં તો (ભગવાને કહેલા દિવસે) સર્વ તરફથી પૃથ્વીને બોળી દેતા સમુદ્રે મર્યાદા મૂકી દીધી. વૃષ્ટિ કરતા મહામેઘોથી તે વૃદ્ધિ પામતો દેખાવા લાગ્યો.[41] સત્યવ્રત રાજા તો ભગવાનની આજ્ઞાનુંજ ધ્યાન કર્યા કરતો હતો; તેટલામાં તો ત્યાં આવી પહોંચેલી એક નૌકાને તેણે જોઈ, જેથી ઔષધિઓ તથા લતાઓને લઇને સપ્તર્ષિઓની સાથે એ નૌકામાં તે ચડી બેઠો.[42] હે રાજન્ ! એ વખતે પેલા મુનિઓએ પ્રસન્ન થઇને સત્યવ્રતને કહ્યું કે, 'હે રાજા ! કેશવ ભગવાનનું તમે ધ્યાન કરો. તે ભગવાન આ સંકટથી આપણું રક્ષણ અને કલ્યાણ કરશે.[43] પછી રાજાએ ભગવાનનું ધ્યાન કરવા માંડ્યું, એટલામાં તો શિંગડાંવાળું એક માછલું મહાસમુદ્રમાં પ્રકટ થયું. એ માછલું કેવળ સુવર્ણનુંજ હતું અને એક લાખ યોજન મોટું હતું. પછી શ્રીહરિએ પહેલાં કહ્યું હતું, તે પ્રમાણે એ માછલાના શિંગડામાં વાસુકિ નાગરૂપી દોરડીથી નૌકાને બાંધી દઇ પ્રસન્ન થયેલો તે સત્યવ્રત રાજા આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.+

+ અહીં આ એક વિચારવા જેવું છે–સત્યવ્રત રાજાએ જે આ પ્રલય જોયો, તે શું મહાપ્રલય સમજવો કે દૈનંદિન પ્રલય સમજવો ? ચાલુ અધ્યાયના સાતમા શ્લોકમાં 'ब्राह्मो लयः' એવું લખાણ છે અને અગિ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્યવ્રત રાજા સ્તુતિ કરે છે:–'અનાદિકાળની અવિદ્યાને લીધે જેઓનું આત્મજ્ઞાન વિનાશ પામી ગયેલું હોય છે અને તેથીજ અવિદ્યામૂલક સંસારના પરિશ્રમોથી જેઓ આતુર થયાં હોય છે, એવાં પ્રાણીઓ આ સંસારમાં જેમના અનુગ્રહથી અને જેમનો આશ્રય કરીને જેમને પ્રાપ્ત કરે છે, તેજ આપ–મુક્તિને આપનાર અમારા પરમ ગુરુ છો. પોતાનાં કર્મોથી બંધાયલો છતાં અજ્ઞાની મનુષ્ય પુનઃ સુખની ઇચ્છાથી ઘણાં કષ્ટો સહીને પણ કર્મ કરવાનીજ ઇચ્છા કરે છે. આ પ્રકારની તે સુખની ઇચ્છારૂપ દુષ્ટ બુદ્ધિ જેમની સેવાથી મનુષ્ય દૂર કરી શકે છે, તે ભગવાન અમારી હૃદયરૂપ ગાંઠને કાપી નાખો. કેમકે તેજ ભગવાન અમારા પરમ ગુરુ છે.૪૪–૪૭ જેમ અગ્નિથી રૂપું શુદ્ધ થાય છે, તેમ જેમની સેવાથી પુરુષ પોતાના અવિદ્યારૂપ મેલનો ત્યાગ કરે છે અને સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, તે આ અવિનાશી પરમેશ્વર અમારા ગુરુ થાઓ; કેમકે તેજ ભગવાન ગુરુના પણ પરમગુરુ છે.૪૮ (હરકોઈની ઉપાસના કરનાર) પુરુષના બીજા દેવો, ગુરુઓ કે લોકો, પોતે એકઠા મળે તોપણ જેમની કૃપાના દશ હજારમા ભાગના એક લેશને પણ કરવા સમર્થ થતા નથી, તે આપ ઈશ્વરને હું શરણે આવ્યો છું.૪૯ જેમ કોઇ આંધળાએ બીજા આંધળાનેજ આગળ દોરવા તૈયાર કર્યો હોય છે, તેમજ (આ જગતમાં) કોઇ અજ્ઞાની મનુષ્યે બીજા અજ્ઞાની મનુષ્યને પોતાના ગુરુ તરીકે કર્યો હોય છે: (પણ ખરી રીતે તો તે બન્ને ગુરુ–શિષ્ય અજ્ઞાની હોઇને વચ્ચેજ રખડી પડે છે.) માટે સ્વગતિને (સ્વસ્વરૂપને) જાણવા ઇચ્છતા અમોએ તો આપનેજ ગુરુ તરીકે સ્વીકાર્યા છે; કેમકે આપ સૂર્યના પ્રકાશની પેઠે સ્વતઃ જ્ઞાનવાન છો અને તેથીજ સર્વ ઇન્દ્રિયોના પણ પ્રકાશક છો.૫૦* એક મનુષ્ય (ગુરુ થઇને) બીજા મનુષ્યને કેવળ દુર્બુદ્ધિજ આપે છે, કે જે દુર્બુદ્ધિને લીધે તે (બન્ને) મનુ-

ચારમા શ્લોકમાં '**યોऽसावस्मिन् महाकल्पे**' એવું લખાણ જોવામાં આવે છે. તે ઉપરથી તો એમ જણાય છે કે, એ મહાપ્રલય હોવો જોઇએ; પણ અમે એમ કહી શકતા નથી. કારણ કે મહાપ્રલય વખતે પૃથ્વી વગેરે કંઇ પણ વસ્તુ બાકી રહેતી નથી: સર્વનો લય થઇ જાય છે, ત્યારે વળી ચાલુ અધ્યાયના સાડત્રીસમા શ્લોકમાં '**यावद् ब्राह्मी निशा**' એમ કહ્યું છે; એ વચનની સાથે વિરોધ આવે છે. માટે એ પ્રલય 'દૈનંદિન' હશે એમ કહેવું ઠીક લાગે છે; પણ ખરી રીતે એમ કહેવું તે પણ ઘટી શકે નહિ. કારણ કે પ્રલયકાળની અનાવૃષ્ટિઓ વિના અકસ્માત્ 'સાતમા દિવસે ત્રૈલોક્ય સમુદ્રમાં ડૂબી જશે,' એમ મત્સ્યાવતારી ભગવાને જે કહ્યું છે, તે ઘટી શકતું નથી. વળી પ્રથમ સ્કંધમાં કહ્યું છે:–

रूपं स जगृहे मात्स्यं चाक्षुषान्तरसंप्लवे ।
नाव्यारोप्य महीमय्यामपाद् वैवस्वतं मनुम् ॥

ચાક્ષુષ મન્વંતરના સમયમાં જ્યારે લોકોનો સમુદ્રમાં લય થઇ ગયો, ત્યારે ભગવાને માછલાનું સ્વરૂપ લીધું હતું અને પૃથ્વીરૂપ નૌકામાં વૈવસ્વત મનુને બેસાડીને તેનું રક્ષણ કર્યું હતું, એ કથન પણ ઘટી શકતું નથી. કારણ કે બન્ને જાતના પ્રલયોમાં પૃથ્વીનો તો વિનાશજ થઇ જાય છે, તેથી પૃથ્વીરૂપ નૌકામાં બેસાડવાનું કેમ સંભવે? વળી ચાક્ષુષ મન્વંતરમાં પ્રલય છેજ નહિ; કેમકે જો એમ હોય, તો 'સાતમો વૈવસ્વત મનુ થયો' એમ કહેવું ઘટી શકતું નથી. વળી મત્સ્ય ભગવાને કહ્યું છે કે, '**त्वं तावदोषधीः सर्वाः**–તું સર્વ ઔષધિઓ લઇને નૌકામાં ચડી બેસજે' આ વાત પણ બંધબેસતી નથી. કારણ કે પ્રલયકાળે વળી ઔષધિઓ તથા સર્વ પ્રાણીઓ ક્યાંથી હોય? માટે આસપાસના પ્રકરણાર્થ ઉપરથી અહીં સાબિત થાય છે કે, સત્યવ્રતે જોયેલો પ્રલય તે વાસ્તવિક પ્રલય નહિ, પણ સત્યવ્રતને જ્ઞાનનો ઉપદેશ કરવાને માટે ભગવાને પ્રકટ થઇને તેને વૈરાગ્ય થાય તે માટે અકસ્માત્ કંઈ પ્રલય જેવું દર્શાવેલું હોવું જોઇએ. જેવી રીતે આ વૈવસ્વત મન્વંતરમાં માર્કંડેય ઋષિને તેવો પ્રલય દેખાડ્યો હતો તેમ અને એ અપેક્ષાએજ '**महाकल्पेऽस्मिन्**' એ વિશેષણ બંધબેસતું આવે છે અને '**ततः समुद्र उद्वेलः सर्वतः समदृश्यत**'–તે પછી ચારે તરફથી મર્યાદાને મૂકી રહેલા સમુદ્રને તેણે જોયો' ઇત્યાદિ બધું જે કહેવામાં આવ્યું છે, તે પણ એજ સૂચવે છે. —**શ્રીધર**

* પ્રાકૃત ગુરુ તો કેવળ અનર્થનું કારણ થઈ પડે છે, તે કહે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યા દુર્લંઘ્ય અંધકાર—સંસારમાંજ જઇ પડે છે; ત્યારે આપ તો (પોતાના ભક્તપુરુષને) અવિનાશી અને અમોઘ એવું જ્ઞાન અર્પણ કરો છો, કે જેથી અનાયાસે મનુષ્ય સ્વસ્વરૂપને પામે છે—આત્મસાક્ષાત્કાર કરે છે.[૫૧] આપ સર્વ લોકના મિત્ર, પ્રિય ઈશ્વર, ગુરુ, જ્ઞાનસ્વરૂપ, ઇચ્છિત સિદ્ધિરૂપ અને સર્વના હૃદયમાંજ બિરાજમાન છો; છતાં આંધળી બુદ્ધિવાળા લોકો આપને જાણી શકતા નથી. કેમકે તેઓ જાતજાતની વિષયવાસનાઓનેજ હૃદયમાં બાંધ્યા કરે છે;[૫૨] પણ હું તો દેવોમાં શ્રેષ્ઠ, આશ્રયરૂપે સ્વીકારવા યોગ્ય અને ઈશ્વર એવા આપની પાસેજ જ્ઞાન મેળવવા માટે આવ્યો છું; માટે હે ભગવન્! પરમાર્થવસ્તુનાં પ્રકાશક એવાં વચનોથી આપ મારી અહંકારાદિ ગ્રંથિઓને કાપી નાખો અને સ્વસ્વરૂપને પ્રકાશિત કરો.'[૫૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એમ સ્તુતિ કરતા રાજા સત્યવ્રતને ભગવાન આદિપુરુષે, એ મત્સ્યસ્વરૂપેજ સમુદ્રમાં વિહાર કરતાં કરતાં તત્ત્વવસ્તુનો ઉપદેશ કર્યો હતો.[૫૪] ઉપરાંત સાંખ્ય, યોગ તથા કર્મકાંડનો જેમાં સમાવેશ હતો, એવી દિવ્ય પુરાણસંહિતાનો (એટલે મત્સ્યપુરાણનો) તથા સંપૂર્ણ આત્મરહસ્યનો રાજર્ષિ સત્યવ્રતને ઉપદેશ કર્યો હતો. સત્યવ્રત રાજાએ પણ નૌકામાં બેઠે બેઠે ભગવાને કહેલા સનાતન બ્રહ્મરૂપ આત્મતત્ત્વનું સર્વ ઋષિઓની સાથે નિઃસંશય શ્રવણ કર્યું હતું.[૫૫-૫૬] તે મત્સ્યમૂર્તિ શ્રીહરિએ ગયા પ્રલયના અંતે હયગ્રીવ અસુરનો વધ કરી, જાગેલા બ્રહ્માને વેદો પાછા લાવી આપ્યા હતા; ને તે સત્યવ્રત રાજા વિષ્ણુ ભગવાનની કૃપાથી જ્ઞાન અને વિજ્ઞાનથી યુક્ત થઈ આ કલ્પમાં વૈવસ્વત નામે મનુ થયો છે.[૫૭-૫૮] આ મહાન આખ્યાન રાજર્ષિ સત્યવ્રતના તથા માયાથી મત્સ્ય બનેલા વિષ્ણુભગવાનના સંવાદરૂપ છે; તેનું શ્રવણ કરીને મનુષ્ય પાપથી મુક્ત થાય છે. જે મનુષ્ય શ્રીહરિના આ મત્સ્યાવતારનું નિત્ય કીર્તન કરે છે, તેના સંકલ્પો સિદ્ધ થાય છે અને (છેવટે) તે પરમગતિને પામે છે.[૫૯-૬૦] પ્રલયકાળના જળમાં (નિદ્રાને લીધે) બ્રહ્માની શક્તિઓ લીન થઇ ગઈ હતી, ત્યારે તેમના મુખમાંથી જેણે વેદો હરી લીધા હતા, તે હયગ્રીવ દૈત્યનો વધ કરીને જે ભગવાને બ્રહ્માને વેદો પાછા આપ્યા હતા અને સત્યવ્રત રાજાને તથા સપ્તર્ષિઓને જેમણે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો, તે સમગ્ર જગતના કારણ અને માયાથી મત્સ્ય બનેલા ભગવાનને હું પ્રણામ કરું છું."[૬૧]

प्रलयपयसि धातुः सुप्तशक्तेर्मुखेभ्यः ।
श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ॥
दितिजमकथयद्यो ब्रह्म सत्यव्रतानां ।
तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥६१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે અધ્યાય ૨૪ મો સમાપ્ત

अष्टम स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत-नवम स्कंध*

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो×

વૈવસ્વત મનુના વંશમાં ચંદ્રવંશ-સુદ્યુમ્નની કથા

॥ राजोवाच ॥

मन्वंतराणि सर्वाणि त्वयोक्तानि श्रुतानि मे। वीर्याण्यनंतवीर्यस्य हरेस्तत्र कृतानि च ॥

પરીક્ષિત રાજાએ કહ્યું:–"હે ભગવન્! આપે સર્વ મન્વંતરો કહ્યા; તેમજ તે મન્વંતરોમાં અનંત પરાક્રમવાળા શ્રીહરિએ કરેલાં પરાક્રમો પણ કહ્યાં, તે મેં સાંભળ્યાં.[1] દ્રવિડ દેશનો એ સત્યવ્રત રાજર્ષિ કે જેણે ગયા કલ્પના અંતે ભગવાનની સેવાથી જ્ઞાન સંપાદન કર્યું હતું,[2] તેજ (આ કલ્પમાં) સૂર્યનો પુત્ર થઇ (વૈવસ્વત નામે) મનુ થયો, એ પણ આપની પાસેથી મેં સાંભળ્યું. હવે હે મહાભાગ્યશાળી બ્રાહ્મણ! તે મનુના ઇક્ષ્વાકુ વગેરે પુત્રો રાજાઓ થયા હતા, તેઓના વંશ તથા તેમના વંશજોનાં ચરિત્રો આપ અમને કહો; કેમકે અમે તે નિત્ય સાંભળવા ઇચ્છીએ છીએ.[3,4] જેઓ થઇ ગયા, થશે અને વર્તમાનકાળમાં હયાત છે, તે સર્વ પવિત્ર કીર્તિવાળા રાજાઓનાં પરાક્રમો તમે અમને કહો."[5]

સૂત પૌરાણિક બોલ્યા:–પરીક્ષિત રાજાએ બ્રહ્મવાદીઓની સભામાં એ પ્રમાણે પ્રશ્ન કર્યો, એટલે પરમધર્મને જાણનારા ભગવાન શુકદેવજી બોલ્યા.[6]

---

* આ નવમા સ્કંધમાં એકંદર ચોવીસ અધ્યાય છે. તેમાં તેર અધ્યાયોથી સૂર્યવંશ અને બાકીના અગિયાર અધ્યાયોથી ચંદ્રવંશ વર્ણવાશે. —શ્રીધર

× આ પહેલા અધ્યાયમાં વૈવસ્વત મનુના પુત્રોના વંશમાં ચંદ્રવંશનો પ્રવેશ કહેવા માટે સુદ્યુમ્નનું સ્ત્રીપણું વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે શત્રુતાપન રાજા! મનુના વંશની મુખ્ય મુખ્ય કથાઓને તમે સાંભળો. કેમકે સેંકડો વર્ષોના વીતી જવા છતાં પણ મનુના વંશને વિસ્તારથી વર્ણવી શકાય તેમ નથી. (માટે હું અહીં તેનું સંક્ષિપ્ત વર્ણન કરીશ.)[૭] કલ્પના અંતે આ જગત નાનાંમોટાં સર્વ પ્રાણીઓના આત્મા પરપુરુષ પરમાત્મારૂપજ હતું; તે વિના બીજું કંઇ પણ ન હતું.[૮] હે મહારાજ! એ ભગવાનની નાભિમાંથી સુવર્ણમય કમળનો દોડો ઉત્પન્ન થયો હતો, તેમાં ચાર મુખવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા હતા.[૯] એ બ્રહ્મદેવના મનથી મરીચિ ઋષિ અને મરીચિથી કશ્યપ ઋષિ ઉત્પન્ન થયા હતા. એ કશ્યપની પત્ની અદિતિ, કે જે દક્ષની પુત્રી હતી, તેમાં વિવસ્વાન (સૂર્ય) નામે પુત્ર થયો હતો.[૧૦] હે ભરતવંશી રાજા! તે સૂર્યથી સંજ્ઞા નામની સ્ત્રીમાં ‡શ્રાદ્ધદેવ નામનો મનુ થયો હતો. તે સમર્થ આત્મવેત્તા મનુએ શ્રદ્ધા નામની સ્ત્રીમાં ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક, નરિષ્યન્ત, પૃષધ્ર, નભગ તથા કવિ નામના દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. પ્રથમ શ્રાદ્ધદેવ મનુને કંઇ સંતાન ન હતું; તેથી મહાસમર્થ ભગવાન વસિષ્ઠે તેને પ્રજા થાય તે માટે મિત્રાવરુણદેવની ઇષ્ટિ કરી હતી.[૧૧-૧૩] તે વેળા કેવળ દૂધનોજ આહાર કરતી મનુની પત્ની શ્રદ્ધાએ હોમ કરનાર બ્રાહ્મણો પાસે આવીને પ્રણામપૂર્વક પુત્રીને માટે માગણી કરી હતી.[૧૪] તે પછી અધ્વર્યુ બ્રાહ્મણે જ્યારે હોમ કરવાની પ્રેરણા કરી, ત્યારે પેલા હોમ કરનારા બ્રાહ્મણે હોમપદાર્થ લઇને શ્રદ્ધા રાણીની તે માગણી ધ્યાનમાં રાખીને 'वषट्' એમ કહેતાં કહેતાં હોમકર્મમાં વ્યભિચાર કરી નાખ્યો હતો. ('वौषट्' એમ ઉચ્ચારીને ફેરફાર કરી નાખ્યો હતો.)[૧૫] એ રીતે હોમકર્મમાં હોમ કરનારના ફેરફારથી મનુને ત્યાં ઇલા નામની કન્યા ઉત્પન્ન થઇ. તેને જોઈ મનમાં અત્યંત પ્રસન્ન નહિ થયેલા મનુએ ગુરુને કહ્યું કે,[૧૬] 'હે ભગવન્! આ શું થયું? આશ્ચર્ય છે કે, આપના સરખા બ્રહ્મવાદીઓના કર્મમાં પણ આટલો બધો ફેરફાર! અફસોસ! આવો વેદમંત્રોનો વિકાર કદી ન થવો જોઇએ.[૧૭] તમે મંત્રને જાણનારા ને યોગી છો; વળી તપશ્ચર્યાથી તમે પાપોને બાળી નાખ્યાં છે; તો પછી જેમ દેવોમાં અસત્ય સંભવતું નથી, તેમ તમારામાં પણ આવી સંકલ્પની વિષમતા કેમ સંભવે?'[૧૮] મનુ રાજાનાં તે વચન સાંભળી ભગવાન વસિષ્ઠ, હોમ કરનાર બ્રાહ્મણે કરેલો ફેરફાર જાણી લઇ તે સૂર્યપુત્ર–મનુને કહેવા લાગ્યાઃ 'તમારા હોમ કરનાર બ્રાહ્મણે કરેલા ફેરફારથી સંકલ્પમાં આવી વિષમતા થઈ છે; છતાં પણ હું મારા પોતાના તેજથી તમને ઉત્તમ પ્રજાવાળા કરીશ.'*[૧૯-૨૦] આવો નિશ્ચય કરી, હે રાજા! મહાયશસ્વી ભગવાન વસિષ્ઠે, ઇલાને પુરુષ બનાવવાની ઇચ્છાથી આદિપુરુષ ભગવાનની સ્તુતિ કરી કે તુરતજ પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ તેમને ઇચ્છિત વરદાન આપ્યું, જેથી પેલી ઇલા 'સુદ્યુમ્ન' નામે ઉત્તમ પુરુષ થઇ ગયો. હે મહારાજ! એક દિવસે તે સુદ્યુમ્ન કેટલાક પ્રધાનોને સાથે લઇ સિંધુદેશના ઘોડા પર સવાર થઇ વનમાં શિકાર કરવા ગયો.[૨૧-૨૩] ત્યાં સુંદર ધનુષ અને પરમ અદ્ભુત બાણો લઈને તે કવચધારી વીર ઉત્તરદિશામાં ચાલ્યો ગયો;[૨૪] અને જ્યાં ભગવાન શંકર, પાર્વતીની સાથે ક્રીડા કરી રહ્યા છે, ત્યાં મેરુની નીચે આવેલા એક વનમાં તે દાખલ થયો.[૨૫] શત્રુવીરોનો વિનાશ કરનાર એ સુદ્યુમ્ન તે વનમાં જેવો દાખલ થયો કે તુરતજ તેણે પોતાને સ્ત્રી થઇ ગયેલો જોયો અને ઘોડાને ઘોડી બની ગયેલો જોયો.[૨૬] વળી તેની પાછળ ગયેલા સર્વ સેવકો પણ પોતાની જાતિમાં (સ્ત્રીરૂપે) ફેરફાર થઇ ગયેલો જોઇને મનમાં અત્યંત ખેદ પામ્યા

‡ આ શ્રાદ્ધદેવ મનુ તેજ વૈવસ્વત મનુ.–મા. ક.

* અર્થાત્ તમારે ત્યાં અવતરેલી કન્યાનેજ મારા તપોબળથી પુત્ર બનાવી દઇશ. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને એકબીજાના મુખ સામે જોઇ રહ્યા."૨૭

પરીક્ષિત રાજાએ પૂછયું:–"હે ભગવન્! એ પ્રદેશ એવા ગુણવાળો કેમ હતો? કોણે તે પ્રદેશને એવો કરી મૂક્યો હતો? આ પ્રશ્નનો ઉત્તર આપ કહો. કેમકે એ સંબંધે અમને પરમ આશ્ચર્ય થાય છે."૨૮

શ્રીશુકદેવજી બોલ્યા:–"એક સમયે ઉત્તમ વ્રત ધારણ કરનારા ઋષિઓ, (પોતાની કાંતિથી) દિશાઓને અંધકારથી રહિત અને બીજા પદાર્થોને પ્રકાશરહિત કરતા મહાદેવજીનાં દર્શન કરવા માટે તે વનમાં ગયા.૨૯ તે વેળા અંબિકાદેવી વસ્ત્રો (પહેર્યાં) વિના (શંકરના ખોળામાં બેઠાં) હતાં, જેથી પેલા ઋષિઓને આવેલા જોઈ અત્યંત શરમાઇ ગયાં અને પતિના ખોળામાંથી એકદમ ઊઠી જઈ વસ્ત્ર પહેરી લીધું.૩૦ પેલા ઋષિઓ પણ તે શંકર–પાર્વતીનો ક્રીડાપ્રસંગ જોઇને ત્યાંથી પાછા ફર્યા અને નરનારાયણના આશ્રમમાં ગયા.૩૧ પછી ભગવાન શંકરે પોતાની પત્નીને મનગમતું કરવાની ઇચ્છાથી આ પ્રમાણે કહ્યું કે, 'જે કોઇ પુરુષ આ વનમાં પ્રવેશ કરશે, તે સ્ત્રી થઇ જશે.'૩૨ ત્યારથી માંડીને પુરુષો તે વનનો ત્યાગ કરે છે. હવે પેલો સુદ્યુમ્ન કે જે સ્ત્રી થઇ ગયો હતો, તે પોતાના સેવક સ્ત્રીઓ સાથે એક વનમાંથી બીજા વનમાં ફરવા લાગ્યો.૩૩ ફરતો ફરતો તે બુધના આશ્રમ સમીપ જઇ ચડ્યો; એટલે તે ઉત્તમ સ્ત્રીને પોતાના આશ્રમની પાસે સ્ત્રીઓથી વીંટાયલી જોઇને ભગવાન બુધ તેના પર આસક્ત થઈ ગયા; તેમજ સુંદર ભ્રૂકુટિવાળી તે સ્ત્રી પણ ચંદ્ર રાજાના પુત્ર તે બુધને પોતાના પતિ તરીકે ઇચ્છવા લાગી, જેથી બુધે એ સ્ત્રીમાં પુરૂરવા નામે પુત્ર ઉત્પન્ન કર્યો.૩૪,૩૫ એ પ્રમાણે મનુનો પુત્ર સુદ્યુમ્ન રાજા સ્ત્રીપણાને પામ્યો હતો; પણ તેણે (સ્ત્રીપણામાંથી છૂટવા માટે પાછળથી) પોતાના કુલાચાર્ય વસિષ્ઠ ઋષિનું સ્મરણ કર્યું હતું, એમ અમે સાંભળ્યું છે.૩૬ વસિષ્ઠ ઋષિ તેની એ દશા જોઇને દયાથી વ્યાકુળ થઇ ગયા. તેમણે એને પુરુષપણું પ્રાપ્ત થાય, એવી ઇચ્છાથી શંકર ભગવાનની સ્તુતિ કરી;૩૭ એટલે હે રાજા! ભગવાન શંકરે વસિષ્ઠ ઉપર પ્રસન્ન થઇને તેમનું પ્રિય કરવાને માટે અને પોતાની વાણીને પણ સત્ય કરવા માટે આ પ્રમાણે કહ્યું હતું કે,૩૮ 'તમે પુત્ર તરીકે સ્વીકારેલો આ સુદ્યુમ્ન એક મહિનો પુરુષ રહેશે અને એક મહિનો સ્ત્રી રહેશે. આવી વ્યવસ્થાથી ભલે તે પૃથ્વીનું પાલન કરે.'૩૯ એ પ્રમાણે પોતાના કુલાચાર્યની કૃપાથી એવી વ્યવસ્થાથી પુરુષપણું પામીને તે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો; પણ પ્રજાએ તેને (પોતાના રાજા તરીકે) પસંદ કર્યો ન હતો.૪૦ હે રાજન્! તે સુદ્યુમ્નને ઉત્કલ, ગય તથા વિમલ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓ દક્ષિણ દેશના રાજાઓ હતા અને ધર્મ પર પ્રેમવાળા હતા.૪૧ ત્યાર પછી કેટલોક કાળ ગયો (અને વૃદ્ધાવસ્થા આવી લાગી) એટલે પ્રતિષ્ઠાનપુરનો સમર્થ રાજા સુદ્યુમ્ન પોતાના પુત્ર પુરૂરવાને પૃથ્વી સોંપીને પોતે (તપ કરવા) વનમાં ગયો હતો."૪૨

ततः परिणते काले प्रतिष्ठानपतिः प्रभुः।
पुरूरवस उत्सृज्य गां पुत्राय गतो वनम् ॥४२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો*

વૈવસ્વત મનુના કરૂષક વગેરે પાંચ પુત્રોનો વંશ

॥ શ્રીશુક ઉવાચ ॥

एवं गतेऽथ सुद्युम्ने मनुर्वैवस्वतः सुते।
पुत्रकामस्तपस्तेपे यमुनायां शतं समाः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ પ્રમાણે પોતાનો

* આ અધ્યાયમાં મનુના બે પુત્રો વૈરાગ્યવાન હોઇને પુત્રરહિત રહ્યા હતા તે, અને કરૂષક વગેરે પાંચ પુત્રોના વંશો નાના પુત્રના ક્રમથી કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુત્ર સુદ્યુમ્ન વનમાં ચાલ્યો ગયો, તે પછી વૈવસ્વત મનુએ પુત્રની ઇચ્છાથી સો વર્ષ સુધી યમુનાકિનારે તપ કર્યું હતું.[1] ત્યાં મનુએ પોતાને ત્યાં પુત્રો થાય તેટલા માટે પ્રભુ શ્રીહરિનું પૂજન કર્યું હતું, જેથી તેણે પોતાના જેવા ઇક્ષ્વાકુ વગેરે દશ પુત્રો મેળવ્યા હતા.[2] તેમાં પૃષધ્ર નામનો મનુનો જે પુત્ર હતો, તેને ગુરુ–વસિષ્ઠે ગાયોનું રક્ષણ કરનાર બનાવ્યો હતો; તેથી તે રાત્રે સાવધાન રહીને ÷વીરાસનરૂપી વ્રત ધારણ કરીને (વાઘ વગેરેથી) ગાયોનું રક્ષણ કરતો હતો. (અર્થાત્ એ રીતે ગુરુની ગાયોની રક્ષા કરવામાં રોકાયેલા પૃષધ્રનો વંશ થયો ન હતો.)[3] એક દિવસે રાત્રે જ્યારે વરસાદ વરસતો હતો, ત્યારે કોઇ એક વાઘ ગાયોના વાડામાં પેસી ગયો; એટલે ત્યાં નિદ્રાવશ થયેલી ગાયો ઊઠીને ભયભીત થઈ વાડામાં આમતેમ ભમવા લાગી.[4] એટલામાં પેલા બળવાન વાઘે એક ગાયને જેવી પકડી કે તુરતજ તે ગાય ભયથી આતુર થઇને બરાડા પાડવા લાગી; એટલે તે ગાયનું બરાડવું સાંભળીને પૃષધ્ર તે તરફ ધસી ગયો[5] અને વેગથી તલવાર લઇને જેમાં નક્ષત્રો પણ દેખાતાં બંધ પડ્યાં હતાં, એવી તે રાત્રિમાં તેણે અજાણતાં વાઘની શંકાથી કપિલા ગાયનું મસ્તક ઉડાવી દીધું.[6] સાથે સાથે તલવારની સહેજ ધાર લાગી જવાથી પેલા વાઘનો પણ એક કાન કપાઇ ગયો. એટલે અત્યંત ભયભીત થઇને તે વાઘ પણ રસ્તામાં લોહી વહેતો ત્યાંથી નાસી ગયો.[7] શત્રુવીરોનો નાશ કરનારા તે પૃષધ્રે માની લીધું હતું કે, વાઘ માર્યો ગયો છે; પરંતુ પ્રાતઃકાળ થતાં તેણે જોયું, તો પોતે કપિલા ગાયને મારી નાખી હતી. તે જોઇ તેને ઘણું દુઃખ થયું.[8] જોકે તેણે પોતાની અનિચ્છાએજ અપરાધ કર્યો હતો, તોપણ તેના કુલાચાર્ય વસિષ્ઠે તેને શાપ આપ્યો કે, 'આ કર્મથી તું અધમ ક્ષત્રિય પણ રહીશ નહિ; પરંતુ શૂદ્ર થઈ જઇશ.[9] ગુરુએ એ પ્રમાણે શાપ આપ્યો એટલે વીર પૃષધ્રે બે હાથ જોડીને તે શાપ સ્વીકારી લીધો અને (તે દિવસથી આરંભીને) વીર્યની ઊર્ધ્વ ગતિ કરી દઇ તેણે મુનિઓને પ્રિય બ્રહ્મચર્યવ્રત ધારણ કરી લીધું;[10] તેમજ સર્વથી પર, પવિત્ર અને સર્વના આત્મા ભગવાન વાસુદેવ વિષે ભક્તિથી ચિત્તને એકાગ્ર કર્યું; સર્વ પ્રાણીઓની સાથે મિત્રતા રાખી; સર્વત્ર સમદૃષ્ટિ કરી; સર્વ સંગનો ત્યાગ કર્યો; ચિત્તને શાંત કર્યું; ઇન્દ્રિયોને વશ કરી; પરિગ્રહનો ત્યાગ કર્યો; દૈવેચ્છાએ જે કંઇ મળી આવે તેથી પોતાની આજીવિકા કરવા માંડી; આત્મામાં ચિત્તને સ્થાપી દઈ તે જ્ઞાનતૃપ્ત રહેવા લાગ્યો; સમાધિનિષ્ઠ થયો અને જડ, આંધળા તથા બહેરાના જેવી આકૃતિએ આ પૃથ્વી પર ફરવા લાગ્યો.[11–13] આવી રીતે વર્તતા તે મુનિએ કોઈ એક વનમાં જઇ ત્યાં સળગી ઊઠેલા દાવાનળને જોઇ તેમાં પોતાના દેહને બાળી નાખ્યો અને પરબ્રહ્મને પ્રાપ્ત કર્યા.[14] હવે સૌથી નાનો કવિ નામનો મનુનો પુત્ર હતો. તેણે પણ કિશોર અવસ્થામાંજ વિષયો પર નિઃસ્પૃહ થઇને બંધુઓ તેમજ રાજ્યનો ત્યાગ કરી દઈ વનમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાં સ્વયંપ્રકાશ પરમાત્માને ચિત્તમાં સ્થાપી દઈ પરમપદને પામ્યો હતો.*[15] મનુના કરૂષ નામના પુત્રથી કારૂષ નામના ક્ષત્રિયો ઉત્પન્ન થયા હતા. તેઓ ઉત્તર દેશનું પાલન કરતા હતા, બ્રાહ્મણોના ભક્ત હતા, તેમજ ધર્મ ઉપર પ્રેમ રાખતા હતા.[16] મનુના ધૃષ્ટ નામના પુત્રથી ધાર્ષ્ટ નામના ક્ષત્રિયો થયા હતા. તેઓ પૃથ્વી ઉપર બ્રાહ્મણ થઈ ગયા હતા. મનુના નૃગ નામના પુત્રનો સુમતિ નામનો પુત્ર થયો હતો; સુમતિનો ભૂતજ્યોતિ, ભૂતજ્યોતિનો વસુ, વસુ-

÷ તલવાર હાથમાં લઇ રાત્રે (કોઇની રક્ષા કરવા માટે) જાગતા ઊભા રહેવું તેને વીરાસન કહે છે.—શ્રીધર

* કહેવાનો આશય એ છે કે, મનુના કવિ નામના પુત્રનો પણ વંશ થયો ન હતો. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નો પ્રતીક, પ્રતીકનો ઓઘવાન અને ઓઘવાનનો પુત્ર ઓઘવાન નામનોજ હતો. વળી તેને ઓઘવતી નામે એક કન્યા હતી. તે કન્યાને સુદર્શન પરણ્યો હતો.[૧૭|૧૮] મનુના નરિષ્યંત નામના પુત્રથી ચિત્રસેન નામે પુત્ર થયો હતો; ચિત્રસેનનો દક્ષ, દક્ષનો મીઢ્વાન, મીઢ્વાનનો કૂર્ચ, કૂર્ચનો ઇન્દ્રસેન, ઇન્દ્રસેનનો વીતિહોત્ર, વીતિહોત્રનો સત્યશ્રવા, સત્યશ્રવાનો ઉરુશ્રવા, ઉરુશ્રવાનો દેવદત્ત અને દેવદત્તનો અગ્નિવેશ્ય નામે ભગવાન અગ્નિ પોતેજ પુત્ર થયો હતો. આ અગ્નિવેશ્યજ કન્યાથી અવતરેલ હોઇ 'કાનીન' કહેવાય છે અને મહર્ષિ જાતૂકર્ણ્યના નામે પ્રસિદ્ધ છે.[૧૯-૨૧] હે રાજા! એ અગ્નિવેશ્યથીજ 'આગ્નિવેશ્યાયન' નામે બ્રાહ્મણકુળ ઉત્પન્ન થયું છે. આવી રીતે મેં તમને નરિષ્યંતનો વંશ કહ્યો. હવે મનુના પુત્ર દિષ્ટનો વંશ તમે સાંભળો.[૨૨] દિષ્ટનો નાભાગ નામે પુત્ર હતો. આ નાભાગ તે આગળ જતાં બીજો નાભાગ કહેવાશે, તેનાથી જુદો સમજવો. તે પોતાનાં કર્મને લીધે વૈશ્ય બની ગયો હતો. તેને ભલંદન નામે પુત્ર હતો; ભલંદનથી વત્સપ્રીતિ, વત્સપ્રીતિનો પ્રાંશુ, પ્રાંશુનો પ્રમતિ, પ્રમતિનો ખનિત્ર, ખનિત્રનો ચાક્ષુષ, ચાક્ષુષનો વિવિંશતિ, વિવિંશતિનો રંભ અને રંભનો ખનિનેત્ર નામે ધાર્મિક પુત્ર હતો; તેમજ હે મહારાજ! એ ખનિનેત્રનો કરંધમ નામનો પુત્ર થયો હતો.[૨૩-૨૫] કરંધમનો આવીક્ષિત અને તે આવીક્ષિતનો ચક્રવર્તી મરુત્ત નામે પુત્ર હતો, જેને અંગિરાના મહાયોગી પુત્ર સંવર્તે યજ્ઞ કરાવ્યો હતો.[૨૬] એ મરુત્ત રાજાનો જેવો યજ્ઞ હતો, તેવો બીજાનો કોઇ યજ્ઞ થયો નથી. એ યજ્ઞમાં જે કંઇ વસ્તુ હતી, તે બધી સુવર્ણની અને સુંદર હતી.[૨૭] વળી એ યજ્ઞમાં ઇન્દ્ર, સોમરસનું પાન કરી ખુશ ખુશ થઈ ગયો હતો; બ્રાહ્મણો દક્ષિણાઓથી ખુશી થયા હતા; વાયુએ સર્વને ભોજન પીરસતા હતા અને વિશ્વેદેવાઓ સભાસદ હતા.[૨૮] એ મરુત્તનો દમ નામે પુત્ર હતો; દમનો રાજ્યવર્ધન, રાજ્યવર્ધનનો સુધૃતિ, સુધૃતિનો નર, નરનો કેવલ, કેવલથી બંધુમાન, બંધુમાનનો વેગવાન, વેગવાનનો બંધુ અને બંધુનો રાજા તૃણબિંદુ પુત્ર હતો.[૨૯|૩૦] એ રાજા સેવવા યોગ્ય ગુણોનું એક સ્થાન હતો; તેથી દેવી અલંબુષા નામની અપ્સરા તેને વરી હતી; જે અપ્સરામાં તે રાજાથી પુત્રો ઉત્પન્ન થયા હતા અને ઇડવિડા નામની એક કન્યા ઉત્પન્ન થઇ હતી.[૩૧] વિશ્રવા નામના એક ઋષિએ, પોતાના યોગેશ્વર પિતા પુલસ્ત્ય પાસેથી ઉત્તમ+ વિદ્યા સંપાદન કરીને તે ઇડવિડામાં કુબેર નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો.[૩૨] તૃણબિંદુના જે પુત્રો હતા, તેઓનાં નામ વિશાલ, શૂન્યબંધુ તથા ધૂમ્રકેતુ હતાં. તેઓમાં વિશાલ વંશને વધારનારો હતો અને તે રાજાએ વૈશાલી નામની નગરી વસાવી હતી.[૩૩] તેને હેમચંદ્ર નામે પુત્ર હતો; હેમચન્દ્રનો ધૂમ્રાક્ષ, ધૂમ્રાક્ષનો સંયમ અને સંયમના કૃશાશ્વ તથા દેવજ નામના બે પુત્રો હતા.[૩૪] તેમાંના કૃશાશ્વથી સોમદત્ત નામનો પુત્ર થયો હતો, જેણે અશ્વમેધ યજ્ઞોથી યજ્ઞપતિ પરમાત્માનું પૂજન કરીને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી હતી અને મોટા મોટા યોગીઓ તેનો આશ્રય કરતા હતા.[૩૫] એ સોમદત્તનો સુમતિ નામે પુત્ર હતો અને સુમતિનો જનમેજય પુત્ર હતો. આ બધા રાજાઓ વિશાલના વંશમાં થયા હતા અને તેઓએ તૃણબિંદુના યશને જાળવી રાખ્યો હતો."[૩૬]

सौमदत्तिस्तु सुमतिस्तत्सुतो जनमेजयः।
एते वैशालभूपालास्तृणबिंदोर्यशोधराः॥३६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

+ આ વિદ્યા તે અંતર્ધાન થવાની વિદ્યા અથવા બ્રહ્મવિદ્યા હોવી જોઇએ. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૩ જો*

સુકન્યા તથા રૈવતનું આખ્યાન

॥ श्रीशुक उवाच ॥

शर्यातिर्मानवो राजा ब्रह्मिष्ठः स बभूव ह ।
यो वा अंगिरसां सत्रे द्वितीयमह ऊचिवान् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"મનુનો પુત્ર શર્યાતિ નામનો રાજા બ્રહ્મિષ્ઠ—વેદના અર્થતત્ત્વને જાણનારો હતો; જેણે અંગિરાવંશી બ્રાહ્મણોના યજ્ઞમાં બીજા દિવસે કરવામાં આવતું કર્મ કહ્યું હતું.[૧] તે રાજાને કમળ જેવાં નેત્રવાળી સુકન્યા નામે કન્યા હતી. તેની સાથે એ રાજા (એક દિવસે) વનમાં જઈ ચ્યવન ઋષિના આશ્રમમાં ગયો.[૨] ત્યાં પેલી સુકન્યા સખીઓથી વીંટાઇને વનમાં ઝાડના છોડવાઓને શોધતી હતી; તેવામાં એક રાફડાના છિદ્રમાં પતંગિયાંની પેઠે ચળકતા બે તેજસ્વી પદાર્થો જોયા.[૩] પછી દૈવથી પ્રેરણા પામેલી તે બાળાએ પેલા બન્ને તેજસ્વી પદાર્થોને ભોળપણથી કાંટા વડે વીંધી નાખ્યા; એટલે તેમાંથી પુષ્કળ લોહી વહેવા માંડ્યું.[૪] બીજી બાજુ તેજ સમયે સૈનિકોનાં મળ—મૂત્ર બંધ થઈ ગયાં; એટલે રાજર્ષિ શર્યાતિ તે મળમૂત્રનું રોકાવું જાણીને આશ્ચર્ય પામ્યો ને તેણે પોતાનાં સર્વ માણસોને પૂછ્યું કે,[૫] 'તમોએ ચ્યવન ઋષિના કંઇ અપરાધ તો નથી કર્યો? જરૂર, આપણામાંના કોઇએ પણ તેમના આશ્રમમાં કંઇ અપરાધ કર્યો હોવો જોઇએ.'[૬] તે સાંભળી સુકન્યાએ ભયભીત થઈ પોતાના પિતાને કહ્યું કે, 'મેં તેવું કંઇક કર્યું છે. મેં અજાણતાં બે તેજસ્વી પદાર્થોને (રાફડામાં) કાંટાથી વીંધી નાખ્યા છે.'[૭] પુત્રીનું તે વચન સાંભળી શર્યાતિ રાજાને ભય થયો. તેણે રાફડાની અંદર રહેલા ચ્યવન મુનિને ધીમે ધીમે (રાફડો દૂર કરી સ્તુતિ વગેરેથી) પ્રસન્ન કર્યા[૮] અને મુનિનો÷ અભિપ્રાય જાણી લઇ તેમને પોતાની પુત્રી પરણાવી. પછી મળ—મૂત્ર બંધ થઇ જવારૂપી દુઃખમાંથી તે મુક્ત થયો અને સાવધ થઇ મુનિની આજ્ઞા લઇને તે પોતાને શહેર ગયો.[૯] બીજી તરફ સુકન્યા, મહાક્રોધી ચ્યવન ઋષિને પતિ તરીકે પ્રાપ્ત કરી તેમના ચિત્તને જાણી લઇ સાવધાનતાથી તેમની સેવા કરવા માંડી અને તેમને પ્રસન્ન કરવા લાગી.[૧૦] એમ કરતાં કેટલોક સમય વીતી ગયો, એટલે એક વખતે બન્ને અશ્વિનીકુમારો ચ્યવન ઋષિના આશ્રમમાં આવ્યા; એટલે ઋષિએ તેમની પૂજા કરીને કહ્યું કે, 'હે સમર્થ વૈદ્યો! તમે મને યુવાવસ્થા આપો.[૧૧] (તેના બદલામાં) તમને સોમપાનમાં ભાગ મળતો નથી, તોપણ હું તમને બન્નેને સોમપાનના ભાગરૂપે સોમથી પૂર્ણ પાત્ર આપીશ;* માટે જે રૂપ તથા વય મદમાતી સ્ત્રીઓને ઇષ્ટ હોય છે, તે રૂપ તથા વય તમે મારાં કરો.'[૧૨] 'બહુ સારું' એમ ચ્યવન ઋષિને અભિનંદન આપીને તે બન્ને ઉત્તમ વૈદ્યોએ તેમને કહ્યું કે, 'સિદ્ધલોકોએ બાંધેલા આ ધરામાં તમે સ્નાન કરો.'[૧૩] એમ કહી તે બન્ને અશ્વિનીકુમારોએ ઘડપણથી ઘેરાયલા શરીરવાળા, કેવળ નાડીઓથી વ્યાપ્ત બની ગયેલા અને શરીર પરની કરચલીઓ તથા પળિયાંને લીધે જોવા પણ ગમે નહિ એવા તે ચ્યવન ઋષિને ધરામાં પ્રવેશ કરાવ્યો.[૧૪] એટલે અલ્પ સમયમાંજ તે ધરામાંથી સ્ત્રીઓને પ્રિય થઈ પડે તેવા સુંદર ત્રણ પુરુષો નીકળ્યા. તેઓનાં રૂપ સરખાં હતાં; કમળની માળાઓ તેમણે

* આ અધ્યાયમાં મનુના પુત્ર શર્યાતિનો વંશ વર્ણવાશે; જેમાં સુકન્યાનું તથા રૈવતનું મહાઅદ્ભુત આખ્યાન આવશે. —શ્રીધર

÷ 'આ કન્યા ભોળી છે, તેનો આ અપરાધ મારે માફ કરવો જોઇએ. આ કન્યાને કેટલાં વર્ષ થયાં છે? આ પરણી છે કે નહિ?' ઇત્યાદિ વાક્યોથી મુનિનો અભિપ્રાય જાણી લઇ. —શ્રીધર

* અર્થાત્ સોમયાગથી હું તમારું યજન કરીશ.—શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધારણ કરી હતી અને કુંડળો તથા સુંદર વસ્ત્રો તેમણે પહેર્યાં હતાં.[૧૫] સુંદરી સુકન્યાએ સમાન રૂપવાળા અને સૂર્ય સમાન તેજસ્વી તે ત્રણ પુરુષોને જોઇને પોતાના પતિને ઓળખ્યા નહિ; એટલે તે પતિવ્રતા સ્ત્રી બન્ને અશ્વિનીકુમારોને શરણે ગઇ.+[૧૬] બન્ને અશ્વિનીકુમારો તેના એ પાતિવ્રત્યથી પ્રસન્ન થઈ ગયા. તેઓએ તેને તેના પતિનાં દર્શન કરાવ્યાં અને પછી ચ્યવન ઋષિની આજ્ઞા લઇ તેઓ બન્ને વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયા. પછી શર્યાતિ રાજા ભવિષ્યમાં યજ્ઞ કરવા તૈયાર થઇ ચ્યવન ઋષિના આશ્રમમાં ગયા. ત્યાં પોતાની પુત્રી પાસે સૂર્ય સમાન તેજસ્વી એવા એક પુરુષને તેણે જોયો.[૧૭।૧૮] સુકન્યાએ (પોતાના પિતાને ત્યાં આવેલા જોઇ) તેના ચરણોમાં વંદન કર્યું; પણ રાજાએ પુત્રીને કંઈ આશીર્વાદ આપ્યો નહિ અને મનમાં બહુ પ્રસન્ન ન હોય તેમ પોતાની પુત્રીને તેણે કહ્યું:[૧૯] 'આ તેં શું કરવા ધાર્યું છે? લોકો જેમને નમસ્કાર કરી રહ્યા છે, એવા મુનિને તેં ઠગ્યા છે; કેમકે ઘડપણથી ઘેરાયેલા અને વ્યભિચારિણીને ન ગમે તેવા એ મુનિનો ત્યાગ કરીને તું આ કોઇ વટેમાર્ગુને સેવી રહી છે![૨૦] ઓ કુળવાન છોકરી! તારી બુદ્ધિ આમ અવળી કેમ ગઇ? તારું આ કર્મ કુળને દૂષણ લગાડનારું છે. તું આ નિર્લજ્જ જાર પુરુષને સેવી રહી છે, તેથી તારા પિતાના અને પતિના કુળને નરકમાં લઇ જાય છે.'[૨૧]

"પોતાના પિતા એ રીતે કહી રહ્યા હતા, ત્યારે પવિત્ર હાસ્યવાળી સુકન્યા મંદ મંદ હસતી તેમને કહેવા લાગી: 'હે પિતા! આ તમારા જમાઇ ચ્યવન ઋષિજ છે.'[૨૨] એમ કહીને તેણે પોતાના પતિને વય તથા રૂપ કેવી રીતે પ્રાપ્ત થયાં, તે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને શર્યાતિરાજા વિસ્મય પામ્યો અને અત્યંત પ્રસન્ન થઇ પુત્રીને ભેટી પડ્યો.[૨૩] પછી ચ્યવન ઋષિએ વીર શર્યાતિ પાસે સોમયાગ નામે યજ્ઞ કરાવ્યો અને તેમાં અશ્વિનીકુમારો સોમનું પાન કરનારા ન હતા, છતાં તેમણે પોતાના પ્રભાવથી તેમનો સોમરસનો ભાગ (તેમને આપવા) લઇ લીધો.[૨૪] એટલે તુરતજ ઇન્દ્રે તે સહન નહિ કરીને ક્રોધાયમાન થઇ ચ્યવન ઋષિને મારી નાખવા માટે હાથમાં વજ્ર લીધું; પણ ચ્યવન ઋષિએ વજ્ર સાથે તેના હાથને થંભાવી દીધો.[૨૫] તે પછી સર્વ દેવોએ અશ્વિનીકુમારોનો પણ સોમભાગ કબૂલ રાખ્યો. તેઓ બન્ને વૈદ્ય હતા, તેથી પ્રથમ તેઓનો સોમની આહુતિથી બહિષ્કાર કરવામાં આવ્યો હતો. (પરંતુ તે દિવસથી તેમનો સોમભાગ ચાલુ થયો.)[૨૬] શર્યાતિ રાજાને ઉત્તાનબર્હિ, આનર્ત તથા ભૂરિષેણ નામના ત્રણ પુત્રો હતા. તેમાંના આનર્તથી રેવત નામનો પુત્ર થયો હતો.[૨૭] હે શત્રુદમન રાજા! એ રેવત સમુદ્રની વચ્ચે (બેટ ઉપર) દ્વારકા નામની નગરી વસાવીને તેમાં રહેતો હતો અને આનર્ત વગેરે દેશો ઉપર રાજ્ય કરતો હતો.[૨૮] તે રાજાને સો પુત્રો હતા. તેઓમાં કકુદ્મી સૌથી મોટા અને ઉત્તમ હતો; એ કકુદ્મી, પોતાની રેવતી નામની એક કન્યાને સાથે લઈ તેનો વર કોણ થશે? એ પૂછવા માટે બ્રહ્મા પાસે ગયો. તે વેળા એ બ્રહ્મલોક તેને જવા માટે ખુલ્લો હતો, પણ ત્યાં બ્રહ્મસભામાં ચારે તરફ ગંધર્વોનું સંગીત ચાલી રહ્યું હતું, તેથી તેને પૂછવાનો સમય ન મળ્યો, એટલે ક્ષણ વાર ત્યાં બેઠો.[૨૯।૩૦] પછી સંગીત પૂરું થયું, ત્યારે બ્રહ્મદેવને પ્રણામ કરી તેણે પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો, એટલે તે સાંભળીને ભગવાન બ્રહ્મા ખૂબ હસ્યા અને બોલ્યા:[૩૧] 'અહો! હે રાજા! તેં તારા હૃદયમાં આ કન્યા માટે જે જે વરો ધારી રાખ્યા હતા, તેઓ સર્વનો કાળે સંહાર કરી નાખ્યો છે. તેઓના પુત્રો, પૌત્રો તથા પ્રપૌત્રોના વંશો પણ આજે અમે સાંભળતા નથી. એ વાતને

\+ અર્થાત્ મારા પતિને અલગ દેખાડી આપીને તમે મારા પર કૃપા કરો, એમ પ્રાર્થના કરી. –શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

સત્તાવીસ ચતુર્યુગનો સમય વીતી ગયો છે. હે રાજા! તું અહીંથી પૃથ્વી પર જા અને ત્યાં પરમાત્માના અંશરૂપ મહાબળવાન બળદેવજી હમણાં અવતરેલા છે, તે નરરત્નને તારી આ રત્ન જેવી કન્યા આપ. હમણાં પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા અને જેમનું શ્રવણ—કીર્તન પવિત્ર છે એવા ભગવાન શ્રીકૃષ્ણ આ પૃથ્વીનો ભાર ઉતારવા માટે પોતાના અંશરૂપ બળદેવજી સાથે પૃથ્વી પર અવતર્યા છે.' બ્રહ્મદેવે એ પ્રમાણે આજ્ઞા આપી, એટલે કકુદ્મી રાજા તેમને વંદન કરી પોતાના નગરમાં આવ્યો.[32–35] એ વેળા ત્યાં યક્ષોનો ત્રાસ હતો. તેથી તેના ભાઈઓએ તે નગરને છોડી દીધું હતું અને તેઓ જુદી જુદી દિશાઓમાં રહ્યા હતા. કકુદ્મી રાજાએ ત્યાં આવીને સુંદર અંગવાળી પોતાની કન્યા બળશાળી બળદેવને પરણાવી દીધી અને પછી પોતે તપશ્ચર્યા કરવા માટે બદરિકાશ્રમ નામના નર—નારાયણના આશ્રમમાં ચાલ્યો ગયો."[36]

सुतां दत्वाऽनवद्यांगीं बलाय बलशालिने ।
बदर्याख्यं गतो राजा तप्तुं नारायणाश्रमम् ॥३६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो*

મનુના પુત્ર નભગની તથા અંબરીષની કથા

॥ श्रीशुक उवाच ॥

नाभागो नभगापत्यं यं ततं भ्रातरः कविम् ।
यविष्ठं व्यभजन् दायं ब्रह्मचारिणमागतम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"મનુના પુત્ર નભગનો નાભાગ નામે એક પુત્ર હતો, જે બીજા સૌ ભાઈઓ કરતાં નાનો હતો અને ઘણો વખત બ્રહ્મચારી (અવસ્થામાં ગુરુકુળમાં) રહ્યો હતો, (તેથી 'આ તો સદાને માટે બ્રહ્મચારીજ રહેશે.' એમ માની તેના બીજા ભાઇઓએ પિતાની મિલકતનો બધો ભાગ પોતે વહેંચી લઈ તેનો ભાગ રાખ્યો ન હતો. પછીથી) તે વિદ્વાન થઇને પોતાને ઘેર આવ્યો, ત્યારે (તેણે પોતાનો ભાગ માગ્યો, એટલે) તેના ભાઇઓએ પોતાના પિતાનેજ તેના ભાગ તરીકે તેને આપી દીધા.[1] તે વખતે નાભાગે પોતાના ભાઇઓને પૂછ્યું કે, 'હે ભાઇઓ! તમે મારે માટે શું ભાગ રાખ્યો છે?' ભાઇઓએ ઉત્તર આપ્યો કે, (અમે તે વખતે તારો ભાગ રાખતાં ભૂલી ગયા છીએ, માટે) તારા ભાગ તરીકે અમે આપણા પિતા તને સોંપી દઇએ છીએ. (તો તું પિતા પાસે જા અને તેમને પોતાના ભાગ તરીકે લઇ લે.) એટલે નાભાગ પોતાના પિતાની પાસે જઇને બોલ્યો: 'હે પિતાજી! મારા મોટા ભાઇઓએ મારા ભાગ તરીકે આપનેજ સોંપી દીધા છે.' તે સાંભળી પિતાએ કહ્યું કે, 'હે પુત્ર! તું એ ભાગનો સ્વીકાર કરીશ મા. (કેમકે આમ કહીને તેઓએ તને માત્ર ઠગીજ લીધો છે. હું કંઈ મિલકતની માફક ભોગનું સાધન નથી.+)[2] હમણાં આ અંગિરા વંશના બુદ્ધિશાળી બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા છે. તેમાં હે વિદ્વાન પુત્ર! છઠ્ઠે છઠ્ઠે દિવસે કર્મ કરવામાં તેઓ મૂંઝાઈ જાય છે.[3] એટલે તું એ મહાત્માઓને વિશ્વેદેવાઓનાં બે સૂક્ત ભણાવી દે. પછી કર્મ સમાપ્ત થયેથી તેઓ જ્યારે સ્વર્ગમાં જશે, ત્યારે યજ્ઞ કરતાં બાકી રહેલું તને આપી દેશે; માટે તું તેઓની પાસે જા.' નાભાગે પિતાના કહેવા પ્રમાણે કર્યું, એટલે પેલા અંગિરસ બ્રાહ્મણો યજ્ઞ પૂર્ણ થયે બાકી રહેલું ધન તેને આપી દઇ પોતે સ્વર્ગે ગયા.[4-5] પછી નાભાગ તે ધનને પોતાનું

* આ અધ્યાયમા મનુના પુત્ર નભગની તથા તેના પૌત્ર અંબરીષની કથા કે જેનાથી મૃત્યુરૂપ કૃત્યા પણ નાશ પામી હતી, તે કહેવાશે. —શ્રીધર

+ તોપણ તેઓએ તને ભાગ તરીકે મને આપ્યો છે, માટે હું તને તારી આજીવિકાનો ઉપાય બતાવું છું, સાંભળ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરી લેવા જવા તૈયાર થયો કે તેજ વખતે કાળા દેખાવનો કોઇ એક પુરુષ ઉત્તરદિશામાંથી આવીને તેને કહેવા લાગ્યો કે, 'યજ્ઞભૂમિ પર રહેલું આ ધન તો મારું છે.'[૬] એટલે મનુપુત્ર નાભાગે તેને કહ્યું કે, 'આ ધન તો ઋષિઓએ મને આપી દીધું છે.' ત્યારે તે પુરુષ બોલ્યો: 'આપણા બન્નેના આ વિવાદ વિષે આપણે તારા પિતાને પૂછીએ.' પછી નાભાગે પોતાના પિતાને પૂછ્યું, એટલે તેણે કહ્યું કે, 'યજ્ઞભૂમિ પર રહેલું સર્વ ઉચ્છિષ્ટ, ઋષિઓએ રુદ્રદેવના ભાગ તરીકે કર્યું છે; માટે તે સઘળું ધન રુદ્રદેવને માટેજ યોગ્ય છે.' પછી નાભાગે રુદ્રદેવને પ્રણામ કરી કહ્યું કે, 'હે ઈશ્વર! આ સર્વ યજ્ઞભૂમિ પરનું ધન આપનું છે, એમ મારા પિતા કહે છે. માટે હે બ્રહ્મન્! હું આપને મસ્તક નમાવીને પ્રસન્ન કરું છું.' તે સાંભળી રુદ્રદેવે તેને કહ્યું: 'તારા પિતાએ ધર્મવચન કહ્યું છે અને તું પણ સત્ય કહે છે; માટે તને મંત્રદ્રષ્ટાને સનાતન બ્રહ્મરૂપ જ્ઞાન હું આપું છું; એ સિવાય મારા યજ્ઞમાં બાકી રહેલું આ ધન તું લઇ લે.' એમ કહીને સત્ય ઉપર પ્રેમ ધરાવનાર ભગવાન રુદ્ર ત્યાં અંતર્ધાન થઇ ગયા. જે મનુષ્ય પ્રાતઃકાળે અને સાયંકાળે સાવધાન થઇને આ નાભાગચરિત્રનું સ્મરણ કરે છે, તે કવિ, મંત્રવેત્તા અને આત્મસ્વરૂપનો જ્ઞાતા થાય છે. એ નાભાગથી અંબરીષ નામે રાજા થયો. તે મહાન ભક્ત હતો અને તેથી કૃતકૃત્ય થયો હતો. એ અંબરીષને કોઇ સ્થળે પણ નહિ અટકેલો બ્રાહ્મણ દુર્વાસાનો શાપ કંઇ કરી શક્યો ન હતો."૭-૧૩

પરીક્ષિત રાજાએ કહ્યું:—"હે ભગવન્! તે બુદ્ધિમાન રાજર્ષિનું ચરિત્ર હું સાંભળવા ઇચ્છું છું, કે જેનાં ઉપર છોડવામાં આવેલો દુર્લંઘ્ય બ્રહ્મદંડ પણ સમર્થ થયો ન હતો."૧૪

શ્રીશુકદેવજી બોલ્યા:—"મહાભાગ્યશાળી અંબરીષ રાજા સાત દ્વીપોવાળી પૃથ્વીને, અવિનાશી લક્ષ્મીને તથા પૃથ્વી પર અતુલ ગણાતા વૈભવને પામીને પણ એમજ માનતો હતો કે, પુરુષોને અત્યંત દુર્લભ એવી પણ આ સર્વ વસ્તુ સ્વપ્નવત્ અગ્રાહ્ય જણાયલી છે. કેમકે તે વૈભવોના વિનાશને જાણતો હતો અને વૈભવથી પુરુષ મોહમાં પડે છે, તે પણ પોતે જાણતો હતો. વળી એ રાજાએ ભગવાન વાસુદેવના ઉપર તથા તેમના ભક્ત સાધુપુરુષો ઉપર પરમભક્તિ પ્રાપ્ત કરી હતી, જેને લીધે આ જગત માટીના ઢેફા જેવું તુચ્છ જણાય છે. એ રાજાએ પોતાના મનને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળમાં સ્થાપ્યું હતું; વચનોને વૈકુંઠ ભગવાનના ગુણોનું વર્ણન કરવામાં જોડ્યાં હતાં; બન્ને હાથોને શ્રીહરિના મંદિરને સાફસૂફ રાખવામાં લગાડ્યા હતા; કાનને અચ્યુત ભગવાનની ઉત્તમ કથાઓ સાંભળવામાં જોડ્યા હતા; બન્ને નેત્રોને મુકુંદ ભગવાનની મૂર્તિઓવાળાં મંદિરોનું દર્શન કરવામાં જોડ્યાં હતાં; શરીરસંગનો ભગવાનના ભક્તોના અવયવોનો સ્પર્શ કરવામાં ઉપયોગ કર્યો હતો; નાસિકાનો ભગવાનના ચરણકમળને લીધે સુગંધી થયેલી શોભાયમાન તુલસીનો સુગંધ લેવામાં ઉપયોગ કર્યો હતો; જીભનો ભગવાનને અર્પણ કરેલાં નૈવેદ્યનો પ્રસાદ લેવામાં ઉપયોગ કર્યો હતો; બન્ને પગનો શ્રીહરિનાં ક્ષેત્રોમાં જવામાં ઉપયોગ કર્યો હતો; મસ્તકનો વિષ્ણુભગવાનના ચરણોમાં વંદન કરવામાં ઉપયોગ કર્યો હતો અને પુષ્પમાળા તથા ચંદન આદિ સેવાનો ભગવાનના દાસત્વ નિમિત્તેજ ઉપયોગ કર્યો હતો, નહિ કે વિષયભોગની ઇચ્છાથી ઉપયોગ કર્યો હતો. એ રીતે ભગવાનના ભક્ત મનુષ્યોની પોતાના પર જેમ પ્રીતિ થાય, તેમ તે વર્તતો હતો. વળી 'સર્વત્ર એકજ આત્મા છે.' આવી ભાવનાવાળાં પોતાનાં સર્વ કર્મોને તે યજ્ઞના અધિષ્ઠાતા ભગવાન અધોક્ષજમાં અર્પણ કરી દેતો હતો અને ભગવાન ઉપર નિષ્ઠાવાળા બ્રાહ્મણોના કહેવા પ્રમાણે આ પૃથ્વી પર રાજ્ય કરતો હતો.૧૫-૨૧ તેણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

સરસ્વતી નદીના પ્રવાહની સામે નિર્જળ પ્રદેશમાં વસિષ્ઠ, અસિત તેમજ ગૌતમ આદિ બ્રાહ્મણોથી વિસ્તાર પામેલા અને પોતાના મહાન ઐશ્વર્યને લીધે સર્વ અંગોથી તથા દક્ષિણાઓથી પરિપૂર્ણ એવા અશ્વમેધ યજ્ઞો કરીને યજ્ઞપતિ પરમેશ્વરનું આરાધન કર્યું હતું.[૨૨] જેના યજ્ઞોમાં સદસ્ય બ્રાહ્મણો, ઋત્વિજો તેમજ બીજા મનુષ્યો ઉત્તમ વસ્ત્રો ધારણ કરતા હતા અને (આશ્ચર્યને લીધે) આંખના પલકારાઓ મારતા ન હતા તેથી (અને અલંકારો વગેરેથી) દેવતાઓના સમાન રૂપવાળા દેખાતા હતા.[૨૩] તે રાજાના (સેવક) મનુષ્યો પણ ભગવાનના ચરિત્રનું શ્રવણ કર્યા કરતા હતા અને ગાન કર્યા કરતા હતા; તેથી તેઓ (પણ) દેવોને પ્રિય એવા સ્વર્ગની (જો) ઇચ્છા કરતા ન હતા; (તો એ રાજા પોતે સ્વર્ગને ન ઇચ્છે, તેમાં શું કહેવાનું હોય?)[૨૪] એટલુંજ નહિ પણ મુકુંદ ભગવાનનો હૃદયમાં સાક્ષાત્કાર કરતા તે રાજાના સેવકજનોને, સિદ્ધોને પણ દુર્લભ એવા વિષયભોગો આનંદ ઉપજાવી શકતા ન હતા. કારણ કે (તેઓને પ્રાપ્ત થયેલા સ્વરૂપસુખે) સર્વ વિષયોને તુચ્છકારી કાઢ્યા હતા.[૨૫] તે રાજાએ એ પ્રકારના તપયુક્ત ભક્તિયોગથી તથા સ્વધર્માચરણથી શ્રીહરિને પ્રસન્ન કરતાં કરતાં ધીમે ધીમે સર્વ સંગનો ત્યાગ કરી દીધો.[૨૬] તેમજ ઘર, સ્ત્રીઓ, પુત્રો, સંબંધીઓ, હાથીઓ, ઉત્તમ રથો, ઘોડા, પાયદળ, અખૂટ રત્નો, અલંકારો, આયુધો વગેરે અને અનંત ખજાનાઓમાં પણ તેણે 'આ બધું મિથ્યા છે' એવી બુદ્ધિ કરી હતી.[૨૭] શ્રીહરિએ તેના એકાંત ભક્તિભાવથી પ્રસન્ન થઇ શત્રુસેનાઓને ભય કરનારું તથા પોતાના ભક્તજનોનું રક્ષણ કરનારું સુદર્શનચક્ર તેને આપ્યું હતું.[૨૮] એક વેળા તે વીર રાજાએ શ્રીકૃષ્ણભગવાનનું આરાધન કરવાની ઇચ્છાથી પોતાના સમાન સ્વભાવવાળી રાણીની સાથે એક વર્ષ સુધીનું દ્વાદશીવ્રત આરંભ્યું હતું. એ વ્રતના અંતે કાર્તિક મહિનામાં ત્રણ દિવસના ઉપવાસ કરી, યમુના નદીમાં સ્નાન કરી મધુવનમાં તે રાજા શ્રીહરિનું પૂજન કરવા લાગ્યો.[૨૯-૩૦] તે વેળા સર્વ સામગ્રીઓની સંપત્તિવાળા મહાભિષેકના વિધિથી ભગવાનને સ્નાન કરાવી વસ્ત્રો, અલંકારો, ચંદન, માળા તથા અર્ઘ્યજળ વગેરે પૂજાસામગ્રીથી એકાગ્રભાવે તેણે ભગવાનની પૂજા કરી; અને પછી મહાભાગ્યશાળી બ્રાહ્મણો પરિપૂર્ણ કામનાવાળા હતા, છતાં ભક્તિ વડે તેઓની પણ તેણે પૂજા કરી[૩૧-૩૨] અને સાઠ કરોડ ગાયો બ્રાહ્મણોને ઘેર મોકલાવી. તે ગાયો સોનાનાં શિંગડાંવાળી, રૂપાની ખરીઓવાળી, દૂઝણી, સારા સ્વભાવની, તરુણ વયની, રૂપાળી, વાછરડાંઓ સહિત અને બીજી સર્વ સામગ્રીઓવાળી હતી. પછી અત્યંત ગુણવાળું સ્વાદિષ્ટ અન્ન પહેલાં તેણે બ્રાહ્મણોને જમાડ્યું અને પૂર્ણ કામનાવાળા તે બ્રાહ્મણોની અનુજ્ઞાથી પોતે પારણું કરવા તૈયાર થયો. તેજ વખતે ભગવાન દુર્વાસા તે રાજાના અતિથિ તરીકે ત્યાં પ્રકટ થયા.[૩૩-૩૫] રાજાએ સામે ઊભા થઇ આસન તેમજ અર્ઘ્યના જળથી અતિથિ દુર્વાસાનું પૂજન કર્યું અને પછી તેઓના ચરણની સમીપ જઇ ભોજનને માટે તેમને પ્રાર્થના કરી.[૩૬] એટલે દુર્વાસાએ પણ રાજાની તે પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને પછી મધ્યાહ્નસંધ્યા વગેરે નિયમકૃત્ય કરવા માટે તે યમુનાના કિનારા પર ગયા. ત્યાં યમુનાના પવિત્ર જળમાં ડુબકી મારીને તેઓ બ્રહ્મધ્યાનમાં લીન થયા.[૩૭] હવે આ તરફ પારણું કરવાને માટે બારશ તિથિ માત્ર એકજ ઘડી બાકી રહી, ત્યારે ધર્મવેત્તા અંબરીષ રાજા તે ધર્મસંકટના પ્રસંગે બ્રાહ્મણોની સાથે વિચાર કરવા લાગ્યો:[૩૮] 'બ્રાહ્મણનો અનાદર કરવામાં દોષ છે અને બારશમાં પારણું ન થાય, તોપણ દોષ છે; માટે જે કરવાથી મારું કલ્યાણ થાય અને મને અધર્મ પણ ન લાગે તેવું શું કરવું જોઇએ? અથવા કેવળ જળનો આહાર કરી હું વ્રતનું પારણું કરી લઉં. કેમકે જળા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાર કરવો તેને બ્રાહ્મણો ભોજન કર્યા સમાન અને ભોજન નહિ કર્યા સમાન પણ કહે છે.' આવો નિશ્ચય કરી રાજર્ષિ અંબરીષે મનમાં ભગવાનનું ચિંતન કરી (થોડું) જળપાન કરી લીધું અને પછી હે કુરુશ્રેષ્ઠ! બ્રાહ્મણ દુર્વાસાના આવવાનીજ તે રાહ જોવા લાગ્યો.[૩૯-૪૧] એવામાં પોતાનું નિત્યકર્મ કરી લઇને દુર્વાસા યમુનાના કિનારેથી આવી પહોંચ્યા; એટલે રાજાએ તેમને ('પધારો' એમ કહીને) અભિનંદન આપ્યું. ઋષિ દુર્વાસા પોતાની બુદ્ધિથી રાજાનું ચેષ્ટિત જાણી ગયા હતા; તે અત્યંત ભૂખ્યા પણ થયા હતા, તેથી ક્રોધને લીધે તેમનું શરીર કંપવા લાગ્યું અને ભવાં ચડી જતાં તેમનું મુખ વક્ર થઈ ગયું. તે હાથ જોડી ઊભેલા રાજાને ઉદ્દેશી કહેવા લાગ્યા:[૪૨।૪૩] 'અહો! લક્ષ્મી વડે છકી ગયેલા આ ક્રૂર રાજાના અધર્મને તો તમે જુઓ! આ રાજા વિષ્ણુનો અભક્ત છે અને પોતાનેજ ઈશ્વર માની બેઠો છે,[૪૪] જેણે અતિથિ તરીકે આવેલા અને અતિથિસત્કાર માટે નિમંત્રણ આપી ભોજન આપ્યા વિના પોતે (એકલાએ) ભોજન કરી લીધું છે. માટે હમણાંજ તેનું ફળ હું તેને બતાવું છું.[૪૫] એમ કહીને રોષથી બળી રહેલા દુર્વાસાએ પોતાની જટા ઉખેડી કાઢી અને તેમાંથી પ્રલયકાળના અગ્નિ જેવી એક કૃત્યા* અંબરીષ માટે ઉત્પન્ન કરી.[૪૬] એ બળબળતી કૃત્યા હાથમાં તલવાર લઇને પગથી ધરણીને ધ્રુજાવતી રાજા સામે ગઈ; પણ તેને જોઈને રાજા પોતાને સ્થાનેથી જરા પણ ખસ્યો નહિ;[૪૭] તેવામાં તો મહાત્મા ભગવાને, ભક્તની રક્ષા કરવા માટે પહેલાં જે ચક્ર આપ્યું હતું તેણે, અગ્નિ જેમ કોપેલા સર્પને બાળી નાખે, તેમ એ કૃત્યાને બાળી નાખી.[૪૮] પછી તે ચક્ર દુર્વાસા તરફ ધસ્યું. દુર્વાસા તે ચક્રને આવતું જોઈ અને પોતાના પ્રયાસને નિષ્ફળ થયેલો જોઇ પ્રાણને બચાવવાની ઇચ્છાથી ભયભીત થઇ દિશાઓમાં નાસવા લાગ્યા.[૪૯] એટલે ઊંચી શિખાવાળો દાવાનળ જેમ સર્પ પાછળ દોડે, તેમ એ ચક્ર દુર્વાસાની પાછળ દોડી ગયું. એ રીતે ચક્રને પોતાની પાછળ આવતું જોઇ મુનિ દુર્વાસા મેરુ પર્વતની ગુફામાં પેસી જવાની ઇચ્છાથી દોડવા લાગ્યા.[૫૦] દિશાઓમાં, આકાશમાં, પૃથ્વી પર, ગુફાઓમાં, સમુદ્રોમાં, લોકોમાં, લોકપાલો પાસે તથા સ્વર્ગમાં—એમ જ્યાં જ્યાં દુર્વાસા મુનિ દોડી ગયા, તે તે સઘળાં સ્થળે તે દુઃસહ ચક્ર તેમણે જોયા કર્યું.[૫૧] પછી તો પોતાનું રક્ષણ કરનાર કોઇ જગ્યાએ મળ્યો નહિ, ત્યારે મનમાં ત્રાસી ગયેલા દુર્વાસા શરણ મેળવવાની ઇચ્છાથી બ્રહ્મદેવ પાસે ગયા. (અને કહ્યું કે,) 'હે વિધાતા! હે આત્મયોનિ! આ શ્રીહરિના ચક્રથી આપ મારું રક્ષણ કરો.'[૫૨]

બ્રહ્મદેવ બોલ્યાઃ—'કાળસ્વરૂપ ભગવાનની આ ક્રીડા બે પરાર્ધ કાળના અંતે જ્યારે પૂરી થશે, ત્યારે સર્વ કંઇ બાળી નાખવાની ઇચ્છા કરતાંજ સમગ્ર જગતની સાથે આ મારું સ્થાન પણ તેમની માત્ર ભ્રૂકુટી વાંકી થતાં અદૃશ્ય થઇ જશે.[૫૩] તે ભગવાનની આજ્ઞાને હું, શંકર, દક્ષ પ્રજાપતિ, ભૃગુ વગેરે પ્રજાપતિઓ, ભૂતપતિઓ તેમજ ઇન્દ્રાદિ સર્વે—અમે, લોકનું હિત થાય તેમ મસ્તકે ધારણ કરીએ છીએ. (માટે એ ભગવાનના ભક્તનો દ્રોહ કરનાર તમારી રક્ષા કરવાને હું સમર્થ નથી.)'[૫૪] એ પ્રમાણે બ્રહ્મદેવે ના પાડી, એટલે વિષ્ણુચક્રથી બળી રહેલા દુર્વાસા કૈલાસવાસી શંકરને શરણે ગયા.[૫૫]

શંકર બોલ્યાઃ—'હે તાત! જે મહાન પરમેશ્વર સર્વથી પર છે અને જેમના વિષે બ્રહ્મારૂપ જીવોને ઉપાધિરૂપ આવાં બ્રહ્માંડરૂપ શરીરો અને બીજાં પણ હજારો આવાં બ્રહ્માંડો ઉત્પન્ન થયા કરે છે તથા નાશ પામ્યા કરે છે; જે બ્રહ્માંડોમાં લોકેશ્વરનું અભિમાન ધરાવનારા અમે ભટકયા

* કૃત્યા એટલે દાર મારી નાખે તેવી એક દેવી.
—બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરીએ છીએ, તે કાળસ્વરૂપ પરમેશ્વરની આગળ અમે (કશું પણ કરવાને) સમર્થ નથી.[૫૬] હું, સનત્કુમાર, નારદ, ભગવાન બ્રહ્મા, કપિલ, અપાંતરતમ, દેવલ, ધર્મ, આસુરિ અને મરીચિ વગેરે બીજા સિદ્ધેશ્વરો—આ અમે સર્વે સર્વજ્ઞ છીએ; તોપણ તેમની માયાને જાણી શકતા નથી. કેમકે એ માયાથી અમે વીંટાઇ વળેલા છીએ.[૫૭-૫૮] તે જગત્પતિ ભગવાનનું આ ચક્ર આપણાથી દુઃસહ છે; માટે તમે તેમનેજ શરણે જાઓ. શ્રીહરિ તમારું કલ્યાણ કરશે.[૫૯] દુર્વાસા એ પ્રમાણે ત્યાંથી પણ નિરાશ થયા; એટલે તે વૈકુંઠ નામના ભગવાનના ધામમાં ગયા, જ્યાં લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ ભગવાન, લક્ષ્મીજી સાથે બિરાજે છે.[૬૦] તે વેળા ભગવાનના શસ્ત્રના અગ્નિથી દુર્વાસા બળું બળું થઇ રહ્યા હતા. તે કંપતા કંપતા ભગવાનના ચરણમૂળમાં ઝૂકી પડ્યા અને બોલી ઊઠ્યાઃ ‘હે અચ્યુત ! હે અનંત ! હે સત્પુરુષોના ઇષ્ટદેવ ! હે પ્રભો ! હે જગતનું કલ્યાણ કરનારા ! મેં આપના ભક્તનો અપરાધ કર્યો છે; તોપણ આપ મારી રક્ષા કરો.[૬૧] ઓ વિધાતા ! હું આપનો મહાન પ્રભાવ જાણતો ન હતો અને તેથીજ મેં આપના પ્રિય ભક્તનો અપરાધ કર્યો છે; તોપણ મેં કરેલા તે અપરાધનું હવે આપ નિવારણ કરો. કેમકે આપનું માત્ર નામજ લેતાં નારકી જીવ પણ (નરકમાંથી) મુક્ત થઇ જાય છે.[૬૨]

શ્રીભગવાન બોલ્યાઃ—‘ હે બ્રાહ્મણ ! હું ભક્તને અધીન છું, તેથી જાણે અસ્વતંત્ર હોઉં તેવો છું. સજ્જન ભક્તપુરુષોએ મારા હૃદયને વશ કરી લીધું છે, કેમકે ભક્તજનો મને પ્રિય છે.[૬૩] હે બ્રહ્મન્ ! જેઓને કેવળ હુંજ પરમ આશ્રય છું, તેવા મારા સજ્જન ભક્તો વિના હું મારી પોતાની કે નિત્ય મારી સમીપજ રહેનારી લક્ષ્મીદેવીની પણ સ્પૃહા રાખતો નથી.[૬૪] જેઓ પોતાની સ્ત્રી, ઘર, પુત્રો, સ્વજનો, પ્રાણ, ધન, આ લોક તથા પરલોકનો પણ ત્યાગ કરીને કેવળ મારે શરણે આવેલા હોય છે, તેઓનો ત્યાગ કરવા હું કેમ તૈયાર થાઉં ?[૬૫] જેમ પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ઉત્તમ પતિને વશ કરી લે છે, તેમ મારામાંજ જેઓએ હૃદયને સ્થાપ્યું છે અને સર્વત્ર જેઓની સમદષ્ટિ થઇ છે, તેવા સાધુ–ભક્તપુરુષો ભક્તિથી મને વશ કરી લે છે.[૬૬] એ મારા ભક્તો મારી સેવાને લીધે પ્રાપ્ત થયેલા સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય તથા સારૂપ્ય નામના ચાર પુરુષાર્થોને પણ ઇચ્છતા નથી; તો પછી કાળથી નાશ પામતી બીજી વસ્તુઓને તો ક્યાંથીજ ઇચ્છે ? કેમકે તેઓ મારી સેવાથીજ પૂર્ણ થયેલા હોય છે;[૬૭] માટે મારા ભક્તો એજ મારું હૃદય છે અને હું ભક્તોનું હૃદય છું. તેઓ મારા વિના બીજું કંઇ જાણતા નથી, ત્યારે હું પણ તેઓના સિવાય બીજું કંઇજ જાણતો નથી.[૬૮] હે બ્રાહ્મણ ! હવે હું તમને ઉપાય બતાવું છું, તે તમે સાંભળો. આ પીડા તમે પોતેજ ઊભી કરી છે; માટે જેનાથી આ દુઃખ તમને થયું છે, તેનીજ પાસે તમે જાઓ. મારા ભક્ત પુરુષો ઉપર વાપરેલું સામર્થ્ય, એ સામર્થ્ય વાપરનારનુંજ અમંગળ કરે છે.[૬૯] +તપ અને વિદ્યા—એ બન્ને બ્રાહ્મણોનું કલ્યાણ કરનારાં છે; પણ તેજ બન્ને ઉદ્ધત બ્રાહ્મણને તો અનર્થકર્તાંજ થઇ પડે છે;[૭૦] માટે હે બ્રાહ્મણ ! તમારું કલ્યાણ થાઓ. તમે તે નાભાગપુત્ર—અંબરીષ રાજાની પાસેજ જાઓ અને તે મહાભાગની ક્ષમા માગો; જેથી કરીને તમારા આ દુઃખની શાંતિ થશે.[૭૧]

ब्रह्मंस्तद् गच्छ भद्रं ते नाभागतनयं नृपम् ।
क्षमापय महाभागं ततः शांतिर्भविष्यति ॥७१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

+ કદાચ દુર્વાસા કહે કે, તપ અને વિદ્યાથી યુક્ત હોવા છતાં મને આવો અનર્થ કેમ થયો ? તેના સમાધાન માટે આ શ્લોક કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ५ मो*

અંબરીષે દુર્વાસાની રક્ષા કરી

॥ श्रीशुक उवाच ॥

एवं भगवतादिष्टो दुर्वासाश्चक्रतापितः ।
अंबरीषमुपावृत्य तत्पादौ दुःखितोऽग्रहीत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ રીતે ભગવાને આજ્ઞા કરી, એટલે ચક્રથી તપી ગયેલા દુઃખી દુર્વાસા અંબરીષ રાજાની પાસે જઇ તેના ચરણોને વળગી પડ્યા.[૧] દુર્વાસાનો એ ઉદ્યમ જોઇને તથા તેમણે પોતાના ચરણનો સ્પર્શ કર્યો, તે જોઇને અંબરીષ રાજા શરમાઇ ગયો. તેણે દયાથી અત્યંત વ્યાકુળ બની જઇને શ્રીહરિના ચક્રની આ પ્રમાણે સ્તુતિ કરી.[૨]

અંબરીષ સ્તુતિ કરે છેઃ—'હે સુદર્શન ! તમે અગ્નિ, ભગવાન સૂર્ય, નક્ષત્રોના પતિ ચંદ્ર, જળ, પૃથ્વી, આકાશ, શબ્દાદિ વિષયો તથા ઇન્દ્રિયોરૂપ છો.[૩] હે હજાર આરાવાળા સુદર્શન ! હે ભગવાનને પ્રિય ! હે સર્વ અસ્ત્રોનો નાશ કરનાર ! હે પૃથ્વીપતિ ! તમે આ બ્રાહ્મણના કલ્યાણરૂપ થાઓ.[૪] તમે ધર્મ, અમૃત, સત્ય, યજ્ઞ તથા સર્વ યજ્ઞોના ભોક્તા છો; તમે લોકપાલ છો; તમે સર્વના આત્મા છો અને તમેજ પરમેશ્વરનું પરમ સામર્થ્ય છો.[૫] હે સુંદર મધ્યભાગવાળા ચક્ર ! સમગ્ર ધર્મોની મર્યાદારૂપ, અધર્મશીલ, અસુરોને બાળી નાખનાર, ત્રૈલોક્યનું રક્ષણ કરનાર, અત્યંત ઉજ્જ્વળ તેજવાળા, મન સમાન વેગવાળા અને અદ્ભુત કર્મ કરનારા તમને હું નમસ્કાર કરું છું.[૬] હે વાણીના પતિ ! તમારા ધર્મમય તેજથી (અધર્મરૂપ) અંધકારનો સંહાર થાય છે અને સૂર્યાદિ મહાન આત્માઓનો પ્રકાશ ધારણ કરાય છે. તમારો મહિમા દુર્લંઘ્ય છે અને કાર્યકારણાત્મક એવું આ ઉચ્ચ—નીચમય જગત તમારે લીધેજ પ્રકાશે છે.[૭] હે અજિત ! શ્રીહરિ ભગવાન યુદ્ધમાં તમને જ્યારે છોડે છે, ત્યારે દૈત્યો અને દાનવોના સૈન્યમાં પ્રવેશ કરીને તમે તેઓના બાહુઓ, પેટ, સાથળો, પગ તથા ગળાંઓને કાપી નાખતા અત્યંત શોભી રહો છો.[૮] ગદાધારી ભગવાને સર્વ કંઈ સહન કરનાર એવા તમને જગતનું રક્ષણ કરવા માટે, તેમજ દુર્જનોનો વિનાશ કરવા માટે નીમેલા છે; માટે અમારા કુળના ભાગ્યલાભના કારણે આ બ્રાહ્મણનું આપ રક્ષણ કરો. કેમકે આ બ્રાહ્મણ ઉપર તમે અનુગ્રહ કરો એજ અમારું કલ્યાણ છે.[૯] જો અમે કંઇ દાન દીધાં હોય, યજ્ઞ કર્યા હોય, સ્વધર્મનું આચરણ કર્યું હોય અને બ્રાહ્મણોજ અમારા કુળદેવ હોય, તો આ બ્રાહ્મણ દુઃખથી મુક્ત થાઓ.[૧૦] જો સર્વ ગુણોના આશ્રય એક ભગવાન સર્વ પ્રાણીઓ પરના આત્મભાવને લીધે અમારા પર પ્રસન્ન થયા હોય, તો આ બ્રાહ્મણ દુઃખથી મુક્ત થાઓ.'[૧૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે રાજાએ સ્તુતિ કરી, એટલે બ્રાહ્મણ દુર્વાસાને સર્વ તરફથી બાળી રહેલું એ વિષ્ણુચક્ર સુદર્શન, રાજાની તે પ્રાર્થનાથી શાંત થઇ ગયું.[૧૨] પછી ચક્રના અગ્નિના તાપથી ક્ષેમકુશળ મુક્ત થયેલા દુર્વાસા મુનિએ, ઉત્તમ આશીર્વાદો આપતાં રાજાની આ પ્રમાણે પ્રશંસા કરી.[૧૩]

દુર્વાસા બોલ્યાઃ—'અહો ! ભગવાનના ભક્તોની મોટાઇ મેં આજેજ જોઇ છે. કેમકે હે રાજન્ ! તમે અપરાધ કરનારનાં પણ મંગળ ઇચ્છો છો.[૧૪] જેઓએ ભક્તોના પતિ ભગવાન શ્રીહરિને સ્વીકાર્યા છે, તે સજ્જન મહાત્માઓને કયો અનુગ્રહ દુષ્કર છે અથવા કયો અપરાધ દુસ્ત્યજ છે ? (અર્થાત્ મહાત્માઓ તો સર્વ પ્રકારનો અનુગ્રહ કરે છે અને હરકોઇ અપરાધ માટે ક્ષમા આપે છે.)[૧૫] અથવા જેમનું માત્ર નામ સાંભળવાથી

* આ અધ્યાયમાં અંબરીષ રાજાએ વિષ્ણુચક્રની સ્તુતિ કરી તેને પ્રસન્ન કરી દુર્વાસાને પ્રાણસંકટથી બચાવ્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizaqtion by eGangotri

મનુષ્ય નિર્મળ થાય છે, તે તીર્થરૂપ ચરણવાળા ભગવાનના ભક્તોને કઇ વસ્તુ (મેળવવી) બાકી છે?[૧૬] હે રાજન્! તમે દયાળુ મનવાળાએ મારા પર અનુગ્રહ કર્યો છે. કેમકે મારા અપરાધને નહિ ગણીને તમે મારા પ્રાણોની રક્ષા કરી છે.[૧૭]

"તે પછી અંબરીષ રાજા, કે જેણે દુર્વાસા મુનિના પાછા આવવાની ઇચ્છા રાખીને ભોજન કર્યું ન હતું, તેણે દુર્વાસાના ચરણ ગ્રહણ કરી પ્રસન્ન કરીને તેમને ભોજન કરાવ્યું;[૧૮] એટલે આદરપૂર્વક આણેલું, અતિથિને યોગ્ય અને સર્વ કામનાઓને પૂર્ણ કરનારું ભોજન જમીને અંતઃકરણથી તૃપ્ત થયેલા દુર્વાસા મુનિ, આદરપૂર્વક રાજાને કહેવા લાગ્યા કે, 'હવે તમે જમી લો.[૧૯] હું ભક્ત એવા તમારાં દર્શનથી, સ્પર્શથી, ભાષણથી ને આત્મબુદ્ધિવાળા અતિથિસત્કારથી પ્રસન્ન થયો છું. તમે મારા પર અનુગ્રહ કર્યો છે. હે રાજા! તમારા આ શુદ્ધ કર્મને દેવાંગનાઓ વારંવાર ગાયા કરશે અને આ પૃથ્વી પણ (પૃથ્વી પરનાં મનુષ્યો પણ) તમારી પરમ પવિત્ર કીર્તિનાં ગાન કરશે.[૨૦,૨૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"રાજાને એ પ્રમાણે કહીને અત્યંત સંતુષ્ટ થયેલા દુર્વાસા, રાજા પાસે વિદાય માગીને આકાશમાર્ગે અહેતુક÷ એવા બ્રહ્મલોકમાં ગયા.[૨૨] (વિષ્ણુચક્ર પાછળ પડ્યું ત્યારે) દુર્વાસા મુનિ ત્યાંથી ગયા તે જ્યાંસુધી પાછા આવ્યા ત્યાંસુધીમાં એક વર્ષ વીતી ગયું હતું, તોપણ તેટલા સમય સુધી તેમનાં દર્શનની ઇચ્છા રાખીને અંબરીષ રાજાએ કેવળ જળનોજ આહાર કર્યો હતો.[૨૩] ત્યાર પછી (ભોજન કરીને) દુર્વાસા મુનિ ગયા, એટલે અંબરીષ રાજાએ બ્રાહ્મણોના ઉપયોગથી અત્યંત પવિત્ર થયેલું ભોજન કર્યું હતું અને દુર્વાસા ઋષિને થયેલું દુઃખ, તેમાંથી થયેલો તેમનો છુટકારો તથા પોતાનું ધૈર્ય વગેરે શક્તિ–એ સર્વને જાણીને પરમેશ્વરના પ્રભાવ તરીકેજ તે બધું માન્યું હતું.[૨૪] આવા પ્રકારના અનેક ગુણવાળા અંબરીષ રાજાએ ક્રિયાઓના સમૂહોથી પરબ્રહ્મ પરમાત્મા–વાસુદેવ વિષે ભક્તિ કરી હતી, જે ભક્તિ વડે છેક બ્રહ્મલોક સુધીના ભોગોને તે નરક સમાન જોતા હતા. ત્યાર પછી એ ધીર અંબરીષ રાજાએ, પોતાના સમાન સ્વભાવવાળા પુત્રોને રાજ્ય આપી વનમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાં આત્મારૂપ વાસુદેવ ભગવાનમાં મનને સ્થાપી દઇ ગુણપ્રવાહરૂપ આ સંસારથી તે મુક્ત થયા હતા. એ રીતે અંબરીષ રાજાના આ પવિત્ર આખ્યાનને જે મનુષ્ય વર્ણવે છે તથા ચિંતવે છે, તે ભગવાનનો ભક્ત થાય છે."[૨૫-૨૭]

÷ અહેતુક એટલે શુષ્ક તર્કોમાં રહેલા હેતુઓ જ્યાં નથી તે. —બાલપ્રબોધિની

इत्येतत्पुण्यमाख्यानमंबरीषस्य भूपतेः ।
संकीर्तयन्ननुध्यायन् भक्तो भगवतो भवत् ॥२७॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

अध्याय ६ ठो÷

ઇક્ષ્વાકુનો વંશ-સૌભરિ ઋષિની પ્રાસંગિક કથા

॥ श्रीशुक उवाच ॥

विरूपः केतुमान् शंभुरंबरीषसुतास्त्रयः ।
विरूपात् पृषदश्वोऽभूत्तत्पुत्रस्तु रथीतरः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"વિરૂપ, કેતુમાન તથા શંભુ, એમ અંબરીષના ત્રણ પુત્રો હતા. તેઓમાં વિરૂપથી પૃષદશ્વ નામે પુત્ર થયો હતો અને પૃષદશ્વનો રથીતર નામનો પુત્ર હતો.[૧] આ રથીતરને કંઇ સંતાન ન હતું; તેથી તેણે પુત્રો-

÷ છઠ્ઠા સ્કંધના આરંભમાં અંબરીષ રાજાનો વંશ કહીને હવે છ અધ્યાયોમાં ઇક્ષ્વાકુનો વંશ કહેવાશે. તેમાં આ અધ્યાયમાં શશાદથી માંડીને માંધાતા સુધી ઇક્ષ્વાકુનો વંશ વર્ણવાશે. જેમાં માંધાતાની પુત્રીઓના પતિ સૌભરિની કથા પ્રસંગોપાત્ત કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્પત્તિ માટે પ્રાર્થના કરવાથી અંગિરા ઋષિએ તેની સ્ત્રીમાં બ્રહ્મતેજવાળા પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૨] એ પુત્રો, રથીતરની પત્નીમાં ઉત્પન્ન થયા હતા, તેથી જો કે રથીતરનાજ ગોત્રના હતા; તો-પણ અંગિરાના વીર્યથી તેઓ ઉત્પન્ન થયા હતા; માટે 'આંગિરસ' પણ કહેવાતા હતા; વળી તેઓ રથીતરથી +બીજી સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પુત્રોમાં ઉત્તમ ગણાતા હતા. કારણ કે તેઓ ક્ષત્રિય જાતિ સાથે બ્રાહ્મણ પણ હતા.[૩*] હવે એક સમયે વૈવસ્વત મનુને છીંક આવતાં તેમના નાકમાંથી ઇક્ષ્વાકુ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. તે ઇક્ષ્વાકુને સો પુત્રો હતા. તેઓમાં સૌથી મોટા વિકુક્ષિ, નિમિ તથા દંડક નામના હતા. હે રાજા! ઇક્ષ્વાકુના સો પુત્રોમાંથી પચીસ પુત્રો ÷આર્યાવર્તની પૂર્વદિશામાં રાજાઓ હતા; બીજા પચીસ આર્યાવર્તની પશ્ચિમદિશામાં રાજાઓ હતા; સૌથી મોટા ત્રણ પુત્રો આર્યાવર્તના મધ્યપ્રદેશમાં રાજાઓ હતા અને બાકીના પુત્રો આર્યાવર્તની દક્ષિણ તથા ઉત્તરદિશાઓમાં રાજાઓ હતા. એક સમયે પોતાને ત્યાં અષ્ટકા નામનું શ્રાદ્ધ હતું; તે માટે ઇક્ષ્વાકુએ (સૌથી મોટા) પુત્રને આજ્ઞા કરી કે, 'હે વિકુક્ષિ! જા, પવિત્ર માંસ લઈ આવ; વખત લગાડીશ નહિ.'[૪-૬] 'બહુ સારું' એમ કહી વીર વિકુક્ષિ વનમાં ગયો અને ત્યાં શ્રાદ્ધક્રિયામાં યોગ્ય એવાં પશુઓ મારીને તે થાકી ગયો અને ભૂખ્યો થયો, ત્યારે (આ બધાં શ્રાદ્ધ માટે હોઇને ખવાય નહિ, એ ભૂલી જઇને) તે એક સસલું ખાઇ ગયો અને બાકીનું તેણે પોતાના પિતાને સોંપી દીધું.[૭] પછી ઇક્ષ્વાકુએ પોતાના ગુરુ વસિષ્ઠને તે માંસના પ્રોક્ષણ માટે (એટલે શ્રાદ્ધને યોગ્ય સંસ્કાર કરવા માટે) પ્રેરણા કરી, ત્યારે તેમણે કહ્યું કે, 'આ માંસ દુષ્ટ છે–એઠું છે; તેથી શ્રાદ્ધકર્મને માટે અયોગ્ય છે.'[૮] એ પ્રમાણે ગુરુએ કહેલું પુત્રનું તે કર્મ જાણીને ઇક્ષ્વાકુ રાજાએ સદાચારનો ત્યાગ કરનારા એ પુત્રને ક્રોધથી દેશમાંથી કાઢી મૂક્યો.[૯] પછી તે ઇક્ષ્વાકુ રાજા, ગુરુ વસિષ્ઠની સાથે તત્ત્વવિચાર કર્યા કરતો હતો; જેથી (રાજ્યભોગથી વિરક્ત થઇને) યોગી બની જઇને શરીરનો ત્યાગ કરી પરમતત્ત્વને પ્રાપ્ત થયો.[૧૦] એ પ્રમાણે પિતા મરણ પામ્યો, એટલે વિકુક્ષિ ત્યાં આવીને આ પૃથ્વી ઉપર રાજ્ય કરવા લાગ્યો. તેણે યજ્ઞોદ્વારા શ્રીહરિનું યજન કર્યું હતું અને 'શશાદ' નામથી× પ્રખ્યાત થયો હતો.[૧૧] એ શશાદ રાજાને પુરંજય નામે પુત્ર હતો. તે 'ઇન્દ્રવાહ' અને 'કકુત્સ્થ' એવા બીજા નામથી પણ કહેવાતો હતો. એનાં એ ત્રણ નામો કર્મ ઉપરથી પડેલાં હતાં, તે તમે સાંભળો.[૧૨] પૂર્વે દૈત્યોની સાથે દેવોનું સંહારકારક યુદ્ધ થયું, ત્યારે દૈત્યોથી હારી ગયેલા દેવોએ વીર પુરંજયને સહાયક તરીકે સ્વીકાર્યો હતો.[૧૩] તે વેળા પુરંજયે 'ઇન્દ્ર જો મારું વાહન થાય, તો દૈત્યોનો હું નાશ કરી નાખું.' એમ કહી ઇન્દ્રની પોતાના વાહન તરીકે માગણી કરી; ત્યારે લજ્જાને લીધે ઇન્દ્રે તે વાત સ્વીકારી ન હતી, છતાં પણ દેવના દેવ અને જગતના આત્મા પ્રભુ શ્રીવિષ્ણુના વચનથી ઇન્દ્ર (પુરંજયના વાહનરૂપે) બળદ થયો હતો.[૧૪] પછી કવચ ધારણ કરી સજ્જ થઇને હાથમાં દિવ્ય ધનુષ તેમજ

+ આ ઉપરથી એમ જણાય છે કે, રથીતરને બીજી સ્ત્રી હોવી જોઇએ અને પ્રથમની સ્ત્રીમાં અંગિરાએ ઉત્પન્ન કરેલા પુત્રો પછી બીજી સ્ત્રીમાં તેને પોતાથી પુત્રો થયા હશે. —મા૦ ક૦

* હવે અહીંથી ઇક્ષ્વાકુનો વિશાળ વંશ કહેવાય છે. વૈવસ્વત મનુને દશ પુત્રો હતા, એમ પ્રથમ કહેવાઇ ગયું છે. તેઓમાં પૃષધ્ર અને કવિ નામના બે પુત્રો વિરક્ત હતા, તેથી તેઓએ વંશ ચલાવ્યો ન હતો. બાકીના સાત પુત્રોના વંશો પ્રથમ કહેવાયા છે.–શ્રીધર

÷ 'आर्यावर्तः पुण्यभूमिर्मध्यं विंध्यहिमालयोः' વિંધ્યાચળ અને હિમાલયની વચ્ચેની પવિત્ર ભૂમિ તે આર્યાવર્ત કહેવાય છે. —શ્રીધર

× પિતાએ પહેલાં શ્રાદ્ધ માટે માંસ લેવાને મોકલ્યો હતો, ત્યારે પોતે સસલું ખાઇ ગયો હતો, તેથીજ તે 'શશાદ' નામે પ્રસિદ્ધ થયો હતો. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તીક્ષ્ણ બાણો લઇને પુરંજય રાજા દૈત્યોની સામે યુદ્ધ કરવાની ઇચ્છાથી પોઠિયારૂપે થયેલા ઇન્દ્ર ઉપર દેવોથી સ્તુતિ કરાતો ચડી જઇ તેની ખાંધ ઉપર બેઠો હતો.[૧૫] પછી તેણે સર્વના અંતર્યામી પરમાત્મા વિષ્ણુના તેજથી વૃદ્ધિ પામીને પશ્ચિમદિશામાં દૈત્યોના નગરને દેવોની સાથે રહી ઘેરી લીધું.[૧૬] એ વેળા દૈત્યોની સાથે તેનું રોમાંચક તુમુલ યુદ્ધ થયું હતું, જેમાં સામે ધસી આવેલા દૈત્યોને તેણે ભાલાઓ મારીને યમદેવ પાસે મોકલી દીધા હતા.[૧૭] દૈત્યો એ પ્રમાણે મરાવા લાગ્યા, ત્યારે પ્રલયકાળના અગ્નિ સરખા ઉગ્ર એવા તે રાજાનાં બાણો સામે જવાનું છોડી દઇ તેઓ પોતાના સ્થાનમાં.(પાતાલમાં) નાસી ગયા હતા.[૧૮] એ પ્રમાણે તે રાજર્ષિએ દૈત્યોના સર્વ ધનને તેમજ લક્ષ્મી સહિત+ નગરને જીતી લઇને ઇન્દ્રને આપી દીધું હતું; તેથી (એવાં) ત્રણ નામે તે કહેવાયો હતો.[૧૯] એ પુરંજયને અનેનસ્ નામે પુત્ર હતો; અનેનસ્‌નો પૃથુ નામનો પુત્ર, પૃથુનો વિશ્વરંધ્રિ નામે પુત્ર, વિશ્વરંધ્રિનો ચંદ્ર નામે પુત્ર, ચંદ્રનો યુવનાશ્વ નામે પુત્ર અને યુવનાશ્વનો શાબસ્ત નામનો પુત્ર હતો; જેણે શાબસ્તી નામની નગરી વસાવી હતી. એ શાબસ્તનો બૃહદશ્વ નામે પુત્ર હતો; તથા બૃહદશ્વનો કુવલયાશ્વ પુત્ર હતો.[૨૦,૨૧] તે બળવાન કુવલયાશ્વે ઉતંક ઋષિનું પ્રિય કરવાને એકવીસ હજાર પુત્રોથી વીંટાઇ ધુંધુ નામના અસુરને માર્યો હતો; એ ઉપરથી તે 'ધુંધુમાર' નામથી પ્રખ્યાતિ પામ્યો હતો. હે ભરતવંશી રાજા! તે રાજાના સર્વ પુત્રો ધુંધુ દૈત્યના મુખના અગ્નિથી બળી ગયા હતા; માત્ર દઢાશ્વ, કપિલાશ્વ અને ભદ્રાશ્વ નામના ત્રણજ પુત્રો બાકી રહ્યા હતા. તેમાં દઢાશ્વને હર્યશ્વ નામનો પુત્ર, હર્યશ્વનો નિકુંભ નામે પુત્ર, નિકુંભનો બર્હણાશ્વ નામે પુત્ર, બર્હણાશ્વનો કૃશાશ્વ નામનો પુત્ર અને કૃશાશ્વને યુવનાશ્વ નામે પુત્ર હતો. એ યુવનાશ્વને કંઇ પણ સંતાન ન હતું; તેથી ખિન્ન થઇને તે સો સ્ત્રીઓ સાથે વનમાં ચાલ્યો ગયો હતો. ત્યાં ઋષિઓએ એના પર દયા કરીને અતિ એકાગ્રચિત્તે તેની પાસે 'ઐન્દ્રી'* ઇષ્ટિ કરાવી હતી.[૨૨–૨૬] એ (ઇષ્ટિ ચાલુ હતી) તે સમયે એક વેળા રાત્રે રાજા તરસ્યો થયો. તેણે ઋષિઓની યજ્ઞશાળામાં પ્રવેશ કરીને જોયું, તો બ્રાહ્મણોને નિદ્રાવશ થયેલા જોયા, એટલે તેણે (કોઇને કંઇ પણ પૂછ્યા વિનાજ મંત્રેલું) જળ+ પી લીધું.[૨૭] પછી હે રાજન્! સવારમાં તે બ્રાહ્મણોએ ઊઠીને જોયું તો પાણીના કળશને ખાલી પડેલો દીઠો; એટલે તેઓએ પૂછ્યું કે, 'આ કામ કોણે કર્યું? ÷પુંસવનનું પાણી કોણ પી ગયું?'[૨૮] પછી તેઓએ જાણી લીધું કે, ઈશ્વરની પ્રેરણા પામીને રાજાજ તે પાણી પી ગયો છે; એટલે 'દૈવબળ એજ મહાન બળ છે, પુરુષનું કંઇ પણ બળ નથી.' એમ કહી તે ઋષિઓએ ઈશ્વરને પ્રણામ કર્યા.[૨૯] પછી (ગર્ભધારણને માટે મંત્રી રાખેલું તે પાણી પી જવાથી યુવનાશ્વ રાજાને ગર્ભ રહ્યો અને) પ્રસવનો સમય પ્રાપ્ત થયો, ત્યારે યુવનાશ્વ રાજાના જમણા પડખાને ચીરીને તેનો ચક્રવર્તી પુત્ર બહાર નીકળ્યો.[૩૦] તે (ધાવવા માટે) બહુજ રડવા લાગ્યો; ત્યારે બ્રાહ્મણો બોલી ઊઠ્યા કે, આ બાળક કોને ધાવશે?' ત્યારે 'તે મને ધાવશે.'§ એમ કહી ઇન્દ્રે 'હે પુત્ર! તું રડ મા.' એમ

§ આવી રીતે ઇન્દ્રને પોતાનું વાહન બનાવ્યું, તેથી પુરંજયનું નામ 'इन्द्रवाह' પડ્યું અને બળદરૂપે થયેલા ઇન્દ્રની કકુદ–ખાંધ ઉપર તે ચડી બેઠો, તેથી તેનું બીજું નામ 'ककुत्स्थ' પડ્યું. —भा. क.

+ એ રીતે દૈત્યોના નગરને તેણે જીત્યું હતું, તેથી તેનું 'પુરંજય' એવું ત્રીજું નામ પડ્યું હતું. भा. क.

* ઇન્દ્ર જેનો અધિષ્ઠાયક હોય છે, તેવો પુત્રોત્પત્તિ માટેનો એક યજ્ઞ. —भा. क.

+ જે જળ ગર્ભધારણને માટે તેની રાણીને આપવાનું હતું. —भा. क.

÷ પુત્રોત્પત્તિમાં કારણરૂપ. —भा. क.

§ આ ઉપરથીજ તે કુમારનું 'માંધાતા' એવું નામ પડ્યું હતું. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહેતાં પોતાની અંગુઠા પાસેની આંગળી (તે બાળકના મોંમાં) આપી. (એ બાળક જન્મ્યો તે વેળા યુવનાશ્વનું પેટ ચીરાઇ ગયું હતું; તોપણ) બ્રાહ્મણો તથા દેવોની કૃપાથી તે બાળકનો પિતા યુવનાશ્વ મરી ગયો ન હતો, પણ તેજ વનમાં રહીને તપશ્ચર્યાદ્વારા (કાળાંતરે) મોક્ષ પામ્યો હતો.[૩૧,૩૨] હે રાજા! એ માંધાતાથી રાવણ વગેરે દુષ્ટો કંપી જઇને ત્રાસ પામતા હતા, તેથી ઇન્દ્રે તેનું (બીજું) નામ 'त्रसद्दस्यु' એવું પાડયું હતું.[૩૩] યુવનાશ્વનો પુત્ર તે માંધાતા ચક્રવર્તી રાજા થઇને પોતે એકલો અચ્યુત ભગવાનના પ્રભાવને લીધે સાત દ્વીપોવાળી પૃથ્વી ઉપર રાજ્ય કરતો હતો[૩૪] અને તે આત્મવેત્તા રાજાએ પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને સર્વદેવમય, સર્વસ્વરૂપ અને અતીન્દ્રિય એવા યજ્ઞદેવ વિષ્ણુભગવાનનું યજન કર્યું હતું.[૩૫] કારણ કે યજ્ઞોપયોગી દ્રવ્ય, મંત્ર, વિધિ, યજ્ઞ, યજમાન, ઋત્વિજો, ધર્મ, દેશ તેમજ કાળ, એ સઘળાં કેવળ ભગવાનનાંજ સ્વરૂપો છે.[૩૬] સૂર્ય જેટલા પ્રદેશમાં ઊગે છે અને જેટલા પ્રદેશમાં અસ્ત પામે છે, તે સર્વ પ્રદેશ યુવનાશ્વના પુત્ર માંધાતાનો કહેવાય છે.[૩૭] એ માંધાતાએ શશબિંદુની પુત્રી બિંદુમતી નામની પોતાની સ્ત્રીમાં પુરુકુત્સ, અંબરીષ અને મુચુકુંદ નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતાં; તેમાં મુચુકુંદ યોગી હતો, એ ભાઇઓને પચાસ બહેનો હતી. તેઓ સૌભરિ નામના ઋષિને વરી હતી.[૩૮] સૌભરિ ઋષિ કામક્રોધાદિ શત્રુઓને તપાવનારા હોઇ યમુનાના જળમાં ડુબ્યા રહીને તપશ્ચર્યા કર્યા કરતા હતા. એક સમયે મૈથુનધર્મી કોઇ એક મોટા માછલાના મૈથુનસુખને જોઇને તેમણે પોતે પણ મૈથુનસુખ મેળવવાની ઇચ્છા કરી અને માંધાતા રાજા પાસે જઇને તે બ્રાહ્મણે તેની પાસે એક કન્યાની માગણી કરી. એટલે માંધાતાએ પણ (તેમનું ઘડપણ તથા કુરૂપ જોઇને) કહ્યું કે, 'હે બ્રહ્મન્! જે કન્યા આપનો સ્વયંવરમાં સ્વીકાર કરે, તેને આપ સુખેથી લઇ જાઓ.'[૩૯,૪૦] તે સાંભળીને ઋષિએ વિચાર કર્યો કે, 'હું ઘરડો છું, મારા શરીર પર કરચલીઓ પડી ગઈ છે, પળિયાં આવી ગયાં છે અને મારું મસ્તક પણ કંપે છે; તેથી હું સ્ત્રીઓને અપ્રિય તથા અમાન્યજ થઈ પડીશ,' એમ માનીને આ રાજાએ (આવા બહાને) મને નાજ પાડી છે; પણ હું મારા શરીરને એવું બનાવીશ, કે જેથી તે દેવાંગનાઓને પણ પ્રિય થશે; તો પછી રાજાઓની કન્યાઓને પ્રિય થાય એમાં શું નવાઇ છે!' આવો મનમાં વિચાર કરી તે સમર્થ મુનિએ કામદેવ જેવું સુંદર સ્વરૂપ ધારણ કર્યું.[૪૧,૪૨] તે પછી દ્વારપાળે તેમને સર્વ સમૃદ્ધિવાળા કન્યાઓના અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો; એટલે ત્યાં જઇને મુનિએ પોતાને વરવા માટે કન્યાઓને કહ્યું કે તુરતજ તે પચાસે કન્યાઓ તેમને એકલાનેજ વરી ચૂકી;[૪૩] એટલુંજ નહિ પણ પરસ્પર પોતાની બહેનોનો સ્નેહ છોડી 'આ વર તો મારે યોગ્ય છે, તમારે યોગ્ય નથી' એમ તે મુનિ માટે કન્યાઓમાં કલેશ ઊભો થયો. કેમકે તે સર્વ કન્યાઓનાં મન એ મુનિમાં આસક્ત થયાં હતાં.[૪૪] પછી એ ઋગ્વેદી સૌભરિ મુનિ પોતાની અપાર તપસંપત્તિથી તૈયાર કરેલાં જાતજાતનાં ઘરોમાં મહાકીમતી શય્યા, આસનો, વસ્ત્રો, આભૂષણો, સ્નાન, વિલેપન, ભોજન ને માળાઓનો ઉપભોગ કરી તે સ્ત્રીઓ સાથે વિલાસો ભોગવવા લાગ્યા; (એમના તપોબળથી બનેલાં) તે ઘરો મહાકીમતી રાચરચીલાંવાળાં ને શણગારેલી સ્ત્રીઓ તથા પુરુષોવાળાં હતાં. વળી તે મુનિ અનેક જાતનાં ઉપવનોમાં તથા સુગંધી કમળોના સમૂહોવાળા નિર્મળ જળથી ભરેલાં સરોવરોમાં પણ નિત્ય ક્રીડા કરવા લાગ્યા, કે જ્યાં પક્ષીઓ, ભમરાઓ તથા બંદિજનો ગીતો ગાઇ રહ્યાં હતાં.[૪૫,૪૬] સૌભરિ મુનિનો એ ગૃહસ્થાશ્રમ જોઈ સાત દ્વી-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોત્રાળો પૃથ્વીપતિ માંધાતા પણ આશ્ચર્ય પામ્યો અને તેણે પોતાની ચક્રવર્તીની સંપત્તિનો ગર્વ તજી દીધો.૪૭ સૌભરિ મુનિ, એ પ્રમાણે ઘરમાં આસક્ત થઇ અનેક જાતનાં સુખો સાથે વિષયો ભોગવી રહ્યા હતા, તેમ છતાં અગ્નિ જેમ ઘીનાં ટીપાંઓથી તૃપ્તિ પામતો નથી, તેમ તૃપ્તિ પામ્યા નહિ.૪૮ તે પછી એક વેળા ઋગ્વેદના આચાર્ય સૌભરિએ બેઠા બેઠા પોતાના મનમાંજ પોતે કરેલી એ તપહાનિ જોઈ લીધી, જે હાનિ એક માછલાના સંગથી ઉત્પન્ન થઈ હતી.૪૯ (તેમણે પશ્ચાત્તાપ સહિત આવો વિચાર કર્યો કે,) 'હું ઉત્તમ ચરિત્રવાળો વ્રતનિષ્ઠ તપસ્વી હતો. અહો! મારા આ વિનાશની તરફ દૃષ્ટિ તો કરો!! જળની અંદર એક જલચરના પ્રસંગથી મેં ઘણા લાંબા સમયથી ધારણ કરેલા બ્રહ્મચર્યનો નાશ કર્યો છે!૫૦ ખરેખર, જેને મોક્ષની ઇચ્છા હોય, તેમણે મૈથુનધર્મી સ્ત્રીપુરુષોના સંગનો સર્વથા ત્યાગજ કરવો જોઇએ અને ઇન્દ્રિયોને બાહ્યવિષયોમાં કદી જવાજ ન દેવી જોઇએ, પણ માત્ર એકલાજ વિચરીને એકાંતમાં અનંત ભગવાનને વિષે મનને લગાડવું જોઇએ; તે છતાં કોઇનો પ્રસંગ પડે, તો કેવળ ઈશ્વરપરાયણ વ્રતો ધારણ કરનાર સજ્જનોનોજ પ્રસંગ કરવો જોઇએ. હું તપસ્વી કેવળ એકલોજ હતો; પણ પાછળથી જળની અંદર એક માછલાનો સંગ થતાં પચાસ સ્ત્રીઓ સાથે જોડાઇને પચાસરૂપે થયો અને પછી તે એક એક સ્ત્રીમાં સો સો પુત્રો ઉત્પન્ન કરી પાંચ હજારની સૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો છું, છતાં હજી આ લોકના તથા પરલોકના કર્મવિષયક મનોરથોના અંતને હું પામી શક્યો નથી. કેમકે મારી બુદ્ધિ, માયાના ગુણોથી હરાઈ ગઈ છે અને વિષયોમાંજ મેં પુરુષાર્થબુદ્ધિ કરી છે. ૫૧-૫૨

"એ પ્રમાણે એટલા સમય સુધી ઘરમાં રહેતાં સૌભરિ ઋષિ વિરક્ત થયા અને વાનપ્રસ્થધર્મનો આશ્રય કરીને વનમાં ચાલ્યા ગયા. તેમની પત્નીઓ પણ પતિનેજ પોતાનો દેવ માનતી હોઇને તેમની પાછળ વનમાં ચાલી ગઇ.૫૩ ત્યાં શરીરને કૃશ કરનારું તીક્ષ્ણ તપ કરી તે જિતેન્દ્રિય મુનિએ અગ્નિહોત્રના અગ્નિઓ સાથે પોતાના આત્માને પરમાત્મામાં જોડી દીધો.૫૪ હે મહારાજ! તેમની સ્ત્રીઓ પણ પોતાના પતિની તે આધ્યાત્મિક ગતિ જોઇ શાંત પડેલા અગ્નિની પાછળ તેની જ્વાળાઓ ચાલી જાય, તેમ તેમના પ્રભાવથી તેમની પાછળ ચાલી ગઇ–સંસારમુક્ત થઇને બ્રહ્મપદને પ્રાપ્ત થઇ."૫૫

ताः स्वपत्युर्महाराज निरीक्ष्याध्यात्मिकीं गतिम् ।
अन्वीयुस्तत्प्रभावेन अग्निं शांतमिवार्चिषः ॥५५

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

अध्याय ७ मो×

પુરુકુત્સ તથા હરિશ્ચંદ્રનું આખ્યાન

॥ श्रीशुक उवाच ॥

मांधातुः पुत्रप्रवरो योंऽबरीषः प्रकीर्तितः ।
पितामहेन प्रवृतो यौवनाश्वश्च तत्सुतः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"માંધાતાનો શ્રેષ્ઠ પુત્ર અંબરીષ જે પહેલાં કહેવાઈ ગયો, તેને તેના દાદા–યુવનાશ્વે પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. તેનો પણ યૌવનાશ્વ નામનો પુત્ર હતો અને યૌવનાશ્વનો હારીત નામે પુત્ર હતો. આ ત્રણે–અંબરીષ, યૌવનાશ્વ તથા હારીત, માંધાતાના વંશમાં ઉત્તમ ગણાતા હતા.૧ હવે માંધાતાના બીજા પુત્ર પુરુકુત્સને સર્પોએ પોતાની બહેન નર્મદા પરણાવી હતી. એ નર્મદા પોતાના ભાઇ નાગરાજની પ્રેરણાથી પુરુકુત્સને રસાતલમાં લઇ ગઈ હતી.૨ ત્યાં વિષ્ણુ જેવી શક્તિ ધારણ કરનારા પુરુકુત્સે મારવા યોગ્ય ગંધર્વોને મારી નાખ્યા હતા; જેથી

× આગળના અધ્યાયમાં માંધાતાનો વંશ કહ્યો; હવે આ અધ્યાયમાં પુરુકુત્સનું તથા હરિશ્ચંદ્રનું ઉત્તમ આખ્યાન કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(પ્રસન્ન થયેલા) નાગરાજા પાસેથી તેને 'તમારું આખ્યાન સ્મરણ કરનારાઓને સર્પનો ભય રહેશે નહિ.' એવું વરદાન મળ્યું હતું.[૩] એ પુરુકુત્સનો ત્રસદ્દસ્યુ, ત્રસદ્દસ્યુના અનરણ્ય, અનરણ્યનો હર્યશ્વ, હર્યશ્વનો અરુણ અને અરુણનો ત્રિબંધન નામનો પુત્ર હતો.[૪] તે ત્રિબંધનનો સત્યવ્રત નામે પુત્ર હતો, જે ÷'ત્રિશંકુ' નામથી પ્રખ્યાત થયો હતો અને ગુરુ વસિષ્ઠના શાપથી ચાંડાલપણાને પામ્યો હતો.[૫] એ ત્રિશંકુ વિશ્વામિત્રના પ્રભાવથી પોતાના મનુષ્યશરીરેજ સ્વર્ગે ગયો હતો; તે હજી પણ આકાશમાં (તારારૂપે) દેખાય છે. ત્રિશંકુ જ્યારે શરીર સાથે સ્વર્ગમાં જતો હતો, ત્યારે દેવતાઓએ તેને ઊંધે મસ્તકે પાછો પાડ્યો હતો; પણ વિશ્વામિત્રે પોતાના તપોબળથી એ રીતે (ઊંધે મસ્તકેજ) આકાશમાં તેને અટકાવી દીધો છે. (જે હજી પણ દેખાય છે.)[૬] એ ત્રિશંકુનો પુત્ર હરિશ્ચંદ્ર હતો, જેને માટે પક્ષી થયેલા વિશ્વામિત્ર તથા વસિષ્ઠને ઘણાં વર્ષ સુધી યુદ્ધ થયું હતું.+[૭] એ હરિશ્ચંદ્રને કંઇ સંતાન ન હતું; તેથી મનમાં તે ખિન્ન રહેતો હતો. પછી નારદજીના ઉપદેશથી વરુણને શરણે જઇને તેણે કહ્યું હતું કે, 'હે પ્રભો! મને પુત્ર થાઓ. હે મહારાજ! જો મને વીર પુત્ર થશે તો તેજ પુત્રથી હું તમારું યજન કરીશ.' તે સાંભળી વરુણે '**તથાસ્તુ**' કહ્યું; એટલે હરિશ્ચંદ્રને ત્યાં 'રોહિત' નામે પુત્ર થયો.[૮-૯] એ રીતે પુત્ર જન્મ્યો ત્યારે વરુણે કહ્યું કે, 'તારે ત્યાં પુત્ર જન્મ્યો છે, હવે તું આ પુત્ર વડે મારું યજન કર.' હરિશ્ચંદ્રે ઉત્તર આપ્યો કે, 'આ યજ્ઞપશુ–બાળક દશ દિવસનો થાય એટલે પવિત્ર થાય (અને તે પછી હું તમારું યજન કરીશ.' એમ રાજાએ કહ્યું; એટલે વરુણ ગયો.) પછી દશ દિવસ થઇ ગયા એટલે ફરી વરુણે આવીને કહ્યું કે, 'હવે તું મારું યજન કર.' એટલે હરિશ્ચંદ્ર બોલ્યોઃ 'આ યજ્ઞપશુને દાંત આવે ત્યારે તે પવિત્ર થાય. (માટે હમણાં થોભી જાઓ.' તે સાંભળી વરુણ ગયો અને દાંત આવી ગયા એટલે આવીને બોલ્યો કે,) 'હવે દાંત આવી ગયા છે; તું મારું યજન કર.' હરિશ્ચંદ્ર બોલ્યોઃ–'જ્યારે આના દાંત પડી જાય ત્યારે તે પવિત્ર થાય. (માટે દાંત પડી જવા દો.') પછી જ્યારે દાંત પડી ગયા; એટલે વરુણે આવીને કહ્યું કે, 'હવે મારું યજન કર.' હરિશ્ચંદ્રે કહ્યું કે, 'જ્યારે પશુને ફરી દાંત આવે ત્યારે તે પવિત્ર થાય.' પછી ફરી દાંત આવ્યા; એટલે વરુણે આવીને કહ્યું કે, 'હવે તું મારું યજન કર.' તે સાંભળી હરિશ્ચંદ્રે કહ્યુંઃ 'હે રાજા! ક્ષત્રિયપશુ કવચ ધારણ કરવાને યોગ્ય થાય ત્યારે તે પવિત્ર ગણાય.' એ રીતે સ્નેહથી બંધાયલા મનવાળા હરિશ્ચંદ્રે, પુત્ર પરના સ્નેહથી વરુણદેવને ઠગીને તે તે જુદા જુદા સમય કહેવા માંડ્યા ને વરુણદેવ પણ તે તે સમયની રાહ જોવા લાગ્યા.[૧૦-૧૫] એટલામાં 'પોતાનો પિતા પોતાથી યજ્ઞ કરવાનો છે' એવી વાત જાણી જઇને રોહિત, પોતાના પ્રાણ બચાવવાની ઇચ્છાથી હાથમાં ધનુષ લઇ જંગલમાં ચાલ્યો ગયો[૧૬] ને પાછળથી, 'વરુણે પિતાનો ગ્રાસ કર્યો છે અને તેથી તેનું પેટ મોટું થઈ ગયું છે.'–અર્થાત્ વરુણે મારા પિતાને જલોદર નામનો રોગ ઉપજાવ્યો છે.' એમ સાંભળીને રોહિત

÷ ત્રિશંકુ નામ સાર્થક છે. તે રાજામાં ખીલાની પેઠે દુઃખ આપનારા ત્રણ દોષો હતા. એક તો તેણે કોઇને પરણી રહેલી બ્રાહ્મણકન્યાનું હરણ કર્યું હતું, તેથી તેના પિતાએ કોપાયમાન થઇ તેને શાપ આપ્યો હતો; બીજો–પોતાના ગુરુની ગાયનો તેણે વધ કર્યો હતો અને ત્રીજો દોષ એ કે, તેણે મંત્રથી પ્રોક્ષણ નહિ કરેલાનો ઉપભોગ કર્યો હતો. આ ત્રણ દોષો તેને ખીલાની પેઠે દુઃખ આપતા હતા, એટલે તે 'ત્રિશંકુ' કહેવાયો હતો; આ વાત હરિવંશમાં છે. —શ્રીધર

+ વિશ્વામિત્રે રાજસૂય યજ્ઞની દક્ષિણાને બહાને હરિશ્ચંદ્રનું સર્વસ્વ લઇ લીધું હતું અને તેને દુઃખ દેવા માંડ્યું હતું; તે સાંભળી કોપાયમાન થયેલા વસિષ્ઠે વિશ્વામિત્રને શાપ આપ્યો હતો, કે 'તું આડી નામનો પક્ષી થઇ જા!' એટલે વિશ્વામિત્રે પણ વસિષ્ઠને શાપ આપ્યો હતો કે, 'તું બગલો થઇ જા.' એ રીતે બન્ને પક્ષી થઇને ઘણાં વર્ષ સુધી લડ્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના ગામની તરફ આવવા નીકળ્યો; એટલે ઇન્દ્રે તેને અટકાવ્યો અને 'તીર્થક્ષેત્રોનું સેવન કરી પૃથ્વી પર પર્યટન કરવું તે પુણ્યકારક છે' એમ આજ્ઞા કરી. એટલે રોહિત પણ એક વર્ષપર્યંત જંગલમાંજ રહ્યો.[૧૭૧૮] એ પ્રમાણે બીજે, ત્રીજે, ચોથે તથા પાંચમે વર્ષે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇ ઇન્દ્ર તેની પાસે આવી આવીને (તેને નગરમાં જતો અટકાવવાને માટે કંઇ કંઇ ઉપાય) કહ્યા કરતો હતો.[૧૯] (એમ પાંચ વર્ષ વીતી ગયાં.) પછી છઠ્ઠું વર્ષ પણ ત્યાં જંગલમાં ભટકીને રોહિતે ગાળી કાઢયું અને પછી તે પોતાના નગરની તરફ જવા નીકળી પડયો. રસ્તામાં તેણે અજીગર્ત નામના એક બ્રાહ્મણ પાસેથી તેનો વચલો પુત્ર વેચાતો લઇ અને 'શુનઃશેપ' નામના તેને, યજ્ઞના પશુ તરીકે (પોતાને બદલે હોમવાને) પિતાને અર્પણ કરી વંદન કર્યું. તે પછી મોટાઓમાં ખ્યાતિ પામેલા મહાયશસ્વી હરિશ્ચંદ્રે ‡પુરુષમેધ નામે યજ્ઞ કરી વરુણાદિ દેવોનું યજન કર્યું અને પોતે જલોદર રોગથી મુક્ત થયો. એના એ યજ્ઞમાં વિશ્વામિત્ર હોતા થયા હતા; આત્મવેત્તા જમદગ્નિ અધ્વર્યુ થયા હતા; વસિષ્ઠ ઋષિ બ્રહ્મા થયા હતા અને અયાસ્ય મુનિ ઉદ્‌ગાતા થયા હતા. ઇન્દ્રે, હરિશ્ચંદ્રના ઉપર પ્રસન્ન થઇને તે વખતે તેને સુવર્ણનો રથ (ભેટ તરીકે) આપ્યો હતો. શુનઃશેપનું* માહાત્મ્ય આગળ જતાં કહેવામાં આવશે. (સર્વસ્વ લઇ લેવાયા છતાં) રાજા હરિશ્ચંદ્રનું તેની સ્ત્રી સાથે સત્યભર્યું ધૈર્ય જોઇને વિશ્વામિત્ર તેના ઉપર અત્યંત પ્રસન્ન થયા હતા; જેથી તેમણે તેને આત્મજ્ઞાન અર્પણ કર્યું હતું. એ આત્મજ્ઞાનના પ્રભાવથી હરિશ્ચંદ્રે પોતાના મનનો પૃથ્વીમાં, પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં અને અહંકારનો મહત્તત્ત્વમાં લય કરી દઇને તેમાંથી વિષયાકારને અલગ કરી શુદ્ધ જ્ઞાનકલાનું આત્મસ્વરૂપે ધ્યાન કરી તે ધ્યાનવૃત્તિરૂપ જ્ઞાનકલા વડે અજ્ઞાનને બાળી નાખ્યું હતું. પછી મોક્ષસુખના અનુભવજ્ઞાનથી તે જ્ઞાનકલાનો પણ ત્યાગ કરી દઈ હરિશ્ચંદ્ર, સર્વ બંધનોથી મુક્ત થયા હતા અને પછી જેનું વર્ણન કરવું અશક્ય છે અને જે તર્કમાં પણ આવી શકતું નથી, એવા સ્વસ્વરૂપમાં તેમણે સ્થિતિ કરી હતી."[૨૦-૨૭]

> हित्वा तां स्वेन भावेन निर्वाणसुखसंविदा।
> अनिर्देश्याप्रतर्क्येण तस्थौ विध्वस्तबंधनः ॥२७॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो*

સગરના પુત્રો કપિલના અપરાધથી બળી ગયા

॥ श्रीशुक उवाच ॥

> हरितो रोहितसुतश्चंपस्तस्माद्विनिर्मिता।
> चंपापुरी सुदेवोऽतो विजयो यस्य चात्मजः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"રોહિતનો પુત્ર હરિત નામનો હતો; તે હરિતનો પુત્ર ચંપ નામનો હતો; જેણે ચંપાનગરી વસાવી છે. એ ચંપનો સુદેવ, સુદેવનો વિજય, વિજયનો ભરુક, ભરુકનો વૃક અને વૃકનો બાહુક નામે પુત્ર હતો. એ બાહુક રાજા પાસેથી શત્રુઓએ પૃથ્વી હરી લીધી હતી; તેથી પોતાની સ્ત્રીની સાથે તે વનમાં ચાલ્યો ગયો.

‡ પુરુષમેધ યજ્ઞ તે, કે જેમાં પુરુષનું બલિદાન અપાય છે. —ભા. ક.

* શુનઃશેપ બ્રાહ્મણનો પુત્ર હતો; તેથી તેનો યજ્ઞમાં વધ કરી નાખવો એ દેવર્ષિઓને તથા ક્ષત્રિયોને કેમ માન્ય થાય? એ તો બિભત્સ કર્મ કહેવાય; આવા આશયવાળા રાજાને જાણીને શુનઃશેપનો વધ કર્યો ન હતો; પણ તેને જીવતો છોડી મૂકવામાં આવ્યો હતો. તેનું માહાત્મ્ય આગળ ઉપર વિશ્વામિત્રના પુત્રોના આખ્યાનના પ્રસંગે કહેવાશે. —બાલપ્રબોધિની

* આ અધ્યાયમાં રોહિતનો વંશ કહેવામાં આવશે. જેમાં કપિલના અપમાનથી જેના પુત્રો બળી ગયા હતા એવો સગર રાજા થયો હતો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri .

હતો.[૫૨] ત્યાં એ વૃદ્ધ રાજા મરણ પામ્યો એટલે તેની રાણી તેની પાછળ મરી જવાને તૈયાર થઈ હતી; ત્યારે ઔર્વ નામના એક ઋષિએ તેણીને સગર્ભા જાણીને મરતી અટકાવી હતી.[૩] પછી 'તે રાણીને ગર્ભ છે' એમ જાણીને તેણીની શોક્યોએ, અન્ન સાથે તેણીને ઝેર આપી દીધું; (પણ તે ઝેરથી ગર્ભનો નાશ થયો નહિ.) પરંતુ એ ઝેરની સાથેજ તે જન્મ્યો અને તે ઉપરથી મહાયશસ્વી તે રાજા 'સગર'+એવા નામે પ્રસિદ્ધ થયો.[૪] સગર રાજા ચક્રવર્તી હતો; જેના પુત્રોએ સાગરની રચના કરી છે. વળી જે સગર રાજાએ તાલજંઘ, યવન, શક, હૈહય તથા બર્બર જાતિના લોકોને પોતાના ગુરુ ઔર્વ ઋષિનાં વચનથી મારી નાખ્યા ન હતા, પણ કેટલાકને મૂંડેલા, કેટલાકને દાઢીમૂછવાળા, કેટલાકને છૂટા કેશવાળા, કેટલાકને અર્ધા મૂંડેલા, કેટલાકને અંદર વસ્ત્રવાળા અને બીજા કેટલાકને બહાર વસ્ત્રોવાળા–એમ વિકૃત વેષવાળા કરી મૂક્યા હતા. તે રાજાએ અશ્વમેધ યજ્ઞો કરીને સર્વ વેદમય, સર્વ દેવમય, સર્વના આત્મા અને સર્વ-ન[illegible]ર શ્રીહરિનું ઔર્વ ઋષિએ દર્શાવેલા ઉપા-ય[illegible] યજન કર્યું હતું. યજ્ઞો કરતી વેળા એક વખતે તેણે છૂટા મૂકેલા અશ્વમેધના ઘોડારૂપી પશુને ઇન્દ્ર હરી ગયો.[૫-૮] (સગર રાજાને બે સ્ત્રીઓ હતી. સુમતિ અને કેશિની. જ્યારે ઇન્દ્ર, ઘોડાને હરી ગયો ત્યારે રાજાની આજ્ઞા થતાં) સુમતિના ગર્વિષ્ઠ પુત્રો કે જેઓ પિતાની આજ્ઞાને માનનારા હતા; તેઓએ ઘોડાની શોધ કરતાં કરતાં પૃથ્વીને ચોતરફથી ખોદી નાખી.[૯] પછી તેઓએ ઈશાન-ખૂણામાં કપિલઋષિની પાસે પોતાના ઘોડાને જોયા. એટલે તેઓ બોલી ઊઠ્યા કે, 'ઘોડાને ચોરી જનારો આ ચોર આંખો મીંચીને અહીં બેઠો છે; માટે મારો, મારો આ પાપીને.' એમ બોલતા તે સાઠ હજાર સગરપુત્રો હથિયારો ઉગામી ઉગામી કપિલઋષિની સામે ધસી ગયા, કે તુરતજ કપિલ મુનિએ (સમાધિમાંથી જાગ્રત થઇ) પોતાનાં નેત્રો ઉઘાડી નાખ્યાં. તેટલામાં તો ઇન્દ્રે જેમનાં ચિત્ત હરી લીધાં હતાં અને જેમણે કપિલ જેવા મહા-પુરુષનો અપરાધ કર્યો હતો, તેવા એ સાઠ હજાર સગરપુત્રો એક ક્ષણમાં પોતાનાજ શરીરના અગ્નિ-થી બળી ભસ્મ થઈ ગયા. અહીં કેટલાક લોકો કહે છે કે, મહારાજા સગરના પુત્રો, કપિલ મુનિના કોપ-થી બળી ગયા, પણ આમ કહેવું ઠીક નથી. કેમકે જેમનો આત્મા જગતને પવિત્ર કરનાર હતો તે શુદ્ધ સત્ત્વગુણમૂર્તિ કપિલઋષિમાં ક્રોધમય તમો-ગુણ કેમ હોઈ શકે? આકાશમાં કદી પૃથ્વીની રજ હોઇ શકે? નજ હોય. (તેમ કપિલ જેવા જ્ઞાની મહાત્મામાં કદી પણ ક્રોધનો સંભવ હોયજ નહિ.) વળી જે કપિલદેવે આ સંસારસમુદ્રમાં સાંખ્યશાસ્ત્રરૂપ દૃઢ નૌકા ચાલુ કરી છે, જે નૌકાના સાધનબળથી મુમુક્ષુ મનુષ્ય મૃત્યુના માર્ગ-રૂપ આ દુર્લંઘ્ય સંસારસમુદ્રને તરી જાય છે, તે મહાન જ્ઞાની અને પરમાત્મસ્વરૂપ કપિલ ભગવા-નને 'આ મારો શત્રુ છે' વગેરે ભેદબુદ્ધિ કેમ હોય?

[૧૦-૧૪] સગર રાજાને તેની કેશિની નામની સ્ત્રીમાં અસમંજસ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. તેનો પુત્ર અંશુમાન નામે હતો, જે પોતાના દાદા સગર રાજાનું હિત કરવામાં આસક્ત રહેતો હતો. અસ-મંજસ રાજા પૂર્વ જન્મમાં યોગી હતો; પણ સંગ-ને લીધે યોગથી ભ્રષ્ટ થયો હતો; છતાં તેને પૂર્વજ-ન્મનું સ્મરણ રહ્યું હતું; તેથી (ફરી લોકોનો સંગ ન થાય તે માટે) તે પોતાને અયોગ્ય હોય તે પ્રમાણે બતાવવા લાગ્યો; લોકમાં નિંદ્ય કર્મ કરવા લાગ્યો; જ્ઞાતિઓનું અપ્રિય કરવા લાગ્યો અને રમતાં છોકરાંઓને સરયૂ નદીમાં ફેંકી દઇ લોકોને કંટાળો આપવા લાગ્યો. આવું તેણે નિંદ્ય વર્તન કરવા માંડ્યું; એટલે તેના પિતા સગર રાજાએ તેના પરનો સ્નેહ છોડી દઇ તેનો ત્યાગ કરી દીધો; એટલે યોગના ઐશ્વર્યથી (સરયૂ નદીમાં ફેંકી દી-

+'ગર' એટલે 'ઝેર', તે સાથે જે જન્મ્યો તે 'સગર' એવા સાર્થક નામવાળો તે થયો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘેલાં) બાળકોને ફરી દેખાડીને ત્યાંથી તે ચાલ્યો ગયો.[૧૫-૧૮] હે રાજન્! અયોધ્યાવાસી સર્વ લોકો પોતાનાં છોકરાંઓને ફરી આવેલાં જોઈ આશ્ચર્ય પામ્યાં અને સગર રાજાએ પશ્ચાત્તાપ કર્યો.[૧૯] પછી સગર રાજાએ અંશુમાનને ઘોડાની શોધ કરવા માટે આજ્ઞા કરી; એટલે તેણે પોતાના કાકાઓએ ખોદી કાઢેલા ખાડાઓને માર્ગે જઇને જોયું તો રાખના ઢગલાની પાસે ઘોડાને જોયો[૨૦] અને ત્યાં બેઠેલા એ ભગવાન કપિલમુનિને જોઇને તે મહાન રાજાએ (અંશુમાને), બે હાથ જોડી એકાગ્રચિત્તે પ્રણામ કરી આ પ્રમાણે તેમની સ્તુતિ કરી.[૨૧]

અંશુમાન બોલ્યોઃ—'બ્રહ્મા પોતે પણ પોતાનાથી પર એવા આપને સમાધિથી પ્રત્યક્ષ રીતે તથા યુક્તિઓથી પરોક્ષ રીતે હજી સુધી જાણી શક્યા નથી; તો પછી તે બ્રહ્માના મન, શરીર તેમજ બુદ્ધિની સૃષ્ટિઓમાં ઉત્પન્ન થયેલા અમે અર્વાચીન અજ્ઞાનીઓ, આપને ક્યાંથી જાણી શકીએ?[૨૨] જેઓ દેહને ધારણ કરી રહ્યા છે તેઓ, પોતાને વિષેજ સારી પેઠે રહેલા એવા આપને જાણી શકતા નથી; પણ કેવળ ગુણોનેજ જાણી શકે છે; અથવા ગુણોને પણ બરાબર જાણતા નથી, કિંતુ માત્ર તમોગુણજ જોયા કરે છે; કેમકે તેઓ આપની માયાથી મોહિત મનવાળા છે અને કેવળ બુદ્ધિનાજ પ્રાધાન્યવાળા છે—બુદ્ધિનેજ અધીન છે, તેથી તેઓને કેવળ બાહ્યજ્ઞાનજ છે.* આપ શુદ્ધ જ્ઞાનમૂર્તિ છો અને સ્વાભાવિક રીતેજ માયાગુણના નિમિત્તરૂપ એવા ભેદ તથા મોહનો નાશ કરનારા સનંદન આદિ મુનિઓથી જાણવા યોગ્ય છો; તે આપને હું મૂઢ શી રીતે જાણી શકું?[૨૩।૨૪] માટે હે અત્યંત શાંતમૂર્તિ દેવ! પુરાણપુરુષ એવા આપને અમે કેવળ નમસ્કારજ કરીએ છીએ. માયાના ગુણો, જગતની સૃષ્ટિ વગેરે કર્મો અને બ્રહ્માદિ સ્વરૂપો તે આપનાંજ છે. આપ કાર્ય, કારણ અથવા પુણ્ય કે પાપથી મુક્ત છો અને તેથીજ નામ તથા રૂપથી રહિત છો; તોપણ લોકોને જ્ઞાનનો ઉપદેશ આપવા માટે આપે શરીર ધારણ કર્યું છે.[૨૫] આ લોક આપની માયા વડે રચાયલો છે; તેમાં જેઓનાં મન કામથી, લોભથી, ઇર્ષ્યાથી તથા મોહથી ભ્રમિત થયાં હોય છે તેઓ, ઘર વગેરે પદાર્થોમાં 'આ બધી વસ્તુઓ સાચી છે' આવી બુદ્ધિથી ભટક્યા કરે છે.[૨૬] હે સર્વ પ્રાણીઓના આત્મા! આજે આપનાં દર્શન થવાથી કામવાસનાઓ, કર્મો તથા ઇન્દ્રિયોના આશ્રયરૂપ અમારો દઢ મોહપાશ કપાઇ ગયો છે.'[૨૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! એ રીતે જેમનો પ્રભાવ અંશુમાને ગાયો હતો, એવા ભગવાન કપિલ મુનિએ બુદ્ધિથી અંશુમાન ઉપર અનુગ્રહ કરી તેને આ રીતે કહ્યું.[૨૮]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે પુત્ર! આ ઘોડો તારા દાદાનો યજ્ઞપશુ છે, માટે એને તું લઇ જા અને આ તારા કાકાઓ બળી ગયા છે, તેઓને માટે ગંગાજળજ યોગ્ય છે; બીજું કંઈ યોગ્ય નથી—અર્થાત્ તેમના ઉદ્ધાર માટે ગંગાને લાવીને તેના જળથીજ તેઓની ઉત્તરક્રિયા તારે કરવી.'[૨૯]

"તે પછી અંશુમાન, કપિલ ભગવાનને પ્રદક્ષિણા કરી મસ્તક નમાવી તેમને પ્રસન્ન કરીને પોતાને ત્યાં ઘોડો લઇ ગયો; એટલે સગર રાજાએ તે યજ્ઞપશુથી યજ્ઞના બાકી રહેલા ભાગને પૂર્ણ કર્યો.[૩૦] પછી અંશુમાનને રાજ્ય આપી પોતે નિઃસ્પૃહ તથા બંધનમુક્ત થઇને ઔર્વ ઋષિએ દર્શાવેલા માર્ગે સર્વોત્તમ ગતિને પામ્યો."[૩૧]

राज्यमंशुमति न्यस्य निःस्पृहो मुक्तबंधनः।
और्वोपदिष्टमार्गेण लेभे गतिमनुत्तमाम् ॥३१॥

નવમ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

* કહેવાનો ભાવ એ છે કે, દેહધારીઓ બુદ્ધિને વશ બની જઈ જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં વિષયોને જોયા કરે છે અને સુષુપ્તિમાં કેવળ અજ્ઞાનનેજ જુએ છે; પણ આપ નિર્ગુણને જોઇ શકતા નથી; કેમકે આપની માયાથી તેઓનાં મન મોહિત થયાં છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ९ मो*

ભગીરથ પૃથ્વી પર ગંગાજી લાવ્યા

॥ श्रीशुक उवाच ॥

अंशुमांश्च तपस्तेपे गंगानयनकाम्यया ।
कालं महांतं नाशक्नोत्ततः कालेन संस्थितः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"(પોતાના પુત્રને રાજ્ય સોંપી) અંશુમાને, ગંગાજી લાવવાની ઇચ્છાથી ઘણા લાંબા સમય સુધી તપશ્ચર્યા કરી; પણ ગંગાજીને તે લાવી શક્યો નહિ અને કાળે કરીને મરણ પામ્યો.[1] એજ પ્રમાણે તેનો પુત્ર દિલીપ રાજા પણ ગંગાને લાવી શક્યો નહિ અને મરણ પામ્યો; એટલે તેના પુત્ર ભગીરથે (ગંગાને લાવવાને) અતિ મહાન તપશ્ચર્યા કરવા માંડી.[2] દેવી ગંગાએ તેના પર પ્રસન્ન થઇ તેને દર્શન દીધાં અને 'હું તારા પર પ્રસન્ન થઇ છું અને તને વરદાન આપું છું' એમ તેને કહ્યું; એટલે રાજાએ નમન કરી પોતાનો અભિપ્રાય જણાવ્યો; ત્યારે ગંગાએ તેને કહ્યુંઃ 'હે રાજા ! હું જ્યારે પડું ત્યારે મારા વેગને ધારણ કરનાર કોઇ જોઇશે; નહિ તો પૃથ્વી ફાડીને હું રસાતલમાં પેસી જઈશ.[3][4] વળી હું પૃથ્વી પર તો જઈશ નહિ; કેમકે હે રાજન્ ! હું પૃથ્વી પર જાઉં અને ત્યાં લોકો મારામાં પાપ ધૂએ, તે પાપને હું ક્યાં ધોઉં ? તેનો પણ તારે વિચાર કરવો જોઇએ.[5]

ભગીરથ બોલ્યોઃ–'સર્વ સંગનો ત્યાગ કરનારા, શાંત, બ્રહ્મનિષ્ઠ અને લોકોને પવિત્ર કરનારા સત્પુરુષો, તમારા અંગનો સંગ કરીને તમારાં પાપોને દૂર કરશે; કેમકે તેવા સત્પુરુષોમાં પાપોને નાશ કરનારા શ્રીહરિ બિરાજે છે; તેમજ પ્રાણીઓના આત્મા એવા શંકર ભગવાન, તમારા વેગને ધારણ કરશે; જે શંકર ભગવાનને વિષે, તંતુઓમાં જેમ સાડી રહેલી હોય છે તેમ આ જગત ઓતપ્રોત થઈ રહ્યું છે.[6][7] એમ કહીને તે રાજાએ શંકરદેવને તપથી પ્રસન્ન કર્યા. હે રાજન્ ! શંકર ભગવાન તેના પર અલ્પ સમયમાંજ પ્રસન્ન થયા[8] અને સર્વ લોકના હિતકારી તેમણે '**તથાસ્તુ**' કહીને પરમસાવધાન થઇ શ્રીહરિના ચરણથી પવિત્ર જળવાળાં ગંગાજીને મસ્તકે ધારણ કર્યાં.[9] પછી રાજર્ષિ ભગીરથ જગતને પવિત્ર કરનાર તે ગંગાજીને, પોતાના પિતૃઓનાં શરીરો ભસ્મ થઇને પડ્યાં હતાં તે સ્થળે લઇ ગયો.[10] તે વેળા ભગીરથ રાજા વાયુ સમાન વેગવાળા રથમાં બેસીને આગળ ચાલતો હતો અને દેશોને પવિત્ર કરતી ગંગા તેની પાછળ પાછળ દોડી જતી હતી. તેણે સગર રાજાઓના બળી ગયેલા પુત્રોને (પોતાના જળથી) નવરાવ્યા હતા.[11] એ રીતે બ્રહ્મદંડથી નાશ પામેલા છતાં સગરના પુત્રો, ગંગાજીના જળનો માત્ર સ્પર્શ થતાંજ કેવળ શરીરની રાખજ રહી હતી, તોપણ સ્વર્ગે ગયા હતા.[12] તે સગરના પુત્રો કેવળ ભસ્મીભૂત થયેલા શરીરથી પણ જેનો સ્પર્શ કરીને સ્વર્ગે ગયા હતા, તે ગંગાદેવીનું જે લોકો વ્રતધારી થઇને સેવન કરે છે, તેઓ સ્વર્ગે જાય એમાં શું કહેવાનું હોય ?[13] ભગવાનના ચરણકમળથી ઉત્પન્ન થયેલાં અને સંસારનો નાશ કરનારાં ગંગાજીનું પરમ આશ્ચર્યકારક ચરિત્ર અહીં જે કહ્યું તેમાં કંઇ નવાઇ પામવા જેવું નથી;[14] કેમકે અનંત ભગવાનમાં શ્રદ્ધાપૂર્વક મન સ્થાપીને પવિત્ર થયેલા મુનિઓ, દુસ્ત્યજ એવા દેહસંબંધને તજીને તત્કાળ એ ભગવત્સ્વરૂપને પામી ગયા છે. (તે અનંત ભગવાનનું ચરણોદક ગંગા પવિત્ર હોય એમાં શું આશ્ચર્ય છે ?)[15] એ ભગીરથથી શ્રુત નામે પુત્ર થયો હતો; શ્રુતનો નાભ, નાભથી સિંધુદ્વીપ, સિંધુદ્વીપથી અયુતાયુ અને અયુતાયુથી ઋતુપર્ણ નામે પુત્ર ઉત્પન્ન થયો હતો; જે નલ રાજાનો મિત્ર હતો અને નલ રાજાને જુગારની વિદ્યાનું રહસ્ય આપીને તેની પાસેથી અશ્વ-

* આ અધ્યાયમાં ખટ્વાંગ સુધીનો અંશુમાનનો વંશ વર્ણવાશે; જેના પૌત્ર ભગીરથ, ગંગાને પૃથ્વી પર લાવ્યા એ કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિદ્યા પામ્યો હતો. તેનો પુત્ર સર્વકામ, સર્વકામનો સુદાસ અને સુદાસનો સૌદાસ નામે પુત્ર હતો, જે મદયંતી નામની સ્ત્રીનો પતિ હતો અને જેને મિત્રસહ તથા કલ્માષાંઘ્રિ નામથી પણ લોકો કહે છે. એ સૌદાસ રાજા, વસિષ્ઠ ઋષિના શાપથી રાક્ષસ થયો હતો અને પોતાના કર્મને લીધે સંતાનરહિત હતો."[૧૬-૧૮]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"મહાત્મા સૌદાસને ગુરુનો શાપ કયા કારણે થયો હતો? એ જાણવાને અમે ઇચ્છીએ છીએ; માટે તે વાત જો ગુપ્ત રાખવા જેવી ન હોય, તો આપ કહો."[૧૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"સૌદાસ રાજા એક સમયે મૃગયા કરવા ગયો હતો; ત્યાં તેણે ફરતાં ફરતાં એક રાક્ષસને મારી નાખ્યો ને તે રાક્ષસના ભાઇને છોડી મૂક્યો; જેથી તે રાક્ષસ તેના ભાઇના વૈરનો બદલો લેવાની ઇચ્છાથી સૌદાસના નગરમાં ગયો હતો.[૨૦] ત્યાં તેણે રાજા કઇ રીતે અપરાધમાં આવે તે વિચારી રાજાને ઘેર રસોઇયાનું રૂપ ધારણ કરી લીધું અને સૌદાસ રાજાના ગુરુ વસિષ્ઠને ભોજન કરવાની ઇચ્છા થઇ ત્યારે પેલા રસોઈયાનું રૂપ ધરનારા રાક્ષસે, મનુષ્યનું માંસ રાંધીને તેમને માટે આણ્યું હતું.[૨૧] ભગવાન વસિષ્ઠે તે પીરસાઈ રહેલા માંસને અભક્ષ્ય જાણી, ક્રોધાયમાન થઇને રાજાને શાપ આપ્યો હતો કે, 'આમ કરવાથી તું રાક્ષસ થઇ જઇશ.'[૨૨] પછીથી એ કામ તો રાક્ષસે કર્યું હતું, એમ જાણીને વસિષ્ઠે એ શાપને બાર વર્ષની અવધિનો કર્યો હતો. એ સમયે સૌદાસ રાજા પણ હાથમાં જળ લઇ ગુરુને શાપ દેવા તૈયાર થયો હતો; પણ તેની સ્ત્રી મદયંતીએ તેને તેમ કરતો રોકયો હતો. એ પછી તે રાજાએ દિશાઓ, આકાશ તથા પૃથ્વી, એ સર્વને જીવમય જોઇને એ (શાપ માટેનું) તીક્ષ્ણ જળ પોતાના પગ પરજ નાખી દીધું હતું.+ (તેથી તેના પગ કાળા થઇ ગયા ને લોકમાં તે 'કલ્માષાંઘ્રિ' એવા નામ વડે પ્રસિદ્ધ થયો.)[૨૩-૨૪] એવી રીતે સૌદાસ રાજા રાક્ષસપણાને પામ્યો હતો ને પગે તેને કાળાશ થઈ હતી. એક સમયે (રાક્ષસપણામાં જંગલમાં ફરતાં ફરતાં) તેણે વનમાં વાસ કરતા એક બ્રાહ્મણ તથા બ્રાહ્મણીને પરસ્પર મૈથુન કરતાં જોયાં હતાં.[૨૫] તે વેળા ક્ષુધાથી તે પીડાતો હતો; તેથી તેણે પેલા બ્રાહ્મણને જેવો પકડ્યો કે તુરતજ તે બ્રાહ્મણની સ્ત્રીએ દીન જેવી થઈ જઇને તેને કહેવા માંડ્યું: 'હે વીર! તું સાક્ષાત્ રાક્ષસ નથી; તું તો ઇક્ષ્વાકુ વંશનો મહારથી છે અને મદયંતીનો પતિ છે. તારે આવો અધર્મ કરવો યોગ્ય નથી. હું સંતાનની ઇચ્છાવાળી છું અને આ મારો બ્રાહ્મણ પતિ હજી મૈથુનસુખને પામ્યો પણ નથી; માટે તું મારા પતિને આપી દે.[૨૬-૨૭] હે રાજન્! આ મનુષ્યશરીર પુરુષને સર્વ પુરુષાર્થો આપનારું છે; માટે મારા આ પતિનો નાશ કરવો તે તેના સર્વ પુરુષાર્થોનો નાશ કરવા સમાન છે.[૨૮] વળી આ બ્રાહ્મણ છે; વિદ્વાન છે; તપ, શીલ તથા ગુણોવાળો છે અને મહાપુરુષ નામવાળા પરબ્રહ્મ, કે જે સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે રહેલા છે, છતાં ગુણોને લીધે ઢંકાયલા જણાય છે, તેમની આરાધના કરવા ઇચ્છે છે;[૨૯] માટે હે ધર્મજ્ઞ રાજા! બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ઠ એવા આ બ્રાહ્મણ, રાજર્ષિઓમાં શ્રેષ્ઠ એવા તારા થકી જેમ પિતાને હાથે પુત્રનો નાશ અયોગ્ય છે, તેમ કેવી રીતે નાશને યોગ્ય છે?[૩૦] તું સત્પુરુષોમાં માન્ય છે, છતાં આ ઉત્તમ ને નિષ્પાપ એવા બ્રહ્મવાદી બ્રાહ્મણના નાશને ગોવધની પેઠે શી રીતે ઉત્તમ માને છે?[૩૧] તું આ બ્રાહ્મણને ખાઇ જવા ઇચ્છે છે, તો એમની પહેલાં તું મનેજ ખાઈ જા; કેમકે એમના વિના હું શબની પેઠે એક ક્ષણવાર પણ જીવીશ નહિ.'[૩૨] એ રીતે તે બ્રાહ્મણી

+ શાપ માટે લીધેલું તીક્ષ્ણ જળ પ્રાણીઓ ઉપરના મિત્રભાવને લીધે સૌદાસ રાજાએ બીજે ક્યાંય પણ નહિ ઢોળતાં, પોતાના પગ ઉપરજ નાખી દીધું હતું, તેથીજ તેનું બીજું નામ 'મિત્રસહ' એવું પડ્યું હતું. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનાથની પેઠે કરુણ ભાષણ અને વિલાપ કરતીજ રહી; તેટલામાં તો વાઘ જેમ પશુને ખાઈ જાય, તેમ શાપથી મોહિત થયેલો સૌદાસ પેલા બ્રાહ્મણને ખાઇ ગયો.[૩૩] એ રીતે પોતાનામાં ગર્ભાધાન કરનાર પતિને સૌદાસ ખાઈ ગયો, તે જોઈને તે સતી બ્રાહ્મણી, પતિનો શોક કરતી કોપી ઊઠી; તેણીએ રાજાને શાપ આપ્યો કે,[૩૪] 'ઓ પાપી! હું કામથી પીડાતી હતી, છતાં તું મારા પતિને ખાઇ ગયો; માટે ઓ મૂર્ખ! તારું પણ ગર્ભાધાન કરતાંજ મૃત્યુ થશે, એવો હું તને શાપ આપું છું.'[૩૫] એ રીતે મિત્રસહ–સૌદાસ રાજાને શાપ આપી પતિલોકમાં જવા તત્પર થયેલી તે બ્રાહ્મણી, પ્રજ્વલિત અગ્નિમાં પોતાના પતિનાં હાડકાં નાખીને સ્વામીની ગતિને પામી.[૩૬] તે પછી બાર વર્ષ પૂરાં થયાં; એટલે શાપથી મુક્ત થઇને સૌદાસ રાજા મૈથુન કરવા માટે તૈયાર થયો; એટલે તેની રાણીએ પેલી બ્રાહ્મણીનો શાપ જાણી તેને મૈથુન કાર્યથી રોક્યો હતો.[૩૭] તે દિવસથી સૌદાસ રાજાએ સ્ત્રીનું સુખ છોડી દીધું અને એ રીતે બ્રહ્મહત્યાના કર્મથી તે પ્રજારહિત રહ્યો હતો. તેણે પોતાની રાણીમાં ગર્ભાધાન કરવા વસિષ્ઠને રજા આપી હતી; તેથી વસિષ્ઠે, મદયંતીમાં ગર્ભાધાન કર્યું હતું.[૩૮] મદયંતીએ સાત વર્ષપર્યંત ગર્ભ ધારણ કરી રાખ્યો, છતાં તેને પ્રસવ ન થયો, તેથી વસિષ્ઠેજ તેણીના પેટ ઉપર પથ્થર મારીને પ્રસવ કરાવ્યો હતો. એ ઉપરથી તેણીનો જન્મેલો પુત્ર 'અશ્મક' નામે કહેવાયો હતો.[૩૯] એ અશ્મકથી મૂલક નામે પુત્ર થયો હતો. જેને સ્ત્રીઓમાં છુપાવીને પરશુરામથી બચાવ્યો હતો; માટે લોકો તેને 'નારીકવચ'ના નામથી કહેતા હતા અને પરશુરામે આખી પૃથ્વી ક્ષત્રિયરહિત કરી હતી ત્યારે તે એકલો ક્ષત્રિયોના મૂળ તરીકે રહ્યો હતો; માટે તેને 'મૂલક' એવા નામથી પણ લોકો કહેતા હતા.[૪૦] એ અશ્મક રાજાથી દશરથ નામે પુત્ર થયો હતો; તેનાથી એડવિડ નામે પુત્ર થયો હતો અને તેનો પુત્ર વિશ્વસહ નામે રાજા થયો હતો, કે જે વિશ્વસહનો પુત્ર ખટ્વાંગ નામે ચક્રવર્તી રાજા થયો હતો. એ ખટ્વાંગ રાજાને દેવોએ પ્રાર્થના કરી હતી, તેથી તે દુર્જય રાજાએ યુદ્ધમાં દૈત્યોનો સંહાર કર્યો હતો; પછી ('તું વરદાન માગ' એમ કહી પ્રસન્ન થયેલા દેવો પાસેથી) પોતાના આયુષને બે ઘડીજ (બાકી રહેલું) જાણી લઇ (દેવો પાસેથી કંઇ પણ વરદાન માગ્યા વિના) પોતાના નગરમાં આવીને તેણે મનને ભગવાનમાં સ્થાપી દીધું હતું.[૪૧-૪૨] તે વેળા તેણે મનમાં વિચાર કર્યો હતો કે, 'મને મારા કુળદેવરૂપ બ્રાહ્મણો કરતાં પ્રાણ, પુત્રો, લક્ષ્મી, પૃથ્વી, રાજ્ય કે સ્ત્રીઓ અત્યંત વહાલાં નથી. મારી બુદ્ધિ બાળપણમાં કદી અધર્મમાં ગઇ નથી ને મેં કોઇ પણ વસ્તુને ઉત્તમ કીર્તિવાળા ભગવાનથી ભિન્ન કદી જોઈ નથી. મને ત્રણ જગતના ઈશ્વર દેવોએ ઇચ્છિત વરદાન આપ્યું છે; તોપણ મારી ભાવના કેવળ શ્રીહરિમાંજ લાગેલી છે, તેથી હું તે વરદાન માગવાનોજ નથી; કેમકે દેવોની પોતાની પણ ઇન્દ્રિયો ને બુદ્ધિ વિષયોથી વ્યગ્ર રહે છે; જેથી પોતાના હૃદયમાંજ રહેલા નિત્યપ્રિય આત્મારૂપ પરમેશ્વરને તેઓ પણ જાણી શકતા નથી, તો પછી બીજાઓ તો ક્યાંથીજ જાણી શકે? માટે હું, પરમેશ્વરની માયાથી રચાયેલા અને ગંધર્વનગર સમાન મિથ્યા એવા વિષયો પરનો સંગ મારામાં સ્વભાવથી રૂઢ થયો છે, છતાં પણ જગતકર્તા ઉપરના ભાવથી તેનો ત્યાગ કરીને તેજ પરમેશ્વરને શરણે જાઉં છું.'[૪૩-૪૭] આ રીતે ભગવાન નારાયણને વશ થયેલી બુદ્ધિથી નિશ્ચય કરી તે રાજાએ દેહાદિ પરના અભિમાનરૂપ અજ્ઞાનનો ત્યાગ કરી દઇ સ્વસ્વરૂપનો આશ્રય કર્યો હતો, કે જે સ્વસ્વરૂપને (વેદાંતીઓ) પરબ્રહ્મ કહે છે, સૂક્ષ્મ કહે છે; શૂન્ય નહિ હોવા છતાં (વાણી આદિના અવિષય હોવાથી) શૂન્યની પેઠે કલ્પે છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને ભક્તો 'ભગવાન વાસુદેવ' એ પ્રમાણે કહે છે."૪૮।૪૯

यत्तद्ब्रह्म परं सूक्ष्ममशून्यं शून्यकल्पितम् ।
भगवान् वासुदेवेति य गृणंति हि सात्त्वताः ॥४९

ઇતિ શ્રીમદ્દભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो+

શ્રીરામચંદ્રજીનું સંક્ષિપ્ત ચરિત્ર

॥ શ્રીશુક ઉવાચ ॥

खट्वांगाद्दीर्घबाहुश्च रघुस्तस्मात् पृथुश्रवाः ।
अजस्ततो महाराजस्तस्माद्दशरथोऽभवत् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"ખટ્વાંગથી દીર્ઘબાહુ, દીર્ઘબાહુથી મોટી કીર્તિવાળો રઘુ, રઘુથી મહારાજ અજ અને અજથી દશરથ થયો.[1] એ દશરથ રાજાને ત્યાં સાક્ષાત્ બ્રહ્મમય ભગવાન શ્રીહરિ દેવોની પ્રાર્થના પરથી અંશના પણ અંશ વડે રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્નના નામે ચાર પુત્રોરૂપે અવતર્યા હતા. હે રાજન્! તેઓમાં સીતાપતિ શ્રીરામનું ચરિત્ર તત્ત્વદ્રષ્ટા (વાલ્મીકાદિ) ઋષિઓએ અત્યંત વર્ણવ્યું છે, જે તમે વારંવાર સાંભળ્યું હશે.[2।3] (તોપણ અહીં હું ટૂંકમાં કહું છું, તે તમે સાંભળો.) જે શ્રીરામચંદ્ર, પોતાના પિતા માટે રાજ્યનો ત્યાગ કરી સીતાજીના હાથનો પણ સ્પર્શ સહન ન કરે તેવા કમળ સમાન કોમળ ચરણથી પ્રત્યેક વનવગડામાં ભટક્યા હતા; જેમના માર્ગના પરિશ્રમને હનુમાન તથા લક્ષ્મણજીએ દૂર કર્યો હતો; શૂર્પણખાનાં નાક–કાન કાપી લઇ તેણીને વિરૂપ કરવાથી (તેણીએ લોભાવેલા રાવણે સીતાનું હરણ કર્યું ત્યારે) પ્રિયાના વિરહને લીધે ઉત્પન્ન થયેલા ક્રોધથી જેમની ભ્રૂકુટિ ચડી ગયેલી હતી અને તે ભ્રૂકુટિના ત્રાસમાત્રમાં જેમનાથી સમુદ્ર ત્રાસી ગયો હતો અને (પછી સમુદ્રની વિનતિથી) જેમણે સમુદ્ર પર પૂલ બાંધ્યો હતો, તે રાવણ આદિ ખળ પુરુષોના વનને દાવાનળ સરખા કોશલેન્દ્ર–શ્રીરામચંદ્રજી અમારું રક્ષણ કરો. જેમણે વિશ્વામિત્રના યજ્ઞમાં મારીચ વગેરે મોટા મોટા રાક્ષસોનો લક્ષ્મણના દેખતાંજ વિનાશ કર્યો હતો.[4।5] પછી હે રાજા! જેમણે સીતાના સ્વયંવરમંડપમાં જગતના વીરપુરુષોની સભા વચ્ચે ત્રણસો માણસોએ આણેલા શંકરના ઉગ્ર ધનુષને શેરડીના સાંઠાની પેઠે રમતમાત્રમાં ઉઠાવી લઇ સજ્જ કર્યું હતું અને પછી તે ધનુષને ખેંચીને નાના હાથી જેવી લીલા કરતા તે રામચંદ્રજીએ વચમાંથીજ ભાંગી નાખ્યું હતું;[6] પછી પોતાને યોગ્ય રૂપ, ગુણ, શીલ, વય તથા અંગના સ્વરૂપવાળાં અને પૂર્વકાળમાં જેમણે વક્ષઃસ્થળ ઉપર રહીને માન મેળવ્યું હતું એવાં સીતાદેવી નામનાં લક્ષ્મીને (ધનુષભંગની શરતમાં) જીતી ત્યાંથી માર્ગે જતાં (ધનુર્ભંગનો મહાનાદ સાંભળવાથી ખળભળી ઊઠેલા) ભૃગુપતિ પરશુરામના રૂઢ ગર્વને દૂર કર્યો હતો; જે પરશુરામે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિયના બીજથી શૂન્ય કરી હતી.[7] તે પછી રામચંદ્રે સત્યના પાશથી બંધાયલા અને સ્ત્રીલંપટ એવા પણ પિતા દશરથની આજ્ઞાને શિરસા સ્વીકારી હતી અને યોગી જેમ પ્રાણોનો ત્યાગ કરે તેમ રાજ્ય, લક્ષ્મી, સંબંધીઓ, મિત્રો ને નિવાસસ્થાનનો ત્યાગ કરી સ્ત્રીની સાથે પોતે વનમાં ગયા હતા[8] અને ત્યાં રાવણની બહેન શૂર્પણખા જે અશુદ્ધ બુદ્ધિવાળી હતી, (એટલે સીતાને લઇ જવા ઇચ્છતી હતી અથવા કામાતુર થઈ ગઇ હતી,) તેણીના રૂપને (નાક–કાન કાપી લઇ) જેમણે બેડોળ કર્યું હતું અને તેના ભાઇ ખર, ત્રિશિરા તથા દૂષણ જેમાં મુખ્ય હતા એવા ચૌદ હજાર રાક્ષસોને સંહાર્યા હતા ને હાથમાં અસહ્ય ધનુષ ધારણ કરી જંગલમાં ફરતાં ફરતાં

+ આ અધ્યાયમાં ખટ્વાંગના વંશમાં શ્રીરામચંદ્રજીની ઉત્પત્તિ તથા લંકાપતિ રાવણનો વધ કરી અયોધ્યા આવવા સુધીનું તેમનું ચરિત્ર વર્ણવાશે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાકષ્ટે નિવાસ કર્યો હતો. પછી હે રાજા ! સીતાની વાત સાંભળવાથી જેને કામવાસના પ્રકટી હતી, એવા રાવણે મોકલેલા અને અદ્ભુત મૃગના શરીરને ધારણ કરનારા મારીચ રાક્ષસને જોઇને, (તેને પકડી લાવવા સીતાની પ્રેરણાથી) પોતાનાં આશ્રમમાંથી તેની પાછળ ખેંચાઇને રુદ્રદેવે જેમ દક્ષપ્રજાપતિને મારી નાખ્યો હતો, તેમ બાણથી તેને મારી નાખ્યો હતો. તે પછી અધમ રાક્ષસ રાવણે, રામચંદ્રજીની ગેરહાજરીમાં વરુની પેઠે વનમાં આવીને જ્યારે સીતાજીનું હરણ કર્યું, ત્યારે સ્ત્રીવિયોગી થઇને 'સ્ત્રીનો સંગ કરનારાઓની આ દશા થાય છે' એમ જગતને બતાવવા દીન મનુષ્યની પેઠે વનવગડે ભટક્યા હતા.૧૦।૧૧ પછી સીતાજીના રક્ષણરૂપી પોતાનું કૃત્ય કરવા જતાં રાવણની સાથેના યુદ્ધમાં જે માર્યો ગયો હતો અને જેને માટે અગ્નિદાહ સંસ્કાર વગેરે શાસ્ત્રીય કૃત્ય પણ કોઈ કરનાર ન હતું તે જટાયુનો, જેમ પુત્ર પિતાનો અગ્નિસંસ્કાર કરે તેમ જેમણે અગ્નિસંસ્કાર કર્યો હતો અને (બન્ને બાહુઓ પહોળા કરી પોતાને પકડવા આવેલા રાક્ષસ) કબંધનો વધ કર્યો હતો. તે પછી વાલીનો નાશ કરી વાનરોની સાથે મિત્રતા કરીને તેઓદ્વારા સીતાના સમાચાર જેમણે જાણ્યા હતા અને પછી બ્રહ્મા તથા શંકરે પણ જેમના ચરણને પૂજ્યા હતા, એવા તે મનુષ્યસ્વરૂપી રામ ભગવાન્, વાનરરાજાઓની સેનાઓની સાથે સમુદ્રકિનારે ગયા હતા.૧૨ (ત્યાં ત્રણ દિવસના ઉપવાસો કરી સમુદ્રની રાહ જોઈ; તોપણ સમુદ્ર જ્યારે ન આવ્યો ત્યારે) જેમના ક્રોધના વિલાસથી ફેંકાયલો કટાક્ષ પડતાંજ જેની અંદર મોટાં મોટાં માછલાંઓ અને મગરમચ્છો ખળભળી ઊઠ્યાં હતાં અને ભયને લીધે જેની ગર્જના પણ બંધ પડી ગઈ હતી એવો સમુદ્ર, સાક્ષાત્ પ્રકટ થઇને પોતાના મસ્તક પર સર્વ પૂજાસાહિત્ય લઇને રામ ભગવાનના ચરણકમળ સમીપ હાજર થયો હતો અને આ પ્રમાણે બોલ્યો હતો કે, ૧૩ 'હે વ્યાપક દેવ ! અમે જડ બુદ્ધિવાળાઓ જગતના અધીશ્વર અને નિર્વિકાર આપ આદિપુરુષને જાણી શકતા નથી. જેમને વશ રહેનારા સત્ત્વગુણથી દેવગણો ઉત્પન્ન થાય છે, રજોગુણથી પ્રજાપતિઓ ઉત્પન્ન થાય છે અને તમોગુણથી ભૂતપતિઓ ઉત્પન્ન થાય છે–તે આપ ગુણોના નિયંતા છો. હે વીર ! આપ ભલે સુખેથી આગળ વધો; ત્રૈલોક્યને રડાવનાર વિશ્રવાના વિષ્ટાતુલ્ય પુત્ર (રાવણ)-નો વધ કરો; પત્ની–સીતાને પાછી લાવો અને આપના યશનો વિસ્તાર કરવાને માટે મારા ઉપર પુલ બાંધો; જે પુલની સમીપ આવીને (ભવિષ્યના) દિગ્વિજયી રાજાઓ આપના યશને ગાયા કરે.'૧૪।૧૫ પછી રઘુપતિ રામચંદ્રે, મોટા મોટા વાનરોના હાથથી જેના પરની વૃક્ષશાખાઓ કંપી રહી હતી એવાં અનેક પર્વતો તથા શિખરો વડે સમુદ્ર ઉપર પુલ બાંધ્યો અને (તે પુલ ઉપર થઇને) સુગ્રીવ, નીલ, હનુમાન વગેરેની સેનાઓ સાથે વિભીષણની બુદ્ધિ અનુસાર લંકામાં પ્રવેશ કર્યો હતો, જે લંકાને હનુમાનજીએ પ્રથમથીજ બાળી મૂકી હતી. તે વેળાએ લંકાનાં વિહારક્ષેત્રોને, કોઠાઓને, ખજાનાઓને, મકાનોને, બારણાંઓને, દરવાજાઓને, સભાગૃહોને, ઉપરનાં ઘરોને તથા ચબૂતરાઓને વાનરોએ ઘેરી લીધાં હતાં અને વેદિકાઓ, ધજાઓ, સોનાના કળશો તેમજ ચૌટાંઓને પણ વાનરો ભાંગી રહ્યા હતા; તેથી જેમ હાથીઓનાં ટોળાંઓ વડે કોઇ નદી ડહોળાઇ જાય, તેમ લંકા ખળભળી ઊઠી હતી.૧૬।૧૭ તે જોઇ રાક્ષસરાજ રાવણે નિકુંભ, કુંભ, ધૂમ્રાક્ષ, દુર્મુખ, સુરાંતક, નરાંતક વગેરેને તથા પુત્ર ઇન્દ્રજિત, પ્રહસ્ત, અતિકાય અને વિકંપન વગેરે સર્વ અનુચરોને અને કુંભકર્ણને પણ યુદ્ધ કરવા મોકલ્યા હતા.૧૮ એ રાક્ષસોની સેના તલવાર, ત્રિશૂલ, ધનુષ, ભાલા, બેધારી તલવારો, શક્તિઓ, બાણો, તોમરો તથા ખડ્ગોને લીધે દુર્ગમ હતી; તોપણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રામચંદ્રજી, સુગ્રીવ, લક્ષ્મણ, હનુમાન, ગંધમાદન, નીલ, અંગદ, જાંબવાન તથા પનસ વગેરેની સાથે તેની સામે ધસી ગયા હતા. એ વેળા રઘુપતિના તે સર્વ અંગદ વગેરે સેનાપતિઓ, રાવણના હાથીઓ, પાળાઓ, રથીઓ તથા ઘોડેસવારોના સૈન્ય સામે બબ્બેના જોડારૂપે ચડી ગયા હતા અને સીતાનો સ્પર્શ કરવાથી જેનું મંગળ નાશ પામ્યું હતું, એવા રાવણના યોદ્ધાઓને વૃક્ષો, પર્વતો, ગદાઓ તથા બાણોથી તેઓએ મારી નાખ્યા હતા.૧૯-૨૦ રાક્ષસોનો રાજા રાવણ, પોતાના સૈન્યનો એ પ્રમાણે નાશ થયેલો જોઇ ક્રોધાયમાન થઈ રથમાં બેસી રામચંદ્રજીની સામે ધસી આવ્યો હતો ને માતલિ સારથિએ આણેલા તેજસ્વી સ્વર્ગીય રથમાં પ્રકાશી રહેલા રામચંદ્ર પર તેણે સજાયા જેવાં તીક્ષ્ણ બાણોનો મારો ચલાવ્યો હતો. તે સમયે રામે તેને કહ્યું હતું કે, 'ઓ તુચ્છ રાક્ષસ! તેં દુષ્ટે અમારી ગેરહાજરીમાં એક કૂતરાની પેઠે આવીને અમારી સ્ત્રીનું હરણ કર્યું છે; માટે કાળની પેઠે અલંઘ્ય પરાક્રમવાળો હું આજે તે નિંદ્ય કર્મ કરનાર તને નિર્લજ્જને તેનું ફળ આપું છું.'૨૧-૨૨ આવો તિરસ્કાર કરીને રામચંદ્રે, ધનુષમાં સાધેલું વજ્ર જેવું બાણ છોડ્યું હતું, જે બાણે રાવણનું હૃદય ચીરી નાખ્યું હતું. એ સમયે જેમ કોઇ પુણ્યશાળી જીવ પુણ્યથી ખાલી થતાં વિમાનમાંથી પૃથ્વી પર પડે છે, તેમ રાવણ પણ દશે મુખોથી લોહીને ઓકતો હાહાકાર કરતા લોકોની વચ્ચે વિમાન પરથી નીચે ગબડી પડ્યો હતો.૨૩ પછી હજારો રાક્ષસીઓ મંદોદરી સાથે લંકામાંથી નીકળીને રડતી રડતી ત્યાં દોડી ગઈ હતી.૨૪ તેઓ લક્ષ્મણનાં બાણોથી ઘાયલ થઇ પડેલા પોતપોતાના સંબંધીઓને ભેટી પડીને ઉચ્ચ સ્વરે રડતી હતી અને દીન બની જઈ પોતે પોતાના શરીર પર પ્રહારો કરતી આવા વિલાપ કરતી હતી:૨૫ 'હે લોકને રડાવનાર રાવણ! હે નાથ! અમે હવે હણાયલી છીએ. અફસોસ! શત્રુઓથી પીડાયલી આ લંકા તમારા વિનાની થઇને હવે કોને શરણે જશે?૨૬ હે મહાભાગ્યશાળી! તમે કામને વશ થયેલા હોઇ સીતાના તેજના પ્રભાવને જાણી શક્યા નહિ, જેથી તમે આ દશાને પામ્યા છો.૨૭ ઓ કુલનંદન! તમે આ લંકાને તથા અમને વિધવા કરેલી છે; પોતાના શરીરને ગીધડાંઓના અન્નરૂપ કર્યું છે અને પોતાના આત્માને નરકભોગને માટે તૈયાર કર્યો છે.'૨૮

શ્રીશુકદેવજી બોલ્યા:–"તે પછી વિભીષણે શ્રીરામચંદ્રજીની સંમતિ પ્રમાણે પોતાના (મરણ પામેલા) સંબંધીઓની પિતૃમેધના વિધિથી શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણેની ઉત્તરક્રિયા કરી. પછી ભગવાન રામચંદ્રે અશોકવાટિકારૂપ આશ્રમમાં સીસમના ઝાડ તળે બેઠેલાં અને પોતાના વિરહનો જેમને વ્યાધિ હતો એવાં દુર્બળ સીતાને જોયાં.૨૯-૩૦ તે વખતે પોતાનાં દર્શનના આનંદથી જેમનું મુખકમળ વિકસિત બન્યું હતું, એવાં પોતાનાં પ્રિયતમા સીતાને દીન દશામાં જોઈ રામચંદ્રજીને તેમના ઉપર દયા આવી ગઈ. તે ભગવાને સીતાજીને પોતાના વિમાનમાં બેસાડ્યાં અને પછી પોતે પણ લક્ષ્મણ, સુગ્રીવ તથા હનુમાનની સાથે વિમાનમાં બેસી ગયા. તેમણે વિભીષણને રાક્ષસગણોનો રાજા બનાવી લંકા નગરી આપી દીધી અને એક કલ્પપર્યંત આયુષ આપ્યું. પછી (એ વિભીષણને પણ સાથે લઇ) માર્ગમાં લોકપાલોએ અર્પણ કરેલાં પુષ્પોથી વધાવાતા અને બ્રહ્મા વગેરેથી હર્ષપૂર્વક સ્તુતિ કરાતા રામચંદ્ર, પોતાની અયોધ્યા નગરી તરફ વિદાય થયા; કેમકે પિતાની આજ્ઞા પાળવારૂપી વ્રત તેમણે પૂર્ણ રીતે પાળી લીધું હતું. એ સમયે તેમણે સાંભળ્યું કે, મારો ભાઇ ભરત (નંદિગ્રામમાં રહીને મારી રાહ જોતો મારા વનવાસથી માંડીને) ગાયના મૂત્રમાં રાંધેલી જવની રાબડી જ ખાય છે; વલ્કલ વસ્ત્ર પહેરે છે; જટા ધારણ કરે છે અને જમીન પર કંઈ પણ પાથર્યા વિના સૂઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહે છે. આવું સાંભળીને મહાદયાળુ રામચંદ્રજીને ઘણું દુઃખ થયું; બીજી તરફ ભરતજી પોતાના મોટા ભાઇ રામચંદ્રજીને આવેલા સાંભળી તેમની પાવડીઓ પોતાના મસ્તક પરમૂકી નગરવાસીઓ, મંત્રીઓ તથા પુરોહિતની સાથે પોતાની છાવણી નંદિગ્રામથી ગીત અને વાદિત્રોની ગર્જનાઓ સાથે તેમની સામે ગયા.[૩૧–૩૫] તે વેળા વારંવાર વેદ ભણતા વેદવાદીઓના વેદઘોષ, સોનેરી છેડાવાળી પતાકાઓ, રંગબેરંગી ધજાઓવાળા અને સોનેરી સાજવાળા ઉત્તમ ઘોડાઓથી જોડેલા સોનાના રથો, સુવર્ણના કવચોવાળા યોદ્ધાઓ, જાતજાતનાં વેપારીમંડળો, વેશ્યાઓ તથા પગલે પગલે પાછળ ચાલનારા સેવકો–એ બધાની સાથે રાજાના ચિહ્નરૂપ છત્ર–ચામર વગેરેને તથા નાનીમોટી બીજી ભેટની વસ્તુઓને પણ સાથે લઇને ભરતજી શ્રીરામચંદ્રજી સામા ગયા અને પ્રેમ વડે પીગળી ગયેલાં હૃદય તથા નેત્રથી તેમની આગળ પેલી પાવડીઓ મૂકીને બે હાથ જોડી તેમના ચરણમાં પડ્યા. એ વખતે ભરતજીનાં નેત્રોમાં અશ્રુઓ આવી રહ્યાં હતાં. પછી રામચંદ્રે પણ બન્ને બાહુઓથી ભરતને લાંબા સમય સુધી ભેટી નેત્રનાં અશ્રુજળથી તેમને નવરાવી દીધા અને લક્ષ્મણ તથા સીતાની સાથે બ્રાહ્મણોને તથા પોતાના કુળના વૃદ્ધ પુરુષોને પોતે નમસ્કાર કર્યા અને પ્રજાઓએ પણ રામચંદ્રજીને પ્રણામ કર્યા.[૩૬–૪૧] પોતાના એ રાજાને ઘણે લાંબે વખતે આવેલા જોઈ ઉત્તરકોશલ દેશની પ્રજાઓ પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડાઓને ફરકાવવા લાગી; પુષ્પોથી વધાવવા લાગી; અને હર્ષભેર નૃત્ય કરવા લાગી.[૪૨] હે રાજા! તે વખતે ભરતજીએ રામચંદ્રની પાવડીઓ લીધી હતી; વિભીષણ તથા સુગ્રીવે ચામર અને પંખો લીધાં હતાં. હનુમાને (ભગવાન પર) શ્વેત છત્ર ધારણ કર્યું હતું; શત્રુઘ્ને ધનુષ તથા ભાથા લીધાં હતાં; સીતાજીએ તીર્થજળનું કમંડલુ લીધું હતું; તથા અંગદે સોનાની તલવાર અને જાંબવાને ઢાલ લીધી હતી.[૪૩-૪૪] ભગવાન રામચંદ્ર, સ્ત્રીઓની સાથે પુષ્પકવિમાનમાં બિરાજ્યા હતા અને બંદિજનો તેમની સ્તુતિ કરતા હતા. હે રાજા! જેમ ચંદ્રમા ગ્રહોની સાથે ઉદય પામીને શોભે, તેમ ભગવાન રામચંદ્ર તે વેળા શોભતા હતા. પછી ભાઇઓથી સત્કાર પામેલા તે ભગવાને ઉત્સવોથી યુક્ત એવી અયોધ્યાનગરીમાં પ્રવેશ કરી રાજમહેલમાં જઇને ઓરમાન માતાઓનો, પોતાની માતાનો, વડીલોનો, મિત્રોનો તથા પોતાથી નાની વયના સંબંધીઓનો સામેથી સત્કાર પામી સત્કાર કર્યો અને સીતાજી તથા લક્ષ્મણજીએ પણ યથાયોગ્ય રીતે સર્વની મુલાકાત લીધી.[૪૫-૪૭] જેમ પ્રાણ આવતાં શરીરો ઊભાં થઇ જાય, તેમ પોતપોતાની માતાઓ પણ પુત્રોને આવેલા જોઇ ઊભી થઇ ગઇ ને તેઓને પોતાના ખોળામાં બેસાડી અશ્રુઓના ધોધ વરસાવતી શોકરહિત થઈ.[૪૮] તે પછી ગુરુ બૃહસ્પતિએ જેમ ઇન્દ્રનો રાજ્યાભિષેક કર્યો હતો, તેમ ગુરુ વસિષ્ઠે રામચંદ્રજીની જટા ઉતરાવી નાખીને કુલવૃદ્ધોની સાથે ચાર સમુદ્રનાં જળ વગેરેથી વિધિ પ્રમાણે રામચંદ્રનો રાજ્યાભિષેક કર્યો.[૪૯] એ પ્રમાણે (રાજ્યાભિષેકસમયે) મસ્તક પર જેમણે સ્નાન કર્યું હતું, સુંદર વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને પુષ્પોની માળાઓથી શણગાર્યા હતા એવા રામચંદ્રજી, સુંદર વસ્ત્રોથી અત્યંત શણગારેલા ભાઇઓ તેમજ સીતાજી સાથે શોભી રહ્યા હતા.[૫૦] પછી પોતાના ભાઇ ભરતજીએ પ્રણામ કરીને પ્રસન્ન કર્યા; એટલે રામચંદ્રજીએ રાજસિંહાસનનો સ્વીકાર કર્યો અને સ્વધર્મપરાયણ રહી વર્ણાશ્રમના ગુણોથી યુક્ત એવી પ્રજાઓનું પિતાની પેઠે પાલન કર્યું, જેથી પ્રજાઓ પણ તેમને પિતા તરીકે માનતી હતી.[૫૧] સર્વ પ્રાણીઓને સુખ આપનાર ધર્મવેત્તા રામચંદ્રજી જ્યારે રાજા હતા, ત્યારે ત્રેતાયુગનો સમય ચાલતો હતો; પણ (રામરા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જયના પ્રભાવથી) તે સમય સત્યયુગ જેવો થઇ પડયો હતો.[૫૨] હે ભરતશ્રેષ્ઠ રાજન્! (રામરાજ્યના કાળમાં) વનો, નદીઓ, પર્વતો, ખંડો, બેટો ને સમુદ્રો–એ સર્વે પ્રજાઓની કામનાઓને પૂર્ણ કરનારાં થયાં હતાં.[૫૩] ભગવાન રામચંદ્ર રાજા હતા ત્યારે માનસિક અને શારીરિક પીડાઓ, વૃદ્ધાવસ્થા, ગ્લાનિ, દુઃખ, શોક, ભય કે પરિશ્રમ એમાંનું કંઇ પણ ન હતું અને જેઓને મરવાની ઇચ્છા ન હતી, તેઓનું મૃત્યુ પણ થતું ન હતું.[૫૪] રામચંદ્રજી એક પત્નીવ્રતને ધારણ કરનારા, રાજર્ષિઓનાં ચરિત્રને આચરનારા, પવિત્ર અને ગૃહસ્થાશ્રમના સ્વધર્મનું બીજાઓને શિક્ષણ આપી પોતે પણ તે ધર્મનું આચરણ કરતા હતા;[૫૫] તેમજ પતિના અભિપ્રાયને જાણનારાં સતી સીતાજી પણ વિનયથી નમ્ર હતાં અને તેમણે પ્રેમથી, પતિના કહેવા પ્રમાણે વર્તવાથી, શીલથી, બુદ્ધિથી તથા લજ્જાથી પતિના મનને હરી લીધું હતું."[૫૬]

प्रेम्णाऽनुवृत्त्या शीलेन प्रश्रयावनता सती ।
धिया ह्रिया च भावज्ञा भर्तुः सीताऽहरन्मनः॥५६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो*

રામચંદ્રજીએ કરેલા યજ્ઞાદિનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

भगवानात्मनात्मानं राम उत्तमकल्पकैः ।
सर्वदेवमयं देवमीज आचार्यवान् मखैः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ભગવાન રામચંદ્રે પોતાના કુલાચાર્યને સાથે રાખી ઉત્તમ સાધનોવાળા યજ્ઞો કરીને પોતે પોતાનાજ આત્માનું યજન કર્યું હતું, જે આત્મા સર્વ દેવમય અને મનુષ્ય-

* આ અધ્યાયમાં પોતાના નાના ભાઇઓ સાથે અયોધ્યામાં વસતા રામચંદ્રજીએ યજ્ઞાદિ કર્યાં, તેનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

ક્રીડા કરી રહ્યો હતો.[૧] પ્રભુ રામચંદ્રે યજ્ઞની દક્ષિણા તરીકે હોતાને પૂર્વદિશા આપી હતી; બ્રહ્મા થયેલા ઋત્વિજોને દક્ષિણદિશા આપી હતી; અધ્વર્યુને પશ્ચિમદિશા આપી હતી, સામગાન કરનારને ઉત્તર દિશા આપી હતી અને બાકી રહેલી બધી દિશાઓની વચ્ચેની ભૂમિ આચાર્યને આપી હતી; કેમકે તે માનતા હતા કે, આ સર્વ કંઇ નિઃસ્પૃહ બ્રાહ્મણનેજ યોગ્ય છે–પૃથ્વી વગેરેનો ભોક્તા તેજ હોવો જોઇએ, એમ (સર્વ કંઇ બ્રાહ્મણોને આપી દેવાથી) રામચંદ્ર પાસે માત્ર શરીરે ધારણ કરેલા અલંકારો તથા વસ્ત્રોજ બાકી રહ્યાં હતાં અને રાણી સીતાજી પાસે પણ તેમનાં મંગલાભૂષણોજ બાકી રહ્યાં હતાં, પેલા બ્રાહ્મણો, બ્રાહ્મણભક્ત દેવ–રામચંદ્રજીનો પોતાના પર ઉત્તમ પ્રેમ જોઇને પ્રસન્ન થયા અને તેઓએ ગળગળા ચિત્તે એ બધું તેમને પાછું આપી દઇ આ પ્રમાણે કહ્યુંઃ[૨-૫] 'હે જગતના ઈશ્વર ભગવન્! આપે અમને શું નથી આપ્યું? કારણ કે આપ અમારાં હૃદયમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાનપ્રકાશ વડે અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરો છો.[૬] આપ બ્રાહ્મણભક્ત દેવ છો; અસ્ખલિત જ્ઞાનવાળા છો; ઉત્તમ કીર્તિવાળાઓમાં મુખ્ય છો અને મુનિઓના ચિત્તમાં ચરણ સ્થાપનારા છો; એવા આપ રામચંદ્રજીને અમે નમસ્કાર કરીએ છીએ.'[૭]

"એક સમયે રામચંદ્રજી, લોકપ્રવૃત્તિ જાણવાની ઇચ્છાથી રાત્રે ગુપ્ત વેષે કોઇ જાણે નહિ તેમ (નગરમાં) ફરતા હતા; તેવામાં કોઇ એક પુરુષની પોતાની સ્ત્રીને ઉદ્દેશી કહેવાતી આવી વાણી તેમણે સાંભળીઃ[૮] 'પારકા ઘરમાં જઇ આવેલી ને વ્યભિચારિણી તને દુષ્ટાને હું કદી રાખવાનો નથી. એ તો સ્ત્રીલોભી રામ, સીતાને (ઘરમાં) રાખે; હું તેવી સ્ત્રીને કદી રાખું નહિ.'[૯] એ પ્રમાણે અનેક મુખવાળા અને તેથીજ સમજાવવા અશક્ય થઇ પડે તેવા અજ્ઞાની લોકથી ભય પામીને પતિ રામચંદ્રે, સીતાજીનો ત્યાગ કર્યો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને તેથી વાલ્મીકિ ઋષિના આશ્રમમાં તે ગયાં હતાં.[૧૦] તે વેળા તે સગર્ભા હતાં. જેથી સમય આવતાં તેમણે બે જોડકા પુત્રોને જન્મ આપ્યો હતો; જેઓ લવ અને કુશ નામે પ્રખ્યાત થયા હતા. વાલ્મીકિ મુનિએ તેઓ બન્નેની સર્વ જન્મક્રિયાઓ કરી હતી.[૧૧] હે રાજા! લક્ષ્મણના અંગદ અને ચિત્રકેતુ નામના બે પુત્રો હતા અને ભરતના પણ તક્ષ તથા પુષ્કલ નામના બે પુત્રો હતા.[૧૨] વળી શત્રુઘ્નના પણ સુબાહુ અને શ્રુતસેન નામે બે પુત્રો હતા. ભરતજીએ દિગ્વિજયના સમયે કરોડો ગંધર્વોને મારી નાખ્યા હતા અને તેઓનું સર્વ ધન લઇ આવીને રાજા રામચંદ્રજીને અર્પણ કર્યું હતું; તેમજ શત્રુઘ્ને મધુના પુત્ર લવણ નામના રાક્ષસનો વધ કરી મધુવનમાં 'મથુરા' નામની નગરી વસાવી હતી.[૧૩।૧૪] પેલી તરફ સીતાજી, પોતાના પતિએ પોતાને કાઢી મૂકવાથી, વાલ્મીકિ મુનિને પુત્રો સોંપી દઈ રામચંદ્રજીના ચરણોનું ધ્યાન કરતાં પૃથ્વીની અંદર પેસી ગયાં હતાં.[૧૫] તે સાંભળીને ભગવાન રામચંદ્રે, બુદ્ધિથી શોકને રોક્યો હતો; પણ સીતાજીના તે તે ગુણોનું સ્મરણ થતાં શોકને રોકવાને તે સમર્થ થઇ શક્યા ન હતા.[૧૬] (અને એમાં કંઈ આશ્ચર્ય નથી.) કેમકે સમર્થ મનુષ્યોને પણ સ્ત્રી–પુરુષમાં એવી આસક્તિ સર્વ સ્થળે ત્રાસ આપનાર થઇ પડે છે; તો પછી ઘરમાં આસક્ત મનવાળા સામાન્ય અજ્ઞાની મનુષ્યને ત્રાસ આપનાર થાય એમાં તો કહેવુંજ શું?[૧૭] તે પછી પ્રભુ રામચંદ્રે, બ્રહ્મચર્ય ધારણ કરીને તેર હજાર વર્ષ સુધી અખંડ રીતે અગ્નિહોત્ર–હોમ કર્યો હતો[૧૮] અને પછી પોતાનું સ્મરણ કરનારાઓનાં હૃદયમાં દંડકારણ્યના કાંટાઓથી વીંધાયેલા પોતાના ચરણપલ્લવને સ્થાપીને રામચંદ્રજી સ્વધામમાં પધાર્યા હતા.[૧૯] એ રીતે અસ્ત્રોના સમૂહોવડે રાક્ષસોનો વધ કરવો અને સમુદ્રને બાંધવો ઇત્યાદિ કર્મને કવિઓ જો કે આશ્ચર્ય જેવાં વર્ણવે છે, પણ ખરું જોતાં તેથી રઘુપતિની કંઈ સ્તુતિ થઇ શકતી નથી; કેમકે એ રામચંદ્રજીએ દેવોની પ્રાર્થનાથી લીલાશરીર ધારણ કર્યું હતું અને એમના પ્રભાવથી કોઇનો પ્રભાવ અધિક ન હતો કે સમાન પણ ન હતો; આવા રામચંદ્રજીને શત્રુઓનો સંહાર કરવામાં વાનરો શું સહાય થાય? (નહિજ. સુગ્રીવ વગેરેનો તેમણે જે આશ્રય કર્યો હતો, તે તો કેવળ એક લીલાજ હતી.)[૨૦] જેમનો નિર્મળ યશ પાપોનો નાશ કરનાર છે અને દિશાઓના હાથીઓને પટ્ટાઓની પેઠે આભૂષણરૂપ છે. (અર્થાત્ છેક દિશાઓના હાથીઓ સુધી જેમનો યશ પહોંચ્યો છે) તેથીજ ઋષિઓ હજી સુધી રાજાઓની સભાઓમાં જેમના યશને ગાયા કરે છે, તે દેવો અને રાજાઓના મુકુટોથી સેવાયલા ચરણકમળવાળા રઘુપતિને હું શરણે જાઉં છું.[૨૧] જેઓએ એ રામચંદ્રજીનો સ્પર્શ કર્યો હતો, દર્શન કર્યાં હતાં, તેમની સમીપ જેઓ બેઠા હતા અને તેમની પાછળ ગયા હતા, તેઓ સર્વે કોશલ દેશના લોકો જ્યાં યોગીઓ જાય છે, તે સ્થાનને પામ્યા હતા. હે રાજન્! જે મનુષ્ય રામચરિત્રનું શ્રવણ કરે છે, તે ઉપશમનિષ્ઠ થઇને કર્મબંધનથી મુક્ત થાય છે."[૨૨।૨૩]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"ભગવાન રામચંદ્રજી પોતે કેવી રીતે વર્ત્યા હતા? અથવા ભાઇઓ પ્રત્યે કેવી રીતે વર્ત્યા હતા? તેમજ તે ઈશ્વર તરફ તેમના ભાઇઓ, પ્રજાઓ તથા નગરવાસીઓ શી રીતે વર્ત્યાં હતાં?"[૨૪]

શ્રીશુકદેવજી બોલ્યા:–"રાજસિંહાસનનો સ્વીકાર કર્યા પછી ત્રણે જગતના ઈશ્વર શ્રીરામચંદ્રજીએ ભાઇઓને દિગ્વિજય કરવાની આજ્ઞા આપી હતી× અને પોતે પોતાની પ્રજાઓને દર્શન આપતા પરિવાર સાથે નગરીને જોવા નીકળતા હતા, જે નગરી સુગંધી જળથી તથા હાથીઓનાં મદ-

× આ વાક્યથી સૂચવ્યું છે કે, તેમના ભાઇઓ તેમની આજ્ઞામાં વર્તનારા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

બિંદુઓ વડે છંટાયલા માર્ગવાળી હતી;પોતાના સ્વામી–રામચંદ્રને આવેલા જોઈ જાણે અત્યંત મત્ત બનેલી હોય તેમ સમૃદ્ધિવાળી હતી; રાજમહેલો, દરવાજાઓ, સભાગૃહો, યજ્ઞસ્થાનો તથા દેવમંદિરો પર સ્થાપવામાં આવેલા સુવર્ણકલશો તથા પતાકાઓથી તે સુશોભિત હતી; સોપારીઓના ગુચ્છાઓ, કેળો અને જાતજાતની ધજાઓથી તે નગરીએ જાણે ઉત્તમ વસ્ત્ર પહેર્યાં હોય, તેમ લાગતું હતું અને દર્પણોનાં તથા પુષ્પોની માળાઓનાં તોરણો તે નગરીમાં ઉત્સાહભેર બાંધ્યાં હતાં.[૨૫–૨૮] +એવી તે અયોધ્યા નગરીમાં જે જે સ્થળે રામચંદ્રજી જતા હતા, ત્યાં ત્યાં પૂજાસાહિત્યો લઈ લઈને નગરવાસીઓ તેમની સામા આવતા હતા અને આશીર્વાદ આપતા હતા કે, 'હે દેવ ! આપે પૂર્વે (વરાહાવતારમાં) આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે, તો આપ આ પૃથ્વીનું પાલન કરો.'[૨૯] *વળી પ્રજાઓ પણ ઘણે લાંબે સમયે આવેલા પોતાના રાજાને જોઇને, સ્ત્રીપુરુષો તેમનાં દર્શન કરવાની ઇચ્છાથી પોતાનાં ઘરનો ત્યાગ કરી હવેલીઓ ઉપર ચડી જતાં હતાં અને કમળ સમાન નેત્રવાળા તે ભગવાનનાં દર્શન કરીં તેઓનાં નેત્રો તૃપ્ત જ થતાં ન હતાં. તેઓ પુષ્પોથી તેમને વધાવતાં હતાં.[૩૦] (એ× રીતે પ્રજાઓનો સત્કાર સ્વીકાર્યો) પછી રામચંદ્ર પોતાના રાજમંદિરમાં પ્રવેશ કરતા, કે જે રાજમંદિરને પૂર્વકાળના પોતાના વંશના રાજાઓએ સેવ્યું હતું; સમગ્ર અનંત ભંડારોથી ભરપૂર હતું; મહાકીમતી અનેકવિધ રાચરચીલાંવાળું હતું; તે મંદિરનાં બારણાંઓના ઊંબરા પરવાળાંના હતા; વૈડૂર્યમણિના થાંભલાઓની પંક્તિ ત્યાં આવી રહી હતી; સ્વચ્છ મરકતમણિની ભૂમિ હતી; તેની ભીંતો ઉજ્જ્વળ સ્ફટિકમણિની હતી; જાતજાતની પુષ્પમાળાઓ ત્યાં લટકતી હતી; અનેક જાતની ધજાઓ ફરકતી હતી; વસ્ત્રો તથા મણિઓનાં કિરણોથી તે ઝળકતું હતું; ચૈતન્યવત્ પ્રકાશતાં મોતીઓ ત્યાં શોભતાં હતાં; સુંદર ભોગસાધનો હાજર હતાં; ધૂપ, દીપ તથા સુગંધી પુષ્પાલંકારોથી તે રાજમંદિર શોભતું હતું અને અલંકારોને પણ અલંકારરૂપ થઇ પડે તેવાં દેવતુલ્ય સ્ત્રીપુરુષો ત્યાં જોવામાં આવતાં હતાં.[૩૧–૩૪] આવા તે રાજમંદિરમાં આત્મારામ ધીર પુરુષોમાં શ્રેષ્ઠ ભગવાન રામચંદ્રજી પોતાને પ્રિય, ઇષ્ટ અને સ્નેહાળ એવાં સીતાજી સાથે આનંદ કરતા હતા.[૩૫] એ પ્રમાણે જેમના ચરણપલ્લવનું મનુષ્યોએ ચિંતન કરેલું છે, એવા રામ ભગવાને અનેક વર્ષો સુધી ધર્મને બાધ ન આવે તેમ સમયાનુસાર કામભોગો ભોગવ્યા હતા."[૩૬]

बुभुजे च यथाकालं कामान् धर्ममपीडयन् ।
वर्षपूगान् बहून्नृणामभिध्याताङ्घ्रिपल्लवः ॥३६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

રામના પુત્ર કુશનો વંશ

॥ श्रीशुक उवाच ॥

कुशस्य चातिथिस्तस्मान्निषधस्तत्सुतो नभः ।
पुंडरीकोऽथ तत्पुत्रः क्षेमधन्वाऽभवत्ततः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"કુશનો પુત્ર અતિથિ હતો; અતિથિનો નિષધ, નિષધનો નભ, નભનો પુંડરીક, પુંડરીકનો ક્ષેમધન્વા, ક્ષેમધન્વાનો દેવાનીક, દેવાનીકનો અનીહ, અનીહનો પારિયાત્ર, પારિયાત્રનો બલસ્થલ અને બલસ્થલનો વજ્રનાભ નામે પુત્ર હતો, જે સૂર્યના અંશથી થયો

+ નગરવાસીઓ તેમના પ્રત્યે કેવી રીતે વર્તતા, તે અહીંથી કહે છે. —શ્રીધર

* રામચંદ્રજી તરફ પ્રજાઓ કેમ વર્તતી તે આ ત્રીસમા શ્લોકમાં કહે છે. —શ્રીધર

× રામચંદ્રજી પોતે કેમ વર્તતા, તે અહીંથી કહે છે. શ્રી

* આ અધ્યાયમાં રામના પુત્ર કુશનો વંશ કહેવામાં આવશે; એ રીતે ઇક્ષ્વાકુના પુત્ર શશાદના વંશનું વર્ણન પૂર્ણ થશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



શ્રીરામચંદ્ર અને ભરતની ભેટ [પૃષ્ઠ ૬૯૪

[આ ચિત્રમાં શ્રીહનુમાનજી પૂંછડાવાળા વાનર નહિ પણ આદર્શ યોદ્ધા બતાવ્યા છે; કારણ કે વાલ્મીકિ રામાયણના કિષ્કિંધા કાણ્ડના સર્ગ ત્રીજામાં શ્રીરામચંદ્રજીએ સ્વમુખે હનુમાનજીને એક વિદ્વાન અને ચતુર દૂત તરીકે વર્ણવેલા છે.]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતો. એ વજ્રનાભનો ખગણ, ખગણનો વિધૃતિ અને વિધૃતિનો હિરણ્યનાભ નામનો પુત્ર હતો, જે જૈમિનિનો શિષ્ય હોઇ યોગાચાર્ય થયો હતો. એ હિરણ્યનાભ પાસેથી કુશળ યાજ્ઞવલ્ક્ય ઋષિએ અધ્યાત્મયોગ પ્રાપ્ત કર્યો હતો, જે યોગમાં મોટી સિદ્ધિઓ રહેલી છે અને જેનાથી હૃદયની અજ્ઞાનરૂપ ગાંઠ કપાઈ જાય છે.[૧-૪] એ હિરણ્યનાભનો ધ્રુવસંધિ નામે પુત્ર હતો; ધ્રુવસંધિનો સુદર્શન, સુદર્શનનો અગ્નિવર્ણ અને અગ્નિવર્ણનો મરુ નામે પુત્ર હતો; જે મરુ યોગસિદ્ધ થઈને કલાપ નામના ગામમાં રહેતો હતો અને કલિયુગના અંતે નાશ પામેલા સૂર્યવંશને તે ફરી ચાલુ કરશે.[૫-૬] એ મરુનો પ્રસુશ્રુત, પ્રસુશ્રુતનો સંધિ, સંધિનો અમર્ષણ, અમર્ષણનો મહસ્વાન, મહસ્વાનનો વિશ્વસાહ્વ, વિશ્વસાહ્વનો પ્રસેનજિત, પ્રસેનજિતનો તક્ષક અને તક્ષકનો બૃહદ્બલ નામે પુત્ર હતો; જે બૃહદ્બલને તમારા પિતા–અભિમન્યુએ યુદ્ધમાં મારી નાખ્યો હતો. આ ઇક્ષ્વાકુ વંશના રાજાઓ ભૂતકાળમાં થઈ ગયા છે અને હવે ભવિષ્યકાળમાં થવાના છે, તેઓને તમે સાંભળો. બૃહદ્બલનો બૃહદ્રણ નામે પુત્ર થશે; બૃહદ્રણનો ઉરુક્રિય, ઉરુક્રિયનો વત્સવૃદ્ધ, વત્સવૃદ્ધનો પ્રતિવ્યોમ, પ્રતિવ્યોમનો ભાનુ, ભાનુનો સેનાપતિ દિવાક, દિવાકનો સહદેવ, સહદેવનો વીર બૃહદશ્વ, બૃહદશ્વનો ભાનુમાન, ભાનુમાનનો પ્રતીકાશ્વ, પ્રતીકાશ્વનો સુપ્રતીક, સુપ્રતીકનો મરુદેવ, મરુદેવનો સુનક્ષત્ર, સુનક્ષત્રનો પુષ્કર, પુષ્કરનો અંતરિક્ષ, અંતરિક્ષનો સુતપા, સુતપાનો અમિત્રજિત્, અમિત્રજિત્નો બૃહદ્રાજ, બૃહદ્રાજનો બર્હિ, બર્હિનો કૃતંજય, કૃતંજયનો રણંજય, રણંજયનો સંજય, સંજયનો શાક્ય, શાક્યનો શુદ્ધોદ, શુદ્ધોદનો લાંગલ, લાંગલનો પ્રસેનજિત્, પ્રસેનજિત્નો ક્ષુદ્રક, ક્ષુદ્રકનો રણક, રણકનો સુરથ અને સુરથનો સુમિત્ર નામનો છેલ્લો ઇક્ષ્વાકુવંશનો પુત્ર થશે. આ બધા બૃહદ્બલના વંશના (ભાવી) રાજાઓ છે.[૭-૧૫] ઇક્ષ્વાકુઓનો આ વંશ સુમિત્ર સુધી ચાલશે. ત્યાર પછી આ વંશ કલિયુગમાં સમાપ્ત થશે."[૧૬]

इक्ष्वाकूणामयं वंशः सुमित्रांतो भविष्यति ।
यतस्तं प्राप्य राजानं संस्थां प्राप्स्यति वै कलौ ॥१६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

अध्याय १३ मो*

ઇક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ

॥ श्रीशुक उवाच ॥

निमिरिक्ष्वाकुतनयो वसिष्ठमवृतर्त्विजम् ।
आरभ्य सत्रं सोऽप्याह शक्रेण प्राग्वृतोऽस्मि भोः ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ઇક્ષ્વાકુના પુત્ર નિમિએ યજ્ઞનો આરંભ કરીને વસિષ્ઠને પોતાના ઋત્વિજ (યાજ્ઞિક ગોર) તરીકે સ્વીકાર્યા હતા. વસિષ્ઠે તે વખતે કહ્યું હતું કે, 'હે નિમિ! તારા સ્વીકારવા પહેલાંજ ઇન્દ્રે મને પહેલો સ્વીકાર્યો છે.[૧] માટે તેનું કામ પૂરું કરીને હું આવીશ; ત્યાંસુધી તું મારી રાહ જોજે.' તે સાંભળી યજમાન નિમિ મૌન રહ્યો, એટલે વસિષ્ઠે પણ ઇન્દ્રનો યજ્ઞ ચાલુ કર્યો.[૨] બીજી તરફ આત્મજ્ઞાની નિમિએ પણ જીવિતને ચંચળ જાણી ગુરુ ન આવે ત્યાંસુધી બીજા ઋત્વિજોદ્વારા યજ્ઞ શરૂ કર્યો;[૩] એટલામાં ગુરુ વસિષ્ઠ (ઇન્દ્રનો યજ્ઞ કરાવી) ત્યાં આવી પહોંચ્યા. તેમણે પોતાના શિષ્યના એ અન્યાય જોઈ શાપ આપ્યો કે, 'પોતાને પંડિત માનનારા આ નિમિનું શરીર પડી જાઓ.' તે સાંભળી નિમિએ પણ અધર્મથી વર્તનાર ગુરુને સામો શાપ આપ્યો કે, 'તમે લોભથી ધર્મને જાણતા નથી, માટે તમારું શરીર પણ પડી જાઓ.'[૪-૫] ગુરુને એવો શાપ આપીને અધ્યાત્મવેત્તા નિમિએ

* આ અધ્યાયમાં ઇક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ વર્ણવવામાં આવશે, જેમાં જનક વગેરે બ્રહ્મજ્ઞાનીઓ થઈ ગયા છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના શરીરનો ત્યાગ કરી દીધો અને અમારા પ્રપિતામહ વસિષ્ઠ પણ (શરીરનો ત્યાગ કરી) ઉર્વશી અપ્સરાના દર્શનથી સ્ખલિત થયેલા મિત્રાવરુણ દેવના વીર્યથી એક ઘડામાં ઉત્પન્ન થયા.+[6] તે પછી નિમિના ઋત્વિજ મહામુનિઓએ સુગંધી વસ્તુઓમાં નિમિના શરીરને રાખી મૂકી યજ્ઞની સમાપ્તિ થઈ, ત્યારે ત્યાં આવેલા દેવોને કહ્યું કે,[7] 'જો તમે પ્રસન્ન થયા છો અને સમર્થ છો, તો આ રાજાના શરીરને સજીવન કરો.' તે સાંભળી દેવોએ '**તથાસ્તુ**' એમ કહ્યું, એટલે નિમિ બોલી ઊઠ્યો કે, 'મને દેહબંધન ન થાઓ; કારણ કે મુનિઓ જે દેહના વિયોગભયથી ડરી જઇને તેની સાથેના સંબંધનીજ ઇચ્છા કરતા નથી, પરંતુ ભક્તોનાં દુઃખ હરવાની બુદ્ધિવાળા ભગવાનના ચરણકમળનું ભજન (એ દેહથી છૂટવા માટેજ) કર્યા કરે છે.[8-9] માટે દુઃખ, શોક તથા ભય આપનારું શરીર ગ્રહણ કરવા હું ઇચ્છતો નથી. કારણ કે જળમાં જેમ માછલાંનું મૃત્યુ થાય છે, તેમ હરકોઈ સ્થળે શરીરનું મૃત્યુ થાયજ છે.'[10]

દેવો બોલ્યાઃ-'આ નિમિ શરીરરહિત રહીને પ્રાણીઓનાં નેત્રમાં ભલે નિવાસ કરે. (જેથી તમે માગેલું એવું જીવન થશે અને તેને દેહનો સંબંધ પણ નહિ રહે.) નેત્રોમાં રહીને તે મીંચાવા તથા ઉઘડવારૂપી નેત્રની ક્રિયામાં તેના પ્રવર્તક તરીકે જણાશે.[11] (એ પ્રમાણે કહીને દેવો ગયા, એટલે) મહર્ષિઓએ મનુષ્યોમાં અરાજકતાનો ભય માની નિમિના શરીરનું મથન કર્યું, ત્યારે તેમાંથી એક કુમાર ઉત્પન્ન થયો.[12] તે અસાધારણ જન્મને લીધે જનક કહેવાયો; શરીરરહિત નિમિથી થયો માટે '**વૈદેહ**' કહેવાયો અને નિમિના શરીરને મથવાથી ઉત્પન્ન થયો માટે '**મિથિલ**' કહેવાયો, જેણે મિથિલાનગરી વસાવી છે.[13] હે રાજા! એ જનક રાજાથી ઉદાવસુ નામે પુત્ર થયો, ઉદાવસુનો નંદિવર્ધન, નંદિવર્ધનનો સુકેતુ, સુકેતુનો દેવરાત, દેવરાતનો બૃહદ્રથ, બૃહદ્રથનો મહાવીર્ય, મહાવીર્યનો સુધૃતિ, સુધૃતિનો ધૃષ્ટકેતુ, ધૃષ્ટકેતુનો હર્યશ્વ, હર્યશ્વનો મરુ, મરુનો પ્રતીપક, પ્રતીપકનો કૃતિરથ, કૃતિરથનો દેવમીઢ, દેવમીઢનો વિસૃત, વિસૃતનો મહાધૃતિ, મહાધૃતિનો કૃતિરાત, કૃતિરાતનો મહારોમા, મહારોમાનો સ્વર્ણરોમા, સ્વર્ણરોમાનો હ્રસ્વરોમા અને હ્રસ્વરોમાનો સીરધ્વજ નામે પુત્ર થયો હતો, જે સીરધ્વજ યજ્ઞ માટે પૃથ્વીને ખેડતો હતો, તેવામાં તેના હળના અગ્રભાગમાંથી સીતા ઉત્પન્ન થયાં હતાં; જેથી તે +સીરધ્વજ નામે કહેવાયો હતો. એ સીરધ્વજનો કુશધ્વજ, કુશધ્વજનો ધર્મધ્વજ અને ધર્મધ્વજના કૃતધ્વજ તેમજ મિતધ્વજ નામના બે પુત્રો થયા હતા.[14-19] તેમાં કૃતધ્વજથી કેશિધ્વજ નામનો પુત્ર થયો હતો અને મિતધ્વજથી ખાંડિક્ય નામે પુત્ર થયો હતો. હે રાજન્! કૃતધ્વજનો પુત્ર કેશિધ્વજ આત્મવિદ્યામાં કુશળ હતો; ત્યારે ખાંડિક્ય કર્મનાં તત્ત્વને જાણનારો હતો. કેશિધ્વજથી ભય પામીને તે નાસી ગયો હતો. કેશિધ્વજનો પુત્ર ભાનુમાન હતો; ભાનુમાનનો શતદ્યુમ્ન, શતદ્યુમ્નનો શુચિ, શુચિનો સનદ્વાજ, સનદ્વાજનો ઊર્ધ્વકેતુ, ઊર્ધ્વકેતુનો અજ, અજનો પુરુજિત્, પુરુજિત્નો અરિષ્ટનેમિ, અરિષ્ટનેમિનો શ્રુતાયુ, શ્રુતાયુનો સુપાર્શ્વ, સુપાર્શ્વનો ચિત્રરથ અને ચિત્રરથનો ક્ષેમધિ નામે પુત્ર હતો, જે મિથિલા નગરીનો રાજા હતો. એ ક્ષેમધિનો સમરથ, સમરથનો સત્યરથ, સત્યરથનો ઉપગુરુ અને ઉપગુરુનો ઉપગુપ્ત નામે પુત્ર હતો, જે અગ્નિના અંશથી ઉત્પન્ન થયો હતો. એ ઉપગુપ્તનો વસ્વ-

+ ઉર્વશીના દર્શનથી વીર્ય સ્ખલિત થઇ ગયું એટલે મિત્રાવરુણદેવોએ પોતાના એ વીર્યને એક ઘડામાં નાખ્યું હતું; જેથી વસિષ્ઠ ઉત્પન્ન થયા હતા.—**શ્રીધર**

+ **सीरः एव ध्वजः-कीर्तिप्रकाशको यस्य सः सीरध्वजः**-એટલે જેની કીર્તિને ફરકાવનાર ધ્વજારૂપે હળજ થયું હતું, માટે તે '**सीरध्वज**' નામે કહેવાયો. —**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નંત, વસ્વનંતનો યુયુધ, યુયુધનો સુભાષણ, સુભાષણનો જય, જયનો વિજય, વિજયનો ઋત, ઋતનો શુનક, શુનકનો વીતહવ્ય, વીતહવ્યનો ધૃતિ, ધૃતિનો બહુલાશ્વ અને બહુલાશ્વનો મહાજિતેન્દ્રિય કૃતિ નામે પુત્ર હતો. હે રાજન્! આ મિથિલવંશના રાજાઓ આત્મવિદ્યામાં કુશળ અને યાજ્ઞવલ્ક્ય વગેરે યોગેશ્વરોની કૃપાથી ઘેર રહીને પણ રાગ–દ્વેષાદિ દ્વંદ્વોથી મુક્ત હતા." ૨૦–૨૭

एते वै मिथिला राजन्नात्मविद्याविशारदाः ।
योगेश्वरप्रसादेन द्वंद्वैर्मुक्ता गृहेष्वपि ॥ २७ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

अध्याय १४ मो*

ચંદ્રવંશનું વર્ણન—બૃહસ્પતિની સ્ત્રી તારામાં ચંદ્રથી બુધની ઉત્પત્તિ

॥ श्रीशुक उवाच ॥

अथातः श्रूयतां राजन् वंशः सोमस्य पावनः ।
यस्मिन्नैलादयो भूपाः कीर्त्यंते पुण्यकीर्तयः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"હવે હે રાજન્! ચંદ્રનો પવિત્ર વંશ તમે અહીંથી સાંભળો; જે ચંદ્રવંશમાં ઐલ વગેરે પવિત્ર કીર્તિવાળા રાજાઓનું વર્ણન કરવામાં આવશે.[૧] હજારો મસ્તકોવાળા પરમેશ્વર નારાયણના નાભિરૂપ ધરામાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવથી અત્રિ નામે ઋષિ ઉત્પન્ન થયા હતા, જે ગુણોમાં પિતા જેવા હતા.[૨] તેમનાં નેત્રમાંથી અમૃતમય ચંદ્ર નામે પુત્ર ઉત્પન્ન થયો હતો; જેને બ્રહ્માએ બ્રાહ્મણોનો, ઔષધિઓનો તથા નક્ષત્રગણોનો પતિ બનાવ્યો છે.[૩] તે ચંદ્રે, ત્રણે જગતને જીતીને રાજસૂય નામનો યજ્ઞ કર્યો હતો અને ગર્વથી બૃહસ્પતિની સ્ત્રી તારાનું બળાત્કારે હરણ કર્યું હતું.[૪] દેવોના ગુરુ બૃહસ્પતિએ વારંવાર પોતાની સ્ત્રીની તેની પાસે માગણી કરી હતી, પણ તેણે મદને લીધે પાછી આપી ન હતી, જેથી એ તારા માટે દેવો તથા દાનવો વચ્ચે યુદ્ધ થયું હતું.[૫] શુક્રાચાર્યે બૃહસ્પતિ ઉપરના દ્વેષને લીધે અસુરો સહિત ચંદ્રમાને પોતાના પક્ષમાં લીધો હતો; ત્યારે બીજી તરફથી સર્વ ભૂતગણોથી વીંટાયલા મહાદેવજીએ પોતાના *ગુરુ–અંગિરાના પુત્ર બૃહસ્પતિને પોતાના પક્ષમાં લીધા હતા.[૬] તેમજ ઇન્દ્ર પણ સર્વ દેવગણોની સાથે બૃહસ્પતિના પક્ષમાં ગયો હતો. એવી રીતે કેવળ એક તારાને માટે દેવો તથા અસુરોનો વિનાશ થયો હતો.[૭] પછી બૃહસ્પતિએ એ વાત બ્રહ્મદેવને જણાવી; એટલે બ્રહ્મદેવે ચંદ્રનો તિરસ્કાર કરી તારાને તેના પતિ બૃહસ્પતિને અપાવી હતી. બૃહસ્પતિએ તારાને ગર્ભવતી જાણી, એટલે તેણીને કહ્યું કે, 'ઓ દુષ્ટ બુદ્ધિવાળી! બીજા પુરુષોએ સ્થાપેલા ગર્ભનો મારા ક્ષેત્રમાંથી તું સત્વર ત્યાગ કર. ઓ અસતિ! મને સંતાનની ઇચ્છા છે, તેથી હું તને સ્ત્રીને બાળીને ભસ્મ કરી નાખતો નથી.'[૮–૯] તે સાંભળી શરમાઇ ગયેલી તારાએ સુવર્ણ સમાન કાંતિવાળા કુમારનો (ગર્ભમાંથી) ત્યાગ કર્યો, એટલે (એવા તેજસ્વી કુમારને જોઇને) બૃહસ્પતિએ તથા ચંદ્રે—બન્નેએ કુમારને લઈ લેવાની ઇચ્છા કરી.[૧૦] ત્યારે તેઓ બન્ને પરસ્પર ઉચ્ચ સ્વરે વિવાદ કરવા લાગ્યા કે, 'આ પુત્ર મારો છે; તારો નથી.' પછી ઋષિઓએ તથા દેવોએ તારાને પૂછ્યું કે, 'આ પુત્રને તેં કોનાથી ઉત્પન્ન કર્યો છે?' પણ તારા શરમાઈ જઇને કંઈ પણ બોલીજ નહિ.[૧૧] એ વેળા માતાની ખોટી

* આ અધ્યાયથી માંડી સ્કંધ પૂરો થતા સુધી ચંદ્રવંશ કહેવામાં આવશે; જેમાં ઐલ વગેરે પવિત્ર કીર્તિવાળા રાજાઓનું વર્ણન આવશે. તેમાં આ ચૌદમા અધ્યાયમાં બૃહસ્પતિની સ્ત્રી તારામાં ચંદ્રથી બુધ થયો અને બુધના પુત્ર ઐલે (પુરૂરવાએ) ઉર્વશી અપ્સરામાં આયુ વગેરે ૭ પુત્રો ઉત્પન્ન કર્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

* મહાદેવજીએ અંગિરા પાસેથી વિદ્યા મેળવી હતી; એવી પ્રસિદ્ધિ છે. —શ્રીધર

अंगिर

ब्रह्मा → अत्रि → चन्द्र (सोम) → बुध

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

શરમથી કાંપી ઊઠેલા કુમારે માતાને કહ્યું કે, ‘ઓ દુરાચારિણિ! તું કેમ બોલતી નથી? તારું પાપ ઝટ મને કહી દે.’[૧૨] પછી બ્રહ્માએ તેણીને એકાંતમાં બોલાવીને શાંત પાડતાં પૂછયું, ત્યારે તેણે ધીમેથી કહ્યું કે, ‘આ પુત્ર ચંદ્રનો છે.’ એટલે ચંદ્ર તે બાળકને લઇ ગયો.[૧૩] હે રાજા! બ્રહ્માએ તે બાળકની બુદ્ધિ ગંભીર હોવાને લીધે તેનું ‘બુધ’ એવું નામ પાડ્યું અને ચંદ્ર પણ તે પુત્રથી આનંદ પામ્યો.[૧૪] એ બુધથી ઇલા નામની સ્ત્રીમાં ×પુરૂરવા નામે પુત્ર ઉત્પન્ન થયો હતો, જેનું વર્ણન પહેલાં અપાઈ ગયું છે. તે પુરૂરવાનાં રૂપ, ગુણ, ઉદારતા, શીલ, ધન તથા પરાક્રમોને નારદજી ઇન્દ્રભુવનમાં ગાતા હતા; તે સાંભળીને દેવી ઉર્વશી કામનાં બાણોથી પીડાઇને તેની પાસે ગઈ હતી. ઉર્વશી (દેવી હોવાથી એમ ને એમ મનુષ્યની પાસે જઇ શકે નહિ, પણ) મિત્રાવરુણના શાપથી મનુષ્યલોકને પામી હતી અને પુરુષશ્રેષ્ઠ પુરૂરવાને કામદેવ સમાન રૂપવાળો સાંભળી તેની પાસે ગઇ હતી.‡[૧૫-૧૭] તે સુંદરી ધીરજ ધારણ કરીને પુરૂરવા પાસે ઊભી રહી, એટલે તેને જોઇને રાજા હર્ષથી પ્રફુલ્લ નેત્રવાળો થઈ ગયો. તેણે રોમાંચિત થઈ એ દેવીને મધુર વાણીથી કહેવા માંડ્યું:[૧૮]

રાજા પુરૂરવાએ કહ્યું:—‘હે સુંદર નિતંબવાળી! તું ભલે આવી. બસ, અમે તારું શું કામ કરીએ? તું મારી સાથે ક્રીડા કર. આપણને બન્નેને ઘણાં વર્ષો સુધી આનંદ થશે.’[૧૯]

ઉર્વશી બોલી:—‘હે સુંદર પુરુષ! કઈ સ્ત્રીનાં મન અને દષ્ટિ તમારામાં આસક્ત ન થાય? કારણ કે તમારી સાથે ક્રીડા કરવાની ઇચ્છાથી તમારા વક્ષઃસ્થળને ભેટીને કોઇ પણ સ્ત્રીનું મન તેમજ દષ્ટિ (તમારી પાસેથી) ખસેજ નહિ.[૨૦] હે માન આપનારા રાજા! (આવી શરતે હું તમારી સાથે રહેવા માગું છું.) આ બે મારા ઘેટાનું મારી થાપણ તરીકે તમે રક્ષણ કરો. (જ્યાં-સુધી તમે આ ઘેટાનું રક્ષણ કરશો, ત્યાંસુધી હું તમારી સાથે ક્રીડા કરીશ. તમે ન માનશો કે, હું દેવી થઇને તમારી સાથે કેમ રમીશ? કારણ કે) જે પુરુષ વખાણવા યોગ્ય હોય છે, તેજ સ્ત્રીઓનો વર થઈ શકે છે.[૨૧] હે વીર! ઘી મારું ભોજન રહેશે અને મૈથુનના સમય સિવાય બીજા સમયે હું તમને નગ્ન જોઈ શકીશ નહિ.’ તે સાંભળી મોટા મનવાળા પુરૂરવાએ ‘બહુ સારું’ એમ કહીને તેનું વચન કબૂલ કર્યું.[૨૨] (અને કહ્યું કે,) ‘અહો! અતિ અદ્ભુત સ્વરૂપ! અહો! આશ્ચર્યજનક ભાવ! આ તારું ચેષ્ટિત મનુષ્યલોકને મોહ ઉપજાવનાર છે. તું દેવી છે, છતાં પોતાની મેળે અહીં આવી છે; તો કયો મનુષ્ય તને ન સેવે?’[૨૩] એમ કહી તે પુરુષશ્રેષ્ઠ, યથાયોગ્ય રીતે રમાડતી તે ઉર્વશીની સાથે ચૈત્રરથ વગેરે દેવોનાં ક્રીડા કરવાનાં સ્થાનોમાં ઇચ્છાનુસાર રમવા લાગ્યો. જેનો સુગંધ કમળના કેસરા જેવો હતો, એવી તે દેવતાઈ સ્ત્રી સાથે ક્રીડા કરતો પુરૂરવા તેના મુખના સુગંધથી આકર્ષાઇ જઇને ઘણા સમય સુધી આનંદ કરવા લાગ્યો. પેલી તરફ ઇન્દ્રે

× આ પુરૂરવાનુંજ બીજું નામ ‘ઐલ’ છે.—भा. क.

‡ પુરૂરવા—ઉર્વશીના સંવાદનું મૂળ ઋગ્વેદના ૧૦-મા મંડલના ૯૫મા સૂક્તમાં છે. આ સંવાદની ૧૮ ઋચા છે. ઋગ્વેદમાંથી શતપથ બ્રાહ્મણ (૧૧-૫-૧) માં લીધેલ છે. ઋગ્વેદના સંવાદની અપેક્ષાએ કેટલોક કથાભાગ શતપથ બ્રાહ્મણમાં વધારવામાં આવેલો છે તથા શતપથ બ્રાહ્મણની અપેક્ષાએ પણ અહીં વાતને વધારી સુંદર ભાષામાં લલિત સંવાદ બનાવેલો છે. મૂળમાં ઇતિહાસભાગ તથા આધ્યાત્મિક ભાગનું મિશ્રણ છે. આ આધ્યાત્મિક કલ્પના મેળવવામાં મુખ્ય ઉદ્દેશ જનસમાજનું કલ્યાણ કેવી રીતે થાય, એજ છે. આ પ્રથા આપણા ધર્મશાસ્ત્રમાં અતિ પ્રાચીનકાળથી દાખલ થયેલી છે. જો સંપૂર્ણ ભાગને ઐતિહાસિક કહેવામાં આવે, તો વિધર્મી અને નાસ્તિક લોક અનેક પ્રકારની કુશંકાઓ કરે છે, તેમજ સંપૂર્ણ ભાગને માત્ર આધ્યાત્મિક કહે, તો આપણા પૂર્વજોની નીતિ, સદાચાર અને અસ્તિત્વનો લોપ થાય છે. જેથી યથાર્થ હોય, તેવીજ કલ્પના કરવી જોઇએ. —भा. क.

दे→ बुध→ पुरूरवा→

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વર્ગમાં ઉર્વશીને જોઇ નહિ, ત્યારે તેણે ગંધર્વોને આજ્ઞા કરી કે, 'ઉર્વશી વિનાની મારી આ સભા બરાબર શોભતી નથી. (માટે જાઓ, તેને લઈ આવો.)' તે સાંભળી પેલા ગંધર્વો મધ્યરાત્રિના સમયે અંધારું થયું એટલે ઉર્વશીએ રાજાને થાપણ તરીકે સોંપેલા બન્ને ઘેટાઓને હરી જવા લાગ્યા. એ વખતે દેવી ઉર્વશી, હરણ કરાતા પેલા પુત્ર જેવા ઘેટાઓની બૂમો સાંભળી બોલી ઊઠી કે, 'હાય! પોતાને વીર માનનારા આ નપુંસક દુષ્ટ પતિએ મારો વિનાશ કર્યો છે, જેના વિશ્વાસને લીધે હું નાશ પામી છું અને ચોરલોકો મારાં સંતાનોને હરી ગયા છે; જે રાજા દિવસે પુરુષ જેવો છે, પણ રાત્રે સ્રીની પેઠે ભયભીત થઇ સૂઈ રહે છે.'[૨૪–૨૯] એ પ્રમાણે જેમ હાથીને અંકુશોથી વીંધી નાખવામાં આવે, તેમ રાજાને તેણે વાક્યબાણોથી વીંધી નાખ્યો; એટલે ક્રોધથી હાથમાં તલવાર લઇને નાગો નાગો તે (ચોરલોકો તરફ) ધસી ગયો. તે વેળા પેલા ગંધર્વોએ બન્ને ઘેટાઓને છોડી દઇ અત્યંત પ્રકાશમાન થઇ તે સ્થળે અજવાળું કરી મૂક્યું, કે જેથી ઉર્વશીએ ઘેટાઓ લઈ આવતા પતિને નગ્ન સ્વરૂપે જોયો. (એટલે પોતાના ઠરાવ પ્રમાણે ત્યાંથી તે પલાયન કરી ગઈ.) રાજા પુરૂરવા પણ ત્યાં પોતાના શયનની અંદર ઉર્વશીને નહિ જોતાં વિહ્વળ બની શોક કરવા લાગ્યો અને ઉર્વશીમાંજ મનવાળો હોવાથી જાણે મનરહિત થયો હોય તેમ ઉન્મત્તની પેઠે પૃથ્વી પર ભટકવા લાગ્યો. એક સમયે પુરૂરવાએ કુરુક્ષેત્રની અંદર સરસ્વતી નદીના કિનારે તે ઉર્વશીને તથા હર્ષભરેલા મુખવાળી તેની પાંચ સખીઓને જોઇને તેણે આવું સુંદર વચન કહ્યું: 'ઓ સ્રિ! ઊભી રહે, ઊભી રહે. ઓ ભયંકર સ્રિ! હજી પણ મને શાંત કર્યા વિના તું મારો ત્યાગ કરવાને યોગ્ય નથી; આવ, આપણે વાતો કરીએ. ઓ દેવિ! આ સુંદર શરીરને આટલે દૂર સુધી તું આકર્ષી લાવી છે; પણ આ શરીર જો તારી કૃપાનું પાત્ર નહિ થાય, તો હવે તે અહીં પડી જશે અને વરુઓ તથા ગીધડાં તેને ખાઇ જશે.'[૩૦–૩૫]

ઉર્વશી બોલી:—'તમે મરશો નહિ. તમે પુરુષ છો, માટે ધીરજ રાખો. આ વરુઓ તમને ન ખાઇ જાઓ—અર્થાત્ ઇન્દ્રિયોને અધીન થાઓ મા. સ્રીઓની મૈત્રી કદી હોઇ શકતી નથી; કારણ કે વરુઓનું હૃદય જેવું ક્રૂર હોય છે, તેવું સ્રીઓનું હૃદય પણ ક્રૂર હોય છે.[૩૬] સ્રીઓ નિર્દય, ક્રૂર, ક્ષમા વિનાની અને પ્રિય વસ્તુને માટે સાહસ કરનારી હોય છે. તેઓ અલ્પ કાર્યને માટે પણ વિશ્વાસુ પતિને કે ભાઇને પણ મારી નાખે છે. વળી તેઓ અજ્ઞાનીઓ પર ખોટા વિશ્વાસ બેસાડીને આંતરિક સ્નેહનો ત્યાગ કરે છે; નવા નવાને ઇચ્છે છે; ગમે તે પુરુષની સાથે વ્યભિચાર કરે છે ને પોતાની ઇચ્છાનુસાર વર્તે છે. હે રાજન્! આ વર્ષના અંતે એક રાત્રિ તમારી સાથે હું વસીશ અને મારાથી બીજાં સંતાનો તમને પ્રાપ્ત થશે.' પછી તે પુરૂરવા રાજા (તમને બીજાં સંતાનો પણ થશે, એવાં તેણીનાં વચન ઉપરથી) ઉર્વશીને સગર્ભા જાણીને પોતાના નગરમાં ગયો. અને એક વર્ષના અંતે વીર પુત્રની માતા બનેલી ઉર્વશીને મળીને એક રાત્રિ તેની સાથે આનંદપૂર્વક રહ્યો. પછી વિરહને લીધે આતુર બની જઇ દીન થયેલા પુરૂરવાને ઉર્વશીએ કહ્યું: 'તમે આ ગંધર્વોને સ્તુતિ વગેરેથી પ્રસન્ન કરો. તેઓ તમને મને આપશે.' ત્યારે હે રાજા! પુરૂરવાએ ગંધર્વોની સ્તુતિ કરી, એટલે તેઓએ પ્રસન્ન થઈ તેને અગ્નિની એક થાળી આપી. પુરૂરવા તે અગ્નિની થાળીને ઉર્વશી માનતો વનમાં ફરવા લાગ્યો; પણ છેવટે તેણે જાણ્યું કે, આ ઉર્વશી નથી, પરંતુ અગ્નિની થાળી છે; એટલે અગ્નિની થાળીને વનમાં મૂકી દઇ તે ઘેર ગયો અને રાત્રે ધ્યાન કરતાં તેના મનમાં એ ત્રેતાયુગના સમયે કર્મનો બોધ કરનારા ત્રણે વેદો પ્રકટ થયા.[૩૭–૪૩] તે પછી વનમાં જ્યાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

પોતે મૂકેલી થાળી મૂકી હતી, ત્યાં જઇને તેણે ખીજડીના ઝાડમાં પીપળાને ઊગેલો જોઇ તે પીપળામાંથી બે અરણિ બનાવી અને ઉર્વશીના લોકમાં જવાની ઇચ્છાને લીધે મંત્રથી ઉર્વશીનું ધ્યાન કરી નીચેની અરણિને તેણે ઉર્વશી માની, ઉપરની અરણિને પોતે છે, એમ માન્યું અને બન્ને અરણિની વચ્ચે રહેલા લાકડાને પોતાના પુત્ર તરીકે માન્યો. તે પછી (એ રાજાએ બન્ને અરણિને મથવા માંડી, એટલે) તે કરેલા મંથનથી જેમાંથી ભોગ્ય ધન ઉત્પન્ન થયું છે, એવો અગ્નિ પ્રકટ થયો. એટલે વેદવિદ્યાથી કરેલા સંસ્કાર વડે આહ્વનીય, ગાર્હપત્ય ને દક્ષિણાગ્નિ એમ ત્રણ પ્રકારે થયેલા અગ્નિને પુરૂરવાએ પુત્ર તરીકે માન્યો.[44-46] અને ઉર્વશીના લોકમાં જવાની ઇચ્છાથી તે અગ્નિ વડે સર્વદેવમય યજ્ઞપતિ શ્રીહરિ ભગવાનનું તેણે યજન કર્યું. પ્રથમ સર્વ વાણીમય કેવળ એક ૐકારજ વેદરૂપે હતો; એક નારાયણજ દેવરૂપે હતા; બીજો કોઇ દેવ ન હતો અને અગ્નિ પણ લૌકિક એકજ હતો ને વર્ણ પણ કેવળ એકજ હંસ નામનો હતો. પછી હે રાજા! ત્રેતાયુગના આરંભમાં પુરૂરવાથી આરંભીનેજ ત્રણ વેદો થયા હતા.* એ પુરૂરવા રાજા પોતાના પુત્ર અગ્નિની સાથે ગંધર્વોના લોકમાં ગયો હતો.[47-49]

पुरूरवस एवासीत् त्रयी त्रेतामुखे नृप ।
अग्निना प्रजया राजा लोकं गांधर्वमेयिवान् ॥४९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

* અર્થાત્ કહેવાનો ભાવ એ છે કે, સત્યયુગમાં લોકોમાં કેવળ સત્ત્વગુણજ મુખ્ય હતો, તેથી તેઓ લગભગ ધ્યાનનિષ્ઠજ રહેતા હતા. તે પછી જેમાં રજોગુણની મુખ્યતા હોય છે એવા ત્રેતાયુગમાં વેદ વગેરેનો વિભાગ થતાં કર્મમાર્ગ પ્રકટ થયો. —શ્રીધર

અધ્યાય ૧૫ મો*

પુરૂરવાના પુત્રોનો વંશ-પરશુરામે સહસ્રાર્જુનનો વધ કર્યો

॥ શ્રીશુક ઉવાચ ॥

ऐलस्य चोर्वशीगर्भात्षडासन्नात्मजा नृप ।
आयुः श्रुतायुः सत्यायुर योऽथ विजयो जयः ॥१

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજા! પુરૂરવાને ઉર્વશીના ગર્ભથી આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય તથા જય નામના છ પુત્રો થયા હતા.[1] તેમાં શ્રુતાયુનો વસુમાન, સત્યાયુનો શ્રુતંજય, રયનો એક, જયનો અમિત, વિજયનો ભીમ, ભીમનો કાંચન, કાંચનનો હોત્રક અને હોત્રકનો જહ્નુ નામે પુત્ર થયો હતો; જે જહ્નુ ગંગા નદીને કોગળો કરી પી ગયો હતો; એ જહ્નુનો પુરુ નામે પુત્ર હતો, પુરુનો બલાક, બલાકનો અજક અને અજકનો કુશ નામનો પુત્ર હતો. એ કુશને પણ કુશાંબુ, મૂર્તય, વસુ તથા કુશનાભ નામના ચાર પુત્રો હતા. તેમાં કુશાંબુનો ગાધિ નામે પુત્ર થયો હતો. એ ગાધિને સત્યવતી નામની એક કન્યા હતી. તે કન્યાને ઋચીક નામના બ્રાહ્મણે માગી હતી; પણ તેને અયોગ્ય વર માનીને ગાધિએ તે ઋચીકને કહ્યું હતું કે, 'એક બાજુ શ્યામ કાનવાળા અને ચંદ્રના જેવા ઉજ્જ્વળ એક હજાર ઘોડાઓ કન્યાના મૂલ્ય તરીકે તમે આપો. (જો કે આટલું મૂલ્ય પણ ઓછુંજ છે.) કારણ કે અમે કુશિક વંશના છીએ.'[2-6] ગાધિએ એમ કહ્યું, એટલે તેના અભિપ્રાયને જાણી લઇ ઋચીક મુનિ વરુણદેવની પાસે ગયા અને તેમની પાસેથી તેવા ઘોડાઓ લાવીને ગાધિને અર્પણ કરી તેમની સુંદર મુખવાળી કન્યાને પોતે પરણ્યા. પછી એક સમયે પોતાની સ્ત્રીએ તથા સાસુએ પોતાને સંતાન થાય

*આ અધ્યાયમાં પુરૂરવાના પુત્રનો વંશજ ગાધિ રાજા થયો, જેની પુત્રીના પુત્ર પરશુરામે ક્રોધથી કાર્તવીર્યનો વધ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

તેવી ઇચ્છાથી ઋચીક મુનિને પ્રાર્થના કરી, એટલે એક ચરુને બ્રાહ્મણને લગતા મંત્રોથી તથા બીજા ચરુને ક્ષત્રિયને લગતા મંત્રોથી રાંધીને મુનિ સ્નાન કરવા ગયા;૭।૮ તેટલામાં સત્યવતી પાસે તેની માતાએ સત્યવતીને આપવાના ચરુને ઉત્તમ માની તેની માગણી કરી, એટલે સત્યવતીએ પોતે પોતાનો ચરુ માતાને આપી દીધો. (એ રીતે ચરુને અદલબદલ કરી તે બન્ને સ્ત્રીઓ ખાઇ ગઇ તેટલામાં સ્નાન કરી પાછા આવીને) મુનિએ એ વાત જાણી લઇ પોતાની પત્નીને કહ્યું કે, 'તેં બહુજ ભૂંડું કર્યું છે, તારો પુત્ર સર્વને શિક્ષા કરનારો મહાભયંકર થશે; ત્યારે તારો ભાઇ મહાન બ્રહ્મવેત્તા થશે.'૯।૧૦ તે સાંભળી સત્યવતીએ 'એમ ન થવું જોઇએ' એવી ઋચીક મુનિની પ્રાર્થના કરી; એટલે તે બોલ્યા કે, 'બહુ સારું' ત્યારે તારા પુત્રનો પુત્ર એવો ભયંકર થશે.' પછી એ સત્યવતીથી જમદગ્નિ નામે પુત્ર થયો.૧૧ એ સત્યવતી પોતે લોકોને પવિત્ર કરનારી મહાપુણ્યવાળી કૌશિકી નદી થઇ. જમદગ્નિ રેણુની પુત્રી રેણુકાને પરણ્યા હતા. એ રેણુકામાં જમદગ્નિ ઋષિથી વસુમાન વગેરે પુત્રો થયા હતા. તેઓમાં સૌથી નાનો 'પરશુરામ' એ નામથી પ્રખ્યાત થયો હતો.૧૨।૧૩ જે પરશુરામને વિદ્વાનો ભગવાન વાસુદેવના અંશરૂપ અને હૈહયકુળનો નાશ કરનાર કહે છે; તેમજ જે પરશુરામે આ પૃથ્વીને એકવીસ વાર નિઃક્ષત્રિય કરી હતી.૧૪ જો કે ક્ષત્રિયોનો અપરાધ નાનો હતો; તોપણ તેઓ દુષ્ટ હતા; પૃથ્વીને ભારરૂપ હતા; બ્રાહ્મણોની રક્ષા કરનારા ન હતા અને રજોગુણ તથા તમોગુણથી ઘેરાઇ ગયા હતા; તેથી પરશુરામે તેઓનો નાશ કરી નાખ્યો હતો."૧૫

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"પોતાના મનને નહિ જીતનારા ક્ષત્રિયોએ ભગવાન પરશુરામનો એવો તે કયો અપરાધ કર્યો હતો, કે જેથી તેઓના કુળનો વારંવાર વિનાશ થયો હતો?"૧૬

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"અર્જુન નામે હૈહયકુળના ક્ષત્રિયોનો એક રાજા હતો. તે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ હતો. તેણે નારાયણના અંશરૂપ ગુરુ દત્તાત્રેયની સેવાઓ કરીને તેમનું આરાધન કર્યું હતું; તેથી તેને એક હજાર બાહુઓ મળ્યા હતા, શત્રુઓમાં અજિતપણું પ્રાપ્ત થયું હતું અને કોઇનાથી નાશ ન કરી શકાય તેવી ઇન્દ્રિયશક્તિ, લક્ષ્મી, તેજ, પરાક્રમ, યશ તથા બળ તેને પ્રાપ્ત થયાં હતાં,૧૭।૧૮ તેમજ યોગેશ્વરપણું અને અણિમા વગેરે આઠ મહાસિદ્ધિઓનો જેમાં સમાવેશ થઇ જાય છે, તેવું ઐશ્વર્ય પણ તેને મળ્યું હતું, તેથી લોકમાં જેમ પવન વિચરે છે, તેમ અસ્ખલિત ગતિ વડે તે વિચરતો હતો.૧૯ એ× સહસ્રાર્જુન એક સમયે મદોત્કટ બનીને ઉત્તમ સ્ત્રીઓ સાથે નર્મદા નદીમાં જળક્રીડા કરતો હતો. એ વેળા તેણે ગળામાં વૈજયંતી માળા ધારણ કરી હતી અને પોતાની ભુજાઓથી આખી નદીને તેણે રોકી દીધી હતી—નદીના પ્રવાહને અટકાવી દીધો હતો.૨૦ બીજી તરફ તેજ સમયે પોતાને વીર માનનારો રાવણ દિગ્વિજય માટે નીકળીને માહિષ્મતી નગરીની પાસે નર્મદાકિનારે દેવપૂજા કરતો પોતાની છાવણીને પાછા ફરતા પ્રવાહવાળી એવી નર્મદા નદીના જળથી ભીંજાઇ ગયેલી જોઇ સહસ્રાર્જુનનાં તે પરાક્રમને સહન કરી શક્યો નહિ, તેથી તેણે (નર્મદામાં ક્રીડા કરતા) સહસ્રાર્જુનનો અપરાધ કર્યો હતો—યુદ્ધ કરી તેનો પરાજય કરવા તૈયાર થયો હતો; પણ સહસ્રાર્જુને સ્ત્રીઓની સમક્ષ રમતમાત્રમાં રાવણને કેદ કર્યો હતો અને માહિષ્મતી નગરીમાં પૂરી રાખ્યો હતો; તથા પાછળથી જેમ કોઇ વાનરને છોડી મૂકે, તેમ એ રાવણને (અપમાનપૂર્વક) તેણે છોડી મૂક્યો હતો. (આવો પરાક્રમી) સહસ્રાર્જુન, એક વખતે મનને કંપાવી

× એ અર્જુન રાજા, એક હજાર હાથ મળ્યા પછી સહસ્રાર્જુન કહેવાયો હતો. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાખે તેવા ઘોર જંગલમાં મૃગયા માટે ફરતો ફરતો દૈવયોગે જમદગ્નિના આશ્રમમાં જઇ ચડ્યો.[૨૧-૨૩] એટલે તપોધન મુનિ જમદગ્નિએ પોતાની કામધેનુના પ્રભાવથી તે રાજાનો તેનાં સૈન્ય, પ્રધાનો તથા વાહનો સાથે અતિથિસત્કાર કર્યો.[૨૪] વીર સહસ્રાર્જુને, જમદગ્નિએ કરેલા સત્કારને પોતાના ઐશ્વર્ય કરતાં પણ ચડિયાતો જોઈ તે સત્કાર તરફ પોતાનો આદરભાવ ન કર્યો; પણ જમદગ્નિની કામધેનુ ગાયને લઇ લેવાની ઇચ્છા કરી અને હૈહય ક્ષત્રિયોની સાથે રહી ઋષિની કામધેનુ–ગાયને હરી લેવા માટે ગર્વથી પોતાના સૈનિકોને આજ્ઞા કરી; એટલે તેઓ બરાડા પાડતી કામધેનુ ગાયને વાછરડાની સાથે બળજબરીથી માહિષ્મતી નગરીમાં લઇ ગયા. પછી રાજા સહસ્રાર્જુન ત્યાંથી ચાલ્યો ગયો. એટલામાં પરશુરામ પોતાના આશ્રમમાં આવ્યા અને સહસ્રાર્જુનની એ દુષ્ટતા સાંભળી લાત મારેલા સર્પની પેઠે કોપી ઊઠ્યા. તુરતજ ભયંકર ફરશી, ભાથો, ઢાલ તથા ધનુષ લઇને દુર્ધર્ષ સિંહ જેમ મોટા હાથી પાછળ દોડી જાય, તેમ સહસ્રાર્જુનની પાછળ તે દોડી ગયા.[૨૫-૨૮] પેલી તરફ સહસ્રાર્જુન જેવો નગરીમાં પ્રવેશ કરતો હતો, તેવામાં તો પોતાની સામે બળથી ધસી આવતા, ધનુષને ધારણ કરતા, બાણ તથા ફરશીરૂપી આયુધવાળા, મૃગચર્મ ધારણ કરનારા અને સૂર્ય જેવી તેજસ્વી જટાઓથી યુક્ત ભૃગુશ્રેષ્ઠ પરશુરામને તેણે જોયા.[૨૯] એટલે સહસ્રાર્જુને હાથી, રથ, ઘોડા, પાયદળ, ગદાઓ, તલવારો, બાણો, બેધારવાળી તલવારો, તોપો તથા શક્તિઓ સાથે મહાભયંકર સત્તર અક્ષૌહિણી સેનાઓ તેમની સામે મોકલી; પણ ભગવાન પરશુરામે એકલાએ તે સર્વ સેનાઓને સંહારી.[૩૦] મન અને પવન જેવા વેગવાળા પરશુરામ જ્યાં જ્યાં ફરશીનો પ્રહાર કરીને શત્રુસૈન્યનો સંહાર કરતા હતા, ત્યાં ત્યાં કપાયલી ભુજાઓ, સાથળો તથા ડોકાંઓવાળા અને હણાયલા સારથિઓ તથા વાહનોવાળા યોદ્ધાઓ ધરણી પર ઢળી પડતા હતા.[૩૧] એ રીતે લોહીના ધોધથી કીચડવાળા બની ગયેલા સમરાંગણમાં પરશુરામની ફરશી તથા બાણોના મારાથી પોતાના સૈન્યની ઢાલો, ધજાઓ, મનુષ્યો તથા શરીરો કપાઇ ગયાં; તે જોઇને સહસ્રાર્જુન ક્રોધથી યુદ્ધ કરવા ચડી આવ્યો અને તરતજ પોતાના પાંચસો હાથમાં પાંચસો ધનુષો લઇને તેઓમાં બાણો ચડાવી એકી વખતે પરશુરામ તરફ ફેંક્યાં, પણ અસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા પરશુરામે માત્ર એકજ ધનુષ લઇ એકીસાથે તે બાણોને બાણો વડે કાપી નાખ્યાં.[૩૨।૩૩] પછી સહસ્રાર્જુન પોતાનાં બાણો વડે પર્વતોને તથા વૃક્ષોને ઉપાડીને વેગથી યુદ્ધમાં પરશુરામ સામે દોડી ગયો; પણ પરશુરામે કઠોર ધારવાળી ફરશીથી સર્પની ફણાઓને જેમ કાપી નાખે, તેમ બળાત્કારે સહસ્રાર્જુનની ભુજાઓને કાપી નાખી અને પછી કોઈ એક પર્વતના શિખરને જેમ ઉડાવી દે, તેમ કપાઇ ગયેલા બાહુઓવાળા તેના મસ્તકને પણ ઉડાવી દીધું. એ પ્રમાણે પોતાનો પિતા મરણ પામ્યો; એટલે સહસ્રાર્જુનના દશ હજાર પુત્રો ભયથી નાસી ગયા. ત્યારે શત્રુવીરોનો સંહાર કરનારા પરશુરામે દુઃખી થયેલી કામધેનુ ગાયને વાછરડાની સાથે પાછી વાળીને આશ્રમમાં આવી પિતાને અર્પણ કરી તથા પોતે જે કર્મ કર્યું હતું, તે પોતાના પિતા આગળ તથા ભાઇઓની આગળ વર્ણવી બતાવ્યું. તે સાંભળી જમદગ્નિ બોલ્યાઃ 'ઓ રામ! હે રામ! હે મહાબાહુ! તેં આ પાપકર્મ કર્યું છે. કારણ કે તેં સર્વદેવમય રાજાનો વૃથા વધ કર્યો છે.[૩૪-૩૮] હે તાત! આપણે બ્રાહ્મણો છીએ–આપણે ક્ષમાને લીધેજ યોગ્યતાને પામ્યા છીએ; લોકગુરુ બ્રહ્મદેવ પણ ક્ષમાને લીધેજ પરમેષ્ઠિપદને પામ્યા છે;[૩૯] એટલુંજ નહિ પણ આપણું બ્રહ્મતેજ ક્ષમાને લીધેજ સૂર્યની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાંતિની પેઠે પ્રકાશે છે અને ક્ષમા ધારણ કરનારાઓ ઉપર સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ સત્વર પ્રસન્ન થાય છે.[૪૦] જેના મસ્તક પર રાજ્યાભિષેક થયો હોય છે, તેવા રાજાનો વધ તો બ્રાહ્મણના વધ કરતાં પણ ભારે છે; માટે હે ભાઈ! ભગવાનમાં મન લગાડીને તીર્થસેવન કરી તું એ પાપનો નાશ કરી નાખ.' "[૪૧]

राज्ञो मूर्द्धावसिक्तस्य वधो ब्रह्मवधाद्गुरुः ।
तीर्थसंसेवया चाहो जह्यंगाच्युतचेतनः ॥४१॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

अध्याय १६ मो×

સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાખ્યા

॥ श्रीशुक उवाच ॥

पित्रोपशिक्षितो रामस्तथेति कुरुनंदन ।
संवत्सरं तीर्थयात्रां चरित्वाऽऽश्रममाव्रजत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે કુરુવંશી રાજા! પિતાએ એ રીતે શિખામણ આપી; એટલે પરશુરામ 'બહુ સારું' એમ કહીને એક વર્ષ સુધી તીર્થયાત્રા કરવા ગયા હતા અને પછી પોતાના આશ્રમમાં પાછા આવ્યા હતા.[૧] એક વખતે પરશુરામની માતા રેણુકા (જળ ભરવાને) ગંગાકિનારે ગયાં હતાં, ત્યાં કમળની માળા ધારણ કરતો ગંધર્વરાજ ચિત્રરથ અપ્સરાઓ સાથે ક્રીડા કરતો તેમના જોવામાં આવ્યો.[૨] જો કે પોતે જળ માટે નદીએ ગયાં હતાં, છતાં ક્રીડા કરતા પેલા ગંધર્વરાજને જોતાં તેના પર પોતાની કંઈક ઇચ્છા થઈ જવાથી તેમને હોમના સમયનું સ્મરણ રહ્યું નહિ.[૩] પછી હોમનો સમય વીતી ગયેલો જોઇ મુનિના શાપથી શંકા પામેલાં રેણુકા આશ્રમમાં આવીને મુનિની આગળ કળશ મૂકી બે હાથ જોડીને ઊભાં રહ્યાં.[૪] મુનિ જમદગ્નિ પોતાની પત્નીનો માનસિક વ્યભિચાર જાણીને કોપાયમાન થઇ બોલી ઊઠયા કે, 'હે પુત્રો! આ પાપી સ્ત્રીને મારી નાખો;' પણ પુત્રોએ તેમ કર્યું નહિ.[૫] પછી પિતાએ પરશુરામને આજ્ઞા કરી કે, 'તારા ભાઇઓને તારી માતાની સાથે તું મારી નાખ.' એટલે તુરતજ પરશુરામે ભાઇઓને તથા માતાને મારી નાખ્યાં; કેમકે પરશુરામ, જમદગ્નિ મુનિની સમાધિ તથા તપના પ્રભાવને સારી રીતે જાણતા હતા. (કે, મારા ભાઇઓને તથા માતાને હું નહિ મારી નાખું, તો પિતાજી મને પણ શાપ આપવા સમર્થ છે અને મારી નાખીશ, તો મારાપર પ્રસન્ન થઈ તેઓને જીવાડવાને પણ સમર્થ છે.)[૬] પછી પરશુરામ ઉપર પ્રસન્ન થયેલા જમદગ્નિએ તેમને વર માગવા પ્રેરણા કરી; એટલે પરશુરામે મરી ગયેલી માતા તથા ભાઇઓનું સજીવનપણું માગ્યું અને પોતે તેઓને મારી નાખ્યાં હતાં, તેનું તેમને સ્મરણ ન રહે તે માગ્યું.[૭] એટલે ઋષિએ 'તથાસ્તુ' એમ કહ્યું કે તુરતજ જેમ નિદ્રામાંથી જાગી ઊઠે તેમ તેઓ સર્વે કુશળક્ષેમ ઊભાં થયાં. એ પ્રમાણે પિતાના તપોબળને જાણનારા પરશુરામે પોતાના સંબંધીઓનો વધ કર્યો હતો.[૮] હે રાજન્! સહસ્રાર્જુનના પુત્રો, કે જેઓ પોતાના પિતાના નાશને સંભાર્યા કરતા હતા અને પરશુરામના પરાક્રમથી હારી ગયા હતા; તેઓને કયાંય પણ સુખ મળતું ન હતું—પિતાનું વેર લેવાની ચિંતામાંજ તેઓ રહેતા હતા.[૯] એક સમયે પરશુરામ પોતાના ભાઇઓ સાથે આશ્રમમાંથી વનમાં ગયા હતા, ત્યારે એ સમય મેળવી સહસ્રાર્જુનના પુત્રો વૈર લેવાની ઇચ્છાથી જમદગ્નિના આશ્રમમાં જઈ પહોંચ્યા.[૧૦] તે વેળા જમદગ્નિ મુનિ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે બુદ્ધિ સ્થાપીને અગ્નિશાળામાં બેઠા હતા; તેમને જોઇને

× આ અધ્યાયમાં સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાખ્યા, એટલે પરશુરામે ક્ષત્રિયોનો સંહાર કરી નાખ્યો તે અને વિશ્વામિત્રનો વંશ કહેવામાં આવશે. શ્રી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પેલા પાપી નિશ્ચયવાળા નીચ ક્ષત્રિયોએ તેમને મારી નાખવાની તૈયારી કરી; એટલે પરશુરામની દીન માતાએ પોતાના પતિને નહિ મારવા માટે તે ક્રૂર ક્ષત્રિયોની પાસે યાચના કરી; છતાં તેઓ બળજબરીથી જમદગ્નિનું મસ્તક કાપીને લઈ ગયા.૧૧,૧૨ પાછળથી સતી રેણુકા દુઃખ અને શોકથી વ્યાકુળ થઇને છાતી કૂટવા લાગી અને 'હા રામ! ઓ રામ! ઓ તાત!' એમ મોટેથી બૂમો પાડવા લાગી.૧૩ તે વખતે દૂર રહેલા પરશુરામ 'હા રામ!' એવો દુઃખીના જેવો શબ્દ સાંભળી ઉતાવળા ઉતાવળા આશ્રમમાં આવી પહોંચ્યા અને જોયું તો પિતાને મરણ પામેલા દીઠા.૧૪ તે જોઇને પિતાના મૃત્યુનું દુઃખ, ક્રોધ, અસહનતા, દીનતા અને શોકના વેગથી મોહિત થઇને પરશુરામ વિલાપ કરવા લાગ્યાઃ 'હા તાત! ઓ ધર્મિષ્ઠ સત્પુરુષ! અમને છોડીને આપ સ્વર્ગે પધાર્યા!'૧૫ આવો વિલાપ કરી પિતાનું શરીર ભાઇઓને સોંપી, પરશુરામે હાથમાં ફરશી લઇ ક્ષત્રિયોનો સંહાર કરવાનો મનમાં વિચાર કર્યો૧૬ અને હે રાજન્! બ્રાહ્મણહત્યા કરનારાઓએ જેની શોભાનો નાશ કર્યો હતો, એવી માહિષ્મતી નગરીમાં જઈ પરશુરામે એ નગરીની વચ્ચે સહસ્રાર્જુનના પુત્રોનાં મસ્તકોનો મોટો પર્વત કર્યો; તેમજ ક્ષત્રિયોએ એવાં અમંગલ કર્મો કરવા માંડ્યાં, ત્યારે પોતાના પિતાના વધનું માત્ર એક નિમિત્ત કરીને પરશુરામે, તેઓના લોહીથી બ્રાહ્મણોનો દ્રોહ કરનારાઓને ભય ઉપજાવનારી ભયંકર નદી ચાલુ કરી.૧૭,૧૮ પ્રભુ પરશુરામે* એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી હતી અને સ્યમંતક ક્ષેત્રમાં લોહીના નવ ધરાઓ કર્યા હતા.૧૯ પછી પિતાનું મસ્તક લાવીને યજ્ઞમાં પિતાના શરીર સાથે તેને જોડી દઈ યજ્ઞોદ્વારા સર્વ દેવમય એવા આત્મારૂપ દેવનું તેમણે યજન કર્યું હતું. તે વેળા (યજ્ઞની દક્ષિણા તરીકે) હોતાને તેમણે પૂર્વદિશા આપી હતી, બ્રહ્માને દક્ષિણદિશા અર્પણ કરી હતી, અધ્વર્યુને પશ્ચિમદિશા આપી હતી અને ઉદ્‌ગાતાને ઉત્તરદિશા આપી હતી;૨૦,૨૧ તે સિવાય બીજા બ્રાહ્મણોને અવાંતર દિશાઓ (એટલે ખૂણાની દિશાઓ) આપી હતી; કશ્યપને પૃથ્વીનો મધ્યભાગ આપ્યો હતો; ઉપદ્રષ્ટાને આર્યાવર્ત આપ્યો હતો અને બીજા સદસ્ય બ્રાહ્મણોને બાકી રહેલો ભાગ આપ્યો હતો.૨૨ એ રીતે યજ્ઞની સમાપ્તિ થયા પછી બ્રહ્મનદી સરસ્વતીમાં અવભૃથ સ્નાન કરીને તેમણે પોતાનાં સર્વ પાપો ધોઇ નાખ્યાં હતાં; જેથી વાદળોથી મુક્ત થયેલા સૂર્યની પેઠે તે શોભતા હતા.૨૩ પરશુરામના પિતા જમદગ્નિ કેવળ સ્મરણરૂપ ચિહ્નવાળું શરીર પ્રાપ્ત કરીને સપ્તર્ષિઓના મંડળમાં પરશુરામથી પૂજાયલા સાતમા ઋષિ થયા છે.૨૪ કમળ સમાન નેત્રવાળા પરશુરામ પણ આવતા મન્વંતરમાં, હે રાજા! વેદપ્રવૃત્તિ ચાલુ કરશે–અર્થાત્ વેદપ્રવર્તક સપ્તર્ષિઓમાંના એક ઋષિ થશે.૨૫ તે પરશુરામ હજી પણ મહેન્દ્ર પર્વત ઉપર બિરાજે છે; તેમણે હવે ક્ષત્રિયોને શિક્ષા કરવાનું છોડી દીધું છે; તેમની બુદ્ધિ ઘણીજ શાંત થઈ છે અને સિદ્ધો, ગંધર્વો તથા ચારણો તેમનાં ચરિત્રોને ગાયા કરે છે.૨૬ એ પ્રમાણે જગતના આત્મા તથા ઈશ્વર ભગવાન શ્રીહરિએ ભૃગુઓના વંશમાં અવતાર લઇને પૃથ્વીના ભારરૂપ એવા અનેક રાજાઓનો નાશ કર્યો હતો.૨૭

"ગાધિ રાજાના વિશ્વામિત્ર નામે પુત્ર હતા. તે પ્રજ્વલિત અગ્નિ જેવા મહાતેજસ્વી હતા અને તપશ્ચર્યા વડે પોતાના ક્ષત્રિયપણાનો ત્યાગ કરી તેમણે બ્રહ્મતેજ પ્રાપ્ત કર્યું હતું. હે રાજા! વિશ્વામિત્રને એક સો ને એક પુત્રો હતા. તેઓમાં વચેટ પુત્ર મધુચ્છંદસ્ નામનો હતો, જેના સંબંધથી

* પરશુરામની માતા રેણુકાએ પતિના મરણસમયે દુઃખના આવેશથી એકવીસ વાર છાતી કૂટી હતી, તેથી પરશુરામે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી હતી, એવી પ્રસિદ્ધિ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

તેઓ સર્વે મધુચ્છંદસ કહેવાયા હતા. ૨૯ અજીગર્તનો પુત્ર ભૃગુવંશી શુનઃશેપ કે જેનું બીજું નામ 'દેવરાત' હતું; તેને પુત્ર તરીકે સ્વીકારીને વિશ્વામિત્રે પોતાના પુત્રોને કહ્યું હતું કે, 'આ શુનઃશેપને તમે સૌથી મોટા માનજો. *એ શુનઃશેપ પહેલાં હરિશ્ચંદ્રના યજ્ઞમાં પુરુષપશુ તરીકે (તેનાં માતા–પિતાદ્વારા) વેચાયો હતો અને (તે વેળા વિશ્વામિત્રને શરણે જઇ તેમણે ઉપદેશેલા મંત્રથી) પ્રજાપતિ વગેરે દેવોની સ્તુતિ કરી મૃત્યુના પાશમાંથી મુક્ત થયો હતો. વળી જેને (હરિશ્ચંદ્રના) દેવયજનમાં દેવોએ જીવતોજ છોડી મૂક્યો હતો, તેથી ગાધિના વંશજોમાં દેવરાત નામના તાપસ તરીકે જે પ્રખ્યાત થયો હતો, તેજ એ ભૃગુવંશી શુનઃશેપ હતો. ૩૦–૩૨ વિશ્વામિત્રના પુત્રોમાં મધુચ્છંદસ્થી મોટા હતા, તેઓએ શુનઃશેપનું સૌથી મોટાપણું સારું માન્યું ન હતું, તેથી મુનિ વિશ્વામિત્રે ક્રોધાયમાન થઇને શાપ દીધો હતો કે, 'ઓ દુર્જનો ! મ્લેચ્છ થઇ જાઓ.' ૩૩ પછી મધુચ્છંદસે પોતાનાથી નાના પચાસ ભાઇઓ સાથે વિશ્વામિત્રને કહ્યું હતું કે, 'આપ અમને જે આજ્ઞા આપો છો, તેમાં રહેવાને અમે તૈયાર છીએ.' ૩૪ પિતાને એમ કહીને તેઓએ મંત્રદ્રષ્ટા શુનઃશેપને પોતાનાથી મોટા બનાવ્યો અને કહ્યું કે, 'અમે સર્વે આપને અનુસરીશું–આપ અમારામાં મોટા છો; અમે આપથી નાના છીએ.' તે સાંભળી વિશ્વામિત્રે પુત્રોને કહ્યું કે, 'તમે પુત્રવાળા થશો, કારણકે તમે મારું માન જાળવીને મને પુત્રવાળો કર્યો છે. ૩૫ હે કુશિકવંશી પુત્રો ! આ દેવરાત હવે તમારા જ વંશનો–કૌશિક થયો છે. કારણ કે તે મારો પુત્ર છે; માટે તમે તેને અનુસરજો–તેની આજ્ઞામાં રહેજો.' વિશ્વામિત્રને એ સિવાય બીજા અષ્ટક, હારીત, જય, ક્રતુમત્ વગેરે પણ પુત્રો હતા. ૩૬ એ રીતે વિશ્વામિત્રના અનેક પુત્રો હોવાથી કૌશિક ગોત્ર અનેક પ્રકારનું તથા જુદા પ્રવરવાળું થયું હતું. કારણ કે તે ગોત્રમાં દેવરાતને સૌથી મોટા બનાવવામાં આવ્યો હતો." ૩૭

एवं कौशिकगोत्रं तु वैश्वामित्रैः पृथग्विधम् ।
प्रवरांतरमापन्नं तद्धि चैवं प्रकल्पितम् ॥ ३७ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

अध्याय १७ मो×

પુરૂરવાના મોટા પુત્ર આયુનો વંશ

॥ श्रीशुक उवाच ॥

यः पुरूरवसः पुत्र आयुस्तस्याभवन् सुताः ।
नहुषः क्षत्रवृद्धश्च रजी रंभश्च वीर्यवान् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" પુરૂરવાનો આયુ નામનો જે પુત્ર હતો, તેના નહુષ, ક્ષત્રવૃદ્ધ, રજી, રંભ અને પરાક્રમી અનેનસ નામના પાંચ પુત્રો હતા. તેઓમાં ક્ષત્રવૃદ્ધના વંશને તમે સાંભળો. ક્ષત્રવૃદ્ધને સુહોત્ર નામનો પુત્ર હતો. તે સુહોત્રને કાશ્ય, કુશ અને ગૃત્સમદ નામના ત્રણ પુત્રો હતા. તેઓમાં ગૃત્સમદને શુનક નામે પુત્ર હતો; જેને ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ મુનિ શૌનક નામે પુત્ર હતો. ૧–૩ કાશ્યને કાશિ, તેનો રાષ્ટ્ર, રાષ્ટ્રનો દીર્ઘતમસ્ અને દીર્ઘતમસ્નો ધન્વંતરિ નામે પુત્ર હતો. એ ધન્વંતરિ આયુર્વેદના પ્રવર્તક યજ્ઞભોક્તા વાસુદેવ ભગવાનના અંશરૂપ અને માત્ર સ્મરણ કરતાંજ રોગોનો નાશ કરનારા ગણાય છે. એ ધન્વંતરિનો

× આ શ્લોકના આશયનુંજ આવું વેદવચન છેઃ—

'तस्य ह विश्वामित्रस्यैकशतं पुत्रा आसुः पञ्चाशदेव ज्यायांसो मधुच्छंदसः पञ्चाशत् कनीयांसः।'

વિશ્વામિત્રને એક સો ને એક પુત્રો હતા, તેઓમાં વચલા મધુચ્છંદસથી પચાસ મોટા હતા અને પચાસ તેનાથી નાના હતા. —શ્રીધર

*આ શુનઃશેપને વિશ્વામિત્રે હરિશ્ચંદ્ર રાજાને ત્યાં થતા પુરુષમેધ યજ્ઞમાંથી છોડાવી પોતાને ખોળે લીધો હતો. આ કથાનું મૂળ ઐતરેય બ્રાહ્મણમાં છે. —ભા. ક.

× આ અધ્યાયમાં પુરૂરવાના મોટા પુત્ર આયુના પાંચ પુત્રો પૈકી ક્ષત્રવૃદ્ધ આદિ ચાર પુત્રોના વંશનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

કેતુમાન, કેતુમાનનો ભીમરથ, ભીમરથનો દિવોદાસ અને દિવોદાસનો દ્યુમાન નામે પુત્ર હતો. એ દ્યુમાનજ પ્રતર્દન, શત્રુજિત્, વત્સ, ઋતધ્વજ અને કુવલયાશ્વ નામે કહેવાતો હતો. તે દ્યુમાનના અલર્ક વગેરે પુત્રો થયા હતા. હે રાજન્! અલર્ક વિના બીજા કોઇએ પણ છાસઠ હજાર વર્ષ સુધી યુવાન રહીને આ પૃથ્વીને ભોગવી નથી.[૪-૭] એ અલર્કથી સંતતિ નામે પુત્ર થયો હતો; સંતતિનો સુનીથ, સુનીથનો સુકેતન, સુકેતનનો ધર્મકેતુ, ધર્મકેતુનો સત્યકેતુ, સત્યકેતુનો ધૃષ્ટકેતુ, ધૃષ્ટકેતુનો સુકુમાર રાજા, સુકુમારનો વીતિહોત્ર, વીતિહોત્રનો ભર્ગ અને ભર્ગનો ભાર્ગભૂમિ નામે પુત્ર રાજા થયો હતો.[૮-૯] એ પ્રમાણે એ કાશિવંશના રાજાઓ ક્ષત્રવૃદ્ધના વંશમાંથી ઊતરેલા ગણાય છે. હવે આયુના પુત્ર રંભનો રભસ નામે પુત્ર હતો; રભસનો ગંભીર તથા ગંભીરનો અક્રિય નામે પુત્ર થયો હતો.[૧૦] આ અક્રિયની સ્ત્રીમાં બ્રાહ્મણકુળ ઉત્પન્ન થયું હતું. હવે આયુના પુત્ર અનેનસ્‌નો વંશ તમે સાંભળો. અનેનસ્‌નો શુદ્ધ, શુદ્ધનો શુચિ, શુચિનો ત્રિકકુદ્, કે જે ધર્મસારથિ એવા બીજા નામથી પણ કહેવાતો હતો અને તે ત્રિકકુદ્‌થી શાંતરય નામે પુત્ર થયો હતો. એ કૃતકૃત્ય અને આત્મજ્ઞાની હતો. (તેણે પુત્રોત્પત્તિ કરી ન હતી.) આયુના પુત્ર રજિને અમાપ બળવાળા પાંચસો પુત્રો હતા.[૧૧,૧૨] એક વેળા દેવોએ રજિને પ્રાર્થના કરેલી, તેથી તેણે દૈત્યોનો વધ કરી ઇન્દ્રને સ્વર્ગ સોંપ્યું હતું; પરંતુ ઇન્દ્રે પ્રહ્‌લાદ વગેરે શત્રુઓથી ભય પામીને રજિના બન્ને ચરણોનો સ્પર્શ કરી સ્વર્ગનું રાજ્ય તેને આપ્યું હતું અને પોતાનું શરીર પણ તેને અર્પણ કર્યું હતું. પછી પિતા—રજિ મરણ પામ્યો, એટલે ઇન્દ્રે તેના પુત્રોની પાસેથી સ્વર્ગની માગણી કરી; પણ તેઓએ ઇન્દ્રને સ્વર્ગ આપ્યું નહિ ને યજ્ઞના ભાગો પણ પોતે લેવા માંડ્યા, જેથી (તેઓની બુદ્ધિને ભ્રષ્ટ કરવા માટે) ગુરુ બૃહસ્પતિએ અગ્નિમાં હોમ કર્યો કે તુરતજ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા રજિના બધા પુત્રોને ઇન્દ્રે મારી નાખ્યા ને કોઇને બાકી રહેવા દીધો નહિ. હવે ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશનો પ્રતિ નામે પુત્ર થયો હતો; પ્રતિનો સંજય, સંજયનો જય, જયનો કૃત, કૃતનો હર્યવન રાજા, હર્યવનનો સહદેવ, સહદેવનો હીન, હીનનો જયસેન, જયસેનનો સંકૃતિ અને સંકૃતિનો જય નામનો પુત્ર થયો હતો, કે જે ક્ષાત્રધર્મમાં નિષ્ઠાવાળો અને મહારથી હતો. આ બધા ક્ષત્રવૃદ્ધના વંશજ રાજાઓ મેં તમને કહ્યા. હવે આયુના પુત્ર નહુષ અને તે નહુષના પુત્ર યયાતિથી જે વંશ ચાલેલો, તેને તમે સાંભળો."[૧૩-૧૮]

संकृतिस्तस्य च जयः क्षत्रधर्मा महारथः ।
क्षत्रवृद्धान्वया भूपाः शृणु वंशं च नाहुषात् ॥१८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૭મો સમાપ્ત

अध्याय १८ मो*

નહુષના પુત્ર યયાતિનું ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

यतिर्ययातिः संयातिरायतिर्वियतिः कृतिः ।
षडिमे नहुषस्यासन्निंद्रियाणीव देहिनः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"જેમ પ્રાણીઓને ઇન્દ્રિયો છ હોય છે, તેમ આયુના પુત્ર નહુષને યતિ, યયાતિ, સંયાતિ, આયતિ, વિયતિ અને કૃતિ નામના છ પુત્રો હતા.[૧] તેમાંના યતિએ, પોતાનો પિતા રાજ્ય આપતો હતો, છતાં પોતે રાજ્યના પરિણામને જાણતો હોવાથી તેણે રાજ્યની ઇચ્છા કરી ન હતી. કેમકે રાજ્યમાં પડેલો પુરુષ પોતાના આત્માને જાણી શકતો નથી.[૨] પિતા—નહુષ રાજાને (અમુક સમય સુધી સ્વર્ગનો તે ઇન્દ્ર હતો, ત્યારે) ઇન્દ્રાણીને ભોગવવાની

* આ અધ્યાયમાં નહુષના પુત્ર યયાતિની કથા કહેવાશે, જેના પાંચ પુત્રોમાંથી સૌથી નાનાએ તેની વૃદ્ધાવસ્થા લીધી હતી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇચ્છા કરવારૂપી દોષને લીધે બ્રાહ્મણોએ સ્વર્ગરૂપ સ્થાનથી ભ્રષ્ટ કર્યો હતો અને (શાપ દઈ) અજગર બનાવી દીધો હતો; તે વખતે (તેનો બીજો પુત્ર) યયાતિ રાજા થયો હતો.[૩] તેણે શુક્રાચાર્યની તથા વૃષપર્વાની પુત્રીઓ સાથે પોતાનાં લગ્ન કર્યાં હતાં; ચારે દિશાઓમાં પોતાના નાના ભાઇઓને રાજ્ય કરવાની આજ્ઞા આપી હતી અને પોતે મધ્યભૂમિનું પાલન કરતો હતો."

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"ભગવાન શુક્રાચાર્ય બ્રહ્મર્ષિ હતા અને યયાતિ રાજા ક્ષત્રિય હતો; છતાં એ ક્ષત્રિય અને બ્રાહ્મણ વચ્ચે ×પ્રતિલોમવિવાહ કેમ થયો હતો?"[૪-૫]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એક દિવસે દાનવોના રાજા વૃષપર્વાની ક્રોધી કન્યા શર્મિષ્ઠા, ગુરુ શુક્રાચાર્યની કન્યા દેવયાની તથા બીજી હજારો સખીઓ સાથે શહેરના બગીચામાં ફરતી હતી; જે બગીચામાં પુષ્પોવાળાં ઝાડો પુષ્કળ હતાં અને તળાવોના કિનારાઓ પર ભમરાઓ મધુર ગુંજારવ કરી રહ્યા હતા.[૬-૭] કમળ જેવાં નેત્રોવાળી તે કન્યાઓ (ફરતી ફરતી) એક જલાશય પાસે આવી અને કિનારા પર કપડાં મૂકી પરસ્પર પાણી છાંટતી જળક્રીડાઓ કરવા લાગી.[૮] એવામાં પોઠિયા પર બિરાજેલા શંકર, પાર્વતીજીની સાથે ત્યાંથી જતા હતા; તેમને જોઇને પેલી કન્યાઓ શરમાઈ ગઈ અને જલાશયમાંથી એકદમ બહાર નીકળીને પોતપોતાનાં વસ્ત્રો પહેરવા લાગી.[૯] એ વખતે શર્મિષ્ઠાએ અજાણતાં ગુરુપુત્રી દેવયાનીનું વસ્ત્ર પોતાનું જાણીને પહેરી લીધું; એટલે દેવયાનીએ કોપ કરીને આ પ્રમાણે કહ્યું:[૧૦] 'અહો! આ દાસીનું અયોગ્ય કર્મ તો જુઓ! કૂતરી જેમ યજ્ઞમાં બલિદાન ખાઇ જાય, તેમ (આ દુષ્ટાએ) અમારે પહેરવાનું વસ્ત્ર પહેરી લીધું છે.[૧૧] જે બ્રાહ્મણોએ તપશ્ચર્યાથી આ જગત સર્જ્યું છે; જેઓ પરપુરુષ–પરમાત્માનું મુખ છે; બ્રહ્મને ધારણ કરે છે; જેમણે કલ્યાણનો માર્ગ દર્શાવ્યો છે અને જેઓની દેવોના રાજા લોકપાલો સ્તુતિ કરે છે; એટલુંજ નહિ પણ જગતના આત્મા અને લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ પવિત્ર ભગવાન પણ જેઓની સ્તુતિ કરે છે, એવા તે બ્રાહ્મણો સર્વના પૂજ્ય છે અને તેમાં પણ અમે તો ભૃગુવંશી બ્રાહ્મણો છીએ અને આનો પિતા અસુર અમારો શિષ્ય છે, છતાં શૂદ્ર જેમ વેદને ધારણ કરે, તેમ આ અધમ અસુરપુત્રીએ મારે ધારણ કરવા યોગ્ય વસ્ત્રો પહેરી લીધાં છે.[૧૨-૧૪] ગુરુપુત્રી દેવયાની એ પ્રમાણે ગાળો દેતી હતી, ત્યારે પગ તળે દબાયેલી નાગણની પેઠે ક્રોધથી શ્વાસોચ્છ્વાસ લેતી શર્મિષ્ઠા દાંતથી હોઠ પીસીને તેણીને કહેવા લાગી:[૧૫] 'અરે ઓ ભિખારણ! પોતાની સ્થિતિને જાણ્યા વિનાજ આમ વધારે વધારે તું પોતાનાં વખાણ કર્યે જાય છે! જેમ કૂતરાં (આજીવિકાને માટે) પારકાં ઘરની આશા રાખે છે, તેમ તું અમારા ઘરની આશા નથી રાખતી?'[૧૬] આવાં આવાં ઘણાં કઠોર વચનોથી શુક્રાચાર્યની સતી પુત્રીનો તિરસ્કાર કરી શર્મિષ્ઠાએ, ક્રોધથી તેણીનું વસ્ત્ર પડાવી લઈ તેને કૂવામાં ફેંકી દીધી[૧૭] અને પોતે પોતાને ઘેર ચાલી ગઇ. એવામાં મૃગયા માટે ફરતો યયાતિ રાજા દૈવયોગે ત્યાં આવી ચડ્યો અને જળની ઇચ્છાવાળા તે રાજાએ કૂવામાં પેલી દેવયાનીને જોઈ;[૧૮] એટલે તુરતજ રાજાએ તે નગ્ન દેવયાનીને પોતાનું ઉત્તરીય વસ્ત્ર પહેરવા આપ્યું અને તે દયાળુએ તેનો હાથ પોતાના હાથથી પકડીને (કૂવામાંથી) બહાર કાઢી.[૧૯] તે વખતે શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ પ્રેમથી છલકાતી વાણી વડે વીર યયાતિ રાજાને કહ્યું કે, 'હે શત્રુનગરોને જીતનારા રાજા! તમે મારા હાથને ગ્રહણ કર્યો છે; માટે તમે મને સ્વીકારી લીધી

×ક્ષત્રિયની કન્યાને કદાચ બ્રાહ્મણ પરણી શકે (અને તે અનુલોમવિવાહ ગણાય,) પણ બ્રાહ્મણની કન્યાને ક્ષત્રિય પરણી શકે નહિ. કેમકે એમ થવું તે વિપરીત છે. (આનું નામજ પ્રતિલોમવિવાહ છે.) ચા૦ પ્ર૦

Dr. Urmila Sharma Collection, Varanasi

`CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. હવે કોઈ બીજો પુરુષ મારા હાથને ગ્રહણ કરશે નહિ. (હું તમનેજ વરી ચૂકી છું.) હે વીર! આ આપણા સંબંધને ઈશ્વરેજ નિર્માણ કરેલો છે; પણ કોઇ પુરુષે નિર્માણ કર્યો નથી. કારણ કે હું અહીં કૂવામાં પડી હતી, ત્યાં તમારું મને દર્શન થયું છે. વળી હે મોટી ભુજાઓવાળા રાજા! બૃહસ્પતિનો પુત્ર* કચ કે જેને મેં પહેલાં શાપ આપ્યો હતો, તેના શાપથી કોઇ પણ બ્રાહ્મણ મારો હાથ ગ્રહણ કરનાર નથી.' જો કે યયાતિ રાજાને તે દેવયાનીનું કહેવું (અશાસ્ત્રીય હોવાથી) ગમતું ન હતું; તોપણ એ પ્રસંગ દૈવેજ આણી સૂઝ્યો હતો, એમ જાણીને તેમજ પોતાના (ધાર્મિક) મનને પણ તેમાં આસક્ત થયેલું જાણીને દેવયાનીનું વચન તેણે સ્વીકારી લીધું હતું. પછી તે વીર રાજા ત્યાંથી ગયો; એટલે દેવયાનીએ રડતાં રડતાં પોતાના પિતાની આગળ શર્મિષ્ઠાએ જે કંઈ કર્યું હતું તથા કહ્યું હતું, તે સર્વ વૃત્તાંત જણાવ્યું; તે સાંભળી ભગવાન શુક્રાચાર્ય મનમાં ખેદ પામ્યા. તેમણે પુરોહિતવૃત્તિની નિંદા કરીને ÷કાપોતી વૃત્તિની પ્રશંસા કરી અને પુત્રીની સાથે નગરમાંથી નીકળી ગયા. તે વખતે વૃષપર્વા, 'શુક્રાચાર્ય દેવોને જય અપાવવાના અભિપ્રાયથી અહીંથી ચાલ્યા જાય છે' એમ જાણી (તેમની પાછળ જઈ) ગુરુને મસ્તક નમાવી પ્રસન્ન કરતો માર્ગમાં તેમના પગમાં પડ્યો.૨૦-૨૬ પછી ભગવાન શુક્રાચાર્ય અર્ધી ક્ષણવારજ ક્રોધાયમાન રહીને વૃષપર્વાને કહેવા લાગ્યા કે, 'હે રાજન્! આ મારી પુત્રીની ઇચ્છા તું પૂર્ણ કર. હું એનો અહીં ત્યાગ કરવા ઇચ્છતો નથી.'૨૭ તે સાંભળી વૃષપર્વા 'બહુ સારું' એમ કહીને ઊભો રહ્યો; એટલે દેવયાનીએ પોતાના મનનો અભિપ્રાય તેને કહ્યો કે, 'મારા પિતા મને જ્યાં પરણાવે અને હું જ્યાં જાઉં, ત્યાં તારી પુત્રી પોતાની સખીઓની સાથે મારી પાછળ આવે. (મારી દાસી તરીકે થઇને રહે.)'૨૮ (વૃષપર્વાએ તે કબૂલ્યું) એટલે શર્મિષ્ઠા પોતાના સંબંધીઓ પરનું સંકટ જોઇને તેમજ દેવયાનીનું સન્માન કરવાથી પોતાના સંબંધીઓના કાર્યનું ગૌરવ થશે તે જોઇને, હજાર દાસીઓની સાથે એક ચાકરડીની પેઠે દેવયાનીની સેવા કરવા લાગી. પછી શુક્રાચાર્યે દેવયાનીને શર્મિષ્ઠાની સાથે યયાતિ રાજાને આપીને તેને કહ્યું કે, 'હે રાજા! તારે આ શર્મિષ્ઠાને કદી પણ શય્યામાં લેવી નહિ—તેની સાથે તારે કદી પણ વિષયસુખ ભોગવવું નહિ.' હે રાજા! ત્યાર પછી એક વખતે સતી શર્મિષ્ઠાએ દેવયાનીને સંતાનવાળી જોઇ પોતાની સખી દેવયાનીના પતિ યયાતિ રાજા પાસેજ એકાંતમાં (સંતાનને માટે સમાગમની) પ્રાર્થના કરી. રાજપુત્રી શર્મિષ્ઠાએ એ પ્રમાણે સંતાન માટે પ્રાર્થના કરી, એટલે ધર્મવેત્તા યયાતિ રાજાએ 'આ પણ મારો ધર્મજ છે' એમ વિચારીને, પોતાને શુક્રાચાર્યના વચનનું સ્મરણ હતું, છતાં પણ દૈવેચ્છાને લીધે ઋતુકાળના સમયે શર્મિષ્ઠા સાથે સમાગમ કર્યો. (જેથી તે શર્મિષ્ઠાને પણ ગર્ભ રહ્યો.)૨૯-૩૨ તે પછી દેવયાનીએ યદુ તથા તુર્વસુ નામના બે પુત્રોને જન્મ આપ્યો અને વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દ્રુહ્યુ, અનુ તથા પુરુ નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો. અસુરપુત્રી શર્મિષ્ઠાને પોતાના પતિથીજ ગર્ભ રહ્યો હતો, એ વાત જાણીને અભિમાની દેવયાની ક્રોધથી વ્યાપ્ત બની ગઇ અને પિતાને ઘેર જવા ચાલી નીકળી.

* બૃહસ્પતિનો પુત્ર કચ મરેલાને જીવાડનારી વિદ્યા શુક્રાચાર્ય પાસે ભણતો હતો. તે વખતે દેવયાનીએ તેને પતિ તરીકે પસંદ કર્યો હતો; પણ કચે તેને ગુરુપુત્રી તરીકે પૂજ્ય માનીને પરણવાની ના પાડી હતી; એટલે દેવયાનીએ કોપાયમાન થઇ તેને શાપ દીધો હતો કે, 'તારી વિદ્યા નિષ્ફળ થશે.' તે સાંભળી કચે પણ તેને શાપ દીધો હતો કે, 'કોઈ પણ બ્રાહ્મણ તારો પતિ થશે નહિ.' —શ્રીધર

÷ દાણાબજારમાં વેરાઇ પડેલા કોઇની પણ માલિકી વિનાના દાણા વીણી લાવીને તે ઉપર આજીવિકા કરવી, તે કાપોતીવૃત્તિ અથવા ઉંછવૃત્તિ કહેવાય છે.—મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કામી યયાતિ રાજા પણ પ્રિયાની પાછળ જઈ અનુકૂળ વચનોથી અને પગ દાબવા વગેરેથી તેને પ્રસન્ન કરવા લાગ્યો; પણ પ્રસન્ન કરી શક્યો નહિ.૩૩–૩૫ પછી (દેવયાનીએ શુક્રાચાર્યને ત્યાં જઇને તે સર્વ વૃત્તાંત જણાવ્યો, એટલે) ક્રોપાયમાન થયેલા શુક્રાચાર્યે કહ્યું કે, 'અરે ઓ સ્ત્રીલોભી! ઓ જૂઠા! ઓ મૂર્ખ! પુરુષોને બેડોળ કરી નાખનારી વૃદ્ધાવસ્થા તને પ્રાપ્ત થાઓ.'૩૬

યયાતિ રાજાએ કહ્યું:–'હે બ્રાહ્મણ! હું હજી આપની પુત્રીને વિષે કામભોગોથી તૃપ્ત થયો નથી.' (માટે આવો શાપ ન આપો. તે સાંભળી શુક્રાચાર્યે કહ્યું કે,) 'તારી પાસેથી જે કોઇ વૃદ્ધાવસ્થા લે તેની યુવાવસ્થાથી તું તારી ઇચ્છા પ્રમાણે આ વૃદ્ધાવસ્થાનો અદલોબદલો કરી લેજે.' એ પ્રમાણે વૃદ્ધાવસ્થાની વ્યવસ્થા પોતાને પ્રાપ્ત થઇ, એટલે યયાતિ રાજાએ પોતાના મોટા પુત્ર યદુને કહ્યું કે, 'હે તાત! મારી આ વૃદ્ધાવસ્થા તારી માતાના પિતાએ કરી છે, તેને તું મારી પાસેથી લઇ લે અને પોતાની યુવાવસ્થા તું મને અર્પણ કર. હે પુત્ર! વિષયોથી હું હજી અતૃપ્ત છું, માટે તારી યુવાવસ્થાથી હજી હું કેટલાંક વર્ષો સુધી વિષયસેવન કરીશ.'૩૭–૩૯

યદુ બોલ્યો:–'તમને તમારી મધ્યવયમાંજ આવી પડેલી વૃદ્ધાવસ્થા સાથે રહેવાને હું ઉત્સાહ કરતો નથી; કેમકે વિષયસુખનો અનુભવ કર્યા વિના પુરુષ તૃષ્ણારહિત થઇ શકતો નથી.' પછી પિતા યયાતિએ તુર્વસુ, દ્રુહ્યુ ને અનુને પણ વૃદ્ધાવસ્થા લેવા માટે કહી જોયું; પણ તેઓએ બધાએ નાજ પાડી. કેમકે તેઓ ધર્મને જાણતા ન હતા અને અનિત્ય એવા પણ યૌવનમાં 'આ નિત્ય છે' એવી બુદ્ધિ ધરાવતા હતા.૪૦/૪૧ તે પછી યયાતિએ, વયમાં સૌથી નાનો હતો, છતાં ગુણોથી મોટા પુરુ નામે જે પુત્ર હતો, તેને પૂછ્યું કે, 'હે પુત્ર! તું તારા મોટા ભાઇઓની પેઠે મને ના પાડવાને યોગ્ય નથી.'૪૨

પુરુ બોલ્યો:–'હે રાજા! શરીરને ઉત્પન્ન કરનાર પોતાના પિતાના ઉપકારનો બદલો વાળવાને આ લોકમાં કયો પુરુષ સમર્થ છે? પિતાની કૃપા વડે મનુષ્ય પરમેશ્વરને પણ પ્રાપ્ત કરી શકે છે.૪૩ પિતા મનમાં વિચાર કરે તેટલામાંજ પિતાનું જે કાર્ય કરે છે, તે પુત્ર ઉત્તમ છે; પિતા કહે તે પછી કરે તે મધ્યમ છે; પિતા કહે તે પછી પણ અશ્રદ્ધાથી કરે તે અધમ છે અને કહ્યા છતાં પણ જે પુત્ર પિતાનું કામ કરતો નથી, તે તો પિતાની વિષ્ટાજ છે.'૪૪ હે રાજા! એમ કહીને પૂરુએ અત્યંત હર્ષથી પિતાની વૃદ્ધાવસ્થા સ્વીકારી લીધી; એટલે યયાતિ પણ પુત્રની યુવાવસ્થાથી ઇચ્છાનુસાર વિષયો ભોગવવા લાગ્યો. સાતે દ્વીપોનો સ્વામી યયાતિ, પિતાની પેઠે સારી રીતે પ્રજાઓનું પાલન કરતો હતો અને ઇન્દ્રિયશક્તિથી રહિત થયા વિનાજ પ્રસન્નતાપૂર્વક વિષયોને ભોગવતો હતો. તેની પ્રિયતમા દેવયાની પણ મન, વચન ને કાયાથી તેમજ જુદી જુદી વસ્તુઓથી હમેશાં એકાંતમાં પોતાના પતિને પરમપ્રીતિ ઉત્પન્ન કરતી હતી. એ રાજાએ સર્વ દેવમય, સર્વવેદમય અને યજ્ઞપુરુષ દેવ શ્રીહરિનું પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞોથી યજન કર્યું હતું; જે શ્રીહરિને વિષે રચાયલું આ જગત આકાશમાંના મેઘમંડળ જેવું જણાય છે× અને સ્વપ્ન તથા માયાથી યુક્ત મનોરથની પેઠે જ્યાંસુધી ઇન્દ્રિયોની પ્રવૃત્તિ છે, ત્યાંસુધી અનેક પ્રકારે ભાસે છે, પણ ઇન્દ્રિયોની પ્રવૃત્તિ બંધ પડતાં ભાસતું નથી; તે સર્વની હૃદયગુહામાં રહેલા અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ વાસુદેવ શ્રીનારાયણને હૃદયમાં સ્થાપીને તે રાજાએ, ફળકામનાથી રહિત

× અર્થાત્ જેમ આકાશમાં મેઘમંડળ કોઇ વખતે જણાય છે અને કોઇ વખતે નથી જણાતું; તોપણ એ મેઘમંડળને લીધે આકાશ વિકારી થતું નથી: તેમજ આ જગત પણ ભગવાનમાં જણાતું હોવા છતાં ભગવાન વિકારી થતા નથી. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઇ તે પ્રભુનું યજન કર્યું હતું.[૪૫-૫૦] ચક્રવર્તી યયાતિ રાજાએ, એ પ્રમાણે હજારો વર્ષો સુધી મન જેમાં છઠ્ઠું છે, એવી દુષ્ટ ઇન્દ્રિયોથી કામભોગ ભોગવ્યા હતા, છતાં તે તૃપ્ત થયો ન હતો."[૫૧]

एवं वर्षसहस्राणि मनःषष्ठैर्मनःसुखम् ।
विदधानोऽपि नातृप्यत् सार्वभौमः कदिंद्रियैः ॥५१

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

अध्याय १९ मो*

યયાતિની વિષયોથી વિરક્તિ ને મુક્તિ

॥ श्रीशुक उवाच ॥

स इत्थमाचरन् कामान् स्त्रैणोऽपह्नवमात्मनः ।
बुद्ध्वा प्रियायै निर्विण्णो गाथामेतामगायत ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ પ્રમાણે સ્ત્રીલંપટ થઇને વિષયભોગોને ભોગવતો યયાતિ છેવટે પોતે પોતાનું ભાન ભૂલ્યો છે, એમ સમજીને મન વિષે ખેદ પામ્યો અને આવો એક +ઇતિહાસ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો:[૧] 'હે ભૃગુપુત્રિ! મારા જેવો ગામમાં પડી રહેનારો હોય છે, તેનાં આચરણને વનમાં રહેનારા ધીર પુરુષો શોક કરે છે; વળી મારા જેવાનાં આચરણનું જેમાં વર્ણન છે, તેવા આ એક પૃથ્વી પરના ઇતિહાસને તું સાંભળ. કોઈ એક બકરો વનમાં પોતાની પ્રિય વસ્તુની શોધમાં ફર્યા કરતો હતો; તેવામાં કોઈ એક કૂવાની અંદર પોતાનાં કર્મને વશ થઈ પડેલી એક બકરીને× તેણે જોઇ.[૨-૩] એ બકરો કામી હતો; તેથી તેણે પેલી બકરીને બહાર કાઢવાનો ઉપાય વિચાર્યો અને પોતાનાં શિંગડાંના અગ્રભાગ વડે કૂવાના કિનારા પરની માટી વગેરે ખોદી કાઢીને કૂવામાંથી તેને બહાર નીકળવાનો માર્ગ કર્યો;[૪] એટલે પેલી બકરી કે જે સુંદર નિતંબવાળી હતી, તે કૂવામાંથી બહાર નીકળી અને પેલા બકરાનેજ વરી. તે એ પ્રમાણે બકરાને વરી તે જોઇને બીજી પણ પતિને ઇચ્છનારી ઘણી ×બકરીઓ તેજ બકરાને વરી. કારણ કે એ બકરો શરીરે પુષ્ટ હતો; વધારે+ દાઢીમૂછવાળો હતો; વીર્યસિંચન કરી શકે તેવો, તેમજ મૈથુનમાં કુશળ હતો; તેથીજ (સ્ત્રીઓને અત્યંત પ્રિય થઈ પડે તેવો હતો.) તે એકજ શ્રેષ્ઠ બકરો અનેક બકરીઓને પ્રીતિ વધારનાર થઇ પડ્યો હતો અને કામરૂપી ગ્રહથી ઘેરાઇને પોતાના સ્વરૂપને છેક સમજીજ શક્યો ન હતો. એક સમયે તેજ બકરાને §બીજી અત્યંત પ્રિય બકરી સાથે રમતો જોઇ પેલી જ કૂવામાં પડેલી બકરી હતી, તે એ બકરાના કર્મને સહન કરી શકી નહિ.[૫-૭] જેથી તે દુ:ખી થઇને (ઉપર ઉપરથી) મિત્રરૂપ હોવા છતાં (અંદરથી) દુષ્ટ હૃદયવાળા, ક્ષણિક સ્નેહવાળા અને ઇન્દ્રિયોમાં રમણ કરનારા તે કામી બકરાનો ત્યાગ કરીને પોતાના ÷મૂળ પાલકની પાસે ચાલી ગઇ.[૮] એટલે પેલો સ્ત્રીલંપટ બકરો પણ દીન બની જઇને તે બકરીને પ્રસન્ન કરવાને તેની પાછળ ગયો અને માર્ગમાં બકરાંની જાતિના બેંબેં શબ્દ કરતો તેને સમજાવવા લાગ્યો, છતાં પણ સમજાવી શક્યો નહિ.[૯] તેવામાં ત્યાં એ બકરીના પાલક કોઇ બ્રાહ્મણે ક્રોધથી પેલા બકરાના લટકતા *વૃષણને કાપી નાખ્યો;

*આ અધ્યાયમાં યયાતિ રાજા બકરાના જેવું પોતાનું ચેષ્ટિત દેવયાનીને સંભળાવી વિરક્ત થઇને મોક્ષ પામ્યો, એ કથા કહેવાશે. —श्रीधर

+ઇતિહાસ એટલે બનેલી વાત. બકરા-બકરીની આ કહેવાતી વાત રૂપક છે. રાજાએ પોતાના પરજ તે ઉતારી છે. બકરા તરીકે તે પોતાને વર્ણવે છે. —भा.क.

×બકરી તે દેવયાની પોતેજ, જેને શર્મિષ્ઠાએ કૂવામાં નાખી હતી. —भा.क.

×બીજી બકરીઓ તે શર્મિષ્ઠા વગેરે સ્ત્રીઓ. भा.क.

+વધારે દાઢી-મૂછવાળો પુરુષ કામક્રીડા કરવામાં વધારે સમર્થ હોય છે, એમ જણાવ્યું છે. —भा.क.

§બીજી અત્યંત પ્રિય બકરી તે શર્મિષ્ઠા. —भा.क.

÷મૂળ પાલક તે શુક્રાચાર્ય; તેની પાસે દેવયાની ચાલી ગઈ. —भा.क.

*વૃષણને કાપી નાખ્યો એટલે યુવાવસ્થા છીનવી લઈ સ્ત્રીસંભોગ માટે અસમર્થ કરી મૂક્યો અને ફરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ ફરી (તે બકરાની દયા ખાઇને) એ યોગવેત્તા બ્રાહ્મણે એના વૃષણને સાંધી દીધો.[૧૦] હે કલ્યાણિ! એ પ્રમાણે ફરી તે બકરાને વૃષણની પ્રાપ્તિ થઇ, (એટલે ભોગસામર્થ્ય મળ્યું,) ત્યારે તે બકરો ફરી પણ પેલી કૂવામાંથી મળેલી બકરીની સાથે લાંબા સમયપર્યંત વિષયભોગો ભોગવવા લાગ્યો; તે હજી પણ સંતોષ પામતો નથી.[૧૧] હે સુંદર ભ્રૂકુટીવાળી! તેજ પ્રમાણે હું પણ દીન બની જઇને તારા પ્રેમપાશમાં ફસાયો છું અને તારી માયાથી મોહિત થઇને મારા આત્મસ્વરૂપને ઓળખી શકતો નથી.[૧૨] આ પૃથ્વી ઉપર જેટલા દાણા છે, જવ છે, સોનું છે, પશુઓ છે અને સ્ત્રીઓ છે, તે સર્વે જો એકત્ર મળે; તોપણ તૃષ્ણાથી ઘેરાયલા પુરુષના મનને કદી સંતોષ ઉપજાવી શકતા નથી—અર્થાત્ જગતના સર્વ પદાર્થો મળી આવે; તોપણ તૃષ્ણાવાન મનુષ્ય કદી તૃપ્ત થતોજ નથી.[૧૩] કારણ કે વિષયભોગની તૃષ્ણા વિષયભોગોનું સેવન કરવાથી કદી શાંત થતી નથી; પણ ઊલટી ઘી નાખવાથી જેમ અગ્નિ વધે, તેમ અધિકાધિક વધતીજ ચાલે છે.[૧૪] માટે હરેકોઇ પુરુષ જ્યારે સર્વ પ્રાણીઓ તરફ રાગ—દ્વેષાદિરૂપ અમંગળ ભાવ કરતો નથી અને સર્વત્ર સમાનદષ્ટિવાળો થાય છે ત્યારે તેની સર્વ દિશાઓ સુખમય બને છે.[૧૫] જે તૃષ્ણાને દુષ્ટ બુદ્ધિવાળાઓ દુઃખથી તજી શકે છે અને જે તૃષ્ણા મનુષ્ય ઘરડો થાય છે તોપણ ઘરડી થતીજ નથી, તે દુઃખો લાવનારી તૃષ્ણાનો સુખેચ્છાવાળા મનુષ્યે સત્વર ત્યાગ કરી દેવો જોઇએ.[૧૬] હરેકોઇ પુરુષે પોતાની મા, બહેન કે દીકરી સાથે પણ એક આસને અડી અડીને કદી બેસવું નહિ; કેમકે ઇન્દ્રિયસમૂહ બળવાન હોવાથી વિદ્વાનને પણ પોતાના તરફ ઘસડી જાય છે—સ્ત્રીનો સ્પર્શ વગેરે થતાં વિદ્વાન પુરુષ પણ ઇન્દ્રિયાધીન બની જઈ અનર્થ કરવા તૈયાર થાય છે.+[૧૭] હું, પૂરેપૂરાં એક હજાર વર્ષપર્યંત વારંવાર વિષયોને સેવી રહ્યા છું, છતાં હજી પણ એ વિષયો ઉપર તૃષ્ણા તો પ્રતિસમય થયાજ કરે છે.[૧૮] માટે (હવે તો) આ તૃષ્ણાનો ત્યાગ કરી દઇ મારા મનને બ્રહ્મ વિષે સ્થાપી દઇશ અને રાગ—દ્વેષાદિ દ્વંદ્વોથી તથા અહંકારથી રહિત થઇને (વનમાં) મૃગલાંઓ સાથે વિચર્યા કરીશ.[૧૯] આ સંસારમાં જે કંઇ દેખાય છે અને સાંભળવામાં આવે છે તે સર્વ અસત્ છે—મિથ્યા છે, એમ જાણી તેનું ચિંતન કે ઉપભોગ પણ કરવો નહિ. કેમકે તેનું ચિંતન કે ઉપભોગ કરવાથી મનુષ્ય સંસાર તથા આત્મનાશનેજ પ્રાપ્ત કરે છે, એમ જે જાણે છે તે પુરુષ આત્મદ્રષ્ટા થઇ શકે છે.' પોતાની સ્ત્રી દેવયાનીને એ પ્રમાણે કહીને યયાતિ રાજાએ સર્વ જાતની તૃષ્ણાનો ત્યાગ કર્યો ને પુરુની યુવાવસ્થા તેને પાછી આપી દઇ પોતાની વૃદ્ધાવસ્થાને તેની પાસેથી લઈ લીધી.[૨૦,૨૧] પછી તેણે દ્રુહ્યુને અગ્નિખૂણાનો, યદુને દક્ષિણદિશાનો અને તુર્વસુને પશ્ચિમદિશાનો રાજા બનાવ્યો અને રાજાઓમાં અતિ યોગ્ય એવા પુરુનો આખા ભૂમંડળના રાજા તરીકે અભિષેક કરી તેના મોટા ભાઇઓને તેને વશ કરી પોતે વનમાં ચાલ્યો ગયો.[૨૨,૨૩] એ રીતે યયાતિ રાજાએ, જેમ કોઈ પક્ષી પોતાને પાંખો આવી જતાં માળાનો ત્યાગ કરી દે છે, તેમ ઘણાં વર્ષો સુધી વિષયોમાં સેવેલું છ ઇન્દ્રિયોનું સુખ એક ક્ષણવારમાં છોડી દીધું હતું.[૨૪] તે પ્રખ્યાત રાજાએ વનમાં સર્વ સંગનો ત્યાગ કર્યો અને અંતે આત્મસ્વરૂપના અનુભવને લીધે ત્રિગુણાત્મક લિંગશરીરનો પણ ત્યાગ કરી દઇ સર્વથી પર અને નિર્મળ એવા પરબ્રહ્મ વાસુદેવ વિષે ભગવત્સંબંધી ગતિ પામ્યો.[૨૫] બીજી તરફ દેવયાનીએ પણ પોતાના પતિએ કહેલો

કોઇના તરફથી જો વૃદ્ધાવસ્થા લઈ લેવામાં આવે, તો ભોગ ભોગવવાના સામર્થ્યવાળો કર્યો. —બાલપ્રબોધિની

+ સ્ત્રીનું સમીપપણું તો સર્વથા તજવા યોગ્યજ છે; એ આશય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(પૂર્વોક્ત) ઇતિહાસ સાંભળી નિવૃત્તિમાર્ગમાં પોતાને તે એક પ્રોત્સાહનજ હતું, એમ માન્યું હતું; કારણ કે સ્ત્રીપુરુષના સ્નેહમાં જ્યારે વિયોગાવસ્થા આવે છે, ત્યારે જે કંઇ દુઃખ થાય છે, તે દુઃખને દૂર કરવા માટે તે ઇતિહાસ (એ મિથ્યા સ્નેહની) એક મશ્કરી જેવોજ તેણીને કહેવામાં આવ્યો હતો.[૨૬] પછી 'કેવળ ઈશ્વરાધીન રહેનારાં સર્વ સગાં–સંબંધીઓનો એકત્ર વાસ તે, કોઇ એક પરબમાં એકત્ર થતાં પ્રાણીઓના સહવાસની પેઠે પ્રભુની માયાથીજ રચાયલો હોય છે' એમ જાણીને તે શુક્રપુત્રી દેવયાનીએ સર્વ કંઇ સ્વપ્ન જેવું છે, એમ માની સર્વ સંગનો ત્યાગ કર્યો અને શ્રીકૃષ્ણમાં મન સ્થાપી દઇ છેવટે પોતાના લિંગશરીરને પણ તજી દીધું.[૨૭।૨૮] (યયાતિના ચરિત્રના અંતે શુકદેવજી ભગવાનને નમસ્કાર કરે છે–) ઐશ્વર્યાદિ ગુણોથી પૂર્ણ, જગતના કારણરૂપ, સર્વ પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ, શાંત અને સર્વથી મહાન એવા વસુદેવના પુત્ર આપ શ્રીકૃષ્ણને મારા વારંવાર નમસ્કાર હો."[૨૯]

नमस्तुभ्यं भगवते वासुदेवाय वेधसे ।
सर्वभूताधिवासाय शांतय बृहते नमः ॥२९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

अध्याय २० मो+

દુષ્યંતના પુત્ર ભરતનાં યશોગાન

॥ श्रीशुक उवाच ॥

पूरोर्वंशं प्रवक्ष्यामि यत्र जातोऽसि भारत ।
यत्र राजर्षयो वंश्या ब्रह्मवंश्याश्च जज्ञिरे ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે ભરતવંશી રાજા! જે વંશમાં તમે જન્મ્યા છો અને જેમાં રાજર્ષિઓ તથા બ્રાહ્મણો પણ થઇ ગયા છે તે પુરુના વંશનું હવે હું વર્ણન કરું છું.[૧] પુરુનો જનમેજય નામે પુત્ર હતો; જનમેજયનો પ્રચિન્વાન, પ્રચિન્વાનનો પ્રવીર, પ્રવીરનો નમસ્યુ, નમસ્યુનો ચારુપદ, ચારુપદનો સુધુ, સુધુનો બહુગવ, બહુગવનો સંયાતિ, સંયાતિનો અહંયાતિ, અહંયાતિનો રૌદ્રાશ્વ અને રૌદ્રાશ્વને ઘૃતાચી નામની અપ્સરામાં ઋતેયુ, કુક્ષેયુ, સ્થંડિલેયુ, કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ અને સૌથી નાનો વનેયુ–એ રીતે દશ પુત્રો થયા હતા. એ દશે પુત્રો જેમ જગતના આત્મારૂપ મુખ્ય પ્રાણને દશ ઇન્દ્રિયો વશ રહે છે, તેમ રૌદ્રાશ્વને વશ રહેનારા હતા.[૨–૫] હે રાજન્! તેમાં ઋતેયુને રંતિભાર નામે પુત્ર હતો, રંતિભારના સુમતિ, ધ્રુવ અને અપ્રતિરથ નામના ત્રણ પુત્રો હતા. તેમાં અપ્રતિરથનો કણ્વ, કણ્વનો મેધાતિથિ અને મેધાતિથિના પ્રસ્કણ્વ વગેરે પુત્રો થયા હતા. આ બધા (કણ્વથી આરંભીને) બ્રાહ્મણો હતા. રંતિભારના સુમતિ નામના પુત્રથી રૈભ્ય નામે પુત્ર ઉત્પન્ન થયો હતો અને તે રૈભ્યનો દુષ્યંત નામે પુત્ર હતો.[૬।૭] તે દુષ્યંત એક સમયે મૃગયા કરવા ગયો હતો. ત્યાંથી તે કણ્વ ઋષિના આશ્રમમાં જઈ ચડ્યો. ત્યાં પોતાની કાંતિથી સર્વ પ્રદેશને શોભાવતી લક્ષ્મી જેવી એક કન્યા બેઠી હતી. દેવની માયા જેવી તે સ્ત્રીને જોઇ દુષ્યંત રાજા તુરતજ તેના પર મોહિત થઈ ગયો. કેટલાક સિપાઇઓથી વીંટાયેલા તેણે તે સુંદર નિતંબવાળી સ્ત્રીને બોલાવવા માંડી[૮।૯] અને તેણીનાં દર્શનથી ખુશ થઇ પરિશ્રમરહિત થઈને કામતપ્ત તે રાજાએ હસતાં હસતાં મધુર વાણીથી તેને પૂછવા માંડ્યું કે,[૧૦] 'હે કમળની પાંખડીઓ સમાન નેત્રવાળી! તું કોણ છે? હે સુંદરિ! તું કોની પુત્રી છે અને આ નિર્જન વનમાં તેં શું કરવા ધાર્યું છે?[૧૧] હે સુંદર મધ્યભાગવાળી! ખરેખર, હું માનું છું કે, તું કોઇ રાજકન્યા છે; કારણ કે પુરુવંશી રાજાઓનું મન કદી અધર્મમાં આસક્ત થતું નથી.[૧૨]

+ આ અધ્યાયમાં પિતાની કૃપાથી જેને રાજ્યાસન તથા મોટી ઉન્નતિ પ્રાપ્ત થઇ હતી, તે પુરુના વંશમાં દુષ્યંતના પુત્ર ભરતનો યશ વર્ણવ્યો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શકુંતલા બોલી:–'હે વીર ! હું વિશ્વામિત્રની પુત્રી છું. મને મેનકાએ વનમાં તજી દીધી છે. આ વાતને ભગવાન કણ્વ ઋષિ જાણે છે. બોલો, અમે તમારું કયું કામ કરીએ ?[૧૩] હે કમળ સમાન નેત્રવાળા રાજા ! અહીં બેસો અને અમારો સત્કાર સ્વીકારો. આ સામો તૈયાર છે; આપ ભોજન કરો અને જો ગમે તો રહી જાઓ.[૧૪]

દુષ્યંત બોલ્યો:–'હે સુંદર ભ્રૂકુટીવાળી ! તું કુશિકના વંશમાં ઉત્પન્ન થયેલી છે; તેથી તારાં આ સત્કારવચન યોગ્ય છે. કારણ કે રાજાઓની કન્યાઓ પોતાની મેળેજ યોગ્ય પતિને વરે છે.'[૧૫] દુષ્યંત રાજાએ એમ કહ્યું, એટલે શકુંતલાએ 'બહુ સારું' એમ કહી વરવાની હા પાડી; એટલે દેશ તથા કાળની વિધિને જાણનારો તે રાજા ગાંધર્વવિધિથી–પરસ્પર સંકેત કરીને ધર્મ પ્રમાણે શકુંતલાને પરણ્યો[૧૬] અને અમોઘ વીર્યવાળા તે રાજર્ષિએ રાણી શકુંતલામાં વીર્યને સ્થાપિત કર્યું–ગર્ભાધાન કર્યું. પછી બીજે દિવસે પોતે પોતાના નગરમાં ગયો અને શકુંતલાએ સમય પૂરો થતાં પુત્રને જન્મ આપ્યો. પછી કણ્વ ઋષિએ શકુંતલાના તે કુમારની વનમાં યોગ્ય ક્રિયાઓ કરી અને તે કુમાર પણ બાળક હોવા છતાં બળથી મોટા સિંહોને બાંધીને (તેઓની સાથે) રમવા લાગ્યો. પછી સ્ત્રીઓમાં ઉત્તમ એવી શકુંતલા શ્રીહરિના અંશના અંશમાંથી ઉત્પન્ન થયેલા તે દુર્લંઘ્ય પરાક્રમવાળા પુત્રને સાથે લઇ જ્યારે પોતાના પતિની પાસે ગઇ, ત્યારે રાજા દુષ્યંતે (શકુંતલા સાથેના લગ્નને ભૂલી જઇ) તે નિર્દોષ સ્ત્રીને તથા પુત્રને સ્વીકાર્યાં નહિ; એટલે સર્વ પ્રાણીઓના સાંભળતાં આકાશમાં અદશ્ય વાણી થઇ કે, 'હે દુષ્યંત ! માતા તો એક ધમણ જેવી છે; ખરી રીતે પુત્ર તો પિતાનોજ ગણાય છે અને જેનાથી તે પુત્ર ઉત્પન્ન થયો હોય છે, તે સ્વરૂપજ મનાય છે; માટે આ તારા પુત્રનું તું પોષણ કર અને શકુંતલાનું અપમાન ન કર. હે રાજા ! વંશને વધારનારો પુત્ર યમના સ્થાનથી પિતાને તારે+ છે અને આ ગર્ભને તેં સ્થાપિત કર્યો છે, એમ શકુંતલા સત્ય કહે છે.' (એ પ્રમાણે આકાશવાણી સાંભળ્યા પછી દુષ્યંતે શકુંતલાનો તથા પોતાના પુત્રનો સ્વીકાર કર્યો.) પછી પિતા દુષ્યંત મરણ પામ્યો, એટલે મહાયશસ્વી તે ભરત રાજા પણ ચક્રવર્તી થયો. તે રાજા શ્રીહરિના અંશમાંથી ઉત્પન્ન થયો હતો; તેથી તેનો મહિમા (હજી સુધી) પૃથ્વી પર ગવાય છે.[૧૭–૨૩] એ ભરત રાજાના જમણા હાથમાં ચક્રની રેખા હતી અને તેના બન્ને પગમાં કમળના દોડાના આકારની રેખાઓ હતી. એ સમર્થ મહારાજાનો મોટા અભિષેકથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો અને પછી તેણે મમતાના પુત્ર દીર્ઘતમસ્ ઋષિને પોતાના પુરોહિત કરી ગંગાકિનારે પંચાવન પવિત્ર અશ્વમેધ યજ્ઞો કરી ભગવાનનું પૂજન કર્યું હતું અને તેજ પ્રમાણે યમુનાના કિનારે અઠ્યોતેર અશ્વમેધ યજ્ઞો કરી ભગવાનને પૂજ્યા હતા; પુષ્કળ ધનનું દાન કર્યું હતું અને દુષ્યંતના પુત્ર તે ભરત રાજાએ ઉત્તમ ગુણવાળા પ્રદેશમાં 'અગ્નિચયન' નામે વૈદિક કર્મ કર્યું હતું, કે જે કર્મમાં એક હજાર બ્રાહ્મણોને પ્રત્યેકને ÷બદ્વ બદ્વ ગાયોનાં તેણે દાન કર્યાં હતાં.[૨૪–૨૬] વળી તે દુષ્યંતપુત્ર રાજાએ (પોતાને એકલાનેજ બેસવાને માટે) તેત્રીસ સો ઘોડા બાંધીને રાજાઓને આશ્ચર્યચકિત કરી નાખ્યા હતા અને દેવોના વૈભવો કરતાં પણ પોતે અધિક વૈભવવાળો થયો હતો. કારણ કે તે રાજા પૂજ્ય શ્રીહરિને પામ્યો હતો.[૨૭] વળી તે રાજાએ મષ્ણાર નામના વૈદિક કર્મમાં ધોળા દાંતવાળા, શરીરે કાળા અને સુવર્ણ-

+અર્થાત્ 'पुन्नाम्नो नरकाद् यस्मात् त्रायते पितरं सुतः। तस्मात् पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयंभुवा ॥' (म. स्मृ. ९–१३८)–છોકરો પિતાને 'પુત્' નામના નરકથી બચાવે છે; માટેજ તેને બ્રહ્માએ પોતેજ 'પુત્ર' એવું નામ આપ્યું છે. —શ્રીધર

÷બદ્વ એટલે તેર હજાર ને ચોરાશી. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થી શણગારેલા ચૌદ લાખ મૃગજાતિના શ્રેષ્ઠ હાથીઓનાં દાન કર્યાં હતાં.૨૮ જેમ કેવળ બે હાથથી (પુણ્ય વિના) લોકો સ્વર્ગમાં ગયા નથી અને જશે પણ નહિ, તેમ ભરત રાજાના મહાન કર્મને પૂર્વકાળના કોઇ રાજાઓ પહોંચી શક્યા નથી અને ભવિષ્યના પહોંચશે પણ નહિ.૨૯ એ રાજાએ દિગ્વિજયમાં કિરાત, હૂણ, યવન, અંધ્ર, કંક, ખશ, શક તથા બ્રાહ્મણોને દુઃખ દેનારા સમગ્ર મ્લેચ્છરાજાઓનો નાશ કરી નાખ્યો હતો.૩૦ તેમજ પૂર્વે દેવોને જીતીને જે અસુરો રસાતલાદિ સ્થાનોમાં રહેતા હતા અને દેવોની સ્ત્રીઓને બીજાં મનુષ્ય વગેરે પ્રાણીઓની સાથે રસાતલમાં લઇ ગયા હતા, તેઓની પાસેથી એ રાજાએ તે સર્વ સ્ત્રીઓને તથા મનુષ્યાદિને પાછાં આણ્યાં હતાં. સ્વર્ગ અને ભૂમિ, એ ભરત રાજાની એપ્રજાના સર્વ અભિલાષોને પૂર્ણ કરતી હતી અને તે રાજાએ સત્યાવીસ હજાર વર્ષ સુધી સર્વ દિશાઓમાં પોતાની આજ્ઞા ચલાવી હતી.૩૧,૩૨ છેવટે તે ચક્રવર્તી રાજા લોકપાલોમાં પણ પ્રખ્યાત થયેલું પોતાનું ઐશ્વર્ય, ચક્રવર્તીની સંપત્તિ, અસ્ખલિત આજ્ઞા તથા પ્રાણો એ સર્વ મિથ્યા છે, એમ માનીને તેનાથી વિરક્ત થઇ વનમાં જઇને ભક્તિથી ભગવાનને પામ્યો હતો.૩૩ હે રાજા! એ ભરત રાજાને વિદર્ભવંશની ત્રણ રાણીઓ હતી, જેઓ ઘણી માનીતી હતી. એ રાણીઓ (પોતાને જે જે પુત્રો થતા હતા, તેઓને જોઇને) 'આ પુત્રો મારા જેવા નથી' એમ ભરત રાજા કહેતા, ત્યારે (વ્યભિચારની શંકાથી) આ રાજા અમારો ત્યાગ કરશે, એવા ભયથી પુત્રોને મારી નાખતી હતી.૩૪ એથી એ પ્રમાણે ભરત રાજાનો વંશ વ્યર્થ થવા બેઠો, ત્યારે એ રાજાએ 'મરુત્સ્તોમ' નામના યજ્ઞથી મરુત્ દેવોનું યજન કર્યું હતું; એટલે મરુત્દેવોએ (પ્રસન્ન થઇને) 'ભરદ્વાજ' નામનો પુત્ર તેને આપ્યો હતો.૩૫ (એ ભરદ્વાજની ઉત્પત્તિ સંબંધે આવી કથા છે.) એક વેળા બૃહસ્પતિ પોતાના ભાઈ ઉતથ્યની સગર્ભા સ્ત્રી મમતાની સાથે છૂપી રીતે મૈથુન કરવા તૈયાર થયા, તે વખતે અંદર બીજા ગર્ભની જગ્યા નહિ હોવાથી ગર્ભમાં રહેલા બાળકે નિંદા કરવાપૂર્વક બૃહસ્પતિને અટકાવ્યા; એટલે બૃહસ્પતિએ 'તું આંધળો થઈ જા' એમ તે ગર્ભમાં રહેલા બાળકને શાપ આપી બળાત્કારે મૈથુન કરી મમતાની યોનિમાં વીર્ય નાખ્યું.૩૬ (પેલો અંદર રહેલો ગર્ભ બૃહસ્પતિના શાપથી જો કે આંધળો થઈ ગયો; તોપણ તેણે બૃહસ્પતિના વીર્યને પગની પાની મારીને યોનિમાંથી બહાર કાઢી નાખ્યું; એટલે પૃથ્વી ઉપર પડતાંજ તે વીર્યમાંથી એક કુમાર ઉત્પન્ન થયો. એ વ્યભિચારથી ઉત્પન્ન થયો હતો, જેથી) પતિ મારો ત્યાગ કરશે એવા ભયવાળી મમતા, તે કુમારનો ત્યાગ કરવા ઇચ્છતી હતી, તે વખતે (બૃહસ્પતિ તથા મમતાની વચ્ચે થયેલા વિવાદરૂપ અને) એ કુમારના નામનો નિર્ણય કરાવનાર આવું શ્લોક વાક્ય દેવો બોલ્યા હતાઃ 'मूढे भर द्वाजमिमं भरद्वाज बृहस्पते।' અલિ ઓ મૂર્ખિ! આ પુત્રનું તું 'ભર'—પોષણ કર; કેમકે તે 'દ્વાજ'—આપણ બન્નેથી ઉત્પન્ન થયો છે. (એમ પ્રથમ બૃહસ્પતિએ કહ્યું) એટલે મમતાએ કહ્યું કે, 'હે બૃહસ્પતિ! આ પુત્રનું તમે 'ભર' પોષણ કરો; કેમકે તે 'દ્વાજ' આપણા બન્નેથી ઉત્પન્ન થયો છે. (માટે વ્યભિચારરૂપ અન્યાયથી ઉત્પન્ન થયેલા આ બાળકનું હું એકલી પોષણ નહિ કરું.) એમ કહીને પરસ્પર વિવાદ કરતાં તે બન્ને માતાપિતા એ બાળકને ત્યાંજ તજી દઇને ચાલ્યાં ગયાં અને તેઓ બન્નેના એ 'ભર' અને 'દ્વાજ'—ના વિવાદ ઉપરથી (દેવોએ) એ પુત્રનું 'ભરદ્વાજ' એવું નામ પાડયું હતું.૩૭ જો કે દેવોએ ભરદ્વાજનું પોષણ કરવા માટે મમતાને પ્રેરણા કરી હતી; તોપણ તેણે એ પુત્રને વ્યભિચાર વડે ઉત્પન્ન થયેલો હોવાથી નિરર્થક માનીને તજી દીધો હતો, જેથી મરુત્-દેવોએ તેનું પોષણ કર્યું હતું અને ભરતનો વંશ નાશ થવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બેઠો ત્યારે એને પુત્ર તરીકે આપ્યો હતો."[૩૮,૩૯]

चोद्यमाना सुरैरेवं मत्वा वितथमात्मजम् ।
व्यसृजन्मरुतोऽबिभ्रन् दत्तोऽयं वितथेऽन्वये ॥३९

ઇતિ શ્રીમદ્દ્ભાગવત મહપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૨૦ મો સમાપ્ત

अध्याय २१ मो*

રાજા રંતિદેવ વગેરેનું અદ્દ્ભુત ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

वितथस्य सुतो मन्युर्बृहत्क्षत्रो जयस्ततः ।
महावीर्यो नरो गर्गः संकृतिस्तु नरात्मजः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"×વિતથનો મન્યુ નામે પુત્ર હતો અને મન્યુના બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર તથા ગર્ગ નામના પાંચ પુત્રો હતા. તેઓમાં નરનો સંકૃતિ નામે પુત્ર હતો.[૧] હે પાંડુપુત્ર રાજા! સંકૃતિને ગુરુ અને રંતિદેવ નામના બે પુત્રો હતા. તેઓમાં રંતિદેવનો યશ આ લોકમાં તથા પરલોકમાં ગવાય છે.[૨] એ રંતિદેવ ઉદ્યમ વિના દૈવયોગેજ જે કંઇ મળી આવતું, તેનો ઉપભોગ કરતો હતો; પોતે ભૂખ્યો હોય છતાં પણ પોતાને જે કંઇ મળી આવતું, તે બીજા કોઈ યાચકાદિને આપી દેતો, પોતે પોતાની પાસે કંઇ પણ રાખતો ન હતો અને દુઃખ આવી પડતાં ધીરજ રાખતો હતો. એક વખતે જળપાન પણ કર્યા સિવાય તેના અડતાળીસ દિવસો વ્યતીત થઈ ગયા હતા. (ઓગણપચાસમા દિવસે) સવારમાં ઘી, દૂધપાક, લાવશી અને પાણી, એ ચાર વસ્તુઓ અનાયાસે દૈવયોગેજ તેને મળી આવી; એટલે દુઃખ પામેલા કુટુંબવાળો અને ક્ષુધાતૃષાથી કંપી રહેલો તે રંતિદેવ ભોજન કરવાની ઇચ્છા કરે છે, તેટલામાં તેના ભોજનસમયે કોઈ એક બ્રાહ્મણ અતિથિ ત્યાં આવી ચડયો. ત્યારે સર્વત્ર શ્રીહરિનું દર્શન કરતા રંતિદેવે શ્રદ્ધાયુક્ત થઇ તે બ્રાહ્મણનો સત્કાર કર્યો અને પછી તેને અન્નનું ભોજન કરાવ્યું. તે બ્રાહ્મણ ભોજન કરીને ગયો, તે પછી હે રાજા! કુટુંબને વહેંચી આપેલું અન્ન જમવાને તે તૈયાર થયો; તેટલામાં બીજો એક શૂદ્ર અતિથિ ત્યાં આવ્યો, એટલે શ્રીહરિનું સ્મરણ કરતા રંતિદેવે તે શૂદ્રને પણ કુટુંબને વહેંચી આપેલું અન્ન જમાડ્યું.[૩–૭] એ પ્રમાણે શૂદ્ર પણ ભોજન કરીને ગયો, એટલે કૂતરાંઓથી વીંટાયલો કોઈ બીજો અતિથિ ત્યાં આવ્યો અને તેણે કહ્યું કે, 'હે રાજા! હું મારા આ પરિવાર સહિત ભૂખ્યો છું; માટે તું અમને અન્ન આપ.'[૮] તે સાંભળી રંતિદેવ રાજાએ તેનો પણ આદરસત્કાર કરી જે કંઈ અન્ન બાકી રહ્યું હતું, તે આપી દઇ કૂતરાંઓને તથા કૂતરાંઓના માલિકને નમસ્કાર કર્યા.[૯] પછી તો માત્ર એકલું પાણીજ બાકી રહ્યું અને તે પણ એક માણસ તૃપ્ત થાય તેટલુંજ હતું. તે પાણી પીવાને રાજા જેવો તૈયાર થયો, તેવામાં કોઈ એક ચાંડાળ ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે, 'હે રાજા! મને અપવિત્રને તું જળ આપ.' એ ચાંડાળની અત્યંત પરિશ્રમવાળી તે કરુણ વાણી સાંભળીને રંતિદેવ રાજા દયાને લીધે ઘણોજ દુઃખી થયો અને આવું અમૃત જેવું વચન બોલ્યો કે,[૧૦,૧૧] 'હું ઈશ્વર પાસેથી આઠ મહાસિદ્ધિઓવાળી ઉત્તમ ગતિને કે મોક્ષને પણ ઇચ્છતો નથી; પરંતુ હરકોઇ પ્રાણીની અંદર રહીને (તેઓને થતી) પીડા ભોગવવાને ઇચ્છું છું, જેથી તે–દુઃખી પ્રાણીઓ દુઃખથી રહિત થાય.[૧૨] આ ગરીબ પ્રાણી (ચાંડાળ) જીવવાની ઇચ્છા રાખે છે; તેને જીવનના કારણરૂપ (આ) જળ આપવાથી મારો ક્ષુધા–તૃષાનો પરિશ્રમ,

---

* આ અધ્યાયમાં દુષ્યંતના પુત્રોનો વંશ કહેવામાં આવશે, જેમાં રંતિદેવ તથા અજમીઢ આદિની કીર્તિનું વર્ણન છે. —શ્રીધર

× આ વિતથ તેજ ભરદ્વાજ. ભરત તો નિર્વંશજ હતો, ત્યારે ભરદ્વાજને દત્તક પુત્ર તરીકે આપવામાં આવ્યો હતો; તેથી ભરદ્વાજનુંજ બીજું નામ 'વિતથ' પડ્યું હતું. એ ભરદ્વાજ બ્રાહ્મણ હતો; તોપણ ભરતનો દત્તક પુત્ર થયો હતો. તેના વંશનું વર્ણન કરવામાં આવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

શરીરનો પરિશ્રમ, દીનતા, થાક, શોક, ખેદ અને મોહ—એ સર્વે દૂર થયાં છે.[૧૩] એમ કહીને સ્વભાવથીજ દયાળુ તે ધીર રાજાએ, પોતે તરસથી મરતો હતો તોપણ પેલા ચાંડાળને પાણી આપી દીધું.[૧૪] તે સમયે ત્રણે જગતના અધીશ્વર બ્રહ્માદિ દેવો કે જેઓ હરકોઇ ફળ ઇચ્છનારાઓને તે તે ફળ આપ્યા કરે છે; જેઓને વ્યાપક પરમેશ્વરે સરજ્યા છે અને જેઓ (રંતિદેવના ધૈર્યની પરીક્ષા કરવા માટે) બ્રાહ્મણ, શૂદ્ર, કૂતરાંનો માલિક અને ચાંડાળનાં સ્વરૂપોને માયાથી ધારણ કરીને પ્રથમ ત્યાં આવ્યા હતા, તેઓએ રંતિદેવને પોતાનાં દર્શન કરાવ્યાં.[૧૫] રાજા રંતિદેવ તો નિઃસંગ હતો; તેને કોઈની પણ સ્પૃહા હતી નહિ; તેથી કેવળ વાસુદેવ ભગવાન ઉપરની ભક્તિને લીધે તેણે એ દેવોને માત્ર નમસ્કારજ કર્યા; (પણ તેઓની પાસેથી કંઈ માગ્યું નહિ.)[૧૬] હે રાજન્! રંતિદેવ પોતાના મનને કેવળ ઈશ્વરમાંજ રાખતો હતો અને ઈશ્વર વિના બીજા કોઇ પણ ફળને ઇચ્છતો ન હતો; તેથી તેની ત્રિગુણાત્મક માયા સ્વપ્નની પેઠે નાશ પામી.[૧૭] વળી જે મનુષ્યો એ રંતિદેવને અનુસર્યા હતા, તેઓ સર્વે પણ તેના પ્રસંગના પ્રભાવથી નારાયણમાં પરાયણ રહેનારા યોગીઓ થયા હતા.

"હવે મન્યુના પુત્ર ગર્ગથી શિનિ નામે પુત્ર થયો હતો અને શિનિથી ગાર્ગ્ય નામે પુત્ર થયો હતો. એ રીતે ક્ષત્રિયમાંથી પણ બ્રાહ્મણકુળ ચાલ્યું હતું; તેમજ મન્યુના મહાવીર્ય નામના પુત્રથી દુરિતક્ષય નામનો પુત્ર થયો હતો અને તે દુરિતક્ષયના ત્ર્યારુણિ, કવિ ને પુષ્કરારુણિ નામના ત્રણ પુત્રો થયા હતા; જેઓ ક્ષત્રિયકુળમાં પણ બ્રાહ્મણત્વને પામ્યા હતા. વળી મન્યુના સૌથી મોટા પુત્ર બૃહત્ક્ષત્રને હસ્તિ નામે પુત્ર થયો હતો, જેણે હસ્તિનાપુર વસાવ્યું હતું. એ હસ્તિના અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ નામના ત્રણ પુત્રો હતા. તેઓમાં અજમીઢના વંશજ પ્રિયમેધાદિ બ્રાહ્મણો થયા હતા. એ અજમીઢથી બૃહદિષુ નામે પુત્ર થયો હતો; બૃહદિષુનો બૃહદ્ધનુ, બૃહદ્ધનુનો બૃહત્કાય, બૃહત્કાયનો જયદ્રથ, જયદ્રથનો વિશદ, વિશદનો સેનજિત્ અને સેનજિત્‌ના રુચિરાશ્વ, દઢહનુ, કાશ્ય અને વત્સ નામના પુત્રો થયા હતા. એઓમાં રુચિરાશ્વનો પાર નામે પુત્ર હતો અને પારના પૃથુસેન તથા નીપ નામના બે પુત્રો હતા. એમાં નીપના સો પુત્રો હતા.[૧૮-૨૪] વળી તે નીપે‡ શુકદેવની કન્યા કૃત્વીને વિષે બ્રહ્મદત્ત નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો. તે બ્રહ્મદત્ત યોગી હતો અને તેણે સરસ્વતી નામની સ્ત્રીમાં વિશ્વક્સેન નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો.[૨૫] વળી એ બ્રહ્મદત્તે જૈગીષવ્યના ઉપદેશથી 'યોગતંત્ર' નામે યોગશાસ્ત્ર રચ્યું હતું. તે બ્રહ્મદત્તના પુત્ર વિષ્વક્સે-

---

‡ હરિવંશ વગેરેમાં કહેવામાં આવ્યું છેઃ—

पराशरकुलोत्पन्नः शुको नाम महायशाः ।
व्यासादरण्यां संभूतो विधूमोऽग्निरिवोज्वलन् ॥
स तस्यां पितृकन्यायां वीरिण्यां जनयिष्यति ।
कृष्णं गौरप्रभं शंभुं तथा भूरिश्रुतं जयम् ॥
कन्यां कीर्तिमतीं षष्ठीं योगिनीं योगमातरम् ।
ब्रह्मदत्तस्य जननीं महिषीमणुहस्य च ॥

મહાયશસ્વી શુકદેવજી પરાશરના વંશમાં વ્યાસથી અરણી નામની સ્ત્રીમાં પ્રજ્વલિત નિર્ધૂમ અગ્નિની પેઠે ઉત્પન્ન થયા હતા. તેમણે પિતૃઓની કન્યા વીરિણીમાં કૃષ્ણ, ગૌરપ્રભ, શંભુ, ભૂરિશ્રુત તથા જય નામના પાંચ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા અને છઠ્ઠી કીર્તિમતી (કૃત્વી) નામની કન્યાને ઉત્પન્ન કરી હતી. એ કીર્તિમતી યોગિની હતી; યોગની તો માતા હતી, બ્રહ્મદત્ત નામના પુત્રને ઉત્પન્ન કરનારી હતી અને અણુહની રાણી હતી. (આ સ્થળે કીર્તિમતીને અણુહની રાણી કહી છે, ત્યારે અહીં ભાગવતમાં નીપની રાણી કહી છે. એ વિરોધ છે.) જો કે શુકદેવજી જન્મથીજ સંગનો ત્યાગ કરીને નીકળી ગયા હતા; તોપણ પોતાના પિતા વ્યાસને વિરહથી આતુર થઈ પાછળ આવતા જોઈ (તેમને સ્થિર કરવા માટે) પોતે કૃત્રિમ શુકદેવનું સ્વરૂપ ધારણ કર્યું હતું; એ સ્વરૂપજ છાયાશુક કહેવાય છે. પછી તે છાયાશુકે પિતાના અભિપ્રાય પ્રમાણે ગૃહસ્થાશ્રમ વગેરે વ્યવહાર કર્યો હતો.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC-0 In Public Domain. Digitization by eGangotri

નથી ઉદકસ્વન અને ઉદકસ્વનથી ભલ્લાદ નામે પુત્ર થયો હતો. આ બધા બૃહદિષુના વંશજો તમને કહ્યા. હસ્તિના બીજા પુત્ર દ્વિમીઢનો યવીનર નામે પુત્ર હતો. યવીનરનો કૃતિમાન, કૃતિમાનનો સત્યધૃતિ, સત્યધૃતિનો દૃઢનેમિ, દૃઢનેમિનો સુપાર્શ્વ, સુપાર્શ્વનો સુમતિ, સુમતિનો સન્નતિમાન અને સન્નતિમાનનો કૃતિ નામે પુત્ર હતો, જે કૃતિએ હિરણ્યનાભ પાસેથી યોગ સંપાદન કરી પ્રાચીન સામવેદની છ સંહિતાઓ પ્રાપ્ત કરી હતી અને તેનો વિભાગ કરી પોતાના શિષ્યોને ભણાવી હતી. તે કૃતિનો નીપ, નીપનો ઉગ્રાયુધ, ઉગ્રાયુધનો ક્ષેમ્ય, ક્ષેમ્યનો સુવીર, સુવીરનો રિપુંજય અને રિપુંજયનો બહુરથ નામે પુત્ર હતો. હસ્તિનો ત્રીજો પુત્ર પુરુમીઢ સંતાનરહિત હતો. વળી *અજમીઢની નલિની નામની સ્ત્રીમાં નીલ નામે પુત્ર થયો હતો; નીલનો શાંતિ, શાંતિનો સુશાંતિ, સુશાંતિનો પુરુજ, પુરુજનો અર્ક, અર્કનો ભર્મ્યાશ્વ અને ભર્મ્યાશ્વને મુદ્ગલ, યવીનર, બૃહદિષુ, કાંપિલ્ય તથા સંજય નામના પાંચ પુત્રો થયા હતા. ભર્મ્યાશ્વે પોતાના પાંચ પુત્રોને ઉદ્દેશી કહ્યું હતું કે, 'હે પુત્રો! તમે મારા પાંચે શબ્દ વગેરે વિષયોનું રક્ષણ કરવાને સમર્થ છો.' એ ઉપરથી તેના પાંચ પુત્રો 'પંચાલ' નામના થયા હતા. એ ભર્મ્યાશ્વના પહેલા પુત્ર મુદ્ગલથી મૌદ્ગલ્ય નામનું બ્રાહ્મણકુળ ઉત્પન્ન થયું હતું. જેમકે—તે મુદ્ગલને ત્યાં એક જોડલું જન્મ્યું હતું. તેમાં જે પુરુષ હતો, તેનું નામ દિવોદાસ હતું અને જે કન્યા હતી, તેનું નામ અહલ્યા હતું. એ અહલ્યામાં ગૌતમ ઋષિથી શતાનંદ નામે પુત્ર થયો હતો; શતાનંદનો સત્યધૃતિ નામે પુત્ર હતો. તે ધનુર્વેદમાં કુશળ હતો; તેનો શરદ્વાન નામે પુત્ર થયો હતો. એક સમયે ઉર્વશી અપ્સરાને જોવાથી સત્યધૃતિનું વીર્ય કાસ નામના ઘાસના ગુચ્છામાં ઝરી પડ્યું હતું, જેમાંથી એક ઉત્તમ જોડલું ઉત્પન્ન થયું હતું. તે જોડલાને જોઈને મૃગયા કરવાને ફરતા શંતનુ રાજાએ દયાથી તેને લઈ લીધું હતું. (અને તેની રક્ષા કરી હતી.) એમાંનો જે પુરુષ હતો, તે કૃપાચાર્ય હતા અને જે સ્ત્રી હતી, તેજ દ્રોણાચાર્યની પત્ની થયેલી કૃપી હતી.

तद्दृष्ट्वा कृपयाऽगृह्णाच्छंतनुर्मृगयां चरन् ।
कृपः कुमारः कन्या च द्रोणपत्न्यभवत् कृपी ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

अध्याय २२ मो*

ઋક્ષના વંશમાં જરાસંધ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરે

॥ श्रीशुक उवाच ॥

मित्रेयुश्च दिवोदासाच्च्यवनस्तत्सुतो नृप ।
सुदासः सहदेवोऽथ सोमको जंतुजन्मकृत् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! દિવોદાસથી મિત્રેયુ નામે પુત્ર થયો હતો અને મિત્રેયુના ચ્યવન, સુદાસ, સહદેવ તથા જંતુ નામના પુત્રને જન્મ આપનાર સોમક, એ પ્રમાણે ચાર પુત્રો થયા હતા. તેમાંના સોમકને સો પુત્રો હતા. તેઓમાં સૌથી મોટો જંતુ હતો અને પૃષત્ સૌથી નાનો હતો. એ પૃષત્‌ને દ્રુપદ નામે પુત્ર હતો અને દ્રુપદને દ્રૌપદી નામની કન્યા હતી, તેમજ ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો હતા. ૧-૨ એ ધૃષ્ટદ્યુમ્નથી ધૃષ્ટકેતુ નામે પુત્ર થયો હતો. આ બધાય ભર્મ્યાશ્વના વંશમાં ઉત્પન્ન થયેલા પંચાલ ક્ષત્રિયો કહ્યા. હવે હસ્તિના પુત્ર અજ-

* હસ્તિના પહેલા પુત્ર અજમીઢના વંશજો પ્રિયમેધ વગેરે કેટલાક બ્રાહ્મણ થયા હતા અને બૃહદિષુ વગેરે કેટલાક ક્ષત્રિયો થયા હતા. એમ એ વંશો પહેલા કહીને હવે તેનાજ ત્રીજા વંશ કહે છે. —શ્રીધર.

* આ અધ્યાયમાં દિવોદાસનો વંશ કહીને ઋક્ષવંશમાં જરાસંધ, યુધિષ્ઠિર તથા દુર્યોધન વગેરેનું વર્ણન આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

મીઢનો ઋક્ષ નામે બીજો એક પુત્ર હતો. તેનો સંવરણ નામે પુત્ર થયો હતો. તે સંવરણે સૂર્યની તપતી નામની કન્યામાં 'કુરુ' નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો, કે જે કુરુક્ષેત્રનો રાજા થયો હતો. એ કુરુને ત્યાં પરીક્ષિત, સુધનુષ, જહ્નુ અને નિષધાશ્વ નામના ચાર પુત્રો ઉત્પન્ન થયા હતા. (૩-૪) તેઓમાં સુધનુષથી સુહોત્ર, સુહોત્રનો ચ્યવન, ચ્યવનનો કૃતિ, કૃતિનો ઉપરિચર વસુ અને ઉપરિચર વસુના બૃહદ્રથ, કુશાંબ, મત્સ્ય, પ્રત્યગ્ર તથા ચેદિપ વગેરે પુત્રો થયા હતા. તેઓ ચેદિ નામના દેશના રાજાઓ હતા. તેઓમાં બૃહદ્રથથી કુશાગ્ર, કુશાગ્રનો ઋષભ, ઋષભનો સત્યહિત, સત્યહિતનો પુષ્પવાન અને પુષ્પવાનનો જહુ નામે પુત્ર થયો હતો. વળી બૃહદ્રથને એક બીજી સ્ત્રી હતી; તેમાં એકજ શરીરના બે ટુકડાઓ જન્મ્યા હતા. એ બન્ને ટુકડાઓને તેની માતાએ જ્યારે બહાર ફેંકી દીધા, ત્યારે ત્યાં ક્રીડા કરતી જરા નામની એક રાક્ષસીએ 'જીવ, જીવ' એમ કહીને તેને સાંધી દીધા હતા; તે ઉપરથી એ પુત્ર 'જરાસંધ' નામનો થયો. (૫-૮) એ જરાસંધથી સહદેવ, સહદેવને સોમાપિ અને સોમાપિનો શ્રુતશ્રવા નામે પુત્ર થયો હતો. કુરુના પુત્ર પરીક્ષિતને કંઇ સંતાન ન હતું; પણ કુરુના ત્રીજા પુત્ર જહ્નુનો સુરથ નામે પુત્ર થયો હતો. (૯) એ સુરથનો વિદૂરથ, વિદૂરથનો સાર્વભૌમ, સાર્વભૌમનો જયસેન, જયસેનનો રાધિક, રાધિકનો અયુત, અયુતનો ક્રોધન, ક્રોધનનો દેવાતિથિ, દેવાતિથિનો ઋષ્ય, ઋષ્યનો દિલીપ, દિલીપનો પ્રતીપ અને પ્રતીપના દેવાપિ, શંતનુ તથા બાહ્લીક નામના ત્રણ પુત્રો થયા હતા. તેમાંનો દેવાપિ પોતાના પિતાનું રાજ્ય તજીને વનમાં ચાલ્યો ગયો હતો; (૧૦-૧૨) જેથી પહેલાં 'મહાભિષ' નામથી ઓળખાતો શંતનુ રાજા થયો હતો. એ શંતનુ રાજા જે જે વૃદ્ધ મનુષ્યને પોતાના બન્ને હાથથી સ્પર્શ કરતો હતો, તે તે મનુષ્ય યુવાન થઇ જતો હતો અને ઉત્તમ પ્રકારની શાંતિને પામતો હતો. તે કર્મથીજ તે રાજા 'શંતનુ' એ નામે પ્રખ્યાત થયો હતો. જે વખતે બાર વર્ષ સુધી તેના રાજ્યમાં વરસાદ વરસ્યો ન હતો, ત્યારે શંતનુ રાજાને (તેના પ્રશ્ન ઉપરથી) બ્રાહ્મણોએ કહ્યું હતું કે, 'જે પુરુષ પોતાનો મોટો ભાઈ હયાત હોવા છતાં પૃથ્વીને ભોગવે તે+ પરિવેત્તા કહેવાય છે; માટે તું પણ (તારે મોટો ભાઈ હોવા છતાં રાજ્ય કરે છે, તેથી) પરિવેત્તા છે; માટે સત્વર નગર તથા દેશની આબાદી માટે તું તારા મોટા ભાઈને રાજ્ય આપી દે.' બ્રાહ્મણોએ એ પ્રમાણે કહ્યું; એટલે શંતનુ રાજાએ (વનમાં જઈ) પોતાના મોટા ભાઇ દેવાપિને (રાજ્ય સ્વીકારવા) ખૂબ સમજાવ્યો; પણ શંતનુના મંત્રી–અશ્મરાવે (પ્રથમથી) મોકલેલા બ્રાહ્મણોએ તેને વેદમાર્ગથી ભ્રષ્ટ કર્યો, તેથી તેણે વેદની નિંદાનાં વચનો કહ્યાં (અને પતિત બની જઇ રાજ્ય માટે લાયક રહ્યો નહિ તથા શંતનુને જે દોષ લાગ્યો હતો તે દૂર થયો); એટલે વરસાદ વરસ્યો હતો. પેલો દેવાપિ તો યોગમાર્ગનો આશ્રય કરીને 'કલાપ' નામના એક ગામમાં રહ્યો હતો. (૧૩-૧૭) કલિયુગમાં જ્યારે ચંદ્રવંશ નાશ પામશે, ત્યારે સત્યયુગના આદિમાં તે પુનઃ ચંદ્રવંશને સ્થાપશે. શંતનુના ભાઇ બાહ્લીકથી સોમદત્ત નામનો પુત્ર થયો હતો ને સોમદત્તથી ભૂરિ, ભૂરિશ્રવા તથા શલ નામના ત્રણ પુત્રો થયા હતા. શંતનુને ગંગા નામની સ્ત્રીમાં જિતેન્દ્રિય ભીષ્મ નામે પુત્ર થયા હતા. એ ભીષ્મ સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ, ભગવાનના મહાન ભક્ત,

+ दाराग्निहोत्रसंयोगं कुरुते योऽग्रजे स्थिते।
परिवेत्ता स विज्ञेयः परिवित्तिस्तु पूर्वजः ॥
(म. स्मृ. ३-१७१)

જે પુરુષ પોતાનો મોટો ભાઈ હયાત હોવા છતાં (તેને મૂકીને) સ્ત્રી પરણે છે અને અગ્નિહોત્ર લે છે, તે 'પરિવેત્તા' કહેવાય છે અને તેનો મોટો ભાઇ 'પરિવિત્તિ' કહેવાય છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિદ્વાન અને વીર પુરુષોના સમૂહમાં અગ્રેસર હતા. વળી તે ભીષ્મે પરશુરામને પણ યુદ્ધમાં સંતોષ ઉપજાવ્યો હતો. શંતનું રાજાને એક ÷મચ્છીમારની કન્યા સત્યવતીમાં મોટા ચિત્રાંગદ અને નાનો વિચિત્રવીર્ય, એમ બે પુત્રો થયા હતા. તેમાં ચિત્રાંગદને તેના જેવાજ નામવાળા ચિત્રાંગદ ગંધર્વે યુદ્ધમાં મારી નાખ્યો હતો. શંતનુની એ બીજી પત્ની સત્યવતીમાં (શંતનુના પરણ્યા પહેલાંજ) પરાશર ઋષિથી સાક્ષાત્ શ્રીહરિના અંશરૂપ વ્યાસ ભગવાન અવતર્યા હતા; જે વ્યાસ મુનિએ વેદોની રક્ષા કરેલી છે અને જેમની પાસેથી આ શ્રીમદ્ભાગવત હું ભણ્યો છું. ભગવાન વ્યાસદેવે પૈલ વગેરે પોતાના શિષ્યોને મૂકીને મને–પોતાના શાંત પુત્રને આ પરમ ગુહ્ય શ્રીમદ્ભાગવત ભણાવ્યું છે. શંતનુનો નાનો પુત્ર વિચિત્રવીર્ય, ભીષ્મ પિતામહે સ્વયંવરમાંથી બળાત્કારે આણેલી કાશીરાજાની બે પુત્રી અંબિકા તથા અંબાલિકાને પરણ્યો હતો; પણ તે બન્ને પર અત્યંત આસક્ત થઇ જવાને લીધે વિચિત્રવીર્યને ક્ષયરોગ લાગુ પડ્યો હતો અને એટલે તે (સંતાનરહિત અવસ્થામાંજ) મરણ પામ્યો હતો.૧૮-૨૪ (એ રીતે વિચિત્રવીર્ય પ્રજારહિત થયો,) એટલે માતા સત્યવતીના કહેવાથી વ્યાસજીએ સંતાનરહિત પોતાના ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રીઓમાં ધૃતરાષ્ટ્ર, પાંડુ ને વિદુર નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યો હતા. હે રાજા! ધૃતરાષ્ટ્રને ગાંધારીમાં સો પુત્રો થયા હતા; તેઓમાં દુર્યોધન સૌથી મોટો હતો. ઉપરાંત દુઃશલા નામની એક કન્યા પણ ઉત્પન્ન થઇ હતી.૨૫।૨૬ પાંડુ રાજાને (વનમાં શિકાર કરતાં મૃગનો) શાપ થયો હતો, તેથી તેમનાથી મૈથુન કરી શકાતું ન હતું; એટલે તેમની સ્ત્રી કુંતીમાં ધર્મ, વાયુ અને ઇન્દ્રથી મહારથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામે ત્રણ પુત્રો થયા હતા, તેમજ (પાંડુની બીજી સ્ત્રી) માદ્રીમાં બન્ને અશ્વિનીકુમારોથી નકુલ તથા સહદેવ નામના બે પુત્રો ઉત્પન્ન થયા હતા અને તે પાંચ પાંડવોથી દ્રૌપદીમાં પાંચ પુત્રો થયા હતા; જેઓ તમારા કાકા થતા હતા.*૨૭।૨૮ તેઓમાં પ્રતિવિંધ્ય યુધિષ્ઠિરથી, શ્રુતસેન ભીમસેનથી, શ્રુતકીર્તિ અર્જુનથી, શતાનીક નકુલથી અને શ્રુતકર્મા નામનો કુમાર સહદેવથી ઉત્પન્ન થયો હતો. તે ઉપરાંત હે રાજા! યુધિષ્ઠિરથી પૌરવી નામની બીજી સ્ત્રીમાં દેવક નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો; ભીમસેનથી હિડિંબા નામની બીજી સ્ત્રીમાં 'ઘટોત્કચ' નામે પુત્ર અને કાલી નામની ત્રીજી સ્ત્રીમાં સર્વગત નામે પુત્ર ઉત્પન્ન થયો હતો; સહદેવથી પર્વત રાજાની કન્યા વિજયાએ સુહોત્ર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો, નકુલે કરેણુમતી નામની બીજી સ્ત્રીમાં નિરમિત્ર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો અને અર્જુને નાગકન્યા ઉલૂપી નામની સ્ત્રીમાં ઇરાવાન નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો અને મણિપુરના રાજાની પુત્રી ચિત્રાંગદા કે જે ÷પુત્રિકાધર્મથી અર્જુનને પરણાવી હતી, તેમાં બભ્રુવાહન નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. એ રીતે બભ્રુવાહન અર્જુનનો પુત્ર હતો; તોપણ તે તેની માતાના પિતાનો પુત્ર ગણાતો હતો. વળી હે

÷ સત્યવતી મચ્છીમારની કન્યા આવા કારણથી કહેવાઇ હતી; ઉપરિચર નામના વસુથી માછલીના ઉદરમાં સત્યવતી ઉત્પન્ન થઈ હતી, પણ મચ્છીમારોએ તેણીને પાળીને પોષી હતી, તેથીજ તે મચ્છીમારની કન્યા તરીકે પ્રસિદ્ધ થઇ હતી. –શ્રીધર

* અર્થાત્ જેઓ કોઇના પણ પિતા થયા વિનાજ એટલે પુત્રો ઉત્પન્ન કર્યાં વિનાજ અશ્વત્થામાને હાથે માર્યાં ગયા હતા. —बालप्रबोधिनी

÷ પુત્રિકાધર્મ એટલે–अभ्रातृकां प्रदास्यामि तुभ्यं कन्यामलंकृताम्। अस्यां यो जायते पुत्रः स मे पुत्रो भविष्यति ॥ (म. स्मृ. ९-१२७ क्षेपक)

'આ કન્યા ભાઈ વિનાની છે; તે હું તને આપું છું; પણ આ કન્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય તેને મારો પુત્ર ગણવો.' આવા વચનબંધથી જે કન્યા અપાય છે તે પુત્રિકાધર્મથી આપી ગણાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરીક્ષિત! તમારા પિતા અભિમન્યુ કે જે સર્વ અતિરથીઓને જીતનાર હતા, તે પણ અર્જુનથીજ સુભદ્રા નામની સ્ત્રીમાં ઉત્પન્ન થયા હતા અને અભિમન્યુથી ઉત્તરામાં તમે ઉત્પન્ન થયા છો. જે સમયે કૌરવોનો સંહાર થઈ ગયો હતો તે સમયે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી તમે ગર્ભમાંજ બળી ગયા હતા, છતાં શ્રીકૃષ્ણના પ્રભાવને લીધે તમે કાળથી જીવતા બચવા પામ્યા હતા.[૨૯-૩૪] હે તાત! તમારા આ જનમેજય, શ્રુતસેન, ભીમસેન તથા વીર્યવાન ઉગ્રસેન નામના ચાર પુત્રો છે.[૩૫] તેઓમાં જનમેજય તમને તક્ષકનાગથી નાશ પામેલા જાણી ક્રોધાયમાન થઈને સર્પોને સર્પયાગઅગ્નિમાં હોમી દેશે.[૩૬] વળી કાવષેય ગોત્રના તુર નામના બ્રાહ્મણને પુરોહિત બનાવી આખી પૃથ્વીને ચોતરફથી જીતી લઈને જનમેજય અનેક અશ્વમેધ યજ્ઞો કરશે. એ જનમેજયનો પુત્ર શતાનીક નામનો થશે. તે યાજ્ઞવલ્ક્યની પાસેથી ત્રણ વેદો ભણશે તથા ક્રિયાજ્ઞાન મેળવશે અને કૃપાચાર્ય પાસેથી અસ્ત્રજ્ઞાન સંપાદન કરશે તથા શૌનકની પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરશે. એ શતાનીકનો સહસ્રાનીક, સહસ્રાનીકનો અશ્વમેધજ, અશ્વમેધજનો અસીમકૃષ્ણ અને અસીમકૃષ્ણનો નેમિચક્ર નામે પુત્ર થશે. જ્યારે હસ્તિનાપુર ગંગા નદીમાં તણાઇ જશે, ત્યારે નેમિચક્ર કૌશાંબી નગરીમાં સારી રીતે નિવાસ કરશે. એ નેમિચક્રનો ચિત્રરથ, ચિત્રરથનો કવિરથ, કવિરથનો વૃષ્ટિમાન, વૃષ્ટિમાનનો સુષેણ રાજા, સુષેણનો સુનીથ, સુનીથનો નૃચક્ષુ, નૃચક્ષુનો સુખીનલ, સુખીનલનો પરિપ્લવ, પરિપ્લવનો મેધાવી, મેધાવીનો સુનય, સુનયનો નૃપંજય, નૃપંજયનો દૂર્વ, દૂર્વનો તિમિ, તિમિનો બૃહદ્રથ, બૃહદ્રથનો સુદાસ, સુદાસનો શતાનીક, શતાનીકનો દુર્દમન, દુર્દમનનો બહીનર, બહીનરનો દંડપાણિ, દંડપાણિનો નિમિ અને નિમિનો ક્ષેમક રાજા પુત્ર થશે. એ પ્રમાણે બ્રાહ્મણો તથા ક્ષત્રિયોના કારણ-૩૫ અને દેવો તથા ઋષિઓમાં સત્કાર પામેલો આ વંશ મેં તમને કહ્યો.[૩૭-૪૪] આ વંશ ક્ષેમક રાજા સુધી આવીને કલિયુગમાં નાશ પામશે; ત્યાર પછી મગધવંશી રાજાઓ થશે; તેઓને હું તમારી આગળ કહું છું.[૪૫] જરાસંધના પુત્ર સહદેવનો માર્જારિ નામનો પુત્ર થશે; માર્જારિનો શ્રુતશ્રવા, શ્રુતશ્રવાનો અયુતાયુ, અયુતાયુનો નિરમિત્ર, નિરમિત્રનો સુનક્ષત્ર, સુનક્ષત્રનો બૃહત્સેન, બૃહત્સેનનો કર્મજિત્, કર્મજિત્નો સૃતંજય, સૃતંજયનો વિપ્ર, વિપ્રનો શુચિ, શુચિનો ક્ષેમ, ક્ષેમનો સુવ્રત સુવ્રતનો ધર્મસૂત્ર, ધર્મસૂત્રનો શમ, શમનો દ્યુમત્સેન, દ્યુમત્સેનનો સુમતિ, સુમતિનો સુબલ, સુબલનો સુનીથ, સુનીથનો સત્યજિત્, સત્યજિત્નો વિશ્વજિત્ ને વિશ્વજિત્નો રિપુંજય નામનો પુત્ર થશે. આ રાજાઓ બૃહદ્રથના વંશમાં થશે અને તેઓ એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે."[૪૬-૪૯]

सुनीथः सत्यजिदथ विश्वजिद्यद्रिपुंजयः ।
बार्हद्रथाश्च भूपाला भाव्याः साहस्रवत्सरम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

अध्याय २३ मो*

યયાતિના બીજા પુત્રોનો વંશ

॥ श्रीशुक उवाच ॥

अनोः सभानरश्चक्षुः परोक्षश्च सुतास्त्रयः ।
सभानरात्कालनरः सृंजयस्तत्सुतस्ततः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"યયાતિ રાજાના ચોથા પુત્ર અનુને સભાનર, ચક્ષુ અને પરોક્ષ નામના ત્રણ પુત્રો થયા હતા. તેઓમાં સભાનરથી કાલ-

* યયાતિના પાંચ પુત્રો પૈકી પાંચમા પુરુ રાજાનો વંશ પૂર્વના અધ્યાયોમાં કહેવાયો; હવે અહીંથી તેના બીજા પુત્રોનો વંશ કહેવાય છે. આ અધ્યાયમાં અનુ, દ્રુહ્યુ, તુર્વસુ તથા યદુના વંશનું વર્ણન આવશે, તે જ્યામઘની ઉત્પત્તિ સુધી આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નર, કાલનરથી સૃંજય, સૃંજયથી જનમેજય, જનમેજયનો મહાશીલ, મહાશીલનો મહામના અને મહામનાનો ઉશીનર ને તિતિક્ષુ નામના બે પુત્રો થયા હતા.[૨] તેઓમાંથી ઉશીનરને શિબિ, વન, શમિ તથા દક્ષ નામના ચાર પુત્રો હતા અને તે ચારમાથી શિબિને પણ વૃષદર્ભ, સુવીર, મદ્ર તથા કેકય નામના ચાર પુત્રો થયા હતા. ઉશીનરના બીજા પુત્ર તિતિક્ષુનો રુશદ્રથ, રુશદ્રથનો હેમ, હેમનો સુતપા અને સુતપાનો બલિ નામે પુત્ર થયો હતો;[૩-૪] એ બલિરાજાની સ્ત્રીમાં દીર્ઘતમસ નામના ઋષિથી અંગ, વંગ, કલિંગ, સુહ્મ, પુંડ્ર તથા અંધ્ર નામના છ પુત્રો ઉત્પન્ન થયા હતા.[૫] એ છ પુત્રોએ (ભરતખંડની) પૂર્વ-દિશામાં પોતાના નામથી છ દેશો વસાવ્યા હતા. તે છ રાજાઓ પૈકી અંગ રાજાથી ખનપાન, ખનપાનથી દિવિરથ, દિવિરથનો ધર્મરથ અને ધર્મરથનો ચિત્રરથ નામે પુત્ર થયો હતો. એ ચિત્રરથને કંઇ પણ સંતાન ન હતું. તેનુ બીજું નામ 'રોમપાદ' હતુ. એ રોમપાદને તેના મિત્ર દશરથ રાજાએ પોતાની શાંતા નામની કન્યા (દત્તક) પુત્રી તરીકે આપી હતી. તે શાંતાને ઋષ્યશંગ ઋષિ પરણ્યા હતા. (રોમપાદના રાજ્યમાં) જ્યારે વરસાદ વરસતો ન હતો, ત્યારે *હરિણીપુત્ર ઋષ્યશૃંગને વેશ્યાઓ, નાટ્ય, સંગીત, વાદિત્રો, વિલાસો, આલિંગનો તથા પૂજાસત્કારથી (લોભાવીને રોમપાદના નગરમાં) લાવી હતી. વળી તે ઋષ્યશૃંગે સંતાનરહિત દશરથ રાજાને ઇન્દ્રની ઇષ્ટિ કરી પ્રજા આપી હતી; જેને લીધે દશરથ રાજાને ત્યાં કંઈ સંતાન ન હતું, છતાં સંતાનો થયાં હતાં. એ રોમપાદથી ચતુરંગ અને ચતુરંગનો પૃથુલાક્ષ નામે પુત્ર થયો હતો.[૬-૧૦] પૃથુલાક્ષને બૃહદ્રથ, બૃહત્કર્મા તથા બૃહદ્ભાનુ નામના ત્રણ પુત્રો થયા હતા; તેઓમાં પહેલા બૃહદ્રથથી બૃહન્મના, બૃહન્મનાનો જયદ્રથ, જયદ્રથને સંભૂતિ નામે સ્ત્રીમાં વિજય નામે પુત્ર થયો હતો; વિજયનો ધૃતિ, ધૃતિનો ધૃતવ્રત, ધૃતવ્રતનો સત્કર્મા અને સત્કર્માનો અધિરથ પુત્ર થયો હતો.[૧૧-૧૨] એ અધિરથ એક વેળા ગંગાકિનારે ક્રીડા કરતો હતો, તેવામાં જે બાળકને કુંતીએ (કન્યાવસ્થામાં સૂર્યથી ઉત્પન્ન કરી) પેટીમાં મૂકીને ગંગા નદીમાં તજી દીધો હતો, તે કન્યાનો પુત્ર (ત્યાં ગંગાકિનારે) તેને મળી આવ્યો; એટલે પોતે પુત્રરહિત હતો, તેથી તેને પુત્ર તરીકે સ્વીકારી લીધો હતો.[૧૩] આ અધિરથપુત્ર કર્ણરાજાને વૃષસેન નામે પુત્ર હતો. હવે યયાતિના ત્રીજા પુત્ર દ્રુહ્યુનો વંશ સાંભળો. દ્રુહ્યુનો બભ્રુ, બભ્રુનો સેતુ, સેતુનો આરબ્ધ, આરબ્ધનો ગાંધાર, ગાંધારનો ધર્મ, ધર્મનો ધૃત, ધૃતનો દુર્મના, દુર્મનાનો પ્રચેતા અને પ્રચેતાને સો પુત્રો હતા. તે સોએ પુત્રો ઉત્તરદિશામાં રહેતા હતા અને મ્લેચ્છોના રાજા થયા હતા. હવે યયાતિના બીજા પુત્ર તુર્વસુનો વંશ સાંભળો. તુર્વસુનો વહ્નિ, વહ્નિનો ભર્ગ, ભર્ગનો ભાનુમાન, ભાનુમાનનો ત્રિભાનુ અને ત્રિભાનુનો કરંધમ નામે પુત્ર હતો. તે ઉદાર બુદ્ધિવાળો હતો. એ કરંધમનો મરુત્ નામે પુત્ર હતો. મરુતને કંઈ સંતાન ન હતું, તેથી તેણે પુરુના વંશમાં જન્મેલા દુષ્યંતનેજ પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. એ દુષ્યંત (એ રીતે) જો કે મરુતનોજ પુત્ર ગણાય તોપણ તે રાજ્ય લેવાની ઇચ્છાથી પોતાના પુરુવંશમાંજ મળી ગયો હતો. (કેમકે પુરુના વંશજોનેજ રાજ્યાસનનો અધિકાર હતો.) હવે હે રાજા! યયાતિના સૌથી મોટા પુત્ર યદુનો વંશ હું વર્ણવું છું. એ યદુવંશ મહાપવિત્ર અને મનુષ્યોનાં સર્વ પાપોને હરનાર છે; જેથી યદુના વંશનું શ્રવણ કરી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે,[૧૪-૧૯] કેમકે યદુવંશમાં ભગવાન

*ઋષ્યશૃંગ ઋષિ, વિભાંડક નામના ઋષિથી મૃગલીમાં ઉત્પન્ન થયા હતા તેથી તે હરિણીપુત્ર પણ કહેવાતા હતા. —ભા ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમાત્મા, મનુષ્યસ્વરૂપ ધારણ કરીને અવતર્યા હતા. યદુના સહસ્રજિત્, ક્રોષ્ટા, નલ તથા રિપુ નામના ચાર પ્રખ્યાત પુત્ર હતા. તેઓમાં પહેલા સહસ્રજિત્‌નો શતજિત્ ને શતજિત્‌નો મહાહય, વેણુહય તથા હૈહય નામના ત્રણ પુત્રો હતા. તેઓમાં હૈહયનો પુત્ર ધર્મ, ધર્મનો નેત્ર, નેત્રનો કુંતિ, કુંતિનો સોહંજિ, સોહંજિનો મહિષ્માન અને મહિષ્માનનો ભદ્રસેન નામે પુત્ર હતો.[૨૦-૨૨] એ ભદ્રસેનના દુર્મદ તથા ધનક નામના બે પુત્રો હતા; તેમાં ધનકને કૃતવીર્ય, કૃતાગ્નિ, કૃતવર્મા તથા કૃતૌજા નામના ચાર પુત્રો હતા;[૨૩] તેઓમાં કૃતવીર્યને અર્જુન નામે પુત્ર હતો. તે સાતે દ્વીપોનો રાજા હતો અને તેણે શ્રીહરિના અંશરૂપ દત્તાત્રેય પાસેથી યોગના મહાન ગુણો પ્રાપ્ત કર્યા હતા. કોઈ પણ રાજાઓ યજ્ઞ, દાન, તપ, યોગ, શાસ્ત્ર, પરાક્રમ તથા વિજય વગેરેમાં કાર્તવીર્ય અર્જુનની તુલના ન પામી શકશે નહિ. એ સહસ્રાર્જુન કે જેનું માત્ર સ્મરણ કરવાથી ધનનો કદી નાશ થતો નથી તેણે પંચાશી હજાર વર્ષ સુધી અસ્ખલિત બળે છયે ઇન્દ્રિયોના અખૂટ વિષયો ભોગવ્યા હતા.[૨૪-૨૬] એ રાજાને હજારો પુત્રો હતા; પણ તેઓમાંથી જયધ્વજ, શૂરસેન, વૃષભ, મધુ તથા ઊર્જિત નામના પાંચજ (પરશુરામ સાથેના) યુદ્ધમાં બાકી રહ્યા હતા.[૨૭] તેઓમાં જયધ્વજથી તાલજંઘ નામનો પુત્ર થયો હતો. તે તાલજંઘને સો પુત્રો હતા, જેઓ તાલજંઘના નામેજ કહેવાતા હતા; તેઓનો ઔર્વઋષિના તેજનો આશ્રય કરી સગર રાજાએ નાશ કરી નાખ્યો હતો.[૨૮] તાલજંઘના એ સો પુત્રોમાં સૌથી મોટાનું નામ વીતિહોત્ર હતું, સહસ્રાર્જુનના પુત્ર મધુને પણ સો પુત્રો હતા; તેઓમાં સૌથી મોટો વૃષ્ણિ નામનો હતો, કે જેથી આખું વૃષ્ણિકુળ ચાલુ થયું હતું.[૨૯] હે રાજન્! મધુથી જેઓ ઉત્પન્ન થયા હતા, તેઓ 'માધવ' કહેવાયા હતા; વૃષ્ણિથી ઉત્પન્ન થયેલા 'વૃષ્ણિ' કહેવાયા હતા અને યદુથી ઉત્પન્ન થયેલા હતા તેઓ 'યાદવ' કહેવાયા. યદુનો જે ક્રોષ્ટુ નામે પુત્ર હતો તેનો વૃજિનવાન નામે પુત્ર હતો; વૃજિનવાનનો શ્વાહિ, શ્વાહિનો રુશેકુ, રુશેકુનો ચિત્રરથ અને ચિત્રરથનો શશબિંદુ નામે પુત્ર હતો. એ શશબિંદુ મહાન યોગી, મહાન ભોગી, ÷ચૌદ મહારત્નોનો સ્વામી, ચક્રવર્તી કોઇનાથી પણ પરાજય ન પામે તેવો અને ઘણાજ મોટા યશવાળો હતો. તે રાજાને દશ હજાર સ્ત્રીઓ હતી; તેઓમાં તેણે એક એક સ્ત્રીની અંદર લાખ લાખ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તે પુત્રોમાં પૃથુશ્રવા વગેરે છ પુત્રો મુખ્ય હતા. તેમાંથી પૃથુશ્રવાનો પુત્ર ધર્મ અને ધર્મનો ઉશના નામે પુત્ર હતો. એ ઉશનાએ સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. તેનો પુત્ર રુચક નામનો હતો. તેને પાંચ પુત્રો હતા, તે તમે સાંભળો. પુરુજિત્, રુક્મ, રુક્મેષુ, પૃથુ અને જ્યામઘ—આ નામે રુચકના પાંચ પુત્રો હતા. તેઓમાં જ્યામઘને કંઇ સંતાન ન હતું. તેની સ્ત્રીનું નામ 'શૈબ્યા' હતું. તેને બીજી સ્ત્રી કરવાની ઇચ્છા હતી, પણ શૈબ્યાના ભયથી તે બીજી સ્ત્રીને મેળવી શકતો ન હતો; પણ એક સમયે તેણે શત્રુના ઘરમાંથી ભોજ્યા નામની એક કન્યાનું હરણ કર્યું; ત્યારે રથમાં બેઠેલી તે કન્યાને જોઇને સહન નહિ કરતી શૈબ્યાએ પતિને કહ્યું કે, 'આ કપટી! આ સ્ત્રી કોણ છે, જેને મારા બેસવાના ઠેકાણે રથમાં બેસાડી છે?' તે સાંભળી જયામઘે કહ્યું: 'આ તો તારા પુત્રની વહુ છે' એટલે મંદ મંદ હસતી શૈબ્યા પતિને કહેવા લાગી: 'હું તો વંધ્યા છું અને મારી શોક્ય પણ નથી; તો પછી આ મારા પુત્રની વહુ કેવી

÷ચૌદ મહારત્નો માર્કંડેય પુરાણમાં આ પ્રમાણે વર્ણવ્યાં છે—

गजवाजिरथस्त्रीषुनिधिमाल्यांबरद्रुमाः ।
शक्तिपाशमणिगच्छत्रविमानानि चतुर्दश ॥

હાથી, ઘોડા, રથ, સ્ત્રીઓ, બાણ, ભંડાર, પુષ્પ, વસ્ત્રો, વૃક્ષો, શક્તિ નામે હથિયાર, પાશ, મણિઓ, છત્ર તથા વિમાન—આ ચૌદ રત્નો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રીતે થશે?' તે સાંભળી જ્યામઘે કહ્યુઃ 'હે રાણિ! તું જે પુત્રને જન્મ આપીશ, તેની વહુ તરીકે આ ઉપયોગમાં આવશે.' §રાજાના એ વચનને (ઘણા કાળ સુધી આરાધેલા) વિશ્વેદેવોએ તથા પિતૃદેવોએ 'તથાસ્તુ' એમ કહી અનુમોદન આપ્યું. એટલે શૈબ્યાએ ગર્ભ ધારણ કર્યો અને સમય થતાં ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રનું નામ 'વિદર્ભ' રાખવામાં આવ્યું અને પેલી જે વહુ તરીકે રાખી મૂકી હતી, તે ભોજ્યાને એ પરણ્યો હતો."૩૦-૩૯

शैब्या गर्भमधात् काले कुमारं सुषुवे शुभम् ।
स विदर्भ इति प्रोक्त उपयेमे स्नुषां सतीम् ॥३९॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત

अध्याय २४ मो×

વિદર્ભનો વંશ

॥ श्रीशुक उवाच ॥

तस्यां विदर्भोऽजनयत्पुत्रौ नाम्ना कुशक्रथौ ।
तृतीयं रोमपादं च विदर्भकुलनंदनम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"વિદર્ભ રાજાએ તે ભોજ્યા સ્ત્રીથી વિદર્ભના કુળને આનંદ આપનારા કુશ, ક્રથ અને ત્રીજો રોમપાદ–એમ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા હતા.¹ હે રાજન્! તેઓમાંથી રોમપાદને બભ્રુ નામે પુત્ર થયો. બભ્રુનો કૃતિ, કૃતિનો ઉશિક, ઉશિકનો ચેદિ અને ચેદિના ચૈદ્યાદિ (દમઘોષ અને તેનો શિશુપાલ) વગેરે રાજાઓ થયા હતા.² વિદર્ભના બીજા પુત્ર ક્રથને કુંતિ નામનો પુત્ર હતો; કુંતિનો ધૃષ્ટિ, ધૃષ્ટિનો નિવૃત્તિ, નિવૃત્તિનો દશાર્હ, દશાર્હનો વ્યોમ, વ્યોમનો જીમૂત, જીમૂતનો વિકૃતિ, વિકૃતિનો ભીમરથ, ભીમરથનો નવરથ, નવરથનો દશરથ, દશરથનો શકુનિ, શકુનિનો કરંભિ, કરંભિનો દેવરાત, દેવરાતનો દેવક્ષત્ર, દેવક્ષત્રનો મધુ, મધુનો કુરુવશ, કુરુવશનો અનુ, અનુનો પુરુહોત્ર, પુરુહોત્રનો આયુ, આયુનો સાત્વત અને સાત્વતનો ભજમાન, ભજિ, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃધ, અંધક તથા મહાભોજ–એ નામના સાત પુત્રો હતા. હે આર્ય રાજા! તેઓમાં ભજમાનને એક સ્ત્રીમાં નિમ્લોચિ, કિંકિણ અને ધૃષ્ટિ નામના ત્રણ પુત્રો થયા હતા અને બીજી સ્ત્રીમાં શતાજિત્, સહસ્રાજિત્ તથા અયુતાજિત્ નામના ત્રણ પુત્રો થયા હતા.³⁻⁸ સાત્વતના પાંચમા પુત્ર દેવાવૃધને 'બભ્રુ' નામે પુત્ર થયો હતો. એ પિતા-પુત્રના સંબંધમાં વિદ્વાનો આવા બે શ્લોક કહે છેઃ–⁹

यथैव शृणुमो दूरात् संपश्यामस्तथान्तिकात् ।
बभ्रुः श्रेष्ठो मनुष्याणां देवैर्देवावृधः समः ॥१०॥
पुरुषाः पञ्चषष्टिश्च षट्सहस्राणि चाष्ट च ।
येऽमृतत्वमनुप्राप्ता बभ्रोर्देवावृधादपि ॥ ११ ॥

"બભ્રુ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે; ત્યારે તેનો પિતા દેવાવૃધ દેવો સમાન છે. તેઓ બન્નેને અમે જેવા દૂરથી સાંભળીએ છીએ, તેવાજ સમીપમાં પણ જોઇએ છીએ. બભ્રુ અને દેવાવૃધના ઉપદેશથી છ હજાર, પાંસઠ અને આઠ પુરુષો મોક્ષ ગતિને પામ્યા છે.' સાત્વતનો છેલ્લો મહાભોજ પુત્ર હતો. તે પણ ધર્માત્મા હતો. તેના વંશમાં થયેલા (રાજાઓ) 'ભોજ' કહેવાતા હતા.¹⁰⁻¹¹ હે શત્રુતાપન રાજા! સાત્વતના ચોથા પુત્ર વૃષ્ણિના સુમિત્ર તથા યુધાજિત્ નામના બે પુત્રો હતા. અને યુધાજિત્‌ના પણ શિનિ તથા અનમિત્ર ના-

---

§જ્યામઘ રાજા કેવો સ્ત્રીવશ હતો, તે સંબંધે પરાશર વગેરે તેનું આ પ્રમાણે વર્ણન કરે છે–

भार्यावश्यास्तु ये केचिद् भविष्यन्त्यथवा मृताः
तेषां तु ज्यामघः श्रेष्ठः शैब्यापतिरभून्नृपः ॥

સ્ત્રીને વશ થયેલા જે પુરુષો ભવિષ્યમાં થશે અને ભૂતકાળમાં મરી ગયા છે તેઓ સર્વમાં શૈબ્યાનો પતિ જ્યામઘ રાજા સૌથી શ્રેષ્ઠ થઇ ગયો છે–જ્યામઘ જેવો કોઇ પણ સ્ત્રીવશ પુરુષ થયો નથી ને થશે પણ નહિ.–શ્રીધર

× આ અધ્યાયમાં વિદર્ભના ત્રણ પુત્રોથી ઉત્પન્ન થયેલા અનેક વંશો બળરામ તથા શ્રીકૃષ્ણ સુધી કહેવામાં આવશે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

મના બે પુત્રો હતા. તેઓમાં અનમિત્રથી નિમ્ન અને નિમ્નના પણ સત્રાજિત્ તેમજ પ્રસેન નામના બે પુત્રો હતા. હવે અનમિત્રનેજ (બીજી સ્ત્રીમાં) બીજો શિનિ નામે પુત્ર હતો, તેનો સત્યક નામે પુત્ર થયો હતો અને તે સત્યકનો 'સાત્યકિ' તથા 'યુયુધાન' એવાં બે નામવાળો પુત્ર થયો હતો. તે સાત્યકિનો જય, જયનો કુણિ અને કુણિનો યુગંધર નામે પુત્ર હતો. વળી અનમિત્રનેજ 'વૃષ્ટિ' નામનો બીજો પણ એક પુત્ર હતો. એ વૃષ્ણિના શ્વફલ્ક તથા ચિત્રરથ નામના બે પુત્રો હતા. તેમાંના શ્વફલ્કથી ગાંદિની નામની સ્ત્રીમાં અક્રૂર, આસંગ, સારમેય, મૃદુવિદ્, ગિરિ, ધર્મવૃદ્ધ, સુકર્મા, ક્ષેત્રોપેક્ષ, અરિમર્દન, શત્રુઘ્ન, ગંધમાદ અને પ્રતિબાહુ નામના અક્રૂર સિવાય બાર ને અક્રૂર સુધ્ધાં તેર પુત્રો થયા હતા; તેમજ સુચીરા નામની તે પુત્રોની એક બહેન પણ થઇ હતી. તેઓમાં અક્રૂરને દેવવાન તથા ઉપદેવ નામના બે પુત્રો થયા હતા, તેમજ વૃષ્ણિકના બીજા પુત્ર ચિત્રરથને પૃથુ નામે એક પુત્ર થયો હતો અને બીજા પણ વિદૂરથ વગેરે ઘણા પુત્રો થયા હતા; તેઓ વૃષ્ણિવંશને આનંદ આપનારા હતા. સાત્વતના છઠ્ઠા પુત્ર અંધકને કુકુર, ભજમાન, શુચિ તથા કંબલબર્હિષ નામના ચાર પુત્રો થયા હતા. તેમાં કુકુરનો વહ્નિ અને વહ્નિનો વિલોમા નામે પુત્ર હતો. એ વિલોમાને કપોતરોમા ને કપોતરોમાને અનુ નામનો પુત્ર હતો; જેનો મિત્ર તુંબુરુ ગંધર્વ હતો. એ અનુનો અંધક, અંધકનો દુંદુભિ, દુંદુભિનો દરિદ્યોત, દરિદ્યોતનો પુનર્વસુ અને પુનર્વસુનો આહુક નામનો પુત્ર તથા આહુકી નામની કન્યા હતી. તેમાં આહુકને દેવક તથા ઉગ્રસેન નામના બે પુત્રો હતા; જેમાં દેવકને દેવવાન, ઉપદેવ, સુદેવ તથા દેવવર્ધન નામના ચાર પુત્રો હતા. હે રાજા! એ ચાર ભાઇઓને ધૃતદેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા તથા દેવકી નામની સાત બહેનો હતી; તે સાતેને વસુદેવ પરણ્યા હતા.૧૨-૨૩ આહુકના બીજા પુત્ર ઉગ્રસેનને કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંકુ, સુહૂ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ અને તુષ્ટિમાન નામના નવ પુત્રો હતા અને કંસા, કંસવતી, કંકા, શૂરભૂ તથા રાષ્ટ્રપાલિકા નામની પાંચ ઉગ્રસેનની પુત્રીઓ હતી. તેઓને વસુદેવના નાના ભાઈ વેરે પરણાવી હતી.૨૪,૨૫ ચિત્રરથના પુત્ર વિદૂરથથી શૂર નામે પુત્ર થયો હતો; એ શૂરનો ભજમાન, ભજમાનનો શિનિ, શિનિનો સ્વયંભોજ, સ્વયંભોજનો હૃદીક અને હૃદીકના દેવબાહુ, શતધનુ, કૃતવર્મા તથા દેવમીઢ નામના ચાર પુત્રો હતા. તેઓમાં દેવમીઢને શૂર નામે એક પુત્ર હતો. તેની સ્ત્રી મારિષા નામે હતી. એ સ્ત્રીમાં તે શૂરે વસુદેવ, દેવભાગ, દેવશ્રવા, આનક, સૃંજય, શ્યામક, કંક, શમીક, વત્સક ને વૃક નામના દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં વસુદેવના જન્મસમયે દેવતાઓનાં દુંદુભિ, નગારાં તથા આનક (નરઘાં) વાગ્યાં હતાં; માટે તેનું બીજું નામ 'આનકદુંદુભિ' પડ્યું હતું ને તે વસુદેવને શ્રીકૃષ્ણાવતારનું સ્થાન પણ કહે છે. વસુદેવ વગેરે દશ ભાઇઓને પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા તથા રાજાધિદેવી નામની પાંચ બહેનો હતી. તેઓમાં પૃથા નામની પહેલી કન્યાને શૂર રાજાએ, પોતાના મિત્ર કુંતિ રાજા સંતાનરહિત હતા, તેથી તેને દત્તક પુત્રી તરીકે આપી હતી. (અને એટલેજ તેનું બીજું નામ 'કુંતિ' એવું પડ્યું હતું.) ૨૬-૩૧ એ કુંતિએ (સેવાથી) પ્રસન્ન કરેલા દુર્વાસા ઋષિ પાસેથી દેવહૂતિ નામથી (દેવોને બોલાવનારી) વિદ્યા મેળવી હતી. એ વિદ્યાની શક્તિની પરીક્ષા કરવા માટે કુંતિએ પવિત્ર દેવ સૂર્યને બોલાવ્યા હતા. એટલે તેજ વખતે આવીને હાજર થયેલા સૂર્યદેવને જોઇને કુંતિ મનમાં આશ્ચર્ય પામી અને બોલી હતી કે, 'મેં તો આ વિદ્યાની પરીક્ષા કરવા માટે તેનો પ્રયોગ કર્યો હતો. માટે હે દેવ! આપ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના સ્થાને પાછા જાઓ અને મને ક્ષમા કરો.' તે સાંભળી સૂર્યદેવે કહ્યું હતું કે, 'હે દેવિ! મારું દર્શન સફળ થવું જોઇએ; માટે હે સુંદર મધ્યવાળી! હું તારામાં પુત્ર ઉત્પન્ન કરીશ અને (તું કન્યા છે, તેથી) તારી યોનિ જે રીતે દૂષિત નહિ થાય તે રીતે (ગર્ભાધાન) કરીશ.[૩૨-૩૪] એમ કહી સૂર્યદેવ તેમાં ગર્ભાધાન કરી સ્વર્ગે ગયા અને તુરતજ બીજા સૂર્ય જેવો તેજસ્વી કુમાર જન્મ્યો.[૩૫] કુંતિએ લોકથી ડરીને મહાદુઃખથી એ કુમારને (પેટીમાં મૂકીને) ગંગા નદીના જળમાં છોડી દીધો હતો. (જે કુમાર કર્ણ નામે પ્રસિદ્ધ થઇ હસ્તિનાપુરમાં અધિરથને ત્યાં ઊછરી મોટો થયો હતો.) એ કુંતિ સાથે તમારા દાદા અર્જુનના પિતા સત્યપરાક્રમી પાંડુ રાજા પરણ્યા હતા.[૩૬] કુંતિથી નાની શ્રુતદેવાને કરુષદેશનો રાજા વૃદ્ધશર્મા પરણ્યો હતો; જેને વિષે સનત્કુમારોએ શાપ આપેલો (ભગવાનનો દ્વારપાળ વિજય) દૈત્ય દંતવક્ત્ર (તરીકે) જન્મ્યો હતો.[૩૭] (એ શ્રુતદેવાથી નાની ત્રીજી) શ્રુતકીર્તિને કેકય દેશનો રાજા ધૃષ્ટકેતુ પરણ્યો હતો. તેમાં સંતર્દન વગેરે પાંચ કેકયવંશી પુત્રો ઉત્પન્ન થયા હતા.[૩૮] અવંતિનો રાજા જયસેન પાંચમી રાજાધિદેવીને પરણ્યો હતો અને તેમાં આવંત્ય-વિંદ તથા અનુવિંદ નામના બે પુત્રોને તેણે ઉત્પન્ન કર્યા હતા, તેમજ ચેદિ દેશનો રાજા દમઘોષ ચોથી શ્રુતશ્રવાને પરણ્યો હતો; જેમાં શિશુપાલ નામે પુત્ર ઉત્પન્ન થયો હતો. વસુદેવના બીજા ભાઇ દેવભાગને કંસા નામની સ્ત્રીમાં ચિત્રકેતુ તથા બૃહદ્બલ નામના બે પુત્રો થયા હતા; ત્રીજા દેવશ્રવાને કંસવતી સ્ત્રીમાં સુવીર તથા ઇષુમાન નામના બે પુત્રો થયા હતા; ચોથા આનકને કંકા નામની સ્ત્રીમાં સત્યજિત્ તથા પુરુજિત્ નામના બે પુત્રો થયા હતા; પાંચમા સંજયને રાષ્ટ્રપાલી નામે સ્ત્રીમાં વૃષ તથા દુર્મર્ષણ વગેરે પુત્રો થયા હતા; છઠ્ઠા શ્યામકને શૂરભૂમિ નામે સ્ત્રીમાં હરિકેશ તથા હિરણ્યાક્ષ નામે બે પુત્રો થયા હતા.* નવમા વત્સકને મિશ્રકેશી નામે અપ્સરામાં વૃક વગેરે પુત્રો થયા હતા; દશમા વૃકને દુર્વાક્ષી નામની સ્ત્રીમાં તક્ષ, પુષ્કર તથા શાલ વગેરે પુત્રો થયા હતા; આઠમા શમીકથી સુદામિની સ્ત્રીએ સુમિત્ર, અર્જુન તથા પાલ વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા હતા અને સાતમા કંકે કર્ણિકા નામની સ્ત્રીમાં ઋતધામ તથા જય વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૩૯-૪૪] વસુદેવને પૌરવી, રોહિણી, ભદ્રા, મદિરા, રોચના, ઇલા તથા દેવકી વગેરે સ્ત્રીઓ હતી.[૪૫] તેમાં રોહિણી નામની સ્ત્રીમાં વસુદેવે બલ, ગદ, સારણ, દુર્મદ, વિપુલ, ધ્રુવ તેમજ કૃત વગેરે પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. પૌરવી નામની સ્ત્રીથી વસુદેવને સુભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભદ્ર તથા ભૂત વગેરે બાર પુત્રો થયા હતા; મદિરા નામની સ્ત્રીમાં નંદ, ઉપનંદ, કૃતક તથા શૂર વગેરે પુત્રો થયા હતા; ભદ્રા નામની સ્ત્રીએ કેશી નામના કુળને આનંદ આપનારા એકજ પુત્રને જન્મ આપ્યો હતો; રોચના નામની સ્ત્રીમાં હસ્ત તથા હેમાંગદ વગેરે પુત્રો થયા હતા; ઇલા નામની સ્ત્રીમાં ઉરુ, વલ્ક તથા યદુ વગેરે પુત્રો ઉત્પન્ન થયા હતા. ધૃતદેવા નામની સ્ત્રીમાં વસુદેવને વિપૃષ્ઠ નામનો એકજ પુત્ર થયો હતો અને હે રાજન્! વસુદેવની શાંતિદેવા નામની સ્ત્રીના શ્રમ, પ્રતિશ્રુત વગેરે પુત્રો થયા હતા.[૪૬-૫૦] વળી વસુદેવની ઉપદેવા નામની સ્ત્રીને કલ્પ તથા વર્ષ વગેરે દશ પુત્રો રાજા થયા હતા. શ્રીદેવા સ્ત્રીના વસુ, હંસ તથા સુવંશ વગેરે છ પુત્રો થયા હતા; દેવરક્ષિતા સ્ત્રીને ગદ વગેરે નવ પુત્રો થયા હતા; સહદેવા સ્ત્રીમાં વસુદેવે સાક્ષાત્ ધર્મ જેમ આઠ વસુઓને ઉત્પન્ન કર્યા હતા, તેમ પુરુ, વિશ્રુત વગેરે આઠ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા અને દેવકીમાં ઉદાર બુદ્ધિવાળા વસુદેવે કીર્તિમાન, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમર્દન, ભદ્ર અને શેષનાગના અવતાર સંકર્ષણ એમ સાત પુત્રો ઉત્પન્ન કર્યા હતા

* અહીંથી મૂળમાંજ ક્રમનો ફેરફાર થયો છે, એટલે ભાષાંતરમાં પણ આડાઅવળા મૂકવામાં આવ્યા છે. ભા.ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને આઠમા શ્રીહરિ પોતે એ વસુદેવ–દેવકીથી ઉત્પન્ન થયા હતા. ઉપરાંત હે રાજન્! મહાભાગ્યશાળી તમારી દાદી સુભદ્રા પણ એ વસુદેવ તથા દેવકીથીજ ઉત્પન્ન થયાં હતાં. જ્યારે જ્યારે આ પૃથ્વી પર ધર્મનો નાશ થાય છે ને પાપની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ અવતાર લે છે.[૫૩–૫૬] હે રાજા! ભગવાન માયાના નિયંતા, સર્વ સંગથી રહિત, સર્વના સાક્ષી અને સર્વવ્યાપક છે, તેથી કેવળ માયા સાથેના વિનોદ વિના તેમને જન્મો લેવાનું કે કર્મો કરવાનું કંઇ કારણ સંભવતું નથી.[૫૭] ભગવાનનું માયાચેષ્ટિત પ્રાણીમાત્રની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને માટે થાય છે અને ભગવાનની કૃપા હરકોઇ પ્રાણીના જન્માદિ સંસારની નિવૃત્તિ કરીને મોક્ષ માટે થાય છે. (તે ભગવાનને વળી જન્મો લેવા અને કર્મો કરવાં એ તદ્દન અસંભવિતજ છે.)[૫૮] જે સમયે રાજાનું માત્ર ચિહ્‌ન ધારણ કરનારા ને અક્ષૌહિણી સેનાઓના સ્વામી અસુરોથી આ પૃથ્વી દબાઇ જતી હતી, ત્યારે તેનો ભાર ઉતારવા માટે ભગવાને (અવતાર વગેરે લઇ) ઉદ્યમ કર્યો હતો.[૫૯] મધુ દૈત્યનો નાશ કરનારા શ્રીકૃષ્ણે બળદેવ સાથે રહીને ઇન્દ્રાદિ દેવોના મનમાં પણ ન આવી શકે તેવાં ઘણાં કર્મો કર્યાં હતાં[૬૦] અને જે ભક્ત મનુષ્યો કલિયુગમાં ઉત્પન્ન થશે, તેઓના પર અનુગ્રહ કરવા માટે દુઃખ, શોક તથા અજ્ઞાનને દૂર કરનાર મહાપવિત્ર યશ ફેલાવ્યો હતો.[૬૧] જે યશ સજ્જનોના કાનને અમૃત જેવો લાગે છે અને સર્વ તીર્થમાં ઉત્તમ એવું એક તીર્થ છે. એ તીર્થરૂપ યશમાંથી મનુષ્ય એક વાર પણ કાનરૂપી અંજલિથી જો આચમન કરે છે, તો કર્મોની વાસનાનો નાશ કરી નાખે છે. જેમના ચરિત્રની ભોજ, વિષ્ણુ, અંધક, મધુ, શૂરસેન, દશાર્હ, કુરુ, સૃંજય અને પાંડુવંશી રાજાઓ નિત્ય પ્રશંસા કરતા હતા, તે શ્રીકૃષ્ણ ભગવાને સ્નેહાળ હાસ્ય વડે જોવાથી, ઉદાર વાક્યોથી, પરાક્રમની લીલાથી અને સર્વાંગસુંદર મૂર્તિથી આ મનુષ્યલોકને આનંદ પમાડ્યો હતો.[૬૨–૬૪] જે ભગવાનનું મુખ મકરાકાર કુંડળોથી સુંદર દેખાતા કાન વડે અને કુંડળોની કાંતિથી પ્રકાશી રહેલા બન્ને ગાલ વડે મનોહર હતું; વિલાસવાળા હાસ્યથી યુક્ત અને નિત્ય આનંદથી વ્યાપ્ત હતું; તે મુખને દૃષ્ટિ વડે જોતાં સ્ત્રી–પુરુષો આનંદ પામતાં હતાં અને કદી તૃપ્તજ થતાં ન હતાં; તેમજ (દર્શન કરવામાં આંખના પલકારાના અંતરને પણ નહિ સહન કરતાં તે મનુષ્યો આંખના પલકારાઓને ચાલુ કરનારા) નિમિ રાજા ઉપર કોપાયમાન થઇ જતાં હતાં.[૬૫] *ભગવાન કૃષ્ણ પ્રથમ તો પોતાના મૂળ ઈશ્વરસ્વરૂપે જન્મ્યા હતા ને પછી મનુષ્યાકૃતિ ધારણ કરી પિતાને ઘેરથી વ્રજમાં ગયા હતા. ત્યાં વ્રજવાસીઓના સર્વ મનોરથો તેમણે પૂરા કર્યા હતા; પછી શત્રુઓનો સંહાર કરી હજારો સ્ત્રીઓને તે પરણ્યા હતા અને તે સ્ત્રીઓમાં હજારો પુત્રો ઉત્પન્ન કરી મનુષ્યોમાં પોતાના વેદમાર્ગનો પ્રચાર કરતા, તેમણે યજ્ઞો કરીને પોતે પોતાનુંજ યજન કર્યું હતું.[૬૬] ઉપરાંત કૌરવોમાં અંદર અંદર ઊભા થયેલા ક્લેશના નિમિત્તે પૃથ્વીનો મોટો ભાર દૂર કરતાં તેમણે કૌરવપાંડવયુદ્ધમાં પોતાની દૃષ્ટિથી રાજાઓની સેનાઓનો વિનાશ કરીને 'અર્જુન જીત્યો છે' એમ જાહેર કર્યું હતું ને છેવટે ઉદ્ધવને પરમતત્ત્વનો ઉપદેશ કરી પોતે સ્વધામમાં પધાર્યા હતા."[૬૭]

पृथ्व्याः स वै गुरुभरं क्षपयन् कुरूणा-।
मंतः समुत्थकलिना युधि भूपचम्वः ॥
दृष्टया विधूय विजये जयमुद्विघोष्य ।
प्रोच्योद्धवाय च परं समगात् स्वधाम ॥६७॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે અધ્યાય ૨૪મો સમાપ્ત

नवम स्कंध समाप्त

* અહીંથી બે શ્લોકમાં સંક્ષિપ્ત કૃષ્ણચરિત્ર છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણનો વેણુનાદ

[પૃષ્ઠ ૭૨૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवत-दशम स्कंध‡ (पूर्वार्ध)

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो

કંસે દેવકીના છ પુત્રો મારી નાખ્યા

॥ राजोवाच ॥

कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः । राज्ञां चोभयवंश्यानां चरितं परमाद्भुतम् ॥१॥

‡ આ દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણ ભગવાનની કથા વિસ્તારપૂર્વક વર્ણવેલી છે. કથામાં કેટલોક ભાગ મનુષ્યઅવતાર ધારણ કરનાર દેવકીનંદન કૃષ્ણ ભગવાનની ઐતિહાસિક ઘટનારૂપે લખેલો છે; ત્યારે કેટલોક ભાગ પરબ્રહ્મ અને માયાના કાર્યરૂપ શરીરોના વિલાસરૂપ-આધ્યાત્મિક છે. ઐતિહાસિક અને આધ્યાત્મિક ભાગનું સંમિલન ભક્તજનોને સતત બ્રહ્મચિંતન રહેવા માટે અત્યંત ઉપકારક છે; તોપણ વિધર્મીઓના તથા નાસ્તિકોના આક્ષેપોથી બચવા માટે આધ્યાત્મિક ભાગની આધ્યાત્મિકતા સમજી લેવાની જરૂર છે, જેથી અહીં આધ્યાત્મિક કલ્પનાનું મૂળ જે કૃષ્ણોપનિષદ્‌માં છે, તે સારગ્રાહી દૃષ્ટિવાળા વિવેકીજનોને માટે આપેલ છે.

॥ श्रीकृष्णोपनिषद् ॥

ते होचुस्तं सुराः सर्वे भगवन्तं सनातनम् । नोऽवद्यमवतारान्वै गृह्यन्ते नैव भूतले ॥१॥
आज्ञयाऽवतारॉंस्ते हि गोपान्नः स्त्रीश्च नः कुरु। अन्यो न विग्रहं धत्ते तवाङ्गस्पर्शनाद्विना॥२॥
शश्वत्स्पर्शार्पिंतेऽस्माकं गृह्यन्तेऽवतारान्वयं। रुद्रादीनां वचः श्रुत्वा प्रोवाच भगवान्स्वयम्।३।
अंगसंगं करिष्यामि भवद्वाक्यं करोम्यहम्। मोदितास्ते सुराः सर्वे कृतकृत्या अधुना वयम्।४।
यो नंदः परमानन्दो यशोदा मुक्तिगेहिनी। माया सा त्रिविधा प्रोक्ता सत्वराजसतामसी।५।
प्रोक्ता सात्वी च रुद्रे सा भक्ते ब्रह्मणि राजसी। तामसी दैत्यपक्षे तु माया त्रैधा ह्युदाहृता।६।
अजय्या वैष्णवी मायाऽप्यजेन सा जिता पुरा। देवकी ब्रह्मविद्या सा या देवैरुपगीयते ॥७॥
निगमो वसुदेवो यो वेदार्थः कृष्णरामयोः। स्तुवन्ति सततं यं वै सोऽवतीर्णो महीतले ॥८॥
वने वृन्दावने क्रीडन् गोपगोपीसुरैः सह। गोप्यो गाव ऋचस्तस्य यष्टिका कमलासनः ॥९॥
वंशस्तु भगवान्रुद्रः शृंगमिन्द्रः सखा सुराः। गोकुलवनं वैकुण्ठं तापसास्तत्र ते द्रुमाः ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે મહામુનિ ! આપે ચંદ્રના તથા સૂર્યના વંશનો વિસ્તાર મને કહ્યો અને તે બન્ને વંશના રાજાઓનું પરમ અદ્ભુત ચરિત્ર પણ કહ્યું.[1] વળી અત્યંત ધર્મશીલ યદુ રાજાનો વંશવિસ્તાર તથા તેમનું ચરિત્ર પણ આપે મને કહ્યું, તો હવે તે યદુના વંશમાં પોતા-

लोभक्रोधादयो दैत्याः कलिकालोऽतिरस्कृतः ।
गोपरूपो हरिः साक्षान्मायाविग्रहधारणः ॥११॥
दुर्बोधं कुहकं तस्य मायया मोहितं जगत् ।
दुर्जया सा सुरैः सर्वैर्यष्टिरूपोऽभवद्विधिः ॥१२॥
रुद्रो येन कृतो वंशस्तस्य माया जगत्कथम् ।
बलं ज्ञानं सुराणां वै तेषां ज्ञानं हृतं क्षणात् ॥१३
शेषनागोऽभवद्रामः कृष्णो ब्रह्मैव शाश्वतम् ।
अष्टावष्टसहस्रे द्वे शताधिक्यः स्त्रियस्तथा ॥१४॥
ऋचोपनिषदस्ता वै ब्रह्मरूपा ऋचः स्त्रियः ।
द्वेषश्चाणूरमल्लोऽयं मत्सरो मुष्टिकोऽजयः ॥१५॥
दर्पः कुवलयापीडो गर्वो रक्षः खगो बकः ।
दया सा रोहिणी माता सत्यभामाऽहिंसेति वै ॥
अघासुरो महाव्याधिः कलिः कंसः स भूपतिः ।
शमो मित्रः सुदामा च सत्याक्रूरो दमोद्धवः ॥१७
यः शङ्खः स स्वयं विष्णुर्लक्ष्मीरूपो व्यवस्थितः ।
दुग्धसिन्धोः समुत्पन्नो मेघघोषस्तु संस्मृतः ॥
दुग्धोदधिः कृतस्तेन भग्नभाण्डोदधिर्गृहे ।
क्रीडते बालको भूत्वा पूर्ववच्च महोदधौ ॥१९॥
यस्यामौ ज्वलनाभासः खड्गरूपो महेश्वरः ।
कश्यपोलूखलःख्यातो रज्जुर्माताऽदितिस्तथा ॥२०
संहारार्थं च शत्रूणां रक्षणाय च संस्थितः ।
कृपार्थे सर्वभूतानां गोप्तारं धर्ममात्मजम् ॥२१
यत्सृष्टमीश्वरेणासीत्तच्चक्रं ब्रह्मरूपधृक् ।
वैजयन्ती च वायुश्च स परं धर्मसंज्ञितः ॥२२॥
छत्रं तु खं च संविद्धि विन्दुवत् सर्वमूर्धनि ।
यावन्ति देवरूपाणि वदन्ति विबुधा जनाः ॥२३
नमन्ति देवरूपेभ्य एवमादि न संशयः ।
गदा च कालिका साक्षात्सर्वशत्रुनिबर्हिणी ॥२४
धनुः शार्ङ्गं स्वमाया च शरः कालोऽसुभोजनः ।
अब्जकाण्डं जगद्बीजं धृतं पाणौ स्वलीलया ॥
गरुडो वटभाण्डीरः सुदामा नारदो मुनिः ।
वृन्दा भक्तिः प्रिया बुद्धिः सर्वजन्तुप्रकाशिनी ॥
तस्मान्न भिन्ना एतास्ता आभिर्भिन्नो न वै विभुः
भूमावुत्तारितं सर्वं वैकुंठं स्वर्गवासिनाम् ॥२७॥

અર્થઃ—(દ્વાપરયુગના અંતે અને કલિયુગના આરંભમાં દુષ્ટોના ઉપદ્રવોથી પૃથ્વી અત્યંત પીડાવા લાગી, ત્યારે ગાયનું સ્વરૂપ ધારણ કરી, બ્રહ્માદિ દેવોની સાથે પરમાત્માને શરણે ગઇ હતી. તે વખતે પરમાત્માએ આકાશવાણીદ્વારા સર્વને આશ્વાસન આપ્યું હતું કે, 'દુષ્ટોનું દલન કરવા માટે તથા સજ્જનોનું રક્ષણ કરવા માટે હું દેવોની સાથે અવતાર ધારણ કરીશ.' તે પછી સર્વ દેવો મનુષ્યલોકમાં અવતાર લેવા એકલા ભય પામી 'શ્રીપરમાત્માનો આપણને નિત્ય અંગસંગ રહે' આવી ભાવનાથી નીચે પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા:-)

તે સર્વ દેવો સનાતન ભગવાન—પરમાત્માને કહેવા લાગ્યા કે, 'પૃથ્વી પર અમે અવતારો લઇએ, તે અમને નિંદ્ય જણાય છે. (૧) તોપણ આપની આજ્ઞાથી અમે અવતારો લઇશું, પરંતુ આપ અમને ગોપ તથા ગોપીઓ કરજો, કારણ કે બીજો (પણ કોઇ જ્ઞાનવાન જીવ) આપના અંગસ્પર્શ વિના શરીર ધારણ કરે નહિ (૨) માટે આપ અમને નિત્ય આપનો અંગસ્પર્શ આપો તોજ અમે અવતારો ગ્રહણ કરીએ.' આ પ્રમાણે રુદ્રાદિ દેવોનું વચન સાંભળી ભગવાને પોતે તેઓને કહ્યું કે, (૩) 'હું તમારા કહેવા પ્રમાણે કરીશ; મારો અંગસંગ નિત્ય તમને આપીશ.' આવું ભગવાનનું વચન સાંભળી સર્વ દેવો આનંદ પામી બોલ્યા કે, 'હવે અમે કૃતકૃત્ય થયા છીએ.' (૪) (તે પછી સર્વ દેવોએ આ પ્રમાણે અવતાર ધારણ કર્યા–) પરમાનંદ જે બ્રહ્માનંદ કહેવાય છે, તે નંદરાય થયા અને મુક્તિદેવી તેમનાં પત્ની યશોદાજી થયાં; માયાને ત્રણ પ્રકારની કહેવામાં આવી છે. સાત્ત્વિકી, રાજસી ને તામસી. તેમાંની સાત્ત્વિકી માયા ભક્ત રુદ્રદેવમાં છે, રાજસી માયા ભક્ત બ્રહ્મદેવમાં છે અને તામસી માયા દૈત્યપક્ષમાં રહી છે. આમ ત્રણ પ્રકારની માયા કહી છે. (૫,૬) આ વૈષ્ણવી માયા અજય્ય છે. પૂર્વે બ્રહ્મદેવ પણ તેને જીતી શક્યા નહોતા. દેવો જેને બ્રહ્મવિદ્યા કહે છે તેજ દેવકીજી છે. (૭) વેદ તે વસુદેવજી છે, વેદનો જે અર્થ છે, તેજ શ્રીકૃષ્ણ તથા બળદેવજી છે અને જેને વેદો નિત્ય સ્તવે છે, તેજ પરમાત્મા (શ્રીકૃષ્ણરૂપે) પૃથ્વી પર અવતરેલા છે. (૮) તે પરમાત્મા ગોપ તથા ગોપીઓરૂપ થયેલા દેવોની સાથે વૃંદાવન નામના વનમાં ક્રીડા કરી રહ્યા હતા. (તે વેળા) વેદની ઋચાઓ (પણ) ગોપીઓ તથા ગાયો બની હતી અને શ્રીકૃષ્ણ પરમાત્માની લાકડી-છડીરૂપે બ્રહ્મા થયા હતા. (૯) ભગવાન રુદ્રદેવ શ્રીકૃષ્ણ પરમાત્માની વાંસળી થયા હતા, ઇન્દ્ર શૃંગ–એટલે શિંગડી થયો હતો, દેવો મિત્ર બન્યા હતા, વૈકુંઠ તે ગોકુળ તથા (તેની પાસેના) વનરૂપ બન્યું હતું અને વૈકુંઠવાસી તપસ્વીઓ તે વનનાં વૃક્ષો બન્યાં હતાં. (૧૦) જેઓને લીધે કલિકાળનો તિરસ્કાર કરી શકાતો નથી, તેવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના અંશરૂપ બળદેવજી સાથે અવતરેલા વિષ્ણુ ભગવાનનાં પરાક્રમો તમે અમને કહો.[2] પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા જગતના આત્મા ભગવાને યદુવંશમાં અવતરીને જે કર્મો કર્યાં હોય, તે અમને વિસ્તારથી કહો.[3] ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ગુણાનુવાદને તૃષ્ણારહિત–મુક્ત પુરુષો પણ ગાઇ રહ્યા છે; જે ગુણાનુવાદ સંસારમાં (મુક્ત થવા ઇચ્છનારાઓને) એક ઔષધરૂપ છે ને કાન તથા મનને સુંદર લાગે છે, તે ભગવાનના ગુણાનુવાદથી આત્મઘાત કરનારા (અથવા પશુહત્યા કરનારા) પુરુષ વિના બીજો કયો પુરુષ વિરક્ત થાય? (કયો પુરુષ ભગવાનની કથાઓ સાંભળતાં કંટાળે? કોઇજ નહિ.)[4] *મારા દાદા

લોભ–ક્રોધ આદિ (આભ્યંતર શત્રુઓ) દૈત્યોરૂપે થયા હતા અને સાક્ષાત્ શ્રીહરિ પોતેજ માયાથી શરીર ધારણ કરી ગોપરૂપે (શ્રીકૃષ્ણ) થયા હતા; (૧૧) તે પરમાત્માનું કુહકમાયિક ચેષ્ટિત દુર્બોધ છે–જાણવું મુશ્કેલ છે, તેમની માયાથી જગત મોહ પામ્યું છે ને સર્વ દેવોનેય તે માયા દુર્જય થઇ પડી છે. (આ માયાના પ્રભાવથીજ) બ્રહ્મદેવ ભગવાનની યષ્ટિકા–છડીરૂપ થયા હતા. (૧૨) જે ભગવાને રુદ્રદેવને પોતાની વાંસળીરૂપ કર્યા હતા, તે પરમાત્માની માયાને જગત કેમ જીતી શકે? દેવોનું બળ જ્ઞાનજ ગણાય છે, છતાં પરમાત્માએ તેઓના જ્ઞાનબળને ક્ષણ વારમાં હરી લીધું હતું. (૧૩) શેષનાગ તે બળરામ થયા હતા. શ્રીકૃષ્ણ તો સનાતન પરબ્રહ્મજ છે અને તેમની સ્ત્રીઓ સોળ હજાર ને એક સો આઠ હતી; તે વૈદિક ઋચાઓ ને ઉપનિષદોજ હતી ને તે બ્રહ્મરૂપ ઋચાઓજ તે સ્ત્રીઓરૂપે થઇ હતી. (શ્રીકૃષ્ણકથામાં) જે ચાણૂર મલ્લ છે તે દ્વેષ હતો અને મુષ્ટિક તે અજય્ય મત્સર હતો. (૧૪,૧૫) કુવલયાપીડ હાથી તે દર્પ હતો અને પક્ષીરૂપે જે બકાસુર (આવેલો) તે ગર્વ હતો. માતા રોહિણી તે દયા હતાં અને સત્યભામા તે અહિંસા હતાં. (૧૬) મહાવ્યાધિ તેજ અઘાસુર થયો હતો, કંસ રાજા તે કલિકાળ પોતેજ હતો; મિત્ર સુદામા (શ્રીદામા) તે શમ હતો, સત્યજ અક્રૂરસ્વરૂપે બન્યું હતું ને ઉદ્ધવ મંત્રી તે દમ હતો. (૧૭) શ્રીકૃષ્ણ પરમાત્માનો જે શંખ હતો, તે વિષ્ણુ પોતેજ હતા અને લક્ષ્મીજી પણ તે શંખસ્વરૂપે થયાં હતાં. આજ કારણથી તે શંખ ક્ષીરસમુદ્રમાંથી ઉત્પન્ન થયો હતો ને તે મેઘ જેવી ગર્જના કરનારો કહેવાતો. (૧૮) નંદરાયને ઘેર શ્રીકૃષ્ણે દહીંની ગોરી ભાગી નાંખીને ક્ષીરસમુદ્ર કર્યો હતો અને તે મહાસાગરમાં બાળકસ્વરૂપ થઇને પૂર્વની પેઠે ક્રીડા કરી હતી. (૧૯) મહેશ્વર–શંકર તે શ્રીકૃષ્ણના અગ્નિ સરખા તેજસ્વી ખડ્ગરૂપ થયા હતા, કશ્યપ તે ઉલૂખલ (ખાંડણિયો) થયા હતા અને માતા અદિતિ દોરડારૂપે થયાં હતાં. શત્રુઓનો સંહાર કરવા માટે, જગતનું રક્ષણ કરવા અને (૨૦) સર્વ પ્રાણીઓ પર કૃપા કરવા માટે ભગવાન (આ મનુષ્યલોકમાં શ્રીકૃષ્ણસ્વરૂપે) રહ્યા હતા; તેમજ સર્વનું રક્ષણ કરનારા પોતાના પુત્રરૂપ ધર્મનું રક્ષણ કર્યું હતું. (૨૧) જેને ઇશ્વરે સરજ્યું છે, તે સુદર્શનચક્ર સ્વરૂપધારી વેદજ છે અને ધર્મ સંજ્ઞાધારી જે વાયુ છે, તેજ વૈજયંતી માળારૂપે બન્યો છે. (૨૨) પ્રાણીમાત્રના મસ્તક પર જે અનુસ્વારની પેઠે રહ્યું છે, તે આકાશ શ્રીકૃષ્ણ ભગવાનનું છત્ર છે એમ જાણવું અને પંડિતજનો કહે છે કે, શ્રીકૃષ્ણ સમીપે જે કોઇ સ્થિતિ કરતાં હતાં, તે દેવોનાંજ સ્વરૂપો હતાં. (૨૩) આમ ત્યારથી આરંભીને વિદ્વાનો દેવસ્વરૂપોને નમસ્કાર કરે છે, એમાં સંશય નથી. સર્વ શત્રુઓનો સંહાર કરનારી શ્રીકૃષ્ણની ગદા તે સાક્ષાત્ કાલિકાદેવી છે; (૨૪) શાર્ઙ્ગ નામનું ધનુષ તે તેમની માયા છે, પ્રાણીમાત્રનું ભોજન કરનારો કાળ (મૃત્યુદેવ) તે શ્રીકૃષ્ણનું બાણ છે અને શ્રીકૃષ્ણે પોતાની લીલાથી હાથમાં જે ઉત્તમ કમળ ધારણ કર્યું છે, તે જગતનું બીજ છે. (૨૫) ગરુડજી પોતે વ્રજમાં ભાંડીર નામે વડ થયા હતા, નારદ મુનિ સુદામા થયા હતા, ભક્તિ તે વૃંદા થઇ હતી અને સર્વ પ્રાણીઓને પ્રકાશ કરનારી બુદ્ધિ તે ભગવાનની પ્રિયા થઈ હતી. (૨૬) માટે શ્રીકૃષ્ણ ભગવાનની સમીપ રહેનારી તે આ સર્વ વિભૂતિઓ તેમનાથી ભિન્ન નથી અને શ્રીકૃષ્ણ પરમાત્મા તે વિભૂતિઓથી ભિન્ન નથી. (સંક્ષેપમાં એજ કે) સ્વર્ગવાસી સર્વ કોઇને તથા વૈકુંઠ સમગ્રને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની સાથે પૃથ્વી પર ઉતાર્યું હતું. (૨૭)

શ્રીમદ્ ભાગવતકારે આ ઉપનિષદ્‌ની કલ્પનાઓ સિવાય પણ અન્ય અનેક ભાવપૂર્ણ સુંદર કલ્પનાઓ ઉપદેશ આપવા માટે યદુનંદન કૃષ્ણ ભગવાનના ચરિત્રની સાથે મેળવીને ભક્તિગંગાને વહેવરાવી છે.

× આ અધ્યાયમાં કંસે પોતાનું મૃત્યુ દેવકીના પુત્રથી સાંભળી ભયભીત થઇને દેવકીના છ પુત્રોનો નાશ કર્યો, એ કથા વર્ણવાશે. —શ્રીધર

* શ્રીકૃષ્ણ અમારા કુળના તો દૈવત હતા; તેથી અમારે તો તેમની કથા નિત્ય સાંભળવી જોઇએ એ આશયથી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાંડવો જે શ્રીકૃષ્ણ ભગવાનરૂપી નૌકાનો આશ્રય કરી યુદ્ધક્ષેત્રમાં કૌરવોની સેનારૂપી સાગરને વાછરડાના પગલા જેવડો (અલ્પ) કરીને તરી ગયા હતા; જે કૌરવસેનારૂપી સાગર, યુદ્ધમાં દેવોને પણ જીતનારા ભીષ્મ પિતામહ વગેરે અતિરથીરૂપી મગરમચ્છોને લીધે દુસ્તર હતો.[૫] (શ્રીકૃષ્ણ ભગવાને કેવળ પાંડવોનીજ રક્ષા કરી છે એમ નથી, પણ) મારું આ શરીર કે જે કૌરવો તથા પાંડવોની વંશપરંપરાનું એક બીજ છે, તે જ્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી (મારી માતાના ઉદરમાંજ) બળી ગયું હતું, ત્યારે શરણે ગયેલી મારી માતાના ઉદરમાં પ્રવેશ કરી, હાથમાં ચક્ર ધારણ કરીને જેમણે મારા આ શરીરનું રક્ષણ કર્યું હતું;[૬] હે વિદ્વાન શુકદેવજી! તે શ્રીકૃષ્ણ ભગવાન કે જે પ્રાણીમાત્રની અંદર પુરુષ–આત્માસ્વરૂપે બિરાજે છે અને બહાર કાળસ્વરૂપે રહેલા છે; તેમજ (એ રીતે અંદર અંતર્યામીસ્વરૂપે રહીને) અંતર્દષ્ટિવાળાં પ્રાણીઓને મોક્ષ આપે છે અને (બહાર કાળસ્વરૂપે રહીને) બાહ્યદૃષ્ટિવાળા–અજ્ઞાનીઓને મૃત્યુરૂપ સંસાર આપે છે, તે માયાથી મનુષ્ય બનેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં પરાક્રમો તમે મને કહો.[૭] આપે પ્રથમ (નવમા સ્કંધના અંતે) કહ્યું કે, શેષનાગના અવતાર બળદેવજી રોહિણીના પુત્ર હતા; તેમજ (ફરી આપે કહ્યું કે, શેષાવતારી) બળદેવજીને દેવકીના ગર્ભનો સંબંધ પણ હતો–અર્થાત્ બળદેવજી દેવકીના પુત્ર પણ હતા; તો (એ સંબંધે આપને પૂછવાનું કે,) બીજા શરીર વિના એ બાબત કેમ સંભવે? (બળદેવજી એકજ શરીરે એકજ જન્મમાં રોહિણીના પુત્ર અને દેવકીના પુત્ર કેમ થયા? આ પ્રશ્ન છે.) વળી ભગવાન શ્રીકૃષ્ણ (પોતાને કંસના ભયની શંકાનો સંભવજ ન હતો, છતાં) પિતાને ઘેરથી વ્રજમાં શા માટે ગયા? અને ભક્તોના પતિ ભગવાને પોતાના નાતિલાઓની સાથે કયે સ્થળે નિવાસ કર્યો હતો?[૮,૯] કેશવ ભગવાને વ્રજમાં તથા મથુરામાં રહીને શું કર્યું હતું? પોતાની માતાનો ભાઈ કંસ, કે જે વધને માટે અયોગ્ય હતો, તેનો ભગવાને પોતે સાક્ષાત્ કેમ વધ કર્યો હતો?[૧૦] મનુષ્યશરીરનો આશ્રય કરી ભગવાન કેટલાં વર્ષો સુધી યાદવો સાથે દ્વારકામાં રહ્યા હતા? અને તે પ્રભુને કેટલી સ્ત્રીઓ હતી?[૧૧] હે સર્વજ્ઞ મુનિ! આ અને બીજું પણ સઘળું શ્રીકૃષ્ણચરિત્ર મને શ્રદ્ધાળુને વિસ્તારથી કહેવાને આપ યોગ્ય છો.[૧૨] જો કે મેં જળનો પણ ત્યાગ કર્યો છે, છતાં આપના મુખકમળમાંથી નીકળતું શ્રીહરિકથારૂપી અમૃતનું હું પાન કરી રહ્યો છું; તેથી આ અતિ દુઃસહ એવી ક્ષુધા (અને તૃષા) પણ મને દુઃખ દેતી† નથી.[૧૩]

સૂત પૌરાણિક બોલ્યા:–હે ભૃગુવંશી શૌનક! એ પ્રમાણે તે ઉત્તમ પ્રશ્ન સાંભળીને ભક્તોમાં શ્રેષ્ઠ ભગવાન શુકદેવજીએ પરીક્ષિત રાજાની પ્રશંસા કરી અને પછી કલિયુગનાં પાપોનો નાશ કરનારું શ્રીકૃષ્ણનું ચરિત્ર કહેવા માંડ્યુ.[૧૪]

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે રાજર્ષિશ્રેષ્ઠ! તમારી બુદ્ધિએ ઉત્તમ પ્રકારનો નિશ્ચય કર્યો છે; કારણ કે વસુદેવના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણની કથામાં તમને આવી એકનિષ્ઠાવાળી પ્રીતિ થઇ છે.[૧૫] જેમ ભગવાનના ચરણકમળનું જળ–ગંગા ત્રણે જગતને પવિત્ર કરે છે, તેમ શ્રીકૃષ્ણની કથાનો પ્રશ્ન પણ વક્તાને, પ્રશ્ન કરનારને તથા શ્રોતાને–એમ ત્રણે મનુષ્યોને પવિત્ર કરે છે.[૧૬] જે સમયે પૃથ્વી રાજાઓનો તો માત્ર ડોળ રાખનારા ગર્વિષ્ઠ દૈત્યોનાં સેંકડો અને હજારો સૈન્યોના પુષ્કળ ભારથી દબાઈ ગઇ હતી, ત્યારે બ્રહ્માને શરણે ગઇ હતી.[૧૭] તે વખતે ગાયનું સ્વરૂપ ધારણ કરીને અશ્રુભર્યા મુખે તે કરુણ આક્રંદ કરતી હતી અને ખિન્ન થઇ, બ્રહ્મદેવની પાસે જઇને તેણે પો-

† અર્થાત્ મેં જળ સુધ્ધાંનો ત્યાગ કરી દીધો છે તોપણ મારું જીવન હરિકથારૂપ અમૃતના પાનનિમિત્તેજ ટકી રહ્યું છે; તેથી જો હરિકથા બંધ થશે તો તુરતજ મારા જીવનનો અંત આવી જશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તાનું દુઃખ તેમને જણાવ્યું હતું.[૧૮] તે સાંભળી બ્રહ્મા પૃથ્વીને તથા દેવોને સાથે લઇ મહાદેવજી સહિત ક્ષીરસમુદ્રના +કિનારા ઉપર ગયા હતા[૧૯] અને ત્યાં જઇને જગતના નાથ અને દેવોના પણ દેવ વિષ્ણુ ભગવાનની તેમણે પુરુષસૂક્તથી એકાગ્રચિત્તે સ્તુતિ કરી હતી.[૨૦] તે વખતે આકાશમાંજ કહેવાયલી વાણીને સમાધિઅવસ્થામાં સાંભળીને બ્રહ્માએ દેવોને કહ્યું હતું કે, 'હે દેવો! તમે મારી પાસેથી ભગવાને કહેલી વાણી સાંભળો અને પછી સત્વર તે પ્રમાણે કરો; વિલંબ કરશો નહિ.[૨૧] સર્વના અંતર્યામી ભગવાને પ્રથમથીજ (આપણી વિનતિ પહેલાં) પૃથ્વી પરનો ભાર લક્ષ્યમાં લીધો છે; માટે ઈશ્વરના પણ ઈશ્વર તે પરમાત્મા પોતાની કાળશક્તિથી પૃથ્વીના ભારને દૂર કરતા જ્યાંસુધી પૃથ્વી પર વિચરે ત્યાંસુધી તમે પોતપોતાના અંશોથી યાદવોમાં ઉત્પન્ન થાઓ.[૨૨] પરમપુરુષ ભગવાન સાક્ષાત્ વસુદેવને ઘેર અવતાર લેશે; માટે તેમને પ્રસન્ન કરવાને દેવોની સ્ત્રીઓ પણ યાદવસ્ત્રીઓમાં સ્ત્રીરૂપે અવતાર ધારણ કરો. ભગવાનના અંશરૂપ અને હજાર મુખવાળા સ્વયંપ્રકાશ દેવ શેષ ભગવાન પણ શ્રીહરિને પ્રસન્ન કરવાને વાસ્તે આગળથી (ભગવાનની પહેલાં) અવતાર લેશે.[૨૩,૨૪] ઉપરાંત જગતને મોહિત કરનારી ભગવતી વિષ્ણુમાયા પણ ભગવાનની આજ્ઞાથી કાર્ય માટે અંશથી અવતરશે.'"[૨૫]

શ્રી શુકદેવજી બોલ્યાઃ—"દેવોને એ પ્રમાણે આજ્ઞા કરી પ્રજાપતિઓના પતિ પ્રભુ બ્રહ્મા વાણીથી પૃથ્વીને આશ્વાસન આપીને પોતાના ઉત્તમ ધામમાં ગયા.[૨૬] પૂર્વે શૂરસેન નામનો એક યદુવંશી રાજા મથુરા નગરીમાં રહીને માથુર તથા શૂરસેન નામના દેશોને ભોગવતો હતો.[૨૭] ત્યારથી માંડીને મથુરા નગરી સર્વ યાદવ રાજાઓની રાજધાની થઇ હતી; જ્યાં શ્રીહરિ નિત્ય સમીપજ રહે છે.[૨૮] એક વખતે મથુરા નગરીમાં શૂરના પુત્ર વસુદેવજી દેવકી સાથે લગ્ન કરીને તે નવોઢા સ્ત્રી સાથે (પોતાને ઘેર) જવા માટે રથ ઉપર ચઢ્યા;[૨૯] તે વેળા ઉગ્રસેનના પુત્ર કંસે પોતાની બહેનને સારું લગાડવા માટે ઘોડાની લગામો હાથમાં લીધી હતી ને સોનાના બીજા સેંકડો રથોથી વીંટાઇને પોતે રથ હાંકતો હતો. પુત્રી પર પ્રેમ રાખનારા દેવક રાજાએ તે સમયે સોનાની માળાવાળા ચારસો હાથીઓ, પંદર હજાર ઘોડાઓ, અઢારસો રથો અને સારી પેઠે શણગારેલી બસો સુકુમાર દાસીઓ પુત્રી દેવકીને વળાવતી વેળા પહેરામણીરૂપે આપી હતી. તે પછી વરવધૂને નીકળવાની તૈયારી થઇ, એટલે સારી રીતે મંગળ વર્તાય તેમ એકીસાથે શંખ, વાજાં, ઢોલ અને નગારાં વાગવા લાગ્યાં. તે વેળા માર્ગમાં ઘોડાઓની લગામ પકડીને રથ હાંકતા કંસને સંબોધીને આકાશવાણીએ કહ્યું કે, 'એ મૂર્ખ! જે દેવકીને તું રથમાં લઇ જાય છે, તેનો આઠમો ગર્ભ તારો વધ કરશે.'[૩૦-૩૪] આકાશવાણીએ એમ કહ્યું, એટલે ભોજવંશી રાજાઓના કુળમાં કલંક લગાડનાર અને દુષ્ટ તે પાપી કંસ હાથમાં તલવાર લઈ પોતાની બહેન દેવકીને મારી નાખવા તૈયાર થયો અને તેનો ચોટલો તેણે પકડ્યો.[૩૫] તે જોઈ મહાભાગ્યશાળી વસુદેવજી નિંદ્ય કર્મ કરનારા, ક્રૂર અને નિર્લજ્જ તે કંસને શાંત પાડતા બોલી ઊઠ્યા.[૩૬]

વસુદેવ બોલ્યાઃ—'શૂરા પુરુષોને તમારા ગુણો પ્રશંસા કરવા યોગ્ય છે અને તમે ભોજવંશની કીર્તિને કરનારા છો; છતાં તમે આ વિવાહમહોત્સવમાં સ્ત્રીજાતિને અને તેમાં વળી બહેનને કેમ મારો છો?[૩૭] હે વીર! મૃત્યુ તો પ્રાણીઓને +જન્મની સાથે ઉત્પન્ન થયેલું હોય છે; (કારણ

+ક્ષીરસમુદ્રના કિનારા પર આવેલા શ્વેતદ્વીપ નામના ભગવાનના ધામમાં ગયા હતા. —બાલપ્રબોધિની

+ કદાચ કંસ કહે કે, 'મરણના ભયથી દેવકીને હું મારી નાખું છું.' તેના ઉત્તરમાં અહીં એ કહેવા માગે છે કે, મરણ તો ટાળ્યું ટળે તેવું નથી અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે દેહની સાથેજ વિધાતાએ તે લલાટમાં લખ્યું છે.) આજ કે સો વર્ષ વીત્યા પછી પણ પ્રાણીઓનું મૃત્યુ અવશ્ય થાયજ છે.*૩૮ કોઇએક દેહ જ્યારે મરણ પામે છે, ત્યારે કર્મને અનુસરનારો જીવ પરાધીન થઇને બીજા દેહને પામે છે ને પૂર્વશરીરનો ત્યાગ કરે છે.×૩૯ જેમ કોઈ મનુષ્ય ચાલતો હોય, ત્યારે એક પગથી પૃથ્વી પર શરીર ટેકવીને પછી બીજો પગ ઉપાડીને આગળ મૂકે છે અને ચાલે છે; વળી જેમ ખડમાંકડી આગળના બીજા ઘાસનો બરાબર આશ્રય કર્યા પછીજ પ્રથમના ઘાસનો ત્યાગ કરે છે, તેમ કર્મના માર્ગમાં રહેલો જીવ બીજા શરીરને પામ્યા પછીજ પ્રથમના શરીરનો ત્યાગ કરે છે.૪૦+જેમ મનુષ્ય પ્રત્યક્ષ જોયેલા (રાજા વગેરેના) અને સાંભળેલા (ઇન્દ્ર વગેરેના) શરીરનો જેમાં સંસ્કાર પડી ગયેલો હોય છે તેવા મન વડે તેજ શરીરનું ચિંતન કરતાં કરતાં સ્વપ્નાવસ્થામાં તેવા (જોયેલા કે સાંભળેલા) શરીરને જુએ છે અને પછી એક ક્ષણની અંદર તેજ શરીરને 'આ હું છું' એમ માને છે અને પોતાના જાગ્રત અવસ્થાના શરીરને વીસરી જાય છે; અથવા જેમ પ્રત્યક્ષ જોયેલા કે સાંભળેલા (રાજા વગેરેના) શરીરથી જેમાં સંસ્કાર પડેલો હોય છે, તેવા મનથી મનોરથ કરવાને લીધે (જાગ્રત અવસ્થામાં પણ) તે તે શરીરમાં જેની બુદ્ધિ વ્યાપ્ત થયેલી હોય છે, એવો મનુષ્ય એવા કોઇ રાજા વગેરેના શરીરને જુએ છે અને પછી એક ક્ષણવારમાં તે શરીરને 'આ હું છું' એમ માને છે અને પોતાના શરીરને વીસરી જાય છે; તેમ મૃત્યુ પછી પણ કર્મને વશ થઇ બીજાં શરીરને પામે છે અને પૂર્વશરીરનો ત્યાગ કરે છે.૪૧* દેહના મરણસમયે કર્મોનાં ફળ આપવાને તત્પર થયેલા દૈવે પ્રેરેલું અને અનેક જાતના વિકારોરૂપ એવું મન માયાએ (અનેક દેહસ્વરૂપે) રચેલાં પાંચ મહાભૂતોમાં જે જે દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે શરીર તરફ દોડે (જેનું જેનું ચિંતન કરે) છે અને દોડતાં દોડતાં જે શરીરને (પોતાના તરીકે માનીને પ્રાપ્ત કરે છે, તે તે શરીરમાં આ જીવ ઉત્પન્ન થાય છે.+ કેમકે આત્મા, મનનેજ 'હું છું' એમ માને છે, તેથી તે મનની સાથેજ ઉત્પન્ન થાય છે.૪૨ જેમ જળભરેલાં જુદાં જુદાં માટીનાં પાત્રોમાં ચંદ્ર, સૂર્ય વગેરેનું તેજ વાયુના વેગને અનુસરેલું

મરણ પછી બીજું શરીર અવશ્ય પ્રાપ્ત થાય છે, તેમાં પણ ભોગ અને પ્રેમનાં સ્થાન તો સરખાંજ હોય છે; તો પછી મૃત્યુના ભયથી પાપાચરણ કરવું તે અયોગ્ય છે. —શ્રીધર

*અર્થાત્ કદાચ તમે એમ માનતા હો કે, આ દેવકીને મારી નાખીને હું મારા મૃત્યુનો કાળ લંબાવી શકીશ; તો તે પણ બરાબર નથી. મૃત્યુ તો અવશ્ય થનારુંજ છે, તો પછી માત્ર વિલંબને માટે પાપાચરણ કરવું તે યોગ્ય નથી. —શ્રીધર

× કહેવાનો આશય એ છે કે, આ શરીર પડી ગયા પછી જો બીજું શરીર મળવાનું ન હોય, તો કદાચ પાપ કરીને પણ આ શરીરની રક્ષા કરવી તે કંઇક ઠીક છે, પણ તેમ તો છે નહિ. —શ્રીધર

+ આ ૪૦મા શ્લોકનું મૂળ નીચે લખેલ વેદમંત્રમાં છેઃ–

तद्यथा तृणजलायुका तृणस्यान्तं गत्वाऽन्यमाक्रममाक्रम्याऽऽत्मानमुपसंहरति एवमेवायमात्मेदं शरीरं निहत्याविद्यां गमयित्वाऽन्यमाक्रममाक्रम्याऽऽत्मानमुपसंहरति ॥ (बृह. उ. ४-४-३)

જેવા રીતે ખડમાંકડી આગળના બીજા ઘાસનો બરાબર આશ્રય કર્યા પછી પોતાનો ઉપસંહાર કરે છે; અર્થાત્ પોતાના શરીરનો પૂર્વ અવયવ અંસ અવયવને ઠેકાણે ખેંચી લે છે; તેવીજ રીતે આ જીવ પોતાના શરીરને મારી, તેને અચેતન કરી, તથા ભાવી દેહારંભક સત્ત્વ (શુભાશુભ કર્મના સંસ્કારવાળા સૂક્ષ્મ દેહ) નો આશ્રય કરીને પોતાનો ઉપસંહાર કરે છે. અર્થાત્ સૂક્ષ્મશરીરનો આશ્રય કરીને સ્થૂલશરીરને છોડે છે.

* કદાચ શંકા થાય કે, અનેક જાતનાં શરીર પ્રાપ્ત કરવામાં કારણરૂપ એવા અનેક જાતનાં કર્મો કરેલાં હોય છે; છતાં અમુકજ શરીર પ્રાપ્ત થાય છે, તેનું શું કારણ છે? આના ઉત્તરરૂપે આ શ્લોક કહે છે.–શ્રીધર

+ કદાચ કોઈ કહે કે, ચારે બાજુ દોડાદોડી કરનારું તો મન છે અને આત્મા તો અકર્તાજ છે, તો આ આત્માને મન સાથે કેમ ઘસડાવું પડે છે? એના ઉત્તરમાં અહીં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(રૂપતુ) જોવામાં આવે છે, તેમ પોતાની અવિદ્યાથી રચાયલાં શરીરોમાં આ જીવ રાગથી પ્રવેશ કરે છે અને મોહ પામે છે–'આ શરીર તે હું છું' આવો મિથ્યા દુરાગ્રહ કરે છે.*[43] માટે÷પોતાની સ્થિતિને જાણનારા જીવે પોતાનું કલ્યાણ ઇચ્છીને કોઇ પણ પ્રાણીનો દ્રોહ કરવો ન જોઇએ. કારણ કે દ્રોહ કરનારને બીજાથી ભય હોયજ છે.[44] +આ દેવકી તમારી નાની બહેન છે; બિચારી હજી બાળક છે અને પૂતળી સરખી છે; માટે આ નિર્દોષ સ્ત્રીને ગરીબો ઉપર પ્રેમ રાખનારા એવા તમે મારી નાખવાને યોગ્ય નથી.'[45]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે કુરુવંશી રાજા! એ પ્રમાણે વસુદેવે સામથી તથા ભેદથી સમજાવ્યો, છતાં તે ક્રૂર કંસ દેવકીને મારી નાખવાના નિશ્ચયથી અટક્યો નહિ. કેમકે તે રાક્ષસોને અનુસરી રહ્યો હતો.[46] પછી કંસનો તે દુરાગ્રહ જાણી લઈ વસુદેવે, તે આવી પડેલા મૃત્યુને ચૂકવવા માટે મનમાં વિચાર કરી આવો ઉપાય કરવા નિશ્ચય કર્યો કે, 'બુદ્ધિમાન મનુષ્યે જ્યાંસુધી પોતાનામાં બુદ્ધિ તથા બળનો ઉત્કર્ષ હોય, ત્યાંસુધી મૃત્યુને અટકાવવું જોઇએ; તેમ છતાં જો મૃત્યુ ન અટકે, તો તેમાં પ્રાણીનો કંઈ દોષ નથી. આ મૃત્યુરૂપ કંસને મારા પુત્રો આપીને પણ આ બિચારી દેવકીને હું છોડાવું. મને જો આ દેવકીમાં પુત્રો થશે, તો તે વખતે જે થવાનું હશે તે થઇ પડશે, પણ ત્યાંસુધી તો આ જીવતી રહેશે, અથવા ત્યાંસુધીમાં આ મૃત્યુરૂપ કંસ જો મરણ પામશે, તો કંઈ પણ અન્યાય નહિ થાય; અથવા મને પુત્રો થશે અને કંસ નહિ મરી જાય, તો મારા પુત્રને હાથે કંસનુંજ મરણ કેમ નહિ બને? કેમકે વિધાતાની ગતિ કદી જાણી શકાતી નથી. જુઓને! કોઈ વખતે આવી ઉભેલું મૃત્યુ પણ અટકી જાય છે અને કોઇ વખતે અટકી ગયેલું મૃત્યુ પણ ફરી આવી ચડે છે. જેમ અગ્નિને કોઇ લાકડાંની સાથે સંબંધ થતો નથી અને કોઇની સાથે સંબંધ થાય છે, તેમાં દૈવ વિના બીજું કંઇ પણ કારણ નથી; (અને તે જેમ અચિંત્ય છે,) તેમ પ્રાણીને પણ શરીરનો સંયોગ થાય છે અને વિયોગ થાય છે, તેનું કારણ (અદષ્ટ–દૈવજ છે અને તે) અચિંત્ય છે. (પ્રાણીના અચિંત્ય અદષ્ટ સિવાય શરીરના સંયોગ અને વિયોગમાં બીજું કંઇ કારણ નથી.)' એ રીતે પોતાની બુદ્ધિ જ્યાંસુધી પહોંચી ત્યાંસુધી વિચાર કરીને વસુદેવે તે પાપી કંસનો ઘણાજ માનપૂર્વક સત્કાર કર્યો અને પછી મુખકમળને પ્રસન્ન રાખી અંદરથી દુખાતા મને હસતાં હસતાં ક્રૂર અને નિર્લજ્જ એવા કંસને આવું વચન કહ્યું:[47–53]

વસુદેવ બોલ્યાઃ–'હે સૌમ્ય! આકાશવાણીએ તેમને જે કહ્યું છે, તેથી તમને આ દેવકીથી (અથવા મારાથી) તો ભય નથીજ. (આકાશવાણીના કહેવા પ્રમાણે) તમને જેનાથી ભય ઉત્પન્ન થયો છે, તે આ દેવકીના પુત્રો હું તમને આપી દઇશ. (પછી તો તમને કંઇ હરકત નથી ને?)'[54]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"કંસ વસુદેવના વાક્યનો સાર જાણી ગયો, જેથી તે પોતાની બહેનનો વધ કરતાં અટક્યો; એટલે વસુદેવે પ્રસન્ન થઇ તેની પ્રશંસા કરીને પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. પછી પ્રસૂતિકાળ પ્રાપ્ત થયો, એટલે સર્વ દેવતામય દેવકીએ દર વર્ષે એક એક એમ આઠ

---

* એમ સામથી સમજાવીને વસુદેવ હવે ભેદથી આ શ્લોકમાં સમજાવે છે. —શ્રીધર

÷ કહેવાનો ભાવ એ છે કે, અજ્ઞાનને લીધે આત્માના ધર્મનો દેહમાં અધ્યાસ થાય છે અને દેહના ધર્મોનો આત્મામાં અધ્યાસ થાય છે, તેથી જેમ દેહના દુર્બળતા વગેરે ધર્મો આત્મામાં જણાય છે, તેમ આત્માના પ્રેમાસ્પદપણું વગેરે ધર્મો પણ દેહાદિમાં જોવામાં આવે છે અને તે કેવળ મિથ્યાજ જણાય છે, માટે રાજાના શરીરમાં કે ભૂંડના શરીરમાં કશો પણ વિશેષ ફેરફાર નથી અને તેથીજ તારે તારા આ રાજશરીરના રક્ષણ માટે પણ ઉપાય કરવો વ્યર્થ છે. —શ્રીધર

+ ફરી આ શ્લોકમાં સામવચનોથી સમજાવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુત્રોને તથા એક કન્યાને જન્મ આપ્યો. તેઓમાં પહેલો કીર્તિમાન નામે પુત્ર થયો; તેને વસુદેવજીએ મહાદુઃખથી પણ કંસને અર્પણ કર્યો; કેમકે વસુદેવજી અસત્યથી ઘણા ડરતા હતા. અથવા ×સત્પુરુષોને કઇ વસ્તુ દુઃસહ છે!* વિદ્વાનોને કઇ વસ્તુની સ્પૃહા છે? લોભી મનુષ્યોને કયું કાર્ય નહિ કરવા યોગ્ય છે? અને જેઓએ ચિત્તમાં શ્રીહરિને ધારણ કર્યા છે, તેવા પુરુષોને કઇ વસ્તુ દુસ્ત્યજ છે?[૫૫-૫૮] હે રાજન્! વસુદેવનો તે સમભાવ અને સત્યમાં નિષ્ઠા જોઈને કંસ મનમાં પ્રસન્ન થયો; તેણે હસતાં હસતાં આ પ્રમાણે કહ્યું:[૫૯] 'આ કુમારને તમે પાછો લઇ જાઓ; કેમકે એનાથી મને ભય નથી. માત્ર તમારા આઠમા પુત્રથી મારું મૃત્યુ (આકાશવાણીએ) કહ્યું છે.'[૬૦] તે સાંભળીને 'બહુ સારું' એમ કહીને વસુદેવજી પુત્રને લઈ ગયા, પણ તેમણે કંસના તે વાક્યને સત્ય માન્યું નહિ, કારણ કે કંસ દુષ્ટ હતો અને તેના મનનું કંઈ ઠેકાણું હતું નહિ.[૬૧] હે ભરતવંશી રાજન્! 'વ્રજની અંદર નંદ વગેરે ગોવાળિયા, એ ગોવાળિયાઓની સ્ત્રીઓ, વસુદેવ વગેરે યાદવો અને દેવકી વગેરે યાદવોની સ્ત્રીઓ એ સર્વે લગભગ દેવતાઓજ છે; તેમજ વસુદેવ તથા નંદના કુળના, જ્ઞાતિલાઓ, બંધુઓ, મિત્રો અને જેઓ જેઓ કંસને અનુસરી રહ્યા હતા, તેઓ પણ સઘળા દેવોજ છે અને પૃથ્વીને ભારરૂપ થયેલા દૈત્યોનો નાશ કરવા માટે આ ઉદ્યમ છે.' એ વાત ભગવાન નારદજીએ કંસ પાસે આવીને તેને જણાવી.+ એટલે નારદ ઋષિના ગયા પછી કંસે યાદવોને દેવો માનીને તથા દેવકીના ગર્ભથી ઉત્પન્ન થયેલા હરકોઈ પુત્રને પોતાનો વધ કરવા આવેલા *વિષ્ણુ માનીને દેવકી તથા વસુદેવને બેડીઓથી બાંધીને કેદખાનામાં કેદ કર્યાં અને તેઓનો જે જે પુત્ર ઉત્પન્ન થયો, તેને તેને 'આ વિષ્ણુ હશે' એવી શંકા કરીને તે મારી નાખવા લાગ્યો.[૬૨-૬૬] ખરેખર, આ પૃથ્વી પર જે રાજાઓ લોભી હોય છે અને કેવળ પોતાના પ્રાણનુંજ પોષણ કરનારા હોય છે, તેઓ ઘણું કરી પોતાની માતાને, પિતાને, ભાઇઓને તથા સર્વ સંબંધીઓને પણ મારી નાખે છે.[૬૭] કંસ જાણતો હતો કે 'પૂર્વે હું કાલનેમિ નામનો અસુર હતો; વિષ્ણુએ મને માર્યો હતો અને તેજ હું હમણાં અહીં ઉત્પન્ન થયો છું' એમ જાણીનેજ તે યાદવો સાથે વિરોધ રાખતો હતો.[૬૮] મહાબળવાન કંસે યદુવંશીઓ, ભોજવંશીઓ તથા અંધકવંશીઓના અધિપતિ પોતાના પિતા ઉગ્રસેનને પણ કેદ કર્યા હતા અને પોતે શૂરસેન દેશના રાજ્યને ભોગવતો હતો."[૬૯]

उग्रसेनं च पितरं यदुभोजांधकाधिपम् ।
स्वयं निगृह्य बुभुजे शूरसेनान् महाबलः ॥ ६९ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

× અહીં સત્પુરુષો સત્ય પ્રતિજ્ઞાવાળા પુરુષો સમજવા.

* વિદ્વાનો તે 'કેવળ એક ભગવાનજ તત્ત્વ છે, બીજું કંઈ વાસ્તવિક તત્ત્વ નથી' એમ સમજનારા પુરુષો સમજવા. —શ્રીધર

+ નારદજીને એ બધું જણાવી દેવામાં એ કારણ મળ્યું હતું કે, કંસ એમ ને એમ જો શાંતિ જાળવશે તો દેવોના કાર્યને તે અનુકૂળ નહિ થાય; એમ માનીનેજ નારદજીએ કંસને ઉશ્કેર્યો હતો. —શ્રીધર

* જો કે આકાશવાણીએ આઠમા પુત્રથીજ કંસનું મૃત્યુ કહ્યું હતું, પણ અન્યોન્યની અપેક્ષાએ હરકોઇ પુત્ર આઠમો થઇ શકે એમ માનીને કંસે દેવકીના સર્વ પુત્રો પ્રત્યે વિષ્ણુની શંકા કરી હતી; એ આશય છે.—મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

अध्याय २ जो*

દેવકીના ગર્ભમાં આવેલા શ્રીભગવાનની દેવોએ સ્તુતિ કરી.

॥ श्रीशुक उवाच ॥

प्रलंबबकचाणूरतृणावर्तमहाशनैः ।
मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"મગધરાજ જરાસંધનો આશ્રય કરીને બળવાન બનેલો કંસ પ્રલંબાસુર, બકાસુર, ચાણૂર, તૃણાવર્ત, અઘાસુર, મુષ્ટિકાસુર, અરિષ્ટાસુર, દ્વિવિદ વાનર, પૂતના રાક્ષસી, કેશિ, ધેનુકાસુર અને બીજા પણ બાણાસુર, ભૌમાસુર વગેરે અસુર રાજાઓની સાથે મળીને યાદવોનો સંહાર કરવા લાગ્યો.[૧૨] એટલે યાદવો પણ કંસથી દુઃખ પામીને કુરુ, પાંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ તથા કોસલ દેશમાં રહેવા ચાલ્યા ગયા[૩] અને કેટલાક યાદવો કંસને અનુસરીને તેની સેવા કરવા લાગ્યા. કંસે દેવકીના છ પુત્રોને મારી નાખ્યા પછી દેવકીને હર્ષ તથા શોકમાં વૃદ્ધિ કરનારો સાતમો ગર્ભ રહ્યો, જેને વિષ્ણુના અંશરૂપ અનંત ભગવાન (શેષ) કહે છે.[૪૫] વિશ્વાત્મા ભગવાને પણ પોતે જેઓના નાથ હતા, એવા યાદવોને કંસથી ઉત્પન્ન થતો ભય જાણીને યોગમાયાને આજ્ઞા કરી કે,[૬] 'હે દેવિ! તું ગોપ-ગોપીઓથી શોભી રહેલા વ્રજમાં જા. હે કલ્યાણિ! ત્યાં નંદના ગોકુળમાં રોહિણી નામની વસુદેવની એક સ્ત્રી રહે છે અને વસુદેવની અન્ય સ્ત્રીઓ પણ કંસથી ભય પામીને ત્યાં ગુફાઓમાં રહે છે.[૭] દેવકીના ઉદરમાં મારા અંશરૂપ શેષ ભગવાન ગર્ભરૂપે રહેલા છે; તેમને ત્યાંથી કાઢીને તું રોહિણીના ઉદરમાં મૂકી દે.[૮] ત્યાર પછી હું મારા પરિપૂર્ણસ્વરૂપે દેવકીનો પુત્ર થઇશ અને તું નંદની સ્ત્રી યશોદામાં ઉત્પન્ન થજે.[૯] તું સર્વ પુત્રાદિ કામનાવાળા પુરુષોની ઈશ્વરી છે અને ભક્તોની સર્વ ઉત્તમ કામનાઓને પૂર્ણ કરનારી છે; તેથી મનુષ્યો ધૂપ, નૈવેદ્ય તથા બલિદાનોથી તારી પૂજા કરશે;[૧૦] તેમજ પૃથ્વી ઉપર પણ મનુષ્યો દુર્ગા, ભદ્રકાલી, વિજયા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, કન્યકા, માયા, નારાયણી, ઇશાની, શારદા તથા અંબિકા–એવાં તારાં નામો પાડશે અને તારાં સ્થાનકો કરશે.[૧૧૧૨] વળી તું શેષ ભગવાનને ગર્ભમાંથી ખેંચી કાઢીશ, તેથી તેમને પૃથ્વી પરના લોકો 'સંકર્ષણ' કહેશે; અને લોકોને આનંદ ઉપજાવશે તેથી તેમને 'રામ' કહેશે. વળી બળવાનોમાં તે શ્રેષ્ઠ છે, તેથી તેમને 'બલદેવજી' પણ કહેશે.' એ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી, એટલે 'બહુ સારું' એમ તેમના વચનને સ્વીકારીને યોગમાયા તેમને પ્રદક્ષિણા કરી પૃથ્વી પર ગઇ અને ભગવાને જે કહ્યું હતું તે પ્રમાણે તેણે કર્યું.[૧૩૧૪] પછી દેવકીના ગર્ભને યોગનિદ્રાએ રોહિણીના ઉદરમાં મૂક્યો એટલે 'અહો! આશ્ચર્યની વાત વાત બની કે દેવકીનો (સાતમો) ગર્ભ તો પડી ગયો' એમ નગરવાસીઓ કહેવા લાગ્યા;[૧૫] બીજી તરફ ભક્તોને નિર્ભય કરનારા અને જગતના આત્મા ભગવાન પણ પોતાના પૂર્ણસ્વરૂપે વસુદેવના ÷મનમાં પ્રકટ થયા.[૧૬] તે સમયે પરમાત્માના તેજને ધારણ કરતા વસુદેવજી સૂર્ય જેવા શોભતા હતા અને પ્રાણીમાત્ર વડે સમીપમાં દુઃખથી જઈ શકાય એવા અને અત્યંત દુઃખથી પરાભવ કરી શકાય તેવા થઈ પડ્યા. તે પછી જેમ પૂર્વદિશા જગતને આનંદ કરનારા ચંદ્રને ધારણ કરે છે, તેમ દેવી દેવકીજીએ શૂરપુત્ર વસુદેવે (*વેધદીક્ષાથી મન વડેજ) સ્થા-

* આ અધ્યાયમાં કંસનો નાશ કરવા માટે દેવકીના ગર્ભમાં આવેલા શ્રીહરિની બ્રહ્માદિ દેવોએ સ્તુતિ કરી અને દેવકીનું સાંત્વન કર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

÷ જીવોની પેઠે ભગવાનને વીર્ય સાથે સંબંધ થવો તે અઘટિત છે; એવા આશયથી અહીં 'મનમાં પ્રકટ થયા' એમ કહ્યું છે. —મા. ક.

* વેધદીક્ષા તે આઃ–
यथा कूर्मी स्वतनयान् ध्यानमात्रेण पोषयेत् ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પેલા, જગતના મંગળરૂપ, સર્વના આત્મા, પોતાને વિષે પ્રથમથીજ રહેલા, સર્વને આનંદ કરનારા અને અસ્ખલિત ઐશ્વર્યાદિ અંશોવાળા ભગવાનને મનથી ધારણ કર્યા.૧૭।૧૮ તે સમયે દેવકી જગતના નિવાસરૂપ–ભગવાનના પણ એક નિવાસસ્થાન બન્યાં હતાં; તોપણ કંસના કેદખાનામાં કેદ હતાં; તેથી ઘડા વગેરેમાં ઢાંકી દીધેલી અગ્નિની શિખા પેઠે અને કોઇને જ્ઞાન આપતી વેળા સત્ય જ્ઞાનને છુપાવી રાખનારા ખળ પુરુષમાં રહેલી સાચી વિદ્યાની પેઠે અત્યંત શોભતાં ન હતાં. તે દેવકી કે જે પોતાની કાંતિથી કેદખાનાને પ્રકાશિત કરી રહી હતી; પવિત્ર હાસ્યવાળી હતી ને જેના ઉદરમાં ભગવાન પધાર્યા હતા તેને જોઇને કંસ (મનમાં) બોલી ઊઠ્યો કે, 'અવશ્ય મારા પ્રાણને હરનારો હરિ આના ઉદરમાં આવી રહ્યો છે. કારણ કે આ દેવકી પ્રથમ આવી તેજસ્વી ન હતી; પણ હવે તેને માટે મારે તુરતજ શું કરવું જોઇએ ? દેવોનું કાર્ય કરવું એજ જેનું મુખ્ય કામ છે, એવા આ હરિ પોતાના પરાક્રમનો નાશ નહિજ કરે; એ તો મારો વધ કરવા માટે અવશ્ય પરાક્રમ કરશેજ. (કદાચ આ દેવકીને ગર્ભ સાથે હમણાંજ મારી નાખું, પણ) સ્ત્રીજાતિ, પોતાની બહેન અને સગર્ભા એવી આ દેવકીનો નાશ કરવો તે પણ તુરતજ યશ, લક્ષ્મી તથા આયુષનો નાશ કરે તેવું છે.૧૯–૨૧ વળી જે પુરુષ અત્યંત ક્રૂરતાથી વર્તે છે, તે ખરેખર જીવતાંજ મૂઆ જેવો છે અને સર્વ મનુષ્યો તેને ધિક્કારે છે. તેમજ એવો ઘાતકી પુરુષ મરણ પછી પણ પાપીઓને પ્રાપ્ત થતા નરકમાંજ પડે છે. (માટે આ દેવકીને મારી નાખવી તે તો ઠીકજ નથી; પણ તેના પુત્રનેજ મારવો જોઇએ.) એ રીતે વિચાર કરીને કંસ, (જો કે દેવકીને મારી નાખવા) પોતે સમર્થ હતો; તોપણ અત્યંત ઘોર એવા તે વિચારથી અટક્યો અને શ્રીહરિ તરફ વૈરભાવને દઢ કરતો તેમના જન્મની રાહ જોવા લાગ્યો. તે કંસ બેસતાં, સૂતાં, ઊભા રહેતાં, જમતાં અને પૃથ્વી પર ફરતાં શ્રીહરિનુંજ ચિંતન કર્યા કરતો હતો; જેથી જગતને હરિમય જોતો હતો. પછી બ્રહ્મા, શંકર અને નારદાદિ મુનિઓ તથા અનુચરો સહિત સર્વ દેવો સાથે ત્યાં આવીને વાણી વડે સર્વની કામનાઓ પૂરનારા ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા:૨૨–૨૪ 'હે ભગવન્! આપ સત્ય સંકલ્પવાળા છો; આપને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન સત્ય છે, ત્રણે કાળમાં આપ સત્યસ્વરૂપે સ્થિતિ કરો છો; પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોનું આપ ઉત્પત્તિસ્થાન છો; પાંચે મહાભૂતોમાં આપ અંતર્યામિસ્વરૂપે બિરાજો છો. પાંચે મહાભૂતોનો નાશ થયા છતાં આપનું સ્વરૂપ તો અવશેષ રહેજ છે અને સત્યવાણીના તથા સર્વત્ર સમદર્શનના આપ પ્રવર્તક છો. આમ સર્વ રીતે સત્યસ્વરૂપ એવા આપનો અમે શરણે આવ્યા છીએ.૨૫।૨૬ આ સંસારપ્રપંચ તે (સમષ્ટિ–વ્યષ્ટિદેહરૂપ) આદિવૃક્ષ છે. એક પ્રકૃતિ એ વૃક્ષનો આશય છે; સુખ ને દુખ–એ બે તેનાં ફળ છે; સત્ત્વ, રજસ્ અને તમસ્–એમ ત્રણ ગુણો એ વૃક્ષનાં મૂળ છે; ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચાર તે વૃક્ષનો રસ છે; પાંચ જ્ઞાનેન્દ્રિયો એ વૃક્ષના જ્ઞાનપ્રકારો છે; ૭* ઊર્મિઓ અથવા ૭ ÷કોશો તે એ વૃક્ષના સ્વભાવ છે; સાત

वेधदीक्षोपदेशस्तु मानसः स्यात् तथाविधः ॥
જેમ કાચબી પોતાનાં સંતાનોને માત્ર ધ્યાનથીજ પોષે છે–એટલે કે જ્યાં ઈંડાં મૂક્યાં હોય છે તેથી બીજે સ્થળે રહીને કેવળ મનથી તેઓનું ધ્યાન કરીનેજ પોષે છે, તેમ કેવળ મનથીજ કોઇને કંઇ વસ્તુ અર્પણ કરવી તેને વેધદીક્ષા કહે છે. —कुलार्णव

* बुभुक्षा च पिपासा च प्राणस्य मनसः स्मृतौ । शोकमोहौ जरामृत्यू देहस्येति षडूर्मयः
ભૂખ અને તરસ–એ બે પ્રાણ તથા મનની ઊર્મિઓ છે અને શોક, મોહ, વૃદ્ધાવસ્થા તથા મૃત્યુ, એ ચાર શરીરની ઊર્મિઓ છે; આમ એકંદર ૭ ઊર્મિઓ છે.

÷ स्नाय्वस्थिमज्जानः शुक्रात् त्वङ्मांसास्राणि शोणितात्–નસો, હાડકાં અને ચરબી તે વીર્યધાતુ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ધાતુઓ એ વૃક્ષની છાલ છે; પાંચ ભૂતો, મન, બુદ્ધિ તથા અહંકાર—એ આઠ તે વૃક્ષની શાખાઓના વિસ્તારો છે, શરીરનાં નવ દ્વારો તે વૃક્ષનાં છિદ્રો છે, દશ પ્રાણ તે વૃક્ષનાં પાંદડાં છે અને જીવ તથા ઈશ્વરરૂપી બે પક્ષીઓ એ વૃક્ષમાં રહે છે.[૨૭] આ સંસારવૃક્ષરૂપી કાર્યનું સર્વોત્કૃષ્ટ ઉત્પત્તિકારણ આપ એકજ છો, આપ એકજ તેનું લયસ્થાન છો અને આપ એકજ તેના પાલક છો; છતાં જેઓનું જ્ઞાન આપની માયા વડે ઢંકાઈ ગયેલું હોય છે, તેઓ આપનેજ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ) અનેક સ્વરૂપે જુએ છે, પણ જેઓ જ્ઞાની છે—વિદ્વાન છે, તેઓ તો આપને અનેક સ્વરૂપે જોતા નથી.[૨૮] કેવળ જ્ઞાનસ્વરૂપ અને સર્વના આત્મારૂપ એવા આપજ સ્થાવર—જંગમ આ લોકનું પાલન કરવા માટે સત્પુરુષ ધર્માત્માઓને સુખ કરનારાં અને ખળ—અધર્મીઓનો નાશ કરનારાં સત્ત્વગુણી સ્વરૂપોને વારંવાર ધારણ કરો છો.[૨૯] હે કમલનયન! કેટલાક મુખ્ય વિવેકી પુરુષો પ્રાણીમાત્રના નિવાસસ્થાનરૂપ એવા આપને વિષે સમાધિદ્વારા યોજેલા મનને લીધે મહાપુરુષોએ સેવવા યોગ્ય તરીકે માનેલા આપના ચરણરૂપી વહાણનો આશ્રય કરીને આ સંસારસમુદ્રને ગાયના વાછરડાના પગલા જેવડો કરે છે—અર્થાત્ અનાયાસે સંસારસમુદ્રને તરી જાય છે.[૩૦] હે સ્વયંપ્રકાશ દેવ! સર્વ પ્રાણીઓ ઉપર અત્યંત પ્રીતિવાળા તે વિવેકી પુરુષો, ભયંકર અને અતિ દુસ્તર એવા સંસારસમુદ્રને પોતે તરી જઈ, આપના ચરણરૂપી નૌકાને (બીજાઓ માટે) અહીં મૂકીનેજ ગયા છે. (કદાચ આપ કહેશો કે, મારા ચરણરૂપી વહાણનો માત્ર આશ્રય કરવાથી તેઓ કેમ તરી ગયા? એના ઉત્તરમાં એજ કહી શકાય કે,) આપ ભક્તો પર અનુગ્રહ કરનારા છો.[૩૧] પણ હે કમળનયન! બીજાઓ જે પોતાને મુક્ત માનનારા છે અને આપને વિષે ભક્તિ નહિ હોવાથી અવિશુદ્ધ બુદ્ધિવાળા છે, તેઓ (અમુક જન્મની તપશ્ચર્યારૂપ) મહાકષ્ટથી પરમપદને પામે છે; (એટલે મોક્ષની સમીપ લઇ જનાર ઉત્તમ કુળ તથા શાસ્ત્રશ્રવણ વગેરેને પ્રાપ્ત કરે છે.) પરંતુ તેઓએ આપના ચરણનો અનાદર કરેલો હોય છે, તેથી (વારંવાર વિઘ્નોથી હેરાન થઇને) એ પરમપદથી તેઓ ભ્રષ્ટ થાય છે;[૩૨] પણ હે માધવ! જેઓએ કેવળ આપને વિષેજ સ્નેહ બાંધેલો હોય છે, તેવા આપના ભક્ત પુરુષો એ રીતે કદી ભ્રષ્ટ થતા નથી; પરંતુ હે પ્રભો! તેઓ તો આપનાથી રક્ષાયલા હોઇને વિઘ્ન કરનારાઓનાં સૈન્યોના અધિપતિઓનાં મસ્તકો ઉપર પણ નિર્ભય થઇને ફર્યા કરે છે.[૩૩] આપ, સર્વની રક્ષા કરવા માટે અત્યંત શુદ્ધ સત્ત્વગુણમય શરીર ધારણ કરો છો, કે જે શરીર પ્રાણીઓને કલ્યાણરૂપી ફળ આપનારું હોય છે અને જે શરીરનો આશ્રય કરી મનુષ્યો વેદો,[૧] ક્રિયાયોગો,[૨] તપ[૩] તથા સમાધિરૂપ[૪] સાધનથી આપનું પૂજન કરે છે.[૩૪] હે ધાતા! આ આપનું સત્ત્વગુણી શરીર જો (અવતારરૂપે) ન હોય, તો અજ્ઞાનકૃત ભેદને દૂર કરનારું વિશિષ્ટ અપરોક્ષ જ્ઞાન પણ થઇ ન શકે. કારણ કે 'જેના સંબંધમાં આવેલા આ બુદ્ધિ આદિ ગુણો પ્રકાશે છે, એટલે ગુણોના જે સાક્ષી છે અથવા બુદ્ધિ પર આરૂઢ થયેલા બુદ્ધિના કોઇ અધિષ્ઠાતાથી આ બાહ્ય ગુણ—ઘટાદિ પ્રકાશે છે—આવો કોઇ બુદ્ધિ આદિ ગુણોનો સાક્ષી ભગવાન હોવો જોઇએ' એમ બુદ્ધિ આદિ ગુણોયુક્ત પ્રકાશ પરથી પરિપૂર્ણ એવા આપનું કેવળ અનુમાન થઇ શકે છે.*

પછીના કોશ છે અને ત્વચા, માંસ તથા અસ્થિ—એ રુધિરની પછીના કોશ છે—આમ એકંદર છ કોશ છે.

૧. વેદો એટલે વેદાધ્યયનરૂપ બ્રહ્મચારીધર્મ.
૨. ક્રિયાયોગો એટલે વૈદિક ક્રિયાઓ કરવારૂપ ગૃહસ્થધર્મ.
૩. તપ એટલે વનવાસ વગેરે વાનપ્રસ્થધર્મ.
૪. સમાધિ એટલે સંન્યાસધર્મ.—બાલપ્રબોધિની
* કહેવાનો ભાવ એ છે કે, આપનું આ શુદ્ધ સત્ત્વ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(પણ આપનો કદી સાક્ષાત્કાર થઇ શકતો નથી.) હે દેવ! જેમનો માર્ગ મન તથા વચનથી કેવળ અનુમાન કરવા યોગ્ય છે અને જે મન તથા વચન વગેરેના સાક્ષી છે, તે આપનાં નામ અને રૂપ, ગુણો, જન્મો કે કર્મોથી જાણી શકાય એવાં નથી; તોપણ આપના ઉપાસકો આપની ઉપાસનારૂપ ક્રિયામાં આપનાં પ્રત્યક્ષ દર્શન કરે છે, એ વાત પ્રસિદ્ધ છે.[૩૫।૩૬] જે મનુષ્ય આપનાં મંગળ નામોનું તથા સ્વરૂપોનું શ્રવણ, કીર્તન, સ્મરણ અને ચિંતન કરે છે–કરાવે છે, તેમજ દેવપૂજા વગેરે હરકોઇ ક્રિયાઓ કરતી વેળા પણ આપના ચરણકમળમાંજ મનને સ્થાપી દે છે, તે મનુષ્ય ફરી સંસારપ્રાપ્તિને માટે યોગ્ય રહેતો નથી–મુક્ત થઇ જાય છે.[૩૭] હે હરિ! આપના ચરણરૂપ એવી પૃથ્વીનો ભાર આપ ઈશ્વરના માત્ર જન્મથીજ દૂર થયો તે બહુ સારું થયું અને બહુ યોગ્ય થયું કે, આપનાં અતિ સુંદર પગલાંઓથી અંકિત થયેલી પૃથ્વીને તથા આપની દયાના પાત્ર થયેલા સ્વર્ગને અમે જોઈશું.[૩૮] હે ઈશ્વર! આપ જન્મરહિત છો, છતાં જન્મ ધારણ કરો છો; તેમાં કેવળ વિનોદ વિના બીજું કારણ હોય એવો અમે તર્ક કરી શકતા નથી. હે નિત્યમુક્ત પરમેશ્વર! આપને જન્મ લેવામાં કંઇ પણ કારણ નથી, એમાં શું કહેવાનું હોય ? કારણ કે જીવાત્મામાં પણ જન્મ, સ્થિતિ તથા નાશ જોવામાં આવે છે, તેમાં પણ આપના સ્વરૂપનું તેને અજ્ઞાન છે તેજ કારણ છે, વસ્તુતઃ જીવાત્માને પણ જન્મ–મરણાદિ નથીજ.[૩૯] હે ઈશ્વર! આપ મત્સ્ય, અશ્વ, કચ્છપ, નૃસિંહ, વરાહ, હંસ, ક્ષત્રિય, બ્રાહ્મણ તથા દેવજાતિમાં અવતાર લઇને જે પ્રમાણે અમારું તથા ત્રણે જગતનું રક્ષણ કરતા આવ્યા છો, તેજ પ્રમાણે પૃથ્વીના ભારને દૂર કરો. હે યદૂત્તમ! આપને અમે વંદન કરીએ છીએ.[૪૦] (ભગવાનની એ પ્રમાણે સ્તુતિ કરીને દેવો દેવકીજીને કહેવા લાગ્યાઃ) 'હે માતા! સાક્ષાત્ પરપુરુષ ભગવાન અમારું કલ્યાણ કરવા માટે પોતાના સમગ્ર ઐશ્વર્ય સાથે તમારા ઉદરમાં પધાર્યા છે, તે બહુ સારું થયું છે. ભોજપતિ કંસ હવે મરવાની અણી ઉપર છે. તેનાથી તમે ડરશો નહિ. તમારા આ પુત્ર યાદવોના રક્ષક થશે.'[૪૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"જેમનું સ્વરૂપ આ સર્વ જગતથી વિલક્ષણ છે, તે ભગવાનની ઉપર્યુક્ત યથાવત્ સ્તુતિ કરીને દેવો, +બ્રહ્મા તથા શંકરને આગળ કરી સ્વર્ગમાં ગયા."[૪૨]

इत्यभिष्टूय पुरुषं यद्रूपमनिदं यथा ।
ब्रह्मेशानौ पुरोधाय देवाः प्रतिययुर्दिवम् ॥ ४२ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो*

શ્રીકૃષ્ણનો જન્મ અને તેમનું ગોકુળમાં પધારવું

॥ श्रीशुक उवाच ॥

अथ सर्वगुणोपेतः कालः परमशोभनः ।
यर्ह्येवाऽजनजन्मर्क्षं शांतर्क्षग्रहतारकम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી જ્યારે સર્વ ગુણયુક્ત પરમ શોભાયમાન સમય હતો; બ્રહ્માનું રોહિણી નક્ષત્ર હતું કે જેમાં નક્ષત્રો, ગ્રહો અને તારાઓ શાંત હતા; દિશાઓ પ્રસન્ન હતી; આકા-

---

ગુણી શરીર અવતાર લે છે, તેથી આપનું સેવન કરતાં તદાકાર થયેલા અંતઃકરણમાં આપની કૃપાથી આપનો સાક્ષાત્કાર થઇ શકે છે. —શ્રીધર

+ બ્રહ્મા તથા શંકરને દેવોએ આગળ કર્યા, એમાં એ કારણ છે કે, દેવોના મનમાં એમ આવ્યું કે, આ બન્ને જણા અમને ઠગીને કદાચ અહીંજ ભગવાનની સેવામાં રહી જશે તો ? આમ માનીને દેવોએ તે બન્નેને આગળ કર્યા હતા. —શ્રીધર

* આ અધ્યાયમાં શ્રીહરિ પોતે પોતાના મૂળસ્વરૂપે પ્રકટ થયા, એટલે માતાપિતાએ તેમની સ્તુતિ કરી અને ભય પામેલા પિતા તેમને ગોકુલમાં લઇ ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

શમાં નિર્મળ નક્ષત્રગણનો ઉદય થઇ ગયો હતો; પૃથ્વી પર શહેરો, ગામડાં, નેસડા અને ખાણોમાં પુષ્કળ મંગળો થઇ રહ્યાં હતાં; નદીઓનાં નીર નિર્મળ થયાં હતાં; ધરાઓમાં વિકસિત કમળોની શોભા થઇ રહી હતી; વનરાજીઓના ગુચ્છાઓમાં પક્ષીઓ અને ભ્રમરો હર્ષનાદ કરી રહ્યા હતા; સુખકારી સ્પર્શ કરતો પવિત્ર સુગંધી વાયુ વાતો હતો; (અગ્નિહોત્રી) બ્રાહ્મણોના અગ્નિ પ્રદીપ્ત પ્રજ્વળી રહ્યા હતા; અસુરોનો દ્રોહ કરનારા સજ્જનોનાં મન પ્રસન્ન થયાં હતાં; સ્વર્ગમાં દુંદુભિ—નગારાં ગડગડી રહ્યાં હતાં; કિન્નરો તથા ગંધર્વો ગાઇ રહ્યા હતા; સિદ્ધો ને ચારણો સ્તુતિ કરી રહ્યા હતા; વિદ્યાધરીઓ અને અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી; મુનિઓ અને દેવો હર્ષભેર પુષ્પવૃષ્ટિ વરસાવી રહ્યા હતા અને મેઘો ગર્જતા સમુદ્રની પાછળ મંદ મંદ ગર્જનાઓ કરી રહ્યા હતા; ત્યારે મધ્યરાત્રિના સમયે અંધકાર જામ્યો હતો. તે સમયે જેમ પૂર્વદિશામાં પૂર્ણચંદ્ર પ્રકટ થાય, તેમ સર્વ પ્રાણીઓનાં હૃદયમાં રહેનારા વિષ્ણુ ભગવાન, દેવસ્વરૂપ દેવકીજી વિષે પ્રકટ થયા.૧-૮ તે વેળા વસુદેવજીએ તે અદ્ભુત બાળકનાં દર્શન કર્યાં. તેમનાં નેત્ર કમળ જેવાં હતાં; તેમણે ચાર ભુજાઓ ધારણ કરી હતી; એ ચારે ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા તથા કમળરૂપ ઉત્કૃષ્ટ આયુધો ધારણ કર્યાં હતાં; તેમના શરીર પર શ્રીવત્સનું ચિહ્ન હતું; ગળામાં કૌસ્તુભમણિ શોભી રહ્યો હતો; પીળાં પીતાંબર ધારણ કર્યાં હતાં; ગાઢ મેઘ જેવા તે સુંદર હતા; મહાકીમતી વૈડૂર્યમણિથી જડેલા મુકુટ અને કુંડળોની કાંતિથી તેમના હજારો કેશ પ્રકાશી રહ્યા હતા અને ઉત્તમ કંદોરો, બાજુબંધ તથા કડાં વગેરેથી શોભતા હતા. આવા શ્રીહરિને પોતાના પુત્રરૂપે અવતરેલા જોઇ વસુદેવજીનાં નેત્રો આશ્ચર્યથી પ્રફુલ્લ થઈ ગયાં; તેમણે શ્રીકૃષ્ણાવતારના ઉત્સવનિમિત્તે હર્ષભેર બ્રાહ્મણોને દશ હજાર ગાયોનું દાન કરવાનો મનમાં સંકલ્પ કર્યો. પછી હે રાજન્! પોતાની કાંતિથી પ્રસૂતિગૃહને પ્રકાશમાન કરી રહેલા તે બાળકને 'આ પરમપુરુષ છે' એમ નિશ્ચયપૂર્વક માનીને પ્રભુના પ્રભાવને જાણનારા શુદ્ધ બુદ્ધિવાળા વસુદેવજીએ બે હાથ જોડી, અંગ નમાવીને નિર્ભયતાપૂર્વક આવી સ્તુતિ કરી.૯-૧૨

વસુદેવજી બોલ્યાઃ—'આપને મેં જાણ્યા છે. આપ પ્રકૃતિથી પર રહેલા સાક્ષાત્ પુરુષ છો; કેવળ અનુભવ અને આનંદ સમાન આપનું સ્વરૂપ છે અને સર્વની બુદ્ધિના આપ દ્રષ્ટા છો; તેજ આપ સૃષ્ટિના આદિમાં પોતાની માયાથી આ ત્રિગુણાત્મક જગત સૃજીને પાછળથી તેમાં પ્રવેશ્યા નથી, તોપણ જાણે (પાછળથી) પ્રવેશ્યા હો તેવા જણાઓ છો.૧૩,૧૪ જેમ મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓરૂપી (સાત) પ્રકૃતિવિકૃતિ, પાંચ મહાભૂતો અને અગિયાર ઇન્દ્રિયોરૂપી (સોળ) વિકૃત પદાર્થોની સાથે મળીને બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે; કેમકે અલગ રહીને તેઓ જુદાં જુદાં કાર્યો કરવા સમર્થ થતા નથી; માટે એ રીતે મળીને બ્રહ્માંડરૂપ કાર્ય ઉત્પન્ન કરી તેમાં જાણે પાછળથી દાખલ થયા હોય તેવા દેખાય છે; પરંતુ તેમ છેજ નહિ. કારણ કે પ્રથમથીજ તે પદાર્થો કારણરૂપે વિદ્યમાનજ હતા; તેથી પાછળથી સૃજેલા કાર્યમાં તેઓનો પ્રવેશ થયો છે, એવું સંભવતુંજ નથી;+ તેમ આપ પણ જીવોનાં લક્ષણ બુદ્ધિ વડે અનુમાન કરવા યોગ્ય છે, (એટલે જીવોનાં સ્વરૂપરૂપાદિના જ્ઞાનથી જણાય છે) એવી ઇન્દ્રિયોથી ગ્રહણ કરાતા ગુણોની સાથે (એટલે ગ્રહણ કરવા યોગ્ય ઘટાદિ વિષયોની સાથે) પ્રથમથીજ વર્તમાન છો (નહિ કે તેઓમાં પાછળથી

+ કહેવાનો ભાવ એ છે કે, અત્યારે આપ દેવકીના ઉદરમાં આવી રહ્યા હતા, એમ માત્ર જણાયજ છે, વસ્તુતઃ આપ કેવળ દેવકીનાજ ઉદરમાં પ્રથમથીજ રહ્યા છો એમ નથી; પણ સર્વ જગતમાં આપ પ્રથમથીજ રહેલા છો. આપે કોઇ પણ સ્થળે પાછળથી પ્રવેશ કર્યોજ નથી; પણ આપ સર્વત્ર પ્રથમથીજ છો.—ભા.ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પેઠા છો) છતાં તે ગુણોનું જ્યારે ગ્રહણ થાય છે, ત્યારે તેઓની સાથે આપનું ગ્રહણ થઇ શકતું નથી. આપ અનાવૃત છો–અપરિચ્છિન્ન છો; સર્વસ્વરૂપ છો, સર્વના આત્મા છો; પરમાર્થવસ્તુરૂપ છો અને સર્વવ્યાપક છો; તેથી આપના સ્વરૂપને 'બહાર કે અંદર' એવો ભેદ છેજ નહિ.× (અને તેથીજ આપનો કોઇ સ્થળે પાછળથી પ્રવેશ થયો હોય એ સંભવતું નથી)[૧૫–૧૭] જે પુરુષ આત્માના દશ્ય દેહાદિ પદાર્થોમાં 'આ પદાર્થો આત્માથી અલગસ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે' આવો નિશ્ચય કરે છે તે મૂર્ખ છે; કેમકે તે તે દેહાદિ પદાર્થો સંબંધે જે સારી રીતે વિચાર કરવામાં આવે, તો 'કેવળ વાણીના તે આરંભજ છે–નામ માત્રજ એવા તે પદાર્થો વાણીના માત્ર વ્યવહારરૂપજ છે' એ વિના બીજું કંઇજ સંભવતું નથી; માટે અવસ્તુ તરીકે હોઇને જે ત્યક્ત છે–આત્માથી અલગ વસ્તુ (સત્ય પદાર્થ) તરીકે જેની ગણનાજ નથી, તેને આત્માથી અલગ વસ્તુ તરીકે જે ગ્રહણ કરે છે, તે પુરુષ મૂર્ખ છે.[૧૮] હે સમર્થ દેવ! વેદો કહે છે કે, આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આપથી થાય છે; છતાં આપ સત્ત્વાદિ ગુણોથી રહિત છો; તેથી કોઈ પણ જાતની ચેષ્ટાથી રહિત છો અને તેથીજ અવિકારી છો. જો કે આપ પરબ્રહ્મ છો (અને તેથીજ નિર્વિકાર છો) છતાં સર્વના ઈશ્વર એવા આપને વિષે તે સૃષ્ટિનું કર્તૃત્વ આદિ વિરુદ્ધ નથી. કારણ કે ગુણોજ સૃષ્ટિના કર્તાહર્તા છે, છતાં તે ગુણોને આપનો આશ્રય હોવાથી તેઓના કર્તૃત્વ આદિનો આપના ઉપર આરોપ કરાય છે.‡[૧૯] આપ ત્રણે લોકનું પાલન કરવા માટે પોતાની ઇચ્છાથીજ (અથવા ભક્તો ઉપરની પોતાની કૃપાથી) પોતાનો શુદ્ધ વર્ણ એટલે સત્ત્વગુણી વિષ્ણુસ્વરૂપ ધારણ કરો છો; લોકોની ઉત્પત્તિ કરવા માટે રજોગુણથી યુક્ત રક્ત વર્ણ (બ્રહ્મસ્વરૂપ) ધારણ કરો છો અને લોકોનો નાશ કરવાને માટે તમોગુણથી યુક્ત કૃષ્ણ વર્ણ (રુદ્રસ્વરૂપ) ધારણ કરે છો.[૨૦] હે પ્રભો! હે સર્વના ઈશ્વર! આપ આ જગતનું રક્ષણ કરવાની ઇચ્છાથી મારે ઘેર અવતર્યા છો અને આપ રાજાઓનાં માત્ર નામ ધારણ કરનારા કરોડો અસુર યૂથપતિઓથી આમતેમ લઇ જવાતી સેનાઓનો સંહાર કરશો.[૨૧] હે દેવોના પણ ઈશ્વર! આપનો જન્મ અમારે ઘેર થશે, એમ સાંભળીને આ નીચ કંસે આપના મોટા ભાઇઓને મારી નાખ્યા છે અને તે દુષ્ટ હમણાંજ પોતાના સેવકોએ જણાવેલા આપના અવતારને સાંભળીને આયુધ ઉગામતો અહીં આવી પહોંચશે.[૨૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી પોતાના એ પુત્રને મહાપુરુષનાં લક્ષણોવાળા જોઇ કંસથી ભય પામેલાં દેવકીજી પવિત્ર હાસ્ય કરતાં તેમની સ્તુતિ કરવા લાગ્યાંઃ[૨૩] 'આપના જે સ્વરૂપને વેદો અવ્યક્ત, સર્વના કારણરૂપ, બ્રહ્મરૂપ, જ્યોતિરૂપ, નિર્ગુણ, નિર્વિકાર, માત્ર સત્તાસ્વરૂપ, વિશેષરહિત અને નિષ્ક્રિય કહે છે, તેજ આપ બુદ્ધિ આદિ ઇન્દ્રિસમૂહના પ્રકાશક સાક્ષાત્ વિષ્ણુ છો.[૨૪] બે પરાર્ધ વર્ષ સુધીના બ્રહ્મદેવના આયુષની જ્યારે સમાપ્તિ થાય છે, ત્યારે કાળના વેગથી સ્થાવર–જંગમ સર્વ જગત વિનાશ પામે છે; પાંચ મહાભૂતો સૂક્ષ્મ ભૂતોમાં લય પામે છે અને તે સૂક્ષ્મ ભૂતો અવ્યક્ત–પ્રધાનમાં લય પામે છે; તે વખતે (કેવળ એક પોતેજ બાકી રહેતા હોઇને) શેષ-

× અર્થાત્ સર્વના અંતર્યામી એવા આપનો કોઈ પણ સ્થળે પાછળથી પ્રવેશ મુખ્ય તરીકે છેજ નહિ; તો પછી હમણાં આ દેવકીના ગર્ભમાં આપે પ્રવેશ કર્યો હોય, એ કેમ સંભવી શકે? માટેજ કેવળ અનુભવ અને આનંદસ્વરૂપ તરીકેજ આપને મેં જાણ્યા છે, એ આશ્ચર્ય છે; મારું સદ્ભાગ્ય છે. —શ્રીધર

‡ જેમ કોઇ કાર્ય રાજાના સેવકોએ કર્યું હોય છે, છતાં તેનો કર્તા તેનો રાજા ગણાય છે, તેમ આ સૃષ્ટિ આદિ કાર્ય ગુણોજ કરે છે છતાં તે, ગુણોને પરમેશ્વરનો આશ્રય હોવાથી સૃષ્ટિ આદિનો કર્તાહર્તા પરમેશ્વર મનાય છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંજ્ઞા ધારણ કરનારા આપજ એક બાકી રહો છો.[૨૫] હે પ્રકૃતિના પ્રવર્તક પરમાત્મન્! આ કાળ કે જે (સૂક્ષ્મમાંસૂક્ષ્મ) નિમેષથી (આંખના પલકારા જેટલા સમયથી) આરંભીને વર્ષ સુધીનો (સ્થૂલસ્વરૂપમાં) ગણાય છે અને (એ રીતે વર્ષોનાં વર્ષોની આવૃત્તિઓથી) જે સર્વથી મહાન છે અને જે કાળને લીધે આખું જગત ચેષ્ટા કરે છે, તે કાળને વિદ્વાનો તમારી એક ચેષ્ટા કહે છે; તે સર્વના નિયંતા અને નિર્ભય સ્થાનરૂપ આપને હું શરણે આવી છું.[૨૬] હે આદિદેવ! મનુષ્ય, મૃત્યુરૂપી સર્પથી ભયભીત થઇને સર્વ લોકમાં નાસતો ફરે છે; પણ તેને કોઇ નિર્ભય સ્થાન મળતુંજ નથી; પછી દૈવેચ્છાએ આપનાં ચરણકમળમાં આવી પહોંચીને શાંત થઇ શયન કરે છે; કેમકે આપનાં ચરણકમળથી મૃત્યુ દૂર નાસે છે.[૨૭] આપ ઉગ્રસેનના ભયંકર પુત્ર કંસથી ત્રાસ પામેલાં અમારી રક્ષા કરો; કેમકે આપ ભક્તોના ત્રાસનો નાશ કરનારા છો; વળી આપનું આ ઈશ્વરી સ્વરૂપ કે જે ધ્યાન કરવાને યોગ્ય છે, તેને ચર્મચક્ષુવાળાઓ સમક્ષ પ્રકટ ન કરો. હે મધુસૂદન! આપનો મારે વિષે જન્મ થયો છે, આ વાતને આ પાપી કંસ ન જાણે તો સારું; કારણ કે હું અધીર બુદ્ધિવાળી આપને માટે કંસથી ડરું છું; માટે હે વિશ્વાત્મન! આપનું આ અલૌકિક સ્વરૂપ કે જે શંખ, ચક્ર, ગદા અને કમળની શોભાથી યુક્ત છે તથા ચાર ભુજાઓવાળું છે, તેને આપ સમેટી લો.[૨૮-૩૦] આપ પરમપુરુષ પ્રલયના અંતે આ જગતને પોતાના શરીરમાં, પુષ્કળ જગ્યા રહે એ રીતે ધારણ કરો છો; તે આપ મારા ગર્ભમાં સમાઇ રહ્યા!! અહો! આ વાત ખરેજ, મનુષ્યોને હસવું આવે તેવી છે.'[૩૧]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે સતિ! સ્વાયંભુવ મન્વંતરના સમયમાં તમે પૂર્વજન્મમાં પૃશ્નિ નામનાં હતાં અને તે વેળા આ વસુદેવજી સુતપા નામના નિર્દોષ પ્રજાપતિ હતા.[૩૨] તમને બન્નેને બ્રહ્માએ જ્યારે પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી, ત્યારે ઇન્દ્રિયના સમૂહને વશ કરી તમે બન્નેએ મહાન તપશ્ચર્યા કરી હતી.[૩૩] તે વેળા વરસાદ, વાયુ, તડકો, ટાઢ અને ગરમી વગેરે કાળના ગુણોને તમે સહન કરતાં હતાં અને પ્રાણાયામોદ્વારા મનના મેલને તમે ધોઇ નાખ્યા હતા.[૩૪] ઝાડ ઉપરથી પોતાની મેળે ખરી પડેલાં પાંદડાં અને વાયુનો તમે આહાર કરતાં હતાં ને મારી પાસેથી ઇચ્છિત કામનાઓ મેળવવાની ઇચ્છાથી શાંતચિત્તે મારું આરાધન કરતાં હતાં.[૩૫] એ રીતે મારામાં મન રાખી પરમ દુષ્કર તીવ્ર તપશ્ચર્યા તમે કરતાં હતાં; તેટલામાં તમારાં દેવતાઈ બાર હજાર વર્ષો વીતી ગયાં હતાં.[૩૬] પછી હે માતા! તે સમયે તમારા પર પ્રસન્ન થઇને હું આજ શરીરે પ્રકટ થયો હતો; કેમકે તમે તપ, શ્રદ્ધા ને ભક્તિથી હૃદયમાં મારું નિત્ય ચિંતન કર્યું હતું;[૩૭] તેથીજ વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ એવો હું તમને બન્નેને વર આપવાની ઇચ્છાથી પ્રકટ થયો હતો અને 'વર માગો' એમ જ્યારે મેં કહ્યું હતું, ત્યારે તમે મારા જેવો પુત્ર માગ્યો હતો.[૩૮] કારણ કે તમે બન્ને દંપતીએ તે વેળા સંસારનાં વિષયસુખ ભોગવ્યાં ન હતાં અને તમને કંઇ સંતાન પણ ન હતું; તેથી માયામાં મોહિત થઇને તમે મારી પાસેથી મોક્ષ માગ્યો ન હતો.[૩૯] હું તમને બન્નેને એ વર આપીને ગયો, એટલે મારા જેવો પુત્ર થવાનું વરદાન મેળવીને જેમના મનોરથ પૂર્ણ થયા હતા, એવાં તમે બન્ને સાંસારિક વિષયભોગો ભોગવવા લાગ્યાં.[૪૦] પછી શીલ અને ઉદારતા વગેરે ગુણોથી મારા સમાન બીજો કોઇ પણ જગતમાં મેં જોયો નહિ, તેથી હું પોતેજ તમારા બન્નેના પુત્ર તરીકે અવતર્યો હતો અને 'પૃશ્નિગર્ભ' એવા નામથી પ્રસિદ્ધ થયો હતો.[૪૧] તે પછી (બીજા જન્મમાં) તેજ તમે બે અદિતિ તથા કશ્યપ તરીકે જ્યારે ઉત્પન્ન થયાં હતાં, ત્યારે હું પણ કશ્યપથી અદિતિમાં જન્મ્યો હતો. તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વેળા હું 'ઉપેન્દ્ર' એવા નામથી પ્રખ્યાત થયો હતો. શરીરે હું ઠીંગણો હતો, તેથી 'વામન' એવા નામે પણ લોકો મને કહેતા હતા. તે પછી હે સતિ! આ ત્રીજા જન્મમાં પણ તેજ શરીરે ફરીથી તમારા બન્નેના પુત્ર તરીકે હું અવતર્યો છું; આ મારાં વચન ખરેખર સત્ય છે.[૪૨,૪૩] તમને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થાય, તે માટે મારું આ સ્વરૂપ મેં તમને બતાવ્યું છે. કારણ કે જો એમ ન કરું, તો મનુષ્યના સ્વરૂપે મારું જ્ઞાન કદી થાયજ નહિ.[૪૪] તમે બન્ને પુત્રભાવે તથા બ્રહ્મભાવે મારું વારંવાર ચિંતન કરતાં મારા પર સ્નેહ કરીને મારી પરમગતિને પ્રાપ્ત કરશો.[૪૫] (*હે પિતાજી! જો તમે કંસથી ડરતા હો, તો મને અહીંથી ગોકુલમાં લઇ જાઓ ને યશોદાના ગર્ભથી ઉત્પન્ન થયેલી મારી માયાને સત્વર અહીં લાવો.)

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે કહીને ભગવાન શ્રીહરિ બોલતા બંધ થયા અને તુરતજ પોતાની માયા વડે માતા–પિતાના દેખતાં એક પ્રાકૃત બાળક બની ગયા. પછી ભગવાને જેમને પ્રેરણા કરી હતી, એવા વસુદેવજીએ પુત્રને લઈ પ્રસૂતિગૃહમાંથી બહાર નીકળવાની જેવી ઇચ્છા કરી કે તેજ સમયે (ગોકુલમાં) નંદની સ્ત્રી યશોદાએ યોગમાયાને જન્મ આપ્યો.[૪૬,૪૭] તે યોગમાયાએ દ્વારપાળોની સર્વ જ્ઞાનોપયોગી ઇન્દ્રિયવૃત્તિઓ હરી લીધી, (જેથી તેઓ નિદ્રાવશ થઇ ગયા) અને નગરવાસીઓને પણ નિદ્રાધીન કરી મૂક્યા; ત્યારે વસુદેવજી શ્રીકૃષ્ણને લઇને જવા ચાલ્યા કે, તેજ સમયે સર્વ દરવાજાઓ કે જેઓને મોટાં મોટાં કમાડો, લોઢાના ખીલાઓ અને સાંકળોથી કોઈ જઈ ન શકે તે રીતે બંધ કરવામાં આવ્યા હતા, તેઓ પણ સૂર્ય આવતાં જેમ અંધકાર દૂર થાય, તેમ પોતાની મેળેજ ઊઘડી ગયા; મંદ મંદ ગાજતો મેઘ વરસવા લાગ્યો અને શેષનાગ પોતાની ફણાઓથી (ભગવાન પર પડતા) પાણીને અટકાવતો વસુદેવની પાછળ પાછળ જવા લાગ્યો.[૪૮,૪૯] એ રીતે વરસાદ વારંવાર વરસતો હતો, ત્યારે યમુના નદીમાં પાણીનું ગંભીર પૂર આવ્યું; જેના વેગને લીધે નદીમાં મોટાં મોટાં મોજાંઓ ઊછળતાં હતાં; ચારે તરફ ફીણ ફીણ જણાતું હતું; સેંકડો ભયંકર ધૂમરીઓ થયા કરતી હતી; છતાં જેમ શ્રીરામચંદ્રજીને સમુદ્રે માર્ગ આપ્યો હતો, તેમ યમુના નદીએ વસુદેવજીને માર્ગ આપ્યો હતો;[૫૦] એટલે વસુદેવજી (નિર્વિઘ્ને) નંદના વ્રજમાં જઇ પહોંચ્યા. તેમણે સર્વ ગોવાળિયાઓને નિદ્રાધીન થયેલા જોઇ યશોદાના શયનમાં શ્રીકૃષ્ણને મૂકી દીધા અને તેની પુત્રીને લઇને પાછા કારાગૃહમાં જઇ પહોંચ્યા.[૫૧] તે પછી વસુદેવ દેવકીના શયનમાં પેલી પુત્રીને મૂકીને પોતાના પગમાં લોઢાની બેડી પહેરી લઇ પૂર્વની પેઠે (કેદી અવસ્થામાં)જ રહ્યા.[૫૨] પેલી તરફ નંદની સ્ત્રી યશોદા પોતાને કંઇક બાળક જન્મ્યું છે એટલુંજ જાણતી હતી; પણ પુત્ર જન્મ્યો છે કે પુત્રી, એ કંઇ જાણતી ન હતી; કેમકે (પ્રસવની પીડાથી) તે થાકી ગઈ હતી અને યોગનિદ્રાને લીધે તેની સ્મરણશક્તિ ચાલી ગઈ હતી."[૫૩]

यशोदा नंदपत्नी च जातं परमबुध्यत ।
न तल्लिंग परिश्रांता निद्रयाऽपगतस्मृतिः ॥५३॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

* આ શ્લોક ક્ષેપક છે. —ભા ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ४ थो×

કંસે આરંભેલા બાળહત્યા વગેરે ઘોર અત્યાચાર

॥ श्रीशुक उवाच ॥

बहिरंतः पुरद्वारः सर्वाः पूर्ववदावृताः ।
ततो बालध्वनिं श्रुत्वा गृहपालाः समुत्थिताः ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"તે પછી બહારના તથા અંતઃપુરના સર્વ દરવાજાઓ પૂર્વની પેઠે બંધ થઇ ગયા અને બાળકનો શબ્દ સાંભળી કેદખાનાના રક્ષકો જાગી ઊઠ્યા.[1] તેઓએ તુરતજ કંસની પાસે જઇને દેવકીને કંઇ બાળક જન્મ્યું છે, એ વાત તેને જણાવી, કે જેને માટે કંસ ઉદ્વિગ્ન થઇને રાહ જોયા કરતો હતો.[2] તે એકદમ શય્યામાંથી ઊઠ્યો અને 'આ મારો કાળ છે' એમ વિહ્વળ થઇને છૂટા કેશે ઠોકરો ખાતો દેવકીના પ્રસૂતિગૃહમાં સત્વર જઇ પહોંચ્યો.[3] તે વખતે સતી દેવકી પોતાના ભાઇને કરગરીને કહેવા લાગી કે, 'હે કલ્યાણ કરનાર ભાઈ! તને પુત્ર થશે તો આ મારી પુત્રી તેને પરણાવીશ, એટલે આ તારી પુત્રવધૂ થશે; માટે આ સ્ત્રીને તારે મારવી યોગ્ય નથી. હે ભાઇ! દૈવની પ્રેરણા પામેલા તેં અગ્નિ સરખા તેજસ્વી મારા ઘણા પુત્રોને મારી નાખ્યા છે; તો આ એક પુત્રી તું મને આપ.[૪।૫] હે સમર્થ ભાઇ! હું તારી નાની બહેન છું; ગરીબડી છું; મારા સઘળા પુત્રો માર્યા ગયા છે; તો મને અભાગિણીને આ છેલ્લી પ્રજા આપવાને તું યોગ્ય છે.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે પેલી પુત્રીને છાતીસરસી ચાંપીને અત્યંત દીનની પેઠે દેવકી રુદન કરતી હતી; પણ દુષ્ટ કંસે તેને તરછોડી કાઢીને તેના હાથમાંથી તે કન્યાને ઝૂંટવી લીધી[૬।૭] અને માત્ર હજી તુરતમાંજ જન્મેલી તે બહેનની પુત્રીના બન્ને પગ પકડીને પથ્થર ઉપર પટકવા માંડી. કેમકે સ્વાર્થને લીધે તેણે બહેન ઉપરના સ્નેહને ઉખેડી નાખ્યો હતો.[૮] (પછી પથ્થર ઉપર પટકાતા પહેલાં તો) તુરતજ વિષ્ણુની બહેન તે દેવી કંસના હાથમાંથી ઊડી જઇને ઊંચે આકાશમાં જઈ પહોંચી અને આયુધો સહિત આઠ મોટી ભુજાઓવાળી તે દેખાવા લાગી.[૯] તે દેવી દિવ્ય માળાથી, વસ્ત્રોથી, ચંદનના વિલેપનથી અને રત્નજડિત આભૂષણોથી શણગારેલી હતી; ધનુષ, ત્રિશૂલ, બાણો, ઢાલ, તલવાર, શંખ, ચક્ર તથા ગદાને ધારણ કરી રહી હતી અને પુષ્કળ બલિદાનો લઇ આવેલા સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ, કિન્નરો તથા સર્પો વડે સ્તુતિ કરાતી હતી. પછી તે દેવીએ કંસને કહ્યું કે,[૧૦।૧૧] 'ઓ મૂર્ખ! મને મારવાથી તારું શું વળવાનું છે? તારો નાશ કરનાર તારો પૂર્વશત્રુ કોઈક પણ સ્થળે જન્મી ચૂક્યો છે; માટે તું વ્યર્થ ગરીબોને ન માર.' એમ કહીને તે ભગવતી યોગમાયાએ પૃથ્વી પર અનેક સ્થળે અનેક નામો ધારણ કરીને નિવાસ કર્યો.[૧૨।૧૩] કંસ એ યોગમાયાએ કહેલું વચન સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યો. તેણે વસુદેવને તથા દેવકીને કેદમાંથી મુક્ત કરી વિનય વડે નમ્ર બનીને કહ્યું કે, 'અહો બહેન! અહો બનેવી! જેમ કોઇ રાક્ષસ પોતાનાં છોકરાંઓને મારી નાખે, તેમ મેં પાપીએ તમારા ઘણા પુત્રોને મારી નાખ્યા છે.[૧૪।૧૫] હું ખરેખર નિર્દય છું, જ્ઞાતિઓ અને સગાંસંબંધીઓનો મેં ત્યાગ કર્યો છે; વળી હું દુષ્ટ છું અને બ્રહ્મહત્યારાની પેઠે જીવતાંજ મુએલો છું. હાય! હું કયા લોકમાં જઇશ?[૧૬] જુઓ તો ખરા!! કેવળ મનુષ્યોજ જૂઠું બોલે છે; એમ નથી, પરંતુ દેવો સુધ્ધાં પણ જૂઠું બોલે છે; કેમકે એ દેવતાઇ વાણીના વિશ્વાસથી મેં પાપીએ મારી બહેનના પુત્રોને મારી નાખ્યા છે.[૧૭] હે મહાભાગ્યશાળી બહેન અને બનેવી! પોતાનાં પ્રારબ્ધ-

× આ અધ્યાયમાં ચંડિકાનું વાક્ય સાંભળી અત્યંત ભયથી વ્યાકુળ થયેલા કંસે દુષ્ટ મંત્રીઓ સાથે (મંત્રણા કરી) બાળકોની હિંસાને પોતાના હિત તરીકે માની, એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્મોને ભોગવનારા તમારા પુત્રોનો તમે શોક કરશો નહિ કેમકે પ્રાણીમાત્ર દૈવાધીન છે, જેથી કોઇ પણ પ્રાણી સદા એક સ્થળે કદી રહેતું નથી.[૧૮] જેમ પૃથ્વીમાંથીજ બનેલા ઘડા વગેરે પદાર્થો પૃથ્વી ઉપર આવે છે, જાય છે, ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; છતાં પૃથ્વી તો તેની તેજ, તેવી ને તેવીજ રહે છે; તેમ પ્રાણીઓનાં શરીરોજ જાય છે, આવે છે, ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; પણ એ શરીરોમાં રહેનારો આત્મા કોઇ પણ જાતના જન્મમરણાદિ વિકારો પામતો નથી-આત્મા તો સદા એકજ સ્વરૂપે રહે છે.[૧૯] જે મનુષ્ય એ પ્રમાણે આત્માના યથાર્થ સ્વરૂપને નથી જાણતો, તેનેજ આત્મા વિષે દેહબુદ્ધિ થાય છે; જેને લીધે (આ જુદો છે; હું જુદો છું; એવી) બુદ્ધિ થાય છે અને તે ભેદબુદ્ધિને લીધે પુત્ર, સ્ત્રી આદિના શરીર સાથે સંયોગ થાય છે; વિયોગ થાય છે અને તેથીજ આ સંસાર કદી નિવૃત્ત થતો નથી-સુખદુઃખ થયા કરે છે. (આ રીતે જ્યાંસુધી અજ્ઞાન છે, ત્યાંસુધી સંસારની કદી નિવૃત્તિ થતી નથી.)[૨૦] માટે હે કલ્યાણિ બહેન! મેં તારા છોકરાઓને જોકે મારી નાખ્યા છે; તોપણ તેઓનો તું શોક કર મા. કારણ કે સર્વ પ્રાણી પરાધીન થઇને પોતાનાં કર્મને ભોગવે છે. દેહાભિમાની (દેહનેજ પોતાનો આત્મા માનનાર) હરકોઇ પ્રાણી જ્યાંસુધી પોતાને હણાયલો માને છે અને 'હું બીજાને મારી નાખું છું' એમ માને છે, ત્યાંસુધી તે શરીર પરના અભિમાનવાળો અજ્ઞાની હોઇને બાધ્ય-બાધકભાવને પામે છે; એટલે અમુક મનુષ્ય અથવા પશુને હું બાધક-બાધા કરનાર છું અને અમુક પશુ અથવા મનુષ્ય બાધ્ય-બાધાને યોગ્ય છે, એમ ભેદભાવના કરે છે; (જેથી હિંસાદિથી થયેલાં પાપનાં પ્રાયશ્ચિત્તોનો અધિકારી થાય છે.)[૨૧।૨૨] તમે મારી દુષ્ટતા ક્ષમા કરો; કેમકે સજ્જનો દીનજનો પર પ્રેમ રાખનારા હોય છે' એમ કહીને કંસે રડતાં રડતાં પોતાની બહેન તથા બનેવીના ચરણમાં સ્પર્શ કર્યો-ચરણસ્પર્શપૂર્વક બહેન તેમજ બનેવીને પ્રણામ કર્યા.[૨૩] તેણે પેલી યોગકન્યાનાં વચન પર વિશ્વાસ કરીને દેવકી તથા વસુદેવને બંધનથી મુક્ત કર્યાં અને દેવકી તથા વસુદેવ પ્રત્યે પોતાનો સ્નેહ પ્રદર્શિત કર્યો.[૨૪] પછી દેવકીએ રોષને શાંત કરીને, પશ્ચાત્તાપ કરતા પોતાના ભાઇને ઘેર જવાની રજા આપી અને વસુદેવે પણ (રોષરહિત થઈ) હસીને કંસને કહ્યું કે,[૨૫] 'હે મહાભાગ્યશાળી કંસ! તમે કહો છો તે તેમજ છે. પ્રાણીમાત્રને અજ્ઞાનને લીધેજ (દેહાદિના ઉપર) અહંબુદ્ધિ ઉત્પન્ન થાય છે; જેને લીધે 'આ હું અને આ બીજો' એવું ભેદદર્શન ઉત્પન્ન થાય છે અને એવી ભેદદૃષ્ટિથી જેઓ યુક્ત હોય છે, તેઓ શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ ને મદથી પણ યુક્ત બની જઇને પદાર્થોના નિમિત્તે બીજા પદાર્થોનો વિનાશ કરતા ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકતા નથી. (પણ 'હું બીજાનો હણનાર છું ને મને બીજાઓએ હણી નાખ્યો છે' એમ માને છે.)[૨૬।૨૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"એ પ્રમાણે દેવકી તથા વસુદેવે પ્રસન્ન થઇને શુદ્ધ હૃદયે કંસને કહ્યું અને ઘેર જવાની તેને રજા આપી; એટલે તે પોતાને ઘેર ગયો.[૨૮] એ રીતે એ રાત્રિ વીતી ગઈ કે બીજેજ દિવસે કંસે પોતાના મંત્રીઓને બોલાવીને યોગમાયાએ જે કંઇ કહ્યું હતું, તે સર્વ તેઓને કહી સંભળાવ્યું;[૨૯] એટલે પોતાના રાજાનું તે વચન સાંભળી દેવોના શત્રુ દૈત્યો કે જેઓ અત્યંત બુદ્ધિશાળી ન હતા, તેઓએ દેવો પ્રત્યે ક્રોધ કરીને કંસને કહેવા માંડ્યું કે,[૩૦] 'જો એમજ હોય તો હે ભોજવંશી રાજા! શહેરો, ગામડાં અને નેસડા વગેરેમાં દસ દિવસની અંદરનાં અને દસ દિવસની ઉપરનાં બાળકોને આજેજ અમે મારી નાખીશું.[૩૧] દેવતાઓ યુદ્ધથી ડરનારા છે. તેઓ આવા આવા ઉદ્યમો કરીને શું કરવાના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



તારો પ્રાણ લેનારો તો ઊપજી ચૂક્યો છે [પૃષ્ઠ ૭૪૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે? તમારા ધનુષની દોરીનો અવાજ માત્ર સાંભળીને તો તેઓ હમેશાં ભયભીત મનવાળા રહે છે.[૩૨] જે સમયે ઉપરાઉપરી બાણો છોડીને તમે વીંધવા માંડો છો અને ચોતરફથી મારો ચલાવો છો, તે સમયે દેવો જીવવાની ઇચ્છાથી યુદ્ધનો ત્યાગ કરી પલાયન કરી જાય છે.[૩૩] કેટલાએક દેવો બે હાથ જોડી દીન બનીને શસ્ત્રોનો ત્યાગ કરી દે છે ને કેટલાકની તો કાછડીઓ તથા શિખાઓ પણ છૂટી ગયેલી હોઇને 'અમે ભયભીત બની ગયા છીએ' એમ બોલી ઊઠે છે.[૩૪] તે વેળા જેઓને શસ્ત્રો તથા અસ્ત્રોનું કંઇ ભાન હોતું નથી, રથોથી જેઓ રહિત થઇ પડ્યા હોય છે, જેઓ બીજાઓ સામે યુદ્ધ કરવામાં આસક્ત થયેલા હોય છે; જેઓ યુદ્ધથી વિમુખ થયેલા હોય છે અને જેઓ ધનુષો ભાંગી પડેલાં હોઇને યુદ્ધ કરતા નથી, તેઓને તમે મારતા નથી.[૩૫] જો કે કલ્યાણકારી સ્થિતિમાંજ શૂરા અને યુદ્ધપ્રસંગ વિનાજ બડાઈ હાંકનારા દેવો શું કરવાના છે? એકાંતમાંજ પડી રહેનારો પેલો હરિ શું કરવાનો છે? જંગલમાંજ પડી રહેનારો પેલો મહાદેવ શું કરવાનો છે? અલ્પ પરાક્રમવાળો ઇન્દ્ર શું કરવાનો છે? અથવા તપશ્ચર્યા કર્યા કરતો પેલો બ્રહ્મા શું કરવાનો છે? તોપણ દેવો આપણા શત્રુઓ છે, તેથી તેઓ તરફ બેદરકાર રહેવું તે યોગ્ય નથી; એમ અમે માનીએ છીએ; માટે તેઓનું મૂળ કાઢી નાખવા માટે અમને સેવકોને તમે આજ્ઞા કરો.[૩૬।૩૭] જેમ શરીરમાં થયેલો રોગ, બેદરકારી રાખવામાં આવે છે, તો પોતાનું સ્થાન જમાવી બેસે છે, તેથી તેને મટાડી શકાતો નથી અથવા જેમ ઇન્દ્રિયોના સમુદાયને પ્રથમ છૂટો મૂકી દીધો હોય, તો પછી તેને વશ કરી શકાતો નથી, તેમ કોઇ પણ શત્રુ બળ બાંધીને મોટો થઇ પડે છે, એટલે પછીથી તેને જીતી શકાતો નથી. દેવોનું મૂળ વિષ્ણુ ગણાય છે, જ્યાં સનાતનધર્મ હોય છે, ત્યાં વિષ્ણુ રહે છે અને સનાતનધર્મનું મૂળ વેદો, ગાયો, બ્રાહ્મણો, તપ તથા દક્ષિણાઓવાળા યજ્ઞો છે.[૩૮।૩૯] માટે હે રાજન્! હરકોઈ પ્રકારે વેદવાદી બ્રાહ્મણોને, તપસ્વીઓને, યજ્ઞ કરનારાઓને તથા યજ્ઞનાં હોમદ્રવ્ય—ઘીદૂધ વગેરે પૂરું પાડનારી ગાયોને અમે મારી નાખીએ. કેમકે બ્રાહ્મણો, ગાયો, વેદો, તપ, સત્ય, ×દમ, *શમ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા (સર્વ દુઃખો સહન કરવાં તે) અને યજ્ઞો—આ બધાં વિષ્ણુનાં શરીર છે.[૪૦।૪૧] વળી તે વિષ્ણુ સર્વ દેવોમાં મુખ્ય, અસુરોનો શત્રુ, સર્વના હૃદયમાં રહેનારો અને બ્રહ્મા તથા શંકર સહિત સર્વ દેવોનું મૂળ છે; માટે ઋષિઓનો વિનાશ કરી નાખવો તેજ વિષ્ણુના નાશનો ઉપાય છે.[૪૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે દુષ્ટ બુદ્ધિવાળા કંસે દુષ્ટ મંત્રીઓ સાથે વિચાર કરીને બ્રાહ્મણોની હિંસાને પોતાનું હિત કરનાર માની; કારણ કે તે અસુર—કંસ કાળના પાશમાં સપડાયો હતો.[૪૩] તેણે સર્વનું નિકંદન કરવું એજ જેઓને પ્રિય હતું, એવા ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા દાનવોને સર્વ દિશાઓમાં સજ્જનોનો સંહાર કરી નાખવા આજ્ઞા કરીને પોતાના ઘરમાં પ્રવેશ કર્યો.[૪૪] ત્યાર પછી જેઓનાં મૃત્યુ સમીપ આવ્યાં હતાં ને જેઓનાં મન તમોગુણથી મૂઢ બન્યાં હતાં, એવા તે રજોગુણી સ્વભાવવાળા અસુરો સજ્જનોનો દ્વેષ કરવા લાગ્યા. (પણ તેઓ જાણતા ન હતા કે,) મહાન પુરુષોનો અપરાધ કરવો તે પુરુષના આયુષનો, લક્ષ્મીનો, યશનો, ધર્મનો, સ્વર્ગાદિ લોકોનો, સર્વ કામનાઓનો તથા સર્વ કલ્યાણોનો નાશ કરે છે."[૪૫।૪૬]

आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च ।
हंति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥ ४६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

× ઇન્દ્રિયનિગ્રહ —भा. क.

* માનસિક જય —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ५ मो*

ગોકુલમાં શ્રીકૃષ્ણજન્મનો મહોત્સવ

॥ श्रीशुक उवाच ॥

नंदस्त्वात्मज उत्पन्ने जाताह्लादो महामनाः ।
आहूय विप्रान् वेदज्ञान् स्नातः शुचिरलंकृतः ॥१

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"(બીજી તરફ ગોકુલમાં) પોતાને ત્યાં પુત્રનો જન્મ થયો, એટલે મોટા મનવાળા નંદરાયને હર્ષ થયો. તેમણે સ્નાન કરી, પવિત્ર થઇ, અલંકારો ધારણ કરીને જ્યોતિષ જાણનારા બ્રાહ્મણોને બોલાવ્યા અને તેમની પાસે સ્વસ્તિવાચન કરાવી પુત્રનું જાતકર્મ કરાવ્યું; તેમજ વિધિ પ્રમાણે પિતૃઓનું તથા દેવોનું પૂજન કરાવ્યું.૧૨ પછી તેમણે સારી રીતે શણગારેલી બે લાખ ગાયોનું તથા રત્નોના સમૂહોથી અને સોનેરી વસ્ત્રોથી ઢાંકેલા સાત તલના પર્વતોનું બ્રાહ્મણોને દાન કર્યું.૩ કારણ કે કાળથી પૃથ્વી વગેરે શુદ્ધ થાય છે; સ્નાનથી શરીર વગેરે શુદ્ધ થાય છે; ધોવાથી અપવિત્ર વસ્તુ વડે ખરડાયલાં વસ્ત્રો વગેરે શુદ્ધ થાય છે; તપશ્ચર્યાથી ઇન્દ્રિયો વગેરે શુદ્ધ થાય છે; સંસ્કારો કરવાથી ગર્ભ વગેરે શુદ્ધ થાય છે; યજ્ઞો કરવાથી બ્રાહ્મણો વગેરે શુદ્ધ થાય છે; દાન કરવાથી ધન વગેરે શુદ્ધ થાય છે; સંતોષ રાખવાથી મન શુદ્ધ થાય છે અને બ્રહ્મવિદ્યાથી જીવાત્મા શુદ્ધ થાય છે.૪ પછી તે વેળા બ્રાહ્મણો, પૌરાણિકો, વંશાવળી કહેનારાઓ અને ભાટ તથા ચારણોએ માંગલિક આશીર્વાદોની વાણી કહી; ગવૈયાઓ ગાવા લાગ્યા અને ભેરીઓ તથા દુંદુભિઓ વારંવાર વાગવા લાગ્યાં.૫ આખાય વ્રજમાં ઘરનાં બારણાંઓ, આંગણાંઓ તથા ઓરડાઓને વાળીઝાડી સાફ કર્યાં; બધેય ઠેકાણે પાણી છાંટવામાં આવ્યાં અને રંગ-બેરંગી ધ્વજાઓ, પતાકાઓ, પુષ્પની માળાઓ તથા વસ્ત્રનાં અને પાંદડાંઓનાં તોરણો લટકાવી દીધાં.૬ ગાયોને, બળદોને તથા નાનાં નાનાં વાછરડાંઓને પણ હળદર તેમજ તેલ લગાવીને જાતજાતના રંગ, મોરપીંછ, માળાઓ, વસ્ત્રો તથા સુવર્ણની માળાઓથી શણગારી દીધાં.૭ હે રાજન્! ગોવાળિયાઓ મહાકીમતી વસ્ત્રો, દાગીનાઓ, અંગરખાંઓ તથા પાઘડીઓથી સુશોભિત થઇને જાતજાતની ભેટો હાથમાં લઇને નંદરાયને ઘેર આવવા લાગ્યા.૮ ગોપીઓ પણ યશોદાને ત્યાં પુત્રજન્મ થયો, તે સાંભળીને ખુશ ખુશ થઈ ગઇ અને વસ્ત્રો, અલંકારો તથા આંજણ વગેરેથી પોતાને શણગારવા લાગી.૯ તેઓ નવા કેસરના રજકણોથી મુખને શોભાયમાન કરીને હાથમાં ભેટો લઇ મોટા નિતંબો તથા સ્તનોને કંપાવતી ઉતાવળી ઉતાવળી નંદજીને ઘેર જવા લાગી. તે વેળા નંદજીના ઘર તરફ જતી ગોપીઓ રસ્તામાં અત્યંત શોભતી હતી; કેમકે તેઓએ સ્વચ્છ મણિજડિત કુંડળો કાનમાં ધારણ કર્યાં હતાં, ગળામાં સોનાની કંઠીઓ પહેરી હતી; રંગબેરંગી વસ્ત્રો ધારણ કર્યાં હતાં; હાથમાં કડાંઓ પહેર્યાં હતાં; ચંચળ કુંડળો, સ્તનો તથા હાર વડે તેઓની શોભા થઈ રહી હતી; તેમજ તેઓના અંબોડાઓમાંથી પુષ્પવૃષ્ટિઓ વેરાતી હતી. તેઓ નંદરાયને ઘેર જઇને 'હે પરમેશ્વર! આ બાળકનું તમે લાંબા કાળ સુધી રક્ષણ કરજો.' એમ બાળકને આશીર્વાદો આપવા લાગી અને પ્રત્યેક મનુષ્યને હળદર, તેલ તથા પાણીનાં છાંટણાં છાંટતી ગીતો ગાવા લાગી. એ પ્રમાણે જગતના ઈશ્વર અનંત શ્રીકૃષ્ણ, નંદના વ્રજમાં પધાર્યા, ત્યારે મહાન ઉત્સવ થયો અને જાતજાતનાં વાજાંઓ વાગવા લાગ્યાં.૧૦-૧૩ ગોવાળિયાઓ હર્ષમાં આવી જઇને દહીં, દૂધ, ઘી તથા જળથી એકબીજાને પરસ્પર છાંટવા લાગ્યા અને માખણથી પરસ્પર લીંપી દઇ દહીં—દૂધના કીચડમાં એકબીજાને ફેંકવા લાગ્યા.૧૪ ઉદાર મનવાળા નંદજીએ તે ગોવા-

* આ અધ્યાયમાં નંદરાયે પુત્રના જાતકર્મસંસ્કારનો મહોત્સવ કરી મથુરા જઇ, વસુદેવને મળવાથી આનંદ મેળવ્યો, એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આદર્શ વૈશ્ય નંદરાય

[પૃષ્ઠ ૭૪૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

ળિયાઓને, ગોપીઓને, સૂતોને, માગધોને, બંદિજનોને તથા વિદ્યા ઉપર આજીવિકા ચલાવનારા બીજાઓને પણ વસ્ત્રો, અલંકારો, ગાયો તથા ધન અર્પણ કર્યાં.[૧૫] ઉપરાંત ઉદાર મનવાળા નંદરાયે વિષ્ણુની આરાધના માટે તથા પુત્રના કલ્યાણ માટે જેઓએ જે જે વસ્તુની ઇચ્છા કરી, તેઓને તે તે ઇચ્છિત વસ્તુઓ આપી દઈ સર્વનો યથાયોગ્ય સત્કાર કર્યો. મહાભાગ્યશાળી રોહિણી પણ નંદજી તથા ગોવાળિયાઓનું માન પામીને દિવ્ય વસ્ત્રો, પુષ્પોની માળા તથા કંઠના અલંકારોથી શોભાયમાન થઇ એ મહોત્સવમાં ફરતાં હતાં. હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન પધાર્યા ત્યારથી માંડીને નંદજીનું વ્રજ, સર્વ સમૃદ્ધિઓથી ભરપૂર બન્યું હતું અને શ્રીહરિના નિવાસને લીધે સર્વને પ્રિય થવા વગેરે પોતાના ગુણોથી લક્ષ્મીને ક્રીડા કરવાનું એક સ્થાન થઇ પડ્યું હતું.[૧૬-૧૮] તે પછી હે કુરુવંશી રાજા ! ગોવાળિયાઓને ગોકુળની રક્ષા કરવાનું જણાવીને નંદજી કંસને વાર્ષિક કર આપવા માટે મથુરા ગયા.[૧૯] તે વખતે વસુદેવજી, પોતાના મિત્ર નંદજીને ત્યાં આવેલા સાંભળી, તેમણે કંસને કર આપી દીધો છે, તે જાણ્યા પછી તેમને મળવા માટે નંદરાયને ઉતારે ગયા. જેમ પ્રાણ આવતાંજ દેહ ઊભો થઇ જાય છે, તેમ નંદજી, વસુદેવને જોઇને એકદમ ઊભા થઇ ગયા અને પ્રેમથી વિહ્વળ થઇ પ્રસન્ન થઇને પોતાને પરમપ્રિય વસુદેવજીને બન્ને બાહુઓથી ભેટી પડ્યા.[૨૦,૨૧] નંદે એ પ્રમાણે સત્કાર કર્યો. તે પછી હે રાજા ! પોતાના બન્ને પુત્રોમાં જેમનો જીવ વળગી રહ્યો હતો, એવા અને સુખથી ત્યાં બેઠેલા વસુદેવજીએ આદરપૂર્વક કુશળપ્રશ્ન પૂછીને આ પ્રમાણે કહ્યું:[૨૨] 'હે ભાઇ ! તમારે ત્યાં કંઇ સંતાન હતું નહિ અને તમે હવે ઘરડા થયા છો, તેથી સંતાનની આશા પણ તમને હતી નહિ; છતાં તમારે ત્યાં હમણાં જ પુત્રજન્મ થયો છે, તે બહુ સારું થયું છે.[૨૩] વળી બહુજ ઠીક થયું કે, આ સંસારચક્રમાં ફરતાં ફરતાં આજે તમે મને મળ્યા છો; તેથી હું જાણે ફરી જન્મ્યો હોઉં તેવો થયો છું; કારણ કે પ્રિય મનુષ્યનું દર્શન દુર્લભ હોય છે.[૨૪] જેમ નદી વગેરેના પ્રવાહમાં તણાતાં ઘાસ—લાકડાં વગેરેની એકત્ર સ્થિતિ હોતી નથી, તેમ જાતજાતનાં કર્મોવાળા સ્નેહીઓનો પણ એકત્ર વાસ હોતો નથી.[૨૫] તમે હમણાં જ્યાં પોતાના સંબંધીઓથી વીંટાઇને રહો છો, તે મહાન વન પશુઓને હિતકારી, નીરોગી અને પુષ્કળ જળ, ઘાસ તથા વેલાઓવાળું છે ને ?[૨૬] હે ભાઈ ! મારો પુત્ર બળદેવ, કે જે તમારા વ્રજમાં પોતાની માતા (રોહિણી) સાથે રહીને તમનેજ પોતાના પિતા માની રહ્યો છે અને જેને તમે બન્ને સ્ત્રીપુરુષ લાડ લડાવો છો, તે કુશળ છે ને ?[૨૭] પુરુષના ધર્મ, અર્થ ને કામ જો પોતાના સંબંધીઓને ઉપયોગમાં આવે તોજ તે સફળ છે; પણ સંબંધીઓ જો દુઃખી હોય, તો પુરુષના ધર્મ, અર્થ અને કામનો કંઈ પણ અર્થ નથી.[૨૮]

નંદજી બોલ્યાઃ—' અહો ! અત્યંત ખેદની વાત બની છે કે, તમારી સ્ત્રી દેવકીના ઘણા પુત્રોને કંસે મારી નાખ્યા છે ! છેલ્લી એક કન્યા બાકી રહી હતી, તે પણ સ્વર્ગમાં ચાલી ગઇ છે ![૨૯] ખરેખર, પ્રત્યેક મનુષ્ય અદૃષ્ટ—દૈવમાંજ સમાપ્તિવાળો છે—એટલે પુત્રાદિના સુખને આપનારા મનુષ્યના ભાગ્યનો જ્યારે અંત આવે છે, ત્યારે તેના પુત્રાદિ સુખનો પણ અંત આવી જાય છે; તેમજ અદૃષ્ટ—દૈવ એજ મનુષ્યનું પરમ નિયામક છે—અર્થાત્ જો કદાચ પુત્રાદિનો વિયોગ થયો હોય; તોપણ મનુષ્યનું દૈવ સાનુકૂળ હોય, તો ફરી તે પુત્રાદિનો ભેટો કરાવી આપે છે. આ રીતે પોતાના સુખદુઃખમાં દૈવનેજ અવ્યભિચારી પ્રધાન કારણ જાણનાર મનુષ્ય કદી મોહ પામતો નથી.[૩૦]

વસુદેવજીએ કહ્યું:—'તમે રાજાને દર વર્ષે આપવાનો કર આપી દીધો છે અને અમને પણ મળ્યા છો; માટે હવે ઘણા દિવસ સુધી તમારે અહીં રહેવું યોગ્ય નથી. (તમે જલદી ગોકુળ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાલ્યા જાઓ.) કારણ કે હમણાં ગોકુળમાં ઉત્પાતો થયા કરશે.[૩૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે વસુદેવજીએ નંદ વગેરે ગોવાળિયાઓને કહ્યું, એટલે તેઓ વસુદેવજીની રજા લઈ બળદ જોડેલાં ગાડાંઓમાં બેસી ગોકુળ તરફ ચાલ્યા ગયા." ૩૨

इति नंदादयो गोपाः प्रोक्तास्ते शौरिणा ययुः ।
अनोभिरनडुद्युक्तैस्तमनुज्ञाप्य गोकुलम् ॥३२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

अध्याय ६ ठ्ठो÷

પૂતનાનો વધ

॥ श्रीशुक उवाच ॥

नंदः पथि वचः शौरेर्न मृषेति विचिंतयन् ।
हरिं जगाम शरणमुत्पातागमशंकितः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"નંદજી, 'વસુદેવનું વચન કદી મિથ્યા હોય નહિ' આવો રસ્તામાં વિચાર કરતા ઉત્પાતો થવાની શંકાથી શ્રીહરિને શરણે ગયા.[૧] બીજી તરફથી કંસે બાળકોનો નાશ કરનારી પૂતના નામે એક ભયંકર રાક્ષસીને મોકલી હતી; જે શહેરો, ગામડાં તથા નેસડાઓ વગેરેમાં બાળકોનો સંહાર કરતી ઘૂમતી હતી.[૨] જે સ્થળે પોતાનાં કામકાજમાં (લાગેલાં) મનુષ્યો રાક્ષસોનો વિનાશ કરનારાં ભક્તપતિ ભગવાનનાં શ્રવણકીર્તન વગેરે કરતાં નથી, તેજ સ્થળે રાક્ષસીઓ પોતાની શક્તિ ચલાવી શકે છે.[૩] આકાશમાં ચાલનારી તે પૂતના એક દિવસે નંદના ગોકુળમાં આવીને માયાથી પોતે સુંદર સ્ત્રીસ્વરૂપ ધારણ કરી તે અંદર દાખલ થઇ; કેમકે તે ઇચ્છાનુસાર ફરનારી હતી.[૪] તેણીના કેશપાશમાં માલતીનાં પુષ્પો ગૂંથેલાં હતાં; નિતંબ તથા સ્તન અત્યંત ઉન્નત હતાં; કેડ પાતળી હતી; સુંદર વસ્ત્રો તેણે ધારણ કર્યાં હતાં; ઝૂલતાં કર્ણાભૂષણોની કાંતિથી તેના કેશ ચળકી રહ્યા હતા તેથી તેનું મુખ સુશોભિત જણાતું હતું; સુંદર મંદ હાસ્ય તથા કટાક્ષો ફેંકવાપૂર્વક દર્શનથી વ્રજવાસીઓનાં મનને તે હરણ કરતી હતી અને એક હાથમાં તેણે કમળ ધારણ કર્યું હતું; તેથી પોતાના પતિનું દર્શન કરવા માટે આવેલી સાક્ષાત્ લક્ષ્મીદેવી હોય તેમ તે સ્ત્રીને ગોપીઓ માનતી હતી.* એ પૂતના, બાળકોનો એક દુષ્ટ ગ્રહ હતી ને બાળકોની શોધ કરતી કરતી ત્યાં ઘૂમતી હતી; તેવામાં દૈવયોગે નંદરાયજીને ઘેર શય્યામાં સુવાડેલો એક બાળક તેણે જોયો; જે બાળક દુષ્ટ મનુષ્યોનો કાળ હતો અને ભસ્મમાં ઢાંકેલા અગ્નિની પેઠે પોતાના ગુપ્ત મહાન તેજથી યુક્ત હતો.[૫-૭] સ્થાવર-જંગમ પ્રાણીઓના આત્મા શ્રીકૃષ્ણ, બાળકોનો નાશ કરનાર ગ્રહરૂપ તે પૂતનાને ઓળખીને નેત્રો મીંચી ગયા; એટલે જેમ કોઇ બુદ્ધિહીન મનુષ્ય સૂતેલા સર્પને અજ્ઞાનથી દોરડી માની ઉપાડી લે, તેમ પોતાના કાળરૂપ તે અનંત ભગવાનને (અજ્ઞાનથી એક બાળક માનીને) તેણે પોતાના ખોળામાં લઇ લીધા.[૮] ÷માતા યશોદા અને રોહિણી મ્યાનમાં ઢંકાયલી તલવારની પેઠે ઉપર ઉપરથી અત્યંત સુંદર ચેષ્ટાઓ કરતી અને અંદરથી તીક્ષ્ણ ચિત્તવાળી તે સુંદર સ્ત્રીને જોઇને તેની કાંતિથી એવી તો અંજાઇ ગઇ, કે જેથી તેને કેવળ જોતી જોતીજ ઊભી રહી. (પણ અટકાવી શકી નહિ.)[૯] પેલી ક્રૂર પૂતનાએ તે સ્થળે શ્રીકૃષ્ણને પોતાના ખોળામાં લઇ દુઃખથી પચે તેવા ભયંકર ઝેરથી

÷ આ અધ્યાયમાં મિત્ર વસુદેવના કહેવાથી વ્રજ જતા નંદરાય માર્ગમાં મરણ પામેલી રાક્ષસીને જોઇને તથા તેનું મૃત્યુ સાંભળીને વિસ્મય પામ્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

* તેથીજ તેને કોઇએ અટકાવી નહિ અને તે વ્રજમાં પેસી ગઈ હતી. —શ્રીધર

÷ કૃષ્ણને પૂતનાએ ખોળામાં લીધા તે વખતે યશોદાએ તથા રોહિણીએ તેને કેમ ન અટકાવી ? તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભરેલું સ્તન તે બાળકના મુખમાં આપ્યું; એટલે તુરતજ ક્રોધાયમાન થઇને ભગવાને બે હાથ વડે દબાવી પૂતનાના પ્રાણો સાથે તેને ધાવવા માંડ્યું.× તે વેળા એ પૂતના, જીવનાં સમગ્ર મર્મસ્થાનોમાં અત્યંત પીડાવા લાગી અને 'મૂકી દે, મૂકી દે, હવે બસ.' એમ ઊંચેથી પોકારવા લાગી. તેની આંખો ફાટી ગઈ; હાથ–પગને તે પછાડવા લાગી; શરીરમાંથી પરસેવો છૂટી નીકળ્યો અને તે રડવા લાગી.[૧૦-૧૧] અત્યંત ગભીર વેગવાળા તેના એ પોકારોથી પર્વતો સાથે પૃથ્વી ધણધણી ગઇ; ગ્રહમંડળ સાથે આકાશ ખળભળી ઊઠ્યું; રસાતલો અને દિશાઓમાં પડઘાઓ પડવા લાગ્યાં અને 'આ તે શું વજ્ર પડ્યું?' એવી શંકાથી મનુષ્યો ધરણી પર ઢળી પડ્યા.[૧૨] હે રાજા! એ પ્રમાણે રાક્ષસી પૂતના સ્તનમાં એવી તો પીડા પામી, કે જેથી પોતાનું રાક્ષસી સ્વરૂપ ધારણ કરી, મોઢું ફાડીને હાથ, પગ અને કેશને ફેલાવી દઇ, વજ્રથી મારી નાખેલા વૃત્રાસુરની પેઠે વ્રજની વચ્ચે ઢળી પડી.[૧૩] હે રાજેન્દ્ર! તેના શરીરે પડતાં પડતાં પણ છ ગાઉની અંદર આવેલાં વૃક્ષોનો ભાંગી ભૂકો કરી નાખ્યો હતો, એ વાત મહાઆશ્ચર્યકારક થઈ પડી હતી.[૧૪] તેનું મુખ હળની ઇષ જેવી ઉગ્ર દાઢોવાળુ હતું; નાક પર્વતની ગુફા જેવું હતું; સ્તનો પર્વતના (ગબડી પડેલા) મોટા બે પથ્થરો જેવડાં હતાં, તેનું શરીર દેખાવમાં બિહામણું હતું; તેના લાલ કેશ વીખરાઇ પડ્યા હતા; તેની આંખો અંધારિયા કૂવા જેવી ઊંડી હતી; તેના બન્ને નિતંબ નદી વગેરેના કિનારા જેવા ભયંકર હતા; તેના બન્ને બાહુઓ, સાથળો તથા ચરણો બાંધેલી પાળ જેવા લાગતા હતા અને તેનું પેટ પાણી વિનાના (ઊંડા) ધરા જેવું હતું.[૧૫-૧૬] ગોવાળિયાઓ અને ગોપીઓ કે જેમનાં હૃદય, કાન તથા મસ્તકો પ્રથમથીજ તે પૂતનાના શબ્દો સાંભળીને ચિરાઇ ગયા જેવાં થઇ ગયાં હતાં; તેઓ (પાછળથી તેનું એ રાક્ષસી) શરીર જોઇને ત્રાસી ગયાં.[૧૭] બાળક–શ્રીકૃષ્ણ તો પૂતનાની છાતી ઉપર નિર્ભય થઇને રમી રહ્યા હતા; ગભરાટમાં આવી પડેલી ગોપીઓ તુરતજ ત્યાં આવીને તેમને તેડી ગઇ.[૧૮] તે ગોપીઓએ યશોદા તથા રોહિણીની સાથે રહી બાળક શ્રીકૃષ્ણની (ઉપર) ગાયનું પૂંછડું ફેરવવું–વગેરે ક્રિયાઓથી સારી રીતે રક્ષા કરી.[૧૯] ઉપરાંત ગાયના મૂત્રથી અને ગાયની ખરીની રજથી કૃષ્ણને સ્નાન કરાવી ગાયનાં છાણથી લલાટ વગેરે બાર અંગોમાં ભગવાનનાં (કેશવ વગેરે*) નામોથી રક્ષા કરી.[૨૦] પછી ગોપીઓએ જળનું આચમન કરી પોતાનાં અંગોમાં તેમજ બન્ને હાથમાં જુદા જુદા (અગિયાર) બીજન્યાસ કરી બાળક શ્રીકૃષ્ણનાં અંગોમાં તથા હાથમાં પણ (તે પ્રમાણે) બીજન્યાસ કર્યા.[૨૧] પછી આવી રીતે અંગરક્ષા કરી–'અજન્મા ભગવાન તારા બન્ને પગની રક્ષા કરો; મણિમાન ભગવાન તારા બન્ને ઢીંચણોની રક્ષા

× એકલું ઝેર નુકસાન કરશે, એમ માનતા હોય તેમ ભગવાને તેના પ્રાણ સાથે સ્તનપાન કરવા માંડ્યું–શ્રી.

* પ્રશ્નોત્તર ખંડમાં ભગવાનનાં બાર નામોથી લલાટ વગેરે બાર સ્થાનોમાં રક્ષા કરવાનું આવું વર્ણન છેઃ–

ललाटे केशवं ध्यायेन्नारायणमथोदरे ।
वक्षःस्थले माधवं तु गोविंदं कंठकूबरे ॥
विष्णुं च दक्षिणे कुक्षौ बाहौ च मधुसूदनम् ।
त्रिविक्रमं कंदरे तु वामनं वामपार्श्वके ॥
श्रीधरं वामबाहौ तु हृषीकेशं तु कंधरे ।
पृष्ठे च पद्मनाभं च कट्यां दामोदरं न्यसेत् ॥

લલાટમાં કેશવ નામથી રક્ષા કરવી, ઉદરમાં નારાયણ નામથી રક્ષા કરવી; છાતીમાં માધવ નામથી રક્ષા કરવી; કંઠમાં ગોવિંદ નામથી રક્ષા કરવી; જમણી કૂખમાં વિષ્ણુ નામથી રક્ષા કરવી; બાહુમાં મધુસૂદન નામથી રક્ષા કરવી; ડોકમાં ત્રિવિક્રમ નામથી રક્ષા કરવી; ડાબે પડખે વામન નામથી રક્ષા કરવી; ડાબા નાકમાં હૃષીકેશ નામથી રક્ષા કરવી; મસ્તકમાં ત્રિવિક્રમ નામથી રક્ષા કરવી; પીઠમાં પદ્મનાભ નામથી રક્ષા કરવી; અને કેડના પાછળના ભાગમાં દામોદર નામથી રક્ષા કરવી.

—बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરો; યજ્ઞ ભગવાન તારી બન્ને સાથળોની રક્ષા કરો; અચ્યુત ભગવાન તારી કેડની રક્ષા કરો; હયગ્રીવ ભગવાન તારા પેટની રક્ષા કરો; કેશવ ભગવાન તારા હૃદયની રક્ષા કરો; ઈશભગવાન તારી છાતીની રક્ષા કરો; ઇન ભગવાન તારા કંઠની રક્ષા કરો; વિષ્ણુ ભગવાન તારી ભુજાની રક્ષા કરો; ઉરુક્રમ (વામન) ભગવાન તારા મુખની રક્ષા કરો અને ઈશ્વર તારા મસ્તકની રક્ષા કરો;[૨૨] તેમજ ચક્રધારી ભગવાન તારી આગળ રહો; ગદાધારી ભગવાન તારી પાછળ રહો; ધનુષધારી મધુસૂદન ભગવાન તથા તલવાર ધારણ કરનારા અજન ભગવાન તારા બન્ને પડખે રહો; શંખધારી ઉરુગાય ભગવાન તારા ચારે ખૂણાઓમાં રહો; ઉપેન્દ્ર ભગવાન તારી ઉપર રહો; તાર્ક્ષ્ય ભગવાન તારી નીચે રહો અને હળધર ભગવાન તારી ચોતરફ રહો.[૨૩] હૃષીકેશ ભગવાન તારીઇન્દ્રિયોની રક્ષા કરો; નારાયણ ભગવાન તારા પ્રાણોની રક્ષા કરો; શ્વેતદ્વીપના સ્વામી ભગવાન તારા ચિત્તની રક્ષા કરો; યોગેશ્વર ભગવાન તારા મનની રક્ષા કરો; પૃશ્નિગર્ભ ભગવાન તારી બુદ્ધિની રક્ષા કરો; સર્વથી પર રહેલા ભગવાન તારા અહંકારની રક્ષા કરો; તું રમતો હોય ત્યારે ગોવિંદભગવાન તારું રક્ષણ કરો; તું સૂતો હોય, ત્યારે માધવ ભગવાન તારું રક્ષણ કરો; તું ચાલતો હોય ત્યારે વૈકુંઠ ભગવાન તારું રક્ષણ કરો; તું બેઠો હોય ત્યારે લક્ષ્મીપતિ ભગવાન તારું રક્ષણ કરો અને તું જમતો હોય ત્યારે સર્વ ગ્રહોને ભય કરનારા યજ્ઞભોક્તા ભગવાન તારું રક્ષણ કરો;[૨૪–૨૬] અને ડાકણો, રાક્ષસીઓ, કૂષ્માંડ નામના રુદ્રના ગણો, બાળગ્રહો, ભૂતો, પ્રેતો, પિશાચો, યક્ષો, રાક્ષસો, વિનાયકો, કોટરા, રેવતી, જયેષ્ઠા, ×પૂતના, માતૃકા વગેરે દેવીઓ; શરીર, પ્રાણ તથા ઇન્દ્રિયોનો દ્રોહ કરનારા ગાંડપણ–વાઇ વગેરે રોગો, સ્વપ્નમાં જોયેલા મોટા ઉત્પાતો, વૃદ્ધોના તથા બાળકોના ગ્રહો આ સર્વે વિષ્ણુનું નામ લેતાંજ ભયભીત થઇ જાય છે; તેઓ સર્વે નાશ પામો.[૨૭–૨૯]

શ્રીશુકદેવજી બોલ્યા:—"એ પ્રમાણે સ્નેહને વશ થયેલી ગોપીઓએ બાળક કૃષ્ણની રક્ષા કરી; તે પછી યશોદાએ તે પોતાના પુત્રને ધવરાવીને સુવાડી દીધા.[૩૦] તેવામાં મથુરાથી વ્રજમાં જતા નંદ વગેરે ગોવાળિયાઓ પૂતનાના શરીરને જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા અને તેઓ બોલી ઊઠ્યા કે, 'વસુદેવજી ખરેખર કોઈ ઋષિ જન્મ્યા છે અથવા યોગેશ્વરજ થયા છે; કેમકે તેમણે જે ઉત્પાત થવા કહ્યું હતું, તેજ ઉત્પાત આપણે પ્રત્યક્ષ જોયો છે.'[૩૧,૩૨] તે પછી સર્વ વ્રજવાસીઓએ પૂતનાના શરીરને ફરશીઓથી કાપી ટુકડા કર્યા અને તેના અવયવે અવયવને દૂર નાખી લાકડાંઓથી વીંટાળીને બાળી નાખ્યું.[૩૩] શ્રીકૃષ્ણે જેનો ઉપભોગ કર્યો હતો અને તેથીજ જેનાં સર્વ પાપો નાશ પામી ગયાં હતાં, એવું પૂતનાનું શરીર જ્યારે બળી રહ્યું હતું, ત્યારે તેમાંથી અગરના જેવો સુગંધી ધુમાડો નીકળતો હતો.[૩૪] અહો! કેવું આશ્ચર્ય! લોકોનાં બાળકોનો સંહાર કરનારી અને લોહીનેજ આહાર કરનારી રાક્ષસી પૂતના મારી નાખવાની ઇચ્છાથી પણ ભગવાનને (મુખમાં) સ્તન આપી સદ્ગતિ પામી હતી;[૩૫] તો પછી શ્રદ્ધા અને ભક્તિથી પોતાની અતિ પ્રિય વસ્તુ પરમાત્મા શ્રીકૃષ્ણને જેઓ અર્પણ કરી દે, તેઓ સદ્ગતિ પામે એમાં કહેવુંજ શું! જેમ દૃષ્ટાંત તરીકે અતિશય પ્રેમાળ માતા યશોદા તથા દેવકી વગેરે સદ્ગતિને પામી ગઇ છે.[૩૬] (ખરેખર, પૂતનાનું સદ્ભાગ્યજ ગણાય, કેમકે) ભક્તોના હૃદયમાં રહેનારા અને લોકવંદ્ય–મહાપુરુષોને પણ વંદનીય પોતાના બન્ને ચરણોથી પૂતનાના શરીરને દબાવી ભગવાને તેના સ્તનનું પાન કર્યું![૩૭] એથી

× પૂતના તો તે વેળા એમની નજરેજ મરણ પામી હતી, છતાં ફરી પૂતનાનો વિનાશ થવા કહે છે. તે એવાજ અભિપ્રાયથી કે, નજરે મરણ પામેલી પૂતનાને તેઓ બાળગ્રહ તરીકે જાણતી ન હતી. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂતના પોતે એક રાક્ષસી છતાં પણ માતાની ગતિરૂપ સ્વર્ગને પ્રાપ્ત થઈ! તો પછી જેઓનાં ધાવણ તથા દૂધ ભગવાને (પ્રેમથી) પીધાં હતાં, તે એમનાં માતા તથા (વ્રજની) ગાયો ઉત્તમ ગતિને પામે એમાં શું આશ્ચર્ય છે? હે રાજન્! પુત્ર પરના સ્નેહથી સ્રવતાં યશોદા વગેરેનાં દૂધને મોક્ષ વગેરે સર્વ પદાર્થો આપનારા ભગવાન દેવકીપુત્રે ખૂબજ પીધાં હતાં; તે શ્રીકૃષ્ણ ઉપર નિરંતર પુત્રદૃષ્ટિ કરતી યશોદા વગેરેને અજ્ઞાનથી ઉત્પન્ન થનારો આ સંસાર ફરી નજ હોઇ શકે. જે વ્રજવાસીઓ–પૂતનાના આવ્યા પહેલાં ગાયો ચારવા નીકળી ગયા હતા, તેઓ શ્મશાનના ધુમાડાની સુગંધ સૂંઘીને 'આ શું આશ્ચર્ય! આવો સુગંધ ક્યાંથી આવે છે?' એમ બોલતા બોલતા વ્રજમાં આવી પહોંચ્યા. એટલે ત્યાં હાજર રહેલા ગોવાળિયાઓએ પૂતનાનું આગમન અને મરણ; તેમજ બાળક શ્રીકૃષ્ણનું ક્ષેમકુશળ વગેરે સર્વ વૃત્તાંત તેમની આગળ વર્ણવી સંભળાવ્યો. તે સાંભળીને તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા.[૩૮-૪૨] હે કુરુવંશી રાજન્! ઉદાર બુદ્ધિવાળા નંદરાય, મરણ પામીને ફરી (જીવતા થઇ) આવ્યા હોય તેવા પોતાના પુત્રને તેડી લઇ તેનું મસ્તક સૂંઘીને પરમ આનંદ પામ્યા.[૪૩] જે મનુષ્ય પૂતનાને મોક્ષ આપવારૂપ શ્રીકૃષ્ણનું આ બાળચરિત્ર શ્રદ્ધાથી સાંભળે છે, તે શ્રીગોવિંદમાં પ્રીતિ પ્રાપ્ત કરે છે."[૪૪]

य एतत्पूतनामोक्षं कृष्णस्यार्भकमद्भुतम् ।
शृणुयाच्छ्रद्धया मर्त्यो गोविंदे लभते रतिम् ॥४४

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

अध्याय ७ मो*

શ્રીકૃષ્ણે તૃણાવર્તનો વધ કર્યો અને પોતાના મુખમાં યશોદાને બ્રહ્માંડનું દર્શન કરાવ્યું

॥ राजोवाच ॥

येन येनावतारेण भगवान् हरिरीश्वरः ।
करोति कर्णरम्याणि मनोज्ञानि च नः प्रभो ॥१॥

પરીક્ષિત રાજાએ કહ્યું:–"હે સમર્થ શુકદેવજી! સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિએ જે જે અવતારો લઇ કર્મો કર્યાં છે, તે અમારા કાનને સુખકારક તથા મનને આનંદકારક થાય છે;[૧] ભગવાનનું ચરિત્ર સાંભળતાં હરકોઇ મનુષ્યની માનસિક ગ્લાનિ અને તેથી થતી વિવિધ તૃષ્ણા તત્કાળ દૂર થાય છે; અંતઃકરણ શુદ્ધ થાય છે; શ્રીહરિમાં ભક્તિ થાય છે અને ભગવાનના ભક્તની મિત્રતા થાય છે; તે શ્રીહરિનું ચરિત્ર જો આપ અમારા પર અનુગ્રહ કરતા હો, તો અમને કહી સંભળાવો.[૨] જેમણે મનુષ્યલોકમાં આવીને મનુષ્યજાતિનું અનુસરણ કર્યું હતું, તે શ્રીકૃષ્ણનું બીજું પણ જે અદ્ભુત બાળચરિત્ર હોય તે અમને કહો."[૩]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એક સમયે નંદજીને ત્યાં બાળક શ્રીકૃષ્ણના અંગપરિવર્તન (ગોઠણિયે ચાલવા માંડવા)નો અભિષેક (મંગળસ્નાન) કરાવવાનો ઉત્સવ હતો અને તેજ દિવસે શ્રીકૃષ્ણના જન્મનક્ષત્રનો પણ યોગ હતો; તેથી સતી યશોદાજી, એકઠી મળેલી સ્ત્રીઓની વચ્ચે વાદિત્ર, ગીત તથા બ્રાહ્મણોનાં સ્વસ્તિવાચન સાથે અભિષેક કરી રહ્યાં હતાં.[૪] તે વેળા અન્ન વગેરેનાં અને વસ્ત્રો, માળાઓ, પ્રિય વસ્તુઓ તથા ગાયોનાં દાન વડે સત્કારેલા બ્રાહ્મણોએ જેમનું મંગલ

* આ અધ્યાયમાં 'ગાડાને આકાશમાં ઉછાળતા અને તૃણાવર્તને નીચે ફેંકી દેતા શ્રીકૃષ્ણ ક્રીડા કરે છે; તેમજ મુખમાં સમગ્ર જગતને તેમણે દર્શાવ્યું'; એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્યું હતું અને જમને સ્નાન કરાવ્યું હતું, તે શ્રીકૃષ્ણને નેત્રમાં નિદ્રા ભરાતાં નંદપત્ની યશોદાજીએ ધીમેથી એક ગાડા નીચે ઝોળીમાં સુવાડ્યા.[૫] પછી ઉદાર મનવાળાં યશોદાજી અંગપરિવર્તન-મહોત્સવમાં ઉત્સુક મનવાળાં થઇ ત્યાં આવેલા વ્રજવાસીઓનો સત્કાર કરવામાં રોકાયાં હતાં, તેથી પોતાના પુત્રનું રડવું તેમના સાંભળવામાં આવ્યું નહિ અને શ્રીકૃષ્ણે તો ધાવવા માટે રડતાં રડતાં પોતાના પગને ઊંચા ઉછાળવા માંડ્યા.[૬] તે વેળા ગાડાની નીચે સૂતેલા બાળક શ્રીકૃષ્ણના નાના કુંપળિયા જેવા પગ વાગતાં ગાડું ઊંધું વળી ગયું અને તેની ઉપર રહેલા જાતજાતના રસોથી ભરેલાં કાંસા વગેરેનાં વાસણોનો ભાંગીને ભૂકો થઇ ગયો; પૈડાં તથા ધરી વીખરાઇ પડ્યાં અને ધૂંસરી બાંધવાનું લાકડું પણ ભાગી ગયું.÷[૭] તે જોઇને અંગપરિવર્તનના કર્મમાં એકઠી મળેલી યશોદા વગેરે વ્રજની સ્ત્રીઓ તથા નંદ વગેરે ગોવાળિયાઓ એ અદ્ભુત દેખાવથી ગભરાટમાં પડી ગયા અને કહેવા લાગ્યા કે, 'આ ગાડું પોતાની મેળે કેમ ઊંધું વળી ગયું?' એમ કહેતા તે સઘળા મનુષ્યો જુદા જુદા ઘણા વિવાદો કરીને મોહમાં પડી ગયા અને દુખીની પેઠે ચારે તરફથી ગાડાને વીંટળાઇ વળ્યા.[૮] તે વખતે ત્યાં આસપાસ રમતાં બાળકોએ જેઓની બુદ્ધિમાં કોઇ જાતનો નિશ્ચય થયો ન હતો એવા ગોવાળિયાઓ તથા ગોપીઓને કહ્યું કે, 'આ બાળકે રડતાં રડતાં પગ મારીને ગાડું ઊંધું વાળ્યું છે, એમાં સંશય નથી.[૯] પણ ગોવાળિયાઓએ બાળકોના તે બોલવા પર વિશ્વાસ કર્યો નહિ; કારણ કે તેઓ બાળક શ્રીકૃષ્ણના અમાપ બળને જાણતા ન હતા.[૧૦] પછી યશોદાજીએ બાળકને તેડી લઈ કોઈ દુષ્ટ ગ્રહની શંકાને લીધે બ્રાહ્મણો પાસે વેદિક સૂક્તોથી સ્વસ્તિવાચન કરાવ્યું અને પછી તેમને ધવરાવ્યા.[૧૧] બળવાન ગોવાળિયાઓએ પેલા ગાડાને સરસામાન સાથે પ્રથમની પેઠે વ્યવસ્થિત કર્યું અને બ્રાહ્મણોએ ગ્રહોને ઉદ્દેશી હોમ કરીને દહીં, ચોખા, દર્ભ તથા જળથી ગ્રહોનું પૂજન કર્યું.[૧૨] 'જે બ્રાહ્મણો અસૂયા (પારકા ગુણો સહન ન કરવા), અસત્ય, દંભ, ઇર્ષ્યા, હિંસા તથા અભિમાનથી રહિત હોય છે, તે સત્યશીલ બ્રાહ્મણોના આશીર્વાદો કદી નિષ્ફળ થતા નથી.' આવો વિચાર કરી નંદજીએ બાળકને તેડી લઇ એકાગ્રચિત્તે ઉત્તમ બ્રાહ્મણો પાસે સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી સંસ્કારવાળાં કરેલાં ને પવિત્ર ઔષધિઓથી યુક્ત કરેલાં જળ વડે પુત્રના પર અભિષેક કરાવ્યો; સ્વસ્તિવાચન કરાવ્યું અને અગ્નિમાં ગ્રહોને ઉદ્દેશી હોમ કરીને બ્રાહ્મણોને ઉત્તમ ગુણવાળા અન્નનું દાન કર્યું.[૧૩-૧૫] ઉપરાંત પોતાના પુત્રના કલ્યાણ માટે વસ્ત્ર, પુષ્પ, માળા તથા સુવર્ણમાળા પહેરાવેલી સર્વગુણસંપન્ન ગાયો બ્રાહ્મણોને આપી; એટલે બ્રાહ્મણોએ સામા આશીર્વાદ આપ્યા.[૧૬] જે બ્રાહ્મણો વેદમંત્રોને જાણનારા, શ્રદ્ધાળુ ને ઈશ્વરનું ભજન કરનારા છે, તેઓએ આપેલા આશીર્વાદો કદી નિષ્ફળ થતા નથી; એ વાત નક્કી છે.[૧૭] તે પછી એક દિવસે સતી યશોદાજી પુત્રને ખોળામાં બેસાડી રમાડતાં હતાં; તેવામાં તો પુત્રનું વજન પર્વતના શિખર જેવું જણાવા લાગ્યું, જે પોતે ઉપાડવાને પણ સમર્થ થયાં નહિ;+[૧૮] એટલે ગોપી યશોદા ભારથી પીડાઇ જ-

÷ બ્રહ્માંડપુરાણમાં આ વસ્તુને શકટાસુરભંજન તરીકે વર્ણવી છે; તે ઉપરથી એમ જણાય છે કે, એ ગાડામાં કોઇ એક અસુરે પ્રવેશ કર્યો હતો, તેથી ગાડાનાં પૈડાં જમીનની અંદર પેસવા માંડ્યાં હતાં અને તેથીજ ગાડું ઊંચું હોવા છતાં ભગવાનના પગનો લગારજ સ્પર્શ થયો હતો, તેટલામાં તો તે ઊંધું વળી ગયું હતું અને શકટાસુરનો વિનાશ થયો હતો. —વૈષ્ણવતોષણી

+ ભગવાને પોતાનામાં વજન વધારી દીધું, તેમાં એ કારણ હતું કે, તૃણાવર્ત દૈત્ય ત્યાં આવ્યો હતો. તેને જોઈ ભગવાને જાણ્યું કે, જો હું યશોદાના ખોળામાં હોઇશ, તો તૃણાવર્ત મને મારવા આવતાં યશોદાને પણ કદાચ મારી નાખશે; માટે જો હું મારું વજન વધારી દઉં, તો યશોદા ભારથી પીડાઇને મને મૂકી દેશે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇને આશ્ચર્ય પામ્યાં અને તે બાળકને જમીન પર મૂકી દઇ મહાપુરુષ ભગવાનનું મનમાં ધ્યાન કરવા લાગ્યાં. પછી પોતે ઘરના કામકાજમાં લાગી ગયાં. તેવામાં તૃણાવર્ત નામનો કંસનો ચાકર–દૈત્ય કે જેને કંસેજ મોકલ્યો હતો તે, મોટા વંટોળિયાનું સ્વરૂપ ધારણ કરી ત્યાં બેઠેલા બાળક શ્રીકૃષ્ણને હરી ગયો.[૧૯,૨૦] તેણે આખા ગોકુળને ધૂળથી ઢાંકી દીધું; લોકોનાં નેત્રોને પણ જોવામાં અશક્ત કરી મૂક્યાં અને મહાભયંકર શબ્દથી દિશાઓને તથા ખૂણાઓને ગજાવી મૂક્યા.[૨૧] લગભગ બે ઘડી સુધી આખું ગોકુળ ધૂળના અંધારાથી છવાઇ ગયું; એટલે યશોદાએ જ્યાં પુત્રને બેસાડ્યા હતા, ત્યાં તેમને જોયા નહિ;[૨૨] એટલુંજ નહિ પણ તૃણાવર્તે ઉરાડેલી ધૂળથી લોકો એટલા બધા ઉપદ્રવ પામ્યા અને એવા તો મૂંઝાઈ ગયા કે, જેથી કોઇ પણ મનુષ્ય પોતાને કે પારકાને જોઇ શકતો ન હતો.[૨૩] એ પ્રમાણે તીક્ષ્ણ વંટોળિયાને લીધે ધૂળનો વરસાદ વરસી રહ્યો હતો, ત્યારે માતા યશોદા પુત્રની શોધ કર્યા છતાં પત્તો મળ્યો નહિ એટલે તેમનું સ્મરણ કરતાં અતિ કરુણ શોક કરવા લાગ્યાં અને મરી ગયેલાં વાછરડાંવાળી ગાયની પેઠે પૃથ્વી પર પછડાઇ પડ્યાં.[૨૪] તેટલામાં ધૂળના વરસાદના વેગવાળો પવન શાંત થયો; એટલે યશોદાનું રુદન સાંભળીને બીજી સર્વ ગોપીઓ પણ મનમાં અત્યંત સંતાપ પામી અને નંદપુત્ર શ્રીકૃષ્ણને નહિ જોઇને અશ્રુભરેલા મુખે રુદન કરવા લાગી.[૨૫] પેલો તૃણાવર્ત કે જેણે વંટોળિયાનું સ્વરૂપ ધારણ કરી શ્રીકૃષ્ણનું હરણ કર્યું હતું, તે માંડ માંડ આકાશમાં તો લઈ ગયો, પણ શ્રીકૃષ્ણના અત્યંત ભારને ધારણ કરતાં તેનો વેગ શાંત પડી ગયો; જેથી ફરી તે વધારે ઉપર જઇ શક્યો નહિ.ભગવાનના અત્યંત ભારેપણાથી તેમને તે એક પથ્થરજ માનવા લાગ્યો અને ભગવાને પણ તેને ગળામાં એવો પકડ્યો હતો કે જેથી એ અદ્ભુત બાળકને (પોતે છોડી દેવા ઇચ્છતો હતો, છતાં છોડી શક્યો નહિ.[૨૬,૨૭] પછી તે દૈત્ય ગળે સખ્ત પકડાવાથી બેભાન બની ગયો;તેનાં નેત્રો બહાર નીકળી પડ્યાં;ઘાંટો બોખરો થઈ ગયો અને છેવટે પ્રાણરહિત થઇને બાળક શ્રીકૃષ્ણની સાથે વ્રજમાં પછડાઈ પડ્યો.[૨૮] તે વિકરાળ દૈત્ય આકાશમાંથી એક શિલા ઉપર પછડાઇ પડ્યો; તેથી શંકરના બાણથી વીંધાયલા ત્રિપુરાસુરની પેઠે જેના સર્વ અવયવો છિન્નભિન્ન થઇ ગયા હતા એવા તેને, એકઠી થઇને રુદન કરતી સ્ત્રીઓએ ત્યાં જોયો.[૨૯] એટલે તેની છાતી ઉપર લટકી રહેલા શ્રીકૃષ્ણ, કે જેમને તે રાક્ષસ આકાશમાર્ગે લઇ ગયો હતો, છતાં કુશળક્ષેમ મૃત્યુના મુખમાંથી જે મુક્ત થયા હતા, તેમને તેડી લઇ તેમની માતાને અર્પણ કરી ગોપીઓ આશ્ચર્ય પામી; નંદ વગેરે ગોવાળિયાઓ પણ ફરી મૃત્યુના મુખમાંથી મુક્ત થયેલા પુત્રને મેળવી અત્યંત હર્ષ પામ્યા. (ને માંહોમાંહે કહેવા લાગ્યાઃ)[૩૦] 'અહો! અત્યંત આનંદની તથા આશ્ચર્યની વાત છે કે, આ બાળકને રાક્ષસે મારી નાખ્યો હતો; છતાં તે ફરી પ્રાપ્ત થયો છે! (પણ એમાં કંઇ આશ્ચર્ય નથી; કારણ કે) હિંસક દુષ્ટ પુરુષ પોતાના પાપથી માર્યો જાય છે, ત્યારે સત્પુરુષ સમભાવને લીધે ભયથી મુક્ત થાય છે.[૩૧] આપણે એવાં શું તપ કર્યાં હશે? ભગવાનનું કેવું પૂજન કર્યું હશે? કયાં જળાશયો બંધાવ્યાં હશે? કયા યજ્ઞો કર્યા હશે? કયાં દાન આપ્યાં હશે? અથવા પ્રાણીઓની કઇ મિત્રતા કરી હશે, કે જેને લીધે મરી ગયા છતાં આ બાળક ફરી પોતાના સંબંધીઓને આનંદ ઉપજાવતો આવી પહોંચ્યો છે!! (ગમે તેમ હો, પરંતુ) આ બાળક ફરી આવ્યો છે, તે બહુ સારું થયું છે.' પછી નંદરાય એવાં એવાં અનેક આશ્ચર્યોને વ્રજમાં જોઇને આશ્ચર્ય પામ્યા અને વસુદેવનાં વચનને વધારે વધારે (સત્ય) માનવા લાગ્યા.[૩૨,૩૩] તે પછી એક

અને મૃત્યુથી બચી જશે, આવા અભિપ્રાયથી ભગવાને પોતાનું વજન વધાર્યું હતું. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દિવસે સ્નેહથી તરબોળ થયેલાં યશોદાજી પોતાના પુત્રને લઇ ખોળામાં બેસાડી (પ્રેમથી) સ્તનનું ધાવણ ધવરાવતાં હતાં અને હે રાજન્! લગભગ ધાવી રહેલા તે બાળકના સુંદર હાસ્યવાળા મુખને લાડ લડાવતાં હતાં. તેવામાં બાળકે બગાસું ખાતાં તેના મુખમાં યશોદા માતાએ આકાશ, સ્વર્ગ, પૃથ્વી, નક્ષત્રગણ, દિશાઓ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, સમુદ્રો, બેટો, પર્વતો, નદીઓ, વનો અને સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓને જોયાં.[૩૪-૩૬] હે રાજન્! આખા જગતને (પુત્રના મુખમાં) જોઈ, મૃગ જેવાં નેત્રવાળાં યશોદાજી એકાએક કંપી ગયાં અને પોતાનાં નેત્રો બંધ કરી દઇ અત્યંત વિસ્મય પામ્યાં." [૩૭]

सा वीक्ष्य विश्वं सहसा राजन् संजातवेपथुः ।
संमील्य मृगशावाक्षी नेत्रे आसीत्सुविस्मिता ॥३७

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो*

શ્રીકૃષ્ણ-બળદેવનાં નામકરણ અને યશોદાજીને થયેલું વિશ્વરૂપનું દર્શન

॥ श्रीशुक उवाच ॥

गर्गः पुरोहितो राजन् यदूनां सुमहातपाः ।
व्रजं जगाम नंदस्य वसुदेवप्रचोदितः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:-"હે રાજન્! અતિ મહાન તપસ્વી ગર્ગાચાર્ય કે જે યાદવોના પુરોહિત હતા. તે વસુદેવજીની પ્રેરણાથી નંદરાયના વ્રજમાં ગયા.[૧] તેમને જોઇને નંદરાયજી અત્યંત પ્રસન્ન થઇ બે હાથ જોડીને સામેથી ઊભા થયા અને ભગવદ્બુદ્ધિથી પ્રણામ કરી તેમની પૂજા કરી.[૨] એ રીતે જેમનો અતિથિસત્કાર કરવામાં આવ્યો હતો, એવા મુનિ ગર્ગાચાર્ય સુખેથી બેઠા; એટલે નંદરાયે મધુર વાણીથી તેમને આનંદ ઉપજાવી કહ્યું કે, 'હે બ્રહ્મન્! આપની સર્વ કામનાઓ પૂર્ણજ છે; અમે આપનું કયું કાર્ય કરીએ?[૩] હે ભગવન્! મહાન પુરુષોનું પોતાના આશ્રમથી અન્ય સ્થળે વિચરવું તે પોતાના સ્વાર્થ માટે હોતું નથી, પણ દીન મનવાળા ગૃહસ્થાશ્રમીઓના કલ્યાણ માટેજ હોય છે; બીજા કોઇ કારણ માટે હોતું નથી.[૪] જે જ્યોતિઃશાસ્ત્ર અતીન્દ્રિય જ્ઞાનના સાધનરૂપ છે, તેને સાક્ષાત્ આપે રચ્યું છે, જે જ્યોતિઃશાસ્ત્ર વડે પુરુષ ભૂત-ભવિષ્યને જાણે છે;[૫] વળી આપ બ્રહ્મજ્ઞાની પુરુષોમાં પણ શ્રેષ્ઠ છો; માટે આપ આ બન્ને બાળકના નામકરણાદિ સંસ્કારો કરવાને યોગ્ય છો. (જો કે આપ અમારા કુલાચાર્ય નથી; તોપણ) હરકોઇ બ્રાહ્મણ જન્મથીજ સર્વ મનુષ્યોનો ગુરુ છે.'[૬]

ગર્ગાચાર્ય બોલ્યા:-'હું યાદવોના આચાર્ય તરીકે પૃથ્વી પર સર્વદા પ્રખ્યાત છું; તેથી તમારા પુત્રના જો હું સંસ્કાર કરીશ, તો પાપી બુદ્ધિવાળો કંસ તમારા પુત્રને દેવકીના પુત્ર તરીકે માનશે; વળી તમારે અને વસુદેવજીને મિત્રતા છે અને દેવકીની પુત્રીએ જે વચન કહ્યું છે, તે સાંભળીને દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી થવાને યોગ્ય નથી, તેનો પણ વિચાર કરી શંકિત થઇને જો તમારા પુત્રોનો તે નાશ કરે, તો તે અન્યાય અમેજ કરેલો ગણાય.'[૭-૯]

નંદજી બોલ્યા:-'તમે અહીં ગાયોના વાડામાં એકાંતમાં મારા પોતાના લોકો પણ ન જાણે તે રીતે સ્વસ્તિવાચનપૂર્વક આ આ બાળકોના દ્વિજને યોગ્ય સંસ્કારો કરો.'[૧૦]

શ્રીશુકદેવજી બોલ્યા:-"બ્રાહ્મણ ગર્ગાચાર્યને નંદરાયે એ પ્રમાણે કહ્યું, એટલે તે તો પોતાને કરવા માટે ઇષ્ટજ હતું; તેથી તેમણે ગુપ્ત રહીને એકાંતમાં બન્ને બાળકોનાં નામકરણ કર્યાં."[૧૧]

ગર્ગાચાર્ય બોલ્યા:-'આ રોહિણીના પુત્ર પોતાના ગુણો વડે સંબંધીઓને આનંદ પમા-

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણનાં નામકર્મ કર્યાં; બાળક્રીડાના કુતૂહલમાં ભગવાને માટી ખાધી અને યશોદાને વિશ્વરૂપનું દર્શન થયું, એ કથા કહેવાશે.-શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરશે, તેથી 'રામ' કહેવાશે; બળની અધિકતાથી લોકો આને 'બલ' કહેશે અને કોઈ કારણથી વિવાદ કરી વિખૂટા પડેલા યાદવોને એકત્ર કરશે, તેથી 'સંકર્ષણ' કહેશે.[૧૨] પ્રત્યેક યુગે શરીરને ધારણ કરનારા તમારા આ પુત્રના (પ્રથમ યુગોમાં) ધોળો, લાલ અને પીળો—એમ ત્રણ રંગો હતા; પણ હમણાં આમણે શ્યામ રંગ ધારણ કર્યો છે, તેથી તે 'કૃષ્ણ' કહેવાશે.[૧૩] આ તમારા શ્રીમાન પુત્ર પૂર્વે કોઈ વેળા વસુદેવના પણ પુત્ર થયા હતા, તેથી એ વસ્તુ જાણનારાઓ આમને 'વાસુદેવ' કહેશે.[૧૪] એ સિવાય તમારા આ પુત્રનાં ગુણકર્મને અનુસરતાં અનેક નામો તથા અનેક સ્વરૂપો છે; તે સર્વને હું પણ જાણતો નથી અને લોકો પણ જાણતા નથી. આ પુત્ર તમારું કલ્યાણ કરશે, ગોવાળિયાઓ તથા ગોકુળને આનંદ ઉપજાવશે અને તમે આ પુત્રદ્વારા સર્વ સંકટોને અનાયાસે ઓળંગી જશો.[૧૫/૧૬] હે વ્રજપતિ નંદરાય! પૂર્વે જ્યારે કોઈ રાજા ન હતો, ત્યારે ચોર લોકોથી પીડાતા સજ્જનોની આ પુત્રે રક્ષા કરી હતી, જેથી તે સજ્જનોએ બળવાન બની જઈ ચોર લોકોને જીત્યા હતા.[૧૭] જે મહાભાગ્યશાળી મનુષ્યો આ તમારા પુત્ર ઉપર પ્રીતિ કરશે, તેઓનો જેમ વિષ્ણુનો આશ્રય કરનારાઓનો અસુરો પરાભવ કરતા નથી, તેમ શત્રુઓ પરાભવ કરશે નહિ.[૧૮] માટે હે નંદ! આ તમારો પુત્ર ગુણો, ઐશ્વર્ય, કીર્તિ તથા પ્રભાવથી નારાયણની સમાન છે, જેથી તમે સાવધાન રહી તેની રક્ષા કરો.'[૧૯]

"એ પ્રમાણે શ્રીકૃષ્ણ સંબંધે કહીને ગર્ગાચાર્ય પોતાને ઘેર ગયા; પછી નંદરાય અત્યંત હર્ષમાં આવી જઈ પોતાને સર્વ કામનાઓથી પૂર્ણ માનવા લાગ્યા.[૨૦] તે પછી થોડો કાળ ગયો, એટલે રામ તથા કૃષ્ણ ગોકુળમાં ઢીંચણ અને બન્ને હાથથી રીખતા રીખતા રમવા લાગ્યા.[૨૧] વ્રજના કાદવમાં પોતાનાં બન્ને ચરણોને ઘસડી ઘસડીને ઝાંઝરીઓની ઘૂઘરીઓના અવાજથી સુંદર લાગે તેમ ઉતાવળા ઉતાવળા ચાલતા અને તે અવાજને લીધે મનમાં આનંદ પામતા તે રામ–કૃષ્ણ જતા આવતા લોકોની પાછળ ત્રણચાર પગલાં જઇને અજ્ઞાની અને ભય પામેલાની પેઠે માતાઓની સમીપ જઈ પહોંચતા હતા.[૨૨] તેમની બન્ને માતાઓ કે જેનાં સ્તન બાળક ઉપરની કૃપાને લીધે ધાવણથી ભરપૂર રહેતાં હતાં, તેઓ પણ કાદવ તથા ચંદનના વિલેપનથી સુંદર દેખાતા પોતાના બન્ને પુત્રોને હાથ વડે છાતીસરસા ચાંપીને મુખમાં સ્તન આપી ધવરાવતી હતી અને તે વેળા સુંદર મંદ હાસ્યવાળાં તથા થોડા દાંતવાળાં તે બન્નેનાં મુખ જોઇને આનંદ પામતી હતી. તે બન્ને બાળકોની કુમારલીલા જ્યારે સ્ત્રીઓને જોવા યોગ્ય થઈ, ત્યારે વ્રજની અંદર નાનાં વાછરડાંઓનાં પૂંછડાંઓને તેઓ પકડતા હતા અને વાછરડાંઓ તે બન્નેને આમતેમ ખેંચી જતાં હતાં; તે જોઇને વ્રજની સ્ત્રીઓ પોતાનાં ઘરનાં કામ છોડી દઇ (તેમને જોતી) હસતી હસતી આનંદ પામતી હતી.[૨૩/૨૪] યશોદા અને રોહિણી રમવામાં તત્પર રહેતા અતિ ચપળ તે બન્ને પુત્રોને શિંગડાંવાળાં પ્રાણીઓ, અગ્નિ, દાઢવાળાં પ્રાણીઓ, તલવાર, પાણી, પક્ષીઓ તથા કાંટાઓથી સાચવવા માટે પોતાનાં ઘરકામ કરવાને પણ સમર્થ થતી ન હતી અને તેથી અવ્યવસ્થિત મનવાળી થતી હતી.[૨૫] હે રાજર્ષિ! પછી તો અલ્પ સમયમાં રામ અને કૃષ્ણ ગોકુળમાં ઢીંચણ ઘસડ્યા વિના અનાયાસે પગથી ચાલવા લાગ્યા.[૨૬] ભગવાન કૃષ્ણ પોતાના મિત્ર વ્રજનાં બાળકો સાથે તથા બલરામ સાથે વ્રજની સ્ત્રીઓને આનંદ ઉપજાવતા ક્રીડા કરવા લાગ્યા.[૨૭] ગોપીઓ શ્રીકૃષ્ણની સુંદર કુમારચપળતા જોઇને બધી એકઠી મળી તેમની માતા યશોદાજીના સાંભળતાં આ પ્રમાણે તેમને કહેવા લાગી: 'હે યશોદા! આ તમારો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કૃષ્ણ કોઇ વેળા અમારું ધ્યાન હોતું નથી ત્યારે ગાયો દોહવાનો સમય હોતો નથી તોપણ, વાછરડાંઓને છોડી મૂકે છે; (તેથી બધું દૂધ વાછરડાંજ ધાવી જાય છે અને અમને ઘણું નુકસાન થાય છે.) પછી તે વખતે અમે જ્યારે તેને ઠપકો આપીએ છીએ, ત્યારે સામેથી હસ્યા કરે છે; (પણ ડરતો નથી.) વળી કોઈ વખતે ચોરીના ઉપાયો કરી ચોરી લીધેલાં સ્વાદિષ્ટ દહીં તથા દૂધને ખાઈ જાય છે; (એટલુંજ નહિ પણ) પોતાના ખાધા પહેલાં વાનરોને દૂધ–દહીં વહેંચી આપે છે અને (તે વાનરો જો ધરાયલા હોય અને) તેમાંનો કોઈ ખાય નહિ, તો દહીંદૂધભરેલાં વાસણ ફોડી નાખે છે. કોઇ વખતે (અમે દહીં, દૂધ વગેરે સંતાડી રાખીએ છીએ, તો) કંઇ વસ્તુ નહિ મળવાથી આખા ઘર ઉપર કોપાયમાન થઇ સૂતેલાં નાનાં બાળકોને રડાવી ચાલ્યો જાય છે.[૨૮।૨૯] કોઇ વેળા દહીં વગેરે પદાર્થોને તેના હાથ ન પહોંચે તેવે સ્થળે અમે મૂકીએ છીએ, તો પાટલા ને ખાંડણિયા વગેરે ઉપરાઉપરી ગોઠવી તે લઈ લેવાનો ઉપાય કરે છે; કોઈ સમયે અમે દહીં વગેરેનાં વાસણો શીકાંઓ ઉપર ઢાંકીને મૂકીએ છીએ; તોપણ તે વાસણોમાં રહેલાં દહીં વગેરે જાણી જઇ તેમાં (નીચેથી) બાકું પાડે છે; કેમકે એવે સ્થળે પણ બાકું કેવી રીતે પડાય તે એ જાણે છે અને કોઇ વખતે અંધારિયા ઓરડામાં દહીં વગેરે અમે મૂકીએ છીએ, તો શરીર પર ધારણ કરેલા મણિના સમૂહો તેને તે તે વસ્તુ દર્શાવનારા થઇ પડે છે. આવી રીતે જ્યારે ગોપીઓનાં મન ઘરકામમાં ગૂંથાયલાં હોય છે, ત્યારે કૃષ્ણ નુકસાન કરી જાય છે.[૩૦] ઉપરાંત જ્યારે 'અલ્યા ચોર!' એમ અમે એને તિરસ્કારવચન કહીએ છીએ, ત્યારે 'તું ચોર છે; હું તો ઘરનો માલિક છું' એમ સામેથી કહી સંભળાવે છે. વળી ઘરની અંદર જ્યાં વાળીઝાડી, લીંપીને સ્વચ્છ કર્યું હોય છે, ત્યાં આવીને મૂત્ર કરી જાય છે અથવા ઝાડે ફરી જાય છે; આવાં આવાં ઘણાં નિર્લજ્જ કર્મો કરી જાય છે અને ચોરીના ઉપાયો કરી પોતાનું કામ કાઢી જાય છે; છતાં (જુઓ ને!) અહીં તમારી પાસે તો જાણે ઘણોજ શાણો ને ડાહ્યો હોય તેમ બેઠો છે.' એ પ્રમાણે ભયયુક્ત નેત્રની શોભાવાળા શ્રીકૃષ્ણના મુખ સામે જોતી વ્રજની સ્ત્રીઓએ યશોદાને સર્વ વાત જણાવી, ત્યારે યશોદાજીનું મુખ અત્યંત હસી પડ્યું; પણ તેમણે શ્રીકૃષ્ણને ઠપકો દેવા ઇચ્છા કરી નહિ.[૩૧] એક સમયે બળરામ વગેરે ગોવાળિયાના છોકરાઓ રમતા હતા; તેઓએ યશોદા માતાને જણાવ્યું કે, 'કૃષ્ણે માટી ખાધી છે.' એટલે શ્રીકૃષ્ણનું હિત ઇચ્છતાં યશોદાજી ભયથી ચકરવકર નેત્રવાળા શ્રીકૃષ્ણને ઠપકો આપી કહેવા લાગ્યાં કે,[૩૨।૩૩] 'અલ્યા ઓ ચપળ ચિત્તવાળા કૃષ્ણ! તેં એકાંતમાં માટી કેમ ખાધી? આ તારા મિત્રો અને આ તારો મોટા ભાઇ પણ કહે છે.[૩૪] તે સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે, 'ઓ માતાજી! મેં માટી ખાધી નથી, તેઓ સર્વે જૂઠું કહે છે; જો તેઓ સત્ય કહેતા હોય, તો મારું મુખ તમે પ્રત્યક્ષ જોઇ લો!![૩૫] ત્યારે યશોદાજી બોલ્યાં કે, 'ઠીક છે; [illegible] એમજ કહે છે કે, મેં માટી ખાધી નથી; તો ઉઘાડ તારું મોઢું.' યશોદાજીએ એ પ્રમાણે કહ્યું, એટલે અસ્ખલિત ઐશ્વર્યવાળા અને લીલા માટે મનુષ્યના બાળક બનેલા ભગવાન શ્રીહરિએ મુખને પહોળું કર્યું.[૩૬] એટલે તે મુખમાં યશોદાએ સ્થાવર–જંગમ જગત, આકાશ, દિશાઓ, પર્વતો, બેટો, સમુદ્રો, ભૂગોલ, વહેતો વાયુ, અગ્નિ, ચંદ્ર, તારા, જ્યોતિશ્ચક્ર, જળ, તેજ, પવન, ઇન્દ્રિયોના દેવો, ઇન્દ્રિયો, મન, શબ્દાદિ તન્માત્રાઓ, ત્રણ ગુણો, જીવ, કાળ, સ્વભાવ, કર્મ અને આશય, આ સર્વ સ્થાવરજંગમ શરીરોના ભેદવાળા વિચિત્ર જગતને તથા પોતાની સાથે આખા વ્રજને મુખ પહોળું કરી રહેલા પુત્રના શરીરમાં જોયું અને તે જોઈ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



યશોદાને વિશ્વદર્શન

[પૃષ્ઠ ૭૫૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને યશોદાજી શંકામાં પડી ગયાં કે, 'આ તે શું સ્વપ્ન છે? અથવા ઈશ્વરી માયા છે?+ અથવા શું મારી બુદ્ધિનો મોહ× છે? કે આ મારા બાળકનું જ સ્વાભાવિક કોઇ ઐશ્વર્ય છે? આ જગત કે ચિત્ત, મન, કર્મ તથા વચનથી અનાયાસે બરાબર તર્કગોચર થતું નથી, તે જગત જેના આશ્રયે રહેલું છે અને જેના વડે તેમજ જેના થકી પ્રકટ જણાય છે, તે અતિશય અચિંત્ય પરમાત્માના શરણને હું પ્રણામ કરું છું.[૩૭–૪૧] 'આ હું છું; આ મારો પતિ છે, આ મારો પુત્ર છે; હું વ્રજના સ્વામી નંદરાયના સમગ્ર ધનની માલિક તેમની સ્ત્રી છું અને સર્વ ગોપીઓ, ગોવાળો તથા ગાયોના ધણ મારાં છે.' આવી કુમતિ જેમની માયાને લીધે થઇ છે, તે પરમેશ્વર મારું શરણ થાઓ.'[૪૨] એ પ્રમાણે ગોપી યશોદાજીએ ઈશ્વરતત્ત્વ જાણતાંજ વ્યાપક પરમેશ્વર–શ્રીકૃષ્ણે પાછી સત્વર પુત્રના સ્નેહમય પોતાની વૈષ્ણવી માયા તેમના પર ફેલાવી દીધી. એટલે ગોપી યશોદાજીને તુરતજ આત્મતત્ત્વનું વિસ્મરણ થઇ ગયું. તેથી પોતાના પુત્રને ખોળામાં બેસાડી પૂર્વની પેઠે અત્યંતજ વધી પડેલા સ્નેહથી વ્યાપ્ત હૃદયવાળાં થઇ ગયાં અને વેદો, ઉપનિષદો, સાંખ્ય, યોગ તથા ભક્તજનો જેમના માહાત્મ્યને ગાયા કરે‡ છે, તે ભગવાનને પોતાના પુત્ર તરીકે માનવા લાગ્યાં.'[૪૩–૪૫]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! નંદરાયજીએ એવું તે કયું મહાન ઉદયવાળું પુણ્યકર્મ કર્યું હશે? (કે જેથી એમને ત્યાં શ્રીભગવાન પધાર્યા?) અને મહાભાગ્યશાળી યશોદાજીએ એવું તે કયું મહાન પુણ્યકર્મ કર્યું હશે, કે જેથી તેમના સ્તનનું શ્રીહરિએ પાન કર્યું ?[૪૬] લોકોનાં પાપોનો નાશ કરનારાં શ્રીકૃષ્ણનાં ઉદાર બાળચરિત્રો કે જેને કવિઓ અદ્યાપિ વર્ણવે છે, તેનો અનુભવ તેમનાં ખુદ માતાપિતા દેવકીને તથા વસુદેવજીને પણ ન મળ્યો. (પણ નંદને તથા યશોદાનેજ મળ્યો તેનું કારણ શું ?)"[૪૭]

શ્રીશુકદેવજી બોલ્યા:–" આઠ વસુઓમાં સૌથી શ્રેષ્ઠ 'દ્રોણ' નામનો વસુ હતો. તે પોતાની 'ધરા' નામની સ્ત્રી સાથે 'ગાયોનું પાલન' આદિ બ્રહ્માની આજ્ઞા કરવા તૈયાર થયો, ત્યારે તેણે બ્રહ્માને પ્રાર્થના કરી હતી કે,[૪૮] 'અમે પૃથ્વી પર જન્મ લઇએ, ત્યારે જગતના ઈશ્વર મહાદેવ શ્રીહરિ પર અમને પરમભક્તિ થાઓ, કે જે ભક્તિ વડે મનુષ્ય અનાયાસે દુર્ગતિને તરી જાય છે.'[૪૯] 'અસ્તુ' 'તમને ભગવાનમાં ભક્તિ થશે' એમ ભગવાન બ્રહ્માએ કહેતાં મહાયશસ્વી તે દ્રોણ નામનો વસુ વ્રજમાં નંદ નામના ગોપ થયા અને તેમની સ્ત્રી ધરા યશોદા થયાં.[૫૦] હે ભરતવંશી રાજા ! એજ કારણથી દંપતી–નંદ યશોદાને જો કે બીજા ગોપ–ગોપીઓને પણ ભગવાન પર ભક્તિ હતી, છતાં પુત્રરૂપ થયેલા જનાર્દન ભગવાન ઉપર અત્યંત ભક્તિ થઇ હતી.[૫૧] પ્રભુ શ્રીકૃષ્ણ પણ બ્રહ્મદેવની આજ્ઞા સત્ય કરવાને બળદેવજી સાથે વ્રજમાં વસીને પોતાની બાળલીલાથી તે ગોપ–ગોપીઓને પ્રીતિ કરતા હતા."[૫૨]

कृष्णो ब्रह्मण आदेशं सत्यं कर्तुं व्रजे विभुः ।
सहरामो वसंश्चक्रे तेषां प्रीतिं स्वलीलया ॥५२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

+ ના, માયા ન હોવી જોઇએ; કારણ કે મારા વિના બીજા કોઇ પણ આ વસ્તુ જોઇ શકતા નથી.

× ના, મારી બુદ્ધિનો મોહ પણ ન હોવો જોઇએ; કારણ કે બુદ્ધિનો મોહ હોય, તો આ કૃષ્ણ પણ અંદર દેખાય છે, તે ન દેખાવા જોઇએ.

‡ અર્થાત્ કર્મકાંડરૂપ વેદો ઇન્દ્રિયાદિસ્વરૂપે ભગવાનનું માહાત્મ્ય ગાય છે; ઉપનિષદો બ્રહ્મસ્વરૂપે ભગવાનનું માહાત્મ્ય ગાય છે; સાંખ્યશાસ્ત્રો પુરુષસ્વરૂપે ભગવાનનું માહાત્મ્ય ગાય છે; યોગશાસ્ત્રો પરમાત્માસ્વરૂપે ભગવાનનું માહાત્મ્ય ગાય છે અને ભક્તજનો 'ભગવાન' એ શબ્દથી ભગવાનનું માહાત્મ્ય ગાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ९ मो×

યશોદાએ શ્રીકૃષ્ણને દામણાથી બાંધ્યા

॥ श्रीशुक उवाच ॥

एकदा गृहदासीषु यशोदा नंदगेहिनी ।
कर्मांतरनियुक्तासु निर्ममंथ स्वयं दधि ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—“ એક સમયે ઘરની દાસીઓ કોઇ બીજા કામમાં ગુંથાયલી હતી; તેથી નંદપત્ની યશોદા પોતે દહીં વલોવતાં (છાશ કરતાં) હતાં.[१] તે દહીં વલોવવાના સમયે શ્રીકૃષ્ણનાં બાળચરિત્રો જે જે અહીં કહેવાઈ ગયાં, તે સર્વનું સ્મરણ કરીને યશોદાજી ગાતાં હતાં.[२] સુંદર ભ્રૂકુટીવાળાં યશોદાજી જ્યારે દહીં વલોવતાં હતાં, ત્યારે તેમણે વિશાળ નિતંબ ઉપર રેશમી ચણિયો પહેર્યો હતો અને કંદોરાથી તેને બાંધ્યો હતો; પુત્ર ઉપરના સ્નેહને લીધે બન્ને સ્તનમાંથી દૂધ વહી રહ્યું હતું; તેમનું આખુંય શરીર આમતેમ ડોલતું હતું; નેતરું ખેંચવાના પરિશ્રમથી હાથનાં કડાંઓ તથા કાનનાં કુંડળો હાલતાં હતાં; મુખે પરસેવો આવી રહ્યો હતો અને અંબોડામાંથી માલતીનાં પુષ્પો સરી પડતાં હતાં.[३] તેવામાં ધાવવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણ છાશ કરતાં માતાજી પાસે આવી પહોંચ્યા અને દહીં વલોવવાના રવૈયાને પકડી રાખી પ્રેમ ઉપજાવતા માતાને છાશ કરતાં અટકાવવા લાગ્યા.[४] એટલે યશોદાજી તેમને ખોળામાં લઇ સ્નેહથી સ્રવી રહેલાં સ્તન ધવરાવવા લાગ્યાં અને મંદ હાસ્યવાળું તેમનું મુખ જોવા લાગ્યાં. તેવામાં ચૂલા ઉપર ઊકળવા મૂકેલું દૂધ ઘણા તાપને લીધે ઊભરાઇ જવા લાગ્યું; જેથી ધાવવાથી નહિ ધરાયલા શ્રીકૃષ્ણને એકદમ છોડી દઇ યશોદાજી પેલા દૂધ તરફ દોડી ગયાં.[५] તે જોઇ શ્રીકૃષ્ણને ક્રોધ થયો. તેમણે ખોટાં ખોટાં આંસુ લાવી ફરકતા લાલ અધરોષ્ઠને દાંતથી પીસીને દહીં વલોવવાના વાસણને પથરો મારી ફોડી નાખ્યું અને ઘરમાં પેસી જઇ એકાંતે માખણ ખાવા માંડ્યું. ગોપી યશોદા ઊકળી રહેલા દૂધને ઉતારીને પાછાં આવ્યાં અને દહીંના વાસણને ભાગેલું જોઇ ‘આ કામ પોતાના પુત્રનું છે,’ એમ વિચારીને હસ્યાં અને આસપાસ જોયું, તો પોતાના પુત્રને પણ તેમણે જોયો નહિ.[६।७] પછી (ઘરમાં જઇને) તેમણે જોયું, તો પુત્ર શ્રીકૃષ્ણ ખાંડણિયાને ઊંધો વાળી તે પર ઊભા રહીને શીકાં પર રહેલું માખણ ઇચ્છાનુસાર વાનરને આપી રહ્યા હતા અને ચોરીને લીધે તેમનાં ચંચળ નેત્ર ભયશંકિત જણાતાં હતાં, તે જોઇને યશોદાજી ધીમે ધીમે પાછળથી તેમની પાસે જવા લાગ્યાં;[८] એટલે હાથમાં લાકડી લઇ પોતાની સમીપ આવતાં માતા યશોદાને જોઇને શ્રીકૃષ્ણ ઉતાવળા ઉતાવળા ખાંડણિયા પરથી ઊતરી પડ્યા અને જાણે ભય પામ્યા હોય તેમ ત્યાંથી નાસવા લાગ્યા; એટલે તપશ્ચર્યાથી તદાકાર થયેલું અને તેથીજ પ્રવેશ કરવાને યોગ્ય બનેલું યોગીઓનું મન પણ જેમને પામી શક્યું નથી, એવા શ્રીકૃષ્ણની પાછળ માતા યશોદાજી પણ (તેમને પકડી લેવાને) દોડવા લાગ્યાં.[९] સુંદર કેડવાળાં યશોદા માતા એ પ્રમાણે શ્રીકૃષ્ણની પાછળ દોડ્યાં, ત્યારે ચાલતાં મોટા નિતંબના ભારથી વચ્ચે વચ્ચે તેમની ગતિ અટકી પડતી હતી અને વેગથી દોડવાને લીધે વીખરાઇ ગયેલા તેમના કેશપાશમાંથી તેમની પાછળ પાછળ પુષ્પો વેરાઈ પડતાં હતાં; પણ છેવટે તેમણે શ્રીકૃષ્ણને પકડી લીધા.[१०] અપરાધી કૃષ્ણ તે વેળા ખૂબ રડતા હતા; પોતાના હાથથી આંખો ચોળતા હતા; આંખમાંનાં આંજણને ખરડી નાખતા હતા અને ભયથી વિહ્વળ નેત્રે ઊંચે જોઈ રહ્યા હતા. તેમને હાથમાં પકડીને યશોદાજી ભય પમાડી ધમકાવવા લાગ્યાં.[११]

× આ અધ્યાયમાં, દૂધ ઊભરાઇ જતું હતું, તેથી યશોદાજી દૂધ પાસે ગયાં, એટલે પાછળથી શ્રીકૃષ્ણે ગોળી ભાગી નાખી; તે જોઇને એ કામ શ્રીકૃષ્ણે કર્યું છે, એમ માનીને તેમણે શ્રીકૃષ્ણને દોરડાથી બાંધ્યા, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરબ્રહ્મ પ્રેમબંધનમાં [પૃષ્ઠ ૭૫૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે પછી પુત્રને બી ગયેલો જાણી બાળક પર પ્રેમ ધરાવતાં યશોદાજીએ (હાથમાંથી) લાકડી છોડી દીધી અને તેમને દામણાથી બાંધવાની ઇચ્છા કરી. કેમકે શ્રીકૃષ્ણના પરાક્રમને તે જાણતાં ન હતાં.[૧૨] શ્રીકૃષ્ણની અંદર કે બહાર કંઈ નથી; આગળ કે પાછળ પણ કંઇ નથી અને જે ભગવાન જગતની અંદર, બહાર, આગળ તથા પાછળ રહેલા છે ને જે જગત્સ્વરૂપ છે, તે અવ્યક્ત અને અતીન્દ્રિય ભગવાનને પોતાના પુત્ર માની ગોપી યશોદાએ પ્રાકૃત મનુષ્યની પેઠે દામણાથી ખાંડણિયામાં બાંધવા માંડ્યા.[૧૩-૧૪] પોતાના અપરાધી પુત્રને યશોદાજીએ બાંધવા માંડ્યા, ત્યારે તેમણે જે દામણું લીધું હતું, તે બે આંગળ નાનું પડ્યું, જેથી તેની સાથે તેમણે બીજું દામણું બાંધ્યું; પરંતુ તે દામણું પણ જ્યારે બે આંગળ નાનું પડ્યું, ત્યારે તેની સાથે વળી બીજું બાંધ્યું; તે પણ બે આંગળ નાનું પડ્યું. એમ જે જે દામણાં યશોદાજીએ લીધાં, તે તે બધાંય બે બે આંગળ ઓછાં પડ્યાં, જેથી પોતાના ઘરમાં જેટલાં દામણાં હતાં, તે બધાંય યશોદાજીએ સાંધી દીધાં; છતાં તે નાનાં પડ્યાં, એટલે અત્યંત હસતી ગોપીઓની વચ્ચે હસતાં યશોદાજી આશ્ચર્ય પામ્યાં.[૧૫-૧૭] પોતાની માતા કે જેનાં ગાત્રો પરસેવાથી રેબઝેબ થઇ ગયાં હતાં અને જેના કેશપાશમાં ગૂંથેલી પુષ્પમાળા ચૂંથાઇ ગઇ હતી, તેનો પરિશ્રમ જોઇને શ્રીકૃષ્ણ કૃપાને લીધે બંધાઈ ગયા.[૧૮] હે રાજન્! બ્રહ્મા તથા શંકર સહિત આ જગત જેમને વશ છે, એવા શ્રીકૃષ્ણ પોતે સ્વતંત્ર છે, તોપણ શ્રીહરિએ એ પ્રમાણે ભક્તાધીનપણું પ્રદર્શિત કર્યું હતું.[૧૯] મુક્તિને આપનાર શ્રીકૃષ્ણ પાસેથી ગોપી યશોદાએ જે અનુગ્રહ સંપાદન કર્યો હતો, તે બ્રહ્માએ, શંકરે કે ભગવાનના અંગનો આશ્રય કરનાર લક્ષ્મીજીએ પણ સંપાદન કર્યો નથી.[૨૦] ગોપિકાપુત્ર શ્રીકૃષ્ણ આ લોકમાં ભક્તિવાળાઓને જેવા સુલભ છે, તેવા દેહાભિમાની તપસ્વીઓ વગેરેને તથા દેહાભિમાનરહિત આત્મરૂપ જ્ઞાનીઓને પણ સુલભ નથી.[૨૧] પછી માતા યશોદા પોતાના ઘરકામમાં ગૂંથાઇ ગયાં, એટલે પ્રભુ શ્રીકૃષ્ણે ત્યાં આગળ આંજણિયાંનાં બે ઝાડ જોયાં કે જે પૂર્વજન્મમાં કુબેરના પુત્ર બે યક્ષ હતા.[૨૨] એ સમયે તેઓ નલકૂબર તથા મણિગ્રીવ એવાં નામથી પ્રખ્યાત અને લક્ષ્મીસંપન્ન હતા; પણ ગર્વને લીધે નારદજીનો તેમને શાપ થવાથી તેઓ વૃક્ષપણાને પામ્યા હતા."[૨૩]

पुरा नारदशापेन वृक्षतां प्रापितौ मदात् ।
नलकूबरमणिग्रीवाविति ख्यातौ श्रियान्वितौ ॥२३

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो*

યમલાર્જુનનો મોક્ષ

॥ राजोवाच ॥

कथ्यतां भगवन्नेतत्तयोः शापस्य कारणम् ।
यत्तद्विगर्हितं कर्म येन वा देवर्षेस्तमः ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછયું:—"હે ભગવન્! એ નલકૂબર તથા મણિગ્રીવને શાપ થવાનું કારણ આપ કહો. એવું કયું નિંદ્ય કર્મ તેઓએ કર્યું હતું, કે જેને લીધે દેવર્ષિ નારદને તેઓ ઉપર ક્રોધ થયો?"[૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ નલકૂબર તથા મણિગ્રીવ રુદ્રના અનુચર થઇને પણ અત્યંત ગર્વિષ્ઠ બની ગયા હતા; તેઓ કુબેરના પુત્રો હતા; (એ પણ તેઓના ગર્વનું એક કારણ હતું,) તેથી મદ વડે ઉત્કટ બની જઇને ગંગાકિનારે પુષ્પોથી પ્રફુલ્લ રહેતા કૈલાસના સુંદર ઉપવનમાં વારુણી મદિરા પીને મદથી ઘેરાતાં નેત્રે પાછળ ગીતો ગાતી સ્ત્રીઓની સાથે તેઓ ઘૂમતા હતા.[૨-૩]

* આ અધ્યાયમાં યમલાર્જુનની વચ્ચે રીખતા શ્રીકૃષ્ણે તે બન્નેને પાડી નાખ્યાં અને તેમાંથી પ્રકટ થયેલા બે દેવોએ તેમની સ્તુતિ કરી, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક સમયે કમળના વનથી શોભી રહેલા ગંગાના જળમાં પ્રવેશ કરી તેઓ બન્ને હાથીઓ જેમ હાથણીઓ સાથે રમે, તેમ યુવાન સ્ત્રીઓની સાથે રમી રહ્યા હતા.[૪] તેવામાં દૈવયોગે દેવર્ષિ ભગવાન નારદ ત્યાં આવી ચઢ્યા. હે કુરુવંશી રાજા! નારદજીએ તે બન્ને દેવોને જોયા અને જાણી લીધું કે, 'આ બન્ને જણા મદથી છકી ગયા છે.'[૫] નારદજીને જોઇને (તેમની સાથે રહેલી) દેવતાઈ સ્ત્રીઓ કે જેઓ નગ્ન હતી, તેઓએ તો શાપની શંકા કરીને તુરતજ વસ્ત્રો પહેરી લીધાં; પણ પેલા બે યક્ષોએ પોતે નગ્ન હોવા છતાં વસ્ત્રો પહેર્યાં નહિ. નારદજી તે દેવપુત્રોને મદિરાથી બેભાન અને લક્ષ્મીના મદથી આંધળા બની ગયેલા જોઇને તેઓ ઉપર અનુગ્રહ કરવા માટે શાપ આપતાં આવું વચન બોલ્યા:[૬-૭]

નારદજી બોલ્યાઃ-'પોતાને પ્રિય એવા વિષયોનું સેવન કરનાર પુરુષને, લક્ષ્મીના મદ વિના બીજો કોઈ પણ-સત્કુલમાં જન્મ વગેરેનો કે વિદ્યા વગેરેનો-મદ અથવા રજોગુણના કાર્યરૂપ હાસ્ય, હર્ષ વગેરેનો મદ બુદ્ધિથી ભ્રષ્ટ કરતો નથી.[૮] કારણ કે લક્ષ્મીનો મદ થતાંજ સ્ત્રીઓ, જુગાર અને મદિરાનું સેવન મુખ્ય થઇ પડે છે; જે લક્ષ્મીના મદથી આ નાશવંત શરીરને પણ, અજરામર માનતા પુરુષો અજિતેન્દ્રિય અને નિર્દય બની જઇ પશુઓનો વધ કરે છે;[૯] જે પુરુષ. દેવની, રાજાની કે બ્રાહ્મણની સંજ્ઞા ધારણ કરનાર છતાં અંતે÷ કીડા, વિષ્ટા કે રાખનીજ સંજ્ઞા ધારણ કરનાર-તુચ્છ શરીરને માટે પ્રાણીઓનો દ્રોહ કરે છે-તે પુરુષ શું સ્વાર્થને સમજે છે? નથીજ સમજતો. કારણ કે પ્રાણીદ્રોહ કરવાથી તો નરકજ મળે છે.[૧૦] આ શરીર (સ્વાધીન હોવાથી) શું પોતાનું છે? અથવા અન્નદાન કરનાર કોઈ પાલકનું છે? અથવા માતામાં વીર્યસિંચન કરી ઉત્પન્ન કરનારા પિતાનું છે? અથવા માતાના ઉદરથી ઉત્પન્ન થયેલું હોઇને માતાનું છે? અથવા માતાના પિતા વગેરેનું (કોઈ વેળા) દત્તક બનતું હોઇને તેમનું છે? અથવા કોઇ બળવાન રાજા વગેરે તેને વેઠે પકડી શકે છે, તેથી તેનું છે? અથવા છેવટે અગ્નિમાં ભસ્મ થતું હોવાથી અગ્નિનું છે કે કોઇ વેળા કૂતરાં ખાઈ જાય છે, તેથી કૂતરાંનું છે?[૧૧] ×(આમ નિશ્ચય ન થતો હોવાથી જણાય છે કે, આ શરીર સર્વસાધારણ-હરકોઇની માલિકીનું છે; અવ્યક્ત-પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે અને પાછું તે અવ્યક્તમાંજ લય પામી જાય છે; તો મૂર્ખ વિના બીજો કયો વિદ્વાન પુરુષ શરીરને પોતાનું માની લઇ (તેના ધારણ-પોષણ માટે) પ્રાણીઓનો વધ કરે?[૧૨] (મને લાગે છે કે,) જે દુષ્ટ પુરુષ લક્ષ્મીના મદથી આંધળો બની ગયો હોય, તેને દરિદ્રાવસ્થા પ્રાપ્ત થાય એજ (તેના એ અંધાપાને દૂર કરનાર) ઉત્તમ અંજન છે. કેમકે દરિદ્ર મનુષ્ય પ્રાણીમાત્રને કેવળ પોતાના જેવાંજ જુએ છે. (તેથી તે કોઇની હિંસા કરતો નથી.)[૧૩] જેમ કાંટાથી વીંધાયલા અંગવાળો મનુષ્ય બીજા કોઇ પણ પ્રાણીને તે કાંટાની પીડા ઇચ્છતો નથી, કેમકે મુખનું કરમાઈ જવું વગેરે ચિહ્નો ઉપરથી સર્વ જીવોને એકસરખીજ પીડા થાય છે, એમ તે જાણી શક્યો હોય છે; તેમ જેનું અંગ કદી કાંટાથી વીંધાયું નથી, તેવો મનુષ્ય (એ વેદનાથી અજાણ હોવાથી) બીજાં પ્રાણીને તે વેદના ન થાય એમ ઇચ્છતો નથી.[૧૪] આ સંસારમાં દરિદ્ર પુરુષ અહં-

÷ મૃત્યુ પછી શરીરને જો દાટવામાં આવે છે, તો તેના કીડા બની જાય છે; બાળવામાં આવે છે, તો તેની રાખ બની જાય છે અને માંસાહારી પ્રાણીઓને ખવરાવી દેવામાં આવે છે, તો તેની વિષ્ટા બની જાય છે. માટેજ અહીં કહે છે કે, શરીરની છેલ્લી સ્થિતિ કીડા, વિષ્ટા કે રાખજ છે. —भा. क.

× કદાચ કોઇ કહે કે, મરણ પછી શરીરની ગમે તે સ્થિતિ થતી હોય, પણ જીવંત દશામાં તો શરીર સ્વાધીનજ છે ને? તો પછી તેને સુખ આપવા માટે કેમ પ્રયત્ન ન કરવો જોઇએ? આના ઉત્તરમાં એવા અભિપ્રાયથી કહે છે કે, જીવંત દશામાં પણ શરીર પોતાનુંજ છે, એવો નિશ્ચય થઈ શકતો નથી.—बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારની અક્કડાઇથી રહિત થાય છે. કેમકે સર્વ પ્રકારના મદથી તે મુક્ત હોય છે; વળી દરિદ્ર પુરુષ દૈવયોગે જ કંઈ કષ્ટને પામે છે, તે તેને ઉત્તમ તપરૂપ થઇ પડે છે.[૧૫] દરિદ્ર નિત્ય અન્નની આકાંક્ષા રાખે છે અને ક્ષુધાથી કૃશ થયેલા શરીરવાળો હોય છે, તેથી તેની સર્વ ઇન્દ્રિયો શુષ્ક બની જાય છે, જેને લીધે તેનાથી થતી હિંસા પણ અટકે છે;[૧૬] ઉપરાંત સમદષ્ટિવાળા સાધુપુરુષો દરિદ્રનેજ પોતાની મેળે મળી આવે છે; તેથી એ સત્પુરુષોદ્વારા પોતાની તૃષ્ણાનો નાશ કરે છે ને તેથી સત્વર શુદ્ધ થાય છે.[૧૭] +સાધુપુરુષો તો સર્વત્ર સમાન ચિત્તવાળા હોય છે અને ભગવાનના ચરણનેજ કેવળ ઇચ્છતા હોય છે; તેથી દુષ્ટ વિષયોનોજ આશ્રય કરનારા અને ઉપેક્ષા કરવા યોગ્ય દુષ્ટ ધનગર્વિષ્ઠ ધનવાનોની તેઓને શી પડી હોય છે? માટે આ બન્ને યક્ષો કે જેઓ વારુણી મદિરાથી ગાંડા, લક્ષ્મીના મદથી આંધળા, સ્ત્રીલંપટ અને અજિતેન્દ્રિય બન્યા છે, તેઓના આ અજ્ઞાનજન્ય મદને હું દૂર કરીશ.[૧૮,૧૯] કારણ કે આ બન્ને લોકપાલના પુત્રો થઇને આવા અજ્ઞાનમાં ડૂબી ગયા છે અને અત્યંત નામર્દ થઇ ગયા છે, કે જેથી પોતાને નગ્ન અવસ્થામાં રહેલા જાણી શકતા નથી. માટેજ તેઓ બન્ને સ્થાવર–વૃક્ષપણાને યોગ્ય છે, જેથી ફરી આમ ન વર્તે. વૃક્ષપણામાં પણ મારી કૃપાથી તેઓને પૂર્વજન્મનું સ્મરણ રહેશે.[૨૦,૨૧] પછી દેવતાઇ સો વર્ષ પૂરાં થશે, એટલે શ્રીકૃષ્ણનું સામીપ્ય મેળવીને ફરી તેઓ દેવપણાને પામશે અને મારા અનુગ્રહથી ભક્તિ સંપાદન કરશે.'[૨૨]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એમ કહીને દેવર્ષિ નારદ નારાયણના બદરિકાશ્રમમાં ગયા અને પેલા નલકૂબર તથા મણિગ્રીવ આંજણિયાનાં ઝાડ થઇ ગયા.[૨૩] ભગવાનના ભક્તોમાં મુખ્ય નારદજીનાં તે વચનને સત્ય કરવા માટે ભગવાન કૃષ્ણ જ્યાં આગળ પેલાં યમલાર્જુનનાં વૃક્ષો હતાં, ત્યાં ધીમે ધીમે ગયા અને મનમાં વિચાર કર્યો કે, 'દેવર્ષિ નારદ મને ઘણાજ પ્રિય છે અને આ બન્ને કુબેરના પુત્રો છે; માટે મહાત્મા નારદે જે કંઇ કહ્યું છે, તેને હું સત્ય કરું'[૨૪,૨૫] આવો વિચાર કરી શ્રીકૃષ્ણ પેલા બે યમલાર્જુનની વચ્ચે થઇને નીકળ્યા; એટલે તેમનો એ રીતે પ્રવેશ થતાંજ પેલો ખાંડણિયો આડો પડી ગયો. પછી જેમના પેટ ઉપર દામણું બાંધવામાં આવ્યું હતું, તે બાળક શ્રીકૃષ્ણે પેલા ખાંડણિયાને આડો ને આડો બળથી ખેંચ્યો કે તુરતજ પેલા યમલાર્જુન વૃક્ષનાં મૂળનાં બંધન ઊખડી પડ્યાં અને શ્રીકૃષ્ણના અત્યંત બળને લીધે જેઓનાં થડ, ડાળાં ને પાંદડાં કંપી રહ્યાં હતાં, એવાં તે બન્ને વૃક્ષો પ્રચંડ શબ્દ કરતાં પૃથ્વી ઉપર તૂટી પડ્યાં. એટલે તે વૃક્ષોના અગ્નિની પેઠે પરમ કાંતિને લીધે દિશાઓને પ્રકાશમાન કરતા બે સિદ્ધો (એ વૃક્ષોમાંથીજ) નીકળીને સમગ્ર લોકોના નાથ શ્રીકૃષ્ણને શિરસા પ્રણામ કરી, બે હાથ જોડી ગર્વરહિત થઇને, આ પ્રમાણે કહેવા લાગ્યાઃ 'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગિન્! આપ આદ્ય પરમપુરુષ છો; સ્થૂલ તથા સૂક્ષ્મસ્વરૂપ આ જગત આપનું સ્વરૂપ છે, એમ વેદવેત્તાઓ જાણે છે.[૨૬–૨૯] આપ એકજ સર્વ પ્રાણીઓનાં શરીર, પ્રાણ, અહંકાર તથા ઇન્દ્રિયોના નિયંતા અને કાળસ્વરૂપ છો; ભગવાન વિષ્ણુ તથા નિર્વિકાર ઈશ્વર પણ આપજ છો.[૩૦] આપ મહત્તત્ત્વ, રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણમય સૂક્ષ્મ પ્રકૃતિ અને સર્વ શરીરો તથા તેઓમાં રહેલા મન આદિ વિકારોના જ્ઞાતા સર્વસાક્ષી પુરુષ છો.[૩૧] આપ દૃશ્ય તરીકે વર્તતા બુદ્ધિ, અહંકાર અને ઇન્દ્રિયાદિ પ્રાકૃત ગુણોરૂપી વિકારોથી ગ્રહણ કરાતા નથી અને (જીવાદિની ઉત્પત્તિ પહેલાંજ) આપ સ્વપ્રકાશપણે સિદ્ધ છો, જેથી દેહાદિ ગુણોથી વીંટાયલો કયો પુરુષ આપને જાણવાને યોગ્ય

+ કદાચ કોઇ કહે કે, સાધુ પુરુષોને પણ ધનવાનજ પ્રિય થઇ પડશે, તો પછી દરિદ્રની શી દશા? એની સામે જોશે કોણ? આનો ઉત્તર આ શ્લોકમાં છે.–શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે ?[૩૨] સર્વના વિધાતા આપ વાસુદેવ ભગવાનને અમારા નમસ્કાર હો. આપનો મહિમા આપદ્વારા જેઓને પ્રકાશ મળેલો છે, એવા ગુણોથી ઢંકાયલો જણાય છે, આપ બ્રહ્મને અમારા નમસ્કાર હો.[૩૩] જો કે આપ શરીરથી રહિત છો, છતાં તે તે અતુલિત અતિશયવાળાં અને દેહધારી એવાં પ્રાણીઓમાં કદી ઘટે નહિ તેવાં આપનાં પરાક્રમોથી મત્સ્યાદિ શરીરોમાં આપના અવતારો જણાય છે;[૩૪] તેજ આપ સર્વ કામનાઓના સ્વામી છો; છતાં હમણાં સર્વ લોકના કલ્યાણ તથા મોક્ષ માટે આપના અંશરૂપ બળદેવજીની સાથે અવતર્યા છો.[૩૫] હે પરમ કલ્યાણસ્વરૂપ! હે પરમ મંગળમૂર્તિ! શાંત ગુણોવાળા અને યાદવોના પતિ! આપ વાસુદેવને અમારા વારંવાર નમસ્કાર હો.[૩૬] હે વ્યાપક દેવ! આપ અમને બન્નેને આપના સેવકોના પણ સેવક જાણો. નારદ ઋષિના અનુગ્રહથી આપ ભગવાનનું અમને દર્શન થયું છે.[૩૭] અમારી વાણી આપના ગુણાનુવાદ ગાવામાં સદા તત્પર રહો; અમારા બન્ને કાન આપની કથા સાંભળવામાં તત્પર રહો; અમારા બન્ને હાથ આપના સેવાકર્મમાં તત્પર રહો; અમારું મન આપના ચરણોનું સ્મરણ કરવામાં તત્પર રહો; અમારું મસ્તક આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામાં તત્પર રહો અને અમારી દૃષ્ટિ આપના દેહસ્વરૂપ સત્પુરુષોનું દર્શન કરવામાં તત્પર રહો.[૩૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે તેઓ બન્નેએ સ્તુતિ કરી, એટલે દામણાથી ખાંડણિયામાં બંધાયલા ગોકુલેશ્વર ભગવાન હસતા હસતા તે યક્ષોને કહેવા લાગ્યાઃ[૩૯]

શ્રીભગવાન બોલ્યાઃ—'દયાળુ ઋષિ નારદે લક્ષ્મીના મદથી અંધ બનેલા તમને બન્નેને વાણી વડે (શાપ આપી) લક્ષ્મીથી ભ્રષ્ટ કરવારૂપે તમારા પર જે અનુગ્રહ કર્યો છે, તે પ્રથમથીજ મારા જાણવામાં છે. જેમ સૂર્યનાં દર્શનથી મનુષ્યનાં નેત્રને બંધનરૂપ એવો અંધકાર કદી રહેતો નથી, તેમ સર્વત્ર સમાન ચિત્તવાળા અને મારામાંજ જેઓએ આત્માને અર્પણ કરી દીધો હોય છે, એવા સાધુપુરુષોનાં દર્શનથી મનુષ્યને કદી બંધન રહેતું નથી.[૪૦,૪૧] માટે હે નલકૂબર! મારામાંજ પરાયણ થયેલા તમે બન્ને હવે તમારે ઘેર જાઓ; તમને બન્નેને સંસારથી મુક્ત કરનારો પરમ ઇચ્છિત ભાવ મારામાં થયો છે.[૪૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભગવાને એમ કહ્યું, એટલે તેઓ બન્ને ખાંડણિયે બાંધેલા ભગવાનને પ્રદક્ષિણા કરી વારંવાર પ્રણામ કરીને ઉત્તરદિશામાં ચાલ્યા ગયા."[૪૩]

इत्युक्तौ तौ परिक्रम्य प्रणम्य च पुनः पुनः ।
बद्धोलूखलमामंत्र्य जग्मतुर्दिशमुत्तराम् ॥ ४३ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પુર્વાર્ધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो*

વત્સાસુર અને બકાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

गोपा नंदादयः श्रुत्वा द्रुमयोः पततो रवम् ।
तत्राजग्मुः कुरुश्रेष्ठ निर्घातभयशंकिताः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે કુરુશ્રેષ્ઠ! પડતાં એવાં તે બન્ને વૃક્ષોનો અવાજ સાંભળી નંદ વગેરે ગોવાળો વજ્રપાત થવાના ભયથી શંકાવાળા થઈ ત્યાં દોડી આવ્યા અને પૃથ્વી પર પડેલાં યમલાર્જુનવૃક્ષોને તેઓએ જોયાં. એ વૃક્ષોના પડવામાં દામણથી બાંધેલા અને ખાંડણિયાને ખેંચી રહેલા શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ કારણ જણાતા હતા; છતાં તેમને કારણ તરીકે નહિ જાણીને 'આ કર્મ કોનું હશે? કયા કારણથી આ આશ્ચર્ય બન્યું? આ તે શું કોઇ ઉત્પાત થયો?' એમ ભયભીત થઇને ભ્રાંતિમાં

* આ અધ્યાયમાં બાળકો સાથે વૃંદાવનમાં આવીને શ્રીકૃષ્ણે વાછરડાંઓનું પાલન કરતાં વત્સાસુર તથા બકાસુરને માર્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પડ્યા;[૫૨] તેવામાં (ત્યાં રમતા) છોકરાઓ બોલી ઊઠ્યા:–'આ બન્ને વૃક્ષોની વચ્ચે પેસી આડા પડેલા ખાંડણિયાને ખેંચતા આ કૃષ્ણે વૃક્ષોને પાડી નાખ્યાં છે; એટલું જ નહિ પણ આ વૃક્ષોમાંથી નીકળેલા બે પુરુષોને પણ અમે જોયા હતા.'[૩,૪] પરંતુ આવડું બાળક મોટાં બે ઝાડ ઉખેડી નાખે એ ઘટે નહિ, એમ કેટલાક તર્ક કરનારાઓએ બાળકોનું તે કહેવું માન્યું નહિ; ત્યારે કેટલાકનાં મન એ વાતમાં સંદેહવાળાં રહ્યાં. પછી ખાંડણિયાને ખેંચી રહેલા અને દામણાથી બાંધેલા પોતાના પુત્રને જોઈ નંદરાયે હસતા મુખે તેમને છૂટા કર્યા.[૫,૬] ભગવાન પણ (આ લોકો મને ઓળખી જશે, એવી શંકા કરી) અત્યંત બાળચેષ્ટાઓ કરવા લાગ્યા. કોઈ વેળા ગોપીઓ હાથની તાળીઓ વગાડી ઉત્સાહ આપતી, ત્યારે ભગવાન બાળકની પેઠે નૃત્ય કરતા હતા; કોઇ વેળા લાકડાના યંત્રની પેઠે એ ગોપીઓને વશ થઇને મુગ્ધની પેઠે ઊંચેથી ગાતા હતા.[૭] કોઈ વખતે ગોપીઓ પાટલા–બાજઠ, પાલી–પવાલાં તથા પાવડીઓને લાવવાને આજ્ઞા કરતી, ત્યારે (તે લાવવાને માટે જાણે પોતે અસમર્થ હોય, તેમ) તે તે વસ્તુઓને કેવળ પકડીને ફરતા અને કોઇ વખતે પોતાના સંબંધીજનોને તથા ભક્તજનોને પ્રીતિ ઉપજાવતા હાથ ઉછાળતા હતા.[૮] એ પ્રમાણે પોતાનું ઐશ્વર્ય જાણનારા પુરુષોને લોકમાં પોતાની ભક્તાધીનતા દર્શાવતા ભગવાન પોતાની બાલચેષ્ટાઓથી વ્રજને હર્ષ ઉપજાવતા હતા.[૯]+એક સમયે 'કોઇ ફળ લો, ફળ' એવો શબ્દ સાંભળીને શ્રીકૃષ્ણ પોતે જો કે સર્વને સર્વ પ્રકારનાં ફળ આપનારા હતા, છતાં (બાળકની પેઠે) ફળની ઇચ્છાથી ઉતાવળા ઉતાવળા અનાજ લઇને (ફળ વેચનારી પાસે) ગયા.[૧૦] એટલે ફળ વેચનારીએ જેમાંથી અનાજ વેરાતું હતું, એવા તે ભગવાનના બન્ને હાથને (તેમાંનું અનાજ લઇને) ફળોથી ભરી દીધા, જેથી ભગવાને પણ તેના ફળના કરંડિયાને રત્નોથી ભરી દીધો.[૧૧] એક સમયે યમલાર્જુન વૃક્ષોને ભાગી નાખનાર શ્રીકૃષ્ણ અને બળરામ નદીકિનારે જઇ બાળકોની સાથે ખૂબ રમતા હતા, તેમને દેવી રોહિણીએ બોલાવ્યા; પણ રમતમાં લીન થયેલા તે બન્ને પુત્રો બોલાવ્યા છતાં ન આવ્યા, ત્યારે રોહિણીએ પુત્રો પર પ્રેમ રાખનારાં યશોદાજીને મોકલ્યાં.[૧૨,૧૩] પુત્ર :પરના સ્નેહને લીધે જેમના સ્તનમાંથી ધાવણ વહી રહ્યું હતું, એવાં યશોદાજી બાળકોની સાથે અને પોતાના મોટા ભાઇ સાથે ભોજન વેળા થઇ ગઇ હતી, છતાં રમી રહેલા પુત્ર શ્રીકૃષ્ણને આ પ્રમાણે બોલાવવા લાગ્યાં:[૧૪] 'હે કૃષ્ણ! ઓ કૃષ્ણ! હે કમળસમાન નેત્રવાળા તાત! આવ, ધાવી લે; હવે રમવાનું બંધ કર; તને ભૂખ લાગી હશે; હે પુત્ર! રમત રમીને તું થાકી પણ ગયો હોઈશ.'[૧૫] (એમ બોલાવ્યા છતાં શ્રીકૃષ્ણે ઉત્તર ન આપ્યો ત્યારે શ્રી બળરામને બોલાવવા લાગ્યાં.) 'હે રામ! ઓ કુલનંદન તાત! તું તારા નાના ભાઈની સાથે જલદી આવતો રહે. તેં છેક સવારમાં ખાધું છે; તો હવે તારે જમી લેવું જોઈએ.[૧૬] ઓ દાશાર્હ કુળના રામ! નંદરાયજી ભોજન કરવા માટે તારી રાહ જોઈને (ભોજનના પાત્ર પર) બેસી રહ્યા છે; તો ચાલ અને અમને ખુશ કર. અલ્યા છોકરાઓ! તમે તમારે ઘેર ચાલ્યા જાઓ.[૧૭] ઓ પુત્ર! તારું શરીર ધૂળથી ખરડાઈ ગયું છે, માટે સ્નાન કર; વળી આજે તારું જન્મનક્ષત્ર છે; માટે પવિત્ર થઇ બ્રાહ્મણોને ગાયોનું દાન દે.[૧૮] જો, આ તારા મિત્રોને તો જો! તેઓને તેમની માતાઓએ કેવા નવરાવ્યા–ધોવરાવ્યા છે! અને કેવા સારી રીતે શણગાર્યા છે! માટે તું પણ સ્નાન કરી, ભોજન કરી વસ્ત્રાલંકાર પહેરીને રમજે.'[૧૯] "એ પ્રમાણે

+ અહીંથી અગિયાર શ્લોક ક્ષેપક છે. શ્રીધર સ્વામીએ તેના પર ટીકા લખી નથી; પણ ચિત્સુખાચાર્યે આ શ્લોકો પર ટીકા લખી છે અને તેને આધારે અમે પણ આ શ્લોકોનું ભાષાંતર આપીએ છીએ. –भा.क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે રાજા ! બ્રહ્મા વગેરે સર્વના મુકુટમણિ શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માની સ્નેહવશ થયેલી બુદ્ધિવાળાં યશોદાજી બળરામ સહિત તે ભગવાનને હાથમાં પકડીને પોતાને ઘેર લઈ ગયાં અને તેમના જન્મ-નક્ષત્રને યોગ્ય મંગલકર્મો કર્યાં.[૨૦] તે પછી એક વખતે નંદ વગેરે વૃદ્ધ ગોવાળિયાઓ, વ્રજમાં મોટા મોટા ઉત્પાતો અનુભવીને એકઠા મળી વ્રજના હિતકાર્યનો વિચાર ચલાવવા લાગ્યા. તે વખતે જ્ઞાનથી અને વયથી મોટા ઉપનંદ નામનો એક ગોવાળિયો કે જે દેશ તથા કાળને અનુસરતા કાર્યતત્ત્વને જાણનારો હતો અને બળરામ તથા કૃષ્ણનું પ્રિય કરનારો હતો, તેણે કહ્યું કે,[૨૧-૨૨] 'આપણે ગોકુળનું હિત ઇચ્છનારાઓએ અહીંથી કોઈ બીજે સ્થળે રહેવા ચાલ્યા જવું જોઇએ. કેમકે અહીં બાળકોનો નાશ કરવામાં કારણરૂપ એવા મોટા મોટા ઉત્પાતો થાય છે.[૨૩] આ બાળક બાળકોનો નાશ કરનારી એવી પૂતના રાક્ષસીથી માંડ માંડ બચવા પામ્યો છે અને શ્રીહરિની કૃપાથીજ આના ઉપર ગાડું પડ્યું ન હતું.[૨૪] વળી વંટોળિયો દૈત્ય એને પક્ષીઓના વિહારસ્થાનરૂપ આકાશમાં લઈ ગયો હતો અને ત્યાંથી શિલા ઉપર પડ્યો હતો; તે વેળા પણ મોટા મોટા દેવોએ આની રક્ષા કરી હતી;[૨૫] તેમજ પેલાં બે ઝાડની વચ્ચે આવી જઇને પણ આ બાળક કે બીજું કોઈ બાળક મરી ગયું નહિ, તે પણ ભગવાનનુંજ એક રક્ષણ ગણાય.[૨૬] માટે ઉત્પાતોથી થનારો અનર્થ જેટલામાં વ્રજનો વિનાશ ન કરે તેટલામાં આપણે આપણાં બાળકોને લઇને સર્વ પરિવાર સાથે કોઇ બીજે સ્થળે ચાલ્યા જઇએ.[૨૭] (આપણને રહેવા લાયક) વૃંદાવન નામનું એક વન છે. તે પશુઓને હિતકારી છે; તેમાં બીજાં નવાં નવાં વનો આવેલાં છે; ગોવાળિયાઓ, ગોપીઓ તથા ગાયોને તે વસવા યોગ્ય છે અને પવિત્ર પર્વત, ઘાસ તથા વેલાઓથી ભરપૂર છે.[૨૮] માટે જો તમને બધાને ગમે તો આજેજ આપણે ત્યાં ચાલ્યા જઇએ; બસ-ગાડાંઓ જોડો; વિલંબ કરો મા; અને ગાયોનાં ધણ ભલે આગળ જાય.'[૨૯] તે સાંભળીને બધાય ગોવાળિયાઓ એકમત થયા; તેઓએ 'બહુ સારું, બહુ સારું' એમ કહેવા માંડ્યું અને પોતપોતાનાં ગાડાં જોડીને તેમાં સરસામાન ભરી દઈ ચાલવા માંડ્યું.[૩૦] હે રાજન્ ! વૃદ્ધોને, બાળકોને તથા સર્વ સરસામાનને ગાડામાં ચડાવી દઈ ગોવાળિયાઓ હાથમાં ધનુષ લઇ સાવધાન થઇ વૃંદાવન ચાલ્યાં. તે વેળા તેઓએ ગાયોનાં ધણોને આગળ કર્યાં હતાં; સર્વ તરફ શિંગડીઓ વગાડવા માંડી હતી; વાજિંત્રોનો મોટો શબ્દ કરી મૂક્યો હતો અને પુરોહિતોને સાથે લીધા હતા.[૩૧] ગોપીઓ પણ ગાડામાં બેસીને સ્તનો પર લગાવેલાં તાજાં કુંકુમથી શોભતી હતી; પ્રસન્ન જણાતી હતી; ગળામાં તેઓએ કંઠીઓ ધારણ કરી હતી; સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં અને શ્રીકૃષ્ણલીલાઓને ગાતી હતી.[૩૨-૩૩] વળી યશોદા અને રોહિણી પણ એક ગાડામાં બેસી શ્રીકૃષ્ણ ને બળરામની સાથે શોભતાં હતાં અને તેમની કથાઓ સાંભળવામાં ઉત્સુક જણાતાં હતાં. પછી સર્વ કાળમાં સુખદાયક એવા વૃંદાવનમાં પ્રવેશ કરી તથા ગાડાંઓને અર્ધચંદ્રની પેઠે ગોઠવી દઇ ગોવાળિયાઓએ વ્રજનો આવાસ કર્યો.[૩૪-૩૫] હે રાજન્ ! વૃંદાવન, ગોવર્ધન પર્વત તથા યમુનાના કિનારાઓને જોઈને રામ તથા કૃષ્ણને (પણ) ઘણો આનંદ થયો[૩૬] અને ત્યાં પણ પોતાની બાળચેષ્ટાઓ તથા મનોહર વાક્યો વડે વ્રજવાસીઓને પ્રીતિ ઉપજાવતા તેઓ બન્ને યોગ્ય સમય થતાં વત્સપાલ થયા; વાછરડાં ચારવા લાગ્યા. પોતાની નિવાસભૂમિની સમીપમાંજ ગોપબાળકોની સાથે તેઓ વાછરડાં ચરાવતા હતા અને રમવાનાં વિવિધ સાધનોથી રમતા રમતા હતા. કોઇ વેળા તેઓ બન્ને વાંસળી વગાડતા, કોઇ વખતે ગોફણોથી બીલાં–આમળાં વગેરેને ફેંકતા, કોઈ વખતે ઘૂઘરીઓના અવાજ કરતા ચરણોથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નૃત્ય કરતા, કોઇ વખતે કામળા વગેરે ઓઢીને ગોવાળિયાના છોકરાઓ ગાય–બળદ થતા, ત્યારે બળરામ અને કૃષ્ણ પણ બળદો જેવું આચરણ કરી ગર્જનાઓ કરતા અને પરસ્પર લડતા અને કોઇ સમયે હંસ તથા મયૂરાદિ પ્રાણીઓના શબ્દોની નકલ કરીને પ્રાકૃત–મનુષ્યબાળકોની પેઠે (વૃંદાવનમાં) વિચરતા હતા. એક સમયે યમુના નદીના કિનારા પર પોતાના મિત્રોની સાથે શ્રીકૃષ્ણ તથા બળદેવજી વાછરડાં ચરાવતા હતા; તેવામાં તેઓને મારી નાખવા ઇચ્છતો એક દૈત્ય ત્યાં આવ્યો અને વાછરડાંનું સ્વરૂપ ધારણ કરી વાછરડાંઓના ટોળામાં ઘૂસી ગયો; તેને જોઇને શ્રીહરિ (આંખના ઈશારાથી) બળદેવને દેખાડી જાણે જાણતા ન હોય, તેમ ધીમે ધીમે તેની પાસે ગયા અને પૂંછડાં સાથે તેના બન્ને પાછલા પગ પકડી આકાશમાં ભમાવીને પ્રાણરહિત થયેલા તે દૈત્યને કોઠાંના ઝાડ પર ઉછાળ્યો; એટલે મહાપ્રચંડ શરીરવાળો તે દૈત્ય (પોતાના અથડાવાથી) પડતાં કોઠાંનાં ઝાડોની સાથે પૃથ્વી ઉપર પડ્યો. તે દૈત્યને જોઈ આશ્ચર્ય પામેલા બાળકો 'બહુ સારું થયું, સારું થયું' એમ કહેવા લાગ્યા અને પ્રસન્ન થયેલા દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી.[૩૭–૪૪] એ પ્રમાણે સર્વ લોકોના એક પાલક તે બન્ને ભાઇઓ વાછરડાંઓના પાલક થઇ પ્રાતઃકાળનું ભોજન સાથે રાખી ગાયોને તથા વાછરડાંઓને ચારતા હતા.[૪૫] એક સમયે સર્વ બાળકો પોતપોતાનાં વાછરડાંઓનાં ટોળાંને પાણી પાવા માટે એક જલાશય પાસે ગયા અને ત્યાં વાછરડાંઓને પાણી પાઈ પોતે પણ પાણી પીવા લાગ્યા.[૪૬] તેવામાં તે બાળકોએ વજ્રથી કપાઈ પડેલા પર્વતના મોટા શિખર જેવું એક મહાન પ્રાણી ત્યાં ઊભેલું જોયુ અને તેને જોઇને તેઓ ત્રાસ પામી ગયા.[૪૭] તે બગલાના રૂપને ધારણ કરનારો 'બક' નામનો એક મહાસુર હતો. તીક્ષ્ણ ચાંચવાળો તે બળવાન અસુર એકદમ આવીને શ્રીકૃષ્ણને ગળી ગયો.[૪૮] બળરામ વગેરે બાળકો શ્રીકૃષ્ણને મોટા બકાસુરે ગળેલા જોઈ, જેમ ઇન્દ્રિયો પ્રાણ વિના બેભાન થઇ જાય, તેમ બેભાન થઇ ગયા.[૪૯] જગદ્‌ગુરુ બ્રહ્માના પણ પિતા હોવા છતાં એક ગોપાલપુત્ર બનેલા શ્રીકૃષ્ણ બકાસુરના (મુખમાં જઈ) તાળવાના મૂળભાગને અગ્નિની પેઠે બાળવા લાગ્યા; એટલે તુરતજ બકાસુરે તેમને બહાર ઓકી કાઢ્યા અને અત્યંત ક્રોધથી પોતાની ચાંચ વડે તેમને મારી નાખવા માટે તે ફરી દોડ્યો; પણ ભક્તોનાપતિ ભગવાને ધસી આવતા તે અસુરને ઉપલી–નીચલી બન્ને ચાંચો પકડીને બાળકોના દેખતાં વીરણ નામના ઘાસની પેઠે રમતમાત્રમાં તેને ચીરી નાખ્યો અને દેવતાઓને આનંદ ઉપજાવ્યો.[૫૦-૫૧] તે સમયે દેવલોકવાસી દેવોએ નંદનવનમાં માલતી વગેરેનાં પુષ્પો વડે બકાસુરના શત્રુ તે શ્રીકૃષ્ણને વધાવી લીધા; તેમજ નગારાં તથા શંખોના ઘોષ કરીને સ્તુતિઓ વડે સ્તુતિ કરી. તે જોઇ ગોપબાળકો વિસ્મય પામ્યા. જેમ ઇન્દ્રિયોનો સમુદાય પ્રાણને પ્રાપ્ત કરી સ્વસ્થ થાય, તેમ બળરામ વગેરે બાળકો બકાસુરના મુખથી મુક્ત થઈ પોતાને સ્થાને આવેલા શ્રીકૃષ્ણને ભેટી પડી સ્વસ્થ થયા ને પછી પોતપોતાનાં વાછરડાં એકઠાં કરી વ્રજમાં જઇને તેઓએ એ વાત સર્વ ગોપગોપીઓને કહી.[૫૨-૫૩] ગોપાલો અને ગોપીઓ તે વાત સાંભળીને આશ્ચર્ય પામ્યાં અને જાણે મૃત્યુ પામીને પાછા આવ્યા હોય તેવા શ્રીકૃષ્ણને અત્યંત પ્રેમથી આદરયુક્ત થઇ અતૃપ્ત નેત્રે આતુરતાથી જોવા લાગ્યાં.[૫૪] (અને કહેવા લાગ્યાં કે) 'અહો! અત્યંત આશ્ચર્યની વાત છે કે, આ બાળકના મૃત્યુનાં અનેક કારણો થયાં, પણ જેઓ આ બાળકનું અનિષ્ટ કરવા આવ્યા હતા, તેઓનુંજ ઊલટું અનિષ્ટ થયું છે; કારણ કે તે લોકોએ પૂર્વે કોઇનું અનિષ્ટ કર્યું હશે. ભયંકર દેખાવના તે અનિષ્ટકર્તાઓ, આ બાળકનો પરાભવ કરવાની ઇચ્છાથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવે છે તો ખરા, પણ કંઇ પરાભવ કરી શકતા નથી અને ઊલટાં આનો ઘાત કરવાની ઇચ્છાથી આવીને અગ્નિમાં જેમ પતંગિયાં નાશ પામે તેમ નાશ પામે છે. અહો ! બ્રહ્મવેત્તાઓની વાણી કદી અસત્ય થતી નથી; ભગવાન ગર્ગાચાર્યે આપણને જે કહ્યું છે, તે બરાબર તેજ પ્રમાણે આપણે અનુભવ્યું છે. એ રીતે નંદ વગેરે ગોવાળિયાઓ શ્રીકૃષ્ણ તથા બળરામની કથાઓને હર્ષપૂર્વક કરતા હતા અને (તેઓની સાથે) આનંદ કરતા હતા, જેથી તેઓ સંસારની વેદનાને પામતા ન હતા.[૫૫-૫૮] શ્રીકૃષ્ણ અને બળરામે પણ એ પ્રમાણે સંતાઈ જવું, પાળો બાંધવી, વાનરની પેઠે કૂદવું–વગેરે બાળક્રીડાથી વ્રજમાં પોતાની કુમારાવસ્થા ગાળી હતી." ૫૯

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ।
निलायनैः सेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः ॥ ५९ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

અઘાસુરનો વધ

॥ શ્રીશુક ઉવાચ ॥

क्वचिद्वनाशाय मनो दधद्व्रजात् ।
प्रातः समुत्थाय वयस्यवत्सपान् ॥
प्रबोधयन् शृंगरवेण चारुणा ।
विनिर्गतो वत्सपुरस्सरो हरिः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"કોઇ સમયે શ્રીહરિ વનમાં ભોજન કરવાનો મનમાં વિચાર કરી પ્રાતઃકાળમાં ઊઠ્યા અને પોતાના મિત્ર ગોવાળિયાઓને શિંગડીના સુંદર શબ્દથી જગાડીને વાછરડાંઓને આગળ કરી વ્રજમાંથી બહાર નીકળ્યા;[૧] એટલે તુરતજ તેમની સાથે હજારો ગોવાળના છોકરાઓ કે જેઓ તેમના પર સ્નેહ ધરાવતા હતા અને સુંદર શીકાં, છડીઓ, શિંગડીઓ તથા વાંસળીઓ જમણે સાથે લીધાં હતાં, તેઓ પોતપોતાનાં હજારો ઉપરની સંખ્યાવાળાં વાછરડાંઓને આગળ કરી આનંદપૂર્વક વ્રજની બહાર નીકળ્યા.[૨] તેઓ પોતપોતાનાં વાછરડાંઓને શ્રીકૃષ્ણનાં અસંખ્ય વાછરડાંઓ સાથે એકઠાં કરીને તેઓને ચારતા ચારતા ત્યાં ત્યાં બાળક્રીડાઓથી રમવા લાગ્યા.[૩] તેઓને (તેમની માતાઓએ) કાચ, ચણોઠી, મણિઓ તેમજ સુવર્ણ વડે શણગાર્યા હતા; તોપણ ફળ, પાંદડાં, ગુચ્છા, પુષ્પો, મોરપીછ તથા ધાતુઓથી તેઓ પોતાને શણગારવા લાગ્યા.[૪] તેઓ એકબીજાનાં શીકાં વગેરેને (રમતમાં) ચોરી લેવા લાગ્યા અને જાણવામાં આવતાં દૂર ફેંકી દેવા લાગ્યા; તે વખતે જેઓ ત્યાં ઊભા હતા, તેઓ હસતા હસતા ફરી તેઓને આપતા હતા.[૫] કોઇ વેળા વનની શોભા જોવા માટે શ્રીકૃષ્ણ દૂર નીકળી જતા, ત્યારે 'હું પહેલો, હું પહેલો' એમ કહી શ્રીકૃષ્ણને અડી જઈ તેઓ રમતા હતા.[૬] કેટલાક વાંસળીઓ વગાડતા હતા; કેટલાક ભમરાઓ સાથે ગુંજારવ કરતા હતા; કેટલાક કોયલો સાથે ટહૂકા કરતા હતા; કેટલાક પક્ષીઓની છાયાઓ સાથે દોડતા હતા; કેટલાક હંસો સાથે સારી રીતે ચાલતા હતા; કેટલાક બગલાઓ સાથે બેસતા હતા; કેટલાક મયૂરો સાથે નાચતા હતા; કેટલાક ઝાડની ડાળીઓ પરથી લટકતાં વાંદરાંઓનાં પૂંછડાંઓને ખેંચતા હતા; કેટલાક વાંદરાંઓનાં પૂંછડાંઓ પકડીને ઝાડો ઉપર ચડતા હતા; કેટલાક વાંદરાંઓ સાથે ચાળા કરતા હતા; કેટલાક વાંદરાંઓ સાથે ઝાડો પર કૂદતા હતા; કેટલાક દેડકાંઓ સાથે કૂદતા હતા; કેટલાક નદીના પ્રવાહમાં નાહતા હતા, કેટલાક પોતાના પડછાયાઓને હસતા હતા અને કેટલાક પોતાના પડઘાઓને ગાળો દેતા હતા.[૭-૧૦] એ પ્રમાણે

* આ અધ્યાયમાં મોટા અજગરનું શરીર ધારણ કરનારો અઘાસુર ગોવાળિયાઓને ગળી ગયો, એટલે શ્રીકૃષ્ણે ક્રોધાયમાન થઇ તેના ગળામાં પ્રવેશ કરી તેનો વધ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(પૂર્વજન્મમાં) જેઓએ ઘણાં પુણ્યો કર્યાં હતાં, એવા તે ગોપાલપુત્રો જ્ઞાની પુરુષોને પરબ્રહ્મસ્વરૂપે તથા સ્વયંપ્રકાશ પરમ સુખસ્વરૂપે જણાતા, દાસત્વને પામેલા ભક્તજનોને પરમદૈવત પોતાના નાથ સ્વરૂપે જણાતા અને માયાનો આશ્રય કરનારા અજ્ઞાનીઓને મનુષ્યના એક બાળકસ્વરૂપથી જણાતા શ્રીભગવાન સાથે રમતા હતા.[૧૧] અહો! જેમના ચરણની રજ અનેક જન્મોમાં કષ્ટો વેઠીને મનને વશ કરનારા યોગીઓને પણ પ્રાપ્ત થતી નથી, તેજ ભગવાન પોતે જેમને પ્રત્યક્ષ દર્શન દેતા હતા, તે વ્રજવાસીઓનાં ભાગ્યનું અમે શું વર્ણન કરીએ?[૧૨] તે પછી અઘાસુર નામે એક મહાન અસુર તે બાળકોની સુખભરી રમતને (અદેખાઇથી) નહિ જોઈ શકતો ત્યાં આવ્યો. જેમણે અમૃતનું પાન કર્યું છે, છતાં પોતાનું જીવન ઇચ્છતા દેવો જે અઘાસુરના મૃત્યુની રાહ જોયા કરતા હતા,[૧૩] તે અઘાસુરને કંસે મોકલ્યો હતો; પૂતના અને બકાસુરનો તે નાનો ભાઇ થતો હતો; તેણે કૃષ્ણ વગેરે બાળકોને જોઈ મનમાં નિશ્ચય કર્યો કે 'આ કૃષ્ણે મારી બહેનનો તથા ભાઇનો નાશ કર્યો છે, માટે તે મારાં ભાઇબહેનની ખાતર હું આ કૃષ્ણને તેના આ સૈન્યની સાથે મારી નાખીશ.[૧૪] આ સર્વ ગોપાલબાળકોને હું મારાં ભાઇબહેનના તિલોદકરૂપ કરીશ. એટલે સર્વ વ્રજવાસીઓ મરેલા જેવાંજ થઇ જશે. કેમકે પ્રાણ નીકળી ગયા પછી શરીરની શી ચિંતા છે? (અર્થાત્ વ્રજવાસીઓના પ્રાણસમાન આ બાળકોનો વિનાશ થતાં વ્રજવાસીઓ એક મુડદા જેવાંજ બાકી રહેવાનાં છે.) પ્રાણીમાત્ર પોતાની પ્રજારૂપ પ્રાણવાળાંજ ગણાય છે.'[૧૫] આવો મનમાં વિચાર કરી અઘાસુરે મોટું અજગરનું શરીર ધારણ કર્યું, કે જે શરીર એક યોજન લાંબુ, પર્વતના જેવું જાડું અને ગુફા જેવા પહોળા મુખવાળું હતું. આવું શરીર ધારણ કરી, તે દુષ્ટ દૈત્ય સર્વને ગળી જવાની ઇચ્છાથી માર્ગમાં સૂતો. તે વખતે એ અજગરસ્વરૂપી રાક્ષસનો નીચલો હોઠ પૃથ્વી પર પડ્યો હતો; ઉપરનો હોઠ છેક વાદળને અડકતો હતો; બન્ને ગલોફાં ગુફાઓ જેવાં હતાં; દાઢો પર્વતનાં શિખરો જેવી હતી; મુખનો અંદરનો ભાગ અંધકાર જેવો હતો; જીભ વિશાળ માર્ગ જેવી હતી; શ્વાસ તીક્ષ્ણ પવન જેવો હતો અને દૃષ્ટિ દાવાનળ જેવી હતી. આવા તે અજગરસ્વરૂપી દૈત્યને જોઇ સર્વ ગોપકુમારો (ભ્રાંતિથી) વૃંદાવનની શોભા માની લઇ રમતથી અજગરના પહોળા મુખ સાથે તેની સરખામણી કરવા લાગ્યા:[૧૬–૧૮] 'અહો! હે મિત્રો! કહો, આ આપણી આગળ જ પડેલું છે તે કોઇ પ્રાણી જેવું લાગે છે કે નહિ? જાણે આપણને ગળી જવા માટે અજગરનું પહોળું મુખ હોય તેવું જણાય છે.[૧૯] જુઓ તો ખરા! આની ઉપરનું સૂર્યનાં કિરણોથી લાલ થયેલું પેલું વાદળું જાણે આનો ઉપલો હોઠ હોય તેવું લાગે છે અને તેની પ્રતિચ્છાયાથી લાલ થયેલો આ નીચેનો કિનારો જાણે આનો નીચલો હોઠ હોય તેવો જણાય છે.[૨૦] આ પહાડની ડાબી જમણી બે ગુફાઓ (અજગરનાં) બે ગલોફાં જેવી લાગે છે અને આ ઊંચાં શિખરોની શ્રેણી અજગરની દાઢોની તુલના કરે છે, તે તમે જુઓ.[૨૧] આ વિશાળ લાંબો માર્ગ જાણે અજગરની જીભની સરખામણી કરે છે ને આ શિખરોની વચ્ચે આવેલો અંધકાર તે અજગરના મુખનો અંદરનો ભાગ હોય તેવો લાગે છે.[૨૨] જુઓ તો ખરા! દાવાનળથી ગરમ જણાતો આ પવન અજગરના શ્વાસ જેવો લાગે છે અને તે દાવાનળમાં બળી ગયેલાં પ્રાણીઓની દુર્ગંધ (અજગરે ખાધેલાં) અંદર રહેલાં માંસની ગંધ જેવી લાગે છે.[૨૩] આમાં આપણે પ્રવેશ કરીશું, તો શું આ આપણને ગળી જશે? કદાચ ગળી જશે તો પેલા બગલાની માફક આ શ્રીકૃષ્ણના હાથે ક્ષણવારમાં નાશ પામશે.' આમ કહેતાં તે બાળકો શ્રીકૃષ્ણના મુખ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સામે જોઇ ઊંચેથી હસતા અને તાળીઓ પાડતા અજગરના મુખમાં પેસી ગયા.[૨૪] ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર પ્રાણીઓના હૃદયમાં રહેલા હોઇને જાણી ગયા હતા કે, આ એક રાક્ષસ છે; પણ તે અજગરસ્વરૂપી રાક્ષસને નહિ જાણતાં બાળકોનાં પૂર્વોક્ત મિથ્યા ભાષણ સાંભળી 'આ ખરેખર અજગરનું શરીર ધારણ કરનારો એક અસુરજ છે. છતાં આ બાળકોને મિથ્યા પહાડ જેવો જણાય છે;' આવું ચિંતન કરી તે બાળકોને અટકાવવા માટે વિચાર કર્યો, તેટલામાં તો બાળકો વાછરડાંઓ સાથે પેલા અજગરના મુખમાં પેસી ગયાં; પણ રાક્ષસ અઘાસુર પોતાનાં મરણ પામેલાં ભાઈબહેનનું સ્મરણ કરી બક દૈત્યના શત્રુ શ્રીકૃષ્ણના પ્રવેશની રાહ જોતો હતો, તેથી પેલા બાળકો કે વાછરડાંઓને ગળી ગયો નહિ.[૨૫।૨૬] સકળ પ્રાણીઓને અભય આપનાર શ્રીકૃષ્ણે જોયું કે, પોતાના સિવાય બીજો કોઇ જેઓનો સ્વામી નથી, એવા આ ગોપકુમારો પોતાના હાથમાંથી (મૃત્યુના મુખમાં) ગબડી પડયા છે અને તેઓ બિચારા મૃત્યુરૂપ અઘાસુરના જઠરાગ્નિમાં એક તણખલા જેવા થઇ પડશે. આમ તેઓ પરની કૃપાથી વ્યાકુળ થઇને દૈવના એ કૃત્યથી પોતે આશ્ચર્ય પામ્યા અને 'હવે આ સમયે શું કરવું જોઇએ? આ દુષ્ટનું જીવન રહે નહિ અને આ સજ્જનોની હિંસા થાય નહિ, એ બન્ને વસ્તુ કેવી રીતે બને?' આવો મનમાં વિચાર કરી તેનો ઉપાય જાણી લઈ સર્વના દ્રષ્ટા શ્રીહરિ અઘાસુરના મુખમાં પેસી ગયા.[૨૭।૨૮] તે સમયે વાદળાંઓ આડા છુપાયલા દેવોએ ભયથી હાહાકાર કરી મૂક્યો ને કંસ વગેરે અઘાસુરના સંબંધી રાક્ષસો ખુશ ખુશ થઇ ગયા. તે સાંભળી અવિનાશી ભગવાન કૃષ્ણ બાળકો તથા વાછરડાંઓ સાથે પોતાને ચૂરો કરી નાખવા ઇચ્છતા અઘાસુરના ગળામાં એ એકદમ વધવા લાગ્યા.[૨૯।૩૦] પછી કંઠરૂપી માર્ગ જેનો રુંધાઇ ગયો હતો, જેની આંખો બહાર નીકળી પડી હતી અને (વેદનાને લીધે) જે આમતેમ ભમતો હતો, એવા તે પ્રચંડ શરીરવાળા અઘાસુરના દેહમાં પૂર્ણ રુંધાઇ રહેલો પવન તેના મસ્તકના બ્રહ્મરંધ્રને ચીરી નાખી બહાર નીકળ્યો;[૩૧] અને તેની સાથેજ તેની સર્વ ઇન્દ્રિયો પણ બહાર નીકળી ગઇ. તે પછી મરણ પામેલાં વાછરડાંઓ તથા પોતાના મિત્ર બાળકોને પોતાની અમૃત વરસતી દૃષ્ટિથીજ સજીવન કરી મુકુંદ ભગવાન ફરી અઘાસુરના મુખમાંથી બહાર નીકળ્યા.[૩૨] એ સમયે અઘાસુરના જાડા અજગર–શરીરમાંથી મહાઅદ્ભુત તેજ બહાર નીકળ્યું હતું, જે પોતાના પ્રકાશથી દશે દિશાઓને પ્રકાશમાન કરતું ભગવાનના બહાર નીકળવાની રાહ જોઇને આકાશમાં રહ્યું હતું; તે દેવતાઓના દેખતાં ભગવાનમાં પેસી ગયું.[૩૩] તે પછી અત્યંત હર્ષમાં આવી ગયેલા દેવોએ પોતાનું કાર્ય કરનારા શ્રીકૃષ્ણની પુષ્પોથી પૂજા કરી, અપ્સરાઓએ નૃત્યથી, સુંદર ગાનારા ગંધર્વોએ ગીતોથી, વાદિત્ર વગાડનારાઓએ વાદિત્રો વગાડીને, બ્રાહ્મણોએ સ્તોત્રોથી અને પાર્ષદોએ 'જય, જય' શબ્દોથી ભગવાનની પૂજા કરી.[૩૪] તે અદ્ભુત સ્તોત્રો, વાદિત્રો, ગીતો તથા 'જય જય' વગેરેના અનેક ઉત્સવમંગળના શબ્દોને પોતાના ધામની સમીપમાં સાંભળીને બ્રહ્મા તત્કાળ ત્યાં આવ્યા અને શ્રીકૃષ્ણનો મહિમા જોઇને આશ્ચર્ય પામ્યા.[૩૫] હે રાજન્! વૃંદાવનમાં સુકાઈ પડેલું તે અદ્ભુત અજગરનું ચામડું લાંબા સમય સુધી વ્રજવાસીઓને રમવાની એક ગુફારૂપ થઇ પડ્યું હતું.[૩૬] એ પ્રમાણે શ્રીહરિએ પોતાને અજગરના મુખમાંથી બચાવી લીધા અને અઘાસુરનો મોક્ષ કર્યો; તે એમનું +કુમાર અવસ્થાનું (પાંચ-

---

+कौमारं पंचमाब्दान्तं पौगंडं दशमावधि।
कैशोरमापञ्चदशाद् यौवनं तु ततः परम्॥

પાંચ વર્ષ સુધીની કુમાર અવસ્થા છે; દશ વર્ષ સુધીની પૌગંડ અવસ્થા છે; પંદર વર્ષ સુધીની કિશોર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

મા વર્ષનું) કર્મ જોઇને આશ્ચર્ય પામેલા બાળકોએ શ્રીહરિની પૌગંડક અવસ્થામાં (એટલે કે એક વર્ષ પછી છઠ્ઠા વર્ષમાં) વ્રજમાં કહ્યું હતું. (કે આજે અમને કૃષ્ણે અજગરના મુખથી બચાવ્યા હતા અને અજગરનું તેજ કૃષ્ણમાં મળી ગયું હતું.)[૩૭] જેમના સ્પર્શથી પાપો ધોવાઇ જતાં અઘાસુર પણ દુર્જનોને દુર્લભ એવા ભગવાનની સમાનતાને પ્રાપ્ત થયો, એ કંઇ આશ્ચર્ય નથી; કેમકે ભગવાન કૃષ્ણે કેવળ માયા વડેજ મનુષ્યનું બાળકપણું સ્વીકાર્યું હતું; વસ્તુતઃ ભગવાન સ્થાવર–જંગમના સ્રષ્ટા અને સર્વોત્કૃષ્ટ પરમેશ્વર છે. જેમના અંગની કેવળ મનોમય (મનથી ધ્યાનદ્વારા ધારેલી) પ્રતિમા (પ્રહ્લાદ વગેરેએ) માત્ર એકજ વાર હૃદયમાં સ્થાપતાં તે તે મહાપુરુષોને સાક્ષાત્ મોક્ષ આપનાર થઇ હતી; તો પછી નિત્ય આત્મસુખના અનુભવથી સર્વ સ્થળે માયાને જેમણે દૂર કરી છે, એવા તે ભગવાન પોતે અઘાસુરનાં શરીરમાં ગયા અને તેથી તેને મુક્તિ મળી, એમાં શું આશ્ચર્ય છે ?"[૩૮-૩૯]

સૂત બોલ્યાઃ–હે શૌનકાદિ બ્રાહ્મણો ! એ પ્રમાણે પોતાના રક્ષક શ્રીકૃષ્ણનું વિચિત્ર ચરિત્ર સાંભળીને યાદવદેવ–શ્રીકૃષ્ણેજ ઉત્તરાને (સજીવન કરીને) આપેલા પરીક્ષિત રાજા ફરી પણ વ્યાસપુત્ર શુકદેવજીને ભગવાનનું તે પવિત્ર ચરિત્રજ પૂછવા લાગ્યા. કેમકે તેમનું મન એ ચરિત્રશ્રવણને વશ હતું.[૪૦]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્ ! જે કર્મ ભગવાને કુમારાવસ્થામાં કર્યું હતું, તેજ કર્મને બાળકોએ ભગવાનની પૌગંડક અવસ્થામાં કહ્યું; તો પછી (પ્રશ્ન આ થાય છે કે,) અન્ય કાળમાં કરેલું કર્મ બીજા કાળમાં કરેલુ કેમ ગણાય ?–

અવસ્થા છે અને ત્યાર પછી યુવાવસ્થા ગણાય છે. ભગવાને પાંચમા વર્ષમાં અઘાસુરનો વધ કરેલો; તેને બાળકોએ છઠ્ઠા વર્ષમાં કહ્યો, એમ એક વર્ષનો ગાળો વીતી ગયો તે અતિઆશ્ચર્યની વાત બની હતી –શ્રીધર

અર્થાત્ બીજા કાળમાં કરેલા કર્મને બીજા કાળમાં જાણીને બાળકોએ કેમ કહ્યું ?[૪૧] હે મહાયોગિન્ ! હે ગુરો ! તે મને કહો. મને તેમાં ઘણું આશ્ચર્ય થાય છે. એ વાત તો નક્કીજ છે કે, એ પણ શ્રીહરિની માયાજ હોવી જોઇએ; નહિ તો એમ બને નહિ.[૪૨] હે ગુરો ! અમે જો કે અધમ ક્ષત્રિયો છીએ, તોપણ લોકમાં અમે ઘણા ધન્યવાદને પાત્ર થયા છીએ; કેમકે અમે શ્રીકૃષ્ણની કથારૂપ પવિત્ર અમૃત આપની પાસેથી વારવાર સાંભળીએ છીએ."[૪૩]

સૂત બોલ્યાઃ–"હે ભગવદ્ભક્તોમાં ઉત્તમોત્તમ શૌનક ! એ પ્રમાણે પરીક્ષિત રાજાએ શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવતાં વ્યાસપુત્ર શુકદેવજીની સમગ્ર ઇન્દ્રિયોની વૃત્તિઓ શ્રીભગવાનમાંજ તદાકાર બની ગઈ, જેથી મહાકષ્ટે ફરી તેમને બાહ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ; પછી ધીમે ધીમે તેમણે પરીક્ષિત રાજાને કહ્યું.[૪૪]

इत्थं स्म पृष्टः स तु बादरायणिस्तत्स्मारितानंतहृताऽखिलेंद्रियः । कृच्छ्रात्पुनर्लब्धबहिर्दृशिः शनैः प्रत्याह तं भागवतोत्तमोत्तम ॥ ४४ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

अध्याय १३ मो×

ગોપબાળકો તથા વાછરડાંઓને બ્રહ્મા હરી ગયા

॥ શ્રીશુક ઉવાચ ॥

साधु पृष्टं महाभाग त्वया भागवतोत्तम । यन्नूतनयसीशस्य शृण्वन्नपि कथां मुहुः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે મહાભાગ્યશાળી ઉત્તમ ભક્ત ! તમે ઉત્તમ પ્રશ્ન કર્યો છે. તમે ભગ-

× આ અધ્યાયમાં વાછરડાંઓને તથા ગોવાળિયાઓને બ્રહ્મા હરી ગયા, ત્યારે માયાથી સર્વસ્વરૂપ થયેલા શ્રીકૃષ્ણે એક વર્ષ સુધી પૂર્વની પેઠેજ આચરણ કર્યું, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizaqtion by eGangotri

વાનની કથાને વખતોવખત સાંભળો છો, તોપણ તેને નવીન જેવી કરો છો. જેમ સ્ત્રીલંપટ પુરુષોને સ્ત્રીઓની વાતો પ્રતિક્ષણે નવી નવી અને સારી લાગે છે, તેમ જેઓની વાણી, કાન તથા ચિત્ત કેવળ ભગવાનની કથા માટેજ હોય એવા સારગ્રાહી સત્પુરુષોનો આ સ્વભાવ હોય છે કે, તેઓને ભગવાનની કથા ક્ષણે ક્ષણે નવી નવી અને સારી લાગે છે.[૧-૨] હે રાજન્! આ વાત ગુહ્ય છે; તોપણ હું તમને કહું છું; તમે સાવધાન થઇને સાંભળો; કેમકે ગુરુઓ પોતાના સ્નેહપાત્ર શિષ્યને ગુપ્ત વાત પણ કહે છે.[૩] એ પ્રમાણે મૃત્યુરૂપ અઘાસુરના મુખમાંથી વાછરડાંઓનું તેમજ બાળકોનું રક્ષણ કરીને ભગવાન કૃષ્ણ તેઓને નદીના કિનારા પર લાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા: 'અહો ! હે મિત્રો ! આ નદીકિનારો અત્યંત સુંદર છે; અહીં આપણી રમતની સંપત્તિઓ છે; સુંવાળી ને સ્વચ્છ રેતી અહીં પથરાયલી છે અને પ્રફુલ્લ કમળોની સુગંધથી આકર્ષાયલા ભમરાઓ તથા પક્ષીઓના શબ્દોના પડઘાઓ અહીં થઇ રહ્યા છે અને સુશોભિત વૃક્ષો અહીં પુષ્કળ છે.[૪-૫] વળી દિવસ ચડી ગયો છે અને આપણે ભૂખથી વ્યાકુળ પણ થયા છીએ; માટે આપણે અહીં ભોજન કરીએ અને આ વાછરડાંઓ પાણી પીને સમીપમાંજ ધીમે ધીમે ઘાસ ભલે ચરે.[૬] 'બહુ સારું' એમ કહી ગોપાલબાળકોએ વાછરડાંઓને પાણી પાઇને લીલા ઘાંસના પ્રદેશમાં છૂટાં મૂકી દીધાં અને પોતપોતાના (ભાતનાં) શીકાં નીચે મૂકી ભગવાનની સાથે તેઓ આનંદથી જમવા લાગ્યા.[૭] તે સમયે શ્રીકૃષ્ણની ચારે બાજુ મોટી ગોળ પંક્તિઓમાં બાળકો પરસ્પરને અડી અડીને બેઠા હતા; તેઓનાં મુખ શ્રીકૃષ્ણની સામે હતાં અને તેઓની દૃષ્ટિઓ પ્રફુલ્લ હતી, જેથી એ વનમાં કોઇએક કમળની કળીની ચારે બાજુ (પરસ્પર અડીને રહેલી) તેની પાંખડીઓ જેમ શોભે, તેમ તેઓ શોભતા હતા.[૮] એ વખતે કેટલાંક બાળકો પુષ્પોનાં, કેટલાંક પાંદડાંઓનાં, કેટલાંક અંકુરોનાં, કેટલાંક ફળોનાં, કેટલાંક શીકાંઓનાં, કેટલાંક ઝાડની છાલોનાં અને કેટલાંક પથ્થરોનાં ભોજનપાત્ર બનાવીને ભોજન કરતા હતા.[૯] તેઓ સૌ પોતપોતાના ભોજનનો જુદો જુદો સ્વાદ પરસ્પર દર્શાવતા હતા, હસતા હતા, હસાવતા હતા અને શ્રીકૃષ્ણની સાથે ભોજન કરતા હતા.[૧૦] ભગવાન કૃષ્ણ પોતે યજ્ઞભોક્તા હતા, છતાં બાળક્રીડાને કરતા કરતા સ્વર્ગલોકના દેખતાં પોતાના મિત્ર ગોપબાળકોની સાથે એ વેળા ભોજન કરતા હતા; ત્યારે તેમણે પોતાની ભેંઠમાં વાંસળી ખોસી હતી; શિંગડી અને છડીને કાખમાં રાખી હતી; ડાબા હાથમાં દહીંભાતનો કોળિયો ધારણ કર્યો હતો; તેની સાથે ખાવા લાયક ફળોનાં અથાણાં આંગળીઓમાં લીધાં હતાં અને સર્વની વચ્ચે બેસીને પોતાની ચારે બાજુ બેઠેલા મિત્રોને ઉપહાસવચનો વડે પોતે હસાવતા હતા.[૧૧] હે ભરતવંશી રાજા! એ પ્રમાણે વાછરડાંઓના પાલક ગોપપુત્રો શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખીને ભોજન કરતા હતા; તેવામાં ઘાસથી લોભાયલાં વાછરડાં વનમાં દૂર ચાલ્યાં ગયાં; એટલે તેઓને ભયથી ત્રાસ પામેલા જોઇ, ભયના પણ ભયરૂપ શ્રીકૃષ્ણ તેઓને કહેવા લાગ્યા કે, 'હે મિત્રો! તમે ભોજન કરતા બંધ પડો મા; તમારાં વાછરડાંઓને હું લાવી આપીશ.' એમ કહીને ભગવાન કૃષ્ણ હાથમાં રહેલા કોળિયાની સાથે પર્વતો, ગુફાઓ, લતાઓનાં ઝૂંડો અને પહાડોની ખીણોમાં પોતાનાં વાછરડાંઓને શોધતા શોધતા ગયા.[૧૨-૧૪] તે અવસરે બ્રહ્મા કે જે પ્રથમ શ્રીકૃષ્ણે કરેલો અઘાસુરનો મોક્ષ જોઇ પરમ વિસ્મય પામ્યા હતા, તે માયાથી બાળક બનેલા શ્રીકૃષ્ણ ભગવાનનો બીજો પણ સુંદર મહિમા જોવા માટે ત્યાં આવીને તેમનાં વાછરડાંઓને તથા બીજી તરફથી ગોપાલબાળકોને પણ બીજે સ્થળે લઈ જઈ અદૃશ્ય થઇ ગયા.[૧૫] તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણની બાળલીલા

[પૃષ્ઠ ૭૭૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી શ્રીકૃષ્ણ પાછા નદીકિનારે આવ્યા અને ગોવાળિયાઓના છોકરાઓને પણ ત્યાં નહિ જોઇને વનમાં ચારે તરફ તે બન્નેની શોધ કરવા લાગ્યા;[૧૬] પણ કોઈ સ્થળે વાછરડાં કે ગોવાળિયાના બાળકોને નહિ જોઇને વિશ્વવેત્તા શ્રીકૃષ્ણ તરતજ જાણી ગયા કે, 'આ સઘળું બ્રહ્માએ કર્યું છે.'[૧૭] પછી જગતના સ્રષ્ટા ભગવાન કૃષ્ણે ગોવાળિયાઓની તથા વાછરડાંઓની માતાઓને અને બ્રહ્માને પણ આનંદ ઉપજાવવા માટે પોતાના સ્વરૂપને ગોપપુત્રોરૂપે તથા વાછરડાંરૂપે પણ બનાવ્યું અને ગોવાળિયા તથા વાછરડાંઓનાં જેવડાં નાનાં શરીરો હતાં, જેવડા હાથ–પગ વગેરે હતા; જેવડી લાકડીઓ, શિંગડીઓ, વાંસળીઓ, પુષ્પ–પત્રો અને શીકાં હતાં; જેવાં આભૂષણો તથા વસ્ત્રો હતાં; જેવા સ્વભાવ, ગુણો, નામો, આકૃતિઓ તથા વય હતાં અને જેવું જેવું વિહાર–રમત–ગમત વગેરે હતું, તેવા તેવા સર્વસ્વરૂપે થઇને અજન્મા શ્રીકૃષ્ણ '**सर्वं विष्णुमयं जगत्**' એ પ્રસિદ્ધ વેદવાણીના અંગની–પેઠે એટલે એ વેદવાણીજ જાણે અર્થસ્વરૂપે પ્રત્યક્ષ થઈ હોય તેમ શોભવા લાગ્યા.[૧૮,૧૯] એ રીતે ભગવાન પોતેજ પોતાના સ્વરૂપ ગાયોનાં વાછરડાંઓને પોતાનારૂપ ગોવાળિયાઓદ્વારા પાછાં વાળીને પોતાનાજ સ્વરૂપે વિહારોથી ક્રીડા કરતા સર્વસ્વરૂપ થઈ વ્રજમાં દાખલ થયા હતા અને ત્યાં તે તે વાછરડાંઓને તેના તેના વાડાઓમાં પૂરીને પોતે તે તે ગોવાળિયાઓના ઘરમાં પ્રવેશ કરતા હતા. હે રાજન્! એમ ભગવાન તે તે સ્વરૂપ થયા હતા;[૨૦,૨૧] એ વખતે તેમની માતાઓ વેણુનો શબ્દ સાંભળી ઉતાવળથી ઊઠતી ને તે પરબ્રહ્મને પોતાના પુત્રો માની બન્ને હાથ વડે તેડી લઇ, ગાઢ આલિંગન કરી સ્નેહથી ઝરતું, અમૃત જેવું સ્વાદિષ્ટ તથા આસવ જેવું માદક ધાવણ ધવરાવતી હતી. એ પ્રમાણે હે રાજા! તે તે કાળની રમતના નિયમ પ્રમાણે રમત કરીને સાયંકાળે પાછા ઘેર આવી શ્રીકૃષ્ણ પોતાનાં સુંદર આચરણોથી તે તે માતાઓને આનંદ પમાડતા હતા અને માતાઓ પણ પોતપોતાના પુત્રસ્વરૂપ એ શ્રીકૃષ્ણને મર્દન, સ્નાન, વિલેપન, અલંકાર, રક્ષા, તિલક તથા ખાન–પાન વગેરે ક્રિયાઓથી લાડ લડાવતી હતી.[૨૨,૨૩] ×એજ રીતે ગાયો પણ ઉતાવળી ઉતાવળી વાડાઓમાં આવીને હુંકાર શબ્દથી બોલાવેલાં અને સમીપ દોડી આવેલાં પોતપોતાનાં વાછરડાંઓને વારંવાર ચાટતી આંચળમાંથી ઝરતું દૂધ પિવરાવતી હતી.[૨૪] એ પ્રમાણે ગાયો તથા ગોપીઓનો પોતપોતાના બાળકસ્વરૂપ થયેલા શ્રીકૃષ્ણ પર પૂર્વના જેવોજ સંપૂર્ણ માતૃભાવ હતો; પરંતુ પૂર્વે સ્નેહની અધિકતા વિનાનો હતો, ત્યારે હમણાં પુષ્કળ સ્નેહથી યુક્ત હતો; તેમજ શ્રીહરિનો એ ગાયો તથા ગોપીઓ ઉપર પોતાનો પુત્રભાવ પણ પૂર્વના જેવોજ હતો; છતાં એ પુત્રભાવ માયાથી રહિત હતો–એટલે 'હું આનો પુત્ર છું અને આ મારી માતા છે' આવા મોહથી રહિત હતો.[૨૫] વ્રજવાસીઓને પ્રથમ શ્રીકૃષ્ણ ઉપર પોતાના પુત્રો કરતાં પણ જેવો અધિક સ્નેહ હતો, તેજ પ્રમાણે હમણાં એક વર્ષ સુધી પોતાનાં બાળકો ઉપર પણ તેમની સ્નેહલતા ધીમે ધીમે પ્રતિદિન નિઃસીમપણે વધતી જતી હતી. એ રીતે સર્વના આત્મા શ્રીકૃષ્ણે પોતેજ ગોવાળિયા થઇને એક વર્ષ સુધી ગોવાળિયાઓના બહાનાથી (વાછરડાંરૂપ) પોતાનુંજ રક્ષણ કરતાં વનમાં તથા વ્રજમાં ક્રીડા કરી હતી.[૨૬,૨૭] એક દિવસે વર્ષ પૂરું થવામાં પાંચ–છ રાત્રિઓ ઓછી હતી, ત્યારે અજન્મા ભગવાન વાછરડાંઓને ચારવા માટે બળરામની સાથે વનમાં દાખલ થયા. તે વખતે

× પૂર્વના બે શ્લોકમાં શ્રીકૃષ્ણ પ્રત્યે ગોપિકાઓનો મોહ દર્શાવીને આ શ્લોકમાં ગાયોનો પણ પોતાનાં વાછરડાંરૂપ થયેલા શ્રીકૃષ્ણ પ્રત્યે મોહ થયો હતો, તે કથા કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દૂર ગોવર્ધન પર્વત પર ગાયો ઘાસ ચરતી હતી; તેઓએ વ્રજની સમીપમાં વાછરડાંઓને ચરતાં જોયાં.[૨૮।૨૯] તેઓને જોઇને ગાયોનું એ ટોળું સ્નેહને વશ થઇ પોતાનું ભાનજ ભૂલી ગયું અને પોતાના પાલક ગોવાળિયાઓને તથા દુર્ગમ માર્ગને પણ ઓળંગી જઇને ચોતરફ દૂધને ઝરતું એવું તો વેગથી દોડી ગયું કે, એ વેળા તે બબ્બે પગવાળુંજ હોય તેવું જણાતું હતું; તેણે પોતાની ખાંધમાં ડોકને વાળી દીધી હતી અને હુંકાર શબ્દ કરીને મુખ તથા પૂંછડાંઓને ઊંચાં ઉછાળી મૂક્યાં હતાં.[૩૦] વાછરડાંવાળી તે ગાયો પર્વતની નીચે પોતાનાં વાછરડાંઓને મળીને જાણે તેઓને ગળી જતી હોય તેમ તેઓનાં અંગોને ચાટતી પોતાના આંચળનું દૂધ તેઓને પિવરાવવા લાગી.[૩૧] ગોવાળિયાઓએ તે ગાયોનાં ટોળાંને અટકાવવા માટે અત્યંત પ્રયત્ન કર્યો, પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડ્યા અને તેથી લજ્જા તથા અત્યંત ક્રોધને લીધે તેઓ પર્વતના દુર્ગમ માર્ગે મહાકષ્ટથી નીચે ઊતર્યા; પણ ત્યાં તો ગાયો અને વાછરડાંઓ સાથે પોતાના પુત્રોને તેઓએ જોયા.[૩૨] પુત્રોને જોતાંજ તેઓનો ક્રોધ જતો રહ્યો; તેઓનાં અંતઃકરણ પ્રેમરસથી તરબોળ થઇ ગયાં અને અત્યંત સ્નેહાળ બની જઇ પોતાના પુત્રોને બન્ને હાથ વડે ઊંચકી લઇ ભેટી પડીને તેઓનાં મસ્તક તેઓ સૂંઘવા લાગ્યા અને પરમ આનંદ પામ્યા.[૩૩] તે પછી પુત્રોના આલિંગનથી અત્યંત શાંત થયેલા વૃદ્ધ ગોવાળિયાઓ ધીમે ધીમે મહાકષ્ટે ત્યાંથી પાછા ફર્યા; પણ તે વખતે પુત્રોના સ્મરણને લીધે તેઓનાં નેત્રોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. વ્રજવાસીઓની આવી પ્રેમસમૃદ્ધિ તેમજ જેઓએ ધાવવું છોડી દીધું હતું, એવાં બાળકો ઉપર પણ પ્રતિક્ષણ એ ઉત્કંઠા જોઇને બળદેવજી તેનું કારણ કંઇ સમજી શક્યા નહિ; તેથી વિચારમાં પડ્યા કે[૩૪।૩૫] 'આ શું આશ્ચર્ય જેવું લાગે છે? સમગ્રના આત્મા વસુદેવ–શ્રીકૃષ્ણ ઉપર મારો અને સમગ્ર વ્રજનો પ્રથમ જેવો અપૂર્વ પ્રેમ હતો, તેવોજ પ્રેમ હમણાં આ બાળકો ઉપર તથા વાછરડાંઓ ઉપર વધતો ચાલે છે!![૩૬] આ દેવોની, મનુષ્યોની કે અસુરોની કઇ માયા હશે? કયા કારણે આ માયાનો પ્રયોગ કરવામાં આવ્યો હશે? ઘણું કરીને આ માયા મારા સ્વામી શ્રીકૃષ્ણનીજ હોવી જોઇએ. બીજી માયાનો તો સંભવજ નથી. કારણ કે આ માયા મને પણ મોહ ઉપજાવી રહી છે. (એટલેજ આ માયા શ્રીકૃષ્ણની જણાય છે.)'[૩૭] આવો વિચાર કરી બળદેવજીએ જ્ઞાનમય દૃષ્ટિથી જોયું, તો સર્વ વાછરડાંઓને તથા પોતાના મિત્ર બાળકોને પણ શ્રીકૃષ્ણસ્વરૂપજ જોયા. પછી બળદેવજીએ શ્રીકૃષ્ણને પૂછ્યું કે, 'આપણે જેઓનું પાલન કરીએ છીએ, તે વાછરડાં ઋષિઓના અંશો છે અને ગોવાળિયા દેવોના અંશો છે, એટલુંજ માત્ર હું જાણું છું, પણ હમણાં તેવું નથી. હમણાં તો આ જુદાં જુદાંમાં પણ તમેજ જણાઓ છો; માટે આ બધું શું બન્યું છે, તે તમે જુદું જુદું વિવેચન કરી મને કહો.' એમ બળદેવજીએ પૂછ્યું, ત્યારે પ્રભુ શ્રીકૃષ્ણે સંક્ષેપમાંજ સર્વ વૃત્તાંત જણાવ્યું એટલે બળદેવજીએ તે જાણ્યું;[૩૮।૩૯] તેવામાં પોતાના (સમયના) માપ પ્રમાણે એક ત્રુટિ સમય વીત્યો, એટલે બ્રહ્મા ત્યાં આવ્યા. તેમણે જોયું તો પૂર્વની પેઠે એક વર્ષ સુધી પોતાના અનુચરો સાથે શ્રીહરિ ક્રીડા કરી રહ્યા હતા.[૪૦] તે જોઇને બ્રહ્મા વિચારમાં પડ્યા કે, 'ગોકુળમાં જેટલાં બાળકો છે, તેઓ સર્વે વાછરડાંઓની સાથે મારી માયારૂપી શય્યામાં સૂતાં છે; તે હજી સુધી પણ ઊઠ્યાં નથી.[૪૧] તો મારી માયાથી મોહિત થયેલાંઓ વિના આ બીજાં અહીં ક્યાંથી આવ્યાં? આ તેટલાંજ બાળકો અને વાછરડાં અહીં એક વર્ષ સુધી વિષ્ણુ સાથે ક્રીડા કરી રહ્યાં છે!!' એ પ્રમાણે એ જુદા જુદા બન્ને પ્રકારનાં બાળકો તથા વાછરડાંઓ વિષે બ્રહ્માએ ઘણા લાંબા સમય સુધી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિચાર ચલાવ્યો; પરંતુ સાચાં કયાં અને ખોટાં કયાં, એ જાણવા માટે કોઇ પણ પ્રકારે તે સમર્થ થયા નહિ. એ રીતે જગતને મોહ ઉપજાવનારા અને પોતે મોહરહિત એવા વિષ્ણુ ભગવાનને પોતાની માયાથી મોહ ઉપજાવવા જતાં બ્રહ્મા પોતેજ મોહ પામ્યા.[૪૨-૪૪] જેમ અંધારી રાત્રિમાં ઝાકળનું અંધારું જુદું આવરણ કરી શકતું નથી, પણ ઊલટું રાત્રિના અંધકારમાં લય પામી જાય છે; અથવા દિવસના સમયે પતંગિયાનું અજવાળું કંઇ જુદો પ્રાકાશ પાડી શકતું નથી (અથવા દિવસના પ્રકાશને ઢાંકી શકતું નથી) પણ ઊલટું દિવસના પ્રકાશમાંજ લય પામી જાય છે, તેમ કોઇ મહાન (માયાવી) પુરુષના ઉપર માયાને યોજનાર પુરુષની સામાન્ય માયા તે મહાપુરુષને કંઇ પણ કરી શકતી નથી; પણ ઊલટી પોતાના સામર્થ્યનોજ નાશ કરી બેસે છે.[૪૫] (બ્રહ્મા તે બધું જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા.) તેટલામાં તો એ બ્રહ્માના દેખતાંજ સર્વ ગોવાળિયાના છોકરાઓ અને વાછરડાં તત્કાળ મેઘ જેવાં શ્યામ અને પીળાં પીતાંબર ધારણ કરી રહેલાં જોવામાં આવ્યાં.[૪૬] તેઓ સર્વે ચાર ભુજાઓવાળા હતા; શંખ, ચક્ર, ગદા ને પદ્મ હાથમાં ધારણ કરી રહ્યા હતા; મુકુટો, કુંડળો, હારો તેમજ વનમાળાઓને ધારણ કરી રહ્યા હતા; તેઓના બાહુઓ પર શ્રીવત્સની કાંતિવાળા બાજુબંધો આવી રહ્યા હતા; શંખની માફક ત્રણ ત્રણ હાંસોવાળાં કંકણો તેઓના હાથમાં જણાતાં હતાં; ઝાંઝરો, કડાં, કંદોરા તથા વીંટીઓ વડે તેઓ શોભતા હતા; પગથી મસ્તક સુધી સર્વ અંગોમાં અત્યંત પુણ્યશાળી પુરુષોએ અર્પણ કરેલી કોમળ તુલસીની નવી માળાઓથી તેઓ ભરપૂર હતા; ચાંદની જેવા ઉજ્જવળ મંદ હાસ્ય તથા રતાશવાળા કટાક્ષદર્શનથી પોતાના ભક્તજનોના મનોરથોને રજોગુણથી જાણે સર્જતા હોય અને સત્ત્વગુણથી પાળતા હોય તેવા દેખાતા હતા;* બ્રહ્માથી આરંભી સ્તંભ સુધીનાં સ્થાવર—જંગમ પ્રાણીઓ મૂર્તિમાન થઇને નૃત્ય, ગીત વગેરે અનેક પ્રકારની પૂજાઓથી તેમની જુદી જુદી ઉપાસના કરી રહ્યાં હતાં; અણિમાદિ અષ્ટમહાસિદ્ધિઓ, માયા વગેરે વિભૂતિઓ અને મહત્તત્ત્વ વગેરે ચોવીસ તત્ત્વોથી તેઓ વીંટાયલા હતા; પોતાના મહિમાથી જેઓનો મહિમા નાશ પામ્યો હતો, એવા કાળ, સ્વભાવ, સંસ્કાર, કામ, કર્મ તથા ગુણો વગેરે (સહકારી) પદાર્થો મૂર્તિમાન થઈને તેમની ઉપાસના કરી રહ્યા હતા અને તેઓ સર્વે સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અનંત, આનંદમાત્રરૂપ, સદા એકરૂપમૂર્તિવાળા અને આત્મજ્ઞાન એજ જેઓની દૃષ્ટિ હોય છે, તેવા પુરુષોએ પણ નહિ જાણેલા મોટા માહાત્મ્યવાળા હતા.[૪૭-૫૪] એ પ્રમાણે બ્રહ્માએ તેઓ સર્વને એક વાર પરબ્રહ્મસ્વરૂપજ જોયા, કે જે પરબ્રહ્મના પ્રકાશથી આ સર્વ સ્થાવર—જંગમ જગત પ્રકાશે છે.[૫૫] તે પછી તેમના તેજથી જેમની અગિયારે ઇન્દ્રિયો સ્તબ્ધ બની ગઇ હતી, એવા બ્રહ્મા અત્યંત આશ્ચર્યને લીધે હંસની પીઠ પર ઢળી પડયા અને જેમ કોઇ નગરના અધિષ્ઠાયક દેવ પાસે (ઊભી કરેલી ચાર મુખોવાળી) પૂતળી હોય, તેમ નિશ્ચળ થઇ ગયા.[૫૬] એ પ્રમાણે તર્કના અવિષયરૂપ, સ્વયંપ્રકાશ સુખવાળા, માયાથી પર અને 'તે નહિ, તે નહિ' એમ બ્રહ્મભિન્ન વસ્તુના ત્યાગપૂર્વક ઉપનિષદોદ્વારા જેનું જ્ઞાન થઇ શકે છે, એવા પોતાના મહિમામાં બ્રહ્મા 'આ શું?' એમ મોહ પામ્યા અને તે જોવા માટે પણ અસમર્થ થયા ત્યારે તે જાણી જઇને અજન્મા પરમેશ્વર શ્રીકૃષ્ણે પોતાની માયારૂપી પડદાને ખસેડી લીધો.[૫૭] પછી બ્રહ્માને બાહ્ય ઇન્દ્રિયવૃત્તિઓ પ્રાપ્ત થઇ અને જેમ કોઇ મરી જઇને પાછો ઊઠે, તેમ (માંડ માંડ) તે

* કહેવા એ માગે છે કે, રજોગુણ જેવા લાલ કટાક્ષદર્શનથી ભક્તજનોના મનોરથોને ભગવાન સર્જે છે અને સત્ત્વગુણ જેવા ઉજ્જવળ મંદ હાસ્યથી તે મનોરથોનું પાલન કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊઠ્યા અને મહાકષ્ટથી આંખો ઉઘાડી, ત્યારે પોતાની સાથે આ જગતને તેમણે જોયું.[૫૮] એટલે એકદમ ચારે તરફ દૃષ્ટિ કરતા બ્રહ્મા સર્વ દિશાઓમાં જોવા લાગ્યા, તો પોતાની સંમુખ રહેલું વૃંદાવન તેમના જોવામાં આવ્યું, જે વૃંદાવન મનુષ્યોની આજીવિકાનાં સાધન એવાં વૃક્ષોથી વ્યાપ્ત હોઇ સર્વ તરફથી પ્રિય લાગતું હતું. વળી એ વૃંદાવનમાં સ્વાભાવિક દુષ્ટ વૈરવાળાં છતાં મનુષ્યો તથા સિંહાદિ પ્રાણીઓ મિત્રોની પેઠે સાથે રહેતાં હતાં; અને શ્રીભગવાનના નિવાસને લીધે ક્રોધ તથા લોભ વગેરે તો ત્યાંથી પલાયનજ કરી ગયા હતા. તે વૃંદાવન વિષે ગોવાળના વંશમાં બાળકપણાનું નાટક ભજવતા, અદ્વૈત, સર્વથી પર, અનંત અને અગાધ જ્ઞાનવાળા છતાં વાછરડાંઓને તથા પોતાના મિત્ર બાળકોને પૂર્વની પેઠે શોધી રહેલા અને જેમના હાથમાં દહીં ભાતનો કોળિયો હતો, એવા બ્રહ્મ—શ્રીકૃષ્ણને બ્રહ્માએ એકલા જોયા.[૫૯-૬૧] ભગવાનને જોઇને તુરતજ બ્રહ્માએ પોતાના વાહન ઉપરથી ઊતરી પડીને સુવર્ણના દંડની પેઠે પોતાના શરીરને પૃથ્વી પર પાડી દીધું અને ચારે મુકુટોની અણીઓથી ભગવાનનાં બન્ને ચરણોનો સ્પર્શ કરી વંદન કર્યું તથા હર્ષાશ્રુઓરૂપી ઉત્તમ જળથી અભિષેક કર્યો. પછી પ્રથમ જોયેલા ભગવાનના મહિમાનું વારંવાર સ્મરણ કરી, બ્રહ્મા વારંવાર ઊભા થઇને શ્રીકૃષ્ણનાં બન્ને ચરણમાં પોતાનું મસ્તક નમાવવા લાગ્યા અને ધીમે ધીમે ઊભા થઇ નેત્રો લૂછી નાખ્યાં તથા શ્રીકૃષ્ણની સામે જોઇને, ડોક નમાવી, બે હાથ જોડી, વિનયનમ્ર થઇને એકાગ્રચિત્તે, ધ્રૂજતાં ધ્રૂજતાં ગદ્‌ગદ વાણી વડે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા."[૬૨-૬૪]

शनैरथोत्थाय विमृज्य लोचने मुकुंदमुद्वीक्ष्य विनम्रकंधरः । कृतांजलिः प्रश्रयवान्समाहितः स वेपथुर्गद्गदयैलतेलया ॥ ६४ ॥

દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો*

બ્રહ્માની સ્તુતિ

॥ ब्रह्मोवाच ॥

नौमीड्य तेऽभ्रवपुषे तडिदंबराय गुंजावतंसपरिपिच्छलसन्मुखाय । वन्यस्रजे कवलवेत्रविषाणवेणुलक्ष्मश्रिये मृदुपदे पशुपांगजाय ॥ १ ॥

બ્રહ્મા સ્તુતિ કરે છેઃ—'હે સ્તુતિ કરવા યોગ્ય ભગવન્! આપ ગોપાલપુત્રની હું સ્તુતિ કરું છું. આપનું શરીર મેઘ જેવું શ્યામ છે, આપનાં વસ્ત્રો વીજળીની પેઠે ઝબકે છે; આપનું મુખ ચણોઠીનાં કર્ણભૂષણોથી તથા મોરપિચ્છના મુકુટથી શોભી રહ્યું છે; આપે વનમાળા ધારણ કરી છે; આ કોળિયો, છડી, શિંગડી તેમજ વાંસળીનાં ચિહ્નોથી આપ શોભી રહ્યા છો અને આપનાં ચરણ કોમળ છે.[૧] હે દેવ! આપનું આ શરીર (એટલે આ અવતાર સુલભ તરીકે પ્રકાશિત થયો છે) કે જેનાથી મારા પર અનુગ્રહ થયો છે; જે ભક્તોની ઇચ્છા પ્રમાણે થઈ રહ્યું છે અને જે ભૂતમય નથી—અર્થાત્ જે અચિંત્ય શુદ્ધ સત્ત્વગુણમય છે; તે આ શરીરનો પણ મહિમા જાણવાને જો કોઇ સમર્થ નથી; (અથવા હું પોતે આ સુલભ શરીરનો પણ મહિમા જાણી શક્યો નથી;) તો પછી તેજ આપનું જે સ્વરૂપ સાક્ષાત્ આત્મસુખના અનુભવરૂપ છે તેનો મહિમા જાણવાને સર્વ તરફથી એકાગ્ર કરેલા મનથી પણ કોણ સમર્થ છે? જેઓ જ્ઞાન સંપાદન કરવા માટે પ્રયાસ છોડી દઇને (જરા પણ પ્રયાસ નહિ કરીને) સત્પુરુષોએ કહેલી (એટલે સ્વતઃજ નિત્ય પ્રકટ કરેલી) આપની કથાને પોતપોતાને સ્થાને રહીનેજ શ્રવણ કર્યા કરે છે અને શરીર, વચન તથા મન વડે તે કથાનો સત્કાર કરતાજ

* આ અધ્યાયમાં આશ્ચર્ય જોઇને મોહિત થયેલા બ્રહ્મા કોઈ જાતનો નિશ્ચય કરવા અસમર્થ થઇને શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેઓ જીવે છે, (તેઓ ભલે બીજું કંઇ પણ ન કરે; તોપણ) તેઓએ હે અજિત! ઘણું કરીને (આપ કોઇનાથી પણ જિતાયા નથી; તોપણ) આપને ત્રણે લોકમાં જીતી લીધા છે.+ [૨,૩] હે વ્યાપક દેવ! અભ્યુદય (વ્યાવહારિક કલ્યાણ) અને મોક્ષરૂપ કલ્યાણનેજ સ્રવી રહેલી આપની ભક્તિનો ત્યાગ કરી જેઓ કેવળ જ્ઞાન સંપાદન કરવા માટે પરિશ્રમ કરે છે, તેઓને જેમ (ધાન્ય વિનાનાં) જાડાં ફોતરાં ખાંડનારાઓને કેવળ પરિશ્રમ વિના બીજું કંઈ મળતું નથી, તેમ કેવળ પરિશ્રમજ (ફળ તરીકે) મળે છે.* [૪] હે અમાપ! હે અચ્યુત! આ લોકમાં પૂર્વે અનેક યોગીઓ પણ (યોગદ્વારા જ્ઞાન નહિ મેળવીને પોતાની સર્વ લૌકિક ચેષ્ટાઓને પણ આપ વિષે અર્પણ કરી દઇ આપ વિષે અર્પણ કરેલાં પોતાનાં કર્મોથી પ્રાપ્ત કરેલી અને આપનું કથાશ્રવણ કરી આપ સમીપ પહોંચાડેલી આપની ભક્તિથીજ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આપની પરમગતિને પામ્યા છે.× [૫] તોપણ હે વ્યાપક પ્રભો! ÷આપના નિર્ગુણ સ્વરૂપનો મહિમા નિર્મળ કરેલી ઇન્દ્રિયોદ્વારા (એટલે સર્વ વિષયોથી આકર્ષી લઈ એકાગ્ર કરેલી ઇન્દ્રિયોથી) જાણવાને યોગ્ય થઈ શકે છે; કારણ કે આપનું નિર્ગુણ સ્વરૂપ સ્વાનુભવરૂપ છે—આત્માકાર થયેલા અંતઃકરણથી સાક્ષાત્કાર કરી શકાય તેવું છે; અવિક્રિય છે—વિશેષ આકારથી રહિત છે; અરૂપ છે—કોઈ પણ વિષયથી રહિત છે અને સ્વપ્રકાશપણેજ જાણવા યોગ્ય છે; નહિ કે 'તે આ' એમ અમુક વિષયપણાથી જાણવા યોગ્ય છે. પરંતુ ગુણોના આત્મારૂપ એટલે ગુણોના અધિષ્ઠાતા અને આ જગતના હિત માટે અવતરેલા આપના સગુણ સ્વરૂપના ગુણો માપવાને કોણ સમર્થ છે? જે અતિનિપુણ પુરુષોએ અમુક કાળે (એટલે અમુક જન્મોના કાળે) પૃથ્વી પરના રજકણોને, આકાશમાંના હિમકણોને તથા નભોમંડળનાં નક્ષત્રો વગેરેનાં કિરણોના પરમાણુઓને પણ વિશેષે કરી ગણી કાઢ્યા છે, તેઓ પણ આપના ગુણોની ગણતરી કરવાને શું સમર્થ છે? —નથીજ. [૬,૭] માટે જે પુરુષ આપની કૃપાની અત્યંત રાહ જોતો, પોતે કરેલાં કર્મોનાં ફળોને (આસક્તિ રાખ્યા સિવાય) ભોગવતો અને મન, વચન તથા કાયાથી આપને નમસ્કાર કરતો જીવે છે, તે (ભક્ત) પુરુષ મુક્તિપદનો ભાગીદાર બને છે. અર્થાત્ ભક્તિજ મોક્ષદાત્રી છે.) [૮] હે ઈશ્વર! મારી દુર્જનતા તો જુઓ! જે આપ અનંત છો; સર્વના આદિમાં રહેલા છો; પરમાત્મા છો અને માયાવીઓના પણ માયાવી છો; તેવા આપને વિષે પણ મેં મારી માયા વિસ્તારીને મારું ઐશ્વર્ય જોવાની ઇચ્છા કરી, પણ જેમ અગ્નિની જ્વાળા અગ્નિ સામે કંઈ પણ કરવા સમર્થ નથી, તેમ હું આપની સામે આવું કરવાને કોણમાત્ર છું? કંઈ પણ નથી. [૯] માટે હે અચ્યુત! આપના મહિમાને નહિ જાણનાર, રજોગુણથી ઉત્પન્ન થયેલ, 'હું જગતનો કર્તા છું' આવા મદરૂપી ઘોર અંધકારથી આંખે અંધ

+ કહેવાનો ભાવ એ છે કે, કેવળ પોતાને ઘેર રહીને આપની કથાનુંજ જો શ્રવણ કરવામાં આવે, તો જ્ઞાન સંપાદન કરવા માટે પરિશ્રમ કરવાની શી જરૂર છે? —भा. क.

* અર્થાત્ ભક્તિ વિના જ્ઞાન સિદ્ધ થતુંજ નથી. જેમ દેખાવમાં નાના ધાન્યનો ત્યાગ કરી અંદર ધાન્યકણરહિત છતાં દેખાવમાં મોટાં ફોતરાંઓ ખાંડનારને કંઈ પણ ફળ મળતું નથી, તેમ ભક્તિને તુચ્છકારી કાઢીને જેઓ કેવળ જ્ઞાન મેળવવાને મથે છે, તેઓને પણ કોઈ જાતનું ફળ મળતું નથી. —શ્રીધર

× ભક્તિથીજ જ્ઞાન પ્રાપ્ત થાય છે, એ વાતને સિદ્ધ કરવા માટે આ શ્લોકમાં પ્રાચીન સદાચારનું પ્રમાણ આપ્યું છે. —શ્રીધર

÷ આગળ કહેવામાં આવ્યું કે, સગુણ–નિર્ગુણ બન્નેનું જ્ઞાન દુર્ઘટ છે, માટે આપની કથા સાંભળવી વગેરેથીજ આપની પ્રાપ્તિ થાય છે. હવે જો કે સગુણ તથા નિર્ગુણ–બન્ને સ્વરૂપો દુર્જ્ઞેય છે; તોપણ નિર્ગુણ સ્વરૂપનું જ્ઞાન કોઇ પણ પ્રકારે થઈ શકે છે; પરંતુ સગુણ સ્વરૂપનું જ્ઞાન કોઇ પણ પ્રકારે થઈ શકતું નથી; કારણ કે સગુણ સ્વરૂપના ગુણો અચિંત્ય અને અનંત હોય છે, એવો આશય બે શ્લોકમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનેક અને આપથી જુદો મને પોતાનેજ ઈશ્વર માની બેઠેલા મારા ઉપર આપ ક્ષમા કરો. 'આ બ્રહ્મા મારે લીધેજ નાથવાળો છે' એમ માનીને આપે મારા પર દયા કરવી જોઇએ. પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ ને પૃથ્વીથી વીંટાયલા આ બ્રહ્માંડરૂપી કળશમાં માત્ર સાત વેંતનું જેનું શરીર છે, એવો હું ક્યાં ? અને એવાં એવાં અગણિત બ્રહ્માંડોરૂપી પરમાણુઓને ઊડવા માટે જેમનાં રૂંવાડાંનાં છિદ્રો જાળિયાં જેવાં છે, તેવા આપનો મહિમા ક્યાં ? (માટે હું તો આપની આગળ ઘણોજ તુચ્છ છું અને તેથી આપની દયાને પાત્ર છું.)૧૦,૧૧ હે ઇન્દ્રિયાતીત પરમાત્મન્ ! ગર્ભમાં રહેલું બાળક માતાના ઉદરમાં પોતાના બન્ને પગ ઉછાળે છે, પણ તેથી તે બાળકે શું માતાનો અપરાધ કર્યો ગણાશે ? નહિજ. તેજ પ્રમાણે સ્થૂલ-સૂક્ષ્મ, કાર્ય-કારણ વગેરે શબ્દોથી કહેવાતું આ જગત આપના ઉદરથી કેટલું બહાર છે ? (જરા પણ નથી, તો પછી સર્વ જગતમાં આવી ગયેલો હું પણ આપના ઉદરમાંજ સમાઈ ગયો અને ત્યાં રહ્યો રહ્યો માતાના ઉદરમાં રહેલા બાળકની પેઠે કંઇ અપરાધ કરું, તો માતાની માફક આપે પણ મારો અપરાધ સહન કરવો જોઇએ.) 'ત્રણે જગતના પ્રલયસમયે બધા મહાસાગરો એકત્ર થઇ ગયા, ત્યારે તેઓના જળમાં (પોઢેલા) શ્રીનારાયણના ઉદરમાં (ઉત્પન્ન થયેલા) નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે' આવી વાણી અસત્ય નથીજ. હે ઈશ્વર ! શું આપનાથી હું ઉત્પન્ન થયો નથી ? થયોજ છું.૧૨,૧૩ આપ શું નારાયણ નથી ? છોજ; કારણ કે સર્વ પ્રાણીઓના આપ આત્મા છો (એટલે આપ ÷નારાયણજ છો.) વળી હે અધીશ્વર ! શું આપ *નારાયણ નથી ? છોજ. કેમકે આપ સર્વના અધીશ્વર છો-પ્રવર્તક છો; તેમજ આપ સમગ્ર લોકના સાક્ષી છો-સમગ્ર લોકને સાક્ષાત્ જોનારા છો, તેથી પણ આપ +નારાયણ છો. વળી નર એટલે પરમાત્મા અને તેથી ઉત્પન્ન થયેલા પદાર્થો તથા જળનો આશ્રય કરવાથી જે ×'નારાયણ' એવા નામથી પ્રસિદ્ધ છે, તે પણ આપનીજ મૂર્તિ છે; પણ વસ્તુતઃ (આપની મૂર્તિ પરિચ્છિન્ન હોય નહિ અને તેથીજ તેને જળનો આશ્રય હોય નહિ. માટે) તે પણ-જળનો આશ્રય કરનારી આપની નારાયણ-મૂર્તિ પણ સત્ય નથી, કિંતુ માયાજ છે.૧૪ કારણ કે હે ભગવન્ ! જગતના આશ્રયરૂપ એવા તમારું જળમાં રહેલું નારાયણ-શરીર જો સત્ય હોય, તો તેજ વખતે (કમળના નાળની અંદર સો વર્ષ સુધી ધૂમતાં) મેં કેમ ન જોયું ? અરે ! હૃદયમાં પણ કેમ ન જોયું ? પછી તેજ વખતે (જ્યારે તપશ્ચર્યા કરી, ત્યારે) એકદમ સારી રીતે કેમ જોવામાં આવ્યું ?

÷ नराणां जीवानां समूहः नारम्; नारम् अयनं-आश्रयो यस्य सः नारायणः। જીવોનો સમૂહ જેમનો આશ્રય છે, તે નારાયણ-અર્થાત્ સર્વ પ્રાણીઓનો આત્મા. —શ્રીધર

* नराणां समूहः नारम्; नारस्य अयनं-प्रवृत्तिर्यस्मात् सः नारायणः-જીવોના સમૂહની પ્રવૃત્તિ જેથી થાય છે, તે નારાયણ કહેવાય છે. સર્વજીપ્રવર્તક -નારાયણ. —શ્રીધર

+ नराणां समूहः नारम्; नारम् अयसे-जानासि इति नारायणः-જે જીવસમૂહને સાક્ષાત્ જુએ, તે પણ નારાયણ કહેવાય છે; આમ ત્રણ શબ્દ-વ્યુત્પત્તિ કરી ભગવાનને 'નારાયણ' કહ્યા. હવે ચોથી રીતે પણ 'નારાયણ' કહે છેઃ-

× नराज्जातानि तत्त्वानि नाराणीति विदुर्बुधाः।
तस्य तान्ययनं पूर्वं तेन नारायणः स्मृतः॥
(महाभारत)

आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः।
अयनं तस्य ताः पूर्वं तेन नारायणः स्मृतः॥
(म. स्मृ. १-१०)

નર-પરમાત્માથી ઉત્પન્ન થયેલાં તત્ત્વોને વિદ્વાનો 'नार' કહે છે અને તે તત્ત્વોનો જેણે 'अयन' આશ્રય કર્યો તેને 'नारायण' કહે છે; તેમજ જળ પણ નર-પરમાત્માથી ઉત્પન્ન થયું છે, માટે 'नार' કહેવાય છે; અને તે જળનો જેણે 'अयन' આશ્રય કર્યો, તે 'नारायण' કહેવાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(માટે તે આપની માયાજ છે અને તેથીજ આપની મૂર્તિને અમુક કોઇ પ્રદેશનો પરિચ્છેદ સત્ય નથી.)[૧૫] ‡હે માયાનો વિનાશ કરનાર દેવ! આ શ્રીકૃષ્ણાવતારમાંજ આપે બહાર સ્પષ્ટ જણાતા આ સમગ્ર જગતરૂપ પ્રપંચને પોતાના ઉદરની અંદર યશોદા માતાને દર્શાવીને પ્રકટ કર્યું છે કે, 'આ સર્વ કંઇ મારી માયાજ છે.'[૧૬] આપના ઉદરમાં આ સર્વ જગત જેવું જણાય છે, તેવુંજ આપની સાથે બહાર પણ જણાય છે; તો આ બધું આપને વિષે શું માયા વિના ઘટે +છે?[૧૭] (અરે! બધું બાજુ પર રહેવા દઇ આજની વાતજ કરવા દો ને!) આપ વિના આ સર્વ જગત કેવળ માયારૂપ છે, આ વાત આજેજ આપે મને શું નથી બતાવી? બતાવીજ છે. (જુઓ,) આપ પ્રથમ એકજ હતા; પછી આપ સમગ્ર વ્રજના મિત્રોરૂપ તથા વાછરડાંઓરૂપ થયા; પછી મારી સાથે સમગ્ર તત્ત્વોથી સેવાતા તેટલાંજ ચતુર્ભુજ રૂપ થયા; તે પછી તેટલાંજ *બ્રહ્માંડોસ્વરૂપ થયા અને હમણાં કેવળ એક અદ્વૈતસ્વરૂપેજ આપ બાકી રહ્યા છો. (આ બધું શું! માયા નહિ કે!)[૧૮] ÷જુઓ આપના સ્વરૂપને જાણતા નથી, તેઓને આપ પ્રકૃતિમાં રહેલા આત્માસ્વરૂપેજ સ્વતંત્રપણે માયા વિસ્તારી જગતની સૃષ્ટિસમયે હું–બ્રહ્માના સ્વરૂપે હો તેવા ભાસો છો ને પાલનસમયે વિષ્ણુસ્વરૂપે હો તેવા ભાસો છો અને પ્રલયકાળના સમયે ત્રણ નેત્રવાળા શંકરસ્વરૂપે હો તેવા ભાસો છો.[૧૯] હે ઈશ્વર! આપ અજન્મા છો; છતાં દેવોમાં, ઋષિઓમાં, મનુષ્યોમાં, પશુ–પક્ષીઓમાં તથા જળચરોમાં પણ આપનો જે જન્મ જોવામાં આવે છે, તે, હે પ્રભો! દુષ્ટ પુરુષોના દુર્મદનો નાશ કરવા માટે હોય છે અને હે વિધાતા! સત્પુરુષોના પર અનુગ્રહ કરવા માટે હોય છે.[૨૦] હે વ્યાપક! હે ભગવન્! હે પરમાત્મન્! હે યોગેશ્વર! આપ યોગમાયાનો વિસ્તાર કરતા ક્યાં, કેવી રીતે, કેટલી અને ક્યારે ક્રીડા કરો છો? એ આપની લીલાઓને ત્રણ જગતમાં કોણ જાણી શકે છે?[૨૧] માટે આ સમસ્ત જગત કે જે મિથ્યાસ્વરૂપ, સ્વપ્ન જેવું, પ્રતિભાસરહિત અને પુષ્કળ દુઃખભોગ પછી પણ દુઃખની પરંપરાવાળું છે, તે નિત્ય આનંદમય મૂર્તિ અને અનંત એવા આપને વિષેજ માયાથી ઉત્પન્ન થાય છે તથા લયને પામે છે; છતાં જાણે સત્ય હોય તે પ્રમાણે ભાસે છે.*[૨૨] માટે સત્યસ્વરૂપ તો આપ એકજ છો; કેમકે આપ +આત્મા છો; વળી આપ સર્વના આદ્ય છો એટલે †કારણ છો;

‡ પ્રલયકાળનું જળ અને તે જળમાં નારાયણસ્વરૂપ–વગેરે પ્રપંચ જો સત્ય હોય, તો તેથી પરમેશ્વર પરિચ્છિન્ન બને છે; માટે પરમેશ્વરનું તો અપરિચ્છિન્નપણુંજ હોઇને તે સર્વ માયાનો વિલાસ છે; એમ શ્રીભગવાને પોતેજ યશોદાને 'વિશ્વરૂપદર્શન' વગેરેથી દર્શાવ્યું છે; એ વાત ત્રણ શ્લોકમાં કહે છે. —**શ્રીધર**

+ કહેવાનો ભાવ એ છે કે, આ સર્વ જગતપ્રપંચ આપ વિષે જો પ્રતિબિંબરૂપે ભાસતો હોય, તો ઊલટો દેખાવો જોઇએ અને દર્પણના સ્થાને થયેલા આપનું તે પ્રતિબિંબમાં દર્શન ઘટવુંજ ન જોઇએ; એ ઉપરથી પણ જણાય છે કે, સર્વ પ્રપંચ મિથ્યા છે. —**શ્રીધર**

* તેટલાં બ્રહ્માંડોરુપ થયા, એ વાત પ્રથમ કહેવાઈ નથી; પણ આ ઉપરથી સમજવું કે, ભગવાને બ્રહ્માને તેટલાં બ્રહ્માંડો પણ દેખાડ્યાં હતાં. —**મા. ક.**

÷ કદાચ ભગવાન કહે કે, 'ઓ બ્રહ્મદેવ! મેં તો તમને શુદ્ધ ચૈતન્ય દર્શાવ્યું છે; તેને પણ તમે પ્રપંચની પેઠે માયા કેમ કહો છો? આના ઉત્તરમાં કહે છે કે, વાત સાચી છે; પણ અદ્વૈતસ્વરૂપ એવા આપ વિષે આવું અનેકપણું ભાસે તે તો ગુણાવતાર મત્સ્યાદિ અવતારોની પેઠે કાર્યવશાત્ સ્વતંત્ર માયાથીજ ઘટે, એ આશય એ શ્લોકમાં કહે છે. —**શ્રીધર**

* અર્થાત્ સમગ્ર જગત ખરી રીતે અસત્ય છે; અનિત્ય છે, દુઃખમય છે અને અચેતન છે; તોપણ અધિષ્ઠાનરૂપ આપ ઈશ્વરના ગુણોને લીધે જાણે સત્ય હોય, નિત્ય હોય, સુખમય હોય અને ચેતન હોય તેવું ભાસે છે. —**શ્રીધર**

+ જે વસ્તુ દશ્ય હોય છે, તે અસત્ય હોય છે; આત્મા દશ્ય નથી; માટે તે સત્ય છે. —**મા. ક.**

† કારણ છો, તેથી આપનામાં જન્મ વગેરે વિકારો નથી, તેથી પણ આપ સત્ય છો; કેમકે જે વસ્તુ વિકારવાળી હોય છે, તે સત્ય હોતી નથી. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારણ કે આપ પુરાણ છો—એટલે સર્વ કાર્યોની પહેલાં પણ સ્થિતિ ધરાવો છો; કેમકે આપ ÷પુરુષ છો. વળી આપ નિત્ય છો; (તેથી જન્મ પછી અસ્તિત્વ ધરાવતા હો તેવું કંઇ નથી; પરંતુ સનાતન છો.) આપ પૂર્ણ છો. (એટલે કે વૃદ્ધિરહિત છો.) કારણ કે આપ અનંત છો અને અદ્વૈત છો. (તેથી દેશ તેમજ કાળના માપથી રહિત છો, તેમજ વસ્તુના માપથી પણ રહિત છો.) વળી આપ સ્વયંજ્યોતિ છો; (તેથી જ્ઞાન વડે પ્રાપ્ત કરવા યોગ્ય નથી.) ઉપાધિથી મુક્ત છો; (તેથી વિકારને યોગ્ય નથી) અને નિરંજન છો; (તેથી કોઇ પણ જાતના મેલને દૂર કરી સંસ્કાર કરવા યોગ્ય નથી; અર્થાત્ નિર્મળજ છો.) માટે આપ અમૃત છો, એટલે વિનાશરહિત છો; નિરંતર સુખવાળા છો—એટલે વિપરિણામથી રહિત છો અને અક્ષર છો એટલે અપક્ષયથી રહિત છો.૨૩ આવા સમગ્ર આત્માઓના પણ આત્મા આપને—જેઓ ગુરુરૂપી સૂર્યથી પ્રાપ્ત થયેલા ઉપનિષદોના જ્ઞાનરૂપી ચક્ષુ વડે સારી રીતે પોતાના (આત્મા) સ્વરૂપે જુએ છે, તેઓ સંસારરૂપી મિથ્યા સમુદ્રને §તરી જાય છે.૨૪ જેઓ પોતાના આત્માને આત્મા તરીકે જાણતા નથી, તેઓને તે આત્માના અજ્ઞાનથીજ સર્વ પ્રપંચ ઉત્પન્ન થયો (જણાય) છે; પણ તેજ પ્રપંચ આત્માનું જ્ઞાન થતાં ફરી પાછો લય પામી જાય છે. જેમ દષ્ટાંત તરીકે દોરીને દોરી તરીકે નહિ જાણવાથી તેમાં સર્પનું શરીર ભાસે છે; પણ 'આ સર્પ નથી, પરંતુ દોરી છે' આવું દોરીનું યથાર્થ સ્વરૂપ સમજાતાંજ તેમાં થયેલો સર્પનો ભાસ નાશ પામે છે.૨૫ જો વિચાર કરવામાં આવે છે, તો સંસારથી બંધન અને સંસારથી મોક્ષ એ બન્ને કેવળ અજ્ઞાનથીજ જણાય છે—અજ્ઞાનને લીધેજ બંધ અને મોક્ષ ભાસે છે; કેમકે તેઓ બન્ને સત્યસ્વરૂપ અને ચિદાત્મા એવા આત્માથી જુદા છેજ નહિ. જેમ સૂર્યમાં રાત્રિ અને દિવસ એ કંઇ છેજ નહિ, તેમ અખંડ અનુભવસ્વરૂપ, અદ્વૈત અને શુદ્ધ એવા આત્માને વિષે અજ્ઞાન કે અજ્ઞાનજન્ય બંધ નથી; તેમજ જ્ઞાન કે જ્ઞાનજન્ય મોક્ષ પણ +નથી. આત્મારૂપ એવા આપને દેહાદિરૂપે માની લઇને તેમજ આત્માથી ભિન્ન એવા દેહાદિને આત્મારૂપે માની લઇને પછી 'અહીં તો આત્મા ખોવાઇ ગયો છે; તે બહાર શોધવા યોગ્ય છે' આવી અજ્ઞાની મનુષ્યોની અજ્ઞાનતા અહો! આશ્ચર્યજનક* છે! ૨૬।૨૭ હે અનંત! વિવેકી પુરુષો પોતાના શરીરમાંજ જડ વસ્તુનો ત્યાગ કરતા કરતા આત્મારૂપ એવા આપને શોધે છે. કેમકે સમીપમાં સર્પ નથી, પણ દોરી છે; છતાં તેમાં ભાસેલા સર્પના ભાસને 'આ દોરી છે પણ સર્પ નથી' એમ નિષેધ કર્યા વિના વિવેકી પુરુષો પણ તે દોરીને દોરી તરીકે જાણી શકે છે? નહિજ. (માટે આત્માને આત્મા તરીકે જાણવાથીજ મોક્ષ થાય છે.) છતાં પણ હે દેવ! આપનાં ચરણકમળનો લેશ પણ અનુગ્રહ જેના ઉપર થયેલો હોય છે, તેજ પુરુષ આપના મહિમાના તત્ત્વને જાણે છે; બાકી જેના પર તે અનુગ્રહ થયો નથી, તેવો પુરુષ હે ભગવન્!

÷ વેદ પણ કહે છેઃ- **पूर्वमेवाहमिहासमिति तत्पुरुषस्य पुरुषत्वम्**—આ જગતમાં હું પ્રથમથીજ હતો; માટેજ હું—આત્મા 'પુરુષ' કહેવાઉં છું.—શ્રી.

§ 'તરી જાય છે'—આ ભાષાંતર મૂળમાં રહેલા '**तरन्निव**' એ પદનું છે. તેમાં '**तरन्ति इव**' એમ બે પદ મૂક્યાં છે. '**इव**' મૂકીને એ સૂચવ્યું છે કે, સંસારસમુદ્ર જો મિથ્યા છે, તો તેનું તરવું પણ તેવુંજ—મિથ્યા હોય ને?

—**भा. क.**

+ જેમ સૂર્યના અપ્રકાશથી રાત્રિ છે અને સૂર્યના પ્રકાશથી દિવસ છે, તેમ આત્મસ્વરૂપના અપ્રકાશથી અહંતા—મમતારૂપ બંધ છે અને આત્મસ્વરૂપના પ્રકાશથી મોક્ષ છે—બંધ કે મોક્ષ એવા કોઇ સ્વતંત્ર પદાર્થ છેજ નહિ.

—**बालप्रबोधिनी.**

* અર્થાત્ ઘરમાં ખોવાઈ ગયેલી વસ્તુને વનમાં શોધવા જવું તે આશ્ચર્યજનક અજ્ઞાન છે, તેવુંજ અજ્ઞાન આત્માને બહાર શોધવા જવો તે છે.

—**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

ભલે એકલો રહે–એકાંતમાં રહે અને શરીરમાંના જડ ભાગનો ત્યાગ કરતો કરતો ઘણા લાંબા વખત સુધી પણ ભલે શોધ્યા કરે; છતાં તે આપના મહિમાના તત્ત્વને જાણી શકતો નથી.[૨૮।૨૯] માટે હે નાથ! મારા આ જન્મમાં કે બીજા કોઈ પશુ–પક્ષીના જન્મમાં પણ મારું તેવું મહાન ભાગ્ય થાઓ કે જે ભાગ્યને લીધે હું આપના ભક્તોમાંનોજ કોઇ એક થઇને આપના ચરણપલ્લવનું સેવન કર્યા કરું.[૩૦] અહો! વ્રજની ગાયો તથા સ્ત્રીઓ અતિશય ધન્યવાદને પાત્ર છે, કે જેઓનાં દૂધ અને ધાવણરૂપી અમૃતને હે પ્રભો! આપે વાછરડાં તથા છોકરાંઓરૂપ થઇને અત્યંત હર્ષપૂર્વક પીધાં; જે આપને તૃપ્ત કરવાને માટે યજ્ઞો પણ હજી સુધી સમર્થ થયા નથી. અહો! નંદ ગોવાળિયાનું તથા સર્વ વ્રજવાસીઓનું ભાગ્ય ખરેખર ઘણુંજ અમાપ છે; કારણ કે પરમ આનંદસ્વરૂપ સનાતન પૂર્ણબ્રહ્મ તેઓના મિત્ર છે.[૩૧।૩૨] હે અચ્યુત! એઓના ભાગ્યનો મહિમા તો ખરેખર અવર્ણ્ય છેજ; પણ અત્યંત આનંદની વાત છે કે, દશ ઇન્દ્રિયો તથા મન, બુદ્ધિ અને અહંકાર, આ તેરના અધિષ્ઠાયક રુદ્ર વગેરે અમે તેર દેવો પણ ઘણા ભાગ્યશાળી છીએ; કારણ કે અમે વ્રજવાસીઓની ઇન્દ્રિયોરૂપ પાત્રોથી આપનાં ચરણકમળના મકરંદરૂપ એવા સ્વાદિષ્ટ આસવનું વારંવાર પાન કરી રહ્યા છીએ.*[૩૩] ખરેખર આ મનુષ્યલોકમાં હરકોઈ જન્મ અને તેમાં પણ આ વૃંદાવનમાં હરકોઈ જન્મ અને તેમાં પણ ગોકુળમાં જન્મ તે એક મહાન ભાગ્ય છે. કારણ કે જેમના ચરણની રજને વેદો પણ હજી શોધ્યા કરે છે, તે મુકુંદ ભગવાન જે ગોકુળવાસીઓનું જીવન છે, તે ગોકુળવાસીઓમાંના કોઇ એકના પણ ચરણની રજનો (અહીં ગોકુલમાં જન્મેલા પ્રાણી ઉપર) અભિષેક થયા કરે છે.[૩૪] હે દેવ! આ વ્રજવાસીઓને આપ સમગ્ર ફળરૂપ એવા આપના પોતાથી પણ બીજું કયું (ઉત્કૃષ્ટ) ફળ આપશો? એમ અમારું મન સર્વ તરફથી વિચાર કરતાં મૂંઝાઈ જાય છે. કારણ કે સજ્જનના જેવો માત્ર વેષ લઇનેજ આવેલી પૂતના પણ (અંદરથી આપના ઉપર દ્વેષવાળી છતાં) પોતાના÷ કુળની સાથે આપને પામી ગઇ! ત્યારે પછી જેઓનાં ઘર, ધન, સંબંધીઓ, પ્રિય શરીરો, પુત્રો, પ્રાણો તથા મન પણ કેવળ આપનેજ માટે છે, તે આ વ્રજવાસીઓને આપ શું આપશો? (આ વ્રજવાસીઓને પણ જો પૂતના જેટલુંજ ફળ મળે, તો તે કંઇ સંપૂર્ણ ગણાય નહિ; માટે મને લાગે છે કે, આ વ્રજવાસીઓના તો આપ દેવાદારજ રહેવાના.)[૩૫] હે કૃષ્ણ! જ્યાંસુધી મનુષ્યો આપના ભક્ત બનતા નથી, ત્યાંસુધીજ તેઓને રાગ–દ્વેષ વગેરે ચોરરૂપે થઈ પડે છે; ત્યાંસુધીજ ઘર કેદખાનું થઈ પડે છે અને ત્યાંસુધીજ મોહ પગની બેડી જેવો થઇ પડે છે. (આપના ભક્ત બનેલા મનુષ્યોને તો રાગાદિક પણ આપમાંજ સ્થિતિસ્થાપક બનીને ઊલટા સંસારથીજ મુક્ત કરાવનાર થઇ પડે છે.)[૩૬] હે પ્રભો! આપ પ્રપંચથી રહિત છો; તોપણ શરણે આવેલાં મનુષ્યોને આનંદ ઉપજાવવા માટેજ પૃથ્વી પર પ્રપંચનું અનુકરણ કરો છો–અવતારલીલાઓ કરો છો.[૩૭] હે પ્રભો! આપના મહિમાને જેઓ જાણતા હોય, તેઓ ભલે જાણે; મારે વધારે કહેવાનું શું કારણ છે? મારું મન, વચન અને કાયા તો આપના મહિમાને પામી શકતાં નથી.[૩૮] હે કૃષ્ણ! હવે અહીંથી જવા માટે આપ મને રજા આપો. આપ સર્વના દ્રષ્ટા છો; તેથી આપ સર્વ કંઇ જાણો છો

* આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, એક એક ઇન્દ્રિયના અધિષ્ઠાયક અમે દેવો આપની કીર્તિ, સૌંદર્ય તથા સુગંધ વગેરેના અમુક એકજ ભાગને સેવીને પણ કૃતાર્થ થઇએ છીએ; તો પછી સર્વ ઇન્દ્રિયો વડે આપના તે સર્વ કીર્તિ–સૌંદર્ય વગેરેનું સેવન કરનાર તે વ્રજવાસીઓનું ભાગ્ય શી રીતે વર્ણવી શકાય?—શ્રીધર

÷ પોતાના કુળની સાથે એટલે બકાસુર અને અઘાસુર સહિત. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને આપજ જગતના નાથ છો; તેથી કરીને આ મારું શરીર અને આ જગત હું આપનેજ અર્પણ કરી દઉં છું.[૩૯] હે શ્રીકૃષ્ણ! હે યાદવકુળરૂપી કમળને પ્રીતિ આપનારા (સૂર્યસમાન!) હે પૃથ્વી, દેવો, બ્રાહ્મણો તથા પશુઓરૂપી સમુદ્રોની વૃદ્ધિ કરનારા (ચંદ્ર સમાન!) હે પાખંડધર્મરૂપી અંધકારનો નાશ કરનારા (સૂર્યચંદ્રસમાન!) હે પૃથ્વી પરના રાક્ષસોના શત્રુ! હે સૂર્ય સુધીના સર્વને પૂજવા યોગ્ય ભગવન્! હું આપને કલ્પપર્યંત નમસ્કાર કરું છું.[૪૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે વ્યાપક ભગવાનની સ્તુતિ કરી, તેમને ત્રણ પ્રદક્ષિણા કરી, તેમનાં ચરણમાં નમસ્કાર કરી જગદ્ધાતા–બ્રહ્મા પોતાના પ્રિય સ્થાનમાં ગયા;[૪૧] પછી ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્મદેવને વિદાય આપીને પૂર્વની પેઠે યથાસ્થિત વાછરડાંઓને જ્યાં પોતાના મિત્ર બાળકો પ્રથમની પેઠેજ બેઠાં હતાં, ત્યાં યમુનાના તીર પર લાવ્યા.[૪૨] હે રાજન્! પોતાના પ્રાણેશ્વર શ્રીકૃષ્ણ વિના એ વ્રજબાળકોનું એક વર્ષ વીતી ગયું હતું; તોપણ શ્રીકૃષ્ણની માયાથી મોહિત થયેલા તે બાળકોએ માત્ર અર્ધી ક્ષણજ માની હતી; કારણ કે ભગવાનની માયાથી મોહિત મનવાળાં પ્રાણીઓ આ જગતમાં શું શું ભૂલી જતાં નથી? સર્વ કંઇ ભૂલી જાય છે. જેમની માયાથી મોહ પામેલું સર્વ જગત વારંવાર સ્વસ્વરૂપને વીસરી જાય છે. (તે આપણે જોઇએ છીએ.) એ મિત્રબાળકો શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાં: 'પધારો; તમે ઘણીજ ઉતાવળથી આવ્યા છો હો! અમે હજી એક પણ કોળિયો ખાધો નથી; આવો, હવે નિરાંતે જમો.'[૪૩–૪૫] પછી શ્રીકૃષ્ણ હસતાં હસતાં બાળકોની સાથે ભોજન કરીને પેલા અજગરનું ચામડું બતાવતા બતાવતા વનમાંથી વ્રજ તરફ પાછા ફર્યા[૪૬] અને મોરપીંછ, પુષ્પો તથા પર્વતની ગેરુ વગેરે નવી ધાતુઓથી જેમણે પોતાનાં અંગોને ચિત્રવિચિત્ર કર્યાં હતાં; શ્રેષ્ઠ વાંસળી, પિપૂડી તથા શિંગડીના શબ્દોથી જે આનંદયુક્ત હતા; વાછરડાંઓને જે બોલાવી રહ્યા હતા; અનુચર ગોપાલપુત્રો જેમની પવિત્ર કીર્તિને ગાતા હતા; તેમજ જેમનું દર્શન ગોપિકાઓને ઉત્સવરૂપ હતું, એવા શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રવેશ કર્યો.[૪૭] તે સમયે બાળકોએ વ્રજમાં કહ્યું કે, 'આજ આ યશોદાનંદન શ્રીકૃષ્ણે એક મોટા સર્પને માર્યો છે અને તેનાથી અમારું રક્ષણ કર્યું છે.'[૪૮]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! વ્રજવાસીઓને પોતાનાથી ઉત્પન્ન થયેલાં પોતાનાં છોકરાંઓ ઉપર પણ જે પ્રેમ પૂર્વે ન હતો, તે પ્રેમ તેઓને બીજાના પુત્ર શ્રીકૃષ્ણ ઉપર કેમ થયો હતો?–તે મને કહો."[૪૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજા! સર્વ પ્રાણીઓને પોતાનો આત્માજ વહાલો હોય છે અને બીજાં સંતાન, ધન વગેરે જે વહાલાં હોય છે, તે પણ પોતાના આત્મા ઉપરના વહાલપણને કારણેજ વહાલાં લાગે છે.[૫૦] માટે હે રાજેન્દ્ર! પ્રાણીઓને પોતપોતાના આત્મા ઉપર જેવો સ્નેહ હોય છે, તેવો જેઓમાં મમતા રહેલી હોય છે, તેવાં પુત્ર, ધન, ઘર વગેરે ઉપર હોતો નથી.[૫૧] હે મહારાજ! જેઓ દેહને આત્મા કહેનારા છે, તેવા પુરુષોને પણ જેવો દેહ અત્યંત વહાલો હોય છે, તેવાં દેહની પાછળ રહેલાં પુત્ર, ધન વગેરે વહાલાં હોતાં નથી આ શરીર જો કે ઘરડું થયું હોય છે, તોપણ અવિવેક દશામાં (એટલે શરીર પર જ્યારે અહંભાવરૂપ આત્મા તરીકેની બુદ્ધિ હોય છે, ત્યારે) તેના જીવનની આશા જેવી મહાબળવાન હોય છે, તેવી વિવેકદશામાં જ્યારે એ શરીર મમતાને ભજનારું થાય છે (એટલે આ 'હું' નથી; પણ તે તો માયાને લીધે મારો સંબંધ ધરાવી રહ્યું છે, એમ એ શરીર ઉપર 'હું'ભાવ મટીને 'મારું' એવો ભાવ થાય છે,) ત્યારે તે શરીર આત્મા જેવું પ્રિય લાગતું નથી. (અને તેને લીધે તે જીવે કે પડી જાય તેની કંઈ પરવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેતી નથી.) માટે સર્વ પ્રાણીઓને પોતાનો આત્માજ અત્યંત વહાલામાં વહાલો હોય છે, (એ વાત સિદ્ધ થાય છે અને તે આત્માને માટેજ એટલે તેને સુખ થાય તેટલા માટેજ) આ સમગ્ર સ્થાવર–જંગમ જગત પ્રિય લાગે છે. એ સમગ્ર પ્રાણીઓનો આત્મા (તે બીજો કોઈ નહિ પણ) શ્રીકૃષ્ણ છે, એમ તમે જાણો. માત્ર જગતનું હિત કરવા માટે તે સર્વના આત્મા હોવા છતાં પણ માયાથીજ આ લોકમાં દેહધારી હોય તેવા જણાય છે. (વસ્તુતઃ તે દેહધારી નથીજ.) આ +જગતમાં જે કંઇ સ્થાવર–જંગમ વસ્તુ છે, તે સર્વ વાસ્તવિક રીતે શ્રીકૃષ્ણજ છે, એમ જેઓ જાણે છે, તેઓને આ જગતમાં સર્વ કંઇ ભગવાનનુંજ રૂપ જણાય છે; ભગવાનના સિવાય બીજું કંઇ પણ તેઓને જણાતુંજ નથી. તેમજ હરકોઈ વસ્તુનો પરમાર્થ તેઓના કારણમાં રહેલો હોય છે. (એટલે કોઈ પણ વસ્તુ તેના કારણથી ભિન્ન હોતી નથી) અને ભગવાન કૃષ્ણ તે તે કારણના પણ કારણ છે; તો પછી બતાવો, શ્રીકૃષ્ણથી ભિન્ન કઇ વસ્તુ છે?* જે મનુષ્યો પવિત્ર યશવાળા મુરારિ ભગવાનના, મહાપુરુષોના આશ્રયરૂપ એવા ચરણપલ્લવરૂપ વહાણનો આશ્રય કરે છે, તેઓને સંસારસમુદ્ર વાછરડાના પગલા જેવડો થઇ પડે છે; (વૈકુંઠ નામનું) પરમપદ એક સ્થાનરૂપ થઇ પડે છે અને વિપત્તિઓના સ્થાનરૂપ પુનર્જન્મ તેઓને માટે રહેતો નથી. એ પ્રમાણે શ્રીહરિએ કુમાર અવસ્થામાં કરેલું કર્મ બાળકોએ વ્રજમાં તેમની પૌગંડ અવસ્થામાં કહ્યું હતું; તે સંબંધે તમે મને જે પૂછ્યું હતું, તે સર્વ મેં તમને કહ્યું છે.[૫૨–૫૯] જે મનુષ્ય શ્રીકૃષ્ણે મિત્રો સાથે કરેલા બાળચરિત્રને, અઘાસુરના નાશને, લીલા ઘાસ પર કરેલા ભોજનને, પ્રપંચથી ભિન્ન (ભગવાને દર્શાવેલા) શુદ્ધ સત્ત્વગુણમય સ્વરૂપને તથા બ્રહ્માની સ્તુતિને સાંભળે છે કે ગાય છે, તે મનુષ્ય સમગ્ર પુરુષાર્થોને પામે છે.[૬૦] એ રીતે શ્રીકૃષ્ણે તથા બળદેવજીએ છુપાઇ જવું, પાળો બાંધવી તથા વાનરની પેઠે કૂદવું વગેરે બાળક્રીડાઓ કરીને વ્રજમાં કુમારાવસ્થા ગાળી હતી."[૬૧]

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ।
निलायनैः सेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः ॥ ६१ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

अध्याय १५ मो*

ધેનુકાસુરનો વધ અને કાલિયનાગના વિષથી ગોપાલોનું રક્ષણ

॥ श्रीशुक उवाच ॥

ततश्च पौगंडवयः श्रितौ व्रजे
बभूवतुस्तौ पशुपालसम्मतौ ।
गाश्चारयंतौ सखिभिः समं पदै-
र्वृंदावनं पुण्यमतीव चक्रतुः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ત્યાર પછી પૌગંડ અવસ્થામાં આવેલા તે બન્ને રામ–કૃષ્ણ ગાયો વગેરે સર્વ પશુઓનું પાલન કરનાર તરીકે માન્ય થયા; એટલે પોતાના મિત્રોની સાથે તેઓ ગાયો ચરાવવા લાગ્યા; અને પોતાનાં પગલાંઓથી વૃંદાવનને અત્યંત પવિત્ર કરવા લાગ્યા.[૧] એક દિવસે શ્રીકૃષ્ણને પુષ્પોથી વ્યાપ્ત એવા વનમાં વિહાર કરવાની ઇચ્છા થઈ; તેથી પોતાના યશને ગાતા ગોવાળિયાઓ સાથે વાંસળીને વગાડતા, બળદેવજીની સાથે પશુઓને હિતકારી એવા વૃંદાવનમાં તેમણે પ્રવેશ કર્યો.[૨] એ વૃંદાવન સુંદર શ-

+ભગવાન શ્રીકૃષ્ણ કેવળ ચેતન વસ્તુઓનાજ આત્મા છે એમ નથી; પણ જડ વસ્તુઓનાએ આત્મા છે, એવો આશય આ શ્લોકમાં કહે છે. —શ્રીધર

* અહીં સુધીનું આખુંએ પ્રકરણ 'सर्वं खल्विदं ब्रह्म' એ શ્રુતિવચનનેજ અનુસરે છે. —भा. क.

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે ગાયોનું પાલન કર્યું, ધેનુકાસુરનો વધ કર્યો અને કાલિયનાગના ઝેરથી ગોવાળિયાઓનું રક્ષણ કર્યું, તે વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્દ કરતા ભમરાઓ, મૃગો તથા પક્ષીઓથી વ્યાપ્ત હતું અને મોટા પુરુષના મનસમાન નિર્મળ જળવાળા સરોવરનો આશ્રય કરનાર, એવા કમળોના સુગંધવાળા વાયુથી સેવાતું હતું. એ વૃંદાવનને જોઇ ભગવાને ત્યાં રમવાની ઇચ્છા કરી.[૩] ત્યાં પ્રત્યેક સ્થળે લાલ કૂંપળોની શોભા સાથે ફળફૂલોના ઘણા ભારથી પોતાના ચરણમાં જેઓની ડાળીઓ સ્પર્શ કરતી હતી, એવા વૃક્ષોને જોઇને આદિપુરુષ શ્રીકૃષ્ણ જાણે આશ્ચર્ય પામતા હોય તેવી રીતે મોટા ભાઈ બળદેવજીને કહેવા લાગ્યા.[૪]

શ્રીભગવાન બોલ્યાઃ–'અહો આશ્ચર્ય ! હે ઉત્તમ+ દેવ ! આ વૃક્ષો જે પાપને લીધે પોતાને વૃક્ષનો જન્મ પ્રાપ્ત થયો છે, તેનો નાશ કરવા માટે પોતાની ડાળીઓથી પુષ્પો તથા ફળોરૂપી પૂજાસાહિત્ય લઇને બ્રહ્માદિ મોટા મોટા દેવોએ પણ પૂજેલા આપના ચરણકમળને વંદન કરે છે.[૫] હે આદિપુરુષ ! આ ભમરાઓ સમગ્ર લોકમાં તીર્થરૂપ આપના યશનું ગાન કરતા આપનું ભજન કરે છે; તેથી મને લાગે છે કે, આ ભમરાઓ ઘણું કરીને આપના ભક્તોમાં મુખ્ય એવા મુનિગણોજ હોવા જોઇએ, કે જેઓ હે નિર્દોષરામ ! અહીં વૃંદાવનમાં ગૂઢ રહેલા એવા પણ પોતાના ઇષ્ટદેવ આપને છોડતા નથી.[૬] હે સ્તુતિ કરવા યોગ્ય બળદેવ ! આ મયૂરો પોતાને ઘેર આવેલા આપનું સન્માન કરવા માટે (આપની આગળ) નૃત્ય કરી રહ્યા છે; આ મૃગલીઓ ગોપીઓની પેઠે આનંદથી આપની સામે જોઇને આપને પ્રીતિ ઉપજાવે છે, તેમજ આ કોયલો સુંદર ટહુકાર કરીને આપને પ્રસન્ન કરી રહી છે. ખરેખર, આ વનવાસીઓને ધન્ય છે; કારણ કે પોતાને ઘેર આવેલા કોઈ મહાપુરુષનો સત્કાર કરવો એ સજ્જનોનો સ્વભાવ હોય છે. (અને તે સજ્જનસ્વભાવનેજ આ વનવાસીઓ છતાં અનુસરી રહ્યાં છે; માટે ધન્યવાદને પાત્ર છે.)

+ શ્રીકૃષ્ણ અહીંથી બળદેવને આવું સન્માન આપી સૂચવે છે કે, બળદેવજી પોતાનુંજ સ્વરુપ છે.—બા.પ્ર.

વળી હમણાં તમારા ચરણના સ્પર્શથી આ ભૂમિને તથા આ ઘાસ અને વેલાઓને ધન્ય છે; તમારા નખથી સ્પર્શ કરાયલાં આ વૃક્ષો તથા લતાઓને પણ ધન્ય છે; તમારા દયાળુ દષ્ટિપાતથી (જોવાવલી) આ નદીઓને, પહાડોને, પક્ષીઓને તથા મૃગલાંઓને પણ ધન્ય છે અને તમારા વક્ષઃસ્થળમાં આલિંગન પામવાને લીધે ગોપીઓને પણ ધન્ય છે. કેમકે તમારા આલિંગનને લક્ષ્મી પણ ઇચ્છી રહી છે.'[૭-૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" એ પ્રમાણે શોભાયમાન વૃંદાવનને જોઇને પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ પર્વતની સમીપમાં રહેલી યમુના નદીના કિનારા પર પશુઓને ચારતા પ્રસન્ન મનથી ગોવાળિયાઓ સાથે રમતા હતા.[૯] અનુચર ગોવાળિયાઓ જેમનાં ચરિત્રોને ગાતા હતા, એવા તે માળાધારી શ્રીકૃષ્ણ કોઈ વેળા મદથી અંધ બનેલા ભમરાઓ ગુંજારવ કરતા હતા ત્યારે પોતે પણ બળદેવજી સાથે ગાતા હતા.[૧૦] કોઇ વેળા કલહંસોના શબ્દોની નકલ કરીને પોતે પણ તેવાજ શબ્દો કરતા હતા; કોઇ વેળા નૃત્ય કરતા મોરની સામે પોતે પણ પોતાના મિત્રોને હસાવતા નૃત્ય કરતા હતા; કોઇ વેળા ગાયોને તથા ગોવાળોને સુંદર લાગતી મેઘ જેવી ગંભીર વાણી વડે દૂર નીકળી ગયેલાં પશુઓને નામ લઈ લઇને પ્રેમથી બોલાવતા હતા; કોઇ વેળા ચકોર, કૌંચ, ચક્રવાક, ભારદ્વાજ તથા મયૂર પક્ષીઓના શબ્દોની પાછળ તેઓના જેવાજ શબ્દો કરતા હતા અને કોઇ વેળા પશુઓની વચ્ચે વાઘ તથા સિંહથી ભય પામ્યા હોય તેવા થતા હતા–એટલે વાઘ કે સિંહના ભયથી સર્વે નાસતા હતા, ત્યારે પોતે પણ તેઓની સાથે નાસતા હતા.[૧૧-૧૩] કોઇ વેળા મોટા ભાઈ બળદેવજી રમતથી થાકી જતા અને ગોવાળિયાના ખોળામાં ઓશીકું કરી સૂઈ જતા, ત્યારે શ્રીકૃષ્ણ પોતે પગચંપી વગેરે કરીને તેમનો થાક ઉતારતા હતા.[૧૪] કોઇ વેળા પરસ્પર હાથ મિલાવીને હસતા, બન્ને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રામ-કૃષ્ણ પરસ્પર નૃત્ય કરતા, ગાન કરતા અને લડતા ગોવાળિયાઓની પ્રશંસા કરતા હતા.[૧૫] કોઇ વેળા પરસ્પર મલ્લયુદ્ધ કરીને જાણે થાકી ગયા હોય, તેમ ઝાડનાં મૂળ નીચે પાંદડાંની શય્યા કરીને કોઇ ગોવાળિયાના ખોળાનું ઓશીકું કરીને સૂઇ જતા હતા.[૧૬] એ સમયે જેમનાં પાપ નાશ પામી ગયાં હતાં, એવા કેટલાક ગોવાળિયાઓ તે મહાન આત્માના પગ દાબતા હતા; બીજા કેટલાક પંખાઓથી તેમને પવન નાખતા હતા અને હે મહારાજ ! સ્નેહભીની બુદ્ધિવાળા બીજા કેટલાક ગોવાળિયા તે મહાત્માનાં તે સમયને યોગ્ય એવાં સુંદર ચરિત્રોને ધીમે ધીમે ગાતા હતા.[૧૭।૧૮] એ પ્રમાણે જેમના ચરણપલ્લવને લક્ષ્મીદેવીએ લડાવેલાં, એવા તે ભગવાન પોતાની માયાથી પોતાનું સ્વરૂપ અત્યંત ગુપ્ત રાખી પોતાનાં ચરિત્રોથી ગોપાલપુત્રનું અનુકરણ કરતા હતા—પોતે એક ગોપાલપુત્ર હોય તે રીતે સર્વને દેખાડતા હતા; છતાં કોઇ કોઇ વાર પોતાનું ઈશ્વરી ચેષ્ટિત પણ બતાવતા હતા અને કોઇક ગામડિયાની પેઠે ગામડિયાઓની સાથે રમતા હતા.[૧૯] એક વેળા રામ—કૃષ્ણનો મિત્ર શ્રીદામા નામનો ગોવાળિયો અને બીજા સુબલ, સ્તોક તથા કૃષ્ણ નામના ગોવાળિયા પ્રેમથી આ પ્રમાણે કહેવા લાગ્યા કે,[૨૦] 'હે રામ ! હે મોટી ભુજાઓવાળા ! હે રામ ! હે દુષ્ટોનો નાશ કરનારા કૃષ્ણ ! અહીંથી નજીકમાં તાડ વૃક્ષોની પંક્તિઓથી વ્યાપ્ત ઘણું મોટું એક વન આવેલું છે.[૨૧] ત્યાં પુષ્કળ ફળો પડેલાં હોય છે અને પડ્યા પણ કરે છે, પરંતુ દુષ્ટાત્મા ધેનુકાસુર તે ફળો કોઇને લેવા દેતો નથી.[૨૨] હે રામ ! હે કૃષ્ણ ! તે ધેનુકાસુર ઘણો બળવાન છે અને ગધેડાનું રૂપ ધારણ કરે છે; વળી પોતાના જેવાજ બળવાન બીજા અનેક તેના જાતિભાઇઓ તેને વીંટાઇને રહે છે; તેથી હે શત્રુઓને હણનારા રામ અને કૃષ્ણ! રાક્ષસથી ભય પામેલાં મનુષ્યો તો એ તાડવનમાં જતાંજ નથી; પણ પશુઓ તથા પક્ષીઓએ પણ એ વનનો ત્યાગ કરી દીધેલો છે.[૨૩।૨૪] એ વનનાં ફળ અમે કદી ખાધાં નથી; તે ફળ સુગંધીદાર હોય છે. જુઓ, તે ફળોનીજ આ ચોતરફ ફેલાતી સુગંધ આવે છે.[૨૫] હે કૃષ્ણ ! આ સુગંધોથી અમારાં મન લલચાઇ ગયાં છે; માટે તે ફળ અમને આપો. હે રામ ! એ ફળો ખાવાની અમને તીવ્ર ઇચ્છા છે; માટે જો તમને ગમતું હોય, તો આપણે ત્યાં જઇએ.' એ પ્રમાણે મિત્રોનાં વચન સાંભળીને રામ અને કૃષ્ણ ખૂબ હસ્યા ને પછી મિત્રોનું પ્રિય કરવાની ઇચ્છાથી તેઓ બન્ને પ્રભુ, ગોવાળિયાઓની સાથે તે વનમાં ગયા;[૨૬।૨૭] અને બળદેવજીએ તેમાં પ્રવેશ કરી મદોન્મત્ત હાથીની પેઠે તાડનાં ઝાડોને બળથી કંપાવવા માંડ્યાં ને ફળો પાડવા માંડ્યાં.[૨૮] બીજી તરફથી ગધેડો ધેનુકાસુર પડતાં ફળોનો શબ્દ સાંભળી પહાડોની સાથે ધરણીને ધણધણાવતો સામે દોડી આવ્યો;[૨૯] અને ત્યાં આવીને તે બળવાન દુષ્ટ દૈત્યે બળદેવજીને પાછલા બન્ને પગની લાતો છાતીમાં લગાવી દઇને ભૂંકતાં ભૂંકતાં ઘૂમવા માંડ્યું.[૩૦] હે રાજન્ ! તે પછી ફરી પણ અત્યંત ક્રોધાવેશમાં આવી જઈ તે ગધેડાએ બળદેવજી સામે પૂંઠ કરી તેમને મારી નાખવા માટે ક્રોધથી પાછલા પગને (લાતો મારવા માટે) ઉછાળવા માંડ્યા.[૩૧] એટલે બળદેવજીએ એક હાથથી તેના બન્ને પગના છેડા પકડી લીધા અને ખૂબ જોરથી તેને ફેરવ્યો; પછી ફેરવવાથીજ પ્રાણરહિત થયેલા તે અસુરને એક તાડવૃક્ષના મૂળમાં પછાડ્યો.[૩૨] એ રીતે બળરામે પછાડેલા એ અસુરના શરીરનો આઘાત થવાથી તે વિશાળ ઘટાવાળું તાડનું મોટું ઝાડ કંપી ઊઠયું અને પાસે રહેલાં બીજાં ઝાડને કંપાવતું ભાંગી પડ્યું; એટલુંજ નહિ પરંતુ તે ઝાડે ભાગતાં ભાગતાં બીજા ઝાડને પણ ભાગ્યું ને બીજાએ ત્રીજાને ભાગ્યું.[૩૩] એ રીતે બળદેવજીએ પછાડેલા તે ગર્દભાસુરના શરીરનો આઘાત થવાથી ઉપરાઉપરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાગી પડીને અથડાઇ પડેલાં તાડનાં સર્વ ઝાડો મોટા વાવાઝોડાથી હચમચી ઊઠ્યાં હોય તેમ કંપવા લાગ્યાં.[૩૪] હે રાજા! જગતના ઈશ્વર ભગવાન બળદેવજી વિષે એ કર્મ કંઈ આશ્ચર્યકારક ન ગણાય. કેમકે તે અનંત ભગવાનમાં આ જગત, તાંતણાઓમાં જેમ વસ્ત્ર રહ્યું હોય તેમ ઓતપ્રોત થઇને રહ્યું છે.[૩૫] એ રીતે પોતાનો બાંધવ ધેનુકાસુર માર્યો ગયો, એટલે તેની જાતના બીજા સર્વ ગધેડાઓ અત્યંત ક્રોધાયમાન થઇને રામ તથા કૃષ્ણની સામા ધસી આવ્યા;[૩૬] પણ હે રાજા! રામ તથા કૃષ્ણે તે તે ધસી આવતા સઘળા ગધેડાઓને તેમના પાછલા પગ પકડી પકડીને તાડનાં ઝાડો સાથે ફીંકવા માંડ્યા.[૩૭] એ સમયે તે ભૂમિ ફળોના ઢગથી, મરણ પામેલા દૈત્યોનાં શરીરોથી અને તાડ વૃક્ષનાં શિખરોથી ભરચક ભરાઇ ગઇ હતી; તેથી વાદળાંઓ વડે ભરાઇ ગયેલા આકાશની પેઠે શોભતી હતી.[૩૮] પછી શ્રીકૃષ્ણ અને બળરામનું તે અતિમહાન કર્મ જોઇને દેવો વગેરેએ પુષ્પોની વૃષ્ટિ કરી, વાદિત્રો વગાડ્યાં અને સ્તુતિઓ કરી.[૩૯] એ પ્રમાણે ધેનુકાસુર મરાયા પછી એ તાડવૃક્ષોના વનમાં મનુષ્યો નિર્ભય થઇને તાડનાં ફળો ખાવા લાગ્યાં અને પશુઓ ઘાસ ચરવા લાગ્યાં.[૪૦] પછી કમળની પાંખડીઓ જેવાં નેત્રવાળા અને જેમનું શ્રવણ તથા કીર્તન પવિત્ર છે, એવા શ્રીકૃષ્ણ પોતાના સેવક ગોવાળિયાઓથી સ્તુતિ કરાતા મોટા ભાઈની સાથે વ્રજમાં જઇ પહોચ્યા.[૪૧] તે સમયે ગાયોએ ઉરાડેલી ધૂળથી જેમના કેશ ખરડાયલા હતા; એ કેશોમાં મોરપીંછ અને વનનાં પુષ્પો જેમણે ગૂંથ્યાં હતાં; જેમનાં નેત્રો સુંદર હતાં; જેમનું મંદ હાસ્ય મનોહર હતું; વાંસળીને જે વગાડી રહ્યા હતા અને અનુચર ગોપાલો જેમની કીર્તિને પાછળ રહીને ગાઇ રહ્યા હતા, એવા શ્રીકૃષ્ણની સામે તેમને જોવાને આતુર દૃષ્ટિવાળી ગોપીઓ એકઠી મળીને આવી પહોંચી[૪૨] અને વ્રજની તે સ્ત્રીઓએ શ્રીકૃષ્ણના મુખકમળમાંના મધને નેત્રોરૂપી ભ્રમરોદ્વારા પીને દિવસના વિરહથી ઉત્પન્ન થયેલો તાપ દૂર કર્યો; એટલે શ્રીકૃષ્ણે લજ્જા, હાસ્ય તથા વિનયયુક્ત એવાં ગોપીઓનાં કટાક્ષદર્શનને સત્કાર તરીકે સ્વીકારી વ્રજમાં પ્રવેશ કર્યો.[૪૩] પછી પુત્ર ઉપર પ્રેમવાળી યશોદા અને રોહિણી પોતાના બન્ને પુત્રોની ઇચ્છાનુસાર ઉત્તમ ખાનપાન વગેરે વિષયો સમય અનુસાર કરવા લાગી.[૪૪] પછી ત્યાં સ્નાન–મર્દન વગેરે કરવાથી જેઓનો રસ્તાનો થાક દૂર થયો હતો એવા તે રામ–કૃષ્ણે, સુંદર વસ્ત્ર ધારણ કર્યાં અને દિવ્ય માળાઓ તથા ચંદનથી શણગાર કર્યા.[૪૫] તે પછી માતાએ લાડપૂર્વક પીરસેલું સ્વાદિષ્ટ અન્ન જમીને તેઓ બન્ને વ્રજની અંદર ઉત્તમ શય્યામાં પોઢીને સુખેથી સૂઇ ગયા.[૪૬] એ રીતે ભગવાન કૃષ્ણ વૃંદાવનમાં વિચરતા હતા. હે રાજન્! એક વખતે શ્રીકૃષ્ણ બળરામ વિના મિત્રોની સાથે યમુના નદી પર ગયા હતા.[૪૭] ત્યાં ઉનાળાના તાપથી વ્યાકુળ થઇને ગાયો તથા ગોવાળિયા તૃષાતુર બની ગયા, જેથી તેઓએ ઝેરને લીધે બગડેલું યમુનાનું દુષ્ટ પાણી પી લીધું. હે કુરુવંશી રાજા! દૈવયોગે બેભાન બની જઇને એ ઝેરી પાણી પીધું કે તુરતજ તેઓ સર્વે પ્રાણરહિત થઇને ત્યાં જળકિનારે ઢળી પડ્યાં.[૪૮।૪૯] એટલે યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણે પોતે જેઓના નાથ હતા, એવા તેઓને એવા થઈ પડેલા જોઇ અમૃતવર્ષતી પોતાની દૃષ્ટિથી તેમને સજીવન કર્યા;[૫૦] પછી તુરતજ ફરી ભાનમાં આવી જઇને તેઓ જળકિનારા પરથી ઊભા થયા અને અત્યંત આશ્ચર્ય પામીને સઘળા એકબીજાની સામે જોવા લાગ્યાં;[૫૧] અને હે રાજન્! પોતે ઝેર પીને મરી ગયા હતા છતાં ફરીથી સજીવન થઇને ઊઠ્યા તે વસ્તુ શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિથીજ બની હતી, એમ તેઓ માનવા લાગ્યા."[૫૨]

દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १६ मो×

કાલિયનાગનો નિગ્રહ

॥ श्रीशुक उवाच ॥

विलोक्य दूषितां कृष्णां कृष्णः कृष्णाहिना विभुः । तस्या विशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयत् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"પ્રભુ કૃષ્ણે કાલિયનાગને લીધે યમુના નદીને દૂષિત થયેલી જોઈને તેને શુદ્ધ કરવાની ઇચ્છાથી તે સર્પને ત્યાંથી કાઢી મૂક્યો હતો."[૧]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રાહ્મણ! ઘણા ઊંડા પાણીમાં ભગવાને તે સર્પને કેવી રીતે શિક્ષા કરી હતી? વળી એ સર્પ (પોતે સ્થલચર પ્રાણી ગણાય છતાં) ઘણા યુગથી માંડીને યમુનાના જળમાં જે કારણથી રહ્યો હતો, તે મને કહો.[૨] હે બ્રહ્મન્! સર્વત્ર વ્યાપક અને સ્વતંત્રપણે વર્તનારા તે ભગવાનનાં ઉદાર ગોપાલચરિત્રો તે એક અમૃતજ છે; તેનું સેવન કરતાં કયો મનુષ્ય તૃપ્ત થાય?"[૩]

શ્રીશુકદેવજી બોલ્યા:–"યમુના નદીમાં કાલિયનાગનો કોઇએક ધરો હતો; તેનું પાણી ઝેરના અગ્નિથી ઊકળ્યા કરતું હતું; તેના ઉપરના ભાગમાં કોઇ પક્ષીઓ ઊડતાં જતાં હતાં, તેઓ પણ (ઝેરની અસર થઇ જવાથી) પછડાઇ પડતાં હતાં અને તે ધરાના કિનારા પર રહેલાં સ્થાવર–જંગમ કોઇ પણ પ્રાણીઓ ઝેરી પાણીના કણોવાળા અથવા એ પાણી સાથે અથડાયલા પવનનો સ્પર્શ થતાં પણ મરી જતાં હતાં.[૪-૫] શ્રીકૃષ્ણ કે જેમનો અવતાર દુષ્ટ પ્રાણીઓને શિક્ષા કરવા માટેજ થયો હતો, તેમણે જોયું કે, કાલિયનાગ ઉગ્ર વેગવાળા ઝેરના પરાક્રમને ધારણ કરી રહ્યો છે અને તેને લીધેજ યમુના નદી દુષ્ટ થઇ ગઇ છે; તેથી (યમુનાને શુદ્ધ કરવાની ઇચ્છાથી) મજબૂત ભેઠ બાંધીને એક અત્યંત ઊંચા કદંબના ઝાડ પર તે ચઢ્યા અને ત્યાંથી પોતાના હાથ વડે બન્ને ખભાઓ ઠોકી તેમણે પેલા ઝેરી પાણીમાં ભૂસકો માર્યો.[૬] એટલે સર્પનો તે ધરો જે મહાપુરુષના પડવાના વેગથી સારી પેઠે ઊછળેલા અને સર્પના વિષથી ઊકળી રહેલા જળના સમુદાયવાળો હતો, તે ઝેરથી કસાઇ ગયેલા ભયંકર તરંગોથી ચોતરફ દોડી જઈને સો સો ધનુષ જેટલા પ્રદેશમાં ફેલાઇ ગયો. અનંત બળવાળા ભગવાનના સંબંધમાં તે શું આશ્ચર્ય છે? (તેમાં કંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી.)[૭] હે રાજા! શ્રેષ્ઠ હાથી સમાન પરાક્રમવાળા શ્રીકૃષ્ણ કે જે તે ધરામાં વિહાર કરી રહ્યા હતા, તેમની ભુજાઓરૂપ દંડના આઘાતથી ઊછળતા જળનો અવાજ સાંભળી પોતાના નિવાસસ્થાનરૂપ તે ધરાની એવી દુર્દશા થતી જોઇ કાલિયનાગ તે સહન કરી શક્યો નહિ. તે ત્યાં આવી પહોંચ્યો અને તેણે જોવા યોગ્ય, કોમળ, મેઘ જેવા ઉજ્જવળ, શ્રીવત્સ લાંછનને ધારણ કરનારા, પીતાંબરધારી, મંદ હાસ્યથી સુંદર મુખવાળા, નિર્ભય થઇને જળમાં ક્રીડા કરતા અને કમળના મધ્યભાગ જેવા કોમળ ચરણવાળા ભગવાનને મર્મસ્થાનમાં કરડીને ક્રોધથી પોતાના શરીર વડે વીંટી લઇ ઢાંકી દીધા.[૮-૯] તે સમયે શ્રીકૃષ્ણને સર્પના શરીરથી વીંટાયલા ને અદૃશ્ય થયેલી ચેષ્ટાવાળા જોઇ તેમના પ્રિય મિત્ર ગોવાળિયાઓ અત્યંત વ્યાકુળ બની ગયા અને શ્રીકૃષ્ણમાંજ જેઓએ પોતાનાં શરીર, સંબંધીઓ, ધન, સ્ત્રીઓ તથા સર્વ કામનાઓ અર્પણ કરી દીધી હતી; એવા તે ગોવાળિયાઓ દુઃખ, શોક તથા ભયથી મૂઢ બુદ્ધિવાળા થઇને ધરણી પર ઢળી પડયા;[૧૦] તેમજ ગાયો, બળદો તથા નાની વાછરડીઓ પણ અત્યંત દુઃખી થઇને બરાડાઓ

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે યમુનાના ધરામાં કાલિયનાગનો નિગ્રહ કર્યો અને નાગપત્નીઓએ તેમની સ્તુતિ કરી એટલે તેના પર અનુગ્રહ કર્યો એ કથા કહેવાશે.–શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાડવા લાગી અને શ્રીકૃષ્ણ ઉપર દૃષ્ટિ રાખીને ભયભીત થઇ રડતી હોય તેમ ઊભી રહી.[૧૧] એજ સમયે વ્રજમાં સમીપના ભયને સૂચવતા મહાભયંકર આવા ત્રણ પ્રકારના મોટા ઉત્પાતો થઇ રહ્યા; ભૂકંપ વગેરે ઉત્પાતો પૃથ્વી પર થવા લાગ્યા; ઉલ્કાપાત વગેરે ઉત્પાતો આકાશમાં થવા લાગ્યા અને ડાબી આંખ ફરકવી વગેરે ઉત્પાતો શરીરમાં થવા લાગ્યા. એ ઉત્પાતો જોઇને નંદ વગેરે ગોવાળિયાઓ ભયથી ઉદ્વિગ્ન થઇ ગયા અને તે દિવસે શ્રીકૃષ્ણને બળરામ વિના એકલા ગાયો ચારવા ગયેલા જાણીને તે તે દુષ્ટ નિમિત્તોથી તેમને મરણ પામેલા માની દુઃખ, શોક તથા ભયથી આતુર બની ગયા; કેમકે તેઓ શ્રીકૃષ્ણને યથાર્થ સ્વરૂપે જાણતા ન હતા; તેઓનાં પ્રાણ તથા મન શ્રીકૃષ્ણ વિષેજ હતાં; તેથી હે રાજા! બાળક, વૃદ્ધ તથા સ્ત્રીઓ સહિત સર્વ ગોવાળિયાઓ દીન બની જઈને શ્રીકૃષ્ણના દર્શનની લાલસાથી ગોકુળમાંથી નીકળી પડ્યા.[૧૨-૧૫] મધુવંશમાં ઉત્પન્ન થયેલા ભગવાન બળદેવજી પોતાના નાના ભાઇના પ્રભાવને જાણતા હતા; તેથી તેમણે ગોવાળિયાઓને વ્યાકુળ થયેલા જોઇ હસીને કંઇ પણ કહ્યું નહિ.[૧૬] પેલા ગોવાળિયાઓ પોતાના વહાલા કૃષ્ણને શોધતા શોધતા ભગવાનને સૂચવતાં લક્ષણોવાળાં પગલાંઓથી જણાયલા માર્ગે યમુના નદીના કિનારાની તરફ જવા લાગ્યા.[૧૭] હે રાજા! તેઓ તે તે સ્થળે ગાયોના માર્ગમાં તથા બીજાં પગલાંઓની વચ્ચે વચ્ચે કમળ, જવ, અંકુશ, વજ્ર તથા ધ્વજાઓથી યુક્ત એવાં ભગવાનનાં પગલાંઓને જોતા જોતા વેગથી યમુનાકિનારે જઇ પહોંચ્યા.[૧૮] ત્યાં આગળ યમુનાના ધરાની અંદર સર્પના શરીરથી વીંટાયલા શ્રીકૃષ્ણને નિશ્ચેષ્ટ જોઇને, તેમજ જલાશય પાસે મૂઢ બુદ્ધિવાળા થયેલા ગોવાળિયાઓ તથા પશુઓ ચોતરફથી રુદન કરી રહ્યાં હતાં તે જોઇને, નંદ વગેરે વ્રજવાસીઓ અત્યંત દુઃખી થઇને ભારે મૂર્છાને પ્રાપ્ત થયા.[૧૯] અનંત શ્રીકૃષ્ણ ભગવાન ઉપર પ્રેમાળ મનવાળી ગોપીઓ, પોતાના તે પ્રિયતમને સર્પ ગળી ગયો, ત્યારે તેમના પ્રેમને, મંદ હાસ્યને, દર્શનને તથા વાણીને સ્મરણ કરતી અત્યંત દુઃખથી તપી જઇને ત્રણે જગતને પોતાના પ્રિયથી રહિત થયેલું શૂન્ય જોવા લાગી.[૨૦] તેવામાં શ્રીકૃષ્ણનાં માતા યશોદા પોતાના પુત્રની પાછળ ધરામાં પડવાને તૈયાર થયાં; તેમને પકડી રાખીને અશ્રુઓનો વરસાદ વરસાવતી ગોપીઓ આખા વ્રજને પ્રિય એવા શ્રીકૃષ્ણની તે તે કથાઓ કહેવા લાગી અને શ્રીકૃષ્ણના મુખ ઉપર દૃષ્ટિ રાખી મુડદાં જેવી થઈ ગઇ.[૨૧] બીજી તરફ શ્રીકૃષ્ણજ જેઓના પ્રાણ હતા એવા નંદ વગેરે ગોવાળિયાઓને પણ ધરામાં પડવા તૈયાર થયેલા જોઇ ભગવાન બળરામે તેઓને અટકાવ્યા. કારણકે શ્રીકૃષ્ણના પ્રભાવને તે જાણતા હતા.[૨૨] એ પ્રમાણે જેને બીજો કોઇ આધાર નથી, એવા પોતાના ગોકુળને જોઇને તેમજ કેવળ પોતાને માટે સ્ત્રીઓ તથા કુમારોની સાથે તેને અત્યંત દુઃખી થયેલું જાણીને મનુષ્યરીતિને અનુસરતા ભગવાન કૃષ્ણ બે ઘડી સુધી એમ ને એમ રહીને સર્પના બંધનથી (સ્વયમેવ) છૂટા થયા.[૨૩] કેમકે ભગવાનના વૃદ્ધિ પામતા શરીરથી કાલિયનાગના પોતાના શરીરમાં ઘણીજ પીડા થવા લાગી, જેથી તેણે પોતાના આંટા ઉખેડી નાખીને ભગવાનને છોડી દીધા. પછી તે કોપેલો સર્પ પોતાની ફણાઓ ઊંચી કરીને ફૂંફાડા મારતો ઊભો રહ્યો; તેના નાકનાં છિદ્રોમાં ઝેર આવી રહ્યું; તાવડાની પેઠે ધગધગતાં તેનાં નેત્રો સ્થિર થઈ ગયાં, તેના મુખમાં અંગારાઓ આવી રહ્યા અને શ્રીહરિની સામે તે જોઇ રહ્યો.[૨૪] ભગવાન કૃષ્ણ, બે શિખાઓવાળી જીભથી ગલોફાંઓને ચાટી રહેલા ને મહાભયંકર ઝેરરૂપ અગ્નિથી વ્યાપ્ત દૃષ્ટિવાળા તે સર્પની ચારે તરફ ગરુડની પેઠે ક્રીડા કરતા ભમવા લાગ્યા; એટલે તે સર્પ પણ (તેમને કરડવાનો)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાનો કોઈ લાગ જોતો તેમની આસપાસ ભમવા લાગ્યો.[૨૫] એમ ભમતાં ભમતાં જ્યારે નિર્બળ થઈ ગયો, ત્યારે જેની ફણાના પડખાના ભાગો ઊંચા હતા, એવા તે નાગનાં વિશાળ મસ્તકો ઉપર આદિપુરુષ શ્રીકૃષ્ણ ચડી ગયા અને સમગ્ર કળાઓના આદિગુરુ એ પરમેશ્વર તે સર્પના મસ્તક પરનાં રત્નોનો સ્પર્શ થવાથી અત્યંત લાલ બની ગયેલા ચરણકમળવાળા થઈને તેના ઉપર નૃત્ય કરવા લાગ્યા.[૨૬] તે સમયે તેમને નૃત્ય કરવા તૈયાર થયેલા જોઈ તેમના પાર્ષદો, ગંધર્વો, સિદ્ધો, દેવો, ચારણો તથા દેવાંગનાઓ પ્રેમથી મૃદંગ, ઢોલ, નગારાં વગેરે વાદિત્રોથી, ગીતોથી, પુષ્પોના ઉપહારો તથા સ્તુતિઓથી તેમની સેવા કરવાને એકદમ તેમની પાસે આવ્યાં.[૨૭] હે રાજા! સો મસ્તકો જેને મુખ્ય હતાં અને આયુષ ક્ષીણ થયા છતાં જળમાં જ ભમ્યા કરતો હતો, એવા તે કાલિયનાગનું જે જે મસ્તક નમતું ન હતું, તેને તેને તીક્ષ્ણ દંડ ધારણ કરનારા ભગવાન પોતાના પગના પ્રહારો વડે નમાવતા હતા, જેથી મુખમાંથી અને નાકમાંથી લોહીને ઓકતો તે નાગ મોટી મૂર્છાને પ્રાપ્ત થયો.[૨૮] તે પછી (ભાનમાં આવીને) નેત્રોમાંથી ઝેરને ઓકતા અને ક્રોધથી મોટા ફૂંફાડા મારતા તે સર્પનું જે જે મસ્તક ઊંચું થતું હતું, તેને તેને નૃત્ય કરતા ભગવાન પગથી નમાવી દેતા શિથિલ કરી મૂકતા હતા. એ સમયે હર્ષ પામેલા ગંધર્વો વગેરેએ તે ભગવાનની શેષશાયી પુરાણપુરુષની પેઠે પુષ્પોથી પૂજા કરી.[૨૯] હે રાજા! એ રીતે ભગવાનના અદ્‌ભુત નૃત્યથી કાલિય નાગનું ફણાઓરૂપ છત્ર ભાગી ગયું, મુખોમાંથી પુષ્કળ લોહી ઓકવા લાગ્યો; ને તેના દરેક અવયવો ભાગી ગયા; એટલે સ્થાવર—જંગમના ગુરુ તે પુરાણપુરુષને નારાયણ તરીકે જાણી મનથી તેમને શરણે ગયો; તેમજ જેમની અંદર સર્વ જગત રહ્યાં છે, એવા શ્રીકૃષ્ણના અતિશય ભારથી અત્યંત દુઃખી થયેલા અને ભગવાનની પાનીઓના પ્રહારથી જેનું ફણાઓરૂપી છત્ર ભાગી ગયું હતું, એવા કાલિયનાગને જોઈને તેની પત્નીઓ કે જેઓ અત્યંત દુઃખી થઈ હતી અને જેઓનાં વસ્ત્રો, અલંકારો તથા અંબોડાઓ શિથિલ થઈ પડ્યા હતા, તેઓ આદ્યપુરુષ શ્રીકૃષ્ણની પાસે આવી અને અત્યંત ઉદ્વિગ્ન મનવાળી તે સાધ્વીઓ પોતાનાં બાળકોને આગળ મૂકી પૃથ્વી પર શરીરને નમાવી સર્વ પ્રાણીઓના પતિ શ્રીકૃષ્ણને નમી પડી અને પોતાના પાપી પતિનો છુટકારો ઇચ્છતી બે હાથ જોડી શરણ આપનારા ભગવાનને શરણે ગઈ.[૩૦-૩૨]

નાગપત્નીઓ બોલીઃ—'હે ભગવન્! આ અમારા પતિએ આપનો અપરાધ કર્યો છે, માટે આને આપે શિક્ષા કરી તે યોગ્ય છે, કારણ કે આપનો અવતાર દુષ્ટ પુરુષોને શિક્ષા કરવા માટેજ છે. જો કે આપની તો શત્રુ ઉપર કે પુત્રો ઉપર પણ સમાનજ દૃષ્ટિ છે, તોપણ આપ ધર્માદિ પુરુષાર્થનાં પ્રતિબંધક એવાં પાપનિવૃત્તિ આદિ કર્મોનાં ફળનો વિચાર કરીનેજ તે તે કર્મફળ પ્રમાણે સર્વને શિક્ષા કરો છો.[૩૩] આપે આ અમારા પતિને શિક્ષા કરી તે પણ અમારા ઉપર અનુગ્રહજ કર્યો છે; કારણ કે આપે કરેલી શિક્ષા દુર્જનોનાં પાપોનો નાશ કરનારી થાય છે. આ અમારા પતિને જે પાપને લીધે આવું સર્પપણું જોવામાં આવે છે, તે પાપ આપની શિક્ષાથી દૂર થયાં છે; માટે આપનો ક્રોધ પણ અમને અનુગ્રહ તરીકે અત્યંત માન્ય છે.[૩૪] આ અમારા પતિએ પૂર્વજન્મમાં અભિમાનરહિત થઈને તથા બીજાઓને માન આપીને એવું તે કયું તપ સારી રીતે કર્યું હશે અથવા સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખીને એવો તે કયો મહાન ધર્મ કર્યો હશે, કે જેને લીધે સર્વને જિવાડનારા આપ આના ઉપર પ્રસન્ન થયા છો? હે દેવ! અમે નથી સમજી શકતી કે, આ અમારા પતિને આપની ચરણરજનો સ્પર્શ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે, તે એમના કયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુણ્યકર્મનો પ્રભાવ હશે ? કારણ કે જે ચરણરજના સ્પર્શની ઇચ્છાથી સ્ત્રીઓમાં ઉત્તમ લક્ષ્મીદેવીએ પણ સર્વ કામનાઓનો ત્યાગ કરી ઘણાં લાંબા વખત સુધી વ્રત ધારણ કરી તપશ્ચર્યા કરી હતી; વળી જે આપની ચરણરજના સ્પર્શને પ્રાપ્ત થયેલા આપના ભક્તપુરુષો સ્વર્ગને, ચક્રવર્તીપણાને, બ્રહ્મદેવપણાને, પાતાલના અધિપતિપણાને, યોગસિદ્ધિઓને કે મોક્ષને પણ ઇચ્છતા નથી; હે નાથ! તે આપની ચરણરજ કે જે બીજાઓને દુર્લભ છે, તેને તમોગુણથી ઉત્પન્ન થયેલો અને ક્રોધને વશ છતાં આ નાગરાજા વિનાપ્રયત્ને પામી ચૂક્યો છે; (માટે આ નાગરાજા ભાગ્યશાળી છે.) આ સંસારચક્રમાં ભમતો પ્રાણી જો આપની ચરણરજની સેવાની માત્ર ઇચ્છાજ કરે; તેટલામાં તો તેને ઇચ્છિત સંપત્તિઓ પ્રત્યક્ષજ પ્રાપ્ત થાય છે. અચિંત્ય ઐશ્વર્ય આદિ ગુણોવાળા, સર્વના અંતર્યામી, સર્વ પ્રકારે અમાપ, આકાશાદિ મહાભૂતોના આશ્રયરૂપ, પ્રથમથીજ વિદ્યમાન, સર્વના કારણ અને પરમાત્મા એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. વળી જ્ઞાન તથા વિજ્ઞાનના ભંડાર, અનંત શક્તિવાળા, નિર્ગુણ, વિકારરહિત અને પ્રકૃતિના પ્રવર્તક એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ કાલસ્વરૂપ, કાળની શક્તિના આશ્રય, કાળના અવયવોના સાક્ષી, સર્વસ્વરૂપ, સર્વના દ્રષ્ટા, સર્વના કર્તા, સર્વકારકરૂપ, પાંચ મહાભૂતોરૂપ, શબ્દાદિ તન્માત્રાઓરૂપ, ઇન્દ્રિયોરૂપ, પ્રાણરૂપ, મન, બુદ્ધિ અને ચિત્તરૂપ તથા અહંકારરૂપ છો. આપે ત્રણ ગુણોરૂપી કારણવાળા દેહાદિ ઉપરના અભિમાનથી પોતાના અંશરૂપ જીવોનું વિવેકજ્ઞાન ઢાંકી દીધું છે. આપ અનંત, સૂક્ષ્મ, ઉપાધિકૃત વિકારોથી રહિત, સર્વજ્ઞ તથા અનેક વાદવિવાદોને (માયાથી) અનુસરનારા છો અને આપ થકીજ શબ્દને તથા અર્થને શક્તિ મળે છે. અમે આપને નમસ્કાર કરીએ છીએ.[૩૫-૪૩] આપ સર્વ ઇન્દ્રિયોના પણ ઇન્દ્રિય અને કવિ (સ્વતઃસિદ્ધ જ્ઞાનવાન) છો, એટલે આપને પોતાને ઇન્દ્રિયજ્ઞાનની કંઈ આવશ્યકતા નથી. વળી આપ શાસ્ત્રોનું ઉત્પત્તિસ્થાન છો, એટલે વેદો એ આપના નિઃશ્વાસ છે; આપ પ્રવૃત્ત એટલે શાસ્ત્રીય આજ્ઞારૂપ, નિવૃત્ત એટલે શાસ્ત્રીય નિષેધરૂપ અને વેદસ્વરૂપ છો; અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ.[૪૪] આપ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ અને બળદેવ છો; આપજ પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ છો; ભક્તોના પતિ એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ અંતઃકરણ વગેરે ગુણોના પ્રકાશક હોઇને તેજ ગુણો વડે પોતાને ઢાંકી દઇ અનેકસ્વરૂપે પ્રકાશો છો; ચિત્ત વગેરે ગુણોની ચેતના વગેરે વૃત્તિઓથી આપ જાણવા યોગ્ય છો; ગુણોના દ્રષ્ટા છો અને કેવળ સ્વયંપ્રકાશજ છો.[૪૫।૪૬] આપનો મહિમા અતર્ક્ય છે અને આપ સર્વ કાર્યોત્પત્તિના પ્રકાશહેતુ છો. હે ઇન્દ્રિયોના પ્રવર્તક! કેવળ આત્મામાં રમણ કરનારા અને કેવળ આત્મારામપણું એજ જેમનો સ્વભાવ છે, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ.[૪૭] આપ સ્થૂલની તથા સૂક્ષ્મની ગતિને જાણનારા, સર્વના અધિષ્ઠાતા, આ સર્વ જગતનો નિષેધ કરતાં છેવટના અવધિરૂપ, આ જગતરૂપ વિવર્ત (ભ્રાંતિ-અધ્યાસ) ના અધિષ્ઠાન છો, અધ્યાસ તથા અપવાદના સાક્ષી છો; તેમજ અવિદ્યા વડે થતો આ જગતનો અધ્યાસ તથા વિદ્યા વડે થતો આ જગતનો અપવાદ—એ બન્નેનાં નિમિત્તકારણરૂપ પણ આપજ છો. અમે આપને નમસ્કાર કરીએ છીએ.[૪૮] હે પ્રભો! આપ સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત છો, છતાં પોતાની કાળશક્તિને ધારણ કરી, રજોગુણ આદિ ગુણોદ્વારા આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશને કરો છો અને અમોઘ વિહારવાળા આપ માત્ર દર્શનથીજ તે તે સંસ્કારરૂપે પ્રથમથીજ રહેલા (પ્રાણીઓના) ક્રૂર વગેરે સ્વભાવોને જાગ્રત કરતા ક્રીડા કરો છો. આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્રણે જગતમાં *શાંત, ÷અશાંત તથા ÷મૂઢયોનિ–આમ ત્રણ પ્રકારનાં જે શરીરો છે, તે આપનાંજ (ક્રીડાસાધન) છે; તોપણ હમણાં સત્પુરુષોના ધર્મ-પાલનની ઇચ્છાથી પ્રવૃત્તિ કરતા અને તેથીજ સત્પુરુષોનું રક્ષણ કરવા માટે સ્થિતિ કરતા આપને સાત્ત્વિક શરીરો પ્રિય છે.[૪૯-૫૦] હે શાંત આત્મા! પોતાની પ્રજાએ કરેલો અપરાધ સ્વામીએ એક વાર તો સહન કરવો જોઇએ. (આવી લોકરીતિ છે.) માટે આપ પણ આપને નહિ જાણતા આ મૂઢ નાગરાજાના અપરાધને (એક વાર) સહન કરવાને યોગ્ય છો.[૫૧] હે ભગવન્! કૃપા કરો; આ સર્પ હમણાં પ્રાણ તજી દેશે; તો સત્પુરુષોએ શોક કરવા યોગ્ય અમારી સ્ત્રીજાતિના આ પતિરૂપ પ્રાણને આપ આપી દો–અમારા પતિને આપ જીવવા દો.[૫૨] અમે આપની દાસીઓ છીએ, માટે આપ અમારું જે કર્તવ્ય હોય તેની આજ્ઞા કરો; કારણ કે શ્રદ્ધાથી આપની આજ્ઞા પ્રમાણે વર્તનારો મનુષ્ય સર્વ ભયથી મુક્ત થાય છે.'[૫૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" નાગપત્નીઓએ એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે ભગવાને પગના પ્રહારોથી જેનાં માથાં ભાગી ગયાં હતાં ને તેથી જે મૂર્ચ્છિત થઈ પડયો હતો, એવા કાલિયનાગને છોડી દીધો.[૫૪] પછી ધીમે ધીમે જેનામાં ઇન્દ્રિયશક્તિ ને પ્રાણ આવ્યા હતા, એવો તે કાલિયનાગ, મહાકષ્ટથી શ્વાસ લેતો બે હાથ જોડી, દીન થઇને સર્વ દુઃખ હરનાર શ્રીકૃષ્ણને કહેવા લાગ્યોઃ[૫૫] 'હે નાથ! અમે દુષ્ટો ઉત્પત્તિ સાથેજ તમોગુણી સ્વભાવના અને લાંબો કાળ રહેનાર ક્રોધવાળા છીએ; કારણ કે જેને લીધે મિથ્યા દુરાગ્રહ બંધાય છે, એવો લોકોનો સ્વભાવ દુસ્ત્યજ હોય છે.[૫૬] હે સૃષ્ટિકર્તા દેવ! રાજસ આદિ ગુણોથી વિવિધ પ્રકારે સૃજાતા આ જગતને આપે સરજ્યું છે; જેમાં અનેક જાતના સ્વભાવો, દેહશક્તિઓ, ઇન્દ્રિયોની શક્તિઓ, માતાની શક્તિઓ, પિતાની શક્તિઓ, વાસનાઓ તથા આકૃતિઓ રહેલ છે.[૫૭] હે ભગવન્! તે આપની સૃષ્ટિમાં અમે સર્પો જન્મથીજ અત્યંત ક્રોધી છીએ, જેથી પોતાની મેળેજ મોહિત હોઇને આપની દુસ્ત્યજ માયાનો અમે કેવી રીતે ત્યાગ કરી શકીએ?[૫૮] આપ સર્વ જાણો છો અને આપ જગતના ઈશ્વર છો; તેથી આપજ આપની માયાનો ત્યાગ કરાવવામાં કારણરૂપ છો; માટે મારા પર અનુગ્રહ કે નિગ્રહ જે કંઈ આપ માનતા હો તે કરો.'[૫૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"કાલિયનાગનું તે વચન સાંભળી ભક્તોના કાર્ય માટે મનુષ્ય બનેલા ભગવાન કૃષ્ણ બોલ્યા કે, ' હે સર્પ! તારે અહીં રહેવું નહિ; તું તારી જ્ઞાતિઓ, છોકરાં અને સ્ત્રીઓ સાથે §સમુદ્રમાં ચાલ્યો જા, વિલંબ કર મા; જેથી આ નદીનો ગાયો તથા મનુષ્યો ઉપભોગ કરી શકે.[૬૦] જે મનુષ્ય, મેં તને કરેલી આ શિક્ષાનું બન્ને સંધ્યાસમયે કીર્તન કરશે, તેને તમારી સર્પજાતિથી ભય થશે નહિ.[૬૧] જે મનુષ્ય મેં ક્રીડા કરેલા આ ધરામાં સ્નાન કરી જળથી દેવો વગેરેનું તર્પણ કરશે અને ઉપવાસ કરી મારું સ્મરણ કરતો મારી પૂજા કરશે, તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થશે.[૬૨] તેં જેના ભયથી પહેલાં (પોતાના નિવાસસ્થાન) રમણકદ્વીપનો ત્યાગ કરી આ ધરાનો આશ્રય લીધો હતો તે ગરુડ, હવે મારા પગના ચિહ્નવાળા તને ખાઇ જશે નહિ.'[૬૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"અદ્ભુત કર્મ કરનારા ભગવાન કૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે કાલિયનાગે તથા તેની પત્નીઓએ હર્ષથી આદરપૂર્વક તેમની પૂજા કરી.[૬૪] દિવ્ય પુષ્પોની માળાઓ, મણિઓ, મહાકીમતી આભૂષણો, દિવ્ય ચંદન, વિલેપન તથા મોટી કમળની માળા વડે જગત્પતિ

* શાંત–સાત્ત્વિક શરીરો.
÷ અશાંત–રાજસ શરીરો.
+ મૂઢયોનિ–તામસ શરીરો. —મા. ક.

§ સમુદ્રમાં એટલે સમુદ્રની વચ્ચે આવેલા રમણક દ્વીપમાં. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાનની પૂજા કરી તેમને પ્રસન્ન કરીને કાલિયનાગ ખુશી થયો. તેને ભગવાને ત્યાંથી જવાની રજા આપી, એટલે ભગવાનને પ્રદક્ષિણા કરી વંદન કરીને તે નાગ પોતાની સ્ત્રીઓ, સંબંધીઓ તથા પુત્રો સાથે સમુદ્રના રમણકદ્વીપમાં ચાલ્યો ગયો; એટલે તેજ સમયે ક્રીડા માટે મનુષ્યસ્વરૂપ ધારણ કરનારા ભગવાનના અનુગ્રહથી યમુના નદી ઝેર વિનાની થઇને અમૃતસરખા મધુર જળવાળી થઈ ગઈ." ૬૫-૬૭

तदैव सामृतजला यमुना निर्विषाऽभवत्।
अनुग्रहाद्भगवतः क्रीडामानुषरूपिणः ॥ ६७ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૬મો સમાપ્ત

अध्याय १७ मो*

દાવાનળ પી જઇને શ્રીકૃષ્ણે સ્વજનોની રક્ષા કરી

॥ राजोवाच ॥

नागालयं रमणकं कस्मात्तत्याज कालियः।
कृतं किंवा सुपर्णस्य तेनैकेनासमंजसम् ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"કાલિયનાગે, નાગોના સ્થાન રમણકદ્વીપનો શા માટે ત્યાગ કર્યો હતો? તેણે એકલાએ ગરુડનો શો અપરાધ કર્યો હતો?" ૧

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે મહાબાહુ રાજા! ગરુડના ભક્ષ્ય સર્પોએ, પૂર્વે (રમણક દ્વીપમાં) એક વૃક્ષના મૂળ આગળ દરેક મહિને એક સર્પનું (ગરુડ માટે) જે બલિદાન ઠરાવ્યું હતું; તેમાં દરેક સર્પો પ્રત્યેક અમાવાસ્યાના દિવસે પોતાનું રક્ષણ કરનારા મહાત્મા ગરુડને પોતપોતાનો ભાગ આપ્યા કરતા +હતા, પણ કદ્રૂનો પુત્ર કાલિયનાગ ઝેર અને પરાક્રમના મદથી ઘેરાઇ જઇને ગરુડને બલિદાન આપતો ન હતો; પરંતુ ઊલટો ગરુડનું અપમાન કરી બીજાઓએ આપેલા બલિદાનને પોતેજ ખાઇ જતો હતો.²⁻⁴ તે સાંભળીને હે રાજન્! ગરુડ કોપાયમાન થયો અને ભગવાનને પ્રિય એવો તે સમર્થ ગરુડ કાલિયનાગનો નાશ કરી નાખવાની ઇચ્છાથી ઘણાજ વેગ વડે તેની સામે દોડી ગયો.⁵ એટલે ઊંચા અનેક મસ્તકોવાળો કાલિયનાગ કે જે ઝેર અને દાંતરૂપી આયુધવાળો, ભયંકર જીભવાળો અને ફાડેલી ઉગ્ર આંખોવાળો હતો, તે પણ વેગથી ધસી આવતા ગરુડની સામે ધસ્યો ને દાંતો મારી ગરુડને કરડયો.⁶ આથી ભગવાનનું વાહન તાર્ક્ષ્યપુત્ર ગરુડ ઘણો ક્રોધાયમાન થઇ ગયો. તેણે પ્રચંડ વેગ ધારણ કરી ઉગ્ર પરાક્રમ કરીને કાલિયનાગને દૂર ફેંકી દીધો અને સુવર્ણ જેવી કાંતિવાળી પોતાની જમણી પાંખથી કદ્રૂપુત્ર તે નાગને પ્રહાર કર્યો.⁷ કાલિયનાગ ગરુડની પાંખનો પ્રહાર પામી અત્યંત વિહ્વળ થઇ ગયો અને ગરુડથી જેમાં પ્રવેશ થઈ શકતો ન હતો, એવા યમુનાના ઊંડા ધરામાં પેસી ગયો.⁸÷એક સમયે ભૂખ્યો થયેલો ગરુડ પોતાના પ્રિય ભક્ષ્ય એક (સૌથી મોટા) જલચર પ્રાણીને સૌભરિ ઋ-

* આ અધ્યાયમાં કાલિય નાગને ભગવાને પાતાળમાં કાઢી મૂકયો અને પોતાના દુઃખથી થાકી જઇ સૂઇ ગયેલા પોતાના બંધુઓનું દાવાનળથી રક્ષણ કર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

\+ અહીં આવી એક આખ્યાયિકા છેઃ—પૂર્વે ગરુડ હમેશાં ઘણા સર્પોને મારી ખાતો હતો અને માતાના વૈરના કારણથી ઘણા સર્પોને વિના કારણ પણ મારી નાખતો હતો; તેથી વાસુકિ વગેરે સર્પો ભયભીત થઇને બ્રહ્માને શરણે ગયા. બ્રહ્માએ ગરુડને બોલાવી પરસ્પર સંધિ કરાવી આપી અને તેમાં ઠરાવ્યું કે. સર્પોએ નિયમપૂર્વક બલિદાન આપવું. અમાવાસ્યાના દિવસે એક ઝાડ નીચે સર્પોએ ગરુડનું સર્વ બલિદાન મૂકી આવવું; તે ખાઇને ગરુડે બીજા સર્પોને હેરાન કરવા નહિ. આવી વ્યવસ્થા થવાથી દરેક મહિને સર્પો ગરુડને બલિદાન આપતા હતા. —बालप्रबोधिनी

÷ ગરુડ, યમુનાના ધરામાં શામાટે પ્રવેશ કરી શકતો ન હતો, એનો ઉત્તરજ આ નવમા શ્લોકથી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ષિએ અટકાવ્યો, છતાં બળાત્કારે લઈ ગયો.[૯] માછલાંઓનો રાજા તે જલચર પ્રાણી માર્યો ગયો, ત્યારે માછલાંઓને અત્યંત દુઃખી થયેલાં જોઈ સૌભરિ ઋષિએ ત્યાંનાં પ્રાણીઓનું કલ્યાણ કરતાં આ પ્રમાણે (શાપવચન) કહ્યું હતુંઃ[૧૦] 'જો ગરુડ અહીં પ્રવેશ કરીને માછલાંઓને ખાઈ જશે, તો તત્કાળ મરણ પામશે; આ હું સત્ય કહું છું' સૌભરિ ઋષિના આવા શાપને કેવળ કાલિયનાગજ જાણતો હતો, બીજો કોઇ સર્પ જાણતો ન હતો અને તેથીજ ગરુડથી ભય પામીને કાલિયનાગ તે ધરામાં રહેતો હતો, પણ શ્રીકૃષ્ણે તેને ત્યાંથી કાઢી મૂક્યો હતો. એ રીતે (કાલિયનાગને કાઢી મૂકી) શ્રીકૃષ્ણ દિવ્ય માળા, ચંદન ને વસ્ત્રો ધારણ કરી, ઉત્તમ મણિઓથી ભરપૂર થઈને તથા સુવર્ણથી સુશોભિત થઈ (ધરામાંથી) બહાર નીકળ્યા, ત્યારે તેમને જોઇને સર્વ ગોવાળિયાઓ જેમ પ્રાણો મેળવીને ઇન્દ્રિયો ઊભી થઇ જાય, તેમ ઊભા થઇ ગયા અને આનંદપૂર્ણ મનવાળા થઈ શ્રીકૃષ્ણને પ્રેમથી ભેટી પડ્યા.[૧૧-૧૪] હે કુરુવંશી રાજન્! યશોદા, રોહિણી, નંદ, ગોપીઓ ને ગોવાળિયાઓ શ્રીકૃષ્ણને મળી ભાનમાં આવ્યાં અને તેઓના મનોરથો પૂર્ણ થયા.[૧૫] બળદેવજી શ્રીકૃષ્ણને ભેટીને હસવા લાગ્યા; કેમકે તેઓ તો શ્રીકૃષ્ણના પ્રભાવને જાણતાજ હતા; અને યમુનાકિનારે આવેલાં +વૃક્ષો, ગાયો, બળદો તથા વાછરડાંઓ પણ પરમ હર્ષ પામ્યાં.[૧૬] એ વખતે નંદરાયના પુરોહિત બ્રાહ્મણોએ સ્ત્રીઓ સહિત આવીને નંદજીને કહ્યું કે, 'તમારા પુત્રને કાલિયનાગ ગળી ગયો હતો; તેથી તે છૂટ્યો તે બહુ સારું થયું છે. આવી રીતે શ્રીકૃષ્ણ કાલિયનાગથી છૂટ્યા, તે નિમિત્તે તમે બ્રાહ્મણોને દાન આપો.' તે વખતે નંદરાયે હે રાજા! પ્રસન્ન મનથી બ્રાહ્મણોને ગાયો તથા સુવર્ણનું દાન કર્યું.[૧૭-૧૮] જેના પુત્ર શ્રીકૃષ્ણ (જાણે) નાશ પામીને પાછા આવ્યા હતા, તે મહાભાગ્યશાળી સતી યશોદા પોતાના તે પુત્રને ખોળામાં બેસાડીને વારંવાર અશ્રુબિંદુઓ વરસાવવા લાગ્યાં.[૧૯] હે રાજેન્દ્ર! ક્ષુધા, તૃષા અને શ્રમથી દુર્બળ થઇ ગયેલાં વ્રજવાસીઓએ તથા તેમની ગાયોએ તે રાત્રિ યમુના નદીના તીર પરજ ગાળી હતી. તે વખતે ગ્રીષ્મઋતુનો સમય હતો; જેથી મધ્યરાત્રિના સમયે (યમુનાના તીર ઉપરના) વનમાં દાવાનળ સળગી ઊઠ્યો, જેણે ત્યાં નિદ્રાવશ થયેલાં વ્રજવાસીઓને ચોતરફથી ઘેરી લઈ તેમને બાળી નાખવાની તૈયારી કરી હતી.[૨૦-૨૧] તે વેળા દાવાનળથી બળતાં વ્રજવાસીઓ એકદમ ગભરાટમાં ઊભાં થઇ ગયાં ને માયાથી મનુષ્ય બનેલા ઈશ્વર શ્રીકૃષ્ણને શરણે જઇ કહેવા લાગ્યાંઃ 'હે કૃષ્ણ! હે મહાભાગ્યશાળી કૃષ્ણ! હે મહાપરાક્રમી બળરામ! આ ભયંકર અગ્નિ અમને–તમારા સેવકોને ગળી જાય છે.[૨૨-૨૩] હે પ્રભુ! આ અતિ દુસ્તર કાળરૂપ અગ્નિથી તમે પોતાનાં સ્વજન એવાં અમારું રક્ષણ કરો. અમે તમારા ચરણને તજી શકતા નથી; કેમકે તે સર્વ તરફથી નિર્ભય છે.[૭] એ પ્રમાણે પોતાના ભક્તજન વ્રજવાસીઓની વ્યાકુળતા જોઇ જગતના ઈશ્વર, અનંત અને અનંત શક્તિઓ ધારણ કરનારા શ્રીકૃષ્ણ તે તીવ્ર અગ્નિને પી ગયા."[૨૪-૨૫]

इत्थं स्वजनवैक्लव्यं निरीक्ष्य जगदीश्वरः ।
तमग्निमपिबत्तीव्रमनंतोऽनंतशक्तिधृक् ॥ २५ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

+ વૃક્ષો આનંદ પામ્યાં–એટલે જે વૃક્ષો પ્રથમ સૂકાં હતાં, તેઓ પણ શ્રીકૃષ્ણને જોઈ એકદમ પલ્લવિત થઇ ગયાં. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૧૮ મો*

પ્રલંબાસુરનો વધ

॥ શ્રીશુક ઉવાચ ॥

अथ कृष्णः परिवृतो ज्ञातिभिर्मुदितात्मभिः ।
अनुगीयमानो न्यविशद्व्रजं गोकुलमंडितम् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી હર્ષ પામેલા મનવાળા પોતાની જ્ઞાતિઓથી સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણે તેઓની સાથે ગાયોનાં ટોળાંઓથી શોભી રહેલા વ્રજમાં પ્રવેશ કર્યો.[1] એ પ્રમાણે ગાયોનું પાલન જેમાં બહાતું હતું એવી પોતાની માયાથી વ્રજમાં રામ–કૃષ્ણ વિહાર કરી રહ્યા હતા; તેવામાં પ્રાણીઓને અત્યંત પ્રિય નહિ લાગતી ગ્રીષ્મ-ઋતુ આવી.[2] એ ઋતુ વૃંદાવનના ગુણોને લીધે વસંતઋતુ જેવી જણાતી હતી, જે વૃંદાવનમાં ભગવાન કૃષ્ણ બળદેવજી સાથે સાક્ષાત્ બિરાજતા હતા. (તેથી તેમના રહેવાના મહિમાને લીધે એ ગ્રીષ્મઋતુ વસંત જેવી જણાતી હતી.) વળી જે વૃંદાવનમાં ઝરણાંઓના ખળખળાટથી તમરાંઓના શબ્દો ઢંકાઇ જાય છે; ઝરણાંઓનાં બારીક જળકણોથી છંટાયલાં વૃક્ષો વડે જે સુશોભિત રહે છે; જ્યાં અત્યંત હરિયાળાં ઘાસ કાયમ રહે છે અને સુગંધી સંધ્યાવિકાસી કમળો, દિવસવિકાસી કમળો તથા રાત્રિવિકાસી કમળોના પરાગને લાવનારો નદીઓ, તળાવો તથા ઝરણાંઓના તરંગોનો વાયુ વાયા કરે છે, તેથી જ વનમાં રહેનારાં પ્રાણીઓને ઉનાળાનો, દાવાનળનો કે સૂર્યનો તાપ કદી લાગતોજ નથી; તેમજ જેમાં વિષ સમાન ઉગ્ર એવાં પણ સૂર્યનાં કિરણો, અગાધ જળથી ભરેલી નદીઓના કિનારા પર તરંગોની ઉછળતી છોળોને લીધે કિનારાઓ સાથે ચોતરફ ભીની ભીની રહેતી આસપાસની ભૂમિના રસને કે હરિયાળાપણાને હરી શકતાં નથી, આવું તે વૃંદાવન પુષ્પોથી ભરપૂર રહે છે; શોભાયમાન દીસે છે; જાતજાતનાં પશુઓ તથા પક્ષીઓ ત્યાં કલ્લોલ કર્યા કરે છે; મયૂરો ને ભમરાઓ ગાયા કરે છે અને કોયલો તથા સારસ પક્ષીઓ મનોહર શબ્દો કર્યા કરે છે.[3–7] એ વૃંદાવનમાં ક્રીડા કરવા માટે ભગવાન કૃષ્ણે બળદેવજી સહિત વાંસળી વગાડતાં વગાડતાં ગોવાળિયાઓ તથા ગાયોનાં ધણ સાથે પ્રવેશ કર્યો.[8] પછી કૂંપળિયાં, મોરપીંછ, પુષ્પોના ગુચ્છા, માળાઓ તથા ગેરુ વગેરે ધાતુઓથી આભૂષણો કરીને તે રામ–કૃષ્ણ વગેરે ગોવાળિયાઓ ત્યાં નૃત્ય, યુદ્ધ ને ગાન કરવા લાગ્યા.[9] શ્રીકૃષ્ણ જ્યારે નૃત્ય કરતા ત્યારે કેટલાક ગોવાળિયા ગાતા હતા; કેટલાક વાંસળીઓ, હાથની તાળીઓ તથા શિંગડીઓ વગાડતા હતા અને બીજા કેટલાક પ્રશંસા કરતા હતા.[10] હે રાજન્! જેમ નટો નટનાં વખાણ કરે, તેમ ગોવાળજાતિમાં ગુપ્તપણે રહેલા તે ગોવાળિયારૂપી દેવો શ્રીકૃષ્ણની તથા બળરામની સ્તુતિ કરતા હતા.[11] કાનશેરિયાં (જુલ્ફાં) ધારણ કરતા તે શ્રીકૃષ્ણ અને બળદેવજી કોઇ વેળા એકબીજાના હાથ પકડી ફૂદડી ફરવું, એકબીજાને કૂદી જવું, એકબીજાને દૂર ફેંકવા, ખભા ઠોકવા, એકબીજાને ખેંચવા અને બાહુયુદ્ધ કરવું વગેરે રીતોથી રમતા હતા.[12] હે મહારાજ! કોઇ વાર બીજા ગોવાળિયા નૃત્ય કરતા, ત્યારે પોતે ગાતા હતા, વગાડતા હતા અને 'વાહ, વાહ!' એમ કહીને તેઓની પ્રશંસા કરતા હતા.[13] કોઈ વેળા બીલાંઓથી, કોઇ વેળા કુંભવૃક્ષનાં ફળોથી, કોઈ વેળા આમળાંનાં ફળભરેલી મુઠ્ઠીઓથી, કોઇ વેળા એકબીજાને નહિ અડવા દેવાની રમતથી, કોઈ વેળા આંખ મીંચામણાં વગેરે રમતથી, કોઈ વેળા પશુ–પક્ષીના જેવી ચેષ્ટાઓથી, કોઇ વેળા દેડકાંની પેઠે કૂદવાથી, કોઇ વેળા જાતજાતની ઠઠ્ઠામશ્કરીઓથી, કોઇ વેળા હીંચકાઓ ખાવાથી

* આ અધ્યાયમાં વસંતઋતુ જેવા ગુણોથી જણાતી ગ્રીષ્મઋતુમાં શ્રીકૃષ્ણે બળદેવજીદ્વારા લીલામાત્રમાં પ્રલંબાસુરનો ઘાત કરાવ્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને કોઇ વેળા રાજા બનવા વગેરેથી તેઓ રમતા હતા.[૧૪।૧૫] એ પ્રમાણે લોકપ્રસિદ્ધ રમતોથી રમતા તે બન્ને ભાઇઓ વૃંદાવનમાં નદીઓ, પહાડોની ખીણો, વેલાઓનાં ઝૂંડો, જંગલો તથા સરોવરમાં વિહાર કરતા હતા.[૧૬] એક વખતે વૃંદાવનમાં બળદેવજી તથા શ્રીકૃષ્ણ ગોવાળિયાઓ સાથે પશુઓ ચારતા હતા; તેવામાં પ્રલંબાસુર નામનો એક અસુર ગોવાળિયાના રૂપને ધારણ કરી તે બન્નેનું હરણ કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યો.[૧૭] ભગવાન કૃષ્ણ પોતે સર્વદ્રષ્ટા હોઇને તે પ્રલંબાસુરને જો કે ઓળખી ગયા; તોપણ તેનો નાશ કરવાનો મનમાં વિચાર કરી તેમણે તેની સાથે મિત્રતા કરવાનું પસંદ કર્યું.[૧૮] પછી જુદી જુદી રમત રમી જાણનારા શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને બોલાવીને કહ્યું કે, 'હે ગોવાળિયાઓ! આપણે બરાબર બે ભાગમાં વહેંચાઇ જઇને રમત રમીએ.[૧૯] એ પ્રમાણે તે બે વિભાગની રમતમાં ગોવાળિયાઓએ બળરામને તથા શ્રીકૃષ્ણને એક એક પક્ષમાં સૌથી મોટા કર્યા અને પછી કેટલાક ગોવાળિયાઓ શ્રીકૃષ્ણના પક્ષમાં રહ્યા ને કેટલાક બળદેવના પક્ષમાં રહ્યા. તેઓ ઉપાડનાર અને ઉપર બેસનારરૂપે જુદી જુદી રમતો રમતા હતા. તે રમતમાં જીતનારાઓ હારેલા ઉપર બેસતા ને હારેલાઓ જીતેલાઓને ઉપાડતા હતા. એમ જીતેલાને ઉપાડતા ને હારેલા ઉપર બેસતા તે શ્રીકૃષ્ણાદિ ગોવાળિયા ગાયોના ધણને ચારતા ચારતા ભાંડીરક નામના વડ સુધી જતા હતા.[૨૦–૨૨] હે રાજા! બળરામના પક્ષના શ્રીદામા, વૃષભ વગેરે ગોવાળિયાઓ જીત્યા, ત્યારે શ્રીકૃષ્ણ વગેરે તેઓને ઉપાડવા લાગ્યા.[૨૩] તેમાં હારેલા શ્રીકૃષ્ણ ભગવાને શ્રીદામાને ઉપાડયો, ભદ્રસેને વૃષભને ઉપાડયો અને પ્રલંબાસુરે બળરામને ઉપાડયા.[૨૪] મહાદાનવ પ્રલંબાસુર શ્રીકૃષ્ણને પોતાથી સહન ન થઇ શકે તેવા માનીને બળદેવને ઉપાડી ઉતાવળો ઉતાવળો ઉપાડેલાને ઉતારવા માટે નક્કી કરેલા સ્થાનથી આગળ ચાલ્યો;[૨૫] પણ બળદેવજી કોઇ મોટા પર્વત જેવા વજનદાર હતા, જેથી તેમને ઉપાડતાં તે મહાસુરનો વેગ ઘણો ઓછો થઈ ગયો. પછી તેણે પોતાનું રાક્ષસીસ્વરૂપ ધારણ કર્યું. એ સમયે તેણે સુવર્ણના અલંકારો ધારણ કર્યા હતા, જેથી વીજળીની કાંતિવાળો અને ચંદ્રમાને ધારણ કરી રહેલો મેઘ શોભે તેમ તે શોભતો હતો.[૨૬] તે અસુરનું રાક્ષસી સ્વરુપ આકાશમાં ચાલતું હતું; પ્રદીપ્ત દૃષ્ટિવાળું હતું. છેક ભ્રૂકુટી સુધી પહોંચેલી ઉગ્ર દાઢોવાળું હતું; બળતી શિખા જેવા પિંગળા કેશવાળું હતું; અને કડાં, મુકુટ તથા કુંડળોની કાંતિથી અદ્ભુત હતું; તેને જોઇને બળદેવજી જરા ત્રાસ પામી ગયા;[૨૭] પણ તુરતજ 'હું કોણ છું' તેનું સ્મરણ થતાં બળદેવજી પાછા નિર્ભય હોય તેવા થયા. તેમણે પોતાના ટોળાનો ત્યાગ કરી પોતાને હરી જતા પ્રલંબાસુરના મસ્તકમાં, ક્રોધથી ઇન્દ્ર જેમ વજ્ર વડે પર્વત ઉપર પ્રહાર કરે, તેમ વજ્રસમાન વેગવાળી મજબૂત મુઠ્ઠીનો પ્રહાર કર્યો.[૨૮] એટલે તુરતજ એ અસુરનું મસ્તક ફાટી ગયું; મુખમાંથી તે લોહી ઓકવા લાગ્યો, તેનું ભાન ચાલ્યું ગયું અને ઇન્દ્રના વજ્રપ્રહારથી જેમ કોઇ પર્વત તૂટી પડે, તેમ તે પ્રલંબાસુર મોટી ચીસ પાડતો પ્રાણરહિત થઇને પૃથ્વી પર પછડાઈ પડયો. બળવાન બલભદ્રે એ રીતે પ્રલંબાસુરને મારેલો જોઇ ગોવાળિયાઓ અત્યંત આશ્ચર્ય પામ્યા અને 'બહુ સારું કર્યું, બહુ સારું કર્યું' એમ કહેવા લાગ્યા. તેઓ પ્રશંસાપાત્ર બળદેવજીની પ્રશંસા કરવા લાગ્યા અને મરીને પાછા આવ્યા હોય તેમ તેમને ભેટી પડી પ્રેમ વડે વિહ્વળ મનવાળા થઇને તેમને આશીર્વાદો આપવા લાગ્યા. એ રીતે પાપી પ્રલંબાસુર માર્યો ગયો, ત્યારે અત્યંત શાંતિ પામેલા દેવોએ બળદેવજી ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી અને 'બહુ સારું કર્યું, બહુ સારું કર્યું' એમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓ કહેવા લાગ્યા."૨૯–૩૨

पापे प्रलंबे निहते देवाः परमनिर्वृताः ।
अभ्यवर्षन्बलं माल्यैः शशंसुः साधु साध्विति ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

अध्याय १९ मो×

દાવાનળ પી જઇ ફરી શ્રીકૃષ્ણે ગોવાળિયા તથા ગાયોનું રક્ષણ કર્યું

॥ श्रीशुक उवाच ॥

क्रीडासक्तेषु गोपेषु तद्गावो दूरचारिणीः ।
स्वैरं चरंत्यो विविशुस्तृणलोभेन गह्वरम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"તે પછી ગોવાળિયાઓ રમતમાં લીન બની ગયા હતા, તેટલામાં ઇચ્છાનુસાર ચરતી તેમની ગાયો ઘણે દૂર નીકળી ગઇ અને ઘાસના લોભથી કોઇ ગીચ ઝાડીમાં પેસી ગઇ.૧ એમ એક વનમાંથી બીજા વનમાં પેસી ગયેલી બકરીઓ, ગાયો તથા ભેંસો કોઈએક મુંજ ઘાસના જંગલમાં દાખલ થઈ ગઇ અને ત્યાં દાવાનળથી તૃષાતુર થઇને બરાડાઓ પાડવા લાગી.૨ આ તરફ પોતાનાં પશુઓને નહિ જોઇને શ્રીકૃષ્ણ અને બળરામ વગેરે ગોવાળિયાઓ સંતાપ કરવા લાગ્યા અને ગાયો ક્યાં ગઇ? એમ શોધતાં છતાં પણ તેનો કંઇ પત્તો લાગ્યો નહિ.૩ આમ પોતાનાં આજીવિકાનાં સાધન ખોવાઇ જવાથી તેઓ સર્વે ભાન વિનાના થઈ જઇને, ગાયોની ખરીઓથી તથા દાંતોથી કપાયલાં ઘાસ જોઇને અને ગાયોનાં પગલાંઓની નિશાનીવાળા પ્રદેશો જોઇને તે માર્ગે જવા લાગ્યા.૪ છેવટે પેલા મુંજ ઘાસના જંગલમાં માર્ગ ભૂલીને બરાડા પાડતું પોતાનું ગાયોનું ધણ તેઓને મળ્યું; એટલે તૃષાતુર થઇ થાકેલા તે ગોવાળિયાઓ ત્યાંથી તેને પાછું વાળવા લાગ્યા.૫ ભગવાન શ્રીકૃષ્ણે મેઘ સમાન ગંભીર વાણીથી ગાયોને બોલાવવા માંડી; એટલે પોતાનાં નામોનો શબ્દ સાંભળી તે ગાયો અત્યંત હર્ષ પામીને સામેથી ગર્જનાઓ કરવા લાગી.૬ તેવામાં દૈવયોગે વનવાસીઓનો વિનાશ કરતો મહાન દાવાનળ ત્યાં–મુંજ ઘાસના વનમાં ચોતરફ સળગી ઊઠ્યો; જે દાવાનળ પવનના ફુંકાવાથી વધી પડીને ઉગ્ર ઝાબાડિયાંઓ વડે સ્થાવર–જંગમ પ્રાણીઓનો ગ્રાસ કરી જતો હતો.૭ ગોવાળિયાઓ ને ગાયો ચારે તરફથી ધસી આવતા તે દાવાનળને જોઇને ભયભીત બની ગયાં. તેઓ મૃત્યુના ભયથી પીડા પામેલા મનુષ્યો જેમ શ્રીહરિને શરણે જાય, તેમ બળદેવજી સહિત શ્રીકૃષ્ણને શરણે ગયા ને કહેવા લાગ્યા કે,૮ 'હે કૃષ્ણ! હે મહાવીર કૃષ્ણ! હે અમાપ પરાક્રમવાળા રામ! અમે આ દાવાનળથી બળી રહ્યાં છીએ ને આપને શરણે આવ્યાં છીએ; માટે આપ બન્ને અમારું રક્ષણ કરવાને યોગ્ય છો.૯ હે કૃષ્ણ! અમે તમારા બાંધવો છીએ, તેથી આમ દુઃખ પામવાને યોગ્ય નથી. હે સર્વ ધર્મને જાણનારા! તમે અમારા નાથ છો અને તમારેજ અમને આધાર છે.'૧૦

શ્રીશુકદેવજી બોલ્યા:–"ભગવાન શ્રીહરિ પોતાના બંધુઓનું તે દીન વચન સાંભળી બોલ્યા કે, 'તમે ડરો મા; આંખો મીંચી જાઓ.'૧૧ પછી 'બહુ સારું' એમ કહીને ગોવાળિયા આંખો મીંચી ગયા, એટલે યોગીઓના અધીશ્વર ભગવાન કૃષ્ણે તે ઉગ્ર દાવાનળને મુખથી પી જઇ, તેઓને દુઃખથી મુક્ત કર્યા. ત્યાર પછી ગોવાળિયાઓએ આંખો ઉઘાડી તો પોતે ને પોતાની ગાયોને શ્રીકૃષ્ણે દાવાનળથી મુક્ત કરી હતી અને બધાને પેલા ભાંડીર વડ પાસે લાવી મૂક્યાં હતાં, તે જોઇ ગોવાળિયા આશ્ચર્ય પામ્યા અને શ્રીકૃષ્ણની તે યોગશક્તિને, યોગમાયાના પ્રભાવને તથા દાવાનળથી પોતાનું કુશળક્ષેમ જોઇને તેઓ શ્રીકૃષ્ણને 'આ કોઇ દેવ છે' એમ માનવા લાગ્યા.

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે મુંજ ઘાસના જંગલમાં દાખલ થયેલા ગોવાળિયા તથા ગાયોનું તે જંગલમાં અગ્નિને પી જઇ રક્ષણ કર્યું, એ કથા કહેવામાં આવશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી સાયંકાળના સમયે શ્રીકૃષ્ણ બળદેવજીની સાથે વાંસળી વગાડતા વૃંદાવનથી પાછા ફરી ગોવાળિયાઓથી સ્તુતિ કરતા વ્રજમાં પધાર્યા. એ સમયે શ્રીકૃષ્ણનું દર્શન થતાં ગોપીઓને પરમ આનંદ થયો, કે જે ગોપીઓને શ્રીકૃષ્ણ વિના એક ક્ષણ પણ સો યુગ જેવડો થઇ પડતો હતો."૧૨-૧૬

गोपीनां परमानंद आसीद्गोविंददर्शने ।
क्षणं युगशतमिव यासां येन विनाऽभवत् ॥१६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

अध्याय २० मो×

વર્ષા અને શરદ્ઋતુનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

तयोस्तदद्भुतं कर्म दावाग्नेर्मोक्षमात्मनः ।
गोपाः स्त्रीभ्यः समाचख्युः प्रलंबवधमेव च ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પોતાને દાવાનળથી મુક્ત કર્યા અને પ્રલંબાસુરનો વધ કર્યો, તે બન્ને પ્રકારનું કૃષ્ણ–બળરામનું અદ્ભુત કર્મ ગોવાળોએ વ્રજમાં (વૃદ્ધ ગોવાળો તથા) સ્ત્રીઓની આગળ કહી સંભળાવ્યું.[૧] તે સાંભળીને વૃદ્ધ ગોવાળિયા તથા ગોપીઓ વિસ્મય પામ્યાં અને શ્રીકૃષ્ણને તથા બળરામને વ્રજમાં આવેલા ઉત્તમ દેવો માનવા લાગ્યા. એ રીતે ગ્રીષ્મઋતુ ગયા પછી વર્ષાઋતુ શરૂ થઇ; જેમાં સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ. સૂર્ય અને ચંદ્રની આસપાસ મંડળો વગેરેની શોભા થવા લાગી.[૨-૩] આકાશ આખુંય ખળભળી ઊઠયું, વીજળીઓ સહિત ગડગડાટ કરતાં અત્યંત કાળાં મેઘમંડળોથી આકાશ છવાઇ ગયું ને તેમાંનાં જ્યોતિર્મંડળો અસ્પષ્ટ જણાવા લાગ્યાં, જેથી ત્રણે ગુણોથી ઢંકાઇ ગયેલું અને તેથીજ અસ્પષ્ટ પ્રકાશવાળું જીવનું સ્વરૂપ હોય તેવું આકાશ ભાસવા લાગ્યું.[૪] (જેમ રાજા પ્રજા પાસેથી કર લે છે અને સમય આવતાં તે લીધેલો કર પાછો આપે છે, તેમ) સૂર્યે આઠ મહિના સુધી પોતાનાં કિરણોદ્વારા પૃથ્વીનું જે જળરૂપી ધન લીધું હતું, તેને એ વર્ષાસમય આવતાં પાછું આપવા માંડ્યું. જેમ કોઇ દયાળુ માણસો બીજાને દુઃખી જોઇ કંપી ઊઠીને તેને માટે પોતાના જીવનનો પણ ત્યાગ કરે છે, તેમ મોટા મેઘો પણ વીજળીરૂપી પોતાનાં નેત્રોથી જગતને તપી ગયેલું જોઇ, વાયુને લીધે કંપાયમાન થઇ, પોતાના જીવન–જળનો ત્યાગ કરી દેવા લાગ્યા.[૫-૬] જેમ કોઈ કામના માટે તપ કરનારનું શરીર તે તપને લીધે શુષ્ક થઇ જાય છે, પરંતુ તે કામનાનું ફળ સંપાદન કરી પાછું પુષ્ટ થાય છે, તેમ ગ્રીષ્મઋતુને લીધે શુષ્ક થયેલી પૃથ્વી મેઘથી સિંચાઇને પુષ્ટ બની.[૭] જેમ કલિયુગમાં પાપને લીધે પાખંડશાસ્ત્રો પ્રકાશે છે, પણ વેદો પ્રકાશતા નથી; તેમ વર્ષાઋતુમાં રાત્રિના આરંભસમયે પતંગિયાં પ્રકાશે છે, પણ ગ્રહો પ્રકાશતા નથી.[૮] જેમ પ્રથમ (આચાર્યનું નિત્યકર્મ ચાલતું હોય, ત્યારે અધ્યયન કરવાથી તેમને વિઘ્ન થાય એવા હેતુથી) મૌન બેસી રહેલા બ્રાહ્મણ–શિષ્યો આચાર્યનું નિત્યકર્મ સમાપ્ત થતાં તેમનો શબ્દ સાંભળી ભણવા લાગે છે, તેમ પ્રથમ ચૂપ બેસી રહેલાં દેડકાં મેઘનો શબ્દ સાંભળી 'ડ્રાં, ડ્રાં' શબ્દ કરી મૂકવા લાગ્યાં.[૯] જેમ કોઇ ઇન્દ્રિયાધીન પુરુષની દેહસંપત્તિ તથા ધનસંપત્તિ અવળે માર્ગે જાય છે, તેમ વર્ષાઋતુ પછી સુકાઇ જતી નાની નાની નદીઓ વર્ષાઋતુમાં જળ મળતાંજ આડેઅવળે માર્ગે વહેવા લાગી.[૧૦] જેમ રાજાઓની સૈન્યસંપત્તિ રંગબેરંગી ધજાપતાકાઓને લીધે રંગ-

× પૂર્વના અધ્યાયમાં (રમતમાં) પોતાના અંગ ઉપર બેસીને ખુશી થઈ ગયેલા શ્રીદામા વગેરે ગોવાળિયાઓ પાસે ભગવાને વનના અગ્નિને પી જઈ પોતાનું ઐશ્વર્ય પ્રકટ કર્યું; હવે આ અધ્યાયમાં વર્ષાઋતુ તથા શરદ્ઋતુની શોભાના વર્ણનથી ભગવાને ગોવાળિયા તથા બળરામ સાથે વનને યોગ્ય વર્ષાઋતુની ક્રીડા કરી, તે વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બેરંગી ને ઊંચાં કરેલાં છત્રોની છાયાવાળી હોય છે, તેમ વર્ષાઋતુમાં પૃથ્વી પણ લીલાં ઘાસને લીધે લીલી, ઇન્દ્રગોપ નામના કીડાને લીધે લાલ અને જ્યાં ત્યાં ઊગી નીકળેલી બિલાડીઓની છત્રાકાર ટોપીઓને લીધે છાયાવાળી થઈ રહી. ખેતરો, ધાન્યસંપત્તિથી ખેડૂતોને આનંદ આપવા લાગ્યાં; ત્યારે 'સર્વ કંઈ દૈવાધીન છે' એમ નહિ સમજનારા (અને તેથીજ ધાન્યનો સંગ્રહ કરી બેઠેલા) ધનવાન વેપારીઓને સંતાપ ઉપજાવવા લાગ્યાં.૧૧।૧૨ જેમ શ્રીહરિની સેવાથી મનુષ્ય સુંદર સ્વરૂપ ધારણ કરે છે, તેમ જળ-સ્થળવાસી સર્વ પ્રાણીઓ વર્ષાઋતુના નવા જળનું સેવન કરવાથી સુંદર સ્વરૂપ ધારણ કરવા લાગ્યાં.૧૩ જેમ કોઇ અપક્વ યોગીનું મન કામવાસનાઓથી યુક્ત હોઈ વિષયોનો સંગ થતાં વિકારી થઇ જાય છે, તેમ (વર્ષાઋતુમાં) નદીઓથી મળેલો સમુદ્ર પવન વડે ઊછળતા તરંગોવાળો થઇને ખળભળી ઊઠ્યો.૧૪ જેઓનું મન શ્રીભગવાનમાં હોય છે, એવા પુરુષો જેમ દુઃખોથી પરાભવ પામ્યા છતાં પીડા પામતા નથી, તેમ પર્વતો વરસાદની ધારાઓથી હણાયા છતાં પીડા ન પામ્યા. જેમ બ્રાહ્મણો વડે નહિ અભ્યાસ કરાતા વેદો કાળે કરી વિનાશ પામતાં સંદિગ્ધ થઇ પડે છે, તેમ વર્ષાઋતુમાં માર્ગો પણ અવરજવર નહિ હોવાને લીધે ઘાસથી ઢંકાઇ જવાથી સંદિગ્ધ થઇ પડ્યા.૧૫।૧૬ જેમ ચંચળ પ્રેમવાળી વ્યભિચારિણી સ્ત્રીઓ ગુણવાન પુરુષો સાથે સ્થિરતા કરીને રહેતી નથી, તેમ ચંચળ વીજળીઓ પણ લોકબંધુ એવા મેઘો સાથે સ્થિરતા કરીને રહી નહિ. જેમ ગુણોના મિશ્રણવાળા આ જગતરૂપ પ્રપંચમાં આત્મા નિર્ગુણ હોવા છતાં ભાસે છે, તેમ ગર્જનારૂપ ગુણવાળા આકાશમાં ગુણ (દોરી) રહિત એવું પણ ઇન્દ્રનું ધનુષ શોભવા લાગ્યું.૧૭।૧૮ જેમ પોતાના ચૈતન્યપ્રકાશથીજ પ્રકાશેલી અહંબુદ્ધિથી ઢંકાઇ ગયેલો જીવ પ્રકાશતો નથી, તેમ પોતાની ચાંદનીથી પ્રકાશી રહેલા મેઘોથી ઢંકાઈ ગયેલો ચંદ્ર પણ પ્રકાશતો ન હતો.૧૯ જેમ ઘરની અંદર (સાંસારિક તાપોથી) તપી રહેલા અને તેથીજ વૈરાગ્યયુક્ત થયેલા મનુષ્યો ભગવાનના ભક્તજનોનો સમાગમ થતાં પ્રસન્ન થઇને સામેથી તેમનો આદરસત્કાર કરે છે, તેમ મયૂરો પણ મેઘના આવવાથી આનંદમાં આવી જઇને તેમની સામે શબ્દો કરી તેમને અભિનંદન આપવા લાગ્યા.૨૦ જેમ કોઇ કામ્ય તપ કરનારા પુરુષો પ્રથમ તપને લીધે અત્યંત કૃશ થઇ જઇને પાછળથી (તપશ્ચર્યાનું ફળ પ્રાપ્ત થતાં) વિષયોનું સેવન કરવાથી હૃષ્ટપુષ્ટ બની જાય છે, તેમ પ્રથમ ઉનાળાને લીધે સુકાઈ ગયેલાં વૃક્ષો મૂળિયાં વડે પાણી પીને ફાલ્યાંફૂલ્યાં થઈ રહ્યાં.૨૧ જેમ અશાંતિવાળા કામકાજથી ભરેલાં ઘરોમાં દુષ્ટ આશયવાળા વિષયી મનુષ્યો પડી રહે છે, તેમ હે રાજન્! સારસ પક્ષીઓ પણ (કીચડ-કાંટા વગેરેથી) અશાંત કિનારાઓવાળાં સરોવરમાં પડી રહેવા લાગ્યાં.૨૨ જેમ કલિયુગમાં પાખંડીઓના દુષ્ટ વાદોથી વેદમાર્ગો છિન્નભિન્ન થઇ જાય છે, તેમ વરસાદ વરસવા લાગ્યો, ત્યારે પાણીના પૂરોથી (નદીઓ વગેરેના) પુલો તૂટી પડ્યા.૨૩ જેમ બ્રાહ્મણ પુરોહિતોથી પ્રેરાયલા રાજાઓ સમયે સમયે પ્રજાઓના મનોરથોને પૂર્ણ કરે છે, તેમ વાયુથી પ્રેરાયલા મેઘો પણ સમયે સમયે પ્રાણીઓ માટે જલવૃષ્ટિ કરવા લાગ્યા. એવા પ્રકારની વર્ષાઋતુ આવી, ત્યારે શ્રીહરિએ બળદેવજીની સાથે ગાયો તથા ગોવાળિયાઓથી વીંટાઇને વૃંદાવનમાં પ્રવેશ કર્યો, કે જે વૃંદાવન પાકાં ખજૂર અને જાંબુઓથી ભરપૂર હતું.૨૪।૨૫ તે વખતે ગાયો અડાણના મોટા ભારથી ધીમે ધીમે ચાલતી હતી; પણ ભગવાન કૃષ્ણે તેઓને જ્યારે પ્રેમથી બોલાવી, ત્યારે આંચળોમાંથી દૂધ ઝરતી ઉતાવળી ચાલવા લાગી.૨૬ વળી ભગવાને (વૃંદાવનમાં પ્રવેશ કર્યો, ત્યારે) વનવાસીઓને અત્યંત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હર્ષમાં આવી ગયેલાં જોયાં; વનરાજીઓને પુષ્પ-રસ ઝરતી જોઈ; પર્વતમાંથી જળધારાઓને વહેતી જોઈ; જળધારાઓના શબ્દો સાંભળ્યા તથા પર્વતની ગુફાઓને સુંદર થયેલી જોઈ. એ સમયે જ્યારે વરસાદ વરસતો હતો, ત્યારે ભગવાન કૃષ્ણ કોઈ વેળા વનસ્પતિની ઘટા નીચે અથવા પર્વતની ગુફામાં પ્રવેશ કરી કંદ, મૂળ તથા ફળનો આહાર કરી આનંદ પામતા હતા; કોઈ વખતે જલાશય પાસે શિલા ઉપર બેસીને સાથે આણેલા દહીં—ભાતને જમાડવા યોગ્ય ગોવાળિયાઓ સાથે તથા બળદેવજીની સાથે જમતા હતા. બળદો, વાછરડાં અને પોતાના અડાણના ભારથી થાકેલી ગાયો તૃપ્ત થઈને, લીલાં ઘાસ ઉપર બેસીને આંખો મીચી વાગોળતી હતી; તેઓને જોઇને તેમજ સર્વ પ્રાણીઓને હર્ષ આપતી અને પોતાની શક્તિથી વૃદ્ધિ પામેલી વર્ષાઋતુની શોભાને જોઇને ભગવાન કૃષ્ણે તે ઋતુને ઉત્તમ માની.[૨૭] એ રીતે રામ અને કૃષ્ણ વ્રજમાં નિવાસ કરી રહ્યા હતા, તેવામાં (વર્ષાઋતુ ગઇ અને) શરદ્‌ઋતુ આવી, કે જે ઋતુમાં વાદળાં ન હતાં, જળ સ્વચ્છ થયાં હતાં અને વાયુ કઠોર વાતો ન હતો.[૩૧-૩૨] જેમ યોગથી ભ્રષ્ટ થયેલાઓનાં મન ફરી યોગનું સેવન કરવાથી પોતાની મૂળ–નિર્મળ સ્થિતિ પામે છે, તેમ કમળોને ઉત્પન્ન કરનારી શરદ્‌ઋતુને લીધે જળ પોતાની મૂળ–નિર્મળ સ્થિતિને પામ્યાં.[૩૩] જેમ શ્રીકૃષ્ણની ભક્તિ હરકોઇ આશ્રમવાસીઓના હરકોઇ અશુભનો નાશ કરે છે, તેમ શરદ્‌ઋતુએ આકાશમાંથી મેઘને દૂર કર્યા; પ્રાણીઓની (વર્ષાઋતુની) સંકડામણને દૂર કરી પૃથ્વી પરથી કાદવ અને પાણીનો મેલ દૂર કર્યો.*[૩૪] જેમ પુત્રની, ધનની તથા સર્વ લોકોની કામનાઓ જેઓએ તજી દીધી હોય છે, તેવા શાંત ને પાપરહિત મુનિઓ ઉજ્જ્વળ કાંતિવાળા હોઇને શોભે છે, તેમ વર્ષાઋતુમાં પોતાના સર્વસ્વરૂપ જળનો ત્યાગ કરી ઉજ્જ્વળ કાંતિવાળા થયેલા શરદ્‌ઋતુના મેઘો શોભતા હતા.[૩૫] જેમ જ્ઞાનીઓ સમય આવતાં કોઇ વેળા જ્ઞાનામૃત આપે છે અને કોઈ વેળા નથી પણ આપતા, તેમ શરદ્‌ઋતુમાં પર્વતો કોઇ સ્થળે જળને સ્રવી રહ્યા હતા, તો કોઇ સ્થળે સ્રવતા પણ ન હતા.+[૩૬] જેમ કુટુંબમાં આસક્ત થયેલા મૂર્ખ જનો નિરંતર ક્ષય પામતા પોતાના આયુષને જાણતા નથી, તેમ છાછર પાણીમાં વસતાં જળચર પ્રાણીઓ શરદ્‌ઋતુમાં પ્રતિદિન ખૂટી જતા જળને જાણતાં ન હતાં.[૩૭] જેમ કોઈ દીન-દરિદ્ર કુટુંબી, અજિતેન્દ્રિય હોઇને સંસારતાપને પામે છે, તેમ છાછર પાણીમાં રહેલાં જળજંતુઓ શરદ્‌ઋતુના સૂર્યના તાપને પામવા લાગ્યાં.[૩૮] જેમ ધીર પુરુષો આત્માથી ભિન્ન એવા શરીર વગેરે પદાર્થો પરની અહંતામમતાનો ધીમે ધીમે

* શ્રીધરાચાર્ય આ શ્લોકનો વિસ્તૃત અર્થ આ પ્રમાણે લખે છે:—જેમ બ્રહ્મચારીને ગુરુ માટે જળ લાવવું વગેરે કષ્ટ પડે છે, પણ ભક્તિ તેના એ કષ્ટને હરી લે છે; કેમકે ભક્તિથી પૂર્ણ થાય ત્યારેજ તેને એનો ઉપયોગ રહેતો નથી; તેમજ શિષ્ય જો કૃતકૃત્ય થયો હોય છે, તો ગુરુઓ તેને કામ કરવાની આજ્ઞા પણ કરતા નથી; તેજ પ્રમાણે શરદ્‌ઋતુએ આકાશમાંથી મેઘને દૂર કર્યા. વળી જેમ કોઇ ગૃહસ્થની સંતાન વગેરેની મુશ્કેલીને ભક્તિ દૂર કરે છે; કેમકે તેને એકાંતવાસમાજ પ્રીતિ થાય છે, તેજ પ્રમાણે શરદ્‌ઋતુએ વર્ષાકાળમાં પ્રાણીઓએ વેઠેલી સંકડામણ દૂર કરી. વર્ષાઋતુમાં વરસાદના ભયથી પ્રાણીઓ સંકડામણમાં રહે છે. જેમ કોઈ વાનપ્રસ્થના મેલ ધારણ કરવારૂપ ક્લેશને ભક્તિ હરે છે, તેમ શરદ્‌ઋતુએ પૃથ્વીના કાદવને દૂર કર્યો અને જેમ સંન્યાસીઓના કામાદિની વાસનારૂપ મેલને ભક્તિ હરે છે, તેમ શરદ્‌ઋતુએ જળના મેલને દૂર કર્યો. —શ્રીધર

+ કહેવાનો ભાવ એ છે કે, જેમ ઉપાધ્યાયો કર્મવિદ્યાને હરકોઈ સમયે આપે છે, તેમ જ્ઞાનીઓ જ્ઞાનામૃતને હરકોઇ સમયે હરકોઇને આપતા નથી; પણ કૃપા થાય તો કોઇ વેળા કોઇકનેજ આપે છે; તેમ પર્વતો નિર્મળ પાણીને કોઇક સ્થળે ઝરતા હતા તો કોઈક સ્થળે ઝરતા પણ ન હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યાગ કરે છે, તેમ શરદ્ઋતુમાં વેલાઓ અને છોડવાઓ ધીમે ધીમે કાચાપણાનો ત્યાગ કરવા લાગ્યા ને સ્થળપ્રદેશો ધીમે ધીમે કાદવને છોડવા લાગ્યા.*[૩૯] જે પ્રમાણે મન સારી રીતે શાંત થતાં મુનિ (સર્વ ક્રિયાઓનો ત્યાગ કરી) વેદાધ્યયનનો પણ ત્યાગ કરે છે, તેમ શરદ્ઋતુ આવતાં સમુદ્ર નિશ્ચળ જળવાળો થયો ને ઘૂઘવાટ છોડી મૌન રહ્યો.[૪૦] જેમ યોગીઓ ઇન્દ્રિયોદ્વારા ચાલ્યા જતા જ્ઞાનને ઇન્દ્રિયોનો જય કરીને અટકાવે છે, તેમ શરદ્ઋતુ આવતાં ખેડૂતો (ડાંગર વગેરેના) ક્યારાઓમાંથી વહી જતા પાણીને મજબૂત બંધ બાંધીને અટકાવવા લાગ્યા.[૪૧] જેમ આત્મા સંબંધી જ્ઞાન દેહાભિમાનથી ઉત્પન્ન થયેલા તાપને દૂર કરે છે અને જેમ શ્રીકૃષ્ણે વ્રજની સ્ત્રીઓના તાપ દૂર કર્યા હતા, તેમ ચંદ્રમા શરદ્ઋતુના સૂર્યનાં કિરણોથી ઉત્પન્ન થયેલા પ્રાણીઓના તાપને દૂર કરવા લાગ્યો. જેમ સત્ત્વગુણથી યુક્ત થયેલું અને વેદના અર્થોને દર્શાવનારું મન પ્રસન્ન રહે છે, તેમ મેઘથી મુક્ત થયેલું અને શરદ્ઋતુના નિર્મળ તારાઓવાળું આકાશ શોભવા લાગ્યું. જેમ યદુપતિ શ્રીકૃષ્ણ યાદવમંડળથી વીંટાઇને પૃથ્વી પર શોભતા હતા, તેમ અખંડ મંડળવાળો શરદ્ઋતુનો ચંદ્ર આકાશમાં નક્ષત્રગણોથી વીંટાઇને શોભવા લાગ્યો. (શરદ્ઋતુની) ફૂલવાડીઓના સમશીતોષ્ણ પવનને ભેટી મનુષ્યો તાપને દૂર કરતા હતા, પણ શ્રીકૃષ્ણે જેઓનાં મન હર્યાં હતાં, એવી ગોપીઓએ તાપને દૂર કર્યો નહિ—અર્થાત્ તે પવનનું સેવન કરી ગોપીઓને તો ઊલટો દુઃસહ તાપ થયો.[૪૨-૪૫] જેમ ઈશ્વરારાધન માટેની ક્રિયાઓ બળાત્કારે ફળોથી અનુસરાય છે—એટલે ઇચ્છા ન હોય તોપણ અવશ્ય ફળ આપેજ છે, તેમ શરદ્ઋતુમાં ગાયો, મૃગલીઓ, પક્ષિણીઓ તથા મનુષ્યજાતિની સ્ત્રીઓ, પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ બળાત્કારે પોતપોતાના પતિઓ વડે અનુસરાતી ગર્ભ ધારણ કરવા લાગી.[૪૬] હે રાજા ! જેમ રાજાને લીધે માત્ર ચોર વિના બધાય લોકો નિર્ભય થઇ રહે છે, તેમ શરદ્ઋતુમાં સૂર્યના ઉદય વખતે માત્ર ચંદ્રવિકાસી કમળો સિવાય સર્વ કમળો ખીલવા લાગ્યાં.[૪૭] નવાં પાકેલાં ધાન્યથી ભરપૂર થયેલી ભૂમિ શહેરોમાં અને ગામડાંઓમાં નવા ધાન્યના ભોજનનિમિત્તે કરવામાં આવેલા વૈદિક મહોત્સવોથી અને બીજા લૌકિક મહોત્સવોથી શોભવા લાગી; તેમજ શ્રીહરિના અવતાર એવા શ્રીકૃષ્ણ તથા બળદેવજીથી (ભૂમિ) શોભવા લાગી.[૪૮] જેમ મંત્રસિદ્ધ અને યોગસિદ્ધ વગેરે પુરુષો પોતાના આયુષને લીધે રોકાઇ રહેલા હોય છે, પણ આયુષકાળ પૂર્ણ થતાં સમય આવે છે, ત્યારે મંત્ર—યોગ વગેરેથી પ્રાપ્ત થનારા દેવ વગેરે દેહોને પામે છે, તેમ વર્ષાકાળને લીધે રોકાઇ રહેલા વેપારીઓ, સંન્યાસીઓ, રાજાઓ તથા બ્રહ્મચારીઓ શરદ્ઋતુ આવતાં બહાર નીકળી પડીને વેપારીઓ વેપાર કરવા લાગ્યા; સંન્યાસીઓ તીર્થયાત્રા કરવા લાગ્યા; રાજાઓ દિગ્વજય કરવા લાગ્યા અને બ્રહ્મચારીઓ વિદ્યાભ્યાસ કરવા લાગ્યા."[૪૯]

वणिङ्मुनिनृपस्नाता निर्गम्यार्थान् प्रपेदिरे ।
वर्षरुद्धा यथा सिद्धाः स्वपिंडान् काल आगते ॥४९

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૦ મો સમાપ્ત

* આ શ્લોકમાં શરીરાદિ પરની અહંતાને વેલાઓમાંની અપક્વતાં સાથે સાદૃશ્ય છે અને શરીરાદિ પરની મમતાને સ્થલપ્રદેશમાંના કાદવ સાથે સાદૃશ્ય છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સ. સા. મુદ્રણાલય]

મુરલીની માયા

[પૃષ્ઠ ૭૯૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २१ मो*

શ્રીકૃષ્ણની મધુરી બંસી

॥ श्रीशुक उवाच ॥

इत्थं शरत्स्वच्छजलं पद्माकरसुगंधिना ।
न्यविशद्वायुना वातं सगोगोपालकोऽच्युतः ॥१

શ્રીશુકદેવજી બોલ્યા:—"એ પ્રમાણે શરદ ઋતુને લીધે જેનાં પાણી સ્વચ્છ હતાં અને કમળોના સુગંધથી સુગંધવાળો પવન જ્યાં વાઈ રહ્યો હતો, એવા વૃંદાવનમાં ગાયો તેમજ ગોવાળિયાઓ સાથે ભગવાને પ્રવેશ કર્યો.[1] એ સમયે વૃંદાવનમાં સરોવરો, નદીઓ તથા વૃક્ષો, ખીલેલાં પુષ્પોવાળી વનરાજીની અંદર મહોન્મત્ત થઇ ગુંજારવ કરતા ભમરાઓથી તથા કલકલ નિનાદ કરતાં પક્ષીઓથી ગાજી રહ્યાં હતાં. તે વૃંદાવનમાં ગોવાળિયાઓ તથા બળદેવજીની સાથે પ્રવેશ કરી મધુપતિ કૃષ્ણ ગાયોને ચારતા વાંસળી વગાડવા લાગ્યા.[2] કામદેવનો ઉદય કરનાર તે વેણુનાદ સાંભળીને કેટલીક વ્રજની સ્ત્રીઓ શ્રીકૃષ્ણની પરોક્ષમાં પોતાની સખીઓ આગળ તે વેણુગીતનું વર્ણન કરવા લાગી.[3] હે રાજા ! શ્રીકૃષ્ણનાં ચેષ્ટિતનું સ્મરણ કરતી તે વ્રજાંગનાઓએ વેણુગીતનું વર્ણન કરવાનો આરંભ તો કર્યો, પરંતુ કામના વેગથી તેઓનાં મન એટલાં બધાં વ્યાકુળ થઇ ગયાં, કે જેથી તેનું વર્ણન કરી શકી નહિ.[4] શ્રીકૃષ્ણે કોઈ ઉત્તમ નટના જેવું શરીર ધારણ કર્યું હતું; મસ્તક પર મોરપીંછનો મુકુટ પહેર્યો હતો; બન્ને કાનમાં કાંચનારનાં બે પુષ્પો ધારણ કર્યાં હતાં; સુવર્ણ જેવાં પીળાં (રેશમી) વસ્ત્રો તેમણે પહેર્યાં હતાં; વૈજયંતી માળા ધારણ કરી હતી; વાંસળીનાં છિદ્રોને (એ સમયે) પોતાના અધરોષ્ઠના અમૃતથી તે પૂરી રહ્યા હતા અને ગોવાળિયાઓનાં ટોળાં તેમનીજ કીર્તિનું ગાન કરી રહ્યાં હતાં. આવા શ્રીકૃષ્ણ ભગવાને પોતાનાં પગલાંથી સુંદર એવા વૃંદાવનમાં પ્રવેશ કર્યો હતો. (અને ત્યાં બંસીનાદ જગાવ્યો હતો.) હે રાજન્ ! શ્રીકૃષ્ણનો તે બંસીનાદ સર્વ પ્રાણીઓનાં મનને હરી રહ્યો હતો; તેનું શ્રવણ કરી વ્રજની સ્ત્રીઓ તેનું વર્ણન કરતી પગલે પગલે પરમાનંદમૂર્તિ શ્રીકૃષ્ણને (મન વડે) ભેટી રહી હતી."[5।6]

ગોપીઓ બોલી:—'હે સખીઓ ! મિત્રોની સાથે પશુઓને વનમાં લઇ જતા વ્રજપતિ નંદરાયના પુત્ર શ્રીકૃષ્ણ તથા બળદેવજીનું વાંસળીને વગાડી રહેલું અને સ્નેહાળ કટાક્ષો ફેંકી રહેલું મુખ જેઓએ જોયું છે, તેઓએજ પોતાનાં નેત્રોનું ફળ મેળવ્યું છે; કેમકે તેમના મુખનું પ્રિયદર્શનજ નેત્રોવાળાં પ્રાણીઓનાં નેત્રોનું ફળ છે; એ વિના બીજું કંઇ પણ નેત્રફળ અમે જાણતી નથી.[7] આંબાનાં કૂંપળિયાં, મોરનાં પીછાં, પુષ્પોના ગુચ્છા, કાળાં કમળ અને બીજી જાતનાં કમળોની રંગબેરંગી માળાઓથી વચ્ચે વચ્ચે અંતરવાળાં પીળાં તથા શ્યામ વસ્ત્રોથી જેઓનો વેષ અદ્ભુત લાગે છે, એવા શ્રીકૃષ્ણ અને બળદેવજી કોઇ કોઇ વાર ગોવાળિયાઓની સભા વચ્ચે ગાન કરી રહ્યા હોય છે, ત્યારે રંગભૂમિ ઉપર ગાન કરી રહેલા બે ઉત્તમ નટો હોય તેવા અત્યંત શોભે છે.[8] અરે આ ગોપીઓ ! શ્રીકૃષ્ણની આ વાંસળીએ એવું તે શું પુણ્ય કર્યું હશે, કે જે વાંસળી કેવળ ગોપિકાઓનેજ ભોગવવા યોગ્ય એવા દામોદર શ્રીકૃષ્ણના અધરામૃતને પોતે એકલીજ જરા પણ બાકી રાખ્યા વિના યથેષ્ટ ચૂસી રહી છે ! અને તે જોઇને તે (વાંસળીને પોતાના જળરૂપી દૂધથી ઉછેરનારી) આ માતા સમાન નદીઓ (વિકસિત એવાં આ કમળોના વનને બહાને) જાણે રોમાંચિત થઈ હોય તેવી જણાય

* આ અધ્યાયમાં શરદ્ઋતુને લીધે સુંદર થયેલા વૃંદાવનમાં શ્રીહરિ ગયા, ત્યારે તેમની વાંસળીનો શબ્દ સાંભળી ગોપીઓ તેનું વર્ણન કરવા લાગી, એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; તેમજ (આ વાંસળી જેઓના વંશમાં ઉત્પન્ન થઇ છે, તે) આ વૃક્ષો પણ જેમ કુળના વૃદ્ધ પુરુષો પોતાના વંશમાં ઉત્પન્ન થયેલા ભગવાનના ભક્તોને જોઇ રોમાંચિત થઇ હર્ષનાં અશ્રુઓ સારે છે, તેમ (આ વાંસળીને જોઈ પ્રફુલ્લિત થઇને ઝરતા રસની ધારાને બહાને) હર્ષનાં અશ્રુઓ સારે છે.[૯] ઓ સખિ! આ વૃંદાવન પૃથ્વીની કીર્તિને સ્વર્ગની કીર્તિ કરતાં પણ વધારે ફેલાવે છે; કેમકે આ વૃંદાવને દેવકીપુત્ર શ્રીકૃષ્ણના ચરણકમળો વડે શોભા સંપાદન કરી છે અને આ વૃંદાવનમાં શ્રીકૃષ્ણના બંસીનાદને સાંભળીને (આ મંદ મંદ ગર્જના કરતો શ્યામ મેઘ છે, એમ માની) મદોન્મત્ત થયેલા મયૂરો નૃત્ય કરી રહ્યા છે; તેને જોઇને ત્યાં ત્યાં પર્વતોનાં શિખરો ઉપર રહેલાં બીજાં સમસ્ત પ્રાણીઓ પોતપોતાનાં કામકાજ તજી દે છે*.[૧૦] અલી ઓ સખિ! આ મૂઢમતિ (અને તિર્યંચ જાતિ એવી પણ) મૃગલીઓને ધન્ય છે; કેમકે આ મૃગલીઓ વેણુનાદ સાંભળીને વિચિત્ર વેષ ધારણ કરનારા નંદકુમાર પ્રત્યે પ્રેમયુક્ત દૃષ્ટિપાતો કરીને તે દ્વારા તેમનું સન્માન કરે છે અને તે પણ પોતાના પતિ કાળા મૃગોની સાથે રહીનેજ કરે છે. (માટે જ ખરેખર કૃતાર્થ +છે.)[૧૧] અલી ઓ ગોપીઓ! (આ એક આશ્ચર્ય તો તમે સાંભળો.) સ્ત્રીઓને આનંદ આપનારા રૂપવાળા અને સ્વભાવવાળા શ્રીકૃષ્ણને જોઇને અને તેમણે વગાડેલી વાંસળીનું અદ્‌ભુત ગીત સાંભળીને વિમાનમાં જતી દેવાંગનાઓ (પોતે પોતાના પતિઓના ખોળામાં બેઠી છે તોપણ) કામાવેશને લીધે ધૈર્યરહિત થઇ જઇ મોહિત થઇ જાય છે, જેથી તેઓના કેશપાશમાંથી પુષ્પો સરકી પડે છે અને તેઓના ચણિયાનાં બંધન ઢીલાં થઇ જાય છે. વળી આ ગાયો શ્રીકૃષ્ણના મુખથી નીકળેલા આ વેણુગીતરૂપી અમૃતને (રખેને અંદરથી ઢોળાઇ જાય એવા કારણથી) કાનરૂપી પડિયા ઊંચા કરી કરીને પી રહી છે અને આ આપણાં ધાવતાં બાળકો તથા નાનાં વાછરડાં પણ શ્રીકૃષ્ણનું વેણુગીત સાંભળી મુખમાંથી ઝરતા સ્તનના દૂધરૂપી કોળિયાઓને ગળેથી નહિ ઉતારતાં એમ ને એમ રાખી સ્થિર થઇ ગયાં છે; તેમજ આ ગાયો ને વાછરડાં દૃષ્ટિના માર્ગે શ્રીકૃષ્ણને મનમાં સ્થાપી તેમને ભેટી રહ્યાં છે અને તેથીજ તેઓનાં નેત્રોમાં આનંદનાં અશ્રુબિંદુઓ આવી રહ્યાં છે.[૧૩] ઓ મા! આ વૃંદાવનમાં જે પક્ષીઓ છે, તેઓ ઘણું કરીને મુનિઓ હોવા જોઇએ. કારણ કે જેમ મુનિઓ શ્રીકૃષ્ણનું જે રીતે દર્શન થાય તે રીતે વેદોક્ત કર્મોનાં ફળોનો ત્યાગ કરી, વેદરૂપી વૃક્ષોની શાખાઓનો આશ્રય કરીને તેમાં રહેલી સુંદર કૂંપળો જેવાં કર્મોનો સ્વીકાર કરતા સુખી રહે છે અને શ્રીકૃષ્ણનાં ચરિત્રોજ સાંભળ્યા કરે છે; તેમ આ પક્ષીઓ પણ શ્રીકૃષ્ણનું દર્શન જે રીતે થાય તે રીતે (એટલે પુષ્પો કે ફળોની વચ્ચે અંતર ન આવે એ રીતે) સુંદર કૂંપળિયાંવાળી વૃક્ષોની શાખાઓ ઉપર ચડીને (ત્યાં બેઠાં બેઠાં) શ્રીકૃષ્ણે પ્રકટ કરેલા મનોહર વેણુગીતને સાંભળ્યા કરે છે. એ વખતે તેઓ કોઇ અવર્ણ્ય સુખને લીધે પોતાની દૃષ્ટિઓને જરા પણ મીંચતાં નથી અને બીજી હરકોઇ વાર્તાને તેઓ તજી દે છે. (માટેજ જણાય છે કે, તેઓ મુનિઓ હોવા જોઇએ.[૧૪] ×અરે! આ નદીઓ પણ શ્રીકૃષ્ણનો બંસીનાદ સાંભળે છે, ત્યારે ઘૂમરીઓથી જણાતા કામાવેશને લીધે છિન્નભિન્ન વેગવાળી થઈ પડે છે અને પોતાના તરં-

* આવું બીજા કોઇ પણ શ્લોકમાં જોવામાં આવતું નથી; માટેજ આ વૃંદાવન પૃથ્વીની કીર્તિને સ્વર્ગ કરતાં પણ વિશેષ ફેલાવે છે. —શ્રીધર

\+ આપણા પતિ ગોવાળિયાઓ તો ક્ષુદ્ર છે; તેઓ આવી રીતે આપણે તેઓની સમક્ષ ભગવાનનું સન્માન કરીએ છીએ; તે સહન કરી શકતા નથી; એ ભાવ છે.—શ્રીધર

× શ્રીકૃષ્ણનો બંસીનાદ કેવળ ચેતન પ્રાણીઓને મોહક લાગે છે એમ નથી, પણ જડ સુધ્ધાં એ નાદથી મોહિત થાય છે; એ આશય હવેના શ્લોકમાં કહે છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગોરૂપી ભુજાઓ વડે કમળોના ઉપહાર અર્પણ કરી, શ્રીકૃષ્ણના બન્ને ચરણને આલિંગનથી ઢંકાઇ જાય તેમ પોતાને વિષે ધારણ કરે છે.[૧૫] બળદેવજી અને ગોવાળિયાઓની સાથે શ્રીકૃષ્ણ તડકામાં વ્રજનાં પશુઓને ચારતા હોય છે અને તેમની પાછળ પાછળ વાંસળી વગાડતા હોય છે, ત્યારે તેમને જોઈ પ્રેમથી વૃદ્ધિ પામી તેમના ઉપર ચડી આવેલો મેઘ પોતાના મિત્ર ÷શ્રીકૃષ્ણના ઉપર પુષ્પોના સમૂહ જેવાં જળબિંદુઓ વર્ષીને પોતાના શરીર વડે છત્ર ધરે છે.[૧૬] અલી ઓ! આપણા કરતાં તો આ ભીલડીઓ કૃતાર્થ છે; કેમકે પ્રથમ શ્રીકૃષ્ણની પ્રેમપાત્ર સ્ત્રીઓનાં સ્તનો ઉપર લગાવેલું અને પછીથી (રતિક્રીડાના સમયે) શ્રીકૃષ્ણના ચરણકમળોમાં ચોંટી જઇ તે ચરણોની રતાશ વડે શોભાયમાન થયેલું જે કેસર અહીં વૃંદાવનમાં શ્રીકૃષ્ણના ચાલવાથી ઘાસમાં લાગી રહ્યું છે, તેને જોઇને કામના તાપથી પીડાયલી આ ભીલડીઓ પોતાનાં મુખો અને સ્તનો ઉપર તે કેસર વડે લેપ કરે છે અને તે દ્વારા પોતાની કામપીડાનો ત્યાગ કરે છે.*[૧૭] અહો હે સખીઓ! અત્યંત આનંદની વાત છે કે, આ ગોવર્ધન પર્વત શ્રીહરિના ભક્તોમાં શ્રેષ્ઠ છે; કારણ કે બળદેવજી તથા શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી આને+ આનંદ થાય છે અને ગાયો તથા ગોવાળિયાઓ સહિત તે બન્ને ભાઇઓને પાણી, ઉત્તમ ઘાસ, ગુફાઓ તથા કંદમૂળ અર્પણ કરી આ પર્વત તેઓ બન્નેનું સન્માન કરે છે;[૧૮] તેમજ હે સખીઓ! ગાયોને પગે બાંધવાનાં નોંજણાંને મસ્તક પર વીંટીને તથા તોફાની ગાયોને ખેંચી જવાની રાશોને ખાંધ પર રાખીને ઉત્તમ ગોવાળિયાની શોભાથી શોભતા અને ગોવાળિયાઓની સાથે ગાયોને એક વનમાંથી બીજા વનમાં લઇ જતા શ્રીકૃષ્ણ તથા બળરામના મનોહર પદવાળા શ્રેષ્ઠ વેણુનાદથી પ્રાણીઓમાં જેઓ ગતિવાળાં એટલે જંગમ છે, તેઓને નિશ્ચેષ્ટતારૂપી સ્થાવરધર્મ પ્રાપ્ત થાય છે અને વૃક્ષો વગેરે જે સ્થાવરો છે, તેઓને રોમાંચરૂપી જંગમધર્મ પ્રાપ્ત થાય છે; આ અત્યંત આશ્ચર્યની વાત છે.[૧૯] વૃંદાવનમાં વિચરતા શ્રીકૃષ્ણ ભગવાનની એવા પ્રકારની જે જે ક્રીડાઓ હતી, તેનું તેનું પરસ્પર વર્ણન કરતી ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જતી હતી."[૨૦]

एवंविधा भगवतो या वृंदावनचारिणः ।
वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ।।

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

अध्याय २२ मो+

વસ્ત્રહરણલીલા

॥ श्रीशुक उवाच ॥

हेमंते प्रथमे मासि नंदव्रजकुमारिकाः ।
चेरुर्हविष्यं भुंजानाः कात्यायन्यर्चनव्रतम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે પરીક્ષિત રાજા! નંદના વ્રજની કુમારિકાઓ હેમંતઋતુના પહેલા (માર્ગશીર્ષ) મહિનામાં હવિષ્યાન્ન જમી કાત્યાયની દેવીનું પૂજનવ્રત કરતી હતી.[૧] હે રાજન્! અરુણોદયસમયે તે કન્યાઓ યમુનાના જળમાં સ્નાન કરતી અને પછી દેવી કાત્યાય-

÷ મેઘ જેમ લોકોની પીડાઓને હરે છે અને શ્યામ છે, તેમ શ્રીકૃષ્ણ પણ સર્વ લોકની પીડા હરનારા છે અને શ્યામ છે, તેથી તેમને મેઘના મિત્ર કહ્યા.—भा.क.

* માટે ભીલડીઓ ભાગ્યશાળી છે; આપણા જેવી તો એટલી પણ પીડાશામક વસ્તુ મેળવી શકતી નથી, જેથી ધિક્કારપાત્ર છીએ; એ ભાવ છે. —श्रीधर

+ પર્વતને આનંદ થયો, તે એવી રીતે જણાય છે કે, ઘાસના અંકુરો ફૂટી નીકળે છે, તે એને રોમાંચ થયા હોય એમ લાગે છે; એમાં જે ભીનાશ રહે છે, તે જાણે આનંદનો પરસેવો થયો હોય તેમ લાગે છે અને તેમાંથી જે ઝરણ ઝરે છે, તે જાણે હર્ષનાં અશ્રુઓ વહેતાં હોય તેમ લાગે છે. —भा. क.

+ આ અધ્યાયમાં ગોપકન્યાઓનાં વસ્ત્રહરણની લીલા કરી ભગવાન કૃષ્ણ તે કન્યાઓને વર આપી યજ્ઞશાળા તરફ ગયા, એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નીની રેતીની મૂર્તિ કરીને તેનું પૂજન કરતી હતી.[૨] સુગંધી ચંદન, પુષ્પો, બલિદાનો, ધૂપ, દીપકો, જાતજાતનાં નૈવેદ્યો, આંબા વગેરેનાં કૂણાં પાંદડાં, ફળ તથા ચોખા વડે પૂજા કરીને તે કુમારિકાઓ દેવીની પ્રાર્થના કરતી આવો મંત્ર જપતી હતી કે, 'હે કાત્યાયનિ! હે મહામાયા! હે મહાયોગિનિ! હે અધીશ્વરિ! હે દેવિ! નંદરાયના પુત્ર શ્રીકૃષ્ણને અમારા પતિ કરો; અમે તમને નમસ્કાર કરીએ છીએ.' આવો મંત્રજપ કરતી તે કુમારિકાઓ પૂજા કરતી હતી.[૩૪] એ પ્રમાણે એક મહિના સુધી શ્રીકૃષ્ણમાં મન રાખીને કુમારિકાઓએ વ્રત કર્યું અને 'નંદપુત્ર શ્રીકૃષ્ણ પોતાના પતિ થાય' એવી ઇચ્છાથી તેઓએ ભદ્રકાલી દેવીની પૂજા કરી.[૫] એ કુમારિકાઓ દરરોજ સવારમાં વહેલી ઊઠીને એકબીજીને એકબીજીનાં નામથી બોલાવતી અને એકબીજીના હાથ પકડી ઉચ્ચ સ્વરે શ્રીકૃષ્ણનાં ગીત ગાતી ગાતી યમુના નદીમાં સ્નાન કરવાને જતી હતી.[૬] એક દિવસે તે કુમારિકાઓ યમુના નદીના કિનારા પર જઈ પ્રથમની પેઠેજ વસ્ત્રોને ત્યાં મૂકીને શ્રીકૃષ્ણનાં ગીત ગાતી આનંદપૂર્વક યમુનાના જળમાં વિહાર કરતી હતી.[૭] તે વખતે યોગેશ્વરોના ઈશ્વર ભગવાન કૃષ્ણ તે કુમારિકાઓના અભિપ્રાયને જાણી લઈ તેઓનાં કર્મ સિદ્ધ કરવા માટે મિત્રોની સાથે ત્યાં પધાર્યા; અને પેલી કુમારિકાઓનાં વસ્ત્રો લઇને સત્વર કદંબના એક ઝાડ ઉપર ચડી જઈ હસતાં બાળકો સાથે હસતા ભગવાને આવું પરિહાસવચન કહ્યું કે,[૮૯] 'અરે ઓ અબળાઓ! તમે અહીં આવીને ઇચ્છાનુસાર પોતપોતાનાં વસ્ત્રો લઇ લો. હું તમને સત્ય કહું છું, હું તમારી મશ્કરી કરતો નથી; કારણકે તમે વ્રતથી કૃશ થઇ ગઈ છો.[૧૦] હું કદી પણ અસત્ય બોલ્યો નથી, (તો હમણાં કેમજ બોલું?) આ વાતને આ મારા મિત્રો જાણે છે; માટે હે સુંદર મધ્યભાગવાળી સ્ત્રીઓ! તમે એક એક આવીને અથવા તો સર્વ સાથે આવીને તમારાં વસ્ત્રો લઇ લો.'+ શ્રીકૃષ્ણે કરેલી તે મશ્કરી જોઇને ગોપકુમારીઓ પ્રેમથી તરબોળ બની ગઇ. તેઓ શરમાઇ જઇને પરસ્પર જોવા લાગી ને હસવા લાગી; પણ જળમાંથી બહાર નીકળી નહિ. શ્રીકૃષ્ણ એ રીતે મશ્કરીથી કહેતા હતા, ત્યારે એ કુમારિકાઓનાં મન મોહથી આકર્ષાઇ જતાં હતાં; તેઓ શીતળ જળમાં કંઠ સુધી ડૂબેલી હોવાથી ધ્રૂજતી હતી; (પછી તેમાંની મુગ્ધાઓએ કહ્યું:)[૧૧-૧૩] 'ઓ કૃષ્ણ! અન્યાય કરો નહિ. તમે નંદરાયજીના પ્રિય પુત્ર છો અને વ્રજમાં વખાણવા યોગ્ય છો, એ અમે જાણીએ છીએ; તમે અમારાં વસ્ત્ર આપી દો; અમે ટાઢથી ધ્રૂજીએ છીએ.[૧૪] (પછી પ્રૌઢ કુમારીઓ બોલી:)' ઓ શ્યામસુંદર! અમે તમારી દાસીઓ છીએ. અમે તમારું વચન પાળવાને તૈયાર છીએ; હે ધર્મવેત્તા કૃષ્ણ! તમે અમારાં વસ્ત્રો આપી દો; નહિ તો અમે રાજાને (કંસને અથવા નંદને) કહી દઇશું.'[૧૫]

શ્રીભગવાન બોલ્યાઃ—'તમે જો મારી દાસીઓ છો, તો મારું વચન પાળશોજ. હે પવિત્ર હાસ્યવાળી સ્ત્રીઓ! (હું આજ્ઞા કરું છું કે,) તમે અહીં આવીને પોતપોતાનાં વસ્ત્રો લઇ લો.'[૧૬] તે પછી ટાઢથી ધ્રૂજતી અને ટાઢને લીધે દુર્બળ થઇ ગયેલી સર્વ કુમારિકાઓ બે હાથથી પોતાની ગુહ્ય ઇન્દ્રિયો ઢાંકીને જલાશયમાંથી બહાર નીકળી. ભગવાન કૃષ્ણ ×અક્ષત યોનિવાળી તે કુમારિકાઓને જોઇ તેઓના શુદ્ધભાવથી પ્રસન્ન

+ અર્થાત્ એક એક આવીને લઇ લો કે સર્વ સાથે આવીને લઇ લો; એમાં કંઇ અમને આગ્રહ નથી—શ્રી.

× આ અર્થ 'आह्रताः' એ મૂળમાં રહેલા પદનો છે અને શ્રીધરાચાર્યનો કરેલો અર્થ છે: બાલપ્રબોધિનીટીકામાં 'आह्रताः' એ પદનો અર્થ 'આવેલી' એવો કર્યો છે. ચક્રવર્તી નામનો એક ટીકાકાર વળી આમ કહે છે કે, કુળવાન સ્ત્રીઓને લજ્જાનો ત્યાગ કરવો પડે તે મરણતુલ્ય થઇ પડે છે, માટે 'आह्रताः'—એટલે મરેલા જેવી થયેલી એવો અર્થ કરવો. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થયા; તેમણે તેઓનાં વસ્ત્રોને પોતાની ખાંધ ઉપર મૂકી પ્રસન્ન થઇ હસતાં હસતાં કહ્યું: 'તમે વ્રતધારી છો, તેમ છતાં વસ્ત્રરહિત થઇને જળમાં પ્રવેશ કર્યો છે; તેથી તમે (જળમાં રહેલા) દેવોનો *અપરાધ કર્યો છે; માટે તે (અપરાધથી ઉત્પન્ન થયેલા) પાપને દૂર કરવા માટે તમે મસ્તક ઉપર બે હાથ જોડીને નીચે નમસ્કાર કરો અને પછી તમે તમારાં આ વસ્ત્ર લઇ લો.' એ પ્રમાણે ભગવાને કહેલું સાંભળીને તે વ્રજકુમારીઓએ જળમાં નગ્ન થઈને કરેલા સ્નાનને વ્રતભંગના કારણરૂપ માનીને વ્રતકર્મની પૂર્ણતા થાય એવી ઇચ્છાથી સમગ્ર કર્મોના સાક્ષાત્ ફળરૂપ એ શ્રીકૃષ્ણ ભગવાનનેજ નમી પડી; કારણ કે એ ભગવાનજ સર્વ પાપોને દૂર કરનારા છે.' એ રીતે વ્રજકુમારીઓને નમી પડેલી જોઈ દયાળુ ભગવાન દેવકીના પુત્ર તેઓના પર પ્રસન્ન થયા અને તેઓને તેઓનાં વસ્ત્રો આપી દીધાં. ભગવાન કૃષ્ણે એ પ્રમાણે તે કુમારિકાઓને ખૂબ ÷ઠગી હતી; †લજ્જાનો ત્યાગ કરાવ્યો હતો; અત્યંત +મશ્કરીમાં હસી હતી; ×રમકડાંના જેવી કરી મૂકી હતી અને વસ્ત્રો હરી લીધાં હતાં; તોપણ તેઓએ શ્રીકૃષ્ણ પર દોષદૃષ્ટિ કરી ન હતી; કેમકે પોતાના પ્રિય શ્રીકૃષ્ણના સમાગમથી ઊલટી શાંતિ પામી હતી.[૧૭-૨૨] પછી પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણ ભગવાનના સમાગમથી વશ થઇ ગયેલી તે ગોપીઓએ પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં, પણ તેઓનાં મનને શ્રીકૃષ્ણે એવાં તો લઈ લીધાં હતાં, કે જેથી ભગવાન તરફ લજ્જાના વિલાસવાળા દૃષ્ટિપાતો કરતી તે સ્ત્રીઓ ત્યાંથી જરા પણ ચાલી શકી નહિ.[૨૩] દામોદર શ્રીકૃષ્ણ પોતાના ચરણસ્પર્શની ઇચ્છાથી જેઓએ વ્રત ધારણ કર્યાં હતાં, એવી તે ગોપકુમારીઓના મનના વિચાર જાણી લઇને તેઓને કહેવા લાગ્યા કે,[૨૪] 'હે સદાચારી સ્ત્રીઓ! મારું પૂજન કરવું એજ તમારો સંકલ્પ છે અને તે સંકલ્પ તમે લજ્જાથી મને જણાવ્યો નથી, છતાં પણ મેં જાણી લીધો છે અને મેં તેને અનુમોદન પણ આપ્યું છે; માટે તે તમારો સંકલ્પ સત્ય થવાને યોગ્ય છે.[૨૫] કારણ કે જેઓએ મારામાં બુદ્ધિને સ્થાપી હોય, તેઓનો વિષયભોગનો સંકલ્પ સાંસારિક વિષયભોગને માટે યોગ્ય થતો નથી; (કિંતુ મોક્ષદાયીજ થઈ પડે છે.*) જેમ દૃષ્ટાંત તરીકે ભૂંજી નાખેલું કે રાંધી નાખેલું જવ વગેરે ધાન્ય ઘણું કરીને પુનઃ અંકુરોત્પત્તિને માટે સમર્થ થતું નથી. હે સ્ત્રીઓ! તમે વ્રજમાં જાઓ; તમારા મનોરથો પૂર્ણ થયા છે. હે સતીઓ! તમે જેને ઉદ્દેશી આ કાત્યાયની પૂજન કર્યું છે, તેથી તમે આવતી શરદ્ઋતુની રાત્રિઓમાં મારી સાથે રમણ કરશો.'[૨૬।૨૭]

શ્રીશુકદેવજી બોલ્યા:—"એ પ્રમાણે ભગવાને આજ્ઞા કરાયલી અને મેળવેલા મનોરથવાળી તે કુમારિકાઓ ભગવાનના ચરણકમળનું ધ્યાન કરતી મહાકષ્ટપૂર્વક વ્રજમાં ગઈ.[૨૮] બીજી તરફ ભગવાન દેવકીપુત્ર ગોવાળિયાઓથી વીંટાઇને મોટા ભાઇની સાથે ગાયોને ચારતા ચારતા વૃંદાવનથી દૂર નીકળી ગયા.[૨૯] તે સમયે ઉનાળા-

* આ સંબંધે આવું વેદવચન છે–'**अप्स्वग्निर्देवाश्च तिष्ठंति अतो नाप्सु मूत्रपुरीषं कुर्यात् न ष्ठीवेन्न विवसनः स्नायाद् गुह्यो वा एषोऽग्निः**'–જળમાં અગ્નિ અને દેવો રહે છે; માટે જળમાં મૂત્ર કરવું નહિ, ઝાડે ફરવું નહિ, થૂંકવું નહિ અને નગ્ન નાહવું નહિ; અથવા જળ એ ગુપ્ત અગ્નિ છે; માટે પણ જળમાં તેવું કંઇ કરવું નહિ. —**बालप्रबोधिनी**

÷ 'તમે નાગી થઇને નાહી છો' વગેરે વચનથી.

† 'અહીં આવીને તમે વસ્ત્રો લઈ લો' વગેરે વચનથી.

+ 'હું તમને સત્ય કહું છું; મશ્કરી કરતો નથી' વગેરે વચનથી.

× 'મસ્તક પર બે હાથ જોડી નીચે પ્રણામ કરો' વગેરે પ્રાયશ્ચિત્તના બહાનાથી. —**श्रीधर**

* અર્થાત્ મારા પ્રત્યેની કામવાસના પણ શાંતિનું કારણ થઇ પડે છે. —**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના તીક્ષ્ણ તાપમાં પોતાની છાયા વડે પોતાના છત્ર જેવાં થઇ રહેલાં વૃક્ષોને જોઇ ભગવાન કૃષ્ણ વ્રજવાસી ગોવાળિયાઓને કહેવા લાગ્યા કે,[૩૦] 'હે સ્તોકકૃષ્ણ! હે અંશુ! હે શ્રીદામન્! હે સુબલ! હે અર્જુન! હે વિશાલ! હે ઋષભ! હે તેજસ્વિન્! હે દેવપ્રસ્થ! હે વરૂથપ! આ મહાભાગ્યશાળી વૃક્ષોને તમે જુઓ! તેઓનાં જીવન કેવળ એક પરોપકાર માટેજ હોય છે. તેઓ પોતે વાયુ, વરસાદ, તાપ તથા ટાઢ સહન કરી આપણા તરફ વાયુ, વરસાદ, તાપ ને ટાઢને અટકાવે છે.[૩૧-૩૨] અહો! આ વૃક્ષોનો જન્મ ખરેખર શ્રેષ્ઠ છે; કેમકે તેઓનો આ જન્મ સર્વ પ્રાણીઓને જિવાડનાર થઇ પડ્યો છે; એટલુંજ નહિ પણ જેમ કોઈ સુજન કૃપાળુ મનુષ્યની પાસેથી યાચકો કદી નિરાશ થઇને જતા નથી, તેમ આ વૃક્ષોની પાસેથી પણ કોઇ પ્રાણીઓ કદી નિરાશ થઇને જતાં નથી.[૩૩] આ વૃક્ષો પાંદડાં, પુષ્પ, ફળ, છાયા, મૂળિયાં, છાલ, લાકડાં, સુગંધ, ગુંદર, રાખ, ઠળિયા, કૂંપળિયાં તથા અંકુરો વગેરેથી સર્વ પ્રાણીઓના મનોરથો પૂર્ણ કરે છે.[૩૪] પ્રાણીઓના જન્મનું આટલુંજ સાફલ્ય ગણાય છે કે, તેઓએ પોતાના પ્રાણ, ધન, બુદ્ધિ તથા વાણીથી હરકોઇ પ્રાણીનું સદા કલ્યાણ કરવું.'[૩૫] એમ વૃક્ષોની પ્રશંસા કરતા ભગવાન કૂંપળિયાં, ગુચ્છા, ફળ, ફૂલ અને પાંદડાંથી લચી રહેલી શાખાઓવાળાં વૃક્ષોની વચ્ચે થઇને યમુના નદીના કિનારા પર ગયા.[૩૫-૩૬] ત્યાં ગાયોને અત્યંત સ્વચ્છ, શીતળ અને સુખકારી પાણી પાઇને પછી હે રાજન્! પોતે અને ગોવાળિયાઓએ પણ તે સ્વાદિષ્ટ જળ ખૂબ પીધું.[૩૭] પછી હે રાજા! તે યમુના નદીની પાસેના વનમાં ઇચ્છાનુસાર પશુઓને ચારતા ગોવાળિયાઓ ક્ષુધાથી પીડાઇને શ્રીકૃષ્ણ તથા બળદેવજીની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યા."[૩૮]

દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

अध्याय २३ मो*

ભગવાને ઋષિપત્નીઓ પર કરેલો અનુગ્રહ

॥ गोपा ऊचुः ॥

राम राम महावीर्य कृष्ण दुष्टनिबर्हण ।
एषा वै बाधते क्षुन्नस्तच्छान्तिं कर्तुमर्हथः ॥ १ ॥

ગોવાળિયા બોલ્યાઃ—'હે બળરામ! હે મહાપરાક્રમી બળદેવજી! હે દુષ્ટવિનાશન શ્રીકૃષ્ણ! આ ક્ષુધા અમને અત્યંત પીડે છે; તેને શાંત કરવાને તમે યોગ્ય છો.'[૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—" ગોવાળિયાઓએ એ પ્રમાણે વિનતિ કરી, એટલે ભગવાન દેવકીપુત્રે પોતાની ભક્ત બ્રાહ્મણપત્ની ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી તેઓને આ પ્રમાણે કહ્યુંઃ[૨] 'હે ગોવાળિયાઓ! પેલા યજ્ઞમંડપમાં જ્યાં બ્રહ્મવાદી બ્રાહ્મણો સ્વર્ગની ઇચ્છાથી આંગિરસ નામનો યજ્ઞ કરી રહ્યા છે, ત્યાં તમે મારી આજ્ઞાથી જાઓ અને ત્યાં જઇને આ મારા પૂજ્ય મોટા ભાઇનું તથા મારું નામ લઇ અન્ન માગી લાવો.'[૩-૪] ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરી એટલે ગોવાળિયાઓએ ત્યાં જઇને તે પ્રમાણે અન્નની માગણી કરી અને પૃથ્વી પર પડી, દંડવત્ પ્રણામ કરી, બે હાથ જોડીને તેઓએ બ્રાહ્મણોને કહ્યું કે, 'હે ભૂદેવો! તમે સાંભળો. અમે શ્રીકૃષ્ણની આજ્ઞા પાળનારા ગોવાળિયા છીએ; અમને બળરામે અહીં મોકલ્યા છે, તેથી અમે અહીં આવ્યા છીએ, એમ તમે જાણો; તમારું કલ્યાણ થાઓ.[૫-૬] અહીંથી સમીપમાંજ બળદેવજી અને શ્રીકૃષ્ણ ગાયોને ચારે છે. તેઓ બન્ને ભૂખ્યા થયા છે; તેથી તમારી પાસેથી અન્નની ઇચ્છા કરે છે; તો હે મોટા ધર્મવેત્તાઓ! જો તમને શ્રદ્ધા હોય તો અન્ન-

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે ગોવાળિયાઓદ્વારા અન્નની માગણી કરવાને બહાને બ્રાહ્મણપત્નીઓ પર અનુગ્રહ કર્યો અને યજ્ઞદીક્ષિત બ્રાહ્મણોને પશ્ચાત્તાપ કરાવ્યો, એ કથા કહેવાશે —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને ઇચ્છતા તેઓ બન્નેને માટે કંઇ અન્ન આપો.[૭] હે ઉત્તમ બ્રાહ્મણો ! યજ્ઞદીક્ષા લીધા પછી +અગ્નિષ્ટોમીય નામના પશુનો વધ જ્યાંસુધી ન થયો હોય, ત્યાંસુધી—એટલે કે તે પશુવધ પહેલાં એ યજ્ઞદીક્ષિતનું અન્ન અભક્ષ્ય ગણાય છે; તેમજ સૌત્રામણિ નામની ઇષ્ટિની જેણે દીક્ષા લીધી હોય તેનું અન્ન પણ અભક્ષ્ય ગણાય છે. પરંતુ તે અગ્નિષ્ટોમીય પશુનો વધ થઇ ગયા પછી તે યજ્ઞદીક્ષા લેનારનું અન્ન ખાનારો મનુષ્ય દોષપાત્ર નથી, તેમજ સૌત્રામણિ સિવાયની ઇષ્ટિઓની દીક્ષા લેનારાનું અન્ન ખાનારો પણ દોષપાત્ર થતો નથી. (એટલે અહીં તમારા યજ્ઞમાં પશુનો વધ થઇ ગયો છે, જેથી તમારું અન્ન ખાવામાં કોઈ જાતનો દોષ નથી.)[૮] એ પ્રમાણે તે બ્રાહ્મણોએ (ગોવાળિયાઓએ કરેલી) ભગવાનની માગણી સાંભળ્યા છતાં સાંભળી નહિ; કેમકે તેઓને માત્ર સ્વર્ગાદિ ક્ષુદ્ર પદાર્થોમાં આશા હતી; તેઓ તે તે ક્ષુદ્ર પદાર્થો માટેજ તેવાં તેવાં પુષ્કળ ક્લેશોવાળાં કર્મો કર્યા કરતા હતા અને પોતે—અજ્ઞાની હતા, છતાં પોતાને જ્ઞાનવૃદ્ધ તરીકે માનતા હતા.[૯] દેશ, કાળ, જુદાં જુદાં દ્રવ્ય, મંત્ર, તંત્ર, ઋત્વિજો, અગ્નિઓ, દેવો, યજમાન, યજ્ઞ તેમજ ધર્મ—આ સઘળું જે શ્રીકૃષ્ણ ભગવાનરૂપ છે, તે અતીન્દ્રિય પરમબ્રહ્મ શ્રીકૃષ્ણને તે દુષ્ટ બુદ્ધિવાળા બ્રાહ્મણોએ 'આ મનુષ્ય છે' એવી દૃષ્ટિને લીધે સાક્ષાત્ ભગવાનરૂપે માન્યા ન હતા;[૧૦/૧૧] જેથી તે બ્રાહ્મણોએ અન્ન આપવાની હા પાડી નહિ, તેમ ના પણ પાડી નહિ; એટલે હે શત્રુતાપન રાજા ! પેલા ગોવાળિયાઓ નિરાશ થઇને પાછા ફર્યા અને ત્યાં જે કંઈ બન્યું હતું, તે શ્રીકૃષ્ણ અને બળરામને તેઓએ કહ્યું.[૧૨] તે સાંભળી જગતના ઈશ્વર ભગવાન કૃષ્ણ, ('કામ કરી લેવાની ઇચ્છાવાળાએ કંટાળવું ન જોઇએ અને માગણ બનેલા કયા મનુષ્યનો અનાદર થતો નથી ?' આવી) લૌકિક સ્થિતિ બતાવતા ગોવાળિયાઓને ફરી કહેવા લાગ્યા:[૧૩] 'હું અહીં બળદેવજીની સાથે આવ્યો છું, એ વાત તમે બ્રાહ્મણપત્નીઓને જણાવો. તેઓ તમને ઇચ્છાનુસાર અન્ન આપશે. કારણ કે તેઓ મારા પર સ્નેહ રાખે છે અને (કેવળ શરીરથીજ ઘરમાં વસી રહી છે; પણ) બુદ્ધિથી મારામાંજ વસી રહી છે.'[૧૪] પછી ગોવાળિયાઓ, બ્રાહ્મણોની પત્નીઓ જ્યાં રહેતી હતી, ત્યાં—પત્નીશાળામાં ગયા અને સારી રીતે શણગાર સજી બેઠેલી તે સતી બ્રાહ્મણીઓને જોઈ વિનયપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા:[૧૫] 'તમને બ્રાહ્મણપત્નીઓને અમે નમસ્કાર કરીએ છીએ. તમે અમારાં વચન સાંભળો. અહીંથી સમીપમાંજ વિચરતા શ્રીકૃષ્ણે અમને અહીં મોકલ્યા છે.[૧૬] શ્રીકૃષ્ણ, બળદેવજી તથા ગોવાળિયાઓ સાથે ગાયોને ચારતા દૂર નીકળી આવ્યા છે; જેથી સર્વ સેવકો સહિત શ્રીકૃષ્ણને ભૂખ લાગી છે; માટે તેમને માટે અન્ન આપો.'[૧૭] એ રીતે શ્રીકૃષ્ણને સમીપ આવેલા સાંભળી નિત્ય તેમનાં દર્શન માટે આતુર રહેતી અને તેમની કથાઓ સાંભળવાથી જેઓનાં મન આકર્ષાયલાં હતાં, એવી તે બ્રાહ્મણપત્નીઓ, એકદમ ઉતાવળી ઉતાવળી ઘણા ગુણોવાળું* ચાર પ્રકારનું અન્ન પાત્રોમાં લઇ નદીઓ જેમ સમુદ્ર તરફ ચાલી નીકળે, તેમ શ્રીકૃષ્ણ પાસે જવા નીકળી.[૧૮/૧૯] તેઓના પતિઓએ, ભાઇઓએ, સગાંવહાલાંઓએ તથા પુત્રોએ તેઓને તે વેળા અટકાવી હતી; તોપણ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે ઘણા કાળના શ્રવણથી ચિત્તને સ્થાપનારી તેઓ અટકી નહિ.[૨૦] પછી તે સ્ત્રીઓએ

+ 'दीक्षितान्नं न भुंजीत'—'યજ્ઞદીક્ષા જેણે લીધી હોય, તેનું અન્ન ન ખાવું જોઇએ' આવો વૈદિક નિષેધ હોવાથી કદાચ બ્રાહ્મણો કહે કે, અમારું અન્ન તો હમણાં ખવાય તેમ નથી; તેના ઉત્તરમાં કહે છે. भा. क.

* ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય—એમ ચાર પ્રકારનું અન્ન ગણાય છે. તેમાં ચણા-ચવાણું વગેરે ભક્ષ્ય કહેવાય છે; ભાત વગેરે ભોજ્ય કહેવાય છે; દહીં વગેરે લેહ્ય કહેવાય છે અને કેરી, શેરડી; દાડમ વગેરે ચોષ્ય કહેવાય છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આસોપાલવનાં નવાં પાંદડાંઓથી શોભી રહેલા, યમુના નદીના ઉપવનમાં ગોવાળોથી વીંટાયલા અને બળદેવજી સહિત વિચરતા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં;[૨૧] જે શ્રીકૃષ્ણ શરીરે શ્યામ હતા; સુવર્ણ સમાન દીપતું પીતાંબર ધારણ કરી રહ્યા હતા; વનમાળા, મોરપીંછ, ગેરુ વગેરે ધાતુ અને નવાં કૂંપળિયાં ધારણ કરેલાં હોવાથી તેમનો વેષ નટ જેવો હતો; પોતાના મિત્રના ખભા ઉપર એક હાથ તેમણે મૂક્યો હતો; બીજા હાથથી એક કમળને હલાવતા હતા; બન્ને કાનમાં કમળો ધારણ કર્યાં હતાં; મસ્તકના વાળની લટો છેક ગાલ સુધી આવી રહી હતી અને મુખકમળ પર મંદ હાસ્ય વિલસી રહ્યું હતું.[૨૨] હે રાજા! અનેક વાર સાંભળેલાં પ્રિયતમ શ્રીકૃષ્ણનાં ઉદાર ચરિત્રોરૂપી સજ્જનોનાં કર્ણભૂષણોથી જેમનાં મન શ્રીકૃષ્ણમાં આસક્ત થયાં હતાં, એવી તે બ્રાહ્મણીઓએ નેત્રનાં છિદ્રોદ્વારા તે ભગવાનને હૃદયમાં ગ્રહણ કરી ઘણી વાર સુધી તેમને આલિંગન કર્યું અને પછી જેમ અહંકારની વૃત્તિઓ સુષુપ્તિના સાક્ષીને ભેટી–તેમાં લીન થઇ જઇને સર્વ સંતાપનો ત્યાગ કરી દે છે, તેમ તેઓએ પોતાના સર્વ સંતાપનો ત્યાગ કર્યો.[૨૩] સર્વની બુદ્ધિઓના સાક્ષી શ્રીકૃષ્ણ તે સ્ત્રીઓને સર્વ આશાઓનો ત્યાગ કરી એ રીતે માત્ર પોતાનું દર્શન કરવાની ઇચ્છાથીજ આવેલી જાણીને હસતા મુખે કહેવા લાગ્યા:[૨૪] 'હે મહાભાગ્યશાળી સ્ત્રીઓ! તમે ભલે આવી, બેસો; અમે તમારું કયું કામ કરીએ? તમે કેવળ અમારાં દર્શન કરવાની ઇચ્છાથી આવી છો, તે તમને ઘટે છે.[૨૫] કારણ કે જે વિવેકી મનુષ્યો પોતાના પુરુષાર્થને વાસ્તવિક રીતે જોઇ શકે છે, તેઓ સર્વના આત્મારૂપ અને તેથીજ સર્વને પ્રિય એવા મારે વિષે યથાવત્ ભક્તિ કરે છે, કે જે ભક્તિ સાક્ષાત્ ફુલાનુસંધાનથી રહિત હોય છે અને તેથીજ અસ્ખલિત હોય છે.[૨૬] પ્રાણ, બુદ્ધિ, મન, જ્ઞાતિઓ, શરીર, સ્ત્રી, પુત્ર તથા ધન વગેરે જે આત્માના (મારા) સંબંધથીજ પ્રિય લાગે છે, તે આત્મા વિના (મારા વિના) બીજો કયો પદાર્થ (વધારે) પ્રિય હોઈ શકે?[૨૭] માટે તમે કૃતાર્થ થયાં છો; (તોપણ) તમે યજ્ઞમંડપમાં જાઓ. તમારા ગૃહસ્થ પતિ–બ્રાહ્મણો તમારે લીધે પોતાના યજ્ઞને સમાપ્ત કરી શકશે.+[૨૮]

બ્રાહ્મણપત્નીઓ બોલી:–'હે પ્રભો! હવે અહીંથી ઘેર જાઓ' આવું ક્રૂર વચન કહેવાને આપ યોગ્ય નથી. (**'न मे भक्तः प्रणश्यति'**–એ) આપની પ્રતિજ્ઞાને આપ સત્ય કરો. અમે અમારાં સર્વ સગાંસંબંધીઓનો ત્યાગ કરી, આપે આપના ચરણ પરથી દૂર કરેલી (આપના નિર્માલ્યરૂપ અને આપે અવજ્ઞાપૂર્વક આપેલી) તુલસીની માળાને કેશથી બહુ માનપૂર્વક ધારણ કરવાને (એટલે આપની દાસીઓ થવાને) આપના ચરણમૂળમાં આવી છીએ.[૨૯] અમને અમારા પતિઓ, માતાપિતાઓ, પુત્રો, ભાઇઓ, બીજાં સગાંઓ કે સ્નેહીઓ હવે રાખશે નહિ, તો પછી બીજાંઓ તો કેમજ રાખે? માટે હે કામાદિ શત્રુઓનો નાશ કરનારા દેવ! આપના ચરણ આગળ જેઓના દેહ પડ્યા છે, એવી અમારી બીજી કોઈ પણ ગતિ હવે રહી નથી. (અથવા અમને સ્વર્ગાદિ ગતિ પણ જોઇતી નથી.) તો આપનું દાસીપણુંજ અમને મળે તેમ આપ કરો.[૩૦]

શ્રીભગવાન બોલ્યા:–'(મારી કૃપાથી) તમારા પતિઓ, માતાઓ, પિતાઓ, ભાઇઓ કે પુત્રો વગેરે તમારા તરફ દોષદૃષ્ટિ કરશે નહિ. મેં આજ્ઞા કરેલા સમગ્ર લોકો અને (પ્રત્યક્ષ બતાવીને) આ દેવો પણ તમને નિર્દોષ તરીકે સ્વી-

+ કહેવા એ માગે છે કે, જો કે તમે કૃતાર્થ થઇ છો; હવે તમારે ને ઘરને કંઈ લેવાદેવા નથી; છતાં પણ તમારા પતિઓ ઉપર કૃપા કરીને તમારે ઘેર જવું જોઇએ; કારણ કે તેઓના યજ્ઞ તમારા વિના સમાપ્ત થઇ શકશે નહિ; કેમકે પત્નીની સાથેજ યજ્ઞાદિ કર્મની શરૂઆત હોઇને સમાપ્તિ પણ પત્ની સહિતજ થઇ શકે છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારે છે.* આ જગતમાં મનુષ્યોને પરસ્પર અંગ-નો સંગ સુખને માટે કે સ્નેહની વૃદ્ધિ માટે થતો-જ નથી; માટે તમે મારામાં મન જોડી દેજો, જેથી અલ્પ સમયમાં તમે મને પ્રાપ્ત થશો.[૩૧,૩૨]

શ્રીશુકદેવજી બોલ્યા:–"ભગવાને એમ કહ્યું, એટલે તે ઋષિપત્નીઓ ફરીથી યજ્ઞમંડપમાં ગઈ અને તેઓના પતિઓએ પણ તેઓના તરફ કંઈ દોષદૃષ્ટિ કર્યા વિના પોતાની તે સ્ત્રીઓ સાથે યજ્ઞને સમાપ્ત કર્યો.[૩૩] તે બ્રાહ્મણસ્ત્રીઓ જ્યારે ભગવાનની પાસે આવી હતી–ત્યારે કોઈ એક સ્ત્રીને તેના પતિએ પકડી રાખી હતી; તે સ્ત્રીએ જેવા પોતે સાંભળ્યા હતા, તેવા ભગવાનને હૃદયથી આલિંગન કરી કર્મથી બંધાયલા શરીરનો ત્યાગ કર્યો હતો–એટલે ચૈતન્ય વડે તે ભગવાનને પામી ગઈ હતી. સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે ચાર પ્રકારના તે અન્નથી ગોવાળિયાઓને જમાડી પોતે પણ ભોજન કર્યું.[૩૪,૩૫] એ પ્રમાણે લીલા માટે મનુષ્યશરીર ધારણ કરનારા અને મનુષ્યલોકનું અનુકરણ કરતા ભગવાન શ્રીકૃષ્ણ રૂપ, વાણી તેમજ કર્મો વડે ગાયો, ગોવાળિયા તથા ગોપીઓને આનંદ ઉપજાવતા વ્રજમાં રમતા હતા.[૩૬] પેલી તરફ પેલા બ્રાહ્મણો 'મનુષ્યસ્વરૂપનું અનુકરણ કરતા જગદીશ્વર શ્રીકૃષ્ણ તથા બળદેવજીની માગણીનો આપણે ભંગ કર્યો છે; માટે આપણે તેમના અપરાધી થયા છીએ' એમ સંભારી સંભારીને પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને પોતાની સ્ત્રીઓની ભગવાન શ્રીકૃષ્ણ વિષે અલૌકિક ભક્તિ જોઈ તથા પોતાને ભક્તિથી રહિત જોઇ પશ્ચાત્તાપ કરતા આ પ્રમાણે પોતાની નિંદા કરવા લાગ્યા:[૩૭,૩૮] 'આપણા §ત્રણ પ્રકારના જન્મને ધિક્કાર છે! આપણી વિદ્યાને ધિક્કાર છે! આપણા વ્રતને ધિક્કાર છે! આપણા બહુ જાણવાપણાને ધિક્કાર છે! આપણા કુળને ધિક્કાર છે! અને આપણા ક્રિયાકાંડના ચાતુર્યને પણ ધિક્કાર છે! કારણ કે આપણે ભગવાનથી વિમુખ છીએ. ખરેખર, ભગવાનની માયા યોગીઓને પણ મોહ ઉપજાવે તેવી છે; જેથી આપણે–બ્રાહ્મણો–લોકોના ગુરુ થઇને પણ આપણા પોતાના સ્વાર્થમાં મૂઢ બન્યા છીએ.[૩૯,૪૦] અહો! જુઓ તો ખરા! સ્ત્રીઓનો પણ જગતના ગુરુ શ્રીકૃષ્ણ વિષે કેવો અનંત ભાવ છે, જે ભાવે તેઓના 'ઘર' નામના મૃત્યુપાશોને કાપી નાખ્યા છે![૪૧] આ સ્ત્રીઓને બ્રાહ્મણજાતિના સંસ્કાર, ગુરુકુળમાં નિવાસ, તપ, આત્મા સંબંધી વિચારણા, બાહ્યાભ્યંતર પવિત્રતા અને સંધ્યોપાસન વગેરે શુભ ક્રિયાઓ, આમાંનું કંઇ પણ નથી; છતાં ઉત્તમ કીર્તિવાળા અને યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણને વિષે તેઓને દૃઢ ભક્તિ થઇ; ત્યારે આપણે બ્રાહ્મણજાતિના સંસ્કારાદિથી યુક્ત છીએ; છતાં આપણને ભગવાનમાં ભક્તિ ન થઇ! આપણે સ્વાર્થમાં અત્યંત મૂઢ બન્યા છીએ અને ઘરના વ્યાપારોને લીધે પ્રમાદી થયા છીએ; આપણને સત્પુરુષોની ગતિરૂપ ભગવાને ગોવાળિયાઓનાં વાક્યોદ્વારા આત્મસ્થિતિનું ભાન કરાવ્યું; (છતાં આપણે કંઈ સમજી શક્યા નહિ.)[૪૨–૪૪] પૂર્ણકામ અને મોક્ષ વગેરે ચારે પ્રકારના પુરુષાર્થોના પતિ ભગવાન શ્રીકૃષ્ણને નિયમનને યોગ્ય એવા આપણી સાથે શું પ્રયોજન છે? પોતે સર્વના ઈશ્વર હોવા છતાં તેમણે અહીં આપણી પાસે અન્નની માગણી કરી, તે તો કેવળ આપણા પર અનુગ્રહ કરવા માટે તેમની એક માનવલીલાનું માત્ર અનુકરણજ છે.

* આટલું કહ્યા છતાં બ્રાહ્મણીઓ કદાચ એમ કહે કે, અમે તો આપને છોડી શકતીજ નથી, તો તેને માટે ભગવાન લૌકિક અનુભવ દર્શાવે છે અને 'अतिपरिचयादवज्ञा' એ સૂત્રની વ્યાખ્યા આ શ્લોકમાં કહે છે. —भा. क.

§ પ્રત્યેક બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના ત્રણ જન્મ ગણાય છે. એક તો શુદ્ધ માતા–પિતાથી જન્મ તે શૌકલ જન્મ કહેવાય છે; બીજો ગાયત્રીનો ઉપદેશ લેવાથી સાવિત્ર જન્મ થાય છે અને ત્રીજો યજ્ઞદીક્ષા લેવાથી દૈક્ષ નામનો જન્મ થાય છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લક્ષ્મીદેવી પોતે જેમના ચરણસ્પર્શની આશાને લીધે બીજાઓને છોડીને પોતાના ચંચળતાના દોષ તજી દઇ, જે ભગવાનને નિત્ય ભજ્યા કરે છે, તે ભગવાન વળી આપણી પાસે અન્નની યાચના કરે, તે ખરેખર મનુષ્યોને પણ મોહ ઉપજાવે તેવું છે.[૪૫,૪૬] દેશ, કાળ, જુદાં જુદાં દ્રવ્ય, મંત્રો, તંત્રો, યાજ્ઞિક બ્રાહ્મણો, અગ્નિઓ, દેવો, યજમાન, યજ્ઞ તથા ધર્મ—એ સર્વ જેમનું સ્વરૂપ છે, તે યોગેશ્વરોના ઈશ્વર સાક્ષાત્ વિષ્ણુ ભગવાન યાદવવંશમાં જન્મ્યા છે, એમ સાંભળ્યું છે; છતાં આપણે મૂર્ખાઓ તે ભગવાનને જાણી શક્યા નહિ. અહો! આપણે અત્યંત ભાગ્યશાળી પણ છીએ; કેમકે આપણી સ્ત્રીઓ આવી ભગવદ્‌ભક્ત છે, કે જે સ્ત્રીઓના ભક્તિપ્રભાવથી આપણને પણ શ્રીહરિમાં નિશ્ચળ બુદ્ધિ થઇ છે.[૪૭-૪૯] જેમની માયાથી મોહિત બુદ્ધિવાળા થઇ અમે કર્મમાર્ગમાં ભટકીએ છીએ, તે અસ્ખલિત જ્ઞાનવાળા આપ શ્રીકૃષ્ણ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. તે આદ્ય પુરુષ તેમની પોતાની માયા વડે મોહિત મનવાળા અને તેમના પ્રભાવને નહિ જાણનારા અમારા અપરાધને ક્ષમા કરવાને યોગ્ય છે.[૫૦,૫૧] એ પ્રમાણે જેઓએ ભગવાનનો અપરાધ કર્યો હતો એવા તે બ્રાહ્મણો પોતાના અપરાધનું સ્મરણ કરી શ્રીકૃષ્ણ તથા બળદેવજીનાં દર્શન કરવા ઇચ્છતા હતા; પણ કંસના ભયથી તેઓ તેમનાં દર્શન કરવા ગયા નહિ."[૫૨]

इति स्वाघमनुस्मृत्य कृष्णे ते कृतहेलनाः ।
दिदृक्षवोऽप्यच्युतयोः कंसाद्भीता न चाऽचलन् ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત

अध्याय २४ मो*

શ્રીકૃષ્ણે ગોવર્ધન મહોત્સવ કરાવ્યો

॥ श्रीशुक उवाच ॥

भगवानपि तत्रैव बलदेवेन संयुतः ।
अपश्यन्निवसन् गोपानिंद्रयागकृतोद्यमान् ॥ १ ॥

શ્રી શુકદેવજી બોલ્યાઃ—"ભગવાન શ્રીકૃષ્ણ, બળદેવજીની સાથે વ્રજમાંજ રહેતા હતા; તેવામાં એક સમયે ઇન્દ્રનો યજ્ઞ કરવા તૈયાર થયેલા ગોવાળિયાઓને તેમણે જોયા.[૧] ભગવાન પોતે સર્વના આત્મા છે અને સર્વના દ્રષ્ટા છે, તેથી પોતે સઘળું જાણતાજ હતા. તેમણે વિનયથી નમ્ર થઇને નંદ વગેરે વૃદ્ધ ગોવાળિયાઓને પૂછ્યું કે,[૨] 'હે પિતાજી! તમને શી કામકાજની આ વ્યગ્રતા આવી પડી છે? તેમને કહો. આવી વ્યગ્રતા કોઇ યજ્ઞને માટે હોય તો (હું પૂછું છું કે,) એ યજ્ઞનું શું ફળ છે? કયા દેવને ઉદ્દેશી આ યજ્ઞ કરવામાં આવે છે? કયાં સાધન વડે આ યજ્ઞ સિદ્ધ થાય છે? અને કયો અધિકારી આ યજ્ઞને સાધે છે?[૩] હે પિતા! આ સાંભળવાની મને અત્યંત મોટી ઇચ્છા છે; માટે તે મને કહો.(આમ પૂછ્યા છતાં નંદજી મૌન રહ્યા એટલે કહે છેઃ) જે સત્પુરુષો સર્વત્ર પોતાના આત્માનેજ જુએ છે, તેઓનું કંઇ પણ કાર્ય ગુપ્ત હોતું નથી.[૪] જેઓને પોતાનો કે પારકો એવી ભેદદષ્ટિ હોતી નથી અને તેથીજ જેઓની દષ્ટિએ કોઇ મિત્ર, ઉદાસીન કે શત્રુ નથી, તેવા મહાત્મા પુરુષોનું હરકોઈ કાર્ય ગુપ્ત હોતું નથી; કદાચ ભેદદષ્ટિ હોય તોપણ હરકોઈ કાર્યમાં ઉદાસીન રહેનારને શત્રુની પેઠે તજવો જોઇએ; પણ કોઇ કાર્યની સલાહ લેવામાં મિત્રને તજવો ન જોઇએ; કેમકે મિત્ર તો પોતાની સમાનજ કહેવાય છે.[૫]

* આ અધ્યાયમાં મહેન્દ્રના યજ્ઞને કારણોપૂર્વક અટકાવીને શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતનો યજ્ઞમહોત્સવ કર્યો, એ કથા કહેવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેટલાક મનુષ્યો પોતાના મિત્રોની સાથે વિચાર કર્યા પછી કાર્યવસ્તુ સમજીને કોઈ કાર્ય કરે છે; ત્યારે બીજા કેટલાક મિત્રો સાથે વિચાર કર્યા વિના (ગાડરિયા પ્રવાહની પેઠે) કાર્યવસ્તુ નહિ સમજીને કાર્યો કરે છે; તેઓમાં કાર્યવસ્તુ સમજીને કાર્ય કરનારા વિદ્વાન મનુષ્યની જેવી કાર્યસિદ્ધિ થાય છે, તેવી કાર્યવસ્તુ નહિ સમજનારની થતી નથી.[૬] તમે હમણાં જે ક્રિયા કરવા તૈયાર થયા છો, તે શાસ્ત્રદૃષ્ટિએ વિચારીને કરવા તૈયાર થયા છો કે લૌકિક આચારને અનુસરીને કરવા ઇચ્છો છો? એ હું તમને પૂછું છું; માટે તમે તે યથાર્થ રીતે મને કહો.'[૭]

નંદજી બોલ્યા:–'(અમે જે ક્રિયા કરવા માગીએ છીએ, તે લૌકિક આચારને અનુસરીને છે.) ભગવાન ઇન્દ્ર મેઘસ્વરૂપ છે ને સર્વ મેઘો ઇન્દ્રનીજ પ્રિય મૂર્તિઓ છે. તે મેઘો પ્રાણીઓને તૃપ્ત કરનારું અને જીવાડનારું જળ ચોતરફ વરસે છે.[૮] હે તાત! આપણે તથા બીજાં સર્વ મનુષ્યો મેઘોના સ્વામી અને ઈશ્વર એવા ઇન્દ્રને તેણે વરસાવેલા જળથી ઉત્પન્ન થયેલા પદાર્થોથી કરેલા યજ્ઞો વડે પૂજે છે[૯] અને તે યજ્ઞો કરતાં બાકી રહેલા પદાર્થોથી સર્વ મનુષ્યો ધર્મ, અર્થ અને કામની સિદ્ધિને માટે પોતાની આજીવિકા કરે છે. (કદાચ તું કહીશ કે, ખેતી વગેરેથી લોકો જીવી રહ્યા છે, તો ઇન્દ્રની શી જરૂર છે? તો સાંભળ:) મનુષ્યો ખેતી વગેરે જે પુરુષાર્થો કરે છે, તેઓનો ફળસાધક તો મેઘજ છે–મેઘ સિવાય ખેતી વગેરે સર્વ પુરુષાર્થ નિષ્ફળ થાય છે.[૧૦] જે મનુષ્ય પરંપરાથી ચાલ્યા આવતા આ ઇન્દ્રયાગાદિરૂપ ધર્મનો કામ, લોભ, ભય કે દ્વેષથી ત્યાગ કરે છે, તે સુખ પ્રાપ્ત કરતો નથી.'[૧૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"નંદરાયનું તથા બીજા વ્રજવાસીઓનું તે વચન સાંભળી કેશવ ભગવાન ઇન્દ્રને ક્રોધ ઉપજાવતા પિતાને કહેવા લાગ્યા.[૧૨]

શ્રીભગવાન બોલ્યા:–*'હરકોઈ પ્રાણી પોતાનાં કર્મ વડે ઉત્પન્ન થાય છે; કર્મ વડેજ નાશ પામે છે અને કર્મ વડેજ સુખ, દુઃખ, ભય તથા કલ્યાણને પામે છે. કદાચ માનીએ કે, બીજાઓનાં કર્મોનાં ફળ આપનારો કોઇ ઈશ્વર છે; તોપણ એ તો નક્કીજ થાય છે કે, કર્મફળ આપનારો ઈશ્વર પણ કર્મના કર્તાને ભજે છે–એટલે તેનેજ ફળ આપવા સમર્થ થાય છે, પણ કર્મ નહિ કરનારને કંઇ ફળ આપી શકતો નથી. (એ રીતે કર્મદ્વારાજ ફળની સિદ્ધિ થાય છે; માટે બકરીના ગળાના આંચળ જેવા નકામા દેવો વગેરેનું શું કામ છે?) આ જગતમાં પ્રાણીઓ પોતપોતાનાં કર્મોને અનુસરી રહ્યાં છે; તેઆને વળી ઇન્દ્રની શી જરૂર છે? મનુષ્યોના પ્રાચીન સંસ્કારોથી જે કર્મ કરાયું હોય છે, તેને ઉલટાવી નાખવા ઇન્દ્ર સમર્થ નથી. સર્વ પ્રાણી પોતાના પૂર્વજન્મના સંસ્કારનેજ અધીન હોઈ તેનેજ અનુસરે છે. દેવો, અસુરો તથા મનુષ્યો સહિત આ સર્વ જગત પોતપોતાના પ્રાચીન સંસ્કારોને આધારેજ સ્થિતિ કરી રહ્યું છે. (તો પછી અંતર્યામીની પણ શી જરૂર છે?)[૧૩-૧૬] પ્રાણી કર્મ વડે ઉચ્ચ–નીચ દેહને પ્રાપ્ત કરે છે અને કર્મ વડેજ પાછા તે તે દેહોનો ત્યાગ કરે છે; આ રીતે કર્મજ શત્રુ છે; મિત્ર છે; ઉદાસીન–મધ્યસ્થ છે અને કર્મજ ગુરુ તથા ઈશ્વર છે.[૧૭] માટે પૂર્વજન્મના સંસ્કારમાં સ્થિતિ કરનારા અને પોતાનું કર્મ કર્યા કરતા મનુષ્યે કર્મનીજ સારી રીતે પૂજા કરવી જોઇએ.÷ કારણ કે+ જેના વડે મનુષ્ય અનાયા-

* અહીંથી શ્રીકૃષ્ણનાં વાક્યો કેવળ ઇન્દ્રને ગર્વરહિત કરવા માટે અને તેને કોપાયમાન કરવા માટેજ છે; નહિ કે આ વચનો સિદ્ધાંતરૂપ છે. —મા. ક.

÷ અર્થાત્ પૂર્વજન્મના સંસ્કારથી ઉત્પન્ન થયેલું કર્મજ સર્વ કોઇનું કારણ છે, માટે કર્મજ પૂજ્ય છે. —મા. ક.

\+ હરકોઈ દેવને ઉદ્દેશી દ્રવ્ય આપવું તેજ કર્મ કહેવાય છે; આવી રીતે હરકોઈ દેવતા વિના કર્મની સિદ્ધિ કેવી રીતે થઇ શકશે? આવી કોઇને શંકા થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સે પોતાની આજીવિકા ચલાવી શકે, તેજ તેનો દેવ છે. જેમ કોઇ વ્યભિચારિણી સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરી કોઇ જાર પુરુષની સેવા કરે, તો તે સુખ પામતી નથી, તેમ જ મનુષ્ય એ-માંથી કોઇ એક પદાર્થ પર પ્રથમ આજીવિકા કરી પાછળથી કોઈ બીજા પદાર્થનો આજીવિકાને માટે આશ્રય કરે, તો તે પણ સુખ પામતો નથી. બ્રાહ્મણે વેદાધ્યયન કરીને પોતાની આજીવિકા ચલાવવી જોઇએ; ક્ષત્રિયે પૃથ્વીની રક્ષા કરીને આજીવિકા ચલાવવી જોઇએ; વૈશ્યે ખેતીવાડી કે વેપાર-ગોરક્ષા કરીને પોતાની આજીવિકા ચલાવવી જોઇએ ને શૂદ્રે, બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યની સેવા કરીને પોતાની આજીવિકા ચલાવવી જોઇએ. તેમાં વૈશ્યની આજીવિકા ચાર પ્રકારની છે-ખેતીવાડી, વેપાર અને ગોરક્ષા-એમ ત્રણ પ્રકાર અને ચોથો વ્યાજવટાવનો ધંધો. આ ચાર પ્રકારની વૈશ્યની આજીવિકામાંથી આપણે ગાયોની રક્ષારૂપી આજીવિકા હમેશાં ચલાવી રહ્યા છીએ. †આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનાં કારણો રજોગુણ, સત્ત્વગુણ ને તમોગુણ છે. તેમાં રજોગુણથી આ જગત પરસ્પર અનેક સ્વરૂપે ઉત્પન્ન થાય છે; જેથી રજોગુણથીજ પ્રેરણા કરાયલા મેઘો ચોતરફ જળવૃષ્ટિ કરે છે અને તે મેઘો વડેજ પ્રજાઓ જીવી રહી છે; તેમાં વળી ઇન્દ્ર શું કરવાનો છે? (કદાચ માની લઇએ કે, યોગક્ષેમ માટે ઇન્દ્રાદિ દેવોની જરૂર છે, તોપણ આપણને તો ઇન્દ્રાદિ દેવોની જરૂર નથીજ. કેમકે) હે તાત! આપણને શહેરો, દેશો, ગામડાં કે ઘર નથી. આપણે તો વનવાસી છીએ અને વનમાં કે પહાડોમાં પડી રહીએ છીએ. (અર્થાત્ આપણાં યોગક્ષેમનાં કારણો તો વન તથા પહાડો વગેરે છે.) માટે આપણે તો ગાયો,+ બ્રાહ્મણો તથા ગોવર્ધન પર્વતનો યજ્ઞ આરંભવો જોઇએ અને તે યજ્ઞ ઇન્દ્રના યજ્ઞની જે આ સામગ્રીઓ છે, તે વડેજ સિદ્ધ કરવો જોઇએ.૧૮-૨૫ દૂધપાકથી માંડી મગની દાળ સુધીની જાતજાતની રસોઇઓ રાંધવા માંડો; લાવસી, માલપૂડા, પૂરીઓ તૈયાર કરો; સઘળી ગાયોનું દૂધ એકઠું કરો; વેદવેત્તા બ્રાહ્મણોદ્વારા અગ્નિઓમાં સારી રીતે હોમ કરો; તે બ્રાહ્મણોને અનેક પ્રકારનાં અન્ન, ગાયો તથા દક્ષિણા આપો; બીજાં કૂતરાં, ચાંડાળ તથા પતિત સુધ્ધાંને યથાયોગ્ય અન્નદાન આપો; ગાયોને ઘાસ-ચારો આપો અને પછી ગોવર્ધન પર્વતને બલિદાન આપો. આપણે પણ સારી રીતે શણગાર ધારણ કરો; ભોજન કરો; સારી પેઠે ચંદન વગેરેના લેપ લગાવો અને સુંદર વસ્ત્રો ધારણ કરો. પછી ગાયોને, બ્રાહ્મણોને, અગ્નિઓને તથા પર્વતને પ્રદક્ષિણા કરો.૨૬-૨૯ હે તાત! મારો તો આવો મત છે. જો તમને પસંદ પડે તો તે પ્રમાણે કરો. આ મેં દર્શાવેલો યજ્ઞ ગાયોને, બ્રાહ્મણોને, ગોવર્ધન પર્વતને તથા મને પણ પ્રિય થઇ પડશે.૩૦

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"ઇન્દ્રના ગર્વનો નાશ કરવા ઇચ્છતા કાળસ્વરૂપ ભગવાને કહેલું તે વચન સાંભળીને નંદ વગેરે ગોવાળિયાઓએ 'બહુ સારું' એમ કહીને તે સ્વીકારી લીધું અને શ્રીકૃષ્ણે જે પ્રમાણે કહ્યું હતું, તેજ પ્રમાણે તેઓએ બધું કર્યું. બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યાં; ઇન્દ્રયાગનાં દ્રવ્યોમાંથીજ ગોવર્ધન પર્વતને તથા બ્રાહ્મણોને આદરપૂર્વક બલિદાનો અર્પણ કર્યાં; ગાયોને ઘાસ નાખ્યાં અને પછી તે ગાયોનાં ધણ આગળ કરી ગોવર્ધન પર્વતને તેઓએ પ્રદક્ષિણા કરી.૩૧-૩૩ એ વેળા સારી રીતે શણગાર સજીને

તો 'કર્મનાં અંગ તે દેવતા' એ પક્ષનો જાણે ઉપસંહાર કરતા હોય, તેમ હેતુવાદનો આશ્રય કરી ગાયો વગેરે બીજાજ દેવોને સિદ્ધ કરે છે. —શ્રીધર

† કદાચ ગોવાળિયા શંકા કરે કે, આપણી ગોરક્ષારૂપી આજીવિકા પણ ઇન્દ્રનેજ અધીન છે ને? આ શંકાનું સમાધાન કરવા માટે નિરીશ્વરવાદી સાંખ્યમતનો આશ્રય કરી એ શ્લોક કહે છે. —શ્રીધર

+ બ્રાહ્મણો વિના કોઇ પણ પંથ ચાલતો નથી; માટે બ્રાહ્મણોને પોતાના પક્ષમાં લીધા છે.—ભા. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓ બળદ જોડેલાં ગાડાંઓમાં બેઠા હતા; ગોપીઓ શ્રીકૃષ્ણનાં પરાક્રમો ગાતી હતી અને બ્રાહ્મણો આશીર્વાદો આપી રહ્યા હતા.[૩૪] શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને વિશ્વાસ ઉપજાવે તેવું બીજું મોટા શરીરવાળું એક સ્વરૂપ ધારણ કર્યું હતું અને 'હું ગોવર્ધન પર્વત છું' એમ કહી પુષ્કળ બલિદાન ખાધું હતું.[૩૫] શ્રીકૃષ્ણે પોતે પોતાનાજ એ સ્વરૂપને વ્રજવાસીઓની સાથે નમસ્કાર કર્યા અને કહ્યું હતું કે, 'અહો ! આશ્ચર્ય ! જુઓ તો ખરા ! આ ગોવર્ધન પર્વતે પ્રત્યક્ષસ્વરૂપે પ્રકટ થઇ આપણા પર અનુગ્રહ કર્યો છે ![૩૬] આ પર્વત પોતાનું અપમાન કરનારા વનવાસી મનુષ્યોનો, સર્પવીંછી વગેરેનાં ઇચ્છાનુસાર સ્વરૂપો ધારણ કરી નાશ કરી નાખે છે; માટે આપણે આપણા તથા ગાયોના કલ્યાણ માટે આ પર્વતને નમસ્કાર કરીએ.' આમ કહી શ્રીકૃષ્ણે સર્વની સાથે પર્વતને નમસ્કાર કર્યા હતા. એ પ્રમાણે શ્રીકૃષ્ણથી પ્રેરાયલા ગોવાળિયાઓ ગોવર્ધન પર્વતનો, ગાયોનો તથા બ્રાહ્મણોનો વિધિ પ્રમાણે યજ્ઞ કરી શ્રીકૃષ્ણની સાથે વ્રજમાં ગયા હતા."*[૩૭-૩૮]

इत्यद्रिगोद्विजमखं वासुदेवप्रणोदिताः ।
यथा विधाय ते गोपाः सहकृष्णा व्रजं ययुः ॥३८

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૪ મો સમાપ્ત

---

* **कर्मैवालं प्राक् स्वभावो गुणो वा कर्माङ्गं वा तद्वशो वा महेशः । वार्ता कर्त्री देवतेतीयमुक्ता देवक्षोभे षण्मती नत्त्वभीष्टा ॥**

કર્મજ સર્વ પ્રકારે સમર્થ છે; કર્મનું પૂર્વકારણ પૂર્વજન્મના સંસ્કાર છે; ગુણોજ ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનાં કારણ છે; દેવો કર્મનાં અંગ છે; ઈશ્વર પણ કર્મને આધીન છે; આપણી આજીવિકા એજ આપણો ઇષ્ટદેવ છે; આવા છ મતો શ્રીકૃષ્ણે આ અધ્યાયમાં કહ્યા છે; પણ તે મતો કેવળ ઇન્દ્રને કોપાવવા માટેજ કહ્યા છે; શ્રીકૃષ્ણને પોતાને ઇષ્ટ નથી. —**શ્રીધર**

अध्याय २५ मो*

શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કરી કોપેલા ઇન્દ્રથી ગોકુળની રક્ષા કરી

॥ श्रीशुक उवाच ॥

इंद्रस्तदात्मनः पूजां विज्ञाय विहतां नृप ।
गोपेभ्यः कृष्णनाथेभ्यो नंदादिभ्यश्चुकोप सः ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે પરીક્ષિત રાજા ! તે વખતે ઇન્દ્ર પોતાની પૂજાનો વિનાશ થયેલો જાણી શ્રીકૃષ્ણ જેઓના નાથ હતા, એવા નંદાદિ ગોવાળિયાઓ પર કોપી ઊઠ્યો.[૧] તે પોતાને ઈશ્વર માનતો હતો, જેથી ક્રોધાયમાન થઇને તેણે સૃષ્ટિનો પ્રલય કરનારા 'સાંવર્તક' નામના મેઘોના પ્રસિદ્ધ સમુદાયને (વ્રજનો નાશ કરવાની) આજ્ઞા કરી અને કહ્યું કે,[૨] 'અહો ! જંગલમાં પડી રહેનારા ગોવાળિયાઓનું લક્ષ્મીના મદનું માહાત્મ્ય તો જુઓ ! તેઓએ કૃષ્ણ નામના એક મનુષ્યનો આશ્રય કરીને દેવોનું અપમાન કર્યું છે. જેમ કેટલાક અજ્ઞાનીઓ આત્મજ્ઞાનરૂપ આન્વીક્ષિકી વિદ્યાનો ત્યાગ કરી નાશવંત, કર્મમય અને નામનીજ નૌકા જેવા યજ્ઞો વડે સંસારસમુદ્રને તરવા ઇચ્છે છે, તેમ આ ગોવાળિયાઓ બહુ બોલબોલ કરનારા, મૂર્ખ, ઉદ્ધત અને અજ્ઞાની છતાં પોતાને પંડિત માનનારા કૃષ્ણ નામના એક મનુષ્યનો આશ્રય કરી મારું અપ્રિય કરી રહ્યા છે.[૩-૫] આ ગોવાળિયાઓ લક્ષ્મીથી છકી ગયા છે અને કૃષ્ણે તેઓનાં મનને ફૂલણશી બનાવી દીધાં છે; માટે (જાઓ) તેઓના લક્ષ્મીના મદની અકડાઇને તમે ઉતારી પાડો અને તેઓનાં પશુઓનો સંહાર કરી નાખો.[૬] હું પણ ઐરાવત હાથી ઉપર બેસી નંદના વ્રજનો વિનાશ કરી નાખવાની ઇચ્છાથી મહાપરાક્રમી વાયુગણોની

---

* આ અધ્યાયમાં ક્રોધથી ઇન્દ્ર, વ્રજનો નાશ કરવા માટે વરસવા લાગ્યો; એટલે ગોવર્ધન પર્વત ઉપાડીને પ્રભુ શ્રીકૃષ્ણે ગોકુલની રક્ષા કરી, એ કથા કહેવાશે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાથે તમારી પાછળજ વ્રજમાં આવું છું.૧૭

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"એ પ્રમાણે ઇન્દ્રે આજ્ઞા કરતાં બંધનરહિત થયેલા મેઘો બળપૂર્વક જળધારાઓ વરસાવીને નંદના ગોકુળને દુઃખ દેવા લાગ્યા;૮ વીજળીઓથી ઝબકવા લાગ્યા; કડાકા ને ભડાકા કરવા લાગ્યા; તેમજ પ્રચંડ વાયુઓના સમૂહોથી પ્રેરાઇને પાણીના કરાઓને વરસવા લાગ્યા.૯ એ રીતે મેઘો, થાંભલીઓ જેવી જાડી જળધારાઓને અસ્ખલિતપણે વરસવા લાગ્યા, ત્યારે પાણીના પૂરથી પૃથ્વી તરબોળ થઇ ગઇ અને ઊંચું-નીચું કંઇ પણ દેખાવા ન લાગ્યું.૧૦ પછી અતિશય મુસળધાર વૃષ્ટિને લીધે અને જોરથી ફુંકાતા પવનને લીધે થરથર ધ્રૂજતાં ઢોર-ઢાંખર, ગોવાળિયા અને ગોપીઓ ટાઢથી પીડાઇને શ્રીકૃષ્ણને શરણે ગયાં.૧૧ તેઓ પોતાનાં મસ્તકોને તથા બાળકોને પોતાના શરીરથી ઢાંકતાં હતાં અને મેઘધારાથી પીડાઇને ધ્રૂજતાં ધ્રૂજતાં ભગવાનના ચરણની સમીપ જઇને આ પ્રમાણે કહેવા લાગ્યાં:૧૨ 'હે કૃષ્ણ! હે મહાભાગ્યશાળી કૃષ્ણ! હે પ્રભો! હે ભક્તવત્સલ! તમેજ જેના નાથ છો એવા આ ગોકુળનું, કોપેલા ઇન્દ્રથી રક્ષણ કરવાને તમે યોગ્ય છો.'૧૩ શિલાઓની વૃષ્ટિ પડવાથી હણાતા અને બેભાન બનેલા વ્રજને જોઇ ભગવાને માન્યું કે, આ બધું કોપાયમાન થયેલા ઇન્દ્રે કર્યું છે.૧૪ અમે ઇન્દ્રના યજ્ઞનો ભંગ કર્યો, તેથી ઇન્દ્ર અમારો નાશ કરી નાખવા ઋતુ વિના અતિ ઉગ્ર, મોટા પવનવાળો અને શિલામય એવો વરસાદ વરસાવી રહ્યો છે.૧૫ ઠીક છે; હું મારા યોગસામર્થ્યથી આનો ઉપાય કરું છું અને મૂર્ખાઇથી પોતાને લોકોના ઈશ્વર માનનારા તે ઇન્દ્રાદિના લક્ષ્મીના મદરૂપી અંધકારને દૂર કરું છું.૧૬ સત્ત્વગુણથી અથવા મારી ભક્તિથી યુક્ત એવા દેવતાઓને 'અમે ઈશ્વર છીએ' આવો ગર્વ ઘટે નહિ; (છતાં તેઓને તેવો ગર્વ થયો છે; તો તેઓ હવે દુષ્ટ બન્યા છે.) આવા દુષ્ટ બનેલા દેવોનો મારા તરફથી માનભંગ થાય તે કેવળ તેઓના અભિમાનની શાંતિને માટેજ થઇ પડશે-મેં કરેલા એક અનુગ્રહરૂપજ થઈ પડશે.૧૭ માટે મારુંજ જેને શરણ છે, હુંજ જેનો નાથ છું અને મેં મારા તરીકે જેને સ્વીકાર્યું છે, તે આ વ્રજનું હું મારા યોગસામર્થ્યથી રક્ષણ કરીશ; કેમકે મારા ભક્તોની રક્ષા કરવાનો મેં સંકલ્પ કર્યો છે.'૧૮ એમ કહીને શ્રીકૃષ્ણે જેમ કોઈ બાળક બિલાડીના ટોપને રમતમાત્રમાં ઉઠાવી લે, તેમ પોતાના*એક હાથે ગોવર્ધન પર્વતને રમતમાત્રમાં ઉઠાવી લીધો.૧૯ પછી ભગવાને ગોવાળિયાઓને કહ્યું કે, 'હે માતા! હે પિતા! હે વ્રજનાં નિવાસીઓ! તમે પોતપોતાનાં ગાયોનાં ધણ સાથે ઘણીજ છૂટથી આ પર્વતના ખાડામાં પેસી જાઓ.૨૦ મારા હાથમાંથી પર્વત પડવાનો તમારે ભય રાખવો નહિ; તેમ વાયુ અને વરસાદનો પણ ભય રાખવો નહિ; કેમકે મેં તેનાથી તમારું સારી રીતે રક્ષણ કર્યું છે.'૨૧ શ્રીકૃષ્ણ ભગવાને એ પ્રમાણે તેઓના મનને આશ્વાસન આપ્યું; એટલે તેઓ સર્વે વ્રજવાસીઓ ગાડાં, ગાયોનાં ધણો અને નોકર-ચાકર તેમજ પુરોહિતો વગેરેની સાથે પર્વતના ખાડામાં જગ્યાની ઘણીજ છૂટથી પેસી ગયાં.૨૨ બરાબર સાત દિવસ સુધી ક્ષુધા અને તૃષાની પીડાને તથા સુખની સર્વ ઇચ્છાને તજી દઇ વ્રજવાસીઓ વડે જોવાતા શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કરી રાખ્યો હતો અને એક સ્થાનેથી પોતે જરા પણ ખસ્યા ન હતા.૨૩ એ પ્રમાણે શ્રીકૃષ્ણનું યોગસામર્થ્ય જોઇ ઇન્દ્ર અત્યંત આશ્ચર્ય પામ્યો, તેનો ગર્વ ઊતરી ગયો; વ્રજનો નાશ કરી નાખવાનો તેનો સંકલ્પ નાશ પામ્યો; જેથી તેણે પોતાના મેઘોને વરસતા અટ-

* એક હાથે એટલે ડાબા હાથેજ ભગવાને ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો, એમ હરિવંશમાં કહ્યું છે- 'स धृतः संगतो मेघैर्गिरिः सव्येन पाणिना'- મેઘોથી ઘેરાયલા ગોવર્ધન પર્વતને ભગવાને ડાબે હાથે ધારણ કર્યો હતો. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાવ્યા.[૨૪] પછી આકાશ વાદળથી રહિત થઇ ગયું; સૂર્યનો ઉદય થયો અને ભયંકર વાયુ તથા વરસાદ શાંત થઇ ગયા; તે જોઇને ગોવર્ધનધારી ભગવાને ગોવાળિયાઓને કહ્યું:[૨૫] 'હે ગોવાળિયાઓ! હવે તમે સ્ત્રીઓ, ધન તથા બાળકો સાથે બહાર નીકળો, ભય તજી દો; કારણ કે વાયુ તથા વરસાદ બંધ થયા છે અને નદીઓનાં પાણી પણ લગભગ ઓછાં થઈ ગયાં છે.[૨૬] તે પછી ગોવાળિયાઓ પોતાનો સરસામાન ગાડાંઓમાં ભરીને તેમજ પોતપોતાનાં ગાયોનાં ધણ લઇને સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોની સાથે ધીમે ધીમે બહાર નીકળ્યા.[૨૭] સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે પણ તે ગોવર્ધન પર્વતને સઘળાં પ્રાણીઓના દેખતાં રમતમાત્રમાં તેને પોતાને ઠેકાણે પૂર્વની પેઠેજ સ્થાપી દીધો.[૨૮] તે પછી પ્રેમના વેગથી પૂર્ણ થયેલા વ્રજવાસીઓ શ્રીકૃષ્ણની સમીપમાં ગયા અને આલિંગન વગેરેથી સ્નેહપૂર્વક તેમનો સત્કાર કરવા લાગ્યા. ગોપીઓએ પણ દહીં, ચોખા તથા જળ વડે ભગવાનની પૂજા કરી અને હર્ષપૂર્વક ઉત્તમ આશીર્વાદો અર્પણ કર્યા.[૨૯] યશોદા, રોહિણી, નંદરાય અને બળવાનોમાં શ્રેષ્ઠ બળદેવજી શ્રીકૃષ્ણને ભેટી પડી સ્નેહવિહ્વળ થઇને આશીર્વાદો આપવા લાગ્યા; તેમજ હે રાજા! આકાશમાં દેવગણો, સાધ્યો, સિદ્ધો, ગંધર્વો અને ચારણો પ્રસન્ન થઇને ભગવાનની સ્તુતિ તથા પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૩૦-૩૧] ઉપરાંત હે રાજન્! આકાશમાં દેવોએ વગાડેલા શંખો અને દુંદુભિનગારાં વાગવા લાગ્યાં; તેમજ તુંબુરુ વગેરે ગંધર્વપતિઓ ગાવા લાગ્યા.[૩૨] પછી હે રાજન્! પોતાના પર પ્રેમવાળા ગોવાળિયાઓથી વીંટાઇને શ્રીહરિ, બળદેવજી સાથે વ્રજમાં પધાર્યા અને પોતાના હૃદયમાં વસી રહેલા શ્રીકૃષ્ણનાં તેવાં તેવાં કર્મોને હર્ષભેર ગાતી ગોપીઓ પણ વ્રજમાં ગઇ."[૩૩]

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૫ મો સમાપ્ત

अध्याय २६ मो*

નંદરાયે વર્ણવેલું શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય

॥ श्रीशुक उवाच ॥

एवंविधानि कर्माणि गोपाः कृष्णस्य वीक्ष्य ते ।
अतद्वीर्यविदः प्रोचुः समभ्येत्य सुविस्मिताः ॥१

શ્રીશુકદેવજી બોલ્યા:–"શ્રીકૃષ્ણ ભગવાનનાં તેવાં કર્મો જોઇ તેમના પરાક્રમને નહિ જાણતા ગોવાળિયા અત્યંત આશ્ચર્ય પામ્યા. તેઓ નંદરાયની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યા:[૧] 'તમારા બાળકનાં આ કર્મો અત્યંત આશ્ચર્યકારક છે. આ બાળક આપણા જેવા ગામડિયાઓ વચ્ચે પોતાને માટે નિંદ્ય ગણાતો જન્મ પામવાને શી રીતે યોગ્ય ગણાય?[૨] આ બાળક હજી તો સાત વર્ષનો થયો છે; તેટલામાં જેમ કોઇ મહાન હાથી (સૂંઢ વડે) કમળને ધારણ કરે, તેમ માત્ર એકજ હાથે મોટા પર્વતને ધારણ કરતો કેવી રીતે ઊભો રહ્યો?[૩] જેમ કાળ શરીરના આયુષને પી જાય છે, તેમ આ બાળક ઘણોજ નાનો હતો, ત્યારે આંખો મીંચીને મહાબળવાળી પૂતનાના સ્તનને તેના પ્રાણોની સાથે કેવી રીતે ધાવી ગયો હતો?[૪] પહેલાં એક વાર આ બાળક એક ગાડાની નીચે સૂતો હતો, તે વખતે માત્ર ત્રણજ મહિનાનો હતો, છતાં રડતાં રડતાં તેણે પગ ઉછાળ્યા, એટલામાં તો તેના પગના અગ્રભાગથી અથડાઇને ગાડું ઊંધું પડી ગયું હતું.[૫] આ બાળક એક વર્ષનો હતો, ત્યારે એક દિવસે બેઠો હતો; તેવામાં તૃણાવર્ત દૈત્ય તેને આકાશમાં ઉઠાવી ગયો; ત્યારે ગળું પકડી ગૂંગળાવી નાખીને તે દૈત્યને આણે મારી નાખ્યો હતો.[૬] કોઈ વખતે માખણની ચોરી કરી હતી, ત્યારે

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણનાં અદ્ભુત કર્મોથી વિસ્મય પામેલા ગોવાળિયાઓ આગળ નંદરાયે ગર્ગનાં વચનો સંભળાવી તેમના ઐશ્વર્યનું વર્ણન કર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યશોદા માતાએ આને ખાંડણિયે બાંધ્યો હતો, છતાં પેલાં બે આંજણિયાનાં વૃક્ષોની વચ્ચે જઇને આણે પોતાના બન્ને હાથથી તે બન્ને વૃક્ષોને પાડી નાખ્યાં હતાં.[૭] એક વેળા વનમાં બાળકોથી વીંટાઇને બળદેવજીની સાથે આ વાછરડાં ચારતો હતો; તેવામાં (ત્યાં આવી) આનો નાશ કરવા ઇચ્છતા શત્રુ બકાસુરને આણે બે હાથ વડે મુખમાંથી ચીરી નાખ્યો હતો.[૮] એક સમયે એક દૈત્ય આને મારી નાખવાની ઇચ્છાથી વાછરડારૂપ થઈ વાછરડાંઓમાં પેસી ગયો હતો; તેને મારી નાખી તેના શબથી આણે રમતમાત્રમાં ઘણાં કોઠાંનાં ઝાડોને પાડી નાખ્યાં હતાં.[૯] એક વેળા બળદેવજીની સાથે રહીને આણે ગર્દભાસુરને તથા તેના બંધુઓને મારી નાખી પરિપક્વ ફળવાળા તાલવનને નિર્ભય કરી મૂક્યું હતું.[૧૦] પછી એક વખતે બળશાળી બળદેવજી પાસે ઉગ્ર પ્રલંબાસુરનો વધ કરાવી આણે વ્રજનાં પશુઓ તથા ગોવાળિયાઓને જંગલના અગ્નિથી પણ ઉગાર્યાં હતાં;[૧૧] તેમજ એક વેળા અત્યંત ક્રૂર ઝેરવાળા નાગરાજ કાલિયને મદરહિત કરી વશ કરીને બલાત્કારે ધરામાંથી હાંકી કાઢયો હતો ને યમુના નદીને ઝેરથી રહિત જળવાળી કરી હતી. હે નંદરાય! આ તમારા પુત્ર પર અમારો સર્વ વ્રજવાસીઓનો દુસ્ત્યજ સ્વાભાવિક પ્રેમ છે; તેમજ આ તમારા પુત્રનો અમારા પર પણ તેવોજ પ્રેમ છે. (તેથી શંકા થાય છે કે, આ કૃષ્ણ સર્વના આત્મા તો નહિ હોય?)[૧૨,૧૩] સાત વર્ષનો બાળક ક્યાં અને મોટા પર્વતને ઉપાડવો તે ક્યાં? હે વ્રજના સ્વામિ! આ ઉપરથી અમને તમારા પુત્ર પર શંકા થાય છે.'[૧૪]

નંદ બોલ્યાઃ–'હે ગોવાળિયાઓ! આ કુમારને ઉદ્દેશી ગર્ગાચાર્યે મને જે કહ્યું છે, તે હું તમને કહું છું; મારું વચન સાંભળો અને આ બાળકના સંબંધમાં તમારી શંકા દૂર થાઓ.[૧૫] (ગર્ગાચાર્યે કહ્યું હતું કે,) 'આ કુમાર પ્રત્યેક યુગમાં શરીર ધારણ કરે છે; તેથી પૂર્વના ત્રણ યુગમાં આ બાળકના શ્વેત, લાલ અને પીળો એવા ત્રણ વર્ણ હતા; ત્યારે હમણાં (આ યુગમાં) શ્યામ વર્ણને તે પ્રાપ્ત થાય છે. આ તમારો બાળક અગાઉ કોઇ વખતે વસુદેવના પુત્ર તરીકે પણ જન્મ્યો હતો, જેથી એ વસ્તુને જાણનારાઓ આને 'શ્રીમાન વાસુદેવ' એવા નામથી પણ કહે છે.[૧૬,૧૭] આ તમારા પુત્રનાં ગુણ–કર્મને અનુસરતાં અનેક નામો ને રૂપો છે, તે સર્વ હું જાણું છું; પણ લોકો જાણતા નથી.[૧૮] આ બાળક તમારું કલ્યાણ કરશે; ગોવાળિયા તથા ગોકુળને આનંદ આપનાર થશે અને આ બાળકથી તમે અનાયાસે સર્વ સંકટો તરી જશો. હે વ્રજપતિ! પૂર્વે જ્યારે કોઈ રાજા ન હતો, ત્યારે આ બાળકે લૂંટારાઓથી પીડાતા સત્પુરુષોની રક્ષા કરી હતી; જેથી તે સત્પુરુષોએ બળવાન બની લૂંટારાઓને જીતી લીધા હતા. જે મહાભાગ્યશાળી મનુષ્યો આ તમારા પુત્ર ઉપર પ્રીતિ કરશે તેઓનો, જેમ વિષ્ણુના પક્ષવાળાઓનો અસુરો પરાભવ કરી શકતા નથી, તેમ શત્રુઓ પરાભવ કરી શકશે નહિ; માટે હે નંદ! આ તમારો કુમાર ગુણો, લક્ષ્મી, કીર્તિ તથા પ્રભાવથી નારાયણ સમાન છે, જેથી તેનાં કર્મોમાં તમારે આશ્ચર્ય પામવું નહિ.'[૧૯-૨૨] સાક્ષાત્ ગર્ગાચાર્ય એ પ્રમાણે મને કહીને પોતાને ઘેર ગયા, તે દિવસથી આરંભી ઉત્તમ કર્મો કરનારા કૃષ્ણને હું નારાયણનો અંશ માનું છું.'[૨૩] એ પ્રમાણે નંદજીએ કહેલું ગર્ગાચાર્યનું વચન સાંભળી સર્વ વ્રજવાસીઓ કે જેઓએ અમાપ તેજવાળા શ્રીકૃષ્ણના પ્રભાવને જોયો હતો અને સાંભળ્યો હતો, તેઓ ખુશ થયા અને વિસ્મયરહિત થઇને તેઓએ નંદરાયનો તથા શ્રીકૃષ્ણનો આદરસત્કાર કર્યો.[૨૪] યજ્ઞનો નાશ થવાથી ક્રોધને લીધે ઇન્દ્રે વરસાદ વરસાવવા માંડ્યો, ત્યારે વીજળીઓ, કરા તથા પ્રચંડ પવનથી ગોવાળિયા, પશુઓ અને સ્ત્રીઓ જેમાં દુઃખી થઇ રહ્યાં હતાં અને પોતાનું-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ જેને શરણ હતું, એવા વ્રજને જોઇને દયાળુ ભગવાને હસતાં હસતાં જેમ કોઇ એક બાળક એક હાથે રમતમાત્રમાં બિલાડીના ટોપને ઉખેડી નાખી એક હાથે ધારણ કરે, તેમ લીલામાત્રમાં ગોવર્ધન પર્વતને એક હાથે ઉખેડી, હાથમાં ધારણ કરી વ્રજનું રક્ષણ કર્યું હતું, તે મહેન્દ્રનો મદ ઉતારનારા ગાયોના ઇન્દ્ર–શ્રીકૃષ્ણ અમારા ઉપર પ્રસન્ન થાઓ."[૨૫]

देवे वर्षति यज्ञविप्लवरुषा वज्राश्मवर्षानिलैः सीदत्पालपशुस्त्रि आत्मशरणं दृष्ट्वाऽनुकंप्युत्स्मयन्। उत्पाट्यैककरेण शैलमबलोलीलोच्छिलींध्रं यथा विभ्रद्गोष्ठमपान्महेंद्रमदभित्प्रीयान्न इंद्रो गवाम् ॥ २५ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૬ મો સમાપ્ત

અધ્યાય ૨૭ મો*

કામધેનુ તથા ઇન્દ્રે શ્રીકૃષ્ણનો ગાયોના ઇન્દ્ર તરીકે અભિષેક કર્યો

॥ श्रीशुक उवाच ॥

गोवर्धने धृते शैल आसाराद्रक्षिते व्रजे ।
गोलोकादाव्रजत्कृष्णं सुरभिः शक्र एव च ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ભગવાને ગોવર્ધન પર્વત ધારણ કર્યો અને જળવૃષ્ટિથી વ્રજનું રક્ષણ કર્યું, ત્યારે ઇન્દ્ર અને કામધેનુ ગાય ગોલોકમાંથી શ્રીકૃષ્ણની પાસે આવ્યાં.[૧] તેમાં ઇન્દ્રે ભગવાનનો અપરાધ કર્યો હતો, તેથી શરમાતાં શરમાતાં એકાંતમાં ભગવાનને મળીને સૂર્ય સમાન તેજસ્વી મુકુટથી ભગવાનના બન્ને ચરણોનો સ્પર્શ કર્યો;[૨] તે પછી અમાપ તેજવાળા શ્રીકૃષ્ણનો પ્રભાવ નજરે જોવાથી ને સાંભળવાથી જેનો ત્રણ લોકના ઈશ્વરપણાનો મદ ઊતરી ગયો હતો, એવો ઇન્દ્ર બે હાથ જોડીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.[૩]

ઇન્દ્ર બોલ્યોઃ–'હે ભગવન્! આપનું સ્વરૂપ શાંત, સદા એકરૂપ, પુષ્કળ જ્ઞાનમય અને વિશુદ્ધ સત્ત્વગુણમય છે; કારણ કે રજોગુણ તેમજ તમોગુણ તો આપના સ્વરૂપમાં છેજ નહિ અને તેથીજ આ (અમારામાં દેખાતો) માયાના કાર્યરૂપ સંસાર આપને છેજ નહિ; કારણ કે આ સંસાર તો અજ્ઞાનથીજ લાગુ થનારો છે; ત્યારે આપ તો સર્વજ્ઞ છો.[૪] હે ઈશ્વર! (આ પ્રમાણે આપને અજ્ઞાનનો તથા અજ્ઞાનજન્ય દેહનો જો સંબંધજ નથી;) તો પછી દેહના સંબંધથી થનારા અન્ય દેહના કારણરૂપ અને અજ્ઞાનીના ચિહ્નરૂપે જણાતા એવા લોભાદિનો સંબંધ તો ક્યાંથીજ હોય?‡ છતાં પણ આપ ભગવાન ધર્મની રક્ષા માટે અને દુષ્ટોને શિક્ષા કરવા માટે દંડ ધારણ કરો છો.[૫] આપ જગતના પિતા, ગુરુ, અધીશ્વર અને દુર્લંઘ્ય કાળરૂપ હોઇ દંડ ધારણ કરો છો. આપ સર્વનું કલ્યાણ કરવા માટે સ્વેચ્છાથી લીલાવતારો ધારણ કરી (અમારા જેવા) પોતાને જગતના ઈશ્વર માનનારાનાં અભિમાનનો નાશ કરતા લીલાઓ કરો છો.§[૬] મારા જેવા જ અજ્ઞાની છે, તેઓ પોતાને જગતના ઈશ્વર માને છે; પણ ભયનો સમય આવતાં સર્વ પ્રકારે નિર્ભય એવાં આપનાં દર્શન કરી પોતાના અભિમાનને તત્કાળ તજી દઈ ગર્વરહિત થઇને આપની ભક્તિરૂપ આર્ય માર્ગનો તેઓ આશ્રય કરે છે. આ રીતે આપની લીલાજ ખળ પુરુષોને શિક્ષારૂપ થઇ પડે છે.[૭] હે પ્રભો! હું ઐશ્વર્યના મદમાં ડૂબી ગયો હતો; આપના પ્રભાવને જાણતો ન હતો અને તેથીજ મૂઢ ચિત્તવાળો બની જઇ મેં

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણનો મહાન પ્રભાવ જોઇ કામધેનુ તથા ઇન્દ્ર તેમનો અભિષેકમહોત્સવ કર્યો, એ વર્ણવવામાં આવશે. —श्रीधर

‡ જ્યાંસુધી રાગ–દ્વેષાદિ છે ત્યાંસુધી જ્ઞાનીપણું નથીજ–એ વાત અહીં સિદ્ધ થાય છે. —मा. क.

§ અર્થાત્ આપની લીલાજ અમારા જેવા પોતાને જગતના ઈશ્વર માનનારાઓના માનનું ખંડન છે.—श्री०

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપનો અપરાધ કર્યો છે; તો આપ મારા ઉપર ક્ષમા કરવાને યોગ્ય છો. હે ઈશ્વર! મને આવી દુષ્ટ બુદ્ધિ ફરી ન થાઓ.⁸ ઇન્દ્રિયોનું જ્ઞાન જેમને પહોંચતું નથી, એવા હે દેવ! આપનો આ અવતાર પૃથ્વી ઉપર જેઓ ભારરૂપ છે ને જેઓથી બીજા અનેક ભારરૂપે ઉત્પન્ન થાય છે, તેવા દૈત્ય સેનાપતિઓનો વિનાશ કરવા માટે છે; પરંતુ આપના ચરણને સેવનારા જે ભક્તો છે, તેઓનું તો કલ્યાણ કરવા માટે છે.⁹ સર્વના અંતર્યામી મહાન આત્મા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું; વળી વસુદેવના પુત્ર અને યાદવોના પતિ આપ શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું.¹⁰ આપ વિશુદ્ધ જ્ઞાનમૂર્તિ, સર્વસ્વરૂપ, સર્વના કારણ ને સર્વ પ્રાણીઓના આત્મા છો, છતાં આપે પોતાની ઇચ્છાથી આ મનુષ્યશરીર ધારણ કર્યું છે; હું આપને નમસ્કાર કરું છું.¹¹ હે ભગવન્! આપે મારા યજ્ઞનો વિનાશ કર્યો એટલે મેં અભિમાનીએ તીવ્ર ક્રોધમાં આવી જઇને વરસાદ તથા વાયુ વડે વ્રજનો નાશ કરવા માટે આ અકૃત્ય કર્યું હતું;¹² પણ હે ઈશ્વર! આપે મારા ઉદ્યમને વૃથા કરી મારો ગર્વ ઉતારી મારા પર અનુગ્રહ કર્યો છે. સર્વના ઈશ્વર, ગુરુ અને આત્મારૂપ એવા આપને હું શરણે આવ્યો છું.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ—" ઇન્દ્રે એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે ભગવાન કૃષ્ણે હસતાં હસતાં મેઘના જેવી ગંભીર વાણી વડે તેને આ પ્રમાણે કહ્યું.¹³⁻¹⁴

શ્રીભગવાન બોલ્યાઃ—'હે ઇન્દ્ર! તમે ઇન્દ્રની લક્ષ્મીથી મદોન્મત્ત થઇ ગયા હતા, તેથી નિત્ય મારું સ્મરણ રહે, તે માટે તમારા પર અનુગ્રહ કરીને મેં તમારા યજ્ઞનો ભંગ કર્યો છે. હું જેના પર (જે અભિમાની ભક્ત પર) અનુગ્રહ કરવા ઇચ્છું છું, તેને સંપત્તિથી ભ્રષ્ટ કરું છું, કારણ કે ઐશ્વર્ય અને લક્ષ્મીના મદથી અંધ થયેલો મનુષ્ય હાથમાં દંડ ધારણ કરનારા મને જોતો નથી—મારી પરવા કરતો નથી. હે ઇન્દ્ર! હવે તમે જાઓ; તમારું કલ્યાણ થાઓ. મારી આજ્ઞા તમે પાળો અને પ્રમાદથી રહિત થઇ, અહંકારનો ત્યાગ કરી દઇ પોતાના અધિકાર પર રહો.' ભગવાને એમ કહ્યું તે પછી ઉદાર મનવાળી કામધેનુ ગાય, ગોપાળનું રૂપ ધારણ કરનારા ઈશ્વર શ્રીકૃષ્ણને પોતાનાં સંતાનો સાથે વંદન કરી 'હે કૃષ્ણ! હે કૃષ્ણ!' એમ સંબોધીને કહેવા લાગી.¹⁵⁻¹⁸

કામધેનુ બોલીઃ—' હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગિન્! હે જગતના આત્મા! હે જગતના ઉત્પત્તિકારણ! હે અચ્યુત! લોકોના નાથ એવા આપજ અમારા નાથ છો. હે જગતના પતિ! આપ અમારા પરમ દેવ છો; આપ અમારા ઇન્દ્ર છો; આપ ગાયો, બ્રાહ્મણો, દેવો તથા સત્પુરુષોના કલ્યાણને માટે ઇન્દ્ર થાઓ.¹⁹⁻²⁰ અમને બ્રહ્માએ આજ્ઞા કરી છે, તેથી અમે આપનો ઇન્દ્ર તરીકે અભિષેક કરીશું. હે જગતના આત્મા! પૃથ્વીનો ભાર ઉતારવા માટે આપ અવતર્યા છો.'²¹ એ પ્રમાણે પોતાના ઇન્દ્ર થવા માટે શ્રીકૃષ્ણની પ્રાર્થના કરીને કામધેનુએ પોતાના દૂધથી ભગવાનનો ઇન્દ્રપદે અભિષેક કર્યો અને ઇન્દ્રે દેવર્ષિઓની સાથે રહી દેવમાતાઓની પ્રેરણાથી ઐરાવત હાથીની સૂંઢથી આણેલા આકાશગંગાના જળ વડે ભગવાનનો ઇન્દ્રપદે અભિષેક કર્યો અને 'ગોવિંદ+' એવું નામ પાડ્યું. તે વેળા ત્યાં આવેલા તુંબુરુ, નારદ વગેરે અને ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો તથા ચારણો, લોકોના પાપનો નાશ કરનાર શ્રીહરિનો યશ ગાવા લાગ્યા અને દેવાંગનાઓ હર્ષયુક્ત થઇ નૃત્ય કરવા લાગી.²²⁻²⁴ મોટા મોટા દેવો શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા અદ્ભુત પુષ્પોની વૃષ્ટિ વડે તેમને વધાવવા

+ 'गाः इन्द्रत्वेन विंदति गोविंदः।' એટલે ગાયોના ઇન્દ્ર; અને गां-स्वर्गम् इन्द्रत्वेन विंदति इति गोविंदः। એટલે સ્વર્ગના ઇન્દ્ર. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાગ્યા. ત્રણે લોકો પરમ શાંતિ પામ્યા અને તે વખતે ગાયોએ પૃથ્વીને દૂધથી ભીની કરી મૂકી. નદીઓ દૂધ વગેરે જાતજાતના રસોને વહેવા લાગી; વૃક્ષોમાંથી મધની ધારાઓ ઝરવા લાગી; જાતજાતની ઔષધિઓ ખેડ્યા વિનાજ પાકી ગઇ અને પર્વતો પોતાનામાં રહેલા મણિઓને બહાર પ્રકટ કરી ધારણ કરવા લાગ્યાં.[૨૫।૨૬] હે કુરુવંશી તાત! એ પ્રમાણે શ્રીકૃષ્ણનો ઇન્દ્રપદે અભિષેક થયો, ત્યારે જે પ્રાણીઓ સ્વભાવથીજ ક્રૂર હતાં તેઓ પણ વૈરથી રહિત થઈ ગયાં.[૨૭] એ રીતે સ્વર્ગ તથા ગોકુલના પતિ ગોવિંદ ભગવાનનો અભિષેક કરી ઇન્દ્ર શ્રીકૃષ્ણની સંમતિ લઇને દેવો વગેરેની સાથે સ્વર્ગમાં ગયો."[૨૮]

इति गोगोकुलपतिं गोविंदमभिषिच्य सः ।
अनुज्ञातो ययौ शक्रो वृतो देवादिभिर्दिवम् ॥२८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૭ મો સમાપ્ત

अध्याय २८ मो×

શ્રીકૃષ્ણે નંદજીને વરુણલોકમાંથી પાછા આણ્યા

॥ શ્રીશુક ઉવાચ ॥

एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनम् ।
स्नातुं नंदस्तु कालिंद्या द्वादश्यां जलमाविशत् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એકાદશીને દિવસે નિરાહાર રહેલા નંદજીએ ભગવાનનું પૂજન કર્યું અને બારશને દિવસે (વહેલા ઊઠીને) યમુના નદીના જળમાં સ્નાન કરવા પ્રવેશ કર્યો.[૧] તે વેળા પાછલી રાત્રિના સમયે આસુરી વેળા નહિ જાણીને જળમાં પેઠેલા નંદરાયને વરુણનો સેવક એક અસુર પકડીને વરુણની પાસે લઇ ગયો+ [૨]એટલે નંદજીને નહિ જોતાં ગોવાળિયાઓ 'હે કૃષ્ણ! હે રામ!' એમ બૂમો પાડવા લાગ્યા. તે સાંભળીને ભગવાન કૃષ્ણ પોતાના પિતાને વરુણ પાસે લઈ જવામાં આવ્યા છે, તે જાણી લઈ વરુણદેવની પાસે ગયા. કારણકે હે રાજા! ભગવાન તો પોતાના ભક્તોને અભય આપનારાજ છે.[૩] લોકપાલ વરુણદેવે શ્રીકૃષ્ણ ભગવાનને આવેલા જોઇ મહાપૂજાથી તેમની પૂજા કરી; પછી તેમનાં દર્શનને મોટા ઉત્સવરૂપ માનતા વરુણદેવે આ રીતે કહ્યું:

વરુણદેવ બોલ્યાઃ–'હે પ્રભો! મેં આજે દેહ ધર્યો છે–આપના દર્શનથી મારા દેહનું આજેજ સાફલ્ય થયું છે અને આજેજ મને સર્વ અર્થ મળ્યા છે. હે ભગવન્! આપના ચરણને ભજનારાઓ આ સંસારમાર્ગના પારરૂપ મોક્ષને પામી ચૂક્યા છે.[૪।૫] પૂર્ણ પરમાત્મા આપ–ભગવાનને હું નમસ્કાર કરું છું; જે આપને વિષે લોકસૃષ્ટિને કલ્પનારી માયા સંભળાતી નથી.[૬] ભગવદ્ધર્મને નહિ જાણતા અને તેથીજ આવું અકાર્ય કરી જાણતા મારા મૂઢ સેવકે આપના પિતાને અહીં આણ્યા છે; તે માટે આપ ક્ષમા કરવાને યોગ્ય છો.[૭] હે કૃષ્ણ! સર્વના દ્રષ્ટા એવા આપ મારા ઉપર પણ અનુગ્રહ કરવાને યોગ્ય છો. હે પિતા ઉપર પ્રેમ રાખનારા ગોવિંદ! આપના પિતા આ રહ્યા; તેમને આપ લઈ જાઓ.'[૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ઈશ્વરના પણ ઈશ્વર ભગવાન કૃષ્ણને વરુણદેવે પ્રસન્ન કર્યા;

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે નંદરાયને વરુણના લોકમાંથી પાછા આણ્યા અને ગોવાળિયાઓને વૈકુંઠલોકનાં દર્શન કરાવ્યાં, એ કથા કહેવાશે. —શ્રીધર

+ નંદરાયે તે એકાદશી કરી હતી તેના પારણાના સમયે બીજે દિવસે બારશના સૂર્યોદય વખતે માત્ર અર્ધી કલા પહોંચતી હતી; તેથી **कलार्धां द्वादशीं दृष्ट्वा निशीथादूर्ध्वमेव हि । आमध्याह्नाः क्रियाः सर्वाः कर्तव्याः शंभुशासनात् ॥** સૂર્યોદય પછી માત્ર અર્ધી કલા બારસ પહોંચતી હોય, તો મધ્યાહ્ન સુધીની સર્વ ક્રિયાઓ એકાદશીની મધ્યરાત્રિ પછી કરી લેવી, એમ શંકર ભગવાનની આજ્ઞા છે. આવા શાસ્ત્રવચનથી દ્વાદશીમાંજ પારણાં વગેરેથી પરવારી લેવા માટે નંદરાય આસુરી વેળા જાણ્યા વિના મધ્યરાત્રિ પછી યમુનાના જળમાં સ્નાન કરવા પેઠા હતા; પણ એ શાસ્ત્રાધારને નહિ જાણી વરુણનો સેવક તેમને વરુણ પાસે લઇ ગયો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC-0. In Public Domain. Digitization by eGangotri

પછી પોતાના સંબંધીઓને આનંદ ઉપજાવતા શ્રીકૃષ્ણ પોતાના પિતાને લઇને (યમુનાના તીર પર) પધાર્યા.[૯] ઇન્દ્રિયોથી ન જોઇ શકાય એવા લોકપાલ વરુણના ઐશ્વર્યને તેમજ તે વરુણ વગેરેએ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા હતા, તે જોઈને નંદજી આશ્ચર્ય પામ્યા. તેમણે એ વાત પોતાના જ્ઞાતિભાઓને કહી સંભળાવી.[૧૦] હે રાજન્ ! તે પછી ગોવાળિયાઓ તે શ્રીકૃષ્ણને ઈશ્વર માનીને ઉત્કંઠિત બુદ્ધિવાળા થઈ મનમાં આવો સંકલ્પ કરવા લાગ્યા કે, 'અધીશ્વર શ્રીકૃષ્ણ આપણને પોતાના સ્થાનરૂપ સૂક્ષ્મગતિ પમાડશે !'[૧૧] સર્વદ્રષ્ટા ભગવાન કૃષ્ણે પોતાના ભક્ત એ ગોવાળિયાઓનો સંકલ્પ જાણી લીધો અને તેમના સંકલ્પની સિદ્ધિ માટે તેઓના ઉપરની કૃપાથી પોતે આવો વિચાર કર્યો કે,[૧૨] 'આ જગતમાં મનુષ્યને પ્રથમ દેહાદિ ઉપર અહંબુદ્ધિ થાય છે; તે પછી કામવાસનાઓ પ્રકટે છે અને પછી જાતજાતનાં કર્મો કરે છે; તેને લીધે ઉચ્ચ–નીચ ગતિઓમાં ભટકતો મનુષ્યલોક સ્વસ્વરૂપને જાણી શકતો નથી.'[૧૩] આવો વિચાર કરી મહાદયાળુ ભગવાન શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને પ્રકૃતિથી પર રહેલા પોતાના બ્રહ્મસ્વરૂપનાં દર્શન કરાવ્યાં અને પછી પોતાના વૈકુંઠલોકનાં પણ તેમને દર્શન કરાવ્યાં.[૧૪] ભગવાનનું જે બ્રહ્મસ્વરૂપ ત્રિકાલાબાધ્ય, જ્ઞાનમય, અનંત, સ્વયંપ્રકાશ તથા નિત્યસિદ્ધ છે અને ગુણોનો ત્યાગ કર્યા પછી સમાધિનિષ્ઠ રહેનારા મુનિઓ જે સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, (તે સ્વરૂપનાં ગોવાળિયાઓએ અનાયાસે દર્શન કર્યાં.) તે ગોવાળિયાઓને બ્રહ્મસ્વરૂપરૂપી ધરામાં શ્રીકૃષ્ણે પહોંચાડ્યા, ત્યારે તેઓ તેમાં મગ્ન થઇ ગયા. પછી શ્રીકૃષ્ણેજ તેઓને તેમાંથી બહાર કાઢ્યા—સમાધિમાંથી વ્યુત્થાનદશામાં આણ્યા ને પછી તેઓએ તેજ પરબ્રહ્મના વૈકુંઠલોકનાં દર્શન કર્યાં, કે જ્યાં §પૂર્વે અક્રૂર ગયા હતા. નંદાદિ ગોવાળિયાઓ તે વૈકુંઠલોકનાં દર્શન કરી પરમાનંદથી પૂર્ણ બન્યા અને ત્યાં વેદોથી સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણનાં દર્શન કરી અત્યંત આશ્ચર્ય પામ્યા."[૧૫,૧૬]

नंदादयस्तु तं दृष्ट्वा परमानंदनिर्वृताः ।
कृष्णं च तत्रच्छंदोभिः स्तूयमानं सुविस्मिताः ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૨૮ મો સમાપ્ત

अध्याय २९ मो*

×રાસક્રીડાના સમારંભમાં ભગવાનનું અદૃશ્ય થવું

॥ શ્રીશુક ઉવાચ ॥

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रंतुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥१॥

§ જો કે અક્રૂરે ગોવાળિયાઓના પછી ઘણા સમયે વૈકુંઠલોકનાં દર્શન કર્યાં હતાં, પરંતુ અહીં 'પૂર્વે' એમ કહીને શુકદેવજી પોતાનાથી અક્રૂરને પૂર્વકાળના સૂચવે છે. —ભા૦ ક૦

* આ અધ્યાયમાં રાસક્રીડા માટે શ્રીહરિના ગોપીઓ સાથે ઉત્તર–પ્રત્યુત્તર અને રાસક્રીડા જામતાં ભગવાનનું અદૃશ્ય થવું, વગેરે કૌતુક વર્ણવાશે. —શ્રીધર

× ભગવાનની રાસક્રીડાનું જે વર્ણન અહીં કરેલ છે, તે બધું આધ્યાત્મિકજ છે, ઐતિહાસિક નથી, એમ વિચાર કરવાથી સ્પષ્ટ સમજી શકાય છે. શૃંગારરસદ્વારા ભક્તિનો ઉદય અને દૃઢતા તરત થઇ શકે છે, એટલા માટેજ શાસ્ત્રકારોએ શૃંગાર રસમાં વિવેચન કર્યું છે. કૃષ્ણ અને ગોપીનો આધ્યાત્મિક અર્થ શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહેલો છે:–

'कृषिर्भूवाचकःशब्दो णश्च निर्वृतिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥'

'स्वमात्रं ब्रह्म गोपायति आवृणोतीति गोपी माया।' અથવા 'स्वातिरिक्तास्तित्वभ्रमं नामरूपाभ्यां गोपायतीति गोपी माया।'

'કૃષ્ણ' શબ્દમાં 'કૃષ્' શબ્દ સત્તાવાચક અને 'ણ' આનંદવાચક છે. તે બંને (સત્ અને આનંદ) નું ઐક્ય જેમાં છે, એવા સચ્ચિદાનંદ પરબ્રહ્મજ કૃષ્ણ કહેવાય છે તથા જે પરબ્રહ્મની ઉપર આવરણ કરે, તે ગોપી–માયા અથવા આત્માથી અતિરિક્ત વસ્તુ છે, એવા ભ્રમનું નામરૂપથી રક્ષણ કરે તે ગોપી–માયા. એવી રીતે આધ્યાત્મિક કૃષ્ણ અને આધ્યાત્મિક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજા! શરદ્ઋતુને લીધે મલ્લિકાઓ જેમાં ખીલી રહી હતી, એવી (અને જેમાં રમવાની પોતે પ્રતિજ્ઞા કરી હતી, તે શરદ્ઋતુની) રાત્રિઓ જોઇને ભગવાને પણ યોગમાયાનો આશ્રય કરી મનમાં રમવાનો વિચાર કર્યો.‡[1] તે સમયે ઘણા લાંબા કાળે મળેલો પતિ પોતાની પ્રિયાના મુખને કેસરથી જેમ વિલેપન કરે, તેમ પોતાનાં અતિશય સુખકારી કિરણો વડે લાલ એવા ઉદયકાળના રંગથી પૂર્વદિશાના મુખને લાલ કરતો ચંદ્રમા ઉદય પામ્યો; જે ચંદ્રમા લોકોના તાપને શાંત કરતો હતો.[2] સંપૂર્ણ મંડળવાળા, લક્ષ્મીના મુખ સમાન શોભતા અને નવા કેસર જેવા લાલ તે ચંદ્રને તેમજ તેનાં કોમળ કિરણોથી રંગાયલા વનને જોઇ, શ્રીકૃષ્ણે સ્ત્રીઓનાં મનને હરણ કરે તેવું મધુર ગાયન ગાવા માંડ્યું;[3] જે ગાયન કામદેવની વૃદ્ધિ કરનારું હતું. તેને સાંભળીને જેઓનાં મન પ્રથમથીજ શ્રીકૃષ્ણે હરી લીધાં હતાં, એવી વ્રજની સ્ત્રીઓ, પોતાની આવવાની તૈયારી એકબીજીને નહિ જાણવા દેતાં જ્યાં પોતાના પ્રિય શ્રીકૃષ્ણ ભગવાન હતા, ત્યાં વેગપૂર્વક આવી પહોંચી; ત્યારે તેઓનાં કુંડળો વેગને લીધે હાલી રહ્યાં હતાં.[4] કેટલીક ×સ્ત્રીઓ ગાયો દોહતી હતી,

ગોપીની લીલા (ચૈતન્ય અને માયા–કાર્યનો વિલાસ) જે સંસારના આરંભથી અંત સુધી સતત ચાલુ રહ્યા કરે છે, એનુંજ શાસ્ત્રકારોએ સુંદર ભાવપૂર્ણ ભાષામાં વિવેચન કર્યું છે. કદાચ કોઈ ઐતિહાસિક કૃષ્ણની લીલા કહે તો તે બની શકે નહિ; કારણ કે રાસલીલા થઇ, તે વખતે યદુનંદન શ્રીકૃષ્ણ ભગવાનની ઉંમર માત્ર ૯ વર્ષની હતી. આવી નાની અવસ્થાવાળા માટે દીર્ઘદર્શી ઋષિમુનિઓ શાસ્ત્રવિરુદ્ધ ક્રીડા કરવાનું લખે નહિ, એ સહજ કોઇ સમજી શકે તેમ છે.

શ્રીમદ્ભાગવતમાં લખે છે કે, **वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ।** ' (૧૦–૨૯–૧) અખિલ બ્રહ્માંડની ઉત્પત્તિ કરવાવાળી યોગમાયાનો આશ્રય કરીને ભગવાને લીલા કરવાનો વિચાર કર્યો. ત્યાર પછી **आत्मन्यवरुद्धसौरतः** (૧૦–૩૩–૨૬) પોતાનામાંજ વિશ્વોત્પાદક વીર્યનો નિરોધ કરીને માયાથી વિલાસ કરવાવાળા તથા **कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः । रेमे स भगवांस्ताभिरात्मारामोऽपि लीलया ॥** (૧૦–૩૩–૨૦) જેટલી ગોપસ્ત્રીઓ (માયાના કાર્યરૂપ શરીર) હતી, તેટલાંજ પોતાનાં સ્વરૂપને ઉત્પન્ન કરીને લીલા કરી. એવીજ રીતે **रेमे रमेशो व्रजसुन्दरीभिर्यथाऽर्भकः स्वप्रतिबिम्बविभ्रमः ॥** (૧૦–૩૩–૧૭) જેવી રીતે નાનું બાળક પોતાની છાયાની સાથે રમે, તેવી રીતે રમાપતિએ (વિશ્વ ઉત્પન્ન કરવાવાળી માયાના સ્વામીએ) વ્રજસુંદરીથી (માયા કાર્યરૂપ વિનાશી શરીરોમાં) વિલાસ કર્યો. આવાં આવાં અનેક વચન પરબ્રહ્મ અને માયાની લીલાનો સ્પષ્ટ બોધ કરાવે છે.

પરંતુ જેવી રીતે શાસ્ત્રમાં અનેક ક્ષેપક અધ્યાયો અને શ્લોકો મિશ્રિત થઇ ગયા છે; તેવીજ રીતે ૩૩મા અધ્યાયના ૨૭ થી ૪૦ શ્લોકની અંદર કેટલાક શ્લોકોનો ક્ષેપક જેવો ભાસ થાય છે, જેથી આક્ષેપ કરનારાઓ આક્ષેપ કરે છે અને એવા શ્લોકોની સંગતિ રાખવા માટે ટીકાકારોએ ભગવાનની માનુષી લીલારૂપે અર્થ દર્શાવેલ છે.

‡ બ્રહ્મા વગેરે દેવોને જીતી લેવાથી ગર્વિષ્ઠ બની ગયેલા કામદેવના ગર્વને પણ ઉતારનાર અને ગોપીઓનાં રાસમંડળને શોભાવનાર શ્રીકૃષ્ણનો જયજયકાર હો. કદાચ કોઇને શંકા થાય કે, પારકી સ્ત્રીઓ સાથે વિનોદ કરવા છતાં શ્રીકૃષ્ણ કામદેવને જીતે, એ તો વિપરીત લાગે છે; આવી શંકા કરવી તે ઠીક નથી. કેમકે **योगमायामुपाश्रितः** ભગવાને યોગમાયાનો આશ્રય કર્યો હતોઃ **आत्मारामोऽप्यरीरमत्** –પોતે તો આત્મામાંજ રમણ કરનારા છે, છતાં શ્રીકૃષ્ણે ગોપીઓને રમાડીઃ **साक्षात्मन्मथमन्मथः** –સાક્ષાત્ કામદેવને મથી નાખનાર; **आत्मन्यवरुद्धसौरतः** શ્રીકૃષ્ણે પોતાનું વીર્ય સ્ખલિત થવા દીધું ન હતું, ઇત્યાદિ વચનોથી જણાય છે કે, ભગવાને ગોપીઓ સાથેની ક્રીડા વખતે પણ પોતાનું સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું હતું. ભગવાને રાસક્રીડા કરી, તે કેવળ કામદેવને જીતવા માટેજ કરી હતી; એવું રાસક્રીડાની લીલાનું રહસ્ય છે. વળી અહીંથી પાંચ અધ્યાયોમાં શૃંગારરસના બહાને મુખ્યત્વે કરી શૃંગારરસથી નિવૃત્તિજ સૂચવી છે–હવે પછીની શૃંગારરસની કથા કેવળ નિવૃત્તિનોજ ઉપદેશ કરનારી કથા છે, એમ અમે સ્થળે સ્થળે જાહેર કરીશું.–શ્રી૦

× શ્રીકૃષ્ણસૂચક શબ્દને સાંભળતાંજ તેમના ભક્તોની ધર્મ, અર્થ અને કામ–એ ત્રણેની નિવૃત્તિ થઈ જાય છે, એ આશય સૂચવતી ગોપીઓ અર્ધાં અર્ધાં કામ પડતાં મૂકી ચાલી; એ આશયથી કહે છે.–શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

તે દોહવું છોડી દઇ ઉતાવળી ત્યાં જઇ પહોંચી; બીજી કેટલીક સ્ત્રીઓ દૂધ ગરમ કરવા મૂક્યું હતું, તેને ઉતાર્યા વિનાજ ત્યાં જઇ પહોંચી; કેટલીક ચૂલા પર ચડાવેલી અને રંધાઈ ગયેલી લાપસી પણ નહિ ઉતારીને તે તરફ દોડી ગઇ; કેટલીક પીરસતી હતી, તે પડતું મૂકી ત્યાં પહોંચી ગઇ; કેટલીક બાળકોને ધાવણ ધવરાવતી હતી, તે છોડીને ત્યાં દોડી ગઈ; કેટલીક પતિઓની સેવા કરતી હતી, તે પડતી મૂકી ત્યાં જઇ પહોંચી; કેટલીક ભોજન કરતી હતી, તેને અધૂરું મૂકી ત્યાં ગઇ; કેટલીક લીંપતી હતી, તેને પડતું મૂકી ત્યાં જઇ પહોંચી; કેટલીક શરીરને સ્વચ્છ કરતી હતી, તે પણ છોડીને ચાલી નીકળી; કેટલીક નેત્રો આંજતી હતી, તે પણ અધૂરું મૂકી નીકળી પડી અને કેટલીક તો વસ્ત્રો તેમજ અલંકારોને *આડાઅવળા પહેરી લઇ (એટલે ચણિયાને બદલે સાલ્લો ને સાલ્લાને બદલે ચણિયો; તેમજ હાથનાં કડાં પગમાં ને પગનાં ઝાંઝર હાથમાં એમ પહેરીને) શ્રીકૃષ્ણ પાસે જઈ પહોંચી.[૫–૭] એ વેળા તે સ્ત્રીઓને તેમના પતિઓ, પિતાઓ, ભાઈઓ તથા સગાંસંબંધીઓએ અટકાવી હતી; તોપણ શ્રીકૃષ્ણે હરી લીધેલાં મનવાળી તે મોહિત થયેલી સ્ત્રીઓ અટકી ન હતી.+[૮] ઘરમાં રહેલી કેટલીક ગોપીઓ બહાર નીકળવા પામી ન હતી; પણ તેઓ પ્રથમથીજ શ્રીકૃષ્ણની ભાવનાથી યુક્ત હોઇને તે વખતે નેત્રો બંધ કરી તેમનું ધ્યાન કરતી હતી;[૯] એટલુંજ નહિ પણ પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણના વિરહથી ઉત્પન્ન થયેલા તીવ્ર તાપ વડે જેઓનાં સર્વ પાપ બળી ગયાં હતાં અને ધ્યાનદ્વારા (હૃદયમાં) પ્રાપ્ત થયેલા શ્રીકૃષ્ણને આલિંગન કરવાથી થયેલી શાંતિને લીધે જેઓનાં પુણ્યકર્મ પણ નાશ પામ્યાં હતાં, એવી તે (ઘરમાંથી નીકળવા નહિ પામેલી) ગોપીઓએ તેજ શ્રીકૃષ્ણ પરમાત્માને જો કે જારબુદ્ધિથી પ્રાપ્ત કર્યા હતા; તોપણ તત્કાળ સર્વ બંધનોથી રહિત* થઇને ગુણમય શરીરનો તેઓએ ત્યાગ કર્યો હતો–શ્રીકૃષ્ણના સ્વરૂપને પામી ગઇ હતી."[૧૦,૧૧]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે મુનિ! ગોપીઓ શ્રીકૃષ્ણને કેવળ ‡જાર–પતિ તરીકે માનતી હતી; બ્રહ્મસ્વરૂપે કે પરમાત્માસ્વરૂપે માનતી ન હતી; છતાં તે ગુણબુદ્ધિરૂપ કામવાસનાવાળી ગોપીઓને ગુણોના પ્રવાહરૂપ સંસારની નિવૃત્તિ કેમ થઇ?"[૧૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"આ સંબંધે તમને પ્રથમજ કહેવામાં આવ્યું છે કે, શિશુપાલ શ્રીકૃષ્ણનો દ્વેષી હતો, તોપણ તે સિદ્ધિ પામ્યો હતો; તો પછી શ્રીકૃષ્ણને પ્રિય અને શ્રીકૃષ્ણ ઉપર પ્રીતિ ધરાવતી તે ગોપીઓ સિદ્ધિને પામે અથવા મોક્ષને પ્રાપ્ત કરે, એમાં શું કહેવાનું હોય?[૧૩] હે રાજા! ભગવાન જો કે વિકારશૂન્ય, બુદ્ધિ આદિથી અમાપ, નિર્ગુણ અને ગુણોના નિયંતા છે, તોપણ મનુષ્યોનાં કલ્યાણ માટેજ તેમનો અવતાર હોય છે.[૧૪] માટે શ્રીહરિ વિષે નિત્ય કામ, ક્રોધ, ભય,

---

* કેવળ શ્રીકૃષ્ણપ્રીત્યર્થે કરેલું ભક્તજનોનું કર્મ કદાચ આડુંઅવળું થઇ ગયું હોય, તોપણ તે સફળજ છે, એ અભિપ્રાયથી કહે છે. —શ્રીધર

\+ આમ કહીને એ સૂચવ્યું છે કે, જેઓનાં મન શ્રીકૃષ્ણે આકર્ષ્યાં હોય છે, તેઓને વિઘ્ન નડતાં નથી. —શ્રીધર

* આ સંસારમાં પતિ–પુત્ર વગેરે સર્વ કંઈ બ્રહ્મજ છે; છતાં તેઓની સેવા કરવાથી મોક્ષ થતો નથી; કેમકે તેઓનું સેવન કરતી વેળા સેવા કરનારને તેઓ ઉપર બ્રહ્મબુદ્ધિ હોતી નથી; તેજ પ્રમાણે શ્રીકૃષ્ણ જો કે બ્રહ્મજ છે; તોપણ તેમના ઉપર ગોપીઓની બ્રહ્મબુદ્ધિ હતી નહિ, તો પછી તેઓનો મોક્ષ કેમ સંભવી શકે? એવી શંકા કરે છે. —શ્રીધર

‡ અર્થાત્ વસ્તુમાં રહેલી શક્તિ કંઇ બુદ્ધિની પરવા કરતી નથી. અમૃતને ઝેરની બુદ્ધિથી પીધું હોય, તોપણ અમૃત તે તો અમૃતજ રહેવાનું અને અજરામર કરવાનુંજ. એ પ્રમાણે શ્રીકૃષ્ણને જાર–બુદ્ધિથી ભજીને પણ ગોપીઓ મોક્ષપંથે પહોંચી જાય, તો કંઇ આશ્ચર્ય નજ ગણાય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

સ્નેહ, હરકોઈ સંબંધ કે મિત્રતા, એ કંઈ પણ કરનારાં પ્રાણીઓ અવશ્ય શ્રીહરિમયપણાને પામે છે;[૧૫] માટે યોગેશ્વરોના પણ ઈશ્વર અને અજન્મા એવા શ્રીકૃષ્ણવિષે (તે તે સંબંધે) તમારે વિસ્મય પામવું નહિ. કારણ કે શ્રીકૃષ્ણના આશ્રયથી સ્થાવર–જંગમ હરકોઈ મુક્ત થાય છે.[૧૬] પછી તે વ્રજની સ્રીઓને પોતાની સમીપ આવેલી જોઇ વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ વાણીના વિલાસોથી તેઓને મોહિત કરતા કહેવા લાગ્યા.[૧૭]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે મહાભાગ્યશાળી સ્રીઓ! તમે ભલે આવી; હું તમારું શું પ્રિય કરું? વ્રજનું કુશળક્ષેમ તો છે ને? તમારું આવવાનું કારણ મને કહો. આ રાત્રિ મહાભયંકર દેખાય છે અને ભયંકર પ્રાણીઓ આ રાત્રિને સેવી રહ્યાં છે; માટે જેની કમર સુંદર છે, એવી હે ગોપીઓ! તમે વ્રજમાં પાછી જાઓ; તમારે અહીં રહેવું યોગ્ય નથી.[૧૮-૧૯] તમારી માતાઓ, પિતાઓ, પુત્રો, ભાઈઓ તથા પતિઓ તમને નહિ જોતાં, તમારી શોધખોળ કરી મૂકશે; તમારે તમારાં સગાંસંબંધીઓને ભય ઉપજાવવો ન જોઇએ.[૨૦] પુષ્પોથી ખીલી રહેલું, પૂનમના ચંદ્રનાં કિરણોથી રંગાયલું અને યમુનાના પવનની લહેરોથી ડોલતાં વૃક્ષોનાં પાંદડાંઓ વડે શોભી રહેલું આ વન તમે જોયું છે.[૨૧] માટે હે સતીઓ! તમે વ્રજમાં જાઓ, વિલંબ કરો મા અને તમારા પતિઓની સેવા કરો. તમારાં છોકરાં અને વાછરડાં બૂમો પાડે છે; તેઓને ધવરાવો અને ગાયોને દોહો.[૨૨] અથવા મારા ઉપરના સ્નેહથી વશ થયેલાં અંતઃકરણવાળી તમે અહીં આવી હો, તો તે પણ તમને યોગ્ય જ છે; કેમકે (આત્મારૂપ) મારા પર સર્વ પ્રાણીઓ સ્નેહ કરે છે.[૨૩] હે કલ્યાણી સ્રીઓ! નિષ્કપટપણે પોતાના પતિની તથા પતિનાં માતાપિતા વગેરે સંબંધીઓની સેવા કરવી અને પતિના પુત્ર–સેવક વગેરેનું પોષણ કરવું એ સ્રીઓનો પરમધર્મ છે.[૨૪] જે સ્રીઓ સ્વર્ગાદિ પવિત્ર લોકને ઇચ્છતી હોય, તેઓએ, પોતાનો પતિ દુષ્ટ સ્વભાવનો હોય, દુર્ભાગી હોય, વૃદ્ધ હોય, રોગી હોય અને નિર્ધન હોય; તોપણ જો *મહાન પાપથી યુક્ત ન હોય, તો તેનો ત્યાગ કરવો જોઇએ નહિ.[૨૫] કુળવાન સ્રીને જારપુરુષના સંબંધ વડે પ્રાપ્ત થનારું વિષયસુખ સ્વર્ગ તથા યશનો નાશ કરનાર થઇ પડે છે અને તે સુખ તુચ્છ, મહાકષ્ટથી મેળવવા યોગ્ય, ભયજનક અને સર્વત્ર નિંદવા યોગ્ય હોય છે.[૨૬] વળી મારું શ્રવણ, દર્શન, ધ્યાન તથા કીર્તન કરવાથી મારામાં જેવો ભાવ બંધાય છે, તેવો મારી સમીપમાં રહેવાથી કે મારા અંગનો સંગ કરવાથી પણ બંધાતો નથી; માટે તમે ઘેર જાઓ.'[૨૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે શ્રીકૃષ્ણનું અપ્રિય ભાષણ સાંભળી ગોપીઓ અત્યંત ખેદ પામી; તેઓના સંકલ્પો પડી ભાગ્યા અને તેઓ અપાર ચિંતાને પામી.[૨૮] શોકને લીધે ઉત્પન્ન થતા નિઃશ્વાસના વાયુથી સુકાતા અને પાકાં ઘિલોડાં જેવા રાતા નીચલા હોઠવાળાં મુખોને નીચાં ઢાળી, પગથી જમીનને ખોતરતી તે ગોપીઓ દુઃખના મોટા ભારમાં દબાઈ ગઇ અને કાજળવાળાં આંસુઓથી સ્તન પરના કેસરને ધોઈ નાખતી ચુપચાપ ઊભી રહી. પછી શ્રીકૃષ્ણને માટે સર્વ સંસારકામનાઓ જેઓએ તજી હતી, એવી તે પ્રેમાળ ગોપીઓ રડી રડીને સૂજી ગયેલાં નેત્રોને લૂછી નાખી પોતાના પ્રિયતમ છતાં જાણે કોઇ શત્રુ હોય, તેમ સામેથી બોલતા શ્રીકૃષ્ણને કંઇક કોપાવેશથી ગળગળી વાણી વડે આ પ્રમાણે કહેવા લાગી.[૨૯-૩૦]

ગોપીઓ બોલીઃ–'હે પ્રભો! આવું ક્રૂર વચન કહેવાને માટે આપ યોગ્ય નથી, અમે સર્વ વિષ-

* જો બ્રહ્મહત્યા વગેરે મહાન પાપથી યુક્ત હોય તો **आविशुद्धेः प्रतीक्ष्यो हि महापातकदूषितः** એ મહાન પાપથી દૂષિત થયેલા પતિનો, તે જ્યાંસુધી શુદ્ધ થાય, ત્યાંસુધી સ્રીએ સંગ કરવો નહિ; પણ તેની શુદ્ધિની રાહ જોવી અને દૂર રહીને તેની સેવા કરવી, એ ધર્મશાસ્ત્રનો આશય અહીં સૂચવ્યો છે.–વાલપ્રબોધિની

Dr. Urmila Sharma Digitization, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચોનો ત્યાગ કરી આપના ચરણોનું સેવન કરીએ છીએ; તો હે સ્વેચ્છાચારી કૃષ્ણ! અમારો ત્યાગ કરો મા, પણ આદિપુરુષ દેવ જેમ મુમુક્ષુઓને ભજે છે, તેમ તમે અમને ભજો–અમારી કામનાઓ પૂર્ણ કરો.[૩૧] હે કૃષ્ણ! ધર્મવેત્તા આપે કહ્યું કે, પતિ, છોકરાં ને સંબંધીઓની સેવા કરવી તે સ્ત્રીઓનો સ્વધર્મ છે, તો તે ઉપદેશોના વિષયરૂપ એવા આપ ઈશ્વર વિષેજ ભલે તે પ્રમાણે થાઓ. (અર્થાત્ અમે આપનીજ સેવા કરીને સર્વની સેવા કરનારી થઈશું;) કારણ કે આપજ સર્વ પ્રાણીઓના અતિશય પ્રિય બંધુ અને આત્મા છો, અથવા જો આપ ધર્મના ઉપદેશક હો અને અમે ધર્મને જાણવા ઇચ્છતી હોઇએ, તો આપ ધર્મવેત્તાએ જે કહ્યું તે ભલે તેમ હોય; પરંતુ આપ ધર્મના ઉપદેશક નથી, પણ સર્વ પ્રાણીઓના પ્રિયતમ આત્મા છો; અથવા આપે જે કહ્યું તે ઉપદેશના વિષયરૂપ કોઈ પુરુષમાં ભલે તેમ હો; પણ આપ તો અમારા સ્વામી છો; છતાં આમ કેમ કહો છો? આપે આમ કહેવું ન ઘટે; કેમકે આપ પ્રાણીઓનાં સર્વ ફળરૂપ છો, અથવા પતિ વગેરેની સેવા કરવી તે અમારો ધર્મ છે, એમ આપે કહ્યું, તો તે અમારો ધર્મ આપને વિષેજ કર્તવ્ય તરીકે થાઓ. કેમકે આપ સેવા કરવા ચોગ્ય તરીકે ઉપદેશ કરાતા પતિ વગેરેના અધિષ્ઠાનરૂપ છો; આપ સર્વના ઈશ્વર છો અને ઈશ્વરરૂપ અધિષ્ઠાન વિના પતિ–પુત્ર વગેરે કંઈ છેજ નહિ.[૩૨] શાસ્ત્રકુશળ પુરુષો નિત્યપ્રિય એવા પોતાના આત્મારૂપ આપને વિષેજ પ્રીતિ કરે છે; તો પછી દુઃખદાયક એવા પતિ–પુત્ર વગેરેનું અમારે શું પ્રયોજન છે? માટે હે પરમેશ્વર! તમે અમારા ઉપર પ્રસન્ન થાઓ; હે કમલનયન! ઘણા લાંબા સમયથી આપને વિષે બાંધેલી અમારી આશાને આપ ન તોડી પાડો.[૩૩] ×અમારું ચિત્ત પ્રથમ ઘરમાંજ લાગ્યું રહેતું હતું, તેને તો આપે હરી લીધું છે; અમારા બન્ને હાથ પહેલાં ઘરના કામકાજમાં લાગ્યા રહેતા, તેઓને પણ આપે હરી લીધા છે અને અમારા બન્ને પગ આપના ચરણમૂલની પાસેથી એક ડગલું પણ ખસતા નથી; તો પછી અમે વ્રજમાં કેવી રીતે જઈએ અને ત્યાં જઇને કરીએ પણ શું?[૩૪] માટે હે કૃષ્ણ! આપના હાસ્યપૂર્વક જોવાથી અને મનોહર ગીતથી ઉત્પન્ન થયેલા અમારા કામાગ્નિને આપ આપના અધરામૃતના પ્રવાહથી સિંચન કરો. (શાંત કરો.) હે સખા! જો એ રીતે અમારા કામાગ્નિને આપ શાંત નહિ કરો, તો અમે તે કામાગ્નિમાં તથા આપના વિરહથી ઉત્પન્ન થયેલા બીજા અગ્નિમાં અમારાં શરીર બાળી નાખી (યોગીઓની પેઠે) આપનું ધ્યાન કરીને આપના ચરણની પદવીને પામીશું. (મરી જઇને પણ અમે આપને છોડીશું નહિ.)[૩૫] +હે કમલનયન કૃષ્ણ! જંગલમાં વસનારા મુનિજનો જેમને પ્રિય છે, એવા આપનું ચરણમૂળ કે જેનો આનંદ લક્ષ્મીદેવીને પણ કોઈકજ વેળા આપે આપેલો છે, તે ચરણમૂળનો જ્યારથી અમે સ્પર્શ કર્યો છે, ત્યારથી માંડીને આપે આનંદિત કરી મૂકેલી અમે બીજા (અમારા પતિ વગેરે) ની પાસે ઊભી રહેવાને પણ સમર્થ નથી. (શું કરીએ? અમને અમારા પતિ તુચ્છ લાગે છે.)[૩૬] જે લક્ષ્મીદેવી પોતાના પર કૃપાકટાક્ષ કરે, તે માટે બીજા દેવો વગેરેનો પ્રયાસ ચાલી રહ્યો છે, તે લક્ષ્મીદેવી આપના વક્ષઃસ્થળમાં (કેવળ આગવું) સ્થાન પામેલી છે, છતાં પણ (પોતાની શોક્ય) તુલસીની સાથે ભક્તજનોએ સેવેલા આપના ચરણ–રજની જેમ ઇચ્છા કર્યા કરે છે, તેમ અમે પણ આપના ચરણ–રજને

× તમે કહ્યું કે, તમે વ્રજમાં ચાલી જાઓ; પણ તે અમારાથી બની શકે એમજ નથી; કારણ કે અમે સહેજ પણ સ્વતંત્ર રહી નથી; એ આશયથી કહે છે. –મા. क.

+ કદાચ ભગવાન કહે કે, તમે તમારા પતિઓ પાસે જાઓ; તેઓ તમારા કામાગ્નિને શાંત કરશે, તો તે માટે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શરણે આવી છીએ.[૩૭] માટે હે દુઃખભંજન દેવ ! અમારા પર પ્રસન્ન થાઓ; અમે ઘરબાર છોડીને આપની ઉપાસના કરવાની આશાએ આપના ચરણમૂળમાં આવી છીએ; તો હે પુરુષાલંકાર ! આપનાં સુંદર હાસ્ય અને દર્શનથી ઉત્પન્ન થયેલા તીવ્ર કામદેવ વડે સંતપ્ત મનવાળી અમને આપ દાસીપણું આપો.[૩૮] ÷છૂટાછવાયા કેશથી ઢંકાયલાં કુંડળોની શોભાવાળા ગંડસ્થળથી યુક્ત, અધરોષ્ઠમાં અમૃતથી ભરેલા અને હાસ્યપૂર્વક જોઇ રહેલા આપના મુખનાં દર્શન કરીને તેમજ સર્વને અભય આપનાર આપના બન્ને બાહુઓને તથા લક્ષ્મીદેવીને કેવળ એક ક્રીડાના સ્થાનરૂપ આપના વક્ષઃસ્થળને જોઈને અમે આપની દાસી બની છીએ.[૩૯] હે કૃષ્ણ ! આ ત્રણે લોકમાં એવી કઇ સ્ત્રી છે, કે જે મનોહર પદવાળાં અને લાંબા આલાપવાળાં આપનાં ગાયન સાંભળીને તથા ત્રણ લોકમાં કેવળ એકજ સુંદર એવા આપના આ સ્વરૂપને જોઇને અત્યંત મોહિત થઈ, પોતાના આર્ય ચરિત્રરૂપ પાતિવ્રત્યધર્મથી ચલિત ન થાય ? થાયજ; કેમકે આપનું ગાયન સાંભળવાથી તથા રૂપ જોવાથી ગાયો, પક્ષીઓ, વૃક્ષો તથા મૃગલાંઓ પણ રોમાંચ ધારણ કરે છે. જેમ આદિપુરુષ ભગવાન દેવોની તથા લોકોની રક્ષા કરનાર તરીકે અવતાર લે છે, તેમ આપ પણ ખરેખર વ્રજના ભયને તથા દુઃખને દૂર કરનાર તરીકે અવતર્યા છો; માટે હે દીનબંધો ! અમે દાસીઓનાં કામથી તપેલાં સ્તનો ઉપર તથા મસ્તકો ઉપર આપ આપના હસ્તકમળને મૂકો.[૪૦,૪૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ગોપીઓનાં વ્યાકુળ વચનો સાંભળી યોગેશ્વરોના પણ ઈશ્વર શ્રીકૃષ્ણ પોતે આત્મારામ હતા, છતાં ખડખડાટ હસીને દયાને લીધે તે ગોપીઓને રમાડવા લાગ્યા. તે વખતે પોતાના પ્રિય શ્રીકૃષ્ણનાં દર્શનથી પ્રફુલ્લ મુખવાળી તે એકત્ર થયેલી ગોપીઓ વડે વીંટાયલા, ઉદાર ચરિત્રોવાળા, ઉત્તમ હાસ્યવાળા અને દાંતોને વિષે મોગરાનાં પુષ્પ જેવી કાંતિવાળા તે શ્રીકૃષ્ણ નક્ષત્રોથી વીંટાયલા ચંદ્રની પેઠે શોભતા હતા.[૪૨,૪૩] સેંકડો સ્ત્રીઓના ટોળાના પતિ તે શ્રીકૃષ્ણ વૈજયંતી માળાને ધારણ કરી વૃંદાવનને શોભાવતા વિચરતા હતા; ત્યારે પેલી સ્ત્રીઓ તેમનાં ગુણગાન ગાતી હતી.[૪૪] પછી તે ભગવાન ગોપીઓની સાથે યમુનાના તીર પર જઇ ક્રીડા કરવા લાગ્યા, કે જે યમુના નદીનો કિનારો તે નદીના તરંગોથી આનંદદાયક અને ચંદ્રવિકાસી કમળોના સુગંધવાળા વાયુને લીધે શીતળ રેતીવાળો હતો.[૪૫] ત્યાં બન્ને ભુજાઓ પહોળી કરી ભેટી પડવું; હાથ, કેશપાશ, સાથળો, ચણિયાનું બંધન તથા સ્તનનો સ્પર્શ કરવો; હાંસીનાં વચનો કહેવાં, નખની અણીઓ મારવી, રમવું, જોવું તથા હસવું વગેરે કરીને વ્રજની સુંદરીઓના કામદેવને પ્રદીપ્ત કરતા ભગવાન ક્રીડા કરતા હતા.[૪૬] એ પ્રમાણે મહાન આત્મા શ્રીકૃષ્ણ ભગવાનથી પોતાને માન મળ્યું, એટલે તે ગોપીઓ અભિમાનમાં આવી ગઈ અને પૃથ્વી પરની સર્વ સ્ત્રીઓમાં પોતાને (રૂપ–ગુણથી) અધિક માનવા લાગી.[૪૭] ભગવાન શ્રીકૃષ્ણ તેઓના સૌંદર્યમદને તથા ગર્વને જાણી ગયા; જેથી તેઓના તે મદને ઉતારવા માટે અને તે દ્વારા તેઓના પર કૃપા કરવા માટે ત્યાંજ અદૃશ્ય થઇ ગયા."[૪૮]

तासां तत्सौभगमदं वीक्ष्य मानं च केशवः ।
प्रशमाय प्रसादाय तत्रैवांतरधीयत ॥ ४८ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ
પૂર્વાર્ધવિષે અધ્યાય ૨૯ મો સમાપ્ત

÷ કદાચ ભગવાન કહે કે, ઘરનું સ્વામિનીપણું છોડી આવું દાસીપણું કેમ માગો છો ? તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ३० मो×

શ્રીકૃષ્ણને શોધતી વિરહ-ઘેલી ગોપીઓ

॥ श्रीशुक उवाच ॥

अंतर्हिते भगवति सहसैव व्रजांगनाः ।
अतप्यंस्तमचक्षाणाः करिण्य इव यूथपम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા :–"ભગવાન શ્રીકૃષ્ણ એકાએક અદૃશ્ય થઈ ગયા, એટલે તેમને નહિ જોતી ગોપીઓ, યૂથપતિ–હાથીને નહિ જોતી હાથણીઓ જેમ સંતાપ કરે, તેમ સંતાપ કરવા લાગી.[૧] તેઓનાં મન ભગવાનની ગતિ, સ્નેહ, મંદહાસ્ય, વિલાસપૂર્વક જોવું, સુંદર ભાષણ, વિહાર, રમતો અને બીજા વિલાસોથી આકર્ષાઇ ગયાં હતાં, જેથી તે ગોપીઓ ભગવત્સ્વરૂપ બનીને ભગવાનની તે તે ચેષ્ટાઓનું પોતે અનુકરણ કરીને રમવા લાગી.[૨] પોતાના પ્રિય શ્રીકૃષ્ણની ગતિ, હાસ્ય, દર્શન તેમજ ભાષણ વગેરેમાં એકાત્મસ્વરૂપ બની ગયેલી તે કૃષ્ણપ્રિય ગોપિકાઓ શ્રીકૃષ્ણના જેવાજ ક્રીડાવિલાસો કરવા લાગી અને તદ્રૂપ થઇ 'હું કૃષ્ણ છું' એમ એકબીજીને કહેવા લાગી.[૩] તેઓ એકત્ર મળીને ઉચ્ચ સ્વરે શ્રીકૃષ્ણનાંજ ગીત ગાવા લાગી અને ગાંડીઘેલી બની જઇ વનેવન શ્રીકૃષ્ણની શોધ કરવા લાગી. જેમ આકાશ સર્વ પદાર્થોની અંદર તથા બહાર રહેલું છે; તેમ જે શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેક પદાર્થની અંદર તથા બહાર રહેલા છે, તેમના સમાચાર તે ગોપીઓ વૃક્ષોને પૂછવા લાગી:[૪] 'ઓ *પીપળા! ઓ પીપળ! ઓ વડલા! નંદપુત્ર કૃષ્ણ પ્રેમાળ હાસ્ય તથા દર્શનથી અમારાં મન ચોરી લઇ નાસી ગયા છે; તેમને તમે જોયા છે? ઓ ×બપોરિયા! ઓ આસોપાલવ! ઓ નાગ! ઓ પુન્નાગ! ઓ ચંપા! જેમનું હાસ્ય અભિમાની સ્ત્રીઓના ગર્વને ઉતારનારું છે, એવા બળદેવના નાના ભાઇ અહીંથી ગયા હતા? ગોવિંદના ચરણ જેને પ્રિય છે, એવી ઓ કલ્યાણી તુલસિ! ભમરાઓનાં ટોળાં સાથે તને ધારણ કરતા તારા પ્રિયતમ શ્રીકૃષ્ણને તેં જોયા છે? ઓ ‡માલતિ! ઓ મોગરા! ઓ જાઈ! ઓ જૂઇ! પોતાના હાથના સ્પર્શથી તમને પ્રીતિ ઉપજાવતા શ્રીકૃષ્ણને તમે જોયા છે? ઓ ÷આંબા! ઓ રાયણ! ઓ ફણસ! ઓ અસનવૃક્ષ! ઓ પીળા કંચનાર! ઓ જાંબૂડિ! ઓ આકડા! ઓ બીલિ! ઓ બોલસરિ! ઓ +આમ્ર! ઓ કદંબ! ઓ *નીપ! અને બીજાં પણ યમુનાના તીર પર ઉગેલાં ઓ વૃક્ષો! તમારો સર્વનો જન્મ કેવળ પરોપકાર માટેજ હોય છે; તો શૂન્યચિત્ત થયેલી અમને તમે શ્રીકૃષ્ણનો માર્ગ બતાવો. અહો! આશ્ચર્ય! ઓ પૃથ્વિ! તેં એવું તે કયું તપ કર્યું છે, કે જેથી અત્યંત હર્ષની વાત છે કે, તને શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી આવો આનંદ થઇ રહ્યો છે અને તેને લીધે રોમાંચિત થઇ તું શોભી રહી છે! અલી ઓ! તું કહે તો ખરી, આ આનંદ હમણાં તને શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ થવાથી થયો છે કે વામનાવતારમાં ભગવાનના ચરણથી તું આખી દબાઇ

× આ અધ્યાયમાં વિરહથી તપી ગયેલી ગોપીઓ વનેવનમાં ઉન્મત્તની પેઠે અવ્યવસ્થિત ભમતી શ્રીકૃષ્ણને શોધવા લાગી, તે કહેવાશે. —શ્રીધર

* આ વૃક્ષો મોટાં હોય છે; તેથી કદાચ તેઓ શ્રીકૃષ્ણને જોતાં હશે, એમ માની ગોપીઓ તેઓને પૂછે છે. —શ્રીધર

× આ ઝાડ મોટાં હોય છે અને પુષ્પો વગેરેથી ઘણાંનો ઉપકાર કરનારાં હોય છે, તેથી તેઓ ઉત્તર આપશે, એમ માનીને પૂછે છે. —શ્રીધર

‡ અત્યંત ગુણવાન છતાં પણ નમ્ર હોવાથી આમણે શ્રીકૃષ્ણને જોયા હશે, એમ માની આ ફૂલઝાડોને પૂછે છે. —શ્રીધર

÷ આ બધાં વૃક્ષો ફળ વગેરેથી સર્વ પ્રાણીઓને તૃપ્ત કરનારાં હોય છે; તેથી તેઓએ કદાચ શ્રીકૃષ્ણને જોયા હશે, એમ માની તેઓને પૂછે છે. —શ્રીધર

+ એક જાતનો આંબો. —भा. क.

* એક જુદી જાતનું કદંબ. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતી, તેથી થયો છે? અથવા પૂર્વે વરાહશરીર ધારણ કરનારા ભગવાનના આલિંગનથી તને આ આનંદ થયો છે? (તું આવી આનંદી જણાય છે, માટે જરૂર તેં શ્રીકૃષ્ણને જોયા છે; માટે તું અમને બતાવ.)[૫-૧૦] ઓ સખિ મૃગલિ! પોતાનાં સુંદર અંગોથી તમારી દૃષ્ટિને અત્યંત શાંતિ કરતા શ્રીકૃષ્ણ કોઇ એક પ્રિયા સાથે તમારી પાસે આવ્યા હતા? કારણકે પ્રિયાના અંગસંગને લીધે સ્તન ઉપરના કેસરથી રંગાઇ ગયેલી, શ્રીકૃષ્ણે ધારણ કરેલી મોગરાની માળાનો સુગંધ અહીં આવે છે. (તે ઉપરથી અમે તમને પૂછીએ છીએ.) ઓ ‡વૃક્ષો! પોતાના એક હાથને (સાથે રહેલી) પ્રિયાના ખભા ઉપર રાખી (બીજા હાથમાં) કમળને ધારણ કરતા બળરામના નાના ભાઈ શ્રીકૃષ્ણ, જેમની પાછળ મદથી આંધળા બનેલા તુલસીના ભમરાઓ ઊડી રહ્યા હોય છે, તે અહીં વિચરતા વિચરતા સ્નેહદર્શનથી તમારા પ્રણામને શું સ્વીકારી રહ્યા છે?[૧૧-૧૨] ઓ સખીઓ! આ વેલીઓ શ્રીકૃષ્ણને જરૂર મળેલી છે; માટે તેઓને તમે પૂછો. આ વેલીઓ જો કે પોતાના પતિ આ વૃક્ષના બાહુઓને (ડાળાંઓને) ભેટી પડે છે; તોપણ આશ્ચર્ય છે કે, આવાં રોમાંચ ધારણ કરી રહી છે!÷ તેથી અવશ્યજ શ્રીકૃષ્ણના નખનો તેઓને સ્પર્શ થયો હોવો જોઇએ.[૧૩] એ પ્રમાણે શ્રીકૃષ્ણની શોધમાં વ્યાકુળ બનેલી ગોપીઓ ગાંડાંઘેલાંના જેવાં વચનો બોલતી હતી અને કેવળ ભગવત્સ્વરૂપ બની જઈ ભગવાનની તે તે લીલાઓનું અનુકરણ કરતી હતી.[૧૪] કોઇ ગોપી શ્રીકૃષ્ણરૂપ થઇને બીજી પૂતનારૂપે થયેલી ગોપીનાં સ્તન ધાવતી હતી; કોઈ ગોપી બાળક શ્રીકૃષ્ણરૂપ થઇને રડતીરડતી બીજી ગાડાના રૂપે થયેલી ગોપીને પગની લાતો મારતી હતી; કોઇ ગોપી તૃણાવર્તરૂપ થઇને બાળક કૃષ્ણરૂપ થયેલી બીજી ગોપીને હરી જતી હતી; કોઈ ગોપી ઘૂઘરીઓના ખણખણાટવાળા પોતાના બન્ને પગને ઘસડતી (શ્રીકૃષ્ણ બાળપણામાં જેમ રીખતા હતા, તેમ) રીખતી હતી; કોઈ બે ગોપીઓ શ્રીકૃષ્ણ તથા બળદેવરૂપ થઈ હતી અને બીજી કેટલીક ગોવાળિયાઓ થઇ હતી. પછી ત્યાં વત્સાસુરરૂપે થયેલી બીજી ગોપીને તથા બકાસુરરૂપે થયેલ બીજી કોઇ ગોપીને કૃષ્ણરૂપ થયેલી તે ગોપી (કૃત્રિમ રીતે) મારી નાખતી હતી. કોઇ ગોપી શ્રીકૃષ્ણની પેઠે દૂર રહેલી ગાયોને બોલાવતી હતી અને વાંસળી વગાડતી રમતી હતી; ત્યારે બીજી (ગોવાળિયા થયેલી) ગોપીઓ ‘વાહ, વાહ’ એમ કહી તેની પ્રશંસા કરતી હતી. કોઇ ગોવાળિયારૂપ થયેલી ગોપીના ઉપર પોતાનો હાથ નાખી, ભગવાનમાંજ મનવાળી કૃષ્ણરૂપ થયેલી કોઇ ગોપી ચાલતી ચાલતી બીજીઓને કહેતી હતી કે, ‘હું કૃષ્ણ છું; મારી સુંદર ગતિ જુઓ!’ કોઇ ગોપી શ્રીકૃષ્ણરૂપ થઇને ‘તમે વાયુ કે વરસાદથી ડરો મા; મેં તેનાથી તમારું રક્ષણ કર્યું છે’ એમ કહી એક હાથે યત્નપૂર્વક એક વસ્ત્રને (ગોવર્ધન પર્વતની પેઠે) ઊંચે ઉપાડી રાખતી હતી. હે રાજા! બીજી કોઇ ગોપી કૃષ્ણરૂપ થઇને કાલિયનાગરૂપ થયેલી કોઇ ગોપીના મસ્તકને પગથી દબાવી કહેતી હતી કે, ‘ઓ દુષ્ટ સર્પ! તું અહીંથી ચાલ્યો જા; દુષ્ટોને શિક્ષા કરનારો હું જન્મ્યો છું.’ વળી તેઓમાં એક (કૃષ્ણ થયેલી) ગોપી બીજીઓને કહેતી હતી કે, ‘હે ગોવાળિયાઓ! આ ભયંકર દાવાનળને તમે જુઓ; તમે તમારી આંખો બંધ કરો. હું જોતજોતામાં ક્ષેમકુશળ કરીશ.’ વળી તે સમયે કોઈ પાતળા શરીરવાળી ગોપીને બીજી ગોપીએ માળા વડે ખાંડણિયામાં બાંધી; એટલે તે સુંદર દૃષ્ટિવાળી ગોપી ભયભીત થઇને મુખ ઢાંકી દઇ ભયનું અનુ-

‡ ફળભારથી લચી રહેલાં વૃક્ષોને જોઇ, ‘આ વૃક્ષો શ્રીકૃષ્ણને પ્રણામ કરી રહ્યાં છે’ એમ માની તેઓને પૂછે છે. —શ્રીધર

÷ પોતાના પતિનો સંગ થતાં સ્ત્રીને આવાં રોમાંચ થતાં નથી; પણ અન્ય પોતાના કોઇ જારનો સંગ થતાંજ રોમાંચ થાય છે, એ ભાવ છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરણ કરવા લાગી.૧૫-૨૩

"એ પ્રમાણે વૃંદાવનની લતાઓને તથા વૃક્ષોને શ્રીકૃષ્ણના સમાચાર પૂછતી ગોપીઓએ વનના કોઇએક પ્રદેશમાં પરમાત્મા શ્રીકૃષ્ણનાં પગલાંઓને જોયાં.૨૪ (તે જોઇ તેઓ બોલી ઊઠી કે,) 'નક્કી, આ પગલાં મહાત્મા નંદપુત્રનાં છે. કારણ કે આ પગલાં ધ્વજા, કમળ, અંકુશ, વજ્ર તથા જવ વગેરેથી યુક્ત જણાય છે.'૨૫ પછી તે તે પગલાંઓ ઉપરથી ભગવાનના માર્ગને શોધતી એ અબળાઓ આગળ ચાલી; તેટલામાં તે પગલાંઓને કોઇ સ્ત્રીનાં પગલાંઓથી મિશ્ર થયેલાં જોવાથી દુઃખી થઇને તેઓ બોલી ઊઠી કે,૨૬ 'જેમ કોઇ હાથી સાથે હાથણી જાય, તેમ નંદપુત્ર શ્રીકૃષ્ણની સાથે ગયેલી અને શ્રીકૃષ્ણે જેના ખભા ઉપર પોતાનું કાંડું મૂક્યું છે, એવી કઇ સ્ત્રીનાં આ પગલાં હશે ?૨૭ ખરેખર ! આ સ્ત્રીએ સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિને આરાધ્યા હશે; કારણ કે ગોવિંદ શ્રીકૃષ્ણ તેના પર પ્રસન્ન થઇ આપણને છોડીને તે એકલીને એકાંતમાં લઇ ગયા છે.૨૮ અહો ! હે સખીઓ ! શ્રીકૃષ્ણનાં ચરણકમળની આ રજ ધન્યવાદને પાત્ર છે—અતિશય પવિત્ર છે; કારણ કે જે રજને પોતાનાં પાપો દૂર કરવાને માટે બ્રહ્મા, શંકર તથા લક્ષ્મીદેવી પોતાના મસ્તક પર ધારણ કરે §છે.૨૯ જે ગોપી શ્રીકૃષ્ણને એકાંતમાં લઇ જઇને પોતે એકલી આપણ સર્વ ગોપીઓના સર્વસ્વરૂપ એવા શ્રીકૃષ્ણના અધરોષ્ઠનું પાન કરી રહી છે, તે ગોપીનાં આ પગલાં આપણને અત્યંત ક્ષોભ ઉત્પન્ન કરે છે—અદેખાઇનું મહાન દુઃખ ઉત્પન્ન કરે છે.૩૦ જુઓ, હવે અહીંથી તે સ્ત્રીનાં પગલાં જોવામાં આવતાં નથી; આ ઉપરથી જણાય છે કે, ઘાસના અંકુરોથી તેના કોમળ પગનાં તળિયાં તળવાઈ ગયાં હશે અને તેથી અવશ્ય તે પોતાની પ્રિયતમાને વહાલા કૃષ્ણે, પોતાની ખાંધ ઉપર ઉપાડી હશે. (+જુઓ તો ખરી ! આ ગોપીઓ ! પોતાની એ વહુને ઉપાડીને ભારથી દબાઇ ગયેલા તે કામી કૃષ્ણનાં આ પગલાં અહીંથી પૃથ્વીમાં વધારે ઊંડાં પડેલાં જણાય છે; આ સ્થળે તે મહાત્માએ પોતાની એ કાન્તાને પુષ્પો વીણવાને માટે નીચે ઉતારી છે.) જુઓ ! અહીં તે પ્રિય કૃષ્ણે પોતાની પ્રિયા માટે પુષ્પો વીણ્યાં છે અને તેથીજ (ઊંચાં રહેલાં પુષ્પો ચૂંટવા માટે) પગની ફણા ઉપર ઊભા રહેવાથી તેમનાં આ પગલાં અધૂરાં પડ્યાં છે ! ૩૧-૩૨× અહીં તે કામી કૃષ્ણે એ કામિનીના કેશ ગૂંથ્યા છે અને નક્કી, તે સ્ત્રીના કેશપાશમાં પુષ્પો ગૂંથતા તે કૃષ્ણ આ સ્થળે બેઠા છે.૩૩

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભગવાન શ્રીકૃષ્ણ કેવળ પોતાથીજ સંતુષ્ટ હતા, કેવળ આત્મામાંજ રમણ કરનાર હતા અને સ્ત્રીઓના વિલાસોથી આકર્ષાય નહિ એવા હતા; તોપણ 'કામી પુરુષો સ્ત્રીઓ આગળ કેવા દીન બની જાય છે અને સ્ત્રીઓ પણ કેવી દુષ્ટાત્મા હોય છે' એમ દર્શાવતા તે (પોતાની સાથે એકલી લીધેલી) સ્ત્રીની સાથે ક્રીડા કરતા હતા.૩૪ એ રીતે (ભગવાનથી વિખૂટી પડેલી) તે ગોપીઓ એક બીજીને ભગવાનનાં પગલાંઓ બતાવતી બેભાન બની જઈ વનમાં ભમતી હતી; ત્યારે પેલી તરફ જે ગોપીને શ્રીકૃષ્ણ, બીજી ગોપીઓને વનમાં છોડી દઇ પોતાની સાથે લઈ ગયા હતા, તે ગોપી 'કામભોગ માટે આવેલી બીજી સર્વ ગોપીઓનો ત્યાગ કરી આ પ્રિય

§ કહેવાનો ભાવ એ છે કે, જેમ બ્રહ્મા, શંકર તથા લક્ષ્મીદેવી ભગવાનનાં ચરણકમળની રજ પોતાના મસ્તક પર ચડાવી ભગવાનને પ્રાપ્ત કરે છે, તેમ આપણે પણ આ ચરણરજમાં સ્નાન કરીને શ્રીકૃષ્ણને મેળવીએ. —શ્રીધર

+ આ કૌંસમાં આપેલો શ્લોક ક્ષેપક છે; ટીકાકાર શ્રીધરે લીધો નથી. —ભા. ક.

× શ્રીકૃષ્ણના ગોઠણની વચ્ચે બેઠેલી સ્ત્રીના ચિહ્નને જોઇને કહે છે. —શ્રીધર

§ સ્ત્રીઓ કેવી દુષ્ટાત્મા હોય છે, તે અહીંથી એ શ્લોકમાં બતાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણ મને એકલીને ભોગવે છે' એમ પોતાને સર્વ સ્ત્રીઓમાં સર્વોત્તમ માનવા લાગી.[૩૫] પછી કોઈ વનપ્રદેશમાં જઈ તે ગર્વિષ્ઠ સ્ત્રીએ શ્રીકૃષ્ણને કહ્યું કે, 'હું ચાલી શકતી નથી, (માટે ઉપાડીને) તમારે મને જ્યાં લઈ જવી હોય, ત્યાં લઇ જાઓ.'[૩૬,૩૭] એમ તેણે કહ્યું એટલે શ્રીકૃષ્ણે તે પ્રિયાને કહ્યું કે, 'તું* મારી ખાંધ ઉપર બેસી જા.' પછી પેલી સ્ત્રી ભગવાનની ખાંધ ઉપર બેસવા જવી તૈયાર થઇ કે તરતજ+ શ્રીકૃષ્ણ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા; અને પેલી સ્ત્રી પશ્ચાત્તાપ કરવા લાગી: [૩૮] 'હા નાથ! ઓ રમણ! ઓ પ્રિયતમ! હે મોટી ભુજાવાળા! તમે ક્યાં છો? ક્યાં છો? ઓ સખા! હું તમારી દાસી છું, દીન છું. તમે મને સમીપમાં દર્શન આપો.'[૩૯] (એ રીતે તે પશ્ચાત્તાપ કરતી હતી,) તેવામાં ભગવાન શ્રીકૃષ્ણના માર્ગને શોધતી પેલી બીજી ગોપીઓએ ઘણે દૂરથી પ્રિયવિયોગથી મોહિત થયેલી (અને પશ્ચાત્તાપ કરતી) તે દુઃખી સખીને જોઇ;[૪૦] એટલે શ્રીકૃષ્ણ તરફથી પોતાને મળેલું માન અને પોતાની દુષ્ટતાથી તેમનાજ તરફથી મળેલું અપમાન તેણે કહ્યું; તે સાંભળીને ગોપીઓ પરમ વિસ્મય પામી. તે પછી તે સ્ત્રીને પણ સાથે લઇ સર્વ ગોપીઓ જ્યાંસુધી ચંદ્રનું અજવાળું રહ્યું, ત્યાંસુધી વનમાં શ્રીકૃષ્ણની શોધ માટે ફરી. તે પછી અંધકારને ફેલાયલો જોઇ વનમાંથી પાછી ફરી.[૪૧,૪૨] એ રીતે શ્રીકૃષ્ણ ન મળ્યા; તોપણ તે ગોપીઓને પોતાનાં ઘરનું સ્મરણ તો થયુંજ ન હતું; કેમકે તેઓનાં મન કેવળ શ્રીકૃષ્ણમાંજ લાગ્યાં હતાં; તેઓ શ્રીકૃષ્ણનીજ વાતો કરતી, તેમનીજ ચેષ્ટાઓ કરતી, કેવળ શ્રીકૃષ્ણમય બની જઈ તેમના ગુણોનેજ ગાતી હતી.[૪૩] પછી ફરી પણ તેઓ યમુના નદીના કિનારા પર આવી અને ત્યાં એકત્ર મળી શ્રીકૃષ્ણનીજ ભાવનાઓ કરતી અને તેમના આગમનને ઇચ્છતી તેમનાંજ ગીત ગાવા લાગી."[૪૪]

पुनः पुलिनमागत्य कालिंद्याः कृष्णभावनाः ।
समवेता जगुः कृष्णं तदागमनकांक्षिताः ॥४४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૦ મો સમાપ્ત

अध्याय ३१ मो*

ગોપિકાગીત

॥ गोप्य उचुः ॥

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इंदिरा शश्वदत्र हि । दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ १ ॥

ગોપીઓ બોલી:–'ઓ વહાલા કૃષ્ણ! આપના જન્મથી વ્રજ સર્વોત્કૃષ્ટ બન્યું છે અને તેથીજ અહીં વ્રજમાં લક્ષ્મી સર્વદા નિવાસ કરી રહી છે. (આમ વ્રજમાં સર્વત્ર આનંદ છવાઇ રહ્યો છે,) ત્યારે કેવળ આપ માટેજ પ્રાણોને ધારણ કરતી આ આપની દાસીઓ, અમે ગોપીઓ દિશાઓમાં આપને શોધીએ છીએ; માટે આપ અમને દર્શન આપો.[૧] ઓ સંભોગપતિ! ઓ અભીષ્ટ આપનાર! શરદૃઋતુના સરોવરમાં સુંદર રીતે ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ કમળના ગર્ભની શોભાને હરી લેનારી દૃષ્ટિ વડે અમને અમૂલ્ય (નિષ્કામભાવથી સેવા કરનારી) દાસીઓને આપ મારો છો; તો આ લોકમાં અમારો આપ શું વધ કરતા નથી?+[૨] હે સર્વોત્કૃષ્ટ દેવ! (કાલિયનાગથી) ઝેરી

---

* કામી પુરુષો સ્ત્રીઓ આગળ કેવા દીન બને છે, તે અહીં દર્શાવ્યું છે. —શ્રીધર

\+ શ્રીકૃષ્ણ સ્ત્રીઓથી લલચાયા ન હતા, તે અહીં સૂચવે છે. —શ્રીધર

* આ અધ્યાયમાં નિરાશ થયેલી ગોપીઓ યમુનાના તીર પર આવી શ્રીકૃષ્ણનેજ ગાતી તેમનું આગમન ઇચ્છવા લાગી, એ કથા કહેવાશે. —શ્રીધર

\+ કદાચ શ્રીકૃષ્ણ કહે કે, 'તમે ભલે મને શોધ્યાજ કરો ને? એમાં મારે શું?' આના ઉત્તરમાં તેઓ કહે છે. કહેવાનો ભાવ એ છે કે, જગતમાં કેવળ શસ્ત્રથીજ કોઇનો વધ થાય છે, એમજ નથી; પણ દૃષ્ટિથીયે વધ:

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બનેલા યમુનાના પાણીથી થનાર નાશથી, અઘાસુરથી, (ઇન્દ્રે શરૂ કરેલા) વરસાદથી, વાયુથી, વીજળીઓના અગ્નિથી, અરિષ્ટાસુરથી, વ્યોમાસુરથી અને બીજા પણ સર્વ પ્રકારના ભયથી આપે અમારી વારંવાર રક્ષા કરી* છે.[૩] ઓ મિત્ર! તમે કંઇ ગોપી-યશોદાના પુત્ર નથી; પણ સમગ્ર પ્રાણીઓના અંતરાત્માના દ્રષ્ટા છો, બુદ્ધિના સાક્ષી છો. હે સખા! બ્રહ્મદેવથી પ્રાર્થના કરાયલા આપ જગતની રક્ષા કરવા માટે યાદવોના કુળમાં ઉત્પન્ન થયા છો.‡[૪] હે† યાદવશ્રેષ્ઠ! ઓ કાન્ત! આપનો જે હસ્તકમળ સર્વ કામનાઓ અર્પણ કરનાર છે, લક્ષ્મીદેવીના હસ્તને ગ્રહણ કરનાર છે અને સંસારના ભયથી આપના ચરણને શરણે આવેલાંઓને નિર્ભય કરનાર છે, તેને આપ અમારા મસ્તક પર સ્થાપો. ઓ વ્રજવાસીઓની પીડાનો નાશ કરનાર વીર! પોતાના ભક્તજનોના ગર્વનો મંદ મંદ હસવાથી નાશ કરનાર ઓ મિત્ર! અમને આપની દાસીઓને આપ સેવો અને (પ્રથમ તો) આપના સુંદર મુખકમળનાં અમને દર્શન દો.[૫-૬] આપનું જે ચરણકમળ પ્રણામ કરનારાં પ્રાણીઓનાં પાપોનો નાશ કરનારું છે; (અત્યારે કૃપાને લીધે) પશુઓની પાછળ પણ જઈ રહ્યું છે; (સૌભાગ્યને લીધે) લક્ષ્મીદેવીના નિવાસગૃહરૂપ છે અને (પરાક્રમના અતિશયને લીધે) કાલિયનાગની ફેણ ઉપર મુકાયલું છે, તે આપના ચરણકમળને અમારાં સ્તનો ઉપર મૂકો અને અમારા કામનો નાશ કરો.[૭] ઓ કમલનયન! ઓ વીર! સુંદર વાક્યોવાળી અને વિદ્વાનોના મનને પણ આકર્ષતી એવી આપની (ગંભીર) મધુર વાણીથી મોહ પામતી અમને-આપની દાસીઓને આપ આપના અધરામૃતથી જીવાડો÷[૮] હે પ્રભો!* આપની કથા તેજ ખરેખર અમૃત છે; કેમકે સંતાપ પામેલાઓને તે નવજીવન દેનાર છે; બ્રહ્મવેત્તા મહાપુરુષોએ પણ તેનીજ સ્તુતિ કરી છે; (દેવોના ભોગ્ય પદાર્થરૂપ અમૃતને તો તુચ્છકારીજ કાઢયું છે;) કામવાસના તથા સંચિતકર્મનો નાશ કરનાર છે; (ત્યારે પેલું દેવોનું અમૃત તો કામના અને શુભાશુભ કર્મમાં પ્રવૃત્તિની વૃદ્ધિ કરનારું છે;) માત્ર શ્રવણ કરતાંજ મંગળ દેનારું છે; (ત્યારે પેલા દેવોના અમૃત માટે તો યજ્ઞ-યાગાદિ અનુષ્ઠાન કરવાં પડે છે-ત્યારેજ તે મળી શકે છે.) અને અત્યંત શાંત છે-શાંતિજનક છે. (પેલું અમૃત તો માદક છે.) આવા આપના કથામૃતને જેઓ વિસ્તારથી પૃથ્વી પર વર્ણવે છે, તે મનુષ્યો મોટામાં મોટા દાતા છે-બીજાઓને જીવિતદાન અર્પણ કરનારા છે; અથવા તે મનુષ્યો ઘણા પુણ્યશાળી છે.[૯]‡ હે

થઇ શકે છે; અને તેવા પ્રકારનો તમે અમારો વધજ કરી નાખો છો; માટે દષ્ટિથી હરી લીધેલા અમારા પ્રાણોને પાછા આપી દઈ આપ અમને દર્શન દો. —શ્રીધર

* અર્થાત્ એ રીતે કૃપા કરીને અનેક મૃત્યુઓથી આપે અમારી રક્ષા કરી છે; તો હવે દષ્ટિથી કામદેવને પ્રેરીને અમને કેમ મારી નાખો છો? એ આશય છે.—શ્રીધર

‡ કહેવાનો ભાવ એ છે કે, સમગ્ર જગતનું પાલન કરવા માટે જો આપ અવતર્યા છો, તો પછી અમે આપની ભક્ત છીએ; તેઓની ઉપેક્ષા કરવી તે તો અત્યંત અયોગ્ય છે. —શ્રીધર

† માટે આપ અમારી આ ચાર પ્રાર્થનાને પૂર્ણ કરો, એ અભિપ્રાય ચાર શ્લોકમાં કહે છે. —શ્રીધર

÷ ૫-૮ શ્લોકમાં ગોપીઓએ ચાર પ્રાર્થનાઓ કરી છે; 'આપ આપના હસ્તકમળને અમારા મસ્તક પર મૂકો' એ પ્રથમ પ્રાર્થના છે; 'આપના સુંદર મુખકમળનાં અમને દર્શન દો' એ બીજી પ્રાર્થના છે; 'આપનું ચરણકમળ અમારા સ્તન ઉપર મૂકો' એ ત્રીજી પ્રાર્થના છે; અને 'આપના અધરામૃતથી અમને જીવાડો' એ ચોથી પ્રાર્થના છે. —ભા. ક.

* અમે તો આપના વિરહને લીધે મરી જતી હતી; પણ આપના કથામૃતનું પાન કરાવનારા પુણ્યશાળીઓએ અમને જિવાડી છે; એ આશયથી કહે છે.—શ્રી.

‡ કહેવા એ માગે છે કે, જેઓ કેવળ આપની કથારૂપ અમૃતનું વર્ણન કરે છે, તેઓજ જો મહાભાગ્યશાળી છે, તો પછી જેઓ આપનાં પ્રત્યક્ષ દર્શન કરે છે, તેઓની તો વાતજ શી? માટે અમે પ્રાર્થના કરીએ છીએ કે, આપ દર્શન દો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રિય ! ઓ કપટિ !* આપનું હસવું, પ્રેમપૂર્વક જોવું, ધ્યાન કરવામાં મંગળરૂપ આપનો વિહાર અને હૃદયમાં લાગી રહેતાં એકાંતમાં આપનાં સંકેતનાં નર્મવચનો (અમે સંભારીએ છીએ, ત્યારે) અમારા મનને ખરેખર ક્ષોભ પમાડે છે.[૧૦] ઓ નાથ ! હે કાન્ત ! આપ પશુઓને ચારતા જ્યારે વ્રજમાંથી નીકળો છો, ત્યારે કમળ જેવા કોમળ આપના ચરણ કાંકરા, ઘાસ અને અંકુરાદિથી દુઃખ પામતા હશે; એવો વિચાર કરતાં અમારાં મન વ્યાકુળ બને છે.×[૧૧] હે વીર ! સાયંકાળના સમયે કાળા કેશથી વીંટાયલું, (ગાયોના પગથી ઊડેલી) ઘણી રજથી વ્યાપ્ત બનેલું અને તેથીજ (ભમરાઓની પંક્તિથી યુક્ત અને પરાગથી વ્યાપ્ત એવા) કમળ જેવું સુખ ધારણ કરતા આપ તે મુખને વારંવાર દેખાડીને અમારા મનમાં કામાવેશને ઉત્પન્ન કરો છો. (પણ અંગનો સંગ કરવા દેતા નથી; આવા આપ કપટી છો.)[૧૨] માટે મનોવ્યથાનો નાશ કરનાર હે રમણ ! આપનું ચરણકમળ, જે પ્રણામ કરનારાઓને કામનાઓ અર્પણ કરનારું છે; બ્રહ્મદેવે પૂજેલું છે; પૃથ્વીને શોભાવનારું છે; આપત્તિકાળમાં ધ્યાન કરવા યોગ્ય છે અને (સેવાસમયે પણ) અત્યંત સુખકારક છે, તેને આપ અમારાં સ્તનો ઉપર મૂકો; (અને અમારા કામજ્વરને શાંત કરો.)[૧૩] વળી હે વીર ! જે આપનું અધરામૃત સંભોગસુખને વધારનારું શોકનો નાશ કરનારું, વાગતી વાંસળી વડે સારી રીતે ચુંબન કરાયલું અને મનુષ્યોને બીજી (ચક્રવર્તી વગેરેના સુખ ઉપરની) સર્વ ઇચ્છાને ભુલાવી દેનારું છે, તે (અધરામૃત) અમને આપો.[૧૪] આપ* જ્યારે દિવસના સમયે વનમાં વિચરો છો, ત્યારે આપનું દર્શન નહિ કરતાં અમારો એક ચપટી વગાડાય તેટલો કાળ પણ એક યુગ જેવડો થઈ પડે છે અને ફરી પાછું, સાયંકાળે વાંકડિયા વાળવાળું આપનું શોભાયમાન મુખ જ્યારે અમે જોઇએ છીએ, ત્યારે અમને (અમારાં નેત્રોની પાંપણો વચ્ચે નડે છે; તેથી) જણાય છે કે, અમારાં નેત્રોની પાંપણો કરનારો બ્રહ્મા ખરેખર મૂર્ખ છે. (અર્થાત્ આંખના એક પલકારા જેટલો સમય પણ અમે આપના દર્શનમાં અંતર સહન કરી શકતી નથી.) માટે હે અચ્યુત ! અમે અમારા પતિઓનો, પુત્રોનો, સાસરિયાંઓનો, ભાઇઓનો તથા સગાંસંબંધીઓનો ત્યાગ કરી આપની પાસે આવી છીએ અને આપના ગીતથી મોહિત થઇ છીએ, તે આપ જાણો પણ છો; તો હે કપટિ ! આવી રીતે રાત્રિના સમયે પોતાની મેળે આવેલી સ્ત્રીઓનો આપ વિના કોણ ત્યાગ કરે ?[૧૫।૧૬] +એકાંતમાં આપની સાંકેતિક ચેષ્ટાઓ, તેથી થયેલો કામદેવનો ઉદય, આપનું હસતું મુખ, પ્રેમપૂર્વક દર્શન અને લક્ષ્મીના નિવાસસ્થળરૂપ આપની વિશાળ છાતી—આ બધું જોઈને અમને અત્યંત સ્પૃહા થાય છે અને વારંવાર અમારું મન મોહિત થાય છે.[૧૭] ઓ કૃષ્ણ ! આપનું પ્રાકટ્ય વ્રજવાસીઓ-

* કદાચ ભગવાન કહે કે, 'ત્યારે તો મારી કથાઓનું શ્રવણ કરીનેજ તમે શાંતિમાં રહો; મારા દર્શનની તમને શી જરૂર છે ?' તેના ઉત્તરમાં આવા અભિપ્રાયથી કહે છે કે, આપના વિલાસોથી અમારાં મન વ્યાકુળ રહે છે; તેથી એ કથાઓ સાંભળવાથી પણ અમને શાંતિ મળતી નથી. —શ્રીધર

× આવી રીતે અમે આપના દુઃખથી શંકિત મનવાળી રહીએ છીએ અને આપ વિષે પ્રેમાર્દ્રચિત્ત છીએ; તો પછી આપ કયા કારણથી અમારી સાથે કપટ કરો છો ? એ ભાવ છે. —શ્રીધર

* એક ક્ષણ પણ આપનું અદર્શન થાય છે, તો દુઃખ થાય છે અને એક ક્ષણ પણ આપનું દર્શન થાય છે, તો સુખ થાય છે; આમ જોઇને અમે સર્વ સંગનો ત્યાગ કરી સંન્યાસીઓની પેઠે આપની પાસે આવી છીએ, ત્યારે આપ અમારો ત્યાગ કરવા કેમ તૈયાર થયા છો? એમ દયાજનક સ્થિતિએ ગોપીઓ બે શ્લોકથી કહે છે. —શ્રીધર

\+ માટે આપે તજેલી અમને આપના પૂર્વદર્શનના કારણે જે હૃદયરોગ લાગુ થયો છે તે રોગની, આપનો સમાગમ આપીનેજ આપ ચિકિત્સા કરો, એ આશય બે શ્લોકમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાં તથા વનવાસીઓનાં સર્વનાં દુઃખોનો સમાન રીતે નાશ કરનારું છે અને સર્વના મંગળરૂપ છે; માટે આપની સ્પૃહાથી યુક્ત મનવાળી અમને તે–અતિગુપ્ત ઔષધ (થોડું પણ) આપો, કે જે ઔષધ આપના સ્વજનોના હૃદયરોગને દૂર કરનારું છે. (અને તે ઔષધને આપ જાણો છો.)[૧૮]÷ ઓ પ્રિય! આપના કોમળ ચરણકમળને અમે અમારાં કઠણ સ્તનો ઉપર ડરતી ડરતી ધીમેથી ધારણ કરીએ છીએ; ત્યારે આપ તો એ ચરણકમળથી વનમાં વિચરો છો! તો સૂક્ષ્મ કાંકરા વગેરેથી તે આપના ચરણકમળને વ્યથા નહિ થતી હોય? આવો વિચાર કરતાં આપજ જેઓના જીવનરૂપ છો, એવી અમારી બુદ્ધિ મૂંઝાઇ જાય છે."[૧૯]

यत्ते सुजातचरणांबुरुहं स्तनेषु
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु।
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित्
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૧ મો સમાપ્ત

अध्याय ३२ मो*

ભગવાને પ્રકટ થઇ ગોપીઓને શાંત કરી

॥ श्रीशुक उवाच ॥

इति गोप्यः प्रगायंत्यः प्रलपंत्यश्च चित्रधा।
रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" હે રાજા! શ્રીકૃષ્ણનાં દર્શન ઇચ્છતી ગોપીઓ એ પ્રમાણે અનેક રીતે ગાતી તથા પ્રલાપ કરતી (છેવટે) મોટા રાગ કાઢીને રડવા લાગી;[૧] તેટલામાં તે ગોપીઓની વચ્ચે ભગવાન પ્રકટ થયા, કે જેમનું મુખકમળ મંદમંદ હસતું હતું, જેમણે પીતાંબર પહેર્યું હતું, પુષ્પમાળા ધારણ કરી હતી અને જે સાક્ષાત્ કામદેવને પણ મોહ ઉપજાવનારા હતા.[૨] પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને આવેલા જોઇ તે સર્વ સ્ત્રીઓ પ્રીતિથી પ્રફુલ્લ દૃષ્ટિવાળી થઈ અને જેમ પ્રાણને આવેલો જોઇ હાથ પગ વગેરે ઇન્દ્રિયો એકીસાથે સચેત થાય, તેમ એકીસાથે ઊભી થઈ ગઈ.[૩] પછી કોઈ ગોપીએ પ્રેમથી ભગવાનના હસ્તકમળને અંજલિથી ગ્રહણ કર્યો; કોઈ ગોપીએ ચંદનથી શોભી રહેલા ભગવાનના બાહુને પોતાના ખભા પર ધારણ કર્યો; કોઇ ગોપીએ ભગવાને ચાવેલું તાંબૂલ અંજલિમાં લીધું; તો કામથી અત્યંત તપી ગયેલી કોઇ ગોપીએ ભગવાનના ચરણકમળને સ્તન ઉપર મૂક્યું અને કોઇ ગોપી પ્રણયકોપથી વિહ્વળ થઇને, ભમ્મર ચડાવીને દાંત વડે હોઠ પીસતી કટાક્ષો ફેંકીને જાણે પ્રહાર કરતી હોય, તેમ ભગવાનને જોવા લાગી. જેમ સત્પુરુષો ભગવાનના ચરણને વારંવાર સેવ્યા છતાં તૃપ્ત જ થતા નથી, તેમ બીજી કોઈ ગોપી સ્થિર દૃષ્ટિએ ભગવાનના મુખકમળને સારી રીતે જોયા છતાં પણ ફરી વારંવાર જોતી તૃપ્ત જ થઈ નહિ અને કોઈ ગોપી નેત્રરૂપી છિદ્રદ્વારા ભગવાનને પોતાના હૃદયમાં સ્થાપી, નેત્રો બંધ કરી તેમને ભેટી પડી અને રોમાંચિત થઇને કોઈ યોગીની પેઠે આનંદમગ્ન બની ગઈ. એ રીતે સર્વ ગોપીઓ શ્રીકૃષ્ણના દર્શનથી થયેલા પરમ આનંદને લીધે શાંત થઈ અને જેમ કોઇ બ્રહ્મવેત્તાને પામીને મુમુક્ષુ મનુષ્યો સર્વ સંતાપનો ત્યાગ કરે તેમ, અથવા જેમ સુષુપ્તિના સાક્ષી પરમાત્માને પ્રાપ્ત કરી વિશ્વતૈજસ્ અવસ્થાના જીવો સંતાપનો ત્યાગ કરે તેમ, તે ગોપીઓએ વિરહના તાપનો ત્યાગ કર્યો.[૪–૯] હે રાજા! તે સમયે શોકથી રહિત થયેલી ગોપીઓથી વીંટાયલા ભગવાન શ્રીકૃષ્ણ સત્ત્વાદિક શક્તિઓથી વીંટાયલા પરમાત્માની પેઠે અત્યંત શોભતા હતા.[૧૦] ત્યાર

÷ અત્યંત પ્રેમવિહ્વળ થઇને રુદન કરતી ગોપીઓ આ છેલ્લો શ્લોક કહે છે. —ભા. ક.

* આ અધ્યાયમાં ગોપીઓના વિરહાલાપથી જેમનું હૃદય પીગળી ગયું હતું, એવા શ્રીકૃષ્ણે ત્યાં પ્રકટ થઇ તેમને માન આપી શાંત પાડી, એ કથા કહેવાશે.—શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી એ ભગવાન સર્વ સ્ત્રીઓને સાથે લઇ યમુનાના કિનારા પર ગયા કે જ્યાં વિકસિત થયેલા મોગરા ને મંદારનાં પુષ્પોની સુગંધવાળા વાયુને લીધે ભમરાઓ ઊડી રહ્યા હતા; શરદ્‌ઋતુના ચંદ્રનાં કિરણોને લીધે રાત્રિનું અંધારું નાશ પામ્યું હતું અને યમુના નદીએ હાથ જેવા ચંચળ તરંગોથી સુંવાળી રેતી પાથરી હતી.[૧૧-૧૨] જેમ શ્રુતિઓ કર્મકાંડમાં પરમેશ્વરને નહિ જોતી તે તે કામનાઓ બાંધીને અપૂર્ણ જેવી થઇ પડે છે, પણ તેજ શ્રુતિઓ જ્ઞાનકાંડમાં પરમેશ્વરનાં દર્શન કરી આનંદપૂર્ણ થઇને તે સર્વ કામનાઓનો ત્યાગ કરે છે; તેમ જે ગોપીઓ પ્રથમ ભગવાનનાં દર્શન નહિ કરીને શોકાતુર થઇ હતી અને પછી ભગવાનનાં દર્શન કરીને તેથી થયેલા આનંદને લીધે હૃદયના રોગથી રહિત થઇ અને પોતાના મનોરથોના પારને પામી પૂર્ણકામ થઇ હતી, તે ગોપીઓએ અંતર્યામી ભગવાનને (ત્યાં યમુનાકિનારે) સ્તન ઉપરના કેસરથી રંગાયલી પોતાની સાડીઓનું આસન કરી આપ્યું,[૧૩] એટલે મોટા મોટા યોગીઓનાં હૃદયમાં જેમનું આસન રચાયું છે, એવા સર્વના ઈશ્વર શ્રીકૃષ્ણ ભગવાન ત્રૈલોક્યની શોભાના એકજ સ્થાનરૂપ શરીરને ધારણ કરતા ત્યાં આસન ઉપર બિરાજ્યા, તે વેળા ગોપીઓની સભામાં બિરાજીને ગોપીઓથી સન્માન પામેલા ભગવાન અત્યંત શોભતા હતા. પછી હાસ્ય અને લીલા સાથે જોવાથી વિલાસ કરતી ભ્રમરોવાળી તે ગોપીઓ ખોળામાં લીધેલા ચરણ તથા હાથને ચાંપવા વડે કામદેવને પ્રદીપ્ત કરતા ભગવાનનો સત્કાર કરી વાતચીતનો પ્રસંગ કાઢી, સહેજ કોપાયમાન થઇ આ પ્રમાણે પૂછવા લાગીઃ

ગોપીઓએ પૂછ્યુંઃ–'÷કેટલાક પુરુષો પોતાને ભજનારાઓને ભજે છે; કેટલાક પોતાને નહિ ભજનારાઓને પણ ભજે છે અને કેટલાક તો પોતાને ભજનારાઓને તથા નહિ ભજનારાઓને બન્નેને ભજતા નથી, તો આ સંબંધે તમે અમને સારી પેઠે સમજાવીને કહો.'[૧૪-૧૬]

શ્રીભગવાન બોલ્યાઃ–×'હે સખીઓ! (ઉપકાર અને પ્રત્યુપકારરૂપે) જેઓ પરસ્પર ભજે છે, (તેઓ અન્યને ભજતા નથી, પણ પોતાનેજ ભજે છે, કેમકે) તેઓનો એ ઉદ્યમ કેવળ એક સ્વાર્થ માટેજ હોય છે. તેમાં પરસ્પર પ્રેમ હોતો નથી અને (તેથી તેમાં કંઇ સુખ હોતું નથી તેમ) ધર્મ પણ હોતો નથી. (ગાય અને ભેંસ વગેરેની સેવાની પેઠે) માત્ર સ્વાર્થ માટેજ તે પરસ્પર ભજન હોય છે, બીજાને માટે તેમાં કંઇ પણ હોતું નથી.*[૧૭] હવે જેઓ પોતાને નહિ ભજનારાઓને પણ ભજે છે, તેઓ બે પ્રકારના હોય છે; એક તો કેવળ દયાળુજ હોય છે અને બીજા માતાપિતાની પેઠે સ્નેહ ધરાવનારા હોય છે. હે સુંદર મધ્યભાગવાળી સ્ત્રીઓ! તેમાં જેઓ દયાળુ હોઇને નહિ ભજનારાઓને ભજે છે, તેઓમાં નિર્દોષ ધર્મ રહેલો હોય છે અને જેઓ કેવળ સ્નેહાળ હોઇને બીજા નહિ ભજનારાઓને પણ ભજે છે, તેઓમાં (નિર્દોષ) પ્રેમ રહેલો હોય છે.[૧૮] હવે§ જેઓ કેટલાક ભજનારાઓને પણ ભજતા નથી, તેઓ નહિ ભજનારાઓને તો ક્યાંથીજ ભજે? આ ભજનારાઓને પણ નહિ ભજનારા ચાર પ્રકારના હોય છેઃ–એક તો આત્મારામ હોય છે–કેવળ આત્મામાંજ રમણ કરનારા હોઇને બાહ્યદૃષ્ટિથી રહિત હોય છે; બીજા પૂર્ણકામ હોય છે–એટલે બાહ્યવિષયોને જોતા હોવા છતાં પણ પોતે પૂર્ણકામ હોઇને ભોગેચ્છાથી

÷ ભગવાન પોતે અકૃત્યજ છે, એમ ભગવાનના સ્વમુખેજ કહેવરાવવાની ઇચ્છાવાળી ગોપીઓ ગૂઢ અભિપ્રાયથી લોકવૃત્તાંતને પૂછે છે. —શ્રીધર

× ગોપીઓના ત્રણ પ્રશ્ન પૂછવાનો અભિપ્રાય જાણી લઈ ભગવાન ઉત્તર આપે છે. —શ્રીધર

* આ શ્લોકમાં ગોપીઓના પહેલા પ્રશ્નનો ઉત્તર છે. હવેના શ્લોકમાં બીજા પ્રશ્નનો ઉત્તર છે. —ભા. ક.

§ ગોપીઓના ત્રીજા પ્રશ્નનો ઉત્તર હવે આ શ્લોકમાં આપે છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહિત હોય છે; ત્રીજા અકૃતજ્ઞ હોય છે–કોઇએ કરેલા ઉપકારની સામે કંઇ ઉપકાર કરી જાણવામાં મૂઢ હોય છે અને ચોથા ગુરુદ્રોહી હોય છે. બીજાઓએ ઉપકાર કરેલો હોય છે, તેને તેઓ જાણે છે તોપણ તેઓના દ્રોહ કરનારા મહાકઠિન હોય છે.÷[19] હે સખીઓ! (તે પૂર્વોક્ત પ્રકારોમાંના એક પણ પ્રકારમાં હું આવી જતો નથી; હું તો પરમ દયાળુ અને સર્વનો પરમમિત્ર છું.) મને ભજનારાઓને નિરંતર મારામાં ધ્યાનપ્રવૃત્તિ રહે, તેટલા માટે એ ભજનારાઓને પણ હું ભજતો નથી. જેમ દષ્ટાંત તરીકે કોઇ નિર્ધન મનુષ્ય પોતાને મળેલું ધન નાશ પામતાં તે ચિંતાથીજ વ્યાપ્ત રહે છે અને તેથી ક્ષુધા કે તૃષા વગેરે કંઇ પણ જાણતો નથી; (પરંતુ ધનનાજ ધ્યાનમાં મગ્ન રહે છે,) તેમ હે અબળાઓ! મારે માટે જેઓએ *લોકનો, વેદનો+ તથા †સગાંસંબંધીઓનો ત્યાગ કર્યો છે એવી તમને મારામાં ધ્યાનપ્રવૃત્તિ રહે, તે માટેજ તમારી પરોક્ષમાં રહીને તમને ભજતો–તમારા પ્રેમાલાપ સાંભળતો હું અંતર્ધાન થઈ ગયો હતો; માટે હે પ્રિયાઓ! તમે પ્રિય એવા મને દોષારોપથી જોવાને યોગ્ય નથી.[20][21] (ઠીક છે, હવે તે બધી વાત જવા દો, આ સત્ય વચન કહું છું, સાંભળો.) મારી સાથેના નિર્દોષ સમાગમવાળી તમારો પ્રત્યુપકાર કરવાને દેવોના આયુષથી પણ હું સમર્થ નથી–અનંત કાળે પણ હું તમારો બદલો વાળી શકું તેમ નથી. તમે દુર્ભેદ્ય એવી ઘરરૂપી સાંકળો સંપૂર્ણ તોડી નાખીને મને ભજી રહી છો; માટે તમારા આ ઉત્તમ કૃત્ય વડેજ તે તમારું ઉત્તમ કૃત્ય બદલો અપાયલું થાઓ. (મારું મન તો અનેકમાં પ્રેમયુક્ત હોઇને એકમાં સ્થિતિવાળું છેજ નહિ, માટે આ તમારી સેવાજ એ તમારી સેવાના બદલારૂપ થાઓ–અર્થાત્ તમારી સુશીલતાથીજ હું તમારા ઋણમાંથી મુક્ત થઇ શકું તેમ છું, પણ સામેથી ઉપકાર કરીને હું તમારા ઋણમાંથી મુક્ત થઇ શકું તેમ નથી.)[22]

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः । या माऽभजन् दुर्जरगेहशृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥ २२ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૨ મો સમાપ્ત

अध्याय ३३ मो*

ગોપીઓ સાથે શ્રીકૃષ્ણની રાસલીલા, જલક્રીડા તથા વનક્રીડા

॥ श्रीशुक उवाच ॥

इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचः सुपेशलाः । जहुर्विरहजं तापं तदंगोपचिताशिषः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" એ પ્રમાણે ભગવાન્ કૃષ્ણની મનોહર વાણી સાંભળીને તેમના હાથ-પગ વગેરે અવયવોના સ્પર્શથી જેઓના મનોરથો પૂર્ણ થયા હતા, એવી તે ગોપીઓએ ભગવાનના વિરહથી ઉત્પન્ન થયેલા તાપનો ત્યાગ કર્યો.[1] પછી પોતાને અનુસરનારી, પ્રસન્ન થયેલી અને એકબીજીના હાથ જેઓએ પકડ્યા હતા,

---

÷ ભજનારાઓને નહિ ભજનારાના આ છેલ્લા પ્રકારમાં શ્રીકૃષ્ણ આવી જાય છે, એમ માની લઈ ગોપીઓ પરસ્પર આંખના ઇશારા કરી એકબીજીને જણાવવા લાગી અને છાનું છાનું હસવા લાગી; તે જોઈ શ્રીકૃષ્ણ ૨૦–૨૧ શ્લોકમાં કહે છે. —શ્રીધર

* યોગ્ય–અયોગ્યનો વિચાર કર્યા વિના ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે આવી હતી, માટે તેઓએ લોકનો ત્યાગ કર્યો હતો.

+ ધર્મ કે અધર્મ જોયા વિના ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે આવી હતી, તેથી તેઓએ વેદોનો ત્યાગ કર્યો હતો.

† સગાં–સંબંધીઓના સ્નેહનો ત્યાગ કરી ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે આવી હતી, તેથી તેઓએ સગાં–સંબંધીઓનો પણ ત્યાગ કર્યો હતો. —શ્રીધર

* આ અધ્યાયમાં શ્રીહરિએ ગોપીઓની મંડળીની વચ્ચે રહી તે પ્રિયાઓને જલક્રીડા અને વનક્રીડાથી રમાડી, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવી તે સ્ત્રીરત્ન—ગોપીઓની સાથે ભગવાને ×રાસક્રીડાનો આરંભ કર્યો.[૨] તે (મંડળાકારે ગોઠવાઇ ગયેલી) ગોપીઓની મધ્યે, બબ્બે બબ્બે ગોપીઓની વચ્ચે યોગેશ્વર શ્રીકૃષ્ણ (પોતાના અચિંત્ય યોગસામર્થ્યથી અનેકસ્વરૂપ થઇને) દાખલ થયા ને બન્ને બાજુ બન્ને ગોપીઓના કંઠમાં તેમણે આલિંગન કર્યું, જેથી સર્વ ગોપીઓ શ્રીકૃષ્ણને પોતાની સમીપમાં રહેલા અને પોતાનેજ ભેટી રહેલા માનવા લાગી. એ રીતે ગોપીઓના મંડળથી શોભતો રાસોત્સવ ચાલુ થયો; એટલે તેજ ક્ષણે ઉત્સુકતાથી વ્યાપ્ત મનવાળા સ્ત્રી સહિત દેવોનાં સેંકડો વિમાનોથી આકાશ છવાઈ ગયું; દુંદુભિ નગારાં વાગવા લાગ્યાં; પુષ્પોની વૃષ્ટિ (આકાશમાંથી) થવા લાગી અને મોટા મોટા ગંધર્વો સ્ત્રીઓની સાથે ભગવાનનો નિર્મળ યશ ગાવા લાગ્યા.[૩-૫] પછી તો એ રાસમંડળમાં પોતાના પ્રિય શ્રીકૃષ્ણની સાથે રહેલી ગોપીઓનાં કડાંઓનાં ઝાંઝરોનો તથા ઘૂઘરીઓનો મોટો ઝણકાર થઇ રહ્યો.[૬] દેવકીપુત્ર ભગવાન, તે રાસમંડળમાં સુવર્ણના મણકાઓની વચ્ચે શ્રેષ્ઠ નીલમણિ શોભે, તેમ ગોપીઓની સાથે રહી શોભતા હતા. શ્રીકૃષ્ણપ્રિયા ગોપિકાઓ પણ તે રાસમંડળમાં છટાથી પગ મૂકવા, હાથ ચલાવવા, મંદ હાસ્ય સાથે ભ્રૂકુટીઓના વિલાસો કરવા; ભાંગી પડે તેમ કેડોને વાળવી, સ્તનોનું કંપવું, સ્તન પરનાં વસ્ત્રોનું ખસી જવું અને ગાલ ઉપર કુંડળોનું લચકવું—વગેરે ચેષ્ટાઓવાળી જણાતી હતી. તેઓનાં મુખ પર પરસેવો આવી રહ્યો હતો; તેઓના અંબોડાના તથા કંદોરાના બંધ છૂટી પડ્યા હતા અને શ્રીકૃષ્ણનાં ગીત તેઓ ગાતી હતી, જેથી મેઘમંડળમાં જેમ વીજળીઓ શોભે, તેમ+ (એ અનેકસ્વરૂપ થયેલા શ્રીકૃષ્ણની વચ્ચે) તે શોભતી હતી.[૭-૮] તેમજ નૃત્ય કરતી, જાતજાતના રાગોથી રંજિત કંઠવાળી, રતિ પર પ્રીતિવાળી અને શ્રીકૃષ્ણના સ્પર્શથી પ્રસન્ન થયેલી ગોપીઓ ઉચ્ચ સ્વરે ગાતી હતી કે જેઓના ગીતથી આ આખું જગત ભરાઇ ગયું હતું.[૯] કોઇ ગોપી શ્રીકૃષ્ણના (ઊંચા) સ્વર સાથે નહિ મળેલી પોતાના સ્વરોની જાતિને તેજ સમયે ધ્રુવતાલ કરીને ઉચ્ચ સ્વરમાં લઇ ગઇ, જેથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે 'વાહ, વાહ' એમ કહી તે ગોપીનો સત્કાર કર્યો અને તેને બહુ માન આપ્યું.[૧૦] કોઇ ગોપી રાસમંડળમાં થાકી ગઈ અને તેનાં કડાં તથા (મસ્તકપરનાં) મલ્લિકાનાં પુષ્પો શિથિલ થઇ ગયાં; એટલે તેણે પાસે ઊભેલા શ્રીકૃષ્ણના ખભાને હાથથી પકડી લીધો. તે રાસમંડળમાં કોઇ ગોપી પોતાના ખભાપર રહેલા, કમળ જેવા સુગંધી અને ચંદનથી લેપાયલા શ્રીકૃષ્ણના હાથને સૂંઘીને રોમાંચિત થઇ તેને ચુંબન કરવા લાગી.[૧૧-૧૨] કોઈ ગોપી નાચવાથી ચંચળ એવાં કુંડળની કાંતિથી શોભતા પોતાના ગંડસ્થળને શ્રીકૃષ્ણના ગંડસ્થળ સાથે જોડી દેતી હતી; ત્યારે ભગવાન તેને ચાવેલું તાંબૂલ આપતા હતા.[૧૩] કોઇ ગોપી નાચતી, ગાતી અને શબ્દ કરતાં ઝાંઝરો તથા કંદોરાને ધારણ કરતી જ્યારે થાકી ગઇ, ત્યારે પાસે ઊભેલા શ્રીકૃષ્ણના કલ્યાણકારી હસ્તકમળને પોતાનાં સ્તન ઉપર મૂકવા લાગી.[૧૪] એ રીતે જેઓના કંઠમાં ભગવાને હાથ નાખ્યા હતા, એવી તે ગોપીઓ કેવળ એક લક્ષ્મીનાજ પતિ એવા શ્રીકૃષ્ણને પતિ

× રાસક્રીડાનું લક્ષણ આ પ્રમાણે છે:—

नटैर्गृहीतकंठानामन्योन्यात्तकरश्रियाम् ।
नर्तकीनां भवेद्रासो मंडलीभूय नर्त्तनम् ॥

નટોએ જેઓનાં ગળાંમાં હાથ નાખ્યા હોય, તેવી નટીઓ ગોળાકારે ઘૂમીને એકબીજાના હાથને ગ્રહણ કરી નૃત્ય કરે, તે રાસ કહેવાય છે.

+ આ શ્લોકમાં મેઘમંડળની ઉપમા અનેક–સ્વરૂપ થયેલા શ્રીકૃષ્ણને આપી છે; ગોપીઓને તરેહ તરેહની વીજળીઓની ઉપમા આપી છે; પરસેવો થઇ રહ્યો છે, તેને જળના છાંટાઓની ઉપમા આપી છે અને ગાયન ચાલી રહ્યું છે, તેને ગર્જનાની ઉપમા આપી છે. ઉપરાંત સંભવ પ્રમાણે સમજી લેવું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તરીકે પ્રાપ્ત કરી તેમનાં ગીત ગાતી રાસક્રીડા કરવા લાગી.૧૫ જેમાં ભમરાઓજ ગવૈયા હતા, એવી તે રાસસભામાં ગોપીઓ ભગવાન સાથે નૃત્ય કરતી હતી ત્યારે તેઓનાં મુખ પર, કાનમાં ધારણ કરેલાં કમળોને લીધે, કેશથી શોભી રહેલા ગાલોને લીધે અને પરસેવાનાં બિંદુઓને લીધે શોભા જામી રહી હતી; તેઓનાં કડાં, ઝાંઝરો તથા ઘૂઘરીઓ વાજાંઓરૂપે થઇ રહ્યાં હતાં અને તેઓના પોતાના કેશોમાંથી પુષ્પોની માળાઓ સરકી રહી હતી.* એ પ્રમાણે (જેમ ગોપીઓ અનેક વિલાસોથી ભગવાન સાથે વિહાર કરતી હતી, તેમ) લક્ષ્મીના પતિ ભગવાન પણ, બાળક ×જેમ પોતાનાં પ્રતિબિંબો સાથે ક્રીડા કરે, તેમ આલિંગન, હાથનો સ્પર્શ, સ્નેહપૂર્વક જોવું, ઉત્તમ પ્રકારના વિલાસો તથા હાસ્ય–વગેરેથી વ્રજની સુંદરીઓ સાથે (લગાર પણ મોહ પામ્યા વિના) ક્રીડા કરી રહ્યા હતા. હે કુરુવંશી રાજા! +તે વ્રજની સ્ત્રીઓ ભગવાનના અંગસંગથી થયેલા આનંદને લીધે એવી તો વ્યાકુળ ઇન્દ્રિયોવાળી થઇ ગઇ હતી, કે જેથી તેઓની માળાઓ તથા અલંકારો સરકી પડેલાં હોઇને વીખરાઇ ગયેલા પોતાના કેશો, સાડીઓ તથા ચોળીઓને બરાબર જેમ હતાં તેમ વ્યવસ્થિત કરવા સમર્થ ન થઇ–અર્થાત્ પોતાનાં વસ્ત્ર, દાગીના તથા ચોળી વગેરે પોતપોતાના સ્થાન ઉપરથી ખસી પડ્યાં હતાં, તેનું પણ ગોપીઓને ભાન રહ્યું ન હતું.૧૬-૧૮ શ્રીકૃષ્ણની એ રાસક્રીડા જોઇને દેવોની સ્ત્રીઓ કામથી પીડાઇને મોહ પામી હતી અને પોતાના નક્ષત્રગણ સાથે ચંદ્રમા પણ આશ્ચર્ય પામ્યો હતો.÷૧૯ ભગવાન કૃષ્ણ જો કે પોતે આત્મારામ હતા, તોપણ જેટલી ગોપીઓ હતી, તેટલાં પોતાનાં સ્વરૂપો કરીને પોતે તે ગોપીઓ સાથે લીલાથી રમ્યા હતા.*૨૦ હે રાજા! અત્યંત રમવાથી ગોપીઓ જ્યારે થાકી ગઇ, ત્યારે તે દયાળુ ભગવાને તેઓનાં મુખોને પરમ કલ્યાણકારી હાથથી પ્રેમપૂર્વક લૂછ્યાં હતાં.૨૧ વળી ગોપીઓ ચળકતાં સુવર્ણનાં કુંડળોની તથા કેશોની કાંતિ વડે પોતાનાં ગંડસ્થળો પર જ શોભા થઇ રહી હતી, તેને લીધે અમૃતતુલ્ય બનેલા પોતાના હાસ્ય સહિત દર્શનથી શ્રીકૃષ્ણને માન આપતી હતી

* ભગવાનની રાસક્રીડામાં ગંધર્વો તથા કિન્નરો વગેરે વાજાં વગાડનારા અને સાથે ગાન કરનારા હતા; પણ તેઓ રાસરસના આવેશથી મોહિત થઈ પડ્યા અને સર્વની સાથે નૃત્ય કરવા મંડી પડ્યા, ત્યારે વાદ્ય વગેરેની સંપત્તિ કોઇ જુદાજ પ્રકારની થઇ, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે અને ગોપીઓના કેશો તાલગતિથી જાણે પ્રસન્ન થઇ ગયા હોય, તેમ માથાં ધુણાવીને ગોપીઓના ચરણોમાં પુષ્પોની વૃષ્ટિ કરતા હતા, એવી આ શ્લોકમાં ઉત્પ્રેક્ષા કરી છે. —શ્રીધર

× ભગવાન ગોપીઓના વિલાસોથી જરા પણ આકર્ષાયા ન હતા, એમ સૂચવવાને આ દૃષ્ટાંત આપ્યું છે અને દર્શાવ્યું છે કે, ભગવાન પોતેજ પોતાની સર્વ કલાકુશળતાને તથા સુગંધી, લાવણ્ય અને મધુરતા વગેરેને ગોપીઓમાં દાખલ કરીને તેઓ સાથે જેમ બાળક પ્રતિબિંબની સાથે રમે છે તેમ રમ્યા હતા. —શ્રીધર

+ પણ ગોપીઓ તો ભગવાનના વિલાસથી વ્યાકુળ થઇ ગઇ હતી, બેભાન બની હતી, એ અભિપ્રાય હવે આ શ્લોકમાં કહે છે. —શ્રીધર

÷ આમ કહીને એ સૂચવ્યું છે કે, આશ્ચર્ય પામેલો ચંદ્રમા પોતાની ગતિ ભૂલી ગયો; એટલે તેની આગળના સર્વ ગ્રહો પણ પોતપોતાની ગતિ ભૂલી જઈ ત્યાંના ત્યાંજ રહ્યા, જેથી રાત્રિઓ ઘણી મોટી થઇ પડી હતી અને શ્રીકૃષ્ણ તથા ગોપીઓ સુખેથી રમ્યાં હતાં.—શ્રી૦

* કહેવાનો ભાવ એ છે કે, પ્રથમ ગોપીઓ કાત્યાયની દેવીનું પૂજન કરતી ત્યારે તેઓએ દેવી પાસે માગ્યું હતું કે:

कात्यायनि महाभागे महायोगिन्यधीश्वरि ।
नन्दगोपसुतं देवि पतिं मे कुरु ते नमः ॥

હે મહાભાગ્યશાળી કાત્યાયનિ! હે મહાયોગિની! હે અધીશ્વરિ! હે દેવિ! નંદજીના પુત્ર શ્રીકૃષ્ણને તમે અમારા પતિ કરો; તેમજ ભગવાને પોતે પણ '**याताबला व्रजं सिद्धा मयेमा रंस्यथ क्षपाः**'–હે સ્ત્રીઓ! હવે તમે સિદ્ધ થઇ છો; તમે વ્રજમાં જાઓ. તમે આ રાત્રિઓમાં મારી સાથે રમશો.' આવી પ્રતિજ્ઞા કરી હતી; તેથી પોતે, જેટલી ગોપીઓ હતી તેટલાં સ્વરૂપો કરીને તેઓ સાથે રમ્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને શ્રીકૃષ્ણના નખના સ્પર્શથી અત્યંત આનંદમાં આવી જઇ તેમનાં પવિત્ર કર્મો ગાતી હતી.૨૨ ‡તે પછી જેમ કોઈ મહાન હાથી નદીઓ તથા પર્વતોના તટપ્રદેશોને તોડી પાડી થાકી જાય અને પછી તે થાક દૂર કરવાને હાથિણીઓ સાથે જળમાં પ્રવેશ કરે, તેમ લોક અને વેદની મર્યાદાને જેમણે ઓળંગી હતી, એવા ભગવાને પણ થાકી જઇને તે થાક દૂર કરવા માટે એ ગોપીઓ સાથે જળમાં પ્રવેશ કર્યો અને તે વખતે ગોપીઓના અંગસંગથી મસળાઈ ગયેલી તેમજ ગોપીઓનાં સ્તન પરના કેસરથી રંગાઈ ગયેલી (ભગવાને પહેરેલી) માળાના ભમરાઓ પણ ગંધર્વપતિઓની પેઠે ગીત ગાતા તે ભગવાનની પાછળ ગયા હતા. હે રાજા! જળની અંદર તરુણ ગોપીઓ ખડખડાટ હસતી ચોતરફથી ભગવાનને પાણી છાંટવા લાગી અને પ્રેમપૂર્વક જોવા લાગી; બીજી તરફથી વિમાનમાં બેઠેલા દેવતાઓ પુષ્પોની વૃષ્ટિ કરી ભગવાનની સ્તુતિ કરી રહ્યા હતા; ત્યારે ભગવાન પણ પોતે આત્મારામ છતાં મોટા એક હાથીની પેઠે એ જળમાં ક્રીડા કરી રહ્યા હતા. એ રીતે જળક્રીડા+ કર્યા પછી મદઝરતો હાથી જેમ હાથિણીઓ સાથે વનવિહાર કરે, તેમ ભગવાને પણ ભમરાઓ ને પક્ષીઓનાં ટોળાંથી વીંટાઇ જળનાં તથા સ્થળનાં પુષ્પોની સુગંધવાળા વાયુથી જેની દિશાના કિનારા સેવાઇ રહ્યા હતા, એવા યમુના નદીના ઉપવનમાં વિહાર કર્યો હતો. *એ પ્રમાણે સત્ય સંકલ્પવાળા અને પોતા પર પ્રેમ ધરાવતી સ્ત્રીઓનાં ટોળાંઓ વચ્ચે રહેલા ભગવાન શ્રીકૃષ્ણે ચંદ્રમાનાં કિરણોથી શોભતી અને કાવ્યગ્રંથોમાં વર્ણવેલા શૃંગાર વગેરે રસોના આશ્રયરૂપ એવી શરદ્ઋતુની રાત્રિઓનું સેવન કર્યું હતું—સર્વ શરદ્ઋતુની રાત્રિઓમાં ક્રીડા કરી હતી; છતાં પણ પોતાના વીર્યને પોતાને વિષેજ રોકી રાખ્યું હતું—સ્ખલિત થવા દીધું ન હતું.‡૨૩-૨૬

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"જગતના ઈશ્વર ભગવાન કૃષ્ણ ધર્મની સ્થાપના કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે પોતાના અંશ—બળદેવની સાથે (પૃથ્વી પર)† અવતર્યા હતા; છતાં હે બ્રહ્મન્! ધર્મમર્યાદાઓને કહેનારા અને ધર્મમર્યાદાનું રક્ષણ કરનારા તે ભગવાને પરસ્ત્રીઓના સંગરૂપ અધર્મ અને તેવું મહાન સાહસ કેમ કર્યું? હે સદાચારી મુનિરાજ! યદુપતિ કૃષ્ણ પૂર્ણકામનાઓવાળા હતા; (માટે તેમણે કરેલું એ કર્મ અધર્મરૂપ મનાય નહિ, એમ જો તમે માનતા હો,) તો પછી તેમણે કયા અભિપ્રાયથી એ નિંદ્ય કર્મ કર્યું હતું? આ અમારા સંશયને આપ દૂર કરો."૨૭-૨૯

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"(બ્રહ્મા, ઇન્દ્ર, ચંદ્ર તથા વિશ્વામિત્ર વગેરે) સમર્થ પુરુષોનાં આવી રીતે ધર્મનું ઉલ્લંઘન તથા આવાં સાહસકર્મ આપણે (શાસ્ત્રોમાં) જોયાં છે; (એ ઉપરથી સિદ્ધ થાય છે કે,) સર્વ વસ્તુનું ભક્ષણ કરી જનારા અગ્નિને જેમ કોઇ જાતનો દોષ લાગતો નથી, તેમ મહાતેજસ્વી પુરુષોને પણ (ધર્મના ઉલ્લંઘનનો કે સાહસકર્મનો) દોષ લાગતો નથી;૩૦ *પરંતુ જે પુરુષ અનીશ્વર હોય—દેહાદિને અધીન

‡ અહીંથી ભગવાનની જળક્રીડાનું વર્ણન છે.—શ્રી

\+ જળક્રીડા અને સ્થળક્રીડા દર્શાવ્યા પછી આ શ્લોકમાં ભગવાનની વનક્રીડા દર્શાવે છે. —શ્રીધર

* રાસક્રીડાનો ઉપસંહાર જણાવે છે. —શ્રીધર

‡ આમ કહી સૂચવ્યું છે કે, ભગવાને કામદેવને જીત્યો હતો. —શ્રીધર

† આમ કહી 'धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे'। (શ્રી. ભ. ગી.) ધર્મની સ્થાપના કરવા માટે હું પ્રત્યેક યુગમાં અવતરું છું, એ ગીતાશાસ્ત્રની પ્રસિદ્ધિ સૂચવી છે. —બાલપ્રબોધિની

* ઉપરના શ્લોકમાં કહ્યું એ ઉપરથી કોઇને શંકા થાય કે, यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः। (શ્રી ભ. ગી. ૪-૮) શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, તેને બીજા સામાન્ય મનુષ્ય પણ આચરે છે. એ ન્યાય પ્રમાણે હરકોઈ સામાન્ય મનુષ્ય પણ આવા અધર્મ અને સાહસ કરવા માંડશે, તેનું કેમ? આના ઉત્તરમાં અહીં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેનારો હોય, તેણે તો મનથી પણ આવું ધર્મોલ્લંઘન કે સાહસ કરવું ન જોઇએ; શંકરે સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું ઝેર ખાધું, તેમ જો કોઈ અન્ય મનુષ્ય મૂર્ખાઇથી ઝેર ખાય, તો મરીજ જાય;[૩૧] માટે †સમર્થ પુરુષોનાં વચન સત્ય હોય છે; (તેથી તેમનાં વચન પ્રમાણે વર્તવું,) પણ તેમનાં આચરણ તો ક્વચિતજ સત્ય હોય છે, જેથી બુદ્ધિમાન મનુષ્યે તેમનું જે આચરણ તેમનાં વચનોથી વિરુદ્ધ ન હોય, તે આચરણ પ્રમાણેજ વર્તવું.[૩૨]× હે રાજા! દેહાદિ ઉપરના અભિમાનથી રહિત એવા મહાપુરુષોને આ જગતમાં કોઇ શુભ કર્મ કરવાથી કંઇ લાભ થતો નથી અથવા કોઇ અશુભ કર્મ કરવાથી કંઈ અનર્થ થતો નથી.+[૩૩] (આ રીતે બીજા મહાપુરુષોને જો પુણ્યપાપનો સંબંધ નથી) તો પછી પોતાને વશ રહેનારાં પશુ–પક્ષી, મનુષ્ય તેમજ દેવ વગેરે સર્વ પ્રાણીઓના નિયંતા ભગવાન કૃષ્ણને તો પુણ્ય–પાપનો સંબંધ કેમજ હોઇ શકે?[૩૪] જેમનાં ચરણકમળની રજને સેવવાથી તૃપ્ત રહેનારા અને યોગના પ્રભાવથી સમગ્ર કર્મબંધનોને જેમણે તોડી નાખ્યાં હોય છે, એવા યોગીઓ પણ (પુણ્ય–પાપથી) નહિ બંધાઇને પોતાની ઇચ્છાનુસાર વિચરે છે; તો પછી કેવળ પોતાની ઇચ્છાથી જેમણે મનુષ્યાદિ શરીર ગ્રહણ કરેલું હોય છે, એવા ભગવાનને તો (પુણ્ય–પાપનું) બંધન કેમજ હોઇ શકે?[૩૫] *વળી જે પરમાત્મા ગોપીઓના, તેઓના પતિઓના તથા સર્વ પ્રાણીઓના અંતર્યામી છે અને (બુદ્ધિ આદિના) સાક્ષી છે, તેજ પરમાત્મા કેવળ લીલા માટે શરીર ધારણ કરે છે. (તે કંઇ આપણા જેવા નથી, જેથી તેમને દોષ લાગે)[૩૬] ભગવાન, પ્રાણીઓ પર અનુગ્રહ કરવા માટે મનુષ્યશરીર ધારણ કરીને તેવી (શૃંગારાદિ) ક્રીડાઓ કરે છે, જેનું શ્રવણ કરી મનુષ્ય ભગવત્પરાયણ થાય છે.‡[૩૭] હે રાજન્! પેલી તરફ વ્રજવાસી ગોવાળિયાઓ ભગવાનની માયાથી મોહ પામી પોતપોતાની સ્ત્રીઓને પોતપોતાની પાસેજ રહેલી માનતા હતા; તેથી તેઓએ શ્રીકૃષ્ણને દોષબુદ્ધિથી જોયા ન હતા.[૩૮] તે પછી બે ઘડી રાત્રિ બાકી રહી, ત્યારે ભગવાનની પ્રીતિપાત્ર ગોપીઓ પોતે જવા ઇચ્છતી ન હતી; તોપણ ભગવાનની આજ્ઞાથી પોતપોતાને ઘેર ગઇ.[૩૯] જે ધીર મનુષ્ય વ્રજવાસી સ્ત્રીઓ સાથેની ભગવાનની આ ક્રીડાને શ્રદ્ધાયુક્ત થઇ સાંભળે છે અથવા વર્ણવે છે, તે મનુષ્ય ભગવાન વિષે પરમ ભક્તિ સંપાદન કરી તત્કાળ હૃદયના રોગરૂપી કામદેવને તજે છે.*॥૪૦

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः ।
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ॥
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं ।
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥ ४० ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૩ મો સમાપ્ત

---

† જગતમાં સત્પુરુષોનો આચાર પ્રમાણભૂત ગણાય છે, તે કેવી રીતે? એના સમાધાનમાં સૂચવે છે.—શ્રીધર

× ત્યારે તો મહાપુરુષો એવાં એવાં સાહસકર્મ પણ કરતા હશે, આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

+ અર્થાત્ પ્રારબ્ધકર્મનો ક્ષય કરવો એજ માત્ર મહાપુરુષોનું કૃત્ય હોય છે, બીજું કંઈ પણ હોતું નથી.શ્રી

* ઉપરના શ્લોકોમાં પરીક્ષિતની શંકાનું સમાધાન ગોપીઓને પરસ્ત્રીઓ તરીકે માનીને આપવામાં આવ્યું છે; હવે ભગવાન તો સર્વના અંતર્યામી છે; તો પછી તેમને પરસ્ત્રીસેવન એ દોષરૂપે લાગુજ નથી; એ આશયથી કહે છે. —શ્રીધર

‡ જેઓનાં મન શૃંગારરસથી આકર્ષાયલાં રહેતાં હોય અને જેઓ અત્યંત બહિર્મુખ હોય, તેઓને પણ પોતાના ભક્ત બનાવવાને ભગવાનની આ લીલાઓ છે, એ ભાવ છે. —શ્રીધર

* અર્થાત્ કામદેવના વિજયરૂપ રાસક્રીડાનું શ્રવણ વગેરે કરવાથી કામદેવ ઉપરના વિજયરૂપજ ફળ મળે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ३४ मो*

અજગરથી નંદરાયની મુક્તિ અને શંખચૂડનો વધ

॥ श्रीशुक उवाच ॥

एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः ।
अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेऽम्बिकावनम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"એક દિવસે દેવયાત્રા માટે ઉત્સાહમાં આવી ગયેલા ગોવાળિયાઓ બળદો જોડેલાં ગાડાંઓમાં બેસીને ÷અંબિકાવનમાં ગયા.[1] હે રાજા! ત્યાં સરસ્વતી નદીમાં સ્નાન કરી પશુપતિ પ્રભુ શંકરનું તથા અંબિકાદેવીનું તેઓએ પૂજાનાં સાહિત્યો વડે ભક્તિપૂર્વક પૂજન કર્યું.[2] તે પછી 'ભગવાન શંકર અમારા પર પ્રસન્ન થાઓ' એવા અભિપ્રાયથી સર્વ ગોવાળિયાઓએ બ્રાહ્મણોને આદરપૂર્વક ગાયોનું, સુવર્ણનું, વસ્ત્રોનું, મધનું તથા મિષ્ટાન્નનું દાન કર્યું.[3] મહાભાગ્યશાળી એવા તે નંદ–સુનંદ વગેરે ગોવાળિયાઓ ત્યાં વ્રત ધારણ કરી, માત્ર જળપાન કરીને તે રાત્રિ સરસ્વતી નદીના તીર પર રહ્યા હતા.[4] તેવામાં ઘણો ભૂખ્યો કોઈ મોટો અજગર દૈવેચ્છાએ તેજ વનમાં આવી ચઢ્યો અને ત્યાં સૂતેલા નંદરાયજીને ગળવા લાગ્યો.[5] એ રીતે અજગર ગળવા માંડ્યો, ત્યારે નંદજી બૂમો પાડીને કહેવા લાગ્યા કે, 'હે કૃષ્ણ! ઓ કૃષ્ણ! આ મોટો અજગર મને ગળી જાય છે; માટે હે તાત! શરણે આવેલા મને તમે છોડાવો.' નંદરાયની તે બૂમો સાંભળીને ગોવાળિયાઓ એકદમ ઊઠી ગયા અને અજગરે ગળેલા નંદરાયને જોઇ ગભરા બની જઇ બળતાં ઊંબાડિયાંઓથી અજગરને મારવા લાગ્યા.[6-7] ધગધગતાં ઊંબાડિયાંઓથી એ પ્રમાણે દઝાડ્યા છતાં પેલા અજગરે નંદરાયને છોડ્યા નહિ; એટલે ભક્તોના પતિ ભગવાને ત્યાં આવીને એ અજગરને પગથી સ્પર્શ કર્યો.[8] ભગવાનના એ શ્રીમાન ચરણનો સ્પર્શ થતાંજ જેનાં સર્વ પાપો નાશ પામ્યાં હતાં, એવો તે અજગર પોતાનું અજગરશરીર છોડીને વિદ્યાધરોથી પૂજાયલા સ્વરૂપને પ્રાપ્ત થયો.[9] સુવર્ણની માળાવાળો તે પુરુષ ઝળહળતા શરીરથી યુક્ત થઇ પ્રણામ કરીને સામે ઊભો રહ્યો;[10] એટલે ઇન્દ્રિયોના નિયંતા શ્રીકૃષ્ણે તેને પૂછ્યું: 'તું કોણ છે? તું ઉત્તમ શોભાથી પ્રકાશી રહ્યો છે; તારો દેખાવ પણ અદ્ભુત છે; છતાં તું પરાધીન થઈને આ નિંદ્ય ગતિને કેમ પામ્યો હતો?'[11]

અજગર બોલ્યો:–'હું સુદર્શન નામનો એક પ્રખ્યાત વિદ્યાધર છું. હું લક્ષ્મી તથા સ્વરૂપસંપત્તિથી યુક્ત હોઇ વિમાનમાં બેસીને દિશાઓમાં ફર્યા કરતો હતો.[12] એક વેળા રૂપથી ગર્વિષ્ઠ થયેલા મેં અંગિરસ કુળના કદ્રૂપા ઋષિઓની હાંસી કરી હતી, જેથી હાંસી પામેલા તે ઋષિઓએ (શાપ દઇને) મને મારાં પાપોને લીધે આ અજગરની જાતિમાં ધકેલી દીધો હતો; પરંતુ ખરું જોતાં તે દયાળુ ઋષિઓએ આ રીતે મને શાપ આપ્યો હતો, તે કેવળ અનુગ્રહ કરવા માટેજ આપ્યો હતો; કારણકે જે શાપને લીધે આપ લોકગુરુના ચરણનો સ્પર્શ થતાં મારાં સર્વ પાપો નાશ પામ્યાં છે.[13-14] હે દુઃખોનો નાશ કરનારા દેવ! આપના ચરણનો સ્પર્શ થવાથી હું શાપથી મુક્ત થયો છું; તો સંસારથી ભય પામેલા એવા શરણાગતોના ભયનો નાશ કરનાર આપની (હવે) હું આજ્ઞા માગું છું.[15] હે મહાયોગિન્! હે મહાપુરુષ! હે

---

* આ અધ્યાયમાં અજગરે ગળેલા નંદજીને શ્રીકૃષ્ણે છોડાવ્યા અને સુદર્શન વિદ્યાધરને ઋષિઓના શાપથી મુક્ત કરી શંખચૂડનો વધ કર્યો, તે કથા કહેવામાં આવશે.

રાસલીલાના બહાનાથી કામદેવને પોતાનો દાસ બનાવી હવે આ અધ્યાયમાં પોતાની ઇચ્છાથી અનુગ્રહ કરી ભગવાને વિદ્યાધરોના રાજાને વશ કર્યો, તે કહેવામાં આવશે. —શ્રીધર

÷ અંબિકાવન તે મથુરાથી પશ્ચિમમાં આવેલું એક તીર્થ છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્પુરુષોના પતિ ! હું આપને શરણે આવ્યો છું. હે સર્વ લોકોના ઈશ્વરના પણ ઈશ્વર ! હે દેવ ! આપ મને આજ્ઞા આપો.[૧૬] હે અચ્યુત ! આપના દર્શનથી હું તત્કાળ બ્રાહ્મણોના દંડરૂપ શાપથી મુક્ત થયો છું. (અથવા) જેમનું નામ લેતો મનુષ્ય સમગ્ર શ્રોતાઓને તથા પોતાને તત્કાળ પવિત્ર કરે છે, તે આપના ચરણથી સ્પર્શ કરાયલો હું પવિત્ર થાઉં, એમાં શું વિશેષ છે ?[૧૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે દશાર્હવંશી શ્રીકૃષ્ણની આજ્ઞા લઇને તેમને પ્રદક્ષિણા કરી, વંદન કરીને સુદર્શન વિદ્યાધર સ્વર્ગમાં ગયો અને નંદજી દુઃખથી મુક્ત થયા.[૧૮] હે રાજા ! શ્રીકૃષ્ણનો તે સ્વરૂપવૈભવ જોઇને વ્રજવાસીઓ આશ્ચર્ય પામ્યા; તે પછી તેઓ (ત્રણ રાત્રિ તીર્થમાં રહેવું જોઇએ એવો) નિયમ પૂર્ણ કરી આદરપૂર્વક તેની તેજ વાત કરતા કરતા ફરી વ્રજમાં આવ્યા.[૧૯] પછી કોઇ સમયે અદ્ભુત પરાક્રમવાળા શ્રીકૃષ્ણ અને બળરામ, રાત્રે વ્રજની સ્ત્રીઓ વચ્ચે રમતા હતા;[૨૦] તે વખતે પ્રેમ કરતી વ્રજની સ્ત્રીઓ સુંદર લાગે તેમ તેઓ બન્નેનાં ચરિત્રો ગાતી હતી; બન્ને સારી રીતે શણગારેલા હતા; બન્નેનાં અંગ ચંદનથી લેપાયલાં હતાં; બન્નેએ પુષ્પમાળાઓ તથા નિર્મળ વસ્ત્રો પહેર્યાં હતાં;[૨૧] તેઓ બન્ને ભાઇઓ ઉદય પામેલા ચંદ્ર અને તારાઓવાળા, મલ્લિકાના સુગંધથી મદોન્મત્ત ભમરાઓવાળા અને ચંદ્રવિકાસી કમળોના વાયુ વડે યુક્ત એવા રાત્રિના આરંભરૂપ પ્રદોષકાળને માન આપતા, સર્વ પ્રાણીઓનાં મન તથા કાનને પ્રિય લાગે તેવું ગાતા હતા અને એકીસાથે સ્વરોનાં મંડળોની ચડ–ઊતરને કરતા હતા. હે રાજા ! ગોપીઓ તે બન્ને ભાઇઓનું ગીત સાંભળી મૂર્છિત થઇ ગઇ, જેથી સરકી પડતાં વસ્ત્રવાળા પોતાના દેહને કે મસ્તકના કેશપાશમાંથી સરકી પડતી પુષ્પોની માળાઓને તેઓ જાણી શકતી ન હતી–અર્થાત્ બેભાન થઇ ગઇ.[૨૨–૨૪] એ પ્રમાણે તે બન્ને ભાઇઓ કોઈ પ્રમત્ત મનુષ્યની પેઠે પોતાની ઇચ્છાનુસાર ક્રીડા કરતા ગાતાં હતા, એવામાં શંખચૂડ નામનો કુબેરનો સેવક યક્ષ ત્યાં આવ્યો.[૨૫] હે રાજન્ ! એ યક્ષ, કૃષ્ણ તથા બળરામના દેખતાં તેઓ બન્નેરૂપ નાથવાળી અને બૂમો પાડતી એવી સ્ત્રીઓને નિઃશંકપણે ઉત્તરદિશા પ્રતિ લઇ જવા લાગ્યો; ત્યારે વાઘે પકડેલી ગાયો જેમ બરાડા પાડે, તેમ 'હે કૃષ્ણ ! હે રામ !' એમ બૂમો પાડતી પોતાની ગોપીઓને જોઇને એ બન્ને ભાઇઓ એ યક્ષની પાછળ દોડ્યા.[૨૬।૨૭] અને 'ડરશો મા' એમ અભયવચન કહેતા તે બન્ને બળવાન ભાઇઓ હાથમાં સાગનાં ઝાડ લઇ અત્યંત વેગથી પેલા નીચ યક્ષની પાસે જઇ પહોંચ્યા;[૨૮] એટલે જાણે કાળ અને મૃત્યુ આવ્યા હોય, તેમ તેઓ બન્નેને આવેલા જોઇને એ યક્ષ ભયભીત થઇ મૂઢ બની ગયો અને સર્વ સ્ત્રીઓને છોડી દઇ જીવવાની ઇચ્છાથી નાસવા લાગ્યો.[૨૯] એ યક્ષ જ્યાં જ્યાં દોડી ગયો હતો, ત્યાં ત્યાં શ્રીકૃષ્ણ તેની પાછળ તેના મસ્તક પરનો મણિ લઇ લેવાની ઇચ્છાથી દોડી ગયા અને બળદેવજી સ્ત્રીઓની રક્ષા કરતા ઊભા રહ્યા.[૩૦] હે રાજા ! વ્યાપક શ્રીકૃષ્ણે જાણે અત્યંત સમીપ હોય તેમ તેની પાસે જઇ પહોંચી, મુઠીનો પ્રહાર કરી તે દુરાત્માના મસ્તકને, મણિની સાથે હરી લીધું. (મસ્તક ઉડાવી દઇ મણિને લઇ લીધો.)[૩૧] એ પ્રમાણે શંખચૂડનો વધ કરી, દેદીપ્યમાન મણિ લઇને ભગવાને સર્વ સ્ત્રીઓના દેખતાં પ્રેમથી તે મણિ પોતાના મોટા ભાઇને આપી દીધો."[૩૨]

शंखचूडं निहत्यैवं मणिमादाय भास्वरम् ।
अग्रजायाददत् प्रीत्या पश्यंतीनां च योषिताम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૪ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ३५ मो*

ગોપીઓનું યુગલગીત

॥ श्रीशुक उवाच ॥

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः ।
कृष्णलीलाः प्रगायंत्यो निन्युर्दुःखेन वासरान् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"શ્રીકૃષ્ણ જ્યારે (ગાયો ચારવા માટે) વનમાં પધારતા, ત્યારે તેમની પાછળજ જેઓનાં મન દોડી જતાં એવી ગોપીઓ, શ્રીકૃષ્ણલીલાઓને ગાતી દુઃખમાં દિવસો ગાળતી હતી.[૧]

"ગોપીઓ (આ પ્રમાણે) ગાતી હતીઃ—'હે ગોપીઓ! નૃત્ય કરતી ભ્રૂકુટીવાળા શ્રીકૃષ્ણ ડાબા ખભા ઉપર ડાબો ગાલ રાખીને અધરોષ્ઠ ઉપર રાખેલી વાંસળીને, સાતે સ્વરોનાં છિદ્રો ઉપર કોમળ આંગળીઓ સરકાવીને જ્યારે વગાડે છે, ત્યારે (આકાશમાં) સિદ્ધોની સ્ત્રીઓ પોતાના પતિઓની સાથે રહેલી હોય છે; તોપણ તે વાંસળીનો સ્વર સાંભળીને (પ્રથમ તો) આશ્ચર્ય પામી જાય છે અને (પછી) કામદેવનાં બાણોને વશ થયેલાં મનવાળી થઇ શરમાઇને મોહ પામી જાય છે. (એમાં ચિહ્ન એ જણાય છે કે,) તે વેળા તેઓને પોતાના ચણિયાનાં (છૂટી પડેલાં) બંધનનું પણ ભાન રહેતું નથી.÷[૨,૩] વળી હે સ્ત્રીઓ! આ આશ્ચર્ય તો તમે સાંભળો! જેમનું હાસ્ય હાર જેવું ઉજ્જ્વળ છે, જેમના વક્ષઃસ્થળમાં વીજળી જેવી ચંચળ લક્ષ્મી પણ સ્થિર થઇને રહે છે અને દુઃખી લોકોને જે સુખ આપનારા છે, તે શ્રીકૃષ્ણ જ્યારે વાંસળી વગાડે છે, ત્યારે એ વાંસળીરૂપ વાદ્યથી જેઓનાં મન હરાઇ જાય છે, એવા વ્રજના બળદો, મૃગો તથા ગાયોનાં ટોળેટોળાં દૂરથીજ દાંત વડે લીધેલા ઘાસના કોળિયાને એમના એમ રાખીને કાન ઊંચા કરી જાણે ઊંઘી ગયાં હોય અથવા ચિત્રમાં ચીતર્યાં હોય તેવાં (નિશ્ચળ) થઇ જાય છે.×[૪,૫] હે સખિ! કોઇ સમયે મોરનાં પીછાં, ગેરુ વગેરે ધાતુ અને ફૂલાં પાંદડાં વડે બાંધેલી મલ્લ લોકોની પેઠનું અનુકરણ કરતા શ્રીકૃષ્ણ તથા બળદેવજી, ગોવાળિયાઓની સાથે રહી વેણુનાદથી જ્યારે ગાયોને બોલાવે છે, ત્યારે (અચેતન) નદીઓ પણ પોતાની ગતિ અટકાવી દઇ, વાયુએ આણેલી તેમના ચરણકમળની રજને જાણે ઇચ્છતી હોય તેવી જણાય છે; પરંતુ નક્કી, તે નદીઓ પણ આપણી પેઠે બહુ પુણ્યશાળી નથી, (જેથી તે ચરણરજને તેઓ પામી શકતી નથી) અને કેવળ પ્રેમથી પોતાના તરંગોરૂપી ભુજાઓને હલાવતી સ્તબ્ધ જળવાળી બની રહે છે.÷ (જેમ આપણે ગોપીઓ પણ નેત્રનાં જળને એમ ને એમ રોકી રાખીએ છીએ તેમ.)[૬,૭] જેમનું પરાક્રમ અનુચરોએ વર્ણવેલું હોય છે અને જેમની શોભા આદિપુરુષ—પરમાત્માની પેઠે નિશ્ચળ રહે છે, એવા શ્રીકૃષ્ણ વનમાં વિચરતા વિચરતા વાંસળી વગાડીને જ્યારે પર્વતોના કિનારા પર ચરતી ગાયોને બોલાવે છે, ત્યારે પુષ્પ તથા ફળથી યુક્ત એવી અને તેના ભાર વડે ઝૂકી રહેલી શાખાઓવાળી લતાઓ તેમજ વૃક્ષો પોતાને વિષે પ્રકાશી રહેલા શ્રીવિષ્ણુ ભગવાનને સૂચવતાં હોય તેમ પ્રેમથી રોમાંચિત શરીરવાળાં બનીને મધની ધારાઓને વરસાવવા માંડે છે.§[૮,૯] વળી જેમનું તિલક જોવા લાયક છે એવા શ્રીકૃષ્ણ, વનમાળાઓમાંની દિવ્ય ગંધથી યુક્ત તુલસીના રસથી મદોન્મત્ત થયેલા

---

* આ અધ્યાયમાં, શ્રીકૃષ્ણ વનમાં પધારતા ત્યારે ગોપીઓ બે બે શ્લોકના અન્વયવાળું યુગલગીત ગાઇને દુઃખમાં દિવસો ગાળતી હતી, તે કથા કહેવામાં આવશે. —શ્રીધર

÷ 'આવા શ્રીકૃષ્ણના વિરહને આપણે કેમ કરી સહન કરીએ?' આવો આખા વાક્યનો અધ્યાહાર છે. —શ્રીધર

× અર્થાત્ અજ્ઞાની પશુઓને પણ આવું અતિશય આશ્ચર્ય થાય છે. —શ્રીધર

÷ કહેવાનો ભાવ એ છે કે, અચેતન નદીઓને પણ શ્રીકૃષ્ણનો વેણુનાદ અતિ આશ્ચર્યજનક થઇ પડે છે. શ્રીધર

§ અર્થાત્ સ્થાવરોને પણ કૃષ્ણનો બંસીનાદ આશ્ચર્ય ઉપજાવનાર થઇ પડે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભમરાઓનાં ટોળાંઓએ ઉચ્ચ સ્વરે અનુકૂળ ગાયેલા ગીતને આદર આપી (અધરોષ્ઠ પર) વાંસળીને સાંધે છે, ત્યારે સરોવરમાં સારસ અને હંસ પક્ષીઓનાં મન એ વેણુગીતથી આકર્ષાઈ જાય છે; જેથી તેઓ શ્રીકૃષ્ણની પાસે આવી, મૌન ધારણ કરી, નેત્રો બંધ કરીને એકાગ્રચિત્તે શ્રીકૃષ્ણની ઉપાસના કરે છે.*૧૦।૧૧ હે વ્રજની દેવીઓ! બળદેવજી સાથે પર્વતોનાં શિખરો પર રહેલા શ્રીકૃષ્ણ પુષ્પોની માળાઓનાં કર્ણાભૂષણોથી શોભી રહેલા હોઈ આનંદમાં આવી જઈને આખા જગતને આનંદ ઉપજાવતા વેણુના નાદ વડે જગતને જ્યારે ગજાવી મૂકે છે, ત્યારે મેઘ પણ મહાપુરુષ શ્રીકૃષ્ણને ઓળંગી જવાથી તેમનો અપરાધ થાય, એવી શંકાયુક્ત મનવાળો થઇને (આગળ જતો નથી તેમ મોટી ગર્જના પણ કરતો નથી, પરંતુ ત્યાંજ રહ્યો રહ્યો) તેમના વેણુનાદ પાછળ ધીમે ધીમે ગર્જના કરે છે; અને (જગતની પીડાને દૂર કરનાર હોવાથી) પોતાના મિત્ર એવા શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોની+ વૃષ્ટિ કરે છે ને છાયાથી છત્ર ધરે છે.×૧૨।૧૩ હે સતી યશોદા! અનેક જાતની ગોવાળિયાઓની રમતોમાં કુશળ એવા તમારા પુત્ર પાકા ઘિલોડા જેવા પોતાના અધરોષ્ઠ ઉપર વાંસળી રાખીને પોતે પોતાની મેળેજ શીખી કાઢેલી (કોઈ પાસેથી નહિ સાંભળેલી એવી) અનેક તરેહની સ્વરજાતિઓને વગાડે છે, ત્યારે ઇન્દ્ર, શંકર અને બ્રહ્મા વગેરે મોટા મોટા દેવો મંદ, મધ્ય અને ઉચ્ચ એવા ભેદપૂર્વક તે ગીતનો શબ્દ જે તરફથી આવે છે, તે તરફ પોતાની ડોક નમાવે છે, મનને લગાડે છે અને તે ગીત સાંભળી પોતે વિદ્વાન હોવા છતાં પણ તે ગીતના ભેદનો નિશ્ચય નહિ કરી શકીને મૂંઝાઇ જાય છે.૧૪।૧૫ ધ્વજ, વજ્ર, કમળ તથા અંકુશરૂપી વિચિત્ર ચિહ્નવાળાં પોતાનાં પગલાંરૂપી કમળની પાંખડીઓ વડે વ્રજભૂમિને (પશુઓની) ખરીઓનાં દબાણથી થતી પીડા શાંત કરતા અને મોટા શરીરવાળા હાથીના જેવી ગતિ કરતા શ્રીકૃષ્ણ વાંસળીને વગાડતા વગાડતા ચાલે છે, ત્યારે તે નિમિત્તે અને તેમના વિલાસપૂર્વક જોવાથી કામદેવનો વેગ જેઓમાં અર્પિત થયો હોય છે એવી અમે, વૃક્ષની ગતિને પામીએ છીએ—વૃક્ષો જેવી જડ બની જઇએ છીએ અને (મોહને લીધે) કેશનું કે વસ્ત્રનું પણ અમને ભાન રહેતું નથી.૧૬।૧૭ (ગાયોને ગણવા માટે) મણિઓને ધારણ કરતા અને કોઇ પ્રદેશમાં તે મણિઓથી ગાયોને ગણતા, તેમજ પ્રિય ગંધવાળી તુલસીની માળાને ધારણ કરતા શ્રીકૃષ્ણ પોતાના પ્રિય અનુચરના ખભા ઉપર હાથ મૂકીને જ્યારે ગાય છે, ત્યારે વાગેલી વાંસળીના શબ્દથી જેઓનાં મન આકર્ષાઇ જાય છે, એવી કાળા મૃગની સ્ત્રીઓ—મૃગલીઓ ગોપિકાઓની પેઠે ઘરની આશાઓ છોડી દઇ ગુણસમૂહના સમુદ્રરૂપ શ્રીકૃષ્ણની સમીપજ બેસી રહે છે—ત્યાંથી બિલકુલ ખસતી નથી.૧૮।૧૯ ÷હે નિર્દોષ યશોદા! (ગોપીઓને આનંદ ઉપજાવવા માટે) મોગરાની માળાઓથી જેમણે કૌતુક કરી અલંકાર કર્યા હોય છે ને ગોવાળિયા તથા ગાયોનાં ધણથી જ વીંટાયલા હોય છે, એવા તમારા પુત્ર નંદકુમાર શ્રીકૃષ્ણ પોતાનાં પ્રિયજનોને આનંદ આપતા યમુનામાં વિહાર કરે છે, ત્યારે ચંદનના જેવા સુગંધી અને

---

* અર્થાત્ શ્રીકૃષ્ણનું વેણુગીત સરોવરમાં કમળવનની અંદર વિહાર કરતાં પક્ષીઓનાં મનને પણ આકર્ષક થઇ પડે છે, તો પછી બીજાઓનાં મનને આકર્ષે, તેમાં શી નવાઇ છે? —શ્રીધર

\+ ખરી રીતે પુષ્પોની વૃષ્ટિ તો અદૃશ્ય રહેલા દેવોએજ કરેલી હોય છે; પણ તેની કલ્પના અહીં મેઘ ઉપર કરી છે. —શ્રીધર

× અર્થાત્ મેઘ પણ શ્રીકૃષ્ણને સેવે છે. —શ્રીધર

÷ એ રીતે વૃંદાવનના પ્રદેશોમાં ક્રીડા કરીને સાયંકાળે ગાયોનાં ધણ પાછાં વાળી ભગવાન કૃષ્ણ યમુના નદીમાં જ્યારે ક્રીડા કરે છે, ત્યારે તેમનું સૌભાગ્ય કેવું હોય છે, તે હવે વર્ણવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શીતળ સ્પર્શથી તે શ્રીકૃષ્ણને માન આપતો ધીમો વાયુ અનુકૂળ રીતે વાય છે અને ગંધર્વોનાં ટોળાં ભાટ–ચારણોની પેઠે તેમની સ્તુતિ કરતાં વાદ્ય, ગીત ને ભેટોથી તેમની ઉપાસના કરે છે.૨૦।૨૧ †ગોવર્ધન પર્વતને ધારણ કરી વ્રજ ને ગાયોનું હિત કરનારા, અનુચર ગોવાળિયાઓથી ગવાતી કીર્તિવાળા, શ્રમયુક્ત કાંતિથી પણ નેત્રોને હર્ષ આપતા, ખરીઓથી ઊડતી ધૂળ વડે વ્યાપ્ત થયેલી માળાવાળા અને ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરવાની ઇચ્છાથી દેવકીના ઉદરમાં ઉત્પન્ન થયેલા આ શ્રીકૃષ્ણચંદ્ર સાયંકાળે સમગ્ર ગાયોનાં ધણ એકઠાં કરી વાંસળી વગાડતા અહીં પધારે છે; પણ (જુઓને!) પેલા બ્રહ્માદિ દેવો માર્ગમાં તેમના ચરણને વંદન કરી રહ્યા છે–અર્થાત્ ઇર્ષ્યાથી તેમને ઝટ અહીં આવવા દેતા નથી.૨૨।૨૩ જેમના નેત્ર લગાર મદથી વિહ્વળ જણાય છે, જેમનું મુખ જરા પાકેલા બોર જેવું પાંડુવર્ણું છે, સુવર્ણનાં કુંડળોની કાંતિથી કોમળ ગંડસ્થળને જે શોભાવે છે, પોતાના મિત્રોને જ માન આપે છે, વનમાળા જેમણે ધારણ કરી છે, શ્રેષ્ઠ હાથી જેવી જેમની ચાલ છે અને જેમનું મુખ ચંદ્ર જેવું પ્રસન્ન છે, તે આ ‡યદુપતિ વ્રજમાં (પુરાઇ રહેલી) ગાયો સમાન એવી, આપણા આખા દિવસના દુરંત તાપને શાંત કરતા (હમણાં આ) સાયંકાળે (અહીં) પધારે છે.૨૪।૨૫

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! એ પ્રમાણે વ્રજની સ્ત્રીઓ શ્રીકૃષ્ણલીલાને ગાતી દિવસના વખતે પણ આનંદ પામતી હતી; કેમકે તેઓનાં જીવન અને મન શ્રીકૃષ્ણના વિષેજ હતાં અને તેથીજ (શ્રીકૃષ્ણલીલા) તેઓનો એક મહાન ઉત્સવ હતો."૨૬।૨૭

एवं व्रजस्त्रियो राजन् कृष्णलीला नु गायतीः ।
रेमिरेऽहस्सु तच्चित्तास्तन्मनस्का महोदयाः ॥२७

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૫ મો સમાપ્ત

अध्याय ३६ मो×

અરિષ્ટાસુરનો વધ અને શ્રીકૃષ્ણબળદેવને લાવવા કંસની અક્રૂરને આજ્ઞા

॥ श्रीशुक उवाच ॥

अथ तर्ह्यागतो गोष्ठमरिष्टो वृषभासुरः ।
महीं महाककुत्कायः कंपयन् खुरविक्षताम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! તે પછી અરિષ્ટ નામનો એક અસુર બળદનું રૂપ લઇને વ્રજમાં આવ્યો. તેની ખાંધ અને શરીર ઘણાં મોટાં હતાં અને ખરીઓ વડે ખોદી નાખેલી પૃથ્વીને તે કંપાવી દેતો હતો.૧ વળી તે અસુર (બળદના જેવી) અત્યંત તીક્ષ્ણ ગર્જના કરતો હતો; પગ વડે પૃથ્વીને ખોદી નાખતો હતો; પૂછડું ઉંચું કરી શિંગડાના અગ્રભાગ વડે (નદી વગેરેના) કિનારાઓને ઉખેડી નાખતો હતો; વચ્ચે વચ્ચે થોડા થોડા છાણના પોદળા કરતો હતો, મૂત્ર કરતો હતો અને નેત્રોને સ્થિર કરી દેતો હતો. હે રાજન્! એ વૃષભાસુરની કઠોર ગર્જનાથી ભયને લીધે ગાયોના તથા સ્ત્રીઓના ગર્ભ સમય વિનાજ *સ્રવી જતા હતા અને

---

† સાંજે શ્રીકૃષ્ણને આવતા જોઇ ખુશ થતી ગોપીઓ પરસ્પર કહે છે. —શ્રીધર

‡ ગોપીઓએ અહીં શ્રીકૃષ્ણને 'યદુપતિ' કહ્યા છે અને પ્રથમ 'દેવકીના ઉદરમાં જન્મેલા' એમ કહ્યું હતું; તે ગર્ગાચાર્યના વાક્ય ઉપરથી જાણીને કહેલ છે.–શ્રી.

× આ અધ્યાયમાં અરિષ્ટાસુરનો વધ થયો. તે પછી નારદજીના કહેવાથી કૃષ્ણ–બળદેવને વસુદેવજીના પુત્ર જાણી કંસે તેમને તેડી લાવવા અક્રૂરને આજ્ઞા કરી, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

* आचतुर्थाद्भवेत् स्रावः पातः पञ्चमषष्ठयोः । अत ऊर्ध्वं प्रसूतिः स्यात्–ચોથા મહિના સુધી ગર્ભનો સ્રાવ થવા સંભવ હોય છે; પાંચમા તથા છઠ્ઠા મહિના સુધી ગર્ભને પડી જવાનો સંભવ રહે છે ને તે પછી તો પ્રસવજ થાય છે, આવો વિભાગ છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પડી જતા હતા; તેમજ 'આ કોઈ પર્વત છે' એવી શંકા થઇ જવાને લીધે તેની ખાંધ ઉપર મેઘો બેસતા હતા.[૨-૪] હે રાજા! તીક્ષ્ણ શિંગડાંવાળા તે બળદને જોઈ ગોપીઓ તથા ગોવાળિયાઓ ત્રાસી ગયા અને ભયભીત થયેલાં પશુઓ ગોકુળનો ત્યાગ કરીને નાસી ગયાં.[૫] તેઓ સર્વે 'હે કૃષ્ણ! હે કૃષ્ણ!' એમ બોલતાં ભગવાનને શરણે ગયાં; એટલે ભગવાને પણ ભયથી નાસભાગ કરતા ગોકુળને જોઇ 'તમે ડરશો મા' એવી વાણીથી સર્વને આશ્વાસન આપી વૃષભાસુરને બોલાવવા માંડ્યો કે, 'અલ્યા મૂર્ખ! ઓ દુષ્ટ! ગોવાળિયા અને પશુઓને ત્રાસ આપવાથી શું વળવાનું છે? તારા જેવા દુષ્ટ દુરાત્માઓના બળથી થયેલા ગર્વનો નાશ કરનારો તો હું છું' એમ કહી, શ્રીકૃષ્ણે હાથથી ખભો ઠોકી તાળીના અવાજથી અરિષ્ટાસુરને કોપાવ્યો અને પોતે એક મિત્રના ખભા પર હાથ મૂકી ત્યાં ઊભા રહ્યા. એ રીતે ભગવાને અરિષ્ટાસુરને કોપાવ્યો, એટલે તે ક્રોધાયમાન થઈ ખરીઓથી પૃથ્વીને ખોદતો અને પૂંછડું ઊંચું કરી મેઘોને ભમાવતો શ્રીકૃષ્ણ સામે ધસી ગયો. તેણે લોહી જેવાં લાલ નેત્રોને સ્તબ્ધ કરી પોતાનાં શિંગડાંના અગ્રભાગને આગળ કર્યાં અને શ્રીકૃષ્ણને કટાક્ષથી જોઈ ઇન્દ્રે મૂકેલા વજ્રની પેઠે અત્યંત વેગથી તે દોડ્યો;[૬-૧૦] એટલે જેમ એક હાથી સામા હાથીને હઠાવી દે, તેમ ભગવાને તે અરિષ્ટાસુરનાં બન્ને શિંગડાં પકડી અઢાર પગલાં તેને પાછો હઠાવી દીધો[૧૧] ને ભોંય પર પટકી પાડ્યો. એ રીતે ભગવાને તેને પછાડ્યો, ત્યારે તે દૈત્યનાં સર્વ અંગો પરસેવાથી રેબઝેબ થઇ ગયાં; તે હાંફવા લાગ્યો ને ક્રોધથી ધમધમી જઈ એકદમ ઉતાવળો ઊઠીને ફરી શ્રીકૃષ્ણ સામે ધસી ગયો. ભગવાન કૃષ્ણે ફરી ધસી આવેલા તે દૈત્યનાં શિંગડાં પકડી લઈ તેને પૃથ્વી પર પછાડ્યો અને પગથી દબાવીને ભીના કપડાની પેઠે નીચોવ્યો; તેનું શિંગડું ખેંચી કાઢી તેના વડેજ તેને માર્યો; એટલે તે ધરણી પર ઢળી પડ્યો.[૧૨,૧૩] એ વેળા લોહીને ઓકતો, મૂત્ર કરતો અને વિષ્ટા કરતો તે પગ પછાડતો હતો; તેની આંખો ચકરવકર થઇ રહી અને મહાકષ્ટે તે યમલોકમાં ગયો. તે વેળા દેવો ભગવાનને પુષ્પોથી વધાવતા તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૧૪] એ પ્રમાણે બળદના રૂપે આવેલા તે અરિષ્ટાસુરનો વધ કરી, પોતાની જાતિ—ગોવાળિયાઓથી સ્તુતિ કરાતા અને ગોપીઓનાં નેત્રોને મૂર્તિમાન ઉત્સવરૂપ ભગવાન શ્રીકૃષ્ણે બળદેવજીની સાથે વ્રજમાં પ્રવેશ કર્યો. અદ્‌ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનો વધ કર્યો; તે પછી દેવર્ષિ ભગવાન નારદે કંસ પાસે જઇને કહ્યું કે, 'પેલી કન્યા (આકાશમાં ઊડી ગઈ હતી, તે) યશોદાની પુત્રી હતી અને શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે; તેમજ બળરામ રોહિણીના પુત્ર છે. (તારાથી) ડરતા વસુદેવે તેઓ બન્નેને પોતાના મિત્ર નંદને ત્યાં મૂકેલા છે; જેઓ બન્નેએ તારા ઘણા માણસોને મારી નાખ્યા છે.' નારદજીનું તે કહેવું સાંભળી ભોજપતિ કંસ, ક્રોધથી ચલિત ઇન્દ્રિયોવાળો થઈ ભાન ભૂલી ગયો. તેણે વસુદેવને મારી નાખવાની ઇચ્છાથી તીક્ષ્ણ તલવાર હાથમાં લીધી; પણ નારદજીએ (હમણાં તું વસુદેવને મારીશ, તો તેના પુત્રો નાસી જશે, આવી ગુપ્ત સલાહ આપીને) તેને અટકાવ્યો. પછી વસુદેવના પુત્રોને પોતાના મૃત્યુરૂપ જાણીને કંસે, વસુદેવને દેવકીજી સાથે લોઢાની બેડીઓ વડે કેદ કર્યાં. પછી દેવર્ષિ નારદ ગયા એટલે કંસે કેશી દૈત્યને બોલાવી 'તારે બળરામને તથા કૃષ્ણને મારી નાખવા' એમ કહીને તેને (વ્રજ તરફ) વિદાય કર્યો અને મુષ્ટિક, ચાણૂર, શલ તથા તોશલ વગેરે પોતાના મંત્રીઓને તથા હાથીઓના માવતોને બોલાવીને કંસે કહ્યું કે, 'હે વીર ચાણૂર! ÷હે મુષ્ટિક! તમે મારું

÷ द्वेषश्चाणूरमल्लोऽयं मत्सरो मुष्टिको जयः ॥ આ કૃષ્ણોપનિષદ્‌ના વચન પ્રમાણે દ્વેષને ચાણૂરમલ્લની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ વચન સાંભળો:[૧૫-૨૨] નંદના વ્રજમાં વસુદેવના પુત્ર રામ અને કૃષ્ણ રહે છે, તેઓથી વિધાતાએ (અથવા નારદજીએ) મારું મરણ નક્કી દર્શાવ્યું છે;[૨૩] માટે તેઓ બન્ને અહીં આવે ત્યારે તમારે બન્નેએ મલ્લની રમતથી તેઓને મારી નાંખવા. (પ્રથમ તો) અહીં મલ્લના અખાડાની ચારે બાજુ અનેક પ્રકારના માંચડાઓ બાંધો અને શહેર તથા દેશના સર્વ મનુષ્યો ઇચ્છાનુસાર થતા મલ્લયુદ્ધને ભલે જુએ.[૨૪] વળી હે ચતુર માવત! તારે અખાડાના દરવાજા ઉપર કુવલયાપીડ હાથીને લાવવો અને તે હાથીદ્વારા મારા તે બન્ને શત્રુઓને મારી નાખવા.[૨૫] વળી ચૌદશને દિવસે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ધનુર્યાગનો આરંભ કરો અને વર દાન આપનારા ભૂતરાજ મહાદેવને માટે પવિત્ર પશુઓનો વધ કરો.'[૨૬]

“એ પ્રમાણે અમાત્યોને આજ્ઞા કરીને કેવળ અર્થશાસ્ત્રનાજ સિદ્ધાંતને જાણનારા કંસે યદુશ્રેષ્ઠ એવા અક્રૂરને બોલાવી પોતાના હાથથી તેમનો હાથ પકડી કહ્યું:[૨૭] ‘હે મહાદાની *અક્રૂર! તમે મારે માટે આદરપૂર્વક એક મિત્રકૃત્ય કરો. ભોજવંશીઓમાં ને યાદવોમાં તમારાથી બીજો કોઈ પણ મારું અત્યંત હિત કરનારો નથી.[૨૮] માટે હે સૌમ્ય! પોતે સમર્થ હોવા છતાં ઇન્દ્રે જેમ વિષ્ણુનો આશ્રય કરીને પોતાનો સ્વાર્થ સાધ્યો હતો, તેમ હું પણ અતિમહાન કાર્યમાં સાધનરૂપ એવા તમારો આશ્રય કરું છું.[૨૯] (તે કાર્ય એ છે કે,) તમે નંદના વ્રજમાં જાઓ. ત્યાં વસુદેવના બે પુત્રો રહે છે; તેઓને આ રથમાં બેસાડી અહીં જલદી લાવો.[૩૦] વિષ્ણુનો આશ્રય કરનારા દેવોએ તેઓ બન્નેને હાથે મારુંજ મૃત્યુ નિર્માણ કર્યું છે; માટે તેઓ અને નંદાદિ ગોવાળિયાઓની સાથે તે બન્નેને તમે અહીં લાવો; એટલે અહીં આણેલા તેઓ બન્નેને કાળ સરખા હાથી પાસે હું મરાવી નાખીશ અને તે હાથીથી જો બચી જશે, તો વજ્ર જેવા મલ્લો પાસે મરાવી નાખીશ.[૩૧-૩૨] તેઓ બન્ને એ રીતે માર્યા જશે એટલે દુઃખી થયેલા વસુદેવ વગેરે તેઓના સંબંધીઓને તથા (મારાથી વિરુદ્ધ વર્તતા) વૃષ્ણિ, ભોજ અને દશાર્હવંશીઓને પણ હું મારી નાખીશ.[૩૩] મારા પિતા ઉગ્રસેન જે ઘરડા હોવા છતાં રાજ્યની ઇચ્છા રાખે છે તેમનો, તેમના ભાઈ દેવકનો તથા બીજા મારા શત્રુઓનો પણ હું નાશ કરીશ.[૩૪] તે પછી હે મિત્ર! આ પૃથ્વી નિષ્કંટક થઇ જશે; વળી જરાસંધ મારા સસરા થાય છે; દ્વિવિદ વાનર મારો પ્રિય મિત્ર છે; તેમજ શંબરાસુર, નરકાસુર તથા બાણાસુરે મારા ઉપરજ સ્નેહ કર્યો છે; તેથી તેઓદ્વારા દેવોનો પક્ષ કરનારા રાજાઓનો પણ વિનાશ કરીને હું પૃથ્વીને ભોગવીશ.[૩૫-૩૬] આ સર્વ (કાર્યવસ્તુ) જાણીને તમે બાળક રામ તથા કૃષ્ણને ધનુર્યાગનાં દર્શન માટે તથા મથુરાની શોભા જોવા માટે સત્વર અહીં લાવો.'[૩૭]

અક્રૂર બોલ્યા:—‘હે રાજન્! મરણને ટાળવું, એ તમારો વિચાર સારો છે; પરંતુ કોઇ કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિમાં મનુષ્યે સમભાવ કરવો જોઇએ. કારણ કે હરકોઈ ફળને સિદ્ધ કરનાર દૈવજ છે.+[૩૮] મનુષ્ય, દૈવે નાશ કરેલા એવા પણ મોટા મોટા મનોરથો કરે છે અને હર્ષ તથા શોકને પામે છે; છતાં પણ‡ હું તો તમારી આજ્ઞા (માન્ય) કરું છું. (તેમને લેવા માટે જાઉં છું; પણ ફળ

અને મત્સરને મુષ્ટિકની ઉપમા આપેલી છે.

* **सत्याक्रूरोद्धवो दमः** આ કૃષ્ણોપનિષદના વચન પ્રમાણે સત્યને અક્રૂરની ઉપમા આપી છે. માત્ર સત્યજ કૃષ્ણ ભગવાનને લાવી શકે છે, જેથી કંસે (દુષ્ટ મને) અક્રૂરરૂપ સત્યનેજ આજ્ઞા કરેલી છે. —मा.क.

+ અર્થાત્ હરકોઇ ફળની સિદ્ધિ પરમેશ્વરને અધીન છે. —बालप्रबोधिनी

‡ મોટા મોટા મનોરથો કરીને મનુષ્ય તે તે ઉપાયો કરવા મંડી પડે છે, પણ ફળનો લાભ કે અલાભ ઈશ્વરાધીન હોઇને ફળનો જો લાભ થાય છે, તો હર્ષ પામે છે અને જો લાભ થતો નથી, તો વૃથા સાધનક્લેશથી શોક પામે છે; આવો લોકવ્યવહાર પ્રસિદ્ધ છે તોપણ.—बा०प्र०

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો દૈવાધીન છે.)[૩૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—“એ પ્રમાણે અક્રૂરને આજ્ઞા કરી, મંત્રીઓને રજા આપીને કંસે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો; તેમજ અક્રૂર પણ પોતાને ઘેર ગયા.”[૪૦]

एवमादिश्य चाक्रूरं मंत्रिणश्च विसृज्य सः ।
प्रविवेश गृहं कंसस्तथाऽक्रूरः स्वमालयम् ॥४०॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૬ મો સમાપ્ત

अध्याय ३७ मो*

કેશી દૈત્યનો તથા વ્યોમાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

केशी तु कंसप्रहितः खुरैर्महीं महाहयो निर्जरयन् मनोजवः । सटावधूताभ्रविमानसंकुलं कुर्वन्नभो हेषितभीषिताखिलः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—“કંસે કેશી દૈત્યને મોકલ્યો, એટલે તે મોટા ઘોડાનું રૂપ લઇને ખરીઓથી પૃથ્વીને ખોદતો મનના જેવા વેગ વડે નંદના વ્રજમાં જઇ પહોંચ્યો. એ દૈત્ય કેશવાળીથી વીખેરી નાખેલાં વાદળાં અને વિમાનોને લીધે આકાશને સાંકડું કરી મૂકતો હતો અને હણહણાટથી સર્વને ભય ઉપજાવતો હતો. (તેનાં§નેત્રો વિશાળ હતાં; મુખ કોતર જેવું ભયંકર હતું; ગણું ઘણું મોટું હતું; શ્યામવર્ણો મોટા મેઘ જેવો તે જણાતો હતો; તેનો આશય દુષ્ટ હતો અને કંસનું હિત કરવાની ઇચ્છાથી નંદના વ્રજને કંપાવતો તે ગયો હતો.) હણહણાટોથી પોતાના ગોકુલને ત્રાસ આપતા, પૂંછડાંના વાળથી મેઘમંડળને વીખેરી નાખતા અને યુદ્ધ માટે પોતાને શોધી રહેલા તે કેશીદૈત્યને ભગવાને સામે જઇને બોલાવ્યો; એટલે તે દૈત્યે સિંહના જેવી ગર્જના કરી.[૨] પછી તે કેશી દૈત્ય શ્રીકૃષ્ણને જોઇને મુખ વડે આકાશને પી જતો હોય, તેમ (મુખ પહોળું કરીને) તેમની સામે ગયો અને અત્યંત કોપાયમાન થઇ બીજાઓથી ન જીતી શકાય એવા અને પ્રચંડ વેગવાળા તે દુર્લંઘ્ય દૈત્યે કમલનયન શ્રીકૃષ્ણને પોતાના બન્ને પગની લાતો મારી;[૩] પણ ઇન્દ્રિયોનું જ્ઞાન જેમને પહોંચી શકતું નથી, એવા ભગવાને તેની લાતો ચુકાવી દઈ બન્ને હાથથી તેના (પાછલા) બન્ને પગ પકડી લીધા અને ક્રોધથી તેને ખૂબ ફેરવીને ગરુડ જેમ સર્પને ફેંકી દઈ ઊભો રહે, તેમ તેને તિરસ્કારપૂર્વક સો ધનુષ દૂર ફેંકી દઇ પોતે ઊભા રહ્યા.[૪] તે દૈત્ય જ્યારે ભાનમાં આવ્યો, ત્યારે ફરી પણ ઊભો થઈ મોઢું ફાડીને વેગથી શ્રીકૃષ્ણ સામે દોડ્યો; એટલે ભગવાને પણ સર્પને જેમ દરમાં પેસાડી દે, તેમ પોતાના ડાબા હાથને હસતાં હસતાં તેના મુખમાં પેસાડી દીધો.[૫] કેશીએ ભગવાનના તે હાથને (ચાવી જવા) માટે (દાંતથી) સ્પર્શ કર્યો; એટલે તપેલા લોઢાનો (દાંતથી) સ્પર્શ કરનારના દાંત જેમ પડી જાય, તેમ તેના દાંત પડી ગયા; તેમજ ભગવાનનો હાથ પણ, જેમ બેદરકારીથી જળોદર રોગ વધી પડે તેમ, તેના દેહમાં જઇ અત્યંત વધવા લાગ્યો.[૬] એ રીતે વૃદ્ધિ પામતા શ્રીકૃષ્ણના હાથથી તે દૈત્યનો શ્વાસોચ્છ્વાસ રુંધાઇ ગયો; તે પગ પછાડવા લાગ્યો; તેના શરીરમાં પરસેવો આવી ગયો; તેની આંખો ફરી ગઇ અને વિષ્ટા કરતો તે પ્રાણરહિત થઈને પૃથ્વી પર પડ્યો.[૭] પછી પાકેલા કાકડીના ફળની પેઠે મોઢેથી છેડા સુધી ચિરાઈ ગયેલા ને પ્રાણરહિત થયેલા તે દૈત્યના શરીરમાંથી મોટી ભુજાવાળા ભગવાને પોતાનો હાથ ખેંચી કાઢ્યો; એ રીતે વિના પ્રયત્ને શત્રુનો નાશ કર્યો, છતાં

* આ અધ્યાયમાં ‘ભગવાને કેશી દૈત્યનો વધ કર્યો તે પછી નારદજીએ તેમનાં ભાવી કર્મો કહીને તેમની સ્તુતિ કરી અને તે પછી ક્રીડા કરતા ભગવાને વ્યોમાસુરનો વધ કર્યો,’ એ કથા કહેવામાં આવશે.—श्रीधर

§ આ શ્લોક ક્ષેપક છે; શ્રીધરી ટીકામાં કે બાલપ્રબોધિની ટીકામાં જોવામાં આવતો નથી. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાન કૃષ્ણ તો ગર્વરહિતજ રહ્યા હતા. (તે જોઈ) આશ્ચર્ય પામેલા દેવોએ પુષ્પોની વૃષ્ટિઓ કરીને તેમની સ્તુતિ કરી.[૮] તે પછી હે રાજા! ભક્તોમાં શ્રેષ્ઠ દેવર્ષિ નારદ ઉત્તમ કર્મ કરનારા શ્રીકૃષ્ણની પાસે જઇ એકાંતમાં આ પ્રમાણે કહેવા લાગ્યા.[૯]

નારદજી બોલ્યાઃ–'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે અપ્રમેયાત્મન્! હે યોગેશ્વર! હે જગતના ઈશ્વર! હે વાસુદેવ! હે સર્વના નિવાસસ્થાન! હે યાદવશ્રેષ્ઠ! હે પ્રભો! જેમ લાકડાંઓમાં અગ્નિ રહેલો છે, તેમ આપ એકજ–સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે રહેલા છો; છતાં ગૂઢ છો–પોતામાંજ રહેલા આપને પ્રાણીઓ જોઇ શકતાં નથી; કેમકે આપ બુદ્ધિની પણ અંદર રહેલા, સર્વના +સાક્ષી §મહાપુરુષ અને સર્વના ઈશ્વર–નિયંતા* છો. સત્ય સંકલ્પવાળા આપે પ્રથમ કેવળ પોતાનોજ આશ્રય કરી–સ્વતંત્રપણે માયાશક્તિથી સત્ત્વાદિ ગુણોને ઉત્પન્ન કર્યા હતા અને તે ગુણો વડે આ જગતને આપ ઉત્પન્ન કરો છો, સંહારો છો તથા પાળો છો; માટે આપ ઈશ્વર છો.[૧૦–૧૨] આપ હમણાં રાજાઓના રૂપમાં રહેલા દૈત્યોનો, †પ્રમથોનો તથા રાક્ષસોનો વિનાશ કરવા માટે અને ધર્મની મર્યાદાઓનું રક્ષણ કરવા માટે અવતર્યા છો.[૧૩] આપે ઘોડાનું સ્વરૂપ ધારણ કરનારા આ દૈત્યનો રમતમાત્રમાં નાશ કર્યો, તે બહુ સારું કર્યું; જે દૈત્યના હણહણાટથી ત્રાસ પામેલા દેવો સ્વર્ગને છોડી જતા હતા. વળી હે વિભો! ચાણૂરને, મુષ્ટિકને, બીજા મલ્લોને, કુવલયાપીડ હાથીને તથા કંસને પણ પરમદિવસે આપથી નાશ પામેલા હું જોઇશ.[૧૪,૧૫] તે પછી હે જગત્પતિ! શંખાસુરનો (પંચજનનો), કાલયવનનો, મુર દૈત્યનો તથા નરકાસુરનો આપ વધ કરશો; પારિજાતનું હરણ કરશો; ઇન્દ્રનો પરાજય કરશો; પરાક્રમરૂપી મૂલ્ય વગેરેનાં લક્ષણવાળી વીરકન્યાઓ સાથે વિવાહ કરશો; દ્વારકામાં નૃગરાજાને પાપથી મુક્ત કરશો; જાંબવતી સાથે સ્યમંતકમણિને લાવશો; બ્રાહ્મણના મરી ગયેલા પુત્રને મહાકાળના ધામમાંથી જીવતો પાછો લાવી આપશો; પૌંડ્રક વાસુદેવનો નાશ કરશો; પછી કાશી નગરીને બાળી નાખશો; દંતવક્ત્રનો વધ કરશો અને યુધિષ્ઠિરના મહાયજ્ઞમાં શિશુપાલને મારશો. આ વિના બીજાં પણ પૃથ્વી પર કવિઓએ ગાવા યોગ્ય જે જે પરાક્રમોને આપ દ્વારકામાં રહીને કરશો, તે તે હું જોઇશ.[૧૬–૨૦] ત્યાર પછી આ પૃથ્વીના ભારને દૂર કરનારા આપ કાળરૂપ, અર્જુનના સારથિ થઇને અક્ષૌહિણીઓનો નાશ કરશો, તે પણ હું જોઇશ. કેવળ શુદ્ધ જ્ઞાનનીજ મૂર્તિરૂપ, પરમાનંદરૂપ સ્વસ્વરૂપમાંજ સારી રીતે સ્થિતિ કરવા વડે જેમણે સર્વ કામનાઓ સારી રીતે સંપાદન કરી છે, એવા સફળ ઇચ્છાવાળા અને પોતાની ચૈતન્યશક્તિથી માયારૂપ આ ગુણપ્રવાહ જેમનાથી દૂર થયો છે એવા, આપ ભગવાનને અમે શરણે આવ્યા છીએ.[૨૧,૨૨] આપ ઈશ્વર છો, પોતાનાજ આશ્રયવાળા છો, બીજાને વશ રહેનારા નથી, પોતાને અધીન રહેનારી માયા વડે મહત્તત્ત્વાદિ સર્વ વિશેષોને આપે રચ્યા છે અને ક્રીડાને માટે હમણાં આપે મનુષ્યશરીરને ધારણ કર્યું છે–તે યાદવશ્રેષ્ઠ, વૃષ્ણિકુલશ્રેષ્ઠ અને સાત્વતકુલશ્રેષ્ઠ એવા આપને હું પ્રણામ કરું છું.[૨૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ભક્તશ્રેષ્ઠ મુનિ નારદજી, યદુપતિ કૃષ્ણને પ્રણામ કરીને તેમની આજ્ઞા લઇ તેમના દર્શનથી આનંદ પામીને ત્યાંથી ગયા[૨૪] અને ભગવાન કૃષ્ણ પણ યુદ્ધમાં કેશી દૈત્યનો વધ કરી, પ્રસન્ન થયેલા ગોવાળિયાઓ-

---

+ સાક્ષી જોઇ શકાતો નથી.

§ મહાપુરુષને મર્યાદિત બુદ્ધિવાળાઓ જાણી શકતા નથી.

* અર્થાત્ ઈશ્વર વિના પરતંત્ર જીવોની પ્રવૃત્તિ ઘટે નહિ. —શ્રીધર

† પ્રમથો એટલે મહાદેવના અનુચરો–કાશીરાજ વગેરે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ની સાથે વ્રજને સુખ આપતા પશુઓનું પાલન કરવા લાગ્યા. +એક દિવસે (ગોવર્ધન) પર્વતનાં શિખરો ઉપર પશુઓને ચારતા ગોવાળિયાઓ, ચોર અને ઘેટાંઓના પાલક થઈ છુપાઇ જવાની રમત રમતા હતા.[૨૫-૨૬] હે રાજા ! તે વેળા કેટલાક ગોવાળિયા ચોર થયા હતા; કેટલાક ઘેટાંઓના પાલક થયા હતા અને કેટલાક ઘેટાં થયા હતા. આ રીતે તેઓ નિર્ભય થઇને રમતા હતા;[૨૭] તેવામાં મયદાનવનો પુત્ર મહામાયાવી વ્યોમાસુર ગોવાળિયાનો વેષ ધારણ કરીને ત્યાં આવ્યો અને (ગોવાળિયાઓની તે રમતમાં) પોતે લગભગ ઘણા ગોવાળિયાઓને હરી ગયો.[૨૮] એ મહાન અસુર ગોવાળિયાઓનું હરણ કરી, પર્વતની ગુફામાં મૂકી દઇ ગુફાના દ્વારને શિલાથી બંધ કરતો હતો, જેથી (એમ હરણ થતાં)છેવટે ચારપાંચજ ગોવાળિયાઓ બાકી રહ્યા.[૨૯] સત્પુરુષોને આશ્રય આપનારા શ્રીકૃષ્ણ વ્યોમાસુરનું એ કર્મ જાણી ગયા; તેમણે ગોવાળિયાને લઇ જતા વ્યોમાસુરને, સિંહ જેમ વરુને પકડે તેમ બળથી પકડ્યો; એટલે ભગવાને પકડવાથી ગભરાઇ ગયેલા તે બળવાન વ્યોમાસુરે, પોતાના સ્વરૂપને મોટા પર્વત જેવડું કરીને તેમાંથી પોતાને છોડાવવાની ઇચ્છા કરી; પણ તે છૂટો થઇ શક્યો નહિ.[૩૦-૩૧] ભગવાને તો પોતાના બન્ને હાથ વડે તેને પકડીને પૃથ્વી પર પટકી પાડ્યો અને આકાશમાં દેવોના દેખતાં જેમ કોઈ પશુને મારી નાખવામાં આવે, તેમ (ગૂંગળાવીને) મારી નાખ્યો.[૩૨] પછી ગુફાના ઢાંકણાને તોડી નાખી, ગોવાળિયાઓને દુઃખમાંથી બહાર કાઢી, દેવો અને ગોવાળિયાઓથી સ્તુતિ કરાતા ભગવાને પોતાના ગોકુળમાં પ્રવેશ કર્યો."[૩૩]

गुहापिधानं निर्भिद्य गोपान्निःसार्य कृच्छ्रतः ।
स्तूयमानः सुरैर्गोपैः प्रविवेश स्वगोकुलम् ॥३३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૭ મો સમાપ્ત

અધ્યાય ૩૮ મો+

અક્રૂરનો ગોકુળમાં સત્કાર

॥ શ્રીશુક ઉવાચ ॥

अक्रूरोऽपि च तां रात्रिं मधुपुर्यां महामतिः ।
उषित्वा रथमास्थाय प्रययौ नंदगोकुलम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"મહાબુદ્ધિમાન અક્રૂરે પણ (જે રાત્રે કંસે ગોકુળ જવાની આજ્ઞા કરી) તે રાત્રિ મથુરામાં રહી સવારમાં રથમાં બેસીને નંદજીના ગોકુળ તરફ પ્રયાણ કર્યું.[૧] માર્ગમાં જતાં મહાભાગ્યશાળી તે અક્રૂરજી કમળનયન શ્રીકૃષ્ણમાં પરમભક્તિ પામીને આવો વિચાર કરવા લાગ્યા કે,[૨] 'મેં કયું પુણ્ય કર્યું હશે? કયું ઉત્તમ તપ કર્યું હશે? અથવા સુપાત્રને કયું દાન આપ્યું હશે, કે જેથી કરીને આજે હું શ્રીકૃષ્ણનાં દર્શન કરીશ?[૩] હું માનું છું કે, શૂદ્રજાતિના મનુષ્યને જેમ વેદનું ઉચ્ચારણ દુર્લભ છે, તેમ વિષયોથી ઘેરાયલા મનવાળા મને આ શ્રીકૃષ્ણનું દર્શન દુર્લભ છે.[૪] અથવા એમ ન હોઇ શકે. મને અધમને પણ શ્રીકૃષ્ણનાં દર્શન થવાંજ જોઇએ. કારણ કે કાળરૂપી નદીથી તણાતો

+ (હવે અહીં વ્યોમાસુરના વધનો પ્રસંગ કહે છે.) કદાચ કોઇને શંકા થાય કે, નારદજીએ તો વ્યોમાસુરનો વધ જોયો ન હતો; ત્યારે પછી અહીં વ્યોમાસુરના વધનો શો પ્રસંગ છે? આનો ઉત્તર એ છે કે, પ્રાતઃકાળમાંજ કેશીદૈત્યનો વધ કર્યા પછી નારદજીનું કહેવું સ્વીકારીને, ફરી પશુઓનું પાલન કરતા ભગવાને વ્યોમાસુરનો વધ કર્યો હતો; અથવા વ્યોમાસુરનો વધ તો પહેલાંજ થયો હતો; તોપણ અહીં વેષધારીઓના વધનો પ્રસંગ છે, તેથી શુકદેવજી તેને અહીં વર્ણવે છે. વળી કેટલાક તો આ વ્યોમાસુરના વધને શંખચૂડના વધની પહેલાંજ દર્શાવે છે. —શ્રીધર

+ આ અધ્યાયમાં અક્રૂરજી જેવા વિચાર કરતા ગોકુળમાં ગયા હતા, તેવીજ રીતે શ્રીરામ–કૃષ્ણે તેમને ઘેર લઇ જઇ તેમનો સત્કાર કર્યો, એ કથા કહેવામાં આવશે.

બારશની સવારે કેશી દૈત્યનો વધ થયો અને પછી નારદજી ગયા એટલે તેજ દિવસે વ્યોમાસુરનો વધ થયો અને તેજ દિવસની સાંજે અક્રૂર ગોકુળમાં આવ્યા.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોઇ પ્રાણી કોઈ વખતે તરી પણ જાય છે.[૫] આજે મારું પાપ નાશ પામ્યું છે અને મારો જન્મ સફળ થયો છે. કારણ કે યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય ભગવાનના ચરણકમળને હું નમસ્કાર કરીશ.[૬] અહો! આશ્ચર્યની વાત છે કે, (અત્યંત દુષ્ટ હોવા છતાં) કંસે આજ મારા પર મહાન અનુગ્રહ કર્યો છે; કારણ કે તેણે મોકલેલો હું (પૃથ્વી પર) અવતરેલા શ્રીહરિના ચરણકમળનાં દર્શન કરીશ, કે જે ચરણકમળના નખમંડળની કાંતિથી પૂર્વકાળના (અંબરીષાદિ) ભક્ત પુરુષો દુ:ખથી તરી શકાય એવા (સંસારરૂપી) અંધકારને તરી ગયા છે;[૭] વળી જે ચરણકમળનું બ્રહ્મા, શંકર વગેરે દેવોએ, લક્ષ્મીદેવીએ તથા ભક્તો સહિત મુનિઓએ પૂજન કર્યું છે; જે હમણાં વૃંદાવનમાં ગાયો ચારવા માટે પોતાના અનુચરો સાથે વિચરી રહ્યું છે અને ગોપિકાઓનાં સ્તનના કેસરના ચિહ્નવાળું છે.÷[૮] સુંદર ગાલ અને નાકવાળા, મંદ હાસ્યપૂર્વક જોતા, લાલ કમળ સમાન નેત્રોવાળા અને વાંકડિયા કેશથી વીંટાયલા શ્રીકૃષ્ણના મુખનાં હું અવશ્ય દર્શન કરીશ. કારણ કે આ હરણિયાં મારી જમણી બાજુએ ઊતરે છે.[૯] પૃથ્વીનો ભાર ઉતારવાને માટે પોતાની ઇચ્છાથી મનુષ્યપણું પામેલા અને સુંદરતાના ધામરૂપ એવા વિષ્ણુ ભગવાનનાં આજે મને દર્શન થશે અને (જો દર્શન થશે, તો) મારાં નેત્રોનું સાફલ્ય નહિ થાય એમ નથી; પણ થશેજ.[૧૦]+ જે ભગવાન કાર્ય તથા કારણના માત્ર દર્શનકર્તા છે; તોપણ અહંકારથી રહિત છે; નિત્ય સ્વરૂપના સાક્ષાત્કારને લીધે જેમના વિષે સ્વસ્વરૂપનું અજ્ઞાન, તેથી થતો ભેદ અને તેથી થતી ભ્રાંતિ–એ ત્રણે દૂર થયેલાં છે, *તોપણ પોતાને× અધીન રહેનારી માયાએ પોતાનાજ‡ દૃષ્ટિપાતથી પ્રાણ, ઇન્દ્રિયો તથા બુદ્ધિની સાથે પોતાને† વિષેજ રચેલા એવા જીવો તે ભગવાનને વૃંદાવનનાં લતાગૃહોમાં તેમજ ગોપિકાઓનાં ઘરમાં જાણે આસક્ત થયા હોય તેવા જાણે છે;[૧૧]÷ જે પાપોનો નાશ કરનારા અને ઉત્તમ મંગળોને આપનારા ભગવાનના સમગ્ર ગુણો, કર્મો તથા જન્મો વડે મિશ્ર એવી વાણી (એટલે ભગવાનના ગુણકર્મ તથા જન્મનું વર્ણન કરનારી વાણી) આ જગતને જીવાડે છે, શોભાવે છે અને પવિત્ર કરે છે; પણ જે વાણી એ ભગવાનના ગુણ, કર્મ તથા જન્મથી રહિત હોય છે–તેઓનું વર્ણન કરતી નથી; તે વાણી (સારા અલંકારોથી યુક્ત હોય છતાં પણ વસ્ત્ર–અલંકાર વગેરેથી શણગારેલાં) મુડદાં જેવીજ શોભતી મનાયલી છે. (અર્થાત્ ભગવાનના ગુણ–જન્મ–કર્મનું વર્ણન કરનારી વાણીજ વસ્તુતઃ શોભે છે; પણ તેનું વર્ણન નહિ

÷ આ શ્લોકમાં 'બ્રહ્માદિ દેવોએ પૂજેલું' એમ કહી ભગવાનના ચરણકમળનું પરમ ઐશ્વર્ય સૂચવ્યું છે; 'લક્ષ્મી દેવીએ પૂજેલું' એમ કહીને તેનું અતિશય સૌભાગ્ય જણાવ્યું છે; 'ભકતોસહિત મુનિઓએ પૂજેલું' એમ કહી તેને પરમ પુરુષાર્થરૂપ દર્શાવ્યું છે; 'વૃંદાવનમાં ગાયો ચારવા માટે વિચરી રહ્યું છે' એમ કહી તેનું કૃપાળુપણું દર્શાવ્યું છે અને 'ગોપીઓનાં સ્તનના કેસરના ચિહ્નવાળું' એમ કહીને તે ચરણકમળ કેવળ પ્રેમ વડે સુલભ છે, એમ જણાવ્યું છે. —શ્રીધર

+ અહીંથી ચાર શ્લોકો સાથે સંબંધ ધરાવે છે.

કોઇને શંકા થાય કે, આપણી પેઠેજ જેનામાં ભોક્તાપણું, કર્તાપણું–વગેરે ધર્મો ઘણે સ્થળે જોવામાં આવે છે, તેને વિષ્ણુ કેમ કહી શકાય? આ શંકાનું ત્રણ શ્લોકમાં સમાધાન આપી ચોથા શ્લોકમાં 'હું તે ભગવાનનાં દર્શન કરીશ,' આવો મનોરથ કરે છે. —શ્રીધર

* સ્વસ્વરૂપ (આત્મા)નું અજ્ઞાન થવાથી ભેદપરાયાપણું ભાસે છે અને ભેદ થવાથી હું અને મારું એવો અભિનિવેશ–ભ્રમ ઉત્પન્ન થાય છે. પરંતુ ભગવાનમાં અજ્ઞાન ન હોવાથી ભેદ અને ભ્રમ પણ હોતો નથી.

× ભગવાનને.

‡ ભગવાનનાજ.

† ભગવાનવિષેજ.

÷ કદાચ કોઇને શંકા થાય કે, સર્વથા અહંકાર વગેરેથી રહિત અને કેવળ આત્મામાંજ રમણ કરનારાને વળી લીલા શી? આના સમાધાનમાં આવા આશયથી કહે છે કે, ભગવાનની લીલા બીજાના અનુગ્રહ માટેજ કેવળ હોય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતી વાણી મુડદાંની પેઠે વસ્તુતઃ શોભતી નથી.) તે ભગવાન પોતે રચેલા વર્ણાશ્રમધર્મોનું પાલન કરનારા ઉત્તમ દેવોને સુખકર્તા થઇને હમણાં યાદવવંશમાં અવતરેલા છે અને જેમના સંપૂર્ણ માંગલિક યશને દેવો ગાય છે, તેજ ઈશ્વર હમણાં પોતાના યશને વિસ્તારતા વ્રજમાં બિરાજે છે. આજ મહાન પુરુષોની ગતિરૂપ, સર્વના ગુરુ, ત્રૈલોક્યસુંદર, દષ્ટિવાળાઓને મહાન આનંદદાયક અને લક્ષ્મીદેવીના ઇષ્ટ સ્થાનરૂપ એવા સ્વરૂપને ધારણ કરનાર તે ભગવાનનાં હું અવશ્ય દર્શન કરીશ. કારણ કે મારાં (જીવનનાં) અનેક પ્રભાતો (આવા) શુભ દર્શનનાં સૂચક હતાં.[૧૨–૧૪] એ રીતે મને દર્શન થશે, તે પછી તુરતજ હું રથ ઉપરથી ઊતરી પડીને પ્રધાનપુરુષ શ્રીરામ અને કૃષ્ણના ચરણને સાક્ષાત્ નમસ્કાર કરીશ; જે ચરણને યોગીઓ પણ કેવળ બુદ્ધિથીજ ધારણ કરી રહ્યા છે. (પણ પ્રત્યક્ષ નમસ્કાર કરી શક્યા નથી.) પછી એ બન્ને ભાઇઓની સાથે રહેલા એમના મિત્ર ગોવાળિયાઓને પણ નમસ્કાર કરીશ.[૧૫] તે પછી પ્રભુ કૃષ્ણ પોતાના ચરણમૂળમાં પડેલા મારા મસ્તક ઉપર પોતાના હસ્તકમળને મૂકશે, કે જે હસ્તકમળે કાળરૂપી સર્પથી ભયભીત થયેલા અને તેથીજ શરણને ઇચ્છનારા ભક્તજનોને અભયદાન આપ્યું છે;[૧૬] તેમજ જે હસ્તકમળમાં બલિરાજાએ (ત્રણ પગલાં પૃથ્વીનું દાન કરવાના સમયે) અને (પૂર્વજન્મમાં) ઇન્દ્રે, માત્ર પૂજાનું જળ અર્પણ કરીને ત્રણ જગતનું ઇન્દ્રપણું મેળવ્યું હતું ને જે હસ્તકમળે રાસક્રીડામાં વ્રજની સ્ત્રીઓના પરિશ્રમને માત્ર સ્પર્શથી દૂર કર્યો હતો, તે સુગંધી કમળ જેવા ગંધવાળા પોતાના હસ્તકમળને ભગવાન મારા મસ્તક પર મૂકશે.[૧૭] જો કે હું કંસનો મોકલેલો એક દૂત છું, તોપણ શ્રીકૃષ્ણ મારા પર શત્રુબુદ્ધિ કરશે નહિ; કેમકે તે સર્વ જાણે છે અને સર્વના અંતર્યામી હોઇને નિર્મળ જ્ઞાનદષ્ટિ વડે હરકોઇના મનમાં આંતરિક તથા બાહ્યચેષ્ટિતને જુએ પણ છે.*[૧૮] હું ભગવાનના ચરણની પાસે બે હાથ જોડી સાવધાન થઇને ઊભો રહીશ, ત્યારે ભગવાન મંદ હાસ્યપૂર્વક દયાર્દ્ર દષ્ટિથી મારી સામે જોશે; એટલે તુરતજ મારાં સમગ્ર પાપો નાશ પામશે, મારી શંકાઓ દૂર થશે અને હું પરમ આનંદને પ્રાપ્ત થઇશ.[૧૯] પછી અત્યંત નિષ્કપટ હૃદયવાળા અને એ ભગવાનના વિના જેનો બીજો કોઈ (ઇષ્ટ) દેવ નથી, એવા પોતાના જ્ઞાતિજન (પિત્રાઇ) શ્રીકૃષ્ણ મને પોતાની મોટી ભુજાઓથી ભેટશે; એટલે તેજ ક્ષણે મારું શરીર અત્યંત પવિત્ર થશે અને તેનાં કર્મરૂપી બંધન ઢીલાં પડી જશે.[૨૦] ભગવાનનો અંગસંગ પ્રાપ્ત કરી, બે હાથ જોડી પ્રણામ કરતા મને મોટી કીર્તિવાળા ભગવાન 'હે અક્રૂર! ઓ કાકા!' એમ કહેશે, ત્યારે મારો જન્મ સફળ થશે; કેમકે જેનો ભગવાને આદર કર્યો નથી, તેના જન્મને ધિક્કાર હો.[૨૧] જો કે ભગવાનને કોઇ પ્રિય કે અપ્રિય નથી, હિતકર્તા કે શત્રુ નથી અને કોઈ ઉપેક્ષા કરવા યોગ્ય પણ નથી; છતાં જેમ આશ્રય કરેલું કલ્પવૃક્ષ ઇષ્ટ અર્થ આપે છે, તેમ ભગવાન પણ ભક્તોને ભજે છે.÷[૨૨] પછી યાદવશ્રેષ્ઠ બળદેવજી, પ્રણામ કરી રહેલા મને હસતા હસતા ભેટીને હાથ પકડી ઘરમાં લઇ જશે અને સંપૂર્ણ સત્કાર કરાયલા મને પોતાના સંબંધીઓ તરફનાં કંસનાં વર્તન પૂછશે.[૨૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે માર્ગમાં શ્રીકૃષ્ણનું ચિંતન કરતા અક્રૂરજી રથ વડે ગોકુળમાં પહોંચ્યા; ત્યારે સૂર્ય પણ અસ્તાચળે પહોં-

* કહેવાનો ભાવ એ છે કે, અંતઃકરણની બહારજ હું કંસને અનુસરું છું; અંતઃકરણની અંદર તો હું શ્રીકૃષ્ણને અનુસરું છું. શ્રીકૃષ્ણ મારા હૃદયમાં રહીને તે જાણેજ છે; તેથી મારા પર શત્રુબુદ્ધિ નહિ કરે. –શ્રી૰

÷ ભગવાન કૃષ્ણે પણ કહ્યુંજ છેઃ–ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् (श्री. भ. गी. ૪–૧૧)–જેઓ મને જે રીતે ભજે છે, તેઓને હું તેજ રીતે ભજું છું. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચ્યો હતો.[૨૪] જેમની પવિત્ર ચરણરજને સમગ્ર લોકપાલોએ મુકુટ પર ધારણ કરી છે, એવા શ્રીકૃષ્ણનાં પગલાં અક્રૂરે વ્રજમાં જોયાં, કે જે પગલાં પૃથ્વીના અલંકારરૂપ હતાં અને કમળ, જવ તથા અંકુશ વગેરે ચિહ્નોથી (યુક્ત) જણાતાં હતાં.[૨૫] તે પગલાં જોતાંજ અક્રૂરજીની હર્ષવ્યાકુળતા વધી પડી; પ્રેમને લીધે તેમનાં રુવાંટાં ઊભાં થઈ ગયાં; તેમનાં નયનો અશ્રુબિંદુઓથી ઊભરાઇ ગયાં અને રથ પરથી એકદમ કૂદી પડીને 'અહો! આ પ્રભુની (દુર્લભ) ચરણરજ!' એમ કહેતા તે રજમાં લોટી પડ્યા. કંસના સંદેશાથી માંડીને શ્રીહરિના સ્વરૂપદર્શન તથા શ્રવણ વગેરેથી અક્રૂરનો જે (પુરુષાર્થ અહીં વર્ણવ્યો છે, તેટલોજ) પુરુષાર્થ પ્રાણીમાત્રે દંભ, ભય તેમજ શોકનો ત્યાગ કરી સંપાદન કરવો જોઇએ.[૨૬,૨૭] અક્રૂરજીએ વ્રજમાં ગાયો દોહવાના સ્થાનમાં ગયેલા શ્રીકૃષ્ણ તથા બળરામને જોયા. તેઓએ પીળાં પીતાંબર તેમજ શ્યામ વસ્ત્રને ધારણ કર્યાં હતાં અને શરદ્ઋતુનાં કમળ સમાન નેત્રવાળા તે જણાતા હતા.[૨૮] તેઓ બન્ને કિશોર વયના હતા. શ્રીકૃષ્ણ શ્યામ અને બળદેવજી ગૌરવર્ણા હતા; બન્ને શોભાના નિવાસસ્થાન, મોટી ભુજાઓવાળા, સુંદર મુખવાળા, અતિશય સુંદર અને બાળહસ્તી જેવા પરાક્રમી હતા.[૨૯] તે મહાત્માઓ ધ્વજ, વજ્ર, અંકુશ તથા કમળનાં ચિહ્નવાળા ચરણોથી વ્રજને શોભાવતા હતા અને કૃપાયુક્ત મંદ હાસ્ય કરતા જોતા હતા.[૩૦] તેઓ બન્નેની ક્રીડા ઉદાર અને સુંદર હતી; બન્નેએ રત્નમાળા તથા વનમાળા ધારણ કરી હતી; બન્નેનાં અંગ પવિત્ર ગંધવાળા ચંદનથી ચર્ચાયલાં હતાં અને બન્નેએ સ્નાન કરી નિર્મળ વસ્ત્રો પહેર્યાં હતાં.[૩૧] તે બળદેવજી અને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ, આદિપુરુષ, જગતના કારણરૂપ અને જગતના પતિ હતા. તેઓ જગતને માટેજ (એટલે તેનો ભાર દૂર કરવાને માટેજ) અમુક મૂર્તિભેદથી અવતર્યા હતા.[૩૨] હે રાજન્! મરકતમણિનો અને રૂપાનો પર્વત જેમ સુવર્ણથી યુક્ત હોઈ, પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશમાન કરે, તેમ તે બન્ને જણા પોતાની કાંતિ વડે દિશાઓને પ્રકાશમાન કરતા હતા.[૩૩] અક્રૂરજી (તેમને જોતાંજ) સ્નેહથી વિહ્વળ થઇ સત્વર રથ ઉપરથી કૂદી પડ્યા અને બળદેવજી તથા શ્રીકૃષ્ણના ચરણમાં (પ્રણામ કરતા) દંડવત્ પડ્યા. હે રાજા! ભગવાનના દર્શનથી થયેલા આનંદને લીધે અક્રૂરજીનાં નેત્રોમાં હર્ષાશ્રુ ઊભરાવા લાગ્યાં, ઉત્કંઠાને લીધે તેમનું શરીર રોમાંચિત બન્યું અને 'હું અક્રૂર આપને પ્રણામ કરું છું' એમ (કહેવાની ઇચ્છા છતાં) કહી શક્યા નહિ;[૩૪,૩૫] પણ પ્રણામ કરનાર ઉપર પ્રેમ ધરાવતા ભગવાન શ્રીકૃષ્ણ તેમનો *અભિપ્રાય જાણી પ્રસન્ન થઇને ચક્રના ચિહ્નવાળા હાથથી તેમને પાસે ખેંચીને ભેટી પડ્યા.[૩૬] તેમજ મોટા મનવાળા બળદેવજી પણ પ્રણામ કરી રહેલા અક્રૂરજીને ભેટીને હાથ વડે તેમના બન્ને હાથ પકડી શ્રીકૃષ્ણની સાથે તેમને ઘેર લઈ ગયા[૩૭] અને સ્વાગતપ્રશ્ન પૂછી, ઉત્તમ આસન આપીને તેમના બન્ને પગ ધોવા વડે શાસ્ત્રવિધિપૂર્વક મધુપર્કથી તેમની પૂજા કરી.[૩૮] તે પછી સમર્થ બળરામે આદરપૂર્વક તે અતિથિને ગાય અર્પણ કરી તેમના પગ ચાંપ્યા અને પછી શ્રમરહિત થયેલા તે અક્રૂરજીને ઘણા ગુણવાળું એવું પવિત્ર અન્ન શ્રદ્ધાથી પીરસ્યું.[૩૯] ભોજન કરી લીધા પછી પરમ ધર્મવેત્તા બળરામે તે અક્રૂરજીને પ્રેમથી મુખવાસ, ચંદન તેમજ પુષ્પો આપીને અત્યંત પ્રસન્ન કર્યા.[૪૦] એ રીતે અક્રૂરનો સત્કાર થઇ રહ્યા પછી નંદરાયે તેમને પૂછ્યું કે, 'હે અક્રૂર! જ્યાંસુધી ક્રૂર કંસ જીવે છે, ત્યાં સુધી કસાઇના હાથ તળે રહેલાં ઘેટાંઓની પેઠે

* આ અક્રૂર અમુક કાર્ય માટે આવેલા છે, એમ જાણી લઇ શ્રીકૃષ્ણે 'મારામાં કંસને હણવાનું સામર્થ્ય છે' એમ જણાવતા હોય તેમ ચક્રના ચિહ્નવાળો હાથ લંબાવી અક્રૂરને સમીપ લીધા ને પછી તેમને ભેટ્યા. શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમે કયા પ્રકારે જીવી શકો છો ?[૪૧] કેવળ પોતાનાજ પ્રાણોને તૃપ્ત કરનારા જ દુષ્ટે પોક પોક રડતી પોતાની બહેન દેવકીનાં છોકરાં મારી નાખ્યાં હતાં, તે કંસની પ્રજા તરીકે તમારા કયા કલ્યાણનો અમે વિચાર કરી શકીએ ?' (જેની પ્રજાનાં માત્ર જીવન દુર્લભ હોય, ત્યાં તેના કયાં કુશળનો વિચાર હોઇ શકે ?)[૪૨] આવી મધુર વાણીથી પ્રશ્ન કરી નંદરાયે સત્કાર કર્યો, એટલે અક્રૂરે માર્ગનો થાક તો તજીજ દીધો."[૪૩]

इत्थं सूनृतया वाचा नंदेन सुसभाजितः ।
अक्रूरः परिपृष्टेन जहावध्वपरिश्रमम् ॥ ४३ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૮ મો સમાપ્ત

अध्याय ३९ मो*

ગોપીઓના વિરહવિલાપ ને અક્રૂરને યમુનામાં વિષ્ણુલોકનાં દર્શન

॥ श्रीशुक उवाच ॥

सुखोपविष्टः पर्यंके रामकृष्णोरुमानितः ।
लेभे मनोरथान् सर्वान् पथि यान् स चकार ह ॥

શ્રીશુકદેવજી બોલ્યા:-"બળરામે તથા શ્રીકૃષ્ણે જેમનું ઘણું સન્માન કર્યું હતું એવા અને પલંગ ઉપર સુખેથી બેઠેલા અક્રૂરના માર્ગમાં રહેલા સઘળા મનોરથો સિદ્ધ થયા; લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ ભગવાન જ્યારે પ્રસન્ન થાય, ત્યારે કઇ વસ્તુ અલભ્ય રહે છે ? તોપણ હે રાજા ! ભગવાનમાં પરાયણ રહેનારા ભક્તો (ભગવાન સિવાય) બીજું કંઈ પણ ઇચ્છતા નથી.[૧-૨] પછી સાયંકાળનું ભોજન કરી ભગવાન દેવકીપુત્ર, કંસનું પોતાના સંબંધીઓ તરફ કેવું વર્તન છે અને બીજું તે શું શું કરવા ઇચ્છે છે ! એ સંબંધે અક્રૂરને પૂછવા લાગ્યા.[૩]

શ્રીભગવાન બોલ્યા:-'હે શાંત સ્વભાવવાળા કાકા ! તમે અહીં કુશળક્ષેમ આવ્યા તો છો ને ? તમારું કલ્યાણ થાઓ. આપણા સગોત્રીઓ અને સગાં-સંબંધીઓ સુખી અને નીરોગી તો છે ને ? (અથવા અત્યારે આમ પૂછવું પણ અત્યંત અઘટિત છે. કારણ કે) હે કાકા ! કુળમાં રોગરૂપ અમારો નામનોજ મામો કંસ જીવે છે, ત્યાંસુધી આપણાં સગાં-સંબંધીઓનું કે તેની પ્રજાનું હું શું કુશળ પૂછું ?[૪-૫] અહો ! મારે લીધે અમારાં નિરપરાધી માતા-પિતાને ઘણું દુઃખ સહેવું પડ્યું છે; મારે લીધે તેઓના પુત્રોનાં મરણ થયાં છે અને તેઓને કેદ પકડાવું પડ્યું છે.[૬] હે સૌમ્ય ! તમે અમારા પોતાના છો; તમારું ઇચ્છિત દર્શન આજે થયું, તે બહુ સારું થયું છે. હે તાત ! તમારું આવવાનું કારણ તમે કહો.[૭]

શ્રીશુકદેવજી બોલ્યા:-"ભગવાને એ પ્રમાણે પૂછ્યું એટલે અક્રૂરે યાદવો સાથે કંસે કરેલું વૈર, વસુદેવને મારી નાખવાનો કરેલો ઉદ્યમ, ધનુર્યાગ માટે પોતે જ સંદેશો લઇ આવ્યા હતા, જેને માટે પોતાને કંસે દૂત તરીકે મોકલ્યા હતા અને 'કૃષ્ણનો જન્મ વસુદેવથી થયો છે' એવી જે વાત નારદજીએ કંસને કહી હતી, તે સર્વ કહી બતાવ્યું.[૮-૯] અક્રૂરનું વચન સાંભળી શત્રુવીરોને સંહારનારા શ્રીકૃષ્ણ તેમજ બળદેવજી ખૂબ હસ્યા અને પછી તેમણે કંસરાજાનો સંદેશો નંદજીને જણાવ્યો.[૧૦] એટલે નંદરાયે પણ ગોવાળિયાઓને આજ્ઞા કરી કે, 'સઘળું ગોરસ-દૂધ, દહીં વગેરે-સાથે લો; ભેટ ધરવાની ઉત્તમ વસ્તુઓ લઈ લો અને ગાડાં જોડો. આવતી કાલે આપણે મથુરાનગરીમાં જઇશું, કંસ રાજાને ગોરસ અર્પણ કરીશું અને અતિમહાન-પર્વ ધનુર્યાગનાં દર્શન કરીશું. દેશના સર્વ લોકો ત્યાં જાય છે.' એ પ્રમાણે નંદરાયે પોતાના ગોકુળમાં કોટવાલદ્વારા ચોતરફ જાહેર કરાવ્યું તે વખતે ગોપીઓ, બળ-

* આ અધ્યાયમાં 'ભગવાન મથુરા પધારતા હતા, ત્યારે ગોપીઓએ વિરહવચનો કહ્યાં અને અક્રૂરે યમુનામાં વિષ્ણુલોકનાં દર્શન કર્યાં,' એ કથા કહેવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવને તથા શ્રીકૃષ્ણને મથુરા લઈ જવા માટે અક્રૂરને વ્રજમાં આવેલા સાંભળીને બહુ દુઃખી થઇ. કેટલીક ગોપીઓનાં મુખની શોભા હૃદયના સંતાપને લીધે નીકળતા નિસાસાથી કરમાઇ ગઇ અને કેટલીકનાં તો વસ્ત્રો, કડાં તથા કેશપાશ સરકી પડ્યાં.[૧૧-૧૪] બીજી કેટલીક ગોપીઓની સમગ્ર ઇન્દ્રિયવૃત્તિઓ શ્રીકૃષ્ણના ધ્યાનને લીધે શાંત પડી ગઇ; તેથી જાણે *આત્મલોકમાં ચાલી ગઇ હોય, તેમ તેઓને પોતાના શરીરનું ભાન પણ રહ્યું નહિ;[૧૫] તેમજ બીજી કેટલીક ગોપીઓ આશ્ચર્યકારક પદોવાળી અને સ્નેહપૂર્વક મંદ હાસ્ય વડે બોલાયલી ભગવાનની સુંદર વાણીને યાદ કરતી મૂર્ચ્છા પામી ગઇ. ત્યાર પછી ભગવાનની અતિ મનોહર ગતિ અને ચેષ્ટા, સ્નેહાળ હાસ્યપૂર્વક જોવું, શોક દૂર કરનારાં ઉપહાસનાં વચનો અને સર્વોત્કૃષ્ટ ચરિત્રોનું ચિંતન કરતી, ભગવાનના વિરહથી કાયર થઇ ભયભીત બનેલી અને શ્રીકૃષ્ણમાંજ જેઓનું ચિત્ત હતું, એવી ગોપીઓ ટોળે મળીને મુખ પર આંસુ સારતી આવો વિલાપ કરવા લાગી.[૧૬-૧૮]

ગોપીઓ બોલીઃ–×અહો ! ઓ વિધાતા ! તને કોઇના ઉપર પણ દયા નથી ! તું પ્રાણીઓને મિત્રતા અને સ્નેહથી પરસ્પર જોડીને તેઓએ (મિત્રતા અને સ્નેહનો) કંઇ ઉપભોગ કર્યો ન હોય, તેટલામાં તો કંઇ કારણ વિનાજ તેઓનો પરસ્પર વિયોગ કરાવે છે. (આ ઉપરથી જણાય છે કે,) તારી આ ક્રીડા કોઇ બાળકના ચેષ્ટિત સરખી છે ! ! તું શ્યામ કેશથી વીંટાયલા, સુંદર ગાલવાળા, ઊંચી નાસિકાવાળા અને શોકને દૂર કરનારા, ગૂઢ મંદ હાસ્ય વડે સુંદર એવા શ્રીકૃષ્ણના મુખનું અમને દર્શન કરાવીને (હવે) તે મુખને અમારી દૃષ્ટિથી દૂર કરે છે ! ! આ તારું કર્મ કંઇ સારું નથી. (પણ નિંદ્ય છે.) હાય ! અફસોસ ! તું× ક્રૂર છે ! ! કારણ કે તું જ +અક્રૂરના નામે કોઇએક અજ્ઞાનીની પેઠે તેં પોતે આપેલાં અમારાં ચક્ષુને હરી લે છે; જે ચક્ષુ વડે અમે શ્રીકૃષ્ણના કોઇએકજ અવયવમાં તારી સમગ્ર સૃષ્ટિની નિપુણતા જોતી હતી.÷[૧૯-૨૧] *નંદપુત્ર શ્રીકૃષ્ણ ક્ષણભંગુર પ્રીતિવાળા છે અને નવાં નવાં ઉપર પ્રીતિ કરનારા છે. કારણ કે તેમણે પોતેજ કરેલા મંદહાસ્ય વગેરેથી આતુર બની જઇ આપણે ઘર, સ્વજનો, પુત્રો તથા પતિઓનો ત્યાગ કરી સાક્ષાત્ તેમનાજ દાસત્વને સ્વીકારી બેઠી છીએ; છતાં અત્યંત ખેદની વાત છે કે, તે આપણી સામે જોતા પણ નથી.†[૨૨] ખરેખર ‡મથુરા નગરીની સ્ત્રીઓની આજની રાત્રિ સુખકારક પ્રભાતવાળી થઈ છે અને તેઓના સર્વ મનોરથો પણ સત્ય થયા છે; કારણ કે તેઓ પોતાના શહેરમાં પધારેલા વ્રજપતિ શ્રીકૃષ્ણના કટાક્ષો વડે શોભી રહેલા અને મંદ હાસ્યરૂપી રસવાળા મુખનાં દર્શન કરશે.[૨૩] જો કે શ્રીકૃષ્ણ માતાપિતાને અધીન રહેનારા અને મનસ્વી છે, ધીર છે; તોપણ તે નાગરિક સ્ત્રીઓનાં મધ જેવાં મીઠાં ભાષણોથી તેમનું મન આકર્ષાઇ જશે અને તે સ્ત્રીઓના શરમાળ મંદ હાસ્યયુક્ત વિલાસોથી ભમી જશે; તેથી આપણે ગામડિયણ સ્ત્રીઓની પાસે તે પાછા કેમ

* આત્મલોકમાં ચાલી ગઈ હોય એટલે જાણે મુક્ત થઇ ગઇ હોય. —શ્રીધર

× વિધાતાને ઠપકો આપતી કહે છે કે, 'તું છેક મૂર્ખ છે; કોઇની વિરહવેદનાને સમજતો નથી અથવા તું નિર્દય છે.' —મા. ક.

× ક્રૂર એટલા માટે કે, આવું કામ બીજો કોઇ પણ કરે નહિ. —મા. ક.

+ અક્રૂરના નામે તું પોતેજ અહીં આવ્યો છે, એમ અમને લાગે છે. —મા. ક.

÷ કહેવાનો ભાવ એ છે કે, 'મારું સર્વ રહસ્ય આ ગોપીઓ જાણી ગઇ,' આવી અદેખાઇથી તું શ્રીકૃષ્ણનો વિયોગ કરાવીને અમને આંધળી કરે છે. —શ્રીધર

* વિધાતાને છોડી પરસ્પર કહે છે. —શ્રીધર

† માટે ચાલો, આપણે તે શ્રીકૃષ્ણનેજ જતા અટકાવીએ; એ ભાવ છે. —શ્રીધર

‡ મથુરા નગરીની સ્ત્રીઓ પર અદેખાઇ કરતી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવશે ? નહિજ આવે.[૨૪] ખરેખર આજે ત્યાં મથુરામાં દાશાર્હ, ભોજ, અંધક, યાદવ તથા સાત્વતવંશી મનુષ્યોની દૃષ્ટિને મહાન ઉત્સવ થઇ પડશે; કેમકે તેઓ ગુણોના સ્થાનરૂપ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણનાં માર્ગમાં દર્શન કરશે.[૨૫] ×આવા નિર્દયપુરુષનું 'અક્રૂર' એવું નામ નજ હોવું જોઇએ; કેમકે આ તો અત્યંત ક્રૂર છે; જે અત્યંત દુઃખી થયેલી આપણને શાંત પાડ્યા સિવાયજ આપણા પ્રિયથી પણ પ્રિય એવા શ્રીકૃષ્ણને માર્ગને પેલે પાર લઇ જાય છે—આપણી નજરથી ઘણે દૂર લઈ જાય છે.[૨૬] (હાય ! જુઓ તો ખરી !) આ કઠણ બુદ્ધિવાળા કૃષ્ણ તો રથમાં પણ બેસી ગયા ! આ ઉદ્ધત ગોવાળિયાઓ પણ ગાડાંઓ જોડી જોડીને ઉતાવળ કરી રહ્યા છે અને પેલા ઘરડાઓ ઉપેક્ષા કરી રહ્યા છે—તેમને જતા અટકાવતા પણ નથી. અફસોસ ! આજે આપણું દૈવજ પ્રતિકૂળ થઇને આ બધું કરી રહ્યું †છે.[૨૭] (ચાલો) ÷આપણેજ શ્રીકૃષ્ણની પાસે જઇને તેમને અટકાવીએ. કુળના ઘરડાંઓ અને સગાં-સંબંધીઓ આપણને શું કરવાનાં છે ? આપણાં મનને આંખના એક અર્ધા પલકારા જેટલો સમય પણ દુસ્ત્યજ એવા શ્રીકૃષ્ણના સંગથી દૈવે વિખૂટાં પાડ્યાં છે અને તેથીજ આપણાં મન દીન બની ગયાં છે. (તો આપણને હવે મૃત્યુનો પણ ભય નથી.) [૨૮] હે ગોપીઓ ! જે *શ્રીકૃષ્ણનું સ્નેહયુક્ત સુંદર મંદ હાસ્ય, મનોહર ગુપ્ત વાતો, વિલાસપૂર્વક જોવું તથા આલિંગન—આ બધું જેમાં હતું, એવી રાસક્રીડાની સભામાં આપણે એક ક્ષણની માફક અનેક રાત્રિઓ ગાળી છે; તે શ્રીકૃષ્ણ વિના આપણે આ દુરંત વિરહદુઃખને શી રીતે ઓળંગી જઇશું ? (કોઇ પણ રીતે આ દુઃખ આપણાથી સહન થઇ શકશે નહિ; માટે આ કારણથી પણ આપણે અત્યારે શ્રીકૃષ્ણને અટકાવવાનું સાહસ કરીએ.) ×સાયંકાળે પશુઓની ખરીઓની રજથી જેમના કેશ તથા પુષ્પમાળા ભરાઇ રહેલાં હોય છે, એવા જે કૃષ્ણ બળદેવજીની સાથે ગોવાળિયાઓથી વીંટાઇને વાંસળી વગાડતા વગાડતા વ્રજમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે મંદ હાસ્યયુક્ત કટાક્ષોથી જોઇને આપણા ચિત્તને હરી લે છે; તે શ્રીકૃષ્ણ વિના આપણે કેમ જીવી શકીશું ?[૨૯-૩૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે બોલતી અને શ્રીકૃષ્ણમાંજ જેઓનાં મન લાગ્યાં હતાં, એવી વ્રજની સ્ત્રીઓ અત્યંત વિરહાતુર થઈને લજ્જા છોડી દઈ 'હે ગોવિંદ ! ઓ દામોદર ! ઓ માધવ !' એમ પોકારતી મોટા સ્વરથી રડવા લાગી.[૩૧] એટલામાં સૂર્યનો ઉદય થયો એટલે અક્રૂરજીએ સંધ્યા-વંદન વગેરે કર્મ કરી લઈ, એ પ્રમાણે રડતી તે સ્ત્રીઓને નહિ ગણકારી રથ હાંકવા માંડ્યો. નંદ વગેરે ગોવાળિયાઓ પણ ગોરસથી ભરેલા ઘડાઓરૂપી પુષ્કળ ભેટો સાથે લઇને ગાડાંઓમાં બેસી અક્રૂરની પાછળ ચાલ્યા. ગોપીઓ પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણની પાછળ જઇ તેમનું પાછું વળીને જોવું વગેરેથી કંઇક આનંદ પામી અને ભગવાન તરફથી કંઇક પ્રત્યુત્તર ઇચ્છતી ઊભી રહી.[૩૨-૩૪] એ રીતે પોતાના પ્રયાણને લીધે સંતાપ પામતી તે ગોપીઓને જોઇને યદૂત્તમ શ્રીકૃષ્ણે 'હું જલદી આવતો રહીશ,' એમ દૂતદ્વારા કહેવડાવેલાં વાક્યથી તેઓને શાંત કરી.[૩૫] ભગવાનના રથની ધજા અને (પૈ-

---

× અક્રૂરને ગાળો દેતી કહે છે. —શ્રીધર

† જો આપણું દૈવ અનુકૂળ હોત, તો વિઘ્નોને લીધે આ બધા જતા અટકી પડત; અકસ્માત્ વજ્રપાત થાત અથવા બીજું કંઇ પણ અનિષ્ટ થાત, જેથી શ્રીકૃષ્ણ અહીંથી જાત નહિ, પણ તેવું કંઇ વિઘ્ન વગેરે થયું નહિ. —શ્રીધર

÷ પરસ્પર વિચાર કરી સાહસ કરવા તૈયાર થઇને કહે છે. —શ્રીધર

* સાહસ કરવાનું સબળ કારણ કહે છે.—શ્રીધર

× વિરહદુઃખની વાત તો બાજુ પર રહી; પણ શ્રીકૃષ્ણ વિના આપણું જીવન કેવી રીતે ટકશે ? એ અભિપ્રાયથી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ડાંની ઊડતી) રજ જ્યાંસુધી દેખાતી હતી ત્યાં સુધી ગોપીઓ, ભગવાનની પાછળ પોતાના ચિત્તને વળાવીને પૂતળીઓની પેઠે નિશ્ચળ (ઊભેલી) જણાતી હતી.[૩૬] તે પછી ભગવાનના પાછા ફરવાને માટે નિરાશ થયેલી ગોપીઓ, પાછી ફરી અને પ્રિય—શ્રીકૃષ્ણનાં ચરિત્રોને ગાતી શોકરહિત થઇને દિવસો વિતાવવા લાગી.[૩૭] હે રાજા! ભગવાન કૃષ્ણ પણ બળદેવ અને અક્રૂરની સાથે વાયુ જેવા વેગવાળા રથથી પાપનો નાશ કરનારી યમુના નદી પર જઇ પહોંચ્યા.[૩૮] ત્યાં ઇન્દ્રનીલમણિ જેવા નિર્મળ જળનું આચમન લઇ માર્જન કરીને શ્રીકૃષ્ણ બળદેવજીની સાથે વૃક્ષોની ઘટા પાસે જઈ રથમાં બેઠા.[૩૯] અક્રૂરજી તેઓ બન્નેને રથમાં બેસાડી તેમની આજ્ઞા લઇ યમુનાજીના ધરા પર ગયા ને શાસ્ત્રવિધિ પ્રમાણે સ્નાન કરવા લાગ્યા.[૪૦] જળમાં ડૂબકી મારીને સનાતન બ્રહ્મ—વેદમંત્રોનો જપ કરતા અક્રૂરજીએ ત્યાં યમુનાજીના જળમાં પણ તેજ શ્રીબળદેવજી તથા શ્રીકૃષ્ણને સાથે રહેલા જોયા.[૪૧] 'વસુદેવના તે બન્ને પુત્રો તો રથમાં બેઠા છે; અહીં ક્યાંથી? ત્યારે શું તેઓ રથમાં નથી?' એમ વિચારી જળની બહાર નીકળીને તે જોવા લાગ્યા; તો ત્યાં રથમાં પણ પૂર્વની પેઠેજ બેઠેલા તે બન્નેને તેમણે જોયા. એટલે 'મેં તેઓને જળમાં જોયા તે શું જૂઠું?' આમ વિચારીને ફરી તેમણે જળમાં ડૂબકી મારી, તો ફરી પણ જળમાં સિદ્ધો, ચારણો, ગંધર્વો તથા અસુરો વડે નમ્ર મસ્તકે સ્તુતિ કરાતા ભગવાન શેષનાગનાં તેમણે દર્શન કર્યાં. એ શેષ ભગવાનને હજાર મસ્તકો હતાં; હજાર ફણાઓ ઉપર મુકુટો તેમણે પહેર્યા હતા; શ્યામ વસ્ત્ર તેમણે ધારણ કર્યાં હતાં અને કમળના દાંડલા જેવા તે ધોળા હતા, જેથી શિખરોથી યુક્ત કૈલાસપર્વત હોય તેમ તે રહ્યા હતા.[૪૨–૪૫] એ શેષ ભગવાનના ખોળામાં મેઘ જેવા શ્યામ અને પીળાં પીતાંબર ધારણ કરેલા શ્રીભગવાનને અક્રૂરજીએ જોયા. એ ભગવાન ચાર ભુજાઓવાળા અને શાંતમૂર્તિ હતા; તેમનાં નેત્રો કમળની પાંખડી જેવાં લાલ હતાં, તેમનું મુખ સુંદર અને પ્રસન્ન હતું; તેમનું હાસ્ય તથા જોવું મનોહર હતું; તેમની ભ્રૂકુટી સુંદર હતી; નાસિકા ઉન્નત હતી; કાન સુંદર હતા; ગાલ મનોહર હતા; નીચલો હોઠ લાલચોળ હતો; ભુજાઓ લાંબી અને પુષ્ટ હતી; ખભા ઊંચા હતા; વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી બિરાજતાં હતાં; કંઠ શંખના જેવો હતો; નાભિ ઊંડી હતી; પેટ પીપળાના પાન જેવું હોઇ તેના પર કરચલીઓ પડતી હતી; કેડ અને નિતંબભાગ મોટા હતા; બન્ને સાથળો ‡કરભ જેવી હતી; બે ઢીંચણો સુંદર હતા; બન્ને પિંડીઓ મનોહર હતી અને તેમના બન્ને ચરણકમળ જરા ઊંચી ઘૂંટીઓ, નખોનાં કિરણો તથા આંગળીઓ અને અંગૂઠારૂપી નવી પાંખડીઓથી યુક્ત હોઇ શોભી રહ્યા હતા.[૪૬–૫૦] મહાકીમતી મણિઓથી જડેલા મુકુટ, કડાં, બાજુબંધ, કંદોરો, જનોઇ, હાર, ઝાંઝર તથા કુંડળોથી તે ઝળકી રહ્યા હતા; તેમના એક હાથમાં કમળ હતું; શંખ, ચક્ર તથા ગદા તેમણે ધારણ કર્યાં હતાં; તેમના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન હતું; કૌસ્તુભમણિ પ્રકાશી રહ્યો હતો અને વનમાળા તેમણે ધારણ કરી હતી. સુનંદ–નંદ વગેરે પાર્ષદો, સનકાદિ મુનિઓ, બ્રહ્મા–રુદ્ર વગેરે મોટા મોટા દેવો, મરીચિ વગેરે નવ ઉત્તમ બ્રાહ્મણો અને પ્રહ્લાદ, નારદ તથા વસુ વગેરે મહાન ભક્તો નિર્મળ મનવાળા થઇને જુદા જુદા ભાવવાળાં વચનો વડે તેમની સ્તુતિ કરી રહ્યા હતા;[૫૧–૫૪] તેમજ લક્ષ્મી, પુષ્ટિ, સરસ્વતી, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા—એ બાર શક્તિઓ તેમની સેવા કરી રહી હતી.[૫૫] આવા ભગવાનનાં દર્શન કરી અક્રૂરજી અત્યંત પ્રસન્ન થયા; પરમ ભક્તિથી યુક્ત થયા; શરીરે રોમાંચિત થયા અને તેમનું અંતઃકરણ તથા નેત્રો ભાવભીનાં બની

‡ જુઓ પૃષ્ઠ ૬૨૧ નું ટિપ્પણ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયાં.[૫૬] પછી તે સાત્વતવંશી અક્રૂરે ધૈર્ય ધારણ કરી, સાવધાન થઇ બે હાથ જોડીને ભગવાનને પ્રણામ કર્યા ને ગળગળી વાણી વડે (આ પ્રમાણે) સ્તુતિ કરી.[૫૭]

गिरा गद्गदयाऽस्तौषीत्सत्त्वमालंब्य सात्वतः ।
प्रणम्य मूर्ध्नाऽवहितः कृतांजलिपुटः शनैः ॥५७॥

ઈતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૩૯ મો સમાપ્ત

अध्याय ४० मो*

અક્રૂરજીએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ

॥ अक्रूर उवाच ॥

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं नारायणं पूरुषमाद्यमव्ययम् । यन्नाभिजातादरविंदकोशाद्ब्रह्माऽऽविरासीद्यत एष लोकः ॥ १ ॥

અક્રૂરજી બોલ્યાઃ–' સમગ્ર કારણના પણ કારણ, આદિપુરુષ અને અવિનાશી એવા આપ નારાયણને હું નમસ્કાર કરું છું; જેમની નાભિમાં ઉત્પન્ન થયેલા કમળના ડોડામાંથી બ્રહ્મા પ્રકટ થયા હતા અને જેમનાથી આ જગત ઉત્પન્ન થયું છે.[૧] પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, માયા, પુરુષ, મન, ઇન્દ્રિયો, સર્વ ઇન્દ્રિયોના વિષયો અને સર્વ દેવો–આ બધાં જગતનાં કારણો આપનાજ અંગમાંથી ઉત્પન્ન થયાં છે.[૨] આ માયા વગેરે, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જણાતાં હોઇ જડપણે સિદ્ધ થયાં છે, જેથી તેઓ સર્વના આત્મારૂપ એવા આપના સ્વરૂપને જાણી શકતાં નથી; તેમજ બ્રહ્મા પોતે પણ માયાના ગુણોથી બંધાયલા હોઈ, ગુણોથી પર એવા આપના સ્વરૂપને જાણી શકતા નથી; અથવા માયા અને તેનાં મહત્તત્ત્વાદિ કાર્ય પોતાના સ્વરૂપને તેમજ આપના સ્વરૂપને પણ જાણતાં નથી, કેમકે તેઓ તો જડ છે. જોકે જીવ સર્વને જાણનારો છે, તોપણ ગુણોથી બંધાયલો તે, ગુણોથી પર એવા આપના સ્વરૂપને જાણતો નથી,[૩]‡ છતાં ઉત્તમ યોગીપુરુષો [૧]અધ્યાત્મ, [૨]અધિભૂત તથા [૩]અધિદૈવના સાક્ષી, તેઓના અંતર્યામી અને નિયંતા એવા આપને સાક્ષાત્ ભજે છે.[૪] *કેટલાક કર્મયોગી બ્રાહ્મણો વેદવિદ્યાએ વિસ્તારેલા યજ્ઞો કરીને અનેક જાતનાં રૂપોવાળા ઇન્દ્ર–વરુણાદિ દેવોનાં નામે આપનું યજન કરે છે.+[૫] કેટલાક જ્ઞાનીઓ સર્વ કર્મોના ત્યાગ કરી, શાંતિ સ્વીકારીને જ્ઞાનયજ્ઞરૂપ સમાધિથી જ્ઞાનમૂર્તિ એવા આપનું યજન કરે છે.[૬] બીજા કેટલાક (વૈષ્ણવદીક્ષા, શૈવદીક્ષા વગેરેથી) સંસ્કાર પામેલા આત્માઓ (પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં) કહેલા વિધિથી કેવળ આપમય થઇને ÷બહુમૂર્તિરૂપ તથા †એક મૂર્તિરૂપ એવા આપનેજ પૂજે છે.×[૭] હે ભગવન્! બીજા કેટલાક શંકરે કહેલા માર્ગે શંકરરૂપ એવા આપ-

---

* આ અધ્યાયમાં અક્રૂરે શ્રીકૃષ્ણને ઈશ્વરના પણ ઈશ્વર માની,ભક્તિથી પ્રણામ કરી,સગુણ તથા નિર્ગુણભેદે તેમની સ્તુતિ કરી, એ કથા કહેવામાં આવશે. –શ્રીધર

‡ 'એ રીતે જો કોઇ પણ મને જાણી શકતું નથી, તો પછી જીવોને સંસારનિવૃત્તિ કેમ થશે?' એવી શંકા ભગવાન કરે, તો તેના ઉત્તર તરીકે ચોથા શ્લોકમાં કહે છે કે, આપ પ્રત્યક્ષ થતા નથી, તોપણ હરકોઇ માર્ગે ભજનારાઓને આપ પ્રાપ્ત થઇ શકો છો. —શ્રીધર

૧. અધ્યાત્મ એટલે ઇન્દ્રિયગોલક.
૨. અધિભૂત એટલે ઇન્દ્રિયો.
૩. અધિદૈવ એટલે ઇન્દ્રિયોના દેવો. –મા. ક.

* ઉપરના શ્લોકોમાં સાંખ્ય તથા યોગમાર્ગને એક કરીને કહ્યા; હવે એ શ્લોકમાં કર્મ તથા જ્ઞાનના ભેદથી વેદમાર્ગ દર્શાવે છે. —શ્રીધર

+ કહેવાનો ભાવ એ છે કે, ઇન્દ્ર કે વરુણ વગેરેનાં સૂક્તોથી ઇન્દ્ર વગેરે દેવોને સર્વના ઈશ્વર તરીકે જાહેર કરવામાં આવે છે; પણ સર્વના ઈશ્વરો અનેક હોય નહિ; એ ઉપરથી જુદાં જુદાં નામે આપનેજ સર્વ કોઇ સર્વના ઈશ્વર તરીકે પૂજે છે. —શ્રીધર

÷ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ એમ બહુ મૂર્તિરૂપ. —મા. ક.

† નારાયણ એવી એક મૂર્તિરૂપ. —શ્રીધર

× પ્રથમ સાંખ્યયોગ તથા વેદમાર્ગ દર્શાવીને આ શ્લોકમાં તથા હવે પછીના શ્લોકમાં વૈષ્ણવમાર્ગ તથા શૈવમાર્ગ દર્શાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નુંજ ઉપાસન કરે છે. તેમાં પણ જુદા જુદા અનેક આચાર્યો થયેલા હોવાથી §જુદા જુદા માર્ગે સર્વ કોઇ આપનેજ ઉપાસે છે.૮ હે પ્રભો! જેઓ અન્ય દેવોના ભક્તો છે અને અન્ય દેવોમાં બુદ્ધિવાળા છે, તેઓ સર્વે પણ હે સર્વદેવમય! આપ ઈશ્વરનેજ આરાધે છે.÷૯ જેમ પર્વતમાંથી ઉત્પન્ન થયેલી અનેક નદીઓ મેઘના જળથી પૂર્ણ થઇને ચોતરફથી સમુદ્રમાં પ્રવેશ કરે છે, તેમ હે પ્રભો! જગત ઉપરના સર્વ ધર્મમાર્ગો છેવટે આપમાંજ પ્રવેશ કરે છે.૧૦ સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ—એ આપની શક્તિરૂપ પ્રકૃતિના ગુણો છે ને તે ગુણોમાં સ્થાવરથી આરંભી છેક બ્રહ્મા સુધીના પ્રકૃતિના કાર્યની ઉપાધિવાળા જીવો પરોવાયલા છે. (અર્થાત્ સર્વ જીવો પોતપોતાની ઉપાધિદ્વારા ત્રણ ગુણોમાં પરોવાયલા છે, ત્રણ ગુણો પ્રકૃતિમાં પરોવાયલા છે અને પ્રકૃતિ આપમાં પરોવાયલી છે. આ રીતે ઉપાધિનો લય થતાં સર્વે આપનામાંજ પ્રવેશ કરે છે; અથવા આપની પ્રકૃતિના ગુણોમાં પરોવાયલા બ્રહ્માદિ દેવો આપથી જુદા નથી, માટે આપજ સર્વ દેવમય છો.)૧૧ ‡આપની બુદ્ધિ (પ્રકૃતિના ગુણોમાં) લેપાતી નથી. આપ †સર્વસ્વરૂપ છો અને આપ *સર્વની બુદ્ધિના સાક્ષી છો. હું આપને નમસ્કાર કરું છું. જેઓ દેવ, મનુષ્ય કે તિર્યચરૂપે પોતાને માને છે—એટલે કે તે તે શરીરો પર 'આ હું છું' એવું અભિમાન ધરાવે છે, તેઓને આપની અવિદ્યાથી કરાયલો આ સંસાર લાગુજ રહે છે. (આપમાં ને બીજા જીવોમાં આવી વિશેષતા છે.)૧૨ અગ્નિ આપનું મુખ છે; પૃથ્વી આપના ચરણ છે; સૂર્ય આપનાં નેત્ર છે; આકાશ આપની નાભિ છે; દિશાઓ આપના કાન છે; સ્વર્ગ આપનું મસ્તક છે; દેવો આપના બાહુઓ છે; સમુદ્રો આપનું પેટ છે અને વાયુ આપના પ્રાણરૂપે તથા બળરૂપે કલ્પાયેલા છે;૧૩ તેમજ વૃક્ષો તથા ઔષધિઓ આપનાં રુવાંટાં છે; મેઘો આપના કેશ છે; પર્વતો આપ પરમેશ્વરનાં હાડકાં ને નખો છે; રાત્રિ ને દિવસ આપનાં નેત્રના પલકારા છે; પ્રજાપતિ આપની ગુહ્ય ઇન્દ્રિય છે અને વૃષ્ટિ આપનું વીર્ય છે.૧૪ +હે અવિનાશી દેવ! જેમ જળમાં અનંત સૂક્ષ્મ જંતુઓ અથવા ઉંબરાના ફળમાં અનેક મચ્છરો (એકબીજાની વાતને નહિ જાણતા) ફર્યા કરે છે, તેમ કેવળ મનોવૃત્તિથી જાણવા યોગ્ય એવા આપ પૂર્ણ પરમેશ્વરમાં અનંત જીવોથી વ્યાપ્ત આ લોકપાલો સહિત લોકો કલ્પાયલા છે—અનંત બ્રહ્માંડો આપને વિષે ફર્યા કરે છે.*૧૫ આપ ક્રીડા કરવા માટે જે જે સ્વરૂપો ધારણ કરો છો, તે તે દ્વારા જનનો શોક દૂર થાય છે, એવા આ લોકો હર્ષપૂર્વક આપના યશને ગાય છે.૧૬ મંદરાચળને ધારણ કરનાર મહાન કાચબાનો અવતાર લેનાર આપને હું નમસ્કાર કરું છું; પૃથ્વીનો ઉદ્ધાર કરવારૂપ ક્રીડા કરવા માટે વરાહ અવતાર ધારણ કરનાર આપને હું નમસ્કાર કરું છું; હે સજ્જનોના ભયનો નાશ

§ જુદા જુદા માર્ગે એટલે શૈવમાર્ગે, પાશુપત માર્ગે વગેરે અનેક માર્ગે. —શ્રીધર

÷ અર્થાત્ તેઓની બુદ્ધિમાંજ માત્ર ભેદ છે; વસ્તુમાં ભેદ છેજ નહિ. —શ્રીધર

‡ ઉપરના શ્લોકમાં 'આપની પ્રકૃતિ' એમ કહીને તું મને પણ પ્રકૃતિનો સંબંધ કહે છે; તો પછી બીજા જીવોમાં ને મારામાં શી વિશેષતા? આમ કદાચ ભગવાન શંકા કરે, તો તેના ઉત્તરમાં આ શ્લોક છે.—શ્રીધર

† આપ સર્વસ્વરૂપ છો, તેથી પોતા વિના બીજું કંઇ પણ નહિ, હોવાથી આપની બુદ્ધિ પ્રકૃતિમાં કે પ્રકૃતિના ગુણોમાં લેપાતી નથી. —શ્રીધર

* આપ સર્વની બુદ્ધિના સાક્ષી હોવાથી પણ આપની બુદ્ધિને કોઇનો લેપ લાગતો નથી. —શ્રીધર

+ એટલુંજ નહિ પણ આ સર્વ પ્રપંચ આપનોજ અવયવ છે, એમ કહેતાં પ્રપંચના જન્માદિ ૭ વિકારો આપને લાગુ નથી; કેમકે તે બધું આપને વિષે કલ્પિતજ છે; એ આશય આ શ્લોકમાં કહે છે.—શ્રીધર

* આમ આપનું સ્વરૂપ દુર્જ્ઞેય છે; તેથી આપના અવતારોની કથાઓરૂપી અમૃતનુંજ સત્પુરુષો સેવન કરે છે; એ આશય હવે પછીના શ્લોકમાં કહે છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરનાર દેવ! અદ્‌ભુત સિંહનો અવતાર ધારણ કરનાર–આપ નૃસિંહ ભગવાનને હું નમસ્કાર કરું છું; ત્રણે જગતને (ત્રણ પગલાંથી) દબાવી દેનાર આપ વામન ભગવાનને હું નમસ્કાર કરું છું; ગર્વિષ્ઠ ક્ષત્રિયોરૂપી વનને કાપી નાખનાર આપ ભૃગુપતિ–પરશુરામને હું નમસ્કાર કરું છું; રાવણનો નાશ કરનાર આપ રઘુવર્ય રામચંદ્રને હું નમસ્કાર કરું છું; આપ વાસુદેવને હું નમસ્કાર કરું છું; આપ સંકર્ષણને હું નમસ્કાર કરું છું, આપ પ્રદ્યુમ્નને હું નમસ્કાર કરું છું અને ભક્તોના પતિ આપ અનિરુદ્ધને હું નમસ્કાર કરું છું. દૈત્યો અને દાનવોને મોહ ઉપજાવનાર શુદ્ધ બુદ્ધ ભગવાન આપને હું નમસ્કાર કરું છું ને લગભગ મ્લેચ્છ બનેલા ક્ષત્રિયોનો સંહાર કરનાર કલ્કિસ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું. હે ભગવન્! આપની માયાથી મોહિત થયેલો આ જીવલોક 'હું–મારું' એવો મિથ્યા આગ્રહ કરે છે; જેથી કર્મમાર્ગમાં ભટક્યા કરે છે.૧૭–૨૩ હે વ્યાપક દેવ! હું મૂર્ખ પણ સ્વપ્ન જેવાં (મિથ્યા) શરીર, પુત્ર, ઘર, સ્ત્રી, ધન તથા સ્વજનો વગેરેમાં સત્ય બુદ્ધિથી ભટક્યા કરું છું૨૪ અને અનિત્ય કર્મફળને નિત્ય માનનારો, આત્મા નહિ એવા દેહને આત્મા માનનારો, દુઃખરૂપ ઘર વગેરેમાં સુખ માનનારો અને અજ્ઞાનથી ઘેરાઇને રાગ–દ્વેષ અથવા સુખ–દુઃખ વગેરેમાંજ રમણ કરનારો હું આત્માના કેવળ એકજ પ્રેમસ્થાનરૂપ એવા આપને જાણતો નથી.૨૫ જેમ કોઇ મૂર્ખ મનુષ્ય ઘાસ વગેરેથી ઢંકાયલા (સત્ય) જળનો ત્યાગ કરી ઝાંઝવાના જળ તરફ દોડે, તેમ હું પણ આપને છોડીને દેહાભિમુખ દોડી રહ્યો છું–દેહનેજ આત્મા માની દેહના લાલન–પાલનમાં મચી રહ્યો છું.૨૬ મારી બુદ્ધિ વિષયવાસનાથી યુક્ત છે; તેથીજ હું, કામ–કર્મથી ક્ષુબ્ધ થયેલા અને બળવાન ઇન્દ્રિયોથી આમતેમ (વિષયો તરફ) ઘસડાઇ જતા મારા મનને રોકવાનો ઉત્સાહ કરી શકતો નથી. આવો હું, હે ઈશ્વર! દુર્જનોને દુર્લભ એવા આપના ચરણને શરણે આવ્યો છું, તે પણ આપનોજ અનુગ્રહ છે, એમ હું માનું છું. હે કમળ જેવી નાભિવાળા! (અથવા) કમળ જેમની નાભિમાં છે એવા હે દેવ! જીવને (આપની કૃપાથી) જ્યારે સંસારની સમાપ્તિ થાય છે, ત્યારે સત્પુરુષોની સેવાદ્વારા આપ વિષે બુદ્ધિ થાય છે.+ કેવળ વિજ્ઞાનમૂર્તિ, સમસ્ત જ્ઞાનના કારણ, જીવને સુખદુઃખ આપનારા કાલ–કર્મ–સ્વભાવ વગેરેના નિયંતા અને અનંત શક્તિવાળા આપ પૂર્ણબ્રહ્મને હું નમસ્કાર કરું છું. (ચિત્તના અધિષ્ઠાતા) આપ વાસુદેવને હું નમસ્કાર કરું છું; (અહંકારના અધિષ્ઠાતા અને) સર્વ પ્રાણીઓના આશ્રય આપ સંકર્ષણને હું નમસ્કાર કરું છું! અને હે ઇન્દ્રિયોના નિયંતા! (બુદ્ધિ તથા મનના સાક્ષી) હે પ્રદ્યુમ્ન! તથા હે અનિરુદ્ધ! હું આપને નમસ્કાર કરું છું. હે પ્રભો! મારું શરણાગતનું આપ રક્ષણ કરો.'૨૭–૩૦

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च।
हृषीकेश नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥३०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૦ મો સમાપ્ત

+ અર્થાત્ આપની કૃપા વિના સત્પુરુષોની સેવા મળતી નથી; આપને વિષે બુદ્ધિ થતી નથી અને મુક્તિ પણ મળતી નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૪૧ મો×

મથુરામાં પ્રવેશ, રંગારાનો વધ તથા માળી અને દરજીને વરદાન

॥ શ્રીશુક ઉવાચ ॥

स्तुवतस्तस्य भगवान् दर्शयित्वा जले वपुः ।
भूयः समाहरत् कृष्णो नटो नाटचमिवात्मनः ॥१

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે સ્તુતિ કરતા અક્રૂરને જળમાં પોતાનું સ્વરૂપદર્શન કરાવી શ્રીકૃષ્ણે, નટ જેમ નાટકને પાછું સંકેલી લે, તેમ પોતાના એ સ્વરૂપને અદૃશ્ય કર્યું.[૧] અક્રૂર પણ ભગવાનને અદૃશ્ય થયેલા જોઇને ઉતાવળા જળમાંથી બહાર નીકળ્યા અને સર્વ આવશ્યક–નિત્યકર્મ કરી આશ્ચર્ય પામતા રથ પાસે આવ્યા; એટલે શ્રીકૃષ્ણે તેમને પૂછ્યું કે, 'શું તમે પૃથ્વી પર, આકાશમાં કે જળમાં કંઈ આશ્ચર્ય જેવું જોયું? કેમકે અમે તમને એવા જોઇએ છીએ.'[૨-૩]

અક્રૂરજી બોલ્યાઃ–'આ પૃથ્વી પર, આકાશમાં કે જળમાં જેટલાં આશ્ચર્યો છે, તે બધાં આપને વિષેજ છે, જેથી આપનું દર્શન કરતાં મેં કયું આશ્ચર્ય નથી જોયું?[૪] હે બ્રહ્મન્! આપને વિષે સર્વ આશ્ચર્યો રહેલાં છે. આપનાં પ્રત્યક્ષ દર્શન કરતાં મને પૃથ્વી પર, આકાશમાં કે જળમાં કયું આશ્ચર્ય જોવામાં આવ્યું છે? અર્થાત્ આપ વિના બીજે કોઈ પણ સ્થળે તેવું કંઇ આશ્ચર્ય છેજ નહિ.'[૫] એમ કહીને ગાંદિનીના પુત્ર અક્રૂરે રથને હાંકવા માંડ્યો અને સાયંકાળના સમયે બળદેવજી તથા શ્રીકૃષ્ણને મથુરામાં લઇ ગયા.[૬] હે રાજન્! માર્ગમાં ત્યાં ત્યાં એકઠાં થયેલાં ગામડાંના લોકો વસુદેવના તે બન્ને પુત્રોને જોઇ પ્રસન્ન થતા હતા અને પોતાની દૃષ્ટિને પાછી વાળી શકતા ન હતા–તેમને જોતાંજ ઊભા રહ્યા હતા.[૭] તેટલામાં નંદરાય વગેરે વ્રજવાસીઓ આગળથી મથુરા શહેરના બગીચા પાસે પહોંચી જઇ, શ્રીકૃષ્ણ તથા બળદેવજીની રાહ જોતા ઊભા રહ્યા હતા.[૮] જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણ, તેઓને મળીને વિનયવાળા અક્રૂરના હાથને હાથથી પકડી જાણે હસતા હોય તેમ–મુખ મલકાવતા કહેવા લાગ્યાઃ[૯] 'તમે હવે આગળથી શહેરમાં તમારે ઘેર જાઓ. અમે તો અહીં વિશ્રાંતિ લઇશું અને પછી શહેર જોઈશું.'[૧૦]

અક્રૂરજી બોલ્યાઃ–'હે પ્રભો! હું આપ બન્ને વિના મથુરામાં પ્રવેશ કરીશ નહિ. હે નાથ! હે ભક્તવત્સલ! આપના ભક્ત એવા મારો ત્યાગ કરવાને આપ યોગ્ય નથી.[૧૧] માટે હે અતીન્દ્રિય દેવ! પધારો; આપણે સાથેજ જઇએ. હે શ્રેષ્ઠ સંબંધી! આપ, આ મોટા ભાઇ સાથે અને આપના સંબંધી ગોવાળિયાઓ સાથે (પધારીને) અમારાં ઘરને સનાથ કરો[૧૨] અને જે આપના ચરણની રજને ધોવાના જળથી પિતૃઓ તથા અગ્નિ સહિત દેવો તૃપ્ત થાય છે, તે આપના ચરણની રજ વડે અમારાં ગૃહસ્થોનાં ઘરને આપ પવિત્ર કરો.[૧૩] આપના બન્ને ચરણને જળથી પખાળીને બલિરાજા મહાન પ્રશંસાપાત્ર થયો હતો અને અતુલ ઐશ્વર્ય સંપાદન કરીને એકાંતિક ભક્તોને પ્રાપ્ત થતી ગતિને પામ્યો હતો.[૧૪] વળી આપના ચરણ પખાળ્યાના પવિત્ર જળે (ગંગાજીએ) ત્રણે લોકને પવિત્ર કર્યાં છે; એટલુંજ નહિ પણ શંકરે તે જળને મસ્તક પર ધારણ કર્યું છે અને તે જળનાજ પ્રભાવથી સગર રાજાના પુત્રો સ્વર્ગમાં ગયા છે.[૧૫] હે દેવોના દેવ! હે જગતના નાથ! હે પવિત્ર શ્રવણ–કીર્તનવાળા! હે યાદવશ્રેષ્ઠ! હે ઉત્તમ કીર્તિવાળા! હે નારાયણ! હું આપને નમસ્કાર કરું છું. (આપ મારે ઘેર પધારો.)[૧૬]

શ્રીભગવાન બોલ્યાઃ–'હું યાદવોના સમૂહનો દ્રોહ કરનારા કંસનો વધ કરી મારા મોટા ભાઈની

× આ અધ્યાયમાં ભગવાને મથુરા નગરીમાં પ્રવેશ કર્યો અને રંગારાને માર્યો, તે પછી સુદામા માળી તથા દરજી પર પ્રસન્ન થઇ તેમને વર આપ્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાથે તમારે ઘેર આવીશ અને સંબંધીઓને આનંદ આપીશ.[૧૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ભગવાન કૃષ્ણે એમ કહ્યું, એટલે અક્રૂર મનમાં ઉદાસ જેવા થઇને શહેરમાં દાખલ થયા અને (પોતે કરેલું) તે કામ કંસને જણાવી ઘેર ગયા.[૧૮] પછી દિવસના પાછલા ભાગમાં ભગવાન કૃષ્ણે બળદેવજીની સાથે ગોવાળિયાઓથી વીંટાઇને (શહેર) જોવાની ઇચ્છાથી મથુરામાં પ્રવેશ કર્યો[૧૯] અને તે નગરીને જોવા માંડી. એ નગરીના ઊંચા દરવાજાઓ સ્ફટિકમણિના હતા; શહેરનાં અને ઘરોનાં દ્વાર પણ સ્ફટિકમણિનાં હતાં; દરવાજાઓનાં કમાડ સોનાનાં હતાં; તોરણો પણ સોનાનાં હતાં; ધાન્યના કોઠારો તથા અશ્વશાળાઓ તાંબાની અને પિત્તળની હતી; ચોતરફ ખાઇ હોવાને લીધે એ નગરી (શત્રુઓને) દુર્ગમ હતી; કંઇક દૂર રહેલા બાગ–બગીચાઓથી સુંદર લાગતી હતી; અને નજીકમાં આવેલા બગીચાઓથી શોભતી હતી.[૨૦] સોનાનાં ચૌટાંઓ, ધનવાનોની હવેલીઓ, ઘરની આસપાસના બગીચાઓ, એક જાતના ધંધા પર આજીવિકા ચલાવનારાઓનાં એક સ્થળે બેસવાનાં સ્થાનકો અને બીજાં ઘરોથી તે નગરી સુશોભિત લાગતી હતી. વૈડૂર્યમણિ, હીરા, સ્ફટિકમણિ, નીલમ, પરવાળાં તથા લીલા મણિઓથી જડેલી ઘરના આગલા ભાગની છાજલીઓ, ઓટલીઓ, જાળિયાંઓનાં છિદ્રો તથા તળિયાંની ભૂમિઓ પર કબૂતરો તથા મોરપક્ષીઓ બેઠાં હતાં ને તેને લીધે એ નગરી ગાજી રહી હતી. તેની શેરીઓ, બજારો, માર્ગો તથા ચૌટાંઓ જળથી છાંટી દેવામાં આવ્યાં હતાં; જ્યાં ત્યાં છૂટાં પુષ્પો, જવારાઓ, ડાંગરોની ધાણી ને ચોખા વેરી દેવામાં આવ્યા હતા અને એ નગરીના દરેક ઘરનાં બારણાં દહીં તથા ચંદનથી છંટાયેલાં તેમજ પુષ્પો, દીવાઓ, નવપલ્લવો, ફળની લૂમોવાળી કેળો, સોપારીઓ, ધજાઓ તથા વેંતભર વસ્ત્રનાં ગળણાંઓથી યુક્ત એવા જળથી ભરેલા ÷કળશો સ્થાપીને સારી રીતે શણગારવામાં આવ્યાં હતાં.[૨૧-૨૩] હે રાજા ! વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ અને બળદેવ પોતાના મિત્રોથી વીંટાઇને એ નગરીના રાજમાર્ગમાં દાખલ થયા, એટલે તેમનાં દર્શન કરવા માટે શહેરની (સામાન્ય) સ્ત્રીઓ (ઘરમાંથી નીકળીને) ઉતાવળી ઉતાવળી સામી આવી તથા કુળવાન સ્ત્રીઓ (ઘરમાંથી બહાર નહિ નીકળીને) ઉત્સુક થઇને હવેલીઓ ઉપર ચડી ગઈ.*[૨૪] તેમાંની કેટલીક સ્ત્રીઓએ (ઉત્કંઠામાં ને ઉત્કંઠામાં) વસ્ત્રો તથા આભૂષણોને જેમતેમ આડાંઅવળાં પહેરી લીધાં હતાં; કેટલીક સાથે પહેરવાના બે દાગીનાઓમાંથી એકને ભૂલી જઇ એકજ પહેરીને આવી; કેટલીક કાનમાં એકજ કુંડળ પહેરીને આવી; કેટલીક પગમાં એકજ ઝાંઝર પહેરીને આવી; બીજી કેટલીક આંખને આંજ્યા વિના આવી; કેટલીક ભોજન કરતી હતી તેને પડતું મૂકીનેજ આવી; કેટલીક શરીરે મર્દન કરતી હતી, તેને અધૂરું મૂકીને આવી; કેટલીક સ્નાન કર્યા સિવાયજ દોડી આવી; કેટલીક સૂતી હતી, તે લોકોનો શબ્દ સાંભળીને ઊઠી આવી અને બીજી કેટલીક માતાઓ બાળકોને ધવરાવતી હતી, તેઓને પણ છોડી દઈ આવી પહોંચી.[૨૫-૨૬] મદોન્મત્ત હાથી સરખા પરાક્રમી અને લક્ષ્મીને પણ આનંદ ઉપજાવનારા પોતાના શરીર વડે સર્વ લોકોની દૃષ્ટિને આનંદ આપતા કમલનયન શ્રી-

÷ ઘરનાં બારણાંઓમાં કળશ સ્થાપવાની રીત આવી છેઃ–ઘરનાં બારણાંની બન્ને બાજુ (લીંપી) ચોખાના સાથિયા કરી તેના ઉપર જળથી ભરેલા કળશ મુકાય છે; એ કળશોની આસપાસ પુષ્પોની હાર કરે છે; કળશને કાંઠે વેંતભર વસ્ત્રનાં ગળણાં બાંધે છે; કળશના ઉપર આંબા વગેરેનાં પાંદડાં મૂકે છે; તેના ઉપર એક પાત્રમાં દીવાઓ કરે છે; તેની બન્ને બાજુ કેળના સ્તંભો બાંધે છે, સોપારીઓ મૂકે છે, ધજાઓ બાંધે છે અને તોરણો બાંધે છે. —શ્રીધર

* આ શ્લોકનો કંઇક વિસ્તૃત અર્થ બાલપ્રબોધિની ટીકામાંથી લેવામાં આવ્યો છે. શ્રીધરે વિશેષ ખુલાસો નથી લખ્યો. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કૃષ્ણે પ્રૌઢ વિલાસો, હાસ્ય તથા જોવા વડે તે મથુરાની સ્ત્રીઓનાં મનને હરી લીધાં.[૨૭] હે ×કામરૂપી શત્રુને જીતનાર રાજા ! વારંવાર સાંભળેલા તે શ્રીકૃષ્ણનાં દર્શન કરીને જેઓનાં મંન તેમની પાછળજ લાગેલાં હતાં એવી અને તે શ્રીકૃષ્ણનું જોવું તથા મંદ મંદ હસવું—તે રૂપી અમૃતસિંચનથી જેઓએ માન મેળવ્યું હતું એવી, તે મથુરાની સ્ત્રીઓ ઉઘાડી નાખેલાં નેત્રોરૂપી દ્વારથી પોતાના મનમાં પ્રાપ્ત થયેલા તે આનંદમૂર્તિ ભગવાનને આલિંગન કરીને રોમાંચિત બની ગઇ અને (તેમને નહિ પ્રાપ્ત થવાથી ઉત્પન્ન થયેલી) અનંત માનસિક વેદનાનો તેઓએ ત્યાગ કર્યો. ત્યાર પછી હવેલીઓનાં શિખરો પર ચડી ગયેલી અને પ્રીતિથી પ્રફુલ્લ મુખકમળવાળી તે મદમાતી સ્ત્રીઓએ બળદેવજી અને શ્રીકૃષ્ણની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પ્રસન્ન થયેલા એવા બ્રાહ્મણો સ્થળે સ્થળે જળપાત્રો સહિત દહીં, ચોખા, પુષ્પોની માળા, ચંદન તેમજ ભેટોવડે શ્રીકૃષ્ણ તથા બળદેવજીની પૂજા કરવા લાગ્યા. એ સમયે નગરવાસી સ્ત્રીઓ કહેતી હતી કે, 'અહો! ગોપીઓએ કયું મહાન તપ કર્યું હશે, કે જેઓ મનુષ્યલોકમાં મહોત્સવરૂપ આ બન્ને ભાઇઓનાં દર્શન કર્યા કરે છે ?' તેવામાં કોઇ ધોબી, જે પોતે વસ્ત્રો રંગવાનું પણ કામ કરતો હતો, તે (સામેથી) આવતો હતો; તેને જોઇને ભગવાને તેની પાસે ધોયેલાં ઉત્તમ વસ્ત્રો માગ્યાં.[૨૮-૩૨] (અને કહ્યું કે,) 'હે ધોબી ! અમે બન્ને યોગ્ય છીએ; માટે તું અમને યોગ્ય વસ્ત્રો આપ. તું અમને વસ્ત્રો આપીશ,* તેથી તારું પરમકલ્યાણ થશે, એમાં સંશય નથી.'[૩૩] સર્વ પ્રકારે પૂર્ણકામનાવાળા છતાં ભગવાન શ્રીકૃષ્ણે એ પ્રમાણે વસ્ત્રોની માગણી કરી; તોપણ રાજાનો સેવક હોવાથી અત્યંત છકી ગયેલા તે ધોબીએ ક્રોધાયમાન થઇ તિરસ્કાર સાથે કહ્યું કે,[૩૪] 'અરે ઉચ્છૃંખલો ! તમે પહાડોમાં ને જંગલોમાં ભટકનારા નિત્ય આવાં વસ્ત્રો પહેરતા હશો ખરા કે જેથી આ રાજદ્રવ્યની તમે ઇચ્છા કરો છો ?[૩૫] અલ્યા મૂર્ખાઓ ! અહીંથી જલદી ચાલ્યા જાઓ; જો તમારે જીવવાની ઇચ્છા હોય, તો આવી માગણી કદી પણ કરવી નહિં; કારણ કે ઉદ્ધત માણસને રાજાના સેવકો કેદ કરે છે, માર મારે છે અને લૂંટી લે છે.'[૩૬] આવી રીતે ધોબી બડાઇ હાંકવા લાગ્યો, એટલે કોપાયમાન થયેલા દેવકીના પુત્ર શ્રીકૃષ્ણે હાથના અગ્રભાગ વડે ધોબીના શરીર પરથી મસ્તકને ઉડાવી દીધું. એટલે પછી તે ધોબીના સર્વ સેવકો વસ્ત્રોના ગાંસડા છોડી દઈ માર્ગમાં ચારે બાજુ પલાયન કરી ગયા. અને ભગવાને વસ્ત્રો લઇ લીધાં.[૩૭-૩૮] પછી શ્રીકૃષ્ણે તથા બળદેવે પોતાને ગમ્યાં તેવાં વસ્ત્રો પહેરી લીધાં અને બાકીનાં વસ્ત્રો પૃથ્વી પર છોડી નાખી કેટલાક ગોવાળિયાઓ માટે લઇ લીધાં. તે પછી એક દરજીએ પ્રસન્ન થઇ રંગબેરંગી વસ્ત્રના યોગ્ય વાધા વગેરે આભૂષણોથી તે બન્નેનો પોશાક તૈયાર કરી આપ્યો.[૩૯-૪૦] એ સમયે તરેહ તરેહના બે પોશાકો વડે શ્રીકૃષ્ણ તથા બળદેવજી કોઇ પર્વના સમયે સારી પેઠે શણગારેલાં કાળાં—ધોળાં હાથીનાં બે બચ્ચાં હોય તેવા શોભતા હતા.[૪૧] ભગવાન કૃષ્ણે તે દરજીના ઉપર પ્રસન્ન થઇને તેને પોતાનું સારૂપ્ય આપ્યું અને આ લોકમાં ઉત્તમ પ્રકારની લક્ષ્મી, બળ, ઐશ્વર્ય તથા ઇન્દ્રિયસામર્થ્ય અર્પણ કર્યાં.[૪૨] પછી શ્રીકૃષ્ણ તથા બળદેવજી સુદામા નામના એક માળીને ઘેર ગયા. એટલે તેમને જોઇને માળીએ ઊભા થઇ પૃથ્વી પર મસ્તક નમાવીને તેમને પ્રણામ કર્યા અને ગોવાળિયાઓ

× આ સંબોધન આપીને પરીક્ષિત રાજાને એ સૂચવવા માગે છે કે, આવી શૃંગારરસની વાત સાંભળી તમે શૃંગારરસમાં ડૂબી જશો નહિ. —શ્રીધર

* મૂળમાં આ અર્થને સૂચવતું પદ 'दातः' છે; તેની પૂર્વે 'अ' પણ નીકળી શકે છે; એથી આ અર્થ પણ નીકળે છે કે, જો તું અમને વસ્ત્ર નહિ આપે તો તારું કલ્યાણ તો નહિ થાય, પણ જીવન સંશયમાં આવી પડશે. —તોષણી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાથે રહેલા તેઓ બન્નેને આસન તથા પગ ધોવાનું પાણી અર્પણ કરી, પૂજાસાહિત્યોથી પૂજા કરીને પુષ્પોની માળા, તાંબૂલ તથા વિલેપનથી તેઓનો સત્કાર કર્યો.[૪૩-૪૪] પછી તે માળી કહેવા લાગ્યો કે, 'હે પ્રભો ! આપ બન્નેના પધારવાથી અમારો જન્મ સાર્થક થયો છે; અમારું કુળ પવિત્ર કરાયું છે અને પિતૃઓ, દેવો તેમજ ઋષિઓ આજે મારા પર પ્રસન્ન થયા છે.[૪૫] આપ બન્ને જગતના પરમકારણ છો અને જગતનું કલ્યાણ કરવા માટે તથા રક્ષણ કરવા માટે પોતાના અંશ-(ગોવાળિયા તથા યાદવો)ની સાથે આપ (પૃથ્વી પર) અવતર્યા છો.[૪૬] આપ જો કે ભજનારને ભજો છો, તોપણ આપ સર્વ પ્રાણીઓમાં સમાનપણે રહ્યા છો, જગતના આત્મા છો અને સર્વના મિત્ર છો; તેથી આપને બન્નેને વિષમ દૃષ્ટિ છેજ નહિ.[૪૭] આપ બન્ને મને સેવકને આજ્ઞા કરો; હું આપનું કયું કામ કરું ? આપ જે કંઈ આજ્ઞા કરો તેજ પુરુષના ઉપર (આપનો) મહાન અનુગ્રહ છે.'[૪૮] હે રાજેન્દ્ર ! એમ કહી સુદામા માળીએ ભગવાનનો અભિપ્રાય જાણી લઈ પ્રસન્નચિત્તે ઉત્તમ સુગંધવાળાં પુષ્પોની માળા બનાવીને અર્પણ કરી.[૪૯] શ્રીકૃષ્ણ તથા બળદેવજી પોતાના અનુયાયીઓ સાથે તે પુષ્પમાળાઓથી સારી રીતે શણગારાયા અને પ્રસન્ન થયા; પછી તે બન્ને વરદાતાઓએ પ્રણામ કરી રહેલા તે શરણાગત માળીને વરદાનો આપ્યાં. તે માળીએ પણ સમગ્રના આત્મા તે ભગવાનમાં અચળ ભક્તિ માગી અને તેમના ભક્તો પર પ્રેમ તથા પ્રાણીઓ પર પરમ દયા માગી;[૫૦-૫૧] એટલે શ્રીકૃષ્ણ, તેના માંગ્યા પ્રમાણે વરદાન આપીને તેમજ વંશમાં વૃદ્ધિ પામનારી લક્ષ્મી, બળ, આયુષ, યશ તથા કીર્તિ આપીને મોટા ભાઇની સાથે ત્યાંથી નીકળી ગયા."[૫૨]

इति तस्मै वरान् दत्त्वा श्रियं चान्वयवर्धिनीम् ।
बलमायुर्यशः कांतिं निर्जगाम सहाग्रजः ।।५२।।

દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૧ મો સમાપ્ત

अध्याय ४२ मो*

શ્રીકૃષ્ણે કુબ્જાને× સુંદરી બનાવી તથા ધનુષનો ભંગ કર્યો

॥ राजोवाच ॥

अथ व्रजन् राजपथेन माधवः
स्त्रियं गृहीतांगविलेपभाजनाम् ।
विलोक्य कुब्जां युवतिं वराननां
पप्रच्छ यान्तीं प्रहसन् रसप्रदः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી રાજમાર્ગમાં જતા શ્રીકૃષ્ણે એક તરુણ સ્ત્રીને જતી જોઇ. એ સ્ત્રીએ શરીર પર વિલેપન કરવાના ચંદનનું પાત્ર

---

* આ અધ્યાયમાં 'ભગવાને કૂબડીને સરખી કરી; ધનુષનો ભંગ કર્યો; ધનુષના રક્ષકોને માર્યા; કંસને અપશકુનો દેખાયા અને મલ્લના અખાડામાં ઉત્સવ વગેરે થયા,' એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાન અને કુબ્જા દાસીના સમાગમનું વર્ણન છે. આ કુબ્જાનું વર્ણન પણ આધ્યાત્મિક છે. કુબ્જવૃત્તિને કુબ્જાની ઉપમા આપેલી છે. જેમકેઃ–સૂર્ય અસ્ત થઇ ગયો, એમ એક માણસે બીજાને કહ્યું. એ વાકય ઉપરથી અનેક જુદી જુદી જાતનાં તાત્પર્ય નીકળી શકે છે. સંધ્યોપાસના કરવાવાળાઓને માટે સંધ્યા કરવાનો સમય થઇ ગયો છે. રસ્તે ચાલનારાઓ પરસ્પર કહે છે કે, ઉતાવળા પગે ચાલો, નહિ તો ગામમાં પહોંચી શકીશું નહિ. ચોર અને વિષયલંપટોને માટે ચોરી અને યારી માટે તૈયારી કરવાની સૂચના બની શકે છે. સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાવાળા માટે હવે ભોજન કરવાનો નિષેધ છે. વગેરે વગેરે અનેક તાત્પર્યાર્થ નીકળે છે. આવી રીતે મૂળવચનના શબ્દાર્થથી જ્યાં તાત્પર્યમાં વિરોધી ભાવ નીકળતા હોય એવા વચનના અર્થને કુબ્જવૃત્તિથી કરેલો અર્થ કહે છે. આ પ્રમાણે નવધા ભક્તિ આદિ ઉપાય પણ પરબ્રહ્મની પ્રાપ્તિને માટે કુબ્જવૃત્તિરૂપ છે. નવધા ભક્તિ નાસ્તિકોની દૃષ્ટિમાં ઢોંગરૂપ, પરધર્મીઓના વિચાર પ્રમાણે સદોષક્રિયા, સકામીઓની ભાવના મુજબ ભોગપ્રદ તથા નિષ્કામ ભક્તોને માટે અંતઃકરણની શુદ્ધિ કરીને કૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ કરાવનાર છે. જેવી રીતે શાસ્ત્રકથિત કુબ્જાએ કૃષ્ણ ભગવાનની કૃપા સંપાદન કરી, તેવીજ રીતે ભાગવતશાસ્ત્રમાં કહેલી ભક્તિ કરનારાના ઉપર પણ કૃષ્ણ ભગવાનની પ્રસન્નતા થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાથમાં લીધું હતું; પોતે દેખાવમાં કૂબડી હતી, છતાં તેનું મુખ સુંદર હતું. સુખ આપનારા ભગવાને હસતાં હસતાં તે સ્ત્રીને પૂછ્યું:[1] '÷ઓ સુંદરાંગિ! હે સુંદર સાથળોવાળી! તું કોણ છે? આ વિલેપન કોનું છે? તે તું અમને જેવું હોય તેવું કહે. આ ઉત્તમ વિલેપન તું અમને બન્નેને આપ, જેથી તારું તત્કાળ કલ્યાણ થશે.'[2]

કુબ્જા દાસી બોલી:—'હે સુંદર! હું વિલેપન કરવાના કાર્યમાં (નિયત થયેલી) કંસની માનીતી દાસી છું; મારું નામ ત્રિવક્રા છે. મેં તૈયાર કરેલું વિલેપન ભોજપતિ કંસને અત્યંત પ્રિય છે. તમારા બન્નેના વિના બીજો કોણ આ વિલેપનને યોગ્ય છે? (લો, આપ બન્નેને માટે આ ચંદન તૈયાર છે.)[3] એમ કહી શ્રીભગવાનનું રૂપ, સુકુમારતા, રસિકતા, હાસ્ય, ભાષણ તથા જોવાથી મોહિત ચિત્તવાળી થયેલી કુબ્જાએ તે બન્ને ભાઈઓને પેલું ઘાટું વિલેપન અર્પણ કર્યું; એટલે પોતાના રંગથી જુદા—પીળા, લાલ વગેરે રંગથી શોભતા એવા તે વિલેપનને તે બન્ને ભાઈઓએ નાભિથી ઉપરના ભાગમાં લગાડી દીધું, જેથી રંગાઇ જઇને તેઓ બન્ને ઘણા શોભવા લાગ્યા.[૪/૫] ભગવાન કૃષ્ણ પ્રસન્ન થયા. તેમણે પોતાના દર્શનનું ફળ દર્શાવી સુમુખી હોવા છતાં ત્રણે અંગે વાંકી કુબ્જાને સીધી કરવાનો વિચાર કર્યો;[6] ને તે ભગવાને પોતાના પગ વડે તે કૂબડીના બન્ને ફણા દબાવી બે આંગળીઓ જેમાં ચત્તી રાખી હતી, એવા હાથથી તેની દાઢી પકડીને તેના શરીરને ઊંચે ખેંચ્યું;[7] એટલે તુરતજ તે સ્ત્રી સરળ ને સીધા અંગવાળી થઇ ગઇ; તેમજ શ્રીકૃષ્ણનો સ્પર્શ થતાંજ મોટા નિતંબવાળી તથા સ્તનવાળી ઉત્તમ મદમાતી સુંદરી બની ગઇ. પછી રૂપ, ગુણ તથા ઉદારતાથી યુક્ત તે સ્ત્રી કામાતુર બનીને હસતી હસતી શ્રીકૃષ્ણના વસ્ત્રનો છેડો ખેંચી તેમને કહેવા લાગી કે, 'હે વીર! પધારો! આપણે ઘેર જઇએ. હું આપનો ત્યાગ કરવાનો ઉત્સાહ કરી શકતી નથી. હે મહાપુરુષ! આપે મારા મનને મથી નાખ્યું છે; આપ મારા ઉપર પ્રસન્ન થાઓ.'[૮-૧૦] એ પ્રમાણે બળરામના દેખતાં તે સ્ત્રીએ શ્રીકૃષ્ણ પ્રત્યે યાચના કરી, એટલે શ્રીકૃષ્ણે બળરામ તથા અનુયાયી ગોવાળિયાઓના મુખ સામે જોઇ હસતાં હસતાં તે સ્ત્રીને કહ્યું:[11] 'હે સુંદર ભ્રૂકુટીવાળી! હું મારું કાર્ય સાધ્યા પછી તારે ઘેર આવીશ; તારું ઘર પુરુષોની માનસિક પીડાને હરનારું છે અને ઘર વિનાના અમને મુસાફરોને તો તું પરમ આશ્રયરૂપ છે.'[12] આવી મધુર વાણીથી તે સ્ત્રીને વિદાય કરી શ્રીકૃષ્ણ માર્ગમાં જતા હતા; તે વેળા વેપારીઓએ અનેક જાતની ભેટો, તાંબૂલ, પુષ્પમાળા તથા ચંદન વડે તેમની અને તેમના મોટા ભાઇની પૂજા કરી હતી.[13] સ્ત્રીઓ તો તેમનું દર્શન થતાં કામના આવેશને લીધે પોતાનું ભાનજ ભૂલી ગઈ; તેઓનાં વસ્ત્રો, કેશપાશ તેમજ કંકણો સરકી પડ્યાં અને ચિત્રમાં ચીતરી હોય તેવી નિશ્ચેષ્ટ થઇ ગઇ.[14] તે પછી ભગવાન, નગરવાસીઓને ધનુર્યાગનું સ્થાન પૂછતા પૂછતા તે સ્થળે જઈ પહોંચ્યા અને ત્યાં પ્રવેશ કરતાંજ તેમણે ઇન્દ્રધનુષ જેવું અદ્ભુત એક ધનુષ જોયું.[15] અનેક પુરુષો તે ધનુષની રક્ષા કરતા હતા; તે ધનુષને પૂજવામાં આવ્યું હતું અને તેની શોભા પરમ—ઉત્કૃષ્ટ હતી. લોકોએ વાર્યા છતાં શ્રીકૃષ્ણે બલાત્કારે તે ધનુષને ઉપાડી લીધું અને લીલામાત્રમાં ડાબે હાથે ઊંચકી લઈ આંખના પલકારા જેટલા સમયમાં તેમાં દોરી ચડાવી, દઇ સર્વ પુરુષોના દેખતાં તેને ખેંચ્યું અને મદોન્મત્ત હાથી જેમ શેરડીના સાંઠાને ભાંગી નાખે, તેમ મહાપરાક્રમી શ્રીકૃષ્ણે મધ્યભાગમાંથી તે ધનુષને ભાંગી નાખ્યું.[૧૬/૧૭] ધનુષ ભાગતાંજ તેનો જે શબ્દ થયો, તેણે સ્વર્ગ, આકાશ, પૃથ્વી તથા

÷ આ બન્ને સંબોધનો મશ્કરીમાં અપાયાં છે. કૂબડીને જોઇને ભગવાન મશ્કરીમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વ દિશાઓને ભરી દીધી અને તે શબ્દ સાંભળીને કંસ તો ત્રાસજ પામી ગયો.[૧૮] પછી ધનુષના રક્ષકોએ પોતાના અનુચરો સાથે ક્રોધાયમાન થઈ હાથમાં હથિયાર લઇને 'પકડો, બાંધો' એમ કહી શ્રીકૃષ્ણને પકડવાની ઇચ્છાથી ઘેરી લીધા.[૧૯] બળરામ તથા શ્રીકૃષ્ણ તેઓને દુષ્ટ અભિપ્રાયવાળા જોઇને કોપી ઊઠ્યા; તેમણે પેલા ભાંગેલા ધનુષના ટુકડા ઉઠાવીને તેઓને મારવા માંડ્યા;[૨૦] પછી કંસે મોકલેલા સૈન્યનો પણ નાશ કરી ધનુષશાળામાંથી બહાર નીકળ્યા અને શહેરની સંપત્તિઓ જોઇને આનંદ પામતા ફરવા લાગ્યા. નગરવાસીઓ તેઓ બન્નેના એ અદ્ભુત પરાક્રમને, પ્રભાવને, ધૃષ્ટતાને તથા રૂપને જોઇ તેમને ઉત્તમ દેવોરૂપે માનવા લાગ્યા.[૨૧-૨૨] શ્રીકૃષ્ણ તથા બળરામ ગોવાળિયાઓથી વીંટાઇને એ રીતે પોતાની ઇચ્છાનુસાર શહેરમાં ફરતા હતા, તેટલામાં સૂર્ય અસ્ત પામ્યો; એટલે તેઓ બન્ને શહેરમાંથી પોતાનાં ગાડાં જ્યાં છોડ્યાં હતાં ત્યાં જઈ પહોંચ્યા.[૨૩] શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને છોડીને જ્યારે મથુરા જવા નીકળ્યા હતા, ત્યારે વિરહાતુર થયેલી ગોપીઓએ જે મનોરથો (મથુરાના લોકો સંબંધે) કર્યા હતા તે મનોરથો, પુરુષોમાં અલંકાર સરખા શ્રીકૃષ્ણના શરીરની શોભાનું દર્શન કરતા મથુરાના લોકો વિષે સત્ય થયા હતા; જે ભગવાનના શરીરને લક્ષ્મીદેવી પોતાનું ભજન કરતા બ્રહ્મા વગેરે દેવોને તજીને પોતાના નિવાસસ્થાન તરીકે ઇચ્છે છે.[૨૪] પછી શ્રીકૃષ્ણે તથા બળદેવજીએ પોતાના બન્ને પગ ધોઇને દૂધમિશ્ર અન્નનું ભોજન કર્યું અને કંસ શું કરવા ધારે છે, તે જાણી લઇને ત્યાં સુખપૂર્વક તે રાત્રિ રહ્યા.[૨૫] પેલી તરફ દુષ્ટ બુદ્ધિવાળો કંસ ધનુષના એ ભંગને અને રક્ષકોના તથા પોતાના સૈન્યના વધને શ્રીકૃષ્ણ તથા બળરામની એક ક્રીડારૂપે સાંભળીને ભયભીત બની ગયો; લાંબા ઉજાગરા કરવા લાગ્યો અને નિદ્રાવસ્થા તથા જાગ્રત અવસ્થા બન્નેમાં મૃત્યુનું દૂતપણું કરનારા અનેક અપશુકનો જોવા લાગ્યો. પોતાનું પ્રતિબિંબ જોવા છતાં, તે પ્રતિબિંબમાં પોતાના મસ્તકને દેખતો ન હતો; નેત્રમાં ફેરફાર કરનારો બીજો કોઈ પદાર્થ ન હોવા છતાં ચંદ્ર વગેરે તેજસ્વી પદાર્થોનાં સ્વરૂપોને તે બે બે જોવા લાગ્યો; પોતાના પડછાયામાં તેને છિદ્રો દેખાવા લાગ્યાં; કાન બંધ કરતાં જે અવાજ સંભળાય છે, તેને તે સાંભળી શકતો ન હતો; વૃક્ષોમાં તેને સોનેરી રંગ દેખાવા લાગ્યો; ધૂળમાં કે કાદવ વગેરેમાં પોતાનાં પગલાં તે જોઇ શકતો ન હતો; સ્વપ્નમાં તેને મુડદાં ભેટતાં હતાં; ગધેડાં ઉપર સવાર થતો હતો; ઝેરને ખાતો હતો અને પોતે એકલો જાસુદની માળા પહેરીને શરીરે તેલ ચોળી નાગો નાગો જતો હતો.[૨૬-૩૦] આવાં આવાં બીજાં પણ નિદ્રાવસ્થામાં તથા જાગ્રત અવસ્થામાં અનિષ્ટોને જોઇને કંસ મરણથી ત્રાસી ગયો; તેને ચિંતામાં ને ચિંતામાં નિદ્રા પણ આવતી ન હતી. તે પછી હે કુરુવંશી રાજા! રાત્રિ વીતી, સવાર થયું અને સૂર્ય જળમાંથી બહાર નીકળ્યો અર્થાત્ ઉદય પામ્યો, ત્યારે કંસે મલ્લક્રીડાનો મહોત્સવ ચાલુ કરાવ્યો. પુરુષોએ મલ્લક્રીડાના સ્થાનની પૂજા કરી; તૂરી અને ભેરી નામે વાજાં વાગવા લાગ્યાં; પુષ્પોની માળાઓ, પતાકાઓ તથા વસ્ત્રનાં તોરણોથી માંચડાઓને શણગારવામાં આવ્યા;[૩૧-૩૩] તે માંચડાઓ ઉપર શહેરના તથા દેશના બ્રાહ્મણો તેમજ ક્ષત્રિયો વગેરે સુખપૂર્વક બેસી ગયા; રાજાઓ પણ યોગ્ય આસને ગોઠવાઈ ગયા; પોતાના પ્રધાનો સાથે કંસ પણ માંડલિક રાજાઓ વચ્ચે રાજાને બેસવાના માંચડા પર, પીડાતા હૃદયે બેઠો; વાજાંઓ વાગવા લાગ્યાં; મલ્લોના થાબોટા વાજાંઓને પણ દાબી દેતા સંભળાવા લાગ્યા અને સારી રીતે શણગારેલા ગર્વિષ્ઠ મલ્લો પોતપોતાના આચાર્યો સાથે ત્યાં સારી રીતે ગોઠવાઈ ગયા; તેમજ ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ તથા તોશલ નામના (મુખ્ય) મલ્લો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ સુંદર વાદિત્રોથી ખુશ ખુશ થઇને ત્યાં મલ્લોના રંગમંડપમાં હાજર થયા. તે વેળા ભોજંરાજ કંસે નંદ વગેરે ગોવાળિયાઓને ત્યાં બોલાવ્યા, એટલે તેઓ પણ ભેટો અર્પણ કરીને એક માંચડા ઉપર બેસી ગયા."૩૪-૩૮

नंदा गोपादयो गोपा भोजराजसमाहुताः ।
निवेदितोपायनास्ते एकस्मिन्मंच आविशन् ॥३८

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૨મો સમાપ્ત

अध्याय ४३ मो×

કુવલયાપીડનો વધ કરી શ્રીકૃષ્ણ તથા બળદેવ મલ્લોના અખાડામાં ગયા

॥ श्रीशुक उवाच ॥

अथ कृष्णश्च रामश्च कृतशौचौ परंतप ।
मल्लदुंदुभिनिर्घोषं श्रुत्वा द्रष्टुमुपेयतुः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે શત્રુતાપન રાજા! તે પછી શ્રીકૃષ્ણ તથા બળદેવજી (આગલે દિવસેજ) પોતાનું÷ નિર્દોષપણું પ્રકટ કરી મલ્લોનાં દુંદુભિ–નગારાંનો અવાજ સાંભળી તે જોવાને મલ્લોના અખાડા પાસે જઇ પહોંચ્યા.૧ ત્યાં મલ્લોના અખાડાના દ્વારમાં આવી શ્રીકૃષ્ણે જોયું, તો માવતે પ્રેરણા કરેલો કુવલયાપીડ હાથી ત્યાં ઊભો હતો. તુરતજ શ્રીકૃષ્ણે ભેઠ બાંધીને વાંકડિયા કેશ બરાબર બાંધ્યા અને મેઘ જેવી ગંભીર વાણી વડે હાથીના માવતને કહ્યું કે,૨-૩ 'ઓ માવત! અલ્યા ઓ માવત! તું અમને બન્નેને (અંદર જવાનો) રસ્તો આપ; અહીંથી ખસી જા; વિલંબ કર મા; નહિ તો હમણાં હાથીની સાથે તને યમલોકમાં પહોંચાડી દઇશ.' એ પ્રમાણે શ્રીકૃષ્ણે માવતનો તિરસ્કાર કર્યો, એટલે તેણે કોપાયમાન થઇને (અંકુશ વગેરેથી) કોપાવેલા હાથીને શ્રીકૃષ્ણને હણી નાખવા માટે તેમના તરફ હાંક્યો, જે હાથી કાળ, મૃત્યુ તથા યમરાજના જેવો હતો.૪ શ્રીકૃષ્ણ તરફ વેગથી ધસી જઇ તે હાથીએ તેમને સૂંઢથી પકડી લીધા, પણ શ્રીકૃષ્ણ તેની સૂંઢમાંથી છટકી જઇને તેને મુઠીનો પ્રહાર કરી તેના ચારે પગની વચ્ચે છુપાઇ ગયા;૫-૬ એટલે શ્રીકૃષ્ણને નહિ જોતા છતાં+ ઘ્રાણેન્દ્રિયથી જોનારો હાથી અત્યંત ક્રોધાયમાન થઇ ગયો; તેણે શ્રીકૃષ્ણને (ફરી) સૂંઢમાં પકડી લીધા, પણ શ્રીકૃષ્ણ બળથી તેની સૂંઢમાંથી નીકળી ગયા૭ અને ગરુડ જેમ રમતમાત્રમાં સર્પને પકડી લઈ ઘસડે, તેમ શ્રીકૃષ્ણ રમતમાત્રમાં પૂંછડું પકડી લઇ તે મહાબળવાન હાથીને પચીસ ધનુષ જેટલે દૂર ઘસડી ગયા. જેમ બાળક ગાયના વાછડાનું પૂછડું પકડી ડાબાજમણા ફરતા તે વાછડાની પાછળ ડાબોજમણો ફરે, તેમ શ્રીકૃષ્ણ પોતાને પકડવા માટે ડાબીજમણી બાજુ ફરતા તે હાથીની પાછળ ડાબાજમણા ફરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણ હાથીની સામે જઈ તેને હાથની થપ્પડ મારીને ચોતરફ ખૂબ દોડવા લાગ્યા અને પગલે પગલે તે હાથી વડે પોતે સ્પર્શ કરાતા તેને (જમીન પર) પાડવા લાગ્યા અને દોડતા દોડતા ભગવાન રમતમાંજ પૃથ્વી પર પડી જઇ એકદમ પાછા ઊભા થઇ ગયા; એટલે પેલો હાથી ભગવાનને પૃથ્વી ઉપર પડી ગયેલા માની ક્રોધથી દાંત વડે પૃથ્વી પર પ્રહાર કરવા લાગ્યો. એ રીતે (ધૂમવા વગેરેથી) પોતાનું પરાક્રમ નાશ પામ્યું, એટલે તે મ-

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે તથા બળદેવે કુવલયાપીડ હાથીનો વધ કરી મલ્લોના અખાડામાં પ્રવેશ કર્યાનું સૌભાગ્ય તથા ચાણુર મલ્લ સામે તેમનું ભાષણ વર્ણવવામાં આવશે. —શ્રીધર

÷ કહેવાનો ભાવ એ છે કે 'આપણે ધનુષનો ભંગ વગેરે કર્મો કરી દેખાડીને આપણું સામર્થ્ય સૂચવ્યું છે; છતાં કંસ આપણાં માતાપિતાને કેદમાંથી છોડતો નથી અને આપણને મારી નાખવા ઇચ્છે છે; માટે આપણો મામો હોવા છતાં કંસને મારી નાખવામાં આપણને દોષ નહિ લાગે' એમ પોતાનું નિરપરાધીપણું શ્રીકૃષ્ણ-બળદેવે જાહેર કર્યું હતું. —શ્રીધર

+ આંખથી નહિ દેખાતી વસ્તુને પણ પશુઓ નાકથી જાણી શકે છે, એ પ્રસિદ્ધ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાન હાથી અત્યંત કોપી ઊઠ્યો અને માવતોથી પ્રેરણા કરાતો રોષથી શ્રીકૃષ્ણની સામે દોડી ગયો. ભગવાન કૃષ્ણે પોતાની સામે ધસી આવતા તે હાથી સામે પહોંચી જઈ હાથથી તેની સૂંઢ પકડી તેને ભોંય ઉપર પછાડી પાડ્યો; ને પડેલા તે હાથીને સિંહની પેઠે રમતમાત્રમાં પગથી દબાવી દઇ તેનો એક દાંત ઉખેડી કાઢ્યો અને તે દાંત વડેજ તે હાથીને તથા માવતને શ્રીહરિએ મારી નાખ્યા.[૮-૧૪] પછી મરણ પામેલા તે હાથીને છોડી દઇ ભગવાને હાથમાં તે હાથીદાંત રાખી મલ્લોના અખાડામાં પ્રવેશ કર્યો. એ વખતે પેલા હાથીદાંતને ભગવાને ખભા પર રાખ્યો હતો; લોહીના અને મદના છાંટાઓથી ભગવાનનું શરીર ચોતરફથી છંટાઇ ગયું હતું અને તેમના મુખકમળ ઉપર પરસેવાનાં ટીપાં આવી રહ્યાં હતાં, જેથી તે શોભતા હતા.[૧૫] પછી હે રાજન્! કેટલાક ગોવાળિયાઓથી વીંટાયલા બળદેવ અને શ્રીકૃષ્ણ હાથીદાંતનું ઉત્તમ આયુધ હાથમાં રાખી (મલ્લોના) રંગમંડપમાં દાખલ થયા.[૧૬] મોટા ભાઇની સાથે ત્યાં રંગમંડપમાં પધારેલા શ્રીકૃષ્ણ મલ્લોને વજ્ર જેવા, પુરુષોને એક મહાપુરુષરૂપે, સ્ત્રીઓને મૂર્તિમાન કામદેવરૂપે, ગોવાળિયાઓને પોતાના એક સ્વજન તરીકે, દુષ્ટ રાજાઓને શાસકરૂપે, પોતાનાં માતા–પિતાને બાળકરૂપે, કંસને પોતાના મૃત્યુરૂપે, અજ્ઞાનીઓને (લોહીથી છંટાયલા) વિરાટરૂપે, યોગીઓને પરમતત્ત્વરૂપે અને યાદવોને પરમદેવરૂપે જણાતા હતા.÷ હે રાજન્! કંસ જો કે મનસ્વી હતો, તોપણ કુવલયાપીડ હાથીને હણાયલો જોઇને તે બન્ને ભાઇઓને દુર્જય માની અત્યંત ભયભીત બની ગયો.[૧૭-૧૮] મલ્લોના રંગમંડપમાં આવેલા તે બન્ને ભાઇઓ મોટી ભુજાવાળા અને વિચિત્ર વેષ, અલંકાર, પુષ્પમાળા તથા વસ્ત્રોને ધારણ કરી રહેલા હોઇ, ઉત્તમ વેષ ધારણ કરનારા બે નટના જેવા શોભતા હતા અને પોતાની કાંતિ વડે જોનારાઓનાં મનને હરી લેતા હતા.[૧૯] હે રાજન્! માંચડાઓ ઉપર બેઠેલાં નગરવાસીઓનાં અને દેશવાસી મનુષ્યોનાં નેત્રો તેમજ મુખો તે બન્ને ઉત્તમ પુરુષોને જોતાંજ અતિશય હર્ષના આવેગથી પ્રફુલ્લ બની ગયાં અને નેત્રોથી તેમના મુખને જોવા લાગ્યાં; છતાં તૃપ્તજ ન થયાં.[૨૦] નેત્રોથી પી જતા હોય, જીભ વડે ચાટી જતા હોય, નાક વડે સૂંઘી જતા હોય અને બાહુઓ વડે ભેટી પડતા હોય તેમ તે લોકો જણાવા લાગ્યા;[૨૧] અને શ્રીકૃષ્ણ–બળદેવનાં રૂપ, ગુણ, માધુર્ય તથા ધૃષ્ટતાએ તે લોકોને જાણે સ્મરણ કરાવ્યું હોય, તેમ તેઓ જોયા પ્રમાણે અને સાંભળ્યા પ્રમાણે પરસ્પર તેમનાં પરાક્રમોનું વર્ણન કરવા લાગ્યા:[૨૨] આ બન્ને સાક્ષાત્ ભગવાન શ્રીહરિ નારાયણના× અંશ વડે અહીં વસુદેવને ઘેર અવતર્યા છે.[૨૩] આ શ્રીકૃષ્ણ દેવકીમાંજ ઉત્પન્ન થયા છે, પરંતુ તેમને ગોકુળમાં લઇ જવામાં આવ્યા હતા; તે આટલા સમયપર્યંત નંદને ઘેર ગુપ્ત

÷ આ શ્લોકમાં મલ્લ વગેરે દશ પ્રકારનાં મનુષ્યોને પોતાનું દશ પ્રકારે દર્શન આપી, શ્રીકૃષ્ણે તેઓમાં અનુક્રમે દશ રસ પ્રકટ કર્યા હતા. તે રસો આ પ્રમાણે છેઃ–

રૌદ્રોઽદ્ભુતશ્ચ શૃંગારો હાસ્યં વીરો દયા તથા। ભયાનકશ્ચ બીભત્સઃ શાંતઃ સપ્રેમભક્તિકઃ ॥

મલ્લોમાં રૌદ્રરસરૂપે, પુરુષોમાં અદ્ભુત રસરૂપે, સ્ત્રીઓમાં શૃંગારરસરૂપે, ગોવાળિયાઓમાં હાસ્યરસરૂપે, દુષ્ટ રાજાઓમાં વીરરસરૂપે, પોતાનાં માતાપિતાઓમાં દયારસરૂપે, કંસમાં ભયાનક રસરૂપે, અજ્ઞાનીઓમાં બીભત્સ રસરૂપે, યોગીઓમાં શાંતરસરૂપે અને યાદવોમાં સપ્રેમ ભક્તિરસરૂપે શ્રીકૃષ્ણ પ્રકટ થયા હતા.–भा.क.

× જેમ કોઇ રસ્તામાં છત્રીઓવાળાં માણસો જતાં હોય, ત્યારે તેઓમાં બધાં છત્રીઓવાળાં નહિ હોવા છતાં લોકો કહે છે કે, જુઓ બધાં છત્રીઓવાળાં માણસો જાય છે; તેમ અહીં પણ બળરામ અંશાવતારી હોવાથી સાથે સાથે શ્રીકૃષ્ણને પણ અંશાવતારી કહ્યા છે; પણ તેથી શ્રીકૃષ્ણને અંશાવતારી સમજવા નહિ; નહિ તો **कृष्णस्तु भगवान् स्वयम्** એમ આ ભાગવતમાંજ કહેવાયલા વાક્ય સાથે વિરોધ આવે.—**बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહીને મોટા થયા છે. આ શ્રીકૃષ્ણે પૂતના, તૃણાવર્ત દાનવ, યમલાર્જુન વૃક્ષ, શંખચૂડ યક્ષ, કેશી દૈત્ય, ધેનુકાસુર અને બીજા પણ અઘાસુર વગેરેનો નાશ કર્યો છે.૨૪,૨૫ તેમણે ગોવાળિયાઓ સાથે ગાયોને દાવાનળથી છોડાવી છે, કાલિયનાગને વશ કરી (યમુનામાંથી) હાંકી કાઢ્યો છે, ઇન્દ્રને મદથી રહિત કર્યો છે, સાત દિવસપર્યંત એક હાથે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો છે અને વરસાદ, વાયુ તથા વજ્ર જેવા કડાકાઓથી ગોકુળનું રક્ષણ કર્યું છે. ગોપીઓ આ શ્રીકૃષ્ણના નિત્ય આનંદી એવા હાસ્ય–દર્શનવાળા મુખને જોતી વિના પરિશ્રમે આનંદવડે અનેક જાતના તાપોને દૂર કરે છે.૨૬–૨૮ વિદ્વાનો કહે છે કે, આ શ્રીકૃષ્ણ વડે રક્ષાયલો આ યદુવંશ અત્યંત પ્રખ્યાત થશે અને લક્ષ્મી, યશ તથા મોટાઇને પ્રાપ્ત થશે.૨૯ પેલા કમળ સમાન નેત્રવાળા શ્રીમાન બળરામ આ શ્રીકૃષ્ણના મોટા ભાઈ છે; જેમણે પ્રલંબાસુર, વત્સાસુર તથા બકાસુર વગેરેને માર્યા છે.+૩૦ લોકો એમ કહેતા હતા અને વાજાંઓ વાગી રહ્યાં હતાં, ત્યારે ચાણૂર મલ્લે શ્રીકૃષ્ણને તથા બળરામને સંબોધીને આવું વાક્ય કહ્યું કે,૩૧ 'ઓ નંદપુત્ર કૃષ્ણ ! ઓ બળરામ ! તમે બન્ને વીર પુરુષોમાં માન્ય ગણાઓ છો અને બાહુયુદ્ધ (મલ્લયુદ્ધ) કરવામાં કુશળ છો; તે સાંભળીને (તમારું યુદ્ધ) જોવાની ઇચ્છાથી રાજાએ તમને બોલાવ્યા છે. જે પ્રજાઓ મન, વચન અને કર્મથી રાજાનું પ્રિય કરે છે, તે કલ્યાણ પ્રાપ્ત કરે છે; પરંતુ જો ઊલટી રીતે વર્તે છે, તો દુઃખી થાય છે.૩૨,૩૩ ગાયો અને વાછરડાંનું પાલન કરતા ગોવાળિયાઓ વનોમાં નિત્ય આનંદમાં રહીને મલ્લયુદ્ધની ક્રીડા કરતા ગાયોને ચારે છે;૩૪ માટે તમે અને અમે રાજાનું પ્રિય કરીએ. રાજા સર્વ પ્રાણીમય ગણાય છે, જેથી (રાજા પ્રસન્ન થશે,) તો સર્વ પ્રાણીઓ આપણા ઉપર પ્રસન્ન થશે.'૩૫ તે સાંભળીને શ્રીકૃષ્ણ, મલ્લયુદ્ધ પોતાને પ્રિય માની, ચાણૂરના વચનને અભિનંદન આપી દેશ–કાળને યોગ્ય વચન બોલ્યા કે,૩૬ 'વનમાં વિચરનારા અમે અને તમે ભોજરાજ કંસની પ્રજા છીએ, જેથી કરીને આપણે નિત્ય તેમનું પ્રિય કરવું જોઇએ અને તેમ કરવાથી આપણા પર તેમનો મહાન અનુગ્રહ થશે÷ પરંતુ અમે બાળક છીએ, જેથી કરી અમારા સમાન બળવાળાઓની સાથે અમે મલ્લયુદ્ધ ખેલીશું અને તે મલ્લયુદ્ધ યોગ્ય થયું ગણાશે. વળી તેમ થતાં મલ્લસભાના સભાસદોને પણ અધર્મનો સ્પર્શ નહિ થાય.'૩૭,૩૮

ચાણૂર બોલ્યોઃ–'તું અને બળદેવ બાળક નથી, તેમજ કિશોર પણ નથી. તમે તો બળવાનોમાં શ્રેષ્ઠ છો; જેણે દશ હજાર હાથીના બળને ધરાવનારા કુવલયાપીડ હાથીને રમતમાત્રમાં મારી નાખ્યો છે. (તે બાળક કેમ હોઇ શકે ?)૩૯ માટે તમારે તો બળવાનો સાથે યુદ્ધ કરવું જોઇએ; એમાં અનીતિ છેજ નહિ. હે કૃષ્ણ ! તું મારી સાથે યુદ્ધ કર અને મુષ્ટિક બળદેવ સાથે યુદ્ધ કરે.''૪૦

तस्माद्भवद्भ्यां बलिभिर्योद्धव्यं नाऽनयोऽत्र वै ।
मयि विक्रम वार्ष्णेय बलेन सह मुष्टिकः ॥ ४० ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૩ મો સમાપ્ત

+ ખરી રીતે વત્સાસુરને તથા બકાસુરને શ્રીકૃષ્ણેજ માર્યા છે; તથા ધેનુકાસુરને મારનાર, શ્રીકૃષ્ણનેજ પ્રથમ આ અધ્યાયના ૨૫ મા શ્લોકમાં કહ્યા છે; છતાં ફરી અહીં આમ કહેવામાં આવે છે, તે એમ સૂચવવાને કે, લોકોના કહેવામાં કંઇ ઢંગધડો હોતો નથી.—मा. क.

÷ જે સ્થળે શ્રીધરે ટીકા લખી નથી, તે સ્થળે સમગ્ર ભાષાંતરમાં બાલપ્રબોધિનીનો આધાર લેવામાં આવ્યો છે; તેમ આ શ્લોકનું ભાષાંતર પણ બાલપ્રબોધિનીને આધારે લખાયું છે. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ४४ मो*

ચાણૂર વગેરે મલ્લોનો તથા કંસનો વધ

॥ श्रीशुक उवाच ॥

एवं चर्चितसंकल्पो भगवान् मधुसूदनः ।
आससादाथ चाणूरं मुष्टिकं रोहिणीसुतः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–" 'બહુ સારું' આવો નિશ્ચિત સંકલ્પ કરી ભગવાન કૃષ્ણ, ચાણૂર સાથે અને બળદેવજી મુષ્ટિકની સાથે મલ્લયુદ્ધ કરવા લાગ્યા.[૧] પરસ્પર જીતવાની ઇચ્છાથી હાથમાં હાથ ભરાવીને તથા પગમાં પગ ભરાવીને તેઓ બળથી એકબીજાને ખેંચવા લાગ્યા,[૨] તેઓ એકબીજાની *અરત્નીને અરત્ની સાથે, ઢીંચણોને ઢીંચણો સાથે, મસ્તકોને મસ્તકોની સાથે અને છાતીઓને છાતીઓની સાથે અફાળવા લાગ્યા.[૩] એકબીજાના હાથ વગેરે પકડીને ભમવું, એકબીજાને ફેંકવા, પરસ્પર બાથ ભીડવી, ભોંય ઉપર પછાડી નાખવા, એકબીજાને છોડી દઇ પાછા એકબીજાનીઆગળ જવું અને એકબીજાનેપાછા હઠાવી દેવા–વગેરે મલ્લયુદ્ધની રીતિઓથી તેઓ અન્યોન્યને (જય પામતાં) અટકાવતા હતા;[૪] તેમજ એકબીજાનેજીતવા ઇચ્છતા તેઓ ઢીંચણો તથા પગને વાળવા, જમીન ઉપર પડેલાને ખસેડવો, હાથ વડે ઊંચકીને લઇ જવો, કંઠ વગેરેમાં વળગેલાને દૂર કરવો અને પગ વગેરે અવયવોને ગોળમટોળ વાળી દેવા વગેરેથી પરસ્પર એકબીજાના શરીરને હાનિ પહોંચાડતા હતા. હે રાજન્! જેમાં એક બળવાન હતો અને બીજો નિર્બળ હતો, એવું તે (વિષમ) મલ્લયુદ્ધ જોઇને ત્યાં એકઠી મળેલી સર્વ સ્ત્રીઓ ટોળે વળી દયાથી એકબીજીને કહેવા લાગી: 'અત્યંત ખેદની વાત છે કે, આ રાજસભાસદોનો મહાન અધર્મ છે; કારણ કે આ સભાસદો રાજાના દેખતાં બળવાન તથા નિર્બળનું આ (વિષમ) યુદ્ધ માન્ય કરી રહ્યા છે.[૫–૭] સર્વાંગે વજ્ર જેવા કઠણ અને મોટા બે પર્વતોના જેવા આ બે મલ્લ ક્યાં અને જેઓને હજી યુવાવસ્થા આવી નથી, એવા અત્યંત કોમળ અંગવાળા આ બે કિશોર વયવાળા ક્યાં![૮] ખરેખર! આ સભાને ધર્મનું ઉલ્લંઘનજ પ્રાપ્ત થશે. જ્યાં અધર્મ ઊભો થતો હોય ત્યાં મનુષ્યે કદી રહેવું યોગ્ય નથી.[૯] ડાહ્યા માણસે સભાસદોના દોષોનું ચિંતન કરી સભામાં પ્રવેશ કરવો ન જોઇએ; કારણ કે પોતે જાણતો હોય છતાં નહિ બોલનારો, વિપરીત બોલનારો અથવા 'હું નથી જાણતો' એમ બોલનારો મનુષ્ય પાપભાગી થાય છે.[૧૦] જુઓ તો ખરી! શત્રુની ચારે તરફ દોડાદોડી કરી રહેલા શ્રીકૃષ્ણનું મુખકમળ પાણીથી ભીંજાઇ ગયેલા કમળના દોડાની પેઠે પરસેવાથી ભીંજાઇ ગયું છે;[૧૧] અને શું તમે નથી જોતી? મુષ્ટિકના પ્રત્યે ક્રોધવાળું તથા હાસ્યના આવેશથી શોભી રહેલું બળરામનું મુખ જરા લાલ નેત્રોવાળું બની ગયું છે![૧૨] અહો! આનંદની વાત છે કે, તે વ્રજની ભૂમિ ખરેખર પુણ્યશાળી છે; જ્યાં મનુષ્યના શરીરમાં ગુપ્ત રહેલા અને શંકરે તથા લક્ષ્મીદેવીએ જેમના ચરણને પૂજ્યા છે એવા, આ પુરાણપુરુષ વનમાં જાતજાતનાં પુષ્પોને ધારણ કરતા, ગાયોને ચરાવતા અને વાંસળીને વગાડતા બળદેવજીની સાથે ક્રીડા કરવા માટે પધારેડ છે.[૧૩] વળી ગોપીઓએ એવું કયું તપ કર્યું હશે, કે જેથી કરી તેઓ લાવણ્ય વડે શ્રેષ્ઠ, જેની સમાન કે અધિક બીજું કંઇ પણ નથી, એવા સ્વતઃસિદ્ધ, નિત્ય નવીન, દુર્લભ અને

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ–બળદેવે ચાણૂર વગેરે મલ્લોનો તથા કંસ વગેરેનો વધ કર્યો અને કંસની સ્ત્રીઓને આશ્વાસન આપી માતા–પિતાનું દર્શન કર્યું, એ કથા કહેવામાં આવશે. —श्रीधर

* ટચલી આંગળી છૂટી રાખી હોય તેવો મુઠ્ઠીવાળેલો હાથ અરત્ની કહેવાય છે. —श्रीधर

ડ કહેવાંનો ભાવ એ છે કે, આ સભાને ધિક્કાર છે, કે જ્યાં આ શ્રીકૃષ્ણનો પરાભવ થઇ રહ્યો છે; ત્યારે તે વ્રજભૂમિને ધન્ય છે, કે જ્યાં શ્રીકૃષ્ણ પોતે ક્રીડા કરવા માટે પધારે છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યશ, લક્ષ્મી તથા ઐશ્વર્યના એકાંત સ્થાનરૂપ આ શ્રીકૃષ્ણનાં રૂપને દૃષ્ટિઓથી જોયાજ કરે છે![૧૪] વળી શ્રીકૃષ્ણમાંજ ચિત્તને સ્થાપવા વડે સર્વ વિષયોને પામી ચૂકેલી તે વ્રજની સ્ત્રીઓને ધન્ય છે; જુઓ આ શ્રીકૃષ્ણમાંજ અનુરક્ત બુદ્ધિવાળી થઇને ગાયો દોહતાં, અનાજ ખાંડતાં, છાશ કરતાં, લીંપતાં, હીંચકા ખાતાં, બાળકોને રમાડતાં, પાણી છાંટતાં અને વાસીદું વગેરે કરતાં ગળગળે કંઠે આ શ્રીકૃષ્ણનેજ ગાયા કરે છે.[૧૫] વળી જે વ્રજનારીઓ પ્રભાતમાં (ગાયો ચારવા માટે) વ્રજમાંથી વનમાં જતા અને સાયંકાળે ગાયોની સાથે વાંસળી વગાડતા વગાડતા વ્રજમાં પ્રવેશ કરતા આ શ્રીકૃષ્ણના વેણુનાદને સાંભળીને ઉતાવળી ઉતાવળી ઘરમાંથી બહાર નીકળી, માર્ગમાં દયાયુક્ત દૃષ્ટિપાત કરતા ને મંદ મંદ હસતા શ્રીકૃષ્ણના મુખનાં દર્શન કરે છે, તે વ્રજનારીઓ ખરેજ, મહાપુણ્યશાળી છે.[૧૬]×

“એ પ્રમાણે સ્ત્રીઓ કહેતી હતી તે વખતે હે રાજા! યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને શત્રુને મારી નાખવાનો મનમાં નિશ્ચય કર્યો.[૧૭] વળી તે વેળા સ્ત્રીઓની ભયભરેલી તે વાણી સાંભળીને માતાપિતા–દેવકી અને વસુદેવ પુત્રો પરના સ્નેહથી શોકાતુર થઇને સંતાપ કરી રહ્યાં હતાં; કેમકે તેઓ પોતાના બન્ને પુત્રોના બળને જાણતાં ન હતાં.[૧૮] બીજી તરફ તે તે અનેક જાતની મલ્લયુદ્ધની વિદ્યાઓથી શ્રીકૃષ્ણ અને ચાણૂર તેમજ બળદેવ અને મુષ્ટિક પરસ્પર યુદ્ધ કરી રહ્યા હતા.[૧૯] ભગવાનના અંગપ્રહારો વજ્રના પ્રહારો જેવા તીક્ષ્ણ હતા, જેથી કરીને ચાણૂરનાં અંગ ભાંગવા માંડ્યાં અને વારંવાર તે ગ્લાનિ પામવા લાગ્યો.[૨૦] પછી તે ચાણૂર ક્રોધાયમાન થઇ ગયો અને બન્ને હાથની મુઠીઓ વાળી બાજ પક્ષી જેવા વેગથી ઊછળીને તેણે ભગવાન કૃષ્ણની છાતીમાં પ્રહાર કર્યો;[૨૧] પણ ફૂલની માળાનો માર મારવાથી જેમ કોઇ હાથી ડગે નહિ, તેમ શ્રીકૃષ્ણ ભગવાન તે ચાણૂરના પ્રહારથી જરા પણ ડગ્યા નહિ. પછી શ્રીહરિએ ચાણૂરના બન્ને હાથ પકડી તેને ખૂબ ફેરવ્યો અને (ફરી ફરીનેજ) નષ્ટજીવિત થયેલા તેને બળથી પૃથ્વી ઉપર પછાડ્યો, જેથી તેનાં આભૂષણો, વાળ ને માળા વીખરાઇ પડ્યાં અને *ઇન્દ્રધ્વજની પેઠે તે ઢળી પડ્યો.[૨૨,૨૩] તેજ પ્રમાણે મુષ્ટિક પ્રથમ બળદેવને પોતાની મુઠીનો પ્રહાર કર્યો, એટલે બળવાન બળભદ્રે ઘણા જોરથી થપ્પડ ઠોકી દીધી, જેથી થરથરી ગયેલો તે મુષ્ટિક અત્યંત પીડાઇને મુખમાંથી લોહી ઓકવા લાગ્યો અને વાયુએ ઊખેડી પાડેલા વૃક્ષની પેઠે પ્રાણરહિત થઇને પૃથ્વી પર પછડાઇ પડ્યો. તે પછી કૂટ નામનો મલ્લ લડવા માટે આવ્યો, એટલે તેને પણ હે રાજા! પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ બળરામે તિરસ્કારપૂર્વક ડાબી મુઠી મારીને રમતમાત્રમાં મારી નાખ્યો.[૨૪–૨૬] તેટલામાં એજ ક્ષણે શ્રીકૃષ્ણે પગની લાત મારીને શલ નામના મલ્લનું માથું ભાંગી નાખ્યું ને તોશલક મલ્લનાં પણ બે ચીરાડિયાં કરી નાખ્યાં, જેથી તેઓ બન્ને ધરણી પર ઢળી પડ્યા.[૨૭] એ રીતે ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ તથા તોશલક માર્યા ગયા, એટલે બાકીના સર્વ મલ્લો પ્રાણ બચાવવાની ઇચ્છાથી પલાયન કરી ગયા.[૨૮] પછી પોતાના મિત્ર ગોવાળિયાઓને ત્યાં ખેંચી લાવી તેઓની સાથે મળી જઇને પગમાં ઝણકાર કરતાં ઝાંઝરોવાળા શ્રીકૃષ્ણ અને બળદેવજી વાગતાં વા-

× ૧૪ થી ૧૬ આ ત્રણ શ્લોકમાં એ ભાવથી કહ્યું છે, કે ‘અફસોસ! આપણે અલ્પ પુણ્યશાળી છીએ; કારણ કે આપણે શ્રીકૃષ્ણનાં આવે કવખતે દર્શન કર્યાં છે. ખરી પુણ્યશાળી તો વ્રજની ગોપીઓજ છે. —શ્રીધર

* ઇન્દ્રધ્વજ એ ગૌડ દેશમાં પ્રસિદ્ધ છે. તે દેશમાં કોઇ ઉત્સવના પ્રસંગે મોટા થાંભલાને ધ્વજપતાકાથી શણગારીને પુરુષના આકારે ઊભો કરવામાં આવે છે, તે જેમ પડે તેમ; અથવા ઇન્દ્રધ્વજ એટલે ઇન્દ્રનું ચિહ્ન–વજ્ર. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાંઓની વચ્ચે નૃત્ય વગેરે વડે રમવા લાગ્યા.[૨૯] શ્રીકૃષ્ણ અને બળભદ્રનાં એ કર્મથી માત્ર એક કંસ વિના સર્વ બ્રાહ્મણો વગેરે મનુષ્યો 'બહુ સારું કર્યું, બહુ સારું કર્યું' એમ કહેતા અતિશય હર્ષમાં આવી ગયા.[૩૦] મોટા મોટા મલ્લો માર્યા ગયા અને બાકીના મલ્લો પલાયન કરી ગયા; એટલે ભોજરાજ કંસે વાજાંઓ બંધ કરાવ્યાં અને આવું વાક્ય કહ્યું કે,[૩૧] 'વસુદેવના આ બન્ને દુરાચારી+ છોકરાઓને શહેરમાંથી હાંકી કાઢો; ગોવાળિયાઓનું ધન પડાવી લો; દુર્બુદ્ધિ નંદને કેદ કરો;[૩૨] દુષ્ટ બુદ્ધિવાળા મહાનીચ વસુદેવને તો જલદી મારી નાખો અને મારા પિતા ઉગ્રસેનને પણ તુરતજ મારી નાખો, કેમકે તે પણ પોતાના પરિવાર સાથે શત્રુપક્ષમાં ભળી ગયો છે.'[૩૩] એ પ્રમાણે કંસ બકતો હતો, તેટલામાં તો અત્યંત કોપાયમાન થયેલા અવિનાશી કૃષ્ણ શરીરને એકદમ હલકું કરી દઈ ઝડપથી ઊંચા માંચડા ઉપર ચડી ગયા.[૩૪] મનસ્વી કંસ પોતાના મૃત્યુરૂપ શ્રીકૃષ્ણને માંચડા ઉપર પ્રવેશ કરતા જોઇ આસનપરથી એકદમ ઊભો થયો; તેણે ઢાલ-તલવાર હાથમાં લીધાં;[૩૫] પણ જેમનું તેજ દુઃસહ ને ઉગ્ર હતું, એવા શ્રીકૃષ્ણે આકાશમાં જમણા-ડાબા ઘૂમતા બાજ પક્ષીની માફક હાથમાં તલવાર લઇને ઘૂમતા કંસને, ગરુડ જેમ બળથી સર્પને પકડી પાડે, તેમ તુરતજ પકડી પાડ્યો અને કેશ પકડીને મસ્તક ઉપરથી ખસી ગયેલા મુકુટવાળા તે કંસને ઊંચા માંચડા ઉપરથી મલ્લોના અખાડાની ભૂમિ ઉપર પછાડ્યો અને સમગ્ર જગતના આશ્રય તથા સ્વતંત્ર એવા કમલનાભ શ્રીકૃષ્ણ પોતે તેના પર પડ્યા.*[૩૬,૩૭] હે રાજા! સિંહ જેમ હાથીને ઘસડે, તેમ શ્રીકૃષ્ણ મરી ગયેલા કંસને જગતના દેખતાં ભૂમિ પર ઘસડવા લાગ્યા. તે વેળા સર્વ મનુષ્યોએ મોટા હાહાકાર કરી મૂક્યો.[૩૮] કંસ નિત્ય ખાતાં, પીતાં, બોલતાં, ચાલતાં, સૂતાં ને શ્વાસ લેતાં ઉદ્વિગ્ન બુદ્ધિએ ચક્રાયુધ શ્રીકૃષ્ણનેજ આગળ જોયા કરતો હતો, જેથી અંતે બીજાંને દુર્લભ એવા તે ભગવાનનાજ સ્વરૂપને પામ્યો.[૩૯] પછી કંક, ન્યગ્રોધ વગેરે કંસના આઠ નાના ભાઇઓ પોતાના ભાઇના વૈરનો બદલો લેવાને માટે ક્રોધાયમાન થઇને દોડી આવ્યા.[૪૦] પરંતુ રોહિણીપુત્ર બળદેવે અત્યંત વેગથી ધસી આવેલા તે આઠેને, સિંહ જેમ પશુઓને મારી નાખે, તેમ ભૂંગળ ઉઠાવીને મારી નાખ્યા.[૪૧] તે વેળા આકાશમાં દુંદુભિ-નગારાં વાગવા લાગ્યાં; ભગવાનની વિભૂતિરૂપ બ્રહ્મા, શંકર વગેરે દેવો પ્રસન્ન થઈ ભગવાન કૃષ્ણ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરીને તેમની સ્તુતિ કરવા લાગ્યા ને સ્ત્રીઓ નૃત્ય કરવા લાગી.[૪૨] તેવામાં હે મહારાજ! પતિઓનાં મરણથી દુઃખી થયેલી તે કંસ વગેરેની સ્ત્રીઓ માથાં કૂટતી ને આંખમાંથી અશ્રુઓ સારતી ત્યાં આવી;[૪૩] અને વીરશય્યામાં સૂતેલા પોતાના પતિઓને ભેટીને તેમનો શોક કરતી વારંવાર અશ્રુઓ વરસાવતી મોટેથી વિલાપ કરવા લાગી:[૪૪] 'હા! નાથ! ઓ પ્રિય! ઓ ધર્મજ્ઞ! ઓ દયાળુ! ઓ અનાથવત્સલ! તમારો નાશ થતાં ઘર તેમજ પ્રજાની સાથે અમારો પણ નાશ થયો છે.[૪૫] ઓ મહાપુરુષ! આ નગરી પતિ એવા તમારાથી રહિત થઇને અમારી પેઠે શોભતી નથી. તેમાં ઉત્સવો તથા મંગળો અટકી પડ્યાં છે. તમે નિરપરાધી પ્રાણીઓનો ઉગ્ર દ્રોહ કરતા હતા; તેથી આ દશાને પામ્યા છો. પ્રાણીઓનો દ્રોહ કરનાર કયો મનુષ્ય કલ્યાણને પ્રાપ્ત કરી શકે છે?[૪૬,૪૭]

+ દુરાચારી હોવાથી જો કે આ બન્ને મારી નાખવાને લાયક છે, તોપણ ભાણેજ હોવાથી તેઓને જીવતાજ શહેરમાંથી કાઢી મૂકો. —બાલપ્રબોધિની

* ભગવાન કૃષ્ણ કંસની ઉપર પડ્યા; એમાં આશય એ છે કે, પોતે સમગ્ર જગતના આધાર હોવાથી આખા જગતનો ભાર લઇને કંસને મારી નાખવા માટે તેના પર પડ્યા. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ કૃષ્ણ સર્વ પ્રાણીઓના ઉત્પાદક, વિનાશક તથા રક્ષણકર્તા છે; તેમનું અપમાન કરનાર કદી સુખી થતા નથી.'૪૮

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી લોકોનું રક્ષણ કરનારા ભગવાને તે રાજરાણીઓને આશ્વાસન આપી મરી ગયેલાઓની જ લૌકિક ક્રિયા (શાસ્ત્રકારોએ) કહી છે તે કરાવી, અને પછી માતાપિતા–દેવકી તથા વસુદેવને કેદમાંથી છૂટાં કરાવી શ્રીકૃષ્ણે અને બળરામે મસ્તકથી તેમના ચરણનો સ્પર્શ કરી તેમને વંદન કર્યું.૪૯-૫૦ દેવકી અને વસુદેવ વંદન કરતા પોતાના બન્ને પુત્રોને જગતના ઈશ્વરરૂપ જાણી શંકિત થઇને તેમને ભેટ્યાં નહિ. (પણ બે હાથ જોડીને ઊભાં રહ્યાં.)"૫૧

देवकी वसुदेवश्च विज्ञाय जगदीश्वरौ ।
कृतसंवंदनौ पुत्रौ सस्वजाते न शंकितौ ॥ ५१ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૪ મો સમાપ્ત

अध्याय ४५ मो*

ઉગ્રસેનનો રાજ્યાભિષેક અને ગુરુ–ગૃહે નિવાસ કરી પુનઃશ્રીકૃષ્ણનું મથુરાગમન

॥ श्रीशुक उवाच ॥

पितरावुपलब्धार्थौ विदित्वा पुरुषोत्तमः ।
मा भूदिति निजां मायां ततान जनमोहिनीम् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"માતાપિતા દેવકી અને વસુદેવ 'મને ઈશ્વર તરીકે જાણી (હમણાંજ) પરમજ્ઞાન સંપાદન કરી ન લે' આવો વિચાર કરી પુરુષોત્તમ શ્રીકૃષ્ણે મનુષ્યોને મોહ પમાડનારી પોતાની માયા ફેલાવી દીધી.+૧ પછી યાદવશ્રેષ્ઠ કૃષ્ણ પોતાના મોટાભાઇ સાથે માતાપિતા પાસે જઇને વિનયથી નમ્ર થઈ 'હે માતા! હે પિતા!' એમ આદરપૂર્વક (સંબોધન કરી) તેમને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા કે,૨ 'હે પિતા! તમે બન્ને અમારે માટે નિત્ય ઉત્કંઠિત રહેતાં હતાં, છતાં અમે બન્ને પુત્રોથી (અમારાં) બાલ્યાવસ્થાનાં, પૌગંડ અવસ્થાનાં કે કિશોર અવસ્થાનાં સુખ તમને મળ્યાં નથી;૩ તેમજ કમનસીબ એવા અમને પણ તમારી પાસે રહેવાનું મળ્યું નથી; અને પિતાના ઘરમાં રહેલાં બાળકો જે આનંદને પ્રાપ્ત કરે છે, તે આનંદ પણ અમને મળ્યો નથી.૪ જે માતાપિતાથી સર્વ પુરુષાર્થોને ઉત્પન્ન કરનારું આ શરીર ઉત્પન્ન થાય છે અને પોષાય છે, તે માતાપિતાના ઉપકારનો બદલો મનુષ્ય સેંકડો વર્ષોના આયુષથી પણ વાળી શકતો નથી.૫ જે પુત્ર શરીરથી અને ધનથી સમર્થ હોવા છતાં માતપિતાને આજીવિકા આપતો નથી, તે પુત્રના મરણ પછી પરલોકમાં તેને તેનું પોતાનુંજ માંસ યમદેવના દૂતો ખવડાવે છે.૬ જે મનુષ્ય પોતે સમર્થ હોવા છતાં માતાનું, પિતાનું, કોઈ વૃદ્ધ કુટુંબીનું, સતી સ્ત્રીનું, બાળક પુત્રનું, ગુરુનું, બ્રાહ્મણનું ને શરણાગતનું પોષણ કરતો નથી, તે મનુષ્ય જીવતાં મૂએલોજ છે.૭ માટે અમે પણ કંસથી નિત્ય ભયભીત મનવાળા તથા અસમર્થ હોઇ તમારી બન્નેની સેવા કરી શક્યા નથી; અને અમારા બન્નેના આટલા દિવસો વ્યર્થ ગયા છે;૮ તો હે પિતા! હે માતા! દુષ્ટ હૃદયવાળા કંસે અત્યંત દુઃખી કરેલાં અને તે કંસને આધીન થઈ પડેલાં તમારી બન્નેની અમે સેવા કરી શક્યા નથી; તે માટે તમે અમને બન્નેને ક્ષમા આપવાને યોગ્ય છો.'૯

* આ અધ્યાયમાં 'ભગવાને માતા પિતા અને નંદ વગેરેનું સાંત્વન કર્યું, ઉગ્રસેનનો રાજ્યાભિષેક કર્યો અને ગુરુગૃહે વાસ કરી મથુરાગમન કર્યું,' એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

\+ અર્થાત્ સાંસારિક સુખ ભોગવ્યા પહેલાંજ મને ઈશ્વર તરીકે જાણી પરમજ્ઞાન પ્રાપ્ત કરી લે તે ઠીક નથી; હું પ્રસન્ન છું તો તેમને જ્ઞાન દુર્લભ નથી, પણ મારા ઉપરનો પુત્ર પ્રેમ તેમને દુર્લભ છે; આમ માની ભગવાને દેવકી અને વસુદેવ પર માયા ફેલાવી દીધી.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે માયાથી મનુષ્ય બનેલા જગતના આત્મા શ્રીહરિની વાણીથી દેવકી અને વસુદેવ મોહિત થઇ ગયાં અને તે બન્ને પુત્રોને પોતાના ખોળામાં બેસાડી ભેટી પડીને આનંદ પામ્યાં. હે રાજન્! તેઓ બન્ને અશ્રુધારાઓથી પુત્રોને સિંચવા લાગ્યાં ને સ્નેહપાશથી બંધાઇને એવાં તો મોહિત થઈ ગયાં કે જેથી તેઓના કંઠ ગળગળા થઇ ગયા અને તેઓ કંઇ પણ બોલી શકયાં નહિ. એ પ્રમાણે પોતાનાં માતાપિતાને આશ્વાસન આપી દેવકીપુત્ર કૃષ્ણ ભગવાને પોતાની માતાના પિતા ઉગ્રસેનને યદુઓના રાજા બનાવ્યા; અને તેમને કહ્યું કે, 'હે મહારાજ! અમે તમારી પ્રજા છીએ; તમે અમને આજ્ઞા આપવાને યોગ્ય છો. યયાતિ રાજાના શાપથી યાદવોએ રાજ્યાસને બેસવું યોગ્ય નથી. (તેથી હું રાજા થઈ શકું એમ નથી; માટે તમેજ અમારા રાજા ÷થાઓ.)[૧૦–૧૩] હું તમારો સેવક તમારી પાસે હાજર છું; તેથી દેવતાઓ વગેરે પણ નમ્ર થઇને તમને કર આપશે; તો પછી બીજા રાજાઓ આપશે, એમાં તો શુંજ કહેવાનું હોય?' એ રીતે ઉગ્રસેનને રાજા બનાવ્યા પછી જગતના કર્તા શ્રીકૃષ્ણ ભગવાને યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાશાર્હ તથા કુકુર વગેરે વંશના પોતાના સર્વ જ્ઞાતિઓ તથા સંબંધીઓ કંસના ભયથી ગભરાઇને દિશાઓમાં નાસી ગયા હતા અને પરદેશમાં રહેવાથી દુઃખી થયેલા હતા, તેમને ત્યાંથી તેડાવી આદરસત્કાર કરી આશ્વાસનપૂર્વક તેઓને ધન આપી અત્યંત તૃપ્ત કરીને પોતપોતાના ઘરમાં વસાવ્યા.[૧૪–૧૬] એટલે તેઓ સર્વે શ્રીકૃષ્ણ તથા બળદેવના હાથ નીચે સુરક્ષિત રહી પોતપોતાના ઘરમાં આનંદ કરવા લાગ્યા; તેઓએ સર્વ મનોરથો પ્રાપ્ત કર્યા, સર્વ કામનાઓ પૂર્ણ કરી અને શ્રીકૃષ્ણ તેમજ બળદેવને લીધે તેમના સર્વ સંતાપો દૂર થયા.[૧૭] તેઓ આનંદિત, શોભાયમાન અને દયાયુક્ત હાસ્ય સાથે જોતા શ્રીકૃષ્ણના મુખકમળનું હમેશાં દર્શન કરી પ્રસન્ન થતા હતા.[૧૮] શ્રીકૃષ્ણના તે સંબંધીઓમાં જેઓ અત્યંત ઘરડા હતા, તેઓ પણ શ્રીકૃષ્ણ ભગવાનના મુખકમળના અમૃતનું નેત્રોથી વારંવાર પાન કરી અત્યંત બલિષ્ઠ અને યુવાન બની ગયા હતા. તે પછી હે રાજેન્દ્ર! દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજી નંદરાયની સમીપ જઇ તેમને ભેટી પડીને કહેવા લાગ્યા કે, 'હે પિતાજી! સ્નેહાળ એવાં તમે બન્નેએ અમારું ઘણુંજ લાલનપાલન કર્યું છે. માતાપિતાને પોતાના પુત્રો પર પોતાના કરતાં પણ અધિક પ્રીતિ હોય છે.[૧૯–૨૧] (તમારે એવું ન કહેવું જોઇએ કે, 'તમે તો દેવકી–વસુદેવના પુત્રો છો, અમારા પુત્રો નથી,' કેમકે) પોષણ ને રક્ષણ કરવા અસમર્થ એવાં સંબંધીઓએ જેઓને તજ્યાં હોય છે, એવાં બાળકોનું જેઓ પોતાનાં છોકરાંઓની પેઠે પોષણ કરે છે, તેઓજ ખરાં માતાપિતા છે.[૨૨] હે પિતાજી! હવે તમે વ્રજમાં જાઓ. અમે અહીં સ્વજનોને સુખી કરી સ્નેહથી દુઃખી થયેલા તમને સંબંધીઓને મળવા માટે આવીશું.'[૨૩] એ પ્રમાણે ગોવાળિયાઓ સાથે નંદરાયનું સાંત્વન કરી ભગવાન કૃષ્ણે વસ્ત્રો, અલંકારો તથા તાંબા–પિત્તળ વગેરેનાં અનેક વાસણો આપીને આદરપૂર્વક તેઓનો સત્કાર કર્યો;[૨૪] પછી સ્નેહથી વિહ્વળ થયેલા નંદરાય, શ્રીકૃષ્ણ–બળદેવે એ પ્રમાણે કહ્યું, એટલે અશ્રુઓથી નેત્રોને ભરતા ગોવાળિયાઓની સાથે વ્રજમાં ગયા.[૨૫] તે પછી હે રાજન્! શૂરસેનના પુત્ર વસુદેવે પોતાના પુરોહિત અને બ્રાહ્મણો પાસે પોતાના બન્ને પુત્રોના *દ્વિજસંસ્કાર કરાવ્યા અને સારી રીતે શણગારેલા તે બ્રાહ્મણોની પૂજા કરીને તેમને સોનાની માળાઓવાળી, શણગારેલી અને રેશમી વસ્ત્ર-

÷ જો કે તમે પણ યાદવજ છો, તેથી તમે પણ યયાતિના શાપથી રાજા થઇ શકો નહિ; પણ મારી આજ્ઞાથી કોઇ જાતનો દોષ નથી; એ ભાવ છે. –શ્રી.

* દ્વિજસંસ્કાર કરાવ્યા એટલે જનોઇ દીધી.–બા.પ્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓઢાડેલી વાછરડાંવાળી ગાયો આપી અને ઉપરથી દક્ષિણાઓ પણ આપી.[૨૬।૨૭] ઉપરાંત શ્રીકૃષ્ણ તથા બળદેવજીના જન્મનક્ષત્રના દિવસે જે ગાયોનું દાન કરવાનો મનમાં સંકલ્પ કર્યો હતો, તે યાદ કરીને કંસે અધર્મથી હરી લીધેલી ગાયોને રાજ્યની ગૌશાળામાંથી છોડાવી મહાબુદ્ધિમાન વસુદેવે બ્રાહ્મણોને આપી દીધી.[૨૮] તે પછી ઉપનયનસંસ્કાર પામેલા એવા તે બન્ને ઉત્તમ વ્રતધારી ભાઇઓએ દ્વિજપણું પ્રાપ્ત કરી યદુકુળના આચાર્ય ગર્ગાચાર્ય પાસે ગાયત્રવ્રત–બ્રહ્મચર્ય ધારણ કર્યું અને સર્વ વિદ્યાઓનાં ઉત્પત્તિસ્થાન, સર્વજ્ઞ તથા જગતના ઈશ્વર છતાં પોતાના સ્વતઃસિદ્ધ નિર્મળ જ્ઞાનને મનુષ્યોનાં ચેષ્ટિતથી ઢાંકતા તે બન્ને ભાઇઓ ગુરુકુળમાં વાસ કરવાની ઇચ્છાથી ઉજ્જયિનીમાં રહેતા ×કાશગોત્રી સાંદીપનિ નામના ગુરુની પાસે ગયા.[૨૯-૩૧] ત્યાં જઈ 'ગુરુ પાસે બરાબર નિર્દોષ રીતે કેમ વર્તવું જોઇએ' તે બીજાઓને શીખવતા તેઓ બન્ને જિતેન્દ્રિય થઇને ભક્તિથી આદરપૂર્વક દેવની પેઠે ગુરુની સેવા કરવા લાગ્યા.[૩૨] બ્રાહ્મણશ્રેષ્ઠ ગુરુ સાંદીપનિએ તેઓ બંન્નેની શુદ્ધ ભાવવાળી સેવાઓથી પ્રસન્ન થઈ છ અંગો તથા ઉપનિષદો સાથે સર્વ વેદો તેમને ભણાવ્યા;[૩૩] ઉપરાંત ÷રહસ્ય સાથે ધનુર્વેદ, મનુ વગેરેનાં ધર્મશાસ્ત્રો, મીમાંસા વગેરે ન્યાયમાર્ગો, તર્કવિદ્યા અને છ+ પ્રકારની રાજનીતિ પણ તેમને ભણાવી.[૩૪] હે રાજા! સર્વ વિદ્યાઓના પ્રવર્તક તે બન્ને મહાપુરુષો ગુરુના માત્ર એકજ વાર કહેવાથી સર્વ વિદ્યાઓને ભણી ગયા.[૩૫] અને હે રાજા! જિતેન્દ્રિય એવા તેઓ બન્ને ચોસઠ દિવસોમાં *ચોસઠ કળાઓ શીખી ગયા. પછી તેઓ

× મૂળના 'काश्यम्' પદનો આ અર્થ બાલપ્રબોધિની ટીકાને આધારે આપ્યો છે. —भा. क.

÷ રહસ્ય સાથે એટલે મંત્રો તથા દેવતાના જ્ઞાન સાથે. —શ્રીધર

+ છ પ્રકારની રાજનીતિ આ પ્રમાણેઃ–

'संधिश्च विग्रहो यानमासनं द्वैधमाश्रयः ॥

સંધિ, યુદ્ધ, શત્રુ સામે ચઢાઇ, પડાવ નાખી પડવું, ફાટફૂટ કરાવવી અને મિત્રરાજ્યો વગેરેનો આશ્રય. શ્રીધર

* ચોસઠ કળાઓ શૈવતંત્રમાં કહેલી અહીં દર્શાવવામાં આવે છેઃ–૧ ગાયનકળા, ૨ વાદ્યકળા, ૩ નૃત્યકળા, ૪ નાટ્યકળા, ૫ પુસ્તકો વગેરેની લેખનકળા અથવા ચિત્રકળા, ૬ કાગળ વગેરેમાંથી ઝાડો, ચાંદલા વગેરે કાતરવાં તે વિશેષકચ્છેદ્ય–કળા, ૭ ચોખાના કે પુષ્પોના સાથિયા વગેરે જુદા જુદા આકારો કરવા તે તંદુલકુસુમબલિપ્રકાર નામની કળા, ૮ શય્યા વગેરેમાં પુષ્પો પાથરવાં અથવા પુષ્પોના ઓછાડ બનાવવા તે પુષ્પાસ્તરણ–કળા, ૯ દાંત, કપડાં વગેરે ઉપર રંગ ચડાવવાની તથા શરીર ઉપર સફેતો વગેરે લગાવવાની દશનવસનાંગરાગ–કળા, ૧૦ ઘરોમાં કે મંદિરો વગેરેમાં મણિઓ જડવાની રીત, કે જે વડે દીવાઓ વિના પણ પ્રકાશ રહ્યા કરે તે–મણિભૂમિકાકર્મકળા, ૧૧ સૂવાની સગવડ કેમ કરવી તે શયનરચનકળા, ૧૨ જળતરંગ વગેરે જળનાં વાદિત્રો તથા જળમાં તરવું–પડવું વગેરે જાણવું–તે–ઉદકવાદ્ય અથવા ઉદકઘાતકળા; ૧૩ જાતજાતના અક્ષરો લખવા અથવા અનેક જાતના ચમત્કારો કરવા તે–ચિત્રયોગકળા, ૧૪ અનેક રીતે ફૂલો ગૂંથી જાણવાં તે માલ્યગ્રંથનવિકલ્પકળા, ૧૫ મસ્તક માટે અનેક જાતની પાઘડીઓ બાંધી જાણવી અથવા ફૂલો વગેરેની ટોપીઓ ગૂંથી જાણવી તે–શેખરાપીડયોજનકળા, ૧૬ તરેહ તરેહના વેષ–અલંકાર–શણગાર વગેરે ધારણ કરી જાણવા તે–નેપથ્યયોગકળા, ૧૭ કાનમાં ધારણ કરવા માટે પુષ્પો કે કમળપત્રો વગેરેનાં આભૂષણો કરી જાણવાં તે–કર્ણપત્રભંગકળા, ૧૮ અત્તરો વગેરે જાતજાતના સુગંધી પદાર્થો બનાવી જાણવા તે –સુગંધયુક્તિકળા, ૧૯ જાતજાતના દાગીના કરી જાણવા તે ભૂષણયોજનકળા, ૨૦ જાદુ તથા નજરબંધી વગેરે ઇન્દ્રજાલકળા, ૨૧ કુચુમાર નામના આચાર્યે દર્શાવેલી બહુરૂપ કરી દેખાડવાની રીત કે અંગસંકોચ વગેરે કરી જાણવું તે કૌચુમારયોગ–કળા, ૨૨ હાથચાલાકી કરી જાણવી તે હસ્તલાઘવકળા, ૨૩ જાતજાતનાં શાક તથા માલપૂડા વગેરે ભક્ષ્ય પદાર્થો કરી જાણવા તે–ચિત્રશાકાપૂપભક્ષ્યવિકારક્રિયાકળા, ૨૪ જાતજાતની મદિરા, શરબતો તથા આસવો બનાવી જાણવા તે–પાનકરસરાગાસવયોજનકળા, ૨૫ સીવવું–ગૂંથવું–ભરતકામ વગેરે જાણવું તે સૂચીવાયકકર્મકળા, ૨૬ દોરીસંચાર કરીને પૂતળી વગેરેને નચાવી જાણવી તે–સૂત્રક્રીડાકળા, ૨૭ વીણા, ડમરુ વગેરે વાદિત્રો બનાવી જાણવાં તે વીણાડમરુવાદ્યકળા, ૨૮ દ્વિઅર્થી વાક્યોવાળાં ગદ્ય–પદ્યો; અથવા પરોલી; જેવાં કે, છ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બન્નેએ ગુરુને ગુરુદક્ષિણા માગવાને માટે આગ્રહ કર્યો[૩૬] એટલે હે રાજન્! બ્રાહ્મણ સાંદીપનિએ તે બન્નેનો અદ્ભુત મહિમા તથા મનુષ્યોથી અધિક બુદ્ધિ જોઇને પોતાની પત્ની સાથે વિચાર કરી પ્રભાસના મહાસમુદ્રમાં મરણ પામેલા પોતાના પુત્રને (જીવતો પાછો લાવવા) માગ્યો; ત્યારે 'તથાસ્તુ' એમ કહીને અગાધ પરાક્રમી તે બન્ને મહારથીઓ રથ ઉપર બેસીને પ્રભાસ ગયા અને ત્યાં

પગનું લુછું મુછું, નામ દઇને કહું છું, જુઓ બાપા જુઓ.' એટલે 'જુઓ' નામનો કીડો. તેમજ 'ઓણુ નહિ ને આવતડો એવે નામે નામ, બરડાની આથમણી કોરે ગોતી લેજો ગામ'–એટલે 'પોરબંદર' ગામ; તેમજ 'અગમગ ત્રણ પગ લક્કડ ખાય ને પાણી પીયે ને એઠું રહે.'–'ઓરશિયો' તેમજ 'માવો કરે પ્રકાશ, અંધારામાં એકલો; કેમ કરી પડીએ પાસ ઉત્તર માનો દીકરો' અર્થાત્ દીવો–વગેરે પ્રહેલિકા કળા, ૨૯ સંસ્કૃતના અભ્યાસીઓ સામસામા અંત્યાક્ષરીથી વાદ કરે છે; જેવી રીતે–પ્રથમ એક જણ એક શ્લોકનો આરંભ કરે છે; તે શ્લોકમાં જે અક્ષર છેલ્લો આવે છે, તે અક્ષરથી શરૂ થતો બીજો શ્લોક સામો માણસ બોલે છે; અને તે શ્લોકમાં જે અક્ષર છેલ્લો આવે છે, તેથી શરૂ થતો કોઇ શ્લોક પાછો પહેલો માણસ બોલે છે તે–અથવા કોઇ વાર પહેલો અને છેલ્લો બન્ને અક્ષરો સરખા આવે તેમ સંપુટ કરીને સામસામા શ્લોકો બોલવામાં આવે છે; અને તેમાં જેની પાસે તેવા શ્લોકો ખૂટી પડે તે હાર્યો ગણાય છે–આ પ્રતિમાલાકળા, ૩૦ વાંચવાં કઠણ થઇ પડે તેવાં વાક્યો બોલી જાણવાં કે વાંચી જાણવાં અથવા જેનું વારંવાર કે જલદીથી ઉચ્ચારણ કરતાં ગડબડ થઇ જાય તેવાં વાક્યો સારી રીતે બોલી જાણવાં; જેવાં કે 'તાડ ઉપર કાગ બેઠો ઊતર કાગ તાડ ખાઉં' 'રામ નામ લેનાર ભલો કે લેવરાવનાર ભલો' 'કોકડી ઉપર બોકડી ઊતર બોકડી કોકડી ખાઉં" વગેરે દુર્વાચક પ્રયોગકળા, ૩૧ વચ્ચે પડેલા અક્ષરો જોડીને અટક્યા વિના ઉતાવળે પુસ્તકો વાંચી જાણવાં તે–પુસ્તકવાચનકળા, ૩૨ નાટકો તથા આખ્યાયિકાઓ રચી બતાવવાં તે–નાટકાખ્યાયિકાદર્શનકળા, ૩૩ કોઇએ સમસ્યારૂપે આપેલી કવિતાની કોઇ અધૂરી પંક્તિને પોતે નવી બનાવી પૂર્ણ કરવી તે કાવ્યસમસ્યાપૂર્ણકળા, ૩૪ પાટી તથા નેતરને જુદી જુદી રીતે ભરી જાણવાં તે–પટ્ટિકાવેત્રવાનવિકલ્પકળા, ૩૫ સૂતર કાંતી જાણવું, ત્રાકડી ઉપર ચડાવી સોનેરી તાર વગેરે વીંટી જાણવા તે તર્કુકર્મકળા, ૩૬ સુથારી કામ કરી જાણવું તે–તક્ષણકળા, ૩૭ ઘર, મંદિરો, કિલ્લાઓ વગેરે બાંધી જાણવા તે–વાસ્તુવિદ્યા, ૩૮ સિક્કા તથા જવાહીરની પરીક્ષા કરી જાણવી તે–રૂપ્યરત્નપરીક્ષાકળા, ૩૯ સોના વગેરે ધાતુઓને માટીમાંથી કાઢી જાણવાં તે–ધાતુવાદકળા, ૪૦ જાત જાતના મણિઓને રંગી જાણવા તે–મણિરાગજ્ઞાનકળા, ૪૧ સોનાં, રૂપાં કે હીરાઓની ખાણો શોધી જાણવી તે–આકરજ્ઞાનકળા, ૪૨ વૃક્ષો રોપી–ઉછેરી જાણવાં અને વૃક્ષોના રોગોની ચિકિત્સા કરી જાણવી તે–વૃક્ષાયુર્વેદયોગકળા, ૪૩ બકરાં, કૂકડાં અને લાવરાંને લડાવી જાણવાં તે–મેષકુક્કુટલાવકયુદ્ધવિધિ કળા, ૪૪ પોપટ અને મેનાઓને બોલતાં શીખવી જાણવાં તે–શુકસારિકાપ્રલાપનકળા, ૪૫ મંત્રો વગેરેથી કોઇનાં જડમૂળ કાઢી નાખવાં તે–ઉત્સાદનકળા, ૪૬ વાળ ઓળી જાણવા તે–કેશમાર્જનકૌશલકળા, ૪૭ કરપલ્લવી ભાષા જાણવી. જેમકે:– 'અહિફેનકમલચક્ર ટંકારા, તેગ પવન યૌવન શૃંગારા; અંગુલિ અક્ષર ચટુકી હિ માતા રામ કહત સીતા સે બાતા'–અર્થાત્ અહિફેન એટલે **अकारादि** સ્વર, કમળ એટલે **क** વર્ગ, ચક્ર એટલે **च** વર્ગ, ટંકાર એટલે **ट** વર્ગ, તેગ એટલે **त** વર્ગ, પવન એટલે **प** વર્ગ; યૌવન **य, र, ल, व** અને શૃંગાર એટલે **श, ष, स, ह**, આમાં જેટલામી આંગળી ઊંચી કરે તેટલામો અક્ષર સમજવો; અને જેટલી ચપટી વગાડે તેટલા વ્યંજન ઉપર **अ, आ** વગેરે માત્રાઓ સમજવી–તે અક્ષરમુષ્ટિકાકથનકળા, ૪૮ જેને ગુજરાતીમાં ફારસી કહે છે, તેવી બગડેલી ભાષા બોલવી–જેમકે 'તારું માથું ભાંગીશ' એમ કહેવું હોય ત્યારે 'સ્મ' ને વચ્ચે મૂકી, 'તાસ્મારું માસ્માથું ભાંસ્માંગીશ' એમ કહે છે; અને કોઇ કોઇ તો 'ચ' ને આગળ મૂકી બોલે છે. જેમકે 'કાતર' કહેવી હોય, ત્યારે 'ચકા ચત ચર' એમ કહે છે; કેટલાક વળી 'ન્સ' ને વચ્ચે મૂકી બોલે છે. જેમકે 'મારી ચોપડી તારે ત્યાં છે' એમ કહેવું હોય ત્યારે 'મન્સારી ચન્સોપડી તન્સારે તન્સયાં છન્સે' એમ કહે છે. આવી ખરાબ ભાષાને ઘણા લોકો પોતાનું કહેવું બીજાને ન સમજવા દેવું હોય, ત્યારે પરસ્પર બોલે છે–તે અને કુતર્કની રીત જાણવી તે મ્લેચ્છિત કુતર્કવિકલ્પકળા, ૪૯ જુદા જુદા દેશોની ભાષા જાણવી તે–દેશભાષાજ્ઞાનકળા, ૫૦ પુષ્પોનાં ગાડાં–વિમાન વગેરે બનાવી જાણવાં તે–પુષ્પશકટિકાનિર્મિતજ્ઞાનકળા, ૫૧ જાતજાતનાં યંત્રો બનાવી જાણવાં અને અષ્ટાવધાન–શતાવધાન વગેરે અવધાનો કરી જાણવાં તે યંત્ર-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાસાગરના કિનારા પર જઇ એક ક્ષણ વાર બેઠા; એટલે સમુદ્રે (તેમને સાક્ષાત્ ઈશ્વર જાણી) તેમની પૂજા કરી.૩૭-૩૮ પછી ભગવાન કૃષ્ણે સમુદ્રને કહ્યું કે, 'અમારા ગુરુપુત્રને તું જલદી આપી દે; કે જેને તું અહીં મોટા તરંગથી ગળી ગયો છે.'૩૯

સમુદ્રે કહ્યું:–'હે દેવ! હું આપના ગુરુપુત્રને હરી ગયો નથી; પણ હે કૃષ્ણ! પંચજન નામનો એક મહાન દૈત્ય અહીં જળમાં ફર્યા કરે છે; અને તે અસુર શંખનું રૂપ ધારણ કરીને અહીં રહે છે, તેણે આપના ગુરુપુત્રને હરી લીધો હશે." તે સાંભળીને પ્રભુ કૃષ્ણે સત્વર જળમાં પ્રવેશ કર્યો અને પંચજન અસુરને મારી તેના ઉદરમાં જોયું તો ગુરુપુત્રને જોયો નહિ.૪૦-૪૧ પછી પંચજન દૈત્યના શરીરમાં ઉત્પન્ન થયેલા શંખને લઇને ભગવાન રથ પાસે આવ્યા અને ત્યાંથી યમદેવને પ્રિય સંયમની નામની નગરીમાં ગયા. ત્યાં જઇ બળદેવજી સાથે જનાર્દન શ્રીકૃષ્ણે શંખ વગાડ્યો; એટલે શંખનો શબ્દ સાંભળી પ્રજાઓને નિયમમાં રાખનાર યમદેવે (ત્યાં આવીને) તેઓ બન્નેની ભક્તિપૂર્વક મોટી પૂજા કરી; અને નમન કરીને સર્વ પ્રાણીઓના હૃદયમાં નિવાસ કરનારા શ્રીકૃષ્ણને કહ્યું કે, 'હે લીલાથી મનુષ્ય બનેલા વિષ્ણુ! હું આપ બન્નેનું કયું કાર્ય કરું?'

શ્રીભગવાન બોલ્યા:–'હે મહારાજ! પોતાના કર્મને અધીન એવા અમારા ગુરુપુત્રને તમે અહીં લાવ્યા છો; તેને તમે મારી આજ્ઞા માની લાવી આપો."+૪૨-૪૫ 'બહુ સારું' એમ કહી યમદેવે ગુરુપુત્રને હાજર કર્યો; એટલે યદુશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે તથા બળદેવજીએ તેને પોતાના ગુરુને અર્પણ કરી ફરી પણ 'તમે વર માગો' એમ ગુરુને કહ્યું.૪૬

ગુરુ બોલ્યા:–'હે પુત્ર! તમે બન્નેએ સારી પેઠે ગુરુદક્ષિણા આપી છે. (અને તેમાં કંઇ નવાઇ નથી; કારણ કે) તમારા જેવાના ગુરુની કઇ કામના અપૂર્ણ રહે?૪૭ હે વીર શિષ્યો! હવે તમે તમારે ઘેર જાઓ, તમારી પવિત્ર કીર્તિ થાઓ અને તમે ભણેલા વેદો આ લોકમાં તથા પરલોકમાં એક પ્રહર પણ તમને વિસ્મૃત ન થાઓ.'૪૮ "ગુરુએ એ પ્રમાણે (ઘેર જવાની) અનુજ્ઞા આપી, એટલે હે રાજા! તેઓ બન્ને ભાઇઓ વાયુ સમાન વેગવાળા અને મેઘ જેવી ગર્જના કરતા રથમાં બેસીને પોતાના નગરમાં આવ્યા.૪૯ વળી સર્વ પ્રજાએ ઘણા દિવસ સુધી શ્રીકૃષ્ણ તથા બળદેવને જોયા ન હતા; તેથી તેઓ તે બન્નેનાં દર્શન કરી નાશ પામેલું ધન જાણે પાછું મળ્યું હોય તેમ આનંદ પામી."૫૦

समनंदन् प्रजाः सर्वा दृष्ट्वा रामजनार्दनौ ।
अपश्यंत्यो बह्वहानि नष्टलब्धधना इव ॥५०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૫ મો સમાપ્ત

માતૃકા તથા ધારણમાતૃકાકળા, ૫૨ ગમે તે હીરા વગેરેના પણ બે ટુકડા કરી જાણવા તે–સંપાદ્યકળા, ૫૩ ગમે તેના મનની વાત જાણી લેવી તે–માનસીકાવ્યક્રિયાકળા, ૫૪ શબ્દકોશો અથવા ડિક્ષનેરીઓ બનાવી જાણવી તે અભિધાનકોશકળા, ૫૫ જુદા જુદા છંદો બનાવી જાણવા તે–છંદોજ્ઞાનકળા, ૫૬ અનેક જાતની ક્રિયાઓ કરી જાણવી તે–ક્રિયાવિકલ્પકળા, ૫૭ ગમે તેને પણ છેતરી કાઢવા તે–છલિતયોગકળા, ૫૮ હરકોઇ જાતના વસ્ત્રને તેનાથી જુદી જાતનું બતાવી આપવું તે–વસ્ત્રગોપનકળા, ૫૯ જુગાર ખેલી જાણવો તે–દ્યૂતવિશેષકળા, ૬૦ સોગઠાંઓની રમત રમી જાણવી તે–આકર્ષક્રીડાકળા, ૬૧ બાળકોની રમતો રમી જાણવી તે બાલક્રીડનકળા, ૬૨ વિનય રાખી જાણવો તે–વૈનયિકીકળા, ૬૩ વિજય કેવી રીતે મેળવાય તે જાણવું તે–વૈજયિકીકળા અને ૬૪ કોઇની સ્તુતિ કેવી રીતે કરવી તથા કસરત વગેરે કેમ થાય તે જાણવું તે વૈતાલિકીકળા. આવી ચોસઠ કળા છે. —भा. क.

+ અર્થાત્ અમારો ગુરુપુત્ર પોતાના કર્મને અધીન હતો, તેથીજ તમે તેને અહીં લાવ્યા છો; પણ મારી આજ્ઞાથી તેને તમે પાછો આપશો, તેમાં તમને દોષ નહિ લાગે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizaqtion by eGangotri

અધ્યાય ૪૬ મો*

×ઉદ્ધવજીને વ્રજમાં મોકલી શ્રીકૃષ્ણે નંદ–યશોદાનો શોક દૂર કર્યો

॥ श्रीशुक उवाच ॥

वृष्णीनां प्रवरो मंत्री कृष्णस्य दयितः सखा ।
शिष्यो बृहस्पतेः साक्षादुद्धवो बुद्धिसत्तमः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"મહાબુદ્ધિમાન ઉદ્ધવ, યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર તથા મંત્રી હતા ને સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય હતા.[૧] પોતાના અત્યંત પ્રિય અને એકાંત ભક્ત તે ઉદ્ધવજીને, એક દિવસે શરણાગતની પીડા હરનારા ભગવાન શ્રીહરિએ પોતાના હાથથી તેનો હાથ ગ્રહણ કરીને કહ્યું કે,[૨] 'હે સૌમ્ય! તમે વ્રજમાં જાઓ અને ત્યાં અમારાં માતપિતાને પ્રસન્ન કરો. તેમજ મારા સંદેશાથી ગોપીઓની મારા વિરહથી ઉત્પન્ન થયેલી મનોવ્યથાને પણ દૂર કરો.[૩] તે ગોપીઓ મારામાં મન રાખી રહી છે; હુંજ તેઓનો પ્રાણ છું અને મારે માટે તેઓએ પોતાના પતિ પુત્રાદિનો પણ ત્યાગ કર્યો છે; માટે જેઓ મારા માટે આ લોકનાં અને પરલોકનાં સુખો તથા સાધનો તજી દે છે, તેઓને હું સુખી કરું છું.[૪] હે ઉદ્ધવ! સર્વ પ્રિય વસ્તુ કરતાં પણ અત્યંત પ્રિય એવો હું જો કે દૂર રહ્યો છું; તોપણ તે ગોકુળની સ્ત્રીઓ મારું સ્મરણ કર્યા કરે છે અને વિરહની ઉત્કંઠાથી વિહ્વળ થઈને મૂંઝાયા કરે છે.[૫] તે ગોપીઓ મારારૂપજ બની જઇને ઘણું કરીને મારા પાછા આવવાના સંદેશાને લીધેજ મહાકષ્ટથી માંડ માંડ પ્રાણ ધારણ કરી રહી હશે.'[૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું, એટલે ઉદ્ધવજી પોતાના સ્વામી શ્રીકૃષ્ણના સંદેશાને આદરપૂર્વક લઈને રથમાં બેસી નંદના ગોકુળ તરફ ગયા; અને સૂર્ય અસ્ત પામતો હતો, ત્યારે તે શ્રીમાન નંદના વ્રજમાં પહોંચ્યા. એ વખતે પશુઓ વ્રજમાં પ્રવેશ કરતાં હતાં, જેથી તેમની ખરીઓની ધૂળ વડે ઉદ્ધવજીનો રથ ઢંકાઇ ગયો હતો.÷ બળવાન આખલાઓ રજસ્વલા ગાયોને માટે ચોતરફ યુદ્ધ કરતા હતા; અને પોતાનાં વાછરડાંઓને ઉદ્દેશી મોટા આડાણવાળી ગાયો દોડી રહી હતી, જેથી તે વ્રજ ગાજી રહ્યું હતું. આમતેમ કૂદતાં ગાયોનાં ધોળાં વાછરડાંઓથી તે વ્રજ શોભતું હતું અને ગાયોને દોહવાના શબ્દો સાથે ચોતરફ થઇ રહેલા 'અલ્યા મૂકી દે, અલ્યા મૂક મા, આ લઈ જા, પેલું લાવ, આ આપ, આ પકડ' વગેરે અવાજો ત્યાં થઈ રહ્યા હતા; તેમજ વાંસળીઓના નાદથી તે ગાજી રહ્યું હતું. બળદેવ તથા શ્રીકૃષ્ણનાં પવિત્ર કર્મોને ગાતી શણગારેલી ગોપીઓ વડે તથા ગોવાળિયાઓ વડે તે વ્રજ અત્યંત દીપી રહ્યું હતું. અગ્નિ, સૂર્ય, અતિથિઓ, ગાયો, બ્રાહ્મણો, પિતૃઓ તથા દેવોનાં જ્યાં પૂજન થતાં હતાં અને ધૂપ, દીવા તથા પુષ્પો જ્યાં દેખાતાં હતાં, એવાં ગોવાળિયાઓનાં ઘરોથી તે વ્રજ મનને આનંદ આપતું હતું.[૭–૧૨] વળી ત્યાં સર્વ તરફ પુષ્પોવાળાં વન આવી રહ્યાં હતાં; પક્ષીઓ અને ભમરાઓનાં ટોળાં ગર્જનાઓ કરી રહ્યાં હતાં અને હંસો તથા બતકપક્ષીઓથી યુક્ત એવા કમળોના સમૂહો વડે તે શોભતું હતું.[૧૩] શ્રીકૃષ્ણના પ્રિય સેવક ઉદ્ધવજી ત્યાં આવ્યા, એટલે નંદરાય પ્રસન્ન થઈ તેમની સમીપ ગયા અને તેમને ભેટી પડી

---

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને વ્રજમાં મોકલી તેમનાં વચનથી યશોદાનો તથા નંદજીનો શોક દૂર કર્યો, એ કથા કહેવાશે; તેમજ ઉપનયનસંસ્કારદ્વારા દ્વિજપણું સંપાદન કરી યથેષ્ટ આચરણના ત્યાગપૂર્વક જિતેન્દ્રિય થઇને ભગવાને ગુરુ પાસેથી જ્ઞાન મેળવ્યું અને પછી પોતાના મિત્ર ઉદ્ધવદ્વારા ગોપીઓને ઉપદેશી, એ કથા કહેવાશે. —શ્રીધર

× 'सत्याक्रूरोद्धवो दमः' કૃષ્ણોપનિષદ્‌ના આ વચન પ્રમાણે દમ (ઇન્દ્રિયનિગ્રહ)ને ઉદ્ધવજીની ઉપમા આપેલી છે; ઇન્દ્રિયનિગ્રહ કરવાથીજ શોક દૂર થઇ શકે છે.

÷ એટલે ગોપીઓ ન જાણે તેમ ઉદ્ધવજી પ્રથમ નંદરાયને મળ્યા, એમ અહીં સૂચવ્યું છે —શ્રીધર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણ સમાન ગણીને તેમનો સત્કાર કર્યો.[૧૪] પછી ઉત્તમ અન્નનું જમને ભોજન કરાવ્યું હતું; એવા ઉદ્ધવજી શય્યા પર સુખે બેઠા અને પગચંપી વગેરેથી પરિશ્રમરહિત થયા, એટલે નંદરાયે તેમને પૂછ્યું:[૧૫] 'હે મહાભાગ્યશાળી ઉદ્ધવ! અમારા મિત્ર શૂરપુત્ર વસુદેવજી કારાવાસમાંથી મુક્ત થઇ સંબંધીઓ તથા પુત્રો વગેરેની સાથે કુશળ છે ને?[૧૬] પાપી કંસ પોતાનાં પાપે પોતાના અનુયાયીઓ સાથે મરણ પામ્યો, તે બહુ સારું થયું છે, જે કંસ ઉત્તમ ધર્મશીલ યાદવોનો સદા દ્વેષ કર્યા કરતો હતો.[૧૭] શ્રીકૃષ્ણ અમને, તેમની માતાને, તેમના સંબંધીઓને, મિત્ર ગોવાળિયાઓને, પોતે જેના નાથ છે એવા વ્રજને, ગાયોને, વૃંદાવનને અને ગોવર્ધન પર્વતને યાદ કરે છે કે?[૧૮] શ્રીકૃષ્ણ હવે એક વાર પણ અમને સ્વજનોને મળવા આવશે કે? જો આવશે તો સુંદર નાસિકાવાળા તથા સુંદર મંદ હાસ્યપૂર્વક જોતા તેમના મુખનાં અમે દર્શન કરીશું.[૧૯] ઉત્તમ મહાત્મા શ્રીકૃષ્ણે દાવાનળથી, વંટોળિયા વાયુથી, વરસાદથી, વૃષભાસુરથી, કાલિય નાગથી, અઘાસુરથી તથા એવાં બીજાં દુર્લંઘ્ય મૃત્યુથી અમારું રક્ષણ કર્યું છે.[૨૦] હે ઉદ્ધવ! શ્રીકૃષ્ણનાં પરાક્રમો, વિલાસયુક્ત કટાક્ષદર્શન, હાસ્ય અને ભાષણ અમે જ્યારે સંભારીએ છીએ, ત્યારે અમારી સર્વ ક્રિયાઓ શિથિલ થઇ જાય છે—અમને કંઇ પણ કામકાજ કરવું ગમતું નથી. શ્રીકૃષ્ણના ચરણથી શોભી રહેલી નદીઓ, પર્વતો, વનપ્રદેશો તથા તેમને ક્રીડા કરવાનાં સ્થાનો જ્યારે અમે જોઇએ છીએ, ત્યારે અમારું મન શ્રીકૃષ્ણરૂપ બની જાય છે.[૨૧।૨૨] ગર્ગાચાર્યનાં ગંભીર વચન પ્રમાણે હું માનું છું કે, શ્રીકૃષ્ણ અને બળરામ દેવોનું કોઈ કાર્ય કરવા માટે અહીં પૃથ્વી પર આવેલા ઉત્તમ દેવો છે;[૨૩] જેમણે દશ હજાર હાથીઓ સમાન બળવાળા કંસને, બે મલ્લોને તથા કુવલયાપીડ હાથીને, સિંહ જેમ મૃગોને મારે, તેમ રમતમાત્રમાંજ મારી નાખ્યા છે. વળી મોટા હાથી જેમ લાકડીને ભાંગી નાખે, તેમ શ્રીકૃષ્ણે ત્રણ તાડ જેવું લાંબું અને ઘણું જ મજબૂત ધનુષ ભાંગી નાખ્યું છે અને એક હાથે સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને ધારણ કરી રાખ્યો હતો.[૨૪।૨૫] પ્રલંબાસુર, ધેનુકાસુર, અરિષ્ટાસુર, તૃણાવર્ત તથા બકાસુર વગેરે દેવો તથા અસુરોને જીતનારા દૈત્યોને શ્રીકૃષ્ણે રમતમાત્રમાં મારી નાખ્યા છે.[૨૬]

શ્રી શુકદેવજી બોલ્યા:—"એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં પરાક્રમો યાદ કરી કરીને, શ્રીકૃષ્ણમાં પ્રેમયુક્ત બુદ્ધિવાળા નંદરાય અત્યંત ઉત્કંઠિત થઇ ગયા; અને પ્રેમના આવેશથી વિહ્વળ બની જઇ મૌન થઇ ગયા.[૨૭] બીજી તરફ યશોદા પણ પુત્રનાં વર્ણવાતાં ચરિત્રો સાંભળતાં અશ્રુઓ વર્ષાવવા લાગ્યાં અને પ્રેમને લીધે તેમનાં બન્ને સ્તનોમાંથી ધાવણ વહેવા લાગ્યું.[૨૮] એ પ્રમાણે નંદરાય તથા યશોદાનો શ્રીકૃષ્ણ ભગવાન પર પરમસ્નેહ જોઇ ઉદ્ધવ આનંદથી તેમને કહેવા લાગ્યા.[૨૯]

ઉદ્ધવજી બોલ્યા:—'હે માન આપનારા નંદરાય! આ લોકમાં સર્વ પ્રાણીઓને વિષે તમે બન્નેજ અત્યંત વખાણવા યોગ્ય છો; કારણ કે તમે બન્નેએ સમગ્ર લોકના ગુરુ શ્રીકૃષ્ણ વિષે આવી બુદ્ધિ કરી છે.[૩૦] શ્રીકૃષ્ણ તથા બળદેવજી—એ બન્ને જગતના નિમિત્તકારણ તથા ઉપાદાનકારણ છે; પુરુષ તથા પ્રકૃતિ છે અને સર્વ પ્રાણીઓમાં પ્રવેશ કરી અનેક ભેદોવાળા બનેલા જીવના નિયંતા છે; કારણ કે તેઓ અનાદિ છે. (અને તેથીજ સર્વના કારણ તથા નિયંતા છે.)[૩૧] મનુષ્ય, પ્રાણ જતી વેળા એક ક્ષણવાર પણ પોતાના શુદ્ધ મનને જેમના વિષે સ્થાપીને તત્કાળ કર્મવાસનાને બાળી નાખી બ્રહ્મસ્વરૂપ બની જાય છે—સ્વરૂપજ્ઞાનથી યુક્ત થાય છે અને સૂર્ય સમાન વર્ણવાળો થઇ—શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ ધારણ કરીને પરમ ગતિરૂપ જેમના પદને પામે છે, તે સમગ્રના આત્મા અને સમગ્રના કારણ હોવા છતાં (જગતનું કલ્યાણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવારૂપ) કારણને લીધે મનુષ્યમૂર્તિ થયેલા પરિપૂર્ણ શ્રીનારાયણમાં તમે બન્ને અત્યંત ભાવ કરો; તમારે બન્નેને હવે કયું ઉત્તમ કૃત્ય કરવાનું બાકી રહ્યું છે ! (તમે બન્ને કૃતકૃત્યજ છો.)[૩૨।૩૩] ભક્તોના પતિ શ્રીકૃષ્ણ ભગવાન થોડા સમયમાં વ્રજમાં પધારશે અને માતાપિતા એવાં તમારું પ્રિય કરશે.[૩૪] સર્વ યાદવોના શત્રુ કંસને મલ્લોના રંગમંડપની વચ્ચે મારી નાખીને શ્રીકૃષ્ણે તમારી પાસે આવીને જે વચન કહ્યું હતું, તે વચનને સત્ય કરશે.[૩૫] હે મહાભાગ્યશાળી નંદરાય અને યશોદા! તમે બન્ને ખેદ કરો મા. થોડાજ વખતમાં તમે શ્રીકૃષ્ણનાં દર્શન કરશો; કેમકે લાકડામાં જેમ અગ્નિ રહેલો છે, તેમ તે ભગવાન સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા છે.*[૩૬] +અભિમાનથી રહિત તે શ્રીભગવાનને કોઇ પ્રિય કે અપ્રિય નથી; તેમજ તેમની દૃષ્ટિએ કોઇ ઉત્તમ કે અધમ નથી; કારણ કે તેમની સર્વના પર સમદૃષ્ટિ છે અને તેથીજ તેમની દૃષ્ટિએ કોઇ અસમાન પણ નથી.[૩૭] વળી તે ભગવાનને કોઇ માતા, પિતા, પત્ની કે પુત્ર વગેરે નથી; પોતાનો કે પારકો નથી, અને દેહ કે જન્મ પણ નથીજ;[૩૮] તેમજ તેમને કોઈ જાતનું કર્મ પણ નથી, છતાં તે ભગવાન લોકમાં ક્રીડા કરવા માટે તથા સત્પુરુષોનું રક્ષણ કરવા માટે સાત્ત્વિક, રાજસ અને તામસ યોનિઓમાં અથવા દેવાદિ, મત્સ્યાદિ અને નૃસિંહાદિ યોનિઓમાં (અવતાર લઇને) પ્રકટ થાય છે.[૩૯] વળી તે અજન્મા ભગવાન પોતે નિર્ગુણ છે; તોપણ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણને સેવે છે; તેમજ પોતે ક્રીડાથી મુક્ત હોવા છતાં ક્રીડા કરતા માયાના ગુણો સાથે જોડાય છે; અને જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે તથા સંહારે છે.[૪૦] જેમ આપણે ગોળ કૂદડી ફર્યા હોઇએ, ત્યારે તે ફરવાને લીધે ભમેલી દૃષ્ટિથી પૃથ્વી પણ ફરતી હોય તેમ આપણને જણાય છે, તેમ ચિત્ત કર્તા છે અને તે ચિત્તમાં મનુષ્યને અહંબુદ્ધિ થાય છે–એટલે ચિત્તનેજ આત્મા તરીકે માનવારૂપ ભ્રાંતિ થાય છે; તેથીજ આત્મા કર્તા કહેવાય છે.[૪૧] વળી આ÷ ભગવાન શ્રીહરિ કેવળ તમારા બન્નેનાજ પુત્ર છે એવું નથી; પરંતુ સર્વ કોઇના પુત્ર છે અને માત્ર પુત્રજ છે એટલુંજ નહિ પણ સર્વ કોઇના આત્મા, પિતા, માતા અને ઈશ્વર પણ તેજ છે. આ જગતમાં જે કંઇ વસ્તુ જોયેલી, સાંભળેલી, થયેલી, થઈ રહેલી, થનારી, સ્થાવર, જંગમ, મોટી તેમજ નાની છે–તે સર્વ વસ્તુ શ્રીભગવાનથી રહિત છે કે શ્રીભગવાનથી જુદી છે, એમ વસ્તુતઃ કહેવું યોગ્ય નથી; કારણ કે પરમ કારણરૂપ તે પરમાત્માજ સર્વ વસ્તુરૂપ છે.[૪૨।૪૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! નંદરાય તથા શ્રીકૃષ્ણસેવક ઉદ્ધવજી એ પ્રમાણે વાતો કરતા હતા, તેટલામાં તે રાત્રિ વીતી ગઈ; એટલે ગોપીઓ, ઊઠીને દીવા કરી ઘર, ડહેલી–ફળિયાં વગેરે વાળી–ઝાડીને દહીં વલોવવા લાગી. એ વેળા નેતરાંઓને ખેંચી રહેલા હાથમાં કંકણોની માળાઓ ધારણ કરી રહેલી તે ગોપીઓનાં નિતંબો, સ્તનો તથા હારો હાલી રહ્યાં હતાં; કુંડળોની કાંતિથી ગાલ શોભતા હતા; મુખો લાલ કેસરવાળાં હતાં અને કંદોરા વગેરેમાં જડેલા મણિઓ દીવાઓને લીધે ઝળકતા હોવાથી તેઓ શોભતી હતી.[૪૪।૪૫] વળી તે વેળા કમળનયન શ્રીકૃષ્ણ ભગવાનને ગાતી તે વ્રજની સ્ત્રીઓનો ગીતધ્વનિ દહીંના વલોણાના શબ્દ સાથે મિશ્ર થઇને આકાશમાં પહોંચી જતો હતો, જેથી દિ-

* છતાં જેમ લાકડામાં રહેલો અગ્નિ, લાકડાને મથ્યા વિના જોવામાં આવતો નથી; તેમ શ્રીકૃષ્ણનાં દર્શન પણ ભક્તિ વિના થતાં નથી એ ભાવ છે. —શ્રીધર

\+ કદાચ નંદ–યશોદા કહે કે, પોતાનાં અતિપ્રિય માતપિતા વગેરેને છોડીને શ્રીકૃષ્ણ અહીં શાના આવે? તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

÷ નંદ–યશોદાના મોહને દૂર કરવા માટે એ શ્લોકમાં શ્રીકૃષ્ણ ઈશ્વરસ્વરૂપ છે, એમ દર્શાવી હરકોઇ સંબંધને અનૈકાંતિક ઠરાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓનાં અમંગળ દૂર થતાં હતાં.[૪૬] પછી ભગવાન સૂર્યનારાયણનો ઉદય થયો એટલે નંદના બારણામાં સોનાના રથને જોઇને ગોપીઓ પરસ્પર પૂછવા લાગી કે, 'આ રથ કોનો છે?'[૪૭] કમલનયન શ્રીકૃષ્ણને જે મથુરા લઈ ગયો છે અને જે કંસનું કાર્ય સાધનારો છે, તે અક્રૂર આવ્યો છે કે શું?[૪૮] તે *વખતે સિદ્ધ કરેલા કાર્યથી પ્રસન્ન થયેલા પોતાના સ્વામી કંસના મરણકૃત્યને આ શું હવે આપણાથી કરવાનો છે? (શું આપણા માંસના પિંડ કરીને પોતાના સ્વામીને આપવાનો છે?) એ પ્રમાણે સ્ત્રીઓ પરસ્પર કહેતી હતી, તેટલામાં તો ઉદ્ધવજી (યમુનાકિનારેથી) સ્નાનાદિ નિત્યકર્મ પરવારીને આવી પહોંચ્યા."[૪૯]

किं साधयिष्यत्यस्माभिर्भर्तुःप्रेतस्य निष्कृतिम्।
इति स्त्रीणां वदंतीनामुद्धवोऽगात् कृताह्निकः॥४९

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૬ મો સમાપ્ત

अध्याय ४७ मो÷

ઉદ્ધવજી ગોપીઓને તત્ત્વોપદેશ કરી પાછા મથુરામાં ગયા

॥ श्रीशुक उवाच ॥

तं वीक्ष्य कृष्णानुचरं व्रजस्त्रियः प्रलंबबाहुं नवकंजलोचनम्। पीतांबरं पुष्करमालिनं लसन्मुखारविंदं मणिमृष्टकुंडलम्॥ १॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"તે સમયે લાંબા બાહુવાળા, કમળના સરખાં નેત્રવાળા, પીળાં પીતાંબર ધારી રહેલા, કમળની માળા ધારણ કરી રહેલા, શોભી રહેલા મુખકમળવાળા તેમજ મણિઓનાં ઝળકતાં કુંડળો ધારણ કરતા તે કૃષ્ણસેવક ઉદ્ધવને જોઇને 'સુંદર દેખાવનો અને શ્રીકૃષ્ણ જેવા વેષને તથા અલંકારોને ધારણ કરનારો આ કોણ હશે અને ક્યાંથી આવ્યો હશે?' એમ કહેતી અને સુંદર હાસ્ય કરતી વ્રજની સર્વ સ્ત્રીઓ ઉત્સુક થઇને ઉત્તમ કીર્તિવાળા શ્રીકૃષ્ણના ચરણકમળનો આશ્રય કરનારા તે ઉદ્ધવજીને ચોતરફથી વીંટાઈ વળી;[૧૨] અને 'આ તો શ્રીકૃષ્ણનો સંદેશો લાવનાર ઉદ્ધવજી છે,' એમ જાણીને તે ગોપીઓએ વિનયથી નમ્ર થઇ લજ્જાયુક્ત હાસ્ય, દર્શન તેમજ મધુર ભાષણથી તેમનો સારી રીતે સત્કાર કર્યો અને પછી આસન ઉપર બેઠેલા તે ઉદ્ધવજીને એકાંતમાં તેઓ આ પ્રમાણે પૂછવા લાગી કે,[૩] 'યદુપતિ શ્રીકૃષ્ણના સેવક તમે આવ્યા છો, એ અમે જાણીએ છીએ. તમારા સ્વામી શ્રીકૃષ્ણે પોતાનાં માતાપિતાનું પ્રિય કરવાની ઇચ્છાથી તમને અહીં મોકલ્યા છે;[૪] તે વિના હવે આ ગાયોના વ્રજમાં બીજું કંઈ પણ તેમને સ્મરણ કરવા યોગ્ય અમે જોતી નથી. (માતા–પિતાનું તે પ્રિય કરે એમાં તો આ કારણ છે:) પોતાનાં સંબંધી–માતાપિતા વગેરે ઉપરનો સ્નેહાનુબંધ મુનિને પણ અત્યંત દુસ્ત્યજ થઈ પડે છે.[૫] પુરુષોએ સ્ત્રીઓ સાથે કરેલી મિત્રતા જેમ (કામવાસનારૂપી) કાર્ય પૂરતીજ હોય છે, પરંતુ વાસ્તવિક હોતી નથી; તેમજ પોતાના સંબંધીઓ સિવાય બીજા કોઇની સાથે કરેલી મનુષ્યની મિત્રતા પણ કાર્યનિમિત્તેજ (કાર્યના હેતુ પૂરતીજ) હોય છે અને તે મિત્રતા જ્યાંસુધી કાર્ય હોય છે, ત્યાંસુધી માત્ર અનુકરણરૂપજ હોય છે, અને ભમરાઓએ પુષ્પોની સાથે કરેલી મિત્રતા પણ કાર્યપૂરતીજ હોય છે પણ સાચી હોતી નથી.[૬] વળી જેમ વેશ્યાઓ નિર્ધન પુરુષોનો ત્યાગ કરે છે, પ્રજાઓ અસમર્થ રાજાનો ત્યાગ કરે છે, વિદ્યાભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ પોતાના વિદ્યાગુરુનો ત્યાગ કરે છે, ઋત્વિજો જેની પાસેથી દક્ષિ-

* કંસનો નાશ કરાવીને ફરી ઉદ્ધવ શા માટે આવ્યો હશે? આવી પોતે ને પોતે શંકા કરીને પોતેજ તેનું કારણ કલ્પે છે. —શ્રીધર

÷ આ અધ્યાયમાં શ્રીકૃષ્ણની આજ્ઞાથી ગોપીઓને તત્ત્વોપદેશ કરી ઉદ્ધવજી ગોપીઓની આજ્ઞા લઇ પાછા મથુરા ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ણા લઇ લીધી હોય છે એવા યજમાનનો ત્યાગ કરે છે, પક્ષીઓ ફળરહિત થયેલા વૃક્ષનો ત્યાગ કરે છે તથા અતિથિઓ ભોજન કરીને ઘરનો ત્યાગ કરે છે અને મૃગલાંઓ બળી ગયેલા જંગલનો ત્યાગ કરે છે, તેમજ જારપુરુષ પ્રેમવાળી સ્ત્રીને ભોગવીને તેનો ત્યાગ કરી દે છે.૧૭-૮

શ્રીશુકદેવજી બોલ્યા:-"એ પ્રમાણે શ્રીકૃષ્ણના દૂત ઉદ્ધવજી વ્રજમાં ગયા ત્યારે જેઓનાં વચન, શરીર તથા મન શ્રીકૃષ્ણમાંજ લાગ્યાં હતાં એવી ગોપીઓ, લોકવ્યવહારનો ત્યાગ કરી ઉદ્ધવજીને પૂછવા લાગી અને પોતાના પ્રિય શ્રીકૃષ્ણનાં કિશોર તથા બાલ્યાવસ્થાનાં કર્મોનું સ્મરણ કરીને ગાવા લાગી અને લજ્જારહિત થઇ રડવા લાગી. શ્રીકૃષ્ણના સમાગમનું ધ્યાન કરતી કોઇ ગોપી ભમરાને જોઇને તેને પ્રિય-શ્રીકૃષ્ણે મોકલેલા દૂત તરીકે માનીને (ઉદ્ધવજીને ઉદ્દેશી) આ પ્રમાણે કહેવા લાગી:૯-૧૧

ગોપી બોલી:-'ઓ ધૂતારાના બંધુ ભમરા ! અમારી શોકયનાં સ્તનોથી મસળાઇ ગયેલી (શ્રીકૃષ્ણની) માળામાં લાગેલા કેસરને લીધે ખરડાયલી મૂછો વડે તું અમને અડક મા. (અર્થાત્ શ્રીકૃષ્ણના દૂત તરીકે આવીને અમને નમસ્કાર કરી તું અમારાં મનામણાં ન કરીશ.) મધુપતિ શ્રીકૃષ્ણ, યાદવોની સભામાં હાસ્યપાત્ર થયેલા તે મથુરાની અભિમાની સ્ત્રીઓનાજ પ્રસાદ (મનામણાં) ભલે કર્યા કરે. (અમારાં મનામણાં કરવાથી શું વળવાનું છે ?) શ્રીકૃષ્ણનો દૂત તું પણ આવોજ છે. (અમારી શોકયનાં સ્તન ઉપરના કેસરથી ખરડાયલી મૂછોવાળો છે.)૧૨ તું જેમ ફૂલનો ત્યાગ કરે છે, તેમ તારા જેવા (સ્વાર્થી) શ્રીકૃષ્ણે અમને પોતાનું મોહક અધરામૃત એક વાર પાઇને તુરતજ તજી દીધી છે. અહો ! અમને આશ્ચર્ય તેમજ ખેદ થાય છે કે, આવા અકૃતજ્ઞ શ્રીકૃષ્ણનાં ચરણકમળને લક્ષ્મીજી કેમ સેવ્યા કરે છે ! પણ હા, જાણ્યું; તે લક્ષ્મીજીનું મન ઉત્તમ કીર્તિવાળા તે ભગવાનનાં (જૂઠાં મિષ્ટ) વચનોથી લોભાઇ ગયું હશે; (પણ અમે તો તે લક્ષ્મી જેવી મૂર્ખ નથી, કે જેથી એમ ભમી જઇએ.)૧૩* અહ્યા ઓ ભમરા ! અમે તો ઘરબાર વિનાની જંગલી સ્ત્રીઓ છીએ; તેઓની આગળ પૂર્વે અનેક વાર અમે અનુભવેલા તે યદુપતિને તું શું ગાયા કરે છે ? (જા,) તે શ્રીકૃષ્ણની હમણાં જે સખીઓ થઈ પડી છે તેઓની આગળજ તેમના પ્રસંગ તું ગાયા કર, જેથી તે શ્રીકૃષ્ણે (આલિંગન કરીને) જેમનાં સ્તનની પીડાઓ દૂર કરી છે એવી તેમની એ પ્રિયાઓ તને મનગમતું આપશે.૧૪ +કપટપૂર્વક સુંદર હાસ્ય કરીને ભ્રૂકુટીને ઉછાળતા તે શ્રીકૃષ્ણને સ્વર્ગ, પૃથ્વી કે રસાતલમાં રહેલી કઈ સ્ત્રીઓ દુર્લભ છે ? લક્ષ્મીદેવી પોતે જેમની ચરણરજને સેવે છે ત્યાં અમે કોણ માત્ર ? તોપણ (એટલું તો તારે એમને કહેવુંજ કે,) જે પુરુષ દીન મનુષ્યોનો પક્ષ કરે છે, તેને વિષેજ 'ઉત્તમશ્લોક' શબ્દ ઘટે છે.૧૫† તું અમારા પગમાં મસ્તક ન મૂક. શ્રીકૃષ્ણ પાસેથી (શીખી) આવીને દૂતકર્મને યોગ્ય મીઠાં મીઠાં વચનો કહીને પ્રાર્થના કરવામાં તું ચતુર બન્યો છે; તારું પણ બધું અમે જાણીએ છીએ. (શ્રીકૃષ્ણની પેઠે તું પણ વિશ્વાસપાત્ર નથી.) અમે તે શ્રીકૃષ્ણ માટેજ છોકરાં, પતિ તથા પરલોકનો ત્યાગ કરી બેઠી છીએ, છતાં તે અસ્વાધીન મનવાળા શ્રીકૃષ્ણે અમારો ત્યાગ કર્યો છે; તો એમની સાથે

* ભમરો બહુ ગુંજારવ કરતો હતો તે જોઇને 'આ ભમરો અમને મનાવવાં માટે શ્રીકૃષ્ણને ગાયા કરે છે' એમ માનીને કહે છે —શ્રીધર

+ 'અરે ઓ માતાઓ ! તમે એમ ન બોલો; તમારું સ્મરણ કરી કામાતુર થયેલા શ્રીકૃષ્ણે તમને મનાવવા માટે મને મોકલ્યો છે.' આમ કદાચ ભમરો કહે તો તે માટે કહે છે. —શ્રીધર

† પગમાં પડીને ભમરો ક્ષમા માગી રહ્યો છે, એમ માનીને કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શું સમાધાન કરવું ?[૧૬] § જેમણે (પ્રથમ રામાવતારમાં) પારધીની પેઠે ક્રૂરતા સ્વીકારીને વાનરરાજ વાલીને વીંધી નાખ્યો હતો; (આવા તો તે કઠણ છે.) વળી કામવાસનાથી આવેલી સ્ત્રી–શૂર્પણખાને જેમણે સીતાને વશ થઇ (નાક–કાન કાપી નાખી) કદ્રૂપી કરી મૂકી હતી અને (વામનઅવતારમાં) કાગડાની પેઠે બલિરાજાએ આપેલું ખાઈ ખાઇને છેવટે તેને પણ બાંધ્યો હતો; તે કાળા કૃષ્ણની મિત્રતા હવે અમારે કરવી નથી.× તોપણ (શું કરીએ ?) તેમની કથાઓ અમારાથી તજી શકાતી નથી.[૧૭] અરે ! જેમની ચરિત્રલીલારૂપ કર્ણામૃતના એકજ ટીપાનું માત્ર એકજ વાર જેમણે પાન કર્યું છે તેવાં અનેક મનુષ્યો રાગ–દ્વેષાદિ દ્વંદ્વધર્મોથી મુક્ત થઇ લગભગ વિનાશ પામ્યાં હોય તેમ પોતાનાં ઘરનાં ગરીબ કુટુંબનો એકદમ ત્યાગ કરી દે છે અને દીન બની, ભોગરહિત થઇને પક્ષીઓની પેઠે (માત્ર પ્રાણવૃત્તિ પૂરતીજ) ભીખ માગતા ભમે છે.†[૧૮] જેમ કાળા મૃગની ભોળી સ્ત્રી–મૃગલીઓ પારધીના (કપટી) ગાયનને સત્ય માની બાણોથી ઘાયલ થઈ પીડા ભોગવે છે, તેમ અમે ભોળી ગોપીઓ તે કપટી કૃષ્ણનાં વચનોને સત્ય જેવાં માનીને અનેક વાર તેમના નખના સ્પર્શથી તીવ્ર કામપીડા ભોગવ્યા કરીએ છીએ; માટે હે દૂત ! એ પીડા–કૃષ્ણની વાત તો તું જવાજ દે. (કોઇ બીજી વાત કહે.)[૧૯] *ઓ પ્રિયના મિત્ર ! વહાલા કૃષ્ણે શું તને ફરીથી મોકલ્યો છે ? અને તેથીજ તું પાછો આવ્યો છે ? ઓ દૂત ! તું અમારે માટે પૂજ્ય છે; તો માગી લે, તું શું મેળવવા ઇચ્છે છે ? હે સૌમ્ય ! (શું તું અમને લઇ જવા ઇચ્છે છે ? પણ) જે કદી એકલા રહેતાજ નથી એવા તે શ્રીકૃષ્ણની પાસે તું અહીં રહેલી અમને કેવી રીતે લઇ જઈશ ? (જોને !) વહુ લક્ષ્મી તો હમેશાં તેમની સાથેજ રહે છે અને તે પણ વળી તેમના વક્ષઃસ્થળમાંજ ![૨૦] હે સૌમ્ય ! આર્યપુત્ર શ્રીકૃષ્ણ (ગુરુગૃહેથી આવીને) હમણાં શું મથુરામાં છે ? પોતાના પિતા નંદરાયના ઘરને તથા પોતાના મિત્ર ગોવાળિયાઓને તે કદી યાદ કરે છે ? અને કોઇ વખત અમો દાસીઓની વાતો તે કહે છે ? અરેરે ! અગરના જેવી સુગંધવાળા પોતાના હાથને તે ભગવાન અમારા મસ્તક પર ક્યારે મૂકશે ?[૨૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" તે પછી ઉદ્ધવજી, શ્રીકૃષ્ણનાં દર્શન માટે તલપી રહેલી તે ગોપીઓને એ પ્રમાણે કહેતી સાંભળીને પ્રિય–શ્રીકૃષ્ણના સંદેશાથી તેઓને શાંત પાડતા આ પ્રમાણે કહેવા લાગ્યાઃ[૨૨]

ઉદ્ધવજી બોલ્યાઃ–' અહો ! તમે કૃતાર્થ છો અને તમેજ લોકમાન્ય છો; કારણ કે તમોએ ભગવાન વાસુદેવમાં પોતાના મનને અર્પણ કર્યું છે. દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ તથા બીજાં અનેક જાતનાં કલ્યાણનાં સાધનોથીજ શ્રીકૃષ્ણની ભક્તિ સાધી શકાય છે.[૨૩-૨૪] આવી અત્યંત શ્રેષ્ઠ ને મુનિઓને પણ દુર્લભ એવી ભક્તિ તમોએ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે કરી છે, તે બહુજ સારું કર્યું છે; પોતાના પુત્રોનો, પતિઓનો, શરીરોનો, સ્વજનોનો તથા ઘરબારનો ત્યાગ કરી તમે કૃષ્ણ નામના પરમપુરુષને વરી ચૂકી છો, તે પણ બહુજ ઠીક કર્યું છે.[૨૫-૨૬] હે મહાભાગ્યશાળી ગોપીઓ ! ભગવાનનો વિયોગ થતાં તમને તે અતીન્દ્રિય ભગવાનમાં આવી એકાંતિક ભક્તિ પ્રાપ્ત થઇ, તે પણ બહુ સારું થયું છે અને (ભગવત્પ્રેમનું આવું સુખ પ્રદર્શિત કરીને)

§ શ્રીકૃષ્ણના પૂર્વ અવતારોનાં કર્મ ચિંતવતાં અમને ભય ઊપજે છે, તે કહે છે. —શ્રીધર

× જો એમજ છે તોપણ શા માટે હમેશાં તે કૃષ્ણને ગાયા કરો છો ? તે સામે કહે છે. —શ્રીધર

† કહેવા એ માગે છે કે, શ્રીકૃષ્ણની કથા પણ ધર્માર્થકામરૂપ ત્રિવર્ગની વેલડીનાં મૂળ ઉખેડી નાખે છે, જેથી એ પણ તજવા જેવીજ છે; તોપણ શું કરીએ ? તે અમારાથી તજી શકાતી નથી. —શ્રીધર

* પાછા જઇ ફરી આવેલા ભમરાને કહે છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમે મારા ઉપર પણ મહાન અનુગ્રહ કર્યો છે.[૨૭] હે કલ્યાણમૂર્તિ સ્ત્રીઓ! તમારા પ્રિય શ્રીકૃષ્ણનો સુખકારક સંદેશો હવે તમે સાંભળો; સ્વામી શ્રીકૃષ્ણનાં ગુપ્ત કાર્ય કરનારો હું તે સંદેશો લઇને અહીં આવ્યો છું.[૨૮]

શ્રીભગવાને કહ્યું છે:–'હે ગોપીઓ! તમને મારો વિયોગ છેજ નહિ. કેમકે હું સર્વાત્મા–સર્વનું ઉપાદાનકારણ છું અને તેથીજ જેમ આકાશ, વાયુ, અગ્નિ, જળ તથા પૃથ્વી એ પાંચ મહાભૂતો સર્વ સ્થાવર જંગમ પદાર્થોમાં રહેલાં છે તેમજ હું પણ મન, પ્રાણ, પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા ગુણોના આશ્રયરૂપે તે તે સર્વમાં રહ્યો છું. હું મારી માયાના પ્રભાવથી મારા વડે મારા વિષેજ પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા ગુણોરૂપે મને પોતાનેજ સરજું છું, પાળું છું અને સંહારું છું.[૨૯-૩૦] છતાં સર્વનો આત્મા હું શુદ્ધ છું. કેમકે ગુણોમાં હું અનુસરતો નથી; ગુણોથી ભિન્ન છું અને જ્ઞાનસ્વરૂપ છું. છતાં માયાની કાર્યભૂત મનોવૃત્તિથી સુષુપ્તિમાં પ્રાજ્ઞરૂપે, સ્વપ્નાવસ્થામાં તૈજસરૂપે તથા જાગ્રદવસ્થામાં વિશ્વરૂપે જણાઉં છું.[૩૧] જેમ નિદ્રામાંથી જાગ્રત થયેલો મનુષ્ય મિથ્યા છતાં (પોતે જોયેલા) સ્વપ્નનું ચિંતન કરે છે, તેમજ બાધિત એવા પણ શબ્દાદિ ઇન્દ્રિયવિષયોનું મનુષ્ય જે મનથી ચિંતન કરે છે અને ચિંતન કરતાં જે મનથીજ ઇન્દ્રિયોને પ્રાપ્ત થાય છે, તે મનનું સાવધાન મનુષ્યે નિયમન કરવું જોઇએ. જેમ નદીઓનું છેલ્લું પ્રાપ્તિસ્થાન સમુદ્ર છે, તેમ વિવેકીઓને વેદ, યોગ, આત્મા–અનાત્માના વિવેકરૂપ સાંખ્ય, સંન્યાસ, સ્વધર્મ, ઇન્દ્રિયદમન તથા સત્ય–એ સર્વનું (એ સર્વના જ્ઞાનનું) તાત્પર્ય માનસિક સંયમજ હોય છે.[૩૨-૩૪] +તમને પ્રિય એવો હું તમારી દૃષ્ટિથી દૂર રહું છું, તેનું કારણ એ છે કે, તમને મારું ધ્યાન રહે તેવી મારી ઇચ્છા છે અને તે ધ્યાન તમારા મનને મારી સમીપજ રાખે તે માટે હું દૂર રહું છું. પોતાના દૂર રહેલા પતિમાં સ્ત્રીઓનું મન જેવું પરોવાયલું રહે છે, તેવું પોતાની દૃષ્ટિ આગળ રહેલા પતિમાં પરોવાયલું રહેતું નથી; માટે સમગ્ર વૃત્તિઓથી મનને છૂટું પાડી કેવળ મારામાંજ સ્થાપી દઇને તમે નિત્ય મારું ચિંતન કરશો, તો અલ્પ સમયમાં મને પ્રાપ્ત થશો.[૩૫-૩૬] હે કલ્યાણી સ્ત્રીઓ! જે રાત્રે મેં તમારી સાથે રાસક્રીડા કરી હતી, તે રાત્રે જે સ્ત્રીઓ પોતાના પતિની મનાઇથી વ્રજમાંજ રહી ગઈ હતી અને મારી સાથે રાસક્રીડા રમી શકી ન હતી, તે સ્ત્રીઓ મારાં પરાક્રમોનું ચિંતન કરવાપૂર્વક મને પામી ચૂકી છે.[૩૭]

શ્રીશુકદેવજી બોલ્યા:–"પોતાના પ્રિયતમનો તે સંદેશો સાંભળીને વ્રજની સ્ત્રીઓ પ્રસન્ન થઇ અને તે સંદેશાથી ભગવાનનું જેઓને સ્મરણ થઈ આવ્યું હતું, એવી તે ગોપીઓ ઉદ્ધવજીને કહેવા લાગી.[૩૮]

ગોપીઓ બોલી:–'યાદવોના શત્રુ દુઃખદાયી કંસને તેના અનુયાયીઓ સાથે ભગવાને માર્યો તે બહુ સારું કર્યું છે; અને સર્વ મનોરથો જેઓએ પ્રાપ્ત કર્યા છે, એવા પોતાના સ્વજનોની સાથે શ્રીકૃષ્ણ હમણાં સુખી છે, તે પણ બહુ સારું છે.[૩૯] હે સૌમ્ય! સ્નેહ તથા લજ્જાયુક્ત હાસ્ય અને ઉદાર દૃષ્ટિથી અમે જેમની પૂજા કરતી હતી, એવા શ્રીકૃષ્ણ અમારા ઉપર જેવી પ્રીતિ કરતા હતા, તેવી પ્રીતિ મથુરા નગરની સ્ત્રીઓના ઉપર કરે છે?[૪૦] રતિના અનેક પ્રકારોને જાણનારા અને સુંદર સ્ત્રીઓને પ્રિય એવા શ્રીકૃષ્ણ તે સ્ત્રીઓનાં વાક્યોથી તથા વિલાસોથી સત્કાર પામીને કેમ આસક્ત નહિ થઇ જાય?[૪૧] હે

+ કદાચ ગોપીઓ કહે કે, બીજાઓની માફક અમને પણ આત્મવિદ્યાનો ઉપદેશ કરી શા માટે લોભાવો છો? અમે તો સર્વસુંદર અને સકલગુણગણાલંકૃત એવા આપનો વિરહ સહન કરી શકતી નથીજ. આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્પુરુષ! કોઇ પ્રસંગે નાગરિક સ્ત્રીઓની સભામાં યથેષ્ટ વાર્તાઓ થતી હોય, ત્યારે શ્રીકૃષ્ણ અમો ગામડિયણ સ્ત્રીઓનું સ્મરણ કરે છે?[૪૨] રાત્રિવિકાસી કમળો, મોગરા અને ચંદ્રથી સુંદર એવા વૃંદાવનમાં પગનાં ઝાંઝરોના ઝણકારવાળી રાસમંડળીમાં જેમની સુંદર કથાઓ ગવાતી હતી, એવા તે શ્રીકૃષ્ણ તે વેળા (અમે તેમની) પ્રિયાઓની સાથે જે રાત્રિઓમાં રમ્યા હતા, તે રાત્રિઓનું પોતે કદી સ્મરણ કરે છે?[૪૩] જેમ ઇન્દ્ર મેઘોદ્વારા વનને જિવાડે, તેમ તેમણે પોતે કરેલા શોકથી તપી રહેલી અમને પોતાના અંગસ્પર્શથી જિવાડતા તે કૃષ્ણ અહીં આવશે ખરા?[૪૪] પણ હવે તે કૃષ્ણ અહીં શા માટે આવે? તેમને રાજ્ય મળ્યું, શત્રુઓને મારી નાખ્યા, સર્વ સંબંધીઓને મળ્યા અને રાજકન્યાઓ પરણીને પ્રસન્ન થયા;[૪૫] અથવા એ મહાત્માને અમો વનવાસી સ્ત્રીઓની કે બીજી સ્ત્રીઓની શી જરૂર છે? કારણ કે પોતે તો લક્ષ્મીપતિ છે; સ્વતઃજ પૂર્ણકામ છે અને પોતેજ કૃતાત્મા–પૂર્ણ છે.[૪૬] પિંગલા વેશ્યાએ પણ કહ્યું છે કે, 'નિરાશા એ પરમસુખ છે.' આ વાતને અમે જાણીએ છીએ, છતાં પણ શ્રીકૃષ્ણના વિષેની આશા અમારાથી છૂટતી નથી.[૪૭] ઉત્તમ કીર્તિવાળા તે કૃષ્ણની એકાંતવાર્તાને કયો મનુષ્ય છોડવાનો ઉત્સાહ કરે? જે શ્રીકૃષ્ણ પોતે ઇચ્છતા નથી, છતાં લક્ષ્મીજી તેમના અંગમાંથી કદી પણ ખસતાં નથી.[૪૮] અફસોસ! હે સમર્થ ઉદ્ધવ! બળદેવજીની સાથે રહીને શ્રીકૃષ્ણે સેવેલી આ નદીઓ, પર્વતો, વનપ્રદેશો, ગાયો અને વાંસળીના શબ્દો તે નંદપુત્ર શ્રીકૃષ્ણનું અમને વારંવાર સ્મરણ કરાવે છે અને લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ તેમનાં આ પગલાંઓથી અમે તેમને કદી ભૂલી શકતી નથી.[૪૯।૫૦] તેમની સુંદર ગતિ, ઉદાર હાસ્ય, વિલાસપૂર્વક જોવું, મીઠી વાણી વગેરેથી અમારી બુદ્ધિ હરાઇ ગઇ હોવાથી અમે તેમને કેમ વિસારી શકીએ? હે નાથ! હે લક્ષ્મીપતિ! હે વ્રજપતિ! હે પીડાહારક! હે ગોવિંદ! દુઃખઃસમુદ્રમાં ડૂબેલા ગોકુળનો તમે ઉદ્ધાર કરો.[૫૧।૫૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી શ્રીકૃષ્ણના સંદેશાથી જેમનો વિરહતાપ દૂર થયો હતો, એવી ગોપીઓ શ્રીકૃષ્ણને અતીન્દ્રિય–પરમાત્મા જાણીને અને તે પરમાત્માનેજ પોતાના આત્મારૂપે જાણીને ઉદ્ધવનો સત્કાર કરવા લાગી.[૫૩] ઉદ્ધવજી પણ ગોપીઓના શોકને દૂર કરતા કેટલાક મહિનાઓ વ્રજમાં રહ્યા અને કૃષ્ણલીલાઓની કથાઓ ગાતા ગોકુળને આનંદ પમાડવા લાગ્યા.[૫૪] તે ઉદ્ધવ જેટલા દિવસ નંદના વ્રજમાં રહ્યા હતા, તેટલા દિવસ શ્રીકૃષ્ણની વાર્તાને લીધે વ્રજવાસીઓને એક ક્ષણ જેવા થયા હતા. શ્રીહરિના દાસ ઉદ્ધવજી નદીઓને, વનોને, પર્વતોને, ગુફાઓને ને પુષ્પવાળાં વૃક્ષોને જોતા ને વ્રજવાસીઓને શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવતા (વ્રજમાં) આનંદિત રહેતા હતા[૫૫।૫૬] અને પ્રથમ કહ્યા પ્રમાણે શ્રીકૃષ્ણમાં લીનતાને લીધે ગોપીઓના મનની વ્યાકુળતાને જોઇને ઉદ્ધવજી અત્યંત પ્રસન્ન થયા અને ગોપીઓને નમસ્કાર કરતા બોલ્યા કે,[૫૭] 'પૃથ્વી પર આ ગોપીઓજ સફળ જન્મવાળી છે. કારણ કે સંસારથી ડરતા–મુમુક્ષુ મુનિઓ અને અમે પણ સર્વના આત્મા શ્રીગોવિંદને વિષે જે ભક્તિભાવ ઇચ્છીએ છીએ, તે ભક્તિભાવને આ ગોપીઓએ રૂઢ કર્યો છે; માટે અનંત ભગવાનની કથાઓમાં જેને રસ લાગ્યો છે, તેને બ્રાહ્મણોના (શૌક્લ, સાવિત્ર તથા યાજ્ઞિક નામના ત્રણ) જન્મો લેવાની શી જરૂર છે? અથવા બ્રહ્માનો જન્મ લેવાનું પણ શું પ્રયોજન છે? (અહો, કેટલું બધું આશ્ચર્ય!!) §વ્યભિચારને

§ પરમેશ્વરની કૃપા એજ મોટાઈનું કારણ છે અને પરમેશ્વરની કૃપા થવામાં જાતિ, આચાર કે જ્ઞાન કારણ નથી; પણ કેવળ ભજનજ કારણ છે, એવા અભિપ્રાયથી કહે છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લીધે દુષ્ટ ગણાતી એવી આ વનચર સ્ત્રીઓ ક્યાં? ને પરમાત્મામાં રૂઢ થયેલો આ ભક્તિભાવ ક્યાં? ખરેખર! પીધેલું અમૃત જેમ કલ્યાણજ કરે છે, તેમ પરમેશ્વર પણ પોતાનું ભજન કરનાર અજ્ઞાની મનુષ્યનું પણ સાક્ષાત્ કલ્યાણજ કરે છે.[૫૮-૫૯] રાસક્રીડાના ઉત્સવમાં શ્રીકૃષ્ણના ભુજદંડે જેઓના કંઠ ગ્રહણ કર્યા હતા અને તે વડેજ જેઓએ સર્વ મનોરથો સંપાદન કરી લીધા છે, એવી આ વ્રજની ગોપીઓ ઉપર શ્રીભગવાનની જેવી કૃપા થઈ છે, તેવી કૃપા તો નિરંતર અત્યંત પ્રેમ ધરાવતી લક્ષ્મીદેવી ઉપર કે કમળ જેવી સુગંધી તથા કાંતિવાળી દેવાંગનાઓ ઉપર પણ થતી નથી; તો પછી બીજી સ્ત્રીઓ તો આવી કૃપાપાત્ર શી રીતે હોઇ શકે?[૬૦] અહો! દુઃખથી ત્યજી શકાય એવાં પોતાનાં સ્વજનોનો અને આર્ય માર્ગનો ત્યાગ કરી જે ગોપીઓ વેદોને પણ શોધવાયોગ્ય શ્રીભગવાનની પદવીને પામી ગઇ, તે આ ગોપીઓના ચરણનુંજ સેવન કરનારાં વૃંદાવનનાં વૃક્ષોનાં ઝુંડો, લતાઓ તથા ઔષધિઓમાંથી કોઇ પણ જાતમાં હું જન્મું; (એ મારી પ્રાર્થના છે.)[૬૧] જે ગોપીઓએ, લક્ષ્મીજીએ પૂજેલું અને પૂર્ણ કામનાવાળા બ્રહ્માદિ યોગેશ્વરોએ પણ પોતાના મનમાં ચિંતવેલું શ્રીકૃષ્ણ ભગવાનનું ચરણકમળ, રાસમંડળીમાં સ્તનો ઉપર સ્થાપીને અને તેને ભેટીને (હૃદયના) તાપનો ત્યાગ કર્યો. (તે ગોપીઓની ચરણરજનું સેવન કરનારાં વૃક્ષોનાં ઝુંડો, લતાઓ તથા ઔષધિઓમાંથી કોઈ પણ જાતિમાં હું જન્મું, એવી મારી પ્રાર્થના છે.)[૬૨] નંદના વ્રજની સ્ત્રીઓની ચરણરજને હું વારંવાર વંદન કરું છું, કે જે સ્ત્રીઓનું હરિકથાગીત આ ત્રણે જગતને પવિત્ર કરે છે.[૬૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી ગોપીઓ, યશોદા તથા નંદરાયની સંમતિ લઈ અને ગોવાળિયાઓને પણ પૂછીને ઉદ્ધવજી જવાની તૈયારી કરી રથ ઉપર બેઠા અને તેઓ બહાર નીકળ્યા એટલે જાતજાતની ભેટો હાથમાં લઇ નંદ વગેરે ગોવાળિયાઓ ઉદ્ધવજીની પાસે આવી, આંખમાં અશ્રુઓ લાવીને પ્રેમથી આ પ્રમાણે કહેવા લાગ્યાઃ 'અમારા મનની વૃત્તિઓ શ્રીકૃષ્ણના ચરણકમળનો આશ્રય કરો; અમારી વાણી તેમનાં નામોનું ગ્રહણ કરો અને અમારું શરીર તેમને નમસ્કાર વગેરે કરવામાં તત્પર રહો. ઈશ્વરેચ્છાનુસાર અમારાં કર્મોથી અમે જે કોઈ દેવ–મનુષ્યાદિ જાતિમાં ભટકીએ, ત્યાં અમારાં માંગલિક આચરણોથી અને દાનોથી અમને શ્રીકૃષ્ણ ભગવાનમાં પ્રીતિ થાઓ.' હે રાજા! એ પ્રમાણે ગોવાળિયાઓએ શ્રીકૃષ્ણભક્તિ વડે સત્કાર કરેલા ઉદ્ધવજી શ્રીકૃષ્ણના રક્ષણ તળે રહેલી મથુરામાં પાછા આવ્યા.[૬૪–૬૮] તેમણે શ્રીકૃષ્ણને પ્રણામ કરી વ્રજવાસીઓની મહાન ભક્તિ કહી સંભળાવી અને પછી તેમણે અર્પણ કરેલી ભેટો શ્રીકૃષ્ણને, બળરામને તથા ઉગ્રસેન રાજાને અર્પણ કરી."[૬૯]

कृष्णाय प्रणिपत्याह भक्त्युद्रेकं व्रजौकसाम् ।
वसुदेवाय रामाय राज्ञे चोपायनान्यदात् ॥ ६९ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૭ મો સમાપ્ત

अध्याय ४८ मो*

શ્રીકૃષ્ણનો કુબ્જા સાથે આનંદ અને અક્રૂરને હસ્તિનાપુર જવાની આજ્ઞા

॥ श्रीशुक उवाच ॥

अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्वदर्शनः ।
सैरंध्र्याः कामतप्तायाः प्रियमिच्छन् गृहं ययौ ॥१

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી સર્વના આત્મા અને સર્વના દ્રષ્ટા ભગવાન કૃષ્ણ, કામથી

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે કુબ્જા સાથે ક્રીડા કરી અને અક્રૂરને ઘેર જઇ હસ્તિનાપુર જવા તેમને આજ્ઞા કરી' એ કથા કહેવાશે. કુબ્જાની કામના પૂર્ણ કરી ભગવાને અક્રૂરના મનોરથો પૂર્યા અને તેમનાદ્વારા પાંડવોનું સાંત્વન કર્યું, એ કથા કહેવામાં આવશે.–શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વંદનભક્ત અક્રૂરજી [પૃ૪ ૮૮૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તપી ગયેલી કુબ્જાનું પ્રિય કરવાની ઇચ્છાથી તેને ઘેર ગયા.[1] કુબ્જાનું ઘર મહાકીમતી રાચરચીલાંવાળું, કામોદ્દીપક એવાં મૈથુનકાળનાં ચિત્રો વગેરે વડે વ્યાપ્ત, મોતીની માળાઓ, પતાકાઓ, ચંદરવા, શયન તથા આસનથી સુશોભિત અને સુગંધી ધૂપો, દીવાઓ તથા પુષ્પમાળાઓથી મહેકી રહ્યું હતું.[2] તે કુબ્જા, શ્રીકૃષ્ણને ઘેર આવેલા જોઇ એકદમ ગભરાટમાં પડી અને તુરતજ આસન ઉપરથી ઊભી થઇ ગઇ. તે પછી તેણે સખીઓ સાથે શ્રીકૃષ્ણની સંમુખ જઈ ઉત્તમ આસન વગેરેથી તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો;[3] તેમજ ઉદ્ધવજીનો પણ યોગ્ય સત્કાર કર્યો. પછી તે ઉદ્ધવ, પોતાને આપેલા આસનનો (હાથથી માત્ર) સ્પર્શ કરીને જમીન ઉપરજ બેઠા+ અને લોકોનાં ચરિત્રોને અનુસરતા શ્રીકૃષ્ણ ભગવાન પણ તુરતજ મહાકીમતી શયન પર બિરાજ્યા.[4] તે પછી સ્નાન, વિલેપન, વસ્ત્રો, આભૂષણ, પુષ્પમાળા, અત્તર વગેરે સુગંધ, તાંબૂલ ને અમૃત જેવાં માદક પીણાં વગેરેથી પોતાને શણગારીને પેલી કુબ્જા લજ્જા ને લીલાપૂર્વક હસતી તેમજ વિલાસપૂર્વક જોતી શ્રીકૃષ્ણની સમીપ આવી. નવા સમાગમ વખતની શરમથી શંકા પામતી તે સુંદર સ્ત્રીને બોલાવીને શ્રીકૃષ્ણે કંકણથી શોભતો તેનો હાથ પકડી તેને શય્યામાં બેસાડી દીધી અને તે પછી પોતાને ચંદન આપવું એજ માત્ર જેનું અલ્પ પુણ્ય હતું, એવી તે સ્ત્રી સાથે ભગવાને ક્રીડા કરી.[5-6] તે સ્ત્રી પણ ભગવાનના ચરણને સૂંઘવા લાગી; તેમજ કામદેવથી તપી ગયેલાં પોતાનાં બન્ને સ્તનો, છાતી તથા નેત્રની પીડાને તે ચરણસ્પર્શથી દૂર કરવા લાગી; પોતાનાં સ્તનની મધ્યે રહેલા તે આનંદમૂર્તિ વહાલા કૃષ્ણને બન્ને હાથે ભેટી પડીને તેણે ઘણા લાંબા વખતના તાપનો ત્યાગ કર્યો.[7] પછી મોક્ષના સ્વામી અને દુષ્પ્રાપ એવા તે ઈશ્વરને માત્ર ચંદન અર્પણ કરવાથી પ્રાપ્ત કરીને તે *દુર્ભાગી સ્ત્રીએ તેમની પાસે આ પ્રમાણે માગ્યું કે,[8] 'હે પ્રિયતમ ! તમે કેટલાક દિવસ અહીં મારી સાથે રહો અને મારી સાથેજ ક્રીડા કરો. હે કમલનયન ! હું તમારા સંગનો ત્યાગ કરવા ઉત્સાહ કરી શકતી નથી.' એ રીતે કુબ્જાએ કહ્યું એટલે માન આપનારા ભગવાને તેને કામભોગરૂપી વરદાન આપી તેનું સન્માન કર્યું અને પછી તે સર્વના ઈશ્વર શ્રીકૃષ્ણ ઉદ્ધવજીની સાથે સર્વ સંપત્તિથી પૂર્ણ એવા પોતાને ઘેર ગયા.[9-10] જે મનુષ્ય દુઃખથી આરાધન થઇ શકે એવા અને સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર વિષ્ણુ ભગવાનને આરાધીને તેમની પાસે વિષયસુખની માગણી કરે છે, તે મનુષ્ય દુષ્ટ બુદ્ધિવાળો છે; કારણ કે વિષયસુખ તો તુચ્છ છે. (છતાં એવી તુચ્છ વસ્તુ દુર્લભ ભગવાન પાસે માગે છે.) પછી પ્રભુ કૃષ્ણ, બળરામ અને ઉદ્ધવજીની સાથે અક્રૂરનું પ્રિય કરવાની અને તેમની પાસે કંઇ કામ કરાવવાની ઇચ્છાથી તેમને ઘેર ગયા. અક્રૂર, પોતાના બાંધવ તે મહાપુરુષોને દૂરથી જોઈ ઊભા થઈ જઇ તેમની સામે ગયા અને તેમને ભેટી પડી, અભિનંદન આપીને અત્યંત આનંદ પામ્યા. તેમણે શ્રીકૃષ્ણ તથા બળરામને વંદન કર્યું, એટલે તેઓએ પણ સામેથી તેમને પ્રણામ કર્યા. પછી આસન ઉપર બિરાજેલા તે ત્રણેની અક્રૂરે પૂજા કરી. હે રાજન્! તેમના પગ ધોયેલા પાણીને પોતાના આખા શરીરે ધારણ કરતા અક્રૂરે પૂજન, દિવ્ય વસ્ત્રો, ચંદન, પુષ્પમાળા અને ઉત્તમ અલંકારોથી તે ત્રણેનો સત્કાર કર્યો અને મસ્તકથી પ્રણામ કરી ભગવાનના બન્ને ચરણોને પોતાના ખોળામાં મૂકીને ચાંપતાં ચાંપતાં (વિનય-

+ કેમકે ભગવાનની સમક્ષ તેમની પેઠે આસન પર બેસવું, તે ભગવાનના ભક્તને અયોગ્ય છે. —વાo પ્રo

* કુબ્જા જો કે કૃતાર્થજ થઇ હતી, એમાં કંઇ સંદેહ નથી; તોપણ ગોપીઓની પેઠે કેવળ ભગવાનમાં નિષ્ઠા નહિ માગતાં, તેણે પ્રાકૃત દૃષ્ટિથી કામભોગનીજ માગણી કરી; એ ઉપરથી અહીં તેને દુર્ભાગી કહી છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નમ્ર તે અક્રૂરે) શ્રીકૃષ્ણ તેમજ બળરામને કહ્યું કે,૧૧–૧૬ 'તમે બન્નેએ પાપી કંસને તેના અનુચરોની સાથે મારી નાખ્યો તે બહુ સારું કર્યું અને આ તમારા કુળનો અપાર સંકટમાંથી ઉદ્ધાર કરી તેને આબાદ કર્યું, તે પણ બહુજ સારું કર્યું.૧૭ તમે બન્ને પ્રધાનપુરુષ હોઈ જગતના કારણ છો અને તેથીજ જગન્મય છો. તમારા વિના કંઇ કારણ કે કાર્ય નથી.૧૮ હે પરમેશ્વર! રજોગુણ આદિ પોતાની શક્તિઓથી પોતેજ સૃજેલા આ જગતમાં (તેના કારણ હોવાથી) પ્રવેશ નહિ કરેલો હોવા છતાં તમે પ્રવેશ કરીને રહ્યા હો તેવા જણાઓ છો; અને સાંભળેલા તથા પ્રત્યક્ષના વિષય એવા અનેક પદાર્થોરૂપે તમે એકજ જણાઓ છો.૧૯ જેમ પોતાનાંજ રૂપાંતરથી પ્રાકટયનાં સ્થાનોરૂપ સ્થાવર–જંગમ પદાર્થોમાં, પૃથ્વી વગેરે કારણોજ અનેકરૂપે દેખાય છે, તેમ કેવળ એકજ અને સ્વતંત્ર એવા તમે પોતેજ જેઓના કારણ છો, એવા ભૂત–ભૌતિક પદાર્થોમાં અનેકસ્વરૂપે દેખાઓ છો.૨૦ રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણરૂપ પોતાની શક્તિઓથી તમે જગતને સરજો છો, સંહારો છો અને પાળો છો; છતાં તમે તે ગુણો કે કર્મો વડે બંધાતા નથી; અથવા જ્ઞાનસ્વરૂપ એવા આપને બંધનું કારણ–અવિદ્યા છેજ કયાં?૨૧ દેહ* વગેરે ઉપાધિનું (પ્રકૃતિ તરીકે) નિરૂપણ કરવું અશક્ય હોવાથી વસ્તુતઃ જીવાત્માનો પણ જન્મ કે તેને લીધે થતો ભેદ સાક્ષાત્ છેજ નહિ; (તો પછી આપને તો બંધ કે મોક્ષ કયાંથીજ હોય?)† વળી આપનામાં અવિદ્યાજ નથી, એટલે બંધ કે મોક્ષ પણ હોઇ શકેજ નહિ, છતાં÷આપને વિષે બંધ કે મોક્ષ દેખાય છે, તે અમારું અત્યંત અજ્ઞાનજ છે.૨૨ ‡ જગતનું હિત કરવા માટે આપે કહેલો પુરાતન વેદમાર્ગ જ્યારે જ્યારે દુષ્ટ પાખંડી માર્ગોથી બાધિત થાય છે, ત્યારે ત્યારે તમે સત્ત્વગુણને ધારણ કરો છો.૨૩ હે પ્રભો! તેજ તમે હમણાં અસુરોના અંશરૂપ રાજાઓની સેંકડો અક્ષૌહિણીઓનો વિનાશ કરી પૃથ્વીનો ભાર દૂર કરવા માટે પોતાના અંશરૂપ આ બળદેવજીની સાથે અહીં વસુદેવને ઘેર આ યાદવકુળનો યશ વિસ્તારતા અવતર્યા છો.૨૪ હે§ ઈશ્વર! આજે અમારાં ઘર મહાભાગ્યશાળી થયાં છે; (તપોવન કરતાં પણ મહાપવિત્ર થયાં છે.) કારણ કે સર્વ દેવો, પિતૃઓ, પ્રાણીઓ, મનુષ્યો તથા વેદોની મૂર્તિરૂપ અતીન્દ્રિય જગદ્‌ગુરુ તમે અમારે ઘેર પધાર્યા છો, કે જે તમારા ચરણ ધોયાનું જળ–ગંગાજી ત્રણે જગતને પવિત્ર કરે છે. †કયો પંડિત પુરુષ ભક્તોને પ્રિય, સત્ય વાણીવાળા, સાચા સંબંધી અને કૃતજ્ઞ એવા આપ વિના બીજાને શરણે જાય? કોઇજ ન જાય. કારણ કે તમે પોતાનું ભજન કરતા ભક્તજનને સર્વ કામનાઓ અર્પણ કરો છો; એટલુંજ નહિ પણ જેની કદી વૃદ્ધિ કે હ્રાસ નથી, એવું પોતાનું સ્વરૂપ પણ સમર્પી દો છો.૨૫૨૬ હે જનાર્દન! યોગેશ્વરો અને દેવેશ્વરોને પણ જેમની પ્રાપ્તિ દુર્લભ છે, એવા આપ આજે અમારા

* બંધની શંકા પણ દૂર રહી, પણ જીવાત્મા સુધ્ધાંને વસ્તુતઃ બંધ નથી; એ કહે છે. —શ્રીધર

† કદાચ ભગવાન શંકા કરે કે, મને બંધનો અભાવ કહેતાં તું મોક્ષ સ્વીકારે છે? જો હા કહીશ તો બંધનો જ્યાં અભાવ હોય છે, ત્યાં મોક્ષ કદી સંભવતો નથી; એ શંકાનું સમાધાન કહે છે. —શ્રીધર

÷ ખાંડણિયામાં હું બંધાયો હતો અને યમુનાના ધરામાં સર્પના બંધનથી હું મુક્ત થયો હતો, આમ તેં સાંભળ્યું છે; છતાં તું કેમ કહે છે કે, તમને બંધ કે મોક્ષ નથી? આ શંકાનું સમાધાન કહે છે.—શ્રીધર

‡ જ્યારે મને બંધ કે મોક્ષ છેજ નહિ અથવા જન્માદિ કંઇ પણ છેજ નહિ, તો પછી મારા અવતારો અને મારાં ચરિત્રો છીપમાં જણાતા રૂપાની પેઠે કેવળ અવિદ્યાથીજ કલ્પાયલાં છે કે શું? આના ઉત્તરમાં કહે છે કે, નહિ, નહિ, એ તો આપની લીલા છે; આ વાત અહીંથી બે શ્લોકમાં કહે છે. —શ્રીધર

§ આવા આપ પરમેશ્વરના પધારવાથી હું કૃતાર્થ થયો છું, એ આશયથી ત્રણ શ્લોક કહે છે.

† આપે મારા મનોરથો પૂર્યા છે એમ સંતોષ પામતા કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રત્યક્ષ દર્શનના વિષય થયા છો, તે બહુજ સારું થયું છે. હવે તો આપ અમારી પુત્ર, સ્ત્રી, ધન, સ્વજન, ઘર તથા દેહ વગેરે ઉપરની મોહરૂપી દોરડી કે જે આપની માયા કહેવાય છે, તેને કાપી નાખો.[૨૭] એ પ્રમાણે ભક્ત અક્રૂરે પૂજન તથા સ્તુતિ કરી, એટલે ભગવાન શ્રીહરિ વાણીથી જાણે મોહ પમાડતા હોય તેમ સ્મિતપૂર્વક અક્રૂરજીને કહેવા લાગ્યા.[૨૮]

શ્રીભગવાન બોલ્યાઃ–'તમે તો અમારા વડીલ છો, કાકા છો અને પ્રશંસાપાત્ર બંધુ છો; અને અમે તો નિત્ય રક્ષણ કરવા યોગ્ય, પોષણ કરવા યોગ્ય તથા દયા કરવા યોગ્ય તમારી પ્રજા છીએ.[૨૯] કલ્યાણની ઇચ્છા રાખનારા મનુષ્યોએ તમારા જેવા મહાભાગ્યશાળી ઉત્તમ મહાપુરુષોનું નિત્ય સેવન કરવું જોઈએ; કેમકે દેવો તો સ્વાર્થી છે, ત્યારે તમારા જેવા સત્પુરુષો કેવળ બીજાનો અનુગ્રહ કરવામાંજ તત્પર રહે છે.+ જળમય તીર્થ અને પથ્થરમય દેવતાઓ નથી હોતા એમ નથી, છેજ; પરંતુ તેઓ ઘણે કાળે પવિત્ર કરે છે, ત્યારે સત્પુરુષો તો દર્શનથીજ પવિત્ર કરે છે.[૩૦।૩૧] તમે અમારા સર્વશ્રેષ્ઠ સંબંધી છો; તમે પાંડવોના કલ્યાણ માટે તથા તેમની સ્થિતિ જાણવાને માટે હસ્તિનાપુર જાઓ.[૩૨] પિતા પાંડુ રાજા મરણ પામ્યા હોવાથી બાળક પાંડવો માતા કુંતીની સાથે અત્યંત દુઃખી થયા છે. અમે સાંભળ્યું છે કે, તેમને રાજા ધૃતરાષ્ટ્ર હમણાં પોતાના નગરમાં લાવ્યા છે અને તેઓ ત્યાં રહે છે.[૩૩] અંબિકાનો પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર હીનબુદ્ધિ છે, તેથી એ અંધ પોતાના દુષ્ટ પુત્રોને વશ બની પોતાના ભાઇના પુત્રો પર સમભાવે વર્તતા નથી; માટે તમે હમણાંજ જાઓ ને તેમનું વર્તન સારું છે કે ખરાબ છે તે જાણી લાવો. તે જાણ્યા પછી આપણે આપણાં સંબંધીઓનું કલ્યાણ થાય તે રીતે કરીશું.'

+ અર્થાત્ સત્પુરુષોજ સાચા દેવ છે; માટે તેઓનુંજ સેવન કરવું જોઇએ. —શ્રીધર

"અક્રૂરને એ પ્રમાણે આજ્ઞા કરી સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ બળરામ અને ઉદ્ધવજીની સાથે ત્યાંથી પોતાને ઘેર પધાર્યા."[૩૪-૩૬]

इत्यक्रूरं समादिश्य भगवान् हरिरीश्वरः ।
संकर्षणोद्धवाभ्यां वै ततः स्वभवनं ययौ ॥ ३६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૮ મો સમાપ્ત

અધ્યાય ૪૯ મો+

ધૃતરાષ્ટ્રનું વર્તન જાણી અક્રૂર મથુરા પાછા આવ્યા

॥ श्रीशुक उवाच ॥

स गत्वा हास्तिनपुरं पौरवेंद्रयशोऽङ्कितम् ।
ददर्श तत्रांबिकेयं सभीष्मं विदुरं पृथाम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી અક્રૂર, પુરુવંશી રાજાઓના યશરૂપ–તેમણે બંધાવેલાં દેવમંદિરો તથા બ્રાહ્મણમંદિરોથી યુક્ત એવા હસ્તિનાપુરમાં ગયા અને ત્યાં જઇને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, કુંતા, સોમદત્ત, પુત્ર સહિત બાહ્લીક રાજા, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, પાંડવો તથા બીજા સંબંધીઓને તે મળ્યા.[૧।૨] ગાંદિનીપુત્ર અક્રૂરજીએ બંધુઓને યથાયોગ્ય રીતે મળીને તેઓના પૂછવા પ્રમાણે પોતે પણ તેમને સંબંધીઓની બધી વાત અને કુશળ સમાચાર પૂછ્યા.[૩] પછી દુષ્ટ પ્રજાવાળા, થોડી ધીરજવાળા અને (કર્ણાદિ) દુષ્ટોના કહેવા પ્રમાણે વર્તનારા ધૃતરાષ્ટ્ર રાજાનું વર્તન જાણવાની ઇચ્છાથી કેટલાક મહિના ત્યાં રહ્યા.[૪] પછી પાંડવોના પ્રભાવને, શસ્ત્ર આદિની નિપુણતાને, બળને, શૌર્યને, વિનયાદી સદ્ગુણોને તથા તેઓના પર પ્રજાના સ્નેહને નહિ સહન કરતા ધૃતરાષ્ટ્રના પુત્રોએ અન્નમાં ઝેર આ-

+ આ અધ્યાયમાં 'અક્રૂર હસ્તિનાપુર જઇ ધૃતરાષ્ટ્ર રાજાનું પોતાના ભાઈના પુત્ર પાંડવો તરફ વિષમ વર્તન જાણી લઇ મથુરા પાછા આવ્યા,' એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પવું વગેરે જે દુષ્ટ કૃત્ય કર્યું હતું અને બીજું જે કંઈ કરવા ધાર્યું હતું તે સર્વ વિદુર તથા કુંતીએ અક્રૂરજીને કહી સંભળાવ્યું.[૬] કુંતાજી પોતાના ભાઈ અક્રૂરને આવેલા જોઈ તેમની પાસે જઇને પોતાની જન્મભૂમિને સંભારતાં આંખમાં અશ્રુબિંદુઓ લાવીને કહેવા લાગ્યાં કે,[૭] 'હે સૌમ્ય! મારાં માતપિતાઓ, ભાઇઓ, બહેનો, ભાઇઓના પુત્રો, મારા કુળની સ્ત્રીઓ તેમજ મારી સખીઓ મને યાદ કરે છે?[૮] શરણાગતનું રક્ષણ કરનાર અને ભક્તો ઉપર પ્રેમ રાખનાર મારા ભત્રીજા ભગવાન કૃષ્ણ તથા કમળસમાન નેત્રોવાળા બળરામ પોતાની ફોઇના છોકરા-પાંડવોને યાદ કરે છે?[૯] જેમ વરુઓની વચ્ચે રહી હરિણી શોક કરે, તેમ શત્રુઓની વચ્ચે રહી શોક કરતી મને તથા પિતારહિત મારા પુત્રોને શ્રીકૃષ્ણ (ધીરજનાં) વાક્યો કહી શાંત કરશે?[૧૦] હે કૃષ્ણ! હે મહાયોગિન્! હે જગતના આત્મા! હે જગતનું પાલન કરનાર! હે ગોવિંદ! પુત્રોની સાથે પીડાતી મને શરણાગતને આપ બચાવો.[૧૧] આ મૃત્યુરૂપ સંસારથી ડરતા મનુષ્યોને આપ ઈશ્વરના મોક્ષદાયી ચરણકમળ સિવાય બીજું કંઈ પણ શરણ હું જોતી નથી.[૧૨] શુદ્ધ-ધર્માત્મા, પરબ્રહ્મ, પરમાત્મા, યોગેશ્વર અને જ્ઞાનસ્વરૂપ એવા શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો. હે કૃષ્ણ! હું તમારે શરણે આવી છું.'[૧૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"હે રાજન્! તમારાં દાદીમા કુંતાજી એ રીતે પોતાના સ્વજનોનું સ્મરણ કરીને તથા જગદીશ્વર શ્રીકૃષ્ણને યાદ કરી દુઃખી થઇ રડવા લાગ્યાં.[૧૪] એટલે કુંતાના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી મહાયશસ્વી અક્રૂરજી તથા વિદુરજી તેમના પુત્રોની ઉત્પત્તિના કારણરૂપ એવા ધર્મ, વાયુ તથા ઇન્દ્ર વગેરેનાં નામો કહી-તેમનાં પરાક્રમો વર્ણવીને તેમને શાંત કરવા લાગ્યા.[૧૫] તે પછી અક્રૂરજી મથુરા જવા તૈયાર થઇને પુત્રોના ઉપર પ્રેમ રાખનારા અને પાંડવો ઉપર વિષમ દૃષ્ટિવાળા રાજા ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને સર્વ સંબંધીઓની વચ્ચે બંધુ શ્રીકૃષ્ણ તથા બળરામ વગેરેએ સ્નેહને લીધે જે કંઇ કહ્યું હતું, તે તેમને કહેવા લાગ્યા.[૧૬]

અક્રૂરજી બોલ્યાઃ-'હે વિચિત્રવીર્યના પુત્ર! હે કુરુઓની કીર્તિને વધારનારા! તમારા ભાઇ પાંડુ રાજા મરી ગયા, એટલે હવે તમે રાજ્યાસન પર બેઠા છો.*[૧૭] માટે તમે જો ધર્મથી પૃથ્વીનું પાલન કરશો, સદાચારથી પ્રજાઓને પ્રસન્ન કરશો અને પોતાના સંબંધીઓ તરફ સમભાવે વર્તશો, તો કલ્યાણ અને કીર્તિને પ્રાપ્ત કરશો.[૧૮] પરંતુ એથી ઊલટી રીતે આચરણ કરશો, તો લોકમાં નિંદ્ય થઈ નરકમાં જશો; માટે પોતાના પુત્રો અને પાંડવો તરફ સમભાવથી વર્તો.[૧૯] હે રાજન્! આ જગતમાં કોઇનો કોઇની પણ સાથે અત્યંત સહવાસ રહેતોજ નથી. પોતાના શરીર સાથે પણ પ્રાણીને નિત્યસહવાસ નથી; તો પછી સ્ત્રી-પુત્ર વગેરેની સાથે તો ક્યાંથીજ હોય? પ્રાણી એકલો જન્મે છે, એકલોજ નાશ પામે છે અને એકલોજ પુણ્ય કે પાપ ભોગવે છે. જેમ બીજાં જળચર પ્રાણીઓ માછલાંના જીવનરૂપ જળને લઈ જાય, તેમ અલ્પ બુદ્ધિવાળા મનુષ્યે અધર્મથી એકઠા કરેલા ધનને બીજા પુત્ર વગેરે 'અમે પોષણ કરવા યોગ્ય છીએ,' એવાં બહાનાં કાઢીને લઇ જાય છે. જેમને પોતાના માનીને પોતે અધર્મથી પોષે છે, તે પ્રાણ, ધન તથા પુત્ર વગેરે, ભોગોને નહિ પામેલા તે મૂર્ખ મનુષ્યને તજી દે છે.[૨૦-૨૩] પછી તેઓથી તજાયલો અને સ્વાર્થ સાધવામાં મૂર્ખ તે મનુષ્ય સ્વધર્મથી વિમુખ હોઈ પોતે અપૂર્ણ મનોરથવાળો રહીનેજ (કુટુંબપોષણનું) પાપ સાથે લઇ ઘોર નરકમાં પડે છે.[૨૪] માટે હે સમર્થ રાજા! આ લોકને સ્વપ્ન, માયા તથા મનોરથ જેવો જોઇને બુદ્ધિથી મનને વશ કરી, શાંત થઇને સમાનભાવ રાખો.'[૨૫]

* પાંડુપુત્રો હયાત છતાં તમે રાજ્યાસને બેઠા, તે શું યોગ્ય છે? એવો અહીં કટાક્ષ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધૃતરાષ્ટ્ર રાજા બોલ્યાઃ–'હે મહાદાની અક્રૂર ! જેમ કોઈ મનુષ્ય અમૃતને પ્રાપ્ત કરી તૃપ્ત ન થાય, તેમ હું આપ આ માંગલિક વાણી બોલો છો, તેનાથી તૃપ્ત થતો નથી;[૨૬] તોપણ હે સૌમ્ય ! તમારી આ પ્રિય અને સત્ય વાણી, સુદામા પર્વતની વીજળીની માફક પુત્રના સ્નેહથી વિષમ બનેલા મારા અસ્થિર હૃદયમાં સ્થિર રહી શકતી નથી.[૨૭] *પૃથ્વીનો ભાર ઉતારવા માટે યદુના કુળમાં અવતરેલા તે ઈશ્વરની માયાને કયો પુરુષ ઓળંગી શકે તેમ છે ?[૨૮] જે પરમેશ્વર અવિતર્ક્ય માર્ગવાળી પોતાની માયા વડે આ જગતને ઉત્પન્ન કરીને તેમાં પ્રવેશ કરે છે અને ગુણો એટલે કર્મો અને તેઓનાં ફળનો વિભાગ કરે છે–વિવેચનપૂર્વક કર્મફળ આપે છે, તે દુર્વિજ્ઞેય લીલારૂપ મુખ્ય કારણવાળા સંસારચક્રને ગતિ આપનારા પરમેશ્વરને મારા નમસ્કાર હો.'[૨૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ધૃતરાષ્ટ્ર રાજાના અભિપ્રાયને જાણીને યાદવ–અક્રૂરજી સંબંધીઓની રજા લઇ પાછા મથુરામાં આવ્યા[૩૦] અને હે કુરુવંશી રાજા ! જેને માટે પોતાને મોકલવામાં આવ્યા હતા, તે પાંડવો પ્રત્યેનું ધૃતરાષ્ટ્રનું વર્તન તેમણે બળરામ તથા શ્રીકૃષ્ણને કહી સંભળાવ્યું."[૩૧]

शशंस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितम् ।
पाण्डवान् प्रति कौरव्य यदर्थं प्रेषितः स्वयम् ॥३१

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ
સ્કંધ પૂર્વાર્ધ વિષે અધ્યાય ૪૯ મો સમાપ્ત



* કદાચ અક્રૂર કહે કે, 'તું એમ જાણે છે, છતાં તને આ મોહ શો છે ?' તેના ઉત્તરમાં કહે છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

दशम स्कंध पूर्वार्ध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवत–दशम स्कंध (उत्तरार्ध)

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय ५० मो×

સમુદ્રની વચ્ચે કિલ્લો બંધાવી શ્રીકૃષ્ણ પોતાનાં સંબંધીઓને ત્યાં લઈ ગયા

॥ श्रीशुक उवाच ॥

अस्तिः प्राप्तिश्च कंसस्य महिष्यौ भरतर्षभ। मृते भर्तरि दुःखार्ते ईयतुः स्म पितुर्गृहान् ॥ १॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે ભરતશ્રેષ્ઠ રાજા! પોતાનો પતિ મરણ પામવાથી દુઃખી થયેલી કંસની બે રાણી અસ્તિ અને પ્રાપ્તિ, પોતાના પિતા–જરાસંધને ઘેર ચાલી ગઇ;[1] અને તે બન્ને દુઃખી રાણીઓએ, પોતાના પિતા મગધરાજ જરાસંધને પોતાને વિધવા થવાનું સર્વ કારણ જણાવ્યું.[2] હે રાજા! તે અપ્રિય વાત સાંભળીને જરાસંધ શોક અને અસહનતાથી વ્યાપ્ત થઇ ગયો. તેણે પૃથ્વીને યાદવ વિનાની કરવાનો મહાન ઉદ્યમ કર્યો[3] અને ત્રેવીસ અક્ષૌહિણી સેનાઓ સાથે લઈ યાદવોની રાજધાની મથુરાને સર્વ દિશાઓમાંથી ઘેરી લીધી.[4] પૃથ્વીનો ભાર ઉતારવા માટેજ મનુષ્ય થયેલા ભગવાન કૃષ્ણ મર્યાદાને ઓળંગી ગયેલા કોઈ સમુદ્ર જેવા જરાસંધના સૈન્ય વડે ઘેરાઈ ગયેલા પોતાના નગરને અને ભયથી વ્યાકુળ થયેલાં પોતાનાં સંબંધીઓને જોઇ, દેશ તથા કાળને અનુકૂળ પોતાના અવતારનું પ્રયોજન વિચારવા લાગ્યાઃ[5,6] 'જરાસંધ સિવાય કેવળ તેના સૈન્યનોજ સંહાર કરી નાખું કે જરાસંધનો વધ કરી

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ જરાસંધથી ભય પામ્યા હોય તેમ બતાવી સમુદ્રની વચ્ચે કિલ્લો બંધાવી ત્યાં પોતાનાં સ્વજનોને લઇ ગયા, એ કથા કહેવામાં આવશે.

કપટી દૈત્યોને કપટથી હણીને ધાર્મિક જરાસંધને ભગવાને ધર્મથીજ જીત્યો, એ કહેવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેના સૈન્યને કેદ પકડું? અથવા જરાસંધનો તથા તેના સૈન્યનો બન્નેનો નાશ કરું?' (આમ ત્રણ પ્રકારનો વિચાર કર્યા પછી ભગવાને પહેલા વિચાર પ્રમાણે કરવા નક્કી કર્યું કે,) 'જરાસંધે પોતાના તાબાના સર્વ રાજાઓનું સૈન્ય અહીં આણ્યું છે; જે પૃથ્વી પર ભારરૂપ અને પાયદલ, ઘોડા, રથ તથા હાથીઓથી અનેક અક્ષૌહિણીની સંખ્યામાં છે; માટે આ સૈન્યનોજ સંહાર કરવો, પણ હમણાં જરાસંધને મારવો નહિ; કેમકે જરાસંધ જો જીવતો હશે, તો ફરી પણ સૈન્ય લાવવા ઉદ્યમ કરશે. (જેથી ફરી પણ પૃથ્વીનો ભાર ઓછો કરવાનો પ્રસંગ મળશે.) પૃથ્વીનો ભાર ઉતારવા માટે, સાધુ પુરુષોનું રક્ષણ કરવા માટે અને દુષ્ટોનો વિનાશ કરવા માટેજ મારો આ અવતાર થયો છે.[૭-૯] વળી આ સિવાય બીજાં શરીરોને પણ ધર્મની રક્ષા માટે અને કોઈ વેળા ઉત્પન્ન થતા અધર્મનો અંત આણવા માટેજ હું ધારણ કરું છું.[૧૦] શ્રીકૃષ્ણ એ પ્રમાણે વિચાર કરતા હતા; તેટલામાં દૈવેચ્છાએ તુરતજ સૂર્યસમાન તેજવાળા બે રથ આકાશમાંથી ત્યાં ઊતરી આવ્યા, જે રથ સારથિઓ સહિત અને લડાયક સર્વ સામગ્રીઓથી ભરપૂર હતા. ઉપરાંત પુરાતની દિવ્ય આયુધો પણ ત્યાં હાજર થયાં; તે જોઇને શ્રીકૃષ્ણે બળદેવજીને કહ્યું કે, 'હે આર્ય! જુઓ, જેમના તમે રક્ષક છો, તે યાદવો ઉપર કેવું સંકટ આવી પડ્યું છે! હે સમર્થ ભાઈ! તમારે માટે આ રથ અને તમારાં પ્રિય આયુધો આવી પહોંચ્યાં છે; માટે રથ ઉપર બેસીને આ સૈન્યનો સંહાર કરો અને પોતાનાં સંબંધીઓનો સંકટમાંથી ઉદ્ધાર કરો. હે ઈશ્વર રામ! આપણો બન્નેનો જન્મ આટલા માટેજ છે અને સત્પુરુષોને સુખ કરનાર છે, જેથી કરીને આ ત્રેવીસ અક્ષૌહિણીરૂપ પૃથ્વીનો ભાર તમે દૂર કરો.' એમ કહીને શ્રીકૃષ્ણ તથા બળદેવ કવચ ધારણ કરી, રથ ઉપર બેસી પોતપોતાનાં હથિયારો સહિત થોડી સેનાથી વીંટાઇને નગરમાંથી બહાર નીકળ્યા. પછી દારુક નામનો જેમનો સારથિ હતો, એવા શ્રીકૃષ્ણે નગરમાંથી બહાર નીકળી પોતાનો શંખ વગાડ્યો,[૧૧-૧૬] એટલે શત્રુસૈનિકોનાં હૃદયમાં અત્યંત ત્રાસ અને ક્મકમાટી થઇ. પછી મગધરાજ જરાસંધ તે બન્નેને જોઇને બોલી ઊઠ્યો કે, 'હે કૃષ્ણ! હે પુરુષાધમ! તું બાળક છે; વળી એકલો છે; માટે લજ્જાને લીધે તારી સાથે લડવાને હું ઇચ્છતો નથી. ઓ મૂર્ખ! ઓ બંધુહત્યારા! તું નંદના વ્રજમાં ગુપ્ત ભરાઈ રહ્યો હતો, માટે હું તારી સાથે લડીશ નહિ; જા, તું અહીંથી ચાલ્યો જા.[૧૭-૧૮] હે બળરામ! તને જો શ્રદ્ધા હોય તો તું ધીરજ ધારણ કર અને મારી સાથે યુદ્ધ કર. તું મારાં બાણોથી કપાયલા શરીરનો ત્યાગ કરી સ્વર્ગમાં જા અથવા મારો નાશ કર.'

શ્રીભગવાન બોલ્યાઃ–'હે રાજન્! શૂરા પુરુષો કદી પોતાની પ્રશંસા કરતા નથી; તેઓ તો પોતાના પરાક્રમનેજ બતાવી આપે છે; તું મરવાની અણી પર આવ્યો છે અને તેથી આતુર બની ગયો છે; માટે તારું વચન અમે માનતા નથી.[૧૯-૨૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી જરાસંધે તે બન્ને શ્રીકૃષ્ણ–બળદેવની સામે ધસી જઈ, વાયુ જેમ વાદળાં અને ધૂળથી સૂર્ય તથા અગ્નિને ઢાંકી દે, તેમ મહાબળવાન એવી મોટી સેનાથી તેઓ બન્નેને સૈન્ય, રથ, ધ્વજ, ઘોડા તથા સારથિઓ સહિત ઘેરી લીધા.[૨૧] એ વખતે મથુરા શહેરની અટારીઓ, હવેલીઓ તથા દરવાજાઓ પર ચઢી ગયેલી સ્ત્રીઓ, ગરુડ અને તાડના ધ્વજરૂપ ચિહ્નવાળા શ્રીકૃષ્ણ–બળદેવના રથોને નહિ જોઇને શોકથી વ્યાકુળ થઈ અત્યંત મૂંઝવણમાં પડી ગઇ.[૨૨] પછી શ્રીહરિએ પોતાના સૈન્યને શત્રુના સૈન્યરૂપી મેઘોના બાણોરૂપી અતિ ઉગ્ર વરસાદથી પીડાયલું જોઈ, દેવો અને અસુરોએ પૂજેલા પોતાના ઉત્તમ શાર્ઙ્ગ ધનુષનો ટંકાર કર્યો અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાથામાંથી કાઢી ધનુષમાં સાંધી, ખેંચીને અનેક બાણો છોડી રથો, હાથીઓ, ઘોડાઓ તથા પાળાઓનો નાશ કરવા માંડ્યો. તે સમયે તેમનું ધનુષ ગોળ ભમતા બળતા ઊંબાડિયા જેવું લાગતું હતું.[૨૩-૨૪] ચિરાઈ ગયેલાં ગંડસ્થળોવાળા અને બાણોથી કપાઇ ગયેલાં ડોકાંવાળા અનેક ઘોડા તેમજ જેઓના ઘોડા, ધ્વજાઓ, સારથિઓ તથા નાયકોનો નાશ થયો હતો, એવા અનેક રથો તથા જેઓની ભુજાઓ, સાથળો અને ગળાં કપાઇ ગયાં હતાં, એવા અનેક પાળાઓ ત્યાં પડવા લાગ્યા.[૨૫] વળી તે યુદ્ધમાં દુર્મદ શત્રુઓનો મુસળ વડે સંહાર કરતા અને અમાપ તેજવાળા એવા બળદેવે લોહીની સેંકડો નદીઓ ચાલુ કરી; જે નદીઓ કપાઈ ગયેલા મનુષ્યો, હાથીઓ તથા ઘોડાઓનાં અંગોથી ઉત્પન્ન થયેલી, ભુજાઓરૂપી સર્પોવાળી, પુરુષોનાં મસ્તકોરૂપી કાચબાઓવાળી, હણાઈ પડેલા હાથીઓરૂપી બેટોવાળી, ઘોડાઓરૂપી ઝૂડો વડે વ્યાપ્ત, હાથરૂપી પુષ્કળ માછલાંઓવાળી, માણસોના કેશરૂપી શેવાળવાળી, ધનુષોરૂપી તરંગોવાળી તથા આયુધોરૂપી વનસ્પતિઓના ગુચ્છાઓથી વ્યાપ્ત, ઢાલોરૂપી ધૂમરીઓથી ભયાનક, ઉત્તમ મોટા મણિઓ તથા અલંકારોરૂપી પથરાઓ અને કાંકરાઓવાળી, ભીરુ મનુષ્યોને ભય ઊપજાવનારી અને પરસ્પર મારો ચલાવતા શૂરા પુરુષોને હર્ષ કરનારી હતી.[૨૬-૨૮] હે રાજન્! જરાસંધના રક્ષણ તળે રહેલું તે સૈન્ય સમુદ્રની પેઠે દુર્ગમ અને ભયંકર હતું. કારણ કે તે સૈન્યરૂપી સમુદ્રનું તળિયું અને છેડો પ્રાપ્ત થઈ શકે એવા ન હતો; છતાં શ્રીકૃષ્ણ તથા બળદેવે તેનો વિનાશ કરી નાખ્યો; અથવા જગતના ઈશ્વર તે બન્ને વસુદેવના પુત્રની એ કેવળ રમતજ હતી, પણ પરાક્રમ ન હતું.[૨૯] લીલામાત્રમાં ત્રણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જ કરે છે, તે અનંત ગુણોવાળા ભગવાન શત્રુપક્ષને શિક્ષા કરે તે એમના સંબંધમાં કંઈ આશ્ચર્ય નથી; તોપણ મનુષ્યપણાનું અનુકરણ કરનારા તે ભગવાનનાં આવાં કર્મો અહીં વર્ણવાય છે.[૩૦] તે પછી જેનું સૈન્ય નાશ પામ્યું હતું, જેના માત્ર પ્રાણજ બાકી રહ્યા હતા અને જે રથરહિત થઇ પડ્યો હતો એવા મહાબળવાન જરાસંધને, સિંહ જેમ બળથી સિંહને પકડે, તેમ બળરામે પકડી લીધો[૩૧] અને ઘણા શત્રુઓને જેણે મારી નાખ્યા હતા, એવા પણ તે જરાસંધને બળદેવે વરુણપાશ વડે તથા મનુષ્યના પાશો વડે બાંધવા માંડ્યો; પણ તે જરાસંધદ્વારા બીજાં ઘણાં કાર્ય કરવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણે બળદેવજીને અટકાવ્યા.[૩૨] તે પછી લોકના નાથ એવા તે બન્ને ભાઇઓએ તેને છૂટો કર્યો; એટલે વીરપુરુષોમાં માન્ય ગણાતા જરાસંધે શરમાઇને તપ કરવાનો સંકલ્પ કર્યો; પણ રસ્તામાં રાજાઓએ પવિત્ર અર્થ–પદવાળાં ધાર્મિક વાક્યો કહીને તથા લૌકિક નીતિવાક્યો કહીને તેને અટકાવ્યો. જેમકે, 'તમે મહાપુરુષ છો, છતાં આ અલ્પ યાદવોએ તમારાં પોતાનાં કર્મબંધનથીજ તમારો પરાભવ કર્યો છે.[૩૩-૩૪] એ રીતે પોતાનાં સર્વ સૈન્યો નાશ પામ્યાં, ત્યારે બૃહદ્રથનો પુત્ર જરાસંધ રાજા કે જેને ભગવાને જતો કર્યો હતો, તે મનમાં ઉદાસ થઇને મગધ દેશ તરફ ગયો.[૩૫] તેમજ જેમનું સૈન્ય સહેજ પણ નાશ પામ્યું ન હતું, એવા શ્રીકૃષ્ણ પણ શત્રુના સૈન્યરૂપી સમુદ્રને તરી જઈ, દેવતાઓ વડે પુષ્પોથી વધાવાતા અને અનુમોદન અપાતા મથુરા તરફ રવાના થયા.[૩૬] તે વેળા ભયથી મુક્ત થઇ સંતાપરહિત થયેલા અને આનંદિત મનવાળા મથુરાના લોકો તેમની સામા આવ્યા, એટલે ભગવાન તેઓને મળ્યા; તેમજ સૂતો, માગધો અને બંદિજનો ભગવાનના વિજયનું ગાન કરવા લાગ્યા.[૩૭] પ્રભુ શ્રીકૃષ્ણે મથુરા નગરમાં પ્રવેશ કર્યો, તે સમયે શંખો, દુંદુભિઓ, ભેરીઓ, વીણાઓ, વાંસળીઓ, મૃદંગો તથા બીજાં અનેક વાજાં વાગી રહ્યાં હતાં.[૩૮] મથુરા શહેરમાં પણ દરેક રસ્તાઓ પાણીથી છાંટી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવામાં આવ્યા હતા; જ્યાં જુઓ ત્યાં માણસો આનંદમાં હતાં; પતાકાઓથી શહેરને શણગારવામાં આવ્યું હતું; વેદના ઘોષ વડે તે ગાજી રહ્યું હતું અને ઉત્સવનાં તોરણો ચોતરફ બાંધી દેવામાં આવ્યાં હતાં.[૩૯] પુષ્પો, દહીં, અક્ષત તેમજ જવારાઓ વડે શહેરની સ્ત્રીઓ ભગવાનને વધાવતી પ્રીતિથી પ્રફુલ્લ નેત્રો વડે સ્નેહપૂર્વક તેમને જોતી હતી.[૪૦] તે પછી પ્રભુ કૃષ્ણે વીર પુરુષોને ભૂષણરૂપ રણભૂમિનું જે અઢળક ધન સાથે આણ્યું હતું, તે સઘળું યદુરાજા ઉગ્રસેનને અર્પણ કર્યું.[૪૧] એ પ્રમાણે મગધ દેશનો રાજા જરાસંધ તેટલીજ અક્ષૌહિણીઓ લાવીને સત્તર વાર શ્રીકૃષ્ણના રક્ષણ તળે રહેલા યાદવો સાથે લડ્યો હતો;[૪૨] પણ યાદવોએ શ્રીકૃષ્ણના પ્રભાવથી તેના સર્વ સૈન્યનો સંહાર કર્યો હતો; જેથી પોતાના સૈન્યનો નાશ થયા પછી, શત્રુઓએ છોડી દીધેલો તે જરાસંધ પાછો પોતાના દેશમાં જતો રહેતો હતો.[૪૩] પછી ભવિષ્યમાં અઢારમું યુદ્ધ થવાનું હતું, તેટલામાં વચ્ચે નારદ મુનિએ મોકલેલો વીર કાળયવન યાદવોના જોવામાં આવ્યો. મનુષ્યલોકમાં અતુલ બળવાળા ગણાતા તે યવને યાદવોને પોતાની સમાન સાંભળીને ત્રણ કરોડ મ્લેચ્છ યોદ્ધાઓની સાથે આવીને મથુરાને ઘેરો ઘાલ્યો હતો;[૪૪-૪૫] બળદેવની સહાયવાળા શ્રીકૃષ્ણ તે કાળયવનને આવેલો જોઇ બળદેવની સાથે વિચાર કરવા લાગ્યા કે, 'અહો! યાદવો ઉપર બન્ને તરફથી મહાન સંકટ આવ્યું છે. આ મહાબળવાન યવન આજે આપણને ઘેરી વળ્યો છે; તેટલામાં આજ, કાલ કે પરમ દિવસે જરાસંધ પણ આવી પહોંચશે. આપણે બન્ને આ યવન સાથે યુદ્ધ કરતા હોઇશું, તેટલામાં જો જરાસંધ ચડી આવશે, તો આપણા બંધુઓનો નાશ કરી નાખશે અથવા પોતાના નગરમાં લઈ જશે. કારણ કે તે બળવાન છે.[૪૬-૪૮] માટે આપણે હમણાંજ મનુષ્યોથી પેસી ન શકાય એવો એક કિલ્લો કરી લઇએ અને પછી તે કિલ્લામાં આપણા જ્ઞાતિલાઓને રાખીને આ યવનનો નાશ+ કરાવીએ.'[૪૯] આવો વિચાર કરી ભગવાન શ્રીકૃષ્ણે (વિશ્વકર્માની પાસે) સમુદ્રની વચ્ચે બાર યોજન ઘેરાવાનો એક કિલ્લો કરાવ્યો. અને તેની વચ્ચે સર્વ આશ્ચર્યમય એવું (દ્વારકા નામે) એક શહેર રચાવ્યું;[૫૦] જે શહેરમાં વિશ્વકર્માના વિજ્ઞાનરૂપ શિલ્પની કુશળતા જોવામાં આવતી હતી અને રાજમાર્ગો, બજારો તથા પોળોની સાથે એ શહેરની રચના, ઘરો વગેરેના વ્યવસ્થિત નિર્માણપૂર્વક હતી.[૫૧] તે નગરમાં દેવતાઈ વૃક્ષો તથા લતાઓવાળા બાગ-બગીચાઓ હતા; ઠેકઠેકાણે અદ્ભુત ઘર-બગીચાઓ હતા અને સુવર્ણનાં શિખરોવાળી સ્ફટિકમણિની અટારીઓ તથા દરવાજાઓ (ઊંચાઇને લીધે) છેક આકાશમાં પહોંચતાં હતાં.[૫૨] અશ્વશાળા તથા અન્નશાળા વગેરે રૂપાની તથા પિત્તળની રચી હતી; તેના પર સુશોભિત સુવર્ણના કળશો અને પદ્મરાગમણી વગેરેનાં તથા સુવર્ણનાં શિખરો હતાં; તેમજ શ્રેષ્ઠ મરકતમણિની અંદરની ભૂમિવાળાં સુવર્ણનાં ઘરો ત્યાં બનાવવામાં આવ્યાં હતાં; ઉપરાંત દેવમંદિરો તથા પ્રત્યેક ઘર ઉપર છેલ્લો સુંદર મજલો બાંધવામાં આવ્યો હતો. તે નગર ચારે વર્ણોના લોકોથી વ્યાપ્ત હતું અને યદુવંશી રાજાઓના મહેલોથી શોભી રહ્યું હતું. ઇન્દ્રે શ્રીહરિ માટે સુધર્મા નામની દિવ્ય સભા તથા

+ 'નાશ કરીએ' એમ નહિ કહેતાં 'નાશ કરાવીએ' એમ કહેવાનું કારણ એ છે કે, કાળયવનને મહાદેવનું વરદાન હતું, તેનું પોતે પાલન કરવા માગે છે. આવી એક પૌરાણિક કથાનું અહીં અનુસંધાન છે કે, પૂર્વે ગાર્ગ્ય મુનિનું તેના કોઇ યાદવવંશી સાળાએ 'તું નપુંસક છે' એમ કહી અપમાન કર્યું હતું; તે ઉપરથી તેમણે મહાદેવને પ્રસન્ન કરી યાદવોને ત્રાસ આપનાર એવો પુત્ર માગી લીધો હતો. તે પછી અપુત્ર એક યવન રાજાની સ્ત્રીમાં તે યવન રાજાની સંમતિથી ગાર્ગ્ય મુનિએ યાદવોને ત્રાસદાયક કાળયવન નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો. એ રીતે કાળયવન મહાદેવના વરદાનથી યાદવવંશી કૃષ્ણથી અવધ્ય હતો. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પારિજાતક નામનું દેવતાઇ વૃક્ષ ત્યાં મોકલ્યું હતું; તેથી કરીને ત્યાં વસનાર મનુષ્યને ક્ષુધા–તૃષા વગેરે મનુષ્યના ધર્મો લાગુ થતા ન હતા.[૫૩–૫૫] તેમજ એક એક શ્યામ કાનવાળા અને મનના સરખા વેગવાળા ધોળા ઘોડા વરુણદેવે મોકલ્યા હતા અને લોકપાલ કુબેરે પોતાના ઐશ્વર્યરૂપ ÷આઠ ખજાનાઓ ત્યાં મોકલ્યા હતા.[૫૬] હે રાજા! બીજા પણ સિદ્ધ વગેરે દેવોને ભગવાને પોતપોતાના અધિકારની સિદ્ધિને માટે જે જે આધિપત્ય આપ્યું છે, તે તે સઘળું તે તે દેવોએ શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા હતા, ત્યારે તેમને પાછું આપ્યું હતું. શ્રીહરિ પોતાના યોગના પ્રભાવથી (કાળયવન ન જાણે તેમ) સર્વ મનુષ્યોને તે દ્વારકા નગરીમાં લઇ ગયા અને પછી પ્રજાનું પાલન કરનારા બળરામ સાથે (તમે અહીં રહીને પ્રજાઓનું રક્ષણ કરજો; હું અહિંથી નાસી જાઉં છું, એવી) મંત્રણા કરીને કમળમાળા ધારણ કરનારા શ્રીકૃષ્ણ કોઇ પણ જાતનું હથિયાર લીધા વિના મથુરા નગરના દરવાજામાંથી બહાર નીકળ્યા."[૫૭-૫૮]

प्रजापालेन रामेण कृष्णः समनुमंत्रितः ।
निर्जगाम पुरद्वारात् पद्ममाली निरायुधः ॥५८॥

ઇતિ શ્રીમદ્‌ભાગવતે મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૦ મો સમાપ્ત

÷ पद्मश्चैव महापद्मो मत्स्यकूर्मौ तथौदकः ।
नीलो मुकुंदः शंखश्च निधयोऽष्टौ प्रकीर्तिताः ॥
પદ્મ, મહાપદ્મ, મત્સ્ય, કૂર્મ, ઔદક, નીલ, મુકુંદ તથા શંખ નામના આઠ નિધિઓ–ખજાનાઓ છે; અને તેઓના માલિક કુબેર છે. —શ્રીધર

અધ્યાય ૫૧ મો*

કાળયવનનો મુચુકુંદદ્વારા વિનાશ

॥ श्रीशुक उवाच ॥

तं विलोक्य विनिष्क्रांतमुज्जिहानमिवोडुपम् ।
दर्शनीयतमं श्यामं पीतकौशेयवाससम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"અત્યંત દર્શન કરવા યોગ્ય, શ્યામ, પીળાં પીતાંબરને ધારણ કરનારા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા, ડોકમાં ઝળકતો કૌસ્તુભમણિ ધારણ કરનારા, પુષ્ટ અને લાંબી ચાર ભુજાઓવાળા, નવાં કમળ સમાન લાલ નેત્રોવાળા, નિત્ય આનંદી, શોભાયમાન સુંદર ગાલવાળા, પવિત્ર હાસ્ય કરતા ને દેદીપ્યમાન મકરાકાર કુંડળોવાળા મુખકમળને ધારણ કરતા શ્રીકૃષ્ણને ઉદય પામતા ચંદ્રની પેઠે મથુરામાંથી નીકળેલા જોઇ કાળયવન, નારદે કહેલાં લક્ષણો ઉપરથી 'આ પુરુષજ વસુદેવનો પુત્ર કૃષ્ણ હોવો જોઇએ; કારણ કે આને શ્રીવત્સનું ચિહ્ન છે, ચાર ભુજાઓ છે, કમળ જેવાં નેત્ર છે, વનમાળા ધારણ કરી છે અને (દેખાવમાં પણ) આ અત્યંત સુંદર છે; માટે આ સિવાય બીજો કોઇ કૃષ્ણ હોવો ન જોઇએ; આ કૃષ્ણ અત્યારે આયુધ વિના પગપાળો ચાલ્યો જાય છે, માટે હું પણ આયુધ વિના પગપાળોજ જઇને આની સાથે યુદ્ધ કરું.' આવો નિશ્ચય કરી તે યવન, પાછું મુખ રાખી નાસી જતા અને યોગીઓને પણ દુષ્પ્રાપ એવા શ્રીકૃષ્ણની પાછળ તેમને પકડવાની ઇચ્છાથી દોડવા લાગ્યો.[૧–૬] શ્રીકૃષ્ણ પગલે પગલે તેના હાથમાં પોતે જાણે આવી ગયા હોય, તેમ

* આ અધ્યાયમાં 'શ્રીહરિએ મુચુકુંદની દૃષ્ટિથી કાળયવનનો વિનાશ કરાવ્યો અને મુચુકુંદે ભગવાનની સ્તુતિ કરી, એટલે તેના પર ભગવાને કૃપા કરી,' એ કથા કહેવામાં આવશે. શ્રીહરિ મહાદેવની વાણી સત્ય કરવા માટેજ યાદવોને માટે ભયંકર એવા યવનરાજાના પુત્ર કાળયવનથી નાઠા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

દેખાડતા એ યવનરાજને દૂર એક પર્વતની ગુફા તરફ લઇ જવા લાગ્યા. પેલો યવન, 'યદુકુળમાં ઉત્પન્ન થયેલા તને આ રીતે પલાયન કરવું યોગ્ય નથી' આમ તિરસ્કાર કરતો શ્રીકૃષ્ણની પાછળ દોડ્યો જતો હતો; પણ જેનાં પાપકર્મોનો હજી નાશ થયો ન હતો, એવો તે યવન તેમને પહોંચી શક્યો નહિ.[૮] ભગવાન શ્રીકૃષ્ણ એ પ્રમાણે તેનાથી તિરસ્કાર કરાયા છતાં (કંઈ દરકાર કર્યા સિવાય) પર્વતની ગુફામાં પેસી ગયા; એટલે પેલો યવન પણ તેમની પાછળ ગુફામાં દાખલ થયો. ત્યાં તેણે બીજા એક પુરુષને સૂતેલો જોયો.[૯] એટલે 'નક્કી, આ કૃષ્ણ મને અહીં સુધી લઇ આવીને પોતે કોઈ સત્પુરુષની પેઠે સૂઈ ગયો છે' એમ તે મૂર્ખાએ પેલા સૂતેલા મનુષ્યને શ્રીકૃષ્ણ માની તેને પગની લાત મારી.[૧૦] પેલો માણસ ઘણા લાંબા કાળથી ત્યાં સૂતો હતો, તે (એ લાત વાગવાથી) જાગી ઊઠી, ધીમે ધીમે આંખો ઉઘાડીને દિશાઓમાં જોવા લાગ્યો; તો પોતાની બાજુએ સમીપમાંજ ઊભેલા પેલા કાળયવનને તેણે જોયો.[૧૧] હે ભરતવંશી રાજા! (તેને જોતાંજ) ક્રોધાયમાન થયેલા પેલા માણસનો દૃષ્ટિપાત થતાં તેના શરીરમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે કાળયવન ક્ષણવારમાં બળીને ભસ્મ થઈ ગયો."[૧૨]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે બ્રહ્મન્! યવન રાજાનો નાશ કરનાર તે પુરુષ કોણ હતો? કોના વંશનો હતો? તેનો પ્રભાવ કેવો હતો? તે કોનો પુત્ર હતો? અને શા માટે ગુફામાં જઇને સૂઈ રહ્યો હતો?"[૧૩]

શ્રીશુકદેવજી બોલ્યા:—"તે મહાન પુરુષ ઇક્ષ્વાકુકુળમાં જન્મ્યો હતો; માંધાતા રાજાનો પુત્ર હતો; 'મુચુકુંદ' એવા નામથી પ્રખ્યાત હતો, બ્રાહ્મણોનો ભક્ત હતો અને સત્ય પ્રતિજ્ઞાવાળો હતો.[૧૪] પૂર્વે અસુરોથી ત્રાસ પામેલા ઇન્દ્ર વગેરે દેવગણોએ પોતાનું રક્ષણ કરવા માટે તે મુચુકુંદ રાજા પાસે માગણી કરી હતી; તે ઉપરથી મુચુકુંદ રાજાએ ઘણા લાંબા વખત સુધી તેઓની રક્ષા કરી હતી.[૧૫] પછી સ્વર્ગનું પાલન કરનાર કાર્તિકસ્વામીને મેળવ્યા પછી દેવોએ મુચુકુંદને કહ્યું હતું કે, 'હે રાજન્! અમારું રક્ષણ કરવારૂપ સંકટથી તમે હવે વિરામ પામો.[૧૬] હે વીર! મનુષ્યલોકમાં નિષ્કંટક એવા પોતાના રાજ્યનો ત્યાગ કરીને અમારું રક્ષણ કરતાં તમે સર્વ વિષયભોગોનો ત્યાગ કર્યો છે.[૧૭] તમારા પુત્રો, રાણીઓ, જ્ઞાતિઓ, કારભારીઓ, પ્રધાનો અને તમારા વખતની જ પ્રજાઓ હતી, તેમાંનું હમણાં કંઇ પણ રહ્યું નથી. તે સર્વનો કાળે વિનાશ કરી નાખ્યો છે.[૧૮] કાળ બળવાનો કરતાં પણ ઘણો બળવાન છે; પોતે અવિનાશી અને સર્વનિયંતા ભગવાન છે. જેમ ગોવાળ પશુઓને આડાંઅવળાં હાંકી જાય છે, તેમ ક્રીડા કરતો કાળ સર્વ પ્રજાઓને આમતેમ ફેરવી નાખે છે. હે રાજા! તમારું કલ્યાણ થાઓ. હવે તમે અમારી પાસેથી મોક્ષ વિના વર માગો. કારણ કે મોક્ષના સ્વામી તો અવિનાશી ભગવાન વિષ્ણુ એકલાજ છે.[૧૯-૨૦] દેવતાઓએ એ રીતે કહ્યું, એટલે પરિશ્રમથી થાકેલા મહાયશસ્વી મુચુકુંદ રાજાએ તેઓને વંદન કરી તેઓની પાસેથી નિદ્રાજ માગી લીધી અને કહ્યું કે, 'હે ઉત્તમ દેવો! મારી નિદ્રાનો જે કોઈ ભંગ કરે, તે તત્કાળ બળીને ભસ્મ થઈ જાય.' પછી તે વેળા દેવોએ 'તથાસ્તુ' એમ કહ્યું અને મુચુકુંદ રાજા ગુફામાં પ્રવેશ કરીને દેવોએ આપેલી નિદ્રામાં સૂઇ ગયો. વળી તે વેળા દેવોએ મુચુકુંદને કહ્યું હતું કે, 'જે કોઈ મૂર્ખ મનુષ્ય નિદ્રામાં સૂતેલા તમને વચ્ચે જગાડશે, તે તમારા માત્ર જોવા વડેજ તેજ ક્ષણે બળીને ભસ્મ થઇ જશે.' (એવા કારણથી) કાળયવન ભસ્મ થઇ ગયો, એટલે યાદવશ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણે બુદ્ધિમાન મુચુકુંદને પોતાનાં દર્શન દીધાં.[૨૧-૨૩] એટલે મેઘ જેવા શ્યામ વર્ણવાળા, પીળાં પીતાંબર ધારણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સ ચિહ્નવાળા, ઝળકતા કૌસ્તુભમણિથી પ્રકાશી રહેલા, ચાર ભુજાઓવાળા, વૈજયંતી માળાથી શોભતા, સુંદર પ્રસન્ન મુખવાળા, દેદીપ્યમાન મકરાકાર કુંડળોને ધારણ કરી રહેલા, મનુષ્યલોકને કદર્શન રવા યોગ્ય, પ્રેમપૂર્વક મંદહાસ્ય સાથે જોતા, સુંદર વયવાળા અને મદોન્મત્ત હાથી જેવી ઉત્તમ ગતિવાળા શ્રીભગવાનનાં દર્શન કરીને મહાબુદ્ધિમાન મુચુકુંદ રાજા પ્રથમ તો તેમના તેજથી અંજાઈ ગયો અને પછી તેજને લીધેજ પરાભવ કરવાને અશક્ય એવા તે ભગવાનને પોતે ધીમેથી પૂછવા લાગ્યો.૨૪-૨૭

મુચુકુંદે પૂછયું—'કમળની પાંખડી જેવા આ પગ વડે ઘણા કાંટાવાળા આ જંગલમાં અને તેમાં પણ અહીં પહાડની ગુફામાં જ આપ વિચરો છો અને અહીં પધાર્યા છો તે કોણ છો?૨૮ શું આપ તેજસ્વીઓના પણ તેજ છો? અથવા ભગવાન અગ્નિદેવ છો કે સૂર્ય, ચંદ્ર, ઇન્દ્ર અથવા બીજા કોઈ લોકપાળ છો?૨૯ હું માનું છું કે, તમે દેવોના દેવ એવા બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ—એ ત્રણે દેવોમાંના પુરુષોત્તમ શ્રીવિષ્ણુ ભગવાન છો. કારણ કે આપ મોટા દીવાની પેઠે પોતાની કાંતિ વડે ગુફાના અંધકારનો નાશ કરી રહ્યા છો.૩૦ વળી હે મહાપુરુષ! જો આપને રુચે તો આપ પોતાનાં જન્મ, કર્મ તથા કુળ અમને સાંભળવા ઇચ્છનારાઓને નિષ્કપટપણે કહો.૩૧ હે પુરુષોમાં શ્રેષ્ઠ! અમે તો ઇક્ષ્વાકુવંશના ક્ષત્રિય બંધુ છીએ. હે પ્રભુ! મારું નામ 'મુચુકુંદ' છે અને હું માંધાતાનો પુત્ર છું. લાંબા ઉજાગરાથી થાકી જઇને હું નિદ્રાને વશ ઇન્દ્રિયોવાળો થઇ અહીં નિર્જન પ્રદેશમાં મારી ઇચ્છાનુસાર સૂઈ રહું છું; પણ હમણાં મને કોઇએ ઉઠાડ્યો હતો. ખરેખર, તે (મને ઉઠાડનારો) માણસ પોતાનાં પાપને લીધેજ બળીને ભસ્મ થઇ ગયો છે અને પછી શત્રુઓનો નાશ કરનાર આપ શ્રીમાનને મેં જોયા છે.૩૨-૩૪ હે મહાભાગ્યશાળી! આપના અસહ્ય તેજને લીધે અમારાં તેજ નાશ પામી ગયાં છે; અમે આપને વધારે વાર જોઈ શકતા નથી; આપ પ્રાણીઓએ માન આપવા યોગ્ય છો.૩૫

"રાજા મુચુકુંદે એ પ્રમાણે કહ્યું, એટલે પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા ભગવાને હસતાં હસતાં મેઘના જેવી ગંભીર વાણી વડે તેના પ્રત્યે કહ્યું:૩૬

શ્રીભગવાન બોલ્યાઃ—'હે રાજન્! મારાં જન્મ, કર્મ તથા નામો હજારો છે; તે અનંત હોવાને લીધે મારાથી પણ ગણી શકાતાં નથી.૩૭ કોઇ પુરુષ અનેક જન્મો લઇને કદાચ પૃથ્વીના રજકણોને ગણી શકે; છતાં પણ મારા ગુણો, કર્મો, નામો તથા જન્મોને કદી પણ ગણી શકે નહિ. હે રાજા! ત્રણે કાળમાં સિદ્ધ એવાં મારાં જન્મકર્મોને ગણ્યા કરતા મોટા મોટા ઋષિઓ પણ પારને પામતાજ નથી;૩૮।૩૯ તોપણ હે રાજા! હું તમને મારાં હમણાંનાં જન્મકર્મો કહું છું, તમે સાંભળો. ધર્મની રક્ષા કરવા માટે અને પૃથ્વીને ભારરૂપ એવા અસુરોનો વિનાશ કરવા માટે બ્રહ્માએ પૂર્વે મને વિનતિ કરી હતી; તેથી હું યદુના કુળમાં વસુદેવને ઘેર અવતર્યો છું; લોકો વસુદેવના પુત્ર મને 'વાસુદેવ' કહે છે. હે રાજા! મેં કાલનેમિને, કંસને તથા સત્પુરુષોના દ્વેષી પ્રલંબાસુર વગેરેને હણ્યા છે અને તમારા તીક્ષ્ણ તેજદ્વારા આ યવનને બાળી નાખ્યો છે.૪૦-૪૨ હું તમારા પર અનુગ્રહ કરવા માટે આ ગુફામાં આવ્યો છું. કારણ કે પૂર્વે તમે મારી ભક્તવત્સલની ઘણી પ્રાર્થના કરી હતી. હે રાજર્ષિ! તમે વર માગો; હું તમને સર્વ કામનાઓ આપું છું. કારણ કે મારે શરણે આવેલો કોઇ પણ મનુષ્ય ફરી શોક કરવાને યોગ્ય નથી.'૪૩।૪૪

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે મુચુકુંદ રાજા ગર્ગાચાર્યનાં વાક્યનું સ્મરણ કરી, (શ્રીકૃષ્ણને) નારાયણ દેવ જાણીને, હર્ષયુક્ત થઈ, તેમને પ્રણામ કરીને કહેવા લાગ્યો.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુચુકુંદ બોલ્યો:-'હે+ ઈશ્વર! સ્ત્રી અને પુરુષ એમ બન્ને પ્રકારનાં મનુષ્ય આપની માયા વડે અત્યંત મોહિત થઇ ગયાં છે અને તેથીજ તેઓ સંસાર તરફ દૃષ્ટિ રાખીને આપનું ભજન કરતાં નથી; છતાં પણ પરસ્પર ઠગાઇને સુખની ઇચ્છાથી દુ:ખોનાજ ઉત્પત્તિસ્થાનરૂપ એવાં ઘરોમાં આસક્ત થાય છે. હે *નિર્દોષદેવ! આ મનુષ્યલોકમાં મનુષ્ય, વિનાપ્રયત્ને સંપૂર્ણ અંગોપાંગવાળા મનુષ્યજન્મને પામીને પણ આપના ચરણકમળને ભજતો નથી; પરંતુ જેમ પશુ ઘાસના લોભથી અંધારિયા કૂવામાં પડે, તેમ વિષયસુખમાં બુદ્ધિવાળો થઇને ઘરરૂપી અંધારિયા કૂવામાં પડે છે.[૪૫-૪૭] હે અજિત! મારો પણ આ બધો કાળ નિષ્ફળજ ગયો છે. કારણ કે રાજ્યલક્ષ્મીને લીધે મને મદ ચડી ગયો હતો; આખી પૃથ્વીનો જાણે માલિક થઈ પડ્યો હતો; મરણધર્મી શરીરમાં મને આત્મબુદ્ધિ થઇ હતી અને અપાર ચિંતાથી પુત્ર, સ્ત્રી, ખજાના તેમજ પૃથ્વીમાં હું આસક્ત રહેતો હતો.[૪૮] આ મનુષ્યશરીર ઘડો અને ભીંતના જેવું-ક્ષણભંગુર છે; તેમાં 'હું રાજા છું' આવું અભિમાન મને અત્યંત રૂઢ થઇ ગયું હતું, તેથીજ હું અત્યંત મદોન્મત્ત બની જઇ આપને ગણકારતો ન હતો અને રથ, હાથી, ઘોડા, પાયદળ તથા સેનાપતિઓથી વીંટાઇને પૃથ્વી પર ફર્યા કરતો હતો.[૪૯] 'આ કાર્ય આમ કરવાનું છે' 'પેલું કાર્ય આમ કરવાનું છે' એવા મનોરથોની પરંપરાથી અતિ પ્રમાદી રહેતા, (મનોરથો ભાગી પડે છે; તોપણ) વિષયો તરફ લાલચુ રહેતા અને (અમુક કોઇ વિષય પ્રાપ્ત થાય છે; તોપણ) ફરી વધતી જતી તૃષ્ણાવાળા (પ્રમાદી) મનુષ્યને જેમ કોઇ સર્પ ક્ષુધાથી ગલોફાં ચાટતો ચાટતો એકાએક ઉંદરને ઝડપી લે છે, તેમ સદા અપ્રમાદી એવા આપ કાળમૂર્તિ એકદમ ઝડપી લો છો.[૫૦] આ મનુષ્યશરીર પહેલાં સોનાથી મઢેલા રથોમાં કે હાથીઓ પર બેસીને ફરે છે, ત્યારે તેને 'રાજા' કહેવામાં આવે છે; તેજ શરીર દુર્લંઘ્ય કાળમૂર્તિ એવા આપના સપાટામાં આવી પડે છે, ત્યારે (શિયાળ વગેરે તેને ખાઈ જાય છે, તો) વિષ્ઠા કહેવાય છે, (શિયાળ વગેરે ખાઇ જતાં નથી, તો) 'કીડા'ના નામથી કહેવાય છે અને (તેને બાળી દેવામાં આવે છે, તો) 'રાખ'-ના નામથી+કહેવાય છે. હે ઈશ્વર! સમગ્ર દિશાઓને જીતીને જેને કોઇપણ લડાઇ લડવાની રહી નથી, એવા ઉત્તમ આસન પર બેઠેલો અને સઘળા રાજાઓ વડે વંદન કરાતો પુરુષ પણ (પોતે આવો મહાન ચક્રવર્તી રાજા હોય છે,) છતાં કેવળ મૈથુનરૂપી સુખવાળાં સ્ત્રીઓનાં ઘરમાં મદારીના વાનરની પેઠે (સ્ત્રીઓ વડે અથવા તેઓની દાસીઓવડે) લઇ જવાય *છે;[૫૧-૫૨] એટલુંજ નહિ પણ (આવું ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું હોય છે, છતાં) ફરી બીજા જન્મમાં પણ હું આવો ચક્રવર્તી થાઉં અથવા ઇન્દ્ર થાઉં, આમ જેની તૃષ્ણા વધતી જતી હોય છે, એવો તે પુરુષ (નીચે સૂવું, બ્રહ્મચર્ય પાળવું

+ કેવળ આપની ભક્તિજ દુર્લભ છે; વિષયભોગો તો તુચ્છ છે; અને તેથી તે સ્વીકારવા યોગ્ય નથી, એવા આશયથી આઠ શ્લોકોમાં ભગવાનના અભક્ત પુરુષોને સંસારપ્રાપ્તિ વર્ણવે છે. —શ્રીધર

* વિષયસુખ તો ભૂંડ વગેરે પશુજાતિમાં પણ છે; પણ ભગવાનનું ભજન મનુષ્યજન્મ વિના કદી થઇ શકતું નથી; છતાં મનુષ્યજન્મ પામીને જે ભગવાનને ભજતો નથી, તે અત્યંત મૂર્ખ છે, એ કહે છે.—શ્રીધર

+ આવા પ્રકારના શરીરસંબંધે બુદ્ધિથી આવો વિચાર કરી, જાણીને પણ જેઓ શ્રીહરિનું ભજન કરતા નથી, તેઓ પોતેજ પોતાના શત્રુઓ છે, એમ સમજવું જોઇએ. કહ્યું છે કે: **योनेः सहस्राणि बहूनि गत्वा दुःखेन लब्ध्वाऽपि मनुष्यदेहम्। सुखावहं ये न भजन्ति विष्णुं ते वै मनुष्यात्मनि शत्रुभूताः॥** હજારો યોનિમાં દુ:ખપૂર્વક ભટક્યા પછી સુખકારક મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને પણ જેઓ પ્રભુનું ભજન કરતા નથી, તેઓ પોતેજ પોતાના શત્રુ છે.—શ્રીધર

* અર્થાત્ મરણ પહેલાં પણ સમગ્ર દિશાઓને જીતનારા મહારાજાને પણ પરતંત્રતાનું દુ:ખ તો તેવું ને તેવુંજ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વગેરે) તપશ્ચરણમાં અત્યંત સ્થિતિ કરે છે; ભોગ-વૈભવોનો ત્યાગ કરે છે અને તેજ લાલચથી ધન વગેરેનું દાન કરતો આવાં આવાં કર્મો કરે છે, પણ સુખ ભોગવી શકતો નથી.[૫૩] હે અચ્યુત ! એમ ભટકતાં ભટકતાં (આપના અનુગ્રહથી) મનુષ્યના સંસારનો જ્યારે અંત આવે છે, ત્યારે તેને સત્પુરુષોનો સમાગમ થાય છે અને સત્પુરુષોનો સમાગમ થાય છે, ત્યારેજ (સર્વ સંગની નિવૃત્તિ થતાં) સત્પુરુષોના પરમ આશ્રયરૂપ અને કાર્યકારણના નિયંતા એવા આપને વિષે બુદ્ધિ થાય છે–આપની ભક્તિ સૂઝે છે.[૫૪] હે ઈશ્વર ! મને તો આપોઆપજ રાજ્યસંબંધ છૂટી ગયો છે, તે આપે મારા પર અનુગ્રહ કર્યો છે, એમ હું માનું છું. કારણ કે (તપશ્ચર્યા માટે) એકલા ફરવાની ઇચ્છાથી વનમાં નીકળી પડવા ઇચ્છતા વિવેકી ચક્રવર્તી રાજાઓ પણ આપનો અનુગ્રહ ઇચ્છે છે.[૫૫] હે પ્રભો ! દેહાભિમાનનો ત્યાગ કરનાર પુરુષોએ અત્યંત પ્રાર્થના કરવા યોગ્ય એવા આપની પાસેથી આપના ચરણની સેવા વિના બીજું કંઇ પણ હું ઇચ્છતો નથી. કારણ કે હે શ્રીહરિ ! કયો વિવેકી પુરુષ આપ મોક્ષદાતાને આરાધીને આત્માને બંધનકારક વર માગે ? (વિવેકી પુરુષ તો આપની પાસેથી વર નજ માગે; પરંતુ આપની ચરણસેવાજ માગે.) માટે હે ઈશ્વર ! રજોગુણ, તમોગુણ તથા સત્ત્વગુણથી બંધાતી ÷સર્વ કામનાઓનો ત્યાગ કરીને હું નિરંજન, નિર્ગુણ, એક અને જ્ઞાનઘન એવા આપ પરમપુરુષ–ઈશ્વરને શરણે આવ્યો છું.[૫૬-૫૭] હે શરણ આપનાર પરમાત્મન્ ! આ સંસારમાં હું ઘણા લાંબા વખતથી કર્મોનાં ફળોને લીધે પીડાઉં છું; તેમજ ઘણા લાંબા સમયથી વાસનાઓને લીધે તપી રહ્યો છું; છતાં હજી સુધી મારા છ ઇન્દ્રિયોરૂપી શત્રુઓ તૃષ્ણાથી રહિત થયા નથી અને તેને લીધેજ હજી સુધી કોઇ પણ રીતે મને શાંતિ મળી નથી; માટે હું નિર્ભય, સત્ય અને શોકરહિત એવા આપના ચરણકમળના શરણે આવ્યો છું; તો હે ઈશ્વર ! આપત્તિઓથી વ્યાપ્ત એવા મારું આપ રક્ષણ કરો.'[૫૮]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે ચક્રવર્તી મહારાજ ! તમારી બુદ્ધિ નિર્મળ અને ઓજસ્વી છે; કારણ કે મેં તમને વરોથી લોભાવ્યા છતાં તમારી બુદ્ધિ કામનાઓને અધીન થઇ નથી.[૫૯] મેં તમને વરોથી લોભાવ્યા, પણ તે તમને પ્રમાદ માટે કદી થાયજ નહિ. કારણ કે એકાંતભક્તોની મારા વિષેની બુદ્ધિ, અનેક વિષયો આવી મળે તોપણ (તે વિષયોમાં) કદી આસક્ત થતી નથી.[૬૦] હે રાજન્! પ્રાણાયામ વગેરેથી મનનો નિરોધ કરવા મથતા અભક્ત પુરુષોનું મન ક્ષીણ વાસનાવાળું થતું નથી અને તેથીજ તેઓનું મન ફરી વિષયાભિમુખ થતું જોવામાં આવે છે.[૬૧] તમે મારામાં મન સ્થાપીને તમારી ઇચ્છાનુસાર પૃથ્વી પર વિચર્યા કરો. તમને મારામાં નિત્ય અવિનાશી ભક્તિ રહ્યા કરો.[૬૨] તમે તમારા ક્ષત્રિયધર્મમાં રહી મૃગયા વગેરેથી અનેક પ્રાણીઓને મારી નાખ્યાં છે; માટે મારો આશ્રય કરી એકાગ્ર મનવાળા થઇને તપશ્ચર્યા વડે તે પાપનો તમે નાશ કરી +નાખો. હે રાજન્ ! તમે આ પછીના જન્મમાં સર્વ પ્રાણીઓના પરમ મિત્ર ઉત્તમ બ્રાહ્મણ થઇને કેવળ એકજસ્વરૂપ મને પ્રાપ્ત થશો.[૬૩-૬૪]

जन्मन्यनंतरे राजन् सर्वभूतसुहृत्तमः ।
भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥६४॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૧ મો સમાપ્ત

÷ ઐશ્વર્ય વગેરેની કામનાઓ રજોગુણથી બંધાય છે, શત્રુઓને મારી નાખવા વગેરેની કામનાઓ તમોગુણથી બંધાય છે અને ધર્મ વગેરે કરવાની કામનાઓ સત્ત્વગુણથી બંધાય છે. —શ્રીધર

+ આમ કહીને ભગવાને એક જાતની યુક્તિ જેવું બતાવી મુચુકુંદને ખાલી ડરાવ્યો છે અને તે એટલાજ માટે કે, લોકો તપશ્ચર્યા કરવામાં તત્પર રહે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

अध्याय ५२ मो×

રુકિમણીના સંદેશાને શ્રીકૃષ્ણ-નું અનુમોદન

॥ श्रीशुक उवाच ॥

इत्थं सोऽनुगृहीतोऽङ्ग कृष्णेनेक्ष्वाकुनंदनः ।
तं परिक्रम्य संनम्य निश्चक्राम गुहामुखात् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! શ્રીકૃષ્ણે એ પ્રમાણે અનુગ્રહ કર્યો, એટલે ઇક્ષ્વાકુના વંશનો પુત્ર રાજા મુચુકુંદ તેમને પ્રદક્ષિણા અને પ્રણામ કરીને ગુફાના દ્વારમાંથી બહાર નીકળ્યો. તેણે (બહાર આવીને) જોયું તો મનુષ્યો, પશુઓ, લતાઓ તથા વનસ્પતિઓ અલ્પ પ્રમાણનાં (ટૂંકાં) થઇ ગયાં હતાં. તે પરથી કલિયુગને આવી પહોંચેલો જાણી તે રાજા ઉત્તરદિશામાં ચાલી નીકળ્યો અને તપમાં શ્રદ્ધાવાળો, ધીર, સર્વ સંગથી રહિત તથા સંશયોથી મુક્ત થયેલો તે રાજા મનને શ્રીકૃષ્ણમાં સ્થાપી દઇ ગંધમાદન પર્વતમાં દાખલ થયો.[1-3] ત્યાં નર—નારાયણના નિવાસસ્થાન બદ્રિકાશ્રમમાં પહોંચી જઇ, ટાઢતડકો વગેરે સર્વ સહન કરી, શાંત થઇને તપશ્ચર્યાથી શ્રીહરિનું આરાધન કરવા લાગ્યો. આ તરફ શ્રીકૃષ્ણ ભગવાને યવનોએ ઘેરી લીધેલી મથુરા નગરીમાં પાછા આવી મ્લેચ્છોના સૈન્યનો નાશ કર્યો અને તેઓના ધનને દ્વારકામાં લઈ જવા માંડ્યું.[4-5] શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી માણસો, પોઠિયાઓ પર ચડાવી ચડાવીને તે ધન દ્વારકામાં લઈ જતા હતા; તેવામાં ત્રેવીસ અક્ષૌહિણીઓથી વીંટાયલો જરાસંધ મથુરા પર ચડી આવ્યો.[6] હે રાજન્! શત્રુના સૈન્યનો અત્યંત વેગ જોઇને મનુષ્યચેષ્ટાને પામેલા શ્રીકૃષ્ણ અને બળદેવજી એકદમ ત્યાંથી નાઠા[7] અને પુષ્કળ ધન ત્યાં પડતું મૂકી તેઓ બન્ને જો કે ભય પામ્યા ન હતા, છતાં બીકણથી પણ બીકણ હોય તેમ કમળની પાંખડી જેવા પગથી અનેક યોજન સુધી નાસી ગયા.[8] બળવાન જરાસંધ તેઓ બન્નેને નાસી જતા જોઇ ખૂબ હસવા લાગ્યો અને મહાસમર્થ એવા તેઓ બન્નેના પ્રમાણને નહિ જાણી રથોનાં સૈન્યો સાથે તેઓની પાછળ દોડ્યો. શ્રીકૃષ્ણ અને બળદેવજી અત્યંત દૂર સુધી દોડી જઇ ઘણાજ થાકી ગયા, જેથી તેઓ બન્ને પ્રવર્ષણ નામના એક ઊંચા પર્વત પર ચડી ગયા, કે જ્યાં ભગવાન ઇન્દ્ર (મેઘરાજા) હમેશાં વરસ્યા કરે છે. હે રાજા! શ્રીકૃષ્ણ—બળદેવને તે પર્વતમાં છુપાઇ ગયેલા જાણી જરાસંધે તેમાં તેમની ઘણીજ શોધ કરી; પણ તેઓનું છુપાવાનું સ્થાન નહિ જાણીને એ પર્વતની ચારે તરફ લાકડાં ગોઠવી દઇ, અગ્નિ નાખીને આખા પર્વતને તેણે બાળી મૂક્યો.[9-11] પછી બળતા કિનારાવાળા ને અગિયાર યોજન ઊંચા તે પર્વત ઉપરથી તેઓ બન્ને જણા ઘણાજ બળથી કૂદ્યા અને (જરાસંધના સૈન્યના પડાવને ઓળંગી તેનાથી આગળ) નીચે જમીન ઉપર પડ્યા.[12] હે રાજન્! પોતાના અનુયાયીઓ સહિત એવા શત્રુ વડે નહિ જણાયલા યદૂત્તમ શ્રીકૃષ્ણ તથા બળદેવજી સમુદ્રરૂપ ખાઈવાળી પોતાની નગરી દ્વારકામાં પાછા જઇ પહોંચ્યા.[13] પેલો જરાસંધ પણ શ્રીકૃષ્ણ તથા બળદેવજી અહીં બળી ગયા હશે, એમ મિથ્યા માની લઇને પોતાના મહાન સૈન્યની સાથે મગધ દેશ તરફ ચાલ્યો ગયો.[14] આનર્ત્ત દેશ (ઓખામંડળ)ના અધિપતિ રૈવત રાજાએ પોતાની રેવતી નામની કન્યા, બ્રહ્માની પ્રેરણાથી બળદેવને આપી હતી, એમ પહેલાં (નવમ સ્કંધમાં) કહેવાઈ ગયું છે.[15] હે કુરુવંશી રાજા! ભગવાન શ્રીકૃષ્ણ પણ, લક્ષ્મીદેવીના અંશરૂપ ભીષ્મક રાજાની પુત્રી રુકિમણીને સ્વયંવરમાં પરણ્યા હતા.[16] ગરુડ જેમ દેવોને હરાવીને અમૃત

× આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણ, જાણે ભયભીત થયા હોય તેમ દોડતા દ્વારકા નગરીમાં ગયા અને ત્યાં એક બ્રાહ્મણે કહેલા રુકિમણીના સંદેશાને તેમણે અનુમોદન આપ્યું' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરી લે, તેમ ભગવાન પણ શિશુપાલના પક્ષના શાલ્વ વગેરે રાજાઓને બળથી હરાવીને સર્વ લોકોના દેખતાં (હરણ કરી) સ્વયંવરમાં રુક્મિણીને પરણ્યા હતા."[૧૭]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"ભગવાન કૃષ્ણ સુંદર મુખવાળી ભીષ્મક રાજાની પુત્રી રુક્મિણીને ÷રાક્ષસવિધિથી પરણ્યા હતા, એમ અમે સાંભળ્યું છે.[૧૮] માટે હે ભગવન્! શ્રીકૃષ્ણે માગધ, શાલ્વ વગેરે રાજાઓને જીતીને જે રીતે કન્યાનું હરણ કર્યું હતું, તે અમાપ તેજવાળા શ્રીકૃષ્ણનું ચરિત્ર હું સાંભળવા ઇચ્છું છું.[૧૯] હે બ્રહ્મન્! કાનને મીઠી લાગતી, નિત્ય નવી જણાતી અને લોકોનાં પાપરૂપી મેલનો નાશ કરનારી શ્રીકૃષ્ણની પવિત્ર કથાઓ સાંભળતાં કયા વિદ્વાન મનુષ્યને તૃપ્તિ થાય?"[૨૦]

શ્રીશુકદેવજી બોલ્યા:—"ભીષ્મક નામે વિદર્ભ (વરાડ) દેશનો અધિપતિ એક મહાન રાજા હતો; તેને પાંચ પુત્રો હતા અને સુંદર મુખવાળી એક કન્યા હતી.[૨૧] સર્વ પુત્રોમાં રુક્મી મોટા હતો; તેનાથી નાના રુક્મરથ, રુક્મબાહુ, રુક્મકેશ અને રુક્મમાલી નામના હતા અને સતી રુક્મિણી નામની તેઓની બહેન હતી.[૨૨] તેણે પોતાને ઘેર આવેલા લોકોથી ગવાતાં શ્રીકૃષ્ણનાં રૂપ, પરાક્રમ, ગુણો તથા લક્ષ્મીને સાંભળીને તેમને પોતાના યોગ્ય પતિ માન્યા હતા.[૨૩] તેમજ શ્રીકૃષ્ણે પણ બુદ્ધિ, લક્ષણો, ઉદારતા, રૂપ, શીલ તથા ગુણોના આશ્રયરૂપ તે રુક્મિણીને પોતાને યોગ્ય સ્ત્રી માનીને તેને પરણવાનું મન કર્યું હતું.[૨૪] હે રાજા! રુક્મિણીનાં સર્વ સંબંધીઓ શ્રીકૃષ્ણનેજ રુક્મિણી આપવા ઇચ્છતાં હતાં; પણ શ્રીકૃષ્ણના શત્રુ રુક્મીએ સર્વ સંબંધીઓનો અનાદર કરી એ વાતની ના પાડીને પોતાની બહેનને શિશુપાલ સાથે આપવા નિશ્ચય કર્યો હતો.[૨૫] તે જાણી શ્યામ કટાક્ષવાળી રુક્મિણી મનમાં ઘણીજ ઉદાસ થઈ ગઇ; તેણે એ વિષે વિચાર કરી પોતાના હિતેચ્છુ કોઇ બ્રાહ્મણને તુરતજ શ્રીકૃષ્ણ પાસે (સંદેશો કહેવા) મોકલી દીધો.[૨૬] તે બ્રાહ્મણ દ્વારકામાં જઈ પહોંચ્યો, એટલે દ્વારપાલોએ તેને (રાજમહેલમાં) દાખલ કર્યો; ત્યાં સુવર્ણના સિંહાસન પર બિરાજેલા આદિપુરુષ શ્રીકૃષ્ણને તેણે જોયા. બ્રાહ્મણપાલક શ્રીકૃષ્ણદેવ તે બ્રાહ્મણને જોઇ પોતાના આસન પરથી નીચે ઉતરી પડ્યા અને તેને પોતાના આસન ઉપર બેસાડીને, દેવો જેમ પોતાનું પૂજન કરે છે, તેમ તે બ્રાહ્મણનું તેમણે પૂજન કર્યું.[૨૭।૨૮] પછી તે બ્રાહ્મણે ભોજન કરી વિશ્રાંતિ લીધી એટલે સત્પુરુષોની ગતિરૂપ શ્રીકૃષ્ણ તેની પાસે જઇને પોતાના હાથ વડે તેના બન્ને ચરણોને ધીમે ધીમે ચાંપતા સાવધાન થઈ પૂછવા લાગ્યા કે,[૨૯] 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! અત્યંત કષ્ટ વિના અનાયાસે જે કંઈ મળી આવે, તેથી મનમાં સદા સંતુષ્ટ રહેતા એવા તમારો વૃદ્ધ પુરુષોએ માન્ય કરેલો ધર્મ બરાબર ચાલે છે ને?[૩૦] બ્રાહ્મણ જે કંઈ (અનાયાસે) મળી આવે, તેથી જો સંતુષ્ટ રહે છે અને પોતાના ધર્મથી ભ્રષ્ટ થતો નથી તો તેનો એ ધર્મજ તેની સમગ્ર કામનાઓને પૂર્ણ કરે છે.+[૩૧] ઇન્દ્ર પોતે પણ જો અસંતુષ્ટ હોય છે, તો (એક સ્થળે નહિ રહેતાં) સર્વ લોકોમાં વારંવાર ભટક્યા કરે છે—શાંતિથી એક સ્થળે રહી શકતો નથી; ત્યારે કોઈ નિર્ધન મનુષ્ય પણ જો સંતુષ્ટ હોય છે, તો સર્વાંગે શાંત રહીને (સુખેથી) સૂઇ શકે છે.*[૩૨] જે બ્રાહ્મણો પોતાને કંઈ (અનાયાસે) મળી આવે તેથી સંતુષ્ટ રહે છે, પ્રાણીમાત્રના મિત્ર હોય છે, અહં-

÷ राक्षसो युद्धहरणात्—યુદ્ધમાં હરણ કરી કન્યા પરણવી તે રાક્ષસવિવાહ છે, આ સ્મૃતિવચનના આધારે અહીં કહ્યું છે કે, 'રાક્ષસવિધિથી.'

+ અથવા એવો સંતોષી ને સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ સમગ્ર જગતની કામનાઓ પૂર્ણ કરી શકે છે. —શ્રીધર

* संतोषः परमं सुखम् એ સૂત્રનું અહીં સ્મરણ કરાવે છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારરહિત હોય છે અને શાંત હોય છે, તેવા ઉત્તમ બ્રાહ્મણોને હું વારંવાર શિરસા પ્રણામ કરું છું.[૩૩] હે બ્રહ્મન્! તમારા રાજાથી તમારું કુશળ છે ને? જે રાજાના દેશમાં રક્ષણ કરાતી પ્રજાઓ સુખથી રહે છે, તે રાજા મને પ્રિય થાય છે.[૩૪] તમે સમુદ્ર તરીને જે સ્થાનેથી અને જે ઇચ્છાથી અહીં આવ્યા છો, તે સર્વ જો ગુપ્ત ન હોય તો અમને કહો, અમે તમારું કયું કાર્ય કરીએ?' એ પ્રમાણે લીલા માટે શરીર ધારણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે પ્રશ્ન કર્યો એટલે તે બ્રાહ્મણે (રુક્મિણીના સંદેશારૂપ) સર્વ વાર્તા ભગવાન આગળ વર્ણવવા માંડી.×[૩૫,૩૬]

રુક્મિણી સંદેશો કહે છેઃ—'હે ભુવનસુંદર શ્રીકૃષ્ણ! કાનનાં છિદ્રોદ્વારા શ્રોતાઓનાં હૃદયમાં પ્રવેશ કરી અંગના તાપને દૂર કરતા આપના ગુણોને સાંભળીને તેમજ નેત્રોવાળાઓનાં નેત્રોને સંપૂર્ણ અર્થલાભરૂપ એવું આપનું રૂપ સાંભળીને મારું મન÷ નિર્લજ્જ થઇ આપમાં આસક્ત થયું છે.[૩૭] હે મુકુંદ! હે પુરુષશ્રેષ્ઠ! કુળ, શીલ, રૂપ, વિદ્યા, વય, ધન તથા પ્રભાવથી કેવળ પોતાનીજ સમાન (એટલે નિરુપમ) અને મનુષ્યલોકના મનને આનંદ આપનારા એવા આપને પોતે કુળવાન, મોટા ગુણવાળી અને ધીરજવાળી કઇ કન્યા વિવાહ વખતે (પોતાના પતિ તરીકે) ન સ્વીકારે?[૩૮] માટે પ્રભો! આપનેજ મેં મારા પતિ તરીકે સ્વીકાર્યા છે અને મારો આત્મા મેં આપનેજ અર્પણ કર્યો છે; તો આપ (અહીં પધારીને) મને આપની પત્ની બનાવો; પણ હે કમળનયન! શિયાળ જેમ સિંહના ભાગનો સ્પર્શ કરી શકે નહિ, તેમ શિશુપાલ (અહીં ઉતાવળો આવીને) આપ વીર પુરુષના ભાગરૂપ મારો સ્પર્શ ન કરો.[૩૯] મેં વાવ–કૂવા બંધાવીને, અગ્નિહોત્રાદિ કરીને, સુવર્ણાદિનાં દાન આપીને, તીર્થાટન વગેરે નિયમો પાળીને, ચાંદ્રાયણ વગેરે વ્રતો કરીને તથા દેવ–બ્રાહ્મણ–ગુરુ વગેરેની પૂજાદિ કરીને પરમેશ્વરનું જો પૂર્ણ આરાધન કર્યું હોય, તો ગદના મોટા ભાઇ શ્રીકૃષ્ણ ભગવાન અહીં આવીને મારું પાણિગ્રહણ કરો; પણ બીજા શિશુપાલ વગેરે મારું પાણિગ્રહણ ન કરો.[૪૦] હે અજિત! +આવતી કાલે થનારા વિવાહમાં આપ સેનાપતિઓથી વીંટળાઇને વિદર્ભ દેશમાં પધારજો અને શિશુપાલ તથા જરાસંધના સૈન્યનો પરાજય કરીને બળથી, પરાક્રમ એજ જેનું મૂલ્ય છે એવી મને આપ રાક્ષસવિધિથી પરણજો. કદાચ આપ કહો કે, 'તું તો અંતઃપુરની વચ્ચે રહેનારી છે; તેથી તારાં સગાં–સંબંધીઓનો વધ કર્યા સિવાય હું તને શી રીતે પરણી શકું?' તો (હું એક ઉપાય દર્શાવું છું. અમારા કુળમાં) વિવાહના આગલા દિવસે કુળદેવીની મોટી યાત્રા કરવાની હોય છે; જે યાત્રામાં નવીન વધૂ થનારી કન્યા નગરની બહાર પાર્વતીજીનાં દર્શન કરવા જાય છે. (અર્થાત્ અમારા કુળના રિવાજ પ્રમાણે હું જ્યારે પાર્વતીનાં દર્શન કરવા માટે શહેરની બહાર પાર્વતીના મંદિરમાં આવું, ત્યારે ત્યાંથી મારું હરણ કરવું આપને સહેલું થશે અને મારાં કોઈ સગાં–સંબંધીઓનો પણ એથી વધ કરવાનો પ્રસંગ નહિ આવે.)[૪૧,૪૨] હે કમળનયન શ્રી-

× અર્થાત્ 'रुक्मिण्या स्वयमेकांते लिखित्वा दत्तपत्रिकाम् । मुद्रामुन्मुच्य कृष्णाय प्रेमचिह्नामदर्शयत् ॥१॥

રુક્મિણીએ પોતે એકાંતમાં લખીને પ્રેમના ચિહ્નરૂપ જે પત્રિકા આપી હતી, તે પત્રિકાને ખોલીને બ્રાહ્મણે શ્રીકૃષ્ણને બતાવી. પછી શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં તે બ્રાહ્મણેજ તે પત્રિકા વાંચવા માંડી. —શ્રીધર

÷ આપનો મહિમા કયાં અને રૂપ, કુળ તથા શીલ વગેરેથી યુક્ત છતાં પણ હું કયાં? મારા મને આપમાં આસક્ત થતાં શરમાવું જોઇએ, છતાં શરમાતું નથી ને આપમાં આસક્ત થાય છે. —શ્રીધર

+ કદાચ શ્રીકૃષ્ણ કહે કે, તારા સંબંધીઓએ તને શિશુપાલ વેરે આપી દીધી છે; તો હવે તેમાં શું બની શકે? તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કૃષ્ણ! ઉમાપતિ શંકરની પેઠે બીજા પણ મહાન પુરુષો પોતાના અજ્ઞાનનો નાશ કરવા માટે આપના ચરણકમળની રજમાં સ્નાન કરવા ઇચ્છે છે, તે આપની કૃપાને (આ જન્મમાં) જો હું નહિ મેળવું, તો ઉપવાસ વગેરે વ્રતો કરી દુર્બળ કરી નાખેલા મારા પ્રાણનો હું ત્યાગ કરીશ; અને એમ (કરતાં કરતાં) સેંકડો જન્મોએ પણ આપની કૃપા મારા પર થશેજ.[43]

બ્રાહ્મણ બોલ્યો:–'હે યદુદેવ! રુક્મિણીનો આ ગુપ્ત સંદેશો મેં આપને લાવી આપ્યો છે; તો હવે જે કરવું હોય તેનો વિચાર કરીને તુરત કરો.'[44]

इत्येते गुह्यसंदेशा यदुदेव मयाऽऽहृताः ।
विमृश्य कर्तुं यच्चात्र क्रियतां तदनंतरम् ॥४४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૨ મો સમાપ્ત

अध्याय ५३ मो*

રુક્મિણીનું હરણ

॥ श्रीशुक उवाच ॥

वैदर्भ्याः स तु संदेशं निशम्य यदुनंदनः ।
प्रगृह्य पाणिना पाणिं प्रहसन्निदमब्रवीत् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"યદુનંદન શ્રીકૃષ્ણે રુક્મિણીનો તે સંદેશો સાંભળી પેલા બ્રાહ્મણનો હાથ પોતાના હાથથી પકડીને હસતાં હસતાં આ પ્રમાણે કહ્યું."[1]

શ્રીભગવાન બોલ્યા:–'જેવી રીતે રુક્મિણીનું મન મારામાં છે, તેજ પ્રમાણે મારું મન રુક્મિણીમાં છે, જેને લીધે રાત્રિમાં મને નિદ્રા પણ આવતી નથી. હું જાણું છું કે, (તેના મોટા ભાઇ) રુક્મીએ મારા પરના દ્વેષને લીધે (રુક્મિણી સાથે) મારો વિવાહ અટકાવ્યો છે.[2] પણ કાષ્ઠમાંથી જેમ અગ્નિની શિખાને બહાર કાઢવામાં આવે, તેમ હું યુદ્ધક્ષેત્રમાં હલકટ રાજાઓનો પરાજય કરી મારામાં પરાયણ રહેતી તે નિર્દોષ અંગવાળી રુક્મિણીને લાવીશ.'[3]

શ્રીશુકદેવજી બોલ્યા:–"મધુસૂદન શ્રીકૃષ્ણે રુક્મિણીના વિવાહનું નક્ષત્ર જાણી લઇ દારુક સારથિને આજ્ઞા કરી કે, 'ઓ દારુક! સત્વર રથ જોડ.'[4] શ્રીકૃષ્ણની એ આજ્ઞા થતાંજ દારુક સારથિ શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ચાર ઘોડાઓ જોડીને રથ લાવી, બે હાથ જોડી આગળ ઊભો રહ્યો.[5] એટલે શ્રીકૃષ્ણ, રથ ઉપર બેસી જઇ પેલા બ્રાહ્મણને પણ બેસાડી દઇ ઉતાવળે ચાલનારા ઘોડાઓથી એકજ રાત્રિમાં આનર્ત્ત–ઓખામંડળથી વિદર્ભ દેશમાં જઇ પહોંચ્યા.[6] તે વખતે કુંડિનપુરનો રાજા ભીષ્મક પુત્રસ્નેહને વશ થઇ પોતાની કન્યાને શિશુપાલ વેરે આપવા તૈયારી કરતો હતો અને વિવાહને લગતાં કામ કરાવી રહ્યો હતો.[7] કુંડિનપુરના રાજમાર્ગો, શેરીઓ તથા બજારોને વાળીઝાડી સાફ કરાવવામાં આવ્યાં હતાં અને ત્યાં ત્યાં પાણી છંટાવી દીધાં હતાં; રંગબેરંગી ધ્વજા, પતાકાઓ તથા તોરણોથી તે શહેર શણગારી દીધું હતું અને નગરનાં સ્ત્રીપુરુષો પણ એ વેળા પુષ્પમાળાઓ, ચંદન, પુષ્પો, અલંકારો તથા નિર્મળ વસ્ત્રો ધારણ કરીને સુશોભિત થઇ રહ્યાં હતાં; તેમજ નગરનાં શોભાયમાન ઘરો અગરના ધૂપોથી મધમધી રહ્યાં હતાં.[8,9] હે રાજા! પિતૃઓનું તથા દેવોનું વિધિ પ્રમાણે પૂજન કરી ભીષ્મક રાજાએ ઘટતી રીતે બ્રાહ્મણભોજન કરાવ્યું અને પછી સારી રીતે નાહેલી, સુંદર દાંતવાળી, વિવાહસૂત્ર બાંધી મંગળ કરેલી અને નવાં બે વસ્ત્રોથી તથા ઉત્તમ આભૂષણોથી શણગારેલી કન્યા રુક્મિણીનું સ્વસ્તિવાચન કરાવ્યું.[10,11] ઉત્તમ બ્રાહ્મણો સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે વિદર્ભ દેશમાં જઇ અદ્દ્ભુત પરાક્રમ કરી શત્રુઓના દેખતાં બળથી રુક્મિણીનું હરણ કર્યું,' એ કથા કહેવામાં આવશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કન્યાની રક્ષા કરી રહ્યા હતા અને અથર્વવેદને જાણનારો પુરોહિત ગ્રહશાંતિને માટે હોમ કરી રહ્યો હતો. વિધિવેત્તાઓમાં શ્રેષ્ઠ તે રાજા ભીષ્મક પણ બ્રાહ્મણોને સોનાનાં, રૂપાનાં, વસ્ત્રોનાં, ગોળ સહિત તલનાં તથા ગાયોનાં દાન કરી રહ્યો હતો; એજ પ્રમાણે બીજી બાજુ ચેદિરાજ દમઘોષ પણ પોતાના પુત્ર શિશુપાલના અભ્યુદયને યોગ્ય સર્વ કર્મ મંત્રવેત્તા બ્રાહ્મણો પાસે કરાવી રહ્યો હતો. તે રાજા મદઝરતા હાથીઓનાં સૈન્ય, સુવર્ણની માળાઓવાળા રથો અને પાયદળ તથા ઘોડાઓથી વ્યાપ્ત એવાં સૈન્યોને સાથે લઇ કુંડિનપુરમાં જઇ પહોંચ્યો હતો.[૧૨-૧૫] વિદર્ભ દેશના રાજા ભીષ્મકે તે દમઘોષ રાજા સામે જઇ, તેનો સત્કાર કરી (અગાઉથી) તૈયાર કરાવી રાખેલા બીજા ઉતારાઓમાં આનંદપૂર્વક તેને ઉતારા આપ્યા હતા; તેમજ શાલ્વ, જરાસંધ, દંતવક્ત્ર, વિદૂરથ ને બીજા પણ શિશુપાલપક્ષના હજારો રાજાઓ ત્યાં આવી પહોંચ્યા હતા.[૧૬,૧૭] તેઓ શ્રીકૃષ્ણ તેમજ બળરામના શત્રુઓ હતા; (હરકોઇ ઉપાયે) શિશુપાલ વેરે કન્યા પરણાવવાને તૈયાર હતા અને 'બળરામ વગેરે યાદવોથી વીંટાયલા કૃષ્ણ ત્યાં આવી કન્યાનું જો હરણ કરશે, તો આપણે બધાય એકઠા મળી તેની સાથે યુદ્ધ કરીશું' આવો તેઓએ મનમાં નિશ્ચય કર્યો હતો અને તેથીજ તે સર્વ રાજાઓ સમગ્ર સૈન્ય તથા વાહનો સાથે ત્યાં આવ્યા હતા.[૧૮,૧૯] આવી શત્રુરાજાઓની તૈયારી સાંભળીને તેમજ કન્યાનું હરણ કરવા માટે શ્રીકૃષ્ણને એકલા ગયેલા સાંભળીને પોતાના ભાઈ ઉપરના સ્નેહથી વ્યાપ્ત ભગવાન બળદેવ મનમાં લડાઇની શંકા કરીને હાથી, ઘોડા, રથ અને પાળાઓથી યુક્ત મોટા સૈન્ય સાથે સત્વર કુંડિનપુર જઇ પહોંચ્યા.[૨૦,૨૧] બીજી તરફ સુંદર નિતંબવાળી ભીષ્મકની કન્યા રુક્મિણી શ્રીહરિના આગમનની રાહ જોઇ રહી હતી; તે પેલા બ્રાહ્મણને પણ આવેલો નહિ જોતી તે વખતે વિચાર કરવા લાગી કે,[૨૨] 'અહો! આશ્ચર્યની વાત છે કે, મારા મંદભાગિનીના વિવાહને માત્ર એકજ રાત્રિ વચ્ચે છે, છતાં કમલનયન શ્રીકૃષ્ણ હજી આવ્યા નહિ! તેમાં શું કારણ હશે, તે હું જાણતી નથી. સંદેશો લઈ જનારો પેલો બ્રાહ્મણ પણ હજી ન આવ્યો;[૨૩] નિર્દોષ મનવાળા શ્રીકૃષ્ણે શું મારામાં કંઇ દોષ જોયો હશે?! અને તેથીજ મારા પાણિગ્રહણ માટે પ્રથમ તૈયાર થઇને (પછીથી દોષ જાણી) નહિ આવ્યા *હોય![૨૪] મને દુર્ભાગિનીને વિધાતા, શંકર અથવા શંકરપત્ની દેવી પાર્વતી સતી, અનુકૂળ નથી. (જેથી શ્રીકૃષ્ણ ન પધાર્યા.)'[૨૫] આવા વિચાર કરતી અને શ્રીકૃષ્ણે હરણ કરેલા મનવાળી બાલા–રુક્મિણી 'શ્રીકૃષ્ણને આવવાનો સમય હજી થયો નથી' એમ જાણીને (મનમાં કંઇક ધીરજવાળી થઈ) અશ્રુબિંદુઓથી ભરાઇ ગયેલાં નેત્રોને મીંચી ગઇ.[૨૬] હે રાજા! કન્યા રુક્મિણી એ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનના આવવાની રાહ જોઇ રહી હતી; તેવામાં તેને પ્રિય સૂચવનારાં તેનાં ડાબાં અંગ–સાથળ, ભુજા અને આંખ ફરકવા લાગ્યાં[૨૭] અને તેજ ક્ષણે શ્રીકૃષ્ણે મોકલેલો પેલો ઉત્તમ બ્રાહ્મણ અંતઃપુરમાં રહેનારી રાજપુત્રી દેવી રુક્મિણીને મળ્યો. પવિત્ર હાસ્ય કરતી સતી રુક્મિણી લક્ષણો જાણનારી હોઇને પ્રસન્ન મુખવાળા તે બ્રાહ્મણને અવ્યગ્ર દેહગતિવાળો જોઇ પૂછવા લાગી;[૨૮,૨૯] એટલે તે બ્રાહ્મણે 'શ્રીકૃષ્ણ અહીં આવી ગયા છે' એમ તેને જણાવ્યું અને શ્રીકૃષ્ણે તેનું હરણ કરવા માટે જે સત્ય વચન કહ્યું હતું, તે પણ કહી સંભળાવ્યું.[૩૦] રુક્મિણી, શ્રીકૃષ્ણ ભગવાનને ત્યાં પધારેલા જાણી મનમાં આનંદ પામી અને તે બ્રાહ્મણને આપવા

---

* અર્થાત્ પહેલાં મારા પાણિગ્રહણને માટે આવવા તૈયારી કરી હશે; પણ પાછળથી નીકળતી વખતે મારામાં કાંઈ દોષ જાણીને આવવા માટે ના પાડી હશે, જેથી તે બ્રાહ્મણ પણ ન આવ્યો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માટે બીજી કોઇ પ્રિય વસ્તુ નહિ જોતાં કેવળ તેણે તેને પ્રણામજ‡ કર્યા.૩૧ ત્યાર પછી પોતાની પુત્રીનો વિવાહ જોવા માટે ઉત્સુક એવા શ્રીકૃષ્ણને તથા બળદેવજીને આવેલા સાંભળી ભીષ્મક રાજા વાદિત્રોની ગર્જના સાથે પૂજાસાહિત્યો લઇને શ્રીકૃષ્ણ—બળદેવની સામા ગયા અને મધુપર્ક, નિર્મળ વસ્ત્રો તથા ઇચ્છિત ભેટો અર્પણ કરીને તેમણે તેઓ બન્નેનો વિધિપૂર્વક સત્કાર કર્યો.૩૨।૩૩ મહાબુદ્ધિમાન રાજા ભીષ્મકે, સૈન્ય તથા પરિવારની સાથે શ્રીકૃષ્ણ—બળદેવને શોભાયમાન ઉતારો આપીને યથાયોગ્ય રીતે તેમનો અતિથિસત્કાર કર્યો.૩૪ એજ પ્રમાણે ત્યાં આવેલા બીજા રાજાઓનો પણ ભીષ્મકે તેઓનાં પરાક્રમ, વય, બળ તથા ધનને અનુસરતી સર્વ કામનાઓ પૂરી પાડીને સારી રીતે સત્કાર કર્યો.૩૫ બીજી તરફ શ્રીકૃષ્ણ ભગવાનને આવેલા સાંભળી વિદર્ભપુરના રહેવાસીઓ ત્યાં આવીને પોતાનાં નેત્રોરૂપી અંજલિઓથી તેમના મુખકમળને પીવા લાગ્યા અર્થાત્—જોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે,૩૬ 'રુક્મિણીજ આ શ્રીકૃષ્ણની પત્ની થવાને યોગ્ય છે, બીજી કોઈ પણ સ્ત્રી આમની પત્ની થવાને યોગ્ય નથી; તેમજ નિર્દોષ દેહવાળા આ શ્રીકૃષ્ણ પણ રુક્મિણીના યોગ્ય પતિ છે.૩૭ જો આપણું કંઇ પણ પુણ્ય હોય અને તે પુણ્યથી ત્રણ લોકના કર્તા—પરમેશ્વર જો આપણા પર પ્રસન્ન હોય, તો તે પરમેશ્વર આપણા પર એજ અનુગ્રહ કરે કે, શ્રીકૃષ્ણ રુક્મિણીનું પાણિગ્રહણ કરે.' એ પ્રમાણે પ્રેમના અંશથી બંધાઇને નગરવાસીઓ કહી રહ્યાં હતાં, તેવામાં કન્યા રુક્મિણી, યોદ્ધાઓના રક્ષણ તળે રહીને અંતઃપુરમાંથી પાર્વતી દેવીના મંદિર તરફ જવા લાગી.૩૮।૩૯ એ વેળા રુક્મિણી, શ્રીકૃષ્ણના ચરણકમળનું સારી રીતે ધ્યાન કરતી હતી અને પાર્વતીજીનાં ચરણપલ્લવનાં દર્શન કરવા માટે પગે ચાલતી જતી હતી.૪૦ તેણે મૌન ધારણ કર્યું હતું; માતાઓ સાથે સખીઓ તેને વીંટળાઇ વળી હતી; કવચધારી શૂરાં રાજયોદ્ધાઓ હથિયારો ઊંચાં રાખી તેનું રક્ષણ કરતા હતા અને (તેની આગળ) મૃદંગ, શંખ, પણવ, વાજાં તથા ભેરીઓ વાગી રહ્યાં હતાં.૪૧ અનેક જાતનાં નૈવેદ્યો તથા બલિદાનો લઇને હજારો ઉત્તમ વેશ્યાઓ તેની સાથે જતી હતી અને પુષ્પમાળાઓ, ચંદન, વસ્ત્રો તથા અલંકારોથી સારી રીતે શણગારેલી બ્રાહ્મણપત્નીઓ પણ તેની સાથે જતી હતી.૪૨ તે ઉપરાંત ગવૈયાઓ, વાદિત્ર વગાડનારાઓ, સૂતો, માગધો તથા બંદિજનો—ભાટ—ચારણ વગેરે તે કન્યાને વીંટળાઇ વળી ગાતા અને સ્તુતિ કરતા જતા હતા.૪૩ દેવીના મંદિરે પહોંચી તેણે પોતાના ચરણકમળ તથા હસ્તપલ્લવ ધોયા અને જળનું આચમન કરી, પવિત્ર તથા શાંત થઇ પાર્વતી સમીપ તેણે પ્રવેશ કર્યો.૪૪ એટલે વિધિને જાણનારી વૃદ્ધ બ્રાહ્મણસ્ત્રીઓએ તે કન્યાને શંકર સહિત પાર્વતીજીને વંદન કરાવ્યું.૪૫ પછી (રુક્મિણીએ પ્રાર્થના કરી કે) 'હે* અંબિકે દેવિ! પોતાનાં સંતાનો ગણેશ આદિસહિત આપ મંગળમૂર્તિને હું વારંવાર પ્રણામ કરું છું. શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ અને આપ તે વાતને અનુમોદન આપો.'૪૬ એમ પ્રાર્થના કરીને જળ, ચંદન, અક્ષત, ધૂપ, વસ્ત્ર, પુષ્પમાળા, છૂટાં પુષ્પો, અલંકારો, જાતજાતનાં નૈવેદ્યો, બલિદાનો અને

‡ અર્થાત્ આ કાર્ય માટે તો સર્વસ્વ આપી દેવામાં આવે, તોપણ ઓછુંજ છે, એમ માની તે બદલ આપવાની કોઇ પણ વસ્તુ પોતાને પ્રિય નહિ જોતી તે વખતે કેવળ તેને નમીજ પડી અને પાછળથી તે બ્રાહ્મણને પુષ્કળ દ્રવ્ય અર્પણ કર્યું; અથવા મને લક્ષ્મીદેવીને જેઓ નમે છે, તેઓ સર્વ સંપત્તિઓનું પાત્ર બને છે; તો પછી હું લક્ષ્મીદેવી પોતે જેને નમન કરું છું, તે તો સર્વ સંપત્તિઓનું પાત્ર બને એમાં શું નવાઇ છે? એમ માની પોતાના નમનથી બીજું કંઇ પણ પ્રિય નહિ જોતી નમી પડી. —શ્રીધર

* આ શ્લોક રુક્મિણીને તેજ વખતે સ્ફુરેલા એક મંત્રરૂપ ગણાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીપમાળાઓથી જુદી જુદી રીતે તેણે દેવીનું પૂજન કર્યું; તેમજ તે પૂજાસાહિત્યો અને મીઠું, માલપૂડા, તાંબૂલ, કંઠીઓ, ફળો અને શેરડીઓ અર્પણ કરી સુવાસિની બ્રાહ્મણીઓનું પણ તેણે પૂજન કર્યું.[૪૭,૪૮] તે પછી એ બ્રાહ્મણીઓએ તેને શેષ (પ્રસાદ) આપી આશીર્વાદો આપ્યા; એટલે રુક્મિણીએ દેવીને તથા તે બ્રાહ્મણસ્ત્રીઓને નમસ્કાર કર્યા ને શેષ ગ્રહણ કરી. પછી મૌનવ્રત છોડીને રુક્મિણી, રત્નજડિત વીંટીઓથી શોભતા હાથથી પોતાની સખીને ગ્રહણ કરીને (એટલે સખીના ગળામાં હાથ નાખીને) દેવીના મંદિરમાંથી બહાર નીકળી.[૪૯,૫૦] એ વેળા દેવતાઇ માયાની પેઠે વીર પુરુષોને પણ મોહ પમાડતી, સુંદર મધ્યભાગવાળી, કુંડળોથી સુશોભિત મુખવાળી, +બરાબર સોળ વર્ષની વયની, નિતંબો ઉપર રત્નજડિત કંદોરો ધારણ કરતી, પ્રકટ જણાતાં સ્તનવાળી, કેશોથી ડરતાં હોય તેવાં ચંચળ નેત્રોવાળી, પવિત્ર હાસ્ય કરતી, પાકા ઘિલોડા જેવા નીચલા હોઠની કાંતિથી લાલ લાલ જણાતા મોગરાની કળીઓ જેવા દાંતવાળી, ઝણકાર કરતાં સુશોભિત ઝાંઝરોની કાંતિથી શોભી રહેલા પગથી ચાલતી ને હંસ જેવી ગતિ કરતી તે રુક્મિણીને જોઇને ત્યાં આવેલા યશસ્વી વીર પુરુષો તેણીને લીધે ઉત્પન્ન થયેલા કામદેવથી વ્યાકુળ થઇ ગયા; એટલુંજ નહિ પણ એ રુક્મિણીના ઉદાર હાસ્યથી અને લજ્જાયુક્ત જોવાથી હરાઇ ગયેલા ચિત્તવાળા જે રાજાઓ હાથીઓ, રથો અને ઘોડાઓ ઉપર બેઠા હતા, તેઓ પણ લટકાળી ચાલના બહાનાથી પોતાની શોભા શ્રીહરિને દર્શાવી રહેલી તે રુક્મિણીને જોઇ અત્યંત બેભાન બની ગયા અને હાથમાંનાં હથિયારો છોડી દઈ (તે તે હાથી-રથ વગેરે ઉપરથી) ધરણી પર ગબડી પડ્યા. એ પ્રમાણે રુક્મિણી, ચાલતાં કમળ જેવા ચરણકમળને ધીમે ધીમે ચલાવ્યે જતી હતી અને ભગવાનના આવવાની રાહ જોતી હતી. તે પછી રુક્મિણી પોતાના ડાબા હાથના નખો વડે નેત્રો આગળ આવી રહેલા વાળને ખસેડીને ત્યાં આગળ આવેલા રાજાઓને લજ્જાથી કટાક્ષોપૂર્વક જોવા લાગી; તેવામાં શ્રીકૃષ્ણને તેણે જોયા, એટલે શ્રીકૃષ્ણે પણ રથ ઉપર ચઢતી તે રાજકન્યાનું સર્વ શત્રુઓના દેખતાં હરણ કર્યું;[૫૧-૫૫] અને ગરુડના ચિહ્નવાળા પોતાના રથમાં રુક્મિણીને બેસાડી, સર્વ રાજમંડળનો પરાભવ કરી શ્રીકૃષ્ણ, જેમ શિયાળોની વચ્ચેથી પોતાના ભાગને લઇને સિંહ ચાલ્યો જાય, તેમ બળરામ વગેરે પોતાના અનુયાયીઓની સાથે ધીમે ધીમે તે સ્થળેથી ચાલી નીકળ્યા.[૫૬] એ વખતે જરાસંધના તાબામાં રહેલા બીજા અભિમાની રાજાઓ, યશનો નાશ કરનારો પોતાનો એ પરાભવ સહન કરી શક્યા નહિ. તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, 'અહો! આશ્ચર્ય! મૃગલાં જેમ કેસરી સિંહોના યશને હરી લે, તેમ (આ) ગોવાળિયાઓએ આપણો ધનુર્ધારીઓનો યશ હરી લીધો છે, માટે આપણને ધિક્કાર છે!'"[૫૭]

तं मानिनः स्वाभिभवं यशःक्षयं परे जरासंधवशा न सेहिरे । अहो धिगस्मान् यश आत्तधन्विनां गोपैर्हृतं केसरिणां मृगैरिव ॥ ५७ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૩ મો સમાપ્ત

+ 'બરાબર સોળ વર્ષની વયની' આ ભાષાંતર મૂળમાંના **श्यामाम्** એ પદનું છે અને **श्यामा षोडशवार्षिकी** એ વાક્યને આધારે આપવામાં આવ્યું છે. ટીકાકાર શ્રીધર આવો અર્થ લખે છે કે, 'જેને હજી રજોદર્શન થયું ન હતું એવી.'—भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રુકિમણીહરણ

[પૃષ્ઠ ૯૦૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ५४ मो*

શ્રીકૃષ્ણે રુક્મિણીનું પાણિગ્રહણ કર્યું

॥ श्रीशुक उवाच ॥

इति सर्वे सुसंरब्धा वाहानारुह्य दंशिताः ।
स्वैःस्वैर्बलैः परिक्रांता अन्वीयुर्धृतकार्मुकाः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ પ્રમાણે અત્યંત ક્રોધાવેશમાં આવી ગયેલા તે રાજાઓ કવચો ધારણ કરી ઘોડાઓ પર સવાર થઇને પોતપોતાનાં સૈન્યો સહિત હાથમાં ધનુષ્યો લઇ શ્રીકૃષ્ણની પાછળ દોડી ગયા.[1] હે રાજન્! તે રાજાઓને ધસી આવતા જોઈ યાદવસૈન્યના સેનાપતિઓ પોતાનાં ધનુષ્યોના ટંકાર કરીને તેઓની સામા ઊભા રહ્યા.[2] એટલે જરાસંધ વગેરે યુદ્ધકુશળ રાજાઓ, કોઇ ઘોડાની પીઠ ઉપર સવાર થઇને, કોઇ હાથીની ખાંધ ઉપર બેસીને અને કોઇ રથની બેસણી પર બેસીને, મેઘો જેમ પર્વતો ઉપર જળનો વરસાદ વરસાવે, તેમ યાદવો ઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા.[3] તે વખતે સુંદર મધ્યભાગવાળી રુક્મિણી પોતાના પતિના સૈન્યને બાણોના વરસાદથી ઢંકાઇ ગયેલું જોઇ ભયથી વિહ્વળ નેત્રવાળી થઇને લજ્જા સાથે શ્રીકૃષ્ણના મુખ સામે જોવા લાગી;[4] એટલે ભગવાન કૃષ્ણે ખૂબ હસીને તેને કહ્યું: 'હે સુંદર નેત્રોવાળી! તું ડરીશ મા. હમણાંજ તારા+ સૈનિકોદ્વારા શત્રુઓનું સૈન્ય નાશ પામશે.'[5] ગદ અને બળરામ વગેરે વીર યોદ્ધાઓ શત્રુઓના તે પરાક્રમને સહન કરી શક્યા નહિ; તેઓએ બાણો વડે શત્રુઓના ઘોડાઓનો, હાથીઓનો તથા રથોનો સંહાર કરી નાખવા માંડ્યો, જેથી રથમાં બેસી યુદ્ધ કરનારાઓનાં, ઘોડેસવારોનાં તથા હાથીસવારોનાં કુંડળો, મુકુટો તથા પાઘડીઓવાળાં કરોડો માથાં પૃથ્વી પર પડવા લાગ્યાં.[6-7] ઉપરાંત તલવારો, ગદાઓ તથા ધનુષ્યો સહિત હાથ, કાંડાં, સાથળો, પગો અને ઘોડાઓનાં, ખચ્ચરોનાં, હાથીઓનાં, ઊંટોનાં, ગધેડાંઓનાં તથા મનુષ્યોનાં મસ્તકો રણભૂમિ ઉપર પડવા લાગ્યાં.[8] વિજયની ઇચ્છાવાળા યાદવો એ રીતે શત્રુસૈન્યનો સંહાર કરવા લાગ્યા, એટલે જરાસંધ વગેરે રાજાઓ ત્યાંથી પલાયન કરી ગયા[9] અને તેઓ (પરણ્યા પહેલાંજ) જાણે પોતાની સ્ત્રીનું હરણ થયું હોય, તેમ આતુર થઇ ગયેલા, નાશ પામેલી કાંતિવાળા, ઉત્સાહરહિત થયેલા અને સુકાતા મુખવાળા શિશુપાલ પાસે જઇને તેને કહેવા લાગ્યા કે,[10] 'આ પુરુષવ્યાઘ્ર! મનની આ ઉદાસીનતાનો તું ત્યાગ કર. હે રાજન્! પ્રાણીઓની પ્રિય કે અપ્રિય એકજ સ્થિતિ કદી જોવામાં આવતી નથી.[11] જેમ લાકડાની પૂતળી તેને નચાવનારા મદારીની ઇચ્છા પ્રમાણે નાચે છે, તેમ ઈશ્વરને અધીન રહેનારો મનુષ્ય ઈશ્વરની ઇચ્છા પ્રમાણેજ સુખ–દુઃખમાં ચેષ્ટા કરી શકે છે.[12] (જરાસંધ કહે છે:) હું સત્તર વાર, ત્રેવીસ અક્ષૌહિણી સૈન્યોની સાથે યુદ્ધમાં કૃષ્ણથી હાર્યો છું અને માત્ર એકજ વાર (અઢારમી વખતે) હું તેને જીત્યો પણ છું; છતાં હું કદી શોક કરતો નથી, તેમ હર્ષ પણ પામતો નથી; કારણ કે હું જાણું છું કે, દૈવથી પ્રેરણા પામેલો કાળ આ જગતનો પરાભવ કરી રહ્યો છે.[13-14] હમણાં પણ આપણે બધાય વીર પુરુષોના નાયકોના પણ નાયકો છીએ; છતાં કૃષ્ણના રક્ષણ હેઠળ રહેલા યાદવોએ અલ્પ સૈન્યથી આપણો પરાજય કર્યો છે.[15] (તેનું કારણ એજ છે કે,) હમણાં શત્રુઓ પોતાનો અનુકૂળ સમય હોવાથી આપણને જીતી ગયા છે; પરંતુ આપણો સમય જ્યારે અનુકૂળ થશે, ત્યારે આપણે તેઓને જીતીશું.'[16] પોતાના મિત્રરાજાઓએ એ પ્રમાણે શિશુપાલને સમજાવ્યો

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે શત્રુપક્ષના રાજાઓને જીતી રુક્મીને કદ્રૂપો કરી નાખી દ્વારકામાં રુક્મિણીનું પાણિગ્રહણ કર્યું,' એ કથા કહેવાશે. —શ્રીધર

\+ રુક્મિણીને પોતાની પત્ની તરીકે સ્વીકારી લીધી છે; તેથી ભગવાન પોતાના સૈનિકોને રુક્મિણીનાજ સૈનિકો કહે છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલે તે પોતાના અનુયાયીઓ સાથે પોતાના નગર તરફ ગયો અને મરતાં બચી ગયેલા તે રાજાઓ પણ પોતપોતાના નગર તરફ ગયા.[૧૭] પણ શ્રીકૃષ્ણનો બળવાન શત્રુ રુક્મી પોતાની બહેનના એ રાક્ષસવિવાહને સહન કરી શક્યો નહિ. તે એક અક્ષૌહિણી સેનાને સાથે લઇ શ્રીકૃષ્ણની પાછળ ગયો.[૧૮] મોટી ભુજાઓવાળા તે અદેખા રુક્મીએ કવચ ધારણ કરી, હાથમાં ધનુષ લઈ, અત્યંત ક્રોધાવિષ્ટ થઇને સર્વ રાજાઓના સાંભળતાં આવી પ્રતિજ્ઞા કરી હતી કે, 'યુદ્ધમાં શ્રીકૃષ્ણનો વધ કર્યા વિના અને રુક્મિણીને પાછી લાવ્યા વિના હું કુંડિનપુરમાં પ્રવેશ કરીશ નહિ; આ હું તમને સત્ય કહું છું.' આમ કહીને સત્વર રથમાં બેસી સારથિને તેણે કહ્યું કે, 'જે તરફ કૃષ્ણ હોય તે તરફ તું ઘોડાઓને હાંક, જેથી મારું અને તેનું યુદ્ધ થઈ શકે. આજે હું તીક્ષ્ણ બાણો વડે અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા તે ગોવાળિયાના પરાક્રમનો મદ ઉતારી નાખીશ, જેણે મારી બહેનનું બળાત્કારે હરણ કર્યું છે.' આવી રીતે ઈશ્વર શ્રીકૃષ્ણના પ્રમાણને નહિ જાણીને બડાઇ હાંકતો રુક્મી, એક રથજ સાથે રાખીને 'ઊભો રહે, ઊભો રહે' એમ શ્રીકૃષ્ણને બોલાવવા લાગ્યો.[૧૯-૨૩] તેણે ઘણું જ મજબૂત ધનુષ ખેંચીને ત્રણ બાણો શ્રીકૃષ્ણને માર્યાં ને કહ્યું કે, 'ઓ યાદવોના કુળને દૂષણ લગાડનાર! એક ક્ષણ વાર તું અહીં ઊભો રહે.[૨૪] કાગડો જેમ બલિદાનને ઉઠાવી જાય, તેમ તું મારી બહેનને ચોરીને ક્યાં જવાનો છે? ઓ મૂર્ખ! કપટથી યુદ્ધ કરનાર અને માયાવી એવા તારા મદને આજે હું ઉતારીશ.[૨૫] હજી પણ (હું તને ચેતવણી આપું છું કે,) મારાં બાણોથી મરણ પામીને જ્યાંસુધી તું પૃથ્વી પર સૂતો નથી, ત્યાંસુધીમાં તું મારી બહેનને છોડી દે.' આમ કહેતા રુક્મીનું, શ્રીકૃષ્ણે હસતાં હસતાં ધનુષ કાપી નાખ્યું; છ બાણોથી તેને વીંધી નાખ્યો અને આઠ બાણોથી તેના ચારે ઘોડાઓને, બે બાણોથી તેના સારથિને તથા ત્રણ બાણોથી તેની ધજાને વીંધી નાખ્યાં. તે પછી રુક્મીએ બીજું ધનુષ લઇ પાંચ બાણો શ્રીકૃષ્ણને માર્યાં; એટલે તે બાણોના સમૂહોથી પ્રહાર કરાયલા શ્રીકૃષ્ણે તેનું બીજું ધનુષ પણ કાપી નાખ્યું; ત્યારે રુક્મીએ વળી બીજું ધનુષ લીધું; એટલે તેને પણ અવિનાશી તે કૃષ્ણે કાપી નાખ્યું; એટલું જ નહિ પરંતુ પટ્ટિશ, ત્રિશૂલ, ઢાલ, તલવાર, શક્તિ અને તોમર-એમ જે જે આયુધો રુક્મીએ લીધાં, તે તે સર્વને શ્રીકૃષ્ણે કાપી નાખ્યાં.[૨૬-૨૯] તે પછી ક્રોધાયમાન થયેલો રુક્મી હાથમાં તલવાર લઇ શ્રીકૃષ્ણને મારી નાખવાની ઇચ્છાથી રથ ઉપરથી કૂદી પડ્યો અને પતંગિયું જે રીતે અગ્નિ સામે દોડી જાય, તેમ શ્રીકૃષ્ણ સામે દોડી ગયો.[૩૦] શ્રીકૃષ્ણે, સામેથી ધસી આવતા રુક્મીની ઢાલના અને તલવારના, બાણોથી તલતલ જેવડા ટુકડા કરી નાખ્યા ને રુક્મીને મારી નાખવા તૈયાર થઈ તીક્ષ્ણ તલવાર હાથમાં લીધી. આમ પોતાના ભાઇનો વધ કરવાનો ઉદ્યોગ જોઇને રુક્મિણી ભયથી વિહ્વળ થઈ ગઇ; તે સતી પોતાના પતિના ચરણમાં પડી દીનતાપૂર્વક કહેવા લાગી:[૩૧,૩૨] 'હે યોગેશ્વર! હે અમાપ સ્વરૂપવાળા! હે દેવોના દેવ! હે જગતના પતિ! હે કલ્યાણમૂર્તિ! હે મોટી ભુજાઓવાળા! મારા ભાઇનો વધ કરવાને આપ યોગ્ય નથી.[૩૩]

શ્રીશુકદેવજી બોલ્યા:-"અત્યંત ત્રાસને લીધે જેનું અંગ કંપી રહ્યું હતું, શોકને લીધે જેનું મુખ સુકાઈ રહ્યું હતું અને કંઠ રૂંધાઇ ગયો હતો, તેમજ વ્યાકુળતાને લીધે જેની સુવર્ણમાળા સરી પડી હતી, એવી તે રુક્મિણીએ ભગવાનના ચરણ પકડી લીધા; એટલે તે દયાળુ ભગવાન રુક્મીના વધથી અટક્યા; પરંતુ દુષ્ટ કર્મ કરનાર તે રુક્મીને ભગવાને વસ્ત્રથી બાંધીને તેનાં દાઢી, મૂછ તથા મસ્તકના વાળનું મૂંડન કરી નાખી તેને કદ્રૂપો બનાવી દીધો.+ તેટલામાં યાદવોના વીર

+ અર્થાત્ જે તલવારથી રુક્મીને મારી નાખવો હતો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોદ્ધાઓએ, હાથીઓ જેમ કમલિનીને છૂંદી નાખે, તેમ શત્રુઓના અદ્ભુત સૈન્યને છૂંદી નાખ્યું.૩૪।૩૫ પછી તે યાદવ યોદ્ધાઓ શ્રીકૃષ્ણની પાસે આવી એ રીતે મૃતપ્રાય થઇને (કેદી અવસ્થામાં) ત્યાં રહેલા રુક્મીને જોવા લાગ્યા. સમર્થ ભગવાન બળદેવજીએ, કેદ પકડેલા રુક્મીને જોઇને પોતે દયાળુ હોવાથી તેને છૂટો કર્યો અને શ્રીકૃષ્ણને કહ્યું:૩૬ 'હે કૃષ્ણ! આ તમે ખોટું કર્યું. આ કર્મ આપણને નિંદ્ય ગણાય. કોઇ પણ સંબંધીની દાઢી-મૂછના વાળને આ રીતે મૂંડી નાખવા તે તો એનો વધજ કર્યો ગણાય.'૩૭ (રુક્મિણી પ્રત્યે કહે છેઃ) 'હે સદ્ગુણી રુક્મિણિ! પોતાના ભાઇને આ રીતે કદ્રૂપો કરી મૂક્યો, તેની ચિંતાને લીધે તમે અમારા તરફ દોષારોપ ન કરશો. કારણ કે સુખ-દુઃખનો આપનાર બીજો કોઇ પણ નથી, પરંતુ પુરુષ પોતે કરેલાં કર્મોનાં ફળનેજ ભોગવે છે.'૩૮ (ફરી શ્રીકૃષ્ણને ઉદ્દેશી કહે છેઃ-) 'કોઇ પણ સંબંધી વધને માટે યોગ્ય દોષવાળો હોય, તોપણ તેનો વધ, સામા બીજા સંબંધીથી થવો યોગ્ય નથી; પરંતુ સામા સંબંધીએ તો માત્ર તેનો ત્યાગજ કરી દેવો જોઇએ. કારણ કે તે (અપરાધી સંબંધી) પોતાના દોષને લીધેજ મરી ગયેલો છે; તો પછી ફરી તેને શા માટે મારવો જોઇએ?૩૯ (ફરી રુક્મિણી પ્રત્યે કહે છે કે,) પ્રજાપતિ બ્રહ્મદેવે નિર્માણ કરેલો ક્ષત્રિયોનો આ ધર્મજ છે કે, ભાઈ પણ ભાઇનો નાશ કરે છે. આવાજ કારણથી ક્ષત્રિયોનો ધર્મ મહાભયંકર છે. (માટે આ કામમાં અમારો કંઇ અપરાધ નથી.)૪૦ ફરી શ્રીકૃષ્ણને કહે છેઃ લક્ષ્મીના મદથી અંધ બનેલા અભિમાની મનુષ્યો રાજ્ય, ભૂમિ, ધન, સ્ત્રી, માન, તેજ કે બીજા કોઈ કારણને લીધે (સંબંધીઓનું) અપમાન કરે છે. (પણ આપણે તેમ કરવું યોગ્ય નથી.)૪૧ (રુક્મિણીને કહે છેઃ) 'સર્વ પ્રાણીઓ તરફ દુષ્ટ હૃદયવાળા પોતાના ભાઇઓનું તમે અજ્ઞાનીની પેઠે કલ્યાણ ઇચ્છો છો, તે તમારી વિષમ બુદ્ધિ છે; કારણ કે એવા (અપરાધી) સંબંધીઓનું એ રીતે કલ્યાણ ઇચ્છવું તેજ ખરી રીતે તેઓનું અકલ્યાણ (ઇચ્છવા જેવું) છે.÷૪૨ 'આ દેહજ આત્મા છે' એમ દેહનેજ આત્મા માનનારા અભિમાની મનુષ્યોને 'આ મિત્ર છે, આ શત્રુ છે, આ ઉદાસીન છે' આવો જ ભેદ જણાય છે, તે તેઓની બુદ્ધિનો એક મોહજ છે ને તે મોહ પરમેશ્વરની માયાને લીધેજ થાય છે;૪૩ કેમકે સર્વ પ્રાણીઓમાં આત્મા એકજ છે અને તે આત્મા શુદ્ધજ છે; છતાં જેમ ચંદ્ર વગેરે તૈજસ પદાર્થ એકજ હોય છે; તોપણ જુદાં જુદાં જળપાત્રોમાં (પ્રતિબિંબરૂપે) અનેક જોવામાં આવે છે અને જેમ આકાશ મૂળે એકજ છે; તોપણ ઘટ-મઠ વગેરે જુદી જુદી ઉપાધિઓથી ઘટાકાશ-મઠાકાશ વગેરે અનેક સ્વરૂપે જણાય છે; તેમજ (એકજ આત્માને) મૂઢ-અવિવેકીઓ (જુદી જુદી દેહાદિ ઉપાધિઓને લીધે) જાણે કે અનેક સ્વરૂપવાળો હોય એમ માને છે.૪૪ આ શરીર આદિ તથા અંતવાળું છે; અધિભૂત,+ અધ્યાત્મ× ને અધિદૈવમય÷ તથા આત્માને વિષે અવિદ્યાથી કલ્પાયેલું છે અને તેજ આ શરીર

તેજ તલવારથી ભગવાને તેનાં દાઢી-મૂછ અને કેશના વાળને આડા-અવળા થોડા થોડા બાકી રહી જાય એ રીતે મૂંડી નાખી તેને બેડોળ બનાવી મૂક્યો. —શ્રીધર

÷ શ્રીધરાચાર્ય આ શ્લોકના આવા ભિન્ન ભિન્ન અર્થ પણ કરે છેઃ-'સર્વ પ્રાણીઓના તરફ દુષ્ટ હૃદયવાળા પોતાના ભાઇનું આ જે મૂંડન કરવામાં આવ્યું છે, તેને તમે જે અકલ્યાણરૂપ માનો છો, તે આ તમારી વિષમ બુદ્ધિ છે; અથવા સર્વ પ્રાણીઓના શત્રુ શિશુપાલ વગેરેનું તમે અકલ્યાણ ઇચ્છો છો અને પોતાના ભાઇઓનું કલ્યાણ ઇચ્છો છો, આ તમારી બુદ્ધિ અજ્ઞાનીઓ જેવી વિષમજ ગણાય, પણ સમબુદ્ધિ ન કહેવાય. —मा. क.

+ અધિભૂત-પાંચ મહાભૂતો; અથવા ગોલક.

× અધ્યાત્મ-ઇન્દ્રિયો અને મુખ્ય પ્રાણ.

÷ અધિદૈવ-ઇન્દ્રિયોના દેવો ને શબ્દાદિ વિષયો. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આત્માને (સંસારરહિત છતાં) સંસારવાળો કરે છે–અર્થાત્ જન્મમરણાદિ પોતાના ધર્મ આત્મામાં જણાવે છે; પણ વસ્તુતઃ આત્મા સંસારી નથી–જન્મમરણાદિથી રહિત છે. *[૪૫] હે સતિ! અધિભૂત વગેરે અન્ય પદાર્થો સાથે આત્માને સંયોગ કે વિયોગ નથી; કારણ કે આત્માથી અન્ય જણાતા તે અધિભૂત વગેરે પદાર્થો વસ્તુતઃ (આત્માથી અલગ) છેજ નહિ; કારણકે તે ભૂત–ઇન્દ્રિય વગેરેની પ્રસિદ્ધિ કે પ્રકાશ આત્માના કારણેજ છે. જેમ દૃષ્ટાંત તરીકે પ્રકાશ્ય અને પ્રકાશક તરીકે રહેલાં રૂપ અને ચક્ષુની પ્રસિદ્ધિ સૂર્યથી છે અને તે બન્નેય રૂપ તેમજ ચક્ષુ, તૈજસ પદાર્થ હોવાથી સૂર્યથી ભિન્ન છેજ નહિ, તેમજ ભૂત–ઇન્દ્રિયો વગેરે પદાર્થો પરસ્પર સિદ્ધ છે; તોપણું તેઓનો પ્રકાશ આત્માનેજ અધીન છે અને તે તે પદાર્થો આત્માના કાર્યરૂપ હોઇને આત્મા વિના તેઓનું અસ્તિત્વજ નથી.[૪૬] જન્મ વગેરે વિકારો દેહનાજ થાય છે, પરંતુ આત્માના કદી પણ થતા નથી; જેમ દૃષ્ટાંત તરીકે ચંદ્રની કળાઓનાજ જન્મ, વૃદ્ધિ, હ્રાસ તથા ક્ષય થાય છે. ચંદ્રના પોતાના જન્મ વગેરે થતા નથી; વળી જેમ ચંદ્રની કળાનો છેકજ નાશ થતાં અમાવાસ્યા તિથિ ચંદ્રના ક્ષય તરીકે કહેવાય છે, તેજ પ્રમાણે શરીરના નાશથીજ આત્માને મૃત્યુનો વ્યવહાર લાગુ પડે છે–વસ્તુતઃ આત્માને જન્મ કે મરણ વગેરે કંઈ છેજ નહિ; એ બધું દેહનેજ છે.[૪૭] ‡જેમ નિદ્રામાં સૂતેલો મનુષ્ય સ્વપ્નની અંદર (કંઇ પણ વસ્તુ હોતી નથી, છતાં) પોતાને વિષયોનો ભોક્તા જુએ છે, વિષયોને ભોગ્ય તરીકે જુએ છે અને ફળ ભોગવે છે, તેમ અજ્ઞાની મનુષ્ય (વસ્તુતઃ બ્રહ્મ વિના બીજું કંઇ પણ ન હોવા છતાં) મિથ્યા સંકલ્પોને લીધે જન્મમરણરૂપ સંસારને પામે છે. માટે હે પવિત્ર હાસ્યવાળાં રુક્મિણી! પોતાને શોષવનાર તથા મોહ ઉપજાવનાર એવા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા શોકને તત્ત્વજ્ઞાનથી દૂર કરી તમે સ્વસ્થ થાઓ.[૪૮।૪૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ભગવાન બળરામે એ પ્રમાણે સમજાવી, એટલે સુંદર અંગવાળી રુક્મિણીએ શોકનો ત્યાગ કરી મનને બુદ્ધિથી સ્થિર કર્યું. પછી માત્ર પ્રાણજ જેના બાકી રહ્યા હતા અને જેનું બળ તથા કાંતિ નાશ પામ્યાં હતાં, એવા રુક્મીને (તેના) શત્રુ શ્રીકૃષ્ણ વગેરેએ છોડી દીધો; એટલે નિષ્ફળ થયેલા મનોરથોવાળો અને પોતાને કદ્રૂપો કર્યાનું સ્મરણ કરતો રુક્મી તેજ સ્થળે પોતાને રહેવા માટે 'ભોજકટ' નામનું મોટું શહેર વસાવીને ત્યાં રહ્યો. કારણ કે તેણે (સર્વ રાજાઓની આગળ) 'દુર્મતિ કૃષ્ણનો વધ કર્યા વિના અને મારી નાની બહેનને પાછી લાવ્યા વિના હું કુંડિનપુરમાં પ્રવેશ કરીશ નહિ' એવી ક્રોધથી પ્રતિજ્ઞા કરી હતી.[૫૦–૫૨] હે કુરુવંશી રાજન્! એ પ્રમાણે રાજાઓને જીતીને ભગવાન કૃષ્ણ ભીષ્મક રાજાની પુત્રી રુક્મિણીને દ્વારકા નગરીમાં લાવીને વિધિપૂર્વક પરણ્યા હતા.[૫૩] તે વખતે હે રાજન્! યદુપુરી–દ્વારકામાં યદુપતિ શ્રીકૃષ્ણ વિના બીજા કોઇમાં જેઓનો ભાવ ન હતો, એવા મનુષ્યોના, ઘેર ઘેર મહોત્સવ થઇ રહ્યા હતા;[૫૪] તેમજ આનંદમાં આવી ગયેલાં સ્ત્રી–પુરુષો, ઉજ્જવળ મણિજડિત કુંડળો ધારણ કરીને જાતજાતનાં વસ્ત્રો પહેરી રહેલાં વર–વધૂ શ્રીકૃષ્ણ અને રુક્મિણીને 'વધાવા' આપતાં હતાં.[૫૫] વળી તે વખતે દ્વારકા નગરી પણ ઊભા કરેલા ઇન્દ્રધ્વજોથી, રંગબેરંગી પુષ્પોથી, વસ્ત્રોથી, રત્નજડિત તોરણોથી, ઘેર ઘેર કરવામાં આવેલાં મંગળોથી, જળભરેલા કળશોથી, અગરના ધૂપથી અને દીવાઓથી શોભી રહી હતી.[૫૬] તે નગરીના માર્ગો, ત્યાં બોલાવવામાં

* અર્થાત્ આત્મા ચંદ્રાદિની પેઠે એકજ અને શુદ્ધ છે; છતાં દેહાદિની ઉપાધિને લીધે એક જણાતો નથી અને શુદ્ધ જણાતો નથી. —શ્રીધર

‡ કદાચ કોઇ કહે કે, આત્માને દેહાદિનો સંબંધ નથી તો ભોક્તા, ભોગ્ય તથા ભોગની પ્રતીતિ કેમ થાય છે? આ શંકાનું સમાધાન સ્વપ્નના દૃષ્ટાંતથી આપે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવેલા પ્રિય રાજાઓના મદઝરતા હાથીઓના મદથી છંટાઈ રહ્યા હતા અને દરેક દરવાજાઓમાં ઊભા કરવામાં આવેલા કેળના સ્તંભો તથા સોપારીનાં ઝાડોથી તે નગરી શોભતી હતી.[૫૭] વળી ત્યાં આનંદના ઉત્સુકપણાથી દોડધામ કરી રહેલા પોતાના સંબંધીઓમાં કુરુ, સૃંજય, કેકય, વિદર્ભ, યદુ અને કુંતીવંશના રાજાઓ એકબીજાને મળીને આનંદ પામી રહ્યા હતા.[૫૮] સર્વ રાજાઓ અને રાજકન્યાઓ, જ્યાંત્યાં ગવાઇ રહેલા રુક્મિણીના હરણને સાંભળી અત્યંત આશ્ચર્ય પામતા હતા.[૫૯] હે રાજન્! એ પ્રમાણે લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણને લક્ષ્મીના અવતારરૂપ શ્રીરુક્મિણી સાથે (રહેલા) જોઇને દ્વારકાનાં નગરવાસીઓને ઘણોજ આનંદ થયો હતો."[૬૦]

द्वारकायामभूद्राजन् महान्मोदः पुरौकसाम् ।
रुक्मिण्या रमयोपेतं दृष्ट्वा कृष्णं श्रियः पतिम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૪ મો સમાપ્ત

अध्याय ५५ मो*

પ્રદ્યુમ્ને કરેલો શંબરાસુરનો વધ

॥ श्रीशुक उवाच ॥

कामस्तु वासुदेवांशो दग्धः प्राग्रुद्रमन्युना ।
देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"શ્રીભગવાનના અંશરૂપ કામદેવ, પૂર્વે મહાદેવના ક્રોધથી બળી ગયો હતો; તે ફરી દેહ ધારણ કરવા માટે શ્રીભગવાનનેજ પ્રાપ્ત થયો હતો.[૧] તેજ કામદેવ, રુક્મિણીમાં શ્રીકૃષ્ણના વીર્યથી ઉત્પન્ન થયો હતો અને 'પ્રદ્યુમ્ન' એવા નામથી પ્રખ્યાત થઇને સર્વ પ્રકારે પોતાના પિતાની સમાન થયો હતો.[૨] ઇચ્છિત રૂપને ધારણ કરનારો શંબરાસુર તે પ્રદ્યુમ્નને પોતાનો શત્રુ જાણી હજી તો તે દશ દિવસની અંદરનો બાળક હતો, તેટલામાંજ+ હરી ગયો હતો અને તેને સમુદ્રમાં ફેંકી દઈ તે પોતાને ઘેર ચાલ્યો ગયો હતો.[૩] તે પ્રદ્યુમ્નને કોઇએક બળવાન માછલું ગળી ગયું હતું; જેને મચ્છીમારોએ બીજાં માછલાંઓની સાથે મોટી જાળમાં પકડી લીધું હતું. મચ્છીમારોએ તે માછલું શંબરાસુરને ભેટ તરીકે અર્પણ કર્યું, એટલે રસોઇયાએ તે અદ્ભુત માછલાને રસોડામાં લઇ જઇ છરીથી ચીરવા માંડ્યું; તે વખતે એ માછલાના પેટમાં એક બાળકને જોઈ તેઓએ માયાવતી નામની (પોતાની ઉપરી) શંબરાસુરની એક દાસીને તે બાળક સોંપ્યો. (બાળકને જોઈને) માયાવતી મનમાં શંકિત થઈ! (કે આ બાળક કોણ હશે?) એટલામાં નારદજીએ (ત્યાં આવીને) તે બાળકની ઉત્પત્તિ, માછલાના પેટમાં દાખલ થવું અને 'આ કામદેવજ છે' એ રહસ્યવાર્તા તેને જણાવી. માયાવતી (બીજી કોઈ ન હતી, પણ) કામદેવની યશસ્વિની પત્ની રતિજ હતી; જે (શંકરના કોપથી) બળી ગયેલા પોતાના પતિના શરીરની ફરી ઉત્પત્તિ થવાની રાહ જોતી હતી.[૪–૭] શંબરાસુરે તેને દાળભાત રાંધવાના કામમાં નીમી હતી. તે સ્ત્રીએ એ બાળકને કામદેવ જાણીને તેના ઉપર તે વેળા સ્નેહ બાંધ્યો ને કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન પણ ઘણાજ થોડા સમયમાં યુવાનીને પ્રાપ્ત થયો; અને પોતા-

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણથી પ્રદ્યુમ્નનો જન્મ થયો, પ્રદ્યુમ્નનું શંબરાસુરે હરણ કર્યું અને શંબરાસુરનો વધ કરી પ્રદ્યુમ્ન પોતાની સ્ત્રીની સાથે દ્વારકામાં આવ્યો, એ કથા કહેવાશે; તેમજ પ્રદ્યુમ્નની હાનિ તથા લાભ વગેરેથી અને શંબરાસુરે કરેલું પ્રદ્યુમ્નનું હરણ વગેરેથી, કુટુંબીઓને સંતાનને લીધે કેવાં સુખ–દુઃખ થાય છે, તે સૂચવ્યું છે.' —શ્રીધર

\+ જાંબવતી વગેરેના વિવાહની પહેલાંજ પ્રદ્યુમ્નનો જન્મ થયો હતો અને તે પછીજ જાંબવતી વગેરેના વિવાહો થયા હતા ને પ્રદ્યુમ્નનું શંબરાસુરને ઘેરથી પાછું આવવું થયું હતું; માટે જો કે અહીં શ્રીકૃષ્ણને ત્યાં પુત્રજન્મ કહેવાનોજ પ્રસંગ છે; તોપણ પ્રદ્યુમ્ન જેવો જન્મ્યો કે તુરતજ શંબરાસુરે તેનું હરણ કર્યું, તે કહેવામાં આવે છે અને તે પછી ઘણે વખતે તે પાછો આવ્યો હતો, તે પણ કથાપૂર્તિ માટે કહેવામાં આવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને જોતી સ્ત્રીઓને મોહ ઉપજાવવા લાગ્યો.૮૯ હે રાજા! કમળની પાંખડી સમાન વિશાળ નેત્ર-વાળા, લાંબી ભુજાઓવાળા તથા મનુષ્યલોકમાં સુંદર એવા તે પોતાના પતિને રતિ, લજ્જાયુક્ત હાસ્ય સાથે ઊંચી કરેલી ભ્રૂકુટીથી જોવા લાગી ને મૈથુનના ભાવોથી સેવવા લાગી;૧૦ એટલે પ્રદ્યુમ્ને તેને કહ્યું કે, 'હે માતા! તમારી બુદ્ધિ વિપરીત થઈ છે. તમે માતાનો ભાવ છોડીને સ્ત્રીની પેઠે કેમ વર્તો છો?'૧૧

રતિ બોલી:–' તમે નારાયણ–શ્રીકૃષ્ણના પુત્ર છો, શંબરાસુરે (શ્રીકૃષ્ણને) ઘેરથી તમારું હરણ કર્યું છે. હું તમારી અધિકાર પામેલી પત્ની છું. કેમકે હે પ્રભો! હું રતિ છું અને તમે કામદેવ છો.૧૨ તમને દશ દિવસ થયા ન હતા, તેટલામાં શંબરાસુરે સમુદ્રમાં ફેંકી દીધા હતા; ત્યાં એક માછલું તમને ગળી ગયું હતું. (જે મચ્છીમારો-ના હાથમાં આવતાં તેઓ લાવ્યા હતા.) તેના પેટમાંથી હે પ્રભો! તમે નીકળ્યા છો અને (મને) પ્રાપ્ત થયા છો.૧૩ તમે હવે સેંકડો માયાને જાણનારા અને પરાભવ ન કરી શકાય એવા પોતાના આ દુર્જય શત્રુ શંબરાસુરનો મોહન વગેરે માયાઓથી વધ કરો. તમારી માતા રુક્મિણી (તમારારૂપી) સંતાનથી રહિત થઇને પુત્રના સ્નેહથી વ્યાકુળ બની ટિટોડીની પેઠે અને વાછરડાં વિનાની થયેલી ગરીબ ગાયની પેઠે આતુર રહે છે તથા શોક કર્યા કરે છે.૧૪।૧૫ એમ કહીને તે માયાવતી–રતિએ મહાત્મા પ્રદ્યુમ્નને સર્વ માયાનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા અર્પણ કરી.૧૬ પછી તે પ્રદ્યુમ્ન શંબરાસુરની સામે જઇ અસહ્ય તિરસ્કારોથી તેનો તિરસ્કાર કરી લડાઇ જગાવીને યુદ્ધ માટે તેને બોલાવવા લાગ્યા. એટલે શંબરાસુર પણ દુષ્ટ વચનોથી તિરસ્કાર પામીને પગથી લાત મારેલા સર્પની પેઠે ક્રોધથી લાલ નેત્રોવાળો થઇ ગયો અને હાથમાં ગદા લઇ (યુદ્ધ કરવા) બહાર નીકળ્યો. તેણે ઘણા જોરથી ગદા ફેરવીને મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર ફેંકી અને વજ્રના કડાકા જેવા તીવ્ર અવાજે ગર્જના કરી. હે રાજા! ભગવાન પ્રદ્યુમ્ને પોતાની સામે ધસી આવતી તે ગદાને ગદાથી દૂર કરી દઇ ક્રોધાયમાન થઇને પોતાની ગદા શત્રુ ઉપર ફેંકી; પણ પેલો શંબરાસુર, મયદાનવે દર્શાવેલી દૈત્ય સંબંધી માયાનો આશ્રય કરી, આકાશમાં રહ્યો રહ્યો પ્રદ્યુમ્ન ઉપર અસ્ત્રોનો વરસાદ વરસાવવા લાગ્યો.૧૭–૨૧ એટલે રુક્મિણીના મહારથી પુત્ર પ્રદ્યુમ્ને અસ્ત્રવૃષ્ટિથી પીડાઇને સર્વ માયાઓનો નાશ કરનારી સત્ત્વગુણમય મહાવિદ્યાનો પ્રયોગ કર્યો.૨૨ પછી શંબરાસુરે યક્ષોની, ગંધર્વોની, પિશાચોની, સર્પોની તથા રાક્ષસોની એમ સેંકડો માયાઓનો પ્રયોગ કર્યો, પણ પ્રદ્યુમ્ને તે સર્વ માયાઓનો નાશ કરી નાખ્યો;૨૩ અને બળથી તીક્ષ્ણ તલવાર ઊંચી કરીને શંબરાસુરનું મુકુટ, કુંડળો તથા લાલ દાઢી–મૂછવાળું મસ્તક તેના ધડથી જુદું કરી નાખ્યું.૨૪ તે વખતે સ્તુતિ કરતા દેવોએ પ્રદ્યુમ્ન ઉપર પુષ્પોના ઢગની વૃષ્ટિ કરી અને આકાશમાં ગતિ કરનારી તેમની સ્ત્રી–માયાવતી–રતિ આકાશમાર્ગે તેમને દ્વારકા લઇ ગઈ. હે રાજન્! વીજળી સાથે જેમ મેઘ પ્રવેશ કરે, તે પ્રમાણે પ્રદ્યુમ્ને (દ્વારકામાં) સેંકડો સ્ત્રીઓથી વ્યાપ્ત એવા (શ્રીકૃષ્ણના) શ્રેષ્ઠ અંતઃપુરમાં આકાશમાર્ગે પોતાની સ્ત્રી સહિત પ્રવેશ કર્યો. મેઘ જેવા શ્યામ, પીળાં પીતાંબર ધારણ કરનારા, લાંબી ભુજાઓવાળા, લાલ નેત્રોવાળા, સુંદર હાસ્ય કરતા, સુંદર મુખવાળા અને કાળા વાંકડિયા કેશોથી સુશોભિત મુખકમળવાળા તે પ્રદ્યુમ્નને જોઇ સર્વ સ્ત્રીઓ તેમને શ્રીકૃષ્ણ માનીને શરમાઇ ગઇ અને જ્યાંત્યાં છુપાઇ ગઇ.૨૫–૨૮ પછી ધીમે ધીમે કંઇક જુદાં જુદાં જણાતાં લક્ષણો ઉપરથી 'આ શ્રીકૃષ્ણ નથી' એમ નક્કી કરીને અત્યંત હર્ષ પામતી સર્વ સ્ત્રીઓ ઘણીજ આશ્ચર્ય પામીને સ્ત્રીરત્ન સહિત એવા તે પ્રદ્યુમ્નની પાસે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગઈ. તે પછી સુંદર ભાષણ કરનારી અને શ્યામ કટાક્ષોવાળી રુક્મિણી, તે વખતે (પ્રદ્યુમ્નને જોઇને) સ્નેહને લીધે ધાવણ ઝરતાં સ્તનવાળી થઇને પોતાના ખોવાઇ ગયેલા પુત્રનું સ્મરણ કરવા લાગી.[૨૯।૩૦] (ને વિચાર કરવા લાગી કે,) 'કમળ સમાન નેત્રોવાળો આ શ્રેષ્ઠ પુરુષ કોણ હશે? કોનો પુત્ર હશે? કઇ સ્ત્રીએ આને પોતાના ઉદરમાં ધારણ કર્યો હશે? અને આણે આ કઇ સ્ત્રીને પ્રાપ્ત કરી છે?[૩૧] મારો પુત્ર પણ સૂતિકાગૃહમાંથી હરાઇ ગયો છે અને ખોવાઇ ગયો છે; તે કદાચ કોઇ સ્થળે જીવતો હોય, તો બરાબર આના જેટલીજ વયનો અને આવાજ રૂપવાળો હોય![૩૨] આ પુરુષે આકૃતિ, અવયવો, ગતિ, સ્વર, હાસ્ય તથા જોવું—આ બધામાં શ્રીકૃષ્ણની સમાનતા કેવી રીતે પ્રાપ્ત કરી હશે?[૩૩] અથવા જે બાળકને મેં ગર્ભમાં ધારણ કર્યો હતો (અને જે ખોવાઇ ગયો છે,) તેજ આ હોવો જોઇએ. કારણકે આના ઉપર મને અત્યંત પ્રીતિ થાય છે અને મારો ડાબો હાથ ફરકે છે.' રુક્મિણી એમ વિચાર કરતી હતી, તેટલામાં દેવકી અને વસુદેવ સાથે ઉત્તમ કીર્તિવાળા શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા.[૩૪।૩૫] જનાર્દન ભગવાન તો બધી વસ્તુ જાણીજ ગયા હતા, છતાં પણ ચૂપજ રહ્યા; તેવામાં નારદજીએ (ત્યાં આવીને) શંબરાસુરે પ્રદ્યુમ્નનું હરણ કર્યું હતું, વગેરે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું.[૩૬] મહાઆશ્ચર્યકારક તે વૃત્તાંત સાંભળીને શ્રીકૃષ્ણના અંતઃપુરની સ્ત્રીઓ ઘણાં વર્ષો સુધી ખોવાઇ ગયેલા અને મરીને જાણે પાછા આવ્યા હોય એવા (તે પ્રદ્યુમ્નને જોઇ) તેને અભિનંદન આપવા લાગી; તેમજ દેવકી, વસુદેવ, શ્રીકૃષ્ણ, બળદેવ, રુક્મિણી અને બીજી સર્વ સ્ત્રીઓ તે દંપતીને ભેટીને આનંદ પામ્યાં;[૩૭।૩૮] અને દ્વારકાવાસીઓ પણ ખોવાઇ ગયેલા પ્રદ્યુમ્નને આવેલા સાંભળીને 'અહો! જાણે મરી ગયેલો પાછો આવે, તેમ આ બાળક પાછો આવ્યો છે, તે બહુ સારું થયું છે' એ પ્રમાણે કહેવા લાગ્યાં;[૩૯] પોતાના પિતા સમાન રૂપવાળા પ્રદ્યુમ્ન ઉપર, પતિ શ્રીકૃષ્ણનો ભાવ કરતી પ્રદ્યુમ્નની માતાઓ પણ એકાંતમાં તેનાપર રૂઢ ભાવવાળી થઇને વારંવાર તેને સેવતી હતી તેમાં કંઈ આશ્ચર્ય નથી. કારણ કે સ્મરણ કરતાંજ ક્ષોભ પમાડનાર અને લક્ષ્મીના સ્થાનરૂપ શ્રીકૃષ્ણની શોભાયમાન મૂર્તિના પ્રતિબિંબ એવા તે કામદેવ જ્યારે પ્રત્યક્ષ દૃષ્ટિના વિષય થાય ત્યારે એમ થાય એ સંભવિતજ છે. (આમ જ્યારે માતાઓ પણ પ્રદ્યુમ્નને જોઇને ક્ષુબ્ધ થતી, ત્યારે) બીજી સ્ત્રીઓ પણ (તે પ્રદ્યુમ્નને જોઇને) ક્ષુબ્ધ થાય એમાં શું કહેવાનું હોય!" ૪૦

यं वै मुहुः पितृसरूपनिजेशभावा-
स्तन्मातरो यदभजन् रहरूढभावाः।
चित्रं न तत्खलु रमास्पदबिंबबिंबे
कामे स्मरेऽक्षिविषये किमुतान्यनार्यः॥४०

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉતરાર્ધ વિષે અધ્યાય ૫૫ મો સમાપ્ત

अध्याय ५६ मो*

જાંબવતી તથા સત્યભામાને શ્રીકૃષ્ણ પરણ્યા

॥ श्रीशुक उवाच ॥

सत्राजितः स्वतनयां कृष्णाय कृतकिल्बिषः।
स्यमंतकेन मणिना स्वयमुद्यम्य दत्तवान्॥ १॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"સત્રાજિત નામના યાદવે, શ્રીકૃષ્ણનો અપરાધ કરીને પોતેજ સામેથી ઉદ્યમ કરી (સત્યભામા નામની) પોતાની કન્યા

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે પોતાના પર મિથ્યા અપવાદ આવતાં સ્યમંતક મણિ લાવી આપ્યો અને પછી જાંબવાનની તથા સત્રાજિતની કન્યાને પોતે પરણ્યા,' એ કથા કહેવામાં આવશે.

પૂર્વ અધ્યાયમાં પુત્રાદિ કામસુખની સ્થિતિ અત્યંત ચપળ છે, એમ જણાવીને હવે આ અધ્યાયમાં 'અર્થ પણ અનર્થરૂપજ છે,' એમ સ્યમંતક મણિના હરણથી જણાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્યમંતક મણિ સાથે (શ્રીકૃષ્ણને) આપી હતી.[1]"

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! સત્રાજીતે શ્રીકૃષ્ણનો શો અપરાધ કર્યો હતો? સ્યમંતક મણિ તેની પાસે ક્યાંથી આવ્યો હતો? અને તેણે પોતાની પુત્રી શ્રીકૃષ્ણને કેમ પરણાવી હતી?"[2]

શ્રીશુકદેવજી બોલ્યા:–"(સત્રાજિત સૂર્યનો ભક્ત હતો, તેથી) સૂર્યદેવ પોતાના ભક્ત સત્રાજિતના (સ્વામી છતાં પણ) પરમ મિત્ર તરીકે થઇ રહ્યા હતા. તે સૂર્યદેવે પ્રસન્ન થઇને સત્રાજિતને સ્યમંતક નામનો મણિ આપ્યો હતો.[3] હે રાજન્! કંઠમાં તે મણિ ધારણ કરીને સૂર્યની પેઠે પ્રકાશતા સત્રાજિતે દ્વારકામાં જ્યારે પ્રવેશ કર્યો ત્યારે તેજને લીધે (લોકોએ) તેને ઓળખ્યો પણ ન હતો. એ વેળા તેને દૂરથી જોઇને તેજને લીધે અંજાયલી દૃષ્ટિવાળા મનુષ્યો 'આ સૂર્ય આવે છે' એવી શંકાવાળાં થયાં હતાં અને તેઓએ પાસાઓથી રમતા શ્રી કૃષ્ણભગવાનને કહ્યું હતું કે,[4,5] 'હે નારાયણ! હે શંખ, ચક્ર, ગદાને ધારણ કરનાર! હે દામોદર! હે કમળસમાન નેત્રવાળા! હે ગોવિંદ! હે યદુનંદન! આપને અમારા નમસ્કાર હો.[6] હે જગતના પતિ! આ તીક્ષ્ણ કિરણોવાળા સૂર્યદેવ પોતાનાં કિરણોના સમૂહથી મનુષ્યોનાં નેત્રોને આંજી દેતા આપનાં દર્શન કરવાની ઇચ્છાથી આવે છે. ખરેખર, મોટા મોટા દેવો ત્રણે લોકમાં આપના માર્ગને શોધ્યા કરે છે. હે પ્રભુ! યાદવોમાં ગુપ્ત રહેલા આપને આજે જાણીને સૂર્યદેવ આપનાં દર્શન કરવા આવે છે.[7,8]

શ્રીશુકદેવજી બોલ્યા:–"અજ્ઞાની મનુષ્યોનું તે વચન સાંભળી શ્રીકૃષ્ણ ખૂબ હસ્યા. તેમણે કહ્યું કે, 'આ સૂર્યદેવ નથી. આ તો મણિથી પ્રકાશતો સત્રાજિત્ છે.'[9] પછી સત્રાજિતે ઉત્સવથી જ્યાં મંગળો કરવામાં આવ્યાં હતાં, એવા પોતાના શોભાયમાન ઘરમાં પ્રવેશીને દેવમંદિરમાં બ્રાહ્મણો પાસે તે મણિની પ્રતિષ્ઠા કરાવી.[10] હે રાજા! તે મણિ દરરોજ આઠ*‡ ભાર સોનું આપતો હતો. અને જે સ્થળે પૂજાતો હતો, તે સ્થળે દુષ્કાળ, મરકી, અમંગળો, સર્પો, માનસિક પીડાઓ, શારીરિક પીડાઓ, અશુભો કે માયાવીઓ સ્થિતિ કરી શકતાં ન હતાં.[11] એક વખતે શ્રીકૃષ્ણે, તે મણિ યદુરાજ ઉગ્રસેનને માટે માગ્યો; પણ ધનના લાલચુ સત્રાજિતે, શ્રીકૃષ્ણની માગણીના ભંગનો વિચાર કર્યા વિના તે મણિ આપ્યો ન હતો. પછી એક સમયે સત્રાજિતનો ભાઇ પ્રસેન, મહાતેજસ્વી તે મણિને કંઠમાં પહેરીને ઘોડા પર બેસી વનમાં મૃગયા કરવા ગયો; ત્યાં કોઈ એક કેસરી સિંહ પ્રસેનને ઘોડા સાથે મારી નાખી પહાડમાં દાખલ થતો હતો; તેવામાં જાંબવાન (તે નામના રીંછે) મણિની ઇચ્છાથી તે સિંહને મારી નાખ્યો; અને તેણે પણ પોતાની ગુફામાં મણિને બાળકના રમકડા તરીકે કર્યો હતો. હવે આ તરફ સત્રાજિત પોતાના ભાઇને નહિ જોઇને સંતાપ કરવા લાગ્યો ને કહેવા લાગ્યો કે, 'મારો ભાઇ ડોકમાં મણિ પહેરીને વનમાં ગયો હતો; ત્યાં ઘણું કરીને કૃષ્ણે તેને મારી નાખ્યો છે,' આ વાત કાને કાને લોકો કહેવા લાગ્યા. ભગવાન કૃષ્ણે એ વાત સાંભળીને પોતાનાપર આવેલા અપયશને દૂર કરવા

---

* ભારનું માપ આ પ્રમાણે છે–

चतुर्भिर्व्रीहिभिर्गुञ्जं गुञ्जान् पंच पणं पणान् ।
अष्टौ धरणमष्टौ च कर्षं तांश्चतुरः पलम् ।
तुलां पलशतं प्राहुर्भारः स्याद् विंशतिस्तुलाः ॥

ચાર વ્રીહિનો એક ગુંજ, પાંચ ગુંજનો એક પણ, આઠ પણનો એક ધરણ, આઠ ધરણનો એક કર્ષ, ચાર કર્ષનો એક પલ, સો પલની એક તુલા અને વીસ તુલાનો એક ભાર. —શ્રીધર

‡ શ્રીધર સ્વામીએ લખ્યા પ્રમાણે ૩૨૦ ગુંજનો ૧ કર્ષ (વર્તમાન સમયના ૨ તોલા અથવા ૧૯૨ રતી) થાય છે. એવા ૪ કર્ષનો ૧ પલ (૮ તોલા), ૨૦૦૦ પલનો ૧ ભાર (૧૬૦૦૦ તોલા અથવા ૧૦ મણ), ૮ ભાર એટલે ૮૦ મણ (બંગાલી ૪૦ મણ). એક સ્યમંતક નામનો નાનકડો મણિ રોજ ૮૦ મણ સોનું આપતો હતો. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માટે નગરવાસીઓ સાથે પ્રસેનની તપાસ કરવા માટે નીકળ્યા. તેમણે વનમાં (જઇને) જોયું, તો પ્રસેનને તથા તેના ઘોડાને કેસરીસિંહે મારી નાખ્યો હતો અને તે કેસરીસિંહને રીંછ જાંબવાને એક પર્વતની પીઠ પર મારી નાખેલો લોકોએ જોયો.[૧૨-૧૮] પછી રીંછોના રાજા જાંબવાનની ગુફા ઘોર અંધકારથી વ્યાપ્ત અને ભયંકર હતી. તેમાં ભગવાન એકલા, બહાર પ્રજાજનોને બેસાડીને દાખલ થયા. ત્યાં ઉત્તમ મણિને બાળકનું રમકડું કરેલો જોઇ, તેને લઇ લેવાના વિચારથી ભગવાન ગુફાની અંદર બાળક પાસે ઊભા રહ્યા; એટલે બાળકની ધાવમાતા તે નવીન પુરુષને જોઈને જાણે ભય પામી હોય તેમ બૂમો પાડવા લાગી; તે સાંભળીને બળવાનોમાં શ્રેષ્ઠ જાંબવાન ક્રોધાયમાન થઇને દોડી આવ્યો અને કોપાયમાન થઈ પોતાના+ સ્વામી ભગવાન સાથે તે યુદ્ધ કરવા લાગ્યો; કારણ કે ભગવાનને કોઈ સામાન્ય પુરુષ માનીને તે તેમના પ્રભાવને જાણતો ન હતો. તે પછી માંસને માટે બે બાજ પક્ષીઓનું જેમ યુદ્ધ થાય, તેમ વિજયની ઇચ્છાવાળા તેઓ બન્નેનું આયુધો, પથ્થરો, વૃક્ષો તથા હાથોહાથ મહાભયંકર દ્વંદ્વ યુદ્ધ થયું. તે યુદ્ધ સામસામે વજ્રના પ્રહાર જેવી કઠોર મુઠીઓના મારથી રાત–દિવસ અટક્યા સિવાય અઠ્યાવીસ દિવસ સુધી થયું હતું. પછી આખરે શ્રીકૃષ્ણની મુઠીઓના મારથી જાંબવાનના અંગોના સર્વ સાંધાઓ ઢીલા પડી ગયા; તેનું બળ ક્ષીણ થઇ ગયું અને સર્વ અંગોમાં પરસેવાથી રેબઝેબ થઇને અત્યંત આશ્ચર્ય પામી તે બોલી ઊઠ્યો કે, 'સર્વ પ્રાણીઓના પ્રાણ, ઇન્દ્રિયબળ, હૃદયબળ તથા દેહબળ આપજ છો, એમ હું જાણું છું. સર્વના ઉત્પત્તિકારણ અને સર્વના નિયંતા આપ પુરાણપુરુષ વિષ્ણુને હું જાણું છું, આપ સર્વ પ્રજાપતિઓના પણ સ્રષ્ટા નિમિત્તકારણ છો અને મહત્તત્ત્વ આદિ સર્વ ઉત્પન્ન કરવા યોગ્ય કાર્યોનું ઉપાદાનકારણ પણ આપજ છો. આપ નિયમન કરનારાઓના પણ નિયંતા કાળ છો, પરમેશ્વર છો અને (વ્યષ્ટિસમષ્ટિરૂપ) સર્વ જીવોના આત્મા અંતર્યામી છો.[૧૯-૨૭] (પૂર્વે રામાવતારમાં) આપના સહજ પ્રદીપ્ત થયેલા ક્રોધનાં કટાક્ષો છટતાંજ જેની અંદરના મગરમચ્છો અને મોટાં મોટાં માછલાંઓ ખળભળી ઊઠ્યાં હતાં એવા મહાસાગરે આપને માર્ગ આપ્યો હતો; છતાં આપે તો તે મહાસાગર ઉપર પોતાના યશરૂપ પુલજ બાંધ્યો હતો, લંકાને બાળી હતી અને આપનાં બાણોથી કપાયલાં રાવણનાં માથાં ધરણી પર પડ્યાં હતાં. (તેજ આપ મારા ઇષ્ટદેવ શ્રીરામચંદ્ર છો.)'[૨૮]

(શ્રીશુકદેવજી બોલ્યાઃ—) "હે મહારાજ! એ પ્રમાણે ભગવાનને જેણે જાણ્યા હતા, એવા રીંછોના રાજા ભક્ત જાંબવાનને કમળ સમાન નેત્રવાળા દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાન પરમ કૃપાને લીધે કલ્યાણકારી પોતાના હાથથી સ્પર્શ કરી પ્રેમથી ગંભીર વાણી વડે કહેવા લાગ્યા[૨૯-૩૦] કે, 'હે રીંછોના રાજા! આ મણિને લીધે મારા પર મિથ્યા આરોપ આવ્યો છે, તેને દૂર કરવા માટે આ મણિ લેવા સારુજ અમે આ ગુફામાં આવ્યા છીએ.'[૩૧] શ્રીભગવાને એમ કહ્યું એટલે જાંબવાને તેમનો સત્કાર કરવા માટે મણિની સાથે જાંબવતી નામની પોતાની કન્યા શ્રીકૃષ્ણને અર્પણ કરી.[૩૨] બીજી તરફ ગુફાની બહાર રહેલા લોકો શ્રીકૃષ્ણને ગુફાની બહાર નહિ નીકળેલા જોઇને બાર દિવસ સુધી રાહ જોઇ આખરે દુઃખી થઈ દ્વારકા ચાલ્યા ગયા હતા.[૩૩] શ્રીકૃષ્ણને ગુફામાંથી બહાર નહિ નીકળેલા સાંભળી દેવી દેવકી, રુક્મિણી, વસુદેવ, સંબંધીઓ તથા જ્ઞાતિઓ શોક કરવા લાગ્યાં અને તે સર્વ દ્વારકાવાસીઓ સત્રાજિતને ગાળો દેવા લાગ્યાં. પછી

+ પોતાના સ્વામી એમ કહેવામાં આશય એ છે કે, રામાવતારમાં ભગવાન રામચંદ્ર જાંબવાનના સ્વામી હતા અને તેજ આ શ્રીકૃષ્ણ છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે મહામાયા દુર્ગાદેવીનું તેઓ આરાધન કરવા લાગ્યાં; એટલે દુર્ગાદેવીએ પોતાના આરાધનથી તેઓને આશીર્વાદ આપ્યો કે, ‘તમે શ્રીકૃષ્ણને જોશો.’ એટલે તુરતજ શ્રીહરિ પોતાનું કાર્ય સિદ્ધ કરીને સર્વને હર્ષ ઉપજાવતા સ્ત્રી સાથે ત્યાં પ્રકટ થયા.[૩૪-૩૬] મરણ પામીને પાછા આવ્યા હોય તેમ શ્રીકૃષ્ણને કંઠમાં મણિ ધારણ કરીને સ્ત્રી સાથે આવેલા જોઇ સર્વને ઘણોજ આનંદ થયો.[૩૭] પછી સત્રાજિતને સભામાં બોલાવી ઉગ્રસેન રાજાની સમક્ષ મણિની પ્રાપ્તિ કેવી રીતે થઇ, તે વાત જણાવીને ભગવાને તે મણિ સત્રાજિતને સોંપી દીધો.[૩૮] સત્રાજિત્ ઘણોજ શરમાઈ ગયો. તે મણિ લઇને નીચે મોઢે પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતો ઘેર ગયો; ને બળવાન સાથે ક્લેશ થવાથી ગભરાઇને પોતાના દોષનોજ વિચાર કરવા લાગ્યો કે, ‘હું મારા અપરાધને કેવી રીતે દૂર કરું? શ્રીકૃષ્ણ મારા પર કેવી રીતે પ્રસન્ન થાય? શું કરવાથી મારું કલ્યાણ થાય? ટૂંકી દૃષ્ટિવાળા, ક્ષુદ્ર, મૂઢ ને ધનના લાલચુ મને શું કરવાથી લોકો ગાળો ન દે? (એમ ખૂબ વિચાર કરી તેણે નિશ્ચય કર્યો કે,) સ્ત્રીઓમાં રત્નરૂપ મારી પુત્રી (સત્યભામા) અને આ મણિ હું શ્રીકૃષ્ણને આપું, આ ઉપાય ઠીક છે; આમ કર્યા વિના બીજા કોઇ પણ ઉપાયે મારા અપરાધની શાંતિ થાય એમ નથી.’ બુદ્ધિથી આવો નિશ્ચય કરી સત્રાજિત્ પોતેજ (તે કામ કરવા) તૈયાર થઇ પોતાની સુંદર પુત્રી તથા મણિ તેણે શ્રીકૃષ્ણને અર્પણ કર્યાં.[૩૯-૪૩] એટલે ભગવાન શીલ, રૂપ, ઔદાર્ય વગેરે ગુણોથી યુક્ત અને તેથીજ અનેક પુરુષોએ જેને માગી હતી, એવી તે સત્યભામાને વિધિપૂર્વક પરણ્યા ને હે રાજા! સત્રાજિતને ભગવાને કહ્યું કે, ‘અમે તમારો મણિ લઇશું નહિ. તમે÷સૂર્યદેવના ભક્ત છો, તેથી તે મણિ તમારી પાસેજ ભલે રહે. અમે તો ફળ ભોગવનારા છીએ.’‡[૪૪,૪૫]

भगवानाह न मणिं प्रतीच्छामो वयं नृप ।
तवास्तां देवभक्तस्य वयं च फलभागिनः ॥४५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૬ મો સમાપ્ત

अध्याय ५७ मो+

મણિ ચોરવાના આરોપને ભગવાને ફરીથી દૂર કર્યો

॥ श्रीशुक उवाच ॥

विज्ञातार्थोऽपि गोविंदो दग्धानाकर्ण्य पांडवान् ।
कुंतीं च कुल्यकरणे सहरामो ययौ कुरून् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–“શ્રીકૃષ્ણ (પાંડવો બળી ગયા નથી વગેરે જાણતા હતા, છતાં) પાંડવોને તથા કુંતીને (લાક્ષાગૃહમાં) બળી ગયેલાં સાંભળી કુળના વ્યવહાર પ્રમાણે ખરખરો કરવા સારુ બળરામ સાથે કુરુદેશ–હસ્તિનાપુર ગયા.[૧] ત્યાં જઇને ભીષ્મ, કૃપાચાર્ય, વિદુર, ગાંધારી તથા દ્રોણાચાર્યને મળીને તેઓની સમાન દુઃખી થઇ, ‘અફસોસ, ઘણુંજ ખોટું થયું’ એમ ખરખરો કરવા લાગ્યા.[૨] હે પરીક્ષિત રાજા! શ્રીકૃષ્ણ હસ્તિનાપુર હતા, એ લાગ સાધીને અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને કહ્યું કે, ‘સત્રાજિતની પાસેથી તું શા માટે મણિ નથી લઈ લેતો?[૩] એ સત્રાજિતે આપણને કન્યારત્ન–સત્યભામા આપવા પ્રતિજ્ઞા કરી હતી, છતાં આપણો અનાદર કરીને કન્યા કૃષ્ણને આપી દીધી; તો સત્રાજિત્ શા માટે તેના ભાઇ પ્રસેનની પાછળ ન જવો

÷ ‘તમે સૂર્યદેવના ભક્ત છો’ એમ કહી ભગવાન કટાક્ષ કરે છે કે, તમે કંઇ અમારા ભક્ત નથી.–मा.क.

‡ કહેવાનો ભાવ એ છે કે, તમારે પુત્ર નથી, એટલે છેવટે તમારું ધન તે અમારુંજ છે ને! —श्रीधर

+ આ અધ્યાયમાં ‘શતધન્વાના વધપ્રસંગે પ્રાપ્ત થયેલા અપયશને ભગવાને અક્રૂરદ્વારા આણેલા મણિથી દૂર કર્યો,’ એ કથા કહેવાશે; તેમજ મણિનું પાત્ર અક્રૂરજ છે, એમ માની ભગવાન એકાંતમાં મંત્રણા કરી બળરામ સાથે હસ્તિનાપુર ગયા, તે કહેવાશે.–श्री

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોઇએ? અર્થાત્ શા માટે તારે તેને મારી ન નાખવો જોઇએ?[૪] એ પ્રમાણે અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાની બુદ્ધિ ભમાવી નાખી તેથી જેના જીવનનો નાશ થયો હતો, (એટલે જેનું મરણ સમીપજ હતું,) એવા પાપી દુષ્ટ શતધન્વાએ લોભને લીધે (રાત્રે) સૂતેલા સત્રાજિતને મારી નાખ્યો.÷[૫] વિલાસ કરતી સ્ત્રીઓ અનાથની પેઠે બૂમો પાડતી રહી અને કસાઇ જેમ પશુઓનો નાશ કરી નાખે તેમ સત્રાજિતને મારી નાખીને શતધન્વા મણિ લઇને નાસી ગયો.[૬] સત્યભામા, પોતાના પિતાને મારી નાખેલા જોઇને શોકાકુળ થઇને મૂર્ચ્છા પામવા લાગી અને 'ઓ પિતા! ઓ પિતા! હાય! હું મરી ગઈ!' એમ વિલાપ કરવા લાગી.[૭] તે, પોતાના મરેલા પિતાને તેલની કોઠીમાં નાખી હસ્તિનાપુર ગઈ અને સર્વ વાતને જાણનારા શ્રીકૃષ્ણની આગળ તપી જઇને પોતાના પિતાનો વધ તેણે જાહેર કર્યો. હે રાજા! શ્રીકૃષ્ણ અને બળદેવજી ઈશ્વર હતા, તોપણ એ વાત સાંભળીને મનુષ્યલોકને અનુસરી 'અફસોસ! આપણા પર મહાન કષ્ટ આવી પડ્યું છે' એમ નેત્રોમાં આંસુઓ લાવીને વિલાપ કરવા લાગ્યા. પછી ભગવાન કૃષ્ણ પોતાના મોટા ભાઇ અને સત્યભામાની સાથે હસ્તિનાપુરથી દ્વારકામાં આવીને ત્યાં શતધન્વાનો વધ કરવા માટે અને તેની પાસેથી મણિ લઇ લેવા માટે તૈયારી કરવા લાગ્યા.[૮-૧૦] પેલો શતધન્વા પણ પોતાને મારી નાખવા માટે શ્રીકૃષ્ણની તૈયારી જાણીને ભયભીત થઇ ગયો; તેણે પ્રાણ બચાવવા માટે કૃતવર્માની સહાય માગી; એટલે કૃતવર્માએ તેને કહ્યું કે, 'ઈશ્વર શ્રીકૃષ્ણ તથા બળદેવનો હું અપરાધ નહિ કરું. કારણકે તેઓ બન્નેનો અપરાધ કરીને કયા મનુષ્યનું કલ્યાણ થાય? જેમનો દ્વેષ કરવાથી કંસ, સર્જ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઇ પોતાના અનુયાયીઓ સાથે મરણ પામ્યો અને જરાસંધ સત્તર યુદ્ધોમાં રથ રહિત થઇને નાસી ગયો.'[૧૧-૧૩] આમ કહીને કૃતવર્માએ સહાય માટે ના પાડી એટલે શતધન્વાએ અક્રૂર પાસે સહાય માગી; ત્યારે તેણે પણ કહ્યું કે, 'ઈશ્વર શ્રીકૃષ્ણ તથા બળદેવજીના બળને જાણનારો કયો પુરુષ તેમની સાથે વિરોધ કરે?[૧૪] જે ભગવાન લીલાથી આ જગતને સરજે છે, પાળે છે અને સંહારે છે; જેમની ચેષ્ટાને માયાથી મોહિત થયેલા બ્રહ્મા વગેરે પ્રજાપતિઓ પણ જાણતા નથી અને જે ભગવાન સાત વર્ષની વયના બાળક હતા, ત્યારે પણ કોઇ બાળક જેમ બિલાડીના ટોપને ધારણ કરે, તેમ ગોવર્ધન પર્વતને એક હાથે ઉપાડી લઈ ધારણ કરી રહ્યા હતા; તે અદ્ભુત કર્મ કરનારા, અનંત, જગતના આદિરૂપ, નિર્વિકાર અને સર્વના આત્મા શ્રીકૃષ્ણ ભગવાનને મારા વારંવાર નમસ્કાર હો.'[૧૫-૧૭] એમ કહીને અક્રૂરે પણ સહાય કરવા ના પાડી એટલે શતધન્વા; તે મહામણિ અક્રૂરને† ત્યાં થાપણ તરીકે મૂકીને સો યોજન સુધી જનારા ઘોડા પર બેસીને ત્યાંથી નાઠો.[૧૮] એટલે હે રાજા! બળરામ તથા શ્રીકૃષ્ણ પણ ગરુડના ધ્વજવાળા રથમાં બેસી મોટા વેગવાળા ઘોડાઓને લીધે તે +ગુરુદ્રોહી શતધન્વાની પાછળ તેની લગભગ જઈ પહોંચ્યા.[૧૯] શતધન્વાનો ઘોડો (સો યોજન) મિથિલાનગરી સુધી પહોંચ્યો, એટલે (આગળ જવા અશક્ત થઇને) મિથિલાના બગીચામાં પડી ગયો, જેથી તેનો ત્યાગ કરી અત્યંત ત્રાસ પામેલો શતધન્વા પગપાળો દોડવા લાગ્યો; એટલે શ્રીકૃષ્ણ પણ ક્રોધથી પગપાળા તેની પાછળ દોડ્યા; અને તે પગપાળા શતધન્વાના મસ્તકને પગપાળા ભગવાને તીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપી નાખીને તેનાં બન્ને વસ્ત્રોમાં મણિને ‡શોધવા

÷ શ્રીકૃષ્ણની આજ્ઞાનો ભંગ કરવાથી સત્રાજિતને આ ફળ મળ્યું એ આશય છે. —મા. ક.

† શતધન્વા, અક્રૂરને ત્યાં મણિ થાપણ મૂકે તેમાં પણ અંતર્યામી શ્રીકૃષ્ણની તેને આંતરિક પ્રેરણાજ હતી.—શ્રી.

+ ગુરુદ્રોહી—એટલે પોતાના સસરા સત્રાજિતનો વધ કરનાર. —શ્રીધર

‡ ભગવાન તો સર્વજ્ઞ હતા, તેથી જાણતાજ હતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માંડ્યો.[૨૦,૨૧] પણ મણિ મળ્યો નહિ એટલે શ્રીકૃષ્ણ, મોટા ભાઇ પાસે આવીને તેમને કહેવા લાગ્યા કે, 'શતધન્વાને વૃથા માર્યો છે; તેની પાસે મણિ નથી.'[૨૨] તે §પછી બળદેવજી બોલ્યા કે, 'નક્કી શતધન્વાએ તે મણિને કોઇ પુરુષને ત્યાં થાપણ મૂક્યો હશે, માટે તમે દ્વારકા જાઓ અને મણિની તપાસ કરો.[૨૩] હું તો વિદેહ–જનક રાજાને મળવા ઇચ્છું છું; કેમકે તે રાજા મને અસંત પ્રિય છે.' એમ કહીને હે રાજા! યદુનંદન બળદેવજીએ મિથિલા નગરીમાં પ્રવેશ કર્યો. એટલે મિથિલાનો રાજા, બળદેવજીને જોઇ મનમાં પ્રસન્ન થઇ આસન પરથી ઊભો થઇ ગયો અને પૂજન કરવાયોગ્ય બળદેવજીની, પૂજાનાં સાહિત્યોથી વિધિ પ્રમાણે તેણે પૂજા કરી.[૨૪,૨૫] સમર્થ બળદેવજી કેટલાંક વર્ષો સુધી મિથિલા નગરીમાં રહ્યા હતા અને મહાત્મા જનક રાજાએ પણ પ્રીતિયુક્ત થઇને તેમનું સન્માન કર્યું હતું. તે વખતે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને (મિથિલાનગરીમાં રહીને) બળદેવજી પાસેથી ગદાયુદ્ધ શીખી લીધું હતું. બીજી તરફ પ્રભુ શ્રીકૃષ્ણે પોતાની[૨૬] પ્રિયા સત્યભામાને સારું લગાડવા માટે, શતધન્વાનું મરણ અને તેની પાસેથી મણિ ન મળ્યો તે વાત તેને જણાવી.[૨૭] પછી ભગવાને મરણ પામેલા પોતાના સસરાની પરલોકની જે જે ક્રિયાઓ કરવી જોઇએ, તે તે પોતાના સંબંધીઓની સાથે રહીને કરાવી.[૨૮] બીજી તરફ અક્રૂર અને કૃતવર્મા, શતધન્વાનો વધ સાંભળી ભયથી ત્રાસ પામીને દ્વારકામાંથી +નાસી ગયા; કારણ કે તેઓ બન્નેએ સત્રાજિતને મારી નાખવા માટે શતધન્વાને પ્રેરણા કરી હતી.[૨૯] એ રીતે *અક્રૂર દ્વારકામાંથી નાસી ગયા, એટલે દ્વારકાવાસીઓમાં વારંવાર શારીરિક, માનસિક, દૈવી અને બીજાં પ્રાણીઓ સંબંધી સંતાપો થવા લાગ્યા.[૩૦] આમ હે રાજા! કેટલાક મુનિઓ, પૂર્વે મેંજ કહેલા શ્રીકૃષ્ણના માહાત્મ્યને ભૂલી જઈ કહે છે; પણ મુનિઓના નિવાસસ્થાનરૂપ શ્રીકૃષ્ણ ભગવાન જ્યાં વસતા હોય ત્યાં (માત્ર અક્રૂરના ચાલ્યા જવાથી) શું ઉત્પાતદર્શન ઘટે છે? (તે ભગવાનની ઇચ્છા વિના નજ ઘટે.)[૩૧] (વળી કેટલાક ઋષિઓ કહે છે કે,) કાશી દેશમાં જ્યારે વરસાદ વરસતો ન હતો, ત્યારે કાશીદેશના રાજાએ પોતાના દેશમાં આવેલા શ્વફલ્ક યાદવને 'ગાંદિની' નામની પોતાની પુત્રી આપી હતી; જેથી કાશી દેશમાં વરસાદ વરસ્યો હતો. માટે તે શ્વફલ્કનો પુત્ર આ અક્રૂર પણ એવાજ પ્રભાવવાળો હોઇને તે જ્યાં જ્યાં હોય છે, ત્યાં ત્યાં વરસાદ વરસે છે અને કોઈ જાતના સંતાપો કે મરકી વગેરે અકાળ મૃત્યુઓ થતાં નથી; આવું (અક્રૂરના મહિમાવાળું) દ્વારકાના વૃદ્ધ મનુષ્યોનું કહેવું સાંભળીને શ્રીકૃષ્ણે, 'હા, એ વાત સાચી છે, પણ આમાં આટલુંજ કારણ નથી; પરંતુ મણિનું અહીંથી

કે, મણિ તો અક્રૂર પાસે છે; તોપણ બળરામને ઠગવા માટે પોતે આમ શોધ કરી હતી. —શ્રીધર

§ શ્રીકૃષ્ણ સર્વજ્ઞ છે, છતાં મને ઠગવા માટે આવી ચેષ્ટાઓ કરે છે, એમ જાણી જઇને બળદેવજી રોષને ગુપ્ત રાખી કહે છે. —શ્રીધર

+ અક્રૂર અને કૃતવર્મા દ્વારકામાંથી નાસી ગયા; તેમાં અક્રૂર તો શ્રીકૃષ્ણની સંમતિથીજ દ્વારકા છોડી ગયા હતા અને કૃતવર્માને ભગવાને નાસી જવા દીધો, તે તો ભક્તો ઉપર પોતાનો પક્ષપાત છે, એ જાહેર ન થઇ જાય તે માટેજ; નહિ તો સર્વજ્ઞ ભગવાનને ઠગીને તેઓ કેમ નાસી જઇ શકે? —શ્રીધર

* અક્રૂર મણિ લઇને કાશીમાં જઇ રહ્યા અને ત્યાં પોતાનું 'દાનપતિ' એવું નામ ધારણ કરી સુવર્ણની વેદિકાવાળા યજ્ઞો કરવા લાગ્યા. આ તરફ દ્વારકામાં 'શ્રીકૃષ્ણે અક્રૂરને વિદાય કરી દીધા છે,' આવી વાત લોકો કાને કાને કહેવા લાગ્યા; એટલે સત્યભામાને તથા બળરામ વગેરેને પણ અવિશ્વાસ થયો. તે ઉપરથી મનુષ્યોને ખાતરી કરાવવા માટે ભગવાને અક્રૂરને બોલાવ્યા હતા; આવા ભગવાનના અભિપ્રાયને છુપાવીને કેટલાક ઋષિઓ અક્રૂરને તેડાવવામાં બીજું કારણ વર્ણવે છે, તે બરાબર નથી, એમ જણાવવાને પ્રથમ તો તે સંબંધે બીજાઓના મતનો આ શ્લોકમાં અનુવાદ કરે છે: —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જવું તે પણ કારણ છે, એમ માનીને (દૂતોદ્વારા) અક્રૂરને તેડાવ્યા; (આવો કેટલાક ઋષિઓનો મત છે પણ તેમ નથી; પરંતુ ભગવાને 'મણિ કૃષ્ણ પાસે છે' આવો લોકોનો વહેમ દૂર કરવા અક્રૂરને તેડાવ્યા) અને તેમનો સત્કાર કરી, તેમને સંબોધીને પ્રિય વાતો કહી. સર્વના ચિત્તને જાણી લેનારા ભગવાને હસતાં હસતાં તેમને કહ્યું કે, 'હે દાનપતિ! શતધન્વાએ સ્યમંતક નામનો શોભાયમાન મણિ તમારે ત્યાં થાપણ તરીકે મૂક્યો છે, એ અમે પહેલેથીજ જાણીએ છીએ; અને સત્રાજિતને પુત્ર હતો નહિ, તેથી તેને ઉદ્દેશીને જળદાન તથા પિંડદાન આપીને તેનું જે કંઇ કરજ હોય તે પતાવી દઈ તેની બાકીની મિલકત તેની પુત્રીના પુત્રો લઇ શકે; (એમ ‡ધર્મશાસ્ત્રો કહે છે; એટલે સ્યમંતક મણિના વારસ પણ સત્રાજિતની પુત્રી સત્યભામાના પુત્રોજ ગણાય;) તોપણ એ મણિ તમારા વિના બીજાઓથી ભાગ્યેજ રાખી શકાય એવો છે; માટે ઉત્તમ વ્રત પાળનારા તમારી પાસેજ તે મણિ ભલે રહે; પરંતુ એ મણિના સંબંધમાં મારા મોટા ભાઈ પોતે પણ વિશ્વાસ કરતા નથી (અને વહેમાય છે કે, એ મણિ કૃષ્ણ પાસે છે,) તેથી હે મહાભાગ્યશાળી અક્રૂર! તમે એ મણિ બતાવો અને (મારા પર શંકાવાળા આપણા સંબંધીઓમાં) શાંતિ કરો. (તમે એમ તો નહિજ કહી શકો કે મણિ મારી પાસે નથી; કેમકે) આજ દિન સુધી તમારા સુવર્ણની વેદિકાઓવાળા યજ્ઞો અવિચ્છિન્ન રીતે (તે મણિના પ્રભાવથીજ) ચાલી રહ્યા છે.[૩૨–૩૯] આવી રીતે શ્વફલ્કના પુત્ર અક્રૂરને ભગવાને શાંતિભરેલાં વચનો કહ્યાં, એટલે તેણે વસ્ત્રમાં વીંટેલો સૂર્યસમાન તેજવાળો મણિ લાવીને શ્રીકૃષ્ણને અર્પણ કર્યો.[૪૦] પ્રભુ શ્રીકૃષ્ણે પોતાના સર્વ જ્ઞાતિઓને તે મણિ બતાવીને પોતાના ઉપર આવેલો આરોપ દૂર કર્યો અને તે મણિ પાછો અક્રૂરજીને આપી દીધો.[૪૧] જે મનુષ્ય, સર્વના ઈશ્વર ભગવાન વિષ્ણુ શ્રીકૃષ્ણનું પરાક્રમવાળું; પાપને હરનારું અને અત્યંત માંગલિક એવું આ આખ્યાન ભણે છે, સાંભળે છે કે સંભારે છે, તે મનુષ્ય અપકીર્તિને તથા તેના કારણરૂપ પાપને દૂર કરી શાંતિ પામે છે."[૪૨]

यस्त्वेतद्भगवत ईश्वरस्य विष्णोर्वीर्याढ्यं वृजिनहरं सुमंगलं च। आख्यानं पठति शृणोत्यनुस्मरेद्वा दुष्कीर्तिं दुरितमपोह्य याति शांतिम् ॥ ४२ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૭ મો સમાપ્ત

अध्याय ५८ मो×

શ્રીકૃષ્ણ બીજી પાંચ સ્ત્રીઓને પરણ્યા

॥ श्रीशुक उवाच ॥

एकदा पांडवान् द्रष्टुं प्रतीतान् पुरुषोत्तमः।
इंद्रप्रस्थं गतः श्रीमान् युयुधानादिभिर्वृतः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એક સમયે શ્રીમાન પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, (પહેલાં લાક્ષાગૃહમાં બળી ગયેલા તરીકે જણાઇને પાછળથી દ્રુપદ રાજાને ઘેર) સર્વના જાણવામાં આવેલા પાંડવોને મળવા માટે સાત્યકિ વગેરેની સાથે ઇન્દ્રપ્રસ્થ ગયા;[૧] ત્યારે સમગ્રના ઈશ્વર શ્રીકૃષ્ણને પધારેલા જોઇ વીર પાંડવો, ઇન્દ્રિયો જેમ મુખ્ય પ્રાણ આવતાં એકદમ સચેત થઇ જાય, તેમ એકીસાથે ઊભા થઇ

‡ ધર્મશાસ્ત્ર કહે છે કે—

पत्नी दुहितरश्चैव पितरौ भ्रातरस्तथा।
तत्सुता गोत्रजा बंधुशिष्यसब्रह्मचारिणः ॥
(या. स्मृ. २–१३५)

કોઇ માણસ મરી જાય ત્યારે શાસ્ત્રકારોએ કહેલ ૧૨ પ્રકારના પુત્રોમાંથી કોઇ ન હોય, તો તેની મિલકતના વારસ તરીકે ક્રમશઃ તેની સ્ત્રી, દીકરીઓ, માતા–પિતા, ભાઇઓ, તેના પુત્રો, તેના કુટુંબીઓ, શિષ્ય કે તેના સહાધ્યાયીને ગણી શકાય છે. —શ્રીધર

× આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે કાલિંદી, મિત્રવિંદા, સત્યા, ભદ્રા તથા લક્ષ્મણા નામની પાંચ સ્ત્રીઓ સાથે પાણિગ્રહણ કર્યું' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયા[૨] અને શ્રીકૃષ્ણને ભેટી પડીને તેમના અંગસંગથી જેઓનાં પાપો નાશ પામ્યાં હતાં, એવા તે શૂરા પાંડવો પ્રેમયુક્ત હાસ્યવાળા શ્રીભગવાનના મુખને જોઇ આનંદ પામ્યા.[૩] ભગવાન શ્રીકૃષ્ણ પણ યુધિષ્ઠિર તથા ભીમસેનના ચરણમાં વંદન કરીને અર્જુનને ભેટ્યા અને નકુલ તેમજ સહદેવે શ્રીકૃષ્ણને વંદન કર્યું.[૪] પછી શ્રીકૃષ્ણ ઉત્તમ આસન પર બેઠા, એટલે પાંડવોએ તુરતમાં પરણેલાં અને (પાંચ પતિઓની સ્ત્રી છતાં) નિંદારહિત એવાં દ્રૌપદીએ કંઇક શરમાતાં શરમાતાં ધીમેથી આવી શ્રીકૃષ્ણને વંદન કર્યું.[૫] પાંડવોએ સાત્યકિનો પણ સત્કાર કર્યો અને તેને વંદન કર્યું; એટલે તે પણ આસન ઉપર બેઠો, તેમજ બીજા યાદવો પણ સત્કાર પામીને ચોતરફ બેસી ગયા.[૬] પછી શ્રીકૃષ્ણે કુંતાજી પાસે જઇને તેમને વંદન કર્યું, એટલે ઘણાજ સ્નેહથી આર્દ્ર દષ્ટિવાળાં કુંતાજી તેમને ભેટી પડ્યાં ને સગાં-સંબંધીઓનું કુશળ પૂછવા લાગ્યાં. સામેથી શ્રીકૃષ્ણ ભગવાને પણ પોતાની તે ફોઇને તેમની પુત્રવધૂ સાથે કુશળસમાચાર પૂછ્યા.[૭] પછી પ્રેમને લીધે થયેલી વ્યાકુળતાથી રૂંધાયેલા કંઠવાળાં (પોતાના ઉપર આવેલાં) અનેક દુઃખોનું સ્મરણ કરતાં કુંતાજી, પોતાના ભક્તોના ક્લેશનો નાશ કરવા માટે દર્શન દેનારા તે ભગવાનને કહેવા લાગ્યાં કે,[૮] 'હે કૃષ્ણ! સંબંધી એવા અમારું સ્મરણ કરીને મારા ભાઈ અક્રૂરજીને આપે અહીં મોકલ્યા હતા, તેજ સમયથી અમારું કુશળ થયું છે અને અમને આપે સનાથ કર્યાં છે.[૯] આપ તો સમસ્ત જગતના સંબંધી અને આત્મા છો, તેથી આપને તો 'પોતાનો કે પારકો' એવી ભ્રાંતિ છેજ નહિ; તોપણ આપનું સ્મરણ કરનારાઓનાં હૃદયમાં રહીને આપ તેઓના ક્લેશનો સર્વદા નાશ કરો છો.

યુધિષ્ઠિર બોલ્યાઃ-' હે અધીશ્વર! અમે કયું પુણ્ય કર્યું હશે? તે હું જાણી શકતો નથી; કારણ કે મહાન યોગીઓને પણ દુર્લભ દર્શનવાળા આપનાં અમને દુર્બુદ્ધિઓને દર્શન થાય છે.' આમ કહીને યુધિષ્ઠિર રાજાએ વર્ષાઋતુના ચાર મહિના સુધી (પોતાને ત્યાં) રહેવા માટે પ્રાર્થના કરી; એટલે ભગવાન શ્રીકૃષ્ણ, ઇન્દ્રપ્રસ્થમાં રહેનારાંઓને આનંદ ઉપજાવતા સુખેથી (તેટલો સમય) ત્યાં રહ્યા.[૧૦-૧૨] એક દિવસે શત્રુવીરોનો સંહાર કરનાર અર્જુન, વાનરના ચિહ્નયુક્ત ધ્વજવાળા રથમાં બેસીને ગાંડીવ ધનુષ તથા બે અક્ષય ભાથા લઇને શ્રીકૃષ્ણની સાથે અનેક શિકારી પશુઓ તથા મૃગોથી વ્યાપ્ત એવા વનમાં વિહાર કરવા માટે દાખલ થયો.[૧૩-૧૪] ત્યાં તેણે વાઘો, ભૂંડો, પાડા, રુરુ મૃગો, અષ્ટાપદ પશુઓ, રોઝ જનાવરો, ગેંડા, મૃગલાં, સસલાં તથા સેઢાઇઓને બાણોથી વીંધી નાખ્યાં.[૧૫] પછી તેના ચાકરો (અષ્ટકાશ્રાદ્ધ વગેરે) કોઈ પર્વ આવ્યું હોવાથી તે પવિત્ર પશુઓને યુધિષ્ઠિર રાજા પાસે લઇ ગયા; અને થાકી ગયેલો અર્જુન તૃષાતુર થઇને યમુના નદી પર ગયો. ત્યાં મહારથી શ્રીકૃષ્ણે તથા અર્જુને નિર્મળ જળ પીધું; એટલામાં ત્યાં ફરતી એક સુંદર દેખાવની કન્યા તેમણે જોઈ; એટલે મિત્ર શ્રીકૃષ્ણે તેની તપાસ કરવા માટે અર્જુનને મોકલ્યો; જેથી સુંદર નિતંબવાળી, શ્રેષ્ઠ દાંતવાળી અને મનોહર મુખવાળી તે ઉત્તમ સ્ત્રી પાસે જઇને અર્જુન પૂછવા લાગ્યોઃ 'હે સુંદર નિતંબવાળી! તું કોણ છે? કોની કન્યા છે? ક્યાંથી આવી છે? અને શું કરવા ઇચ્છે છે? હું માનું છું કે, તું પતિને ઇચ્છે છે; તો હે સુંદરિ! તે સર્વ મને કહે.'[૧૬-૧૯]

કાલિન્દી બોલીઃ-'હું સૂર્યદેવની પુત્રી છું અને વર આપનારા વિષ્ણુ ભગવાનને ઉત્તમ પતિ તરીકે ઇચ્છતી શ્રેષ્ઠ તપશ્ચર્યા કરી રહી છું.[૨૦] હે વીર! લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ તે વિષ્ણુ ભગવાન વિના બીજા પતિને હું વરવાની નથી; માટે અનાથના આશ્રયરૂપ તે મુકુંદ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. મારું નામ 'કાલિન્દી'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; અને અહીં યમુનાના જળમાં મારા પિતાએ બનાવી આપેલા ઘરમાં વિષ્ણુ ભગવાનનાં દર્શન થશે, ત્યાંસુધી હું રહેવાની છું.૨૧-૨૨

(શ્રીશુકદેવજી બોલ્યાઃ–) "અર્જુને તે કન્યાના કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણ પાસે (જઇને) કહ્યું; એટલે તે સર્વ વાત જાણનાર ભગવાન તે કન્યાને રથમાં બેસાડીને યુધિષ્ઠિર રાજા પાસે આવ્યા.૨૩ તે પછી પાંડવોએ પોતાના નગરને પરમ અદ્ભુત બનાવવા માટે શ્રીકૃષ્ણને વિનતિ કરી એટલે તેજ વખતે ભગવાને વિશ્વકર્મા પાસે તેઓના નગરને અતિ અદ્ભુત કરાવી આપ્યું.*૨૪ વળી પોતાના ભક્ત પાંડવોને સારું લગાડવા માટે ત્યાં–ઇન્દ્રપ્રસ્થમાં રહી ભગવાન કૃષ્ણ, અગ્નિને (ભક્ષણ માટે) ખાંડવ વન આપવા અર્જુનના સારથિ થયા હતા.૨૫ હે રાજન્! તે વેળા અગ્નિએ પ્રસન્ન થઈને ગાંડીવ નામનું ધનુષ, ધોળા ઘોડા, એક રથ, અક્ષય બે ભાથા અને અસ્ત્રધારીઓથી તોડી ન શકાય એવું એક કવચ અર્જુનને આપ્યું હતું.૨૬ વળી (ખાંડવ વનને બાળતી વખતે) મયદાનવને અગ્નિથી મુક્ત કરવામાં આવ્યો હતો; તેથી તેણે પોતાના મિત્ર અર્જુનને માટે એક સભા કરી આપી હતી, જે સભામાં દુર્યોધનને જળ હતું ત્યાં સ્થળ અને સ્થળ હતું ત્યાં જળ, આવો દષ્ટિભ્રમ થયો હતો.૨૭ તે પછી યુધિષ્ઠિર રાજાએ અને બીજાં સગાં–સંબંધીઓએ શ્રીકૃષ્ણને દ્વારકા જવા માટે રજા આપી અનુમોદન આપ્યું, એટલે સાત્યકિ વગેરે સાથે શ્રીકૃષ્ણ પાછા દ્વારકા પધાર્યા. ત્યાં જઇ અતિશય ઉત્તમ ઋતુમાં શ્રેષ્ઠ નક્ષત્રવાળા સર્વોત્તમ મુહૂર્તમાં, પોતાના ભક્તોને પરમમંગળરૂપ શ્રીકૃષ્ણ, સંબંધીઓને પરમ આનંદ આપતા, કાલિન્દીને પરણ્યા હતા.

તે પછી હે રાજન્! દુર્યોધનને વશ રહેનારા તેના અનુયાયી વિંદ તથા અનુવિંદ નામના અવંતીના બે રાજાઓએ, શ્રીકૃષ્ણમાં આસક્ત એવી પોતાની બહેન મિત્રવિંદા કે જે રાજાધિદેવી નામની શ્રીકૃષ્ણની ફોઇની પુત્રી હતી તેને શ્રીકૃષ્ણ સાથે પરણતાં અટકાવી હતી; પણ શ્રીકૃષ્ણે સ્વયંવરમાં રાજાઓના દેખતાં બળાત્કારે તેણીનું હરણ કર્યું હતું.૨૮–૩૧ વળી હે રાજા! નગ્નજિત્ નામનો કોશલ દેશનો એક અત્યંત ધાર્મિક રાજા હતો. તેને સત્યા નામની એક તેજસ્વી કન્યા હતી, જે 'નાગ્નજિતી' એવા બીજા નામથી પણ પ્રસિદ્ધ હતી.૩૨ ત્યાં (રાજાઓના બળની પરીક્ષા માટે રાખવામાં આવેલા) તીક્ષ્ણ શિંગડાંવાળા, વશ કરવાને અશક્ય, વીર પુરુષોના ગંધને પણ સહન નહિ કરનારા અને ઉદ્ધત એવા સાત આખલાઓને જીત્યા વિના રાજાઓ તે કન્યાને પરણી શકતા ન હતા.૩૩ ભક્તોના પતિ ભગવાન, તે કન્યાને એ આખલાઓને જીતનાર પુરુષથી મેળવવા યોગ્ય સાંભળીને મોટા સૈન્ય સાથે કૌશલપુર ગયા. એટલે કૌશલદેશના રાજાએ પ્રસન્ન થઈ સામેથી ઊભા થઇ આસન વગેરે આપીને મોટા પૂજાસાહિત્યથી શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો; અને શ્રીકૃષ્ણે પણ સામેથી તેનો સત્કાર કર્યો. રાજકન્યા નાગ્નજિતી, પોતે પસંદ કરેલા વર શ્રીકૃષ્ણને પધારેલા જોઇ ઇચ્છવા લાગી કે, 'મેં અનેક વ્રતો કરીને જો આ ભગવાનને હૃદયમાં ધારણ કર્યા હોય, તો આ મારા પતિ થાઓ અને મારા નિર્મળ મનોરથોને સત્ય કરો. જેમના ચરણકમળની રજને લક્ષ્મીદેવી અને શંકર તથા લોકપાલોસહિત બ્રહ્મા

* તોષણી ટીકાકાર ચક્રવર્તી એમ લખે છે કે, અહીં આવો ક્રમ સમજવો જોઇએઃ–ભગવાને સૌ પહેલાં પાંડવોના નગરને વિશ્વકર્મા પાસે અદ્ભુત કરાવી આપ્યું; તે પછી અર્જુને ખાંડવ વન બાળ્યું; તે પછી મયદાનવે સભા કરી આપી ને પછી કાલિંદી કન્યા ભગવાનને મળી. અહીં આમ માનવામાં આવે તોજ આ અધ્યાયના ૧૩–૧૪ શ્લોકમાં કહેવા પ્રમાણે ગાંડીવ ધનુષ લઇને અર્જુન વનમાં ગયો, એ વાત સંભવી શકે. કારણ કે ગાંડીવ ધનુષનો લાભ ખાંડવ વન બાળતી વખતે અર્જુનને થયો છે.

બાલપ્રબોધિની ટીકા પણ આ સંબંધે આવોજ અભિપ્રાય જણાવે છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મસ્તક પર ધારણ કરે છે, તેમજ પોતે રચેલી ધર્મમર્યાદાઓનું પાલન કરવાની ઇચ્છાથી સમયે સમયે જ લીલાશરીરો ધારણ કરે છે તે ઇશ્વર, કયા ઉપાયથી મારા ઉપર પ્રસન્ન થાય !+[૩૪-૩૭] બીજી તરફ નગ્નજિત્ રાજા, પૂજા-સત્કાર કરેલા શ્રીભગવાનને કહેવા લાગ્યો: 'હે નારાયણ! હે જગતના પતિ! આપ આત્માનંદથીજ પૂર્ણ છો; હું ક્ષુદ્ર આપનું શું પ્રિય કરું?'[૩૮]

શ્રીશુકદેવજી બોલ્યા:-"હે કુરુનંદન રાજા! પ્રસન્ન થયેલા ભગવાને આસનનો સ્વીકાર કરી હસતાં હસતાં મેઘ સમાન ગંભીર વાણીથી તેને કહ્યું.[૩૯]

શ્રીભગવાન બોલ્યા:-'હે રાજા! પોતાના ધર્મ પ્રમાણે વર્તનારો ક્ષત્રિય (કોઇની પાસે) યાચના કરે તેને વિદ્વાનો નિંદ્ય ગણે છે; તોપણ તમારી સાથેના સંબંધની ઇચ્છાથી હું તમારી કન્યાની માગણી કરું છું. (પણ) અમે કન્યાના મૂલ્ય તરીકે ધન વગેરે કંઇ આપનારા નથી.'[૪૦]

રાજાએ કહ્યું:-'હે નાથ! આ જગતમાં આપનાથી બીજો કયો અધિક પુરુષ કન્યાના વર તરીકે અમને ઇચ્છિત હોય? કારણ કે ગુણોના એક સ્થાનરૂપ આપના અંગમાં લક્ષ્મીજી નિત્ય વિયોગ વિના વાસ કરે છે.[૪૧] પણ હે યાદવશ્રેષ્ઠ! અમે પ્રથમથીજ કન્યાનો યોગ્ય વર મેળવવાના હેતુથી પુરુષોનાં પરાક્રમની પરીક્ષા કરવા માટે પ્રતિજ્ઞા કરી રાખી છે. હે વીર! (તે પ્રતિજ્ઞા એ છે કે,) આ સાત આખલાઓ જ હજીસુધી પલોટાયા નથી, કોઇને વશ થયા નથી, જેમણે અનેક રાજપુત્રોને હરાવ્યા છે અને ઘણાના અવયવો ભાંગી નાખ્યા છે; (તેઓને વશ કરી દામણાથી જ નાથે તે કન્યાને પરણી શકે.)[૪૨-૪૩] હે યદુનંદન! આપ આ આખલાઓને વશ કરીને નાથો તો, હે લક્ષ્મીપતિ! મારી પુત્રીના વર તરીકે માન્ય થઈ શકો.'[૪૪]

(શ્રી શુકદેવજી બોલ્યા:-) "રાજાએ કરેલી તે પ્રતિજ્ઞા સાંભળીને પ્રભુ શ્રીકૃષ્ણે ભેઠ બાંધી, પોતાનાં સાત સ્વરૂપો કરી રમતમાત્રમાંજ તે આખલાઓને વશ કર્યા.[૪૫] પછી જેઓના ગર્વ તથા પરાક્રમ નાશ પામ્યાં હતાં, એવા તે આખલાઓને દામણાંથી નાથીને, બાળક જેમ બાંધેલા લાકડાના આખલાઓને ખેંચે, તેમ શ્રીકૃષ્ણ રમતથી તેમને ખેંચવા લાગ્યા. આથી નગ્નજિત્ રાજા આશ્ચર્ય પામ્યો. તેણે પ્રસન્ન થઇને પોતાની પુત્રી શ્રીકૃષ્ણને આપી; સમર્થ ભગવાન કૃષ્ણ, પોતાને યોગ્ય એવી તે રાજકન્યાને વિધિ પ્રમાણે પરણ્યા[૪૬-૪૭] અને તે રાજાની રાણીઓ પણ પોતાની પુત્રીનો શ્રીકૃષ્ણરૂપી પ્રિય પતિ મેળવીને પરમ આનંદ પામી; પછી (આખા શહેરમાં) મોટો ઉત્સવ થયો.[૪૮] શંખો, ભેરીઓ, તથા નોબતો વાગવા લાગી; ગીતો ગવાવા લાગ્યાં; વાદિત્રો વાગવા લાગ્યાં; બ્રાહ્મણોના આશીર્વાદો અપાવા લાગ્યા તેમજ પુરુષો તથા સ્ત્રીઓ અતિ આનંદમાં આવી જઇ વસ્ત્રો ને પુષ્પમાળાઓથી પોતાને શણગારવા લાગ્યાં. રાજા નગ્નજિતે દશ હજાર ગાયો અને ગળામાં કંઠીઓ તથા સુંદર વસ્ત્રો ધારણ કરી રહેલી ત્રણ હજાર તરુણ દાસીઓ પહેરામણીમાં આપી.[૪૯-૫૦] એ ઉપરાંત નવ હજાર હાથીઓ, હાથીઓથી સોગણા રથો, રથો કરતાં સોગણા ઘોડાઓ ને ઘોડાઓ કરતાં સોગણાં માણસો આપ્યાં.[૫૧] પછી સ્નેહને લીધે જેનું હૃદય પીગળી ગયું હતું એવા કોશલરાજે તે દંપતીને રથમાં બેસાડી મોટી સેના સાથે (દ્વારકા તરફ) વળાવ્યાં.[૫૨] તે સાંભળીને યાદવોએ તથા આખલાઓએ પહેલાં જેઓનાં પરાક્રમનો નાશ કર્યો હતો એવા અસહનશીલ રાજાઓ, કન્યાને લઈ જતા શ્રીકૃષ્ણને માર્ગમાં ઘેરી વળ્યા અને તેમના પર સંખ્યાબંધ બાણો ફેંકવા લાગ્યા; પણ સિંહ જેમ ક્ષુદ્ર હરણિયાંઓને નસાડી મૂકે, તેમ પો-

---

+ અર્થાત્ ભગવાન પોતે પૂર્ણકામ છે તેથી અન્યની અપેક્ષા રાખતાજ નથી, માટે કેવળ કૃપા કરીનેજ મારો સત્કાર કરો. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તાના મિત્ર શ્રીકૃષ્ણનું પ્રિય કરનારા ગાંડીવધારી અર્જુને તે રાજાઓને (મારી મારીને) નસાડી મૂક્યા.૫૩-૫૪ પછી યાદવોમાં શ્રેષ્ઠ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાન, પહેરામણી લઇને દ્વારકામાં જઇ પહોંચ્યા ને ત્યાં સત્યા રાણી સાથે આનંદ કરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણ, પોતાની ફોઇ શ્રુતકીર્તિની પુત્રી ભદ્રાને પરણ્યા હતા. એ ભદ્રા કેકય દેશમાં જન્મી હતી અને તેણીના ભાઇ સંતર્દન વગેરેએ તેણીને શ્રીકૃષ્ણને આપી હતી. ઉપરાંત, મદ્ર દેશના રાજાની પુત્રી લક્ષ્મણા સર્વ લક્ષણોથી યુક્ત હતી, તેને ગરુડ જેમ અમૃતને હરી લે તેમ શ્રીકૃષ્ણે એકલાએ સ્વયંવરમાંથી હરી આણી હતી. આવી રીતે બીજી હજારો* સુંદર દેખાવની રાણીઓ શ્રીકૃષ્ણને હતી; જેઓને ભૌમાસુરનો (નરકાસુરનો) વધ કરી શ્રીકૃષ્ણે તેના અંતઃપુરમાંથી આણી હતી."૫૫-૫૮

अन्याश्चैवंविधा भार्याः कृष्णस्यासन् सहस्रशः
भौमं हत्वा तन्निरोधादाहृताश्चारुदर्शनाः ॥५८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૮ મો સમાપ્ત

अध्याय ५९ मो‡

ભૌમાસુરનો વધ અને પારિજાતનું હરણ

॥ राजोवाच ॥

यथा हतो भगवता भौमो येन च ताः स्त्रियः ।
निरुद्धा एतदाचक्ष्व विक्रमं शार्ङ्गधन्वनः ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"ભગવાન કૃષ્ણે, તે સ્રીઓને કેદ કરનારા ભૌમાસુરનો જે રીતે વધ કર્યો અને જે કારણથી તેને માર્યો હતો તે શ્રીકૃષ્ણનું પરાક્રમ તમે મને કહો."૧

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભૌમાસુરે† ÷ઇન્દ્રનું છત્ર, ઇન્દ્રની માતા—અદિતિનાં કુંડલો અને મેરુપર્વત ઉપર આવેલું ઇન્દ્રનું મણિપર્વત નામનું સ્થાન પણ હરી લીધું હતું; તેથી ઇન્દ્રે, ભૌમાસુરનાં તે કૃત્યો (સત્યભામાને ઘેર આવીને) શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યાં હતાં; તે ઉપરથી તે ભગવાન, ગરુડ ઉપર બેસીને +સત્યભામાની સાથે ભૌમાસુરના પ્રાગ્જ્યોતિષ નગરમાં ગયા.૨ એ નગરની ચારે બાજુ પહાડોના તથા શસ્રોના કિલ્લાઓ આવેલા હતા; તેને લીધે અને જળ, અગ્નિ તથા વાયુને લીધે તેમાં કોઇનાથી જઈ શકાય તેમ ન હતું; તેમજ એ નગર મુરદૈત્યના હજારો ભયંકર અને મજબૂત ફાંસાઓથી સર્વ તરફ વીંટાયલું હતું.૩ ગદાધારી શ્રીકૃષ્ણે (એ નગર પાસે જઇને) ગદાથી પહાડોના કિલ્લાઓને તોડી નાખ્યા, બાણોથી શસ્રોના કિલ્લાઓને ઉડાવી દીધા, ચક્રથી અગ્નિ, જળ તથા વાયુનો નાશ કર્યો, તલવારથી મુરદૈત્યના ફાંસાઓને

---

* હજારો રાણીઓમાંથી પટરાણીઓ મુખ્ય આઠ હતી—રુકિમણી, જાંબવતી, સત્યભામા, નાગ્નજિતી, ભદ્રા, લક્ષ્મણા, કાલિંદી અને મિત્રવિંદા. —શ્રીધર

‡ આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે ભૌમાસુરનો વધ કરી તેણે હરી આણેલી હજારો રાણીઓ મેળવી અને સ્વર્ગમાંથી પારિજાત—કલ્પવૃક્ષ આણ્યું,' એ કથા કહેવાશે. —શ્રીધર

†આ ભૌમાસુરનુંજ બીજું નામ નરકાસુર છે.—ભા.ક.

÷ ઇન્દ્રના છત્રનું હરણ કર્યું ન હતું, પણ વરુણદેવના છત્રનું હરણ કર્યું હતું; છતાં અહીં આમ કહેવામાં આવ્યું તેનો એ અભિપ્રાય છે કે, લોકપાલ વરુણના છત્રનું હરણ કરી ભૌમાસુરે તેનો માનભંગ કર્યો, તેથી લોકપાલોમાં મુખ્ય ગણાતા ઇન્દ્રનો પણ માનભંગ થયોજ અને તેથી તેનું છત્ર હરાયું ગણાય.—શ્રીધર

\+ સત્યભામાને ઘેર આવી ઇન્દ્રે ભગવાનને વિનતિ કરી હતી, તેથી સત્યભામાને તે આશ્ચર્યકારક વૃત્તાંત દેખાડવા માટે ભગવાન સાથે લઇ ગયા. અથવા 'તારી સંમતિથીજ હું તારા પુત્રનો વધ કરીશ.' આવું ઐતિહાસિક વરદાન પૃથ્વીને ભગવાને આપ્યું હતું, તે સત્ય કરવા માટે ભગવાન પૃથ્વીના અંશરૂપ સત્યભામાને સાથે લઈ ગયા. અથવા નારદજીએ આણેલું પારિજાતનું એક પુષ્પ, ભગવાને રુકિમણીને આપ્યું, તેથી રિસાઇ ગયેલી સત્યભામાને 'હું તને પારિજાતનું આખું ઝાડ લાવી આપીશ' આવું વચન આપ્યું હતું, તે માટે ભગવાન સત્યભામાને સાથે લઇ ગયા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાપી નાખ્યા, શંખનાદ વડે (કિલ્લાઓ પર ગોઠવેલાં) યંત્રોને તથા શૂરા પુરુષોનાં હૃદયોને હચમચાવી મૂક્યાં ને ભારે ગદાથી (મુખ્ય) કિલ્લાને પણ ભાંગી નાખ્યો. બીજી તરફ પ્રલયકાળના વજ્રપાત જેવો ભયંકર શ્રીકૃષ્ણના પાંચજન્ય શંખનો અવાજ સાંભળી પાંચ મસ્તકોવાળો અને (ખાઇના જળમાં) સૂઈ રહેલો મુરદૈત્ય તે જળમાંથી જાગી ઊઠ્યો.[૪-૬] જેની સામે જોવું પણ અત્યંત અશક્ય હતું એવો તે ઉગ્ર દૈત્ય, પ્રલયકાળના સૂર્ય તથા અગ્નિ સમાન કાંતિવાળું ત્રિશૂળ ઉગામીને પાંચ મુખોથી ત્રણે લોકને જાણે ગળી જતો હોય તેમ (પાંચે મોઢાં પહોળાં કરી) સર્પ જેમ ગરુડ સામે ધસી જાય, તેમ શ્રીકૃષ્ણ સામે ધસી ગયો.[૭] તેણે બળથી ત્રિશૂળ ભમાવીને (ભગવાનના) ગરુડ ઉપર ફેંક્યું ને પાંચે મુખોથી ગર્જના કરી; તેના એ મહાન શબ્દે આકાશ તથા પૃથ્વી સહિત સર્વ દિશાઓના મધ્યભાગને ભરી દીધો, એટલુંજ નહિ પણ સમગ્ર બ્રહ્માંડરૂપી કઢાયાને ભરી દીધું.[૮] શ્રીહરિએ પોતાની સામે આવતા તેના ત્રિશૂલના, બે બાણો મારી ત્રણ કકડા કરી નાખ્યા અને બળથી તેનાં મુખો પર પણ બાણો માર્યાં; એટલે તે દૈત્યે પણ ક્રોધથી ભગવાન પર ગદા ફેંકી.[૯] ગદના મોટા ભાઇ શ્રીકૃષ્ણે પોતાપર આવતી તે ગદાને સામી ગદા મારીને યુદ્ધમાં તેના હજારો ટુકડા કરી નાખ્યા; પેલો દૈત્ય બાહુઓ ઊંચા કરી ભગવાન સામે દોડ્યો; એટલે અજિત ભગવાને ચક્રવડે લીલામાત્રમાં તેનાં મસ્તકો ઉડાવી દીધાં.[૧૦] એ રીતે મસ્તકો કપાવાથી તે દૈત્ય પ્રાણરહિત થઇને ઇન્દ્રના વજ્ર વડે કપાયલાં શિખરોવાળા પર્વતની પેઠે જળમાં પછડાઇ પડ્યો. પછી એ મુરદૈત્યના સાત પુત્રો પિતાના વધથી આતુર થઇને વૈરનો બદલો લેવા માટે ક્રોધાયમાન થઇને યુદ્ધ કરવા તૈયાર થયા.[૧૧] તામ્ર, અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન અને સાતમો અરુણ—આ નામે મુરના પુત્રો ભૌમાસુરની આજ્ઞાથી પીઠ નામના સેનાપતિને આગળ કરી હથિયારો લઈ લઇને યુદ્ધ માટે નીકળ્યા.[૧૨] તેઓ ક્રોધથી ઉગ્ર થઇને શ્રીકૃષ્ણ પાસે આવી બાણો, તલવારો, ગદાઓ, શક્તિઓ, બેધારી તલવારો તથા ત્રિશૂલોનો તેમના ઉપર મારો ચલાવવા લાગ્યા; પણ અમોઘ પરાક્રમવાળા ભગવાને તેઓના એ શસ્ત્રસમુદાયના પોતાનાં બાણો વડે તલતલ જેવડા ટુકડા કરી નાખ્યા[૧૩] અને મસ્તકો, સાથળો, ભુજાઓ, પગ તથા બખ્તરો જેઓનાં કાપી નાખ્યાં હતાં એવા તે પીઠ વગેરે દૈત્યોને યમલોકમાં મોકલી દીધા. તે પછી પૃથ્વીનો પુત્ર નરકાસુર, પોતાના તે સેનાપતિઓને શ્રીકૃષ્ણનાં ચક્ર તથા બાણોથી મરણ પામેલા જોઇ, સહન નહિ કરીને સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા મદઝરતા હાથીઓની સાથે યુદ્ધ કરવા બહાર આવ્યો. તેણે સૂર્ય ઉપર વીજળી સહિત જેમ મેઘ બેઠો હોય, તેમ ગરુડ ઉપર સત્યભામાની સાથે બેઠેલા શ્રીકૃષ્ણને જોઇ તેમના પર શતઘ્ની નામનું એક શસ્ત્ર ફેંક્યું; તેમજ તેના સર્વ યોદ્ધાઓએ પણ એકીસાથે ભગવાન પર શસ્ત્રોનો મારો ચલાવ્યો; એટલે તેજ ક્ષણે ગદના મોટા ભાઈ શ્રીકૃષ્ણે, ભૌમાસુરના તે સૈન્ય પર રંગબેરંગી પીછાંવાળાં તીક્ષ્ણ બાણોનો મારો ચલાવી કોઈના બાહુઓ, કોઇની સાથળો, કોઈનાં મસ્તકો અને કોઈનાં શરીરો કાપી નાખ્યાં; તેમજ ઘોડાઓ તથા હાથીઓનો સંહાર કરી નાખ્યો.[૧૪-૧૬] હે કુરુવંશી રાજા! ભૌમાસુરના યોદ્ધાઓએ જે જે શસ્ત્રો કે અસ્ત્રો ભગવાન પર ફેંક્યાં, તે તે એક એકને શ્રીહરિએ (પોતાની પાસે આવ્યા પહેલાંજ) ત્રણ ત્રણ તીક્ષ્ણ બાણો મારીને કાપી નાખ્યાં.[૧૭] એ વેળા પોતાની બન્ને પાંખોથી હાથીઓનો સંહાર કરતો ગરુડ, ભગવાનને વહી રહ્યો હતો અને પોતાની ચાંચ, પાંખો તથા નખોથી પણ હાથીઓને હણી રહ્યો હતો,[૧૮] જેથી હાથીઓ દુઃખી થઇ જઇ નગરમાંજ પેસી જવા લાગ્યા. પછી નરકા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુરે યુદ્ધક્ષેત્રમાં યુદ્ધ કરવા માંડ્યું.[૧૯] તેણે પોતાના દુઃખી સૈન્યને ગરુડે નસાડી મૂકેલું જોઇ જેનાથી વજ્ર પણ અટકી ગયું હતું, એવી એક શક્તિ ગરુડને મારી; પણ ગરુડ પુષ્પની માળાથી હણાયલા હાથીની પેઠે તે શક્તિથી (હણાયા છતાં) કંપ્યો નહિ. એ રીતે ગરુડને મારવાનો ઉદ્યમ વૃથા ગયો; એટલે ભૌમાસુરે શ્રીકૃષ્ણને મારી નાખવા માટે ત્રિશૂળ લીધું; પણ શ્રીકૃષ્ણે તે ત્રિશૂળના ફેંકાયા પહેલાંજ હાથી પર બેઠેલા નરકાસુરના મસ્તકને સજાયા જેવી તીક્ષ્ણ ધારવાળા ચક્રથી ઉડાવી દીધું.[૨૦,૨૧] એ વખતે કુંડળોને ધારણ કરી રહેલું ને સુંદર મુકુટથી શોભતું તે ઉજ્જ્વળ મસ્તક પૃથ્વી પર પડેલું શોભતું હતું. પછી દૈત્યો હાહાકાર કરવા લાગ્યા, ઋષિઓ 'બહુ સારું થયું' એમ કહેવા લાગ્યા ને દેવેશ્વરો શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતા તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૨૨] તે પછી પૃથ્વી દેવીએ, શ્રીકૃષ્ણની પાસે આવીને અતિશય ઉજ્જ્વળ, સુવર્ણમાં જડેલાં, રત્નોથી પ્રકાશી રહેલાં (ઇન્દ્રની માતા અદિતિનાં) બે કુંડળો, *વૈજયંતી સાથે વનમાળા, વરુણનું છત્ર અને (મેરુના અંશરૂપ મંદરાચળનું શિખર) મહામણિ તેમને અર્પણ કર્યાં.[૨૩] પછી હે રાજન્! પૃથ્વીદેવી બે હાથ જોડી પ્રણામ કરીને મોટા મોટા દેવોએ પૂજેલા જગત્પતિ શ્રીકૃષ્ણની ભક્તિયુક્ત બુદ્ધિથી સ્તુતિ કરવા લાગી.[૨૪]

પૃથ્વી બોલીઃ—'હે દેવોના દેવ! હે ઈશ્વર! હે શંખ, ચક્ર, અને ગદાધારી! આપને મારા નમસ્કાર હો. હે પરમાત્મન્! ભક્તોની ઇચ્છાથી સ્વરૂપને ગ્રહણ કરનારા આપને મારા નમસ્કાર હો;[૨૫] નાભિમાં કમળવાળા આપને મારા નમસ્કાર હો; કમળની માળા ધારણ કરનાર આપને મારા નમસ્કાર હો; કમળ સરખાં નેત્રોવાળા આપને મારા નમસ્કાર હો; કમળ સમાન ચરણવાળા આપને મારા નમસ્કાર હો.[૨૬] વાસુદેવ,÷ વિષ્ણુ+ ભગવાનરૂપ× આપને મારા નમસ્કાર હો; પુરુષ,§ આદિબીજ‡ તથા પૂર્ણ બોધસ્વરૂપ આપને મારા નમસ્કાર હો.[૨૭] અજન્મા, આ જગતને ઉત્પન્ન કરનાર, પરબ્રહ્મ અને અનંત શક્તિવાળા આપને મારા નમસ્કાર હો. હે કાર્ય તથા કારણના આત્મા! હે સર્વ પ્રાણીઓના આત્મા! હે પરમાત્મા! આપને મારા નમસ્કાર હો.[૨૮] હે પ્રભો! આપજ જ્યારે જગતને ઉત્પન્ન કરવા ઇચ્છો છો; ત્યારે ઉત્કટ કાંઇ કરવામાં તત્પર એવા રજોગુણને સૃજો છો; જગતના વિનાશ માટે ઉત્કટ તમોગુણને સૃજો છો, તેમજ જગતનું પાલન કરવા માટે ઉત્કટ સત્ત્વગુણને સૃજો છો; છતાં આપ તો (તે સૃષ્ટિ આદિ કર્મથી) અલિપ્તજ રહો છો. હે જગત્પતિ! કાળ, પ્રધાન તથા પુરુષ આપજ છો—અર્થાત્ કાળ, પ્રધાન અને પુરુષ આપથી જુદાં નથી; પરંતુ આપ તો તે સર્વથી પર—ભિન્નજ છો. (માટે આપજ સર્વને ઉત્પન્ન કરનાર છો.)[૨૯] હે ભગવન્! હું—પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, શબ્દાદિ તન્માત્રાઓ, ઇન્દ્રિયોના દેવો, મન, ઇન્દ્રિયો, અહંકાર અને મહત્તત્ત્વ—આમ સમગ્ર સ્થાવર—જંગમ જગત આપ અદ્વિતીય પરમાત્મામાં જણાય છે, તે કેવળ ભ્રાંતિજ છે—વસ્તુતઃ આપ એક વિના બીજું કંઈ છેજ નહિ.[૩૦] હે શરણાગતની પીડા હરનાર! આ નરકાસુરનો પુત્ર—ભગદત્ત, આપથી ભયભીત થઈ ગયો છે; તેને હું આપના ચરણકમળ પાસે

* વૈજયંતી એટલે રત્નમિશ્રિત અને અનેક ગુણોવાળાં પુષ્પોથી ગૂંથેલી. —बालप्रबोधिनी

÷ વાસુદેવ એટલે સર્વ પ્રાણીઓના આશ્રય.

+ વિષ્ણુ એટલે વ્યાપક.

× ભગવાન એટલે નિરતિશય ઐશ્વર્યવાળા.

§ પુરુષ એટલે સર્વ કાર્યોની પહેલાંજ વિદ્યમાન. વેદ પણ કહે છેઃ—'पूर्वमेवाहमिहासमिति तत् पुरुषस्य पुरुषत्वम्।' આ જગતમાં સર્વ કાર્યોની પહેલાં હું હતો, માટેજ મારું પુરુષનું પુરુષપણું કહેવાય છે. —શ્રી.

‡ આદિબીજ એટલે આદિજગતના કારણના પણ કારણ. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાવી છું; આપ આનું રક્ષણ કરો અને સમગ્ર પાપોનો નાશ કરનાર આપનો હસ્તકમળ આના મસ્તક પર મૂકો.[૩૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ રીતે ભક્તિથી નમ્ર બનેલી પૃથ્વીદેવીએ વાણીથી ભગવાનની પ્રાર્થના કરી. તે પછી ભગવાને (ભગદત્તને) અભયદાન આપીને સમગ્ર સંપત્તિઓવાળા ભૌમાસુરના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં ભૌમાસુરે *રાજાઓ પાસેથી પરાક્રમ કરીને હરી આણેલી ÷સોળ હજાર રાજકન્યાઓને શ્રીહરિએ જોઈ.[૩૨,૩૩] પુરુષોમાં વીર શ્રીકૃષ્ણને (ઘરમાં) દાખલ થયેલા જોઇ, તે સ્ત્રીઓ મોહિત થઇ ગઇ અને દૈવે મેળવી આપેલા તે ભગવાનને પોતાના વહાલા પતિ તરીકે મનથી વરી ચૂકી;[૩૪] તેમજ 'આ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ અને આ વાતને વિધાતા અનુમોદન આપો' એવા અભિપ્રાયથી જુદી જુદી સર્વ સ્ત્રીઓએ શ્રીકૃષ્ણમાં હૃદય સ્થાપી દીધું.[૩૫] તે પછી શ્રીકૃષ્ણે અત્યંત સુંદર અને નિર્મળ વસ્ત્રોવાળી તે સ્ત્રીઓને પાલખીમાં બેસાડીને દ્વારકા મોકલી દીધી; તેમજ મોટા ખજાનાઓ, રથો, ઘોડાઓ તથા પુષ્કળ ધન દ્વારકા મોકલી આપ્યું.[૩૬] એ ઉપરાંત શ્રીકૃષ્ણે ચાર દાંતવાળા, બળવાન અને ધોળા ઐરાવતના કુળના ચોસઠ હાથીઓ દ્વારકા મોકલી દીધા.[૩૭] તે પછી ઇન્દ્રને ઘેર જઇ ભગવાને પેલાં બે કુંડળો અદિતિને આપી દીધાં હતાં. તે વખતે ઇન્દ્રાણી સહિત ઇન્દ્રે, સત્યભામા સહિત ભગવાનની પૂજા કરી હતી.[૩૮] તે પછી સત્યભામાએ પ્રેરણા કરેલા શ્રીકૃષ્ણે પારિજાત–કલ્પવૃક્ષને ઉખેડી નાખી ગરુડ પર મૂકીને, +ઇન્દ્ર સહિત દેવોનો પરાજય કરી તે વૃક્ષને, દ્વારકામાં આણ્યું હતું. (દ્વારકામાં આવીને) તેમણે એ પારિજાત વૃક્ષ સત્યભામાના ઘરના બગીચામાં રોપ્યું હતું. એ વૃક્ષે તે બગીચાને શોભાવી મૂક્યો હતો અને એની પાછળ પાછળ તેના સુગંધ તથા રસમાં લંપટ બનેલા ભમરાઓ છેક સ્વર્ગમાંથી આવ્યા હતા.[૩૯,૪૦] ઇન્દ્રે પોતાના મુકુટના અગ્રભાગોથી શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કરતાં પ્રણામ કરીને (પ્રથમ) તેમની પાસે પોતાનાં કાર્ય સાધી આપવા યાચના કરી હતી; તેજ ઇન્દ્ર પોતે મોટા હોવા છતાં પોતાનું કાર્ય સિદ્ધ થઈ રહ્યા પછી ભગવાન સાથે યુદ્ધ કરે છે!! અહો! આશ્ચર્ય! દેવોને પણ ક્રોધ! ધિક્કાર હો તેઓની ધનિકતાને![૪૧] ત્યાર પછી નિર્વિકાર શ્રીકૃષ્ણ ભગવાન, જેટલી તે સ્ત્રીઓ હતી તેટલાંજ સ્વરૂપો ધારણ કરીને જુદાં જુદાં ઘરોમાં એકજ મુહૂર્તે તે સ્ત્રીઓને પરણ્યા હતા[૪૨] અને જેઓની સમાન તથા અધિક બીજાં કોઇ પણ ન હતાં એવાં તે સ્ત્રીઓનાં ઘરોમાં અવિચ્છિન્ન રીતે રહીને અતર્ક્ય કર્મો કરનારા તે ભગવાન, પોતે સ્વસ્વરૂપાનંદથી પરિપૂર્ણ હતા છતાં બીજા સામાન્ય મનુષ્યની પેઠે ગૃહસ્થધર્મોનું આચરણ કરતા લક્ષ્મીના અંશરૂપ એવી તે સ્ત્રીઓ સાથે ક્રીડા કરતા હતા.[૪૩] એ પ્રમાણે બ્રહ્માદિ દેવો પણ જેમની પ્રાપ્તિના

* રાજાઓ પાસેથી એટલુંજ નહિ પણ બીજા સિદ્ધ વગેરે પાસેથી પણ. —શ્રીધર

÷ સોળ હજાર ઉપર એક સો વધારે સમજવી, કારણ કે પરાશર કહે છે–

कन्यापुरे स कन्यानां षोडशातुलविक्रमः ।
शताधिकानि ददृशे सहस्राणि महामते ॥

હે મહાબુદ્ધિમાન્! અતુલ પરાક્રમી શ્રીકૃષ્ણે ભૌમાસુરના કન્યાપુરમાં સોળ હજાર ને એક સો ઉપર કન્યાઓ જોઇ હતી. વળી તે કન્યાઓ કેવળ રાજાઓનીજ હતી, એમ પણ ન હતું; પરંતુ—

देवसिद्धासुरादीनां नृपाणां च जनार्दन ।
हृत्वा हि सोऽसुरः कन्या रुरोध निजमंदिरे ॥

હે જનાર્દન! તે ભૌમાસુરે દેવો, સિદ્ધો, અસુરો તથા રાજાઓની કન્યાઓને હરી લાવી પોતાને ઘેર પૂરી રાખી હતી. —શ્રીધર

+ 'ઇન્દ્ર સહિત દેવોનો પરાજય કરી' એમ કહીને એ સૂચવ્યું છે કે, પારિજાતના સંબંધમાં ઇન્દ્ર તથા શ્રીકૃષ્ણ વચ્ચે યુદ્ધ થયું હતું અને તેમાં ઇન્દ્ર સહિત દેવો હાર્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માર્ગને જાણી શક્યા નથી, એવા તે લક્ષ્મીપતિ ભગવાનને પોતાના પતિ તરીકે પ્રાપ્ત કરી, તે સ્ત્રીઓ નિરંતર વૃદ્ધિ પામતા આનંદથી પ્રેમપૂર્વક(તેમને) જોતી હતી; તે જોવાપૂર્વક નવસમાગમને પામતી હતી; તે સમાગમમાં વાર્તાલાપ કરતી હતી અને તે વાર્તાલાપમાં લજ્જા પામતી હતી.[44] એ સ્ત્રીઓ પાસે સંકડો દાસીઓ હતી; તોપણ (ભગવાન આવતા ત્યારે) તેમની સામા જવું, આસન આપવું, ઉત્તમ પૂજા કરવી, ચરણ ધોવા, પાનબીડાં આપવાં, અંગોપાંગ ચાંપી પરિશ્રમરહિત કરવા, પંખાથી પવન નાખવો, ચંદન આપવું, પુષ્પો આપવાં, કેશ ઓળવા, સુવડાવવા, સ્નાન કરાવવું અને ભોજન કરાવવું વગેરે ક્રિયાઓથી પોતે જાતે ભગવાનનું દાસીપણું કરતી હતી."[45]

प्रत्युद्गमासनवरार्हणपादशौच-
तांबूलविश्रमणवीजनगंधमाल्यैः ।
केशप्रसारशयनस्नपनोपहार्यैः-
र्दासीशता अपि विभोर्विदधुः स्म दास्यम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૫૯ મો સમાપ્ત

અધ્યાય ૬૦ મો*

પ્રેમકલહમાં રુક્મિણીને કોપાવીને શ્રીકૃષ્ણે પાછી શાંત કરી

॥ श्रीशुक उवाच ॥

कर्हिचित्सुखमासीनं स्वतल्पस्थं जगद्गुरुम् ।
पतिं पर्यचरद्भैष्मी व्यजनेन सखीजनैः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એક સમયે પોતાના પલંગ પર સુખેથી બિરાજેલા જગદ્ગુરુ પતિ શ્રીકૃષ્ણને ચામર ઢોળીને રુક્મિણી, પોતાની દાસીઓ સાથે તેમની સેવા કરતી હતી.[1] જે ઈશ્વર લીલાથી આ જગતને સૃજે છે, પાળે છે અને સંહારે છે, તેજ ઈશ્વર પોતે અજન્મા હોવા છતાં પોતે રચેલી ધર્મમર્યાદાઓનું રક્ષણ કરવાને માટે યાદવોમાં અવતર્યા હતા.[2] રુક્મિણીનું એ શયનગૃહ ઝળકતી મોતીઓની માળાઓ લટકાવેલા ચંદરવાથી, મણિમય દીવાઓથી ને માલતીની માળાઓ તથા પુષ્પોથી શોભી રહ્યું હતું; તેમજ (સુગંધથી ખેંચાઈ આવેલા) ભમરાઓનાં ટોળાંઓથી ગાજી રહ્યું હતું. જાળિયાનાં છિદ્રોમાંથી અંદર આવેલાં ચંદ્રમાનાં ઉજ્જ્વળ કિરણોથી, બગીચાને શોભાવતા પારિજાતના વનના સુગંધી વાયુથી અને ઝગમગાટ કરતાં જાળિયાંઓનાં છિદ્રોમાંથી બહાર નીકળતા અગરના ધૂપોથી અતિશય મનોહર હતું.[3-5] તે શયનમંદિરમાં પલંગ પર (બિછાવવામાં આવેલી) દૂધના ફીણ જેવી ઉજ્જ્વળ અને ઉત્તમ તળાઇ પર જગતના ઈશ્વર શ્રીકૃષ્ણ સુખેથી બેઠા હતા અને રુક્મિણી પોતાના તે પતિની સેવા કરતી હતી.[6] રત્નજડિત દાંડાવાળા ચામરને સખીના હાથમાંથી લઇને રુક્મિણીદેવી પોતે તે ચામર વડે (પવન ઢોળીને) ઈશ્વરને સેવી રહી હતી.[7] એ વેળા રુક્મિણી, ભગવાન પાસે મણિજડિત ઝાંઝરોના ઝણકાર કરતી હતી; તેણીના હાથના અગ્રભાગમાં વીંટીઓ, કડાં તથા ચામર આવી રહ્યાં હતાં અને વસ્ત્રના છેડા વડે ઢાંકેલાં સ્તન ઉપર લગાવેલા કેસરથી, લાલ લાલ બની રહેલા હારની કાંતિથી, તેમજ નિતંબ પર ધારણ કરેલા મહાકીમતી કંદોરાથી તે શોભતી હતી.[8] એ રુક્મિણી લીલાથી શરીર ધારણ કરી રહેલા શ્રીકૃષ્ણને યોગ્ય રૂપવાળી હતી, તેણીને શ્રીકૃષ્ણ વિના બીજા કોઇનો આશ્રય ન હતો અને કેશ, કુંડળ તથા સોનાની કંઠીથી સુશોભિત એવા કંઠને લીધે ચારે દિશાઓમાં શોભી રહેલા તેણીના મુખ પર મંદ હાસ્યરૂપ અમૃત દીપી રહ્યું હતું; એવી તે સાક્ષાત્ લક્ષ્મીરૂપ રુક્મિણીને જોઇને પ્રસન્ન થયેલા

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે પ્રેમકલહમાં હાસ્ય કરી રુક્મિણીને કોપાવી પાછું તેણીનું સાંત્વન કર્યું' એ કથા કહેવાશે. રુક્મિણી સાથે પ્રેમકલહને બહાને સ્ત્રીઓ સાથે રમનારા પુરુષોને જે આનંદમહોત્સવ પ્રાપ્ત થાય છે, તેનું અનુકરણ કરીને શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય કહેવાય છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણ, મંદ મંદ હસતા કહેવા લાગ્યા.[૯]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે રાજપુત્રિ! લોકપાલો જેવા ઐશ્વર્યવાળા, મહાપ્રભાવશાળી અને રૂપ, ઉદારતા તથા બળથી સર્વશ્રેષ્ઠ શ્રીમંત રાજાઓ તને ઇચ્છતા હતા; વળી તારા ભાઇએ તથા પિતાએ તને તેવે બીજે સ્થળે આપી પણ હતી; છતાં કામથી મદોન્મત્ત થયેલા અને તને પોતાને ઇચ્છીને આવેલા તે શિશુપાલ વગેરે રાજાઓને છોડી તું પોતાને અયોગ્ય એવા અમને શા માટે વરી?[૧૦,૧૧] હે સુંદર ભ્રૂકુટીવાળી રુક્મિણિ! અમે તો જરાસંધાદિ રાજાઓથી ભયભીત થઇ સમુદ્રને શરણે ગયા છીએ; બળવાનો સાથે વૈર કરી બેઠા છીએ; રાજસિંહાસનનો લગભગ અમે ત્યાગ કર્યો છે; અમારો માર્ગ–આચારવિચાર અસ્પષ્ટ છે અને સ્ત્રીને વશ થઇ રહેવારૂપ લોકમાર્ગને અમે અનુસરતા નથી. હે સુંદર ભ્રૂકુટીવાળી! (આવા અમારા જેવા) પુરુષોના માર્ગને અનુસરનારી સ્ત્રીઓ ઘણું કરીને દુઃખી થાય છે.[૧૨,૧૩] હે સુંદર મધ્યભાગવાળી રુક્મિણિ! અમે નિષ્કિંચન–નિર્ધન છીએ; નિષ્કિંચન માણસોને અમે વહાલા છીએ અથવા નિષ્કિંચન માણસો અમને વહાલા છે અને તેથીજ ધનવાન ગૃહસ્થો અમને ઘણું કરી ભજતાજ નથી.[૧૪] જેઓ બન્ને સ્ત્રીપુરુષનાં ધન, જન્મ, ઐશ્વર્ય, આકૃતિ અને ભવિષ્યકાળની સ્થિતિ સમાન હોય; તેઓનોજ પરસ્પર વિવાહ અથવા મિત્રતા યોગ્ય ગણાય છે; પણ ઉત્તમ તથા અધમનો વિવાહ કે મિત્રતા કદી યોગ્ય ગણાય નહિ.[૧૫] હે વિદર્ભરાજપુત્રિ! ટૂંકા વિચારની તું આ વસ્તુને જાણ્યા વિના ગુણરહિત હોવા છતાં ભિખારીઓએ વખાણેલા અમને વૃથા વરી છે;[૧૬] માટે હજી પણ પોતાને યોગ્ય કોઇ ઉત્તમ ક્ષત્રિયને તું સ્વીકારી લે, જેથી આ લોકમાં તથા પરલોકમાં તું સત્ય મનોરથોને પ્રાપ્ત કરીશ.[૧૭] હે સુંદર સાથળોવાળી! શિશુપાલ, શાલ્વ, જરાસંધ ને દંતવક્ત્ર વગેરે રાજાઓ, તેમજ તારો મોટો ભાઇ રુક્મી મારો દ્વેષ કરે છે. વળી તેઓ પરાક્રમના મદથી આંધળા બનેલા હતા, જેથી હે કલ્યાણિ! તે ગર્વિષ્ઠ રાજાઓનો ગર્વ ઉતારવા માટેજ તે દુષ્ટોના તેજને હરી લઇ મેં તને આણી છે. બાકી અમે તો ઉદાસીનજ છીએ; સ્ત્રી, છોકરાં કે ધનની અમને લાલચ નથી અને શરીર તથા ઘરની પણ અમને દરકાર નથી. અમે તો કેવળ આત્મલાભથીજ પૂર્ણ છીએ અને દીવા વગેરેની પેઠે માત્ર સાક્ષીરૂપ હોઈને ક્રિયારહિત થઇ વર્તીએ છીએ.'[૧૮-૨૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"આટલું કહી કદી જુદા નહિ પડતા હોવાથી 'હુંજ ભગવાનને વહાલી છું' આમ પોતાને માનતી તે રુક્મિણીના ગર્વનો નાશ કરતા ભગવાન બોલતા બંધ થયા.[૨૧] દેવી રુક્મિણી, ત્રણ લોકના ઈશ્વરોના પણ સ્વામી અને પોતાને પ્રિય એવા શ્રીકૃષ્ણ ભગવાનનું પૂર્વે કદી નહિ સાંભળેલું તે અપ્રિય વચન સાંભળીને હૃદયમાં ભયભીત થઇને કંપી ઊઠી, રડવા લાગી ને અપાર ચિંતામાં પડી ગઇ;[૨૨] નખોને લીધે લાલ કાંતિવાળા પોતાના સુંદર પગના નખથી પૃથ્વીને ખોતરવા લાગી; કેસરથી લેપાયલાં પોતાનાં બન્ને સ્તનને આંજણથી કાળાં આંસુઓ વડે સિંચવા લાગી અને અત્યંત દુઃખને લીધે વાણી રૂંધાઇ ગયેલી હોવાથી નીચું મુખ કરીને તે ઊભી રહી.[૨૩] તેણીની બુદ્ધિ અત્યંત દુઃખ, ભય તથા શોકને લીધે વિનાશ પામી ગઈ; તેણીના હાથમાંથી કડાંઓ સરકી પડ્યાં; ચામર ગબડી પડ્યું અને વ્યાકુળ બુદ્ધિવાળી તે રુક્મિણીનું શરીર પણ વાયુએ ઉખેડી પાડેલી કેળની પેઠે એકાએક મૂર્છિત થઇને છૂટા કેશે ધરણી પર ઢળી પડ્યું.[૨૪] એ રીતે હાસ્યની ગંભીરતાને નહિ જાણતી પ્રિયા રુક્મિણીનું તે પ્રેમબંધન જોઈ દયાળુ ભગવાન કૃષ્ણે, તેણીના પર દયા કરી અને પલંગ ઉપરથી એકદમ ઉતરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પડીને તે ચતુર્ભુજ ભગવાને રુક્મિણીને ઉઠાડી-ને તેણીના વીખરાઈ ગયેલા કેશો બાંધ્યા અને પોતાના હસ્તકમળથી તેણીનું મુખ લૂછી નાખ્યું. હે રાજન્! અશ્રુઓથી શોભી રહેલાં નેત્રો તથા શોકાશ્રુથી ભીંજાઇ ગયેલાં સ્તનો લૂછી નાખી ભગવાને, જેનો પોતાના વિના બીજો કોઇ વિષય ન હતો, એવી તે સતી રુક્મિણીને બાહુથી આ-લિંગન કર્યું ને પછી બીજાઓને શાંત કરી જાણ-નારા અને સત્પુરુષોની ગતિરૂપ તે પ્રભુ, હાસ્ય-ની ગંભીરતાથી ભમતા મનવાળી અને તેવા હા-સ્યને માટે અયોગ્ય એવી રાંક રુક્મિણીને શાંત પાડવા લાગ્યા.૨૫-૨૮

શ્રીભગવાન બોલ્યાઃ—'હે વિદર્ભરાજપુત્રિ! તું મને દોષદૃષ્ટિ વડે ન જોઇશ, તને કેવળ મા-રોજ આશ્રય છે એ હું જાણું છું; તોપણ હે સુ-ન્દરાંગિ! તારું વચન સાંભળવાની ઇચ્છાથી મેં આમ મશ્કરી કરી છે.૨૯ પ્રણયકલહથી ફરકતા હોઠવાળું, કટાક્ષો ફેંકવાથી લાલ થયેલા આંખો-ના ખૂણાઓવાળું અને સુંદર—વક્ર થયેલા ભ્રૂકુટી-ના કિનારાવાળું તારું મુખ જોવાને માટે મેં આમ મશ્કરી કરી છે. હે બીકણ સ્ત્રી! ગૃહસ્થોનાં ઘરમાં આજ પરમ લાભ છે, કે પોતાની પ્રિયા સાથે મશ્કરીમાં એક પણ પ્રહર તેઓ ગાળે.'૩૦-૩૧

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! ભગવાન કૃષ્ણે, રુક્મિણીને એ પ્રમાણે શાંત પાડી; એટલે (ભગવાને કહેલાં) તે હાંસીનાં વચન જાણીને તે-ણીએ 'પોતાના પતિ શું પોતાનો ત્યાગ કરશે!' આવા ભયનો ત્યાગ કર્યો.૩૨ પછી હે ભરતવંશી રાજા! લજ્જાયુક્ત હાસ્ય સાથે સુંદર કટાક્ષોથી ભગવાનના મુખને જોતી રુક્મિણીએ તે મહાપુ-રુષને કહ્યું.૩૩

*રુક્મિણી બોલીઃ—'હે કમળ સમાન નેત્રો-વાળા! આપે કહ્યું કે, 'તું અમને અસમાનને કેમ વરી?' એ બરાબર છે; કારણ કે હું આપ વ્યાપક ભગવાનની સમાન નથીજ. પોતાના મહિમામાં રમણ કરનાર ને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશના નિ-યંતા આપ ભગવાન ક્યાં? અને ત્રિગુણાત્મક સ્વભાવવાળી તથા અજ્ઞાનીઓએ જેના ચરણનો આશ્રય કર્યો છે એવી હું ક્યાં?૩૪ હે મહાપરા-ક્રમી દેવ! આપે કહ્યું કે, 'રાજાઓથી ડરીને અમે સમુદ્રને શરણે ગયા છીએ' તે પણ સત્યજ છે; કારણ કે શબ્દાદિ વિષયોરૂપ રાજાઓના ભયથી જાણે સમુદ્ર જેવા અગાધ અંતઃકરણમાં ચૈતન્ય-ઘન આત્મારૂપે આપ નિશ્ચળ પ્રકાશો છો. વળી આપે કહ્યું કે, 'અમે તો બળવાનો સાથે દ્વેષ કરી બેઠા છીએ' તે પણ સત્યજ છે. કારણ કે દુષ્ટ ઇ-ન્દ્રિયગણો સાથે આપ યુદ્ધજ કરી બેઠા છો—બ-હારના વિષયોમાં ભમ્યા કરતી ઇન્દ્રિયોમાં આ-પની પ્રતીતિ થતીજ નથી; તેમજ આપે કહ્યું કે, 'રાજસિંહાસનનો અમે ત્યાગ કર્યો છે' તે પણ સત્યજ છે; કેમકે ગાઢ અંધકારરૂપ એવા રાજ-પદનો આપના ભક્તોએજ જો ત્યાગ કર્યો છે, તો પછી આપે ત્યાગ કર્યો હોય એમાં શું કહેવા-નું હોય?૩૫ વળી આપે કહ્યું કે, અમારો માર્ગ અજાણ્યો છે અને લોકમાર્ગને અમે અનુસરતા નથી, તે પણ બરાબર છે; કારણ કે હે વ્યાપક પરમેશ્વર! આપનાં ચરણકમળના રસને સેવનારા મુનિઓનો માર્ગ પણ મનુષ્યના આકારરૂપે રહેલાં પશુઓ મહાદુઃખથી જાણી શકે છે—ભાગ્યેજ જાણી શકે છે. કારણ કે જેઓ આપને અનુસરે છે, તેઓનું ચેષ્ટિત અલૌકિક જેવું હોય છે; તો પછી આપનો માર્ગ અસ્પષ્ટ હોય તેમજ આપનું ચે-ષ્ટિત અલૌકિક હોય એમાં શું કહેવાનું હોય?૩૬ આપે કહ્યું કે, 'અમે નિષ્કિંચન છીએ' તે પણ બરાબર છે. કારણકે આપથી બીજું કંઈ પણ અધિક નથી; માટે નક્કી આપ નિષ્કિંચન છો; પ-રંતુ બ્રહ્મા વગેરે પૂજ્ય દેવો પણ જેને બલિદાન

* ભગવાને પોતાની નિંદા જણાવનારાં જે જે વચનો કહ્યાં છે તે તે વચનોને સર્વોત્કર્ષ જણાવતાં સૂ-ચવીને રુક્મિણી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપે છે તે આપ સર્વેશ્વરમાં નિષ્કિંચનતા એટલે દરિદ્રપણું કદી ઘટી શકે તેમ નથી; તેમજ આપે કહ્યું કે, 'નિષ્કિંચન માણસોને અમે વહાલા છીએ અથવા નિષ્કિંચન માણસો અમને વહાલા છે' તે પણ બરાબર છે. કારણ કે યજ્ઞબલિનો ઉપભોગ કરનારા (અને નિષ્કિંચન એટલે દેહાભિમાનથી રહિત એવા.) બ્રહ્માદિ લોકેશ્વરોને પણ આપ અત્યંત વહાલા છો, તેમજ તે લોકેશ્વરો આપને વહાલા છે. વળી આપે કહ્યું કે, 'ધનવાન ગૃહસ્થો ઘણું કરીને અમને ભજતા નથી' તે પણ યોગ્યજ છે. કારણ કે ધનવાન ગૃહસ્થો પોતાના ધનવાનપણાને લીધે આંધળા હોય છે અને તેથી તેઓ આપ કાળરૂપને જાણતા નથી અને કેવળ પોતાના પ્રાણોનેજ તૃપ્ત કર્યા કરે છે; (પણ આપનું ભજન કરતા નથી.)[૩૭] વળી આપે કહ્યું કે, 'જેઓનાં ધન, જન્મ વગેરે સરખાં હોય છે, તેઓનાજ વિવાહ તેમજ મિત્રતા યોગ્ય ગણાય; પરંતુ ઉત્તમ તથા અધમનો વિવાહ કે મિત્રતા યોગ્ય ગણાય નહિ' તે પણ યોગ્ય છે. કારણ કે આપજ સમસ્ત પુરુષાર્થમય છો અને પરમાનંદસ્વરૂપ છો; (એમ સમજીને આપને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી જે ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો સમસ્ત વ્યવહારનો ત્યાગ કરી દે છે, તેઓનોજ આપની સાથે, હે પ્રભો! સેવ્યસેવકભાવ સંબંધ યોગ્ય છે; પણ પરસ્પર પ્રેમાસક્ત રહેનારા અને તેને લીધે સુખી કે દુઃખી થનારાં સ્ત્રી–પુરુષનો તે સંબંધ યોગ્ય નથી. વળી આપે કહ્યું કે 'ભિખારીઓએ અમને વખાણ્યા છે' તે પણ સત્ય છે. કારણ કે, જેઓએ પ્રાણીમાત્રને પીડા દેવાનું તજી દીધું હોય છે તેવા મનનશીલ સંન્યાસીઓ આપના પ્રભાવનું વર્ણન કર્યા કરે છે. વળી આપે કહ્યું કે 'હે રુક્મિણિ! ટૂંકા વિચારની તું એ બધું જાણ્યા વિના મને વૃથા વરી છે' એ આપનું કહેવું ઠીક નથી. કેમકે જેને માટે સર્વ વસ્તુ પ્રિય થાય છે તે સર્વ જગતના આત્મા આપને વરવું, તે વૃથા નથી; તેમજ આપ તો પોતાના ભક્તોને પોતાનું સ્વરૂપ સમર્પી દો છો; એમ સમજીનેજ હું બ્રહ્મા, ઇન્દ્ર વગેરેનો પણ ત્યાગ કરી આપને વરી છું; કારણ કે બ્રહ્માદિ દેવોનાં સુખો આપની ભ્રૂકુટીથી પ્રેરણા પામેલા કાળના વેગથી નાશ પામી જાય છે; (આવા કારણથી–બ્રહ્માદિ દેવો પણ મને વરવા યોગ્ય ન જણાયા) તો પછી બીજા–શિશુપાલ વગેરે તો મને વરવા યોગ્ય ક્યાંથીજ જણાય?[૩૮-૩૯] હે ગદના મોટા ભાઇ! સિંહ જેમ (પોતાની ગર્જનામાત્રથી) પશુઓને નસાડી મૂકી પોતાનો ભાગ લઇ જાય છે, તેમ પોતાના શાર્ઙ્ગ ધનુષના ટંકારમાત્રથીજ જરાસંધ વગેરે રાજાઓને નસાડી મૂકીને આપ પોતાના ભાગરૂપ મને લક્ષ્મીને હરી લાવ્યા છો; છતાં હે ઈશ્વર! 'તે જરાસંધ વગેરે રાજાઓના ભયથી અમે સમુદ્રને શરણે ગયા છીએ' આવું આપનું વચન તે કોઈ જડ પુરુષને યોગ્ય છે–આપે આમ કહેવું ઘટતું નથી.[૪૦] વળી આપે કહ્યું કે, 'અમારો માર્ગ અસ્પષ્ટ છે, તેથી અમારો આશ્રય કરનાર દુઃખી થાય છે' તે પણ ઠીક નથી; કારણ કે આપનું ભજન કરવાની ઇચ્છાથી રાજાઓમાં શિરોમણિ સમાન અંગ, પૃથુ, ભરત, યયાતિ અને ગય વગેરે રાજાઓ પોતાના ચક્રવર્તી રાજ્યનો ત્યાગ કરીને વનમાં ચાલ્યા ગયા હતા; તો હે કમલનયન! એ પ્રમાણે આ સંસારમાં આપના માર્ગનો આશ્રય કરનારા તે રાજાઓ શું દુઃખી થયા છે? (નહિજ; તેઓ તો આપના પદને પામી ગયા છે.)[૪૧] વળી આપે કહ્યું કે, 'હજી પણ પોતાને યોગ્ય બીજા ઉત્તમ ક્ષત્રિયને તું વરી લે' તે પણ આપે અયોગ્યજ કહ્યું છે; કેમકે ÷ગુણોના સ્થાનરૂપ આપનાં ચરણકમળનો સુગંધ મનુષ્યોને મોક્ષરૂપ થઇ પડે છે; લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ છે અને સત્પુરુષોએ વર્ણવેલો છે; તેને એક વાર

÷ આ વિશેષણ આપીને રુક્મિણીએ, ભગવાને જે કહ્યું હતું કે, 'અમે ગુણરહિત છીએ' એ વાત ઉડાવી દીધી છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૂંઘીને પણ તેનો અનાદર કરી મરણધર્મવાળી છતાં સ્વાર્થના વિષયમાં વિવેકી બુદ્ધિવાળી કઈ સ્ત્રી, નિત્ય અનેક જાતના ભયવાળા બીજા પતિને વરે ? નજ વરે.[૪૨] આમ સમજીને હું જગતના અધીશ્વર, સર્વના આત્મા અને આ લોક તથા પરલોકમાં કામનાઓને પૂર્ણ કરનારા આપ યોગ્ય પતિને વરી છું અને મારી તો પ્રાર્થનાજ છે કે, જેનાથી સંસારનો નાશ થાય છે અને જે પોતાનું ભજન કરનારાને પોતાનાજ કરી લે છે, એવા આપના ચરણ, અનેક જન્મો લઇને સંસારમાં ભટકતી મને શરણરૂપ થાઓ.[૪૩] *હે શત્રુઓનો નાશ કરનારા શ્રીકૃષ્ણ ! જે જે રાજાઓને આપે વર્ણવ્યા, તેઓ તો સ્ત્રીઓના ઘરમાં ગધેડાઓની પેઠે કેવળ ભાર ઉપાડ્યા કરે છે; બળદોની પેઠે હમેશાં કામ કર્યા કરે છે; કૂતરાંઓની પેઠે અપમાન પામ્યા કરે છે; બિલાડાઓની પેઠે ગરીબડા થઈ રહી હિંસાઓ કર્યા કરે છે અને સેવકોની પેઠે તાબેદારી ઉઠાવ્યા કરે છે. એવા રાજાઓ તો તે (દુર્ભાગી) સ્ત્રીનાજ પતિ થાઓ, કે જેના કાનમાં શંકર તથા બ્રહ્માની સભાઓમાં ગવાયલી આપની કથા કદી આવીજ ન હોય ![૪૪] જે સ્ત્રી આપનાં ચરણકમળના રસને સૂંઘતી નથી, તેજ અતિશય મૂઢ સ્ત્રી (ઉપરના ભાગમાં) ચામડી, દાઢી, મૂછ, રૂંવાડાં, નખ તથા કેશથી ઢંકાયલા અને અંદરના ભાગમાં માંસ, હાડકાં, લોહી, કરમિયા, વિષ્ટા, કફ, પિત્ત અને વાયુથી ભરેલા એવા જીવતાં મૂઆ સરખા પુરુષને 'આ મારો પતિ છે' એવી બુદ્ધિવાળી થઇને સેવે છે.[૪૫] હે કમળ સમાન નેત્રવાળા શ્રીકૃષ્ણ ! આપ તો કેવળ આત્મામાંજ રમણ કરી રહેલા છો અને મારે વિષે પણ અતિશય (રાગવાળી) દૃષ્ટિવાળા નથી; તોપણ મને આપના ચરણમાંજ પ્રીતિ થાઓ. (કેમકે આપના ચરણ પરની પ્રીતિ તેજ મહાન લાભ છે.) વળી જ્યારે આ વિશ્વની વૃદ્ધિ માટે અતિ ઉત્કટ રજોગુણ સ્વીકારીને આપ મારી સામે જુઓ છો, ત્યારે તે આપનું જોવું એજ અમારા પર મહાન અનુગ્રહરૂપ થઈ પડે છે.[૪૬] હે મધુ દૈત્યનો નાશ કરનાર શ્રીકૃષ્ણ ! આપે કહ્યું કે, 'હજી પણ તું પોતાને યોગ્ય પતિને વરી લે' તે આપનાં વચનને હું અસત્ય નથીજ માનતી; કેમકે જેમ કાશીરાજની કન્યાઓ અંબા, અંબાલિકા તથા અંબિકા એ ત્રણમાંથી અંબાને (કન્યાઅવસ્થામાંજ) શાલ્વ રાજા ઉપર પ્રીતિ થઇ હતી, તેમ ઘણું કરી કન્યા અવસ્થામાં રહેલી સ્ત્રીનેજ કોઇ પુરુષ પર પ્રીતિ થાય છે. (અને એજ રીતે મને પણ કન્યા અવસ્થામાંજ આપના ઉપર પ્રીતિ થઇ હતી, જેથી હું મારા યોગ્ય પતિ આપને વરી છું.) વળી તેજ પ્રમાણે કોઈ સ્ત્રી પરણેલી હોય છતાં વ્યભિચારિણી હોય તેનું મન પણ નવા નવા પુરુષોમાં જાય છે. (પણ તે તો તેવી વ્યભિચારિણી સ્ત્રીનુંજ મન બીજામાં ભમ્યા કરે છે; મારા જેવી સતી સ્ત્રીનું નહિ.) ડાહ્યા પુરુષે તેવી વ્યભિચારિણી સ્ત્રીનું પોષણ કરવું નહિ; કેમકે તેવી સ્ત્રીને પોષનારો પુરુષ બન્ને લોકથી ભ્રષ્ટ થાય છે.[૪૭|૪૮]

શ્રીભગવાન બોલ્યાઃ–' હે સદ્ગુણી રાજપુત્રિ ! આ વસ્તુ સાંભળવાની ઇચ્છાથીજ મેં તારો ઉપહાસ કર્યો હતો. મેં તને જે કહ્યું હતું, તેનું તેં જુદાજ સ્વરૂપમાં વ્યાખ્યાન કર્યું છે; તે સર્વ સત્યજ છે.[૪૯] હે ભામિનિ ! તું કામની નિવૃત્તિ માટે જે જે મનોરથોની ઇચ્છા કરે, તે તે સર્વ મનોરથો હે કલ્યાણિ ! મારે વિષે એકાંત ભક્તિ કરનારી તને નિત્યસિદ્ધજ છે.[૫૦] હે નિર્દોષ રુક્મિણિ ! મેં તારો પતિપ્રેમ અને પતિવ્રતાપણું જાણી લીધું છે; કારણ કે મેં તેવાં વાક્યો કહીને તને ચલિત કરવા માંડી, છતાં તારી બુદ્ધિ (મારામાંજ વર્તતી હોઇને) મારા વિના બીજે સ્થળે

* શ્રીકૃષ્ણે જે રાજાઓના ગુણો બહુ વખાણ્યા હતા તે રાજાઓની તરફ ઇર્ષ્યા કરતી, તેઓને ગાળો દેતી અને તે રાજાઓને ઉદ્દેશી હાથની આંગળીઓના ટચાકા ફોડતી રુકિમણી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આકર્ષાઇ નથી.[૫૧] કામવાસનાયુક્ત મનવાળા જે મનુષ્યો તપશ્ચર્યા અને વ્રતાચરણ કરીને મોક્ષના ઈશ્વર એવા મને દાંપત્યસુખ માટે ભજે છે, તેઓ મારી માયાથી મોહિત થાય છે.[૫૨] હે માનિનિ! મોક્ષની સાથે સંપત્તિઓ પણ જેમાં રહેલી છે એવા મને પ્રાપ્ત કરી જે મનુષ્યો કેવળ સંપત્તિઓનેજ ઇચ્છે છે, પણ તે સંપત્તિઓના સ્વામી મને ઇચ્છતા નથી, તેઓ ખરેખર મંદભાગી છે; કારણ કે જે વિષયભોગો નરકમાં–અતિશય અધમ યોનિમાં પણ હોય છે, તેને તેઓ ઇચ્છે છે. વળી વિષયરૂપ બની જવાથી મનુષ્યોને નરકનો સમાગમ પણ સારી રીતે થાય છે.[૫૩] માટે હે ગૃહેશ્વરિ! સંસારથી મુક્ત કરનારી મારી જે નિષ્કામ ભક્તિ તેં વારંવાર કરી છે, તે બહુજ ઠીક કર્યું છે. કારણ કે ખળ મનુષ્યોને એવી ભક્તિ અત્યંત દુષ્કર થઇ પડે છે અને તેમાં પણ દુષ્ટ અભિપ્રાયવાળી, પોતાના પ્રાણને તૃપ્ત કરવામાં તત્પર રહેનારી અને ઠગાઇ કરનારી સ્ત્રીને તો મારી ભક્તિ અત્યંતજ દુષ્કર છે.[૫૪] હે માનિનિ! મારા ઘરમાં ઘણી સ્ત્રીઓ છે, પણ તેઓમાં તારા જેવી પ્રેમાળ સ્ત્રીને હું જોતો નથી. કારણકે તેં પોતાના વિવાહસમયે આવેલા રાજાઓનો અનાદર કરી જેની સાચી કથાઓ સાંભળવામાં આવી હતી તે મારી પાસે, ગુપ્ત સંદેશો લાવનાર (પેલા) બ્રાહ્મણને મોકલ્યો હતો.[૫૫] વળી તારા ભાઈ રુક્મીને યુદ્ધમાં જીતી લઇ (તારા દેખતાં મુંડન કરીને) મેં કદ્રૂપો કરી મૂક્યો હતો. ને અનિરુદ્ધના વિવાહોત્સવમાં દ્યૂતસભા વચ્ચે તારા ભાઇનો વધ કરવામાં આવ્યો; ×છતાં એ બધું (અમારા તરફથી ઉત્પન્ન થયેલું) દુઃખ તેં મારા વિયોગના ભયથી સહન કર્યું છે અને તું કંઈ પણ બોલી નથી; તેને લીધે અમે તારાથી જિતાઇ ગયા છીએ.[૫૬] તેં મારી પ્રાપ્તિ માટે સારી રીતે સ્પષ્ટ કરવામાં આવેલા પોતાના ગુપ્ત વિચારોને લાવનારો દૂત મારી પાસે મોકલ્યો હતો અને ત્યાં આવતાં મને કંઇક વાર લાગી, તેટલામાં તો આ જગતને શૂન્ય માનીને બીજા કોઈ પણ પુરુષ માટે અયોગ્ય એવા આ શરીરને તજી દેવાની તેં ઇચ્છા કરી હતી, તે તારું કર્મ કેવળ તારામાંજ સ્થિતિ કરે–અમે તેનો બદલો વાળવાને અશક્ત છીએ; અને તેથીજ (તે બદલ) કેવળ તને અભિનંદન આપીએ છીએ.'[૫૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે જગતના ઈશ્વર ભગવાન પોતે કેવળ સ્વસ્વરૂપમાં રમણ કરનારા હતા, તોપણ મનુષ્યલોકનું અનુકરણ કરતા, લક્ષ્મીના અવતારરૂપ તે રુક્મિણીની સાથે સુરતપ્રસંગને યોગ્ય ઉપહાસો કરી ક્રીડા કરતા હતા[૫૮] અને એજ પ્રમાણે બીજી સ્ત્રીઓનાં ઘરમાં પણ એક એક સ્વરૂપે વ્યાપીને ગૃહસ્થાશ્રમીની પેઠેજ ગૃહસ્થાશ્રમના ધર્મોનું આચરણ કરતા લોકગુરુ શ્રીહરિ ક્રીડા કરતા હતા."[૫૯]

तथाऽन्यासामपि विभुर्गृहेषु गृहवानिव ।
आस्थितो गृहमेधीयान् धर्माँल्लोकगुरुर्हरिः ॥५९॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૦ મો સમાપ્ત

अध्याय ६१ मो+

અનિરુદ્ધના વિવાહમાં બળરામે કરેલો રુક્મીનો વધ

॥ श्रीशुक उवाच ॥

एकैकशस्ताः कृष्णस्य पुत्रान् दश दशाबलाः ।
अजीजनन्ननवमान् पितुः सर्वात्मसंपदा ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" શ્રીકૃષ્ણની (સોળ હજાર એકસો ને આઠ) સ્ત્રીઓએ એક એક જણી-

× આ વાક્ય ઉપરથી એમ જણાય છે કે, અનિરુદ્ધના વિવાહસમયે રુક્મીનો વધ થયા પછી ભગવાને રુક્મિણીનો આ ઉપહાસ કર્યો હશે. —મા. ક.

+ આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણની પુત્ર–પૌત્રાદિ સંતતિ અને અનિરુદ્ધના વિવાહમાં બળરામે કરેલો રુક્મીનો વધ' વર્ણવવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

એ દશ દશ પુત્રોને જન્મ આપ્યો હતો, જે બધાય પુત્રો સર્વ શરીરસંપત્તિથી પિતાથી ન્યૂન ન હતા, પણ સમાનજ હતા.[૧] સર્વ રાજપુત્રીઓ શ્રીકૃષ્ણને પોતાના ઘરમાંથી કદી પણ બહાર નહિ જતા અને પોતાના ઘરમાંજ રહેતા જોઇને, પ્રત્યેક સ્ત્રી પોતે એકજ શ્રીકૃષ્ણને અત્યંત પ્રિય છે, એમ માનતી હતી. કારણ કે તે સ્ત્રીઓ તેમના સત્ય સ્વરૂપને જાણતી ન હતી.[૨] ભગવાનનું સુંદર કમળકોશના જેવું મુખ, લાંબા બાહુઓ, વિશાળ નેત્રો, પ્રેમપૂર્વક હાસ્યરસ સાથે જોવું અને સુંદર ભાષણ, એ બધાથી અત્યંત મોહિત થયેલી તે સ્ત્રીઓ, પોતપોતાના અનેક વિલાસોથી સ્વરૂપાનંદપૂર્ણ એવા શ્રીકૃષ્ણ ભગવાનના મનને જીતવાને સમર્થ થઇ શકી ન હતી.[૩] સોળ હજાર (એકસો ને આઠ) તે સ્ત્રીઓ ગૂઢ હાસ્યયુક્ત કટાક્ષથી સૂચવેલા અભિપ્રાય વડે મનોહર એવી ભ્રૂકુટીઓદ્વારા મોકલવામાં આવેલા સુરત સંબંધી ગુપ્ત વિચારોમાં કુશળ એવાં કામદેવનાં બાણો વડે અને બીજાં કામશાસ્ત્રપ્રસિદ્ધ સાધનો વડે પણ શ્રીકૃષ્ણ ભગવાનના મનને મથી નાખવાને અથવા જીતી લેવાને સમર્થ થઇ ન હતી.[૪] જેમના માર્ગને બ્રહ્માદિ દેવો પણ જાણી શકતા નથી, એવા તે લક્ષ્મીપતિ ભગવાનને પોતાના પતિ તરીકે પ્રાપ્ત કરી તે સ્ત્રીઓ નિરંતર વૃદ્ધિ પામેલા આનંદથી પ્રેમપૂર્વક હસવું, જોવું અને નવા સમાગમમાં આતુરતા વગેરે વિલાસો કરતી હતી. તે સ્ત્રીઓ પાસે સેંકડો દાસીઓ હતી; તોપણ ભગવાન જ્યારે આવે, ત્યારે તેમની સામે જવું, તેમને ઉત્તમ આસન આપવું, પૂજન કરવું, પગ ધોવા, પાનબીડાં આપવાં; પગચંપી વગેરેથી વિશ્રાંતિ આપવી, પંખા વગેરેથી પવન ઢોળવા, ચંદન લગાવવું, પુષ્પો આપવાં, કેશ ઓળવા, શયન કરાવવું, સ્નાન કરાવવું અને ભોજન કરાવવું વગેરે કર્મો પોતે જાતેજ કરીને તે સ્ત્રીઓ તેમનું દાસીપણું કરતી હતી.[૫-૬] શ્રીકૃષ્ણની તે દશ દશ પુત્રોવાળી સ્ત્રીઓ પૈકી પૂર્વે કહેવાઇ ગયેલી આઠ પટરાણીઓના પ્રદ્યુમ્ન વગેરે પુત્રોનાં નામ હું તમને કહું છું.[૭] શ્રીકૃષ્ણને રુક્મિણીમાં પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, સુદેષ્ણ, પરાક્રમી ચારુદેહ, સુચારુ, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુચન્દ્ર, વિચારુ અને દસમો ચારુ—પુત્રો થયા હતા. તેઓ પિતાથી ન્યૂન ન હતા. ભાનુ, સુભાનુ, સ્વર્ભાનુ, પ્રભાનુ, ભાનુમાન, ચન્દ્રભાનુ, બૃહદ્‌ભાનુ, અતિભાનુ અને પ્રતિભાનુ, એ દશ સત્યભામાના પુત્રો હતા. સાંબ, સુમિત્ર, પુરુજિત્, શતજિત્, સહસ્રજિત્, વિજય, ચિત્રકેતુ, વસુમાન, દ્રવિડ અને ક્રતુ—આ દશ જાંબવતીના પુત્રો હતા. તેઓમાં સાંબ મુખ્ય હતો અને તેઓ પિતાના માનીતા હતા.[૮-૧૨] વીર, ચંદ્ર, અશ્વસેન, ચિત્રગુ, વેગવાન, વૃષ, આમ, શંકુ, વસુ અને શ્રીમાન કુંતિ આ દશ નાગ્નજિતીના પુત્રો હતા.[૧૩] શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, ભદ્ર, શાંતિ, દર્શ, પૂર્ણમાસ તથા છેલ્લો સોમક—આ દશ પુત્રો કાલિંદીના હતા. પ્રઘોષ, ગાત્રવાન, સિંહ, બલ, પ્રબલ, ઊર્ધ્વગ, મહાશક્તિ, સહ, ઓજ અને અપરાજિત આ દશ પુત્રો લક્ષ્મણાના હતા. વૃક, હર્ષ, અનિલ, ગૃધ્ર, વર્ધન, અન્નાદ, મહાશ, પાવન, વહ્નિ અને ક્ષુધિ—આ દસ મિત્રવિંદાના પુત્રો હતા. સંગ્રામજિત્, બૃહત્સેન, શૂર, પ્રહરણ, અરિજિત્, જય, સુભદ્ર, વામ, આયુ અને સત્યક—આ દસ પુત્રો ભદ્રાના હતા. આ સિવાયની બીજી સોળહજાર સ્ત્રીઓ પૈકી રોહિણી નામની એક સ્ત્રીમાં શ્રીકૃષ્ણના દીપ્તિમાન તથા તામ્રતપ્ત વગેરે પુત્રો થયા હતા. હે રાજન્! ભોજકટ નગરમાં વસતા રુક્મીની પુત્રી રુક્મવતીમાં પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ નામે મહાબળવાન પુત્ર થયો હતો; ઉપરાંત શ્રીકૃષ્ણના બીજા પુત્રોના પણ કરોડો પુત્રો તથા પૌત્રો થયા હતા. હે રાજા! શ્રીકૃષ્ણથી જન્મેલા પુત્રોની માતાઓ (એકંદર) સોળ હજાર (ને એકસો આઠ) હતી."[૧૪-૧૯]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરીક્ષિત રાજાએ પૂછ્યું:-"યુદ્ધમાં શ્રીકૃષ્ણે જેને હરાવ્યો હતો ને શ્રીકૃષ્ણને મારી નાખવાનો જ લાગ જોયા કરતો હતો, તે રુક્મીએ પોતાના શત્રુના પુત્રને પોતાની પુત્રી કેમ આપી હતી? હે વિદ્વન્! બન્ને એકબીજાના શત્રુ છતાં તે બન્નેનો પરસ્પર વિવાહ નિમિત્તે જે સંબંધ થયો હતો તે મને કહો. (આપ યોગી છો અને યોગીઓ) ભૂત, ભવિષ્ય, વર્તમાન અને ઇન્દ્રિયોથી ન જાણી શકાય તેવું, દૂર રહેલું તથા જેની વચ્ચે બીજી કોઇ વસ્તુ આડી રહેલી હોય, તેવું પણ સારી રીતે જોઇ શકે છે. (માટે આપ સર્વ કંઇ જોનારા હોવાથી મને તે કથા કહો.)"[૨૦-૨૧]

શ્રીશુકદેવજી બોલ્યા:-"સ્વયંવરમાં સાક્ષાત્ શસ્ત્રધારી કામદેવરૂપ એવા પ્રદ્યુમ્નને રુક્મવતી વરીજ હતી અને તે સ્વયંવરમાં (કન્યાના લોભથી) આવેલા રાજાઓને, (કન્યાને પડાવી લેવા તૈયાર થયેલા જોઇ) યુદ્ધમાં માત્ર એક રથનીજ સહાયવાળા પ્રદ્યુમ્ને જીતી લઈ રુક્મવતીનું હરણ કર્યું હતું.[૨૨] રુક્મીનું શ્રીકૃષ્ણે પ્રથમ અપમાન કર્યું હતું, તેથી તેમના પ્રત્યેનું વેર જો કે તેના સ્મરણમાંજ હતું; તોપણ પોતાની બહેન રુક્મિણીને સારું લગાડવા માટે પોતાના ભાણેજ પ્રદ્યુમ્નને પોતાની કન્યા રુક્મવતી તેણે આપી હતી. હે રાજન્! વિશાળ નેત્રોવાળી રુક્મિણીની પુત્રી ચારુમતી નામની કન્યાને કૃતવર્માનો બલી નામે પુત્ર પરણ્યો હતો. જો કે રુક્મીએ શ્રીકૃષ્ણ સાથે વેર બાંધ્યું હતું તથા પોતે જાણતો પણ હતો કે, વૈરી સાથે વિવાહસંબંધ કરવો તે *અધર્મ છે, છતાં સ્નેહપાશના બંધનવાળા રુક્મીએ પોતાની બહેનને સારું લગાડવાની ઇચ્છાથી પોતાની પુત્રીના પુત્ર અનિરુદ્ધને રોચના નામની પોતાના પુત્રની પુત્રી આપી હતી. હે રાજન્! અનિરુદ્ધના તે વિવાહોત્સવમાં રુક્મિણી, બળરામ, શ્રીકૃષ્ણ તથા સાંબ-પ્રદ્યુમ્ન વગેરે કુમારો ભોજકટ નગરમાં ગયા હતા.[૨૩-૨૬] ત્યાં વિવાહોત્સવ થઇ રહ્યા પછી કલિંગ વગેરે ગર્વિષ્ઠ રાજાઓએ રુક્મીને કહ્યું કે, 'તું પાસાઓથી (જુગાર) રમી બળદેવને જીતી લે.[૨૭] હે રુક્મી રાજા! બળદેવ પાસાઓ રમી જાણતા નથી, છતાં તેમને તેનું વ્યસન મોટું છે.' તે રાજાઓએ એ પ્રમાણે કહ્યું, એટલે રુક્મી બળદેવજીને બોલાવીને તેમની સાથે પાસાઓથી (જુગાર) રમવા લાગ્યો. બળદેવજીએ તે વખતે પ્રથમ સોની પછી હજારની અને પછી દસ હજારની મૂઠ માંડી, તેને રુક્મી જીતી ગયો; એટલે કલિંગ દેશનો તે રાજા દાંત દેખાડતો ખૂબ મોટેથી બળદેવને હસવા લાગ્યો, તેને બળદેવ સહન કરી શક્યા નહિ.[૨૮-૨૯] ત્યાર પછી રુક્મીએ એક લાખની મૂઠ માંડી ને તેમાં બળદેવજી જીત્યા; છતાં કપટનો આશ્રય કરી રુક્મીએ કહ્યું કે, 'હું જીત્યો.'[૩૦] એટલે પૂનમને દિવસે જેમ સમુદ્ર ખળભળે છે, તેમ ક્રોધથી ખળભળી ઊઠેલા અને જન્મથીજ લાલચોળ નેત્રોવાળા શ્રીમાન બળદેવજીએ અત્યંત રોષથી દશ કરોડની મૂઠ માંડી દીધી; તેને પણ બળરામ ધર્મ પ્રમાણે જીતી ગયા, છતાં કપટનો આશ્રય કરી રુક્મીએ કહ્યું કે, 'હું જીત્યો છું; આ બાબતમાં (પાસે બેઠેલા) આ સભાસદો જેવું હોય તેવું કહે.'[૩૧-૩૨] તે વખતે આકાશવાણી થઈ કે, 'બળદેવજ આ મૂઠને ધર્મથી જીત્યા છે; રુક્મી તો ખાલી વચનો કહીને જૂઠું જ બોલે છે.' આવી આકાશવાણીનો પણ અનાદર કરી કાળથી પ્રેરાયલો રુક્મી દુષ્ટ રાજાઓની પ્રેરણાથી બળદેવજીની હાંસી કરતો તેમને કહેવા લાગ્યો: 'જંગલોમાં ભટકનારા તમે ગોવાળિયા પાસાઓ રમવામાં કુશળ હોતા નથી. એ તો રાજાઓજ પાસાઓ તથા બાણોથી રમે છે, તમારા જેવા

* અધર્મ એટલા માટે કે, **द्विषदन्नं न भोक्तव्यं द्विषन्तं नैव भोजयेत्** 'શત્રુનું અન્ન જમવું નહિ ને શત્રુને જમાડવો નહિ.' આમ લોકવિરુદ્ધ છે; તેમજ **अस्वर्ग्यं लोकविद्विष्टं धर्ममप्याचरेन्न तु**'-જે ધર્મ સ્વર્ગ આપનાર ન હોય અને લોકવિરુદ્ધ હોય તેનું આચરણ કરવું નહિ' આવો શાસ્ત્રીય નિષેધ પણ છે.-શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નહિ.૩૩–૩૫ રુક્મીએ એ પ્રમાણે અપમાન કર્યું અને રાજાઓએ પણ હાંસી કરી, એટલે બળદેવજી કોપી ઊઠ્યા; તેમણે ભોગળ ઉઠાવી એ માંગલિક સભામાં રુક્મીને મારી નાખ્યો અને એકદમ વેગથી દસમેજ પગલે કલિંગરાજને પકડી લઇ ક્રોધાયમાન થઇને તેના દાંત પાડી નાખ્યા, કે જે રાજા ખુલ્લા કરેલા દાંતથી હસ્યો હતો. એ સિવાય બીજા રાજાઓને પણ બળદેવજીએ ભોગળ મારી મારીને દુઃખી કરી મૂક્યા; કોઇના હાથ, કોઇની સાથળો અને કોઇનાં માથાં ભાગી નાખ્યાં. પછી તો લોહીલુહાણ થઇ પડેલા તે રાજાઓ ભયભીત થઇને નાસી ગયા. હે રાજન્! એ રીતે પોતાનો સાળો માર્યો ગયો, તે વખતે શ્રીકૃષ્ણ રુક્મિણીના તથા બળદેવજીના સ્નેહનો ભંગ થવાના ભયથી સારું કે નરસું કંઈ બોલ્યા ન હતા. તે પછી શ્રીકૃષ્ણના આશ્રયવાળા અને તેથીજ જેમનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં હતાં એવા તે બળરામ વગેરે યાદવો નવી પરણેલી વહુ સાથે અનિરુદ્ધને રથમાં બેસાડીને દ્વારકા તરફ વિદાય થયા."૩૬–૪૦

ततोऽनिरुद्धं सह सूर्यया वरं रथं समारोप्य ययुः कुशस्थलीम्। रामादयो भोजकटाद्दशार्हाः सिद्धाऽखिलार्था मधुसूदनाश्रयाः ॥ ४० ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૧ મો સમાપ્ત.

અધ્યાય ૬૨ મો×

બાણાસુરે અનિરુદ્ધને કેદ કર્યો

॥ राजोवाच ॥

बाणस्य तनयामूषामुपयेमे यदूत्तमः। तत्र युद्धमभूद् घोरं हरिशंकरयोर्महत् ॥ एतत्सर्वं महायोगिन्समाख्यातुं त्वमर्हसि ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે મહાયોગી! યાદવશ્રેષ્ઠ અનિરુદ્ધ બાણાસુરની પુત્રી ઉષાને પરણ્યો હતો; તે વખતે શ્રીકૃષ્ણ અને શંકરનું મહાઘોર યુદ્ધ થયું હતું, એ સર્વ વાત તમે મને કહેવાને યોગ્ય છો."૧

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"મહાત્મા બલિ રાજાને સો પુત્રોમાં સૌથી મોટો બાણાસુર નામે એક પુત્ર હતો. જે બલિ રાજાએ વામનસ્વરૂપ ધારણ કરનારા શ્રીહરિને પૃથ્વીનું દાન કર્યું હતું;૨ તેજ બલિ રાજાને બાણાસુર નામનો +ઔરસ પુત્ર (એટલે ખાસ પોતાથી ઉત્પન્ન થયેલો) હતો; તે બાણાસુર શિવની ભક્તિમાં આસક્ત, જનસમાજમાં માન્ય, દાતા, બુદ્ધિમાન, સત્ય પ્રતિજ્ઞાવાળો, દૃઢ વ્રત ધારણ કરનારો અને શોણિતપુર નામના સુંદર નગરમાં પૂર્વે રાજ્ય કરનારો હતો. શ્રીશંકરની કૃપાથી દેવો તેના દાસ જેવા થઇ રહ્યા હતા; તેને એક હજાર હાથ હતા અને તાંડવ નૃત્યમાં (એક હજાર હાથથી) અનેક જાતનાં વાદિત્ર વગાડી તેણે શંકરને પ્રસન્ન કર્યા હતા.૩૪ સર્વ પ્રાણીઓના ઈશ્વર અને શરણે આવેલાંનું રક્ષણ કરનાર ભક્તવત્સલ ભગવાન શંકરે તે બાણાસુરને જ્યારે વર માગવા કહ્યું હતું, ત્યારે તેણે પોતાના નગરની રક્ષા કરનાર તરીકે એ શંકર ભગવાનનેજ માગી

× આ અધ્યાયમાં 'અનેક હાથવાળા બાણાસુરે પોતાની કન્યા સાથે વિલાસ કરતા અનિરુદ્ધને કેદ કર્યો,' એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

+ દત્તક, પાળેલો અથવા વેચાતો લીધેલો પણ પુત્ર હોય છે; તેવો બાણાસુર ન હતો, એમ દર્શાવવાને અહીં 'ઔરસ' એમ કહેવામાં આવે છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લીધા હતા.[૫] એક સમયે પરાક્રમને લીધે મદોન્મત્ત બની ગયેલા બાણાસુરે સૂર્યના સરખા તેજસ્વી મુકુટથી ભગવાન શંકરના ચરણકમળનો સ્પર્શ કરીને સમીપમાં બેઠેલા તે ભગવાનને કહ્યું કે,[૬] 'હે મહાદેવ! લોકના ગુરુ, ઈશ્વર અને જેઓની કામનાઓ પૂર્ણ થઇ નથી, એવા પુરુષોની કામનાઓ પૂરનાર કલ્પવૃક્ષ સમાન એવા આપને હું નમસ્કાર કરું છું.[૭] આપે મને એક હજાર હાથ આપ્યા, પરંતુ તે કેવળ મને ભારરૂપ થઇ પડ્યા છે. કારણકે ત્રણે લોકમાં કેવળ એક આપ વિના મારી સામે યુદ્ધ કરનાર મારા જેવો મને કોઇ મળતોજ નથી.[૮] હે આદિપુરુષ! મારા હાથ ખરજ વડે ભરાઇ ગયેલા હોવાથી, યુદ્ધ કરવા ઇચ્છતો અને પર્વતોના ચૂરા કરી નાખતો હું દિશાઓના હાથીઓની પાસે ગયો; ત્યારે તેઓ પણ ભયભીત થઈને પલાયન કરી ગયા.'[૯] તે સાંભળી ભગવાન શંકર ક્રોધે ભરાઇને બોલ્યા કે, 'અરે ઓ મૂર્ખ! જ્યારે તારી ધજા ભાગી પડે, ત્યારે (તું માનજે કે,) મારા જેવાની સાથે તારા ગર્વનો નાશ કરનારું યુદ્ધ થશે.'[૧૦] હે રાજા! શંકરે એમ કહ્યું એટલે દુષ્ટબુદ્ધિ બાણાસુર આનંદિત થઇ ઘરમાં દાખલ થયો ને શંકરે કહેલા પોતાના પરાક્રમનો નાશ કરનાર તે ધજાના ભંગની રાહ જોવા લાગ્યો;[૧૧] કારણ કે તે દુષ્ટ બુદ્ધિવાળો હતો. તે બાણાસુરને ઉષા નામની એક પુત્રી હતી, તે હજી કન્યાજ હતી. એક સમયે સ્વપ્નમાં તેણે કદી નહિ જોયેલા કે નહિ સાંભળેલા પ્રદ્યુમ્નના સુંદર પુત્ર અનિરુદ્ધ સાથે રતિસમાગમ પ્રાપ્ત કર્યો.[૧૨] પછી સ્વપ્નમાં ને સ્વપ્નમાં તે અનિરુદ્ધને નહિ જોઈ 'હે કાન્ત! તમે ક્યાં છો?' એમ કહેતી તે વિહ્વળ થઇને સખીઓની વચ્ચે ઊભી થઈ જઇને ઘણીજ શરમાઈ ગઇ. એ સમયે કુભાંડ નામના બાણાસુરના મંત્રીની પુત્રી ચિત્રલેખા, જે ઉષાની સખી હતી, તે આશ્ચર્ય પામીને પોતાની સખી ઉષાને પૂછવા લાગી:[૧૩।૧૪] 'હે સુંદર ભ્રૂકુટીવાળી ઉષા! તું કોને શોધે છે? તારો મનોરથ કેવો છે? હે રાજપુત્રિ! તારા હાથને ગ્રહણ કરનાર તારા પતિને હજી સુધી હું જોતી નથી કે જાણતી નથી.'

ઉષા બોલી:–'સ્વપ્નમાં મેં એક પુરુષને જોયો હતો. તે શ્યામ રંગનો, કમળના સરખાં નેત્રોવાળો, પીળાં વસ્ત્રોવાળો, મોટી ભુજાઓવાળો તેમજ સ્ત્રીઓનાં હૃદયમાં વસી જાય તેવો હતો.[૧૫।૧૬] એ મારા કાન્તને હું શોધું છું. તે પુરુષ મને પોતાના અધરામૃતનું પાન કરાવીને પછી તેની ઇચ્છા કરતી મને દુઃખ સમુદ્રમાં ધકેલી દઇ ક્યાંય જતો રહ્યો છે.'

ચિત્રલેખા બોલી:–'હું તારા દુઃખને દૂર કરીશ. ત્રણે લોકમાં જે પુરુષે તારા મનને હર્યું હોય તે પુરુષને જો તું જણાવી શકે તો હું તેને લાવી આપીશ. માટે તે પુરુષને તું બતાવ.'[૧૭।૧૮] એમ કહીને તે ચિત્રલેખાએ દેવોને, ગંધર્વોને, સિદ્ધોને, ચારણોને, સર્પોને, દૈત્યોને, વિદ્યાધરોને, યક્ષો તથા મનુષ્યોને ચિત્રપટ ઉપર બરાબર ચીતરવા માંડ્યા.[૧૯] તેઓમાંથી મનુષ્યોની અંદર યાદવોને, શૂરને, વાસુદેવને, બળરામને, શ્રીકૃષ્ણને તથા પ્રદ્યુમ્નને પણ તેણે ચીતરી બતાવ્યા. તે વખતે પ્રદ્યુમ્નને* જોઇને ઉષા શરમાઈ ગઈ.[૨૦] હે રાજા! તે પછી અનિરુદ્ધને ચીતરેલો જોઈ ઉષા શરમથી નીચું મુખ કરી ગઇ ને મંદમંદ હસતી બોલી કે, 'બસ તેજ, તેજ એ.'[૨૧] હે રાજન્! ચિત્રલેખા યોગવિદ્યા જાણનારી હતી; તેથી અનિરુદ્ધને શ્રીકૃષ્ણનો પૌત્ર જાણીને આકાશમાર્ગે શ્રીકૃષ્ણથી રક્ષાયલી દ્વારકા નગરીમાં પહોંચી ગઇ. ત્યાં જઇ ઉત્તમ પલંગ પર પોઢેલા પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને યોગાશ્રયવાળી ચિત્રલેખાએ શોણિતપુરમાં ઉઠાવી જઇ, પોતાની સખીને તે પ્રિયનાં દર્શન કરાવ્યાં. એટલે અત્યંત સુંદર એવા તે અનિ-

* પ્રદ્યુમ્નનું સ્વરૂપ અનિરુદ્ધની સમાન હતું, તેથી તેને જોઇ 'આ મારો સસરો છે' એમ માની ઉષા શરમાઈ ગઇ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રુદ્ધને જોઇને પ્રસન્ન મુખવાળી બની ગયેલી તે ઉષા પુરુષોથી ન જોઇ શકાય એવા પોતાના ઘરમાં તે પ્રદ્યુમ્નના પુત્ર સાથે ક્રીડા કરવા લાગી. અનિરુદ્ધ પણ ઉષા કન્યાના તે અંતઃપુરમાં ગુપ્ત રહીને અમૂલ્ય વસ્ત્ર, પુષ્પમાળાઓ, ચંદન, ધૂપ, દીવા, આસન તથા જુદી જુદી જાતનાં પીણાં, ભોજન, ભક્ષ્ય અને મધુર વચનોથી સેવાપૂર્વક સત્કાર પામીને ઘણા દિવસોને જાણી શક્યો નહિ. કારણ કે નિરંતર વૃદ્ધિ પામેલા સ્નેહવાળી એ ઉષાએ તેની ઇન્દ્રિયોને હરી લીધી હતી.૨૨–૨૬ એ રીતે યદુવીર અનિરુદ્ધથી ભોગવાતી અને અતિ પ્રસન્ન એવી ઉષાને, દ્વારપાળો ઢાંકવાને અશક્ય (ગર્ભધારણ વગેરે) કારણોને લીધે (બ્રહ્મચર્ય) વ્રતથી ભ્રષ્ટ થયેલી જાણી ગયા; ને તેઓએ બાણાસુર પાસે જઇને જાહેર કર્યું કે, 'હે રાજન્! તમારી પુત્રી કન્યા અવસ્થામાં છે, છતાં તેનાં કુળને દૂષણ લગાડનારાં ચેષ્ટિત અમે જાણી શક્યા છીએ. હે પ્રભો! સહેજ પણ ખસ્યા વિના અમે ઘરની અંદર કન્યાનું રક્ષણ કરી રહ્યા છીએ ને કોઇ પણ પુરુષો કન્યાને જોઇ શકતા નથી; છતાં તેને દૂષણ કેવી રીતે થયું, તે અમે જાણતા નથી.' એ પ્રમાણે પુત્રીનું દૂષણ સાંભળી બાણાસુર અત્યંત ગભરાયો; તે ઉતાવળો ઉતાવળો કન્યાના અંતઃપુરમાં જઇ પહોંચ્યો; ત્યાં તેણે અનિરુદ્ધને જોયો, જે અનિરુદ્ધ કામદેવનો પુત્ર હોઇ જગતમાં એકજ સુંદર, શ્યામ રંગનો, પીળાં વસ્ત્રવાળો, કમળસમાન નેત્રવાળો, લાંબી ભુજાવાળો, કુંડળો તથા કેશની કાંતિથી અને મંદ હાસ્યપૂર્વક જોવા વડે સુશોભિત મુખવાળો, સંપૂર્ણ મંગળમય પ્રિયા ઉષાની સાથે પાસાઓથી રમી રહેલો, ઉષાના અંગસંગને લીધે (તેનાં) સ્તન ઉપરના કેસરથી ખરડાયલી વસંત ઋતુની મલ્લિકાનાં પુષ્પોની માળાને વક્ષઃસ્થળ ઉપર ધારણ કરી રહેલો અને ઉષાની સંમુખ બેઠેલો હતો. તે અનિરુદ્ધને જોઇ બાણાસુર આશ્ચર્ય પામ્યો. મધુવંશી અનિરુદ્ધ, હથિયારબદ્ધ યોદ્ધાઓ તથા સૈન્યથી વીંટાઇને અંતઃપુરમાં દાખલ થયેલા તે બાણાસુરને જોઇ લોખંડી ભોગળ ઉગામીને દંડધારી કાળની પેઠે તેને મારી નાખવાની ઇચ્છાથી ઊભો રહ્યો. તેને પકડી લેવાની ઇચ્છાથી ચારે તરફથી યોદ્ધાઓ ધસી આવ્યા, પણ સૂવરોનાં ટોળાંઓનો નાયક જેમ કૂતરાઓને મારવા માંડે, તેમ અનિરુદ્ધે તે યોદ્ધાઓને મારવા માંડ્યા, જેથી ચિરાઇ ગયેલાં માથાં, સાથળો તેમજ હાથવાળા તે યોદ્ધાઓ માર ખાતા ખાતા કન્યાના અંતઃપુરમાંથી નીકળી જઇને પલાયન કરી ગયા. તે પછી બલિ રાજાના બળવાન પુત્ર બાણાસુરે કોપાયમાન થઇ જઇ પોતાના સૈન્યનો સંહાર કરતા અનિરુદ્ધને નાગપાશથી બાંધી લીધો, એટલે ઉષા, તેને બંધાઇ ગયેલો જોઇ શોક તથા ખેદથી અત્યંત વિહ્વળ બની ગઇ અને અશ્રુબિંદુઓથી ઊભરાતાં નેત્રે રુદન કરવા લાગી.૨૭–૩૫

तं नागपाशैर्बलिनंदनो बली।
घ्नंतं स्वसैन्यं कुपितो बबंध ह ॥
ऊषा भृशं शोकविषादविह्वला।
बद्धं निशम्याश्रुकलाक्ष्यरौदिषीत् ॥ ३५ ॥

ઇતિશ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૨ મો સમાપ્ત

અધ્યાય ૬૩ મો×

બાણાસુર અને યાદવોનું યુદ્ધ

॥ श्रीशुक उवाच ॥

अपश्यतां चानिरुद्धं तद्बंधूनां च भारत।
चत्वारो वार्षिका मासा व्यतीयुरनुशोचताम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે ભરતવંશી રાજન્! પેલી તરફ અનિરુદ્ધને નહિ જોતાં તેનાં સગાં—સં-

× આ અધ્યાયમાં 'બાણાસુર તથા યાદવોના સંગ્રામમાં શ્રીહરિએ બાણાસુરના હાથ કાપી નાખ્યા ને તે વેળા શંકરે તથા તેમણે મોકલેલા તાવે ભગવાનની સ્તુતિ કરી,' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બંધીઓ શોક કરવા લાગ્યાં અને એમ ને એમજ તેઓના વર્ષાઋતુના ચાર માસ વીતી ગયા.[૧] ત્યાર પછી નારદજી પાસેથી (બાણાસુરને ત્યાં) કેદ પકડાયલા અનિરુદ્ધની વાત અને તેણે ત્યાં ફરી બતાવેલું યુદ્ધ વગેરે કર્મ સાંભળીને શ્રીકૃષ્ણ જેઓના દેવ હતા, એવા યાદવો શોણિતપુર જઇ પહોંચ્યા;[૨] તેમજ ત્યાં જઇને બળરામ અને શ્રીકૃષ્ણના અનુયાયી પ્રદ્યુમ્ન, સાત્યકિ, ગદ, સાંબ, સારણ, નંદ, ઉપનંદ તથા ભદ્ર વગેરે મોટા મોટા યાદવોએ સર્વ દિશાઓમાં એકત્ર મળીને બાર અક્ષૌહિણી સેનાઓથી બાણાસુરના નગરને ચારે તરફથી ઘેરી લીધું અને શહેર, બાગ-બગીચા, કિલ્લાઓ, કોઠાઓ તેમજ દરવાજાઓ ભાંગવા માંડ્યા. તે જોઇને ક્રોધના આવેશમાં આવી ગયેલો બાણાસુર યાદવોના જેટલીજ સેના લઇને સામેથી બહાર આવ્યો.[૩-૫] ભગવાન શંકર, બાણાસુરને માટે પોતાના પુત્રોની સાથે પાર્ષદોથી વીંટાઇને નંદિકેશ્વર પર બેસીને બળરામ તથા શ્રીકૃષ્ણની સામે યુદ્ધ કરવા લાગ્યા.[૬] હે રાજન્! એ સમયે શ્રીકૃષ્ણ તથા શંકરનું અને પ્રદ્યુમ્ન તેમજ કાર્તિકસ્વામીનું આશ્ચર્યકારક અને રોમાંચજનક મહાતુમુલ યુદ્ધ થવા લાગ્યું.[૭] તેમજ કુભાંડ અને કૂપકર્ણ નામે બાણાસુરના મંત્રીઓ બળદેવ સાથે, બાણાસુરનો પુત્ર સાંબ સાથે અને બાણાસુર સાત્યકિની સાથે યુદ્ધ કરવા લાગ્યો.[૮] બ્રહ્મા વગેરે મોટા મોટા દેવો, મુનિઓ, સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ તથા યક્ષો વિમાનોમાં બેસીને તે યુદ્ધ જોવા માટે આવી પહોંચ્યા.[૯] શ્રીકૃષ્ણે શંકરના અનુચર ભૂતોને, પ્રમથ નામના પાર્ષદોને, યક્ષોને, ડાકણોને, રાક્ષસોને, વિનાયક સહિત વેતાલોને, પ્રેતોને, માતૃકાઓને, પિશાચોને, કૂષ્માંડોને તથા બ્રહ્મરાક્ષસોને શાર્ઙ્ગ ધનુષમાંથી છોડેલાં તીક્ષ્ણ અણીઓવાળાં બાણો મારીને નસાડી મૂક્યા. એટલે પિનાકધારી શંકરે શ્રીકૃષ્ણ ઉપર જુદાં જુદાં અસ્ત્રોનો પ્રયોગ કરવા માંડ્યો; પણ શ્રીકૃષ્ણે આશ્ચર્ય પામ્યા વિનાજ તેની સામે અસ્ત્રોનો ઉપયોગ કરી તે અસ્ત્રોને શાંત કરી દીધાં.[૧૦-૧૨] બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર, વાયવ્યાસ્ત્ર સામે પર્વતાસ્ત્ર, અગ્ન્યાસ્ત્રની સામે પર્જન્યાસ્ત્ર અને પાશુપતાસ્ત્ર સામે નારાયણાસ્ત્ર મૂકીને તે તે અસ્ત્રોને શ્રીકૃષ્ણે શમાવી દીધાં.[૧૩] પછી જૃંભણાસ્ત્રના પ્રયોગથી બગાસાં ખાતા શંકરને મોહિત કરી શ્રીકૃષ્ણે તલવાર, ગદા તેમજ બાણો વડે બાણાસુરની સેનાનો સંહાર કરી નાખ્યો.[૧૪] બીજી તરફ પ્રદ્યુમ્નનાં અનેક બાણોથી કાર્તિકસ્વામી ચોતરફથી પીડાવા લાગ્યા; જેથી શરીરના દરેક અવયવોમાંથી લોહીને ઝરતા તે મોર ઉપર બેસીને રણમાંથી પલાયન કરી ગયા. કુભાંડ અને કૂપકર્ણ પણ બળદેવના મૂસળથી પીડાઇને પડી ગયા એટલે તેમનાં સૈન્યો પોતાના નાયક માર્યા જતાં ચારે બાજુ નાસવા લાગ્યાં. એ પ્રમાણે પોતાના સૈન્યને વિખેરાતું જોઇ બાણાસુર અતિશય ક્રોધે ભરાયો; તેણે સાત્યકિને પડતો મૂકી રથમાં બેસીને શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવાને ધસારો કર્યો;[૧૫-૧૭] અને રણમાં દુષ્ટ મદવાળા બાણાસુરે એકીસાથે પાંચસો ધનુષ ખેંચીને એક એકમાં બબ્બે બાણો સાંધી દીધાં.[૧૮] ભગવાન શ્રીકૃષ્ણે બાણાસુરનાં તે સઘળાં ધનુષોને એકીસાથે કાપી નાખ્યાં અને તેના સારથિ, રથ તેમજ ઘોડાઓનો નાશ કરી નાખી, પોતાનો શંખ વગાડ્યો.[૧૯] એ વેળા બાણાસુરની માતા કોટરા, પુત્રનું રક્ષણ કરવાની ઇચ્છાથી માથાના વાળ છૂટા મૂકી નગ્ન થઇને શ્રીકૃષ્ણની આગળ આવી ઊભી રહી.[૨૦] શ્રીકૃષ્ણે તે નગ્ન સ્ત્રીને નહિ જોતાં મુખને આડું કર્યું; તેટલામાં રથરહિત થયેલો અને કપાઈ ગયેલાં ધનુષવાળો બાણાસુર નગરમાં પેસી ગયો.[૨૧] ત્યાર પછી મહાદેવના ભૂતગણને ભગવાને નસાડી મૂક્યા એટલે ત્રણ મસ્તકોવાળો તથા ત્રણ પગવાળો શંકરનો તાવ, દશે દિશાઓને જાણે બાળી નાખતો હોય તેમ શ્રીકૃષ્ણ સામે દોડ્યો.[૨૨] ત્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારાયણદેવે પણ તે તાવને (આવતો) જોઈ તેની સામે પોતાના શીતજ્વરને વિદાય કર્યો; પછી શંકરનો તથા વિષ્ણુનો એમ બન્ને તાવ સામસામા યુદ્ધ કરવા લાગ્યા.[૨૩] તેમાં વિષ્ણુના તાવે બળથી શંકરના તાવને પીડવા માંડ્યો, એટલે શંકરનો તાવ બૂમો પાડવા લાગ્યો, ભયભીત થઇ ગયો તેમજ બીજે કોઈ સ્થળે અભય નહિ મેળવીને શરણની ઇચ્છાવાળો તે તાવ બે હાથ જોડીને શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.[૨૪]

શંકરનો તાવ સ્તુતિ કરે છેઃ—'અનંત શક્તિવાળા આપને હું નમસ્કાર કરું છું. કારણ કે આપ બ્રહ્માદિ મોટા મોટા દેવોના પણ ઈશ્વર છો; સર્વના આત્મા છો; શુદ્ધ છો; ચૈતન્યઘન છો; તથા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ છો તથા વેદ જેનો પ્રકાશ કરે છે, તે અતિ શાંત એવું જે બ્રહ્મ તે પણ આપજ છો.[૨૫] (સર્વને ક્ષોભ પમાડનારો.) કાળ, (સર્વનું નિમિત્ત) કર્મ, (ફળ આપવાને તત્પર થયેલું કર્મ—) દૈવ, કર્મના સંસ્કારરૂપ સ્વભાવ, તે સ્વભાવવાળો જીવ, શબ્દ—સ્પર્શાદિ સૂક્ષ્મ ભૂતોરૂપ દ્રવ્ય, શરીર, પ્રાણ, સૂત્રાત્મા, અહંકાર, અગિયાર ઇન્દ્રિયો, પાંચ મહાભૂતો, તે સર્વના સમુદાયરૂપ લિંગદેહ અને તે દેહથી કર્મો તથા કર્મોથી પાછો દેહ એમ જ પ્રવાહ ચાલે છે—તે આપની આ માયાજ છે. આ માયાનો નિષેધ કરતાં અવધિરૂપે રહેલા આપને હું શરણે આવ્યો છું.[૨૬] (આપ તો સર્વ ઉપાધિઓથી મુક્ત છો; તોપણ) માત્ર લીલાથીજ સ્વીકારેલા મત્સ્યાદિ અનેક અવતારોથી આપ દેવોનું રક્ષણ કરો છો; દેવોના રક્ષણ માટે લોકસેતુરૂપ વર્ણાશ્રમધર્મોનું રક્ષણ કરો છો; તેના રક્ષણને માટે વર્ણાશ્રમધર્મ પાળનારા સત્પુરુષોનું રક્ષણ કરો છો ને તેઓનું રક્ષણ કરવાને માટે હિંસા કરનારા દૈત્યો વગેરેનો નાશ કરો છો. એજ પ્રમાણે આપનો આ જન્મ પણ પૃથ્વીનો ભાર ઉતારવા માટે છે. (અર્થાત્ આપનો આ લીલાવતાર છે, આપ કોઈના પુત્ર નથી.)[૨૭] આપના તેજરૂપ, મહાભયંકર અને શાંત છતાં ઉગ્ર એવા આ દુઃસહ શીતજ્વરથી હું તપી રહ્યો છું. આશાપાશથી બંધાયલાં પ્રાણીઓ જ્યાંસુધી આપનાં ચરણમૂળને સેવતાં નથી, ત્યાંસુધીજ તેઓને તાપ હોય છે.'[૨૮]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે ત્રણ મસ્તકોવાળા તાવ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. મારા તાવથી તને થયેલો ભય દૂર થાઓ. જે મનુષ્ય આપણા બન્નેના આ સંવાદનું સ્મરણ કરશે, તેને તારાથી ભય નહિ થાય.'[૨૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે શંકરનો તાવ ભગવાનને પ્રણામ કરી ચાલ્યો ગયો. તે પછી બાણાસુર શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવા જઇ પહોંચ્યો.[૩૦] હે રાજા! એક હજાર હાથથી અનેક જાતનાં આયુધો ધારણ કરતો તે બાણાસુર અત્યંત ક્રોધાયમાન થઇને શ્રીકૃષ્ણ ઉપર બાણો ફેંકવા લાગ્યો;[૩૧] એટલે ઉપરાઉપરી બાણો ફેંકી રહેલા તે બાણાસુરના હાથોને ભગવાને સજેયા જેવી ધારવાળા સુદર્શનચક્રથી, વૃક્ષની શાખાઓની માફક કાપી નાખ્યા.[૩૨] બાણાસુરના હાથ એ પ્રમાણે કપાયા, ત્યારે ભગવાન શંકર, ભક્ત પર દયાળુ હોઇને ચક્રધારી શ્રીકૃષ્ણની પાસે જઈ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૩૩]

શ્રીશંકર બોલ્યાઃ—'*આપ વાણીમય બ્રહ્મ—વેદ વિષે પણ ગૂઢ રહેલા પરબ્રહ્મ છો; કારણ કે આપ પરમ જ્યોતિરૂપ છો—એટલે તૈજસ પદાર્થોના પણ પ્રકાશક હોવાથી આપ સર્વના અગોચર છો; છતાં નિર્મળ અંતઃકરણવાળા પુરુષો આકાશની પેઠે કેવળ નિર્ગુણ એવા આપનો સાક્ષાત્કાર કરે છે.[૩૪] ×આકાશ આપની નાભિ છે, અગ્નિ

* કારણ કે આ બાણાસુર આપને જાણ્યા વિના યુદ્ધ કરે છે, એમાં કંઇ આશ્ચર્ય નથી. —શ્રીધર

× આપના નિર્ગુણ સ્વરૂપનું જ્ઞાન તો એક બાજુએ રહ્યું, પણ ઊંબરાના ફળની અંદર રહેતા મચ્છરો જેમ તે ફળને પણ જાણી શકતા નથી, તેમ આપે લી-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુખ છે, જળ વીર્ય છે, સ્વર્ગ મસ્તક છે, દિશાઓ કાન છે, પૃથ્વી પગ છે, ચંદ્ર મન છે, દૃષ્ટિ સૂર્ય છે, હું–શિવ અહંકાર છું, સમુદ્ર પેટ છે, ઇન્દ્રાદિ લોકપાલો ભુજાઓ છે, ઔષધિઓ રૂંવાડાં છે, મેઘો કેશ છે, બ્રહ્મા બુદ્ધિ છે, પ્રજાપતિ ગુહ્ય ઇન્દ્રિય છે અને ધર્મ હૃદય છે. આવા આપ આ બ્રહ્માંડરૂપે કલ્પાયલા (વિરાટ) પુરુષ છો. હે અસ્ખલિત સ્વરૂપવાળા પરમાત્મા ! આપનો આ અવતાર ધર્મની રક્ષાને માટે તથા જગતના અભ્યુદય માટે છે અને અમે બધા આપથી રક્ષાયલા હોઇનેજ સાતે ભુવનોનું રક્ષણ કરીએ છીએ.[૩૫–૩૭] આપ સજાતીય ભેદથી રહિત છો; કારણ કે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાવાળા પુરુષો–જીવોના પણ આપ આદ્ય (મૂળરૂપ) પુરુષ છો; શુદ્ધ છો અને સ્વયંપ્રકાશ જ્ઞાનસ્વરૂપ છો; વળી આપ અદ્વિતીય છો–વિજાતીય ભેદથી રહિત છો; કારણ કે આપ સર્વના કારણરૂપ હોઈ સ્વયં કારણરહિત છો–અર્થાત્ આપ અનાદિ હોવાથી આપનું કોઇ કારણ નથી. આ રીતે આપ ઈશ્વર છો–સ્વતંત્ર છો તોપણ આપ સર્વ વિષયોના પ્રકાશને માટે પોતાની માયાથી પ્રત્યેક શરીરમાં જીવસ્વરૂપે જુદા જુદા ભાસો છો.[૩૮*] હે સમર્થ દેવ ! જેમ સૂર્ય પોતાની છાયારૂપે મેઘથી (બીજાઓની નજરે) ઢંકાયલો હોય છે; તોપણ મેઘને અને મેઘથી ઢંકાયલા ઘટાદિ પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ સ્વયંપ્રકાશ એવા આપ પણ ગુણ વડે (એટલે જીવોને આવરણ કરનાર પોતાના કાર્યરૂપ અહંકારથી તેની દૃષ્ટિએ) ઢંકાયલા છો; તોપણ સત્ત્વાદિ ગુણોને તથા તે ગુણોની ઉપાધિવાળા જીવોને પણ પ્રકાશિત કરો છો.[૩૯] આપની માયાથી મોહિત બુદ્ધિવાળા જે મનુષ્યો પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં આસક્ત થાય છે, તેઓ દુઃખસમુદ્રમાં ઊંચે ગળકાં ખાય છે–એટલે દેવાદિ યોનિઓમાં જાય છે અને નીચે ગળકાં ખાય છે–સ્થાવર વગેરે યોનિઓમાં જન્મે છે.[૪૦] જે અજિતેન્દ્રિય મનુષ્ય, (કર્મના અધ્યક્ષ) આપ દેવે અર્પણ કરેલા મનુષ્યરૂપ શરીરને પામીને પણ આપના ચરણનું શરણ લેતો નથી, તે શોક કરવા યોગ્ય છે અને પોતેજ પોતાને ઠગનારો છે.[૪૧] અનાત્મા, અપ્રિય તેમજ અનીશ્વર એવા ઇન્દ્રિયોના અર્થરૂપ પુત્ર, સ્ત્રી આદિને માટે જે મનુષ્ય આત્મારૂપ, પ્રિય અને ઈશ્વર એવા આપનો ત્યાગ કરે છે, તે અમૃતનો ત્યાગ કરી વિષભક્ષણ કરે છે.[૪૨] હું, બ્રહ્મા, દેવો અને નિર્મળ અંતઃકરણવાળા મુનિઓ આત્મરૂપ, અત્યંત પ્રિય અને ઈશ્વર એવા આપનેજ શરણે છીએ;[૪૩] અને જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશના કારણરૂપ, સર્વત્ર સમાન સ્વરૂપે રહેલા, અત્યંત શાંત, સર્વના મિત્ર, સર્વના આત્મા, સર્વના ઈશ્વર, અનન્ય, એક (એટલે સજાતીય–વિજાતીય ભેદથી રહિત) અને સર્વ જગતના તથા જીવોના એક અધિષ્ઠાનરૂપ એવા આપ દેવનું અમે ભજન કરીએ છીએ. હે દેવ ! આ બાણાસુર મારો પ્રિય ભક્ત હોઇ મને વહાલો છે અને મને અનુસરી વર્તનારો છે, તેથી મેં એને અભયદાન આપ્યું છે; માટે આપે જેવી પ્રહ્લાદ ઉપર કૃપા કરી છે તેવી આના ઉપર પણ આપ કૃપા કરો.[૪૪।૪૫]

શ્રીભગવાન બોલ્યા:–' હે ભગવન્ શંકર ! તમે જે પ્રમાણે કહો છો, તે પ્રમાણે અમે તમારું પ્રિય કરીશું. કારણ કે તમે કરેલા વિચારને મેં અનુમોદન આપ્યુંજ હોય છે.[૪૬] વળી બલિરાજાના પુત્ર આ બાણાસુરને મારે પણ મારવો યોગ્ય નથી, કારણ કે પ્રહ્લાદને મેં વર આપ્યો છે કે, તારા વંશનો હું નાશ નહિ કરું.[૪૭] માત્ર આનો ગર્વ ઉતારવા માટેજ મેં આના બાહુઓ કાપી

લાથી ધારણ કરેલા આપના વિરાટ શરીરને પણ અજ્ઞાનીઓ જાણી શકતા નથી; એ આશયથી ભગવાનના વિરાટસ્વરૂપની સ્તુતિ કરે છે. —શ્રીધર

* ત્યારે શું હું સંસારી છું ? નહિ નહિ; આપ તો સર્વના સાક્ષી છો; તેથી આપને સંસાર છેજ નહિ, એ આશયથી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાખ્યા છે અને પૃથ્વી પર ભારરૂપ આના મોટા સૈન્યનો નાશ કર્યો છે.૪૮ આના ચાર હાથ હવે બાકી રહ્યા છે, તે અજરામર થશે; તેમજ આ અસુર તમારા પાર્ષદોમાં મુખ્ય થઇને સર્વ તરફથી નિર્ભય થશે.'૪૯

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે અભય મેળવીને બાણાસુરે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને રથમાં બેસાડી ઉષા સહિત (શ્રીકૃષ્ણ પાસે લાવી) હાજર કર્યો.૫૦ પછી શંકરે અનુમોદન અપાયલા શ્રીકૃષ્ણ અક્ષૌહિણી સેનાથી વીંટાયલા, સુંદર વસ્ત્રોથી શણગારેલા અને પત્ની સહિત એવા અનિરુદ્ધને આગળ કરી પોતાની રાજધાની દ્વારકા તરફ વિદાય થયા; અને ત્યાં જઇને ધ્વજાઓ તથા તોરણોથી શણગારેલી ને જળથી છંટાયલા રાજમાર્ગો તથા બજારોવાળી દ્વારકામાં શંખો તેમજ ઢોલ–નગારાંઓના ઘોષ સાથે ભગવાને પ્રવેશ કર્યો. તે વખતે નગરના લોકોએ, મિત્રોએ, સંબંધીઓએ તથા બ્રાહ્મણોએ ભગવાનનું સામૈયું કર્યું હતું.૫૧-૫૨ જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઊઠીને શ્રીકૃષ્ણના આ વિજયનું તથા શંકરની સાથેના યુદ્ધનું સ્મરણ કરે છે, તેનો કદી પરાજય થતો નથી."૫૩

य एवं कृष्णविजयं शंकरेण च संयुगम् ।
संस्मरेत् प्रातरुत्थाय न तस्य स्यात् पराजयः॥५३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૩ મો સમાપ્ત

बलि और बाणको एकमेव श्रीकृष्ण और अनिरुद्ध के समयमें बताना ही अंतर है मारीच कश्यप से बलि पाँचवीं पीढ़ीमें आता है। तब ~~कश्यप मारीच के~~ समकालीन सोम आत्रेय से कृष्ण 40वीं पीढ़ीमें आते हैं। इतना समयका अंतर बलि और कृष्णकी समकालीनता कैसे माना जा सकता है ...

અધ્યાય ૬૪ મો*

શ્રીકૃષ્ણે નૃગરાજાને શાપમુક્ત કર્યો

॥ श्रीशुक उवाच ॥

एकदोपवनं राजन् जग्मुर्यदुकुमारकाः ।
विहर्तुं सांबप्रद्युम्नचारुभानुगदादयः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" એક સમયે સાંબ, પ્રદ્યુમ્ન, ચારુ, ભાનુ તથા ગદ વગેરે યાદવકુમારો પાસેના વનમાં રમવાને ગયા હતા.૧ ત્યાં લાંબો વખત રમીને તેઓને પાણી પીવાની ઇચ્છા થઇ; તેથી જળની શોધ કરતા તેઓએ જળ વિનાના એક કૂવામાં એક અદ્ભુત પ્રાણી જોયું.૨ તે પ્રાણી એક પર્વત જેવડો કાચંડો હતો. તેને જોઈ મનમાં આશ્ચર્ય પામેલા તે દયાળુ કુમારો તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા.૩ કૂવામાં પડેલા તે કાચંડાને ચામડાની તથા સૂતરની દોરીઓ વડે બાંધીને બહાર કાઢવાને તેઓ મહેનત કરવા લાગ્યા; પણ તેને બહાર કાઢી શક્યા નહિ; તેથી તેઓએ આતુર થઇને એ વાત શ્રીકૃષ્ણને કહી;૪ એટલે કમળ સમાન નેત્રવાળા અને જગતનું રક્ષણ કરનારા શ્રીકૃષ્ણ ભગવાને ત્યાં આવી તે કાચંડાને જોઈ ડાબે હાથે રમતમાત્રમાં તેને બહાર કાઢ્યો. ભગવાનના હાથનો સ્પર્શ થતાંજ તે કાચંડાના રૂપનો ત્યાગ કરી તપેલા સુવર્ણસમાન વર્ણવાળો એક દેવ થઇ ગયો; જેણે અદ્ભુત અલંકારો, વસ્ત્રો તથા માળા ધારણ કરી હતી.૫-૬ શ્રીકૃષ્ણ તેનુ કાચંડો થઇ જવાનું કારણ પોતે જાણતા હતા, છતાં તમણે લોકોમાં તે વસ્તુને જાહેર કરવા તેને પૂછ્યું કે, 'હે મહાભાગ્યશાળી! શ્રેષ્ઠ રૂપવાળો તું કોણ છે? હું તને કોઇ ઉત્તમ દેવજ માનું છું.૭ હે મંગલમૂર્તિ! તું આ દશાને યોગ્ય નહિ હોવા

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે નૃગરાજાને શાપથી મુક્ત કર્યો અને બ્રાહ્મણનું ધન લઇ લેવાથી કેવા દોષ લાગે છે, તે કહીને ગર્વિષ્ઠ રાજાઓને ઉપદેશ કર્યો,' તે કથા કહેવાશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છતાં ક્યા કર્મથી આ દશાને પામ્યો છે? અમે તારું પૂર્વસ્વરૂપ જાણવાને ઇચ્છીએ છીએ; તો તેં અહીં કહેવાને તું યોગ્ય માનતો હોય તો અમને કહે.[૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"અનંતમૂર્તિ શ્રીકૃષ્ણે એ રીતે પૂછ્યું, એટલે તે રાજા સૂર્ય સરખા તેજસ્વી મુકુટથી શ્રીકૃષ્ણને પ્રણામ કરી તેમને કહેવા લાગ્યો.[૯]

નૃગ રાજા બોલ્યોઃ–' હે પ્રભો! હું ઇક્ષ્વાકુનો પુત્ર નૃગ નામે રાજા છું. દાની પુરુષોનાં વર્ણન કરાતાં હશે, ત્યારે કદાચ હું આપને કાને આવ્યો પણ હોઇશ.[૧૦] હે નાથ! સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષી અને કાળે નહિ નાશ કરેલી જ્ઞાનદૃષ્ટિવાળા આપને શું અજાણ્યું છે? તોપણ આપની આજ્ઞા થઈ છે, તેથી મારું સ્વરૂપ કહું છું.[૧૧] પૃથ્વીની જેટલી રેતી છે, આકાશમાં જેટલા તારાઓ છે અને વરસાદની જેટલી ધારાઓ હોય છે, તેટલી ગાયોનાં મેં દાન કર્યાં છે.[૧૨] (એ ગાયો પણ સામાન્ય નહિ, પરંતુ) પુષ્કળ દૂધ દેનારી, જુવાન, શીલ, રૂપ તથા ગુણ વડે યુક્ત, *કપિલા, સુવર્ણનાં શિંગડાંવાળી, ન્યાયથી મેળવેલી, રૂપાની ખરીઓવાળી, વાછરડાંઓ સહિત અને વસ્ત્રો તથા માળાઓથી શણગારેલી ગાયો મેં આપી હતી;[૧૩] અને તે પણ સારી રીતે શણગારેલા, ગુણવાન, શીલવાળા, દુઃખી કુટુંબવાળા, સત્ય વ્રતવાળા, તપથી પ્રખ્યાત, સારી રીતે વેદ ભણેલા, ઉત્તમ અને યુવાન શ્રેષ્ઠ બ્રાહ્મણોને આપી હતી. તે ઉપરાંત ગાયો, પૃથ્વી, સુવર્ણ, ઘર, ઘોડા, હાથીઓ, દાસીઓ સહિત કન્યાઓ, તલ, રૂપું, શય્યાઓ, વસ્ત્રો, રત્નો, ઘરનાં રાચરચીલાં તથા રથોનાં પણ મેં દાન કર્યાં છે; તેમજ મેં યજ્ઞો કર્યા છે અને વાવ, કૂવા વગેરે પણ બંધાવ્યાં છે.[૧૪,૧૫] એક સમયે કોઈએક ઉત્તમ બ્રાહ્મણની ગાય છૂટી પડી જઇને મારી ગાયોના ધણમાં મળી ગઈ અને મેં અજાણતાં તે ગાય એક (બીજા) બ્રાહ્મણને દાનમાં આપી દીધી.[૧૬] પછી એ બ્રાહ્મણ તે ગાયને લઇ જતો હતો, તેટલામાં તે ગાયના પેલા માલિક બ્રાહ્મણે તે ગાયને જોઇને કહ્યું કે, 'આ ગાય તો મારી છે' એટલે તે ગાયને મારી પાસેથી દાનમાં લઇ જનારા બ્રાહ્મણે કહ્યું કે, 'આ ગાય તો મારી છે; નૃગ રાજાએ મને દાનમાં આપેલી છે.'[૧૭] એમ વિવાદ કરતા તે બન્ને બ્રાહ્મણો સ્વાર્થ સાધતા મને કહેવા લાગ્યા કે, 'તમે મને ગાય આપી છે ને?' તેટલામાં તે ગાયનો માલિક હતો તે બોલ્યો કે, 'તમે મારી ગાય ચોરી લીધી છે ને?' આ સાંભળીને હું તો વ્યાકુળ થઇ ગયો.[૧૮] પછી ધર્મસંકટમાં પડેલા એવા મેં તે બન્ને બ્રાહ્મણોને સમજાવવા માંડ્યા કે, 'તમારામાંથી કોઇ પણ એક આ ગાયને જો બીજાને આપી દો તો (તે આપી દેનારને) હું એક લાખ ઉત્તમ ગાયો આપીશ.[૧૯] આપ બન્ને જણ મારા પર કૃપા કરો; હું આપનો દાસ છું; (આ ગાય બીજાની હતી) તે હું જાણતો ન હતો. અપવિત્ર નરકમાં પડતાં મને તે કષ્ટમાંથી આપ ઉદ્ધારો.'[૨૦] તે સાંભળી ગાયનો મૂળ માલિક, 'હે રાજન્! આ ગાયના બદલામાં અપાતી ગાયોને હું લઇશ નહિ' એમ કહીને ચાલ્યો ગયો અને મારી પાસેથી ગાય લેનારો બ્રાહ્મણ પણ 'આ ગાય સિવાય બીજી એક લાખ ઉપરાંત દસ હજાર ગાયો આપવામાં આવે; તોપણ હું લેવા ઇચ્છતો નથી' એમ કહીને ચાલ્યો ગયો.[૨૧] પછી એજ સમયે (હું મરણ પામ્યો, એટલે) યમદૂતો મને યમલોકમાં લઈ ગયા ને ત્યાં હે દેવોના દેવ! હે જગત્પતિ! યમદેવે મને પૂછ્યું કે, 'હે રાજા! તું પહેલાં પાપ ભોગવીશ કે પુણ્ય ભોગવીશ? તારા દાનનો, ધર્મનો તથા (તેથી પ્રાપ્ત થનારા) ઉજ્જ્વળ લોકનો તો મને અંત દેખાતો નથી.'[૨૨,૨૩] તે સાંભળી મેં કહ્યું કે, 'હે યમદેવ! હું પહેલાં પાપ ભોગવીશ' એટલે યમદેવે કહ્યું કે, 'જા, તું કોઇ અધમ યોનિમાં પડ.' તેટલામાં તો

* સંપૂર્ણ શ્વેતવર્ણી. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે પ્રભો! પડતાં પડતાં મેં પોતાને કાચંડો થઇ ગયેલો જોયો.[24] હે કેશવ! હું બ્રાહ્મણોનો ભક્ત હોઇને દાતા, આપનો દાસ અને આપનાં દર્શનની ઇચ્છા રાખતો હતો; તેથી મારી પૂર્વજન્મની સ્મૃતિ હજી સુધી નાશ પામી નથી.[25] હે વ્યાપક દેવ! મોટા યોગીઓએ પણ ઉપનિષદ્રૂપી દૃષ્ટિથી નિર્મળ થયેલા હૃદયમાં જ આપ ચિંતન કરવા યોગ્ય છો, તે સાક્ષાત્ અતીન્દ્રિય પરમાત્મા આપ મારી દૃષ્ટિના માર્ગમાં કેમ આવ્યા? (આપનાં મને પ્રત્યક્ષ દર્શન કેમ થયાં?) કારણ કે જે પ્રાણીનો આ સંસારમાંથી છુટકારો થાય છે, તેને તો આપનાં દર્શન થાય છે; પરંતુ હું તો આ કાચંડાના જન્મનાં અનેક દુઃખોથી અંધબુદ્ધિવાળો બની ગયો હતો, છતાં મને આપનાં દર્શન થયાં; એ આશ્ચર્ય છે![26] હે દેવોના દેવ! હે જગતના નાથ! હે ગોવિંદ! હે પુરુષોત્તમ! હે નારાયણ! હે ઇન્દ્રિયોના નિયંતા! હે પવિત્ર કીર્તિવાળા! હે અચ્યુત! હે અવિનાશી કૃષ્ણ! આપ હવે મને દેવગતિમાં જનારાને આજ્ઞા આપો. હે પ્રભો! હું ગમે તે સ્થળે હોઉં, ત્યાં મારું મન કેવળ આપના ચરણમાંજ સ્થિતિવાળું થાઓ. જેમનાથી સર્વનો જન્મ થાય છે, જે કર્તા છતાં અવિકાર છે, જેમની માયાશક્તિ અનંત છે અને ઇષ્ટાપૂર્તાદિ કર્મોરૂપી યોગોનાં જે ફળ આપનાર છે, તે +સદા આનંદસ્વરૂપ—શ્રીકૃષ્ણ વાસુદેવ આપને મારા વારંવાર નમસ્કાર હો.'[27–29]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"શ્રીકૃષ્ણને એ પ્રમાણે કહીને પોતાના મુકુટથી તેમના ચરણનો સ્પર્શ કરીને નૃગ રાજા શ્રીકૃષ્ણની અનુજ્ઞા લઇને સર્વ મનુષ્યોના દેખતાં શ્રેષ્ઠ વિમાનમાં બેઠો.[30] તે પછી બ્રાહ્મણોને માન આપનારા અને ધર્માત્મા દેવકીપુત્ર ભગવાન કૃષ્ણદેવ સર્વ રાજાઓને ઉપદેશ દેતા પોતાના પુત્રાદિ પરિવારને કહેવા લાગ્યા.[31]

શ્રીભગવાન બોલ્યાઃ—'અહો! આશ્ચર્ય! બ્રાહ્મણનું લગાર પણ ધન ખવાયું હોય, તો તે અગ્નિના સરખા મહાતેજસ્વી પુરુષને પણ પચી શકતું નથી; તો પછી પોતાને વૃથા સમર્થ માનનારા રાજાઓને તો ક્યાંથીજ પચે? હું માનું છું કે, હલાહલ ઝેર તે ખરું ઝેર નથી; કારણ કે તેનો ઉપાય થઇ શકે છે, જ્યારે ખરું ઝેર તો બ્રાહ્મણના ધનનેજ કહેવામાં આવ્યું છે, કે જેને માટે પૃથ્વી પર કોઇ ઉપાય નથી. ઝેર તો કેવળ પોતાને ખાનારનેજ મારે છે અને અગ્નિ પણ જળ વડે શાંત થઇ જાય છે; પણ બ્રાહ્મણના ધનરૂપી અરણિમાંથી ઉત્પન્ન થયેલો (પાપરૂપી) અગ્નિ આખા કુળને સમૂળગું બાળી નાખે છે. બ્રાહ્મણનું ધન બ્રાહ્મણની રજા વિના જો ખાધું હોય, તો ત્રણ પેઢીનો નાશ કરે છે અને બળાત્કારે—રાજા વગેરેના બળનો આશ્રય કરી જો ખાધું હોય, તો દશ આગળની પેઢીઓ ને દશ પાછળની પેઢીઓનો નાશ કરે છે. જે અત્યંત મૂર્ખ રાજાઓ રાજલક્ષ્મીથી અંધ બની બ્રાહ્મણના ધનની ઇચ્છા કરે છે, તેઓ નરકનેજ પસંદ કરે છે અને આત્મપતનને જોતા નથી.[32–36] હરાયલી આજીવિકાવાળા અને ઉદાર સ્વભાવના કુટુંબી બ્રાહ્મણોનાં અશ્રુબિંદુઓ (પૃથ્વીનાં) જેટલાં રજકણોને ભીંજવે છે, તેટલાં વર્ષપર્યંત તેઓનું ધન પડાવી લેનારા નિરંકુશ રાજાઓ કે રાજકુલના અધિકારીઓ, કુંભીપાક નામનાં નરકોમાં રંધાય છે.[37-38] જે મનુષ્ય પોતે કે કોઈ બીજાઓએ આપેલી બ્રાહ્મણની આજીવિકાને હરી લે છે, તે મનુષ્ય સાઠ હજાર વર્ષ સુધી વિષ્ટામાં કીડો થાય છે.[39] મને પોતાને પણ બ્રાહ્મણધન ન હો. કારણ કે બ્રાહ્મણના ધનની લાલચ કરીને મનુષ્યો અલ્પ આયુષવાળા થાય છે, શત્રુઓથી

+ 'સદા આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ' એમ કહી 'શ્રીકૃષ્ણ' શબ્દનોજ 'સદા આનંદસ્વરૂપ' એ અર્થ સૂચવ્યો છે, આવું સ્મૃતિવચન પણ છે—

कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म 'कृष्ण' इत्यभिधीयते ॥—श्री

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરાજય પામે છે અને (જો રાજા હોય છે, તો) રાજ્યથી ભ્રષ્ટ થાય છે; એટલુંજ નહિ પણ છેવટે (મરણ પછી) સર્વને ત્રાસ આપનારા સર્પો થાય છે.[40] ઓ મારા સંબંધીઓ! કદાચ બ્રાહ્મણ અપરાધ કરે, મારે કે ગાળો દે; તોપણ તમે તેનો દ્રોહ કરશો મા; પરંતુ નિત્ય તેને નમસ્કારજ કરજો.[41] જેમ હું હમેશાં સાવધાન રહીને બ્રાહ્મણોને પ્રણામ કરું છું, તેમ તમે પણ બ્રાહ્મણોને પ્રણામ કરજો. જે કોઇ બ્રાહ્મણને નહિ નમે, તે મારી શિક્ષાને પાત્ર થશે. હરણ કરેલું બ્રાહ્મણનું ધન તેના હરનારાને નરકમાં નાખે છે. જુઓ, આ નૃગ રાજા, 'આ બ્રાહ્મણની ગાય છે' એમ જાણતો ન હતો, છતાં તેને નીચ–કાચંડાની યોનિમાં પડવું પડ્યું હતું.[42,43] એ પ્રમાણે દ્વારકાવાસીઓને કહી સંભળાવી સર્વ લોકોને પવિત્ર કરનારા ભગવાન કૃષ્ણે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો હતો."[44]

एवं विश्राव्य भगवान् मुकुंदो द्वारकौकसः ।
पावनः सर्वलोकानां विवेश निजमंदिरम् ॥४४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૪ મો સમાપ્ત

अध्याय ६५ मो ÷

ગોપીઓની સાથે રમતા બલરામે મદથી યમુનાને ખેંચી

॥ श्रीशुक उवाच ॥

बलभद्रः कुरुश्रेष्ठ भगवान् रथमास्थितः ।
सुहृद्दिदृक्षुरुत्कंठः प्रययौ नंदगोकुलम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" હે કુરુશ્રેષ્ઠ! ભગવાન બલભદ્ર સંબંધીઓને મળવાની ઇચ્છાથી (એક વખતે) રથમાં બેસીને નંદના ગોકુળમાં ગયા.[1] ત્યાં લાંબા કાળની ઉત્કંઠાવાળા ગોવાળિયાઓ તથા ગોપીઓ તેમને ભેટી પડયાં. પછી બળરામે માતાપિતા–નંદયશોદાને વંદન કર્યું; એટલે તેમણે આશીર્વાદોથી તેમને અભિનંદન આપ્યું;[2] અને કહ્યું કે, 'હે દાશાર્હ! જગતના ઈશ્વર એવા તમે તમારા નાના ભાઇની સાથે લાંબા કાળ સુધી અમારું રક્ષણ કરજો.' એમ કહીને પોતાના ખોળામાં બેસાડી, આલિંગન કરીને નંદયશોદાએ નેત્રનાં આનંદાશ્રુથી બળદેવજીને ભીંજવી દીધા.[3] પછી બળદેવજીએ વૃદ્ધ ગોવાળિયાઓને વિધિ પ્રમાણે વંદન કર્યું ને તેમનાથી જે નાના ગોવાળિયાઓ હતા તેઓએ સામેથી બળદેવજીને વંદન કર્યું; તેમજ પોતાની વય, મિત્રતા તથા સંબંધ પ્રમાણે બધાંએ અભિવંદન કર્યાં.[4] એ રીતે હાસ્ય કરવું, હાથ પકડવો વગેરેથી ગોવાળિયાઓને મળીને બળદેવજી વિશ્રાંતિ લઇને સુખેથી બેઠા. તે પછી કમળ સરખાં નેત્રવાળા શ્રીકૃષ્ણ વિષે જેઓએ પોતાના સર્વ વિષયો સમર્પણ કર્યા હતા એવાં તે વ્રજવાસીઓને, બળદેવજીએ પ્રેમને લીધે ગળગળી વાણીથી પોતાનાં સંબંધીઓ વિષે કુશળ પૂછ્યું અને તે વ્રજવાસીઓ પણ બળદેવજીને પૂછવા લાગ્યા કે,[5,6] 'હે રામ! આપણાં સર્વ સગાં–સંબંધીઓ કુશળ છે ને? તમે હવે સ્ત્રીઓ તથા પુત્રોવાળા થઇને અમને કદી સંભારો છો ખરા? પાપી કંસને મારી નાખ્યો તે સારું કર્યું; સર્વ સંબંધીઓને દુઃખથી મુક્ત કર્યાં તે ઠીક કર્યું; તેમજ શત્રુઓને જીતીને તથા મારી નાખીને તમે (સમુદ્રરૂપ) કિલ્લાનો આશ્રય કર્યો, તે પણ બહુ સારું કર્યું.[7,8] તે પછી રામનાં દર્શન કરવામાં આદરવાળી ગોપીઓ હસતી હસતી પૂછવા લાગી કે, 'મથુરાનગરીની સ્ત્રીઓને વહાલા શ્રીકૃષ્ણ સુખી છે ને? પોતાનાં માતપિતા–નંદયશોદાને તથા (અહીંના) બંધુઓને તેઓ કદી યાદ કરે છે? પોતાની માતા યશોદાને મળવા માટે તે એક વાર પણ આવશે ખરા? મોટી ભુજાઓવાળા કૃષ્ણ

÷ આ અધ્યાયમાં 'બળરામે ગોકુળમાં આવી ગોપીઓ સાથે રમતાં મદથી યમુનાને ખેંચી' એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમારી સેવાને કદી સંભારે છે ખરા?[૯-૧૦] હે દાશાર્હ પ્રભુ બળદેવ! જે શ્રીકૃષ્ણને માટે અમોએ પોતાનાં દુસ્ત્યજ સ્વજનોનો, માતાનો, પિતાનો, ભાઈઓનો, પતિઓનો, પુત્રોનો તથા બહેનોનો પણ ત્યાગ કર્યો હતો, છતાં પણ અમારો એકદમ ત્યાગ કરીને શ્રીકૃષ્ણ પ્રેમને તોડી નાખી અહીંથી ચાલ્યા ગયા છે; તોપણ તેમનાં તેવાં (અનેકવિધ) ભાષણોનો (અમારા જેવી ગામડિયણ) સ્ત્રીઓ કેમ વિશ્વાસ ન કરે?[૧૧-૧૨] (અમને નવાઇ લાગે છે કે,) જેમના ચિત્તનું કંઇ ઠેકાણું નથી એવા તે કૃતઘ્ની કૃષ્ણનાં વચન શહેરની શાણી સ્ત્રીઓ કેમ માનતી હશે? અથવા તે સ્ત્રીઓ પણ તેમનાં વચન માનીજ લેતી હશે. કારણ કે જાતજાતની વાતો કરનારા તે શ્રીકૃષ્ણના સુંદર મંદ હાસ્ય સાથે જોવાથી વૃદ્ધિ પામેલા કામ વડે તે સ્ત્રીઓ આતુર થઇ જતી હશે.' (એ રીતે બળદેવજીને કહીને માંહોમાંહે કહેવા લાગી:) 'અરે ઓ ગોપીઓ! એ કૃષ્ણની વાતો કરવાથી આપણું શું વળવાનું છે? બીજી વાતો કરો. તેમનો સમય આપણા સિવાય ચાલ્યો જાય છે, તો આપણો પણ (તેમના વિના) જાયજ છે. (પણ તેમનો વખત સુખમાં જાય છે, ત્યારે આપણો દુઃખમાં જાય છે, એટલી વિશેષતા છે; પણ શું કરીએ?)' એ રીતે કહીને શ્રીકૃષ્ણનાં સુંદર હાસ્ય, ભાષણ, જોવું, ગતિ તેમજ પ્રેમપૂર્વક આલિંગન વગેરેનું સ્મરણ કરતી ગોપીઓ રડવા લાગી. પછી ભગવાન બળદેવજીએ હૃદયને ગમે એવા શ્રીકૃષ્ણના સંદેશાઓ કહીને તેઓને શાંત પાડી; કારણ કે બીજાઓને શાંત પાડવામાં બળદેવજી બહુ કુશળ હતા.[૧૩-૧૬] ભગવાન બળરામ ચૈત્ર ને વૈશાખ—એમ બે મહિના સુધી રાત્રિઓમાં +ગોપીઓને ક્રીડા કરાવતા ત્યાં રહ્યા હતા.[૧૭] પૂર્ણચંદ્રનાં કિરણોથી ઉજ્જ્વળ અને રાત્રિવિકાસી કમલિનીઓના સુગંધી વાયુથી સેવાયલા યમુનાના ઉપવનમાં બળરામ, સ્ત્રીઓના સમૂહથી વીંટાઇને રમ્યા હતા.[૧૮] તે વેળા વરુણદેવે મોકલેલી ÷વારુણીદેવી (મદિરા) વૃક્ષોના કોતરમાંથી પડતી હતી અને પોતાના ગંધથી તે આખા વનને સુવાસિત કરતી હતી.[૧૯] વાયુએ આણેલા તે મદિરાના ગંધને સૂંઘીને બળરામ ત્યાં ગયા હતા અને સ્ત્રીઓ સાથે તે મદિરા પીધી હતી.[૨૦] એ વેળા જેમનાં ચરિત્રોને તે સ્ત્રીઓ ગાતી હતી, એવા બળદેવજી મદિરાના મદથી વિહ્વળ નેત્રોવાળા થઇ મદમત્ત બની વનમાં ઘૂમ્યા હતા.[૨૧] તેમણે પુષ્પમાળા ધારણ કરી હતી; માત્ર એકજ કુંડળ પહેર્યું હતું; પોતે મદમત્ત બની ગયા હતા; વૈજયંતી નામની માળાથી સુશોભિત હતા અને પરસેવારૂપી હિમથી શોભાયમાન હસતા મુખકમળને ધારણ કરી રહ્યા હતા.[૨૨] તે વખતે સમર્થ બળરામે જલક્રીડા કરવા માટે યમુનાને બોલાવી હતી, પણ 'આ તો મદિરાથી મત્ત બનેલ છે' એમ માનીને પોતાના વાક્યનો અનાદર કરી તે ન આવી ત્યારે બળદેવે કોપાયમાન થઇ હળના અગ્રભાગથી (પોતાની સમીપ) તેને ખેંચી હતી ને કહ્યું હતું કે, 'ઓ પાપિણિ! મેં બોલાવ્યા છતાં તું મારું અપમાન કરીને ન આવી; માટે સ્વેચ્છાગામિની તને હળના અગ્રભાગથી સેંકડો પ્રવાહે હું વહેવડાવીશ.' હે રાજા! એ પ્રમાણે તિરસ્કાર કરવામાં આવ્યો, એટલે યમુના ભયભીત થઇને યદુનંદન બળદેવજીને પગમાં પડીને કહેવા લાગી કે,[૨૩-૨૫] 'હે રામ! હે રામ! હે મોટી ભુજાઓવાળા! હું આપના પરાક્રમને જાણતી ન હતી; હે જગતના પતિ! આપના એકજ અંશ

+ આ ગોપીઓ તે કઇ? તે સંબંધે વિદ્વાનોમાં આવી પ્રસિદ્ધિ છે:–જે વેળા શ્રીકૃષ્ણે રાસક્રીડા કરી હતી, તે વેળા જે ગોપીઓનો જન્મજ ન હતો અને જે ગોપીઓ અત્યંત નાની હતી તે. —શ્રીધર

÷ આ વારુણીદેવી તે અમૃતની સાથે ઉત્પન્ન થયેલી મદિરા હતી. —શ્રીધર

આવી ટીકા લખીને એમ સૂચવે છે કે, એ મદિરા શાસ્ત્રનિષિદ્ધ મદિરાથી જુદી હતી. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શેષનાગે પૃથ્વીને ધારણ કરી રાખી છે.[૨૬] હે ભગવન્! હે જગતના આત્મા!, હે ભક્તવત્સલ! આપ ભગવાનના પરમ પ્રભાવને નહિ જાણતી અને આપને શરણે આવેલી મને મુક્ત કરવાને આપ યોગ્ય છો.[૨૭] એ પ્રમાણે યમુનાએ પ્રાર્થના કરી એટલે ભગવાન બળદેવે તેને છોડી દીધી અને પછી મોટા હાથી જેમ હાથણીઓ સાથે જળમાં પ્રવેશ કરે, તેમ યમુનાના જળમાં પ્રવેશ કર્યો. પછી પોતાની ઇચ્છાનુસાર જલક્રીડા કરીને બળદેવજી જળમાંથી બહાર નીકળ્યા, ત્યારે લક્ષ્મીજીએ તેમને બે શ્યામ વસ્ત્ર, મહાકીમતી આભૂષણો તેમજ ઉત્તમ માળા આપી હતી;[૨૮।૨૯] એટલે તે બન્ને શ્યામ વસ્ત્રો પહેરીને તથા સુવર્ણની માળા ધારણ કરીને સારી રીતે શણગારેલા ને ચંદનથી વિલેપન કરાયલા બળદેવજી ઇન્દ્રના ઐરાવત હાથી જેવા શોભતા હતા.[૩૦] હે રાજન્! આજે પણ તે અનંત પરાક્રમવાળા બળદેવજીના પરાક્રમને સૂચવતી યમુના તેમણે ખેંચેલા માર્ગથી યુક્ત જણાતી જોવામાં આવે છે.[૩૧] એ પ્રમાણે વ્રજની સ્ત્રીઓના વિલાસોથી આકર્ષાયલા મનવાળા અને તેથી વ્રજમાં રમતા બળરામની સર્વ રાત્રિઓ એક રાત્રિની પેઠે ચાલી ગઇ હતી."[૩૨]

एवं सर्वा निशा याता एकेव रमतो व्रजे।
रामस्याक्षिप्तचित्तस्य माधुर्यैर्व्रजयोषिताम् ॥३२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૫ મો સમાપ્ત

अध्याय ६६ मो*

શ્રીકૃષ્ણે પૌંડ્રકનો તથા તેના મિત્રનો વધ કર્યો

॥ श्रीशुक उवाच ॥

नंदव्रजं गते रामे करूषाधिपतिर्नृप।
वासुदेवोऽहमित्यज्ञो दूतं कृष्णाय प्राहिणोत्॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! બળરામ, નંદના વ્રજમાં ગયા હતા ત્યારે કરૂષ દેશના મૂર્ખ રાજા પૌંડ્રકે 'હું વાસુદેવ છું' એમ માનીને શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલ્યો હતો.[૧] 'તમે જગતના પતિ વાસુદેવ ભગવાન અવતર્યા છો,' એમ સ્તુતિ કરીને અજ્ઞાનીઓએ તેને ઉત્સાહિત કર્યો હતો, જેથી તે રાજા પોતાને અચ્યુત ભગવાન માનતો હતો.[૨] જેમ કોઇ એક બાળકને બીજાં બાળકોએ રાજા બનાવ્યો હોય, તેમ એ મૂર્ખ રાજાએ જેમનો માર્ગ પોતે જાણ્યો નથી, એવા શ્રીકૃષ્ણની પાસે દ્વારકામાં દૂત મોકલ્યો હતો.[૩] તેણે મોકલેલો દૂત દ્વારકામાં આવીને સભામાં બિરાજેલા કમલનયન શ્રીકૃષ્ણ પ્રભુને (પોતાના) રાજાનો સંદેશો કહેવા લાગ્યો કે,[૪] 'પ્રાણીઓ ઉપર દયા કરવા માટે હું એકજ વાસુદેવ અવતર્યો છું; બીજો કોઈ વાસુદેવ છેજ નહિ. માટે તું 'વાસુદેવ' એવું મિથ્યા નામ છોડી દે.[૫] હે યાદવ! તું મૂર્ખાઇને લીધે (શંખ, ચક્ર વગેરે) અમારાં ચિહ્નોને ધારણ કરે છે, તેનો ત્યાગ કરી દઇને મારે શરણે આવ, નહિ તો મારી સાથે યુદ્ધ કર.'[૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"અલ્પ બુદ્ધિવાળા પૌંડ્રક રાજાની એ બડાઈ સાંભળીને ઉગ્રસેન વગેરે સભાસદો તે સમયે ખડખડાટ હસી પડયા[૭] અને તે હાંસીની વાત પૂરી થઈ રહ્યા પછી ભગવાન શ્રીકૃષ્ણ દૂતને કહેવા લાગ્યા કે, '(તું તારા રાજા-

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે કાશી જઇને પૌંડ્રક રાજાનો તથા તેના મિત્રનો વધ કર્યો અને પછી સુદક્ષિણનો વધ થયો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને કહેજે કે,) ઓ મૂઢ! તું જે લોકોની સાથે આવી બડાઈ હાંકે છે, તેઓની સાથે તારા ઉપરજ મારાં ચિહ્નોને હું છોડીશ; અથવા જે બનાવટી ચિહ્નો વડે તું આવી આત્મશ્લાઘા કરે છે, તે તારાં ચિહ્નોને હું (તારી પાસેથી) તજાવીશ.[૮] ઓ અજ્ઞાની! (જે મુખથી તું આવી બડાઇ કરે છે,) તે તારા મુખને પહોળું કરીને મરણ પામેલો તું કાગડા, ગીધ તથા વટ પક્ષીઓથી વીંટાઇને રણમાં શયન કરીશ, ત્યારે તું પોતેજ કૂતરાંઓના શરણરૂપ થઈશ.[૯]

"એ પ્રમાણે શ્રીકૃષ્ણનો તે સર્વ આક્ષેપ દૂતે પોતાના રાજાને જણાવ્યો અને શ્રીકૃષ્ણ પણ રથમાં બેસીને કાશીની સમીપ જઇ પહોંચ્યા.[૧૦] મહારથી પૌંડ્રક રાજા પણ શ્રીકૃષ્ણનો તે ઉદ્યોગ જાણીને બે અક્ષૌહિણી સેનાઓ સાથે સત્વર નગરમાંથી બહાર નીકળ્યો.[૧૧] હે રાજન્! કાશીનો રાજા પૌંડ્રકનો મિત્ર હતો, તે પણ ત્રણ અક્ષૌહિણીઓથી પોતાના મિત્રની પાછળથી રક્ષા કરતો ચડી આવ્યો હતો. તે પછી શ્રીકૃષ્ણે પૌંડ્રકને જોયો, ત્યારે શંખ, ચક્ર, તલવાર, ગદા, શાર્ઙ્ગ ધનુષ તથા શ્રીવત્સચિહ્ન વગેરેથી તે યુક્ત જણાતો હતો, કૌસ્તુભમણિને ધારણ કરી રહ્યો હતો; વનમાળા વડે શણગારાયેલો હતો; પીળાં બે રેશમી વસ્ત્રો તેણે પહેર્યાં હતાં; તેની ધજામાં ગરુડનું ચિહ્ન હતું; અમૂલ્ય મુકુટ તથા અલંકારો ધારણ કર્યા હતા અને (તેના કાનમાં) મકરાકાર કુંડળો ઝળકી રહ્યાં હતાં.[૧૨-૧૪] જેમ કોઇ નટ બનાવટી વેષ ધારણ કરીને રંગભૂમિ પર આવ્યો હોય, તેમ પોતાના જેવા બનાવટી વેષને ધારણ કરી રહેલા પૌંડ્રકરાજાને જોઇ શ્રીકૃષ્ણ ખૂબ હસ્યા. એ વખતે શત્રુઓએ ત્રિશૂળો, ગદાઓ, ભોગળો, શક્તિઓ, બેધારી તલવારો, ભાલાઓ, તોમરો, તલવારો, પટ્ટિશો તથા બાણોનો શ્રીહરિ ઉપર મારો ચલાવ્યો પણ શ્રીકૃષ્ણે હાથીઓ, રથો, ઘોડાઓ તથા પાચદલવાળા પૌંડ્રક રાજાના સૈન્યનો તથા કાશીરાજાના સૈન્યનો ગદા, તલવાર, ચક્ર તેમજ બાણો વડે, જેમ પ્રલયકાળે અગ્નિ જુદી જુદી પ્રજાઓનો નાશ કરે છે, તેમ અત્યંત નાશ કરી નાખ્યો.[૧૫-૧૭] એ વખતે સુદર્શનચક્રથી કપાઇ પડેલા રથ, ઘોડા, હાથી, મનુષ્યો, ગધેડાં તથા ઊંટોથી વ્યાપ્ત બનેલું તે રણક્ષેત્ર શૂરાઓને હર્ષ ઉપજાવતું હતું અને રુદ્રદેવના ક્રીડાસ્થાનની પેઠે મહાભયંકર જણાતું હતું.[૧૮] પછી શ્રીકૃષ્ણે પૌંડ્રક રાજાને ઉદ્દેશી કહ્યું કે, 'અલ્યા ઓ પૌંડ્રક! તેં દૂતના વાક્યથી મને કહ્યું હતું, તેથી તારા પર તે અસ્ત્રો છોડું છું.[૧૯] અરે મૂર્ખ! તેં મારું મિથ્યા નામ ધારણ કર્યું છે, તેને આજ હું છોડાવું છું અને હું યુદ્ધ નહિ ઇચ્છું તો તારે શરણે આવું છું.'[૨૦] આવો તિરસ્કાર કરીને તીક્ષ્ણ બાણો મારી ભગવાને પૌંડ્રક રાજાને રથ વિનાનો કરી નાખ્યો અને ઇન્દ્ર જેમ વજ્રથી પર્વતનું શિખર ઉડાવી દે, તેમ સુદર્શનચક્રથી તેનું મસ્તક ઉડાવી દીધું;[૨૧] તેમજ બાણોથી કાશી રાજાના શરીર ઉપરથી પણ મસ્તક કાપી નાખીને, વાયુ જેમ કમળના ડોડાને ઉડાવી પાડે, તેમ ઉડાવીને છેક કાશીનગરમાં પાડ્યું.[૨૨] એ રીતે પોતાનો દ્વેષ કરતા પૌંડ્રકને તેના મિત્ર સાથે મારી નાખીને સિદ્ધો વડે ગવાતા કથામૃતવાળા શ્રીહરિએ દ્વારકામાં પ્રવેશ કર્યો.[૨૩] હે રાજન્! નિત્ય ભગવાનના ધ્યાનથી જેનાં સમગ્ર બંધનો નાશ પામ્યાં હતાં એવો તે પૌંડ્રક રાજા ભગવાનના સ્વરૂપને ધારણ કરી (છેવટે) ભગવાનમય થયો હતો. હવે પેલું કાશિરાજાનું મસ્તક કુંડળો સહિત (ઊડીને) (કાશીમાં) રાજદ્વારમાં પડ્યું હતું; તેને જોઇને લોકો સંશય કરવા લાગ્યા કે, આ શું? આ કોનું મસ્તક હશે?[૨૪-૨૫] પછી તે મસ્તકને કાશિરાજાનું જાણી તેની રાણીઓ, પુત્રો, સગાંસંબંધીઓ તથા શહેરીઓ 'હાય! ઓ રાજા! હે નાથ! ઓ નાથ!' એમ કહી પોકો મૂકીને રડવા લાગ્યા.[૨૬] કાશિરાજાના પુત્રનું નામ સુદ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્ષિણ હતું; તેણે પિતાની ઉત્તરક્રિયા કરી નિશ્ચય કર્યો કે, 'મારા પિતાનો નાશ કરનારનો નાશ કરીને હું તેમના વૈરનો બદલો લઈશ.'[૨૭] આવો બુદ્ધિથી નિશ્ચય કરીને સુદક્ષિણે, પોતાના ઉપાધ્યાયને સાથે રાખી પરમ એકાગ્ર મનથી શંકરની પૂજા કરવા માંડી;[૨૮] એટલે કાશીમાં બિરાજતા ભગવાન શંકર તેના પર પ્રસન્ન થયા; તેમણે તેને વર માગવા કહ્યું, એટલે તેણે પોતાના પિતાનો વધ કરનારનો નાશ કરવાના ઉપાયને ઇચ્છિત વર તરીકે માગ્યો,[૨૯] ત્યારે શંકર ભગવાને તેને કહ્યું: 'તું બ્રાહ્મણોની સાથે રહી અભિચારવિધિથી (એટલે શત્રુમારણના પ્રયોગથી) ઋત્વિજની પેઠે પોતાનું કાર્ય કરનારા દક્ષિણાગ્નિનું આરાધન કર. તે અગ્નિ પ્રમથગણોથી વીંટાઇ તારા સંકલ્પને સિદ્ધ કરશે, પણ તેનો પ્રયોગ બ્રાહ્મણભક્ત પુરુષ સિવાય બીજા ઉપર જો કરવામાં આવ્યો હશે તોજ. (તારો સંકલ્પ સિદ્ધ કરશે, નહિ તો વિપરીત થશે.)' એમ શંકરે આજ્ઞા કરી એટલે સુદક્ષિણે વ્રતધારી થઇને શ્રીકૃષ્ણના ઉપર અભિચારકર્મ કરી તે પ્રમાણે કર્યું;[૩૦-૩૧] કે તુરતજ તે અગ્નિકુંડમાંથી મૂર્તિમાન અગ્નિ પ્રકટ થયો. તે અગ્નિ અતિશય ભયંકર હતો; તેની ચોટલી તથા મૂછો તપેલા તાંબા જેવી લાલ હતી; તેનાં નેત્રોમાંથી અંગારા ઝરતા હતા; તેનું મુખ દાઢોથી અને ઉગ્ર લાકડીઓ જેવી ભ્રમરોથી ક્રૂર હતું; તે પોતાની જીભથી ગલોફાં ચાટતો હતો; નગ્ન હતો અને ત્રણ અણીઓવાળું ઝળહળતું ત્રિશૂલ ધુણાવતો હતો. એ અગ્નિ ભૂતોથી વીંટાઇને તાડ જેવડા બે પગથી ધરણીને ધણધણાવતો અને દિશાઓને બાળતો દ્વારકા તરફ દોડી ગયો. અભિચારપ્રયોગથી ઉત્પન્ન થયેલા તે અગ્નિને આવતો જોઇ સર્વે દ્વારકાવાસીઓ, વનમાં આગ લાગે છે ત્યારે જેમ મૃગલાંઓ ત્રાસ પામે છે, તેમ ત્રાસ પામી ગયા; અને ભયથી આતુર થઈ સભામાં પાસાઓથી રમતા શ્રીકૃષ્ણ ભગવાન પાસે જઈને કહેવા લાગ્યા કે, 'હે ત્રિલોકના ઈશ્વર! નગરને બાળતા અગ્નિથી અમારું રક્ષણ કરો, રક્ષણ કરો.' શરણે આવેલાનું રક્ષણ કરનાર ભગવાન મનુષ્યોની તે વ્યાકુળતા સાંભળીને તેમજ પોતાના ભક્તોનો તે ભય જોઇ ખૂબ હસીને બોલ્યા કે, 'ડરશો મા, હું તમારું રક્ષણ કરીશ.'[૩૨-૩૭] વ્યાપક ભગવાન તો સર્વની અંદર અને બહાર સાક્ષી છે. તેમણે જાણી લીધું કે, આ અગ્નિ તે શંકરની ÷કૃત્યા છે અને પછી તેનો વિનાશ કરવા માટે પોતાની સમીપ રહેલા સુદર્શનચક્રને આજ્ઞા કરી. એટલે કરોડો સૂર્ય સરખું તેજસ્વી, પ્રલયકાળના અગ્નિ સમાન કાંતિવાળું અને બળબળતું શ્રીકૃષ્ણનું અસ્ત્ર સુદર્શન પોતાના તેજ વડે અંતરિક્ષને, દિશાઓને તેમજ આકાશ-પૃથ્વીને પ્રકાશિત કરતું પેલા અગ્નિને પીડવા લાગ્યું.[૩૮-૩૯] હે રાજા! ચક્રધારી શ્રીભગવાનના તે સુદર્શન અસ્ત્રના બળથી તે કૃત્યાનો અગ્નિ પરાજય પામ્યો; તેનું મુખ ભાંગી ગયું અને પાછો ફરી કાશીમાં જઇને પોતે કરેલા અભિચારકર્મ[૩૫] તે અગ્નિએ ઋત્વિજો સહિત તે સુદક્ષિણનેજ બાળી નાખ્યો. બીજી તરફથી કૃષ્ણ ભગવાનના ચક્રે પણ તે અગ્નિની પાછળ કાશીમાં પ્રવેશ કરી માંચડાઓ, સભાસ્થાનો, બજારો, દરવાજાઓ, અટારીઓ, કોઠારો, ખજાનાઓ, હાથીશાળાઓ, રથશાળાઓ, અશ્વશાળાઓ તથા અન્નશાળાઓ સાથે તે નગરીને બાળી નાખી. એ પ્રમાણે આખી કાશી નગરીને બાળી નાખી તે સુદર્શનચક્ર ફરી ઉત્તમ કર્મ કરનારા શ્રીકૃષ્ણ ભગવાન પાસે હાજર થયું. જે મનુષ્ય ઉત્તમ કીર્તિવાળા શ્રીકૃષ્ણભગવાનનું આ પરાક્રમ બીજાને સંભળાવે અથવા એકાગ્ર થઇને પોતે સાંભળે છે, તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે"[૪૦-૪૩]

य एनं श्रावयेन्मर्त्य उत्तमश्लोकविक्रमम् ।
समाहितो वा शृणुयात् सर्वपापैः प्रमुच्यते ॥४३॥

દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૬ મો સમાપ્ત

÷ મૃત્યુજનક શક્તિ અથવા મારણપ્રયોગથી ઉત્પન્ન થયેલ મૂર્તિભેદ. —મા ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ६७ मो+

બળરામે દ્વિવિદ વાનરનો વધ કર્યો

॥ राजोवाच ॥

भूयोऽहं श्रोतुमिच्छामि रामस्याद्भुतकर्मणः।
अनंतस्याप्रमेयस्य यदन्यत् कृतवान् प्रभुः ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"અદ્‌ભુત કર્મ કરનારા, અનંત અને અપ્રમેય (પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જાણી ન શકાય) એવા શ્રીબળરામનું ચરિત્ર હું ફરી પણ સાંભળવા ઇચ્છું છું; માટે તે પ્રભુએ બીજું જે કંઈ કર્મ કર્યું હોય, તે આપ મને કહો."[1]

શ્રીશુકદેવજી બોલ્યા:–" નરકાસુરનો મિત્ર દ્વિવિદ નામનો કોઈ પરાક્રમી વાનર હતો. તે સુગ્રીવનો પ્રધાન હતો અને મૈન્દનો ભાઈ થતો હતો.[2] તે વાનર પોતાના મિત્ર નરકાસુરના વૈરનો બદલો વાળતો દેશનો જે રીતે નાશ થાય તે રીતે શહેરો, ગામડાં, ખાણો, તથા નેસડાઓમાં અગ્નિ નાખીને તેઓને સળગાવી દેતો હતો.[3] કોઈ વખતે પર્વતો ઉપાડીને તેનાથી દેશોના ચૂરેચૂરા કરી નાખતો અને જ્યાં પોતાના મિત્રનો નાશ કરનારા શ્રીકૃષ્ણ રહેતા હતા, તે આનર્ત દેશને તો ખૂબજ હેરાન કરતો હતો.[4] દશ હજાર હાથીના જેવા બળવાળો તે વાનર કોઇ વેળા સમુદ્રની વચ્ચે ઊભો રહીને પોતાના બન્ને હાથથી તેનું જળ ઉછાળી સમુદ્રના કિનારા પર આવેલા દેશોને બોળી દેતો હતો.[5] તે દુષ્ટ વાનર, મોટા મોટા ઋષિઓના આશ્રમોને છિન્નભિન્ન વનસ્પતિઓવાળા કરી નાખી વિષ્ટા અને મૂત્રથી યજ્ઞના અગ્નિઓને અભડાવી દેતો હતો.[6] વળી કોઈ વખતે જેમ ભમરો કીડાને પોતાના દરમાં પૂરી રાખે છે, તેમ એ ગર્વિષ્ઠ વાનર પુરુષોને તથા સ્ત્રીઓને પર્વતોની ખીણો તથા ગુફાઓમાં પૂરી દઇને તેનાં દ્વારોને મોટા પથ્થરોથી ઢાંકી દેતો હતો.[7] એ પ્રમાણે દેશોને હેરાન કરતો અને કુળવાન સ્ત્રીઓને દૂષિત કરતો તે વાનર એક સમયે અત્યંત સુંદર ગીત સાંભળીને રૈવતાચલ* પર્વતમાં ગયો. ત્યાં કમળોની માળા ધારણ કરી રહેલા યદુપતિ બળરામને તેણે જોયા. એ બળરામ સર્વાંગે સારી પેઠે દેખાવડા હતા; સ્ત્રીઓનાં ટોળાંની વચ્ચે રહેલા હતા; વારુણી–મદિરા પીને ગાયન ગાતા હતા; મદવિહ્‌વળ નેત્રોવાળા હતા અને મદઝરતા હાથીની પેઠે શરીરે શોભતા હતા. પેલો દુષ્ટ વાનર વૃક્ષની શાખા પર ચડી વૃક્ષોને કંપાવવા લાગ્યો અને પોતાનું સ્વરૂપ બતાવતો કિલકિલાટ શબ્દ કરવા લાગ્યો. તરુણ સ્ત્રીઓ જાતિથીજ ચપળ અને હાસ્યપ્રિય તો હોયજ છે, જેથી બળદેવની સ્ત્રીઓ વાનરનું તે જંગલીપણું જોઇને અત્યંત હસવા લાગી.[8–12] એટલે પેલો વાનર પણ બળરામના દેખતાંજ તેમનો અનાદર કરી પોતાની ગુદા બતાવતો ભ્રૂકુટીના ઇશારાઓથી અને સંમુખ દોડી આવવા વગેરે વડે તે સ્ત્રીઓનું અપમાન કરવા લાગ્યો;[13] ત્યારે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ બળરામ ક્રોધે ભરાયા; તેમણે પથ્થરથી પેલા વાનરને પ્રહાર કર્યો; પણ તે ધૂર્ત વાનર તેમના પથ્થરને ચુકાવી મદિરાના કળશને ઉઠાવી ગયો ને બળદેવને કોપાવતો તથા હસતો હસતો મદિરાના કળશને ભાંગી નાખી સ્ત્રીઓનાં વસ્ત્રોને ખેંચીને ચીરવા લાગ્યો.[14,15] બળવાન અને મદથી ઉદ્ધત એવા તે વાનરે એ રીતે બળદેવજીને નગણકારી તેમનું અપમાન કર્યું; એ તેનો અવિનય તેમજ તેણે દેશોને હેરાન કરેલા જોઇને બળદેવ કોપી ઊઠ્યા. તેમણે પોતાના એ શત્રુનો વધ કરવાની ઇચ્છાથી મુસળ તથા હળ હાથમાં લીધાં, એટલે મહાપરાક્રમી એવા દ્વિવિદે પણ

+ આ અધ્યાયમાં 'બળરામે ગિરનારમાં સ્ત્રીઓ સાથે મદથી ક્રીડા કરતાં દુષ્ટ દ્વિવિદનો વધ કર્યો' એ કથા કહેવાશે. —श्रीधर

* આ રૈવતાચલ તે હાલનો જૂનાગઢ પાસેનો ગિરનાર. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાગનાં ઝાડને હાથથી ઉગામીને વેગથી સામે ધસી આવી, બળદેવના મસ્તક પર તેનો પ્રહાર કર્યો. બળવાન બળદેવે મસ્તક ઉપર પડતા તે ઝાડને પર્વતની પેઠે સામેથી ઝીલી લીધું ને તે વાનરને મુસળનો પ્રહાર કર્યો. મુસળના મારથી તે વાનરનો મસ્તકનો ભાગ (મગજ) તૂટી ગયો અને તેમાંથી વહેતી લોહીની ધારાથી, પર્વત જેમ ગેરુથી શોભે, તેમ તે શોભવા લાગ્યો. તેણે એ મુસળના મારને નહિ ગણીને ફરી એક બીજું વૃક્ષ ઉઠાવ્યું ને બળથી તે વૃક્ષને પાંદડાં વિનાનું કરી નાખી, અત્યંત ક્રોધમાં આવી જઇ બળદેવજી પર તેનો પ્રહાર કર્યો; પરંતુ બળદેવજીએ તે વૃક્ષના સેંકડો ટુકડા કરી નાખ્યા. પછી તે વાનરે ક્રોધથી એક બીજું વૃક્ષ માર્યું, ત્યારે તેના પણ બળરામે સેંકડો ટુકડા કરી નાખ્યા.[૧૬–૨૧] એ પ્રમાણે વારંવાર બળદેવજી વૃક્ષોને ભાંગવા લાગ્યા, ત્યારે ચોતરફથી વૃક્ષો ઉખેડી ઉખેડીને ભગવાન બળરામની સાથે યુદ્ધ કરતા તે વાનરે આખાય વનને વૃક્ષો વિનાનું કરી મૂક્યું.[૨૨] તે પછી અત્યંત ક્રોધે ભરાઇને તેણે બળદેવજી ઉપર પથ્થરોનો વરસાદ વરસાવવા માંડયો; પણ બળદેવજીએ રમતમાત્રમાંજ તે સર્વના ભૂકા કરી નાખ્યા.[૨૩] પછી એ વાનરરાજાએ તાડ જેવા બન્ને બાહુઓની મુઠીઓ વાળીને બળદેવજી પાસે જઇ પહોંચી તેમની છાતીમાં તે લગાવી દીધી;[૨૪] એટલે યાદવેન્દ્ર બળદેવજીએ પણ ક્રોધે ભરાઇને મુસળ તથા હળ છોડી બન્ને હાથની મુઠીઓથીજ તેની હાંસડીમાં પ્રહાર કર્યો;જેથી તે વાનર લોહી ઓકતો પૃથ્વી પર પછડાઇ પડયો.[૨૫] હે કુરુસિંહ રાજા! વાયુને લીધે જળમાં જેમ નૌકા કંપે, તેમ પડતા તે વાનરથી જલાશયો, ગુફાઓ તેમજ વનસ્પતિઓ સાથે આખો પર્વત કંપી ઊઠ્યો અને આકાશમાં પુષ્પોની વૃષ્ટિ કરતા દેવો, સિદ્ધો તથા મુનીન્દ્રોનો જયશબ્દ, નમસ્કારનો શબ્દ તથા 'વાહ વાહ, ઠીક થયું' એવા શબ્દો થવા લાગ્યા.[૨૬,૨૭] એ પ્રમાણે જગતનો નાશ કરતા દ્વિવિદ વાનરનો વધ કરી લોકોથી સ્તુતિ કરાતા ભગવાન બળદેવજી પોતાના નગરમાં દાખલ થયા હતા."[૨૮]

एवं निहत्य द्विविदं जगद्व्यतिकरावहम् ।
संस्तूयमानो भगवाञ्जनैः स्वपुरमाविशत् ॥२८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૭ મો સમાપ્ત

अध्याय ६८ मो*

કૌરવોએ કેદ કરેલા સાંબને છોડાવવા માટે બળરામે હસ્તિનાપુરને ખેંચ્યું

॥ श्रीशुक उवाच ॥

दुर्योधनसुतां राजन् लक्ष्मणां समितिंजयः ।
स्वयंवरस्थामहरत् सांबो जांबवतीसुतः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે રાજન્! યુદ્ધોમાં જીતનારો જાંબવતીનો પુત્ર સાંબ સ્વયંવરમાં રહેલી દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને હરી ગયો હતો.[૧] તેથી ક્રોપાયમાન થયેલા કૌરવો કહેવા લાગ્યા કે, 'આ છોકરો ઉદ્ધત જણાય છે. તેણે આપણને નહિ ગણીને પોતાને નહિ ઇચ્છતી છતાં કન્યાને બળાત્કારે હરી લીધી છે;[૨] માટે આ ઉદ્ધત છોકરાને કેદ કરો. યાદવો આપણને શું કરવાના છે? જેઓ આપણી કૃપાથીજ સમૃદ્ધિવાળી થયેલી અને આપણે આપેલી ભૂમિને ભોગવે છે. (તેઓ કંઇ રાજા નથી.)[૩] પોતાના પુત્રને કેદ પકડાયલો સાંભળી યાદવો જો અહીં આવશે, તો પ્રાણાયામ વગેરેથી સારી રીતે વશ કરેલી ઇન્દ્રિયોની પેઠે ગર્વરહિત થઇને શાંત થઈ જશે.' આમ પરસ્પર કહીને કુરુવૃદ્ધ ભીષ્મનું અનુમોદન પામેલા કર્ણ, શલ, ભૂરિ, યજ્ઞકેતુ તથા દુર્યોધન, સાંબને કેદ કરવા તૈયાર થયા.[૪,૫] મહારથી સાંબ પોતાની પાછળ દોડી આવતા કૌરવોને જોઇને સુંદર ધનુષ

* આ અધ્યાયમાં 'કૌરવોએ સાંબને યુદ્ધમાં કેદ કર્યો, એટલે તેને છોડાવવા માટે બળરામે હસ્તિનાપુરને ખેંચ્યું' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાથમાં લઈ સિંહની પેઠે પોતે એકલો ઊભો રહ્યો; એટલે તેને કેદ પકડવા ઇચ્છતા કર્ણ વગેરે કોપેલા ધનુર્ધારીઓ, 'ઊભો રહે, ઊભો રહે' એમ કહેતા તેના પર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા.[૬-૭] હે કુરુશ્રેષ્ઠ ! કૌરવોએ એ પ્રમાણે મારેલો ભગવાનનો પુત્ર યદુનંદન સાંબ, ક્ષુદ્ર મૃગલાંઓએ માર મારેલા સિંહની પેઠે સહન કરી શક્યો નહિ.[૮] તે વીરે સુંદર ધનુષનો ટંકાર કરી કર્ણ વગેરે છએ રથીઓને જુદાં જુદાં તેટલાંજ બાણો મારી એકીસાથે વીંધી નાખ્યા.[૯] તે ઉપરાંત ચાર ચાર બાણોથી તેઓના ચાર ચાર ઘોડાઓને, એક એક બાણથી તેઓના સારથિઓને તથા એક એક બાણ વડે તે મોટા ધનુર્ધારી રથીઓને વીંધી નાખ્યા. તેના તે કર્મની, સામેથી તે મહારથીઓએ પ્રશંસા કરી.[૧૦] પછી તે છએ જણાએ મળીને સાંબને રથરહિત કર્યો; ચાર જણાએ મળીને તેના ચાર ઘોડાઓને મારી નાખ્યા; એક જણે તેના સારથિને મારી નાખ્યો તથા એકે તેનું ધનુષ કાપી નાખ્યું.[૧૧] એ પ્રમાણે મહાકષ્ટથી યુદ્ધમાં તેને રથરહિત કરી કેદ કરીને, વિજયી થયેલા કૌરવો સાંબકુમારને તથા પોતાની કન્યાને લઇને નગરમાં દાખલ થયા.[૧૨] હે રાજન્! નારદજીના કહેવાથી એ વાત સાંભળીને યાદવો ક્રોધાયમાન થઈ ગયા; તેઓએ ઉગ્રસેનની આજ્ઞાથી કૌરવો સામે યુદ્ધ કરવાનો ઉદ્યમ કરવા માંડ્યો.[૧૩] એટલે યુદ્ધ માટે તૈયાર થયેલા મોટા મોટા યાદવોને બળરામે શાંત પાડ્યા. કેમકે કલિયુગના મેલનો નાશ કરનારા બળદેવજી કૌરવો તથા યાદવોની વચ્ચે ક્લેશને ઇચ્છતા ન હતા;[૧૪] તેથીજ બળરામ સૂર્યસમાન તેજસ્વી રથમાં બેસીને ગ્રહોથી વીંટાયલા ચંદ્રની પેઠે કુલવૃદ્ધ બ્રાહ્મણોની સાથે હસ્તિનાપુર ગયા.[૧૫] હસ્તિનાપુર જઇને બળરામ બહારના ઉપવનમાં રહ્યા અને કૌરવોનો અભિપ્રાય જાણવાની ઇચ્છાથી તેમણે ઉદ્ધવજીને ધૃતરાષ્ટ્ર પાસે મોકલ્યા.[૧૬] ઉદ્ધવજીએ ધૃતરાષ્ટ્રને, ભીષ્મને, દ્રોણાચાર્યને, બાહ્લીક રાજાને તથા દુર્યોધનને વિધિ પ્રમાણે પ્રણામ કરી 'બળરામ આવ્યા છે' એમ જણાવ્યું.[૧૭] એટલે તેઓ સર્વે પોતાના પરમ સ્નેહી બળરામને આવેલા સાંભળી અત્યંત પ્રસન્ન થયા અને ઉદ્ધવજીનો સત્કાર કરી માંગલિક ભેટો હાથમાં લઈને બળરામની સામા ગયા. યથાયોગ્ય રીતે બળરામને મળીને તેઓએ મધુપર્ક (અતિથિસત્કાર) રૂપે એક ગાય તેમજ અર્ઘ્ય બળદેવજીને અર્પણ કર્યાં ને જેઓ તેમના પ્રભાવને જાણતા હતા, તેઓ (વૃદ્ધ હતા છતાં પણ) તેમને પ્રણામ કરવા લાગ્યા.[૧૮-૧૯] પછી પરસ્પર સગાં—સંબંધીઓનું કુશળક્ષેમ સાંભળી એકબીજાનું આરોગ્ય તથા કુશળક્ષેમ પૂછીને બળરામ આવું નિર્ભય વચન કહેવા લાગ્યાઃ 'રાજાધિરાજ પ્રભુ ઉગ્રસેન તમને જે આજ્ઞા કરે છે, તે અવ્યગ્ર બુદ્ધિવાળા તમે સાંભળીને અમલમાં મૂકો; એમાં વિલંબ ન કરો. (મહારાજા ઉગ્રસેન તમને આજ્ઞા કરે છે કે,) 'તમે ઘણાઓએ એકઠા મળીને ધાર્મિક સાંબને અધર્મથી જીતી લઇ કેદ કર્યો છે, તે હું, આપણે સંબંધીઓમાં એકતા રહે એવી ઇચ્છાથી સહન કરી રહ્યો છું. (પણ હવે તેને સત્વર સોંપી દો.)'[૨૦-૨૨]

(શ્રીશુકદેવજી બોલ્યા :—)" પ્રભાવ, ઉત્સાહ તથા બળથી ઉદ્ધત અને પોતાની શક્તિને ઘટે તેવું બળદેવનું એ વચન સાંભળી અત્યંત કોપાયમાન થઈ ગયેલા કૌરવો બોલી ઊઠ્યા કે,[૨૩] 'અહો ! આ તો મહાન આશ્ચર્ય છે ! ! કાળની ગતિ ખરેખર દુર્લંઘ્ય છે ! ! કારણ કે એક ખાસડું, મુકુટથી સેવાયલા મસ્તક પર ચડી બેસવા ઇચ્છે છે—ખાસડા જેવા યાદવો અમને મુકુટધારી મસ્તક જેવાઓને વળી આજ્ઞા કરે છે—આ મોટું આશ્ચર્ય છે ! ! આ યાદવો (કુંતીના) વિવાહસંબંધને લીધે આપણી સાથે સંબંધવાળા થયા છે અને તેથીજ સાથે સૂવું, બેસવું તથા જમવું વગેરે કરીને આપણી સમાનતાને આપણે પમાડ્યા છે; એટલુંજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નહિ પણ તેઓને રાજસિંહાસન પણ આપણેજ આપ્યું છે.[૨૪।૨૫] આપણી ઉપેક્ષાથીજ તેઓ ચામરો, પંખાઓ, શંખ, ઉજ્જ્વળ છત્ર, મુકુટ, રાજ્યાસન તથા શય્યાનો ઉપયોગ કરે છે.[૨૬] પણ હવે યાદવો પાસે રાજાનાં ચિહ્નો રહેવા દેવાં ન જોઇએ. કારણ કે તે રાજચિહ્નો સર્પને પાયેલા અમૃતની પેઠે ઊલટાં આપણુંજ પ્રતિકૂળ કરનાર થઈ પડ્યાં છે. ઘણાજ ખેદની વાત છે કે, જે યાદવો આપણી કૃપાથી સમૃદ્ધિમાન બન્યા છે, તેઓ નિર્લજ્જ થઇને આજ આપણને આજ્ઞા કરે છે![૨૭] (પણ તેઓ નથી જાણતા કે,) સિંહે ગળેલી વસ્તુને જેમ બકરું (તેના આપ્યા વિના) લઇ શકતું નથી, તેમ ભીષ્મ, દ્રોણ તથા અર્જુન વગેરે કૌરવોએ નહિ આપેલી વસ્તુને ઇન્દ્ર પણ કેમ લઇ શકે?[૨૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે ભરતશ્રેષ્ઠ રાજા! ઉચ્ચ કુળમાં જન્મ તથા સગાં—સંબંધીઓથી યુક્ત ધનસંપત્તિથી ઉત્કટ મદવાળા બની ગયેલા તે અસભ્ય કૌરવો, બળદેવજીને ઉપર પ્રમાણે કઠોર વાક્ય સંભળાવીને હસ્તિનાપુરમાં ચાલ્યા ગયા.[૨૯] પછી બળરામ, કૌરવોનો તે દુષ્ટ સ્વભાવ જોઇને તેમજ તેઓનાં નહિ કહેવા લાયક વચનો સાંભળીને કોપના આવેશમાં આવી ગયા અને તેથીજ સામે જોવાને પણ અશક્ય થઈ પડીને વારંવાર મોટેથી હસતા કહેવા લાગ્યા કે,[૩૦] 'ખરેખર, અનેક જાતના મદથી છકી ગયેલા દુષ્ટો શાંતિને ઇચ્છતાજ નથી. તેઓને તો પશુઓને જેમ ધોકા શાંતિરૂપ થાય છે, તેમ શિક્ષાજ શાંતિરૂપ થાય છે.[૩૧] અહો! અત્યંત ક્રોધાવેશમાં આવી ગયેલા યાદવોને તથા કોપાયમાન થયેલા શ્રીકૃષ્ણને શાંત પાડીને હું કૌરવ—યાદવમાં શાંતિ રહે, એવી ઇચ્છાથી અહીં આવ્યો છું;[૩૨] પણ આ મંદબુદ્ધિવાળા કૌરવો ક્લેશ ઉપરજ પ્રીતિવાળા અને દુષ્ટ છે. આ અભિમાનીઓએ મારું પણ અપમાન કરીને મને વારંવાર દુષ્ટ વાક્યો કહ્યાં છે.[૩૩] (જુઓ તો ખરા!) ઇન્દ્ર વગેરે લોકપાલો જેમની આજ્ઞામાં વર્તી રહ્યા છે, તે ભોજ, વૃષ્ણિ તથા અંધક કુળના રાજા ઉગ્રસેન (આ લોકની દૃષ્ટિએ) રાજાજ નથી![૩૪] જેમણે દેવોની સુધર્મા સભા દબાવી દીધી છે અને દેવોના કલ્પવૃક્ષ પારિજાતને આણીને તેનો જે ઉપભોગ કરે છે તે શ્રીકૃષ્ણ (આ લોકની દૃષ્ટિએ) રાજ્યાસનને યોગ્ય નથી! સર્વ સંપત્તિઓની અધીશ્વરી સાક્ષાત્ લક્ષ્મીદેવી જેમના બન્ને ચરણને સેવ્યા કરે છે, તે શ્રીકૃષ્ણ (આ લોકોની દૃષ્ટિએ) રાજચિહ્નોને લાયકજ નથી![૩૫।૩૬] જેઓએ તીર્થોનાં સેવન કર્યાં હોય એવા યોગીઓને પણ જે તીર્થરૂપ છે, એવી જેમના ચરણકમળની રજને સમગ્ર લોકપાલો ઉત્તમ મુકુટ પર ધારણ કરે છે અને બ્રહ્મા, શંકર, હું તથા લક્ષ્મી જેમના એક અંશના પણ અંશરૂપ હોઇને જેમના ચરણકમળની રજને લાંબા સમય સુધી મસ્તકે ધારણ કરીએ છીએ, તે શ્રીભગવાનને પણ (આ લોકોની દૃષ્ટિએ) રાજસિંહાસન ક્યાં છે?[૩૭] યાદવો તો કૌરવોએ આપેલા પૃથ્વીના એક ટુકડાને ભોગવે છે!! અહા! અમે યાદવો તો ખાસડાં બરાબર છીએ અને કૌરવો પોતે મસ્તક બરાબર છે!![૩૮] અહો! આશ્ચર્ય! દારૂ વગેરે પીને ગાંડા બન્યા હોય તેમ ઐશ્વર્યથી છકી ગયેલા આ અભિમાનીઓની આવી અસંબદ્ધ અને કઠોર વાણીને કયો શિક્ષા કરવાને સમર્થ પુરુષ સહન કરી શકે? બસ, આજે હું પૃથ્વીને કૌરવો વિનાની કરીશ.' આમ કહી ક્રોધાયમાન થઈને ત્રણે જગતને જાણે બાળી નાખતા હોય તેમ બળદેવજી હાથમાં હળ લઇને ઊભા થઈ ગયા[૩૯।૪૦] અને હળના અગ્રભાગથી હસ્તિનાપુરને ઉપાડીને ગંગામાં ફેંકી દેવા તૈયાર થઇ ક્રોધથી ખેંચવા લાગ્યા. એ વેળા ગંગામાં પડતું હસ્તિનાપુર જળમાં રહેલી નૌકાની પેઠે ડગમગવા લાગ્યું અને ખેંચાવા લાગ્યું, તે જોઇને કૌરવો ગભરાઇ ગયા; ને કુટુંબોની સાથે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવવાની ઇચ્છાથી બળદેવજીને શરણે ગયા અને લક્ષ્મણા સહિત સાંબને આગળ કરી બે હાથ જોડીને તે પ્રભુને કહેવા લાગ્યા કે,[૪૧-૪૩] હે રામ! ઓ રામ! હે સર્વના આધાર! અમે આપના પ્રભાવને જાણતા નથી; અમે મૂઢ અને દુષ્ટબુદ્ધિવાળા છીએ; તો અમારો અપરાધ ક્ષમા કરવાને આપ યોગ્ય છો.[૪૪] વિદ્વાનો કહે છે કે, જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશનું સ્વતંત્ર કારણ આપ એકજ છો અને હે ઈશ્વર! આ લોકો તો ક્રીડા કરતાં એવાં આપનાં રમકડાં છે.[૪૫] હે હજાર મસ્તકોવાળા અનંત! આપજ આ ભૂમંડળને પોતાના મસ્તક પર લીલા વડે ધારણ કરો છો અને પ્રલયકાળે સર્વ જગતને પોતામાં લીન કરી દઈને આપ એકજ બાકી રહી (શેષનાગ પર) શયન કરો છો.[૪૬] હે ભગવન! સત્ત્વગુણને ધારણ કરનારા આપનો કોપ સમગ્રને શિક્ષણ આપવા માટે હોય છે, નહિ કે તે કોપ દ્વેષ કે મત્સરને લીધે છે; કેમકે તે કોપ (આપે બાંધેલી) મર્યાદાઓનું પાલન કરવામાં તાત્પર્યવાળો હોય છે.[૪૭] હે સર્વ પ્રાણીઓના આત્મા! હે સર્વ શક્તિને ધારણ કરનાર! હે અવિનાશી! આપને અમારા નમસ્કાર થાઓ. હે વિશ્વકર્મા! આપને અમારા નમસ્કાર થાઓ, અમે આપને શરણે આવ્યા છીએ.'[૪૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"એ પ્રમાણે જેઓનું શહેર કંપી રહ્યું હતું અને તેથીજ જેઓ ભયભીત થઈ જઇને શરણે આવ્યા હતા એવા તે કૌરવોએ બળદેવજીને પ્રસન્ન કર્યા, એટલે 'હવે તમે ડરશો નહિ' એમ કહી તેમણે અભયદાન આપ્યું.[૪૯] પછી પુત્રી ઉપર પ્રેમ ધરાવનારા દુર્યોધને સાઠ વર્ષની વયના બાર સો હાથીઓ, ÷એક લાખ ને વીસ હજાર ઘોડાઓ, સૂર્યની માફક ઝળહળતા સોનાના છ હજાર રથો તેમજ સોનાની કંઠીઓવાળી એક હજાર દાસીઓ, પુત્રીને પહેરામણીમાં આપી.[૫૦,૫૧] યાદવશ્રેષ્ઠ ભગવાન બળદેવજી તે સર્વ વસ્તુ સ્વીકારીને પુત્ર તથા પુત્રવધૂની સાથે સંબંધીઓનું અભિનંદન પામી, દ્વારકા તરફ વિદાય થયા;[૫૨] અને પોતાના નગર દ્વારકામાં પ્રવેશ કર્યા પછી પ્રેમાળ મનવાળાં સર્વ સગાં-સંબંધીઓને મળીને, મોટા મોટા યાદવોની સભાની વચ્ચે કૌરવો તરફ પોતે જેવું વર્તન કર્યું હતું, તે સર્વ કહી બતાવ્યું.[૫૩] હજી સુધી પણ બળદેવજીના તે પરાક્રમને સૂચવતું હસ્તિનાપુર દક્ષિણ તરફ ઊંચું અને ગંગામાં ઢળતું દેખાય છે."[૫૪]

अद्यापि च पुरं ह्येतत्सूचयद्रामविक्रमम् ।
समुन्नतं दक्षिणतो गंगायामनुदृश्यते ॥ ५४ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૮ મો સમાપ્ત

अध्याय ६९ मो*

રાણીઓના પ્રત્યેક ઘરમાં શ્રીકૃષ્ણને જોવાથી નારદજી આશ્ચર્ય પામ્યા

॥ श्रीशुक उवाच ॥

नरकं निहतं श्रुत्वा तथोद्वाहं च योषिताम् ।
कृष्णेनैकेन बह्वीनां तद्दिदृक्षुः स्म नारदः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"નરકાસુરને હણાયલો સાંભળીને તેમજ અનેક સ્ત્રીઓનો એક શ્રીકૃષ્ણની સાથે વિવાહ સાંભળીને નારદજીને તે જોવાની ઇચ્છા થઈ;[૧] તેથી તેઓ મનમાં વિચાર કરવા લાગ્યા કે, 'એકજ શ્રીકૃષ્ણ પોતાના એકજ શરીરથી જુદાં જુદાં અનેક ઘરમાં એકી વખતે સોળ હજાર સ્ત્રીઓને પરણ્યા, આ મહાન આશ્ચર્ય છે!'[૨] આવી રીતે ઉત્સુક થઈ દેવર્ષિ નારદ દ્વારકા નગરીમાં (એ વસ્તુ) જોવાને માટે આવ્યા.

÷ આ સ્થળે ટીકાકાર શ્રીધર **तुरङ्गमाँश्च द्वादश अयुतानि** –'બાર દશ હજાર ઘોડા' એમ લખે છે તે ઉપરથી આ સંખ્યા ભાષાંતરમાં આપવામાં આવી છે. —भा. क.

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણનું પ્રત્યેક ઘરમાં ગૃહસ્થપણું જોઇ નારદજીને આશ્ચર્ય થયું અને શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા નારદજી ત્યાંથી ગયા,' એ કથા કહેવાશે. શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દ્વારકા નગરી પુષ્પોથી ખીલેલાં ઉપવનોમાં તથા બાગ–બગીચાઓમાં (ગુંજારવ કરતા) ભમરાઓનાં ટોળાંઓથી ગાજી રહી હતી; પ્રફુલ્લ એવાં ઈંદીવર, અંભોજ, કલ્હાર, કુમુદ તથા ઉત્પલ જાતિનાં કમળોથી વ્યાપ્ત એવાં સરોવરોમાં હંસો તેમજ સારસ પક્ષીઓ મોટેથી શબ્દો કરી રહ્યાં હતાં; ઉત્તમ મરકતમણિથી પ્રકાશતા અને સુવર્ણ તથા રત્નજડિત રાચરચીલાંથી યુક્ત એવા સ્ફટિકમણિના તથા રૂપાના નવ લાખ મહેલો ત્યાં આવી રહ્યા હતા. જુદા જુદા વિભાગમાં આવેલા રાજમાર્ગો, સામાન્ય માર્ગો, ચૌટાંઓ, બજારો, શાળાઓ, સભાઓ તથા દેવાલયોથી તે નગરી સુંદર જણાતી હતી; તેના માર્ગો, આંગણાંઓ, શેરીઓ તથા ડેલીઓ જળ વડે છાંટી દેવામાં આવ્યાં હતાં અને ફરકતી પતાકાઓ તથા ધ્વજાઓ વડે તે નગરીમાં તડકો રોકાઇ રહ્યો હતો.[૩–૬] એ દ્વારકાની વચ્ચે શ્રીકૃષ્ણનું અંતઃપુર હતું, જે શોભાયમાન અને સર્વ લોકપાલોથી સેવાયલું હોઇ, જેમાં વિશ્વકર્માએ પોતાની સમગ્ર કારીગરીની કુશળતા દર્શાવી હતી.[૭] તે અંતઃપુર શ્રીકૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓના મહેલોથી શોભી રહ્યું હતું; તેમાં સૌથી મોટો એક મહેલ હતો, જેમાં નારદજીએ પ્રવેશ કર્યો.[૮] તે મહેલ વૈડૂર્યમણિની ઉત્તમ કુંભીઓવાળા વિદ્રુમમણિના થાંભલાઓથી ટેકવેલો હતો; તેની ભીંતો ઇન્દ્રનીલમણિની હતી; અંદરની ભૂમિ પણ ઇન્દ્રનીલમણિની હતી; લટકતી મોતીઓની માળાવાળા, વિશ્વકર્માએ બનાવેલા ચંદરવા ત્યાં આવી રહ્યા હતા; ઉત્તમ મણિઓથી જડેલી હાથીદાંતની ખુરશીઓ તથા પલંગો ત્યાં ગોઠવાયલા હતા અને ગળામાં કંઠીઓ ધારણ કરતી સુંદર વસ્ત્રોવાળી દાસીઓ તથા જામા, પાઘડીઓ, ઉત્તમ વસ્ત્રો અને મણિજડિત કુંડળો પહેરી રહેલા પુરુષ–દાસોથી તે મહેલ સુશોભિત લાગતો હતો. વળી હે રાજા! રત્નોના અનેક દીવાઓની કાંતિઓએ ત્યાંથી અંધારું દૂર કર્યું હતું અને એ મહેલમાં અંદર કરવામાં આવેલા અગરના ધૂપને જાળિયાંઓમાંથી બહાર નીકળતો જોઈ 'આ મેઘ છે' એવી બુદ્ધિવાળા મયૂરો તે મહેલની છાજલીઓ પર (બેસીને) મોટેથી ગર્જનાઓ કરતા નૃત્ય કરતા હતા.[૯–૧૨] એ મહેલમાં પોતાની સમાન ગુણ, રૂપ, વય તેમજ સુંદર વેષવાળી એક હજાર દાસીઓ સાથે સુવર્ણના દાંડાવાળાં ચામરથી તથા પંખાવડે, યાદવપતિ ભગવાનને સર્વ કાળ વીંઝયા કરતી સ્ત્રી રુક્મિણી સહિત શ્રીકૃષ્ણને નારદજીએ જોયા.[૧૩] સમગ્ર ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ, તે નારદજીને જોઇને એકદમ રુક્મિણીના પલંગ ઉપરથી ઊભા થઈ ગયા અને બે હાથ જોડી મુકુટધારી મસ્તકથી તેમના ચરણયુગલમાં પ્રણામ કરી તેમને પોતાના આસન ઉપર બેસાડ્યા.[૧૪] પછી જેમનું ચરણોદક–ગંગા સમગ્ર તીર્થસ્વરુપ છે એવા, જગતના મહાન ગુરુ અને સજ્જનોના પાલક છતાં, શ્રીકૃષ્ણે નારદજીના બન્ને ચરણ ધોઇને તે જળને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું. એ ઉપરથી ખરેખર ગુણો ઉપરથી પડેલા પોતાના 'બ્રહ્મણ્યદેવ' એવા નામને યોગ્યજ શ્રીકૃષ્ણે તે કર્યું હતું.[૧૫] ત્યાર પછી નરના મિત્ર પુરાણ ઋષિ નારાયણ–શ્રીકૃષ્ણે દેવર્ષિઓમાં શ્રેષ્ઠ એવા નારદજીની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરીને અમૃતતુલ્ય મીઠી અને પ્રમાણસર વાણીથી તેમની સાથે વાતચીત કરી કહ્યું કે, 'હે પ્રભો! કહો, અમે આપ ભગવાનનું કયું કાર્ય કરીએ?'[૧૬]

નારદજી બોલ્યાઃ–'હે વ્યાપક પરમાત્મા! સમગ્ર લોકોના નાથ એવા આપ વિષે આ કંઇ આશ્ચર્ય નથી કે, આપ સકલ મનુષ્યો સાથે મિત્રતા રાખો અને દુષ્ટોને શિક્ષા કરો. કારણ કે હે સમગ્ર પ્રાણીઓએ ગાન કરવા યોગ્ય દેવ! અમે સારી રીતે જાણીએ છીએ કે, આપનો આ સ્વેચ્છાવતાર જગતના રક્ષણ તથા પાલન સાથે જગ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તનું કલ્યાણ કરવા માટે છે.[૧૭] હે પ્રભો ! આપના ચરણયુગલનાં મને દર્શન થયાં છે. જે ચરણયુગલ ભક્તજનોને મોક્ષરૂપ છે; અગાધ જ્ઞાનવાળા બ્રહ્માદિ દેવોએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય છે અને સંસારરૂપી કૂવામાં પડેલાંઓને બહાર નીકળવામાં એક આધારરૂપ છે. (આવા આપના ચરણયુગલનાં મને દર્શન થયાં છે, તેથી હું કૃતાર્થ જ છું;) તોપણ આપનું સ્મરણ મને જે રીતે રહે તે રીતે આપ મારા પર અનુગ્રહ કરો, જેથી હું આપના તે ચરણયુગલનું ધ્યાન કરતો વિચર્યા કરું.'[૧૮]

"તે પછી હે રાજા ! યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણની યોગમાયા જાણવાની ઇચ્છાથી નારદજીએ શ્રીકૃષ્ણની બીજી સ્ત્રીના ઘરમાં પ્રવેશ કર્યો.[૧૯] ત્યાં પણ તેમણે શ્રીકૃષ્ણને પોતાની સ્ત્રી સાથે તથા ઉદ્ધવજીની સાથે પાસાઓથી રમતા જોયા; અને ત્યાં પણ શ્રીકૃષ્ણે પરમભક્તિપૂર્વક સામે ઊભા થવું, આસન આપવું વગેરેથી તે નારદજીનો સત્કાર કર્યો; તેમજ કંઈ જાણતાજ ન હોય તેમ પૂછ્યું કે, 'આપ ક્યારે પધાર્યા છો ? આપ પૂર્ણ છો અને અમે તો અપૂર્ણ છીએ, તેથી અમે આપનું કયું કાર્ય કરી શકીએ ?[૨૦-૨૧] તોપણ હે બ્રહ્મન્ ! આપ આજ્ઞા કરો અને મારા આ જન્મને સફળ કરો.' નારદજી તો આશ્ચર્યજ પામ્યા; ચૂપચાપ ઊભા થઇ ત્યાંથી બીજે ઘેર ગયા; તો ત્યાં પણ શ્રીકૃષ્ણને નાનાં બાળકોને રમાડતા જોયા. પછી ત્યાંથી બીજે ઘેર ગયા, તો ત્યાં શ્રીકૃષ્ણને સ્નાન કરવાની તૈયારી કરતા જોયા; ત્યાંથી બીજે ગયા તો આહવનીય આદિ અગ્નિઓનું (અગ્નિહોત્રથી) યજન કરતા જોયા અને ત્યાંથી બીજે ગયા તો પાંચ મહાયજ્ઞો કરતા જોયા. વળી કોઇ ઘેર બ્રાહ્મણોને ભોજન કરાવી બાકી રહેલું ભોજન કરતા, કોઇ ઘેર સંધ્યોપાસન કરતા, કોઇ ઘેર મૌન રહી ગાયત્રીજપ કરતા, કોઇ ઘેર ઢાલ અને તલવાર લઈ તલવાર ઘુમાવવાના માર્ગમાં ઘૂમતા અને કોઈ ઘેર ઘોડા, હાથી તથા રથ પર બેસીને વિચરતા શ્રીકૃષ્ણને જોયા; કોઇ ઘેર પલંગ પર પોઢેલા અને બંદીજનોથી સ્તુતિ કરાતા જોયા; કોઈ ઘેર ઉદ્ધવ આદિ મંત્રીઓની સાથે મંત્રણા કરતા અને કોઈ ઘેર વેશ્યા વગેરે સ્ત્રીઓથી વીંટાઇને જલક્રીડા કરવામાં આસક્ત થયેલા શ્રીકૃષ્ણને જોયા; કોઈ ઘેર ઉત્તમ બ્રાહ્મણોને સારી રીતે શણગારેલી ગાયોનાં દાન કરતા, કોઈ ઘેર માંગલિક ઇતિહાસો તથા પુરાણો સાંભળતા, કોઈ ઘેર પોતાની પ્રિયા સાથે હાસ્યકથા વડે હસતા, કોઇ ઘેર ધર્મને સેવતા, કોઈ ઘેર અર્થ તેમજ કામનું સેવન કરતા, કોઇ ઘેર એકલા બેસી પ્રકૃતિથી પર એવા પુરુષનું ધ્યાન કરતા, કોઇ ઘેર કામનાઓ, ભોગો તથા પૂજા વડે વડીલોની સેવા કરતા, કોઇ ઘેર કોઇની સાથે વિગ્રહ–વિરોધ કરતા અને કોઇ ઘેર કોઇની સાથે સંધિ કરતા શ્રીકૃષ્ણને જોયા; વળી કોઈ ઘેર બળરામની સાથે સત્પુરુષોનાં કલ્યાણનો વિચાર કરતા, કોઈ ઘેર પુત્રોને, યોગ્ય સ્ત્રીઓ સાથે તથા પુત્રીઓને યોગ્ય વરોની સાથે સમય પ્રમાણે અને વિધિપૂર્વક વૈભવોથી પરણાવતા અને કોઈ ઘેર પોતાનાં પુત્રી–જમાઈ વગેરેને વળાવવાં તથા બોલાવવાં વગેરે કારણથી મહોત્સવો કરતા જોયા. યોગેશ્વર શ્રીકૃષ્ણના એ મહોત્સવો જોઇને લોકો વિસ્મય પામતા હતા. વળી કોઈ ઘેર મોટા મોટા યજ્ઞોથી સમગ્ર દેવોનું યજન કરતા, કોઈ ઘેર કૂવા, બગીચા તથા ધર્મશાળાઓ બંધાવીને પૂર્ત ધર્મનું આચરણ કરતા, કોઇ ઘેર સિંધુ દેશના ઘોડા પર સવાર થઇને મોટા મોટા યાદવોની સાથે મૃગયા કરવા જતા અને ત્યાં પવિત્ર પશુઓને મારતા જોયા; તેમજ કોઇ ઘેર જુદા જુદા વેષમાં ગુપ્ત રહીને પ્રધાનમંડળમાં તથા અંતઃપુરનાં ઘર વગેરેમાં તેના તેના ભાવો જાણવાની ઇચ્છાથી ફરતા યોગેશ્વર શ્રીકૃષ્ણને નારદજીએ જોયા. તે પછી માનુષી શરીરચેષ્ટા સ્વીકારી રહેલા શ્રીકૃષ્ણના એ યોગમાયાના ઉદયને જોઈ નારદજી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણે હસતા હોય તેમ મુખ મલકાવી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા:[૨૨–૩૭] 'હે યોગેશ્વર! માયાવી–બ્રહ્માદિ દેવોને પણ દુર્જ્ઞેય એવી આપની યોગમાયાઓ આપના ચરણની સેવાને લીધે મારા મનમાં ભાસિત થાય છે–એટલે કંઈક જણાય છે. (પણ આપના પરમાર્થસ્વરૂપને અમે જાણી શકતા નથી.)[૩૮] હે દેવ! હવે આપ મને જવાની રજા આપો, એટલે હું જગતને પવિત્ર કરનારી આપની લીલાનું ગાન કરતો આપના યશ વડે વ્યાપ્ત એવાં સર્વ લોકમાં વિચર્યા કરું.'[૩૯]

શ્રીભગવાન બોલ્યા:–' હે બ્રહ્મન્! હું ધર્મનો વક્તા, કર્તા અને અનુમોદન આપનાર છું; માટે લોકોને શિક્ષણ આપવા પૂરતોજ આ ધર્મનું આચરણ કરી રહ્યો છું, નહિ કે વાસ્તવિક રીતે. માટે હે પુત્ર! તું ખેદ કર મા–મોહિત ન થા.[૪૦]

શ્રીશુકદેવજી બોલ્યા:–" એ રીતે ગૃહસ્થાશ્રમીઓના પવિત્ર ઉત્તમ ધર્મોનું આચરણ કરતા તે એકજ શ્રીકૃષ્ણને પ્રત્યેક ઘરની અંદર રહેતા નારદજીએ જોયા હતા;[૪૧] અને અનંત પરાક્રમવાળા શ્રીકૃષ્ણની યોગમાયાનો એ મહાન ઉદય વારંવાર જોઇને નારદ ઋષિને કૌતુક તથા વિસ્મય થયું હતું.[૪૨] એ પ્રમાણે અર્થ, કામ તથા ધર્મમાં શ્રદ્ધાળુ મનવાળા શ્રીકૃષ્ણે નારદજીનો સારી રીતે સત્કાર કર્યો, એટલે પ્રસન્ન થઇને શ્રીકૃષ્ણનુંજ સ્મરણ કરતા તેઓ ત્યાંથી વિદાય થયા.[૪૩] હે રાજા! એ રીતે મનુષ્યપદવીને અનુસરતા નારાયણે સર્વના કલ્યાણ માટે અનેક મૂર્તિઓરૂપી શક્તિઓ સ્વીકારીને સોળ હજાર સ્ત્રીઓનાં લજ્જાયુક્ત પ્રેમદર્શન તથા હાસ્યથી સેવાઇને તેઓની સાથે ક્રીડા કરી હતી.[૪૪] હે રાજા! જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ શ્રીહરિએ જે જે અસાધારણ કર્મો કર્યાં છે, તેને જે મનુષ્ય ગાય છે, સાંભળે છે કે અનુમોદન આપે છે, તે મનુષ્યને મોક્ષદાતા શ્રી ભગવાનમાં ભક્તિ થાય છે."[૪૫]

यानीह विश्वविलयोद्भववृत्तिहेतुः।
कर्माण्यनन्यविषयाणि हरिश्चकार ॥
यस्त्वंग गायति शृणोत्यनुमोदते वा।
भक्तिर्भवेद्भगवति ह्यपवर्गमार्गे ॥ ४५ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૬૯ મો સમાપ્ત

अध्याय ७० मो*

જરાસંધે કેદ કરેલા રાજાઓના દૂતનો સંદેશો

॥ श्रीशुक उवाच ॥

अथोषस्युपवृत्तायां कुक्कुटान् कूजतोऽशपन्।
गृहीतकंठ्यः पतिभिर्माधव्यो विरहातुराः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–" તે પછી એક વખતે પ્રભાત વેળા થઈ, ત્યારે કૂકડાઓને શબ્દ કરતા સાંભળી પતિ શ્રીકૃષ્ણે ગળામાં આલિંગન કરાયલી શ્રીકૃષ્ણની સ્ત્રીઓ વિરહાતુર થઇને કૂકડાઓને ગાળો દેવા લાગી.[૧] મંદાર–કલ્પવૃક્ષના વનના વાયુઓથી (આનંદમાં આવી જઈ) ભમરાઓ જ્યારે ગુંજારવ કરવા લાગ્યા, ત્યારે નિદ્રારહિત થયેલાં પક્ષીઓ બંદિજનોની પેઠે શ્રીકૃષ્ણને જગાડતાં હોય તેમ શબ્દો કરવા લાગ્યાં.[૨] એ પ્રભાતમુહૂર્ત જો કે અત્યંત સુંદર હતું, તોપણ પતિ–શ્રીકૃષ્ણના બે બાહુઓ વચ્ચે રહેલી રુક્મિણી, પતિના આલિંગનથી વિયોગ થશે, એમ વિચારીને તે પ્રભાતમુહૂર્તને સહન કરી શકી નહિ.[૩] પછી શ્રીકૃષ્ણ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને હાથ–પગ ધોઈ જળનું આચમન કરી પ્રસન્ન ચિત્તે પોતાના સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા; જે સ્વરૂપ પ્રકૃતિથી

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણના આહ્નિક કર્મમાં દૂત તથા નારદજીના કાર્યનિમિત્તે કાર્યમંત્રણાનો વિચાર કરવાની કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પર, એક, સ્વયંપ્રકાશ, ઉપાધિથી રહિત, નિત્ય, સ્વભાવથીજ સદા અવિદ્યામુક્ત, 'બ્રહ્મ' એવી સંજ્ઞા ધારણ કરનાર અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશના કારણરૂપ એવી પોતાની સત્ત્વગુણ આદિ શક્તિઓથી જણાયલા અસ્તિત્વવાળું તથા આનંદવાળું છે. પછી નિર્મળ જળમાં સ્નાન કરી બે વસ્ત્રો પહેરીને સર્વશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે સંધ્યોપાસન વગેરે સર્વ ક્રિયાસમુદાય કર્યો અને તે પછી †અગ્નિહોમ કરી મૌનપણે ગાયત્રીનો જપ કર્યો.[૪-૫] આત્મજ્ઞાની શ્રીકૃષ્ણે ઉદય પામતા સૂર્યનું ઉપસ્થાન કરી પોતાના અંશરૂપ દેવો, ઋષિઓ તથા પિતૃઓને તૃપ્ત કર્યા ને પછી વૃદ્ધો તથા બ્રાહ્મણોની પૂજા કરીને સુવર્ણથી મઢેલાં શિંગડાંવાળી, રૂપાથી મઢેલા ખરીઓના અગ્રભાગવાળી, સારા સ્વભાવની, મોતીઓની માળાઓવાળી, દૂઝણી, એક વખત વિયાયલી, વાછરડાં સહિત તથા ઉત્તમ વસ્ત્રો પહેરાવેલી તેર હજાર ને ચોરાશી ગાયો દરરોજ જે પ્રમાણે આપતા હતા, તે પ્રમાણે શણગારેલા બ્રાહ્મણોને રેશમી વસ્ત્ર, મૃગચર્મ તથા તલની સાથે આપી.[૬-૯] પછી પોતાની વિભૂતિરૂપ ગાયો, બ્રાહ્મણો, દેવો, વૃદ્ધો, ગુરુઓ તથા સર્વ પ્રાણીઓને નમસ્કાર કરીને ભગવાને માંગલિક વસ્તુઓનો સ્પર્શ કર્યો.[૧૦] તે પછી મનુષ્યલોકમાં અલંકારસ્વરૂપ પોતાના શરીરને ભગવાને પોતાનાં વસ્ત્રો, અલંકારો, દિવ્ય માળાઓ તથા વિલેપન વડે શણગાર્યું.[૧૧] તે પછી ઘી, દર્પણ, ગાયો, બળદો, બ્રાહ્મણો તથા દેવોનાં દર્શન કરી શહેરના તથા અંતઃપુરના સર્વ વર્ણના લોકોની કામનાઓ પ્રમાણે તેઓને ઇષ્ટ વસ્તુઓ અપાવીને પ્રધાનમંડળને પણ કામનાઓથી સંતોષી તેઓનું સન્માન કર્યું.[૧૨] તે પછી પ્રથમ બ્રાહ્મણોને, સ્નેહીઓને, પ્રધાનોને તથા સ્ત્રીઓને પુષ્પમાળાઓ, પાનબીડાં તેમજ વિલેપન વહેંચી આપી, પછી પોતે તેનો ઉપયોગ કર્યો.[૧૩] એટલામાં દારુક સારથિ સુગ્રીવ વગેરે ઘોડાઓ જોડેલો પરમ અદ્ભુત રથ હાજર કરી પ્રણામ કરીને આગળ ઊભો રહ્યો.[૧૪] એટલે સૂર્ય જેમ પૂર્વાચલ ઉપર ચડે, તે પ્રમાણે ભગવાન પોતાના હાથથી સારથિનો હાથ પકડી સાત્યકિ તથા ઉદ્ધવની સાથે રથ ઉપર ચડ્યા; એ વખતે અંતઃપુરની સ્ત્રીઓ લજ્જાયુક્ત પ્રેમદર્શનથી શ્રીકૃષ્ણને જોઇ રહી હતી. તે પછી શ્રીકૃષ્ણ, હસતા હસતા તે સ્ત્રીઓનાં મનને હરણ કરતા કષ્ટથી વિદાય પામીને અંતઃપુરમાંથી બહાર નીકળ્યા;[૧૫-૧૬] અને હે રાજા ! સર્વ યાદવોથી વીંટાઇને તેમણે સુધર્મા નામની સભામાં પ્રવેશ કર્યો, કે જ્યાં બેઠેલાં પ્રાણીઓને (+ક્ષુધા તૃષા વગેરે) છ ઊર્મિઓ હોતી નથી.[૧૭] પોતાની કાંતિઓ વડે દિશાઓને પ્રકાશમાન કરતા પ્રભુ કૃષ્ણ તે સભામાં ઉત્તમ યાદવોથી વીંટાઇને ઉત્તમ આસન પર બિરાજ્યા, ત્યારે આકાશમાં તારાઓથી વીંટાયલા ચંદ્રની પેઠે શોભતા હતા.[૧૮] હે રાજન્ ! તે વખતે હાસ્ય કરાવનારા વિદૂષકો અનેક જાતના હાસ્યરસથી અને નટાચાર્યો તથા નર્તકીઓ પોતપોતાના સમુદાય સાથે નૃત્યો કરીને ભગવાન કૃષ્ણને પ્રસન્ન કરવા લાગ્યાં.[૧૯] તેમજ સૂત, માગધ તથા બંદિજનો મૃદંગ, વીણા, મુરજ, વેણુ, તાલ તથા શંખના શબ્દો કરી નૃત્ય કરવા લાગ્યા; ગાવા લાગ્યા તથા શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. વળી ત્યાં બેઠેલા કેટલાક વક્તા બ્રાહ્મણો વેદમંત્રોનું વ્યાખ્યાન કરવા લાગ્યા અને પવિત્ર યશવાળા પ્રાચીન રાજાઓની કથાઓ કહેવા

† સૂર્યોદય પહેલાં ભગવાને અગ્નિહોમ કર્યો; તે ઉપરથી જણાય છે કે, ભગવાન કૃષ્ણ યજુર્વેદની કણ્વશાખાના હતા; કારણ કે કાણ્વ યજુર્વેદીઓ સૂર્યોદય પહેલાં અગ્નિહોમ કરે છે. —મા. ક.

+ ક્ષુધા, તૃષા, શોક, મોહ, વૃદ્ધાવસ્થા ને મરણ એ છ ઊર્મિઓ કહેવાય છે; તેમાંથી ક્ષુધા ને તૃષા એ બે પ્રાણની ઊર્મિઓ છે; શોક તથા મોહ એ બે મનની ઊર્મિઓ છે અને વૃદ્ધાવસ્થા તથા મરણ એ બે શરીરની ઊર્મિઓ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાગ્યા. એવામાં હે રાજન્! પૂર્વે કદી નહિ જોયેલો નવીન દેખાવનો એક પુરુષ ત્યાં આવ્યો, જેને દ્વારપાળોએ ભગવાનને જણાવીને સભામાં દાખલ કર્યો. તેણે બે હાથ જોડી પરમેશ્વર શ્રીકૃષ્ણને નમસ્કાર કરી જંરાસંધે કેદ કરવાથી ઉત્પન્ન થયેલું રાજાઓનું દુઃખ જણાવ્યું કે,[૨૦-૨૩] 'હે શ્રીકૃષ્ણ! જરાસંધના દિગ્વિજય વખતે જે વીસ હજાર રાજાઓ તેને નમ્યા નથી, તેઓને તેણે ગિરિવ્રજ નામના કિલ્લામાં બળાત્કારે કેદ કર્યા છે.[૨૪] (એ રાજાઓ આપને વિનતિ કરે છે કે,) 'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે અતર્ક્ય સ્વરૂપવાળા! હે શરણાગતના ભયનો નાશ કરનારા! ભેદબુદ્ધિવાળા હોઇને સંસારથી ડરતા અમે આપને શરણે આવ્યા છીએ. આ લોકો શાસ્ત્રમાં નિષેધ કરેલાં કર્મોમાં તથા કામ્યકર્મોમાં પરાયણ રહીને (પંચરાત્ર શાસ્ત્રમાં) આપેજ કહેલા આપના પૂજનરૂપી પોતાના ધર્મમાં પ્રમાદી રહે છે; તેટલામાં તો બળવાન એવો જે કાળ એ લોકોના જીવિતની આશાનો આ લોકમાંજ સત્વર નાશ કરે છે, તે કાળમૂર્તિ આપ ભગવાનને અમારા નમસ્કાર હો.[૨૫-૨૬] હે ઈશ્વર! જગતના નિયંતા આપ પોતાના અંશરૂપ બળદેવજીની સાથે સત્પુરુષોનું રક્ષણ કરવા માટે તથા દુષ્ટોને શિક્ષા કરવા માટે આ લોકમાં અવતર્યા છો; છતાં બીજા (જરાસંધ વગેરે) પુરુષો આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અને હરકોઇ મનુષ્ય પોતે કરેલાં કર્મોનાં ફળ પામે છે, એ શું? આ અમે કંઈ સમજી શકતા નથી. (આપ રક્ષક તરીકે અને દુષ્ટોના શાસક તરીકે હાજર છો, છતાં કોઇ પુરુષ આપની આજ્ઞા કેમ ઓળંગે અને મનુષ્ય કર્મજન્ય દુઃખને કેમ પામે? એ કંઇ સમજાતું નથી.)[૨૭] હે ઈશ! રાજા સંબંધી જે સુખ તે સ્વપ્ન જેવું છે; કેમકે તે સુખ પરતંત્ર છે–વિષયસાધ્ય છે. વળી હાલમાં અમે નિરંતર ભયથી ભરેલા મુડદા જેવા શરીરથી પુત્ર–સ્ત્રી આદિની ચિંતાનેજ ધારણ કરીએ છીએ; અહો! અત્યંત ખેદની વાત છે કે, નિષ્કામ પુરુષોએ આપની પાસેથી પ્રાપ્ત કરવા યોગ્ય એવા સ્વતઃસિદ્ધ આત્મસુખનો ત્યાગ કરીને આપની માયાને લીધે અમે અત્યંત વિષયાસક્ત બન્યા છીએ, જેથી કરી અહીં દુઃખ ભોગવ્યા કરીએ છીએ.[૨૮] જેમનાં ચરણયુગલ નમ્ર પુરુષોના શોકને દૂર કરનારાં છે, એવા આપ, અમને આ 'જરાસંધ' નામના કર્મજન્ય પાશથી મુક્ત કરો; જે જરાસંધ પોતે એકલોજ દશ હજાર હાથીઓના બળને ધારણ કરે છે અને તેથીજ તેણે સિંહ જેમ બકરીઓને રૂંધી રાખે, તેમ અમને પોતાના ઘરમાં કેદ કર્યા છે.[૨૯] હે ઉત્તમ ચક્રધારી અજિત! જે જરાસંધને અઢાર વાર થયેલા આપની સાથેના યુદ્ધમાં સત્તર વાર આપે નસાડી મૂક્યો હતો, પણ અઢારમી વખતના યુદ્ધમાં અનંત પરાક્રમવાળા છતાં મનુષ્યશરીરથી વિનોદ કરતા આપને માત્ર એકજ વાર જીતીને જરાસંધ ગર્વમાં આવી જઇને આપની પ્રજારૂપ અમને પીડે છે; માટે તે સંબંધે યોગ્ય લાગે તે આપ કરો.'[૩૦]

દૂત બોલ્યો:–'એ રીતે જરાસંધે કેદ કરેલા રાજાઓ, આપના દર્શનની ઇચ્છા રાખી આપના ચરણમૂળમાં શરણે આવ્યા છે; તો આપ તે ગરીબ રાજાઓનું ભલું કરો.'[૩૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"રાજાઓનો દૂત એ પ્રમાણે કહેતો હતો, એટલામાં પીંગળી જટાના સમૂહને ધારણ કરતા મહાતેજસ્વી દેવર્ષિ નારદ સૂર્યની પેઠે ત્યાં પ્રકટ થયા.[૩૨] તેમને જોઇને સર્વ લોકેશ્વરોના ઈશ્વર ભગવાન કૃષ્ણ સભ્યો તથા સેવકોની સાથે હર્ષથી ઊભા થઇ ગયા અને મસ્તક વડે તેમને વંદન કર્યું. પછી આસન સ્વીકારીને બેઠેલા મુનિની પૂજા કરીને શ્રદ્ધાથી તૃપ્ત કરતા શ્રીકૃષ્ણ મધુર વાક્યો વડે તેમને કહેવા લાગ્યા કે, 'હમણાં ત્રણે લોકોને કોઇ તરફથી ભય તો નથી? આપ સર્વ લોકોમાં વિચરો છો; તેથી અમને સર્વ લોકોનાં વૃત્તાંત જાણવારૂપ મહાન લાભ થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.[૩૩-૩૫] જેઓનો કર્તા ઈશ્વર છે એવા આ લોકોમાં આપને કંઇ અજાણ્યું નથી; માટે હે નારદજી! પાંડવો હમણાં શું કરવા ઇચ્છે છે, તે આપને અમે પૂછીએ છીએ.[૩૬]

શ્રીનારદજી બોલ્યાઃ–'હે વ્યાપક વિભો! જગત્સ્રષ્ટા બ્રહ્માને પણ માયાથી મોહ ઉપજાવનાર અને પ્રત્યેક ભૂતોમાં પોતાની વિદ્યા વગેરે શક્તિઓથી અંતર્યામીપણે વર્તતા છતાં (કાષ્ઠમાંના) અગ્નિની પેઠે પોતાની શક્તિઓથીજ ઢંકાયલા પ્રકાશવાળા આપની દુર્લંઘ્ય માયાઓ મેં ઘણી વખત જોયેલી છે; તેથી (આપ આવી રીતે પ્રશ્ન કરો એમાં) મને કંઇ આશ્ચર્ય થતું નથી.[૩૭] આ જગત મિથ્યાજ છે, છતાં આપની માયાને લીધે વિદ્યમાન સ્વરૂપે ભાસે છે; તેવા આ જગતને પોતાની માયાથી સૃજતા અને સંહારતા એવા આપના ચેષ્ટિતને સારી રીતે જાણવાને કોણ યોગ્ય છે? તે સ્વસ્વરૂપથીજ સર્વ વસ્તુઓથી વિલક્ષણ સ્વરૂપવાળા–અચિંત્ય આપ પરમાત્માને હું કેવળ નમસ્કારજ કરું છું.[૩૮] (અવિદ્યારૂપી અંધકારથી વીંટાયેલ હોવાથી) જીવ, અનર્થને પ્રાપ્ત કરાવનારા શરીરને લીધે સંસારને પામ્યા કરે છે અને તે શરીર વડે પોતે કેવી રીતે મુક્ત થઇ શકે તે જાણતો નથી; આવા જીવને માટેજ આપે લીલાવતારો ધારણ કરીને પોતાના યશરૂપી દીપકને પ્રજ્વલિત કર્યો છે, તે આપને હું શરણે આવ્યો છું.[૩૯] એ રીતે આપ સર્વ કંઇ જાણો છો, તોપણ (મને પૂછો છો, તેથી) આપની ફોઇના પુત્ર અને આપના ભક્ત એવા યુધિષ્ઠિર રાજાની હમણાં જે કંઇ કરવાની ઇચ્છા છે તે, મનુષ્યલોકોનું અનુકરણ કરતા આપ બ્રહ્મને હું કહી સંભળાવું છું.[૪૦] પાંડવ યુધિષ્ઠિર રાજા ચક્રવર્તીપણાની ઇચ્છા રાખીને હવે મહાયજ્ઞ રાજસૂયથી આપનું યજન કરશે માટે આપ તેમની એ કામનાને અનુમોદન આપજો.[૪૧] હે દેવ! એ મહાયજ્ઞમાં આપનું દર્શન કરવા ઇચ્છતા દેવો વગેરે તથા યશસ્વી રાજાઓ આવવાના છે, (માટે આપે ત્યાં પધારવુંજ જોઇશે.)[૪૨] હે ઈશ્વર! પરબ્રહ્મમય એવા આપનું કેવળ શ્રવણ, કીર્તન તેમજ ધ્યાન કરવાથી ચાંડાલો પણ પવિત્ર થઇ જાય છે, તો પછી જેઓને આપનું દર્શન અથવા સ્પર્શ થાય, તેઓ પવિત્ર થાય એમાં તો શું કહેવાનું હોય?[૪૩] હે ભુવનમંગલ! સ્વર્ગ, પૃથ્વી તથા પાતાલમાં પથરાયલો આપનો નિર્મળ યશ દિશાઓને ચંદરવાની માફક અલંકારરૂપ થઇને જગતને પવિત્ર કરે છે અને તેજ પ્રમાણે સ્વર્ગમાં 'મંદાકિની' કહેવાતું, પૃથ્વી ઉપર 'ગંગા' કહેવાતું અને પાતાલમાં 'ભોગવતી' કહેવાતું આપનું ચરણજળ સમગ્ર જગતને પવિત્ર કરે છે.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે નારદજીએ કહ્યું, ત્યારે પોતાના પક્ષના યાદવો, જરાસંધને જીતવાની ઇચ્છાથી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવાની વાતને માન્યા નહિ, એટલે શ્રીકૃષ્ણ હસતા હસતા સુંદર વાણીથી પોતાના સેવક ઉદ્ધવજીને કહેવા લાગ્યા.[૪૪-૪૫]

શ્રીભગવાન બોલ્યાઃ–'તમે અમારાં ઉત્તમ નેત્રરૂપ અને મિત્ર છો; તેમજ ગુપ્ત મંત્રણાઓથી સિદ્ધ કરી શકાય એવાં કાર્યોના પરિણામવેત્તા છો, માટે આ વિષે જે કંઇ કરવા યોગ્ય હોય તે કહો; અમે તમારા કહેવા પર શ્રદ્ધા રાખીશું અને તમે કહેશો તેમ કરીશું.'[૪૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પોતાના સ્વામી શ્રીકૃષ્ણ સર્વજ્ઞ હતા છતાં તેમણે કોઇ અજ્ઞ–મનુષ્યની પેઠે ઉદ્ધવજીને પ્રશ્ન કર્યો, એટલે ઉદ્ધવજી શ્રીકૃષ્ણની આજ્ઞાને મસ્તક પર ધારણ કરી તેમને કહેવા લાગ્યા."[૪૭]

इत्युपामंत्रितो भर्त्रा सर्वज्ञेनापि मुग्धवत् ।
निदेशं शिरसाधाय उद्धवः प्रत्यभाषत ॥४७॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૦ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

અધ્યાય ૭૧ મો×

શ્રીકૃષ્ણની ઇન્દ્રપ્રસ્થમાં પધરામણી

॥ श्रीशुक उवाच ॥

इत्युदीरितमाकर्ण्य देवर्षेरुद्धवोऽब्रवीत् ।
सभ्यानां मतमाज्ञाय कृष्णस्य च महामतिः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"શ્રીકૃષ્ણનું એ કહેવું સાંભળીને મહાબુદ્ધિમાન ઉદ્ધવજી દેવર્ષિ નારદજીના,* સભાસદોના તથા શ્રીકૃષ્ણના મતને જાણી લઈ કહેવા લાગ્યા.[૧]

ઉદ્ધવજી બોલ્યાઃ–'હે દેવ! નારદજીએ કહ્યું તે પ્રમાણે યજ્ઞ કરવાને તૈયાર થયેલા આપની ફોઇના પુત્ર યુધિષ્ઠિરને આપે સહાય કરવી જોઇએ; તેમજ શરણને ઇચ્છતા રાજાઓનું રક્ષણ પણ કરવું જોઇએ.[૨] હે વ્યાપક દેવ! દિશાઓને જીતનારો રાજા રાજસૂય યજ્ઞ કરી શકે; આ રીતનો વિધિ છે. માટે (દિગ્વિજયના પ્રસંગે) જરાસંધનો પરાજય કરવો તેજ રાજસૂય યજ્ઞ તેમજ રાજાઓની રક્ષારૂપ બન્ને પ્રયોજન માટે મને યોગ્ય લાગે છે.[૩] હે ગોવિંદ! આમ કરવાથીજ આપણું મહાન કાર્ય સિદ્ધ થશે અને કેદ પકડાયલા રાજાઓને મુક્ત કરતાં આપનો યશ પણ થશે.[૪] તે§ જરાસંધ રાજા બળમાં દશ હજાર હાથીઓના સરખો છે; તેથી તેના સમાન બળવાન ભીમસેન વિના બીજા બળવાન પુરુષોને પણ (રણમાં) દુઃસહ થઇ પડે તેવો ‡ છે.[૫] (ભીમસેને પણ) તેને દ્વંદ્વયુદ્ધમાંજ જીતવો યોગ્ય છે; પણ તે સેંકડો અક્ષૌહિણી સેનાઓની સાથે જિતાય એવો નથી. તે રાજા બ્રાહ્મણોનો પરમ ભક્ત છે, એટલે જો બ્રાહ્મણોએ તેની પાસે કંઈ યાચના કરી હોય, તો તે કદી ના પાડતો નથી;[૬] માટે ભીમસેને બ્રાહ્મણનો વેષ ધારણ કરી તેની પાસે જઈને દ્વંદ્વયુદ્ધની માગણી કરવી; ભીમસેન દ્વંદ્વયુદ્ધમાં આપની સમીપમાં જરાસંધનો વધ કરશે, એમાં સંદેહજ નથી.[૭] અરૂપી અને કાલાત્મા એવા આપ ઇશ્વરની આ વિશ્વસૃષ્ટિમાં બ્રહ્મા કેવળ નિમિત્તરૂપ છે અને વિશ્વના સંહારમાં મહાદેવ પણ કેવળ નિમિત્તજ છે. (તેજ પ્રમાણે આમાં પણ ભીમસેન માત્ર નિમિત્તજ છે; વસ્તુતઃ આપજ સર્વના કર્તાહર્તા છો.)[૮] જેમ ગોપીઓ શંખચૂડનો વધ તથા તેથી થયેલા પોતાના છુટકારારૂપી આપના ઉજ્જ્વળ કર્મને ઘરમાં ગાયા કરે છે અને આપના શરણને પામેલા મુનિઓ તથા અમે ગજેન્દ્રનો મોક્ષ, સીતાની રાવણથી મુક્તિ તથા માતાપિતા–દેવકી–વસુદેવનો કંસના નાશથી છુટકારો–એ વગેરે રૂપ આપનાં નિર્મળ કર્મનાં ગાન કરીએ છીએ, તેમ (જરાસંધે કેદ કરેલા) રાજાઓની રાણીઓ પોતાના શત્રુ જરાસંધનો વધ તથા તેથી થનારો પોતાના પતિઓનો છુટકારો–એ રૂપી આપના ઉજ્જ્વળ કર્મને ઘરમાં (પોતાનાં બાળકોને લાડ લડાવતી) ગાયા કરે છે. (કે, 'હે પુત્ર! તું રડ મા, શ્રીકૃષ્ણ જરાસંધનો વધ કરશે અને તારા પિતાને મુક્ત કરશે.')[૯] માટે હે શ્રીકૃષ્ણ! આ પ્રમાણે જરાસંધનો વધ, (શિશુપાલનો વધ વગેરે) આપણાં ઘણાં કાર્યો કરવા માટે થઈ પડશે. વળી ઘણું કરીને રાજાઓનાં પુણ્યફળથી તથા જરાસંધાદિનાં પાપફળથી આપને

× આ અધ્યાયમાં 'ઉદ્ધવજીની સલાહથી શ્રીકૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ પધાર્યા; એટલે પાંડવોને પરમ આનંદ થયો,' એ કથા કહેવાશે.

રાજસૂયનું બહાનું કરી ભીમ–દુર્યોધન વગેરેમાં ક્લેશ ઊભો કરીને તે દ્વારા પ્રભુએ પૃથ્વીનો ભાર દૂર કર્યો.શ્રી.

* દેવર્ષિ નારદનો એ મત છે કે, રાજસૂય યજ્ઞમાં જવું; સભાસદોનો એ મત છે કે, જરાસંધે કેદ કરેલા રાજાઓની રક્ષા કરવી; તેમજ શ્રીકૃષ્ણનો એ મત છે કે, રાજસૂય યજ્ઞમાં જવું અને રાજાઓની રક્ષા પણ કરવી. —શ્રીધર

§ અત્યંત ઉત્સુકપણાથી તત્કાળ જરાસંધનો વધ કરવા ઇચ્છતા યાદવોને ઉદ્દેશી કહે છે. —શ્રીધર

‡ અર્થાત્ ભીમસેનથીજ તેનું મૃત્યુ નિર્માણ થયું છે; બીજો કોઇ તેને મારી શકે તેમ નથી. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ યજ્ઞ ઇષ્ટ છે.'[૧૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! એ પ્રમાણે સર્વ રીતે કલ્યાણકારક અને યુક્તિને લીધે કોઇનાથી ન ફેરવી શકાય તેવાં ઉદ્ધવજીનાં વચનને દેવર્ષિ નારદ, વૃદ્ધ યાદવો તથા શ્રીકૃષ્ણ વખાણવા લાગ્યા.[૧૧] પછી વ્યાપક એવા દેવકીપુત્ર ભગવાન શ્રીકૃષ્ણે વસુદેવ વગેરે પોતાના વડીલોની સંમતિ લઇને (ઇન્દ્રપ્રસ્થ તરફ) પ્રયાણ કરવા માટે દારુક, જૈત્ર વગેરે સેવકોને આજ્ઞા કરી[૧૨] અને હે શત્રુહંતા રાજા! પુત્રો તથા પરિવાર સાથે પોતાની સ્ત્રીઓને (પહેલાંજ ઇન્દ્રપ્રસ્થ તરફ) વિદાય કરી દઇને શ્રીકૃષ્ણ, બળદેવજી તથા ઉગ્રસેન રાજાની અનુમતિ લઇને સારથિઓએ આણેલા ગરુડની ધજાવાળા પોતાના રથમાં ચડી બેઠા.[૧૩] તે પછી રથો, હાથીઓ, યોદ્ધાઓ, ઘોડેસવારો ને સેનાપતિઓથી ભયંકર જણાતી પોતાની સેનાથી વીંટાઇને શ્રીકૃષ્ણ મૃદંગ, ભેરી, નગારાં, શંખ તથા શિંગડીઓના શબ્દોથી દિશાઓને ગજાવી મૂકતા (દ્વારકામાંથી) બહાર નીકળ્યા.[૧૪] એટલે તે પોતાના પતિ પાછળ પતિવ્રતા (રુક્મિણી વગેરે) સ્ત્રીઓ મનુષ્યોએ ઉપાડેલી સોનાની પાલખીઓમાં બેસીને પોતપોતાના પુત્રોની સાથે જવા લાગી. એ સમયે તે સ્ત્રીઓએ ઉત્તમ વસ્ત્રો, આભૂષણો, વિલેપનો તથા પુષ્પમાળાઓ ધારણ કરી હતી અને ઢાલ—તલવાર ધારણ કરનારા પુરુષો વડે સારી રીતે વીંટાયલી હતી.[૧૫] વળી સારી રીતે શણગારેલી સેવકોની સ્ત્રીઓ તથા વેશ્યાઓ પણ સાદડીઓના તંબૂઓ તથા કામળા વગેરે વસ્ત્રોરૂપી સરસામાન સાથે લઈ, તે સામાનને ગાડાંઓ વગેરે ઉપર મજબૂત બાંધી દઇને મનુષ્યો, ઊંટો, બળદો, પાડા, ગધેડાં, ખચ્ચરીઓ, ગાડાં તેમજ હાથણીઓનાં વાહનો લઈને સર્વ તરફથી શ્રીકૃષ્ણની પાછળ જવા લાગી.[૧૬] તે સમયે મોટા ઘોંઘાટવાળું તે સૈન્ય મોટી ધ્વજાઓનાં વસ્ત્રો, છત્રો, ચામરો, ઉત્તમ આયુધો, અલંકારો, મુકુટો તથા કવચોથી અને દિવસના સમયે સૂર્યનાં કિરણોથી, જળચર પ્રાણીઓ તથા તરંગોથી ખળભળી ઊઠેલા કોઇ મહાસાગર જેવું શોભતું હતું.[૧૭] તે પછી યદુપતિ શ્રીકૃષ્ણે આદરસત્કાર કરેલા અને પૂજેલા મુનિ નારદજી શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનથી સુખી ઇન્દ્રિયોવાળા થઈ તેમજ શ્રીભગવાનનો નિશ્ચય જાણી લઈ, તેમને પ્રણામ કરીને હૃદયમાં તેમનું ધ્યાન કરતા કરતા આકાશમાર્ગે ચાલ્યા ગયા.[૧૮] બીજી તરફ શ્રીકૃષ્ણ ભગવાને (ત્યાં આવેલા) જરાસંધના કેદી રાજાઓના દૂતને વાણીથી પ્રસન્ન કરતાં કહ્યું કે, 'હે દૂત! તું રાજાઓને કહેજે કે, તમે ડરશો મા, તમારું કલ્યાણ થશે. જરાસંધ રાજાનો હું નાશ કરાવીશ.'[૧૯] ભગવાને દૂતને એ પ્રમાણે કહ્યું, એટલે તે દૂત ત્યાંથી ચાલ્યો ગયો; અને રાજાઓની પાસે જઇને તેણે જ પ્રમાણે ભગવાને કહ્યું હતું, તે પ્રમાણે તેઓને કહી સંભળાવ્યું; એટલે તે રાજાઓ પણ જરાસંધના દુઃખમાંથી મુક્ત થવાની ઇચ્છા રાખીને શ્રીકૃષ્ણ ભગવાનની વાટ જોવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણ આનર્ત્ત, સૌવીર તેમજ મરુ દેશ ઓળંગીને કુરુક્ષેત્ર, પર્વતો, નદીઓ, શહેરો, ગામડાં, રબારીઓના નેસડા તથા ખાણોને પણ ઓળંગી ગયા. તે પછી +દષદ્વતી તથા સરસ્વતી નદી* ઊતરી, પંચાલ તથા મત્સ્યદેશમાં જઈ પહોંચ્યા ને ત્યાંથી ઇન્દ્રપ્રસ્થ ગયા.[૨૦-૨૨] જેમનાં દર્શન મનુષ્યોને દુર્લભ છે, તે કૃષ્ણ ભગવાનને આવેલા સાંભળી યુધિષ્ઠિર રાજા પ્રસન્ન થયા અને ઉપાધ્યાયો તથા સ્નેહીજનોથી વીંટાઇને નગરની

\+ આ નદી સરસ્વતીની દક્ષિણમાં હતી અને સરસ્વતીમાંજ મળી જતી હતી. મનુ ભગવાને હિમાલયમાંથી નીકળતી સરસ્વતી અને દષદ્વતીની વચ્ચેના દેશને બ્રહ્માવર્ત કહેલ છે. —भा. क.

* આ સરસ્વતી નદી હિમાલયમાંથી નીકળી રત્નાગર સાગર (અરબી સમુદ્ર) ને મળતી હતી, જ્યારે દ્વારકાનો કેટલોક ભાગ સમુદ્રમાં ડૂબી ગયો ત્યારે આ સરસ્વતી નદી પણ લુપ્ત થઇ ગઇ. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બહાર નીકળ્યા.[૨૩] જેમ ઇન્દ્રિયો મુખ્ય પ્રાણની સામે જાય (અને તેને મળી સચેત થાય), તેમ યુધિષ્ઠિર રાજા ગીત–વાદિત્રની ગર્જનાઓ તથા મહાન વેદઘોષ સાથે આદરપૂર્વક શ્રીકૃષ્ણની સામા ગયા.[૨૪] શ્રીકૃષ્ણનાં દર્શન કરી જેમનું હૃદય સ્નેહથી પીગળી ગયું હતું એવા યુધિષ્ઠિર રાજા ઘણે લાંબે કાળે જોયેલા અતિપ્રિય શ્રીકૃષ્ણને વારંવાર ભેટવા લાગ્યા.[૨૫] એ વખતે લક્ષ્મીના નિર્દોષ નિવાસસ્થાન શ્રીકૃષ્ણનાં અંગોને બે હાથે ભેટી પડી યુધિષ્ઠિર રાજાએ સર્વ પાપોનો નાશ કરી નાખ્યો; તેમનાં નેત્રોમાં હર્ષનાં અશ્રુઓ આવી રહ્યાં; શરીર રોમાંચિત થયું અને સર્વ લોકવ્યવહાર ભૂલી જઇને તે પરમ શાંતિને પામ્યા.[૨૬] પછી પ્રેમના વેગથી વ્યાકુળ ઇન્દ્રિયોવાળો થયેલો ભીમસેન પોતાના મામાના પુત્ર શ્રીકૃષ્ણને ભેટી આનંદ પામ્યો અને નેત્રોમાં વધી પડેલાં હર્ષાશ્રુવાળા અર્જુન, નકુલ ને સહદેવ પણ પોતાના પ્રિય સ્નેહી શ્રીકૃષ્ણને હર્ષથી ભેટી પડ્યા. એ રીતે÷અર્જુન વડે ભેટાયલા અને નકુલ તથા સહદેવ વડે વંદન કરાયલા શ્રીકૃષ્ણે, બ્રાહ્મણોને તથા વૃદ્ધોને યથાયોગ્ય નમસ્કાર કરી સન્માન પામીને કુરુ, સૃંજય તથા કૈકયવંશીઓને માન આપ્યું. ત્યાર પછી સૂતો, માગધો, ગંધર્વો, બંદિજનો, ઉપમંત્રીઓ તથા બ્રાહ્મણો મૃદંગ, શંખ, ઢોલ, વીણા, પણવ તથા શિંગડી વગેરે વાદિત્રો સાથે કમલનયન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા, નૃત્ય કરવા લાગ્યા તથા ગાવા લાગ્યા.[૨૭–૩૦] એ પ્રમાણે સ્તુતિ કરાતા અને પવિત્ર કીર્તિવાળા પુરુષોના મસ્તકના મણિરૂપ શ્રીકૃષ્ણ ભગવાને સંબંધીજનોથી વીંટાઇને શણગારેલા નગરમાં જ્યારે પ્રવેશ કર્યો, ત્યારે તે નગરના માર્ગો હાથીઓના મદગંધથી યુક્ત જળ વડે છાંટી દેવામાં આવ્યા હતા; રંગબેરંગી ધ્વજાઓ, સોનેરી તોરણો, પૂર્ણ કળશો અને નાહી–ધોઈ સ્વચ્છ થઇને નવાં વસ્ત્રો, અલંકારો, પુષ્પની માળાઓ તથા ચંદનનાં વિલેપનો ધારણ કરી રહેલા પુરુષો તથા સ્ત્રીઓથી તે નગર શોભતું હતું.[૩૧–૩૨] વળી ઘેર ઘેર ઝગઝગાટ કરી રહેલા દીવાઓ તથા બલિદાનોથી તે યુક્ત હતું; જાળિયાંમાંથી નીકળતા ધૂપના ધુમાડાઓથી સુંદર હતું, પતાકાઓ ત્યાં ફરકતી હતી અને શિખરો ઉપર સ્થાપવામાં આવેલા સુવર્ણના કળશોવાળાં તથા રૂપાનાં મોટાં શિખરોવાળાં ઘરો ત્યાં આવી રહ્યાં હતાં. આવા યુધિષ્ઠિર રાજાના તે નગરને શ્રીકૃષ્ણ જોતા હતા.[૩૩] મનુષ્યોનાં નેત્રોને આદરપૂર્વક જોવાના વિષયરૂપ શ્રીકૃષ્ણને આવેલા સાંભળી તરુણ સ્ત્રીઓ તુરતજ ઘરનાં કામકાજ પડતાં મૂકી, પતિઓને શય્યામાં છોડી દઇને રાજમાર્ગમાં જઇ પહોંચી હતી. એ સમયે શ્રીકૃષ્ણને જોવાની આતુરતાને લીધે તેઓના કેશબંધ તેમજ વસ્ત્રબંધ પણ ઢીલા પડી ગયા હતા.[૩૪] હાથી, ઘોડા, રથ તથા મનુષ્યોથી ભરચક થયેલા તે રાજમાર્ગમાં (શ્રીકૃષ્ણને જોવાને) ઘરો ઉપર ચડી ગયેલી સ્ત્રીઓ, સ્ત્રીઓ સહિત એવા શ્રીકૃષ્ણને જોઇને તેમના પર પુષ્પોની વૃષ્ટિ કરીને અને મનથી તેમને ભેટીને સુંદર હાસ્યપૂર્વક જોવાથીજ તેમનું સારી રીતે સ્વાગત કરવા લાગી.[૩૫] પછી ચંદ્રની સાથે રહેલા તારાઓની માફક શ્રીકૃષ્ણની સાથે રહેલી તેમની પત્નીઓને જોઈને તે સ્ત્રીઓ કહેવા લાગી કે, 'આ સ્ત્રીઓએ એવું કયું પુણ્ય કર્યું હશે, કે જેથી પુરુષોના મુકુટમણિ આ શ્રીકૃષ્ણ ઉદાર હાસ્ય વડે અને વિલાસપૂર્વક જોવાની કળા વડે આ સ્ત્રીઓનાં નેત્રોને આનંદ આપે છે!'[૩૬] પછી જેમનાં પાપ નાશ પામ્યાં હતાં, એવા નગરવાસીઓ તથા એક વ્યાપાર ઉપર આજીવિકા ચલાવનારા સમૂહોના આગેવાનો, માંગલિક પદાર્થો હાથમાં લઇ ત્યાં ત્યાં શ્રીકૃષ્ણને મળીને તેમની

÷ અર્જુન અને શ્રીકૃષ્ણ સમાન વયના હતા; તેથી અર્જુન શ્રીકૃષ્ણને ભેટીને પગમાં પ્રણામ કરવા જતો હતો, પણ ભગવાને તેને હાથથી પકડી રાખ્યો હતો; એ ભાવ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂજા કરવા લાગ્યા.[37] તે પછી પ્રીતિથી પ્રફુલ્લ નેત્રોવાળા અંતઃપુરના માણસોએ સંભ્રમ સાથે સામે આવીને શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો; એટલે તેમણે રાજમહેલમાં પ્રવેશ કર્યો.[38] ત્યાં ત્રણે જગતના ઈશ્વર અને ભાઇના પુત્ર શ્રીકૃષ્ણને જોઇને કુંતાજી પ્રસન્ન મનવાળાં થયાં ને પોતાની વહુની સાથે પલંગ ઉપરથી ઊઠીને શ્રીકૃષ્ણને ભેટી પડ્યાં.[39] આદરયુક્ત રાજા યુધિષ્ઠિર, દેવોના પણ મહાન દેવ શ્રીકૃષ્ણને પોતાને ઘેર લાવી હર્ષને લીધે એવા તો વિહ્વળ થઈ ગયા, કે પૂજા કરવામાં જે અમુક પ્રકારો હોય છે તે પણ જાણી શક્યા નહિ.[40] હે રાજન્! પછી શ્રીકૃષ્ણે પોતાની ફોઇને તથા બીજી પૂજ્ય સ્ત્રીઓને વંદન કર્યું તથા દ્રૌપદી અને સુભદ્રાએ શ્રીકૃષ્ણને વંદન કર્યું. પછી સાસુએ પ્રેરણા કરેલી દ્રૌપદીએ શ્રીકૃષ્ણની પત્ની રુક્મિણી, સત્યભામા, ભદ્રા, જાંબવતી, કાલિંદી, મિત્રવિંદા, ×શૈબ્યા, સતી નાગ્નજિતી અને બીજી જે જે સ્ત્રીઓ આવી હતી તે સઘળીનો વસ્ત્ર, માળાઓ તથા અલંકારો વગેરેથી સત્કાર કર્યો.[41-43] તે પછી યુધિષ્ઠિર રાજાએ સૈન્ય, સેવકો, પ્રધાનો તથા સ્ત્રીઓ સહિત શ્રીકૃષ્ણને નિત્ય નવું નવું લાગે એ રીતે સુખપૂર્વક (પોતાના નગરમાં) વસાવ્યા.[44] જે શ્રીકૃષ્ણે અર્જુનની સાથે રહી—તેને સહાય આપીને ખાંડવ વનથી અગ્નિને તૃપ્ત કર્યો હતો તથા (તે ખાંડવ વનમાં બળી જતા) મયદાનવને મુક્ત કરાવી (તેનાદ્વારા) યુધિષ્ઠિર રાજાને દિવ્ય સભા કરી આપી હતી. (આવા આવા શ્રીકૃષ્ણના ઉપકારોનું સ્મરણ કરી યુધિષ્ઠિરે તેમને પોતાના નગરમાં સુખપૂર્વક રાખ્યા હતા.)[45] શ્રીકૃષ્ણ ભગવાન, રાજા યુધિષ્ઠિરનું પ્રિય કરવાની ઇચ્છાથી કેટલાક માસ ત્યાં ઇન્દ્રપ્રસ્થમાં અર્જુન સાથે રથમાં બેસી યોદ્ધાઓથી વીંટાઇને વિહાર કરતા રહ્યા હતા."[46]

उवास कतिचिन्मासान् राज्ञः प्रियचिकीर्षया ।
विहरन् रथमारुह्य फाल्गुनेन भटैर्वृतः ॥ ४६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૧ મો સમાપ્ત

અધ્યાય ૭૨ મો*

શ્રીકૃષ્ણે ભીમસેન પાસે જરાસંધનો વધ કરાવ્યો

॥ श्रीशुक उवाच ॥

एकदा तु सभामध्य आस्थितो मुनिभिर्वृतः ।
ब्राह्मणैः क्षत्रियैर्वैश्यैर्भ्रातृभिश्च युधिष्ठिरः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એક સમયે મુનિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, ભાઇઓ, આચાર્યો, કુળવૃદ્ધો, જ્ઞાતિઓ, સંબંધીઓ તથા સગાંવહાલાંઓથી વીંટાઇને સભામાં બેઠેલા યુધિષ્ઠિર રાજાએ તે સર્વના સાંભળતાંજ શ્રીકૃષ્ણને સંબોધી આ પ્રમાણે કહ્યું.[1-2]

યુધિષ્ઠિર બોલ્યાઃ—'હે ગોવિંદ! હે પ્રભો! રાજસૂય નામનો મહાયજ્ઞ કરી હું આપની પવિત્ર વિભૂતિ—દેવોનું યજન કરવાનો છું; માટે આપ તે અમારું કાર્ય કરી આપો.[3] હે કમલનાભ! જે પવિત્ર પુરુષો, અમંગળનો નાશ કરનારી આપની પાદુકાઓનું (દેહથી) નિત્ય સેવન કરે કરે છે, (મનથી) નિત્ય ધ્યાન કરે છે અને (વાણીવડે) નિત્ય સ્તવન કરે છે તેઓ હે ઈશ્વર! સંસારથી મુક્તિ મેળવે છે અને સાંસારિક વિષયોને ઇચ્છે છે તો તેને પણ તેઓજ પ્રાપ્ત કરે છે; નહિ કે બીજાઓ (આપની સેવા વગેરે નહિ કરનારા ચક્રવર્તીઓ હોય છતાં) તે વિષયોને પ્રાપ્ત કરે છે![4] માટે હે દેવોના દેવ! હે વિભો! કુરુવંશી

× 'શૈબ્યા' એટલે 'લક્ષ્મણા' એમ બાલપ્રબોધિની જણાવે છે; અથવા 'શૈબ્યા' એ મિત્રવિંદાનું વિશેષણ છે, એમ આગળ ત્યાસીમા અધ્યાયના છઠ્ઠા શ્લોકની શ્રીધરી ટીકાના આધારે જણાય છે.—भा. क.

* આ અધ્યાયમાં યુધિષ્ઠિર રાજાએ પોતાનું કાર્ય જણાવતાં શ્રીહરિએ જરાસંધને દુર્જય જાણી તેનો ભીમસેન પાસે નાશ કરાવ્યો, એ કથા કહેવાશે.—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથા સૃંજયવંશી રાજાઓમાં કેટલાક આપનું ભજન કરે છે અને જે કેટલાક (કર્મનેજ મુખ્ય માનતા હોઇ) આપનું ભજન કરતા નથી; તેઓ બન્નેની સ્થિતિને આપ પ્રદર્શિત કરો અને આ (બાહ્ય સંપત્તિમાત્રથી ચમત્કાર પામનારા) લોકો આપના ચરણકમળની સેવાના પ્રભાવને અહીં ભલે જુઓ.[૫] જો કે આપ બ્રહ્મ છો–નિરુપાધિ છો, સર્વના આત્મા છો; સર્વના ઉપર સમાન દૃષ્ટિવાળા છો, તેમજ સ્વસ્વરૂપના સુખનેજ અનુભવ કરનારા છો; તેથી (આપને રાગ–દ્વેષાદિ નહિ હોવાથી) 'આ પોતાનો કે આ પારકો' આવી ભેદબુદ્ધિ આપને હોયજ નહિ; તોપણ જેમ કલ્પવૃક્ષનું સેવન કરનારનેજ યોગ્ય ફળ પ્રાપ્ત થાય છે, તેમ આપની કૃપા પણ આપની સેવા કરનારાઓનેજ પ્રાપ્ત થાય છે અને તેમાં પણ સેવાને યોગ્યજ ફળ મળે છે, એમાં કંઇ ફેરફાર થતો નથી.'[૬]

શ્રીભગવાન બોલ્યા:–'હે શત્રુઓનો નાશ કરનારા રાજા! તમે સારો નિશ્ચય કર્યો છે, કે જેથી તમારી કલ્યાણકારી કીર્તિ સર્વ લોકમાં વ્યાપ્ત થશે.[૭] હે રાજન્! આ મહાયજ્ઞ ઋષિઓને, પિતૃઓને, દેવોને, અમને, તમારા સંબંધીઓ તથા સર્વ પ્રાણીઓને પણ ઇચ્છિત છે.[૮] એટલા માટે સર્વ રાજાઓને જીતી, પૃથ્વીને વશ કરી, યજ્ઞની સર્વ સામગ્રીઓ તૈયાર કરી તમે મહાયજ્ઞ કરો.[૯] હે રાજન્! આ તમારા ભાઈઓ લોકપાલોના અંશોથી ઉત્પન્ન થયા છે અને હું અજિતેન્દ્રિય પુરુષોથી ન જિતાઉં એવો છું, તેને પણ જિતેન્દ્રિય એવા તમે જીતી લીધો છે. (તેથી તમારે રાજસૂય કરવો એ કંઈ મુશ્કેલ વાત નથી.) લોકમાં જે પુરુષ મારાપરાયણ રહેનારો છે તેનો તેજથી, યશથી, સંપત્તિથી કે વિભૂતિઓથી દેવ પણ પરાભવ કરી શકતો નથી; તો પછી રાજા તો ક્યાંથીજ પરાભવ કરી શકે!'[૧૦-૧૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"ભગવાન શ્રીકૃષ્ણનું કહેવું સાંભળીને પ્રફુલ્લ મુખકમળવાળા યુધિષ્ઠિર રાજા પ્રસન્ન થયા અને તેમણે વિષ્ણુના તેજથી વૃદ્ધિ પામેલા પોતાના ભાઇઓને દિગ્વિજયને માટે રવાના કર્યા.[૧૨] સહદેવને સૃંજયોની સાથે દક્ષિણ દિશામાં, નકુલને મત્સ્ય યોદ્ધાઓની સાથે પશ્ચિમ દિશામાં, અર્જુનને કેકય યોદ્ધાઓની સાથે ઉત્તર દિશામાં અને ભીમસેનને મદ્રયોદ્ધાઓની સાથે પૂર્વ દિશામાં મોકલ્યો.[૧૩] હે રાજા! તે વીર પાંડવોએ, રાજાઓને બળથી જીતીને દિશાઓમાંથી પુષ્કળ ધન આણ્યું અને તે ધન યજ્ઞ કરનારા યુધિષ્ઠિર રાજાને અર્પણ કર્યું.[૧૪] પછી કેવળ એક જરાસંધને નહિ જિતાયલો સાંભળી યુધિષ્ઠિર રાજા વિચાર કરવા લાગ્યા; એટલે ઉદ્ધવજીએ કહેલોજ ઉપાય શ્રીકૃષ્ણે તેમને કહી બતાવ્યો અને તે પછી હે તાત પરીક્ષિત! ભીમસેન, અર્જુન તથા શ્રીકૃષ્ણ, બ્રાહ્મણના વેષને ધારણ કરી જ્યાં બૃહદ્રથનો પુત્ર જરાસંધ રહેતો હતો ત્યાં ગિરિવ્રજમાં ગયા.[૧૫-૧૬] બ્રાહ્મણવેષને ધારણ કરનારા તે ત્રણે ક્ષત્રિયોએ, અતિથિસત્કાર કરવાના સમયે જરાસંધને ઘેર જઇ બ્રાહ્મણોના ભક્ત અને ગૃહસ્થ એવા તેની પાસે યાચના કરી કે, 'હે રાજન્! અમે અતિથિઓ આવ્યા છીએ એમ તું જાણ અને કંઈ પણ પ્રયોજનવાળા હોઇનેજ દૂર સુધી આવ્યા છીએ. માટે અમે જે વસ્તુની ઇચ્છા રાખીએ છીએ, તે વસ્તુ તું અમને આપ; તારું કલ્યાણ થાઓ. સહનશીલ પુરુષોને દુ:સહ શું છે? દુષ્ટ પુરુષોને અકાર્ય શું છે? દાતા પુરુષોને નહિ આપવા લાયક શું છે? અને સમદૃષ્ટિવાળા પુરુષોને પારકો કોણ છે? જે પોતે સમર્થ હોય છતાં અનિત્ય એવા શરીરથી સત્પુરુષોએ ગાવા યોગ્ય એવા યશને એકઠો કરતો નથી તે પુરુષ ખરેખર નિંદનીય અને શોચનીય છે.[૧] હરિશ્ચન્દ્ર,

૧. હરિશ્ચંદ્ર વિશ્વામિત્રના કરજમાંથી છૂટવા માટે સ્ત્રી–પુત્ર આદિ સર્વસ્વ વેચી નાખીને પોતે ચાંડાલને ત્યાં રહ્યો હતો; છતાં કંટાળ્યો નહિ તેથી અયોધ્યાના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[2] રંતિદેવ, [3] ઉંછવૃત્તિ સ્વીકારનાર મુદ્‌ગલ, [4] શિબિ, [5] બલિ, [6] હોલો અને એક [7] પારધી–એમ અનેક પ્રાણીઓ અનિત્ય શરીરથી નિત્ય એવા લોકોને પામ્યા છે.' ૧૭–૨૧

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"સ્વર, આકૃતિ અને ધનુષની દોરીના આઘાતનાં ચિહ્નવાળાં હાથનાં કાંડાંઓ પરથી 'આ કોઇ ક્ષત્રિયો છે અને આ લોકને મેં પૂર્વે ક્યાંય જોયા પણ છે' આમ જાણી લઇ જરાસંધ વિચાર કરવા લાગ્યો કે, 'ભલે, આ ક્ષત્રિયો છે, પણ બ્રાહ્મણના વેષને ધારણ કરી રહ્યા છે; માટે તેઓ જો માગશે તો મારા દુસ્ત્યજ આત્માનો પણ હું ત્યાગ કરી દઇશ. ઇન્દ્રને માટે રાજ્યલક્ષ્મી હરી લેવા ઇચ્છતા વિષ્ણુએ બ્રાહ્મણનો વેષ ધારણ કરી બલિરાજાને ઐશ્વર્યથી ભ્રષ્ટ કર્યો હતો, તોપણ બલિરાજાની નિર્દોષ કીર્તિ દિશાઓમાં ફેલાયલી સંભળાય છે. દૈત્યોનો રાજા બલિ, બ્રાહ્મણનું રૂપ ધારણ કરનાર તે વિષ્ણુને જાણી ગયો હતો અને શુક્રાચાર્યે તેને વાર્યો પણ હતો; છતાં તેણે વિષ્ણુને પૃથ્વી આપી દીધી હતી. માટે પ્રતિક્ષણ પતન પામી રહેલા–નાશવંત અધમ ક્ષત્રિયશરીરથી જીવતાં જો બ્રાહ્મણ માટે (કાર્ય કરીને) મહાન યશ ન મેળવ્યો; તો પછી એ શરીર વડે કયું પ્રયોજન સિદ્ધ થવાનુ છે?' આવો મનમાં વિચાર કરી ઉદાર બુદ્ધિવાળા જરાસંધે શ્રીકૃષ્ણ, અર્જુન તથા ભીમસેનને કહ્યું કે, 'હે બ્રાહ્મણો! તમારી જે ઇચ્છા હોય તે માગો; હું તમને મારું મસ્તક પણ આપીશ.' ૨૨–૨૭

શ્રીભગવાન બોલ્યાઃ–'હે રાજેન્દ્ર! જો તું આવો નિશ્ચય કરે છે તો તું અમને દ્વન્દ્વયુદ્ધ આપ. અમે ક્ષત્રિયો છીએ અને યુદ્ધની ઇચ્છાવાળા હોઇને અહીં આવ્યા છીએ, અમે અન્ન ઇચ્છનારા (બ્રાહ્મણો) નથી. ૨૮ આ કુંતાપુત્ર ભીમસેન છે, આ તેનો ભાઈ અર્જુન છે અને હું એ બન્નેના મામાનો પુત્ર તારો શત્રુ કૃષ્ણ છું, એમ તું જાણ.' ૨૯

શ્રી શુકદેવજી બોલ્યાઃ– "શ્રીકૃષ્ણે એ રીતે જણાવ્યું એટલે જરાસંધ રાજા ખૂબ મોટેથી હસવા લાગ્યો અને ક્રોધાયમાન થઇ બોલ્યો કે, 'ઓ મૂર્ખાઓ! ભલે હું તમને યુદ્ધ આપું છું. પરંતુ ઓ કૃષ્ણ! તું તો બીકણ છે; તારું મન યુદ્ધમાં વ્યાકુળ થઇ જાય છે અને તું (મારા ભયને લીધેજ) પોતાની નગરી મથુરા છોડીને સમુદ્રને શરણે ગયો છે; માટે તારી સાથે હું યુદ્ધ કરીશ નહિ. ૩૦,૩૧ આ અર્જુન, અવસ્થામાં મારી સમાન નથી, અત્યંત બળવાન નથી, તેમજ શરીરે પણ મારા સરખો નથી; એટલે તે મારી સામે યુદ્ધ કરી શકે એવો નથી; પણ આ ભીમસેન મારી સામે યુદ્ધ કરી શકશે; કારણ કે તે મારા સમાન બળવાળો છે.' ૩૨ એમ કહીને તેણે ભીમસેનને એક મોટી ગદા આપી અને પોતે બીજી ગદા લઇને નગરની બહાર નીકળ્યો. ૩૩ ત્યાર પછી સપાટ યુદ્ધક્ષેત્ર ઉપર રણમાં ઉદ્ધત એવા તેઓ બન્ને વીરો સામસામા યુદ્ધ કરવા લાગ્યા તથા વજ્રજેવી ગદા-

---

લોકોની સાથે સ્વર્ગમાં ગયો હતો.

૨. રંતિદેવને કુટુંબ સાથે અડતાળીસ દિવસ સુધી અન્નજળ મળ્યું ન હતું, છતાં છેવટે માંડમાંડ મળેલું અન્નજળ અતિથિઓને આપી દઈ પોતે બ્રહ્મલોકમાં ગયો હતો.

૩. બજારમાં દુકાનોની આસપાસ પડી રહેલા દાણાઓ વીણી લાવી આજીવિકા ચલાવનાર મુદ્‌ગલ, ૭ મહિના સુધી દુઃખી કુટુંબવાળો થયો હતો છતાં તે અતિથિઓને દાન આપીને બ્રહ્મલોકમાં ગયો હતો.

૪. શિબિ રાજા, શરણે આવેલા હોલાનું રક્ષણ કરવા માટે પોતાનું માંસ બાજ પક્ષીને આપી દઇ સ્વર્ગે ગયો હતો.

૫. બલિ રાજાએ બ્રાહ્મણવેષને ધારણ કરનારા શ્રીભગવાનને સર્વસ્વ આપી દઇ તે ભગવાનનેજ પોતાના કરી લીધા હતા.

૬. એક હોલાએ પોતાને ત્યાં અતિથિ તરીકે આવેલા એક શિકારીને હોલી સાથે પોતાનું માંસ અર્પણ કર્યું હતું, જેથી તે વિમાનમાં બેસી સ્વર્ગે ગયો હતો.

૭. એ હોલા–હોલીનું તે સત્ય જોઇ શિકારીને અત્યંત વૈરાગ્ય થઇ ગયો; કે જેથી તે પણ મહાપ્રસ્થાન કરી વનના અગ્નિમાં શરીર બાળી નાખી પાપરહિત થઇ સ્વર્ગમાં ગયો હતો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એથી એકબીજાને પ્રહાર કરવા લાગ્યા.[૩૪] જાતજાતની યુદ્ધગતિઓમાં ડાબા–જમણા ઘૂમતા તેઓ બન્નેનું એ યુદ્ધ રંગભૂમિમાં રહેલા બે (નિર્ભય) નટોના સરખું શોભતું હતું.[૩૫] હે રાજન્! તે પછી સામસામા યુદ્ધ કરતા બે હાથીઓના દાંતના પરસ્પર આઘાતથી જેવા કડાકાઓ થાય, તેવા સામસામે ફેંકાયલી ગદાઓના વજ્રપાત સરખા કડાકાઓ થવા લાગ્યા[૩૬] અને જોતજોતામાં તો પ્રદીપ્ત ક્રોધવાળા બે હાથીઓ આકડાના ઝાડની શાખાઓ લઇને યુદ્ધ કરે અને તે શાખાઓના જેમ ભુક્કા થઇ જાય, તેમ યુદ્ધ કરતા તેઓ બન્નેની હાથના વેગપૂર્વક ફેંકાતી ગદાઓ એકબીજાના ખભા, કેડ, પગ, સાથળો તથા હાંસડીઓ ઉપર પડી પડીને ભાંગી ભુક્કા થઇ ગઇ.[૩૭] એ પ્રમાણે તેઓ બન્નેની ગદાઓ ભાંગી ગઈ એટલે તે બન્ને વીરપુરુષો, લોઢા જેવો સ્પર્શ કરતી પોતાની મુઠ્ઠીથી એકબીજાને ઠોકવા લાગ્યા અને બે હાથીઓની પેઠે એકબીજાને પ્રહાર કરતા તેઓની હથેળીઓના મારથી જે શબ્દ ઉત્પન્ન થતો હતો, તે શબ્દ વજ્રના કડાકાઓ જેવો ભયંકર હતો.[૩૮] હે રાજન્! એ પ્રમાણે જેઓનો અભ્યાસ, બળ તથા પ્રભાવ સમાન હતાં એવા તેઓ બન્ને, સામસામા પ્રહાર કરતા હતા તે છતાં તે બન્નેનો વેગ ક્ષીણ થયો ન હતો અને તેઓનું યુદ્ધ એકસરખું થતું હતું.[૩૯] હે મહારાજ! એ પ્રમાણે (દિવસે) યુદ્ધ કરતા અને રાત્રે મિત્રની પેઠે રહેતા તે બન્નેના સત્તાવીસ દિવસો વીતી ગયા.[૪૦] પછી હે રાજન્! એક દિવસે ભીમસેને પોતાના મામાના પુત્ર શ્રીકૃષ્ણને કહ્યું કે, 'હે કૃષ્ણ! હું યુદ્ધમાં જરાસંધને જીતવા સમર્થ નથી.' શ્રીકૃષ્ણ, જરાસંધનાં (બે ફાડિયાંરૂપ) જન્મ તથા મૃત્યુને જાણતા હતા અને જરા નામની રાક્ષસીએ (તે બે ફાડિયાં સાંધીને) કરેલું તેનું જીવિત પણ તેઓ જાણતા હતા; જેથી પોતાના તેજ વડે ભીમસેનને બળવાન કરતા વિચાર કરવા લાગ્યા (કે, જરાસંધનાં બે ફાડિયાં કેવી રીતે કરવાં?)

પછી અમોઘ જ્ઞાનવાળા શ્રીકૃષ્ણે, શત્રુના વધનો ઉપાય વિચારીને હાથમાં વૃક્ષની એક ડાળખી લઇ 'જેમ હું આ ડાળખીને ચીરી નાખું છું તે પ્રમાણે તું શત્રુને ચીરી નાખ.' એમ સંજ્ઞા કરીને ભીમસેનને શત્રુના વધનો ઉપાય દર્શાવ્યો; એટલે એ સંજ્ઞા ઉપરથી શત્રુના વધનો ઉપાય જાણી લઇને યોદ્ધાઓમાં શ્રેષ્ઠ મહાબળવાન ભીમસેને શત્રુને પગ પકડીને પૃથ્વી ઉપર પાડી નાખ્યો અને પછી તેના એક પગને પોતાના પગથી દબાવી રાખી, બીજા પગને બે હાથથી પકડી, મોટો હાથી જેમ વૃક્ષની શાખાને ચીરી નાખે, તે પ્રમાણે ગુદાના ભાગથી તેને ચીરી નાખ્યો.[૪૧–૪૫] તે સમયે (જરાસંધનાં) એક પગ, એક સાથળ, એક વૃષણ, એક કેડ, એક પીઠ, એક સ્તન, એક ખભો, એક ભુજા, એક નેત્ર, એક ભ્રૂકુટી અને એક કાનવાળાં બે ફાડિયાં પ્રજાઓએ જોયાં.[૪૬] એ રીતે મગધરાજ જરાસંધ મરણ પામ્યો, ત્યારે મોટો હાહાકાર થઈ રહ્યો અને શ્રીકૃષ્ણે તથા અર્જુને ભીમસેનને ભેટી પડી તેનું સન્માન કર્યું.[૪૭] પછી પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા અને દુર્જ્ઞેય સ્વરૂપવાળા સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે, જરાસંધના પુત્ર સહદેવનો મગધ દેશના રાજા તરીકે અભિષેક કર્યો અને જરાસંધે જે રાજાઓને કેદ કર્યા હતા તેઓને છૂટા કર્યા."[૪૮]

अभ्यषिंचदमेयात्मा मगधानां पतिं प्रभुः।
मोचयामास राजन्यान् संरुद्धा मागधेन ये॥४८॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૨ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ७३ मो*

શ્રીકૃષ્ણે રાજાઓને છૂટા કરી તેઓનાં રાજ્ય પાછાં સોંપ્યાં

॥ श्रीशुक उवाच ॥

अयुते द्वे शतान्यष्टौ लीलया युधि निर्जिताः।
ते निर्गता गिरिद्रोण्या मलिना मलवाससः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"પછી જરાસંધે યુદ્ધમાં રમતમાત્રમાં જીતી લીધેલા જે વીસ હજાર ને આઠસો રાજાઓ પર્વતની ગુફામાં કેદ હતા તેઓ તેમાંથી બહાર નીકળ્યા. તેઓ મલિન થઇ ગયા હતા તથા તેમનાં વસ્ત્રો પણ મેલાં હતાં અને ભૂખને લીધે તેઓ દુબળા થઇ ગયા હતા; તેમજ તેમનાં મુખ સુકાઇ ગયાં હતાં અને કેદ પુરાવાને લીધે તેઓને ઘણું દુઃખ થયું હતું. તેઓએ મેઘના જેવા શ્યામ, પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરનારા, શ્રીવત્સના ચિહ્નવાળા, ચાર ભુજાઓવાળા, કમળના ગર્ભ સરખાં લાલ નેત્રોવાળા, સુંદર પ્રસન્ન મુખવાળા, ઝળકતાં મકરાકાર કુંડળોવાળા, હાથમાં કમળને ધારણ કરી રહેલા, ગદા, શંખ તથા ચક્રથી યુક્ત, મુકુટ, હાર, કડાં, કંદોરો તથા બાજુબંધથી સુશોભિત, ઝળકતા કૌસ્તુભમણિથી યુક્ત ડોકવાળા અને વનમાળાથી વીંટાયલા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. તે પછી શ્રીકૃષ્ણનાં દર્શનથી જેઓનાં પાપ નાશ પામ્યાં હતાં એવા અને નેત્રોથી (ભગવાનને) પી જતા હોય, જીભથી ચાટી જતા હોય, નાસિકાથી સૂંઘી જતા હોય; તેમજ બાહુઓથી ભેટી પડતા હોય એવા જણાતા તે રાજાઓ, શ્રીહરિના ચરણમાં મસ્તક વડે પ્રણામ કરવા લાગ્યા. ત્યાર પછી શ્રીકૃષ્ણનાં દર્શનથી ઉત્પન્ન થયેલા આનંદને લીધે જેમનો કેદ પુરાવાનો થાક દૂર થયો હતો, એવા તે રાજાઓ બે હાથ જોડીને, ઇન્દ્રિયોના અધીશ્વર શ્રીકૃષ્ણની, વાણીથી આ રીતે સ્તુતિ કરવા લાગ્યા.૧-૭

રાજાઓ બોલ્યા:–'હે દેવોના પણ દેવેશ્વર! હે શરણાગતની પીડાને દૂર કરનારા! હે અવિનાશી! હે કૃષ્ણ! આ ઘોર સંસારથી કંટાળેલા તેમજ આપને શરણે આવેલા એવા અમારું આપ રક્ષણ કરો.૮ હે મધુ દૈત્યનો નાશ કરનારા નાથ! અમે આ જરાસંધના ઉપર દોષારોપ કરતા નથી; કારણ કે હે વ્યાપક દેવ! રાજાઓનો રાજ્યભ્રંશ તે આપનો એક અનુગ્રહજ છે.૯ રાજા રાજ્યના ઐશ્વર્યના મદથી છકી જંઇને કલ્યાણ સંપાદન કરતો નથી અને આપની માયાથી મોહિત થઇ અનિત્ય એવી પણ સંપત્તિઓને અચળ માને છે.૧૦ જેમ મૂર્ખાઓ ઝાંઝવાનાં જળને જળાશય માને છે, તેમ અવિવેકીઓ સૃષ્ટિ આદિ વિકારને પામેલી માયાને સત્ય વસ્તુ માને છે.૧૧ હે પ્રભો! અમે પહેલાં લક્ષ્મીના મદને લીધે આંધળા બની ગયા હતા; આ પૃથ્વીને જીતવાની ઇચ્છાથી એકબીજાની સ્પર્ધા કરતા હતા અને સંમુખજ મૃત્યુરૂપ એવા આપને નહિ ગણકારી દુષ્ટ મદવાળા થઇને, અત્યંત નિર્દય એવા અમે પોતાની પ્રજાઓનો નાશ કરનારા હતા.૧૨ હે કૃષ્ણ! તેજ અમને આજ ગંભીર વેગવાળા, દુરંત પરાક્રમી અને આપની મૂર્તિરૂપ એવા કાળે કૃપા કરીને લક્ષ્મીથી ભ્રષ્ટ કર્યા છે, કે જેથી અમે નાશ પામેલા ગર્વવાળા થઇને આપના ચરણનું સ્મરણ કરીએ છીએ.૧૩ માટે હવે તો હે વિભો! ઝાંઝવાના જળ જેવા રાજ્યને ક્ષણે ક્ષણે ક્ષીણ થતા અને રોગોની જન્મભૂમિરૂપ એવા આ શરીર વડે ઉપભોગ કરવાયોગ્ય તરીકે અમે ઇચ્છતા નથી અને તેજ પ્રમાણે કાનને રુચિકર તેવાં પરલોકનાં ક્રિયાફળ–સ્વર્ગાદિ ભોગોને પણ સેવવાયોગ્ય તરીકે

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે રાજાઓને મુક્ત કરી રાજાઓને યોગ્ય ભોગવૈભવો સહિત તેઓને પોતપોતાના દેશમાં મોકલી દીધા અને પોતે પાછા ઇન્દ્રપ્રસ્થ આવ્યા, એ કથા કહેવાશે.

અત્યંત ઉદ્ધત એવા જરાસંધનો વધ કરી તેણે કેદ કરેલા રાજાઓને છૂટા કરી, શ્રીકૃષ્ણે તેઓને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમે ઇચ્છતા નથી.[14] માટે હવે તો આપ અમને એવોજ કોઇ ઉપાય બતાવો કે જેથી આ સંસારમાં જન્મ્યા કર્યા છતાં અમને આપનું સ્મરણ કદી વિરામ જ ન પામે.[15] શ્રીકૃષ્ણ, વાસુદેવ, શ્રીહરિ, પરમાત્મા અને નમ્ર પ્રાણીઓના ક્લેશનો નાશ કરનારા આપ ગોવિંદને અમારા વારંવાર પ્રણામ હો.'[16]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે તાત ! એ પ્રમાણે બંધનથી મુક્ત થયેલા રાજાઓએ ભગવાનની સ્તુતિ કરી, એટલે શરણાગતનું રક્ષણ કરનારા દયાળુ ભગવાન, મધુર વાણી વડે તેઓને કહેવા લાગ્યા.[17]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે રાજાઓ ! તમોએ જે પ્રમાણે ઇચ્છા કરી છે, તે પ્રમાણે આજથી માંડી આત્મારૂપ અને સર્વના ઈશ્વર એવા મારામાં તમને અતિ દઢ ભક્તિ થશે. હે રાજાઓ ! તમે (મારું ભજનજ કરવું એવો) જે નિશ્ચય કર્યો છે, તે બહુજ ઉત્તમ છે. ખરેખર, તમે સત્યભાષી છો; કારણ કે હું જોઉં છું કે લક્ષ્મી, તથા ઐશ્વર્યથી જે મદ થાય છે અને તે મદને લીધે જ સ્વેચ્છાચાર થાય છે તે મનુષ્યોને ઉન્માદક થઇ પડે છે—પાગલ બનાવી દે છે.[18।19] સહસ્રાર્જુન, નહુષ, વેન, રાવણ, નરકાસુર અને બીજા ઘણા દેવો, દૈત્યો તથા મનુષ્યોના રાજાઓ લક્ષ્મીના મદથી સ્થાનભ્રષ્ટ થયા છે.[20] માટે 'જે આ દેહ વગેરે કંઇ ઉત્પન્ન થાય છે, તે નાશવંત છે' એમ જાણીને તમે સાવધાન રહી યજ્ઞો વડે મારું પૂજન કરતા ધર્મપૂર્વક પ્રજાઓનું રક્ષણ કરો;[21] તેમજ પુત્ર વગેરે સંતતિનો વિસ્તાર કરતા તમે સુખ, દુઃખ, સંપત્તિ કે વિપત્તિ જે જે પ્રાપ્ત થાય તેને (સમભાવે) સેવતા મારામાં ચિત્ત રાખી વિચર્યા કરો;[22] જેથી દેહાદિ પર ઉદાસીન થઇ આત્મામાંજ તમે રમણ કરશો, વ્રતોને ધારણ કરશો અને છેવટે મારામાં મનને સારી રીતે સ્થાપી દઇ તમે મને—બ્રહ્મને પ્રાપ્ત થશો.'[23]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે રાજાઓને કહીને જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણે, તેઓને સ્નાન કરાવવાને માટે પુરુષો તથા સ્ત્રીઓને આજ્ઞા કરી.[24] પછી હે ભરતવંશી રાજા ! રાજાઓને યોગ્ય એવાં વસ્ત્રો, આભૂષણો, માળાઓ તથા વિલેપનોથી સહદેવની પાસે તેઓનો સત્કાર કરાવ્યો; તેમજ સારી રીતે નાહેલા અને શણગારેલા તે રાજાઓને ઉત્તમ અન્નનાં ભોજન કરાવી રાજાને યોગ્ય એવા તાંબૂલ આદિ જાતજાતના ભોગો ભોગવાવી ફરી તેઓનો સત્કાર કરાવ્યો.[25।26] એ વેળા શ્રીકૃષ્ણે સત્કાર કરેલા ને ઉજ્જ્વળ કુંડળોને ધારણ કરી રહેલા તે રાજાઓ કેદખાનાના દુઃખથી મુક્ત થઇને, વર્ષાઋતુના અંતે ચંદ્રાદિ ગ્રહો શોભે તેમ શોભતા હતા. પછી ઉત્તમ ઘોડાઓ જોડેલા તથા મણિઓ અને સુવર્ણથી શણગારેલા રથોમાં બેસાડી, સત્ય અને પ્રિય એવાં વાક્યોથી પ્રસન્ન કરી તે રાજાઓને ભગવાને પોતપોતાના દેશો તરફ વિદાય કર્યા.[27।28] એ પ્રમાણે મહાત્મા શ્રીકૃષ્ણે દુઃખથી મુક્ત કરેલા તે રાજાઓ, શ્રીકૃષ્ણનુંજ ધ્યાન કરતા અને તે જગત્પતિનાં કર્મોનુંજ ચિંતન કરતા પોતાના દેશોમાં ગયા.[29] ત્યાં જઇને તેઓએ મહાપુરુષ શ્રીકૃષ્ણનું તે ચરિત્ર પોતાના પ્રધાનો વગેરેને કહી સંભળાવ્યું અને ભગવાન કૃષ્ણે તેઓને જે પ્રમાણે કરવા આજ્ઞા કરી હતી, તે પ્રમાણે તેઓએ સાવધાન થઇને કર્યું.[30] શ્રીકૃષ્ણે પણ એ રીતે ભીમસેનદ્વારા જરાસંધનો ઘાત કરાવી ભીમસેન તથા અર્જુનની સાથે સહદેવથી સત્કાર પામી ઇન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કર્યું.[31] શત્રુઓને જીતેલા તે ત્રણેએ ઇન્દ્રપ્રસ્થ જઇને પોતાના સ્નેહીઓને આનંદ કરાવતાં અને શત્રુઓને દુઃખ ઉપજાવતાં પોતપોતાના શંખો વગાડ્યા.[32] તે સાંભળીને ઇન્દ્રપ્રસ્થવાસીઓ પ્રસન્ન મનવાળા થયા અને તેઓએ માની લીધું કે, 'જરાસંધ રાજા મરણ પામ્યો છે ને યુધિષ્ઠિર રાજાના મનોરથો ફળ્યા છે.'[33] પછી ભીમ, અર્જુન તથા શ્રીકૃષ્ણે, યુધિષ્ઠિર રાજાને વંદન કરીને પોતે જે કાર્ય કર્યું હતું તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વ કહી સંભળાવ્યું.[૩૪] ધર્મરાજ—યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણે કરેલી તે કૃપા સાંભળીને પ્રેમથી આનંદનાં અશ્રુબિંદુઓ વર્ષાવતા કંઇ બોલી શક્યા નહિ."[૩૫]

निशम्य धर्मराजस्तत् केशवेनानुकंपितम् ।
आनंदाश्रुकलां मुंचन् प्रेम्णा नोवाच किंचन ॥३५

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉતરાર્ધ વિષે અધ્યાય ૭૩ મો સમાપ્ત

अध्याय ७४ मो+

શિશુપાલનો વધ

॥ श्रीशुक उवाच ॥

एवं युधिष्ठिरो राजा जरासंधवधं विभोः ।
कृष्णस्य चानुभावं तं श्रुत्वा प्रीतस्तमब्रवीत् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"યુધિષ્ઠિર રાજા, એ પ્રમાણે જરાસંધનો વધ તથા શ્રીકૃષ્ણનો તે પ્રભાવ સાંભળીને (તેમજ પોતાની આજ્ઞા શ્રીકૃષ્ણે કરી તે જોઇને) પ્રસન્ન થઇ તેમને કહેવા લાગ્યા.

યુધિષ્ઠિર બોલ્યાઃ—'જેઓ બ્રહ્મા—રુદ્ર વગેરે ત્રૈલોક્યના ગુરુઓ છે અને જેઓ—ઇન્દ્ર વગેરે લોકોના મહેશ્વર છે, તેઓ પણ દુર્લભ એવી આપની આજ્ઞાને પ્રાપ્ત કરીને મસ્તક પરજ ચડાવે છે.[૧-૨] હે સર્વથી મહાન દેવ! કમળ સમાન નેત્રોવાળા તેજ આપ પરમેશ્વર, દીન છતાં પોતાને રાજા માનનારા અમારી આજ્ઞાને પાળો છો, તે અત્યંત અયોગ્ય અનુકરણ છે. (કેમકે તેથી તો આપના તેજની હાનિ થાય છે.)[૩] અથવા જેમ પોતાનાંજ ઉદય તથા અસ્ત આદિ કર્મોથી સૂર્યનું તેજ વધતું નથી કે ઘટતું નથી, તેમ એક, અદ્વિતીય, સમાન—અસમાનરહિત, બ્રહ્મ અને પરમાત્મા એવા આપનું પણ (બીજા પર અનુગ્રહ માટેનાં) આ કર્મોથી તેજ વધતું નથી કે ઘટતું નથી. હે અજિત! જેમ પશુના જેવા અજ્ઞાનીઓને શરીરવિષયક 'તું—તારું, હું—મારું' એવી અનેક જાતની ભેદબુદ્ધિ હોય છે, તેવી આપના ભક્તોને હોતી નથી; તો પછી હે લક્ષ્મીપતિ! આપને તો (તેવી બુદ્ધિ) નજ હોય એમાં શું કહેવાનું હોય?[૪-૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભગવાનને એમ કહ્યા પછી યજ્ઞને યોગ્ય સમય (વસંતઋતુ વગેરે) આવી પહોંચ્યો, ત્યારે શ્રીકૃષ્ણે સલાહ આપેલા યુધિષ્ઠિર રાજાએ, વેદવાદી બ્રાહ્મણોને ઋત્વિજ તરીકે વરાવ્યા.[૬] વેદવ્યાસ, ભરદ્વાજ, સુમંતુ, ગૌતમ, અસિત, વસિષ્ઠ, ચ્યવન, કણ્વ, મૈત્રેય, કવષ, ત્રિત, વિશ્વામિત્ર, વામદેવ, સુમતિ, જૈમિનિ, ક્રતુ, પૈલ, પરાશર, ગર્ગ, વૈશંપાયન, અથર્વા, કશ્યપ, ધૌમ્ય, ભૃગુવંશી પરશુરામ, આસુરિ, વીતિહોત્ર, મધુચ્છંદસ્, વીરસેન અને અકૃતવ્રણ—વગેરે બ્રાહ્મણોને યજ્ઞના વરણમાં વરાવ્યા;[૭-૯] તેમજ બીજા દ્રોણાચાર્ય, ભીષ્મ, કૃપાચાર્ય, પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર, મહાબુદ્ધિમાન વિદુર, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, સર્વ રાજાઓ તથા રાજાઓના પ્રધાનો વગેરેને આમંત્રણો આપવામાં આવ્યાં હતાં; તેથી તેઓ સર્વે, યજ્ઞનાં દર્શન કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યા હતા. તે પછી એ બ્રાહ્મણોએ યજ્ઞની ભૂમિને સુવર્ણના હળથી ખેડી શુદ્ધ કરીને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક યુધિષ્ઠિર રાજાને યજ્ઞદીક્ષા આપી. જેમ પૂર્વે વરુણદેવના યજ્ઞમાં સર્વ સામાન સુવર્ણનોજ હતો, તેમ યુધિષ્ઠિરના રાજસૂયમાં પણ સર્વ સામાન સુવર્ણનોજ હતો. એ યજ્ઞમાં બ્રહ્મા તથા શંકર સાથે પોતપોતાના ગણો સહિત ઇન્દ્ર વગેરે લોકપાલો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, મુનિઓ, યક્ષો, રાક્ષસો, ખેચરો, કિન્નરો, ચારણો, સર્વ રાજાઓ તથા રાજરાણીઓને આમંત્રણ આપવામાં આવ્યાં હતાં; તેથી તેઓ સર્વ પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાના એ રાજસૂયમાં આવ્યા હતા[૧૦-૧૫] અને ત્યાં આવીને તેઓ આશ્ચર્યરહિત થઇ માનવા લાગ્યા કે, 'શ્રીકૃષ્ણના ભક્ત યુધિષ્ઠિર રાજાનો યજ્ઞ સુઘ-

+ આ અધ્યાયમાં બ્રાહ્મણોદ્વારા રાજસૂય યજ્ઞની ક્રિયા અને પ્રથમ પૂજાના પ્રસંગમાં શિશુપાલનો વધ વગેરે વર્ણવવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ટિતજ હોય.' પછી દેવો સમાન તેજસ્વી યાજ્ઞિક ઋત્વિજોએ, જેમ દેવોએ વરુણ પાસે યજ્ઞ કરાવ્યો હતો, તેમ વિધિપૂર્વક મહારાજ યુધિષ્ઠિર પાસે રાજસૂય યજ્ઞ કરાવ્યો.[૧૬] તેમાં સોમરસ કાઢવાના દિવસે રાજા યુધિષ્ઠિરે, બરાબર સાવધાન થઇને મહાભાગ્યશાળી એવા યજ્ઞ કરાવનારા બ્રાહ્મણો તથા સભાપતિઓની વિધિ પ્રમાણે પૂજા કરવાની તૈયારી કરી;[૧૭] તે વખતે 'સભાસદોમાં મુખ્ય પૂજાને યોગ્ય કોણ ?' તે સંબંધે સભાસદો વિચાર કરવા લાગ્યા; પણ મુખ્ય પૂજાને યોગ્ય ઘણા હોવાને લીધે કોઈ એકજ પુરુષનો નિશ્ચય નહિ થવાથી તેઓ તેવા કોઇ પુરુષને જાણી શક્યા નહિ; ત્યારે સહદેવ બોલી ઊઠ્યો કે,[૧૮] 'ભક્તોના પતિ ભગવાન કૃષ્ણ, (મુખ્ય પૂજા માટેની) શ્રેષ્ઠતાને યોગ્ય છે; કારણ કે આ શ્રીકૃષ્ણજ સર્વ દેવો, દેશ, કાળ તથા ધન વગેરેરૂપ છે; એટલુંજ નહિ પણ આ જગત જે રૂપ છે, સર્વ યજ્ઞો જે રૂપ છે અને અગ્નિ, આહુતિઓ, મંત્રો, સાંખ્ય (જ્ઞાન) તથા યોગ (ઉપાસના) પણ જે શ્રીકૃષ્ણપરાયણ છે; કેમકે આ શ્રીકૃષ્ણ એકજ છે અને અદ્વિતીય છે; વળી આ જગત, આ શ્રીકૃષ્ણરૂપી આત્માવાળું છે; કારણ કે હે સભાસદો ! અજન્મા એવા આ શ્રીકૃષ્ણ પોતેજ પોતાનો આશ્રય કરીને પોતાના વડેજ જગતને સૃજે છે, રક્ષે છે અને સંહારે છે.[૧૯-૨૧] તેમજ જેમની કૃપાદૃષ્ટિથી આ સર્વ જીવવર્ગ, જાતજાતનાં કર્મો કરતો ધર્મ આદિ જેનું લક્ષણ છે એવા કલ્યાણને સિદ્ધ કરી શકે છે. (અર્થાત્ યજ્ઞયાગાદિ સર્વ કર્મો અને તેનાં ફળો પરમેશ્વર શ્રીકૃષ્ણનેજ અધીન છે.)[૨૨] માટે સર્વથી મહાન આ શ્રીકૃષ્ણનેજ મુખ્ય પૂજા અર્પણ કરો. જો એમ કરવામાં આવશે તોજ સર્વ પ્રાણીઓનું તથા આપણું પોતાનું પણ આપણે પૂજન કર્યું ગણાશે.[૨૩] જે પુરુષ પોતે અર્પણ કરેલાંનું અનંત ફળ ઇચ્છતો હોય, તેણે સર્વ પ્રાણીઓના આત્મારૂપ, ભેદબુદ્ધિથી રહિત, શાંત અને પૂર્ણ એવા શ્રીકૃષ્ણ ભગવાનનેજ સર્વ કંઇ અર્પણ કરવું જોઇએ.'[૨૪]

"એમ કહીને શ્રીકૃષ્ણના પ્રભાવને જાણનારો સહદેવ મૌન રહ્યો અને સર્વ ઉત્તમ સભાસદોએ તે સાંભળી 'વાહ, વાહ, ઠીક કહ્યું' એમ તેની પ્રશંસા કરી.[૨૫] રાજા યુધિષ્ઠિર, બ્રાહ્મણોનું કહેવું સાંભળીને તથા સભાસદોનો અભિપ્રાય જાણી લઇ પ્રસન્ન થયા; તેમણે સ્નેહથી વિહ્વળ થઇ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રથમ પૂજા કરી.[૨૬] તેમના બન્ને ચરણ ધોઇને લોકોને પવિત્ર કરનારું તે જળ સ્ત્રીઓ, નાના ભાઇઓ તથા કુટુંબ સાથે હર્ષપૂર્વક તેમણે મસ્તક પર ચડાવ્યું.[૨૭] તે પછી પીળાં રેશમી વસ્ત્રો અને મહાકીમતી આભૂષણોથી ભગવાનનું પૂજન કરી યુધિષ્ઠિર રાજા (હર્ષનાં) અશ્રુઓથી પૂર્ણ નેત્રોવાળા થઇને શ્રીકૃષ્ણ ભગવાનને જોઈ પણ શક્યા નહિ.[૨૮] એ રીતે શ્રીકૃષ્ણ પ્રભુને પૂજેલા જોઈ સર્વ સભાસદો બે હાથ જોડી 'નમઃ' 'જય' એમ કહી તેમને પ્રણામ કરવા લાગ્યા અને (સ્વર્ગમાંથી) તેમના પર પુષ્પોની વૃષ્ટિઓ થવા લાગી.[૨૯] તે વખતે દમઘોષનો પુત્ર શિશુપાલ, શ્રીકૃષ્ણનાં એ ગુણવર્ણન સાંભળી ક્રોધાયમાન થઇ ગયો અને તે અદેખો શિશુપાલ પોતાના આસન પરથી ઊભો થઈ એક હાથ ઊંચો કરીને સભાની વચ્ચે નિર્ભયપણે શ્રીકૃષ્ણ ભગવાનને કઠોર વચનો સંભળાવતો આ પ્રમાણે કહેવા લાગ્યોઃ[૩૦] 'કાળ સમર્થ છે અને દુર્લંઘ્ય છે એ લોકકહેવત સાચી છે, કારણ કે (એ કાળના પ્રભાવથી કોઈ વેળા) વૃદ્ધ પુરુષોની બુદ્ધિ પણ કોઈ બાળકનાં વાક્યોથી ફરી જાય છે.[૩૧] હે સભાપતિઓ ! તમે સર્વે, પાત્રને જાણનારાઓમાં શ્રેષ્ઠ છો; માટે 'કૃષ્ણ મુખ્ય પૂજા માટે માન્ય છે' આવાં બાળક-સહદેવનાં વચનને તમે ન માનો.[૩૨] વિદ્યા તથા વ્રતને ધારણ કરનારા, જ્ઞાનને લીધે નાશ પામેલાં પાપોવાળા, લોકપાલોએ પણ પૂજેલા ને બ્રહ્મનિષ્ઠ મહર્ષિ સભાપતિઓને ઓળંગીને, કાગડો જેમ પુરોડાશને યોગ્ય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી, તેમ કુળદૂષક આ ગોવાળિયો, પૂજાને યોગ્ય કેવી રીતે છે?[૩૩।૩૪] આ કૃષ્ણ વર્ણાશ્રમ અને કુળથી ભ્રષ્ટ છે, સર્વ ધર્મોથી બહિષ્કૃત છે, ઇચ્છાનુસાર વર્તનારો અને ગુણોથી રહિત છે, તે પૂજાને કેવી રીતે યોગ્ય છે?[૩૫] યાદવોના આ કુળને યયાતિ રાજાએ શાપ આપ્યો છે, સજ્જનોએ તેનો બહિષ્કાર કર્યો છે અને વૃથા મદિરાપાન કરવામાં જે નિત્ય આસક્ત રહે છે, તે પૂજાને યોગ્ય કેવી રીતે છે?[૩૬] આ લૂંટારા યાદવો બ્રહ્મર્ષિઓએ સેવેલા દેશોનો ત્યાગ કરી, બ્રહ્મતેજરહિત એવા સમુદ્રરૂપી કિલ્લાનો આશ્રય કરી પ્રજાઓને પીડે છે.[૩૭] એ રીતે જેનાં મંગળ નાશ પામ્યાં હતાં, એવો શિશુપાલ એવાં એવાં અમંગળ વાક્યો બોલ્યો; પણ સિંહ જેમ શિયાળની બૂમો સાંભળી કંઇ બોલે નહિ, તેમ ભગવાન કંઇ બોલ્યા નહિ.[૩૮] પરંતુ ભગવાનની તે દુઃસહ નિંદા સાંભળી સભાસદો કાન ઢાંકીને ક્રોધથી શિશુપાલને ગાળો દેતા સભામાંથી બહાર ચાલ્યા ગયા.[૩૯] કારણ કે ભગવાનની કે ભગવાનના ભક્તની નિંદા સાંભળતો જે મનુષ્ય, ત્યાંથી જો ખસી જતો નથી, તો તે પોતે પણ પુણ્યથી ભ્રષ્ટ થઇ નરકમાં જાય છે.[૪૦] ત્યાર પછી પાંડુના પુત્રો, મત્સ્યો, કૈકયો તથા સૃંજયો ક્રોધાયમાન થઈ શિશુપાલને મારી નાખવાની ઇચ્છાથી આયુધો ઉગામીને ઊભા થઇ ગયા; એટલે હે ભરતવંશી રાજન્! શિશુપાલે પણ ગભરાયા વિના શ્રીકૃષ્ણનો પક્ષ કરનારા રાજાઓની સભામાં, તિરસ્કાર કરી ઢાલ–તલવાર હાથમાં લીધી. તેટલામાં શ્રીકૃષ્ણ ભગવાને* ઊભા થઇને પોતાના પક્ષના રાજાઓને અટકાવી પોતેજ ક્રોધથી સામે ધસી આવતા શત્રુના મસ્તકને સજૈયાની ધાર જેવા તીક્ષ્ણ ચક્રથી ઉડાવી દીધું.[૪૧-૪૩] શિશુપાલ માર્યો ગયો, એ વખતે મોટા કોલાહલનો શબ્દ થઇ રહ્યો અને શિશુપાલના અનુયાયી રાજાઓ જીવવાની ઇચ્છાવાળા થઈ ત્યાંથી પલાયન કરી ગયા.[૪૪] એ વેળા શિશુપાલના શરીરમાંથી ઉત્પન્ન થયેલું તેજ, આકાશમાંથી પડેલું ઊબાડિયું જેમ પૃથ્વીમાં પેસી જાય, તેમ સર્વ પ્રાણીઓના દેખતાં શ્રીકૃષ્ણમાં પેસી ગયું હતું.[૪૫] એ પ્રમાણે ત્રણ જન્મોમાં અનુસરેલા વેરવાળી બુદ્ધિથી શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતો શિશુપાલ છેવટે શ્રીકૃષ્ણમયપણાને પામ્યો હતો.× કારણ કે ભાવ એજ જન્મનું કારણ છે. (અર્થાત્ ભાવના કે ધ્યાન એજ ધ્યેય વસ્તુના આકારરૂપ થવામાં કારણ છે, જેમ કીડો ભમરીનું ધ્યાન કરતાં ભમરી બની જાય છે.)[૪૬] તે પછી ચક્રવર્તી રાજા યુધિષ્ઠિરે, સદસ્યો સહિત ઋત્વિજોને પુષ્કળ દક્ષિણા આપી અને વિધિ અનુસાર સર્વની પૂજા કરી (યજ્ઞના અંતે કરવામાં આવતું) અવભૃથ સ્નાન કર્યું.[૪૭] યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ, એ રીતે યુધિષ્ઠિર રાજાનો યજ્ઞ પૂર્ણ કરાવી, સંબંધીઓની માગણી ઉપરથી કેટલાક મહિના ત્યાં રહ્યા હતા.[૪૮] પછી ત્યાંથી જવા દેવા નહિ ઇચ્છતા એવા પણ યુધિષ્ઠિર રાજાની સંમતિ લઇ ઈશ્વર શ્રીકૃષ્ણ, પોતાની સ્ત્રીઓ અને પ્રધાનો સાથે પોતાના નગરે પધાર્યા.[૪૯] એ પ્રમાણે વૈકુંઠમાં વસનારા ભગવાનના બન્ને પાર્ષદ–જય–વિજયને બ્રાહ્મણના શાપથી વારંવાર જન્મ લેવો પડ્યો હતો, તે આ આખ્યાન મેં ઘણા વિસ્તારથી તમારી આગળ વર્ણવ્યું છે.[૫૦] રાજા યુધિષ્ઠિર, રાજસૂય યજ્ઞના અંતે અવભૃથ સ્નાન કરી બ્રાહ્મણો તથા ક્ષત્રિયોની સભામાં ઇન્દ્રની પેઠે શોભતા હતા.[૫૧] તે પછી યુધિષ્ઠિર રાજાએ સત્કાર કરેલા દેવો, મનુષ્યો તથા ખેચરો શ્રીકૃષ્ણની તથા રાજસૂય યજ્ઞની પ્રશંસા કરતા કરતા હર્ષથી પોતપોતાને ઘેર ગયા.[૫૨] કુરુરાજાના કુળમાં રોગરૂપ અને કલિયુ-

* શ્રીકૃષ્ણ ભગવાન ઊભા થઇ ગયા, એમાં એમનો એ અભિપ્રાય હતો કે, આ શિશુપાલ મારો પાર્ષદ છે; તેથી મારા જેવોજ બળવાન છે અને આ બધાને મારી નાખશે; માટે મારેજ આને જલદી મારી નાખવો જોઈએ.–શ્રી.

× ફરી ભગવાનનો પાર્ષદ થયો હતો. —મા. ક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગના અંશરૂપ પાપી દુર્યોધન વિના એવો કોઇ પણ મનુષ્ય (યુધિષ્ઠિરના યજ્ઞમાં) ન હતો, કે જે પાંડુપુત્ર યુધિષ્ઠિરની તે વિશાળ સંપત્તિ જોઇને સહન કરી શક્યો ન હોય! [૫૩] જે મનુષ્ય શિશુપાલનો વધ વગેરે આ શ્રીકૃષ્ણચરિત્રનું, રાજાઓને તેમણે છૂટા કર્યા તે કર્મનું તથા યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞનું કીર્તન કરે છે, તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે." [૫૪]

य इदं कीर्तयेद्विष्णोः कर्म चैद्यवधादिकम् ।
राजमोक्षं वितानं च सर्वपापैः प्रमुच्यते ॥५४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૪ મો સમાપ્ત

અધ્યાય ૭૫ મો*

દુર્યોધનનો માનભંગ

॥ राजोवाच ॥

अजातशत्रोस्तं दृष्ट्वा राजसूयमहोदयम् ।
सर्वे मुमुदिरे ब्रह्मन् नृदेवा ये समागताः ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! યુધિષ્ઠિર રાજાના તે રાજસૂય યજ્ઞના મહાન ઉત્સવને જોઇને માત્ર એક દુર્યોધન વિના જે રાજાઓ, ઋષિઓ તથા દેવો ત્યાં આવ્યા હતા; તેઓ સર્વે પ્રસન્ન થયા હતા, એમ આપની પાસેથી મેં સાંભળ્યું; પણ હે ભગવન્! દુર્યોધન પ્રસન્ન ન થયો, એમાં જે કારણ હોય તે અમને કહો." [૧-૨]

શ્રીશુકદેવજી બોલ્યા:–"તમારા દાદા મહાત્મા યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં, પ્રેમરૂપી બંધનવાળા સર્વ સંબંધીઓ તેમનું કામકાજ કરવામાં હાજર રહ્યા હતા. [૩] ભીમસેન રસોડાનો અધ્યક્ષ, દુર્યોધન ધનભંડારનો અધ્યક્ષ, સહદેવ આવેલાંઓનો સત્કાર કરવાના કામમાં અધ્યક્ષ, નકુલ સઘળી વસ્તુઓ એકઠી કરવાના કામમાં અધ્યક્ષ, અર્જુન પૂજ્ય પુરુષોની સેવા કરવાના કામમાં અધ્યક્ષ, શ્રીકૃષ્ણ પૂજ્ય પુરુષોના પગ ધોવાના કામમાં અધ્યક્ષ, દ્રૌપદી પીરસવાના કામમાં અધ્યક્ષ અને મોટા મનનો કર્ણ દાન આપવાના કામમાં અધ્યક્ષ થયો હતો; તેમજ હે રાજેન્દ્ર! સાત્યકિ, વિકર્ણ, હાર્દિક્ય, વિદુર વગેરે, બાહ્લીકના પુત્રો ભૂરિ વગેરે અને બીજા પણ સંતર્દન વગેરેને એ મહાયજ્ઞમાં જાતજાતનાં અનેક કામોમાં નીમવામાં આવ્યા હતા અને તેઓ બધા યુધિષ્ઠિર રાજાનું પ્રિય કરવાની ઇચ્છાથી પોતપોતાના કામમાં લાગી ગયા હતા. [૪-૭] ઋત્વિજો, સદસ્યો, મોટા મોટા વિદ્વાનો તથા પોતાના સ્નેહીઓ અને સંબંધીઓનો સત્ય તથા હિતકારક એવાં ભાષણ, પૂજન તથા દક્ષિણાઓ વડે સારી રીતે સત્કાર કરવામાં આવ્યો હતો. ભક્તપતિ ભગવાનના ચરણમાં શિશુપાલ લય પામ્યો, ત્યાર પછી સર્વેએ ગંગા નદીમાં અવભૃથસ્નાન કર્યું હતું. [૮] તે વેળા એ અવભૃથસ્નાનના ઉત્સવમાં મૃદંગ, શંખ, પણવ, ધુંધુરી, આનક તથા શિંગડીઓ વગેરે જાતજાતનાં વાજાં વાગી રહ્યાં હતાં. [૯] નૃત્ય કરનારી સ્ત્રીઓ હર્ષભેર નૃત્ય કરતી હતી; ગવૈયાઓ ટોળે મળી ગાતા હતા ને તેઓની વીણા, વાંસળી તથા કરતાલનો અવાજ છેક સ્વર્ગપર્યંત પહોંચતો હતો. [૧૦] રંગબેરંગી ધ્વજાઓ તથા પતાકાઓના છેડા જેઓના પર ફરકતા હતા એવા મોટા મોટા હાથીઓ, રથો, ઘોડાઓ તથા સારી રીતે શણગારેલા યોદ્ધાઓ સહિત રાજાઓ સુવર્ણની માળાઓ ધારણ કરીને નગરની બહાર નીકળ્યા હતા. [૧૧] પોતપોતાનાં સૈન્યોથી પૃથ્વીને કંપાવતા યદુ, સૃંજય, કાંબોજ, કુરુ, કેકય તથા કોશલવંશી રાજાઓ, યજમાન યુધિષ્ઠિર રાજાને આગળ કરી (અવભૃથસ્નાન માટે) નગરની બહાર નીકળ્યા હતા; તેમજ

* આ અધ્યાયમાં 'યુધિષ્ઠિરના રાજસૂયના અંતે અવભૃથ સ્નાનનો ઉત્સવ અને દુર્યોધનને અદેખાઇને લીધે દૃષ્ટિભ્રમ થતાં તેના માનનો ભંગ થયો,' એ કથા કહેવાશે.–શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સભાપતિઓ, ઋત્વિજો અને બીજા શ્રેષ્ઠ બ્રાહ્મણો પણ મોટી વેદગર્જનાઓ સાથે (સ્નાન કરવા) નીકળ્યા હતા. દેવર્ષિઓ, પિતૃઓ તથા ગંધર્વો પુષ્પોની વૃષ્ટિ કરતા સ્તુતિ કરતા હતા.[૧૨-૧૩] ચંદન, પુષ્પમાળા, આભૂષણ તથા વસ્ત્રોથી સારી રીતે શણગારેલા પુરુષો અને સ્ત્રીઓ પરસ્પર જાતજાતના રસોનાં વિલેપન અને છંટકાવ કરતાં રમી રહ્યાં હતાં.[૧૪] તેલ, ગોરસ, સુગંધી પાણી, હળદર તથા ઘટ્ટ કેસરોથી પુરુષોએ લીંપી દીધેલી વેશ્યાઓ સામેથી પુરુષોને પણ તે તે વસ્તુઓથી લીંપી દેતી ખેલતી હતી.[૧૫] એ અવભૃથ સ્નાનના ઉત્સવને જોવા માટે વિમાનોમાં બેસીને આકાશમાં જેમ દેવીઓ નીકળી પડી હતી, તેમ રથ વગેરે વાહનોમાં બેસીને પુરુષોના રક્ષણ તળે રહેલી રાજરાણીઓ પણ નીકળી હતી. એ વખતે તેઓના મામાના પુત્રો તથા મિત્રો તેઓને જાતજાતના રસો છાંટતા હતા, જેથી લજ્જાયુક્ત હાસ્યથી પ્રફુલ્લ મુખવાળી તે રાણીઓ શોભતી હતી.[૧૬] તેઓનાં વસ્ત્રો ભીંજાઇ ગયાં હતાં અને તેથીજ તેઓના શરીરના અવયવો, સ્તનો, સાથળો તથા મધ્યભાગો સ્પષ્ટ જણાતા હતા અને ઉત્કંઠિતપણાને લીધે છૂટી પડેલા તેઓના કેશપાશોમાંથી પુષ્પોની માળાઓ સરી પડતી હતી. એવી તે રાજરાણીઓ પણ ચામડાની પીચકારીઓથી પોતાના દિયરોને તથા મિત્રોને છાંટતી હતી અને સુંદર વિહારોથી કામી પુરુષોને ક્ષોભ પમાડતી હતી.[૧૭] ચક્રવર્તી યુધિષ્ઠિર રાજા એ વખતે ઉત્તમ ઘોડાઓ જોડેલા અને સુવર્ણની માળાઓવાળા રથમાં બેઠા હતા અને ક્રિયાઓથી જેમ રાજસૂય મહાયજ્ઞ શોભે, તેમ પોતાની રાણીઓથી શોભતા હતા. પછી (ગંગાકિનારે જઇને) ઋત્વિજોએ પત્નીસંયાજ નામનો એક યાગ કરી અવભૃથને લગતી ક્રિયાઓ કરીને જમણે આચમન કર્યું હતું, એવા યુધિષ્ઠિર રાજાને દ્રૌપદી સાથે ગંગામાં સ્નાન કરાવ્યું હતું.[૧૮-૧૯] તે વખતે મનુષ્યોનાં દુંદુભિઓ સાથે દેવોનાં દુંદુભિઓ વાગ્યાં હતાં અને દેવો, ઋષિઓ, પિતૃઓ તથા મનુષ્યોએ પુષ્પોની વૃષ્ટિ કરી હતી. તે પછી પ્રત્યેક વર્ણના તથા આશ્રમના લોકોએ ત્યાં સ્નાન કર્યાં હતાં; કારણ કે (એ વેળા સ્નાન કરવાથી) મહાન પાપી પણ પાપથી તત્કાળ મુક્ત થાય છે. તે પછી યુધિષ્ઠિર રાજાએ બે નવાં રેશમી વસ્ત્રો પહેરીને ઉત્તમ શણગાર ધારણ કરીને ઋત્વિજો, સદસ્યો તથા બ્રાહ્મણો વગેરેનો, અલંકારો તથા વસ્ત્રો વડે સત્કાર કર્યો હતો; તેમજ નારાયણપરાયણ તે રાજાએ બંધુઓ, જ્ઞાતિલાઓ, રાજાઓ, મિત્રો, સ્નેહીઓ તથા બીજા સર્વનો વારંવાર સત્કાર કર્યો હતો, જેથી સર્વ મનુષ્યો દેવો સમાન કાંતિવાળાં જણાતાં હતાં. તેઓએ મણિજડિત કુંડળો, માળાઓ, પાઘડીઓ, અંગરખાં, રેશમી વસ્ત્રો તથા મહાકીમતી હારો પહેર્યા હતા અને બે કુંડળો તથા વાળના ગુચ્છાઓથી યુક્ત મુખની શોભાવાળી સ્ત્રીઓ સુવર્ણના કંદોરાથી શોભતી હતી. તે પછી હે રાજન્! એ યજ્ઞમહોત્સવમાં જેઓ આવ્યા હતા તે મહાકુળવાન ઋત્વિજો, વેદવાદી સભાપતિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, રાજાઓ, દેવો, ઋષિઓ, પિતૃઓ, ભૂતો તેમજ પોતાના અનુયાયીઓ સહિત લોકપાલો પૂજા-સત્કાર પામીને યુધિષ્ઠિર રાજાની સંમતિ લઈ પોતપોતાને સ્થાને ગયા હતા.[૨૦-૨૬] જેમ મનુષ્ય અમૃતપાન કરતો તૃપ્ત થાય નહિ, તેમ શ્રીહરિના દાસ રાજર્ષિ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞના મહોત્સવની પ્રશંસા કરતાં લોકો તૃપ્ત થતા ન હતા.[૨૭] તે પછી રાજા યુધિષ્ઠિરે વિયોગથી વિહ્વળ થઇને પોતાના સ્નેહીઓ, સંબંધીઓ, કુટુંબીઓ તેમજ શ્રીકૃષ્ણને પ્રેમથી પોતાને ત્યાં રાખ્યા હતા. એ પ્રમાણે ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા, શ્રીકૃષ્ણને લીધે મહાદુસ્તર મનોરથરૂપી મહાસાગરને તરી જઇ નિશ્ચિંત થયા હતા.[૨૮-૩૦] એક સમયે શ્રીકૃષ્ણમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેમનું મન હતું એવા યુધિષ્ઠિર રાજાના અંતઃપુરમાં શોભાને તથા રાજસૂય યજ્ઞની મોટી પ્રતિષ્ઠાને જોઇને, દુર્યોધન મનમાં બળવા લાગ્યો.[૩૧] યુધિષ્ઠિરના અંતઃપુરમાં મયદાનવે રચેલી રાજાઓની, દૈત્યેન્દ્રોની તથા દેવેન્દ્રોની અનેક જાતની સંપત્તિઓ ઝળકી રહી હતી અને તે સંપત્તિઓ સહિત દ્રૌપદી પોતાના પતિઓની સેવા કરી રહી હતી, જેથી એ સંપત્તિઓ સહિત દ્રૌપદીમાં આસક્ત હૃદયવાળો કુરુ રાજા દુર્યોધન બળ્યા કરતો હતો.[૩૨] વળી તે અંતઃપુરમાં રાજસૂય યજ્ઞની સમાપ્તિ થયા પછી નિતંબના ભારથી ધીમાંધીમાં પગલાં ભરતી, ઝાંઝરોથી ઝણકાર કરતા ચરણોની શોભાવાળી, સુંદર મધ્યભાગવાળી, સ્તન ઉપરના કેસરથી લાલચોળ થયેલા હારવાળી, શોભાયમાન મુખોવાળી અને ચાલતાં કુંડળો તથા કેશોવાળી શ્રીકૃષ્ણની એક હજાર રાણીઓ શોભતી હતી. (તેઓને જોઇને પણ દુર્યોધન બળી જતો હતો.)[૩૩] પછી એક વખતે મયદાનવે રચેલી સભામાં મહારાજ યુધિષ્ઠિર, પોતાના નાના ભાઇઓથી વીંટાઇને પોતાનાં નેત્રરૂપ શ્રીકૃષ્ણનો સાથે સાક્ષાત્ ઇન્દ્રની પેઠે ચક્રવર્તીની રાજ્યલક્ષ્મીથી સેવાયલા અને બંદિજનોથી સ્તુતિ કરતા સુવર્ણના સિંહાસન પર બિરાજ્યા હતા;[૩૪।૩૫] તે વેળા હે રાજન્! અભિમાની દુર્યોધન મુકુટ તથા માળા ધારણ કરી પોતાના ભાઇઓની સાથે હાથમાં તલવાર લઇને ક્રોધથી દ્વારપાળોને ધમકાવતો ત્યાં દાખલ થયો.[૩૬] અંદર પેસતાંજ મયદાનવની માયાથી મોહિત થઈ સ્થળમાં જળ માની લઈ, પોતાના વસ્ત્રના છેડા તેણે ઊંચા લીધા અને ભ્રાંતિથી જળમાં સ્થળ માની તેમાં તે પડયો.[૩૭] હે રાજન્! એ વખતે તેને જોઇને ભીમસેન, સ્ત્રીઓ અને બીજા રાજાઓ, યુધિષ્ઠિર રાજાએ વાર્યા છતાં શ્રીકૃષ્ણની સંમતિથી હસવા લાગ્યા.[૩૮] આથી દુર્યોધન શરમાઇ ગયો. તે ક્રોધથી બળતો નીચું મુખ કરીને ચુપચાપ ત્યાંથી નીકળી જઈ હસ્તિનાપુર ચાલ્યો ગયો. સત્પુરુષોમાં એ વખતે મોટો હાહાકાર થઇ રહ્યો; યુધિષ્ઠિર રાજા ઉદાસ મનવાળા હોય તેવા થઇ ગયા અને જેમની માત્ર દૃષ્ટિથીજ દુર્યોધન ભ્રાંતિમાં પડયો હતો એવા ભગવાન કૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારવાની ઇચ્છાથી મૌનજ રહ્યા.[૩૯] હે રાજન્! તમે મને જે પૂછ્યું હતું તે રાજસૂય મહાયજ્ઞમાં દુર્યોધનનું દુષ્ટપણું મેં તમને કહ્યું."[૪૦]

एतत्तेऽभिहितं राजन् यत्पृष्टोऽहमिह त्वया।
सुयोधनस्य दौरात्म्यं राजसूये महाक्रतौ ॥४०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણના દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં અધ્યાય ૭૫ મો સમાપ્ત.

अध्याय ७६ मो*

યાદવો અને શાલ્વનું યુદ્ધ

॥ श्रीशुक उवाच ॥

अथान्यदपि कृष्णस्य शृणु कर्माद्भुतं नृप।
क्रीडानरशरीरस्य यथा सौभपतिर्हतः ॥ १ ॥

શ્રી શુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! ક્રીડા માટે મનુષ્યશરીર ધારણ કરનાર શ્રીકૃષ્ણનું બીજું પણ–શાલ્વ રાજાનો વધ કર્યો હતો તે–અદ્ભુત કર્મ તમે સાંભળો.[૧] શાલ્વ રાજા શિશુપાલનો મિત્ર હતો; તે રુક્મિણીના વિવાહમાં આવ્યો હતો ત્યારે તેને તથા જરાસંધ વગેરેને યાદવોએ યુદ્ધમાં હરાવ્યા હતા.[૨] તે સમયે શાલ્વે સર્વ રાજાઓના સાંભળતાં પ્રતિજ્ઞા કરી હતી કે, 'આ પૃથ્વીને હું યાદવો વિનાની કરીશ; તમે મારો પુરુષાર્થ જોજો.'[૩] એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને હે રાજન્! તે મૂર્ખ શાલ્વ રાજાએ, માત્ર એક વાર ધૂળની એક મુઠ્ઠીનો આહાર કરી પ્રભુ શંકરદેવનું આરાધન કરવા માંડ્યું.[૪] ભગવાન પાર્વતીપતિ, સત્વર પ્રસન્ન થાય એવા છે, તોપણ (શ્રીકૃષ્ણના શત્રુ શાલ્વને

* આ અધ્યાયમાં યાદવો તથા શાલ્વનું યુદ્ધ અને તે યુદ્ધમાં દ્યુમાનની ગદાના પ્રહારથી પ્રદ્યુમ્નને તેના સારથિએ ખસેડયો એ કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વર આપવો તે નિષ્ફળ છે, એમ માનીને સત્વર પ્રકટ ન થયા; પણ છેવટે શાલ્વની અત્યંત હઠ જોઇને) એક વર્ષના અંતે (પ્રકટ થઇને) શરણે આવેલા શાલ્વને વર માગવા માટે કહ્યું.[૫] એટલે શાલ્વ રાજાએ દેવો, અસુરો, મનુષ્યો, ગંધર્વો, સર્પો કે રાક્ષસો જેને ભાંગી ન શકે એવું ઇચ્છાનુસાર ગતિ કરનારું અને યાદવોને ભયંકર એવું એક વિમાન માગ્યું.[૬] 'તથાસ્તુ' એમ કહી શંકરે, શત્રુઓનાં નગરોને જીતનારા મય દાનવને આજ્ઞા કરી; તે ઉપરથી તેણે સૌભ નામનું લોઢાનું એક વિમાન બનાવી શાલ્વ રાજાને આપ્યું.[૭] પછી ઇચ્છાનુસાર ગતિ કરનારું અને અંધકારના આશ્રયરૂપ એવું તે દુર્લભ વિમાન મેળવીને શાલ્વ રાજા, યાદવોએ કરેલા વૈરને યાદ કરી દ્વારકા તરફ વિદાય થયો.[૮] ત્યાં જઇને હે ભરતશ્રેષ્ઠ! મહાન સેના વડે દ્વારકાને ઘેરી લઇ શાલ્વ રાજાએ તે સર્વ બાગ-બગીચાઓ તથા ફૂલવાડીઓને ભાંગવા માંડ્યાં.[૯] શહેરના દરવાજાઓ, ઘરોનાં બારણાંઓ, મહેલો, અટારીઓ, ઊંચી ઊંચી ભીંતો તેમજ રમવાનાં સ્થાનકો પણ તેણે ભાંગવા માંડ્યાં ને તેના શ્રેષ્ઠ વિમાનમાંથી શસ્ત્રોની વૃષ્ટિઓ પડવા લાગી.[૧૦] શિલાઓ, વૃક્ષો, વજ્રો, સર્પો, જળની મોટી ધારાઓ તેમજ વજ્રના સરખા કરાઓ પડવા લાગ્યા, પ્રચંડ વંટોળિયો ફુંકાવા લાગ્યો અને સઘળી દિશાઓ ધૂળથી ઢંકાઇ ગઇ.[૧૧] એ પ્રમાણે સૌભપતિ શાલ્વે શ્રીકૃષ્ણની નગરીને અત્યંત પીડવા માંડી જેથી હે રાજન્! ત્રિપુરાસુરે પીડેલી પૃથ્વીની માફક તે સુખ પામી નહિ.[૧૨] પોતાની પ્રજાને એ પ્રમાણે પીડા પામતી જોઇ મહાયશસ્વી અને વીર ભગવાન પ્રદ્યુમ્ને, રથ ઉપર ચડીને 'તમે ડરશો નહિ' એમ પ્રજાને હાકલ કરી;[૧૩] તેમજ સાત્યકિ, ચારુદેષ્ણ, સાંબ, નાના ભાઇઓ સહિત અક્રૂર, કૃતવર્મા, ભાનુવિંદ, ગદ, શુક, સારણ તેમજ બીજા મોટા ધનુર્ધારી રથીઓ, મહારથીઓ અને સેનાપતિઓ કવચો ધારણ કરી રથો, હાથીઓ, ઘોડા તથા પાળાઓના રક્ષણ તળે નીકળી પડ્યા.[૧૪।૧૫] ત્યાર બાદ અસુરોનું દેવો સાથે યુદ્ધ થાય, તેમ શાલ્વનું ને તેના યોદ્ધાઓનું યાદવોની સાથે રોમાંચક તુમુલ યુદ્ધ થવા લાગ્યું.[૧૬] રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ને, સૂર્ય જેમ રાત્રિના અંધકારનો નાશ કરે, તેમ ક્ષણવારમાં દિવ્ય અસ્ત્રોથી શાલ્વની માયાઓનો નાશ કર્યો[૧૭] અને પછી સોનાના મૂળભાગવાળાં, લોઢાના અગ્રભાગવાળાં તથા ઊંડી ગાંઠોવાળાં પચીસ બાણો વડે શાલ્વના સેનાપતિને વીંધી નાખ્યો.[૧૮] ઉપરાંત સો બાણથી શાલ્વને, એક એક બાણથી તેના સૈનિકોને, દશદશ બાણો વડે તેના સારથિઓને તથા ત્રણત્રણ બાણો વડે તેનાં વાહનોને વીંધી નાખ્યાં.[૧૯] મહાત્મા પ્રદ્યુમ્નનું એ મહા અદ્ભુત કર્મ જોઇને પોતાના તથા શત્રુપક્ષના સર્વ સૈનિકો તેની પ્રશંસા કરવા લાગ્યા.[૨૦] મયદાનવે રચેલું શાલ્વનું માયામય વિમાન કોઇ વખત બહુ રૂપવાળું, કોઈ વખત એક રૂપવાળું અને કોઈ વખત દેખાતું પણ ન હતું, જેથી કરીને તે વિમાન શત્રુઓને જાણવું અશક્ય થયું હતું.[૨૧] ઊંબાડિયાંની પેઠે ઘૂમતું તે વિમાન કોઇ વાર પૃથ્વી પર, કોઇ વાર આકાશમાં, કોઇ વાર પર્વતનાં શિખર પર તો કોઇ વાર પાણીમાં—એમ અસ્થિર જોવામાં આવતું હતું.[૨૨] યાદવ સૈન્યના સેનાપતિઓ જ્યાં જ્યાં સૌભ વિમાન સાથે અને સૈનિકો સાથે શાલ્વ રાજા જણાતો હતો, ત્યાં ત્યાં બાણો ફેંકવા લાગ્યા.[૨૩] એ રીતે શત્રુઓએ ફેંકેલાં, અગ્નિ તથા સૂર્ય જેવો સ્પર્શ કરતાં અને સર્પ જેવાં દુઃસહ તે બાણોથી પોતાનું વિમાન તથા સૈનિકો પીડાવા લાગ્યા; એટલે શાલ્વરાજા મૂંઝાઇ ગયો. બીજી તરફથી યાદવપક્ષના વીર પુરુષો પણ શાલ્વના સેનાપતિઓનાં અનેક શસ્ત્રોથી ખૂબ પીડાયા છતાં બન્ને લોકને જીતવાની ઇચ્છાવાળા હોઇને પોતપોતાના યુદ્ધસ્થાનને છોડી જતા ન હતા.[૨૪।૨૫]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેવામાં શાલ્વનો બળવાન પ્રધાન દ્યુમાન, કે જેને પ્રદ્યુમ્ને પહેલાં બાણો મારીને દુઃખી કર્યો હતો તેણે પ્રદ્યુમ્નની સમીપ જઇ તેને ગજવેલની ગદાનો પ્રહાર કરીને ગર્જના કરી.[२६] શત્રુઓને પીડનારા પ્રદ્યુમ્નની છાતી ગદાના મારથી ચિરાઈ ગઈ એટલે પોતાના સારથિધર્મને જાણનારો તેનો સારથિ દારુકનો પુત્ર, (મૂર્છિત થયેલા) તેને રણમાંથી દૂર ખસેડી ગયો.[२७] બે ઘડી જેટલા સમય પછી ભાનમાં આવેલા કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને પોતાના સારથિને કહેવા માંડ્યું કે 'ઓ સારથિ! તેં મને યુદ્ધમાંથી ખસેડ્યો તે યોગ્ય કર્યું નથી.[२८] કાયર મનના તેં સારથિએ જેને કલંક લગાડ્યું છે એવા મારા વિના બીજો કોઇ પણ યાદવકુળમાં જન્મેલો રણમાંથી નાસી ગયેલો સાંભળ્યો નથી.[२९] આ યુદ્ધમાંથી હું બરાબર નાઠો છું; તેથી મારા પિતા શ્રીકૃષ્ણ તથા બળદેવને મળીને હું તેઓ પૂછશે ત્યારે પોતાને ઘટે તેવું શું કહીશ?[३०] મારી ભાભીઓ જરૂર મારી નપુંસકતાને હસતી હસતી કહેશે કે, "હે વીર! શત્રુઓ સાથેના યુદ્ધમાં તમારું કાયરપણું કેવું થયું હતું તે તો કહો.'[३१]

સારથિ બોલ્યો:–'હે આયુષ્મન્! હે વિભો! 'સારથિએ સંકટમાં આવેલા રથીની રક્ષા કરવી જોઇએ અને રથીએ સારથિની રક્ષા કરવી જોઇએ' આ ધર્મને જાણતા મેં આ કામ કર્યું છે.[३२] તમને શત્રુએ પીડા કરી હતી, તમને ગદાનો પ્રહાર કર્યો હતો અને તમે મૂર્છિત થયા હતા; તેથી એ ધર્મરહસ્ય જાણીને મેં તમને રણમાંથી ખસેડ્યા છે.'[३३]

एतद्विदित्वा तु भवान् मयापोवाहितो रणात् ।
उपसृष्टः परेणेति मूर्च्छितो गदया हतः ॥३३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૬ મો સમાપ્ત

अध्याय ७७ मो*

શ્રીકૃષ્ણે શાલ્વનો વધ કર્યો અને સૌભાવમાનનો નાશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

स उपस्पृश्य सलिलं दंशितो धृतकार्मुकः ।
नय मां द्युमतः पार्श्वं वीरस्येत्याह सारथिम् ॥१॥

શ્રી શુકદેવજી બોલ્યા:–" તે પછી પ્રદ્યુમ્ને જળનું આચમન કરી, કવચ ધારણ કરીને હાથમાં ધનુષ લઇને સારથિને કહ્યું કે, 'તું મને વીર દ્યુમાનની સમીપ લઈ જા.'[१] (તે સાંભળીને સારથિ તેને દ્યુમાન સમીપ લઈ ગયો એટલે) રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ને પોતાના સૈન્યનો નાશ કરી રહેલા દ્યુમાનને રોકીને હસતાં હસતાં આઠ બાણોથી તેને વીંધી નાખ્યો; તેમાં ચાર બાણોથી તેના ઘોડાને મારી નાખ્યા; એક બાણથી તેના સારથિને મારી નાખ્યો; બે બાણથી તેનું ધનુષ અને ધજા કાપી નાખ્યાં ને બીજા એક બાણથી તેનું મસ્તક ઉડાવી દીધું.[२,३] ગદ, સાત્યકિ અને સાંબ વગેરે યાદવો સૌભપતિ શાલ્વના સૈન્યનો સંહાર કરવા લાગ્યા; એટલે સૌભવિમાનમાં બેઠેલા સર્વ યોદ્ધાઓ કપાયલાં મસ્તકોવાળા થઇને સમુદ્રમાં પડવા લાગ્યા. એ પ્રમાણે પરસ્પર સંહાર કરતા યાદવો તેમજ શાલ્વ યોદ્ધાઓનું તે તુમુલ અને મહાભયંકર યુદ્ધ સત્યાવીસ રાત્રિઓ સુધી થયું હતું.[४,५] એ અરસામાં શ્રીકૃષ્ણને ધર્મરાજ યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞમાં બોલાવ્યા હતા, જેથી તેઓ ઇન્દ્રપ્રસ્થ ગયા હતા. (અને પાછળથી આ શાલ્વયુદ્ધ થયું હતું.) ત્યાં રાજસૂય યજ્ઞ પૂર્ણ થયો અને શિશુપાલ મરણ પામ્યો એટલે કુરુવંશી વૃદ્ધ પુરુષોની, મુનિઓની અને પુત્રો સહિત કુંતાજીની રજા લઇને અતિઘોર અપશકુનોને જોતા શ્રીકૃષ્ણ,

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે આવીને અનેક માયાઓ રચવામાં કુશળ શાલ્વને મારી નાખ્યો અને સૌભ વિમાનના ચૂરા કરી નાખ્યા એ કથા કહેવાશે. –શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દ્વારકા તરફ આવવા નીકળ્યા હતા.[૬-૭] (અને એ વેળા પોતે મનમાં કહેતા હતા કે) 'હું બળદેવજી સાથે અહીં આવ્યો છું; તે અરસામાં શિશુપાલના પક્ષના રાજાઓ, નક્કી મારી નગરીનો નાશ કરતા હોવા જોઇએ.'[૮] (આમ વિચાર કરતા પોતે દ્વારકામાં આવ્યા ત્યાં તો)સૌભ વિમાનને, શાલ્વ રાજાને તથા પોતાના પક્ષના યોદ્ધાઓના સંહારને જોઈ શ્રીકૃષ્ણે બળરામને નગરનું રક્ષણ કરવાનું જણાવીને દારુક સારથિને કહ્યું કે, 'હે સારથિ! તું મારા રથને શાલ્વની પાસે લઈ જા. તારે ગભરાવું નહિ; કારણ કે આ શાલ્વ રાજા માયાવી છે.' ૯[૧૦] શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે દારુક સારથિએ રથ ઉપર બેસી જઇ તેને (શાલ્વ તરફ) હંકાર્યો; એટલે પોતાના પક્ષના તથા શત્રુપક્ષના સર્વ યોદ્ધાઓએ રણક્ષેત્રમાં પ્રવેશ કરતા (ભગવાનના રથની ધજામાં રહેલા) ગરુડને જોયો.[૧૧] જેના સૈન્યના સેનાપતિઓ લગભગ માર્યા ગયા હતા એવા શાલ્વે, શ્રીકૃષ્ણને જોઇ યુદ્ધમાં ભયંકર શબ્દ કરતી એક સાંગ તેમના સારથિ પર ફેંકી; પણ શ્રીકૃષ્ણે, આકાશમાં મોટા ઊંબાડિયાની પેઠે વેગથી ધસી આવતી તે સાંગના, બાણોથી સેંકડો ટુકડા કરી નાખ્યા; તેમજ સોળ બાણોથી શાલ્વને વીંધી નાખી સૂર્ય જેમ કિરણોથી આકાશને વીંધી નાખે, તેમ આકાશમાં ભમતા સૌભવિમાનને બાણોના સમૂહોથી વીંધી નાખ્યું. એટલે શાલ્વ રાજાએ શ્રીકૃષ્ણના શાર્ઙ્ગ ધનુષ સહિત ડાબા હાથને બાણથી વીંધી નાખ્યો; એ વેળા શ્રીકૃષ્ણના હાથમાંથી શાર્ઙ્ગ ધનુષ પડી ગયું, એ એક આશ્ચર્ય હતું;[૧૨-૧૫] અને તે જોઇ રહેલાં સર્વ પ્રાણીઓમાં મોટા હાહાકાર થઈ રહ્યો. પછી મોટી ગર્જના કરીને શાલ્વ રાજા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો: 'ઓ મૂઢ! તેં અમારા મિત્ર અને તારા ભાઇ શિશુપાલની સ્ત્રીને અમારા દેખતાં હરી લીધી છે અને (રાજસૂય યજ્ઞમાં) સભાની વચ્ચે પ્રમાદમાં રહેલા તે મારા મિત્રને તેં મારી નાખ્યો છે; માટે આજ તું મારી આગળ ઊભો રહેશે તો પોતાને અજિત માનનારા તને તીક્ષ્ણ બાણો મારીને હું મારી નાખીશ.'[૧૬-૧૮]

શ્રીભગવાન બોલ્યા:–'ઓ મૂર્ખ! તું વૃથા બડાઇ હાંકે છે, સમીપ રહેલા કાળને તું જોતો નથી. શૂરા પુરુષો પોતાનો પુરુષાર્થ બતાવી આપે છે, બહુ બોલતા નથી.'[૧૯] એમ કહીને ભગવાને ક્રોધાયમાન થઇ ભયંકર વેગવાળી ગદા શાલ્વ રાજાની હાંસડીમાં મારી, જેથી તે લોહી ઓકવા લાગ્યો ને કંપવા લાગ્યો.[૨૦] પછી ગદા પાછી ફરી એટલે શાલ્વ રાજા અદરય થઇ ગયો અને બે ઘડી સમય ગયો એટલામાં તો એક પુરુષ ત્યાં આવીને શ્રીકૃષ્ણને મસ્તક વડે પ્રણામ કરી 'મને દેવકીએ મોકલ્યો છે' એમ કહી રડતો રડતો કહેવા લાગ્યો કે, 'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાબાહુ! હે પિતા ઉપર પ્રેમ ધરાવનારા! કસાઇ જેમ પશુને બાંધીને લઇ જાય, તેમ શાલ્વરાજા તમારા પિતાને બાંધીને લઇ ગયો છે.'[૨૧-૨૨] દયાળુ શ્રીકૃષ્ણ, તે અપ્રિય વચન સાંભળીને મનુષ્યસ્વભાવ પામીને મનમાં ઉદાસ થઇ ગયા અને સામાન્ય મનુષ્યની પેઠે કહેવા લાગ્યા કે, 'દેવો અને અસુરોથી જિતાય નહિ એવા અને કદી ગભરાય નહિ એવા બળરામને જીતીને અતિ ક્ષુદ્ર શાલ્વ રાજા મારા પિતાને કેવી રીતે લઇ ગયો ? આ ઉપરથી જણાય છે કે, દૈવ બળવાન છે.'[૨૩-૨૪] શ્રીકૃષ્ણ એમ કહેતા હતા તેટલામાં શાલ્વ રાજા ત્યાં આવી પહોંચ્યો અને બનાવટી વસુદેવને લઈ આવી શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો:[૨૫] 'ઓ મૂર્ખ તને ઉત્પન્ન કરનારો આ તારો પિતા છે, કે જેને માટે તું જીવે છે; તારા દેખતાં આનો હું વધ કરું છું. જો તું સમર્થ હોય તો આની રક્ષા કર.'[૨૬] આવો તિરસ્કાર કરી માયાવી શાલ્વ રાજાએ તલવારથી વસુદેવનું મસ્તક કાપી નાખ્યું અને તે મસ્તક લઇને આકાશમાં રહેલા સૌભ વિમાનમાં તે પેસી ગયો. તે પછી શ્રીકૃષ્ણ જો કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતે સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા હતા તોપણ સ્વજન એટલે પિતાના સ્નેહથી બે ઘડી મનુષ્યસ્વભાવમાં લીન થઈ ગયા અને પછી મહાપ્રભાવશાળી શ્રીકૃષ્ણે જાણી લીધું કે 'તે તો શાલ્વ રાજાએ, મયદાનવે શીખવેલી આસુરી માયાને ફેલાવી છે.[૨૭૨૮] આમ જાણીને શ્રીકૃષ્ણે, નિદ્રામાંથી જાગેલો મનુષ્ય જેમ સ્વપ્નના પ્રપંચને જોતો નથી, તેમ તે યુદ્ધક્ષેત્રમાં પેલા દૂતને કે પિતાના મૃત શરીરને જોયું નહિ; પછી આકાશમાં ઘૂમતા શત્રુને સૌભ વિમાનમાં બેઠેલો જોઇ તેનો વધ કરવા પોતે તૈયાર થયા. આમ કેટલાક ઋષિઓ કહે છે; પણ હે રાજર્ષિ! તેઓ પૂર્વાપર અનુસંધાનને ચૂકે છે. કારણકે તેઓની પોતાનીજ વાણીમાં÷ વિરોધ આવે છે તેને તેઓ લક્ષ્યમાં લેતા નથી.[૨૯૩૦] અજ્ઞાનીને ઉત્પન્ન થનારા શોક, મોહ, સ્નેહ અથવા ભય ક્યાં? અને અખંડ સ્વરૂપજ્ઞાન, બાહ્યજ્ઞાન તથા ઐશ્વર્યવાળા પૂર્ણ પરમેશ્વર શ્રીકૃષ્ણ ક્યાં?[૩૧] જેમના ચરણની સેવાથી પુષ્કળ સંપાદન કરેલી આત્મવિદ્યાથી સત્પુરુષો, અનાદિ કાળના આત્મવિપર્યય ગ્રહનો એટલે 'હું કૃશ છું, સુખી છું, દુઃખી છું' ઇત્યાદિ દેહાત્મબુદ્ધિરૂપ વિપરીત ભાવનાનો ત્યાગ કરે છે અને આત્મીય, અનંત, ઈશ્વરીપદને પ્રાપ્ત કરે છે, તે સત્પુરુષોની ગતિરૂપ શ્રીકૃષ્ણને મોહ ક્યાંથી હોય? (માટે પૂર્વોક્ત ઋષિવચન સત્ય નથી; પણ સત્ય આ છે કે,)[૩૨] અમોઘ પરાક્રમી શ્રીકૃષ્ણે, શસ્ત્રોના સમૂહોથી બળપૂર્વક પ્રહાર કરી રહેલા શાલ્વ રાજાને બાણોથી વીંધી નાખી તેના બખ્તરને, ધનુષને તથા મસ્તકના મણિને કાપી નાખ્યાં અને ગદાનો પ્રહાર કરી તે શત્રુના વિમાનના પણ ચૂરા કરી નાખ્યા.[૩૩] શ્રીકૃષ્ણના હાથથી ફેંકવામાં આવેલી તે ગદાના પ્રહારથી ભાંગીને ભુક્કા થઇ ગયેલું વિમાન હજારો ટુકડા થઇને (સમુદ્રના) જળમાં પડ્યું; એટલે તેને છોડીને શાલ્વ રાજા, પૃથ્વી ઉપર ઊભો રહ્યો અને ગદા ઉગામીને વેગથી શ્રીકૃષ્ણ સામે ધસી ગયો.[૩૪] એટલે શ્રીકૃષ્ણે સામે દોડી આવતા શાલ્વના ગદા સહિત હાથને ભાલાથી કાપી નાખ્યો ને તેનો વધ કરવા માટે પ્રલયકાળના સૂર્ય સરખું સુદર્શનચક્ર (હાથમાં) ધારણ કરી, સૂર્ય સહિત ઉદયાચલ પર્વતની પેઠે શોભવા લાગ્યા.[૩૫] પછી ઇન્દ્રે જેમ વજ્રથી વૃત્રાસુરનું મસ્તક કાપી નાખ્યું હતું, તેમ તેજ સુદર્શનચક્રથી શ્રીહરિએ, પુષ્કળ માયાઓવાળા શાલ્વ રાજાનું મુકુટ તથા કુંડળો સહિત મસ્તક કાપી નાખ્યું; તે વખતે મનુષ્યોનાં હાહાકારનાં વચનો થઇ રહ્યાં.[૩૬] હે રાજન્! પાપી શાલ્વ રાજા, એ રીતે યુદ્ધમાં પડ્યો અને તેના સૌભ વિમાનનો નાશ થયો ત્યારે સ્વર્ગમાં દેવોનાં દુંદુભિ–નગારાં વાગવા લાગ્યાં; તેવામાં પોતાના મિત્રોના વૈરનો બદલો લેવા ક્રોધથી દંતવક્ત્ર ધસી આવ્યો."[૩૭]

नेदुर्दुंदुभयो राजन् दिवि देवगणेरिताः ।
सखीनामपचितिं कुर्वन् दंतवक्त्रोरुषाऽभ्यगात् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ
ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૭ મો સમાપ્ત

÷ વિરોધ એ કે, શ્રીકૃષ્ણ, બળદેવજીની સાથે રાજસૂય યજ્ઞમાં ગયા ન હતા, કારણ કે 'બળદેવજીની રજા લઇને શ્રીકૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ જવા રથ ઉપર બેઠા' એમ પ્રથમ ઇકોતેરમા અધ્યાયના તેરમા શ્લોકમાં કહેવામાં આવ્યું છે; ત્યારે ચાલુ અધ્યાયના આઠમા શ્લોકમાં શ્રીકૃષ્ણ એમ કહે છે કે, 'બળદેવજીની સાથે હું રાજસૂયમાં આવ્યો છું' આ પૂર્વાપર અનુસંધાનનો વિરોધ છે. . . . . —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ७८ मो×

શ્રીકૃષ્ણે દંતવક્ત્રનો તથા વિદૂરથનો વધ કર્યો ને બળરામે રોમહર્ષણને માર્યો

॥ श्रीशुक उवाच ॥

शिशुपालस्य शाल्वस्य पौंड्रकस्यापि दुर्मतिः ।
परलोकगतानां च कुर्वन् पारोक्ष्यसौहृदम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—“હે મહારાજ ! શિશુપાલ, શાલ્વ તથા *પૌંડ્રક રાજા, કે જેઓ પરલોકમાં પહોંચી ગયા હતા તેઓની પરોક્ષમાં મિત્રફરજ બજાવતો દંતવક્ત્ર ત્યાં જોવામાં આવ્યો, કે જે એકલોજ પગપાળો હતો; અત્યંત ક્રોધે ભરાઇ હાથમાં ગદા લઇને બન્ને પગથી આ પૃથ્વીને કંપાવતો હતો તેમજ મહાબળવાન હતો.[1] શ્રીકૃષ્ણ તેને એ પ્રમાણે આવતો જોઈ, એકદમ ઉતાવળા હાથમાં ગદા લઈ રથ ઉપરથી નીચે કૂદી પડ્યા અને સમુદ્રને જેમ કિનારો રોકી દે તેમ તેને રોકી દીધો;[2-3] એટલે દુષ્ટ મદવાળો દંતવક્ત્ર, ગદા ઉગામીને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે, ‘બહુજ ઠીક થયું છે કે, આજે તું મારી દૃષ્ટિએ પડ્યો છે.[4] ઓ કૃષ્ણ ! તું મારા મામાનો પુત્ર છે તોપણ તેં મારા મિત્રનો દ્રોહ (એટલે વધ) કર્યો છે અને મને પણ તું મારી નાખવા ઇચ્છે છે; માટે ઓ મૂર્ખ ! આ વજ્ર જેવી ગદાથી હું તારો વધ કરીશ.[5] ઓ અજ્ઞાની ! શરીરમાં રહેલા રોગનો નાશ કરીનેજ મનુષ્ય જંપે છે, તેમ મારા મિત્રો પર પ્રેમ ધરાવનારો હું પણ ભાઇરૂપે શત્રુ એવા તારો નાશ કરીનેજ મારા મિત્રોના ઋણમાંથી મુક્ત થઇશ.’[6] એ રીતે જેમ અંકુશ વગેરેથી હાથીને પીડા કરવામાં આવે, તેમ કઠોર વાક્યોથી શ્રીકૃષ્ણને પીડા ઉપજાવતા દંતવક્ત્રે તેમના મસ્તક પર ગદાનો પ્રહાર કર્યો ને સિંહની પેઠે મોટી ગર્જના કરી.[7] યદુવંશી શ્રીકૃષ્ણ, ગદાથી પ્રહાર કરાયા છતાં જરા પણ ડગ્યા નહિ અને તેમણે પણ પોતાની કૌમોદકી ગદા શત્રુને છાતીમાં ઠોકી દીધી.[8] એટલે તુરતજ દંતવક્ત્રનું હૃદય ગદાથી ચિરાઇ ગયું; તે મુખમાંથી લોહી ઓકતો, કેશ, હાથ તથા પગ પૃથ્વી પર પહોળા કરી પ્રાણરહિત થઇને ધરણી ઉપર ઢળી પડયો.[9] હે રાજા ! શિશુપાલના વધસમયે તેનું તેજ શ્રીકૃષ્ણમાં જેમ પેસી ગયું હતું, તેમ એ દંતવક્ત્રના વધ પછીથી પણ તેનું અતિ સૂક્ષ્મ અદ્ભુત તેજ સર્વ પ્રાણીઓના દેખતાં શ્રીકૃષ્ણમાં પેસી ગયું હતું.[10] તે પછી દંતવક્ત્રનો ભાઇ વિદૂરથ, પોતાના ભાઈના શોકથી વ્યાપ્ત થઇને હાથમાં ઢાલ–તલવાર લઇ શ્રીકૃષ્ણને મારી નાખવાની ઇચ્છાથી હાંફતો હાંફતો આવી પહોંચ્યો.[11] એટલે તુરતજ હે રાજેન્દ્ર ! સામેથી ધસી આવતા તે વિદૂરથના મસ્તકને પણ શ્રીકૃષ્ણે, સજાયા જેવી ધારવાળા સુદર્શનચક્રથી મુકુટ તથા કુંડળો સાથે ઉડાવી દીધું.[12] એ રીતે બીજાઓથી સહન ન થઇ શકે એવા સૌભવિમાનનો, શાલ્વનો, દંતવક્ત્રનો તથા તેના નાના ભાઈનો વધ કરી દેવો તથા મનુષ્યોથી સ્તુતિ કરાતા અને મુનિઓ, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, અપ્સરાઓ, પિતૃગણો, યક્ષો, કિન્નરો તેમજ ચારણો વડે જેમનો વિજય ગવાતો હતો તથા જેમના પર પુષ્પોની વૃષ્ટિ કરાતી હતી એવા શ્રીકૃષ્ણે, મોટા મોટા યાદવોથી વીંટાઈને શણગારેલી દ્વારકાનગરીમાં પ્રવેશ કર્યો.[13-15] એ પ્રમાણે યોગેશ્વર અને જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણ, સદાકાળ વિજયજ પામે છે; તોપણ પશુ જેવા અજ્ઞાનીની દૃષ્ટિએ તે હારેલા જણાય ‡ છે.[16]

× આ અધ્યાયમાં ‘દંતવક્ત્ર તથા વિદૂરથનો વધ કરી શ્રીકૃષ્ણ, દ્વારકામાં આનંદ કરતા હતા, તે પછી બળરામે રોમહર્ષણને માર્યો,’ એ કથા કહેવાશે.—શ્રીધર

* આ પૌંડ્રક તે પહેલાં ૬૬મા અધ્યાયમાં જણાવેલો બનાવટી વાસુદેવ. —भा. क

‡ એ પ્રમાણે પૂતનાથી માંડીને છેક વિદૂરથ સુધી દાનવના કુળનો સંહાર કરી શ્રીકૃષ્ણે આરામ લેવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

“તે પછી ‘પાંડવો સાથે કૌરવોની યુદ્ધની તૈયારી થઇ રહી છે’ એમ સાંભળીને મધ્યસ્થ રહેનારા બળદેવજી તીર્થસ્નાન કરવાને બહાને દ્વારકાથી નીકળી ગયા [૧૭] અને પ્રભાસમાં સ્નાન કરી દેવો, ઋષિઓ, પિતૃઓ તથા મનુષ્યોનાં તર્પણ કરી બ્રાહ્મણોથી વીંટાયલા બળદેવજી સરસ્વતી નદીના પ્રવાહની સામે જવા લાગ્યા. [૧૮] હે ભરતવંશી રાજા! પૃથૂદક, બિંદુસરોવર, ત્રિતકૂપ સુદર્શન, વિશાલ, બ્રહ્મતીર્થ, ચક્રતીર્થ અને પ્રાચીસરસ્વતી–એ તીર્થોમાં અને યમુનાકિનારે તથા ગંગાકિનારે આવેલાં તીર્થોમાં જઇને તે નૈમિષારણ્યમાં ગયા, કે જ્યાં શૌનકાદિ ઋષિઓ યજ્ઞ કરી રહ્યા હતા.[૧૯-૨૦] બળદેવજીને આવેલા જાણી લાંબા કાળનો યજ્ઞ કરી રહેલા મુનિઓએ ઊભા થઇ, પ્રણામ કરી, અભિનંદન આપીને તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. [૨૧] તે પછી પૂજા–સત્કાર પામીને પોતાના પરિવાર સાથે આસન પર બિરાજેલા બળદેવજીએ, મહર્ષિ વેદવ્યાસના શિષ્ય રોમહર્ષણને ત્યાં બેસી રહેલો જોયો. [૨૨] એ રોમહર્ષણ બળદેવજીની સામે ઊભો થયો ન હતો; પોતે ×સૂતજાતિનો હતો, છતાં તેણે વિનયની અંજલિ પણ કરી ન હતી અને તે બ્રાહ્મણો કરતાં પણ ઊંચે આસને બેઠો હતો; તે જોઇને બળદેવજી કોપી ઊઠ્યા; તેમણે કહેવા માંડ્યું કે, ‘આ પ્રતિલોમજાતિનો દુર્મતિ સૂત, આ બ્રાહ્મણો અને ધર્મનું રક્ષણ કરનારા અમે ક્ષત્રિયો કરતાં પણ ઊંચે આસને બેઠો છે; માટે વધને યોગ્ય છે.[૨૩-૨૪] ભગવાન વેદવ્યાસનો શિષ્ય થઇને તથા ઇતિહાસો અને પુરાણો સાથે સર્વ ધર્મશાસ્ત્રો ભણીને પણ તે આ પ્રમાણે વર્તે, એ યોગ્ય નથી. [૨૫] જે પુરુષ અજિતેન્દ્રિય અને અવિનયી હોય, પોતાને વૃથા પંડિત માનનારો હોય અને મનને વશ નહિ રાખનારો હોય, તેને જેમ રાજા વગેરેનો પાઠ ભજવનારા નટને રાજવૈભવો સુખજનક થતા નથી, તેમ શાસ્ત્રો વગેરે ગુણકારક થતાં નથી. [૨૬] આ લોકમાં મેં એટલા માટેજ અવતાર ધારણ કર્યો છે કે, ધર્મનાં ઉત્તમ ચિહ્ન ધારણ કરનારા–ધર્મઢોંગીઓને મારે મારીજ નાખવા. કારણ કે તેવા ધર્મઢોંગીઓ (ગુપ્ત અધર્મ કરનારા પાપીઓ કરતાં પણ) વધારે પાપી છે.[૨૭] આટલું કહીને સમર્થ ભગવાન બળદેવજીએ પોતે જોકે દુષ્ટોનો વધ કરવાથી અટક્યા હતા તોપણ ભાવિભાવને લીધે હાથમાં રહેલા દર્ભના અગ્રભાગ વડે તે રોમહર્ષણને મારી નાખ્યો.[૨૮] તે વેળા સર્વ મુનિઓ હાહાકાર કરતા મનમાં ખિન્ન થઇ ગયા અને તેઓ બળદેવજીને કહેવા લાગ્યા કે, ‘હે પ્રભો! તમે અધર્મ કર્યો છે.[૨૯] હે યદુનંદન! યજ્ઞ પૂર્ણ થાય ત્યાંસુધી અમે આ રોમહર્ષણને બ્રહ્માસન આપ્યું હતું અને એના શરીરને પરિશ્રમ ન પડે તેવું આયુષ આપ્યું હતું. જો કે તમે આ બ્રાહ્મણવધ અજાણતાંજ કર્યો છે અને તમને યોગેશ્વરને ‘ब्राह्मणो न हन्तव्यः’ એ વેદવચન પણ નિયમમાં રાખી શકતું નથી, છતાં પણ હે લોકને પવિત્ર કરનારા! તમે પોતેજ બીજા કોઈની પણ પ્રેરણા પામ્યા વિના બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરશો તો લોકસંગ્રહ થશે–લોકો પણ તે પ્રમાણે વર્તશે.’

શ્રીબળદેવજી બોલ્યાઃ–‘લોકોનો અનુગ્રહ કરવાની ઇચ્છાથી હું આ બ્રાહ્મણવધનું પ્રાયશ્ચિત્ત કરીશ; માટે મુખ્ય વિધિમાં જેટલો નિયમ હોય તેટલો તમે મને બતાવો.[૩૦-૩૩] તમોએ આ રોમહર્ષણનું લાંબુ આયુષ, બળ તથા ઇન્દ્રિયશક્તિ–જે કંઈ ઇચ્છ્યું હોય તે તમે મને કહો; હું મારી યોગમાયાથી તે સર્વ સિદ્ધ કરીશ.’[૩૪]

ઋષિઓ બોલ્યાઃ–‘હે રામ! તમારા અસ્રનું, પરાક્રમનું, મૃત્યુનું, તથા અમારાં અને તમારા વચનોનું જે રીતે સત્યપણું થાય તે રીતે કરો.’

માંડ્યો; તે પછી બળદેવે રોમહર્ષણનો તથા બલ્વલનો વધ કર્યો; એ પ્રસંગ અહીંથી કહેવામાં આવે છે. –શ્રી.

× સૂતજાતિનો એટલે પ્રતિલોમ જાતિ–બ્રાહ્મણસ્રીમાં ક્ષત્રિયપુરુષથી ઉત્પન્ન થયેલો. –મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીબળદેવજી બોલ્યા:—'પિતા પોતેજ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે' આવી વેદની આજ્ઞા છે; માટે આ રોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા તમને પુરાણો સંભળાવનાર થશે અને લાંબુ આયુષ, ઇન્દ્રિયસામર્થ્ય તેમજ બળવાળો થશે.* હે શ્રેષ્ઠ મુનિઓ! તમારી શી ઇચ્છા છે? તે મને કહો. હું તે પૂર્ણ કરીશ. હે વિદ્વાન બ્રાહ્મણો! આ સૂતવધનું પ્રાયશ્ચિત્ત હું જાણતો નથી; માટે તમે તેનો વિચાર કરો.'૩૫–૩૭

ઋષિઓ બોલ્યા:—'ઇલ્વલનો ભયંકર પુત્ર બલ્વલ નામનો એક દાનવ છે; તે પ્રત્યેક પર્વના દિવસે આવીને અમારા યજ્ઞને દૂષિત કરે છે. માટે હે દાશાર્હ! પરુ, લોહી, વિષ્ટા, મૂત્ર, મદિરા તેમજ માંસની (અહીં) વૃષ્ટિ કરનાર તે પાપી દાનવનો તમે વધ કરો; એજ (તમારે કરવા જેવી) અમારી મોટી સેવા છે૩૮–૩૯ અને તે કર્યા પછી ભારતવર્ષની પ્રદક્ષિણા કરી +બાર મહિના સુધી સારી પેઠે સાવધાન થઈ (કામ—ક્રોધાદિથી રહિત થઇ) કૃચ્છ્રચાંદ્રાયણ આદિ વ્રતો કરીને તીર્થોમાં સ્નાન કરતા તમે શુદ્ધ થશો—આ હત્યાના પાપથી મુક્ત થશો.'૪૦

ततश्च भारतं वर्षं परीत्य सुसमाहितः।
चरित्वा द्वादश मासांस्तीर्थस्नायी विशुद्धयसे ४०

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૮ મો સમાપ્ત

---

* કહેવાનો ભાવ એ છે કે, આ પોતે સાક્ષાત્ જીવતો થશે નહિ, તેથી મારા અસ્ત્રનું તથા મૃત્યુનું સત્યપણું થશે અને પુત્રરૂપે આયુષ વગેરેને પ્રાપ્ત કરશે, તેથી તમારાં વચનો પણ સત્ય થશે. —શ્રીધર

\+ આ એકજ વર્ષનું પ્રાયશ્ચિત્ત તે કામક્રોધાદિના જયરૂપ મહાન ગુણો સાથે બતાવ્યું છે, તેથી ચાલી શકે તેવું છે; પણ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત આટલુંજ નહિ સમજવું જોઇએ. —શ્રીધર

अध्याय ७९ मो*

બળદેવે બલ્વલનો વધ કરી તીર્થયાત્રાથી સૂતહત્યા દૂર કરી

॥ श्रीशुक उवाच ॥

ततः पर्वण्युपावृत्ते प्रचंडः पांसुवर्षणः।
भीमो वायुरभूद्राजन् पूयगंधस्तु सर्वशः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજન્! તે પછી પર્વનો દિવસ આવ્યો એટલે ધૂળનો વરસાદ વરસાવતો પ્રચંડ પવન ચોતરફ ફુંકાવા લાગ્યો; જેમાંથી પરુની ગંધ આવતી હતી. જોતજોતામાં બલ્વલે કરેલી અપવિત્ર પદાર્થોની વૃષ્ટિ યજ્ઞશાળામાં થવા લાગી તથા ત્રિશૂળને ધારણ કરનારો તે દાનવ પણ દેખાયો.૧–૨ તેનું શરીર ઘણુંજ મોટું હતું; તોડી પાડેલા આંજણના ઢગ જેવો તે (શ્યામ) જણાતો હતો; તેની શિખા અને દાઢી—મૂછ તપેલા તાંબા જેવાં (લાલ) હતાં અને તેનું મુખ દાઢોથી ઉગ્ર અને ભવાંવાળું હતું; તેને જોઇને બળરામે શત્રુઓના સૈન્યનો નાશ કરનારું પોતાનું મુસળ તથા દૈત્યોનો નાશ કરનારું હળ યાદ કર્યું; એટલે તેઓ બન્ને સત્વર હાજર થયાં. પછી ક્રોધાયમાન થયેલા બળદેવજીએ, આકાશમાં ઘૂમી રહેલા બલ્વલને હળના અગ્રભાગથી ખેંચી તે બ્રાહ્મણદ્રોહીના મસ્તકમાં મુસળનો પ્રહાર કર્યો;૩–૫ એટલે જેનું લલાટ તૂટી ગયું હતું એવો તે દાનવ લોહીને વરસતો, વજ્રથી તોડી પાડેલો પર્વત જેમ ધાતુઓથી લાલચોળ થઇને પડે, તેમ લાલચોળ થઇ દુઃખોની બૂમો પાડતો પૃથ્વી ઉપર પડ્યો.૬ એટલે મુનિઓએ બળરામની સ્તુતિ કરી, તેમને સત્ય આશીર્વાદો આપીને, દેવો જેમ ઇન્દ્રનો અભિષેક કરે તેમ તેમનો અભિષેક કર્યો.૭ પછી શોભાના સ્થાનરૂપ અને કદી કરમાય

---

* આ અધ્યાયમાં 'બળરામે બ્રાહ્મણોને પ્રસન્ન કરવા માટે બલ્વલ દાનવનો વધ કર્યો અને તીર્થસ્નાન વગેરેથી સૂતહત્યા દૂર કરી,' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નહિ એવાં કમળોની વૈજયંતી માળા, બે દિવ્ય વસ્ત્રો તથા દિવ્ય અલંકારો બળદેવજીને તેઓએ અર્પણ કર્યાં.[૮] તે પછી બળદેવજી, તે મુનિઓની સંમતિ લઈને બ્રાહ્મણો સાથે કૌશિકી નદી ઉપર જઈ સ્નાન કરીને જેમાંથી સરયૂ નદી નીકળી છે એવા તે સરોવર પર ગયા.[૯] ત્યાંથી સરયૂ નદીના પ્રવાહે પ્રવાહે પ્રયાગતીર્થમાં જઇને ત્યાં સ્નાન કરી દેવતર્પણ કરીને પુલહ ઋષિના આશ્રમમાં ગયા.[૧૦] પછી ત્યાં ગોમતી, ગંડકી અને વિપાશા નદીમાં સ્નાન કરી શોણ નદીમાં સ્નાન કર્યું ને ગયામાં જઇ પિતૃતર્પણ કરીને ગંગા તથા સમુદ્રમાં સ્નાન કર્યું. પછી મહેન્દ્ર પર્વત ઉપર પરશુરામનાં દર્શન કરી તેમને વંદન કર્યું અને ત્યાંથી સપ્તગોદાવરી, વેણા, પંપાસરોવર તથા ભીમરથી ગયા. ત્યાં કાર્તિકસ્વામીનાં દર્શન કરી પ્રભુ બળરામ, શંકરના નિવાસસ્થાન શ્રીશૈલપર્વત પર ગયા ને ત્યાંથી દ્રવિડદેશમાં વેંકટપર્વતને જોઇ આગળ કામકોષ્ણી તથા કાંચી નગરીમાં ગયા. પછી નદીઓમાં શ્રેષ્ઠ કાવેરી નદી પર જઇને મહાપવિત્ર શ્રીરંગતીર્થમાં ગયા, જ્યાં શ્રીહરિ નિવાસ કરે છે.[૧૧-૧૫] ત્યાંથી શ્રીહરિના ક્ષેત્રરૂપ ઋષભાદ્રિ પર્વત ઉપર જઇને દક્ષિણ મથુરા ગયા ને ત્યાંથી મોટાં પાપોનો નાશ કરનારા સમુદ્રના સેતુ (પુલ) ઉપર ગયા.[૧૬] તે સ્થળે બળદેવજીએ બ્રાહ્મણોને દશ હજાર ગાયોનાં દાન કર્યાં, પછી કૃતમાલા તથા તામ્રપર્ણી નદી ઉપર જઇને ત્યાંથી કુલાચલ મલયપર્વત ઉપર ગયા. તે મલયાચલ પર્વત ઉપર અગસ્ત્ય ઋષિ બિરાજ્યા હતા; તેમને નમસ્કાર કરી બળદેવજી તેમને પગે પડ્યા. તે પછી તેમણે આશીર્વાદો આપ્યા અને જવાની સંમતિ આપી; એટલે દક્ષિણસમુદ્રના કિનારે જઈ ત્યાં કન્યા નામની દુર્ગા દેવીનાં બળદેવજીએ દર્શન કર્યાં.[૧૭] તે પછી અનંતપુરમાં જઇને જ્યાં વિષ્ણુ ભગવાન સમીપજ રહે છે, તે પંચાપ્સરસ નામના ઉત્તમ સરોવર ઉપર જઇને તેમાં સ્નાન કર્યું તથા દશહજાર ગાયોનું દાન કર્યું.[૧૮] તે પછી ભગવાન બળદેવ, કેરલ અને ત્રિગર્ત દેશમાં જઇ ગોકર્ણ નામના શિવક્ષેત્રમાં ગયા; જ્યાં શંકર ભગવાન સમીપજ રહે છે.[૧૯] ત્યાંથી આર્યા દ્વૈપાયનીનાં દર્શન કરી બળદેવજી, શૂર્પારક ક્ષેત્રમાં ગયા ને ત્યાંથી તાપી, પયોષ્ણી અને નિર્વિંધ્યા નદીમાં સ્નાન કરી દંડકારણ્યમાં દાખલ થયા. પછી ત્યાંથી રેવા નદી (નર્મદાજી) ઉપર ગયા, જ્યાં માહિષ્મતી નગરી આવેલી છે અને ત્યાંથી ×મનુતીર્થમાં સ્નાન કરી ફરી પ્રભાસક્ષેત્રમાં આવ્યા. ત્યાં બ્રાહ્મણોએ કહેવાતા કુરુ-પાંડવના યુદ્ધમાં સર્વ રાજાઓનો વિનાશ થયેલો સાંભળી બળદેવજીએ માન્યું કે, શ્રીકૃષ્ણે પૃથ્વીનો ભાર ઉતાર્યો છે.[૨૦-૨૨] તે પછી ભીમ અને દુર્યોધન રણક્ષેત્રમાં ગદાયુદ્ધ કરતા હતા; તેઓને અટકાવવા માટે બળદેવજી કુરુક્ષેત્રમાં ગયા. ત્યાં યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ અને અર્જુન તેમને જોઇને વંદન કરી-શું કહેવાની ઇચ્છાથી આ અહીં આવ્યા હશે' આવા ભયથી ચૂપજ રહ્યા.[૨૩-૨૪] તે પછી ક્રોધાવેશમાં આવી ગયેલા, વિજયની ઇચ્છાવાળા અને હાથમાં ગદા લઇ તરેહતરેહનાં મંડળોમાં ઘૂમતા ભીમ તથા દુર્યોધનને જોઇ બળદેવજી આવું વચન બોલ્યા:[૨૫] 'હે દુર્યોધન રાજા! હે ભીમસેન! તમે બન્ને સમાન બળવાળા અને વીર છો; હું માનું છું કે, તમારામાંનો એક (ભીમ) બળથી અધિક છે અને એક (દુર્યોધન) ગદાયુદ્ધની શિક્ષાથી અધિક છે;[૨૬] માટે આ યુદ્ધમાં સમાન પરાક્રમવાળા તમારા બન્નેમાંથી કોઈનો પણ જય કે પરાજય જણાતો નથી; તો આ નિષ્ફળ યુદ્ધ બંધ પડવું જોઇએ.'[૨૭]

(શ્રીશુકદેવજી બોલ્યા:-) "હે રાજા! જેઓએ અન્યોન્ય વૈર બાંધ્યું અને એકબીજાનાં દુષ્ટ વચનો

× મનુતીર્થ તે બ્રહ્માવર્ત ક્ષેત્રમાં પ્રાચીસરસ્વતી નામનું તીર્થ. ચતુર્થ સ્કંધમાં એ વિષે કહેવાયું છે.-ચા. પ્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથા દુષ્ટ કૃત્યોને જેઓ યાદ કરતા હતા, એવા તે બન્ને-ભીમ અને દુર્યોધને બળદેવજીનું તે અર્થવાળું વાક્ય માન્યું નહિ. એટલે બળદેવજી, તે વાતને તેઓનાં પૂર્વજન્મનાં અનિષ્ટ કર્મોને અધીન માનતા દ્વારકા ચાલ્યા ગયા અને ત્યાં પ્રસન્ન થયેલા ઉગ્રસેન વગેરે જ્ઞાતિઓ સાથે મળ્યા. પછી ફરી પણ બળદેવજી નૈમિષારણ્યમાં ગયા. ત્યાં (તીર્થસ્નાન વગેરેથી) જેમના સમગ્ર દોષો દૂર થયા હતા, એવા તે યજ્ઞમૂર્તિ બળદેવજી પાસે સર્વ યજ્ઞોથી મુનિઓએ આનંદપૂર્વક (ભગવાનનું) યજન કરાવ્યું હતું. સમર્થ ભગવાન બળદેવજીએ, તે મુનિઓને (યજ્ઞની દક્ષિણા બદલ) વિશુદ્ધ વિજ્ઞાન આપ્યું હતું, જે વિજ્ઞાનથીજ મનુષ્યો પોતાના આત્મામાં આ જગતને રહેલું જાણે છે અને આત્માને જગતમાં રહેલો જાણે છે. યજ્ઞસમાપ્તિ પછી બળદેવજીએ પોતાની પત્ની સાથે અવભૃથ સ્નાન કર્યું અને પછી સુંદર વસ્રો ધારણ કરી સારી પેઠે શણગારેલા અને જ્ઞાતિઓ, બંધુઓ તથા સ્નેહીઓથી વીંટાયલા તે બળદેવજી, જેમ ચંદ્ર પોતાની જ્યોત્સ્ના સાથે શોભે તેમ શોભતા હતા.[૨૮-૩૨] બળશાળી, અનંત અને અપ્રમેય છતાં માયાથી મનુષ્ય બનેલા બળદેવજીનાં આવાં આવાં અસંખ્ય ચરિત્રો છે.[૩૩] જે મનુષ્ય અદ્દભુત કર્મ કરનારા અનંત બળરામનાં કર્મોનું સાયંકાળે અને પ્રાતઃકાળે સ્મરણ કરે છે તે મનુષ્ય વિષ્ણુને પ્રિય થાય છે."[૩૪]

योऽनुस्मरेत रामस्य कर्माण्यद्भुतकर्मणः ।
सायं प्रातरनंतस्य विष्णोः स दयितो भवेत् ॥३४॥

ઇતિ શ્રીમદ્દભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૭૯મો સમાપ્ત

अध्याय ८० मो*

શ્રીકૃષ્ણને ત્યાં શ્રીદામાજી×

॥ राजोवाच ॥

भगवन् यानि चान्यानि मुकुंदस्य महात्मनः ।
वीर्याण्यनंतवीर्यस्य श्रोतुमिच्छामहे प्रभो ॥ १ ॥

પરીક્ષિત રાજાએ કહ્યું:-"હે ભગવન્ ! અનંત પરાક્રમી મહાત્મા શ્રીકૃષ્ણનાં બીજાં પરાક્રમો પણ હું સાંભળવા ઇચ્છું છું. હે પ્રભો ! કામનાં બાણોથી ખેદ પામેલો કયો સાર જાણનારો પુરુષ, એક વાર શ્રીભગવાનની ઉત્તમ કથાઓ સાંભળીને (તેથી) વિરામ પામે ?[૧૨] મનુષ્ય, જે વાણીથી ભગવાનના ગુણો વર્ણવે છે તેજ વાણી છે; જે હાથ ભગવાનનાંજ કર્મો કરે છે તેજ હાથ છે; જે મન સ્થાવર-જંગમ સર્વ પદાર્થોમાં વસી રહેલા ભગવાનનું સ્મરણ કરે છે, તેજ મન છે; જે કાન ભગવાનની પવિત્ર કથાઓ સાંભળે છે તેજ કાન છે; જે મસ્તક 'સ્થાવર-જંગમ સર્વ કંઇ ભગવાનનીજ મૂર્તિ છે' એમ માનીને નમે છે, તેજ મસ્તક છે; જે નેત્ર 'સ્થાવર જંગમ સર્વ કંઇ ભગવાનનીજ મૂર્તિ છે' એમ જુએ તેજ નેત્ર છે અને જે અંગો વ્યાપક ભગવાનના તથા ભગવાનના ભક્તોના ચરણોદકનું નિત્ય સેવન કરે છે તેજ અંગો છે."[૩]

સૂત બોલ્યાઃ-રાજા પરીક્ષિતે એ રીતે પૂછ્યું એટલે ભગવાન શુકદેવજી, વાસુદેવ ભગવાનમાં મગ્ન હૃદયવાળા થઇને બોલ્યા.[૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"કોઇ એક બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો મિત્ર હતો; મોટો બ્રહ્મવેત્તા હતો; ઇન્દ્રિ-

* આ અધ્યાયમાં 'ધનની ઇચ્છાથી પોતાને ઘેર આવેલા શ્રીદામાનો સત્કાર કરી શ્રીકૃષ્ણે હર્ષથી ગુરુને ઘેર રહ્યાની વાત પૂછી' એ કહેવાશે. —શ્રીધર

× 'शमो मित्रः सुदामा च' આ કૃષ્ણોપનિષદ્ના વચન પ્રમાણે શમ (મનોનિગ્રહ)ને મિત્ર સુદામાની ઉપમા આપી છે. -મા. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચોના વિષયમાં વિરક્ત હતો અને અત્યંત શાંત અંતઃકરણવાળો, જિતેન્દ્રિય તથા ગૃહસ્થાશ્રમી છતાં દૈવેચ્છાથી જે કંઈ મળી આવે તે ઉપર આજીવિકા ચલાવતો હતો. ફાટાં–તૂટાં વસ્ત્રો પહેરનારા તે બ્રાહ્મણની સ્ત્રી પણ તેવીજ હતી અને ક્ષુધાથી દુર્બળ થઈ ગઇ હતી.૫–૭ તે દરિદ્ર પતિવ્રતા સ્ત્રી દુઃખી થતી એક વખતે (ભયથી) ધ્રૂજતી પોતાના પતિ પાસે જઇ સુકાતા મુખે કહેવા લાગીઃ 'હે બ્રહ્મન્! સાક્ષાત્ લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ, આપ ભગવાનના મિત્ર છે; જે શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણોના ભક્ત, શરણે આવેલાનું રક્ષણ કરનારા અને યાદવોમાં ઉત્તમ છે;૮૯ તો હે મહાભાગ! સત્પુરુષોના પરમ આશ્રયરૂપ તે ભગવાન પાસે તમે પધારો; તમે દુઃખી અને કુટુંબવાળા છો, તેથી તમને તે પુષ્કળ ધન આપશે.૧૦ તે શ્રીકૃષ્ણ હમણાં દ્વારકામાં છે; ભોજ, વૃષ્ણિ–તથા અંધકવંશના રાજા છે (જેથી તે તમારો સ્વીકાર કરશે કે તુરતજ ભોજવંશી વગેરે પણ તમને ધન આપશે.) અને તે જગદ્ગુરુ પોતાનાં ચરણકમળનું સ્મરણ કરનારને પોતાનું સ્વરૂપ પણ અર્પણ કરી દે છે; તો પછી પોતાનું ભજન કરનારને અતિ તુચ્છ એવા અર્થ તથા કામ અર્પણ કરે એમાં શું કહેવાનું હોય?'૧૧ એ પ્રમાણે પોતાની સ્ત્રીએ કોમળતાપૂર્વક ઘણી ઘણી વાર પ્રાર્થના કરી; એટલે 'શ્રીકૃષ્ણનાં દર્શન એજ મોટો લાભ છે' આવો વિચાર કરી તે બ્રાહ્મણે (દ્વારકા) જવા માટે મનથી નિશ્ચય કર્યો અને સ્ત્રીને કહ્યું કે, 'હે કલ્યાણિ! ઘરમાં કંઇ ભેટ અપાય એવું છે? જો હોય તો આપ.'૧૨૧૩ તે સાંભળી પેલી બ્રાહ્મણી ચાર મુઠી પૌંવા માગી લાવી અને વસ્ત્રના ટુકડામાં તે બાંધીને તેણીએ પોતાના પતિને (શ્રીકૃષ્ણ સારુ) ભેટ તરીકે આપ્યા.૧૪ પછી તે શ્રેષ્ઠ બ્રાહ્મણ, 'મને શ્રીકૃષ્ણનું દર્શન કેવી રીતે થશે?' એવો વિચાર કરતો દ્વારકા ગયો. ત્યાં જઇને એ બ્રાહ્મણ, બીજા બ્રાહ્મણો સાથે ત્રણ લશ્કરી છાવણી તથા ત્રણ દરવાજાએ ઓળંગીને આગળ ગયો અને પછી અસ્ખલિત ધર્મ પાળનારા અંધકો તથા યાદવોનાં ઘરોની વચ્ચે અને શ્રીકૃષ્ણની સોળ હજાર રાણીઓનાં ઘરોની વચ્ચે એક શોભાયમાન ઘર હતું તેમાં દાખલ થયો. એ વખતે તે બ્રાહ્મણ બ્રહ્માનંદને પામ્યો હોય તેવો (આનંદમગ્ન) થઈ ગયો. ભગવાન કૃષ્ણ પોતાની પ્રિયાના પલંગ પર બિરાજ્યા હતા, તે પેલા બ્રાહ્મણને દૂરથી આવતો જોઈ એકદમ ઊભા થઇ ગયા અને તેની સામે જઈ બે હાથથી હર્ષપૂર્વક તેને ભેટી પડ્યા. પોતાના પ્રિય મિત્ર એ બ્રહ્મર્ષિના અંગસંગથી કમલનયન શ્રીકૃષ્ણ અત્યંત આનંદ પામ્યા અને પ્રેમયુક્ત થઇ નેત્રોમાંથી આનંદનાં અશ્રુઓ વરસાવવા લાગ્યા.૧૫–૧૯ ત્યાર પછી હે રાજન્! તેને પલંગ પર બેસાડી પોતે જાતે સર્વ પૂજાસામગ્રી લાવી, ભગવાને એ બ્રાહ્મણના પગ ધોયા અને તેનું પગ ધોયાનું જળ પોતે લોકપાવન છતાં પોતાના મસ્તક પર ચડાવ્યું. પછી દિવ્ય ગંધ, ચંદન, અગર તથા કેસરથી વિલેપન કર્યું અને સુગંધી ધૂપો તથા દીવાઓની પંક્તિઓથી આનંદપૂર્વક પૂજન કરી તાંબૂલ તથા ગાય અર્પણ કરીને પોતાના તે મિત્રનું 'ભલે પધાર્યા' એ પ્રમાણે સ્વાગત કર્યું.૨૦–૨૨ સાક્ષાત્ લક્ષ્મીદેવી–રુક્મિણી ખરાબ વસ્ત્રોવાળા, મલિન, દુર્બળ તેમજ શરીરે નાડીઓથી વ્યાપ્ત એવા તે બ્રાહ્મણને ચામર ઢોળીને સેવા કરવા લાગ્યાં.૨૩ અંતઃપુરનાં સઘળાં માણસો નિર્મળ કીર્તિવાળા શ્રીકૃષ્ણે અત્યંત પ્રીતિથી પૂજેલા તે મલિન બ્રાહ્મણને જોઇ આશ્ચર્ય પામ્યાં કે, 'લક્ષ્મીથી રહિત, આ લોકમાં નિંદ્ય અને અધમ એવા આ મેલા ભિક્ષુકે એવું તે કયું પુણ્ય કર્યું હશે, કે જેથી ત્રણે લોકના ગુરુ અને લક્ષ્મીના નિવાસસ્થાન શ્રીકૃષ્ણે આનું સન્માન કર્યું છે? તેમજ પલંગમાં રહેલાં લક્ષ્મીજીને (રુક્મિણી-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુદામા અને શ્રીકૃષ્ણનો મેળાપ [પૃષ્ઠ ૯૮૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નો) ત્યાગ કરી મોટા ભાઇ બળદેવને ભેટી પડે તેમ ભગવાન આને ભેટી પડ્યા !' તે પછી હે રાજન્ ! શ્રીકૃષ્ણ અને શ્રીદામાજી, બન્ને એકબીજાના હાથ પકડી પ્રથમ ગુરુકુળમાં જ્યારે રહેતા હતા તે સંબંધી સુંદર વાતો કહેવા લાગ્યા.[૨૪–૨૭]

શ્રીભગવાન બોલ્યાઃ–' હે ધર્મવેત્તા શ્રીદામાજી ! તમારા તરફથી ગુરુદક્ષિણા જેણે પ્રાપ્ત કરી હતી, એવા ગુરુકુળથી આવીને સમાવર્તન સંસ્કાર કરી તમે પોતાને યોગ્ય સ્ત્રી પરણ્યા કે નહિ?×[૨૮] હે વિદ્વાન ! ÷તમારું મન વિષયભોગોથી લગભગ આકર્ષાયલું રહેતું નથી, એ તો મારા જાણવામાં છે; કારણ કે તમે ધન–વસ્ત્ર વગેરે ઉપર અત્યંત પ્રેમ ધરાવતા નથી.[૨૯] *ઈશ્વરની માયાએ રચેલી વિષયવાસનાઓનો ત્યાગ કરતા કેટલાક પુરુષો, કામાભિલાષથી નહિ આકર્ષાયલા મનવાળા હોય છે; તોપણ જેમ હું (ઈશ્વર છું છતાં) 'લોકો મારી પેઠે કર્મો કરે ' એવી ઇચ્છાથી કર્મો કરું છું તેમ, કર્મો કરે છે.[૩૦] હે બ્રહ્મન્ ! આપણે બન્ને ગુરુકુળમાં સાથે રહેતા હતા, તે તમને યાદ છે ને ? જે ગુરુકુળથી જાણવા યોગ્ય પરમાત્માના તત્ત્વને જાણીને બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યજાતિનો મનુષ્ય સંસારના પારને પામે છે.[૩૧] હે શ્રીદામાજી ! આ જગતમાં જેનાથી પોતાનો જન્મ થાય છે તે પિતા પહેલો ગુરુ છે; બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને જેનાથી પોતાનાં ઉત્તમ કર્મોનો સંભવ થાય છે– એટલે જનોઈ આપીને જે વેદાધ્યયન કરાવે છે, તે (મારા જેવોજ પૂજ્ય) બીજો ગુરુ છે અને સર્વ આશ્રમવાસીઓને આત્મજ્ઞાનનો ઉપદેશ કરે છે, તે સાક્ષાત્ મારા જેવો (સર્વોત્તમ) ત્રીજો ગુરુ છે.[૩૨] હે બ્રહ્મન્ ! વર્ણાશ્રમીઓમાં જે પુરુષો, આત્મજ્ઞાન અર્પણ કરનારા મારારૂપ ગુરુના ઉપદેશમાત્રથી અનાયાસે સંસારસમુદ્રને તરી જાય છે, તેઓજ ખરેખર પોતાનો પુરુષાર્થ સિદ્ધ કરવામાં કુશળ છે.‡[૩૩] સર્વ પ્રાણીઓનો આત્મા હું, (મારારૂપી આત્મજ્ઞાન અર્પણ કરનારા) ગુરુની સેવાથી જેવો પ્રસન્ન થાઉં છું, તેવો યજ્ઞયાગકરવારૂપી ગૃહસ્થધર્મથી, બ્રહ્મચારીધર્મથી, વાનપ્રસ્થધર્મથી કે સંન્યાસધર્મથી પ્રસન્ન થતો નથી.[૩૪] હે બ્રહ્મન્ ! આપણે જ્યારે ગુરુની પાસે રહેતા હતા ત્યારે એક વેળા ગુરુપત્નીએ આપણને લાકડાં લાવવા આજ્ઞા કરી હતી. તે વેળા જે કંઈ બન્યું હતું તે તમે યાદ કરો છો કે ? હે બ્રાહ્મણ ! આપણે (લાકડાં લેવા) મોટા જંગલમાં દાખલ થયા હતા અને ત્યાં ઋતુ વિના અકાળે ઘણો મોટો પવન ફુંકાયો હતો; ભારે વરસાદ પડ્યો હતો અને મહા તીક્ષ્ણ મેઘગર્જનાઓ થઇ હતી.[૩૫,૩૬] તે વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો; દિશાઓ અંધકારથી ઢંકાઇ ગઇ હતી અને નીચા ઊંચા સર્વ પ્રદેશો જળમય બની ગયા હતા, જેથી કંઈ જાણવામાં આવતું ન હતું.[૩૭] પાણીથી તરબોળ થયેલા તે જંગલમાં આપણે પવન તથા પાણીથી વારંવાર ખૂબ પીડાયા હતા; આપણને દિશાઓનું પણ ભાન રહ્યું ન હતું અને એકબીજાના હાથ પકડી (લાકડાંના ભારાઓ સાથે) આતુર થઇને ચોતરફ ભટક્યા હતા.[૩૮] સૂર્ય ઊગ્યો ત્યારે આ વાત જાણીને આપણા સાંદીપનિ ગુરુએ જ્યારે આપણી તપાસ કરી ત્યારે તે આચાર્યે પોતાના શિષ્ય એવા આપણને આતુર થયેલા જોયા હતાઃ[૩૯] (અને કહ્યું હતું કે,) ' અહો ! હે પુત્રો ! તમે અમારા માટે ઘણાજ દુઃખી થયા છો. પ્રાણીઓને

× ગૃહસ્થનાં ચિહ્નો જોવામાં આવ્યાં, પણ ભોગો નહિ દેખાતાં જાણે સંશય થયો હોય તેમ પ્રશ્ન કરે છે.–શ્રી.

÷ ના નહિ કહેવાથી લગ્ન કર્યાં છે એમ માનીને કહે છે.–શ્રી.

* તમે જાણોજ છો કે, હું વિષયોથી આકર્ષાતો નથી, તો પછી મારે ગૃહધર્મનો ક્લેશ શા માટે જોઇએ ? એમ કદાચ શ્રીદામા કહે તો તે માટે કહે છે. –શ્રીધર

‡ અર્થાત્ આત્મજ્ઞાન અર્પણ કરનારા ગુરુરૂપ મારો આશ્રય કરીને જેઓ સંસારને તરી જાય છે, તેઓ બુદ્ધિમાન છે અને આત્મજ્ઞાન આપનાર ગુરુથી અધિક બીજો કોઇ સેવવા યોગ્ય નથી. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાનો આત્મા ઘણોજ વહાલો હોય છે, છતાં તમે તે આત્માની પણ દરકાર નહિ કરીને કેવળ મારી ભક્તિમાંજ તત્પર રહ્યા છો.[૪૦] ખરેખર, ઉત્તમ શિષ્યોએ ગુરુ પ્રત્યે આજ ઉપકાર કરવા યોગ્ય છે, કે તેઓએ સર્વ પુરુષાર્થના સાધનરૂપ પોતાનો દેહ શુદ્ધભાવે ગુરુ માટે અર્પણ કરી દેવો જોઈએ. હે શ્રેષ્ઠ દ્વિજો ! હું તમારા પર પ્રસન્ન થયો છું. તમારા મનોરથો સફળ થાઓ અને મારી પાસેથી ભણેલા વેદો આ લોકમાં તથા પરલોકમાં કદી નિઃસાર ન થાઓ–તમારું વેદજ્ઞાન અવિચ્છિન્ન રહો.[૪૧,૪૨] આપણે ગુરુગૃહે રહેતા હતા ત્યારે આવા આવા અનેક બનાવો બન્યા હતા; તે તમને યાદ છે ને ? ખરેખર! ગુરુની કૃપાથીજ પુરુષ પૂર્ણ થઇને પરિપૂર્ણ શાંતિ મેળવવા સમર્થ થઇ શકે છે.[૪૩]

બ્રાહ્મણ બોલ્યોઃ–'હે દેવોના દેવ ! હે જગતના ગુરુ ! આપ પૂર્ણકામની સાથે જેનો ગુરુગૃહે વાસ થયો હતો, તે અમોએ શું અપૂર્ણ રાખ્યું છે?(અર્થાત્ અમો કૃતાર્થ થઈજ ચૂકયા છીએ.)[૪૪] હે વિભો ! જેમની મૂર્તિ વેદમય, બ્રહ્મરૂપ અને સર્વ કલ્યાણોનું ઉત્પત્તિસ્થાન છે એવા આપનો ગુરુગૃહે નિવાસ માત્ર મનુષ્યલીલાનુંજ અત્યંત અનુકરણ છે.[૪૫]

यस्य च्छंदोमयं ब्रह्म देह आवपनं विभो।
श्रेयसां तस्य गुरुषु वासोऽत्यंतविडंबनम् ॥४५॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૦ મો સમાપ્ત

अध्याय ८१ मो*

શ્રીકૃષ્ણે શ્રીદામાને, ઇન્દ્રને પણ દુર્લભ સંપત્તિ અર્પણ કરી

॥ श्रीशुक उवाच ॥

स इत्थं द्विजमुख्येन सह संकथयन् हरिः।
सर्वभूतमनोऽभिज्ञः स्मयमान उवाच तम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" બ્રાહ્મણશ્રેષ્ઠ શ્રીદામાની સાથે એ પ્રમાણે વાર્તાલાપ કરતા શ્રીહરિ, સર્વ પ્રાણીઓના મનને જાણનારા હોઇને,× મંદ મંદ હસવાપૂર્વક તેમને કહેવા લાગ્યા.[૧] બ્રાહ્મણભક્ત શ્રીકૃષ્ણ ભગવાન સત્પુરુષોની ગતિરૂપ હતા. તે, એ વેળા પોતાના પ્રિય મિત્ર શ્રીદામા બ્રાહ્મણને પ્રેમયુક્ત દૃષ્ટિ વડે જોતા હતા અને (મારી ભાભીએ મારે માટે આપેલી ભેટને તમે છુપાવો છો કેમ? એમ) તેમની સામે હાંસી કરતા હતા.[૨]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે બ્રાહ્મણ ! તમે મારે માટે ઘેરથી શી ભેટ આણી છે ? મારા ભક્તોએ મને થોડું પણ પ્રેમથી અર્પણ કર્યું હોય, તે મને ઘણું જ થઇ પડે છે; પરંતુ અભક્ત પુરુષોએ મને પુષ્કળ અર્પણ કર્યું હોય છતાં તે મારી પ્રસન્નતા માટે થઈ શકતું નથી.[૩] જે મનુષ્ય પત્ર, પુષ્પ, ફળ કે જળ મને ભક્તિથી અર્પણ કરે છે, તેની એ ભક્તિથી અર્પણ કરેલી વસ્તુને હું જમી લઉં છું; કારણ કે તે મનુષ્યનું મન (ભક્તિને લીધે) શુદ્ધ હોય છે.'[૪]

"હે રાજન્ ! ભગવાન કૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે બ્રાહ્મણ શ્રીદામા શરમાઇ જઇને નીચું મુખ કરી ગયા; પણ લક્ષ્મીપતિ શ્રીભગવાનને પૌંવાનો જે અર્ધો ખોબો (પોતે સાથે આણ્યો)

* આ અધ્યાયમાં 'શ્રીકૃષ્ણે પોતાના મિત્ર શ્રીદામાના પૌંવા ખાઇ તેના આશ્રમમાં ઇન્દ્રને પણ દુર્લભ સંપત્તિ કરી મૂકી,' એ કથા કહેવામાં આવશે, –શ્રીધર

× અર્થાત્ આ મારો મિત્ર મારે માટે પૌંવા લાવ્યો છે, પણ મને આપવાને શરમાય છે; એમ શ્રીદામાનો મનોભાવ જાણી લઇને. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતો તે ન આપ્યો;[૫] પરંતુ ભગવાન તો સર્વ પ્રાણીઓના અંતઃકરણને જોઇ રહેલા છે, તેથી તેમણે શ્રીદામાના આવવાનું કારણ જાણી લઈ મનમાં વિચાર કર્યો કે, 'આ મારો મિત્ર લક્ષ્મીની ઇચ્છાથી પહેલાં મને ભજતો ન હતો; પરંતુ પોતાની પતિવ્રતા પત્નીનું પ્રિય કરવાની ઇચ્છાથી મારી પાસે આવ્યો છે. માટે હું આને દેવોને પણ દુર્લભ એવી સંપત્તિઓ અર્પણ કરીશ.'[૬-૭] આવો મનમાં વિચાર કરી બ્રાહ્મણના વસ્ત્રમાંથી ચીંથરે બાંધેલા પૌંવા, ભગવાને પોતે 'આ શું છે?' એમ કહીને લઇ લીધા અને. (ગાંઠ છોડીને કહ્યું કે,) 'હે મિત્ર! આ તો મને પરમ પ્રસન્ન કરે એવી ભેટ તમે લાવ્યા છો; આ પૌંવા સમગ્ર જગતના આત્મા મને તૃપ્ત કરશે.'[૮-૯] એમ કહીને ભગવાને તેમાંથી એક મુઠી ખાઇને બીજી મુઠી ખાવા માટે લીધી, તેટલામાં તો ભગવાનમાંજ પરાયણ રહેનારી લક્ષ્મીદેવી રુક્મિણીએ, ભગવાનના હાથને પકડી રાખ્યો;[૧૦] (અને કહ્યું કે,) 'હે જગતના આત્મા! આપની પ્રસન્નતાનું કારણ આ લોકમાં કે પરલોકમાં પુરુષને સર્વ સંપત્તિઓની સમૃદ્ધિ માટે આટલુંજ કરવાથી બસ* છે'[૧૧] તે÷ પછી બ્રાહ્મણ–શ્રીદામા, તે રાત્રિ ભગવાનને ઘેર રહીને, ખાઇપીને પોતે જાણે સ્વર્ગમાં ગયો હોય એવું સુખ માનવા લાગ્યો ને પછી હે તાત! બીજે દિવસે–સૂર્ય ઊગ્યો ત્યારે જગતનું રક્ષણ કરનારા અને સ્વાનંદપૂર્ણ એવા શ્રીભગવાને જેને વંદન કર્યું હતું અને માર્ગમાં પાછળ જઇ (પ્રિયવચનોથી) જેને પ્રસન્ન કર્યો હતો એવો તે બ્રાહ્મણ પોતાના ઘર તરફ વિદાય થયો. તે બ્રાહ્મણે શ્રીકૃષ્ણ પાસેથી કંઈ પણ ધન મેળવ્યું નહિ અને તેણે પોતે શરમાઇને કંઈ માગ્યું નહિ; છતાં શ્રીકૃષ્ણનાં દર્શનથીજ તે સુખી થયો હતો.[૧૨-૧૪] (અને જતાં જતાં વિચાર કરતો હતો કે,) 'બ્રાહ્મણોના હિતકારક એવા દેવ શ્રીકૃષ્ણનું બ્રાહ્મણોના પ્રત્યે પ્રેમાળપણું મેં આશ્ચર્યજનક જોયું છે;કારણ કે વક્ષઃસ્થળમાં લક્ષ્મીને ધારણ કરતા શ્રીકૃષ્ણ મને અત્યંત દરિદ્રને (જોતાંજ) ભેટી પડ્યા! હું મહાપાપી દરિદ્ર ક્યાં? અને લક્ષ્મીના નિવાસસ્થાન શ્રીકૃષ્ણ ક્યાં? છતાં 'આ એક બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયો છે' આમ માનીને શ્રીકૃષ્ણ બન્ને બાહુ વડે મને ભેટી પડ્યા! એટલુંજ નહિ પરંતુ પોતાની પ્રિયાના બેસવાના પલંગ પર પોતાના ભાઇની પેઠે મને બેસાડ્યો અને થાકી ગયેલા મને તેમની રાણીએ હાથમાં ચામર લઇ પવન ઢોળ્યો! ઉપરાંત દેવોના દેવ અને બ્રાહ્મણોના પણ દેવ શ્રીકૃષ્ણે પગચંપી વગેરેથી પરમ સેવા કરીને દેવની પેઠે મારી પૂજા કરી! જો કે તે શ્રીકૃષ્ણના ચરણનું પૂજનજ પુરુષોને સ્વર્ગનું, મોક્ષનું, રસાતલની સંપત્તિઓનું, પૃથ્વી પરની સંપત્તિઓનું તથા સર્વ સિદ્ધિઓનું પણ કારણ બને છે, તે છતાં 'આ નિર્ધન બ્રાહ્મણ ધન પામીને ઘણોજ છકી જશે અને મારું સ્મરણ નહિ કરે' આમ માનીનેજ દયાળુ ભગવાને મને થોડુંઘણું ધન આપ્યું નથી.[૧૫-૨૦] આવો મનમાં વિચાર કરતો શ્રીદામા, પોતાના ઘરની પાસે આવી પહોંચ્યો; ત્યાં તો તે ઘર સૂર્ય, અગ્નિ અને ચંદ્ર જેવાં ઝળહળતાં વિમાનો સરખાં ઘરોથી ચોતરફ વીંટાયલું હતું; તેની આસપાસ તરેહ તરેહના બાગ–બગીચાઓ ને ફૂલવાડીઓ આવી રહી હતી, જેમાં પક્ષીઓનાં ટોળાં કલ્લોલ કરી રહ્યાં હતાં; અને પ્રફુલ્લ કુમુદ, અંભોજ, કલ્હાર તથા ઉત્પલ જાતિનાં

---

* કહેવાનો ભાવ એ છે કે, આપે આ એકજ મુઠી પૌંવા ખાધા તેથી પોતાના આ ભક્ત પુરુષને આ લોકમાં તથા પરલોકમાં મારા કટાક્ષના વિલાસરૂપ સર્વ સંપત્તિઓની સમૃદ્ધિ મળી ચૂકી છે, કે જે સમૃદ્ધિ જોઇને આપ પ્રસન્ન થાઓ. હવે આ બીજી મુઠી ખાઇને મને પોતાનેજ આપી દઇ આ ભક્તને અધીન ન કરો. —શ્રીધર

÷ ભગવાને એક મુઠી પૌંવા ખાધા. તે પછી લક્ષ્મીના અવતારરૂપ રુક્મિણીએ અને તેમની સખીઓએ બાકી રહેલા પૌંવા વહેંચી લઇ ખાધા હતા; એમ અહીં સમજવું. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

કમળોથી યુક્ત જલાશયો હતાં; વળી સારી રીતે શણગારેલા પુરુષો તથા હરિણી જેવાં નેત્રવાળી સ્ત્રીઓ એ ઘરમાં ઘૂમી રહી હતી. (એવું તે ઘર જોઇ) 'આ શું? આ ઘર કોનું હશે? આ આમ કેમ બની ગયું?' આમ શ્રીદામા મનમાં વિચાર કરતો હતો; તેટલામાં તો દેવો જેવી કાંતિવાળા પુરુષો અને સ્ત્રીઓ મોટા ગીતવાદ્યની સાથે તે મહાભાગ્યશાળીનો આદરસત્કાર કરવા લાગ્યા અને તેની સ્ત્રી પણ પતિને આવેલા જોઇ એકદમ આનંદમાં આવી જઇ ઘણોજ આદર કરતી, કમળના વનમાંથી જેમ સાક્ષાત્ લક્ષ્મીદેવી નીકળે તેમ ઘરમાંથી ઝટ બહાર નીકળી.[૧-૨૫] તે પતિવ્રતા સ્ત્રી, પોતાના પતિનાં દર્શન કરી પ્રેમ અને ઉત્કંઠાને લીધે અશ્રુભરેલાં નેત્રોવાળી થઇ ગઈ અને નેત્રો મીંચી દઇને 'ખરેખર આજ વંદનીય છે' આવા નિશ્ચયથી નમી પડીને મનથી ભેટી પડી. બ્રાહ્મણ શ્રીદામા, વિમાનમાં બિરાજેલી દેવીની પેઠે દીપી રહેલી અને ગળામાં કંઠીઓ ધારણ કરતી દાસીઓની વચ્ચે ઝળકી રહેલી પોતાની પત્નીને જોઇ આશ્ચર્ય પામ્યો અને પ્રસન્ન થઇ તે પત્ની સાથે પોતે પોતાના ઘરમાં દાખલ થયો, જે ઘર ઇન્દ્રભવનની પેઠે સેંકડો મણિઓના થાંભલાઓથી યુક્ત હતું; દૂધના ફીણ જેવી ઉજ્જ્વળ શય્યાઓ ત્યાં બિછાવી હતી; સોનાના સાજવાળા હાથીદાંતના પલંગો ઢાળી દેવામાં આવ્યા હતા; સોનાના દાંડાવાળાં ચામરો અને પંખાઓ ત્યાં હતા; સુંવાળી ગાદીઓવાળાં આસનો પણ સોનાનાં હતાં; મોતીઓની શેરો લટકાવેલા ઝળહળતા ચંદરવાઓ બાંધવામાં આવ્યા હતા; સ્વચ્છ સ્ફટિકમણિની ભીંતો હતી, જેમાં ઉત્તમ ઇન્દ્રનીલમણિઓ જડેલા હતા, તેમજ શ્રેષ્ઠ (પૂતળીઓરૂપી) સ્ત્રીઓ સાથે રત્નના દીવાઓ પ્રકાશી રહ્યા હતા. તે ઘરમાં સર્વ સંપત્તિઓની સમૃદ્ધિ જોઈ બ્રાહ્મણ શ્રીદામા, સ્થિર થઇને અકસ્માત્ આવી પડેલી તે પોતાની સમૃદ્ધિનો વિચાર કરવા લાગ્યો કે, '(આ સમૃદ્ધિ આવી ક્યાંથી?)[૨૬-૩૨] ખરેખર, નિશ્ચય થાય છે કે, હમેશના દરિદ્રી અને દુર્ભાગી એવા મને આ સમૃદ્ધિનું કારણ મહાન ઐશ્વર્યવાળા યદૂત્તમ શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિ વિના બીજું કંઈ પણ ઘટી શકતું નથી. દાશાર્હવંશીઓમાં શ્રેષ્ઠ મારા મિત્ર કૃષ્ણ, પોતે પુષ્કળ ભોગવૈભવવાળા છે, તેથી મેઘની પેઠે (પોતે જે વસ્તુ આપે છે તેને અલ્પજ) જોતા પોતાની પાસે યાચના કરનાર ભક્તને સમક્ષમાં કંઇ પણ ન કહેતાં ઘણું ઘણું આપી દે છે.* વળી તે ભગવાન, પોતે પુષ્કળ આપે છે, છતાં પોતાનું આપેલું અતિ અલ્પ માને છે અને પોતાના ભક્તે કરેલું નિઃસાર કે અતિ તુચ્છ હોય તોપણ તેને ઘણું કર્યું માને છે, જેથી એક મુઠી પૌંવા હું લઇ ગયો હતો, તેને પણ એ મહાન આત્માએ પ્રીતિયુક્ત થઇને સ્વીકારી લીધા છે.[૩૩-૩૫] માટે મને તો પ્રત્યેક જન્મમાં વારંવાર એજ ભગવાન પ્રત્યે પ્રેમ, એમનુંજ હિત કરવાની આશા, એમનોજ ઉપકાર કરનારાપણું અને એમનુંજ દાસત્વ પ્રાપ્ત થાઓ; તેમજ મહાપ્રભાવશાળી અને ગુણોના નિવાસસ્થાન તે ભગવાન સાથેજ વિશેષે કરી સંગ પામેલા મને તેમના ભક્ત પુરુષોમાં પ્રસંગ થાઓ.[૩૬] અજન્મા તે ભગવાન પોતે જુએ છે કે, ધનવાન પુરુષોનો મદથી ઉત્પન્ન થતો અધઃપાત થાય છે, તેથી પોતે વિચક્ષણ હોઇને પોતાના અલ્પજ્ઞાની ભક્તને વિવિધ સંપત્તિઓ, રાજ્ય કે સ્ત્રીપુત્રાદિ વિભૂતિઓ આપતા નથી; પણ

* કહેવાનો ભાવ એ છે કે, સમુદ્રને પણ ભરી દેનારો મોટો દાતા મેઘ, કોઇ વખતે પુષ્કળ વૃષ્ટિને પણ અલ્પ માની શરમાયો હોય, તેમ ખેડૂતની સમક્ષ નહિ વરસીને રાત્રે ખેડૂત ઊંઘતો હોય છે ત્યારે તેના ખેતરને પાણીથી તરબોળ કરી મૂકે છે; તેમ શ્રીકૃષ્ણ પણ પોતાના ભોગોની આગળ ઇન્દ્રાદિ પદને પણ અતિ તુચ્છ માનીને—પોતે જે કંઇ આપે છે તેને અતિ તુચ્છ ગણીને—પોતાના ભજનનેજ સર્વોત્કૃષ્ટ ગણી સમક્ષમાં કંઇજ નહિ કહેતાં પુષ્કળ આપી દે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દઢ ભક્તિજ આપે છે.'+૩૭

બુદ્ધિથી એવો નિશ્ચય કરીને શ્રીકૃષ્ણના અત્યંત ભક્ત શ્રીદામાજી, ધીમેધીમે વિષયોના ત્યાગનો અભ્યાસ કરતા અત્યંત લંપટ થયા વિના સ્ત્રી સાથે વિષયો ભોગવવા લાગ્યા. એ રીતે દેવોના દેવ અને યજ્ઞોના પતિ પ્રભુ શ્રીહરિને બ્રાહ્મણોજ પ્રભુ છે અને બ્રાહ્મણોજ દેવરૂપ છે; બ્રાહ્મણોથી બીજું કંઇ પણ ઉત્કૃષ્ટ નથી.૩૮-૩૯ એ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનનો મિત્ર તે શ્રીદામા બ્રાહ્મણ, અજિત એવા પણ ભગવાનને પોતાના ભક્તોથી તે વેળા પરાજય પામેલા જોઇને તેમના ધ્યાનના વેગથી અહંકારરહિત થઇ અલ્પ સમયમાં સત્પુરુષોની ગતિરૂપ એવા તેમના ધામને પ્રાપ્ત થયો. ૪૦ બ્રાહ્મણોનું રક્ષણ કરનારા દેવ શ્રીકૃષ્ણનું આ (શ્રીદામાને સંપત્તિ આપવારૂપ) બ્રાહ્મણભક્તપણું સાંભળી મનુષ્ય, ભગવાનમાં ભક્તિભાવ પ્રાપ્ત કરી કર્મબંધનથી મુક્ત થાય છે."૪૧

एतद् ब्रह्मण्यदेवस्य श्रुत्वा ब्रह्मण्यतां नरः ।
लब्धभावो भगवति कर्मबंधाद्विमुच्यते ॥ ४१ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૧ મો સમાપ્ત

અધ્યાય ૮૨ મો*

સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં રાજાઓની શ્રીકૃષ્ણકથાઓ

॥ શ્રીશુક उवाच ॥

अथैकदा द्वारवत्यां वसतो रामकृष्णयोः ।
सूर्योपरागः सुमहानासीत् कल्पक्षये यथा ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"તે પછી બળરામ અને શ્રીકૃષ્ણ દ્વારકામાં રહેતા હતા ત્યારે એક વખતે પ્રલયકાળે જેવું મહાન ‡સૂર્યગ્રહણ થાય છે તેવું સૂર્યગ્રહણ થયું હતું.૧ હે રાજન્! (જ્યોતિષીઓના કહેવા ઉપરથી) પ્રથમથીજ તે સૂર્યગ્રહણને જાણીને મનુષ્યો પુણ્ય કરવાની ઇચ્છાથી ચોતરફથી કુરુક્ષેત્રમાં ગયા હતા; જે કુરુક્ષેત્રમાં શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રિય કરતાં રાજાઓના લોહીના પ્રવાહથી મોટા ધરાઓ કર્યા હતા અને જ્યાં ભગવાન પરશુરામે, પોતે ઈશ્વર હોઇને પાપકર્મથી નિર્લેપ હતા, છતાં લોકોને પ્રાયશ્ચિત્તધર્મ ગ્રહણ કરાવવા માટે જેમ કોઇ સામાન્ય મનુષ્ય યજ્ઞયાગાદિ કરે, તેમ પાપને દૂર કરવા માટે યજ્ઞો કર્યા હતા.૨-૪ હે ભરતવંશી રાજા! તે કુરુક્ષેત્રમાં (ગ્રહણપ્રસંગની) મોટી તીર્થયાત્રામાં ભરતખંડની પ્રજાઓ ગઇ હતી ને અક્રૂર, વસુદેવ તથા આહુક વગેરે તેમજ ગદ, પ્રદ્યુમ્ન તથા સાંબ વગેરે યાદવો પણ પોતાનાં પાપનો નાશ કરવાને માટે તે ક્ષેત્રમાં ગયા હતા. અનિરુદ્ધ અને સેનાપતિ કૃતવર્મા, સુચંદ્ર, શુક તેમજ સારણની સાથે દ્વારકાની રક્ષા કરવા માટે રહ્યા હતા. એ વેળા સુવર્ણની માળાઓવાળા અને અતિ ઉત્તમ પુષ્પમાળાઓ, વસ્ત્રો તથા કવચો ધારણ કરનારા મહાતેજસ્વી યાદવો, દેવોનાં વિમાનો સરખા રથો સાથે, પાણીના તરંગો જેવી ગતિ કરતા ઘોડાઓ સાથે, ગર્જનાઓ કરતાં (કાળાં) વાદળાંઓ જેવા હાથીઓની સાથે, વિદ્યાધરો જેવી કાંતિવાળા (પાયદળ) પુરુષોની સાથે અને સ્ત્રીઓની સાથે માર્ગમાં (જતા હતા ત્યારે) દેવો જેવા શોભતા હતા. મહાભાગ્યશાળી યાદવોએ કુરુક્ષેત્રનાં તીર્થમાં સ્નાન કરીને ઉપવાસ કર્યો અને સાવધાન થઈ બ્રાહ્મણોને વસ્ત્રો, પુષ્પમાળાઓ તથા સુવર્ણની માળાઓવાળી ગાયોનાં દાન કર્યાં; ફરી પરશુરામના ધરાઓમાં વિધિપૂર્વક સ્નાન કરી 'અમને શ્રીકૃષ્ણમાં ભક્તિ થાઓ,' આવા સંકલ્પપૂર્વક ઉત્તમ બ્રાહ્મણોને શ્રેષ્ઠ અન્નનાં દાન

+ અફસોસ! હું અવિવેકી છું; ભક્તિહીન છું; તેથીજ મને આ સંપત્તિઓ પ્રાપ્ત થઇ છે; માટે હવે મને તો તેમની ભક્તિજ પ્રાપ્ત થાઓ, એ ભાવ છે. –શ્રી.

* આ અધ્યાયમાં 'સૂર્યગ્રહણ વખતે કુરુક્ષેત્રમાં આવી ત્યાં યાદવોને જોઇને રાજાઓએ આનંદથી પરસ્પર શ્રીકૃષ્ણકથાઓ કરી' એ કથા કહેવામાં આવશે.–શ્રીધર

‡ આ સૂર્યગ્રહણ સર્વગ્રાસ હતું–ખગ્રાસ હતું. –શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્યો. પછી શ્રીકૃષ્ણજ જેઓના ઇષ્ટદેવ હતા એવા તે યાદવોએ પોતે પણ બ્રાહ્મણોની રજા લઇ ભોજન કર્યું અને પછી ઘાટી છાયાવાળાં વૃક્ષોનાં મૂળમાં તેઓ ઇચ્છાનુસાર બેઠા. એવામાં હે રાજન્! મત્સ્ય, ઉશીનર, કૌશલ્ય, વિદર્ભ, કુરુ, સૃંજય, કાંબોજ, કૈકય, મદ્ર, કુંતી, આનર્ત્ત તથા કેરલ દેશના પોતાના મિત્ર તથા સંબંધી રાજાઓને ત્યાં આવેલા તેઓએ જોયા; તેમજ બીજા પોતાના પક્ષના તથા પરપક્ષના પણ સેંકડો રાજાઓને, મનુષ્યોને, નંદ વગેરે મિત્ર ગોવાળિયાઓને તથા લાંબા કાળથી (શ્રીકૃષ્ણને મળવા) આતુર ગોપીઓને પણ તેઓએ જોઈ.[૫-૧૪] એ વખતે એકબીજાનાં દર્શનથી ઉત્પન્ન થયેલા હર્ષના વેગને લીધે તેઓનાં હૃદય અને મુખકમળની શોભા પ્રફુલ્લ થઇ હતી; નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ વરસી રહ્યાં હતાં; શરીરે તેઓ રોમાંચિત થયાં હતાં; તેઓની વાણી (પ્રેમના આવેશથી) રૂંધાઈ ગઇ હતી અને એકબીજાને ગાઢ આલિંગન કરી તેઓ આનંદ પામ્યાં હતાં.[૧૫] અત્યંત સ્નેહથી અને મંદ હાસ્યથી નિર્મળ કટાક્ષદૃષ્ટિવાળી સ્ત્રીઓ પણ એકબીજીને જોઇ કેસરના વિલેપનથી લેપાયેલાં સ્તનોનો સામી સ્ત્રીઓનાં સ્તનો સાથે દબાવીને સ્નેહનાં અશ્રુઓથી યુક્ત નેત્રોવાળી થઇને, હાથ વડે પરસ્પર ભેટવા લાગી.[૧૬] તે પછી નાનાઓ વડે વંદન કરાયલા તે યાદવો વગેરે, વૃદ્ધોને વંદન કરીને, પરસ્પર સ્વાગત તથા કુશળ પૂછી શ્રીકૃષ્ણની કથાઓ કરવા લાગ્યા.[૧૭] એ વખતે કુંતાજીએ પોતાના ભાઈઓને, બહેનોને, તેઓના પુત્રોને, માતા-પિતાઓને, ભાઇઓની સ્ત્રીઓને તથા શ્રીકૃષ્ણને મળીને પરસ્પર વાતચીતથી દુઃખનો ત્યાગ કર્યો.[૧૮]

પછી કુંતાજી બોલ્યાંઃ-'હે આર્ય ભાઈ વસુદેવ! હું મારા આત્માને પૂર્ણ મનોરથોવાળો માનતી નથી. કારણ કે તમે મોટા છો છતાં આપત્તિ વેળા પણ મારી ખબર લેતા નથી.[૧૯] (અથવા એમાં તમારો કંઇ દોષ નથી; કારણ કે) જે મનુષ્યનું દૈવ અનુકૂળ હોતું નથી તે પોતાનો સગો હોય તોપણ તેને સ્નેહીઓ, જ્ઞાતિઓ, પુત્રો ભાઇઓ કે માતાપિતા પણ સંભારતાં નથી.'[૨૦]

વસુદેવજી બોલ્યાઃ-'હે બહેન! તમે અમારા પર દોષારોપ મૂકો મા. કારણ કે આપણે મનુષ્યો દૈવનાં રમકડાં જેવાં છીએ. લોકો ઈશ્વરને વશ રહીનેજ સર્વ કંઇ કરે છે અથવા કરાવે છે.[૨૧] હે બહેન! કંસથી દુઃખ પામેલા અમે સર્વે એક દિશામાંથી બીજી દિશામાં નાસભાગ કરતા હતા; તે હમણાંજ દૈવયોગે ફરી પોતાના સ્થાને આવ્યા છીએ.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ-" વસુદેવ તથા ઉગ્રસેન વગેરે યાદવોએ જેઓનું સન્માન કર્યું હતું એવા તે રાજાઓ શ્રીકૃષ્ણના દર્શનથી થયેલા પરમ આનંદ વડે સુખી થયા. હે રાજેન્દ્ર! ભીષ્મ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, તેના પુત્રો, સ્ત્રીઓ સહિત પાંડવો, કુંતી, સૃંજય, વિદુર, કૃપાચાર્ય, કુંતિભોજ, વિરાટ, ભીષ્મક, નગ્નજિત્, પુરુજિત્, દ્રુપદ, શલ્ય, ધૃષ્ટકેતુ, કાશિરાજ, દમઘોષ, વિશાલાક્ષ, મિથિલાનો રાજા, મદ્રરાજ, કેકય દેશનો રાજા યુધામન્યુ, સુશર્મા, પુત્રો સહિત બાહ્લીક વગેરે રાજાઓ અને બીજા યુધિષ્ઠિરને અનુસરનારા રાજાઓ, સ્ત્રીઓસહિત એવા શ્રીકૃષ્ણના, લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ શરીરને જોઇને વિસ્મય પામ્યા.[૨૨-૨૭] તે પછી બળરામ અને શ્રીકૃષ્ણે સારી રીતે સત્કારેલા તે રાજાઓ, આનંદયુક્ત થઇને શ્રીકૃષ્ણે પોતાના તરીકે સ્વીકારેલા યાદવોની પ્રશંસા કરવા લાગ્યા કે,[૨૮] 'અહો! હે ભોજપતિ ઉગ્રસેન રાજા! આ પૃથ્વી પર મનુષ્યોમાં તમે-યાદવોજ સફળ જન્મવાળા છો. કારણ કે તમે, યોગીઓને પણ જેમનાં દર્શન દુર્લભ છે એવા શ્રીકૃષ્ણનાં વારંવાર દર્શન કરો છો.[૨૯] વેદોએ સ્તુતિ કરેલી જેમની કીર્તિ આ જગતને અત્યંત પવિત્ર કરે છે; જેમના ચરણ પખાળ્યાનું જળ-ગંગાજી ને જેમનાં વચન-વેદો-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપી શાસ્ત્ર સમગ્ર વિશ્વને પવિત્ર કરે છે અને જેનું માહાત્મ્ય કાળે બાળી નાખ્યું હતું એવી આ પૃથ્વી પણ જેમનાં ચરણકમળના સ્પર્શથી પ્રકટ શક્તિવાળી થઇને અમારી સર્વ કામનાઓને સર્વ તરફથી પૂર્ણ કરે છે, તે શ્રીકૃષ્ણ ભગવાનની સાથે દર્શન, સ્પર્શ, તેમની પાછળ જવું, વાતચીત, સૂવું, બેસવું, જમવું, વિવાહસંબંધ તેમજ દૈહિક સંબંધ તમને પ્રાપ્ત થયો છે અને પ્રવૃત્તિમાર્ગમાં વર્તનારાઓને સ્વર્ગ તથા મોક્ષથી પણ નિઃસ્પૃહ કરનારા વિષ્ણુ ભગવાન પોતે તમારે ઘેર પ્રકટ થયા છે; માટે તમેજ આ પૃથ્વી પર મનુષ્યોમાં સફળ જન્મવાળા છો.[૩૦-૩૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"નંદરાય, શ્રીકૃષ્ણ આદિ યાદવોને ત્યાં કુરુક્ષેત્રમાં ગયેલા જાણી તેમનાં દર્શન કરવાની ઇચ્છાથી ગોવાળિયાઓની સાથે ગાડાંઓમાં સર્વ સામાન સાથે લઇ ત્યાં ગયા હતા.[૩૨] તેમને જોઇને ઘણા લાંબા સમયથી તેમનું દર્શન કરવા આતુર થયેલા યાદવો, જેમ પ્રાણ આવતાં શરીર ઊભાં થઇ જાય, તેમ ઊભા થઈ આનંદ પામીને ખૂબ ભેટી પડ્યા.[૩૩] વસુદેવજી પણ તેમને ભેટી પડી અત્યંત પ્રસન્ન થયા અને કંસે આપેલાં દુઃખોને તથા પોતાના પુત્રોને ગોકુળમાં થાપણ તરીકે મૂક્યા હતા તે યાદ કરતા પ્રેમવિહ્વળ થઈ ગયા.[૩૪] હે કુરુવંશી રાજા! શ્રીકૃષ્ણ અને બળરામ પણ પોતાનાં માતાપિતા—નંદ ને યશોદાને ભેટી પડી, વંદન કરીને પ્રેમને લીધે અશ્રુઓથી ગળગળા કંઠવાળા થઇને (બોલવાની ઇચ્છા છતાં) કંઇ બોલી શક્યા નહિ.[૩૫] મહાભાગ્યશાળી નંદ અને યશોદા, તે બન્ને પુત્રોને પોતાના ખોળામાં બેસાડી, બન્ને બાહુથી ભેટીને વિરહના શોકનો ત્યાગ કરવા લાગ્યાં.[૩૬] રોહિણી અને દેવકી પણ વ્રજની સ્વામિની યશોદાને ભેટી પડીને તેણે કરેલી મિત્રતાને યાદ કરતી અશ્રુઓથી ગળગળા કંઠે કહેવા લાગીઃ[૩૭] 'હે વ્રજની સ્વામિનિ! સદાકાળ અનુસરી રહેલી તમારી બન્નેની મિત્રતાને કોણ ભૂલી જાય? ઇન્દ્રનું ઐશ્વર્ય પ્રાપ્ત કરીને પણ તે મિત્રતાનો બદલો વાળી શકાય તેમ નથી.[૩૮] આ બન્ને પુત્રોએ પોતાનાં માતા—પિતાને જોયાં ન હતાં; તેઓને માતાપિતારૂપ એવાં તમને બન્નેને સોંપ્યા હતા, કે જ્યાં તમારા થકી પ્રસન્નતા, અભ્યુદય, પોષણ તથા પાલન પ્રાપ્ત કરી નિર્ભય થઇ રહ્યા હતા. ખરેખર, પાંપણો જેમ બન્ને નેત્રનું રક્ષણ કરે છે, તેમ તમે બન્નેએ આ બન્નેનું રક્ષણ કર્યું છે; (તે તમને ઘટેજ છે. કારણ કે) સજ્જનોને પારકા કે પોતાનો એવો ભેદ હોતો નથી.[૩૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"નેત્રો ઉપર પાંપણ બનાવનારા વિધાતાને, જેમનું દર્શન કરતી વેળા ગાળો દેતી સર્વ ગોપીઓ, લાંબા કાળથી ઇચ્છેલા શ્રીકૃષ્ણને મળી, દષ્ટિદ્વારા હૃદયમાં સ્થાપી દીધેલા તે પ્રભુને ભેટીને, નિત્ય યોગારૂઢ થતા યોગીઓને પણ દુર્લભ એવા તેમની સાથેના તાદાત્મ્યભાવને પ્રાપ્ત થઇ.[૪૦] ભગવાન કૃષ્ણ, તેવા પ્રકારની એ ગોપીઓને એકાંતમાં મળ્યા; ને આલિંગન કરી કુશળ પૂછીને હસતા હસતા આ પ્રમાણે કહેવા લાગ્યાઃ[૪૧] 'હે સખીઓ! પોતાના સંબંધીઓનું કાર્ય કરવાની ઇચ્છાથી અમે ગયા હતા અને શત્રુપક્ષનો નાશ કરવામાં અમારું મન લાગ્યું હતું, જેથી અમે ત્યાં ને ત્યાં ઘણોજ વખત થયાં રોકાઈ રહ્યા છીએ; તમે અમને યાદ કરો છો કે?[૪૨] 'અમે અકૃતજ્ઞ છીએ' આવી અમારા પર થોડી શંકા લાવીને તમે અમારી અવગણના કરો છો ખરી કે? (તમારે સમજવું જોઇએ કે) ભગવાનજ પ્રાણીમાત્રને એકબીજાંની સાથે જોડે છે ને તેને એકબીજાંથી વિખૂટાં પાડે છે.[૪૩] જેમ વાયુ વાદળાંઓના સમૂહને, ઘાસને, રૂને તેમજ ધૂળને એકબીજાં સાથે જોડી દઇને ફરી પાછાં વિખૂટાં કરી દે છે, તેમ પ્રાણીઓના સ્રષ્ટા ભગવાન, પ્રાણીઓને એકબીજાં સાથે જોડે છે અને વિખૂટાં પાડે છે.[૪૪] મારા પરની ભક્તિ પ્રાણીઓને મોક્ષ આપવાને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સમર્થ થાય છે, માટે તમને મારી પ્રાપ્તિ કરાવનારો મારા ઉપર જ સ્નેહ થયો છે તે બહુ સારું થયું છે.[૪૫] હે સ્ત્રીઓ ! આકાશ, જળ, પૃથ્વી, વાયુ, અને તેજ–આ પાંચ મહાભૂતો પ્રત્યેક ભૌતિક પદાર્થોના આદિમાં, અંતમાં, અંદર અને બહાર રહેલાં છે; તેમ હું પણ સર્વ પ્રાણીઓના આદિમાં, અંતમાં, અંદર અને બહાર રહેલોજ છું. (એથી વ્યાપક એવા મને તમે પામીજ ચૂકી છો.)[૪૬] એજ પ્રમાણે આ સર્વ પ્રાણીઓ પણ (ભૌતિકપણાને લીધેજ પોતાના ઉપાદાનકારણરૂપ) પાંચ મહાભૂતોમાં રહેલાં છે; પણ ભોક્તા આત્મામાં રહેલાં નથી; કેમકે જીવાત્મા દેહાદિ સ્થૂલ પદાર્થોનું ઉપાદાનકારણ નથી. જીવાત્મા શરીરમાં આત્મારૂપે (ભોક્તારૂપે) રહ્યો છે, પણ ઉપાદાનકારણરૂપે વ્યાપ્ત નથી. તમારે જાણવું જોઇએ કે, પાંચ મહાભૂતો ને ભૌતિક પદાર્થોરૂપી સર્વ ભોગ્ય વસ્તુ તેમજ ભોક્તા–આત્મા–એ બન્ને પરિપૂર્ણ એવા મારા વિષે ભાસે છે.'[૪૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"શ્રીકૃષ્ણે એવી અધ્યાત્મશિક્ષાથી શિખામણ આપી એટલે તેમના સ્મરણથી નાશ પામેલા સૂક્ષ્મ શરીરવાળી તે ગોપીઓ તેમને પામીજ ચૂકી હતી, છતાં કહેવા લાગી કે, 'હે કમળનાભ શ્રીકૃષ્ણ ! અગાધ જ્ઞાનવાળા યોગેશ્વરોએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય અને સંસારરૂપી કૂવામાં પડેલાઓને તેમાંથી બહાર નીકળવા માટે આલંબનરૂપ એવું આપનું ચરણકમળ, અમે ઘરનું સેવન કરીએ તોપણ અમારા મનમાં સદાકાળ પ્રકટ રહો.'[૪૮:૪૯]

आहुश्च ते नलिननाभ पदारविंदं
योगेश्वरैर्हृदि विचिंत्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलंबं
गेहंजुषामपि मनस्युदियात्सदा नः ॥४९॥

ઈતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૨ મો સમાપ્ત

अध्याय ८३ मो+

સ્ત્રીઓમાં શ્રીકૃષ્ણકથાનો ઉત્સવ

॥ श्रीशुक उवाच ॥

तथाऽनुगृह्य भगवान् गोपीनां स गुरुर्गतिः ।
युधिष्ठिरमथाऽपृच्छत्सर्वांश्च सुहृदोऽव्ययम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે સર્વના ગુરુ અને ગતિરૂપ શ્રીકૃષ્ણે, ગોપીઓ પર અનુગ્રહ કરી યુધિષ્ઠિરને તથા સર્વ સંબંધીઓને કુશળ પૂછ્યું.[૧] એ વેળા લોકના નાથ શ્રીકૃષ્ણ ભગવાને કુશળ પુછાયલા અને તેમનાં ચરણનાં દર્શનથીજ જેઓનાં પાપ નાશ પામ્યાં હતાં એવા તે સઘળા સંબંધીઓ પ્રસન્નચિત્તે તેમને કહેવા લાગ્યા કે,[૨] 'હે પ્રભો ! પ્રાણીઓને દેહનો સંબંધ કરનારી અવિદ્યાનો નાશ કરનારું અને મહાપુરુષોના મનમાંથી મુખદ્વારા નીકળેલું આપના ચરણકમળની કથારૂપ અમૃત જેઓ પોતાના કાનરૂપી પડિયાઓ વડે પીએ છે તેઓને અમંગળ ક્યાંથી હોય ?[૩] સ્વસ્વરૂપના પ્રકાશથીજ બુદ્ધિકૃત †ત્રણે અવસ્થાઓ જેમાં દૂર થઇ છે એવા સર્વ આનંદના સમૂહરૂપ, અપરિચ્છિન્ન, અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા, કાળે કરી નાશ પામતા વેદોનું રક્ષણ કરવા માટે યોગમાયાથી મનુષ્યાકૃતિને ગ્રહણ કરનાર અને પરમહંસોની ગતિરૂપ એવા આપનેજ અમે નમન કરીએ છીએ.'[૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ઉત્તમ કીર્તિવાળા પુરુષોમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણની, લોકો સ્તુતિ કરી રહ્યા હતા તે વખતે અંધક તેમજ કૌરવવંશીઓની સ્ત્રીઓ એકઠી મળીને ત્રણે લોકમાં ગવાયેલી શ્રીકૃષ્ણની કથાઓ પરસ્પર કહેવા

+ આ 'અધ્યાયમાં સ્ત્રીઓમાં શ્રીકૃષ્ણકથાનો ઉત્સવ ચાલ્યો. તે વેળા શ્રીકૃષ્ણની સ્ત્રીઓએ પોતપોતાના વિવાહની વાતો દ્રૌપદી આગળ કહી સંભળાવી' એ કથા કહેવાશે. શ્રી.

† જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ–એ ત્રણ અવસ્થાઓ. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાગી; તેઓનું હું વર્ણન કરું છું, તમે સાંભળો.[૫]

દ્રૌપદી બોલ્યાંઃ–' હે રુક્મિણી ! હે ભદ્રા ! હે જાંબવતિ ! હે નાગ્નજિતિ ! હે સત્યભામા ! હે કાલિંદિ ! હે શૈબ્યા ! હે રોહિણિ ! હે લક્ષ્મણા ! તેમજ બીજી હે કૃષ્ણની સ્ત્રીઓ ! પોતાની માયાથી લોકનું અનુકરણ કરતા છતાં, પોતે સ્વરૂપાનંદથી અસ્ખલિત એવા ભગવાન કૃષ્ણ તમને કેવી રીતે પરણ્યા ? તે અમને કહો.'[૬-૭]

રુક્મિણી બોલીઃ–' મને, શિશુપાલને આપવા માટે રાજાઓ ધનુષો સજ્જ કરીને તૈયાર હતા, તે વખતે કોઇથી નહિ જિતાયલા યોદ્ધાઓએ પણ જેમના ચરણની રજને મસ્તકે ચઢાવી છે એવા શ્રીકૃષ્ણ, સિંહ જેમ બકરાં–ઘેટાંના ટોળામાંથી પોતાનો ભાગ લઇ જાય તેમ મને હરી ગયા હતા, તે લક્ષ્મીના નિવાસસ્થાન શ્રીકૃષ્ણના ચરણ અને પૂજન માટે પ્રાપ્ત થાઓ.'[૮]

સત્યભામાં બોલીઃ–' સિંહે કરેલા પોતાના ભાઇના નાશથી જેમનું હૃદય સંતાપ પામેલું હતું એવા મારા પિતાએ મૂકેલા મિથ્યા આરોપને દૂર કરવાને જ ભગવાન, રીંછના રાજા જાંબવાનને જીતીને સ્યમંતકમણિ લાવ્યા હતા અને પછી તે મણિ મારા પિતાને આપવા માંડ્યો હતો, પણ તે મિથ્યા આરોપ મૂકવારૂપી પોતાના અપરાધથી ભય પામેલા મારા પિતાએ મને અક્રૂર વગેરેને આપવા માટે કબૂલી હતી, છતાં પ્રભુ શ્રીકૃષ્ણને આપી.'[૯]

જાંબવતી બોલીઃ–' મારા પિતાએ આ શ્રીકૃષ્ણને પોતાના ઇષ્ટદેવ સીતાના પતિ શ્રીરામચંદ્રરૂપ નહિ જાણીને સત્યાવીસ દિવસ સુધી તેમની સાથે યુદ્ધ કર્યું હતું. પછી 'આ તો સાક્ષાત્ સીતાપતિજ છે' આમ જાણીને જેમણે પરીક્ષા કરી હતી એવા મારા પિતાએ ચરણમાં પડી, મણિની સાથે જેમને મને અર્પણ કરી હતી તે શ્રીકૃષ્ણની હું દાસી છું.'[૧૦]

કાલિંદી બોલીઃ–'જેમના ચરણસ્પર્શની આશાથી તપશ્ચર્યા કરતી મને જાણીને પોતાના મિત્ર અર્જુન સાથે આવી જેમણે મારું પાણિગ્રહણ કર્યું હતું તે શ્રીકૃષ્ણ ભગવાનના ઘરમાં હું વાસીદું વાળનારી–દાસી છું.'[૧૧]

ભદ્રા બોલીઃ–' લક્ષ્મીના નિવાસસ્થાન જે શ્રીકૃષ્ણ, સ્વયંવરમાં આવીને રાજાઓને તથા અપકાર કરનાર મારા ભાઈઓને જીતી લઇ, સિંહ જેમ કૂતરાંઓના ટોળાની વચ્ચે રહેલા પોતાના ભાગને લઇ જાય, તેમ મને લઈ ગયા હતા તે શ્રીકૃષ્ણ ભગવાનના ચરણ ધોવાનુંજ કાર્ય મને પ્રત્યેક જન્મમાં પ્રાપ્ત થાઓ.'[૧૨]

÷સત્યા બોલીઃ–' રાજાઓનાં પરાક્રમની પરીક્ષા કરવા માટે મારા પિતાએ મહાબળવાન, પરાક્રમી અને અત્યંત તીક્ષ્ણ શિંગડાંવાળા સાત બળદો રાખ્યા હતા, જેઓ વીર પુરુષોના દુષ્ટ મદનો નાશ કરનારા હતા. તેઓને એકદમ વશ કરી–નાથીને રમતાં રમતાં બાળકો જેમ બકરીનાં બચ્ચાંને બાંધી લે તેમ જેમણે બાંધી લીધા હતા; અને પછી પરાક્રમ એજ માત્ર જેનું મૂલ્ય હતું એવી મને (પોતાની પ્રતિજ્ઞા સિદ્ધ થતાં મારા પિતાએ આપી એટલે) દાસીઓની સાથે ચતુરંગિણી સેનાસહિત લઇને, રસ્તામાં રાજાઓનો પરાજય કરી, (દ્વારકા) લાવ્યા હતા, તે શ્રીકૃષ્ણ ભગવાનનું દાસત્વ મને પ્રાપ્ત થાઓ.'[૧૩-૧૪]

મિત્રવિંદા બોલીઃ–' હે દ્રૌપદિ ! મારા પિતાએ જાતે *મારા મામાના પુત્ર શ્રીકૃષ્ણને બોલાવીને તે શ્રીકૃષ્ણમાંજ ચિત્તવાળી મને અક્ષૌહિણી સેના અને સખીઓ સહિત આપી હતી; તે શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ, પ્રત્યેક જન્મમાં કર્મો વડે રઝળાવાતી મને પ્રાપ્ત થાઓ, કે જેથી મારા આત્માનું તે–પ્રસિદ્ધ મોક્ષરૂપી કલ્યાણ થાય.'

÷ આ સત્યાનુંજ બીજું નામ 'નાગ્નજિતી' છે. —મા. ક.

* મારા મામાના પુત્ર એટલે મારી માતા શ્રુતકીર્તિના ભાઇના પુત્ર. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લક્ષ્મણા બોલીઃ—'હે રાણી દ્રૌપદિ! નારદજીએ ગાયેલાં શ્રીકૃષ્ણનાં જન્મકર્મ સાંભળીને, તેમજ લક્ષ્મીદેવી પણ લોકપાલોને છોડીને જેમને વર્યાં છે, એવા સારી રીતે વિચાર કરીને, મારું મન પણ શ્રીકૃષ્ણમાં લીન થયું હતું;[૧૫-૧૭] મારો તે અભિપ્રાય જાણીને હે સદ્‌ગુણી દ્રૌપદિ! પુત્રી ઉપર પ્રેમ ધરાવતા 'બૃહત્સેન' નામના મારા પ્રખ્યાત પિતાએ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે ઉપાય કરાવ્યો.[૧૮] હે રાણી! જેમ તમારા સ્વયંવરમાં અર્જુનને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી મત્સ્યવેધ રાખવામાં આવ્યો હતો, તેમ મારા સ્વયંવરમાં પણ (શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે) મત્સ્યવેધ રાખવામાં આવ્યો હતો; પરંતુ તમારા સ્વયંવરમાં જે મત્સ્ય રાખવામાં આવ્યો હતો તે બહારથીજ ઢંકાયલો હતો, અંદરથી ઢંકાયલો ન હતો; (તેથી થાંભલામાં ઊંચે દૃષ્ટિ કરતાં તે મત્સ્ય દેખાતો હતો,) પણ મારા સ્વયંવરમાં જે મત્સ્ય રાખવામાં આવ્યો હતો તે તો (થાંભલાના મૂળમાં સ્થાપવામાં આવેલા કળશના) જળમાંજ માત્ર દેખાતો હતો. (તેથી દૃષ્ટિને નીચે રાખવી પડતી હતી ને લક્ષ્ય ઊંચે હતું. આવા કારણથી શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈથી તે મત્સ્ય વીંધી શકાય એવો ન હતો.)[૧૯] આ વાત સાંભળીને સર્વ જાતનાં અસ્ત્રો તથા શસ્ત્રોનાં તત્ત્વ જાણનારા હજારો રાજાઓ, પોતપોતાના ઉપાધ્યાયો સહિત સર્વ તરફથી મારા પિતાના નગરમાં આવ્યા હતા.[૨૦] મારા પિતાએ પણ તે સર્વ રાજાઓનો જેવું, જેતું પરાક્રમ અને જેટલી જેની વય તે પ્રમાણે સત્કાર કર્યો હતો. પછી તે રાજાઓએ મારામાં બુદ્ધિ રાખીને મત્સ્યવેધ કરવા માટે બાણસહિત ધનુષ લીધું હતું. (પણ તેઓનાં ચિત્ત મારામાંજ લાગેલાં હોઇને તેઓ મત્સ્યવેધ કરી શકયા ન હતા.) તેમાંના કેટલાક રાજાઓએ તો ધનુષમાં દોરી ચઢાવવાને પણ અસમર્થ થઇ ધનુષને છોડી દીધું હતું અને કેટલાક રાજાઓ (ધનુષમાં દોરી ચઢાવીને) કાંડાં સુધી ધનુષની દોરી ખેંચીને પણ (હાથમાંથી છૂટી પડેલા એ) ધનુષનોજ પ્રહાર થતાં પડી ગયા હતા. બીજા જરાસંધ, અંબષ્ઠ, શિશુપાલ, ભીમસેન, દુર્યોધન તથા કર્ણ વગેરે વીર પુરુષોએ ધનુષ સજ્જ કર્યાં પણ તેઓ લક્ષ્ય—મત્સ્યની સ્થિતિજ જાણી શકયા નહિ. પછી અર્જુને જળની અંદર મત્સ્યનો આભાસ જોઈ તેની સ્થિતિ જાણીને સાવધાન થઇ બાણ છોડ્યું; પણ તેના બાણે મત્સ્યનો માત્ર સ્પર્શજ કર્યો, તેને વીંધ્યું નહિ. એ રીતે અભિમાની રાજાઓ મત્સ્યવેધથી પાછા ફર્યા ને તેઓનાં અભિમાન ભાંગી પડ્યાં ત્યારે ભગવાન કૃષ્ણે હાથમાં ધનુષ્ય લઇ રમતમાત્રમાં તેને સજ્જ કર્યું હતું ને તેમાં બાણ સાંધીને માત્ર એકજ વાર જળમાં મત્સ્યને જોઇને, સૂર્ય જ્યારે અભિજિત્ મુહૂર્તમાં હતો ત્યારે—મધ્યાહ્નસમયે બાણથી મત્સ્યને વીંધી નાખી તેને પૃથ્વી ઉપર પાડી નાખ્યું.[૨૧-૨૬] એ વેળા સ્વર્ગમાં ને પૃથ્વી પર જય જય શબ્દો સાથે દુંદુભિ—નગારાં વાગવા લાગ્યાં ને દેવતાઓએ હર્ષથી વિહ્વળ થઇ પુષ્પોની વૃષ્ટિ કરવા માંડી.[૨૭] પછી હું નવાં અને ઉત્તમ બે રેશમી વસ્ત્રો પહેરીને અંબોડામાં પુષ્પમાળા ધારણ કરી લજ્જાયુક્ત હસતા મુખે સુવર્ણથી ઉજ્જ્વળ રત્નમાળા હાથમાં લઇને રુમઝુમ કરતાં ઝાંઝરવાળા પગે સભાસ્થાનમાં દાખલ થઇ[૨૮] અને શ્રીકૃષ્ણમાં આસક્ત હૃદયવાળી મેં મોટા કેશવાળું અને કુંડળોની કાંતિથી યુક્ત ગંડસ્થળવાળું મુખ ઊંચું કરીને શીતળ હાસ્યસહિત કટાક્ષો ફેંકવા સાથે રાજાઓને ચારે બાજુ જોઇને ધીમેથી શ્રીકૃષ્ણના ગળામાં મારી વરમાળા પહેરાવી દીધી.[૨૯] તેટલામાં નરઘાં, ઢોલ, શંખ, ભેરી, નગારાં વગેરે વાદિત્રો વાગવા લાગ્યાં; નટો તથા નર્તકીઓ નૃત્ય કરવા લાગી અને ગવૈયાઓ ગાવા લાગ્યા.[૩૦] હે દ્રૌપદિ! એ પ્રમાણે હું ભગવાનને વરી ત્યારે મોટા મોટા રાજાઓ કામથી આતુર હોઇને શ્રીકૃષ્ણની સ્પર્ધા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતા તે સહન કરી શક્યા નહિ; પણ તેટલામાં તો ઉત્તમ ચાર ઘોડાઓ જોડેલા રથમાં મને બેસાડીને કવચ ધારણ કરી ચતુર્ભુજ શ્રીકૃષ્ણ, (બે હાથથી મને ભેટીને તેમજ બે હાથથી) શાર્ઙ્ગ ધનુષ તથા બાણ લઇને યુદ્ધમાં ઊભા રહ્યા–અર્થાત્ યુદ્ધ કરવા તૈયાર રહ્યા.[૩૧-૩૨] પછી હે રાણી! દારુક સારથિએ સોનાના સાજવાળો રથ હંકારવા માંડ્યો, ને મૃગલાંઓના દેખતાં સિંહ જેમ ચાલી નીકળે તેમ શ્રીકૃષ્ણ, રાજાઓના દેખતાં ચાલી નીકળ્યા.[૩૩] તે વેળા કેટલાક રાજાઓ, ધનુષ્યો ઉગામી ઉગામીને, કૂતરાં જેમ સિંહ પાછળ પડે, તેમ શ્રીકૃષ્ણની પાછળ પડ્યા અને કેટલાક રાજાઓ તો માર્ગમાંજ તેમને અટકાવવા માટે આગળથી જઇને તૈયાર રહ્યા હતા; પણ તે રાજાઓ, શ્રીકૃષ્ણના શાર્ઙ્ગ ધનુષમાંથી છૂટેલાં બાણોના સમૂહોથી કપાઇ ગયેલા બાહુઓ, ચરણો તથા ડોકાંઓવાળા થઇને યુદ્ધક્ષેત્રમાં પડ્યા અને કેટલાક તો યુદ્ધ છોડીને પલાયન કરી ગયા. તે પછી સૂર્ય જેમ પોતાના મંડળમાં પ્રવેશ કરે, તેમ યદુપતિ ભગવાને અતિશય શણગારેલી; સૂર્યને ઢાંકી દેતાં ધજાનાં વસ્ત્રો તથા રંગબેરંગી તોરણોવાળી અને સ્વર્ગમાં તથા પૃથ્વીપર ચારે બાજુ વખણાયલી દ્વારકાનગરીમાં પ્રવેશ કર્યો. (મારા વિવાહપ્રસંગે) મારા પિતાએ સ્નેહીઓ, સંબંધીઓ તથા બાંધવોનો મહા કીમતી વસ્ત્રોથી, અલંકારોથી, શય્યાઓથી, આસનોથી તથા બીજા સરંજામથી સત્કાર કર્યો હતો;[૩૪-૩૭] તેમજ શ્રીકૃષ્ણ ભગવાન સમગ્ર કામનાઓથી પૂર્ણ છે, તોપણ (મારા પિતાએ) તેમને દાસીઓ, સર્વ સંપત્તિઓ, યોદ્ધાઓ, હાથીઓ, રથો તથા ઘોડાઓ સાથે મહા કીમતી આયુધો ભક્તિપૂર્વક અર્પણ કર્યાં હતાં.[૩૮] આ અમે આઠ (પટરાણીઓ જન્માંતરમાં આરાધેલા) સર્વ સંગથી નિવૃત્તિરૂપ વૈરાગ્યના પ્રભાવથી અને તપશ્ચર્યારૂપ સ્વધર્મના મહિમાથી આત્મામાં રમણ કરનારા સાક્ષાત્ તે શ્રીકૃષ્ણના ઘરની દાસીઓ થઇ છીએ.'[૩૯]

" ત્યાર પછી બીજી સર્વ રાણીઓ બોલીઃ– 'દિગ્વિજયમાં નરકાસુરે જીતેલા રાજાઓની અમે કન્યાઓ છીએ; અમને નરકાસુરે કેદ કરેલી જાણીને ભગવાન કૃષ્ણે, યુદ્ધમાં તે નરકાસુરનો તેના પરિવાર સાથે વધ કરી, તેથી મુક્ત કરીને પોતે પૂર્ણકામ છતાં તે ભગવાન સંસારથી મુક્ત કરનારા તેમના ચરણકમળનું સ્મરણ કરતી અમને પરણ્યા હતા.[૪૦] હે સતિ દ્રૌપદિ! અમે ચક્રવર્તીના પદને, ઇન્દ્રપદને, તે બન્ને પદના ભોગો ભોગવવાપણાને, અણિમાદિ સિદ્ધિઓને ભોગવવાપણાને, બ્રહ્માના પદને, મોક્ષને કે શ્રીહરિના પદરૂપ સાલોક્ય આદિ મુક્તિઓને પણ ઇચ્છતી નથી; પરંતુ લક્ષ્મીદેવીનાં સ્તન ઉપરના કેસરની ગંધવાળી, ગદાધારી શ્રીકૃષ્ણ પ્રભુની શોભાયમાન ચરણરજને મસ્તકે ધારણ કરવાને ઇચ્છીએ છીએ.[૪૧-૪૨] પોતે મહાન આત્મા છે છતાં ગાયોને ચારતા શ્રીકૃષ્ણ ભગવાનના ચરણસ્પર્શને જેમ વ્રજની સ્ત્રીઓ, ભીલડીઓ, ગોવાળિયાઓ અને (વૃંદાવનનાં)ઘાસ તથા વેલાઓ ઇચ્છે છે તેમ અમે પણ તે ભગવાનના ચરણસ્પર્શને ઇચ્છીએ છીએ.'[૪૩]

व्रजस्त्रियो यद्वांछंति पुलिंद्यस्तृणवीरुधः ।
गावश्चारयतो गोपाः पादस्पर्शं महात्मनः ॥४३॥

ઇતિશ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ
ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૩ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ८४ मो+

કુરુક્ષેત્રમાં વસુદેવનો યજ્ઞમહોત્સવ

॥ श्रीशुक उवाच ॥

श्रुत्वा पृथा सुबलपुत्र्यथ याज्ञसेनी
माधव्यथ क्षितिपपत्न्य उत स्वगोप्यः ।
कृष्णेऽखिलात्मनि हरौ प्रणयानुबंधं
सर्वा विसिस्म्युरलमश्रुकलाकुलाक्ष्यः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા–"સર્વનાં દુઃખને હરનારા અને સમગ્રના આત્મા શ્રીકૃષ્ણ વિષે (તેમની રાણીઓએ વર્ણવેલો) તે સ્નેહબંધ સાંભળીને કુંતાજી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા, સર્વ રાજરાણીઓ અને ગોપીઓ અત્યંત વિસ્મય પામી અને તે સર્વ સ્ત્રીઓનાં નેત્રો હર્ષનાં અશ્રુબિંદુઓ વડે ઊભરાઈ જવા લાગ્યાં.[૧] એ પ્રમાણે સ્ત્રીઓ સ્ત્રીઓની સાથે અને પુરુષો પુરુષોની સાથે વાતચીત કરતા હતા, તેટલામાં શ્રીકૃષ્ણ તેમજ બળરામનાં દર્શન કરવાની ઇચ્છાથી વેદવ્યાસ, નારદ, ચ્યવન, દેવલ, અસિત, વિશ્વામિત્ર, શતાનંદ, ભરદ્વાજ, ગૌતમ, પરશુરામ, શિષ્યોની સાથે ભગવાન વસિષ્ઠ, ગાલવ, ભૃગુ, પુલસ્ત્ય, કશ્યપ, અત્રિ, માર્કણ્ડેય, બૃહસ્પતિ, દ્વિત, ત્રિત, એકત, બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓ, અંગિરા, અગસ્ત્ય યાજ્ઞવલ્ક્ય, વામદેવ વગેરે તેમજ બીજા પણ મુનિઓ ત્યાં આવ્યા;[૨-૫] એટલે વિશ્વવંદ્ય તે મુનિઓને આવેલા જોઈ પ્રથમથી ત્યાં બેઠેલા પાંડવો, શ્રીકૃષ્ણ, બળરામ અને બીજા રાજાઓ વગેરેએ એકદમ ઊભા થઇને તેમને પ્રણામ કર્યા.[૬] પછી સર્વ લોકોએ તેમની જ પ્રમાણે પૂજા કરી તેજ પ્રમાણે બળરામ સહિત શ્રીકૃષ્ણે પણ સ્વાગત, આસન, પગ ધોવાનું જળ, પૂજાનાં સાહિત્ય, પુષ્પ, ધૂપ તથા ચંદન વડે પૂજા કરી; અને પછી ધર્મનું રક્ષણ કરનારું શરીર ધારણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણ, મૌન ધારણ કરી રહેલી તે મહાસભાના સાંભળતાં સુખે બેઠેલા મુનિઓને કહેવા લાગ્યા.[૭-૮]

શ્રીભગવાન બોલ્યા:–'અહો ! અમારો જન્મ સફળ થયો છે અને અમોએ જન્મનું સમગ્ર ફળ મેળવ્યું છે. કારણ કે યોગેશ્વરોનું દર્શન દેવોને પણ દુર્લભ હોય છે. (તે આજ અમને મળ્યું છે.)[૯] અતિશય અલ્પ તપવાળા (એટલે તીર્થસ્નાન વગેરેમાંજ માત્ર તપોબુદ્ધિવાળા) અને પ્રતિમામાંજ દેવદૃષ્ટિ કરનારા (અમને) મનુષ્યોને આપ યોગેશ્વરોનાં દર્શન, સ્પર્શ, પ્રશ્ન, પ્રણામ તથા ચરણપૂજા વગેરે શું સંભવી શકે છે ? (અર્થાત્ જે વસ્તુ દેવોને દુર્લભ છે, તે મનુષ્યોને ક્યાંથીજ મળે ?)[૧૦] જળમય એવાં તીર્થો તે તીર્થો નથી એમ નથી, અને માટી કે શિલામય એવા દેવો (પ્રતિમાઓ) તે દેવો નથી એમ નથી; પણ તેઓ ઘણે કાળે (સેવન કરવાથી) પવિત્ર કરે છે, ત્યારે સત્પુરુષો તો માત્ર દર્શનથીજ (તત્કાળ) પવિત્ર કરે છે. અગ્નિ, સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, જળ, આકાશ, પવન, વાણી તથા મન એઓની ઉપાસના કરી હોય તો તેઓ પાપમૂલક અજ્ઞાનને કદી હરતાં નથી; કેમકે તેઓ ભેદબુદ્ધિ કરનારાં છે; પણ (જેઓની ભેદબુદ્ધિ ટળી ગઈ હોય છે એવા) વિવેકી સત્પુરુષો માત્ર એકજ મુહૂર્ત સેવા કરવાથીજ (સેવા કરનારના) પાપમૂલક અજ્ઞાનનો નાશ કરે છે. (કેમકે તેઓ ભેદબુદ્ધિ ટાળનારા છે.) જે મનુષ્યને (વાત, પિત્ત ને કફ–એ) ત્રણ ધાતુઓરૂપી મૂળકારણવાળા શરીરમાં 'આ હું', આવી આત્મબુદ્ધિ છે; સ્ત્રી આદિ વિષે 'આ મારાં' એવી પોતાનાં તરીકેની બુદ્ધિ છે; માટીના વિકાર–મૂર્તિ વગેરેમાં 'આ મારા પૂજ્ય દેવ' એવી દેવબુદ્ધિ છે અને પાણીમાં 'આ તીર્થ' એવી તીર્થબુદ્ધિ છે; પણ તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષો ઉપર આત્મબુદ્ધિ, સ્વબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ તથા તીર્થબુદ્ધિ હોતી નથી, તે મનુષ્ય ખરેખર બળદોમાં પણ

+ આ અધ્યાયમાં 'મુનિઓનો સમાગમ થતાં વસુદેવનો યજ્ઞનો ઉત્સાહ તથા સંબંધીઓને વિદાય આપવી વગેરે કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

અત્યંત અવિવેકી છે.' ૧૧–૧૩

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"અસ્ખલિત જ્ઞાનવાળા ભગવાન કૃષ્ણનું એ પ્રમાણે ×અનનુરૂપ વચન સાંભળી ભ્રમિત બુદ્ધિવાળા થયેલા બ્રાહ્મણો તો ચુપજ રહ્યા.૧૪ તે પછી ઘણો લાંબો સમય વિચાર કરીને મુનિઓ બોલ્યા કે, 'પોતે ઈશ્વર છતાં પોતાનું ÷અનીશ્વરપણું ભગવાન દર્શાવે છે તે કેવળ લોકસંગ્રહ છે, લોકોને મર્યાદામાં રાખવા પૂરતુંજ છે.' એમ કહીને તેઓ હસતા હસતા ગુરુ–શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા.૧૫

મુનિઓ બોલ્યાઃ–' અમે તત્ત્વજ્ઞાનીઓમાં ઉત્તમ અને પ્રજાપતિઓના પણ અધીશ્વરો હોવા છતાં આપની માયાથી મોહ પામ્યા છીએ. કારણ કે આપ મનુષ્યચેષ્ટિતથી ગૂઢ થઇને જાણે ઈશ્વર ન હોય એવું આચરણ કરો છો. અહો ! આશ્ચર્ય ! આપ ભગવાનનું ચેષ્ટિત અતર્ક્ય છે.૧૬ આપ ક્રિયારહિત અને એકજ છો, છતાં જેમ પૃથ્વી ક્રિયારહિત અને એકજ છે તોપણ ઘટાદિ વિકારોથી જણાયલી અનેક નામો તથા રૂપવાળી થાય છે, તેમ આપ પણ સ્વરૂપમાત્રથી આ જગતને ઉત્પન્ન કરો છો, પાળો છો અને સંહારો છો. અહો ! ખરેખર, આશ્ચર્યની વાત છે કે આપ પરિપૂર્ણનું આ જન્માદિ ચરિત્ર તે કેવળ અનુકરણ છે–યથાર્થ નથી–અર્થાત્ જનસમાજને અનુકરણ કરાવવા માટે આપ ક્રિયા કરતા હો એમ આપની માયાને લીધે ભાસ થાય છે; પણ ખરી રીતે આપનો જન્મ અને ક્રિયા છેજ નહિ.૧૭ (એ રીતે આપ અતર્ક્ય શક્તિવાળા છો. આપને જન્મ વગેરે સંભવતાંજ નથી.) તોપણ આપ પોતાના ભક્ત પુરુષોનું રક્ષણ કરવા તેમજ દુષ્ટોને શિક્ષા કરવા માટે તે તે યોગ્ય સમયે શુદ્ધ સત્ત્વગુણમય સ્વરૂપ ધારણ કરો છો અને આપ પરપુરુષ છો છતાં વર્ણો તથા આશ્રમોના અભિમાની થઇને પોતાના આચાર વડે સનાતન વેદમાર્ગનું રક્ષણ કરો છો.૧૮ વેદ નામનું બ્રહ્મ તે આપનું શુદ્ધ અંતરંગ સ્વરૂપ છે; કારણ કે તે વેદરૂપ બ્રહ્મ વિષે તપ, સ્વાધ્યાય અને સંયમથી કાર્ય, કારણ અને તેથી પણ પર એવા બ્રહ્મ–પરમાત્મા જણાય છે.૧૯ તેથીજ હે બ્રહ્મન્ ! વેદશાસ્ત્રોથી જણાતા એવા પોતાના સ્વરૂપનું શ્રેષ્ઠ પ્રાપ્તિસ્થાન એવા બ્રાહ્મણોના કુળને આપ પૂજો છો અને તેજ કારણથી આપ બ્રાહ્મણોનું સન્માન કરનારા પુરુષોમાં મુખ્ય ગણાઓ છો.૨૦ આજે સત્પુરુષોની ગતિરૂપ એવા આપની સાથે સમાગમ કરીને અમારા જન્મનું, વિદ્યાનું, તપનું તથા જ્ઞાનદષ્ટિનું સફળપણું થયું છે; કેમકે આપ કલ્યાણોના પરમ અવધિરૂપ છો. પોતાની યોગમાયા વડે ગૂઢ મહિમાવાળા અને અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા આપ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને અમારા નમસ્કાર હો.૨૧૨૨ આ રાજાઓ તથા યાદવો, (આપની સાથે) એકજ સ્થાનમાં આહાર–વિહારાદિ કરનારા છે છતાં માયારૂપી પડદાથી ઢંકાયલા, સર્વના આત્મા, કાળરૂપે સૃષ્ટિ આદિના કારણ અને સર્વના ઈશ્વર આપને જાણી શકતા નથી.૨૩ જેમ કોઈ સૂતેલો પુરુષ સ્વપ્નોને જોતો સ્વપ્નાવસ્થાના વિષયોમાં સત્ય દષ્ટિ કરે છે અને મનથી ભાસેલા નામમાત્ર સિંહવ્યાઘ્ર આદિરૂપે પોતાને જાણે છે, પણ તે સિંહાદિના રૂપથી રહિત એવા (જાગ્રત અવસ્થાના દેવદત્તાદિરૂપ) પોતાને જાણતો નથી; તેજ પ્રમાણે (જાગ્રત અવસ્થામાં પણ) નામમાત્ર એવા (સ્વપ્નાવસ્થાના પદાર્થો જેવાજ જાગ્રત અવસ્થાના) વિષયોમાં પણ ઇન્દ્રિયો દ્વારા પ્રવૃત્તિરૂપ માયાથી જેનું મન ભમી ગયેલું હોય છે એવો પુરુષ, વિવેકના નાશને લીધે (પોતાના આત્મારૂપ) આપને જાણી શકતો નથી. જે આપનું ચરણકમળ, પાપોના મોટા ઢગનો નાશ કરનારાં ગંગારૂપ તીર્થનું સ્થાન હોઈ, અત્યંત પરિપક્વ થયેલા યોગ-

× અનનુરૂપ એટલે પોતે સર્વોત્કૃષ્ટ છતાં પોતાની હીનતા દર્શાવનારું અયોગ્ય વચન. —બાલપ્રબોધિની

÷ કર્મો કરવામાં પોતાનું અધિકારીપણું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

વાળા પુરુષોએ હૃદયમાં (કેવળ) ધારણ કર્યું છે (પણ પ્રત્યક્ષ જોયું નથી), તે આપના ચરણકમળને આજે (ઘણાં પુણ્યોને લીધે) અમે પ્રત્યક્ષ જોયું છે; માટે પોતાના ભક્ત એવા અમારા પર આપ અનુગ્રહ કરો. કારણ કે વૃદ્ધિ પામેલી ભક્તિને લીધે જેઓનું સૂક્ષ્મ શરીર નાશ પામ્યું હોય છે, તેવા (ભક્ત) પુરુષો આપની ગતિને પામ્યા છે.[૨૪-૨૬]

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે રાજર્ષિ! એ પ્રમાણે (સ્તુતિ કર્યા પછી) શ્રીકૃષ્ણની, ધૃતરાષ્ટ્રની તથા યુધિષ્ઠિરની રજા લઈ મુનિઓએ પોતપોતાના આશ્રમોમાં જવા વિચાર કર્યો; એટલે તે જોઇને મહાયશસ્વી વસુદેવ, તે મુનિઓની પાસે જઇ, તેમને પ્રણામ કરી તેમના ચરણો પકડીને અત્યંત સાવધાન થઈ આ પ્રમાણે કહેવા લાગ્યા:[૨૭।૨૮]

વસુદેવજી બોલ્યા:–'હે ઋષિઓ! સર્વ દેવોના નિવાસસ્થાન આપને હું નમસ્કાર કરું છું. હું જે કહું છું તે સાંભળવાને આપ યોગ્ય છો; જે કર્મ કરવાથી કર્મોનો નાશ થાય તે કર્મ આપ અમને કહો.[૨૯]

નારદજી બોલ્યા:–'હે બ્રાહ્મણો! વસુદેવ, શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માની (તેમને નહિ પૂછતાં) પોતાનું કલ્યાણસાધન જાણવાની ઇચ્છાથી આપણને પૂછે છે, એમાં અત્યંત આશ્ચર્ય નથી.[૩૦] કારણ કે આ જગતમાં નિત્ય સમીપ રહેવું તે મનુષ્યોના અનાદરનું કારણ થાય છે. ગંગાકિનારે વસનારો મનુષ્ય, ગંગાજળનો ત્યાગ કરીને પોતાની શુદ્ધિને અર્થે બીજા તીર્થજળ તરફ જાય છે.[૩૧] કાળથી, આ જગતના લય તથા ઉત્પત્તિ વગેરેથી, પોતાથી, બીજાથી કે રૂપાંતર વગેરેથી એમ કોઇથી પણ જેમનું જ્ઞાન નાશ પામતું નથી અને જેમનો અનુભવ કોઇથી પણ હણાયો નથી એવા અદ્વિતીય ઈશ્વર શ્રીકૃષ્ણને પ્રાકૃત મનુષ્ય, કોઇનાથી પણ નહિ ઢંકાયલા સૂર્યને જેમ વાદળાં, હિમ તથા રાહુથી ઢંકાયલો માને છે, તેમ રાગાદિ ક્લેશોથી, કર્મોથી, કર્મોનાં ફળરૂપ સુખ–દુઃખોથી; ગુણોના પ્રવાહથી અને પોતાનાંજ કાર્યરૂપ એવા પ્રાણ વગેરેથી ઢંકાયલા–મનુષ્યરૂપ માને છે.[૩૨।૩૩]

"નારદજીએ એમ કહ્યું તે પછી હે રાજા! સર્વ રાજાઓ, શ્રીકૃષ્ણ તથા બળરામના સાંભળતાં વસુદેવજીને સંબોધી મુનિઓ બોલ્યા: 'સત્પુરુષોએ કર્મથી કર્મોનો નાશ આ રીતે જણાવ્યો છે કે, સર્વ યજ્ઞોના ઈશ્વર વિષ્ણુ ભગવાનનું મનુષ્યે શ્રદ્ધાપૂર્વક યજ્ઞો કરીને યજન કરવું. બસ, આજ ચિત્તની શાંતિનું કારણ, મોક્ષનો ઉપાય અને ધીમે ધીમે મનને આનંદ આપે તેવો સુગમ ધર્મ વિદ્વાનોએ શાસ્ત્રદૃષ્ટિથી દર્શાવ્યો છે. ગૃહસ્થ બ્રાહ્મણને, ક્ષત્રિયને કે વૈશ્યને કલ્યાણની પ્રાપ્તિ કરાવી આપનારો આજ માર્ગ છે કે, ન્યાયમાર્ગવડે સંપાદન કરેલા ઉત્તમ ધનથી શ્રદ્ધાપૂર્વક ઈશ્વરનું યજન કરવું.[૩૪-૩૭] હે વસુદેવ! વિદ્વાન મનુષ્યે (ધનના ફળરૂપ) યજ્ઞો તથા દાનો કરીને ધનની ઇચ્છાનો ત્યાગ કરવો જોઇએ. ગૃહસ્થાશ્રમને યોગ્ય ભોગો ભોગવીને સ્ત્રી તથા પુત્રેચ્છાને તજવી જોઇએ અને (સર્વનો અંતે નાશજ છે, એમ) નાશનું અનુસંધાન કરીને પોતાની સ્વર્ગ વગેરે લોકોની ઇચ્છાનો ત્યાગ કરવો જોઇએ. સર્વ ધીર પુરુષો એ રીતે સર્વ ઇચ્છાઓનો ગામમાંજ ત્યાગ કરી દઇ તપોવનમાં ચાલ્યા ગયા છે. હે સમર્થ વસુદેવ! બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય જાતિનો હરકોઇ મનુષ્ય દેવોનાં, ઋષિઓનાં તેમજ પિતૃઓનાં, એમ ત્રણ ઋણો સહિત જન્મેલો છે; માટે યજ્ઞોથી દેવોના ઋણને, વેદાધ્યયનથી ઋષિઓના ઋણને તથા પુત્રોત્પાદન વડે પિતૃઓના ઋણને દૂર કર્યા વિના સંસારનો જે ત્યાગ કરે છે તે પતિત થાય છે.[૩૮।૩૯] હે મહાબુદ્ધિમાન વસુદેવ! તમે હમણાં ઋષિઋણ અને પિતૃઋણ–એમ બે ઋણથી તો મુક્ત થયા છો; તો હવે યજ્ઞો કરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવોના ઋણને પોતાના ઉપરથી ઉતારી નાખી ઘરમાંથી નીકળી જાઓ.[૪૦] હે વસુદેવ ! તમે જગતના ઈશ્વર શ્રીહરિને ખરેખર પરમભક્તિથી પૂજ્યા છે; કારણ કે તે ભગવાન પોતે તમારા બન્નેના પુત્રત્વને પામ્યા છે. [૪૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—" એ પ્રમાણે તે મુનિઓનું વચન સાંભળી મોટા મનના વસુદેવજીએ તે ઋષિઓને મસ્તકથી પ્રણામ કરી પ્રસન્ન કરીને યજ્ઞના ઋત્વિજ તરીકે તેમનું વરણ કર્યું.[૪૨] પછી હે રાજન્ ! ધર્મ પ્રમાણે વરણીમાં વરેલા તે ઋષિઓએ તે કુરુક્ષેત્રમાં ધાર્મિક એવા તે વસુદેવજીની પાસે ઉત્તમ વિધિવાળા યજ્ઞોથી યજન કરાવવા માંડ્યું.[૪૩] હે રાજન્ ! એ યજ્ઞદીક્ષા જ્યારે ચાલુ થઈ ત્યારે સ્નાન કરી સુંદર વસ્ત્રો તથા કમળની માળાઓ ધારણ કરી રહેલા યાદવો, સારી રીતે શણગારેલા બીજા રાજાઓ અને કંઠમાં કંઠીઓ ધારણ કરતી, સુંદર વસ્ત્રોવાળી તથા ચંદનાદિનાં વિલેપનોવાળી વસુદેવની સ્ત્રીઓ હરખાતી હરખાતી હાથમાં પૂજાસામગ્રી લઇને દીક્ષાશાળામાં આવી.[૪૪,૪૫] તે વેળા નરઘાં, ઢોલ, શંખ તથા નગારાં વગેરે વાગવા લાગ્યાં; નટો તેમજ નર્તકીઓ નાચવા લાગી; સૂતો તથા માગધો સ્તુતિ કરવા લાગ્યા અને સુંદર કંઠવાળી ગવૈયાઓની સ્ત્રીઓ પોતપોતાના પતિઓની સાથે સંગીત ગાવા લાગી.[૪૬] પછી ઋત્વિજોએ, તારાઓસહિત ચંદ્રમાનો અભિષેક કરે તેમ નેત્રોમાં અંજન કરેલા અને આખે શરીરે માખણનું વિલેપન લગાવેલા વસુદેવનો અઢાર પત્નીઓ સહિત અભિષેક કર્યો. તે સમયે યજ્ઞદીક્ષા લીધેલા અને મૃગચર્મ ઓઢ્યું હતું એવા વસુદેવજી રેશમી વસ્ત્રો, કડાં, હાર, ઝાંઝર તથા કુંડળોથી સારી રીતે શણગારેલી સ્ત્રીઓ સાથે અત્યંત શોભતા હતાં.[૪૭,૪૮] હે મહારાજા ! જેમ ઇન્દ્રના યજ્ઞમાં સભાસદોસહિત ઋત્વિજો શોભતા હતા, તેમ એ વસુદેવના યજ્ઞમાં રત્ન જેવાં ઉજ્જ્વળ રેશમી વસ્ત્રો ધારણ કરી રહેલા ઋત્વિજો સભાસદો સાથે શોભતા હતા.[૪૯] વળી તે વખતે સર્વ જીવોના ઈશ્વર શ્રીકૃષ્ણ અને બળરામ પણ પોતપોતાની *વિભૂતિરૂપ એવા પોતાના પુત્રો તથા સ્ત્રીઓ સાથે શોભતા હતા.[૫૦] પછી વસુદેવજીએ પ્રત્યેક યજ્ઞમાં વિધિથી અગ્નિહોત્ર વગેરે લક્ષણોવાળા જ્યોતિષ્ટોમ–દર્શપૂર્ણમાસ–આદિ પ્રાકૃત યજ્ઞો વડે તથા સૌર, સત્ર આદિ વૈકૃત યજ્ઞો વડે દ્રવ્ય, મંત્રો તેમજ કર્મના ઈશ્વર એવા વિષ્ણુ ભગવાનનું યજન કર્યું;[૫૧] અને પછી તે સમયે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સારી રીતે શણગારેલા ઋત્વિજોને દક્ષિણાઓ આપી અને પુષ્કળ ધનસહિત ગાયો, પૃથ્વી તેમજ કન્યાઓને પણ શણગારીને આપી.[૫૨] તે પછી એ મહર્ષિ બ્રાહ્મણોએ પત્નીસંયાજ અને આવભૃથ્ય નામના યજ્ઞો કરીને યજમાનને આગળ કરી પરશુરામના ધરામાં સ્નાન કર્યું.[૫૩] સ્નાન કર્યા પછી સારી રીતે શણગારેલા વસુદેવજીએ તથા તેમની સ્ત્રીઓએ બંદિજનોને અલંકારો તથા વસ્ત્રોનાં દાન કર્યાં ને સર્વ વર્ણના લોકોને તથા કૂતરાં સુધીનાં પ્રાણીઓને અન્નથી તૃપ્ત કર્યાં.[૫૪] વળી સ્ત્રીઓ તથા પુત્રો સહિત બંધુઓનો, વિદર્ભ, કોસલ, કુરુ, કાશિ, કેકય તથા સૃંજયવંશી રાજાઓનો અને સભાસદો, ઋત્વિજો, દેવગણો, મનુષ્યો, ભૂતો, પિતૃઓ તથા ચારણોનો પણ પુષ્કળ પહેરામણીઓથી સત્કાર કર્યો; એટલે તેઓ સર્વે લક્ષ્મીનિવાસ શ્રીકૃષ્ણ ભગવાનની રજા લઇ યજ્ઞની પ્રશંસા કરતા કરતા પોતપોતાને સ્થાને ગયા;[૫૫,૫૬] ધૃતરાષ્ટ્ર, વિદુર, ભીષ્મ, દ્રોણાચાર્ય, કુંતાજી, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ, નારદજી, ભગવાન વેદવ્યાસ, મિત્રો, સંબંધીઓ તથા બાંધવો સ્નેહથી આર્દ્ર ચિત્તવાળા થઇને પોતાના બંધુ યાદવોને ભેટીને વિરહનાં દુઃખને લીધે મહાકષ્ટથી પોતપોતાના દેશમાં ગયા અને બીજા મનુષ્યો

* પોતપોતાની વિભૂતિરૂપ એટલે પોતપોતાના અંશરૂપ. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ પોતપોતાના દેશમાં ગયા.[૫૭।૫૮] શ્રીકૃષ્ણ, બળરામ તથા ઉગ્રસેન વગેરેએ મોટા સત્કારથી સન્માન કરેલા નંદરાય તો બંધુઓ પર પ્રેમાળ હોઇને ગોવાળિયાઓ સાથે ત્યાં રહ્યા હતા.[૫૯] એ રીતે વસુદેવજી પોતાના મનોરથરૂપી મહાસાગરને અનાયાસે તરી જઈ, એક વખતે સ્નેહીઓથી વીંટાઇને પ્રસન્નચિત્તે નંદરાયનો હાથ પકડી તેમને કહેવા લાગ્યા.[૬૦]

વસુદેવજી બોલ્યા:–'હે ભાઈ! ઈશ્વરે મનુષ્યોનો સ્નેહ નામનો જે પાશ રચ્યો છે તે શૂરાઓને (બળથી) અને યોગીઓને (જ્ઞાનથી) પણ દુસ્ત્યજ છે, એમ હું માનું છું.[૬૧] કારણ કે અમે તમારા કરેલા ઉપકારને જાણતા નથી, છતાં તમે સજ્જનોએ અમારા ઉપર જે આ અનુપમ મિત્રતા જાળવી રાખી છે, તે જો કે (પ્રત્યુપકારરૂપી) ફળથી રહિત છે છતાં કદી દૂર થતી નથી.[૬૨] હે ભાઈ! અમે પહેલાં અસમર્થ હતા તેથી તમારું કંઈ કુશળ કરી શક્યા નથી અને હવે લક્ષ્મીના મદથી અંધ નેત્રોવાળા થઇને પોતાની સંમુખ રહેલા એવા પણ તમને જોઇ શકતા નથી. હે માન આપનારા નંદજી! કલ્યાણની ઇચ્છા રાખતા પુરુષને રાજ્યલક્ષ્મી ન હજો. કારણ કે રાજ્યલક્ષ્મીને લીધે અંધદૃષ્ટિવાળો થયેલો પુરુષ, પોતાના મનુષ્યોને કે બંધુઓને જોતા નથી.[૬૩।૬૪]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ રીતે સ્નેહને લીધે શિથિલ થયેલા મનવાળા વસુદેવજી, નંદજીએ કરેલી મિત્રતાને યાદ કરતા અશ્રુભર્યાં નેત્રે રડી પડ્યા.[૬૫] નંદજી પણ પોતાના મિત્ર વસુદેવનું પ્રિય કરતા શ્રીકૃષ્ણ અને બળરામના પ્રેમથી આજકાલ કરતાં ત્રણ મહિના સુધી યાદવો વડે સન્માન કરાયલા ત્યાં રહ્યા હતા.+[૬૬] પછી કીમતી અલંકારો, રેશમી વસ્ત્રો તથા જાતજાતની અમૂલ્ય સામગ્રીઓરૂપી ઇચ્છિત વસ્તુઓ વડે વસુદેવ, ઉગ્રસેન, શ્રીકૃષ્ણ, ઉદ્ધવ તથા બળરામ જેમને વ્રજ તથા બંધુઓ સાથે પૂર્ણ કરતા હતા એવા નંદરાય, યાદવોએ આપેલી પહેરામણી લઇને, મોટા સૈન્ય સાથે તેઓએ વળાવેલા ત્યાંથી ચાલી નીકળ્યા.[૬૭।૬૮] એ વખતે નંદરાય, ગોવાળિયા તથા ગોપીઓ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળમાં લાગેલા પોતાના મનને પાછું વાળવાને અસમર્થ થઇને (મહાકષ્ટે) મથુરા તરફ ગયાં હતાં. એ રીતે સર્વ સંબંધીઓ વિદાય થયા તે પછી શ્રીકૃષ્ણ જેમના દેવ હતા એવા યાદવો પણ વર્ષાઋતુને સમીપ આવેલી જોઇ ફરી દ્વારકામાં ગયા;[૬૯।૭૦] અને ત્યાં જઇને વસુદેવે કરેલો યજ્ઞમહોત્સવ તથા તીર્થયાત્રામાં પોતાના સ્નેહીઓ વગેરેનો જે મેળાપ થયો હતો તે બધું લોકોને તેઓએ કહ્યું હતું."[૭૧]

जनेभ्यः कथयांचक्रुर्यदुदेवमहोत्सवम् ।
यदासीत्तीर्थयात्रायां सुहृत्संदर्शनादिकम् ॥७१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૪ મો સમાપ્ત

अध्याय ८५ मो*

શ્રીકૃષ્ણ—બળરામે પિતાને જ્ઞાન આપ્યું તથા માતાને મરેલા પુત્રો લાવી આપ્યા

॥ श्रीबादरायणिरुवाच ॥

अथैकदात्मजौ प्राप्तौ कृतपादाभिवंदनौ ।
वसुदेवोऽभिनंद्याह प्रीत्या संकर्षणाच्युतौ ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"તે પછી એક સમયે પોતાની પાસે આવેલા અને પોતાના ચરણમાં જેમણે વંદન કર્યું હતું એવા પોતાના બન્ને પુત્રો શ્રીકૃષ્ણ તથા બળદેવજીને વસુદેવ અભિનંદન આપી પ્રેમથી કહેવા લાગ્યા.[૧] પોતાના બન્ને પુત્રોના

+ અર્થાત્ સવારે જવાની તૈયારી કરે તો 'ના, આજે બપોર પછી જજો' એમ કહી રોકી રાખે; અને બપોર પછી જવા તૈયાર થાય ત્યારે 'ના, કાલે સવારે જજો' એમ કહી રોકી રાખે; એમ ત્રણ મહિના સુધી નંદજીને યાદવોએ જવા દીધા નહિ. —भा. क.

* આ અધ્યાયમાં 'પ્રાર્થના કરાયલા શ્રીકૃષ્ણે તથા બળરામે પોતાના પિતાને જ્ઞાન આપ્યું તથા માતાને મરેલા પુત્રો લાવી આપ્યા' એ કથા કહેવામાં આવશે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રભાવને સૂચવનારાં મુનિઓનાં વચન સાંભળીને તેમજ તેમનાં પરાક્રમો ઉપરથી જેમને વિશ્વાસ થયો હતો એવા વસુદેવજી પોતાના પુત્રોને સંબોધીને કહેવા લાગ્યા કે,[૨] 'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગિન્! હે સંકર્ષણ! હે સનાતન! તમે બન્ને પ્રધાન પુરુષ છો અને તેના પણ સાક્ષાત્ કારણ ઈશ્વર છો, એમ હું જાણું છું.[૩] આ જગત જેમાં, જે કર્તાથી, જે સાધન વડે, જેનાથી, જેનું, જેને માટે, જેને, જે, જેવી રીતે અને જ્યારે અસ્તિત્વ ધરાવે છે, તે સર્વ ભોક્તા અને ભોગ્યના ઈશ્વર સાક્ષાત્ આપજ છો.[૪] હે ઇન્દ્રિયાતીત આત્મા! અજન્મા એવા તમે પોતે સૃજેલા આ અનેક પ્રકારના જગતમાં પોતેજ પ્રવેશ કરીને પ્રાણ (ક્રિયાશક્તિ) અને જીવસ્વરૂપ (જ્ઞાનશક્તિરૂપ) થઇને તેનું ધારણ–પોષણ કરો છો.[૫] પ્રાણ વગેરે જગતનાં કારણોની જે શક્તિઓ છે, તે પણ સર્વના પરમકારણ તમારી ઈશ્વરનીજ છે. કેમકે તે તે પદાર્થોનું પરતંત્રપણું છે, (જેમ બાણની વેગશક્તિ તે તેની નથી પણ પુરુષની હોય છે,) અને વળી તમારામાં તો ચેતનપણું છે અને પ્રાણ વગેરેમાં અચેતનપણું છે—તેથી તમારું અને પ્રાણાદિનું—બન્નેનું વિરુદ્ધ ધર્મપણું છે. જો કે ચેષ્ટા કરનારા પ્રાણ વગેરેમાં ચેષ્ટા છે, પણ શક્તિ તો નથીજ. (જેમ ઘાસ વગેરે પદાર્થોમાં ચલનશક્તિ દેખાય છે, પણ તે વાયુની શક્તિને લીધેજ છે; તેમ પ્રાણાદિ સર્વ પદાર્થોની ચેષ્ટા તમારી શક્તિથીજ છે.)[૬] ચંદ્રની કાન્તિ, અગ્નિનું તેજ, સૂર્યની પ્રભા, નક્ષત્રો તથા વીજળીની સ્ફુરણસત્તા, પર્વતોની સ્થિરતા અને પૃથ્વીનું સર્વના આધારપણે વર્તવું તેમજ તેનો ગંધ, ગુણ તે સર્વ વસ્તુતઃ આપજ છો. (આપનીજ એ શક્તિ છે.÷)[૭] હે દેવ! જળમાં તૃપ્તિજનકપણું અને જિવાડવાની શક્તિ છે તે, અને જળ પોતે તથા તેનો રસ ગુણ—એ સર્વ આપજ છો; અને હે ઈશ્વર! વાયુનાં ઓજ,[૧] સહ,[૨] બલ,[૩] ચેષ્ટા,[૪] તથા ગતિ[૫] પણ આપનીજ શક્તિ છે.[૮] દિશાઓ, દિશાઓનો અવકાશ, આકાશ, તે રૂપ આશ્રયવાળી પરા વાણી, પશ્યન્તી વાણી, ૐકારરૂપ મધ્યમા વાણી અને જેનાથી પદાર્થોનું પૃથક્કરણ કરી શકાય છે તે વર્ણ—પદરૂપ વૈખરી વાણી પણ તમેજ છો.[૯] ઇન્દ્રિયોની વિષયપ્રકાશનની શક્તિ, ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો, તેઓની અધિષ્ઠાનશક્તિ, બુદ્ધિની નિશ્ચયાત્મિકા શક્તિ અને જીવને ઉપાધિરૂપ એવા ચિત્તની ઉત્તમ અનુસંધાન કરવાની જે શક્તિ છે તે આપજ છો.[૧૦] પાંચ મહાભૂતોનું કારણ તામસ અહંકાર, ઇન્દ્રિયોનું કારણ રાજસ અહંકાર, ઇન્દ્રિયોના દેવોનું કારણ સાત્ત્વિક અહંકાર તથા જીવોના સંસારનું કારણ જે પ્રધાન (પ્રકૃતિ) તે આપ છો. જેમ માટી—સુવર્ણ આદિ દ્રવ્યોના વિકાર—ઘટ—કુંડલ વગેરે નાશવંત પદાર્થોમાં મૂળ દ્રવ્ય માટી તથા સુવર્ણ વગેરે છે તે તો અવિનાશીજ છે, તેમ પૂર્વોક્ત નાશવંત સર્વ પદાર્થોમાં તેનું મૂળ કારણ જે અવિનાશી પદાર્થ બાકી રહે છે તે આપ છો.[૧૧,૧૨] સત્ત્વગુણ, રજોગુણ અને

÷ આજ વસ્તુ વેદ જણાવે છે—न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः। तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति। (कठ. उ. २–५–१६)

સૂર્ય, ચંદ્ર, તારા કે વીજળીઓ સ્વતંત્ર પ્રકાશતા નથી; તો પછી અગ્નિ તો ક્યાંથી સ્વતંત્ર પ્રકાશે? એ પરમાત્મા પ્રકાશે છે તેની પાછળ સર્વ પ્રકાશે છે; અને તેમના પ્રકાશથીજ આ સર્વ પ્રકાશે છે. ભગવદ્ગીતા પણ આજ વસ્તુ કહે છે—

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम्।
यच्चंद्रमसियच्चाग्नौ तत्तेजो विद्धि मामकम्॥
(श्री. भ. गी. १५–१२)

સૂર્યનું જે તેજ આખા જગતને પ્રકાશિત કરે છે અને ચંદ્ર તથા અગ્નિમાં જે તેજ છે તે તેજ મારુંજ છે, એમ તું જાણ. —श्रीधर

(૧) ઓજ એટલે ઇન્દ્રિયસામર્થ્ય; (૨) સહ એટલે અંતઃકરણનું સામર્થ્ય; (૩) બલ—એટલે શારીરિક શક્તિ; (૪) ચેષ્ટા—એટલે શરીરવ્યાપાર; અને (૫) ગતિ એટલે ગમન. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમોગુણ–એ ત્રણ ગુણો તેમજ તે ત્રણ ગુણોના પરિણામરૂપ એવા મહત્તત્ત્વ આદિ પદાર્થો, સાક્ષાત્ પરબ્રહ્મ એવા આપ વિષે યોગમાયાથી કલ્પાયલા છે;[૧૩] માટે એ પદાર્થો વસ્તુતઃ છેજ નહિ છતાં જ્યારે (યોગમાયાથી) તે પદાર્થો આપને વિષે કલ્પાય છે, ત્યારેજ તેઓ માત્ર પ્રતીતિરૂપે આપ વિષે છે અને આપ તે પદાર્થોમાં તેજ સમયે કારણપણે અનુસરેલા છો. પરંતુ જ્યારે તે પદાર્થો આપ વિષે કલ્પાતા નથી ત્યારે તો અવ્યાવહારિક (એટલે નિર્વિકલ્પ) એવા આપજ એક બાકી રહો છો.[૧૪] ગુણોના પ્રવાહરૂપ આ સંસારમાં સર્વના આત્મા એવા આપની સૂક્ષ્મ નિષ્પ્રપંચ ગતિને નહિ જાણનારા અજ્ઞાનીઓ દેહાભિમાનરૂપ અજ્ઞાનથી કરેલાં કર્મોને લીધે આ સંસારમાં જન્મ–મરણ પામ્યા કરે છે. હે ઈશ્વર ! હું આ મનુષ્યલોકમાં દૈવેચ્છાથી સારી રીતે સમર્થ એવા દુર્લભ મનુષ્યપણાને પામીને પણ આપની માયાને લીધે સ્વાર્થ સાધવામાં પ્રમાદી રહ્યો છું અને મારી બધી વય એમ ને એમ ચાલી ગઇ છે.[૧૫/૧૬] કારણ કે આ શરીર વિષે 'આ હું છું' એવા સ્નેહપાશથી અને આ શરીરના સંબંધવાળા પુત્રાદિ ઉપર 'આ મારાં છે' એવા સ્નેહપાશથી આપ આ સર્વ જગતને બાંધી દો છો. તમે બન્ને અમારા પુત્રો નથી, પણ સાક્ષાત્ પ્રકૃતિ તથા પુરુષના ઈશ્વર છો અને પૃથ્વીને ભારરૂપ એવા ક્ષત્રિયોનો વિનાશ કરવા માટે અવતર્યા છો, એમ તમે પોતેજ કહો છો; માટે હે દુઃખીઓના બંધુ ! શરણે આવેલાઓના સંસારભયનો નાશ કરનારા આપના ચરણકમળને શરણે આજે હું આવ્યો છું; તો હવે આટલીજ ઇન્દ્રિયોના વિષય પ્રત્યેની તૃષ્ણા મને ઘણી થઈ ચૂકી છે કે જે વિષયતૃષ્ણાને લીધે આ મનુષ્યશરીર ઉપર 'આ હું છું' એવી આત્મબુદ્ધિ મને થઇ છે અને આપ પરમેશ્વર વિષે 'આ મારા પુત્ર છે' એવી પુત્રબુદ્ધિ થઇ છે. (માટે હવે તો આ વિષયલાલસા મારે નથી જોઇતી.)[૧૭-૧૯] આપે પોતેજ (તે વેળા આપના જન્મસમયે) સૂતિકાગૃહમાં અમને કહ્યું હતું કે, 'હું અજન્મા છું તોપણ પ્રત્યેક યુગમાં પોતાના ભક્તોના ભક્તિરૂપ ધર્મની રક્ષા કરવાને માટે અવતાર લઉં છું.' (જેમકે તમે બન્ને જ્યારે સુતપા તથા પૃશ્નિ હતાં ત્યારે તમારાથી હું અવતર્યો હતો; ત્યાર પછી કશ્યપ અને અદિતિ હતાં ત્યારે હું તમારાથી અવતર્યો હતો; તેમજ હમણાં તમે વસુદેવ તથા દેવકી છો ત્યારે તમારે ત્યાં હું અવતર્યો છું.') આપ આકાશ પેઠે અસંગ રહીનેજ અનેક શરીરો ધારણ કરો છો અને તજો છો. હે અનેક રીતે ગવાયલા ઈશ્વર ! આપ વ્યાપકની વિભૂતિરૂપ માયાને કોણ જાણી શકે તેમ છે?'[૨૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે પિતાનું વાક્ય સાંભળીને ભક્તપાલક શ્રીકૃષ્ણ ભગવાન, વિનયથી નમ્ર થઇ હસતા હસતા મધુર વાણી વડે તેમને કહેવા લાગ્યા.[૨૧]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે પિતાજી ! તમે અમને પુત્રોને ઉદ્દેશીને તત્ત્વસમૂહનું સારી રીતે જે વર્ણન કર્યું તે તમારા વચનને અમે યોગ્ય અર્થવાળું માનીએ છીએ.[૨૨] હે યદુશ્રેષ્ઠ ! હું, તમે, આ મારા મોટાભાઇ, આ દ્વારકાવાસીઓ તથા સ્થાવર–જંગમ જગત્—એ સર્વનો તમારે એ પ્રમાણેજ વિચાર કરી નિશ્ચય કરવો જોઇએ—અર્થાત્ સર્વને બ્રહ્મસ્વરૂપે જાણવા જોઇએ.[૨૩] જેમ આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી—એ મહાભૂતો, તેનાથી ઉત્પન્ન થયેલા ઘટ વગેરે પદાર્થોમાં અનેક સ્વરૂપે જણાય છે અને ઉપાધિ પ્રમાણે આવિર્ભાવ તથા તિરોભાવ વગેરેને પામે છે; તેમ આ આત્મા પણ પોતેજ ઉત્પન્ન કરેલા ગુણોને લીધે તે ગુણોથી ઉત્પન્ન કરાયલા દેહાદિ પદાર્થોમાં અનેકસ્વરૂપે જણાય છે અને ઉપાધિ પ્રમાણે આવિર્ભાવ, તિરોભાવ, અલ્પપણું તથા મોટાપણું વગેરે સ્વરૂપે ભાસે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; પણ વસ્તુતઃ એમ નથી. કારણ કે આત્મા એકજ છે છતાં અનેકસ્વરૂપે જણાય છે; સ્વયં-જ્યોતિ છતાં દશ્યરૂપે જણાય છે; નિત્ય છતાં અનિત્યરૂપે જણાય છે; અભિન્ન છતાં ભિન્નસ્વરૂપે જણાય છે; ને નિર્ગુણ છે છતાં સગુણ જણાય છે. એમ એકજ આત્મા અનેકપણાને પામે છે.૨૪૨૫

શ્રીશુકદેવજી બોલ્યા:–" હે રાજન્! એ પ્રમાણે ભગવાને વસુદેવને કહ્યું એટલે તેમનાં એ વચન સાંભળીને તેમની ભેદબુદ્ધિ નાશ પામી અને પ્રસન્ન મનવાળા થઇને મૌન રહ્યા. તે પછી હે કુરુશ્રેષ્ઠ! ત્યાં રહેલાં સર્વ દેવતામય દેવકીજી, જે પોતાના બન્ને પુત્રોએ તેમના ગુરુના મરી ગયેલા પુત્રને પાછો લાવી આપેલો સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યાં હતાં તે, કંસે મારી નાખેલા પુત્રોને યાદ કરતાં દુઃખને લીધે અશ્રુપૂર્ણ નેત્રવાળાં થઈ ગયાં અને તે વાત શ્રીકૃષ્ણ તેમજ બળરામને સંભળાવીને તેઓ દીનતાપૂર્વક કહેવા લાગ્યાં.૨૬–૨૮

દેવકીજી બોલ્યાં:–'હે અમાપ સ્વરૂપવાળા બળરામ! હે યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ! હું જાણું છું કે, આપ બન્ને જગત્સ્રષ્ટા–પ્રજાપતિઓના પણ ઈશ્વર અને આદિપુરુષ છો.૨૯ કાળે કરીને જેઓમાંથી સત્ત્વગુણ નાશ પામ્યો છે અને તેથીજ શાસ્ત્રનું ઉલ્લંઘન કરીને જેઓ વર્તી રહ્યા છે, એવા પૃથ્વીને ભારરૂપ રાજાઓનો નાશ કરવાને માટે આપ હમણાં મારાથી અવતર્યા છો. હે વિશ્વાત્મા! હે આદ્ય! આપના એક અંશરૂપ એવી જે માયા તેના અંશરૂપ એવા ગુણોના પણ એક પરમાણુમાત્ર ભાગથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે, તે આપને આજે હું શરણે આવી છું.૩૦૩૧ આપ બન્નેને આપના ગુરુએ ઘણા કાળથી મરી ગયેલો પોતાનો પુત્ર લાવી આપવાને માટે આજ્ઞા કરી, ત્યારે આપે યમલોકમાંથી તેમના પુત્રને લાવીને ગુરુને ગુરુદક્ષિણારૂપે અર્પણ કર્યો હતો;૩૨ તેજ પ્રમાણે યોગેશ્વરના ઈશ્વર આપ બન્ને મારી પણ આ ઇચ્છા પૂર્ણ કરો કે, કંસે મારી નાખેલા મારા પુત્રોને આપે લાવેલા જોવા હું ઇચ્છું છું.૩૩

શ્રીશુકદેવજી બોલ્યા:–" હે ભરતવંશી રાજા! માતાએ એ પ્રમાણે પ્રેરણા કરી એટલે શ્રીકૃષ્ણ અને બળરામ બન્ને યોગમાયાનો આશ્રય કરી સુતલ નામના પાતાલમાં દાખલ થયા.૩૪ જગતનાં આત્મારૂપ દેવ અને પોતાના અત્યંત ઇષ્ટદેવ તે શ્રીકૃષ્ણ તથા બળરામને સુતલમાં પ્રવેશેલા જોઇ તેમના દર્શનથી ઉત્પન્ન થયેલા આનંદ વડે વ્યાપ્ત અંતઃકરણવાળા દૈત્યરાજ–બલિએ, પરિવાર સાથે એકદમ ઊભા થઈ જઈ તેમને પ્રણામ કર્યા;૩૫ અને તેમને બન્નેને ઉત્તમ આસન લાવી આપ્યું. પછી તે આસન પર એ બન્ને મહાત્માઓ આનંદથી બેઠા એટલે બલિરાજાએ તેમના ચરણ ધોઇને તે જળ પોતાના પરિવાર સાથે મસ્તક ઉપર ધારણ કર્યું, કે જે જળ બ્રહ્મા-પર્યંત જગતને પવિત્ર કરે છે.૩૬ પછી બલિરાજાએ મહાકીમતી વસ્ત્રો, અલંકારો, વિલેપનો, તાંબૂલ, દીવા તથા અમૃતતુલ્ય ભોજન વગેરે વિભૂતિઓથી અને પોતાનું કુળ, ધન તથા શરીર અર્પણ કરીને તે બન્નેનું પૂજન કર્યું અને પછી હે રાજન્! પ્રેમથી આર્દ્ર થયેલી બુદ્ધિથી ભગવાનના ચરણકમળને વારંવાર ધારણ કરતાં, આનંદનાં અશ્રુજળથી ઊભરાઇ જતાં નેત્રવાળા અને (શરીરે) રોમાંચિત થયેલા બલિરાજા ગદ્ગદ અક્ષરો વડે કહેવા લાગ્યા.

બલિરાજા બોલ્યા:–'સર્વથી મહાન આપ અનંત ભગવાનને મારા નમસ્કાર હો. જગતના વિધાતા, સાંખ્ય તથા યોગનો વિસ્તાર કરનારા અને પરબ્રહ્મ પરમાત્મા આપ શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો.૩૭–૩૯ આપ બન્નેનું દર્શન પ્રાણીઓને ખરેખર દુર્લભ છે; છતાં કોઇને સુલભ પણ થાય છે. કારણ કે રજોગુણી તથા તમોગુણી સ્વ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવવાળા એવા અમને પણ આપનું દર્શન અનાયાસે થયું છે.૪૦ દૈત્યો, દાનવો, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, યક્ષો, રાક્ષસો, પિશાચો, ભૂતો, પ્રમથગણના નાયકો, અમે અને તેવા બીજા પણ કેટલાક, શુદ્ધ સત્ત્વગુણના નિવાસસ્થાન અને શાસ્ત્રરૂપ શરીરવાળા આપ વિષે નિત્ય વૈર બાંધનારા છે, છતાં તે બાંધેલા વૈરરૂપી ભક્તિથી અમે જેવા આપના તાદાત્મ્યભાવને પામ્યા છીએ અને કેટલાક (ગોપીઓ જેવા) જીવો કામવાસનારૂપ ભક્તિથી પણ જેવા આપના તાદાત્મ્યભાવને—પામ્યા છે, તેવા સત્ત્વગુણી દેવો વગેરે આપના તાદાત્મ્યભાવને પામ્યા નથી.×૪૧-૪૩ હે યોગેશ્વરોના ઈશ્વર! આપની યોગમાયાને 'આ સ્વરૂપથી આવી છે અને વિશેષે કરી આવીજ છે' એમ યોગેશ્વરો પણ જાણી શકતા નથી, તો પછી અમે તો ક્યાંથીજ જાણીએ? માટે આપ અમારા પર એવી રીતે પ્રસન્ન થાઓ કે જેથી હું, પૂર્ણકામ પુરુષોએ પણ શોધવા યોગ્ય એવા આપના ચરણકમળરૂપી આશ્રયથી ભિન્ન એવા ઘરરૂપી અંધારિયા કૂવામાંથી બહાર નીકળીને વૃક્ષોની નીચે પોતાની મેળે ગળી પડેલાં ફળ વગેરેથી મારી આજીવિકા ચલાવી શાંત સ્વરૂપે એકલોજ વિચર્યા કરું અથવા સર્વના મિત્ર આપના ભક્તો સાથે વિચર્યા કરું.૪૪।૪૫ હે પ્રભો! હે સર્વ જીવોના ઈશ્વર! આપ અમને આજ્ઞા કરો અને નિષ્પાપ કરો. કારણ કે આપની આજ્ઞાનું શ્રદ્ધાથી પાલન કરતો પુરુષ, (શાસ્ત્રોક્ત) વિધિ–નિષેધથી મુક્ત થાય છે. (અર્થાત્ તે શાસ્ત્રીય વિધિઓનો દાસ ન હોવો જોઇએ.)૪૬

શ્રીભગવાન બોલ્યા:–'સ્વાયંભુવ નામના મન્વંતરમાં મરીચિ ઋષિથી ઊર્ણા નામની તેમની સ્ત્રીમાં છ પુત્રો ઉત્પન્ન થયા હતા. તેઓ દેવ હતા; પણ એક વેળા બ્રહ્મદેવને પોતાની પુત્રી સરસ્વતીની સાથે મૈથુન કરવા તૈયાર થયેલા જોઇ તેમને હસ્યા હતા; તે પાપકર્મથી તેઓ તરતજ આસુરી યોનિને પામ્યા હતા અને હિરણ્યકશિપુના પુત્રો તરીકે જન્મ્યા હતા. પછી યોગમાયા તેઓને ત્યાંથી લઇ ગઇ એટલે તેઓ દેવકીના ઉદરમાં જન્મ્યા હતા કે જ્યાં હે રાજન્! કંસે તેઓને મારી નાખ્યા હતા; તેથી દેવકીજી તે પોતાના પુત્રોનો શોક કરે છે અને તેઓ આ તારી પાસે અહીં બેઠા છે.૪૭-૪૯ અમારી માતાનો શોક દૂર કરવાને માટે અમે આને અહીંથી લઇ જઇશું. ત્યાંથી તેઓ શાપમુક્ત અને સંતાપરહિત થઇને દેવલોકમાં જશે.૫૦ ત્યાર પછી +સ્મર, ઉદ્ગીથ, પરિષ્વઙ્ગ, પતઙ્ગ, ક્ષુદ્રભૃત્ અને ઘૃણી નામના આ છ પુત્રો મારી કૃપાથી સદ્ગતિને પામશે.'૫૧

(શ્રીશુકદેવજી બોલ્યા):–"એ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ તથા બળદેવજી બલિરાજાથી પૂજાઇને તે છએ પુત્રોને સાથે લઇને દ્વારકા આવ્યા અને પોતાની માતાને તે પુત્રો અર્પણ કર્યા.૫૨ દેવી દેવકી તે પુત્રોને જોઈ પુત્રસ્નેહને લીધે સ્તનમાંથી દૂધ ઝરવા લાગી અને તેઓને ભેટી પડી ખોળામાં બેસાડીને વારંવાર તેમનાં મસ્તક સૂંઘવા લાગી. પછી પ્રસન્ન થયેલાં દેવકીજીએ પુત્રોના સ્પર્શથી આનંદમગ્ન થઇ પુત્રોને સ્તનપાન કરાવ્યું. કારણ કે જેનાથી આખી સૃષ્ટિ પ્રવર્તે છે તે વિષ્ણુમાયાથી તે મોહિત થયાં હતાં. શ્રીકૃષ્ણે પાન કરતાં બાકી રહેલું માતાનું તે અમૃતસમાન ધાવણ ધાવીને શ્રીનારાયણના અંગસ્પર્શથી જેઓને આત્મદર્શન થયું હતું એવા તે છએ પુત્રો શ્રીકૃષ્ણને, દેવકીને, પિતા–વસુદેવને તથા બળદેવજીને નમ-

× અર્થાત્ અમે શત્રુઓ પણ આપના સાત્ત્વિક ભક્તો કરતાં ભાગ્યશાળી છીએ. અથવા વૈરભાવથી ભજતા તામસ ભક્તોને તથા કામભાવથી ભજતા રાજસ ભક્તોને આપનાં દર્શન થતાંજ નથી એવું કંઇ ખાસ નથી. —શ્રીધર

+ આ સ્મરનુંજ પ્રથમ 'કીર્તિમાન' એવું નામ હતું, જે દશમસ્કંધ પૂર્વાર્ધના ૫૭ મા શ્લોકમાં જણાવેલ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્કાર કરીને સર્વ પ્રાણીઓના દેખતાં દેવતાઓના ધામમાં ચાલ્યા ગયા.[૫૩-૫૬] હે રાજા! દેવી દેવકી પોતાના મરેલા પુત્રોનું પાછું આવવું અને પાછું દેવલોકમાં જવું જોઇને અત્યંત આશ્ચર્ય પામ્યાં અને તે શ્રીકૃષ્ણે રચેલી માયા માનવા લાગ્યાં.[૫૭] હે ભરતવંશી રાજા! અનંત પરાક્રમી પરમાત્મા શ્રીકૃષ્ણનાં એવાં અદ્ભુત પરાક્રમો અનંત છે."[૫૮]

સૂત બોલ્યા:—અમૃતરૂપ કીર્તિવાળા મુરારિ શ્રી કૃષ્ણ ભગવાનનું આ ચરિત્ર કે જેને વ્યાસપુત્ર શુકદેવજીએ વર્ણવ્યું છે, જગતનાં પાપોનો સંપૂર્ણ નાશ કરનારું છે અને શ્રીકૃષ્ણના ભક્ત સત્પુરુષોને કર્ણાભૂષણરૂપ છે તેને જે મનુષ્ય શ્રવણ કરે છે અથવા બીજાને શ્રવણ કરાવે છે, તે મનુષ્ય ભગવાનમાં ચિત્ત સ્થાપીને તેમના નિર્ભય સ્થાનમાં જાય છે.[૫૯]

> य इदमनुशृणोति श्रावयेद्वा मुरारे
> श्चरितममृतकीर्तेर्वर्णितं व्यासपुत्रैः ।
> जगदघभिदलं तद्भक्तसत्कर्णपूरं
> भगवति कृतचित्तो याति तत्क्षेमधाम ॥५९

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૫ મો સમાપ્ત

अध्याय ८६ मो*

અર્જુને કરેલું સુભદ્રાહરણ

॥ राजोवाच ॥

> ब्रह्मन्वेदितुमिच्छामः स्वसारं रामकृष्णयोः ।
> यथोपयेमे विजयो या ममासीत् पितामही ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે બ્રહ્મન્! શ્રીબળરામ તથા શ્રીકૃષ્ણનાં બહેન સુભદ્રા, જે મારાં દાદી હતાં તેમને અર્જુન જે રીતે પરણ્યા તે જાણવાને અમે ઇચ્છીએ છીએ."[૧]

શ્રીશુકદેવજી બોલ્યા:—"સમર્થ અર્જુન, તીર્થયાત્રા માટે પૃથ્વી પર ફરતા ફરતા પ્રભાસ ગયા ત્યારે તેમણે સાંભળ્યું કે, પોતાના મામા વસુદેવની પુત્રી સુભદ્રાને બળરામ દુર્યોધનની વેરે આપશે; પણ બીજા—વસુદેવ વગેરે આપવા દેશે નહિ. એ ઉપરથી સુભદ્રાને મેળવવાની ઇચ્છાથી અર્જુન, ત્રિદંડી સંન્યાસી થઇને દ્વારકા ગયા. ત્યાં પોતાનો સ્વાર્થ સાધવા માટે વર્ષા ઋતુના ચાર મહિના સુધી તેમણે નિવાસ કર્યો અને તે અરસામાં શહેરના લોકો તથા તેમને નહિ જાણતા બળદેવજી પણ વારંવાર તેમનો સત્કાર કરવા લાગ્યા.[૨-૪] એક વખતે (ચાતુર્માસ પૂરો થયો ત્યારે) બળદેવજી, તેમને અતિથિ તરીકે નિમંત્રણ આપીને ઘેર લાવ્યા અને શ્રદ્ધાપૂર્વક તેમને ભિક્ષા પીરસી; અર્જુન પણ તેમણે પીરસેલું ભિક્ષાન્ન જમવા લાગ્યા. એ વેળા ત્યાં વીર પુરુષોના મનને હરણ કરે એવી એક મોટી કન્યા (સુભદ્રા) અર્જુનના જોવામાં આવી; એટલે અર્જુનનાં નેત્રો પ્રીતિથી પ્રફુલ્લ થયાં અને તેમણે તે કન્યામાં રતિના અભિપ્રાયથી ક્ષુબ્ધ થયેલા મનને ધારણ કર્યું—અર્થાત્ તેમનું મન તેનામાં આસક્ત થયું.[૫-૬] પેલી કન્યા પણ સ્ત્રીહૃદયને ગમી જાય એવા તે અર્જુનને જોઈ હસતી હસતી લજ્જાયુક્ત કટાક્ષવાળી થઇને તેમના વિષે પોતાનું હૃદય સ્થાપી તેમને ચાહવા લાગી.[૭] બીજી તરફ કેવળ તે કન્યાનુંજ ચિંતન કરતા અર્જુન પણ તેનું હરણ કરવાનો લાગ જોવા લાગ્યા અને અત્યંત બળવાન કામને લીધે તેમનું ચિત્ત ભમતું હોઇ તેમને (બળદેવજીના સત્કારનું) સુખ મળ્યું નહિ. પછી મોટી દેવયાત્રાના નિમિત્તે રથમાં બેઠેલી તે કન્યા, કિલ્લાની બહાર નીકળી એટલે મહારથી અર્જુન, શ્રીકૃષ્ણની તથા દેવકી—વસુદેવની સંમતિથી તેને હરી ગયા.[૮-૯] એ વેળા શૂરા યોદ્ધાઓ તેમને ચોતરફથી અટકાવવા લાગ્યા,

* આ અધ્યાયમાં 'અર્જુને સુભદ્રાનું દંભથી હરણ કર્યું અને શ્રીકૃષ્ણે મિથિલા જઇ રાજા તથા બ્રાહ્મણને પ્રસન્ન કર્યા' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ રથમાં બેઠેલા અર્જુનને ધનુષ લઇને તેઓને નસાડી મૂક્યા અને બૂમો પાડતા તે યાદવોની વચ્ચે સિંહ જેમ પોતાના ભાગને લઇ જાય, તેમ કન્યાને હરી ગયા.[૧૦] તે સાંભળી બળરામ, પૂનમના દિવસે જેમ મહાસાગર ખળભળી ઊઠે, તેમ (ક્રોધથી) ખળભળી ઊઠ્યા; પણ શ્રીકૃષ્ણ અને બીજા સંબંધીઓ પગમાં પડ્યા એટલે શાંત થયા. પછી બળદેવે મહાકીમતી રાચરચીલાં, હાથીઓ, રથો, ઘોડા, દાસો તથા દાસીઓ હર્ષપૂર્વક વર-વધૂને પહેરામણી તરીકે મોકલાવ્યાં.[૧૧૧૨]

શ્રી શુકદેવજી બોલ્યાઃ-"હવે શ્રુતદેવ નામનો શ્રીકૃષ્ણનો ભક્ત એક શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો. તે કેવળ શ્રીકૃષ્ણની ભક્તિથી કૃતકૃત્ય, શાંત તથા વિદ્વાન હતો અને વિષયલંપટ ન હતો. વિદેહ દેશમાં મિથિલા નગરીની અંદર તે ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ રહેતો હતો ને ઉદ્યમ વિના જ કંઈ અનાયાસે મળી આવતું તેથી તે પોતાની ક્રિયાઓ કરતો હતો.[૧૩૧૪] તે બ્રાહ્મણને પોતાના શરીર વગેરેના નિર્વાહ પૂરતુંજ અન્ન દરરોજ દૈવયોગે મળી આવતું પણ તેથી વધારે કંઈ મળતું ન હતું, છતાં તેટલાથી સંતુષ્ટ રહી, તે પોતાની યથાયોગ્ય ક્રિયાઓ કરતો હતો.[૧૫] તેમજ હે રાજા! તે વિદેહ દેશનું રક્ષણ કરનારો જનકવંશી બહુલાશ્વ નામનો (તે વખતનો) રાજા પણ તેવોજ નિરહંકારી હતો. આ બન્ને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય હતા.[૧૬] સમર્થ ભગવાન કૃષ્ણ તેઓ બન્ને પર પ્રસન્ન થઇને એક વખતે દારુક સારથિએ આણેલા રથ પર બેસીને મુનિઓ સાથે વિદેહ દેશમાં પધાર્યા.[૧૭] ત્યારે નારદજી, વામદેવ, અત્રિ, વેદવ્યાસ, પરશુરામ, સિત, અરુણિ, હું, બૃહસ્પતિ, કણ્વ, મૈત્રેય અને ચ્યવન વગેરે મુનિઓ તેમની સાથે હતા.[૧૮] હે રાજા! ઠેરઠેર નગરવાસીઓ અને દેશના લોકો હાથમાં પૂજાસાહિત્યો લઇને ગ્રહો સાથે ઉદય પામેલા સૂર્યની જેમ પૂજા કરે, તેમ ત્યાં આવતા શ્રીકૃષ્ણની તે વેળા પૂજા કરતા હતા.[૧૯] હે રાજા! આનર્ત, ધન્વ, કુરુ, જાંગલ, કંક, મત્સ્ય, પાંચાલ, કુંતિ, મધુ, કેકય, કોસલ તથા અર્ણ દેશનાં નર-નારીઓ અને બીજાં પણ સ્ત્રી-પુરુષો ઉદાર હાસ્ય અને સ્નેહાળ દૃષ્ટિવાળા તેમના મુખકમળનું નેત્રોથી દર્શન કરવા લાગ્યાં.[૨૦] પછી ત્રણે લોકના ગુરુ શ્રીકૃષ્ણ ભગવાન, પોતાના દર્શનથી નાશ પામેલી અજ્ઞાનદૃષ્ટિવાળા તે લોકોને અભય તથા તત્ત્વજ્ઞાન આપતા અને દિશાઓના છેડાઓને ઉજ્જ્વળ કરનાર, પાપોનો નાશ કરનાર તથા દેવો ને મનુષ્યોએ ગાયેલા પોતાના યશને સાંભળતા ધીમે ધીમે વિદેહ દેશમાં પહોંચ્યા. હે રાજા! શ્રીકૃષ્ણને આવેલા સાંભળી નગરવાસીઓ તથા દેશવાસીઓ આનંદિત થઇ તેમને માટે હાથમાં પૂજાસામગ્રીઓ લઇને સામા આવ્યા.[૨૧૨૨] ઉત્તમ કીર્તિવાળા શ્રીકૃષ્ણનાં દર્શન કરી તેઓનાં મુખ ને હૃદય પ્રફુલ્લ બન્યાં અને ધારણ કરેલી અંજલિવાળાં મસ્તકોથી તેમને તથા પૂર્વે સાંભળેલા મુનિઓને પ્રણામ કરવા લાગ્યા.[૨૩] મિથિલાનો રાજા બહુલાશ્વ અને શ્રુતદેવ પણ પોતાના પર અનુગ્રહ કરવા આવેલા જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણને જાણીને તે પ્રભુના પગમાં પડ્યા; ને બહુલાશ્વે તથા શ્રુતદેવે બન્નેએ હાથ જોડીને એકી વખતે શ્રીકૃષ્ણને બ્રાહ્મણોની સાથે આતિથ્ય કરવા નિમંત્રણ કર્યું. ભગવાન કૃષ્ણે પણ તેમનુ નિમંત્રણ સ્વીકારી બન્નેનું પ્રિય કરવાની ઇચ્છાથી બે રૂપો કરીને બન્નેના જાણવામાં ન આવે તેમ બન્નેને ઘેર પ્રવેશ કર્યો. વૃદ્ધિ પામેલી ભક્તિને લીધે હર્ષ પામેલા હૃદયવાળા, આનંદનાં અશ્રુઓથી ભીનાં નેત્રોવાળા અને મોટા મનના જનકવંશી બહુલાશ્વે પોતાને ઘેર આવેલા, દુર્જનોને સાંભળવા માટે પણ દૂર એવા અને આણી આપેલાં ઉત્તમ આસનો પર બિરાજેલા તે શ્રીકૃષ્ણને તથા સમર્થ મહામુનિઓને નમન કરી તેઓના ચરણો ધોઇને લોકોને પવિત્ર કરનારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમના ચરણોદકને કુટુંબ સાથે મસ્તકે ધારણ કર્યું અને પછી ચંદન, પુષ્પો, વસ્ત્રો, અલંકારો, ધૂપ, દીવા, અર્ઘ્ય, ગાયો તથા બળદો અર્પણ કરીને તેઓની પૂજા કરી.[૨૪-૨૯] પછી અન્નવડે તૃપ્ત કરેલા તે મહાત્માઓને મધુર વાણીથી પ્રસન્ન કરતો ને ખોળામાંના શ્રીકૃષ્ણ ભગવાનના ચરણોને ધીમેધીમે ચાંપતો બહુલાશ્વ રાજા હર્ષથી કહેવા લાગ્યો.[૩૦]

બહુલાશ્વ રાજા બોલ્યો:–' હે વિભો ! આપ સર્વ પ્રાણીઓના આત્મા છો, સાક્ષી છો અને સ્વયંપ્રકાશ છો; તેથી આપે આપના ચરણકમળનું સ્મરણ કરતા અમને દર્શન દીધાં છે.[૩૧] આપે કહ્યું છે કે, 'મારા એકાંત ભક્ત કરતાં મને બંધુ શેષભગવાન (બળદેવજી), પત્ની લક્ષ્મી કે પુત્ર બ્રહ્મા પણ પ્રિય નથી.' આ પોતાનું વચન સત્ય કરવા માટે આપે અમને દર્શન દીધાં છે.[૩૨] આપ નિષ્કિંચન એવા શાંત મુનિઓને પોતાનો આત્મા પણ અર્પણ કરી દો છો, આમ જાણનારો કયો મનુષ્ય આપના ચરણકમળનો ત્યાગ કરે ?[૩૩] આપે યદુના વંશમાં અવતાર લઇને જગતમાં (અનેક યોનિઓમાં) જન્મ–મરણ પામતા મનુષ્યોના સંસારની નિવૃત્તિ કરવા માટે ત્રણે લોકનાં પાપોનો નાશ કરનાર યશ વિસ્તાર્યો છે. તે અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા અને ઋષિ નારાયણસ્વરૂપે અત્યંત શાંત તપશ્ચર્યા કરનારા આપ શ્રીકૃષ્ણ ભગવાનને મારા નમસ્કાર હો.[૩૪] હે વ્યાપક દેવ ! આપ આ બ્રાહ્મણોની સાથે કેટલાક દિવસ અમારે ઘેર નિવાસ કરો અને પોતાની ચરણરજ વડે આ નિમિ રાજાના કુળને પવિત્ર કરો.'

"એ પ્રમાણે બહુલાશ્વ રાજાએ પ્રાર્થના કરી એટલે જગતનું રક્ષણ કરનારા ભગવાન, મિથિલા નગરીનાં સ્ત્રી–પુરુષોનું કલ્યાણ કરતા ત્યાં રહ્યા હતા.[૩૫-૩૭] બીજી તરફ શ્રુતદેવે પણ જનકવંશી બહુલાશ્વની પેઠે પોતાને ઘેર પધારેલા શ્રીકૃષ્ણને તથા મુનિઓને પ્રણામ કરી પોતાનું વસ્ત્ર ફરકાવી નાચવા માંડ્યું. તેણે ઘાસનાં આસનો, પાટલાઓ તથા ચટાઇઓ લાવી આપી, તે ઉપર તેઓને બેસાડી સ્વાગતથી અભિનંદન આપીને પોતાની સ્ત્રી સાથે હર્ષથી તેઓના ચરણ ધોયા અને સર્વ મનોરથોને પ્રાપ્ત થયેલા તે મહાભાગ્યશાળી શ્રુતદેવે અત્યંત હર્ષિત થઇને તેમના એ ચરણોદક વડે પોતાના ઘર તથા કુટુંબસાથે પોતાના દેહને સ્નાન કરાવ્યું.[૩૮-૪૦] પછી ફળ, પૂજાનાં સાહિત્ય, ખસના સુગંધવાળું પવિત્ર જળ, સુગંધી માટી, તુલસી, દર્ભ તથા કમળોથી અનાયાસે સિદ્ધ થયેલી પૂજા વડે અને સત્ત્વગુણની વૃદ્ધિ કરનારા અન્ન વડે તેઓનું આરાધન કર્યું.[૪૧] તે પછી (મનમાં) તે વિચાર કરવા લાગ્યો કે, 'જેમના ચરણની રજ સર્વ તીર્થોનાં સ્થાનરૂપ છે એવા શ્રીકૃષ્ણ સાથે અને તે શ્રીકૃષ્ણની મૂર્તિના નિવાસસ્થાનરૂપ એવા બ્રાહ્મણો સાથે ઘરરૂપી અંધારા કૂવામાં પડેલા મને જ સમાગમ થયો તે કયા કારણથી થયો ? આશ્ચર્ય !' એવો વિચાર કર્યા પછી શ્રુતદેવ, અતિથિસત્કાર કરેલા અને સુખેથી બેઠેલા શ્રીકૃષ્ણ વગેરેની પાસે પોતાની સ્ત્રી, સ્વજનો તથા સંતાનો સાથે બેસીને શ્રીકૃષ્ણના ચરણ ચાંપતો ચાંપતો કહેવા લાગ્યો.[૪૨,૪૩]

શ્રુતદેવ બોલ્યો:–' પરમ પુરુષ એવા આપ અમને આજેજ પ્રાપ્ત થયા છો એમ નથી, પણ પોતાની સત્ત્વાદિ શક્તિઓથી આ જગતને સૃજીને પોતાની સત્તાથી આપે તેમાં પ્રવેશ કર્યો ત્યારેજ અમને પ્રાપ્ત થયા છો; છતાં આપનું (પ્રત્યક્ષ) દર્શન તો કેવળ આજેજ થયું.[૪૪] જેમ કોઇ ઊંઘતો પુરુષ, પોતાની અવિદ્યાને લીધે મનથીજ સ્વપ્નાવસ્થાના બીજા લોકને સૃજીને તેમાં પ્રવેશ કરી અનેક સ્વરૂપે ભાસે છે, તેમ આપ પણ પોતાની માયાથી જગતને સૃજીને તેમાં પ્રવેશ કરી અનેકસ્વરૂપે ભાસો છો.[૪૫] જેઓ આપનું શ્રવણ કરે છે, આપની કથા–વાર્તા કરે છે, આ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પનું નિત્ય પૂજન કરે છે તથા આપને વંદન કરે છે ને આપ સંબંધેજ પરસ્પર સંવાદ કરે છે તેવા નિર્મળ ચિત્તવાળા પુરુષોના પણ હૃદયમાંજ આપ ભાસો છો;(ત્યારે મને તો આપે પ્રત્યક્ષ દર્શન દીધાં છે, તેથી મારું અહોભાગ્ય છે.)[४६] આપ જો કે સર્વના હૃદયમાં બિરાજો છો તોપણ કર્મથી વિક્ષિપ્ત થયેલા મનવાળાઓને અહંકાર વગેરે શક્તિઓથી અગ્રાહ્ય અને અતિશય દૂર રહેલા થઇ પડો છો; છતાં જેમનું અંતઃકરણ આપના શ્રવણ–કીર્તનાદિ સંસ્કારોને પામેલું હોય છે, તેવા પુરુષોને તો આપ સમીપમાંજ છો.[४७] હે પોતાની માયાથી નહિ વીંટાયલા પરમેશ્વર! જેઓનો દેહાદિ ઉપરનો અહંકાર નિવૃત્ત થયો છે, એવા અધ્યાત્મવેત્તા પુરુષોને મોક્ષ આપનારા, દેહાદિ ઉપર અભિમાન કરતા જીવને પોતાના તરફથી મૃત્યુરૂપ સંસાર આપનારા, મહત્તત્ત્વ આદિ કાર્ય તથા અકારણ–પ્રકૃતિ–એ બન્નેરૂપ ઉપાધિના નિયંતા ને (માયાવીપણાથીજ) બીજાઓની દૃષ્ટિને રુંધી દેનારા આપને મારા નમસ્કાર હો.[४८] હે દેવ! આપ પરમેશ્વર, અમને પોતાના દાસને આજ્ઞા કરો. અમે આપનું કર્યું ઇષ્ટ કરીએ? આપનાં પ્રત્યક્ષ દર્શન થાય ત્યાંસુધીજ મનુષ્યોના ક્લેશ રહે છે.'[४९]

શ્રીશુકદેવજી બોલ્યા:–"શ્રુતદેવનું તે વચન સાંભળી ભક્તોની પીડાનો નાશ કરનારા ભગવાન, હાથથી તેનો હાથ પકડીને ખૂબ હસતા હસતા તેને કહેવા લાગ્યા.[५०]

શ્રીભગવાન બોલ્યા:–'હે બ્રાહ્મણ! તારા પર અનુગ્રહ કરવા માટે આ મુનિઓ (તારે ત્યાં) આવ્યા છે, એમ તું જાણ.‡ આ મુનિઓ (હૃદયમાં રહેલા એવા) મારી સાથે ચરણની રજવડે લોકોને પવિત્ર કરતા વિચર્યા કરે છે.[५१] દેવો, અયોધ્યા–મથુરા વગેરે ક્ષેત્રો અને ગંગા વગેરે તીર્થો દર્શન, સ્પર્શ તથા પૂજાવડે ધીમે ધીમે લાંબા કાળે પવિત્ર કરે છે અને તે પણ આવા મહાપૂજ્ય મહાત્માઓની કૃપાદૃષ્ટિથીજ પવિત્ર કરે છે.[५२] બ્રાહ્મણ સર્વ પ્રાણીઓમાં જન્મથીજ સૌ કરતાં વધારે શ્રેષ્ઠ છે અને તેમાં પણ જે બ્રાહ્મણ તપ, વિદ્યા, સંતોષ તથા મારી ઉપાસનાથી યુક્ત હોય તે સર્વ કરતાં ઉત્તમ હોય, એમાં શું કહેવાનું છે![५३] આ મારું ચતુર્ભુજસ્વરૂપ પણ બ્રાહ્મણ કરતાં મને વહાલું નથી. કેમકે બ્રાહ્મણ સર્વ વેદમય છે ત્યારે હું સર્વ દેવમય છું.§ (અર્થાત્ સર્વ દેવમય કરતાં સર્વ વેદમય તો શ્રેષ્ઠ હોયજ. બ્રાહ્મણ મારા ચતુર્ભુજ સ્વરૂપ કરતાં પણ શ્રેષ્ઠ છે.) ગુણોમાં દોષદૃષ્ટિ કરનારા ને પ્રતિમા વગેરેમાં પૂજ્યદૃષ્ટિ કરનારા પુરુષો આ વસ્તુને નહિ જાણીને સર્વના ગુરુરૂપ અને સર્વના આત્મા મારાસ્વરૂપ એવા બ્રાહ્મણનું અપમાન કરે છે.[५४।५५] સ્થાવર–જંગમ આ જગત ને આ જગતનાં કારણ મહત્તત્ત્વ આદિ પદાર્થો મારાંજ સ્વરૂપો છે, એમ સર્વત્ર મારુંજ દર્શન કરીને બ્રાહ્મણ ચિત્તમાં બ્રહ્મદૃષ્ટિ કરે છે.[५६] માટે હે બ્રાહ્મણ! મારા પર તારી જેવી શ્રદ્ધા છે, તેવીજ શ્રદ્ધાથી તું આ બ્રહ્મર્ષિઓનું પૂજન કર. કારણ કે એ રીતે જો તું કરીશ તોજ હું સાક્ષાત્ પૂજેલો ગણાઇશ, નહિ તો પુષ્કળ ઉપચારોથી તું પૂજન કરીશ તોપણ હું પૂજેલો ગણાઇશ નહિ.'[५७]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ પ્રમાણે પ્રભુ શ્રીકૃષ્ણે આજ્ઞા કરી એટલે તે શ્રુતદેવે તથા બહુલાશ્વ રાજાએ, શ્રીકૃષ્ણ સહિત ઉત્તમ બ્રાહ્મણોનું એકાત્મભાવે પૂજન કરી સદ્ગતિ પ્રાપ્ત કરી.[५८] હે રાજન્! ભક્તો પર ભક્તિવાળા ભગવાન કૃષ્ણ, એ પ્રમાણે (કેટલોક સમય) મિથિલામાં નિવાસ

‡ ભગવાને જોયું કે, શ્રુતદેવ મારા પર જેવો ભક્તિમાન છે તેવો આ બ્રાહ્મણો પર નથી; તેથી બીજા લોકો પણ તેમ ન કરે અને બ્રાહ્મણો પર વિશેષ આદર રાખે, એવા અભિપ્રાયથી ભગવાન 'તું મારા કરતાં પણ બ્રાહ્મણો ઉપર વિશેષ શ્રદ્ધા રાખ' આમ કહે છે.–भा.क.

§ પરબ્રહ્મરૂપ પ્રમેયનું જ્ઞાન વેદરૂપ પ્રમાણને અધીન છે. જેથી પ્રમેય કરતાં પ્રમાણ શ્રેષ્ઠ હોયજ. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરી પોતાના ભક્ત શ્રુતદેવને તથા બહુલાશ્વ રાજાને ×સન્માર્ગ બતાવીને ફરીથી દ્વારકા પધાર્યા." ૫૯

एवं स्वभक्तयो राजन् भगवान् भक्तभक्तिमान्।
उषित्वाऽऽदिश्य सन्मार्गं पुनर्द्वारवतीमगात् ॥५९

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૬ મો સમાપ્ત

अध्याय ८७ मो*

વેદસ્તુતિ

॥ परीक्षिदुवाच ॥

ब्रह्मन् ब्रह्मण्यनिर्देश्ये निर्गुणे गुणवृत्तयः।
कथं चरंति श्रुतयः साक्षात्सदसतः परे ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–" હે +બ્રહ્મન્! પરબ્રહ્મ કાર્યકારણથી પર છે–નિઃસંગ છે, તેથી નિર્ગુણ છે અને તેથીજ અનિર્દેશ્ય છે–એટલે રૂપ, જાતિ, ગુણ કે ક્રિયાથી નિરૂપણ કરવાને અશક્ય

× સન્માર્ગ એટલે કર્મકાંડ, ઉપાસનકાંડ તથા જ્ઞાનકાંડ–એ ત્રણ કાંડ જેઓનો વિષય છે એવા વેદોની પ્રવૃત્તિ કેવા પ્રકારની છે તે. —શ્રીધર

* આ અધ્યાયમાં 'નારાયણ અને નારદના સંવાદથી વેદોએ ભગવાનના ગુણોના આશ્રયવાળી અને છેવટે નિર્ગુણ બ્રહ્મમાં ઉતરતી સ્તુતિ કરી' એ કથા કહેવાશે.–શ્રી

+ પૂર્વ અધ્યાયના અંતે 'ભક્તો પર ભક્તિવાળા શ્રીકૃષ્ણ ભગવાન, કેટલોક વખત મિથિલા નગરીમાં વાસ કરીને પોતાના ભક્ત શ્રુતદેવ તથા બહુલાશ્વને સન્માર્ગ દર્શાવી ફરી દ્વારકા પધાર્યા' એમ એ સ્થળે સન્માર્ગ એટલે–સ્વતઃ પ્રમાણભૂત એવા અને અપ્રામાણ્ય–કારણથી રહિત એવા વેદોનું બ્રહ્મપરાયણપણું ઉપદેશીને ભગવાન ગયા, એમ કહેવામાં આવ્યું. તેમાં વેદોનું બ્રહ્મપરાયણપણું ઘટતું નથી એમ માની આ શ્લોકમાં પરીક્ષિત રાજા પ્રશ્ન કરે છે. મુખ્યા, લક્ષણા અને ગૌણી એમ ત્રણ પ્રકારની વૃત્તિઓથી શબ્દોની પ્રવૃત્તિ થાય છે. તે ત્રણ વૃત્તિઓમાંની પહેલી 'મુખ્યા' વૃત્તિ છે; તેના પણ 'રૂઢિ,' અને 'યોગ' એવા બે ભેદ છે. જે વસ્તુ તેના સ્વરૂપથી, જાતિથી અથવા ગુણથી બતાવી શકાય એવી હોય, તેમાં સંજ્ઞા અને સંજ્ઞીના એટલે શબ્દ તથા અર્થના સંકેત વડે (એટલે 'આ શબ્દથી આ અર્થ જાણવો' એવી ઈશ્વરી ઇચ્છાથી) જે પ્રવર્તે છે તે 'રૂઢિ' કહેવાય છે; જેમ 'डित्थ'–માટીનો પિંડો.' (આ શબ્દ જાતિ કે ગુણથી રહિત હોઇને માત્ર સ્વરૂપથીજ દર્શાવી શકાય એવી વસ્તુને બતાવે છે, માટે તે સ્વરૂપરૂઢિ પ્રવર્તી કહેવાય.) 'गौः'–ગાય. (આ શબ્દ જાતિથી દર્શાવી શકાય એવી વસ્તુમાં પ્રવર્તે છે, માટે તે સ્વરૂપરૂઢિ પ્રવર્તી કહેવાય–અર્થાત્ મનુષ્યોએ કોઇ પણ વસ્તુનું કોઇ પણ નામ વ્યવહારની સિદ્ધિ માટે રાખેલું હોય તે સ્વરૂપરૂઢિ કહેવાય છે. ઘડો, થાળી, વાટકો તથા મનુષ્યનાં નામ રામ, કૃષ્ણ વગેરે સ્વરૂપરૂઢિ છે) અને 'शुक्लः–ધોળો' (આ શબ્દ ધોળાશરૂપ ગુણથી દર્શાવી શકાય એવી વસ્તુમાં પ્રવૃત્તિ કરે છે. માટે તે ગુણરૂઢિ પ્રવર્તી કહેવાય. હવે તેજ સંકેત વડે કહેવાયલા અર્થના સંબંધવાળી વસ્તુમાં જે પ્રવર્તે છે તે લક્ષણાવૃત્તિ કહેવાય છે. (અર્થાત્ શબ્દ તથા અર્થના સંકેતથી કહેવાયલા પદાર્થમાં બાધ આવતાં તેની સાથે સંબંધ ધરાવનારા પદાર્થમાં પ્રવૃત્તિ થવી તે લક્ષણાવૃત્તિ છે.) જેમકે 'गंगायां घोषः'–ગંગામાં રબારી લોકોનો નેસ–રહેઠાણ (આ સ્થળે ગંગારૂપ શબ્દ અને પ્રવાહરૂપ તેના અર્થના સંકેતથી જે પદાર્થ 'ગંગા' કહેવાય છે તેમાં રબારીઓનું રહેઠાણ કદી સંભવી શકે નહિ, તેથી શબ્દપ્રવૃત્તિનો બાધ આવતાં તે પદાર્થની સાથે સંબંધ ધરાવતા તીરમાં લક્ષણા કરવી પડે છે જેથી તાત્પર્યાર્થ એવો થાય છે કે 'ગંગાકિનારે રબારીઓનું રહેઠાણ.') હવે ત્રીજી ગૌણી વૃત્તિ, શબ્દ તથા અર્થના સંકેતથી કહેવાયલા પદાર્થમાં જણાયલા ગુણો વડે યુક્ત એવી તે પદાર્થ જેવી વસ્તુમાં પ્રવર્તે છે. જેમ દૃષ્ટાંત તરીકે 'सिंहो देवदत्तः–દેવદત્ત સિંહ છે' (આ સ્થળે 'સિંહ' શબ્દ છે અને 'એક ક્રૂર–ચરું પશુ' એ તેનો અર્થ છે. તે સિંહ પદાર્થમાં શૌર્ય–ક્રૌર્ય વગેરે જે ગુણો જણાય છે તેના જેવા ગુણવાળો દેવદત્ત છે, એમ ગૌણીવૃત્તિથી સમજાય છે.) હવે મુખ્યાનો બીજો ભેદ જે યોગવૃત્તિ છે તે પૂર્વોક્ત રૂઢિ, લક્ષણા અને ગૌણી–એ ત્રણેમાંની કોઈ પણ એક વૃત્તિએ પ્રતિપાદન કરેલા પદ તથા અર્થના યોગથી થાય છે. અથવા પ્રકૃતિના અર્થના અને પ્રત્યયના અર્થના યોગથી થાય છે. જેમકે 'पङ्कजम्'–કમળ (આ શબ્દમાં 'पङ्क' એટલે કાદવ અને 'ज' એટલે ઉત્પન્ન થયેલ–આવા બે શબ્દો છે. તેમાં 'सप्तम्यां जनेर्डः'–એ પાણિનીય વ્યાકરણસૂત્રના આધારે पङ्क એમ સપ્તમ્યંતને ઉપપદ રાખી 'जन्' ધાતુથી 'ड' પ્રત્યય કરેલો છે, તેથી પ્રકૃતિરૂપ 'जन्' ધાતુનો જન્મમાં સંકેત છે અને 'ड' પ્રત્યયનો કર્તામાં સંકેત છે. વળી તે સંકેત જાતિ, ગુણ કે ક્રિયાથી ભિન્ન પદાર્થમાં કરવામાં આવે છે તેથી સ્વરૂપરૂઢિથી પ્રતિપાદિત થયેલા પ્રકૃત્યર્થ 'જન્મવું' અને પ્રત્યયાર્થ 'કર્તા'ના યોગ વડે તેમાં યોગવૃત્તિ પ્રવર્તી છે.) તેમજ બીજું દૃષ્ટાંત 'औपगवः' છે. તેનો અર્થ એ થાય છે કે, 'उपगु ઋષિનો પુત્ર' (અહીં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; તેમાં ગુણોથી પ્રવૃત્તિ કરનારી શ્રુતિઓ સાક્ષાત્ કેવી રીતે પ્રવૃત્તિ કરે છે"?[1]

॥ श्रीशुक उवाच ॥

बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत् प्रभुः ।
मात्रार्थं च भवार्थं च आत्मनेऽकल्पनाय च ॥२॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પ્રભુ ઈશ્વરે (પ્રલયકાળે પોતામાં શયન કરનારા) જીવોને વિષયભોગને માટે, જન્મથી આરંભીને કર્મો કરવાને માટે, લોકાંતરગામી આત્માને તે તે લોકનો ઉપભોગ કરવા માટે અને કલ્પનાની નિવૃત્તિરૂપ મુક્તિને

'उपगु' એ જાતિવાચક શબ્દ છે, તેથી 'प्राग्दीव्यतोऽण्'–એ પાણિનીય વ્યાકરણસૂત્રથી 'अण्' પ્રત્યય કરવામાં આવ્યો છે. તે 'પુત્ર' એ અર્થને સૂચવે છે અને તે પણ જાતિવાચક છે. જો કે પ્રકૃતિરૂપ 'उपगु' શબ્દ એક સંજ્ઞા શબ્દ છે, તોપણ 'उप–समीपे गौर्यस्य'–જેની પાસે ગાય છે તે'–એ અર્થ હોવાથી તેના એક ભાગરૂપ 'गो' શબ્દ જાતિવાચક છે. માટે જાતિરૂઢિએ પ્રતિપાદન કરેલા પ્રકૃત્યર્થ ઉપગુ નામનો પુરુષ' અને પ્રત્યયાર્થ 'પુત્ર' ના યોગથી યોગવૃત્તિ પ્રવર્તી છે.) તેમજ 'पाचकः–રાંધનાર' (આ દષ્ટાંતમાં મૂળ 'पच्'–રાંધવું –એ ક્રિયા છે. તેથી તે ગુણરૂપ છે અને ण्वुल्तृचौ'–એ પાણિનીય સૂત્રથી કરવામાં આવેલો 'ण्वुल्' પ્રત્યય તે પણ રાંધનારના વ્યાપારરૂપ ગુણને કહેનાર હોવાથી ગુણરૂપ છે, માટે ગુણરૂઢિએ પ્રતિપાદન કરેલા પ્રકૃત્યર્થ 'ક્રિયા' અને પ્રત્યયાર્થ 'વ્યાપાર' ના યોગથી યોગવૃત્તિ પ્રવર્તી છે. જો કે 'ड' અને 'ण्वुल्' એ બન્ને પ્રત્યય 'कर्तरि कृत्' એ પાણિનીય સૂત્ર પ્રમાણે કર્તાનેજ કહેનારા છે; તોપણ સકર્મક 'पच्' ધાતુના સંબંધના બળથી 'ण्वुल्' પ્રત્યય વ્યાપારસહિત કર્તાને કહે છે અને તેથીજ તે ગુણ શબ્દ છે; પરંતુ 'ड' પ્રત્યય તો અકર્મક 'जन्' ધાતુના સંબંધના બળથી વ્યાપારરહિત માત્ર કર્તાનેજ કહે છે; તેથી તે જાતિ શબ્દ બને છે. 'જન્મવું' એ કર્તાનો વિકાર છે ત્યારે 'રાંધવું' એ કર્તાના વ્યાપારથી થનાર છે. માટે એ બન્ને પ્રત્યયોમાં અંતર છે. એ રીતે પૂર્વોક્ત ત્રણ ઉદાહરણો રૂઢિવૃત્તિએ પ્રતિપાદન કરેલા પદાર્થના યોગથી આપવામાં આવ્યાં. હવે લક્ષણાવૃત્તિ અને ગૌણીવૃત્તિએ પ્રતિપાદન કરેલા પદાર્થના યોગથી જે યોગવૃત્તિ થાય છે તેનાં ઉદાહરણ અપાય છે. જેમકે 'नीलरक्तो घटः'–એટલે ઘડો શ્યામ અને રાતો છે. આમાં 'नील' અને 'रक्त' એ બે ગુણવાચક શબ્દ છે; અને 'घट' એ દ્રવ્યવાચક શબ્દ છે; તો 'नीलरक्त' અને 'घट' નો વિશેષણ–વિશેષ્યભાવથી સંબંધ થઈ શકતો નહિ હોવાથી 'नील' અને 'रक्त' શબ્દની 'નીલરૂપવાન' અને 'રક્તરૂપવાન' એ અર્થમાં લક્ષણા સ્વીકારીને તેઓમાં દ્રવ્યવાચકપણું સ્વીકારવામાં આવ્યું છે; જેથી આ સ્થળે લક્ષણાવૃત્તિથી પ્રતિપાદન કરેલા 'નીલરૂપવાન' અને 'રક્તરૂપવાન' પદાર્થયોગથી યોગવૃત્તિ પ્રવર્તી છે: તેમજ 'सिंहाग्निर्देवदत्तः' દેવદત્ત સિંહ અને અગ્નિ છે'–આ સ્થળે 'सिंह' માં શૌર્ય–ક્રૌર્ય આદિ ગુણો છે; અને 'अग्नि' માં પ્રચંડતા–પિંગત્વ આદિ ગુણો છે; માટે તેવાજ ગુણોવાળા 'દેવદત્ત'માં સિંહ અને અગ્નિના જેવા ગુણોના યોગથી ગૌણી વૃત્તિએ પ્રતિપાદિત કરેલા પદાર્થથી યોગવૃત્તિ પ્રવર્તી છે. અહીં કદાચ કોઇ શંકા કરે કે શ્વેત, નીલ, પીત વગેરે શબ્દો જેમ ગુણદર્શક ગણાય છે, તેમ (ન્યાયશાસ્ત્રના મતમાં લાક્ષણિક શબ્દરૂપે) ગુણી શ્વેત, નીલાદિ રંગવાળા પદાર્થનો પણ બોધ કરાવે છે. માટે આ ઉદાહરણ જાતિનું ઠરશે, પણ લક્ષણાનું ઠરશે નહિ,' તો અહીં 'ખડ્ગ શૂલ નાશ કરે છે' એ ઉદાહરણ લેવું. આમાં ખડ્ગ અને શૂલ શબ્દની લક્ષણા કરવાથી 'ખડ્ગ તથા શૂલ ધારણ કરનાર પુરુષ નાશ કરે છે' એ અર્થ થાય છે. (આ પ્રમાણે શબ્દોની પ્રવૃત્તિઓનો સિદ્ધાંત છે.) તેમાં પ્રથમ તો પરબ્રહ્મને વિષે રૂઢિ વૃત્તિ સંભવી શકતી નથી, તો પછી (શબ્દરૂપ) વેદની શ્રુતિઓ તેમાં સાક્ષાત્ પ્રવૃત્તિ કેવી રીતે કરે છે? કારણ કે પરબ્રહ્મ તો અનિર્દેશ્ય છે–સ્વરૂપ, જાતિ ગુણ કે ક્રિયાથી નિર્દેશ કરી શકાય તેવા નથી; પરબ્રહ્મનું અનિર્દેશ્યપણું છે તેમાં પણ કારણ એજ છે કે, તે નિર્ગુણ છે–અર્થાત્ પરબ્રહ્મ સંપૂર્ણ ધર્મોથી રહિત છે ત્યારે શ્રુતિઓ ગુણવૃત્તિ છે–અર્થાત્ ગુણોથી વર્તતી શ્રુતિઓ નિર્ગુણમાં કેવી રીતે પ્રવર્તી શકે? આ ઉપરથીજ પરબ્રહ્મમાં ગૌણી વૃત્તિ પણ સંભવી શકતી નથી; પરબ્રહ્મનું નિર્ગુણપણું છે તેમાં પણ કારણ એજ છે કે, પરબ્રહ્મ સત્ અને અસત્થી પર છે–અર્થાત્ કાર્ય–કારણથી પર અને અસંગ એવા પરબ્રહ્મમાં કોઇનો પણ સંબંધ છેજ નહિ તેથી તેમાં લક્ષણાવૃત્તિ કે યોગવૃત્તિ પણ સંભવી શકતી નથી. એ રીતે પરબ્રહ્મમાં પદનો કે અર્થનો યોગ નથી તો વાક્યાર્થનો પણ યોગ નથી; માટે પરબ્રહ્મ શ્રુતિઓના વિષયજ નથી, એવો અભિપ્રાય છે. —**श्रीधर**

આ ટિપ્પણ શ્રીધરાચાર્યની ટીકાને આધારે છે. તેમાં જે ભાગ કૌંસની બહાર છે તે શ્રીધરી ટીકા છે; અને જે કૌંસમાં છે તે અન્ય સ્થળેથી લેવામાં આવ્યા છે; આવી રીતે લગભગ આખી વેદસ્તુતિનાં ટિપ્પણો આપવામાં આવ્યાં છે તે વેદસ્તુતિને સ્પષ્ટ સમજાવે છે. —**भा. कृ.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માટે બુદ્ધિ, ઇન્દ્રિયો, મન તથા પ્રાણોને (તે રૂપ ઉપાધિઓને) ઉત્પન્ન કરેલ છે.÷[२]

सैषा ह्युपनिषद् ब्राह्मी पूर्वेषां पूर्वजैर्धृता ।
श्रद्धया धारयेद्यस्तां क्षेमं गच्छेदकिंचनः ॥ ३ ॥

તે આ—પૂર્વોક્ત શ્રુતિપ્રવૃત્તિનો બ્રહ્મપરા-

÷ આ શ્લોકમાં 'પ્રભુ–ઈશ્વરે' એમ કહીને દર્શાવ્યું છે કે, 'ઈશ્વર કોઇ પણ ઉપાધિને વશ નથી' અને તેથીજ તે નિત્યમુક્ત છે. 'જીવોને' એમ કહીને એદર્શાવ્યું છે કે, જીવોને માટેજ ઈશ્વરની સૃષ્ટિ આદિમાં પ્રવૃત્તિ છે. 'વિષયભોગ માટે' ઇત્યાદિ જે ચાર હેતુઓ કહ્યા છે તે અનુક્રમે અર્થ માટે, ધર્મ માટે, કામ માટે તથા મોક્ષને માટે; એમ ચારે પુરુષાર્થોની સિદ્ધિ સૂચવે છે. કહેવાનો અભિપ્રાય એ છે કે, '**यः सर्वज्ञः स सर्ववित्, यस्य ज्ञानमयं तपः**'–જે સર્વજ્ઞ છે, સર્વવેત્તા છે તેમજ જેમનું જ્ઞાનમય તપ છે' '**सर्वस्य वशी सर्वस्येशानः**'–તે ભગવાન સર્વને વશ રાખનાર છે અને સર્વના નિયંતા છે' '**यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरः**'–જે પૃથ્વીમાં રહેવાવાળા પૃથ્વીની અંદર છે; જેને પૃથ્વી જાણી શકતી નથી, એવા પૃથ્વીરૂપ શરીરવાળા પૃથ્વીની અંદર રહીને પૃથ્વીનું નિયમન કરે છે તેજ સર્વ સંસારધર્મથી રહિત અંતર્યામી આત્મા છે' (આ શ્રુતિવચનથી ઈશ્વરનું નિયંતાપણું, ઉપાસ્યપણું અને ફળદાતાપણું દર્શાવેલું છે.) '**सोऽकामयत बहु स्याम्**'–તેમણે ઇચ્છા કરી કે, હું અનેકરૂપ થાઉ" '**स ऐक्षत**'–તેમણે જોયું. '**तत्तेजोऽसृजत**' તેમણે તેજ સરજ્યું.' '**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**'–બ્રહ્મ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત છે'–ઇત્યાદિ શ્રુતિઓ સગુણ, ગુણોથી પરાભવ નહિ પામેલા, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વેશ્વર, સર્વના નિયંતા, સર્વના ઉપાસ્ય, સર્વ કર્મોના ફળદાતા, સમસ્ત કલ્યાણ–ગુણોના સ્થાનરૂપ અને સચ્ચિદાનંદ ઈશ્વરને પ્રતિપાદન કરે છે. પણ કદાચ કોઇ કહે કે, આવા પ્રકારના ઈશ્વરની (સગુણ બ્રહ્મની) સાથે ઐક્યતાનો વેદ ઉપદેશ કરે છે. તો તેના જવાબમાં કહેવાનું કે સગુણ બ્રહ્મની સાથે જીવની એકતા માનવામાં જીવમાં ઈશ્વરપણાની પ્રાપ્તિ થાય, માટે સગુણ પર્યવસાનની નિવૃત્તિ અને નિર્ગુણ બ્રહ્મની તથા જીવના ઐક્યનો બોધ થવા માટે વેદ '**तत्त्वमसि**' (छां. उ. ६–८–७), '**अहं ब्रह्मास्मि**' (बृ. उ. १–४–१०), '**अयमात्मा ब्रह्म**' (बृह. उ. ४–४–५), '**प्रज्ञानं ब्रह्म**' (ऐत. उ. ३–३), આ ચાર મહાવાક્યોનો ઉપદેશ કરે છે, તેમાં '**तत्**' (ઈશ્વરવાચક પદ) અને '**त्वम्**' (જીવવાચક પદ) એ બંને પદોનું સામાનાધિકરણ્ય જણાય છે. (સામાનાધિકરણ્ય એટલે '**अपर्यायपदानामेकविभक्त्यन्तत्वे सत्येकार्थनिष्ठत्वं सामानाधिकरण्यम्**'–પર્યાયવાચી નહિ એવાં પદો, એક વિભક્તિમાં હોય અને એકાર્થનિષ્ઠ હોય તે સામાનાધિકરણ્ય.) આ સામાનાધિકરણ્ય ભાગ ત્યાગલક્ષણા વિના બીજા કોઇ પણ પ્રકારે ઘટતું નથી અને તે બ્રહ્મ વિષે પર્યવસાન જણાવે છે. જેમકે. '**वैश्वदेवी आमिक्षा**'–એટલે વિશ્વેદેવા જેના દેવ છે તેવી આમિક્ષા, (આમિક્ષા એટલે '**तप्ते पयसि दध्यानयति सा वैश्वदेव्यामिक्षा वाजिभ्यो वाजिनम्**' તપેલા દૂધમાં દહીંનું મિશ્રણ કરતાં જે કઠણ દ્રવ્ય તૈયાર થાય છે તે આમિક્ષા છે; અને તેનાથી વિશ્વેદેવા જેના દેવ છે તેવો યાગ કરાય છે. આ આમિક્ષા અલગ કરતાં જે પ્રવાહી રહે છે તેને '**वाजिन्**' કહે છે અને તે દ્રવ્યથી '**वाजिन्**' જેના દેવ છે તેવો યાગ કરાય છે.) અહીં '**वैश्वदेवी**' એ પદ અને '**आमिक्षा**' એ પદ બન્ને એકાર્થવાચી છે; તેથી તે બન્નેનું જેવું સામાનાધિકરણ્ય છે તેવું '**तत्**' અને '**त्वम्**' નું નથી. આજ વસ્તુ અન્ય સ્થળે કહેવામાં આવી છે '**आमिक्षां देवतायुक्तां वदत्येवैष तद्धितः। आमिक्षापदसान्निध्यात् तस्यैव विषयार्पणम्**'–**विश्वेदेवा देवता अस्याः सा वैश्वदेवी**–એમ દેવતા અર્થમાં કરેલો તદ્ધિત '**अण्**' પ્રત્યય જો કે સામાન્ય રીતે '**ऋच्**' આદિ પદનો વાચક સંભવે છે તોપણ '**आमिक्षा**' પદના સાંનિધ્યથી આમિક્ષાનેજ દર્શાવે છે; માટે તેજ આમિક્ષારૂપ વિષયને જણાવનાર છે. આવી રીતે '**वैश्वदेवी**' પદનું અને '**आमिक्षा**' પદનું એકાર્થપણું છે તેથી તેઓનું જેવું સામાનાધિકરણ્ય છે તેવું '**तत्**' અને '**त्वम्**' નું નથી, કારણકે તે બન્ને પદનો અર્થ ભિન્ન ભિન્ન છે. '**तत्**' પદ છે તે સર્વજ્ઞત્વ આદિ ગુણોવાળા માયોપાધિ ઈશ્વરને જણાવે છે, ત્યારે '**त्वम्**' પદ છે તે અલ્પજ્ઞત્વ આદિ ગુણોવાળા અવિદ્યોપાધિ જીવને જણાવે છે. તેમજ '**नीलम् उत्पलम्**–કાળું કમળ' આ સ્થળે પોતાનો અર્થ જેમાં છોડવામાં આવતો નથી, એવી અજહત્સ્વાર્થા નિરૂઢા લક્ષણાથી વિશેષણ–વિશેષ્યભાવ થતાં જેમ '**नीलम्**' અને '**उत्पलम्**' એ બન્ને પદનું એક અર્થમાં રહેનારપણું થાય છે, તેમ '**तत्**' અને '**त्वम्**' પદનો વિશેષણ–વિશેષ્યભાવ પણ થઇ શકતો નથી. કારણ કે તે બન્ને પદ વિરુદ્ધ અર્થવાળાં છે. તેજ પ્રમાણે '**कुसुमितद्रुमा गंगा**'–પુષ્પોથી પ્રફુલ્લ વૃક્ષોવાળી ગંગા'–આ ઉદાહરણમાં જેમ '**गंगा**' પદ, પોતાનો પ્રવાહરૂપ અર્થ ત્યજી દઇ જહત્સ્વાર્થા સંબંધી લક્ષણાથી પ્રવાહની સાથે સંબંધવાળા '**तीर**' અર્થને સૂચવીને '**कुसुमितद्रुमा**' એ પદની સાથે એકાર્થ બને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચણુ રહસ્યનિર્ણય પૂર્વજોના પણ પૂર્વજ—વૃદ્ધોએ ધારણ કર્યો છે, માટે જે મનુષ્ય (વિતંડાવાદને અનુસરતા તર્કો કરવાનો દુરાગ્રહ છોડી દઈ) શ્રદ્ધાથી તે નિર્ણયને (શ્રવણ-મનન કરી) ધારણ કરે છે—વળગી રહે છે તે મનુષ્ય, દેહાદિ ઉપાધિનો ત્યાગ કરી પરમ પદને પામે છે.*[૩]

अत्र ते वर्णयिष्यामि गाथां नारायणान्विताम् ।
नारदस्य च संवादमृषेर्नारायणस्य च ॥ ४ ॥

આ સંબંધમાં નારાયણ જેમાં વક્તા છે તેવો એક ઇતિહાસ હું તમને કહું છું; જે નારદજી અને નારાયણ ઋષિના સંવાદરૂપ છે.[૪]

एकदा नारदो लोकान् पर्यटन् भगवत्प्रियः ।
सनातनमृषिं द्रष्टुं ययौ नारायणाश्रमम् ॥ ५ ॥

એક સમયે લોકોમાં પર્યટન કરતા ભગવદ્ભક્ત નારદજી, સનાતન ઋષિ—નારાયણનાં દર્શન કરવા તેમના બદરિકાશ્રમમાં ગયા.[૫]

यो वै भारतवर्षेऽस्मिन् क्षेमाय स्वस्तये नृणाम् ।
धर्मज्ञानशमोपेतमाकल्पादास्थितस्तपः ॥ ६ ॥

આ ભારતવર્ષમાં જે નારાયણ ભગવાન, લોકોના સંસારદુઃખની નિવૃત્તિ માટે અને પરમાનંદસ્વરૂપના લાભને માટે +કલ્પપર્યંત ધર્મ, જ્ઞાન

છે, તેમ 'तत्' અને 'त्वम्' એમાંનું એક પણ પદ અર્થને છોડી દઈ તે અર્થ સાથે સંબંધવાળા ત્રીજાને જણાવે તેમ નથી. કેમકે તેઓ બન્ને પદનું જ એકાર્થપણું વિવક્ષિત છે. માટે **'सोऽयं देवदत्तः'**-તે આ દેવદત્ત' આ ઉદાહરણની પેઠે જહદજહત્સ્વાર્થા લક્ષણાથી (એટલે ભાગત્યાગલક્ષણાથી) વિરુદ્ધ અંશનો ત્યાગ કરીને બન્નેમાં રહેલા ચિદંશરૂપ સમાન અર્થનું ગ્રહણ કરીને 'तत्' અને 'त्वम्' એ બન્ને પદનું એકાર્થવાચીપણું થતાં સામાનાધિકરણ્ય થઈ શકે છે અને પછી તેનું નિર્ગુણ બ્રહ્મમાં પર્યવસાન થાય છે—અર્થાત્ ચિદંશરૂપે તમે બન્ને-ઈશ્વર અને જીવ એકજ છો, આવો અર્થ જણાય છે. (જહદજહત્સ્વાર્થા લક્ષણા અથવા ભાગત્યાગ લક્ષણા તે આવી રીતે છેઃ—દેવદત્તને એક વખત કાશીમાં જોયો હોય અને પછી ઘણો કાળ થયા પછી પાછો બીજા દેશમાં જોવામાં આવે ત્યારે તેને જોનારો માણસ ભૂલી જઈને માને છે કે, આ કોઈ બીજો માણસ છે. પછી તે ભૂલી જનારાને બીજો કોઈ ઓળખાવનારો માણસ મળી આવીને ઓળખાવે કે, 'તે આ દેવદત્ત છે.' આ વાક્યમાં 'તે' શબ્દ દૂર દેશ અને ઘણા વીતી ગયેલા કાળને દર્શાવે છે અને 'આ' શબ્દ સમીપના દેશને તથા સમીપના કાળને દર્શાવે છે; તો આમાં દૂર અને સમીપ દર્શાવનારા પદાર્થોની એકતા ઘટતી નથી. માટે બન્નેમાંથી દેશકાળરૂપ પરસ્પર વિરુદ્ધ અંશનો ત્યાગ કરી બન્નેમાં અનુગત દેવદત્તરૂપ અંશનો સ્વીકાર કરીને 'તે' નું અને 'આ' નું એકાર્થપણું કરવામાં આવે છે અને તેથી દેવદત્તરૂપથી બન્નેનો એક અર્થ જણાય છે; તેમ જીવ પણ વસ્તુતઃ બ્રહ્મ છતાં અવિદ્યારૂપ ઉપાધિના દોષથી પોતાના સંસારી સ્વરૂપને અસંસારી બ્રહ્મથી ભિન્ન માને છે; તેને શ્રુતિ કહે છે કે **'तत् त्वमसि-તે તું છે'** આ વાક્યમાં **'तत्'** શબ્દ સર્વજ્ઞત્વાદિ ગુણવાળા પદાર્થને કહે છે; અને **'त्वम्'** શબ્દ અલ્પજ્ઞત્વાદિ ગુણવાળા પદાર્થને કહે છે; તો સર્વજ્ઞત્વાદિ ગુણવાળા પદાર્થની અને અલ્પજ્ઞત્વાદિ ગુણવાળા પદાર્થની એકતા સંભવી શકે નહિ. માટે બન્નેમાંથી ગુણરૂપ પરસ્પર વિરુદ્ધ અંશનો ત્યાગ કરી બન્નેમાં અનુગત ચૈતન્યરૂપી અંશનો સ્વીકાર કરીને બન્ને પદનું એકાર્થવાચીપણું થઈ શકે છે અને પછી ચૈતન્ય—અર્થાત્ પરબ્રહ્મસ્વરૂપે બન્ને એક છો આવો વાસ્તવિક અર્થ જણાય છે. આનું નામજ જહદજહત્સ્વાર્થા લક્ષણા અથવા ભાગત્યાગલક્ષણા છે—વિરુદ્ધ ભાગનો ત્યાગ કરવાથી જે વસ્તુનું જ્ઞાન થાય તેજ ભાગત્યાગ લક્ષણા કહેવાય છે. એ રીતે **'तत् त्वमसि'** આદિ વાક્યો ભાગત્યાગ લક્ષણાથી નિર્ગુણ બ્રહ્મને જણાવે છે.) તેજ પ્રમાણે **'अस्थूलमनण्वह्रस्वमदीर्घम्'** બ્રહ્મ સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, ટૂંકા નથી કે લાંબા નથી'-ઇત્યાદિ શ્રુતિવાક્યોનો પણ સાક્ષાત્ ઉપાધિનો નિષેધ કરીને 'तत्' પદાર્થનું શોધન કરવામાંજ ઉપયોગ છે, જેથી તે વાક્યો પણ નિર્ગુણ બ્રહ્મનેજ જણાવે છે; તેમજ આ વેદસ્તુતિમાંજ આરંભે **'स्वसृष्टमिदमापीय'** ઇત્યાદિથી વિશિષ્ટ આલંબન કહેશે અને છેવટે **'श्रुतयस्त्वयि फलन्त्यतन्निरसनेन भवन्निधनाः'** એમ કહી ઉપસંહાર કરશે. તેમજ ઉપાસના દર્શાવનારાં શ્રુતિવાક્યો પણ ક્રિયાને માટે પ્રવૃત્ત સૃષ્ટિ આદિનું અવલંબન કરી જ્ઞાનસાધનનું વિધાન કરીને નિર્ગુણ બ્રહ્મનેજ જણાવે છે. (આ રીતે ગુણનું આલંબન કરનારી પણ શ્રુતિઓ નિર્ગુણ બ્રહ્મમાંજ પ્રવર્તે છે; એમ સિદ્ધ કરી પરીક્ષિતના પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે.)
—શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે, પૂર્વોક્ત શ્રુતિપ્રવૃત્તિનો નિર્ણય અનાદિ શિષ્ટપરંપરાથી ચાલુ હોવાને લીધે તેમાં સંદેહ કરવો યોગ્ય નથી. —શ્રીધર

+ કલ્પ સુધી હું આવી તપશ્ચર્યા કરીશ આવો સંકલ્પ કરીને તપ કરી રહ્યા છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથા ઉપશમથી યુક્ત તપશ્ચર્યા કરી રહ્યા છે.[૬]

तत्रोपविष्टमृषिभिः कलापग्रामवासिभिः ।
परीतं प्रणतोऽपृच्छदिदमेव कुरूद्वह ॥ ७ ॥

હે કુરુવંશી રાજા ! તે બદરિકાશ્રમમાં કલાપ નામના ગામમાં વસનારા ઋષિઓથી વીંટાઇને બેઠેલા નારાયણને પ્રણામ કરીને× આજ વસ્તુ પૂછી.[૭]

तस्मै ह्यवोचद् भगवानृषीणां शृण्वतामिदम् ।
यो ब्रह्मवादः पूर्वेषां जनलोकनिवासिनाम् ॥८॥

એટલે ભગવાન નારાયણે, જનલોકમાં વસનારા પૂર્વના સનકાદિ વૃદ્ધોનો બ્રહ્મસંબંધે જે સંવાદ થયો હતો તેજ સર્વ ઋષિઓના સાંભળતાં નારદજીને કહેવા માંડ્યો.[૮]

॥ श्रीभगवानुवाच ॥

स्वायंभुव ब्रह्मसत्रं जनलोकेऽभवत् पुरा ।
तत्रस्थानां मानसानां मुनीनामूर्ध्वरेतसाम् ॥९॥

શ્રીનારાયણ ભગવાન બોલ્યાઃ–' હે બ્રહ્મપુત્ર નારદ ! પૂર્વે જનલોકમાં, ત્યાં વસનારા બ્રહ્માના માનસ પુત્ર બ્રહ્મચારી એવા સનકાદિ મુનિઓનો‡ બ્રહ્મસત્ર થયો હતો.[૯]

श्वेतद्वीपं गतवति त्वयि द्रष्टुं तदीश्वरम् ।
ब्रह्मवादः सुसंवृत्तः श्रुतयो यत्र शेरते ।
तत्र हायमभूत् प्रश्नस्त्वं मां यमनुपृच्छसि ॥१०॥

એ વેળા તમે શ્વેતદ્વીપના અધીશ્વર અનિરુદ્ધ ભગવાનનાં દર્શન કરવા માટે શ્વેતદ્વીપમાં ગયા હતા; ત્યારે (જનલોકના) તે બ્રહ્મસત્રમાં, તમે મને જે પ્રશ્ન પૂછો છો તેજ પ્રશ્ન થયો હતો; અને બ્રહ્મ સંબંધે ઉત્તમ સંવાદ થયો હતો કે જે સંવાદમાં શ્રુતિઓ જે રીતે બ્રહ્મમાં પરિણામ પામે છે તેનો નિર્ણય કરવામાં આવ્યો છે.[૧૦]

तुल्यश्रुततपःशीलास्तुल्यस्वीयारिमध्यमाः ।
अपि चक्रुः प्रवचनमेकं शुश्रूषवोऽपरे ॥ ११ ॥

સનકાદિ મુનિઓ શાસ્ત્રાભ્યાસ, તપ ને સદાચારમાં સર્વે સમાન છે અને મિત્ર, શત્રુ કે મધ્યસ્થ ઉપર સમાનભાવવાળા છે, છતાં તેઓએ પોતામાંથી એકને (સનન્દનને) વક્તા બનાવ્યો હતો અને બીજાઓ શ્રોતા થયા હતા.[૧૧]

॥ सनन्दन उवाच ॥

स्वसृष्टमिदमापीय शयानं सह शक्तिभिः ।
तदन्ते बोधयांचक्रुस्तल्लिङ्गैः श्रुतयः परम् ॥१२॥

(જનલોકના બ્રહ્મસત્રમાં વક્તા થયેલા) સનન્દન બોલ્યાઃ–(પ્રલય વખતે) પોતે સૃજેલા આ જગતનો (પોતાને વિષે) લય કરીને યોગનો આશ્રય કરી (પ્રકૃતિ–પુરુષ–કાલ વગેરે) પોતાની શક્તિઓની સાથે જાણે શયન કરતા હોય તેવા જણાતા પરમેશ્વરને પ્રલયના અંતે–સૃષ્ટિના આરંભમાં (પરમેશ્વરના નિઃશ્વાસથી ઉત્પન્ન થયેલી) શ્રુતિઓ, પરમેશ્વરનું પ્રતિપાદન કરનારાં વાક્યોથી જાગ્રત કરવા લાગી.[૧૨]

यथा शयानं सम्राजं वन्दिनस्तत्पराक्रमैः ।
प्रत्यूषेऽभ्येत्य सुश्लोकैर्बोधयन्त्यनुजीविनः ॥१३॥

જેમ કોઇ ચક્રવર્તી મહારાજા શયન કરી રહ્યો હોય ત્યારે તેની પાછળ જીવી રહેલા સ્તુતિપાઠકો, પ્રભાતમાં આવીને ઉત્તમ કીર્તિઓવાળાં તેનાં પરાક્રમો ગાઈ ગાઈને તેને જાગ્રત કરે છે, તેમ શ્રુતિઓ પ્રભુને જાગ્રત કરવા લાગી.[૧૩]

॥ श्रुतय ऊचुः ॥

जय जय जह्यजामजित दोषगृभीतगुणाम् ।
त्वमसि यदात्मना समवरुद्धसमस्तभगः ॥
अगजगदोकसामखिलशक्त्यवबोधक ते ।
क्वचिदजयात्मना च चरतोऽनुचरेन्निगमः ॥१४॥

શ્રુતિઓ સ્તુતિ કરવા લાગીઃ–"કોઇથી પણ નહિ જિતાયલા હે પરમેશ્વર ! આપ વિજય પામો, વિજય પામો. *(આપનો વિજય કયા વ્યાપારથી

× પરબ્રહ્મમાં શ્રુતિઓ કેવી રીતે પ્રવૃત્તિ કરે છે, તેજ તમે પૂછેલી વસ્તુ. —बालप्रबोधिनी

‡ જેમ સઘળા સમાન યજમાનોજ ઋત્વિક આદિરૂપે જેમાં કર્મ કરે છે તે કર્મસત્ર પ્રસિદ્ધ છે; તેમજ સઘળા સમાનજ હોય છતાં વક્તા–શ્રોતા થઇને બ્રહ્મ સંબંધી વિચાર ચલાવે તે બ્રહ્મસત્ર કહેવાય છે. –શ્રીધર

* અહીંથી વાક્યાનુસંધાન કરવા માટે શ્રીધરી ટીકા કૌંસમાં આપવામાં આવી છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાય છે,) સ્થાવર અને જંગમ જીવોનાં શરીરો છે તેવા જીવોની અવિદ્યાનો આપ નાશ કરો, કે જે અવિદ્યાએ (જીવોના) આનંદાદિ ગુણોને ઢાંકી દેવાને માટે (સત્ત્વાદિ) ગુણોને ગ્રહણ કર્યા છે. (આવા દુષ્ટ ગુણવાળી અવિદ્યાનો નાશ કરવો જોઇએ. કેમકે આ અવિદ્યા વ્યભિચારિણી સ્ત્રીની પેઠે બીજાને ઠગવા માટે) સત્ત્વાદિ ગુણોને ગ્રહણ કરે છે; માટે તેનો નાશ કરવોજ યોગ્ય છે. (કદાચ આપ કહેશો કે, ત્યારે તો એ અવિદ્યા મારામાં પણ દોષ લાવશે-મને પણ ઠગી લેશે, તો પછી મારામાં તેનો નાશ કરવાની શક્તિ શી રહેશે ?' તેના ઉત્તરમાં અમે કહીએ છીએ કે,) આપે તો સ્વસ્વરૂપથીજ સમસ્ત ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે-આપે માયાને વશ કરી છે. (આપ કહેશો કે, એ જીવો પોતેજ જ્ઞાન-વૈરાગ્ય વગેરેથી અવિદ્યાનો નાશ કેમ નથી કરતા ? તેનો ઉત્તર એ છે કે;) હે સર્વ શક્તિને જાગ્રત કરનારા ! આપજ તે જીવોના અંતર્યામી છો અને સર્વ શક્તિના પ્રકાશક છો; તેથી જીવો જ્ઞાન વગેરે સંપાદન કરવામાં સ્વતંત્ર નથી. (આપ કહેશો કે અસ્ખલિત જ્ઞાન-ઐશ્વર્ય વગેરે ગુણોવાળો હું, જીવોની કર્મજ્ઞાનાદિ શક્તિઓ જાગ્રત કરીને તેઓની અવિદ્યાનો નાશ કરું છું; એમાં શું પ્રમાણ છે ? આનો ઉત્તર એ છે કે, તેમાં અમે પ્રમાણ છીએ.) કોઇ વેળા-સૃષ્ટિ આદિના સમયે-માયાની સાથે ક્રીડા કરતા છતાં નિત્ય અલુપ્ત ઐશ્વર્યપણાથી અને કેવળ સત્ય જ્ઞાન તથા અનંત આનંદરસ એવા સ્વરૂપ વડે વર્તતા એવા આપનું વેદ પ્રતિપાદન કરે છે÷૧૪

÷ જેમ-'यतो वा इमानि भूतानि जायन्ते'-જેમનાથી આ ભૂતો (પ્રાણીસમુદાય) ઉત્પન્ન થાય છે, જેમાં સ્થિત છે અને જેમાં લય પામે છે તે બ્રહ્મ છે. 'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै। तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये' જેમણે પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કર્યા અને તેમને વેદો આપ્યા તે ચિત્ત અને બુદ્ધિના પ્રકાશક પરમાત્માને હું મુમુક્ષુ શરણે જાઉં છું."

(કદાચ આપ કહો કે, વેદો એ રીતે મારું ક્યાં પ્રતિપાદન કરે છે ? કારણ કે 'इन्द्रो यातोऽवसितस्य राजा' ઇન્દ્ર, સ્થાવર તથા જંગમનો રાજા છે-ઈશ્વર છે'-આ વેદવાક્ય ઇન્દ્રને સ્થાવર જંગમનો ઈશ્વર પ્રતિપાદન કરે છે અને તેજ પ્રમાણે 'अग्निर्मूर्धा दिवः ककुत्पतिः पृथिव्या अयम्' આ અગ્નિ સૂર્યરૂપે સ્વર્ગલોકનું મસ્તક છે અને જઠરાગ્નિરૂપે પૃથ્વીનો શ્રેષ્ઠ પતિ છે-પાલક છે' આ વેદવાક્ય વળી અગ્નિને ઈશ્વર ઠરાવે છે; આમ વેદવાક્યો તો અગ્નિ આદિ દેવોનું પ્રતિપાદન કરે છે, તેનું કેમ ? આના ઉત્તરમાં અમે કહીએ છીએ કે,)

बृहदुपलब्धमेतदवयन्त्यवशेषतया
यत उदयास्तमयौ विकृतेर्मृदिवाऽविकृतात्।
अत ऋषयो दधुस्त्वयि मनोवचनाचरितम्
कथमयथा भवन्ति भुवि दत्तपदानि नृणाम् ॥१५॥

આ-જોવામાં આવતા ઇન્દ્ર વગેરે સર્વ પદાર્થો બ્રહ્મજ છે, એમ વિદ્વાનો જાણે છે; કારણ કે (સર્વનો પ્રલય થઇ ગયા પછી) કેવળ એક બ્રહ્મજ બાકી રહે છે; એટલુંજ નહિ પરંતુ બ્રહ્મથીજ સર્વની ઉત્પત્તિ તથા નાશ પણ થાય છે. (કારણ

'य आत्मनि तिष्ठन्'-જે જીવમાં સ્થિતિ કરી જીવની અંદર રહેલ છે, જેને જીવાત્મા જાણતો નથી, પણ જે જીવાત્માનું નિયમન કરે છે, તે અંતર્યામી છે; 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' પરમાત્મા સત્ય, જ્ઞાન અને અનંતરૂપ છે;'-'यः सर्वज्ञः स सर्ववित्' જે સર્વજ્ઞ છે તે સર્વવેત્તા છે-ઇત્યાદિ શ્રુતિઓ આવું પ્રતિપાદન કરે છે. (અહીંથી શ્રીધર સ્વામીએ પણ મૂળના આશયને સૂચવતો એક શ્લોક આપ્યો છે; તે બહુજ સુંદર હોવાથી લીધો છે.)

जय जयाजित जह्यगजंगमावृतिमजामुपनीत मृषागुणनाम् ॥ न हि भवन्तमृते प्रभवन्त्यमी निगमगीतगुणार्णवता तव ॥१॥

હે અજિત! સ્થાવર જંગમ જીવોને આવરણરૂપ અને જેણે મિથ્યા ગુણો સ્વીકાર્યા છે તે અવિદ્યાનો આપ નાશ કરો; આપનો જયજયકાર હો; આપ વિના જીવો (સ્વતંત્ર રીતે) અવિદ્યાનો નાશ કરવા સમર્થ નથી; આપ તો વેદોએ ગાયેલા ગુણોના એક મહાસાગર છો.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે બ્રહ્મજ સર્વનું ઉપાદાનકારણ છે. કદાચ કોઈ કહે કે, ત્યારે તો બ્રહ્મમાં વિકારીપણું પ્રાપ્ત થાય છે, તો કહેવાનું કે એમ નથી; સર્વની ઉત્પત્તિ તથા લય બ્રહ્મથી થાય છે.) છતાં પણ તે અવિકૃત રહે છે. વિવર્તનું પોતે અધિષ્ઠાન હોઇને વિકારથી રહિતજ રહે છે; જેમ દષ્ટાંત તરીકે ઘડા વગેરે પદાર્થો માટીમાંથી ઉત્પન્ન થાય છે અને પાછા માટીમાં લય પામે છે તેમ. (અર્થાત્ **वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्**–વાણીથી ઉચ્ચારાતાં નામ એજ વિકાર છે; પણ વસ્તુતઃ ઘડા, કોડિયાં વગેરે નામ સિવાય માટીમાં કોઇ જાતનો વિકારજ નથી. પરમાર્થદષ્ટિએ માટી એજ સત્ય વસ્તુ છે;' તેજ પ્રમાણે '**सर्वं खल्विदं ब्रह्म**' આ જે કંઈ જોવા–સાંભળવામાં આવે છે તે સર્વ બ્રહ્મ છે–' ઇત્યાદિ વેદવાક્યો બ્રહ્મનુંજ ઇન્દ્ર, અગ્નિ આદિ નામોથી પ્રતિપાદન કરે છે.) આ કારણથી વેદના મંત્રો અથવા તે તે મંત્રોના દ્રષ્ટા ઋષિઓ આપને વિષેજ મન તથા વચનમાં આચરણ ધારણ કરે છે–મન વડે આચરેલા તાત્પર્યને તથા વચનથી ઉચ્ચારેલા (ઇન્દ્રાદિ) નામને આપસ્વરૂપેજ સ્થાપિત કરે છે; નહિ કે જુદા વિકારોમાં. જેમ દષ્ટાંત તરીકે પૃથ્વી પર વિચરનાર હરકોઇ પ્રાણીઓનાં પગલાં ગમે તેના ઉપર મુકાયલાં હોય તોપણ, તે પગલાં પૃથ્વી પર નહિ મુકાયલાં કેમ માની શકાય? અર્થાત્ માટી, પથ્થર કે ઈંટ વગેરે ગમે તેના ઉપર પણ મૂકેલાં પગલાં તે જેમ પૃથ્વી પર નહિ મુકાયલાં ગણાતાં નથી, તેમજ કોઇ પણ વિકારનું વર્ણન કરતા વેદો સર્વના કારણ અને પરમાર્થસ્વરૂપ એવા આપનુંજ પ્રતિપાદન કરે છે.*[૧૫]

इति तव सूरयस्त्र्यधिपतेऽखिललोकमल-
क्षपणकथामृताब्धिमवगाह्य तपांसि जहुः।
किमुत पुनः स्वधामविधुताशयकालगुणाः
परम भजन्ति ये पदमजस्रसुखानुभवम् ॥ १६ ॥

હે ÷ત્રિગુણાત્મક માયારૂપી મૃગલીને નચાવનારા! આપજ સર્વના કારણ હોઇને પરમાર્થસ્વરૂપ છો, એમ માનીને વિવેકી પુરુષો, સમગ્ર લોકના પાપરૂપી મેલનો નાશ કરનારી આપની કથારૂપ અમૃતના સમુદ્રમાં (એટલે સકળ મનુષ્યોનાં પાપોને દૂર કરવામાં કારણભૂત એવી આપની કીર્તિરૂપ અમૃતના સમુદ્રમાં) સ્નાન કરી–તેનું સેવન કરીને પાપો અથવા દુઃખોનો ત્યાગ કરે છે. આ રીતે આપની કથામાત્રથીજ જો પાપોનો ત્યાગ થાય છે, તો પછી હે પરમ! આપના સ્વરૂપના સ્ફુરણથીજ અંતઃકરણના રાગાદિ ગુણોનો અને કાળના વૃદ્ધત્વ આદિ ગુણોનો જેઓએ ત્યાગ કર્યો છે તેવા પુરુષો, નિત્યસુખના અનુભવરૂપ–એવા આપના સ્વરૂપને ભજે, તેઓનાં પાપો કે દુઃખો દૂર થાય, એમાં શું કહેવાનું હોય?*[૧૬]

दृतय इव श्वसन्त्यसुभृतो यदि तेऽनुविधा
महदहमादयोऽण्डमसृजन् यदनुग्रहतः।
पुरुषविधोऽन्वयोऽत्र चरमोऽन्नमयादिषु यः
सदसतः परं त्वमथ यदेष्ववशेषमृतम् ॥ १७ ॥

---

* આ શ્લોકનોજ આશય ટીકાકાર શ્રીધર એક શ્લોકમાં દર્શાવે છે–

द्रुहिणवह्निरवीन्द्रमुखामरा जगदिदं न भवेत् पृथगुत्थितम्। बहुमुखैरपि मंत्रगणैरजस्त्वमुरुमूर्तिरतो विनिगद्यसे ॥

બ્રહ્મા, અગ્નિ, સૂર્ય કે ઇન્દ્ર વગેરે દેવો અને આ જગત તે કંઇ બ્રહ્મથી અલગ ઉત્પન્ન થયાં નથી; વેદના મંત્રો અનેક નામો દ્વારા, અનેક મૂર્તિવાળા આપ અજન્માનુંજ વર્ણન કરે છે. —**श्रीधर**

÷ આપજ સર્વ વેદોના વિષયરૂપ છો; એ વાતને સત્પુરુષોની પ્રવૃત્તિથી દઢ કરે છે. —**श्रीधर**

* આજ વસ્તુ વેદો અન્ય સ્થળે જણાવે છે–'**तद्यथा पुष्करपलाश आपो न श्लिष्यन्ते एवमेवंविदि पापं कर्म न श्लिष्यते**'–જેમ કમળનાં પાંદડાં ઉપર જળનો સ્પર્શ થતો નથી, તેમ આવું આત્મજ્ઞાન જાણનાર પુરુષને પાપકર્મનો સંબંધ થતો નથી. '**न कर्मणा लिप्यते पापकेन**' આત્મજ્ઞાની પુરુષ પાપકર્મથી લેપાતો નથી. '**तत्सुकृतदुष्कृते' विधुनुते**'–બ્રહ્મના સાક્ષાત્કાર સમયે પુણ્ય–પાપનો ત્યાગ કરે છે.' '**एतं ह वाव न तपति किमहं साधु नाकरवम्, किमहं**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

+ હે પરમાત્મન્! પ્રાણીઓ આપને અનુસરનારા આપના ભક્ત હોય તોજ તેઓ જીવે છે—સફળ જીવનવાળા છે; નહિ તો ધમણોની માફક વૃથા શ્વાસ લે છે—નિષ્ફળ જીવે છે. (કદાચ આપ કહેશો કે, જેઓ મારા ભક્ત નથી તેઓને પણ કામાદિ ફળ તો પ્રાપ્ત થાયજ છે; તેનો ઉત્તર એ છે કે, ના, એમ નથી; કાર્ય તથા કારણના અનુગ્રાહક હોઇને જીવનના કારણ એવા આપનું ભજન નહિ કરતા તે કૃતઘ્ની પુરુષોને કામાદિ ફળ પણ સિદ્ધ થતું નથી; એ આશયથી અમે કહીએ છીએ કે,) જેમના પ્રવેશથી સામર્થ્યને પ્રાપ્ત થયેલાં મહત્તત્ત્વ, અહંકાર વગેરે તત્ત્વોએ સમષ્ટિ—વ્યષ્ટિરૂપ શરીરને સૃજ્યું છે; તેમજ તેમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય—એવા જે પાંચ કોશો છે (જેઓ દેહ, પ્રાણ, મન, બુદ્ધિ તથા જ્ઞાનરૂપ છે) તેમાં પણ પ્રવેશ કરીને અનુસ્યૂતપણા વડે તે તે કોશોના આકારવાળા થઇ ચેતનાને જે આપે છે તે આપ છો. (કદાચ આપ કહેશો કે, ત્યારે તો મારામાં સત્યપણું અને અસંગપણું કેવી રીતે હોઇ શકે ? તેના ઉત્તરમાં કહેવાનું કે,) કહેવાતા અન્નમય વગેરે કોશોમાં જે છેલ્લા ÷બ્રહ્મ કહ્યા છે તેજ આપ છો; (તોપણ આપ કહેશો કે, અન્નમયાદિ કોશોમાં અનુસ્યૂતપણે વર્તતાં મારા અસંગપણાનો તો વિનાશજ થાય છે, તેનું કેમ ? તો) સ્થૂલ અને સૂક્ષ્મ એવા અન્નમયાદિ કોશોના જે સાક્ષીરૂપ છે, તે તે કોશોનો બાધ કરતાં અબાધ્ય સ્વરૂપે બાકી રહે છે અને તેથીજ જે સત્ય છે તેજ આપ છો. (તો પછી તે તે કોશોમાં મારું અનુસ્યૂતપણું શા માટે કહેવામાં આવ્યું છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે, શાખા—ચંદ્રન્યાયની પેઠે આપનું શુદ્ધ સ્વરૂપ જણાવવા માટે તે કોશોમાં અનુસ્યૂતપણું કહેવામાં આવ્યું છે. જેમ કોઇને બીજનો ચંદ્ર દેખાડવો હોય ત્યારે, પેલા ઝાડની શાખા ઉપર ચંદ્ર દેખાય છે એમ કહેવામાં આવે છે, તેમ આપનું શુદ્ધ સ્વરૂપ દર્શાવવા માટે તે કોશોમાં આપનું અનુસ્યૂતપણું કહ્યું છે.*)૧૭

उदरमुपासते य ऋषिवर्त्मसु कूर्पदृशः
परिसरपद्धतिं हृदयमारुणयो दहरम् ।
तत उदगादनन्त तव धाम शिरः परमम्
पुनरिह यत् समेत्य न पतन्ति कृतान्तमुखे ॥१८॥

पापमकरवम्'—આ મેં સારું ન કર્યું કે આ મેં પાપ કર્યું' એમ કોઇ પણ કર્મ આત્મજ્ઞાનીને સંતાપ ઉપજાવી શકતું નથી; ઇત્યાદિ શ્રુતિઓ આ વસ્તુ જણાવે છે. (આ શ્લોકના આશયનો શ્રીધરનો શ્લોક—)
सकलदेवगणेरितसद्गुणस्त्वमिति सर्वमनीषिजना रताः। त्वयि सुभद्रगुणश्रवणादिभिस्तव पदस्मरणेन गतक्लमाः ॥

આપ સકલ દેવગણોથી સ્તુતિ કરાયલા સદ્‌ગુણોવાળા છો, તેથી સર્વ વિદ્વાન પુરુષો, આપના પરમ મંગલ ગુણોનું શ્રવણ—મનન કરીને આપમાં પ્રીતિ કરે છે અને આપના ચરણનું સ્મરણ કરી દુઃખરહિત થાય છે.—શ્રી.

+ **असूर्या नाम ते लोका अंधेन तमसावृताः तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥** જે મનુષ્યો આત્મઘાતી છે—આત્મસ્વરૂપને જાણી શકતા નથી તેઓ મૃત્યુ પછી ગાઢ અજ્ઞાનરૂપ અંધકારથી છવાયલા અસુરોના જે લોકો છે ત્યાં જાય છે; તેમજ '**न चेदवेदीन्महति विनष्टिः** જેણે આ મનુષ્યલોકમાં અધિકારી બનીને પણ મરણ પામવા પહેલાં આત્મસ્વરૂપને જાણ્યું નથી તેનો મોટો વિનાશ છે—તેને કદી સંસારનિવૃત્તિ થતી નથી. '**ये तद् विदुरमृतास्ते भवन्त्यथेतरे दुःखमेवोपयन्ति**' જેઓ આત્મસ્વરૂપને જાણે છે તેઓ અમર થાય છે અને જેઓ તે નથી જાણતા તેઓ સંસારનાં દુઃખજ પામે છે.' ઇત્યાદિ શ્રુતિઓ, પૂર્વોક્ત શ્લોકમાં કહેલા એ પ્રકારના ભજનથી રહિત પુરુષોની આ શ્લોકમાં નિંદા કરે છે. —શ્રીધર

÷ અન્નમયાદિ કોશોમાં '**ब्रह्मपुच्छं प्रतिष्ठा**' એમ સર્વના આધાર પુરુષરૂપે વેદમાં કહ્યા છે તેજ આપ બ્રહ્મ છો. —શ્રીધર

* આ શ્લોકના આશયનો શ્રીધર સ્વામીનો શ્લોકઃ—
नरवपुः प्रतिपद्य यदि त्वयि श्रवणवर्णनसंस्मरणादिभिः। नरहरे न भजन्ति नृणामिदं दृतिवदुच्छ्वसितं विफलं ततः ॥१॥

હે નૃસિંહદેવ ! મનુષ્યશરીર પામીને પણ જેઓ શ્રવણ વર્ણન—સંસ્મરણાદિથી આપનું ભજન કરતા નથી, તેઓની શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા ધમણની પેઠે નિષ્ફળ છે—તેઓનું જીવતર કેવળ અફળ છે. —**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

+ ઋષિઓના સંપ્રદાયમાર્ગોમાં જેઓ સ્થૂલ-દષ્ટિવાળા છે તેઓ ઉદરની ઉપાસના કરે છે–ઉદરમાં આવેલા મણિપૂરક ચક્રમાં રહેલા બ્રહ્મનું ધ્યાન કરે છે અને અરુણના વંશના ઋષિઓ, નાડીઓના પ્રસારના સ્થાનરૂપ એવા સાક્ષાત્ હૃદયની અંદર રહેલા (બ્રહ્મના) સૂક્ષ્મસ્વરૂપનીજ ઉપાસના કરે છે; કેમકે હે અનંત! તે હૃદયસ્થાનથી આપની પ્રાપ્તિના સ્થાનરૂપ એવી સુષુમ્ણા નાડી, શ્રેષ્ઠ જ્યોતિર્મય એવા મસ્તકપર્યંત ઊંચે પહોંચીને–અર્થાત્ મૂલાધારથી આરંભીને હૃદય મધ્યે થઇને છેક બ્રહ્મરંધ્ર સુધી પહોંચી છે, કે જે એ સુષુમ્ણારૂપ આપના સ્થાનને પામીને ફરી પાછા યમદેવના મુખરૂપસંસારમાં મનુષ્યો પડતા નથી.*

+ એ પ્રમાણે સર્વસ્વરૂપ પરમેશ્વરમાં સર્વ શ્રુતિઓના સમન્વયપૂર્વક તેમનુંજ ભજન કરવાયોગ્યપણું કહીને અભક્તોની નિંદા કરી તેજ વસ્તુને દઢ કરી; હવે જેમનો મહિમા પ્રવેશ કરવો અશક્ય છે એવા પરમાત્મામાં પ્રથમ "**उदरं ब्रह्मेति शार्कराक्षा उपासते हृदयं ब्रह्मेत्यारुणयो॰** ઉદર તે બ્રહ્મ છે, અર્થાત્ સ્થૂલ બુદ્ધિવાળા શર્કરાક્ષ ઋષિના વંશજ ઉદરમાં રહેલા વૈશ્વાનર ઉપાધિવાળા બ્રહ્મની ઉપાસના કરે છે. ત્યારે અરુણના વંશવાળા ઉદ્દાલક ઋષિ 'હૃદય તે બ્રહ્મ છે' એમ માની હૃદયમાં રહેલ 'દહરાકાશ' નામક બ્રહ્મની ઉપાસના કરે છે" –આ શ્રુતિઓ બ્રહ્મનું સોપાધિક ઉપાસના દર્શાવે છે; તેજ શ્રુતિનો આશય આ શ્લોકમાં દર્શાવે છે. —શ્રીધર

* બીજે સ્થળે વેદ પણ આ વસ્તુ દર્શાવે છેઃ– **शतं चैका च हृदयस्य नाड्यस्तासां मूर्धानमभिनिःसृतैका । तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वगन्या उत्क्रमणे भवन्ति'**–હૃદયની એક સો ને એક નાડીઓ છે; તેમાંની એક સુષુમ્ણા નાડી છેક મસ્તકમાં બ્રહ્મરંધ્રપર્યંત પહોંચી છે; તે દ્વારા ઊર્ધ્વગતિ કરનારો પુરુષ મોક્ષ પામે છે. એ સિવાયની બીજી અનેક પ્રકારની ગતિ કરાવનારી સો નાડીઓ ઉત્ક્રમણનું કારણ બને છે–અર્થાત્ સંસારની પ્રાપ્તિ કરાવે છે. શ્રીધરનો આ શ્લોક–

उदरादिषु यः पुंसां चिन्तितो मुनिवर्त्मभिः ।
हन्ति मृत्युभयं देवो हृद्गतं तमुपास्महे ॥

મુનિઓના માર્ગે ઉદર વગેરે સ્થાનોમાં ચિંતવેલા જે ભગવાન હૃદયસ્થાનમાં બિરાજે છે, તેમની અમે ઉપાસના કરીએ છીએ. —શ્રીધર

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया
तरतमतश्चकास्स्यनलवत्स्वकृतानुकृतिः ।
अथ वितथास्वमूष्ववितथं तव धाम समम्
विरजधियोऽभिविपण्यव एकरसम् ॥ १९ ॥

હે પરમાત્મન્! + આપે પોતે રચેલી ઉચ્ચ, નીચ તેમજ મધ્યમ એવી યોનિઓમાં (એટલે આપના પ્રાકટ્યના સ્થાનરૂપ દેહાદિ કાર્યોમાં) ઉપાદાનકારણપણાથી જો કે પ્રથમથીજ આપ વિદ્યમાન છો, (જેથી મુખ્ય પ્રવેશનો તો સંભવજ નથી) છતાં પણ (પાછળથી) જાણે પ્રવેશ કરતા હો તે રીતે વર્તીને ન્યૂનાધિકપણે ભાસો છો અને અગ્નિની માફક પોતે રચેલી તે તે યોનિઓનું અનુકરણ કરો છો. (અર્થાત્ જેમ અગ્નિ ન્યૂનાધિક ભાવથી રહિત છે, છતાં પણ લાકડાના અનુસારે લાંબો ટૂંકો અથવા પાતળો જણાય છે, તેમ આપ પણ તે તે યોનિઓને અનુસરી ન્યૂનાધિક જણાઓ છો.) એટલા માટે મિથ્યાસ્વરૂપ એવી આ યોનિઓમાં નિર્વિશેષ હોવાથીજ સત્ય અને એકરસરૂપ એવા આપના સ્વરૂપને નિર્મળ બુદ્ધિવાળા પુરુષો જાણે છે; કારણ કે તે પુરુષોએ ચોતરફના વ્યવહાર છોડી દીધા હોય છે–આ લોક તથા પરલોકનાં કર્મફળથી તેઓ રહિત થયા હોય છે. (કહેવાનો ભાવ એ છે કે, આપનું સ્વરૂપ નિર્વિશેષ છે. અને એટલેજ એક-

+ કદાચ કોઇ શંકા કરે કે, ઈશ્વરને પણ જીવની પેઠે જો ઉદર વગેરેનો સંબંધ છે અને તેમાં પ્રવેશેલા ઈશ્વરનું પણ જો ન્યૂનાધિકપણું છે; તો પછી કઇ વિશેષતાથી ઈશ્વર ઉપાસના કરવા યોગ્ય ગણાય? આ શંકાનું સમાધાન કરતી શ્રુતિઓ '**एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा । कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥** પરમેશ્વર એકજ છે; સર્વ પ્રાણીઓમાં તે ગુપ્ત રહેલા છે, સર્વમાં વ્યાપી રહેલા છે, સર્વ પ્રાણીઓના અંતરાત્મા છે, કર્માધ્યક્ષ (શુભાશુભ કર્મનાં ફળ આપનારા) છે, સર્વ પ્રાણીઓમાં વસી રહ્યા છે, સર્વના સાક્ષી છે, ચેતનસ્વરૂપ છે, કેવળ એકજ છે અને નિર્ગુણ છે'–આ વેદવાક્યના અનુસારે સ્તુતિ કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રસ છે; માટે ઉપાધિકૃત ન્યૂનાધિકતાનો અભાવ હોવાથી અસ્ખલિત ઐશ્વર્યવાળા આપજ ઉપાસના કરવા યોગ્ય છો. ‡ १९

स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं
तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम् ।
इति नृगतिं विविच्य कवयो निगमावपनम्
भवत उपासतेंऽघ्रिमभवं भुवि विश्वसिताः ॥२०

હે પ્રભો! પોતાનાં* કર્મોથી ઉપાર્જન કરેલાં આ મનુષ્ય આદિ શરીરોમાં જે ભોક્તારૂપે વર્તી રહ્યો છે તે પુરુષ–જીવાત્મા, સમગ્ર શક્તિને ધારણ કરનારા–સર્વ શક્તિના આશ્રયરૂપ એવા આપ પૂર્ણતુંજ સ્વરૂપ છે, એમ વિદ્વાનો કહે છે. (કદાચ આપ કહેશો કે, તે જીવ તો કાર્ય–કારણથી ઢંકાયલો છે; તો એવાને તમે મારા સ્વરૂપ કેમ કહો છો? તેના ઉત્તરમાં કહેવાનું કે,) વસ્તુતઃ તે જીવ કાર્ય–કારણના આવરણથી રહિત છે–કાર્ય–કારણ એ કોઇ વસ્તુજ નથી; તો પછી તેને તેનું આવરણ ક્યાંથીજ હોય? આમ જીવના તત્ત્વની શોધ કરી વિશ્વાસ પામેલા તત્ત્વજ્ઞાની પુરુષો, સર્વ કર્મોને અર્પણ કરવાના વિષયરૂપ અને સંસારની નિવૃત્તિ કરનારા આપના આચરણને +પૃથ્વી પર ઉપાસે છે–અર્ચન અને વંદન વગેરેથી સેવે છે.÷२०

दुरवगमात्मतत्त्वनिगमाय तवात्ततनो–
श्चरितमहामृताब्धिपरिवर्तपरिश्रमणाः ।
न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ते ।
चरणसरोजहंसकुलसङ्गविसृष्टगृहाः ॥ २१ ॥

*હે ઈશ્વર! દુઃખથી જાણી શકાય એવા આત્મતત્ત્વનું જ્ઞાન આપવા માટે જેમણે અવતારો લીધા છે, એવા આપના ચરિત્રરૂપ મહાન અમૃતસાગરમાં સ્નાન કરવાથી પરિશ્રમરહિત થયેલા કેટલાક× ભક્ત પુરુષો મોક્ષને પણ જો ઇચ્છતા નથી; તો પછી બીજા–ઇન્દ્રપદ †આદિને તો કેમજ ઇચ્છે? એટલુંજ નહિ પણ આપનાં ચરણકમળ-

---

‡ આ શ્લોકનાજ આશયનો શ્લોકઃ–

स्वनिर्मितेषु कार्येषु तारतम्यविवर्जितम् ।
सर्वानुस्यूतसन्मात्रं भगवन्तं भजामहे ॥

પોતે રચેલ દેહાદિ કાર્યોમાં ન્યૂનાધિકથી રહિતપણે સર્વમાં અનુસ્યૂત થઇ રહેલા માત્ર સત્યસ્વરૂપ ભગવાનનું અમે ભજન કરીએ છીએ. —श्रीधर

* વળી ભગવાનમાં દેહાદિ ઉપાધિથી કરાયલા દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય, એ શંકાનો સંભવજ ક્યાં છે? કારણ કે અવિદ્યા, કામ, કર્મને લીધે સંસાર પામતો જીવ પણ ભગવાનનુંજ સ્વરૂપ છે, એમ લક્ષણાદ્વારા ઉપદેશ કરતી **'स यश्चायं पुरुषे'**–'જે આ પુરુષમાં છે તે પરમેશ્વર છે' **'यश्चासावादित्ये'**–'જે આ સૂર્યમંડળમાં છે તે પરમેશ્વર છે' **'स एकः'**–તે પરમેશ્વર એકજ છે.' **'तत्त्वमसि** (**छां. उ.** ૬–૮–૭) તે (માયા ઉપહિત ચેતન–બ્રહ્મ) તું (અવિદ્યા ઉપહિત ચેતન–જીવ) છે–તે તું છે–આ શ્રુતિઓ તે દોષનો નિષેધ કરે છે. કદાચ અહીં મીમાંસકો એમ કહે કે, આ શ્રુતિઓ તો યજ્ઞ કરવો એજ જેનું પ્રયોજન છે એવા જીવાત્માની ઈશ્વરરૂપે માત્ર સ્તુતિ કરે છે, નહિ કે તેને ઈશ્વરરૂપે જણાવે છે! આમ કહેવું તે યોગ્ય નથી. કારણ કે તેમાં **यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः** ॥–જેને ઈશ્વર ઉપર પરમભક્તિ હોય છે અને જેવી ઈશ્વર ઉપર ભક્તિ હોય છે, તેવીજ ગુરુ ઉપર ભક્તિ હોય છે તેને આ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કહેલા જીવ અને બ્રહ્મની એકતારૂપ અર્થો પ્રકાશે છે–સમજાય છે–ઇત્યાદિ શ્રુતિઓ અવતાર અને અવતારી એવા ભગવાનનું ચરણભજન તે જીવ અને બ્રહ્મની એકતા જાણવામાં ઉપાયરૂપે કહે છે; તેજ અહીં કહે છે. —श्रीधर

+ 'પૃથ્વી પર' એમ કહીને એ દર્શાવે છે કે, મનુષ્યલોકમાં આજ કર્તવ્ય ઉચિત છે. —श्रीधर

÷ આ શ્લોકના આશયરૂપ શ્રીધરનો શ્લોક–

त्वदंशस्य ममेशान त्वन्मायाकृतबंधनम् ।
त्वदंघ्रिसेवामादिश्य परानन्द निवर्तय ॥

હે પરમ આનંદસ્વરૂપ પરમેશ્વર! આપના અંશરૂપ મને આપની ચરણસેવા દર્શાવીને આપની માયાથી કરેલું બંધન આપ દૂર કરો.

* ભક્તિ એ અલ્પ સાધન છે, એમ કહેવું તે અયોગ્ય છે, એમ માનતી શ્રુતિઓ આ શ્લોકમાં ભક્તિને સર્વોત્કૃષ્ટ કહે છે. —श्रीधर

× 'કેટલાક' એમ કહીને એ સૂચવ્યું છે કે એવા ભક્તિરસિક પુરુષો વિરલ છે. —श्रीधर

† 'ઇન્દ્રપદ' શબ્દથી 'અર્થ'ને 'કામ' સમજવા અને 'આદિ' પદથી 'ધર્મ' સમજવો. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માં હંસોની પેઠે રમતા આપના ભક્તપુરુષોનાં મંડળના સંગથી તે ભક્તપુરુષોએ પોતાનાં ઘર-બાર પણ છોડી દીધાં હોય છે.† (અર્થાત્ તેવા ભક્તપુરુષો ઇન્દ્રપદ વગેરેનેજ કેવળ નથી ઇચ્છતા એમ નથી; પણ તે ભક્તિસુખથીજ પૂર્ણ થઇને પૂર્વસિદ્ધ પોતાનાં ગૃહાદિ સુખની પણ દરકાર કરતા નથી.*૨૧)

त्वदनुपथं कुलायमिदमात्मसुहृत्प्रियव-
च्चरति तथोन्मुखे त्वयि हिते प्रिय आत्मनि च ।
न बत रमन्त्यहो असदुपासनयात्महनो
यदनुशया भ्रमन्त्युरुभये कुशरीरभृतः ॥ २२ ॥

‡હે ભગવન્ ! મનુષ્યનું આ શરીર આપને અનુસરનાર હોઇ આપની સેવામાંજ ઉપયોગી છે અને આત્મા, મિત્ર તથા પ્રિયની પેઠે પોતાને અધીન થઇને રહેલું છે; છતાં પણ મનુષ્યો, પોતાને તારવા માટે સદા તત્પર, હિતકારક અને પ્રિય આત્મારૂપ–અત્યંત સેવવા યોગ્ય એવા પણ આપને વિષે રમણ કરતા નથી–સખાભાવ આદિથી આપનું ભજન કરતા નથી, તે ઘણીજ આશ્ચર્ય ને અફસોસની વાત છે. વળી તેવા મનુષ્યો અસાર–મિથ્યા એવા દેહાદિના લાલનપાલનથી પ્રમાદી રહે છે અને તે દેહાદિનાજ લાલન–પાલનની વાસનાવાળા હોઈ નીચ શરીરો ધારણ કરીને અત્યંત ભયરૂપ સંસારમાં ભટક્યા કરે છે. (માટે તેઓ પોતેજ પોતાનો નાશ કરનારા બને છે.)*૨૨

निभृतमरुन्मनोक्षदृढयोगयुजो हृदि यन्-
मुनय उपासते तदरयोऽपि ययुः स्मरणात् ।
स्त्रिय उरगेन्द्र भोगभुजदंडविषक्तधियो
वयमपि ते समाः समदृशोऽङ्घ्रिसरोजसुधाः ॥२३॥

+ હે પ્રભો ! પ્રાણ, મન તથા ઇન્દ્રિયોને જેઓએ વશ કરેલાં હોય છે એવા દૃઢ યોગસાધના કરનારા મુનિઓ, હૃદયમાં જે તત્ત્વનું ઉપાસન કરે છે–ધ્યાન કરે છે તેજ તત્ત્વને આપના શત્રુઓ પણ ચિંતન કરીને પામ્યા છે; તેમજ

† આમ કહીને અહીં શ્રવણ–કીર્તન દર્શાવ્યાં છે.
—श्रीधर

* અન્ય સ્થળે પણ શ્રુતિ મુક્તિ કરતાં પણ ભક્તિનું આધિક્ય દર્શાવે છે–यं सर्वे देवा नमन्ति मुमुक्षवो ब्रह्मवादिनश्च (नृ. पू. २–४) જે ભક્ત પુરુષને દેવો (વિષયી મનુષ્યો), મુમુક્ષુઓ ને બ્રહ્મવાદી (મુક્ત પુરુષો) પણ નમન કરે છે. આજ શ્રુતિપર સર્વજ્ઞ (ભક્તિનું માહાત્મ્ય જાણનાર વેદવિદ્ અને અનુભવ–જ્ઞાનવાળા) ભાષ્યકાર શ્રીશંકરાચાર્યે લખ્યું છે કે, 'मुक्ता अपि लीलया विग्रहं कृत्वा भजन्ति'–મુક્ત પુરુષો પણ લીલાથી શરીર ધારણ કરીને ભગવાનનું ભજન કરે છે. આ ૨૧ મા શ્લોકના આશયનોજ આ રહ્યો આ શ્લોકઃ–

त्वत्कथामृतपाथोधौ विहरन्तो महामुदः ।
कुर्वन्ति कृतिनः केचिच्चतुर्वर्गं तृणोपमम् ॥

આપની કથારૂપી અમૃતના મહાસાગરમાં વિહાર કરતા અને તેથીજ અત્યંત આનંદમગ્ન રહેતા કેટલાક ભક્ત પુરુષો ધર્મ, અર્થ, કામ ને મોક્ષ–એ ચતુર્વર્ગને ઘાસ જેવો ગણે છે.
—श्रीधर

‡ 'आराममस्य पश्यन्ति न तं पश्यति कश्चन આ પરમેશ્વરના ક્રીડાસ્થાન બગીચારૂપ આ વિશ્વને સર્વ લોકો જુએ છે; પણ તે બગીચો બનાવનાર પરમેશ્વરને કોઈ જોતું નથી.' 'न तं विदाथ य इमा जजानान्यद्युष्माकमन्तरं बभूव । नीहारेण प्रावृत्ता जल्प्या चासुतृप उक्थशासश्चरन्ति–તમે તે પરમાત્માને નથી જાણતા કે જેમણે આ પ્રજાઓ ઉત્પન્ન કરી છે; તેથીજ તમારી અને તે પરમેશ્વરની વચ્ચે મોટું અંતર પડી ગયું છે; તમે અવિદ્યાથી ઢંકાઇ જઇ જેમ આવે તેમ બક્યા કરો છો–મિથ્યા તર્કો કર્યા કરો છો; કેવળ પોતાના પ્રાણને તૃપ્ત કરવામાં તત્પર રહો છો; યજ્ઞ–યાગાદિ કર્યા કરો છો અને સંસારમાં ભટક્યા કરો છો.' આવો પોકાર કરતી શ્રુતિઓ જગતના આત્મા ઇશ્વરમાં પ્રીતિ કરવાનો ઉપદેશ કરે છે.
—श्रीधर

* આ શ્લોકના આશયનો આ રહ્યો આ શ્લોક–

त्वय्यात्मनि जगन्नाथे मन्मनो रमतामिह ।
कदा ममेदृशं जन्म मानुषं संभविष्यति ॥

જગતના નાથ આપ આત્મા વિષે મારું મન રમ્યા કરો; મારો એવો (આત્મજ્ઞાની તરીકે) મનુષ્યજન્મ ક્યારે થશે?
—श्रीधर

+ હવે आत्मा वाऽरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः–અરે ! આત્માનુંજ દર્શન કરવું જોઇએ, શ્રવણ કરવું જોઇએ, મનન કરવું જોઇએ અને નિદિધ્યાસન કરવું જોઇએ–ઇત્યાદિ શ્રુતિઓ ધ્યાનને (બ્રહ્મદર્શનના) અંગ તરીકે ઉપદેશે છે, એ વાત અહીં કહે છે.
—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

આપને શેષનાગના શરીર જેવા ભુજદંડમાં (કામવાસનાથી) આસક્ત બુદ્ધિવાળી સ્ત્રીઓ (ગોપીઓ ભેદદષ્ટિવાળી હોવા છતાં) અને (કેવળ એક આપનેજ સર્વત્ર) સમાનસ્વરૂપે જોનારી તેમજ આપના ચરણકમળનું સારી પેઠે ધ્યાન કરનારી અમે-શ્રુતિઓ પણ આપને સમાન છીએ-ગોપીઓ અને અમે એકસરખીજ આપની કૃપાપાત્ર છીએ. (કહેવાનો ભાવ એ છે કે, આપના સ્મરણનો પ્રભાવજ એવો છે કે, યોગીઓ આપનું હૃદયમાં ધ્યાન કરે છે, અમે આપને સમાન સ્વરૂપે જોઇએ છીએ, ગોપીઓ આપને કામવાસનાથી ભેદદષ્ટિએ ચિંતવે છે અને શત્રુઓ દ્વેષબુદ્ધિથી ચિંતવે છે. તેઓ સર્વને આપનું સ્મરણ આપની સમીપજ પહોંચાડનાર થાય છે.*२३

क इह नु वेद बतावरजन्मलयोऽग्रसरम्
यत उदगादृषिर्यमनु देवगणा उभये ।
तर्हि न सन्न चासदुभयं न च कालजवः ।
किमपि न तत्र शास्त्रमवकृष्य शयीत यदा ॥२४॥

÷ અહો ! હે ભગવન્ ! આ જગતમાં પ્રથમથીજ સિદ્ધ-એટલે વિદ્યમાન એવા આપને અર્વાચીન ઉત્પત્તિ અને નાશવાળો કયો પુરુષ જાણી શકે છે? કારણકે જે આપથી પ્રથમ તો ઋષિ-બ્રહ્મા+ ઉત્પન્ન થયા છે, બ્રહ્માની પાછળ આધ્યાત્મિક અને આધિદૈવિક-એમ બે પ્રકારના દેવગણો ઉત્પન્ન થયા છે અને તે પછી બધા અર્વાચીન જીવો ઉત્પન્ન થયા છે. આપ જ્યારે સર્વનો પોતાનામાં લય કરી શયન કરો છો ત્યારે જીવોને કોઇ પણ જ્ઞાનપ્રાપ્તિનું સાધન હોતું નથી. કારણકે તે વખતે સત્-એટલે સ્થૂલ આકાશ વગેરે હોતાં નથી; અસત્-એટલે સૂક્ષ્મ મહત્તત્ત્વ વગેરે હોતાં નથી; સત્ અને અસત્ એ બન્નેથી બનેલું શરીર હોતું નથી; તે બધામાં નિમિત્તભૂત એવું કાળનું વૈષમ્ય હોતું નથી ને એમ હોવાથી તે વેળા ઇન્દ્રિય-પ્રાણ વગેરે પણ કંઇ હોતું નથી અને જ્ઞાન દર્શાવનારું કોઇ શાસ્ત્ર પણ હોતું નથી. તાત્પર્ય કે, દેહાદિ ઉપાધિએ જેઓને આપથી અંતર પાડ્યું છે એવા અને કાળથી મલિન થયેલાં અંતઃકરણવાળા અર્વાચીન સૃષ્ટિના જીવોને આપ ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય હોતું નથી. વેદ પણ કહે છે-'**न तं विदाथ य इमा जजानान्यद्युष्माकमन्तरं बभूव**' તમે એ ભગવાનને જાણતા નથી; કારણ એ ભગવાન અને તમારી વચ્ચે મોટું અંતર પડી ગયું છે.' તેમજ પ્રલયસમયે જો કે બહુ અંતર હોતું નથી તોપણ તે

---

* આજ આશયનો શ્રીધરનો શ્લોકઃ-
चरणस्मरणं प्रेम्णा तव देव सुदुर्लभम् ।
यथाकथंचिन्नृहरे मम भूयादहर्निशम् ॥१०॥
હે નૃસિંહ દેવ ! અત્યંત દુર્લભ એવું આપનું ચરણસ્મરણ કોઇ પણ રીતે નિત્ય પ્રેમથી મને રહ્યા કરો.

÷ આ શ્લોકમાં '**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह**-મન સહિત વાણી જેમને પામ્યા વિનાજ જેમનાથી પાછી વળે છે.' '**को अद्धा वेद क इह प्रवोचत् कुत आजाता कुत इयं विसृष्टिः । अर्वागदेवा अस्य विसर्जनेनाथा को वेद यत आबभूव**'-આ સૃષ્ટિ કોનાથી ઉત્પન્ન થઇ છે ને કોનાથી સ્થિતિ પામી રહી છે, એ પ્રત્યક્ષ કોણ જાણે છે? કોઈ પણ જાણતું નથી. આ સંસારમંડળમાં કોણ પ્રવક્તા હતો? કોઇ પણ નહિ. આ સૃષ્ટિની અપેક્ષાએ બ્રહ્માદિ દેવો પણ અર્વાચીન છે; માટે આ સૃષ્ટિ જેનાથી ઉત્પન્ન થઈ છે તેને કોણ જાણે છે? કોઇ પણ જાણતું નથી.' '**अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन् पूर्वमर्शत् । तद्धावतोऽन्यानत्येति तिष्ठत् तस्मिन्नपो मातरिश्वा दधाति**'-આ આત્મતત્ત્વ એક-અદ્વિતીય છે, સ્વસ્વરૂપથી ચ્યુત ન થનાર અને મનથી પણ અત્યંત વેગવાન છે; તેને દેવો (ઇન્દ્રિયો) પણ પ્રાપ્ત થયેલ નથી. કારણ કે તેઓની પહેલાંજ તે સર્વની અંદર રહેલ છે. વળી સ્થિર એવું આ આત્મતત્ત્વ શીઘ્ર ગતિવાળા સર્વ પદાર્થોને ઓળંગી જાય છે અને આ આત્મતત્ત્વ આશ્રયરૂપ છે તોજ તેના આધારે રહેલો વાયુ જળના પ્રવાહની પેઠે સતત વર્તતી ચેષ્ટાઓને સર્વત્ર ધારણ કરે છે-સર્વને ચેષ્ટાઓ આપે છે. આ શ્રુતિઓ ભગવાનના તત્ત્વને દુર્જ્ઞેય કહી ભક્તિનોજ સ્વીકાર કરી સ્તુતિ કરે છે. —શ્રીધર

\+ વેદ પણ કહે છેઃ-'**यो ब्रह्माणं विदधाति पूर्वम्**'-જે પરમાત્મા પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કરે છે.-શ્રી·

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વખતે પરમાત્માનું જ્ઞાન સંપાદન કરવાનાં કોઇ સાધન હોતાં નથી, તેથી પણ ભગવાનનું જ્ઞાન મેળવવામાં જીવનું સામર્થ્ય નથી; માટે કેવળ આપનું એક શરણ લઇને આપનાં શ્રવણ–કીર્તનાદિરૂપે આપની ભક્તિ કરવી એજ સૌથી સહેલો ઉપાય છે.*૨૪

जनिमसतःसतो मृतिमुतात्मनि ये च भिदां
विपणमृतं स्मरन्त्युपदिशन्ति त आरुपितैः ।
त्रिगुणमयः पुमानिति भिदा यदबोधकृता
त्वयि न ततः परत्र स भवेदवबोधरसे ॥ २५ ॥

× હે પરમેશ્વર ! વૈશેષિક–સપ્તમ પદાર્થવાદી §કણાદ મતના અનુયાયી એવા નવીન +તર્કશાસ્ત્રીઓ કહે છે કે, આ જગત પહેલાં હતુંજ નહિ પણ પછીથી તેની ઉત્પત્તિ થઇ છે; તેમજ પાતંજલ યોગશાસ્ત્રીઓ કહે છે કે, જીવમાં પ્રથમ બ્રહ્મપણું હોતુંજ નથી, પણ યોગના પ્રભાવથી જીવમાં બ્રહ્મપણાની ઉત્પત્તિ થાય છે.‡ વળી નૈયાયિકો કહે છે કે, ×એકવીસ પ્રકારનાં દુઃખનો નાશ એજ મોક્ષ છે; તેમજ સાંખ્યશાસ્ત્રીઓ એક આત્માનો બીજા આત્માને વિષે ભેદ માને છે–અનેક આત્માઓ માને છે અને મીમાંસકો કહે છે કે, કર્મોનાં ફળનો વ્યવહારજ સત્ય છે. (અર્થાત્ મીમાંસક મતમાં આધ્યાત્મિકાદિ ત્રિવિધ દુઃખનો નાશ કરવો એજ પરમ પુરુષાર્થ છે.) આવી રીતે સર્વ શાસ્ત્રોના ઉપદેશકો આરોપિત ભ્રમથીજ ઉપદેશ કરે છે; પણ તત્ત્વદષ્ટિએ ઉપદેશ કરતા નથી.÷ (તેઓનું આ સર્વ કથન, પરમેશ્વર જો ત્રિગુણમય હોય તોજ ઘટી શકે. પરંતુ તેવું તો

---

* આજ અભિપ્રાયનો શ્રીધરનો શ્લોક– **काहं बुद्ध्यादिसंरुद्धः क्व च भूमन् महस्तव । दीनबंधो दयासिन्धो भक्तिं मे नृहरे दिश ॥११॥** હે દીનબંધુ ! હે દયાસિંધુ ! હે નૃસિંહ દેવ ! બુદ્ધિ વગેરેથી ઘેરાયલો હું ક્યાં અને આપનું જ્ઞાન ક્યાં ? મને તો આપ ભક્તિજ આપો. —**શ્રીધર**

× આપનું તત્ત્વજ્ઞાન શાસ્ત્રોથી સંપાદન કરવું, એ કંઇ સહેલું નથી; કારણ કે શાસ્ત્રોના ઉપદેશકોને પણ તેમાં ઘણો ભ્રમ થઈ પડ્યો છે, એ વાત કહે છે.–**શ્રીધર**

§ દ્રવ્ય (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન; આ નવ દ્રવ્ય) ગુણ (ચોવીસ પ્રકારના), કર્મ (પાંચ પ્રકારનાં), સામાન્ય (જાતિ), વિશેષ (પરસ્પર ભેદ બતાવનાર ધર્મ), સમવાય (નિત્ય સંબંધ) અને અભાવ, આ સાત પદાર્થોને સંસારના મૂળરૂપે વૈશેષિક દર્શનના અનુયાયીઓ માને છે. —**भा. क.**

\+ નવીન તાર્કિકો, હરકોઇ કાર્યની ઉત્પત્તિ પહેલાં તેનો પ્રાગભાવ (ઉત્પત્તિ પહેલાં કાર્યનો અભાવ) હોય છે, એમ માની તે કાર્યની ઉત્પત્તિમાં તેના પ્રાગભાવને પણ નિમિત્તકારણ કહે છે. કાર્યની ઉત્પત્તિ થયા પછી પ્રાગભાવનો નાશ થાય છે. (અર્થાત્ અભાવમાંથી ભાવરૂપ જગતની ઉત્પત્તિ કહે છે. અભાવનો કાર્યની ઉત્પત્તિ થયા પછી નાશ માને છે. એટલે આ વચન યુક્તિથી તેમજ **'नासतो विद्यते भावः'**–(**श्री. भ. गी. २–१६**) થી પણ વિરુદ્ધ જણાય છે.) —**શ્રીધર**

‡ પાતંજલ દર્શનના મતમાં જીવનું જીવપણું સત્ય છે, ઔપાધિક નથી. જેવી રીતે ઔષધિ અથવા પારસના યોગથી તામ્ર, લોહ, પારદાદિ ધાતુઓનું રૂપાંતર થઇ સુવર્ણ બની જાય છે, તેવી રીતે જીવને યોગપ્રભાવથી બ્રહ્મભાવની પ્રાપ્તિ થાય છે.

× એકવીસ પ્રકારનાં દુઃખ તે આ છેઃ–પાંચ ઇન્દ્રિયો, છઠ્ઠું મન, તે છએના ૭ વિષયો, ૭ જ્ઞાન, શરીર, સુખ અને દુઃખ. —**भा. क.**

÷ કારણ કે **'सदेव सौम्येदमग्र आसीत्**–હે સૌમ્ય ! આ જગત પહેલાં સતરૂપે એટલે બ્રહ્મરૂપે હતુંજ.' **ब्रह्मैव सन् ब्रह्माप्येति**–જીવ, બ્રહ્મરૂપજ હોઇને બ્રહ્મસ્વરૂપ થાય છે.' **'अनीशया शोचति मुह्यमानः**–માયાથી મોહ પામીને જીવ વ્યર્થ શોક કરે છે.' **'अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितंमन्यमानाः । जंघन्यमानाः परियन्ति मूढा अंधेनैव नीयमाना यथाऽन्धाः ॥**

–અવિદ્યાની વચ્ચે વર્તતા, પોતે બુદ્ધિમાન હોવા છતાં પોતાનેજ પંડિત માનતા એવા મૂઢ પુરુષો, આંધળાથી દોરાતા આંધળાની પેઠે અત્યંત પીડાઇને આ સંસારમાં ભટક્યા કરે છે.' **'एकमेवाद्वितीयं ब्रह्म**–બ્રહ્મ એકજ અને અદ્વિતીય છે.' **एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥**

–સર્વ પ્રાણીઓનો આત્મા એકજ છે; તે એકજ પ્રત્યેક પ્રાણીમાં રહેલો છે. છતાં જળમાં રહેલા ચંદ્રની પેઠે એક છતાં અનેક જણાય છે.'–આ શ્રુતિઓ સાથે પૂર્વમતવાદીઓનો વિરોધ આવે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છેજ નહિ. કેમકે) પુરુષ ત્રિગુણમય છે, આવો આપ વિષે ભેદ માનવો તે તો આપના સ્વરૂપના અજ્ઞાનથીજ ઉત્પન્ન થયો છે. માટે અજ્ઞાનથી પર અને કેવળ જ્ઞાનઘન એવા આપને વિષે અજ્ઞાન તો કદી હોયજ નહિ–સંભવેજ નહિ.+[૨૫]

(કદાચ કોઇ કહે કે, જો અસત્ ઉત્પન્ન થાય નહિ અને પુરુષ ત્રિગુણમય ન હોય તો આ સર્વ પ્રપંચ અને પુરુષ ભિન્ન નથી એમ ઠરે છે, તો પછી તેઓ બન્નેની 'સત્' તરીકે પ્રતીતિ કેમ થાય છે? આના ઉત્તરમાં કહેવાનું કે,)

सदिव मनस्त्रिवृत्त्वयि विभात्यसदामनुजात्
सदभिमृशन्त्यशेषमिदमात्मतयात्मविदः ।
नहि विकृतिं त्यजन्ति कनकस्य तदात्मतया
स्वकृतमनुप्रविष्टमिदमात्मतयाऽवसितम् ॥२६॥

હે પ્રભો! વસ્તુતઃ મનનાજ માત્ર વિલાસ-રૂપ આ સર્વ ત્રિગુણાત્મક જગત અસત્ છે, છતાં સત્ હોય તેવું ભાસે છે; કારણ કે અધિષ્ઠાનરૂપ એવા આપને વિષે એવું ભાસે છે–આપ–અધિષ્ઠાનની સત્તાને લીધેજ સત્ હોય તેવું જણાય છે; કેવળ આ જગતજ સત્ જેવું જણાય છે એમ નથી; પણ પુરુષ–જીવ સુદ્ધાંની એવી પ્રતીતિ થાય છે એટલે જીવાત્માની પણ આપથી ભિન્નસ્વરૂપે પ્રતીતિ થાય છે; તે પણ મનનોજ માત્ર ÷વિલાસ છે. (કદાચ કોઈ કહે કે, આત્મવેત્તાઓને પણ આ જગત સત્ હોય તેવું જણાય છે તો પછી તે અસત્ કેમ હોય? ઉત્તર એ છે કે) આત્મવેત્તા પુરુષો, ભોક્તા તથા ભોગ્યરૂપ એવા આ જગતને કેવળ આત્મારૂપેજ 'સત્' જાણે છે–આત્માનાજ એક કાર્ય તરીકે હોવાથી આત્માથી ભિન્ન માનતા નથી. *જેમ સુવર્ણની ઇચ્છાવાળા પુરુષો, સુવર્ણના વિકાર–કુંડળ વગેરેનો કંઇ ત્યાગ કરી દેતા નથી, કારણ કે તે કુંડળો વગેરે પણ સુવર્ણરૂપજ છે; માટે આત્માએ પોતે રચેલું આ જગત અને તે જગતમાં પ્રવેશ કરી રહેલું પુરુષનું સ્વરૂપ (જીવ) એ સર્વ આત્માજ છે, એમ આત્મવેત્તાઓએ નિશ્ચય કર્યો છે.÷[૨૬]

(કદાચ કોઇ શંકા કરે કે 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म–બ્રહ્મ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ને અનંત છે' 'नेह नानास्ति किंचन' આ જગતમાં (બ્રહ્મના સિવાય) ભિન્ન ભિન્ન એવી કોઈ વસ્તુજ નથી. 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति–

+આ આશયનોજ શ્રીધરનો શ્લોકઃ–'मिथ्यातर्कसुकर्कशेरितमहावादान्धकारान्तरभ्राम्यन्मन्दमतेर मन्दमहिमंस्त्वज्ज्ञानवर्त्मास्फुटम् ॥ श्रीमन्माधव वामन त्रिनयन श्रीशंकर श्रीपते गोविन्देति मुदा वदन् मधुपते मुक्तः कदा स्यामहम् ॥ १२ ॥ હે મહાન મહિમાવાળા ભગવન્! મિથ્યા તર્કોને લીધે અત્યંત કઠોર એવા કરેલા વાદોરૂપી અંધકારની અંદર જેની મંદ મતિ ભમતી હોય છે, તેવા પુરુષને આપનો જ્ઞાનમાર્ગ અસ્ફુટ છે–અપ્રકટ છે; તો હે શ્રીમાન માધવ! હે વામન! હે ત્રિનેત્ર! હે શંકર! હે શ્રીપતિ! હે ગોવિંદ! આ પ્રમાણે હર્ષથી કહેતો હું, હે મધુપતિ! ક્યારે મુક્ત થઇશ? —श्रीधर

÷ અન્ય શ્રુતિઓ પણ આ વસ્તુ કહે છે–'असतोऽधिमनोऽसृजत, मनः प्रजापतिमसृजत, प्रजापतिः प्रजा असृजत, तद्वा इदं मनस्येव परमं प्रतिष्ठितं यदिदं किं च'– નામ, રૂપ અને આકારથી શૂન્ય હોઈ અસત્ જેવા બ્રહ્મથી મૂલ અજ્ઞાનરૂપ મન ઉત્પન્ન થયું એટલે મહત્તત્ત્વ નામની સમષ્ટિ બુદ્ધિ ઉત્પન્ન થઇ–અર્થાત્ અજ્ઞાનજ સમષ્ટિ મનરૂપે ભાસવા લાગ્યું; પછી તેમણે પ્રજાપતિ બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા અને બ્રહ્મદેવે પ્રજાઓને ઉત્પન્ન કરી, માટે આ જે કંઇ દેખાય છે તે બધું મનમાંજ સારી રીતે સ્થિતિ કરી રહ્યું છે–મનને લીધેજ સર્વ ભાસે છે. —श्रीधर

* 'यदुपादानं यत् कार्यं भवति तत् तेनैव रूपेण प्रतीयते, उपादीयते च'–જે ઉપાદાનવાળું જે કાર્ય હોય તે તે રૂપેજ જણાય છે અને તેનો સ્વીકાર પણ તે રૂપેજ થાય છે' એ લોકાચાર દર્શાવે છે. —श्रीधर

÷ આજ અભિપ્રાય–यत्सत्त्वतः सदा भाति जगदेतदसत् स्वतः। सदाभासमसत्यस्मिन् भगवन्तं भजाम तम् ॥ આ જગત પોતે અસત્ છે છતાં તેમના સત્પણાથી સદા ભાસે છે. આ જગત જે અધિષ્ઠાનની સત્તાથી (સત્ય જેવું) જણાય છે અને અસત્ એવા આ જગતમાં સદાભાસ છે તે ભગવાનનું અમે ભજન કરીએ છીએ. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે મનુષ્ય આ જગતમાં (બ્રહ્મ વિના) સર્વને ભિન્ન જુએ છે, તે મૃત્યુ પછીથી મૃત્યુને પામે છે–જન્મમરણરૂપ સંસારને પામ્યા કરે છે.' વગેરે શ્રુતિઓ એવા સ્વરૂપવાળા ભગવાનનું પ્રતિપાદન કરે છે તેથી ભગવાનનું જ્ઞાન સહેલુંજ થાય છે તો પછી ભક્તિની શી જરૂર છે? આના સમાધાનમાં કહેવાનું કે,)

तव परि ये चरन्त्यखिलसत्त्वनिकेततया
त उत पदाक्रमन्त्यविगणय्य शिरो निर्ऋतेः ।
परिवयसे पशूनिव गिरा विबुधानपि तां–
स्त्वयि कृतसौहृदाः खलु पुनन्ति न ये विमुखाः ॥

હે ભગવન્! જે મનુષ્યો, સર્વ પ્રાણીઓ જેમનું નિવાસસ્થાન છે એવા આપને જાણીને આપની સેવા–ભક્તિ કરે છે, તેઓજ મૃત્યુરૂપ આ સંસારનો તિરસ્કાર કરી મૃત્યુના મસ્તકને પગથી દબાવી દે છે–મૃત્યુરૂપ સંસારને તરી જઇને મોક્ષ પામે છે; પરંતુ જેઓ વિમુખ છે–આપની ભક્તિ કરતા નથી તેઓને તો ભલે પછી તેઓ પંડિત હોય તોપણ આપ વેદરૂપ વાણીથી પશુઓની પેઠે બાંધી લો છો.* (અર્થાત્ ભક્તિ નહિ કરનારા વિદ્વાન હોય તોપણ સંસારને તરી શકતા નથી.) કારણ કે જેઓ આપને વિષે પ્રેમભક્તિ કરે છે તેઓજ પોતાને તથા બીજાઓને પવિત્ર કરી શકે છે.૨૭×

(કદાચ કોઈ શંકા કરે કે, સમગ્ર પ્રાણીઓ ભગવાનનાં નિવાસસ્થળ છે, એમ માનીને ભગવાનની તમે સેવા કરવાનું કહો છો, ત્યારે પછી ભગવાનને પણ ઇન્દ્રિયોનો સંબંધ થવાથી તેમનામાં કર્તાપણું ને ભોક્તાપણું પ્રાપ્ત થાય છે; અને તમે કહેશો કે વસ્તુતઃ ભગવાનમાં કર્તાપણું કે ભોક્તાપણું છેજ નહિ; ત્યારે જીવોને પણ ભગવાનની સમાનતા પ્રાપ્ત થાય છે; તો પછી કયા વિશેષ ઉત્કર્ષ વડે તમે ઈશ્વરને સેવ્ય કહો છો અને જીવોને સેવક કહો છો? આ શંકાનું સમાધાન કરતી શ્રુતિઓ+ સ્તુતિ કરે છે–)

---

* શ્રુતિ પણ કહે છેઃ–
'तस्य वाक् तन्तिर्नामानि दामानि । तस्येदं वाचा तन्त्या नामभिर्दामभिः सर्वं सितम्' ॥
પરમેશ્વરની વેદરૂપ વાણી તે એક મોટી દોરી છે અને 'બ્રાહ્મણ' વગેરે નામો તે દામણ છે. જેમ મોટી દોરીમાં દામણથી બળદોને બાંધી લેવામાં આવે છે, તેમ ઈશ્વરની વિધિ–નિષેધરૂપ વેદવાણીરૂપી મોટી દોરીમાં દામણ જેવાં નામોથી આ સર્વ જગત બંધાયું છે. —**શ્રીધર**

× આ શ્લોકમાં કહેવાનો અભિપ્રાય એ છે કે, શ્રુતિઓ આત્માનું પ્રતિપાદન કરે છે. તેમાં વસ્તુ બ્રહ્મચૈતન્ય અપરોક્ષ–પ્રત્યક્ષ હોવાથી અપરોક્ષજ જ્ઞાન ઉત્પન્ન થાય છે, એ વાત સાચી છે; પરંતુ અસંભાવના (આ સંસાર તેમજ હું બ્રહ્મરૂપ છું કે નહિ એવો સંશય) તથા વિપરીત ભાવના (સંસાર સત્ય છે, તેમજ હું તુચ્છ જીવ છું, એવી ઊલટી માન્યતા)થી તિરસ્કૃત હોઇને મલિન ચિત્તવાળાં મનુષ્યોમાં તે જ્ઞાન પરોક્ષ જેવું થઇ પડે છે અને તેથી અપરોક્ષ સંસારભ્રમની નિવૃત્તિ કરવા સમર્થ થતું નથી; પરંતુ ભગવાનની ભક્તિથી જેઓનાં ચિત્ત સારી રીતે નિર્મળ થયેલાં હોય છે તેવા પુરુષોને તો ભગવાનની કૃપાથીજ અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે; અને વિના પ્રયત્નેજ મોક્ષ હાથ લાગે છે. આજ વસ્તુ શ્રુતિઓ કહે છેઃ–'**देहान्ते देवः परं ब्रह्म तारकं व्याचष्टे**' (**नृ. पू. १–७**) ભક્તપુરુષને ભગવાન પોતે મરણ સમયે તારકબ્રહ્મનો ઉપદેશ કરે છે. '**यमैवैष वृणुते तेन लभ्यः**'–આ પરમાત્મા જેના પર અનુગ્રહ કરે છે તેજ તેને પામી શકે છે'–'**यस्य देवे परा भक्तिः**'–જેને પરમેશ્વર તથા સદ્ગુરુ ઉપર પરમ ભક્તિ છે, તે ઉત્તમ અધિકારીનેજ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ અન્વય છે તથા ભક્તહીન અનધિકારીને ગુરુએ કહેલી વિદ્યા પણ ફલદાયક નથી, આવી વ્યતિરેક સિદ્ધિ પણ સ્પષ્ટ થાય છે–વગેરે '**तपन्तु तापैः प्रपतंतु पर्वतादटन्तु तीर्थानि पठन्तु चागमान् । यजन्तु योगैर्विवदन्तु वादैर्हरिं विना नैवमृतिं तरन्ति ॥**' તપશ્ચર્યાઓથી ભલે તપ્યા કરો, પર્વતો ઉપરથી ભલે કૂદી પડો, તીર્થોમાં ભલે ભટક્યા કરો, વેદોને ભલે ભણ્યા કરો, યજ્ઞોથી ભલેને યજ્યા કરો, તેમજ વાદો વડે ભલે વિવાદ કર્યાજ કરો; પણ શ્રીહરિભજન વિના સંસારને કોઇ તરી શકતા નથી. —**શ્રીધર**

+ '**अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः । स वेत्ति वेद्यं न च तस्य वेत्ता तमाहुरग्र्यं पुरुषं पुराणम् ॥**'–જેને હાથ નથી છતાં સર્વ કંઇ લઇ શકે છે, જેને પગ નથી છતાં વેગવાન છે, જેને નેત્ર નથી છતાં સર્વ જોઇ શકે છે, જેને કાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

त्वमकरणः स्वराडखिलकारकशक्तिधर-
स्तव बलिमुद्वहन्ति समदन्त्यजयाऽनिमिषाः ।
वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो
विदधति यत्र ये त्वधिकृता भवतश्चकिताः ॥२८

હે ભગવન્! આપ ઇન્દ્રિયોના સંબંધથી રહિત છો છતાં સર્વ પ્રાણીઓની ઇન્દ્રિય શક્તિઓના પ્રવર્તક છો. કારણ કે આપ સ્વતઃપ્રકાશો છો–આપ સ્વતઃસિદ્ધ જ્ઞાનશક્તિવાળા છો, તેથી આપને ઇન્દ્રિયોની કંઇ જરૂર નથી. આવા હેતુથીજ જેમ ચાકરો પોતપોતાની સ્ત્રીઓ સાથે પોતાના સ્વામીની સેવા કરે છે, તેમ અવિદ્યાથી વીંટાયલા ઇન્દ્રિયાદિ દેવો અને તેઓના પણ પૂજ્ય બ્રહ્માદિ દેવો આપને બલિ અર્પણ કરે છે–અર્થાત્ આપને પૂજે છે; અને મનુષ્યોએ અર્પણ કરેલાં હવ્ય–કવ્ય આદિ બલિદાનો પોતે ખાય છે. દૃષ્ટાંત તરીકે જેમ કોઇ ખંડિયા અથવા માંડલિક રાજાઓ પોતે પોતાની પ્રજાઓ પાસેથી કર–વેરા લઇને સમગ્ર ભૂમંડળના સ્વામી કોઇ ચક્રવર્તી રાજાને ખંડણીઓ ભરે છે, તેમ આપથી ભય પામેલા બ્રહ્માદિ દેવો જે કર્મમાં પોતે નિમાયલા છે તે કર્મ કર્યા કરતા આપની પૂજા કરે છે–આપની આજ્ઞાને પાળ્યા કરે છે.†૨૮

(એ પ્રમાણે ઇન્દ્રિયપ્રવર્તક ઈશ્વરને ઇન્દ્રિય-પરતંત્ર જીવો ભજે છે, એમ કહ્યું; હવે સર્વ જીવો તે પરમેશ્વરથી ઉત્પન્ન થયેલા હોવાથી પણ એ પરમેશ્વરને અધીન છે, એ વાત 'यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि सर्व एत आत्मानो व्युच्चरन्ति' જેમ એકરૂપ અને અદ્વિતીય એવા અગ્નિથી નાના તણખાઓ નીકળે છે, તેમ આ પરમાત્માથી સર્વ પ્રાણો, લોકો સર્વ દેવો, સર્વ ભૂતો અને સર્વ જીવો ઉત્પન્ન થાય છે' ઇત્યાદિ શ્રુતિઓ અહીં સ્તુતિ કરે છે.)

स्थिरचरजातयः स्युरजयोत्थनिमित्तयुजो
विहर उदीक्षया यदि परस्य विमुक्त ततः ।
न हि परमस्य कश्चिदपरो न परश्च भवेद्
वियत इवाऽपदस्य तव शून्यतुलां दधतः ॥ २९॥

હે નિત્યમુક્ત પરમાત્મન્! માયાથી પર, માયાના સંગરહિત એવા આપની કેવળ લેશદૃષ્ટિપાતમાત્રથી માયા સાથે ક્રીડા હોય છે, ત્યારે સ્થાવર–જંગમ જાતિથી યુક્ત શરીરવાળા જીવો ઉત્પન્ન થાય છે. (કદાચ આપ કહેશો કે, મારામાં લીન થયેલા જીવોનો જન્મ કેવી રીતે થાય છે? તેના ઉત્તરમાં કહેવાનું કે,) કેવળ આપના દૃષ્ટિપાતમાત્રથીજ ઉત્પન્ન થયેલાં કર્મો અથવા તે કર્મોથી યુક્ત લિંગશરીરો સાથે તે જીવો સંબંધ પામે છે. (કદાચ આપ કહો કે કર્મો કે કર્મોયુક્ત લિંગશરીરોની ઉત્પત્તિની શી જરૂર છે? કેવળ મારી ઇચ્છાથીજ તે જીવો ઉત્પન્ન થતા હશે; નહિ, આપ વિષે વિષમતાનો અભાવ છે, તેથી એવી વિષમ સૃષ્ટિનો યોગ કદી હોઈ શકે નહિ; એ વાત કહે છે–) આપ સર્વોત્કૃષ્ટ છો–પરમ દયાળુ છો, તેથી આકાશની પેઠે સર્વત્ર સમાન ભાવે વર્તનારા છો; માટે આપને કોઈ પોતાનો કે પારકો છેજ નહિ.÷ વળી આપ શૂન્યની સમાનતા

નથી છતાં સર્વ સાંભળી શકે છે; જે જાણવા યોગ્ય બધું જાણે છે અને જેને જાણનાર કોઇ છે નહિ તે સર્વશ્રેષ્ઠ પુરાણપુરુષ પરમાત્મા છે, એમ વિદ્વાનો કહે છે.–શ્રી.

† શ્રુતિ પણ કહે છેઃ–'भीषास्माद् वातः पवते, भीषोदेति सूर्यः भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः'–આ પરમાત્માના ભયથી વાયુ વાય છે, સૂર્ય ઊગે છે, અગ્નિ બળે છે, ઇન્દ્ર પોતાનું કામ કર્યા કરે છે અને પાંચમો મૃત્યુ દોડાદોડ કર્યા કરે છે.' આ આશયનો શ્રીધરનો શ્લોકઃ—

अनिन्द्रियोऽपि यो देवः सर्वकारकशक्तिधृक् ।
सर्वज्ञः सर्वकर्ता च सर्वसेव्यं नमामि तम् ॥

જે દેવ ઇન્દ્રિયરહિત છે, છતાં સર્વના ઇન્દ્રિયપ્રવર્તક છે, સર્વજ્ઞ છે અને સર્વના કર્તા છે તે સર્વને સેવવા યોગ્ય ભગવાનને હું નમસ્કાર કરું છું.

÷'असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत'–પહેલાં શૂન્યજ હતું; અને પછી તે શૂન્યથીજ જગત ઉત્પન્ન થયું છે–આવો પૂર્વપક્ષ કરી સિદ્ધાંત કહે છે કે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(અતિસૂક્ષ્મ સ્વરૂપ) ધારણ કરો છો, કારણ કે આપ વાણી તથા મનના અવિષય છો.*[૨૯]

(એ પ્રમાણે પરમાત્માથી અવિદ્યાકૃત કાર્યોપાધિવાળા અને તે પરમાત્માના અંશરૂપેજ જીવો ઉત્પન્ન થયા છે અને તેઓ સંસારને પામ્યા કરતા હોઇને આપનું ભજન કરે છે, એમ કહ્યું; તેમાં જો એકજ અવિદ્યા માનીએ તો જીવનું પણ એકપણું થાય છે; તેથી એકની મુક્તિ થતાં સર્વ જીવોની મુક્તિ થવાનો પ્રસંગ આવી પડે છે; એક અવિદ્યાનો નાશ કરવા છતાં પણ બીજી અનેક અવિદ્યા રહી જવાથી જીવોનો પ્રતિબંધ દૂર થશે નહિ, જેથી મોક્ષ પણ મળી શકશે નહિ ઇત્યાદિ તર્કબળથી વાસ્તવિક રીતેજ જીવ અનેક છે, એમ માનવું પડશે. બીજું, જીવ જો અણુરૂપ છે એમ માનીએ તો દેહવ્યાપી (આખા શરીરના અણુ અણુમાં વ્યાપકચૈતન્ય) છે, એવો અનુભવ થવો ન જોઇએ; તથા જો જીવ શરીર જેવડો (નાના શરીરમાં નાનો અને મોટા શરીરમાં મોટો) છે એમ માનીએ, તો મધ્યમ પરિમાણ અને અવયવવાળો થવાને લીધે અનિત્યપણાને પ્રાપ્ત થાય. આવી રીતે જીવને એક, અણુ પરિમાણ અથવા મધ્યમ પરિમાણવાળા માનવા જતાં દોષ ઉત્પન્ન થાય છે; માટે જીવ અનેક, સર્વવ્યાપી અને નિત્ય છે, એમ કેટલાક (ન્યાયવૈશેષિક મતવાળા) માને છે.

તેમાં (વેદાંતસિદ્ધાંતમાં) ઉપર જણાવેલો એક પણ દોષ આવતો નથી. કેમકે (બિંબ–પ્રતિબિંબવાદની રીત મુજબ) અવિદ્યાભેદ અથવા અવિદ્યાની શક્તિભેદથી (અંશભેદથી) બદ્ધ અને મુક્ત જીવોની વ્યવસ્થા સંભવે છે. જેમ અનેક ઘડાઓમાંથી એક ઘડો ફૂટી જાય તેથી એક ઘટાકાશ મહાકાશરૂપે થયું, પણ બધાં ઘટાકાશો મહાકાશરૂપ થતાં નથી) અને ઈશ્વરને તો કોઈ પણ અંશે સંસારની શંકા પ્રાપ્ત થતીજ નથી, એમ પહેલાં કહેવાઇ ગયું છે; સર્વ શ્રુતિઓમાં પણ આત્માની એકતા પ્રસિદ્ધ છે; વળી આ મતને (સર્વવ્યાપક અનેક જીવોને) બૃહદારણ્ય ઉપનિષદમાંનું અંતર્યામી બ્રાહ્મણ (ત્રીજા અધ્યાયનું સાતમું બ્રાહ્મણ) પણ સહન કરતું નથી, એ વાત અહીં કહે છેઃ–

अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगतास्तर्हि न शास्यतेति नियमो ध्रुव नेतरथा। अजनि च यन्मयं तदविमुच्य नियन्तृ भवेत् सममनुजानतां यदमतं मतदुष्टतया ॥३०॥

હે અવિનાશી ભગવન્! વાસ્તવિક રીતેજ જીવો અનંત, અવિનાશી, તે સ્વરૂપેજ નિત્ય અને સર્વવ્યાપી હોય તો તેઓમાં અને આપમાં સમાનપણું પ્રાપ્ત થતાં તે જીવોમાં શાસ્યપણું (એટલે નિયમમાં રહેવાયોગ્યપણું) ઘટે નહિ; અને તેને લીધે આપથી તેઓનું નિયમન (એટલે નિયમમાં રાખવું) પણ થઇ શકે નહિ. માટે જો એમ ન માનીએ તોજ જીવમાં શાસ્યપણું અને આપનામાં શાસકપણું ઘટી શકે છે. તે કેવી રીતે? તો, જે વસ્તુ ઉપાધિને લીધે જે પદાર્થના વિકારરૂપે ઉત્પન્ન થયેલી હોય તે પદાર્થ તે વસ્તુનો નિયામક હોવોજ જોઇએ. કારણકે તે (કાર્યરૂપ) વસ્તુમાં (કારણપણે) અનુસ્યૂત થયેલો તે પદાર્થ કારણપણાથી તેને છોડેજ નહિ. (કદાચ કોઇ કહે કે 'જે' અને 'તે' શબ્દોથી તમે શું જાણ્યું છે? જો જાણ્યું હોય તો કહો. તેના ઉત્તરમાં કહેવાનું કે,) 'અમે જાણીએ છીએ' એમ કહેનારા-

---

સૃષ્ટિની પહેલાં આ જગત અસત્ હતું–એટલે નામરૂપાદિથી રહિત હોઇને અસત્ જેવા અતિસૂક્ષ્મસ્વરૂપ બ્રહ્મરૂપેજ હતું; પછી તે બ્રહ્મથી સતરૂપ–એટલે નામરૂપાદિવાળું આ જગત ઉત્પન્ન થયું" આ શ્રુતિથી પહેલાં શૂન્ય હોય એવું જણાય છે.તેથી અહીં વિશેષણ આપે છે.–શ્રીધર

* આજ આશયનો શ્રીધરનો શ્લોકઃ–

त्वदीक्षणवशक्षोभमायाबोधितकर्मभिः ।
जातान् संसरतः खिन्नान् नृहरे पाहि नः पितः ॥

હે નૃસિંહ પિતા! આપના દર્શનમાત્રથી ક્ષોભ પામેલી માયાએ જાગ્રત કરેલાં કર્મોથી ઉત્પન્ન થયેલા અને સંસારને પામ્યા કરતા અમારું આપ રક્ષણ કરો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એને તો તે પરબ્રહ્મ લગભગ જણાયાજ નથી; (કારણકે તે જ્ઞાનના વિષય નથી.÷) જાણેલી સર્વ વસ્તુ તો દોષથી દુષ્ટજ છે.§ (અર્થાત્ 'જ' અને 'ત' એ બે શબ્દથીજ કહી શકાય એવી જે પરમાત્મારૂપ વસ્તુ છે તે અતર્ક્ય છે, સર્વમાં કારણપણે અનુસ્યૂત છે, સર્વત્ર સમાનપણે વિદ્યમાન છે અને તેજ સર્વના નિયંતારુપે છે.‡)[30]

(જો પરમાત્માથી જીવો ઉત્પન્ન થાય છે અને પરમાત્માને નિયંતા તથા જીવોને નિયમ્ય કહો છો, તો પછી જીવોને અનિત્યપણું પ્રાપ્ત થાય છે; એવી રીતે જીવનો વિનાશ માનવાથી કરેલાં શુભાશુભ કર્મોનાં ફળોનો વિનાશરૂપ કૃત-નાશ દોષ અને નવા નવા જીવની ઉત્પત્તિ માનવાથી પૂર્વજન્મોનાં શુભાશુભ કર્મ વિના સુખદુઃખની પ્રાપ્તિ થવારૂપ અકૃતાભ્યાગમ દોષ-ની પ્રાપ્તિ થાય છે. વળી તેનો મોક્ષ અર્થાત્ તેના સ્વરૂપની હાનિજ–સિદ્ધ થાય છે; અને તે કંઇ યુક્ત નથી. કારણકે સ્વપ્રકાશ અને આનંદસ્વરૂપ એવા આત્માને અવિદ્યાએ કરેલા અનર્થની માત્ર નિવૃત્તિ થવી એજ મોક્ષ છે, એમ સિદ્ધાંત તરીકે સ્વીકારવામાં આવ્યું છે; આવી કોઇ શંકા કરે તો તેના સમાધાનમાં 'ઉપાધિના જન્મથીજ જીવોનો જન્મ કહેવાય છે, નહિ કે સ્વતઃ જીવોનો જન્મ થાય છે' એ આશયથી (આ શ્લોકમાં) કહે છે. તેમાં પ્રથમ શંકા કરે છે કે, પ્રકૃતિની જીવરૂપે ઉત્પત્તિ થાય છે? અથવા પુરુષની જીવરૂપે ઉત્પત્તિ થાય છે કે પ્રકૃતિ તથા પુરુષ–બન્નેની જીવરૂપે ઉત્પત્તિ થાય છે? જો પહેલો પક્ષ સ્વીકારી કહેશો કે, પ્રકૃતિની જીવરૂપે ઉત્પત્તિ થાય છે તો જીવોને જડપણું પ્રાપ્ત થાય છે. (કેમકે પ્રકૃતિ જડ છે.) બીજો પક્ષ સ્વીકારી કહેશો કે, પુરુષની જીવરૂપે ઉત્પત્તિ થાય છે તો પુરુષમાં વિકારીપણું પ્રાપ્ત થાય છે. (અને સિદ્ધાંત તો એ છે કે, પુરુષ નિર્વિકાર છે.) એટલા માટે ત્રીજો પક્ષ પણ ઘટતો નથી, એમ શ્રુતિઓ કહે છે—

न घटत उद्भवः प्रकृतिपूरुषयोरजयो-
रुभययुजा भवन्त्यसुभृतो जलबुद्बुदवत् ।
त्वयि त इमे ततो विविधनामगुणैः परमे
सरित इवार्णवे मधुनि लिल्युरशेषरसाः ॥२१॥

પ્રકૃતિ તથા પુરુષ બન્ને અજન્મા÷ છે; માટે

÷ શ્રુતિ પણ કહે છેઃ–
यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः।
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ॥
જે બ્રહ્મજ્ઞાનીને 'બ્રહ્મ ન જાણી શકાય એવો છે' આવો નિશ્ચય છે તેણેજ બ્રહ્મને જાણેલ છે. અને જેને 'મેં બ્રહ્મ જાણ્યા છે' આવો નિશ્ચય થયો છે તે બ્રહ્મને જાણતો નથી. કારણકે બ્રહ્મને જાણનારાઓનો એ સિદ્ધાંત છે કે, બ્રહ્મ જ્ઞાનના અવિષય છે; અને બ્રહ્મને નહિ જાણનારાનો એવો મત હોય છે કે, બ્રહ્મ જ્ઞાનના વિષય છે.શ્રી

વળી '**अवचनेनैव प्रोवाच' सह तूष्णीं बभूव ह** વક્તાએ કંઇ પણ નહિ બોલીનેજ જણાવી દીધું કે, બ્રહ્મ, વાણી તથા મનના અવિષય છે; ત્યારે શ્રોતાએ તેજ લક્ષણથી જાણી લીધું કે, બ્રહ્મ, સર્વ પ્રમાણના અવિષય છે; અને તેથીજ તે મૌન રહ્યો–તેણે કંઇ પણ પ્રશ્ન વગેરે ન કર્યો. —**श्रीधर**

§ શ્રુતિ કહે છેઃ–'**यदि मन्यसे सुवेदेति दह्रमेवापि नूनं त्वं वेत्थ ब्रह्मणो रूपं यदस्य त्वं यदस्य च देवेषु**–જો તું માને છે કે 'હું સારી રીતે બ્રહ્મને જાણું છું' તો તું બ્રહ્મસ્વરૂપને અલ્પજ જાણે છે; કેમકે આ બ્રહ્મનું દેવોમાં જે અધિદૈવતરૂપ છે તે તો તું અલ્પજ જાણે છે. —**श्रीधर**

‡ આજ આશયઃ–**अन्तर्यन्ता सर्वलोकस्य गीतः श्रुत्या युक्त्या चैवमेवावसेयः। यः सर्वज्ञः सर्वशक्तिर्नृसिंहः श्रीमन्तं तं चेतसैवावलंबे ॥१९॥** જે સર્વ લોકના નિયામક છે, એમ શ્રુતિએ તથા યુક્તિએ ગાયા છે અને એ રીતેજ જે જાણવા યોગ્ય છે, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે તે શ્રીમાન નૃસિંહનો હું ચિત્તથીજ આશ્રય કરું છું. —**श्रीधर**

÷ અન્ય સ્થળે પણ શ્રુતિ કહે છેઃ–'**अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीं प्रजां जनयन्तीं सरूपाम् । अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः**–મૂલ પ્રકૃતિ અજન્મા છે; રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણરૂપ છે; ત્રિગુણાત્મક છે; અનેક પ્રજાઓને ઉત્પન્ન કરી રહી છે; શબ્દાદિવિષયરૂપે થયેલી તે પ્રકૃતિને એક અજન્મા–જીવ સેવી રહ્યો છે, જેથી નિરંતર મોહ પામે છે; ત્યારે બીજો અજન્મા પરમાત્મા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બન્નેની (જીવરૂપે) ઉત્પત્તિ ઘટતી નથી; પણ તે બન્ને પ્રકૃતિ તથા પુરુષનો યોગ થાય છે, એટલે પરસ્પર અધ્યાસ થાય છે; (આત્માનો સત્યસ્ફૂર્તિરૂપે પ્રકૃતિમાં (અંતઃકરણ અને શરીરમાં) સંસર્ગ અધ્યાસ છે અને પ્રકૃતિનો આત્મામાં સ્વરૂપ અધ્યાસ છે. આવી રીતે પરસ્પરનો અધ્યાસ થવાથી જીવને હું શરીર છું, કાણો છું, આંધળો છું, સુખી છું, દુઃખી છું, બ્રાહ્મણ છું વગેરે શરીર, ઇન્દ્રિય અને મનનો આત્મામાં આરોપ કરી આત્માને જન્મ લેનારો અને મરનારો માની લે છે; આ સ્વરૂપ અધ્યાસ છે તથા આત્માના સત્ આનંદાદિ સ્વરૂપને પ્રકૃતિના ધર્મરૂપે માની લે છે–આ સંબંધ અધ્યાસ છે). તેથી પ્રાણાદિની ઉપાધિવાળા જીવો ઉત્પન્ન થાય છે. જેમ દષ્ટાંતતરીકે કેવળ જળથી અથવા વાયુથી પરપોટા ઉત્પન્ન થતા નથી, પણ જળ અને વાયુ બન્નેના મળવાથીજ પાણીના પરપોટા ઉત્પન્ન થાય છે તેમ; (પરપોટાની ઉત્પત્તિમાં જેમ વાયુ નિમિત્તકારણ છે અને જળ ઉપાદાનકારણ છે, તેમ આ જીવોની ઉત્પત્તિમાં પણ પ્રકૃતિ નિમિત્તકારણ છે અને પુરુષ+ ઉપાદાનકારણ છે.‡ આ ઉપરથી એમ ન કહેવું કે, ત્યારે તો પુરુષમાં વિકારીપણું આવી જાય છે; કારણ કે પરિણામ અમે સ્વીકારતા નથી.* કેટલાક વિદ્વાનો પરિણામ સ્વીકારીને પુરુષમાં વિકારીપણાના ભયથી નિમિત્તકારણ અને ઉપાદાનકારણને વિપરીત સ્વીકારે છે. ગમે તેમ માનો; પણ પુરુષ તથા પ્રકૃતિ એ બન્નેની એકતાથીજ જીવોની ઉત્પત્તિ થાય છે, એ વાત સિદ્ધજ છે. આ રીતે§ **'एकमेवाद्वितीयंब्रह्म'** **'अजामेकाम्'** **'अविनाशी वाऽरेऽयमात्मा'** ઇત્યાદિ શ્રુતિઓના બળથી જીવોની ઉત્પત્તિ કેવળ ઔપાધિકીજ માનેલી છે, પણ વસ્તુતઃ નથી એમ અહીં કહ્યું છે. હવે ઉપાધિનો લય થતાં ફરી જીવોનો પરમાત્મામાં લય થાય છે, એમ પણ શ્રુતિઓમાં કહેલું છે, તેથી પણ જીવોનો જન્મ વાસ્તવિક નથી એ કહે છે–) એ રીતે જીવોનો વાસ્તવિક જન્મ નથી તેથીજ તે જીવો સુષુપ્તિ વેળા અને પ્રલયવેળા અનેક પ્રકારની કાર્યોપાધિ સાથે ફરી

જીવે જેનો ભોગ કર્યો છે એવી તે પ્રકૃતિનો ત્યાગ કરે છે–તે પ્રકૃતિમાં પરમાત્મા આસક્ત થતા નથી. —શ્રીધર

+ પુરુષ ઉપાદાનકારણ છે એમાં આ શ્રુતિઓ પ્રમાણ છે–**तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः**–તે આ (તૈત્તિરીય શ્રુતિએ વર્ણન કરેલા સચ્ચિદાનંદ સ્વરૂપ) આત્માથી આકાશાદિ સૃષ્ટિ ઉત્પન્ન થઈ.' **'सोऽकामयत बहु स्यां प्रजायेय'**– તે પરમાત્માએ ઇચ્છા કરી કે, 'હું અનેકરૂપે ઉત્પન્ન થાઉં.' **'यथाऽग्नेः। क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति'**–જેમ અગ્નિથી નાના તણખાઓ ઉત્પન્ન થાય છે, તેમ આ પરમાત્માથી સર્વ પ્રાણો, સર્વ લોકો, સર્વ દેવો, સર્વ ભૂતો અને સર્વ જીવાત્માઓ ઉત્પન્ન થાય છે.' ઇત્યાદિ શ્રુતિઓ–ચેતન–અચેતન સર્વ પ્રપંચમાં પરમાત્માને ઉપાદાનકારણ તરીકે વર્ણવે છે. —શ્રીધર

‡ આ શ્લોકની ટીકામાં શ્રીધરસ્વામીએ પ્રકૃતિને નિમિત્તકારણ અને પુરુષને વિવર્ત ઉપાદાનકારણ કહેલ છે. પણ આજ ગ્રંથમાં **'निमित्तमात्रं तत्रासीन्निर्गुणः पुरुषर्षभः।'** (૪–૧૧–૧૭) **'गुणव्यक्तिरियं देवी व्यंजको गुणभुग्भवान्।'** (૬–૧૯–૧૩); **'प्रकृतिर्ह्यस्योपादनमाधारः पुरुषः परः।'** (૧૧–૨૪–૧૯); **गुणस्य मायामूलत्वात्'** (૧૧–૧૧–૧) આ શ્લોકોમાં તથા બીજા સેંકડો શ્લોકોમાં પ્રકૃતિને ઉપાદાન તથા પુરુષને નિમિત્તકારણ કહેલ છે. જેથી ઉપર ઉપરથી જોતાં એ બંનેની વચ્ચે વિરોધ આવે છે. તોપણ ખરી રીતે વિરોધ થતો નથી; કારણ કે સૃષ્ટિને મિથ્યા માની છે, સત્ય કહી નથી. મિથ્યા સૃષ્ટિના વિવર્ત નિમિત્તોપાદાનમાં ચાહે પુરુષ અથવા પ્રકૃતિમાંથી કોઇને પણ નિમિત્ત અથવા ઉપાદાન કહે; એમાં મૂલ સિદ્ધાંતમાં બાધા પહોંચતી નથી.

* અર્થાત્ પરિણામવાદ નહિ માનીને અમે વિવર્તવાદનો સિદ્ધાંત સ્વીકારીએ છીએ. જેમ દોરડીમાં ભ્રાંતિથી સર્પ દેખાય છે તે દોરડીનું પરિણામ નથી પણ વિવર્ત છે, તેમ આત્મામાં સૃષ્ટિ વગેરે જે કંઇ દેખાય છે તે આત્માનું પરિણામ નથી પણ વિવર્ત છે. —भा. क.

§ આ ત્રણે શ્રુતિઓનો અર્થ આગળ આપવામાં આવ્યો છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri.

સર્વના કારણરૂપ એવા આપવિષે લય પામે છે. જેમ મધમાં સમગ્ર પુષ્પોના રસો મળી જાય છે—એટલે સર્વ પુષ્પોના રસો વિશેષ સ્વરૂપે જણાતા નથી, તોપણ સામાન્યપણે જણાય છે તેમ સુષુપ્તિ વગેરેમાં માત્ર વિશેષનોજ લય થતો હોવાથી કારણ (અજ્ઞાન) નું તો અસ્તિત્વ હોયજ છે તેથી (તે જીવો) સામાન્યરૂપે રહે છે; પણ મુક્તિ અવસ્થામાં તો કારણનો પણ લય થઇ જાય છે તેથી નદીઓ જેમ સમુદ્રમાં લય પામે છે, તેમ જીવો પરમ-નિરુપાધિ એવા આપને વિષે લય પામે છે—નામરૂપથી પણ અત્યંત રહિત થઇ જાય છે.+ ૩૧

(એ પ્રમાણે પરમેશ્વરથી જીવો ઉત્પન્ન થાય છે અને પરમેશ્વરને વશ રહી કર્મો કરતા ફરી તે પરમેશ્વરમાંજ લય પામે છે, એમ સંસારચક્રમાં પરિભ્રમણ દર્શાવ્યું. હવે એ સંસારભ્રમણની નિવૃત્તિને માટે ‘परीत्य भूतानि परीत्य लोकान् परीत्य सर्वाःप्रदिशो दिशश्च । उपस्थाय प्रथमजामृतस्यात्मनात्मानमभिसंविवेश ॥—સર્વ પ્રાણીઓમાં આત્મા એકજ છે એમ જાણીને, સ્વર્ગાદિ લોકો કર્મથી સંપાદન થતા હોઇને અનિત્ય છે એમ માનીને વેદવાણીનું સેવન કરી કોઇ મુમુક્ષુ પુરુષ, મનથી પરમેશ્વરના સ્વરૂપમાં લીન થયો’ ઇત્યાદિ શ્રુતિઓ ભગવાનનું ભજન કહેતી સ્તુતિ કરે છેઃ)—

नृषु तव मायया भ्रमममीष्ववगत्य भृशं
त्वयि सुधियोऽभवे दधति भावमनुप्रभवम् ।
कथमनुवर्ततां भवभयं तव यद् भ्रुकुटिः
सृजति मुहुस्त्रिणेमिरभवच्छरणेषु भयम् ॥३२॥

આ જીવોમાં, આપની માયાને લીધે વારંવાર ઉત્પત્તિવાળું પરિભ્રમણ થયા કરે છે; એમ જાણીને ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો સંસારનો અત્યંત નાશ કરનારા એવા આપને વિષે ભાવ ધારણ કરે છે—એટલે આપનું ભજન કર્યા કરે છે. કારણ કે આપનું ભજન કરનારા પુરુષોને સંસારનો ભય કેમ હોઇ શકે ! નજ હોય. વળી શિયાળો, ઉનાળો અને ચોમાસું, એ ત્રણ જેના વિભાગો છે એવો આપની ભ્રૂકુટિના ભંગરૂપી કાળ, આપના શરણ વિનાના પુરુષોનેજ ભય પમાડે છે. (માટેજ ભક્તો આપનું ભજન કરે *છે.)૩૨

+ આજ આશય અન્ય સ્થળે શ્રુતિઓ કહે છે—‘यथा सोम्य मधु मधुकृतो निस्तिष्ठन्ति नानात्ययानां वृक्षाणां रसान् समवहारमेकतां सङ्गमयन्ति;’ ‘ते यथा तत्र न विवेकं लभन्ते अमुष्याहं वृक्षस्य रसोऽस्म्यमुष्याहं वृक्षस्य रसोऽस्मीत्येवमेव खलु सोम्येमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामहे ॥’—હે સૌમ્ય ! મધમાખીઓ મધ બનાવે છે ત્યારે અનેક જાતનાં વૃક્ષોના પુષ્પરસ એકઠા કરીને મધરૂપે તૈયાર કરે છે; તે વખતે મધમાં આવેલા અનેક રસો પોતે જાણતા નથી કે હું અમુક વૃક્ષનો રસ છું કે અમુક વૃક્ષનો રસ છું; તેમજ આ પ્રજાઓ પણ સુષુપ્તિઅવસ્થામાં તથા પ્રલયને વખતે બ્રહ્મ સાથે એકરૂપ થઇ જઇને પણ પોતે જાણતી નથી કે, અમે બ્રહ્મની સાથે એકતા પામી છીએ; અને મુક્તિ અવસ્થામાં ‘यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय । तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥’—જેમ નદીઓ સમુદ્રમાં મળે છે ત્યારે નામ તથા રૂપનો ત્યાગ કરી અસ્ત પામે છે, તેમ બ્રહ્મને જાણનારો પુરુષ નામ તથા રૂપથી રહિત થઇને દિવ્ય પરમાત્માને પામે છે—પરમાત્મા સાથે એકરૂપ થઈ જાય છે. આજ આશયનો શ્રીધરનો શ્લોકઃ—

यस्मिन्नुद्यद्विलयमपि यद् भाति विश्वं लयादौ
जीवोपेतं गुरुकरुणया केवलात्मावबोधे ।
अत्यन्तान्तं व्रजति सहसा सिंधुवत्सिंधुमध्ये
मध्ये चित्तं त्रिभुवनगुरुं भावये तं नृसिंहम् ॥

અર્થઃ—પ્રલયકાળે અને સુષુપ્તિકાળે જીવ સહિત આ જગત જે પરમાત્મામાં લય પામે છે તોપણ સંસ્કારરૂપે સૂક્ષ્મપણાથી રહે છે ખરું. કારણ કે સૃષ્ટિસમયે અને જાગ્રત્ સમયે ફરી પણ ઉત્પન્ન થયેલુંજ જણાય છે. (જો સંપૂર્ણ લય થઇ ગયો હોય તો એ રીતે ફરી ઉત્પન્ન થાય નહિ.) પરંતુ ગુરુના ઉપદેશથી જ્યારે કેવળ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે સમુદ્ર મધ્યે જેમ નદીઓનો લય થાય છે, તેમ જે પરમાત્મામાં સંપૂર્ણ લય થાય છે, તે ત્રિભુવનના ગુરુ નૃસિંહ ભગવાનનું ચિત્તમાં હું ધ્યાન કરું છું.

* આજ અભિપ્રાયઃ—संसारचक्रक्रकचैर्विदी-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(પૂર્વોક્ત ભગવાન પ્રત્યેનો ભાવ તે મનનો નિયમ થાય તો થઇ શકે અને મનનો નિયમ તો ગુરુને શરણે જવા વડે થઇ શકે છે; માટે **तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्**–બ્રહ્મજ્ઞાન સંપાદન કરવા માટે મુમુક્ષુએ હાથમાં સમિધો લઇ બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુની પાસે જવું જોઇએ; કારણ કે '**आचार्यवान् पुरुषो वेद**–ગુરુને શરણે જનારો પુરુષ બ્રહ્મને જાણી શકે છે;' પણ '**नैषा तर्केण मतिरपनेया प्रोक्ताऽन्येनैव सुज्ञानाय प्रेष्ठ**'–હે પ્રિયતમ નચિકેતા! આ વેદાંતશાસ્ત્રથી પ્રાપ્ત થનારું આત્મજ્ઞાન કેવળ તર્કોથી પ્રાપ્ત થઈ શકતું નથી; તેને તો કોઇ નિપુણ આચાર્ય સમજાવે ત્યારેજ તેનો સાક્ષાત્કાર થઇ શકે છે'–વગેરે શ્રુતિઓ ગુરુનું શરણ લેવા કહે છે–)

विजितहृषीकवायुभिरदान्तमनस्तुरगं
य इह यतन्ति यन्तुमतिलोलमुपायखिदः ।
व्यसनशतान्विताः समवहाय गुरोश्चरणं
वणिज इवाज सन्त्यकृतकर्णधरा जलधौ ॥३३॥

હે અજન્મા દેવ! ઇન્દ્રિયો અને પ્રાણવાયુ એ બન્નેને જેઓએ જીત્યાં છે એવા યોગીઓએ પણ નહિ વશ કરેલા મનરૂપી અતિચપળ ઘોડાને જેઓ ગુરુના ચરણનો આશ્રય નહિ કરીને વશ કરવા પ્રયત્ન કરે છે, તેઓ પોતે કરેલા ઉપાયોમાં ક્લેશ પામે છે–વ્યર્થ પરિશ્રમ કરી કંટાળે છે અને ખલાસીઓનો આશ્રય નહિ કરનારા વેપારીઓ જેમ સમુદ્રમાં સેંકડો સંકટોમાં સપડાઇ પડે છે, તેમ આ સંસારસમુદ્રમાં દુઃખને પામે છે. (કહેવાનો ભાવ એ છે કે, ગુરુએ દર્શાવ્યા પ્રમાણે ભગવાનના ભજનનું સુખ અનુભવતાં સ્વતઃજ મન નિશ્ચળ થાય છે; પણ ગુરુનો આશ્રય કર્યા વિના મન વશ કરી શકાતું નથી.*)

હવે **परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायात् नास्त्यकृतः कृतेन**–કર્મોથી સંપાદન કરાતા સ્વર્ગાદિ લોકોને વિચારથી અનિત્ય જાણી બ્રહ્મનિષ્ઠ પુરુષે વૈરાગ્ય પામવું; કારણ કે અકૃત એટલે નિત્ય–સ્વતઃસિદ્ધ એવો મોક્ષ તે, કૃત–નાશવંત–કૃત્રિમ એવાં કર્મો વડે કદી મળતો નથી. તેમજ '**यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः । अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥**

જ્યારે આ મુમુક્ષુ પુરુષના હૃદયમાં વાસનારૂપે રહેલા વિષયો છૂટી જાય છે ત્યારે તે અજરામર થાય છે અને બ્રહ્મને પ્રાપ્ત કરે છે'–ઇત્યાદિ શ્રુતિઓ અહીં વૈરાગ્ય ઉપર ખાસ ભાર દે છેઃ–)

स्वजनसुतात्मदारधनधामधरासुरथै–
स्त्वयि सति किं नृणां श्रयत आत्मनि सर्वरसे ।

* આજ વસ્તુ આગળ એકાદશ સ્કંધના ૨૦-મા અધ્યાયના ૧૭ મા શ્લોકમાં કહેવામાં આવી છેઃ–'**नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् । मयानुकूलेन नभस्वतेरितं पुमान् भवाब्धिं न तरेत् स आत्महा ॥**–જે મનુષ્ય સર્વ શરીરોમાં પ્રથમ, પુણ્યથીજ સુલભ, પુણ્ય વિના દુર્લભ અને ગુરુરૂપી ખલાસીવાળું હોઇને અત્યંત સમર્થ એવા મનુષ્યશરીરરૂપી જહાજને પામીને અનુકૂળ વાયુરૂપ એવા મારાથી પ્રેરાયલા તે જહાજદ્વારા સંસારસમુદ્રને તરતો નથી તે આત્મઘાતી છે. વળી ગુરુ પણ કેવો હોવો જોઇએ?

'**प्राकृतैः संस्कृतैश्चैव गद्यपद्याक्षरैस्तथा । देशभाषादिभिः शिष्यं बोधयेत् स गुरुः स्मृतः ॥**'

–પ્રાકૃત, સંસ્કૃત, ગદ્ય, પદ્ય અને દેશભાષા વગેરેથી જે પોતાના શિષ્યને બોધ આપે છે તેને ગુરુ કહેવામાં આવ્યો છે.' આવોજ અભિપ્રાય–

'**यदा परानन्दगुरो भवत्पदे पदं मनो मे भगवँल्लभेत । तदा निरस्ताखिलसाधनश्रमः श्रयेय सौख्यं भवतः कृपातः ॥** હે ભગવન્! હે પરમ આનંદસ્વરૂપ ગુરુદેવ! જ્યારે આપના ચરણમાં મારું મન સ્થાન કરશે, ત્યારે સમગ્ર સાધનો સંપાદન કરવાનો પરિશ્રમ ત્યાગી દઈ આપની કૃપાથીજ હું સુખ પામીશ. –**श्रीधर**

र्णमुदीर्णनानाभवतापतप्तम् । कथंचिदापन्नमिह प्रपन्नं त्वमुद्धर श्रीनृहरे नृलोकम् ॥ સંસારચક્રનાં કરવતો વડે ઉત્પન્ન થયેલા સંસારના અનેક જાતના તાપોથી તપી રહેલા અને આપત્તિમાં આવી પડી કોઇ પણ રીતે આપના શરણે આવેલા આ મનુષ્યલોકનો હે નૃસિંહદેવ! આપ ઉદ્ધાર કરો. –**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

इति सदजानतां मिथुनतो रतये चरतां
सुखयति को न्विह स्वविहते स्वनिरस्तभगे ॥ ३४

હે ભગવન્! સર્વ સુખો જેમાં સમાયલાં છે એવા–પરમ આનંદસ્વરૂપ* આપને સેવતા પુરુષને જે આત્મવસ્તુનો લાભ થયો છે. તો પોતાનાં સગાંસંબંધી, પુત્રો, શરીર, સ્ત્રી, ધન, ઘર, પૃથ્વી, પ્રાણ અથવા રથ વગેરે મનુષ્યોનાં તુચ્છ સાધનોની શી જરૂર છે? કંઇજ નહિ. આ સત્ય વસ્તુને નહિ જાણતા અને તેથીજ સ્ત્રીની સાથે રહીને માયિક સુખ માટે પ્રવૃત્તિ કરતા પુરુષોને સ્વતઃજ નાશવંત અને સ્વતઃજ નિઃસાર એવા આ સંસારમાં સગાંસંબંધીઓ વગેરેમાંથી કયો પદાર્થ સુખકારક છે? કોઇ પણ નહિ. (માટે આપનું ભજન કરવું એજ યોગ્ય છે.)+[34]

(એ પ્રમાણે ગુરુના ઉપદેશથી આત્મતત્ત્વ જાણીને સારાસાર–વિવેકદ્વારા સર્વ વસ્તુ ઉપરથી વૈરાગ્ય પામી એ આત્મતત્ત્વનેજ મોટા પુરુષોના સંગથી અને યુક્તિઓથી સારી પેઠે ધારણ કરી રાખવાને માટે મુનિઓ તીર્થક્ષેત્રમાં ફરે છે, એ અભિપ્રાય જણાવતી **'श्रोतव्यो मन्तव्यः'** ઇત્યાદિ શ્રુતિઓ અહીં પોતાનો અર્થ સમજાવે છે)

भुवि पुरुपुण्यतीर्थसदनान्यृषयो विमदा-
स्तउत भवत्पदाम्बुजहृदोऽघभिदंघ्रिजलाः ।
दधति सकृन्मनस्त्वयि य आत्मनि नित्यसुखे
न पुनरुपासते पुरुषसारहरावसथान् ॥ ३५ ॥

હે પરમાત્મન્! આપનું ચરણકમળ જેઓના હૃદયમાં બિરાજે છે અને જેઓના ચરણનું જળ સર્વ મનુષ્યોનાં પાપોનો નાશ કરનારું હોય છે એવા મોટા ઋષિઓ પણ અહંકારથી રહિત થઇને અનેક પવિત્ર તીર્થોનું તથા પવિત્ર ક્ષેત્રોનું સેવન કર્યા કરે છે; પણ પુરુષોના વિવેક, સ્થૈર્ય, ધૈર્ય, ક્ષમા તેમજ શાંતિ વગેરે સારને હરી લેનારાં ઘરનું સેવન કરતાં નથી. (કારણ કે તેઓને ઘરનાં નિંદ્ય સુખની અપેક્ષાજ રહેતી નથી. (હે ભગવન્! જે પુરુષો પોતાના આત્મારૂપ અને નિત્ય સુખસ્વરૂપ એવા આપને વિષે એકવાર પણ મનને સ્થાપે છે, તેઓ પણ ઘર વગેરેમાં જે આસક્ત થતા નથી, તો પછી એવા મહર્ષિઓ તો ઘર વગેરેમાં કેમજ આસક્ત થાય? ×[35]

(હવે પૂર્વમીમાંસાકાર જૈમિનિ, **'आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानाम्'** કર્મ એજ સમગ્ર વેદનું પ્રયોજન હોવાથી જે વેદવાક્યો કર્મરૂપ અર્થને નથી દર્શાવતાં તે વ્યર્થ થઈ પડશે.' આવી પ્રથમ શંકા ઉઠાવીને પછી તેના સમાધાનમાં તે પોતેજ કહે છે કે, **'तद्भूतार्थानां क्रियार्थेन समन्वयः'** તે તે વેદવાક્યોમાં જે વાક્યો સિદ્ધાર્થનું પ્રતિપાદન કરનારાં છે, (પણ કર્મનું પ્રતિપાદન કરનારાં નથી) તે તે વાક્યોનો, કર્મનું પ્રતિપાદન કરનારાં વાક્યોની સાથે અન્વય કરી લેવો.' (જેમ **'वायुर्वै क्षेपिष्ठा देवता'** વાયુ શીઘ્ર

---

* વેદ પણ કહે છેઃ–' **एतस्यैवानंदस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति**–આજ આત્મારૂપી પરમ આનંદના અમુક અંશનોજ બીજાં પ્રાણીઓ આશ્રય કરી રહ્યાં છે. —શ્રીધર

\+ આજ શ્લોકનો આશય–

भजतो हि भवान् साक्षात् परमानंदचिद्घनः
आत्मैव किमतः कृत्यं तुच्छदारसुतादिभिः ॥

આપનું ભજન કરનાર પુરુષને પરમ આનંદસ્વરૂપ અને ચૈતન્યઘન એવા સાક્ષાત્ આપજ આત્મારૂપે પ્રાપ્ત થાઓ છો, તો પછી તુચ્છ એવાં સ્ત્રી–પુત્ર વગેરેનું શું કામ છે?

× આજ અભિપ્રાયઃ–**मुञ्चन्नङ्गतदङ्गसंगमनिशं त्वामेव संचिंतयन्। सन्तः सन्ति यतो यतो गतमदास्तानाश्रमानावसन् ॥ नित्यं तन्मुखपंकजाद्विगलितत्वत्पुण्यगाथामृतस्रोतः संप्लवसंप्लुतो नरहरे न स्यामहं देहभृत्' ॥**

હે નૃસિંહ ભગવન્! શરીર અને તેના અંગરૂપ પુત્ર–સ્ત્રી–ઘર–ધન વગેરેમાં આસક્તિ છોડતો જ્યાં જ્યાં મદરહિત એવા સત્પુરુષો બિરાજતા હોય તે તે આશ્રમોમાં વસતો, તે સત્પુરુષોના મુખકમળમાંથી નીકળેલા આપની પવિત્ર કથામૃતના પ્રવાહમાં નિત્ય સ્નાન કરતો અને આપનુંજ ચિંતન કર્યા કરતો હું, કદી દેહધારી થાઉં નહિ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગતિવાળો દેવ છે.' આ સિદ્ધાર્થ વાક્ય હોઇને આમાં કર્મનું પ્રતિપાદન જોવામાં આવતું નથી; માટે આ વાકયોનો 'वायव्यं श्वेतमालभेत '* વાયુ જેના દેવ છે એવા ધોળા પશુનો વધ કરવો' આ કર્મ-પ્રતિપાદક વાક્ય સાથે અન્વય કરી દેવો-અર્થાત્ આ કર્મપ્રતિપાદક વાક્યમાં જે વાયુદેવ કહ્યા છે તેના સ્વરૂપને દર્શાવવા માટેજ પૂર્વનું વાક્ય છે એમ સમજી લેવું.) આમ તે તે સર્વ સ્થળે જૈમિનિએ વેદને કર્મપરાયણજ કહેલ છે; તેથી ઉપનિષદોને પણ કર્મપરાયણ કહેવાં એ યોગ્ય છે અર્થાત્ ઉપનિષદો તે યજ્ઞાદિ કર્મ કરતા યજમાનની સ્તુતિ કરનારાં વેદવાક્યો છે, એમ કહી ઉપનિષદોને પણ કર્મપ્રતિપાદકજ ઠરાવવાં જોઇએ. આવાજ અભિપ્રાયથી મીમાંસા-સૂત્રના તંત્રવાર્તિકકાર લખે છે કે, 'एतेन क्रत्वर्थ-कर्तृप्रतिपादनेनोपनिषदां नैराकाङ्क्ष्यं व्याख्या-तम्-યજ્ઞરૂપ અર્થનો કર્તા જે યજમાન તેનુંજ પ્રતિપાદન કરનારાં ઉપનિષદવાક્યો છે, તેથી ઉપનિષદોની પણ સાર્થકતા થાય છે.' આમ મીમાંસકો સર્વ વેદને કર્મપરાયણજ માને છે તેનું કેમ? આના સમાધાનમાં કહેવાનું કે, મીમાંસકોનું તે કહેવું યોગ્ય નથી. કારણ કે 'एकमेवाद्वितीयंब्रह्म।' 'विज्ञानमानन्दं ब्रह्म।' 'अचक्षुरश्रोत्रम्' બ્રહ્મ એકજ છે, અદ્વિતીય છે, વિજ્ઞાનસ્વરૂપ છે, આનંદમય છે, ચક્ષુરહિત છે અને શ્રોત્ર (કાન)થી રહિત છે'-ઇત્યાદિ ઉપનિષદવાક્યો યજમાનથી વિપરીત સ્વરૂપવાળી આત્મવસ્તુનું પ્રતિપાદન કરે છે. અદ્વિતીય અને પરમ આનંદરૂપ જે વસ્તુ અહીં વર્ણવાય છે, તે કદી કર્મના અંગ તરીકે ઘટી શકેજ નહિ. વાર્તિકકાર કુમારિલ ભટ્ટ પણ ઉપર કહેલાં વચનોને યજમાનના અંગરૂપે સ્વીકારતા નથી. જેમકે-તેઓ કહે છે કે, 'सर्वत्रैव हि विज्ञानं संस्कारत्वेन गम्यते। पराङ्गं चात्मविज्ञानादन्यत्रेत्यवधार्यताम्' આખાય વેદમાં તે તે વાક્યોથી થનારું જ્ઞાન સંસ્કારરૂપ હોય છે અને (તે તે સંસ્કારવાળા) યાગાદિનું અંગ હોય છે, પણ આ વસ્તુ આત્મજ્ઞાન વિના બીજા પરત્વે સમજવાની છે-અર્થાત્ ઉપનિષદોથી થનારું આત્મજ્ઞાન તે સંસ્કારરૂપ નથી તેમ કર્મોનું અંગ પણ નથી.' એ આત્મજ્ઞાન માટેજ મુનિઓ મનન કરવાને સારુ તીર્થક્ષેત્રોમાં વિચર્યા કરે છે, એમ પહેલાં કહેવાયું છે. વળી જો દ્વૈત સત્ય હોય તો ઉપનિષદો યજમાનની સ્તુતિ કરે છે, એમ કહી શકાય; પરંતુ દ્વૈતનું સત્યપણું તો સંભવતુંજ નથી. એમ પ્રશ્ન તથા ઉત્તર કરીને મનનથીજ તત્ત્વવસ્તુનો નિશ્ચય કરવાનો પ્રકાર કહે છે:-)

* तैत्ति. सं. २-१-१-१

सत इदमुत्थितं सदिति चेन्ननु तर्कहतं
व्यभिचरति क्व च क्व च मृषा न तथोभययुक्।
व्यवहृतये विकल्प इषितोऽन्धपरंपरया
भ्रमयति भारती त उरुवृत्तिभिरुक्थजडान्॥३६

(મીમાંસકો આવું અનુમાન કરીને કદાચ કહે કે) આ જગત સત્ય હોવું જોઇએ; કારણ કે તે સત્ય એવા બ્રહ્મથી ઉત્પન્ન થયું છે. જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થાય છે તે વસ્તુ તે રૂપજ હોય છે; જેમ સુવર્ણથી ઉત્પન્ન થયેલાં કુંડળ વગેરે સુવર્ણજ છે તેમ.+ આના ઉત્તરમાં કહેવાનું કે, (પૂર્વના અનુમાનથી તમે સત્યરૂપ એવા બ્રહ્મથી જગતનો જો અભેદ સિદ્ધ કરવા માગો તો તે અભેદ સિદ્ધ થઇ શકતો નથી; કારણ કે પૂર્વોક્ત અનુમાનમાં જે હેતુ તમે આપ્યો છે તેનો નિર્દેશ અપાદાન તરીકે હોવાથી 'સત્ય બ્રહ્મથી ઉત્પન્ન થયું છે માટે' એમ કહેતાંજ બ્રહ્મનો અપાદાન-

+ શ્લોકના આરંભથી અહીં સુધીનું અનુમાન છે. અનુમાનમાં પક્ષ, સાધ્ય, હેતુ વ્યાપ્તિ અને દૃષ્ટાંત-આ પાંચ અવયવો હોયજ છે. આ અનુમાનમાં 'જગત' પક્ષ છે; 'સત્યપણું' સાધ્ય છે; 'સત્ય બ્રહ્મથી ઉત્પન્ન થયું છે' એ હેતુ છે; 'જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થાય તે વસ્તુ તે રૂપજ હોય' એ વ્યાપ્તિ છે અને 'જેમ સુવર્ણથી ઉત્પન્ન થયેલાં કુંડળ વગેરે સુવર્ણજ છે તેમ' એ દૃષ્ટાંત છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારકરૂપે નિર્દેશ થાય છે, જેથી જગતમાં સત્‌-પ્રતિયોગિક ભેદની પ્રતીતિમાં અભેદની પ્રતીતિ બની શકે નહિ; એવી રીતે તમે હેતુ કહ્યો તે વિરુદ્ધ હોવાથી (એવા દુષ્ટ હેતુથી) જગત અને સત્‌નો અભેદ સિદ્ધ કરી શકાય નહિ. માટે તમે કરેલું અનુમાન તર્ક એટલે વિચાર કરવાથી બાધિત થાય છે. (કદાચ તમે કહેશો કે, 'સત્ય બ્રહ્મથી ઉત્પન્ન થયેલું છે' એમ કહીને અમે અભેદ સિદ્ધ કરતા નથી, પણ સુવર્ણથી ઉત્પન્ન થયેલાં કુંડળ વગેરેનો જેમ સુવર્ણથી ભેદ નથી, તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલા જગતનો બ્રહ્મથી ભેદ નથી, એમ ભેદનો નિષેધ કરીએ છીએ અને આ રીતે બ્રહ્મનો તથા જગતનો અભેદજ થાય છે. આના ઉત્તરમાં કહેવાનું કે, જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થાય છે તે વસ્તુ તે રૂપજ હોય, એમ સર્વત્ર નિયમ જોવામાં આવતો નથી.) કોઇ કોઇ સ્થળે 'જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થઇ હોય તે તે સ્વરૂપજ હોય' એ નિયમનો વ્યભિચાર પણ જોવામાં આવે છે. જેમકે–ક્ષત્રિય પિતા દેવદત્તથી બ્રાહ્મણી સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ પુત્ર ક્ષત્રિયને બદલે સૂત જાતિનો ગણવાથી સમાન જાતિવાળો જોવામાં આવતો નથી; તેમજ ધોકાથી ઘડાનો નાશ થાય છે. તે નાશ અભાવરૂપ (પ્રધ્વંસાભાવરૂપ) હોવાથી ધોકા જેવો એટલે ભાવરૂપ ગણાતો નથી. કદાચ તમે (પૂર્વપક્ષી) કહેશો કે, આ તો તમે (સિદ્ધાંતીએ) નિમિત્તકારણની વાત કરી;+ અમે તો સત્ય–બ્રહ્મથી જગતનું ઉત્પન્ન થવાપણું કહીએ છીએ, તેમાં બ્રહ્મને ઉપાદાનકારણ માનીએ છીએ,* નિમિત્તકારણ માનતા નથી; એટલે પછી તમે (સિદ્ધાંતીએ) કહેલો અનૈકાંતિકરૂપ હેત્વાભાસ હોવા છતાં (સાધ્યના અભાવરૂપ વ્યભિચાર) દોષ આવતો નથી. (આના ઉત્તરમાં કહેવાનું કે,) કોઇ કોઇ સ્થળે 'ઉપાદાનકારણથી ઉત્પન્ન થયેલી વસ્તુ, ઉપાદાનકારણરૂપજ હોય' એમ પણ નિયત જોવામાં આવતું નથી. જેમ દોરીમાં ભ્રાંતિથી સર્પ જણાય છે, તેમાં દોરી સર્પનું ઉપાદાનકારણજ છે, છતાં તે દોરીથી સર્પ જુદોજ હોય છે; દોરી સત્ય છે ત્યારે સર્પ મિથ્યા છે. (જો સર્પ સત્ય હોય) તો જેમ કુંડળ વગેરે સુવર્ણનાં કાર્યોનો બાધ થતો નથી, તેમ દોરીમાં જણાયલા સર્પનો પણ ભ્રાંતિ દૂર થતાં બાધ થવો ન જોઇએ અને (ભ્રાંતિ દૂર થતાં) બાધ તો થાયજ છે; માટે ફરી પણ પૂર્વપક્ષના મતમાં અમે દર્શાવેલો અનૈકાંતિક દોષ ઊભોજ છે. કદાચ તમે (પૂર્વપક્ષી) કહેશો કે, દોરીમાં સર્પ દેખાય છે તેમાં કેવળ એકલી દોરીજ સર્પનું ઉપાદાનકારણ નથી, પણ અંધારાને લીધે દોરીનું જે અજ્ઞાન તે અને દોરી એ બન્ને સર્પનું ઉપાદાનકારણ છે અને તેવું અજ્ઞાનયુક્ત ઉપાદાનકારણ હોય ત્યાં તો કાર્ય મિથ્યારૂપ હોય છે; માટે સર્પનું મિથ્યાપણું એ યોગ્યજ છે, પણ જગતરૂપ કાર્ય તો સત્ય એવા બ્રહ્મરૂપ એકલા ઉપાદાનકારણથીજ ઉત્પન્ન થયું છે, જેથી જગત સત્ય કેમ ન હોય ? (આના ઉત્તરમાં કહેવાનું કે,) જગત પણ સત્ય–બ્રહ્મ અને અવિદ્યા (અજ્ઞાન) એ બન્નેથીજ–એટલે અવિદ્યાયુક્ત બ્રહ્મરૂપ ઉપાદાનકારણથી ઉત્પન્ન થયું છે; માટે તે (દોરીમાં ભ્રાંતિથી દેખાયલા સર્પની પેઠે) સત્ય નથી, પણ વસ્તુતઃ એ અસત્યજ છે. (કદાચ તમે કહેશો કે, જગતને સત્યસ્વરૂપ ઠરાવવામાં અમારો પૂર્વોક્ત હેતુ એ રીતે અસિદ્ધ ઠરે છે; તો અમે પૂર્વપક્ષી બીજા હેતુથી જગતનું સત્યપણું સિદ્ધ કરીશું. જેમકે, 'આ જગત સત્ય છે; કારણ કે તેથી હરકોઈ કાર્યનો નિર્વાહ થઇ શકે છે. જે વસ્તુ સત્ય હોતી નથી તેથી કાર્યનિર્વાહ થઇ શકે નહિ. જેમ છીપમાં જણાયલા રૂપાથી કંઈ કાર્યવ્યવહાર થઇ શકતો નથી.' આના ઉત્તરમાં કહેવાનું કે,)

+ કારણ કે પિતા પુત્રનું નિમિત્તકારણ છે, અને ધોકો પણ ઘડાના નાશનું નિમિત્તકારણ છે. —भा. क.

* જેમ સુવર્ણ, કુંડળો વગેરેનું ઉપાદાનકારણ છે તેમ. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યવહારને માટે કાર્યનિર્વાહ સારૂ (જગતરૂપી) ભ્રમ (અમને) પણ ઇષ્ટજ છે, કારણ કે કેટલીક વખતે ખોટા રૂપિયાથી લેવડદેવડ, સ્વપ્નમાં સ્ત્રીસમાગમથી સુખ, સ્વપ્નમાં સર્પદર્શનથી ભય, ઝેર ખાવાની શંકાથી મરણ ઇત્યાદિ વ્યવહારસિદ્ધિ પણ જોવામાં આવે છે. માટે એવો પણ કંઇ નિયમ નથી કે, અસત્યથી કાર્યનિર્વાહ નજ થઇ શકે. માટે આ જગત ભ્રાંતિરૂપે અસત્યજ છે, છતાં તેનાથી કાર્યનિર્વાહ થતો જોવામાં આવે છે. (તમે પૂર્વપક્ષી) કદાચ કહેશો કે, જે વસ્તુ એક સ્થળે સત્ય હોય તેનો બીજે સ્થળે જ આરોપ કરવામાં આવે તેનું નામ ભ્રમ કહેવાય છે. જેમ કોઇ સ્થળે સત્ય રૂપું આપણે જોયું હોય છે તેથીજ છીપમાં રૂપાનો ભ્રમ થાય છે, પણ તમે (સિદ્ધાંતી) તો જગતને અસત્ય સ્વરૂપેજ માનો છો; પરંતુ [કોઇ પણ સ્થળે સાચું જગત જો જોયેલું ન હોય, તો પછી બ્રહ્મમાં જગત બ્રહ્મરૂપે ભાસે છે એમ તમે(સિદ્ધાંતી) કેમ કહી શકશો ? માટે તમારે (સિદ્ધાંતીએ) પણ કોઇ ઠેકાણે જગતને સત્ય માનવું પડશે અને જો સત્ય કહેશો તો તમારી અદ્વૈતસિદ્ધિ થતી નથી–અર્થાત્ જેમ આકાશનું પુષ્પ અત્યંત અસત્ છે, તો તેનો બીજામાં આરોપ થતો નથી, તેમ જગત જો અસત્ હોય તો તેનો બ્રહ્મમાં આરોપ થઇ શકે નહિ; કારણ કે જેના ગુણે–સત્તાનું જ્ઞાન હોય, તેનોજ અધ્યાસ સમાન ગુણ–સત્તાવાળામાં થાય છે. જેમકે–ચાંદીના ચકચકિતપણાનું જેને જ્ઞાન હોય તેનેજ સૂર્યના તાપમાં પડેલા છીપના કટકામાં ચકચકાટી જોઇને ચાંદીનો ભ્રમ થાય છે. આવી રીતે ભ્રમ થવામાં, પ્રમાતામાં ચાંદીના સંસ્કાર, વિષયદોષ (ચાંદી અને છીપ બંનેમાં સમાન ચકચકાટીપણું), કરણદોષ (સૂર્યના પ્રખર તાપને લીધે નેત્રઇન્દ્રિયથી છીપનું જ્ઞાન ન થવું), નેત્ર અને છીપનો સંબંધ ઇત્યાદિ સામગ્રી છે. આવી સામગ્રી જગતના ભ્રમમાં ન હોવાથી જગતનો બ્રહ્મમાં આરોપ થઇ શકે નહિ; તોપણ તમે (સિદ્ધાંતી)જગતને બ્રહ્મમાં આરોપિત માનો છો, પણ એ તર્કરૂપ કસોટીથી કસવા જતાં સિદ્ધ થતું નથી; માટે તમારે (સિદ્ધાંતીએ) પણ જગતને સત્ય માનવું પડશે અને તેથી તમે કહેલી અદ્વૈતસિદ્ધિ થશે નહિ. આવા પૂર્વપક્ષીના આક્ષેપના ઉત્તરમાં કહેવાનું કે,] જગતરૂપ ભ્રમની જ પ્રતીતિ થાય છે તે અંધપરંપરાએ થાય છે–કહેવાનો ભાવ એ છે કે, ભ્રમ, સંસ્કારથી ઉત્પન્ન થાય છે અને સંસ્કારની સિદ્ધિ માટે માત્ર પૂર્વપ્રતીતિનીજ જરૂર રહે છે, નહિ કે વસ્તુની સત્યતાની. (જેમ દષ્ટાંત તરીકે કોઈ પુરુષે સાચું ખારેકડીનું ઝાડ જોયું ન હોય અને બાજીગરે બનાવેલું ખોટું ખારેકડીનું ઝાડ દીઠું હોય, તે પુરુષને ખજૂરીના ઝાડમાં ખારેકડીનો ભ્રમ થાય છે.) માટે સંસારરૂપ વસ્તુની સત્યતાનો અભાવ હોવા છતાં પણ સંસારની પ્રતીતિ થતી હોવાથી બ્રહ્મ વિષે ભ્રમનો વ્યતિરેક× (ભ્રમનો અભાવ) જોવામાં આવતો નથી; અર્થાત્ બ્રહ્મમાં સંસારભ્રમ ભાસે છે. (જો કે બ્રહ્મ ઇન્દ્રિયોથી અગોચર છે; તોપણ બ્રહ્મ સ્વયંપ્રકાશ હોવાથી બ્રહ્મમાં સ્ફુરણપણું ભાસે છે, જેથી આરોપિત અધિષ્ઠાનપણું બની શકે છે. જેમ ઇન્દ્રિયથી અગોચર સાક્ષીભાસ્ય આકાશમાં આસમાની રંગવાળું આકાશ એવો આરોપ થતો જોવામાં આવે છે; તેમ બ્રહ્મરૂપ અધિષ્ઠાન અને આરોપિત જગત બન્નેનાં એકત્ર જ્ઞાનમાં સ્ફુરણ થવું, એજ અધ્યાસમાં હેતુ છે. અધ્યાસમાં અધિષ્ઠાનનું ઇન્દ્રિયગોચરપણું હોવુંજ જોઇએ; અથવા આરોપીના સત્યપણાનું જ્ઞાન હોવુંજ જોઇએ, એ નિયમ નથી.) આ ઉપરથી ભ્રમ અનાદિ ઠરે છે અને પૂર્વે પૂર્વે જોયેલા ભ્રમનો ઉત્તરોત્તર આરોપ થયા કરશે તેમજ *અંધપરંપરાન્યાયથી

× કાર્યના અભાવમાં કારણના અભાવનો નિશ્ચય કરવો, તે કારણરૂપે વ્યતિરેક નિશ્ચય. –भा. क.

* એક આંધળાએ કોઇ દેખતા પાસેથી ભૂતની વાત સાંભળી. પછી કોઇ દિવસ તે આંધળો કોઇ વડના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યવહાર સિદ્ધ થશે. માટે હેતુ અપ્રયોજક છે. (વ્યવહારની સિદ્ધિ થતી હોવા છતાં અનુકૂળ તર્કના અભાવથી સંસારના સત્યપણાની સિદ્ધિ થતી નથી-એટલે હેતુથી સાધ્ય નિશ્ચયરૂપ પ્રયોજન સિદ્ધ થતું નથી.) દ્વૈત સિદ્ધ નહિ થતાં અદ્વૈતજ સિદ્ધ થશે. (કદાચ મીમાંસકો શંકા કરે કે, 'अक्षय्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति' ચાતુર્માસ્ય યાગ કરનારને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે. 'अपाम सोममसृता अभूम ।' (अथर्वशिरस् ઉ૦૩) અમે સોમરસ પીધો ને અમર થયા-અર્થાત્ અનંતકાળને માટે અમે સ્વર્ગનાં સુખના ભોક્તા બન્યા છીએ.) ઇત્યાદિ વેદવાક્યો કર્મફળને નિત્ય તરીકે પ્રતિપાદન કરે છે. માટે દ્વૈતનું અસત્યપણું નથી ઘટતું. જે વસ્તુ નિત્ય હોય તે કદી અસત્ય હોઇ શકે નહિ. માટે વેદે પ્રતિપાદન કરેલું હોવાથી દ્વૈત સત્યજ છે. (આના સમાધાનમાં કહેવાનું કે,) હે ભગવન્! વેદવાણી, કર્મ ઉપરની શ્રદ્ધાના ભારથી દબાઇ ગયેલી મંદ બુદ્ધિવાળા પુરુષોને ગૌણી-લક્ષણા આદિ અનેક વૃત્તિઓથી ભમાવે છે-મોહ ઉપજાવે છે. કહેવાનો ભાવ એ છે કે વેદ, કર્મોનાં ફળને નિત્ય કહેતો નથી, પણ લક્ષણાથી તેની માત્ર પ્રશંસાજ કરે છે; કારણ કે તે તે અર્થવાદવાક્યો વિધિવાક્યોનાંજ પેટા વાક્યો છે એમ ભગવાન જૈમિનિએ પણ 'विधिना त्वेकवाक्यत्वात् स्तुत्यर्थेन विधीनां स्युः' (पू० मी. सू. १-२-७) આ સૂત્રથી સિદ્ધ કરેલ છે. જો એમ ન માનીએ તો વેદવાક્યોનાં તાત્પર્યમાં પરસ્પર ભેદ પડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને 'तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते' જેમ આ લોકમાં કર્મથી સંપાદન કરેલાં ધાન્યાદિ નાશવંત છે, તેમ પુણ્યથી સંપાદન કરેલો પરલોક (સ્વર્ગાદિ લોક) પણ નાશવંતજ છે. આવું પારમાર્થિક સત્ય કહેનારી શ્રુતિઓની સાથે અર્થવાદ કહેનારી શ્રુતિઓને મુખ્ય-(સત્ય કહેનારી) માને તો વિરોધ થશે. માટે કર્મજડ પુરુષોની આ કેવળ ભ્રાંતિજ છે, કે વેદો તેઓની દૃષ્ટિએ કર્મનુંજ પ્રતિપાદન કરે છે અને તેથીજ 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'-તે આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું' ઇત્યાદિ વેદવાક્યોનું તાત્પર્ય સૃષ્ટિ-ઉત્પત્તિને સત્ય કહેવા માટે નથી, પરંતુ અન્ય પરત્વે (અદ્વૈત સિદ્ધ કરવા માટે) જ છે.+

(એ પ્રમાણે જગત સત્ય છે એમ માનવામાં કોઈ પ્રમાણ નથી, એમ કહ્યું. હવે 'જગત અસત્યજ છે' એમ કહેવામાં સૃષ્ટિ અને પ્રલયને સૂચવતી 'यतो वा इमानि भूतानि जायन्ते-જેના વડે આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેમાં સ્થિત છે તથા અંતે જેમાં લય પામી જાય છે, તે બ્રહ્મ

ઝાડ પાસેથી નીકળ્યો, ત્યારે પક્ષીઓએ કંપાવેલાં ડાળાંઓના અવાજ ઉપરથી તેને એ વડના ઝાડમાં ભૂત હોવાનો ભ્રમ થયો; પછી તેણે કોઇ બીજા આંધળાને વાત કરી; તેણે વળી બીજા આંધળાને વાત કરી; એમ પરંપરાએ ભૂતનો ભ્રમ પૂર્વ પૂર્વ ભ્રમથી ઉત્પન્ન થયાજ કર્યો; પણ કોઇને ભૂત જણાયું તો નહિજ, છતાં તે ભૂતના ભ્રમથી કોઇ કોઇને મૂર્ચ્છા અને કોઈ કોઇનાં મરણ પણ જોવામાં આવ્યાં; આનું નામ અંધપરંપરાન્યાયે વ્યવહારની સિદ્ધિ. —શ્રીધર

+ આજ શ્લોકનો આશયઃ-उद्भूतं भवतः सतोऽपि भुवनं सन्नैव सर्पः स्त्रजः। कुर्वत् कार्यमपीह कूटकनकं वेदोऽपि नैवंपरः ॥ अद्वैतं तव सत्परं तु परमानन्दं पदं तन्मुदा वंदे सुंदरमिन्दिरानुत हरे मा मुञ्च मामानतम् ॥ હે લક્ષ્મીએ સ્તુતિ કરેલા શ્રીહરિ! સત્યસ્વરૂપ એવા પણ આપથી ઉત્પન્ન થયેલું આ જગત સત્ય નથી. જેમ સત્ય એવી પણ માળામાં ભ્રાંતિથી જણાયલો સર્પ સત્ય નથી તેમ. વળી જેમ ખોટું સોનું પણ કોઇ વેળા કાર્ય કરનારું થાય છે, તેમ આ મિથ્યા જગત પણ વ્યવહારસિદ્ધિ કરેજ છે અને વેદ પણ આ જગત સત્ય નથી, એ પ્રમાણે કહે છે. સર્વથી પર એવું આપનું જે પરમાનંદપદ તેજ કેવળ અદ્વૈત અને સત્ય છે; તે સુંદર પદને હું હર્ષથી વંદન કરું છું. હે ભગવન્! મને નમ્રને આપ તજો નહિ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.' ઇત્યાદિ શ્રુતિઓ અને તે શ્રુતિઓ જેનું મૂળ છે, એવું અનુમાનપ્રમાણ છે તે કહે છેઃ)

न यदिदमग्र आस न भविष्यदतो निधना-।
दनुमितमन्तरा त्वयि विभाति मृषैकरसे।
अत उपमीयते द्रविणजातिविकल्पपथै-
र्वितथमनोविलासमृतमित्यवयन्त्यबुधाः॥ ३७॥

જે કારણથી આ જગત સૃષ્ટિની પહેલાં ન હતું + અને પ્રલય પછી નહિ રહેશે,* તે કારણથી વચ્ચે પણ કેવળ એકરસરૂપ એવા આપ વિષે મિથ્યાસ્વરૂપજ ભાસે છે; આવો નિશ્ચય કરવામાં આવ્યો છે, જેથી માટી–સુવર્ણ વગેરે જુદાં જુદાં દ્રવ્યોના ઘડા, કુંડળ વગેરે કાર્યરૂપ ઉદાહરણ આપીને (ઉપમાન પ્રમાણથી) કારણ–કાર્યની સમાનતા જણાવીને શ્રુતિ સંસારના મિથ્યાપણાનું સાદશ્ય જણાવે છે. (અર્થાત્ જેમ તે તે ઘટ વગેરે કાર્યોના આકારો માત્ર નામરૂપજ છે, તેથી તેઓનાં મૂળકારણ માટી વગેરેજ કેવળ સત્ય છે, તેમ આ જગતમાં પણ આકાશાદિ કાર્યો માત્ર નામરૂપજ છે, તેઓનું કારણ કેવળ બ્રહ્મજ સત્ય છે. શ્રુતિ પણ કહે છે, '**यथा सौम्यैकेन मृत्पिंडेन सर्वं मृन्मयं विज्ञातं भवति**' હે સૌમ્ય! જેમ એક કારણરૂપ માટીનો પિંડો જાણી લેતાં તેનાં કાર્ય સર્વે ઘડા, શરાવડાં વગેરે માટીમય જાણી શકાય છે, તેમ કેવળ એક બ્રહ્મનું જ્ઞાન થતાં સર્વ વસ્તુ બ્રહ્મમય જાણી શકાય છે; તેમજ '**वाचारंभणं विकारो नामधेयंमृत्तिकेत्येव सत्यम्**–ઘડા વગેરે વિકાર કેવળ નામનાજ છે, તેથી કેવળ વાણી વડે તેનો માત્ર વ્યવહારજ કરાય છે, પરંતુ તે સત્ય નથી; સત્ય તો માટીજ છે, તેમ વિકારરૂપ આ જગત કેવળ નામમાત્ર હોઇને મિથ્યાજ છે, બ્રહ્મજ કેવળ સત્ય છે.' વળી '**यथा एकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्यात्**–જેમ એક સુવર્ણના પિંડને જાણતાં તેના સર્વ વિકારોને સુવર્ણમય જાણી શકાય છે' અથવા '**यथा एकेन नखनिकृन्तनेन सर्वं कार्ष्णायसम्**–જેમ એક ગજવેલનો પિંડ જાણતાં તેના સર્વ વિકાર–છરી, ચપ્પુ વગેરે ગજવેલજ જણાય છે, તેમ કેવળ એક બ્રહ્મનું જ્ઞાન થતાં સર્વ કંઇ બ્રહ્મજ જણાય છે.) માટે આ જગતની સત્યતામાં કોઇ પ્રમાણ મળતાં નથી અને અસત્યતામાં તો પ્રમાણો મળે છે; છતાં જેઓ કેવળ અસત્ય અને મનના વિલાસરૂપ એવા આ જગતને સત્ય માને છે તેઓ મૂર્ખ છે. (અહીં જગતની અસત્યતામાં આવું અનુમાન પણ પ્રમાણ છે–'જગત અસત્ય છે; કારણ કે તે આદિ તથા અંતમાં હોતું નથી, વિકારી છે અને દશ્ય છે. જે વસ્તુ આદિ તેમજ અંતમાં ન હોય, વિકારી હોય અને દશ્ય હોય તે અસત્ય હોય છે; જેમ છીપમાં જણાયેલું રૂપું આદિ તેમજ અંતમાં નથી, વિકારી છે અને દશ્ય છે, તેથી અસત્ય છે.' આ અન્વયી અનુમાન છે. તેજ પ્રમાણે વ્યતિરેકી અનુમાન પ્રમાણદ્વારા પણ સંસારનું મિથ્યાપણું સિદ્ધ કરી શકાય છે. જેમકે, આત્મા સત્ય છે; કારણ કે તે નિત્ય, નિર્વિકાર અને ઉત્પત્તિ–નાશથી રહિત છે, જે નિત્ય, નિર્વિકાર અને ઉત્પત્તિ તથા નાશથી રહિત ન હોય, તે સત્ય પણ ન હોય; દષ્ટાંત તરીકે ઘટાદિ પદાર્થ આ વ્યતિરેકી અનુમાન છે. આવી રીતે અન્વયી અને વ્યતિરેકી બન્ને જાતનાં અનુમાનોથી જગતનું મિથ્યાપણું સિદ્ધ થાય છે.)§

+ શ્રુતિ પણ કહે છેઃ–'**सदेव सौम्येदमग्र आसीत्**। હે સૌમ્ય! સૃષ્ટિની પહેલાં કેવળ એક બ્રહ્મજ સત્યસ્વરૂપે હતા, તેમજ '**आत्मा वा इदमेक एवाग्र आसीत्**। સૃષ્ટિની પહેલાં કેવળ એક આત્માજ હતો.–શ્રી.

* આ વસ્તુ પણ શ્રુતિ કહે છેઃ '**नासदासीन्नो सदासीत् तदानीम्**–તે વખતે અસત્ સ્વરૂપ આ જગત ન હતું–અર્થાત્ પ્રલય પછી પણ આ જગત નથી હોતું.' —શ્રીધર

§ આજ શ્લોકનો અભિપ્રાય–'**मुकुटकुंडलकंकणकिंकिणीपरिणतं कनकं परमार्थतः। महदहंकृतिखप्रमुखं तथा नरहरेर्न परं परमार्थतः॥** જેમ મુકુટ, કુંડળ, કડાં, ઘૂઘરીઓ–વગેરેના આકારે પરિણામ પામેલું સર્વ કંઇ વસ્તુતઃ સુવર્ણજ છે, તેમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(હવે અહીં એક શંકા થાય છે કે, આ જગત જો છેજ નહિ, તો અસત્યરૂપ એવા જગત સાથે ચૈતન્યના સંબંધની ગંધ પણ નજ હોઇ શકે; તેમ છતાં પણ જીવે એવો કયો અપરાધ કર્યો છે, કે જેથી તે સંસારને પામ્યા કરે છે અને ઈશ્વરનાં એવાં કયાં મોટાં પુણ્ય છે કે જેથી તે નિત્યમુક્ત છે? વળી કર્મકાંડનો વિષય કયો છે? આ શંકાના સમાધાનમાં **द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥** જીવ તથા ઈશ્વર નામનાં સુંદર ગતિવાળાં બે પક્ષીઓ, બિંબ–પ્રતિબિંબ ભાવે નિત્ય સાથે રહે છે અને ઉપકાર્ય–ઉપકારકના ભાવે મિત્રરૂપે વર્તતાં હોઇ વૃક્ષરૂપ એકજ શરીરનો આશ્રય કરી રહ્યાં છે. તેમાંનો એક એટલે જીવ, કર્મનાં ફળ સુખ વગેરે સ્વાદિષ્ટ લાગતાં હોય તેમ તેનો ઉપભોગ કરે છે. ત્યારે બીજો ઈશ્વર કર્મોનાં ફળને નહિ ભોગવતો સ્વકાશસ્વરૂપે વિરાજે છે; તેમજ + **'अजामेकां लोहितशुक्लकृष्णाम्'** ઇત્યાદિ શ્રુતિઓ અહીં જીવ તથા ઈશ્વરની વિશેષતા સમજાવે છે–)

स यदजया त्वजामनुशयीत गुणांश्च जुषन्
भजति सरूपतां तदनु मृत्युमपेतभगः ।
त्वमुत जहासि सामहिरिव त्वचमात्तभगो
महसि महीयसेऽष्टगुणितेऽपरिमेयभगः ॥३८॥

તે જીવ, માયાને લીધે અવિદ્યાને ભેટી પડે છે, તેથી દેહ–ઇન્દ્રિય વગેરે ગુણોનું સેવન કરતો તે તે ગુણોને પોતાનારૂપ માની લઇ તેની સમાનતાને પામે છે, એટલે તે તે દેહ, ઇન્દ્રિય આદિના ધર્મોથી યુક્ત થાય છે અને તેથીજ તેના આનંદાદિ ગુણો ઢંકાઇ જતા હોઇ તે સંસારને પામ્યા કરે છે. (અને કર્મકાંડના વિષયરૂપ થાય છે.) પરંતુ આપ ઈશ્વર તો, સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે છે, તેમ (પોતા વિષે રહેલી છતાં) માયાનો ત્યાગ કરો છો; કેમકે આપ તો નિત્ય પ્રાપ્ત થયેલા ઐશ્વર્યવાળા છો અને અપરિમિત ઐશ્વર્યવાળા હોઇને અણિમાદિ અષ્ટ પ્રકારના પરમૈશ્વર્યમાં વિરાજો છો. (અર્થાત્ આપનું અષ્ટ પ્રકારનું ઐશ્વર્ય તે બીજાઓની પેઠે દેશકાલાદિથી મપાયલું હોતું નથી; પરંતુ પરિપૂર્ણ સ્વરૂપના સંબંધવાળું હોઈ અપરિમિત–અમાપ છે. ×[38]

(એ પ્રમાણે પૂર્વોક્ત સાધનસમુદાયથી જેઓ ભગવાનને ભજે છે, તેઓ સંસારને તરે છે અને જેઓ ભગવાનને ભજતા નથી તેઓ સંસારને પામ્યા કરે છે, એ વાત કહી. હવે જેઓ બાહ્યસંગનો ત્યાગ કરી દઇને (સંન્યાસી થઇને) ભગવાનના માર્ગે પ્રવૃત્તિ કરી રહ્યા હોય છે, છતાં પણ કોઈ પ્રકારે અંદરથી એક વાર ત્યાગેલા એવા પણ વિષયોનો ઉપભોગ કરતા વિષયોને છોડતા નથી, તેઓ ભગવાનને પામતા નથી તેમજ આ લોકમાં પણ સુખ પ્રાપ્ત કરતા નથી; પરંતુ કેવળ નીચ યોનિઓનેજ પામ્યા કરે છે. આવા પુરુષોનો શોક કરતા સનંદન ભગવાન, **कामान्यः कामयते मन्यमानः स कर्मभिर्जायते तत्र तत्र-** જે પુરુષ દોષો તરફ લક્ષ્ય નહિ આપતાં વિષયોનુંજ ચિંતન કર્યા કરે છે, તે કર્મોને લીધે તે તે દુષ્ટ યોનિઓમાં જન્મે છે,' એ શ્રુતિનો અર્થ અહીં કહે છે–)

મહત્તત્ત્વ, અહંકાર, આકાશ વગેરે સર્વ કંઇ વસ્તુતઃ નૃસિંહ ભગવાનથી ભિન્ન નથી. —**श्रीधर**

+ આ શ્રુતિ સંપૂર્ણ અર્થ સાથે પ્રથમ આવી ગયેલ છે. —**भा. क.**

× આ શ્લોકનો આશય–**नृत्यन्ती तव वीक्षणाङ्गणगता कालस्वभावादिभिर्भावान् सत्त्वरजस्तमोगुणमयानुन्मीलयन्ती बहून् । मामाक्रम्य पदा शिरस्यतिभरं संमर्दयन्त्यातुरं माया ते शरणं गतोऽस्मि नृहरे त्वामेव तां वारय ॥**

હે નૃસિંહ દેવ! આપના દર્શનમાત્રથીજ ચેષ્ટાને પામેલી, નૃત્ય કરતી, કાલના સ્વભાવ વગેરેથી સત્ત્વગુણ, રજોગુણ તેમજ તમોગુણમય અનેક પદાર્થોને પ્રકટ કરતી આપની માયા, મારા મસ્તકને ચરણથી દબાવીને અત્યંત ભારવાળા અને આતુર મને ખૂંદી રહી છે; માટે હું આપને શરણે આવ્યો છું; તે માયાને આપ વારો.–**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

यदि न समुद्धरन्ति यतयो हृदि कामजटा
दुरधिगमोऽसतां हृदि गतोऽस्मृतकंठमणिः ।
असुतृपयोगिनामुभयतोऽप्यसुखं भगवन्-
ननपगतान्तकादनधिरूढपदाद् भवतः ॥३९॥

હે ભગવન્ ! જેઓ, યતિઓ થયા છતાં પણ હૃદયમાં રહેલી વિષયોનાં મૂળરૂપી વાસનાઓને ઉખેડી નાખતા નથી, તે દુષ્ટ યતિઓને આપ હૃદયમાં બિરાજેલા છતાં કંઠમાંજ ભુલાઇ ગયેલા મણિની પેઠે દુર્લભ થઈ પડો છો; એટલુંજ નહિ પરંતુ ઇન્દ્રિયોને તૃપ્ત કરવામાં તત્પર રહેનારા તે દાંભિક યોગીઓને આ લોક તથા પરલોક બન્નેમાં દુઃખજ પ્રાપ્ત થાય છે. જેમકે કોઇને માટે કદી પણ નહિ મટેલા મૃત્યુથી (આ લોકમાં) દુઃખ થાય છે અને જેનું સ્વરૂપ જાણ્યું નથી એવા આપ ઈશ્વરથી પણ (પરલોકમાં નરકપ્રાપ્તિરૂપ) દુઃખ થાય છે–અર્થાત્ લોકોને ખુશ રાખવા, ધન મેળવવું વગેરે ક્લેશોથી અને લોકોમાં પોતાના ભોગવૈભવ ખુલ્લા પડી જશે, એવા ભયને લીધે એ દાંભિક ત્યાગીઓને આ લોકમાં દુઃખજ રહે છે અને આપની સ્વરૂપપ્રાપ્તિ નહિ થયેલી હોવાથી, અવિદ્યાવાળા વિષયોનું સેવન કરેલું હોવાથી તેમજ પોતાને પ્રાપ્ત થયેલા ધર્મનું ઉલ્લંઘન કરેલું હોવાથી આપના દંડરૂપે તેઓને નરકની પ્રાપ્તિજ થાય છે; તેથી પરલોકમાં પણ એવા દાંભિક યોગીઓને દુઃખજ છે.+

(કદાચ કોઇ શંકા કરે કે, સંન્યાસીને તો કંઈ કરવાનું રહેતુંજ નથી; તેણે તો પ્રારબ્ધકર્મનોજ સુખના ઉપભોગદ્વારા ક્ષય કરવાનો હોય છે, તો પછી ‘આ લોકમાં ને પરલોકમાં તેને દુઃખજ છે, એમ કહી વૃથા તેની નિંદા કેમ કરો છો ? શ્રુતિ પણ કહે છે: **‘एष नित्यो महिमा ब्राह्मणस्य न कर्मणा वर्धते नो कनीयान्**–બ્રહ્મજ્ઞાનીનો આ અવિનાશી મહિમા છે કે, કર્મથી તે વધતો નથી તેમ ક્ષીણ પણ થતો નથી. આ શંકાનું સમાધાન કરે છે:–)

त्वदवगमी न वेत्ति भवदुत्थशुभाशुभयो–
र्गुणविगुणान्वयाँस्तर्हि देहभृतां च गिरः ।
अनुयुगमन्वहं सगुण गीतपरंपरया
श्रवणभृतो यतस्त्वमपवर्गगतिर्मनुजैः ॥४०॥

હે સગુણ–છ પ્રકારના ઐશ્વર્યથી યુક્ત પરમેશ્વર ! આપનું જેને જ્ઞાન થયું છે તેવા સંન્યાસી તો કર્મફળના દાતા આપ ઈશ્વરથી પ્રકટ થયેલાં પ્રાચીન પુણ્ય–પાપનાં ફળરૂપ સુખ–દુઃખના સંબંધને જાણતા નથી, તેમાંથી મુક્તજ રહે છે અને તે અવસ્થામાં દેહાભિમાનીઓને પ્રવૃત્તિ કરાવનારી વિધિ–નિષેધરૂપ વાણીને પણ નથી જાણતા–અર્થાત્ દેહાભિમાન ટળી ગયેલું હોવાથી કાર્ય–અકાર્યનો તેને બોધ રહેતો નથી; જેથી વિધિ–નિષેધરૂપ વેદવાણી તેને પ્રેરણા કરી શકતી નથી, એ યોગ્યજ છે. કારણ કે પ્રત્યેક યુગમાં ઉપદેશપરંપરાએ એટલે સજ્જનોના સંપ્રદાય પ્રમાણે જે મનુષ્યોએ નિરંતર શ્રવણ કરીને ચિત્તમાં આપને ધારણ કર્યા હોય છે, તેઓને તો આપજ મોક્ષગતિરૂપ થઇ પડો છો. (અહીં કહેવા એ માગે છે કે, જેઓ તત્ત્વજ્ઞાની છે તેઓને કર્મનો અધિકાર હોય એવી શંકાજ ઉદ્ભવતી નથી અને જેઓ નિરંતર આપની કથાશ્રવણ વગેરેમાં નિષ્ઠાવાળા છે તેઓ પણ આપના ચરણમાં પહોંચીજ

+ આ શ્લોકનોજ શ્રીધરનો અભિપ્રાય:–**दंभन्यासमिषेण वञ्चितजनं भोगैकचिन्तातुरं संमुह्यन्तमहर्निशं विरचितोद्योगक्लमैराकुलम् । आज्ञालंघिनमज्ञमज्ञजनतासंमाननासन्मदं दीनानाथ दयानिधान परमानंद प्रभो पाहि माम् ॥**

‘હે ગરીબોના બેલી ! હે દયાના ભંડાર ! હે પરમ આનંદસ્વરૂપ પ્રભુ ! દાંભિક ત્યાગના બહાના વડે હું લોકોને ઠગી રહ્યો છું; વિષયભોગોનીજ ચિંતાથી આતુર રહ્યા કરું છું; હરહમેશ મોહ પામ્યા કરું છું; જાતજાતના ઉદ્યોગના પરિશ્રમો કરીને આકુળ રહું છું, મેં આપની આજ્ઞા ઓળંગી છે અને અજ્ઞાની હોઇ અજ્ઞાનીઓનાજ સન્માનથી હું છકી ગયો છું; આપ મારું રક્ષણ કરો.’

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયા હોય છે, તેથી તેઓને પણ વિધિ–નિષેધનો બાધ રહેતો નથી; પરંતુ જેઓને તત્ત્વજ્ઞાન થયુંજ નથી તેવા ઇન્દ્રિયવિષયોના લાલચુ દાંભિક સંન્યાસીઓ તો આ લોકમાં ને પરલોકમાં દુઃખીજ છે.)૪૦*

(આપના જ્ઞાનવાળો પુરુષ સુખ–દુઃખ જાણતો નથી અને વિધિ–નિષેધનો તેને બાધ રહેતો નથી, એમ કહેવામાં આવ્યું; પરંતુ પહેલાં તો એમ કહી ગયા કે, 'ઈશ્વર દુર્જ્ઞેય છે, તો પછી તેમનું જ્ઞાન કેવી રીતે થઇ શકે?' આના ઉત્તરમાં કહેવાનું કે, વાત સાચી, એ રીતે જેમનો મહિમા દુર્જ્ઞેય છે એવા પરમેશ્વર, વાણી તેમજ મનના અવિષય છે, તેથી એ અવિષયરૂપેજ તેમનું જ્ઞાન છે, એમ દર્શાવતાં **'यदूर्ध्वं गार्गि दिवो यदर्वाक् पृथिव्या यदन्तरा द्यावापृथिवि इमे यद् भूतं भवच्च भविष्यच्च**, યાજ્ઞવલ્ક્ય કહે છે કે, હે ગાર્ગિ! જે કંઇ આકાશની ઉપર છે, પૃથ્વી ઉપર છે, આકાશ તથા પૃથ્વીની વચ્ચે છે, જે આ આકાશ તથા પૃથ્વી છે, જે કંઇ ભૂતકાળમાં બની ગયું, વર્તમાનકાળમાં બની રહ્યું છે અને ભવિષ્યમાં બનશે તે સર્વ બ્રહ્મ છે.' ઇત્યાદિ શ્રુતિઓએ પ્રતિપાદન કરેલો પરમેશ્વરનો અમાપ મહિમા અહીં કહે છેઃ)

द्युपतय एव ते न ययुरन्तमनन्ततया
त्वमपि यदन्तराऽण्डनिचया ननु सावरणाः।
ख इव रजांसि वान्ति वयसा सह यच्छ्रुतय-
स्त्वयि हि फलन्त्यतन्निरसनेन भवन्निधनाः॥

હે પ્રભો! સ્વર્ગાદિ લોકોના સ્વામી બ્રહ્મા વગેરે પણ આપના અંતને પામ્યા નથી; કારણ કે આપ અનંત છો. જે કોઇ અંતવાળી વસ્તુ છે તે આપ નથી. અરે! બ્રહ્માદિ દેવોજ આપના અંતને પામ્યા નથી, એમજ નથી; પણ આપ પોતે આપના અંતને પામ્યા નથી. (કદાચ આપ કહેશો કે, ત્યારે તો મારામાં સર્વજ્ઞપણું અને સર્વશક્તિમાનપણું કેવી રીતે ઘટે છે? તેના ઉત્તરમાં કહેવાનું કે,) આપનું અનંતપણુંજ હોવાથી આપ સર્વજ્ઞ તથા સર્વ શક્તિમાન છો. (સસલાનાં શિંગડાં ન જાણ્યાં કે ન મેળવ્યાં તેથી કંઇ અજ્ઞાનીપણું કે શક્તિરહિતપણું ન ગણાય.) જેમ આકાશમાં રજકણો એકી સાથે ઊડ્યા કરે છે, તેમ આપને વિષે ઉત્તરોત્તર દશ દશગણાં મોટાં સાત આવરણોવાળાં અનેક બ્રહ્માંડો એકીસાથે કાલચક્રથી ભમ્યા કરે છે. (આવો આપનો અમાપ મહિમા છે;) તેથીજ શ્રુતિઓ આપને વિષે તાત્પર્યવૃત્તિએ પરિણામ પામે છે. પણ એમ કહી શકતી નથી કે, 'આ પરમેશ્વર અને તે આટલા પ્રમાણવાળા છે!' કારણ કે સગુણસ્વરૂપે આપ અનંત ગુણોવાળા છો અને નિર્ગુણસ્વરૂપે અવિષય છો. (કદાચ કોઇ કહે કે, જે કોઈ પદાર્થજ નથી તેમાં તાત્પર્ય કેમ ઘટી શકે? તેના ઉત્તરમાં કહેવાનું કે, જે વાક્ય વિધિમુખ હોય છે તેમાં 'પદાર્થનેજ વાક્યાર્થતા' એ નિયમ લાગુ થઇ શકે છે, પણ જે વાક્ય નિષેધમુખ હોય છે તેમાં એ નિયમ હોતો નથી, એ અહીં કહે છે કે, **'अन्यदेव तद्विदितादथो अविदितादधि' (केन उ० १–३)** ઇન્દ્રિયોના ઇન્દ્રિયરૂપ જે બ્રહ્મજ્ઞાનના વિષય થનાર સર્વ વ્યક્ત અનાત્મ વસ્તુઓથી તેમજ અવિદ્યારૂપ અવ્યાકૃતથી પણ બિલકુલ વિલક્ષણ છે. તેમજ **'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात् कृताकृतात्।'** (કઠ.ઉ. ૧–૨–૧૪) શાસ્ત્રીય ધર્માનુષ્ઠાન, અધર્માચરણ, કર્મનું ફળ, ધર્માધર્મના કર્તા, કરણ ઇત્યાદિ કારક સામગ્રીથી તેમજ કાર્ય–કારણથી પણ પરમાત્મા ભિન્ન છે. તેમજ **'अस्थूलमनणु.'** (बृह० उ० ३–८–८) પરમાત્મા સ્થૂલ, સૂક્ષ્મ હ્રસ્વ, દીર્ઘ કે ઇન્દ્રિયાદિકરણયુક્ત નથી.' ઇત્યાદિ મંત્રો નિષેધમુખથી પર-

*આ શ્લોકનોજ ભાવઃ–' **अवगमं तव मे दिश माधव स्फुरति यन्न सुखासुखसंगमः। श्रवणवर्णनभावमथापि वा न हि भवामि यथा विधिकिंकरः॥** હે માધવ! આપનું જ્ઞાન મને આપો, કે જેથી મને સુખ-દુઃખનો સમાગમજ ન રહે; અથવા આપના શ્રવણકીર્તનમાં મને ભાવ થાઓ, જેથી હું વિધિનિષેધનો દાસ ન બની રહું —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મનું વર્ણન કરે છે. તથા 'तत्त्वमसि' (છાં. ઉ. ૬–૮–૭) તે (પરબ્રહ્મ) તું (જીવ) છે, ઇત્યાદિ વાક્યો લક્ષણાવૃત્તિદ્વારા આપ વિષેજ પરિણામ પામે છે. (કદાચ કોઈ કહે કે, શ્રુતિઓ એ રીતે સર્વનો નિષેધ કરીને શૂન્યજ જણાવતી હોય એમ લાગે છે. તેના ઉત્તરમાં કહે છે કે,) શ્રુતિઓની સમાપ્તિ આપ વિષેજ છે–શ્રુતિઓ છેવટે આપનેજ જણાવે છે. (અર્થાત્ અવધિ વિનાનો નિષેધ સંભવી શકે નહિ, જેથી અવધિરૂપ એવા આપનુંજ શ્રુતિઓ પ્રતિપાદન કરે છે.)'+૪૧

॥ श्रीभगवानुवाच ॥

इत्येतद् ब्रह्मणः पुत्रा आश्रुत्यात्मानुशासनम् ।
सनन्दनमथानर्चुः सिद्धा ज्ञात्वात्मनो गतिम् ॥

શ્રીનારાયણ ભગવાન બોલ્યા:–'હે નારદ! એ પ્રમાણે બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓ, વેદસ્તુતિરૂપ આત્મતત્ત્વનો ઉપદેશ સાંભળીને તેમજ આત્મતત્ત્વ જાણીને કૃતકૃત્ય થઈ સનંદનની પૂજા કરવા લાગ્યા.૪૨

इत्यशेषसमाम्नायपुराणोपनिषद्रसः ।
समुद्धृतः पूर्वजातैर्व्योमयानैर्महात्मभिः ॥४३॥

એ રીતે સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલા આકાશવિહારી મહાત્મા સનકાદિએ સમગ્ર વેદો પુરાણો તથા ઉપનિષદોનો સાર કાઢેલો છે.૪૨

त्वं चैतद् ब्रह्मदायाद श्रद्धयात्मानुशासनम् ।
धारयँश्चर गां कामं कामानां भर्जनं नृणाम् ॥४४

હે બ્રહ્માના પુત્ર નારદ! આ વેદસ્તુતિરૂપ આત્મતત્ત્વનો ઉપદેશ, કે જે મનુષ્યોના વિષયાભિલાષોને બાળી નાખનાર છે, તેને શ્રદ્ધાથી મનમાં ધારણ કરી તમે ઇચ્છાનુસાર પૃથ્વી પર વિચરો.'૪૪

॥ श्रीशुक उवाच ॥

एवं स ऋषिणादिष्टं गृहीत्वा श्रद्धयात्मवान् ।
पूर्णः श्रुतधरो राजन्नाह वीरव्रतो मुनिः ॥४५॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે રાજન્! એ પ્રમાણે નારાયણ ઋષિએ ઉપદેશેલા આત્મતત્ત્વોપદેશને શ્રદ્ધાથી ગ્રહણ કરી આત્મસાક્ષાત્કાર કરીને કૃતકૃત્ય થયેલા નૈષ્ઠિક મુનિ નારદ, સાંભળેલા અર્થને મનમાં ધારણ કરતા કહેવા લાગ્યા.૪૫

॥ नारद उवाच ॥

नमस्तस्मै भगवते कृष्णायामलकीर्तये ।
यो धत्ते सर्वभूतानामभवायोशतीः कलाः ॥४६॥

નારદજી બોલ્યા:–'નિર્મળ કીર્તિવાળા તે શ્રીકૃષ્ણ ભગવાનને મારા નમસ્કાર હો, કે જે ભગવાન સર્વ પ્રાણીઓના મોક્ષ માટે ઉત્તમ અવતારો ધારણ કરે છે.'૪૬

इत्याद्यमृषिमानम्य तच्छिष्यांश्च महात्मनः ।
ततोऽगादाश्रमं साक्षात् पितुर्द्वैपायनस्य मे ॥४७॥

"એ પ્રમાણે કહી નારાયણ ઋષિને તથા તેમના મહાત્મા શિષ્યોને નમસ્કાર કરીને નારદજી,+મારા સાક્ષાત્ પિતા વેદવ્યાસના આશ્રમમાં ગયા.૪૭

सभाजितो भगवता कृतासनपरिग्रहः ।
तस्मै तद्वर्णयामास नारायणमुखाच्छ्रुतम् ॥४८॥

'ત્યાં ભગવાન વેદવ્યાસે તેમનો સત્કાર કર્યો; એટલે આસનનો સ્વીકાર કરી નારદજીએ, નારાયણના મુખથી જે આત્મરહસ્ય સાંભળ્યું હતું, તે તેમની આગળ વર્ણવ્યું.૪૮

इत्येतद् वर्णितं राजन् यन्नः प्रश्नः कृतस्त्वया ।
यथा ब्रह्मण्यनिर्देश्ये निर्गुणेऽपि मनश्चरेत् ॥४९॥

+ આજ શ્લોકનો અભિપ્રાય:–**द्युपतयो विदुरन्तमनन्त ते न च भवान्न गिरः श्रुतिमौलयः। त्वयि फलन्ति यतो नम इत्यतो जय जयेति भजे तव तत् पदम् ॥** હે અનંત! સ્વર્ગાદિ દેવલોકના સ્વામીઓ આપનો અંત જાણતા નથી; એટલુંજ નહિ પણ આપ પોતે અને ઉપનિષદોની વાણી પણ આપના અંતને જાણી શકતી નથી; કારણ કે શ્રુતિઓ નિષેધ-મુખે આપ વિષે પરિણામ પામે છે અને 'જય, જય,' એ પ્રમાણે પોકારે છે; તે આપના પદનું હું ભજન કરું છું. —**श्रीधर**

+ 'મારા સાક્ષાત્ પિતા' એમ કહેવાનું કારણ એ છે કે, અગ્નિમંથન કરતાં કરતાં કોઇ પ્રકારે વ્યાસનું વીર્ય અરણિકાષ્ઠ ઉપર સ્રવી પડ્યું હતું; તેને મથતાં તેજ વખતે શુકદેવજી ઉત્પન્ન થયા હતા. આ રીતે યોનિનું વ્યવધાન નહિ હોવાથી આમ કહ્યું છે.—**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'હે રાજન્! તમે મને પ્રશ્ન કર્યો હતો કે, 'અનિર્દેશ્ય અને નિર્ગુણ છતાં બ્રહ્મને વિષે શ્રુતિઓ કેવી રીતે પ્રવર્તે છે? તેના ઉત્તરમાં મેં તમારી પાસે વર્ણન કર્યું કે, જે રીતે અનિર્દેશ્ય અને નિર્ગુણ બ્રહ્મમાં પણ મન પ્રવૃત્તિ કરે છે, તે રીતે શ્રુતિઓ પણ પ્રવૃત્તિ કરે છે.૪૯

*योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधने योऽव्यक्तजीवेश्वरो। यः सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणा चक्रे पुरः शास्ति ताः॥ यं संपद्य जहात्यजामनुशयी सुप्तः कुलायं यथा। तं कैवल्यनिरस्तयोनिमभयं ध्यायेदजस्रं हरिम्॥५०॥

જે ભગવાન પોતાના સ્વરૂપમાં લય પામનારા જીવોને સમસ્ત પુરુષાર્થોની સિદ્ધિ થાય તે માટે આ જગતની સૃષ્ટિ–સ્થિતિ–પ્રલય વગેરેનો વિચાર કરે છે અને તે પ્રમાણે વિચાર કરીને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપ કર્મમાં જે વર્તે છે; પ્રકૃતિ તથા પુરુષના નિયંતા છે; આ જગતને સૃજીને જીવની સાથે તેમાં જેમણે પ્રવેશ કર્યો છે અને જીવના ભોગસ્થાનરૂપ સર્વ શરીરોને બનાવ્યાં છે તથા તે જીવને ભોગો અર્પણ કરતા જે ભગવાન તે શરીરોનું પાલન કરે છે; તેમજ જેમને શરણે જઇ તેમના ચરણમાં દંડવત્ પ્રણામ કરનારો જીવ, ‡જેમ સૂતેલો પુરુષ પોતાના શરીરનો ત્યાગ કરે છે, તેમ કાર્ય–કારણરૂપ અવિદ્યાનો ત્યાગ કરે છે તે, ભયને દૂર કરનારા અને અસ્ખલિત સ્વસ્વરૂપમાં સ્થિતિ કરીને મૂળકારણ–માયાનો તિરસ્કાર કરનારા (માયાનો પોતાને સ્પર્શ પણ નહિ થવા દેતા) શ્રીહરિનું નિત્ય ધ્યાન કરવું."૫૦

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૭ મો સમાપ્ત

अध्याय ८८ मो+

વિષ્ણુના ભક્તને મોક્ષ અને અન્ય દેવોના ભક્તોને માત્ર સંપત્તિઓજ

॥ राजोवाच ॥

देवासुरमनुष्येषु ये भजंत्यशिवं शिवम्। प्रायस्ते धनिनो भोजा न तु लक्ष्म्याः पतिं हरिम्

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"દેવો, અસુરો તથા મનુષ્યોમાં જેઓ ભોગવૈભવનો તિરસ્કાર કરનારા શંકરને ભજે છે તેઓ ઘણું કરીને ધનવાળા અને ભોગવૈભવવાળા થાય છે અને લક્ષ્મીના પતિ, સર્વ ભોગવૈભવથી યુક્ત એવા શ્રીહરિને ભજે છે તેઓ ધનવાન કે ભોગવૈભવવાળા થતા નથી;૧ આનું કારણ શું? એ અમે જાણવા ઇચ્છીએ છીએ. આ વિષયમાં અમને મહાન સંદેહ છે. કારણ કે વિરુદ્ધ સ્વભાવના પ્રભુ હરિહરનું ભજન કરનારાઓને વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે–અર્થાત્ શિવને ભજનારા સંપત્તિમાન થાય છે અને વિષ્ણુને ભજનારા સંપત્તિથી રહિત થાય છે, તેમાં શું કારણ છે?"૨

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"નિત્ય આનંદસ્વરૂપ એવા પરમાત્માજ પોતાની શક્તિ–પ્રકૃતિથી યુક્ત થઇ તે પ્રકૃતિના સત્ત્વ, રજસ અને તમોગુણથી વીંટાઇને ત્રણ સ્વરૂપોવાળા થાય છે; જે સ્વરૂપોને સાત્વિક, રાજસ અને તામસ, એમ ત્રણ પ્રકારનો અહંકાર કહેવામાં આવે છે.૩ આ અહંકારથી મન, દશ* ઇન્દ્રિયો અને પાંચ મહાભૂતો-

* હવે સમસ્ત વેદસ્તુતિના અર્થનો એક શ્લોકમાં સંગ્રહ કરે છે. —શ્રીધર

‡ આ વાકયમાં કહેવાનો ભાવ એ છે કે, જેમ સૂતેલા કોઇ મનુષ્યને બીજાઓ દેહવાળો જોઇ શકે છે, પણ તે સૂતેલો મનુષ્ય પોતે પોતાને દેહવાળો જોતો નથી, તેમ જીવન્મુક્ત પુરુષને પણ બીજાઓ દેહવાળા જુએ છે, પરંતુ તે જીવન્મુક્ત પોતે પોતાને દેહવાળો જોતા નથી. —શ્રીધર

+ આ અધ્યાયમાં વિષ્ણુભક્તને મોક્ષ મળે છે, ત્યારે બીજા દેવોના ભક્તોને સંપત્તિઓ મળે છે, એ વાત કહેવાશે. —શ્રીધર

* અહીં ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવોનો અભેદ દર્શાવ્યો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપી સોળ વિકારો ઉત્પન્ન થયા છે. આ વિકારોમાંથી જે કોઇ તે તે વિકારના અધિષ્ઠાતા દેવનું મનુષ્ય ભજન કરે છે, તેને તે તે સર્વ વિભૂતિઓનું ફળ મળે છે. (અર્થાત્ ત્રિગુણાત્મક અહંકારના અધિષ્ઠાતા શંકર છે અને સર્વ સંપત્તિઓ પણ ત્રિગુણાત્મક છે; તેથી શંકરનું ભજન કરનારને સંપત્તિઓ મળેજ.)[૪] પણ શ્રીહરિ તો પ્રકૃતિથી પર રહેલા સાક્ષાત્ નિર્ગુણ પુરુષ—પરમાત્મા છે, સર્વના દ્રષ્ટા અને સાક્ષી છે; માટે તેમનું ભજન કરનારો પુરુષ તો નિર્ગુણજ થાય.[૫] તમારા દાદા યુધિષ્ઠિર રાજાએ, અશ્વમેધ યજ્ઞો સમાપ્ત થયા, ત્યારે ભગવાન કૃષ્ણ પાસે ધર્મ શ્રવણ કરતાં કરતાં તે અચ્યુત ભગવાનને આ બાબતજ પૂછી હતી.[૬] તે વખતે મનુષ્યોનું કલ્યાણ કરવા માટે યદુના કુળમાં અવતરેલા પ્રભુ શ્રીકૃષ્ણ ભગવાને પ્રસન્ન થઇને શ્રવણ કરવાની ઇચ્છાવાળા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહ્યું હતું.[૭]

શ્રીભગવાન બોલ્યાઃ—+'જેના પર હું અનુગ્રહ કરું છું તેની પાસેથી ધીમે ધીમે ધન હરી લઉં છું; એટલે તે નિર્ધન થયેલા અને દુઃખને લીધે દુઃખી હોય તેવા જણાતા મારા ભક્તને તેના સ્વજનો તજી દે છે.[૮] પછી (સ્વજનોના દબાણથી) ફરી પણ ધન મેળવવા માટે તે ભક્ત ઉદ્યોગ કરે છે, પણ મારા અનુગ્રહને લીધે તેનો ઉદ્યોગ નિષ્ફળ જાય છે; તેથી વૈરાગ્ય પામીને મારામાં પરાયણ રહેનારા મારા ભક્તો સાથે તે મિત્રતા કરે છે; એટલે હું તેના પર અનુગ્રહ કરું છું.[૯] જેથી પરમ સૂક્ષ્મ, માત્ર ચૈતન્યસ્વરૂપ, સત્ય અને અનંત એવા બ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે. આ રીતે હું અત્યંત દુઃખથી આરાધન કરી શકાઉં એવો છું, તેથીજ લોકો મને છોડીને અન્ય દેવોને ભજે છે.[૧૦] બીજા દેવો સત્વર પ્રસન્ન થનારા છે; તેઓની પાસેથી રાજ્યલક્ષ્મી સંપાદન કરી ઉદ્ધત બની ગયેલા તે લોકો મદોન્મત્ત થઇને પ્રમાદી થાય છે અને પોતાને વર આપનારા એવા તે તે દેવોને પણ ભૂલી જાય છે અને તેઓનું અપમાન પણ કરે છે.'[૧૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરે સર્વ દેવો શાપ આપવામાં તથા અનુગ્રહ કરવામાં સમર્થ છે અને તેમાં પણ શંકર તથા બ્રહ્મા તો સત્વર પ્રસન્ન થાય એવા છે અને સત્વર શાપ આપી દે તેવા છે; પરંતુ વિષ્ણુ તેવા નથી—તે તો લાંબા કાળેજ અનુગ્રહ કરે છે અને કદાચ શિક્ષા કરે છે તોપણ તેનું પરિણામ અનુગ્રહરૂપજ હોય છે.[૧૨] આ વિષયમાં આ પુરાતન ઇતિહાસ વૃદ્ધો કહે છે; જેમાં વૃકાસુરને વર આપી શંકર સંકટમાં આવી પડ્યા હતા, તેનું વર્ણન છે.[૧૩] વૃક નામે એક અસુર હતો. તે શકુનિનો પુત્ર હતો. એક વખતે માર્ગમાં નારદજીને જોઈ તે દુર્મતિએ ત્રણ દેવોમાંથી સત્વર પ્રસન્ન થાય તેવો કયો દેવ છે? એમ પૂછ્યું.[૧૪] એટલે નારદજીએ તેને કહ્યું કે, 'તું શંકર દેવનું આરાધન કર, તેથી તને સત્વર ફળપ્રાપ્તિ થશે. કારણ કે શંકર અલ્પ ગુણથી પણ સત્વર પ્રસન્ન થાય છે અને અલ્પ દોષથી પણ શીઘ્ર કોપાયમાન થાય છે.[૧૫] રાવણ અને બાણાસુર, ભાટ—ચારણની પેઠે તેમની સ્તુતિ કરતા હતા; તેટલામાં તો તેમના પર પ્રસન્ન થઇને તેઓને અતુલ ઐશ્વર્ય આપી દીધું હતું અને તેથી પોતે મોટા સંકટને પામ્યા હતા.'[૧૬] નારદજીએ એ પ્રમાણે કહ્યું, એટલે તે વૃકાસુર કેદાર નામના શિવક્ષેત્રમાં જઇ અગ્નિ જેનું મુખ છે એવા

+ આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, જે મારો ભક્ત વિષયોનો ત્યાગ કરવા ઇચ્છતો હોય છતાં કોઇ રીતે વિદ્યમાન વિષયોમાં આસક્ત થાય છે અને ક્લેશ પામે છે; માટે તેની પાસેથી વિષયો લઇ લેવા એજ મારો તેના ઉપર અનુગ્રહ થાય છે. ધ્રુવ વગેરેને તો ભગવાને ઐશ્વર્ય આપ્યું હતું, તેનું કેમ? આ શંકાનું સમાધાન કરવા માટે અહીં એ ભાવ સમજવો કે, ભગવાન પોતાના ભક્તને પ્રથમ પુષ્કળ ઐશ્વર્ય આપે છે અને પછી વિષયભોગોના અંતે વૈરાગ્ય ઉપજાવી તેના પર અનુગ્રહ કરવા માટે તેને આપેલા ઐશ્વર્યને લઇ લે છે.—શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શંકરનું પોતાના શરીરથી આરાધન કરવા લાગ્યો અને પોતાના માંસથી હોમ કરવા લાગ્યો;[૧૭] છતાં શંકરદેવનું તેને દર્શન થયું નહિ; એટલે તેણે કંટાળીને સાતમે દિવસે તે તીર્થમાં સ્નાન કરવાથી ભીના કેશવાળા પોતાના મસ્તકને શસ્ત્ર વડે કાપી નાખવાની તૈયારી કરી.[૧૮] તે વખતે મહાદયાળુ એવા શંકર, અગ્નિમાંથી મૂર્તિમાન અગ્નિની પેઠે પ્રકાશતા પ્રકટ થયા અને જેમ આપણે કોઇને મરતો અટકાવીએ તેમ વૃકાસુરના બન્ને હાથ પકડી તેને (શિરચ્છેદ કરતો) અટકાવ્યો. વૃકાસુર પણ શંકરનો સ્પર્શ થતાંજ ફરી સાજા શરીરવાળો થઇ ગયો.[૧૯] પછી શંકરે તેને કહ્યું કે, 'હે ભક્ત! બસ કર, બસ કર. તું મારી પાસેથી વર માગ. તારી ઇચ્છા પ્રમાણે હું તને વર આપીશ. હું તો માત્ર, જળ ચઢાવીને પણ મારું ભજન કરનારા મનુષ્યો ઉપર પ્રસન્ન થાઉં છું, તો તું તારા શરીરને વૃથા અત્યંત દુઃખ દે છે.' પછી મહાપાપી તે અસુરે, પ્રાણીઓને ભય ઉપજાવે તેવો વર શંકર પાસે માગ્યો કે, 'હું જેના જેના મસ્તક ઉપર હાથ મૂકું, તે તે મરણ પામો.' હે ભરતવંશી રાજા! તે સાંભળી ભગવાન શંકર, ઉદાસ મનવાળા હોય તેવા થઇ ગયા; તોપણ તેમણે હસતાં હસતાં '**तथास्तु**' એમ કહીને, સર્પને જેમ દૂધ આપે તેમ વૃકાસુરને તે વર આપ્યો. પછી (પ્રથમથીજ) પાર્વતીનું હરણ કરવાની ઇચ્છાવાળા તે અસુરે શંકરના વરની પરીક્ષા કરવા માટે શંકરનાજ મસ્તક ઉપર પોતાનો હાથ મૂકવાનો આરંભ કર્યો; એટલે શંકર તો પોતાનાજ તે કાર્યથી ભય પામ્યા. પેલો દૈત્ય પાછળ પડ્યો જેથી ત્રાસ પામેલા ને કંપી રહેલા શંકર સ્વર્ગ ને પૃથ્વીના અંત સુધી દોડી ગયા ને પછી દિશાઓમાં થઇને ઉત્તરદિશા તરફ પણ દોડી ગયા; પરંતુ મોટા મોટા દેવો શંકરનો ભય દૂર કરવાનો ઉપાય પોતે નહિ જાણતા હોઇ મૌનજ રહ્યા, એટલે શંકર, અવિદ્યાથી પર અને તેજસ્વી એવા વૈકુંઠ÷ ધામમાં ગયા.[૨૦-૨૫] ત્યાં સર્વને અભય આપનારા, શાંત સંન્યાસીઓની પરમ ગતિરૂપ નારાયણ ભગવાન સાક્ષાત્ બિરાજે છે, કે જેમને શરણે જવાથી પ્રાણી સંસારમાં કદી પાછો ફરતો નથી.[૨૬] સર્વનાં સંકટનો નાશ કરનારા ભગવાન નારાયણ, શંકરને તેવા સંકટમાં આવી પડેલા જોઇને દૂરથીજ યોગમાયા વડે બટુકસ્વરૂપ થઇને વૃકાસુરની સામે ગયા.[૨૭] તેજથી અગ્નિ જેવા પ્રકાશતા અને મેખલા, મૃગચર્મ તથા રુદ્રાક્ષને ધારણ કરતા તે બટુકે, હાથમાં દર્ભ રાખીને વિનયીની પેઠે વૃકાસુરને વંદન કરી પૂછવા માંડ્યું.

શ્રીભગવાન બોલ્યાઃ—'હે શકુનિના પુત્ર! ખરેખર, તમે થાકી ગયા છો. આટલે બધે દૂર કેમ આવ્યા છો? ક્ષણવાર વિશ્રાંતિ લો. પુરુષને આ શરીર સર્વ પુરુષાર્થો અર્પણ કરનારું છે. (માટે શરીરને બહુ દુઃખ ન દેવું.) હે સમર્થ અસુર! નિશ્ચય કરેલું કાર્ય જો અમારે સાંભળવા યોગ્ય હોય તો તમે કહો. કારણ કે બીજા પુરુષોને સહાય તરીકે મેળવીને પુરુષ પોતાનાં કાર્યોને ઘણું કરી સાધી શકે છે.'[૨૮-૩૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે અમૃત વરસતું હોય તેવા વચનથી ભગવાને પૂછ્યું; એટલે પરિશ્રમરહિત થઇને વૃકાસુરે, પોતે જે કંઇ કર્યું હતું તે અનુક્રમે તેમની આગળ કહ્યું.[૩૧]

પછી શ્રીભગવાને કહ્યુંઃ—'જો આમજ છે તો અમે તે શંકરના વાક્ય ઉપર શ્રદ્ધા રાખતા નથી, કારણ કે તે શંકર દક્ષના શાપથી પિશાચો જેવી વૃત્તિ પામીને પ્રેતો તથા પિશાચોનો રાજા બન્યો છે;[૩૨] છતાં હે દાનવ રાજા! તમને તે જગદ્‌ગુરુ પર વિશ્વાસ હોય તો તમે પોતેજ પોતાના મસ્તક પર હાથ મૂકી સત્વર ખાતરી કરો.[૩૩] હે દાનવશ્રેષ્ઠ! શંકરનું વચન કોઇ પણ રીતે જો અસત્ય થાય તો આવી અસત્ય વાણી બોલ-

÷ વૈકુંઠધામ તે અહીં 'શ્વેતદ્વીપ' સમજવાનો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારા તે શંકરને તમે મારજો, જેથી ફરી અસત્ય બોલે નહિ.[૩૪] ભગવાનનાં આવાં ભ્રમ ઉપજાવનારાં અને અતિ સુંદર વચનોથી તે દુષ્ટ બુદ્ધિવાળા અસુરની બુદ્ધિ ભ્રમિત થઈ ગઇ. તેણે પોતાના મસ્તક ઉપર હાથ મૂક્યો, કે તુરતજ તેનું મસ્તક તૂટી ગયું અને ક્ષણવારમાં જાણે વજ્રથી માર્યો હોય તેમ (મૃત્યુ પામીને) તે પછડાઇ પડ્યો. પાપી વૃકાસુર એ રીતે માર્યો ગયો ત્યારે સ્વર્ગમાં 'जय जय' 'नमो नमः' એવા શબ્દો થવા લાગ્યા અને દેવો, ઋષિઓ, પિતૃઓ તથા ગંધર્વો પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. એ રીતે ભગવાને શંકરને સંકટમાંથી મુક્ત કર્યા.[૩૫-૩૭] પછી સંકટથી મુક્ત થયેલા તે શંકર સામે જઇને પુરુષોત્તમ ભગવાને તેમને કહ્યું કે, 'અહો! હે દેવ! હે મહાદેવ! આ પાપી પોતાના પાપથી માર્યો ગયો છે. હે ઈશ્વર! જેણે મહાનપુરુષોનો અપરાધ કર્યો હોય તેવો કયો પ્રાણી ક્ષેમકુશળ રહી શકે છે? અને તેમાં પણ જગતના ઈશ્વર અને જગતના ગુરુ આપનો અપરાધ કરનાર ક્ષેમકુશળ નજ રહે, તેમાં શું કહેવાનું હોય![૩૮,૩૯]" જે મનુષ્ય એ પ્રમાણે વાણી તથા મનના અવિષય એવી શક્તિઓના સમુદ્ર, માયાથી પર અને સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિના, શંકરને મુક્ત કરવારૂપ આ ચરિત્રની કથા કરે છે અથવા તેનું શ્રવણ કરે છે તે મનુષ્ય અનેક યોનિઓમાં ભમવારૂપ સંસારથી અને શત્રુઓથી મુક્ત થાય છે."[૪૦]

य एवमव्याकृतशक्त्युदन्वतः परस्य साक्षात् परमात्मनो हरेः। गिरित्रमोक्षं कथयेच्छृणोति वा विमुच्यते संसृतिभिस्तथारिभिः ॥४०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૮ મો સમાપ્ત

अध्याय ८९ मो*

વિષ્ણુ સર્વ દેવોમાં મહાન દેવ છે

॥ श्रीशुक उवाच ॥

सरस्वत्यास्तटे राजन् ऋषयः सत्रमासत।
वितर्कः समभूत्तेषां त्रिष्वधीशेषु को महान् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! સરસ્વતી નદીના કિનારા પર ઋષિઓ યજ્ઞ કરવા માટે બેઠા હતા; તેઓને વિચાર થયો કે, ત્રણ દેવોમાં સૌથી મોટા કોણ? હે રાજા! આ વસ્તુ જાણવાની ઇચ્છાથી તે ઋષિઓએ બ્રહ્માના પુત્ર ભૃગુ ઋષિને મોકલ્યા. એટલે તે ઋષિ એ જાણવાને (પ્રથમ) બ્રહ્મદેવની સભામાં ગયા.[૧,૨] ત્યાં તેમણે બ્રહ્માની મહત્તાની પરીક્ષા કરવા માટે તેમને પ્રણામ ન કર્યા, કે તેમની સ્તુતિ પણ ન કરી; એટલે પોતાના તેજથી પ્રકાશતા બ્રહ્મા તેમના ઉપર ક્રોધાયમાન થયા, પણ બ્રહ્માએ પોતાના તે પુત્રનો વધ કરવા માટે મનમાં ઉત્પન્ન થયેલા ક્રોધને, જેમ અગ્નિને તે અગ્નિથીજ ઉત્પન્ન થયેલા પાણી વડે મનુષ્ય શાંત કરે છે તેમ, પોતાનુંજ રૂપાંતર–આ મારો પુત્ર છે, એવા ભાવથી પોતે શાંત કર્યો.[૩,૪] તે પછી ભૃગ ઋષિ ત્યાંથી કૈલાસ પર ગયા. ત્યાં શંકર દેવે હર્ષથી ઊભા થઇ પોતાના ભાઇ ભૃગુ ઋષિને ભેટવાની તૈયારી કરી; પણ 'તું તો અવળે માર્ગે ચાલનારો છે' એમ કહી ભૃગુ ઋષિએ તેમને ભેટવાની ઇચ્છા ન કરી; તેથી તીક્ષ્ણ નેત્રવાળા શંકર ત્રિશૂળ ઉગામીને તેમનો વધ કરવા તૈયાર થયા.[૫,૬] તે જોઇ દેવી પાર્વતીએ શંકરના ચરણમાં પડી વાણીથી તેમને શાંત કર્યા. તે પછી ભૃગુ ઋષિ ત્યાંથી વૈકુંઠમાં ગયા; જ્યાં જનાર્દન–વિષ્ણુદેવ બિરાજે છે.[૭] એ વેળા વિષ્ણુભગવાન, લક્ષ્મીજી–

* આ અધ્યાયમાં 'સર્વથી મહાન દેવ કોણ?' આવો સંદેહ થતાં ભૃગુએ પરીક્ષા કરીને વિષ્ણુની મહત્તા મુનિઓ આગળ વર્ણવી, એ કથા કહેવાશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ના ખોળામાં સૂતા હતા;તેમને ભૃગુ ઋષિએ છાતીમાં પગની લાત લગાવી દીધી; પણ સત્પુરુષોની ગતિરૂપ તે ભગવાન, લક્ષ્મીજીની સાથે ઊભા થઇ પોતાની શય્યા પરથી નીચે ઊતરી મુનિને મસ્તકથી નમી પડયા અને બોલ્યા કે, 'હે બ્રહ્મન્! આપ ભલે પધાર્યા; ક્ષણવાર આ આસન ઉપર આપ બિરાજો. આપ અહીં પધાર્યા એ અમે જાણતા ન હતા. માટે હે પ્રભો! અમારો અપરાધ ક્ષમા કરવાને આપ યોગ્ય છો.[૯] હે તાત! હે મહામુનિ! આપના ચરણ અત્યંત કોમળ છે; (તેથી મારી વજ્ર જેવી કઠોર છાતી સાથે અથડાવાથી આપના ચરણ દુખતા હશે.)' એમ કહી ભગવાન પોતાના હાથથી ભૃગુ ઋષિના ચરણ ચાંપવા લાગ્યા[૧૦] અને (પગચંપી કરતાં) કહ્યું કે, તીર્થોને પણ તીર્થપણું પ્રાપ્ત થવામાં કારણરૂપ એવા આપના ચરણના જળથી આપ મારામાં રહેલા લોકોને તથા લોકપાલો સાથે મને પવિત્ર કરો.[૧૧] હે ભગવન્! આજે હું લક્ષ્મીના નિયત આશ્રયરૂપ થયો છું; કારણ કે, આપના ચરણના પ્રહારથી મારાં સર્વ પાપો નાશ પામ્યાં છે અને તેથીજ મારી છાતીમાં લક્ષ્મી નિત્ય નિવાસ કરશે.'[૧૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"વૈકુંઠ ભગવાને એમ કહ્યું એટલે તેમની એ ગંભીર વાણીથી ભૃગુ ઋષિ શાંત અને તૃપ્ત થયા. તેમનાથી કાંઇ બોલાયુંજ નહિ; ભક્તિને લીધે તેઓ ઉત્કંઠિત થઇ ગયા અને તેમનાં નેત્રોમાં અશ્રુઓ આવી ગયાં. ત્યાર પછી હે રાજન્! ફરી બ્રહ્મવાદી મુનિઓના યજ્ઞમાં આવી ભૃગુ ઋષિએ, પોતે જે કંઈ અનુભવ્યું હતું તેનું વર્ણન કર્યું.[૧૩,૧૪] તે સાંભળી સર્વ મુનિઓ આશ્ચર્ય પામ્યા; તેઓના સંશય દૂર થયા અને તેઓને શ્રદ્ધા થઇ કે, જેમનામાં શાંતિ છે અને જેમનાથી અભય પ્રાપ્ત થાય છે તે વિષ્ણુજ સર્વ કરતાં મહાન દેવ છે;[૧૫] વળી જેમનાથી ધર્મની પ્રવૃત્તિ થાય છે, સાક્ષાત્કારરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેમજ તે જ્ઞાન સાથે ÷ વૈરાગ્ય, આઠ પ્રકારનું ઐશ્વર્ય અને ચિત્તના મેલનો નાશ કરનાર યશ પણ પ્રાપ્ત થાય છે;[૧૬] તેમજ જે ભગવાનને વિદ્વાનો પ્રાણીદ્રોહનો ત્યાગ કરનારા અને સર્વત્ર સમાન ચિત્તવાળા શાંત મુનિઓની તથા નિષ્કિંચન સાધુ પુરુષોની પરમગતિરૂપ કહે છે[૧૭] અને સત્ત્વગુણ જેમની પ્રિય મૂર્તિ છે; બ્રાહ્મણો જેમના ઇષ્ટદેવ છે તથા સર્વ કામનાઓનો ત્યાગ કરનાર કુશળ બુદ્ધિવાળા શાંત પુરુષો પણ જેમને ભજે છે. (તે વિષ્ણુ સર્વથી મહાન દેવ છે.)[૧૮] રાક્ષસો, અસુરો અને દેવો, આ ત્રણેય જો કે તે વિષ્ણુભગવાનનીજ ત્રિગુણાત્મક માયાથી ઉત્પન્ન થયેલી ત્રણ પ્રકારની આકૃતિઓ છે, તોપણ તેઓમાં સત્ત્વગુણ એજ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરવામાં કારણ છે.'[૧૯]

÷ વૈરાગ્ય ચાર પ્રકારનો છે. તેમાંનો પહેલો—વિષયોનો ત્યાગ કરવા અસમર્થ હોય તોપણ સન્માનની ઇચ્છાથી ત્યાગ કરે તે; બીજો—સંપૂર્ણ રીતે વિષયો ન તજે પરંતુ અમુક અંશે તેઓનો ત્યાગ કરવો તે; ત્રીજો અમુક અંશે વિષયોનો ત્યાગ કરે, પણ મનમાં રાગની શિથિલતા હોવાથી બાહ્યેંદ્રિયોથીજ વિષયોને સેવે તે; ચોથો—વિષયો સેવે પણ આસક્તિ કર્યા વિના ઉદાસીનપણેજ વર્તે તે. આ ચાર પ્રકારોજ બીજે સ્થળે કહ્યા છે—**'वैराग्यमाद्यं यतमानसंज्ञं क्वचिद्विरागो व्यतिरेकसंज्ञः । एकेन्द्रियाख्यं हृदि रागसौक्ष्म्यं तस्याप्यभावस्तु वशीकृताख्यम् ॥** અર્થાત્ વૈરાગ્યનાં સાધનોની પ્રાપ્તિ અને રક્ષણ માટે હિંસાદિ અનેક દોષદર્શનપૂર્વક પ્રયત્ન કરતા રહેવું, તે 'યતમાન' કહેવાય છે. અમુક ઇન્દ્રિયોને જીતી લીધી, અમુકને જીતવી બાકી છે, એવી રીતે નિશ્ચય કરતા જવું તે 'વ્યતિરેક' નામનો વૈરાગ્ય કહેવાય છે. હૃદયમાં માત્ર માન—અપમાનવિષયક સૂક્ષ્મ રાગ રહેલ હોય, (ઇન્દ્રિયોના વિષયો પર કાબૂ આવી ગયો હોય) તેને 'એકેન્દ્રિય' નામનો ત્રીજો વૈરાગ્ય કહે છે અને વિષયોનો સંયોગ થવા છતાં પણ વૈરાગ્ય સ્થિર રહે અને રાગાદિ વાસનાનો અભાવ થાય તે 'વશીકૃત' નામનો ચોથો વૈરાગ્ય કહેવાય છેઃ (આ ચારે અપર વૈરાગ્યના વિભાગ છે, એમ **दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा-वैराग्यम्** ।' (યો. દ. ૧–૧૫) આ સૂત્રના ભાષ્યમાં ભાષ્યકાર વ્યાસ ભગવાને જણાવેલું છે.) —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે સરસ્વતીના તીરે વસનારા તે બ્રાહ્મણો, મનુષ્યોના સંશય દૂર કરવા માટે (નિશ્ચય કરીને) વિષ્ણુ ભગવાનના ચરણકમળની સેવા કરી વિષ્ણુગતિને પામ્યા હતા."[૨૦]

સૂત બોલ્યાઃ–એ પ્રમાણે વ્યાસ મુનિના પુત્ર શ્રીશુકદેવજીના મુખકમળથી નીકળેલા સુગંધી અમૃતતુલ્ય અને સંસારના ભયનો નાશ કરનારા આ પરપુરુષ–વિષ્ણુભગવાનના ઉત્તમ યશનું, સંસારમાર્ગમાં ભમી રહેલો જે મનુષ્ય નિત્ય કાનરૂપી પડિયા વડે પાન કરે છે–શ્રવણ કરે છે તે મનુષ્ય સંસારમાર્ગમાં ભ્રમણ કરવાના પરિશ્રમનો ત્યાગ કરે છે–સંસારના ફેરામાંથી છૂટી જાય છે.

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે ભરતવંશી રાજા! એક સમયે દ્વારકા નગરીમાં કોઈ બ્રાહ્મણપત્નીનો કુમાર જેવો જન્મ્યો કે તુરતજ પૃથ્વીનો સ્પર્શ કરી મરણ પામ્યો; એટલે તે (મૃત બાલકનો પિતા) બ્રાહ્મણ, મુડદાને લઈને તેને રાજદરબારના દ્વારમાં મૂકી આતુર અને દીન મનવાળો થઇને વિલાપ કરતો આ પ્રમાણે કહેવા લાગ્યોઃ[૨૧-૨૩] 'બ્રાહ્મણોનો દ્વેષ કરનારા, દુષ્ટ બુદ્ધિવાળા, લોભી તેમજ વિષયલંપટ મનવાળા નીચ ક્ષત્રિયના કર્મદોષથી મારો પુત્ર મરણ પામ્યો છે.[૨૪] ખરું છે કેઃ

हिंसाविहारं नृपतिं दुःशीलमजितेन्द्रियम् ।
प्रजा भजन्त्यः सीदन्ति दरिद्रा नित्यदुःखिताः ॥

'જે પ્રજાઓ, હિંસામાંજ વિહાર માનનારા, દુરાચારી અને અજિતેન્દ્રિય રાજાને સેવે છે, તેઓ દરિદ્ર અને નિત્ય દુઃખી થઇને કલેશ પામે છે.'[૨૫]

"એ પ્રમાણે પહેલી વાર ઉપરની ગાથા ગાઇને તે બ્રાહ્મણ, બીજી વાર અને ત્રીજી વાર પણ પુત્ર જન્મીને મરણ પામ્યો ત્યારે પણ મરેલા બાળકને રાજદ્વારમાં મૂકીને પૂર્વોક્ત ગાથા ગાયા કરતો હતો.[૨૬] એક વખતે શ્રીકૃષ્ણની પાસે બેઠેલા અર્જુને, પેલા બ્રાહ્મણનો નવમો પુત્ર પણ એ રીતે મરણ પામ્યો ત્યારે એ બ્રાહ્મણે ગાયેલી તે ગાથા સાંભળીને તેને કહ્યું કે,[૨૭] 'હે બ્રાહ્મણ! તમારા રહેઠાણના આ શહેરમાં શું કોઇ ધનુર્ધર ક્ષત્રિયજ નથી? મને લાગે છે કે, આ યાદવો તો કોઇ યજ્ઞ કરવા એકઠા મળેલા બ્રાહ્મણો જેવા છે.[૨૮] જે ક્ષત્રિયો જીવતા હોય છતાં, બ્રાહ્મણો ધન, સ્ત્રી તથા પુત્રોથી વિયોગી થઇને શોક કરે, તે જોઈ રહે એ ક્ષત્રિયો, નટોની પેઠે માત્ર ક્ષત્રિયોના વેષથી પોતાના પ્રાણ પોષીને આજીવિકા ચલાવી રહ્યા છે; (એમ સમજવું.)[૨૯] હે ભગવન્! આ નગરીમાં ગરીબ જણાતા તમે બન્ને સ્ત્રીપુરુષની પ્રજાનું હું રક્ષણ કરીશ. મારી આ પ્રતિજ્ઞાને સત્ય નહિ કરું તો અગ્નિમાં પ્રવેશ કરીશ અને તે દ્વારા પ્રતિજ્ઞાભંગના પાપનો હું નાશ કરીશ.'[૩૦]

બ્રાહ્મણ બોલ્યોઃ–'બળદેવ, શ્રીકૃષ્ણ, ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ પ્રદ્યુમ્ન અને જેની સામે કોઇ રથી યોદ્ધો ટકતો નથી એવો અનિરુદ્ધ પણ મારા સંતાનનું રક્ષણ કરવાને સમર્થ નથી; તો જગદીશ્વરોને પણ દુષ્કર એવું તે કાર્ય તું કેવળ મૂર્ખાઇથીજ કરવા ઇચ્છે છે; આ વાત અમે માની શકતા નથી.'[૩૧,૩૨]

અર્જુન બોલ્યોઃ–'હે બ્રહ્મન્! હું કંઇ બળદેવ, શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન કે અનિરુદ્ધ નથી; હું તો અર્જુન છું, જેનું ગાંડિવ ધનુષ છે. હે બ્રહ્મન્! શંકરને પણ સંતોષ આપનારાં મારાં પરાક્રમનું તમે અપમાન કરો મા; હે પ્રભુ! મૃત્યુને પણ યુદ્ધમાં જીતીને હું તમારાં સંતાનો લાવી આપીશ.'[૩૩,૩૪]

"હે શત્રુઓને તપાવનારા રાજા! અર્જુને એ રીતે બ્રાહ્મણને વિશ્વાસ પમાડ્યો; એટલે બ્રાહ્મણ પ્રસન્ન થઇને અર્જુનનાં પરાક્રમને સાંભળતો પોતાને ઘેર ગયો. તે પછી થોડો કાળ ગયો અને બ્રાહ્મણની પત્નીને પ્રસવકાળ સમીપ આવ્યો; એટલે પેલો ઉત્તમ બ્રાહ્મણ, આતુર થઇને અર્જુનને કહેવા લાગ્યો કે, 'મારાં સંતાનોનું મૃત્યુથી રક્ષણ કરો, રક્ષણ કરો.'[૩૫,૩૬] તે સાંભળી અર્જુને પવિત્ર જળનું આચમન કરી, * શંકરને નમસ્કાર કરી દિવ્ય

* બ્રાહ્મણના દુઃખની શ્રીકૃષ્ણે દરકાર ન કરી; તેથી શ્રીકૃષ્ણ તરફ અર્જુનને અપમાનની લાગણી થઇ આવી હતી;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

અસ્ત્રોનું સ્મરણ કર્યું ને દોરી ચઢાવેલું ગાંડિવ ધનુષ હાથમાં લીધું;[૩૭] (પછી બ્રાહ્મણને ઘેર જઇ) તે અર્જુને, અનેક જાતનાં અસ્ત્રો સાથે યોજી દીધેલાં બાણો વડે સૂતિકાગૃહને આડાઅવળું, ઉપર-નીચે એમ ચોતરફથી ઘેરી લીધું અને ઘરની ચોતરફ બાણોનું પીંજરું કરી દીધું.[૩૮] તે પછી બ્રાહ્મણપત્નીને એક કુમાર જન્મ્યો; તે વારંવાર રડવા લાગ્યો અને તુરતજ શરીરની સાથે આકાશમાર્ગે અદશ્ય થઇ ગયો–તેનું શરીર પણ જોવામાં ન આવ્યું.[૩૯] તે વખતે પેલો બ્રાહ્મણ શ્રીકૃષ્ણની સમીપમાં અર્જુનની નિંદા કરતો કહેવા લાગ્યો: 'અરેરે! મારી મૂર્ખાઈ તો જુઓ! મેં એક નપુંસકની બડાઈ ઉપર શ્રદ્ધા રાખી!![૪૦] મારાં સંતાનનું પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, બળરામ તથા શ્રીકૃષ્ણ પણ રક્ષણ કરવા સમર્થ થયા નથી, તો વળી બીજો કયો સમર્થ પુરુષ રક્ષણ કરનારો છે? મિથ્યા ભાષણ કરનારા અર્જુનને ધિક્કાર છે અને પોતાની બડાઈ હાંકનારા તેના ધનુષને પણ ધિક્કાર છે; જે દુર્મતિ અર્જુન, ઈશ્વરેચ્છાથી અન્ય સ્થળે ગયેલી વસ્તુને મૂર્ખાઇથી પાછી લાવવા ઇચ્છે છે.' એ પ્રમાણે તે બ્રહ્મર્ષિ ગાળો દેવા લાગ્યો; એટલે અર્જુન, તુરતજ પોતાની વિદ્યાનો આશ્રય કરી સંયમની નામની નગરીમાં ગયો, કે જ્યાં ભગવાન યમદેવ રહે છે; પણ તે યમદેવની નગરીમાં બ્રાહ્મણનો પુત્ર જોવામાં આવ્યો નહિ; એટલે અર્જુન આયુધો ઉગામીને ઇન્દ્રની, અગ્નિની, નિઋર્તિની, સોમની, વાયુની તથા વરુણની નગરીમાં ગયો અને છેવટે રસાતલ તથા સ્વર્ગ વગેરે બીજાં સ્થાનોમાં પણ જઇ વળ્યો; છતાં બ્રાહ્મણનો પુત્ર નજ મળ્યો, ત્યારે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ નહિ થવાથી અર્જુન અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થયો; એટલે શ્રીકૃષ્ણે તેને અટકાવીને કહ્યું કે,[૪૧-૪૫] 'હું તને બ્રાહ્મણના પુત્રો બતાવું છું. તું પોતે પોતાનું અપમાન કર મા. જે મનુષ્યો હમણાં આપણી નિંદા કરી રહ્યા છે, તેઓજ આપણી નિર્મળ કીર્તિને સ્થાપિત કરશે.'[૪૬] એમ કહીને સર્વના નિયંતા ભગવાન કૃષ્ણ, અર્જુનની સાથે પોતાના દિવ્ય રથમાં બેસી પશ્ચિમદિશામાં પધાર્યા.[૪૭] ત્યાં સાત દ્વીપો, સાત સમુદ્રો, સાત પર્વતો; તેમજ લોકાલોક પર્વતને ઓળંગી જઇ ઘણા મોટા અંધકારમાં દાખલ થયા;[૪૮] એટલે હે ભરતશ્રેષ્ઠ રાજા! તે અંધકારમાં શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ભગવાનના ઘોડાઓ ભ્રષ્ટ ગતિવાળા થઈ પડ્યા–આગળ વધતા અટકી પડ્યા.[૪૯] તે જોઇ મોટા યોગેશ્વરોના પણ ઈશ્વર ભગવાન કૃષ્ણે, હજારો સૂર્ય સરખા પોતાના ચક્રને આગળ ચલાવ્યું; એટલે ધનુષની દોરીમાંથી છૂટેલું રામચંદ્રનું બાણ જેમ સેનાઓમાં દાખલ થાય, તેમ મન સરખા વેગવાળું સુદર્શનચક્ર, પોતાના સર્વોત્કૃષ્ટ તેજથી પ્રકૃતિના પરિણામરૂપ ને મહાગહન અતિઘોર અંધકારનો નાશ કરતું ત્યાં આગળ દાખલ થયું. (અને આગળ આગળ ચાલવા લાગ્યું.) પછી ચક્રે કરેલા માર્ગે તેની પાછળ પાછળ જતાં અંધકારની પેલી તરફ રહેલું અને અપાર એવું શ્રેષ્ઠ તેજ ચોતરફ ફેલાઇ રહેલું જોવામાં આવ્યું; જેને જોઇને અર્જુનનાં બન્ને નેત્રો અંજાઇ ગયાં; તેણે બન્ને નેત્રો બંધ કરી દીધાં. એ તેજને ઓળંગ્યા પછી ભગવાન, જળમાં દાખલ થયા; જે જળ મહાબળવાન પવનને લીધે ઊછળી રહેલા મોટા તરંગોથી શોભી રહ્યું હતું. પછી તે જળની અંદર મહાકાલપુર નામનું એક અદ્ભુત ઘર જોવામાં આવ્યું. તે ઘર કાંતિવાળા પદાર્થોમાં ઘણું જ શ્રેષ્ઠ હતું અને ઝગમગાટ કરતા મણિઓના હજારો થાંભલાઓથી શોભી રહ્યું હતું.[૫૦-૫૩] તે ઘરમાં મહાભયંકર શેષનાગ ભગવાન તેઓના જોવામાં આવ્યા, જે ભગવાન આશ્ચર્યકારક છે; એક હજાર મસ્તકો પરની ફણાઓ પર રહેલા મણિઓની કાંતિથી પ્રકાશી રહ્યા છે; બે હજાર ઉગ્ર નેત્રોવાળા છે; સ્ફટિ-

તેથીજ શ્રીકૃષ્ણને નમસ્કાર નહિ કરી તેણે શંકરને નમસ્કાર કર્યા; એ ભાવ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફ્રના પર્વત સરખા જણાય છે અને તેમનાં કંઠ તથા જીભ શ્યામ છે.[૫૪] ત્યાર પછી એ શેષ ભગવાનનું શરીરજ જેમનું આસન છે એવા મહાપ્રભાવશાળી પુરુષોત્તમ ભગવાન તેઓના જોવામાં આવ્યા; જે ભગવાન સર્વમાં વ્યાપી રહેલા, ગાઢ મેઘ સમાન કાંતિવાળા, ઉત્તમ પીળાં વસ્ત્રો ધારણ કરનારા, પ્રસન્ન મુખવાળા, સુંદર વિશાળ નેત્રોવાળા, અનેક શ્રેષ્ઠ મણિઓથી જડેલા મુકુટ તથા કુંડળોની કાંતિ વડે ચોતરફથી પ્રકાશી રહેલા હજારો કેશવાળા, લાંબી અને સુંદર આઠ ભુજાઓથી યુક્ત, કૌસ્તુભમણિને ધારણ કરનારા, શ્રીવત્સ નામના ચિહ્નવાળા, વનમાળાથી વીંટાયેલા, પરમેષ્ઠિઓના પતિ અને સુનંદ–નંદ વગેરે પોતાના પાર્ષદો વડે; ચક્ર વગેરે પોતાનાં મૂર્તિમાન આયુધો વડે; તેમજ પુષ્ટિ, લક્ષ્મી, કીર્તિ તથા માયા સહિત સર્વ મૂર્તિમાન મહાસિદ્ધિઓ વડે સેવાઇ રહ્યા છે.[૫૫-૫૭] તેમનાં દર્શનથીજ જેને ભય થયો હતો એવા અર્જુને અને અચ્યુત–શ્રીકૃષ્ણ ભગવાને પોતાના તે શેષશાયી સ્વરૂપને વંદન કર્યું; એટલે પરમેષ્ઠિઓના પ્રભુ તે વ્યાપક પરમેશ્વરે, બે હાથ જોડી ઊભેલા શ્રીકૃષ્ણ તથા અર્જુનને હસતાં હસતાં ગંભીર વાણી વડે કહ્યું કે,[૫૮] 'તમને બન્નેને જોવાની ઇચ્છાવાળા મેં બ્રાહ્મણના પુત્રોને અહીં આણ્યા છે; તમે બન્ને ધર્મનું રક્ષણ કરવા માટે મારા +અંશથી પૃથ્વી ઉપર અવતર્યા છો; માટે હવે પૃથ્વીના ભારરૂપ અસુરોનો નાશ કરી ફરી સત્વર મારી પાસે આવતા રહો.[૫૯] તમે બન્ને પૂર્ણકામ છો અને નર–નારાયણ ઋષિ છો; તોપણ શ્રેષ્ઠ એવા તમે, લોકો જે રીતે ધર્મમાં વર્તે તે રીતે–કેવળ લોકોને ધર્મમાં રાખવા સારૂ જગતની રક્ષા કરવા માટે ધર્મનું આચરણ કરો.[૬૦] પરમપદે સ્થિતિ કરનારા ભગવાન પૂર્ણ પુરુષોત્તમે એ પ્રમાણે આજ્ઞા કરી, એટલે શ્રીકૃષ્ણ તથા અર્જુન, 'બહુ સારું' એમ કહીને તે પરમેશ્વરને નમન કરી, બ્રાહ્મણના પુત્રોને સાથે લઇ અત્યંત પ્રસન્ન થઇને જે માર્ગે આવ્યા હતા, તેજ માર્ગે પોતાના સ્થાનમાં પાછા ફર્યા અને જેવું જેનું રૂપ હતું તેમજ જેટલી જેની અવસ્થા હતી તે પ્રમાણેજ તે પુત્રો બ્રાહ્મણને અર્પણ કર્યા.*[૬૧,૬૨] અર્જુન, વિષ્ણુધામનાં દર્શન કરી પરમ આશ્ચર્ય પામ્યો અને તેણે માન્યું કે, પુરુષોના જે કંઇ પુરુષાર્થ છે તે શ્રીકૃષ્ણની કૃપાને લીધેજ છે.[૬૩] એ પ્રમાણે આ લોકમાં એવાં એવાં અનેક પરાક્રમોને દર્શાવતા શ્રીકૃષ્ણ પ્રભુએ, સંસારી વિષયોનો ઉપભોગ કર્યો હતો અને અત્યંત ઉત્તમ યજ્ઞો કરીને સ્વસ્વરૂપનું યજન કર્યું હતું.[૬૪] જેમ ઇન્દ્ર સમયાનુસાર વરસાદ વરસાવે છે, તેમ શ્રેષ્ઠતાને પામેલા શ્રીકૃષ્ણ ભગવાને, બ્રાહ્મણાદિ પ્રજાઓના સર્વ મનોરથો સમયાનુસાર પૂર્ણ કર્યા હતા. ઉપરાંત અધર્મી રાજાઓનો પોતે વધ કરીને તેમજ અર્જુનાદિદ્વારા વધ કરાવીને ધર્મપુત્ર–યુધિષ્ઠિરાદિદ્વારા અનાયાસે ધર્મ પ્રવર્તાવ્યો હતો."[૬૫,૬૬]

हत्वा नृपानधर्मिष्ठान् घातयित्वार्जुनादिभिः।
अंजसा वर्तयामास धर्मं धर्मसुतादिभिः ॥६६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૮૯ મો સમાપ્ત÷

+ શ્રીકૃષ્ણ તો પૂર્ણાવતાર છે, છતાં અહીં કહ્યું છે કે, 'મારા અંશથી અવતર્યા છો' તે કેવળ અર્જુન સાથે હોવાથીજ. —મા. ક.

* શ્રીકૃષ્ણે, બ્રાહ્મણના મરેલા પુત્રોને પાછા આણી આપ્યા; તે આ ચરિત્ર, ભારતના યુદ્ધ પહેલાંજ શ્રીકૃષ્ણે કર્યું હતું; પણ અહીં શ્રીકૃષ્ણના માહાત્મ્યને કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથીજ અહીં કહ્યું છે. —શ્રીધર

÷ કેટલાક વિદ્વાનો માને છે કે, આ અધ્યાય અને આની પહેલાંના બે અધ્યાયો ક્ષેપક છે. કારણ કે પરીક્ષિતે, યદુવંશમાં અવતરેલા વિષ્ણુ અને સંકર્ષણનું ચરિત્ર પૂછેલું અને તે માટેજ દશમ સ્કંધનો આરંભ કરવામાં આવ્યો છે. ત્યારે સત્યાશી અને અઠયાશીમા અધ્યાયમાં વિષ્ણુ તથા સંકર્ષણનું ચરિત્રજ નથી અને આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૯૦ મો*

સંક્ષેપમાં શ્રીકૃષ્ણની લીલાઓ

॥ श्रीशुक उवाच ॥

सुखं स्वपुर्यां निवसन् द्वारकायां श्रियः पतिः ।
सर्वसंपत्समृद्धायां जुष्टायां वृष्णिपुंगवैः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પોતાની નગરી દ્વારકામાં સુખેથી રહેતા લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ભગવાન, સોળ હજાર સ્ત્રીઓને કેવળ પ્રિય થઇ પડી, વિચિત્ર રૂપો ધારણ કરીને તે તે સ્ત્રીઓનાં મોટી સંપત્તિઓવાળાં ઘરોમાં ક્રીડા કરતા હતા. શ્રીકૃષ્ણ પ્રભુની દ્વારકા નગરી સર્વ સંપત્તિઓથી સમૃદ્ધિમાન હતી; મોટા મોટા યાદવોથી સેવાયલી હતી; ઉત્તમ વેષવાળી અને નવા યૌવનની કાંતિવાળી સ્ત્રીઓ તે નગરીમાં હવેલીઓની અંદર વીજળીઓની પેઠે ઝબકતી હોઇ દડા વગેરેથી રમતી હતી; વળી તે દ્વારકાનગરીના માર્ગો મદઝરતા હાથીઓથી, સારી રીતે શણગારેલા યોદ્ધાઓથી, ઘોડાઓથી અને સુવર્ણ વડે ઉજ્જવળ એવા રથોથી નિત્ય વ્યાપ્તજ રહેતા હતા; તેમજ એ નગરી બાગ–બગીચાઓથી યુક્ત હતી અને પુષ્પોવાળાં વૃક્ષોની પંક્તિઓ પર બેસતાં પક્ષીઓથી ચારે બાજુ શબ્દાયમાન થઇ રહી હતી.[૧-૫] મહાન વૈભવવાળા ભગવાન કૃષ્ણ, પ્રફુલ્લ એવાં ઉત્પલો, કલ્હારો, કુમુદો તથા કમળોની રજ વડે વાસિત થયેલાં નિર્મળ જળાશયોવાળાં અને કલ્લોલ કરી રહેલાં પક્ષીઓના સમૂહોવાળાં તે તે સ્ત્રીઓનાં ઘરોમાં ક્રીડાઓ કરતા હતા; તેમજ તળાવડીઓમાં જળની અંદર પ્રવેશ કરી સ્ત્રીઓનાં આલિંગન પામીને તેઓનાં સ્તન ઉપરના કેસરથી ખરડાયલા અંગે વિહાર કરતા હતા. તે વેળા નરઘાં, ઢોલક, નગારાં તથા વીણાને વગાડતા ગંધર્વો, સૂતો, માગધો તથા બંદિજનો હર્ષથી ભગવાનના ગુણગાન ગાતા હતા.[૬-૮] હાસ્ય કરતી સ્ત્રીઓ પિચકારીઓ ભરી ભરીને ભગવાનને જળ છાંટતી હતી, ત્યારે ભગવાન પણ સામેથી તે સ્ત્રીઓને જળ છાંટતા હતા અને કુબેર જેમ યક્ષિણીઓ સાથે ક્રીડા કરે, તેમ ક્રીડા કરતા હતા.[૯] તે વખતે ભગવાનને છાંટતી સ્ત્રીઓ ભીનાં ભીનાં વસ્ત્રોવાળી થઇ જતી હતી, જેથી તેણીઓનાં સાથળો અને સ્તનના વિભાગો સ્પષ્ટ જણાતા હતા; તેણીઓના મોટા અંબોડાઓમાંથી પુષ્પો સરી પડતાં હતાં અને પિચકારી હરી લેવાની ઇચ્છાથી પ્રિય–શ્રીકૃષ્ણને આલિંગન કરતી હતી ત્યારે ઉત્પન્ન થયેલા કામદેવના આનંદથી દેદીપ્યમાન મુખવાળી થઇને તેઓ શોભતી હતી. શ્રીકૃષ્ણ પણ તે સ્ત્રીઓનાં સ્તન પરના કેસરથી રંગાયેલી માળાને ધારણ કરતા અને જળક્રીડામાં લીનપણાને લીધે કંપાયમાન કેશપાશના બંધનવાળા થઈ વારંવાર તે સ્ત્રીઓને જળથી છાંટતા હતા; ત્યારે તે સ્ત્રીઓ પણ સામેથી તેમને છાંટતી હતી. એ રીતે હાથણીઓથી વીંટાઇને મોટો હાથી રમે, તેમ ભગવાન તે સ્ત્રીઓથી વીંટાઇને રમતા હતા.[૧૦,૧૧] શ્રીકૃષ્ણ તથા તેમની સ્ત્રીઓ ક્રીડા કરવા માટે જે જે અલંકારો તથા વસ્ત્રો ધારણ કરતાં હતાં, તે તે નટોને, નર્ત-

---

અધ્યાયમાં જો કે છેલ્લું શ્રીકૃષ્ણનું ચરિત્ર આવે છે; તોપણ 'શ્રીકૃષ્ણજ ભગવાન છે' એમ જે વારંવાર પ્રતિપાદન કરેલું છે, તેને આ અધ્યાયમાં કહેલી ભૂમા ભગવાનની કથા સાથે વિરોધ સ્પષ્ટ છે. ટીકાકાર શ્રીધરે મૂળમાંના 'सन्मार्ग' શબ્દ ઉપરથી ઉઠાવેલી વેદસ્તુતિની સંગતિ પણ ખેંચીતાણીને કરેલી છે. વિષ્ણુ તથા શિવનો અભેદ વારંવાર દર્શાવ્યો છે, છતાં વૃકાસુરના અને ભૃગુના આખ્યાનમાં શિવની નિંદા જણાઇ આવે છે. આ ઉપરથી માનવાને કારણ મળે છે કે, ૮૭, ૮૮ ને ૮૯, આ ત્રણ અધ્યાયો ક્ષેપક છે. વળી ટીકાકાર શ્રીધરે આરંભમાં ભાગવતના અધ્યાયો ૩૩૨ કહ્યા છે; ત્યારે ગણતરી કરતાં અધ્યાય ૩૩૫ થાય છે. આ ઉપરથી પણ આ ત્રણ અધ્યાયો ક્ષેપક હોય તેમ જણાય છે.भा. क.

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણની લીલાઓ સંક્ષેપમાં કહેવામાં આવશે અને યદુવંશીઓનું અસંખ્યાતપણું કારણ સાથે દર્શાવવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્ત્રીઓને તથા ગીત—વાદ્ય ઉપર આજીવિકા ચલાવનારાઓને આપી દેતાં હતાં.[૧૨] એ પ્રમાણે શ્રીકૃષ્ણ વિહાર કરતા હતા, તે સમયે તેમની ગતિ, ભાષણ, જોવાની રીત, મંદ હાસ્ય, મશ્કરીનાં વચનો તથા આલિંગનોથી સ્ત્રીઓની બુદ્ધિઓ હરાઇ જતી હતી[૧૩] અને ભગવાનમાંજ બુદ્ધિવાળી તથા ભગવાનનુંજ ચિંતન કરતી તે સ્ત્રીઓ, એ વેળા ઉન્મત્ત અને જડની પેઠે જવચનો બોલતી હતી, તે હું તમને કહું છું, સાંભળો.[૧૪]

શ્રીકૃષ્ણની પટ્ટરાણીઓ કહે છેઃ—' અલી ઓ ટિટોડિ! જેમનું બાહ્ય વિષયજ્ઞાન જગતમાં ગુપ્ત છે એવા ઈશ્વર શ્રીકૃષ્ણ રાત્રિમાં પોઢયા છે; તેમની નિદ્રામાં ભંગ કરતી તું વિલાપ કર્યા કરે છે અને ઊંઘતી નથી, તે અયોગ્ય છે; અથવા ઓ સખિ! તું પણ અમારી પેઠે કમલનયન શ્રીકૃષ્ણ ભગવાનના હાસ્ય સહિત ઉદાર જોવા વડે અત્યંત વીંધાઇ ગયેલા મનવાળી છે કે શું?[૧૫] અલીઓ ચક્રવાકિ! તું નેત્રો કેમ મીંચી ગઇ છે? અફસોસ! તું, તારા પતિને રાત્રે નહિ જોતી દયા આવે તેવા પોકાર કરે છે! અથવા દાસીપણાને પામેલી અમે, શ્રીકૃષ્ણના ચરણોએ સેવેલી માળાને જેમ કેશપાશમાં ધારણ કરવા ઇચ્છીએ છીએ, તેમ તું પણ ઇચ્છે છે કે શું?[૧૬] અરે ઓ સમુદ્ર! તને નિદ્રા આવતી નથી અને હમેશાં ઉજાગરાઓ થયા કરે છે તેથી તું બૂમો પાડે છે કે શું? અથવા અમોએ જે દુર્લંધ્ય દશા પ્રાપ્ત કરી છે, તે દશાને તું પામ્યો છે કે શું? અહો! ખેદની વાત છે કે, અમારાં સ્તન ઉપરનાં કેસર વગેરેનાં ચિહ્નો જેમ સંભોગથી શ્રીકૃષ્ણે હરી લીધાં છે, તેમ તારાં પણ લક્ષ્મી—કૌસ્તુભમણિ—વગેરે ચિહ્નો શ્રીકૃષ્ણે હરી લીધાં છે.[૧૭] ઓ ચંદ્ર! તું બળવાન ક્ષયરોગથી પકડાયો છે; તેથી ક્ષીણ થઇને પોતાનાં કિરણો વડે અંધકારનો નાશ કરી શકતો નથી કે અમારી પેઠે શ્રીકૃષ્ણનાં રહસ્યવચનોનું સ્મરણ કરી તેની એક ચિંતાથી ક્ષીણ થઇને અંધકારને દૂર કરી શકતો નથી? તું પણ અમારી પેઠે સ્તબ્ધ થયેલી વાણીવાળો જણાય છે.[૧૮] ઓ મલયાચલના વાયુ! અમે તારું શું અપ્રિય કર્યું છે, કે જેથી તું શ્રીકૃષ્ણના કટાક્ષોથી વીંધાઇ ગયેલા અમારા હૃદયમાં કામદેવને પ્રકટ કરે છે?[૧૯] હે શોભાયમાન મેઘ! તું યાદવેન્દ્ર—શ્રીકૃષ્ણનો વહાલો મિત્ર છે; (કારણ કે શ્રીકૃષ્ણ જેમ બીજાઓના સંતાપ દૂર કરે છે, તેમ તું પણ બીજાઓના સંતાપ દૂર કરે છે;) તેથી તું અમારી પેઠેજ પ્રેમથી બંધાઇને શ્રીવત્સના ચિહ્નવાળા શ્રીકૃષ્ણ ભગવાનનું ખરેખર ધ્યાન કરે છે; કારણ કે તું અત્યંત ઉત્કંઠિત જણાય છે અને તારું હૃદય ભગવાન પ્રત્યેના પ્રેમથી આર્દ્ર થયેલું લાગે છે, જેથી તું અમારી પેઠે શ્રીભગવાનનું વારંવાર સ્મરણ કરી અશ્રુધારાઓ વરસાવે છે; પણ અરે ઓ મેઘ! તેં શ્રીકૃષ્ણ સાથે મિત્રતા શા માટે કરી? કારણ કે તેમનો પ્રસંગ વારંવાર દુઃખદાયી થાય છે.[૨૦] ઓ સુંદર કંઠવાળી કોયલ! તું મરેલાંઓને પણ જિવાડે એવી આ મધુર વાણીથી પ્રિયભાષી શ્રીકૃષ્ણના શબ્દો બોલે છે, માટે તું મને કહે; આજે હું તારું કયું પ્રિય કરું?[૨૧] ઓ ઉદાર બુદ્ધિવાળા પર્વત! તું હાલતોચાલતો નથી તેમ કંઇ બોલતો પણ નથી; તેથી નક્કી કોઇ મહાન વિષયનો તું વિચાર કરી રહ્યો છે. ખેદની વાત છે કે, જેમ અમે વસુદેવપુત્ર શ્રીકૃષ્ણના ચરણને સ્તન ઉપર ધારણ કરવા ઇચ્છીએ છીએ, તેમ તું પણ તેમના ચરણને સ્તન જેવાં શિખરો પર ધારણ કરવા ઇચ્છે છે કે શું? (જોજે, એવી ઇચ્છા કરતો નહિ; એવી ઇચ્છા કરીશ તો જરૂર તારી પણ અમારા જેવી સ્થિતિ થશે.)[૨૨] ઓ સમુદ્રની પત્ની નદીઓ! અફસોસ! જેમ અમે અમારા વહાલા પતિ શ્રીકૃષ્ણના સ્નેહકટાક્ષ નહિ પામીને હરાઇ ગયેલા હૃદયવાળી ને અત્યંત કૃશ થઈ ગઇ છીએ, તેમ તમે પણ હમણાં ગ્રીષ્મઋતુ હોવાથી મેઘદ્વારા તમારા વહાલા પતિ સમુદ્રનાં જળને પ્રાપ્ત કરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શકતી નથી ને તેથીજ સુકાયલા ધરાઓવાળી અને કમળોની શોભાથી રહિત થઇ અત્યંત કૃશ થયેલી છે.[૨૩] ઓ હંસ! તું ભલે આવ્યો; બેસ, દૂધ પી અને શ્રીકૃષ્ણની વાત કહે. અમે જાણીએ છીએ કે, તું તેમનો દૂત છે. શ્રીકૃષ્ણ કુશળ છે ને? તેમણે અમને એકાંતમાં જ કહ્યું છે તેને તે ચંચળ સ્નેહવાળા યાદ કરે છે? (કદાચ તું કહીશ કે, તે યાદ કરીનેજ તેમણે મને અહીં મોકલ્યો છે; તો) હે ક્ષુદ્રના દૂત! અમે તેમને શા માટે ભજીએ? (તું કહીશ કે, સંભોગને માટે તે તમને બોલાવે છે; તો અમે કહીએ છીએ કે,) સંભોગ આપનારા તેમનેજ તું અહીં બોલાવી લાવ. (પણ જોજે; પેલી લક્ષ્મી અમને ઠગીને એકલીજ તેમને સેવી રહી છે; માટે તે) લક્ષ્મી વિના તેમને એકલાનેજ બોલાવી લાવજે. (કદાચ તું કહીશ કે, લક્ષ્મી તો એકનિષ્ઠાવાળી છે; તેને છોડીને ભગવાન એકલા કેમ આવી શકે? તો) શું અમારી સ્ત્રીજાતિમાં તે લક્ષ્મીજ એકનિષ્ઠાવાળી છે?(અમે એકનિષ્ઠાવાળી નથી?)'

(શ્રીશુકદેવજી બોલ્યાઃ–)"યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ વિષે એવા પ્રકારના કરેલા ભાવથી તેમની પત્નીઓ પરમ ગતિને પામી ગઇ છે. શ્રીકૃષ્ણ ભગવાન કે જે માત્ર સાંભળવામાં આવ્યા હોય અથવા અનેક પ્રકારનાં ગીતોથી ગવાયા હોય તોપણ સ્ત્રીઓનાં મનને બળાત્કારે આકર્ષે છે; તો પછી જે સ્ત્રીઓ તેમનાં પ્રત્યક્ષ દર્શન કરતી હોય તેઓનાં મનને આકર્ષે એમાં શું કહેવાનું હોય?[૨૪–૨૬] જે સ્ત્રીઓ જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ પ્રભુને પતિબુદ્ધિથી પ્રેમપૂર્વક પગચંપી વગેરેથી સેવતી હતી; તે સ્ત્રીઓના તપનું આપણે શું વર્ણન કરીએ? એ પ્રમાણે વેદોક્ત ધર્મનું આચરણ કરતા અને સત્પુરુષોની ગતિરૂપ શ્રીકૃષ્ણ ભગવાને ધર્મ, અર્થ અને કામનું સ્થાન ઘરજ છે, એમ વારંવાર દર્શાવ્યું છે. ગૃહસ્થાશ્રમીઓના શ્રેષ્ઠ ધર્મનું આચરણ કરતા શ્રીકૃષ્ણ ભગવાનને સોળ હજાર એકસો ને આઠ રાણીઓ હતી. હે રાજન્! સ્ત્રીઓમાં રત્ન જેવી તે સ્ત્રીઓમાં રુક્મિણી વગેરે જે આઠ સ્ત્રીઓ પ્રથમ કહેવાઈ છે, તેઓના પુત્રો પણ અનુક્રમે કહેવાયા છે.[૨૭–૩૦] સત્ય સંકલ્પવાળા ઈશ્વર શ્રીકૃષ્ણે, પોતાની જે સ્ત્રીઓ હતી તે પ્રત્યેકમાં દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૩૧] તે સર્વ પુત્રો પ્રચંડ પરાક્રમી હતા અને તેઓમાં અઢાર તો મોટા યશવાળા તથા મહારથી હતા. તેઓનાં નામ તમે મારી પાસેથી સાંભળો.[૩૨] પ્રદ્યુમ્ન, ×અનિરુદ્ધ, દીપ્તિમાન, ભાનુ, સાંબ, મધુ, બૃહદ્‌ભાનુ, ચિત્રભાનુ, વૃક, અરુણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ, સુનંદન, ચિત્રબાહુ, વિરૂપ, કવિ અને ન્યગ્રોધ. હે રાજેન્દ્ર! શ્રીકૃષ્ણના આ અઢાર પુત્રોમાં રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન, પોતાના પિતાની પેઠે પ્રથમ હતો–પિતા જેવો સૌથી વધારે શ્રેષ્ઠ હતો. તે મહારથી પ્રદ્યુમ્ન, રુક્મીની પુત્રીને પરણ્યો હતો. તેનાથી અનિરુદ્ધ નામે પુત્ર થયો હતો; જે દશ હજાર હાથીઓ જેવો બળવાન હતો. રુક્મીની પુત્રીનો પુત્ર તે અનિરુદ્ધ પણ રુક્મીના પુત્રની પુત્રીને પરણ્યો હતો; તેનાથી વજ્રનાભ નામે પુત્ર થયો હતો, જેને મુસલનિમિત્તે થયેલા યદુકુળના નાશથી (ભગવાને) બાકી રાખ્યો હતો.[૩૩–૩૭] એ વજ્રનાભથી પ્રતિબાહુ, પ્રતિબાહુથી સુબાહુ, સુબાહુનો શાંતસેન અને શાંતસેનનો શ્રુતસેન નામનો પુત્ર થયો હતો.[૩૮] શ્રીકૃષ્ણના આ કુળમાં જન્મેલા કોઇ પણ નિર્ધન, અલ્પ પ્રજાવાળા, અલ્પ આયુષવાળા, અલ્પ પરાક્રમવાળા કે બ્રાહ્મણોના ભક્ત ન હોય તેવા થયા નથી.[૩૯] હે રાજા! યદુવંશમાં જન્મેલા પ્રખ્યાત કર્મોવાળા પુરુષોની સંખ્યા હજારો વર્ષે પણ થઇ શકે તેમ નથી.[૪૦] અમે સાંભળ્યું છે કે, યદુકુળના હજારો કુમારોને ભણાવનારા આચાર્યો ત્રણ કરોડ ને અઠ્યાશી સો હતા; ત્યારે પછી તે આચાર્યો પાસે ભણનારા કુમા–

× આ અનિરુદ્ધ તે પણ શ્રીકૃષ્ણનો એક પુત્ર છે. પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ તે બીજો. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શેની સંખ્યા કેટલી હશે ? (અને તે કુમારોનાં માતા-પિતા વગેરેની સંખ્યા કેટલી હશે ? માટેજ યદુકુળને અગણિત કહેવામાં આવે છે.)[41] જે યદુકુળમાં પ્રસિદ્ધ રાજા ઉગ્રસેન અસંખ્ય યાદવો સહિત રહેતા હતા, તે મહાત્મા યાદવોની સંખ્યા કોણ કરી શકશે ? દેવો તથા અસુરોના યુદ્ધમાં જે મહાક્રૂર દૈત્યો માર્યા ગયા હતા, તેઓ મનુષ્યોમાં ઉત્પન્ન થયા હતા અને પ્રજાઓને દુઃખ આપી રહ્યા હતા; તે દૈત્યોનો નાશ કરવા માટે શ્રીહરિએ આજ્ઞા આપી હતી; એટલે દેવો યદુના કુળમાં અવતર્યા હતા. હે રાજન્ ! તે યાદવોનાં કુળ એક સો ને એક હતાં. ભગવાન શ્રીહરિ, તે સર્વ યાદવોને પ્રભુ તરીકે માન્ય હતા અને જેઓ તે શ્રીકૃષ્ણ પ્રભુને અનુસરતા હતા તે સર્વ યાદવો વૃદ્ધિ પામ્યા હતા, સર્વ પ્રકારે આબાદ થયા હતા. શ્રીકૃષ્ણમાં જેઓનાં મન આસક્ત હતાં એવા તે યાદવો સૂવું, બેસવું, ફરવું, બોલવું, રમવું અને સ્નાન વગેરે કરવું–એ સર્વ ક્રિયાઓમાં વિદ્યમાન એવા પોતાના શરીરને પણ જાણતા ન હતા–અર્થાત્ તેઓનાં મન શ્રીકૃષ્ણ વિષે લાગેલાં હતાં, જેથી તેઓને હરકોઈ ક્રિયામાં પોતાના શરીરનું પણ ભાન ન હતું.[42-46] હે રાજા ! પૂર્વે ભગવાનના ચરણોદકરૂપ ગંગાજી સર્વોત્કૃષ્ટ તીર્થ હતાં; પણ યાદવોમાં શ્રીકૃષ્ણદેવની કીર્તિરૂપ તીર્થ જ્યારે ઉત્પન્ન થયું ત્યારે તે તીર્થે ગંગાજીરૂપ તીર્થને અલ્પ કરી નાખ્યું–શ્રીકૃષ્ણ પ્રભુની કીર્તિ એજ સર્વ મહાન તીર્થ તરીકે જગતમાં વિરાજમાન થઇ. શ્રીકૃષ્ણદેવના શત્રુઓ તથા મિત્રો તેમના સારૂપ્યને પામી ગયા, એ કંઇ મોટું આશ્ચર્ય નથી; (કારણ કે તે ભગવાન પરમ દયાળુ છે.) તેમજ જે લક્ષ્મીદેવી માટે અન્ય–બ્રહ્માદિ દેવોનો પ્રયત્ન થઈ રહ્યો છે તે કોઇનાથી પણ નહિ જીતાયેલાં અને સર્વાંશે પરિપૂર્ણ લક્ષ્મીદેવી શ્રીકૃષ્ણ પ્રભુનાંજ થઇ રહ્યાં છે, તે પણ કંઇ આશ્ચર્ય નથી. કારણ કે જેમનું માત્ર નામજ સાંભળેલું હોય કે ઉચ્ચારેલું હોય તો સર્વ અમંગલોનો નાશ કરે છે; વળી જે ભગવાને તે તે ઋષિઓના વંશોમાં ધર્મની પ્રવૃત્તિ કરી છે, તે સર્વસંહારક કાળમૂર્તિ અને સુદર્શનચક્રરૂપી આયુધવાળા શ્રીકૃષ્ણભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો, એ પણ કંઇ આશ્ચર્યકારક નથી.[47] જે ભગવાન સર્વ જીવોના નિવાસસ્થાન છે; 'દેવકીમાં જન્મ' એ તો જેમના સંબંધમાં માત્ર કહેવા પૂરતુંજ છે; (કેમકે વસ્તુતઃ જે અજન્મા છે) મોટા મોટા યાદવો જેમની સભામાં સેવકરૂપ હતા; જે (માત્ર ઇચ્છાથીજ સર્વ અધર્મનો નાશ કરવા સમર્થ છે, છતાં ક્રીડા માટે) પોતાના બાહુઓથી અધર્મને દૂર કરી રહ્યા છે; (અધિકારી છે કે નહિ, તેની અપેક્ષા રાખ્યા વિનાજ) સ્થાવર–જંગમ સર્વ કોઇનાં પાપોનો જે નાશ કરનારા છે અને જેમણે સુંદર મંદ હાસ્યવાળા પોતાના શ્રીમુખથી વ્રજવાસી ગોપીઓ તથા નગરવાસી કુબ્જા, રુક્મિણી વગેરે સ્ત્રીઓને કામદેવની વૃદ્ધિ કરી છે–અર્થાત્ ભોગદ્વારા મોક્ષ અર્પણ કરી દીધો છે, તે શ્રીકૃષ્ણ ભગવાન વિજય પામે છે–સર્વોત્કૃષ્ટ દેવ તરીકે વિરાજે છે.[48] એ પ્રમાણે પોતાના વેદમાર્ગની રક્ષા કરવાની ઇચ્છાથી જેમણે લીલાશરીર લીધાં છે, એવા યદૂત્તમ શ્રીકૃષ્ણ પરમાત્માનાં તે તે યોગ્ય સ્વરૂપનું અનુકરણ કરનારાં અને સર્વ કર્મોનો નાશ કરનારાં ચરિત્રો, જે મનુષ્યને એ ભગવાનના ચરણમાં ભક્તિની ઇચ્છા હોય તેણે સાંભળવાં જોઈએ.[49] હરકોઇ મનુષ્ય, પ્રત્યેક સમયે વૃદ્ધિ પામેલી મુકુંદ ભગવાનની શોભાયમાન કથાના શ્રવણ–કીર્તનયુક્ત ચિંતનથી દુસ્તર એવો કાળનો વેગ જ્યાં સમાપ્ત થાય છે ત્યાં–એ પ્રભુના ધામમાં જાય છે; જે ધામની પ્રાપ્તિ માટે રાજાઓ પણ ગામમાંથી વનમાં ચાલ્યા ગયા હતા–રાજપાટ, ઘરબાર છોડી વનમાં તપશ્ચર્યા કરતા હતા."[50]

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ ઉત્તરાર્ધ વિષે અધ્યાય ૯૦ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

दशम स्कंध उत्तरार्ध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत–एकादश स्कंध*

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो×

યાદવોને બ્રાહ્મણોનો શાપ

॥ श्रीबादरायणिरुवाच ॥

कृत्वा दैत्यवधं कृष्णः सरामो यदुभिर्वृतः।भुवोऽवतारयद्भारं जविष्ठं जनयन् कलिम् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"બળરામ સહિત શ્રીકૃષ્ણ ભગવાને, યાદવોથી વીંટાઇને દૈત્યોનો વધ કરી પછી કૌરવ–પાંડવો વચ્ચે મહાવેગવાન ક્લેશ ઉત્પન્ન કરાવી પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો.[1] દુર્યોધન વગેરે શત્રુઓએ દુષ્ટ જુગાર રમાડી અપમાન કરી દ્રૌપદીના કેશ ખેંચીને તથા લાક્ષાગૃહમાં બાળી મૂકવા વગેરેથી અનેક વાર જેઓને કોપાવ્યા હતા એવા પાંડવોને નિમિત્તરૂપ કરીને પરસ્પર બન્ને પક્ષમાં એકઠા મળેલા રાજાઓનો સંહાર કરી શ્રીકૃષ્ણ ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો.+[2] જેમને જાણવા અશક્ય હતા એવા શ્રીકૃષ્ણ ભગવાન, પૃથ્વી પર ભારરૂપ થયેલી રાજાઓની સેનાઓનો, પોતાના બાહુઓથી રક્ષાયલા યાદવોદ્વારા વિનાશ કરીને વિચાર કરવા લાગ્યા કે, 'પૃથ્વીનો ભાર (લોકદૃષ્ટિએ)જો કે ઊતર્યો છે, પણ મારી દૃષ્ટિએ હજી ઊતર્યો નથી

---

* આ અગિયારમા સ્કંધમાં ૩૧ અધ્યાયોથી સંક્ષેપમાં ને વિસ્તારમાં મુક્તિનું વર્ણન કરવામાં આવશે.

× આ અધ્યાયમાં મુસળ સંબંધી શાપના બહાને વૈરાગ્ય ઉપજાવવા સારુ યદુકુળના નાશનો આરંભ દર્શાવવામાં આવ્યો છે. —श्रीधर

\+ અર્થાત્ પૂતના વગેરે જે પ્રકટ દૈત્યો હતા, તેઓને પોતેજ માર્યા હતા અને જે દૈત્યો સગા–સંબંધીને બહાને અવતર્યા હતા તેઓને પરસ્પર નિમિત્તરૂપ કરીને ભગવાને માર્યા હતા અને એ રીતે પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમ હું માનું છું; કારણ કે સહન કરવાને અશક્ય એવું યાદવોનું કુળ હજી બાકી છે. (યાદવકુળનો બીજાઓથી નાશ થઈ શકે તેમ નથી; તેમજ મારે મારા પોતાના કુળનો નાશ કરવો એ યોગ્ય નથી.) આ યાદવકુળનો અન્ય દેવો વગેરેથી પણ પરાભવ થઇ શકે તેમ નથી; કારણ કે આ યાદવકુળને મારો આશ્રય છે ને વળી હાથી–ઘોડા વગેરે વૈભવોથી આ કુળ ઉચ્છૃંખલ છે; માટે જેમ વાયુ (પરસ્પર સંઘર્ષણ કરાવીને) વાંસની ઝાડીનો નાશ કરનાર અગ્નિ સળગાવી મૂકીને પોતે શાંત થઇ જાય છે, તેમ હું પણ આ યાદવકુળનો નાશ કરનાર કલહ માંહોમાંહે ઉપજાવીને શાંતિ પામીશ અને પછી મારા વૈકુંઠ ધામમાં જતો રહીશ.'૩-૪

(શ્રીશુકદેવજી બોલ્યા:–)"હે રાજન્! આવો જેમણે નિશ્ચય કર્યો હતો એવા સત્ય સંકલ્પવાળા વ્યાપક ઈશ્વર શ્રીકૃષ્ણે, બ્રાહ્મણોના શાપને બહાને પોતાના કુળનો સંહાર કર્યો હતો.૫ તે પછી ઈશ્વર શ્રીકૃષ્ણ, જેના કરતાં લોકોમાં અધિક લાવણ્ય નથી અથવા જેનાથી લોકોને લાવણ્ય પ્રાપ્ત થાય છે એવી પોતાની મૂર્તિ વડે લોકોનાં નેત્રોને ઝૂંટવી લઇને, (અર્થાત્ પોતાની મૂર્તિ વિના બીજા કોઇ દશ્યપદાર્થોમાં લોકોના દષ્ટિમોહને ઉતારી નાખીને,) તેમજ પોતાની વાણી વડે તે વાણીનું સ્મરણ કરતા લોકોનાં મનને પણ આકર્ષી લઇને (અર્થાત્ પોતાની વાણી સિવાયની બીજી વાણી સાંભળવામાં લોકોના ચિત્તમોહને ઉતારી નાખીને) અને પોતાનાં પગલાંઓથી તે પગલાં જોનારાઓની બીજી સર્વ ક્રિયાઓ છીનવી લઇને (અર્થાત્ પોતાનાં પગલાં જોનારાઓની તે પગલાંઓનેજ જોયા કરવા સિવાયની બીજી ક્રિયાઓ કરવાની ઇચ્છા તજાવીને) અને કવિઓના ઉત્તમ શ્લોકોવાળી પોતાની કીર્તિને પૃથ્વી પર વિસ્તારી 'હવે લોકો આ મારી કીર્તિથીજ સુખપૂર્વક સંસાર તરી જશે' આમ માની પોતાના ધામમાં પધાર્યા."૬-૭

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"યાદવો તો બ્રાહ્મણોના ભક્ત હતા, મોટા દાની હતા, નિત્ય વૃદ્ધોની સેવા કરનારા હતા અને શ્રીકૃષ્ણમાંજ તેઓનાં મન હતાં; છતાં તેઓને બ્રાહ્મણોનો શાપ કેમ થયો ? ૮ હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ! જે નિમિત્તે તે શાપ થયો હોય, જેવા સ્વરૂપનો તે શાપ હોય અને પરસ્પર એકચિત્તવાળા તે સંપીલા યાદવોમાં કલહ કેમ થયો ? તે સર્વ તમે મને કહો."૯

શ્રીશુકદેવજી બોલ્યા:–"સમગ્ર+સુંદર વસ્તુઓનો જેમાં સમાવેશ હતો એવા શરીરને ધારણ કરતા, પૃથ્વી પર પરમ–મંગળ કર્મને કરતા અને પોતે પૂર્ણકામ હતા, છતાં પણ (ઘરમાં રમી રહેલાઓએ કર્મ કેમ કરવાં, એ શીખવવા માટે દ્વારકામાં) ઘરનો આશ્રય કરી ક્રીડા કરતા *ઉદાર કીર્તિવાળા શ્રીકૃષ્ણે, પોતાના કુળનો સંહાર કરવાની ઇચ્છા કરી; કારણ કે પૃથ્વીનો ભાર ઉતારવારૂપી પોતાના કામમાં એજ કામ તેમનું બાકી રહ્યું હતું.૧૦ ‡કીર્તન વગેરે વડે પુણ્યોને પ્રાપ્ત કરાવનારાં અતિશય માંગલિક–અત્યંત સુખસ્વરૂપ અને કીર્તન કરતા જગતના કલિયુગનો મેલ દૂર કરનારાં કર્મો કરીને સંહારક કાળસ્વરૂપે વસુદેવને ઘેર નિવાસ કરતા શ્રીકૃષ્ણે (યજ્ઞયાગાદિ કર્મ નિમિત્તે વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, અત્રિ, વસિષ્ઠ તથા નારદ વગેરે મુનિઓને (પોતાને ત્યાં બોલાવ્યા હતા; પછી તે તે કર્મો થઈ રહ્યાં ત્યારે તેમને) વિદાય કર્યા; એટ-

+ યાદવકુળના સંહારમાં ઈશ્વરેચ્છાજ નિમિત્તરૂપ હતી, તે અહીં કહે છે. —શ્રીધર

* ઉદાર કીર્તિવાળા–એટલે જેમની કીર્તિ અનેક ફળોને આપનારી હતી એવા. —શ્રીધર

‡ યાદવકુળના સંહારમાં નિમિત્તરૂપ બ્રાહ્મણોનો શાપ પણ ઈશ્વરેચ્છાથીજ થયો હતો, તે અહીં કહે છે. અશ્વમેધ વગેરે કેટલાંક કર્મો કેવળ પુણ્યજ ઉત્પન્ન કરે છે; પુત્રાદિને લાડ લડાવવા વગેરે કર્મો તત્કાળ સુખ કરે છે; તેમજ પ્રાયશ્ચિત્ત વગેરે કર્મો કેવળ પાપનેજ હરે છે, ત્યારે શ્રીકૃષ્ણનાં કર્મો તો સર્વ ફળને સાથેજ આપનારાં છે; તે પણ અહીં કહેવાયું છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લે તે મુનિઓ +પિંડારક નામના તીર્થમાં ગયા. ત્યાર પછી ક્રીડા કરતા યાદવકુમારો જાંબુવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેષ પહેરાવી તે બ્રાહ્મણોની પાસે ગયા. ત્યાં જઇને તે ઉદ્ધત છોકરાઓ જાણે વિનયી હોય તેમ બ્રાહ્મણોના ચરણનો સ્પર્શ કરી તેમને પૂછવા લાગ્યા કે, 'અમોઘ જ્ઞાનવાળા હે બ્રાહ્મણો ! આ શ્યામ નેત્રવાળી સ્ત્રી સગર્ભા છે, પ્રસવની તૈયારીમાં છે અને પુત્રની ઇચ્છાવાળી છે. તે આપને પૂછતાં શરમાય છે, તેથી અમારા-દ્વારા પુછાવે છે; માટે આપ કહો કે, આ સ્ત્રી શું પ્રસવશે ? પુત્ર કે પુત્રી ?'[૧૧-૧૫]

"હે રાજન્ ! એ પ્રમાણે મુનિઓને ઠગ્યા; એટલે કોપાયમાન થઇને તેઓએ કહ્યું કે, 'ઓ મૂર્ખાઓ ! આ સ્ત્રી તમારા કુળનો નાશ કરનારા મુસળને જન્મ આપશે.'[૧૬] તે સાંભળીને યાદવકુમારો અત્યંત ત્રાસી ગયા; તેઓએ તુરતજ સાંબનું પેટ છોડીને જોયું તો તેમાં લોઢાનું એક મુસળ તેઓના જોવામાં આવ્યું.[૧૭] એટલે 'આપણે મંદભાગ્યવાળાઓએ આ શું કર્યું ! લોકો આપણને શું કહેશે ?' એમ તેઓ વિહ્વળ થઈ ગયા અને મુસળ લઇને ઘેર ગયા.[૧૮] પછી સભામાં તે લઇ જઈ કરમાઇ ગયેલી મુખશોભાવાળા તે કુમારોએ સર્વ યાદવોની સમક્ષ એ વાત રાજા ઉગ્રસેનને જણાવી. (પણ શ્રીકૃષ્ણને તે વાત જણાવી નહિ.)[૧૯] હે રાજા ! બ્રાહ્મણોનો અમોઘ શાપ સાંભળીને તેમજ એ મુસળને જોઇને દ્વારકાવાસીઓ આશ્ચર્ય પામ્યા અને ભયથી અત્યંત ત્રાસી ગયા.[૨૦] તે પછી યાદવોના રાજા ઉગ્રસેને (શ્રીકૃષ્ણને પૂછ્યા વિનાજ) તે મુસળના ચૂરા કરાવી નાખી (તેનો ભૂકો તથા) બાકી રહેલો લોઢાનો ટુકડો સમુદ્રના જળમાં ફેંકી દીધો.[૨૧] એટલે લોઢાના તે ટુકડાને કોઈ માછલું ગળી ગયું અને જે ભૂકો હતો તે સમુદ્રના તરંગોથી ઘસડાતાં કિનારા પર લાગી જઇ †એરકા નામના ઘાસરૂપે ઊગી નીકળ્યો.[૨૨] પેલું જે માછલું હતું તેને મચ્છીમારોએ સમુદ્રમાં જાળ નાખીને બીજાં માછલાંઓ સાથે પકડ્યું અને તેનું પેટ ચીરતાં પેલો લોઢાનો ટુકડો નીકળ્યો. તે કોઇ પારધીના હાથમાં આવતાં તેણે તેનું પોતાના બાણનું ફળું બનાવ્યું.[૨૩] ભગવાન શ્રીકૃષ્ણ આ સઘળું જાણતા હતા અને બ્રાહ્મણોના શાપને ઉલટાવી નાખવાને પોતે સમર્થ પણ હતા, છતાં તેમણે બ્રાહ્મણોનો શાપ મિથ્યા કરવાની ઇચ્છા ન કરી; પણ કાળસ્વરૂપ તે ભગવાને તેને અનુમોદન આપ્યું."[૨૪]

भगवान् ज्ञातसर्वार्थ ईश्वरोऽपि तदन्यथा।
कर्तुं नैच्छद्विप्रशापं कालरूप्यन्वमोदत ॥२४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो*

વસુદેવને નારદે ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

गोविंदभुजगुप्तायां द्वारवत्यां कुरूद्वह।
अवात्सीन्नारदोऽभीक्ष्णं कृष्णोपासनलालसः॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે કુરુવંશી રાજા ! શ્રીકૃષ્ણની ભુજાઓથી રક્ષાયલી દ્વારકામાં ×નારદજી,

---

+ આ તીર્થ દ્વારકાની નજીકજ આવેલું છે. તેને હાલમાં પિંડારા કહે છે. —ભા. ક.

† એરકા નામે એક ઘાસ થાય છે; તે લાંબું હોય છે, કંઇક જાડું હોય છે, ત્રણ ધારવાળું હોય છે અને લાંબી સોય જેવો તેનો અગ્રભાગ હોય છે. ભાષામાં તેને 'પાન' અથવા ચીયો કહે છે. —ભા. ક.

* આ અધ્યાયમાં વસુદેવે પ્રશ્ન કર્યો, એટલે નારદજીએ નિમિ રાજા તથા યોગેશ્વરોના સંવાદરૂપે ભગવદ્ધર્મોનો તેમને ઉપદેશ કર્યો, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

× નારદજીને દક્ષનો શાપ છે, તેથી તે એક સ્થળે કદી રહી શકતા નથી; પરંતુ શ્રીકૃષ્ણના રક્ષણ તળે રહેલી દ્વારકામાં દક્ષના શાપનો પ્રભાવ થઇ શકતો નહિ, તેથી દ્વારકામાં નારદ સ્થિરતા કરી શકતા હતા. શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

વારંવાર શ્રીકૃષ્ણની ઉપાસનાની ઇચ્છાથી રહેતા હતા.[1] હે રાજન્! હરકોઇ સ્થળે જેનું મૃત્યુ અવશ્ય છે એવો કયો ઇન્દ્રિયવાન–વિવેકી પુરુષ, મોટા મોટા દેવોએ પણ સેવવાયોગ્ય શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણકમળનું સેવન ન કરે?[2] એક સમયે દેવર્ષિ નારદ પોતાને ઘેર આવ્યા; એટલે વસુદેવજીએ તેમની પૂજા કરી અને પછી સુખેથી બેઠેલા તેમને વંદન કરી આ પ્રમાણે પૂછ્યું.[3]

વસુદેવજી બોલ્યાઃ–'હે ભગવન્! જેમ માતાપિતાનું આવવું પુત્રોના મંગળ માટે હોય છે અને ભગવાનના ભક્તોનું પધારવું દીન જનોનાં કલ્યાણને માટે હોય છે, તેમ આપનું પધારવું પણ સર્વ પ્રાણીઓનાં કલ્યાણ માટે હોય છે.[4] (દેવો પણ મહાપુરુષોની ઉપમાને યોગ્ય નથી;× કારણ કે) દેવોનું ચરિત્ર પ્રાણીઓને સુખકારક કે દુઃખકારક પણ હોય છે; ત્યારે ભગવાનમાંજ મનવાળા આપ જેવા સત્પુરુષોનું ચરિત્ર તો સર્વને સુખકારકજ હોય છે.[5] પુરુષ જેવી ચેષ્ટા કરે છે તેવીજ તેની છાયા ચેષ્ટા કરે છે; તેમ કર્મસહાયક દેવો પણ જેઓ પોતાને જે પ્રકારે ભજે છે તે પ્રકારેજ તેઓને ભજે છે–ભજનના પ્રમાણમાંજ ભક્તોને ફળ આપે છે; ત્યારે સત્પુરુષો તો દીન જનો ઉપર પ્રેમ ધરાવનારા હોય છે;÷[6] (એ રીતે અમે આપની માત્ર પધરામણીથીજ કૃતાર્થ થયા છીએ;) તોપણ હે બ્રહ્મન્! ભગવત્સંબંધી ધર્મો આપને અમે પૂછીએ છીએ, કે જે ધર્મોનું શ્રદ્ધાથી શ્રવણ કરી મનુષ્ય સર્વ પ્રકારના ભયમાંથી મુક્ત થાય છે.[7] મેં પૂર્વે દેવની માયાથી મોહિત થઇ મોક્ષ આપનારા ભગવાનને પૃથ્વી પર પ્રજા માટે ભજ્યા હતા, પરંતુ મોક્ષ માટે ભજ્યા ન હતા;[8] માટે હે સદાચારી નારદજી! સર્વ તરફથી ભયવાળા અને જાતજાતનાં દુઃખોથી ભરપૂર એવા આ સંસારથી અમે આપને લીધે અનાયાસે જે રીતે મુક્ત થઇએ તે રીતે આપ અમને સાક્ષાત્ ઉપદેશ આપો.[9]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! બુદ્ધિમાન વસુદેવજીએ એ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે સ્મરણ કરાવી આપેલા શ્રીહરિના ગુણોથી પ્રસન્ન થઇને દેવર્ષિ નારદ તેમને કહેવા લાગ્યા.[10]

નારદજી બોલ્યાઃ–'હે યાદવશ્રેષ્ઠ! તમે આ ઉત્તમ નિશ્ચય કર્યો છે; કારણ કે તમે સમગ્ર જગતને શુદ્ધ કરનારા ભગવત્સંબંધી ધર્મો પૂછો છો.[11] હે વસુદેવ! ભગવાનનો ધર્મ પઠન કરવામાં આવ્યો હોય, શ્રવણ કરવામાં આવ્યો હોય, વિચારવામાં આવ્યો હોય, સ્વીકારવામાં આવ્યો હોય કે અનુમોદન કરવામાં આવ્યો હોય; તો સમગ્ર જગતનો દ્રોહ કરનારાઓને પણ તત્કાળ પવિત્ર કરે છે.[12] આજ તમોએ પરમ કલ્યાણમૂર્તિ અને પવિત્ર શ્રવણ–કીર્તનવાળા ભગવાન નારાયણનું મને સ્મરણ કરાવ્યું છે.[13] આ ભગવત્સંબંધી ધર્મોના નિર્ણય વિષે પણ આ પુરાતની ઇતિહાસ વિદ્વાનો કહે છે, જે ઇતિહાસ મહાત્મા ÷જનક રાજા અને ઋષભદેવજીના પુત્રોના સંવાદરૂપ છે.[14] સ્વાયંભુવ મનુના પ્રિયવ્રત નામના પુત્ર હતા; તેમનો આગ્નીધ્ર નામનો પુત્ર હતો; તે આગ્નીધ્રનો નાભિ નામનો પુત્ર હતો અને નાભિના પુત્ર ઋષભદેવ કહેવાય છે.[15] વિદ્વાનો કહે છે કે, વાસુદેવ ભગવાનના અંશરૂપ ઋષભદેવજી મોક્ષધર્મનો ઉપદેશ કરવાની ઇચ્છાથી અવતર્યા હતા; જેમના વેદપારંગત સો પુત્રો હતા.[16] તેઓમાં ભરત નામનો સૌથી મોટો પુત્ર હતો, જે નારાયણનો ભક્ત હતો, જેના નામ ઉપરથી આ અજનાભ ખંડ 'ભરતખંડ' એવા

× દેવો, પ્રમાણસર વરસાદ વરસાવે છે તો પ્રાણીઓ સુખી થાય છે અને કોઇ વેળા ઓછોવત્તો વરસાદ વરસાવે છે તો પ્રાણીઓ દુઃખી થઇ પડે છે. भा. क.

÷ અર્થાત્ સુખ આપનારા દેવો પણ ભજનના અનુસારેજ સુખ આપે છે; પણ સત્પુરુષો તેવા હોતા નથી–તેઓ તો કોઇ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના હરકોઇને સુખ આપનારા છે. –भा. क.

÷ જનકવંશી નિમિ રાજા. –भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અદ્ભુત નામ વડે પ્રસિદ્ધ થયો છે.[૧૭] એ ભરત રાજા પોતે ભોગવેલા ભોગોવાળી પૃથ્વીનો ત્યાગ કરીને ઘેરથી નીકળી ગયા અને (વનમાં) તપશ્ચર્યાથી શ્રીહરિની સેવા કરી ત્રણ જન્મથી ભગવાનની પદવીને પામી ગયા.[૧૮] (બાકીના નવ્વાણું પુત્રોમાંથી) નવ પુત્રો, આ ભરતખંડના બ્રહ્માવર્ત વગેરે નવ દ્વીપોના સ્વામી થયા હતા અને એકાશી પુત્રો કર્મમાર્ગના પ્રવર્તક બ્રાહ્મણો થયા હતા.[૧૯] એ સિવાયનાં કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન–આ નવ મહાભાગ્યશાળી મુનિ–યોગેશ્વરો થયા હતા. તેઓ પરમાર્થનું નિરૂપણ કરનારા, આત્માભ્યાસમાં પરિશ્રમ કરનારા, દિગંબર રહેનારા ને આત્મવિદ્યામાં કુશળ હતા.[૨૦|૨૧] તેઓ સ્થૂલ–સૂક્ષ્મરૂપ સમગ્ર જગતને ભગવત્સ્વરૂપ જોતા હતા અને ભગવત્સ્વરૂપને પોતાથી અભિન્ન જોતા પૃથ્વી પર વિચરતા હતા. તે મુક્ત પુરુષો પોતે જ્યાં જવાને ઇચ્છતા હતા ત્યાં તેમની ગતિ અસ્ખલિત હતી, જેથી તેઓ પોતાની ઇચ્છાનુસાર દેવો, સિદ્ધો, સાધ્યો, ગંધર્વો, યક્ષો, મનુષ્યો તથા નાગોના લોકોમાં અને મુનિઓ, ચારણો, ભૂતપતિઓ, વિદ્યાધરો, બ્રાહ્મણો તથા ગાયોનાં ભુવનોમાં વિચરતા હતા.[૨૨|૨૩] એક સમયે તે યોગેશ્વરો અજનાભખંડમાં ઋષિઓ વડે કરાતા મહાત્મા નિમિના યજ્ઞમાં દૈવયોગે જઇ ચઢ્યા. હે રાજન્! સૂર્ય સરખા તેજસ્વી તે મહાન ભગવદ્ભક્તોને જોઇને યજમાન–નિમિ, અગ્નિઓ તેમજ સર્વ બ્રાહ્મણો સામેથી ઊભા થયા.[૨૪|૨૫] વિદેહ નિમિ રાજા તેઓને નારાયણના ભક્ત જાણી પ્રસન્ન થયો. તેણે યોગ્ય આસન ઉપર બેસાડીને તે યોગેશ્વરોની સારી રીતે પૂજા કરી.[૨૬] પછી પોતાની કાંતિથી બ્રહ્માના પુત્ર–સનત્કુમારોની પેઠે પ્રકાશી રહેલા તે નવ યોગેશ્વરોને, અત્યંત પ્રસન્ન થયેલા નિમિ રાજાએ વિનય વડે નમ્ર થઇ આ પ્રમાણે પૂછ્યું.[૨૭]

વિદેહ નિમિ રાજાએ પૂછ્યું:–'હું માનું છું કે, આપ વિષ્ણુ ભગવાનના સાક્ષાત્ પાર્ષદો છો. કારણ કે વિષ્ણુ ભગવાનના પાર્ષદો લોકોને પવિત્ર કરવા માટે વિચર્યા કરે છે. આ મનુષ્યશરીર જો કે ક્ષણભંગુર છે; તોપણું પ્રાણીઓને તે દુર્લભ છે અને તેમાં પણ વૈકુંઠ ભગવાનના પ્રિય ભક્તોનું દર્શન હું દુર્લભ માનું છું.[૨૮|૨૯] માટે હે નિષ્પાપ મુનિઓ! અમે આપને આત્યંતિક કલ્યાણ કયું? તે પૂછીએ છીએ. આ સંસારમાં જો અર્ધ ક્ષણ પણ સત્સંગ થાય તો તે મનુષ્યોને એક ભંડાર જેવો થઇ પડે છે; માટે અમારે સાંભળવાને યોગ્ય હોય તો ભગવાનના ધર્મો તમે અમને કહો; કારણ કે ભગવદ્ધર્મો વડે પ્રસન્ન થયેલા અજન્મા ભગવાન, પોતાને શરણે આવેલાને પોતાનો આત્મા પણ અર્પણ કરી દે છે–સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર અર્પણ કરે છે.[૩૦|૩૧]

નારદજી બોલ્યા:–'હે વસુદેવ! નિમિ રાજાએ તેઓને એ પ્રમાણે પૂછ્યું; એટલે તે મહાન યોગેશ્વરો, સભાસદોનો તથા ઋત્વિજો સહિત નિમિ રાજાનો પ્રેમથી સામો સત્કાર કરીને કહેવા લાગ્યા.

† કવિ યોગેશ્વર બોલ્યા:–'હું માનું છું કે, આ સંસારમાં દેહાદિના ઉપર આત્મભાવના થઇ જવાને લીધે નિત્ય ભયભીત બુદ્ધિવાળા પુરુષને અચ્યુત ભગવાનના ચરણકમળની ઉપાસનાજ સર્વ પ્રકારના ભયથી મુક્ત કરનાર છે; જે ઉપાસના કરવાથી સમગ્ર ભયની નિવૃત્તિ થઇ જાય છે. ‡અજ્ઞાની પુરુષોને પણ અનાયાસે આત્મવસ્તુની પ્રાપ્તિ થાય તે માટે ભગવાને (મનુ વગેરે દ્વારા વર્ણાશ્રમ વગેરેના ધર્મો કહીને અતિ

† ભગવાનના ધર્મો, ભગવાનના ભક્તો, માયા, માયાને તરવાનો ઉપાય, બ્રહ્મ, કર્મ, અવતાર, ચરિત્રો, અભક્તોની ગતિ અને યુગનો ક્રમ–આ નવ વિષયો જાણવા માટે નવ પ્રશ્નો નિમિ રાજાએ કર્યા છે; તેના ઉત્તર એક એક યોગેશ્વર અનુક્રમે અહીંથી કહે છે. તેમાં પ્રથમ આત્યંતિક કલ્યાણ કહે છે. —શ્રીધર

‡ આ શ્લોકમાં ભાગવતધર્મોનું લક્ષણ કહે છે.–શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

રહસ્યરૂપ હોવાથી સ્વમુખેજ) જે ઉપાયો કહ્યા છે, તેને તમારે ભગવદ્ધર્મો જાણવા.[32-34] હે રાજન્ ! જે ભગવદ્ધર્મોનો આશ્રય કરીને પુરુષ કદી પ્રમાદી થતો નથી—યોગસાધના વગેરેમાં જેવાં વિઘ્નો નડે છે તેવાં ભગવદ્ધર્મમાં કદી નડતાં નથી અને આ ભગવદ્ધર્મમાં આંખો મીંચીને દોડી જાય છતાં પણ ઠોકર ખાતો નથી તેમ પડતો પણ નથી.+[35] ×શરીરથી, વાણીથી, મનથી, ઇન્દ્રિયોથી, બુદ્ધિથી કે અહંકારથી અનુસરાયલા (બ્રાહ્મણત્વ આદિ) સ્વભાવથી મનુષ્ય જે જે કર્મ કરે છે, તે તે સર્વ પરમાત્મા નારાયણને સમર્પણ કરી દેવાં તે આ ભાગવતધર્મ છે.[36] (કદાચ કોઈ શંકા કરે કે, પરમેશ્વરનું ભજન કરવાથી શું વળવાનું છે? અજ્ઞાનકલ્પિત ભય તો કેવળ એક જ્ઞાનથીજ દૂર થઇ શકે છે; આના ઉત્તરમાં કહે છે:) ભય એ વસ્તુ ભગવાનની માયાથી ઉત્પન્ન થાય છે; માટે બુદ્ધિમાન મનુષ્યે તે ભગવાનનુંજ ભજન કરવું જોઇએ. (કદાચ કોઇ કહે કે, ભય તો દેહ વગેરેના ઉપર ‘આ હું છું' એવા મિથ્યા આગ્રહથી ઉત્પન્ન થાય છે; તે મિથ્યા આગ્રહ દેહાદિ ઉપરના અહંકારથી થાય છે અને તે અહંકાર સ્વસ્વરૂપની વિસ્મૃતિથી થાય છે; તેમાં વળી માયા શું કરવાની હતી? આના ઉત્તરમાં કહેવાનું કે,) પરમાત્માથી વિમુખ થયેલા મનુષ્યને પરમાત્માની માયાને લીધે ભવત્સ્વરૂપની વિસ્મૃતિ થાય છે અને તે વિસ્મૃતિ થવાથી ‘આ દેહ તે હું છું' આવું વિપરીત જ્ઞાન થાય છે અને તેથી દ્વૈતબુદ્ધિ થતાં મનુષ્યને ભય થાય છે—સંસાર પ્રાપ્તિ થયા કરે છે. (આ વાત લૌકિકી માયાઓમાં પણ પ્રસિદ્ધ છે.) માટેજ ગુરુ વિષે ઈશ્વરબુદ્ધિ તથા આત્મબુદ્ધિ કરીને કેવળ એક અવ્યભિચારી ભક્તિથી પરમેશ્વરનું ભજન કરવું જોઈએ.÷[37] (કદાચ કોઈ કહે કે, વિષયોથી વિક્ષિપ્ત ચિત્તવાળા પુરુષને અવ્યભિચારિણી ભક્તિ ક્યાંથી સંભવે? અને જો ભક્તિજ ન સંભવે તો પછી નિર્ભયતા ક્યાંથી મળે? આના ઉત્તરમાં કહેવાનું કે, વિષય એ કોઇ વાસ્તવિક વસ્તુ નથી, તે તો મનનો માત્ર વિલાસજ છે; માટે મનને વશ કરી ભજન કરવાથી નિર્ભયતા થાયજ છે, તે અહીં કહેવાય છે—) આ દ્વૈતપ્રપંચ અવિદ્યમાન છે—વસ્તુતઃ છેજ નહિ; તોપણ સ્વપ્ન તથા મનોરથની પેઠે ચિંતન કરનારા પુરુષને મનથી ભાસે છે; માટે બુદ્ધિમાન પુરુષે કર્મોનો સંકલ્પ-વિકલ્પ કરનારા મનને વશ કરવું જોઇએ, કે જેથી (અ-

+ અર્થાત્ કહેવાનો ભાવ એ છે કેઃ

श्रुतिस्मृती उभे नेत्रे विप्राणां परिकीर्तिते ।
एकेन विकलः काणो द्वाभ्यामन्धः प्रकीर्तितः ॥
(हारित स्मृति, १–२४)

વેદ અને ધર્મશાસ્ત્ર—એ બે બ્રાહ્મણોનાં નેત્ર છે. તેમાંથી જે કેવળ એક વેદ જાણતો હોય છે તે કાણો કહેવાય છે અને બન્ને ન જાણતો હોય તે આંધળો કહેવાય છે. આ વચન પ્રમાણે કદાચ વેદ અને ધર્મશાસ્ત્ર નહિ જાણતો—અંધ પુરુષ પણ આ ભાગવતધર્મમાં દોડી જાય; એટલે કંઇ કંઇ નિત્ય—નૈમિત્તિક કર્મો નહિ કરીને પણ જો આગળ વધ્યે જાય; તોપણ તેને દોષ લાગતો નથી, તેમ ફળથી ભ્રષ્ટ પણ થતો નથી—બ્રાહ્મણ વગેરેના જે જે ધર્મો કહેવામાં આવ્યા છે તે નહિ આચરતો અને કેવળ ભાગવતધર્મનું—શ્રવણકીર્તન વગેરેજ કર્યા કરતો મનુષ્ય સર્વ ફળને પ્રાપ્ત કરે છે. —શ્રીધર

× ભાગવત ધર્મ કયા? આના ઉત્તરમાં આ શ્લોકમાં કહ્યું છે કે, સર્વ કર્મો ઈશ્વરસમર્પિત કરવાં તેજ ભાગવતધર્મ છે. કેવળ શાસ્ત્રવિધિથી કરવામાં આવતાં કર્મોજ ઈશ્વરાર્પણ કરવાં એમ નહિ, પણ સ્વભાવાનુસારી લૌકિક કર્મ પણ ઈશ્વરાર્પણ કરવાં જોઇએ; આજ વસ્તુ ભગવદ્ગીતામાં કહી છેઃ ‘ **यत् करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् । यत्तपस्यसि कौंतेय तत् कुरुष्व मदर्पणम् ॥ (श्री. भ. गी. ९–२७)** આમ કરવાથી હરકોઇ કર્મ ભાગવતધર્મ બની શકે છે. —શ્રી.

÷ આજ અભિપ્રાય ભગવદ્ગીતામાં કહે છેઃ

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥
(श्री. भ. गी. ७–१४)

મારી દૈવી માયા ગુણમય છે અને દુર્લંઘ્ય છે; જેઓ મારે શરણે આવે છે તેઓ માયાને ઓળંગી જાય છે—માયાથી મુક્ત થાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અવ્યભિચારિણી ભક્તિ પ્રાપ્ત થતાં) અભય થાય છે, સંસારભયની નિવૃત્તિ થાય છે.[૩૮] (કદાચ કોઈ કહે કે, આ વસ્તુ તો અત્યંત અશક્ય છે; તો આ રહ્યો સુગમ માર્ગ:) ચક્રધારી શ્રીભગવાનનું ભજન એજ જેઓનું પ્રયોજન છે એવા પરમ માંગલિક અવતારો તથા ચરિત્રો લોકમાં જ ગવાઈ રહ્યાં છે, તેઓનું નિર્લજ્જ થઈ શ્રવણ-કીર્તન કરતા પુરુષે નિઃસ્પૃહ થઇને વિચર્યા કરવું. એ+ રીતે વર્તતા અને પોતાને પ્રિય શ્રીહરિનાં નામકીર્તનથી જેને શ્રીહરિ ઉપર પ્રેમ થયો હોય છે, એવા પુરુષનું હૃદય શ્રીહરિ પરની પ્રેમભક્તિથી પીગળી જાય છે અને તેવો ભક્તપુરુષ કોઈ વેળા (ભક્ત આગળ હારી ગયેલા ભગવાનને જોઇને) મોટેથી હસે છે; કોઈ વેળા (આટલા બધા સમય સુધી મારી ઉપેક્ષા કરી છે, એમ માની) મોટેથી રડે છે; કોઇ વેળા (અત્યંત ઉત્સુકપણાથી) બૂમો પાડે છે; કોઈ વેળા ('હે હરે! મારા પર કૃપા કરો!' એમ કહી અત્યંત હર્ષથી) ગાવા માંડે છે અને કોઇ વેળા (હે ભગવન્! આપ જીત્યા, જીત્યા એમ કહી) નાચવા માંડે છે. આ રીતે (આ બધું દાંભિકની પેઠે કોઇને દેખાડવા માટે કરતો નથી, પણ) ગ્રહથી પકડાયો હોય–ભૂત વળગ્યું હોય તેવો બની જઇ લોકબાહ્ય બની જાય છે–ભક્તિથી પરવશ થાય છે;[૩૯।૪૦] એટલુંજ નહિ પણ આવો ભક્તપુરુષ અનન્ય થઇને પોતે પણ ભગવત્સ્વરૂપ બની જઇ આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, નક્ષત્રાદિ જ્યોતિર્ગણ, સર્વ પ્રાણીઓ, દિશાઓ, વૃક્ષો વગેરે; નદીઓ, સમુદ્રો તથા બીજા જે કંઈ પદાર્થ છે તે સર્વેને ભગવાનનું શરીર માની તેઓને પ્રણામ કરે છે. (કદાચ કોઇને શંકા થાય કે, આ સ્થિતિ તો જેઓ યોગારૂઢ થયા હોય તેઓને પણ અનેક જન્મે દુર્લભ થઈ પડે છે; તો પછી માત્ર કીર્તનથીજ અને એકજ જન્મે આવી સ્થિતિ કેમ પ્રાપ્ત થાય? આનું સમાધાન દૃષ્ટાંત સાથે આ પ્રમાણે છે:) જેમ ભોજન કરનારા પુરુષને કોળિયે કોળિયે સુખ, ઉદરપુષ્ટિ અને ક્ષુધાનિવૃત્તિ–એ ત્રણે એકજ વખતે થાય છે, તેમ ભગવાનને શરણે જઈ ભજન કરનારા પુરુષને પ્રેમલક્ષણા ભક્તિ, ભગવત્સ્વરૂપની સ્ફૂર્તિ (અનુભવ) અને ઘર વગેરે ઉપર વૈરાગ્ય એ ત્રણે વસ્તુ એકજ સમયે થાય છે. (અને જેમ ઘણા કોળિયાઓ જમ્યા પછી સુખાદિમાં વૃદ્ધિ થઇને પૂર્ણ સંતોષ થાય છે, તેમ ભજનની પણ ખૂબ વૃદ્ધિ થતાં ભક્તિ વગેરે પણ ખૂબ વધી પડે છે; જેથી પૂર્ણસ્થિતિ પ્રાપ્ત થાય છે.) એ પ્રમાણે અવિચ્છિન્નપણે અચ્યુત ભગવાનનું ભજન કરનારા ભક્તને ભક્તિ, વૈરાગ્ય તથા ભગવત્સ્વરૂપનું જ્ઞાન–એ ત્રણે પ્રાપ્ત થાય છે; તે પછી હે રાજા! તે ભક્ત સાક્ષાત્ પરમ શાંતિને પામે છે–કૃતાર્થ થાય છે.[૪૧–૪૩]

નિમિ રાજાએ પૂછ્યું:–'હવે તેવા ભક્તપુરુષનું લક્ષણ તમે મને કહો. કયા ધર્મમાં તે ભક્ત સ્થિતિ કરે છે? તે ભક્તનો સ્વભાવ કેવો હોય? તે ભક્ત મનુષ્યોમાં કેવી રીતે વર્તે અને કેવું બોલે? તેમજ કયાં ચિહ્નોથી તે ભક્ત ભગવાનને પ્રિય થઈ પડે છે?[૪૪]

÷હરિ યોગેશ્વર બોલ્યા:–'જે પુરુષ સર્વ પ્રાણીઓમાં પોતાને બ્રહ્મસ્વરૂપે રહેલો જુએ અને બ્રહ્મસ્વરૂપ પોતાને વિષે સર્વ પ્રાણીઓને રહેલાં જુએ તે પુરુષ ભગવાનનો ઉત્તમ ભક્ત છે.[૪૫] જે પુરુષ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે, ઈશ્વરાધીન ભક્તો સાથે મિત્રતા કરે છે, અજ્ઞાનીઓ ઉપર કૃપા કરે છે અને શત્રુઓ તરફ ઉપેક્ષા રાખે છે, તે પુરુષ ભગવાનનો મધ્યમ ભક્ત છે. (કારણ કે ઉત્તમ

+ એ પ્રમાણે ભજન કરનારા ભક્તપુરુષોને પ્રેમલક્ષણા ભક્તિયોગ પ્રાપ્ત થાય છે અને તેવા પ્રેમી ભક્તની સ્થિતિ સંસારધર્મથી અલગ થઈ પડે છે, તે કહે છે. –શ્રી.

÷ અહીંથી ત્રણ શ્લોકમાં ભગવાનના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભક્તોનાં લક્ષણ કહે છે અને ભક્ત કયા ધર્મમાં સ્થિતિ કરે છે; તે પણ કહે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્ત ભેદદષ્ટિ વિનાનો હોય છે, ત્યારે આ મધ્યમ ભક્ત ભેદદષ્ટિથી યુક્ત હોય છે.)[૪૬] અને જે પુરુષ ભગવાનની પ્રતિમામાંજ શ્રદ્ધાથી ભગવાનની પૂજા કરે છે, પણ ભગવાનના ભક્તોની કે બીજા કોઇની પૂજા કરતો નથી તે ભક્ત પ્રાકૃત ભક્ત છે–ભક્તિનો કેવળ પ્રારંભ કરનાર–નવીન ભક્ત છે; (આવો ભક્ત ધીમે ધીમે ભક્તિ કરતો કરતો ઉત્તમ થઈ શકે છે.)[૪૭] જે *પુરુષ (ભગવાનમાં ચિત્ત લાગેલું હોવાથી વિષયોને ગ્રહણજ કરતો નથી, છતાં કોઇ વેળા) ઇન્દ્રિયોદ્વારા વિષયોને ગ્રહણ કરીને પણ તેનો દ્વેષ કરતો નથી કે તેથી પ્રસન્ન થતો નથી; પણ 'આ બધું વિષ્ણુની માયા છે' એમ જુએ છે, તે પુરુષ ભગવાનનો ઉત્તમ ભક્ત છે.[૪૮] જે પુરુષ શ્રીહરિનુંજ સ્મરણ હોવાને લીધે દેહના ધર્મ–જન્મ તથા નાશ, ઇન્દ્રિયોનો ધર્મ–કષ્ટ, પ્રાણના ધર્મ–ક્ષુધા તથા તૃષા, મનનો ધર્મ ભય અને બુદ્ધિનો ધર્મ–તૃષ્ણા આ સર્વ સંસારધર્મોથી મોહ પામે નહિ, તે પુરુષ ભગવાનનો ઉત્તમ ભક્ત છે.[૪૯] જેના ચિત્તમાં કામ, કર્મો તથા વાસનાઓનો સંભવ હોતો નથી અને જેને કેવળ વાસુદેવ–ભગવાનનોજ આશ્રય હોય છે તે, ભગવાનનો ઉત્તમ ભક્ત છે.[૫૦] ×જેને જન્મ, કર્મ, વર્ણ, આશ્રમ તથા જાતિથી આ શરીરમાં અહંભાવ થતો નથી, તે મનુષ્ય ભગવાનને પ્રિય થઇ પડે છે.[૫૧] +જેને ધનમાં 'આ પોતાનું અને આ પારકું' એવો ભેદ નથી, આત્મામાં આ પોતાનો અને આ પારકો એવો ભેદ નથી, સર્વ પ્રાણીઓને સમાન સ્વરૂપે–કેવળ પોતાના રૂપેજ જાણે છે અને જે શાંત હોય છે તે ભગવાનનો ઉત્તમ ભક્ત છે.[૫૨] જે મનુષ્ય ત્રણે લોકના વૈભવ માટે પણ (અર્થાત્ ત્રણે લોકનું રાજ્ય મળી આવતું હોય તોપણ) કેવળ એક ભગવાનમાંજ મન રાખનારા દેવોને પણ (દુર્લભ હોઈ) શોધવા યોગ્ય એવા ભગવાનના ચરણકમળના ભજનથી અર્ધો લવ કે અર્ધો નિમેષ પણ ચલિત થતો નથી પણ (ભગવાનના ચરણ વિના બીજી કંઈ પણ વસ્તુ સારવાળી નથી, એમ) અસ્ખલિત સ્મરણવાળો રહે છે, તે મનુષ્ય ઉત્તમ વૈષ્ણવ છે.[૫૩] ÷જેમ ચંદ્ર ઉદય પામે ત્યારે સૂર્યનો તાપ સંભવી શકતો નથી, તેમ ભગવાનના ઘણા પરાક્રમી ચરણની આંગળીઓના નખરૂપી મણિઓની ચાંદની વડે જેમાં તાપ દૂર કરાયો હોય છે એવા ભક્તજનનાં હૃદયમાં ફરી તે કામાદિનો સંતાપ કેમ ઉત્પન્ન થઈ શકે ?[૫૪] †જે શ્રીહરિનું પરાધીન પુરુષે પણ જો નામોચ્ચારણ કર્યું હોય છે તો પાપોના સમૂહનો નાશ કરે છે તે શ્રીહરિ, પ્રેમરૂપી દોરીથી બંધાઈ ગયેલા ચરણકમળવાળા થઇને જે પુરુષના હૃદયને સ્વયં સાક્ષાત્ કદી છોડતા નથી તે પુરુષને ભગવાનના ભક્તોમાં ઉત્તમ કહ્યો છે.'[૫૫]*

विसृजति हृदयं न यस्य साक्षाद्धरिरवशाभिहितोऽप्यघौघनाशः। प्रणयरशनया धृताङ्घ्रिपद्मः स भवति भागवतप्रधान उक्तः ॥५५॥

ઇતિ શ્રીમદ્દભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

---

* અહીંથી આઠ શ્લોકમાં ફરી ભગવાનના ઉત્તમ ભક્તોનાં લક્ષણો કહે છે. —શ્રીધર

× ભક્તનો સ્વભાવ કેવો હોય છે, તે ઉપરના શ્લોકમાં કહી હવે કયાં ચિહ્નોથી ભગવાનને પ્રિય થવાય ? તે આ શ્લોકમાં કહે છે. —भा. क.

\+ ભક્ત કેવી રીતે વર્તે ? તેનો ઉત્તર આ શ્લોકમાં આપે છે. —भा. क.

÷ વિષયાભિલાષને લીધે અત્યંત સંતાપ હોય છે તોજ વિષયોની ઇચ્છા થતાં ભગવદ્દભજનથી ચલિત થવાય છે; પણ ભગવાનની સેવાથી વિષયાભિલાષનીજ નિવૃત્તિ થઇ હોય ત્યાં ફરી તે વિષયાભિલાષ સંભવતોજ નથી, એ કહે છે. —શ્રીધર

† ભક્ત કેવું બોલે ? તેનો ઉત્તર આ શ્લોકમાં આપે છે. —भा. क.

* પૂર્વોક્ત સમસ્ત ભક્તલક્ષણોનો આ શ્લોકમાં સાર કહ્યો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ३ जो*

માયા, તેને તરવાનો ઉપાય, બ્રહ્મ તથા કર્મવાદ–એ પ્રશ્નોના ઉત્તર

॥ राजोवाच ॥

परस्य विष्णोरीशस्य मायिनामपि मोहिनीम्।
मायां वेदितुमिच्छामो भगवंतो ब्रुवंतु नः॥१॥

નિમિ રાજાએ પૂછ્યું:–'પરમાત્મા વિષ્ણુની માયા, માયાવીઓને પણ મોહ ઉપજાવનારી છે; માટે અમે તે માયાને જાણવા ઇચ્છીએ છીએ; આપ ભગવાન તે માયા વિષે અમને કહો.[૧] સંસારના તાપોથી અત્યંત તપી રહેલો હું મનુષ્ય તે તાપના ઔષધરૂપ શ્રીહરિકથામૃતરૂપી આપનું વચન સાંભળતો સાંભળતો તૃપ્તજ થતો નથી.'[૨]

અંતરિક્ષ યોગેશ્વર બોલ્યા:–'હે મોટી ભુજાઓવાળા રાજા ! પ્રાણીમાત્રના કારણભૂત એવા આદ્યપુરુષ પરમાત્માએ, જે શક્તિથી પોતે સરજેલાં આ મહાભૂતોદ્વારા નાનાંમોટાં પ્રાણીઓને પોતાના અંશરૂપ જીવાત્માના વિષયભોગ માટે તથા મોક્ષ માટે સરજ્યાં છે તે ×શક્તિ એજ તેમની માયા છે.[૩] એ પ્રમાણે (જીવોના ભોગસાધન માટે) પાંચ મહાભૂતોથી પોતે સરજેલાં પ્રાણીઓમાં અંતર્યામીસ્વરૂપે પ્રવેશેલા ભગવાન, મનથી એક સ્વરૂપે અને ઇન્દ્રિયોથી દશ સ્વરૂપે પોતાનાજ સ્વરૂપનો વિભાગ કરી તે તે વિષયોનો જીવોને ઉપભોગ કરાવે છે.[૪] અંતર્યામીએ પ્રકાશિત કરેલી ઇન્દ્રિયોદ્વારા જીવ વિષયોને ભોગવે છે અને સરજેલા શરીરને 'આ હું છું' એમ માનતો તે શરીર વગેરેમાં આસક્ત થાય છે. (અને તેથીજ સંસારને પામ્યા કરે છે.)[૫] (કદાચ કોઇ કહે કે, ભોગોને ભોગવતો જીવ તેમાં આસક્ત કેવી રીતે થાય ? કારણ કે ભોગોને ભોગવતાં ભોગવતાં ભોગોની સમાપ્તિ થાય ત્યારે મુક્ત થવોજ જોઇએ; આના ઉત્તરમાં કહેવાનું કે,) કર્મેન્દ્રિયોથી વાસના સહિત કર્મોને કર્યા કરતો અને તે તે પૂર્વકૃત કર્મોનાં સુખ–દુઃખરૂપી ફળોને ભોગવ્યા કરતો જીવ, આ સંસારમાં ભમ્યા કરે છે. (પણ મુક્ત થતો નથી.)[૬] એ પ્રમાણે અનેક દુઃખોને આપનારી કર્મોની ગતિઓને પામ્યા કરતો જીવ પ્રકૃતિને અધીન થઈને જગતનો મહાપ્રલય થાય છે ત્યાંસુધી જન્મ–મરણ પામ્યા કરે છે.[૭] *મહાભૂતોના નાશનું કારણ સમીપ આવે છે, ત્યારે આદિ અને અંતરહિત એવો કાળ, સ્થૂલ-સૂક્ષ્મરૂપ જગતને અવ્યક્ત બ્રહ્મમાં લઈ જવાને આકર્ષે છે.[૮] તે સમયે પૃથ્વી ઉપર સો વર્ષની ભયંકર અનાવૃષ્ટિ થશે અને કાળને લીધે વધી પડેલી ઉષ્ણતાવાળો સૂર્ય ત્રણે લોકને અત્યંત તપાવશે.[૯] પછી શેષનાગના મુખમાંથી નીકળેલો અગ્નિ, વાયુથી ફૂંકાઈને પાતાલનાં તળિયાંથી માંડી સર્વને બાળતો ઊંચી શિખાઓવાળો થઇ ચોતરફ વધી પડશે.[૧૦] તે પછી પ્રલયકાળનો મેઘસમૂહ સો વર્ષ સુધી હાથીની સૂંઢ જેવી ધારાઓથી વર્ષા કરશે, જેથી બ્રહ્માંડ જળમાં લય પામશે.[૧૧] હે રાજા ! એ રીતે બ્રહ્માંડરૂપ પોતાની ઉપાધિનો લય થયા પછી વૈરાજ પુરુષ (બ્રહ્મા) બ્રહ્માંડનો ત્યાગ કરી જેમ કાષ્ઠરહિત થયેલો અગ્નિ પોતાના સૂક્ષ્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે, તેમ સૂક્ષ્મબ્રહ્મમાં પ્રવેશ કરશે.[૧૨] એ +વેળા વાયુએ હરી લીધેલા ગંધવાળી પૃથ્વી જળરૂપ થઇ જશે અને વાયુએજ હરી લીધેલા રસવાળું જળ તેજ-

* આ અધ્યાયમાં માયા, માયાને તરવાનો ઉપાય, બ્રહ્મ તથા કર્મવાદ–એ ચાર પ્રશ્નોનો ઉત્તર યોગેશ્વરોએ જુદો જુદો કહ્યો છે. —શ્રીધર

× આ વાક્ય ૧૬મા શ્લોકનું પ્રથમ ચરણ છે; તેનો અહીંથી દરેક શ્લોકમાં સંબંધ છે. —મા. ક.

* એ પ્રમાણે માયામય સૃષ્ટિ કહીને હવે પ્રલય દર્શાવવાનો આરંભ કરે છે. —શ્રીધર

\+ એ પ્રમાણે વિરાટનો લય કહી તેના કારણરૂપ મહતત્ત્વથી આરંભી પૃથ્વી સુધીનાં તત્ત્વોનો પ્રતિલોમપણે લય કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

રૂપ થઇ જશે.[૧૩] પછી પ્રલયકાળના અંધકારે જેનું રૂપ હરી લીધેલું હોય છે એવું તેજ વાયુમાં લય પામશે અને આકાશે જેનો સ્પર્શગુણ હરી લીધો હોય છે તેવો વાયુ આકાશમાં લય પામશે. પછી કાળે જેનો શબ્દગુણ હરી લીધો હોય છે એવું આકાશ તામસ અહંકારમાં લય પામશે; ઇન્દ્રિયો તથા બુદ્ધિ રાજસ અહંકારમાં લય પામશે; મન અને મન વગેરે ઇન્દ્રિયોના દેવો સાત્વિક અહંકારમાં લય પામશે; પોતાનાં એ ત્રણ પ્રકારનાં કાર્યો સહિત અહંકાર મહત્તત્ત્વમાં લય પામશે; મહત્તત્ત્વ પ્રકૃતિમાં લય પામશે અને પ્રકૃતિ પરબ્રહ્મમાં લય પામશે. હે રાજા ! સૃષ્ટિ, સ્થિતિ તથા નાશને કરનારી ભગવાનની આ ત્રિગુણાત્મક માયા અમે તમારી આગળ વર્ણવી છે;× હવે ફરી શું સાંભળવા ઇચ્છો છો ?'[૧૪-૧૬]

નિમિ રાજાએ પૂછ્યું:—'હે મહર્ષિ ! જેઓએ પોતાનાં અંતઃકરણ વશ કર્યાં નથી એવાઓને દુસ્તર એવી ભગવાનની આ માયાને સ્થૂલ—શરીરમાં અહંબુદ્ધિ ધરાવતા પુરુષો જે ઉપાયથી અનાયાસે તરી જાય છે તે ઉપાય તમે કહો.'[૧૭]

પ્રબુદ્ધ યોગેશ્વર બોલ્યાઃ—'*જોડલાંરૂપે થઇને પ્રવૃત્તિ કરતાં મનુષ્યો, દુઃખનો વિનાશ કરવા માટે અને સુખ સંપાદન કરવા માટે કર્મો આરંભી રહ્યાં છે; પણ તેઓને એ કર્મોનાં વિપરીત ફળ મળે છે તે તરફ દૃષ્ટિ કરવી જોઇએ.[૧૮] તેમજ નિત્ય દુઃખ આપનારાં, દુર્લભ અને પોતાના મૃત્યુરૂપ ધનથી તથા કર્મોથી પ્રાપ્ત કરેલાં નાશવંત ઘર, સંતાન, સંબંધીઓ તેમજ પશુઓથી પણ શું શું સુખ પ્રાપ્ત થાય છે ?[૧૯] એ રીતે કર્મથી રચાયેલો (મળેલો) આ લોક જેમ નાશવંત છે, તેમ કર્મથીજ સંપાદન કરેલો પરલોક પણ નાશવંતજ+ છે, એમ જાણવું જોઇએ. જેમ મંડલવર્તી ખંડિયા રાજાઓનું ઐશ્વર્ય વગેરે (કર્મથીજ સંપાદન કરેલું હોઇ) પોતાની સમાન સાથે સ્પર્ધાવાળું હોય છે, પોતાનાથી અધિકની સાથે અદેખાઇવાળું હોય છે અને ભવિષ્યમાં કદાચ નાશ પામશે એવા ભયવાળું હોય છે, તેમ આ લોક તથા પરલોક બન્ને (વર્તમાન સમયે પણ) સ્પર્ધા, ઇર્ષ્યા તથા નાશના ભયથીજ યુક્ત છે, એમ જાણવું જોઇએ.[૨૦] માટે ઉત્તમ કલ્યાણ જાણવાની જેને ઇચ્છા હોય, તેણે શબ્દબ્રહ્મ—વેદમાં તથા પરબ્રહ્મ—પરમાત્મામાં (અપરોક્ષ અનુભવ કરીને) *નિષ્ણાત થયેલા—બ્રહ્મચિંતનપરાયણ અને ઉપશમના આશ્રયરૂપ ગુરુને શરણે જવું.[૨૧] ત્યાં—ગુરુને શરણે ગુરુનેજ આત્મા તથા ઉપાસ્યદેવ સમજી નિષ્કપટ સેવા કરીને ભગવત્સંબંધી ધર્મોનું શિક્ષણ લેવું, કે જે ધર્મોથી આત્મારૂપ અને ઉપાસકોને આત્મસમર્પણ કરનારા શ્રીહરિ પ્રસન્ન થાય છે.[૨૨] પ્રથમ તો સર્વ વિષયો તરફ મનને વિરક્ત કરવું, સત્પુરુષોનો સંગ કરવો અને પ્રાણીઓ તરફ યથાયોગ્ય દયા, મૈત્રી તથા વિનય નિષ્કપટપણે કરતાં શીખવું—અર્થાત્ પોતાનાથી હીન પ્રાણી ઉપર દયા કરવી, સમાન સાથે મિત્રતા કરવી ને ઉત્તમો પ્રત્યે વિનય કરવો;[૨૩] તેમજ

× માયાનું શ્રવણ કરી ભયભીત થયેલા રાજાને માયાની નિવૃત્તિનો ઉપાય સાંભળવા યોગેશ્વર પોતે પ્રેરણા કરે છે. —શ્રીધર

* ભક્તિ વિના બીજો કોઇ પણ માયાને તરવાનો ઉપાય નથી, એવા અભિપ્રાયથી ભક્તિનુંજ સાધનો સાથે નિરૂપણ કરે છે. તેમાં પ્રથમ વૈરાગ્યદ્વારા ગુરુનું શરણ લેવા ચાર શ્લોકમાં સૂચના કરે છે. —શ્રીધર

+ વેદ પણ આમજ કહે છે—' तद्यथेह कर्मचितो लोकः क्षीयते एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते।' (छां. उ. ८-१-६)—જેમ અહીં કર્મથી સંપાદન કરેલ સર્વ કંઇ નાશ પામે છે, તેમ પુણ્યથી સંપાદન કરેલો પરલોક પણ નાશજ પામે છે. —શ્રીધર

* જો ગુરુને આત્માનો બોધ હોવા છતાં પણ શાસ્ત્રનું જ્ઞાન ન હોય, તો શિષ્યના સંશયની નિવૃત્તિ કરી શકે નહિ, તેમજ જો શાસ્ત્રજ્ઞાન હોય, પણ બ્રહ્મજ્ઞાન (આત્માનો અનુભવ) ન હોય તો જ્ઞાનસંચાર કરી શકે નહિ. માટે અહીં વેદ જાણનારને તથા બ્રહ્મ જાણનારનેજ ગુરુ કરવાનો ઉપદેશ કર્યો છે.—भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માટી-જળ વગેરેથી બાહ્ય પવિત્રતા જાળવવી; દંભ તથા માનના ત્યાગથી આભ્યંતર પવિત્રતા રાખવી; સ્વધર્મના આચરણરૂપી તપ કરવું, ક્ષમા રાખવી, વૃથા ભાષણના ત્યાગરૂપ મૌન સેવવું, અધિકાર પ્રમાણે વેદપાઠ કરવો, સરળતા રાખવી, +બ્રહ્મચર્ય પાળવું, અહિંસા જાળવવી-પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો, સુખદુઃખ અને ટાઢતાપ વગેરેમાં સમભાવ રાખવો-તે તે પ્રાપ્ત થાય ત્યારે હર્ષ-શોક ન કરવો; સર્વમાં સત્ તથા ચિત્-સ્વરૂપે આત્મા રહેલો છે એવો વિચાર રાખવો; નિયંતારૂપે સર્વમાં ઈશ્વર બિરાજે છે એમ માનવું; એકાંતમાં રહેવાનો સ્વભાવ કેળવવો; ઘર વગેરેના ઉપર 'આ મારું છે' એવું અભિમાન તજી દેવું; નિર્જન પ્રદેશોમાં પડી રહેલાં ચીંથરાં કે શુદ્ધ વલ્કલવસ્ત્રો પહેરવાં; જે કંઈ મળી આવે તેથી સંતોષ માનવો; ભગવાનનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવી; બીજાં કોઈ પણ શાસ્ત્ર વગેરેની નિંદા ન કરવી; પ્રાણાયામથી મનને દંડ દેવો; મૌનથી વાણીને દંડ દેવો; નિષ્ક્રિયપણાથી કર્મને દંડ દેવો; સત્ય બોલવું; અંતઃકરણનો નિગ્રહ કરવો; બાહ્યઇન્દ્રિયોનો નિગ્રહ કરવો; અદ્ભુત કર્મો કરનારા શ્રીહરિનાં જન્મ, કર્મ તથા ગુણોનું શ્રવણ, કીર્તન તથા ધ્યાન કરવું; શ્રીહરિનિમિત્તેજ સર્વ કર્મો કરવાં અને યજ્ઞ, દાન, તપ, જપ, સદાચાર, પોતાને પ્રિય ગંધ, પુષ્પ વગેરે, સ્ત્રી, પુત્રો, ઘર તથા પ્રાણ પરમેશ્વરને સમર્પણ કરી દેતાં શીખવું. એ પ્રમાણે શ્રીકૃષ્ણજ જેઓના આત્મા છે તથા નાથ છે એવા મનુષ્યો ઉપર સ્નેહ રાખવો; સ્થાવર તથા જંગમ બન્નેની સેવા કરવી; તેમાં પણ મનુષ્યોની વિશેષ સેવા કરવી; મનુષ્યોમાં પણ સ્વધર્મનિષ્ઠ મનુષ્યોની વિશેષ સેવા કરવી અને તેઓમાં પણ ભગવદ્ભક્ત મનુષ્યોની વિશેષ સેવા કરવી.૨૪-૨૯ (ભગવાનના ભક્તો સાથે સમાગમ કરીને) ભગવાનના પવિત્ર યશની પરસ્પર કથા કરવી અને તેમાં (સ્પર્ધા આદિના ત્યાગપૂર્વક) પરસ્પર આનંદ, સંતોષ તથા આત્માને જે રીતે સુખ થાય, સમસ્ત દુઃખોની નિવૃત્તિ થાય, તેમ કરતાં શીખવું. પાપોના સમૂહોનો નાશ કરનારા શ્રીહરિનું એ રીતે સ્મરણ કરતા અને પરસ્પર સ્મરણ કરાવતા ભગવાનના ભક્તો સાધનભક્તિથી ઉત્પન્ન થયેલી પ્રેમલક્ષણા ભક્તિથી રોમાંચિત શરીર ધારણ કરે છે. આવા અલૌકિક ભક્તો કોઇ વેળા શ્રીભગવાનનું ચિંતન કરીને રડે છે; કોઇ વેળા હસે છે; કોઈ વેળા આનંદ પામે છે; કોઇ વેળા ભગવાન સંબંધેજ કંઇ કંઇ બોલ્યા કરે છે; કોઇ વેળા નાચે છે; કોઇ વેળા ગાય છે; કોઈ વેળા શ્રીહરિની લીલાઓને પોતે ભજવે છે અને કોઇક વેળા ભગવત્સ્વરૂપને પામી શાંત થઇને મૌન રહે છે. ૩૦-૩૨ એ પ્રમાણે ભગવત્સંબંધી ધર્મોનું શિક્ષણ લેતો પુરુષ તે દ્વારા ઉત્પન્ન થયેલી ભક્તિને લીધે નારાયણપરાયણ બની દુસ્તર માયાને અનાયાસે તરી જાય છે.'૩૩

નિમિ રાજાએ પૂછ્યું+-'નારાયણ' જેમનું નામ છે એવા પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ અમને કહેવાને આપ યોગ્ય છો; કારણ કે આપ બ્રહ્મવેત્તા પુરુષોમાં શ્રેષ્ઠ છો.'૩૪

પિપ્પલાયન યોગેશ્વર બોલ્યાઃ-'હે રાજા! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના જે કારણ છે, પોતે કારણરહિત છે, સ્વપ્ન, જાગ્રત તથા સુષુપ્તિ અવસ્થામાં જે અનુસરી રહે છે; બાહ્યસમાધિ વગેરે અવસ્થાઓમાં પણ જે અનુસરે છે અને જેને લીધે દેહ, ઇન્દ્રિયો, પ્રાણ તથા હૃદય સારી રીતે-પ્રવૃત્તિ કરી રહ્યાં છે, તેજ પરમાત્મા પરમતત્ત્વ છે એમ તું જાણ. આ પરમતત્ત્વને મન, વાણી, ચક્ષુ, બુદ્ધિ, પ્રાણ તથા બીજી ઇન્દ્રિયો પોતાનો વિષય કરી શકતાં નથી-જાણી શકતાં

+ જેને જેવું યોગ્ય હોય તેવું બ્રહ્મચર્ય-ઋતુકાળે સ્વસ્ત્રીગમન આદિ. —ભા. ક.

+ ઉપર કહ્યું કે, નારાયણપરાયણ પુરુષ માયાને તરે છે; તે ઉપરથી રાજા પ્રશ્ન કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી. જેમ દૃષ્ટાંત તરીકે અગ્નિને તેના પોતાનાજ અંશરૂપ તણખા વગેરે પ્રકાશિત કરી શકતા નથી કે બાળી શકતા નથી. (અર્થાત્ જડ એવી મન વગેરેની વૃત્તિઓમાં તે તે વૃત્તિઓના પ્રકાશક તરીકે પ્રકાશતો આત્મપ્રકાશ તે વૃત્તિઓથી પ્રકાશિત થતો નથી. વેદ પણ આ વસ્તુ જણાવે છેઃ '**प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुरुत श्रोत्रस्य श्रोत्रमन्नस्यान्नं मनसो ये मनो विदुः।**' (बृह. उ. ४–४–१८) એ પરમતત્ત્વ પ્રાણનું પણ પ્રાણ છે, ચક્ષનું પણ ચક્ષુ છે, શ્રોત્રનું પણ શ્રોત્ર છે, અન્નનું પણ અન્ન છે અને મનનું પણ મન છે, એમ તત્ત્વવેત્તાઓ જાણે છે.' '**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।**' (तैत्ति. उ. ३०–२–९) જે પરમતત્ત્વને નહિ પામીને વાણી મનની સાથે પાછી ફરે છે,' (કદાચ કોઇ કહે કે '**तं त्वौपनिषदं पुरुषं पृच्छामि**' (बृह. उ. ३–९–२६)–એ ઉપનિષદોથી જાણવા યોગ્ય પુરુષ વિષે હું પૂછું છું'– આ વેદવચન ઉપરથી એમ કહી શકાશે કે, એ પરમતત્ત્વ શબ્દગોચર તો છેજ.' આના ઉત્તરમાં કહેવાનું કે,) શબ્દ (શ્રુતિવચન પણ પોતાના મૂળરૂપ આ પરમતત્ત્વને બોધકના નિષેધપણાથી જેવી રીતે સમજાવી શકાય તેવી રીતે કહે છે; અર્થાત્ બ્રહ્મ સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, તેમજ રૂપ, રસ, ગંધાદિ સર્વ ગુણ, સર્વ ક્રિયા અને સંબંધથી રહિત છે, તેમજ જેનાથી કોઇ પર નથી તે બ્રહ્મ– આવી રીતે સર્વને। નિષેધ કરીને સર્વના અવધિરૂપ બ્રહ્મને જણાવે છે; પણ અમુક રૂપ, ગુણ, ક્રિયા– અથવા સંબંધવાળું બ્રહ્મ છે એવા સાક્ષાત્ વિધિબોધક શબ્દથી જણાવતો નથી. (વેદ કહે છે– '**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।**' (तैत्ति. उ. ३०–२–९) વાણી જેને નહિ પામીને મન સાથે પાછી ફરે છે' વળી '**यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते। तदेव ब्रह्म त्वं विद्धि॥**' (केन उ. १–४) '**यन्मनो न मनुते,**' (के. उ. १–५) '**न चक्षुषा पश्यति कश्चनैनम्**' (कठ. उ. २–६–९) 'જે વાણીથી પ્રકાશિત નથી; પણ વાણીને પ્રકાશિત કરે છે, જેને મન વિચારી શકતું નથી અને ચક્ષુ જોઈ શકતાં નથી, એ પરમાત્માને કોઈ જાણતું નથી.' અહીં કદાચ કોઇને શંકા થાય કે, વેદ તો તે વસ્તુ (ભેદભાવથી) જાણી શકવાની નાજ પાડે છે; ત્યારે પછી આ શ્લોકમાં કેમ કહેવામાં આવે છે કે, શબ્દે (વેદે) તે તત્ત્વને સારી રીતે સમજાવેલું છે. (આના ઉત્તરમાં કહેવાનું કે,) '**नेति नेति**' (बृह. उ. २–३–६)× આ વચનથી વેદે આત્માને સંસારના વિષયો સમાન જાણી શકાવાનો નિષેધ કર્યો છે. તેની સિદ્ધિ બ્રહ્મરૂપ અવધિ વિના હોઈ શકે નહિ. (કારણ કે હરકોઈ નિષેધ અવધિવાળો હોય છે; માટે વેદોએ કહેલ સર્વ પદાર્થોના નિષેધની જે અવધિ તેજ બ્રહ્મ છે.) (અહીં કદાચ શંકા થશે કે, બ્રહ્મ જો કોઇ પણ પ્રમાણનો વિષય નથી, તો છેજ નહિ એમ મનાશે; તેના સમાધાનમાં કહેવાનું કે,) સત્ એટલે સ્થૂલ–કાર્ય અને અસત્ એટલે સૂક્ષ્મ–કારણ એ સર્વ બ્રહ્મજ છે. કારણ કે જે બ્રહ્મ, કાર્ય તથા કારણના પણ કારણ છે; હરકોઇ કાર્ય, કારણથી ભિન્ન હોતુંજ નથી. વેદ કહે છે– '**वाचारंभणम्**' (छां. उ. ६–१–४)–ઘડા, કોડિયાં વગેરે નામરૂપ વિકાર વાચારંભણ (કથનમાત્રજ) છે, કેવળ માટીજ સત્ય વસ્તુ છે.' એવીજ રીતે સંસારના સર્વ વિષયો કથનમાત્ર છે; માત્ર પરબ્રહ્મજ સત્ય છે. (કદાચ કોઇ કહે કે એકજ બ્રહ્મ, અનેક પ્રકારનાં કાર્યનું કારણ કેમ હોઇ શકે? આનો ઉત્તર એ છે કે,) બ્રહ્મ અનેક શક્તિવાળું છે; અથવા બ્રહ્મની

× अथात आदेशो नेति नेति न ह्येतस्मादिति नेत्यन्यत्परमस्ति। अथ नामधेयं सत्यस्य सत्यमिति प्राणा वै सत्यं तेषामेष सत्यम्॥ (बृह. उ. २–३–६) જે બ્રહ્મને માટે '**नेति नेति**' આદેશ–નિર્દેશ કરેલ છે, એ બ્રહ્મને 'સત્યનું સત્ય' એવું નામ આપી શકાય. 'નેતિ, નેતિ' એ શબ્દથી સર્વ પ્રાપ્ત–વિષયોનો નિષેધ કરવા સિવાય બ્રહ્મના ઉપદેશનો અન્ય શ્રેષ્ઠ નિર્દેશપ્રકાર સંભવતોજ નથી. પ્રાણ સત્ય છે, બ્રહ્મ એ પ્રાણરૂપ સત્યનું પણ સત્ય છે; જેથી બ્રહ્મ સર્વના અવધિભૂત છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માયારૂપ શક્તિ સર્વથી મોટી છે. (એકજ બ્રહ્મ અનેક સ્વરૂપે દેખાય છે, તે આવી રીતે) પ્રથમ જે એકજ બ્રહ્મ હતું તેનેજ સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણની ત્રિપુટીવાળું પ્રધાન તત્ત્વ કહે છે; તે પછી તેનેજ ક્રિયાશક્તિને લીધે સૂત્ર અને જ્ઞાનશક્તિને લીધે મહત્તત્ત્વ કહે છે; તે પછી જીવને ઉપાધિરૂપ અહંકાર પણ તેનેજ કહે છે અને પછી તેજ બ્રહ્મ ઇન્દ્રિયોના દેવો, ઇન્દ્રિયો, વિષયો અને ફળ, સુખ, દુઃખ અથવા વિષયોના પ્રકાશરૂપે ભાસે છે. કહેવાનો ભાવ એ છે કે, સર્વસ્વરૂપે કેવળ પોતેજ ભાસતા બ્રહ્મની સિદ્ધિમાં કોઇ પણ પ્રમાણની જરૂર નથી.)[૩૫-૩૭] (હવે બ્રહ્મને જો સર્વસ્વરૂપ કહેવામાં આવશે, તો હરકોઇ કાર્ય જન્માદિ વિકારવાળું હોવાથી બ્રહ્મ પણ વિકારી ઠરશે; તેના ઉત્તરમાં કહેવાય છે–) આત્મા–બ્રહ્મ જન્મેલા નથી (અને જો તેનો જન્મ નથી, તો પછી તેની પાછળનો 'છે' એવો વિકાર પણ તેને નથી.) મરશે નહિ, વૃદ્ધિ પામતા નથી;(અને જો વૃદ્ધિજ નથી, તો પછી વિપરિણામ તો ક્યાંથીજ હોય?) તેમજ ક્ષીણ પણ થતા નથી. કારણ કે બ્રહ્મ ઉત્પત્તિ તથા નાશના સ્વભાવવાળાં બાલ–યુવા વગેરે શરીરોના તે તે કાળના દ્રષ્ટા છે–શરીરોની તે તે અવસ્થાઓના સાક્ષી છે–અર્થાત્ અવસ્થાવાળાં શરીરોનો સાક્ષી તે તે અવસ્થાવાળો હોતો નથી. (એટલે કે, જન્મવું, હોવું, વધવું, ફેરફાર થવો, ઘટવું અને નાશ પામવું-એ છ વિકારો દેહાદિને છે, પણ દેહાદિના સાક્ષી બ્રહ્મને એ છએ વિકારો નથી; માટે બ્રહ્મ નિર્વિકાર છે. કદાચ તમે કહેશો કે, આવો કોઈ પણ જાતની અવસ્થા વિનાનો તે આત્મા શી વસ્તુ છે? તેના ઉત્તરમાં કહેવાનું કે, તે આત્મા કેવળ એક જ્ઞાનરસ છે. (ઠીક છે; ત્યારે તો તે આત્મા ક્ષણિક ઠર્યો ના!) તે જ્ઞાનરસરૂપ આત્મા સર્વ દેશમાં તથા સર્વ કાળમાં સદા વર્તમાન છે. (કદાચ તમે કહેશો કે, નીલજ્ઞાન ઉત્પન્ન થયું અને પીતજ્ઞાન નાશ પામ્યું, એમ પ્રતીતિ થાય છે; માટે જ્ઞાન એ અવિનાશી વસ્તુ નથી પણ નાશવંતજ છે તેનું કેમ? તે માટે કહેવાનું કે,) જ્ઞાન તો સદા સર્વકાળ વિદ્યમાનજ છે; માત્ર ઇન્દ્રિયોના બળથી તે અનેક પ્રકારનું કલ્પાયલું છે. (કહેવાનો ભાવ એ છે કે,) નીલ વગેરે આકારની વૃત્તિઓજ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; નહિ કે જ્ઞાન. જ્ઞાન તો સદા મૂળ સ્થિતિમાંજ રહે છે. દષ્ટાંત તરીકે જેમ પ્રાણ નિર્વિકારસ્વરૂપે–એકની એકજ મૂળ સ્થિતિમાં અંડજ, જરાયુજ, ઉદ્ભિજ્જ (વનસ્પતિ) તથા સ્વેદજ પ્રાણીઓનાં શરીરોમાં જીવની પાછળ ત્યાં ત્યાં જાય છે, તેમ આત્મા પણ જુદાં જુદાં શરીરોમાં જુદી જુદી અવસ્થાઓમાં પણ નિર્વિકારસ્વરૂપે રહે છે. (તે સમયેજ આત્મા સવિકાર હોય તેવો જણાય છે કે જ્યારે જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયસમુદાય હોય છે અને સ્વપ્નાવસ્થામાં તેના સંસ્કારવાળો અહંકાર હોય છે; પરંતુ) જ્યારે સુષુપ્તિ અવસ્થામાં ઇન્દ્રિયોનો તથા અહંકારનો લય થાય છે, ત્યારે આત્મા કૂટસ્થ–નિર્વિકારજ રહે છે, કારણ કે તે અવસ્થામાં લિંગશરીરરૂપ ઉપાધિ હોતી નથી–વિકારનું કારણ ઉપાધિ નહિ હોવાથી આત્મા નિર્વિકારજ રહે છે. (કદાચ તમે કહેશો કે, સુષુપ્તિ અવસ્થામાં અહંકાર સુધીનાં સર્વ તત્ત્વોનો લય થઈ જાય છે; તો પછી કેવળ શૂન્યજ રહેવું જોઇએ; છતાં તમે શા ઉપરથી કહો છો કે કૂટસ્થ આત્મા રહે છે? તેના ઉત્તરમાં કહેવાનું કે,) તેનું આપણને સ્મરણ રહે છે–દર્શન, સ્પર્શન વગેરે વિશેષજ્ઞાનથી શૂન્ય, કેવળ સુખસ્વરૂપ ને સુષુપ્તિના સાક્ષી એવા આત્માનું આપણને સ્મરણ રહે છે. (જેમકે, સુષુપ્તિમાંથી જાગ્રતમાં આવ્યા પછી આપણે કહીએ છીએ કે, 'सुखमहमस्वाप्सं न किंचिदवेदिषम्' 'હું સુખેથી સૂતો હતો, મેં કંઇ પણ જાણ્યું નહિ.' આમ નહિ અનુભવેલી વસ્તુનું કદી સ્મરણ થાયજ નહિ; માટે સિદ્ધ થાય છે કે, સુષુપ્તિમાં આત્માનો અનુભવ હોયજ છે; પણ અવસ્થામાં વિષયો સાથેનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizaqtion by eGangotri

સંબંધ હોતો નથી, તેથી તે અનુભવ સ્પષ્ટ હોતો નથી.) ૩૮.૩૯ ‡ (કદાચ કહેશો કે, સુષુપ્તિમાં નિર્વિકાર આત્માનો અનુભવ થાય છે; તો પછી ફરી સંસાર કેમ પ્રાપ્ત થાય છે? અવિદ્યા અને તેના સંસ્કારો વિદ્યમાન હોય છે તેથી સંસારનિવૃત્તિ થતી નથી, એમ સમાધાન કરીએ તો એ પ્રશ્ન થાય છે કે, અવિદ્યા તથા તેના સંસ્કારોની નિવૃત્તિ કરે તેવો આત્માનો અનુભવ ક્યારે થાય છે? આનો ઉત્તર એ છે કે,) જ્યારે ધન–પુત્ર વગેરેની ઇચ્છાઓનો ત્યાગ કરી પુરુષ, કેવળ ભગવાનના ચરણનીજ ઇચ્છાથી મોટી ભક્તિ કરીને તે દ્વારા ગુણ તથા કર્મથી ઉત્પન્ન થયેલા ચિત્તના મેલનો નાશ કરે છે, ત્યારે તેના વિશુદ્ધ અંતઃકરણમાં સાક્ષાત્ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. જેમ સૂર્યનો પ્રકાશ (પ્રથમથીજ સિદ્ધ છે તોપણ) જો દૃષ્ટિ નિર્મળ હોય છે તોજ દેખાય છે, તેમ આત્મતત્ત્વ પ્રથમથીજ સિદ્ધ છે; તોપણ ચિત્ત શુદ્ધ હોય છે તોજ તેનો અનુભવ થાય છે. (ને ચિત્તશુદ્ધિનું ઉત્કૃષ્ટ સાધન ભક્તિજ છે.' ૪૦.૪૧

નિમિ રાજાએ પૂછ્યું:—+'હવે આપ અમને કર્મયોગ કહો. જેનાથી સંસ્કારી થયેલો પુરુષ, કર્મોનો નાશ કરી આજ જન્મમાં શ્રેષ્ઠ નૈષ્કર્મ્યને પામે છે—કર્મનિવૃત્તિથી સાધ્ય એવું જ્ઞાન સંપાદન કરે છે.૪૧ આ પ્રશ્ન પૂર્વે મારા પિતાની સમીપમાં સનકાદિ ઋષિઓને મેં પૂછ્યો હતો; પણ તે બ્રહ્માંના પુત્રોએ આનો ઉત્તર મને આપ્યો ન હતો, તેમાં શું કારણ હશે, તે પણ આપ કહો.'૪૨

આવિર્હોત્ર યોગેશ્વર બોલ્યા:—'વેદમાં જે કરવા યોગ્ય કહ્યું છે, તે કર્મ કહેવાય છે; જે કરવા માટે નિષેધ કર્યો છે તે અકર્મ કહેવાય છે અને જે કરવા માટે કહ્યું છે છતાં નહિ કરવું તે વિકર્મ કહેવાય છે. × આ ત્રણે કર્મ, અકર્મ, તથા વિકર્મ કેવળ એક વેદથીજ જાણવા યોગ્ય છે, પરંતુ લોકથી જાણવા યોગ્ય નથી; કારણ કે વેદ એ ઈશ્વરસ્વરૂપ છે—ઈશ્વરથીજ પ્રકટ થયેલા હોઇ અપૌરુષેય છે. (કોઇ પુરુષનું વાક્ય હોય તેમાં તો વક્તાના અભિપ્રાય ઉપરથી અર્થજ્ઞાન થઈ શકે છે; પરંતુ જે વાક્ય કોઇ પુરુષે રચેલું નથી તેના તાત્પર્યનો નિશ્ચય તો કેવળ વાક્યના પૂર્વાપર સંબંધ વડેજ જાણી શકાય છે અને તે દુષ્કર છે.) માટે તે કર્મ, અકર્મ અને વિકર્મના વિષયમાં વિદ્વાનો પણ મૂંઝાય છે. (તો પછી બીજાઓની તો શી વાત? આવા હેતુથી અને તે વેળા તમે બાળક હતા, તેથી સનકાદિ મુનિઓએ તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યો ન હતો.) વેદ એ પરોક્ષવાદ છે—એટલે કોઈ જુદાજ પ્રકારમાં રહેલા અર્થને ગુપ્ત રાખવા માટે કોઇ જુદાજ પ્રકારે કહે છે. વેદ, કર્મો કરવાનું કહે છે તે કર્મોથી મુક્ત થવા માટેજ કહે છે. (માટે તે પરોક્ષવાદરૂપ છે.) જેમ પિતા, પોતાનાં બાળકને ઔષધ પાતી વખતે સાકર–લાડુ વગેરેથી લલચાવે છે અને ઔષધ પાઇને તે સાકર વગેરે આપે છે પણ ખરો, પરંતુ

‡ વેદ પણ કહે છે: 'यद्वै तन्न पश्यति पश्यन्वै तन्न पश्यति। न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वात् ॥' (बृ. उ. ४-३-२३)—આત્મા સુષુપ્તિમાં જોતો નથી, એમ જે તું માને છે તે તેમ નથી. સુષુપ્તિમાં પણ દ્રષ્ટા આત્માનો સદ્ભાવ છે. માત્ર વિશેષ દર્શનનો અભાવ થવાથી વિશેષ દર્શનના અભાવને જુએ છે, જેથી જોતો નથી એવી ભ્રાંતિ થાય છે, યથાર્થ દ્રષ્ટાની દૃષ્ટિ અવિનાશી હોવાથી તેનો કદાપિ વિનાશ થતો નથી. —શ્રીધર

\+ ભક્તિ કર્મયોગને અધીન છે; માટે કર્મયોગનો પ્રશ્ન કરે છે. —શ્રીધર

× કર્મ, અકર્મ તથા વિકર્મની વ્યાખ્યા શ્રીધર સ્વામીએ શ્રીમદ્ભગવદ્ગીતા (૪–૧૭) પર કરેલી અને અહીં ભાગવતમાં કરેલી, બંને અંતરવાળી છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં લખેલ છે કે, **कर्मणो विहितव्यापारस्यापि तत्त्वं बोद्धव्यमस्ति...अकर्मणोऽविहितव्यापारस्यापि तत्त्वं बोद्धव्यमस्ति। विकर्मणोऽपि निषिद्धस्यापि तत्त्वं बोद्धव्यमस्ति॥** કર્મ–વેદોએ કહેલ નિત્યનૈમિત્તિકાદિ વિહિત ક્રિયાઓનું તત્ત્વ જાણવા યોગ્ય છે; અકર્મ–વેદોએ કહેલ વિહિત કર્મના ત્યાગનું તત્ત્વ પણ જાણવું જોઇએ; તેમજ વેદોએ મના કરેલ ચોરી, હિંસા વગેરે નિષિદ્ધ કર્મોનાં ફળને પણ જાણવાં જોઇએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમ કરવામાં કેવળ સાકર વગેરેજ આપવાનો ઉદ્દેશ હોતો નથી; પણ બાળકને આરોગ્ય થાય, એજ ઉદ્દેશ રહેલો હોય છે; તેમ વેદ પણ કર્મોથી મુક્ત કરવા માટેજ કર્મો કરવાની આજ્ઞા કરે છે અને તે વેળા કર્મ કરવા બદલ સ્વર્ગાદિ ફળની લાલચ આપે છે અને તે આપે છે પણ ખરો, પરંતુ તેનો ઉદ્દેશ કર્મથી મુક્ત કરવાનોજ હોય છે.[૪૩,૪૪] (અહીં કદાચ કોઇ કહે કે, કર્મથી મુક્ત થવું એજ પુરુષાર્થ છે; તો પછી §પ્રથમથીજ કર્મો શા માટે ન છોડી દેવાં ? આના ઉત્તરમાં કહેવાનું કે,) જે મનુષ્ય અજિતેન્દ્રિય હોઇને પોતે અજ્ઞાની છે છતાં વેદોક્ત કર્મો કરતો નથી તે મનુષ્ય વેદોક્ત કર્મો નહિ કરવારૂપ અધર્મથી ઉપરાઉપરી મૃત્યુને પામે ÷છે–સંસારથી કદી મુક્ત થતોજ નથી.[૪૫] માટે નિઃસંગ થઇને–કર્મનાં ફળમાં આસક્તિ રાખ્યા વિના વેદોક્તજ* કર્મો કર્યા કરતો અને તે કર્મોને ઈશ્વરાર્પણ કરી દેતો મનુષ્ય નૈષ્કર્મ્યસિદ્ધિને પ્રાપ્ત કરે છે. (કદાચ કોઈ કહે કે, કર્મનાં ફળ તો વેદમાં સંભળાય છે તેથી કર્મ કરતાં ફળપ્રાપ્તિ થાય છે તેનું કેમ ? આના ઉત્તરમાં કહેવાનું કે,) વેદમાં કર્મોનાં ફળ જે સંભળાય છે તે કેવળ કર્મો ઉપર રુચિ કરાવવા માટેજ છે. (જેમ બાળકને ઔષધ પીવા ઉપર રુચિ થાય તે માટે તેને લાલચ આપવામાં આવે છે; કર્મો ઉપર રુચિ કરાવવાને માટેજ વેદ કર્મોનાં ફળ સંભળાવે છે, જેથી કર્મો ઉપર રુચિ થતાં મનુષ્ય વેદના અર્થનો સારી રીતે વિચાર કરે અને વિચાર કરીને પોતે સમજે કે, 'यो वा एतदक्षरमविदित्वा गार्ग्यस्माल्लोकात् प्रैति स कृपणः।' (बृह.उ.३–८–११) હે ગાર્ગિ ! જે મનુષ્ય આ અક્ષર આત્મતત્ત્વને જાણ્યા વિનાજ આ લોકમાંથી ચાલ્યો જાય છે તે દીન છે તેમજ 'तमेव वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति । ब्रह्मचर्येण तपसा श्रद्धया यज्ञेनानाशकेन॥ (बृह. उ. ४–४–२२) બ્રહ્મનિષ્ઠ પુરુષો આ આત્માને વેદનાં વચનોથી, બ્રહ્મચર્યથી, તપથી, શ્રદ્ધાથી, યજ્ઞથી અને અનશનથી જાણવા ઇચ્છે છે.' આમ યજ્ઞાદિ કર્મો તે કેવળ જ્ઞાનના શેષ (અવયવ) રૂપજ છે, એમ નિશ્ચય કરીને વિવેકી મનુષ્ય નિષ્કામ કર્મોમાં પ્રવૃત્તિ કરે છે, પણ '**स्वर्गकामो यजेत**–સ્વર્ગની ઇચ્છાવાળાઓએ યજ્ઞ કરવા' એમ સ્વર્ગાદિ ફળની કામનાવાળાઓનેજ ફળરૂપે લોકની પ્રાપ્તિ થાય છે; પણ સ્વર્ગાદિની જો ઇચ્છા કરવામાં આવેજ નહિ તો તો નૈષ્કર્મ્યસિદ્ધિરૂપ જ્ઞાનજ તેને પ્રાપ્ત થાય છે.)[૪૬] + જે મનુષ્ય પરમાત્માસ્વરૂપજ એવા જીવાત્માની હૃદયગ્રંથિરૂપ અહંકારના બંધનને સત્વર દૂર કરવા ઇચ્છતો હોય, તેણે તંત્રશાસ્ત્રમાં કહેલા વિધિ વડે અને વૈદિક વિધિથી કેશવ ભગવાનનું પૂજન કરવું.[૪૭] આચાર્યની કૃપા સંપાદન કરી તે આચાર્યે દર્શાવેલા પૂજાના પ્રકારે પોતાને પ્રિય એવી મૂર્તિથી મહાપુરુષ પરમાત્માની પૂજા કરવી.[૪૮] પ્રથમ તો પવિત્ર થઇ મૂર્તિની સામે બેસવું અને પછી પ્રાણાયામ વગેરેથી દેહને શુદ્ધ કરી ઉત્તમ પ્રકારના ન્યાસોથી દેહની રક્ષા કરીને શ્રીહરિની પૂજા કરવી.[૪૯] તે પૂજા મૂર્તિ વગેરેમાં અને હૃદયમાં પણ પોતાને જેવી પૂજાસામગ્રી મળી આવી હોય તેથી કરવી જોઇએ અને પુષ્પ વગેરે પૂજા–દ્રવ્યોમાંથી જીવડાં વગેરે દૂર કરી, પૃથ્વીને લીંપી, મનને એકાગ્ર કરી, મૂર્તિને પણ સ્નાન

§ એટલે ચિત્તશુદ્ધિ થયા પહેલાંજ. —भा. क.

÷ વેદ પણ કહે છે–**मृत्वा पुनर्मृत्युमापद्यन्ते अर्द्यमानाः स्वकर्मभिः**–પોતાનાં કરેલાં કર્મોથીજ અનેક પ્રકારનાં દુઃખ ભોગવતા મનુષ્યો વારંવાર જન્મમરણરૂપ સંસારને પામે છે. —**श्रीधर**

* વેદમાં કહેલાંજ કર્મો કરવાં જોઇએ, પણ જે કર્મો કરવાની વેદમાં મનાઈ કરી છે, તે કરવાં નહિ. કર્મો કરતાં તેમાં કદાચ આસક્તિ થઇ જાય અને કર્મનાં ફળ સ્વર્ગાદિકની પ્રાપ્તિ થાય તો જ્ઞાનસિદ્ધિ થાય નહિ. માટે કર્મનાં ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મો કરવાં.–**श्रीधर**

+ એ પ્રમાણે વેદોક્ત કર્મયોગ દર્શાવીને હવે તાંત્રિક કર્મયોગ દર્શાવે છે. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિલેપન વગેરેથી યોગ્ય કરીને આસનને પ્રોક્ષણ કરવું.[૫૦] પછી પાદ્ય, અર્ઘ્ય તથા આચમનીય વગેરે પાત્રો તૈયાર કરી, પોતાના હૃદયમાં પૂજેલા ભગવાનને શ્રીમૂર્તિમાં ધ્યાનથી સ્થાપિત કરી હૃદય, મસ્તક, શિખા, કવચ, નેત્ર તથા અસ્ત્રના મંત્રો વડે અને મૂલમંત્ર વડે દેવમાં ન્યાસ કરીને મૂળમંત્ર વડેજ પૂજા કરવી.[૫૧] હૃદય વગેરે અંગો, સુદર્શન વગેરે ઉપાંગો તથા પાર્ષદો સહિત તે તે મૂર્તિનું મૂળમંત્રથીજ પૂજન કરવું. પાદ્ય, અર્ધ્ય, આચમનીય વગેરેથી અને સ્નાન, વસ્ત્ર, અલંકારો, ગંધ, પુષ્પ,× અક્ષત, માળા, ધૂપ, દીપ તથા નૈવેદ્યથી વિધિપૂર્વક સાંગપૂજન કરીને સ્તોત્રોથી સ્તુતિ કરવી અને પછી શ્રીહરિને નમન કરવું. પોતાનો આત્મા શ્રીહરિમય છે, એવું ધ્યાન કરતાં કરતાં શ્રીહરિનું પૂજન કરવું અને પછી નમણ મસ્તકે ચઢાવી પૂજાયલા દેવને સ્વસ્થાને પધરાવી પૂજાવિધિ સમાપ્ત કરવો. એ રીતે અગ્નિ, સૂર્ય તથા જળ વગેરેમાં અને અતિથિમાં તથા પોતાના હૃદયમાં આત્મારૂપ ઈશ્વરનું જે પૂજન કરે છે તે તત્કાળ મુક્ત થાય છે.'[૫૨–૫૫]

एवमग्न्यर्कतोयादावतिथौ हृदये च यः ।
यजतीश्वरमात्मानमचिरान्मुच्यते हि सः ।।५५।।

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

× અક્ષત તો તિલકના અલંકારમાંજ ઉપયોગી છે; પૂજામાં ઉપયોગી નથી. કારણ કે '**नाक्षतैरर्चयेद् विष्णुं :न केतक्या महेश्वरम्**–અક્ષતથી વિષ્ણુનું પૂજન કરવું નહિ અને કેવડાથી શંકરનું પૂજન કરવું નહિ, એવો નિષેધ છે. —શ્રીધર

અધ્યાય ૪ થો*

ભગવાનની અવતારલીલાઓ.

॥ राजोवाच ॥

यानि यानीह कर्माणि यैर्यैः स्वच्छंदजन्मभिः ।
चक्रे करोति कर्ता वा हरिस्तानि ब्रुवंतु नः ।।१।।

નિમિ રાજાએ પૂછ્યું:–'‡શ્રીહરિએ પોતાની ઇચ્છાનુસાર જન્મો લઇને જે જે કર્મો કર્યાં છે, કરે છે અને કરશે તે તમે અમને કહો.'[૧]

દ્રુમિલ યોગેશ્વર બોલ્યા:–'જે પુરુષ અનંત ભગવાનના અપાર ગુણોને ગણવા ઇચ્છે છે, તે મંદમતિ છે. કારણ કે પૃથ્વીનાં રજકણોને કાળે કરીને કોઈ પણ રીતે કોઇ ગણી શકે છે; પણ સમગ્ર શક્તિઓના નિવાસસ્થાનરૂપ ભગવાનના ગુણોને કોઈ નથીજ ગણી શકતો.†[૨] પોતે÷ સૃજેલાં પાંચ મહાભૂતોથી વિરાટનગર–બ્રહ્માંડને રચીને નારાયણ આદિદેવે (લીલા કરવાને માટે) જ્યારે તેમાં પોતાના અંશથી પ્રવેશ કર્યો, ત્યારે તે 'પુરુષ' એવા નામને પ્રાપ્ત થયા.[૩]+ આ ત્રણે જગતની રચના છે તે આ પુરુષાવતારનું શરીર છે; પ્રાણીમાત્રની જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો પુરુષાવતારની ઇન્દ્રિયોથી પ્રવૃત્તિ કરે છે; તેમનું

* આ અધ્યાયમાં જયંતીના પુત્ર દ્રુમિલ નામના યોગેશ્વરે ભગવાનના લીલાવતારોના પ્રશ્નનો ઉત્તર કર્યો છે. —શ્રીધર

‡ પોતાને પ્રિય અવતારની પૂજા કરવી; એમ પૂર્વ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. તે ઉપરથી અવતારના જ્ઞાનની જરૂર જણાતાં અને ભગવાનની સ્તુતિ કરવા માટે તેમના ગુણકર્મોના જ્ઞાનની પણ જરૂર જણાતાં રાજા પૂછે છે. —ભા. ક.

† દ્રુમિલ યોગેશ્વર એ કહેવા માગે છે કે, તમે પૂછેલા ત્રણે કાળના સકળ અવતારો તથા શ્રીભગવાનનાં ગુણકર્મો કહેવાને અશક્ય છે, તોપણ હું સંક્ષેપમાં કહીશ. —ભા. ક.

÷ અહીં પ્રથમ પુરુષાવતાર કહે છે. —શ્રીધર

+ અહીંથી બે શ્લોકમાં પુરુષાવતારનાં ગુણકર્મો કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞાન સ્વતઃસિદ્ધ છે; તેમના પ્રાણથી જીવોની દેહશક્તિ, ઇન્દ્રિયશક્તિ તથા ક્રિયાશક્તિ થઈ છે અને તે સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણથી જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશના આદિકર્તા છે.[૪] સૃષ્ટિના આદિમાં આ જગતની રચના માટે તે પુરુષાવતારના રજોગુણથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે; જગતનું રક્ષણ કરવા માટે તેમના સત્ત્વગુણથી દ્વિજવર્ણ તથા ધર્મના પાલક વિષ્ણુ ઉત્પન્ન થયા છે અને જગતનો વિનાશ કરવા માટે તેમના તમોગુણથી રુદ્ર ઉત્પન્ન થયા છે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશના નિમિત્તે પ્રજાઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જેમનાથી નિત્ય થયા કરે છે, તેજ એ આદ્યપુરુષ છે.[૫]÷ ધર્મની સ્ત્રી, જે દક્ષ પ્રજાપતિની પુત્રી મૂર્તિ નામે હતી તેમાં નારાયણ અને નર નામનો (બે મૂર્તિરૂપે) ભગવાનનો અવતાર થયો હતો. એ નર-નારાયણ ઋષિઓમાં શ્રેષ્ઠ છે, અત્યંત શાંત છે, મોટા મોટા ઋષિઓ તેમના ચરણને સેવી રહ્યા છે, તેમણે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારા કર્મનો નારદ વગેરેને ઉપદેશ કર્યો છે અને પોતે પણ હજી સુધી તે કર્મને આચરી રહ્યા છે.[૬] એક વેળા ઇન્દ્રને શંકા થઇ કે, આ નર-નારાયણ, (તપથી) મારું સ્થાન લેવા ઇચ્છે છે; તેથી તેણે (તેમના તપનો વિનાશ કરવા માટે) પરિવાર સાથે કામદેવને મોકલ્યો. તે કામદેવ, ભગવાનના મહિમાને જાણતો ન હતો; જેથી અપ્સરાઓના સમૂહો, વસંત તથા અતિ મંદ વાયુની સાથે બદરિકાશ્રમમાં જઇને તેણે સ્ત્રીઓનાં કટાક્ષોરૂપી બાણો વડે નર-નારાયણને વીંધવા માંડ્યા. આદિદેવ નર-નારાયણ ઇન્દ્રે કરેલા તે અપરાધને જાણી લઈ ગર્વરહિત થઇને શાપના ભયથી કંપી રહેલા તે કામદેવ વગેરેને કહેવા લાગ્યા કે, 'હે કામદેવ! હે વાયુ! હે દેવાંગનાઓ! તમે ડરશો મા. અમારા અતિથિસત્કારનો તમે સ્વીકાર કરો અને આ અમારા આશ્રમને અશૂન્ય કરો. (તમે અતિથિસત્કાર નહિ સ્વીકારો તો આ આશ્રમ લગભગ શૂન્ય ગણાશે અર્થાત્ ઉજ્જડ ગણાશે.)'[૭-૮]

'હે રાજા! સર્વને અભય આપનારા નરનારાયણ ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે લજ્જાથી નમી ગયેલાં મસ્તકોવાળા તે દેવો, દયા આવે એ રીતે ભગવાનને કહેવા લાગ્યા કે, 'હે પ્રભો! માયાથી પર, નિર્વિકાર અને આત્મામાં રમણ કરનારા ધીર પુરુષો જેમના ચરણને પ્રણામ કરે છે એવા આપ વિષે તપશ્ચર્યામાં અડગપણું અને દયાળુપણું હોય, એ કંઈ આશ્ચર્ય નથી.[૯] (તેમજ આવા અપરાધો કરવા એ અમારો સ્વભાવ છે, એમાં પણ કંઇજ આશ્ચર્ય નથી.) આપની સેવા કરનારા પુરુષોને દેવોએ કરેલાં અનેક વિઘ્નો થાય છે; કારણ કે તે આપના ભક્તો દેવોના સ્થાનરૂપ સ્વર્ગને ઓળંગીને આપના પરમપદ તરફ જઇ રહ્યા હોય છે; પરંતુ બીજો પુરુષ જે આપની સેવા કરતો નથી અને ખેડૂત જેમ રાજાને કર આપ્યા કરે છે, તેમ યજ્ઞમાં ઇન્દ્રાદિ દેવોને તેઓના ભાગરૂપ પુરોડાશ વગેરે આપ્યા કરે છે, તેવા પુરુષને દેવોએ કરેલાં વિઘ્નો થતાં નથી; (એ રીતે આપના ભક્તનેજ દેવો વિઘ્ન કરે છે,) છતાં પણ તે ભક્ત પુરુષ વિઘ્નોનાં મસ્તક ઉપર પગ મૂકે છે-વિઘ્નોને દબાવીને આપના પરમપદને પામેજ છે; કારણ કે આપ ભક્તજનના રક્ષક છો.[૧૦]× ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ, વરસાદ, વાયુ, જીભના ભોગો તથા ગુહ્યેન્દ્રિયના ભોગોરૂપ એવા અમે અપાર સમુદ્રરૂપ છીએ. આવા અમને પણ ઓળંગીને-અમારામાં નહિ ફસાઇને કેટલાક (આપના અભક્ત)

÷ આ શ્લોકમાં નર-નારાયણનો અવતાર અને તેમનું ચરિત્ર કહેવામાં આવે છે. —શ્રીધર

× ભગવાનના જે અભક્તો તપશ્ચર્યા કરે છે તેઓની કેવળ બે ગતિ થાય છે. કાં તો તેઓ અમને વશ થાય છે અથવા ક્રોધને વશ થાય છે. તેમાં જેઓ અમને વશ થાય છે તેઓને કામભોગ તો મળેજ છે; પણ જેઓ ક્રોધવશ થાય છે તેઓ તો અત્યંત મૂર્ખ છે, એ આશય અહીં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુરુષો, ગાયના પગલાના એક ખાબોચિયામાં ડૂબી જાય છે. કારણ કે તેઓ નિષ્ફળ ક્રોધને વશ થાય છે અને (શાપ વગેરે આપીને) પોતાની દુશ્ચર તપશ્ચર્યાને વૃથા ફેંકી દે છે.[૧]* [૧૧] દેવો એ પ્રમાણે સ્તુતિ કરતા હતા. તેવામાં ભગવાને (પોતાના યોગબળથી ઉત્પન્ન કરેલી) અદ્ભુત દેખાવની સ્ત્રીઓ (દેવ-દેવીઓના રૂપના ગર્વને ઉતારવા માટે) પોતાની સેવા કરી રહેલી અને સારી રીતે શણગારેલી તેઓને બતાવી.[૧૨] દેવોના અનુચરો, સાક્ષાત્ લક્ષ્મી જેવી તે સ્ત્રીઓને જોઇને તેઓનાં ઉત્તમ રૂપથી ઝાંખા પડી ગયા અને માત્ર તે સ્ત્રીઓનાં શરીરની સુગંધથીજ મોહિત થઇ ગયા.[૧૩] પછી મોટા મોટા દેવોના ઈશ્વર નરનારાયણ ભગવાને, પ્રણામ કરી રહેલા તે દેવોને જાણે હસતા હોય તેમ કહ્યું કે, 'આ સ્ત્રીઓમાંથી કોઇએક સ્ત્રીને તમે માગી લો. (કદાચ તમે કહેશો કે, અમે રાંકડા ક્યાં અને આ સ્ત્રીઓ ક્યાં? તો કહેવાનું કે,) જે સ્ત્રી તમને તમારા સમાન રૂપવાળી જણાતી હોય તેને તમે માગી લો. (કદાચ તમે કહો કે, આમાં એક પણ અમારા સમાન રૂપવાળી નથી; તો) જે સ્ત્રી સ્વર્ગમાં ભૂષણ સમાન હોય તેને તમે માગી લો.'[૧૪] તે પછી 'બહુ સારું' એમ ભગવાનની આજ્ઞા સ્વીકારીને દેવોના તે બંદીજનો ભગવાનને પ્રણામ કરી અપ્સરાઓમાં શ્રેષ્ઠ એવી ઉર્વશીને લઇને (તેને) આગળ કરી સ્વર્ગમાં ગયા.[૧૫] ત્યાં સભાની વચ્ચે ઇન્દ્રને નમન કરી દેવોના સાંભળતાં તેઓએ નારાયણ ભગવાનનું બળ કહી સંભળાવ્યું; ત્યારે ઇન્દ્ર ત્રાસ પામ્યો અને વિસ્મિત થયો.[૧૬] વળી અચ્યુત—ભગવાને હંસાવતાર ધારણ કરી (સનકાદિને) આત્મયોગનો ઉપદેશ કર્યો હતો; તેમજ દત્તાત્રેય, સનકાદિ અને અમારા પિતા ભગવાન ઋષભદેવજીરૂપે પણ જગતનું કલ્યાણ કરવા માટે વિષ્ણુજ પોતાના અંશથી અવતર્યા હતા; તેઓએ પણ આત્મયોગનો ઉપદેશ કર્યો હતો. વળી તે વિષ્ણુ ભગવાનેજ હયગ્રીવ અવતારમાં મધુ દૈત્યનો નાશ કરીને વેદોને પાછા આણ્યા હતા; તેમજ મત્સ્યાવતાર ધારણ કરીને ભગવાને પ્રલયકાળે મનુનું, પૃથ્વીનું તથા ઔષધિઓનું રક્ષણ કર્યું હતું; વરાહ અવતાર ધારણ કરી જળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરતાં કરતાં હિરણ્યાક્ષ દૈત્યનો વધ કર્યો હતો; કચ્છપ અવતાર ધારણ કરીને અમૃતમંથનના સમયે પોતાની પીઠ પર પર્વતને ધારણ કર્યો હતો અને (જગતના કલ્યાણ માટે કલાથી શ્રીહરિરૂપે અતવરેલા) વિષ્ણુ ભગવાને, ઝૂડથી પીડાઇને પોતાને શરણે આવેલા ગજેન્દ્રને છોડાવ્યો હતો.[૧૭।૧૮] વાલખિલ્ય ઋષિઓ, (કશ્યપ માટે સમિધો લેવા ગયા ત્યારે) ગાયના પગલાના ખાબોચિયામાં ડૂબી ગયા હતા અને (ઇન્દ્રે તેઓની હાંસી કરી હતી; પછી) તેઓ સ્તુતિ કરવા લાગ્યા ત્યારે ભગવાને તેઓને ખાબોચિયામાંથી બહાર કાઢી દુઃખથી મુક્ત કર્યા હતા; તેમજ વૃત્રાસુરનો વધ કરવાથી બ્રહ્મહત્યાના પાપમાં પડેલા ઇન્દ્રને તેથી મુક્ત કર્યો હતો અને બીજા અનેક અવતારો લઇ ભગવાને અસુરોને ઘેર કેદ પુરાયલી દેવોની અનાથ સ્ત્રીઓને પણ મુક્ત કરી હતી. વળી નૃસિંહ અવતારમાં સત્પુરુષોને નિર્ભય કરવા માટે ભગવાને અસુરોના રાજા હિરણ્યકશિપુનો વધ કર્યો હતો.[૧૯] એ સિવાય સર્વ મન્વંતરોમાં ભિન્ન ભિન્ન મૂર્તિઓ ધારણ કરી ભગવાને દેવાસુરયુદ્ધમાં દેવોને માટે દૈત્યપતિઓનો વધ કરી ભુવનોનું પાલન કર્યું હતું; તેમજ વામન અવતાર ધારણ કરીને ભગવાને, (ત્રણ પગલાં) યાચના કરવાને બહાને બલિરાજા પાસેથી આ પૃથ્વી હરી લીધી હતી અને દેવોને અર્પણ કરી હતી.[૨૦] વળી હૈહયોના કુળનો

* જેમ જળમાં ડૂબતાં કોઇ મનુષ્યો ગભરાઇ જઇને પોતાના મસ્તક પર રહેલા ભારને ફેંકી દે છે તેમ ક્રોધ કરનારા તપસ્વીઓ ક્રોધમાં ફસાઇને પોતાની તપશ્ચર્યાનું ફળ—મોક્ષ મેળવી શકતા નથી; તેમ ભોગો પણ મેળવી શકતા નથી; પણ શાપ આપીને પોતાની દુશ્ચર તપશ્ચર્યાને ગુમાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાશ કરવા માટે ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલા અગ્નિરૂપ એવા પરશુરામના અવતારે એકવીસ વાર આ પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી હતી અને જે ભગવાને લોકોનાં પાપોનો નાશ કરનારી કીર્તિવાળા સીતાપતિ રામચંદ્રરૂપ થઇને સમુદ્રને બાંધ્યો હતો અને લંકા સાથે રાવણનો નાશ કર્યો હતો, તે (વર્તમાનકાળના અવતાર)ભગવાન રામચંદ્ર જય પામે છે.*[૨૧] જો કે ભગવાન અજન્મા છે તોપણ પૃથ્વીનો ભાર ઉતારવા માટે યાદવકુળમાં શ્રીકૃષ્ણ તથા બળરામરૂપે ઉત્પન્ન થશે અને દેવોને પણ દુષ્કર એવાં કર્મો કરશે; તેમજ બુદ્ધાવતાર ધારણ કરી યજ્ઞ કરવાને માટે અયોગ્ય છતાં યજ્ઞો કરી રહેલા દૈત્યોને વેદવિરુદ્ધ વાદોથી મોહિત કરશે અને કલિયુગમાં છેવટે કલ્કિ અવતાર ધારણ કરી શૂદ્ર રાજાઓનો વિનાશ કરશે.[૨૨] હે મોટી ભુજાઓવાળા રાજા! મહાયશસ્વી જગત્પતિ ભગવાનના એવા એવા અનેક જન્મો તથા કર્મો વિદ્વાનોએ વર્ણવ્યાં છે.[૨૩]

एवंविधानि कर्माणि जन्मानि च जगत्पतेः ।
भूरीणि भूरियशसो वर्णितानि महाभुज ॥२३॥

ઇતિ શ્રીમદ્‍ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

अध्याय ५ मो÷

ભક્તિહીનની ગતિ અને પૂજાવિધિ

॥ राजोवाच ॥

भगवंतं हरिं प्रायो न भजंत्यात्मवित्तमाः ।
तेषामशांतकामानां का निष्ठाऽविजितात्मनाम् ॥

નિમિ રાજાએ પૂછ્યું:–'હે મહાન આત્મવેત્તાઓ! જેઓએ મનને જીત્યાં નથી અને તેથીજ જેઓની કામવાસનાઓ શાંત થઇ નથી તેવા લોકો ઘણું કરીને શ્રીહરિ ભગવાનને ભજતા નથી; તો પછી તેઓની શી ગતિ થાય છે?'[૧]×

ચમસ યોગેશ્વર બોલ્યા:–'પુરુષ પરમાત્માનાં મુખ, બાહુ, સાથળ તથા પગમાંથી બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યસ્ત–એ ચાર આશ્રમો સાથે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર–એ ચાર* વર્ણો ઉત્પન્ન થયા છે; તેમજ એ વર્ણો, ગુણો પ્રમાણે જુદા જુદા ઉત્પન્ન થયા છે.+[૨]આ વર્ણોમાંથી જેઓ પોતાને ઉત્પન્ન કરનાર પુરુષ પરમેશ્વરને નહિ જાણીને તેમનું ભજન કરતા નથી અને જેઓ જાણીને પણ તેમનું અપમાન કરે છે, તેઓ પોતાના વર્ણ તથા આશ્રમરૂપ સ્થાનથી ભ્રષ્ટ થઇને નરકમાં પડે છે.[૩] કેટલાક અજ્ઞાનીઓ શ્રીહરિની કથાથી તથા અચ્યુત ભગવાનનાં કીર્તનથી દૂર રહે છે; તેવાં સ્ત્રી–શૂદ્ર વગેરેના ઉપર તમારા જેવા મહાત્મા રાજાઓએ કૃપા કરવી જોઇએ–એટલે તેઓના પર દયા કરી સામ, દાન વગેરે ઉપાયોથી તેઓને તેમાં રસ લેતા કરવા જોઇએ.[૪] બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય જન્મથી

---

* આ ઉપરથી એમ જણાય છે કે, યોગેશ્વરોએ નિમિરાજાને ઉપદેશ કર્યાનો કાળ રામાવતારનો હતો.–ભા. ક.

÷ ભક્તિહીન લોકોની શી ગતિ થાય છે? અને પ્રત્યેક યુગમાં કયો પૂજાવિધિ હોય છે? આ બે પ્રશ્નોનો ઉત્તર આ અધ્યાયમાં અપાશે. –શ્રીધર

× ભગવાનનું ભજન કરનારાઓને દેવોએ કરેલાં વિઘ્નો થાય છે; પરંતુ તેઓ તો વિઘ્નોનાં મસ્તકો પર પગ મૂકીને પરમ ગતિને પામે છે; ત્યારે અભક્તોને તો વિઘ્નો થતાં નથી, તો પછી તેઓની શી ગતિ થાય છે? એમ રાજા અહીં પૂછે છે. –શ્રીધર

* વર્ણોની ઉત્પત્તિ આ પ્રમાણે છે:–ભગવાનના મુખથી બ્રાહ્મણ, બાહુથી ક્ષત્રિય, સાથળથી વૈશ્ય અને પગથી શૂદ્ર ઉત્પન્ન થયા છે; પણ આશ્રમોની ઉત્પત્તિ આવી રીતે છે:–

गृहाश्रमो जघनतो ब्रह्मचर्यं हृदो मम ।
वक्षःस्थलाद्वने वासो न्यासः शीर्षणि च स्थितः ॥

ભગવાન પોતે કહે છે:–ગૃહસ્થાશ્રમ મારી જાંઘથી ઉત્પન્ન થયો છે; બ્રહ્મચર્ય મારા હૃદયથી, વાનપ્રસ્થ મારી છાતીમાંથી અને સંન્યાસ મસ્તકમાંથી ઉત્પન્ન થયો છે. —બાલપ્રબોધિની

+ સત્ત્વગુણથી બ્રાહ્મણ, સત્ત્વગુણ તથા રજોગુણથી ક્ષત્રિય, રજોગુણ તથા તમોગુણથી વૈશ્ય અને તમોગુણથી શૂદ્ર ઉત્પન્ન થયા છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપનયન નામના શ્રૌત સંસ્કારથી અને અધ્યયન વગેરેથી શ્રીહરિના ચરણ સમીપ પ્રાપ્ત થયા હોય છે–ભગવાનના ભજનના ઉત્તમ અધિકારને પામેલા હોય છે, છતાં મોહ પામે છે–વેદોક્ત કર્મફળમાં આસક્ત થાય છે; કારણ કે વેદનાં અર્થવાદ વચનો તેઓને મોહક લાગે છે. (આવા અલ્પ જ્ઞાનથી ઉદ્ધત બનેલા લોકોની કંઇ પણ ચિકિત્સા નથી; એટલે તેઓ તો કુટાયાજ કરે છે.)[૫] ÷કર્મના વિષયમાં અજાણ્યા (છતાં જ્ઞાનીઓને નહિ પૂછતા) અભિમાની અને મૂર્ખ છતાં પોતાને પંડિત માનતા મૂઢ પુરુષો વેદની ફલદર્શક વાણીથી ઉત્સુક બની જઇને ('અમે અપ્સરાઓ સાથે વિહાર કરીશું' એવાં એવાં) પ્રિય વાક્યો બોલ્યા કરે છે.[૬] આવા કર્મજડ પુરુષો રજોગુણને લીધે ઘોર સંકલ્પોવાળા હોય છે, અનેક જાતની કામનાઓથી ઘેરાયલા હોય છે, સર્પ જેવા ક્રોધી અને દંભી, અભિમાની, પાપી તથા ભગવાનના ભક્તોની હાંસી કરે છે.[૭] તેઓએ સ્ત્રીઓનીજ સેવા કરી હોય છે. (વૃદ્ધોની સેવા કરી હોતી નથી) અને મૈથુનસુખજ જેમાં મુખ્ય હોય છે એવાં ઘરોમાં અનેક જાતના મનોરથો પરસ્પર કહ્યા કરે છે.* વળી તેઓ અન્નવિધાન તેમજ દક્ષિણા આપ્યા વિના (કેવળ ઢોંગથી) યજ્ઞો કરે છે; તે વેળા કેવળ આજીવિકા માટે પશુઓનો ઘાત કરે છે, પણ હિંસાથી કેવા દોષો લાગે છે તે તો જાણતા નથી.[૮] લક્ષ્મી, ઐશ્વર્ય, મોટું કુટુંબ, વિદ્યા, દાન, રૂપ, બળ તથા કર્મ–આ બધાથી ઉત્પન્ન થયેલા ગર્વને લીધે અંધબુદ્ધિવાળા થયેલા તે ખળ પુરુષો, ઈશ્વરનું તથા શ્રીહરિના ભક્ત સત્પુરુષોનું અપમાન કરે છે. જે પરમેશ્વર સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે અને ઈશ્વરરૂપે રહેલા છે, છતાં આકાશની પેઠે નિઃસંગ છે, પ્રિય પુરુષાર્થરૂપ છે અને વેદમાં પણ એ રીતેજ ગાયેલા છે છતાં તે ઈશ્વરને એ મૂર્ખ કર્મકાંડીઓ સાંભળતા નથી અને (મૈથુન, માંસ તથા મદિરાનું સેવન અને વિષયભોગોના) મનોરથોની વાતો કરીને (વેદ નિવૃત્તિપરાયણ છે છતાં પ્રવૃત્તિપરાયણ છે એમ) બક્યા કરે છે.[૯-૧૦] (અહીં કોઈ કહે કે, મૈથુન વગેરેની પણ વેદમાં આજ્ઞા કરેલી છે; જુઓ–**ऋतौ भार्यामुपेयात्**–ઋતુકાળે સ્રીગમન કરવું; ઉપરાંત '**हुतशेषं भक्षयेत्**–હોમથી બાકી રહેલું માંસ ખાવું' આમ આજ્ઞા છતાં મૈથુન વગેરેની તમે નિંદા કેમ કરો છો? આના ઉત્તરમાં કહેવાનું કે,) સ્રીસંગ, માંસભક્ષણ તથા મદિરાસેવન, એ લોકમાં પ્રાણીમાત્રને નિત્ય રાગપ્રાપ્તજ છે–તે માટે સ્વાભાવિક રીતેજ પ્રાણીમાત્રને પ્રીતિ હોય છે; તેથી એ સંબંધે વેદોએ અપૂર્વ વિધિરૂપ× આજ્ઞા કરી નથી. (તમે કહેશો કે, '**ऋतावुपेयात्**–ઋતુકાળે સ્રીગમન કરવું, એ આજ્ઞાજ છે ને? વાત સાચી; પણ એ કંઇ અપૂર્વ વિધિ નથી; કારણ કે મૈથુનાદિ વિષય રાગપ્રાપ્ત (કામના મુજબ મળી શકે તેવા) છે. જેથી રાગી મનુષ્યો માટે નિ-

---

÷ ભક્તિમાર્ગને દૃઢ કરવા માટે કર્મકાંડીઓના મોહને વિસ્તારથી કહી તેઓની નિંદા કરે છે. વેદોક્ત કર્મો કરવાનાં તો છેજ, પણ તે કર્મો કેવી રીતે બંધનકારક ન થાય તે જાણવું જોઇએ. –શ્રીધર

* જેવા કે–

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥
(श्री. भ. गी. १६–१३)

આજે મેં આ મેળવ્યું છે, 'આજે હું આ મનોરથ પૂરો કરીશ; મારી પાસે આટલું આ ધન છે; વળી વધારે પણ થશે; વગેરે, વગેરે. —શ્રીધર

× મીમાંસાશાસ્ત્રે વેદોની આજ્ઞા સમજવા માટે અપૂર્વવિધિ, નિયમવિધિ તથા પરિસંખ્યાવિધિ, એ ત્રણ પ્રકારના વિધિ કહેલ છે. તેમાં '**अप्राप्तार्थबोधको विधिः–अपूर्वविधिः**' પ્રમાણાંતરથી અપ્રાપ્ત અર્થનો બોધક વિધિ, તે અપૂર્વ વિધિ.' જેમકે '**अहरहः संध्यामुपासीत**' નિત્ય સંધ્યોપાસના કરવી, આ આજ્ઞા અપૂર્વ વિધિરૂપ છે. કારણ કે સંધ્યા કરવાનું લૌકિક વ્યવહારથી અથવા અનુમાનાદિ પ્રમાણથી જાણી શકાતું નથી. આવી અપૂર્વ વિધિરૂપ આજ્ઞા મૈથુનાદિ માટે કરી નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમ વિધિદ્વારક પરિસંખ્યા વિધિરૂપે× માત્ર અભ્યનુજ્ઞા કરેલી છે; તે અહીં કહેવામાં આવે છે કે,) તે મૈથુન, માંસભક્ષણ તથા મદિરાના વિષયમાં અનુક્રમે વિવાહ, યજ્ઞ તથા સૌત્રામણિવિષયક વ્યવસ્થા કરવામાં આવે છે–અર્થાત્ વિવાહવિષયમાંજ ઋતુકાળે મૈથુન કરવું, યજ્ઞમાંજ માંસસેવન કરવું અને '**सौत्रामण्यां सुराग्रहान् गृह्णाति**– સૌત્રામણિ નામના યજ્ઞમાંજ મદિરાના પ્યાલા લેવા' આવો નિયમ કરવામાં આવે છે. (કદાચ કોઇ કહે કે, નિયમવિધિદ્વારક પરિસંખ્યાવિધિનો સ્વીકાર કરવામાં આવે, તોપણ યજ્ઞાદિ ક્રિયામાં શાળ ખાંડવી વગેરે પ્રવૃત્તિ તો અવશ્ય રહે છે. જો કેવળ નિવૃત્તિ માનીને શાળ ખાંડવી વગેરે ક્રિયા છોડી દે તો યજ્ઞ સદોષ બને અને પ્રાયશ્ચિત્ત કરવું પડે. એવી રીતે સ્ત્રીસંગાદિનો બિલકુલ ત્યાગ કરવામાં આવે–નિવૃત્તિ કરવામાં આવે, તો નિયમવિધિના ત્યાગથી નિંદા થશે, તેનું કેમ? આના ઉત્તરમાં કહેવાનું કે, અપૂર્વવિધિ માનવાથી દોષ આવે છે, તેમજ પક્ષપ્રાપ્તના અપ્રાપ્ત અંશને પૂર્ણ કરવાવાળી નિયમવિધિદ્વારક કહેવામાં પણ દોષ આવે છે, જેથી અંતે ઉપસંહારમાં તાત્પર્યવાળી નિયમવિધિદ્વારક પરિસંખ્યાવિધિ પ્રમાણે) મૈથુન, માંસભક્ષણ, તથા મદિરાપાનમાં નિવૃત્તિ કરવી એજ ઇષ્ટ છે–અર્થાત્ પ્રવૃત્તિના ત્યાગમાં નિંદા થવાનું માનેલું છે, તે રાગી મનુષ્યો માટે છે; અનાસક્ત માટે નથી.×[११] તેમજ ધનનું ફળ પણ કેવળ

× મીમાંસાશાસ્ત્રે '**पक्षे प्राप्तस्याप्राप्तांशपूरको विधिः नियमविधिः**–વેદોક્ત કર્મમાં પ્રાપ્ત અર્થના અપ્રાપ્ત અંશને પૂર્ણ કરનાર વિધિ તે નિયમવિધિ. જેમકે પુરોડાશાદિ ક્રિયા માટે ચોખાની જરૂર રહે છે. ચોખા, શાળને ખાંડીને કાઢી શકાય છે, તેમજ ઘંટીમાં ભરડીને પણ કાઢી શકાય છે. એવી રીતે બે પક્ષની પ્રાપ્તિ થતાં '**व्रीहीनवहन्यात्**' આ વચનથી શાળને ખાંડીનેજ ચોખા કાઢવા એવો નિશ્ચય કરેલ છે. આવી રીતે ખાંડવાની આજ્ઞા મળવાથી ચોખા કાઢવા માટેનો અપ્રાપ્ત અંશ પૂર્ણ થાય છે. આવી રીતે નિયમ કહેનાર વિધિને નિયમવિધિ નામ આપેલ છે.

તથા '**उभयप्राप्तावितरव्यावृत्तिबोधको विधिः परिसंख्याविधिः**' બે પદાર્થની પ્રાપ્તિ થતાં તેમાંથી એક પદાર્થની વ્યાવૃત્તિ (નિવૃત્તિ) બોધકવિધિ, તે પરિસંખ્યાવિધિ. જેમકે '**इमामगृभ्णन्रशनामृतस्य**' આ મંત્રથી યજ્ઞાચયન માટે જિહ્વા ગ્રહણ કરવાની આજ્ઞા કરેલી છે, પણ અશ્વજિહ્વા અને ગર્દભજિહ્વામાંથી કોની જીભ લેવી, તેમજ કોની જીભને છોડી દેવી, એટલું અનિશ્ચિત છે. એ વાતનો નિર્ણય '**अश्वाभिधानीमादत्ते**' આ વચનથી અશ્વજિહ્વાના ગ્રહણની પ્રાપ્તિ તથા ગધેડાની જીભની નિવૃત્તિ થાય છે. આવી આજ્ઞાયુક્ત વિધિને પરિસંખ્યા કહેલ છે.

જો કે નિયમવિધિ અને પરિસંખ્યાવિધિમાં અન્યની નિવૃત્તિ સમાન છે; તોપણ નિયમવિધિમાં એકજ ક્રિયામાં બે પક્ષની પ્રાપ્તિ હોય છે. તેમાં અપ્રાપ્ત અંશને પૂર્ણ કરવો, એ મુખ્ય ફળ છે, તથા અન્ય પક્ષની નિવૃત્તિ કરવી, એ ગૌણ ફળ છે. ત્યારે પરિસંખ્યાવિધિમાં અપ્રાપ્ત અંશનો અભાવ હોવાથી અપ્રાપ્ત અંશને પૂર્ણ કરવારૂપ ફળ નથી; પણ અન્ય નિવૃત્તિરૂપજ ફળ છે. ઉપર કહેલ અપૂર્વવિધિ, તથા નિયમવિધિ તેમજ પરિસંખ્યાવિધિના ભેદનું સંક્ષિપ્ત વર્ણન વાર્તિકકારે નીચે લખેલ એકજ શ્લોકમાં કરેલું છે.

"**विधिरत्यन्तमप्राप्तौ नियमः पाक्षिके सति ।**
उभयोर्नित्यतः प्राप्ते परिसंख्येति गीयते ॥"

પરિસંખ્યાવિધિને કદાપિ સ્વતંત્ર માની નથી. કોઇ સમયે અપૂર્વવિધિદ્વારક અને કોઇ સમયે નિયમવિધિદ્વારક તે હોય છે. અહીં નિયમવિધિદ્વારક પરિસંખ્યાવિધિ માનેલ છે.

× અહીં કહેવાનો ભાવ એ છે કે 'ઋતુકાળે સ્ત્રીગમન કરવું' ઇત્યાદિ આજ્ઞાઓ નિયમવિધિરૂપ નથી. કેમકે તે વસ્તુ નિત્યપ્રાપ્ત છે. માટે નિવૃત્તિ પરિસંખ્યાવિધિરૂપજ માનવી જોઇએ.

શંકા–જો નિયમવિધિધારક પરિસંખ્યાવિધિ માનવામાં આવે, તો મૈથુનાદિ ક્રિયાની વ્યવસ્થા કરાય છે; એમ આ શ્લોકમાં કેમ કહ્યું છે? અર્થાત્ પરિસંખ્યાવિધિનો સ્વીકાર કરવામાં આવે તોપણ વ્યવસ્થા માટે પ્રવૃત્તિ તો રહેશેજ. કેવળ નિવૃત્તિ બનશે નહિ. મૂળ શ્લોકમાં જે '**व्यवस्थितिः**' શબ્દ મૂકેલ છે, તે નિયમવિધિના પાલન વિના બને નહિ.

સમાધાન–જો પરિસંખ્યાવિધિથી વેદોએ મૈથુનાદિની નિવૃત્તિ કહી નથી એમ માનીએ, તો સ્વાર્થત્યાગ, પરાર્થકલ્પના અને પ્રાપ્તબાધ, એ ત્રણ દોષ આવી પડે છે.

(જેમકે '**अश्वाभिधानीमादत्ते**' આ વાક્ય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizaqtion by eGangotri

એક ×ધર્મ કરવો તેજ છે. કારણ કે ધર્મથી અપરોક્ષ જ્ઞાન સહિત દઢ–પરોક્ષજ્ઞાન (દઢ શાસ્ત્રજ્ઞાન તથા અપરોક્ષજ્ઞાન પણ) પ્રાપ્ત થાય છે, કે જે જ્ઞાન તુરતજ મોક્ષરૂપ મહાન શાંતિને આપનારું હોય છે; આવા ધનને અજ્ઞાની લોકો ઘરમાં દેહાદિને માટે વાપરી નાખે છે, પણ પોતા-

ઘોડાની જીભ ગ્રહણ કરવા માટે છે, તેને બદલે ગધેડાની જીભનો ત્યાગ કરવો, એવું વાક્ય માની લઇએ, તો આ મંત્રનો ત્યાગ થાય છે, તે સ્વાર્થત્યાગ. તથા વિધિવાક્ય (સ્વીકાર કરવારૂપ વાક્ય) ને બદલે નિષેધવાક્ય (ગધેડાની જીભ ત્યાગ કરવી) માનવામાં આવે, તો પરાર્થકલ્પનારૂપ દોષ ઉત્પન્ન થાય છે, સિવાય ભળતો મંત્ર માની લેવાથી અર્થ પણ ભળતોજ થાય છે, તે પ્રાપ્તબાધ. પહેલો અને બીજો દોષ શબ્દવિષયક છે, તથા ત્રીજો દોષ અર્થવિષયક છે.

જો અપ્રાપ્ત અંશ પૂર્ણ કરવાવાળી નિયમવિધિદ્વારક પરિસંખ્યાવિધિ મનાય તો '**व्यवस्थितिः**' શબ્દનો સ્વીકાર થાય છે, જેથી સ્વાર્થત્યાગ અને પરાર્થકલ્પના એ બે દોષ આવતા નથી, પણ '**व्यवस्थितिः**'ના અર્થનો ત્યાગ થવાથી પ્રાપ્ત બાધરૂપ દોષ તો આવેજ છે.

એવીજ રીતે અપૂર્વવિધિદ્વારક પરિસંખ્યાવિધિનો સ્વીકાર કરાય, તોપણ નીચે પ્રમાણે દોષ ઉત્પન્ન થાય છે. એ વાત દષ્ટાન્તસહિત શ્રીધર સ્વામી સમજાવે છે.)

કોઇ સ્થળમાં પ્રાપ્ત થનાર (વિધિ પ્રવૃત્તિ સમયે પ્રાપ્તિરહિત અને વિધિપ્રવૃત્તિના પાછળના સમયમાં પ્રાપ્ત થનાર)ની પ્રાપ્તિ કરવી, એ અનર્થક કહેવાય છે. દષ્ટાંત તરીકે '**इमामगृभ्णन्नरशनामृतस्य**' આ મંત્રનો આધાર લઇને ગધેડાની જિહ્વા યજ્ઞના ચયનસમયે લેવામાં આવે તો અનર્થક ગણાય; કારણ કે '**अश्वाभिधानीमादत्ते** આવું શ્રુતિલિંગ સાથેજ રહેલું છે; જેથી અપૂર્વવિધિદ્વારા ઘોડાની જીભની પ્રાપ્તિ અને પરિસંખ્યાવિધિદ્વારા ગધેડાની જીભની નિવૃત્તિ થાય છે, એટલે અપૂર્વદ્વારક પરિસંખ્યાવિધિથી અન્ય નિવૃત્તિફળની પ્રાપ્તિ થાય છે.

(આવી રીતે મૈથુનાદિકની નિવૃત્તિ બની શકે છે તોપણ અપૂર્વવિધિદ્વારક હોવાથી વિધેયનો સ્વીકાર તો અવશ્ય કરવો પડે છે. જેવી રીતે '**अहरहः संध्यामुपासीत**' આ આજ્ઞાના ત્યાગથી પ્રાયશ્ચિત્ત કરવું પડે છે, તેવી રીતે મૈથુનાદિ વિષયમાં જો અપૂર્વવિધિદ્વારક માનીએ તો આજ્ઞાકાળમાં મૈથુનાદિની નિવૃત્તિથી દોષના ભાગી થવું પડે.

આ રીતે અપ્રાપ્ત અંશ પૂર્ણ કરનારી નિયમવિધિ અથવા અપૂર્વવિધિને પરિસંખ્યાવિધિની સહાયક માનવાથી દોષની પ્રાપ્તિ થાય છે, જેથી અંતમાં ઉપસંહારાત્મક વિધિની સિદ્ધિ કરે છે. કારણ કે ઉપસંહારદષ્ટિ રાખવાથી વિધેયના સ્વીકારમાં અથવા ત્યાગમાં આગ્રહ રહેતો નથી–અર્થાત્ મૈથુનાદિથી નિવૃત્તિ કરવામાં પ્રાયશ્ચિત્તરૂપ દોષ લાગતો નથી.)

કોઇ સ્થળે જે વસ્તુ આસક્તિને લીધે નિત્યપ્રાપ્તના સમાન પ્રાપ્ત થઇ શકે એવી હોય અને તેના અપ્રાપ્ત અંશને પૂર્ણ કરવારૂપ નિયમફળ પણ ન હોય, તોપણ ઉપસંહારરૂપ ફળદષ્ટિથી નિયમવિધિદ્વારક પરિસંખ્યાવિધિજ ગણાય છે–જેમકે (પાંચ નખવાળાં પશુઓ ભક્ષ્ય નથી, છતાં તેમનું ભક્ષણ કરવું હોય તો રામાયણમાં કહેલ) **पञ्च पञ्चनखा भक्ष्याः (ब्रह्मक्षत्रेण राघव, शशकः शल्लको गोधा कूर्मः खड्गी च पञ्चमः)** આ વચન પ્રમાણે સસલો, દેડકો, ઘો, કાચબો તથા ગેંડો એ પાંચ જાતનાં પશુઓમાંથીજ ભક્ષણ કરવું, (એ વિના બીજાં વાંદરા, કૂતરાં ઇત્યાદિનું ભક્ષણ કરવુંજ નહિ. એ રીતે અહીં પણ એજ કહેવામાં આવે છે કે, મૈથુન, માંસભક્ષણ તથા મદિરાપાન કરવુંજ નહિ, છતાં જો તે કરવુંજ હોય) તો વિવાહ કરીને ઋતુકાળની અંદર પર્વાદિનિષેધના દિવસને છોડીનેજ કરવું. (તેમજ પરસ્ત્રીગમન પણ કરવું નહિ.) માંસભક્ષણ કરવું હોય તો યજ્ઞમાં હોમ કર્યા પછી પ્રસાદીરૂપે શેષ રહેલુંજ ગ્રહણ કરવું તથા મદિરાપાન પણ સૌત્રામણિ યજ્ઞની પ્રસાદી તરીકેજ કરવું. આવી અભ્યનુજ્ઞા શાસ્ત્રમાં આપેલી છે. તે નિયમવિધિદ્વારક પરિસંખ્યાજ માનેલી છે.

શંકા–જો ઋતુકાળે મૈથુન વગેરેને માત્ર અભ્યનુજ્ઞા માનવામાં આવે, તો

ऋतुस्नातां तु यो भार्यां संन्निधौ नोपगच्छति।
घोरायां भ्रूणहत्यायां पच्यते नात्र संशयः ॥

'જે પુરુષ ઋતુકાળે નાહેલી પોતાની સ્ત્રી પાસે મૈથુન માટે જતો નથી, તે પુરુષ ઘોર બાળહત્યાના પાપમાં રંધાય છે, એમાં સંશય નથી.' આવો દોષ (પારાશર સ્મૃતિમાં) કહેલ છે, તે વચનની સાથે એકતા થશે નહિ, તેનું કેમ ?

સમાધાન–આ દોષ (વિરક્ત મનુષ્યો માટે) નથી. જે મનુષ્યના મનમાં કામવાસના ભરી હોય છતાં સ્ત્રી ઉપર અરુચિ અથવા દ્વેષ હોવાના કારણે ઋતુકાળે સ્ત્રીગમન ન કરે, તો તેવા રાગી મનુષ્યોને દોષ લાગે છે. (જેવી રીતે '**पञ्च पञ्चनखा भक्ष्याः**' એ વચનથી માંસ ખાનારાઓ માટેજ નિયમ કરેલો છે, જેથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના ઉપર ભમતા દુરંત પરાક્રમી મૃત્યુને જોતા નથી.૧૨ વળી વેદમાં (સૌત્રામણિ યજ્ઞમાં) મદિરાની જે અભ્યનુજ્ઞા આપવામાં આવી છે તે માત્ર મદિરાને સૂંઘવાનીજ અભ્યનુજ્ઞા છે, નહિ કે પીવાની! તેમજ પશુનું પણ માત્ર *આલભનજ

પાંચ નખવાળાં ઉપર કહેલાં પશુઓને છોડીને બીજાનું માંસ ખાય તો દોષ લાગે, પણ ઉપરામતા આવી જવાથી માંસ ન ખાય, તો દોષ લાગે નહિ. એવીજ રીતે વિરક્ત મનુષ્ય મૈથુનાદિથી નિવૃત્ત બને તો દોષભાગી ગણાય નહિ.) એમ સર્વ નિર્દોષ છે. –શ્રીધર

(સંક્ષેપમાં આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, મૈથુનાદિ રાગને લીધે નિત્યપ્રાપ્ત હોવાથી અપૂર્વ વિધિરૂપ નથી. પક્ષપ્રાપ્ત ન હોવાથી નિયમવિધિરૂપ પણ નથી. ત્રણે દોષોથી ગ્રસ્ત હોવાને લીધે અપૂર્વવિધિદ્વારક અથવા નિયમવિધિદ્વારક પરિસંખ્યાવિધિરૂપ પણ નથી. માત્ર સામાન્ય પ્રાપ્તનો વિશેષમાં સંકોચરૂપ ઉપસંહાર દૃષ્ટિવાળી અભ્યનુજ્ઞારૂપ છે–અર્થાત્ મૈથુનસેવન કરવાની ઇચ્છાવાળો કોઇ પણ સ્ત્રીની સાથે તથા કોઇ પણ સમયે મૈથુનકર્મ ન કરે એટલા માટે સંકોચ કરીને ઋતુકાળેજ સ્વસ્ત્રીગમન કરવાનો નિયમ બાંધ્યો. તેવીજ રીતે માંસભક્ષણ અને મદિરાપાનને માટે પણ સંકોચ કર્યો. આવી રીતના નિયમ વિના રાગી મનુષ્ય કદાપિ ઉપરામ પામી શકે નહિ, એમ જાણીનેજ નિયમ કરેલ છે, પણ એ નિયમનું તાત્પર્ય તો નિવૃત્તિમાં ઉપસંહાર કરવાનુંજ છે. આવી ઉપસંહારદૃષ્ટિને સામાન્ય આજ્ઞા કહે છે; તોપણ વિધિવાદાત્મક પ્રશ્ન હોવાથી આ રીતિને શ્રીધર સ્વામીએ નિયમવિધિકારક પરિસંખ્યાવિધિ કહેલ છે.)

× એ રીતે મૈથુન વગેરેના મનોરથોથી વ્યાકુળ રહેતા પુરુષો પ્રિય આત્માનું શ્રવણ કરતા નથી, એમ પૂર્વશ્લોકમાં કહ્યું. હવે ધન પણ ધર્મદ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરાવનારું છે, છતાં તેનો ઉપભોગ માટે ઉપયોગ કરતા લોકોને આત્મજ્ઞાનની ગંધ પણ મળતી નથી, એ કહે છે. —શ્રીધર

* આલભન એટલે દેવતાને ઉદ્દેશી પશુનો વધ કરવો તે; એ હિંસા, હિંસા તરીકે નથી, કારણ 'वायव्यं श्वेतमालभेत' વગેરે શ્રુતિ તથા 'या वेदविहिता हिंसा न सा हिंसेति कीर्त्यते ॥' ઇત્યાદિ સ્મૃતિવચન પ્રમાણ છે. પણ પોતાને ખાવા માટે જો પશુનો વધ કરવામાં આવે તો તે હિંસાજ છે; માટે ઇચ્છા પ્રમાણે (ઇન્દ્રિયતૃપ્તિ માટે) માંસભક્ષણની પણ વેદમાં આજ્ઞા નથીજ. —શ્રીધર

કહ્યું છે અને તેજ માત્ર હિંસા નથી; બાકી હિંસા કરવાનું કહ્યું નથી અને એજ રીતે (ઋતુકાળે) મૈથુન કરવાની જે આજ્ઞા કરી છે તે પણ કેવળ પ્રજાના નિમિત્તેજ આજ્ઞા કરી છે, નહિ કે વિષયનો આનંદ લેવાને માટે. આ અત્યંત શુદ્ધ સ્વધર્મને ÷મનોરથવાદીઓ સમજતા નથી.૧૩ આવી રીતે જેઓ પોતાના ધર્મને જાણતા નથી તેઓ દુષ્ટ હોય છે, ઉદ્ધત હોય છે અને 'અમે સત્પુરુષો છીએ' આવું અભિમાન–કરનારા હોય છે; તેથીજ તેઓ નિઃશંક થઇને અથવા 'આનાથી અમારા મનોરથો પૂર્ણ થશે' આવો વિશ્વાસ રાખીને પશુઓનો દ્રોહ કરે છે–પશુહિંસાઓ કરે છે; પરંતુ (તેઓ નથી જાણતા કે,) તેજ પશુઓ તેઓના મરણ પછી–પરલોકમાં તેઓનેજ ખાય છે. (આવા અભિપ્રાયથી વિદ્વાનો 'માંસ' શબ્દનો આવો અર્થ કરે છેઃ–'માં'–મને–માંસ ખાનારને 'સઃ'–જેનું હું માંસ ખાઉં છું તે–પશુ પરલોકમાં ખાશે.×) જે મનુષ્યો બીજાનાં શરીરોમાં રહેલા પોતાના આત્મારૂપ ઈશ્વર શ્રીહરિનો (બીજાંઓનો નાશ કરીને કે બીજાંઓને દુઃખ દઇને) દ્વેષ કરે છે અને પુત્રાદિ–પરિવાર સહિત એવાં આ મુડદાં જેવા શરીર પર સ્નેહ બાંધે છે તેઓ નરકમાં પડે છે.૧૪।૧૫ જેઓ કૈવલ્ય–તત્ત્વજ્ઞાનને પામ્યા નથી પણ છેક મૂઢપણાને ઓળંગી ગયા હોય છે એવા–અર્ધદગ્ધ સ્થિતિવાળાઓ ધર્મ, અર્થ ને કામનેજ મુખ્ય માનનારા હોય છે અને શાંતિની એક ક્ષણથી પણ રહિત હોય છે. આવા લોકો પોતેજ પોતાના આત્માનો ઘાત કરે છે–આત્માને સંસારથી મુક્ત કરી શકતા નથી.+૧૬

÷ મનોરથવાદીઓ–સગવડિયો ધર્મ માનનારા કર્મકાંડી–વેદવાદીઓ. —ભા. ક.

× આજ અભિપ્રાય–'मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम्। एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः॥' (म. स्मृ. ५–५५) આ સ્મૃતિવચન દર્શાવે છે. —શ્રીધર

+ કહેવાનો ભાવ એ છે કે, અજ્ઞાનીઓ તત્ત્વજ્ઞા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

આવા આત્મઘાતક પુરુષો શાંતિરહિત હોય છે, અજ્ઞાનમાં (કર્મમાં) જ્ઞાન માનનારા હોય છે અને જેઓના મનોરથોનો કાળે નાશ કર્યો હોય છે તેવા એ પુરુષો અકૃતાર્થ રહીનેજ દુઃખી થયા કરે છે.[૧૭] તે વાસુદેવવિમુખ પુરુષો, અત્યંત પરિશ્રમથી સંપાદન કરેલાં ઘર, સંતાન, સ્નેહીઓ તથા સંપત્તિઓનો ત્યાગ કરી પોતે ઇચ્છતા નથી તોપણ નરકમાં પડે છે.[૧૮]

નિમિ રાજાએ પૂછ્યું:—'(આપે કહ્યું કે, ભગવાનની ભક્તિજ કરવી; તો) એ ભગવાન કયે કાળે કેવા વર્ણવાળા, કેવા આકારવાળા, કયા નામથી અને કયા વિધિથી મનુષ્યો વડે લોકમાં પૂજાય છે? તે આપ કહો.'[૧૯]

કરભાજન યોગેશ્વર બોલ્યા:—'સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ—એ ચાર યુગોમાં જુદા જુદા વર્ણવાળા, જુદાં જુદાં નામોવાળા અને જુદા જુદા આકારવાળા ભગવાન જુદી જુદી વિધિ વડે પૂજાય છે.[૨૦] સત્યયુગમાં ભગવાન શ્વેત વર્ણવાળા, ચાર ભુજાઓવાળા, જટાને ધારણ કરનારા, વલ્કલ વસ્ત્રવાળા અને કાળા મૃગનું ચર્મ, જનોઈ, માળા, દંડ તથા કમંડલુને ધારણ કરનારા (બ્રહ્મચારી વેષે) હોય છે.[૨૧] તે સમયે મનુષ્યો પણ શાંત, વૈરરહિત સર્વના મિત્ર તથા સર્વના તરફ સમાન દૃષ્ટિવાળા હોય છે અને તેઓ ધ્યાનથી, મનોનિગ્રહથી તથા ઇન્દ્રિયનિગ્રહથી ભગવાનની પૂજા કરે છે.[૨૨] એ સમયે હંસ, સુપર્ણ, વૈકુંઠ, ધર્મ, યોગેશ્વર, અમલ, ઈશ્વર, પુરુષ, અવ્યક્ત અને પરમાત્મા—એ નામોથી ભગવાન કહેવાય છે.[૨૩] ત્રેતાયુગમાં એ ભગવાન લાલ વર્ણવાળા, ચાર ભુજાઓવાળા, ત્રેવડી કટિમેખલાવાળા, પીંગળા કેશવાળા, વેદમૂર્તિ અને સ્રુચ્, સ્રુવ વગેરે ચિહ્નને ધારણ કરનારા હોય છે.[૨૪] તે વેળા મનુષ્યો ધર્મિષ્ઠ અને બ્રહ્મવાદી હોઇને સર્વ દેવમય એવા તે શ્રીહરિ ભગવાનનું ત્રણ વેદોમાં કહેલાં કર્મોથી પૂજન કરે છે[૨૫] અને તે યુગમાં ભગવાન વિષ્ણુ યજ્ઞ, પૃશ્નિગર્ભ, સર્વદેવ, ઉરુક્રમ, વૃષાકપિ, જયંત તથા ઉરુગાય, એવાં નામોથી કહેવાય છે.[૨૬] દ્વાપરયુગમાં ભગવાન શ્યામ વર્ણવાળા, પીળાં વસ્ત્રોને ધારણ કરનારા, પોતાનાં ચક્ર વગેરે આયુધોવાળા તથા શ્રીવત્સ આદિ અંગનાં ચિહ્નોથી અને કૌસ્તુભ આદિ બાહ્યચિહ્નોથી યુક્ત હોય છે.[૨૭] હે રાજા! તે વેળા ઈશ્વરને જાણવા ઇચ્છતા મનુષ્યો છત્ર—ચામર વગેરે મહારાજાનાં ચિહ્નોથી યુક્ત તે પરમપુરુષને વૈદિક તથા તાંત્રિક માર્ગથી પૂજે છે[૨૮] અને (આવાં નામોથી સ્તુતિ કરે છે કે,) 'વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણ ઋષિ, પુરુષ, મહાત્મા, જગતના ઈશ્વર, જગત્સ્વરૂપ અને સર્વ પ્રાણીઓના આત્મા આપ ભગવાનને અમારા વારંવાર નમસ્કાર હો.'[૨૯-૩૦] આ પ્રમાણે હે રાજન્! દ્વાપરમાં જગદીશ્વરની લોકો સ્તુતિ કરે છે. હવે કલિયુગમાં અનેક પ્રકારની તંત્રશાસ્ત્રમાં કહેલી વિધિથી લોકો ભગવાનની જે રીતે પૂજા કરે છે, તે તમે સાંભળો.[૩૧] ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો (કલિયુગમાં) શ્યામ વર્ણવાળા છતાં કાંતિથી ઇન્દ્રનીલમણિ જેવા ઉજ્જ્વળ અને અંગ,[૧] ઉપાંગ,[૨] અસ્ત્રો[૩] તથા પાર્ષદો સહિત[૪] એવા ભગવાનનું, જેમાં લગભગ કીર્તનો મુખ્ય હોય છે એવા યજ્ઞોથી પૂજન કરે છે†[૩૨] અને (સ્તુતિ કરે છે કે,) હે 'મહાપુરુષ! હે પ્રણામ કરનારનું પાલન કરનાર! આપનું ચરણકમળ સદાકાળ ધ્યાન કરવા યોગ્ય છે; કારણ કે ઇન્દ્રિયો અને કુટુંબ વગેરેથી પ્રાપ્ત થતા પરાભવનો તે નાશ કરે છે, ઇષ્ટ મનોરથોને પૂર્ણ કરે

નીઓની કૃપાથી તરી જાય છે અને તત્ત્વજ્ઞાનીઓ તો પોતાની મેળેજ તરી જાય છે; પણ જેઓ અત્યંત અજ્ઞાની નથી તેમ તત્ત્વજ્ઞાની પણ નથી, તેઓ વચલી સ્થિતિમાંજ રહે છે. —શ્રીધર

૧ અંગો—હૃદયાદિ. ૨ ઉપાંગો—કૌસ્તુભાદિ. ૩ અસ્ત્રો—સુદર્શનાદિ. ૪ પાર્ષદો—સુનંદાદિ. —શ્રીધર

† આ શ્લોકમાં દર્શાવ્યું છે કે, કલિયુગમાં શ્રીકૃષ્ણાવતારની મુખ્યતા છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને સર્વ તીર્થોનું એક સ્થાન છે. વળી શંકર તથા બ્રહ્માએ પણ સ્તુતિ કરાયલું, શરણ લેવા યોગ્ય, ભક્તજનોની પીડાનો નાશ કરનાર અને સંસારરૂપી સમુદ્રમાં વહાણ સમાન છે; તે આપના ચરણકમળને હું વંદન કરું છું.[૩૩] હે મહાપુરુષ! (રામાવતારમાં) રામચંદ્રસ્વરૂપ જે આપ ધર્મિષ્ઠ ભગવાન, પિતા દશરથનાં વચનથી અત્યંત દુસ્ત્યજ અને દેવોએ પણ ઇચ્છેલી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી અરણ્યમાં પધાર્યા હતા અને પોતાનાં પ્રિય પત્ની સીતાજીએ ઇચ્છેલા માયાવી મૃગની પાછળ દોડ્યા હતા, તે આપના ચરણકમળને હું વંદન કરું છું.' હે રાજા! એ પ્રમાણે યુગેયુગના મનુષ્યો તે તે યુગને યોગ્ય નામો તથા રૂપોથી કલ્યાણોના ઈશ્વર શ્રીહરિ ભગવાનનું પૂજન કરે છે. ગુણોને જાણનારા અને ગુણોના સારગ્રાહક ઉત્તમ પુરુષો, (પ્રત્યેક યુગમાં) કલિયુગની પ્રશંસા કરે છે. કારણ કે કલિયુગમાં માત્ર એક ભગવત્કીર્તનથીજ સર્વ સ્વાર્થ મેળવી શકાય છે.*[૩૪–૩૬] માટે આ સંસારમાં ભમતાં પ્રાણીઓને (કલિયુગમાં) શ્રીહરિકીર્તનથી બીજો કોઈ પણ શ્રેષ્ઠ લાભ નથી. કારણ કે હરિકીર્તનથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે અને સંસાર નાશ પામે છે.[૩૭] હે રાજન્! સત્યયુગ વગેરે ત્રણ યુગની પ્રજાઓ, પોતાનો જન્મ કલિયુગમાં થાય એમ ઇચ્છે છે. કારણ કે કલિયુગમાં પણ નારાયણ ભગવાનમાં પરાયણ એવા ભક્તો કોઇ કોઇ સ્થળે અવશ્ય થશેજ અને તેમાં પણ હે મહારાજ! દ્રવિડ દેશમાં ઘણા ભક્તો થશે, કે જ્યાં તામ્રપર્ણી, કૃતમાલા, યશસ્વિની, મહાપવિત્ર કાવેરી તથા મહાનદી પ્રતીચી—વગેરે નદીઓ આવેલી છે. હે રાજન્! જે મનુષ્યો તે નદીઓનાં જળ પીએ છે તેઓ ઘણું કરીને નિર્મળ અંતઃકરણવાળા થઇને ભગવાન વાસુદેવના ભક્તો થાય છે.[૩૮–૪૦] હે રાજન્! જે મનુષ્ય સર્વ કર્તવ્યોનો અથવા ભેદબુદ્ધિનો પરિત્યાગ કરી (આ સર્વ જે કંઈ છે તે ભગવાન વાસુદેવ છે, એમ જાણી) સર્વ પ્રકારે શરણ લેવા યોગ્ય એવા મુકુંદ ભગવાનને શરણે જાય છે તે મનુષ્ય દેવો, ઋષિઓ, પ્રાણીઓ, કુટુંબ કે પિતૃઓનો દાસ થતો નથી અને તેઓનો દેવાદાર પણ રહેતો નથી.* જે મનુષ્ય અન્ય દેહાદિ ઉપર કે દેવાદિ ઉપર ભાવ તજી દઇ ભગવાનના ચરણમૂળનું ભજન કરે છે, તેની પાપમાં કદી પ્રવૃત્તિજ થતી નથી; છતાં કદાચ કોઇ રીતે તેનાથી પાપકર્મ થઈ ગયું હોય, તો તેનાં સર્વ પાપકર્મનો હૃદયમાં બિરાજેલા પરમેશ્વર શ્રીહરિ નાશ કરે છે.[૪૧–૪૨]

નારદજી બોલ્યાઃ—'એ પ્રમાણે ભાગવત-ધર્મોનું શ્રવણ કરી મિથિલાના નિમિરાજા પ્રસન્ન થયા; તેમણે પોતાના ઉપાધ્યાયો સાથે જયંતીના પુત્ર તે નવે યોગેશ્વરોની પૂજા કરી. તે પછી સર્વ લોકોના દેખતાં એ સિદ્ધ—યોગેશ્વરો ત્યાંથી અંતર્ધાન થઇ ગયા અને નિમિરાજા તે ધર્મોનું આચરણ કરી પરમ ગતિને પામ્યા.[૪૩] હે મહાભાગ્યશાળી વસુદેવ! તમે પણ સાંભળેલા આ ભાગવતધર્મો-

* કહેવાય છે કે, 'ध्यायन् कृते यजन् यज्ञैस्त्रेतायां द्वापरेऽर्चयन्। यदाप्नोति तदाप्नोति कलौ संकीर्त्य केशवम्॥' સત્યયુગમાં ધ્યાન કરવાથી, ત્રેતામાં યજ્ઞો કરવાથી અને દ્વાપરમાં પૂજન કરવાથી જે ફળ મળે છે તે ફળ કલિયુગમાં શ્રીહરિનું કીર્તન કરીને પ્રાપ્ત કરી શકાય છે. —શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે, ભક્તપુરુષને કોઈ વિધિ કે નિષેધ લાગુજ નથી. તે તો કૃતકૃત્યજ છે. કોઇ અભક્ત મનુષ્ય હોય તે દેવો, ઋષિઓ વગેરે પાંચ યજ્ઞોના દેવોનો દેવાદાર હોઇને તેઓનો દાસ બની પાંચ મહાયજ્ઞો કર્યા કરે છે. કેમકે સ્મૃતિ કહે છે—**हीनजातिं परिक्षीणमृणार्थं कर्म कारयेत्**'—(या. स्मृ. २-४३) જે મનુષ્ય હીન જાતિનો હોય અને નિર્ધન હોય તે જો દેવાદાર હોય તો લેણદારે પોતાનું લેણું વસૂલ કરવાને તેની પાસે કામ કરાવવું.' આ વચન પ્રમાણે અભક્ત પુરુષ દેવોને ઉદ્દેશી જેમ પાંચ મહાયજ્ઞો કર્યા કરે છે, તેમ ભક્તપુરુષને કંઇ કરવું પડતું નથી, તેને મન તો સર્વ કંઇ ભગવાનજ છે, તો પછી તેમને વળી વિધિ શો અને નિષેધ શો? —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને શ્રદ્ધાયુક્ત અને નિઃસંગ થઇ આશ્રય કરશો તો પરમ પદને પ્રાપ્ત કરશો.[૪૪,૪૫] (આ તો તમારી આગળ શાસ્ત્રપ્રક્રિયા કહી; બાકી ખરું જોતાં તો તમે કૃતાર્થ જ છો. કારણ કે) સર્વના ઈશ્વર ભગવાન શ્રીહરિ, તમારા બન્નેના પુત્રપણાને પામ્યા છે, જેથી તમે બન્ને–સ્ત્રીપુરુષના યશથી જગત ભરાઇ ગયું છે.[૪૬] શ્રીકૃષ્ણ ઉપર પુત્રસ્નેહ કરતાં તેમનું દર્શન, આલિંગન, તેમની સાથે વાતચીત, શયન, આસન તથા ભોજનથી તમે તમારા અંતઃકરણને શુદ્ધ કર્યું છે. શિશુપાલ, પૌંડ્ર અને શાલ્વ વગેરે રાજાઓ જે ભગવાનને શયન–આસનાદિમાં વૈરભાવથી ચિંતવતા હતા, તેઓ પણ ભગવાનના ગતિવિલાસ વગેરેથી તદાકાર થયેલી બુદ્ધિની વૃત્તિવાળા થઇ તે ભગવાનના સારૂપ્યને પામ્યા છે; તો પછી જેઓની બુદ્ધિ એ ભગવાનમાં સ્નેહથી તદાકાર થઇ હોય, તેઓ ભગવાનના સારૂપ્યને પામે એમાં શું કહેવાનું હોય? [૪૭,૪૮] તમે શ્રીકૃષ્ણ ઉપર સંતાનબુદ્ધિ ન કરશો. કારણ કે શ્રીકૃષ્ણ સર્વના આત્મા, ઈશ્વર, સર્વથી પર અને નિર્વિકાર છે, છતાં માયાથી મનુષ્યપણું સ્વીકારી તેમણે પોતાનું ઐશ્વર્ય ગુપ્ત રાખ્યું છે.[૪૯] પૃથ્વી પર ભારરૂપ અસુર રાજાઓનો વિનાશ કરવા માટે અને સત્પુરુષોનું રક્ષણ કરવા માટે અવતરેલા ભગવાનનો યશ મોક્ષ માટે લોકમાં વિસ્તારવામાં આવે છે.[૫૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"નારદનાં એ વચન સાંભળી મહાભાગ્યશાળી વસુદેવ ને દેવકી અત્યંત વિસ્મય પામ્યાં અને તેઓ બન્નેએ પોતાનો મોહ છોડી દીધો.[૫૧] જે મનુષ્ય આ પવિત્ર ઇતિહાસને એકાગ્ર થઇ સાંભળે છે–કહે છે તે મોહનો ત્યાગ કરી બ્રહ્મસ્વરૂપ થવાને સમર્થ થાય છે."[૫૨]

इतिहासमिमं पुण्यं धारयेद्यः समाहितः ।
स विधूयेह शमलं ब्रह्मभूयाय कल्पते ।।५२।।

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો*

સ્વધામમાં પધારવા શ્રીકૃષ્ણને દેવોની પ્રાર્થના

॥ श्रीशुक उवाच ॥

अथ ब्रह्मात्मजैर्देवैः प्रजेशैरावृतोऽभ्यगात् ।
भवश्च भूतभव्येशो ययौ भूतगणैर्वृतः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી સનકાદિ પોતાના પુત્રો, દેવો તથા પ્રજાપતિઓથી વીંટાયલા બ્રહ્મા, ભૂતગણોથી વીંટાયલા ભૂત–ભવિષ્યના ઈશ્વર શંકર, વાયુઓ સહિત ઐશ્વર્યવાન ઇન્દ્ર, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમારો, ઋભુઓ, અંગિરસો, રુદ્રો, વિશ્વેદેવાઓ, સાધ્યદેવો, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, ઋષિઓ, પિતૃઓ, વિદ્યાધરો તેમજ કિન્નરો–આ સર્વે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા ઇચ્છતા દ્વારકા ગયા. કેમકે ભગવાને જે શરીરથી મનુષ્યલોકના મનને આનંદ ઉપજાવતાં સર્વ લોકોનાં પાપનો નાશ કરનારો યશ લોકમાં વિસ્તાર્યો હતો, તે શરીરનું દર્શન કરવાની તેઓને ઇચ્છા હતી.[૧–૪] મોટી સમૃદ્ધિથી સમૃદ્ધ અને તેથીજ અત્યંત પ્રકાશી રહેલી દ્વારકાનગરીમાં તે દેવોએ અદ્‌ભુત સ્વરૂપવાળા શ્રીકૃષ્ણનાં અતૃપ્ત નેત્રે દર્શન કર્યાં.[૫] પછી સ્વર્ગના બગીચાઓનાં પુષ્પોથી યદૂત્તમ શ્રીકૃષ્ણને ઢાંકી દેતા તે દેવો આશ્ચર્યકારક પદો તથા અર્થોવાળી વાણી વડે જગદીશ્વર–શ્રીકૃષ્ણ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.[૫]

દેવો બોલ્યાઃ–'હે નાથ ! બુદ્ધિ, ઇન્દ્રિયો, પ્રાણ, મન તેમજ વચન વડે અમે આપના ચરણકમળને દંડવત્ પ્રણામ કરીએ છીએ, જે ચરણકમળને કર્મરૂપી મોટા પાશમાંથી મુક્ત થવાની

* આ અધ્યાયમાં બ્રહ્માદિ દેવોએ સ્તુતિ કરીને શ્રીહરિને સ્વધામ પધારવા વિનતિ કરી ત્યારે ઉદ્ધવે 'મને પણ સ્વધામમાં લઇ જાઓ' એમ પ્રભુને પ્રાર્થના કરી એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇચ્છાવાળા ભાવયુક્ત પુરુષો, હૃદયમાં કેવળ ચિંતવેજ છે–પણ પ્રત્યક્ષ જોઇ શકતા નથી. (ત્યારે અમે તો આજ પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ. અહો! અમારાં કેવાં ભાગ્ય!) §હે અજિત! માયાના ગુણોમાં નિયંતારૂપે રહેલા આપ, મનથી પણ તર્ક કરવાને અશક્ય એવા અવ્યક્ત–જગતને ત્રિગુણાત્મક માયાથી પોતાને વિષેજ (નહિ કે પોતાથી ભિન્ન) સૃજો છો, પાળો છો અને સંહારો છો, છતાં તે સૃષ્ટિ આદિ કર્મો વડે આપ લેપાતા નથી; કારણ કે આપ આવરણરહિત એવા આત્મસુખમાં રમણ કરો છો અને તેથીજ રાગાદિ દોષોથી રહિત છો.+ ૬–૮ *હે સ્તુતિ કરવા યોગ્ય શ્રેષ્ઠ દેવ! સત્ત્વગુણમય એવા આપના ભક્તોને આપનો યશ સાંભળવાથી પુષ્ટ થયેલી અને વધી પડેલી ઉત્તમ શ્રદ્ધાથી જેવી હૃદયશુદ્ધિ થાય છે તેવી, દુષ્ટ આશયવાળા–રાગી પુરુષોને ઉપાસનાથી, શાસ્ત્રશ્રવણથી, વેદાધ્યયનથી, દાનથી, તપથી ને યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરવાથી થતી નથી.‡ ૯ ×હે ઈશ્વર! આપના જે ચરણને મુનિઓ મોક્ષરૂપ કલ્યાણ સંપાદન કરવા માટે પ્રેમાર્દ્ર હૃદયથી ચિંતવે છે; ભક્તપુરુષો, સમાન ઐશ્વર્ય સંપાદન કરવા માટે વાસુદેવાદિ વ્યૂહમાં પૂજે છે; તે ભક્તોમાં પણ કેટલાક આત્મવાન–ધીર ભક્તો સ્વર્ગલોકને ઓળંગીને (આગળ) વૈકુંઠની પ્રાપ્તિ માટે ત્રણે કાળ પૂજે છે; યાજ્ઞિકો બન્ને હાથ ભેગા કરી તેમાં હવિષ લઇને યજ્ઞના આહવનીય વગેરે અગ્નિમાં વેદોક્ત નિરુક્ત વિધિથી ઇન્દ્રાદિસ્વરૂપેજ ચિંતવે છે; અધ્યાત્મયોગમાં જોડાયલા યોગીઓ આત્મારૂપ એવા આપની માયા–અણિમાદિ સિદ્ધિને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ચિંતવે છે અને પરમ ભાગવત–ભક્તપુરુષો સર્વસ્વરૂપે પૂજે છે, તે આપના ચરણ, અમારી અશુભ વાસનાઓને (બાળી નાખનાર) અગ્નિરૂપ થાઓ. હે+ પ્રભો! (જે સ્થળે હું વસું છું ત્યાંજ આ વનમાળા વાસી થઇને પણ વસે છે, આમ) વાસી વનમાળા સાથે ભગવતી લક્ષ્મીજી શોક્યની પેઠે સ્પર્ધા કરે છે, છતાં (તે સ્પર્ધા કરતી લક્ષ્મીનો અનાદર કરી) જે આપ ('આ વનમાળા વાસી છે તોપણ મારા ભક્તોએ અર્પણ કરી છે' આવી પ્રીતિથી) સારી રીતે રચાઇ હોય તેમ (ભક્તોની) પૂજાને સ્વીકારો છો, તે આપના ચરણ, અમારી અશુભ વાસનાઓને (બાળી નાખનાર) અગ્નિરૂપ થાઓ.÷ હે વ્યાપક ભગવન્! બલિરાજાના બંધનસમયે ત્રણ પગલાં મૂકવાને તૈયાર થયેલો આપનો જે ચરણ બીજે પગલે જ્યારે સ્વર્ગમાં ગયો ત્યારે અત્યંત ઊંચા કરેલા વિજયધ્વજ જેવો જણાતો હતો અને ત્રણ પ્રકારે વહેતી ગંગા તેની પતાકા જેવી જણાતી હતી. વળી જે ચરણ, તે વેળા અસુરોની સેનાને ભયજનક, દેવોની સેનાને અભય આપનાર, સાધુ–દેવોને સ્વર્ગ આપનાર અને દુષ્ટ દૈત્યોને નીચે પાતાળમાં હાંકી કાઢનાર થયો હતો, તે આપનો ચરણ આપનું ભજન કરનાર એવા અમારાં પાપોને

§ કદાચ ભગવાન કહે કે, હું પણ દૃષ્ટ–અદૃષ્ટ કર્મો કરું છું; તો પછી મારા ચરણકમળનું ચિંતન કર્મપાશથી મુક્ત થવા ઇચ્છતા પુરુષો શા માટે કરે? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

+ કહેવાનો ભાવ એ છે કે, આપ કર્મ કરો છો તોપણ આપ આત્મારામ પરમેશ્વર છો; આવા હેતુથી મુમુક્ષુઓ આપનું ચિંતન કરે છે. —શ્રીધર

* કદાચ ભગવાન કહે કે, જો હું આત્મારામ હોઉં તો મારે કર્મો કરવાની શી જરૂર છે? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

‡ અર્થાત્ પરમ પવિત્ર એવા યશનો વિસ્તાર કરવા માટેજ આપ કર્મો કરો છો. —શ્રીધર

× એ રીતે આપના યશ ઉપરની શ્રદ્ધાજ શુદ્ધિનું કારણ છે; તો પછી અમે તો આપના ચરણનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે, માટે અમારી વિષયવાસનાઓ બળીજ જવી જોઇએ, એ આશયથી કહે છે. —મા. ક.

+ પૂર્વના બે શ્લોકમાં મુનિ, ભક્ત, ધીર ભક્ત, યાજ્ઞિક, યોગી અને પરમ ભાગવત–એવા છ ભક્તો કહ્યા છે. તે છ ભક્તોમાંથી છેલ્લો જે પરમ ભાગવત ભક્ત છે તેના ઉપર તો લક્ષ્મીજી કરતાં પણ ભગવાનને ઘણી પ્રીતિ છે, એ આશયથી સ્તુતિ કરે છે. —શ્રીધર

÷ આપના ચરણનો ભક્ત ઉપર પક્ષપાત પ્રસિદ્ધજ છે, એ આશયથી સ્તુતિ કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દૂર કરો.[૧૦-૧૩] *માંહોમાંહે (યુદ્ધ વગેરે કરીને) પીડાતા બ્રહ્માદિ દેવો પણ કાળના પ્રવર્તક અને પ્રકૃતિપુરુષના કારણ એવા આપને નાકમાં નાથેલા બળદોની પેઠે વશ થઇ રહ્યા છે. (પણ પોતાના જય–પરાજયમાં સ્વતંત્ર નથી.) તે આપ પુરુષોત્તમના ચરણ અમારું કલ્યાણ કરો.[૧૪] આપ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણ છો; કેમકે વિદ્વાનો આપને પ્રકૃતિ, પુરુષ તથા મહત્તત્ત્વના પણ નિયંતા કહે છે.‡ વળી ત્રણ ચાતુર્માસ જેના વિભાગો છે ને સર્વનો વિનાશ કરવા માટે જે પ્રવૃત્તિ કરી રહ્યો છે તે, આ ગંભીર વેગવાળો વર્ષરૂપી કાળ પણ આપજ છો; માટેજ આપ ઉત્તમ પુરુષ છો.+[૧૫] આપની પાસેથી શક્તિ મેળવી અમોઘ વીર્યવાળા થયેલા પુરુષે, ×જે માયાની સાથે રહી જગતના ગર્ભસમાન મહત્તત્ત્વને ઉત્પન્ન કર્યું છે, તેજ માયાથી વ્યાપ્ત થઈ એ મહત્તત્ત્વે, પોતાથી આ બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું છે. જે બ્રહ્માંડ સુવર્ણ જેવું પ્રકાશમાન હોઇ બહારના ભાગમાં (આઠ) આવરણોથી યુક્ત છે.[૧૬] હે ઇન્દ્રિયોના સ્વામિ! *આપ આ સ્થાવર–જંગમ જગતના અધીશ્વર છો. કારણ કે આપ, માયાથી પ્રકટ થયેલી ઇન્દ્રિયવૃત્તિઓએ લાવી આપેલા વિષયોને સેવો છો, છતાં તેનાથી લેપાતા નથી; જ્યારે બીજા જીવો અથવા યોગીઓ–પોતે તજ્જ્ઞ હોય છે છતાં વિષયસેવનથી ડરે છે–વાસનામાત્રથી બંધાઈ જાય છે.[૧૭] સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ, મંદહાસ્યયુક્ત જોવા સાથે કટાક્ષથી પ્રદર્શિત કરેલા અભિપ્રાયથી મનોહર એવા ભ્રૂકુટિના મંડળ વડે મોકલવામાં આવેલા કામના ગુપ્ત વિચારોથી પ્રબળ અને કામદેવને પણ મોહ ઉપજાવે એવાં કામકળા વગેરે સાધનોથી આપના મનને ક્ષોભ પમાડવાને સમર્થ થઈ નથી; માટે આપ વિષયોથી અલિપ્ત છો.[૧૮] આપની અમૃત તુલ્ય કથાઓરૂપી જળને વહેતી કીર્તિનદીઓ અને આપના ચરણોદકની ગંગા વગેરે નદીઓ ત્રણે લોકનાં પાપોનો નાશ કરવાને સમર્થ છે; તેમાં વેદોની અંદર આવેલું આપની કીર્તિરૂપ તીર્થ શ્રવણેન્દ્રિયથી પાપોનો નાશ કરે છે અને આપના ચરણથી ઉત્પન્ન થયેલું ગંગાદિ તીર્થ અંગના સંગથી પાપોનો નાશ કરે છે; માટેજ પોતપોતાના આશ્રમોમાં રહેલા લોકો આપના એ બન્ને તીર્થનું સેવન કરે છે.[૧૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે દેવો તથા શંકરની સાથે શ્રીહરિની સ્તુતિ કરીને આકાશમાં રહેલા બ્રહ્મા, તે ગોવિંદ ભગવાનને પ્રણામ કરી કહેવા લાગ્યા.[૨૦]

બ્રહ્મા બોલ્યાઃ–'હે સર્વના આત્મા પ્રભો! પૃથ્વીનો ભાર ઉતારવા માટે અમે પૂર્વે આપને વિનતિ કરી હતી, તે પ્રમાણેજ આપે તે કર્યું

---

* કદાચ ભગવાન કહે કે, દેવો અને અસુરો પરસ્પર જીતે છે અને હારે છે; તેમાં વળી હું શું કારણ છું? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

‡ વેદ પણ કહે છેઃ–

अक्षरात् परतः परः । (मुं० उ० २-१-२)
महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः। पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः॥
(कठ. उ. १-३-११)

પરમાત્મા, પર એવા અક્ષરથી પણ પર છે. (પોતાના વિકારની અપેક્ષાએ પર રહેલા) મહત્તત્ત્વથી પર પ્રકૃતિ છે અને પ્રકૃતિથી પર પુરુષ છે. એ પુરુષથી પર કંઇ પણ નથી. એ અંતિમ સીમા છે, પરા ગતિ છે. –શ્રી.

+ ગીતા પણ આજ વસ્તુ કહે છેઃ–

यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥
(श्री. भ. गी. १५-१८)

હું ક્ષર પ્રકૃતિ (જડ વર્ગ)ને ઓળંગી ગયો છું અને અક્ષર (ચેતનવર્ગ)થી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદમાં હું પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું. —શ્રીધર

× આપજ પ્રકૃતિ વગેરેદ્વારા અને જગતની સૃષ્ટિ વગેરેદ્વારા જગતની સૃષ્ટિ વગેરેના કારણ છો, એમ કહ્યું; હવે તે કયા પ્રકારે, તે કહે છે. —શ્રીધર

* કદાચ ભગવાન કહે કે, આવા પ્રકારનું મારું ઇશ્વરપણું તમે શા ઉપરથી જાણ્યું? તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.[૨૧] વળી આપે સત્ય પ્રતિજ્ઞાવાળા સત્પુરુષોમાં ધર્મ સ્થાપ્યો છે અને સર્વ લોકોનાં પાપોનો નાશ કરનારી કીર્તિ દિશાઓમાં ફેલાવી છે;[૨૨] તેમજ યદુના વંશમાં અવતાર લઈ સર્વોત્તમ સ્વરૂપને ધારણ કરતા આપે જગતનું હિત કરવા માટે ઉત્તમ ચરિત્રોવાળાં કર્મો કર્યાં છે.[૨૩] હે ઈશ્વર! આપનાં તે ચરિત્રોનું કલિયુગમાં શ્રવણકીર્તન કરતા મનુષ્યો અનાયાસે સંસારના કારણ અજ્ઞાનરૂપ અંધકારને તરી જશે–અજ્ઞાનથી મુક્ત થશે.[૨૪] હે પુરુષોત્તમ પ્રભુ! આપ યદુવંશમાં અવતર્યા તેને આજ એકસો પચીસ વર્ષ વીતી ગયાં છે અને હે સર્વના આધાર! દેવોનું કોઇ પણ કાર્ય હવે બાકી રહ્યું નથી; તેમજ આ કુળ પણ બ્રાહ્મણોના શાપથી લગભગ નાશ પામ્યું છે.[૨૫,૨૬] માટે આપ ઇચ્છતા હો તો હવે સર્વોત્કૃષ્ટ સ્વધામમાં પધારો અને હે વૈકુંઠ! આપના દાસ અમારું લોકપાલોનું લોકોની સાથે રક્ષણ કરો.'[૨૭]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે દેવોના ઈશ્વર! તમે કહો છો તેજ મેં પણ નક્કી કર્યું છે. તમારું સર્વ કાર્ય મેં કર્યું છે અને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે.[૨૮] હવે આ એક યાદવકુળ બાકી રહ્યું છે; જે બળ તથા શૌર્યયુક્ત સંપત્તિથી ઉદ્ધત થઇને લોકનું ભક્ષણ કરવા ઇચ્છે છે તેને, કિનારો જેમ મહાસાગરને રોકી રાખે તેમ મેં રોકી રાખ્યું છે.[૨૯] જો આ ગર્વિષ્ઠ યાદવોના વિશાળ કુળનો સંહાર કર્યા વિના હું સ્વધામમાં જઇશ તો મર્યાદાનું ઉલ્લંઘન કરનાર આ યાદવકુળને લીધે આ લોક વિનાશ પામશે.[૩૦] માટે હવે બ્રાહ્મણોના શાપદ્વારા આ યાદવકુળનો નાશ મેં આરંભ્યો છે; તેને અંતે હે નિર્દોષ બ્રહ્મા! હું સ્વધામ જતાં જતાં તમારા લોકમાં પણ આવીશ.'[૩૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"લોકોના નાથ શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું એટલે બ્રહ્મદેવ, તેમને પ્રણામ કરી દેવગણોની સાથે પોતાના ધામમાં ગયા.[૩૨] તે પછી એ દ્વારકામાં મોટા ઉત્પાતોને ઉત્પન્ન થયેલા જોઈ એકઠા મળેલા વૃદ્ધ યાદવોને ભગવાન કહેવા લાગ્યા.

શ્રીભગવાન બોલ્યાઃ–'આ અત્યંત મોટા ઉત્પાતો અહીં ચોતરફ થઈ રહ્યા છે અને આપણા કુળને બ્રાહ્મણો તરફથી દુર્લંઘ્ય શાપ પણ થયો છે; માટે હે વૃદ્ધ પુરુષો! જીવવાની ઇચ્છા હોય તો આપણે અહીં રહેવું ન જોઇએ; પ્રભાસ અત્યંત મોટું પવિત્ર તીર્થ છે; માટે આપણે આજેજ ત્યાં ચાલ્યા જઇએ, વિલંબ કરો મા.[૩૩–૩૫] નક્ષત્રોનો રાજા ચંદ્ર, દક્ષના શાપને લીધે ક્ષયરોગથી પકડાયો હતો, તે પણ એ પ્રભાસક્ષેત્રમાં માત્ર સ્નાન કરી તુરતજ ક્ષયરોગથી મુક્ત થયો હતો અને ફરી કળાઓની વૃદ્ધિને પામ્યો હતો.[૩૬] માટે આપણે પણ તે પ્રભાસતીર્થમાં સ્નાન કરી, પિતૃઓ તથા દેવોને તૃપ્ત કરી, પવિત્ર બ્રાહ્મણોને અનેક ગુણવાળાં અન્નનું ભોજન કરાવી, તે સુપાત્ર બ્રાહ્મણોને શ્રદ્ધાથી મોટાં દાન આપી વહાણથી જેમ સમુદ્રને તરી જવાય તેમ તે દાનોથી દુઃખોને તરી જઇશું.'[૩૭,૩૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે કુલનંદન રાજા! એ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી; એટલે યાદવોએ પ્રભાસતીર્થમાં જવાનો નિશ્ચય કર્યો અને પોતાના રથોને તેઓ જોડવા લાગ્યા. તે જોઇને તેમજ ભગવાનનું વચન સાંભળીને હે રાજા! નિત્ય શ્રીકૃષ્ણને અનુસરતા ઉદ્ધવજી, ઘોર ઉત્પાતો જોઇને જગતના ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીકૃષ્ણને એકાંતમાં મળી તેમના ચરણમાં મસ્તક નમાવી બે હાથ જોડી કહેવા લાગ્યા.[૩૯–૪૧]

ઉદ્ધવજી બોલ્યાઃ–'હે દેવોના દેવ! હે ઈશ્વર! હે યોગેશ્વર! હે પવિત્ર શ્રવણ–કીર્તનવાળા! આ યાદવકુળનો સંહાર કરીને અવશ્ય આપ હવે સ્વધામમાં પધારી જશો; કારણ કે આપ સમર્થ તેમજ ઈશ્વર હોવા છતાં આપે બ્રાહ્મણોના શાપને ટાળ્યો નથી. હે કેશવ! હું અર્ધો ક્ષણ પણ આપના ચરણકમળનો ત્યાગ કરવાને ઉત્સાહ કરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શકતો નથી. માટે હે નાથ! મને પણ આપ સ્વધામમાં લઈ જાઓ.[૪૨,૪૩] હે કૃષ્ણ! મનુષ્યોને પરમ મંગળરૂપ અને કાનને અમૃત તુલ્ય લાગતું આપનું ક્રીડાચરિત્ર સાંભળીને મનુષ્ય, અન્ય વિષયોની સ્પૃહા તજી દે છે;[૪૪] તો પછી અમે તો સૂવું, બેસવું, ફરવું, ઊભા રહેવું, રમવું અને ભોજન કરવું વગેરે સર્વ ક્રિયાઓમાં પ્રિય આત્મારૂપ આપનું નિત્ય સેવન કરી રહ્યા છીએ; તે અમે આપનો કેમ ત્યાગ કરી શકીએ?[૪૫] આપે ભોગવેલાં માળા, ચંદન, વસ્ત્ર તથા અલંકારોથી સુશોભિત થયેલા અને આપના ઉચ્છિષ્ટનું ભોજન કરનારા અમે આપના દાસ, માયાને તો અવશ્ય જીતી શકીએ છીએ÷[૪૬] માત્ર વાયુરૂપ વસ્ત્ર ધારણ કરનારા—દિગંબર, બ્રહ્મચર્યનું પાલન કરનારા, આહારાદિના સંકોચપૂર્વક ટાઢ—તાપ વગેરે સહન કરી પરિશ્રમ કરનારા, સર્વ વિષયભોગોનો ત્યાગ કરનારા અને તેથીજ નિર્મળ થયેલા શાંત ઋષિઓ, બ્રહ્મ નામના આપના ધામને પામે છે; ત્યારે હે મહાયોગિન્! અમે આપના ભક્તો તો કર્મમાર્ગમાં ભમી રહ્યા છીએ; છતાં આપના ભક્તોની સાથે કેવળ આપની કથાઓ કરીનેજ દુસ્તર સંસારને તરી જઈશું.[૪૭,૪૮] આપનાં કર્મો, ભાષણો, ગતિ, ઉત્તમ મંદ હાસ્ય, દર્શન તથા હાંસીરૂપી જે કંઈ આપનાં મનુષ્યલોકનાં અનુકરણ છે તેનું સ્મરણકીર્તન કરતા અમે સંસારને તરી જઇશું.'[૪૯]

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજન્! ઉદ્ધવજીએ એમ વિનતિ કરી; એટલે ભગવાન દેવકીપુત્ર શ્રીકૃષ્ણ, પોતાના પ્રિય એકાંત ભક્ત ઉદ્ધવજીને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૫૦]

ઈતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

÷ એટલે માયાના ભયથી હું આપને પ્રાર્થના કરતો નથી, પણ આપનો ત્યાગ કરવાને અશક્ત હોવાથીજ પ્રાર્થના કરું છું. —શ્રીધર

अध्याय ७ मो+

દત્તાત્રેયના આઠ ગુરુઓનું વર્ણન

॥ श्रीभगवानुवाच ॥

यदात्थ मां महाभाग तच्चिकीर्षितमेव मे ।
ब्रह्मा भवो लोकपालाः स्वर्वासं मेऽभिकांक्षिणः ॥

શ્રીભગવાન બોલ્યા:—'હે મહાભાગ્યશાળી ઉદ્ધવ! તમે મને કહો છો તેજ કરવાની મારી ઇચ્છા છે. બ્રહ્મા, શંકર તથા લોકપાલો મારો વૈકુંઠવાસ ઇચ્છે છે.[૧] બ્રહ્મા વડે પ્રાર્થના કરાયલો હું, જેને માટે મારા અંશ બળદેવજી સાથે મનુષ્યલોકમાં અવતર્યો છું, તે દેવોનું કાર્ય સર્વાંશે મેં પૂર્ણ કર્યું છે.[૨] બ્રાહ્મણોના શાપ વડે બળી ગયેલું આ યાદવકુળ પરસ્પર કલહ કરી નાશ પામશે અને આજથી સાતમે દિવસે આ દ્વારકા નગરીને સમુદ્ર બોળી દેશે.[૩] હે સત્પુરુષ ઉદ્ધવ! હું આ મનુષ્યલોકનો ત્યાગ કરીશ તેજ સમયે તેનાં મંગળો નાશ પામશે, તેમજ કલિયુગ પણ તુરતજ તેને દબાવી દેશે.[૪] હે સજ્જન! હું આ પૃથ્વીનો ત્યાગ કરું એટલે તમારે અહીં રહેવું નહિ. કારણ કે કલિયુગમાં લોકો અધર્મ ઉપર પ્રીતિવાળા થશે.[૫] તમારે તો સ્વજનો તથા બંધુઓ ઉપરના સર્વ સ્નેહનો ત્યાગ કરી મારે વિષે મનને સારી રીતે સ્થાપવું અને સમદષ્ટિ યુક્ત થઇને પૃથ્વી પર વિચરવું.[૬] મન, વાણી, ચક્ષુ તથા શ્રવણ વગેરેથી જે આ જગત જણાય છે તે કેવળ માયામય, મનોમય અને નાશવંત છે, એમ તમારે જાણવું.[૭] વિક્ષિપ્ત મનવાળા પુરુષને ભેદવિષયક ભ્રમ જણાય છે અને તે ભ્રમમાંજ ગુણ—દોષ રહેલા છે; માટે જે પુરુષની બુદ્ધિ (એ ભ્રમ વડે થનાર) ગુણ—દોષથી યુક્ત હોય છે તેને કર્મ, અકર્મ તથા વિકર્મ—એવા ભેદ

+ આ અધ્યાયમાં 'ઉદ્ધવજીને આત્મજ્ઞાનની સિદ્ધિ માટે શ્રીહરિએ પોતે અવધૂતના ઇતિહાસમાં કહેલા ગુરુઓ પૈકી આઠ ગુરુઓનું વર્ણન કર્યું,' એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



શ્રીકૃષ્ણનો ઉદ્ધવને જ્ઞાનોપદેશ

[પૃષ્ઠ ૧૦૮૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાગુ પડે છે.×[૮] માટે ઇન્દ્રિયોના સમૂહને તેમજ મનને વશ કરી પોતાના આત્માને વિષેજ આ જગતને વિસ્તાર પામેલું તમે જુઓ અને પોતાના આત્માને અધીશ્વર એવા મારામાં રહેલો–મારાસ્વરૂપજ માનો.[૯]* વેદના તાત્પર્યનો નિશ્ચય થવો તે જ્ઞાન છે અને તેના અર્થનો અનુભવ થવો તે વિજ્ઞાન છે–આ જ્ઞાનવિજ્ઞાન વડે યુક્ત થઇને પ્રાણીમાત્રના આત્મારૂપ બની ગયેલા અને આત્માનુભવથીજ સંતુષ્ટચિત્ત થયેલા તમને વિઘ્નો નડી શકશે નહિ. (અહીં તમે કહેશો કે, જ્ઞાની પુરુષ શું યથેષ્ટ આચરણ કરે છે ? તો કહેવાનું કે,) જેમ કોઇ બાળક સંકલ્પરહિત હોઇને કોઇ કામ કરે છે અને કોઈ કામ નથી પણ કરતો, તેમ જ્ઞાની પણ ગુણદોષબુદ્ધિથી રહિત હોઇને (પૂર્વના સંસ્કારને લીધે) વેદમાં નિષેધેલાં કર્મ કરતો નથી (છતાં તેમાં તેને દોષબુદ્ધિ હોતી નથી); તેમજ વેદમાં કહેલાં કર્મો કરે પણ છે. (છતાં તેમાં તેને ગુણબુદ્ધિ હોતી નથી.)[૧૦|૧૧] આ પ્રમાણે જ્ઞાન તથા વિજ્ઞાનના નિશ્ચયવાળો, સર્વ પ્રાણીઓનો મિત્ર અને શાંત–જ્ઞાની, જગતને મારા સ્વરૂપ જોતો ફરી મરણ પામતો નથી–પુનઃ સંસારને પામતોજ નથી.[૧૨]

શ્રી શુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્ ! ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરી એટલે મહાન ભગવદ્‌ભક્ત ઉદ્ધવજી, ભગવાનને પ્રણામ કરી તત્ત્વ જાણવાની ઇચ્છાથી કહેવા લાગ્યા. [૧૩]

ઉદ્ધવજી બોલ્યાઃ–'હે યોગેશ્વર ! હે યોગવેત્તાઓની અતિ ગુપ્ત થાપણ ! હે યોગસ્વરૂપ ! હે +યોગના ઉત્પાદક ! આપે મારા કલ્યાણને માટે સંન્યાસરૂપી ત્યાગ કહ્યો;[૧૪] પણ હે વ્યાપક દેવ ! આ વિષયોનો ત્યાગ, વિષયાત્મા મનુષ્યોને દુષ્કર છે અને તેમાં પણ હે સર્વાત્મન્ ! અભક્ત મનુષ્યોને તો આ વિષયત્યાગ અત્યંત દુષ્કર છે, એમ હું માનું છું.[૧૫] જેને ઉદ્દેશી આપે આ ત્યાગનો ઉપદેશ કર્યો તે હું તો મૂઢમતિ–મોહિત બુદ્ધિવાળો છું. કારણ કે આપની માયાથી રચાયલા અને પુત્રાદિ પરિવાર વડે યુક્ત એવા આ શરીરમાં 'મારું, હું' એવી બુદ્ધિથી હું અત્યંત આસક્ત છું; માટે હે ભગવન્ ! આપે કહેલું હું અનાયાસે સાધી લઉં એ રીતે આપ મને દાસને ધીમે ધીમે ઉપદેશ આપો.[૧૬] ×હે ઈશ્વર ! સ્વયંપ્રકાશ અને સત્યસ્વરૂપ એવા આત્માનો મને કોઇ ઉપદેશ કરે એવો, દેવોમાં પણ આપ વિના બીજા કોઈને હું જોતો નથી. કારણ કે બ્રહ્માથી માંડીને આ સર્વ પ્રાણીઓ આપની માયાથી મોહિત બુદ્ધિ-

---

× જો કે વેદેજ વિધિ તથા નિષેધદ્વારા ભેદની સત્યતા કહી છે, એવી શંકા થવા સંભવ છે; પણ તેમ નથી. વસ્તુતઃ વેદનો એ આશય છે કે, જેની બુદ્ધિ ભ્રમથી ઉત્પન્ન થયેલા ગુણદોષવાળી હોય છે તેનેજ કર્મ, અકર્મ તથા વિકર્મ એવા ભેદ લાગુ છે–અર્થાત્ અજ્ઞાની માટેજ વેદના વિધિનિષેધ છે, જ્ઞાની માટે નથી. –શ્રીધર

* કદાચ ઉદ્ધવ કહે કે, મનને વશ કરી એ રીતે જો હું કર્મો નહિ કરું તો દેવો વગેરે મને વિઘ્ન કરશે, તેનું કેમ ? આના ઉત્તરમાં અહીં કહેવાનો ભાવ એ છે કે, આત્માનો અનુભવ થાય ત્યાંસુધી પોતાના આશ્રમ પ્રમાણે કર્મો કરવાંજ જોઇએ; પણ તે પછી આત્માનુભવ થઈ જાય એટલે સર્વના આત્મારૂપ થયેલા જ્ઞાનીને કોઇ વિઘ્નો કરી શકતું નથી. વેદ પણ કહે છેઃ–'**तस्य ह न देवाश्च नाभूत्या ईशते। आत्मा ह्येषां स भवति॥**' (बृह. उ. १–४–१०) તે જ્ઞાની પુરુષને દેવો બ્રહ્મબુદ્ધિમાં વિઘ્ન કરવાને સમર્થ થઇ શકતા નથી. કારણ કે તે જ્ઞાની, દેવો વગેરે સર્વનો આત્મા બની રહે છે. –શ્રીધર

+ આવાં ચાર સંબોધનો આપી ઉદ્ધવજી એ કહેવા માગે છે કે, આપે જે આ ત્યાગનો મને ઉપદેશ કર્યો છે તે કેવળ પોતાના મહિમા તરફ લક્ષ્ય રાખીનેજ કર્યો છે, નહિ કે મારા અધિકાર તરફ લક્ષ્ય આપીને. આરોગ્ય વગેરેને માટે આપણે આપણું સર્વસ્વ આપી દઇએ તેવો કંઇ આ ત્યાગ નથી; આ તો સંન્યાસરૂપી ત્યાગ છે. આવો ત્યાગ કર્યા પછી ફરી કંઇ સ્વીકારી શકાય છે ? નહિજ. —શ્રીધર

× કદાચ ભગવાન કહે કે, મેં તો આ સંક્ષેપમાં તને કહી સંભળાવ્યું; હવે તારે વિસ્તારથી સમજવું હોય તો તું બીજાઓને પૂછી લેજે ને ! આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાળાં છે અને તેથી, તેઓ વિષયોમાંજ સત્ય બુદ્ધિવાળાં છે.[17] હે ભગવન્! (કેટલાક દુષ્ટ સ્વભાવવાળા હોય છે, ત્યારે) આપ નિર્દોષ છો; (કેટલાક સેવેલા હોય છતાં ફળકાળે નાશ પામે છે, ત્યારે આપ તો) દેશકાળથી અનંત છો; (કેટલાક અજ્ઞાની હોય છે, ત્યારે આપ) સર્વજ્ઞ છો; (કેટલાક રક્ષણ કરવા અસમર્થ હોય છે, ત્યારે આપ) ઈશ્વર છો–રક્ષણ કરવા સમર્થ છો અને (કેટલાક સ્થાનથી ભ્રષ્ટ હોય છે, ત્યારે) આપનું વૈકુંઠસ્થાન કાલાદિથી અબાધ્ય છે. માટે હે *નરના સખા! દુઃખોથી અત્યંત તપેલો ને તેથીજ વિરક્ત બુદ્ધિવાળો હું આપ નારાયણને શરણે આવ્યો છું.'

શ્રીભગવાન બોલ્યાઃ–'+આ લોકમાં કેટલાક લોકતત્ત્વના પરીક્ષક મનુષ્યો, ઘણું કરીને પોતેજ વિષયવાસનામાંથી પોતાનો સારી રીતે ઉદ્ધાર કરે છે.[૧૮।૧૯] (પશુ વગેરેના શરીરમાં પણ) પ્રાણી પોતેજ (હિતાહિત જાણવામાં) પોતાનો ગુરુ થઇ શકે છે. કારણ કે મનુષ્ય પ્રત્યક્ષ (વેદ) તથા અનુમાન (સ્મૃતિ)થી પોતાનું કલ્યાણ પામી શકે છે.[૨૦] મનુષ્યપણું પ્રાપ્ત થયું હોય તો સંયમ તથા યોગમાં કુશળ એવા ધીરપુરુષો, સર્વ શક્તિઓથી પરિપૂર્ણ એવા મને (પોતાના આત્માને) અત્યંત પ્રકટપણે જોઇ શકે છે.×[૨૧] એક, બે, ત્રણ અને ચાર પગવાળાં, ઘણા પગવાળાં અને પગ વિનાનાં એમ અનેક શરીરો સર્જાયાં છે; પરંતુ તેઓમાં મનુષ્યશરીર મને પ્રિય છે.[૨૨] કારણ કે આ મનુષ્યશરીરમાં અપ્રમાદી મનુષ્યો ગ્રાહ્ય–અહંકારાદિથી ભિન્ન એવા મને (આત્માને) દશ્યબુદ્ધિ આદિ કારણો વડે તથા તેજબુદ્ધિ આદિ રૂપ લિંગવાળાં અનુમાનો વડે પ્રત્યક્ષ સાધી શકે છે.*[૨૩] આ વિષયમાં પણ એક પુરાતની ઇતિહાસ વિદ્વાનો કહે છે, જે ઇતિહાસ અવધૂત–ગુરુ દત્તાત્રેય તથા મહાતેજસ્વી રાજા યદુના સંવાદરૂપ છે.[૨૪] કોઇ એક વિદ્વાન તથા તરુણ બ્રાહ્મણને (ગુરુ દત્તાત્રેયને) †અવધૂત વેષે

---

* નીયતે વિક્ષિપ્યતે દુઃખૈરિતિ નરઃ જીવઃ। જે દુઃખોથી વ્યગ્ર થાય છે–ઘેરાય છે તે નર કહેવાય છે અને એવો નર 'જીવ' છે. —શ્રીધર

\+ એ રીતે અસંભાવના (સંશય) તથા વિપરીત ભાવનાને (હું દેહરૂપ છું એવી બુદ્ધિને) લીધે ઉપદેશેલા તત્ત્વને નહિ સમજી શકતા ઉદ્ધવને ભગવાન, તે અસંભાવના તથા વિપરીત ભાવના ટાળવા માટે કહે છે કે, કેટલાક મનુષ્યોને ગુરુના ઉપદેશ વિના પણ પોતાના હિતકર્મમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિરૂપ અન્વય–વ્યતિરેક (જાગ્રદાદિ સર્વ અવસ્થામાં આત્માનો ભાવ તે અન્વય, તથા જાગૃતાદિ સર્વ અવસ્થામાં બીજી બીજી અવસ્થાઓનો અભાવ તે વ્યતિરેક)થી તત્ત્વજ્ઞાન થાય છે. —શ્રીધર

× વેદ પણ આ શ્લોકમાં દર્શાવેલું કહે છેઃ **'पुरुषत्वे चाविस्तरामात्मा, स हि प्रज्ञानेन संपन्नतमो विज्ञातं वदति, विज्ञातं पश्यति, वेद श्वस्तनम्, वेद लोकालोकौ, मर्त्येनामृतमीप्सत्येवं संपन्नोऽथेतरेषां पशूनामशनापिपासे एवाभिविज्ञानम्॥' (ऐत. आ. २-३-२-४)** પુરુષપણામાં આત્માનો અતિ પ્રકટ સાક્ષાત્કાર થઇ શકે છે; કારણ કે પુરુષ અત્યંત જ્ઞાનસંપન્ન છે; તે જાણેલું બોલે છે; જાણેલું જુએ છે, ગઇ કાલનું જાણે છે, લોકાલોક જાણે છે અને પોતાના મનુષ્યજન્મથી મોક્ષ મેળવવા ઇચ્છા કરી શકે છે. આમ મનુષ્યજન્મ પરિપૂર્ણ છે; પણ બીજાં પશુ વગેરેને તો કેવળ ખાવા–પીવાનુંજ જ્ઞાન હોય છે. —શ્રીધર

* જેમકે, બુદ્ધિ આદિ જડ પદાર્થોનો પ્રકાશ કોઈ એક સ્વયંપ્રકાશ વસ્તુ વિના ઘટી શકે નહિ. માટે તેજ સર્વને પ્રકાશ આપનારો સ્વયંપ્રકાશ આત્મા છે; તેમજ આત્માને સિદ્ધ કરવામાં આવાં અનુમાનો પણ કરાય છે–બુદ્ધિ આદિ કરણો કોઇ કર્તાથીજ પ્રેરાય છે; કારણ કે તે કરણ છે. જે જે કરણ (સાધન) હોય છે, તે તે અવશ્ય કર્તાથીજ પ્રેરાતાં જોવામાં આવે છે. જેમ વાંસલો વગેરે સાધનો છે તે કર્તા–સુથાર વગેરેથીજ પ્રેરાતાં દેખાય છે તેમ. આ ઉપરથી એમ નહિ સમજવું કે, આત્મા અનુમાનથી સિદ્ધ થઈ શકે છે. અનુમાનથી તો જીવ, દેહાદિથી ભિન્ન છે, એટલુંજ માત્ર સિદ્ધ કરી શકાય છે. —શ્રીધર

† શરીર સારું દેખાય તે માટે શરીરની ટાપટીપ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિર્ભય વિચરતા જોઇને ધર્મવેત્તા યદુરાજાએ તેમને પૂછ્યું.[૨૫]

યદુ રાજા બોલ્યાઃ–'હે બ્રહ્મન્! તમે કોઇ જાતનાં કર્મ કરતા નથી, છતાં તમને આવી સર્વ લોકથી વિલક્ષણ એવી અતિ નિપુણ બુદ્ધિ શાથી થઇ, કે જેને પ્રાપ્ત કરીને તમે વિદ્વાન હોવા છતાં બાળકની પેઠે લોકમાં વિચર્યા કરો છો? મનુષ્યો લગભગ ધર્મ, અર્થ તથા કામમાં અને આત્મા સંબંધી વિચારમાં પ્રવૃત્તિ કરે છે અને તેમાં પણ આયુષ, યશ કે લક્ષ્મીની ઇચ્છાથીજ પ્રવૃત્તિ કરે છે.[૨૬।૨૭] તમે શરીરે સશક્ત, વિદ્વાન, કુશળ અને સુંદર છો તથા અમૃત જેવું મધુર બોલો છો, છતાં જડ, ઉન્મત્ત અને પિશાચની પેઠે કંઈ કામ કરતા નથી, તેમ ઇચ્છતા પણ નથી.[૨૮] આ બધાં મનુષ્યો કામ તથા લોભરૂપ દાવાનળથી બળી રહ્યાં છે, ત્યારે તમે તો ગંગાના જળમાં ઊભેલા હાથીની પેઠે તે અગ્નિથી મુક્ત રહી સંતાપ પામતા નથી. (આવો મહાન આનંદ તમને ક્યાંથી મળ્યો?)[૨૯] તમે વિષયભોગથી રહિત છો, કારણ કે તમે કેવળ એકલા છો–સ્ત્રીપુત્રાદિથી રહિત છો; છતાં તમને આવો આનંદ જે કારણથી રહે છે, તે અમે તમને પૂછીએ છીએ; માટે તમે કહો.'[૩૦]

શ્રીભગવાન બોલ્યાઃ–'બ્રાહ્મણભક્ત મહાબુદ્ધિમાન યદુ રાજાએ એ પ્રમાણે પૂછ્યું અને સત્કાર કર્યો એટલે મહાભાગ્યશાળી બ્રાહ્મણ–દત્તાત્રેય, વિનયથી નમેલા તે રાજાને કહેવા લાગ્યા.[૩૧]

બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યાઃ–'હે રાજન્! મેં મારી બુદ્ધિથી આશ્રય કરેલા મારા અનેક ગુરુઓ છે, જેઓની પાસેથી બુદ્ધિ ગ્રહણ કરીને હું મુક્ત થઈ આ પૃથ્વી પર ફર્યા કરું છું; તેઓને તમે સાંભળો.[૩૨] પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્રમા, સૂર્ય, હોલો, અજગર, સમુદ્ર, પતંગિયું, +મધુકૃત્, હાથી, મધ લઇ લેનાર પારધી, હરિણ, માછલું, પિંગલા વેશ્યા, ટિટોડો, બાળક, કુમારી–કન્યા, બાણ બનાવનાર, સર્પ, કરોળિયો અને ભમરી; આ ચોવીસને મેં મારા ગુરુરૂપે સ્વીકાર્યા છે. હે રાજન્! આ ચોવીસેનાં વર્તનો ઉપરથી મેં મારે માટે ઉપદેશો ગ્રહણ કર્યા છે.[૩૩–૩૫] હે પુરુષવ્યાઘ્ર યયાતિપુત્ર! આ ચોવીસે ગુરુઓ પૈકી જે ગુરુ પાસેથી મેં જે ઉપદેશ જે પ્રકારે ગ્રહણ કર્યો છે, તે તેજ પ્રકારે હું તમને કહું છું તે સાંભળો.[૩૬]

'૧–પૃથ્વીને પ્રાણીઓ (પગ વડે) દબાવે છે છતાં તે પોતાના સ્થાનથી ચલિત થતી નથી, તેમ દૈવને વશ વર્તનારાં પ્રાણીઓ દબાવે–દુઃખ દે તોપણ તે વસ્તુને સમજતા ધીર પુરુષે પોતાના માર્ગથી ચલિત થવું નહિ. આ વ્રત હું પૃથ્વી પાસેથી શીખ્યો છું.[૩૭]

'(પર્વત પણ પૃથ્વી છે; તેની પાસેથી હું આવું શીખ્યો છું કે,) પર્વતની સર્વ ચેષ્ટાઓ‡ સર્વદા પરોપકાર માટેજ હોય છે અને તેનો જન્મ પણ કેવળ પરોપકારને માટેજ હોય છે, તેમ સત્પુરુષે પણ સર્વ ચેષ્ટાઓ તથા જન્મ પણ કેવળ પરોપકાર માટેજ કરવો જોઇએ; તેમજ (વૃક્ષ પણ પૃથ્વીજ

ન રાખે તે અવધૂત કહેવાય છે. અથવાઃ–

अक्षरत्वाद्वरेण्यत्वाद्धूतसंसारबन्धनात् ।
तत्त्वमस्यादिलक्ष्यत्वादवधूत इतीर्यते ॥
(अवधूतोपनिषत् –१)

બ્રહ્મજ્ઞાની અક્ષરબ્રહ્મરૂપ હોવાથી, વરેણ્ય (પૂજ્ય) હોવાથી, સંસારબંધનથી નિર્મુક્ત હોવાથી; તેમજ '**तत्त्वमसि**' વગેરે મહાવાક્યોના લક્ષ્યરૂપ હોવાથી અવધૂત કહેવાય છે. —ભા. ક.

+ મૂળમાંના આ 'મધુકૃત' શબ્દનો અર્થ ટીકાકાર શ્રીધરે આગળ આઠમા અધ્યાયના ૧૧મા શ્લોકમાં આવો એ પ્રકારે કર્યો છેઃ '**मधु कृंतति पुष्पादाच्छिद्य गृह्णाति इति मधुकृद् भ्रमरः**–પુષ્પોમાંથી મધને ચૂંટી લે તે મધુકૃત–ભમરો કહેવાય છે અને '**मधु करोति आहारत्वेन स्वरूपेण चेति मधुकृत–मधुमक्षिका**–મધને જે આહારરૂપે તૈયાર કરે છે તેમજ પ્રત્યક્ષ–સ્વરૂપે જે પ્રકટ કરે છે તે મધુકૃત–મધમાખી કહેવાય છે. એટલે 'મધુકૃત' શબ્દના બે અર્થ થયા. ભમરો અને મધમાખી. —ભા. ક.

‡ ચેષ્ટાઓ તે પોતાનામાં ઝાડ ઉગાડવાં, ઘાસ ઉગાડવું, ઝરણાં વહેવડાવવાં વગેરે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને તેની પાસેથી હું શીખ્યો છું કે,) સત્પુરુષે વૃક્ષના શિષ્ય થઇને પરાધીનપણું શીખવું જોઇએ. (જેમ વૃક્ષને બીજાઓ કાપીને કે ઉખેડીને લઇ જાય છે, તોપણ તે પોતે સહન કરે છે, તેમ સજ્જને સર્વ કંઈ સહન કરવું.)[૩૮]

૨–(વાયુ પણ બે પ્રકારનો છે. એક પ્રાણવાયુ અને બીજો બાહ્યવાયુ. તેમાં પ્રાણવાયુ પાસેથી હું એ શીખ્યો છું કે,) પ્રાણવાયુ કેવળ આહાર વગેરે માત્રથીજ પ્રવૃત્તિ કરે છે (સંતુષ્ટ રહે છે); પણ રૂપ, રસ વગેરે ઇન્દ્રિયોના વિષયોની દરકાર રાખતો નથી; તેમ મુનિએ પણ કેવળ આહાર આદિથી સંતુષ્ટ રહેવું અને તે આહાર વગેરે પણ ઇન્દ્રિયોને પ્રિય છે કે નહિ, તે તરફ લક્ષ્ય રાખવું નહિ. જે રીતે જ્ઞાન નાશ ન પામે અને વાણી તથા મન જ્યાં ત્યાં ભટકતું ન થઈ જાય, તે રીતે આહાર વગેરે કરવા. (અર્થાત્ જો આહાર ન કરવામાં આવે તો મન વ્યગ્ર થઈ જાય અને તેથી જ્ઞાનનો નાશ થાય છે. માટે માત્ર આહાર લઇને દેહનો નિર્વાહ કરવો; પણ તે આહાર સારો–નરસો છે કે નહિ તે જોવું નહિ.)[૩૯] તેમજ *બાહ્યવાયુની પેઠે યોગી પુરુષ જુદા જુદા ધર્મવાળા સર્વ વિષયોમાં પ્રવેશ કરે–તેઓનું સેવન કરે તોપણ તેના ગુણ–દોષથી રહિત ચિત્તવાળો રહીને તેમાં આસક્ત ન થઇ જાય.[૪૦] વળી જેમ બહારનો વાયુ પૃથ્વી આદિના ગંધ વગેરે ધર્મના યોગથી યુક્ત થયેલો જણાય છે, પરંતુ વસ્તુતઃ તે તે ધર્મના યોગથી રહિતજ હોય છે, તે પ્રમાણે આત્મદ્રષ્ટા યોગીપુરુષ, પૃથ્વીના વિકારભૂત શરીરોમાં પ્રવેશેલો હોઇને, તેના ગુણોના આશ્રયવાળો હોય છે; દેહના ધર્મરૂપ બાલ્ય વગેરે અવસ્થાઓનો આશ્રય કરી વર્તે છે, છતાં પણ તે ગુણોથી પોતે સંબંધ પામતો નથી–આત્મા દેહના ધર્મોથી રહિતજ છે, એમ પોતે માને છે.[૪૧]

'૩–(આકાશ પાસેથી હું શીખ્યો છું કે,) મુનિએ, આત્માનું આકાશની સાથે સમાનપણું વિચારવું જોઇએ. (જેમ આકાશ સર્વ સ્થળે રહેલું છે છતાં તેને કોઇ વસ્તુનો સંગ નથી, તેજ રીતે તેને કોઇ માપી શકતું નથી; તેમ) મનનશીલ યોગી દેહમાં રહ્યો હોય છે, છતાં પોતાનો આત્મા બ્રહ્મસ્વરૂપની ભાવનાથી સ્થાવર–જંગમ સર્વ પદાર્થોમાં તેના અધિષ્ઠાનપણે અનુસ્યૂત થઇને વ્યાપ્ત છે અને તે પણ (મણકામાં સૂતરના દોરાની પેઠે નહિ પણ) સર્વ અંશોમાં વ્યાપ્ત છે, એમ માનીને તેણે વિચારવું જોઇએ કે, આત્માને તે તે દેહાદિનો સંગ નથી, તેમજ તે તે દેહાદિથી પરિચ્છિન્નપણું પણ નથી. (અર્થાત્ આત્મા, આકાશની પેઠે સર્વત્ર હોવા છતાં અસંગ અને અપરિચ્છિન્ન છે, એમ યોગીએ જાણવું જોઇએ.)[૪૨] વળી જેમ વાયુએ પ્રેરેલા અને કાળે સર્જેલા મેઘ વગેરે પદાર્થો આકાશનો સ્પર્શ કરી શકતા નથી, તેજ પ્રમાણે કાળે સર્જેલા અને તેજ, જળ તથા પૃથ્વીના વિકારરૂપ દેહાદિ પદાર્થો આત્માનો સ્પર્શ કરી શકતા નથી. (અર્થાત્ કૂટસ્થ આત્માને ક્ષણમાં ઉત્પન્ન થનાર અને ક્ષણમાં નાશ પામનાર દેહાદિનો સંબંધ નથી.)[૪૩]

'૪–(જળ પાસેથી હું શીખ્યો છું કે,) જળ સ્વભાવથીજ સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર, મનુષ્યોના તીર્થસ્થાનરૂપ અને દર્શન, સ્પર્શ તથા કીર્તનથી સર્વને પવિત્ર કરે છે, તેમ મુનિએ પણ જળના મિત્ર–એટલે જળની પેઠે સ્વભાવથીજ રાગ–દ્વેષાદિ મળથી રહિત, સર્વના પર સ્નેહાળ અને મધુરભાષી થવું જોઇએ. મનુષ્યોના એક તીર્થસ્થાનરૂપ થઇને દર્શન, સ્પર્શ તથા કીર્તનથી સર્વને પવિત્ર કરવાં જોઇએ.[૪૪]

'૫–(અગ્નિ પાસેથી હું શીખ્યો છું કે,) અગ્નિ તેજસ્વી, પ્રદીપ્ત, કોઈનાથી પણ પરાભવ કરવાને અશક્ય, ઉદરરૂપીજ એક પાત્રવાળો, સર્વભક્ષી અને મુનિ છે તથા કોઇના પણ મળ

* જેમ બહારનો વાયુ કોઇ વેળા પ્રફુલ્લ વનમાં હોય તો જેમ ખુશી થતો નથી અને કોઈ વેળા જો અગ્નિમાં હોય તો દુઃખી થતો નથી તેમ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(દોષનું) ગ્રહણ કરતો નથી તેમ યોગીએ પણ જ્ઞાનાતિશયથી તેજસ્વી, તપથી પ્રદીપ્ત, કોઇનાથી પરાભવ પામવાને અશક્ય, કેવળ ઉદરરૂપીજ પાત્રવાળા, સર્વભક્ષી (સારુંનરસું જે મળે તે ખાનાર) અને મુનિ થવું તેમજ દોષદષ્ટિનો ત્યાગ કરવો.[૪૫] વળી જેમ અગ્નિ કોઇ સ્થળે ગુપ્ત રહે છે, કોઇ સ્થળે પ્રકટ રહે છે, કલ્યાણ ઇચ્છનારાઓને ઉપાસના કરવા યોગ્ય છે અને (યજ્ઞાદિમાં) હુતદ્રવ્ય અર્પણ કરનારાઓનાં ભૂત–ભવિષ્યનાં પાપોને બાળી દેતો સર્વ સ્થળે (આપનારાઓની ઇચ્છા પ્રમાણેજ) ભોજન કરી લે છે, તેમ યોગીએ પણ કોઈ સ્થળે ગુપ્ત અને કોઇ સ્થળે પ્રકટ રહીને કલ્યાણ ઇચ્છનારાઓને ઉપાસના કરવા યોગ્ય થવું જોઇએ; તેમજ પોતાને ભોજન આપનારાઓનાં ભૂત–ભવિષ્યનાં પાપો બાળી નાખતાં સર્વ સ્થળે (ભોજન આપનારાઓની ઇચ્છા પ્રમાણે) જમી લેવું જોઇએ. વળી જેમ અગ્નિ કાષ્ઠોમાં પ્રવેશ કરીને તે તે કાષ્ઠના જેવા રૂપવાળો (વાંકો–સીધો, લાંબો–ટૂંકો) જણાય છે (પણ ખરું જોતાં અગ્નિ તેવો નથી), તેમ આત્મા પણ પોતાની અવિદ્યાથી ઉત્પન્ન થયેલા સારા–નરસા, દેવ–તિર્યંચ અથવા બ્રાહ્મણ, શુદ્ર વગેરે શરીરોમાં પ્રવેશીને તે તે રૂપવાળો-ઊંચનીચ જણાય છે.(ખરી રીતે જોતાં આત્મા ઊંચ કે નીચ નથી.)[૪૬।૪૭]

'૬–(ચન્દ્ર પાસેથી હું આવું શીખ્યો છું કે,) ચન્દ્રની+ વૃદ્ધિ અને હ્રાસ તે તેની કળાઓનાંજ છે, પણ તેનાં પોતાનાં નથી; તેમ નહિ જિતાયલી ગતિવાળા કાળને લીધે થતા જન્મથી નાશ સુધીના છ વિકારો તે દેહનાજ છે, આત્માના નથી.[૪૮]

'વળી જેમ ÷અગ્નિની જ્વાળાઓ પ્રતિક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પણ તે આપણે જાણી શકતા નથી, તેમ પ્રવાહની પેઠે અવિચ્છિન્ન વેગવાળા કાળને લીધે આત્માની સાથે સંબંધ પામેલાં શરીરોનો પણ પ્રતિક્ષણે જન્મ અને પ્રતિક્ષણે નાશ થઇ રહ્યો છે; પરંતુ તે આપણા જાણવામાં આવતો નથી.[૪૯]

'૭–(સૂર્ય નામના ગુરુ પાસેથી હું એ શીખ્યો છું કે,) સૂર્ય (આઠ મહિનાઓ સુધી) પોતાનાં કિરણો વડે પૃથ્વીમાંથી પાણી ચૂસી લે છે અને (પછી વર્ષાઋતુમાં) તે પાણીને કિરણો વડે પાછું આપે છે; (પણ પાણી લીધું કે આપ્યું, એવું પોતે અભિમાન કરતો નથી;) તેમ યોગી પણ સમયાનુસાર ઇન્દ્રિયોદ્વારા વિષયોને ગ્રહણ કરે છે અને કોઇ વેળા તે વિષયો માગનારો આવી ચઢે તો તેને આપી દે છે; પણ તેમાં પોતે ઉપયોગ કર્યો કે આપી દીધા, એવું અભિમાન કરતો નથી.[૫૦] જેમ સૂર્ય આકાશમાં સ્વસ્વરૂપે એકજ છે, તોપણ પાણીનું પાત્ર વગેરે કોઇ ઉપાધિમાં પ્રતિબિંબિત થાય છે, ત્યારે તે ઉપાધિમાં તે પેસી ગયો હોય અને અનેક સ્વરૂપવાળો હોય એવો જાડી બુદ્ધિ-

+ આ સ્થળે જ્યોતિઃશાસ્ત્રની આવી પ્રક્રિયા છેઃ ચંદ્રમંડળ જળમય છે અને સૂર્યમંડળ તેજોમય છેઃ તે બન્ને જ્યારે એકજ નક્ષત્રમાં હોય છે, ત્યારે ચંદ્ર જોવામાં આવતો નથી; કારણ કે સમપ્રદેશમાં આવેલા સૂર્યમંડળનું આંખને વ્યવધાન થાય છે. તે તિથિ અમાવાસ્યા કહેવાય છે. તે પછી સાઠ ઘડીએ ચંદ્ર બીજા નક્ષત્રમાં જાય છે અને સૂર્ય તેર દિવસે બીજા નક્ષત્રમાં જાય છે. આવા કારણથી પ્રતિપદાથી માંડીને વિષમ રીતે રહેલા સૂર્યમંડળનો પંદરમો પંદરમો ભાગ ચંદ્રના જળમય મંડળમાં પ્રતિબિંબિત થયેલો જોવામાં આવે છે, તેને 'કલા' કહે છે. આવી રીતે થતાં પંદરમે દિવસે ચંદ્ર અને સૂર્ય વચ્ચે તેર નક્ષત્રોનું અંતર પડી જાય છે, જેથી સત્યાવીશ નક્ષત્રોના રાશિચક્રની વચ્ચે સામસામા સૂર્ય–ચંદ્ર આવી રહે છે અને તે વેળા પૃથ્વીની છાયાના ચિહ્નવાળું સંપૂર્ણ પ્રતિબિંબ ચંદ્રમંડળમાં દેખાય છે અને તે તિથિ પૂનમ કહેવાય છે. એ પૂનમને દિવસે પેલી અમાવાસ્યાના પ્રતિબિંબ સાથે સોળ કળાવાળો ચંદ્ર કહેવાય છે. પછી ફરી પ્રતિપદાથી માંડીને સૂર્યમંડળ તથા ચંદ્રમંડળ વિષમ થતાં એક એક કલા ઘટતી જાય છે. —भा. कं.

÷ સિંહાવલોકન ન્યાયે ફરી પણ અગ્નિનું દષ્ટાંત આપીને કહે છે કે, શરીર ક્ષણભંગુર છે, એમ સમજી વૈરાગ્ય ધારણ કરવો જોઇએ. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

વાળાઓને જણાય છે, તેમ આત્મા સ્વસ્વરૂપે એકજ છે, છતાં દેહાદિ ઉપાધિમાં પ્રવેશ કરે છે ત્યારે જાણે તેમાં પેસી ગયો હોય તેવો અને અનેક સ્વરૂપે હોય તેવો સ્થૂલબુદ્ધિવાળાઓને જણાય છે.(વસ્તુતઃ આત્મા એક છે અને ઉપાધિથી મુક્ત છે.)[૫૧]

'૮-(એક હોલા પાસેથી હું શીખ્યો છું કે,) મનુષ્યે, કોઇ પણ ઠેકાણે અત્યંત સ્નેહ કે અતિશય લાલન-પાલન વગેરે આસક્તિ ન કરવી. કારણ કે તેમ કરનાર મનુષ્ય, હોલાની પેઠે દીન બુદ્ધિવાળો થઇને સંતાપ પામે છે. એક હોલો જંગલમાં ઝાડ ઉપર માળો બાંધીને પોતાની સ્ત્રી હોલી સાથે કેટલાંક વર્ષો સુધી રહ્યો હતો. એ બન્ને હોલો-હોલી સ્નેહથી બંધાયલાં હૃદયવાળાં થઇને ગૃહધર્મમાં જોડાયાં હતાં. તે બન્નેએ એકબીજાની દૃષ્ટિ સાથે દૃષ્ટિ, અંગ સાથે અંગ તથા બુદ્ધિ સાથે બુદ્ધિ જોડી દીધાં હતાં. સૂવું, બેસવું, ફરવું, ઊભા રહેવું, રમવું તથા ખાવું વગેરે ક્રિયાઓમાં નિઃશંકપણે ભેળાં મળીને તેઓ બન્ને વનપંક્તિઓમાં વિચરતાં હતાં.[૫૨-૫૫] હે રાજન્! (હાસ્યપૂર્વક જોવું, વાતચીત વગેરેથી) હોલાને ખુશ કરતી હોલી તેની કૃપાપાત્ર બની હતી અને તેથી તે જે જે વસ્તુ ઇચ્છતી તે તે વસ્તુને પેલો અજિતેન્દ્રિય હોલો કષ્ટ વેઠીને પણ લાવી આપતો હતો. પછી એ પતિવ્રતા હોલીએ પ્રથમ ગર્ભ ધારણ કર્યો અને સમય આવ્યો ત્યારે પોતાના માળામાં પતિની સમક્ષ તેણે ઇંડાં મૂક્યાં. (પાણીથી ભરેલાં) તે ઇંડાંઓમાં શ્રીહરિની અચિંત્ય શક્તિઓને લીધે સમય થતાં અવયવો રચાયા અને કોમળ શરીર તથા રૂંવાડાંવાળાં બચ્ચાંઓ તેમાં ઉત્પન્ન થયાં. પેલાં દંપતી હોલો-હોલી, બચ્ચાંઓ પર પ્રેમાળ હોઇ પ્રસન્ન થઇને પોતાની પ્રજાનું પોષણ કરવા લાગ્યાં અને તે બચ્ચાંઓના અસ્પષ્ટ મધુર શબ્દથી તથા કાલાં કાલાં ભાષણોથી સુખી થવા લાગ્યાં. હમેશાં આનંદમાં રહેતાં તે બચ્ચાંઓનાં સુંવાળા સ્પર્શવાળાં પીછાંઓથી, અસ્પષ્ટ મધુર શબ્દોથી, નિર્દોષ ચેષ્ટાઓથી અને પોતાની સામા આવવાથી માતા-પિતા ખુશી થતાં હતાં. એ રીતે સ્નેહથી પરસ્પરૂ બંધાયલા હૃદયવાળાં અને વિષ્ણુની માયાથી અત્યંત મોહિત થયેલાં તે દીન બુદ્ધિવાળાં બન્ને પક્ષીઓ, પોતાનાં નાનાં બચ્ચાંઓનું પોષણ કરતાં હતાં.[૫૬-૬૧] એક સમયે તે બન્ને કુટુંબી, બચ્ચાંઓનો ચારો લેવા માટે વનમાં ગયાં; ત્યાં ચારાની લાલચવાળાં તેઓ ઘણી વાર સુધી ચોતરફ ભમ્યાં.[૬૨] બીજી બાજુ વનમાં ભમતા કોઇ પારધીએ દૈવયોગે પેલાં બચ્ચાંઓને પોતાના માળાની પાસે ઘૂમતાં જોઇ જાળ પાથરી તેઓને પકડી લીધાં. બચ્ચાંઓનું પોષણ કરવામાં સદા ઉત્સુક રહેતાં પેલાં હોલો અને હોલી વનમાં ગયાં હતાં, ત્યાંથી ચારો લઇને પોતાના માળાની પાસે આવી પહોંચ્યાં;[૬૩-૬૪] તેવામાં પોતાનાં નાનાં બચ્ચાંઓને જાળમાં પકડાયલાં ને ચીસો પાડતાં જોઇ હોલી, અત્યંત દુઃખી થઇને ચીસો પાડતી પાડતી બચ્ચાંઓ તરફ દોડી ગઇ.[૬૫] તે હોલી નિત્ય સ્નેહથી બંધાઇ ગયેલી હતી અને વિષ્ણુ ભગવાનની માયાથી દીન ચિત્તવાળી થઇ પડી હતી, જેથી પોતે બચ્ચાંઓને બંધાયલાં જોતી હતી, છતાં બેભાન બનીને પોતે પણ જાળમાં સપડાઈ ગઈ.[૬૬] એ રીતે પોતાના શરીરથી પણ અધિક પ્રિય બચ્ચાંઓને તથા પોતાની યોગ્ય સ્ત્રીને બંધાઇ ગયેલી જોઇને હોલો અત્યંત દુઃખી થયો અને દીન બનીને વિલાપ-કરવા લાગ્યોઃ[૬૭] 'અહો! આ મારા વિનાશ તરફ તો જુઓ! હજી તો હું અતૃપ્ત અને અકૃતાર્થજ છું, તેટલામાં તો અલ્પ પુણ્યવાળા અને દુર્બુદ્ધિ એવા મારો ધર્મ, અર્થ અને કામના સાધનરૂપ આ ગૃહસ્થાશ્રમ નાશ પામ્યો છે.[૬૮] આ મારી સ્ત્રી મારે યોગ્ય છે, મને અનુકૂળ રહે છે અને મને પતિનેજ દેવ માને છે, તે મને શૂન્ય ઘરમાં તજી દઇને પોતાનાં ઉત્તમ બચ્ચાંઓ સાથે સ્વર્ગમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાય છે.[૬૯] ખરેખર, હું દીન થઇ પડ્યો છું; મારું જીવન દુઃખભરેલું બન્યું છે, તો હવે સ્ત્રી મરણ પામી અને બચ્ચાંઓ પણ માર્યાં ગયાં છે; ત્યારે વિધુર થઇને શા માટે શૂન્યગૃહમાં હું જીવનની ઇચ્છા કરું ?[૭૦] આમ વિલાપ કરતો તે મૂર્ખ હોલો દીન થઈ પડ્યો. તે જાળમાં એ રીતે પકડાયલાં પોતાનાં બચ્ચાંઓને તથા સ્ત્રીને મૃત્યુના ગ્રાસ થઈ પડેલાં અને તરફડતાં જોતો હતો, છતાં પોતે પણ જાળમાં પકડાઇ પડ્યો.[૭૧] એટલે એ ગૃહસ્થ હોલાને, હોલીને તથા તેનાં બચ્ચાંઓને મેળવીને પેલા ક્રૂર પારધીનું તો કામ પૂરું થઇ ગયું, જેથી તે પોતાને ઘેર ગયો.[૭૨] આ રીતે એ હોલાની પેઠે કુટુંબી મનુષ્ય પણ અશાંત મનવાળો અને સુખ–દુઃખાદિ દ્વંદ્વોમાં રમણ કરતો કુટુંબનું પોષણ કર્યા કરે છે અને પોતાના પરિવાર સાથે દુઃખી થાય છે.[૭૩] જે મનુષ્ય મુક્તિના ખુલ્લા દ્વારરૂપ મનુષ્યજન્મ પામીને એ હોલાની પેઠે ઘરમાં આસક્ત થાય છે, તે મનુષ્ય ખરેખર ઉપર ચઢીને નીચે પડ્યો છે, એમ વિદ્વાનો જાણે છે.[૭૪]

યઃ પ્રાપ્ય માનુષં લોકં મુક્તિદ્વારમપાવૃતમ્ ।
ગૃહેષુ ખગવત્સક્તસ્તમારૂઢચ્યુતં વિદુઃ ॥૭૪॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો*

અજગર વગેરે દત્તાત્રેયના નવ ગુરુઓ.

॥ બ્રાહ્મણ ઉવાચ ॥

સુખમૈન્દ્રિયકં રાજન્ સ્વર્ગે નરક એવ ચ ।
દેહિનાં યદ્યથા દુઃખં તસ્માન્નેચ્છેત તદ્બુધઃ ॥

બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યાઃ–'હે રાજન્ ! (વિનાપ્રયાસે પ્રારબ્ધકર્મવશાત્+) જેમ પ્રાણીઓ દુઃખ પામે છે તેજ પ્રમાણે સ્વર્ગમાં કે નરકમાં ઇન્દ્રિયસુખ પણ (અનાયાસે પ્રારબ્ધકર્મના યોગથીજ) મળી આવે છે; માટે જ્ઞાનીએ સુખની ઇચ્છા કરવી નહિ.[૧]

'૯–(હું અજગર પાસેથી શીખ્યો છું કે,) અજગર કોઇજ જાતની ક્રિયા કરતો નથી અને પ્રારબ્ધયોગે જે કંઇ અત્યંત સ્વાદિષ્ટ, નીરસ, વત્તો કે ઓછો આહાર મળી આવે છે તે ખાઇ લે છે; તેમ યોગીએ પણ ઉદાસીન રહીને પ્રારબ્ધયોગેજ જે કંઇ સ્વાદિષ્ટ, નીરસ, વત્તો કે ઓછો આહાર મળી આવે તે ખાઇ લેવો જોઇએ;[૨] કોઇ વેળા પ્રારબ્ધયોગે કંઇ નજ મળે; તોપણ અજગરની પેઠે કોઇ જાતના ઉદ્યમ વિના 'કેવળ દૈવજ આપી રહેશે' એવું ધૈર્ય ધરીને ઘણા દિવસો સુધી નિરાહાર પડી રહેવું જોઇએ. ÷ઇન્દ્રિયબળ, મનોબળ અને શરીરબળથી યુક્ત એવા પણ દેહને નિષ્કર્મજ ધારણ કરવો–કંઈ પણ કામ કરવું નહિ અને (આત્મજ્ઞાનરૂપી) સ્વાર્થ તરફ દૃષ્ટિ રાખીને પડ્યાજ રહેવું; એટલુંજ નહિ પરંતુ સર્વ ઇન્દ્રિયો પૂર્ણ હોય તે છતાં એ ઇન્દ્રિયોથી પણ કોઇ વ્યાપાર કરવો નહિ.[૩/૪]

'૧૦–(સમુદ્રની પાસેથી હું આવું શીખ્યો છું કે,) નિશ્ચળ જળ ભરેલો સમુદ્ર બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, દુષ્પ્રવેશ્ય, દુર્લંઘ્ય, અનંત પારવાળો અને અક્ષોભ્ય હોય છે; તેમ મુનિએ પણ બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, કોઇથી ન *કળી શકાય એવા, કોઇથી ×અપમાન

* આ અધ્યાયમાં અજગર વગેરે નવ ગુરુઓ પાસેથી દત્તાત્રેય જે શીખ્યા હતા તે, શ્રીકૃષ્ણ ઉદ્ધવને જ્ઞાન થાય તે માટે દત્તાત્રેયની વાણીથીજ કહે છે.–શ્રી.

\+ પ્રારબ્ધકર્મભોગ અવશ્ય થનાર છે, માટે સુખ મેળવવાના ઉદ્યમો કરીને વૃથા આયુષનો વ્યય કરવો નહિ, એ હું અજગર પાસેથી શીખ્યો છું, એમ દત્તાત્રેય કહે છે.–શ્રી.

÷ શરીરે સશક્ત હોય તોપણ શું પડ્યાજ રહેવું ? એના ઉત્તરમાં કહે છે–હા. —શ્રીધર

* મુનિનો અભિપ્રાય અલક્ષ્ય હોય છે, તેથી તેને કોઇ કળી શકતું નથી. —શ્રીધર

× મુનિ તેજસ્વી હોય છે તેથી તેનું કોઇ અપમાન કરી શકતું નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

ન કરી શકાય એવા, ‡અનંત, અપાર અને રાગાદિ દોષો વડે ક્ષોભ ન પમાડી શકાય એવા થવું જોઇએ.[૫] વળી જેમ સમુદ્ર (વર્ષાઋતુમાં) ઘણી નદીઓના મળવાથી છલકાઇ જતો નથી અને (ગ્રીષ્મઋતુમાં) નદીઓના નહિ મળવાથી સુકાઇ જતો નથી, તેમ મુનિએ પણ સંપૂર્ણ કામભોગો હોય ત્યારે આનંદમાં ન આવી જવું અને કામભોગોથી રહિત હોય ત્યારે શોક ન કરવો; કારણ કે તેણે તો કેવળ નારાયણપરાયણજ રહેવું જોઇએ, વિષયપરાયણ નહિ.[૬]

'૧૧–(રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ તેમજ રસ–આ પાંચ વિષયો પૈકી એકએકથી મોહિત થઇને અનુક્રમે પતંગિયું, ભમરો, હાથી, હરિણ અને માછલું માર્યાં જાય§ છે. માટે તેઓમાં આસક્તિ નહિ કરવા સારુ મેં આ પાંચને ગુરુ કર્યા છે. તેમાં રૂપવિલાસથી મોહિત થયેલો મનુષ્ય પતંગિયાની પેઠે નાશ પામે છે, તે હું પતંગિયા પાસેથી શીખ્યો છું.) જેમ પતંગિયું અગ્નિના રૂપથી મોહિત થઈ તેનાથી લોભાઇને તેમાં પડે છે, તેમ અજિતેન્દ્રિય પુરુષ ભગવાનની માયારૂપ સ્ત્રીને જોઇને તેના ભાવોથી લોભાઈ જઈ અંધારા નરકમાં પડે છે.[૭] મૂઢ પુરુષ, ઈશ્વરની માયાએ રચેલાં સ્ત્રી, સુવર્ણ, અલંકાર તથા વસ્ત્ર વગેરે દ્રવ્યોમાં ઉપભોગબુદ્ધિથી લુબ્ધ મનવાળો થઇને મોહથી અંધ દૃષ્ટિવાળો બની જાય છે અને પતંગિયાંની પેઠે નાશ પામે છે.[૮]

'૧૨–(÷ભમરા પાસેથી હું શીખ્યો છું કે,) મુનિએ ભમરાની વૃત્તિનો આશ્રય કરવો અને ગૃહસ્થોને દુઃખ આપ્યા વિના જેટલા આહારથી પોતાનું શરીર ટકી રહે તેટલો થોડો આહાર લેવો જોઇએ. (જેમ ભમરો પુષ્પોનો નાશ કર્યા સિવાય થોડું થોડુંજ મધ ગ્રહણ કરતો કોઇ પણ પુષ્પમાં આસક્ત થયા વિના વર્તે છે, તેમ મુનિએ પણ ગૃહસ્થોને હેરાન કર્યા વિના થોડો થોડોજ આહાર લઇને આજીવિકા કરવી જોઇએ; નહિ તો, જેમ ભમરો વિશિષ્ટ ગંધના લોભથી જો એકજ કમળમાં આસક્ત થઇને તેમાં વસે તો સાયંકાળે કમળ સંકોચાઈ જતાં તેમાં બંધાઈ જાય છે, તેમ મુનિ પણ સારા સારા પદાર્થોના લોભથી જો એકજ ઘરનો આશ્રય કરે તો તે ઉપરના મોહથી બંધાય છે.)[૯] વળી જેમ ભમરો નાનાંમોટાં સર્વ પુષ્પોમાંથી સાર વસ્તુ લઇ લે છે, તેમ કુશળ પુરુષે નાનાંમોટાં સર્વ શાસ્ત્રોમાંથી સાર વસ્તુને ગ્રહણ કરવી.[૧૦]

'(હું +મધમાખી પાસેથી શીખ્યો છું કે,) મુનિએ 'આ અન્ન હું સાંજે જમીશ અને આ અન્ન હું આવતી કાલે જમીશ' એમ અન્નાદિનો સંગ્રહ ન કરવો જોઇએ; પણ માત્ર પોતાના હાથરૂપી પાત્રમાં સમાય તેટલુંજ અન્ન ગ્રહણ કરવું જોઇએ અને તેના સંગ્રહને માટે ઉદરરૂપીજ પાત્ર રાખવું જોઇએ. કારણ કે (ઉદરપૂર્તિથી અધિક) સંગ્રહ કરનારો મુનિ મધમાખીની પેઠે જીવી શકતો નથી–વિનાશ પામે છે.[૧૧] જેમ મધમાખી સાંજ માટે અને આવતી કાલ માટે મધનો સંગ્રહ કરે છે તો તે મધની સાથે વિનાશ પામે છે, તેમ મુનિ પણ સાંજ કે આવતી કાલ માટે અન્નાદિનો સંગ્રહ કરે છે તો તે અન્નાદિ સાથે વિનાશ પામે છે. માટે મુનિએ અન્નાદિનો સંગ્રહ કરવો નહિ.[૧૨]

‡ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થયેલો હોવાથી મુનિ, દેશ–કાળથી અનંત તથા અપાર થઇ શકે છે.–શ્રીધર

§ કહ્યું છે કે, पतंगमातंगकुरंगभृंगमीना हताः पंचभिरेव पञ्च। एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पञ्चभिरेव पञ्च ॥

પતંગિયું, હાથી, હરિણ, ભમરો અને માછલું–એ પાંચ એક એક વિષયમાં આસક્ત થવાથી માર્યાં જાય છે; તો પ્રમાદી એક મનુષ્ય પાંચે ઇન્દ્રિયોથી પાંચે વિષયોને સેવે છે તે કેમ ન માર્યો જાય?' (ગરુડપુરાણ) –શ્રી.

÷ દત્તાત્રેયે મૂળમાં 'મધુકૃત્'ને પોતાનો ગુરુ કહ્યો છે. 'મધુકૃત્' શબ્દના બે અર્થ થાય છેઃ ભમરો ને મધમાખી. તેમાં પ્રથમના અર્થને અનુસરીને અહીં કહે છે. –भा. क.

+ 'મધુકૃત્' એટલે મધમાખી પણ કહી શકાય; તે અર્થને અનુસરી અહીં કહે છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'૧૩–(સ્પર્શવિષયમાં આસક્તિ તે નાશનું કારણ થાય છે, તે હું હાથીની પાસેથી શીખ્યો છું.) જેમ હાથી (પોતાને પકડનારાઓએ દેખાડેલી) હાથણીના અંગસંગની લાલચથી (તે હાથણીને) સ્પર્શ કરવા જતાંજ (ખડ વગેરેથી ઢાંકી રાખેલા ખાડામાં પડીને બંધાઇ જાય છે, તેમ મુનિ પણ સ્ત્રીનો સ્પર્શ કરવા જતાંજ બંધાઇ જાય છે. માટે લાકડાની સ્ત્રીનો પણ મુનિએ પગથી પણ સ્પર્શ ન કરવો જોઇએ..(તો હાથથી સ્પર્શ કેમજ કરાય?) બુદ્ધિમાન મુનિએ પોતાના મૃત્યુરૂપ એવી સ્ત્રીનો કદી પણ સંગ કરવો નહિ; છતાં જો સ્ત્રીનો સંગ કરે તો જેમ કોઇ હાથી, હાથણીનો સંગ કરવા જતાં બીજા બળવાન હાથીઓથી માર્યો જાય છે, તેમ બીજા બળવાન પુરુષોથી માર્યો જાય છે!

'૧૪–(દાન અને ભોગથી રહિત એવો ધનનો સંગ્રહ કેવળ બીજાનોજ થઇ પડે છે, એ વિષે હું પારધી પાસેથી શીખ્યો છું.) જેમ પારધી, મધમાખીઓએ મહાદુઃખે એકઠા કરેલા મધને ભોગવે છે, તેમ લોભી મનુષ્યોએ દુઃખથી એકઠું કરેલું ધન જે કોઇને દાનમાં અપાતું નથી કે જેનો ઉપભોગ પણ થઈ શકતો નથી, તે ધનને બીજો કોઇ મનુષ્ય, કે જે ધનને તથા તેને મેળવવાના ઉપાયને જાણે છે તે મનુષ્ય ભોગવે છે; તેની પાસેથી ત્રીજો કોઈ બળવાન ભોગવે છે અને તેની પાસેથી ચોથો કોઈ અધિક બળવાન ભોગવે છે. (અર્થાત્ ઝાડની કોતર વગેરે ગુપ્ત સ્થળમાં મધમાખીઓએ મધ કર્યું હોય, તેને પણ પારધી જાણી જાય છે અને લઈ જાય છે, તેમ લોભી મનુષ્યોએ કોઇ ગુપ્ત સ્થળમાં વન રાખ્યું હોય તેને પણ નિશાનીઓ ઉપરથી જાણી લઈ ઉપાયો કરીને બીજાઓ લઇ જાય છે. આમ સમજી યોગીએ કોઇ વસ્તુનો સંગ્રહ ન કરવો.)[૧૩–૧૫] વળી જેમ મધમાખીઓએ એકઠા કરેલા મધને તેઓ ભોગવતી નથી તે પહેલાંજ પારધી ભોગવે છે, તેમ મહાદુઃખથી મેળવેલા ધનવડે ઘરનાં સુખોની આશા રાખતા ગૃહસ્થોના અન્નાદિ ભોગ્યપદાર્થોને તેઓના ભોગ પહેલાંજ યોગી ભોગવેઈ છે. (આ રીતે યોગી પોતાના ઉદ્યમ વિનાજ ભોગ મેળવી શકે છે એ વિષે પણ મારો પારધીજ ગુરુ છે.)[૧૬]§

'૧૫–(હરિણ પાસેથી હું શીખ્યો છું કે,) વનમાં ભમતાં ભમતાં યોગીએ વિષયોનાં ગીત કોઈ સ્થળે સાંભળવાં ન જોઇએ;+ આ વિષે શિકારીના ગીતથી મોહિત થઇને બંધાઈ ગયેલા હરિણ પાસેથી યોગીએ શીખવું જોઇએ.[૧૭] *હરિણીના પુત્ર ઋષ્યશૃંગે, વેશ્યા સ્ત્રીઓનાં વૈષયિક નૃત્ય, વાદિત્ર અને ગીતનું સેવન કર્યું, તેથી એ સ્ત્રીઓને તે વશ થઇ ગયા. (માટે યોગીએ વિષય, ગીત, વાદિત્ર કે નૃત્યનું સેવન ન કરવું.)[૧૮]

'૧૬–(માછલાં પાસેથી હું શીખ્યો છું કે,) જેમ માછલું, અત્યંત બેહાલ કરનારી જીભના સ્વાદની લાલચે માંસથી ખરડાયલા લોઢાના કાંટાઓથી વીંધાઇને મૃત્યુ પામે છે, તેમ દુર્બુદ્ધિ મનુષ્ય, જીભના રસના સ્વાદથી મોહિત થઇને મૃત્યુ પામે છે.[૧૯] ધીર મનુષ્યો નિરાહાર રહીને જિહ્વા સિવાયની બીજી ઇન્દ્રિયોને સત્વર જીતી શકે છે, પણ જિહ્વા ઇન્દ્રિય તો ઊલટી વધે છે–લાલચુ બને છે‡ પુરુષે, બીજી સર્વ ઇન્દ્રિયો જીતી હોય

---

§ શાસ્ત્ર કહે છેઃ 'यतिश्च ब्रह्मचारी च पक्वान्नस्वामिनावुभौ । तयोरन्नमदत्त्वा तु भुक्त्वा चान्द्रायणं चरेत् ॥ સંન્યાસી અને બ્રહ્મચારી રાંધેલા અન્નના સ્વામી છે. માટે તેઓ બંનેને રાંધેલું અન્ન નહિ આપીને જે પોતે જમી લે છે તે ગૃહસ્થે ચાંદ્રાયણવ્રત કરવું જોઇએ.' આમ ગૃહસ્થોને દાનવિધિ આવશ્યક છે.–શ્રી.

+ ભગવાનનાં ગીત તો સાંભળવાં. —શ્રીધર

* દત્તાત્રેયનો ગુરુ હરિણ છે, તેથી હરિણીના પુત્ર ઋષ્યશૃંગ પણ ગુરુ છે, એ આશયથી આ શ્લોક કહ્યો છે. શ્રી.

‡ આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, જો આહારનો ત્યાગ કરવામાં આવે છે તો બીજી ઇન્દ્રિયોનોજ કેવળ જય થઈ શકે છે; પણ જિહ્વા ઇન્દ્રિયની લાલચ તો ઊલટી વધી પડે છે. માટે રસની આસક્તિનો ત્યાગ કરી ઔષધની પેઠે ભોજન કરવું જોઇએ.

જો કે આ વસ્તુ પ્રથમ પ્રાણવાયુને જ્યાં ગુરુ કહ્યો છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

પણ જિહ્વા ઇન્દ્રિયને જીતી ન હોય, ત્યાંસુધી તો તે જિતેન્દ્રિય કહેવાયજ નહિ. પણ જિહ્વા ઇન્દ્રિયનો જય થાય છે ત્યારેજ પુરુષે સર્વ જીત્યું એમ સમજવું.[૨૦-૨૧]

'હે રાજા! પૂર્વે વિદેહ નગરમાં *પિંગલા નામની એક વેશ્યા હતી, તેની પાસેથી પણ હું કંઇક શીખ્યો છું, તે તમે સાંભળો.[૨૨] તે વેશ્યા એક સમયે કોઈ સુંદર પુરુષને પોતાના એકાંત રતિસ્થાનમાં લઇ જવાને તૈયાર થઇ ઉત્તમ રૂપ ધારણ કરીને ઘરની બહારના દરવાજામાં રાત્રિના સમયે બેઠી હતી.[૨૩] હે મહાપુરુષ! ધનની લાલચવાળી તે વેશ્યા રસ્તામાં આવતા પુરુષોને જોઇને, તેઓને મૈથુનની કિંમત આપી શકે તેવા ધનવાન અને મૈથુન માટે યોગ્ય માની રહી હતી.[૨૪] તે વેશ્યા રતિસ્થાનમાં પુરુષોને લઈ જઈ તેઓની પાસેથી મળેલા ધન વડે આજીવિકા ચલાવતી હતી; તેથી આવેલા પુરુષો પાછા ગયા, ત્યારે તે વિચાર કરવા લાગી કે, 'કોઈ બીજો પણ ધનવાન પુરુષ, મને પુષ્કળ ધન આપનારો કદાચ મારી પાસે આવી ચઢશે.' આવી દુષ્ટ આશામાં ને આશામાં તે વેશ્યાની નિદ્રા નાશ પામી અને ઘડીકમાં તે દરવાજામાં બેસતી હતી, ઘડીકમાં વળી ત્યાંથી અંદર જતી હતી અને ઘડીકમાં વળી બહાર નીકળતી હતી. આમ કરતાં કરતાં મધ્યરાત્રિ થઈ ગઈ.[૨૫-૨૬] ધનની આશાને લીધે સુકાતા મુખવાળી અને દીન થયેલા મનવાળી તે વેશ્યાને 'હવે તો આ ધંધાથી બસ છે' આમ ધનની ચિંતા એજ જેનું કારણ હતું એવો કંટાળો આવ્યો, જે (પાછળથી) તેને સુખકારક થઈ પડ્યો.[૨૭] ખિન્ન ચિત્તવાળી તે વેશ્યાએ એ વખતે જે ગીત ગાયું હતું તે તમે મારી પાસેથી બરાબર સાંભળો; કારણ કે તે ગીત પુરુષની આશારૂપી પાશોને કાપી નાખવામાં તલવાર સમાન છે.[૨૮] હે રાજા! જેમ વિજ્ઞાનરહિત મનુષ્ય મમતાનો ત્યાગ કરી શકતો નથી, તેમ જેને 'હવે તો વિષયોથી બસ છે' આવો કંટાળો થયો નથી તે મનુષ્ય દેહબંધનનો ત્યાગ કરવાની ઇચ્છા કરી શકતો નથી.[૨૯]

પિંગલા ગાવા લાગીઃ–'અહો! મનને જેણે વશ કર્યું નથી એવી જે હું તેનો મોહવિસ્તાર તો તમે જુઓ. કારણ કે હું વિવેકશૂન્ય થઇને એક તુચ્છ પુરુષ પાસેથી કામનાની ઇચ્છા રાખું છું.[૩૦] આ (અંતર્યામી હોઇને) સમીપમાંજ રહેતા, આનંદ આપનાર અને ધન આપનાર અવિનાશી પતિ–પરમેશ્વરનો ત્યાગ કરી હું અજ્ઞાની, કામનાઓને ન આપી શકનાર; પરંતુ દુઃખ, ભય મનોવ્યથા, શોક તથા મોહને આપનારા તુચ્છ પુરુષને સેવું છું.[૩૧] અહો! સ્રીલંપટ, ધનની તૃષ્ણાવાળા, શોક કરવા યોગ્ય અને પોતાનું શરીર વેચીને ખરીદેલા પુરુષ પાસેથી ધનને તથા મૈથુનસુખને ઇચ્છતી મેં, સંકેતસ્થાને રતિ કરવારૂપ અતિ નિંદ્ય ધંધો ચલાવીને મારા આત્માને વૃથા સંતાપ પમાડ્યો છે.[૩૨] પુરુષનું શરીર એક ઘર છે, કે જે હાડકાંઓથી બનેલા વાંસડા, વળીઓ તથા થાંભલીઓવાળું છે; ચામડી, રુંવાડાં ને નખોથી ઢાંકેલું છે; વહેતાં નવ દ્વારવાળું છે અને વિષ્ટા તથા મૂત્રથી ભરેલું છે. તેને મારા સિવાય બીજી કઇ સ્રી કાંતબુદ્ધિથી સેવે?[૩૩] આ મહાજ્ઞાની વિદેહરાજાઓના નગરમાં હું એકજ મૂઢબુદ્ધિ છું, કે જે હું અસતી હોઇને આત્મસ્વરૂપને અર્પણ કરનારા આ અવિનાશી પરમાત્મા વિના અન્યની ઇચ્છા રાખું છું.[૩૪] *આ ઈશ્વર જ પ્રાણીઓના અતિપ્રિય મિત્ર, નાથ અને આત્મા છે. માટે હું આત્મનિવેદન કરી તેમનેજ

ત્યાં કહેવાઈ ગયું છે; તોપણુ જિહ્વા ઇન્દ્રિય અતિ દુર્જય છે, એમ જણાવવાને ફરી અહીં કહેવામાં આવી છે.–શ્રી.

* પિંગલા વેશ્યા પાસેથી હું નિરાશા શીખ્યો છું, તે કહેવાને પિંગલાનું આખ્યાન કહે છે. —શ્રીધર

* હવે મને વૈરાગ્ય થયો છે; હવે હું આ પ્રમાણે કરીશ; તે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વેચાતા લઇ તેમની સાથે લક્ષ્મીની પેઠે ક્રીડા કરીશ.[૩૫] વિષયો, વિષયોને આપનારા પુરુષો કે દેવો આદિઅંતવાળા છે અને કાળથી ભયભીત છે; તેઓએ પોતાની ભાર્યાનું શું પ્રિય કર્યું છે? (માટે હવે આ લોકમાં કે પરલોકમાં પરમેશ્વર સિવાય બીજા કોઈની મારે સેવા કરવી નથી.)[૩૬] ખરેખર, ભગવાન વિષ્ણુ, મારા કોઇ પણ શુભ કર્મથી મારા પર પ્રસન્ન થયા છે, જેથી મને દુષ્ટ આશામાંથી આ સુખજનક વૈરાગ્ય થયો છે.[૩૭] હું મંદ ભાગ્યવાળી હોત તો આવાં વૈરાગ્યનાં કારણ–ક્લેશો કદી થાતજ નહિ; જે વૈરાગ્યને લીધે પુરુષ, ઘર વગેરે બંધનનો ત્યાગ કરી શાંતિ પામે છે.[૩૮] માટે પરમેશ્વરે કરેલા આ ઉપકારને મસ્તકે ચઢાવી હું વિષયોને લગતી દુષ્ટ આશાઓનો ત્યાગ કરું છું અને તે અધીશ્વરને શરણે જાઉં છું.[૩૯] હવે હું સંતુષ્ટ રહી આત્મતત્ત્વ ઉપર શ્રદ્ધા રાખીશ; જે કંઇ મળી આવશે તેનાથી આજીવિકા ચલાવીશ અને આ આત્મારૂપ પતિ સાથેજ વિહાર કરીશ;[૪૦] કારણ કે સંસારરૂપી કૂવામાં પડેલા, વિષયોએ હરી લીધેલા વિવેકવાળા અને કાળરૂપી સર્પનો કોળિયો બનેલા આ જીવાત્માનું રક્ષણ કરવાને પરમાત્મા વિના બીજો કોણ સમર્થ છે?[૪૧] મનુષ્ય જ્યારે અપ્રમાદી થઇને જુએ છે કે, આ જગત કાળરૂપી સર્પનો કોળિયો બની રહ્યું છે અને તેથીજ જ્યારે સમગ્ર વિષયો તરફથી વૈરાગ્ય પામે છે, ત્યારે પોતેજ પોતાનો રક્ષક બની શકે છે. (માટે હું કંઈ પોતાના રક્ષણની ઉપાધિથી ઈશ્વરભજન કરવા માગતી નથી; પણ કેવળ પ્રેમથીજ પ્રભુભજન કરીશ.)[૪૨]

બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યાઃ–'એ પ્રમાણે નિશ્ચય કરીને પિંગલા વેશ્યા, જારપુરુષની તૃષ્ણાથી ઉત્પન્ન થયેલી દુષ્ટ આશાને કાપી નાખી શાંતિનો આશ્રય કરી શય્યામાં સૂઇ ગઈ.[૪૩] માટે આશા એ પરમ દુઃખ છે અને નિરાશા એ પરમ સુખ છે. જેમ પિંગલા વેશ્યા જારપુરુષની આશાનો ત્યાગ કરીનેજ સુખે સૂઈ શકી હતી.'[૪૪]

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम्।
यथा संछिद्य कांताशां सुखं सुष्वाप पिंगला॥४४

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

अध्याय ९ मो*

ટિટોડો વગેરે દત્તાત્રેયના ગુરુઓ

॥ ब्राह्मण उवाच ॥

परिग्रहो हि दुःखाय यद्यत्प्रियतमं नृणाम्।
अनंतं सुखमाप्नोति तद्विद्वान् यस्त्वकिंचनः॥१॥

'૧૮–બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યાઃ–'મનુષ્યોને જે જે વસ્તુ અત્યંત પ્રિય હોય છે તેનો પરિગ્રહ કરવો તે દુઃખકારક થાય છે. માટે આ વસ્તુ જાણનારો મનુષ્ય, પરિગ્રહનો ત્યાગ કરી અનંત સુખ પામે છે.[૧] જેમ એક ટિટોડો ક્યાંકથી માંસ લાવ્યો એટલે જેઓની પાસે માંસ ન હતું એવાં બીજાં પક્ષીઓ તેને મારવા લાગ્યાં; ત્યારે તે માંસનો ત્યાગ કરી એ ટિટોડો સુખ પામ્યો હતો. (આ ઉપરથી હું શીખ્યો કે, પરિગ્રહનો ત્યાગ અત્યંત સુખદાયી છે.)[૨]

'૧૯–(બાળક પાસેથી હું શીખ્યો છું કે,) જેમ બાળકને માન કે અપમાન હોતું નથી ને ઘરવાળાં તથા છોકરાંવાળાંઓને જે ચિંતા હોય છે તે ચિંતા પણ તેને હોતી નથી, તેમ મને પણ માન કે અપમાન નથી અને ઘર–પુત્રવાળાઓને જે ચિંતા હોય છે તે ચિંતા પણ નથી. હું કેવળ આત્મામાંજ–ક્રીડા કરતો અને આત્મામાંજ પ્રીતિ રાખતો આ લોકમાં વિચર્યા કરું છું.[૩] આ જગતમાં જે અજ્ઞાની તથા નિરુદ્યમી બાળક છે તેમજ બીજો જે પ્રકૃતિથી પર રહેલા ઈશ્વરને પામી ચૂક્યો છે તે બન્ને જણાજ ચિંતાથી મુક્ત અને પરમા-

* આ અધ્યાયમાં 'ટિટોડાની પાસેથી તથા દેહથી દત્તાત્રેય જે શીખ્યા હતા તે સાંભળીને યદુરાજા કૃતાર્થ થયો,' એ શ્રીકૃષ્ણે વર્ણવ્યું છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

નંદમાં મગ્ન રહે છે.[૪]

'૨૦-(હવે એક કુમારી પાસેથી હું શીખ્યો છું તે કહું છું:-) કોઈ એક ગામમાં એક કુંવારી કન્યા હતી. એક વેળા તેનાં માતાપિતા વગેરે ક્યાંક બહાર ગયાં હતાં, તે વખતે તેનું પોતાનું વેવિશાળ કરવા માટે બહારગામથી પરોણા આવ્યા, જેથી તે કન્યા પોતેજ તે પરોણાઓનો આદર-સત્કાર કરવા લાગી.[૫] હે રાજન્! એ પરોણાઓને ભોજન કરાવવા માટે તે કન્યા, એકાંતમાં ડાંગેર ખાંડવા લાગી. તે વેળા તેનાં કાંડામાં રહેલી ચૂડીઓ મોટો અવાજ કરવા લાગી.[૬] એટલે તે મહાબુદ્ધિમાન કન્યાએ જાણ્યું કે, (આ અવાજ ઉપરથી મહેમાનો જાણી જશે કે, હું પોતે ડાંગર ખાંડવા બેઠી છું તે નિંદ્ય છે)-મારાં માતાપિતાના દારિદ્રયને જણાવનારું છે; આમ માનીને તે કન્યા શરમાઈ ગઈ. તેણે પોતાના બન્ને હાથમાંની બધી ચૂડીઓ કાઢી નાખી; માત્ર બન્ને હાથમાં બે બે ચૂડીઓજ રહેવા દીધી.[૭] તે પછી ફરી ખાંડવા માંડતાં પેલી બે ચૂડીઓનો પણ અવાજ થવા લાગ્યો; એટલે તે કન્યાએ એક હાથમાં એકજ ચૂડી રહેવા દીધી, જેથી તે એક એકમાંથી અવાજ થયો નહિ.[૮] હે શત્રુદમન રાજા! હું, લોકોમાં કઇ વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય છે અને કઈ વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે; એ તત્ત્વને જાણવાની ઈચ્છાથી લોકોમાં વિચરું છું; જેથી મેં તે કન્યાની પાસેથી આ ઉપદેશ શીખી લીધો કે, ઘણાઓની સાથે રહેવામાં કજિયો થાય છે અને બે જણ સાથે રહેવામાં વાતચીત થયા કરે છે; માટે તે કુમારીની ચૂડીઓની પેઠે એકલાજ વિચરવું જોઇએ.[૯-૧૦]

'૨૧-(ચિત્તની એકાગ્રતા તે દ્વૈતની અસ્ફૂર્તિરૂપ સમાધિમાં કારણ છે. આ ઉપદેશ હું એક બાણ બનાવનારા પાસેથી શીખ્યો છું.) એક બાણ બનાવનારો જ્યારે બાણ બનાવતો હતો ત્યારે તેનું મન બાણને સરળ કરવામાં એવું તો લાગી જતું હતું, કે જેથી તે વખતે તેની પાસેથી (વાજતેગાજતે) જતા રાજાને પણ તે જોતો ન હતો. એ રીતે-યોગીએ પણ પોતાના આત્માને વિષે મનને એવું તો એકાકાર કરવું જોઇએ કે, જેથી તે વેળા બહાર કે અંદર બીજું કંઈપણ તે જાણી શકે નહિ. આળસથી રહિત થયેલા યોગીએ પ્રથમ આસનનો તથા શ્વાસનો જય કરીને વૈરાગ્ય વડે (વિક્ષેપ નહિ પામતા) અને અભ્યાસના યોગથી લક્ષ્યમાં સ્થિર કરાતા મનને એક પરમાત્મામાંજ જોડી દેવું જોઇએ,+ કે જે પરમાનંદસ્વરૂપ પરમાત્મામાં સ્થિર થયેલું મન, ધીમે ધીમે કર્મના રેણુરૂપ વાસનાઓનો ત્યાગ કરે છે અને પછી સત્વગુણ વધવાથી રજોગુણ તથા તમોગુણનો નાશ કરીને છેવટે ગુણો અને તેનાં કર્મોથી પણ રહિત થઇને નિર્વાણ પામે છે-અર્થાત્ વૃત્તિથી રહિત થઇને કેવળ ધ્યેયના આકારે સ્થિતિ કરે છે[૧૧-૧૩]*

'૨૨-(‡સર્પની પાસેથી હું આ શીખ્યો છું કે,) જેમ સર્પ એકલો ફરે છે, નિયત એકજ સ્થાને રહેતો નથી, અપ્રમાદી રહે છે, ગુફામાં-એકાંતે પડી રહે છે, આચાર ઉપરથી જણાતો નથી કે આ ઝેરી છે કે નહિ, કોઇની સહાય લેતો નથી

+ કહેવાનો ભાવ એ છે કે, આસનનો જય કરવાથી પ્રાણવાયુનો જય થાય છે અને પ્રાણવાયુના જયથી મનને નિશ્ચળ કરી શકાય છે; પણ તેમાં પ્રથમ વૈરાગ્ય તથા અભ્યાસની અવસ્ય જરૂર રહે છે. કારણ કે જો વૈરાગ્ય તથા અભ્યાસ ન હોય તો મન ક્ષણવાર નિશ્ચળ થાય છે; પણ પાછું વિષયવાસનાથી વિક્ષિપ્ત બને છે અથવા સુષુપ્તિની પેઠે સર્વથા લય પામી જાય છે. —શ્રીધર

* યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:-

'मनसो वृत्तिशून्यस्य ब्रह्माकारतया स्थितिः ।
याऽसंप्रज्ञातनामासौ समाधिरभिधीयते ॥'

વૃત્તિશૂન્ય થયેલા મનની જે બ્રહ્માકારપણે સ્થિતિ તે અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે. —શ્રીધર

'‡ યોગીએ, યોગીઓના સહવાસમાં પણ નહિ રહેવું જોઇએ, એમ પ્રથમ કુમારીની ચૂડીઓના દૃષ્ટાંતથી કહીને હવે મનુષ્યોના સંગને પણ યોગીએ તજવો જોઇએ, તે સર્પના દૃષ્ટાંતથી કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને થોડુંકજ બોલે છે, તેમ મુનિએ પણ એકલાજ ફરવું, નિયત એકજ સ્થાનમાં રહેવું નહિ, અપ્રમાદી રહેવું, ગુફાઓ જેવાં એકાંત સ્થાને પડી રહેવું, આચાર ઉપરથી પોતે મુનિ છે કે નથી, તે કોઇને જણાવા દેવું નહિ, કોઇની સહાય લેવી નહિ અને મિતભાષી થવું. વળી જેમ સર્પ પોતાનું ઘર કરતો નથી, પણ પારકા ઘરમાં પેસી જઈ સુખેથી વૃદ્ધિ પામે છે, તેમ મુનિએ પણ પોતાને માટે ઘર નહિ કરીને પારકાં ઘરમાં રહી સુખી થવું; કારણ કે ઘર બાંધવું તે અત્યંત દુઃખદાયી છે, અને નાશવંત શરીરવાળાને તે ઘરનો આરંભ નિષ્ફળ છે.૧૪।૧૫

'૨૩-(કોઇ જાતની સાધનસામગ્રી વિના કેવળ એક ઈશ્વરથીજ જગતની ઉત્પત્તિ તથા સંહાર થાય છે, તે વાત મેં કરોળિયાના દૃષ્ટાંત વડે જાણી છે; તે તમે સાંભળો.) જેમ કરોળિયો હૃદયમાંથી ઉત્પન્ન થયેલી પોતાની લાળને મુખદ્વારા ફેલાવીને તે લાળ સાથે રમત-ગમત કરી ફરી પાછો તેને ગળી જાય છે, તેમ પરમાત્મા પણ પોતે જગતને ઉત્પન્ન કરી તે જગત સાથે ક્રીડા કરીને જગતનો પોતામાંજ લય કરી દે છે. આ રીતે બીજાં કોઇ પણ સાધનની અપેક્ષા નહિ રાખતા-એક નારાયણદેવ, પોતાની માયાએ પ્રથમ સૃજેલા આ જગતનો કલ્પાંતસમયે પોતાની કાળશક્તિથી સંહાર કરી સર્વ જીવોના આધાર અને સર્વના આશ્રયરૂપ એવા તે ઈશ્વર એકજ અદ્વિતીયરૂપે—+સજાતીય-વિજાતીય-સ્વગતભેદથી રહિત રહ્યા હતા. તે સમયે પોતાના પ્રભાવરૂપ કાળને લીધે જગતના કારણરૂપ એવી સત્ત્વગુણ આદિ શક્તિઓ પણ જ્યારે પ્રધાનમાં લઇ જવાય છે, ત્યારે તે પ્રધાન તથા પુરુષના પણ ઈશ્વર એવા આદિપુરુષ એકજ રહે છે કે જે, બ્રહ્માદિ દેવોને તથા બીજા મુક્ત જીવોને પરમ-પ્રાપ્ત કરવા યોગ્ય, 'મોક્ષ' શબ્દ વડે કહેવા યોગ્ય, કેવલ નિર્વિષય, અનુભવસ્વરૂપ, આનંદના સમૂહરૂપ અને હરકોઇ ઉપાધિથી રહિત છે. આ પરમાત્મા કેવળ પોતાના પ્રભાવરૂપ એવા કાળથી પોતાની ત્રિગુણાત્મક માયાને ક્ષોભ પમાડીને પ્રથમ-સૃષ્ટિના આરંભમાં તે માયા વડેજ સૂત્ર-મહત્તત્ત્વને ઉત્પન્ન કરે છે. હે ×રાગદ્વેષાદિ શત્રુઓનું દમન કરવામાં સમર્થ રાજા! વિદ્વાનો કહે છે કે, તે આ મહત્તત્ત્વ ત્રણ ગુણોનું કાર્ય છે અને તેથીજ અનેક પ્રકારના ત્રિગુણાત્મક જગતને તે (પોતામાંથી થયેલા અહંકારદ્વારા) ઉત્પન્ન કરે છે, એવા આ ત્રણે ગુણના કાર્યને 'સૂત્ર'* એવું નામ વેદોમાં આપેલું છે. કારણ કે આ જગત પોતાના કારણરૂપ સમષ્ટિ સૂત્રમાં ગૂંથાઈ રહ્યું છે અને એ વાયુરૂપ સૂત્ર પ્રાણવાયુને લીધેજ જીવ સંસારને પામ્યા કરે છે.૧૬-૨૧

'૨૪-(ભગવાનનું ધ્યાન કરનારાને ભગવાનનું સારૂપ્ય પ્રાપ્ત થાય, એ કંઇ આશ્ચર્ય નથી. એ હું ભમરીએ પકડીને દરમાં પૂરેલા કીડાની પાસેથી શીખ્યો છું, તે કહું છું-) હે રાજન્! ભ-

+ એક ઝાડ બીજાં ઝાડોથી જુદું છે, તે સજાતીય ભેદ કહેવાય છે; એક ઝાડ પર્વત વગેરે પદાર્થોથી જુદું છે, તે વિજાતીય ભેદ કહેવાય છે અને એક ઝાડ પોતાનાંજ પાંદડાં-ફળ-ફૂલથી જુદું જુદું છે, તે સ્વગતભેદ કહેવાય છે. આ ત્રણે પ્રકારના ભેદ પરમાત્મામાં નથી; કારણ કે પરમાત્મા એ, ચાર અથવા અધિક ન હોવાથી સજાતીય ભેદથી રહિત છે; પરમાત્માથી ભિન્ન જીવ-જગત કાંઇ પણ સત્ય ન હોવાથી વિજાતીય ભેદથી રહિત છે; તેમજ પરમાત્મામાં અવયવ, ગુણ, ક્રિયા, જાતિ, અને સંબંધ એ પાંચમાંથી એક પણ વિદ્યમાન ન હોવાથી સ્વગતભેદ પણ બનતો નથી. —મા. ક.

× જીવોને સંસારનું કારણ એ સૂત્ર-મહત્તત્ત્વ સરજાયું છે તોપણ તમારે તેનાથી ભય પામવું નહિ, એમ સૂચવવાને આ સંબોધન આપ્યું છે. —શ્રીધર

* "वायुर्वै गौतम तत्सूत्रं वायुना वै गौतम सूत्रेणायं च लोकः परश्च लोकः सर्वाणि च भूतानि संदृब्धानि भवंति ॥"

(बृह. उ. ३-७-२)

'હે ગૌતમ! (ઉદ્દાલક)' એ સૂત્ર વાયુ છે. વાયુરૂપી સૂત્રથી આ લોક, પરલોક તથા સર્વભૂત (પ્રાણીમાત્ર) ગૂંથાઇ રહેલ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભમરીએ પકડીને દરમાં દાખલ કરેલો કીડો (ભયથી) તે ભમરીનુંજ ધ્યાન કરતો કરતો પોતાના શરીરનો ત્યાગ કર્યા વિનાજ ભમરીરૂપ બની જાય છે; તેમ હરકોઇ પ્રાણી સ્નેહથી, દ્વેષથી કે ભયથી જેમાં જેમાં મનને એકાગ્ર કરે છે, તે તે રૂપ પોતે બની જાય છે. (તો પછી કેવળ ભગવાનનુંજ મનથી ધ્યાન કરતો મનુષ્ય ભગવત્સ્વરૂપ કેમ ન બને ?)[૨૨,૨૩]

'એ પ્રમાણે ચોવીસ ગુરુઓ પાસેથી મે શિખામણો લીધી છે. હવે હે રાજન્! મેં મારા શરીર પાસેથી જ શિખામણ લીધી છે, તે હું કહું છું તમે સાંભળો.[૨૪] દેહ મારો ગુરુ છે; કારણ કે તે વૈરાગ્ય તથા વિવેકનું કારણ છે અને હમેશાં દુઃખજ જેનું ઉત્તમ ફળ છે એવા જન્મ તથા વિનાશને ધારણ કરે છે. વળી આ દેહ વડે હું તત્ત્વોનો બરાબર રીતે વિચાર કરી શકું છું (તેથી તે મારો ઉપકારી છે) તોપણ અંતે પારકોજ છે–કૂતરાં, શિયાળ વગેરેનું ભક્ષ્યજ છે; આવો નિશ્ચય કરીને તેના ઉપર આસક્તિ રાખ્યા વિનાજ હું વિચર્યા કરું છું.[૨૫] દેહનું પ્રિય કરવાની ઇચ્છાથી પુરુષ, સ્ત્રી, પુત્ર, ધન, પશુ, ચાકર, ઘર અને સગાંસંબંધીઓના વર્ગનો વિસ્તાર કરે છે, તેઓનું પોષણ કરે છે અને મહાકષ્ટે ધન એકઠું કરે છે; આવો દેહ પોતાના આયુષના અંતે વિનાશ પામે છે અને તે પણ પુરુષને બીજા દેહનાં બીજરૂપી કર્મો ઉત્પન્ન કરીને નાશ પામે છે. (જેથી દેહના નાશ પછી પણ દુઃખની સમાપ્તિ થતી નથી.) આ રીતે દેહ વૃક્ષોના જેવા ધર્મવાળો છે; (અર્થાત્ જેમ વૃક્ષ નાશ પામે છે; પરંતુ બીજા વૃક્ષનું બીજ ઉત્પન્ન કરતું જાય છે, તેમ દેહ પણ બીજા દેહના બીજરૂપ કર્મ ઉત્પન્ન કરીનેજ નાશ પામે છે.) જેમ ઘણી શોક્યો ઘરધણીને પોતપોતાની તરફ ખેંચે છે અને દુઃખી કરે છે, તેમ આ દેહને અથવા દેહાભિમાની પુરુષને એક બાજુથી જિહ્વાઇન્દ્રિય રસ તરફ અને કોઇ વેળા તૃષા જળ તરફ ખેંચે છે; ત્યારે બીજી બાજુથી શિશ્નઇન્દ્રિય મૈથુન તરફ, ત્વચા ઇન્દ્રિય સ્પર્શ તરફ, ઉદર અન્ન તરફ, શ્રવણેન્દ્રિય શબ્દ તરફ, ઘ્રાણેન્દ્રિય ગંધ તરફ, ચપલ એવી દૃષ્ટિ રૂપ તરફ અને આ સિવાયની બીજી કર્મેન્દ્રિયો પણ પોતપોતાના વિષયો તરફ ખેંચે છે. આમ તેને છિન્નભિન્ન કરી નાખે છે.[૨૬] (આ રીતે આ દેહ મારો ગુરુ છે અને આ મનુષ્યદેહ અત્યંત દુર્લભ પણ છે. હવે જુઓ–) દેવ–પરમાત્માએ પોતાની શક્તિ–માયાથી વૃક્ષો, સર્પો, પશુઓ, પક્ષીઓ, મચ્છરો તથા માછલાં–અનેક જાતનાં શરીરો ઉત્પન્ન કર્યાં, પરંતુ તેથી તેમનું હૃદય સંતુષ્ટ થયું નહિ; (કેમકે તે કોઈ પણ શરીરમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરે તેવી બુદ્ધિ ન હતી.) પછી પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે જેમાં બુદ્ધિ હતી એવું મનુષ્યશરીર ઉત્પન્ન કરીને તે ભગવાન આનંદ પામ્યા. (આ રીતે મનુષ્યશરીર અત્યંત દુર્લભ છે; માટે તેને પામીને જીવે ઈશ્વરનિષ્ઠા કરવી જોઇએ.)[૨૭,૨૮] આ મનુષ્યશરીર જો કે અનિત્ય છે તોપણ સર્વ પુરુષાર્થોને મેળવી આપનારું અને અત્યંત દુર્લભ છે; તેને અનેક જન્મોના અંતે (દૈવયોગે) પ્રાપ્ત કરીને ધીરપુરુષે, વારંવાર મૃત્યુ પામતું તે શરીર પડી ન જાય તેટલામાં મોક્ષને માટે પ્રયત્ન કરવો જોઇએ; કારણ કે વિષયો તો સઘળાં શરીરોમાં પણ મળી રહે છે. (એટલે મનુષ્યશરીર પ્રાપ્ત કરીને વિષયો માટે પ્રયત્ન કરવો ન જોઇએ, પણ મોક્ષ માટેજ યત્ન કરવો જોઇએ.)[૨૯] આ રીતે (અનેક ગુરુઓ પાસેથી શીખવાથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળો ને વિશિષ્ટ જ્ઞાનરૂપી દીવાવાળો હું કેવળ આત્મામાંજ સ્થિતિ કરી, સર્વ સંગનો ત્યાગ કરી, અહંકારરહિત થઇને આ પૃથ્વી પર વિચર્યા કરું છું.[૩૦] (જો કે જ્ઞાન સંપાદન કરવા માટે ગુરુ તો એકજ કરવો જોઇએ, તો પણ) એક ગુરુ પાસેથી સંપાદન કરેલું જ્ઞાન અત્યંત સ્થિર અને પુષ્કળ થઇ શકતું નથી. કારણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે ઋષિઓએ અદ્વિતીય એવા આ બ્રહ્મને (સપ્રપંચ અને નિષ્પ્રપંચ વગેરે ભેદોથી) અનેક પ્રકારે વર્ણવેલ છે.[૩૧]÷

શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યાઃ–'યદુ રાજા વડે વંદન કરાયલા અને પ્રાર્થના કરાયલા તે ગંભીર બુદ્ધિવાળા બ્રાહ્મણ દત્તાત્રેય, યદુરાજાને એ પ્રમાણે કહીને તેને પૂછી પ્રસન્ન થઇને, આવ્યા હતા તે પ્રમાણે (સ્વેચ્છાએ) ચાલ્યા ગયા.[૩૨] આપણા પૂર્વજોના પણ પૂર્વજ તે યદુરાજા, અવધૂત દત્તાત્રેયનાં વચન સાંભળીને સર્વ સંગથી મુક્ત થયા અને તેમણે ભગવાનમાંજ ચિત્ત સ્થાપી દીધું હતું. (આ રીતે આપણું કુળ બ્રહ્મવેત્તા હોઇને પ્રશંસાપાત્ર છે.')[૩૩]

अवधूतवचः श्रुत्वा पूर्वेषां नः सपूर्वजः ।
सर्वसंगविनिर्मुक्तः समचित्तो बभूवह ॥३३॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

÷ અહીં કહેવાનો ભાવ એ છે કે, મેં આ અનેક ગુરુઓ કર્યાં છે. તેઓ મને પરમાર્થનો ઉપદેશ કરનારા ગુરુઓ નથી;પણ અન્વય તથા વ્યતિરેકથી આત્માને વિષે અસંભાવના વગેરેનેજ માત્ર દૂર કરનારા છે; માટે આવા અનેક ગુરુઓ કરવા તે યોગ્યજ છે. બાકી જ્ઞાન આપનાર ગુરુ તો એકજ હોય છે. આ સંબંધે આગળ જતાં કહેવામાં આવશેઃ–'मदभिज्ञं गुरुं शान्तमुपासीत । મને જાણનારા શાંત ગુરુની ઉપાસના કરવી.' વળી કહ્યું છે કે,'तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् । ઉત્તમ કલ્યાણને જાણવા ઇચ્છનારાએ ગુરુને શરણે જવું જોઇએ.'–(આમ જ્ઞાનદાતા ગુરુ તો એકજ હોય છે; પણ તે જ્ઞાન સ્થિર કરવા માટે અનેકનો આશ્રય લેવો પડે છે.)–શ્રી.

अध्याय १० मो×

આત્માને વસ્તુતઃ સંસાર નથીજ

॥ श्रीभगवानुवाच ॥

मयोदितेष्ववहितः स्वधर्मेषु मदाश्रयः ।
वर्णाश्रमकुलाचारमकामात्मा समाचरेत् ॥१॥

શ્રીભગવાન બોલ્યાઃ–*મેં (પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં) કહેલા સ્વધર્મોમાં સાવધાન રહેનારા પુરુષે, મારોજ આશ્રય કરીને નિષ્કામચિત્તે (સ્વધર્મને બાધ ન આવે તે રીતે) વર્ણ, આશ્રમ તથા કુળના આચારો પાળવા. જેનું ચિત્ત (સ્વધર્માનુષ્ઠાનથી) શુદ્ધ થયું હોય તેવા પુરુષે, વિષયોમાં સત્યપણાના દુરાગ્રહને લીધે સર્વ આરંભોમાં વિષયાત્મા લોકોને જે વિપરીત ફળ પ્રાપ્ત થાય છે તે જોયા કરવું. (જેથી પોતાને નિષ્કામપણું પ્રાપ્ત થાય છે.) જેમ સૂતેલા મનુષ્યને (સ્વપ્નમાં થતું) વિષયદર્શન અનેક પ્રકારનું હોવાથી મિથ્યા છે અથવા (રાજા વગેરેના વૃત્તાંતનો) વિચાર કરતા મનુષ્યોનો તે તે વિષયનો મનોરથ પણ અનેક પ્રકારનો હોવાથી મિથ્યા છે, તેમ ઇન્દ્રિયોથી જે જે અનેક પ્રકારની ભેદબુદ્ધિ થાય છે, તે પણ અનેક પ્રકારની હોવાથી મિથ્યા છે.+[૧–૩] મારામાં પરાયણ રહેતા પુરુષે, કામ્ય ક-

× આ અધ્યાયમાં આત્માને દેહના સંબંધથી સંસાર છે, પરંતુ સ્વતઃ સંસાર છેજ નહિ, એ મતાંતરોના ખંડનપૂર્વક વર્ણવાશે. —શ્રીધર

* પૂર્વ અધ્યાયમાં કહ્યા પ્રમાણે અન્વય તથા વ્યતિરેકથી જેને વિવેકજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેવા પુરુષને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય, તે માટે ભગવાન પ્રથમથી આરંભી સાધનોનો ઉપદેશ કરે છે. —શ્રીધર

+ આ શ્લોકમાં કામ્ય વિષયોનું મિથ્યાત્વ અનુમાનથી દર્શાવ્યું છે. તે અનુમાન આવું છેઃ ઇન્દ્રિયોથી જે જે બાહ્ય અનેક બુદ્ધિ થાય છે, તે તે મિથ્યા છે. કારણ કે તે અનેકરૂપ છે અને ઇન્દ્રિયોથી થનારી છે. જેમ મન વડે ઉત્પન્ન થતાં સ્વપ્નો અને મનોરથો અનેક પ્રકારનાં હોવાથી મિથ્યા છે તેમ. આવાં અનુમાનો કરવાથી પણ નિષ્કામપણું પ્રાપ્ત થઇ શકે છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ર્મોનો ત્યાગ કરવો, પણ નિવૃત્ત કર્મો (નિષ્કામ ભાવનાપૂર્વક કરેલાં નિત્ય નૈમિત્તિક કર્મો) તો કરવાંજ.† પછી આત્મવિચારમાં સમ્યક્ પ્રવૃત્તિ થઈ જાય એટલે તે નિત્ય નૈમિત્તિક કર્મોનો પણ આદર કરવો નહિ.[4] § વળી મારામાં પરાયણ રહેતા પુરુષે અહિંસા વગેરે ÷યમોનું આદરથી સેવન કરવું, પણ શૌચ આદિ નિયમોનું* તો (આત્મજ્ઞાનમાં વિરોધ ન આવે તેમ) ક્વચિત્ (પોતાની શક્તિ અનુસાર) સેવન કરવું; તેમજ મને જાણનારા અને મારા સ્વરૂપ એવા શાંત ગુરુને (યમો પાળવાનો આદર છોડી દઇને પણ) સેવવા.[5] ગુરુની સેવા કરનારા પુરુષે માનરહિત થવું; મત્સરનો ત્યાગ કરવો; આળસરહિત થવું; સ્ત્રીપુત્રાદિ ઉપરની મમતાને છોડી દેવી; ગુરુ પર દૃઢ પ્રેમ રાખવો; વ્યગ્ર ન થવું; તત્ત્વાર્થ જાણવાની ઇચ્છા રાખવી, ગુણો પર દોષારોપ કરવાનો ત્યાગ કરવો અને વ્યર્થ બોલવું નહિ.[6] પોતાની સ્ત્રી, પુત્ર, ઘર, ક્ષેત્ર, સ્વજનો તથા ધન વગેરેમાં ઉદાસીન થવું અને આત્માનું પ્રયોજન સર્વત્ર સરખુંજ હોય તેમ જોવું.*[7] ÷જેમ બાળનારો અને પ્રકાશક એવો અગ્નિ, બાળવા યોગ્ય અને પ્રકાશ કરવા યોગ્ય એવાં કાષ્ઠથી જુદોજ છે, તેમ દ્રષ્ટા અને સ્વપ્રકાશ એવો આત્મા દશ્ય અને પ્રકાશ્ય એવા સ્થૂલ, સૂક્ષ્મ જડ દેહથી જુદોજ છે તેમજ વિલક્ષણ છે.[7,8] વળી જેમ અગ્નિ, લાકડામાં દાખલ થઇ તે લાકડાએજ કરેલા નાશ, ઉત્પત્તિ, નાનાપણું, મોટાપણું અને અનેકપણું વગેરે ગુણોને પામે છે, (નહિ કે વસ્તુતઃ અગ્નિ પોતેજ એવો છે) તેમ દેહમાં દાખલ થયેલો ÷આત્મા એ દેહથી પર છે–નિત્ય આદિ વિલક્ષણ સ્વરૂપવાળો છે, છતાં દેહના અનિત્યત્વ આદિ ગુણોને અનુભવે છે. (માટે નિત્યત્વ આદિ ગુણોથી પણ આત્મા વિલક્ષણ છે.)[9] ×જે આ સ્થૂલ–સૂક્ષ્મ દેહ, ઈશ્વરને અધીન એવી માયાના ગુણોથી રચાયલો છે તેમાં અધ્યાસને કારણે પુરુષ–જીવને આ સંસાર થયેલો છે અને તે સંસારને દૂર કરનાર આત્મવિદ્યા છે.[10] માટે કાર્ય–કારણના (સ્થૂલ શરીરાદિ કાર્ય અને અવિદ્યારૂપ કારણના) સમુદાયરૂપ દેહમાં રહેલા, કેવલ–શુદ્ધ અને તે દેહથી પર–વિલક્ષણ એવા આત્માને તેને જાણવાની ઇચ્છારૂપ વિચારથી સમ્યક્ જાણીને આ

---

† આ અભિપ્રાય સ્મૃતિ કહે છેઃ

'मोक्षार्थी न प्रवर्तेत तत्र काम्यनिषिद्धयोः ।
नित्यनैमित्तिके कुर्यात् प्रत्यवायजिहासया ॥

મોક્ષની ઇચ્છા રાખનારાએ કામ્ય કર્મો તથા શાસ્ત્રનિષિદ્ધ કર્મો કરવાં નહિ; પણ જે નહિ કરવાથી દોષ લાગે છે તે દોષ ન લાગે તે માટે નિત્ય નૈમિત્તિક કર્મો તો કરવાં જોઇએ. —શ્રીધર

§ શાસ્ત્રે વિહિત કર્મ ચાર પ્રકારનાં કહેલાં છે. નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને પ્રાયશ્ચિત્ત. સંધ્યાપૂજાદિ રોજ કરવાનાં કર્મ તે નિત્યકર્મ; શ્રાદ્ધાદિ નિમિત્તના કારણથી કરાતાં કર્મ તે નૈમિત્તિક કર્મ; પુત્ર, ધન, કીર્તિ અથવા સ્વર્ગાદિની કામનાથી કરાતાં કર્મ તે કામ્ય કર્મ અને પાપનાં નિવારણ માટે કરાતાં કર્મ તે પ્રાયશ્ચિત્ત કર્મ. એમાંથી કામ્ય કર્મ પ્રવૃત્તિપોષક (જન્મ–મરણ દેનાર) હોવાથી ત્યાજ્ય છે. બાકીનાં ત્રણ પ્રકારનાં કર્મ મળવિક્ષેપનાશક (અંતઃકરણની શુદ્ધિ કરનારાં) હોવાથી નિવૃત્તિપોષક છે. પણ જ્યારે જ્ઞાન અને વિજ્ઞાનની દૃઢતા થાય છે, ત્યારે નિત્ય નૈમિત્તિકાદિ કર્મ પણ સહજ છૂટી જાય છે. —ભા. ક.

÷ યમો, આગળ બારમા અધ્યાયમાં કહેવાશે.

* નિયમો ૧૯મા અધ્યાયમાં કહેવાશે. —ભા. ક.

* કહેવાનો ભાવ એ છે કે, સર્વ શરીરોમાં આત્મા એકજ છે, તેથી સ્ત્રી આદિના શરીરમાં તથા પોતાના શરીરમાં આત્માને સુખાદિ પ્રયોજન સરખુંજ છે; તો પછી કઇ વિશેષતાથી સ્ત્રીપુત્રાદિ ઉપરજ મારે મમતા રાખવી? આમ ઉદાસીન થઇને ગુરુને શરણે જવું. —શ્રીધર

÷ કદાચ ઉદ્ધવ કહે કે, એવો દેહ વગેરેથી ભિન્ન આત્મા કોણ છે, કે જે એકજ હોવાથી સર્વત્ર એકજ પ્રયોજનવાળો હોય? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

× કદાચ શંકા થાય કે, અગ્નિ તથા કાષ્ઠનો તે સંયોગ થાય છે, તેથી અગ્નિમાં કાષ્ઠના ધર્મ ઘટી શકે; પણ આત્મા તો અસંગ છે; તેને દેહની સાથે કે દેહના ધર્મોની સાથે સંબંધ કેમ ઘટી શકે? અને જો સંબંધ ઘટે છે તો તેની નિવૃત્તિ કેમ થાય? આના સમાધાનમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેહાદિમાં થયેલી વસ્તુબુદ્ધિ (ચૈતન્યબુદ્ધિ)નો સ્થૂલ–સૂક્ષ્મ ક્રમથી† ત્યાગ કરવો જોઇએ.[૧૧] *ગુરુ તે નીચે રહેનારું અરણિકાષ્ઠ છે; શિષ્ય તે ઉપર રહેનારું અરણિકાષ્ઠ છે; ગુરુનો ઉપદેશ તે બે અરણિની વચ્ચે રહેનારું અગ્નિ મથવાનું કાષ્ઠ છે અને ઉપદેશથી ઉત્પન્ન થનારું આત્મજ્ઞાન તે મંથનકાષ્ઠથી થનાર અગ્નિરૂપ છે; તે આ આત્મજ્ઞાનરૂપી અગ્નિ સુખકારક છે.+[૧૨] અતિ નિપુણ શિષ્યે પ્રાપ્ત કરેલી અથવા અતિ નિપુણ ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલી તે અતિ વિશુદ્ધ આત્મવિદ્યા, ગુણોના કાર્યરૂપ માયાનો નાશ કરે છે અને જે ગુણોમય એવું આ જગત, જીવને સંસારનું કારણ બને છે તે ગુણોને પણ બાળીને લાકડાં વિનાનો અગ્નિ જેમ શાંત થઇ જાય છે, તેમ તે આત્મવિદ્યા પોતે પણ શાંત થઈ જાય છે. (આ રીતે કાર્યરૂપ દેહ–ઇન્દ્રિય વગેરેનું, કારણરૂપ અજ્ઞાનનું તેમજ તે બન્નેને દૂર કરનાર જ્ઞાનનું પણ વ્યવધાન નહિ રહેવાથી જીવ સાક્ષાત્ પરમાનંદસ્વરૂપ થઈ રહે છે.)[૧૩]× હવે (જૈમિનીય *મીમાંસકો માને છે તેમ) તમે માનતા હો કે, આત્મા અનેક છે; તેઓ સર્વે કર્મોના કર્તા છે અને સુખ તથા દુઃખના ભોક્તા છે; તેમજ લોક, કાળ, વેદ અને તે આત્માઓ નિત્ય છે. વળી (પુષ્પમાળા, ચંદન વગેરે) સર્વ પદાર્થોની સ્થિતિ પ્રવાહરૂપે નિત્ય છે (માટે તેઓનો કર્તા કોઇ ઈશ્વર છેજ નહિ) અને તે સ્થિતિ બરાબર છે–માયામય નથી; તેમજ (આત્માના સ્વરૂપભૂત એવું જ્ઞાન નિત્ય છે અને એકજ છે એમ નથી. કારણ કે) તે તે ઘટ–પટાદિ આકારભેદને લીધે ભિન્ન ભિન્ન જ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે તે અનિત્ય છે અને જુદાં જુદાં÷ છે.[૧૪।૧૫] આમ તમે માનતા હો

† સ્થૂલ શરીરરૂપ કાર્યનો પૃથ્વીમાં લય કરવો (અર્થાત્ સ્થૂલ શરીરમાંથી ચૈતન્ય બુદ્ધિના ત્યાગરૂપ ભાવના કરવી. પૃથ્વીનો જલમાં, જલનો તેજમાં, તેજનો વાયુમાં અને વાયુનો આકાશમાં લય કરવો. એવીજ રીતે ઇન્દ્રિય, મન આદિ કાર્યનો પણ કારણમાં લય કરવો (કાર્યને કારણરૂપ માનવારૂપ ભાવના કરવી.)

* ગુરુ પાસેથી મેળવેલું આત્મજ્ઞાન અવિદ્યા અને અવિદ્યાના કાર્યને દૂર કરવા સમર્થ છે, એ સ્પષ્ટ કરવા માટે જ્ઞાનની ઉત્પત્તિને અગ્નિની ઉત્પત્તિના રૂપકથી વર્ણવે છે. —શ્રીધર

+ આ શ્લોકનો સંપૂર્ણ આશય આ શ્રુતિ દર્શાવે છેઃ '**आचार्यः पूर्वरूपम्, अन्तेवास्युत्तररूपम्, विद्या संधिः, प्रवचनं संधानम्।**' (**तैत्ति. उ. १–३–३**) ગુરુ નીચેનું અરણિકાષ્ઠ છે; શિષ્ય ઉપરનું અરણિકાષ્ઠ છે; આત્મવિદ્યા સંધિમાં થનાર અગ્નિ છે અને ઉપદેશ મધ્યસંધિમાં રાખવામાં આવતું મંથનકાષ્ઠ છે.' —શ્રીધર

× એ રીતે આત્મા સ્વપ્રકાશ, જ્ઞાનસ્વરૂપ, નિત્ય અને એકજ છે; કર્તૃત્વ વગેરે ધર્મો તે દેહની ઉપાધિને લીધે આત્માને લાગુ થયેલા જણાય છે અને આત્મા વિના સર્વ કંઇ અનિત્ય છે તેમજ માયામય છે. માટે સર્વ વસ્તુ ઉપર વૈરાગ્ય કરીને જીવ, આત્મજ્ઞાનથી મુક્ત થાય છે, એમ કહેવામાં આવ્યું; તેમજ એજ વાતનો શ્રુતિઓના સમન્વયથી નિર્ણય પણ કર્યો; છતાં મીમાંસકોના મતે એ વાતને વિરોધ આવતાં સંદેહ ન થઈ જાય તે માટે મીમાંસક મતનું ખંડન કરવાને પ્રથમ તે મતને અહીં જણાવે છે. —શ્રીધર

* મીમાંસકો માને છે કે, 'હું છું' આવી પ્રતીતિ ઉપરથી જાણવામાં આવતો આત્મા પ્રત્યેક શરીરે ભિન્ન ભિન્ન છે અને તે કર્તા તથા ભોક્તા છે; પણ એ આત્માના સ્વરૂપભૂત એવો કોઇ નિર્વિકાર એક પરમાત્મા નથી. તેઓ કહે છે કે, '**अहं प्रत्ययविज्ञेयो ज्ञातव्यः सर्वदैव हि**–'હું' એવી પ્રતીતિથી આત્મા સર્વદા જાણવા યોગ્ય છે; તેમજ તેઓ કહે છે કે, વૈરાગ્ય કદી સંભવતોજ નથી. કારણ કે ભોગોનાં સ્થાનો, ભોગોનો કાળ, ભોગોના ઉપાયરૂપ કર્મોને જણાવનારો વેદ અને ભોક્તા આત્મા–આ બધાં જો અનિત્ય હોય તોજ વૈરાગ્ય સંભવે; પરંતુ તેમ તો છે નહિ. એ સર્વે નિત્ય છે. વળી તેઓ કહે છે કે, **न कदाचिदनीदृशं जगत्।** જગત્ કદી પણ આવું ન હતું એમ નથી–અર્થાત્ સર્વ પદાર્થોની સ્થિતિ પ્રવાહરૂપે નિત્ય છે, પણ માયામય નથી. માટે તેઓનો કર્તા કોઇ ઈશ્વર છેજ નહિ; તેમજ હરકોઇ વસ્તુનું જ્ઞાન ભિન્ન ભિન્ન છે અને તે અનિત્ય છે. —શ્રીધર

÷ આમ કહેવામાં મીમાંસકોનો આવો ગુઢ અભિપ્રાય છેઃ આત્મા, નિત્યજ્ઞાનરૂપ નથી, પણ જ્ઞાનના પરિણામવાળો છે. જો કે આમ કહેવાથી આત્મામાં વિકારીપણું આવી જતાં અનિત્યપણાનો પ્રસંગ આવી પડે છે, પણ તેના સમાધાનમાં તેઓ કહે છે કે, '**विक्रिया ज्ञानरू-**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તોપણ હે ઉદ્ધવ! સર્વ પ્રાણીઓને દેહના સંબંધને લીધે લવ–નિમેષથી આરંભી છેક વર્ષ સુધીના કાળના અવયવોથી વારંવાર જન્માદિ વિકારો થયા કરે છે. (તે તમે સ્વીકારેલા મીમાંસક મતે કદી મટવાના નથી.)[૧૬] વળી તમે સ્વીકારેલા આ મતમાં કર્મોના કર્તા અને સુખ–દુઃખના ભોક્તા એવા આત્માનું પરાધીનપણું જણાય છે; (કેમકે પોતે ઇચ્છતો નથી છતાં દુષ્કર્મોમાં પ્રવૃત્તિ કરી રહેલો જોવામાં આવે છે;) અને એ રીતે જો આત્મા પરાધીન છે તો પછી તેને કયો વિષય સુખ આપી શકશે?[૧૭] (કદાચ તમે કહેશો કે, જેઓ સારી રીતે કર્મ કરી જાણે છે તેઓ સુખીજ છે; પણ જેઓ કર્મ કરી જાણતા નથી તેઓજ દુઃખી છે. આના ઉત્તરમાં કહેવાનું કે,) કોઈ સ્થળે વિદ્વાનોને (એટલે કર્મ કરી જાણનારાઓને) પણ કંઈ સુખ હોતું નથી; તો કોઈ સ્થળે મૂર્ખાઓને (એટલે કર્મ નહિ કરી જાણનારાઓને) પણ કંઇ દુઃખ હોતું નથી. માટે કર્મો કરવાથી અમે સુખી છીએ, એવો તેઓનો માત્ર વૃથા અહંકાર છે.[૧૮] કદાચ તેઓ (કર્મવાદી મીમાંસકો) સુખની પ્રાપ્તિનો તથા દુઃખના વિનાશનો ઉપાય ભલે જાણતા હશે; પણ એવો કોઇ ઉપાય જાણતા નથી કે જેથી સાક્ષાત્ મૃત્યુ પ્રભાવ ન કરી શકે. *આવી સ્થિતિ છે તો પછી વધસ્થાને લઇ જવાતા કોઈ દેહાંત શિક્ષાને પામેલા મનુષ્યને જેમ પુષ્પની માળા, ચંદન વગેરે પદાર્થો સંતોષ આપી શકતા નથી, તેમ જેની સમીપ મૃત્યુ ઊભું છે તેવા મનુષ્યને કયું ધન કે કયો વિષય સુખ આપી શકે તેમ છે?[૧૯-૨૦] આ રીતે સાંભળવામાં આવતાં સ્વર્ગાદિનાં સુખ પણ સ્પર્ધા,[૧] અસૂયા,[૨] નાશ તથા [૩]અપક્ષયથી દુષ્ટ છે; વળી એ સ્વર્ગાદિના સુખમાં પણ કર્મમાં કંઇ વિગુણતા (ભૂલચૂક) વગેરે વિઘ્નો આવે છે, તેથી અનેક વિઘ્નોવાળી ખેતીની પેઠે તે સુખ પણ નિષ્ફળ છે. (અર્થાત્ જેમ આ લોકમાં કંઇ સુખ નથી, તેમ પરલોકમાં પણ કંઇ સુખ નથીજ.) †કદાચ વિઘ્નોથી નહિ નાશ પામેલો યજ્ઞાદિ ધર્મ સારી રીતે આચર્યો હોય અને તેને લીધે સ્વર્ગાદિ જે સ્થાન પોતે સ્વાધીન કર્યું હોય, તે સ્થાનમાં મનુષ્ય જે પ્રકારે જાય છે તે પણ હું તમને કહું છું, સાંભળો.[૨૧-૨૨] યજ્ઞ કરનારો મનુષ્ય, યજ્ઞોથી દેવતાઓનું યજન કરી સ્વર્ગલોકમાં જાય છે ને ત્યાં પોતે સંપાદન કરેલા દિવ્ય ભોગોને દેવોની પેઠે ભોગવે છે; તેમજ પોતાનાં પુણ્યને લીધે સર્વ ભોગોથી સમૃદ્ધ એવા ઉજ્જ્વળ વિમાનમાં દેવીઓની મધ્યે સુંદર વેષ ધારણ કરીને વિહાર કરતા એ પુરુષને ગંધર્વો ગાય છે અને ઇચ્છાનુસાર ગતિ કરતા તથા ઘૂઘરીઓના સમૂહથી શોભતા વિમાનમાં બેસી દેવોનાં ક્રીડાસ્થાનોમાં સ્ત્રીઓની સાથે તે ક્રીડા કર્યા કરે છે; પણ (પુણ્યનો ક્ષય થયે) સ્વર્ગમાંથી પોતાનું પતન થવાનું છે, તેને પોતે જાણતો નથી. એ રીતે સ્વર્ગમાં જ્યાંસુધી પોતાનાં પુણ્ય સમાપ્ત થાય છે ત્યાંસુધી તે

પાઽસ્ય ન નિત્યત્વેવિરોત્સ્યતે। આત્માની વિક્રિયા તે જ્ઞાનરૂપ છે, તેથી તેના નિત્યપણામાં કંઇ હરકત કરી શકશે નહિ. માટે મુક્તાવસ્થામાં ઇન્દ્રિયાદિથી રહિત એવા આત્માને પરિણામનો સંભવ રહેતો નથી, જેથી જડતા આવી જાય છે. માટે મુક્તિની પ્રાપ્તિ એ કોઇ પુરુષાર્થજ નથી અને તેથીજ નિવૃત્તિ કરતાં પ્રવૃત્તિજ વધારે સારી છે. —શ્રીધર

§ એ પ્રમાણે પ્રથમ તો મીમાંસક મત સ્વીકારી લઈ વૈરાગ્યની સિદ્ધિ માટે કહે છે કે, પ્રવૃત્તિમાર્ગ અનર્થનુંજ કારણ છે. —શ્રીધર

* કદાચ કર્મવાદીઓ કહે કે, મૃત્યુની વાત બાજુ પર રહેવા દો, પણ જ્યાંસુધી જીવશે ત્યાંસુધી તો કર્મ કરીને સુખી થશે ને? આના ઉત્તરમાં કહે છે. શ્રીધર

૧. સ્પર્ધા એટલે પારકાં સુખ સહન નહિ કરવાં તે. ૨ અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષો પ્રકટ કરવા તે. ૩ અપક્ષય–એટલે પ્રતિદિન ક્ષય–હ્રાસ.—બાલપ્રબોધિની

† કદાચ માનીએ કે, યજ્ઞાદિ કર્મો કરતાં કોઈ જાતનું વિઘ્ન આવ્યું અને સ્વર્ગાદિ સુખ મળ્યું; તોપણ તે સુખનો નાશ થતાં જે દુઃખ થાય છે, તે તો દુષ્પરિહાર્ય છે, એ કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આનંદ કરે છે; પરંતુ પુણ્યનો ક્ષય થતાં પોતાની ઇચ્છા ન હોય; તોપણ તે પુરુષ, કાળથી પાડી નંખાયલો થઇને નીચે પડે છે. ÷હવે કોઇ પુરુષ દુષ્ટોના સંગથી અથવા પોતે અજિતેન્દ્રિય હોય તેથી અધર્મમાં પ્રીતિવાળો, વિષયથી વ્યાપ્ત મનવાળો, દીન, લાલચુ, સ્ત્રીલંપટ અને પ્રાણીઓની હિંસા કરનારો થઇને વેદોક્ત વિધિનું ઉલ્લંઘન કરી પશુઓનો વધ કરે અને પ્રેતો તથા ભૂતગણોનું યજન કરે, તો તે પુરુષ પરાધીન થઇને પ્રથમ તો નરકમાં જાય છે અને પછી ભયંકર *સ્થાવરયોનિને પામે છે.[૨૩–૨૮] આ રીતે કેવળ દુઃખજ જેનું પરિણામ છે એવાં કર્મોને દેહથી કરતો મનુષ્ય, ફરી પણ તે કર્મોને લીધે દેહને પ્રાપ્ત કરે છે; તો પછી મરણધર્મીને કર્મો કરવામાં શું સુખ છે? (અર્થાત્ કર્મો કરનારા મનુષ્યને સુખ મળતું નથી, તેમ તેના દુઃખની નિવૃત્તિ પણ થતી નથી.)[૨૯] ×વળી સ્વર્ગાદિ લોકોને તથા કલ્પપર્યંત જીવનારા લોકપાલોને પણ (કાળરૂપ) એવા મારાથી ભય છે અને બે પરાર્ધ સુધીના મોટા આયુષવાળા બ્રહ્માને પણ +મારાથી ભય† છે. (મીમાંસકો કહે છે કે, આત્મા કર્તા અને ભોક્તા છે; તેના ખંડનમાં કહેવાનું કે,) ઇન્દ્રિયોજ કર્મો કરે છે, આત્મા કોઈ જાતનું કર્મ કરતો નથી. (મીમાંસકો કહેશે કે, આત્માજ ઇન્દ્રિયોનો પ્રવર્તક હોઇને કર્મો કરે છે; પણ તેમ નથી.) સત્ત્વાદિ ગુણોજ ઇન્દ્રિયોને પ્રવર્તાવે છે, આત્મા ઇન્દ્રિયોને પ્રવર્તાવતો નથી; માટે આત્માને કર્તાપણું છેજ નહિ. (હવે આત્માનું ભોક્તાપણું છે તે પણ ઔપાધિક છે, તે કહું છું.) આ જીવ ઇન્દ્રિયો વગેરેથી યુક્ત થઇને કર્મોનાં ફળ ભોગવે છે–અર્થાત્ જીવને ઇન્દ્રિયો વગેરે ઉપાધિ ઉપર 'આ હું છું' એવો અહંકાર થાય છે તેથી તે ભોક્તા હોય એવો ભાસે છે; વસ્તુતઃ તે ભોક્તા નથી.[૩૦,૩૧] ‡વળી (આત્માનું અનેકપણું છે તે પણ ઔપાધિક છે. કારણ કે) જ્યાંસુધી અહંકારાદિ કાર્યરૂપ ગુણોની વિષમતા હોય છે ત્યાંસુધી (તે ઉપાધિને લીધે) આત્માનું અનેકપણું ભાસે છે. (વસ્તુતઃ આત્મા એકજ છે. કદાચ મીમાંસકો કહે કે, આત્મા જો એકજ છે તો તેને પરતંત્ર કેમ કહ્યો? 'અને લોકપાલોને પણ મારાથી ભય છે' એમ કેમ કહ્યું? તેના ઉત્તરમાં કહેવાનું કે,) જ્યાંસુધી આત્માનું અનેકપણું ભાસે છે ત્યાંસુધીજ તેની પરતંત્રતા ભાસે છે અને જ્યાંસુધી તેની પરતંત્રતા ભાસે છે ત્યાંસુધીજ તેને ઈશ્વર તરફથી ભય છે. ×માટે જે પુરુષો, ગુણોએ કરેલી વિષમતારૂપ આ દેહાદિ ઉપરની અહંબુદ્ધિને તથા તેથી થતાં ભોગોને અને કર્મોને સેવે છે તે પુરુષો, સ્વર્ગાદિ લોકોના અનિત્યપણાને લીધે શોકથી વ્યાપ્ત થઇ મોહ પામે છે.[૩૨,૩૩] (સ્વર્ગાદિ લોકો

÷ પ્રવૃત્તિ બે પ્રકારની છે. એક તો વેદોક્ત વિધિ અનુસાર કામ્યકર્મમાં પ્રવૃત્તિ અને બીજી વેદોક્ત વિધિનું ઉલ્લંઘન કરી અધર્મમાં પ્રવૃત્તિ. તેમાં કામ્યકર્મમાં પ્રવૃત્તિ કરવાથી જે ગતિ થાય છે તે ઉપરના શ્લોકમાં કહી. હવે અધર્મમાં પ્રવૃત્તિ કરવાથી જે ગતિ થાય છે તે કહે છે. —શ્રીધર

* સ્થાવર યોનિ–ઘાસ–ઝાડની–જાતિ.—भा. क.

× કદાચ કર્મવાદીઓ કહે કે, સ્વર્ગાદિ લોકો તો નિત્ય છે અને મરણધર્મથી રહિત છે, તો તેઓને અને લોકપાલોને તો સુખ છે ને? તેના ઉત્તરમાં કહે છે.–શ્રી.

+ 'મારાથી' એમ કહીને શ્રીકૃષ્ણ પોતાનું–ઈશ્વરનું અસ્તિત્વ પ્રત્યક્ષ બતાવી મીમાંસકોના નિરીશ્વરવાદનું ખંડન કરે છે. —भा. क.

† વેદ પણ કહે છે કે, '**भीषास्माद् वातः पवते भीषोदेति सूर्यः। भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः॥**' (तैत्ति. उ. २–८)

આ પરમાત્માના ભયથી વાયુ વાય છે, સૂર્ય ઉગે છે, અગ્નિ બળે છે, ઇન્દ્ર વૃષ્ટિ કરે છે અને પાંચમું મૃત્યુ દોડાદોડી કરે છે.' માટે કહેવાનું તાત્પર્ય એ છે કે, પ્રવૃત્તિમાર્ગ અનર્થનુંજ કારણ બને છે, તેથી વૈરાગ્ય ધારણ કરી નિવૃત્તિમાર્ગનો આશ્રય લેવો તેજ યોગ્ય છે. –શ્રીધર

‡ મીમાંસકો અનેક આત્મા માને છે તે મતનું ખંડન કરે છે. —શ્રીધર

× મીમાંસકો કહે છે કે, પ્રવૃત્તિમાર્ગ શ્રેયસ્કર છે, તેનું ખંડન કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેવળ અનિત્ય છે, એમજ નથી, પરંતુ માયામય પણ છે. કારણ કે) માયાનો જ્યારે ક્ષોભ થાય છે ત્યારે મનેજ કાળ, જીવાત્માં, વેદ, સ્વભાવ તથા ધર્મ—એમ અનેકસ્વરૂપે કહે છે. (વસ્તુતઃ તે તે સર્વ મારાથી ભિન્ન નથી.*)૩૪

ઉદ્ધવજીએ પૂછ્યું:–' હે પ્રભો ! (હું આપને પૂછું છું કે, દેહાદિ ગુણોનું અસ્તિત્વ રહેતું નથી ત્યારે મુક્તિ થાય છે કે તેઓનું અસ્તિત્વ હોય છે છતાં મુક્તિ થાય છે ? કદાચ આપ કહેશો કે, દેહાદિ ગુણોનું અસ્તિત્વ નથી રહેતું ત્યારે મુક્તિ થાય છે, તો વાંધો એ આવે છે કે, જ્ઞાન મેળવવાનાં સાધન એવા દેહાદિ ગુણોનો અભાવ થાય તો મુક્તિ શી રીતે થાય ? અને આપ કહેશો કે, દેહાદિ ગુણો હોયજ છે ને મુક્તિ થાય છે તો હરકત એ આવે છે કે,) દેહાદિ ગુણોમાં વર્તી રહ્યા હોય છતાં પણ આત્મા, દેહાદિથી થનારાં કર્મોમાં તથા સુખ—દુઃખાદિમાં કેમ ન બંધાય ? (કદાચ આપ કહેશો કે, આત્મા, આકાશની પેઠે તે ગુણોથી ઢંકાયલો રહેતો નથી, તો તે સંબંધે પૂછવાનું કે,) જો આત્મા ગુણોથી ઢંકાયલો રહેતો નથી તો કેમ બંધાયલો રહે છે ?૩૫ (આપનો કદાચ એવો અભિપ્રાય હોય કે, દેહાદિ ગુણો હોય તોપણ જો તેના પર 'આ હું છું' એવો અહંકાર કરે છે તોજ આત્મા બંધાય છે; પણ અહંકાર નિવૃત્ત થાય તો આત્મા મુક્તજ છે; તો તે સંબંધે કેવી રીતે જાણવું, તે મારે પૂછવાનું છે કે,) દેહાદિમાં બંધાયલો કેવી રીતે વર્તે ? દેહાદિથી મુક્ત હોય તે કેવી રીતે વર્તે ? કેવી રીતે વિહાર કરે ? કેવી રીતે ભોગો ભોગવે ? કેવી રીતે મલમૂત્રાદિનો ત્યાગ કરે ? કેવી રીતે શયન કરે ? કેવી રીતે બેસે ? કેવી રીતે ગમન કરે ? અને કયાં લક્ષણોથી તે જણાય ? હે પ્રશ્ન જાણનારાઓમાં શ્રેષ્ઠ અચ્યુત ! આ પ્રશ્નનો ઉત્તર તમે મને કહો અને બીજો પણ મને ભ્રમ છે કે, એકજ આત્મા નિત્યમુક્ત અને નિત્યબદ્ધ કેવી રીતે ?' ÷ ૩૬,૩૭

एतदच्युत मे ब्रूहि प्रश्नं प्रश्नविदांवर ।
नित्यमुक्तो नित्यबद्ध एक एवेति मे भ्रमः ।।३७।।

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो×

બદ્ધ, મુક્ત, સાધુ તથા ભક્તિનાં લક્ષણો

॥ श्रीभगवानुवाच ॥

बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः ।
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बंधनम् ।।१।।

શ્રીભગવાન બોલ્યાઃ—' (એકજ આત્મા નિત્યમુક્ત અને નિત્યબદ્ધ કેવી રીતે ? એ મને ભ્રાંતિ થાય છે, આમ તમે જે વિરોધ બતાવો છો તે શું વસ્તુતઃ છે કે માત્ર પ્રતીતિથી છે ? તમે કહેશો કે, તે વિરોધ વસ્તુતઃ છે; તો તેના ઉત્તરમાં કહેવાનું કે,) આત્મા બદ્ધ અને મુક્ત છે; તે કેવળ મારે અધીન રહેનારા સત્ત્વાદિ ગુણોની ઉપાધિને લીધેજ છે; વસ્તુતઃ આત્મા બદ્ધ નથી, તેમ મુક્ત પણ નથી. (તમે કહેશો કે, એ રીતે બદ્ધપણું અને મુક્તપણું ભલે ઔપાધિક હોય, તોપણ જેમ

* આટલું કહીને સિદ્ધ કર્યું કે, નિવૃત્તિમાર્ગજ મુક્તિનું કારણ હોઇ સર્વશ્રેષ્ઠ છે. વળી કહ્યું કે, આત્મા એકજ છે અને તેને ગુણોના કાર્યરૂપ દેહના સંબંધથી સંસાર થાય છે અને આત્મજ્ઞાનથી મુક્તિ મળે છે, એ વાતને મીમાંસકોના મતનું ખંડન કરી દઢ કરી. —શ્રીધર

÷ આ પ્રશ્નનો આશય એ છે કે, એકજ આત્મા અનાદિકાળના ગુણસંબંધને લીધે નિત્યબદ્ધ છે અને પછી મુક્તિ પામે છે, એમ જો માનવામાં આવશે તો મુક્તિની ઉત્પત્તિ સિદ્ધ થાય છે અને તેને લીધે ' यद् जन्यं तद् अनित्यम् ' ' જે ઉત્પન્ન થતું હોય તે અનિત્ય હોય છે' એ ન્યાય પ્રમાણે મુક્તિને અનિત્યપણું પ્રાપ્ત થાય છે; માટે આત્મા નિત્યમુક્ત છે, એમ પણ માનવું તો પડશેજ. તો પછી ભ્રાંતિ એ થાય છે કે, એકજ આત્મા નિત્યમુક્ત કેવી રીતે અને નિત્યબદ્ધ કેવી રીતે ?—भा. क.

× આ અધ્યાયમાં શ્રીહરિએ બદ્ધનાં, મુક્તનાં, સત્પુરુષોનાં તથા ભક્તિનાં લક્ષણો કહ્યાં છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચોખાને તપેલીરૂપ ઉપાધિના યોગમાં અગ્નિનો સંયોગ થતાં તે વાસ્તવિક રીતેજ રંધાઇ જાય છે, તેમ આત્મા પણ સત્ત્વાદિ ગુણરૂપ ઉપાધિના યોગથી વાસ્તવિક રીતેજ બદ્ધ અને મુક્ત કેમ ન હોઇ શકે ? આના ઉત્તરમાં કહેવાનું કે,) સત્ત્વાદિ ગુણોનું મૂળ માયાજ છે તેથી વસ્તુતઃ મને બંધ કે મોક્ષ નથી; (તમે કહેશો કે, આવી સર્વશાસ્ત્રવિરુદ્ધ વાત તમે કેમ કરો છો ? તો કહેવાનું કે,) આ મેં પોતે કરેલો નિર્ણય છે-આમાં અત્યંત કુતર્કો કરવાની કંઇ જરૂર નથી. ‡[1] જેમ સ્વપ્ન તે બુદ્ધિનોજ *વિવર્ત છે, તેમ શોક, મોહ, સુખ, દુઃખ અને દેહનાં જન્મ-મરણ તે પણ કેવળ માયાને લીધે બુદ્ધિનોજ વિવર્ત છે; માટે (જીવને પણ) આ સંસાર વાસ્તવિક નથી, પરંતુ માયાજ છે. (અર્થાત્ સંસારનું કારણ ગુણો માયામય છે; માટે તે ગુણોનું કાર્ય-સંસાર પણ માયાજ છે.)[2] હે ઉદ્ધવ ! પ્રાણીઓને મોક્ષ આપનારી બ્રહ્મવિદ્યા અને બંધન કરનારી અવિદ્યા એ બન્ને મારી અનાદિકાળની× શક્તિઓ છે; જેઓ બન્ને મારી માયાથીજ રચાયલી છે એમ તમે જાણો. (માટે હું જ્યારે અવિદ્યા પ્રવર્તાવું છું ત્યારે જીવને બંધ થાય છે અને વિદ્યા આપું છું ત્યારે મોક્ષ સ્ફુરે છે.)[3] હે ÷ મહાબુદ્ધિમાન ઉદ્ધવ ! જીવ એકજ છે અને તે પણ મારો અંશજ છે, છતાં તે જીવનેજ અવિદ્યાને લીધે અનાદિ બંધ થાય છે અને જ્ઞાનને લીધેજ મોક્ષ થાય છે. (પણ મને ઈશ્વરને બંધ કે મોક્ષ કંઇ પણ નથી.+)[4] હવે હે તાત ! બદ્ધ તેમજ મુક્તની વિલક્ષણતા હું તમને કહું છું. (આ વિલક્ષણતા બે પ્રકારની છે. એક તો જીવ તથા ઈશ્વરની અને બીજી જીવોમાં એક જીવથી બીજા જીવની. તેમાં પ્રથમ જીવ તથા ઈશ્વરની વિલક્ષણતા કહું છું :) જીવ તથા ઈશ્વર બન્ને એકજ શરીરમાં રહેલા છે છતાં તેઓ બન્ને એકબીજાથી વિરુદ્ધ ધર્મવાળા છે. (જીવનો ધર્મ શોક છે ત્યારે ઈશ્વરનો ધર્મ આનંદ છે અને જીવ શરીરમાં નિયમ્ય તરીકે રહેલો છે ત્યારે ઈશ્વર શરીરમાં નિયંતાપણે રહેલા છે.)[5]

‡ આ શ્લોકનો આ રીતે પણ અર્થ થઇ શકે છેઃ આત્મા બદ્ધ છે અને મુક્ત છે, આવી જે વ્યાખ્યા કરાય છે, તે મારા ગુણને પરાધીનપણું છે તેથીજ કરાય છે, વસ્તુતઃ આત્મા બદ્ધ કે મુક્ત નથી. ગુણોનું મૂળ માયા છે; તેથી મને તો બંધન કે મોક્ષ નથીજ. —શ્રીધર

* વિવર્ત એટલે કોઇ વસ્તુમાં ભ્રાંતિથી મિથ્યાબુદ્ધિ થવી તે. જેમ દોરડીમાં (અંધારાને લીધે) સર્પની બુદ્ધિ થાય છે તેમ. —भा. क.

× અનાદિકાળની અર્થાત્ માયા-સૃષ્ટિના આરંભથી પણ પહેલાંની હોવાથી બંધ અને મોક્ષ પણ અનાદિ છે. —भा. क.

÷ આ અતિરહસ્ય વાતનો તમારે તમારી બુદ્ધિથીજ નિશ્ચય કરી લેવો જોઇએ, આમ સૂચવવા ભગવાન સંબોધે છે. —શ્રીધર

+ આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, જેમ એકજ ચંદ્રનો જળ વગેરે ઉપાધિના યોગથી બિંબપ્રતિબિંબરૂપે ભેદ જોવામાં આવે છે અને તેમાં જળથી કરાયેલા કંપ વગેરે પ્રતિબિંબનેજ છે અને અનેક ઉપાધિના ભેદથી પ્રતિબિંબો પણ અનેક જોવામાં આવે છે અને તે અનેક ઉપાધિમાંથી કોઇ એકજ પાણીના ઘડારૂપી ઉપાધિનો નાશ થતાં તેની અંદરજ રહેલું પ્રતિબિંબ, બિંબની સાથે એક થયેલું દેખાય છે, પણ બીજા પાણીના ઘડાઓરૂપી ઉપાધિવાળાં પ્રતિબિંબોની બિંબ સાથે એકતા થયેલી દેખાતી નથી; તેમ અવિદ્યામાં પ્રતિબિંબરૂપ મારા અંશ જીવનેજ તે અવિદ્યાને લીધે બંધ છે અને તે જીવનો અવિદ્યાનાં કાર્ય-દેહાદિ ઉપાધિ અનેક હોવાથીજ ભેદ જણાય છે. માટે તે જીવ એકજ હોવા છતાં સુખદુઃખ વગેરેની વ્યવસ્થા નથી ઘટતી એમ નથી. કહ્યું છે કે, **यथैकस्मिन् घटाकाशे रजोधूमादिभिर्वृते । न सर्वे संप्रयुज्यन्ते तथा जीवाः सुखादिभिः ॥** જેમ એક ઘટાકાશમાં રજ કે ધુમાડો વગેરે ભરાય તેથી બીજાં સઘળાં ઘટાકાશો રજ કે ધુમાડા વગેરેથી કંઈ ભરાઇ જતાં નથી; તેમ કોઈ એક જીવ સુખદુઃખાદિથી મુક્ત થાય તેથી કંઈ સઘળા જીવો સુખ-દુઃખાદિથી મુક્ત થઇ શકે નહિ. (જેમ સઘળાં ઘટાકાશો આકાશરૂપે એકજ છે, પણ ઘટરૂપ ઉપાધિઓ અનેક છે, તેથી ભિન્ન ભિન્ન છે; તેમ સઘળા જીવો પણ ચૈતન્યરૂપે એકજ છે પણ અવિદ્યાના કાર્ય શરીરરૂપી ઉપાધિઓ અનેક છે તેથી ભિન્ન ભિન્ન છે; માટે સુખદુઃખની કશી અવ્યવસ્થા થતી નથી.) —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેમ કોઈ બે પક્ષી એકજ વૃક્ષમાં એકજ માળાની અંદર રહ્યાં હોય છતાં તે વૃક્ષથી જુદાંજ છે, તેમ જીવ અને ઈશ્વરરૂપી બે પક્ષી *શરીરરૂપી એકજ પીપળાના વૃક્ષમાં હૃદયરૂપી એક માળામાં અનિર્વચનીય માયાને લીધે સ્થાન કરી રહ્યાં છે, છતાં તેઓ બન્ને વૃક્ષરૂપ શરીરથી જુદાં છે, બન્ને ચૈતન્યરૂપે સમાન છે, બન્ને કદી વિખૂટાં પડતાં નથી અને એક મતિવાળાં છે તેથી મિત્ર છે; છતાં એ બન્નેમાંથી જે જીવ છે તે શરીરરૂપી પીપળાના વૃક્ષની ટેટીઓરૂપી કર્મનાં ફળને ખાય છે–તેનો ઉપભોગ કરે છે, ત્યારે બીજો તે કર્મફળનો ઉપભોગ કરતો નથી; તોપણ સ્વ-સ્વરૂપાનંદથી તૃપ્ત રહે છે અને જ્ઞાન વગેરે શક્તિથી જીવ કરતાં અધિક છે.×[૬] તે ઈશ્વર, કર્મોનાં ફળને ભોગવતો નથી, માટેજ પોતે સર્વજ્ઞ હોઈ પોતાને તથા જીવને જાણે છે; ત્યારે જીવ કર્મોનાં ફળોનો ભોક્તા થઇ પોતાને કે બીજાને જાણી શકતો નથી. આ બન્ને જીવ તથા ઈશ્વરમાં અવિદ્યાથી યુક્ત એવો જીવ નિત્યબદ્ધ છે–અનાદિકાળનો બંધાયલો છે અને વિદ્યામય ઈશ્વર તે તો નિત્યમુક્ત છે. (કારણ કે તે ઈશ્વરને માયા આવરણ કરી શકતી નથી અને પોતાનો આશ્રય હોવાથી મોહ ઉપજાવી શકતી નથી.+)[૭] ‡જેમ સ્વપ્નમાંથી ઊઠેલો મનુષ્ય સ્વપ્નના દેહનું સ્મરણ કરતો, તે દેહમાં હોય છે છતાં (તે દેહનાં સુખ-દુઃખાદિના અભાવને લીધે) તે દેહમાં નથી, તેમ જ્ઞાની થઇને જીવન્મુક્ત બનેલો પુરુષ, (સંસ્કારવશ થઇને) દેહમાં રહેલો હોય છે છતાં (દેહનાં સુખ–દુઃખાદિથી રહિત હોઇને) દેહમાં રહેલો નથીજ. તેમજ જેમ સ્વપ્ન જોનારો મનુષ્ય તે સ્વપ્નાવસ્થાના દેહમાં ખરું જોતો નથી, છતાં પોતે તે દેહમાં રહ્યો હોય તેમ માને છે; તેમ દુષ્ટ બુદ્ધિવાળો અજ્ઞાની પુરુષ, વસ્તુતઃ દેહમાં રહ્યો નથી છતાં (દેહનાં સુખદુઃખાદિને ભોગવતો) દેહમાં રહ્યો છે. (પોતાને દેહમાં રહેલો માને છે.) જે પુરુષ જ્ઞાની હોય છે તે તો ઇન્દ્રિયોના વિષયોને ઇન્દ્રિયો ગ્રહણ કરતી હોય છે તોપણ 'હું વિષયોને ગ્રહણ કરું છું' એમ માનતો નથી. કારણ કે ખરું જોતાં ઇન્દ્રિયોજ વિષયોને ગ્રહણ કરે છે. આવા કારણથીજ તે જ્ઞાની રાગાદિ વિકારોથી મુક્ત§ રહે છે;[૮૯] ત્યારે અજ્ઞાની પુરુષ, પૂર્વકર્મને અધીન એવા શરીરમાં રહીને ઇન્દ્રિયોથી થતા કર્મ વડેજ 'આ બધું ઇન્દ્રિયો કરતી નથી, પણ હુંજ કરું છું' આવા અભિમાનને લીધે દેહાદિમાં બંધાઇ જાય છે.×[૧૦] જ્ઞાની÷ પુરુષ (ઇન્દ્રિયો પોતેજ કર્મ કરે છે છતાં તે મને બાંધવા તૈયાર થાય છે,) આમ માની, વૈરાગ્યયુક્ત થઈ

---

* 'वृश्च्यते इति वृक्षः देहः–જે છેદાય છે–નાશ પામે છે તે વૃક્ષ કહેવાય છે.' આ વ્યુત્પત્તિને આધારે વૃક્ષ શબ્દનો અર્થ દેહ પણ થઈ શકે છે.–શ્રી.

× આ શ્લોકનોજ આશય આ શ્રુતિ વર્ણવે છેઃ

द्वासुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥ (मुं. उ. ३–१–१)

જીવ અને ઇશ્વરરૂપ બે પક્ષીઓ એકજ શરીરરૂપી વૃક્ષમાં રહે છે; તેઓમાંનો એક–જીવ, દેહરૂપી પિપ્પલવૃક્ષનાં સ્વાદિષ્ટ કર્મફળને ભોગવે છે, ત્યારે બીજો ઇશ્વર કર્મફળને નહિ ભોગવતાં સાક્ષીરૂપે પ્રકાશે છે.–શ્રીધર

+ આમ ઇશ્વર, જીવ કરતાં પ્રબળ છે.

‡ હવે જીવોમાં જે બદ્ધ હોય છે તથા મુક્ત હોય છે તેઓમાં પરસ્પર વિલક્ષણતા દશ શ્લોકથી કહે છે.–

§ આ વસ્તુ ગીતામાં કહી છેઃ

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥
(श्री. भ. गी. ३–२८)

× ગીતા પણ આજ કહે છેઃ

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥
(श्री. भ. गी. ३–२७)

આ રીતે અહીં ૮, ૯, ૧૦ આ ત્રણ શ્લોકોમાં 'જ્ઞાની કેવી રીતે વર્તે છે?' એ પ્રશ્નનો ઉત્તર કહ્યો છે. —શ્રીધર

÷ હવે 'જ્ઞાની કેવી રીતે વિષયભોગ કરે છે,' તે પ્રશ્નનો ઉત્તર કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૂવું, બેસવું, ફરવું નાહવું, જોવું, સ્પર્શ કરવો, સૂંઘવું, જમવું અને સાંભળવું–વગેરે ક્રિયાઓમાં પેલા અજ્ઞાનીની પેઠે બંધાઈ જતો નથી. કારણ કે તે જ્ઞાની તો તે તે વિષયોમાં ઇન્દ્રિયોનેજ ભોગ કરાવે છે–પોતે તો સાક્ષીરૂપે રહી તે વિષયોનો ભોગ કરતો નથી; માટેજ જેમ આકાશ સર્વત્ર રહેલું છતાં કોઇ સ્થળે બંધાતું નથી; સૂર્ય જળમાં પ્રતિબિંબિત થાય છે છતાં જળનો તેને સ્પર્શ પણ થતો નથી અને વાયુ સર્વત્ર વાય છે છતાં કોઇ સ્થળે આસક્ત થઇ જતો નથી, તેમ જ્ઞાની પુરુષ પ્રકૃતિમાં રહ્યા છતાં તેમાં આસક્ત થઇ જતો નથી. જેમ સ્વપ્નમાંથી જાગ્રદવસ્થામાં આવેલો મનુષ્ય, સ્વપ્નમાં જોયેલા પ્રપંચથી નિવૃત્ત થાય છે તેમ, વૈરાગ્યથી તીક્ષ્ણ બનેલી નિર્ગુણ બ્રહ્મવિદ્યાથી જેના સંશયો છેદાઇ ગયા છે, એવો જ્ઞાની પણ દેહાદિ પ્રપંચથી નિવૃત્ત થાય છે.[૧૧–૧૩] ×જે પુરુષની પ્રાણ, ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિની વૃત્તિઓ સંકલ્પરહિત થયેલી હોય છે, તે પુરુષ દેહમાં રહ્યો હોય તે છતાં પણ દેહના ગુણોથી મુક્તજ રહે છે.[૧૪] ÷જેનું શરીર હિંસક પ્રાણીઓ વડે અથવા દુર્જનો વડે પીડાય અથવા દૈવેચ્છાએ કે ગમે તેના વડે કોઈ સ્થળે કંઇ પૂજાય તો તેમાં જે વિકાર પામતો નથી–ક્રોધ કે આનંદ અનુભવતો નથી તે જ્ઞાની છે* અને તેમાં ક્રોધને કે આનંદને જે પામે છે તે અજ્ઞાની છે.[૧૫] ગુણ–દોષથી રહિત અને સમાન દૃષ્ટિવાળો એવો મુનિ, સારું કરનારની કે સારું બોલનારની સ્તુતિ કરતો નથી તેમ નરસું કરનારની કે નરસું બોલનારની નિંદા કરતો નથી.[૧૬] જે મુનિ પોતાના આત્મામાંજ રમણ કરનારો હોય છે તે કોઇ સારું કે નરસું કર્મ ન કરે, સારું અથવા નરસું ન બોલે અને સારું કે નરસું ન ચિંતવે. તે તો પૂર્વોક્ત મધ્યસ્થ વૃત્તિએજ જડની માફક વિચરે. (અર્થાત્ દૈહિક કર્મમાં પણ જે ઉદાસીન રહે તે મુક્ત છે અને દૈહિક કર્મમાં જે ગૂંથાયેલો રહે તે બદ્ધ છે. બસ, આ સર્વ મુમુક્ષુનાં સાધનો જાણવાં.)[૧૭] §જેમ ઘણો વખત થયાં વિયાયેલી ગાય વસૂકી જઇને દૂધ ન આપતી હોય તેની રક્ષા કરનાર મનુષ્યને કેવળ તેની રક્ષા કરવાનો પરિશ્રમજ ફળરૂપે મળે છે, પણ દૂધ મળતું નથી; તેમ જે પુરુષ, શબ્દબ્રહ્મ-શાસ્ત્રોમાં કુશળ થયો હોય છતાં જો પરબ્રહ્મનું જ્ઞાન સંપાદન કરવામાં કુશળ ન થાય તો તેને શાસ્ત્રો ભણવામાં જે પરિશ્રમ થયો હોય તેજ ફળરૂપે મળે છે, પણ ખરો પુરુષાર્થ મોક્ષ છે તે ફળરૂપે મળતો નથી. (અર્થાત્ શાસ્ત્રાભ્યાસનું ફળ મોક્ષજ હોવું જોઇએ.)[૧૮] હે ઉદ્ધવ ! જે પુરુષ દોહી લીધેલા દૂધવાળી–વસૂકી ગયેલી ગાયને વ્યભિચારિણી સ્ત્રીને, પરાધીન દેહને, દુષ્ટ સંતતિને, સુપાત્રે નહિ અપાયલા ધનને તથા મારી લીલાઓથી રહિત વાણીને–રાખે છે, તે પુરુષ અત્યંત દુઃખી છે.[૧૯] હે ઉદ્ધવ ! જે વાણીમાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ મારું પવિત્ર કર્મ વર્ણવાયું નથી અથવા જે વાણીમાં મારા લીલાવતારો પૈકી પ્રિય જન્મોનું વર્ણન નથી તે વાંઝણી વાણી બુદ્ધિમાન પુરુષે ધારણ કરવી ન જોઇએ.[૨૦] આ રીતે નિશ્ચય

× હવે જ્ઞાની કેવી રીતે વિહાર કરે છે ? એ પ્રશ્નનો ઉત્તર કહે છે. —શ્રીધર

÷ જ્ઞાની કે અજ્ઞાની ક્યાં લક્ષણે ઓળખાય ? તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

* યાજ્ઞવલ્કય કહે છેઃ

यः कंटकैर्वितुदति चन्दनैर्यश्च लिंपति ।
अक्रुद्धोऽपरितुष्टश्च समस्तस्य च तस्य च ॥
(या. स्मृ. ३–५२)

જે કોઈ કાંટાથી વીંધી નાખે અથવા જે કોઈ ચંદનનાં વિલેપન કરે તે બન્નેના પર જ્ઞાની સમભાવ રાખે છે. એક ઉપર ક્રોધ કરતો નથી, ત્યારે બીજા પર ખુશ થતો નથી. —શ્રીધર

§ જે પુરુષ શાસ્ત્રોનો અભ્યાસ કરી માત્ર પાંડિત્યનીજ પ્રશંસા કર્યા કરે, પણ શાસ્ત્રોક્ત સાધનોથી મોક્ષરૂપ ખરું પ્રયોજન ન સાધે, તેની હવે નિંદા કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

કરી, વિચારદ્વારા આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાથી, આત્મામાં થયેલા દેહાદિના આરોપને દૂર કરી, નિર્મળ થયેલા મનને સર્વવ્યાપક મારે વિષે સ્થાપિત કરવું અને પછી સર્વ વાસનાઓથી વિરામ પામવું. (નહિ કે માત્ર શાસ્ત્રોની પંડિતાઈ મેળવીનેજ બેસી રહેવું.)[૨૧] *જો તમે તમારા મનને પરબ્રહ્મ વિષે નિશ્ચળ ધારી રાખવાને સમર્થ ન હો, તો ફળની ઇચ્છા રાખ્યા વિના કેવળ મારે નિમિત્તેજ સર્વ કર્મો કરો. (અને તે કર્મ મને અર્પણ કરી દો.)[૨૨] હે ઉદ્ધવ! જે મનુષ્ય શ્રદ્ધાળુ થઇને લોકોને પવિત્ર કરનારી મારી પરમ કલ્યાણકારક કથાઓનું શ્રવણ કરે છે, મારાં કર્મોને તથા જન્મોને ગાય છે, સ્મરણ કરે છે અને વારંવાર ભજવે છે, તે મનુષ્ય મારે માટે ધર્મ, કામ તથા અર્થનું સેવન કરતો, કેવળ મારાજ આશ્રયવાળો હોઇને સનાતન એવા મારે વિષે નિશ્ચળ ભક્તિ પામે છે. પછી એ રીતે સત્સંગથી પ્રાપ્ત કરેલી મારે વિષેની ભક્તિથી તે મનુષ્ય મારું ઉપાસન કરે છે અને સત્પુરુષોએ દર્શાવેલા મારા પરમ પદને અનાયાસે પામે છે.[૨૩-૨૫]

ઉદ્ધવજીએ પૂછ્યુંઃ-'હે ઉત્તમ કીર્તિવાળા પ્રભો! (પોતપોતાની બુદ્ધિથી કલ્પી કાઢેલા તો અનેક સત્પુરુષો છે, પણ) આપે કેવાને સત્પુરુષ માન્યો છે? વળી (ભક્તિ પણ લોકમાં અનેક પ્રકારની છે; પરંતુ) નારદ વગેરે સત્પુરુષોએ સ્વીકારેલી કેવા પ્રકારની ભક્તિ આપને વિષે ઉપયોગી થઇ પડે છે? (કેવી ભક્તિથી આપ પ્રસન્ન થાઓ છો?)[૨૬] હે જીવોના અધ્યક્ષ! હે લોકોના અધ્યક્ષ! હે જગતના પ્રભુ! આપને નમી રહેલા, આપના પર પ્રેમ ધરાવતા અને આપને શરણે આવેલા મને, આ અતિગુહ્ય વાત આપ કહો. હે ભગવન્! આપ પરમબ્રહ્મ અને આકાશની પેઠે અસંગ છો. કેમકે આપ પ્રકૃતિથી પર રહેલા પુરુષ હોઇ, પોતાના ભક્તોની ઇચ્છાથી આ પરિમિત શરીર ધારણ કરીને અવતર્યા છો.'[૨૭-૨૮]

શ્રીભગવાન બોલ્યાઃ-'(સત્પુરુષનાં આવાં બત્રીસ લક્ષણો હોય છે-) કૃપાળુ હોઇ પારકાં દુઃખને સહન ન કરનાર, કોઇનો દ્રોહ ન કરનાર, સર્વ પ્રાણીઓ ઉપર ક્ષમાવાન, સત્યરૂપી સ્થિર બળવાળો, અસૂયા વગેરેથી રહિત, સુખ કે દુઃખમાં સમાન રહેનાર, હર્ષ કે શોક ન કરનાર, યથાશક્તિ સર્વનો ઉપકાર કરનાર, વિષયોથી ક્ષોભ નહિ પામેલા મનવાળો, બાહ્ય ઇન્દ્રિયોને વશ કરનાર, કોમળ ચિત્તવાળો, સદાચારી, પરિગ્રહરહિત, જોવામાં આવતી ક્રિયાઓથી રહિત, મિતાહારી, શાંત એટલે-અંતઃકરણને વશ કરનાર, સ્વધર્મમાં સ્થિર, મારાજ શરણવાળો, મનનશીલ, સાવધાન, નિર્વિકાર, ધૈર્યવાન, ક્ષુધા, તૃષા, શોક, મોહ, જરા, મૃત્યુ-એ છને જીતનાર, માનની ઇચ્છાથી રહિત, બીજાઓને માન આપનાર, બીજાઓને બોધ આપવામાં સમર્થ, સર્વનો મિત્ર હોઇ કોઇને પણ નહિ ઠગનાર, દયાથીજ સર્વ કાર્યોમાં પ્રવૃત્તિ કરનાર (નહિ કે લોભથી), ઉત્તમ જ્ઞાની અને 'ધર્માચરણ કરવાથી અંતઃકરણની શુદ્ધિ વગેરે ગુણો થાય છે ને ધર્મનું આચરણ નહિ કરવાથી નરકપાત વગેરે દોષો પ્રાપ્ત થાય છે' એમ સમજીને પણ મારાસ્વરૂપ વેદે આજ્ઞા કરેલા સર્વ સ્વધર્મોનો (તે સ્વધર્મો મારા ધ્યાનમાં વિક્ષેપકર્તા થાય છે, આવા હેતુથી) ત્યાગ કરી (કેવળ મારી ભક્તિથીજ સર્વ કંઈ થઈ રહેશે, આવો દૃઢ નિશ્ચય કરીને) જે મારું ભજન કરે છે તે મહાન સાધુપુરુષ છે.[૨૯-૩૨] હું જેટલો દેશકાળથી અમાપ છું અને જેવો સર્વનો આત્મા તથા સચ્ચિદાનંદરૂપ છું, તેટલો અને તેવો મને જાણીને કે નહિ જાણીને પણ જેઓ અનન્ય ભાવથી મારું ભજન કરે છે, તેઓને મેં મારા મહાન ભક્ત માન્યા છે.[૩૩] (એ રીતે સાધુપુરુષોનાં

* જો પરબ્રહ્મમાં તમે મનને ન સ્થાપી શકો તો કંઇ નહિ; રહેવા દો. મારી ભક્તિથીજ તમે કૃતાર્થ થઇ શકશો, તે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લક્ષણો કહ્યાં. હવે ભક્તિનાં લક્ષણો હું કહું છું.) હે ઉદ્ધવ! મારી પ્રતિમાઓનાં તથા મારા ભક્તોનાં દર્શન કરવાં, સ્પર્શ કરવો, પૂજા કરવી, સેવા કરવી, સ્તુતિ કરવી, તેઓને પ્રણામ કરવા, તેઓનાં ગુણ–કર્મોનું કીર્તન કરવું, મારી કથા સાંભળવામાં શ્રદ્ધા રાખવી, મારું ધ્યાન કરવું, પોતાને જે કંઇ મળે તે સર્વ મને સમર્પણ કરવું, દાસપણે પોતાનું શરીર અર્પણ કરી દેવું, મારા જન્મ તથા કર્મની કથા કરવી, મારા જન્માષ્ટમી વગેરે પર્વોને અનુમોદન આપવું, ગીત–નૃત્ય ને વાદિત્રની મંડળીઓદ્વારા મારા મંદિરમાં ઉત્સવ કરવો, મારાં દર્શનનિમિત્તે યાત્રાઓ કરવી, પુષ્પોપહાર વગેરે મને અર્પણ કરવાં, દરેક વર્ષમાં જે જે પર્વો આવે છે તે તે દિવસે તો પૂર્વોક્ત સર્વ પ્રકાર વિશેષ કરવો, વૈદિકી અથવા તાંત્રિકી દીક્ષા લેવી, મારાં વ્રતો ધારણ કરવાં, મારી મૂર્તિ સ્થાપવામાં શ્રદ્ધા રાખવી, મારે નિમિત્તે પુષ્કળ ફળફૂલવાળા બાગ–બગીચાઓ કરાવવા, ક્રીડાસ્થાનો કરાવવાં, શહેરોમાં મંદિર બાંધવાનાં કામમાં પોતે અથવા બીજાઓ સાથે મળીને પણ ઉદ્યમ કરવો, મારાં મંદિરોમાં કપટ રાખ્યા વિના દાસની પેઠે વાસીદું વાળવું, લીંપવું, પાણી છાંટવું અને મંડળો પૂરવાં વગેરેથી મારી સેવા કરવી; અમાની થવું, અદંભી થવું, પોતે જે કંઇ સારું કામ કર્યું હોય તે કહી બતાવવું નહિ, મને અર્પણ કરેલા દીવાથી પોતાને ઉપયોગી પદાર્થો જોવા નહિ, મને અર્પણ કરેલા સ્થાવર પદાર્થો પોતે ઉપયોગમાં લેવા નહિ* અને લોકમાં પોતાને જે જે વસ્તુ અત્યંત ઇષ્ટ હોય અને જે જે વસ્તુ અત્યંત પ્રિય હોય તે તે મને અર્પણ કરવી, જેથી તે વસ્તુ અનંત ફળ આપવા સમર્થ થઈ શકે છે.[૩૪–૪૧] હે કલ્યાણમૂર્તિ ઉદ્ધવ! સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાયો, વૈષ્ણવ, આકાશ, વાયુ, જળ, પૃથ્વી, પોતાનો આત્મા અને સર્વ પ્રાણીઓ–આ અગિયાર મારી પૂજા કરવાનાં સ્થાનો છે;[૪૨] તેમાં વેદોક્ત સૂક્તોથી ઉપસ્થાન વગેરે કરી સૂર્યમાં મારી પૂજા કરવી; અગ્નિમાં હુતદ્રવ્યનો હોમ કરી મારી પૂજા કરવી; શ્રેષ્ઠ બ્રાહ્મણમાં તેનો અતિથિસત્કાર કરી મારી પૂજા કરવી; ગાયોને ઘાસ વગેરે નાખી મારી પૂજા કરવી; વૈષ્ણવનો બંધુની પેઠે સત્કાર કરી મારી પૂજા કરવી; હૃદયાકાશમાં મારું ધ્યાન કરીને મારી પૂજા કરવી; વાયુમાં મુખ્યપ્રાણદૃષ્ટિ કરીને મારી પૂજા કરવી; જળમાં, તે જળ જેમાં મુખ્ય હોય છે તેવાં તર્પણ વગેરેથી મારી પૂજા કરવી; પૃથ્વીમાં રહસ્યમંત્રો સ્થાપીને મારી પૂજા કરવી; શરીરમાં રહેલા આત્માને ભોગો અર્પણ કરીને મારી પૂજા કરવી અને સર્વ પ્રાણીઓમાં હું ક્ષેત્રજ્ઞરૂપે રહ્યો છું, એવી સમદૃષ્ટિ કરીને મારી પૂજા કરવી.[૪૩–૪૫] આ અગિયારે સ્થાનોમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મથી યુક્ત એવા મારા ચતુર્ભુજ શાંત સ્વરૂપનું જિતેન્દ્રિય થઈને ધ્યાન કરવું અને (મંત્રમાં કહેલા પ્રકારે) પૂજન કરવું.[૪૬] જે પુરુષ યજ્ઞયાગાદિ કરીને તથા વાવ–કૂવા વગેરે બંધાવીને એ પ્રમાણે જિતેન્દ્રિય થઇ મારું યજન કરે છે તે પુરુષ મારામાં ભક્તિ પ્રાપ્ત કરે છે અને પછી સત્પુરુષોની સેવા કરીને મારું જ્ઞાન સંપાદન કરે છે.[૪૭] હે ઉદ્ધવ! સત્સંગદ્વારા પ્રાપ્ત થતા ભક્તિયોગ વિના ઘણું કરીને સંસાર તરવાનો બીજો કોઇ ઉત્તમ ઉપાય નથી. કારણ કે હું સત્પુરુષોનો પ્રકૃષ્ટ આશ્રય છું. (એટલે સત્સંગ તે મને પ્રાપ્ત કરવામાં અંતરંગ સાધન છે.)[૪૮] હે યદુનંદન ઉદ્ધવ! હવે* તમે શ્રદ્ધાથી સાંભળો છો, માટે તમને આ પરમ રહસ્ય અને અત્યંત ગુપ્ત રાખવા લાયક વિષય પણ

* અથવા બીજા દેવ વગેરેને ધરેલા પદાર્થો મને અર્પણ કરવા નહિ. —શ્રીધર

* સાંખ્ય તથા યોગ વગેરે સાધનો બીજાં સાધનોની જરૂર રાખે છે અને ફળની દૃષ્ટિએ ચોક્કસ હોતાં નથી; ત્યારે સત્સંગ તો સ્વતંત્ર છે, તેમાં કોઇ સાધનની જરૂર રહેતી નથી અને ફળની દૃષ્ટિએ પણ તે ચોક્કસ ફળ આપનાર છે; એમ વર્ણવવાને હવે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હું કહું છું; કારણ કે તમે મારા સેવક છો, શુદ્ધ અંતઃકરણવાળા છો અને મિત્ર છો.'૪૯

अथैतत्परमं गुह्यं शृण्वतो यदुनंदन ।
सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत्सखा ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

સત્સંગનો મહિમા અને કર્મો કરવાની તથા તજવાની વ્યવસ્થા

॥ શ્રીભગવાનુવાચ ॥

न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणाः ॥

શ્રીભગવાન બોલ્યાઃ—' આસન, પ્રાણાયામ વગેરે યોગ, તત્ત્વના વિચારરૂપ સાંખ્ય, અહિંસાદિ સામાન્ય ધર્મ, વેદપાઠરૂપ સ્વાધ્યાય, કૃચ્છ્ર—ચાંદ્રાયણાદિ તપ, સંન્યાસરૂપ ત્યાગ, અગ્નિહોત્રાદિ ઇષ્ટ, વાવ—કૂવા—બગીચા બંધાવવા વગેરે પૂર્ત, સામાન્ય હરકોઈ દાન, એકાદશી વગેરે વ્રતો, દેવપૂજારૂપ યજ્ઞ, રહસ્યમંત્રો, તીર્થો, નિયમો અને યમો—આ બધાં જેવાં મને વશ કરી શકતાં નથી તેવો સર્વ સંગોનો નાશ કરનારો સત્સંગ મને વશ કરે છે.૧-૨ હે નિર્દોષ ઉદ્ધવ ! તે તે યુગમાં દૈત્યો, રાક્ષસો, મૃગો, પક્ષીઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, વિદ્યાધરો, મનુષ્યોમાં વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ અને અંત્યજો કે જેઓ રજોગુણી તેમજ તમોગુણી પ્રકૃતિવાળા હતા, તેઓ અનેક સત્સંગથીજ મારા પદને પામી ગયા છે; તેમજ વૃત્રાસુર તથા પ્રહ્લાદ વગેરે અને વૃષપર્વા, બલિરાજા, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જાંબવાન, ગજેન્દ્ર, જટાયુ, તુલાધાર વણિક, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજની ગોપીઓ, યક્ષપત્નીઓ અને બીજા પણ અનેક સત્સંગથીજ મારા પદને પામ્યા છે.૩-૬ આ બધા લોકો વેદો ભણ્યા ન હતા અને તે માટે તેઓએ મહાપુરુષોની સેવાઓ પણ કરી ન હતી; વ્રતો કર્યાં ન હતાં, તેમ તપશ્ચર્યાઓ પણ કરી ન હતી; છતાં કેવળ સત્સંગથીજ મને પામ્યા છે.૭ સાંખ્યથી, યોગથી, દાનથી, વ્રતોથી, તપથી, યજ્ઞથી, વ્યાખ્યાનોથી, સ્વાધ્યાયોથી અને સંન્યાસથી પણ જે મનુષ્ય યત્નવાળો હોય છતાં મને પ્રાપ્ત કરી શકતો નથી તેજ મને કેવળ સત્સંગથી પ્રાપ્ત થયેલા ભક્તિભાવ વડે ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગો, સિદ્ધો અને તે સિવાય મૂઢ બુદ્ધિવાળા બીજાઓ પણ અનાયાસે પામી ગયા છે.૮-૯ જે વેળા અક્રૂરજી બળરામની સાથે મને મથુરા લઈ ગયા તે વેળા મારામાં અતિ દૃઢ પ્રેમને લીધે અનુરાગી મનવાળી ગોપીઓ મારા વિના બીજી કોઈ પણ વસ્તુને સુખ માટે જોઈ શકતી ન હતી. કેમકે તેઓને મારા વિયોગથી તીવ્ર મનોવ્યથા થતી હતી.૧૦ હે ઉદ્ધવ ! વૃંદાવનમાં ફરતા અને અત્યંત પ્રિય એવા મારી સાથે, તે ગોપીઓએ વાણીથી ન વર્ણવી શકાય એવી જે જે રાત્રિઓ અર્ધી ક્ષણની પેઠે ગાળી હતી, તેજ રાત્રિઓ મારા વિના તેઓને કલ્પ જેવડી થઇ પડી હતી.૧૧ જેમ મુનિઓ સમાધિ અવસ્થામાં નામ તથા રૂપને જાણી શકતા નથી, તેમ મારામાં આસક્તિને લીધે બંધાયલી બુદ્ધિવાળી ગોપીઓ પોતાના દેહને, સમીપ રહેલા પદાર્થને કે દૂર રહેલા પદાર્થને જાણી શકતી ન હતી; પરંતુ નદીઓ જેમ સમુદ્રમાં મળી જાય છે, તેમ મારામાં એકરૂપજ થઈ ગઇ હતી.૧૨ જો કે તે સ્ત્રીઓ મારા સ્વરૂપને જાણતી ન હતી અને મારી કામનાવાળી થઇને મને રતિસુખ આપનાર એક જારરૂપેજ જાણતી હતી; તોપણ તેવી સેંકડો અને હજારો સ્ત્રીઓ સત્સંગને લીધે મને પરમબ્રહ્મને પામી ગઈ છે.૧૩ (આવો મારા ભજનનો પ્રભાવ છે.) માટે હે ઉદ્ધવ ! તમે

* આ અધ્યાયમાં પ્રથમ સત્સંગનો મહિમા કહેવામાં આવશે અને પછી કર્મો કરવાની તથા કર્મો તજવાની વ્યવસ્થા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રુતિને, સ્મૃતિને અથવા વિધિને કે નિષેધને, પ્રવૃત્તિરૂપ દક્ષિણમાર્ગને, નિવૃત્તિરૂપ ઉત્તરમાર્ગને, સાંભળવા યોગ્ય વસ્તુને અને સાંભળેલાને તજી દઇ સર્વ પ્રાણીઓના આત્મા એવા મને એકલાનેજ 'આ સર્વ કંઇ આત્મા છે' આવા ભાવથી શરણે આવો, જેથી મારે લીધેજ તમે સર્વ તરફથી નિર્ભય થાઓ.'

ઉદ્ધવજીએ પૂછ્યું:–' હે યોગેશ્વરોના ઈશ્વર! આપની વાણી સાંભળતાં મારા મનમાં રહેલો સંશય દૂર થતો નથી, જેને લીધે મારું મન ભમ્યા કરે છે. '‡૧૪-૧૬

શ્રીભગવાન બોલ્યાઃ–' ઈશ્વરજ પોતાની માયાને લીધે પ્રપંચરૂપે ભાસે છે અને તે પ્રપંચના અધ્યાસથી જીવોને અનાદિ અવિદ્યાને લીધે કર્તૃત્વ આદિ છે; તેથી વિધિ તથા પ્રતિષેધનો અધિકાર પણ છે અને માટેજ પ્રથમ કહેવામાં આવ્યું કે, અંતઃકરણની શુદ્ધિને માટે તમે કર્મો કરો. પછી જ્યારે અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે ફરી કર્મો કરવાની જડતાનો ત્યાગ કરી ભક્તિમાં વિક્ષેપ કરનારાં કર્મોનો પરિત્યાગ કરો અને દઢ વિશ્વાસ રાખી મારું ભજન કરો; એમ ભજન કરતાં કરતાં જ્યારે જ્ઞાન થાય ત્યારે તો કંઇ પણ કરવાનું રહેતુંજ નથી; આમ મેં કહ્યું છે. (તેમાં પ્રથમ ઈશ્વરમાંથી વાણી વગેરે ઇન્દ્રિયોદ્વારા જીવને સંસારનું કારણ એવો આ પ્રપંચ કેવી રીતે ઉત્પન્ન થયો છે, તે હું અહીં કહું છું.) આ અપરોક્ષ પરમેશ્વર, (શરીરમાંનાં) આધાર વગેરે ચક્રોમાં (નાદ વગેરેરૂપે જન્મ્યા હોય તે પ્રમાણે) સ્પષ્ટ જણાય છે. કારણ કે એ પરમેશ્વર નાદવાળા પ્રાણની સાથે પ્રથમ આધારચક્રમાં પ્રવેશ કરે છે ત્યારે 'પરાવાણી' એવા નામથી કહેવાય છે. (આધાર ચક્રમાં નિરંતર અખંડ અને અસ્પષ્ટ નાદ થયા કરે છે તે 'પરાવાણી' જાણવી.) તે પરાવાણીરૂપ પરમેશ્વર મણિપૂરચક્રમાં આવે છે ત્યારે 'પશ્યંતી વાણી'ના નામથી કહેવાય છે. આમાં ઉચ્ચારણની પહેલાંજ વર્ણોનાં સૂક્ષ્મ સ્વરૂપ મનથી જોઇ લેવામાં આવે છે. માટે એને પશ્યંતી વાણી કહે છે. પછી એજ પરમેશ્વર જ્યારે વિશુદ્ધિચક્રમાં આવે છે ત્યારે 'મધ્યમા વાણી' એવા નામ વડે કહેવાય છે અને ત્યાંથી જ્યારે મુખમાં આવે છે ત્યારે હ્રસ્વ વગેરે માત્રાઓ, ઉદાત્ત વગેરે સ્વરો તેમજ અકાર વગેરે ત્રેસઠ* વર્ણો એ પ્રમાણે અત્યંત સ્થૂલ સ્વરૂપે 'વૈખરી વાણી'ના નામથી કહેવાય છે. (વિખર એટલે અત્યંત સ્પષ્ટ. આ ઉપરથી 'વૈખરી' એવું નામ પડયું)† જેમ અગ્નિ કાષ્ઠની

‡ ઉદ્ધવજી એ કહેવા માગે છે કે, 'હે ભગવન્! આપે પ્રથમ કહ્યું કે, સ્વધર્મમાં સાવધાન રહીને કર્મો કરવાં અને હમણાં વળી કહો છો કે, સર્વ કંઈ તજી દઈ મારે શરણે આવ. તો આમાં આત્માને કર્તૃત્વ વગેરે છે કે નહિ? અથવા કર્મો કરવાં કે નહિ; આવો મારો જે સંશય છે તે તો એમ ને એમજ રહે છે.' —શ્રીધર

* ત્રેસઠ વર્ણોની ગણતરી 'કૌસ્તુભ' નામના વ્યાકરણગ્રંથમાં 'मुखनासिकावचनोऽनुनासिकः' એ પાણિનીય સૂત્ર ઉપર આ પ્રમાણે છે–' अ, इ, उ, ऋ,'– આ ચાર એક એક હ્રસ્વ–દીર્ઘ–પ્લુત–એવા ભેદથી ત્રણ ત્રણ પ્રકારના હોઈ બાર થાય છે; ऌ એકજ છે; ए, ऐ, ओ, औ, '–એ ચાર દીર્ઘ અને પ્લુત એવા ભેદથી આઠ થાય છે; આમ સ્વર એકવીસ થાય છે; વ્યંજનોમાં 'क થી म' પચીસ સ્પર્શવ્યંજનો છે; 'य, र, ल, व, श, ष, स, ह,' એ આઠ, ચાર 'यम' નામના વર્ણો, અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય અને દુઃસ્પૃષ્ટ નામનો એક વર્ણ–એમ એકંદર ત્રેસઠ વર્ણો થાય છે. આ ગણતરીજ યોગ્ય લાગે છે.–भा. क.

† આ શ્લોકનો આશય આ શ્રુતિરૂપે છે–
'चत्वारि वाक्परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः । गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति ॥
(ऋ. सं. १–२२–४५)

શાસ્ત્રોમાં નિર્ણય કરેલાં આ ચાર સ્થાનો છેઃ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી, આ ચારેને જેઓ અધ્યાત્મકુશળ છે તેઓ જાણે છે; પરંતુ સામાન્ય મનુષ્યો આધાર, નાભિ તથા હૃદયમાં રહેલાં પરા, પશ્યંતી તથા મધ્યમા–એ ત્રણ સ્થાનોને જાણી શકતા નથી; તેઓ તો ચોથું વૈખરી નામનું સ્થાન છે તેનેજ શબ્દ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંદર આવેલા પોલાણમાં પ્રથમ અસ્પષ્ટ ઉષ્ણુતારૂપે રહેલો હોય છે; તેજ કાષ્ઠની અંદર અત્યંત બળપૂર્વક મથન કરતાં વાયુની સહાયથી સૂક્ષ્મ તણખા વગેરેરૂપે ઉત્પન્ન થાય છે અને પછી અત્યંત પ્રકૃષ્ટ રૂપે પ્રકટ થઈને ઘી વગેરે હુતદ્રવ્યથી વધી પડે છે; તેમજ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી—એ ચાર પ્રકારની વાણી તે મારું પ્રાકટ્ય છે. એ પ્રમાણે જેમ વાણીની વૃત્તિ મારું પ્રાકટ્ય છે, તેમ હાથની વૃત્તિ કર્મ, પગની વૃત્તિ ગતિ, ગુદા તથા લિંગની વૃત્તિ મલ વગેરેનો ત્યાગ, ઘ્રાણેન્દ્રિયની વૃત્તિ સૂંઘવું, જિહ્વા ઇન્દ્રિયની વૃત્તિ સ્વાદ લેવો, નેત્રની વૃત્તિ જોવું, ત્વચાની વૃત્તિ સ્પર્શ કરવો, શ્રવણેંદ્રિયની વૃત્તિ સાંભળવું, મનની વૃત્તિ સંકલ્પ, બુદ્ધિ તથા ચિત્તની વૃત્તિ વિજ્ઞાન, અહંકારની વૃત્તિ અભિમાન, પ્રધાનની વૃત્તિ સૂત્ર—સમષ્ટિ, પ્રાણ અને રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણના વિકારરૂપ અનુક્રમે ઇન્દ્રિયવર્ગ, દેવવર્ગ તથા પૃથ્વી આદિ પાંચ મહાભૂતોરૂપ આ ત્રણ પ્રકારનો સર્વ પ્રપંચ મારુંજ પ્રાકટ્ય છે—સ્વરૂપ છે. (માટે ઈશ્વર આદિ પ્રકટ રૂપવાળો આ પ્રપંચ ઈશ્વરથી ભિન્ન નથી.) આ ઈશ્વર પ્રથમ સૃષ્ટિના આદિમાં અવ્યક્ત—એક રૂપેજ હતા; તેજ ઈશ્વર (સૃષ્ટિના આરંભકાળમાં) કાળને લીધે વાણી વગેરે ઈન્દ્રિયોરૂપી વિભાગ પામેલી શક્તિઓવાળા થયા અથવા પોતાની માયા નામની શક્તિને વિશેષે કરીને ભેટ્યા, જેથી તે અનેક પ્રકારે થયા હોય તેમ ભાસે છે. કારણ કે વસ્તુતઃ તે પોતેજ એક આદ્ય છે; ત્રણે ગુણોના આશ્રય છે અને લોકાત્મક કમળના કારણભૂત છે, છતાં જેમ એક ક્ષેત્રમાં વાવેલાં એક એક બીજો, પોતાની ઉત્પત્તિસ્થાનરૂપ ક્ષેત્રને પામીને અનેકસ્વરૂપે થાય છે; (તેમ ઈશ્વર પણ કાળગતિથી માયારૂપ યોનિને પામીને અનેક સ્વરૂપે ભાસે છે.) * જેમ વસ્ત્ર તાંતણાઓના વિસ્તારમાં સ્થિતિવાળું હોઇ તે તાંતણાઓમાં ‡ઓતપ્રોત છે; પણ તે તાંતણાઓથી ભિન્ન નથી, તેમ આ સમગ્ર જગત ઈશ્વરમાં ઓતપ્રોત રહેલું હોઈ ઈશ્વરથી ભિન્ન નથી. આવા પ્રકારનું આ સમષ્ટિ—વ્યષ્ટિરૂપ જગતરૂપી એક વૃક્ષ, અવિદ્યાને લીધે આત્મામાં અધ્યસ્ત થઇને (જીવને કર્તૃત્વ વગેરે સંસારનું કારણ થાય છે; માટે વિવેકજ્ઞાનથી કર્મ આદિ સર્વનો ત્યાગ કરવો જોઇએ, એમ મેં કહ્યું છે;

રૂપે બોલે છે. વળી આવો એક શ્લોક વિદ્વાનો કહે છેઃ 'या सा मित्रावरुणसदनादुच्चरन्ती त्रिषष्टिं वर्णानन्तः प्रकटकरणैः प्राणसंगात् प्रसूते ॥ तां पश्यन्तीं प्रथममुदितां मध्यमां बुद्धिसंस्थां वाचं वक्त्रे करणविशदां वैखरीं च प्रपद्ये ॥'—તે ત્રણ પ્રકારની વાણીનું હું શરણ લઉં છું, કે જે વાણી અગ્નિ તથા સોમના નિવાસસ્થાનરૂપ પરમાત્માથી પ્રકટ થઇને ત્રેસઠ વર્ણોને ઉત્પન્ન કરે છે. ત્રેસઠ વર્ણોની ગણતરી આ પ્રમાણે છે—'अ, इ, उ' આ ત્રણ વર્ણો એક એક હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત આવા ભેદથી નવ થાય છે. 'ऋ' હ્રસ્વ તથા દીર્ઘ—એવા બે ભેદવાળો છે. તે પ્લુત નથી; 'लृ' પણ હ્રસ્વ અને પ્લુત—એવા બે ભેદવાળો છે, તે દીર્ઘ નથી; 'ए, ऐ, ओ, औ'—આ ચાર એક એક દીર્ઘ તથા પ્લુત—એવા ભેદથી આઠ થાય છે. તેઓ હ્રસ્વ નથી. આમ એકવીસ સ્વરો થાય છે. વ્યંજનોમાં क થી म સુધીના પચીસ સ્પર્શવ્યંજનો છે; 'य, र, ल, व,' એ ચાર અંતસ્થ વ્યંજન છે; 'श, ष, स, ह' એ ચાર ઉષ્માક્ષર છે; પાંચ અનુનાસિક, અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય—આમ એકંદર સ્વર સાથે ગણતાં ત્રેસઠ વર્ણો થાય છે. આ વર્ણો પ્રાણવાયુના સંગથી ઉત્પન્ન થાય છે; વળી જે વાણી પ્રકટ ઇન્દ્રિયોથી અંદર વર્ણોને જુએ છે, પણ ઉચ્ચારણ કરતી નથી તે પશ્યંતી કહેવાય છે. તે પ્રથમ ઉત્પન્ન થાય છે; પછી જે વાણી બુદ્ધિમાં રહીને 'હું વર્ણોનું ઉચ્ચારણ કરું' આવા વિચારવાળી હોય છે તે મધ્યમા કહેવાય છે અને જે મુખમાં આવીને સ્થાન તથા પ્રયત્નથી નિર્મળ થઇ ઉચ્ચારણરૂપે પ્રકટ થાય છે તે વૈખરી વાણી કહેવાય છે—આ ત્રણ પ્રકારની વાણીને હું શરણે જાઉં છું. —શ્રીધર

* માટે માયાના વિલાસરૂપ આ જગત ઈશ્વરમાં-જ રહેલું હોઇને ઈશ્વરથી ભિન્ન નથી એમ, દૃષ્ટાંત સાથે કહે છે. —શ્રીધર

‡ વસ્ત્ર ઊભા તાંતણાઓમાં ઓત થઇને અને આડા તાંતણાઓમાં પ્રોત થઇને રહ્યું છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ વૃક્ષ)પુરાણું છે, અનાદિકાળનું છે, કર્મમય–છે, પ્રવૃત્તિરૂપી સ્વભાવવાળું છે અને તેજ વૃક્ષ, પુષ્પરૂપ ભોગને તથા ફળરૂપ મોક્ષને ઉત્પન્ન કરે છે; અથવા કર્મને તથા તેના ફળને ઉત્પન્ન કરે છે.[૧૭-૨૧] આ જગતરૂપી વૃક્ષનાં બીજ (પુણ્ય તથા પાપ) બે છે; (અગણિત વાસનાઓ તે) તેનાં સેંકડો મૂળિયાં છે; (સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ–એ) ત્રણ આ વૃક્ષનાં થડ છે; (દશ ઇન્દ્રિયો અને એક મન–એમ) અગિયાર આ વૃક્ષની નાની નાની ડાળીઓ છે; (વાત, પિત્ત અને કફ–એ) ત્રણ આ વૃક્ષની છાલ છે; (સુખ અને દુઃખ એ) બે ફળ છે; (શબ્દાદિ પાંચ વિષયોરૂપી) આ વૃક્ષમાંથી રસ ઉત્પન્ન થાય છે અને આ વૃક્ષ છેક સૂર્યમંડળપર્યંત પહોંચેલું છે,+ કે જેમાં જીવ અને ઈશ્વરરૂપી બે પક્ષીઓનો માળો છે તે આ વૃક્ષ, જીવ તથા ઈશ્વરનું નિવાસસ્થાન છે.[૨૨] આ જગતરૂપી વૃક્ષના એક (દુઃખરૂપી) ફળને ગામમાં રહેતાં ગીધડાં (વિષયોમાં મચ્યા રહેતા ગૃહસ્થો) ખાય છે (ભોગવે છે) અને બીજું (સુખરૂપી) ફળ, જંગલમાં વસતા હંસો (વિવેકી પરમહંસો) ખાય છે. આ રીતે માયાથી અનેકરૂપે ભાસતા એકજ પરમાત્માને પોતાના ગુરુઓદ્વારા જે જાણે છે તેજ વેદને જાણે છે. માટે તમે પણ અપ્રમાદી થઇને ગુરુની સેવા કરીને તે દ્વારા પ્રાપ્ત કરેલી એકાંતભક્તિ વડે તીક્ષ્ણ કરેલા જ્ઞાનરૂપી કુહાડાથી જીવને ઉપાધિરૂપ ત્રિગુણાત્મક લિંગશરીરને છેદી નાખો અને પછી આત્માને પ્રાપ્ત કરી તે જ્ઞાનરૂપી અસ્ત્રનો પણ ત્યાગ કરો.[૨૩-૨૪]

एवं गुरूपासनयैकभक्त्या विद्याकुठारेण शितेन धीरः। विवृश्च्य जीवाशयमप्रमत्तः संपद्य चात्मानमथ त्यजास्त्रम् ॥२४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

+ અર્થાત્ સૂર્યમંડળને ભેદીને જે નીકળી જાય તેને સંસાર રહેતો નથી. —શ્રીધર

અધ્યાય ૧૩ મો+

સત્ત્વગુણથી જ્ઞાનનો ઉદય અને ચિત્ત તથા ગુણનું અલગ થવું

॥ શ્રીભગવાનુવાચ ॥

सत्त्वं रजस्तम इतिगुणा बुद्धेर्न चात्मनः। सत्त्वेनान्यतमौ हन्यात्सत्त्वं सत्त्वेन चैव हि॥१॥

શ્રીભગવાન બોલ્યાઃ–×'સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ–એ પ્રકૃતિના ગુણો છે, આત્માના ગુણો નથી; માટે સત્ત્વગુણની વૃદ્ધિ કરીને રજોગુણનો તથા તમોગુણનો નાશ કરવો અને (સત્ય–દયા આદિ વૃત્તિરૂપ) સત્ત્વગુણનો (ઉપશમરૂપ) સત્ત્વગુણથીજ નાશ કરી નાખવો.[૧] વૃદ્ધિ પામેલા સત્ત્વગુણથી પુરુષને મારી ભક્તિરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે; તેમાં પ્રથમ સાત્ત્વિક પદાર્થોનું સેવન કરવાથી સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે અને પછી તે દ્વારા ભક્તિરૂપ ધર્મ પ્રવર્તે છે.[૨] આ ભક્તિરૂપ ધર્મ કે જેમાં સત્ત્વગુણની વૃદ્ધિ કારણરૂપ છે, તે રજોગુણનો તથા તમોગુણનો નાશ કરે છે; કારણ કે તેનાથી બીજો કોઇ પણ ધર્મ ઉત્તમ નથી અને એ રીતે રજોગુણ તથા તમોગુણ જેવા નાશ પામ્યા એટલે તુરતજ તે બન્ને ગુણોરૂપી મૂળવાળો *અધર્મ પણ નાશ પામે છે.[૩] શાસ્ત્ર, જળ,

+ આ અધ્યાયમાં સત્ત્વગુણની વૃદ્ધિથી વિદ્યાના ઉદયનો ક્રમ દર્શાવે છે અને હંસના ઇતિહાસથી ચિત્ત તથા ગુણો કેવી રીતે જુદાં પડે છે, તે કહે છે. —શ્રીધર

× એ પ્રમાણે 'જ્ઞાનરૂપી કુહાડાથી લિંગશરીરનો નાશ કરી તું સાધનોનો પણ ત્યાગ કરી દે,' એમ કહ્યું. તેમાં ત્રણ ગુણોની વૃત્તિરૂપી વિઘ્ન જ્યાંસુધી હોય ત્યાંસુધી જ્ઞાનની ઉત્પત્તિ કેવી રીતે થાય?' આવી શંકા કરીને તમોગુણ આદિની નિવૃત્તિથી જ્ઞાનની ઉત્પત્તિનો પ્રકાર કહે છે. તેમાં આનંદાદિની પેઠે ગુણો જો આત્માના ધર્મો હોય તો તેઓની કદી નિવૃત્તિજ ન થાય અને જ્ઞાન ઉત્પન્ન થઇ શકે નહિ; પણ તેમ નથી. ગુણો આત્માના ધર્મો નથી, એ અહીં કહે છે. —શ્રીધર

* રાગદ્વેષરૂપી અધર્મનું મૂળ રજોગુણ છે તથા પ્રમાદ અને આળસ વગેરે અધર્મનું મૂળ તમોગુણ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેશ, કાળ, કર્મ, જન્મ, ધ્યાન, મંત્ર તેમજ સંસ્કાર—આ દસ ÷ગુણોની વૃદ્ધિનાં કારણ છે.[૪] ગુણવૃદ્ધિનાં આ કારણોમાં જેની શાસ્ત્રવેત્તાઓ પ્રશંસા કરે છે તેને સત્ત્વગુણની વૃદ્ધિ કરનાર કારણ જાણવું; જેની નિંદા કરે છે તેને તમોગુણને વધારનાર જાણવું અને જેની ઉપેક્ષા કરે છે એટલે પ્રશંસા કે નિંદા પણ કરતા નથી, તેને રજોગુણની વૃદ્ધિ કરનાર જાણવું.[૫] પુરુષે સત્ત્વગુણની વૃદ્ધિ માટે (પૂર્વોક્ત કારણો પૈકી) ‡સાત્ત્વિકનુંજ સેવન કરવું, કે જેથી મારી ભક્તિરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે અને તે ભક્તિથી આત્માનો સાક્ષાત્કાર તથા સ્થૂલ અને સૂક્ષ્મ—બન્ને દેહના કારણભૂત ગુણો દૂર થાય ત્યાંસુધીનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. *જેમ વાંસના ઘર્ષણથી ઉત્પન્ન થયેલો અગ્નિ (પોતાથીજ ઉત્પન્ન થયેલી જ્વાળાઓ વડે) તે વાંસના વનને બાળી નાખીને પછી શાંત થાય છે તેમ, ગુણોના ક્ષોભને લીધે ઉત્પન્ન થયેલો દેહ પણ તે અગ્નિના જેવી ક્રિયાવાળો થઈ પોતાથી ઉત્પન્ન થયેલા જ્ઞાન વડે પોતાનુંજ કારણ એવા ગુણોનો નાશ કરી પોતે પણ વિનાશ પામે છે.'[૬-૭]

ઉદ્ધવજીએ પૂછ્યું:—'હે કૃષ્ણ! મરણધર્મી મનુષ્યો જાણે છે કે, વિષયો લગભગ આપત્તિઓનું સ્થાન છે; તોપણ તેઓ કૂતરાં,× ગધેડાં અને બોકડાંની પેઠે વિષયોને કેમ ભોગવે છે?'[૮]

શ્રીભગવાન બોલ્યા:—'પ્રમાદી—વિવેકશૂન્ય મનુષ્યના હૃદયમાં દેહાદિ પરની 'હું' એવી મિથ્યા બુદ્ધિ ફેલાઈ ગઈ હોય છે અને તેથી મન જો કે સત્ત્વગુણપ્રધાન છે તોપણ તેમાં ઘોર દુઃખરૂપ રજોગુણ ફેલાઇ જાય છે.[૯] એ રીતે મન રજોગુણથી યુક્ત બને છે ત્યારે તે મનને 'આનો આ રીતે ઉપભોગ કરવો અને આનો આવી રીતે કરવો જોઇએ' એવા વિકલ્પવાળો સંકલ્પ થયા કરે છે અને તે સંકલ્પને લીધે (અહો) આ કેવું રૂપ છે!

(અહીં અધર્મનો અર્થ એ છે કે, ધર્મમાં જે કંઇ વિઘ્નકર્તા હોય તે.) —શ્રીધર

÷ 'સાત્ત્વિક પદાર્થોનું સેવન કરવાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે.' એમ કહેવામાં આવ્યું છે. માટે સત્ત્વગુણની વૃદ્ધિનાં કારણો દર્શાવવા માટે અહીં સામાન્ય ગુણવૃદ્ધિનાં કારણો કહે છે. —શ્રીધર

‡ અર્થાત્ સાત્ત્વિક શાસ્ત્ર જે નિવૃત્તિદર્શક શાસ્ત્રો છે તેનુંજ સેવન કરવું, પણ પ્રવૃત્તિમાર્ગનાં કે પાખંડી શાસ્ત્રોનું સેવન કરવું નહિ; સાત્ત્વિક જળ જે તીર્થજળ છે તેનુંજ સેવન કરવું, પણ સુગંધી જળનું કે મદિરા વગેરે જળનું સેવન કરવું નહિ; લોકોમાં પણ જેઓ નિવૃત્તિપરાયણ હોય તેઓનું સેવન કરવું, પણ પ્રવૃત્તિપરાયણ દુરાચારીઓનું સેવન કરવું નહિ; દેશમાં પણ જે દેશ એકાંત અને શુદ્ધ હોય તેજ દેશનું સેવન કરવું, પણ શેરીઓ, પોળો કે જુગાર વગેરેના પ્રદેશોનું સેવન કરવું નહિ. કાળ પણ બ્રાહ્મમુહૂર્ત વગેરેજ સાત્ત્વિક હોઇ ધ્યાન વગેરે કરવામાં ઉત્તમ છે. માટે તેજ કાળનું સેવન કરવું, પણ સાયંકાળ કે મધ્યરાત્રિ વગેરે કાળને ધ્યાન વગેરેમાં લેવા નહિ. કર્મ જે નિત્યકર્મ—સંધ્યાવંદનાદિ સાત્ત્વિક છે તેનું સેવન કરવું; પણ કામ્ય કર્મ કે અભિચાર વગેરે કર્મોનું સેવન કરવું નહિ; જન્મ જે વૈષ્ણવદીક્ષા તથા શૈવદીક્ષા વગેરે સાત્ત્વિક છે તેનુંજ સેવન કરવું, પણ શક્તિદીક્ષા વગેરે ક્ષુદ્રદીક્ષારૂપ જન્મનું સેવન કરવું નહિ; ધ્યાન શ્રીવિષ્ણુ ભગવાનનુંજ કરવું જોઇએ, પરંતુ સ્ત્રી, શત્રુ વગેરેનું ધ્યાન કરવું નહિ; મંત્ર—ૐકાર વગેરે સાત્ત્વિકનુંજ સેવન કરવું, પણ કામ્ય, ક્ષુદ્ર—મંત્રોનું સેવન કરવું નહિ; સંસ્કાર જે ચિત્તશોધક હોય તેજ સેવવા યોગ્ય છે, પણ કેવળ દેહ—ઘર વગેરેને શુદ્ધ કરનાર છે તેનું સેવન કરવું નહિ. આ દસ સાત્ત્વિક કારણોનું સેવન કરવાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે. તે વૃદ્ધિથી ભક્તિ થાય છે અને ભક્તિથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. અહીં કદાચ કોઇને શંકા થાય કે, જ્ઞાન તો 'तत्त्वमसि' આદિ મહાવાક્યોના શ્રવણથીજ ઉત્પન્ન થાય છે; તેમાં વળી સત્ત્વવૃદ્ધિ કે ભક્તિની શી જરૂર છે? તેના ઉત્તરમાં અહીં કહ્યું છે કે, સત્ત્વવૃદ્ધિથી ભક્તિ અને ભક્તિથીજ આત્મસાક્ષાત્કાર સુધીનું જ્ઞાન થાય છે. —શ્રીધર

* કદાચ શંકા થાય કે, ગુણોના ક્ષોભથી ઉત્પન્ન થયેલો દેહ પોતાના આશ્રયરૂપ ગુણોને પોતાથીજ ઉત્પન્ન થયેલા જ્ઞાન વડે દૂર કરીને પોતે પણ કેવી રીતે ઉપરામ પામે? આના સમાધાનમાં કહે છે. —શ્રીધર

× કૂતરાઓ તિરસ્કાર પામવા છતાં કૂતરીઓ પાછળ દોડીને વિષયો ભોગવે છે; ગધેડાઓ ગધેડીની લાતો ખાતા ખાતા પણ વિષયોને ભોગવે છે અને બોકડાઓને મારી નાખવા આણ્યા હોય છે, છતાં નિર્લજ્જ થઈ બકરીની પાછળ દોડીને વિષયોને ભોગવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અહો, આ કેવો ભાવ છે! આમ વિષયોના વિચાર કર્યા કરવાથી દુર્મતિ મનુષ્યને દુઃસહ વિષયાભિલાષ ઉત્પન્ન થાય છે.[૧૦] તે પછી એ વિષયાભિલાષને વશ થયેલો મનુષ્ય, અજિતેન્દ્રિય બનીને રજોગુણુના વેગથી અત્યંત મોહિત થાય છે અને તેથીજ પોતે કર્મોને દુઃખરૂપ પરિણામવાળાં જુએ છે તોપણ કર્મો કર્યા કરે છે.[૧૧] પરંતુ જે મનુષ્ય વિવેકી હોય છે તે તો કોઇ વેળા રજોગુણ તથા તમોગુણ વડે ચલિત બુદ્ધિવાળો થાય છે; તોપણ સાવધાન રહીને મનને વશ રાખે છે અને વિષયો તરફ દોષદૃષ્ટિ કરીને તેમાં આસક્ત થતો નથી.[૧૨] (વિષયો તરફ દોષદૃષ્ટિ કર્યા છતાં પણ જો મનને વશ ન રાખી શકાતું હોય તો તે માટે આવો ઉપાય કરવો.) પ્રમાદરહિત થઇને તેમજ આળસનો ત્યાગ કરીને ત્રણે કાળ પ્રથમ તો આસનનો જય કરવો અને શ્વાસનો જય કરી પ્રાણાયામ કરવો. પછી ધીમે ધીમે મનને પરમાનંદસ્વરૂપ એવા મારે વિષે જોડી દેવું.[૧૩] મારા શિષ્ય સનકાદિક મુનિઓએ આટલોજ યોગ બતાવ્યો છે કે, સર્વ વિષયો તરફથી મનને આકર્ષી લઇ સાક્ષાત્ મારે વિષે સ્થાપવું.'[૧૪]

ઉદ્ધવજીએ પૂછ્યું:–'હે કેશવ! આપે જે કાળે જે રૂપથી સનકાદિ મુનિઓને યોગનો ઉપદેશ કર્યો હતો તે કાળ અને તે આપનું રૂપ જાણવાને હું ઇચ્છું છું.'[૧૫]

શ્રીભગવાન બોલ્યા:–'સનકાદિક મુનિઓ બ્રહ્માના માનસ પુત્રો છે; તેઓએ એક વખતે પોતાના પિતા બ્રહ્માને યોગની દુર્જ્ઞેય પરાકાષ્ઠા પૂછી હતી.[૧૬]

સનકાદિક પૂછવા લાગ્યા:–'હે પ્રભો! મન, સ્વભાવથીજ (રાગાદિને વશ હોવાને લીધે) વિષયોમાં પ્રવેશ કરે છે અને તે અનુભવેલા વિષયો, વાસનારૂપે મનમાં પ્રવેશ કરે છે; ત્યારે જે મુમુક્ષુ પુરુષ એ વિષયોને ઓળંગી જવા ઇચ્છતો હોય તેણે એ વિષયોને તથા મનને એકબીજાથી અલગ કેવી રીતે કરવાં?'[૧૭]

શ્રીભગવાન બોલ્યા:–'સનકાદિએ એ પ્રમાણે પૂછ્યું ત્યારે સ્વયંભૂ બ્રહ્મા પોતે જો કે મહાન દેવ અને પ્રાણીઓના સ્રષ્ટા છે; તોપણ વિચાર કરતાં એ પ્રશ્નનું બીજ જાણી શક્યા નહિ. કેમકે તેમની બુદ્ધિ કર્મથી વિક્ષિપ્ત એટલે કર્મમાંજ વ્યગ્ર રહે છે.[૧૮] પછી તે બ્રહ્મદેવે એ પ્રશ્નોનો ઉત્તર અથવા અભિપ્રાય જાણવાની ઇચ્છાથી મારું ચિંતન કર્યું, એટલે હું §હંસનું સ્વરૂપ ધારણ કરી તેમની પાસે ગયો.[૧૯] મને જોઇને તે સનકાદિક મુનિઓ, બ્રહ્માને આગળ કરી મારી સમીપ આવ્યા અને મારા ચરણમાં વંદન કરી મને પૂછવા લાગ્યા કે, 'તમે કોણ છો?'[૨૦] એ પ્રમાણે તત્ત્વ જાણવા ઇચ્છતા તે મુનિઓએ મને પૂછ્યું; એટલે હે ઉદ્ધવ! તેઓને મેં જે કહ્યું હતું તે તમે મારી પાસેથી સાંભળો.[૨૧] (મેં તેઓને કહ્યું કે,) 'હે બ્રાહ્મણો! તમે મને પૂછો છો તે આત્માને÷ ઉદ્દેશીને પૂછો છો કે આત્માને ઉપાધિરૂપ આ ભૂતસમુદાય–શરીરને ઉદ્દેશીને પૂછો છો? જો તમે આત્માને ઉદ્દેશી પૂછતા હો તો આત્મા કંઇ અનેક નથી; તેમજ તમારો પ્રશ્ન તો અનેકમાંથી કોઈ એકનો નિશ્ચય કરવારૂપ છે. તે કેમ ઘટી શકે? તેમજ (આત્મા કોઇ જાતિ–ગુણ આદિ વિશેષવાળો નથી; તેથીજ) મારે–ઉત્તર આપનારાએ કોનો આશ્રય કરી ઉત્તર આપવો? (કઇ જાતિ કે કયા ગુણનો આશ્રય કરી મારે ઉત્તર આપવો?)[૨૨] તમે કહેશો કે, ભૂતસમુદાયને ઉદ્દેશી અમે પ્રશ્ન કર્યો છે; તો-

§ જેમ હંસ દૂધને તથા પાણીને અલગ કરવાને સમર્થ છે, તેમ હું પણ વિષયોને તથા મનને અલગ કરવાને સમર્થ છું, એમ જણાવવા માટે ભગવાન હંસનું રૂપ લઇને ગયા હતા. —શ્રીધર

÷ દેહાદિથી આત્મા જુદો છે, એમ જ્ઞાન થતાંજ તે દેહાદિ ઉપર રાગાદિનો સંભવ રહેતો નથી; એટલે વિષય તથા મન એની મેળેજ જુદાં પડી જાય છે; એમ કહેવાને 'તમે કોણ છો?' એ પ્રશ્નના ખંડનને બહાને આત્મા તથા અનાત્માનો વિવેક કરી બતાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ 'તમે કોણ છો?' આ તમારો પ્રશ્ન કેવળ વાણીના આરંભરૂપ હોઇ નિરર્થક છે. કારણ કે દેવ–મનુષ્યાદિ હરકોઇ શરીર પાંચ મહાભૂતમય છે, તેથી સમાન છે અને વાસ્તવિક રીતે તેઓના પરમ કારણ(બ્રહ્મ)રૂપે પણ તેઓ અભિન્ન છે—જુદાં જુદાં નથી.×[૨૩] *મન, વચન, દૃષ્ટિ અને બીજી પણ જે કોઇ ઇન્દ્રિયો વડે જ કંઇ ગ્રહણ કરવામાં આવે છે, તે સર્વ હુંજ છું, મારાથી જુદું કંઇ પણ નથી; એમ તત્ત્વવિચાર વડે તમે જાણી લો. (હું સર્વસ્વરૂપ છું, એમ તત્ત્વદૃષ્ટિએ મેં તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યો છે.)[૨૪] હે+ પુત્રો! (સાચું છે કે,) મન વિષયોમાં પ્રવેશ કરે છે અને વિષયો મનમાં પ્રવેશ કરે છે. એમ મન તેમજ વિષયો બન્ને પરસ્પર ગૂંથાઇ જઇને મારા સ્વરૂપ એવા જીવને દેહરૂપે ઉપાધિ છે. (ખરી રીતે આ દેહ અધ્યાસરૂપ છે; જીવના સ્વરૂપરૂપે નથી.)[૨૫] માટે વારંવાર વિષયોનું સેવન કરવાથી (તેના સંસ્કારને લીધે) વિષયોમાં પ્રવેશ કરતા મનને તથા વાસનારૂપે મનમાં અત્યંત થયા કરતા વિષયોને બન્નેને મારા સ્વરૂપ થઇને (દૃઢ બ્રહ્માકાર વૃત્તિ કરીને) તજી દેવાં.[૨૬] જાગ્રત્,‡ સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થાઓ બુદ્ધિની વૃત્તિઓ છે (નહિ કે જીવની) અને તે પણ સ્વાભાવિક નથી, પરંતુ સત્ત્વાદિ ગુણોથીજ થનારી છે. જીવ તો એ ત્રણે અવસ્થાઓથી રહિતજ છે; કેમકે જીવ તે ત્રણે અવસ્થાઓનો સાક્ષી છે.[૨૭] બુદ્ધિને લીધે જ બંધ થાય છે તેજ આત્માને બુદ્ધિની વૃત્તિરૂપ જાગ્રત્, સ્વપ્ન તથા સુષુપ્તિ–એ ત્રણ અવસ્થાઓ આપે છે. (અર્થાત્ આત્મામાં બુદ્ધિનો જે અધ્યાસ થાય છે તેજ તેને જાગ્રત વગેરે અવસ્થાઓ આપે છે.) માટે તે ત્રણે અવસ્થાઓથી મુક્ત, મારા તુર્ય–સાક્ષીસ્વરૂપે સ્થિતિ કરીને એ બુદ્ધિના બંધ (અધ્યાસ)નો ત્યાગ કરવો, કે જેથી વિષયોનો તથા મનનો પણ પરસ્પર ત્યાગ થઇ જશે.[૨૮] આ બુદ્ધિનો અધ્યાસ તે અહંકારને લીધે થાય છે અને તેજ આત્માના આનંદાદિસ્વરૂપને ઢાંકી દઇ તેને અનર્થનું કારણ થઇ પડે છે; એ પ્રમાણે સમજીને 'આ બધું દુઃખમય છે,' આમ વૈરાગ્ય પામી ત્રણ અવસ્થાઓથી રહિત તુર્ય–સાક્ષીસ્વરૂપે રહીને સંસારચિંતાનો ત્યાગ કરવો—એટલે બુદ્ધિ ઉપરના અભિમાનનો તથા તેથી કરાયલી ભોગચિંતાનો ત્યાગ કરવો.[૨૯] જ્યાં સુધી પુરુષની અનેક પ્રકારના અર્થવાળી ભેદબુદ્ધિ, (ગુરુએ ઉપદેશેલા શાસ્ત્રાભ્યાસથી ઉત્પન્ન થયેલી) યુક્તિઓ વડે દૂર થતી નથી, ત્યાંસુધી તે અજ્ઞાની પુરુષ, (કર્મ કરવાં વગેરેમાં) જાગ્રત રહે છે; તોપણ સ્વપ્નોને જોતો હોય તેવો છે. જેમ સ્વપ્નમાં મનુષ્ય પોતાની જાગ્રત્–અવસ્થામાં હોતો નથી તેમ. (અર્થાત્ જ્યાંસુધી પુરુષ ભેદબુદ્ધિનો ત્યાગ કરતો નથી, ત્યાંસુધી તેનાં જ્ઞાનાદિ સર્વ કર્મ વૃથા છે.)[૩૦] ×વળી દેહાદિ પદાર્થો મિથ્યાજ છે, તેથી તે દેહાદિને લીધે કરાયલા (વર્ણાશ્રમ વગેરે) ભેદો, સ્વર્ગાદિ ગતિઓ કે તેનાં ફળો અને તે સ્વર્ગાદિ ગતિઓનાં કારણ-

× શ્રુતિ પણ કહે છે:—**वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येवसत्यम्** (છાં. ઉ. ૬–૧–૪) ઘડા–કોડિયાં વગેરે નામરૂપ વિકારો કેવળ વાણીના આરંભ છે—માત્ર કહેવાનાજ છે, તેઓનું મૂળ માટી—એજ વસ્તુ સાચી છે; તેમ દેવ–મનુષ્ય આદિ હરકોઇ શરીર માત્ર કહેવાનાંજ જુદાં છે; તેઓનું મૂળ પરબ્રહ્મ એજ વસ્તુ સત્ય છે.—શ્રી.

* સર્વ શરીર પાંચભૂતમય છે, એ તો પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથીજ સિદ્ધ છે; માટે તે સંબંધે નહિ કહેતાં 'પરમકારણ–બ્રહ્મરૂપે પણ શરીર જુદાં જુદાં નથી,' એજ સિદ્ધ કરે છે. —भा. क.

+ એ પ્રમાણે 'તમે કોણ છો?' એ પ્રશ્નના ખંડનને બહાને આત્મસ્વરૂપનું સામાન્યપણે નિરુપણ કરીને હવે જે પ્રશ્નનો ઉત્તર બ્રહ્મા પણ આપી શક્યા ન હતા, તે પ્રશ્નનો ઉત્તર કહે છે. —શ્રીધર

‡ કદાચ કોઇ કહે કે, જાગ્રત્ આદિ અવસ્થાવાળો જીવ કૂટસ્થસ્વરૂપ કેમ હોઈ શકે? આના ઉત્તરમાં કહે છે.—શ્રી

× અહીં કદાચ કોઇને શંકા થાય કે, વેદે રચેલી વર્ણાશ્રમ કર્મ વગેરેની ભેદબુદ્ધિ કેવી રીતે દૂર થાય? આના સમાધાનમાં આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, જેઓને સ્વરૂપનું અજ્ઞાન છે તેઓજ વેદના અધિકારી છે—અજ્ઞાનીઓ માટે વેદ છે, જ્ઞાનીઓ માટે નહિ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપ કર્મો–તે સર્વ આ આત્માને મિથ્યા છે. જેમ દૃષ્ટાંતમાં સ્વપ્ન જોનારા મનુષ્યને તે સ્વપ્નમાં દેખાતા સર્વ ભેદો, ગતિઓ તેમજ તેનાં કારણો (જાગ્રત્ સ્થિતિમાં) મિથ્યા જણાય છે તેમ.[૩૧] +વળી જે જાગ્રત્ અવસ્થામાં પ્રતિક્ષણ બદલાતા બાલ્ય, તારુણ્ય આદિ ધર્મવાળા બહારના સ્થૂલદેહાદિ પદાર્થોને ચક્ષુ આદિ સમસ્ત ઇન્દ્રિયોથી ભોગવે છે, તેમજ સ્વપ્નાવસ્થાના હૃદયને વિષે તે જાગ્રત્ અવસ્થાના જેવાજ વાસનામય–સૂક્ષ્મ પદાર્થોને ભોગવે છે અને સુષુપ્તિ અવસ્થામાં તે સર્વ પદાર્થોને સમેટી લે છે તે આત્મા એકજ છે. કારણ કે આ એકજ આત્મા જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ–એ ત્રણે અવસ્થાઓને જોનારો છે–તે તે અવસ્થાનો સાક્ષી છે. (જો કે જાગ્રત્ અવસ્થાને સર્વ ઇન્દ્રિયો જુએ છે, સ્વપ્ન અવસ્થાને મન જુએ છે અને સુષુપ્તિ અવસ્થાને તે તે સંસ્કારવાળી બુદ્ધિ જુએ છે; પણ વસ્તુતઃ તેમ નથી; કારણ કે) આત્માજ સર્વ ઇન્દ્રિયોનો, મનનો તથા બુદ્ધિનો નિયંતા છે. (કદાચ કોઇ કહે કે, ઇન્દ્રિયોનો નિયંતા તો વિશ્વ છે, મનનો નિયંતા તૈજસ છે; તેમજ બુદ્ધિનો નિયંતા પ્રાજ્ઞ છે, તો પછી જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિના દ્રષ્ટા તે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ, એ જુદા જુદાજ હોવા જોઈએ; તેના ઉત્તરમાં કહેવાનું કે, તે તો માત્ર જુદાં જુદાં નામોજ છે; ખરી રીતે) એકજ આત્માનું સર્વ અવસ્થાઓમાં સ્મરણ–અનુસંધાન રહે છે. માટે સર્વ અવસ્થાઓમાં આત્મા એકજ* છે. (જે મેં સ્વપ્નો જોયાં; જે હું તે પછી કંઇ પણ જાણતો ન હતો, તેજ હું હમણાં જાગું છું–આમ ઉપાધિના ભેદથી એકજ આત્માનો વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એવાં જુદાં જુદાં નામોથી વ્યવહાર કરવામાં આવે છે.)[૩૨] આ રીતે વિચાર કરી ગુણોથી થનારી જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ નામની ત્રણ અવસ્થાઓ મનની છે; છતાં મારી માયાને લીધેજ મારામાં કલ્પાયલી છે, એવો જેઓએ આત્મસ્વરૂપનો નિશ્ચય કર્યો છે એવા તમે, સમગ્ર સંશયોના કારણરૂપ અહંકારનો, અનુમાનો* તેમજ સત્પુરુષોના ઉપદેશો વડે, તીક્ષ્ણ કરેલી જ્ઞાનરૂપી તલવાર વડે નાશ કરીને હૃદયમાં રહેલ મારું ભજન કરો. આ જગત કેવળ એક ભ્રાંતિરૂપ છે, એમ જોવું જોઇએ કારણ કે તે મનનોજ એક વિલાસ છે, નજરે દેખાય છે અને નાશ પામે છે. જે જે વસ્તુ મનના વિલાસરૂપ હોય, દેખાતી હોય તેમજ નાશ પામતી હોય, તે તે કેવળ ભ્રાંતિરૂપજ હોય છે. જેમકે સ્વપ્ન. સ્વપ્ન મનનોજ વિલાસ છે, દેખાય છે અને નાશ પણ પામે છે, માટે તે ભ્રાંતિરૂપ છે. વળી તેજ પ્રમાણે (આ બીજા અનુમાનથી પણ તેજ સિદ્ધ થાય છે.) આ જગત ભ્રાંતિરૂપ છે; કારણ કે તે અસંત ચંચળ છે. જે જે વસ્તુ અત્યંત ચંચળ હોય તે પણ ભ્રાંતિરૂપજ હોય છે. જેમ ઉંબાડિયાંનું ચક્કર અત્યંત ચંચળ છે માટે ભ્રાંતિરૂપજ છે તેમ. (કદાચ કોઈ કહે કે, ભ્રાંતિ પણ નિર્વિષય હોતી નથી, તેનું કેમ? તેના ઉત્તરમાં કહેવાનું કે,) વિજ્ઞાનસ્વરૂપ એકજ આત્મા અનેક સ્વરૂપે ભાસે છે; માટે ગુણોના પરિણામથી કરાયલો આ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ–નામનો ત્રણ પ્રકારનો ભેદ જણાય છે, તે કેવળ માયાજ છે.[૩૩,૩૪] માટે આ દશ્યપ્રપંચથી દૃષ્ટિને વાળી લઇ કેવળ આત્મસુખનાજ અનુભવી થવું જોઇએ અને તે અનુભવની નિશ્ચળતા થાય તે માટે તૃષ્ણારહિત, મૌન તથા નિઃસ્પૃહ રહેવું જોઇએ–એટલે કે મન, વચન તથા કાયાના વ્યાપારનો ત્યાગ કરવો જોઇએ. (જો કે જ્યાંસુધી

+ ઉપરના શ્લોકોમાં કહ્યું કે, યુક્તિઓથી ભેદદૃષ્ટિ દૂર કરવી; તે યુક્તિઓ અહીં કહે છે. —શ્રીધર

* અર્થાત્ જે પ્રમાણે જાગ્રત્ અવસ્થામાં તેજ પ્રમાણે બાલ–યુવાદિ અવસ્થાઓમાં પણ ભૂતકાળના અનુભવોનું સ્મૃતિરૂપ અનુસંધાન થાય છે, જેથી બાલ્યાદિ સર્વ અવસ્થાઓમાં આત્મા એકજ છે, એમ સમજવું. —શ્રીધર

* અનુમાનોથી જ્ઞાનરૂપી તલવાર તીક્ષ્ણ થાય છે; માટે આ શ્લોકમાં અનુમાનો બતાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેહ હોય છે, ત્યાંસુધી દ્વૈતદષ્ટિની નિવૃત્તિ સર્વથા થઇ શકતી નથી અને તેથી ફરી સંસાર થવો સંભવ રહે છે, પણ) કોઈ કોઈ આવશ્યક આહાર વગેરે કર્મમાં આ દ્વૈતપ્રપંચ ભલે કદાચ દેખાય; તોપણ જે વસ્તુને પ્રથમ અવસ્તુ બુદ્ધિથી તજી દીધી હોય છે તે વસ્તુ ફરી ભ્રાંતિ ઉપજાવવાને સમર્થ થઇ શકતી નથી; માત્ર દેહ પડે છે ત્યાંસુધી તે તે વસ્તુનું સંસ્કારરૂપે સ્મરણ એટલે આભાસ રહે છે. (પણ તેથી તે આભાસ કંઇ ભ્રાંતિ ઉપજાવી શકતો નથી.)[૩૫] જેમ મદિરાના મદથી અંધ બનેલો મનુષ્ય, પોતે પહેરેલું વસ્ત્ર ખસી ગયું છે કે રહ્યું છે, તે જાણતો નથી, તેમ (જેને આત્માનો સાક્ષાત્કાર થયો હોય છે તેવો) સિદ્ધપુરુષ પોતાનું નાશવંત શરીર પ્રારબ્ધકર્મના યોગ વડે આસન ઉપર બેઠું છે કે આસનથી ઊઠયું છે,કે ત્યાંથી ક્યાંય બીજે ગયું છે કે પ્રારબ્ધ–કર્મને વશ થઇને ત્યાંનું ત્યાંજ પાછું આવ્યું છે–તે કંઈ જાણતો નથી. કારણ કે તે જ્ઞાની પુરુષે સ્વસ્વરૂપને જાણ્યું હોય છે. ÷શરીર પણ પ્રારબ્ધ કર્મને વશ થઇને પોતાને ઉત્પન્ન કરનારું કર્મ જ્યાંસુધી હોય ત્યાંસુધી પ્રાણ તથા ઇન્દ્રિયોથી યુક્ત રહીને જીવેજ છે; છતાં જેણે સમાધિપર્યંત યોગ પ્રાપ્ત કર્યો હોય અને તેનાથીજ પરમાર્થ વસ્તુને જાણી હોય છે એવો જ્ઞાની પુરુષ, જેમ સ્વપ્નના શરીરને મનુષ્ય ફરી સેવતો નથી, તેમ (સ્ત્રી–પુત્રાદિ) પ્રપંચરહિત એવા તે શરીરને ફરી સેવતો નથી–શરીર ઉપર આસક્તિ કરતો નથી. હે બ્રાહ્મણો! સાંખ્ય તથા યોગનું આ ગુહ્ય–રહસ્ય મેં તમને કહ્યું છે અને હું યજ્ઞમૂર્તિ–વિષ્ણુ તમને ધર્મનો ઉપદેશ આપવા માટે આવ્યો છું, એમ તમે જાણો. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! હું યોગનો, સાંખ્યનો, પ્રમાણથી જણાતા ધર્મનો, પાલન કરાતા ધર્મનો, પ્રભાવનો, લક્ષ્મીનો, કીર્તિનો તથા ઇન્દ્રિયનિગ્રહનો પરમ આશ્રય છું,તેમજ કૃળરૂપ છું; વળી હું નિર્ગુણ છું, કોઇ જાતની અપેક્ષા રાખતો નથી, સર્વ પ્રાણીઓનો મિત્ર છું અને પ્રિય આત્મા છું; માટેજ સર્વના ઉપર સમાનપણું અને સર્વના સંગથી રહિતપણું-વગેરે નિત્ય ગુણો મને ભજે છે–મારામાં રહે છે.[૩૬–૪૦] એ પ્રમાણે સનકાદિક મુનિઓનો સંદેહ મેં દૂર કર્યો એટલે તેઓએ પરમ ભક્તિપૂર્વક મારી પૂજા કરીને સ્તોત્રોથી મારી સ્તુતિ કરી.[૪૧] પછી તે મહર્ષિઓ વડે સારી રીતે પૂજાયલો અને સ્તુતિ કરાયલો હું,બ્રહ્માના દેખતાં પોતાના ધામ તરફ ચાલ્યો ગયો હતો.[૪૨]

तैरहं पूजितः सम्यक् संस्तुतः परमर्षिभिः ।
प्रत्येयाय स्वकं धाम पश्यतः परमेष्ठिनः ॥४२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

अध्याय १४ मो*

ભક્તિની શ્રેષ્ઠતા અને સાધનો સહિત ધ્યાનયોગ

॥ उद्धव उवाच ॥

वदंति कृष्ण श्रेयांसि बहूनि ब्रह्मवादिनः ।
तेषां विकल्पप्राधान्यमुताहो एकमुख्यता ॥१॥

ઉદ્ધવજીએ પૂછ્યું:–' હે કૃષ્ણ ! વેદવાદીઓ અનેક પ્રકારનાં કલ્યાણનાં સાધનો કહે છે; તે તે પ્રત્યેક સાધન વિકલ્પે મુખ્ય છે કે તેમાંથી કોઈ એકજ સાધન મુખ્ય છે ? હે સ્વામિન્ ! આપે જેમાં બીજા કોઇની પણ જરૂર રહેતી નથી એવો ભક્તિયોગ કહ્યો; જેને લીધે સર્વ તરફથી સંગનો ત્યાગ કરી મન આપને વિષે પ્રવેશ કરે છે. (ત્યારે

÷ કદાચ કોઇ કહે કે, શરીરની આપણે ખૂબજ સંભાળ રાખીએ છીએ, છતાં તે હમેશાં મરણનીજ ધાસ્તીમાં રહે છે; તો પછી આવા ક્ષણભંગુર શરીરની જો બિલકુલ દરકાર ન કરાય તો તો તે એકદમજ પડી જાય, આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

* આ અધ્યાયમાં 'ભક્તિજ શ્રેષ્ઠ સાધન છે એ સિવાય બીજું કોઇ પણ શ્રેષ્ઠ સાધન નથી' એ વર્ણવાશે અને બીજાં સાધનો સાથે ધ્યાનયોગનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજાઓ વળી બીજાં પણ સાધનો કહે છે; તેથી હું પૂછું છું કે, એ પ્રત્યેક સાધનો ફળ આપવામાં મુખ્ય છે કે તેઓમાં કેટલાંક મુખ્ય અને કેટલાંક તેઓનાં અંગરૂપ છે? જો પ્રત્યેક સાધનો ફળ આપનારાં હોય તો તે સઘળાંનાં ફળ સરખાં છે કે તેઓમાં કંઇ ભેદ છે?)'[૧-૨]

શ્રીભગવાન બોલ્યાઃ–'+પ્રલય વખતે આ વેદ નામની વાણી કાળને લીધે નાશ પામી ગઇ હતી; તે વાણીને મેં પ્રથમ બ્રાહ્મકલ્પના આદિકાળે બ્રહ્મદેવને કહેલી હતી, કે જે વેદવાણીમાં મારે વિષેજ મન સ્થિર કરાવનારો ધર્મ રહ્યો છે.[૩] બ્રહ્મદેવે એ વેદવાણી સૌથી પહેલાં ઉત્પન્ન થયેલા પોતાના પુત્ર મનુને કહી અને મનુ પાસેથી ભૃગુ÷ વગેરે સાત પ્રજાપતિ બ્રહ્મર્ષિઓએ ગ્રહણ કરી.[૪] પછી તે બ્રહ્મર્ષિઓની પાસેથી તેઓના પુત્ર દેવો, દાનવો, યક્ષો, મનુષ્યો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, ચારણો, કિંદેવો,[૧] કિન્નરો,[૨] નાગો, રાક્ષસો તથા કિંપુરુષો[૩] વગેરેએ તે વેદવાણી ગ્રહણ કરી; પરંતુ આ સર્વ લોકોની પ્રકૃતિઓ અનેક પ્રકારની છે; કેમકે તે તેની પ્રકૃતિનાં જન્મસ્થાન રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ છે અને તે ભિન્ન ભિન્ન પ્રકૃતિઓને લીધે દેવ, અસુર, મનુષ્ય વગેરે પ્રાણીઓ, તેમજ તે તે પ્રાણીઓની બુદ્ધિઓ પણ ભિન્ન ભિન્નજ હોય છે, જેને લીધે પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે સર્વ કોઇએ વેદવાણીના જુદાજુદા અર્થ કર્યા છે.[૫-૭] એ પ્રમાણે પ્રકૃતિની વિચિત્રતાથીજ કેટલાક મનુષ્યો પોતે અભણ હોય છે તોપણ ઉપદેશની પરંપરાથી તેઓની બુદ્ધિઓ જુદી જુદી હોય છે અને કેટલાક તો વેદવિરુદ્ધ પાખંડને અનુસરનારી બુદ્ધિવાળા પણ હોય છે.[૮] હે પુરુષશ્રેષ્ઠ! એ પ્રમાણે મારી માયાને લીધે મોહિત બુદ્ધિવાળા પુરુષો પોતપોતાનાં કર્મ અને પોતપોતાની રુચિ પ્રમાણે અનેક જાતનાં કલ્યાણનાં સાધનો કહે છે.[૯] કેટલાક (*મીમાંસકો) કર્મ કરવારૂપ ધર્મને, કેટલાક (×સાહિત્યશાસ્ત્રીઓ) યશને, કેટલાક (વાત્સ્યાયન વગેરે) કામભોગને, કેટલાક (યોગશાસ્ત્રીઓ) સત્ય, દમ તથા શમને, કેટલાક (§રાજનીતિજ્ઞ પુરુષો) ઐશ્વર્યને, કેટલાક (ચાર્વાક વગેરે લોકાયતિકો) દાન તથા ભોગને અને બીજા કેટલાક વિદ્વાનો યજ્ઞ, તપ, દાન, વ્રતો, નિયમો તથા યમોને પુરુષાર્થરૂપ કહે છે.[૧૦] આ સર્વ લોકોનાં પોતપોતાનાં કર્મ પ્રમાણે જ સ્વર્ગાદિ લોકો નિર્માણ કરાયલા હોય છે તે આદિ તથા અંતવાળા, પરિણામે દુઃખદાયી, અંતે મોહ ઉપજાવનારા, ક્ષુદ્ર આનંદવાળા અને

+ ભક્તિજ મહાન ફળ આપનારી હોવાથી મુખ્ય છે; બાકીનાં તો પોતપોતાના સ્વભાવ પ્રમાણે કેવળ પુષ્પનેજ સ્થાને રહેલાં સ્વર્ગાદિ ઉપર ફળબુદ્ધિ ધરાવનારા લોકોએ કલ્પી કાઢેલાં સાધનો છે અને તેઓનાં ફળ ક્ષુદ્ર હોય છે. એમ સ્પષ્ટ કરવાને પોતપોતાના સ્વભાવ પ્રમાણે અનેક જાતનો વેદનો અર્થ સ્વીકારવામાં આવ્યો છે, એ વાત સાત શ્લોકમાં અહીંથી કહે છે.–શ્રી.

÷ ભૃગુ, મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ અને ક્રતુ–એ સાત પ્રજાપતિ બ્રહ્મર્ષિઓ છે.—શ્રીધર

૧. જેઓને થાક, પરસેવો કે દુર્ગંધ હોય નહિ તેથી 'આ તે દેવો છે કે મનુષ્યો?' આવો જેઓના વિષે સંદેહ થાય છે તે કોઇ બીજા દ્વીપનાં મનુષ્યો.

૨. જેઓનાં મુખ મનુષ્યના જેવાં હોય અથવા જેઓનાં શરીર મનુષ્યના જેવાં હોય તે.

૩. કંઇક મનુષ્ય જેવાં હોય તે વાનરાદિ વગેરે.–શ્રી.

* મીમાંસકો કહે છેઃ

मोक्षार्थी न प्रवर्तेत तत्र काम्यनिषिद्धयोः ।
नित्यनैमित्तिके कुर्यात् प्रत्यवायजिहासया ॥

મોક્ષની ઇચ્છા રાખનારાએ કામ્ય તથા નિષિદ્ધ કર્મો કરવાં નહિ; પણ દોષ ન લાગે તે માટે નિત્યનૈમિત્તિક કર્મો કરવાં. —શ્રીધર

× સાહિત્યશાસ્ત્રીઓ કહે છેઃ

यावत् कीर्तिर्मनुष्यस्य पुण्यलोकेषु गीयते ।
तावद्वर्षसहस्राणि स्वर्गलोके महीयते ॥

મનુષ્યની કીર્તિ જેટલાં વર્ષ પવિત્ર લોકમાં ગવાય છે, તેટલાં હજાર વર્ષ સુધી તે મનુષ્ય સ્વર્ગલોકમાં પૂજાય છે. —શ્રીધર

§ નીતિવેત્તાઓ માને છે કે, સામ, દાન, દંડ અને ભેદ એ ચાર ઉપાયો કલ્યાણસાધક છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શોકથી વ્યાપ્ત હોય છે.[૧૧] હે સભ્ય ઉદ્ધવ! જે મનુષ્યે મારામાં ચિત્ત સ્થાપી દીધું હોય છે અને સર્વ વિષયોની તૃષ્ણા તજી દીધી હોય છે તેવા મનુષ્યને સ્વરૂપપણાથી સ્ફુરતા આત્મારૂપ મારા વડે જે સુખ પ્રાપ્ત થાય છે, તે (પૂર્વોક્ત) વિષયાત્મા મનુષ્યોને ક્યાંથી પ્રાપ્ત થાય? (માટે મારી ભક્તિ એજ સર્વોત્તમ કલ્યાણસાધન છે.)[૧૨] જે પુરુષે સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો હોય, બાહ્ય તથા આભ્યંતર ઇન્દ્રિયોને જીતી હોય, ચિત્ત સર્વત્ર સમભાવવાળું હોય અને મન કેવળ મારાથીજ સંતુષ્ટ રહેતું હોય, તે પુરુષને સર્વ દિશાઓ સુખમય થાય છે.[૧૩] પોતાના મનને મારામાં સ્થાપી દેનારો મારો ભક્ત બ્રહ્મદેવના પદને, મહેન્દ્રના સ્થાનને, ચક્રવર્તીના પદને, પાતાલના અધિપતિપણાને, યોગસિદ્ધિઓને કે મોક્ષને પણ મારા વિના ઇચ્છતો નથી.[૧૪] હે ઉદ્ધવ! ÷તમે મને જેવા અત્યંત પ્રિય છો તેવા બ્રહ્મા, (મારા પુત્ર છે તોપણ) શંકર, (મારું સ્વરૂપજ છે તોપણ) બળદેવ (મોટા ભાઇ છે તોપણ), લક્ષ્મી (પત્ની છે તોપણ) અને મારો આત્મા પણ મને પ્રિય નથી. (અર્થાત્ મારો ભક્ત મને સર્વ કરતાં પ્રિય લાગે છે.)[૧૫] મારા વિના કોઇની ઇચ્છા નહિ રાખનાર, મારુંજ મનન કરનાર, શાંત, વૈરરહિત અને સર્વત્ર સમદૃષ્ટિવાળા મારા ભક્તની પાછળ હું 'મારામાં રહેલાં બ્રહ્માંડોને આ મારા ભક્તના ચરણની રજથી પવિત્ર કરું' આવી ભાવનાથી નિત્ય ફર્યા કરું છું.[૧૬] +કોઇ પણ વસ્તુનો પરિગ્રહ નહિ રાખનારા, મારામાં પ્રેમાળ મનવાળા, શાંત, અભિમાનરહિત, સમગ્ર જીવો પર પ્રેમ ધરાવનારા અને વિષયોથી અસ્પષ્ટ મનવાળા મારા ભક્તો જે સુખ અનુભવે છે તે સુખને તો તેઓજ જાણે છે–તેઓજ પ્રાપ્ત કરી શકે છે. કારણ કે તે સુખ જેઓને મોક્ષની પણ ઇચ્છા હોતી નથી, તેઓથીજ મેળવી શકાય છે.*[૧૭] ×મારો કોઈ અજિતેન્દ્રિય ભક્ત કદાચ વિષયોથી આકર્ષાય તોપણ સમર્થ ભક્તિને લીધે ઘણું કરીને તે વિષયોથી પરાભવ પામતો નથી.[૧૮] હે ઉદ્ધવ! અત્યંત વૃદ્ધિ પામેલી જ્વાળાઓવાળો અગ્નિ, જેમ લાકડાંઓને (બાળીને) ભસ્મ કરી નાખે છે, તેમ મારી ભક્તિ સમગ્ર પાપોને (બાળીને) ભસ્મ કરી નાખે છે.[૧૯] હે ઉદ્ધવ! વૃદ્ધિ પામેલી ભક્તિ મુને જેટલો વશ કરે છે તેવો યોગ, સાંખ્ય, ધર્મ, વેદાધ્યયન, તપ કે ત્યાગ મને વશ કરી શકતાં નથી.[૨૦] સર્વનો આત્મા અને સજ્જનોને પ્રિય એવો હું, શ્રદ્ધાથી કરવામાં આવેલી એક ભક્તિથીજ વશ થાઉં છું અને મારી ભક્તિ ચાંડાલોને પણ જાતિદોષથી પવિત્ર કરે છે.[૨૧] સત્ય, દયાયુક્ત ધર્મ અથવા તપશ્ચર્યાયુક્ત વિદ્યા, મારી ભક્તિથી રહિત અંતઃકરણને સારી રીતે પવિત્ર કરી શકતાં નથી. શરીરનાં રૂંવાડાં ઊભાં થયા વિના, પીગળતા ચિત્ત વિના અને આનંદની અશ્રુધારા વહ્યા વિના ભક્તિ કેવી રીતે જણાય? અને ભક્તિ વિના અંતઃકરણ શુદ્ધ કેવી રીતે થાય?[૨૨][૨૩] જેની+ વાણી ગળગળી થઇ જાય, ચિત્ત પીગળી જાય, જે

÷ ભગવાન કૃષ્ણે અહીં એમ કહેવું જોઇએ કે, 'મને મારો ભક્ત જેવો વહાલો લાગે છે તેવા' આમ નહિ કહેતાં 'તમે મને જેવા અત્યંત પ્રિય છો' એમજ કહ્યું છે, તે અત્યંત હર્ષમાં આવી જઈ કહ્યું છે.–શ્રી.

+ મારા ભક્તોનું સુખ આટલું છે કે આવું છે, એમ કોણ કહી શકે તેમ છે? કારણ કે તે સુખને તેઓ પોતેજ જાણી શકે છે. તે સુખ નિરુપમ છે, એ કહે છે. —શ્રીધર

* અથવા 'એવા મારા જે ભક્તો મને પ્રસન્ન કરે છે તેઓજ તે નિરપેક્ષપણારૂપ સુખને જાણે છે, બીજા કોઈ જાણતા નથી,' આવો પણ અર્થ અહીં થઇ શકે છે. —શ્રીધર

× આ તો મારા ઉત્તમ ભક્તની વાત કહી; પણ જે મારો સામાન્ય ભક્ત હોય છે, તે પણ કૃતાર્થજ છે, તે કહે છે. —શ્રીધર

+ ભક્તિ, પોતાના આશ્રયને પવિત્ર કરે, એમાં તો કંઇ કહેવાનુંજ નથી; પરંતુ ગળગળી વાણી વગેરે લક્ષણોથી યુક્ત એવો મારો ભક્ત સર્વ લોકને પવિત્ર કરે છે; તે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વારંવાર રડે, કોઈ વેળા હસે, કોઇ વેળા લજ્જા-રહિત થઇને ઊંચે સ્વરે ગાય અને કોઈ વેળા નૃત્ય કરે તેવો મારી ભક્તિથી યુક્ત પુરુષ, જગતને પવિત્ર કરે છે.[૨૪] જેમ÷ અગ્નિથી તપાવેલું સુવર્ણ તુરતજ પોતાની અંદરના મેલનો ત્યાગ કરે છે અને પોતાના મૂળ રૂપને પામે છે, તેમ જીવાત્મા પણ મારી ભક્તિના યોગથી કર્મવાસનાનો ત્યાગ કરી પોતાના મૂળરૂપ મને પ્રાપ્ત થાય છે–બ્રહ્મસ્વરૂપ થાય છે.[૨૫] †મારી પવિત્ર કથાઓનું શ્રવણ કરવાથી તથા વર્ણન કરવાથી જેમ જેમ ચિત્ત શુદ્ધ થાય છે, તેમ તેમ તે સૂક્ષ્મ વસ્તુરૂપ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે; દૃષ્ટાંત તરીકે આંજણ આંજેલું ચક્ષુ જેમ જેમ નિર્દોષ થતું જાય છે, તેમ તેમ સૂક્ષ્મ વસ્તુને જોઈ શકે છે.*[૨૬] જેમ વિષયોનું ધ્યાન કરતા મનુષ્યનું× ચિત્ત, વિષયોમાં આસક્ત થાય છે, તેમ મારું ચિંતન કરતા મનુષ્યનું ચિત્ત મારામાંજ લીન થાય છે.[૨૭] માટે જેમ સ્વપ્નમાં+ જોયેલા વિષય સંબંધી મનોરથોનો ત્યાગ કરવામાં આવે છે, તેમ માત્ર અસત્ વસ્તુનાજ ચિંતનરૂપ બીજાં સાધનો અને તેના ફળનો ત્યાગ કરી, કેવળ મારી ભક્તિથીજ શુદ્ધ કરેલા મનને મારામાં સ્થાપી દો.[૨૮] (હરકોઇ મુમુક્ષુએ) સ્ત્રીઓનો તથા સ્ત્રીઓના સંગીઓનો સંગ દૂરથીજ તજી દઈ ધીર બનીને નિર્ભય એકાંત પ્રદેશમાં બેઠા બેઠા આળસરહિત થઇ મારું ચિંતન કરવું. કારણ કે પુરુષને સ્ત્રીના સંગથી કે સ્ત્રીઓના સંગીના સંગથી જેવો ક્લેશ તથા બંધ થાય છે તેવો બીજા કોઈના પણ પ્રસંગથી થતો નથી.‡[૨૯।૩૦]

ઉદ્ધવજીએ પૂછ્યું:–'હે કમલનયન કૃષ્ણ! મુમુક્ષુએ જે પ્રકારે, જેવા વિશેષણયુક્ત અને જે-સ્વરૂપ એવા આપનું ધ્યાન કરવું જોઇએ, તે મને કહેવાને આપ યોગ્ય છો.[૩૧]

શ્રીભગવાન બોલ્યાઃ–'+બહુ ઊંચા નહિ કે બહુ નીચા નહિ એવા કામળી વગેરે આસન ઉપર ×પોતાને સુખ થાય તેમ સીધા શરીરે બેસવું; બન્ને હાથને પોતાના ખોળામાં રાખી પોતાની *નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ કરીને પૂરક, કુંભક તથા રેચક–એવા સીધા ક્રમથી અને રેચક, પૂરક તથા કુંભક એવા ઊલટા ક્રમથી અથવા ડાબા નસકોરાથી પૂરક અને જમણાથી રેચક તથા જમણા નસકોરાથી પૂરક અને ડાબાથી રેચક એવા ઊલટા ક્રમથી પણ પ્રાણના માર્ગને શુદ્ધ

÷ ભક્તિથીજ આત્મશુદ્ધિ થાય છે, એ વાત દૃષ્ટાંત સાથે કહે છે. —શ્રીધર

† કદાચ કોઇ શંકા કરે કે, ब्रह्मविदाप्नोति परम्– (तैत्ति. उ. २–१) બ્રહ્મવેત્તા પરમાત્માને પામે છે. तमेव विदित्वाऽतिमृत्युमेति (वाज. सं. ३१–१८) તે પરમાત્માને જાણીને પ્રાણી સંસારને તરી જાય છે ઇત્યાદિ શ્રુતિઓથી જણાય છે કે, જ્ઞાનથીજ અવિદ્યાની નિવૃત્તિ થાય છે અને પરમાત્માને પામી શકાય છે; તો પછી ભક્તિયોગથી શું વળવાનું છે? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

* અર્થાત્ જ્ઞાન એ ભક્તિનોજ પેટાવ્યાપાર છે; ભક્તિથી જ્ઞાન ભિન્ન નથી. —શ્રીધર

× જ્ઞાન એટલે ચિત્તનું મારા આકારે પરિણામ. આવું પરિણામ મારું ભજન કરનારાને સ્વાભાવિકજ થાય છે, તે માટે બીજા કોઇ યત્નની જરૂર રહેતી નથી; એ દૃષ્ટાંત સહિત કહે છે. —શ્રીધર

+ ભક્તિ સિવાયનાં બીજાં સાધનો અને તેનાં ફળ સ્વપ્નના મનોરથની પેઠે માત્ર અસત્ વસ્તુના ચિંતનરૂપ છે, માટે તે સર્વનો ત્યાગ કરીને કેવળ મારામાંજ મન લગાડી દો; એમ કહી પ્રકરણના અર્થનો ઉપસંહાર કરે છે. —શ્રીધર

‡ અર્થાત્ વાત્સ્યાયન વગેરેએ કહેલા કામશાસ્ત્રના માર્ગો ખાસ કરી તજવા યોગ્ય છે. —શ્રીધર

+ ધ્યાનનાં અંગો આસન, પ્રાણાયામ તથા પ્રત્યાહાર અહીંથી ચાર શ્લોકમાં કહે છે. —શ્રીધર

× 'પોતાને સુખ થાય તેમ' એમ કહી સૂચવ્યું છે કે, ધ્યાન કરવામાં સ્વસ્તિક વગેરે આસનોજ જોઇએ, એવો કંઇ નિયમ નથી. —શ્રીધર

* નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ કરવાનું કારણ એ છે કે, તેથી ચિત્ત સ્થિર રહી શકે છે. યોગશાસ્ત્ર કહે છે: 'अन्तर्लक्ष्योऽबहिर्दृष्टिः स्थिरचित्तः सुसंयतः' હૃદયમાં લક્ષ્ય તરફજ દૃષ્ટિ રાખી, બાહ્યવિષયોના અનુસંધાનથી રહિત થવું, ચિત્તને સ્થિર કરવું અને સારી રીતે સંયમી થવું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવો—અર્થાત્ પ્રાણાયામ કરવો. આ રીતે અભ્યાસ, *ઇન્દ્રિયોને જીતી લઇને ધીમે ધીમે વધારવો. તેમાં પ્રાણાયામ બે પ્રકારનો છે. એક સગર્ભ પ્રાણાયામ અને બીજો અગર્ભ પ્રાણાયામ. (આ-માંનો પહેલો સગર્ભ પ્રાણાયામ ૐકારયુક્ત હોઇને શ્રેષ્ઠ છે, માટે તે અહીં કહેવાય છે.) ૐકાર, મૂલાધારથી આરંભી છેક મસ્તકના છેડા સુધી કમળના નાળની અંદરના તંતુની પેઠે સૂક્ષ્મ અવિચ્છિન્ન રહેલો છે; તેને મનની અંદર પ્રાણથી પ્રકટ કરી તેમાં ઘંટાના નાદ જેવો ઉદાત્ત નાદ સ્થિર કરવો. એ પ્રમાણે દરરોજ સવાર, બપોર અને સાંજ એમ ત્રણ કાળ દસ દસ વાર, ૐકારયુક્ત (સગર્ભ) પ્રાણાયામનો જો અભ્યાસ કરે તો એક મહિના પહેલાં મનુષ્ય પ્રાણવાયુને જીતી શકે છે.[૩૨-૩૫] (એ રીતે ધ્યાનનાં અંગ તમને કહ્યાં; હવે જેવા વિશેષણયુક્ત ધ્યેય હોવું જોઇએ, તે કહેવાને પ્રથમ ધ્યેય વસ્તુનું આસન કહું છું.) શરીરની અંદર ઊંચા નાળવાળું અને નીચા મુખવાળું (કેળના પુષ્પની પેઠે વગર ઊઘડેલું) જે હૃદયકમળ રહેલું છે તેને (ઊલટું ચિંતવી) નીચા નાળવાળું, ઊંચા મુખવાળું, ખીલેલું, આઠ પાંખડીઓવાળું અને (વચ્ચે) કળીવાળું ચિંતવવું.[૩૬] પછી તે કળીમાં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિનું ઉત્તરોત્તર એકબીજાની ઉપર ઉપર ચિંતન કરવું અને પછી અગ્નિની મધ્યે મારા આ (વિશેષણોયુક્ત) ધ્યાનમંગળસ્વરૂપનું ધ્યાન કરવું.[૩૭] યોગ્ય અવયવોવાળું, અત્યંત શાંત, સુંદર મુખવાળું, લાંબી અને સુંદર ચાર ભુજાઓવાળું, અતિ મનોહર, સુંદર ડોકવાળું, સુંદર ગાલવાળું, ઉજ્જ્વળ મંદ હાસ્યવાળું, સમાન એવા બન્ને કાનમાં ધારણ કરેલાં દેદીપ્યમાન મકરાકાર કુંડળોવાળું, સુવર્ણ સમાન પીળાં વસ્ત્રો ધારણ કરતું, મેઘ સરખું શ્યામ, શંખ, ચક્ર, ગદા, પદ્મ ને વનમાળાથી શોભી રહેલું, ઝાંઝરોથી શોભતા ચરણવાળું, કૌસ્તુભમણિની કાંતિથી યુક્ત, કાંતિમાન મુકુટ, કડાં, કંદોરો તથા બાજુબંધ વડે ચારે બાજુ શણગારેલું, સર્વાંગસુંદર અને પ્રસન્ન મુખ તથા નેત્રવાળા મારા સુકોમળ સ્વરૂપનું ધ્યાન કરવું. આ મારા સ્વરૂપનાં સર્વ અંગોમાં મનને ધારણ કરતા ધીર પુરુષે, ઇન્દ્રિયોને તેઓના વિષયો તરફથી મનદ્વારા આકર્ષી લઇ તે મનને બુદ્ધિરૂપી સહાયથી સર્વ અંગયુક્ત એવા મારે વિષે લઇ જવું.[૩૮-૪૨] ×પછી મારાં સર્વ અંગોમાં પરોવાઇ ગયેલા તે મનને આકર્ષી લઇ એક એક અંગમાં ધારણ કર્યે જવું અને છેવટે બીજાં કોઇ પણ અંગોનું ચિંતન કરવું નહિ; પરંતુ સુંદર મંદ હાસ્યવાળા મુખનું ખૂબ ધ્યાન કર્યા કરવું. પછી એ મુખમાં ચિત્ત સ્થિતિ પામે એટલે ત્યાંથી આકર્ષી લઇ સર્વના કારણરૂપ એવા મારા સ્વરૂપમાં તે ચિત્તને ધારણ કરવું અને પછી તે કારણરૂપનો પણ ત્યાગ કરી શુદ્ધ બ્રહ્મ એવા મારે વિષે આરૂઢ થઇને કંઈ ચિંતવવું નહિ—ધ્યાતા અને ધ્યેય, એમ કોઇ પણ વિભાગનું ચિંતન કરવું નહિ. (આવા પ્રકારના સમાધિ સુધીના ધ્યાનનું ફળ આ છે કે,) એ પ્રમાણે મારે વિષે બરાબર નિશ્ચળ થયેલી બુદ્ધિવાળો પુરુષ, મનેજ પોતાને વિષે જુએ છે અને સર્વના આત્મા એવા મારે વિષે, તેજમાં જોડાયલા તેજની પેઠે પોતાને જોડાઇ ગયેલો જુએ છે. આવી રીતે અત્યંત તીવ્ર ધ્યાનથી મનને સમાધિનિષ્ઠ કરનાર યોગીનો અધિભૂત, અધિદૈવ તથા અધ્યાત્મરૂપ અથવા દૃશ્ય, દ્રષ્ટા તથા દર્શનરૂપ ભ્રમ સારી રીતે શાંત થઇ જાય છે.[૪૩-૪૬]

ध्यानेनेत्थं सुतीव्रेण युंजतो योगिनो मनः ।
संयास्यत्याशु निर्वाणं द्रव्यज्ञानक्रियाभ्रमः ॥४६॥

એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

* ઇન્દ્રિયોને જીતી લઇ, એમ કહી પ્રત્યાહાર કહ્યો છે. —શ્રીધર

× જેવાં વિશેષણોવાળું ધ્યેય ચિંતવવું જોઇએ તે વિશેષણયુક્ત દર્શાવીને હવે જે સ્વરૂપનું ધ્યાન કરવાનું છે તેને વિશેષણોના ત્યાગપૂર્વક સમાધિસુધીનું કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १५ मो*

શ્રીવિષ્ણુપદની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ સિદ્ધિઓ

॥ શ્રીભગવાનુવાચ ॥

जितेंद्रियस्य युक्तस्य जितश्वासस्य योगिनः ।
मयि धारयतश्चेत उपतिष्ठंति सिद्धयः ॥१॥

શ્રીભગવાન બોલ્યાઃ—'ઇન્દ્રિયો તથા પ્રાણવાયુને જીતનાર અને મારામાં ચિત્તને ધારણ કરતા સ્થિર મનવાળા યોગી પાસે સિદ્ધિઓ હાજર થાય છે.'[1]

ઉદ્ધવજીએ પૂછ્યું:—'કઇ ધારણા કરવાથી કયા નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે? તે સિદ્ધિ કેવી અને કેટલી છે અને ધારણાઓ કેટલી છે? તે આપ કહો. કારણ કે આપ યોગીઓને સિદ્ધિઓ આપનારા છો. (તેથી તે સંબંધે આપજ જાણી શકો.')[2]

શ્રીભગવાન બોલ્યા:—'યોગપારંગત પુરુષોએ સિદ્ધિઓ તથા ધારણાઓ અઢાર કહી છે. તે અઢાર સિદ્ધિઓમાંથી આઠ સિદ્ધિઓનો મુખ્ય આશ્રય હુંજ છું× અને બાકીની દશ સિદ્ધિઓ સત્ત્વગુણની વૃદ્ધિરૂપ કારણવાળી છે—અર્થાત્ સત્ત્વગુણની વૃદ્ધિથી હરકોઈને મળી શકે છે.[3]+ ૧. અણિમા,§ ૨.મહિમા‡ તથા ૩.લઘિમા† નામની ત્રણ સિદ્ધિઓ દેહસંબંધી હોય છે અને (સર્વ પ્રાણીઓની) ઇન્દ્રિયો સાથે (તે તે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવરૂપે પોતાનો સંબંધ કરવો તે ૪. 'પ્રાપ્તિ' નામની સિદ્ધિ છે. આ લોકના તથા પરલોકના સર્વ વિષયભોગો જોવાનું સામર્થ્ય તે ૫.'પ્રાકાશ્ય' નામની સિદ્ધિ છે; ઈશ્વરમાં માયાની અને બીજાઓમાં માયાના અંશોની પ્રેરણા કરવાનું સામર્થ્ય તે ૬. 'ઇશિતા' નામની સિદ્ધિ છે;વિષયભોગોમાં પોતાની આસક્તિ થવા ન દેવી તે ૭. 'વશિતા' નામની સિદ્ધિ છે અને પોતે જે જે સુખને ઇચ્છે છે, તેની સીમાને પહોંચી શકે છે તે ૮. 'પ્રાકામ્ય' નામની સિદ્ધિ છે. હે સૌમ્ય ઉદ્ધવ! આ આઠ મારી સ્વાભાવિક સિદ્ધિઓ છે; (અને મારાથી વધારે અંશે બીજા કોઇમાં નથી.) *તેમજ આ શરીરમાં ક્ષુધા—તૃષાદિનો જે અભાવ તે ૯.'અનૂર્મિમત્વ' નામની સિદ્ધિ છે; ગમે તેટલે દૂરથી પણ સાંભળવું તે ૧૦. 'દૂરશ્રવણ' નામની સિદ્ધિ છે; ગમે તેટલે દૂરથી પણ જોવું તે ૧૧.'દૂરદર્શન' નામની સિદ્ધિ છે; મનના જેવા વેગથી દેહની ગતિ કરવી તે ૧૨. 'મનોજવ' નામની સિદ્ધિ છે; ગમે તે રૂપ ધારણ કરવું તે ૧૩. 'કામરૂપ' નામની સિદ્ધિ છે;હરકોઇના શરીરમાં પેસી જવું તે ૧૪.'પરકાયપ્રવેશ' નામની સિદ્ધિ છે; પોતાની ઇચ્છામાં આવે ત્યારે મરવું તે ૧૫. 'સ્વચ્છંદમૃત્યુ' નામની સિદ્ધિ છે; અપ્સરાઓ સાથે દેવોની ક્રીડાઓ જોઈ શકવી તે ૧૬.'દેવસહક્રીડાદર્શન' નામની સિદ્ધિ છે; પોતે જે વસ્તુનો સંકલ્પ કરે તે વસ્તુની પ્રાપ્તિ થવી તે ૧૭.'યથાસંકલ્પસંસિદ્ધિ' નામની સિદ્ધિ છે અને પોતાની આજ્ઞાને હરકોઇ સ્થળે પળાવવી તે ૧૮. 'આજ્ઞાપ્રતિહતાગતિ' નામની સિદ્ધિ છે.[4–7] (આ અઢાર સિદ્ધિઓ સિવાયની બીજી પાંચ ક્ષુદ્ર સિદ્ધિઓ પણ છેઃ) ત્રણે કાળનું જ્ઞાન તે

---

* આ અધ્યાયમાં તે તે ધારણાઓની પાછળ આવતી સિદ્ધિઓ કહેવામાં આવશે કે જે સિદ્ધિઓને શ્રીવિષ્ણુપદની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ માનવામાં આવી છે. —શ્રી.

× અર્થાત્ અણિમા વગેરે આઠ મહાસિદ્ધિઓ સંપૂર્ણ રીતે મારામાંજ રહેલી છે; તોપણ મારું સારૂપ્ય પામેલા મારા ભક્ત પુરુષોમાં કંઈક ન્યૂન અંશે રહે છે ખરી. —भा. क.

\+ અહીંથી બે શ્લોકમાં અણિમા વગેરે આઠ સિદ્ધિઓનું સ્વરૂપ કહે છે. —भा. क.

§ યોગીનો દેહ પથ્થર વગેરેમાં પણ પ્રવેશ કરે તેવો અતિ સૂક્ષ્મ બની જાય તે અણિમા સિદ્ધિ.

‡ યોગીનો દેહ જેને લીધે સર્વવ્યાપક અતિ મહાન બની જાય તે મહિમા નામની સિદ્ધિ છે.

† યોગીનો દેહ એટલો બધો હલકો બની જાય, કે જેથી સૂર્યનાં કિરણોને પકડીને પણ તે સૂર્યલોકમાં જઇ શકે તે લઘિમા સિદ્ધિ કહેવાય છે. —भा. क.

* હવે અહીંથી બે શ્લોકમાં સત્ત્વગુણની વૃદ્ધિથી હરકોઇને પ્રાપ્ત થનારી દશ સિદ્ધિઓ કહે છે.—भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

૧. 'ત્રિકાલજ્ઞત્વ' નામની સિદ્ધિ છે; ટાઢ કે તાપ વગેરેની અસર ન થાય તે ૨. 'અદ્વંદ્વ' નામની સિદ્ધિ છે; બીજાઓનાં ચિત્તને જાણી જવું તે ૩. 'પરચિત્તાદ્યભિજ્ઞતા' નામની સિદ્ધિ છે; અગ્નિ, સૂર્ય, જળ તથા ઝેર વગેરેને રોકી દેવાં તે ૪. 'પ્રતિષ્ટંભ' નામની સિદ્ધિ છે અને કોઇનાથી પણ હારવું નહિ તે ૫. 'અપરાજય' નામની સિદ્ધિ છે. આ યોગધારણાથી પ્રાપ્ત થતી સર્વ સિદ્ધિઓ મેં તમને નામ દર્શાવીને કહી. હવે જે ધારણાથી જે સિદ્ધિ જે પ્રકારે પ્રાપ્ત થાય છે તે તમે મારી પાસેથી સાંભળો. જે યોગી શબ્દ, સ્પર્શ આદિ પાંચ સૂક્ષ્મ ભૂતોરૂપી ઉપાધિવાળા મારે વિષે તે તે સૂક્ષ્મ ભૂતોના આકારવાળા મનની ધારણા કરે છે, તે યોગી સૂક્ષ્મ ભૂતરૂપી તન્માત્રાઓનો ઉપાસક હોઇ મારી અણિમા સિદ્ધિને પામે છે. જે યોગી જ્ઞાનશક્તિવાળા મહત્તત્ત્વરૂપ મારે વિષે એ મહત્તત્ત્વના આકારવાળા થયેલા મનની ધારણા કરે છે, તે યોગી મહિમા નામની સિદ્ધિને પામે છે; તેમજ આકાશ વગેરે પાંચ ભૂતોરૂપ ઉપાધિવાળા મારે વિષે જુદાં જુદાં જે જે ભૂતોમાં મનની ધારણા કરે છે તો તે તે ભૂતોની મહત્તારૂપ મહિમા નામની સિદ્ધિને પામે છે.[૮–૧૧] જે યોગી પૃથ્વી, જળ, તેજ અને વાયુ, એ ચાર ભૂતોના પરમાણુરૂપ ઉપાધિવાળા મારે વિષે મનની ધારણા કરે છે તે યોગી કાળના પરમાણુરૂપ ઉપાધિરૂપી લઘિમા નામની સિદ્ધિને પામે છે.[૧૨] જે યોગી સાત્ત્વિક અહંકારરૂપ ઉપાધિવાળા મારે વિષે સંપૂર્ણ મનની ધારણા કરે છે, તે યોગી એ રીતે મારામાં મનવાળો હોય છે તેથી સર્વની ઇન્દ્રિયોના દેવતા થવારૂપ પ્રાપ્તિ નામની સિદ્ધિને પામે છે.[૧૩] જે યોગી ક્રિયાશક્તિ જેમાં મુખ્ય છે એવા મહત્તત્ત્વરૂપી જે સૂત્રાત્મા તે રૂપ ઉપાધિવાળા મારે વિષે મનની ધારણા કરે છે તે, એ સૂત્રાત્મારૂપ ઉપાધિવાળા મારી 'પ્રાકાશ્ય' નામની સર્વોત્કૃષ્ટ સિદ્ધિને પામે છે.[૧૪] જે યોગી ત્રિગુણાત્મક એવી માયાના નિયંતા અને કાલમૂર્તિ એવા વિષ્ણુરૂપ મારે વિષે મનની ધારણા કરે છે તે યોગી ક્ષેત્રો* તથા ક્ષેત્રજ્ઞોને× પ્રેરણા કરવાના સામર્થ્યરૂપ 'ઈશિતા' નામની સિદ્ધિને પામે છે. જે યોગી (વિરાટ, હિરણ્યગર્ભ અને કારણ એ ત્રણ ઉપાધિઓથી રહિત) તુરીય નામના 'ભગવાન'+ શબ્દથી કહેવાતા નારાયણ–મારા વિષે મનની ધારણા કરે છે તે યોગી, મારા જેવા ધર્મવાળો હોઇને 'વશિતા' નામની સિદ્ધિને પામે છે.[૧૫/૧૬] જે યોગી નિર્ગુણ બ્રહ્મરૂપ એવા મારે વિષે શુદ્ધ ચિત્તને ધારણ કરે છે તે યોગી પરમ આનંદરૂપ અને જેમાં સર્વ કામનાઓ પૂર્ણ થાય છે તે 'પ્રાકામ્ય' નામની સિદ્ધિને પામે છે;[૧૭] તેમજ શ્વેત દ્વીપનો સ્વામી અને શુદ્ધ ધર્મમય એવા મારે÷ વિષે ચિત્તને ધારણ કરનારો પુરુષ ક્ષુધા–તૃષા વગેરે છ ઊર્મિઓથી રહિત થઇને શુદ્ધ સ્વરૂપપણાને પામે છે–એટલે 'અનૂર્મિમત્વ' નામની સિદ્ધિને પામે છે.[૧૮] આકાશસ્વરૂપ જે સમષ્ટિ પ્રાણ છે તેરૂપ એવા મારે વિષે મનથી નાદનું ચિંતન કરતો જીવ, તે આકાશનો જ્ઞાતા થઇને ત્યાં રહેલી પ્રાણીઓની અનેક જાતની વાણીઓને સાંભળે છે–અર્થાત્ 'દૂરશ્રવણ' નામની સિદ્ધિને પામે છે.[૧૯] સૂર્યમાં ચક્ષુને યોજી અને સૂર્યને ચક્ષુમાં યોજી તે બન્નેના સંયોગમાં મનથી મારું ધ્યાન કરનારો યોગી સૂક્ષ્મદ્રષ્ટા થઇને દૂરથી જગતને જોઇ શકે છે–'દૂરદર્શન' નામની સિદ્ધિને પામે છે.[૨૦] મન અને શરીર એ બન્નેને અનુસરનારા વાયુ સાથે (મનને) મારામાં જોડી દઈ મારી ધારણા કરવામાં આવે છે તેના પ્રભાવથી પોતાનું મન જ્યાં જાય છે ત્યાં પોતાનો દેહ પણ જઇ શકે છે–અ-

* ક્ષેત્રો એટલે જીવોની ઉપાધિઓ–દેહ, ઇન્દ્રિયો વગેરે.

× ક્ષેત્રજ્ઞો એટલે જીવો. —શ્રીધર

\+ સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન તથા વૈરાગ્ય એ છ જેમાં રહે છે તે 'ભગવાન' કહેવાય છે.—મા.ક.

÷ મારે વિષે–એટલે અનિરુદ્ધ મૂર્તિ એવા મારે વિષે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ર્થાત્ 'મનોજવ' નામની સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.[21] મનને ઉપાદાનકારણરૂપ કરીને યોગી જે જે દેવાદિના રૂપે થવા ઇચ્છે છે, તે તે મનોવાંછિતરૂપે પોતે થઇ શકે છે. કારણ કે (અચિંત્ય શક્તિવાળા અને જાતજાતના અનેક આકારવાળા) મારે વિષે મનની ધારણાનું જે બળ તેજ તેરૂપે થવામાં કારણ થઇ પડે છે—અર્થાત્ તેવા યોગીને 'કામરૂપ' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[22] પારકા શરીરમાં પ્રવેશ કરતા સિદ્ધ—યોગીએ, તે પારકા શરીરમાં પોતાના આત્માનું ચિંતન કરવું જોઇએ અને પછી પોતાના સ્થૂલશરીરનો ત્યાગ કરી પ્રાણપ્રધાન લિંગશરીરની ઉપાધિવાળા—વાયુરૂપ થઇને એક ફૂલમાંથી બીજા ફૂલમાં અનાયાસે પેસી જતા ભમરાની પેઠે તે વાયુરૂપમાર્ગે પારકા શરીરમાં પેસી જાય છે—આ 'પરકાયપ્રવેશન' નામની સિદ્ધિ છે.[23] પોતાની પાનીથી ગુદાને દબાવી દઇ, પ્રાણરૂપ ઉપાધિવાળા પોતાના આત્માને અનુક્રમે હૃદય, છાતી, કંઠ તથા મસ્તકમાં ચઢાવી છેવટે બ્રહ્મરંધ્રદ્વારા બ્રહ્મ વિષે અથવા પોતાને જે સ્થાનની ઇચ્છા હોય તે સ્થાને મનથી લઇ જઇને શરીરનો ત્યાગ કરવો—આ 'સ્વચ્છંદમૃત્યુ' નામની સિદ્ધિ છે.[24] જેને દેવોનાં ક્રીડાસ્થાનોમાં વિહાર કરવો હોય તેણે મારી મૂર્તિરૂપ શુદ્ધ સત્ત્વગુણનું ચિંતન કરવું, જેથી સત્ત્વગુણના અંશરૂપ દેવાંગનાઓ વિમાન લઇને હાજર થાય છે—અર્થાત્ સત્ત્વગુણના ચિંતનથી 'દેવસહક્રીડાનું દર્શન' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સત્ય સંકલ્પવાળા મારે વિષે મનને જોડી દેતો યોગી, મારા પરાયણ થઇને જે પ્રકારે બુદ્ધિથી સંકલ્પ કરે છે તે પ્રકારે ફળ પ્રાપ્ત કરે છે—આ 'યથાસંકલ્પસંસિદ્ધિ' નામની સિદ્ધિ છે.[25-26] જે યોગી સર્વના નિયંતા અને સ્વતંત્ર એવા મારા સ્વભાવને પ્રાપ્ત થયો હોય તેની આજ્ઞા મારી આજ્ઞાની પેઠે કોઇનાથી હણાતી નથી—ધારણાદ્વારા મારા સ્વભાવને પામેલાને 'અપ્રતિહતાજ્ઞા' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[27] ધારણાને જાણનાર જે યોગીનું ચિત્ત મારી ભક્તિથી શુદ્ધ થયું હોય તેને પોતાના જન્મમૃત્યુના જ્ઞાન સાથે ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થાય છે—અર્થાત્ આવા યોગીને 'ત્રિકાલજ્ઞત્વ' અને 'પરચિત્તાદ્યભિજ્ઞતા' નામની બન્ને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.[28] (હું, અગ્નિ વગેરે સર્વના ઉપઘાતથી રહિત છું, માટે) મારી ધારણાને લીધે જેનું મન મારામાંજ એકનિષ્ઠ થયેલું હોય, તેવા મુનિનું યોગમય શરીર અગ્નિ વગેરેથી હણાતું નથી. જેમ જળજીવોને પાણી ઉપઘાતક થતું નથી, તેમ એવા મુનિના શરીરને પણ અગ્નિ વગેરે ઉપઘાતક થતા નથી—આ 'પ્રતિષ્ટંભ' નામની સિદ્ધિ છે અને આવીજ ધારણાથી 'અપદ્વંદ્વ' નામની સિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે.[29] જે યોગી શ્રીવત્સલાંછન તથા અસ્ત્રોથી શણગારેલા મારા અવતારોનું ધ્વજ, છત્ર તથા ચામરો સહિત ધ્યાન કરે છે, તે અપરાજિત થાય છે—તેને 'અપરાજય' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[30] એ રીતે યોગરૂપી ધારણાઓથી મારું ઉપાસન કરનાર યોગીને પૂર્વે કહેલી સમગ્ર સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. (અથવા જુદી જુદી ધારણાઓનો પ્રયાસ કરવાની કંઇજ જરૂર નથી. માત્ર આ એકજ ધારણાથી સર્વ સિદ્ધિઓ મળી રહે છે.) આભ્યંતર ઇન્દ્રિયોને જીતનારા, બાહ્ય ઇન્દ્રિયોને વશ કરનારા અને પ્રાણવાયુને તથા મનને પણ જીતી લઇ (પ્રથમ સોળમા શ્લોકમાં કહેલી) મારી એકજ ધારણા કરનારા યોગીને કઇ સિદ્ધિ અત્યંત દુર્લભ છે? (અર્થાત્ તે સ્થળે બતાવેલી 'વશિતા' નામની સિદ્ધિ પ્રાપ્ત થતાં હરકોઇ સિદ્ધિ પ્રાપ્ત થઇજ ચૂકી છે.)[31-32] આમ છે તોપણ મારી (ઉપાસનારૂપ) ઉત્તમ યોગ સાધી રહેલા અને તેથીજ મને પ્રાપ્ત થનારા યોગીને એ પૂર્વોક્ત સિદ્ધિઓ કાલક્ષેપ વિષે કારણરૂપ થઇ પડે છે અને વિઘ્નરૂપ થઇ પડે છે, એમ વિદ્વાનો કહે છે. (માટે તે સિદ્ધિઓ ઇચ્છવા યોગ્ય નથી.)[33] જન્મ, ઔષધિ, તપ તથા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મંત્રો વડે આ જગતમાં જેટલી સિદ્ધિઓ* પ્રાપ્ત કરાય છે તે સર્વ સિદ્ધિઓને યોગી, (૧૬મા શ્લોકમાં કહેલી ધારણારૂપ) યોગથી મેળવી શકે છે; પરંતુ તે યોગથી મારી સાલોક્ય આદિ જે ગતિ પ્રાપ્ત થાય છે તે બીજા કોઇ પણ સાધનથી પ્રાપ્ત થઇ શકતી નથી. (માટે નિષ્કામ એવી તેજ યોગધારણા કરવી યોગ્ય છે, બાકીની કામ્ય ધારણાઓ ન કરવી જોઇએ.)[३४] કારણ કે સર્વ સિદ્ધિઓનું કારણ અને સ્વામી હું છું; એટલુંજ નહિ પણ મોક્ષનો, મોક્ષસાધન જ્ઞાનનો, ધર્મનો તથા ધર્મના ઉપદેશક બ્રહ્મવાદીઓનો પણ હું સ્વામી છું.[३५] હું સર્વ જીવોનો આત્મા છું; કારણ કે હુંજ તેઓનો અંતર્યામી છું. (છતાં સર્વનો અંતર્વર્તી હોવાથી હું પરિચ્છિન્ન નથી, પણ) હું બહાર પણ છું—સર્વવ્યાપક છું; કેમકે હું કોઇ પણ આવરણથી રહિત છું. જેમ (જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ એમ ચાર પ્રકારનાં) સર્વ પ્રાણીઓમાં પાંચ મહાભૂતો અંદર અને બહાર રહેલાં છે, તેમ હું પોતે પણ સર્વ પ્રાણીઓની અંદર અને બહાર રહેલો છું.[३६]

अहमात्मान्तरो बाह्योऽनावृतः सर्वदेहिनाम् ।
यथा भूतानि भूतेषु बहिरंतः स्वयं तथा ॥३६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

* પાતંજલયોગશાસ્ત્રમાં કહ્યું છે કે, 'जन्मौषधितपोमंत्रयोगजाः सिद्धयः'—(यो. द. ४-१) સિદ્ધિઓ જન્મ, ઔષધિ, તપ, મંત્ર તથા યોગથી ઉત્પન્ન થાય છે. જેમ દેવોને અંતર્ધાન થવાની સિદ્ધિ, જળજીવોને જળવિહારની સિદ્ધિ અને પક્ષીઓને આકાશગમનં વગેરે સિદ્ધિ જન્મથીજ હોય છે. —શ્રીધર

अध्याय १६ मो÷

શ્રીભગવાનની વિભૂતિઓ.

॥ उद्धव उवाच ॥

त्वं ब्रह्म परमं साक्षादनाद्यंतमपावृतम् ।
सर्वेषामपि भावानां त्राणस्थित्यप्ययोद्भवः ॥१॥

ઉદ્ધવજીએ પૂછ્યું:—'*આપ આદિ–અંત રહિત અને કોઇ પણ જાતના આવરણથી રહિત સાક્ષાત્ પરમ બ્રહ્મ છો અને તેથીજ સર્વનું રક્ષણ, જીવન, નાશ તથા ઉત્પત્તિ આપથીજ થયા કરે છે. આપજ સર્વનું ઉપાદાનકારણ છો.[१] હે ભગવન્! વેદનું તાત્પર્ય જાણનારાઓ, નાનાં–મોટાં સર્વ પ્રાણીઓમાં રહેલા છતાં માનસિક સંયમ નહિ કરનારાઓને દુર્જ્ઞેય એવા આપને યથાર્થ સ્વરૂપે—સર્વના કારણ તરીકે ઉપાસે છે. (આમ જો કે આપ સર્વમાં કારણરૂપે બિરાજો છો) તોપણ જે જે વસ્તુમાં (કંઇક અધિક અંશે રહેલા) આપને મહર્ષિઓ ભક્તિથી ઉપાસે છે અને ઉત્તમ પ્રકારે સિદ્ધિને પામે છે તે તે વસ્તુ આપ મને કહો.[२,३] હે પ્રાણીમાત્રના ઉત્પાદક અને રક્ષક! આપ પ્રાણીઓના આત્મા હોઇ સર્વ પ્રાણીઓની અંદર ગૂઢ રહેલા છો, જેથી આપ જો કે સર્વને જોઇ રહ્યા છો તોપણ આપની માયાથી મોહિત થયેલાં પ્રાણીઓ આપને જોઇ શકતાં નથી. (માટે આપ આપની વિભૂતિઓનું વર્ણન કરો.)[४] હે મોટી વિભૂતિઓ-

÷ આ અધ્યાયમાં શ્રીહરિના આવિર્ભાવયુક્ત વિભૂતિઓનું જ્ઞાન, વીર્ય, પ્રભાવ આદિ વિશેષ સાથે વર્ણન કરવામાં આવશે. મનનો જય નહિ કરી શકનારા પુરુષો ચિત્તમાં ધ્યાન કરી શકતા નથી. માટે તેઓને ધ્યાનયોગ્યતા સિદ્ધ થાય તે સારુ વિભૂતિઓ વગેરેનું વર્ણન કરવામાં આવે છે. —શ્રીધર

* જેમ પાંચ મહાભૂતો કોઈ કોઈ સ્થળે વિશેષ રૂપે એટલે ગુણવિશેષથી અધિક રહેલાં છે અને કોઇ સ્થળે સામાન્ય રૂપે રહ્યાં છે, તેમ તમે પણ ક્યાં કેવી રીતે વર્તો છો? એમ પૂછવા માટે પ્રથમ ભગવાનનું સર્વસ્વરૂપપણું અનુવાદથી કહી બતાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાળા ! પૃથ્વી પર, આકાશમાં, સ્વર્ગમાં, રસાતળમાં અને દિશાઓમાં જે કોઇ વિભૂતિઓને આપેજ અમુક કોઇ વિશેષ શક્તિથી યોજી હોય તે અને આપ કહો. છું સર્વ તીર્થોના સ્થાનરૂપ આપના ચરણકમળને નમન કરું છું.[૫]

શ્રીભગવાન બોલ્યાઃ–' હે પ્રશ્ન જાણનારાઓમાં શ્રેષ્ઠ ઉદ્ધવ ! કુરુક્ષેત્રની અંદર શત્રુઓ સાથે યુદ્ધ કરવા ઇચ્છતા અર્જુને મને આ પ્રમાણેજ પ્રશ્ન પૂછ્યો હતો. (માટે આ તમારો પ્રશ્ન નરના અવતારરૂપ અર્જુનના પ્રશ્નને મળતોજ હોવાથી ઘણો ઉત્તમ છે.)[૬] રાજ્યના કારણે પોતાના જ્ઞાતિલાઓનો વધ કરવો તે અધર્મ છે, એમ જાણીને અર્જુન, જ્ઞાતિલાઓનો વધ કરતાં અટકી પડ્યો હતો અને ' આ લોકોને હું મારી નાખીશ ને આ લોકો માર્યા જશે ' આવી પ્રાકૃત બુદ્ધિથી યુક્ત બન્યો હતો.[૭] તે વેળા પુરુષવ્યાઘ્ર અર્જુનને મેં યુક્તિથી સમજાવ્યો હતો અને જેમ તમે હમણાં પ્રશ્ન કર્યો છે તેમ અર્જુને તે વખતે યુદ્ધભૂમિ પર મને પ્રશ્ન કર્યો હતો. (તે વેળા મેં અર્જુનને જે ઉત્તર આપ્યો હતો તેજ ઉત્તર હું તમને અહીં આપું છું.) હે ઉદ્ધવ ! હું આ સર્વ પ્રાણીઓનો આત્મા છું, મિત્ર છું અને ઈશ્વર છું; એટલુંજ નહિ પણ આ સર્વ પ્રાણીઓ તે હુંજ છું અને આ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ તે મારાથીજ થાય છે. હું ગતિવાળાઓની ગતિ છું, વશ કરનારાઓમાં કાળ છું, ગુણોની સમાન સ્થિતિ હું છું અને ગુણવાન કોઇ પદાર્થમાં (રહેલો) સ્વાભાવિક ગુણ તે હું છું. ગુણવાળા પદાર્થોનું પ્રથમ કાર્ય હું છું; મોટા પદાર્થોમાં મહત્તત્ત્વ હું છું; સૂક્ષ્મ પદાર્થોમાં સૂક્ષ્મ જીવ હું છું; દુર્જય પદાર્થોમાં મન હું છું;[૮-૧૧] વેદોના અધ્યાપક બ્રહ્મા હું છું; મંત્રોમાં ત્રણ અક્ષરોવાળો ૐકાર હું છું; અક્ષરોમાં અકાર હું છું; છંદોમાં ગાયત્રી છંદ હું છું;[૧૨] સર્વ દેવોમાં ઇન્દ્ર હું છું; વસુઓમાં હવ્યવાહ્ હું છું; આદિત્યોમાં વિષ્ણુ હું છું; રુદ્રોમાં નીલલોહિત હું છું;[૧૩] બ્રહ્મર્ષિઓમાં ભૃગુ હું છું; રાજર્ષિઓમાં મનુ હું છું; દેવર્ષિઓમાં નારદ હું છું; ગાયોમાં કામધેનુ હું છું;[૧૪] સિદ્ધેશ્વરોમાં કપિલદેવ હું છું; પક્ષીઓમાં ગરુડ હું છું; પ્રજાપતિઓમાં દક્ષ હું છું; પિતૃઓમાં અર્યમા હું છું;[૧૫] હે ઉદ્ધવ ! તમે જાણો કે, દૈત્યોમાં અસુરેશ્વર પ્રહ્લાદ હું છું; નક્ષત્રો તથા ઔષધિઓમાં ચંદ્ર હું છું; યક્ષો તથા રાક્ષસોમાં કુબેર હું છું;[૧૬] શ્રેષ્ઠ હાથીઓમાં ઐરાવત હાથી હું છું; જળજીવોમાં તેઓનો સ્વામી વરુણ હું છું; તપાવનારા અને તેજસ્વી પદાર્થોમાં સૂર્ય હું છું; મનુષ્યોમાં રાજા હું છું;[૧૭] ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા ઘોડો હું છું; ધાતુઓમાં સુવર્ણ હું છું; શિક્ષા કરનારાઓમાં યમદેવ હું છું; સર્પોમાં વાસુકિ હું છું;[૧૮] હે નિર્દોષ ઉદ્ધવ ! મોટા મોટા નાગોમાં શેષનાગ હું છું; શિંગડાંવાળાં અને દાઢોવાળાં પ્રાણીઓમાં સિંહ હું છું; આશ્રમોમાં ચોથો સંન્યાસ હું છું; વર્ણોમાં પહેલો વર્ણ–બ્રાહ્મણ હું છું;[૧૯] પ્રવાહરૂપ તીર્થોમાં ગંગા હું છું; સ્થિર જળાશયોમાં સમુદ્ર હું છું; આયુધોમાં ધનુષ હું છું; ધનુર્ધારીઓમાં ત્રિપુરનો નાશ કરનાર–શંકર હું છું;[૨૦] દરેક નિવાસસ્થાનોમાં મેરુ હું છું; દુર્ગમ સ્થાનોમાં હિમાલય હું છું; વનસ્પતિઓમાં પીપળો હું છું; ઔષધિઓમાં જવ હું છું;[૨૧] પુરોહિતોમાં વસિષ્ઠ હું છું; વેદાર્થનિષ્ઠોમાં બૃહસ્પતિ હું છું; સર્વ સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું; સન્માર્ગને ચાલુ કરનારાઓમાં ભગવાન બ્રહ્મા હું છું;[૨૨] યજ્ઞોમાં બ્રહ્મયજ્ઞ હું છું; વ્રતોમાં અહિંસા હું છું; માંજવું–છોલવું–ઘસવું વગેરે શુદ્ધિ કરનારા પદાર્થોમાં પણ વાયુ, અગ્નિ, સૂર્ય, જળ તથા વાણીરૂપ હું છું;[૨૩] અષ્ટાંગ યોગમાં સમાધિ હું છું; જીતવા ઇચ્છનારાઓમાં ગુપ્ત વિચાર હું છું; વિવેક વગેરે કુશળતા ધરાવનારા પુરુષોમાં આત્મવિદ્યા હું છું; અખ્યાતિ, અન્યથાખ્યાતિ, શૂન્યખ્યાતિ, અસત્ખ્યાતિ તથા અનિર્વચનીય ખ્યાતિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ પાંચ પ્રકારના ખ્યાતિવાદોમાં વિકલ્પ હું છું;+ [૨૪] સ્ત્રીઓમાં શતરૂપા હું છું; પુરુષોમાં સ્વાયંભુવ મનુ હું છું; મુનિઓમાં નારાયણ હું છું; બ્રહ્મચારીઓમાં સનત્કુમાર હું છું; ધર્મોમાં પ્રાણીઓને અભયદાન આપવું તે હું છું; નિર્ભય સ્થાનોમાં આત્મનિષ્ઠા હું છું; અભિપ્રાયને ગુપ્ત રાખવાનાં સાધનોમાં પ્રિય વચન અને મૌન હું છું; જોડલાંઓમાં પ્રજાપતિ હું છું; [૨૫-૨૬] કદી પ્રમાદ નહિ રાખનારાઓમાં વર્ષરૂપી કાળ હું છું; ઋતુઓમાં વસંત ઋતુ હું છું; મહિનાઓમાં માર્ગશીર્ષ મહિનો હું છું; નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર હું છું; [૨૭] યુગોમાં સત્યયુગ હું છું; ધીર પુરુષોમાં દેવલ અને અસિત મુનિ હું છું; વેદોના વિભાગ કરનારાઓમાં વેદવ્યાસ હું છું; વિદ્વાનોમાં બુદ્ધિમાન શુક્રાચાર્ય હું છું; [૨૮] *ભગવાનોમાં વાસુદેવ ભગવાન હું છું; ભગવાનના ભક્તોમાં તમે—ઉદ્ધવ હું છું; વાનરોમાં હનુમાન હું છું; વિદ્યાધરોમાં સુદર્શન વિદ્યાધર હું છું; [૨૯] રત્નોમાં પદ્મરાગમણિ—માણેક હું છું; સુંદર વસ્તુઓમાં કમળનો ડોડો હું છું; દર્ભની જાતિઓમાં કુશ—દર્ભ હું છું, હવિષ પદાર્થોમાં ગાયનું ઘી હું છું; ઉદ્યમીઓમાં લક્ષ્મીરૂપે હું છું; કપટી જુગારીઓમાં કપટથી પાસા નાખવા તે હું છું; ક્ષમાવાળાઓમાં ક્ષમા હું છું; સાત્ત્વિકોમાં સત્ત્વ હું છું; બળવાનોમાં ઇન્દ્રિયસામર્થ્ય અને મનઃસામર્થ્ય હું છું; ભક્ત પુરુષોમાં તેઓએ ભક્તિથી કરેલ કર્મ હું છું; વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણ, હયગ્રીવ, વરાહ, નૃસિંહ તથા બ્રહ્મા એ નવ મૂર્તિઓમાં પહેલી શ્રેષ્ઠ મૂર્તિ—વાસુદેવ હું છું; ગંધર્વોમાં વિશ્વાવસુ હું છું; અપ્સરાઓમાં પૂર્વચિત્તિ નામની અપ્સરા હું છું; પર્વતોમાં સ્થિરતા હું છું; પૃથ્વીની દુર્ગંધ સિવાયનો હરકોઇ ગંધ હું છું; જળનો શ્રેષ્ઠ મધુર રસ હું છું; તેજસ્વી પદાર્થોમાં અગ્નિ હું છું; સૂર્ય, ચંદ્ર અને તારાઓમાં જે કાંતિ છે તે હું છું; આકાશનો 'પરા' નામનો સૂક્ષ્મશબ્દ હું છું;

+ જ્યાં જ્યાં ભ્રમ થાય છે ત્યાં ત્યાં નીચે પ્રમાણે પાંચ મત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. સાંખ્ય પ્રભાકરવાદીના મતમાં અખ્યાતિ છે. જેમકે દોરીમાં સર્પનો ભ્રમ કહેવાય છે, તેમાં દોરીનું સામાન્ય પ્રત્યક્ષ જ્ઞાન હોય છે અને સર્પનું સ્મૃતિજ્ઞાન હોય છે. એ બન્ને જ્ઞાનનો વિવેક મંદ અંધકાર અને ભયના કારણથી પ્રત્યક્ષ અને સ્મૃતિજ્ઞાનનો વિવેક થતો નથી, જેથી ભ્રમ થાય છે; પરંતુ એ બન્ને જ્ઞાન યથાર્થ છે; ભ્રમરૂપ નથી.

નૈયાયિક અને વૈશેષિકોએ ભ્રમસ્થાનમાં અન્યથાખ્યાતિ માની છે. જેમકે જ્યાં છીપમાં ચાંદીનો ભ્રમ થાય ત્યાં પૂર્વદૃષ્ટ ચાંદીના અનુભવજન્ય સંસ્કારવાળા પુરુષને દોષયુક્ત નેત્રનો ચમકતા છીપના ટુકડાની સાથે સંબંધ થતાં ચાંદીનું સ્મરણ થાય છે, જેથી સામે રહેલી છીપમાં છીપપણાને બદલે ચાંદીપણાનું ભાન થાય છે.

શૂન્યવાદી બૌદ્ધોએ અસતખ્યાતિ માની છે. એ લોકોનો અભિપ્રાય એવો છે કે, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયરૂપ સૃષ્ટિ બિલકુલ અસત્ છે, જેથી વિષયદર્શનરૂપ ભ્રમ થાય છે, તે પણ અસતજ છે.

તાંત્રિકવાદીઓના મતમાં પણ અસત્ ખ્યાતિ છે. તાંત્રિકો જગતના પદાર્થને સત્ય માને છે; પરંતુ દોરડીમાં સર્પના ભાસને અસત્ય કહે છે—અર્થાત્ સંસારમાંના ભ્રમજ્ઞાનના બધા વિષયોને સસલાના શિંગડા સમાન તુચ્છ માને છે.

ભગવાન શંકરાચાર્યના સિદ્ધાન્તમાં અનિર્વચનીય ખ્યાતિ માનેલી છે. ખ્યાતિ એટલે ભાન અને કથન, અનિર્વચનીય એટલે સત્ અને અસતથી વિલક્ષણ. ત્રણે કાળ એક—સમાન સ્થિતિમાં રહે તે સત્; વંધ્યાપુત્ર, શશશૃંગ એ સર્વ અસત્, એથી વિલક્ષણ ઉત્પત્તિ—નાશવાળા સંસારના સર્વ પદાર્થ અનિર્વચનીય (મિથ્યા) કહેવાય છે, અસત્ પદાર્થ કદાપિ અનુભવમાં આવતાજ નથી. જે જે ઇન્દ્રિયોથી અનુભવમાં આવે છે તે સર્વ મિથ્યાજ હોય છે. જ્યાં દોરીમાં સર્પનો ભ્રમ થાય છે ત્યાં સર્પની પ્રતીતિ અને જ્ઞાન થાય છે, પણ સર્પ સત્ય છે નહિ, જેથી માનવું પડે છે કે, અવિદ્યા સર્પાકાર પરિણામને પામે છે, જેથી તેજ સમયે સાક્ષી આશ્રિત અવિદ્યાનું જ્ઞાનાકાર પરિણામ થાય છે. એવી રીતે સર્પ અને સર્પનું જ્ઞાન બંને અનિર્વચનીય ઉત્પન્ન થાય છે.

* उत्पत्तिं प्रलयं चैव भूतानामागतिं गतिम् ।
वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति ॥

જે પુરુષ પ્રાણીઓની ઉત્પત્તિને, નાશને, આગમન-ગમનને, વિદ્યાને તથા અવિદ્યાને જાણે છે તે 'ભગવાન' કહેવાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રાહ્મણભક્તોમાં બલિ રાજા હું છું; વીર પુરુષોમાં અર્જુન હું છું; દરેક પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ હું છું;[૩૦-૩૫] જવું, બોલવું, ત્યાગ કરવો, ગ્રહણ કરવું અને આનંદ લેવો, એ પાંચ કર્મેન્દ્રિયોના વ્યાપાર તેમજ સ્પર્શ કરવો, જોવું, સ્વાદ લેવો, સાંભળવું ને સૂંઘવું—એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના વ્યાપાર હું છું તથા સર્વ ઇન્દ્રિયોની તે તે વિષયને ગ્રહણ કરવાની શક્તિ પણ હું છું.[૩૬] પૃથ્વી, વાયુ, આકાશ, જળ તથા તેજની તન્માત્રાઓ; અહંકાર, મહત્તત્ત્વ, પાંચ મહાભૂતો, અગિયાર ઇન્દ્રિયો, જીવ, પ્રકૃતિ, રજોગુણ, સત્ત્વગુણ તમોગુણ અને સૌથી પર—બ્રહ્મ—આ સર્વ હું છું; તેમજ આ સર્વ તત્ત્વોની ગણતરી, તેઓનું લક્ષણપૂર્વક જ્ઞાન અને તેઓનું ફળ—તત્ત્વનિશ્ચય તે પણ હુંજ છું. વળી જીવ—ઈશ્વર, ગુણ—ગુણી તથા ક્ષેત્ર—ક્ષેત્રજ્ઞ—એમ જે જે કંઈ પદાર્થો છે તે ઈશ્વર, સર્વાત્મા અને સર્વસ્વરૂપ એવા મારાથી કોઇ સ્થળે ભિન્ન નથી—અર્થાત્ સર્વ કંઇ હુંજ છું.[૩૭,૩૮] હું કાળે કરીને પરમાણુઓની કદાચ ગણતરી કરી શકું, પણ કરોડો બ્રહ્માંડોને સૃજતા મારી વિભૂતિઓની ગણતરી હું પોતે પણ કરી શકું તેમ નથી.[૩૯] ટૂંકામાં એજ કે જ્યાં જ્યાં પ્રભાવ, સંપત્તિ, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, દાન, સૌંદર્ય, ભાગ્ય, બળ, ક્ષમા તથા વિજ્ઞાન હોય તે તે મારી વિભૂતિ છે.[૪૦] આ સર્વ વિભૂતિઓ મેં તમને સંક્ષેપમાં કહી છે; તે મનના વિકારરૂપજ છે અને જેમ આકાશપુષ્પાદિ માત્ર કહેવાનાંજ હોય છે તેમ માત્ર કહેવાનીજ છે.[૪૧] માટે તમે વાણીને, મનને, પ્રાણને, ઇન્દ્રિયોને તથા બુદ્ધિને સત્ત્વગુણસંપન્ન એવી બુદ્ધિથીજ વશ કરો, જેથી ફરી તમે સંસારમાર્ગ માટે યોગ્ય રહેશો નહિ.[૪૨] જે યોગી વાણીને તથા મનને બુદ્ધિથી વશ કરતો નથી, તેનાં વ્રત, તપ અને દાન કાચા માટીના ઘડામાંથી જેમ પાણી સ્રવી જાય છે તેમ સ્રવી જાય છે—નાશ પામે છે.[૪૩] માટે મારામાં પરાયણ રહેનારાએ મારી ભક્તિવાળી બુદ્ધિથી મનને, વાણીને તથા પ્રાણોને વશ કરવાં જોઇએ, કે જેથી કૃતકૃત્ય થવાય છે.[૪૪]

तस्मान्मनोवचःप्राणान्नियच्छेन्मत्परायणः।
मद्भक्तियुक्तया बुद्ध्या ततः परिसमाप्यते ॥४४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૭ મો*

બ્રહ્મચારી તથા ગૃહસ્થના ધર્મો

॥ उद्धव उवाच ॥

यस्त्वयाऽभिहितः पूर्वं धर्मस्त्वद्भक्तिलक्षणः।
वर्णाश्रमाचारवतां सर्वेषां द्विपदामपि ॥ १ ॥

ઉદ્ધવજીએ પૂછ્યું:—'÷ પૂર્વે—કલ્પના આદિકાળમાં આપે વર્ણ તથા આશ્રમોના આચારવાળાઓનો તથા વર્ણાશ્રમથી જે બહિષ્કૃત હોય તેવા મનુષ્યોનો પણ ભક્તિરૂપી ધર્મ કહ્યો છે; (કે જે ધર્મ આપને પ્રાપ્ત કરાવનારો છે અથવા આપની પ્રાપ્તિનું સાધન છે.)[૧] હે કમલનયન શ્રીકૃષ્ણ! તે ભક્તિરૂપી ધર્મ, જે પ્રકારે સ્વધર્મનું આચરણ કરવાથી મનુષ્યોને આપ વિષે ઉત્પન્ન થાય છે તે કહેવાને આપ યોગ્ય છો.[૨] હે મોટી ભુજાઓવાળા પ્રભુ! આપે હંસસ્વરૂપે જે પરમ સુખસ્વરૂપ ધર્મ બ્રહ્માને કહ્યો હતો, તે પૂર્વે ઉપદેશેલો ધર્મ, હે શત્રુસંહારક શ્રીકૃષ્ણ! ઘણો કાળ વીતી ગયો હોવાથી હવે મનુષ્યલોકમાં નહિ રહે. હે અચ્યુત! પૃથ્વી પર આપ વિના બીજો કોઈ પણ ધર્મનો ઉપદેશ કરનાર, પાળનાર કે રક્ષણ

---

* આ અધ્યાયમાં ઉદ્ધવજીએ ભક્તિરૂપી સ્વધર્મ પૂછ્યો, એટલે શ્રીકૃષ્ણે હંસ ભગવાને કહેલા બ્રહ્મચારીના તથા ગૃહસ્થના ધર્મ કહ્યા. —શ્રીધર

÷ પૂર્વ અધ્યાયમાં કહેવામાં આવ્યું કે, 'ભક્તિથી કરવામાં આવેલું મોક્ષસાધન કર્મ મારી વિભૂતિ છે' તેમજ કર્મોને ભક્તિનાં સાધન તરીકે ઠેર ઠેર કહેવામાં આવ્યાં છે અને કર્મો કરનારાઓને અવશ્ય ભક્તિ પ્રાપ્ત થાયજ છે તેવું ખાસ જોવામાં આવતું નથી; માટે અહીંથી સાત શ્લોકોમાં પૂછે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

કરનાર નથી; એટલુંજ નહિ પણ જ્યાં વેદો વગેરે સાક્ષાત્ મૂર્તિધારી હોય છે ત્યાં બ્રહ્મદેવની સભામાં પણ આપ વિના બીજો કોઇ ધર્મનો ઉપદેશ કરનાર, પાળનાર કે રક્ષણ કરનાર નથી. હે દેવ! ધર્મને પાળનાર, ધર્મનું રક્ષણ કરનાર અને ધર્મનો ઉપદેશ કરનાર એવા આપ જ્યારે પૃથ્વીનો ત્યાગ કરશો ત્યારે વિનાશ પામેલા ધર્મનો કોણ ઉપદેશ કરશે? માટે હે સર્વ ધર્મને જાણનારા પ્રભુ! આપની ભક્તિરૂપ ધર્મનું અમારી મનુષ્યોની મધ્યે જે રીતે વિધાન કરવામાં આવ્યું હોય તે રીતે આપ મારી આગળ વર્ણવો.૩–૭

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ રીતે પોતાના સેવકોમાં મુખ્ય ઉદ્ધવજીએ શ્રીહરિને પૂછ્યું, એટલે તે ભગવાન, પ્રસન્ન થઇને મનુષ્યોના કલ્યાણ માટે સનાતન ધર્મો કહેવા લાગ્યા.૮

શ્રીભગવાન બોલ્યાઃ—'હે ઉદ્ધવ! તમારો આ પ્રશ્ન ધાર્મિક છે; કારણ કે આ પ્રશ્ન મનુષ્યોના કલ્યાણરૂપ ભક્તિને ઉત્પન્ન કરનારો છે; માટે વર્ણો તથા આશ્રમોના આચારવાળા મનુષ્યોનો તે ધર્મ તમે મારી પાસેથી સાંભળો.૯ પૂર્વે સત્યયુગના સમયમાં મનુષ્યોનો 'હંસ' નામનો એકજ વર્ણ હતો; કેમકે તે વખતે પ્રજાઓ જન્મથીજ કૃતકૃત્ય હતી અને તેથીજ તે સત્યયુગને વિદ્વાનો 'કૃતયુગ'ના નામથી જાણે છે.૧૦ વળી તે આગળના સમયમાં ૐકારજ એક વેદરૂપ હતો. (ચારે પાયાવાળા) ધર્મના સ્વરૂપને ધારણ કરનારો હુંજ (મનમાં ધ્યાન કરવારૂપે) ધર્મરૂપ હતો અને તેથીજ કેવળ તપ ઉપર શ્રદ્ધા રાખનારા લોકો, પાપથી રહિત હોઇને મારા હંસસ્વરૂપની ઉપાસના કરતા હતા—મારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતા હતા. હે મહાભાગ્યશાળી ઉદ્ધવ! તે:પછી ત્રેતાયુગના આરંભમાં મારા વૈરાજસ્વરૂપના હૃદયમાંથી નિઃશ્વાસના નિમિત્તે વેદવિદ્યા પ્રકટ થઇ અને તેમાંથી હોતા, અધ્વર્યુ અને યજ્ઞઉદ્ગાતા—એમ ત્રણ સ્વરૂપવાળો હુંજ *યજ્ઞરૂપે ઉત્પન્ન થયો.૧૧૧૨ મુખ, બાહુ, સાથળ તથા પગમાંથી અનુક્રમે ઉત્પન્ન થયેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર, એ વૈરાજ પુરુષથીજ ઉત્પન્ન થયા છે, કે જેઓનો સ્વધર્મજ તેઓનું પોતાનું લક્ષણ છે.૧૩ એ ઉપરાંત મારા એ વૈરાજ સ્વરૂપના પેઢુમાંથી ગૃહસ્થાશ્રમ, હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષઃસ્થળમાંથી વાનપ્રસ્થાશ્રમ અને મસ્તકમાંથી સંન્યાસાશ્રમ ઉત્પન્ન થયો.૧૪ આ વર્ણો તથા આશ્રમોના મનુષ્યોના સ્વભાવો તેઓની જન્મભૂમિને અનુસાર થયા; એટલે કે પગ વગેરે નીચાં સ્થાનોમાંથી જેઓ ઉત્પન્ન થયા તેઓના સ્વભાવ નીચ થયા અને મસ્તક વગેરે ઉત્તમ સ્થાનોમાંથી જેઓ થયા તેઓના સ્વભાવ ઉત્તમ થયા.૧૫ શમ,[1] દમ,[2] તપ,[3] બાહ્યાભ્યંતર પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, મારી ભક્તિ, દયા અને સત્ય આ બ્રાહ્મણ વર્ણના સ્વભાવ છે.૧૬ પ્રતાપ, બળ, ધૈર્ય, શૌર્ય, સહનશીલતા, ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રાહ્મણભક્તિ અને ઐશ્વર્ય આ ક્ષત્રિય વર્ણના સ્વભાવ છે.૧૭ આસ્તિકતા, દાન ઉપર નિષ્ઠા, દંભરહિતપણું, બ્રાહ્મણોની સેવા અને ધનસંગ્રહમાં અસંતોષ—આ વૈશ્ય વર્ણના સ્વભાવ છે.૧૮ બ્રાહ્મણો, ગાયો તથા દેવોની નિષ્કપટપણે સેવા અને તેમાંથી જે કંઇ મળે તે ઉપર સંતોષ રાખવો આ શૂદ્ર વર્ણના સ્વભાવ છે.૧૯ અપવિત્રતા, અસત્ય, ચોરી, નાસ્તિકપણું, કારણ વિના કંકાસ, કામ, ક્રોધ અને તૃષ્ણા—આ વર્ણાશ્રમથી બહિષ્કૃત એવા ચાંડાલ વગેરેનો સ્વભાવ છે.૨૦ અહિંસા, સત્ય, ચોરી નહિ કરવી, કામ—ક્રોધ—લોભથી રહિતપણું અને પ્રાણીમાત્રનું પ્રિય તથા હિત ઇચ્છવું—આ સર્વ વર્ણોનો

---

* શ્રુતિ પણ કહે છેઃ '**યજ્ઞો વૈ વિષ્ણુઃ** યજ્ઞ એજ વિષ્ણુ છે—પરમાત્મા છે.' —**શ્રીધર**

૧. આંતર ઇન્દ્રિયોનો સંયમ તે શમ.

૨. બાહ્ય ઇન્દ્રિયોનો સંયમ તે દમ.

૩. તપ એટલે તત્ત્વવિચાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધર્મ છે.૨૧ (હવે ચાર આશ્રમો પૈકી બ્રહ્મચર્યાશ્રમના ધર્મો સાંભળો.) બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય વર્ણના બ્રહ્મચારીઓએ+ ગર્ભાધાન વગેરે સંસ્કારના ક્રમ પ્રમાણે જનોઈ લેવારૂપી બીજો જન્મ પ્રાપ્ત કરી (દ્વિજ થઇને) જિતેન્દ્રિય થઇ ગુરુને ઘેર રહીને ગુરુ બોલાવે ત્યારે વેદાધ્યયન કરવું. (અને વેદના અર્થનો વિચાર કરવો.) તેમજ મેખલા, મૃગચર્મ, દંડ, રુદ્રાક્ષની માળા, જનોઈ તથા દર્ભો ધારણ કરવા; માથે જટા રાખવી, (તેલ વગેરે નાખવાં નહિ.) દાંત તથા વસ્ત્રો ધોઇને સાફ રાખવાં નહિ અને આસનને રંગવું નહિ. વળી બ્રહ્મચારીએ સ્નાન, ભોજન તથા હોમ કરતી વેળા અને જપ તથા મળ—મૂત્રનો ત્યાગ કરતી વેળા મૌન રાખવું; નખ ઉતરાવવા નહિ અને બગલના કે લિંગના અથવા કોઇ પણ ભાગનાવાળ ઉતરાવવા નહિ.૨૨-૨૪ બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારા બ્રહ્મચારીએ કદી પણ વીર્યને સ્ખલિત થવા દેવું નહિ. કદાચ પોતાની મેળેજ વીર્ય સ્ખલિત થઇ જાય તો સ્નાન કરી પ્રાણાયામ કરીને ગાયત્રીનો જપ કરી લેવો.૨૫ બ્રહ્મચારીએ પવિત્ર અને એકાગ્રચિત્ત થઇને અગ્નિ, સૂર્ય, આચાર્ય, ગાય, બ્રાહ્મણ, વડીલો તથા દેવોની સેવા કરવી અને મૌન રહીને જપ કરતાં કરતાં *બે સંધ્યાઓનું ઉપાસન કરવું.૨૬ પોતાના આચાર્યને મારા સ્વરૂપ જાણવા; પણ 'આ એક મનુષ્ય છે' એવી બુદ્ધિથી તેમનું અપમાન કરવું નહિ, તેમજ તેમના ગુણો ઉપર દોષારોપ કરવો નહિ. કારણ કે ગુરુ સર્વ દેવમય છે.૨૭ સવારે ને સાંજે ભિક્ષા લાવીને ગુરુને નિવેદન કરવી અને બીજું જે કંઇ પોતાને મળ્યું હોય તે પણ ગુરુને નિવેદન કરવું; તેમજ ગુરુએ જે કંઇ આજ્ઞા કરી હોય તેનો બ્રહ્મચારી શિષ્યે સાવધાન રહીને અમલ કરવો.૨૮ ગુરુની સેવા કરતા બ્રહ્મચારીએ સદા નીચ ચાકરની પેઠે ગુરુની પાસે હાજર રહેવું અને ગુરુ ક્યાંય જાય ત્યારે તેમની પાછળ જવું. ગુરુ સૂઈ જાય તે પછી અપ્રમાદી રહીને તેમની સમીપ સૂવું; ગુરુ બેસે તે પછી તેમની સમીપ હાથ જોડી બેસવું અને ગુરુ ઊભા હોય ત્યારે તેમની સમીપ બે હાથ જોડીને ઊભા રહેવું.૨૯ આવું વર્તન રાખીને જ્યાંસુધી વિદ્યા સમાપ્ત થાય ત્યાંસુધી સર્વ ભોગોનો ત્યાગ કરી અસ્ખલિત બ્રહ્મચર્યવ્રત ધારણ કરતાં ગુરુને ઘેર રહેવું જોઇએ. આ+બ્રહ્મચારી (એ રીતે વ્રત પાળતાં પાળતાંજ) મહર્લોકમાં અને ત્યાંથી બ્રહ્મલોકમાં જવા જો ઇચ્છતો હોય તો તેણે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાળીને (જીવતાં સુધી બ્રહ્મચારી રહીને) અધિક સ્વાધ્યાય માટે અને ગુરુએ ભણાવેલાનો બદલો વાળી આપવા માટે પોતાનો દેહ ગુરુને અર્પણ કરી દેવો;૩૦,૩૧ તેમજ બ્રહ્મતેજવાળા તે નિષ્પાપ બ્રહ્મચારીએ અગ્નિમાં, ગુરુમાં, પોતામાં તથા સર્વ પ્રાણીઓમાં રહેલા મારી—પરબ્રહ્મની અભેદબુદ્ધિએ ઉપાસના કરવી.૩૨ ગૃહસ્થ સિવાયના હરકોઇ આશ્રમીએ સ્ત્રીઓનું દર્શન, સ્પર્શ, ભાષણ તથા હાસ્ય વગેરેનો ત્યાગ કરવો અને મિથુનરૂપે થયેલા કોઇ પણ પ્રાણીનો પોતાની આગળથી ત્યાગ કરી દેવો.૩૩ હે કુળને આનંદ આપનારા ઉદ્ધવ! શૌચ, આચમન, સ્નાન, સંધ્યોપાસન, સરળતા, તીર્થસેવા, જપ, અસ્પૃશ્યનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, નહિ બોલવા યોગ્યનો ત્યાગ, સર્વ પદાર્થોમાં મારો ભાવ અને મન, વાણી તથા શરીરનો સંયમ—આ સર્વ આશ્રમોનો નિયમ છે—સર્વસાધારણ ધર્મ છે.૩૪,૩૫ એ પ્રમાણે નૈષ્ઠિક મહાવ્રત—બ્રહ્મચર્યને ધારણ કરનારો નિ-

+ બ્રહ્મચારી બે પ્રકારનો છે; એક ઉપકુર્વાણક અને બીજો નૈષ્ઠિક. તેમાં પ્રથમના ધર્મો અહીં નવ શ્લોકોમાં કહે છે. —શ્રીધર

* મધ્યાહ્નસમયે સંધ્યાનિમિત્તે મૌન રાખવાનું હોતું નથી; માટે (મૌનની અપેક્ષાએ) બે સંધ્યા કહી છે. —શ્રીધર

+ ઉપર પ્રમાણે ઉપકુર્વાણક બ્રહ્મચારીના ધર્મો કહીને હવે ૭ શ્લોકોમાં નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મો કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ષ્કામ બ્રાહ્મણ, અગ્નિની પેઠે પ્રકાશમાન થઇને તીવ્ર તપશ્ચર્યાને લીધે બળી ગયેલા અંતઃકરણવાળો થઇને મારો ભક્ત થાય છે. પણ (ગુરુગૃહે નિવાસ કરતા બ્રહ્મચારીને) બીજા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની ઇચ્છા હોય તો યથાવત્ વેદાર્થ જેણે વિચારેલો હોય છે એવા તે બ્રહ્મચારીએ તે પછી ગુરુને દક્ષિણા આપી ગુરુનું અનુમોદન લઇ સ્નાન કરવું—અર્થાત્ બ્રહ્મચર્યવ્રતની સમાપ્તિ માટે અભ્યંગાદિ કરી સમાવર્તન નામનો સંસ્કાર કરવો.[૩૬।૩૭] †આ રીતે મારી ભક્તિમાં પરાયણ નહિ રહેનારા ઉત્તમ બ્રાહ્મણે પોતાને જો વિષયભોગની ઇચ્છા હોય તો (બ્રહ્મચર્યાશ્રમમાંથી) ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો; અંતઃકરણની શુદ્ધિ વગેરેની જો ઇચ્છા હોય તો વનમાં ચાલ્યા જવું અને *અંતઃકરણ જો શુદ્ધ થયું હોય તો સંન્યાસ લઇ લેવો. અથવા તેણે એક આશ્રમ પછી બીજા આશ્રમમાં જવું; પરંતુ આશ્રમ વિના રહેવું નહિ અને પ્રતિલોમ આશ્રમ ધારણ કરવો નહિ—અર્થાત્ ઊલટી રીતે આશ્રમો ધારણ કરવા નહિ. જેમકે—સંન્યાસી થઇને વાનપ્રસ્થ કે ગૃહસ્થ થવું નહિ.[૩૮] ગૃહસ્થાશ્રમની જેને ઇચ્છા હોય તેણે પોતાને યોગ્ય સ્ત્રી પરણવી. તે સ્ત્રી કુળથી અને લક્ષણોથી અનિંદ્ય હોવી જોઇએ; વયમાં પોતાનાથી નાની હોવી જોઇએ અને પોતાનાજ વર્ણની હોવી જોઇએ. જો પોતે કામનાથી બીજી સ્ત્રીને પરણે તો પોતાના વર્ણની સ્ત્રીને પ્રથમ પરણ્યા પછી અનુક્રમે બીજા વર્ણની સ્ત્રીને પરણી શકે. (એટલે બ્રાહ્મણે બ્રાહ્મણજાતિની સ્ત્રીને પરણ્યા પછી અનુક્રમે ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રજાતિની સ્ત્રી પરણવી; ક્ષત્રિયે ક્ષત્રિયજાતિની સ્ત્રીને પરણ્યા પછી વૈશ્ય કે શૂદ્ર જાતિની સ્ત્રીને પરણવું અને વૈશ્યે વૈશ્ય જાતિની સ્ત્રીને પરણ્યા પછી શૂદ્ર જાતિની સ્ત્રીને પરણવું. શૂદ્રે તો પોતાની જાતિનીજ સ્ત્રીને પરણવું. નીચ વર્ણના હરકોઇ પુરુષથી ઉચ્ચ વર્ણની સ્ત્રી પરણી શકાય નહિ.) યજ્ઞ કરવો, વેદાધ્યયન કરવું અને દાન આપવું તે સર્વ બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યના ધર્મ છે; પણ દાન લેવું, વેદાધ્યયન કરાવવું અને યજ્ઞ કરાવવો તે તો બ્રાહ્મણનીજ આજીવિકા છે. (માટે તેમાં બીજા કોઇએ માથું મારવું નહિ.) બ્રાહ્મણ પોતેજ જો માનતો હોય કે, દાન લેવું તે તો તપ, તેજ તથા યશનો નાશ કરનાર છે; તો તેણે વેદાધ્યયન કરાવીને તથા યજ્ઞો કરાવીને આજીવિકા કરવી; અથવા તે બન્ને પ્રકારની આજીવિકામાં પણ દીનતા વગેરે દોષ તેના જોવામાં આવે, તો તેણે શિલોંછવૃત્તિથી આજીવિકા કરવી—બજારમાં દુકાનોની આસપાસ અથવા ખળાં, ખેતર વગેરેમાં વેરાઈ પડેલા (બિનમાલિકીના) દાણા વગેરેને બજાર વગેરે ઊઠી ગયા પછી વીણી લાવી તે ઉપર આજીવિકા કરવી.[૩૯–૪૧] (બ્રાહ્મણે પોતાની આજીવિકા માટે હરકોઇ કામ કરવું તે ઠીક નથી; કારણ કે) બ્રાહ્મણનું આ શરીર તુચ્છ વિષયસુખ માટે ઇચ્છવા યોગ્ય નથી; પણ જીવંતદશામાં વૃત્તિસંકોચ આદિ કષ્ટ માટે, તપશ્ચર્યા માટે તથા મરણ પછી અનંત સુખ—મોક્ષ સંપાદન કરવા માટે ઇચ્છવાયોગ્ય છે.[૪૨] જે કોઇ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય પૂર્વોક્ત શિલોંછવૃત્તિથી મનમાં સંતુષ્ટ રહી અતિથિસત્કાર વગેરે નિષ્કામ ધર્મનું સેવન કરે છે અને મારામાં ચિત્ત સ્થાપી દઇ અત્યંત આસક્તિ રાખતો નથી તે ગૃહસ્થાશ્રમમાંજ રહીને શાંતિને પ્રાપ્ત કરે છે—મોક્ષનો અધિકારી થઈ શકે છે.[૪૩] જે કોઇ ધનવાન મનુષ્યો, દારિદ્રય વગેરેથી દુઃખી થતા બ્રાહ્મણનો કે હરકોઇ મારા ભક્તનો દુઃખ-

† ભક્તિમાં તત્પર નહિ રહેનારા માટે આ શ્લોકમાં આશ્રમવ્યવસ્થા બતાવી છે; ભગવાનના ભક્તને તો કોઇ પણ આશ્રમના નિયમની જરૂર નથી; આ વસ્તુ આગળ કહેવાશે. —શ્રીધર

* અંતઃકરણ જો શુદ્ધ થઇ ગયું હોય અને પોતે ઉત્તમ બ્રાહ્મણ હોય તો તેની ઇચ્છા પ્રમાણે બ્રહ્મચર્યાશ્રમમાંથી લાગલાજ સંન્યાસાશ્રમમાં જઈ શકાય છે; પણ ક્ષત્રિય કે વૈશ્ય હોય તેને સંન્યાસનો અધિકાર નથી. —શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માંથી ઉદ્ધાર કરે છે તેઓનો હું, નૌકા જેમ સમુદ્રમાંથી ઉદ્ધાર કરે છે, તેમ આપત્તિઓમાંથી ઉદ્ધાર કરું છું. (રાજાઓનો આ આવશ્યક ધર્મ છે કે,) પિતા જેમ પોતાનાં સંતાનોને દુઃખથી મુક્ત કરે છે, તેમ રાજાએ સર્વ પ્રજાઓને દુઃખથી છોડાવવી જોઇએ અને પછી જેમ મોટા હાથી બીજા હાથીઓને કાદવમાંથી બહાર કાઢી પોતે પણ તેમાંથી બહાર નીકળે છે, તેમ ધીર રાજાએ સર્વને સંકટમાંથી મુક્ત કરી પોતે પોતાનો પણ ઉદ્ધાર કરવો જોઇએ.[૪૪।૪૫] આ રીતે વર્તનારો રાજા, આ લોકમાં સર્વ પાપોનો નાશ કરી છેવટે સૂર્ય સમાન તેજસ્વી વિમાનમાં બેસી ઇન્દ્રની સાથે આનંદ કરે છે.[૪૬] બ્રાહ્મણ જો આજીવિકાથી દુઃખી થતો હોય તો તેણે વેચવાયોગ્ય વસ્તુઓનો વેપાર કરી વૈશ્યવૃત્તિથી પણ આપત્તિને તરી જવું ને તે વૃત્તિથી પણ આપત્તિ વડે પોતે દબાઈ જતો હોય તો તલવાર બાંધી–ક્ષત્રિયની વૃત્તિથી પણ આપત્તિને તરી જવું; પણ નીચ મનુષ્યોની સેવારૂપી કૂતરાની વૃત્તિથી કોઇ પણ રીતે જીવવું નહિ.[૪૭] એજ પ્રમાણે ક્ષત્રિયે આજીવિકાના આપત્તિકાળમાં વૈશ્યવૃત્તિથી જીવવું, મૃગયાથી આજીવિકા ચલાવવી અથવા બ્રાહ્મણરૂપે આજીવિકા કરીને પણ જીવવું, પણ નીચ લોકોની સેવારૂપ કૂતરાની વૃત્તિથી કદી જીવવું નહિ.[૪૮] તેમજ વૈશ્યે આજીવિકાના આપત્તિકાળમાં શૂદ્રની સેવાવૃત્તિનો આશ્રય કરવો અને શૂદ્રે, આપત્તિકાળમાં પ્રતિલોમ જાતિની કારીગરી વગેરે આજીવિકા અથવા સાદડી ગૂંથવી આદિ આજીવિકા કરવી અને કષ્ટમાંથી મુક્ત થવું; પણ કષ્ટથી મુક્ત થઇને તે તે નિંદ્ય કર્મથી આજીવિકા મેળવવાની ઇચ્છા રાખવી નહિ–અર્થાત્ આપત્તિકાળ પૂરતીજ તે તે વર્ણના પુરુષે તે તે નિંદ્ય આજીવિકા સ્વીકારવી; પણ આપત્તિરહિત કાળમાં તો પોતપોતાના વર્ણની આજીવિકાજ સેવવી.[૪૯] +પ્રત્યેક બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યે હમેશાં વેદાધ્યયનથી (એટલે બ્રહ્મયજ્ઞથી) મારા સ્વરૂપ એવા ઋષિઓનું યજન કરવું; સ્વધાકારથી (પિતૃતર્પણરૂપ પિતૃયજ્ઞથી) મારા સ્વરૂપ એવા પિતૃઓનું યજન કરવું; સ્વાહાકારથી (એટલે હોમરૂપ દેવયજ્ઞથી) મારા સ્વરૂપ દેવોનું યજન કરવું; બલિદાનો આપીને (ભૂતયજ્ઞથી) મારા સ્વરૂપ સર્વ પ્રાણીઓનું યજન કરવું અને પોતાના વૈભવને અનુસરીને અન્ન–જળ આપી (મનુષ્યયજ્ઞથી) મારા સ્વરૂપ એવાં મનુષ્યોનું યજન કરવું.[૫૦] તેમજ જો બની શકે તો ઉદ્યમ વિના–દૈવેચ્છાએ મળી આવેલા શુદ્ધ ધનથી અથવા પોતાની આજીવિકાથી મેળવેલા શુદ્ધ ધનથી પોતાના પોષ્યવર્ગને દુઃખી કર્યા વિના યજ્ઞો કરવા. (આ યજ્ઞધર્મ જો પોતાની શક્તિ હોય તોજ કરવાનો છે; ફરજિયાત નથી.)[૫૧] હરકોઇ ગૃહસ્થે પોતે કુટુંબી હોય છતાં કુટુંબની અંદર આસક્ત ન બની જવું, તેમજ (ઈશ્વરનિષ્ઠામાં પ્રમાદી પણ ન થવું;) પરંતુ વિદ્વાન ગૃહસ્થે જોવામાં નહિ આવતાં સ્વર્ગાદિ સુખને પણ, આ લોકમાં જોવામાં આવતાં સાંસારિક સુખોની માફકજ નાશવંત જોવાં. (અર્થાત્ ગૃહસ્થે પણ નિવૃત્તિનિષ્ઠા રાખવી જોઇએ.) પુત્ર, સ્ત્રી, હિતૈષીઓ અને સગાં–સંબંધીઓનો સમાગમ મુસાફરોના સમાગમ જેવોજ જાણવો. કારણ કે નિદ્રાની પાછળ આવનારું સ્વપ્ન જેમ નિદ્રા જતાં ચાલ્યું જાય છે, તેમ દેહની પાછળ આવતાં આ સર્વ સગાંવહાલાં વગેરે પરિવાર, દેહનો નાશ થતાં છૂટાં પડી જાય છે;[૫૨।૫૩] આમ વિચાર કરતો ગૃહસ્થ ઘરમાં અતિથિની પેઠે રહે, તો પોતે મુક્ત નથી તે છતાં મુક્તજ છે. કારણ કે મમતા વિનાનો અને અહંકારથી રહિત એવો તે ગૃહસ્થ, ઘરનાં કર્મોથી બંધાતો નથી.[૫૪] એ રીતે ભક્તિમાન ગૃહસ્થે, ગૃહસ્થાશ્રમને લગતાં કર્મો કરીને મારુંજ યજન કરવું અને પછી (ઉદાસીનપણે)

+ એ પ્રમાણે વૃત્તિવ્યવસ્થા કહીને હવે ગૃહસ્થે અવશ્ય કરવા યોગ્ય પાંચ યજ્ઞો કહે છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ઘરમાંજ રહેવું અથવા વનમાં જતા રહેવું—વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો, અથવા પોતાને જો કંઇ પ્રજા હોય તો સંન્યાસ લઇ લેવો.[૫૫] પણ જે કૃપણબુદ્ધિ મનુષ્ય પુત્ર તથા ધનની ઇચ્છાથી આતુર રહીને તેમજ સ્ત્રીમાં આસક્ત થઇને છેક સુધી ઘરમાંજ આસક્ત બુદ્ધિવાળો રહે છે, વિષયોમાંજ મચ્યો રહે છે તે મનુષ્ય 'મારું, હું' એમ અભિમાન કરીને સંસારમાં બંધાઇ જાય છે.[૫૬] જેમકે—'અહો! આ મારાં માતા—પિતા ઘરડાં થયાં છે; આ મારી સ્ત્રીનાં છોકરાં હજી નાનાં છે; આ છોકરાંઓ પણ મારા વિના અનાથ થઇ પડે અને તેઓ બિચારાં દુઃખી થઇને કેમ જીવી શકે?' આવા પ્રકારની ઘરની વાસનાને લીધે ચોતરફથી વિક્ષિપ્ત મનવાળો આ મૂઢબુદ્ધિ મનુષ્ય, ઘર સંબંધી વિષયોથી કદી તૃપ્તજ થતો નથી અને તે વિષયોનુંજ ધ્યાન કરતો મરણ પામીને ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે—ભયંકર સ્થાવર વગેરે યોનિને પામે છે.[૫૭૫૮]

एवं गुणाशयाक्षिप्तहृदयो मूढधीरयम्।
अतृप्तस्ताननुध्यायन् मृतोऽन्धं विशते तमः ।।५८

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

अध्याय १८ मो*

વાનપ્રસ્થ અને સંન્યાસીના ધર્મો

॥ श्रीभगवानुवाच ॥

वनं विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा।
वन एव वसेच्छांतस्तृतीयं भागमायुषः ॥ १ ॥

શ્રીભગવાન બોલ્યાઃ—'જ્યારે વનમાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય એટલે વાનપ્રસ્થ થવાની ઇચ્છા હોય ત્યારે પુરુષે, પોતાની સ્ત્રીને પોતાના પુત્રો સોંપીને અથવા સાથેજ લઇ જઇને શાંત થઈ—જિતેન્દ્રિય રહીને પોતાના આયુષનો ત્રીજો ભાગ (એટલે પંચોતેર વર્ષ સુધી) વનમાંજ+ રહેવું[૧] અને ત્યાં વનમાં ઉત્પન્ન થયેલાં પવિત્ર કંદ, મૂળ તથા ફળોથી પોતાની આજીવિકા ચલાવવી; વલ્કલ વસ્ત્ર, ઘાસ, પાંદડાં તેમજ મૃગચર્મ ધારણ કરવાં; મસ્તક ઉપરના વાળ, શરીર ઉપરના કોઇ પણ વાળ, નખ, દાઢી—મૂછ અને શરીર ઉપરનો મેલ એમ ને એમ રહેવા દેવો; દાંતને સાફ કરવા નહિ; ત્રણ કાળ જળની અંદર (શરીરને બિલકુલ ચોળ્યા વિના ડૂબકી મારીને) સ્નાન કરવું; જમીન પર કંઈ પણ પાથર્યા વિના (ખુલ્લામાં) સૂવું; ગ્રીષ્મ ઋતુમાં પંચાગ્નિ તાપવો, વર્ષાઋતુમાં વરસાદની ધારાઓ સહન કરવી (અને એ રીતે અભ્રાવકાશ નામનું વ્રત કરવું.) શિયાળાની ઋતુમાં જળની અંદર કંઠ સુધી ડૂબ્યા રહી (ઉદકવાસ નામનું વ્રત કરવું અને) એ રીતે વર્તીને તપશ્ચર્યા કર્યા કરવી.[૨-૪] વાનપ્રસ્થે અગ્નિથી પાકેલું (કંદ—મૂળ વગેરે) અથવા પોતાના કાળ પ્રમાણે પાકેલું ફળ વગેરે ખાવું; સામો વગેરે ખડધાન્યોને ખાંડણિયામાં ખાંડીને અથવા પથ્થરથી કૂટીને ખાવાં; અથવા દાંતરૂપીજ ખાંડણિયાવાળા થવું—એટલે સર્વ કંઇ દાંત વડેજ કરડીને ચાવી ખાવું. દેશ, કાળ તેમજ બળને જાણનારા વાનપ્રસ્થે આજીવિકા માટે પોતે જાતેજ સર્વ લાવવું* અને કાળાંતરે આણેલું કાળાંતરે રાખવું નહિ—અર્થાત્ નવું નવું અન્નાદિ મળી આવે ત્યારે જૂનું જૂનું પોતે રાખેલું હોય

* આ અધ્યાયમાં વાનપ્રસ્થ અને સંન્યાસીના ધર્મો કહ્યા છે અને અમુક અધિકાર પ્રમાણે તેમાં રહેલી વિશેષતા પણ કહી છે. —શ્રીધર

+ વનમાંજ રહેવું—એમ ભાર દઇને કહેવાનું કારણ એ છે કે, વનમાં જઇ ફરી પાછા ઘેર કદી અવાયજ નહિ. —બાલપ્રબોધિની

કહેવાનો ભાવ એ છે કે, વનમાં રહેતાં રહેતાં ઇન્દ્રિયો નિર્બળ થાય અને પછી ધીમે ધીમે વૈરાગ્ય થતાં સંન્યાસનો અધિકાર પ્રાપ્ત થાય. —શ્રીધર

* આ વસ્તુ દેશ, કાળ તથા બળને અનુસરીને સમજવી; પરંતુ દેશ, કાળ અને બળ જો વિપરીત હોય અને પોતાની આજીવિકા ન મેળવી શકાય તો આવો કંઇ નિયમ નથી. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેનો ત્યાગ કરી દેવો.૫-૬ વાનપ્રસ્થાશ્રમ ધારણ કરનારા પુરુષે વનમાં ઉત્પન્ન થયેલાં ધાન્ય વગેરેથી ચરુ–પુરોડાશ વગેરે તૈયાર કરી સમય પરત્વે કહેવામાં આવેલા આગ્રયણ વગેરે યજ્ઞો કરવા; પણ વેદમાં કહેલાં પશુઓથી મારું યજન કરવું નહિ.૭ અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ તથા ચાતુર્માસ્ય યજ્ઞો ગૃહસ્થની પેઠેજ વાનપ્રસ્થે પણ કરવાના વેદવાદીઓએ કહ્યા છે.૮ એ પ્રમાણે આચરેલા તપથી કેવળ નાડીઓથીજ વ્યાપ્ત બની રહેલો (નિષ્કામ) વાનપ્રસ્થ, તપોમય એવા મને આરાધીને મહર્લોક વગેરે ઋષિલોકમાં થઇને અનુક્રમે મને પ્રાપ્ત થાય છે.†૯ પણ જે મનુષ્ય, એ રીતે મહાકષ્ટથી કરેલાં મહાકલ્યાણરૂપ તપનો, અતિશય–એટલે એવા તુચ્છ વિષયો સંપાદન કરવા ઉપયોગ કરે છે તેનાથી બીજો કયો મૂર્ખ છે ?૧૦§ આ વાનપ્રસ્થ, જ્યારે પોતાના નિયમ પાળવામાં અશક્ત થાય અને વૃદ્ધાવસ્થાને લીધે શરીર કંપાયમાન થઇ જાય ત્યારે તેણે (અગ્નિહોત્રના) અગ્નિને પોતાને વિષે આરોપી દઇ મારામાં ચિત્ત સ્થાપીને અગ્નિમાં પ્રવેશ કરવો;૧૧ પણ કર્મનાં ફળરૂપ સ્વર્ગાદિ લોકો કે જેઓ કેવળ નરકરૂપ છે—અત્યંત દુઃખવાળા હોવાથી નરકતુલ્ય છે તેના ઉપર જો સંપૂર્ણ વૈરાગ્ય થયો હોય તો અગ્નિહોત્રનો ત્યાગ કરી સંન્યાસાશ્રમનો સ્વીકાર કરવો.૧૨ શાસ્ત્રોમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે (આઠ શ્રાદ્ધ કરી પ્રાજાપત્ય નામની ઇષ્ટિથી) મારું યજન કરી પોતાનું સર્વસ્વ ઋત્વિજ–બ્રાહ્મણોને આપી દેવું અને પછી પોતાના આત્મા વિષે અગ્નિને (અભેદરૂપે) પ્રવેશ કરાવી અગ્નિનો સ્વસ્વરૂપમાં આરોપ કરી સર્વ વિષયોથી નિઃસ્પૃહ થઇને સંન્યાસ લેવો.૧૩ બ્રાહ્મણ જ્યારે સંન્યાસ લેવા તૈયાર થાય છે, ત્યારે દેવો 'આ બ્રાહ્મણ, અમને દબાવી દઈ જરૂર પરમપદને પામી જશે' એવી ઇર્ષ્યાથી સ્ત્રી આદિના રૂપે વિઘ્ન કરે છે. (પણ તે વિઘ્નોને નહિ ગણીને વિરક્ત બ્રાહ્મણે સંન્યાસ લેવોજ જોઇએ.)૧૪ સંન્યાસી, કૌપીન સિવાય બીજું વસ્ત્ર ધારણ કરવા ઇચ્છતો હોય તો તેણે માત્ર કૌપીન ઢંકાય તેટલુંજ બીજું વસ્ત્ર ધારણ કરવું અને આપત્તિકાળ ન હોય ત્યારે દંડ અને એક પાત્ર વિના બીજી કોઈ પણ વસ્તુ કે જેનો પહેલાં પોતે ત્યાગ કર્યો છે તે રાખવી નહિ.૧૫ સંન્યાસીએ દૃષ્ટિથી પ્રથમ જોઇને (પૃથ્વી પર) પગ મૂકવો જોઇએ; વસ્ત્રથી ગાળેલું પાણી પીવું જોઇએ; સત્યથી પવિત્ર વાણી બોલવી જોઇએ અને મનથી વિચાર કરીને જે ઉત્તમ જણાય તેવું આચરણ કરવું જોઇએ.૧૬ હે ઉદ્ધવ ! મૌન એ વાણીનો દંડ છે; કામ્યકર્મનો ત્યાગ તે દેહનો દંડ છે અને પ્રાણાયામ તે ચિત્તનો દંડ છે. આ ત્રણ દંડ જે સંન્યાસીને નથી, તે કેવળ ધારણ કરેલા વાંસના દંડથી દંડી સંન્યાસી હોઇ શકે નહિ.૧૭ સંન્યાસીએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણોમાં કલંક વગેરેથી દૂષિત લોકોનો ત્યાગ કરી ભિક્ષા લેવા જવું.તેમાં પણ ઉચ્ચ વર્ણની ભિક્ષા મળે ત્યાંસુધી નીચ વર્ણની ભિક્ષા લેવી નહિ અને તેમાં પણ પ્રથમથી મનમાં ન ધારી રાખેલાં સાત ઘેર ભિક્ષા લેવી અને તેટલામાં જે કંઇ મળી આવે તેથી સંતોષ રાખવો.૧૮ ભિક્ષા લીધા પછી ગામની બહાર જલાશય ઉપર જઈને ત્યાં આચમન લઇ, આણેલા અન્નને જળના પ્રોક્ષણ વગેરેથી પવિત્ર

† કહેવાનો ભાવ એ છે કે, અંતઃકરણની શુદ્ધિ અને ભક્તિદ્વારા મનુષ્ય આ લોકમાંજ જો કે મુક્ત થાય છે, છતાં જો વિઘ્નો વધારે નડે તો આ ક્રમથી મુક્ત થાય છે. —શ્રીધર

§ જ્યાંસુધી જીવે ત્યાંસુધી એ રીતે વર્તનારનો મોક્ષ થાય છે; પરંતુ પોતાના આયુષનો ત્રીજો ભાગ પૂર્ણ થતાં વૈરાગ્ય થોડો હોય તોપણ સંન્યાસ લેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે; પણ જો સંન્યાસ લીધા પહેલાંજ પોતાનો ધર્મ પાળવામાં અશક્ત બની જાય તોપણ ઉત્તમ પ્રકારે વૈરાગ્યવાળો થયો છે કે નહિ તે જોવાનું હોય છે. જે વૈરાગ્યવાન નથી તેણે શું કરવું તે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

કરી વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય તથા સર્વ પ્રાણીઓને વિભાગપૂર્વક આપ્યા પછી બાકી રહેલું ÷સમગ્ર અન્ન ખાઇ જવું.[19] સંન્યાસીએ એકલાજ આ પૃથ્વી પર ફરવું જોઈએ; કોઇનો પણ સંગ કરવો નહિ; ઇન્દ્રિયોને વશ રાખવી, આત્મામાંજ રમણ કરવું, આત્મામાંજ સંતુષ્ટ રહેવું, ધીર થવું અને સર્વત્ર એકજ આત્મા છે, એવી સમદૃષ્ટિ રાખવી;[20] તેમજ સંન્યાસીએ નિર્જન અને નિર્ભય સ્થાનમાં સ્થિતિ કરવી; મારા ઉપરના ભાવથી નિર્મળ આશય રાખવો અને મારી સાથે અભેદપણાથી એક આત્માનુંજ ચિંતન કરવું.[21] વળી જ્ઞાનનિષ્ઠા રાખીને આત્માને બંધ તથા મોક્ષ શાથી થાય છે તેનો વિચાર કરવો; જેમકે ઇન્દ્રિયોનું બાહ્યવિષયોમાં ભમવું તે આત્માને બંધનરૂપ છે અને ઇન્દ્રિયોનો સંયમ તે આત્માને મોક્ષરૂપ છે.[22] માટે સંન્યાસીએ છએ ઇન્દ્રિયોને વશ કરીને મારા ઉપર ભાવ રાખીને વિચર્યા કરવું અને આત્મામાં રહેલું મહાન સુખ સંપાદન કરી ક્ષુદ્ર કામનાઓથી વિરક્ત થવું.[23] શહેરો, ગામડાં, નેસડા-કે સંઘોમાં ભિક્ષા માટેજ પ્રવેશ કરવો; બાકી તો પવિત્ર પ્રદેશો, નદીઓ, પર્વતો, વનો તથા આશ્રમોવાળી પૃથ્વી પર વિચર્યા કરવું.[24] બની શકે તો વાનપ્રસ્થ આશ્રમવાસીઓનાંજ સ્થાનોમાં નિત્ય ભિક્ષાને માટે જવું. કારણ કે વાનપ્રસ્થોનાં અન્ન શિલોંછવૃત્તિથી આણેલાં હોઇ તેવાં અન્નને લીધે અંતઃકરણ શુદ્ધ થાય છે અને તત્કાળ મોહની નિવૃત્તિ થતાં મનુષ્ય મુક્ત થાય છે.[25] ×જોવામાં આવતી આ જે જે (મિષ્ટાન્ન આદિ) વસ્તુઓ છે તેને સંન્યાસીએ વસ્તુરૂપે જોવી નહિ. કેમકે તે તે સર્વ વસ્તુ નાશવંત છે. સંન્યાસીએ તો આ લોકમાં કે પરલોકમાં ચિત્તને આસક્ત નહિ કરીને તે વસ્તુ માટેનાં કર્મોથી વિરામ પામવું જોઇએ.[26] મમતાના સ્થાનરૂપ આ જગત અને મન, વચન તથા પ્રાણ સહિત અહંકારનું સ્થાન આ શરીર, તેમજ તેથી ઉત્પન્ન થનારું સુખ—એ સર્વ આત્મામાં ભાસે છે તે કેવળ માયાજ છે, એમ તર્કથી એટલે સ્વપ્ન વગેરેનાં દૃષ્ટાંતથી તેનો ત્યાગ કરી આત્મનિષ્ઠ થવું અને તે તે પદાર્થોનું સ્મરણ કરવું નહિ—તે તે મિથ્યા વસ્તુઓનું ચિંતન કરવું નહિ.[27] (હવે તમે પરમહંસોના ધર્મો સાંભળો.) બહારના પદાર્થો ઉપર વિરક્ત થયેલા જ્ઞાનનિષ્ઠ પુરુષે અથવા મોક્ષની પણ ઇચ્છા નહિ રાખનારા મારા ભક્તપુરુષે, ત્રિદંડ આદિ ચિહ્નોવાળા આશ્રમધર્મોનો ત્યાગ કરી યથોચિત ધર્મનું આચરણ કરવું, શાસ્ત્રાજ્ઞાના દાસ થવું નહિ.[28] પોતે વિવેકવાન હોય છતાં પણ બાળકની પેઠે વિચરે; માન કે અપમાનનો વિવેક ન રાખે; કુશળ હોય તોપણ જડની પેઠે ફળની દરકાર ન કરે; વિદ્વાન હોય તોપણ ઉન્મત્તની પેઠે બોલે અને પોતે વેદાર્થનિષ્ઠ હોય તોપણ બળદની પેઠે અનિયત આચાર પ્રમાણે વર્તે. એ ઉપરાંત વેદનાં કર્મકાંડવ્યાખ્યાન વગેરે પર પણ પ્રીતિ ન રાખે; પાખંડી ન બને; કેવળ તર્કનિષ્ઠ પણ ન થાય અને કારણ વિનાના શુષ્કવાદમાં અમુક કોઈ પક્ષનો આશ્રય ન કરે. વળી તેવા ધીર પુરુષે કોઇ પણ મનુષ્યથી કંટાળવું નહિ, કોઈ પણ મનુષ્યને ઉદ્વિગ્ન કરવો નહિ; બીજાઓનાં દુષ્ટ વચનો સહન કરવાં; કોઇનું અપમાન કરવું નહિ અને દેહને ઉદ્દેશીને પણ પશુની પેઠે કોઇની સાથે વેર કરવું નહિ. જેમ જુદાં જુદાં જળપાત્રોમાં પ્રતિબિંબરૂપે જુદો જુદો જણાતો ચંદ્ર એકજ છે, તેમ સર્વ પ્રાણીઓમાં અને પોતામાં પરમાત્મા એકજ છે. (માટે આત્મદૃષ્ટિએ કોઇની સાથે વેરનું કારણ નથી, તેમ દેહની દૃષ્ટિએ પણ કોઇની સાથે વેરનું કારણ નથી. કેમકે) શરીરો પણ કારણરૂપે એકજ આત્મારૂપ છે. ધીરજવાળા ત્યાગીએ કોઇ વેળા કંઇ ખાવાનું ન મળે તો તેથી

÷ 'સમગ્ર' એમ કહીને જણાવ્યું છે કે, પોતાને જોઇએ તેથી વધારે અન્ન લાવવું નહિ. —શ્રીધર

× કદાચ કોઇ કહે કે, મિષ્ટાન્ન વગેરે તજીને તેવાં શિલોંછ અન્ન ઉપર કેમ રુચિ થાય? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખિન્ન થવું નહિ અને કોઈ વેળા ખાવાનું મેળવીને ખુશી થવું નહિ; કેમકે મળવું ન મળવું બન્ને દૈવાધીન છે.[૨૯-૩૩] આમ છે તોપણ માત્ર આહાર માટે યત્ન તો કરવોજ જોઈએ. કારણ કે પરમહંસે પણ પ્રાણનું ધારણ કરવું તે યોગ્ય છે. પ્રાણધારણથી તત્ત્વનો વિચાર થઇ શકે છે અને તત્ત્વ જાણીને મુક્ત થઈ શકાય છે.[૩૪] દૈવેચ્છાએ સારું કે નરસું જે કંઇ અન્ન મળી આવે તેને મુનિ-પરમહંસે જમી લેવું; તેમજ વસ્ત્ર અને શય્યા પણ જે જે મળી આવે તેનું સેવન કરવું.[૩૫] જેમ હું ઈશ્વર સર્વ કંઇ લીલાથી કરું છું—મારી ઇચ્છા પ્રમાણે કરું છું, તેમ જ્ઞાનીએ પણ પવિત્રતા, આચમન, સ્નાન અને બીજા નિયમો શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ન પાળવા, પણ પોતાની ઇચ્છા પ્રમાણે પાળવા. (કારણ કે શાસ્ત્રાજ્ઞાના દાસ બની જવું તે જ્ઞાનનિષ્ઠામાં વિઘ્નરૂપ થાય છે.)[૩૬] *જ્ઞાનીને કોઈ પણ વસ્તુ સાથે ભેદપ્રતીતિ રહેતી નથી; કેમકે તેને જે ભેદપ્રતીતિ પૂર્વે હતી તે મારા જ્ઞાનથી નાશ પામેલી હોય છે. જો કે દેહ પડે છે ત્યાંસુધીમાં કોઇ વાર તેને ભેદપ્રતીતિ થાય છે પણ ખરી, પરંતુ તે ભેદપ્રતીતિ બાધિતજ રહે છે, પોતાનું કાર્ય કરવાને સમર્થ રહેતી નથી; જેથી જ્ઞાની છેવટે મારી સાથે એકરૂપજ થઇ જાય છે.[૩૭]

'(એ રીતે જે વિરક્ત અને પરોક્ષ જ્ઞાનવાળો હોય તેને માટે સંન્યાસ કહ્યો અને તેના ધર્મો કહ્યા. હવે કેવળ વૈરાગ્યવાન હોય અને આત્મતત્ત્વને જાણવા ઇચ્છતો હોય તેણે શું કરવું જોઇએ, તે કહેવાય છે.) જેનું પરિણામ કેવળ દુઃખરૂપજ હોય છે, એવા વિષયો તરફ જેને વૈરાગ્ય થયો હોય અને મારી પ્રાપ્તિનું સાધન જેણે વિચાર્યું ન હોય તેવા આત્મતત્ત્વના જિજ્ઞાસુ પુરુષે, મનનશીલ બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જવું[૩૮] અને પછી શ્રદ્ધાયુક્ત થઇ અસૂયાનો ત્યાગ કરી પોતે જ્યાંસુધી બ્રહ્મને જાણે ત્યાંસુધી આદરપૂર્વક મારી દૃષ્ટિએજ ગુરુની સેવા કરવી. પણ જે પુરુષે છ ઇન્દ્રિયોના વર્ગને જીત્યો નથી, જેની બુદ્ધિ (વિષયોમાં) અત્યંત આસક્ત હોય છે અને જ્ઞાન તથા વૈરાગ્યથી જે રહિત હોય છે તે પુરુષ, (સંન્યાસ લઇને) સંન્યાસ ઉપર માત્ર પોતાની આજીવિકાજ કરે છે—અધિકાર વિનાનો સંન્યાસ કેવળ નિંદનીય છે. આવો ધર્મઘાતક સંન્યાસી યજ્ઞ કરવા યોગ્ય દેવોને તથા પોતાની અંદરજ બિરાજેલા આત્મારૂપ મને ઠગે છે અને તેથી અપરિપક્વ કષાયવાળો તે સંન્યાસી આ લોકથી અને પરલોકથી ભ્રષ્ટ થાય છે.[૩૯-૪૧] ઇન્દ્રિયનિગ્રહ અને અહિંસા એ સંન્યાસીના મુખ્ય ધર્મ છે; તપશ્ચર્યા અને તત્ત્વવિચાર તે વાનપ્રસ્થના મુખ્ય ધર્મ છે; પ્રાણીમાત્રની રક્ષા અને યજ્ઞો કરવા તે ગૃહસ્થના મુખ્ય ધર્મ છે અને ગુરુની સેવા કરવી એ બ્રહ્મચારીના મુખ્ય ધર્મ છે.[૪૨] બ્રહ્મચર્ય, તપ, બાહ્યાભ્યંતર પવિત્રતા, સંતોષ અને પ્રાણીમાત્રની સાથે મિત્રતા—આ પણ ગૃહસ્થના ધર્મ છે. ગૃહસ્થ ઋતુ વેળા પોતાની સ્ત્રી સાથે મૈથુન કરે તો તેના બ્રહ્મચર્યનો ભંગ થતો નથી અને મારી ઉપાસના કરવી તે તો સર્વ વર્ણાશ્રમીઓનો મુખ્ય ધર્મ છે.[૪૩] એ પ્રમાણે જે મનુષ્ય પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે વર્તીને નિત્ય મારું ભજન કરે છે અને આ લોકના કે પરલોકના કોઈ પણ વિષયનું સેવન કરતો નથી અને સર્વ પ્રાણીઓમાં હું રહેલો છું એમ જાણે છે, તે મનુષ્ય સત્વર મારી ભક્તિને પામે છે.[૪૪] હે ઉદ્ધવ! મારી અસ્ખલિત ભક્તિને લીધે તે મનુષ્ય સર્વ લોકના મહેશ્વર, સર્વ લોકની ઉત્પત્તિ તથા વિનાશને કરનારા અને તેથીજ સર્વના કારણ અને પરબ્રહ્મને પામે છે.[૪૫] એ પ્રમાણે પોતાના વર્ણાશ્રમ ધર્મથી જેનું અંતઃકરણ શુદ્ધ થયું હોય અને તેથીજ મારું ઐશ્વર્ય જેણે જાણ્યું હોય, એવો મનુષ્ય જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત થઇ સત્વર મને પામે છે.[૪૬] આ વર્ણાશ્રમીઓનો

* જ્ઞાનીએ શાસ્ત્રાજ્ઞાના દાસ કેમ ન થવું તેના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આચારરૂપ ધર્મ પિતૃલોકની પ્રાપ્તિરૂપ ફળને આપે છે; પણ તેજ ધર્મ મારી ભક્તિયુક્ત તથા મનેજ અર્પણ કરીને પાળવામાં આવ્યો હોય તો મોક્ષદાયી થઇ પડે છે.[47] હે સત્પુરુષ ઉદ્ધવ! સ્વધર્મયુક્ત મારો ભક્ત, મને પરબ્રહ્મને જે રીતે પામે છે તે, તમે મને જે પૂછ્યું હતું, તે મેં તમને કહ્યું.[48]

एतत्तेऽभिहितं साधो भवान् पृच्छति यच्च माम्।
यथा स्वधर्मसंयुक्तो भक्तो मां समियात्परम् ॥४८

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

अध्याय १९ मो*

જ્ઞાનાદિનો ત્યાગ કરવાની રીત

॥ श्रीभगवानुवाच ॥

यो विद्याश्रुतसंपन्न आत्मवान्नानुमानिकः।
मायामात्रमिदं ज्ञात्वा ज्ञानं च मयि संन्यसेत्॥

શ્રીભગવાન બોલ્યા:–'+ જે પુરુષ અનુભવપર્યંત શાસ્ત્રજ્ઞાનથી યુક્ત થયો હોય અને તેથીજ જેને આત્મતત્ત્વ પ્રાપ્ત થયું હોય, તેમજ કેવળ પરોક્ષ જ્ઞાની ન હોય પણ જે અપરોક્ષ જ્ઞાની થયો હોય તે પુરુષ 'આ સર્વ દ્વૈતપ્રપંચ અને તેની નિવૃત્તિનું સાધન માયામાત્ર છે' એમ જાણીને જ્ઞાનનો પણ મારામાં ત્યાગ કરી દે છે. (આનું નામજ વિદ્વત્સંન્યાસ છે;)[1] કારણ કે જ્ઞાની પુરુષને તો ઇચ્છિત ફળરૂપ, ઇચ્છિત ફળના સાધનરૂપ, સ્વર્ગરૂપ, અભ્યુદયરૂપ અને સંસારની નિવૃત્તિરૂપ મોક્ષ હુંજ છું. મારા વિના તે જ્ઞાની પુરુષને બીજો કોઈ પણ પદાર્થ પ્રિય હોતો નથી.×[2] જેઓ જ્ઞાન તથા વિજ્ઞાનથી સિદ્ધ થયેલા હોય છે તેઓ મારા શ્રેષ્ઠ પદને (એટલે મારા શ્રેષ્ઠ સ્વરૂપને) જાણે છે અને જ્ઞાની પુરુષ જ્ઞાન વડે મને ધારણ કરે છે; માટે જ્ઞાની મને અત્યંત પ્રિય છે.[3] જ્ઞાનના એક લેશથી પણ જે મહાન સિદ્ધિ પ્રાપ્ત કરાય છે તેને પામવાને તપ, તીર્થ, જપ, દાન અથવા બીજાં પવિત્ર સાધનો પણ સમર્થ થઇ શકતાં નથી. માટે હે ઉદ્ધવ! પોતાના આત્મારૂપ મને જ્ઞાનપર્યંત જાણી લઇ, જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત થઇને ભક્તિભાવથી તમે મારું ભજન કરો. (અને મોક્ષ સુધીના બીજા સર્વ પદાર્થોનો ત્યાગ કરો.)[4,5] પોતાના આત્મારૂપ અને સર્વ યજ્ઞોના પતિ એવા મારા જ્ઞાન તથા વિજ્ઞાનરૂપી યજ્ઞથી પોતાના અંતઃકરણમાંજ યજન કરીને મુનિઓ, ઉત્તમ સિદ્ધિસ્વરૂપ એવા મનેજ પામી ગયા છે.[6] હે* ઉદ્ધવ! દેહ, ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના દેવોરૂપી ત્રણ પ્રકારનો વિકાર તમારામાં (અધ્યાસ પામેલો) જે જણાય છે તે માયા છે–વસ્તુતઃ તે વિકાર પદાર્થરૂપ કે સત્ય નથી. કારણ કે જેમ દોરડીમાં સર્પ કે માળા (ભ્રાંતિથી) જે જણાય છે તે આદિ કે અંતમાં જણાતાં નથી, પણ મધ્ય સમયમાં (એટલે ભ્રાંતિકાળમાંજ) જણાય છે; તેમ દેહ વગેરે ત્રણ પ્રકારનો વિકાર પણ મધ્યકાળમાંજ આવી પડે છે–આત્મસ્વરૂપના અજ્ઞાન કાળમાંજ ભાસે છે, પણ આદિ કે અંતમાં નથી. માટે આ દેહાદિ× ત્રણ પ્રકારના વિકારનાજ જ્યારે જન્મ વગેરે થાય છે, ત્યારે તેના અધિષ્ઠાનરૂપ એવા તમને શું છે?

* પ્રથમ આશ્રમધર્માનુસાર જ્ઞાનાદિનો નિર્ણય કર્યો; હવે આ અધ્યાયમાં જ્ઞાનાદિનો ત્યાગ કરવાનું કહેવાશે. —શ્રીધર

\+ એ પ્રમાણે તર્કથી દેહાદિ પ્રપંચનો બાધ થાય છે તોપણ જેમ દિશાથી થયેલી ભ્રાંતિ પ્રત્યક્ષ અનુભવ વિના મટતી નથી, તેમ પ્રત્યક્ષ અનુભવ થયા વિના દેહાદિ પ્રપંચ પણ લીન થતો નથી; માટે જ્ઞાનાભ્યાસ કરવો જોઇએ અને તેથી મુક્તિ થાય છે, એમ કહ્યું. હવે જેને અપરોક્ષ અનુભવથી પ્રપંચ લીન થયો હોય છે તેને કંઇ પણ કરવાનું રહેતું નથી, તે કહે છે. —શ્રીધર

× અર્થાત્ જ્ઞાની પુરુષને કંઇ પ્રાપ્ત કરવા યોગ્ય કે કંઇ કર્તવ્ય નથી. —શ્રીધર

* તે જ્ઞાનનોજ સંક્ષેપમાં ઉપદેશ કરે છે. —શ્રીધર

× દેહ, ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના દેવો. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કંઈ પણ નથી. જેમ (દોરડીમાં ભ્રાંતિથી જણાતા) અસત્ પદાર્થ–સર્પ, માળા વગેરેના આદિ તથા અંતમાં જે દોરડી હોય છે તેજ દોરડી મધ્યના ભ્રાંતિકાળમાં પણ હોયજ છે; પણ સર્પ વગેરે કંઈ હોતા નથી; તેમજ આત્મા વિષે અજ્ઞાનથી ભાસતા દેહાદિ વિકારોના આદિ તથા અંતમાં જે આત્મા હોય છે, તેજ આત્મા મધ્યસમયમાં પણ છેજ. (આમ જ્ઞાનદષ્ટિએ જોતાં તમે નિર્વિકાર બ્રહ્મજ છો.)[૭]

ઉદ્ધવજીએ પૂછયું:–'હે જગતના ઈશ્વર! હે વિશ્વમૂર્તિ! વૈરાગ્ય તથા વિજ્ઞાનથી યુક્ત આ વિશુદ્ધ પુરાણું જ્ઞાન, જે રીતે નિશ્ચિત થાય તે રીતે આપ મને કહો; તેમજ બ્રહ્મા વગેરે મહાપુરુષોએ પણ શોધવા યોગ્ય આપનો ભક્તિયોગ મને કહો.[૮] હે ઈશ્વર! આ ઘોર સંસારમાર્ગમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ તાપ વડે ચોતરફથી હણાઇ રહેલા અને તેથીજ અત્યંત તપી રહેલા મનુષ્યને, આપના ચરણયુગલરૂપી છત્ર વિના બીજું કંઇ પણ શરણ હું જોતો નથી. કેમકે આપનું ચરણયુગલ ચારે બાજુથી અમૃતને વર્ષી રહ્યું છે.[૯] હે મહાનુભાવ! મનુષ્ય આ સંસારરૂપી કૂવામાં પડેલો છે અને ત્યાં કાળરૂપી સર્પ તેને કરડી રહ્યો છે છતાં ક્ષુદ્ર વિષયસુખોમાં તો તેને ઘણીજ તૃષ્ણા છે. માટે કૃપા કરી એનો ઉદ્ધાર કરો અને મોક્ષનો બોધ આપનારાં વચનોરૂપી અમૃત વડે તેના પર સિંચન કરો.'[૧૦]

શ્રીભગવાન બોલ્યા:–'આ પ્રમાણેજ પૂર્વે યુધિષ્ઠિર રાજાએ અમારા સર્વના સાંભળતાં ધાર્મિકશ્રેષ્ઠ ભીષ્મ પિતામહને પૂછયું હતું. મહાભારત યુદ્ધ થઇ રહ્યું ત્યારે સ્નેહીઓનાં મરણથી વિહ્વળ થયેલા યુધિષ્ઠિર રાજાએ, અનેક ધર્મો સાંભળ્યા પછી મોક્ષધર્મો (તમને) પૂછયા હતા. તે મોક્ષધર્મો ભીષ્મ પિતામહના મુખેથી મેં સાંભળ્યા છે; જે જ્ઞાન, વૈરાગ્ય, વિજ્ઞાન, શ્રદ્ધા તથા ભક્તિથી યુક્ત છે તે હું તમને કહું છું;[૧૧-૧૩] જેને× લીધે મનુષ્ય પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રાઓ, અગિયાર ઇન્દ્રિયો, પાંચ મહાભૂતો અને ત્રણ ગુણો, આ અઠ્યાવીસ તત્ત્વોને બ્રહ્માથી આરંભી છેક સ્થાવર સુધીનાં સર્વ કાર્યોમાં વ્યાપી રહેલાં જોઇ શકે અને તે અઠ્યાવીસ તત્ત્વોમાં પણ એક પરમાત્મતત્ત્વ વ્યાપી રહ્યું છે એમ જેના વડે મનુષ્ય જોઇ શકે; તેમજ કાર્ય–કારણાત્મક આ જગતને કેવળ તે પરમકારણ પરમાત્મારૂપેજ જેના વડે મનુષ્ય જુએ, પણ તે પરમાત્માથી કંઇ જુદું ન જુએ તેજ જ્ઞાન છે, એમ મારું નિશ્ચય માનવું છે.[૧૪] †તેમજ જ્ઞાનાવસ્થામાં કેવળ એક પરમાત્માથી વ્યાપ્ત અને કેવળ એક પરમાત્મારૂપ સર્વ પદાર્થો પ્રથમ જે જોવામાં આવ્યા હોય છે, તેજ પદાર્થોને તે પ્રમાણે ન જુએ પણ કેવળ એક બ્રહ્મસ્વરૂપ જુએ તેજ વિજ્ઞાન છે. (કહેવાનો ભાવ એ છે કે, જેમ દિશા વગેરેની ભ્રાંતિ અપરોક્ષ છે, છતાં પણ દિશા વગેરેનું જ્ઞાન પરોક્ષ છે, તેથી તે ભ્રાંતિ દૂર થતી નથી, તેમ આ સંસારની ભ્રાંતિ અપરોક્ષ છે તોપણ બ્રહ્મના પરોક્ષજ્ઞાનથી તેની નિવૃત્તિ થઇ શકતી નથી; જેથી જગતને પરમાત્મસ્વરૂપ જોનારો છતાં પરોક્ષજ્ઞાની, પોતાથી બ્રહ્મને ભિન્ન માને છે; ત્યારે અપરોક્ષજ્ઞાનમાં તો બળી ગયેલા વસ્ત્રની પેઠે જગત બિલકુલ બાધિતજ થઈ જાય છે, તેથી અપરોક્ષજ્ઞાની સંસ્કારરૂપેજ બાકી રહેલું જગત જુએ છે; આમ અપરોક્ષજ્ઞાની બ્રહ્મ વિના બીજું કંઇ પણ જોતો નથી, માટે પરોક્ષજ્ઞાન તે જ્ઞાન કહેવાય છે અને અપરોક્ષજ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે. હવે **'न कदाचिदनीदृशं जगत्**–જગત્ કદી આવું ન હતું એમ નહિ' આવા મીમાંસક મત પ્રમાણે આ સર્વ દશ્યમાન પદાર્થોનાં ઉત્પત્તિ–નાશ વગેરે જો ન હોય તો

× આ શ્લોકમાં જ્ઞાનનું સ્વરૂપ કહે છે. –શ્રીધર

† વિજ્ઞાનનું લક્ષણ કહે છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વ પદાર્થોનું એકજ કારણ સિદ્ધ થઇ શકશે નહિ તેમજ સર્વ પદાર્થો એક પરમ કારણરૂપ છે તેમ પણ કહી શકાશે નહિ અને જગતનું મિથ્યાપણું પણ સિદ્ધ થઇ શકશે નહિ, માટે) અવયવવાળા સર્વ પદાર્થોની સ્થિતિ, ઉત્પત્તિ અને નાશ હોવા જોઇએ. (અર્થાત્ જે જે અવયવવાળું હોય છે તે તે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશવાળું હોય છે; જેમકે ઘડો. ઘડો અવયવવાળો છે, માટે ઉત્પત્તિ, સ્થિતિ તેમજ નાશવાળો છે, એમ અનુમાન વડે જાણવું જોઇએ.) તે પછી 'જે વસ્તુ કાર્યોની ઉત્પત્તિમાં ને જુદાં પરિણામ પામવારૂપ અંતમાં કારણરૂપે અને મધ્યકાળમાં આશ્રયરૂપે એક કાર્યથી બીજા કાર્ય પ્રત્યે અનુસરતી હોય અને તે તે કાર્યોના નાશ થતાં જે વસ્તુ બાકી રહેતી હોય તેજ સત્ છે–બ્રહ્મ છે–એમ જોવું જોઇએ.[૧૫-૧૬] ÷શ્રુતિ, પ્રત્યક્ષ, ઐતિહ્ય અને અનુમાન, આવાં ચાર પ્રકારનાં પ્રમાણો છે. (તેમાં **'નેહ નાનાસ્તિ किंचन'** [**કઠ. ઉ. ૨–૪–૧૧**] બ્રહ્મની અંદર જરા જેટલું પણ જુદાપણું નથી, પણ કેવળ એક બ્રહ્મ છે' આવી અનેક શ્રુતિ પ્રમાણ છે. વસ્ત્ર વગેરે કાર્ય તાંતણા વગેરેથી જેમ જુદાં જોવામાં આવતાં નથી, તેમ આ જગત ઉપાદાનકારણ બ્રહ્મથી જુદું ગણાતું નથી–આ પ્રત્યક્ષ પ્રમાણ છે; તથા 'જગત મિથ્યા છે' એમ વ્યાસાદિ અનેક મુનિઓનો અનુભવ છે–આ ઐતિહ્યપ્રમાણ છે અને જગત મિથ્યા છે; કારણ કે તે દૃશ્ય છે. જે જે દૃશ્ય હોય તે તે મિથ્યાજ હોય છે. જેમ છીપમાં ભ્રાંતિથી દેખાતું રૂપું દૃશ્ય હોઇને મિથ્યા છે તેમ. જે મિથ્યા હોતું નથી તે દૃશ્ય હોતું નથી–જેમકે 'આત્મા'–આ અનુમાનપ્રમાણ છે.) આ ચાર પ્રકારનાં પ્રમાણોમાં જગત ટકી શકતું નથી–ચારે પ્રમાણોથી જગત મિથ્યા ઠરે છે. માટે સર્વમાં વ્યાપીને રહેલ સત્ય આત્મતત્ત્વને જોનારો મનુષ્ય મિથ્યાવસ્તુરૂપ જગતથી વૈરાગ્ય પામે છે.[૧૭] દરેક કર્મો પરિણામી છે–વિકારી છે; માટે (કર્મોના ફળરૂપ) બ્રહ્મલોક સુધીનું જે કંઈ અદૃષ્ટ સુખ છે તેને પણ વિદ્વાને દૃષ્ટ સુખની પેઠે અમંગલ–દુઃખરૂપ અને નાશવંત જોવું જોઇએ.[૧૮] હે ઉદ્ધવ! પ્રથમજ મેં તમને ભક્તિયોગ તો કહ્યોજ છે, તોપણ તે ભક્તિયોગ ઉપર તમને પ્રેમ થાય છે; માટે ફરીથી મારી ભક્તિનું શ્રેષ્ઠ કારણ હું તમને કહું છું.[૧૯] અમૃતતુલ્ય એવી મારી કથામાં નિરંતર શ્રદ્ધા, (કથાશ્રવણ પછી) નિત્ય મારું કીર્તન, મારી પૂજા કરવામાં આસક્તિ, સ્તુતિઓથી મારું સ્તવન, મારી સેવા કરવામાં નિત્ય આદર, સર્વ અંગોથી મને વંદન, મારા ભક્તોની ઘણીજ અધિક પૂજા, સર્વ પ્રાણીઓમાં મારી બુદ્ધિ, મારે માટે જ અંગોની ચેષ્ટા, વચન વડે મારા ગુણોનું વર્ણન, મનને મારામાં અર્પણ કરવું, સર્વ કામનાઓનો ત્યાગ કરવો, મારા ભજનને માટે ધનનો, ભોગનો તથા સુખનો ત્યાગ કરવો અને યજ્ઞ, દાન, હોમ, જપ, વ્રત તથા તપ એમ જે કંઇ મારે માટે કર્યું હોય તે ભક્તિનું કારણ થાય છે.[૨૦-૨૩] હે ઉદ્ધવ! એ પ્રમાણે ધર્મોથી આત્મસમર્પણ કરનારા મનુષ્યોને મારે વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે અને પછી તે ભક્ત મનુષ્યને બીજો કયો સાધનરૂપ અથવા સાધ્યરૂપ અર્થ બાકી રહે છે? (અર્થાત્ સર્વ અર્થ તેને આપોઆપજ મળી રહે છે.)[૨૪]* આત્મારૂપ અને ઈશ્વરરૂપ એવા મારા વિષે સત્ત્વગુણથી પુષ્ટ થયેલું શાંત ચિત્ત અર્પિત થાય છે ત્યારે પુરુષ ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય સહિત ઐશ્વર્યને પામેજ છે.[૨૫] ચિત્ત જ્યારે ઇન્દ્રિયોની સાથે દેહ તથા ઘર વગેરે મિથ્યા પદાર્થોમાં અર્પિત થઇને વિષયો તરફ દોડે છે, ત્યારે અત્યંત રજોગુણી બની જાય છે અને શાસ્ત્રનિષિદ્ધ વિષયોમાં પણ

÷ એ પ્રમાણે જ્ઞાન તથા વિજ્ઞાન કહીને હવે વૈરાગ્ય કહે છે. –શ્રીધર

* શ્રીકૃષ્ણ આ શ્લોકમાં એ કહેવા માગે છે કે 'હે ઉદ્ધવ! હું વધારે શું કહું? ચિત્તજ જો અંતર્નિષ્ઠ બને તો સુખનું કારણ થાય અને બહિર્નિષ્ઠ થાય તો દુઃખનું કારણ બને છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આસક્ત થાય છે. પછી અધર્મ વગેરે પ્રાપ્ત થાય છે, એમ તમે જાણો.[૨૬] જ÷ ધર્મ મારી ભક્તિને પ્રકટ કરનારો હોય તેનેજ શાસ્ત્રોમાં ઉત્કૃષ્ટ કહ્યો છે. સર્વત્ર એકજ આત્મા છે આમ જોવું તે જ્ઞાન છે, ગુણોમાં (એટલે વિષયોમાં) આસક્તિ ન રાખવી તે વૈરાગ્ય છે અને અણિમા વગેરે આઠ મહાસિદ્ધિઓ તે ઐશ્વર્ય છે.'[૨૭]

ઉદ્ધવે પૂછ્યું:—'હે શત્રુઓનો નાશ કરનાર શ્રીકૃષ્ણ! (આપે ધર્માદિનાં લક્ષણો કહ્યાં; હવે) યમ કેટલા પ્રકારનો કહ્યો છે? નિયમ કેટલા પ્રકારનો છે? શમ કયો કહેવાય છે? દમ કયો છે? તિતિક્ષા શું? અને હે પ્રભો! ધીરજ કઇ?[૨૮] તેમજ દાન કયું? તપ કયું? શૌર્ય કયું? સત્ય શું? અને ઋત શું કહેવાય છે? ત્યાગ કયો? યોગ્ય ધન કયું? યજ્ઞ કયો? દક્ષિણા કઇ?[૨૯] તથા હે શ્રીમાન્ કેશવ! પુરુષનું બળ કયું? ભગ શું? લાભ કયો? શ્રેષ્ઠ વિદ્યા કઇ? અને શ્રેષ્ઠ લજ્જા કઇ? તેમજ શ્રેષ્ઠ આભૂષણ કયું? સુખ શું? દુઃખ શું?[૩૦] પંડિત કોણ? મૂર્ખ કોણ? માર્ગ કયો? ઉન્માર્ગ કયો? સ્વર્ગ કયું? નરક કયું? બંધુ કોણ? ઘર કયું?[૩૧] ધનાઢ્ય કોણ? દરિદ્ર કોણ? કૃપણ કોણ? અને ઈશ્વર કોણ? હે સત્પુરુષોના સ્વામિન્! આ મારા પ્રશ્નોના ઉત્તર કહો; ઉપરાંત આનાથી ઊલટા અશમ વગેરે કયા? તે પણ કહો.'

શ્રીભગવાન બોલ્યા:—'અહિંસા, સત્ય, અસ્તેય (એટલે મનથી પણ પારકું ધન ચોરવાનો વિચાર ન કરવો), અસંગ—કોઇનો પણ સંગ ન રાખવો તે, લજ્જા, અસંચય—એટલે પરિગ્રહ ન રાખવો તે, આસ્તિકપણું, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય—આ બાર યમ કહેવાય છે. તેમજ શૌચ—એટલે બાહ્ય અને આભ્યંતર પવિત્રતા, જપ, તપ, હોમ, શ્રદ્ધા, અતિથિસત્કાર, મારી પૂજા, તીર્થાટન, પારકું કલ્યાણ કરવાનો ઉદ્યમ, સંતોષ અને આચાર્યની સેવા—આ બાર નિયમો કહેવાય છે. હે તાત! આ બન્ને શ્લોકોમાં જ યમો તથા નિયમો કહેવામાં આવ્યા છે તેઓનું જો સેવન કર્યું હોય તો તેઓ પુરુષોને ઇચ્છાનુસાર મોક્ષ કે અભ્યુદય (વ્યાવહારિક ઐશ્વર્ય ભોગ) આપેછે.* બુદ્ધિની મારામાં નિષ્ઠા કરવી તે શમ છે; (માત્ર શાંતિ જાળવવી તે શમ નથી;) ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તે દમ છે; તપ વગેરેનાં દુઃખ સહન કરવાં તે તિતિક્ષા છે; જીભનો તથા ગુહ્યઇન્દ્રિયનો જય કરવો તે ધૈર્ય છે; કોઇ પણ પ્રાણીના દ્રોહનો ત્યાગ કરવો તે શ્રેષ્ઠ દાન છે; (માત્ર ધનનું દાન તે દાન નથી;) કામનાનો× ત્યાગ કરવો તે તપ છે; (માત્ર કૃચ્છ્ર—ચાંદ્રાયણ વગેરે તપ નથી;) વાસનાને જીતવી તે શૌર્ય છે; (માત્ર પરાક્રમ તે શૌર્ય નથી;) બ્રહ્મનો વિચાર કરવો તે સત્ય છે; (માત્ર સત્ય બોલવું તેજ સત્ય નથી;) સત્ય અને પ્રિય એવી વાણીને વિદ્વાનોએ ઋત કહ્યું છે; કર્મોમાં અનાસક્તિ તે શૌચ છે; સંન્યાસ તે ત્યાગ છે; (કોઈ વસ્તુનો ત્યાગ તે ત્યાગ નથી); ધર્મ એજ મનુષ્યોનું યોગ્ય ધન છે (પશુ વગેરે સામાન્ય ધન તે ધન નથી); હું પરમેશ્વરજ યજ્ઞ છું—અર્થાત્ મારી બુદ્ધિથી યજ્ઞ કરવો જોઇએ, નહિ કે ક્રિયાબુદ્ધિથી; યજ્ઞને માટે દાન તે દક્ષિણા કહેવાય છે અને તે દક્ષિણા પણ જ્ઞાનના ઉપદેશરૂપે હોવી જોઇએ, નહિ કે સુવર્ણ વગેરેના દાનરૂપે; (કારણ કે જ્ઞાનના ઉપદેશરૂપ દક્ષિણાથી યજ્ઞરૂપી વિષ્ણુની પ્રાપ્તિ થાય છે); પ્રાણાયામ તે શ્રેષ્ઠ બળ છે (કેમકે પ્રાણાયામથી મહાદુર્દમ્ય મનને જીતી શકાય છે, માટે તેજ ખરું બળ છે); મારા સંબં-

÷ ભગવાને આ શ્લોકમાં ધર્મ વગેરેનું સ્પષ્ટ વ્યાખ્યાન આપી દીધું છે. —ભા. ક.

* અર્થાત્ મુમુક્ષુ હોય તેણે મુખ્યત્વે કરી યમનું સેવન કરવું, જેથી તેને મોક્ષ મળે છે; અને જેને કામનાની ઇચ્છા હોય તેણે મુખ્યત્વે કરી નિયમોનું સેવન કરવું, જેથી તેની કામનાઓ પૂર્ણ થાય છે. નિયમોમાં બાહ્ય તથા આભ્યંતર પવિત્રતાને બે ગણવા; એટલે બારની સંખ્યા પૂરી થાય છે. —શ્રીધર

× કામના એટલે વિષયભોગની ઇચ્છા. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ધી ઐશ્વર્ય વગેરે છ ગુણો તે ભગ કહેવાય છે (માત્ર ભાગ્ય તે ભગ નથી); મારી ભક્તિ તેજ ઉત્તમ લાભ છે (પુત્ર વગેરેની પ્રાપ્તિ તે લાભ નથી); આત્મામાં ભાસતા ભેદનો બાધ કરવો તે વિદ્યા છે (માત્ર જ્ઞાન તે વિદ્યા નથી); નહિ કરવા યોગ્ય કર્મો તરફ જે ઘૃણા તેજ લજ્જા છે (નહિ કે માત્ર શરમ); ગુણો એજ શ્રેષ્ઠ આભૂષણ છે (મુકુટ વગેરે કંઇ આભૂષણ નથી); સુખ અને દુઃખ બન્નેનું અનુસંધાન ન રાખવું તે સુખ છે (ભોગ ભોગવવા તે સુખ નથી); વિષયભોગોની ઇચ્છા રાખવી તે દુઃખ છે (અગ્નિથી બળવું વગેરે કંઇ દુઃખ નથી); સંસારમાં બંધન કેમ થાય છે અને સંસારથી મોક્ષ કેમ થાય છે, એ જાણે તે પંડિત છે (માત્ર વિદ્વાન તે પંડિત નથી); દેહ વગેરે ઉપર જે અહંબુદ્ધિ રાખે—દેહ વગેરેનેજ જે આત્મા તરીકે માને તે મૂર્ખ§ છે (માત્ર અભણ તે મૂર્ખ નથી); જે માર્ગ મને અવશ્ય પ્રાપ્ત કરાવી આપે છે તે નિવૃત્તિમાર્ગજ ઉત્તમ માર્ગ છે (નહિ કે કાંટા વગેરેથી રહિત માર્ગ તે માર્ગ છે); ચિત્તનો જેમાં વિક્ષેપ થાય છે એવો પ્રવૃત્તિમાર્ગ તે ઉન્માર્ગ છે—ખરાબ માર્ગ છે (નહિ કે ચોર વગેરેથી વ્યાપ્ત માર્ગ તે ખરાબ માર્ગ છે); સત્ત્વગુણની વૃદ્ધિ તેજ સ્વર્ગ છે (ઇન્દ્રાદિનો લોક તે સ્વર્ગ નથી); તમોગુણની વૃદ્ધિ તેજ નરક છે (તામિસ્ર વગેરે નરકો તે નરક નથી); હે મિત્ર ઉદ્ધવ! મારાસ્વરૂપ એવા ગુરુ તેજ બંધુ‡ છે (ભાઈ વગેરે બંધુ નથી); સાધનો સહિત ભોગોનું સ્થાન એવું મનુષ્યશરીર તેજ ઘર છે (હવેલી વગેરે ઘર નથી); ગુણવાન મનુષ્ય તે ધનાઢ્ય છે (ધનવાન તે ધનાઢ્ય નથી); જે મનુષ્ય અસંતોષી છે તે દરિદ્ર છે (નિર્ધન તે દરિદ્ર નથી); જે અજિતેન્દ્રિય છે તે કૃપણ છે—શોક કરવા યોગ્ય છે (દીન તે કૃપણ નથી); જે મનુષ્ય વિષયોમાં આસક્ત બુદ્ધિવાળો નથી તેજ ઈશ્વર છે—સ્વતંત્ર છે (રાજા વગેરે સ્વતંત્ર નથી) અને વિષયોમાં જેને આસક્તિ છે તેજ અનીશ્વર છે—પરાધીન છે.૩૨–૪૪ હે ઉદ્ધવ! તમે મને જે પ્રશ્નો પૂછ્યા હતા તે સર્વના મેં સારી રીતે ઉત્તર આપ્યા. હવે વધારે વર્ણન કરવાની શી જરૂર છે? સંક્ષેપમાં ગુણ–દોષનું લક્ષણજ આટલું છે કે, ગુણ તથા દોષને જોવા તે દોષ છે અને ગુણ–દોષને નહિ જોવાનો સ્વભાવ તેજ ગુણ છે.'*૪૫

किं वर्णितेन बहुधा लक्षणं गुणदोषयोः।
गुणदोषदृशिर्दोषो गुणस्तूभयवर्जितः॥ ४५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

अध्याय २० मो÷

ભક્તિયોગ, જ્ઞાનયોગ તથા કર્મયોગ

॥ उद्धव उवाच ॥

विधिश्च प्रतिषेधश्च निगमो हीश्वरस्य ते।
अवेक्षतेऽरविंदाक्ष गुणं दोषं च कर्मणाम्॥१॥

ઉદ્ધવે પૂછ્યું:—'હે કમલનયન શ્રીકૃષ્ણ!

§ અર્થાત્ દેહ–ઘર વગેરે ઉપર 'હું, મારું' એવું અભિમાન ધરાવનારો મૂર્ખ છે. —શ્રીધર

‡ અન્ય સ્થળે પણ આ વસ્તુ કહેવામાં આવી છે:

एक एव परो बंधुर्विषमे समुपस्थिते।
गुरुः सकलधर्मात्मा यत्राकिंचनगो हरिः॥

મનુષ્ય પર જ્યારે સંકટ આવી પડે છે ત્યારે સંપૂર્ણ ધર્માત્મા એક ગુરુજ શ્રેષ્ઠ બંધુરૂપ થઇ પડે છે, કે જે ગુરુમાં સર્વવ્યાપક શ્રીહરિ નિવાસ કરે છે.—શ્રીધર

* આ ઉપદેશ વ્યવહારથી ઉપરામ થયેલા માટેજ છે; વ્યવહારપ્રાધાન્ય મનુષ્યોને માટે નથી. વ્યવહારપ્રાધાન્ય મનુષ્યોએ તો શાસ્ત્રમર્યાદા અનુસાર ગુણદોષ જોવા જોઇએ અને દોષિત મનુષ્ય પૂજ્ય ગણાતો હોય તોપણ દોષની સુધારણાને માટે, તેને સૂચના કરવી જોઇએ. જો ગુણદોષ–નિરીક્ષણ કરવાનું વ્યાવહારિક લોકો ત્યાગ કરશે, તો પાખંડી લોકોજ ધર્મોપદેશક બનીને પ્રાચીન ધર્મપ્રથાને ડુબાડી દેશે; આગળ ૨૦મા અધ્યાયમાં ગુણ-દોષ–દર્શન માટે શંકા–સમાધાન પણ કરેલ છે; પણ એ વિરક્ત મનુષ્યોને માટેજ છે.

÷ આ અધ્યાયમાં ગુણ–દોષની વ્યવસ્થા માટે અધિકારીના વિભાગ અનુસાર ભક્તિ, જ્ઞાન તથા કર્મ, એ ત્રણ યોગ કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વેદ વિધિ તથા પ્રતિષેધરૂપ છે અને ઈશ્વર એવા આપની આજ્ઞારૂપ છે; તે વેદજ કરવા યોગ્ય કર્મોના ગુણોને જુએ છે અને નહિ કરવા યોગ્ય કર્મોના દોષોને જુએ છે–અર્થાત્ આપની આજ્ઞારૂપ એવો વેદજ કર્તવ્ય–અકર્તવ્ય કર્મોનાં પુણ્ય–પાપરૂપી ફળનેજ ગુણ–દોષરૂપે પ્રતિપાદન કરે છે. (તો પછી આપ કેમ કહો છો કે, ગુણ–દોષ જોવા તેજ દોષ છે અને ગુણ–દોષ નહિ જોવાનો સ્વભાવ તે ગુણ છે?)[1] વળી તેજ વેદ વર્ણો તથા આશ્રમોના ભેદને જુએ છે–અમુક વર્ણ ઉત્તમ અને અમુક વર્ણ અધમ; અમુક આશ્રમ ઉત્તમ અને અમુક આશ્રમ અધમ–આમ વર્ણાશ્રમ સંબંધે પણ ગુણ–દોષનું પ્રતિપાદન કરે છે; તેમજ પ્રતિલોમ તથા અનુલોમથી ઉત્પન્ન થયેલા ગુણ–દોષનું પણ નિરૂપણ કરે છે; એટલે ઉત્તમ વર્ણની સ્ત્રીઓમાં હલકા વર્ણના પુરુષોથી ઉત્પન્ન થયેલાં ‡સૂત, વૈદેહક વગેરે પ્રતિલોમજ સંતાનોને વેદ અધમ જણાવે છે અને નીચ વર્ણની સ્ત્રીઓમાં ઉત્તમ વર્ણોના પુરુષોથી+ ઉત્પન્ન થયેલાં મૂર્ધાવસિક્ત–અંબષ્ઠ વગેરે અનુલોમજ સંતાનોને (તે પ્રતિલોમજ કરતાં) ઉત્તમ જણાવે છે. વળી દ્રવ્ય, દેશ, વય તથા કાળને પણ (કોઇ કામમાં યોગ્યતા–અયોગ્યતાથી) ગુણદોષરૂપે વર્ણવે છે અને શુભ કર્મનાં ફળરૂપ સ્વર્ગને તથા અશુભ કર્મનાં ફળરૂપ નરકને પણ ગુણદોષરૂપેજ સ્વીકારે છે. (તેનું કેમ?)[2] ગુણ તથા દોષને જોવારૂપી ભેદદૃષ્ટિ વિના વિધિનિષેધરૂપ આપનાં વચન વેદવાક્યો (કર્મકાંડમાં) કેવી રીતે ઘટી શકે છે? અને તેવાં વેદવાક્યો જો ન હોય તો મનુષ્યોનું કલ્યાણ કેવી રીતે થઇ શકે?*[3] હે ઈશ્વર! આપનાં વાક્યોરૂપી વેદજ પિતૃઓને, દેવોને તથા મનુષ્યોને પ્રત્યક્ષ જાણવાને અશક્ય એવા મોક્ષ તથા સ્વર્ગ વગેરે તેમજ સાધ્ય અને સાધનને જાણવામાં શ્રેષ્ઠ ચક્ષુરૂપ છે.[4] માટે મનુષ્યોને ગુણ તથા દોષ–એવી જે ભેદદૃષ્ટિ થઇ છે તે આપની આજ્ઞારૂપ વેદથીજ થયેલી છે, કંઇ પોતાથી થયેલી નથી; તેમજ ભેદદૃષ્ટિનો અપવાદ પણ આપની આજ્ઞારૂપ વેદથીજ થયેલો છે. ભેદદૃષ્ટિને દૂર કરવાનું પણ વેદજ કહે છે; માટે ભ્રાંતિ થાય છે. (આ ભ્રાંતિને આપ દૂર કરો.)'[5]

શ્રીભગવાન બોલ્યાઃ–'મનુષ્યોનું કલ્યાણ કરવાની ઇચ્છાથી મેં (વેદમાં બ્રહ્મકાંડ, કર્મકાંડ તથા દેવકાંડથી) ત્રણ ઉપાયો કહ્યા છે. એક તો જ્ઞાનયોગ, બીજો નિષ્કામ કર્મયોગ તથા ત્રીજો ભક્તિયોગ. આ ત્રણ ઉપાયો વિના બીજો કોઇ પણ ઉપાય કોઈ પણ શાસ્ત્રમાં નથી. તેમાં જેઓ કર્મોમાં તેમજ તેઓનાં ફળોમાં દુઃખબુદ્ધિથી વિરક્ત થયા હોય અને તેથીજ ફળનાં સાધનરૂપ કર્મોનો ત્યાગ કરનારા હોય તેઓને (વેદના બ્રહ્મકાંડમાં મેં કહેલો) જ્ઞાનયોગ સિદ્ધિ આપનાર થાય છે. જેઓનાં ચિત્ત કર્મોથી કંટાળ્યાં ન હોય ને તેથીજ જેઓ કર્મો કરવાની ઇચ્છા રાખી કર્મોનાં ફળ તરફ વિરક્ત ન થયા હોય તેઓને (વેદના કર્મકાંડમાં મેં કહેલો) નિષ્કામ કર્મયોગ

‡ ક્ષત્રિય પિતાથી બ્રાહ્મણી સ્ત્રીમાં થયેલ સંતાન સૂત, વૈશ્યથી બ્રાહ્મણી સ્ત્રીમાં થયેલ સંતાન વૈદેહક અને શૂદ્રથી બ્રાહ્મણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ સંતાન ચાંડાલ કહેવાય છે. (या. स्मृ. ४–९३)

+ બ્રાહ્મણ પિતાથી ક્ષત્રિય માતામાં થયેલ સંતાન મૂર્ધાવસિક્ત કહેવાય છે તથા બ્રાહ્મણ પિતાથી વૈશ્ય સ્ત્રીમાં થયેલ તે અંબષ્ઠ અને શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થાય તે નિષાદ અથવા પારશવ નામથી ઓળખાય છે. (या. स्मृ. ४–९१)

* કહેવાનો ભાવ એ છે કે, વેદમાં પણ 'श्रोतव्यो मंतव्यः' (बृह. उ. २–४–५)–આત્માજ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા યોગ્ય છે; ઇત્યાદિ સાધન વિધિવાક્યરૂપ વચન આવશ્યકછે અને 'नानुध्यायेद् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत्' (बृह. उ. ४–४–२१) અનેક શબ્દોનો વિચાર કરવો નહિ; કેમકે તે કેવળ વાણીને થકવવારૂપ છે–અર્થાત્ વાણીથી જે જાણી શકાય છે તે બ્રહ્મ નથી. ઇત્યાદિ નિષેધવાક્યો પણ આવશ્યક છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

સિદ્ધિ આપનારો થાય છે અને જે મનુષ્ય, પોતાના કોઇ ભાગ્યોદયથી મારી કથા વગેરે ઉપર શ્રદ્ધાવાળો થયો હોય, વિષયોના તરફ વિરક્ત થયો ન હોય તેમ વિષયોમાં અત્યંત આસક્ત પણ ન હોય, તેવા મનુષ્યને (વેદના દેવતાકાંડમાં કહેવાયેલો) ભક્તિયોગ સિદ્ધિ આપનારો થાય છે.× [૬-૮] મનુષ્યને જ્યાંસુધી વૈરાગ્ય અથવા મારી કથાનું શ્રવણ વગેરેમાં શ્રદ્ધા ન થાય, ત્યાંસુધી નિત્યનૈમિત્તિક કર્મો+ કરવાં જોઇએ.[૯] હે ઉદ્ધવ! સ્વધર્મમાં રહેનારો મનુષ્ય કામ્ય તથા શાસ્ત્રનિષિદ્ધ કર્મ ન કરે‡ પરંતુ ફળની ઇચ્છા રાખ્યા વિના યજ્ઞોથી મારું યજન કરે તો સ્વર્ગમાં કે નરકમાં જતો નથી. (અર્થાત્ નરકમાં જવાનું બે પ્રકારેજ થઇ શકે છે, એક તો શાસ્ત્રીય સ્વધર્મ નહિ આચરવાથી તેમજ શાસ્ત્રનિષિદ્ધ કર્મોને કરવાથી. મનુષ્ય સ્વધર્મનું આચરણ કરે અને શાસ્ત્રનિષિદ્ધ કર્મો ન કરે તો નરકમાં ન જાય; તેમજ સ્વધર્માચરણ કરીને પણ ફળકામનાનો ત્યાગ કરી દે તો સ્વર્ગમાં પણ ન જાય.)[૧૦] એ પ્રમાણે સ્વધર્મમાં રહેનારો અને નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરનારો પવિત્ર થયેલો મનુષ્ય, આ લોકમાં–આજ શરીરમાં વર્તતો શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરે છે અથવા ભાગ્યયોગે મારી ભક્તિ પ્રાપ્ત કરે છે.[૧૧] જેમ નરકવાસી પ્રાણીઓ આ મનુષ્યદેહને ઇચ્છે છે, તેમ સ્વર્ગવાસી દેવો પણ આ મનુષ્યશરીરને ઇચ્છે છે. કેમકે મનુષ્યશરીર જ્ઞાન તથા ભક્તિનું સાધન બની શકે છે, પણ દેવશરીર કે નારકી શરીર જ્ઞાન તથા ભક્તિનું સાધન થઈ શકતું નથી. (અર્થાત્ મનુષ્યશરીર નારકી શરીર કરતાં તેમજ દેવશરીર કરતાં પણ અતિશય ઉત્તમ છે.)[૧૨] ડાહ્યા મનુષ્યે જેમ નારકી ગતિની ઇચ્છા ન કરવી જોઇએ, તેમ સ્વર્ગ–ગતિની પણ ઇચ્છા ન કરવી જોઇએ. અથવા ડાહ્યા મનુષ્યે સ્વર્ગ કે નરકનાં સાધનરૂપ કર્મો ન કરવાં જોઇએ. એટલુંજ નહિ પણ 'આ મનુષ્યશરીર શ્રેષ્ઠ છે, માટે ફરી હું મનુષ્ય થાઉં' એવી પણ ઇચ્છા ન કરવી જોઇએ. કારણ કે હરકોઈ દેહમાં આસક્તિ રાખવાથી મનુષ્ય પોતાના સ્વાર્થમાં પ્રમાદી બને છે.[૧૩] માટે 'આ મનુષ્યદેહ એક સાધનરૂપ છે' આમ જાણનારા મનુષ્યે અર્થસિદ્ધિને આપનારા છતાં મનુષ્યશરીરને મરણધર્મી જાણી લઇને આળસનો ત્યાગ કરી મૃત્યુની પહેલાંજ મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઇએ. જેમ કોઇ પક્ષી, પોતે માળો બાંધ્યો હોય એવા પોતાના આશ્રયસ્થાનરૂપ વૃક્ષને યમ સરખા નિર્દય પુરુષો વડે કપાતું જોઇને તે પરની આસક્તિથી રહિત થઇને તેનો ત્યાગ કરી (ઊડી જાય છે તો) સુખ પામે છે, તેમજ દિવસો અને રાત્રિઓ વડે કપાઈ રહેલા પોતાના આયુષને જાણીને ભયથી ધ્રૂજતો મનુષ્ય, દેહ ઉપરની આસક્તિનો ત્યાગ કરે અને નિઃસ્પૃહ થાય તો પરમાત્માને જાણી શાંતિ પ્રાપ્ત કરે છે.[૧૪-૧૬] આ મનુષ્યશરીર એક ઉત્તમ વહાણ છે; સર્વ ફળોનું મૂળ છે; કરોડો ઉદ્યમોથી પણ પ્રાપ્ત કરવાને અશક્ય છે, છતાં અત્યારે દૈવયોગે પ્રાપ્ત થયું છે; તેમાં ગુરુરૂપી ખલાસી છે અને હુંરૂપી અનુકૂળ વાયુથી તે પ્રેરણા પામી રહ્યું છે; છતાં જે પુરુષ આવા મનુષ્યદેહરૂપી વ-

× જે મનુષ્ય કામ્યકર્મો કરવામાં પ્રવૃત્તિ કરી રહ્યો હોય તેને તો સંપૂર્ણ વિધિ–પ્રતિષેધનો અધિકાર છે; પણ જે મનુષ્ય નિષ્કામ કર્મયોગનો અધિકારી છે તેને માટે યથાશક્તિ વિધિ પ્રતિષેધ છે. આવો નિષ્કામ કર્મયોગનો અધિકાર જ્ઞાનયોગ તેમજ ભક્તિયોગના અધિકારની પહેલાંજ હોય છે. જે મનુષ્ય જ્ઞાનયોગ તથા ભક્તિયોગનો અધિકારી થઇ ચૂક્યો હોય છે તેને તો અતિશય અલ્પ વિધિ–પ્રતિષેધ છે અને જે જ્ઞાનયોગ તથા ભક્તિયોગથી સિદ્ધ થઇ ચૂક્યા છે તેઓ માટે લેશ પણ વિધિ–પ્રતિષેધ નથી. —શ્રીધર

+ સંધ્યા–પૂજાદિ રોજ કરવાનાં કર્મો તે નિત્યકર્મ. શ્રાદ્ધ, અતિથિસત્કારાદિ કર્મ, જે નિમિત્ત આવતાં કરવાં પડે, તે નૈમિત્તિક કર્મ.

‡ ધન, સંતતિ, કીર્તિ, સ્વર્ગાદિની કામના રાખીને જે કર્મ કરાય તે. ચોરી, વ્યભિચાર, હિંસાદિ જે જે કર્મ ન કરવા માટે શાસ્ત્રે કહેલ હોય તે નિષિદ્ધ કર્મ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાણને પ્રાપ્ત કરી ભવસાગરને ન તરે તે ખરેખર આત્મહત્યા કરનારો છે–પોતેજ પોતાનો નાશ કરે છે.૧૭* જ્યારે કોઈ યોગી કર્મોના આરંભો તરફ (દુઃખદર્શનથી) ઉદ્વિગ્ન થાય અને કર્મોનાં ફળો તરફ વૈરાગ્ય પામે ત્યારે તેણે ઇન્દ્રિયોને વશ કરી આત્માભ્યાસથી–આત્મવિષયક વૃત્તિપ્રવાહથી જે રીતે અચળ થાય તે રીતે મનને એકાગ્ર કરવું.૧૮ એ રીતે સ્થિર કરાતું મન જો તુરતજ ભમવા માંડે અને અનવસ્થિત થઇ પડે તો સાવધાન થઇ તેને અનુસરીને તેની અપેક્ષાઓ કંઇક અંશથી પૂરી કરીને પણ તે માર્ગે પોતાને વશ કરવું.૧૯ યોગીએ મનની ગતિને છેકજ છૂટી ન મૂકવી જોઈએ; પણ પ્રાણવાયુને તથા ઇન્દ્રિયોને જીતીને સત્ત્વગુણસંપન્ન બુદ્ધિથી મનને પોતાને વશ કરવું જોઇએ. (અપ્રમાદી રહીને મન ઉપર પૂરતું ધ્યાન આપવું જોઇએ.) જેમ કોઇ નહિ કેળવાયલા ઘોડાને કેળવવો હોય ત્યારે તે ઘોડો મારી ઇચ્છા પ્રમાણે ચાલે તો ઠીક, એમ મનમાં ઇચ્છીને કોઇ ઘોડેસવાર પ્રથમ તો તે ઘોડો જેમ ચાલે છે તેમ ચાલવા દે છે; પરંતુ તે વેળા ઘોડાની લગામ તો પોતે પકડીજ રાખે છે અને ધ્યાનપૂર્વક તે ઘોડાની પાછળ પોતે વારંવાર જાય છે, પણ ઉપેક્ષા કરતો નથી; તેમ યોગીએ મનને વશ કરવું. બસ, આજ મનને વશ કરવાનો શ્રેષ્ઠ ઉપાય શાસ્ત્રોમાં કહ્યો છે.૨૦,૨૧ એ રીતે જ્યાંસુધી મન વશ થાય ત્યાંસુધી તત્ત્વવિવેક વડે મહત્તત્ત્વથી આરંભી દેહ સુધીના સર્વ પદાર્થોનો, પ્રકૃતિ આદિના ક્રમથી ઉત્પત્તિનો તથા તેથી ઊલટા પૃથ્વી આદિના ક્રમથી વિનાશનો વિચાર કરવો. જે ×પુરુષ (ઉત્પત્તિ તથા વિનાશવાળા પદાર્થોમાં અવધિરૂપ એવા આત્માને જોઇને તે આત્માને ન જાણવાથી પ્રાપ્ત થયેલા સંસારમાં) ઉદ્વિગ્ન થયો હોય અને તેથીજ વિરક્ત થયેલો હોઈ ગુરુએ ઉપદેશેલા અર્થનો વિચાર કરતો હોય તેવા પુરુષનું મન, વિચારેલા ગુરુના ઉપદેશનું વારંવાર ચિંતન કરવાથી પોતાના દુષ્ટાત્માપણાને એટલે દેહાભિમાનને તજી દે છે.૨૨,૨૩ યમાદિ યોગમાર્ગોથી અને ‡આન્વીક્ષિકી વિદ્યાથી અથવા મારી પૂજા–ધ્યાન વગેરેથીજ મન પરમાત્માનું સ્મરણ કરે છે; પણ એ સિવાય બીજા કોઈ ઉપાયોથી મન પરમાત્માનું સ્મરણ કરતું નથી. (માટે આ સિવાય બીજા કોઇ પણ ઉપાયો કરવા નહિ.) યોગી, જો પ્રમાદને લીધે કોઈ નિંદ્ય કર્મ કરે તો જ્ઞાનાભ્યાસરૂપી યોગથીજ તે કર્મજન્ય પાપનો નાશ કરે છે અથવા તો ભક્ત પુરુષોનાં નામકીર્તનથી તે પાપનો નાશ કરે છે; પણ તે પાપને દૂર કરવા માટે કૃચ્છ્ર–ચાંદ્રાયણ વગેરે વ્રતોને તે કરતો નથી.૨૪,૨૫ *પોતપોતાના અધિકારમાં રહેવું તેજ ગુણ છે, બીજો કોઇ ગુણ નથી. કર્મો તો ઉત્પત્તિથીજ અશુદ્ધ છે, તે માટે કર્મોના સંગને તજાવવાની ઇચ્છાથી (વેદે) આ ગુણ–દોષના વિધાનદ્વારા કર્મોનો નિયમ કર્યો

* એ પ્રમાણે પૂર્વશ્લોકોમાં અવિરક્તને વૈરાગ્યદ્વારા જ્ઞાનભક્તિના સાધનરૂપ કર્મયોગ કહીને હવે સારી રીતે વૈરાગ્ય પામેલા માટે જ્ઞાનયોગ કહે છે અને તેવા પુરુષે જ્ઞાનપ્રાપ્તિ પહેલાં જે કંઇ કરવાનું છે અને જે કંઈ તજવાનું છે તે સાડાનવ શ્લોકમાં કહે છે. —શ્રીધર

× કદાચ કોઇ કહે કે, હજારો ઉપાયો કરવાથી પણ મન વિષયાકારપણું જો છોડતું નથી; તો પછી વારંવાર ઉપદેશ આપવાથી શું થવાનું છે? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

‡ 'तत् त्वमसि' એ વાક્યમાંનો 'तत्' પદાર્થ કોણ અને 'त्वम्' પદાર્થ કોણ એવી જેમાં શોધ કરવામાં આવી છે તે બ્રહ્મવિદ્યા આન્વીક્ષિકી કહેવાય છે. —भा. क.

* કદાચ શંકા થાય કે, નિત્યનૈમિત્તિક કર્મો અંતઃકરણને શુદ્ધ કરનાર છે માટે તે ગુણરૂપ છે અને હિંસા વગેરે કર્મો અશુદ્ધિનાં કારણ બને છે, માટે દોષરૂપ છે. તેમાં હિંસાદિ કર્મોથી થનારા દોષોને દૂર કરનાર હોવાથી કૃચ્છ્ર–ચાંદ્રાયણ વગેરે જે પ્રાયશ્ચિત્ત છે તે પણ ગુણજ છે, એમ વિધિ–પ્રતિષેધથી કહેવામાં આવ્યું છે; તો પછી પ્રાયશ્ચિત્ત વિના કેવળ યોગથીજ યોગી પાપને શી રીતે બાળી શકે? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.[26] ÷ (હવે ભક્તિના અધિકારી માટે ભક્તિયોગ કહું છું.) જે મનુષ્યને મારી કથાઓ ઉપર શ્રદ્ધા થયેલી હોય છે અને તેથીજ બીજાં સર્વ કર્મો તરફ કંટાળો આવ્યો હોય છે, (પણ તે કર્મોનાં ફળો તરફ કંટાળો આવ્યો નથી,) તે મનુષ્ય જો કે વિષયોને દુઃખસ્વરૂપ જાણે છે, છતાં તેનો પરિત્યાગ કરવા માટે અસમર્થ હોય છે. આવા પ્રકારના શ્રદ્ધાળુ મનુષ્યે 'ભક્તિથીજ સર્વ કંઇ થઈ રહેશે' આવો દઢ નિશ્ચય કરી દુઃખદાયી પરિણામવાળા તે તે વિષયોની નિંદા કરતા કરતા તેઓનું સેવન કરવું અને પ્રસન્ન રહી મારું ભજન કરવું. મેં કહેલા આ ભક્તિયોગથી નિરંતર મારું ભજન કરનાર મુનિના હૃદયમાં હું નિવાસ કરું છું, એટલે તેના હૃદયમાં રહેલા સર્વ વિષયાભિલાષો નાશ પામે છે.[27-29] એટલુંજ નહિ પણ સર્વના આત્મારૂપ એવા મારું દર્શન થતાં મનુષ્યના હૃદયરૂપી અહંકારની ગાંઠ છૂટી જાય છે; તેના સર્વ સંશયો છેદાઇ જાય છે અને તેનાં સર્વ અનારબ્ધ (સંચિત અને આગામી) કર્મો પણ નાશ પામે છે. માટે મારી ભક્તિથી યુક્ત થયેલા અને મારામાંજ મનવાળા યોગીને ઘણું કરીને જ્ઞાન કે વૈરાગ્ય કલ્યાણનું સાધન થતાં નથી. (પણ ભક્તિજ કલ્યાણનું સાધન થાય છે.) કારણ કે કર્મોથી, તપશ્ચર્યાથી, જ્ઞાનથી, વૈરાગ્યથી, યોગથી, દાનધર્મથી તેમજ બીજાં તીર્થયાત્રા વગેરે કલ્યાણનાં સાધનોથી જે કંઈ ચિત્તશુદ્ધિ વગેરે ફળ થાય છે તેજ સર્વ ફળને મારો ભક્ત મારા ભક્તિયોગથી અનાયાસે પ્રાપ્ત કરે છે; એટલુંજ નહિ પણ તે મારો ભક્ત, કદાચ ઇચ્છે તો સ્વર્ગ, મોક્ષ કે મારા ધામ વૈકુંઠને પણ પામે છે. (પરંતુ મારો ભક્ત મારી ભક્તિ સિવાય બીજું કંઇ ઇચ્છતો નથી.)[30-33] સજ્જન એવા મારા ધીર ભક્તો એકાંતિક ભક્તો હોય છે—કેવળ મારામાંજ પ્રીતિવાળા હોય છે; તેથી આત્યંતિક મોક્ષપદને હું આપું છું તોપણ લેતા નથી; તો પછી તેઓ કંઇ પણ ન ઇચ્છે તેમાં શું કહેવાનું હોય? કોઇ પણ વસ્તુની ઇચ્છા ન કરવી તેજ ઉત્કૃષ્ટ ફળ છે અને તેનું સાધન છે, એમ વિદ્વાનો કહે છે. માટે કોઈ પણ વસ્તુની પ્રાર્થના નહિ કરનારા નિરપેક્ષ પુરુષનેજ મારી ભક્તિ થાય છે.[34-35] આ પ્રકારે જેઓ મારામાં એકાંત ભક્તિ કરી રહ્યા છે, સમાન ચિત્તવાળા છે અને બુદ્ધિથી પર એવા ઈશ્વરને પામી ચૂક્યા છે તેવા સજ્જન ભક્તપુરુષોને વેદોક્ત કર્મો કરવાથી પુણ્ય થતું નથી; તેમજ વેદનિષિદ્ધ કર્મો કરવાથી પાપ લાગતું નથી.[36] આ રીતે મેં બતાવેલા આ ત્રણ માર્ગો ભક્તિયોગ, જ્ઞાનયોગ તેમજ કર્મયોગને જેઓ આચરણમાં મૂકે છે તેઓ કાલ—માયા વગેરેથી રહિત એવા મારા સ્થાનને (લોકને) પામે છે અને પરમ બ્રહ્મને જાણે છે.[37]

एवमेतान्मयादिष्टाननुतिष्ठंति मे पथः।
क्षेमं विंदंति मत्स्थानं यद्ब्रह्म परमं विदुः ॥३७

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૦ મો સમાપ્ત

÷ કહેવાનો ભાવ એ છે કે, પુરુષની અશુદ્ધિ પ્રવૃત્તિથી બીજી કોઇ પણ નથી. સ્વાભાવિક પ્રવૃત્તિથીજ પુરુષ મલિન છે. વળી એકાએક સર્વ કર્મોથી નિવૃત્તિ કરવી પણ શક્ય નથી. માટે 'આ ન કરવું અને આ કરવું' એમ સ્વાભાવિક પ્રવૃત્તિના સંકોચદ્વારા નિવૃત્તિજ કરવામાં આવે છે. માટેજ વેદ પ્રવૃત્તિપરાયણ નથી, એમ હવે પછીના અધ્યાયોમાં કહેવાશે અને તેથીજ યોગીને સ્વાભાવિક પ્રવૃત્તિના અભાવે પ્રાયશ્ચિત્ત વગેરેનાં વિધિશાસ્ત્રો લાગુ પડતાં નથી. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २१ मो*

કામનાવાળાઓને દ્રવ્ય—દેશ આદિના ગુણ—દોષ

॥ श्रीभगवानुवाच ॥

य एतान्मत्पथो हित्वा भक्तिज्ञानक्रियात्मकान् ।
क्षुद्रान् कामांश्चलैः प्राणैर्जुषंतः संसरन्ति ते ॥१॥

શ્રીભગવાન બોલ્યાઃ—+'જે મનુષ્ય ભક્તિ, જ્ઞાન તથા નિષ્કામ કર્મયોગરૂપ આ મારા ત્રણે માર્ગોનો ત્યાગ કરીને નાશવંત એવા પ્રાણોથી અથવા ઇન્દ્રિયોથી ક્ષુદ્ર વિષયોનું સેવન કરે છે તેઓ સંસારને પામ્યા કરે છે.[1] પોતપોતાના† અધિકારમાં રહેવું તેનેજ ગુણ કહેવામાં આવ્યો છે અને તેથી ઊલટું વર્તવું તેને દોષ કહેવામાં આવ્યો છે; આમ ગુણ તથા દોષનો આ નિશ્ચય છે.[2] હે નિર્દોષ ઉદ્ધવ! આ જગતમાં સર્વ વસ્તુઓ સમાનજ છે તોપણ તે તે દ્રવ્યમાં 'આ યોગ્ય છે કે અયોગ્ય છે' આવા સંદેહદ્વારા સ્વાભાવિક પ્રવૃત્તિને અટકાવવા માટે તે તે દ્રવ્યનું યોગ્યત્વ, અયોગ્યત્વ, ગુણ તેમજ દોષ—એટલે ગુણના નિમિત્તે ગ્રાહ્યપણું અને અગ્રાહ્યપણું તેમજ શુભપણું તથા અશુભપણું—એટલે શુભપણાથી અર્થ તથા અશુભપણાથી અનર્થ, મેં મનુ વગેરેના સ્વરૂપે શાસ્ત્રોમાં જણાવેલ છે. તેમાં વસ્તુની યોગ્યતા તથા અયોગ્યતા ધર્મ માટે દર્શાવેલ છે (જેમકે શુદ્ધ કર્મથી ધર્મ અને અશુદ્ધ કર્મથી અધર્મ થાય છે); ગુણ અને દોષ વ્યવહારને માટે દર્શાવ્યા છે; (જેમકે સૂતક વગેરેમાં પણ રાજા, રાજસભામાં ન્યાયનું કામ કરી શકે, પણ બીજું કંઇ કરી શકે નહિ;) અને શુભ તથા અશુભ (વસ્તુ) શરીરનિર્વાહ માટે દર્શાવેલ છે. (જેમકે દોષકારક અશુભ વસ્તુ પણ આપત્તિકાળે માત્ર શરીરનિર્વાહ પૂરતીજ લેવામાં પાપ લાગતું નથી, પણ શરીરનિર્વાહથી અધિક લેવામાં પાપ લાગે છે.) આમ આ સર્વ આચાર મેં મનુ આદિના રૂપે ધર્મની ધુરાને ઉપાડી રહેલા—કર્મજડ મનુષ્યો માટે દર્શાવ્યો* છે.[3,4] (શુદ્ધિ તથા અશુદ્ધિ, યોગ્યતા અને અયોગ્યતા વેદોક્ત છે; માટે તે પર આસક્ત થવું નહિ. કારણ કે) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ તથા આકાશ—આ પાંચ, બ્રહ્માથી માંડીને સ્થાવર સુધીનાં સર્વ પ્રાણીઓનાં કારણ છે અને સર્વ પ્રાણીઓનાં શરીરનાં આરંભક પણ તેજ છે. (આમ સર્વનાં શરીર પાંચ ભૂતોનાં હોઈ એકસરખાંજ છે); તેમજ આ સર્વે એકજ આત્માથી યુક્ત છે. (એટલે આત્મદૃષ્ટિએ પણ સર્વે સમાન છે.) આમ હે ઉદ્ધવ! સર્વ પ્રાણીઓનાં શરીરો એકસરખાંજ છે; તોપણ તે-

---

* આ અધ્યાયમાં જેઓ કર્મ, ભક્તિ તથા જ્ઞાનના અધિકારી નથી એવા કામનાવાળા મનુષ્યોને દ્રવ્ય, દેશ વગેરેના જે ગુણ—દોષો પ્રાપ્ત થાય છે તેઓનું વિસ્તારથી વર્ણન કરાશે. —श्रीधर

\+ એ પ્રમાણે પૂર્વ અધ્યાયમાં ગુણ—દોષની વ્યવસ્થા માટે ત્રણ ઉપાયો કહ્યા. તેમાં જ્ઞાન તથા ભક્તિથી જેઓ સિદ્ધ થઇ ગયા હોય છે, તેઓને ગુણ કે દોષ કંઈ છેજ નહિ. જેઓ સાધક હોઇને પ્રથમથી નિવૃત્તિકર્મમાં નિષ્ઠાવાળા હોય છે તેઓને યથાશક્તિ નિત્ય—નૈમિત્તિક કર્મ કરવાં તે ચિત્તનાં શોધક હોવાથી ગુણરૂપ છે અને જેઓ ભક્તિનિષ્ઠ હોય છે તેઓને તો શ્રવણ—કીર્તન વગેરે ભક્તિજ ગુણરૂપ થાય છે; એનાથી વિરુદ્ધ બીજું સર્વ આ બન્નેને દોષરૂપ થાય છે, એમ કહ્યું. હવે જેઓ સિદ્ધ નથી તેમ સાધક પણ નથી, પરંતુ કેવળ કામ્ય કર્મનેજ પ્રધાન માનનારા હોય છે તેઓને માટે સમગ્ર ગુણદોષના વિસ્તારો છે, એમ કહેતાં પ્રથમ તે અતિ બહિર્મુખ મનુષ્યોની નિંદા કરે છે. —श्रीधर

† કદાચ શંકા થાય કે, એકનાં એકજ કર્મોથી કેટલાક ગુણ—દોષના પાત્ર બને છે, ત્યારે કેટલાક ગુણ-દોષના પાત્ર નથી પણ બનતા. આવી વિષમતા કેમ? અગ્નિથી કેટલાક બળે અને કેટલાક ન બળે એમ હોય નહિ. આના સમાધાનમાં આ શ્લોકમાં એ ભાવથી કહે છે કે, અધિકારના ભેદથી ગુણ—દોષની કલ્પના કરવામાં આવી છે, વસ્તુમાં ગુણ—દોષ નથી. (જેમકે દાખલા તરીકે જેમ ઋતુકાળે સ્ત્રીગમન તે ગૃહસ્થને શાસ્ત્રીય હોવાથી ગુણરૂપ છે ત્યારે વિરક્તને શાસ્ત્રનિષિદ્ધ હોવાથી દોષરૂપ છે.) —श्रीधर

* અર્થાત્ આ સર્વ ભાર કર્મજડ મનુષ્યોને માટેજ છે, મારા ભક્તોને માટે નથી. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમાં પ્રવૃત્તિના સંકોચદ્વારા ધર્માદિ પુરુષાર્થોની સિદ્ધિને માટે વેદ, વિષમ નામ-રૂપોને કલ્પે છે-જુદી જુદી વર્ણાશ્રમવ્યવસ્થાને ઠરાવે છે.[૬] હે મહાસજ્જન ઉદ્ધવ! (એ રીતે કેવળ દેહ વગેરેનાજ ગુણ-દોષ ઠરાવ્યા છે એમ નથી, પણ) દેશ-કાળ આદિ ભાવોના તેમજ બીજી સર્વ વસ્તુઓના પણ (તે તે સર્વની સમાનતા હોવા છતાં) કર્મોના સંકોચને માટે ગુણદોષનો વિભાગ મેં કર્યો છે.[૭] હે વીર! (એ પ્રમાણે ગુણ-દોષવિષયક વિવેચન કર્યું. હવે તે ગુણ-દોષ, શુદ્ધિ તથા અશુદ્ધિનાં મૂળ હોવાથી શુદ્ધિ-અશુદ્ધિને કહું છું.) દેશોમાં પણ જે દેશ, કાળા મૃગથી રહિત હોય તે અપવિત્ર ગણાય છે અને તેમાં પણ જે દેશ બ્રાહ્મણ ઉપરની ભક્તિથી રહિત હોય તે અત્યંત અપવિત્ર ગણાય છે. વળી કાળા મૃગ હોવાને લીધે શ્રેષ્ઠ છતાં સત્પુરુષોથી રહિત એવા કીકટ, અંગ, વંગ, કલિંગ વગેરે દેશ અપવિત્ર ગણાય છે; પણ તે તે દેશોમાં સત્પુરુષો હોય તો તે શ્રેષ્ઠ ગણાય છે. વળી જે દેશ સફાઇ વિનાનો હોય અથવા જેમાં મ્લેચ્છો ઘણા રહેતા હોય અને જે દેશ ક્ષારવાળો હોય તે પણ અપવિત્ર ગણાય છે. (અર્થાત્ આ સિવાયના કાળા મૃગવાળા અને તેમાં પણ સત્પુરુષોવાળા હરકોઇ દેશ પવિત્ર છે.)[૮] કાળ પણ †દ્રવ્યસંપત્તિથી અથવા કાળથી *પોતાનાથીજ કર્મને માટે યોગ્ય હોય છે તે કાળ, તે કર્મને માટે ગુણવાન ગણાય છે અને જે કાળમાં દ્રવ્યના અલાભથી અથવા રાષ્ટ્ર ઉપરના ઉપદ્રવ વગેરેથી કર્મ અટકી પડે છે, તેમજ જે કાળ સૂતક વગેરેમાં કર્મને માટે અયોગ્ય કહેવાય છે તે કાળ દુષ્ટ છે-અશુદ્ધ છે.[૯] (એ રીતે દેશની તથા કાળની શુદ્ધિ-અશુદ્ધિ કહીને હવે દ્રવ્યોની શુદ્ધિ-અશુદ્ધિને કહે છે.) વસ્ત્ર વગેરે કોઇ દ્રવ્યની જળ વગેરે દ્રવ્યથી શુદ્ધિ થાય છે ત્યારે મૂત્ર વગેરે દ્રવ્યથી અશુદ્ધિ થાય છે; તેમજ કોઇ દ્રવ્યના સંબંધમાં 'આ શુદ્ધ છે કે અશુદ્ધ છે' આવો સંદેહ થાય છે ત્યારે બ્રાહ્મણનાં વચનથી તેની શુદ્ધિ કે અશુદ્ધિ જણાય છે; તેમજ પુષ્પ વગેરે કોઈ દ્રવ્યની જળસિંચન વગેરે સંસ્કારથી શુદ્ધિ થાય છે અને સૂંઘવા વગેરેથી અશુદ્ધિ થાય છે. વળી +ચોમાસાનાં નવાં પાણી વગેરે કોઈ દ્રવ્યની ત્રણ દિવસ, દસ દિવસ વગેરે કાળથી શુદ્ધિ થાય છે, પણ તેજ વરસાદનું પાણી તેટલા સમયની પહેલાં અશુદ્ધ ગણાય છે; તેમજ તાજું અન્ન શુદ્ધ ગણાય છે અને વાસી અન્ન અશુદ્ધ ગણાય છે. વળી ચાંડાલ વગેરેએ અભડાવેલાં તળાવ વગેરેનાં પાણીની વત્તા-ઓછા પ્રમાણથી શુદ્ધિ-અશુદ્ધિ ગણાય છે;[૧૦] તેમજ કોઈ દ્રવ્યની અશુદ્ધિ ને શુદ્ધિ, શક્તિ તથા અશક્તિ ઉપરથી પણ ગણાય છે. (જેમકે સૂર્યગ્રહણનું અન્ન વગેરે તથા સૂતકનું અન્ન વગેરે શક્તિવાળાઓને માટે અશુદ્ધ ગણાય છે, ત્યારે બાલ-વૃદ્ધ-રોગી વગેરે અશક્તને માટે શુદ્ધ ગણાય છે.) વળી કોઈ દ્રવ્યની શુદ્ધિ તથા અશુદ્ધિ જ્ઞાન વડે પણ ગણાય છે. (જેમકે પુત્રજન્મ વગરે જો દસ દિવસ પછી જાણવામાં આવે છે તો સૂતક લાગતું નથી-એટલે શુદ્ધિ ગણાય છે અને દસ દિવસની અંદર જણાય તો સૂતક લાગે છે-અશુદ્ધિ મનાય છે. વળી સમૃદ્ધિ ઉપરથી પણ અશુદ્ધિ-શુદ્ધિ ગણાય છે. (જેમકે સૂતકનું અન્ન વગેરે શ્રીમંત માટે અશુદ્ધ ગણાય

† દ્રવ્યસંપત્તિથી-જેમકે 'पुत्रे जाते व्यतीपाते दत्तं भवति चाक्षयम्'-પુત્રજન્મ અને વ્યતીપાત વખતે આપેલું દાન અક્ષય થાય છે. —भा. क.

* પોતાથીજ-જેમકે પૂર્વાહ્ણ વગેરે કાળ.—भा. क.

+ આ સંબંધે કહ્યું છે કેઃ—

काले मेघोदकं ग्राह्यं वर्ज्यं तु त्र्यहमेव च।
अकाले दशरात्रं स्यात् ततः शुद्धिर्विधीयते ॥

વરસાદનું પાણી ચોમાસાના અયોગ્ય સમયનું હોય છે તે ત્રણ દિવસ સુધી ગ્રહણ કરવા યોગ્ય નથી; ત્રણ દિવસ પછી શુદ્ધ થાય છે. અને ચોમાસા સિવાય બીજા કોઈ અયોગ્ય સમયનું જો વરસાદનું પાણી હોય તો દસ દિવસ પછી શુદ્ધ થાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે, ત્યારે દરિદ્ર માટે શુદ્ધ ગણાય છે.) આ બધાં દ્રવ્ય–વચન વગેરે, કોઇ દ્રવ્યની અશુદ્ધિદ્વારા પોતાને માટે જે કંઇ અશુદ્ધિ કરે છે તે પણ દેશ તથા અવસ્થાને અનુસારેજ યથાવત્ કરે છે. (નહિ કે હરકોઈ દેશ–અવસ્થા વગેરેમાં અશુદ્ધિ* કરે છે.) નિર્ભય પ્રદેશમાંજ આવેલા મનુષ્યને અશુદ્ધિ લાગે છે, પણ ચોર વગેરેથી આકુળ પ્રદેશમાં અશુદ્ધિઓ લાગતી નથી; તેમજ રોગ વગેરેથી રહિત યુવાવસ્થા વગેરેમાંજ આવી અશુદ્ધિઓ લાગે છે, પણ બાલ્યાવસ્થા કે રોગ વગેરેની અવસ્થાવાળાને આવી અશુદ્ધિઓ લાગતી નથી.) વળી ધાન્ય, કાષ્ઠ, હાથીદાંત વગેરે હાડકાં; તેલ–ઘી વગેરે રસો, સોનું વગેરે તેજસ પદાર્થો, ચામડાં અને રસ્તાનો કાદવ, ઘડા તથા ઇંટ વગેરેની શુદ્ધિ કાળ, વાયુ, અગ્નિ, માટી ને જળથી થાય છે. તેમાં કોઇ સ્થળે આ પદાર્થો અમુક અમુકની સાથે મળેલા હોવાથી તેઓની શુદ્ધિ થાય છે ને કોઈ સ્થળે કેવળ એકથી પણ શુદ્ધિ થાય છે.× (તેમાં પણ કાગડા તથા ચાંડાલ વગેરેના અડકી જવાનું તારતમ્ય હોવાથી અને દેશ, કાળ તથા અવસ્થા વગેરેના અનુસારેજ શુદ્ધિ થાય છે.)૧૧।૧૨ +જે કોઈ વસ્તુ (પાટલો, પાત્ર, વસ્ત્ર વગેરે) અપવિત્ર પદાર્થથી ખરડાઇ હોય તે, જેટલા છોલવા વગેરેથી તથા જેટલા ખારા–ખાટા વગેરે જળ વડે ધોવાથી ગંધને તથા ખરડને દૂર કરે અને પોતાની મૂળ સ્થિતિને પામે, તેજ તેની શુદ્ધિ માનવામાં આવે છે.૧૩ (એ રીતે દ્રવ્યની શુદ્ધિ કહેવામાં આવી; હવે કર્મના કર્તાની શુદ્ધિ સાંભળો.) સ્નાન, દાન, તપ, અવસ્થા, શક્તિ, જનોઈ વગેરે સંસ્કાર, સંધ્યોપાસન આદિ કર્મ તેમજ મારું સ્મરણ વગેરેથી કર્મના કર્તાની (તે તે કાર્યને અનુસરતી) શુદ્ધિ થાય છે. (આ શુદ્ધિ વ્યવહારને માટે નથી, પણ શાસ્ત્રોક્ત કર્મો કરવા માટે છે. કેમકે) બ્રાહ્મણ, ક્ષત્રિય તેમજ વૈશ્યે શુદ્ધ થઇનેજ શાસ્ત્રીય કર્મ કરવું જોઇએ.૧૪ વળી સદ્ગુરુના મુખથી યથાવત્ મંત્રને જાણવો તે તેની શુદ્ધિ છે અને હરકોઈ કર્મ મને અર્પણ કરી દેવું તે કર્મની શુદ્ધિ છે. આ રીતે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર તેમજ કર્મ–એ છ શુદ્ધ હોય તોજ તે દ્વારા ધર્મ સિદ્ધ થાય છે, પરંતુ અશુદ્ધ હોય તો તે દ્વારા અધર્મ થાય છે.૧૫ (તમે ન માનશો કે, આ ગુણદોષનો વિભાગ વાસ્તવિક છે, કારણ કે) કોઈ વેળા શાસ્ત્રની આજ્ઞાનાજ બળથી ગુણ પણ દોષરૂપ થાય છે. (જેમકે આપત્તિકાળમાં દાન લેવું તે ગુણરૂપ છે, પણ આપત્તિરહિત કાળમાં દાન લેવું તે દોષરૂપ થઇ પડે છે;) અને કોઇ વેળા દોષ પણ ગુણરૂપ થાય છે. (જેમકે કુટુંબનો ત્યાગ કરવો તે દોષરૂપ છે, પરંતુ વિરક્ત થયેલાને માટે તે ગુણરૂપ છે.) એ રીતે આ ગુણ તથા દોષનો એકજ બાબતમાં જોવામાં આવતો નિયમ અથવા ગુણ તથા દોષને માટે નિયામક શાસ્ત્ર તેજ ગુણ-દોષના ભેદનો બાધ કરે છે–એટલે કે શાસ્ત્રજ જણાવે છે કે, ગુણ અને દોષ વસ્તુમાં રહ્યા નથી, પણ અધિકારીના ભેદથી કલ્પિત છે. (કારણ કે ગુણ–દોષનો ભેદ જો વાસ્તવિક હોય તો આવી એકજ બાબતમાં વિપરીતતા ન હોય.૧૬ કોઇ સ્થળે દોષ તે દોષ તરીકે ગણાતો નથી અને કોઇ

---

*ધર્મ શાસ્ત્ર પણ કહે છેઃ

'देशं कालं तथात्मानं द्रव्यं द्रव्यप्रयोजनम् ।
उपपत्तिमवस्थां च ज्ञात्वा शौचं प्रकल्पयेत् ॥
(बौद्धायन स्मृति)

દેશ, કાળ, આત્મા, દ્રવ્ય, દ્રવ્યનું પ્રયોજન, યોગ્યતા અને અવસ્થા જાણીનેજ શુદ્ધિની કલ્પના કરવી –શ્રી.

× જેમકે ધાન્યની શુદ્ધિ વાયુ, તડકો તેમજ જળસિંચનથી થાય છે; કાષ્ઠની શુદ્ધિ માટી સહિત ગરમ પાણીથી થાય છે; હાથીદાંત વગેરેની શુદ્ધિ વાયુ, તડકો તથા કાળથી થાય છે; તંતુઓની શુદ્ધિ જળથી થાય છે; ઘી–તેલ વગેરે રસોની શુદ્ધિ અગ્નિથી થાય છે; ચામડાની શુદ્ધિ માટી તેમજ પાણીથી થાય છે અને પાર્થિવ પદાર્થોની શુદ્ધિ કાળ વગેરેથી થાય છે. —भा. क.

+ ઉપર અસ્પૃશ્યના સ્પર્શમાં શુદ્ધિ કહી. હવે કોઇ વસ્તુ અપવિત્ર વસ્તુથી ખરડાઇ ગઇ હોય તેની શુદ્ધિ કહે છે. —श्रीघर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્થળે દોષ પણ ગુણવાન થઇ પડે છે. જેમ દાખલા તરીકે) જેઓ પતિત નથી તેઓને મદિરાપાન દોષરૂપ હોઇને પાપરૂપ થઇ પડે છે—એટલે પતિત કરે છે; તેજ મદિરાપાન, પતનનો હેતુ છતાં પણ જેઓ જાતિ કે કર્મથી પ્રથમથીજ પતિત હોય છે તેઓને પાપરૂપ મનાતું નથી—અધિકારથી ભ્રષ્ટ કરતું નથી; કેમકે તેઓ તો પ્રથમથીજ પતિત છે, (માટે એવે સ્થળે દોષરૂપ છતાં તે દોષરૂપ નથી.) તેજ રીતે જે સંગ સંન્યાસીને દોષરૂપ થઈ પડે છે તેજ ગૃહસ્થને પ્રથમથીજ સ્વીકૃત હોઇ દોષરૂપ મનાતો નથી, પણ ઊલટો ગુણરૂપ મનાય છે. (કેમકે શાસ્ત્રેજ '**ऋतौ भार्यामुपेयात्**—ઋતુકાળે સ્ત્રીગમન કરવું'—એમ આજ્ઞા કરી છે.) માટે એ નક્કી છે કે, જે મનુષ્ય પ્રથમથીજ નીચે સૂતો હોય તેને કદી પડવાનું હોતું નથી—એટલે દોષિત છે તેને દોષિત થવાનું હોતુંજ નથી.[૧૭] (આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ગુણ—દોષના નિયમવિધિઓનું તાત્પર્ય એજ છે કે, પ્રવૃત્તિના સંકોચદ્વારા મનુષ્યને નિવૃત્તિમાંજ લઇ જવાનો છે.) મનુષ્ય જેમ જેમ નિવૃત્તિ તરફ ઢળતો જાય છે, તેમ તેમ બંધનોથી મુક્ત થતો જાય છે. માટે આ નિવૃત્તિધર્મજ મનુષ્યોના શોક, મોહ તથા ભયનો નાશ કરનાર હોઇ કલ્યાણરૂપ છે.[૧૮] *વિષયોમાં ગુણબુદ્ધિ થવાથી મનુષ્યને તેઓમાં આસક્તિ થાય છે અને આસક્તિ થતાં તે વિષયભોગની કામના થાય છે. પછી એ કામનાનો નાશ કરવા માટે જે કોઈ વચ્ચે આવે છે તેની સાથે એ વિષયભોગની કામનાથીજ મનુષ્યોને કજિયો થાય છે[૧૯] અને કજિયો થતાંજ તેમાંથી દુઃસહ ક્રોધ ઉત્પન્ન થાય છે, જે ક્રોધને મોહ અનુસરે છે. તે પછી તો મનુષ્યની જે કંઈ વ્યાપક ચેતના હોય છે—કાર્ય કે અકાર્યનું સ્મરણ હોય છે તેને તે મોહ સત્વર ગળી જાય છે; એટલે મોહ ચેતનાનો નાશ કરે છે. હે સજ્જન ઉદ્ધવ! એ પ્રમાણે ચેતનારહિત થયેલો મનુષ્ય શૂન્ય જેવોજ મનાય છે—ન હોય તેવો થઇ પડે છે અને એ રીતે મરણ પામેલા જેવા થયેલા તે મનુષ્યના સ્વાર્થનો પણ વિનાશ થાય છે—તેના સર્વ પુરુષાર્થો નાશ પામે છે.[૨૦,૨૧] જે મનુષ્ય એ રીતે વિષયાસક્તિથી પોતાને કે પારકાને જાણતો નથી તે મનુષ્ય વૃક્ષના જીવન પ્રમાણે વ્યર્થ જીવી રહ્યો છે—મૂર્ચ્છિતના સરખો છે અને તેથીજ ધમણની માફક વ્યર્થ શ્વાસ લે છે—મરેલા જેવો છે.[૨૨] (તમે કહેશો કે, પ્રવૃત્તિમાર્ગે ગયેલાને માટે સ્વર્ગાદિ ફળો વેદમાં કહ્યાં છે, ત્યારે પછી કેમ કહો છો કે, તેના સ્વાર્થનો નાશ થાય છે ? આના ઉત્તરમાં કહેવાનું કે,) પ્રવૃત્તિમાર્ગે ગયેલાને સ્વર્ગાદિ ફળો દર્શાવતી શ્રુતિ પરમપુરુષાર્થપરાયણ નથી—એટલે સ્વર્ગાદિ મેળવવાં તેજ પરમ પુરુષાર્થ છે એવો તેનો અભિપ્રાય નથી; પણ બહિર્મુખ મનુષ્યોને મોક્ષનું સ્વરૂપ કહેવાની ઇચ્છાથી ગૌણ ફળોદ્વારા કર્મોમાં માત્ર રુચિ ઉપજાવવી તેજ તેનો અભિપ્રાય છે. જેમ રોગને દૂર કરવા માટે બાળકને ઔષધ આપતી વેળા ઔષધ ઉપર રુચિ ઉત્પન્ન કરવા સારુ ખાંડના લાડુ આપવાની લાલચ આપવામાં આવે છે, તેમ વેદની ફલશ્રુતિ પણ મોક્ષ પ્રત્યે લઇ જવાને માટે પ્રલોભન કરતી હોય તેવી છે.[૨૩] (તમે કહેશો કે, કર્મકાંડમાં મોક્ષનું તો નામ પણ સાંભળવામાં આવતું નથી, તો આવું વ્યાખ્યાન કેમ કરો છો ? તેના ઉત્તરમાં કહેવાનું કે,) વિષયો, પ્રાણો તેમજ પુત્રાદિ સ્વજનો સ્વભાવથીજ પરિણામે દુઃખદાયી છે, છતાં મનુષ્યો તેઓમાં આસક્ત મનવાળા રહે છે અને પોતાના સ્વાર્થને જાણતા નથી; તેથી નમ્ર બનેલા એટલે 'વેદ અમને જે બોધ આપશે તે અમારા કલ્યાણરૂપજ હશે' આવો વિશ્વાસ પામેલા અને વિષયોના માર્ગરૂપ દેવાદિ યોનિઓમાં ભટકી રહેલા તેમજ

* ઉપર ઉપરથી જોતાં જણાય છે કે, વેદ પ્રવૃત્તિ પરાયણ છે; પણ તે વાતનું ખંડન કરવા માટે પ્રવૃત્તિમાર્ગને અનર્થનો હેતુ દર્શાવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૃક્ષાદિ યોનિઓમાં પાછા દાખલ થતા તે જીવોને મહાપંડિત એવો વેદ તેજ વિષયોમાં, પ્રાણાદિમાં તેમજ પુત્રાદિ સ્વજનોમાં કેમ જોડે? (વેદ પોતેજ આવો પ્રવૃત્તિમાર્ગનો ઉપદેશ આપે તો તે અનાપ્ત ઠરે; માટે વેદ તો નિવૃત્તિમાર્ગનોજ ઉપદેશ કરે છે.) [૨૪,૨૫] આવો વેદનો નિવૃત્તિપરાયણ અભિપ્રાય નહિ સમજીને કેટલાક દુષ્ટ બુદ્ધિવાળા (મીમાંસક) લોકો ગૌણ ફળોના પ્રલોભનથી માત્ર ઉપર ઉપરથીજ સુંદર જણાતી ફલશ્રુતિને પરમ પુરુષાર્થરૂપ કહે છે; પણ વેદના આશયને જાણનારા–વ્યાસ વગેરે તેમ કહેતા નથી.[૨૬] વિષયાભિલાષવાળા, દીન, લોભી અને તેથીજ પુષ્પો જેવાં વેદોક્ત ગૌણ ફળોમાં ઉત્તમ ફળની બુદ્ધિ ધરાવતા, અગ્નિસાધ્ય વેદોક્ત કર્મો કરવાના દુરાગ્રહથી વિવેકભ્રષ્ટ થયેલા અને પરિણામે ધૂમમાર્ગનેજ પ્રાપ્ત થતા કર્મકાંડી–મીમાંસકો, આત્મતત્ત્વને જાણી શકતા નથી.×[૨૭] હે ઉદ્ધવ! જેઓને કર્મજ પશુહિંસાના સાધનરૂપ છે એવા પેટભરા કર્મકાંડીઓ, જેમ ઝાકળથી ઢંકાઇ ગયેલાં નેત્રવાળાં મનુષ્યો પોતાની પાસેની વસ્તુને પણ જાણતા નથી, તેમ જેનાથી આ જગત ભિન્ન નથી અને જેનાથી આ જગત ઉત્પન્ન થયું છે તે પોતાના હૃદયમાંજ રહેલા મને આત્માને જાણતા નથી.[૨૮] હિંસામાં એટલે માંસભક્ષણમાં તથા તેના ફળમાં જો પ્રીતિ હોય તો માત્ર યજ્ઞનિમિત્તેજ તે હિંસા કરવી, એમ અનુજ્ઞાદ્વારા આ માત્ર પરિસંખ્યાજ+ કહેવામાં આવી છે, પરંતુ અવશ્ય કર્તવ્ય તરીકે આજ્ઞા આપવામાં આવી નથી.' આવો મારો–વેદનો ગંભીર અભિપ્રાય નહિ સમજીને હિંસામાં આનંદ માનનારા તે ખળ–કર્મકાંડીઓ, પોતાના સુખની ઇચ્છાથી વધ કરેલાં પશુઓ વડે યજ્ઞો કરીને પિતૃઓ તથા ભૂતપતિઓ વગેરે દેવોનું યજન કરે છે.[૨૯,૩૦] જેમ કોઇ વાણિયો દુસ્તર સમુદ્ર વગેરે ઓળંગીને પુષ્કળ ધન કમાવાની ઇચ્છાથી પોતાની મૂળ મૂડીને ગુમાવીને ઉભયભ્રષ્ટ થાય છે, તેમ કર્મકાંડીઓ પણ કાનને પ્રિય લાગતા અને સ્વપ્ન જેવા મિથ્યા પરલોકના તથા આ લોકના વિષયોના હૃદયમાં સંકલ્પ કરી (વ્યર્થ) કર્મોમાં પૈસા ગુમાવે છે.[૩૧] રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણમાં નિષ્ઠાવાળા લોકો રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણને સેવનારા ઇન્દ્રાદિ દેવોની જેવી ઉપાસના કરે છે તેવી મારી (ગુણાતીતની) ઉપાસના કરતા નથી.[૩૨] કર્મકાંડીઓ આવા સંકલ્પ કરે છે કે, 'આ લોકમાં યજ્ઞોથી દેવતાઓનું યજન કરીને સ્વર્ગમાં જઇ અમે આનંદ કરીશું અને તે પુણ્યભોગના અંતે આ લોકમાં પાછા મહાકુળવાન મોટા ગૃહસ્થો થઇશું.[૩૩] આવી રીતે વેદની પુષ્પ જેવી ફળદર્શક વાણીથી લલચાઈ પડેલાં મનવાળા, અભિમાની ને અત્યંત અક્કડ એવા કર્મકાંડી મનુષ્યોને મારી વાત પણ ગમતી નથી. (જેથી તેઓ મારાપરાયણ થતા નથી અને નિત્ય સંસારમાં ભટક્યા કરે છે.) એ રીતે વેદો પ્રવૃત્તિપરાયણ નથી, (પણ નિવૃત્તિપરાયણજ છે.) કર્મકાંડ, જ્ઞાનકાંડ અને દેવતાકાંડ–એ વેદોનો વિષય છે અને 'જીવ બ્રહ્મજ છે, સંસાર નથી' આવો વેદોનો મુખ્ય અભિપ્રાય છે, પણ તે અભિપ્રાયને લોકો સમજતા નથી; કારણ કે) વેદના

× વેદ પણ કહે છેઃ '**कश्चिद् वा अस्माल्लोकात् प्रेत्य आत्मानं वेद अयमहमस्मीति। कश्चित् स्वं लोकं न प्रतिजानाति। अग्निमुग्धो ह वै धूमतान्तः॥** કોઇક અધિકારી મનુષ્યજ આ લોકમાં આવી જન્મમરણ પામીને જ્ઞાનમાર્ગનો આશ્રય લઇને આત્માને જાણી લે છે કે, આ પરમાત્મા તે હું છું–અર્થાત્ જીવ અને બ્રહ્મમાં તત્ત્વતઃ કાંઇ પણ ભેદ નથી. ત્યારે કેટલાક અગ્નિસાધ્ય કર્મ (યજ્ઞયાગાદિ) કરવામાં દુરાગ્રહી હોવાથી આત્મતત્ત્વને જાણી શકતા નથી અને કરેલાં કર્મ અનુસાર ધૂમમાર્ગ (પિતૃયાનમાર્ગ)ને પામે છે.–શ્રી.

+ પરિસંખ્યાનું સ્વરૂપ આ સ્કંધના પાંચમા અધ્યાયમાં આઠમા યોગેશ્વરના ઉપદેશમાં આપવામાં આવ્યું છે, ત્યાં જોવું. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મંત્રો કે તેના દ્રષ્ટાઓ પરોક્ષવાદી છે—વેદનો ઉદ્દેશ આત્મવાદજ છે એમ સ્પષ્ટ કહેતા નથી અને તે પરોક્ષવાદજ મને પણ પ્રિય છે. (કેમકે શુદ્ધ અંતઃકરણવાળાઓએજ આ આત્મતત્ત્વ જાણવા યોગ્ય છે, તેના અધિકારીઓને તો વૃથા કર્મત્યાગ કરીને ઉભયભ્રષ્ટ થવાનો પ્રસંગજ પ્રાપ્ત થાય છે.)[૩૪।૩૫](તમે કહેશો કે, વેદને જાણનારા જૈમિનિ વગેરે ઘણા થઇ ગયા છે, તેઓ વેદને આ રીતે કેમ વર્ણવતા નથી? તેના ઉત્તરમાં કહેવાનું કે, મારા વિના વેદને કે વેદના અર્થને યથાર્થ રીતે કોઇ જાણતુંજ નથી. કારણ કે) શબ્દબ્રહ્મ—વેદ અત્યંત દુર્બોધ છે; પ્રાણ, ઇન્દ્રિય તથા મનોમય છે—એટલે પરા, પશ્યંતી અને મધ્યમા—એ શબ્દબ્રહ્મનું સૂક્ષ્મસ્વરૂપ છે, તે અનંતપાર છે—કાળથી કે દેશથી વેદનું માપ થઇ શકતું નથી. (એટલુંજ નહિ પણ અર્થથી પણ તે દુર્જ્ઞેય છે; કેમકે) તે ગંભીર છે, તેનો અર્થ ગૂઢ છે અને સમુદ્રની પેઠે તે દુર્વિગાહ્ય છે—જેમ સમુદ્રમાં પ્રવેશ કરવો મુશ્કેલ છે તેમ વેદમાં પણ બુદ્ધિનો પ્રવેશ થવો મુશ્કેલ છે.† (હવે વિદ્વાનો વડેજ જાણવા યોગ્ય એવું સૂક્ષ્મ શબ્દબ્રહ્મનું તત્ત્વ દર્શાવવામાં આવે છે.) અનંત શક્તિવાળા, અંતર્યામી ને વ્યાપક એવા બ્રહ્મરૂપ મારાથી અધિષ્ઠિત એવું શબ્દબ્રહ્મનું સૂક્ષ્મ સ્વરૂપ, કમળના નાળમાં જેમ તંતુ જણાય છે તેમ સર્વ પ્રાણીઓમાં ઘોષરૂપે તથા નાદરૂપે વિદ્વાનો વડે જણાય છે. (તે સૂક્ષ્મસ્વરૂપમાંથી વૈખરી નામે મહાન વેદવાણી કેવી રીતે ઉત્પન્ન થઈ છે તે દષ્ટાંત સાથે આ પ્રમાણે છેઃ) જેમ કરોળિયો હૃદયમાંથી મુખદ્વારા લાળના તંતુને બહાર કાઢે છે, તેમ પ્રાણરૂપ ઉપાધિવાળા, વેદમય અને અમૃતમૂર્તિ પ્રભુ હિરણ્યગર્ભ, નાદરૂપ ઉપાદાન કારણવાળા થઇને સ્પર્શ વગેરે વર્ણોનો સંકલ્પ કરનારા મનરૂપ નિમિત્તથી અનેક માર્ગોવાળા ૐકારમાંથી છાતી તથા કંઠ વગેરેના સંગથી પ્રકટ થતા [૧]સ્પર્શ, [૨]સ્વરો, [૩]ઉષ્મા અને [૪]અંતઃસ્થ વર્ણથી શોભી રહેલી, વિચિત્ર વૈદિક તથા લૌકિકભાષાઓથી વિસ્તાર પામેલી, ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરોથી વધતા જતા છંદો વડે જણાયલી, અનંત અને અપાર એવી મહાન વૈખરી વાણીને પોતાના હૃદયાકાશમાંથી ઉત્પન્ન કરે છે અને પાછા પોતેજ (કરોળિયાની પેઠે) તે વાણીને સમેટી લે છે. ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ, જગતી, અતિજગતી, શક્વરી, અતિશક્વરી, અષ્ટિ, અત્યષ્ટિ, વિરાટ્ અને અવિરાટ્—આ એક એક છંદ ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરે વધે છે. (જેમ ચોવીસ અક્ષરનો ગાયત્રી છંદ થાય છે ત્યારે અઠ્યાવીસ અક્ષરનો ઉષ્ણિક્ છંદ થાય છે. આ છંદોથી જણાયેલી વૈખરી વાણી પણ સ્વરૂપતઃ દુર્જ્ઞેય છે.) આ વૈખરી વાણીરૂપ વેદ કર્મકાંડમાં વિધિવાક્યોથી શું વિધાન કરે છે? દેવતાકાંડમાં મંત્રવાક્યોથી શું પ્રકાશિત કરે છે? ને જ્ઞાનકાંડમાં કઇ વસ્તુનો અનુવાદ કરી નિષેધ માટે વિકલ્પ કરે છે? આમ આ વેદવાણીનું તાત્પર્ય મારા વિના બીજો કોઇ પણ જાણતો નથી. (અર્થાત્ વેદવાણી અર્થથી પણ દુર્જ્ઞેય છે.) વેદ મારુંજ યજ્ઞરૂપે વિધાન કરે છે—(કારણ કે ' **यज्ञो वै विष्णुः** ' એમ વેદ પોતેજ કહે છે), મનેજ તે તે દેવતારૂપે કહે છે

† શ્રુતિ પણ કહે છેઃ—'**चत्वारि वाक्परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा मनीषिणः। गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति**' (ऋ. सं. १-२२-४५)—શબ્દબ્રહ્મ-વેદનાં ગણેલાં ચાર સ્વરૂપો છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. આ ચારે સ્વરૂપોને જેઓ અંતર્દૃષ્ટિ આત્મવેત્તાઓ હોય છે તેઓ જાણે છે; બીજાઓ જાણતા નથી. કારણ કે પરા, પશ્યંતી અને મધ્યમા નામનાં ત્રણ સ્વરૂપો દેહની મધ્યે સ્થાપવામાં આવ્યાં છે. તેઓ સ્વરૂપનો પ્રકાશ કરતાં નથી. માટે કેવળ ચોથો ભાગ જે વૈખરી છે તેનેજ મનુષ્યપ્રાણીઓ બોલે અને તે પણ માત્ર બોલીજ જાણે છે, પણ યથાર્થ રીતે જાણતા નથી શ્રી.

૧. क થી म સુધીના પચીસ, ૨. अ થી સોળ.
૩. श, ष, स, ह. ૪. य, र, ल, व.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(દેવોને મારાથી જુદા કહેતો નથી) અને આકાશ વગેરે પ્રપંચસમૂહને (**तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः। तैत्ति० ઉ० ૨–૧**) નિરતિશય, પરબ્રહ્મ અને અનંતરૂપે વર્ણન કરેલ બ્રહ્મ-આત્માથી આકાશ ઉત્પન્ન થયું એમ) મારામાં આરોપિત કરીને તેનો નિષેધ કરવામાં આવે છે તે પણ હું જ છું; કારણ કે આટલોજ સર્વ વેદનો અર્થ છે કે, વેદ પરમાર્થરૂપ એવા મારો આશ્રય કરી સર્વ ભેદને 'આ સર્વ માયાજ છે' એમ અનુવાદ કરી અંતે ('**नेह नानास्ति किंचन**'–સર્વવ્યાપક બ્રહ્મમાં લેશમાત્ર ભેદભાવ નથી.' એમ) તે ભેદનો નિષેધ કરીને વ્યાપારરહિત થાય છે–નિવૃત્તિપરાયણ થાય છે. (કહેવાનો ભાવ એ છે કે, અંકુરમાં રસ હોય છે, તેજ તેના વિસ્તારરૂપ થડ–ડાળાં વગેરેમાં પણ હોય છે; તેમ ૐકારનો જે અર્થ પરમેશ્વરજ છે, તેજ અર્થ તેના વિસ્તાર-રૂપ સર્વ વેદોના કાંડોનો તથા શાખા–પ્રશાખાઓનો પણ છે, તે સિવાય બીજો વેદનો કોઇ અર્થ નથી.)[૩૬–૪૩]

एतावान् सर्ववेदार्थः शब्द आस्थाय मां भिदाम्।
मायामात्रमनूद्यांते प्रतिषिध्य प्रसीदति ॥४३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

अध्याय २२ मो×

તત્ત્વોની સંખ્યા, પ્રકૃતિ અને પુરુષનો વિવેક તથા જન્મ–મૃત્યુના પ્રકાર

॥ उद्धव उवाच ॥

कति तत्त्वानि विश्वेश संख्यातान्यृषिभिःप्रभो।
नवैकादश पंच त्रीण्यात्थ त्वमिह शुश्रुम ॥१॥

ઉદ્ધવજીએ પૂછ્યું:–('એ રીતે વેદો પ્રવૃત્તિપરાયણ છે, એ વાતનું ખંડન કરીને આપે નિર્ણય કર્યો કે, વેદો નિવૃત્તિપરાયણ છે. હવે વેદો મોક્ષપરાયણ હોય તોપણ તેમાં અવાંતર વિવાદો ઘણા છે. કેટલાક વિદ્વાનો તત્ત્વોની સંખ્યાની બાબતમાં વિવાદ ચલાવે છે; કેટલાક બાહ્યપદાર્થોની સત્યતા અને મિથ્યાત્વના સંબંધમાં વિવાદ ચલાવે છે અને કેટલાક આત્મા એક છે કે અનેક છે? એમ આત્માના સંબંધમાં વિવાદ ચલાવે છે. તો આમાં સત્ય શું? તે જાણવાની ઇચ્છાથી હું પૂછું છું.) હે જગતના ઈશ્વર પ્રભુ! ઋષિઓએ શાસ્ત્રોમાં કેટલાં તત્ત્વોની સંખ્યા કહી છે. તમે વળી નવ, અગિયાર પાંચ અને ત્રણ–એમ અઠ્યાવીસ તત્ત્વો કહો છો, તે અમે અહીં સાંભળ્યાં.[૧] કેટલાક વિદ્વાનો છવ્વીસ તત્ત્વો કહે છે; કેટલાક પચીસ, કેટલાક સાત, કેટલાક નવ, કેટલાક છ, કેટલાક ચાર, કેટલાક સત્તર, કેટલાક સોળ અને કેટલાક તેર તત્ત્વો કહે છે. આમ ઋષિઓ જે પ્રયોજનનો અભિપ્રાય ધરાવી તત્ત્વોની સંખ્યામાં જુદું જુદું અનેકપણું કહે છે. તે પ્રયોજન હે નિત્યમૂર્તિ! આપ અમને કહેવાને યોગ્ય છો.'

શ્રીભગવાન બોલ્યા:–'બ્રાહ્મણો તત્ત્વોના સંબંધમાં જે કંઈ કહે છે તે યુક્ત છે. કેમકે સર્વત્ર સર્વ તત્ત્વો અંતર્ગત છે. વળી જેઓ મારી માયાનો સ્વીકાર કરી વાતો કરે છે તેઓની કઇ વાત દુર્ઘટ છે?÷[૨–૪] (તેઓની સર્વ વાત જો યુક્ત છે; તો પછી તેઓમાં વિવાદ કેમ ચાલે છે? તેઓ સર્વે માયાનેજ આલંબન તરીકે સ્વીકારે છે તો પછી કયા હેતુ પ્રત્યે તેઓનો વિવાદ છે? આના ઉત્તરમાં કહેવાનું કે,) 'તું જે રીતે કહે છે, તે તેમ નથી; હું જે કહું છું તે તેમજ છે' આમ હેતુ પ્રત્યે વિવાદ કરતા બ્રાહ્મણોમાં તેઓના અંતઃકરણની વૃત્તિવિશેષરૂપે પરિણામ પામેલી મારી

× આ અધ્યાયમાં તત્ત્વોની સંખ્યામાં અવિરોધનો પ્રકાર, પુરુષપ્રકૃતિનો વિવેક અને જન્મમૃત્યુનો પ્રકાર વગેરે, કહેવામાં આવશે. —શ્રીધર

÷ જેમ ઝાંઝવાનાં જળ સ્વીકાર્યા પછી તેઓના માપના સંબંધમાં વિવાદ થાય, એમાં કંઇ પણ અઘટિત નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુર્લંધ્ય સત્ત્વાદિ શક્તિઓજ કારણરૂપ છે,[૫] જે શક્તિઓના ક્ષોભ થવાથી વિવાદ કરનારાઓના વિષયરૂપી આ ભેદ ઊભો થયો છે. આ ભેદ જ્યારે શમ–દમ પ્રાપ્ત થાય છે ત્યારે નાશ પામે છે અને તેની પાછળ વિવાદ પણ શાંત થઈ જાય છે.[૬] હે પુરુષશ્રેષ્ઠ ! તત્ત્વોના એકબીજામાં પ્રવેશ થઇ ગયો છે તેથી હરકોઇ વક્તાની જે કહેવાની ઇચ્છા હોય તે પ્રમાણે તત્ત્વોની અલ્પ કે અધિક સંખ્યા થઈ શકે છે.[૭] જેમ માટીમાં ઘડો કાર્યરૂપે પેઠેલોજ છે, તેમ એક કારણરૂપ તત્ત્વમાં તેનાં કાર્યરૂપ બીજાં તત્ત્વો સૂક્ષ્મસ્વરૂપે પેઠેલાંજ છે; તેમજ ઘડારૂપ કાર્યમાં તેનું કારણ માટી જેમ અનુસરીનેજ રહેલી છે, તેમ સર્વ કાર્યરૂપ તત્ત્વોમાં તેનાં કારણરૂપ તત્ત્વો પણ અનુસરીને રહેલાંજ છે. (આમ તત્ત્વો એકબીજામાં પ્રવેશ કરીને રહ્યાં છે.)[૮] આ કારણથી તે તે તત્ત્વોનું કારણ–કાર્યપણું અને જુદી જુદી ગણતરી કરવા ઇચ્છતા આ સર્વ બ્રાહ્મણોની મધ્યે જેનું મુખ જે પ્રમાણે કહેવા તત્પર થાય, તે સર્વને અમે નિશ્ચય તરીકે સ્વીકારીએ છીએ. કારણ કે પૂર્વોક્ત ન્યાયે સર્વના કહેવામાં યુક્તિઓ રહેલીજ છે.[૯] (કદાચ તમે કહેશો કે, કાર્યરૂપ અને કારણરૂપ તત્ત્વોને જુદાં ગણવાં કે ન ગણવાં તે, વિવક્ષાધીન હોવાથી ભલે તત્ત્વોની સંખ્યામાં ભેદ માનવામાં આવે, પણ જીવ ને ઈશ્વરના સંબંધમાં ભેદ–અભેદની વિવક્ષા કેમ હોઇ શકે કે જેથી છવ્વીસ તત્ત્વો અને પચીસ તત્ત્વો માનનારા બે પક્ષો પડ્યા છે? આના ઉત્તરમાં કહેવાનું કે,) જીવ, અનાદિ કાળથી અવિદ્યાથી યુક્ત છે; માટે તેને સ્વતઃ પોતાના સ્વરૂપનું જ્ઞાન સંભવી શકતું નથી; માટે તેને જ્ઞાન આપનારો તેનાથી બીજો તત્ત્વજ્ઞ પરમેશ્વર હોવો જોઇએ. (આમ છવ્વીસ તત્ત્વોને માનનારા પક્ષનો અભિપ્રાય છે.)[૧૦] ત્યારે પચીસ તત્ત્વો માનનારો પક્ષ કહે છે કે, જીવ તથા ઈશ્વરની લેશમાત્ર પણ વિલક્ષણતા નથી, કારણ કે તેઓ બન્ને ચૈતન્યરૂપ છે; માટે તેઓ બન્નેને એકબીજાથી જુદા માનવા તે કેવળ વ્યર્થ છે અને જ્ઞાન એ તો પ્રકૃતિનો ગુણ છે. (અર્થાત્ જ્ઞાન એ સત્ત્વગુણની વૃત્તિ છે તેથી તેનો પ્રકૃતિમાં અંતર્ભાવ થઇ શકે છે; માટે જ્ઞાન તે છવ્વીસમું તત્ત્વ નથી અને જીવ તથા ઈશ્વર પણ એકજ છે તેથી પચીસજ તત્ત્વો માનવાં એમ તે પક્ષનો અભિપ્રાય છે.)[૧૧] (કદાચ કોઈ કહે કે, જ્ઞાન એ તો જીવનો ધર્મ છે; તેને પ્રકૃતિનો ગુણ કેમ કહી શકાય? આના ઉત્તરમાં કહેવાનું કે,) ત્રણે ગુણોની સામ્યાવસ્થા તે પ્રકૃતિ છે; માટે સ્થિતિ, ઉત્પત્તિ અને નાશનાં કારણ સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ તે પ્રકૃતિના ગુણો છે, આત્માના ગુણો નથી. (કારણ કે જીવાત્મા અકર્તા છે; તેને સ્થિતિ આદિના કારણભૂત ગુણોનું આશ્રયત્વ ઘટતું નથી.) માટેજ સત્ત્વગુણમય એવું જ્ઞાન તે પ્રકૃતિનો ગુણ છે, આત્માનો ગુણ નથી. (કદાચ કોઇ કહે કે, જ્ઞાન વડે દૂર કરવાયોગ્ય એવું કર્મ તથા અજ્ઞાન કોઇ જુદાં તત્ત્વો હોવાં જોઇએ; તેના ઉત્તરમાં કહેવાનું કે,) રજોગુણની વૃત્તિ તે કર્મ કહેવાય છે અને તમોગુણની વૃત્તિ તે અજ્ઞાન કહેવાય છે. (માટે કર્મ તથા અજ્ઞાનનો પણ રજોગુણ તથા તમોગુણદ્વારા પ્રકૃતિમાં અંતર્ભાવ થાય છે; પણ કાળ તથા સ્વભાવ એ બન્ને તો જુદાં તત્ત્વો ખરાં ને ? એના સમાધાનમાં કહેવાનું કે,) જેનાથી ગુણોની સામ્યાવસ્થાના ત્યાગ વડે મુખ્ય ગુણભાવ થાય છે તે ઈશ્વરજ કાળ છે અને સ્વભાવ સૂત્રાત્મા–મહત્તત્ત્વજ છે. (આ રીતે જ્ઞાન વગેરેનો બીજાં તત્ત્વોમાં સમાવેશ થઇ જાય છે તેથી પચીસ તત્ત્વો માનનારા પક્ષમાં કે છવ્વીસ તત્ત્વો માનનારા પક્ષમાં એથી વધારે તત્ત્વો થઇ શકતાં નથી.) પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આ નવ તત્ત્વો; તેમજ હે ઉદ્ધવ ! શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ અને જિહ્વા એ પાંચ જ્ઞાનશક્તિઓ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(જ્ઞાનેન્દ્રિયો) અને વાણી, હાથ, ઉપસ્થ, ગુદા તથા પગ–એ પાંચ કર્મેન્દ્રિયો તેમજ જ્ઞાન તથા કર્મરૂપ મન–એ અગિયાર તત્ત્વો અને શબ્દ, સ્પર્શ, રસ, ગંધ અને રૂપ–એ પાંચ વિષયોરૂપે પરિણામ પામેલાં મહાભૂતો અને ત્રણ ગુણો એમ અઠ્ઠાવીસ તત્ત્વો મેં કહ્યાં છે. (પચીસ, છવ્વીસ તથા અઠ્ઠાવીસ એ ત્રણે પક્ષોમાં) જવું, બોલવું, વીર્યત્યાગ, મળત્યાગ અને શિલ્પ–એ પાંચ અધિક તત્ત્વો નથી; કેમકે આ તો કર્મેન્દ્રિયોનાં ફળ છે; માટે તે જુદાં તત્ત્વો નથી.[૧૨-૧૬] (એ પ્રમાણે ત્રણે મતનાં તત્ત્વોની સંખ્યાનો ભેદ જણાવીને હવે તે મતોનું તાત્પર્ય શું છે તે કહું છું.) ઉપર દર્શાવેલા શ્રોત્રથી આરંભીને રૂપ સુધીનાં સોળ કાર્યરૂપ વિકારતત્ત્વો અને મહત્તત્ત્વથી આરંભીને પૃથ્વી સુધીનાં સાત કારણતત્ત્વોના રૂપને ધારણ કરનારી પ્રકૃતિ, આ જગતની સૃષ્ટિ વગેરેમાં સત્ત્વાદિ ગુણો વડે સૃજ્ય, પાલ્ય અને સંહાર્યરૂપ અવસ્થાને ધારણ કરે છે. (કારણ કે તે પ્રકૃતિજ સર્વનું ઉપાદાનકારણ છે.) પુરુષ તો અવ્યક્ત અપરિણામી હોઇને કેવળ નિમિત્તરૂપે સર્વ કંઇ જોયા કરે છે. (માટે પરિણામી એવી પ્રકૃતિથી પુરુષ ભિન્ન છે.)[૧૭] મહત્તત્ત્વ વગેરે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં તત્ત્વો, વિકાર પામીને પુરુષના દૃષ્ટિપાતથી વીર્ય સંપાદન કરીને એકત્ર થઇ પ્રકૃતિના બળથી–પ્રકૃતિનો આશ્રય કરીને બ્રહ્માંડને સરજે છે. (એ પ્રમાણે તત્ત્વોએજ આરંભેલા કાર્યરૂપ બ્રહ્માંડનો તત્ત્વોમાંજ અંતર્ભાવ મનાય છે.)[૧૮] કેટલાક વિદ્વાનો માને છે કે, સાતજ તત્ત્વો છે. આકાશ વગેરે પાંચ મહાભૂતો, દ્રષ્ટા જીવ અને દ્રષ્ટા–દશ્યનો આધાર આત્મા. આ મતમાં પ્રકૃતિ, મહત્તત્ત્વ તેમજ અહંકાર, એ ત્રણ કારણરૂપ તત્ત્વોનો આકાશ વગેરેમાં અંતર્ભાવ માન્યો છે અને આ સાતજ તત્ત્વોથી દેહ, ઇન્દ્રિયો તેમજ પ્રાણ વગેરે સર્વ કાર્યો ઉત્પન્ન થાય છે.[૧૯] કેટલાક માને છે કે, છ તત્ત્વો છે. તેઓના મતમાં પાંચ ભૂતો અને છઠ્ઠો પરપુરુષ–એમ છ તત્ત્વો માનવામાં આવ્યાં છે. (આ મતમાં ભૌતિક સર્વ કાર્યનો પાંચ ભૂતોમાં અંતર્ભાવ માન્યો છે અને જીવનો પરમાત્મામાં અંતર્ભાવ માન્યો છે. તે મતવાળા કહે છે કે,) પોતાથી ઉત્પન્ન થયેલાં પાંચ મહાભૂતોથી યુક્ત એવા પરમાત્મા, આ જગતને સૃજીને તેમાં જીવરૂપે પ્રવેશ પામ્યા છે.[૨૦] કેટલાક માને છે કે, ચારજ તત્ત્વો છે. તેઓના મતમાં પણ આત્માથી તેજ, જળ તથા પૃથ્વી ઉત્પન્ન થયેલાં માન્યાં છે અને તે ચાર તત્ત્વોથી અવયવી એવા આ જગતનો જન્મ થયો છે.[૨૧] કેટલાક સત્તર તત્ત્વો માને છે. તેઓની ગણતરીમાં પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, પાંચ ઇન્દ્રિયો, મન અને સત્તરમો આત્મા માનવામાં આવ્યો છે.[૨૨] વળી કેટલાક સોળ તત્ત્વો માને છે; તેઓની ગણતરીમાં આત્માજ મન કહેવાય છે. કેટલાક તેર તત્ત્વો માને છે. તેઓ પાંચ ભૂતો, પાંચ ઇન્દ્રિયો, મન, જીવ અને આત્મા–એમ તેર કહે છે.[૨૩] કેટલાક અગિયાર તત્ત્વો માને છે. તેઓ કહે છે કે, પાંચ મહાભૂતો, પાંચ ઇન્દ્રિયો અને આત્મા–એમ અગિયાર તત્ત્વો છે; ત્યારે કેટલાક માને છે કે, આઠ પ્રકૃતિઓ એટલે પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ મહાભૂતો અને આત્મા, એમ નવ તત્ત્વો છે.[૨૪] એ પ્રમાણે અનેક પ્રકારે ઋષિઓએ તત્ત્વોની ગણતરી કરી છે. (તે પ્રકૃતિ તથા પુરુષોનો ભેદ જણાવવા માટે કરી છે,) આ સર્વ મતો ન્યાયયુક્ત છે; કારણ કે તેઓમાં યુક્તિઓ રહેલી છે. વિદ્વાનોનો કયો મત સારો નથી? અર્થાત્ વિદ્વાનોનું માનેલું સર્વ કંઇ સારુંજ હોય છે.[૨૫]

ઉદ્ધવજીએ પૂછ્યું:–'હે કૃષ્ણ! પ્રકૃતિ જડ સ્વભાવની છે અને પુરુષ ચૈતન્ય સ્વભાવવાળો છે, તેથી પ્રકૃતિ–પુરુષ બન્ને એકબીજાથી વિલક્ષણ તો છે, પણ તે બન્નેનો પરસ્પરનો ત્યાગ (બન્નેના સ્વરૂપના વિવેકનો અભાવ) થવાથી તે બન્નેનો ભેદ જોવામાં આવતો નથી. પ્રકૃતિના કાર્ય-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપ દેહમાં આત્મા જણાય છે અને આત્મામાં પ્રકૃતિ જણાય છે—અર્થાત્ 'હું' એમ બન્નેનો અભેદ જણાતો હોવાથી દેહ તથા આત્માનો ભેદ જાણવામાં આવતો નથી.[૨૬] આ રીતે હે કમલનયન કૃષ્ણ! મારા હૃદયમાં મહાન સંશય છે; તે સંશયને હે સર્વજ્ઞ! યુક્તિમાં પ્રવીણપણું ધરાવનારાં વચનો વડે આપ દૂર કરવાને યોગ્ય છો.[૨૭] કારણ કે આ સંસારમાં જીવોને આપની કૃપાથીજ જ્ઞાન પ્રાપ્ત છે અને જ્ઞાનનો નાશ પણ આપની માયાશક્તિથીજ થાય છે. આપની માયાની ગતિને આપજ જાણો છો; બીજો કોઇ જાણતો નથી.[૨૮]

શ્રીભગવાન બોલ્યાઃ–× હે પુરુષશ્રેષ્ઠ ઉદ્ધવ! પ્રકૃતિ÷ (દેહ) અને પુરુષ†—એ બન્ને વચ્ચે અત્યંત ભેદ છે. કારણ કે દેહાદિનો આ સંઘાત ગુણોના ક્ષોભ વડે કરાયલો હોઇને વિકારવાળો છે. (ત્યારે પુરુષ–આત્મા નિર્વિકાર છે.)[૨૯] હે ઉદ્ધવ! ગુણમય એવી મારી માયા પોતાના ગુણોથી અનેક ભેદને તથા ભેદનાં જ્ઞાનોને રચે છે; આ દેહાદિકનો સમુદાય અનેક વિકારવાળો છે, તોપણ સ્થૂલ માર્ગે તે ત્રણ પ્રકારનો છે; એક તો અધ્યાત્મ, બીજું અધિભૂત અને ત્રીજું અધિદૈવ.[૩૦] આ શરીરમાં ચક્ષુ અધ્યાત્મ છે, રૂપ અધિભૂત છે અને ચક્ષુના ગોલકમાં પ્રવેશેલો સૂર્યનો અંશ અધિદૈવ કહેવાય છે. જો ચક્ષુ ન હોય તો રૂપ સિદ્ધ થતું નથી અને રૂપ ન હોય તો ચક્ષુ સિદ્ધ થતું નથી; તેમજ ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો તેનો અધિષ્ઠાતા દેવ સિદ્ધ થતો નથી; અધિષ્ઠાતા દેવ ન હોય તો ચક્ષુની પ્રવૃત્તિ સિદ્ધ થતી નથી અને ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો રૂપનું જ્ઞાન થતું નથી. આમ આ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ–એ ત્રણે એકબીજાના આશ્રય વડે સિદ્ધ થાય છે; પરંતુ આત્મા તો આકાશમાં રહેલા સૂર્યની પેઠે સ્વતઃજ સિદ્ધ છે, કારણ કે આત્મા આ અધ્યાત્મ, અધિભૂત તેમજ અધિદૈવ–એ ત્રણેનું આદ્ય–કારણ અને એકરૂપ છે. માટેજ આત્મા અધ્યાત્મ વગેરે ત્રણેથી ભિન્ન છે. વળી આ આત્મા સ્વતઃસિદ્ધ પ્રકાશ વડે પરસ્પર પ્રકાશક એવાં સમગ્રનો પણ પ્રકાશક છે. (માટે આત્મા સ્વયંપ્રકાશ હોઇને પણ દેહાદિથી ભિન્ન છે.) એ પ્રમાણે જેમ ચક્ષુ વગેરે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ છે, તેમ ત્વચા, સ્પર્શ અને વાયુ; શ્રવણ, શબ્દ અને દિશા; જિહ્વા, રસ અને વરુણ; નાસિકા, ગંધ અને અશ્વિનીકુમાર; ચિત્ત, ચેતયિતવ્ય અને વાસુદેવ; મન, મંતવ્ય તથા ચંદ્ર; બુદ્ધિ, બોદ્ધવ્ય અને બ્રહ્મા; તેમજ અહંકાર, અહંકર્તવ્ય તથા રુદ્ર–એમ ત્રણ ત્રણ અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવ જાણવાં.[૩૧] હે ઉદ્ધવ! (તમે કહેશો કે, વળી પણ તમે દેહાદિની તથા આત્માની માત્ર વિલક્ષણતાજ કહી; હું તો પૂછું છું કે, આ અધ્યાત્મ વગેરે ત્રણ પ્રકારના પ્રપંચથી ભિન્ન એવા આત્માની પ્રાપ્તિ શી રીતે થાય? તેના ઉત્તરમાં કહેવાનું કે, અહંકારની નિવૃત્તિથી આત્માની પ્રાપ્તિ થઇ શકે છે. તમે કહેશો કે, અહંકારની નિવૃત્તિ શી રીતે થઈ શકે? તેનો ઉત્તર એ છે કે, ત્રણ પ્રકારના ભેદની નિવૃત્તિથીજ અહંકારની નિવૃત્તિ થાય છે.) જે આ અહંકાર ગુણોનો ક્ષોભ કરનારા અને કાળરૂપ નિમિત્તકારણને લીધે પ્રકૃતિરૂપી ઉપાદાનકારણવાળા મહત્તત્ત્વથી વિકારરૂપે ઉત્પન્ન થયો છે અને સાત્ત્વિક, રાજસ તથા તામસ–એમ ત્રણ પ્રકારનો છે તેજ અહંકાર પૂર્વોક્ત અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવ–એમ ત્રણ પ્રકારના મોહમય ભેદનું કારણ છે.[૩૨] (આ અહંકાર શાથી દૂર થાય? તેના ઉત્તરમાં કહેવાનું કે, તે અહંકાર આત્મા-

× વિકારી અને નિર્વિકારી, અનેક તથા એક, સાપેક્ષ તેમજ નિરપેક્ષ અને અપ્રકાશરૂપ તથા પ્રકાશરૂપપણે પ્રકૃતિ અને પુરુષ વચ્ચે અત્યંત ભેદ દર્શાવે છે. —શ્રીધર

÷ મહત્તત્ત્વ આદિરૂપે જે પરિણામ પામે છે તે પ્રકૃતિ છે. —ભા. ક.

† અને જે પરિણામ પામતો નથી તે પુરુષ આત્મા છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના અજ્ઞાનનોજ એક વિલાસ છે; માટે આત્માના જ્ઞાનથી દૂર થઇ શકે છે; આ આશય તમે સાંભળો:) 'દેહથી ભિન્ન પરમાર્થસ્વરૂપ આત્મા રહેલો છે' અને 'નથી' આવો જે વિવાદ ચાલી રહ્યો છે તે, આત્માના અજ્ઞાનને લીધેજ ચાલી રહ્યો છે; માટે એ વિવાદ જો કે વ્યર્થ છે તોપણ સ્વરૂપભૂત એવા મારાથી બહિર્મુખ એવા પુરુષોમાં એ વિવાદ કદી વિરામ પામતો નથી.'

ઉદ્ધવજીએ પૂછ્યું:-'હે પ્રભો! જેઓની બુદ્ધિ આપથી વિમુખ રહે છે એવા મનુષ્યો, પોતે કરેલાં કર્મોને લીધે ઉચ્ચ-નીચ દેહોને ગ્રહણ કરે છે અને તજે છે.* આ વાત આત્માના જ્ઞાનથી રહિત એવા મનુષ્યોને જાણવી કઠિન છે. માટે હે ગોવિંદ! તે મને કહો. કારણ કે આ વસ્તુને જાણનારા વિદ્વાનો ઘણું કરી આ જગતમાં નથી. કેમકે આપની માયાથી સર્વે ઠગાયા છે.[૩૩-૩૫]

શ્રીભગવાન બોલ્યા:-'પાંચ ઇન્દ્રિયોથી યુક્ત એવું મનુષ્યોનું કર્મમય મન, એક દેહમાંથી બીજા દેહમાં જાય છે. આત્મા તો તેથી જુદોજ છે, છતાં (અહંકારથી) મનને તે અનુસરે છે. (અર્થાત્ આત્માનું એક શરીરમાં જવું વગેરે સર્વ લિંગશરીર ઉપરના અધ્યાસથી ઘટે છે.)[૩૬] (તમે કહેશો કે, મનને પણ પૂર્વદેહનો વિયોગ તથા બીજા દેહનો સંયોગ કેવી રીતે થાય છે? એના ઉત્તરમાં કહેવાનું કે, સ્મરણના વિયોગથી એ વસ્તુ બની શકે છે.) કર્મોને અધીન રહેનારું મન, કર્મોએ પ્રાપ્ત કરેલા, જોયેલા અથવા સાંભળેલા વેદોક્ત વિષયોનું ધ્યાન કરવા લાગે છે; તે પછી ધ્યાન કરાતા વિષયોમાં તે પ્રકટ થાય છે અને પૂર્વના વિષયોથી વિખૂટું પડે છે; તે પછી એ મનની સ્મૃતિ શાંત થાય છે-તેનું પૂર્વાપરનું અનુસંધાન નાશ પામે છે.[૩૭] કર્મોએ લાવી આપેલાં દેવાદિનાં શરીર પર અત્યંત આગ્રહ થવાને લીધે હર્ષ તથા તૃષ્ણા વગેરે થવાથી અથવા કર્મોએ હાજર કરેલાં યાતનાશરીર વગેરે ઉપર આગ્રહ થવાને લીધે ભય તથા શોક વગેરે થવાથી જીવને પોતાના પૂર્વદેહનું અત્યંત વિસ્મરણ થાય છે. આ રીતે જીવને તે પૂર્વદેહની અત્યંત વિસ્મૃતિ થઇ જાય છે-તે પૂર્વદેહ ઉપરના અહંકારની નિવૃત્તિ થઇ જાય છે, તેજ તેનું મરણ કહેવાય છે. (વસ્તુતઃ જીવનો દેહની પેઠે નાશ થતો નથી.) હે પુષ્કળ દાન આપનારા ઉદ્ધવ! એ રીતે શરીરને 'આ હું છું' એમ સર્વભાવે જે સ્વીકારવું એટલે શરીર ઉપરનું 'હું' એવું જે અભેદભાવે અભિમાન તેનેજ જીવનો જન્મ કહે છે. (પણ દેહની પેઠે જીવની ઉત્પત્તિ થતી નથી.) દૃષ્ટાંત તરીકે જેમ સ્વપ્ન તથા મનોરથ.[૩૮,૩૯] એક સ્વપ્ન થયા પછી બીજું સ્વપ્ન થાય છે અને એક મનોરથ થયા પછી બીજો મનોરથ થાય છે ત્યારે આ જીવ (મનના અધ્યાસને લીધે) પૂર્વના સ્વપ્ન કે મનોરથને યાદ કરતો નથી અને તે વર્તમાન સ્વપ્નમાં તથા મનોરથમાં પૂર્વસિદ્ધ એવા પણ પોતાને જાણે અપૂર્વ હોય-નવીનજ થયો હોય તેમ જુએ છે. (તેમજ પૂર્વદેહનું વિસ્મરણ તથા બીજા દેહનું સ્મરણ થતાં એટલે કે મનના અધ્યાસથી-પૂર્વદેહ ઉપરનું અભિમાન દૂર થતાં અને બીજા દેહ ઉપરનું અભિમાન પ્રાપ્ત થતાં જીવ, પૂર્વસિદ્ધ એવા પણ પોતાને જાણે નવો જન્મ્યો હોય તેવો જુએ છે.)[૪૦] ઇન્દ્રિયોના આશ્રયરૂપ એવા મનનો બીજા દેહમાં અભિનિવેશ (અભિમાન) થવાથી જે ઉત્પત્તિ થાય છે તેને લીધે વસ્તુરૂપ આત્મા વિષે(તે ઉપરના અભિમાનને લીધે) ઉત્તમ, મધ્યમ તથા નીચ, આ ત્રણ પ્રકાર મિથ્યા હોવા છતાં ભાસે છે. આવી રીતે દેહાદિ

* ઉદ્ધવજીના આ પ્રશ્નનો ભાવ એ છે કે, આત્મા જો વ્યાપક છે તો એક દેહમાંથી બીજા દેહમાં તે કેવી રીતે જઇ શકે છે? આત્મા જો અકર્તા છે તો તે કર્મોને કેવી રીતે કરે? અને આત્મા જો નિત્ય છે તો તેને જન્મમરણ કેમ? —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપરના અભિમાનવાળો આત્મા બાહ્ય–આભ્યંતર ભેદનું કારણ બને છે. એટલે બાહ્યવિષયોને તથા આંતરસુખ વગેરેને જુએ છે; જેમ સ્વપ્નની અંદર અનેક મિથ્યા દેહોને ઉત્પન્ન કરતો ને જોતો જીવ અનેકરૂપ ભાસે છે તેમ; અથવા ઇન્દ્રિયોના આશ્રયરૂપ મનના અભિનિવેશથી ઉત્પત્તિને લીધે વસ્તુરૂપ આત્મા વિષે (તે ઉપરના અભિમાનને લીધે) અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ–એ ત્રણ પ્રકાર ભાસે છે; જેમ દુષ્ટ પુત્રને ઉત્પન્ન કરનારો પિતા પોતે સમાન હોય છે, છતાં પુત્ર ઉપરના અભિમાનને લીધે પુત્રના શત્રુ, મિત્ર વગેરે ઉપર શત્રુ, મિત્ર વગેરે ભેદભાવવાળો થાય છે તેમ.[41] (એ પ્રમાણે લોકપ્રસિદ્ધ જન્મ–મરણનું નિરૂપણ કરી હવે તમે નહિ પૂછેલાં એવાં સૂક્ષ્મ જન્મ–મરણનું પણ તમને વૈરાગ્ય થાય એ માટે નિરૂપણ કરું છું.) હે ઉદ્ધવ! જેનો વેગ જાણવામાં આવતો નથી એવા કાળને લીધે પ્રતિક્ષણ શરીરો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; પણ કાળની અતિ સૂક્ષ્મતાને લીધે તેણે કરેલા આ જન્મ–મરણને અવિવેકીઓ જાણી શકતા નથી.[42] જેમ કાળ, પરિણામ વગેરેથી દીવાઓની જ્વાળા વગેરેની જુદી જુદી અવસ્થાઓ કરે છે; ગતિ વગેરેથી પાણીના પ્રવાહોની જુદી જુદી અવસ્થાઓ કરે છે અને રૂપ વગેરેથી વનસ્પતિનાં ફળોની જુદી જુદી અવસ્થાઓ કરે છે તેમ સર્વ પ્રાણીઓનાં વય, અવસ્થા, તેજ, બળ, કામ તથા કુશળતા વગેરેને કરે× છે.[43] જેમ સાદૃશ્યપણાથી (ક્ષણે ક્ષણે બદલાયલી) જ્વાળાઓનીજ 'તેજ આ દીવો છે' (જે મેં પહેલાં જોયો હતો) એમ ભ્રાંતિ થાય છે અને (ક્ષણે ક્ષણે બદલાયલા) પાણીના પ્રવાહોની પણ 'તેજ આ પાણી છે' એમ ભ્રાંતિ થાય છે, તેમ (ક્ષણે ક્ષણે બદલાયલાં મનુષ્યોનાં શરીરના સંબંધમાં પણ અવિવેકીઓની 'તેજ આ પુરુષ છે' આવી મૃષા વાણી અને બુદ્ધિ હોય છે.[44] (કદાચ શંકા થાય કે, દેહના અધ્યાસવાળા પુરુષને કર્મો તથા જન્મમરણ હોઇ શકે, પણ બીજાને ન હોય, આવી વ્યવસ્થા ઘટતી નથી. જેમકે એક પુરુષ ઘડાને ઘડો માને છે ત્યારે બીજો તે ઘડાને ઘડો નથી માનતો એમ નથી; આવી શંકા કરવી નહિ. કારણ કે અજ્ઞાનીને પણ વસ્તુતઃ કર્માદિનો સ્વભાવ છે, તે હું કહું છું.) તે અજ્ઞાની પુરુષ પણ (દેહના અધ્યાસવાળો છતાં) પોતાના કર્મરૂપી બીજ વડે જન્મતો નથી તેમ મરતો પણ નથી. તે પોતે અજન્મા છે, છતાં ભ્રાંતિને લીધે જન્મતો હોય અને મરતો હોય તેવો ભાસે છે. જેમ દૃષ્ટાંતમાં મહાભૂતો પૈકી તેજરૂપ અગ્નિ પ્રલયકાળપર્યંત સ્થિતિ કરી રહ્યો છે, તોપણ કાષ્ઠના સંયોગથી જાણે જન્મ પામતો હોય અને કાષ્ઠના વિયોગથી નાશ પામતો હોય તેવો ભાસે છે.[45] ઉદરમાં પ્રવેશ થવો, ઉદરમાં વધવું, જન્મ થવો, પાંચ વર્ષ સુધીની બાલ્યાવસ્થા, સોળ વર્ષ સુધીની કુમારાવસ્થા, પચાસ વર્ષ સુધીની યુવાવસ્થા, સાઠ વર્ષ સુધીની મધ્ય અવસ્થા, ત્યાર પછીની વૃદ્ધાવસ્થા અને મરણ–આ નવ શરીરની અવસ્થાઓ છે.[46] આ મનોરથમય નાનીમોટી શરીરની અવસ્થાઓને પ્રકૃતિના અવિવેકને લીધે કોઇ જીવ પોતામાં માની લે છે; ત્યારે કોઈ વખત પરમેશ્વરનો અનુગ્રહ થવાથી (પ્રકૃતિનો અવિવેક દૂર થતાં 'આ અવસ્થાઓ અવસ્થાવાળા દેહની હોઇ શકે; દ્રષ્ટા પોતે અવસ્થાવાળો ન હોય' આવા વિવેકજ્ઞાનથી) તે અવસ્થાઓનો ત્યાગ કરે છે–પોતાના વિષે માનતો નથી.[47] (જોકે જન્મમરણની

× આ શ્લોકમાં આવું અનુમાન દર્શાવ્યું છે–આ જગત ક્ષણે ક્ષણે ઉત્પત્તિ–વિનાશવાળું છે; કારણ કે તેની અવસ્થાઓ ક્ષણે ક્ષણે જુદી જુદી જોવામાં આવે છે. જે વસ્તુ ક્ષણેક્ષણે જુદી જુદી અવસ્થાવાળી હોય છે, તે વસ્તુ ક્ષણે ક્ષણે ઉત્પત્તિ–વિનાશવાળી હોયજ છે. જેમ દીવાની જ્વાળા વગેરે ક્ષણે ક્ષણે જુદી જુદી જણાય છે માટે તે ક્ષણે ક્ષણે ઉત્પત્તિ–વિનાશવાળી છે તેમ; પણ જે વસ્તુ એવી ક્ષણે ક્ષણે જુદી અવસ્થાવાળી ન હોય તે વસ્તુ ક્ષણે ક્ષણે ઉત્પત્તિ–વિનાશવાળી પણ ન હોય; જેમકેઃ આત્મા. –મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અવસ્થામાં મૂર્ચ્છા આવતી હોવાથી પોતાને પોતાના દેહના જન્મ-મરણની ખબર પડતી નથી; (તોપણ) પોતાના પિતાના દેહના મરણ ઉપરથી તેમજ પોતાના પુત્રના દેહના જન્મ ઉપરથી પોતાના પણ મરણને તથા જન્મને અનુમાનથી જાણી લેવાં જોઇએ. (એ રીતે જન્મ-મરણ કોનાં થાય છે તે દશ્ય હોઇને) ઉત્પત્તિ તથા નાશવાળાં શરીરોનો દ્રષ્ટા જીવ, પોતે ઉત્પત્તિ તથા નાશરૂપી ધર્મવાળો હોઈ શકતો નથી. જેમ વૃક્ષના બીજથી જન્મને તથા પાકી જવાથી મરણને જાણનારો દ્રષ્ટા એ વૃક્ષથી જુદો છે, તેમ દેહના જન્મમરણને જાણનારો દ્રષ્ટા-જીવ પણ તે દેહથી જુદો છે. (માટે જીવ, દેહમાં વર્તે છે તોપણ દેહના ઉત્પત્તિ તથા નાશરૂપી ધર્મથી સંબંધ પામતો નથી.)૪૮।૪૯ એ રીતે પ્રકૃતિથી (દેહાદિથી) આત્મા જુદો છે, આવું યથાર્થ વિવેચન નહિ કરીને વિષયોમાં અત્યંત મોહ પામેલો અજ્ઞાની પુરુષ સંસારને પામે છે૫૦ અને તે સંસારમાં સત્ત્વગુણના સંગથી (તે સત્ત્વગુણને યોગ્ય) કર્મોએ ભમાવેલો જીવ દેવપણાને પામે છે. રજોગુણના સંગથી (તે રજોગુણને યોગ્ય) કર્મોએ ભમાવેલો જીવ અસુર તથા મનુષ્યપણાને પામે છે અને તમોગુણના સંગથી (તે તમોગુણને યોગ્ય) કર્મો વડે ભમાવેલો જીવ ભૂતપણાને અથવા પશુપક્ષીપણાને પામે છે.૫૧ (કદાચ કોઇ કહે કે, અકર્તા આત્માને કર્મોને લીધે ભ્રમણ કેમ હોઈ શકે ? આના ઉત્તરમાં કહેવાનું કે,) જેમ કોઈ મનુષ્ય નૃત્ય કરતા તથા ગાયન કરતા મનુષ્યોને જોતો તેઓનું અનુકરણ કરે છે-એટલે તેઓના સ્વરો તથા તાલ વગેરેની ગતને તથા શૃંગાર-કરુણ આદિ રસને પોતાના મનમાં તે પ્રમાણે લાવે છે, તેમ બુદ્ધિના ગુણોને જોતો પુરુષ (આત્મા) પોતે અકર્તા છતાં (બુદ્ધિના ગુણો વડે બળાત્કારે) અનુકરણ કરાવાય છે.÷૫૨ (હવે ઉપાધિના ધર્મો ઉપહિતમાં ભાસે છે, એ અહીં દૃષ્ટાંત સાથે કહેવાય છે.) જેમ પાણીના હાલવાને લીધે (તેમાં પ્રતિબિંબરૂપે પડેલાં) વૃક્ષો પણ જાણે હાલતાં હોય તેવાં દેખાય છે (તેમ અંતઃકરણનાજ જન્મ-મરણ વગેરે તે અંતઃકરણમાં પ્રતિબિંબિત થયેલા આત્મા વિષે ભાસે છે; વસ્તુતઃ આત્માને જન્મ-મરણાદિ નથી. હવે ગ્રાહકના ગુણો ગ્રાહ્યમાં ભાસે છે તે સંબંધે આ દૃષ્ટાંત છે.) જેમ કૂદડી ફરતા મનુષ્યની આંખ ભમતી હોય છે તેને લીધે તે મનુષ્યને પૃથ્વી પણ ભમતી દેખાય છે. (તેમ વિષયોને ગ્રહણ કરનારા મનેજ કલ્પી કાઢેલા લાવણ્ય વગેરે ગુણો વિષયોમાં દેખાય છે; વસ્તુતઃ લાવણ્યાદિ ગુણો વિષયોમાં છેજ નહિ; માટે મનના કારણેજ આ સંસાર છે.)૫૩ હે ઉદ્ધવ ! +જેમ (આ પ્રસિદ્ધ) મનોરથની વિષયબુદ્ધિઓ તેમજ સ્વપ્નમાં જોયેલી વિષયબુદ્ધિઓ વૃથા છે, તેમ આત્માને થતો વિષયોના અનુભવરૂપ સંસાર પણ મિથ્યા છે.૫૪ *જેમ સ્વપ્નમાં જોયેલો પોતાનો શિરચ્છેદ અને સર્પદંશ વગેરે અનર્થ, વસ્તુતઃ નથીજ; છતાં (દેહાદિના અધ્યાસથી) તેનું ચિંતન કરનારને તે પ્રાપ્ત થાય છે; તેમ વિષયોના અનુભવરૂપ સંસાર વસ્તુતઃ નથી, છતાં પણ વિષયોનું ચિંતન કરનાર આત્માને તે સંસાર નિવૃત્ત થતો નથી. માટે હે ઉદ્ધવ ! તમે દુષ્ટ એવી (એટલે બહિર્મુખ એવી) ઇન્દ્રિયોથી વિષયોનો ઉપભોગ ન કરો; પણ 'આ સંસારરૂપી ભ્રાંતિ, આત્માના અજ્ઞાનથીજ તેમાં (આત્મામાં) ભાસે છે' એમ જુઓ. દુષ્ટ મનુષ્યો તિરસ્કાર કરે, અપમાન કરે, હાંસી કરે, ગુણોમાં દોષારોપ કરે, માર મારે, બાંધે, આજીવિકા પડાવી લે, ઉપર થૂંકે, મૂત્ર

÷ આ શ્લોકમાં દૃષ્ટાંત આપીને એ દર્શાવ્યું છે કે, દૃશ્યના ધર્મો દ્રષ્ટામાં સ્ફુરે છે. —શ્રીધર

+ ભોગો પણ મિથ્યા છે, એમ એ દૃષ્ટાંતથી આ શ્લોકમાં કહે છે. —શ્રીધર

* કદાચ કોઇ કહે કે, વિષયોનો અનુભવ જો મિથ્યા છે તો શા માટે તેથી નિવૃત્ત થવાનો પરિશ્રમ કરવો ? આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરે અથવા અજ્ઞાનીઓ એ રીતે અનેક પ્રકારે પરમેશ્વર વિષેની નિષ્ઠાથી ભ્રષ્ટ કરે અને તેને લીધે પોતે સંકટમાં આવી પડે; તોપણ મુક્તિને ઇચ્છનારા પુરુષે, (ધૈર્ય ધારણ કરી) બુદ્ધિથી આત્માનો ઉદ્ધાર કરવો.૫૫-૫૮

ઉદ્ધવે પૂછ્યું:—'હે વક્તાઓમાં શ્રેષ્ઠ! આપે આ કહ્યું તે હું બરાબર સમજી શકું તે પ્રમાણે આપ મને કહો. હું માનું છું કે, દુષ્ટ લોકોએ કરેલો આપણો અપરાધ અત્યંત દુઃસહ થઈ પડે છે.૫૯ હે વિશ્વાત્મા! આપના ધર્મમાં તત્પર રહેનારા અને આપના ચરણનો આશ્રય લેનારા શાંત પુરુષો સિવાય વિદ્વાનોને પણ કોઇએ કરેલો અપરાધ અસહ્ય થઇ પડે છે. કેમકે સ્વભાવ અત્યંત બળવાન છે.'"૬૦

विदुषामपि विश्वात्मन् प्रकृतिर्हि बलीयसी ।
ऋते त्वद्धर्मनिरतान् छांतास्ते चरणालयान् ॥६०

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

अध्याय २३ मो×

તિરસ્કારો સહન કરવાનો ઉપાય

॥ श्रीबादरायणिरुवाच ॥

स एवमाशंसित उद्धवेन भागवतमुख्येन दाशार्हमुख्यः । सभाजयन्भृत्यवचो मुकुंदस्तमाबभाषे श्रवणीयवीर्यः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"*ભગવાનના ભક્તોમાં મુખ્ય એવા ઉદ્ધવજીએ એ પ્રમાણે પ્રાર્થના કરી; એટલે યાદવોમાં શ્રેષ્ઠ અને સાંભળવા યોગ્ય પરાક્રમવાળા શ્રીકૃષ્ણ, પોતાના દાસ—ઉદ્ધવજીના વચનનો સત્કાર કરતા તેમને કહેવા લાગ્યા.૧

શ્રીભગવાન બોલ્યા:—'હે બૃહસ્પતિના શિષ્ય ઉદ્ધવ! આ જગતમાં તેવો કોઇ પણ સત્પુરુષ નથી કે જે દુર્જનોએ કહેલાં દુષ્ટ વચનોથી ખળભળી ઊઠેલા પોતાના મનને શાંત કરવાને સમર્થ હોય!૨ કારણ કે મર્મસ્થાનોમાં ઊતરી ગયેલાં દુષ્ટ મનુષ્યોનાં તીક્ષ્ણ વચનરૂપી બાણો જેવી પીડા કરે છે, તેવી પીડા મર્મસ્થાનોને વીંધી નાખી અત્યંત અંદર ઊતરી ગયેલાં બાણો વડે મનુષ્યોને થતી નથી.૩ હે ઉદ્ધવ! આ વિષયમાં એક મહાપવિત્ર ઇતિહાસ વિદ્વાનો કહે છે તેનું હું વર્ણન કરું છું, તમે સારી પેઠે સાવધાન થઇને સાંભળો.૪ દુર્જનોથી પરાભવ પામેલા કોઇ એક ધૈર્યધારી ભિક્ષુકે, પોતાના પૂર્વજન્મનાં કર્મોનો વિપાક સંભારતાં તે સંબંધે (આવું) ગાયું છેઃ૫ માળવા દેશમાં કોઇ મોટો ધનાઢ્ય બ્રાહ્મણ રહેતો હતો. તે ખેતી—વેપાર વગેરેથી આજીવિકા ચલાવતો હતો; ÷તે કદર્ય હતો અને કામી, લાલચુ તથા અત્યંત ક્રોધી હતો.૬ તે બ્રાહ્મણે ધર્મકર્મરહિત એવા પોતાના ઘરમાં નાતીલાઓનો તથા અતિથિઓનો વાણીવડે પણ (કદી) સત્કાર કર્યો ન હતો; તેમ પોતાના આત્માને પણ સમય પ્રમાણે તેણે ભોગોથી સંતોષ્યો ન હતો.૭ આવા દુષ્ટ સ્વભાવના અને કંજૂસ તે બ્રાહ્મણના પુત્રો, બાંધવો, સ્ત્રી, પુત્રીઓ તથા નોકરો, તેનાથી કંટા-

× આ અધ્યાયમાં 'બુદ્ધિથી મનના સંયમ કરવારૂપ તિરસ્કાર સહન કરવાનો ઉપાય' ભિક્ષુગીતાના પ્રકારે વર્ણવવામાં આવશે. —શ્રીધર

* દુર્જનોનો ઉપદ્રવ ખરેખર મહાપુરુષોને પણ દુઃસહ થાય છે. માટે અહીંથી ચાર અધ્યાયમાં તેને સહન કરવાનો ઉપાય કહેવામાં આવે છે. તેમાં આ પહેલા અધ્યાયમાં ભિક્ષુગીતાથી મન ઉપર વિજય કરવાનું કહે છે; પછી બીજા અધ્યાયમાં પ્રકૃતિ—પુરુષનો વિવેક કહેવાશે. પછી ત્રીજા અધ્યાયમાં ગુણવૃત્તિ ઉપર વિજય મેળવવાનું કહેવાશે અને ચોથા અધ્યાયમાં ઐલગીતાથી વિષયસંગના ત્યાગપૂર્વક સત્સંગ કરવાનું કહેવાશે. આમ ચાર અધ્યાયમાં ભગવાને ઉપાયો કહ્યા છે. —શ્રીધર

÷ કદર્ય કોને કહેવો તે માટે સ્મૃતિમાં કહ્યું છે—
आत्मानं धर्मकृत्यं च पुत्रदारांश्च पीडयन् ।
देवतातिथिभृत्यांश्च स कदर्य इति स्मृतः ॥
જે મનુષ્ય પોતાને, ધર્મકાર્યને, પુત્રોને, સ્ત્રીને, દેવતાઓને, અતિથિઓને તથા નોકરચાકરને (લોભને લીધે) દુઃખ દે છે તે 'કદર્ય' કહેવાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

-ળી જઇને તેનું પ્રિય કરતાં ન હતાં; પણ ઊલટાં તેનો દ્રોહ કરતાં હતાં.[૮] એ પ્રમાણે યક્ષોના ધનની પેઠે જેનું ધન કેવળ રાખી મૂકવાનુંજ હતું અને તેથીજ બન્ને લોકથી ભ્રષ્ટ થયેલા અને ધર્મથી તથા સુખભોગથી રહિત થયેલા તે બ્રાહ્મણ ઉપર ‡પાંચ મહાયજ્ઞના દેવતાઓ કોપી ઊઠ્યા.[૯] હે પુષ્કળ દાન દેનારા ઉદ્ધવ! દેવતાઓના અનાદરને લીધે તેનો પુણ્યલેશ નાશ પામ્યો; એટલે અત્યંત પરિશ્રમ એજ જેનું ફળ હતું, એવું તેનું ધન પણ નાશ પામ્યું.[૧૦] હે ઉદ્ધવ! તે નીચ બ્રાહ્મણનું કેટલુંક ધન જ્ઞાતિઓ અને ચોર લોકો લઇ ગયા, તેમજ કેટલુંક દૈવયોગે (ઘરમાં આગ લાગવા વગેરે કારણથી), કેટલુંક કાળને લીધે, કેટલુંક માણસો લઇ ગયા અને કેટલુંક રાજાએ લઇ લીધું.[૧૧] એ રીતે ધન નાશ પામ્યું એટલે ધર્મ તથા સુખભોગથી રહિત અને કુટુંબીઓએ તજી દીધેલો તે બ્રાહ્મણ, અપાર ચિંતામાં આવી પડ્યો;[૧૨] તેમજ ધન નાશ પામ્યું તેથી લાંબા લાંબા વિચાર કરતા અને ખેદ કરતા તે બ્રાહ્મણનાં નેત્રોમાં અશ્રુઓ આવવા લાગ્યાં અને તેને અતિમહાન વૈરાગ્ય ઉત્પન્ન થયો;[૧૩] એટલે તે બ્રાહ્મણ (પોતાના મનમાં) આમ કહેવા લાગ્યો—'અહો! અફસોસ! મેં મારા આત્માને વૃથા દુઃખ દીધું છે. મેં ધનને માટે આવો મોટો પરિશ્રમ કર્યો; પણ તે ધન ધર્મ માટે કે સુખભોગ માટે ઉપયોગી થયું નહિ.[૧૪] ઘણું કરીને લોભી માણસોનું ધન કદી પણ સુખ માટે થતું નથી; એટલુંજ નહિ પણ તે ધન આ લોકમાં તે લોભીને સંતાપકારક થઇ પડે છે અને મરણ પછી તેને નરક આપનાર છે.[૧૫] જેમ ધોળા કોઢનો રોગ સુંદર રૂપનો નાશ કરે છે, તેમ થોડો પણ લોભ યશસ્વીઓના શુદ્ધ યશનો તથા ગુણવાનોના પ્રશંસાપાત્ર ગુણોનો નાશ કરે છે.[૧૬] મનુષ્યોને ધન મેળવવામાં, મેળવેલા ધનને વધારવામાં, રક્ષણ કરવામાં, વાપરવામાં, તેમજ તે ધન નાશ પામતાં અને તેનો ઉપભોગ કરતાં પણ પરિશ્રમ, ત્રાસ, ચિંતા તથા ભ્રમ થાય છે.[૧૭] ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, ગર્વ, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા, સ્ત્રીઓનું વ્યસન, જુગારનું વ્યસન તથા મદિરાપાનનું વ્યસન—આ પંદર અનર્થો પણ મનુષ્યોને ધનને લીધેજ પ્રાપ્ત થાય છે; માટે કલ્યાણની ઇચ્છાવાળાએ 'ધન' નામના અનર્થનો દૂરથીજ ત્યાગ કરવો.[૧૮।૧૯] ભાઇઓ, સ્ત્રીઓ, માતાપિતાઓ અને સંબંધીઓ જાણે એકજ પ્રાણવાળાં હોય તેમ અત્યંત સ્નેહથી વર્તી રહ્યાં હોય છે, તેઓ સર્વે માત્ર વીસ કોડી માટે સત્વર શત્રુઓ બની જાય છે;[૨૦] અને આ બધાં સંબંધીઓ અતિ અલ્પ ધનને માટે ખળભળી ઊઠે છે; એકબીજાંની સ્પર્ધા કરે છે; ક્રોધાયમાન થઈ જાય છે; પરસ્પર સ્નેહને તજી દે છે અને એકદમ સ્નેહનો ત્યાગ કરી એકબીજાંનો નાશ કરે છે.[૨૧] દેવોએ પણ ઇચ્છવા યોગ્ય મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને અને તેમાં પણ ઉત્તમ બ્રાહ્મણપણું સંપાદન કરી તે મનુષ્યપણાનો તથા બ્રાહ્મણપણાનો અનાદર કરીને જેઓ પોતાના સ્વાર્થનો નાશ કરે છે, તેઓ અશુભ ગતિને પામે છે.[૨૨] સ્વર્ગ તથા મોક્ષના દ્વારરૂપ આ મનુષ્યલોકને પ્રાપ્ત કરી કયો મનુષ્ય અનર્થના એક ધામરૂપ ધનમાં આસક્ત થાય?[૨૩] દેવોને, ઋષિઓને, પિતૃઓને, પ્રાણીઓને, જ્ઞાતિલાઓને, બંધુઓને તથા બીજા ભાગીદારોને જે મનુષ્ય અન્ન વગેરેથી નહિ સંતોષીને કેવળ યક્ષની પેઠે ધનનો સંગ્રહ કરી રાખે છે, તે મનુષ્ય અધોગતિમાં પડે છે.[૨૪] ધનની વ્યર્થ લાલચમાં ને લાલચમાં પ્રમાદી રહેલા મારું ધન, વય તથા બળ નાશ પામ્યાં છે; જેને લીધે કુશળ પુરુષો સંસારને તરી જાય છે. હવે હું ઘરડો થઇને શું કરી શકીશ? વિદ્વાન મનુષ્ય વ્યર્થ ધનની લાલચમાં શા માટે વારંવાર દુઃખી થતો હશે? પણ નક્કી મને લાગે છે કે, કોઈની માયાથી આ લોક અસંત

‡ પાંચ મહાયજ્ઞના દેવતાઓ—દેવો, ઋષિઓ, પિતૃઓ, મનુષ્યો તથા સર્વ પ્રાણીઓ છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મોહ પામ્યો છે.[૨૫।૨૬] મૃત્યુથી ગ્રાસ કરાતા મનુષ્યને ધન, ધન આપનારા યક્ષો, વિષયો, વિષયોને આપનારાઓ અથવા ફરીને જન્મ આપનારાં કર્મોથી શું વળવાનું છે ? કંઈ પણ નહિ.[૨૭] ખરેખર, સર્વ દેવમય શ્રીહરિ ભગવાન મારા પર પ્રસન્ન થયા છે. કારણકે તેમણે મને આ દશામાં આણ્યો છે અને મારો આ ખેદ મને પોતાને (આ સંસારસાગરમાં) એક વહાણરૂપ થઇ પડ્યો છે.[૨૮] હવે મારા મૃત્યુકાળનો જે કંઇ ભાગ બાકી રહ્યો હશે તો હું મારા આત્મામાંજ સંતુષ્ટ રહીને ધર્માદિના સાધનરૂપ મારા સ્વાર્થમાં સાવધાન બનીશ અને તપશ્ચર્યાથી મારા શરીરને સૂકવી નાખીશ.[૨૯] મારા આ નિશ્ચયમાં ત્રણ ભુવનના ઈશ્વર દેવતાઓ મને અનુમોદન આપો; ખટ્વાંગ નામના રાજાએ એક મુહૂર્તમાં બ્રહ્મલોક સાધ્યો હતો. (તો હું કેમ નહિ સાધું ?)[૩૦]

શ્રીભગવાન બોલ્યાઃ—'માળવા દેશનો તે ઉત્તમ બ્રાહ્મણ મનમાં એવો નિશ્ચય કરીને અહંતા-મમતારૂપી હૃદયની ગાંઠો છોડી નાખીને મનનશીલ એવો શાંત સંન્યાસી થયો.[૩૧] તેણે મન, ઇન્દ્રિયો તથા પ્રાણને વશ કરી આ પૃથ્વી પર ફરવા માંડ્યું અને સર્વ સ્થળે આસક્તિનો ત્યાગ કરી પોતાની ઉત્તમતા નહિ બતાવતાં નગરો તથા ગામોમાં તે પ્રવેશ કરવા લાગ્યો.[૩૨] હે ઉદ્ધવ ! વૃદ્ધ અને મલિન એવા તે ભિક્ષુકને જોઇ દુર્જનો અનેક તિરસ્કારો કરી તેનું અપમાન કરવા લાગ્યા.[૩૩] કેટલાક તેની પાસેથી ત્રિદંડને, કેટલાક પાત્રને, કેટલાક કમંડલુને, કેટલાક પાટલાને, કેટલાક માળાને, કેટલાક કંથાને÷ અને કેટલાક તેનાં ચીથરાંઓને પડાવી લેતા હતા અને વળી તેને દેખાડેલી તે તે વસ્તુઓ તેને આપીને પાછા લઈ લેતા હતા. તે મુનિ, ભિક્ષાથી મળેલા અન્નને નદીના તીર ઉપર જ્યારે જમતો ત્યારે મહાપાપી લોકો તેના મસ્તક ઉપર મૂત્ર કરતા અને થૂંકતા હતા. એ ભિક્ષુક મૌનધારી હતો, છતાં કેટલાક લોકો તેને પરાણે બોલાવતા અને જો બોલતો નહિ તો તેને મારતા હતા.[૩૪–૩૬] બીજા કેટલાક 'આ ચોર છે' એમ કહેતા વાણી વડે તેનો તિરસ્કાર કરતા હતા અને કેટલાક લોકો 'બાંધો, બાંધો' એમ કહેતા દોરી વડે તેને બાંધતા હતા.[૩૭] વળી કેટલાક લોકો 'આ ધર્મઢોંગી છે, લુચ્ચો છે, પોતાની પાસે ધન ખૂટ્યું અને પોતાના સંબંધીઓએ ત્યાગ કર્યો તેથી આ આજીવિકા લઇ બેઠો છે' આમ કહી તેનું અપમાન કરતા હતા. વળી કેટલાક લોકો, 'અહો ! અત્યંત બળવાન, મોટા પર્વત સરખો ધૈર્યવાન અને દૃઢ નિશ્ચયવાળો આ ભિક્ષુક બગલાની પેઠે મૌન રહી પોતાનું કામ સાધી લે છે' આમ તેની મશ્કરી કરતા હતા; કેટલાક લોકો તેના ઉપર અધોવાયુ છોડી જતા અને કેટલાક તે બ્રાહ્મણને રમકડાની પેઠે બાંધીને પૂરી મૂકતા હતા.[૩૮–૪૦] એ પ્રમાણે (દુર્જનો વગેરેએ કરેલું) ભૌતિક દુઃખ, તાવ વગેરે દૈહિક દુઃખ અને ટાઢ–તડકો વગેરે દૈવિક દુઃખ જે જે દૈવયોગે પ્રાપ્ત થતું તે તે પોતાને અવશ્ય ભોગવવાનું છે, એમ તે જાણતો હતો.[૪૧] ધર્મથી ભ્રષ્ટ કરતા નીચ લોકો તેને દુઃખ દેતા હતા તોપણ તે બ્રાહ્મણ સત્ત્વગુણી+ ધૈર્ય ધારણ કરીને પોતાના ધર્મમાં રહેતો હતો અને આવી ગાથા ગાયા કરતો હતોઃ[૪૨]

બ્રાહ્મણ ગાય છે—:'આ મનુષ્યો, આત્મા, ગ્રહો, કર્મ કે કાળ મને સુખ–દુઃખ આપવામાં કારણરૂપ નથી, પણ મન એજ સુખ–દુઃખનું કા-

÷ ઘણાં વસ્ત્રના ટુકડાઓ સીની એક તૈયાર કરેલી ગોદડી કંથા કહેવાય છે. —મા. ક.

+ સત્ત્વગુણી ધૈર્ય ગીતામાં જે આ વર્ણવ્યું છે તે—

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥
(श्री. भ. गी. १८-३३)

જે અવ્યભિચારી ધીરજથી મનુષ્ય મન, પ્રાણ તથા ઇન્દ્રિયોની ક્રિયાઓને વશ રાખી શકે છે તે ધીરજ; હે અર્જુન ! સાત્ત્વિકી ધીરજ કહેવાય છે.—बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રણ છે; જે મન સંસારચક્રને ફેરવ્યા કરે છે; એમ વિદ્વાનો કહે છે.[૪૩]† અતિશય બળવાન એવું મન ગુણોની વૃત્તિઓને ઉત્પન્ન કરે છે; ગુણોથી સાત્ત્વિક, રાજસ અને તામસ એવાં કર્મો ઉત્પન્ન થાય છે અને કર્મોથી તે તે કર્મોને યોગ્ય એવી દેવ, મનુષ્ય, પશુ–પક્ષી વગેરે સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે.[૪૪] ગુણવૃત્તિઓને સૃજી રહેલા મનની સાથે નિયંતારૂપે રહ્યા છતાં પરમાત્મા, તે મનની ક્રિયાઓ સાથેના સંગથી રહિત છે. કારણ કે પરમાત્મા મુખ્યત્વે કરી વિદ્યાશક્તિવાળા અને મારા–જીવના નિયંતા છે. આવા કારણથી પરમાત્મા, પ્રકટ એવા જ્ઞાનથી કેવળ જોયા કરે છે; ત્યારે હું–જીવ તો પોતાને વિષે સંસારને પ્રકાશિત કરતા મનને પોતાનારૂપ માની લઇ તેનાં કર્મોની સાથે સંબંધવાળો થાઉં છું અને વિષયોને સેવતાં બંધાઇ જાઉં છું. (કહેવાનો ભાવ એ છે કે, અવિદ્યાને લીધે મનના અધ્યાસથી જીવને સંસાર છે, પરંતુ તે સ્વતઃ નથી; કારણ કે અવિદ્યાથી રહિત ઈશ્વરને સંસાર નથી પણ અવિદ્યાવાળા જીવનેજ સંસાર છે.[૪૫] માટે દાન, નિત્ય–નૈમિત્તિક સ્વધર્મ, નિયમ, યમ, શાસ્ત્રાધ્યયન, કર્મો તથા એકાદશી વગેરે ઉત્તમ વ્રતો–એ સર્વનું ફળ મનનો નિગ્રહ થવો એજ છે; કારણ કે મનનો નિગ્રહ તેજ ઉત્તમ જ્ઞાન છે.[૪૬] જેનું મન અત્યંત શાંત અને વશ થયેલું છે તેને દાન વગેરે કરવાનું શું પ્રયોજન છે? તે કહો. જેનું મન વશ થયું નથી પણ ચંચળ રહેતું હોય તેને દાન વગેરે કરવાથી બીજું શું વળવાનું છે? કંઇ પણ નહિ.[૪૭] કારણ કે બીજી ઇન્દ્રિયો અને તેના અધિષ્ઠાયક દેવો મનને વશ છે, મન કોઇને વશ નથી. મન એ યોગીઓને પણ ભયંકર એવો એક દેવ* છે; કેમકે તે બળવાન કરતાં પણ વધારે બળવાન છે. માટે મનને જે વશ કરે છે તેજ દેવોનો દેવ છે–સર્વ ઇન્દ્રિયોને જીતનાર થઇ શકે છે.[૪૮] જેનો વેગ અસહ્ય છે અને મર્મસ્થાનોને જે પીડે છે તે મનરૂપી દુર્જય શત્રુને જીત્યા વિના કેટલાક મૂઢ મનુષ્યો આ સંસારમાં બીજા મનુષ્યો સાથે વ્યર્થ ક્લેશ કરે છે અને કેટલાકને મિત્ર, ઉદાસીન તથા શત્રુઓ કરે છે.[૪૯] આ દેહ કે જેને માત્ર મનેજ કલ્પી કાઢયો છે તેને 'હું' એ પ્રમાણે સ્વીકારીને તેમજ પુત્ર આદિના દેહને 'મારો' એ પ્રમાણે સ્વીકારીને અંધ બુદ્ધિવાળા મનુષ્યો, 'આ હું છું અને આ બીજો છે' એવી ભ્રાંતિથી અપાર સંસારમાં ભટક્યા કરે છે.[૫૦] (માટે મનજ સુખ–દુઃખનું કારણ છે; પણ લોકો, દેવતાઓ, આત્મા, ગ્રહો, કર્મ કે કાળ, સુખ–દુઃખનાં કારણ નથી.) જો મનુષ્યો (કદાચ) સુખ–દુઃખનાં કારણ હોય તોપણ તેમાં આત્માને શું? કંઇ પણ નહિ. કારણકે (આત્માને સુખ–દુઃખ નથી અને આત્મા સુખ–દુઃખનો કર્તા પણ નથી.) તે સુખ–દુઃખ પૃથ્વીના વિકારરૂપ એવાં શરીરોને છે, આત્માને નથી.(આત્મા તો નિરાકાર અને સર્વ ક્રિયાઓથી રહિત છે;તેથી મારવું વગેરે ક્રિયાઓમાં તે કર્મરૂપ થઈ શકતો નથી તેમ કર્તારૂપ પણ થઇ શકતો નથી; તોપણ કદાચ કોઈ કહે કે, દુઃખ તો આત્માનેજ થતું જોવામાં આવે છે તેનું કેમ? તેના ઉત્તરમાં કહેવાનું કે, પોતાના દેહમાં તથા બીજાના દેહમાં પરમાત્મા તો એકજ છે, તો પછી કોપ કોના ઉપર કરવો?) દૃષ્ટાંત તરીકે જેમ કોઇ વખતે પોતાનાજ દાંત વડે મનુષ્ય પોતાની જીભને કચરી નાખે છે, તો તેની વેદના માટે તેણે કોના ઉપર કોપ કરવો?[૫૧] હવે કદાચ દેવતાઓ દુઃખનું કા-

† વેદો પણ કહે છે–'**मनसा ह्येव पश्यति मनसा शृणोति**' (**बृह. उ. १-५-३**)–મનથીજ મનુષ્ય જુએ છે અને મનથીજ સાંભળે છે. —**શ્રીધર**

* વેદ પણ કહે છે–'**मनसो वशे सर्वमिदं बभूव नान्यस्य मनो वशमन्वियाय। भीष्मो हि देवः सहसः सहीयान्**'–આ સર્વ જગત મનને વશ થયું છે; મન કોઇને વશ થયું નથી. કેમકે મન એ ભયંકર દેવ છે અને તે બળવાન કરતાં પણ વધારે બળવાન છે.'–**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રણ હોય તોપણ આત્માને શું છે? કંઈજ નથી, કારણ કે મરવાની ક્રિયામાં વિકાર પામતા એટલે કર્મ કે કર્તારૂપ થતા એ દેવોને તે દુઃખ થવું જોઇએ. (જેમકે એક મનુષ્યના હાથે બીજા મનુષ્યના મુખને માર્યું એટલે તે મનુષ્યના મુખે પેલા મનુષ્યના હાથે બચકું ભર્યું; તો તેથી હાથના અભિમાની ઇન્દ્રદેવને તથા મુખના અભિમાની અગ્નિદેવનેજ દુઃખ થવું જોઇએ; પણ વિક્રિયા અને અહંકારથી રહિત એવા આત્માને દુઃખ ન થવું જોઇએ. વળી દેવતાઓ પણ સર્વ દેહોમાં એકના એકજ છે, માટે તેઓ ઉપર પણ ક્રોધ કરવો યોગ્ય નથી; જેમકે) કોઈ વેળા પોતાના દેહમાં એક અંગથી બીજા અંગને લાગી જાય છે તો પુરુષ કોના ઉપર ક્રોધ કરે છે? કોઇના ઉપર નહિ.[૫૨] વળી કદાચ એમ માનીએ કે, સુખ–દુઃખ આદિ પરિણામ આત્માને થાય છે માટે તે આત્માજ સુખ–દુઃખનું કારણ હોવો જોઇએ; તોપણ તેમાં બીજાથી શું થાય છે? બીજાથી કંઈ પણ થતું નથી, કે જેથી આપણે બીજા ઉપર કોપ કરીએ! કારણ કે પછી તો એ સુખ–દુઃખ પોતાનોજ સ્વભાવ ઠરે છે. (કોઇ કહે કે, આત્માને સુખ–દુઃખ આદિ પરિણામ થાય છે તેમાં કોઇ બીજો મનુષ્ય જો નિમિત્તરૂપ હોય તો તે બીજા ઉપર ક્રોધ થાય, તે શું યોગ્ય નથી? આના ઉત્તરમાં કહેવાનું કે,) આત્માથી જુદી કોઇ વસ્તુજ નથી અને કોઇ વસ્તુ જુદી જણાતી હોય તો તે મિથ્યાજ છે; તો પછી કોના ઉપર ક્રોધ કરવો? કારણ કે સુખ–દુઃખમાં કોઇ નિમિત્તરૂપ નથી અને સુખ–દુઃખ પોતે પણ નથી.[૫૩] કદાચ માનીએ કે, સુખ–દુઃખનાં નિમિત્ત ગ્રહો હોય છે; તોપણ અજન્મા આત્માને શું છે? જન્મ તો દેહનો થાય છે, માટે તે દેહનેજ જન્મ–લગ્નની અપેક્ષાએ બારમી–આઠમી વગેરે રાશિઓમાં રહેલા ગ્રહો સુખ–દુઃખનાં કારણ થાય છે; (અજન્મા આત્માને નહિ.) જોષીઓ કહે છે કે, આકાશમાં રહેલા ગ્રહોથી આકાશમાં રહેલા ગ્રહનેજ જુદી દૃષ્ટિ પડવાથી પીડા થાય છે; (પણ ગ્રહના ખૂણા વગેરેમાં રહેલા અને ગ્રહોની દૃષ્ટિના અવિષય એવા પુરુષને ગ્રહોની પીડા કહેતા નથી. આ રીતે ગ્રહોની પીડા ગ્રહના લગ્નમાં ઉત્પન્ન થયેલા દેહમાં આત્માને અભિમાન થવાથીજ થાય છે.) માટે તે ગ્રહો ને દેહથી ભિન્ન એવા પુરુષે કોના ઉપર કોપ કરવો? કદાચ માનીએ કે, કર્મ સુખ–દુઃખનું કારણ હોય તોપણ તેથી આત્માને શું છે? કંઇજ નથી. કારણ કે, (કર્મ એ કોઇ વસ્તુજ નથી તો પછી તે સુખ–દુઃખનું કારણ કેમ હોઇ શકે?) કર્મ, કોઇ એક વસ્તુમાં જડપણું અને અજડપણું–બન્ને હોય તોજ સંભવી શકે. (કેમકે જડપણું હોય તો વિકારીપણું ઘટે અને અજડપણું હોય તો પોતાના હિતનું અનુસંધાન હોવાથી પ્રવૃત્તિ સંભવે; એટલે વિકારીપણું અને પોતાના હિતનું અનુસંધાન એ બન્ને જ્યાં એકઠાં હોય ત્યાં કર્મ સંભવી શકે;) પણ દેહ તો કેવળ જડ છે તેથી (તેનામાં વિકારીપણું ઘટે છે તોપણ તેને પોતાના હિતનું અનુસંધાન નથી; માટે) તેની (કર્મમાં) પ્રવૃત્તિ સંભવતી નથી અને પુરુષ–આત્મા તો કેવળ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે–ચૈતન્યરૂપજ છે (તેનામાં જડપણું નથી), તેથી વિકારીપણું નહિ હોવાને લીધે તેને પણ કર્મ સંભવી શકતું નથી. આ રીતે સુખ–દુઃખના મૂળરૂપ એવું કર્મજ જો નથી તો પછી પુરુષે કોના ઉપર ક્રોધ કરવો?[૫૪,૫૫] કદાચ માનીએ કે, કાળ સુખ–દુઃખનું કારણ છે; તોપણ તેમાં આત્માને શું છે? કારણ કે આત્મા કાળરૂપજ છે–અર્થાત્ જીવાત્મા બ્રહ્મનો અંશ છે અને કાળ તથા બ્રહ્મ એકજ છે, જેથી પોતાના અંશને પોતાથી પીડા હોઇ શકે નહિ. જેમ દૃષ્ટાંતમાં અગ્નિનો તાપ તેની જ્વાળાને લાગતો નથી અને હિમની શીતળતા તેના અંશરૂપ હિમના કણિયાને લાગતી નથી. વળી ખરી રીતે તો આ આત્મા (કોઇનો પણ અંશ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નહિ હોઇને) પરમાત્માજ છે તો પરમાત્માને સુખ–દુઃખ વગેરે કંઇ છેજ નહિ; તો પછી કોના ઉપર ક્રોધ કરવો?[૫૬] (એ રીતે આત્માને સુખ–દુઃખનાં છ કારણ જગતમાં પ્રસિદ્ધ છે તેઓનું ખંડન કરવામાં આવ્યું; હવે કદાચ કોઇ તે સિવાયનું બીજું કારણ પણ કલ્પી કાઢે તો તે પણ વસ્તુના મહિમાની અપેક્ષાએ સંભવતું નથી, તે કહેવાય છે) કોઈ પણ કર્તા કે કરણ (સાધન)થી, કોઈ પણ દેશ કે કાળમાં કોઈ પણ પ્રકારે આ આત્માને સુખ–દુઃખ વગેરેનો સંબંધ છેજ નહિ. કારણ કે આત્મા પ્રકૃતિથી પર છે; માટેજ આત્માને વિષે નહિ હોવા છતાં સંસારને પ્રકાશિત કરનારા અહંકારને જેમ દ્વંદ્વસંબંધ છે, તેમ આત્માને નથી. (અર્થાત્ આત્મા વિષે સુખ–દુઃખાદિ દ્વંદ્વસંબંધ ભાસે છે, તે અહંકારના નિમિત્તેજ ભાસે છે, વાસ્તવિક નથી.) આમ જેણે જાણ્યું હોય છે તે મનુષ્ય ભૌતિક પદાર્થોથી ભય પામતો નથી.[૫૭] માટે હું પણ અત્યંત પ્રાચીનકાળના મહર્ષિઓએ સ્વીકારેલી આ પરમાત્મનિષ્ઠાનો આશ્રય કરી શ્રીમુકુંદ ભગવાનના ચરણની સેવાથીજ દુરંત અને દુષ્પાર એવા આ સંસારરૂપી અંધકારને તરી જઈશ.[૫૮]

શ્રીભગવાન બોલ્યાઃ–'એ પ્રમાણે જેનું ધન નાશ પામ્યું હતું એવો તે બ્રાહ્મણ વૈરાગ્ય પામીને ખેદરહિત થયો અને સંન્યાસ લઇને પૃથ્વી પર ફર્યા કરતો હતો. દુષ્ટ લોકો તેનો તિરસ્કાર કરતા હતા; તોપણ તે મુનિ, પોતાના ધર્મથી અડગ રહેતો હતો. ને આ નીચે દર્શાવેલી ગાથા ગાયા કરતો હતોઃ[૫૯]

सुखदुःखप्रदो नान्यः पुरुषस्यात्मविभ्रमः ।
मित्रोदासीनरिपवः संसारस्तमसः कृतः ॥६०॥

'પુરુષને મનની ભ્રમણા વિના બીજો કોઇ પણ સુખ–દુઃખ આપનાર છેજ નહિ. મિત્ર, ઉદાસીન અને શત્રુ–આ સર્વ સંસાર કેવળ અજ્ઞાનથીજ કરાયલો છે–મનની ભ્રાંતિ એજ સંસાર છે, વસ્તુતઃ સંસાર એ કંઇ વસ્તુ નથી.'[૬૦] માટે હે ઉદ્ધવ! મારે વિષે સ્થાપિત કરેલી બુદ્ધિથી યુક્ત થઈ તમે સર્વ પ્રકારે મનનો નિગ્રહ કરો; કારણ કે મનનો નિગ્રહ એજ યોગનો સંગ્રહ છે–માનસિક સંયમ એજ યોગનું સ્વરૂપ છે.[૬૧] જે મનુષ્ય ભિક્ષુએ ગાયેલી આ બ્રહ્મનિષ્ઠાને એકાગ્રચિત્તે ધારણ કરે છે, બીજાને સંભળાવે છે કે પોતે સાંભળે છે તે સુખ–દુઃખાદિ દ્વંદ્વોથી પરાભવ પામતો નથી.'[૬૨]

य एतां भिक्षुणा गीतां ब्रह्मनिष्ठां समाहितः ।
धारयन् श्रावयन् शृण्वन् द्वंद्वैर्नैवाभिभूयते ॥६२

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત

अध्याय २४ मो*

આત્માથીજ સર્વની ઉત્પત્તિ અને અંતે આત્મામાંજ સર્વનો લય

॥ श्रीभगवानुवाच ॥

अथ ते संप्रवक्ष्यामि सांख्यं पूर्वैर्विनिश्चितम् ।
तद्विज्ञाय पुमान् सद्यो जह्याद्वैकल्पिकं भ्रमम् ॥

શ્રીભગવાન બોલ્યાઃ–'હવે (કપિલ વગેરે) પૂર્વાચાર્યોએ નિશ્ચય કરેલું સાંખ્યશાસ્ત્ર હું તમને કહું છું. તે સાંખ્યશાસ્ત્ર જાણીને પુરુષ, ભેદને લીધે થયેલા સુખ–દુઃખ વગેરે ભ્રમનો તત્કાળ ત્યાગ કરે છે.[૧] યુગોની પહેલાં (પ્રલયકાળમાં) દ્રષ્ટા અને દૃશ્યનો અભાવ હોવાથી ભેદ ન હતો. (અર્થાત્ સર્વ કંઈ બ્રહ્મમાંજ લીન હતું) તથા સત્યયુગમાં તેમજ અન્ય યુગમાં પણ જે મનુષ્ય વિવેકકુશળ બને (તેની દૃષ્ટિમાં) ભેદ જણાતો નથી.[૨] એ રીતે બ્રહ્મ કેવળ–એકજ છે–ગુણોની વિષમતાથી રહિત છે, જાતિ વગેરે ભેદથી શૂન્ય છે, વાણી તથા મનના અવિષય છે અને સત્યસ્વરૂપ છે,

* આ અધ્યાયમાં 'આત્માથીજ સર્વ પદાર્થોની ઉત્પત્તિ તથા નાશ થાય છે' આવા વિચારદ્વારા સાંખ્યથી મનનો મોહ દૂર કરવા કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેજ બ્રહ્મ (અજ્ઞાનથી જણાતા સૃષ્ટિકાળમાં) માયાના ફળરૂપ દ્રષ્ટા તથા દશ્ય–એમ બે પ્રકારે થયા.[૩] આ બે પ્રકારે થયેલા અંશોમાં જે દશ્ય છે તે કાર્ય–કારણરૂપ પ્રકૃતિ છે અને બીજો પદાર્થ દ્રષ્ટા છે તે પુરુષ કહેવાય છે.[૪] મેં પરમેશ્વરે, મારી પોતાનીજ પ્રકૃતિ તરફ દૃષ્ટિ કરવારૂપી પુરુષાવસ્થાદ્વારા પ્રકૃતિને ક્ષોભ કર્યો; એટલે તે પ્રકૃતિથી સત્ત્વ, રજસ્ અને તમસ્–એવા ત્રણ ગુણો ઉત્પન્ન થયા.[૫] તે ગુણોથી ક્રિયાશક્તિવાળું મહત્તત્ત્વ ઉત્પન્ન થયું અને તેમાંથી જ્ઞાનશક્તિવાળું મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. આ (જ્ઞાનશક્તિવાળું) મહત્તત્ત્વ ક્રિયાશક્તિવાળા મહત્તત્ત્વથી કંઇ જુદું નથી–તે એકજ તત્ત્વ છે, પણ ક્રિયા ને જ્ઞાન–એવી બે શક્તિઓથી તે બે પ્રકારવાળું કહેવાય છે. આ મહત્તત્ત્વ વિકાર પામ્યું એટલે તેમાંથી જીવોને મોહ ઉપજાવનારો (એટલે ભ્રમનું કારણ) અહંકાર ઉત્પન્ન થયો. અહંકાર ત્રણ પ્રકારે થયો–વૈકારિક, તૈજસ અને તામસ. તેમાંના વૈકારિકથી ઇન્દ્રિયોના અગિયાર દેવો અને મન ઉત્પન્ન થયાં; તૈજસથી અગિયાર ઇન્દ્રિયો ઉત્પન્ન થઇ અને તામસથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થઇ. આ અહંકાર ચિદાભાસ વડે વ્યાપ્ત છે; માટે ચિત્ અને અચિત્ એમ બન્નેરૂપ (હોઇને) જીવોને ઉપાધિરૂપ કહેવાય છે.*[૬।૭] શબ્દાદિ તન્માત્રાઓના કારણરૂપ તામસ અહંકારથી તે દ્વારા પાંચ મહાભૂતો ઉત્પન્ન થયાં છે; (કેમકે 'આવરણ કરવું' એ તેઓનો સ્વભાવ છે.) દસ ઇન્દ્રિયો તૈજસ–રાજસ અહંકારથી ઉત્પન્ન થઇ છે; (કારણ કે 'પ્રવૃત્તિ કરવી' એ તેઓનો સ્વભાવ છે) અને વૈકૃત–સાત્ત્વિક અહંકારથી તે તે ÷ઇન્દ્રિયોના અધિષ્ઠાયક અગિયાર દેવો અને મન ઉત્પન્ન થયાં છે. (કેમકે 'પ્રકાશ કરવો' એ તેઓનો સ્વભાવ છે.)[૮] મારાથી પ્રેરણા પામેલા આ સર્વ પદાર્થો એકઠા મળીને કાર્ય કરવાને સમર્થ થયા. તેઓએ મારા–અંતર્યામીના નિવાસસ્થાનરૂપ ઉત્તમ ઇંડું ઉત્પન્ન કર્યું.[૯] પાણીમાં રહેલા તે ઇંડામાં હું નારાયણસ્વરૂપે લીલાશરીર ધારણ કરીને રહ્યો અને મારી નાભિમાં લોકોના કારણરૂપ એવું એક કમળ ઉત્પન્ન થયું, જે કમળમાં બ્રહ્મા ઉત્પન્ન થયા.[૧૦] રજોગુણથી યુક્ત થઈ જગતના સ્રષ્ટા એવા તે બ્રહ્માએ મારા અનુગ્રહથી તપશ્ચર્યા કરીને ભૂર્લોક (અતલ વગેરે પાતાલો સહિત), ભુવર્લોક (અંતરિક્ષ) અને સ્વર્ગલોક (સત્યલોક સુધીનો)–એમ ત્રણ પ્રકારે લોકપાલો સહિત લોકો ઉત્પન્ન કર્યા.[૧૧] તેઓમાં સ્વર્ગલોક દેવોનું નિવાસસ્થાન થયો, ભુવર્લોક ભૂતોનું એટલે પ્રેતપિશાચાદિનું સ્થાન થયો, ભૂર્લોક મનુષ્યોનું સ્થાન થયો અને એ ત્રણે લોકથી ઉપર આવેલા મહર્લોક વગેરે, સિદ્ધોનું (એટલે ભૃગુ વગેરે બ્રહ્મર્ષિઓનું) સ્થાન થયા.[૧૨] સમર્થ બ્રહ્માએ પૃથ્વીની નીચે આવેલાં અતલ વગેરે પાતલો અસુરોનું તથા નાગોનું સ્થાન કર્યું. આવી રીતે (વ્યવસ્થા કરવામાં કારણ એ છે કે,) ત્રિગુણાત્મક એવાં કર્મોની સર્વ ગતિઓ (એટલે ફળો) સ્વર્ગ, મૃત્યુ ને પાતાલ–એ ત્રણ લોકમાં હોય છે; તેમજ યોગની, તપની તથા સંન્યાસની નિર્મળ ગતિઓ (ફળો) મહર્લોક, જનલોક, તપલોક તથા સત્યલોક છે અને ભક્તિયોગની ગતિ વૈકુંઠ છે.[૧૩।૧૪] હું કે જે કાળશક્તિરૂપ અને કર્મોનાં ફળોને આપનારો છું તેને લીધે કર્મોમાં જોડાયલું આ જગત ગુણોના પ્રવાહરૂપ સંસારમાં સત્યલોક સુધી ઉત્તમ ગતિઓને પામે છે અને સ્થાવર સુધી

* આ સ્થળે દર્શાવાતો સૃષ્ટિક્રમ જો કે વેદમાં દર્શાવેલા સૃષ્ટિક્રમથી જુદો છે, તોપણ 'આત્મા સિવાયનું સર્વ કંઇ મિથ્યા છે' આ ઉદ્દેશ બન્નેનો સરખોજ છે, તેથી તેમાં કંઈ દોષ જેવું નથી. —ભા. ક.

÷ ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવો–દિશા, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર, બ્રહ્મા અને ચંદ્રમા એમ અગિયાર છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નીચ ગતિઓને પામે છે. (અર્થાત્ મારા વૈકુંઠ-લોક સિવાય બધી ગતિઓ અસ્થિર છે.)[૧૫]નાનો, મોટો, પાતળો, જાડો જે જે પદાર્થ ઉત્પન્ન થાય છે તે તે સર્વ પ્રકૃતિ અને પુરુષ એ બન્નેથી વ્યાપ્ત હોય છે.[૧૬] જે વસ્તુ જેની આદિ (કારણ) હોય અને અંત (લયસ્થાન) હોય, તેજ વસ્તુ તેની મધ્ય અવસ્થારૂપ હોયજ છે. માટે (કોઈ પણ અવસ્થામાં પણ વ્યભિચાર નહિ પામતી હોવાથી) તેજ વસ્તુ સાચી છે. (બીજી વસ્તુ સાચી નથી.) જેમ સુવર્ણનાં કડાં, કુંડળ વગેરે કાર્યો તે સુવર્ણથી જુદાં નથી અને જેમ પૃથ્વીનાં કાર્ય ઘડા–સરાવડાં વગેરે તે પૃથ્વીથી જુદાં નથી, તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલું આ વિકારરૂપ જગત તે (બ્રહ્મથી જુદું નહિ હોઇને)કેવળ વ્યવહાર માટેજ છે.[૧૭] (અહીં કોઇ શંકા કરે કે, ત્યારે તો મહત્તત્ત્વ વગેરે પણ પોતપોતાના કાર્ય પરત્વે આદિ–અંતરૂપ છે, તેથી તે પણ સત્ય ઠરશે, તેનું કેમ ? આના સમાધાનમાં કહેવાનું કે,) જે–બ્રહ્મરૂપી ઉપાદાનકારણને પ્રથમ સ્વીકારીને મહત્તત્ત્વ વગેરે કારણરૂપ પદાર્થ અહંકાર વગેરે કાર્યને ઉત્પન્ન કરે છે, તેજ બ્રહ્મરૂપ પદાર્થ છે. (જેમ માટીનો પિંડો માટીરૂપ ઉપાદાનકારણમાંથી ઉત્પન્ન થઇને પોતે નિમિત્તમાત્ર બનીને ઘડાને ઉત્પન્ન કરે છે. આ દષ્ટાંતમાં પિંડો ઘડાનું ઉપાદાન હોવા છતાં સત્ય ગણાતો નથી, પરંતુ તેના પરમ કારણરૂપ માટીજ સત્ય ગણાય છે. તેવી રીતે મહત્તત્ત્વ વગેરેને પણ સત્ય ન કહી શકાય, પરંતુ સર્વના) પરમ કારણરૂપ બ્રહ્મજ સત્ય ગણાય છે. (કદાચ કોઇ કહે કે, '**मृत्तिकेत्येव सत्यम्**–માટીજ સાચી વસ્તુ છે ' એમ શ્રુતિ કેમ કહે છે ? આના ઉત્તરમાં કહેવાનું કે,) જ્યારે જે વસ્તુના આદિ અને અંત કહેવાની ઇચ્છા થાય ત્યારે તેના આદિઅંતમાં જે વસ્તુ રહેલી હોય છે તેજ સત્ય કહેવાય છે.(અર્થાત્ સર્વના પરમકારણરૂપ એવા આત્માને સત્ય કહેવાની ઇચ્છાથીજ એક દષ્ટાંત તરીકે '**मृत्तिकेत्येव सत्यम्**' એમ માટીને સત્ય કહી છે; પરંતુ વસ્તુતઃ માટીને સત્ય કહી નથી.÷ આ કાર્યરૂપ જગતનું ઉપાદાનકારણ પ્રકૃતિ, પ્રકૃતિનો અધિષ્ઠાતા પુરુષ અને ગુણોનો ક્ષોભ કરીને કાર્યોને પ્રકટ કરનારો કાળ–આ ત્રણે બ્રહ્મરૂપ એવો હુંજ છું–મારાથી જુદાં નથી. (કારણ કે પ્રકૃતિ એ મારી શક્તિ છે; તેમજ પુરુષ તથા કાળ એ મારી અવસ્થાઓ છે.)[૧૮,૧૯] જુદા જુદા દેહોમાં વિવિધ પ્રકારે સર્જાતા જીવને ભોગો આપવા એજ જેનું પ્રયોજન છે એવી આ મહાન સૃષ્ટિ, પરમેશ્વરનો જ્યાંસુધી દૃષ્ટિપાત રહે છે ત્યાંસુધી રહેનારા સ્થિતિના અંત સુધી પિતા–પુત્ર આદિરૂપે અવિચ્છિન્ન ચાલ્યા કરે છે.[૨૦] આ બ્રહ્માંડ કે જે કાળમૂર્તિ એવા મારાથી વ્યાપી રહ્યું છે અને જેમાં નિત્ય લોકોના વિવિધ સૃષ્ટિપ્રલય થયા કરે છે તે પણ કાળમૂર્તિ એવા મારાથી વ્યાપ્ત થતાં ભુવનોની સાથે પંચત્વરૂપ વિભાગને માટે યોગ્ય થાય છે. (અર્થાત્ પાંચ ભૂતોના ઐક્યરૂપ એવું આ બ્રહ્માંડ પાંચ ભૂતોનું અલગપણું થતાં નાશ પામે છે.) તે વખતે શરીર* અન્નમાં લય પામે છે, અન્ન બીજમાં લય પામે છે,+ બીજ ભૂમિમાં લય પામે છે,× ભૂમિ ગંધમાં લય પામે છે,‡ [૧] ગંધ

÷ એ રીતે (સર્વ વિકારી વસ્તુઓ ભલે મિથ્યા છે તોપણ) પ્રકૃતિ, પુરુષ અને કાળ–એ ત્રણ કોઇ જાતનાં કાર્ય નથી અને જુદાં જોવામાં આવે છે તો પરબ્રહ્મ અદ્વિતીય કેવી રીતે? આના ઉત્તરમાં કહે છે.–શ્રી.

* શરીર જેનાથી પોષાય છે તે અન્ન, સો વર્ષ સુધી વરસાદ નહિ પડવાથી નાશ પામે છે અને તેને લીધે (અન્ન નહિ મળવાથી) શરીર નાશ પામે છે; (આવા અભિપ્રાયથી શરીરનો અન્નમાં લય કહ્યો છે.) –શ્રીધર

+ એટલે કે માત્ર બીજરૂપે બાકી રહે છે. –શ્રીધર

× જમીનમાં વાવ્યા છતાં બીજ ઊગતું નથી.

‡ અર્થાત્ પ્રલયકાળના સૂર્યથી સુકાઇ ગયેલી પૃથ્વી, શેષનાગના મુખના અગ્નિથી બળી જઇને માત્ર ગંધરૂપે બાકી રહે છે. —શ્રીધર

૧. ગંધ, સો વર્ષની વૃષ્ટિથી ભીંજાઇને જળમાં લય પામે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જળમાં લય પામે છે, [2]જળ પોતાના ગુણરૂપ રસમાં લય પામે છે, રસ તેજમાં લય પામે છે; [3]તેજ રૂપમાં લય પામે છે, રૂપ વાયુમાં લય પામે છે, [4]વાયુ સ્પર્શમાં લય પામે છે, સ્પર્શ આકાશમાં લય પામે છે, આકાશ શબ્દતન્માત્રામાં લય પામે છે અને[5] ઇન્દ્રિયો પોતાના પ્રવર્તક દેવતાઓમાં લય પામે છે. હે સૌમ્ય! ઇન્દ્રિયોના દેવતાઓ પોતાના નિયંતા મનમાં લય પામે છે મન, ઇન્દ્રિયોના દેવોની સાથે વૈકારિક અહંકારમાં લય પામે છે; શબ્દ તામસ અહંકારમાં લય પામે છે અને (સર્વ જગતને મોહ ઉપજાવવામાં) સમર્થ એવો અહંકાર મહત્તત્ત્વમાં લય પામે છે.[૨૨-૨૫] જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિવાળું મહત્તત્ત્વ પોતાના કારણરૂપ ગુણોમાં લય પામે છે; ગુણો પ્રકૃતિમાં લય પામે છે, પ્રકૃતિ વૃત્તિરહિત થયેલા કાળમાં લય પામે છે; (કેમકે પ્રકૃતિ કાળને અધીન છે.) કાળ માયાના પ્રવર્તક અથવા જ્ઞાનમય એવા મહા પુરુષમાં લય પામે છે;* મહાપુરુષ આત્મામાં લય પામે છે+ અને આત્મા સ્વરૂપમાંજ સ્થિતિ કરે છે—બીજે ક્યાંય લય પામતો નથી. કેમકે તે ઉપાધિરહિત છે અને તેમાં પણ એજ કારણ છે કે, જગતની ઉત્પત્તિ તથા લય વડે આત્માજ અધિષ્ઠાનરૂપે અથવા અવધિસ્વરૂપે જણાય છે.[૨૬।૨૭] જેમ આકાશમાં સૂર્યોદય થતાં અંધકાર રહેતો નથી, તેમ એ રીતે વિચાર કરનાર પુરુષના હૃદયમાં મનને ભેદનું કારણ એવો ભ્રમ કેમ થઇ શકે? અને જો થયો હોય તો કેમ રહી શકે?[૨૮] (હૃદયની) સંશયરૂપ ગાંઠને તોડી નાખનારો આ સાંખ્યશાસ્ત્રનો પ્રકાર પર—અવરને એટલે કારણ ને કાર્યના સ્વરૂપને જાણનારા મેં (આ પ્રમાણે) કહ્યો છે.[૨૯]

एष सांख्यविधिः प्रोक्तः संशयग्रंथिभेदनः।
प्रतिलोमानुलोमाभ्यां परावरदृशा मया ॥२९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૪ મો સમાપ્ત

2. જળ પણ તેજને લીધે સુકાઇને માત્ર રસરૂપે બાકી રહે છે.

3. તેજ પણ વાયુથી પરાભવ પામીને માત્ર રૂપસ્વરૂપે થઇને તેમાં લય પામે છે.

4. કાળથી પ્રેરાયલું આકાશ વાયુનો ગ્રાસ કરી જાય છે અને ત્યાર પછી માત્ર સ્પર્શરૂપે થઇને તે આકાશમાં લય પામે છે.

5. એ પ્રમાણે તામસ અહંકારનાં કાર્યનો શબ્દ સુધી લય કહીને હવે રાજસ અહંકારનાં કાર્યનો લય કહે છે. ઇન્દ્રિયો પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળી છે અને પ્રવૃત્તિ દેવતાઓને આધીન છે, તેથી ઇન્દ્રિયોનો દેવતાઓમાં લય કહ્યો છે. ખરી રીતે તો ઇન્દ્રિયોનો પોતાના કારણ રાજસ અહંકારમાં લય કહેવો વધારે ઠીક છે. —શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે, કાળ જગતસ્રષ્ટા મહાપુરુષના ઉપકરણરૂપ છે અને તે કાળ વૃત્તિના અંશથી સૃજવા યોગ્ય છે; માટે તે મહાપુરુષસ્વરૂપે સ્થિતિ કરે છે.—શ્રીધર

\+ અર્થાત્ પ્રકૃતિ લીન થયેલી હોવાથી પ્રતિયોગીના અભાવને લીધે પરિપૂર્ણ સત્સ્વરૂપે સ્થિતિ કરે છે.—શ્રીધર

अध्याय २५ मो*

આત્માની નિર્ગુણતાનું પ્રતિપાદન કરવા માટે સત્ત્વાદિ ગુણોની વૃત્તિઓનું નિરૂપણ

॥ श्रीभगवानुवाच ॥

गुणानामसम्मिश्राणां पुमान् येन यथा भवेत्।
तन्मे पुरुषवर्येदमुपधारय शंसतः ॥ १ ॥

શ્રીભગવાન બોલ્યાઃ—'હે પુરુષ શ્રેષ્ઠ ઉદ્ધવ! (પ્રકૃતિ તથા પુરુષનું વિવેકજ્ઞાન ધરાવનારો પુરુષ પણ જ્યાંસુધી ખાસ પ્રયત્ન કરીને ત્રણે ગુણોની વૃત્તિઓને જીતતો નથી ત્યાંસુધી તેનાં સુખ-દુઃખાદિ દ્વંદ્વોની નિવૃત્તિ થતી નથી; માટે તે વૃત્તિઓને જીતવાનો ઉપાય જાણવો આવશ્યક છે, એમ માનીને હું ત્રણ ગુણોની વૃત્તિઓનું અહીં નિરૂપણ કરું છું.) જુદા જુદા ગુણોમાંથી

* આ અધ્યાયમાં પોતાના નિર્ગુણપણાનું પ્રતિપાદન કરવા માટે ચિત્તમાં થતી સત્ત્વાદિ ગુણોની વૃદ્ધિઓ અનેક પ્રકારે વર્ણવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે ગુણ વડે પુરુષ જેવો થઈ જાય છે, તે વિષે હું તમને કહું છું; તે તમે મારી પાસેથી ધ્યાનપૂર્વક સાંભળો.[૧] માનસિક નિગ્રહ, બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ, સહનશીલતા, વિવેક, સ્વધર્મમાં વર્તન, પૂર્વાપર અનુસંધાનરૂપ સ્મૃતિ, જે કંઇ મળી આવે તેથી સંતોષ, ધન વગેરે વાપરી જાણવાનો સ્વભાવ, વિષયોના તરફ વૈરાગ્ય, ગુરુ વગેરેની ઉપર શ્રદ્ધા, અયોગ્ય કર્મ કરવામાં લજ્જા, દાન, સરળતા, વિનય તેમજ આત્મસ્વરૂપ ઉપર પ્રીતિ—આ બધી સત્ત્વગુણની વૃત્તિઓ છે.[૨] ઇચ્છા, વ્યાપાર, મદ, લાભ છતાં અસંતોષ, ગર્વ, ધનાદિની ઇચ્છાથી દેવતા વગેરેની પ્રાર્થના, ભેદબુદ્ધિ, વિષયભોગ, મદથી યુદ્ધ વગેરેનો આવેશ, પોતાની સ્તુતિ ઉપર પ્રીતિ, હાસ્ય, પ્રભાવ પ્રકટ કરવો તેમજ બળ વડે (ફળના આગ્રહપૂર્વક) ઉદ્યમ કરવો+ આ સઘળી રજોગુણની વૃત્તિઓ છે.[૩] ક્રોધ, લોભ, અસત્ય, હિંસા, યાચના, દંભ, શ્રમ, કલહ, શોક, મોહ, દુઃખ, દીનતા, નિદ્રા, આશા, ભય અને ઉદ્યમ ન કરવો તે—આ બધી તમોગુણની વૃત્તિઓ છે.[૪] આ સત્ત્વગુણની, રજોગુણની તથા તમોગુણની વૃત્તિઓનું મેં* લગભગ વર્ણન કર્યું; હવે તે ત્રણે ગુણો જેમાં મિશ્ર હોય છે તેવી વૃત્તિઓ હું કહું છું, સાંભળો.[૫] હે ઉદ્ધવ! 'હું, મારું' એવી બુદ્ધિ તે સન્નિપાત છે—ગુણોનું મિશ્રપણું છે; મન, ઇન્દ્રિયો તથા પ્રાણોથી જે વ્યવહાર થાય છે તે સન્નિપાત છે—ગુણોની મિશ્રતાથી ઉત્પન્ન થયેલો છે.[૬]† પુરુષ જ્યારે ધર્મ, અર્થ તથા કામમાં સ્થિતિવાળો થાય છે, ત્યારે તેની એ સ્થિતિ ગુણોની મિશ્રતાથી થયેલી સમજવી અને તે શ્રદ્ધા, રતિ તેમજ ધનને પ્રાપ્ત કરે છે.+[૭] પુરુષ જ્યારે પ્રવૃત્તિરૂપી લક્ષણવાળા કામ્યધર્મમાં નિષ્ઠા રાખે છે, ગૃહસ્થાશ્રમમાંજ આસક્ત થાય છે અને પછી નિત્યનૈમિત્તિક સ્વધર્મમાં સ્થિતિ કરે છે ત્યારે પણ ગુણોની તે મિશ્રતાજ થયેલી જાણવી.÷[૮] શમદમાદિ વૃત્તિઓ ઉપરથી પુરુષ, સત્ત્વગુણવાળો છે, એમ અનુમાન કરવું; કામ વગેરે વૃત્તિઓ ઉપરથી પુરુષ રજોગુણવાળો છે, એમ અનુમાન કરવું અને ક્રોધ વગેરે ઉપરથી પુરુષ તમોગુણવાળો છે, એમ અનુમાન કરવું.[૯] જ્યારે કોઇ પણ અપેક્ષાથી રહિત થઇને (નિષ્કામપણે) પોતાનાં કર્મોથી ભક્તિપૂર્વક મારું ભજન કરે, ત્યારે તેવા પુરુષને કે સ્ત્રીને સત્ત્વગુણી સ્વભાવનાં જાણવાં.જ્યારે કોઇ પણ વિષયની આશા રાખી (સકામપણે) પોતાનાં કર્મોથી મારું ભજન કરે ત્યારે તેને રજોગુણી સ્વભાવનો જાણવો અને જ્યારે શત્રુમારણ આદિ હિંસા ઇચ્છીને મારું ભજન કરે ત્યારે તેને તમોગુણી જાણવો.[૧૦,૧૧]× સત્ત્વગુણ, રજોગુણ તેમજ તમોગુણ, એ ત્રણે ગુણો જીવના છે, મારા નથી; કારણ કે તે ગુણો (જીવને ઉપાધિરૂપ એવા) ચિત્તમાં પ્રકટ થાય છે અને તે ગુણોથી (દેહરૂપ થયેલાં) ભૂતોમાં આસક્ત થનારો જીવ બંધાય છે (હું તો ભૂતોમાં આસક્ત થતો નથી અને ગુણોનો નિયંતા હોઈ સૃષ્ટિ વગેરે કરું છું, છતાં નિત્યમુક્તજ છું; માટે જીવના કરતાં

+ ન્યાયથી (નિષ્કામ ભાવથી) ઉદ્યમ કરવો તે તો સાત્ત્વિક છે. —શ્રીધર

* 'લગભગ વર્ણન' એમ કહેવાનો એ ભાવ છે કે, વર્ણવેલી વૃત્તિઓ સિવાયની બીજી પણ વૃત્તિઓ છે તે જાણી લેવી. —શ્રીધર

† કહેવાનો ભાવ એ છે કે, મન સાત્ત્વિક છે, ઇન્દ્રિયો તામસ છે અને પ્રાણ રાજસ છે; તેથી તે દ્વારા થતો વ્યવહાર ગુણોની મિશ્રતાથીજ થયેલો સમજવો. —શ્રીધર

+ કારણ કે ધર્મ, અર્થ અને કામ સત્ત્વ, તમસ તથા રજોગુણનાં કાર્ય છે અને તેનાં ફળ શ્રદ્ધા, રતિ તથા ધન પણ સત્ત્વ, રજસ તથા તમસ છે. —શ્રીધર

÷ કેમકે કામ્ય ધર્મ, ગૃહાસક્તિ તથા સ્વધર્મ રજોગુણ, તમોગુણ તથા સત્ત્વગુણમય છે. —શ્રીધર

× કદાચ ઉદ્ધવ કહે કે, તમે પણ ગુણને વશ છો અને તમારામાં પણ કર્તૃત્વ વગેરે તો જોવામાં આવે છે તો કઈ વિશેષતાથી તમે સેવવા યોગ્ય છો અને જીવ સેવક છે? વળી કયા આધારે તમે વારંવાર કહો છો કે, મારું ભજન કરવું? આનો ઉત્તર આ શ્લોકમાં આપે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારામાં ઘણીજ વિશેષતા છે.)[12] પ્રકાશક, સ્વચ્છ અને શાંત એવો સત્ત્વગુણ જ્યારે બીજા બે ગુણોને જીતે છે ત્યારે પુરુષ સુખ, ધર્મ તથા જ્ઞાન વગેરેથી યુક્ત થાય છે;[13] પરંતુ જ્યારે સંગ કરાવવામાં કારણરૂપ અને પ્રવૃત્તિના સ્વભાવવાળો રજોગુણ સત્ત્વગુણને તથા તમોગુણને જીતે છે ત્યારે પુરુષ દુઃખ, કર્મ, યશ તથા લક્ષ્મીથી યુક્ત થાય છે[14] અને જ્યારે વિવેકનો નાશ કરનાર, આવરણરૂપ અને અનુદ્યમસ્વરૂપ એવો તમોગુણ, સત્ત્વગુણ તથા રજોગુણને જીતે છે ત્યારે પુરુષ શોક, મોહ, નિદ્રા, હિંસા તથા આશાથી યુક્ત થાય છે.[15] જ્યારે ચિત્ત પ્રસન્ન થાય, ઇન્દ્રિયો શાંત થાય, દેહમાં નિર્ભયતા જણાય અને મન સંગરહિત થાય ત્યારે તમારે જાણવું કે, મારી પ્રાપ્તિના સ્થાનરૂપ એવો સત્ત્વગુણ વધ્યો છે.[16] જ્યારે ક્રિયાથી વિકાર પામતો પુરુષ ચોતરફ વિક્ષિપ્ત બુદ્ધિવાળો થાય તથા જ્ઞાનેન્દ્રિયોને શાંતિ ન જણાય, કર્મેન્દ્રિયો અસ્વસ્થ બને–તેઓમાં વિકાર વધી પડે અને મન ચંચળ બની જાય, ત્યારે એ લક્ષણો ઉપરથી તમારે જાણવું કે, રજોગુણ વધી પડ્યો છે.[17] વળી જ્યારે ચિત્ત સિદાતું હોય અને ચિદાકારરૂપે પરિણામ પામવા અસમર્થ થઇ લય પામી જાય; તેમજ સંકલ્પરૂપ મન પણ લય પામી જાય, અજ્ઞાન ઉત્પન્ન થાય અને ખેદ થાય ત્યારે તમારે જાણવું કે, તમોગુણ વધી પડ્યો છે.[18] હે ઉદ્ધવ! સત્ત્વગુણ વધે ત્યારે દેવોનું બળ વધે છે; રજોગુણ વધે ત્યારે અસુરોનું બળ વધે છે તેમજ તમોગુણ વધે છે, ત્યારે રાક્ષસોનું બળ વધે છે.[19] સત્ત્વગુણથી પ્રાણીને જાગ્રદવસ્થા, રજોગુણથી સ્વપ્નાવસ્થા અને તમોગુણથી સુષુપ્તિ અવસ્થા થાય છે. ચોથી જે તુર્યાવસ્થા છે તે પૂર્વોક્ત ત્રણે અવસ્થાઓમાં એકરૂપ આત્મતત્ત્વજ છે, એમ સમજવું.[20] સત્ત્વગુણથી વેદોક્ત ક્રિયાઓમાં તત્પર રહેનારા મનુષ્યો, ઉપર ઉપરના લોકમાં જાય છે; તમોગુણથી સ્થાવર સુધીના નીચા નીચા લોકમાં જાય છે અને રજોગુણથી વચ્ચેના મનુષ્યલોકમાં ભમ્યા કરે છે.[21] સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે મરણ પામેલા મનુષ્યો સ્વર્ગલોકમાં જાય છે, રજોગુણની વૃદ્ધિ હોય ત્યારે મરણ પામેલાઓ મનુષ્યલોકમાં જાય છે, તમોગુણની વૃદ્ધિ હોય ત્યારે મરણ પામેલાઓ નરકમાં જાય છે અને નિર્ગુણ મનુષ્યો મનેજ પામે છે.[22] જે પોતાનું કર્મ મારી પ્રીતિના ઉદ્દેશથી કરવામાં આવ્યું હોય અને કેવળ દાસભાવથીજ કર્યું હોય, તે કર્મ સાત્ત્વિક છે; જે કર્મ ફળના સંકલ્પથી કર્યું હોય તે રાજસ છે અને જે કર્મ પુષ્કળ હિંસા વગેરેથી યુક્ત હોય તે તામસ છે. જે જ્ઞાન 'હું દેહથી જુદો છું' આવા પ્રકારનું હોય તે સાત્ત્વિક કહેવાય છે; જે જ્ઞાન 'હું દેહથી જુદો નથી' આવા પ્રકારનું હોય, તે રાજસ કહેવાય છે; જે જ્ઞાન બાળક–મૂંગા–વગેરેના જ્ઞાન જેવું પ્રાકૃત હોય તે તામસ કહેવાય છે અને હું–પરમેશ્વર વિષેનું જ્ઞાન તે નિર્ગુણ કહેવાય છે. વન તે સાત્ત્વિક નિવાસસ્થળ છે, ગામ તે રાજસ નિવાસસ્થળ છે, જુગારખાનું તે તામસ નિવાસસ્થળ છે અને મારું મંદિર તે નિર્ગુણ નિવાસસ્થળ છે. ફળમાં આસક્ત નહિ થઇને કર્મ કરનારો તે સાત્ત્વિક કર્તા છે; ફળ પરના રાગથી અંધ બની કર્મ કરનારો રાજસ કર્તા છે; આગળપાછળના અનુસંધાનથી રહિત થઇ કર્મ કરનારો તામસ કર્તા છે અને કેવળ મારુંજ શરણ લઇ કર્મ કરનારો નિર્ગુણ કર્તા કહેવાય છે.[23–26] વેદાંતશાસ્ત્ર ઉપરની શ્રદ્ધા તે સાત્ત્વિકી શ્રદ્ધા છે; કર્મો ઉપરની શ્રદ્ધા તે રાજસી શ્રદ્ધા છે; અધર્મ ઉપરની શ્રદ્ધા તે તામસી શ્રદ્ધા છે અને મારી સેવામાં શ્રદ્ધા તે નિર્ગુણ શ્રદ્ધા કહેવાય છે.[27] જે ભક્ષ્ય અને ભોજ્ય વગેરે આહાર હિતકારક હોય, શુદ્ધ હોય તેમજ અનાયાસે મળી આવ્યો હોય તેને સાત્ત્વિક કહ્યો છે; જે આહાર ભોગકાળે ઇન્દ્રિયોને સુખ આપનારો હોય તે (તીખો, ખાટો, ખારો વગેરે)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આહાર રાજસ કહેવાય છે; તેમજ જે આહાર દીનતા કરાવનારો હોઇને અશુદ્ધ હોય તે તામસ કહેવાય છે. (પણ જે આહાર મને નિવેદન કરવામાં આવ્યો હોય તે નિર્ગુણ છે.)[28] આત્માનું સુખ તે સાત્ત્વિક છે; વિષયોથી થનારું સુખ રાજસ છે; મોહ તથા દીનતાથી ઉત્પન્ન થનારું સુખ તામસ છે અને મારા આશ્રયથી ઉત્પન્ન થનારું સુખ નિર્ગુણ છે. આ પ્રમાણે દ્રવ્ય, દેશ, ફળ, કાળ, જ્ઞાન, કર્મ, કર્તા, શ્રદ્ધા, અવસ્થા અને દેવતા વગેરેની આકૃતિ—એ સર્વે સાત્ત્વિક, રાજસ અને તામસ—એમ ત્રણ ગુણોયુક્ત છે. હે પુરુષશ્રેષ્ઠ! (કેવળ ઉપર ગણાવેલાજ પદાર્થ ત્રિગુણાત્મક છે એમ નથી, પણ) પ્રકૃતિ પુરુષરૂપ અધિષ્ઠાનથી ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થો કે જેઓ જોવામાં આવે છે, સાંભળવામાં આવે છે ને બુદ્ધિથી વિચારવામાં આવે છે તેઓ સર્વે ત્રણ ગુણવાળા છે. જીવને દેવ—મનુષ્ય વગેરે આ સર્વ જન્મો ગુણ તથા કર્મોથી પ્રાપ્ત થાય છે અને ચિત્તમાંજ પ્રકટ થાય છે; માટે હે સૌમ્ય! જે જીવે આ ગુણોને (તથા કર્મોને) જીત્યા છે, તે જીવ, (અચળ) ભક્તિયોગદ્વારા મારામાં નિષ્ઠાવાળો થઇ મોક્ષ પામવાને યોગ્ય થાય છે, માટે જ્ઞાન—વિજ્ઞાનનો જેમાં સંભવ છે એવા આ મનુષ્યશરીરને પામીને સુજ્ઞ મનુષ્યોએ ગુણસંગનો ત્યાગ કરી મારું ભજન કરવું. વિદ્વાન મનુષ્યે સર્વ સંગનો ત્યાગ કરી અપ્રમાદી તથા જિતેન્દ્રિય થઇને મારું ભજન કરવું ને સત્ત્વગુણના સેવનથી રજોગુણને તથા તમોગુણને જીતવા. પછી સાવધાન થઈ ઉપશમરૂપ તે સત્ત્વગુણથીજ શાંત બુદ્ધિવાળા તે મુનિએ સત્ત્વગુણને પણ જીતી લેવો;[29-35] એ રીતે ગુણોથી મુક્ત થયેલો જીવ, જીવપણાના કારણરૂપ એવા લિંગશરીરનો ત્યાગ કરી મને પ્રાપ્ત થાય છે; અને (મને પ્રાપ્ત થયા) પછી અંતઃકરણમાં ઉત્પન્ન થનારા ગુણોથી અને લિંગશરીરથી મુક્ત થયેલો તે જીવ, બ્રહ્મસ્વરૂપ એવા મારાથીજ પૂર્ણ બની જઈને (વિષયભોગ માટે) બહાર ધૂમતો નથી અને (વિષયોના સ્મરણથી) અંદર વિચરતો નથી. (અર્થાત્ તે જીવ જીવન્મુક્ત બની રહે છે.)[36]

जीवो जीवविनिर्मुक्तो गुणैश्चाशयसंभवैः ।
मयैव ब्रह्मणा पूर्णो न बहिर्नांतरश्चरेत् ॥३६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૫ મો સમાપ્ત

अध्याय २६ मो*

દુષ્ટના સંગથી યોગનિષ્ઠાનો નાશ અને સત્સંગથી તેની પરાકાષ્ઠા

॥ श्रीभगवानुवाच ॥

मल्लक्षणमिमं कायं लब्ध्वा मद्धर्म आस्थितः ।
आनंदं परमात्मानमात्मस्थं समुपैति माम् ॥१॥

શ્રીભગવાન બોલ્યાઃ—'જે દ્વારા મારું સ્વરૂપ જણાય છે તે આ મનુષ્યશરીર પ્રાપ્ત કરીને ભક્તિરૂપી મારા ધર્મમાં રહેલો મનુષ્ય, પોતાની અંદરજ નિયંતારૂપે રહેલા મને—આનંદસ્વરૂપ પરમાત્માને સારી રીતે પામે છે.[1] જ્ઞાનનિષ્ઠાને લીધે ગુણમય એવી જીવઉપાધિ—લિંગશરીરથી મુક્ત થયેલો પુરુષ, અવસ્તુરૂપે દેખાતા તેમજ કેવળ માયારૂપ એવા ગુણોમાં વર્તી રહ્યો હોય તે છતાં, એ મિથ્યા ગુણોના સંગને પામતો નથી.[2] (જ્ઞાનનિષ્ઠ) મનુષ્યે શિશ્ન તથા ઉદરને તૃપ્ત કરનારા દુષ્ટ મનુષ્યોનો સંગ કદી પણ કરવો નહિ. કારણ કે તેવા એક પણ દુર્જનને અનુસરનારો મનુષ્ય, આંધળાની પાછળ ચાલનારો આંધળો જેમ ખાડામાં પડે છે, તેમ અંધતમસ્ (નામના) નરકમાં પડે છે.[3] મહાયશસ્વી એવો ચક્રવર્તી ઐલ (પુરૂરવા) રાજા, ઉર્વશીના વિરહથી (પ્રથમ) મોહ પામ્યો હતો; જેથી પોતાને તજીને ચાલી જતી ઉ-

* આ અધ્યાયમાં દુષ્ટોના સંગથી યોગનિષ્ઠાનો વિઘાત થાય છે તેમજ સજ્જનોના સંગથી યોગનિષ્ઠાની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે, એ કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વંશીની પાછળ ગાંડાની પેઠે વ્યાકુળ બની જઇ 'ઓ ભયંકર સ્ત્રિ! ઊભી રહે!' એવા વિલાપ કરતો ગયો હતો. એ રાજા (ઉર્વશી જ્યારે પોતાની પાસે હતી ત્યારે) અનેક વિષયો ભોગવતો ભોગવતો અતૃપ્તજ રહ્યો હતો અને ઉર્વશીએ તેના જ્ઞાનને એટલું બધું હરી લીધું હતું, કે જેથી વર્ષોની કેટલી રાત્રિઓ ગઈ અને કેટલી આવવાની છે, તે પણ તેણે જાણ્યું ન હતું. (પાછળથી ઉર્વશીના લોકને પામી ઘણા કાળપર્યંત તેને ભોગવીને) જ્યારે તેનો શોક દૂર થયો અને તેને (વિષયો પ્રત્યે) વૈરાગ્ય થયો ત્યારે તેણે આ ગાથાઓ ગાઇ હતી:[૪-૬]

ઐલ રાજાએ કહ્યું:—'અહો! મારો મોહવિસ્તાર ખરેખર આશ્ચર્યકારક છે. દેવી ઉર્વશીએ મારા કંઠમાં આલિંગન કર્યું અને મારું મન કામથી મલિન બન્યું, કે જેથી આ (રાત્રિદિવસરૂપી) મારા આયુષ્યના ટુકડાઓ (ચાલ્યા ગયા છે તે પણ) મેં જાણ્યા નથી.[૭] અફસોસ! આ ઉર્વશીએ મને ઠગ્યો છે; જેથી (તેણીની સાથે રમતાં) સૂર્ય ક્યારે ઊગ્યો કે અસ્ત પામ્યો અને સંખ્યાબંધ વર્ષોના કેટલા દિવસો વીતી ગયા, તે પણ મેં જાણ્યા નથી.[૮] અહો! મારો માનસિક મોહ કેવો, કે જે મોહે રાજાઓના શિરોમણિ અને ચક્રવર્તી એવા મારા દેહને સ્ત્રીઓના એક રમકડાં જેવો કરી મૂક્યો છે![૯] રાજ્ય વગેરે સહિત આ ચક્રવર્તી મારા આત્માને એક તણખલાની માફક તજી દઈ (ભાન ભૂલીને) હું ગાંડાની પેઠે નાગો નાગો ને રડતો રડતો, ચાલી જતી સ્ત્રીની પાછળ ગયો હતો.[૧૦] હું કે જે ગધેડાની પેઠે (ઉર્વશીના) પગની લાતો ખાઇ રહ્યો હતો, છતાં તે ચાલી જતી સ્ત્રીની પાછળ પાછળ ગયો હતો; તે મારામાં પ્રભાવ, તેજ કે ઐશ્વર્ય ક્યાંથી રહે?[૧૧] જેના મનને સ્ત્રીએ હરી લીધું હોય છે તેવા પુરુષને વિદ્યા, તપ, ત્યાગ, શાસ્ત્રજ્ઞાન, એકાંતસેવન અથવા મૌનથી શું ફળ છે? કાંઇ નથી.[૧૨] સ્વાર્થને નહિ જાણનાર અને મૂર્ખ છતાં પોતાને પંડિત માનનાર મને ધિક્કાર છે, કે જે હું રાજાપણું પ્રાપ્ત કરીને પણ બળદ અને ગધેડાની પેઠે સ્ત્રીઓથી જિતાઇ ગયો છું.[૧૩] હું અનેક વર્ષો થયાં ઉર્વશીના અધરામૃતનું પાન કરી રહ્યો છું, છતાં આહુતિઓથી જેમ અગ્નિ તૃપ્ત ન થાય તેમ મારો કામ તેનાથી તૃપ્ત થતો નથી.[૧૪] વ્યભિચારિણી સ્ત્રીએ હરી લીધેલા ચિત્તને છોડાવવા માટે આત્મારામ પુરુષોના ઈશ્વર અને ઇન્દ્રિયજ્ઞાનથી પર એવા ભગવાન વિના બીજો કોણ સમર્થ છે? મને દુર્મતિને દેવી ઉર્વશીએ પ્રિય અને હિતકારક વચનો વડે સમજાવ્યો છે છતાં, મારો અજિતાત્માનો માનસિક મહામોહ દૂર થતો નથી. અથવા આ ઉર્વશીએ મારો શો ઉપકાર કર્યો છે? કંઇજ નથી કર્યો. દોરીના સ્વરૂપને નહિ જાણનારા મનુષ્યને એ દોરીમાં સર્પની ભ્રમણા થવાથી ખેદ થાય તેમાં દોરીનો શો અપરાધ? કારણ કે હું અજિતેન્દ્રિય છું—અજિતેન્દ્રિય હોવાથી હુંજ અપરાધી છું.[૧૫-૧૭] મલિન અને દુર્ગંધ વગેરેથી ભરપૂર આ અપવિત્ર (સ્ત્રીનો) દેહ ક્યાં અને ઉત્તમ મન વગેરે (સુગંધમય) ગુણો ક્યાં? ખરેખર, આ મલિન વસ્તુ ઉપર પણ ઉત્તમપણાનો મને જે અધ્યાસ થયો છે, તે મારા અજ્ઞાનથીજ થયો છે.[૧૮] (આ શરીર ઉપરની મમતા તે પણ કેવળ કલ્પિતજ છે.) આ દેહ શું માતા—પિતાનો હશે? (કારણ કે તેને તેઓ ઉત્પન્ન કરે છે); અથવા સ્ત્રીનો હશે? (કારણ કે તેને તે ભોગ આપે છે); અથવા શું સ્વામીનો હશે? (કારણ કે સ્વામીને તે અધીન રહે છે); અથવા શું કૂતરાં કે ગીધડાંનો હશે? (કારણ કે તેઓનું તે ભક્ષ્ય છે); અથવા શું આત્માનો હશે? (કારણ કે આત્માએ કરેલાં શુભ—અશુભને તે ભોગવે છે); અથવા આ દેહ પ્રિય મિત્રોનો હશે? (કેમકે તેઓનો તે ઉપકાર કરે છે); આમ વિચાર કરતાં પણ આ દેહ કોનો છે તેનો નિશ્ચય થઇ શકતો નથી.[૧૯] તે અપવિત્ર અને તુચ્છ પરિણામવાળા શરીરમાં પુરુષ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આસક્ત થાય છે; જેમકે 'અહો! આ સ્ત્રીનું મુખ કેવું સુખકારક, સુંદર નાકવાળું અને મનોહર મંદહાસ્યવાળું છે!'[૨૦] ત્વચા, માંસ, રુધિર, સ્નાયુ, મેદ, મજ્જા અને હાડકાંના સમુદાયરૂપ અને વિષ્ટા તથા મૂત્રથી દુર્ગંધવાળા આ શરીરમાં રમણ કરનારા પુરુષોમાં અને કીડાઓમાં કેટલું અંતર છે? કંઇજ અંતર નથી.[૨૧] માટે વિવેકી પુરુષે સ્ત્રીઓનો કે સ્ત્રીલંપટ પુરુષોનો પણ સંગ કરવો નહિ. કારણ કે વિષયો તથા ઇન્દ્રિયોના સંગથી મન ક્ષોભ પામે છે, બીજા પ્રકારે મન ક્ષોભ પામતું નથી.[૨૨] જે વસ્તુ કદી જોયેલી હોતી નથી કે સાંભળેલી હોતી નથી, તે વસ્તુથી મનને ક્ષોભ થતો નથી; તેથી ઇન્દ્રિયોને વિષયોમાં નહિ જોડનાર મનુષ્યનું મન નિશ્ચળ થઇને શાંત થાય છે.[૨૩] માટે પુરુષે સ્ત્રીઓનો કે સ્ત્રીલંપટ પુરુષોનો ઇન્દ્રિયોથી સંગ કરવો નહિ. કેમકે વિદ્વાનોને પણ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન વિશ્વાસ કરવા યોગ્ય નથી; તો પછી મારા જેવાઓને તો તે વિશ્વાસ કરવા યોગ્ય કેમ કરીને હોય?[૨૪]

શ્રીભગવાન બોલ્યાઃ—'એ પ્રમાણે ગાતો મહારાજા પુરૂરવા, ઉર્વશીના લોકનો ત્યાગ કરી આત્મારૂપ એવા મને પોતાને વિષે જાણીને જ્ઞાનદ્વારા મોહનો નાશ કરી શાંત થયો હતો.[૨૫] માટે બુદ્ધિમાન પુરુષે દુષ્ટોના સંગનો ત્યાગ કરી સજ્જનોનો સંગ કરવો; કેમકે સાધુજનો શરણે આવેલાના મનની આસક્તિને હિતોપદેશનાં વચનો વડે કાપી નાખે છે.[૨૬] સાધુજનો વિષયાભિલાષથી રહિત, મારામાંજ મનવાળા, અત્યંત શાંત, સમદષ્ટિવાળા, મમતારહિત, અહંકારરહિત, રાગદ્વેષ, સુખ—દુઃખ આદિ દ્વંદ્વોથી રહિત અને પરિગ્રહથી રહિતઃ હોય છે.[૨૭] હે મહાભાગ્યશાળી ઉદ્ધવ! તે મહાભાગ્યશાળી સત્પુરુષોમાં નિત્ય મારી કથાઓ થયા કરે છે, જે કથાઓ હિતકારી હોઇને સેવન કરનારા મનુષ્યોનાં પાપનો નાશ કરે છે.[૨૮] જે મનુષ્યો મારામાં પરાયણ અને શ્રદ્ધાળુ થઇને તે કથાઓને આદરપૂર્વક સાંભળે છે, ગાય છે તેમજ અનુમોદન આપે છે; તેઓ મારે વિષે ભક્તિને પ્રાપ્ત કરે છે.[૨૯] હે સત્પુરુષ! અનંત ગુણોવાળા અને આનંદાનુભવસ્વરૂપ પરબ્રહ્મ મારા વિષે જેણે ભક્તિ પ્રાપ્ત કરી છે તેવા પુરુષને કયું ફળ બાકી રહે છે? (અર્થાત્ તેને સર્વ કંઈ મળી ચૂક્યું છે.)[૩૦] જેમ અગ્નિભગવાનનું સેવન કરનાર મનુષ્યની ટાઢ, ભય તેમજ અંધકાર દૂર થાય છે, તેમ સત્પુરુષોનું સેવન કરનાર મનુષ્યની પણ કર્મો વિષેની જડતા, ભવિષ્યના સંસારનો ભય અને તેનું મૂળ અજ્ઞાન દૂર થાય છે.[૩૧] જેમ જળમાં ડૂબકાં ખાતા મનુષ્યોને મજબૂત નૌકા પરમ આશ્રયરૂપ થઇ પડે છે, તેમ આ ઘોર સંસારરૂપ સમુદ્રમાં નીચે જઇ ઊંચે જતા (એટલે નીચ—ઉચ્ચ યોનિઓમાં પડતા) મનુષ્યોને બ્રહ્મ જાણનારા શાંત સત્પુરુષો પરમ આશ્રયરૂપ થઇ પડે છે.[૩૨] જેમ અન્ન પ્રાણીઓના પ્રાણરૂપ છે, જેમ હું દુઃખીઓના શરણરૂપ છું અને ધર્મ જેમ મનુષ્યોનું પરલોકનું ધન છે; તેમજ સત્પુરુષો સંસારમાં પડવાથી ડરતા મનુષ્યોને શરણરૂપ છે.[૩૩] સૂર્ય સારી રીતે ઉદય પામ્યો હોય ત્યારે તે બહારની ચક્ષુ—ઇન્દ્રિયનેજ પ્રકાશ આપે છે; પણ સત્પુરુષો તો સગુણ તથા નિર્ગુણ જ્ઞાનને અર્પણ કરે છે. માટે સત્પુરુષો દેવતા અને બાંધવરૂપ છે; તેમજ સત્પુરુષો તે આત્મારૂપ એવો હુંજ છું.[૩૪] એ રીતે પુરૂરવા પણ ઉર્વશીના લોકથી નિઃસ્પૃહ થઇ સત્સંગ પ્રાપ્ત કર્યા પછી સર્વ સંગનો ત્યાગ કરીને આત્મામાં રમણ કરતો આ પૃથ્વી ઉપર વિચર્યા કરતો હતો.'[૩૫]

**वैतसेनस्ततोऽप्येवमुर्वश्या लोकनिःस्पृहः ।
मुक्तसंगो महीमेतामात्मारामश्चचार ह ॥३५॥**

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૬ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २७ मो*

અંગ સહિત સંક્ષિપ્ત પૂજાવિધિ

॥ उद्धव उवाच ॥

क्रियायोगं समाचक्ष्व भवदाराधनं प्रभो।
यस्मात्त्वां ये यथार्चंति सात्वताः सात्वतर्षभ ॥१

ઉદ્ધવજી બોલ્યાઃ–'હે પ્રભો ! હે યાદવશ્રેષ્ઠ ! ભક્ત લોકો જે કોઈ કારણથી જે કોઇ પ્રકારે આપની પૂજા કરે છે, તે આપની આરાધનારૂપ ક્રિયાયોગ આપ મને કહો.[૧] નારદજી, ભગવાન વ્યાસ અને અંગિરાના પુત્ર આચાર્ય બૃહસ્પતિ–આ મુનિઓ આપની પૂજાનેજ મનુષ્યોના પરમ કલ્યાણરૂપ વારંવાર કહે છે.[૨] આપના મુખકમળમાંથી નીકળેલો (એટલે આપે સ્વમુખે ઉપદેશેલો) જે પૂજાવિધિ ભગવાન બ્રહ્મદેવે ભૃગુ વગેરે પોતાના પુત્રોને કહ્યો હતો અને ભગવાન શંકરે જે પૂજાવિધિ દેવી પાર્વતીને કહ્યો હતો, તે સાંભળવા હું ઇચ્છું છું.[૩] હે માન આપનારા ભગવન્ ! સર્વ વર્ણો, આશ્રમો, સ્ત્રીઓ તથા શૂદ્રોનું પણ કલ્યાણમાંનું ઉત્તમ કલ્યાણ આ મનાયલું છે, એમ હું માનું છું.[૪] હે કમળની પાંખડી સમાન નેત્રવાળા ! હે જગતના ઈશ્વરોના ઈશ્વર ! કર્મોના બંધનથી છોડાવનારું આ કલ્યાણસાધન, મને–આપ ઉપર પ્રેમ ધરાવનારા ભક્તને આપ કહો.'[૫]

શ્રીભગવાન બોલ્યાઃ–' હે ઉદ્ધવ ! કર્મકાંડરૂપી મારી પૂજાનો વિધિ અનંત અને અપાર છે ! તેથી તેનો કંઇ છેડો નથી, માટે હું તમને યથાવત્ અનુક્રમે સંક્ષિપ્ત પૂજાવિધિ કહું છું.[૬] વૈદિક, તાંત્રિક અને મિશ્ર, એમ ત્રણ પ્રકારની મારી પૂજા છે. આ ત્રણમાંથી યથેષ્ટ વિધિ વડે મારી પૂજા કરવી.[૭] જ્યારે પોતાના વેદે કહેલા દ્વિજપણાને પ્રાપ્ત કરી પુરુષ, ભક્તિ તેમજ શ્રદ્ધા વડે જે પ્રકારે મારું પૂજન કરે છે તે તમને હું કહું છું, તમે મારી પાસેથી સાંભળો.[૮] ભક્તિયુક્ત મનુષ્યે પ્રતિમામાં, ભૂમિમાં, સૂર્યમાં, જળમાં, હૃદયમાં કે બ્રાહ્મણમાં દ્રવ્યથી પોતાના ગુરુરૂપ એવા મારી નિષ્કપટપણે પૂજા કરવી.[૯] પ્રથમ તો દાંત સાફ કરીને અંગોની શુદ્ધિ માટે સ્નાન કરવું અને તે પણ માટી વગેરે લઇને વૈદિક તથા તાંત્રિક બન્ને પ્રકારના મંત્રો ભણીને સ્નાન કરવું.[૧૦] પરમેશ્વર વિષેજ જેનો સંકલ્પ હોય એવા પુરુષે, વેદમાં કહેલાં સંધ્યોપાસન વગેરે કર્મો કરવાં જોઇએ; તેમજ તે કર્મોની સાથેજ કર્મબંધનનો નાશ કરનારી મારી પૂજા કરવી.[૧૧] પથ્થરની, લાકડાની, ધાતુની, માટી અથવા ચંદન વગેરેની, ચિત્રની, રેતીની, મણિઓની તથા માનસિક–એ રીતે આઠ પ્રકારની પ્રતિમાઓ કહેલી છે.[૧૨] હે ઉદ્ધવ ! સ્થિર અને ચળ એમ બે પ્રકારની મારી પ્રતિમા હોય છે. એ પ્રતિમાજ મારું મંદિર છે અથવા એ પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠા કરવાથી મારો નિવાસ થાય છે. સ્થિર પ્રતિમામાં પૂજન કરવું હોય તો તેનું આવાહન અને વિસર્જન હોતાં નથી.[૧૩] જે પ્રતિમા ચળ હોય તેમાં (પૂજન કરતી વેળા) આવાહન તથા વિસર્જનનો વિકલ્પ કહેવામાં આવ્યો છે. (એટલે શાલિગ્રામમાં આવાહન તથા વિસર્જન ન કરવાં; રેતીની પ્રતિમામાં આવાહન–વિસર્જન અવશ્ય કરવાં અને તે સિવાયની પ્રતિમાઓમાં આવાહન–વિસર્જન કરે કે ન કરે તોપણ ચાલે.) પૃથ્વીમાં પૂજન કરતી વેળા આવાહન–વિસર્જન બન્ને કરવાં જોઇએ; માટીની કે ચંદન વગેરેની પ્રતિમા સિવાય બીજી પ્રતિમાને સ્નાન કરાવવું; પણ માટીની, ચંદન વગેરેની કે ચિત્રની પ્રતિમાને તો (સ્નાનને બદલે) માર્જનજ કરવું. સકામ ભક્તે અતિ ઉત્તમ પદાર્થોથી પ્રતિમા વગેરેમાં મારી પૂજા કરવી અને નિષ્કામ ભક્તે જે કંઇ મળી આવે તે પદાર્થોથી મારી પૂજા કરવી. જ્યાં ચંદન વગેરે

* આ અધ્યાયમાં સત્વર ચિત્તશુદ્ધિ કરનાર અને સર્વ કામનાઓની પ્રાપ્તિનું કારણ એવા ભગવાનની પૂજાનો વિધિ અંગસહિત સંક્ષેપમાં કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પદાર્થો સર્વથા ન મળે ત્યાં તે તે પદાર્થોની હૃદયમાં ભાવના કરીને મારી પૂજા કરવી અથવા જો હૃદયમાંજ મારી પૂજા કરવી હોય તો માનસિક પદાર્થોથી મારી પૂજા કરવી. હે ઉદ્ધવ! સ્નાન કરાવવું અને અલંકારો પહેરાવવા—એ અત્યંત પ્રિય હોય તો તે મારી પ્રતિમામાંજ કરવાં. પૃથ્વીમાં પૂજન કરવું હોય તો જુદાં જુદાં સ્થાનોમાં અંગોની તથા પ્રધાન દેવતાઓની તે તે મંત્રોથી સ્થાપના કરવી, અગ્નિમાં જો પૂજન કરવું હોય તો ઘીથી ભરપૂર એવું હવિષ અગ્નિમાં હોમવું; જો સૂર્યમાં પૂજન કરવું હોય તો ઉપસ્થાન તેમજ અર્ધ્ય વગેરેથી કરવું અને જળમાં જો પૂજન કરવું હોય તો તર્પણ વગેરેથી કરવું.[૧૪-૧૬] ભક્ત મનુષ્યે શ્રદ્ધાથી મને જળ અર્પણ કરેલું હોય તોપણ તે મને અત્યંત પ્રિય થઇ પડે છે; ત્યારે અભક્ત મનુષ્યે ગંધ, ધૂપ, પુષ્પો, દીપ તેમજ અન્ન વગેરે પુષ્કળ અર્પણ કર્યું હોય તોપણ તે મને સંતોષ માટે થતું નથી; તો આમાં વળી વધારે શું કહેવું?[૧૭।૧૮] મનુષ્યે સ્નાનાદિથી પવિત્ર થઈ, પૂજાસાહિત્ય એકઠાં કરી પૂર્વ દિશા તરફ મુખવાળા દર્ભોનું આસન ગોઠવવું અને પછી પૂર્વ દિશા તરફ અથવા ઉત્તર દિશા તરફ પોતાનું મુખ રાખીને મારી પૂજા કરવી; પરંતુ મારી પ્રતિમા જો સ્થિર હોય તો પ્રતિમા સામે મુખ રાખીને પૂજા કરવી.[૧૯] (પૂજાના આરંભમાં ગુર્વાદિને નમસ્કાર કરીને ઉપદેશ અનુસાર) પોતાને વિષે ન્યાસ કરી મારી પ્રતિમાને વિષે પણ ન્યાસ કરવા અને પછી તે પ્રતિમાને પોતાના હાથથી (નિર્માલ્ય વગેરે દૂર કરી) સાફ કરવી અને પછી જળથી ભરેલા કળશનો ને પ્રોક્ષણ માટેના જળપાત્રનો (શાસ્ત્રોક્ત વિધિએ) ચંદન–પુષ્પ આદિથી સંસ્કાર કરવો.[૨૦] પછી પ્રોક્ષણપાત્રના જળથી દેવપૂજાના પદાર્થોને તથા પોતાને પ્રોક્ષણ કરી પાદ્ય, અર્ધ્ય તેમજ આચમન માટેનાં ત્રણ પાત્રોને કળશના જળથી ભરીને તે તે દ્રવ્યોથી તેઓને તૈયાર કરવાં.×[૨૧] પછી આચાર્યે પાદ્ય, અર્ધ્ય તથા આચમનીય, એ ત્રણ પાત્રોને અનુક્રમે હૃદયના મંત્રથી, મસ્તકના મંત્રથી તથા શિખાના મંત્રથી મંત્રીને છેવટે તે ત્રણે પાત્રોને ગાયત્રી મંત્રથી મંત્રિત કરવાં.[૨૨] તે પછી કોઠામાં રહેલા વાયુથી શોષણ કરેલા, આધારચક્રમાં રહેલા અગ્નિથી બાળી નાખેલા અને લલાટમાં રહેલા ચંદ્રમંડળના અમૃતથી તરબોળ કરવાને લીધે અમૃતમય થયેલા પોતાના દેહમાં હૃદયકમળની અંદર રહેલી સૂક્ષ્મ શ્રીનારાયણની મૂર્તિનું ધ્યાન કરવું; જે મૂર્તિને (ૐકારના अ, उ, म्, બિંદુ તથા નાદના પાંચ અંશોમાં) સિદ્ધ લોકો નાદને અંતે ધ્યાન કરે છે.[૨૩] જેમ દીવાની કાંતિથી ઘર વ્યાપ્ત થાય છે, તેમ પોતાના ભાવેજ ચિંતવેલી તે મૂર્તિથી અમૃતમય એવું પોતાનું શરીર વ્યાપ્ત થઇ જાય; એટલે તે પોતાના દેહમાંજ પ્રથમ માનસિક ઉપચારોથી તેની પૂજા કરીને તન્મય થઇ જવું; પછી તે (મારી નારાયણ) મૂર્તિનું બાહ્યપ્રતિમા વગેરેમાં આવાહન કરી (સ્થાપનમુદ્રાથી) સ્થાપન કરી અંગન્યાસ કર્યા પછી મારું પૂજન કરવું.[૨૪] (તે આ પ્રકારે) ધર્મ વગેરે આઠ અને નવ શક્તિઓ વડે મારું ‡આસન ક-

---

× એટલે કેઃ

पाद्ये श्यामाकदूर्वाब्जविष्णुक्रांतादिरिष्यते ।
गंधपुष्पाक्षतयवकुशाग्रतिलसर्षपाः ॥१॥
दूर्वा चेति क्रमादर्घ्यद्रव्याष्टकमुदीरितम् ।
जातीलवङ्गकंकोलैर्मतमाचमनीयकम् ॥२॥

પાદ્યના પાત્રમાં સામો, ધ્રો, કમળ, અપરાજિતા વનસ્પતિ વગેરે નાખવાં; અર્ધ્યના પાત્રમાં ચંદન, પુષ્પ, અક્ષત, જવ, દર્ભના અગ્રભાગ, તલ, સરસવ અને ધ્રો એ આઠ વસ્તુઓ નાખવી અને આચમનના પાત્રમાં જાઇ, લવંગ તથા કંકોલ નાખવાં. —શ્રીધર

‡ આસનકલ્પના આ પ્રમાણે કરવીઃ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્યને આસનરૂપ પલંગના અગ્નિકોણ વગેરે ચાર ખૂણાઓમાં ચાર પાયા તરીકે કલ્પવા; અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય તથા અનૈશ્વર્યને તે આસનરૂપ પલંગનાં પૂર્વાદિ દિશાઓમાં ઈસ–ઉપળાં વગેરે અવયવો કલ્પવા; ત્રણ ગુણોને તે આસનરૂપ પલંગની પાટી તરીકે કલ્પવા; પછી તે આસનની પૂર્વાદિ દિશાઓમાં અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપીને, ઉપર કળી તથા કેસરાઓથી ઉજ્જ્વળ એવા આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરવી. પછી (તે કમળમાં મારું સ્થાપન કરી) વેદ તથા તંત્રશાસ્ત્રમાં કહેલા ભોગ અને મોક્ષની સિદ્ધિ માટે વેદ અને તંત્રશાસ્ત્ર બન્નેમાં કહેલા પ્રકારોથી મને પાદ્ય, આચમન તેમજ અર્ધ્યાદિ ઉપચારો અર્પણ કરવા.[૨૫-૨૬] તે પછી સુદર્શન, પાંચજન્ય, ગદા, તલવાર, બાણ, ધનુષ, હળ, મુસળ, કૌસ્તુભ, માળા તેમજ શ્રીવત્સની પૂજા કરવી. (એટલે સુદર્શનથી માંડી મુસલ સુધીનાં આઠ આયુધોની આઠ દિશાઓમાં અને કૌસ્તુભમાળા તથા શ્રીવત્સની વક્ષઃસ્થળમાં પૂજા કરવી.)[૨૭] તેમજ નંદ, સુનંદ, પ્રચંડ, ચંડ, મહાબલ, બલ, કુમુદ તથા કુમુદેક્ષણ—એ આઠ મારા પાર્ષદોની આઠ દિશાઓમાં પૂજા કરવી અને ગરુડની સંમુખ ભાગમાં પૂજા કરવી.[૨૮] એ સિવાય ચાર ખૂણાઓમાં દુર્ગા, વિનાયક, વ્યાસ અને વિશ્વક્સેનની, ડાબી બાજુમાં ગુરુઓની અને પોતપોતાનાં સ્થાન પૂર્વાદિ દિશાઓમાં ઇન્દ્રાદિ લોકપાલોની અર્ધ્ય વગેરેથી પૂજા કરવી. આ રીતે આ સર્વની મારી સંમુખ પૂજા કરવી.[૨૯] પોતાની પાસે જો વૈભવ હોય તો ચંદન, ખસ, કપૂર, કેસર તથા અગર વડે સુગંધી કરેલા જળથી મંત્રપૂર્વક નિત્ય મને સ્નાન કરાવવું. તે મંત્રો 'સ્વર્ણઘર્મ' નામનો [૧]અનુવાક, મહાપુરુષ,[૨] વિદ્યા, પુરુષસૂક્ત[૩] અને રાજન[૪] તથા રૌહિણ વગેરે સામ આદિ ભણવા.

એ પ્રમાણે સ્નાન કરાવ્યા પછી મારા ભક્તે વસ્ત્ર, જનોઈ, અલંકારો, પાત્રરચના, માળા તેમજ ચંદનના વિલેપનથી પ્રેમપૂર્વક અને યથાયોગ્ય રીતે મને શણગારવો;[૩૦-૩૨] તેમજ મારું પૂજન કરનારાએ શ્રદ્ધાથી પાદ્ય, આચમનીય, ગંધ, પુષ્પ, અક્ષત, ધૂપ, દીપ તથા નૈવેદ્ય મને અર્પણ કરવાં.[૩૩] પોતાની પાસે જો વૈભવ હોય તો ગોળ, દૂધપાક, ઘી, પૂરી, માલપૂડા, લાડુ, દૂધમાં રાંધેલું ઘઉંનું પક્વાન્ન, દહીં તેમજ દાળનું નૈવેદ્ય મને અર્પણ કરવું;[૩૪] ઉપરાંત અભ્યંગ, મર્દન, દર્પણ, દાતણ ને પંચામૃત વગેરેથી સ્નાન કરાવવું; અન્ન, ભક્ષ્ય, ગીત તથા નૃત્ય વગેરે પર્વના દિવસે મને અર્પણ કરવાં અને વૈભવ હોય તો દરરોજ અર્પણ કરવાં.[૩૫] (જેને અધિક ફળની ઇચ્છા હોય તેણે અગ્નિમાં પણ મારી આ પ્રમાણે પૂજા કરવી.) મેખલા, ગર્ત (ખાડો) અને વેદિકા સાથે વિધિપૂર્વક કરેલા કુંડમાં અગ્નિ સ્થાપીને તે પ્રજ્વલિત થયેલા અગ્નિને હાથ વડે ચારે બાજુથી એકઠો કરવો.[૩૬] તે પછી દર્ભ વડે વિધિપૂર્વક તેના પર ચારે બાજુ પ્રોક્ષણ કરવું અને વ્યાહૃતિઓ ભણીને તેમાં સમિધો નાખવારૂપ અન્વાધાન નામનું કર્મ કરીને તે અગ્નિથી ઉત્તરમાં જે દ્રવ્યો હોમને માટે ઉપયોગી હોય તે મૂકી દેવાં અને પછી પ્રોક્ષણી—પાત્રના જળ વડે પ્રોક્ષણ કરી અગ્નિમાં મારું ધ્યાન કરવું.[૩૭] તપેલા સુવર્ણ સમાન તેજવાળા, શંખ—ચક્ર—ગદા—પદ્મ વડે શોભતી ચાર ભુજાઓવાળા, શાંત, કમળના કેસરા જેવાં પીળાં વસ્ત્રવાળા, દેદીપ્યમાન, મુકુટ, કડાં, કંદોરો તથા ઉત્તમ બાજુબંધ ધારણ કરનારા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નથી યુક્ત, પ્રકાશમાન કૌસ્તુભમણિને ધારણ કરનારા અને વનમાળાથી યુક્ત એવા મારું (અગ્નિમાં) ધ્યાન કરતાં કરતાં તેનું પૂજન કરી ઘી વડે ભીંજવેલાં લાકડાં તેમાં નાખવાં અને પછી [૧]આધાર તથા આજ્યભાગ[૨] માટેની આ-

---

વચ્ચે વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્વી, સત્યા, ઈશાના અને અનુગ્રહા નામની નવ શક્તિઓ કલ્પવી. —શ્રીધર

૧. 'सुवर्णं घर्मं परिवेदवेनम्' ઇત્યાદિ સ્વર્ણઘર્મ અનુવાક કહેવાય છે.

૨. जितं ते पुंडरीकाक्ष नमस्ते विश्वभावन।
सुब्रह्मण्य नमस्तेऽस्तु महापुरुष पूर्वज॥
આ શ્લોક મહાવિદ્યા કહેવાય છે.

૩. 'सहस्रशीर्षा' ઇત્યાદિ પુરુષસૂક્ત કહેવાય છે.

૪. 'इन्द्रं नरो नेमधिता हवन्ते' આ ઋચામાં ગવાયલાં રાજનાદિ સામ કહેવાય છે. —શ્રીધર

૧. આધાર આહુતિ—'प्रजापतये स्वाहा', 'इन्द्राय'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હુતિઓ આપીને [3]અષ્ટાક્ષર મૂલમંત્ર વડે તથા પુરુષસૂક્ત વડે પ્રત્યેક ઋચાએ આહુતિ ગ્રહણ કરી 'સ્વાહા' એવું પદ જેને અંતે હોય છે એવા નામમંત્રોથી પૂજાના ક્રમ પ્રમાણેજ ધર્માદિ દેવોને ઉદ્દેશી ઘી વડે તરબોળ એવા હુતદ્રવ્યોનો તે અગ્નિમાં હોમ કરવો અને પછી *સ્વિષ્ટકૃત્ નામનો હોમ કરીને વિદ્વાન પૂજકે અગ્નિમાં રહેલા અંતર્યામી ભગવાનનું પૂજન કરી, તેમને નમસ્કાર કરી પાર્ષદોને બલિદાન આપવું અને પછી (પૂજાસ્થાનમાં આવીને દેવની આગળ બેસી) નારાયણસ્વરૂપ બ્રહ્મનું સ્મરણ કરતાં કરતાં અષ્ટાક્ષર મૂળ મંત્રનો જપ કરવો.[૩૮–૪૨] તે પછી (પ્રતિમા અને અગ્નિ–બન્નેમાં ભગવાનની ભોજનસમાપ્તિ થઇ છે, એવો વિચાર કરીને) આચમન આપીને જે ઉચ્છિષ્ટ હોય તે વિષ્વક્સેનને અર્પણ કરવું. (પછી મારી અનુજ્ઞા લઈ) પોતે ભોજન કરવું અને મને ભગવાનને સુગંધી તાંબૂલ વગેરે મુખવાસ આપી ફરી પણ પુષ્પાંજલિ વગેરે વડે પૂજન કરવું.[૪૩] ગાતાં, સ્તુતિ કરતાં, નૃત્ય કરતાં, મારાં કર્મોને પોતાને વિષે પ્રકટ કરતાં અને મારી કથાઓ સાંભળતાં ને સંભળાવતાં એક મુહૂર્તવાર વ્યગ્રતા છોડીને અવસર મેળવવો.[૪૪] પ્રાચીન તથા અર્વાચીન નાનાંમોટાં સ્તોત્રોથી મારી સ્તુતિ કરીને 'હે ભગવન્! પ્રસન્ન થાઓ' એમ કહી મને દંડવત્ પ્રણામ કરવા.[૪૫] મસ્તકને મારા બન્ને ચરણમાં મૂકી બન્ને હાથે વડે મારા બન્ને ચરણ પકડીને પ્રાર્થના કરવી કે, 'હે ઈશ્વર! જેમાં મૃત્યુરૂપી ગૂડ રહ્યો છે એવા આ સંસારસમુદ્રથી ભયભીત થયેલા અને આપને શરણે આવેલા મારું આપ રક્ષણ કરો. '[૪૬] એ પ્રમાણે પ્રાર્થના કર્યા પછી મેં આપેલી મારી શેષ (નમણ વગેરેને) આદરપૂર્વક મસ્તકે ચઢાવી જો વિસર્જન કરવું હોય તો (પ્રતિમામાં સ્થાપેલા) તેજને ફરી હૃદય વગેરે સ્થાનમાં રહેલા તેજમાં વિસર્જન કરી દેવું.[૪૭] એ પ્રમાણે પ્રતિમા વગેરે પર જ્યારે શ્રદ્ધા થાય ત્યારે પ્રતિમા વગેરેમાં મારી પૂજા કરવી; બાકી તો સર્વનો આત્મા હું સર્વ પ્રાણીઓમાં અને પૂજા કરનાર પોતાને વિષે પણ રહ્યો છું.[૪૮] આ રીતે વૈદિક અને તાંત્રિક મારી પૂજાના ઉપાયરૂપ પ્રકારો વડે જે મનુષ્ય મારું પૂજન કરે છે તે મનુષ્ય આ લોક અને પરલોક બન્નેમાં મારી પાસેથી ઇચ્છિત સિદ્ધિ પ્રાપ્ત કરે છે.[૪૯] (જો શક્તિમાન હોય તો) મનુષ્યે મારું મજબૂત મંદિર કરાવવું અને તેમાં મારી મૂર્તિ સ્થાપીને તે નિમિત્તે પુષ્પોના બગીચાઓ કરાવવા; તેમજ મારી નિત્યપૂજા થઇ શકે, પર્વના દિવસે મોટા મેળાઓ થઇ શકે, વસંત વગેરેના મહોત્સવો થઇ શકે અને મોટાં મોટાં પર્વોના દિવસે પૂજા વગેરેનો પ્રવાહ ચાલુ રહે, તે માટે ક્ષેત્રો, દુકાનો, નગરો તથા ગામડાં (મંદિરને) અર્પણ કરી (તેના ફળ તરીકે) મારા સરખું ઐશ્વર્ય પ્રાપ્ત કરવું. (અર્થાત્ આવું આવું કરનારો મનુષ્ય મારા સમાન ઐશ્વર્યને પામે છે.) મારી પ્રતિષ્ઠા કરીને મનુષ્ય ચક્રવર્તીપણું પામે છે;[૫૦-૫૧] મારું મંદિર બંધાવીને ત્રૈલોક્યનું રાજ્ય મેળવે છે; મારી પૂજા વગેરે કરીને બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે અને ત્રણે કરીને મારી સમાનતાને પામે છે.[૫૨] (પૂર્વોક્ત ફળ સકામ ભક્તને ઉદ્દેશીને કહ્યું છે,) પણ જે મનુષ્ય ભાવથી જે રીતે મારું પૂજન કરે છે તે મનુષ્ય નિષ્કામ ભક્તિયોગને પ્રાપ્ત કરે છે ને તે ભક્તિયોગથી મનેજ પામે છે.[૫૩] જે મનુષ્ય કોઈ દેવને કે બ્રાહ્મણને પોતે આપેલી કે બીજાઓએ આપેલી આજીવિકા

સ્વાહા'–એમ કહી ઉત્તરદક્ષિણ પરિધિની સંધિથી આરંભીને અગ્નિની મધ્યે થઇ પરિધિના અંત સુધી ઘીની ધારા કરવારૂપ હોય છે. —શ્રીધર

૨. આજ્યભાગ તે 'अग्नये स्वाहा', 'सोमाय स्वाहा' એમ કહી હોમ કરવારૂપ હોય છે. —શ્રીધર

૩. અષ્ટાક્ષર મૂલમંત્ર 'ॐ नमो नारायणाय' એ છે. —बालप्रबोधिनी

* સ્વિષ્ટકૃત્ હોમ તે 'अग्नये स्विष्टकृते स्वाहा' એમ કહી કરવાનો હોય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરી લે છે, તે મનુષ્ય એક લાખ વર્ષપર્યંત વિષ્ટા ખાનારો કીડો થયા કરે છે.[૫૪] જે કોઇ સારાં કે નરસાં કર્મ કરે છે, જે મનુષ્ય તે તે કર્મોમાં સહાયક થાય છે, જે તેમાં કારણરૂપ કે પ્રેરણા કરનાર થાય છે અને જે કોઇ તે કર્મોમાં અનુમોદન આપે છે—તે સર્વને મરણ પછી સમાનજ ફળ મળે છે; કારણ કે તેઓ સઘળા તે તે કર્મના ભાગી ગણાય છે; પરંતુ તે તે કર્મમાં જેણે ઘણોજ વધારે ભાગ લીધો હોય તેને અધિક ફળ મળે છે.[૫૫]

कर्तुश्च सारथेर्हेतोरनुमोदितुरेव च ।
कर्मणां भागिनः प्रेत्य भूयो भूयसि तत्फलम् ॥५५

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૭ મો સમાપ્ત

अध्याय २८ मो×

સંક્ષિપ્ત જ્ઞાનયોગ

॥ श्रीभगवानुवाच ॥

परस्वभावकर्माणि न प्रशंसेन्न गर्हयेत् ।
विश्वमेकात्मकं पश्यन् प्रकृत्या पुरुषेण च ॥१॥

શ્રીભગવાન બોલ્યાઃ—'સમગ્ર જગતને પ્રકૃતિ તેમજ પુરુષથી એકસ્વરૂપ જોતા—એટલે જગતને પ્રકૃતિ—પુરુષરૂપજ માનતા મનુષ્યે, બીજાઓના શાંત કે ઘોર વગેરે સ્વભાવો તથા કર્મોની પ્રશંસા કે નિંદા કરવી નહિ.[૧] જે મનુષ્ય બીજાઓના શાંત—ઘોર આદિ સ્વભાવો તથા કર્મોની પ્રશંસા કે નિંદા કરે છે તે મનુષ્ય મિથ્યાભૂત દ્વૈતમાં દુરાગ્રહ રાખે છે, માટે તત્કાળ જ્ઞાનનિષ્ઠારૂપ સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે.[૨] જેમ રાજસ અહંકારના કાર્યરૂપ એવો ઇન્દ્રિયસમુદાય નિદ્રાને લીધે જ્યારે પરાભવ પામે છે, ત્યારે શરીરમાં રહેલો જીવ કેવળ મન વડેજ સ્વપ્નરૂપ માયાને પામે છે અને પછી મનનો લય થતાં બેભાન બની જઇ મૃત્યુ અથવા મૃત્યુતુલ્ય સુષુપ્તિ અવસ્થાને પામે છે; તેમ દ્વૈત ઉપર આગ્રહ રાખનારો મનુષ્ય પણ વિક્ષેપ તથા લયને પામે છે.[૩] દ્વૈત વસ્તુ જો મિથ્યા છે, તો પછી તેમાં શુભ શું છે અને અશુભ શું છે? અથવા કલ્યાણ કેટલું છે અને અકલ્યાણ કેટલું છે? (એ પ્રશ્નજ ક્યાં રહે છે!) કારણ કે વાણીથી જે કંઈ બોલાય છે અથવા ઇન્દ્રિયોથી જે કંઇ ગ્રહણ કરાય છે અને મનથી જે કંઇ વિચારાય છે તે સર્વ મિથ્યા છે.[૪] જેમ છાયા, પડઘો તેમજ છીપમાં જણાતું રૂપું વગેરે પદાર્થો વસ્તુતઃ મિથ્યા છે તોપણ ભ્રાંતિ વગેરે અર્થને કરનારા થાય છે, તેમ દેહાદિ પદાર્થો પણ ખરી રીતે મિથ્યા છે તોપણ જ્યાંસુધી તેઓ લય પામે છે ત્યાંસુધી (સંસારના) ભયને આપ્યાજ કરે છે.[૫] આ જગત તો આત્માજ છે અને સર્વરૂપે થવાને તથા સર્વ કંઇ કરવાને સમર્થ એવો તે જગદાત્માજ સૃજાય છે, સૃજે છે, રક્ષાય છે, રક્ષે છે અને સંહાર કરાય છે તથા સંહાર કરે છે.[૬] માટે સર્વથી ભિન્ન એવા તે આત્માથી જુદો હોય તેવો કોઇ પણ પદાર્થ નિરૂપણ કરવામાં આવ્યો નથી—અર્થાત્ સર્વ પદાર્થો આત્મારૂપજ છે. અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ આદિ જે આ ત્રણ પ્રકારની પ્રતીતિ આત્મામાં ભાસે છે, તે કેવળ નિર્મૂળજ કહેવામાં આવી છે. કારણ કે અધ્યાત્મ વગેરે ત્રણ પ્રકારનું આ ગુણમય જગત જે જોવામાં આવે છે તે કેવળ માયાથીજ કરાયલું છે—માયાથીજ ભાસે છે.[૭] જે મનુષ્ય મેં કહેલી જ્ઞાન—વિજ્ઞાનની આ નિપુણતાને જાણે છે, તે મનુષ્ય કોઇની નિંદા કે સ્તુતિ કરતો નથી અને સૂર્યની પેઠે (સર્વત્ર સમાન ભાવવાળો થઇને) લોકમાં વિચર્યા કરે છે.[૮] માટે ઘટાદિ પદાર્થોને પ્રત્યક્ષ પ્રમાણથી, પૃથ્વી આદિ દશ્ય પદાર્થોને (અવયવવાળા હોવાથી) અનુમાન પ્રમાણથી, અપ્રત્યક્ષ—આકાશાદિ પદાર્થોને વૈદિક પ્રમાણથી અને સર્વ દશ્યપદાર્થોને પોતાના અનુભવથી આદિઅંતવાળા અને મિથ્યા જાણીને

× આ અધ્યાયમાં જે જ્ઞાનયોગનું પ્રથમ વિસ્તારથી વર્ણન કર્યું છે તેને ફરીથી સંક્ષેપમાં કહેવાશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞાની પુરુષે નિઃસંગ થઇ આ લોકમાં વિચરવું.'×૯

ઉદ્ધવજીએ પૂછ્યું:-'હે ઈશ્વર! (આપે કહ્યું કે, સર્વ દશ્યપદાર્થ સ્વાનુભવથી અસત્ છે; તો પછી એથી એમ સમજાય છે કે, આત્મા સ્વપ્રકાશ છે અને દેહાદિ દ્વૈતવસ્તુ જડ છે. આપ આમ કહેવા માગતા હો તો આ સંસારનું ભાસવું ન ઘટવું જોઇએ.) આત્મા દ્રષ્ટા અને સ્વપ્રકાશ છે, માટે તેને પણ સંસાર ઘટતો નથી, ત્યારે દેહ દશ્ય અને જડ છે; માટે તેને પણ સંસાર ઘટતો નથી; તો પછી આ સંસાર જે અનુભવાય છે તે કોને સમજવો?૧૦ આત્મા અવ્યય છે-જન્મ અને નાશ આદિ વિકારોથી રહિત છે; પ્રકૃતિના ગુણોથી પણ રહિત છે, શુદ્ધ છે, કર્મકૃત મલિનતાથી રહિત છે, સ્વયંજ્યોતિ છે, તેમજ માયાના આવરણથી પણ રહિત છે; તેથી આત્મા અગ્નિ જેવો છે; ત્યારે દેહ જડ છે, માટે કાષ્ઠ જેવો છે; તો પછી આમાં સંસાર કોને?'૧૧

શ્રીભગવાન બોલ્યા:-'જ્યાંસુધી (અજ્ઞાનને લીધે) દેહ, ઇન્દ્રિયો તથા પ્રાણો સાથે સંબંધ છે ત્યાંસુધી એ અવિવેકી આત્માને આ સંસાર મિથ્યા હોવા છતાં (કેવળ અજ્ઞાનને લીધેજ) ભાસે છે. (વસ્તુતઃ આ સંસાર એ કોઇ વસ્તુજ નથી.)૧૨ જેમ વિષયોનું ધ્યાન કર્યા કરતા મનુષ્યને સ્વપ્નમાં પણ (પોતાનો શિરચ્છેદ આદિ) અનર્થ પ્રાપ્ત થાય છે, તેમ આ સંસારરૂપી કોઇ વસ્તુ છેજ નહિ, છતાં વિષયોનું ધ્યાન કર્યા કરતા મનુષ્યને સંસારનિવૃત્તિ થતી નથી. જેમ નિદ્રાને લીધે નહિ જાગતા (ને સ્વપ્નોને જોઇ રહેલા એવા) મનુષ્યને સ્વપ્નાવસ્થા, અનેક અનર્થોથી ભરેલી થઇ પડે છે; પરંતુ જાગેલા મનુષ્યને તેજ સ્વપ્નાવસ્થા મોહ ઉપજાવી શકતી નથી. (તેમજ અજ્ઞાનીને અનર્થનું કારણ થતો એવો પણ આ સંસાર જ્ઞાનીને અનર્થનું કારણ થતો નથી.)૧૩

× અર્થાત્ 'જે કંઇ આદિ-અંતવાળી દ્વૈત વસ્તુ છે તે મિથ્યા છે,' એમ જાણીને નિઃસંગ થઈ વિચરવું. -શ્રીધર

શોક, હર્ષ, ભય, ક્રોધ, લોભ, મોહ તેમજ સ્પૃહા વગેરે અને જન્મ તેમજ મરણ-આ સર્વ અહંકારને જોવામાં આવે છે, આત્માને જોવામાં આવતાં નથી.÷૧૪।૧૫ (કદાચ તમે શંકા કરશો કે, એ પ્રમાણે સંસાર અહંકારનેજ છે; તો પછી મુક્તિ પણ અહંકારનીજ થવી જોઇએ અને મુક્તિ અવસ્થામાં અહંકારજ બાકી રહેવો જોઇએ. આના સમાધાનમાં કહેવાનું કે,) અંતરાત્મા જીવજ દેહ, ઇન્દ્રિયો, પ્રાણ તથા મનમાં 'તે તે હું છું' એવું અભિમાન કરે છે અને તેથીજ તે જીવાત્મા ગુણમય તથા કર્મમય મૂર્તિવાળો બને છે. આ રીતે સૂત્રાત્મા, મહત્તત્ત્વ, આદિ અનેક નામોથી કહેવાયલો તે જીવ, પરમેશ્વરને અધીન રહી સંસારમાં સર્વ તરફ દોડ્યા કરે છે. (એટલે કે અહંકાર તે એક જીવનુંજ અભિમાન છે અને તેની નિવૃત્તિ થતાં આત્માજ મુક્તિ અવસ્થામાં બાકી રહે છે.)૧૬ આ મન, વચન, પ્રાણ, શરીર તથા કર્મ* વસ્તુતઃ મૂળરહિત છે-મિથ્યા છે, તોપણ દેવાદિ અનેક સ્વરૂપોથી જણાય છે અથવા ઇન્દ્રજાળની પેઠે ભાસે છે; તેને ગુરુની ઉપાસના વડે તીક્ષ્ણ કરેલી જ્ઞાનરૂપી તલવારથી છેદી નાખીને મુનિ તૃષ્ણારહિત

÷ કહેવાનો ભાવ એ છે કે, સુષુપ્તિ-સમાધિ વગેરે અવસ્થામાં તે હર્ષ-શોક વગેરે જોવામાં આવતાં નથી, તેમજ 'હું સુખી છું' એમ જણાય છે, પણ 'ચૈતન્ય સુખી છે' એમ જણાતું નથી; વળી સુખ વગેરે દશ્ય હોવાથી કૃશત્વાદિની પેઠે દ્રષ્ટાના ધર્મ હોઇ શકે નહિ. માટે હર્ષ-શોકાદિ અહંકારના ધર્મો છે, આત્માના ધર્મો નથી. કહ્યું છે કેઃ

सुप्तेऽहमि न दृश्यन्ते सुखदोषप्रवृत्तयः।
अतस्तस्यैव संसारो न मे संसृतिसाक्षिणः॥

અહંકાર જ્યારે શયન કરે છે-અર્થાત્ સુષુપ્તિસમયે અવિદ્યા-ઉપાધિવાળા જીવમાં અહંકારનો લય થાય છે, ત્યારે સુખ-દુઃખની પ્રવૃત્તિઓ જોવામાં આવતી નથી; માટે સિદ્ધ થાય છે કે, સંસાર અહંકારને છે; પણ સંસારના સાક્ષી મને નથી. -શ્રીધર

* અથવા મન, વચન, પ્રાણ તથા શરીર ઉપર કરવામાં આવતો અહંકાર વસ્તુતઃ નિર્મૂળ છે. -શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઇને પૃથ્વી પર વિચર્યા કરે છે.[૧૭] વિવેક એજ જ્ઞાન છે+ અને વેદ, સ્વધર્મ, પોતાનો અનુભવ, ઉપદેશ તથા તર્ક—આ (વિવેક પ્રાપ્ત કરવાનાં) સાધનો છે; તેમજ આ જગતના આદિમાં તથા અંતમાં જે વસ્તુ કેવળ—અદ્વિતીયરૂપે હોય છે, તેજ મધ્યમાં પણ હોય છે; એ અદ્વિતીય વસ્તુ સર્વની પ્રકાશક તથા સર્વના કારણરૂપ છે. (આવી રીતે જાણવું તે વિવેકરૂપી જ્ઞાનનું ફળ છે.) જેમ કુંડળ વગેરેના આકારસ્વરૂપે નહિ રચાયલું સુવર્ણ, કુંડળ વગેરેની ઉત્પત્તિ પહેલાં અને કુંડળ વગેરેના નાશ પછી જે હોય છે તેજ મધ્ય અવસ્થામાં કુંડળ વગેરે સર્વ આકૃતિરૂપે વ્યવહાર પામ્યું હોય છે, છતાં છે તો તેજ; તેમ હું પણ જગતના આદિ તથા અંતમાં જે છું તેજ જગતના અસ્તિત્વરૂપી મધ્ય અવસ્થામાં અનેક નામોથી વ્યવહાર કરાઉં છું. (આ રીતે હુંજ અનેક વ્યવહારોનું આલંબન છું, મારાથી જગત ભિન્ન નથી.)[૧૮,૧૯] જાગ્રત આદિ ત્રણ અવસ્થાઓવાળું મન, તે ત્રણ અવસ્થાઓના કારણરૂપ ત્રણ ગુણો, કારણ—અધ્યાત્મ, કાર્ય—અધિભૂત અને કર્તા—અધિદૈવ, (આમ ત્રણ ગુણોના કાર્યરૂપ આ ત્રણ પ્રકારનું જગત) ચોથા સામાન્ય એવા જ્ઞાનસ્વરૂપ (પરબ્રહ્મ)ના અનુસરણ વડે પ્રકાશે છે અને જાગ્રત વગેરે ત્રણે અવસ્થાઓના અભાવરૂપ સમાધિ વગેરેમાં પણ જે હોય છે તેજ (ચોથું જ્ઞાનરૂપ તત્ત્વ) સત્ય છે.[૨૦] જે વસ્તુ ઉત્પત્તિ પહેલાં ન હોય અને નાશ પછી પણ ન હોય તે વસ્તુ મધ્ય અવસ્થામાં પોતાના કારણથી જુદી હોતી નથી; પણ માત્ર વ્યવહારરૂપે જુદી હોય છે, એમ હું માનું છું. કારણ કે જે વસ્તુ જેનાથી ઉત્પન્ન થઈ હોય તેમજ જેનાથી પ્રકાશિત થઇ હોય, (જાણવામાં આવતી હોય) તે વસ્તુજ તેના ઉપાદાનકારણરૂપે તેમજ પ્રકાશકરૂપે કહેવાય છે. કારણ અથવા પ્રકાશક કોઈ બીજો હોય નહિ—આવો મારો નિશ્ચય છે.‡[૨૧] વિકારના સમૂહરૂપ જે આ જગત છે તે પ્રથમ હતું નહિ, તે છતાં રજોગુણની સૃષ્ટિરૂપે તે પ્રકાશે પણ છે—અર્થાત્ રજોગુણદ્વારા બ્રહ્મના કાર્યરૂપે ભાસે છે. (આ રીતે આ જગત બ્રહ્મ વડે પ્રકાશવા યોગ્ય છે.) બ્રહ્મ તો સ્વતઃસિદ્ધ છે—કાર્ય નથી અને પ્રકાશક છે. માટે ઇન્દ્રિયો, તન્માત્રાઓ, મન, દેવતાઓ અને પાંચ ભૂતો એમ વિચિત્ર પ્રકારે બ્રહ્મજ ભાસે છે.[૨૨] એ પ્રમાણે (વેદ, તપ, પ્રત્યક્ષ પ્રમાણ, ઇતિહાસપ્રમાણ તથા અનુમાનપ્રમાણથી) સ્પષ્ટ રીતે બ્રહ્મવિવેકના કારણોથી, દેહાદિ પરના આત્મભાવને દૂર કરવાથી અને કુશળ ગુરુથી આત્મવિષયક સંદેહને છેદી નાખી, સ્વસ્વરૂપના આનંદ વડે સંતુષ્ટ થઇ સમગ્ર ઇન્દ્રિયો વગેરેથી ઉપરામ પામવું—નિઃસંગ થવું.[૨૩] (તેમજ દેહાદિ ઉપરનો આત્મભાવ આ રીતે દૂર કરવો—) શરીર આત્મા નથી, કેમકે તે પૃથ્વીનો એક વિકાર છે; (જે જે પૃથ્વીનો વિકાર હોય તે તે આત્મા હોઈ શકે નહિ; જેમકે ઘડો.) તેજ પ્રમાણે *ઇન્દ્રિયો, +ઇન્દ્રિયોના દેવો, ×પ્રાણ, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પણ

+ અર્થાત્ આ જગતના કારણ અને પ્રકાશક એવા જે પરબ્રહ્મ તે રૂપજ આ જગત છે, તોપણ તેમનાથી ભિન્ન નથી; આવા નિશ્ચયરૂપ ફળવાળો અને વેદ વગેરે સાધનોથી ઉત્પન્ન થનારો જે વિવેક તેજ જ્ઞાન છે.—શ્રીધર

‡ આ જગતનું ઉપાદાનકારણ બ્રહ્મ છે. એ વિષયમાં '**वाचारंमणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्**' (छां. उ. ६–१–५) આ શ્રુતિ પ્રમાણ છે તથા બ્રહ્મ પ્રકાશરૂપ પણ છે. એ માટે '**सर्वं खल्विदं ब्रह्म**' (छां. उ. ३–१४–१) આ સર્વ સંસાર નિશ્ચિતપણે બ્રહ્મરૂપજ છે; વગેરે શ્રુતિ પ્રમાણરૂપ છે—અર્થાત્ કારણ અને પ્રકાશક વિના કાર્ય અને પ્રકાશ્ય પદાર્થોની પ્રતીતિનોજ અભાવ થઇ જાય. —**શ્રીધર**

* ઇન્દ્રિયો આત્માં નથી; કેમકે તેઓ સાધનરૂપ છે. જે જે સાધનરૂપ હોય તે તે આત્મા હોય નહિ; જેમકે વાંસલો.

+ ઇન્દ્રિયોના દેવો આત્મા નથી; કેમકે તેઓ વૈકારિક છે. જે જે વૈકારિક હોય તે તે આત્મા ન હોય; જેમકે મન.

× પ્રાણ આત્મા નથી; કેમકે તે વાયુ છે. જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આત્મા નથી; કારણ કે તેઓ માત્ર અન્નના આધારે ટકી રહેનારાં છે. (જે જે અન્નના આધારે ટકી રહે તે તે આત્મા હોઇ શકે નહિ; જેમકે શરીર.) વળી વાયુ, જળ, તેજ, આકાશ તથા પૃથ્વી–એ પાંચ ભૂતો, શબ્દાદિ વિષયો અને પ્રકૃતિ–એ પણ આત્મા નથી. કેમકે તેઓ જડ છે. (જે જે વસ્તુ જડ હોય તે તે આત્મા હોઈ શકે નહિ, જેમકે ઘડો.)[૨૪](એ રીતના વિવેકજ્ઞાનવાળા મુક્ત પુરુષને ઇન્દ્રિયો વગેરેએ કરેલા ગુણ–દોષનો સંબંધ રહેતો નથી.) જેણે મારું સ્વરૂપ સારી રીતે જાણ્યું હોય તેવા પુરુષને સત્ત્વાદિ ગુણમય એવી ઇન્દ્રિયો સારી રીતે વશ થયેલી અને તોપણ તેથી તેને શો ગુણ છે? અથવા તે ઇન્દ્રિયો વિક્ષિપ્ત બને (વશ ન રહે) તોપણ શો દોષ છે? (અર્થાત્ પ્રકાશક વસ્તુને પ્રકાશ્ય વસ્તુના ગુણ–દોષ હોતા નથી.) દૃષ્ટાંત તરીકે જેમ વાદળાં ચઢી આવે કે વીખરાઇ જાય તેથી કરીને સૂર્યને કયો ગુણ કે દોષ છે? કંઇજ નથી.[૨૫] જેમ આકાશ વાયુના શોષણગુણથી, અગ્નિના દાહકગુણથી, પાણીના ભીંજવવાના ગુણથી, પૃથ્વીના ધૂળથી ભૂખર વર્ણ કરવારૂપ ગુણથી અને જતા–આવતા ઋતુઓના ગુણથી લેપાતું નથી, તેમ અહંકારથી પર રહેલા અક્ષર પરબ્રહ્મ પણ સંસારના કારણરૂપ એવા સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણના મેલથી લેપાતા નથી.[૨૬] છતાં પણ (મુમુક્ષુએ) દૃઢ એવા મારા ભક્તિયોગથી મનના મેલરૂપ એવી વિષયો ઉપરની પ્રીતિ જ્યાંસુધી દૂર ન થાય ત્યાંસુધી માયાએ રચેલા વિષયોનો સંગ તજવો જોઇએ.[૨૭] જેમ કોઇ રોગની સારી રીતે ચિકિત્સા કરવામાં ન આવી હોય તો વારંવાર તે રોગ પ્રકટ થઇને મનુષ્યોને દુઃખી કરે છે, તેમ રાગાદિ કષાયો અને તેનાં મૂળરૂપ કર્મો જેમાં બળી ગયાં હોતાં નથી, એવું મન પણ સર્વત્ર આસક્ત થઈ અપૂર્ણ જ્ઞાનવાળા યોગીને (યોગમાર્ગથી) ભ્રષ્ટ કરે છે.[૨૮] (કદાચ તમે કહેશો કે, એ રીતે વિષયોનો સંગ થઇ જતાં યોગમાર્ગથી જો ભ્રષ્ટ થઇ જવાય, તો પછી ઉપાય સહિત એવા તે યોગમાર્ગનું શું કામ છે? આના ઉત્તરમાં કહેવાનું કે,) દેવોએ પ્રેરેલાં અને બંધુ–શિષ્ય આદિ મનુષ્યરૂપે થયેલાં વિઘ્નોથી જે અપૂર્ણ જ્ઞાનવાળા યોગીઓ ભ્રષ્ટ થાય છે, તેઓ પણ પૂર્વજન્મના અભ્યાસના બળથી ફરી (બીજા જન્મમાં) યોગમાર્ગમાંજ જોડાય છે, પણ કર્મમાર્ગમાં જોડાતા નથી.[૨૯] (કદાચ તમે કહેશો કે, જ્ઞાની પણ કર્મનો સર્વથા પરિહાર કરી શકતો નથી; તો પછી તેને પણ સંસાર તો રહેવાનોજ, તેનું કેમ? આના ઉત્તરમાં કહેવાનું કે,) આ દેહજ કોઇ પણ (પૂર્વજન્મના) સંસ્કાર વગેરેથી પ્રેરાઇને મરણપર્યંત ભોજનાદિ કર્મ કરે છે અને તે દ્વારા પુષ્ટિ વગેરે વિકારને પણ પામે છે; પરંતુ આત્મસુખના અનુભવથી તૃષ્ણારહિત થયેલો જ્ઞાની પુરુષ તો તે શરીરમાં રહ્યો હોય છતાં (હર્ષ–શોક વગેરેથી) વિકાર પામતો નથી–અર્થાત્ જ્ઞાની પુરુષ અહંકારરહિત થયેલો હોવાથી ફરી સંસારને પામતો નથી.[૩૦] આવો જ્ઞાની પુરુષ ઊભેલા, બેઠેલા, ચાલી રહેલા, સૂઈ રહેલા, મળમૂત્ર કરતા, અન્નભોજન કરતા અને સ્વભાવથી પ્રાપ્ત થયેલાં બીજાં પણ (દર્શન–સ્પર્શ વગેરે) કર્મને કરી રહેલા પોતાના દેહને જાણતો નથી. કેમકે તેની બુદ્ધિ તો કેવળ આત્મામાંજ રહેલી હોય છે.[૩૧] (કદાચ તમે કહેશો કે, જ્ઞાની પુરુષ પણ ઇન્દ્રિયવાળો તો હોયજ છે, તો પછી સર્વથા દેહને તે ન જુએ, એ કેમ સંભવે? આના ઉત્તરમાં કહેવાનું કે, (જ્ઞાની પુરુષ, બહિર્મુખ એવી ઇન્દ્રિયોના વિષયોને જુએ છે ખરો; પરંતુ આત્માથી જુદા અને અનુમાનથી*

વાયુ હોય તે તે આત્મા ન હોય; જેમકે બહારનો વાયુ ઇત્યાદિ. —શ્રીધર

* અનુમાન આવા પ્રકારનું: વિષયો અનેક પ્રકારના છે માટે મિથ્યા છે. જે પદાર્થો અનેક પ્રકારના હોય તે મિથ્યા હોય. જેમ સ્વપ્ન અનેક પ્રકારનાં હોય છે, માટે મિથ્યા છે તેમ. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મિથ્યા જાણેલા તે વિષયોને પોતે વસ્તુરૂપે (સત્ય) માનતો નથી. જેમ કોઈ મનુષ્ય, સ્વપ્નમાંથી જાગીને માત્ર સંસ્કારરૂપે સ્ફુરતા અને તેથીજ સ્વયમેવ અદશ્ય થઈ જતા સ્વપ્નના વિષયોને વસ્તુરૂપે (સાચા) માનતો નથી તેમ, (જ્ઞાની પણ વિષયોને વસ્તુસ્વરૂપે માનતો નથી.)[૩૨] (એ પ્રમાણે આત્મા વિકાર પામતો નથી એમ કહ્યું; પણ તે ઘટતું નથી. કારણ કે બદ્ધ અવસ્થામાં તેનો ત્યાગ કરવામાં આવે છે અને મુક્ત અવસ્થામાં તેનો સ્વીકાર કરવામાં આવે છે. જેમ ડાંગેરને ખાંડીને તેના ડાંગેરપણાનો ત્યાગ કરી ચોખારૂપે સ્વીકારી, તેથી તે વિકાર ન પામી એમ ન કહી શકાય, તેમ આત્મા પણ વિકાર નથી પામતો એમ કેમ કહી શકાય? આનાં ઉત્તરમાં કહેવાનું કે,) હે ઉદ્ધવ! પ્રથમ બદ્ધ અવસ્થામાં ગુણ તથા કર્મોથી વિચિત્ર એવા દેહ, ઇન્દ્રિય આદિરૂપ અજ્ઞાનનાં કાર્યનો આત્મામાં અધ્યાસ થવાથી તેને એકરૂપે સ્વીકારવામાં આવ્યો હતો તેજ (માનેલું એકપણું) જ્ઞાનને લીધે (મુક્ત અવસ્થામાં) દૂર થઈ જાય છે, એટલે આત્મા કોઇ પણ સ્વરૂપથી ગ્રહણ કરાતો નથી કે તજાતો નથી.÷ જેમ સૂર્યનો ઉદય મનુષ્યોનાં નેત્રોના અંધકારનો નાશ કરે છે, પણ પ્રથમજથી અસ્તિત્વ ધરાવતા ઘટાદિ પદાર્થોને ફરી કરતો નથી, તેમ મારી નિપુણ આત્મવિદ્યા પુરુષની બુદ્ધિના મોહક અજ્ઞાનનોજ નાશ કરે છે. (આત્મસ્વરૂપમાં કંઇ ફેરફાર કરતી નથી.)[૩૩,૩૪] આ આત્મા (અપરોક્ષપણાથી નિત્યપ્રાપ્ત છે), સ્વયંજ્યોતિ છે (અજ્ઞાનરૂપ મેલ દૂર થતાં કંઈ વિકાર પામતો નથી), અજન્મા છે (ઉત્પત્તિરહિત છે), અપ્રમેય છે (અનાદિ, કર્મજન્ય સંસ્કારથી રહિત અને જ્ઞાનનિધાનસ્વરૂપ હોવાથી સર્વ અવિષયરૂપ છે) અને મહાન અનુભવસ્વરૂપ છે–દેશ, કાળ વગેરેથી અપરિચ્છિન્ન હોવાને લીધે તેમાં અસ્તિત્વ, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય તેમજ નાશરૂપ વિકાર પણ નથી, કારણ કે તે સકલાનુભૂત છે–સર્વનો સાક્ષી છે, વળી તે આત્મા એકજ છે–અદ્વિતીય છે તેમજ અગોચર હોવાથી વાણીનો વિરામ થાય છે ત્યારે એ આત્માની પ્રેરણા પામેલી વાણી તેમજ ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરે છે.+[૩૫] આ રીતે આત્મા કેવળ અભિન્ન છે, સર્વ ભેદોથી રહિત છે; તે છતાં તેમાં જે ભેદદષ્ટિ થાય છે તે સર્વ મનની ભ્રાંતિ છે. કારણ કે જેમ રૂપાની ભ્રાંતિનો આશ્રય છીપ વિના બીજો કોઈ નથી, તેમ આત્મામાં જે ભેદદષ્ટિ થાય છે તેનો આશ્રય પણ આત્મા સિવાય બીજો કોઇ નથી.*[૩૬] નામ તેમજ આકૃતિથી ગ્ર-

÷ કહેવાનો ભાવ એ છે કે, મુક્તિ જો ક્રિયાનું ફળ હોય તો આત્માને એટલો વિકાર પ્રાપ્ત થાય, પણ મુક્તિ એ તો આત્મામાં આરોપિત કરેલા અજ્ઞાનની માત્ર નિવૃત્તિ થવી તે રૂપજ છે. માટે આત્માને બંધ કે મોક્ષનો સ્પર્શ નથી અને તેથીજ વિકાર પણ નથી. —શ્રીધર

+ આ શ્લોકનો આશયજ આ શ્રુતિઓ કહે છેઃ 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।' (तैत्ति, उ. २-१) જે આત્માને નહિ પામીને વાણી મન સહિત પાછી ફરે છે 'केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः प्रैति युक्तः। केनेषितां वाचमिमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति॥' श्रोत्रस्य श्रोत्रं यन्मनसो मनो यद् वाचो ह वाचं प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुः। (केन. उ. १-२)

કયા દેવથી પ્રેરણા પામેલું મન વિષયો તરફ જાય છે? કોની સાથે જોડાઇને પ્રાણ પ્રથમ પ્રવૃત્તિ કરે છે? કોનાથી પ્રેરણા પામેલી વાણીને મનુષ્યો બોલે છે? અને કયો દેવ ચક્ષુને તથા શ્રોત્રને પ્રેરણા કરે છે? જે દેવ શ્રોત્રના શ્રોત્રરૂપ છે, મનના મનરૂપ છે, વાણીના પણ વાણીરૂપ છે, પ્રાણના પણ પ્રાણ છે અને ચક્ષુના પણ ચક્ષુ છે. —શ્રીધર

* શ્રુતિ પણ કહે છે: 'नेह नानास्ति किंचन। (कठ. उ. २-४-१०) આ જગતમાં એક આત્મા વિના બીજી કોઇ વસ્તુ નથી.' इन्द्रो मायाभिः पुरुरूप ईयते' 'युक्ता ह्यस्य हरयः शता दश' (बृह. उ. २-५-१९)–આત્મા વસ્તુતઃ એકજ છે; પણ માયાને લીધે અનેક સ્વરૂપવાળો જણાય છે. રથને જોડેલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હણ કરવામાં આવતું આ પંચભૂતાત્મક દ્વૈત સત્ય છે અને વેદાંતોમાં યજમાનનેજ ઈશ્વર ઠરાવીને તેની સ્તુતિ કરવામાં આવી છે, એમ પોતાને પંડિત માનનારા (મીમાંસકો)ની માન્યતા છે; પણ તત્ત્વવેત્તાઓ તેમ માનતા નથી. કારણ કે વ્યર્થ હોવા છતાં પણ એવી પ્રતીતિ થાય છે. (કહેવાનો ભાવ એ છે કે, દ્વૈત વસ્તુ નામરૂપાત્મક દશ્ય અને પંચભૂતાત્મક છે, તેથી સ્વપ્નની પેઠે મિથ્યા છે; ઇત્યાદિ અનુમાનોથી અને વેદની શ્રુતિઓથી દ્વૈત અસત્ય ઠરે છે અને વેદાંતનાં વાક્યો અકર્તા, અભોક્તા તથા પરમાનંદસ્વરૂપ આત્માનુંજ પ્રતિપાદન કરનારાં હોઈને કર્મવિધિનાં વાક્યોની સાથે કંઇ પણ સંબંધ ધરાવતાં નથી અને તેથીજ તે વાક્યો કર્તા, ભોક્તા વગેરે ધર્મોવાળા યજમાનની સ્તુતિ કરતાં નથી, પણ આત્માનુંજ પ્રતિપાદન કરે છે.)[૩૭] (એ રીતે જ્ઞાનયોગનું તેનાં અંગો સાથે નિરૂપણ કરીને હવે એ જ્ઞાનયોગમાં નિષ્ઠા રાખનારને જે વિઘ્નો આવે છે તેને અટકાવવાનો હું ઉપાય કહું છું.) યોગાભ્યાસ કરતા અપક્વ યોગીનું શરીર જો વચ્ચેજ ઉત્પન્ન થયેલા રોગાદિ ઉપદ્રવોથી પરાભવ પામે તો તેમાં આ ઉપાય કરવો. ટાઢ—તાપ વગેરે કેટલાક ઉપદ્રવોનો ચંદ્ર—સૂર્ય વગેરેની ધારણાથી નાશ કરવો, વાયુ વગેરેના રોગોને વાયુની ધારણાથી યુક્ત આસનોથી દૂર કરવા અને દુષ્ટ ગ્રહોએ તથા સર્પો વગેરેએ કરેલા ઉપદ્રવોનો તપ, મંત્ર તથા ઔષધોથી વિનાશ કરવો; તેમજ કામાદિ ઉપદ્રવોનો મારું ધ્યાન અને નામકીર્તન વગેરે વડે નાશ કરવો અને દંભ, માન વગેરે અશુભદાયી ઉપદ્રવોને યોગેશ્વરોની સેવાથી ધીમે ધીમે દૂર કરવા. કેટલાક ધીર યોગીઓ (પૂર્વોક્ત) અનેક જાતના ઉપાયોથી આ શરીરનેજ વૃદ્ધાવસ્થા અને રોગ વગેરેથી રહિત અને યૌવનમાં સ્થિર કરીને પરકાયપ્રવેશ આદિ સિદ્ધિઓ સંપાદન કરવા માટે તે તે ધારણારૂપ યોગનો અભ્યાસ કરે છે. (પણ જ્ઞાનનિષ્ઠારૂપ યોગનો અભ્યાસ કરતા નથી.) પરંતુ જ્ઞાનકુશળ પુરુષોએ તે દેહસિદ્ધિ કરવાનું કામ સ્વીકારવા યોગ્ય નથી. કારણ કે વનસ્પતિનું ફળ જેમ નાશવંત* છે, તેમ શરીર પણ નાશવંત છે, માટે તે દેહસિદ્ધિનો પરિશ્રમ કરવો તે વ્યર્થ છે.[૩૮-૪૨] યોગનું સેવન કરનારા પુરુષનું શરીર, (યોગના પ્રભાવના) સમર્થપણાને ભલે પામે; પણ તેથી મારામાં પરાયણ રહેનારા બુદ્ધિમાન પુરુષે જ્ઞાનયોગનો ત્યાગ કરી તે દેહસિદ્ધિ ઉપર શ્રદ્ધા કરવી નહિ.[૪૩] આત્મસુખનો અનુભવ કરનાર અને નિઃસ્પૃહ એવો યોગી મારા આશ્રયવાળો હોય તો આ યોગાભ્યાસ કરતાં કરતાં વિઘ્નોથી હણાતો નથી—અર્થાત્ મારું શરણ લઇ યોગાભ્યાસ કરનારને કોઈ જાતનાં વિઘ્નો નડતાં નથી.[૪૪]

योगचर्यामिमां योगी विचरन् मद्व्यपाश्रयः ।
नांतरायैर्विहन्येत निःस्पृहः स्वसुखानुभूः ॥४४॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૮ મો સમાપ્ત

अध्याय २९ मो×

સંક્ષિપ્ત ભક્તિયોગ

॥ उद्धव उवाच ॥

सुदुस्तरामिमां मन्ये योगचर्यामनात्मनः ।
यथांऽजसा पुमान्सिद्ध्येत्तन्मेब्रूह्यंजसाऽच्युत ॥

ઉદ્ધવજીએ પૂછ્યું:—'હે શ્રીકૃષ્ણ! જેણે મનને વશ કર્યું ન હોય તેને આ યોગાભ્યાસ અત્યંત ક્લિષ્ટ થઇ પડે એમ હું માનું છું; માટે પ્રયાસ

હરિ (ઘોડા) પ્રમાણે આ શરીરની સાથે રહેલી સો અને દસ ઇન્દ્રિયો છે આ ઇન્દ્રિયો ૧૦, ૧૦૦૦ ગણી અને અનંત છે. એજ કાર્યકારણથી રહિત બ્રહ્મ છે.—શ્રીધર

* અર્થાત્ વનસ્પતિ જેમ સ્થાયી રહે છે તેમ આત્માજ સ્થાયી રહે છે; શરીર તો વનસ્પતિના ફળની પેઠે નાશવંત છે. —શ્રીધર

× આ અધ્યાયમાં જે ભક્તિયોગ પહેલાં વિસ્તારથી કહેવામાં આવ્યો છે, તેનેજ સંક્ષેપમાં પોતાના ભક્ત ઉદ્ધવજીને ભગવાન કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિનાજ પુરુષ જે રીતે સિદ્ધિને પામે, તે રીતે હું સમજી શકું તે પ્રમાણે આપ મને કહો.[૧] હે કમલનયન ! મનનો નિગ્રહ કરતાં કરતાં યોગીઓ લગભગ ક્લેશ પામે છે; કારણ કે મનનો નિગ્રહ થતો નથી અને માંડ માંડ કદાચ મનનો નિગ્રહ થાય તોપણ યોગીઓ થાકી જાય છે.[૨] માટેજ હે કમળ સમાન નેત્રવાળા ! જે પુરુષો સાર–અસારનો વિવેક કરવામાં ચતુર હોય તેઓ તો સમસ્ત આનંદને પૂર્ણ કરનાર આપના ચરણકમળનુંજ સુખથી સેવન કરે છે; પરંતુ હે જગતના ઈશ્વર ! જે મનુષ્યો યોગ તથા કર્મના આશ્રયથી અભિમાની થઇને આપના ચરણકમળનું સેવન કરતા નથી તેઓ આપની માયાથી વિનાશ પામે છે;× અથવા આપના ભક્તપુરુષો માયાથી પરાભવ પામતા નથી અને તેથીજ તેઓ યોગથી કે કર્મોથી અભિમાની થતા નથી.[૩] (આપના ભક્તો આપની કૃપાથીજ કૃતાર્થ થાય છે, એમાં કંઇ મોટું આશ્ચર્ય નથી.) હે સર્વના બંધુ શ્રીકૃષ્ણ ! આપ વિના જેઓને બીજું શરણ હોતું નથી એવા આપના દાસ–ભક્તોને આપ અધીન થઇ રહો છો, એમાં શું આશ્ચર્ય છે ? કંઇજ નથી. કારણ કે બ્રહ્માદિ ઈશ્વરોના શોભાયમાન મુકુટોના અગ્રભાગથી જેમના પાદ–પીઠ ઘસાઈ જાય છે એવા આપે પોતે શ્રી રામચંદ્રસ્વરૂપે વાનરોની સાથે પ્રેમથી મિત્રતા કરી હતી.[૪] માટે (બલિ, પ્રહ્લાદ વગેરે ઉપર) આપે કરેલા અનુગ્રહને જાણનારો કયો મનુષ્ય સમગ્ર જગતના આત્મા, તેથીજ અત્યંત પ્રિય, ઈશ્વરપણું હોવાથી અવશ્ય ભજવા યોગ્ય અને આશ્રિતોને સર્વ પુરુષાર્થો અર્પણ કરનારા આપનો ત્યાગ કરે ? (કયો મનુષ્ય આપને ન ભજે ?) વળી આપ સિવાયની બીજી સ્વર્ગ વગેરે વસ્તુને આપે આપી હોય તોપણ કયો મનુષ્ય તેનું સેવન કરે ? ÷કારણ કે તે વસ્તુ કેવળ ઇન્દ્રિયોના ભોગને માટેજ છે અને ત્યાર પછી તુરતજ આપના વિસ્મરણ માટેજ થઈ પડે છે. અમે આપની ચરણરજનું સેવન કરનારા છીએ; આવા અમને કઈ વસ્તુ પ્રાપ્ત થતી નથી× ?[૫] હે ઈશ્વર ! જે આપ પ્રાણીઓની અંદર અંતર્યામીસ્વરૂપે અને બહાર આચાર્યસ્વરૂપે વિષયવાસનાને દૂર કરતા પોતાનું સ્વરૂપ પ્રકટ કરો છો તે આપના એ ઉપકારનો બદલો બ્રહ્મદેવના આયુષથી બ્રહ્મવેત્તાઓ પણ વાળી શકતા નથી. (અર્થાત્ આપના ઉપકારનો બદલો કેવળ આપને આત્મસમર્પણ કરવાથીજ વાળી શકાય છે.')[૬]

શ્રીશુકદેવજી બોલ્યા:–" એ પ્રમાણે પ્રેમયુક્ત ચિત્તવાળા ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો એટલે આ જગત જેમને ક્રીડા કરવાનું સાધન છે એવા અને સત્ત્વગુણ વગેરે પોતાની શક્તિઓથી વિષ્ણુ, શિવ, મહેશ વગેરે ત્રણ મૂર્તિઓને ધારણ કરનારા તે ઈશ્વરેશ્વર શ્રીકૃષ્ણ, પ્રેમ સહિત સુંદર હાસ્ય કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા.[૭]

શ્રીભગવાન બોલ્યા:–' હે પ્રિય ઉદ્ધવ ! હું તમને મારા પરમ મંગળ ધર્મો કહું છું, કે જે ધર્મોનું શ્રદ્ધાથી આચરણ કરતો મનુષ્ય દુર્જય મૃત્યુને જીતે છે.[૮] મનુષ્યે મારું સ્મરણ કરતાં કરતાં ધીમે ધીમે–ચિત્તની ઉદ્વેગતા વિના સર્વ કર્મો મારે માટે કરવાં, મનને તથા ચિત્તને મારામાં અર્પણ કરવાં અને મારા ધર્મમાંજ પોતાના મનની પ્રીતિ કરવી.[૯] મારા ભક્ત સાધુ પુરુષો-

× અર્થાત્ આપના ચરણકમળનું સેવન નહિ કરનારા અભક્ત મનુષ્યો આપની માયાથી મોહિત થઇને 'અમે યોગ જાણનારા છીએ, અમે કર્મકુશળ છીએ' આમ કેવળ ગર્વિષ્ઠ થાય છે, પણ સંસારથી મુક્ત થતા નથી. —શ્રીધર

÷ અથવા આપ સિવાયના બીજા દેવોને અથવા ધર્મજ્ઞાન વગેરે બીજાં સાધનોને ઐશ્વર્ય પ્રાપ્ત કરવા માટે કે મોક્ષ મેળવવા માટે કયો મનુષ્ય સેવે ? —શ્રીધર

× કહ્યું છે કે:

या वै साधनसंपत्तिः पुरुषार्थचतुष्टये ।
तया विना तदाप्नोति नरो नारायणाश्रयः ॥

જે સાધનસંપત્તિ ચાર પુરુષાર્થોને પ્રાપ્ત કરવા માટે છે તે વિના પણ નારાયણનો આશ્રિત મનુષ્ય ચારે પુરુષાર્થો પ્રાપ્ત કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ આશ્રય કરેલા પવિત્ર પ્રદેશોનો આશ્રય કરવો અને દેવો, અસુરો તથા મનુષ્યોમાં મારા જે જે ભક્તો થઇ ગયા છે, તેઓનાં ચરિત્રોનો આશ્રય કરવો. પોતે એકલાએ અલગ રહીને અથવા બીજાઓની સાથે મળીને મહારાજાની સંપત્તિઓ વડે અને ગીત–નૃત્ય વગેરેથી પ્રત્યેક પર્વના દિવસે યાત્રાઓ તથા મહોત્સવો કરવા.[૧૦।૧૧] નિર્મળ અંતઃકરણવાળા મનુષ્યે સર્વ પ્રાણીઓમાં અને પોતામાં–મનેજ આત્મારૂપ ઈશ્વરને રહેલો જોવો; કારણ કે હું આકાશની પેઠે અસંગ છું, તેથી કોઇ પણ આવરણથી રહિત છું અને તેથીજ બહાર તેમજ અંદર પૂર્ણ છું. હે મહાવિદ્વાન ઉદ્ધવ! એ પ્રમાણે કેવળ જ્ઞાનરૂપ દૃષ્ટિ કરીને સર્વ પ્રાણીઓને મારા સ્વરૂપે માનતો અને સત્કાર કરતો મનુષ્ય પંડિત મનાય છે.[૧૨।૧૩] જે મનુષ્ય બ્રાહ્મણમાં, ઢેડમાં, ચોરમાં, બ્રાહ્મણોને દાન કરનારમાં, સૂર્યમાં, તણખામાં, શાંતમાં તથા ક્રૂરમાં સમદૃષ્ટિવાળો હોય છે (અર્થાત્ તેઓ સર્વમાં મને પરમેશ્વરનેજ જુએ છે) તેને પંડિત માનવામાં આવ્યો છે.[૧૪] જે મનુષ્ય હરકોઇ મનુષ્યમાં વારંવાર મારીજ ભાવના કર્યા કરે છે તે મનુષ્યને સમાન સાથે સ્પર્ધા, પોતાના કરતાં ઉત્તમ હોય તેના તરફની અદેખાઇ, પોતાના કરતાં હલકો હોય તેના તરફનો તિરસ્કાર અને પોતાનો અહંકાર નાશ પામી જાય છે.[૧૫] પોતાની હાંસી કરતા પોતાના મિત્રોનો અને 'હું ઉત્તમ છું, આ નીચ છે' આવી દેહાભિમાનથી થતી દૃષ્ટિ અને તેવી દૃષ્ટિથી થતી લજ્જાનો ત્યાગ કરી સમદર્શી મનુષ્યે (કૂતરાં, ચાંડાલ, બળદ તથા ગધેડાં સુધીનાં) સર્વ પ્રાણીઓને પૃથ્વી પર દંડવત્ (પડી) પ્રણામ કરવા.[૧૬] આ રીતે જ્યાંસુધી સર્વ પ્રાણીઓમાં મારો ભાવ ન થાય, ત્યાંસુધી વાણી, મન અને કાયાથી (મારી) ઉપાસના કર્યા કરવી.[૧૭] આમ ઉપાસના કરતાં કરતાં તે મનુષ્યને સર્વત્ર ઈશ્વરદૃષ્ટિરૂપી વિદ્યાને લીધે 'આ સર્વ જગત બ્રહ્મરૂપજ છે' એમ જણાય છે. પછી ચોતરફ બ્રહ્મનેજ જોતા તે મનુષ્યે સર્વ ક્રિયાઓથી વિરામ પામવું. એ રીતે મન, વચન અને કાયાની વૃત્તિઓથી સર્વ પ્રાણીઓમાં મારો ભાવ કરવો. આ ઉપાય સર્વ ઉપાયોમાં સર્વોત્તમ છે, એમ મારું માનવું છે.[૧૮।૧૯] હે ઉદ્ધવ! આ મારા નિષ્કામ ધર્મનું આચરણ કરવામાં કદાચ થોડી વિગુણતા વગેરે થઇ જાય તોપણ તે ધર્મનો કદી નાશ થતો નથી. કારણ કે મેંજ નિર્ગુણપણાને લીધે આ ધર્મનો સારી રીતે નિશ્ચય કર્યો છે. (મનુ વગેરેના મુખે આ ધર્મ દર્શાવાયો નથી.)[૨૦] હે પરમ ભક્ત ઉદ્ધવ! જેમ ભય–શોક વગેરેના કારણથી નાસી જવું તથા આક્રંદ કરવું વગેરે ક્લેશ વ્યર્થ છે, તેમ જે જે લૌકિક એવા વ્યર્થ પ્રયાસો છે તેને તેને પણ પરમેશ્વર એવા મારે વિષે જો નિષ્કામ તરીકે સમર્પણ કરી દીધા હોય તો તે ધર્મરૂપજ થઈ પડે છે.[૨૧] (માટે મારુ ભજનજ બુદ્ધિ, વિવેક, પ્રજ્ઞા તથા ચતુરાઇનું ફળ છે.) મિથ્યા અને નાશવંત એવા આ મનુષ્યશરીરદ્વારા આ જન્મમાંજ સત્ય અને અવિનાશી એવા મને જે પ્રાપ્ત કરે છે, તેજ બુદ્ધિમાનોની બુદ્ધિ છે અને વિવેકીઓનો વિવેક છે.[૨૨] આ સમગ્ર બ્રહ્મજ્ઞાનનો સંગ્રહ મેં તમને સંક્ષેપમાં તથા વિસ્તારથી કહ્યો છે, જે દેવતાઓને પણ દુર્લભ છે.[૨૩] મેં અત્યંત સ્પષ્ટ યુક્તિઓવાળું જ્ઞાન તમને વારંવાર કહ્યું છે; એ જાણી પુરુષ સંશયરહિત થઇ સંસારબંધનથી મુક્ત થાય છે. (આ જ્ઞાનની વાત તો બાજુ પર રહી, પણ) જે મનુષ્ય તમારા પ્રશ્નરૂપ અને મેં આપેલા ઉત્તરરૂપ આ આખ્યાનનું પણ જો અનુસંધાન (લક્ષ્ય) રાખે તો એ વેદના રહસ્યરૂપ સનાતન પરબ્રહ્મને પામે છે. જે મનુષ્ય મારા ભક્તોને આ જ્ઞાન અત્યંત સંપૂર્ણ રીતે અર્પણ કરે છે તે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરનારને હું પોતે મારું સ્વરૂપ અર્પણ કરું છું.[૨૪–૨૬] જે મનુષ્ય પરમ પવિત્ર અને બીજાઓને પણ પવિત્ર કરનાર આ આખ્યાનનો સારી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રીતે નિત્ય પાઠ કરે છે તે મનુષ્ય જ્ઞાનરૂપી દીવાથી મારું સ્વરૂપ બીજાઓને દર્શાવતો પોતે પવિત્ર થાય છે.[૨૭] જે મનુષ્ય સાવધાન થઇને નિત્ય શ્રદ્ધાપૂર્વક આ આખ્યાનનું શ્રવણ કરે છે, તે મનુષ્ય મારે વિષે પરમ ભક્તિ કરતો કરતો કર્મોથી બંધાતો નથી.[૨૮] હે મિત્ર ઉદ્ધવ! તમે બ્રહ્મને સારી રીતે સમજ્યા કે? તમારો માનસિક મોહ અને શોક દૂર થયો ને?[૨૯] જે મનુષ્ય દાંભિક, નાસ્તિક, શઠ, શ્રવણ કરવા ઇચ્છતો ન હોય, અભક્ત હોય અને ઉદ્ધત હોય તેને આ બ્રહ્મજ્ઞાન તમારે આપવું નહિ.[૩૦] પણ જે મનુષ્ય, ઉપર કહેલા દોષોથી રહિત હોઈ બ્રાહ્મણભક્ત હોય, પ્રિય હોય, સજ્જન હોય અને પવિત્ર હોય તેને આ બ્રહ્મજ્ઞાન તમારે આપવું; તેમજ શૂદ્રોને તથા સ્ત્રીઓને જો ભક્તિ હોય તો આ જ્ઞાન આપવું.[૩૧] જેમ સ્વાદિષ્ટ અમૃતનું પાન કરીને બીજું કંઇજ પીવાનું રહેતું નથી, તેમ આ જ્ઞાન જાણીને જિજ્ઞાસુને બીજું કંઈ જાણવાનું બાકી રહેતું નથી.[૩૨] હે તાત ઉદ્ધવ! (અભક્ત) મનુષ્યોને જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મો કરવાથી જ ધર્મ થાય છે, યોગ સાધવાથી જ અણિમાદિ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, ખેતી વગેરેથી જ ધન પ્રાપ્ત થાય છે અને રાજનીતિ વગેરેથી જ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, તે તે સર્વ ચારે પ્રકારનો પુરુષાર્થ તમને તો હુંજ છું. (અર્થાત્ અભક્તોને માટે અનેક જાતનાં તે તે ફળસાધનો છે, ભક્તને માટે તો સર્વ કંઈ હુંજ છું; માટે તમે મારુંજ શરણ લો.)[૩૩] મનુષ્ય જ્યારે સમસ્ત કર્મોનો ત્યાગ કરી મને પોતાનો આત્મા અર્પણ કરી દે છે, ત્યારે તેને સર્વોત્કૃષ્ટ બનાવવાની મને ઇચ્છા થાય છે; તે પછી મોક્ષપણાને પામતો તે મનુષ્ય મારી સાથે એકતા પામવાને યોગ્ય થાય છે—મારી સમાન ઐશ્વર્યવાળો થાય છે.[૩૪]

શ્રીશુકદેવજી બોલ્યા:—“એ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને જેને યોગમાર્ગ દર્શાવ્યો હતો એવા ઉદ્ધવજી, ઉત્તમ કીર્તિવાળા તે ભગવાનનું વચન સાંભળી બે હાથ જોડીને ઊભા રહ્યા; તેમનો કંઠ પ્રેમથી રૂંધાઈ ગયો અને તેમનાં નેત્રો અશ્રુઓથી ભરાઇ ગયાં, જેથી તે કંઈ બોલી શક્યા નહિ.[૩૫] હે રાજન્! તે પછી ઉદ્ધવજીએ, પ્રેમને લીધે ક્ષોભ પામેલા પોતાના ચિત્તને ધૈર્યથી સ્થિર કર્યું અને યદુવીર શ્રીકૃષ્ણ ભગવાનને બહુ માન આપતાં તેમણે મસ્તકથી તેમના ચરણકમળનો સ્પર્શ કરી બે હાથ જોડીને આ રીતે કહ્યું.[૩૬]

ઉદ્ધવજી બોલ્યા:—‘હે બ્રહ્મદેવના પણ પિતા! મેં મોહરૂપી મહાન અંધકારનો આશ્રય કર્યો હતો, તેને આપના સમાગમ વડે હાંકી કાઢ્યો છે. જે મનુષ્ય અગ્નિની સમીપ રહેલો હોય તેને ટાઢ, અંધકાર કે ભય પીડા કરવાને સમર્થ થાય છે? નથી થતાં.[૩૭] જે વિજ્ઞાનમય દીપકને આપની માયાએ પૂર્વે હરી લીધો હતો તેને આપ દયાળુએ મને ભક્તને ફરી પાછો આપ્યો છે; માટે આપે કરેલા અનુગ્રહને જાણનારો કયો મનુષ્ય આપના ચરણમૂલના શરણનો ત્યાગ કરીને બીજા શરણનો આશ્રય કરે? અર્થાત્ નજ કરે.[૩૮] આપે સૃષ્ટિની વૃદ્ધિ કરવાને માટે દાશાર્હ, વૃષ્ણિ, અંધક તેમજ સાત્ત્વતવંશીઓ ઉપર પોતાની માયાથી જે મહાદૃઢ સ્નેહપાશને પાથરી દીધો હતો તે મારો સ્નેહપાશ આપેજ આત્મતત્ત્વના જ્ઞાનરૂપી શસ્ત્રથી છેદી નાખ્યો છે.[૩૯] હે મહાન યોગી! હું આપને નમસ્કાર કરું છું. મને મુક્તદશા પ્રાપ્ત થાય તોપણ નાશ નહિ પામનારી આપના ચરણકમળ ઉપરની પ્રીતિ જે રીતે સ્થિર રહે તે રીતે આપ મને શરણાગતને ઉપદેશ આપો.[૪૦]

શ્રીભગવાન બોલ્યા:—‘હે ઉદ્ધવ! હું તમને આજ્ઞા આપું છું; તમે મારા બદરિકાશ્રમમાં જાઓ, ત્યાં મારા ચરણમાંથી ઉત્પન્ન થયેલા તીર્થરૂપ (અલકનંદા ગંગાના) જળમાં સ્નાન તેમજ આચમન કરીને તમે પવિત્ર થાઓ.[૪૧] એ અલકનંદા (ગંગા)નાં દર્શનથીજ તમારાં સમગ્ર પાપો દૂર થશે અને હે ઉદ્ધવ! તે સ્થળે તમે વ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વલ્કલ વસ્ત્રો ધારણ કરજો, વનનાં ફળ–મૂળનું ભોજન કરજો, હરકોઈ સુખમાં નિઃસ્પૃહ થજો, ટાઢ તાપ વગેરે વિષયોને સહન કરજો, સારો સ્વભાવ રાખજો, ઇન્દ્રિયોનો સંયમ કરજો, એકાગ્ર બુદ્ધિથી શાંત રહેજો અને જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત રહેજો.[૪૨।૪૩] તમે મારી પાસેથી જ આ તત્ત્વજ્ઞાન શીખ્યા છો તેનું સારી રીતે વિચારપૂર્વક ચિંતન કરજો અને વાણી તેમજ ચિત્તને મારામાં સ્થાપી દઈ મારા ધર્મમાં પરાયણ રહેજો, કે જેથી ત્રિગુણાત્મક ગતિઓને ઓળંગી જઈ તેથી પર રહેલા મને પ્રાપ્ત થશો.[૪૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"જેમની બુદ્ધિ સંસારને હરનારી છે એવા શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે ઉદ્ધવજી પોતે સુખદુઃખાદિ દ્વંદ્વોથી રહિત થયા હતા તોપણ ત્યાંથી નીકળવાના સમયે તેમની બુદ્ધિ પ્રેમથી આર્દ્ર થઇ ગઇ અને તેમણે ભગવાનને પ્રદક્ષિણા કરીને તેમના ચરણમાં પોતાનું મસ્તક મૂકી અશ્રુનાં બિંદુઓથી તેને સિંચવા માંડ્યા.[૪૫] તે ઉદ્ધવ, મહાદુસ્ત્યજ સ્નેહમાં વિયોગ થતો હોવાથી વ્યાકુળ બની ગયા અને શ્રીકૃષ્ણનો ત્યાગ કરવા અશક્ત હોઇ અત્યંત વિહ્વળ થઇને ઘણુંજ દુઃખ પામ્યા. તે પછી શ્રીકૃષ્ણ ભગવાનેજ (કૃપાથી) આપેલી તે પોતાના સ્વામીની પાદુકાઓને મસ્તક ઉપર ધારણ કરતા ઉદ્ધવજી તેમને વારંવાર પ્રણામ કરી ત્યાંથી ચાલી નીકળ્યા.[૪૬] ત્યાર પછી શ્રીકૃષ્ણ ભગવાનને હૃદયમાં સ્થાપીને તે મહાભક્ત ઉદ્ધવજી બદરિકાશ્રમમાં ગયા અને ત્યાં જગતના એક બંધુ શ્રીકૃષ્ણે જે પ્રમાણે ઉપદેશ કર્યો હતો તે પ્રમાણે જ્ઞાનપદ્ધતિનો આશ્રય કરી શ્રહરિની ગતિને પામ્યા. જેમના ચરણોને યોગેશ્વરોએ સેવ્યા છે એવા શ્રીકૃષ્ણે આનંદના સમુદ્રરૂપ ભક્તિમાર્ગમાં એકરૂપ કરી દીધેલા તેમજ પોતાના ભક્ત ઉદ્ધવને ઉપદેશેલા આ જ્ઞાનામૃતનું જે મનુષ્ય ઉત્તમ પ્રકારની શ્રદ્ધાથી થોડું પણ સેવન કરે છે તે મુક્ત થાય છે, એમાં શું કહેવાનું હોય? પરંતુ તેનો સંગ કરવાથી જગત પણ મુક્ત થાય છે.[૪૭।૪૮] વેદોના કર્તા જે ભગવાને નિવૃત્તિમાર્ગે જનારા પોતાના ભક્ત મનુષ્યોના સંસારભયને દૂર કરવા માટે, ભમરો જેમ પુષ્પમાંથી (મધરૂપી) સાર બહાર કાઢે છે, તેમ જ્ઞાન તથા વિજ્ઞાનરૂપ આ વેદના સારરૂપ અમૃત (વેદમાંથી) બહાર કાઢ્યું છે; તેમજ પ્રવૃત્તિમાર્ગે જનાર ભક્તોના રોગાદિ ભયને દૂર કરવા માટે બીજું અમૃત સમુદ્રમાંથી બહાર કાઢ્યું હતું. પછી તે બન્ને પ્રકારનાં અમૃત પોતાના ભક્તજનોને જેમણે પાયાં છે તે શ્રીકૃષ્ણ નામના સર્વશ્રેષ્ઠ આદ્ય પુરુષને હું પ્રણામ કરું છું."[૪૯]

भवभयमपहंतुं ज्ञानविज्ञानसारं निगमकृदुपजह्रे भृंगवद्वेदसारम्। अमृतमुदधितश्चाऽपाययद्भृत्यवर्गान् पुरुषमृषभमाद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૨૯ મો સમાપ્ત

अध्याय ३० मो*

યાદવકુળનો સંહાર

॥ राजोवाच ॥

ततो महाभागवत उद्धवे निर्गते वनम्। द्वारवत्यां किमकरोद्भगवान् भूतभावनः ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યુંઃ–"મહાન ભક્ત ઉદ્ધવજી વનમાં નીકળી ગયા ત્યાર પછી પ્રાણીઓનું રક્ષણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકામાં શું કર્યું હતું?[૧] પોતાનું કુળ બ્રાહ્મણોના શાપથી નાશ પામ્યું એટલે યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ ભગવાને સર્વ પ્રાણીઓનાં નેત્રને પ્રિય એવા પોતાના શરીરનો કેવી રીતે ત્યાગ કર્યો હતો?÷[૨] ભગવાનના જે

* આ અધ્યાયમાં પ્રથમ કહેલા મુસળ સંબંધી શાપના બહાનાથી શ્રીકૃષ્ણે પોતાના ધામમાં જવાની ઇચ્છા કરીને પોતાના કુળનો સંહાર કર્યો એ કથા કહેવાશે.–શ્રી.

÷ આ પ્રશ્ન પૂછવાનું કારણ એ છે કે, ભગવાન ઉપર બ્રાહ્મણોના શાપનો પ્રભાવ ચાલી શકે નહિ;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરૂપમાં લાગેલાં પોતાનાં નેત્રોને સ્ત્રીઓ પાછાં ખેંચી શકતી નથી; જે કાનનાં છિદ્રોદ્વારા સત્પુરુષોના હૃદયમાં પ્રવેશ કરી ત્યાંથી પાછું બહાર નીકળતું નથી; જેની શોભા કવિઓની વાણીને ઉલ્લસિત કરે છે તથા કવિઓને જગત્પૂજ્ય બનાવે છે અને જેને પાંડવ—કૌરવ—યુદ્ધમાં અર્જુનના રથ ઉપર બિરાજેલું જોઇ મૃત્યુ પામેલા યોદ્ધાઓ તેની સમાનતાને પામ્યા છે તે પોતાના સ્વરૂપનો શ્રીકૃષ્ણ ભગવાને કેવી રીતે ત્યાગ કર્યો હતો ?"[૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"શ્રીકૃષ્ણ ભગવાન(તે વેળા) [૧]સ્વર્ગમાં, [૨]પૃથ્વી પર તથા [૩]આકાશમાં ઉત્પન્ન થયેલા મોટા ઉત્પાતો જોઇ સુધર્મા સભામાં (બેઠેલા) યાદવોને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૪]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે ઉત્તમ યાદવો! દ્વારકામાં આ મોટા ઉત્પાતો થઇ રહ્યા છે. તે ઘોર અને મૃત્યુસૂચક છે. એટલે બે ઘડી પણ આપણે અહીં રહેવું એ યોગ્ય નથી.[૫] સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો અહીંથી શંખોદ્ધારમાં ચાલ્યા જાય અને આપણે પ્રભાસમાં જતા રહીશું; જ્યાં પશ્ચિમ તરફ વહેતી સરસ્વતી નદી આવેલી છે.[૬] તે સ્થળે સ્નાન કરી, પવિત્ર થઇ, ઉપવાસ કરીને અત્યંત એકાગ્રચિત્તે સ્નાન, વિલેપન અને અર્ઘ્યથી દેવોની આપણે પૂજા કરીશું.[૭] પછી સ્વસ્તિવાચન વગેરે માંગલિક કર્મો કરીને આપણે ગાયો, પૃથ્વી, સુવર્ણ, વસ્ત્રો, હાથી, ઘોડા, રથો અને ઘરનાં દાન કરી મહાભાગ્યશાળી બ્રાહ્મણોનો સત્કાર કરીશું.[૮] આ વિધિ અશુભનો નાશ કરનાર અને ઉત્તમ મંગળને પ્રાપ્ત કરાવનાર છે. કારણ કે દેવો, બ્રાહ્મણો તથા ગાયોની પૂજા પ્રાણીઓનાં પરમ કલ્યાણનું કારણ છે.[૯] શ્રીકૃષ્ણ ભગવાનનું એ વચન સાંભળી સર્વ વૃદ્ધ યાદવો 'બહુ સારું' એમ કહીને નૌકાઓથી સમુદ્ર ઊતરી જઇને રથોમાં બેસી પ્રભાસક્ષેત્રમાં જતા રહ્યા. ત્યાં યાદવોના દેવ શ્રીકૃષ્ણ ભગવાને જે કંઇ કલ્યાણસાધન કહ્યું તે સર્વ પરમ ભક્તિથી યાદવોએ કર્યું. પછી જેઓની બુદ્ધિને દૈવે ભ્રષ્ટ કરી હતી એવા તે યાદવોએ ત્યાં પ્રભાસમાં મૈરેય નામની એક જાતની મદિરાનું પાન કર્યું, કે જે મદિરાના રસ વડે બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. શ્રીકૃષ્ણની માયાથી મૂઢ બનેલા અને તેથીજ એ ઊંચી જાતની મદિરા પીને મદમત્ત બનેલા તે વીર યાદવોનાં ચિત્ત ગર્વિષ્ઠ થઇ ગયાં અને પછી તેઓની વચ્ચે ઘણોજ મોટો કલહ ઊભો થયો. તેઓ ક્રોધાવેશમાં આવી ગયા અને સમુદ્રના તીર પર શસ્ત્રધારી થઇને ધનુષ, તલવાર, ભાલા, ગદાઓ, તોમરો અને બેધારી તલવારોથી યુદ્ધ કરવા લાગ્યા. ફરકતી પતાકાઓવાળા રથો અને હાથીઓ વગેરે પર બેસીને તેમજ ગધેડાં, ઊંટ, બળદો, પાડા, મનુષ્યો તેમજ ખચ્ચરો ઉપર સવાર થઇને સામસામા આવી જઇ અત્યંત દુષ્ટ મદવાળા તે યાદવો, વનમાં જેમ હાથીઓ દાંત વડે સામસામા પ્રહાર કરે, તે રીતે બાણોથી પ્રહાર કરવા લાગ્યા. પ્રદ્યુમ્ન અને સાંબ, અક્રૂર અને કૃતવર્મા, અનિરુદ્ધ અને સાત્યકિ, સુભદ્ર અને સંગ્રામજિત્, શ્રીકૃષ્ણનો ભાઈ ગદ અને શ્રીકૃષ્ણનો પુત્ર ગદ તથા સુમિત્ર અને સુરથ આ બબ્બે યાદવો વૃદ્ધિ પામેલા ક્રોધવાળા અને મહાદારુણ થઇને યુદ્ધમાં સામસામા આવી ગયા. બીજા પણ નિશઠ, ઉલ્મુક વગેરે અને સહસ્રજિત્, શતજિત્ તથા ભાનુ વગેરે યાદવો કે જેઓને શ્રીકૃષ્ણે (પોતાની માયાથી) અત્યંત મોહિત કર્યા હતા તેઓ, મદરૂપી અંધકારથી આંધળા બની જઇને એકબીજાની સામા આવી જઇને પ્રહાર કરવા લાગ્યા.[૧૦–૧૭] દાશાર્હ, વૃષ્ણિ, અંધક, ભોજ, સાત્વત, મધુ, વિસર્જન, કુક્કુર તથા કુંતિવંશના રાજાઓ અને અર્બુદ, મથુરા તથા શૂરસેન દેશના રાજાઓ

અથવા પોતે યાદવશરીરનું અનુકરણ કર્યું હોવાથી ભગવાને પણ બ્રાહ્મણોના શાપને માન આપવું જોઇએ; તો તેમણે શું કર્યું હતું? —શ્રીધર

૧ સૂર્યમંડળમાં કુંડાળું થવું વગેરે ઉત્પાતો સ્વર્ગમાં થયા. ૨ ભૂકંપ વગેરે ઉત્પાતો પૃથ્વી પર થયા. ૩ દિશાઓનું બળવું વગેરે ઉત્પાતો આકાશમાં થયા.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



જરા પારધી શ્રીકૃષ્ણની ક્ષમા યાચે છે

[પૃષ્ઠ ૧૧૮૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરસ્પર સ્નેહનો ત્યાગ કરી યુદ્ધ કરવા લાગ્યા.[૧૮] પુત્રો પિતાઓ સાથે, ભાઈઓ ભાઈઓ સાથે, ભાણેજો મામાઓ સાથે, દૌહિત્રો પોતાની માતાઓના પિતાઓ સાથે, ભત્રીજાઓ કાકાઓ સાથે, મિત્રો મિત્રો સાથે, સ્નેહીઓ સ્નેહીઓ સાથે અને જ્ઞાતિઓ જ્ઞાતિઓની સાથે યુદ્ધ કરવા લાગ્યા અને મૂઢ બની જઇને એકબીજાને મારવા લાગ્યા.[૧૯] એ રીતે યુદ્ધ કરતાં બાણો ખૂટી પડ્યાં, ધનુષો ભાંગી ગયાં અને બીજાં શસ્ત્રો પણ ઘસાઇ ગયાં ત્યારે તેઓએ (સમુદ્રના તીર પર ઊગેલું) એરકા નામનું ઘાસ (એકબીજાને મારવા માટે) મુઠીઓ વડે લેવા માંડ્યું;[૨૦] એટલે તે ઘાસ મુઠીથી પકડેલી વજ્ર જેવી ભુંગળીરૂપ બની ગયું અને પછી તો યાદવો તે ભુંગળીથી શત્રુઓને મારવા લાગ્યા. શ્રીકૃષ્ણે તેઓને અટકાવવા માંડ્યા; એટલે શ્રીકૃષ્ણને પણ તેઓ મારવા લાગ્યા. હે રાજન્! માયાથી મૂઢ બનેલા તે યાદવો શ્રીકૃષ્ણ તથા બળભદ્રને પણ પોતાના શત્રુ માનીને તેમને મારી નાખવાનો વિચાર કરી શસ્ત્રો લઇને ચઢી આવ્યા;[૨૧-૨૨] એટલે હે કુરુનંદન! શ્રીકૃષ્ણ અને બળદેવ પણ અત્યંત ક્રોધાયમાન થઇ એરકા ઘાસની મુઠીઓરૂપી ભુંગળી લઇને યુદ્ધમાં ઘૂમતા સંહાર કરવા લાગ્યા. જેમ વાંસમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ વનને બાળી નાખે, તેમ બ્રાહ્મણોના શાપથી ઘેરાઇ ગયેલા અને શ્રીકૃષ્ણની માયા વડે મોહિત થયેલાં મનવાળા તે યાદવોના એકબીજાની સ્પર્ધાથી ઉત્પન્ન થયેલા ક્રોધે યાદવકુળનો સંહાર કરી નાખ્યો.[૨૩-૨૪] એ રીતે પોતાનાં સર્વ કુળ વિનાશ પામ્યાં એટલે શ્રીકૃષ્ણ ભગવાને માન્યું કે, 'પૃથ્વીનો બાકી રહેલો ભાર હવે ઊતર્યો છે.'[૨૫] તે પછી બળરામે સમુદ્રના કિનારા પર પરમ પુરુષના ધ્યાનરૂપી યોગનો આશ્રય કરી પોતાના આત્માને પરમાત્મામાં જોડી દઇને મનુષ્યલોકનો ત્યાગ કર્યો. (અથવા મનુષ્યશરીરનો ત્યાગ કર્યો.) દેવકીના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ, બળરામનું એ સ્વલોકગમન જોઇને પોતે પીપળાના વૃક્ષની પાસે જઇ મૌન ધારણ કરી ત્યાં જમીન પર બેસી ગયા. એ વેળા પોતાની કાંતિથી પ્રકાશી રહેલું ચતુર્ભુજસ્વરૂપ તેમણે ધારણ કર્યું હતું; નિર્ધૂમ અગ્નિની પેઠે સર્વ દિશાઓને અંધકારરહિત કરતા હતા; શ્રીવત્સનું ચિહ્ન તેમણે ધારણ કર્યું હતું; મેઘ જેવા તે શ્યામ હતા; તપાવેલા સુવર્ણ સમાન તેજસ્વી હતા; રેશમી બે વસ્ત્ર તેમણે પહેર્યાં હતાં; પરમ મંગળરૂપ તે હતા; તેમનું મુખકમળ સુંદર મંદ હાસ્યથી યુક્ત હતું; શ્યામ કેશથી તે શોભતા હતા; તેમનાં નેત્રો કમળ સમાન સુંદર હતાં, તેમનાં મકરાકાર કુંડળો ઝળકી રહ્યાં હતાં; કંદોરો, જનોઈ, મુકુટ, કડાં, બાજુબંધ, હાર, ઝાંઝર, વીંટીઓ તથા કૌસ્તુભમણિથી તે શોભી રહ્યા હતા; તેમનાં અંગો વનમાળા વડે વ્યાપ્ત હતાં; મૂર્તિમાન પોતાનાં આયુધોથી તે યુક્ત હતા અને પોતાની જમણી સાથળ પર કમળ સમાન લાલ એવા પોતાના પગને ચઢાવી તે બેઠા હતા. તે વખતે જરા નામનો એક પારધી કે જેણે પેલા મુસલમાંથી બાકી રહેલા લોઢાના ટુકડામાંથી બાણ બનાવ્યું હતું, તેણે મૃગના મુખ જેવા આકારવાળા તે ભગવાનનાં ચરણને મૃગની શંકાથી વીંધી નાખ્યો.[૨૬-૩૩] પણ (પાસે આવીને) ચાર ભુજાવાળા તે ભગવાનને જોઇને ભયભીત થયેલો તે અપરાધી પારધી, મસ્તક નમાવીને અસુરોના શત્રુ તે ભગવાનના ચરણમાં પડ્યો; (ને બોલ્યો કે,)[૩૪] 'હે મધુસૂદન! મેં પાપીએ અજાણતાં આ કૃત્ય કર્યું છે, તો હે ઉત્તમ કીર્તિવાળા નિર્દોષ! મને પાપીને ક્ષમા આપવાને આપ યોગ્ય છો.[૩૫] હે વિષ્ણો! હે પ્રભો! જેમનું સ્મરણ મનુષ્યોના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર કહેવાય છે, તે આપનો મેં અપરાધ કર્યો છે;[૩૬] માટે હે વૈકુંઠ પ્રભુ! મૃગોનો વધ કરનાર મને પાપી પારધીને આપ સત્વર મારી નાખો, કે જેથી ફરી હું આ રીતે સત્પુરુષોનો અપરાધ ન કરું. (કદાચ

Dr. Urmila Sharma Collection, Varanasi

આપ કહો કે, આ કૃત્ય તો બ્રાહ્મણોના શાપથી થયું છે, આમાં તારો કંઇ અપરાધ નથી; તો તે સંબંધે કહેવાનું કે,) જે આપના સ્વાધીન માયાથી રચાયલા હરકોઇ કાર્યને બ્રહ્મા, તેમના પુત્ર રુદ્ર વગેરે અને બીજા વેદદ્રષ્ટાઓ પણ જાણતા નથી, તે આપને આ બ્રાહ્મણોનો શાપ વગેરે લાગે, એમ અમે આપની માયાને લીધે ઢંકાઈ ગયેલી દૃષ્ટિવાળા પાપીઓ સત્વર કેમ કહી શકીએ ?'

શ્રીભગવાન બોલ્યાઃ—'હે જરા ! તું ભય ન પામ, ઊઠ, તેં મારી આ ઇચ્છાજ કરી છે—મારી ઇચ્છાથીજ તેં આ કૃત્ય કર્યું છે; માટે તું મારી આજ્ઞાથી પુણ્યશાળીઓના સ્થાનરૂપ સ્વર્ગમાં જા.' ભગવાન શ્રીકૃષ્ણ કે જેમણે× પોતાની ઇચ્છાથી મનુષ્યશરીર ધારણ કર્યું હતું, તેમણે એ પ્રમાણે આજ્ઞા કરી એટલે તેમને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરીને તે પારધી વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો.૩૭-૪૦ એવામાં શ્રીકૃષ્ણનો સારથિ દારુક, 'ભગવાન ક્યાં હશે ?' એમ શોધતો તે માર્ગે આવી ચઢી તુલસીની સુગંધવાળા વાયુને સૂંઘીને તેની સંમુખ જવા લાગ્યો. ત્યાં તો પીપળાના વૃક્ષ નીચે બિરાજેલા અને તીક્ષ્ણ કાંતિવાળાં આયુધોથી વીંટાયલા પોતાના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનને જોયા; એટલે તુરતજ તે દારુક સારથિનું મન સ્નેહથી તરબોળ બની ગયું; તેનાં નેત્રોમાં અશ્રુઓ આવી ગયાં અને રથ ઉપરથી કૂદી પડીને તે ભગવાનના ચરણમાં પડ્યો.૪૧-૪૨ (અને કહેવા લાગ્યો કે,) 'હે પ્રભો ! હું આપના ચરણકમળને જોતો ન હતો તેથી મારી દૃષ્ટિ, જેમ રાત્રે ચંદ્રમા અસ્ત પામ્યો હોય ત્યારે અંધકારમાં પ્રવેશ કરી વિનાશ પામે છે, તેમ વિનાશ પામી હતી; મને કોઈ દિશાની ખબર રહી નથી અને શાંતિ મળતી નથી.'૪૩ દારુક સારથિ એ પ્રમાણે કહેતો હતો, તે વખતે હે રાજેન્દ્ર ! ગરુડના ચિહ્નવાળો ભગવાનનો રથ ઘોડાઓ અને ધ્વજની સાથે દારુક સારથિના દેખતાં આકાશમાં ઊડી ગયો અને તે રથની પાછળ ભગવાનનાં દિવ્ય આયુધો પણ ચાલ્યાં ગયાં; એટલે તે રથ વગેરેના ચાલ્યા જવાને લીધે અત્યંત આશ્ચર્ય પામેલા મનવાળા દારુક સારથિને ભગવાન કહેવા લાગ્યા:૪૪-૪૫ 'હે સારથિ ! તું દ્વારકા જા અને ત્યાં આપણા જ્ઞાતિજનોનો આ પરસ્પર થયેલો વિનાશ તેમજ બળદેવજીનું યોગમાર્ગે સ્વલોકગમન અને મારી આ દશા, એ સઘળું તું આપણા બંધુઓને કહેજે.૪૬ વળી તું સર્વને કહેજે કે, તમારે પોતાના બંધુઓની સાથે હવે દ્વારકામાં રહેવું નહિ; કેમકે મેં છોડેલી તે યદુપુરીને સમુદ્ર બોળી દેશે.૪૭ તમે સઘળા પોતપોતાના પરિવારને તથા અમારાં માતાપિતાને સાથે લઈ અર્જુનના રક્ષણ હેઠળ રહીને ઇન્દ્રપ્રસ્થમાં જજો. (આમ તેઓને કહીને) તું મારા ધર્મનો આશ્રય કરી, જ્ઞાનનિષ્ઠ થઇને પુત્ર-ધન વગેરે તરફ ઉદાસીન થજે અને મારી માયાની આ રચના જાણીને શાંતિ પામજે.૪૮-૪૯ શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું, એટલે દારુક સારથિ તેમને પ્રદક્ષિણા કરી, વારંવાર નમસ્કાર કરી, તેમના ચરણોને પોતાના મસ્તક પર મૂકી (જ્ઞાતિઓના વિનાશને લીધે) ઉદાસ મનવાળો થઇને દ્વારકા તરફ ચાલી નીકળ્યો."૫૦

એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૩૦ મો સમાપ્ત

અધ્યાય ૩૧ મો*

શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામમાં પધાર્યા

॥ શ્રીશુક ઉવાચ ॥

अथ तत्रागमद्‌ब्रह्मा भवान्या च समं भवः ।
महेंद्रप्रमुखा देवा मुनयः सप्रजेश्वराः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"તે પછી બ્રહ્મદેવ, પા

× 'જેમણે પોતાની ઇચ્છાથી મનુષ્યશરીર ધારણ કર્યું હતું' આ વાક્યનો ભાવ એ છે કે, શુદ્ધ સત્ત્વગુણમય પોતાની મૂર્તિને ઢાંકી દઇ તેના બરોબરજ મનુષ્યશરીરનું માત્ર અનુકરણ કર્યું હતું. —શ્રીધર

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાન સ્વેચ્છાથી પોતાના ધામમાં પધાર્યા અને વસુદેવ વગેરે પણ પ્રેમથી તેમની પાછળ ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

१-मत्भातिं निरोध ... शरीर रमस्य वासुदेवस्य ...
अन्विष्य दातवासास (पुरुषैराप्तकारिभिः ॥ मत्भा० मौसल० ७।३१॥ पृ-

ર્વતીજી સાથે શંકર, ઇન્દ્ર વગેરે દેવો, પ્રજાપતિઓ સહિત સનકાદિક મુનિઓ, પિતૃઓ, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા મોટા સર્પો, ચારણો, યક્ષો, રાક્ષસો, કિન્નરો, અપ્સરાઓ અને મૈત્રેય વગેરે બ્રાહ્મણો (અથવા ગરુડલોકમાં વસનારાં પક્ષીઓ) શ્રીકૃષ્ણ ભગવાનનું પોતાના ધામમાં પધારવું જોવાની ઇચ્છાથી અત્યંત ઉત્સુક થઈને શ્રીકૃષ્ણ ભગવાનનાં કર્મો તેમજ જન્મને ગાતા અને વર્ણન કરતા ત્યાં આવ્યા.[૧-૩] હે રાજન્! વિમાનની પંક્તિઓ વડે આકાશને સાંકડું કરી મૂકતા તેઓએ પરમ ભક્તિથી યુક્ત થઇને પુષ્પોના વરસાદ વરસાવ્યા.[૪] તે પછી વ્યાપક ભગવાન શ્રીકૃષ્ણ, પિતામહ બ્રહ્માને તથા પોતાની વિભૂતિરૂપ ઇન્દ્રાદિ દેવોને જોઇને (તેઓ પોતપોતાના લોકમાં લઇ જવા માટે આવ્યા છે, એમ જાણી તેઓ સર્વના પર પોતાની દાક્ષિણ્યતા હોવાને લીધે તેઓને જાણે ઠગતા હોય તેમ) પોતાના આત્માને આત્મસ્વરૂપમાંજ યોજી દઈ કમળ સમાન નેત્રોને મીંચી ગયા.[૫] ત્યાર પછી ધારણા તથા ધ્યાનના માંગલિક વિષયરૂપ અને જેમાં ચોતરફ સર્વ લોકોની સ્થિતિ છે એવા પોતાના શરીરને અગ્નિની યોગધારણાથી બાળ્યા વિનાજ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ધામમાં પધાર્યા.+[૬] તે વેળા સ્વર્ગમાં દુંદુભિઓ વાગવા લાગ્યાં, આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થવા લાગી અને પૃથ્વી પરથી સત્ય, ધર્મ, ધીરજ, કીર્તિ અને લક્ષ્મી તે ભગવાનની પાછળ જતાં રહ્યાં.[૭] બ્રહ્માદિ દેવો, પોતપોતાના ધામમાં નહિ પધારતા અને જેમની ગતિ જાણવામાં આવી ન હતી એવા શ્રીકૃષ્ણ ભગવાનને અત્યંત આશ્ચર્ય પામી જોવા લાગ્યા! (કે તે ભગવાન ક્યાં પધારી ગયા!)[૮] જેમ મેઘમંડળનો ત્યાગ કરી આકાશમાં જતી વીજળીની ગતિ મનુષ્યો જાણી શકતા નથી, તેમ દેવો શ્રીકૃષ્ણ ભગવાનની ગતિને જાણી શક્યા નહિ. (કે ભગવાન ક્યાં ગયા!)[૯] બ્રહ્મા, રુદ્ર વગેરે દેવો શ્રીહરિની એ યોગગતિ જોઇને વિસ્મય પામ્યા અને તે ગતિની પ્રશંસા કરતા કરતા પોતપોતાના લોકમાં ગયા.[૧૦] હે રાજન્! જેમ નટ (પોતે વિકાર પામ્યા વિનાજ) અનેક જાતનાં સ્વરૂપોથી જન્મ વગેરેનું અનુકરણ કરે છે, તેમ સર્વના કારણ પરમાત્માની, યાદવ વગેરે પ્રાણીઓમાં (પોતે વિકાર પામ્યા વિના) આવિર્ભાવ—તિરોભાવરૂપ ચેષ્ટાઓ, માયા વડે માત્ર અનુકરણરૂપજ છે, એમ તમે જાણો. તે ભગવાન પોતેજ આ જગતને સૃજીને અંતર્યામીપણે તેમાં પ્રવેશ કરી વિહાર કરીને છેવટે તેનો સંહાર કરી પોતાના મહિમાથી (સ્વસ્વરૂપમાં સ્થિતિ કરીને) ઉપરામ પામે છે.[૧૧] જે શ્રીકૃષ્ણ ભગવાને યમલોકમાં લઈ જવાયલા પોતાના ગુરુપુત્રને પોતાના એજ મનુષ્યશરીરે (યમલોકમાં જઇને ત્યાંથી) પાછો આણ્યો હતો; બ્રહ્માસ્ત્ર વડે બળી ગયેલા તમને શરણ આપ્યું હતું (અને જીવાડ્યા હતા); કાળના પણ કાળ શંકર ભગવાનને બાણાસુર સાથેના યુદ્ધમાં જીત્યા હતા અને પારધીને તેના મનુષ્યશરીરેજ સ્વર્ગમાં મોકલ્યો હતો; તે શ્રીકૃષ્ણ ભગવાન પોતાનું રક્ષણ કરવા માટે શું અસમર્થ હતા? નહિજ. (માટે શ્રીકૃષ્ણ ભગવાન પારધીથી પોતાની રક્ષા કેમ ન કરી શક્યા? આમ તેમના સંબંધે માનવું યોગ્ય નથી; તેમજ શ્રીકૃષ્ણ જો સમર્થ હતા, તો કેટલાક કાળ સુધી તેજ શરીરે અહીં કેમ ન રહ્યા? એમ પણ કહેવું નહિ. કારણ કે) ભગવાન, પૂર્વોક્ત પ્રકારે સમગ્ર જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશમાં પોતે સ્વતંત્રપણેજ કારણરૂપ છે;

(पृ. ११-२ (१))

+ યોગીઓની પેઠે ભગવાન શ્રીકૃષ્ણનું પણ સ્વચ્છંદ મૃત્યુ થયું હતું, એવી ભ્રાંતિ ન થઇ જાય તેટલા માટે આ શ્લોક કહ્યો છે. આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, યોગીઓ સ્વચ્છંદ મૃત્યુ પામે છે, તેથી તેઓ પોતાના શરીરને અગ્નિની યોગધારણાથી બાળી નાખી પરલોકમાં જાય છે; પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ તો પોતાના શરીરને બાળી નાખ્યા સિવાયજ પોતાના શરીર સાથેજ સ્વધામ—વૈકુંઠમાં પધાર્યા હતા. કારણ કે ભગવાનનું શરીર કંઇ સામાન્ય નથી, તેમાં તો સર્વ લોકોની સ્થિતિ છે અને સર્વ કોઇને ધારણા તથા ધ્યાન કરવાના એક વિષયરૂપ છે. —શ્રીધર

१-मरणं ~~[illegible]~~ तिशरीरस्य नियतं ध्रुवमेव च। तिष्ठन्नपि क्षणं सर्वः कालस्यैति वशं पुनः॥ महाभा० ॥ अनुशा० ॥ दानधर्मपर्व। पृ. ६०१३ (दाक्षिणात्य पाठ)

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારણ કે પોતે સમગ્ર શક્તિઓને ધારણ કરનારા છે; તો પછી (યાદવોનો સંહાર કર્યા પછી પોતાના શરીરને અહીં પૃથ્વી ઉપર બાકી રાખવાની તેમણે ઇચ્છા કરી ન હતી, પણ પોતાના ધામમાંજ તે શરીરને લઇ ગયા હતા.) કારણ કે આ મનુષ્યશરીરનું શું પ્રયોજન છે? એમ આત્મનિષ્ઠ પુરુષોને દિવ્ય ગતિજ ઉત્કૃષ્ટ દર્શાવવાનો તેમનો અભિપ્રાય હતો.+[૧૨,૧૩] જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઉઠીને સાવધાન થઇ શ્રીકૃષ્ણની આ ઉત્તમ ગતિનું ભક્તિથી કીર્તન કરે છે તે મનુષ્ય તેજ સર્વોત્તમ ગતિને પામે છે.[૧૪] શ્રીકૃષ્ણથી વિખૂટો પડેલો દારુક સારથિ દ્વારકામાં આવીને વસુદેવ તેમજ–ઉગ્રસેનના ચરણમાં પડીને અશ્રુઓથી તેને ભીંજવી દેવા લાગ્યો અને હે રાજા! તેણે તેઓને સર્વ યાદવોનો સંહાર કહ્યો. તે સાંભળીને હૃદયમાં ઉદ્વેગ પામેલા તે લોકો શોકથી મૂર્છિત થયા અને શ્રીકૃષ્ણના વિયોગથી વિહ્વળ થઈ માથાં કૂટતા ઉતાવળા ઉતાવળા ત્યાં જઈ પહોંચ્યા, કે જ્યાં મરણ પામેલા પોતાના સંબંધીઓ સૂતા હતા.[૧૫-૧૭] દેવકી, રોહિણી, તેમજ વસુદેવ પોતાના પુત્ર શ્રીકૃષ્ણ તથા બળદેવને નહિ જોઇને શોકથી વ્યાકુળ થઈ બેભાન બની ગયાં અને ભગવાનના વિરહથી આતુર થઈ તેઓએ ત્યાંજ પ્રાણ તજી દીધા અને હે રાજા! સ્ત્રીઓએ પોતાના પતિઓને આલિંગન કરી ચિતામાં પ્રવેશ કર્યો. બળરામની સ્ત્રીઓએ બળરામના શરીરનું આલિંગન કરી, વસુદેવની સ્ત્રીઓએ વસુદેવના શરીરનું આલિંગન કરી અને શ્રીકૃષ્ણની પુત્રવધૂઓએ પ્રદ્યુમ્ન વગેરેના શરીરનું આલિંગન કરી અગ્નિમાં પ્રવેશ કર્યો અને શ્રીકૃષ્ણની રુક્મિણી વગેરે સ્ત્રીઓએ શ્રીકૃષ્ણરૂપ થઇને અગ્નિમાં પ્રવેશ કર્યો. અર્જુને પોતાના પ્રિય મિત્ર શ્રીકૃષ્ણના વિરહ વડે વ્યાકુળ થઇને શ્રીકૃષ્ણે કહેલાં ભગવદ્ગીતાનાં ઉત્તમ વાક્યોથી પોતાના મનને શાંત કર્યું[૧૮-૨૧] અને તે પછી જેઓના વંશજો નાશ પામ્યા હતા એવા તે મરણ પામેલા સંબંધીઓની અર્જુને, અનુક્રમે વિધિપૂર્વક પિંડોદક વગેરે મરણક્રિયા કરી.[૨૨] હે મહારાજ! શ્રીકૃષ્ણ ભગવાને તજેલી દ્વારકાને, શ્રીભગવાનના મંદિર સિવાય સમુદ્રે ક્ષણવારમાં બોળી દીધી.[૨૩] ભગવાનના તે (બાકી રહેલા) મંદિરમાં મધુસૂદન શ્રીભગવાન નિત્ય સમીપજ રહે છે, જેથી તે મંદિર (હજી સુધી) સ્મરણ કરવાથી સર્વ પાપોનો નાશ કરનારું છે અને સર્વ મંગલોનું મંગલ છે.[૨૪] ત્યાર પછી અર્જુને મરતાં બચી ગયેલાં સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોને ઇન્દ્રપ્રસ્થમાં લઇ જઈ ત્યાં રાખ્યાં અને ત્યાં વજ્રનાભનો રાજ્યાભિષેક કર્યો.×[૨૫] હે રાજન્! તમારા દાદા યુધિષ્ઠિરાદિ, અર્જુનની પાસેથી પોતાના સંબંધી તે યાદવોનો વિનાશ સાંભળી તમને પોતાના વંશધારી બનાવીને (તમારો રાજ્યાભિષેક કરી) પોતે બધાય મહામાર્ગે ચાલી નીકળ્યા હતા.* જે મનુષ્ય દેવોના દેવ શ્રીવિષ્ણુ ભગવાનનાં આ કર્મોનું તથા જન્મનું શ્રદ્ધાથી કીર્તન કરે છે તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. આ પ્રમાણે શ્રીહરિ ભગવાનના સુખકારક અને સુંદર અવતારો, પરાક્રમો તથા બાળચરિત્રો આ ગ્રંથમાં તથા બીજા ગ્રંથમાં જે સાંભળ્યાં હોય તેનું કીર્તન કરનારો મનુષ્ય, પરમહંસોની ગતિરૂપ એવા શ્રીકૃષ્ણ ભગવાનમાં પરમ ભક્તિને પામે છે."[૨૬-૨૮]

એકાદશ સ્કંધ વિષે અધ્યાય ૩૧ મો સમાપ્ત

+ કહેવાનો ભાવ એ છે કે, ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું શરીર અહીં બાકી રાખીને રહ્યા હોત તો બીજા આત્મનિષ્ઠ પુરુષો પણ દિવ્ય ગતિનો અનાદર કરી યોગબળથી દેહસિદ્ધિ કરીને અહીંજ રમણ કરવાનો યત્ન કરત; તે ન થાય માટે ભગવાને પોતાના શરીરને અહીં રહેવા દીધું ન હતું. —શ્રીધર

× કારણ કે ભગવાનની ઇચ્છાથી કેવળ એક વજ્રનાભજ તે યાદવવિનાશથી બચવા પામ્યો હતો.—बा. प्र.

* તે સર્વ પાંડવોએ હિમાલય તરફ પ્રયાણ કર્યું હતું. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत-द्वादश स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो*

મગધવંશના વર્ણસંકર રાજાઓ

॥ राज़ोवाच ॥

स्वधामानुगते कृष्णे यदुवंशविभूषणे। कस्य वंशोऽभवत्पृथ्व्यामेतदाचक्ष्व मे मुने ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે મુનિ! યદુવંશના અલંકારરૂપ શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામમાં પધાર્યા, તે પછી પૃથ્વી ઉપર કોનો વંશ થયો +હતો, એ મને કહો."[1]

શ્રીશુકદેવજી બોલ્યા:–"(મગધવંશી) બૃહદ્રથના વંશનો છેલ્લો †પુરંજય રાજા થશે. તેનો મંત્રી શુનક પોતાના એ રાજાનો વધ કરીને પોતાના પુત્ર પ્રદ્યોતને રાજા બનાવશે. તે પછી તેનો પુત્ર પાલક, પાલકનો પુત્ર વિશાખયૂપ, વિશાખયૂપનો પુત્ર રાજક અને રાજકનો પુત્ર નંદિવર્ધન નામનો થશે. આ પાંચે પ્રદ્યોતન કહેવાતા રાજાઓ એક સો ને આડત્રીસ વર્ષ સુધી પૃથ્વીનું પાલન કરશે.[૨–૪] તેમાં છેલ્લા નંદિવર્ધનથી શિશુનાગ નામે રાજા થશે; તેનો પુત્ર કાકવર્ણ નામે થશે; તેનો પુત્ર ક્ષેમધર્મા, ક્ષેમધ-

---

* આ અધ્યાયમાં કલિયુગના પ્રભાવને લીધે વર્ણસંકર વગેરે દોષથી મલિન એવા મગધવંશના ભાવી રાજાઓનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

\+ ચંદ્રવંશની શાખાઓમાં લાંબા કાળ સુધી ચાલેલ હોવાથી મગધ વંશનું વર્ણન કરવામાં આવે છે. તેમાં પુરુના વંશમાં ઉપરિચર વસુ થયો; તેનો પુત્ર બૃહદ્રથ થયો; તેનો પુત્ર જરાસંધ થયો અને જરાસંધનો પુત્ર સહદેવ થયો, એમ નવમ સ્કંધમાં કહેવામાં આવ્યું છે. તે પછી તેજ વંશમાં સહદેવથી માર્જારિ થયો, તેનાથી શ્રુતશ્રવા થયો, એમ પુરંજય સુધીના વીસ રાજાઓ ભવિષ્યમાં થનારા કહ્યા છે; તે સંબંધે પરીક્ષિત રાજા પ્રશ્ન કરે છે. —શ્રીધર

† આ 'પુરંજયનું'જ બીજું નામ 'રિપુંજય' છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ર્માનો ક્ષેત્રજ્ઞ, ક્ષેત્રજ્ઞનો વિધિસાર, તેનો અજાતશત્રુ, તેનો દર્ભક અને દર્ભકનો પુત્ર આજય નામે થશે.[૫-૬] આજયનો નંદિવર્ધન અને તેનો મહાનંદિ નામે પુત્ર થશે. હે કુરુશ્રેષ્ઠ રાજન્! આ દશ રાજાઓ 'શિશુનાગ' કહેવાશે અને તેઓ કલિયુગમાં ત્રણસો ને સાઠ વર્ષ સુધી પૃથ્વી પર રાજ્ય કરશે. તે પછી હે રાજન્! તેમાંના છેલ્લા મહાનંદિનો પુત્ર નંદ નામે કોઇ રાજા થશે, તે શૂદ્ર જાતિની સ્ત્રીના ગર્ભમાં ઉત્પન્ન થશે, બળવાન થશે, ક્ષત્રિયોનો વિનાશ કરશે અને મહાપદ્મ× સંખ્યાવાળા ધનનો માલિક થશે. તે પછીના રાજાઓ લગભગ શૂદ્ર જેવા અને અધાર્મિક થઈ જશે.[૭-૯] એ મહાપદ્મ (એવા બીજા નામવાળો નંદ) રાજા બીજા પરશુરામની પેઠે (ક્ષત્રિયોનો વિનાશ કરી) એકજ છત્રવાળી પૃથ્વી પર રાજ્ય કરશે અને તેની આજ્ઞાને કોઇ ઓળંગશે નહિ. આ નંદ રાજાના સુમાલ્ય વગેરે આઠ પુત્રો ઉત્પન્ન થશે. તે રાજાઓ સો વર્ષ સુધી આ પૃથ્વીનું પાલન કરશે.[૧૦-૧૧] તે પછી (ચાણક્ય) નામનો કોઇ એક બ્રાહ્મણ નંદ કહેવાતા એ નવે વિશ્વાસુ રાજાઓને મૂળમાંથી ઉખેડી નાખશે; એટલે તેઓનો અભાવ થતાં કલિયુગમાં મૌર્યવંશી રાજાઓ પૃથ્વી પર રાજ્ય કરશે. તે (ચાણક્ય) બ્રાહ્મણજ (મૌર્યવંશી) ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કરશે. પછી તે ચંદ્રગુપ્તનો પુત્ર વારિસાર, તેનો અશોકવર્ધન, તેનો સુયશા, તેનો સંગત, તેનો શાલિશૂક, તેનો સોમશર્મા, તેનો શતધન્વા અને તેનો પુત્ર બૃહદ્રથ થશે. આ *દશ મૌર્ય કહેવાતા રાજાઓ કલિયુગમાં એક સો ને આડત્રીસ વર્ષ સુધી પૃથ્વીનું પાલન કરશે. તે પછી (મૌર્યવંશના) છેલ્લા બૃહદ્રથ રાજાનો સેનાપતિ પુષ્પમિત્ર કે જેનું બીજું નામ શુંગ હતું, તે પોતાના એ રાજાનો વધ કરીને પોતે રાજ્ય કરશે; તેનો પુત્ર અગ્નિમિત્ર થશે, તેનો સુજ્યેષ્ઠ, તેનો વસુમિત્ર, તેનો ભદ્રક, તેનો પુલિંદ, તેનો ઘોષ અને તેનો વજ્રમિત્ર નામનો પુત્ર થશે.[૧૨-૧૭] એ વજ્રમિત્રનો ભાગવત નામે પુત્ર થશે અને તેનો દેવભૂતિ નામનો પ્રખ્યાત પુત્ર થશે. આ દશ 'શુંગ' કહેવાતા રાજાઓ એક સો અને બાર વર્ષ સુધી પૃથ્વી પર રાજ્ય કરશે.[૧૮] તે પછી હે રાજા! આ પૃથ્વી અલ્પ ગુણોવાળા કણ્વ રાજાઓને પ્રાપ્ત થશે. શુંગ વંશનો છેલ્લો દેવભૂતિ રાજા કે જે પરસ્ત્રીઓ સાથે વ્યભિચાર કરનારો થશે, તેને તેનો મહાબુદ્ધિમાન મંત્રી કણ્વવંશી વસુદેવ મારી નાખશે અને પોતે રાજ્ય કરશે. તેનો પુત્ર ભૂમિત્ર થશે અને તેનો પુત્ર નારાયણ થશે. આ કણ્વવંશી રાજાઓ કલિયુગમાં ત્રણસો ને પિસ્તાળીસ વર્ષપર્યંત પૃથ્વીનું પાલન કરશે.[૧૯-૨૧] તે પછી કણ્વવંશના છેલ્લા સુશર્મા રાજાને મારી નાખી બલિ નામનો તેનો મહાદુષ્ટ ચાકર કે જે અંધ્રજાતિનો હતો તે કેટલાક કાળ સુધી પૃથ્વીને ભોગવશે. તે પછી કૃષ્ણ નામે તેનો ભાઈ રાજા થશે. તેનો પુત્ર શ્રીશાંતિકર્ણ, તેનો પુત્ર પૌર્ણમાસ, તેનો પુત્ર લંબોદર, તેનો પુત્ર ચિબિલક રાજા, તેનો મેઘસ્વાતિ, તેનો અટમાન, તેનો અનિષ્ટકર્મા, તેનો હાલેય, તેનો તલક, તેનો પુરીષભીરુ તેનો સુનંદન અને તેનો પુત્ર ચકોર રાજા થશે. આ રાજાઓ 'બહુ' એવા નામે પ્રખ્યાત થશે. આ રાજાઓમાં છેલ્લો શિવસ્વાતિ નામનો રાજા થશે, તેનો પુત્ર અરિંદમ, તેનો પુત્ર ગોમતી, તેનો પુત્ર પુરીમાન, તેનો પુત્ર મેદશિરા, તેનો પુત્ર શિવસ્કંદ, તેનો પુત્ર યજ્ઞશ્રી, તેનો પુત્ર વિજય, તેનો પુત્ર ચંદ્રવિજ્ઞ અને તેનો પુત્ર સલોમધિ થશે.[૨૨-૨૭] હે કુરુનંદન રાજા! આ ત્રીસ રાજાઓ ચારસો અને છપ્પન વર્ષ સુધી પૃથ્વીને ભોગવશે.[૨૮] તે

× અને તે ઉપરથીજ તેનું બીજું નામ 'મહાપદ્મ' એવું પણ પ્રસિદ્ધ થશે. —શ્રીધર

* ચંદ્રગુપ્તથી ગણતાં નવ થાય છે, માટે પરાશરાદિના કહેવા પ્રમાણે પાંચમો 'દશરથ' નામનો રાજા ગણવો, જેથી દશની સંખ્યા પૂરી થાય. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી અવભૂતિ નામની નગરીના સાત આભીર જાતિના રાજાઓ થશે; દશ ગર્દભિ નામના રાજાઓ થશે અને સોળ કંક નામના રાજાઓ થશે. તેઓ અત્યંત લોભી થશે.[૨૯] તે પછી આ યવન રાજાઓ થશે; ચૌદ તુર્ક જાતિના રાજાઓ થશે; ફરી દશ ગુરુંડ જાતિના રાજાઓ થશે અને અગિયાર મૌન જાતિના રાજાઓ થશે.[૩૦] આ આભીરથી માંડીને મૌનજાતિ સિવાયના પાંસઠ રાજાઓ એક હજાર અને નવ્વાણું વર્ષપર્યંત પૃથ્વીને ભોગવશે અને પૂર્વોક્ત મૌન જાતિના અગિયાર રાજાઓ ત્રણસો વર્ષ સુધી પૃથ્વીને ભોગવશે. તે પછી હે રાજન્! તેઓ મરણ પામશે; એટલે કિલકિલા નામની નગરીમાં ભૂતનંદ, વંગિરિ, શિશુનંદિ, તેનો ભાઈ યશોનંદિ ને પ્રવીરક નામના આ રાજાઓ થશે. તેઓ એકસો છ વર્ષ સુધી રાજાઓ તરીકે રહેશે. તે પછી તેઓના બાહ્લીક નામના તેર પુત્રો રાજાઓ થશે. તે પછી પુષ્પમિત્ર નામે એક રાજા અને તેનો પુત્ર દુર્મિત્ર રાજા થશે.[૩૧-૩૩] તેમજ સાત આંધ્ર દેશના રાજાઓ, સાત કોશલ દેશના રાજાઓ, વિદૂરદેશના રાજાઓ અને નિષધ દેશના રાજાઓ, એ બાહ્લીક રાજાઓ પછીજ એક વખતે થશે અને તેઓ તે તે દેશના નામેજ પ્રખ્યાત થઇને તે તે ખંડોમાં તથા મંડળોના રાજાઓ થશે.[૩૪,૩૫] મગધવંશી રાજાઓમાં વિશ્વસ્ફૂર્જિ નામે એક રાજા થશે; તે 'પુરંજય' એવા બીજા નામથી પણ પ્રસિદ્ધ થશે અને બ્રાહ્મણાદિ વર્ણોને લગભગ પુલિંદ, યદુ તેમજ મદ્રક નામના મ્લેચ્છ જેવા કરી મૂકશે.[૩૬] એ દુષ્ટ બુદ્ધિવાળો રાજા બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય—એ ત્રણે વર્ણથી બાહ્ય કરી મૂકેલી પ્રજાઓનું પાલન કરશે અને તે પરાક્રમી રાજા ક્ષત્રિયોનો વિનાશ કરી પદ્માવતી નગરીમાં રહી હરિદ્વારથી આરંભી પ્રયાગપર્યંત રક્ષાયલી ભૂમિને ભોગવશે.[૩૭] તે પછી સૌરાષ્ટ્ર, અવંતી, આભીર, શૂર, અર્બુદ અને માલવ દેશના રહેવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો ને વૈશ્યો વ્રાત્ય બની જશે—ઉપનયનસંસ્કારનો ત્યાગ કરી દેશે અને રાજાઓ લગભગ શૂદ્રો થઈ જશે.[૩૮] તેમજ સિંધુ નદી તથા ચંદ્રભાગા નદીના કિનારા પરના મુલકોને, કૌંતી નગરીને તેમજ કાશ્મીર દેશને શૂદ્રો, ઉપનયન સંસ્કારથી રહિત પુરુષો તથા વેદાચારથી શૂન્ય મ્લેચ્છો ભોગવશે.[૩૯] હે રાજન્! લગભગ મ્લેચ્છ જેવા એ રાજાઓ એકજ કાળે થશે. તેઓ અધર્મ તથા અસત્ય ભાષણ કરવામાં તત્પર રહેશે, અલ્પ દાન કરશે અને તીવ્ર ક્રોધવાળા થશે;[૪૦] એટલુંજ નહિ પણ સ્ત્રીઓ, બાળકો, ગાયો તથા બ્રાહ્મણોનો વધ કરનારા, પારકી સ્ત્રી તથા પારકું ધન લઇ લેવામાં આદરવાળા, પુષ્કળ હર્ષ તથા શોકવાળા થશે; તેમજ અલ્પ સત્ત્વ તથા અલ્પ આયુષવાળા, ગર્ભાધાનાદિ સંસ્કારથી રહિત, ક્રિયાભ્રષ્ટ અને રજોગુણ તથા તમોગુણથી ઘેરાયલા તે રાજાઓરૂપી મ્લેચ્છો પ્રજાઓનું ભક્ષણ કરી જશે. ધન વગેરે લૂંટી લઈ પ્રજાઓને દુઃખ દેશે.[૪૧,૪૨] જે દેશના એ રાજાઓ હશે તે દેશના લોકો પણ તે રાજાઓના જેવા સ્વભાવ, આચાર તથા ભાષાવાળા બની જઈ માંહોમાંહે અને તે રાજાઓદ્વારા પીડાઇને નાશ પામશે."[૪૩]

तन्नाथास्ते जनपदास्तच्छीलाचारवादिनः।
अन्योन्यतो राजभिश्च क्षयं यास्यंति पीडिताः ४३

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो*

ભગવાન કલ્કિ અવતારથી અધર્મીઓનો નાશ કરશે

॥ श्रीशुक उवाच ॥

ततश्चानुदिनं धर्मः सत्यं शौचं क्षमा दया।
कालेन बलिना राजन्नंक्ष्यंत्यायुर्बलं स्मृतिः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—" તે પછી હે રાજન્!

* આ અધ્યાયમાં કલિયુગના દોષોની વૃદ્ધિ થતાં કલ્કિનો અવતાર થશે અને અધર્મિષ્ઠ માણસોનો વિનાશ થતાં ફરી સત્યયુગ આવશે, એ કથા કહેવાશે.—શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બળવાન કાળને લીધે પ્રતિદિન ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુષ, બળ તેમજ સ્મરણશક્તિ નાશ પામશે.[1] કલિયુગમાં ધનજ મનુષ્યોના જન્મ, આચાર તથા ગુણોના ઉદયરૂપ ગણાશે અને ધર્મ તથા ન્યાયની વ્યવસ્થામાં બળજ કારણ તરીકે મનાશે.[2] સ્ત્રી તેમજ પુરુષના સંબંધમાં એકબીજાની રુચિજ કારણરૂપ થશે; (કુળ–ગોત્ર વગેરે કારણરૂપ નહિ રહે;) વ્યવહારને લગતી લેવડ-દેવડ વગેરેમાં કપટજ મુખ્ય થઈ પડશે; સ્ત્રીના તથા પુરુષના શ્રેષ્ઠપણામાં રતિની કુશળતાજ કારણરૂપ મનાશે (પરંતુ કુળ–ગોત્ર વગેરે કારણ નહિ મનાય) અને બ્રાહ્મણપણામાં માત્ર જનોઈજ મુખ્ય તરીકે રહેશે. આશ્રમોને જાણવામાં (અને જણાવવામાં) દંડ, મૃગચર્મ વગેરે ચિહ્નજ કારણરૂપે રહેશે (પણ તે તે આશ્રમોનો આચાર કારણરૂપે નહિ રહે); તેમજ એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવામાં પણ તે ચિહ્નજ મુખ્ય ગણાશે. જો કોઇ મનુષ્ય (ન્યાયાધીશ વગેરેને) ધનની લાંચ વગેરે આપવામાં અસમર્થ હશે તો ન્યાયમાં તેની હાર થશે અને ઘણું ઘણું બોલવું તે પંડિતાઇમાં ગણાશે. (ખરી પંડિતાઈ નહિ રહે.)[3-4] નિર્ધનતાજ દુર્જનતામાં કારણરૂપ મનાશે; દંભજ સજ્જનપણામાં કારણ થઈ પડશે; વિવાહમાં માત્ર સ્વીકારજ મુખ્ય રહેશે (લગ્નક્રિયા મુખ્ય નહિ ગણાય) અને માત્ર સ્નાનજ અલંકારરૂપે થઈ પડશે. હરકોઈ જલાશય જે દૂર હશે તે તીર્થરૂપ ગણાશે, (માતા–પિતા વગેરે તીર્થ મનાશે નહિ;) મસ્તક પર વાળ રાખવા એજ માત્ર સૌંદર્યરૂપ થશે; માત્ર પોતાનું પેટ ભરવું એજ પુરુષાર્થ ગણાશે (ધર્મ વગેરે પુરુષાર્થ નહિ ગણાય) અને ધૃષ્ટતાજ સત્યપણામાં કારણરૂપ ગણાશે; (સત્ય ભાષણ સત્ય તરીકે નહિ ગણાય.)[5-6] કુટુંબનું ભરણપોષણ કરવું એજ ચતુરાઇ ગણાશે અને યશને માટેજ ધર્મસેવન કરવામાં આવશે. આવી રીતે દુષ્ટ પ્રજાઓથી ભૂમંડળ વ્યાપ્ત થઈ જશે, ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્રોમાં જે બળવાન હશે તે રાજા થશે અને તે લોભી, નિર્દય તથા ચોરના જેવી લૂંટફાટ ચલાવનારા રાજાઓ પ્રજાઓ પાસેથી સ્ત્રીઓ તથા ધનને પડાવી લેશે, કે જેથી પ્રજાઓ પહાડોનાં વનમાં જશે અને ત્યાં શાક, મૂળ, માંસ, મધ, ફળ, ફૂલ તથા બીયાંઓ ખાઇને રહેશે.[7-9] વળી દુષ્કાળ અને રાજાઓના કરથી પીડાયલી પ્રજાઓ અનાવૃષ્ટિથી, ટાઢથી, વાયુથી, તડકાથી, વરસાદથી તથા હિમથી વિનાશ પામશે અને પરસ્પર લડીને નાશ પામશે. વળી ક્ષુધા, તૃષા, વ્યાધિઓ અને ચિંતાથી સંતાપ પામશે; તેમજ કલિયુગમાં મનુષ્યોનું મોટામાં મોટું આયુષ વીસ કે ત્રીસ વર્ષ સુધીનું થશે. કલિયુગના દોષથી પ્રાણીઓનાં શરીર ક્ષીણ થતાં જશે; વર્ણો તથા આશ્રમીઓના ધર્મ અને મનુષ્યોના વેદમાર્ગ નાશ પામી જશે; ધર્મ લગભગ પાખંડવાળો થઈ જશે; રાજાઓ લગભગ ચોર જેવા થઈ જશે; મનુષ્યો ચોરી, અસત્યભાષણ અને વૃથા હિંસા વગેરે અનેક જાતની આજીવિકાઓ કરવા લાગશે; વર્ણો લગભગ શૂદ્ર જેવા થઈ જશે; ગાયો લગભગ બકરીઓ જેવડી થઇ જશે; (સંન્યાસ વગેરે) આશ્રમો લગભગ ગૃહસ્થાશ્રમ જેવા થઈ જશે; સંબંધીઓમાં લગભગ વહેવાઇવેલાઓજ સંબંધી તરીકે રહેશે; ઔષધિઓ લગભગ સૂક્ષ્મ થઈ જશે; સ્થાવર–વૃક્ષોમાં લગભગ ખીજડીઓજ વૃક્ષ તરીકે રહેશે; મેઘો લગભગ વીજળીઓવાળાજ થઇ જશે (પૂરી વૃષ્ટિ કરશે નહિ) અને ઘર લગભગ ઊજડ જેવાં–ધર્મ વગેરેથી રહિત થઇ પડશે.[10-15] આ પ્રમાણે મનુષ્યો દુઃસહ ચેષ્ટાવાળાં થઇ જશે; તેમજ કલિયુગ લગભગ સમાપ્ત થવા આવશે ત્યારે ધર્મનું રક્ષણ કરવાને માટે ભગવાન સત્ત્વગુણથી અવતાર લેશે, સ્થાવર–જંગમના ગુરુ, સર્વના આત્મા અને ઈશ્વર શ્રીવિષ્ણુ ભગવાનનો જન્મ ધર્મનું રક્ષણ કરવા માટે તથા સત્પુરુષોને મોક્ષ આપવા માટે હોય છે.[16-17] એ ભગવાન શંભલ નામના ગામ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માં સૌથી શ્રેષ્ઠ ગણાતા મહાત્મા વિષ્ણુયશા બ્રાહ્મણને ઘેર 'કલ્કિ' નામથી પ્રકટ થશે.[૧૮] અનુપમ કાંતિવાળા જગત્પતિ તે ભગવાન અણિમાદિ આઠ ઐશ્વર્ય અને સત્ય સંકલ્પ આદિ ગુણોથી યુક્ત રહીને દુષ્ટોને દમન કરવામાં સાધનરૂપ, દેવોએ આપેલા અને ઉતાવળી ચાલવાળા ઘોડા પર બેસીને, તે વેગવાળા ઘોડાની સાથે પૃથ્વી પર વિચરશે અને રાજાઓના વેષમાં ઢંકાયેલા કરોડો ચોરોને તલવારથી મારી નાખશે. એ રીતે સર્વ ચોર લોકો નાશ પામી જશે ત્યારે વાસુદેવ ભગવાનના અંગરાગના અતિ સુગંધી વાયુનો સ્પર્શ કરનારા નગરવાસી તેમજ દેશવાસી લોકોનાં મન નિર્મળ થઈ જશે.[૧૯-૨૧] પછી સત્ત્વમૂર્તિ ભગવાન વાસુદેવ તેઓના હૃદયમાં સ્થિતિ કરશે; એટલે તેઓની પ્રજાસૃષ્ટિ અત્યંત મજબૂત બાંધાવાળી થશે.[૨૨] એ પ્રમાણે ધર્મપાલક અને દુઃખોને દૂર કરનારા ભગવાન કલ્કિ જ્યારે અવતરશે ત્યારે સત્યયુગ હશે અને પ્રજાઓની ઉત્પત્તિ સત્ત્વગુણી થશે. જે સમયે ચંદ્ર, સૂર્ય, તથા બૃહસ્પતિ, એ ત્રણે ગ્રહો પુષ્ય નક્ષત્રમાં આવશે અને એક રાશિમાં આવશે ત્યારે સત્યયુગ થશે. ચંદ્રવંશી તથા સૂર્યવંશી રાજાઓ ભૂતકાળમાં થઈ ગયા છે, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં થશે, તેઓને તમારી આગળ સંક્ષેપમાં કહ્યા છે. તમારા જન્મથી આરંભીને નંદ રાજાના અભિષેક સુધીમાં પંદરસો વર્ષ વીતી ગયાં છે. આકાશમાં સપ્તર્ષિઓમાંના જે બે (પુલહ તથા ક્રતુ)ના તારાઓ ઉદય વખતે પ્રથમ ઊગેલા દેખાય છે તે બેની મધ્યમાં દક્ષિણોત્તર રેખામાં અશ્વિની વગેરે નક્ષત્રોમાંનું જે નક્ષત્ર સમપ્રદેશમાં રહેલું જોવામાં આવે છે, તે નક્ષત્રની સાથે જોડાઈને સપ્તર્ષિઓ મનુષ્યોનાં સો વર્ષ સુધી રહે છે. તે સપ્તર્ષિઓ હમણાં—તમારા સમયમાં મઘા નક્ષત્રમાં રહેલા છે.[૨૩-૨૮] ભગવાન શ્રીવિષ્ણુનો 'શ્રીકૃષ્ણ' નામનો શુદ્ધ સત્ત્વગુણી દેહ વૈકુંઠલોકમાં ગયો ત્યારે કલિયુગે લોકમાં પ્રવેશ કર્યો છે, કે જે કલિયુગને લીધે મનુષ્ય પાપ કરવામાં આનંદ માને છે.[૨૯] લક્ષ્મીના પતિ તે ભગવાન જ્યાંસુધી પોતાના ચરણકમળ વડે આ પૃથ્વીનો સ્પર્શ કરી રહ્યા હતા ત્યાંસુધી (સંધ્યારૂપે લોકમાં પેસી ગયેલો છતાં) કલિયુગ પૃથ્વીનો પરાભવ કરવાને સમર્થ થયો ન હતો.[૩૦] સપ્તર્ષિઓ જ્યારે મઘા નક્ષત્રમાં આવ્યા ત્યારેજ દેવતાઓનાં બારસો વર્ષના પ્રમાણનો કલિયુગ ચાલુ થઇ ગયો છે.[૩૧] પછી જ્યારે સપ્તર્ષિઓ મઘા નક્ષત્રમાંથી પૂર્વાષાઢા નક્ષત્રમાં જશે ત્યારે નંદરાજાથી માંડીને કલિયુગ વૃદ્ધિ પામશે.[૩૨] પૂર્વકાળને જાણનારા વિદ્વાનો કહે છે કે, શ્રીકૃષ્ણ ભગવાન જે દિવસે વૈકુંઠમાં પધાર્યા તે દિવસે તેજ ક્ષણે કલિયુગ આવ્યો છે.[૩૩] દેવતાઓનાં* એક હજાર વર્ષના અંતે આ ચોથો કલિયુગ વીતી જશે અને મનુષ્યનું મન આત્માને પ્રકાશ કરનારું થશે ત્યારે ફરી સત્યયુગ થશે. આ વૈવસ્વત મનુનો વંશ જે પ્રમાણે ઉચ્ચ—નીચ અવસ્થાઓથી કહેવામાં આવે છે, તેજ પ્રમાણે પ્રત્યેક યુગમાં બ્રાહ્મણો, વૈશ્યો તથા શૂદ્રોની પણ તે તે ઉચ્ચ—નીચ અવસ્થાઓ સમજી લેવી.[૩૪,૩૫] જેઓનાં માત્ર નામજ ચિહ્નરૂપ છે અને જેઓની માત્ર કથાજ બાકી રહી છે એવા એ મહાત્માઓની કીર્તિજ પૃથ્વી પર રહેલી છે. શંતનુનો ભાઈ (ચંદ્રવંશી) દેવાપિ અને ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલો (સૂર્યવંશી) મરુ—આ બે રાજાઓ મહાયોગબળથી યુક્ત રહીને કલાપગ્રામ નામના યોગીઓના નિવાસસ્થળમાં રહે છે. તેઓ બન્ને કલિયુગના અંતે વાસુદેવ ભગવાનની આજ્ઞા પામીને પૂર્વની પેઠે વર્ણાશ્રમયુક્ત ધર્મનો પ્રચાર કરશે. સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગ—આ ચાર

* પ્રથમ કલિયુગનાં વર્ષનું પ્રમાણ દેવતાઇ બારસો વર્ષ કહ્યું હતું, તે કલિયુગની સંધ્યા તથા સંધ્યાંશનાં બસો વર્ષ સાથે કહ્યું હતું, અહીં તે સંધ્યા તથા સંધ્યાંશ વર્ષને છોડીને કેવળ યુગનુંજ પ્રમાણ દેવતાઇ હજાર વર્ષનું જણાવ્યું છે, તેમાં કંઇ વિરોધ નથી.—**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યુગ ક્રમથી પૃથ્વી પર પ્રાણીઓમાં વર્ત્યા કરે છે. હે રાજન્! મેં કહેલા એ રાજાઓ અને બીજા, પૃથ્વી ઉપર મમતા કરીને અંતે આ પૃથ્વીનો ત્યાગ કરી મરણ પામ્યા છે. જે શરીરનું નામ 'રાજા' હોય છે, તેની પણ અંતે તો કીડા, વિષ્ટા કે ભસ્મ, એવીજ સંજ્ઞા થાય છે; આવા (ક્ષણભંગુર) શરીરને માટે જે મનુષ્ય પ્રાણીઓનો દ્રોહ કરે છે તે શું સ્વાર્થને જાણે છે? નથીજ જાણતો. કારણ કે પ્રાણીનો દ્રોહ કરવાથી તો નરકજ મળે છે.[૩૬-૪૧] 'આ અખંડ ભૂમિ મારા પૂર્વપુરુષોએ કેવી રીતે ધારણ કરી હતી? અને તે આ ભૂમિ મારી, મારા પુત્રની, પૌત્રની અથવા મારા વંશજની કેવી રીતે થઇ રહે?' આમ પૃથ્વીને તથા તેજ, પાણી અને અન્નમય એવા શરીરને મમતાથી પોતાના તરીકે માની લઇ તે મૂર્ખ રાજાઓ છેવટે આ પૃથ્વીનો તથા શરીરનો ત્યાગ કરી મરણ પામ્યા છે.[૪૨,૪૩] હે રાજન્! જે જે રાજાઓ પોતાના બળ વડે પૃથ્વીને ભોગવી ગયા છે તેઓ સર્વને કાળે કથાઓમાં માત્ર કથારૂપે કર્યા છે."[૪૪]

ये ये भूपतयो राजन् भुंजंति भुवमोजसा।
कालेन ते कृताः सर्वे कथामात्राः कथासु च ॥४४

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो*

શ્રીહરિને નમન કરવું તે સર્વ દોષોનો નાશ કરનાર છે

॥ श्रीशुक उवाच ॥

दृष्ट्वात्मनि जये व्यग्रान् नृपान् हसति भूरियम्।
अहो मां विजिगीषंति मृत्योः क्रीडनका नृपाः ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"પોતાનો જય કરવા માટે વ્યગ્ર થયેલા રાજાઓને જોઇને આ પૃથ્વી હસે છે કે, 'અહો! મૃત્યુનાં રમકડાં જેવા આ રાજાઓ મને જીતવા ઇચ્છે છે! રાજાઓ સમજે છે તોપણ તેઓને આ વ્યર્થ કામના હોયજ છે; જેને લીધે તે રાજાઓ ફીણના જેવા દેહ ઉપર અત્યંત વિશ્વાસુ બન્યા હોય છે.[૧,૨] (રાજાઓ મનોરથો કરે છે કે,) 'અમે પ્રથમ છ ઇન્દ્રિયોને જીતી લઇ રાજમંત્રીઓને વશ કરીશું અને પછી શત્રુઓરૂપી કાંટાઓ ઉખેડી નાખી પ્રધાનોને, નગરવાસીઓને, રાજપુરોહિત વગેરે આપ્તજનોને તથા મોટા મોટા હાથીઓને વશ કરીશું.[૩] આવી રીતે ક્રમપૂર્વક સમુદ્ર સુધીની પૃથ્વીને અમે જીતી લઇશું.' આવી આશાઓથી બંધાયલા હૃદયવાળા તે રાજાઓ પોતાની સમીપમાં રહેલા કાળને જોતા નથી. કેટલાક રાજાઓ સમુદ્રોરૂપી આવરણવાળી મને (પૃથ્વીને) જીતીને બળથી સમુદ્રમાં પ્રવેશ કરે છે. (સમુદ્રના બીજા બેટોને જીતવા ઇચ્છે છે.) ઇન્દ્રિયોના જયનું આ પૃથ્વીને જીતવારૂપ ફળ તે કેટલું છે? કંઇજ નથી; ઇન્દ્રિયોના જયનું ફળ તો મુક્તિ હોવું જોઇએ.[૪,૫] હે *કુરુવંશી રાજન્! જે પૃથ્વીનો ત્યાગ કરીનેજ મનુઓ તેમજ તેમના પુત્રો જેમ આવ્યા હતા તેમ પાછા ચાલ્યા ગયા છે તે મને—પૃથ્વીને આ મૂર્ખ રાજાઓ યુદ્ધમાં જીતી લેશે![૬] (આશ્ચર્ય છે ને!) જેઓનાં ચિત્ત રાજ્ય ઉપરની મમતાથી બંધાયલાં હોય છે તેવા દુષ્ટ રાજાઓમાં મારે માટે પિતા, પુત્ર અને ભાઈઓ વચ્ચે કજિયો થાય છે.[૭] 'ઓ મૂર્ખ! આ સમગ્ર પૃથ્વી મારી છે, તારી નથી' આમ પરસ્પર કહેતા ને સ્પર્ધા કરતા રાજાઓ મારે માટે પરસ્પર સંહાર કરે છે અને મરે છે.[૮] પૃથુ, પુરૂરવા, ગાધિ, નહુષ, ભરત, અર્જુન, માંધાતા, સગર, રામ, ખટ્વાંગ,

* આ અધ્યાયમાં ભૂમિગીતથી રાજ્યના દોષ વગેરેનું વર્ણન કરવામાં આવશે અને પુષ્કળ દોષવાળા કલિયુગમાં શ્રીહરિને નમસ્કાર કરવો તે દોષોનો નાશ કરે છે, તે કહેવામાં આવશે. —શ્રીધર

* ભૂમિગીત કહેતાં કહેતાં વચ્ચે શુકદેવજી પરીક્ષિતને આમ સંબોધે છે અને પાછું પૃથ્વીગીતજ ચાલુ રાખે છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધુંધુહા, રઘુ, તૃણબિંદુ, યયાતિ, શર્યાતિ, શંતનુ, ગય, ભગીરથ, કુવલયાશ્વ, કકુત્સ્થ, નૈષધ, નૃગ, હિરણ્યકશિપુ, વૃત્રાસુર, લોકોને રડાવનારો રાવણ, નમુચિ, શંબરાસુર, ભૌમાસુર, હિરણ્યાક્ષ, તારકાસુર અને બીજા ઘણા મહાસમર્થ દૈત્યો તથા રાજાઓ કે જેઓ સર્વે સઘળું જાણનારા, શૂરા, સર્વને જીતનારા અને પોતે અજિત હતા છતાં હે સમર્થ રાજન્! મારે વિષે ઘણીજ મમતા બાંધીને વર્તતા તે મરણધર્મી રાજાઓ અકૃતાર્થજ રહ્યા હતા; તેવામાં તો કાળે તેઓને કથામાંજ બાકી રહેલા કર્યા કરે છે—મારી નાખ્યા છે.§૧૦ હે સમર્થ પરીક્ષિત રાજા! લોકોમાં યશનો વિસ્તાર કરી મરણ પામેલા તે અતિ મહાન રાજાઓની કથાઓ મેં તમને વિજ્ઞાન તથા વૈરાગ્ય કહેવાની ઇચ્છાથી કહી છે—તમને જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત થાય તે માટે કહી છે. આ કથાઓ માત્ર વાણીના વિલાસરૂપ છે; પરમાર્થરૂપ§ નથી. જે મનુષ્ય શ્રીકૃષ્ણ વિષે નિર્મળ ભક્તિની ઇચ્છા રાખતો હોય તેણે ઉત્તમ કીર્તિવાળા ભગવાનનો, અમંગળનો નાશ કરનાર જે ગુણાનુવાદ (આ ભાગવત ગ્રંથમાં) કહ્યો છે તેનેજ (પરમ પરમાર્થરૂપ સમજીને) નિત્ય વારંવાર સાંભળવો."૧૧–૧૫

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે મુનિ! હે ભગવન્! કલિયુગના વૃદ્ધિ પામેલા દોષોને કલિયુગમાં મનુષ્યો કયા ઉપાયથી દૂર કરશે, તે મને કહો.૧૬ તેમજ યુગો, યુગોના ધર્મો અને પ્રલયકાળ તથા સ્થિતિકાળનું પ્રમાણ કે જે કાળમૂર્તિ અને ઇશ્વરરૂપ મહાત્મા વિષ્ણુની ગતિરૂપ છે તે પણ મને કહો."૧૭

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજા! સત્યયુગમાં ધર્મ ચાર ચરણવાળો પ્રવર્તે છે. તેને (તે સમયના) લોકો ધારણ કરે છે. સત્ય, દયા, તપ અને દાન એ પરિપૂર્ણ ધર્મના ચાર ચરણ છે.૧૮ સત્યયુગમાં લોકો લગભગ સંતોષી, દયાળુ, સર્વના મિત્ર, શાંત, જિતેન્દ્રિય, સહનશીલ, આત્મારામ, સમદૃષ્ટિવાળા અને આત્માનો અભ્યાસ કરનારા હોય છે. પછી ત્રેતાયુગમાં અસત્ય, હિંસા, અસંતોષ તથા કલહ, એ ચાર અધર્મના ચરણોથી ધર્મના ચરણોમાંનો ચોથો ભાગ ધીમે ધીમે નાશ પામે છે.૧૯-૨૦ હે રાજન્! તે યુગમાં લોકો ક્રિયા તથા તપમાં નિષ્ઠાવાળા હોય છે; અતિશય હિંસક હોતા નથી; લંપટ હોતા નથી; ધર્મ, અર્થ તથા કામ—એ ત્રિવર્ગને સેવે છે; વેદકુશળ હોય છે અને વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ હોય છે.૨૧ પછી દ્વાપર યુગમાં હિંસા, અસંતોષ, અસત્ય તથા દ્વેષરૂપી અધર્મનાં લક્ષણોથી તપ, સત્ય, દયા તથા દાનમાં ધર્મનો અર્ધો ભાગ નાશ પામે છે.૨૨ તે યુગના મનુષ્યો યશસ્વી, મોટા મોટા યજ્ઞો કરવાના સ્વભાવવાળા, સ્વાધ્યાય તથા અધ્યયન કરવામાં આસક્ત, ધનવાન, કુટુંબી અને આનંદી હોય છે; તેમજ વર્ણોમાં બ્રાહ્મણો તથા ક્ષત્રિયો ઉત્તમ ગણાય છે.૨૩ તે પછી કલિયુગમાં તો વૃદ્ધિ પામતાં અધર્મનાં કારણોથી ધર્મના પાયાઓનો એક ચતુર્થાંશજ રહે છે અને તે ચતુર્થાંશ પણ ક્ષીણ થતો થતો અંતે વિનાશ પામે છે.૨૪ એ યુગમાં લોકો લોભી, દુરાચારી, નિર્દય, શુષ્ક, વૈર કરનારા, દુર્ભાગી અને ઘણીજ તૃષ્ણાવાળા હોય છે અને પ્રજાઓમાં શૂદ્રો તથા દાસ લોકો મુખ્ય થઇ પડે છે.૨૫ સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણો પુરુષમાં જોવામાં આવે છે અને કાળથી પ્રેરાઇને તેજ અંતઃકરણમાં આવ–જા કરે છે.૨૬ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો જ્યારે સત્ત્વગુણમાં અતિશય વર્તે ત્યારે સત્યયુગ છે એમ જાણવું; જેને લીધે જ્ઞાનમાં તથા તપમાં રુચિ થાય છે.૨૭ હે બુદ્ધિમાન રાજા! જ્યારે મનુષ્યોને ધર્મ,

---

§ અર્થાત્ આ કથાઓ પરમાર્થયુક્ત કથનરૂપ નથી. —શ્રીધર

એટલે કે આ કથાઓનું કથન પરમાર્થરૂપ નથી; માટે આ કથાઓજ સાંભળવામાં આગ્રહ રાખવો નહિ. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્થ તેમજ કાળમાં પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ જેમાં મુખ્ય વર્તે છે એવો ત્રેતાયુગ જાણવો.[૨૮] જ્યારે લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર અને કામ્ય કર્મો ઉપર પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ અને તમોગુણ જેમાં મુખ્ય છે, એવો દ્વાપર યુગ જાણવો[૨૯] અને જ્યારે કપટ, અસત્ય, આળસ, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય અને દીનતા જોવામાં આવે છે ત્યારે તમોગુણ જેમાં મુખ્ય છે એવો કલિયુગ છે, એમ જાણવું.[૩૦] કારણ કે કલિયુગના મનુષ્યો ક્ષુદ્ર દૃષ્ટિવાળા, અલ્પ ભાગ્યવાળા, ઘણું ખાનારા, કામી તથા ધનહીન હોય છે અને સ્ત્રીઓ વ્યભિચારિણી તથા સ્વેચ્છાચારિણી હોય છે.[૩૧] (કલિયુગમાં) દેશો પુષ્કળ ચોરોવાળા થઈ જશે; વેદો પાખંડીઓથી દૂષિત થશે; રાજાઓ પ્રજાઓનું ભક્ષણ કરશે; બ્રાહ્મણો ઉપસ્થ તથા ઉદરપોષણમાંજ તત્પર રહેનારા થશે; બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યવ્રતથી રહિત અને પવિત્રતાથી શૂન્ય થશે; ગૃહસ્થો (ભિક્ષા નહિ આપતાં પોતેજ) ભિક્ષા માગનારા થઈ જશે; તપસ્વીઓ (વનવાસનો ત્યાગ કરી) ગામોમાં રહેનારા થશે અને સંન્યાસીઓ ધનના અત્યંત લાલચુ થશે.[૩૨।૩૩] કલિયુગની સ્ત્રીઓ ટૂંકા શરીરવાળી, ઘણો આહાર કરનારી, ઘણાં છોકરાંવાળી, લજ્જા વિનાની, નિત્ય કટુ ભાષણ કરનારી અને ચોરી, કપટ તથા મોટાં સાહસ કરનારી થશે.[૩૪] શૂદ્ર લોકો કપટ કરનારા બની જઇને વેપારી થઇ વેચવા ને ખરીદવાના વ્યવહાર કરશે અને સર્વ લોકો આપત્તિકાળ નહિ હોય તોપણ સત્પુરુષોએ નિંદેલી આજીવિકાને સારી માનશે.[૩૫] સર્વ કરતાં ઉત્તમ એવો પણ પોતાનો શેઠ ધનરહિત થઇ પડશે, એટલે નોકરો તેનો ત્યાગ કરશે અને શેઠિયાઓ પણ પોતાનો નોકર કુલપરંપરાનો હશે, છતાં રોગાદિથી અશક્ત થશે એટલે તેનો ત્યાગ કરશે; તેમજ દૂધ નહિ આપતી ગાયોને લોકો તજી દેશે.[૩૬] કલિયુગમાં પુરુષો પિતાનો, ભાઇઓનો, મિત્રોનો તથા કુટુંબીઓનો ત્યાગ કરી સુરતનિમિત્તેજ સ્નેહ કરશે અને તેથીજ સાળીઓ તથા સાળાઓ સાથે મંત્રણાઓ કરશે અને સ્ત્રીને અધીન થઇ રહેશે.[૩૭] શૂદ્ર લોકો તપસ્વીઓના વેષ ઉપર આજીવિકા કરતા દાન લેશે; તેમજ ધર્મને નહિ જાણતા હોય છતાં ઉત્તમ આસન પર બેસીને ધર્મોપદેશ કરશે.[૩૮] હે રાજન્! પૃથ્વી અન્નરહિત થઇ જશે એટલે લોકો નિત્ય ઉદ્વિગ્ન મનવાળા રહેશે; દુષ્કાળ અને રાજાઓના કરને લીધે પીડાશે તથા અનાવૃષ્ટિના ભયથી આતુર રહેશે.[૩૯] વળી કલિયુગમાં પ્રજાઓ વસ્ત્ર, અન્ન, પાન, શયન, મૈથુન, સ્નાન તથા આભૂષણરહિત થઈ પડશે અને પિશાચોના જેવા દેખાવની થઈ જશે. કલિયુગમાં લોકો એક કોડી જેટલા ધન માટે પણ લડાઈ કરી સ્નેહનો ત્યાગ કરી પોતાના સંબંધીઓને પણ મારી નાખશે અને (તેમાં જો નહિ ફાવે તો) પોતાના પ્રિય પ્રાણનો પણ ત્યાગ કરશે.[૪૦।૪૧] મનુષ્યો, પોતાનાં વૃદ્ધ માતાપિતાની પણ રક્ષા નહિ કરે અને ગુહ્યેન્દ્રિય તથા ઉદરનું પોષણ કરનારાં ક્ષુદ્ર માતપિતાઓ સર્વ વિષયોમાં કુશળ એવા પોતાના પુત્રોની પણ રક્ષા નહિ કરે.[૪૨] હે રાજા! જગતના પરમ ગુરુ અને ત્રણે લોકના સ્વામીઓ જેમના ચરણકમળને નમન કરે છે એવા અચ્યુત ભગવાનને કલિયુગમાં લોકો ઘણું કરી નહિ પૂજે કેમકે તેઓનાં ચિત્ત પાખંડોથી ફરી ગયાં હશે.[૪૩] મરણ પામી રહેલો, આતુર, પડતો, ઠોકરો ખાતો અથવા પરવશ થઈ પડેલો મનુષ્ય જેમનું નામ લેતાંજ છૂટી ગયેલાં કર્મબંધનવાળો થઇને ઉત્તમ ગતિને પામે છે, તે ભગવાનને કલિયુગમાં લોકો નહિ પૂજે.[૪૪] (એ રીતે કલિયુગના દોષો કહીને હવે કલિયુગને દૂર કરવાનો ઉપાય હું તમને કહું છું:) ભગવાન પુરુષોત્તમ, મનુષ્યોના ચિત્તમાં જો રહ્યા હોય છે તો કલિયુગે કરેલાં તેઓના દોષોને તથા દ્રવ્ય, દેશ અને ઇન્દ્રિયોના સર્વ દોષોને દૂર કરે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.[૪૫] શ્રવણ કરેલા, કીર્તન કરેલા, ધ્યાન કરેલા, પૂજેલા અને આદર અપાયલા ભગવાન, મનુષ્યોનાં હૃદયમાં બિરાજીને દશ હજાર જન્મોનાં પાપોનો નાશ કરે છે. જેમ સુવર્ણમાં રહેલો અગ્નિ સુવર્ણની મલિનતાને દૂર કરે છે, તેમ હૃદયમાં બિરાજેલા વિષ્ણુ ભગવાન, યોગીઓની અશુભ વાસનાનો નાશ કરે છે—અર્થાત્ યોગીઓને પણ વિષ્ણુ ભગવાનજ ઉપાસવા યોગ્ય છે; યોગ વગેરે ઉપાસનીય નથી. અનંત ભગવાન હૃદયમાં બિરાજ્યા હોય ત્યારે અંતરાત્મા જેવી અત્યંત શુદ્ધિને પામે છે, તેવી દેવોની ઉપાસના, તપ, પ્રાણાયામ, સર્વ પ્રાણીઓ તરફ મિત્રતા, તીર્થસ્નાન, વ્રત, દાન અને જપ કરવા યોગ્ય મંત્રોથી પણ અત્યંત શુદ્ધિને પામતો નથી. માટે હે રાજન્! તમે પણ મરણ પામવાની તૈયારીમાં છો, તેથી બરાબર સાવધાન થઇને સર્વ પ્રકારે કેશવ ભગવાનને હૃદયમાં સ્થાપી દો, જેથી પરમ ગતિને પ્રાપ્ત થશો.[૪૬-૪૯] હે રાજા! મરણ પામતા લોકોએ ભગવાન પરમેશ્વરનું ધ્યાન કરવું; એટલે સૌ કોઇના આત્મા અને સર્વના આશ્રય તે ભગવાન તેને પોતાના સ્વરૂપમાં લઇ જાય છે.[૫૦] હે રાજન્! કલિયુગ દોષોનો ભંડાર છે; તોપણ તેનો એક મહાન ગુણ છે કે, શ્રીકૃષ્ણનું કીર્તન કરવાથીજ મનુષ્ય (કલિયુગમાં) સર્વ સંગથી મુક્ત થઇને પરમાત્માને પામી જાય છે.[૫૧] સત્યયુગમાં વિષ્ણુનું ધ્યાન કરનારને જે ફળ મળે છે, ત્રેતાયુગમાં યજ્ઞોથી વિષ્ણુનું યજન કરનારને જે ફળ મળે છે અને દ્વાપરયુગમાં વિષ્ણુની સેવા કરતાં જે ફળ પ્રાપ્ત થાય છે; તેજ ફળ કલિયુગમાં શ્રીહરિનું કીર્તન કરવાથી પ્રાપ્ત થાય છે."[૫૨]

कृते यद्ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥५२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो*

નૈમિત્તિક, પ્રાકૃતિક, આત્યંતિક અને નિત્ય—એ ચાર પ્રલયો

॥ श्रीशुक उवाच ॥

कालस्ते परमाण्वादिर्द्विपरार्द्धावधिर्नृप ।
कथितो युगमानं च शृणु कल्पलयावपि ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! પરમાણુથી આરંભીને દ્વિપરાર્ધ સુધીનો કાળ (ત્રીજા સ્કંધમાં) મેં તમને કહ્યો છે; તેમજ યુગોનું પ્રમાણ પણ કહ્યું છે. હવે કલ્પ તથા લયનું પ્રમાણ પણ તમે સાંભળો.[૧] (તેમાં કલ્પનું પ્રમાણ આ પ્રમાણે છેઃ) હે રાજા! ચાર હજાર યુગ તે બ્રહ્માનો એક દિવસ કહેવાય છે અને તેજ કલ્પ કહેવાય છે; જેમાં ચૌદ મનુઓ થઇ જાય છે.[૨] આ કલ્પને અંતે પ્રલય થાય છે. આ પ્રલયના પ્રમાણની બ્રહ્માની રાત્રિ કહી છે—અર્થાત્ પ્રલય એજ બ્રહ્માની રાત્રિ છે. તેમાં આ ત્રણે લોકોનો પ્રલય થઇ જાય છે.[૩] આ નૈમિત્તિક પ્રલય કહ્યો છે, જેમાં વિશ્વસ્રષ્ટા શ્રીનારાયણ, જગતને પોતાનામાં સમેટી લઇ શયન કરે છે અને બ્રહ્મા તે નારાયણ ભગવાનમાં શયન કરે છે.†[૪] જ્યારે પરમેષ્ઠી બ્રહ્મદેવનો દ્વિપરાર્ધ સમય વીતી જાય છે ત્યારે મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ આ સાત પ્રકૃતિઓ લય પામે છે; માટે આ પ્રાકૃતિક પ્રલય કહ્યો છે. હે રાજન્! આ પ્રલયમાં વિનાશનું કારણ (કાળે) પ્રાપ્ત કર્યું હોય છે; તેથી મહત્તત્ત્વ વગેરે પ્રકૃતિઓના કાર્યસમૂહરૂપ આ બ્રહ્માંડકોશ લય પામે છે. (માટેજ આને પ્રાકૃતિક પ્રલય કહે છે.)[૫-૬] હે રાજન્! એ વખતે પૃથ્વી

---

* આ અધ્યાયમાં નૈમિત્તિક વગેરે ચાર પ્રલયો કહેવામાં આવશે અને શ્રીહરિના કીર્તનથીજ સંસારથી મુક્ત થવાતું વર્ણવાશે. —श्रीधर

† બ્રહ્માની નિદ્રાના નિમિત્તે ત્રણ લોકનો જે પ્રલય થાય છે તે આ નૈમિત્તિક પ્રલય છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપર સો વર્ષ સુધી વરસાદ વરસશે નહિ; એટલે તે વેળા અન્નરહિત થયેલા લોકમાં ક્ષુધાથી પીડાયલી પ્રજાઓ પરસ્પર ભક્ષણ કરવા લાગશે, જેથી કાળને લીધે ઉપદ્રવ પામેલી તે પ્રજાઓ ધીમે ધીમે નાશ પામશે. પછી પ્રલયકાળનો સૂર્ય સમુદ્રના, દેહના તેમજ પૃથ્વીના રસને પોતાનાં ભયંકર કિરણોથી પી જશે અને તે સર્વ રસને પાછો મૂકશે નહિ. તે પછી સંકર્ષણના મુખમાંથી ઉત્પન્ન થયેલો પ્રલયકાળનો અગ્નિ, વાયુના વેગ વડે વધી જઇ પૃથ્વીનાં શૂન્ય પોલાણોને બાળી નાખશે અને ઉપર, નીચે તથા ચોતરફ અગ્નિ અને સૂર્યની શિખાઓથી બળતું બ્રહ્માંડ બળેલા છાણા જેવું જણાશે. તે પછી પ્રલયકાળનો પ્રચંડ પવન એકસોથી વધારે વર્ષો સુધી મહાબળવાન બનીને વાયા કરશે, જેથી કરીને ધૂળને લીધે ઢંકાઇ ગયેલું આકાશ ભૂખર વર્ણવાળું થઇ જશે. પછી હે રાજા! જાતજાતના રંગવાળાં અનેક મેઘમંડળો સો વર્ષ સુધી વરસવા લાગશે અને તીવ્ર ગર્જનાઓ વડે ગાજ્યા કરશે; તેથી બ્રહ્માંડના પોલાણની વચ્ચે આવેલું જગત કેવળ એક જળમય બની જશે.[૭–૧૩] એ પ્રમાણે જળથી બધું ડૂબી જશે ત્યારે પૃથ્વીના ગંધગુણને પાણી ગળી જશે અને ગળાઇ ગયેલા ગંધવાળી પૃથ્વીનો પ્રલય થઇ જશે.[૧૪] તે પછી જળના રસગુણને તેજ ગળી જશે, એટલે નીરસ થયેલું જળ લય પામશે. પછી તેજના રૂપ–ગુણને વાયુ ગળી જશે, એટલે રૂપરહિત થયેલું તેજ વાયુમાં લય પામશે અને વાયુના સ્પર્શગુણને આકાશ ગળી જશે, જેથી ગુણરહિત થયેલો વાયુ આકાશમાં લય પામશે. હે રાજન્! તે પછી આકાશના શબ્દગુણને ભૂતોનો આદિ–તામસ અહંકાર ગળી જશે એટલે આકાશ તે અહંકારમાં લય પામશે. પછી હે રાજન્! વૃત્તિઓ સહિત ઇન્દ્રિયોને રાજસ અહંકાર ગળી જશે અને ઇન્દ્રિયોના દેવોને સાત્ત્વિક અહંકાર ગળી જશે. પછી હે રાજન્! સાત્ત્વિક, રાજસ અને તામસ, એ ત્રણે પ્રકારના અહંકારને મહત્તત્ત્વ ગળી જશે; તે મહત્તત્ત્વને સત્ત્વાદિ ગુણો ગળી જશે અને કાળથી પ્રેરાયલું પ્રધાન તત્ત્વ (પ્રકૃતિ) તે ગુણોને ગળી જશે.[૧૫–૧૮] તે પ્રધાન તત્ત્વના દિવસ–રાત્રિ વગેરે કાળના અવયવોથી પરિણામાદિ વિકારો થતા નથી. કારણ કે તે તત્ત્વ આદિ–અંતથી રહિત છે. અસ્તિત્વવિકારથી શૂન્ય છે, સર્વદા એકસ્વરૂપ છે, હાનિ–વૃદ્ધિથી રહિત છે અને અપક્ષયથી રહિત છે; કારણ કે તે સર્વનું કારણ છે.[૧૯] વળી તે પ્રધાનતત્ત્વમાં વાણી, મન, સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ, મહત્તત્ત્વ વગેરે આ વિકારો, પ્રાણ, બુદ્ધિ, ઇન્દ્રિયો તથા તેના દેવો–આ સર્વ લોકરૂપી રચના વિશેષ નથી અને તે (તત્ત્વ) સ્વપ્ન તેમજ જાગ્રત્ અવસ્થાથી યુક્ત નથી; પણ ઇન્દ્રિયોના અભાવને લીધે સુષુપ્તિ અવસ્થા જેવું અને શૂન્ય જેવું છે; કારણ કે તે તર્કમાં આવી શકે તેવું નથી. વળી આકાશ, જળ, પૃથ્વી, વાયુ, અગ્નિ તેમજ સૂર્ય જેમાં નથી તેવા આ પ્રધાનતત્ત્વને વિદ્વાનો મૂળભૂત સ્થાન કહે છે.[૨૦,૨૧] આવી રીતે પુરુષ તથા પ્રકૃતિની સત્ત્વાદિ શક્તિઓ કાળને લીધે ચલાયમાન થઇ પરવશ થઇને જ્યારે લય પામે છે, ત્યારે આ પ્રાકૃતિક પ્રલય થયો કહેવાય છે.[૨૨] (હવે ÷આત્યંતિક પ્રલય કહું છું.) બુદ્ધિ, ઇન્દ્રિયો અને તેના વિષયોરૂપે એટલે ગ્રાહક, સાધનો તથા ગ્રાહ્યરૂપે તેઓનું આશ્રયભૂત જ્ઞાનજ છે; (જ્ઞાનથી તેઓ કંઇ જુદાં નથી;) કારણ કે તેઓ દૃશ્ય છે અને કારણથી ભિન્ન હોઇ શકતા નથી. માટે જે વસ્તુ આદિ તથા અંતવાળી છે તે વસ્તુજ નથી.‡[૨૩] જેમ દીવો, નેત્ર અને રૂપ (પોતાના

÷ આત્યંતિક પ્રલય એટલે મોક્ષ. તે મોક્ષ બ્રહ્મજ્ઞાનથી થતા સર્વ પ્રપંચના લયરૂપ હોય છે. આ પ્રપંચ જો આત્માની પેઠે સત્ય હોય તો તેનો લય સંભવે નહિ, ત્યારે જ્ઞાનસ્વરૂપ બ્રહ્મથી પૃથક્ જણાતા પ્રપંચનું અસ્તિત્વજ નથી, એમ આ શ્લોકમાં દર્શાવે છે. –શ્રી.

‡ અર્થાત્ જેમ દોરીમાં જણાતા સર્પ દૃશ્ય હો-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારણ) તેજથી જુદાં નથી, તેમ બુદ્ધિ, ઇન્દ્રિયો અને વિષયો પણ કાર્યથી અત્યંત ભિન્ન એવા સત્ત્વસ્વરૂપ બ્રહ્મથી જુદા નથી—અર્થાત્ પ્રપંચથી બ્રહ્મનો ભેદ છે, પણ પ્રપંચનો બ્રહ્મથી ભેદ નથી. હે રાજન્! (એ રીતે બુદ્ધિનું જો અસ્તિત્વજ નથી; તો પછી બુદ્ધિની અવસ્થા જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ તો ક્યાંથીજ હોઇ શકે ?) જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ—એ બુદ્ધિની અવસ્થાઓ કહેવાય છે. (કદાચ કોઇ શંકા કરે કે જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ—એ અવસ્થાઓ અનુક્રમે વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞની છે, બુદ્ધિની નથી; તેનું કેમ? આના સમાધાનમાં કહેવાનું કે;) આ—વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞરૂપ જે અનેકત્વ આત્મામાં જોવામાં આવે છે તે માત્ર માયા છે.[24,25] જેમ મેઘ કોઇ વાર આકાશમાં હોય છે અને કોઇ વાર નથી હોતા, તેમ અવયવવાળું અને આદિ—અંતવાળું આ જગત સૃષ્ટિવેળા બ્રહ્મમાં ઉત્પન્ન થાય છે અને પ્રલયવેળા બ્રહ્મને વિષે લય પામે છે—અર્થાત્ જે વસ્તુ અવયવવાળી હોય છે તે આદિ—અંતવાળી હોય છે; જેમકે ઘડો. આ રીતે આદિ—અંતવાળું હોવાને લીધે વિશ્વ એ કોઇ વસ્તુજ નથી.[26] હે રાજન્! આ જગતમાં સર્વ અવયવીઓ (કાર્ય)ના અવયવ (કારણ)નેજ સત્ય કહેવામાં આવેલ છે.* કારણ કે અવયવીના અભાવમાં પણ અવયવો જુદારૂપે અનુભવમાં આવે છે. જેમકે પટના—અવયવતંતુઓ પટના અભાવમાં પણ જુદા રૂપે જણાય છે તેમ.[27] (કદાચ કોઈ કહે કે, એ રીતે જો સંસારરૂપ કાર્યનો અભાવજ છે; તો પછી બ્રહ્મને કારણપણું કેવી રીતે ઘટે છે ? આના ઉત્તરમાં, હા, તે પણ અત્યંત સત્ય તો નથીજ, એ આશયથી કહેવાનું કે,) કાર્ય કારણરૂપે (ગુણ—ગુણીરૂપે, વિશેષણ—વિશેષ્યરૂપે અને વ્યાપ્ય—વ્યાપક આદિરૂપે) જે કંઈ ભેદ જણાય છે તે સર્વ ભ્રાંતિજ છે; કારણ કે તેમાં અન્યોન્યાશ્રય છે. માટે જે આદિ—અંતવાળી વસ્તુ છે તે સર્વ અવસ્તુજ છે—મિથ્યા છે.[28] (એ પ્રમાણે અનેક કારણોથી પ્રપંચનું મિથ્યાત્વ સિદ્ધ કર્યું; હવે એમાં કોઇ શંકા કરે કે, પ્રપંચ પણ પ્રકાશમાનજ છે; ત્યારે પછી તે પણ આત્માની પેઠે સત્યસ્વરૂપ કેમ ન હોય ? આના ઉત્તરમાં કહેવાનું કે,) આ પ્રપંચ જો કે પ્રકાશમાન છે, તોપણ આત્મા વિના અણુમાત્ર પણ તે નિરૂપણ કરવા યોગ્ય નથી. જો તે આત્મા વિના નિરૂપણ કરવા યોગ્ય હોય તો તે (પ્રપંચ) પણ ચિદ્રૂપ—આત્માની પેઠે સ્વપ્રકાશ થાય અને તેથી આત્માના જેવો (એકરૂપ) થાય. (કદાચ કોઇ કહે કે, સત્યસ્વરૂપ એવા પણ આત્મામાં જીવ તથા બ્રહ્મરૂપે તો ભેદ છે ને ? આના ઉત્તરમાં કહેવાનું કે,) સત્યસ્વરૂપ એવા આત્માનું (જીવ તથા બ્રહ્મરૂપ) અનેકત્વ છેજ નહિ; છતાં જો મનુષ્ય તેવું અનેકત્વ માને છે તો મૂર્ખ છે. ઘટાકાશ તથા મહાકાશનો જેવો (ઉપાધિકૃત ભેદ છે, આકાશમાં રહેલા સૂર્યનો તેમજ જળમાં પ્રતિબિંબરૂપે રહેલા સૂર્યનો જેવો (ઉપાધિકૃત) ભેદ છે અને બહારના વાયુનો તથા શરીરના વાયુનો જેવો (ઉપાધિકૃત) ભેદ છે, તેવોજ બ્રહ્મ અને જીવનો (ઉપાધિકૃત) ભેદ છે. વસ્તુતઃ જીવ બ્રહ્મનો ભેદ છેજ નહિ.[29,30] (બ્રહ્મજ પ્રપંચ-વ્યવહારનું આલંબન છે, તે વાત આ દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે.) જેમ (એકનું એકજ) સુવર્ણ,

---

વાને લીધે કારણથી જુદો નહિ હોવાથી અને આદિઅંતવાળો હોવાથી મિથ્યા છે, તેમ આ પ્રપંચ પણ દૃશ્ય હોવાથી બ્રહ્મરૂપ કારણથી જુદો નહિ હોવાને લીધે, તથા આદિઅંતવાળો હોવાથી મિથ્યા છે. —भा. क.

* **वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्** । (छां. उ. ६–१–५) એક માટીના પિંડાનું જ્ઞાન થવાથી ઘડો, સરાવડું વગેરે પદાર્થ માટીરૂપજ જણાય છે. ત્યારે ઘડો, સરાવડું, વગેરે નામ કેવળ વાણીના વિકારરૂપ છે અને માટી એજ સાચી વસ્તુ છે, એવો બોધ થાય છે; ઇત્યાદિ શ્રુતિઓ અવયવીને નહિ, પણ અવયવનેજ સત્ય કહે છે. (આ ઉપરથી જગતરૂપ અવયવી મિથ્યા છે, પણ તેના અવયવકારણરૂપ બ્રહ્મજ સત્ય છે, એમ જણાય છે.) —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યવહારમાર્ગમાં કડાં—કુંડળ વગેરે રચનાઓના સ્વરૂપે અનેક પ્રકારે લોકોથી જણાય છે, તેમ ભગવાન અધોક્ષજને પણ અહંકારરૂપ ઉપાધિવાળા લોકો લૌકિક તથા વૈદિક વચનો વડે અનેક પ્રકારે વર્ણવે છે. (કદાચ તમે કહેશો કે, અહંકાર, બ્રહ્મસ્વરૂપનું આવરણ થઇને ભેદવ્યવહારનું કારણ શી રીતે થઈ શકે છે? કારણ કે અહંકાર પોતાના કારણભૂત બ્રહ્મનું આવરણ કરનાર સંભવી શકે નહિ; છતાં જો તે આવરણ કરે તો તેનો પોતાનો પણ પ્રકાશ સંભવે નહિ. આ શંકાનું સમાધાન દષ્ટાંતપૂર્વક આ રીતે છેઃ—) જેમ સૂર્યથીજ ઉત્પન્ન થયેલો અને સૂર્યેજ પ્રકાશિત કરેલો મેઘ, સૂર્યના અંશરૂપ ચક્ષુ ઇન્દ્રિયને પોતાનાજ સ્વરૂપભૂત સૂર્યનું દર્શન કરવામાં હરકત કરનાર થઇ પડે છે, તેમ બ્રહ્મના કાર્યભૂત એવો અને બ્રહ્મ વડેજ પ્રકાશિત કરાયલો અહંકાર, બ્રહ્મના અંશરૂપ જીવને બ્રહ્મનું સ્વરૂપદર્શન કરવામાં હરકત કરનાર થઇ પડે છે.[૩૧,૩૨] (માટે અહંકારનો નાશ થાય છે ત્યારે સ્વરૂપદર્શન થાય છે તે પણ તેજ દષ્ટાંતથી કહેવામાં આવે છે.) જ્યારે સૂર્યથી ઉત્પન્ન થયેલો મેઘ વીખરાઈ જાય છે ત્યારે, ચક્ષુ ઇન્દ્રિય પોતાના સ્વરૂપભૂત સૂર્યનું જેમ દર્શન કરે છે, તેમ જીવને ઉપાધિરૂપ એવો અહંકાર વિચારથી જ્યારે નાશ પામે છે ત્યારે '**अहं ब्रह्मास्मि**— હું બ્રહ્મ છું' એવું જીવને સ્મરણ થાય છે—આત્મસાક્ષાત્કાર થાય છે.[૩૩] હે રાજન્! એ રીતે આ વિવેકરૂપી શસ્ત્રથી માયામય એવા અહંકારરૂપી આત્મબંધનને કાપી નાખીને જીવ, પરિપૂર્ણ આત્મસ્વરૂપનો અનુભવ કરતો જે સ્થિતિ કરે છે તેનેજ આત્યંતિક પ્રલય કહે છે.[૩૪] (હવે નિત્યપ્રલય કહેવામાં આવે છે.) હે શત્રુઓને તપાવનારા રાજા! સૂક્ષ્મ વસ્તુને જાણનારા કેટલાક વિદ્વાનો કહે છે કે, બ્રહ્માદિ સર્વ પ્રાણીઓની નિત્ય ઉત્પત્તિ તથા પ્રલય થયાં કરે છે.[૩૫] કારણ કે પરિણામધર્મવાળા નદીના પ્રવાહ, દીવાની જવાળા, વગેરેની જે જે ઉચ્ચ—નીચ અવસ્થાઓ જોવામાં આવે છે તે તે અવસ્થાઓ કાળરૂપ પ્રવાહના વેગથી આકર્ષાતા દેહ વગેરેને પણ જોવામાં આવે છે; માટે તે તે અવસ્થાઓજ દેહાદિના નિત્ય જન્મ—પ્રલયનું કારણ થઇ પડે છે.× (કદાચ કોઇને શંકા થાય કે દેહાદિની પ્રતિક્ષણ જુદી જુદી અવસ્થાઓ થયા કરે છે તો તે કેમ દેખાતી નથી? આના સમાધાનમાં કહેવાનું કે,) જેમ આકાશમાં ગતિ કરી રહેલા ચંદ્ર વગેરે તૈજસ પદાર્થોની ગતિ આદિ જુદી જુદી અવસ્થાઓ જાણવામાં આવતી નથી, તેમ આદિ—અંતરહિત એવી ઈશ્વરમૂર્તિ કાળને લીધે દેહાદિની જુદી જુદી અવસ્થાઓ જોવામાં આવતી નથી. (માટે જેમ તે ચંદ્ર વગેરેની જુદા જુદા પ્રદેશો ઉપર પ્રાપ્તિ થવાથી તેઓની પ્રતિક્ષણ થતી ગતિ આદિ અવસ્થાઓ કલ્પી શકાય છે, તેમ આ દેહાદિમાં પણ બાલ્ય, યૌવન આદિના દેખાવો ઉપરથી વચ્ચેની બીજી અવસ્થાઓ પણ કલ્પી શકાય છે.)[૩૬,૩૭] એ પ્રમાણે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક તથા આત્યંતિક, એમ ચાર પ્રકારનો પ્રલય કહેવામાં આવ્યો છે. કાળની ગતિ આવા પ્રકારની છે.[૩૮] હે કુરુશ્રેષ્ઠ! સમગ્ર પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ અથવા સમસ્ત પ્રાણીઓ જેમનું નિવાસસ્થાન છે એવા જગત્કર્તા નારાયણ ભગવાનની આ લીલાકથાઓ મેં તમને સંક્ષેપમાં કહી છે. કારણ કે તે કથાઓને સંપૂર્ણપણે કહેવાને તો બ્રહ્મા પણ સમર્થ નથી.[૩૯] જે મનુષ્ય અનેક જાતનાં દુઃખરૂપી દાવાનળથી દુઃખી થયો હોય અને અતિ દુસ્તર સંસારસમુદ્રને તરી જવા ઇચ્છતો હોય તેને પુરુષોત્તમ

× આ શ્લોકમાં દર્શાવેલી વસ્તુ સિદ્ધ કરવામાં આ પ્રમાણે અનુમાન કરવું પડે છેઃ 'દેહ પ્રતિક્ષણ નાશવંત છે; કેમકે તે પ્રતિક્ષણ જુદી જુદી અવસ્થાઓનું સ્થાન છે. જેમકે દીવો જુદી જુદી અવસ્થાઓનું સ્થાન છે તેમ.' —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાનની લીલાકથાના રસનું સેવન કરવા સિવાય બીજું કોઇ તરવાનું સાધન નથી.[૪૦] આ પુરાણસંહિતા અવિનાશી ઋષિ નારાયણે નારદજીને પૂર્વે કહી હતી અને નારદજીએ વ્યાસજીને કહી હતી.[૪૧] હે મહારાજ! ભગવાન વેદવ્યાસે પ્રસન્ન થઇને આ વેદતુલ્ય ભાગવતસંહિતા મને કહી હતી અને હે કુરુશ્રેષ્ઠ! નૈમિષારણ્યમાં ઘણા કાળે સમાપ્ત થનારા યજ્ઞમાં શૌનકાદિ મુનિઓ પ્રશ્ન કરશે તે ઉપરથી સૂત પૌરાણિક આ ભાગવતસંહિતા તે ઋષિઓને કહેશે."[૪૨]

एतां वक्ष्यत्यसौ सूत ऋषिभ्यो नैमिषालये ।
दीर्घसत्रे कुरुश्रेष्ठ संपृष्टः शौनकादिभिः ॥४२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

अध्याय ५ मो*

પરીક્ષિતના મૃત્યુના ભયનું નિવારણ

॥ श्रीशुक उवाच ॥

अत्रानुवर्ण्यतेऽभीक्ष्णं विश्वात्मा भगवान् हरिः ।
यस्य प्रसादजो ब्रह्मा रुद्रः क्रोधसमुद्भवः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:-"આ શ્રીમદ્ ભાગવતમાં જગતના આત્મા ભગવાન શ્રીહરિનું વારંવાર વર્ણન કરવામાં આવ્યું છે, કે જે ભગવાનના (રજોગુણની વૃત્તિરૂપ) હર્ષથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે અને (તમોગુણની વૃત્તિરૂપ) ક્રોધથી રુદ્રદેવ ઉત્પન્ન થયા છે.[૧] હે રાજન્! તમે આ (ભાગવતશ્રવણથી કૃતાર્થ થયા છો, માટે) 'હું મરી જઇશ' આવી પશુબુદ્ધિનો તમે ત્યાગ કરો; કારણ કે જેમ આ દેહ પૂર્વે ન હતો અને હમણાં ઉત્પન્ન થઇને નાશ પામશે, તેમ તમે (આત્મા) પૂર્વે ઉત્પન્ન થયા નથી અને હમણાં પણ ઉત્પન્ન થયા નથી; માટે તમે નાશ પામવાના નથી.[૨] વળી જેમ બીજ અંકુરરૂપે ઉત્પન્ન થાય છે, તેમ તમે પુત્ર-પૌત્રાદિના રૂપવાળા થઇને ઉત્પન્ન થવાના નથી; કારણ કે અગ્નિ જેમ કાષ્ઠથી ભિન્ન છે, તેમ તમે દેહાદિથી ભિન્ન છો-અર્થાત્ દેહમાંથી દેહ ઉત્પન્ન થાય છે, આત્મા ઉત્પન્ન થતો નથી.[૩] (જન્મ વગેરે આત્માના ધર્મ નથી, પણ દેહના ધર્મ છે. દૃષ્ટાંતમાં) જેમ સ્વપ્નમાં પોતે પોતાના દેહનો શિરચ્છેદ જુએ છે, તેમ જાગૃત અવસ્થામાં પણ (પુત્રાદિના જન્મને તથા પિતા વગેરેના) દેહના મરણ વગેરેને પોતે જુએ છે. એ ઉપરથી જણાય છે કે, આત્મા જન્મરહિત અને મરણરહિત છે (જન્મ-મરણ તો દેહનાં છે.) જેમ ઘડો ભાગી જતાં તેની અંદરનું આકાશ પૂર્વની પેઠે મહાકાશરૂપ બની રહે છે, તેમ દેહ મરણ પામતાં જીવ પુનઃ બ્રહ્મસ્વરૂપ થઇ રહે છે-અર્થાત્ દેહરૂપ ઉપાધિને લીધે આત્માને આ જન્માદિ સંસારનો ભ્રમ થયો છે; (માટે જ્ઞાનદ્વારા) તે ઉપાધિની નિવૃત્તિ થતાં જીવ મુક્ત થાય છે. (હવે જ્ઞાનથી લયની ભાવના કરવા માટે આત્માને માયાએ કરેલો દેહાદિ ઉપાધિના સંબંધનો પ્રકાર અહીં કહેવાય છે-) આત્મા સાથે સંબંધવાળા દેહોને, ગુણોને તથા કર્મોને મન ઉત્પન્ન કરે છે અને તે મનને માયા ઉત્પન્ન કરે છે. આવી રીતે માયા વગેરે ઉપાધિના સમુદાયથી જીવને સંસાર લાગુ થાય છે; સ્વતઃ જીવને સંસાર નથી. (એ પ્રમાણે ઉપાધિના કારણે જીવને સંસાર છે; માટે તે ઉપાધિનો નાશ થતાં જીવપણું ચાલ્યું જાય છે, એ વાત દૃષ્ટાંત સાથે સાંભળો.) જેમ તેલ-ઘી વગેરે સ્નેહ, તેનું પાત્ર, દીવેટ અને અગ્નિનો સંયોગ જ્યાંસુધી હોય છે ત્યાંસુધી દીવાનું દીવાપણું જણાય છે, તેમ તેલ-ઘી જેવાં કર્મ, તેના પાત્ર જેવું મન, દીવેટ જેવો દેહ અને અગ્નિસંયોગ જેવો ચૈતન્યાધ્યાસ-આ સર્વે હોય છે ત્યાંસુધી (દીવા જેવો) આ દેહકૃત સંસાર જીવને જણાય છે અને

* આ અધ્યાયમાં સંક્ષેપથી પરબ્રહ્મના સ્વરૂપનો ઉપદેશ કરી પરીક્ષિત રાજાને તક્ષકના દંશથી થનાર મૃત્યુનો ભય દૂર કરવાની કથા કહેશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણની વૃત્તિ વડે તે સંસાર ઉત્પન્ન થાય છે અને પાછો વિનાશ પામે છે (માટે દીવાની પેઠે સંસારજ નાશ પામે છે); પણ તેમાં જણાતો આત્મા નાશ પામતો નથી. કેમકે આત્મા સ્થૂલદેહ તથા સૂક્ષ્મદેહથી ભિન્ન છે, સ્વયંજ્યોતિ છે, આકાશની પેઠે દેહાદિ પ્રપંચનો આધાર છે, નિર્વિકાર છે, અનંત છે અને ઉપમારહિત છે.[૪-૮] માટે હે સમર્થ રાજા! દ્રષ્ટા-દશ્યના અન્વય-વ્યતિરેકવાળી અને વાસુદેવ ભગવાનના ચિંતનવાળી બુદ્ધિથી તમે પોતેજ દેહાદિરૂપ ઉપાધિમાં રહેલા આત્માનો વિચાર કરો.[૯] બ્રાહ્મણના શાપવાક્યથી પ્રેરાયલો તક્ષક નાગ તમને બાળી શકશે નહિ; (એ તો તમારા શરીરનેજ બાળી શકશે.) કારણ કે મૃત્યુનાં કારણો મૃત્યુના પણ મૃત્યુરૂપ ઈશ્વરને બાળી શકતાં નથી.[૧૦] 'જે હું છું તેજ પરમધામરૂપ બ્રહ્મ છે તથા પરમપદરૂપ બ્રહ્મ છે તેજ હું છું' આમ વિચાર કરતા તમે, ઉપાધિરહિત બ્રહ્મમાં આત્માને સ્થાપી દઇને (ઐક્યભાવના કરશો ત્યારે) પોતાના ઝેરી મુખ વડે તમારા પગને કરડતા તક્ષક નાગને, તમારા શરીરને અથવા જગતને તમારા પોતાનાથી જુદું તમે જોશો નહિ.[૧૧૧૨] હે તાત પરીક્ષિત રાજા! આત્મારૂપ એવા તમોએ જગતના આત્મારૂપ શ્રીહરિની લીલા જે પૂછી હતી, તે મેં તમને કહી; હવે વધારે શું સાંભળવા ઇચ્છો છો?"[૧૩]

एतत्ते कथितं तात यथात्मा पृष्टवान्नृप ।
हरेर्विश्वात्मनश्चेष्टां किं भूयः श्रोतुमिच्छसि ॥१३

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો*

પરીક્ષિતનો મોક્ષ અને જનમેજયનો સર્પયજ્ઞ

॥ सूत उवाच ॥

एतन्निशम्य मुनिनाऽभिहितं परीक्षि- ।
द्व्यासात्मजेन निखिलात्मदृशा समेन ॥
तत्पादमूलमुपसृत्य नतेन मूर्ध्ना ।
बद्धांजलिस्तमिदमाह स विष्णुरातः ॥१॥

સૂત બોલ્યાઃ-શ્રીહરિનો સાક્ષાત્કાર કરનારા અને સર્વત્ર સમાન દૃષ્ટિવાળા વ્યાસપુત્ર શુક મુનિએ કહેલું તે વચન સાંભળીને પરીક્ષિત રાજા નમ્ર મસ્તકે શુકદેવજીના ચરણમૂળને શરણે જઇને બે હાથ જોડી તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧]

પરીક્ષિત રાજા બોલ્યાઃ-"આપ દયાળુએ મારા પર અનુગ્રહ કર્યો છે, તેથી હું કૃતાર્થ થયો છું. કારણ કે આપે આદિ-અંતરહિત સાક્ષાત્ શ્રીહરિનું મને શ્રવણ કરાવ્યું છે.[૨] અચ્યુત ભગવાનમાં મનવાળા આપ મહાપુરુષોનો, સંસારના તાપથી તપેલાં અજ્ઞાની પ્રાણીઓ ઉપર જે અનુગ્રહ હોય છે તેને હું અતિ અદ્ભુત માનતો નથી.[૩] આ શ્રીમદ્‌ભાગવત નામની પુરાણસંહિતા અમે આપની પાસેથી સાંભળી છે, જેમાં ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનનું વર્ણન કરવામાં આવ્યું છે. હે ભગવન્! તક્ષક વગેરે મૃત્યુથી હવે હું ડરતો નથી; કેમકે આપે દર્શાવેલા નિર્ભય કૈવલ્યસ્વરૂપમાં મેં પ્રવેશ કર્યો છે.[૪।૫] હે બ્રહ્મન્! આપ મને આજ્ઞા આપો એટલે હું મારી વાણીનો સંયમ કરું અને કામવાસનાથી મુક્ત થયેલા મારા મનને ભગવાનમાં લગાડી દઇ પ્રાણોનો ત્યાગ કરું.[૬] જ્ઞાન તથા વિજ્ઞાનની નિષ્ઠાથી મારું અજ્ઞાન દૂર થયું છે; કેમકે ભગવાનનું કલ્યાણસ્વરૂપ પરમ પદ આપે

* આ અધ્યાયમાં પરીક્ષિતનો મોક્ષ અને તેના પુત્રે સર્પહોમ વગેરે કર્યાં, તે કહેવાશે અને વેદશાસ્ત્રના વિભાગ કથનમાં ત્રણ વેદના વિસ્તારનું વર્ણન કરાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને દર્શાવ્યું છે."૭

સૂત બોલ્યાઃ–એ પ્રમાણે રાજાએ કહ્યું એટલે ભગવાન શુકદેવજી તે રાજાથી પૂજા પામીને સંન્યાસીઓની સાથે ત્યાંથી પધારી ગયા.૮ (શુકદેવજીના ગયા પછી) રાજા પરીક્ષિત પણ ગંગાના કિનારા પર પૂર્વાભિમુખ અગ્રવાળા દર્ભના આસન ઉપર ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠા અને બુદ્ધિથી મનને આત્મામાં સ્થાપી દઇ વૃક્ષની પેઠે લીન પ્રાણવાળા થઈ ગયા અને કપાઇ ગયેલા સંશયોવાળા તે મહાન યોગી નિઃસંગ થઇને બ્રહ્મસ્વરૂપ થઈ રહ્યા. તેવામાં હે બ્રાહ્મણો! ક્રોધાયમાન થયેલા બ્રાહ્મણના પુત્રે મોકલેલો તક્ષક નાગ, પરીક્ષિત રાજાનો નાશ કરવાની ઇચ્છાથી જતો હતો; તેણે કશ્યપ નામના બ્રાહ્મણને માર્ગમાં જોયો.૯–૧૧ એ બ્રાહ્મણ ઝેરને ઉતારનારો હતો.÷ (અને ઝેરની ચિકિત્સાથી પરીક્ષિતનું રક્ષણ કરી દ્રવ્ય મેળવવા માટે આવતો હતો.) જેથી તેને ધનથી તૃપ્ત કરી પાછો વાળીને ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારો તક્ષક, બ્રાહ્મણના રૂપમાં છુપાઇને પરીક્ષિત રાજાને કરડ્યો હતો.૧૨ તે વેળા બ્રહ્મસ્વરૂપ થઈ રહેલા રાજર્ષિ પરીક્ષિતનો દેહ, એ સર્પના ઝેરના અગ્નિથી સર્વ પ્રાણીઓના દેખતાં તત્કાળ ભસ્મ થઇ ગયો હતો.૧૩ એ સમયે પૃથ્વી પર, આકાશમાં અને દિશાઓમાં મોટો હાહાકાર થઈ રહ્યો હતો અને સર્વ દેવો, અસુરો તથા મનુષ્યો વગેરે વિસ્મય પામ્યાં હતાં.૧૪ ઉપરાંત દેવોનાં દુંદુભિઓ વાગી રહ્યાં હતાં, ગંધર્વો તેમજ અપ્સરાઓ ગાન કરી રહ્યાં હતાં અને 'બહુ સારું થયું, બહુ સારું થયું' એમ કહેતા દેવોએ પુષ્પવૃષ્ટિ કરી હતી.૧૫ પરીક્ષિતનો પુત્ર જનમેજય, પોતાના પિતાને તક્ષક કરડ્યો, એ સાંભળી અત્યંત ક્રોધાયમાન થઇ ગયો; તેણે બ્રાહ્મણોની સાથે રહીને યજ્ઞમાં બરાબર રીતે સર્પોને હોમવા માંડ્યા.૧૬ એ સર્પયજ્ઞમાં પ્રજ્વલિત અગ્નિની અંદર મોટા મોટા સર્પોને બળી જતા જોઇ, તક્ષક નાગ ભયથી ઉદ્વિગ્ન થઇ ગયો અને ઇન્દ્રને શરણે ગયો.૧૭ પરીક્ષિતનો પુત્ર જનમેજય, તે સર્પોના હોમમાં તક્ષકને નહિ જોઇને બ્રાહ્મણોને પૂછવા લાગ્યો કે, 'સર્પોમાં અધમ એવો તે તક્ષક કેમ બળી જતો નથી?'૧૮ તે સાંભળીને બ્રાહ્મણોએ કહ્યું કે, 'હે રાજેન્દ્ર! શરણે આવેલા તે તક્ષકનું ઇન્દ્ર રક્ષણ કરે છે અને તે ઇન્દ્રે તક્ષકને અટકાવી દીધો છે, જેથી તે અગ્નિમાં પડતો નથી.'૧૯ એ સાંભળીને ઉદાર બુદ્ધિવાળો પરીક્ષિતનો પુત્ર બોલ્યો કે, 'હે બ્રાહ્મણો! ત્યારે તો ઇન્દ્રની સાથે તક્ષકને તમે અગ્નિમાં કેમ નથી હોમતા?'૨૦ તે સાંભળી બ્રાહ્મણોએ ઇન્દ્ર સહિત તક્ષકને 'હે તક્ષક! દેવગણના રાજા ઇન્દ્રની સાથે તું અહીં સત્વર પડ' એમ કહીને હોમવા માંડ્યો.૨૧ બ્રાહ્મણોએ કહેલાં એ આક્ષેપવચનોથી ઇન્દ્ર સ્વસ્થાનેથી વિમાન સહિત ચલાયમાન થઇને તક્ષક નાગની સાથે વ્યાકુળ બુદ્ધિવાળો થઈ ગયો.૨૨ એ સમયે વિમાન અને તક્ષકની સાથે ઇન્દ્રને આકાશમાંથી પડતો જોઇ અંગિરાના પુત્ર બૃહસ્પતિએ જનમેજય રાજાને કહ્યું કે,૨૩ "હે મનુષ્યોના ઇન્દ્ર! આ સર્પરાજ તક્ષક નાશ કરવાને યોગ્ય નથી, કારણ કે આણે અમૃતપાન કર્યું છે, તેથી આ અજરામર છે.૨૪ +હે રાજન્! પ્રાણીનું જીવન, મરણ અને પરલોકમાં ગતિ એ પોતાનાં કર્મોથીજ થાય છે, માટે તેના વિના બીજો કોઇ સુખ–દુઃખ આપનાર

÷ આ બ્રાહ્મણ ઝેર ઉતારી શકે છે કે નહિ, તેની તક્ષકે આવી પરીક્ષા કરી હતીઃ એક વડના ઝાડને તેણે દંશ દીધો, એટલે તુરતજ તે ઝાડ ભસ્મ થઇ ગયું. પછી પેલા બ્રાહ્મણે તે ઝાડને ફરી અંકુરો વગેરે ઉત્પન્ન કરી ક્રમપૂર્વક સજીવન કર્યું હતું; તે જોઇને આ બ્રાહ્મણ તો મારા મહિમાનો નાશ કરશે, એવો વિચાર કરી તક્ષકે બારોબાર તે બ્રાહ્મણને ધનથી તૃપ્ત કરી વિદાય કરી દીધો હતો. —भा. क.

+ કદાચ જનમેજય કહે કે, આ તક્ષક ભલે અજરામર હોય, પણ મારા પિતાને તે મારનારો છે, માટે હું તેને બાળીજ નાખીશ; આની સામે શ્લોક કહે છે.—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી–અર્થાત્ સર્પદંશરૂપી દુષ્ટ મરણના નિમિત્તે તમારા પિતાને આ તક્ષકે દુર્ગતિ આપી છે, આવી શંકા તમારે ન કરવી.[૨૫] હે રાજન્! સર્પ, ચોર, અગ્નિ, વીજળી, ક્ષુધા, તૃષા અને વ્યાધિ વગેરેથી પ્રાણી મરણ પામે છે, તે પોતે કરેલું કર્મજ ભોગવે છે.[૨૬] માટે આ હિંસારૂપી ફળવાળો સર્પયજ્ઞ સમાપ્ત કરો; આમાં નિરપરાધી સર્પો બળી ગયા છે; પ્રાણીમાત્ર પોતાનું પ્રારબ્ધકર્મ ભોગવે છે. (જેથી સર્પોનાં પ્રારબ્ધનાં કર્મથી પ્રેરાયલા તમારો પણ આમાં કંઇ અપરાધ નથી.)"[૨૭]

સૂત બોલ્યાઃ–બૃહસ્પતિએ એ પ્રમાણે કહ્યું એટલે તે મહર્ષિનાં વચનને માન આપતા જનમેજય રાજા 'બહુ સારું' એમ બોલ્યા અને સર્પયજ્ઞ સમાપ્ત કરી બૃહસ્પતિની તેમણે પૂજા કરી.[૨૮] હે શૌનકાદિ ઋષિઓ! (તમે કદાચ કહેશો કે, એવા વિદ્વાનોને પણ એવો મોહ કેમ થયો કે જેથી કરીને બ્રાહ્મણના કોપથી પરીક્ષિતનું મૃત્યુ થયું અને જનમેજયના કોપથી સર્પોનો વિનાશ થયો? આના ઉત્તરમાં એજ કહેવાય કે,) તે આ વિષ્ણુ ભગવાનની મહામાયા અલક્ષ્ય છે–જાણી શકાતી નથી, કે જે માયાને લીધે એ વિષ્ણુ ભગવાનનાંજ સ્વરૂપ એવાં પ્રાણીઓ, ક્રોધ વગેરે ગુણોની વૃત્તિઓને લીધે બીજાં પ્રાણીઓ પર મોહ પામે છે. (કદાચ તમે કહેશો કે, શ્રવણ–મનન વગેરેથી એ માયાને ટાળી દેવી જોઇએ, તો પછી મોહ કેમ થાય? આના ઉત્તરમાં કહેવાનું કે,) એ મહામાયા ટાળી ટળે તેમ નથી.[૨૯] (ત્યારે એ માયા અને તેનાં કાર્યોની નિવૃત્તિ કઈ રીતે થાય? આના ઉત્તરમાં, શ્રીવિષ્ણુ ભગવાનના સ્વરૂપનિરૂપણપૂર્વક તેમનું ભજન કરવાથી સર્વ અનર્થોની નિવૃત્તિ થાય છે, એ શાસ્ત્રીય અર્થનો આ ઉપસંહાર છે–) 'આ પુરુષ કપટી છે' એવા પ્રકારની બુદ્ધિમાં તે માયાનો ઉલ્લેખ કરવામાં આવે છે. પણ આત્મવાદી પુરુષો જ્યારે વારંવાર આત્મા સંબંધી વાદ કરે છે ત્યારે જ્યાં એ માયા નિર્ભય થઇને પ્રકાશી શકતી નથી (પણ જાણે ભય પામી હોય તેમ પોતાનું મોહાદિ કાર્ય નહિ કરતી રહે છે); વળી જેમાં માયાના આશ્રયભૂત વિવિધ વિવાદ અને સંકલ્પ–વિકલ્પરૂપ વૃત્તિવાળું મન પણ નથી;[૩૦] તેમજ જ્યાં ઇન્દ્રિયો સાથે કર્મ નથી તથા તે બન્નેથી સાધ્ય એવું સુખ-દુઃખાદિ ફળ નથી અને તે (કર્મ, ઇન્દ્રિયો તથા ફળ) ત્રણેથી યુક્ત એવો અહંકારસ્વરૂપ જીવ પણ નથી અને તેથીજ જેમાં બાધ્ય તથા બાધક એ બન્ને ભાવ દૂર થયા છે, તેજ આત્મસ્વરૂપ છે; માટે તેમાં અહંકારાદિ ઊર્મિઓનો સ્વયમેવ ત્યાગ કરી મનનશીલ વિવેકી પુરુષે રમણ કરવું.[૩૧] આત્મા સિવાયની વસ્તુનો 'આ આત્મા નથી, આ આત્મા નથી' એમ ત્યાગ કરવા ઇચ્છતા અને આત્મા સિવાયની વસ્તુ પર જેઓને પ્રેમ નથી એવા પુરુષો, એ આત્મસ્વરૂપનેજ વિષ્ણુનું પરમ પદ કહે છે અને દેહાદિ ઉપરના અહંભાવનો ત્યાગ કરી સમાધિનિષ્ઠ થયેલા પુરુષોએ પણ ધ્યાનાદિથી હૃદયમાં ભેટી પડીને તેજ આત્મસ્વરૂપનો નિશ્ચય કર્યો છે.[૩૨] (આવા આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં કોણ અધિકારી છે, તે તમે સાંભળો.) જેઓને શરીર તથા ઘરને લીધે ઉત્પન્ન થનારી 'હું અને મારું' એવી દુર્જનતા (અભિમાનબુદ્ધિ) રહી નથી, તેઓ વિષ્ણુના આ પરમપદ (આત્મસ્વરૂપ)ને પ્રાપ્ત કરે છે.[૩૩] (અને તે આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય પણ તમે સાંભળો.) લોકોનાં નિંદાવચન સહન કરવાં; કોઈનું પણ અપમાન ન કરવું અને આ દેહ ઉપરના અહંભાવનો આશ્રય કરી કોઇની સાથે વૈર ન કરવું. (આમ વર્તનારો મનુષ્ય આત્મસાક્ષાત્કાર કરે છે.)[૩૪] જેમના ચરણકમળના ધ્યાનથી હું આ શ્રીમદ્‌ભાગવતસંહિતા ભણ્યો છું, તે અસ્ખલિત બુદ્ધિવાળા ભગવાન વેદવ્યાસને હું નમસ્કાર કરું છું.[૩૫]

શૌનકે પૂછ્યુંઃ–હે સૌમ્ય સૂત! વેદોના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આચાર્ય અને વ્યાસના શિષ્ય મહાત્મા પૈલ વગેરે ઋષિઓએ વેદોના કેટલા વિભાગ કર્યા હતા, તે અમને કહો.[૩૬]

સૂત બોલ્યાઃ–હે બ્રાહ્મણ શૌનક! (પ્રથમ તો વેદનો આવિર્ભાવ કેવી રીતે થયો, તે હું તમને કહું છું.) સમાધિનિષ્ઠ મનવાળા પરમેષ્ઠી બ્રહ્મદેવના હૃદયાકાશમાંથી પ્રથમ નાદ ઉત્પન્ન થયો. જે નાદ કાન બંધ કરીને શ્રોત્રેન્દ્રિયની વૃત્તિને રોકવાથી આપણા જાણવામાં આવે છે.[૩૭] વળી હે શૌનક! જે નાદની ઉપાસના કરીને યોગી લોકો અધિભૂત, અધ્યાત્મ તથા અધિદૈવ નામના પોતાના મળને દૂર કરી મોક્ષને પામે છે;[૩૮] તે નાદમાંથી ત્રણ માત્રાઓવાળો, જેની ઉત્પત્તિ સ્પષ્ટ જણાતી નથી એવો અને હૃદયમાં સ્વતઃજ પ્રકાશતો ૐકાર ઉત્પન્ન થયો છે, કે જે ૐકાર પરમાત્મા ભગવાન બ્રહ્મને જણાવનારો છે.[૩૯] (એ પરમાત્મા કોણ? તે તમે સાંભળો.) જે આ અસ્પષ્ટ ૐકારનું શ્રવણ કરે છે તે પરમાત્મા છે. (તમે કહેશો કે, તે તો જીવ પણ સાંભળે છે; તેના ઉત્તરમાં કહેવાનું કે, ના, તેમ નથી.) કાનને બંધ કર્યા પછી શ્રવણેન્દ્રિયની વૃત્તિથી રહિત થાય છે ત્યારે પણ તે ૐકારને પરમાત્મા સાંભળે છે. (જીવનું જ્ઞાન તો ઇન્દ્રિયોને અધીન છે, તેથી કાનને બંધ કરવામાં આવે એટલે જીવ સાંભળી શકે નહિ; માટે કાન બંધ કર્યા પછી જે નાદ સંભળાય છે તે તો પરમાત્માદ્વારાજ સંભળાય છે.) ઈશ્વર તો ઇન્દ્રિયવર્ગ જ્યારે શૂન્ય થઈ પડ્યો હોય છે, ત્યારે પણ જ્ઞાનવાન છે. (જેમકે કોઇ મનુષ્ય ગાઢ નિદ્રામાં સૂતો હોય ત્યારે પણ શબ્દ સાંભળીને જાગી ઊઠે છે; એ સમયે જીવ શ્રોતા હોતો નથી; કેમકે ઇન્દ્રિયો તો લીન થયેલી હોય છે; માટે એ વખતે શબ્દ સાંભળીને જે જગાડે છે તેજ પરમાત્મા છે.) વળી જે ૐકારથી બૃહતી વાણી જણાય છે અને જેની અભિવ્યક્તિ હૃદયાકાશમાં પરમાત્મા થકી થાય છે, તે ૐકાર સ્વયંપ્રકાશ પરમાત્મા બ્રહ્મનો સાક્ષાત્ વાચક છે, સર્વ મંત્રોનું રહસ્ય છે, વેદોનું કારણ છે અને સનાતન છે. હે ભૃગુવંશી શૌનક! એ ૐકારના 'अ, उ, म्' એવા ત્રણ વર્ણો છે, કે જે વર્ણો વડે અનુક્રમે સત્ત્વગુણ, રજોગુણ તેમજ તમોગુણ–એ ત્રણ ગુણો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ–એ ત્રણ વેદો; ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક–એ ત્રણ લોકો અને જાગૃત, સ્વપ્ન તથા સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાઓ ધારણ કરાય છે. ભગવાન બ્રહ્મદેવે તે 'अ, उ, म्' આ ત્રણ અક્ષરોમાંથી य, र, ल, व એ ચાર અંતઃસ્થ, श, ष, स, ह–એ ચાર ઉષ્માક્ષર, अ થી માંડીને औ સુધીના સ્વરો, क થી म સુધીનાં સ્પર્શવ્યંજનો અને હ્રસ્વ તથા દીર્ઘ વગેરે અક્ષરોનો સમુદાય ઉત્પન્ન કર્યો.[૪૦–૪૩] પ્રભુ બ્રહ્માએ હોતા વગેરે ચાર ઋત્વિજોએ કરવા યોગ્ય કર્મને કહેવાની ઇચ્છાથી પોતાનાં ચાર મુખો વડે ઉપર કહેલા અક્ષરસમુદાયમાંથી भूर, भुवर, स्वर, એ ત્રણ વ્યાહૃતિઓ તથા ૐકાર સાથે ચાર વેદોને ઉત્પન્ન કર્યા.[૪૪] પછી તે ચાર વેદોને બ્રહ્માએ વેદોનું ઉચ્ચારણ કરવામાં કુશળ એવા મરીચિ વગેરે પોતાના પુત્રોને ભણાવ્યા અને પછી ધર્મનો ઉપદેશ કરનારા તે બ્રહ્મર્ષિઓએ એ વેદો પોતપોતાના પુત્રોને ભણાવ્યા.[૪૫] આ રીતે વ્રતોને ધારણ કરનારા તેના તેના શિષ્યોને લીધે ચારે યુગમાં વેદો પરંપરાએ ચાલુ રહ્યા અને દ્વાપર યુગના આદિમાં મહર્ષિઓએ વેદોનો વિભાગ કર્યો.[૪૬] કાળને લીધે મનુષ્યોને ક્ષીણ આયુષવાળાં, ક્ષીણ બળવાળાં તથા દુષ્ટ બુદ્ધિવાળાં થતાં જોઇ હૃદયમાં બિરાજેલા શ્રીભગવાનની પ્રેરણા પામેલા બ્રહ્મર્ષિઓએ વેદોના વિભાગ કર્યા. હે બ્રહ્મન્! આ વૈવસ્વત મન્વંતરમાં પણ બ્રહ્મા, શંકર વગેરે લોકપાલોએ ધર્મની રક્ષા કરવા માટે લોકોનું રક્ષણ કરનારા ભગવાનની પ્રાર્થના કરી હતી, તેથી હે મહાભાગ્યશાળી શૌનક! તે સમર્થ ભગવાન પોતાની માયાના અંશરૂપ સત્ત્વગુણના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંશ વડે પરાશરથી સત્યવતીમાં (વેદવ્યાસરૂપે) અવતર્યા હતા અને તેમણે વેદના ચાર વિભાગ કર્યા હતા.[47-49] જેમ અનેક જાતના મણિઓના ઢગલામાંથી માણેક વગેરે મણિઓને અલગ અલગ કરી જુદા પાડવામાં આવે છે, તેમ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદના મંત્રોને પ્રકરણોવાર જુદા જુદા કાઢી લઇ તે મંત્રોથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર સંહિતાઓ રચી.[50] હે બ્રાહ્મણ શૌનક! મહાબુદ્ધિમાન પ્રભુ વેદવ્યાસે, પોતાના ચાર શિષ્યોને બોલાવીને તે સંહિતાઓમાંની એક એક સંહિતા એક એકને ભણાવી.[51] પૈલને 'બહ્વૃચા' નામની ઋગ્વેદની પહેલી સંહિતા ભણાવી; વૈશંપાયનને 'નિગદ' નામની યજુર્વેદ સંહિતા ભણાવી; જૈમિનિને સામવેદની 'છન્દોગ' સંહિતા ભણાવી અને સુમંતુ નામના પોતાના શિષ્યને અથર્વવેદની 'આંગિરસી' સંહિતા ભણાવી.[52-53] પછી પૈલ મુનિએ પોતાની સંહિતા (બે વિભાગ કરીને) ઇન્દ્રપ્રમિતિને તથા બાષ્કલને ભણાવી અને તે બાષ્કલે પણ પોતાની સંહિતાના ચાર વિભાગ કરી બોધ્ય, યાજ્ઞવલ્ક્ય, પરાશર તથા અગ્નિમિત્ર–એ ચાર શિષ્યોને ભણાવી. હે ભૃગુવંશી શૌનક! આત્મજ્ઞાની ઇન્દ્રપ્રમિતિએ પોતાના વિદ્વાન પુત્ર માંડૂકેય ઋષિને પોતાની સંહિતા ભણાવી અને તે માંડૂકેયના શિષ્ય દેવમિત્રે સૌભરિ વગેરે પોતાના શિષ્યોને તે ભણાવી.[54-56] વળી માંડૂકેયના પુત્ર શાકલ્યે, પોતાની સંહિતાના પાંચ વિભાગ કરી વાત્સ્ય, મુદ્ગલ, શાલીય, ગોખલ્ય તથા શિશિર નામના પોતાના શિષ્યોને તે ભણાવી.[57] શાકલ્યના શિષ્ય જાતૂકર્ણ્ય મુનિએ પોતાની સંહિતાના ત્રણ વિભાગ કર્યા અને વૈદિક પદાર્થોના વ્યાખ્યાનરૂપે ચોથો નિરુક્ત નામનો વિભાગ કર્યો. પછી બલાક, પૈજ, વૈતાલ તથા વિરજ નામના શિષ્યોને તે વિભાગો ભણાવ્યા.[58] બાષ્કલના પુત્ર બાષ્કલિએ પૂર્વોક્ત સર્વ વેદશાખાઓમાંથી 'વાલખિલ્યા' નામની એક સંહિતા રચી; એટલે બાલાયનિ, ભજ્ય તથા કાસાર નામના તેના શિષ્યો તે સંહિતા ભણ્યા.[59] આ 'બહ્વૃચા' નામની સંહિતાઓને એ ઋષિઓએ ધારણ કરી હતી. વેદોના આ વિસ્તારને સાંભળીને મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે.[60]

(હવે યજુર્વેદની તૈત્તિરીય શાખા કેવી રીતે ઉત્પન્ન થઇ, તે તમે સાંભળો.) વૈશંપાયનના શિષ્યો (યજુર્વેદને ભણેલા હોઇ) 'ચરક' નામના અધ્વર્યુઓ હતા; તેઓએ પોતાના ગુરુને બ્રહ્મહત્યાનું જે પાપ લાગ્યું હતું તેને દૂર કરનારું પોતાના ગુરુએ કરવાનું વ્રત પોતે આચર્યું હતું, તેથી તેઓ 'ચરક' કહેવાયા હતા.[61] વૈશંપાયનના શિષ્ય યાજ્ઞવલ્ક્યે, (ગુરુ માટે વ્રતનું આચરણ કરતા ચરક અધ્વર્યુઓને જોઇને ગુરુને કહ્યું હતું કે,) 'અહો! હે ભગવાન્! અલ્પ બળવાળા આ શિષ્યો વ્રતનું આચરણ કરશે તેથી કેટલું ફળ થવાનું છે? (આપની બ્રહ્મહત્યા દૂર થાય તે માટે) હું એકલો મહાકઠિન પ્રાયશ્ચિત્ત કરીશ.'[62] યાજ્ઞવલ્ક્યે એમ કહ્યું, એટલે ગુરુએ પણ કોપાયમાન થઇને તેને કહ્યું કે, 'ચાલ્યો જા, તું બ્રાહ્મણોનું અપમાન કરનારો શિષ્ય છે; માટે મારે તારું કામ નથી. તું મારી પાસેથી જે કંઇ ભણ્યો છે તેનો સત્વર ત્યાગ કરી દે.'[63] દેવરાતના પુત્ર યાજ્ઞવલ્ક્ય પણ (ગુરુનું તે વચન સાંભળી) યજુર્વેદના સમૂહને ઓકી કાઢીને ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી મુનિઓએ યજુર્વેદના સમૂહોને ત્યાં જોયા;[64] એટલે તેઓએ તે ઉપરની લાલચથી તેતર પક્ષી થઇને યજુર્વેદના સમૂહો લઈ લીધા; તેટલા ઉપરથી અતિ સુંદર 'તૈત્તરીય' નામની યજુર્વેદની શાખા પ્રકટ થઈ.[65] (હવે કાણ્વ તથા માધ્યંદિન આદિ શાખાઓનો પ્રસંગ સાંભળો.) હે બ્રાહ્મણ શૌનક! તે પછી યાજ્ઞવલ્ક્યે, પોતાના ગુરુ પાસે પણ ન હોય એવા વેદો પ્રાપ્ત કરવા માટે ઈશ્વર સૂર્ય ભગવાનની સારી રીતે સ્તુતિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવા માંડી.[૬૬]

યાજ્ઞવલ્ક્ય સ્તુતિ કરવા લાગ્યાઃ–"ૐ આપ સૂર્ય ભગવાનને હું નમસ્કાર કરું છું. હે દેવ! આપ એકજ બ્રહ્માથી થૂંબડા સુધીનાં જરાયુજ, અંડજ, સ્વેદજ તેમજ ઉદ્ભિજ્જ–એમ ચારે પ્રકારનાં પ્રાણીસમૂહના હૃદયની અંદર આત્મસ્વરૂપે રહ્યા છો અને બહાર ક્ષણ, લવ તથા નિમેષરૂપી અવયવોથી વૃદ્ધિ પામેલાં અનેક વર્ષોવાળા કાળસ્વરૂપે રહેલા છો; તે છતાં આપ આકાશની પેઠે દેહ વગેરેની ઉપાધિના આવરણથી ઢંકાઇ જતા નથી અને આપ એકજ (પોતાનાં કિરણોદ્વારા) જળને ગ્રહણ કરી પાછું તેને વર્ષાવીને લોકોનો નિર્વાહ ચલાવો છો.[૬૭] હે દેવશ્રેષ્ઠ સૂર્યદેવ! હે તપન! નિત્ય ત્રણે કાળ વૈદિક કર્મમાર્ગે સ્તુતિ કરતા ભક્ત પુરુષોનાં સમગ્ર પાપોનાં તથા દુઃખોનાં બીજરૂપ અજ્ઞાનનો નાશ કરનારા હે સૂર્ય! આપનું આ મંડળ જે તપ્યા કરે છે તેનું અમે સારી રીતે સંમુખ રહીને ધ્યાન કરીએ છીએ. આપ, પોતાના આશ્રયરૂપ સ્થાવર–જંગમ જીવસમૂહોના જડ એવા મન, ઇન્દ્રિયો તથા પ્રાણોને પોતે અંતર્યામી થઇને પ્રેરણા કરો છો. વળી આપ એકજ પરમ દયાળુ ભગવાન, અતિ ભયંકર મુખવાળા, અંધકાર નામના અજગરરૂપી ગ્રહે ગળેલા અને તેથીજ મુડદા જેવા અચેતન થઇ પડેલા આ લોકને જોઇને કૃપાદૃષ્ટિથી તેને ઉઠાડી નિત્ય ત્રણે કાળ સ્વધર્મ નામના પરમાત્માની ઉપાસનામાં પ્રવર્તાવો છો અને જેમ રાજા દુષ્ટ લોકોને ભય ઉપજાવતો ફર્યા કરે છે, તેમ આપ ફર્યા કરો છો.[૬૮–૭૦] વળી ઇન્દ્ર વગેરે દિક્પાલો, તે તે સ્થળે કમળના કોશતુલ્ય અંજલિઓથી આપને અર્ઘ્ય અર્પણ કરે છે.[૭૧] હે ભગવન્! બીજાઓએ હજુ સુધી સ્પષ્ટ નહિ જાણેલા યજુર્વેદને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો હું, ત્રણે જગતના ગુરુઓએ વંદન કરાયલા આપના ચરણકમળને શરણે આવ્યો છું."[૭૨]

સૂત બોલ્યાઃ–ભગવાન સૂર્ય નારાયણની યાજ્ઞવલ્ક્યે એ પ્રમાણે સ્તુતિ કરી અને તેમને પ્રસન્ન કર્યા એટલે તે ભગવાને ઘોડાનું સ્વરૂપ ધારણ કરીને બીજાઓએ કદી નહિ જાણેલા યજુર્વેદ તે મુનિને આપ્યા.[૭૩] પછી સમર્થ મુનિ યાજ્ઞવલ્ક્યે, તે અગણિત યજુર્વેદોમાંથી વાજસની નામની પંદર શાખાઓ રચી; જે શાખાઓને કાણ્વ, માધ્યંદિન વગેરે ઋષિઓએ ગ્રહણ કરી.[૭૪] (હવે સામવેદની શાખાઓનો વિભાગ સાંભળો.) સામવેદનું ગાન કરનારા જૈમિનિને સુમંતુ નામનો મનનશીલ પુત્ર હતો અને તે સુમંતુનો સુન્વાન નામનો પુત્ર હતો. એ બન્નેને જૈમિનિએ એક એક શાખા ભણાવી.[૭૫] જૈમિનિને સુકર્મા નામનો મહાબુદ્ધિમાન શિષ્ય હતો. તે બ્રાહ્મણે સામવેદરૂપી વૃક્ષની જુદી જુદી એક હજાર સંહિતાઓરૂપી એક હજાર શાખાઓ રચી.[૭૬] તે પછી કૌશલ્ય હિરણ્યનાભ, પૌષ્યંજિ તથા બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ આવંત્ય–આ ત્રણ સુકર્માના શિષ્યોએ તે સર્વ સામવેદની શાખાઓને ગ્રહણ કરી.[૭૭] અને એ પૌષ્યંજિ, આવંત્ય તથા હિરણ્યનાભના પાંચસો શિષ્યો હતા; તેઓએ પણ તે સંહિતાઓનો બરાબર વિભાગ પ્રમાણે અભ્યાસ કર્યો. આ પાંચસો શિષ્યો ઉદીચ્ય હતા–ઉત્તરવાસી હતા; પણ કાળયોગે તેઓમાંના કેટલાકને પૂર્વવાસી પણ કહેવામાં આવે છે. લૌગાક્ષિ, માંગલિ, કુલ્ય, કુશીદ અને કુક્ષિ આટલા પૌષ્યંજિના શિષ્યો સો સો સંહિતાઓને ભણ્યા હતા.[૭૮-૭૯] હિરણ્યનાભનો કૃત નામનો એક શિષ્ય હતો; તેણે પોતાના શિષ્યોને ચોવીસ સંહિતાઓ ભણાવી હતી અને બાકીની જે પ્રસિદ્ધ શાખાઓ છે તેઓને પણ આવંત્ય ઋષિએ પોતાના શિષ્યોને ભણાવી હતી.[૮૦]

कृतो हिरण्यनाभस्य चतुर्विंशतिसंहिताः।
शिष्य ऊचे स्वशिष्येभ्यः शेषा आवंत्य आत्मवान्॥

દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ७ मो+

અથર્વવેદનો વિસ્તાર અને પુરાણના વિભાગ

॥ सूत उवाच ॥

अथर्ववित्सुमंतुश्च शिष्यमध्यापयत्स्वकाम्।
संहितां सोऽपि पथ्याय वेददर्शाय चोक्तवान् ॥

સૂત બોલ્યાઃ–(હવે અથર્વવેદનો વિભાગ તમે સાંભળો.) અથર્વવેદને જાણનારા સુમંતુ ઋષિએ, કબંધ નામના પોતાના શિષ્યને પોતાની એ સંહિતા ભણાવી અને એ કબંધે પણ તે સંહિતાના બે વિભાગ કરીને પથ્ય તેમજ વેદદર્શ નામના પોતાના બે શિષ્યોને તે ભણાવી.[૧] શૌકલાયનિ, બ્રહ્મબલિ, મોદોષ અને પિપ્પલાયનિ–એ ચાર વેદદર્શના શિષ્યો હતા. (વેદદર્શે પોતાની સંહિતાના ચાર વિભાગ કરીને એ ચાર શિષ્યોને ભણાવી હતી.) હવે પથ્યના શિષ્યો વિષે સાંભળો. હે બ્રાહ્મણ શૌનક! કુમુદ, શુનક તથા જાજલિ એ ત્રણ પથ્યના શિષ્યો હતા. તેઓ (પથ્ય ઋષિએ ત્રણ ભાગમાં રચેલી સંહિતા ભણીને) અથર્વવેત્તા થયા હતા.[૨] શુનકના બભ્રુ અને સૈંધવાયન નામના બે શિષ્યો હતા. તેઓ (શુનકે બે વિભાગમાં રચેલી) બે સંહિતા ભણ્યા હતા. સૈંધવાયન વગેરેના સાવર્ણ્ય વગેરે તથા નક્ષત્રકલ્પ, શાંતિકલ્પ, કશ્યપ અને આંગિરસ વગેરે શિષ્યો થયા હતા. તેઓ અથર્વવેદના આચાર્ય થયા હતા. હે મુનિ! હવે પૌરાણિક આચાર્યોને તમે સાંભળો. ત્રય્યારુણિ, કશ્યપ, સાવર્ણિ, અકૃતવ્રણ, વૈશંપાયન તેમજ હારીત–આ છ પૌરાણિક આચાર્યો હતા. (પ્રથમ વેદવ્યાસે પુરાણોની છ સંહિતાઓ રચીને મારા પિતા રોમહર્ષણને ભણાવી હતી. પછી) વ્યાસના શિષ્ય મારા પિતા રોમહર્ષણના મુખથી તે ત્રય્યારુણિ વગેરે એક એક સંહિતાઓ ભણ્યા હતા અને હું તેઓનો શિષ્ય થઇને સઘળી સંહિતાઓ ભણ્યો છું.[૩-૬] કશ્યપ, હું, સાવર્ણિ અને રામનો શિષ્ય અકૃતવ્રણ–આ અમે ચાર વ્યાસના શિષ્યની પાસેથી ચાર મૂળ પુરાણસંહિતાઓ ભણ્યા છીએ.[૭] હે બ્રહ્મન્! (શુકદેવજી અને પરીક્ષિતના સંવાદમાં પુરાણનું લક્ષણ જો કે જણાવ્યું છે તોપણ) વેદ તથા શાસ્ત્રોના અનુસારે બ્રહ્મર્ષિઓએ પુરાણોનું જે લક્ષણ કહ્યું છે તેને તમે બુદ્ધિનો આશ્રય કરીને સાંભળો.[૮] સર્ગ, વિસર્ગ, વૃત્તિ (સ્થાન), રક્ષા (પોષણ), મન્વંતર, વંશ, વંશાનુચરિત, સંસ્થા (એટલે નિરોધ અથવા આત્યંતિક લયરૂપી મુક્તિ), હેતુ (એટલે ઊતિઓ) તથા અપાશ્રય–આ દશ લક્ષણોથી જે યુક્ત હોય તેને પુરાણ જાણનારાઓ પુરાણ કહે છે. હે બ્રહ્મન્! કેટલાક વિદ્વાનો (સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશજોનાં ચરિત્ર–એવાં) પાંચ લક્ષણોવાળું હોય તેને પુરાણ કહે છે. આમાં મહાપુરાણ અને અલ્પ (ઉપ) પુરાણ એવી વ્યવસ્થાથી પુરાણલક્ષણ સમજવાનું છે. (અર્થાત્ જેમાં પૂર્વોક્ત દસે લક્ષણો જુદાં જુદાં હોય, તેને મહાપુરાણ કહે છે અને જેમાં પાંચ લક્ષણો હોય તેને ઉપપુરાણ કહે છે.)[૯-૧૦] હવે પૂર્વોક્ત દસે લક્ષણોનું વિવરણ સાંભળો. પ્રકૃતિના ગુણોનો ક્ષોભ થવાથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે, મહત્તત્ત્વથી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે; તેમજ તે અહંકારથી શબ્દાદિ તન્માત્રાઓ, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના દેવો તથા પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે; તે સર્ગ કહેવાય છે.[૧૧] પરમેશ્વરે અનુગ્રહ કરેલાં એ મહત્તત્ત્વ વગેરે તત્ત્વોના કાર્યરૂપ, પૂર્વકર્મોની વાસનામય અને એક બીજમાંથી જેમ બીજું બીજ ઉત્પન્ન થાય છે તેમ પ્રવાહરૂપે થયેલો સ્થાવર–જંગમ જે પ્રાણીસમુદાય તેને વિસર્ગ કહેવામાં આવે છે.[૧૨] જંગમ પ્રાણીઓની સામાન્ય આજીવિકા સ્થાવર પ્રાણી તથા

+ આ અધ્યાયમાં અથર્વવેદનો વિસ્તાર, પુરાણ-વિભાગ, પુરાણનાં લક્ષણ વગેરે તથા ભાગવતના શ્રવણનું ફળ કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જંગમ પ્રાણી—બન્ને હોય છે. તેમાં મનુષ્યોએ પોતાની સ્વાભાવિક ઇચ્છાથી તથા શાસ્ત્રીય પ્રેરણાથી જ આજીવિકા નિયત કરી છે, તે વૃત્તિ કહેવાય છે.[૧૩] યુગે યુગે તિર્યંચો, મનુષ્યો, ઋષિઓ તથા દેવોમાં અચ્યુત ભગવાનના અવતારોની જે લીલા થાય છે અને જે અવતારોથી વેદના શત્રુ દૈત્યોનો વિનાશ કરાય છે તે વિશ્વની રક્ષા કહેવાય છે. મનુ, દેવો, મનુના પુત્રો, ઇન્દ્રો, ઋષિઓ અને શ્રીહરિનો અંશાવતાર—એ છ પ્રકારનો મન્વંતર કહેવાય છે. (અર્થાત્ મનુ વગેરે છ વર્ગો પોતપોતાના અધિકાર પ્રમાણે એકજ વખતે જ્યારે પ્રવર્તે છે ત્યારે મન્વંતર કહેવાય છે.) બ્રહ્માથી ઉત્પન્ન થયેલા રાજાઓની ભૂત, ભવિષ્ય તેમજ વર્તમાન—એ ત્રણે કાળની જે સંતતિ તે વંશ કહેવાય છે અને તે વંશને ધારણ કરનારા રાજાઓનું જે ચરિત્ર તે વંશાનુચરિત કહેવાય છે.[૧૪-૧૬] માયાથી ઉત્પન્ન થયેલા આ જગતનો નૈમિત્તિક, પ્રાકૃતિક, નિત્ય તથા આત્યંતિક એમ ચાર પ્રકારનો જે લય થાય છે તેને વિદ્વાનો સંસ્થા કહે છે. અવિદ્યાને લીધે કર્મ કરનારો અને તેથીજ આ જગતના સર્ગ વગેરેનું નિમિત્ત એવો જે જીવ તેને અહીં હેતુ કહેવામાં આવે છે; જે જીવને કેટલાક મતવાદીઓ (ચૈતન્યના પ્રાધાન્યથી) અનુશયી કહે છે અને બીજા મતવાદિઓ (ઉપાધિના પ્રાધાન્યની વિવક્ષાથી) અવ્યાકૃત કહે છે.[૧૭,૧૮] જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાઓમાં જીવપણે વર્તનારા માયામય વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞ વિષે જેનો સાક્ષીપણાથી અન્વય છે અને સમાધિ વગેરેમાં જેનો વ્યતિરેક છે એવા (સંસારની પ્રતીતિના અને બાધના અધિષ્ઠાનરૂપ તથા અવધિભૂત) જે બ્રહ્મ તે અપાશ્રય કહેવાય છે.[૧૯] જેમ ઘડા વગેરે પદાર્થોમાં માટી વગેરે દ્રવ્ય સંબંધવાળું છે અને (ઘડાની બહાર પણ રહેલ હોવાથી) સંબંધવાળું નથી; વળી જેમ રૂપો તથા નામોમાં સત્તામાત્ર છે, તેમ ગર્ભાધાનથી આરંભીને મરણપર્યંતની દેહની અવસ્થાઓમાં જે (અધિષ્ઠાનપણે તથા સાક્ષીપણે) સંબદ્ધ છે અને નથી તે બ્રહ્મ અપાશ્રય કહેવાય છે.[૨૦] (એ રીતે પુરાણોનાં દશે લક્ષણોની વ્યાખ્યાં કહીને હવે તેમાંના દશમા લક્ષણની શોધને માટેજ મહાત્માઓ નવ લક્ષણો કહે છે, તે તમે સાંભળો.) જ્યારે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ—એ ત્રણે વૃત્તિઓનો ત્યાગ કરી મન પોતાની મેળેજ વિરામ પામે છે અથવા યોગાનુષ્ઠાનથી વિરામ પામે છે, ત્યારે (અવિદ્યાની નિવૃત્તિ થતાં) મનુષ્ય આત્માને જાણે છે અને સંસારરૂપ ચેષ્ટાથી નિવૃત્ત થાય છે.[૨૧] એ પ્રમાણે પૂર્વોક્ત લક્ષણોથી જાણવા યોગ્ય એવાં મહાપુરાણો તથા ઉપપુરાણો અઢાર છે, એમ પૂર્વકાળને જાણનારા મુનિઓ કહે છે. બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, ગરુડપુરાણ, નારદપુરાણ, ભાગવતપુરાણ, અગ્નિપુરાણ, સ્કંદપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંડેયપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ તેમજ બ્રહ્માંડપુરાણ—આ અઢાર પુરાણ છે.[૨૨-૨૪] હે બ્રહ્મન્! વ્યાસ મુનિએ તથા તેમના શિષ્યો, પ્રશિષ્યો અને તેઓના શિષ્યોએ જે આ વેદશાખાઓનો વિસ્તાર રચ્યો છે તે મેં તમને કહ્યો. આનું શ્રવણ બ્રહ્મતેજની વૃદ્ધિ કરનારું છે.[૨૫]

ब्रह्मन्निदं समाख्यातं शाखाप्रणयनं मुनेः।
शिष्यशिष्यप्रशिष्याणां ब्रह्मतेजोविवर्धनम् ॥२५

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ८ मो*

માર્કંડેય ઋષિનું ચરિત્ર

॥ शौनक उवाच ॥

सूत जीव चिरं साधो वद नो वदतां वर।
तमस्यपारे भ्रमतां नृणां त्वं पारदर्शनः ॥१॥

શૌનકે પૂછ્યું:–હે સૂત! હે વક્તાઓમાં શ્રેષ્ઠ સત્પુરુષ! તમે ચિરંજીવ રહો. તમે અપાર અંધકારરૂપ સંસારમાં ભટકતા મનુષ્યોને પાર દર્શાવનારા છો–સંસારથી મુક્ત કરનારા છો; માટે હજી અમને જે સાંભળવાની ઇચ્છા છે તે આપ કહો.[1] મૃકંડના પુત્ર માર્કંડેય ઋષિને લોકો ઘણાજ લાંબા આયુષવાળા કહે છે; તો જેણે આ જગતનો વિનાશ કર્યો હોય છે તે પ્રલય વખતે એ માર્કંડેય ઋષિ કેમ બચી જાય છે?[2] વળી તે માર્કંડેય ઋષિ, આ કલ્પમાંજ અમારા કુળમાં ઉત્પન્ન થયા છે; કારણ કે તે ભૃગુવંશીઓમાં શ્રેષ્ઠ કહેવાય છે; તો હમણાં પ્રાણીઓનો કોઇ જાતનો પ્રલય તો થયો નથી. (છતાં તે પ્રલયકાળે બચી ગયેલા કેમ કહેવાય છે?)[3] તેમના સંબંધમાં એમ કહેવાય છે કે, માર્કંડેય ઋષિ એકલાજ (પ્રલયકાળે) સમુદ્રમાં ફરતા હતા. તે વેળા વડનાં પાંદડાના એક પડિયામાં સૂતેલા પુરુષાકૃતિ એક અદ્દ્ભુત બાળકને તેમણે જોયું હતું. (આ બધું કેવી રીતે ઘટે છે?)[4] આ અમને મહાન સંશય છે; માટે અમને તે સંબંધે સાંભળવાની ઉત્સુકતા થાય છે. તો હે મહાયોગિન્! તે અમારા સંશયનો તમે નાશ કરો. તમે (કેવળ મહાયોગી છો; એટલુંજ નહિ પણ) પુરાણોના પણ એક જ્ઞાતા તરીકે તમે માન્ય થયા છો.[5]

સૂત બોલ્યા:–હે મહર્ષિ! તમે લોકોની ભ્રાંતિનો નાશ કરનારો આ પ્રશ્ન કર્યો છે; જે પ્રશ્નના સમાધાનમાં કલિયુગના મેલનો નાશ કરનારી શ્રીનારાયણની કથા કહેવામાં આવશે.[6] માર્કંડેય ઋષિ પોતાના પિતાદ્વારા ગર્ભાધાન વગેરે ક્રમથી ઉપનયનસંસ્કાર પ્રાપ્ત કરી, વેદાધ્યયન કરીને ધર્મપૂર્વક તપ તથા સ્વાધ્યાયપરાયણ રહેતા હતા.[7] તે નૈષ્ઠિક બ્રહ્મચારી હતા, શાંત હતા, જટા ધારણ કરતા હતા અને કમંડલુ, દંડ, મેખલા સહિત જનોઈ, કાળા મૃગનું ચર્મ, માળા તથા દર્ભો ધારણ કરીને ધર્મની વૃદ્ધિ માટે બન્ને સંધ્યાસમયે અગ્નિ, સૂર્ય, ગુરુ, બ્રાહ્મણ તથા પોતાને વિષે શ્રીહરિનું પૂજન કરતા હતા.[8,9] તે સવાર–સાંજ ગુરુને માટે ભિક્ષા લાવીને (ગુરુને અર્પણ કરતા હતા અને) તેમની જો અનુજ્ઞા મળતી તો મૌન ધારણ કરી એક વાર ભોજન કરતા હતા અને અનુજ્ઞા ન મળતી તો ઉપવાસી પણ રહેતા હતા.[10] એ રીતે એક લાખ વર્ષ સુધી તપ તેમજ સ્વાધ્યાયમાં પરાયણ રહેનારા માર્કંડેય ઋષિએ; ભગવાનનું આરાધન કરતાં મહાદુર્જય મૃત્યુને જીત્યું હતું.[11] એ ઉપરથી બ્રહ્મા, ભૃગુ, શંકર, દક્ષ, બ્રહ્માના બીજા પુત્રો, મનુષ્યો, દેવો, પિતૃઓ તથા સર્વ પ્રાણીઓ અત્યંત વિસ્મય પામ્યાં હતાં: યોગી માર્કંડેય એ પ્રમાણે બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને તપ, સ્વાધ્યાય તેમજ સંયમને લીધે નાશ પામેલા ક્લેશવાળા ચિત્તથી ભગવાનનું ધ્યાન કરતા હતા.[12,13] તે યોગીને એ રીતે મહાન યોગથી ચિત્તને ભગવાનમાં યોજી રાખતાં છ મન્વંતર જેટલો મહાન કાળ વીતી ગયો હતો.[14] એ જાણીને હે શૌનક! આ સાતમા મન્વંતરમાં ઇન્દ્ર તેમના તપથી શંકિત થઈ તેમના તપનો નાશ કરવાનો આરંભ કરવા લાગ્યો.[15] તેણે ગંધર્વો, અપ્સરાઓ, કામદેવ, વસંત, મલયાચલનો વાયુ; લોભ તેમજ મદને માર્કંડેય મુનિને ભ્રષ્ટ કરવા માટે મોકલ્યા.[16] હે સમર્થ શૌનક! તેઓ ઉત્તર દિશામાં હિમાલયની પાસે આવેલા તેમના પવિત્ર આશ્રમમાં ગયા, કે જ્યાં પુષ્પભદ્રા નદી તેમજ

* આ અધ્યાયમાં માર્કંડેય ઋષિની તપશ્ચર્યા, મોહક કામાદિથી તે મોહ ન પામ્યા અને તેમણે નરનારાયણની સ્તુતિ કરી, તે કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચિત્રા નામની શિલા આવેલી છે.[૧૭] એમનું એ આશ્રમસ્થાન પવિત્ર છે, પવિત્ર વૃક્ષો તેમજ લતાઓથી યુક્ત છે, પવિત્ર બ્રાહ્મણોના સમૂહોથી વ્યાપ્ત છે, પવિત્ર નિર્મળ જલાશયોથી યુક્ત છે, મદોન્મત્ત ભમરાઓનાં સંગીત ત્યાં થઇ રહ્યાં છે, મદોન્મત્ત કોયલો ત્યાં ટહુકાર કરી રહી છે, મદોન્મત્ત મયૂરરૂપી નટોના નૃત્યવિલાસો ત્યાં જામી રહ્યા છે અને મદોન્મત્ત પક્ષીઓનાં ટોળાંઓથી તે આશ્રમ વ્યાપ્ત છે.[૧૮|૧૯] વળી તે આશ્રમમાં શીતળ ઝરણાંઓનાં જળબિંદુઓને લઇને અંદર દાખલ થયેલો વાયુ, પુષ્પોની સુગંધ વડે વ્યાપ્ત હોઇને કામદેવને જાગૃત કરતો વાયા કરતો હતો.[૨૦] (એ આશ્રમમાં તેઓએ જ્યારે પ્રવેશ કર્યો ત્યારે) સાયંકાળના સમયે ચંદ્રમાના ઉદયવાળી વસંત ઋતુ ત્યાં પ્રકટી હતી, કે જે ઋતુ કોમળ પાંદડાં તથા ગુચ્છાઓની ઘટાઓ વડે ગૂંથી રહેલાં અને એકબીજાનાં ડાળાંઓ સાથે મળી રહેલાં વૃક્ષો તેમજ લતાઓના સમૂહોથી યુક્ત હતી.[૨૧] તેવામાં ત્યાં ધનુષ તથા બાણોને ધારણ કરતો દેવાંગનાઓનાં ટોળાંઓનો નાયક કામદેવ જોવામાં આવ્યો, કે જેની પાછળ ગવૈયાઓ તથા વાદિત્રોનાં જૂથ સાથે ગંધર્વો ચાલતા હતા.[૨૨] ઇન્દ્રના તે સેવકોએ અગ્નિમાં હોમ કરી, નેત્રો મીંચીને ત્યાં બેઠેલા માર્કંડેય ઋષિને જોયા. જે ઋષિ મૂર્તિમાન અગ્નિની પેઠે પરાભવ કરવાને અશક્ય હતા.[૨૩] તેમની આગળ સ્ત્રીઓ નૃત્ય કરવા લાગી, ગંધર્વો ગાવા લાગ્યા; તેમજ મૃદંગ, વીણા તથા ઝાંઝ લઇને સુંદર વાદ્ય વગાડવા લાગ્યા.[૨૪] તેવે વખતે કામદેવે શોષણ, દીપન, સંમોહન, તાપન તથા ઉન્માદન નામના પાંચ મુખવાળું અસ્ત્ર પોતાના ધનુષને વિષે સાંધ્યું અને વસંત ઋતુ, લોભ તથા બીજા ઇન્દ્રના સેવકો માર્કંડેયના મનને ચલિત કરવા લાગ્યા.[૨૫] બીજી બાજુ પુંજિકસ્થલી નામની એક અપ્સરા દડાઓ વડે રમવા લાગી; તેની કેડ સ્તનના ભારથી ઘણીજ લચકતી હતી; તેના કેશમાંથી પુષ્પોની માળાઓ સરકી પડતી હતી; તેની દૃષ્ટિ આમતેમ ભમ્યા કરતી હતી અને દડાની પાછળ પાછળ તે દોડ્યા કરતી હતી. તે વખતે જેના ઉપરની કટિમેખલા તૂટી પડી હતી, એવા તેના સૂક્ષ્મ વસ્ત્રને વાયુએ હરી લીધું; એટલે તેજ સમયે માર્કંડેય મુનિને પોતે જીતી લીધા છે, એમ માની કામદેવે બાણ છોડ્યું; પરંતુ ભાગ્યહીન મનુષ્યનો ઉદ્યમ જેમ વૃથા જાય છે, તેમ કામદેવનું તે સર્વ ચેષ્ટિત ત્યાં વૃથા થયું.[૨૬–૨૮] એ રીતે ઇન્દ્રના સેવકો માર્કંડેય મુનિનું પ્રતિકૂળ આચરવા લાગ્યા; પણ છેવટે તેઓ એ મુનિના તેજથી બળવા લાગ્યા અને જેમ સર્પને જગાડીને બાળકો નાસી જાય, તેમ ત્યાંથી પાછા ફર્યા.[૨૯] હે બ્રહ્મન્! ઇન્દ્રના અનુચરોનો એ પ્રમાણે પરાભવ કર્યો છતાં મહામુનિ માર્કંડેય અહંકારના વિકારને જ ન પામ્યા તે એવા મહાન પુરુષોમાં કંઇ આશ્ચર્ય નથી.[૩૦] ભગવાન ઇન્દ્ર, પોતાના ગણોની સાથે કામદેવને નિસ્તેજ થયેલો જોઇને, તેમજ બ્રહ્મર્ષિનો તે પ્રભાવ સાંભળીને પરમ આશ્ચર્ય પામ્યા.[૩૧] તે પછી તપ, સ્વાધ્યાય તેમજ સંયમપૂર્વક પોતાના ચિત્તને યોગમાં યોજી રહેલા એ માર્કંડેય ઋષિના પર અનુગ્રહ કરવા માટે શ્રીહરિ નરનારાયણ ત્યાં પ્રકટ થયા.[૩૨] તે બન્નેમાં એક શ્વેત હતા અને એક શ્યામ હતા; બન્ને નવાં કમળ સમાન નેત્રવાળા હતા, ચતુર્ભુજ હતા, રુરુ મૃગના ચર્મને તથા વલ્કલ વસ્ત્રને ધારણ કરી રહ્યા હતા; દર્ભનાં પવિત્રાં તેમના હાથમાં હતાં; ત્રેવડી જનોઈ, કમંડલુ, સીધો વાંસનો દંડ, કમળકાકડીની માળા, સૂક્ષ્મ જીવોની રક્ષા માટે તેઓને દૂર કરવાનું ચામર, દર્ભની પૂળી તથા વેદને તેઓએ ધારણ કર્યા હતા. તેઓ બન્ને સાક્ષાત્ તપરૂપજ હતા, કેમકે તેઓનું સ્વરૂપ ઝળહળતી વીજળી જેવી કાંતિ વડે પ્રકાશી રહ્યું હતું. કદમાં તેઓ બન્ને જણ ઊંચા હતા; તેમજ મોટા મોટા દેવોએ પણ તેમનું પૂજન કર્યું હતું.[૩૩|૩૪] માર્કંડેય મુનિ, ભગવાનનાં એ બન્ને સ્વરૂપ નર-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારાયણ ઋષિનાં દર્શન કરી, ઘણાજ આદર વડે ઊભા થઇને શરીરથી તેમને દંડવત્ નમ્યા. એ સમયે નર–નારાયણના દર્શનથી થયેલા આનંદને લીધે જેમનાં દેહ, ઇન્દ્રિયો તથા અંતઃકરણ શાંત થયાં હતાં એવા તે માર્કંડેય મુનિ રોમાંચિત થયા અને તેમનાં નેત્રો હર્ષનાં અશ્રુઓથી ઊભરાઇ જવા લાગ્યાં, જેથી તેઓ બન્નેને તે જોઇ પણ શક્યા નહિ. પછી ઊભા થઇ, બે હાથ જોડી, નમ્ર થઇને માર્કંડેય ઋષિએ, ઉત્સુકતાને લીધે તેમને જાણે ભેટી પડતા હોય તેમ ગદ્‌ગદ અક્ષરથી '**नमो नमः**' એમ તે બન્ને ઈશ્વરોને કહ્યું અને બન્નેને આસન લાવી આપી, તેમના ચરણ ધોઈ અર્ધ્ય, ચંદન, ધૂપ તેમજ પુષ્પો વડે તેમની પૂજા કરી.[૩૫-૩૮] તે પછી કૃપા કરવામાં તત્પર એવા નર–નારાયણ મુનિ સુખપૂર્વક આસન પર બિરાજ્યા; એટલે માર્કંડેય ઋષિ, ફરીથી મહાપૂજ્ય તે બન્નેને નમન કરી આ પ્રમાણે કહેવા લાગ્યા.[૩૯]

માર્કંડેય બોલ્યાઃ—હે વ્યાપક પ્રભો! જે આપે પ્રેરણા કરેલો પ્રાણ ચેષ્ટા કરે છે અને તેની પાછળ વાણી વગેરે ચેષ્ટા કરે છે તે આપની હું કેવી રીતે સ્તુતિ કરું? (સામાન્ય પ્રાણીઓનાજ પ્રાણ વગેરે આપની પ્રેરણાથી પ્રવૃત્તિ કરે છે, એમ નથી પણ) હરકોઇ પ્રાણીના, બ્રહ્માના, શંકરના તેમજ મારા પણ પ્રાણ કેવળ આપની પ્રેરણાથીજ પ્રવૃત્તિ કરી રહ્યા છે. (એ રીતે જગતમાં કોઇનું પણ સ્વાતંત્ર્ય નથી તોપણ કાષ્ઠના યંત્રની માફક કેવળ આપેજ પ્રવૃત્તિ કરાવેલા પ્રાણાદિ વડે) આપ, આપનું ભજન કરનારા પુરુષોના આત્મબંધુ છો. (પિતા વગેરેની માફક આપ માત્ર દેહના બંધુ નથી. અહો! આપની કૃપાળુતા અદ્‌ભુત છે.)[૪૦]+ હે ભગવન્! આપ ભગવાનની આ બન્ને નર–નારાયણ મૂર્તિ ત્રૈલોક્યનું પાલન કરવા માટે, દુઃખ દૂર કરવા માટે અને મોક્ષ આપવાને માટે છે. (અર્થાત્ આપ કોઇના પુત્ર નથી.) જેમ આપ જગતનું રક્ષણ કરવા માટે મત્સ્ય, કૂર્મ આદિ અનેક પ્રકારની મૂર્તિઓ ધારણ કરો છો, તેમ આ મૂર્તિ પણ આપે ધારણ કરી છે. (આપ કેવળ પાલનકર્મ કરો છો, એમ નથી; સૃષ્ટિ આદિ પણ આપજ કરો છો.) જેમ કરોળિયો મુખમાંથી લાળ કાઢીને પાછી ગળી જાય છે, તેમ આપ આ સર્વ જગતને સર્જીને વળી પાછા ગળી જાઓ છો.[૪૧] જે આપના ચરણમૂળમાં રહેલાને કર્મ, ગુણ તથા કાળનો મેલ સ્પર્શ કરી શકતો નથી, જેની પ્રાપ્તિને માટે વેદના તાત્પર્યને જાણનારા મુનિઓ નિત્ય સ્તુતિ કરે છે, પૂજન કરે છે અને ધ્યાન કરે છે તે સર્વના રક્ષક આપના ચરણમૂળનું હું ભજન કરું છું.[૪૨] હે ઈશ્વર! જેને સર્વ લોકમાં ભય રહેલો છે એવા મનુષ્યને મોક્ષમૂર્તિ એવા આપના ચરણની પ્રાપ્તિ સિવાય બીજું કંઈ પણ કલ્યાણ હોય, એમ અમે જાણતા નથી. કારણ કે જેનું સ્થાન બે પરાર્ધ વર્ષપર્યંત રહે છે એવા બ્રહ્મા પણ આપની ભ્રૂકુટિના માત્ર એક વિલાસરૂપ કાળથી અત્યંત ડરે છે; તો પછી બ્રહ્માએ સર્જેલાં ભૌતિક પ્રાણીઓને ભય હોય એમાં શું કહેવાનું છે?[૪૩] માટે આત્માને આવરણ કરનાર, નિષ્ફળ, તુચ્છ, નાશવંત તેમજ અસત્ છતાં પણ અત્યંત અસત્ નહિ; પરંતુ માત્ર આત્મારૂપ (આત્માથી અભિન્ન) એવા દેહાદિના ભજનને તજી સત્ય જ્ઞાનસ્વરૂપ, જીવના નિયંતા અને તેથીજ કારણથી પર આપના ચરણમૂળને હું ભજું છું. મનુષ્ય, આપનું જો ભજન કરે છે તો સર્વ ઇષ્ટ અર્થને આપની પાસેથીજ પ્રાપ્ત કરે છે. (કદાચ આપ કહો કે, બ્રહ્મા અને શંકર પણ મારીજ મૂર્તિ છે; તો પછી તમે મારોજ અત્યંત આદર કેમ કરો છો? આના ઉત્તરમાં કહેવાનું કે,) હે ઈશ્વર! હે આત્માના બંધુ! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણ-

+ કદાચ ભગવાન કહે કે, અમે પ્રાણાદિના પ્રવર્તક કેવી રીતે છીએ? અમે તો ધર્મના પુત્ર છીએ; આના ઉત્તરમાં આ શ્લોક કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri .

ભૂત એવા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ—એ ત્રણ ગુણો આપનીજ માયાએ રચ્યા છે અને તે ત્રિગુણાત્મક લીલાઓ પણ જો કે આપેજ ધારણ કરી છે તોપણ તેમાં જે સત્ત્વગુણમય આપની લીલા છે તેજ મનુષ્યોને અત્યંત શાંતિને માટે થાય છે; બાકીની રજોગુણમય તથા તમોગુણમય જે લીલાઓ છે તેનાથી તો દુઃખ મોહ અને ભયનીજ પ્રાપ્તિ થાય છે.૪૪।૪૫ માટે હે ભગવન્! કુશળ પુરુષો, પોતાને પ્રિય એવી આપની શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ શ્રીનારાયણને તેમજ આપના ભક્તોની મૂર્તિઓમાંની શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ શ્રીનરને આ જગતમાં ભજે છે. કારણ કે જે સત્ત્વગુણથી વૈકુંઠ નામનો લોક, નિર્ભયતા અને ભોગ હોવા છતાં આત્મસુખ પ્રાપ્ત થાય છે, તે સત્ત્વગુણને આપના ભક્ત પુરુષો ઈશ્વરનું સ્વરૂપ માને છે; પરંતુ રજોગુણ કે તમોગુણને ઈશ્વરનું સ્વરૂપ માનતા નથી.૪૬ તે ભગવાન પુરુષરૂપ, વ્યાપક, વિશ્વસ્વરૂપ, જગતના ગુરુ, પરમ દૈવત, શુદ્ધ, વાણીને નિયમમાં રાખનાર તેમજ વેદમાર્ગના પ્રવર્તક આપ નારાયણ ઋષિને તથા નરોમાં ઉત્તમ નર ઋષિને હું નમસ્કાર કરું છું.૪૭ જે મનુષ્યની બુદ્ધિ કપટભરેલા ઇન્દ્રિયોના માર્ગોથી ભ્રમિત થઇ ગઇ હોય અને માયાથી ઢંકાઇ ગઇ હોય, તે મનુષ્ય પોતાની ઇન્દ્રિયોમાં, પ્રાણોમાં, હૃદયમાં તથા જે કંઇ દષ્ટિના માર્ગમાં જોવામાં આવે છે તે સર્વમાં (નિયંતારૂપે) રહેલા એવા પણ આપને જાણી શકતો નથી; આ રીતે મનુષ્ય પ્રથમ અજ્ઞાની હોય છે; છતાં પણ સર્વના ગુરુ એવા આપે પ્રવર્તાવેલા વેદને પ્રાપ્ત કરીને આપને સાક્ષાત્ જાણી શકે છે.૪૮ આપને વિષે બ્રહ્મા વગેરે જ્ઞાનીઓ સાંખ્ય તેમજ યોગ વગેરેથી યત્ન કરતા છતાં પણ મોહ પામે છે; આપનું દર્શન આત્માના રહસ્યનું પ્રકાશક હોઈ વેદમાંજ થાય છે, આપનો સ્વભાવ સાંખ્ય આદિ સર્વ વાદીઓના જુદા જુદા વાદોને અનુસરતો છે; કારણ કે આપના સંબંધી જ્ઞાન દેહાદિકના સંઘાતથી ઢંકાયલું છે, આવા આપ મહાપુરુષને હું વંદન કરું છું."૪૯

यद्दर्शनं निगम आत्मरहःप्रकाशं।
मुह्यंति यत्र कवयोऽजपरा यतंतः॥
तं सर्ववादविषयप्रतिरूपशीलं।
वंदे महापुरुषमात्मनिगूढबोधम्॥४९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

અધ્યાય ૯ મો×

માર્કંડેયને ભગવાનના માયાવી બાલસ્વરૂપનું દર્શન

॥ सूत उवाच ॥

संस्तुतो भगवानित्थं मार्कंडेयेन धीमता।
नारायणो नरसखः प्रीत आह भृगूद्वहम्॥१॥

સૂત બોલ્યાઃ—બુદ્ધિમાન માર્કંડેય મુનિએ ભગવાનની એ પ્રમાણે સ્તુતિ કરી એટલે નરના મિત્ર નારાયણ ભગવાન પ્રસન્ન થઇને તે ભૃગુવંશી મુનિને કહેવા લાગ્યા.૧

શ્રીભગવાન બોલ્યાઃ—"હે બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ઠ! ચિત્તની એકાગ્રતાપૂર્વક મારે વિષેની અસ્ખલિત ભક્તિથી, તપથી, સ્વાધ્યાયથી તથા સંયમથી તમે સિદ્ધ થયા છો.૨ તમારા બ્રહ્મચર્યવ્રતના પાલનથી અમે તમારા પર પ્રસન્ન થયા છીએ; માટે વર આપનારાઓમાં શ્રેષ્ઠ એવા મારી પાસેથી તમે ઇચ્છિત વર માગી લો, તમારું કલ્યાણ થાઓ."૩

માર્કંડેય બોલ્યાઃ—"હે દેવોના પણ દેવેશ! હે શરણાગતની પીડાને દૂર કરનાર અચ્યુત! વરથી લોભાવતા આપે આપનો ઉત્કર્ષ દર્શાવ્યો છે. (પણ મને વર માગવાની ઇચ્છા નથી.) આપનાં મને દર્શન થયાં એટલેજ વર મને પરિ-

× આ અધ્યાયમાં ભગવાનની માયાને જોવા ઇચ્છતા માર્કંડેયને પ્રલયકાળના સમુદ્રમાં વારંવાર ડૂબતા અને બહાર નીકળતા ભગવાનનાં માયાવી બાલસ્વરૂપનાં દર્શન થયાં તે કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂર્ણ છે. જે આપનાં શોભાયમાન ચરણકમળનાં યોગપક્વ મનથી પણ દર્શન કરીને બ્રહ્મા વગેરે કૃતાર્થ થાય છે, તે આપ અમારી ઇન્દ્રિયોના પ્રત્યક્ષ વિષય થયા છો.[૪-૫] (તો આનાથી બીજો કયો વર ઉત્તમ હોય?) તોપણ હે કમળની પાંખડીઓ સમાન નેત્રવાળા! હે પવિત્ર કીર્તિવાળાઓના મુકુટમણિ! જેને લીધે લોકપાલો સહિત આ લોક સત્–વસ્તુમાં ભેદ માને છે તે માયાને હું જોવા ઇચ્છું છું."[૬]

સૂત બોલ્યાઃ–હે મુનિ શૌનક! માર્કંડેય ઋષિએ, એ પ્રમાણે સ્તુતિ કરી અને અત્યંત પૂજા કરી એટલે '**તથાસ્તુ**' એમ કહીને ભગવાન ઈશ્વર મંદમંદ હસતા બદરિકાશ્રમમાં પધાર્યા.[૭] ઋષિ માર્કંડેય તેજ વિષયનું ચિંતન કરતા પોતાના આશ્રમમાંજ રહી અગ્નિ, સૂર્ય, ચંદ્ર, જળ, પૃથ્વી, વાયુ, આકાશ તથા પોતાના આત્મામાં અને બીજા સર્વ પદાર્થોમાં શ્રીહરિનું ધ્યાન કરતા મનોમય દ્રવ્યોથી તેમની પૂજા કર્યા કરતા હતા અને કોઈ કોઇ સમયે તો પ્રેમવૃદ્ધિના પૂરમાં તે એટલા બધા મગ્ન થઇ જતા હતા, કે જેથી શ્રીભગવાનની પૂજા પણ વીસરી જતા હતા.[૮-૯] હે ભૃગુશ્રેષ્ઠ શૌનક! એક સમયે પુષ્પભદ્રા નદીના કિનારે મુનિ માર્કંડેય, સાયંકાળના સમયે સંધ્યોપાસન કરતા હતા; તેવામાં મોટો પવન ફૂંકાવા લાગ્યો[૧૦] અને પ્રચંડ સુસવાટા કરતા તે વાયુની પાછળ ભયંકર મેઘો પ્રકટ થયા, જેઓ વીજળીઓની સાથે મોટી ગર્જનાઓ કરતા રથની ધરીઓ જેવી જાડી વૃષ્ટિની ધારાઓ ચોબાજુ વરસાવવા લાગ્યા. તે પછી દિશાઓના સમુદ્રો વાયુના વેગથી ઉછળતા તરંગો વડે ભૂમંડળને બોળી દેતા ત્યાં જોવામાં આવ્યા; એ સમુદ્રોમાં ઉગ્ર મગરમચ્છો નજરે પડતા હતા; મહાભયંકર ધૂમરીઓ ઘૂમી રહી હતી અને ગંભીર ગર્જનાઓથી તે ગાજી રહ્યા હતા.[૧૧-૧૨] આકાશને પણ ઓળંગી ગયેલાં એ પ્રાણીથી, પ્રખર સૂર્યનાં કિરણોથી અથવા પ્રચંડ વાયુઓથી તથા વીજળીઓથી અંદર ને બહાર ચારે પ્રકારનું જગત, પોતાની સાથે સંતાપ પામવા લાગ્યું; તે જોઇને તેમજ પૃથ્વીને જળથી તરબોળ થયેલી જોઇને મુનિ માર્કંડેય, ખિન્ન મનવાળા થઇને ભયભીત બની ગયા.[૧૩] તેઓ એ પ્રમાણે જોઇ રહ્યા, તેટલામાં વાયુએ ઉછાળેલા જળવાળા મહાસાગરને વરસતા મેઘોએ ચોતરફથી ભરી દીધો, જેથી તરંગોથી ભયંકર થઈ પડેલા તે સમુદ્રે દ્વીપો, ખંડો તથા પર્વતોની સાથે પૃથ્વીને ઢાંકી દીધી[૧૪] અને જોતજોતામાં તો પૃથ્વી તથા અંતરિક્ષમાં રહેલાં પ્રાણીઓ સહિત, સ્વર્ગમાં રહેલા દેવતાઓ સહિત, નક્ષત્રો વગેરે જ્યોતિર્ગણો સહિત અને દિશાઓ સહિત ત્રૈલોક્ય જળમાં ડૂબી ગયું; માત્ર એક માર્કંડેય મહામુનિજ બાકી રહ્યા; તે મુનિ જડ અને આંધળાની પેઠે જટાઓ છૂટી મૂકીને ભટકવા લાગ્યા; ક્ષુધા અને તૃષાથી તે ઘેરાઈ ગયા; મગરમચ્છો અને તિમિંગિલ નામનાં જળચરો તેમને દુઃખી કરવા લાગ્યાં; સમુદ્રના તરંગો તથા પવન તેમને પ્રહાર કરવા લાગ્યા; ભમતા ભમતા અપાર અંધકારમાં તે જઇ પડ્યા; દિશાઓનું તેમને ભાન રહ્યું નહિ અને થાકીને લોથપોથ થઇ ગયા.[૧૫-૧૬] કોઇ સ્થળે પાણીની મોટી ઘૂમરીમાં તે જઇ પડતા હતા; કોઈ ઠેકાણે ચંચળ તરંગો તેમને પ્રહાર કરતા હતા અને કોઇ ઠેકાણે એકબીજાનો વિનાશ કરતાં જળચર પ્રાણીઓ તેમને ખાઇ જતાં હતાં. તે મુનિ કોઇ સ્થળે શોકને, કોઇ સ્થળે મોહને, કોઇ સ્થળે દુઃખને, કોઇ સ્થળે સુખને, કોઇ સ્થળે ભયને તેમજ કોઇ સ્થળે વ્યાધિ વગેરેથી પીડાઇને મૃત્યુ જેવી સ્થિતિને પામતા હતા.[૧૭-૧૮] એ પ્રમાણે વિષ્ણુની માયાથી ઘેરાઇ ગયેલા મનવાળા તે માર્કંડેય મુનિને એમ ભમતાં ભમતાં એક ÷શંકુ જેટલાં વર્ષો વીતી ગયાં.[૧૯] પછી એક સમયે ત્યાં ભમી રહેલા તે બ્રાહ્મણે પૃથ્વીના એક

÷ શંકુ એટલે એકડા ઉપર તેર મીંડાં.—મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊંચા પ્રદેશ ઉપર ફળ તથા કુંપળોથી શોભતું એક કોમળ વડનું ઝાડ જોયું;[૨૦] અને તે વડના ઈશાન ખૂણામાં આવેલી એક શાખાનાં પાંદડાંના પુટમાં એક બાળકને સૂતેલો જોયો, જે બાળક પોતાની કાંતિથી અંધકારનો નાશ કરતો હતો.[૨૧] તે બાળકનો રંગ મોટા ઇન્દ્રનીલમણિના જેવો શ્યામ હતો, તેનું મુખકમળ શોભાયમાન હતું, તેની ડોક શંખ જેવી ત્રણ રેખાઓવાળી હતી, છાતી વિશાળ હતી, નાસિકા અને ભ્રૂકુટિ સુંદર હતાં, શ્વાસથી કંપતા કેશને લીધે તે શોભતો હતો, અંદર શંખ જેવી શોભાવાળા તેના બે કાનમાં દાડમનાં પુષ્પો ખોસ્યાં હતાં, પરવાળાં જેવા અધરોષ્ઠની કાંતિથી તેનું અમૃતતુલ્ય મંદ હાસ્ય કંઇક લાલ જણાતું હતું, તેના નેત્રના છેડા કમળના ગર્ભ જેવા લાલ હતા, તેનાં હાસ્ય તથા દર્શન મનોહર હતાં, શ્વાસથી ચાલતી કરચલીઓથી ચંચળ એવી ઊંડી નાભિવાળું તેનું ઉદર પીપળાના પાન જેવું હતું અને સુંદર આંગળીઓવાળા પોતાના બન્ને હાથથી ચરણકમળને ઊંચો કરી મુખમાં મૂકીને તે બાળક ધાવતો હતો. આવા બાળકને જોઇ બ્રહ્મર્ષિ માર્કંડેય વિસ્મય પામ્યા. એ બાળકનું દર્શન થવાથી માર્કંડેયનો થાક ઊતરી ગયો, તેમનાં હૃદયકમળ તથા નેત્રકમળ હર્ષથી પ્રફુલ્લ થઇ ગયાં અને શરીરે તે રોમાંચિત થઇ ગયા. પછી એ અદ્ભુત સ્વરૂપ જોવાથી શંકિત થયેલા તે મુનિ એ બાળકને પૂછવા માટે તેમની આગળ ચાલ્યા.[૨૨-૨૬] તેવામાં તો એ બાળકના શ્વાસથી માર્કંડેય ઋષિ, મચ્છરની પેઠે તેના શરીરમાં પેસી ગયા અને ત્યાં પણ આ જગત પ્રલયની પૂર્વે જેવું હતું તેવુંજ તેમણે જોયું, જેથી અત્યંત વિસ્મય પામીને તે મોહ પામ્યા.[૨૭] આકાશ, સ્વર્ગ, પૃથ્વી, નક્ષત્રગણો, પર્વતો, સમુદ્રો, દ્વીપો, ખંડો, દિશાઓ, દેવો, દૈત્યો, વનો, દેશો, નદીઓ, શહેરો, ખાણો, ખેડૂતોનાં ગામડાં, નેસડાં, આશ્રમો, વર્ણો, વર્ણાશ્રમોની આજીવિકાઓ, પાંચ મહાભૂતો, તેનાથી ઉત્પન્ન થયેલા પદાર્થો, અનેક યુગોની તથા કલ્પોની કલ્પના કરાવતો કાળ તથા બીજું જે કંઇ વ્યવહારનું કારણ છે તે સર્વ જાણે સત્ય હોય તેવું જણાતું જગત, માર્કંડેયે (એ બાળકના ઉદરમાં) જોયું;[૨૮-૨૯] તેમજ હિમાલય, પુષ્પવહા નદી, પોતાનો આશ્રમ તેમજ તે આશ્રમમાં જે ઋષિઓ હતા તેઓને પણ તેમણે ત્યાં જોયા. પછી તે જગતને પોતે જુએ છે તેટલામાં તો એ બાળકના શ્વાસથી બહાર નીકળીને પ્રલયના સમુદ્રમાં તે જઈ પડ્યા. ત્યાં પૃથ્વીના ઉચ્ચ પ્રદેશ ઉપર ઊગેલા વડના ઝાડને તેમજ તેના પાંદડાના પુટમાં સૂતેલા બાળકને તેમણે જોયા; એ બાળક પ્રેમને લીધે અમૃતતુલ્ય મંદ હાસ્યવાળા કટાક્ષદર્શન વડે માર્કંડેય ઋષિને જોઇ રહ્યા હતો.[૩૦-૩૧] તે પછી અત્યંત ક્લેશ પામેલા મુનિ માર્કંડેય, પોતાનાં નેત્રોદ્વારા હૃદયમાં સ્થિતિ કરી રહેલા તે બાળસ્વરૂપ ભગવાનને જોઇ તેમને ભેટી પડવાને જેટલામાં તેમની સામા ગયા કે તેજ સમયે સાક્ષાત્ યોગાધીશ તે અંતર્યામી ભગવાન, જેમ કોઇ અસમર્થ મનુષ્યની અભિલાષા અદૃશ્ય થઈ જાય, તેમ એ ઋષિની પાસેથી અદૃશ્ય થઈ ગયા.[૩૨-૩૩] તે પછી હે બ્રાહ્મણ શૌનક! પેલો વડ, પાણી અને લોકોનો પ્રલય પણ ક્ષણવારમાં અદૃશ્ય થઇ ગયાં ને માર્કંડેય ઋષિ પૂર્વની પેઠે પોતાના આશ્રમમાંજ આવી રહ્યા.[૩૪]

तमन्वथ वटो ब्रह्मन् सलिलं लोकसंप्लवः।
तिरोधायि क्षणादस्य स्वाश्रमे पूर्ववत् स्थितः ॥३४

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૧૦ મો*

માર્કંડેયને શંકરનાં વરદાન

॥ सूत उवाच ॥

स एवमनुभूयेदं नारायणविनिर्मितम् ।
वैभवं योगमायायास्तमेव शरणं ययौ ॥१॥

સૂત બોલ્યા:—એ પ્રમાણે શ્રીનારાયણે રચેલા તે યોગમાયાના વૈભવને અનુભવીને માર્કંડેય ઋષિ, તે ભગવાનનેજ શરણે ગયા.[૧]

માર્કંડેય બોલ્યા:—"હે હરિ! શરણાગતને અભય આપનાર એવા આપના ચરણમૂળને હું શરણે આવ્યો છું. જ્ઞાન જેવી જણાતી આપની માયાથી વિદ્વાનોને પણ મોહ થાય છે."[૨]

સૂત બોલ્યા:—એ પ્રમાણે (કહી) માર્કંડેય ઋષિ એકાગ્રચિત્ત થઇ ગયા, તેટલામાં પાર્વતીજીની સાથે પોઠિયાં પર બેસીને પોતાના ગણોની સાથે આકાશમાં વિચરતા ભગવાન શંકરે તેમને જોયા.[૩] તે પછી એ ઋષિને જોઇને પાર્વતીજીએ શંકરને કહ્યું કે, "હે ભગવન્! વાયુ જ્યારે શાંત હોય છે ત્યારે પાણી અને માછલાંનો સમૂહ જેમાં નિશ્ચળ થયેલો હોય છે એવા સમુદ્રની પેઠે જેના દેહ, ઇન્દ્રિયો તેમજ મન નિશ્ચળ થઈ ગયાં છે, એવા આ બ્રાહ્મણને તો આપ જુઓ! આપ તપની સિદ્ધિને આપનારા છો; માટે આના તપને સફળ કરો."[૪,૫]

શ્રીશંકર ભગવાન બોલ્યા:—"આ બ્રહ્મર્ષિ, અવિનાશી પુરુષ ભગવાનની પરમ ભક્તિને પ્રાપ્ત થયા છે; તેથી કોઇ પણ કામના અથવા મોક્ષને પણ ઇચ્છતા નથી.[૬] તોપણ હે પાર્વતિ! આપણે આ સત્પુરુષની સાથે વાતચીત કરીશું; કારણ કે સત્પુરુષોનો સમાગમ થાય એ પુરુષોને પરમ લાભરૂપ ગણાય છે."[૭]

સૂત બોલ્યા:—એમ કહીને સત્પુરુષોની ગતિરૂપ અને સર્વ વિદ્યાઓના તથા સર્વ પ્રાણીઓના ઈશ્વર ભગવાન શંકર, માર્કંડેય ઋષિની પાસે ગયા;[૮] પણ માર્કંડેય મુનિએ અંતઃકરણની વૃત્તિઓ રુંધી દીધી હતી, તેથી સાક્ષાત્ ઈશ્વર અને જગતના આત્મા એવાં તે શંકર—પાર્વતીના આવવાને તેમણે જાણ્યું નહિ; પરંતુ તે વખતે પોતાના આત્માને તથા વિશ્વને પણ તે મુનિ જાણતા ન હતા.[૯] ભગવાન અને ઈશ્વર એવા શંકર, તે જાણી લઇને પોતાની યોગમાયાથી, વાયુ જેમ છિદ્રમાં પ્રવેશ કરે છે, તેમ તેમના હૃદયાકાશમાં દાખલ થયા.[૧૦,૧૧] મુનિ માર્કંડેય પોતાના હૃદયની અંદર પણ પ્રાપ્ત થયેલા વીજળી જેવી પીંગળી જટા ધારણ કરનારા, ત્રણ નેત્રોવાળા, દશ ભુજાઓવાળા, શરીરે ઉન્નત, ઉદય પામતા સૂર્ય સરખા તેજસ્વી, વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્રને ધારણ કરતા અને ત્રિશૂલ, ખટ્વાંગ, ઢાલ, અક્ષમાલા, ડમરુ, કપાલ, તલવાર તેમજ ધનુષને ધારણ કરતા અને એકાએક હૃદયમાં પ્રકાશેલા શંકરને જોઇને વિસ્મય પામ્યા અને 'આ શું? આ ક્યાંથી?' એ પ્રમાણે વિચાર કરી તે મુનિ સમાધિથી વિરામ પામ્યા.[૧૨,૧૩] તેમણે નેત્રો ઉઘાડીને જોયું તો પાર્વતીજીની સાથે પધારેલા અને ત્રણ લોકના એક ગુરુ શંકરને તેમના ગણો સાથે જોયા; એટલે તે મુનિએ તેમને મસ્તક નમાવી પ્રણામ કર્યા; અને સ્વાગતવચનથી, આસનથી, પગ ધોવાના જળથી, અર્ઘ્યથી, ચંદનથી, પુષ્પની માળાથી, ધૂપથી તેમજ દીવાથી પાર્વતીજી તથા ગણો સહિત શંકરની પૂજા કરી[૧૪,૧૫] અને કહ્યું કે, "હે વ્યાપક ઈશ્વર! આપ તો પોતાના પ્રભાવથીજ પૂર્ણ કામનાવાળા છો, તો અમે આપનું કયું કાર્ય કરીએ? આપને લીધે આ જગત સુખી થાય છે.[૧૬] કલ્યાણસ્વરૂપ, શાંત, સત્ત્વગુણમૂર્તિ અને તેથીજ અત્યંત સુખકારક એવા આપને

* આ અધ્યાયમાં શંકરે આવીને પ્રસન્ન થઇ મુનિ માર્કંડેયને વર આપ્યા અને તેમની સાથે ઘણીજ પ્રીતિથી સંભાષણ કરીને તેમનું સન્માન કર્યું, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નમસ્કાર હો. આપ રજોગુણને તથા તમોગુણને પણ સેવો છો, છતાં આપ ઘોર સ્વરૂપવાળા થતા નથી; તે આપને નમસ્કાર હો."૧૭

સૂત બોલ્યાઃ—સત્પુરુષોની ગતિરૂપ તે આદિદેવની માર્કંડેયે એ રીતે સ્તુતિ કરી એટલે પ્રસન્ન અંતરવાળા તે ભગવાન પ્રસન્ન થયા અને હસતા હસતા તેમને કહેવા લાગ્યા.૧૮

શ્રીશંકર ભગવાન બોલ્યાઃ—"અમારી પાસેથી તમે વર માગો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ—આ અમે ત્રણે દેવો વર આપનારાઓના પણ ઈશ્વર છીએ; અમારું દર્શન સફળ હોય છે અને અમારા દર્શનથી મનુષ્ય મોક્ષને પામે છે.૧૯ જે બ્રાહ્મણો સદાચારી, શાંત, કામનાઓરહિત, પ્રાણીઓ પર પ્રેમ રાખનારા, અમારા એકાંત ભક્ત, વૈર વિનાના તથા સમદૃષ્ટિવાળા હોય છે; તેઓને લોકો સહિત લોકપાલો વંદન કરે છે, પૂજે છે અને ઉપાસે છે; એટલુંજ નહિ પણ હું, ભગવાન બ્રહ્મા તથા સર્વના ઈશ્વર શ્રીહરિ પોતે તેમને સેવે છે.૨૦૨૧ તમારા સરખા બ્રાહ્મણો મારામાં, વિષ્ણુ ભગવાનમાં, બ્રહ્મામાં, પોતાને વિષે અને લોકોને વિષે પણ લેશમાત્ર ભેદ જોતા નથી; માટે અમે તમને સેવીએ છીએ. જળમય તીર્થો તે તીર્થો નથી એમ નથી અને ચેતનારહિત દેવોની મૂર્તિઓ તે દેવો નથી એમ નથી; પરંતુ તેઓ લાંબે કાળે પવિત્ર કરે છે, ત્યારે તમે તો માત્ર દર્શનથીજ પવિત્ર કરો છો. જે બ્રાહ્મણો ચિત્તની એકાગ્રતા, તપ, સ્વાધ્યાય તથા સંયમથી અમારા વેદમય સ્વરૂપને ધારણ કરે છે, તે બ્રાહ્મણોને અમે નમસ્કાર કરીએ છીએ.૨૨-૨૪ તમારા જેવા બ્રાહ્મણોના ચરિત્રોનું શ્રવણ કરવાથી તથા દર્શન કરવાથી મહાપાપીઓ અને અંત્યજો પણ પવિત્ર થઇ જાય છે; ત્યારે પછી તમારા જેવાઓની સાથે સંભાષણ વગેરે કરવાથી હરકોઇ પવિત્ર થાય, એમાં શું કહેવાનું હોય?"૨૫

સૂત બોલ્યાઃ—ચંદ્રશેખર શ્રીશંકરનું ધર્મના રહસ્યથી પૂર્ણ અને અમૃતના સ્થાનરૂપ એવું વચન કાનથી સાંભળતાં ઋષિ માર્કંડેય તૃપ્ત થયા નહિ.૨૬ તે ઋષિને વિષ્ણુની માયાએ લાંબા કાળપર્યંત ભમાવ્યા હતા, જેથી કરીને તે અત્યંત કૃશ થઈ ગયા હતા; પણ શંકરની વાણીરૂપ અમૃતથી તેમના સમસ્ત ક્લેશો નાશ પામ્યા અને તે આ પ્રમાણે કહેવા લાગ્યા.૨૭

માર્કંડેય ઋષિ બોલ્યાઃ—"અહો! આ ઈશ્વરની લીલા પ્રાણીઓએ દુઃખથી જાણી શકાય એવી છે; જે માયાને લીધે જગતના ઈશ્વરો પણ પોતાને વશ રહેનારાં પ્રાણીઓને નમે છે તથા સ્તવે છે.૨૮ ધર્મના વક્તાઓ પ્રાણીઓને ધર્મ ગ્રહણ કરાવવા માટે પોતે પણ ધર્મનું આચરણ કરે છે, અનુમોદન આપે છે અને આચરણ કરાતા ધર્મની પ્રશંસા કરે છે.૨૯ જેમ કોઇ પ્રસિદ્ધ માયાવીનું કપટ તેના પ્રભાવને દૂષિત કરતું નથી, તેમ (કેવળ લોકોને શિક્ષણ આપવા માટેજ) આમ પોતાની માયાવૃત્તિવાળાં નમન વગેરે કરવાને લીધે આપ ભગવાનનો પ્રભાવ કંઇ દૂષિત થતો નથી.૩૦ જેમ સ્વપ્નને જોનારો જીવ, મનથી સ્વપ્નસૃષ્ટિ સૃજીને તેમાં પ્રવેશ કરી, ઇન્દ્રિયોજ સર્વ કંઇ કરતી હોય છે છતાં પોતે કર્તા હોય તેવો માત્ર ભાસે છે (વસ્તુતઃ જીવ તે સ્વપ્નસૃષ્ટિનો કર્તા નથી), તેમજ આપ પણ સંકલ્પમાત્ર વડે આ જગત સૃજીને તેમાં પોતે પ્રવેશ કરીને, જો કે સત્ત્વાદિ ગુણોજ સર્વ કંઇ કરી રહ્યા છે છતાં આપ કર્તા હો તેવા ભાસો છો. (વસ્તુતઃ આપ કર્તા નથી.)૩૧ ત્રણ ગુણરૂપ, ત્રણે ગુણોના નિયંતા, કેવલસ્વરૂપ, અદ્વિતીય, સર્વના ગુરુ અને બ્રહ્મમૂર્તિ એવા આપ ભગવાનને મારા નમસ્કાર હો.૩૨ હે વ્યાપક દેવ! આપનાં સર્વોત્તમ દર્શન સિવાય બીજો હું કયો વર માગું? કારણ કે આપનાં દર્શનથીજ પુરુષ પૂર્ણ કામનાવાળો તથા સત્ય કામનાવાળો થાય છે;૩૩ તોપણ કામનાઓની વૃષ્ટિ કરનારા આપ પૂર્ણની પાસેથી હું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક વર માગી લઉં છું કે, ભગવાન વિષે, ભગવાનના ભક્તો વિષે તથા આપને વિષે મારી અસ્ખલિત ભક્તિ થાઓ."[૩૪]

સૂત બોલ્યાઃ–મુનિ માર્કંડેયે એ પ્રમાણે પૂજા કરીને સુંદર રીતે કહેવાયલી વાણીથી સ્તુતિ કરી એટલે પાર્વતીજીએ અનુમોદન અપાયલા ભગવાન શંકર તેમને કહેવા લાગ્યા કે, "હે મહર્ષિ! તમારી સર્વ કામનાઓ પૂર્ણ થાઓ; તમારો પવિત્ર યશ કલ્પકાળપર્યંત સ્થિર રહો અને તમને અજરામરપણું પ્રાપ્ત થાઓ. કારણ કે તમે ભગવાનમાં ભક્તિવાળા છો. હે બ્રહ્મન્! બ્રહ્મતેજવાળા તમને ત્રણે કાળનું જ્ઞાન, વૈરાગ્યવાળું વિજ્ઞાન (પરમાત્મવિષયક જ્ઞાન) તેમજ પુરાણોનું આચાર્યપણું પ્રાપ્ત થાઓ."[૩૫-૩૭]

સૂત બોલ્યાઃ–એ રીતે મુનિને વર આપીને ત્રણ નેત્રોવાળા શંકર, એ મુનિનું પહેલાંનું તપાદિ કર્મ તથા તેમણે ભગવાનનો માયાપ્રભાવ જે અનુભવ્યો હતો તે, પાર્વતીજીને કહેતા કહેતા ત્યાંથી પધારી ગયા[૩૮] અને ભૃગુવંશીઓમાં ઉત્તમ એવા માર્કંડેય પણ મહાયોગનો મહિમા પ્રાપ્ત કરીને તથા શ્રીહરિમાં એકાંત ભક્તપણું સંપાદન કરીને હજી પણ (જગતમાં) સાક્ષાત્ વિચર્યા કરે છે.[૩૯] બુદ્ધિમાન માર્કંડેય મુનિનું આ ચરિત્ર મેં તમારી આગળ વર્ણવ્યું અને ભગવાનની માયાનો જે અદ્ભુત વૈભવ તેમણે અનુભવ્યો હતો તે પણ મેં તમને કહ્યો. (આ ચરિત્રના સંબંધમાં તમે કદાચ કહેશો કે, અમારા કુળમાં ઉત્પન્ન થયેલા એ માર્કંડેય મુનિનું આયુષ સાત કલ્પનું વૃદ્ધ પુરુષો કહે છે, તો એ કથનમાં તથા તમારા કથનમાં વિરોધ આવે છે, તેનું કેમ? આના સમાધાનમાં કહેવાનું કે,) એ માર્કંડેય મુનિએ અનુભવેલો અનેક કલ્પરૂપ ભગવાનની માયાનો વૈભવ, ઈશ્વરની ઇચ્છાને લીધે કેવળ તેમનેજ જોવામાં આવ્યો હતો; એ કંઈ સર્વસાધારણ નથી. 'મનુષ્યોની ઉત્પત્તિ તથા પ્રલય આદિ લક્ષણવાળી ભગવાનની માયા છે' એમ જેઓ જાણતા નથી તેઓ કહે છે કે, અનાદિ બહુ કાળ સુધી ચાલ્યા કરતું ભગવાનનું આ માયાચેષ્ટિત, દેવતાઓના બે હજાર યુગના પ્રમાણથી વારંવાર થયા કરે છે; ત્યારે વિદ્વાનો તો એમજ કહે છે કે, માયાથી બાળક બનેલા ભગવાનના શ્વાસોચ્છ્વાસથી સાત વાર માર્કંડેય મુનિ તેમના ઉદરમાં પેઠા હતા ને સાત વાર બહાર નીકળ્યા હતા; એ પ્રમાણે સાત કલ્પ માત્ર તેજ ક્ષણમાં થઇ ગયા હતા. (આવા વિદ્વાનોના મત પ્રમાણે કંઈ પણ વિરોધ નથી.)[૪૦,૪૧] હે ભૃગુવંશમાં શ્રેષ્ઠ શૌનક! ચક્રધારી શ્રીભગવાનની માયાના પ્રભાવથી યુક્ત આ માર્કંડેયનું ચરિત્ર, એ પ્રમાણે મેં તમારી આગળ વર્ણવ્યું છે; તેને જે મનુષ્ય બીજાને સંભળાવે છે અથવા પોતે સાંભળે છે તેઓ બન્નેને કર્મવાસનાથી થતો આ સંસાર પ્રાપ્ત થતો નથી.[૪૨]

य एवमेतद् भृगुवर्य वर्णितं रथांगपाणेरनुभावभावितम्। संश्रावयेत् संशृणुयादुतावुभौ तयोर्न कर्माशयसंसृतिर्भवेत् ॥४२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो+

મહાપુરુષનું વર્ણન તથા દરેક મહિને જુદા જુદા સૂર્યના વ્યૂહ

॥ शौनक उवाच ॥

अथेममर्थं पृच्छामो भवंतं बहुवित्तमम्। समस्ततंत्रराद्धांते भवान् भागवत तत्त्ववित् ॥१॥

શૌનકે પૂછ્યુંઃ–હે ભગવાનના ભક્ત સૂત! બહુશ્રુતોમાં શ્રેષ્ઠ એવા આપને અમે આ એક વિષય પૂછીએ છીએ; કેમકે આપ સમસ્ત તંત્રશાસ્ત્રના

+ આ અધ્યાયમાં પૂજાને માટે મહાપુરુષનું વર્ણન આવશે તથા પ્રત્યેક મહિને જુદા જુદા સૂર્યના વ્યૂહ કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સિદ્ધાંતના રહસ્યને જાણો છો.[૧] તાંત્રિકો, ચૈતન્યઘન એવા (નિરાકાર) લક્ષ્મીપતિ ભગવાનની પૂજામાં પાદાદિ અંગોની, ગરુડાદિ ઉપાંગોની, સુદર્શન વગેરે આયુધોની તેમજ કૌસ્તુભાદિ આભૂષણોની જે તત્ત્વોથી કલ્પના કરે છે તેનું અમારી આગળ વર્ણન કરો. વળી જે ક્રિયાયોગની કુશળતાથી મનુષ્ય અજરામણપણું (મોક્ષને) પામે છે, તે ક્રિયાયોગને પણ અમે જાણવા ઇચ્છીએ છીએ; માટે તે પણ તમે અમને કહો. તમારું કલ્યાણ થાઓ.[૨,૩]

સૂત બોલ્યાઃ—ગુરુઓને નમસ્કાર કરી વિષ્ણુની વિરાટ્ આદિ વિભૂતિઓને હું તમારી પાસે કહીશ; જે વિભૂતિઓને બ્રહ્મા વગેરે આચાર્યોએ વેદોમાં તથા તંત્રશાસ્ત્રોમાં કહી છે.[૪] પ્રકૃતિ, સૂત્રાત્મા, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા—એ નવ તત્ત્વોથી અગિયાર ઇન્દ્રિયો અને પાંચ મહાભૂતો—એ સોળ વિકારોમય એવો વિરાટ્ ઉત્પન્ન થયો છે; જે ચેતનાથી અધિષ્ઠિત થયેલા વિરાટ્માં ત્રણે ભુવન જોવામાં આવે છે.+[૫] આ વિરાટ્શરીર પરમાત્માનું સ્વરૂપ છે. તેમાં પૃથ્વી પ્રભુના ચરણ છે; સ્વર્ગ મસ્તક છે; આકાશ નાભિ છે; સૂર્ય નેત્ર છે; વાયુ નાસિકા છે; દિશાઓ કાન છે; પ્રજાપતિ તે ઈશ્વરનું લિંગ છે; મૃત્યુ ગુદા છે; લોકપાલો તેમના બાહુઓ છે; ચંદ્ર મન છે; યમદેવ ભ્રૂકુટિ છે; લજ્જા ઉપલો હોઠ છે; લોભ નીચલો હોઠ છે; જ્યોત્સ્ના દાંત છે; ભ્રાંતિ તેમનું હાસ્ય છે; વૃક્ષો રૂંવાડાં છે અને મેઘો તે વ્યાપક ભગવાનના કેશ છે.[૬-૮] વળી આ વ્યષ્ટિપુરુષ પોતાના (સાત વેંત) જેટલા પ્રમાણથી યુક્ત છે અને જેટલા અવયવવિભાગથી માપાયલો છે તેટલોજ આ મહાપુરુષ પણ લોકકલ્પિત પ્રમાણવાળો તેમજ ચરણ વગેરે અવયવોના વિભાગથી મપાયલો છે.[૯] અજન્મા ભગવાન કૌસ્તુભમણિના બહાને શુદ્ધ જીવચૈતન્યને ધારણ કરે છે અને તે કૌસ્તુભમણિની વ્યાપક કાંતિને પોતાના વક્ષઃસ્થળમાં શ્રીવત્સરૂપે ધારણ કરે છે.[૧૦] અનેક ગુણમય પોતાની માયાને વનમાળાના નામે ધારણ કરે છે; વેદમય પીતાંબર પહેરે છે ને ત્રણ માત્રાઓવાળા ૐકારને જનોઈરૂપે ધારણ કરે છે.[૧૧] તે ભગવાન સાંખ્ય તથા યોગરૂપી બે મકરાકાર કુંડળો ધારણ કરે છે અને સર્વ લોકને અભય આપનાર પરમેષ્ઠિપદને મુકુટરૂપે ધારણ કરે છે. 'અનંત' એવા નામવાળા પ્રધાનરૂપી જે આસન પર ભગવાન બિરાજ્યા છે તે આસનરૂપ કમળને ધર્મ તથા જ્ઞાન વગેરેથી યુક્ત સત્ત્વગુણ કહે છે.[૧૨,૧૩] માનસિક સામર્થ્ય, ઇન્દ્રિયસામર્થ્ય અને દેહસામર્થ્યથી યુક્ત જે મુખ્ય તત્ત્વ (પ્રાણ) છે, તે રૂપી ગદાને ભગવાન ધારણ કરે છે અને જળતત્ત્વને ઉત્તમ શંખરૂપે તેમજ તેજસ્તત્ત્વને સુદર્શનચક્રરૂપે ધારણ કરે છે;[૧૪] ઉપરાંત આકાશતત્ત્વને આકાશ જેવી શ્યામ તલવારરૂપે ધારણ કરે છે અને અંધકારરૂપી ઢાલ, કાળરૂપી શાર્ઙ્ગ ધનુષ તથા કર્મમય ભાથાને ભગવાન ધારણ કરે છે.[૧૫] ઇન્દ્રિયોને ભગવાનનાં બાણ કહે છે; ક્રિયાશક્તિયુક્ત મનને એ ભગવાનનો રથ કહે છે; પાંચ તન્માત્રાઓને એ રથનું બાહ્ય પ્રકટ રૂપ કહે છે અને ધારણ કરેલી મુદ્રાથી તે ભગવાન 'વર આપનાર, અભય આપનાર' ઇત્યાદિ સ્વરૂપને ધારણ કરે છે.* દેવપૂજાની ભૂમિને સૂર્યમંડળ તરીકે ચિંતવવી; ગુરુએ આપેલી મંત્રદીક્ષાનેજ ભગવાનની પૂજામાં પોતાની યોગ્યતારૂપે ચિંતવવી અને ભગવાનની પૂજા પોતાનાં પાપોનો વિનાશજ કરશે, એવી ભાવના કરવી. (ઉપર

+ભૂર્ વગેરે લોકથી અંગો વગેરેની કલ્પના દર્શાવવાને પ્રથમ 'કયાં તત્ત્વોથી અંગોની કલ્પના કરવામાં આવે છે' એ શૌનકના પ્રશ્નનો ઉત્તર કહેવા માટે આ શ્લોકમાં વિરાટ્શરીર કહ્યું છે. આ ઉપરથી અંગ વગેરેની કલ્પના સુલભ છે, એમ દર્શાવ્યું છે. —શ્રીધર

*અર્થાત્ તે તે મુદ્રાથી તે તે સ્વરૂપની ભાવના કરવી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આસન માટેનું કમળ કહ્યું; હવે હાથમાં રહેલું કમળ કર્યું તે સાંભળો.)છ ઐશ્વર્યરૂપ 'ભગ' શબ્દનો જ અર્થ છે તેને ભગવાન લીલાકમળરૂપે (હાથમાં) ધારણ કરે છે અને ધર્મ તથા યશને ભગવાન ચામરરૂપે ધરે છે.૧૬-૧૮ હે બ્રાહ્મણો! સર્વ તરફથી નિર્ભય એવા વૈકુંઠધામને ભગવાન છત્રરૂપે ધારણ કરે છે અને ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ એજ ભગવાનનું ગરુડ નામનું વાહન છે, જે યજ્ઞસ્વરૂપ ભગવાનને વહે છે. ભગવતી લક્ષ્મીદેવી શ્રીહરિના સાક્ષાત્ સ્વરૂપની અવિનાશી શક્તિ છે અને પંચરાત્ર વગેરે તંત્રશાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવો વિષ્વક્સેન, ભગવાનના પાર્ષદોમાં અધિપતિ તરીકે જાણીતો છે તેમજ અણિમા વગેરે અષ્ટસિદ્ધિઓરૂપ ગુણો, શ્રીહરિના નંદ વગેરે દ્વારપાલો છે. હે બ્રાહ્મણ શૌનક! વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ–એ ચાર સ્વરૂપો ભગવાન પોતેજ છે, જે (અધ્યાત્મશાસ્ત્રમાં ચાર પ્રકારે ઉપાસના કરવા યોગ્ય) મૂર્તિવ્યૂહ કહેવાય છે. (એ ચાર મૂર્તિની ઉપાસના આ રીતે થાય છેઃ) વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ તથા તુરીય–આમ ચાર સ્વરૂપે અનુક્રમે ઇન્દ્રિયોરૂપ ઉપાધિવાળી જાગ્રત અવસ્થાથી, મનરૂપ ઉપાધિવાળી સ્વપ્નાવસ્થાથી, અજ્ઞાનરૂપ ઉપાધિવાળી સુષુપ્તિથી તથા જ્ઞાનરૂપ ઉપાધિવાળી તુરીયાવસ્થાથી તે ભગવાન જણાય છે.૧૯-૨૨ એ પ્રમાણે અંગ, ઉપાંગ, આયુધો તથા આભૂષણોથી જણાયલા ભગવાન શ્રીહરિ, વાસુદેવ આદિ ચાર મૂર્તિઓરૂપ થઇને વિશ્વ–તૈજસ આદિ ચાર સ્વરૂપોને ધારણ કરે છે; આમ વિશ્વ આદિ ચાર સ્વરૂપોને ધારણ કરવા છતાં પણ તે ભગવાન ઈશ્વરરૂપેજ રહે છે. (નિયંતારૂપે મટી જઇને જીવરૂપે થઇ જતા નથી.) ૨૩ હે બ્રાહ્મણશ્રેષ્ઠ શૌનક! તે ભગવાન વેદના કારણરૂપ, સ્વયંપ્રકાશ અને પોતાના મહિમાથી પરિપૂર્ણ છે અને પોતાની માયાથી આ જગતને સૃજે છે, પાળે છે તથા સંહારે છે. જો કે તે ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ–એવાં જુદાં જુદાં નામોથી પણ નહિ ઢંકાયલા જ્ઞાનવાળાજ રહે છે, છતાં જાણે જુદાજુદા સ્વરૂપવાળા થયા હોય તેમ શાસ્ત્રોમાં વર્ણવાય છે. (વસ્તુતઃ તે ભગવાન બ્રહ્મા, વિષ્ણુ ને મહેશરૂપે પણ જુદા નથી.) કારણ કે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશની ઉપાસના કરનારાઓ પણ અંતઃકરણમાં આત્મસ્વરૂપેજ ભગવાનને પ્રાપ્ત કરે છે.૨૪ હે અર્જુનના મિત્ર! હે યાદવોમાં શ્રેષ્ઠ! હે પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓના વંશને બાળી નાખનાર! હે અક્ષીણ પરાક્રમવાળા! હે ગોપીઓના સમૂહે તથા ભક્તોએ ગાયેલી પવિત્ર કીર્તિવાળા! હે શ્રવણ કરતાંજ મંગળ કરનાર! હે ગોવિંદ! હે શ્રીકૃષ્ણ! ભક્તોનું તમે રક્ષણ કરો.૨૫ જે મનુષ્ય પ્રભાતમાં ઊઠી પવિત્ર થઇને ભગવાનમાં ચિત્ત સ્થાપીને આ મહાપુરુષનાં લક્ષણનો (મનમાં) પાઠ કરે છે તે મનુષ્ય, હૃદયગુહામાં વસી રહેલા બ્રહ્મને જાણે છે.૨૬

શૌનકે પૂછ્યું:–ભગવાન શુકદેવજીએ શ્રવણ કરતા પરીક્ષિત રાજાને (પંચમસ્કંધમાં) કહ્યું છે કે, ઋષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, યક્ષો, રાક્ષસો તથા દેવો–એમ એક એક સાત સાતનો સૂર્ય સંબંધી ગણ પ્રત્યેક મહિને બદલાયા કરે છે;૨૭ માટે પોતાના અધીશ્વરોસહિત તે સાતે ગણોનાં નામ તથા કર્મ તમે અમને કહો. કારણ કે સૂર્યસ્વરૂપ શ્રીહરિના તે વ્યૂહ પર અમને શ્રદ્ધા છે.૨૮

સૂત બોલ્યા:–સર્વ પ્રાણીઓના આત્મારૂપ શ્રીવિષ્ણુ ભગવાનની અનાદિ માયાએ નિર્માણ કરેલા આ લોકયાત્રાના પ્રવર્તક સૂર્ય, લોકોમાં ફર્યા કરે છે, લોકોના આત્મા અને સૃષ્ટિના કર્તા શ્રીહરિ પોતેજ સૂર્ય છે અને તે સૂર્ય એકજ છે તોપણ સર્વ વેદક્રિયાઓનું મૂળ હોઇને તે ઉપાધિથીજ ઋષિઓએ તેમને અનેકસ્વરૂપે કહ્યા છે.૨૯-૩૦ હે બ્રાહ્મણ શૌનક! (કાળના સ્વરૂપને ધારણ કરનારા શ્રીહરિનો બાર સૂર્યરૂપી જે ભેદ છે, તે ક્રિયાની ઉપાધિથીજ કરાયલો છે; એમ દર્શાવવા પ્રથમ સર્વ કર્મોમાં પ્રવૃત્તિ માટે માયાએ કરેલા નવ ભેદ કહેવામાં આવે છે.)

Dr. Urmila Sharma Collection, Varaṇasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રાતઃકાળ વગેરે કાળ, ઊંચો—નીચો વગેરે દેશ, અનુષ્ઠાનરૂપ ક્રિયા, બ્રાહ્મણાદિ કર્તા, સ્રુવો વગેરે કરણ, યજ્ઞ આદિ કાર્ય, મંત્ર વગેરે આગમ, ડાંગેર વગેરે દ્રવ્ય અને સ્વર્ગ આદિ ફળ—આમ એકજ શ્રીહરિને માયાને લીધે નવ પ્રકારે કહેવામાં આવ્યા છે. તેમાં કાલસ્વરૂપને ધારણ કરનારા ભગવાન, લોકયાત્રાના નિર્વાહ માટે જુદા જુદા બાર ગણોની સાથે ચૈત્ર વગેરે બાર મહિનાઓમાં ફરે છે.[૩૧,૩૨] હે શૌનક મુનિ! ધાતા નામના સૂર્ય, પુલસ્ત્ય નામના ઋષિ, તુંબુરુ નામે ગંધર્વ, કૃતસ્થલી નામે અપ્સરા, વાસુકિ નામનો નાગ, રથકૃત્ નામે યક્ષ અને હેતિ નામે રાક્ષસ—આ સાત ચૈત્ર મહિનામાં ફરે છે.[૩૩] અર્યમા નામે સૂર્ય, પુલહ ઋષિ, નારદ ગંધર્વ, પુંજિકસ્થલી અપ્સરા, કચ્છનીર નાગ, અથૌજસ્ યક્ષ અને પ્રહેતિ રાક્ષસ—આ સાત વૈશાખ મહિનામાં ફરે છે. મિત્ર નામે સૂર્ય, અત્રિ ઋષિ, હાહા ગંધર્વ, મેનકા અપ્સરા, તક્ષક નાગ, રથસ્વન યક્ષ અને પૌરુષેય રાક્ષસ—આ જ્યેષ્ઠ માસમાં ભ્રમણ કરે છે.[૩૪,૩૫] વરુણ નામે સૂર્ય, વસિષ્ઠ ઋષિ, હૂહૂ ગંધર્વ, રંભા અપ્સરા, શુક્ર નાગ, સહજન્ય યક્ષ અને ચિત્રસ્વન રાક્ષસ—આ આષાઢ માસમાં ફર્યા કરે છે.[૩૬] ઇન્દ્ર નામે સૂર્ય, અંગિરા નામે ઋષિ, વિશ્વાવસુ ગંધર્વ, પ્રમ્લોચા અપ્સરા, એલાપત્ર નાગ, શ્રોતા યક્ષ અને વર્ય નામે રાક્ષસ—આ શ્રાવણ માસમાં ભ્રમણ કરે છે. વિવસ્વાન સૂર્ય, ભૃગુ ઋષિ, ઉગ્રસેન ગંધર્વ, અનુમ્લોચા અપ્સરા, શંખપાલ નાગ, અસાધારણ યક્ષ અને વ્યાઘ્ર રાક્ષસ—આ ભાદ્રપદ માસમાં ભ્રમણ કરે છે.[૩૭,૩૮] પૂષા સૂર્ય, ગૌતમ ઋષિ, સુષેણ ગંધર્વ, ઘૃતાચી અપ્સરા, ધનંજય નાગ, સુરુચિ યક્ષ તેમજ વાત નામે રાક્ષસ—આ ×માઘ માસમાં ભ્રમણ કરે છે. પર્જન્ય નામે સૂર્ય, ભરદ્વાજ ઋષિ, વિશ્વ ગંધર્વ, સેનજિત્ અપ્સરા, ઐરાવત નાગ, ક્રતુ યક્ષ અને વર્ચા રાક્ષસ—એ ફાલ્ગુન માસમાં ફર્યા કરે છે. અંશુ સૂર્ય, કશ્યપ ઋષિ, ઋતસેન ગંધર્વ, ઉર્વશી અપ્સરા, મહાશંખ નાગ, તાર્ક્ષ્ય યક્ષ અને વિદ્યુચ્છત્રુ રાક્ષસ—એ માર્ગશીર્ષ માસમાં ભ્રમણ કરે છે.[૩૯–૪૧] ભગ નામે સૂર્ય, આયુ ઋષિ, અરિષ્ટનેમિ ગંધર્વ, પૂર્વચિત્તિ અપ્સરા, કર્કોટક નાગ, ઊર્ણ યક્ષ અને સ્ફૂર્જ નામે રાક્ષસ—એ પૌષ માસમાં ભ્રમણ કરે છે. ત્વષ્ટા નામે સૂર્ય, જમદગ્નિ ઋષિ, ધૃતરાષ્ટ્ર ગંધર્વ, તિલોત્તમા અપ્સરા, કંબલ નાગ, શતજિત્ યક્ષ અને બ્રહ્માપેત રાક્ષસ—આ આશ્વિન માસમાં ભ્રમણ કરે છે.[૪૨,૪૩] વિષ્ણુ નામે સૂર્ય, વિશ્વામિત્ર ઋષિ, સૂર્યવર્ચા ગંધર્વ, રંભા અપ્સરા, અશ્વતર નાગ, સત્યજિત્ યક્ષ અને મખાપેત રાક્ષસ—આ કાર્તિક માસમાં ફરે છે.[૪૪] ભગવાન વિષ્ણુસ્વરૂપ સૂર્યની આ વિભૂતિઓ દરરોજ બન્ને સંધ્યાસમયે સ્મરણ કરનારા મનુષ્યોનાં પાપોનો નાશ કરે છે.[૪૫] આ સૂર્યદેવ, ગંધર્વ વગેરે છની સાથે બાર મહિનાઓમાં ચોતરફ ફરતા ફરતા મનુષ્યોને આ લોકમાં તથા પરલોકમાં સદ્બુદ્ધિ આપે છે. ઋષિઓ સૂર્યનું વર્ણન કરનારા સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી સૂર્યની સ્તુતિ કરે છે; ગંધર્વો તેમનાં ગુણગાન ગાય છે; અપ્સરાઓ તેમની આગળ નૃત્ય કરે છે; નાગો તેમના રથને બાંધે છે; યક્ષો તેમના રથને જોડી તૈયાર કરે છે અને બળવાન રાક્ષસો તેમના રથને પાછળથી ધક્કો મારી ચલાવે છે.[૪૬–૪૮] વાલખિલ્ય નામે સાઠ હજાર પવિત્ર બ્રહ્મર્ષિઓ, સૂર્ય સામે મુખ રાખી સ્તુતિઓથી તેમની સ્તુતિ કરે છે અને આગળ આગળ ચાલે છે.[૪૯] એ પ્રમાણે આદિ—અંતરહિત, અજન્મા અને સર્વના નિયંતા ભગવાન શ્રીહરિ, પ્ર-

× અહીં મહિનાઓના ક્રમમાં ફેરફાર જોવામાં આવે છે તે કૂર્મપુરાણને અનુસરીને છે—વિષ્ણુપુરાણમાં તો બરાબર અનુક્રમેજ મહિનાઓ કહેવામાં આવ્યા છે. કોઇ સ્થળે નામમાં ફેરફાર છે તે કલ્પભેદને લીધે છે, એમ જાણવું.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યેક કલ્પમાં પોતાના સ્વરૂપના વિભાગ કરી લોકોનું રક્ષણ કરે છે.[૫૦]

एवं ह्यनादिनिधनो भगवान् हरिरीश्वरः ।
कल्पे कल्पे स्वमात्मानं व्यूह्य लोकानवत्यजः ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

શ્રીમદ્ભાગવતની વિષયાનુક્રમણિકા

॥ सूत उवाच ॥

नमो धर्माय महते नमः कृष्णाय वेधसे ।
ब्राह्मणेभ्यो नमस्कृत्य धर्मान्वक्ष्ये सनातनान् ॥

સૂત બોલ્યાઃ–શ્રીહરિભક્તિરૂપ મહાન ધર્મને નમસ્કાર હો અને જગતના વિધાતા શ્રીકૃષ્ણને નમસ્કાર હો. હવે બ્રાહ્મણોને નમસ્કાર કરીને આ પુરાણમાં કહેલા સનાતન ધર્મો હું (સંક્ષેપમાં) કહું છું.[૧] હે બ્રાહ્મણો ! શ્રીવિષ્ણુ ભગવાનનું આ અદ્ભુત ચરિત્ર મેં તમને કહ્યું; જે પુરુષોના પુરુષપણાને યોગ્ય હોઇ (શ્રવણ કરવા લાયક છે અને તેથીજ) તમે મને પૂછ્યું હતું.[૨] આ શ્રીમદ્ ભાગવતમાં સર્વ પાપોનો નાશ કરનારા, ઇન્દ્રિયોના નિયંતા અને ભક્તોના પતિ ભગવાન શ્રીનારાયણ હરિનું સાક્ષાત્ વર્ણન કરવામાં આવ્યું છે. આ શ્રીમદ્ ભાગવતમાં જગતની ઉત્પત્તિ તથા વિનાશનું કારણ એવા નિર્ગુણ બ્રહ્મ કહેવામાં આવ્યા છે; તેમજ અપરોક્ષ જ્ઞાન સુધીનું જ્ઞાન તથા તેનો પ્રકાશ કરનારાં સાધનો પણ કહેવામાં આવ્યાં છે.[૩૪] વળી આમાં ભક્તિયોગ તથા ભક્તિયોગથી પ્રાપ્ત થનારો વૈરાગ્ય સારી રીતે કહ્યો છે. તેમાં (પ્રથમ સ્કંધમાં) પરીક્ષિત રાજાનું આખ્યાન, (તે રાજાના જન્માદિનો પ્રસંગ કહેવા માટે) નારદજીનું આખ્યાન, બ્રાહ્મણના શાપથી રાજર્ષિ પરીક્ષિતનું અનશન તથા બ્રાહ્મણોમાં ઉત્તમ શુકદેવજી અને પરીક્ષિતનો સંવાદ કહેવામાં આવ્યો છે.[૫૬] (દ્વિતીય સ્કંધમાં) યોગધારણાથી અર્ચિરાદિ ગતિ, નારદ તથા બ્રહ્માનો સંવાદ, અવતારોનું વર્ણન અને મહત્તત્ત્વાદિના ક્રમથી પ્રધાનના કાર્ય વિરાટ્‌ની ઉત્પત્તિ વર્ણવી છે.[૭] (તૃતીય સ્કંધમાં) વિદુરજી તથા ઉદ્ધવજીનો સંવાદ, વિદુરજી તથા મૈત્રેયનો સંવાદ, પુરાણસંહિતા સંબંધી પ્રશ્ન, પ્રલય સમયે મહાપુરુષની (મૌન રહેવારૂપી) સ્થિતિ, પ્રકૃતિથી થનારો ગુણોનો ક્ષોભ, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ મહાભૂતો–એ સાતની તથા વિકારોની ઉત્પત્તિ કહેવામાં આવી છે. તે પછી જેમાં વિરાટ્‌પુરુષ વ્યાપી રહ્યા છે તે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થૂલ તથા સૂક્ષ્મ એવા કાળની ગતિ, (લોકાત્મક) કમળની ઉત્પત્તિ, સમુદ્રમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે હિરણ્યાક્ષનો વધ; દેવોની, પશુ–પક્ષીઓની તથા મનુષ્યો વગેરેની સૃષ્ટિ, રુદ્રદેવની સૃષ્ટિ, બ્રહ્માના શરીરના એક અર્ધભાગથી પુરુષની અને બીજા અર્ધભાગથી સ્ત્રીની ઉત્પત્તિ, કે જેનાથી સ્વાયંભુવ મનુ તથા સ્ત્રીઓમાં પ્રથમ અને ઉત્તમ એવાં પ્રકૃતિરૂપ શતરૂપા થયાં; પછી કર્દમ પ્રજાપતિની ઉત્પત્તિ, મહાત્મા કપિલ ભગવાનનો અવતાર તથા બુદ્ધિમાન કપિલદેવ સાથે દેવહૂતિનો સંવાદ વર્ણવ્યો છે. (ચતુર્થ સ્કંધમાં) મરીચિ આદિ નવ બ્રાહ્મણોની ઉત્પત્તિ, તેમની ધર્મપત્નીઓનો વંશવિસ્તાર, દક્ષયજ્ઞનો વિનાશ, ધ્રુવચરિત્ર, પૃથુચરિત્ર, પ્રાચીનબર્હિષ રાજાનું ચરિત્ર તથા નારદનો અને તે રાજાનો સંવાદ કહેવાયો છે. તે પછી (પંચમ સ્કંધમાં) હે બ્રાહ્મણો ! પ્રિયવ્રતનું ચરિત્ર, નાભિ રાજાનું ચરિત્ર, ઋષભદેવનું ચરિત્ર અને ભરતનું ચરિત્ર વર્ણવ્યું છે; તેમજ દ્વીપો, ખંડો, સમુદ્રો, પર્વતો તથા નદીઓનું વર્ણન કર્યું છે. પછી જ્યોતિશ્ચક્રની અને પાતાલ તથા

* આ અધ્યાયમાં પ્રથમ સ્કંધથી આરંભીને સંક્ષેપમાં શ્રીમદ્ભાગવત પુરાણમાં કહેલા મુખ્ય મુખ્ય સર્વ વિષયોનો અનુક્રમ કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નરકની સ્થિતિ વર્ણવી છે.[૮-૧૬] (ષષ્ઠ સ્કંધમાં) પ્રચેતાઓથી દક્ષનો જન્મ, તેની પુત્રીઓની દેવો, અસુરો, મનુષ્યો, પશુ–પક્ષીઓ તથા વૃક્ષો વગેરે સંતતિ અને વૃત્રાસુરના જન્મ તથા નાશનું વર્ણન કર્યું છે. હે બ્રાહ્મણો! તે પછી (સપ્તમ સ્કંધમાં) દિતિના પુત્ર હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનું જન્મ–મરણ અને દૈત્યોના રાજા મહાત્મા પ્રહ્લાદનું ચરિત્ર વર્ણવ્યું છે.[૧૭/૧૮] (અષ્ટમ સ્કંધમાં) મન્વંતરોનું વર્ણન, ગજેન્દ્રનો મોક્ષ, મન્વંતરોમાં વિષ્ણુ ભગવાનના હયગ્રીવ વગેરે અવતારો, કૂર્માવતાર, ધન્વંતરિ અવતાર, મત્સ્યાવતાર, વામન અવતાર, દેવતાઓને અમૃત પાવા માટે જગત્પતિ ભગવાને ક્ષીરસમુદ્રનું મંથન કરાવ્યું તથા દેવો અને અસુરોનું યુદ્ધ વર્ણવ્યું છે. (નવમ. સ્કંધમાં) રાજાઓના વંશનું વર્ણન, ઇક્ષ્વાકુ રાજાનો જન્મ, તેનો વંશ, મહાત્મા સુદ્યુમ્નનું ચરિત્ર, ઇલાનું આખ્યાન, તારાનું આખ્યાન, સૂર્યવંશનું વર્ણન, શશાદ વગેરે અને નૃગ વગેરે રાજાઓ, સુકન્યાનું આખ્યાન, શર્યાતિ રાજાનું ચરિત્ર, બુદ્ધિમાન કકુત્સ્થનું, ખટ્વાંગનું, માંધાતાનું, સૌભરિનું, સગરનું તથા કોશલ દેશના રાજા રામચંદ્રજીનું પાપોનો નાશ કરનારું ચરિત્ર કહ્યું છે; તેમજ નિમિરાજાના શરીરનો ત્યાગ, જનકવંશી રાજાઓની ઉત્પત્તિ, ભૃગુવંશીઓમાં ઇન્દ્ર સમાન પરશુરામે પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી તેનું વર્ણન, સોમવંશમાં પ્રથમ રાજા ઐલનું, યયાતિનું, નહુષનું, દુષ્યંતના પુત્ર ભરતનું, શંતનુનું તથા તેના પુત્ર ભીષ્મનું ચરિત્ર વર્ણવ્યું છે; તેમજ યયાતિના મોટા પુત્ર યદુરાજાનો વંશ વર્ણવ્યો છે, કે જે વંશમાં જગતના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણનો વસુદેવને ઘેર જન્મ થયો હતો તથા ગોકુળમાં વૃદ્ધિ પામ્યા હતા.[૧૯-૨૭] તે પછી (દશમ સ્કંધમાં) અસુરોના શત્રુ શ્રીકૃષ્ણ ભગવાનનાં અપાર કર્મો વર્ણવ્યાં છે; (તેમાંનાં મુખ્ય મુખ્ય આ પ્રમાણે છેઃ–) પૂતનાના પ્રાણ સાથે શ્રીકૃષ્ણે દુગ્ધપાન કર્યું, બાળક છતાં ગાડું ઉછાળી નાખ્યું, તૃણાવર્તનો વધ કર્યો, બકાસુરને માર્યો, વત્સાસુરને હણ્યો, મિત્રો સહિત ધેનુકાસુરનો નાશ કર્યો, પ્રલંબાસુરને માર્યો, ચોતરફ ફેલાતા દાવાનળથી ગોવાળિયાઓનું રક્ષણ કર્યું, કાલિયનાગનું દમન કર્યું, અજગરથી નંદરાયને છોડાવ્યા, જે વ્રતથી અચ્યુત ભગવાન પોતે પ્રસન્ન થયા હતા તે ગોપકન્યાઓના કાત્યાયનીવ્રતનું વર્ણન, યજ્ઞપત્નીઓ પર શ્રીકૃષ્ણે કૃપા કરી, બ્રાહ્મણોનો પશ્ચાત્તાપ, ગોવર્ધનનો ઉદ્ધાર, ઇન્દ્રે શ્રીકૃષ્ણની પૂજા કરી, કામધેનુએ અભિષેક કર્યો, રાત્રિઓમાં શ્રીકૃષ્ણે સ્ત્રીઓ સાથે ક્રીડા કરી, દુષ્ટ બુદ્ધિવાળા શંખચૂડનો, અરિષ્ટાસુરનો તથા કેશિ દૈત્યનો વધ, અક્રૂરનું ગોકુળમાં આવવું, પછી શ્રીકૃષ્ણ તથા બળદેવનું મથુરામાં જવું, વ્રજની સ્ત્રીઓનો વિલાપ, મથુરાનગરીનું અવલોકન, કુવલયાપીડ હાથીનો, મુષ્ટિકનો, ચાણૂરનો તેમજ કંસ વગેરેનો વધ, સાંદીપનિ ગુરુના મરેલા પુત્રને પાછો લાવવો, મથુરામાં ઉદ્ધવજી તથા બળરામની સાથે રહી શ્રીહરિએ યાદવોનું જે કંઇ પ્રિય કર્યું હતું તેનું વર્ણન, તે પછી હે બ્રાહ્મણો! જરાસંધે આણેલા સૈન્યનો ઘણી વાર નાશ કર્યો; કાલયવનનો નાશ, દ્વારકા નગરીનું નિર્માણ, યુદ્ધમાં શત્રુઓનો નાશ કરી રુક્મિણીનું હરણ, દેવલોકમાંથી સુધર્મા સભા ને કલ્પવૃક્ષનું લાવવું, ઓખાહરણના સમયે મહાદેવજીને યુદ્ધમાં બગાસાં ઉત્પન્ન કર્યાં, બાણાસુરના બાહુઓ કાપવા, પ્રાગ્જ્યોતિષ નગરના રાજા ભૌમાસુરનો વધ કરી કન્યાઓનું હરણ; શિશુપાલ, પૌંડ્રક, શાલ્વ, દુર્મતિ, દંતવક્ત્ર, શંબરાસુર, દ્વિવિદ વાનર, પીઠ, મુર દૈત્ય અને પંચજન વગેરેનું માહાત્મ્ય તથા તેઓનો નાશ, કાશી નગરનો દાહ અને પાંડવોને નિમિત્તરૂપ કરી પૃથ્વીનો ભાર ઉતારવો વગેરે વર્ણવ્યું છે. પછી (એકાદશ સ્કંધમાં) બ્રાહ્મણના શાપને બહાને પોતાના કુળનો સંહાર અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેમાં સમગ્ર આત્મવિદ્યા તથા ધર્મનિર્ણય કહેવામાં આવ્યો છે તે શ્રીકૃષ્ણ તથા ઉદ્ધવનો અદ્ભુત સંવાદ કહ્યો છે અને પછી પોતાના યોગપ્રભાવથી શ્રીકૃષ્ણનું મનુષ્યપણામાંથી અંતર્ધાન વર્ણવ્યું છે. તે પછી (દ્વાદશ સ્કંધમાં) યુગોનું લક્ષણ, તે તે યુગને અનુસરતી વૃત્તિ, કલિયુગનાં મનુષ્યોમાં ધર્મવિનાશ, ચાર પ્રકારનો પ્રલય, પ્રાકૃતિકી, નૈમિત્તિકી અને નિત્ય, એમ ત્રણ પ્રકારની ઉત્પત્તિ; બુદ્ધિમાન રાજર્ષિ પરીક્ષિતનો દેહત્યાગ, વેદવ્યાસકૃત વેદશાખાઓની રચના, માર્કંડેયની ઉત્તમ કથા, મહાપુરુષની પૂજામાં અંગોની કલ્પના તથા જગતના આત્મારૂપ સૂર્યના વ્યૂહનું વર્ણન કર્યું છે.[૨૮-૪૪] હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! તમે મને જે કંઇ પૂછ્યું હતું તે મેં અહીં કહ્યું છે. આ શ્રીમદ્‌ભાગવતમાં ભગવાનની લીલાઓ, અવતારો તેમજ કર્મોનું સંપૂર્ણ વર્ણન કર્યું છે.[૪૫] મનુષ્ય પડી જાય, ઠોકર ખાય, દુઃખી હોય, છીંક ખાય અથવા કોઈ પરાધીન અવસ્થામાં આવી પડે ત્યારે '**हरये नमः**' એમ ઉચ્ચ સ્વરે જો બોલે તો સર્વ પાપોથી મુક્ત થાય છે. જેમના પ્રભાવનું શ્રવણ કર્યું હોય એવા અનંત ભગવાનનું જો કીર્તન કરવામાં આવે છે, તો તે ભગવાન મનુષ્યોના ચિત્તમાં પ્રવેશ કરીને સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે અને મોટો પવન જેમ વાદળાંને વિખેરી નાખે છે, તેમ મનુષ્યોનાં સમગ્ર દુઃખોનો નાશ કરે છે.[૪૬।૪૭] ઇન્દ્રિયોનું જ્ઞાન જેમને પહોંચી શકતું નથી એવા ભગવાન જે કથાઓમાં નથી વર્ણવાતા, તે કથાઓ મિથ્યા વાણીરૂપ છે અને દુષ્ટ છે; માટે જેથી ભગવાનના ગુણોનો અભ્યુદય પ્રકટ થતો હોય તેજ વચન સત્ય, મંગલરૂપ અને પવિત્ર છે.[૪૮] જેમાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનના યશનું વર્ણન કરવામાં આવ્યું હોય તેજ વચન નવું નવું થઇને મનને આનંદકારક, રુચિકર, મોટા ઉત્સવરૂપ અને મનુષ્યોના શોકરૂપી સમુદ્રને સૂકવી નાખનાર છે.

જાતજાતની પદરચનાવાળું જે વચન જગતને પવિત્ર કરનારા શ્રીહરિના યશનું કદી વર્ણન કરતું નથી, તે વચન કાગડાનું તીર્થ છે–કાગડા જેવા દુષ્ટ મનુષ્યોને આનંદ આપનાર થાય છે; પણ હંસ જેવા જ્ઞાની પુરુષો તેનું સેવન કરતા નથી. કારણ કે જ્યાં અચ્યુત ભગવાન હોય છે ત્યાં પવિત્ર સાધુપુરુષો સ્થિતિ કરે છે.[૪૯।૫૦] જે વાણીનો પ્રયોગ સુંદર વાક્યરચનાવાળો ન હોય; તોપણ જેમાં પ્રત્યેક શ્લોકની અંદર અનંત ભગવાનના યશથી અંકિત એવાં નામો હોય છે, તેજ વાણીનો પ્રયોગ જનસમૂહનાં પાપોનો નાશ કરે છે. કારણ કે સત્પુરુષો ભગવાનનાં નામોનેજ બીજાઓ જ્યારે કહે છે ત્યારે સાંભળે છે, કોઇ શ્રોતા મળી આવે છે તો તેને સંભળાવે છે અને કોઇ શ્રોતા નથી મળતો તો પોતેજ ગાયા કરે છે.[૫૧] બ્રહ્મનું પ્રકાશક અને ઉપાધિને દૂર કરનારું જ્ઞાન પણ ભગવાનની ભક્તિથી જો રહિત હોય તો લગાર પણ શોભતું નથી; તો પછી સર્વોત્તમ હોવા છતાં ઈશ્વરને અર્પણ નહિ કરેલું કર્મ તો ક્યાંથીજ શોભે ? કારણ કે હરકોઇ કર્મ (સાધનકાળે તથા ફળકાળે પણ સર્વથા) દુઃખરૂપજ હોય છે.[૫૨] વર્ણાશ્રમના આચાર, તપ તેમજ શાસ્ત્ર–આ સર્વમાં જે મહાન પરિશ્રમ કરવો તે તો (છેવટે) યશ તથા લક્ષ્મીનેજ પ્રાપ્ત કરી આપે છે; ત્યારે શ્રીહરિના ગુણાનુવાદનું શ્રવણ વગેરે કરવાથી તો લક્ષ્મીપતિ ભગવાનના ચરણકમળનું કદી વિસ્મરણ થતું નથી[૫૩] અને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળને કદી ન વિસારવાં તે તો અમંગળોનો નાશ કરે છે, શાંતિ આપે છે, અંતઃકરણની શુદ્ધિ કરે છે, પરમાત્મા વિષે ભક્તિ ઉત્પન્ન કરે છે તથા વિજ્ઞાન અને વૈરાગ્ય સહિત જ્ઞાન આપે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! અત્યંત આનંદની વાત છે કે, તમે ઘણા ભાગ્યશાળી છો; કારણ કે તમે નિત્ય ભક્તિયુક્ત થઇને સર્વના આત્મારૂપ, સર્વના ઉપાસ્ય અને જેમનો બીજો કોઇ દેવ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી એવા ઈશ્વર નારાયણને નિરંતર અંતઃકરણમાં સ્થાપી તેમનું ભજન કર્યા કરો છો. પૂર્વે (ગંગાકિનારે) પરીક્ષિત રાજા અનશન લઈ બેઠા ત્યારે શ્રવણ કરતા મોટા મોટા ઋષિઓની સભામાં મહર્ષિ શુકદેવજીના મુખથી જે (આ ભાગવતરૂપ) આત્મતત્ત્વ મેં સાંભળ્યું હતું તેનું તમે મને સ્મરણ કરાવ્યું છે.*[૫૪-૫૬] હે બ્રાહ્મણો! જેમનાં મહાન કર્મો વર્ણન કરવા યોગ્ય છે એવા વાસુદેવ ભગવાનનું આ સર્વ અશુભોનો નાશ કરનારું માહાત્મ્ય મેં તમને કહ્યું છે.[૫૭] જે શ્રદ્ધાળુ મનુષ્ય એક પ્રહરપર્યંત અથવા એક ક્ષણ પણ બીજા વિષય પર લક્ષ્ય કર્યા વિના આ રીતે ભગવાનનાં ચરિત્રોનું નિત્ય (બીજાને) શ્રવણ કરાવે છે અથવા પોતે સાંભળે છે તે મનુષ્ય (કેવળ દેહનેજ પવિત્ર નથી કરતો, પણ) સાક્ષાત્ આત્માનેજ પવિત્ર કરે છે.[૫૮] જે મનુષ્ય બારશના દિવસે અથવા એકાદશીના દિવસે ભોજન નહિ કરીને આ શ્રીમદ્‌ભાગવતનું સાવધાન થઇ શ્રવણ અથવા પાઠ કરે છે તે મનુષ્ય લાંબા આયુષવાળો થઇને પાપરહિત થાય છે.[૫૯] પુષ્કર, મથુરા અથવા દ્વારકા ક્ષેત્રમાં ઉપવાસ કરી એકાગ્રચિત્ત થઇને આ શ્રીમદ્‌ભાગવત સંહિતાનો પાઠ કરી મનુષ્ય સમગ્ર ભયમાંથી મુક્ત થાય છે. આ પુરાણના વક્તા તથા શ્રોતાના સર્વ મનોરથોને દેવો, મુનિઓ, સિદ્ધો, પિતૃઓ, મનુઓ તથા રાજાઓ પૂર્ણ કરે છે.[૬૦।૬૧] બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદને ભણીને મધ, ઘી તથા દૂધની નદીઓરૂપ ફળ મેળવે છે,(એટલે તેનાં દાનનું ફળ પામે છે;) તેજ ફળ આ પુરાણસંહિતા ભણીને પ્રાપ્ત કરે છે;[૬૨] ઉપરાંત બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય સાવધાન થઇ આ પુરાણસંહિતા ભણીને ભગવાને કહેલા પરમપદને પામે છે. બ્રાહ્મણ આ પુરાણ ભણીને બુદ્ધિ પ્રાપ્ત કરે છે, ક્ષત્રિય આ ભણીને સમુદ્ર સુધીની પૃથ્વી મેળવે છે, વૈશ્ય ધનભંડારનો સ્વામી થાય છે તેમજ શૂદ્ર પાપથી શુદ્ધ થાય છે;[૬૩।૬૪] બીજાં શાસ્ત્રોમાં કલિયુગના મેલના સમૂહોનો નાશ કરનાર અને સર્વના ઈશ્વર શ્રીહરિનાં વારંવાર ગાન કર્યાં નથી; ત્યારે આ ભાગવતશાસ્ત્રમાં તો કથાઓના પ્રસંગોમાં પદે પદે સર્વમૂર્તિ શ્રીભગવાનનાં ગાન કર્યાં છે.[૬૫] જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયરૂપ એવા રજોગુણ વગેરે જેમની શક્તિઓ છે અને બ્રહ્મા, ઇન્દ્ર તથા શંકર વગેરે દેવો પણ જેમની સ્તુતિને જાણતા નથી તે અજન્મા અનંત અને આત્મતત્ત્વરૂપ એવા અચ્યુત–ભગવાનને હું નમસ્કાર કરું છું.[૬૬] વૃદ્ધિ પામેલી પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓરૂપ નવ શક્તિઓ વડે પોતાને વિષેજ રહેલાં સ્થાવર–જંગમ પ્રાણીઓ જેમનું સ્થાન છે એવા માત્ર એક જ્ઞાનસ્વરૂપ અને દેવશ્રેષ્ઠ તે સનાતન ભગવાનને મારા નમસ્કાર હો.[૬૭] જેમનું ચિત્ત કેવળ આત્મસુખથીજ પૂર્ણ છે અને તેનેજ લીધે જેમણે બીજા સર્વ વિષયો તરફનો ભાવ દૂર કર્યો છે છતાં ભગવાનની સુંદર લીલાઓએ જેમની આત્મસુખ વિષેની સ્થિરતા આકર્ષી લીધી હતી એવા શુકદેવજીએ તત્ત્વવસ્તુનો પ્રકાશ કરનારું અને સર્વ પાપોનો નાશ કરનારું આ ભાગવત પુરાણ કૃપા કરીને (જગતમાં) વિસ્તાર્યું છે; તે વ્યાસપુત્રને હું પ્રણામ કરું છું.[૬૮]

स्वसुखनिभृतचेतास्तद्व्युदस्तान्यभावोऽ-
प्यजितरुचिरलीलाकृष्टसारस्तदीयम् ॥
व्यतनुत कृपया यस्तत्त्वदीपं पुराणं ।
तमखिलवृजिनघ्नं व्याससूनुं नतोऽस्मि ॥६८॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

* અર્થાત્ તમે મારી આગળ પ્રશ્નો કરીને મારા પર મહાન ઉપકાર કર્યો છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १३ मो×

પુરાણસંખ્યા તથા શ્રીમદ્ભાગવતના દાનનું માહાત્મ્ય

॥ सूत उवाच ॥

यं ब्रह्मा वरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ॥
ध्यानावस्थिततद्गतेनमनसा पश्यंति यं योगिनो ।
यस्यांतं न विदुःसुरासुरगणा देवाय तस्मै नमः॥

સૂત બોલ્યાઃ–બ્રહ્મા, વરુણ, ઇન્દ્ર, રુદ્ર તથા વાયુ વગેરે દેવો, દિવ્ય સ્તોત્રોથી અને અંગ, પદ, ક્રમ તથા ઉપનિષદો સહિત વેદોથી જેમની સ્તુતિ કર્યા કરે છે; સામવેદનું ગાન કરનારાઓ જેમને ગાયા કરે છે; યોગીઓ ધ્યાન વડે નિશ્ચળ થયેલા અને જેમને વિષે આસક્ત થયેલા મન વડે જેમનો સાક્ષાત્કાર કરે છે; તેમજ દેવગણો તથા અસુરગણો જેમના અંતને જાણતા નથી તે દેવને હું નમસ્કાર કરું છું.[1] (ક્ષીરસમુદ્રના મથનસમયે) પીઠ પર ભમતા મોટા મંદરાચલના પથ્થરોના અગ્રભાગો વડે શરીર ઘસાવાથી (સુખ થતાં) જેમને નિદ્રા આવતી હતી તે કચ્છપ અવતારધારી ભગવાનના શ્વાસના વાયુ તમારું રક્ષણ કરો, કે જે શ્વાસવાયુના સંસ્કારના લેશો (હજી પણ) અનુસરી રહ્યા હોવાથી, ભરતી–ઓટના બહાને સમુદ્રમાં જળ અવિચ્છિન્ન રીતે આવ–જા કરે છે, તે હજી સુધી પણ વિશ્રાંત થતું નથી.[2] હવે પુરાણોની સંખ્યા, આ શ્રીમદ્ભાગવતનો વિષય, પ્રયોજન, દાન, દાનનું માહાત્મ્ય તેમજ પાઠ વગેરેનું માહાત્મ્ય હું તમને કહું છું, સાંભળો.[3] બ્રહ્મપુરાણ દશ હજાર શ્લોકનું છે, પદ્મપુરાણ પંચાવન હજાર શ્લોકનું છે, વિષ્ણુ પુરાણ ત્રેવીસ હજાર શ્લોકનું છે, શિવપુરાણ ચોવીસ હજાર શ્લોકનું છે, શ્રીમદ્ભાગવત અઢાર હજાર શ્લોકનું છે, નારદપુરાણ પચીસ હજાર શ્લોકનું છે, માર્કંડેયપુરાણ નવ હજાર શ્લોકનું છે, અગ્નિપુરાણ પંદર હજાર અને ચારસો શ્લોકનું છે, ભવિષ્યપુરાણ ચૌદ હજાર ને પાંચસો શ્લોકનું છે, બ્રહ્મવૈવર્તપુરાણ અઢાર હજાર શ્લોકનું છે, લિંગપુરાણ અગિયાર હજાર શ્લોકનું છે, વરાહપુરાણ ચોવીસ હજાર શ્લોકનું છે, સ્કંદપુરાણ એકાશી હજાર અને એકસો શ્લોકનું છે, વામન પુરાણ દશ હજાર શ્લોકનું છે, કૂર્મપુરાણ સત્તર હજાર શ્લોકનું છે, મત્સ્યપુરાણ ચૌદ હજાર શ્લોકનું છે, ગરુડપુરાણ ઓગણીસ હજાર શ્લોકનું છે અને બ્રહ્માંડપુરાણ બાર હજાર શ્લોકનું છે.÷[4–8] એ પ્રમાણે પુરાણોના શ્લોકસમૂહની સંખ્યા ચાર લાખની કહેવામાં આવી છે; તેમાં શ્રીમદ્ભાગવત અઢાર હજાર શ્લોકનું માનવામાં આવે છે. આ શ્રીમદ્ભાગવતને પૂર્વે નાભિકમળમાં બેઠેલા અને સંસારથી ભય પામેલા બ્રહ્મા આગળ ભગવાને કૃપાને લીધે પ્રકટ કર્યું હતું. આ પુરાણ આદિ, મધ્ય તથા અંતમાં વૈરાગ્યવાળાં આખ્યાનોથી યુક્ત છે અને આ પુરાણમાંની શ્રીહરિની લીલાકથાઓના સમૂહરૂપી અમૃત વડે સત્પુરુષો તથા દેવો આનંદિત રહે છે.[9–11] સર્વ વેદાંતના સારરૂપ, મોક્ષ એજ જેનું પ્રયોજન છે અને બ્રહ્મ તથા જીવાત્માની એકતા જેનું લક્ષણ છે એવી અદ્વિતીય વસ્તુ આ પુરાણનો વિષય છે.[12] જે મનુષ્ય ભાદરવા મહિનાની પૂનમને દિવસે સુવર્ણના સિંહસહિત શ્રીમદ્ભાગવતનું દાન કરે છે તે પરમ ગતિને પામે છે. સર્વોત્કૃષ્ટ શ્રીમદ્ભાગવત પુરાણ જ્યાંસુધી જોવામાં આવતું નથી ત્યાંસુધી સત્પુરુષોના સમુદાયમાં બીજાં પુરાણો શોભે છે.[13–14] શ્રીમદ્ભાગ-

× આ અધ્યાયમાં અનુક્રમે પુરાણોની સંખ્યા, દાન તથા દાનનું અને શ્રીમદ્ભાગવતનું માહાત્મ્ય કહેવામાં આવશે. —શ્રીધર

÷ મહાભારત ઇતિહાસ છે અને રામાયણ વાલ્મીકિ ઋષિએ રચેલું એક કાવ્ય છે; માટે તેની અહીં પુરાણોમાં ગણતરી કરી નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વતને સર્વ વેદાંતોના સારરૂપ માનવામાં આવે છે અને શ્રીમદ્ભાગવતના રસરૂપી અમૃતથી જે મનુષ્ય તૃપ્ત થયો હોય છે તેને બીજા કોઇ પણ ગ્રંથ ઉપર પ્રીતિ થતી નથી. નદીઓમાં જેમ ગંગા ઉત્તમ છે, દેવોમાં જેમ વિષ્ણુ ભગવાન ઉત્તમ છે અને વૈષ્ણવોમાં જેમ શંકર ઉત્તમ છે, તેમ પુરાણોમાં આ શ્રીમદ્ભાગવત ઉત્તમ છે.[૧૫-૧૬] જેમ સર્વ ક્ષેત્રમાં કાશી સર્વોત્તમ છે, તેમ હે બ્રાહ્મણો! પુરાણોના સમૂહોમાં આ શ્રીમદ્ભાગવત સર્વોત્તમ છે.[૧૭] નિર્મળ, વૈષ્ણવોને પ્રિય અને પરમહંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય એવું પરમ નિર્મળ જ્ઞાન જેમાં દર્શાવવામાં આવ્યું છે એવા આ શ્રીમદ્ભાગવત પુરાણમાં જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિની સાથે સર્વ કર્મોનો ઉપરામ દર્શાવ્યો છે; માટે આ શ્રીમદ્ભાગવત પુરાણનું ભક્તિથી શ્રવણ કરનારો, પાઠ કરનારો તથા વિચારણા કરનારો મનુષ્ય મોક્ષને પામે છે.[૧૮] જેમણે આ શ્રીમદ્ભાગવતરૂપી અતુલ દીપક પ્રથમ કૃપાને લીધે બ્રહ્માની આગળ પ્રકટ કર્યો હતો, પછી બ્રહ્મારૂપે નારદ ઋષિ આગળ પ્રકટ કર્યો હતો, નારદરૂપે મુનિ વેદવ્યાસ આગળ પ્રકટ કર્યો હતો અને વેદવ્યાસરૂપે યોગેન્દ્ર શુકદેવજી પાસે પ્રકટ કર્યો હતો અને શુકદેવજીસ્વરૂપે પરીક્ષિત રાજાની પાસે પ્રકટ કર્યો હતો, તે સર્વોત્કૃષ્ટ, શુદ્ધ, નિર્મળ, પરબ્રહ્મ અને શોકરહિત શ્રીનારાયણ નામના તત્ત્વનું અમે ધ્યાન કરીએ છીએ.[૧૯] જેમણે મોક્ષની ઇચ્છાવાળા બ્રહ્માને કૃપાથી આ શ્રીમદ્ભાગવતપુરાણ કહ્યું હતું તે સર્વના સાક્ષી વાસુદેવ ભગવાનને નમસ્કાર હો; જેમણે સંસારરૂપી સર્પથી દંશાયલા પરીક્ષિત રાજાને તેમાંથી મુક્ત કર્યા છે તે બ્રહ્મસ્વરૂપ યોગેન્દ્ર શુકદેવજીને નમસ્કાર હો. હે દેવોના ઈશ્વર! પ્રત્યેક જન્મમાં જે રીતે આપના ચરણમાં અમને ભક્તિ થાય તે રીતે આપ કરો. કારણ કે હે પ્રભો! આપ અમારા સ્વામી છો.[૨૦-૨૨] જેમનું નામકીર્તન સર્વ પાપોનો નાશ કરનારું છે અને જેમને કરેલા પ્રણામ સર્વ દુઃખોને શાંત કરે છે તે પરમેશ્વર શ્રીહરિને હું નમસ્કાર કરું છું.[૨૩]

नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥२३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વાદશ
સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

द्वादश स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आ संस्थाना तैयार ग्रंथो

૧–અમદાવાદ કાર્યાલય માટે કિંમત ઘટાડેલી, તે ઘણાંખરાં પુસ્તકો માટે નીચે મુજબ જારી છે; અને કમમાં કમ રૂપિયા ૫૦)નાં એક સાથે લેવાથી એમાં પણ ૬।. ટકા કપાશે. ૨–મુંબઇના કાર્યાલયમાં વધારાના ખર્ચ બદલ જે જે પુસ્તકોની કિંમત છાપ્યા મુજબની અથવા બહારગામ મુજબની રખાઈ છે; તે પણ આ સૂચિપત્રમાં છાપેલી જણાશે; અને કમમાં કમ રૂ. ૨૫)નાં પુસ્તકો લેવાથી તેમાંથી બે આનાઃ મુજબ કમિશન કપાશે. ૩–પોસ્ટેજ ઉપરાંત રજિસ્ટર તથા વી. પી. ખર્ચ રૂ. ૧૦) સુધીનું પાંચ આના જુદું લાગે છે. ૪–મંગાવેલાંમાંનાં જે પુસ્તકો ન આવે તે ખલાસ સમજવાં. ૫–પૂરું મૂલ્ય પ્રથમ મોકલીને કમમાં કમ રૂા. ૮–૧૦નાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી વધારાના પેકિંગ વગેરે બદલ ०।૮ ચઢવા છતાં કુલ ખર્ચ બહુ ઓછું આવશે. ૬–જે પુસ્તકની તરત માટે અથવા અમુક મુદ્દત માટે કિંમત અરધી, પોણી કે કાંઇ પણ ઓછી રખાય, તેમાં કમિશન કપાશે નહિ તથા મુંબઇના કાર્યાલયમાં ખર્ચ જોગી વધુ કિંમત રહેશે. ૭–આ સંસ્થામાં મળતી આંખની દવાના લાભ અને વાપરવાની વિધિ વગેરે જુદું છાપેલું મળશે. ૮–બહાર ગામથી લખનારે અમદાવાદના કાર્યાલયમાં લખવું.

उत्तम धार्मिक ग्रंथो

ગ્રંથનું નામ	પૃષ્ટ સંખ્યા	કદ	મુંબઇ	અમદાવાદ
શ્રીમદ્ભાગવત—એ ગ્રંથમાં	૧૩૯૬	૬।।।×૧૦	૬।	૫।।
શ્રીશાંતિપર્વ	૯૪૪	૭।।×૧૦	૬।।	૬)
શ્રીમાનસ રામાયણ–૩૦ ચિત્રો (આ૦ ૧ લી)	૧૪૦૦	૬।।।×૧૦	૫।	૪।।।
,, ,, –બે ગ્રંથમાં ,,	,, ...	,, ...	૫।।।	૫।
શ્રીવાલ્મીકિ રામાયણ–(બીજી આવૃતિ)	૧૫૨૮	,, ...	૬	૫।।
,, ,, –બે ગ્રંથમાં	,, ...	,, ...	૬)	૬)
ભગવતી ભાગવત–(આવૃત્તિ બીજી)	૯૨૮	૭।।×૧૦	૫।।	૫)
સ્વર્ગનું વિમાન–(આવૃત્તિ ૫ મી)	૩૭૨	૫×૯	૧।=	૧।
સ્વર્ગની કૂંચી–(આવૃત્તિ ૫ મી)	૩૭૨	,, ...	૧।=	૧।
આખ્યાનમાળા–ગ્રંથ પહેલો (અનંતપ્રસાદજીકૃત)	૭૦૮	,, ...	૨।	૨।
,, –ગ્રંથ બીજો (,,)	૭૨૦	૫×૭।।	૨)	૨)
શ્રીવિષ્ણુસહસ્રનામાવલિદર્શન	૨૪૦	૫×૬।।।	०।=	०।=
પ્રભુમય જીવન–(આવૃત્તિ ૭ મી)	૧૯૨	,, ...	०।०।।	०।
મહાભારત મંજરી–ઉત્તમ ગ્રંથ	૭૪૪	૫×૯	૨)	૨)
સુબોધરત્નાકર–(આવૃત્તિ ૩ જી)	૩૦૦	,, ...	०।।।=	०।।।
ઉપદેશસારસંગ્રહ–(આવૃત્તિ ૨ જી)	૩૮૪	૫×૭।।	૧)=	૧)
તુકારામ ગાથા–ગ્રંથ ૧ લો	૮૯૬	,, ...	૨।	૨।
,, –ગ્રંથ બીજો	૯૪૪	,, ...	૨।।	૨।।
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૫।।×૮	૨।	૨)
સ્વામી રામતીર્થ–ગ્રંથ ૧ લો (આ. ૫ મી)	૫૬૪	૫×૯	૨)	૧।।।
,, ,, –ગ્રંથ ૩ જો	૫૨૮	૫।।×૮	૨)	૧।।।
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ ૧ લો (ભાગ ૧-૨-૩)	૫૭૫	,, ...	૨)	૧।।।
,, ,, –ગ્રંથ ૨ જો (ભાગ ૪–૫)	૬૦૦	,, ...	૨)	૧।।।
,, ,, –ભાગ ૮ મો (આવૃત્તિ ૨ જી)	૩૮૪	૫×૭।।	૧।।=	૧।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

,, ,, –ભાગ ૯ મો (જીવનચરિત્ર)	૭૮૪	૫×૭ાા	૩	૨ાા
,, ,, –ભાગ ૧૦–૧૧ મો ...	૫૬૦	,,	૨)	૧ાા
,, ,, –ભાગ ૧૨–૧૩ મો (પત્રો)	૫૧૬	૫×૯	૧ાા	૧ાા
છોટમની વાણી–ગ્રંથ ૩ જો	૨૭૦	,,	૧)	૦ાાા=
શ્રીદાસબોધ–ત્રીજી આવૃત્તિ	૬૪૮	,,	૨ા	૨)
વૈદિક વિનય–ખંડ ૧–૨–૩	૮૪૦	,,	૨ાા	૨ાા
હૃદયતરંગ અને બ્રાહ્મણની ગૌ	૩૨૪	,,	૧)	૧)
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર	૨૦૮	૫×૬ાા	૦ા–ાા	૦ા–
વિભુની વાટે અને રામાયણની રત્નપ્રભા	૧૬૪	,,	૦ા	૦ા
વસિયતનામું	૬૪	,,	૦)૦ાા	૦)૦ાા

श्रीमद्भगवद्गीताओ

ભગવદ્ગીતા–{એક પાનમાં શ્લોક અને સામેના પાનમાં ભાષાન્તરવાળી ૧૪ મી આ૦	૪૮૦	૩ાા=×૫ાા	૦ા–	૦ા૦ાા
,, ,, – પૂઠાપટ્ટીવાળી	,,	,,	૦ા૦ાા	૦ા
ભગવદ્ગીતા–ગુ૦ સ૦ સહિત (આ. ૧૫ મી)	૪૪૮	૩ા=×૫	૦ા૦ાા	૦ા
,, ,, ,, –પૂઠાપટ્ટીવાળી ,,	,,	,,	૦ા	૦)≡ાા
ભગવદ્ગીતા–માત્ર ગુજરાતી ભાષાંતર	૨૮૮	,,	૦)≡	૦)=ાા
,, ,, – ,, પૂઠાપટ્ટીવાળી	૨૨૮	,,	૦)=ાા	૦)=
ભગવદ્ગીતા–ગુ૦ સરલાર્થ સહિત મોટા અક્ષર	૩૨૦	૫×૬ાા	૦ા≡	૦ા=
પંચરત્નગીતા–ગુ૦ સરલાર્થ સહિત મોટા અક્ષર	૬૦૦	૫×૯	૧)	૦ાાા=
ભગવદ્ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષર ૦ા અને મોટા અક્ષર			૦ાા	
પંચરત્નગીતા–મૂલમાત્ર–નાના મધ્યમ તથા મોટા અક્ષર			રૂ. ૦ા, ૦ા=, ૦ાા	

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧ લો–	૪૩૨		૧ા=	૧ા
,, ,, –ભાગ ૨ જો	૪૯૬		૧ાા	૧ા=
આગળ ધસો–(આવૃત્તિ ૩ જી)	૪૬૮	૫×૯	૧ાાા	૧ાા
કતલખાનું–(અપ્ટન સિંક્લેર કૃત)	૬૯૬	,,	૨ા	૨ા
ભારતધર્મ અને અંધારા રંગમહેલનો રાજા	૫૦૪	,,	૧ાા	૧ાા
ગામડિયા નરદેવો–અ૦ સું૦ પઢિયારકૃત	૪૦૮	,,	૧ા=	૧ા=
સુખી જીવનનાં સાધન–(આવૃત્તિ ૧ લી)	૩૧૨	,,	૦ાાા=	૦ાાા=
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ–(આવૃત્તિ ૨જી)	૪૦૦	,,	૧)=	૧)
ભાગ્યના સ્રષ્ટાઓ–સંશોધિત (આવૃત્તિ ૨ જી)	૫૬૪	,,	૧ાા=	૧ાા
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વ સાથે	૫૯૦	૫ાા×૮ા	૧ાાા	૧ાા
સોનેરી સૂચનો–(આવૃત્તિ ૭ મી)	૨૦૮	૫×૬ાા	૦ા૦ાા	૦ા
શુભસંગ્રહ–ભાગ ૧ લો–(આવૃત્તિ ૫મી)	૧૯૨	,,	૦ા૦ાા	૦ા
સત્યાગ્રહ અને અસહકાર	૪૯૬		૧ા	૧ા

असरकारक जीवनचरित्रो

ભારતના વીરપુરુષો–(ત્રીજી આવૃત્તિ)	૩૩૬	૫×૭ાા	૧)	૦ાાા=
ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથમાં (આ૦ ૩ જી)	૨૨૬૮	૫×૯	૬ાા	૬
,, ,, ,, ,, –છૂટક દરેક ગ્રંથના રૂપિયા અઢી, પોસ્ટેજ જુદું.				
શ્રીરામકૃષ્ણ પરમહંસ–ચરિત્ર (આવૃત્તિ ૨ જી)	૬૦૮	૫×૭ાા	૧ાા=	૧ાા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીભક્તચરિત્ર-(આવૃત્તિ ૨ જી)	૫૨૮	૫×૭ા	૧ા⌐	૧ા
સંત તુકારામ-(ચરિત્ર)	૬૩૬	૫×૯	૨)	૨)
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ	૫૦૪	,, ...	૧ા	૧ા
શ્રીચૈતન્ય મહાપ્રભુ-ખંડ ૧-૨, સચિત્ર	૬૮૪	,, ...	૨ા	૨ા
,, ,, -ખંડ ૩ જો, ,,	૩૯૬	,, ...	૧ા	૧ા
,, ,, -ખંડ ૪-૫ મો ,, ...	૫૧૬	,, ...	૧ાા	૧ાા
આદર્શ ચરિત્રસંગ્રહ-૫૨ ચરિત્રોનો સંગ્રહ	૬૩૬	,, ...	૧ાાા	૧ાાા
સ્વામી ભાસ્કરાનંદ-વિજયકૃષ્ણગોસ્વામી	૪૩૨	,, ...	૧ા	૧ા
શ્રીશિવાજી છત્રપતિ-(આવૃતિ બીજી)	૬૧૨	,, ...	૨ા	૨)
વીર દુર્ગાદાસ-(આવૃત્તિ ૩ જી)	૩૦૪	૫×૬ાા	૦ાા-	૦ાા
મુસ્લીમ મહાત્માઓ	૫૯૨	૫×૮ા	૧ા	૧ા

इतिहास अने वैदक संबंधी पुस्तको

રાજસ્થાનનો ઈતિહાસ-ભાગ ૨ જો	૭૬૪	૬ાાા×૧૦	૪ા	૪ા
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન (ગાંધીજીકૃત)	૧૪૮	૫×૬ાા	૦ા૦ાા	૦ા
આર્યભિષક્-(આવૃત્તિ ૯ મી)	૮૨૪	૬ાાા×૧૦	૩ાા	૩
વૈદક સંબંધી વિચારો-ભા. ૧ લો (આ. ૨ જી)	૬૭૨	૫×૯	૧ાાા	૧ાા
,, ,, -ભા. ૨ જો	૪૩૨	,, ...	૧ા⌐	૧ા⌐
ઉપરના ત્રણે ગ્રંથ સાથે ખરીદનારને	....		૩ા⌐	૩)-

बोधप्रद टूंकी वार्ताओ

ટૂંકી વાર્તાઓ-ગ્રંથ પહેલો છપાય છે.

ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૨ જો-ભા. ૫ થી ૭	૫૭૬	૫×૯	૧ાાા	૧ાા
ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૩ જો-ભાગ ૮ મો	૪૯૨	,, ...	૧ાા	૧ાા
ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૪ થો-ભાગ ૯ મો....	૫૦૪	,, ...	૧ાા	૧ાા
ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૫ મો-ભાગ ૧૦ મો....	૪૦૮	,, ...	૧ા	૧ા
ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૬ ઠ્ઠો-ભાગ ૧૧ મો....	૭૨૦	૫×૭ાા	૨)	૨)
સુબોધ પુષ્પવાટિકા-(શેખ સાદીકૃત)	૧૩૬	૫×૬ાા	૦ા-	૦ા-
દયાળુમાતા અને સદ્‌ગુણી પુત્રી-(આ. ૫ મી)	૧૬૦	,, ...	૦ા૦ાા	૦ા

બાળોપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો-૬૯ ખરા બનાવોનો સંગ્રહ	૧૩૬	૫×૬ાા	૦ા૦ાા	૦ા
બાળસદ્‌બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૦	,, ...	૦ા૦ાા	૦ા
બાળકોની વાતો-રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ	૮૮	,, ...	૦)⌐ાા	૦)⌐
સુબોધક નીતિકથા-૧૫૨ બોધપ્રદ વાતો	૨૩૨	,, ...	૦ા-ાા	૦ા-

चित्रो अने चित्रावलिओ

જ્ઞાનપટ સોપાનપટ અને જ્ઞાનબાજી	૧૮×૨૪	૦)-ા	૦)-
પરમહંસ શ્રીરામકૃષ્ણ કેશવચંદ્રસેનના ઘેર....	૧૩ાા×૨૦	૦)-ા	૦)-
શ્રીચૈતન્ય મહાપ્રભુનું સંકીર્તન (ત્રિરંગી)	૧૫×૨૦	૦)-ા	૦)-

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદ-ભદ્ર પાસે, અને મુંબઈ ૨-કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ ત્રીજે માળે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવિધ ગ્રંથમાળાનું હાલનું ધોરણ

૧–વાર્ષિક મૂલ્ય પાકાં પૂંઠાં સાથે રૂ. ૫) હોઈ પોસ્ટેજ ચાલુ વર્ષનું માફ હોય છે. આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક લવાજમ રૂા. ૮) અથવા શિલિંગ ૧૨) છે. ૨–પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. ૩—૫"×૭ા"ના કદનાં પૃષ્ટ ૧૯૦૦ થી ૨૩૦૦ સુધી ત્રણથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તકં ગ્રાહક થતી વખતે અપાઇ બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૪–કોઈ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદા પૂંઠાવાળુંજ બંધાશે; અથવા બીજા પાકા પૂઠાવાળા પુસ્તકના ભેગું બંધાવાશે. ૫–પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું લવાજમ મંગાવી લેવાશે; પણ બનતાં સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઈ જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે. ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવ્યે તે પાછું વાળશે તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક્ક ગુમાવશે; પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઈ કારણથી પાછું વળ્યું હશે તેઓ પોતાનું લવાજમ મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે, તથા વી. પી. પાછું વળવાથી પોસ્ટેજાદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—વિવધ ગ્રંથમાળાનાં પુસ્તકો પૂરતી ચોકસી કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને ન મળે તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. પોસ્ટખાતા પર અરજી કરવા છતાં જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો પોસ્ટ સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બનતો વિચાર થશે. ૮—ગેરવલ્લે ન જાય તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર પોસ્ટથી મેળવવું હોય તેમણે તે ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક લવાજમ રૂબરૂમાં ભરનારને તેજ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી. પી. દ્વારા લવાજમ ભરનારે વી. પી. ઉપર જે સરનામું, પોસ્ટની છાપ વગેરે હોય છે તેનેજ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. ૧૦—મુંબઇના કાર્યાલયમાં વિવિધ ગ્રંથમાળાનું મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સર્વ સંબંધ અમદાવાદનાજ કાર્યાલય સાથે સમજવાનો છે.

વિવિધ ગ્રંથમાળાના નીચેના સેટ તૈયાર છે

દરેકનું પોસ્ટેજ જુદું સમજવું

સંવત ૧૯૯૧નાં પુસ્તકો–હૃદયતરંગ અને બ્રાહ્મણની ગા, ગામડિયા નરદેવો, ભારતધર્મ અને અંધારા રંગમહેલનો રાજા, આદર્શ ચરિત્રસંગ્રહ, વિભુની વાટે અને રામાયણની રત્નપ્રભા. કુલ પૃષ્ઠ ૨૦૩૨ કદ ૫"×૯", પાકાં પૂઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૨નાં પુસ્તકો–શ્રીચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧–૨, ખંડ ૩ જો, ખંડ ૪–૫ મો અને ટૂંકી વાર્તાઓ–ગ્રંથ ૫ મો. કુલ પૃષ્ઠ ૨૦૦૪, કદ ૫"×૯", પાકાં પૂઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૩નાં પુસ્તકો–સંત તુકારામ–ચરિત્ર, વૈદિક વિનય અને શ્રીજ્ઞાનેશ્વર તથા મહાત્મા એકનાથનું ચરિત્ર. કુલ પૃષ્ઠ ૧૯૯૨, કદ ૫"×૯", પાકાં પૂઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૪નાં પુસ્તકો–કતલખાનું, વિષ્ણુસહસ્રનામાવલિ–દર્શન, આખ્યાનમાળા ગ્રંથ ૧ લો અને વૈદક સંબંધી વિચારો–ભાગ ૨ જો. કુલ પૃષ્ઠ ૨૦૦૪, કદ ૫"×૯", પાકાં પૂઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૫નાં પુસ્તકો–આખ્યાનમાળા–ભાગ ૨ જો અને શ્રીતુકારામ ગાથા ભાગ ૧ લો અને સામાજિક ટૂંકી વાર્તાઓ–ગ્રંથ છઠ્ઠો. કુલ પૃષ્ઠ ૨૪૦૦, કદ ૫×૭ા, પાકા પૂઠા સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૬ના પુસ્તકો–સત્યાગ્રહ અને અસહયોગ શ્રીતુકારામ ગાથા–ભાગ ૨ જો, મહારાણી અહલ્યાબાઈ અને બાઈજીબાઈ વગેરેમાંથી પસંદ કરાઈને પ્રસિદ્ધ થશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

॥ [illegible] ॥

1- श्रीकृष्णका सशरीर स्वधाममें जाना- पृ. ११८०
2- ~~आ~~ शिकारीको सशरीर स्वर्गमें भेजना - पृ. ११८०
3- ~~बाण~~ प्रलय ११८०
4 गोपीगीत- १०।३१॥ पृ. ८२६
१-

[-पृ. ८८८.
5- कृष्ण-गोपी- शब्दोंका आध्यात्मिक-अर्थ-१०।२९।१
6- भ्रमरगीत- उद्धवका गोपियोंको तत्त्वोपदेश- १०।४७॥ ८४
7 रासलीला- १०।३३॥ पृ. ८३२
8- [illegible] १२०३
9- दत्तात्रेय के २४ गुरु- १०८३
10- भरत- [illegible]
[illegible] पृ. २०५२
11- [illegible] सुर अने [illegible] युद्ध-पृ. ६३५
शोणित पुर 12- शोणित पुर- ६३३-६३४-६३५
13- चंद्रवंश वर्णन- पृ. ६४७
14- महादेवना गुरु [illegible]- पृ. ६४७
15- स्त्रीनिंदा- ६५५
[illegible] 16- पुरुरवाना [illegible] थया- ७००
17- किरात, हूण, यवन, [illegible]- पृ. ७०२
18- बृहस्पति ने [illegible] तैयार थयो ७१५
19- गंगाने [illegible]- पृ. ७००
20- चौद राजो- पृ. ७२२
21- वेद अने इतिहास विरुद्ध [illegible]- ६३८
22- भागवत मने [illegible] स्वरूप- ६३८
23- भागवतना [illegible]- ६३८
24- [illegible]- ६४०
25- आदितिना [illegible] वामनना अवतार- ६४२-६४६
26- नर्मदा तटे [illegible] मां [illegible]
[illegible] पासे [illegible] ६४४.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

पृ. ६६५
२८- विरोचननुं देवोने दान - ६६६
२९. दान लेवुं होयतुं अधर्म - ६६७०
३० बलिने शुक्रना शाप - ६६९
३१- जहनुना नाम प्रकाशो - ६६७०
३२- डाकना अनुलेप नामना - ६६५२
३३- अने प्रकार बद्दनाना सिद्दा - ६६५४
३४- बलि और कृष्णके जन्मकर्म में बहुत बड़ा अंतर - ६६९
३५ - बलि आ ने प्रह्लादनुं सुतलमां जवुं - ६६५६
३६. यदुवंश वर्णन - पृ. ८२१
३७ यदुपुत्र सहस्रजितवंश - ८२२
३८- हैहय - ८२२
३९- कार्तवीर्य - अर्जुन - पृ. ८२२
४०- माधव ... - ८२२ (पौत्रि
४१. (कुल का प्रारंभ) यदुपुत्र - क्रोष्टुवंश - ८२२
४२- रुचक - ८२२
४३. ज्यामघ - ८२२
शैब्या - पत्नी
४४- विदर्भ - ८२३
४५- विदर्भपुत्र - कुश, क्रथ, रोमपाद - पृ. ८२३
४६ - क्रथवंश - ८२३
४७ - सात्वतके ७ पुत्र - ८२३
४८ अन्धक - ८२३ - ८२४
४९ - श्वफल्क - ८२६
५०- गिरि - पृ. ८२४
५१- उग्रसेन वसु ८२८
५२- "पंचजन" का अर्थ पृ. ८१६
५३

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

GUJARAT

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi